ॐ

महर्षि कृष्णद्वैपायन वेदव्यासप्रणीत

श्रीमहाभारत

શુદ્ધ ગુજરાતી ભાષાંતર

ભાગ પહેલો

આદિપર્વ અને સભાપર્વ

सस्तुं साहित्य वर्धक कार्यालय माटे

भा०क०कै० शास्त्री करुणाशंकर भानुशंकर मु. वलसाड

संपादक अने प्रकाशकः भिक्षु-अखंडानंद

સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

સમગ્ર મહાભારતની આવૃત્તિ પહેલી, પૃષ્ઠસંખ્યા ૫૨૦૦, સંવત ૧૯૮૩
પહેલા ભાગની આવૃત્તિ બીજી પ્રત ૨૦૦૦-ઈ. સ. ૧૯૨૭

સાતે ભાગના રૂ. છત્રીસ, માર્ગ વ્યય જુદો.

અમદાવાદમાં સસ્તું સાહિત્ય મુદ્રણાલયમાં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત



यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्। धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

कृपासिंधो! श्रीकृष्ण मुरारे! दुष्टदलन धरे देह दुलारे; जगतगुरो! जुगजुग बहुनामी, ज्ञान-चरित अवतार नमामि।
ज्ञान-गीता तव बंसी अनेरी, हमरे चित्त बसहु कही तेरी; औगुन पाप कुमति हर लीजे, तव गुन कृपा सबहीं दे दीजे॥
जय श्रीकृष्ण! जय श्रीराम! अधम उद्धारक पुरणकाम; ईश्वर, अल्ला, तेरे नाम, सबको सन्मति दे भगवान॥

(मुद्रक और प्रकाशकः-सस्तुं साहित्य वर्धक कार्यालय, भद्रकेपास अहमदाबाद और बंबई-२)

भारतसावित्री–स्तोत्र

(આ મહાભારતમાંથી લેવાયું છે.)

मातापितृ सहस्राणि पुत्रदार शतानि च ।
संसारेष्वनुभूतानि यान्ति यास्यन्ति चापरे ॥१॥
हर्षस्थान सहस्राणि भयस्थान शतानि च ।
दिवसे दिवसे मूढमाविशन्ति न पण्डितम् ॥२॥

અનંત સંસારોમાં મનુષ્યને હજારો માતાઓ તથા પિતાઓનો અને સેંકડો સ્રીપુત્રાદિનો અનુભવ થયેલો છે; વર્તમાનકાળમાં થઈ રહ્યો છે; અને ભવિષ્યમાં પણ થશે. આ જગતમાં હર્ષનાં પણ હજારો સ્થાન છે અને ભયનાં પણ સેંકડો સ્થાન છે; પરંતુ મૂઢ મનુષ્યોમાંજ તે દિવસાનુદિવસ પગપેસારો કરે છે; જ્ઞાની મનુષ્યોમાં નહિ. ૧–૨

ऊर्ध्व बाहुर्विरौम्येष नात्र कश्चित् शृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥३॥

(મહર્ષિ વ્યાસ મુનિ કહે છે કે,) મારા બાહુઓ ઉંચા કરીને હું પોકાર કરૂં છું તોપણ આ લોકમાં મારૂં કોઇ સાંભળતુંજ નથી. તે એ કે, " હે માનવો ! ધર્મ-થીજ અર્થ અને ભોગની પ્રાપ્તિ થાય છે, છતાં પણ તમે શામાટે ધર્મનું સેવન કરતા નથી ! " ૩

न जातु कामान्न भयान्न लोभात् धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये । जीवो नित्यो हेतुरस्यत्वनित्यः ॥४॥

કામ, ભય, લોભ અથવા જીવિત માટે પણ કદી તમારે ધર્મનો ત્યાગ કરવો નહિ. કેમકે ધર્મ નિત્ય છે અને સુખદુઃખ તો અનિત્ય છે; તથા જીવ નિત્ય છે અને સંસારના કારણરૂપ જીવનાં શરીરાદિ તો અનિત્ય છે. ૪

इमां भारतसावित्रीं प्रातरुत्थाय यः पठेत् ।
स भारतफलं प्राप्य परं ब्रह्माधिगच्छति ॥५॥

જે પુરુષ આ ભારતસાવિત્રીનું નિત્ય પ્રાતઃકાળે પઠન કરે છે, તે ભારતના ફળને પ્રાપ્ત કરીને પરિણામે પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૫



पराक्रमनी मूर्ति अर्जुन अने परम योगेश्वर श्रीकृष्ण

વડીલો અને બંધુઓ વગેરેને યુદ્ધસ્થળમાં ઉભેલા જોઈ અર્જુનને એટલી બધી લાગણી થઇ આવી કે તે હથિયાર નીચે મૂકી દઇને બેસી ગયો અને શ્રીકૃષ્ણપ્રત્યે કહ્યું કે, હે પ્રભો ! અત્યારે મારો ક્ષત્રિસ્વભાવ દબાઇ ગયો છે, માટે મારૂં જેમાં શ્રેય હોય તે મને કહો. હું આપનો શિષ્ય છું, આપને શરણ છું, મને માર્ગ બતાવો. ત્યારે ભગવાને કહ્યું કે, હે પાર્થ ! યદૃચ્છાથી પ્રાપ્ત થયેલું આ ધર્મયુદ્ધ તારે માટે સ્વર્ગના ખુલ્લા દરવાજા જેવું છે. આવું યુદ્ધ ભાગ્યશાળીનેજ પ્રાપ્ત થાય છે. જો એમાં હણાઇશ તો સ્વર્ગને પામીશ, અને જીતીશ તો પૃથ્વીને ભોગવીશ. માટે હે ભારત ! યુદ્ધમાટે ખડો થઇ જા.

ॐ

श्रीकृष्णार्पण

भीष्मद्रोणतटा जयद्रथजला गांधारनीलोपला ।
शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला ॥
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी ।
सोत्तीर्णा खलु पांडवै रणनदी कैवर्तकः केशवः ॥

ભીષ્મ અને દ્રોણરૂપી કિનારાઓવાળી, જયદ્રથરૂપી જળવાળી, શકુનીરૂપી નીલ પથ્થરવાળી, શલ્યરૂપી ઝુડવાળી, કૃપાચાર્યરૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી મોજાંવાળી, અશ્વત્થામા અને વિકર્ણરૂપી ભયાનક મગરમચ્છવાળી, અને દુર્યોધનરૂપી ઘુમરીવાળી એવી મહાભારતરૂપી યુદ્ધનદીને ભગવાન કેશવરૂપી સુકાનીવડેજ પાંડવો તરી ગયા હતા.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥
प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये । ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥
वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् । देवकीपरमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥

સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે; ગીતામૃતરૂપી ઉત્તમ દૂધ છે; ગોપાલનંદન શ્રીકૃષ્ણ ભગવાન તેના દોહનાર છે; અર્જુનરૂપી વત્સ છે; અને સદ્‌બુદ્ધિવાળા પુરુષો તેના ભોક્તા (પીનારા) છે. શરણ થનારને કલ્પવૃક્ષ પેરે ઈચ્છિત ફળ આપનારા, એક હાથમાં ચાબુક ધારણ કરનારા, જ્ઞાનમુદ્રાથી યુક્ત અને ગીતામૃતરૂપી અમૃતનું દોહન કરનારા એવા હે શ્રીકૃષ્ણ ! આપને નમસ્કાર હો. વસુદેવના પુત્ર, દિવ્ય રૂપવાળા, કંસ અને ચાણૂર દૈત્યોનો નાશ કરનારા અને દેવકીને પરમ આનંદ આપનારા એવા હે શ્રીકૃષ્ણ ! હે જગદ્‌ગુરો ! આપને વંદન કરૂં છું.

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात् ।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, આત્માથી કિંવા પ્રકૃતિના સ્વભાવથી હું જે કંઈ કરૂં; તે આપ નારાયણના ચરણકમળમાં સમર્પણ કરૂં છું.

ॐ

सत्यरूप परमात्मानुं ध्यान

॥ सत्यं परं धीमहि ॥

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट् ।
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यंति यत्सूरयः ॥
तेजोवारिमृदां यथाविनिमयो यत्र त्रिसर्गो मृषा ।
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

(શ્રીમદ્ ભાગવતનો સર્વથી પહેલો શ્લોક)

જે પરમેશ્વરથી આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે; ઘડામાં માટી અને અલંકારોમાં સુવર્ણની પેઠે જે પરમેશ્વર કાર્યરૂપ જગતમાં કારણરૂપે વ્યાપી રહેલા પણ છે; અને એ મિથ્યા જગતથી પર–શ્રેષ્ઠ–અલગ–જૂદા પણ છે; જે પરમેશ્વર જ્ઞાનરૂપ અને સ્વયંપ્રકાશ છે; જેનો અર્થ જાણવામાં મહાબુદ્ધિમાનો પણ મોહ પામે છે એવા વેદને જે પરમેશ્વરે આદિકવિ બ્રહ્માના મનમાં અંતર્યામીરૂપે પ્રકાશ કર્યા છે; જેમ સૂર્યનાં કિરણોવિષે ભ્રાંતિથી દેખાતું ઝાંઝવાનું પાણી સાચું નથી તોપણ સૂર્યનાં કિરણોની સત્તાથી તે સાચા જેવું ભાસે છે; અને જેમ સ્થિર પાણીમાં ભ્રાંતિથી 'આ કાચ છે' એવી બુદ્ધિ થાય છે તે સાચી નથી તોપણ તે પાણીની સત્તાથી સાચી હોય તેમ ભાસે છે; તથા જેમ કાચના વિષે ભ્રાંતિથી 'આ પાણી છે' એવી બુદ્ધિ થાય છે તે પણ સાચી નહિ છતાં કાચની સત્તાથી સાચા ભાસે છે; તેમ જે અધિષ્ઠાન પરમેશ્વરના વિષે તમોગુણના કાર્યરૂપ પંચભૂતની સૃષ્ટિ અને સત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિ કલ્પિત અને અસત્યરૂપ હોવા છતાં, જે પરમાત્માની સત્તાથી તે સાચી હોય તેમ ભાસે છે; જે પરમેશ્વરે પોતાના જ્ઞાનરૂપી પ્રકાશથી માયારૂપ કપટને ટાળી નાખ્યું છે; અને જે પરમેશ્વરનો ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થામાં નાશ નથી; એવા **સત્યસ્વરૂપ તથા સર્વથી પર (શ્રેષ્ઠ) પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.**

स्तवन, वंदन, शरणता अने प्रार्थनात्मक

मंगलाचरण

ॐकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

બિંદુસહિત ૐકાર-(જે પરબ્રહ્મ પરમાત્માનું સર્વથી ટુંકું અને સર્વોપરિ નામ છે) જેનું યોગીપુરુષો નિત્ય ધ્યાન કરે છે અને જે કામ તથા મોક્ષના દાતા છે; તે પરબ્રહ્મ ૐકારને વારંવાર નમસ્કાર કરૂં છું.

सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममंगलम् ।
येषां हृदिस्थो भगवान् मंगलायतनो हरिः ॥

સર્વ મંગળોના ભંડાર (અને ઉદાર દાતા) એવા ભગવાન શ્રીહરિ, જે કોઇ મનુષ્યના હૃદયમાં (દર્શન, સ્મરણ કે કથા-કીર્તનાદિદ્વારા) વિરાજમાન હોય છે; તેનું સર્વદા અને સર્વ કાર્યોમાં અમંગળ તો થતુંજ નથી-અર્થાત્ મંગળજ થાય છે.×

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटी युगधारिणे नमः ॥

અંત રહિત, હજારો સ્વરૂપવાળા અને હજારો ચરણ, નેત્ર, મસ્તક, સાથળ તથા બાહુવાળા એવા આપ પરમાત્માને નમસ્કાર હો. હજારો નામવાળા અને સહસ્ત્ર કોટી યુગોને ધારણ કરનારા એવા આપ શાશ્વત પરમાત્માને નમસ્કાર હો.

× આમાં તલમાત્ર પણ અતિશયોક્તિ નથી; પરંતુ પરમાત્માના મહિમા અને આજ્ઞાને જાણ્યા-અનુસર્યાવિના માત્ર **श्रीकृष्ण शरणं मम** કે એકાદ સ્તોત્ર-ભજન બોલી જવાથી અથવા દેવસ્થાને જઇ આવવાથી કલ્યાણ થઇ જાય; અથવા તો સાધનચતુષ્ટયરૂપી દિવ્ય સંપત્તિ મેળવ્યાવિના માત્ર **अहं ब्रह्मास्मि** કે વિચારસાગર વાંચી જવાથી જીવનમુક્ત બની જવાય અને 'હમકો કયા લગતા હૈ' એવું નભી જાય, એવું જરાપણ સમજવાનું નથી.

यं ब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ।
ध्यानावस्थित तद्गतेन मनसा पश्यंति यं योगिनो
यस्यांतं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

બ્રહ્મા, વરુણ, ઈંદ્ર, રુદ્ર અને મરુત્ (વાયુ) વગેરે દેવતાઓ જેમની દિવ્ય સ્તોત્રોવડે સ્તુતિ કરે છે; સામવેદનું ગાન કરનારા મુનિઓ અંગો, પદ, ક્રમ, અને ઉપનિષદોસહિત વેદોવડે જેમની સ્તુતિ ગાય છે; ધ્યાનમાં સ્થિર થયેલા યોગીઓ તેમાં ગયેલા ચિત્તવડે જેમનાં દર્શન કરે છે; અને દેવો તેમજ અસુરો જેમના પારને પામી શકતા નથી; એવા આપ પરમાત્મદેવને અનેકાનેક નમસ્કાર હો.

असितगिरि समं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥

મહાસાગરરૂપી ખડીઓ હોય; નીલગિરિ પર્વત જેટલું કાજળ હોય; શ્રેષ્ઠ કલ્પવૃક્ષની ડાળીની કલમ હોય; પૃથ્વીરૂપી કાગળ હોય અને એને ગ્રહીને સરસ્વતી પોતે સર્વકાળ લખ્યા કરે; તોપણ હે નાથ! આપના મહાન ગુણોનો પાર આવે તેમ નથી.

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यं ऋतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपद्ये ॥

હે સત્યસંકલ્પ! હે સત્યથી પણ શ્રેષ્ઠ! હે ત્રણે કાળમાં સત્યસ્વરૂપ! હે સત્યના અખૂટ ભંડાર અને મહાન ઝરા સ્વરૂપ! હે સત્યમાં વસી રહેલા! હે સત્યના પણ સત્યસ્વરૂપ! હે ઋત અને સત્યરૂપી નેત્રોવાળા! અને હે સત્યના પણ આત્મા એવા પરમાત્મદેવ! હું આપને શરણે આવ્યો છું.

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव ॥

હે દેવતાઓના પણ દેવતા! મારાં માતા પણ તમે છો ને પિતા પણ તમે છો; બંધુ પણ તમે છો ને સખા પણ તમે છો; મારે વિદ્યા પણ તમે છો ને દ્રવ્ય પણ તમે છો; વધારે શું કહું! મારે તો સર્વ કાંઈ તમેજ છો.

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात्।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, આત્માથી કિંવા પ્રકૃતિના સ્વભાવથી હું જે કંઇ કરૂં; તે આપ નારાયણના ચરણકમળમાં સમર્પણ કરૂં છું.

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो ।
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ॥
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः ।
सोऽयं नो विदधातु वांच्छित फलं त्रैलोक्यनाथो हरिः ॥

જે પરમાત્માને શિવના ઉપાસકો 'શિવ' નામથી, વેદાન્તીઓ 'બ્રહ્મ' નામથી, બૌદ્ધો 'બુદ્ધ' નામથી, પ્રમાણકુશળ નૈયાયિકો 'કર્તા' નામથી, જૈનશાસનપ્રેમીઓ 'અર્હન્' (અરિહંત) નામથી અને મીમાંસકો 'કર્મ' નામથી ઉપાસે છે; એવા તે ત્રિલોકીના નાથ શ્રીહરિ અમને મનવાંચ્છિત ફળ આપજો.*

अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः ।
प्रियं प्रियेवाप्युषितं विषण्णा मनोऽरविंदाक्ष दिदृक्षते त्वाम् ॥

હે કમળનેત્ર પ્રભો ! જેમ પક્ષીઓનાં પાંખો આવ્યા વિનાનાં બચ્ચાં પોતાની માતાને જોવા ઇચ્છે છે; બહુજ ક્ષુધાર્ત વત્સો જેમ સ્તનમાંથી દૂધ ઇચ્છે છે; અને જેમ વિયોગી સ્ત્રી પરદેશ ગયેલા પતિને આવેલા જોવા ઇચ્છે છે; તેવીજ આતુરતાથી મારૂં મન સદાસર્વદા આપને ઇચ્છે એવી કૃપા કરો.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

આ જગતમાં સર્વ પ્રાણીપદાર્થ સુખી થાઓ; સર્વ કોઈ વિકારરહિત થાઓ; સર્વ કોઇ કલ્યાણને જુઓ–પામો અને કોઈને કાંઇપણ દુઃખ થાઓ નહિ.

---

* વાંચનાર ! પરમાત્માનાં આ નામોમાં મુસ્લીમોના અલ્લાહ, પારસીઓના અહુર્મઝદ અને ખ્રિસ્તીઓના ગૉડ, એ વગેરે નામો પણ ઉમેરી લેવા જેવાં છે. કેમકે એ પણ તે પરમાત્માનાંજ નામ હોવાથી એ નામોદ્વારા પણ પરમાત્માને ઉપાસીને અનેકાનેક માનવો પરમાત્મદર્શી અને કૃતકૃત્ય બન્યાં છે. જૂદા જૂદા ધર્મસંપ્રદાયવાળાઓને લડાવી મારનારાવાળા તો પેલા–તે તે ધર્મ–સંપ્રદાયના બડેખાંમાં ખપતા પોથાંપંડિતોજ હોય છે; કે જેઓ ત્રિવિધ તાપને બદલે ૭ પ્રકારના તાપથી તપતા હોય છે. માટે હવે તો સૌ કોઇએ બીજાઓ ઉપરાન્ત એવાઓથી પણ ચેતી જઇને એકબીજા વચ્ચે બંધુભાવ વધે, એવુંજ કરવું જોઇએ.

वैदिक प्रार्थना

ॐअग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान् ।
युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम ॥

હે પ્રકાશસ્વરૂપ પરમાત્મન્! હે અમારાં સર્વ કર્મોના જ્ઞાતા પ્રભો! અમે આપને વારંવાર નમસ્કાર કરીને પ્રાર્થીએ છીએ કે, આપ અમને સદાએ શુભ માર્ગે દોરવજો તથા અશુભ અને પાપના માર્ગથી દૂર રાખજો.

भद्रं कर्णेभिः श्रृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः ॥

હે પરમેશ્વર! એવી કૃપા કરો કે અમે આપના સાચા ભક્ત થઇને સદાયે કાનથી પવિત્ર શબ્દો સાંભળીએ; નેત્રોથી સુખકર દશ્યો જોઇએ; તથા આપની કૃપાથી બળવાન અંગોવાળા થઇને સદા આપની સ્તુતિ કરીએ અને દીર્ઘાયુ ભોગવીએ.

आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्, आ राष्ट्रे राजन्यः शूरइषव्योऽतिव्याधीमहारथो जायताम्, दोग्ध्रीधेनुर्वोढा नड्वा नाशुःसप्तिः पुरन्धिर्योषा, जिष्णू रथेष्ठाः, सभेयो युवास्य यजमानस्य वीरो जायताम् । निकामे निकामे नः पर्जन्यो वर्षतु, फलवत्यो न ओषधयः पच्यन्तां, योगक्षेमो नः कल्पताम् ॥

હે પ્રભો! આ વિશાળ દેશમાં બ્રહ્મવર્ચસવાળા (તેજસ્વી અને બ્રહ્મવેત્તા) બ્રાહ્મણો ઉત્પન્ન થાઓ; અસ્ત્ર ને શસ્ત્રવિદ્યામાં નિપુણ, દુષ્ટોનું દમન કરનારા, નિર્ભય અને મહાબળવાન વીર ક્ષત્રીઓ ઉત્પન્ન થાઓ; દૂધ આપનારી ગાયો, ભારવાહી બળદો, શીઘ્રગામી ઘોડાઓ, વ્યવહારકુશળ સ્ત્રીઓ અને શત્રુઓને જીતનારા મહારથી વિજયી પુરુષો ઉત્પન્ન થાઓ; યજમાનોનાં ઘર વીર પુત્રોથી ભરપૂર થાઓ; આવશ્યકતા પ્રમાણે વૃષ્ટિ થાઓ; ઉત્તમ ફળોને આપનાર વૃક્ષાદિ ઔષધિઓ પાકો; અને અમો સર્વનું યોગક્ષેમ (અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તિનું રક્ષણ) થાઓ.

ॐ द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः पृथिवी शान्तिरापः
शान्तिरोषधयः शान्तिः सर्वँ शान्तिः शान्तिखेः शान्तिः
सामाशान्तिरेधि—ॐ शान्तिः शान्तिः शान्तिर्ब्रह्म शान्तिः॥

હે 'ॐ' નામવાળા પ્રભો! આકાશ શાંત થાઓ; અંતરિક્ષ શાંત થાઓ; પૃથ્વી શાંત થાઓ; જલ શાંત થાઓ; ઔષધિઓ (વનસ્પતિઓ) શાંત થાઓ; સર્વ પ્રાણીપદાર્થ શાંત થાઓ; સર્વત્ર શાંતિ થાઓ—શાંતિ થાઓ; હે ॐ પ્રભો! શાંતિ થાઓ, શાંતિ થાઓ, શાંતિ થાઓ; હે બ્રહ્મ! શાંતિ થાઓ.

आपणने महाभारत अने रामायण जेवो अनुपम वारसो आपी जनारा

महर्षिओने स्मरणांजलि

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥

અનંત બ્રહ્માંડાધિપતિ શ્રીમન્નારાયણને, પોતાના ચારિત્રબળવડે ભગવાનના પોતાનાજ મુખથી पांडवानां धनंजयः અર્થાત્ 'પાંડવોમાં અર્જુન હું છું' એવું સાંભળવાને ભાગ્યશાળી થએલા ધનુર્ધારી અર્જુનને, તથા ઉત્તમ નરોમાં પણ પરમોત્તમ (અને અધર્મીઓનો નાશ, ધર્મનું સ્થાપન તથા સાધુજનોનું રક્ષણ કરનારા) એવા શ્રીકૃષ્ણ ભગવાનને, અને સુવિદ્યાનાં પ્રેરક એવાં શ્રી સરસ્વતી દેવીને નમસ્કાર કરીનેજ મહાભારતરૂપી જયગ્રંથનો આરંભ કરવો.×

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥

× મહર્ષિ વ્યાસ ભગવાન આપણને આવી પરમ હિતાવહ સૂચના કરી ગયા છે; તેનું પરિપાલન પ્રત્યેક પાઠક અને વક્તા કરતા હશે અને કરશેજ; પરંતુ એ ઉપરાંત આપણને રામાયણ અને મહાભારતાદિ અપૂર્વ ગ્રંથો વારસામાં આપી જવાવાળા એ પ્રાતઃસ્મરણીય મહર્ષિઓનું પણ આપણે સ્તવન-સ્મરણ કરવું જોઇએ. કેમકે એથી કૃતઘ્નતાના દોષમાંથી છૂટવા ઉપરાન્ત ઉન્નતિપ્રદ શુભ સંસ્કારોને જગાડવા-વધારવામાં તથા અનેકવિધ અવદશાઓમાંથી બચવા-છૂટવામાં આપણને બહુ સારી સહાયતા મળે છે. બ્રાહ્મણસંતાનો પોતાના આવા આવા પૂર્વજોનાં નામ, કામ, સમજણ, આદેશ, ઇત્યાદિ મહાન વારસાને ભૂલી જઇ બાહ્ય વિષયોની અને વિષયી માનવોની ઉપાસના પાછળ મંડી ગયા; તેથીજ તેમને ઘણાકોને શૂદ્રો, પાખંડીઓ અને રખડતા ભીખારીઓના જેવા નિષિદ્ધ ધંધા આદરવા પડયા છે. હજી પણ સવળે રસ્તે વળાય તો તક છે. કેમકે જે પરમાત્મદર્શી મહર્ષિઓએ મહાભારત અને રામાયણને વારસામાં આપીને હિંદુસંતાનોને અત્યારસુધી આટલા પ્રમાણમાં પણ હિંદુપણામાં ટકાવી રાખ્યા છે; તે હિંદુજાતિ અત્યારે પણ (જો એ ભૂદેવો પોતાનાં પૂર્વજોની નીતિરીતિ પકડતા ચાલે તો) તેમને અન્ન-વંદનાદિવડે તો બનતા પ્રકારે વધારેજ સત્કારશે. માટે એ મહાન પૂર્વજોનાં નામકામાદિનાં સ્મરણ-વંદન અને અનુસરણ સમજુ બ્રહ્મસંતાનોએ તો અવશ્ય સાચા રૂપરંગથી ચાલુ કરી દઈ દિવસાનુદિવસ વધારતાજ ચાલવું જોઇએ. એ મહર્ષિઓનાં સ્મરણ-સ્તવનાદિ માટે જુઓ આપણને શ્લોક પણ કેવા મનોહર અને લાલિત્યપૂર્ણ મળ્યા છે, કે જેના ભાવભર્યા ઉપયોગથી આપણું હૃદય પવિત્ર અને સુસંસ્કૃત થયાવિના રહેજ નહિ !

લૌકિક વિદ્વાનો ગમે તેવા સાધુસ્વભાવી હોય તોપણ તેમની વાણી તો (તે ગમે તેટલી છટાવાળી હોય તોપણ તેમની આંતરિક વૃત્તિ તો લૌકિક ઈચ્છાવાળીજ હોવાને લીધે) લૌકિક પદાર્થોને (અને પદાર્થોના લૌકિક માલીકોને) જ અનુસરે છે—અર્થાત્ ઇચ્છે છે, યાચે છે, તાબે રહે છે; ત્યારે (આ તરફ પરમાત્મદર્શી એવા વ્યાસ—વાલ્મીકાદિ) ઋષિઓની વાણીને તો ઉલટા લૌકિક પદાર્થો (અને તેની સાથે તે તે પદાર્થવાળાઓ પણ) અનુસરે છે—અર્થાત્ તેમની વાણીને આધીન રહે છે. તાત્પર્ય કે પરમાત્મદર્શી પૂર્ણકામ કવિઓ, અને લૌકિક વિષયેચ્છુ કવિઓની યોગ્યતા અને કથન—કવન વચ્ચે આસમાનજમીન જેટલો તફાવત હોય છે.

तमृषिं मनुष्यलोकप्रवेशविश्रामशाखिनं वाचाम् ।
सुरलोकादवतारश्रान्तरखेदच्छिदं वन्दे ॥

સરસ્વતીને દેવલોકમાંથી માનવલોકમાં અવતરતાં થયેલા ખેદને છેદવાવાળા, અને સરસ્વતી દેવી મનુષ્યલોકમાં આવ્યા પછી આ જગતમાં તેને વિશ્રામ આપવાવાળા વૃક્ષરૂપ બનેલા, એવા તે (વ્યાસ—વાલ્મીકાદિ સર્વ) ઋષિજનોને હું વંદના કરૂં છું.

महर्षि व्यास भगवान प्रत्ये—

श्रवणाञ्जलिपुटपेयं विरचितवान्भारताख्यममृतं यः ।
तमहमरागमतृष्णं कृष्णद्वैपायनं वन्दे ॥

કર્ણરૂપી અંજલિવડે પીવાલાયક ભારત નામનું અમૃત જેમણે રચ્યું છે, એવા રાગરહિત અને તૃષ્ણારહિત ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસને હું વંદન કરૂં છું.

नमः सर्वविदे तस्मै व्यासाय कविवेधसे ।
चक्रे पुण्यं सरस्वत्या यो वर्षमिव भारतम् ॥

જેમણે આ ભરતખંડને પોતાની અદ્ભુત સરસ્વતીવડે (ઉદ્ધારક વિદ્યાનાં જ્ઞાન, દાન અને પ્રચાર કરીને, તથા સદાકાળ કામ આપે એવા અત્યંત હિતકારક ગ્રંથો રચી આપી જઇને) પવિત્ર કર્યો છે; એવા તે સર્વજ્ઞ અને કવિઓના વિધાતા મહર્ષિ વ્યાસ ભગવાનને અનેકાનેક નમસ્કાર કરૂં છું.

नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविंदायतपत्रनेत्र ।
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥*

* આ તેમજ આગળના સર્વથી પહેલા શ્લોક સિવાયના બધા શ્લોક 'સુભાષિત—રત્ન ભાંડાગાર'માંથી લેવાયા છે. ઇશ્વરેચ્છા તો એ ગ્રંથ પણ અત્ર તરફથી નીકળે ખરો.

હે વિશાળ બુદ્ધિવાળા અને ખીલેલા કમળ જેવાં પ્રફુલ્લ નેત્રવાળા વ્યાસ ભગવાન! આપકે જેમણે મહાભારતરૂપી પાત્રમાં (અનેકવિધ ચરિત્રો અને ધર્મોરૂપી) તેલ પૂરીને (અમો સામાન્ય માનવોને વ્યવહારપરમાર્થના ઉભય માર્ગો યથાવત્ સૂઝાડે એવો) જે અદ્ભુત ગીતારૂપી જ્ઞાનદીપક પ્રકટાવ્યો છે; તેને માટે આપને અમારા અનેકાનેક નમસ્કાર હો.

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शंभुर्भगवान्बादरायणः ॥

હે બાદરાયણ વ્યાસમુનિ! આપ ચાર મુખવાળા નથી તોપણ બીજા બ્રહ્મા છો; બે હાથવાળા છો તોપણ બીજા ચતુર્ભુજ શ્રીહરિ છો; અને કપાળ ઉપર ત્રીજું નેત્ર નથી તોપણ આપ બીજા શંકર છો.

व्यासगिरां निर्यासं सारं विश्वस्य भारतं वंदे ।
भूषणतयैव संज्ञां यदाङ्कितां भारती वहति ॥

આપ વ્યાસમુનિની દિવ્ય વાણીના ભંડાર તથા ઝરારૂપ અને વિશ્વમાં સર્વ વેદશાસ્ત્રાદિના સારભૂત એવા શ્રીમહાભારતને હું નમસ્કાર કરૂં છું. કારણકે તે ગ્રંથના નામ ઉપરથી અંકિત કરાયલા પોતાના 'ભારતી' એવા નામને સરસ્વતી દેવી, એક ઉત્તમ આભૂષણતરીકે ધારણ કરે છે.

आदिकवि–महर्षि वाल्मीकि प्रत्येः–

कवीन्दुं नौमि वाल्मीकिं यस्य रामायणीं कथाम् ।
चंद्रिकामिव चिन्वन्ति चकोरा इव साधवः ॥

ચકોર પક્ષીઓ જેમ ચંદ્રિકાને શોધે, તેમ સાધુપુરુષો જેની રચેલી શ્રીરામકથાને (રામાયણને) આતુરતાપૂર્વક શોધ્યા કરે છે અને જે કવિઓમાં ચંદ્રસમાન છે; એવા આદિકવિ મહર્ષિ વાલ્મીકિને હું નમસ્કાર કરૂં છું.

सदूषणापि निर्दोषा सखरापि सुकोमला ।
नमस्तस्मै कृता येन रम्या रामायणी कथा ॥

દૂષણવાળી છતાં પણ નિર્દોષ અને ખરવાળી છતાં પણ સુકોમળ* એવી મનોહર રામાયણ કથા જેમણે રચીછે; એવા તે કવિકુલગુરુ મહર્ષિ વાલ્મીકિને હું નમસ્કાર કરૂં છું.

---

* અહીં દેખીતી રીતે તો વિરોધાભાસ અલંકાર થાય છે; પણ તેનો ઉંડો અર્થ એ છે કે, **सदूषणा** એટલે કે દૂષણ નામક રાક્ષસની કથા એમાં છે, તોપણ રામાયણ નિર્દોષ છે; તથા **सखरा** એટલે ખર નામક રાક્ષસની કથા એમાં છે તોપણ રામાયણ કોમળ છે. આ અર્થ જાણ્યા પછી એ વિરોધ રહેતો નથી. "**સુભાષિતરત્નભાંડાગાર**"માંથી

योगींद्रश्छन्दसां स्रष्टा रामायणमहाकविः ।
वल्मीकजन्मा जयति प्राच्यः प्राचेतसो मुनिः ॥

યોગીઓના ઇંદ્ર, છંદોના સર્વથી પહેલા સ્રજનાર, રામાયણના કર્તા મહાકવિ, પ્રાચીન એવા પ્રચેતાના પુત્ર, તથા શરીરપર વલ્મીક–એટલે માટીનો રાફડો–જામી ગયો ત્યાં સુધી ધ્યાનનિષ્ઠા સેવીને મહર્ષિપદને જન્માવનારા (પ્રાપ્ત કરનારા) એવા મહામુનિ વાલ્મીકિ (તેમની રામાયણરૂપી રચનાદ્વારા હજી પણ સર્વત્ર) જય જયકાર પામે છે.

साति काकुत्स्थकुलोन्नतिकारिणि रामायणेऽपि किं काव्यम् ।
रोहति कुल्या गंगापूरे किं बहुरसे वहति ॥

રાઘવકુળની ઉન્નતિને પ્રકાશિત કરવાવાળું રામાયણ કાવ્ય હયાત છતાં આ સંસારમાં અન્ય કાવ્યની શી જરૂર છે ? જ્યાં ઘણા જળવાળું ગંગાનું પૂર વહી રહ્યું હોય, ત્યાં પછી અન્ય નાની નદીને વહેવાનું શું પ્રયોજન ! ×



× સમજુ સમાજસેવકો ! બીજાત્રીજા પ્રકારની લોકસેવા તમે બજાવતા હો, તેને માટે જેવી તમારી મરજી; પણ એવા મહત્ત્વપૂર્ણ ગ્રંથો છપાવી ખોટ આવે પણ તમે પૂરા પાડી શકો એવી સગવડો ઉભી કરો; અને એથી પણ બહુ વધારે અગત્યની વાત તો એ છે કે, રામાયણ અને મહાભારતને લગતી કથાઓ, કહાણીઓ, નિબંધમાળાઓ અને વ્યાખ્યાનમાળાઓ પણ ખૂબાખૂબ જગાવો અને ફેલાવો. વળી આવા મહાપરોપકારી ઋષિમુનિઓ, અને તેમણે વર્ણવેલા મહાત્મા–વીરાત્માદિના સંબંધમાં જયંતિઓને લગતા પણ જબરજસ્ત મેળાઓ તથા અગત્યના પ્રસંગોને લગતા નાટ્યપ્રયોગો પણ સાર્વજનિક અને ટીકીટવગરના જલસાઓરૂપે ભરો–ભરાવો; તો તમારો પોતાનો યશ (અને તમો તેને માટે પણ પૂર્ણ નિષ્કામ હો તોપછી એથી પણ વધારે મહત્ત્વનો આન્તરિક લાભ) પણ કેટલો બધો પ્રાપ્ત થાય! જે સેવાસમિતિઓ અને સેવકમંડળો મોટે ભાગે ધનિકોનાંજ છોકરાંને–અને તે પણ સરકારીયુંજ શિક્ષણ શીખવવા માટે યોજવા–ચલવવામાં આવે છે; તેમને પણ પ્રભુ એને બદલે આવાં તેવાં અનેકવિધ કામો યોજવા ચલવવાનું સુઝાડે; અને નિરાધાર અનાથોમાંથી હલકા માનવો પાકતા હોય તેને બદલે તેમનામાંથી સમાજસેવકો અને ઉત્તમ કામદારો પકવવાની શક્યતા અને યોજના તેમના મનમાં ઉપજાવે; તથા કીર્તિપ્રેમી રાજસ આગેવાનોના પંજામાંથી તેમને છોડવીને એવાં એવાં અનેકવિધ દિવ્યાતિદિવ્ય કાર્યોમાં કર્તાધર્તા કે નિમિત્તભૂત બનવાની તેમને મતિગતિ આપે; કે જેથી ભારતમૈયાની તળસ્પર્શી સેવાઓ બજાવાઇને ભારતવાસીઓનો દુઃખદારિદ્ર્યમાંથી વહેલો છૂટકો થાય, એજ પ્રાર્થના.

श्रीपरमेश्वरस्तोत्रम् ।

जगदीश ! सुधीश ! भवेश ! विभो ! परमेश ! परात्पर पूत ! पितः !॥
प्रणतं पतितं हततत्त्वजनं जनतारण तारय तापितकम् ॥१॥
गुणहीनसुदीनमलीनमतिं त्वयि पातरि दातरि चापरतिम् ॥
तमसा रजसावृतवृत्तमिमं ॥ जन० ॥२॥ मम जीवनमीनमिमं
पतितं मरुघोरभुवीह सुवीहमहो ॥ करुणाऽब्धिचलोर्म्मिजलानयनं
॥ जन० ॥३॥ भववारण ! कारण कर्म्मततौ भवसिंधुजले शिव
मग्नमतः ॥ करुणाज्ञ समर्प्य तरिं त्वरितं ॥ जन० ॥४॥ अतिनाश्य
जनुर्मम पुण्यरुचे ! दुरितौघभरैः परिपूर्णभुवः ॥ सुजघन्यमगण्य-
मपुण्यरुचिं ॥ जन० ॥५॥ भवकारक ! तारकहारक हे भवता-
रक पातकदारक हे ॥ हर शङ्कर किंकरकर्म्मचयं ॥ जन० ॥६॥
तृषितश्रितमस्मि सुधां हितमेऽच्युत ! चिन्मय ! देहि वदान्यवर ॥
अतिमोहवशेन विनष्टकृतं ॥ जनतारण तारय तापितकम् ॥७॥
प्रणमामि नमामि नमामि जनं भवजन्मकृतिप्रणिसूदनकम् ॥
गुणहीनमनन्तामितं शरणं जनतारण तारय तापितकम् ॥८॥

श्रीस्तवपंचकस्तोत्रम् ।

नमस्ते सते सर्वलोकाश्रयाय नमस्ते चिते विश्वरूपात्मकाय ॥
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय नमो ब्रह्मणे व्यापिने निर्गुणाय ॥१॥
त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं त्वमेकं जगत्कारणम् विश्वरूपम् ॥
त्वमेकं जगत्कर्त्तृपातृप्रहर्त्तृ त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ॥२॥
भयानां भयं भीषणं भीषणानां गतिः प्राणिनां पावनं पावनानाम् ॥
महोच्चैःपदानां नियन्तृ त्वमेकं परेषां परं रक्षणं रक्षणानाम् ॥३॥
परेश ! प्रभो ! सर्वरूपाविनाशिन्ननिर्देश्य सर्वेन्द्रियागम्य सत्य ॥
अचिन्त्याक्षर! व्यापकाव्यक्ततत्त्वाजपाभासकाधीश! पायादपायात्
त्वदेकं स्मरामस्त्वदेकं भजामस्त्वदेकं जगत्साक्षिरूपं नमामः ॥
सदेकं विधानं निरालम्बमीशं भवाम्भोधिपोतं शरण्यं व्रजामः ॥५॥

परमेश्वरस्तोत्रनो अर्थ

હે પ્રભો ! હે જગદીશ ! હે જ્ઞાનીઓના પણ ઈશ ! હે સંસારના સ્વામી ! હે સર્વવ્યાપક ! હે પરમેશ્વર ! હે પરાત્પર ! (પરથી પણ પર !) હે પવિત્ર ! હે પિતા ! હું પતિત (પાપી) અને તત્ત્વજ્ઞાનથી રહિત આપને પ્રણામ કરૂંછું. હે જનતારણ ! (મનુષ્યોને તારનાર) મને તાપમાં તપી રહેલાને તારો. (૧) હું ગુણહીન, ઘણોજ દીન તથા મલિન મતિવાળો છું. આપ દાતાર અને પાલનકર્તા છો, છતાં પણ મારી મતિ આપનામાં આસક્ત રહેતી નથી. મારી વૃત્તિઓ હમેશાં તમોગુણ તથા રજોગુણથી ઘેરાયેલી રહે છે, માટે હે જગતને તારનાર પ્રભુ ! મારૂં બહુ તપી રહેલાનું રક્ષણ કરો. (૨) અહો ! મારૂં જીવન આ સંસારરૂપી મહાઘોર મરુભૂમિમાં માછલાંની પેઠે દુઃખી થઈ પડેલું છે. આપ આપના કરુણારૂપી સમુદ્રની લહરિવડે તેનાપર જળસિંચન કરી હે જનતારણ ! મને તપી રહેલાને તારો. (૩) હે ભવતારણ ! (સંસારમાં ડુબવા ન દેનાર !) આપજ આ જગતરૂપી કર્મવિસ્તારના કારણરૂપ છો. હે કલ્યાણરૂપ ! ભવ-સાગરના જળમાં ડુબી રહેલા એવા મારા દુઃખી જીવને નાવ આપી મારો એમાંથી ઉદ્ધાર કરો. (૪) હે જનતારણ ! હે પવિત્ર બુદ્ધિવાળા ! મારો ફરીથી જન્મ ન થાય એમ કરી પાપોના પ્રવાહરૂપી ભારથી પરિપૂર્ણ થયેલી આ પૃથ્વીમાંથી અતિ-અધમ, નજીવા, પાપબુદ્ધિવાળા અને તપી રહેલા એવા મારા જીવનો ઉદ્ધાર કરો. (૫) હે સંસારના કર્તા ! હે તારક ! હે નરકના દુઃખોનો નાશ કરનારા ! હે સંસારમાંથી તારનારા ! હે પાપોનો નાશ કરનારા ! હે કલ્યાણ કર-નારા ! હે જનતારણ ! તપી રહેલા આ દાસના સર્વ કર્મોના સમૂહનો નાશ કરી ઉદ્ધાર કરો. (૬) હે અચ્યુત ? હે ચિન્મય ! હે વર દેનારાઓમાં શ્રેષ્ઠ ! હું તૃષ્ણાતુર થયેલો છું, માટે મને જ્ઞાનરૂપી અમૃત આપો; અત્યંત મોહને વશ થઈને મેં મારા સર્વ કર્તવ્ય કર્મનો નાશ કરેલો છે; માટે મને તપી ગયેલાને તારો. (૭) હે જનતારણ ! હું આપને પ્રણામ કરૂં છું, હું આપને નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂંછું; આપ સંસારના જન્મ તથા કર્મોનો નાશ કરનાર, નિર્ગુણ અને અનંત છો. હું અત્યંત સંતાપિત થઈને આપને શરણે આવેલો છું, માટે આપ મને તારો (૮).

श्रीस्तवपंचकस्तोत्रनो अर्थ

સત્યસ્વરૂપ અને સર્વ લોકોના આશ્રયભૂત હે પ્રભો ! આપને નમસ્કાર હો. જ્ઞાનસ્વરૂપ અને વિશ્વના આત્મારૂપ આપને નમસ્કાર હો. અદ્વૈતતત્ત્વસ્વરૂપ અને મોક્ષ આપનાર એવા આપને હું નમસ્કાર કરૂં છું, સર્વવ્યાપક અને નિર્ગુણ બ્રહ્મરૂપ આપને નમસ્કાર કરૂં છું. (૧) હે પરમાત્મન ! તમેજ સર્વના આધારરૂપ છો, તમેજ સર્વથી શ્રેષ્ઠ છો, તમેજ જગતનું કારણ અને વિશ્વરૂપ છો. આ જગતના ઉત્પન્ન કરનાર, પાલન કરનાર અને સંહાર કરનાર તમેજ છો; તથા તમેજ સર્વથી પર, નિશ્ચળ અને નિર્વિકલ્પ છો. (૨) હે પ્રભો ! આપ સર્વ ભયના પણ ભયરૂપ અને ભીષણના પણ ભીષણરૂપ છો. આપ પ્રાણીમાત્રના ગતિસ્વરૂપ અને પવિત્રને પણ અધિક પવિત્ર કરનાર છો. આપજ સર્વોત્તમ પદના નિયંતા, પરથી પણ પર અને રક્ષકોના પણ રક્ષક છો. (૩) હે પરમેશ્વર ! હે પ્રભો ! આપ સર્વ રૂપોમાં અવિનાશીરૂપ, વર્ણવી શકાય નહિ એવા, સર્વ ઇંદ્રિયોથી જાણી શકાઓ નહિ એવા અને સત્યસ્વરૂપ છો. આપ ચિંતવી શકાઓ નહિ એવા અક્ષર, સર્વવ્યાપક, અવ્યક્ત તત્ત્વરૂપ અને અજપા મંત્રનો ભાસ કરાવનાર છો આપ સંકટમાંથી મારૂં રક્ષણ કરો. (૪) હું એક આપનુંજ સ્મરણ અને આપનુંજ ભજન કરૂં છું અને હે જગતના સાક્ષીરૂપ ! આપનેજ નમસ્કાર કરૂં છું. આપજ સતસ્વરૂપ, આશ્રયસ્વરૂપ, અવલંબનરહિત, ઈશ્વર અને સંસારસાગરમાંથી તરવાને આશ્રય કરવા યોગ્ય નૌકાસ્વરૂપ હોવાથી હું આપનેજ શરણ થયો છું. (૫)

महाभारतमाहात्म्य×

पाराशर्यवचःसरोजममलं गीतार्थ गंधोत्कटं। नानाख्यानककेसरं हरिकथा संबोधना बोधितम्॥
लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा। भूयाद्भारत पंकजं कलिमलप्रध्वंसि नः श्रेयसे ॥

પરાશરના પુત્ર મહર્ષિ વ્યાસદેવના વાણીરૂપી સરોવરમાં ઉગેલું આ મહાભારતરૂપી કમળ, કે જે ગીતાર્થરૂપી ઉત્કટ (તીવ્ર) સુગંધવાળું છે; જે નાના પ્રકારનાં આખ્યાનોરૂપી કેસરવાળું છે; જે હરિકથાના ઉપદેશવડે પ્રફુલ્લ થયેલું છે; જે કળિકાળનાં પાપરૂપી મળનો વિનાશ કરવાવાળું છે; સજ્જનરૂપી ભ્રમરો આ લોકમાં જેના રસનું નિરંતર આનંદપૂર્વક પાન કર્યા કરે છે; તે (શ્રીમદ્ મહાભારત ગ્રંથ) સદાય અમારૂં કલ્યાણ કરનાર થાઓ.

यत्र विष्णुकथा दिव्याः श्रुतयश्च सनातनाः। तच्छ्रोतव्यं मनुष्येण परं पदमिहेच्छता॥
श्रूयतां सिंहनादोऽयमृषेस्तस्य महात्मनः। अष्टादश पुराणानां कर्तुर्वेदमहोदधेः॥

આ લોકમાં જે મનુષ્ય પરમપદને ઇચ્છતો હોય તેણે, જેમાં ભગવાન વિષ્ણુની દિવ્ય કથાઓ વર્ણવી છે અને જેમાં સનાતન શ્રુતિઓનું પ્રતિપાદન કરેલું છે, એવું આ મહાભારત સાંભળવું યોગ્ય છે. અઢાર પુરાણોના સ્રષ્ટા અને જ્ઞાનના મહાસાગરરૂપ મહાત્મા વેદવ્યાસ ઋષિનો આ સિંહનાદ છે કે, "તમે નિત્ય મહાભારતનું શ્રવણ કરો."

धर्मशास्त्रमिदं पुण्यमर्थशास्त्रमिदं परम्। मोक्षशास्त्रमिदं प्रोक्तं व्यासेनामितबुद्धिना॥
भारतं सर्वशास्त्राणामुत्तमं भरतर्षभ। संप्रत्याचक्षते चेदं तथा श्रोष्यन्ति चापरे॥

અમાપ બુદ્ધિવાળા ભગવાન વ્યાસે કહેલું આ મહાભારત પવિત્ર ધર્મશાસ્ત્ર છે; ઉત્તમ અર્થશાસ્ત્ર છે અને પરમ મોક્ષશાસ્ત્ર પણ છે. હે ભરતશ્રેષ્ઠ! સર્વ શાસ્ત્રોમાં મહાભારત આવું ઉત્તમ હોવાથીજ સાંપ્રતમાં વિદ્વાનો તેનું વાંચન–શ્રવણ કરે છે અને હવે પછી પણ કરશે.

योधीते भारतं पुण्यं ब्राह्मणो नियतव्रतः। चतुरो वार्षिकान्मासान्सर्वपापैः प्रमुच्यते॥
कुरूणां प्रथितं वंशं कीर्तयन्सततं शुचिः। वंशमाप्नोति विपुलं लोके पूज्यतमो भवेत्॥

જે બ્રાહ્મણ નિયમિત વ્રતપાલન કરતો થકો ચાતુર્માસ્યમાં પવિત્ર ભારતનો પાઠ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થાય છે. જે પુરુષ પવિત્ર થઈને કુરુના પ્રસિદ્ધ વંશને નિરંતર વાંચે છે; તેનો વંશ બહોળો વિસ્તાર પામે છે અને લોકોમાં અત્યંત પૂજ્ય થાય છે.

अनागतश्च मोक्षश्च कृष्णद्वैपायनः प्रभुः। संदर्भं भारतस्यास्य कृतवान्धर्मकाम्यया॥
धर्मे चाथ च कामे च मोक्षे च भरतर्षभ। यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित्॥

દીર્ઘદૃષ્ટિવાળા અને મોક્ષસ્વરૂપ એવા ભગવાન વેદવ્યાસે કેવળ ધર્મનીજ કામનાથી આ મહાભારતની રચના કરી છે. હે ભરતશ્રેષ્ઠ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–આ ચાર પુરુષાર્થોના સંબંધમાં આ મહાભારતમાં જે કંઈ કહ્યું છે, તેજ બીજાં શાસ્ત્રોમાં કહ્યું છે; અને જે આમાં કહ્યું નથી તે બીજે ક્યાંય પણ કહેલું નથી.

× આ માહાત્મ્ય મોટે ભાગે મહાભારતમાંનાજ શ્લોક અને શ્લોકાર્ધો ઉપરથી યોજાયું છે.

एतत्पवित्रं परममेतद्धर्मनिदर्शनम् । एतत्सर्वगुणोपेतं श्रोतव्यं भूतिमिच्छता ॥
कायिकं वाचिकं चैव मनसा समुपार्जितम् । तत्सर्वं नाशमायाति तमः सूर्योदये यथा ॥

આ મહાભારત પરમ પવિત્ર છે, ધર્મને દર્શાવનારૂં છે અને સર્વ ગુણોથી સંપન્ન છે; માટે કલ્યાણને ઇચ્છનારા માણસે આનું વાંચન–શ્રવણ અવશ્ય કરવું જોઇયે. કેમકે એથી કાયિક, વાચિક તથા માનસિક સર્વ પાપો, સૂર્યોદયથી જેમ અંધકાર નાશ પામે તેમ નાશ પામે છે.

य इदं मानवो लोके पुण्यार्थे ब्राह्मणाञ्छुचीन् । श्रावयेत् महापुण्यं तस्य धर्मः सनातनः॥
महाभारतमाख्यानं क्षितिं गां च सरस्वतीम् । ब्राह्मणान् केशवं चैव कीर्तयन्नावसीदति ॥

જે મનુષ્ય મહાપુણ્યરૂપ આ ઇતિહાસ પુણ્યને માટે પવિત્ર બ્રાહ્મણોને શ્રવણ કરાવશે, તેને સનાતન ધર્મ પ્રાપ્ત થશે. મહાભારતના આખ્યાનનું, પૃથ્વીનું, ગાયનું, સરસ્વતીનું, બ્રહ્મવેત્તાઓનું તથા શ્રીવિષ્ણુ ભગવાનનું કીર્તન કરનારો મનુષ્ય કદી નાશ પામતો નથી.

शृणोति श्रावयेद्वापि सततं चैव यो नरः । सर्वपापविनिर्मुक्तो वैष्णवं पदमाप्नुयात् ॥
पितॄनुद्धरते सर्वानेकादशसमुद्भवान् । आत्मानं ससुतं चैव स्त्रियं च भरतर्षभ ॥

જે પુરુષ નિત્યપ્રતિ મહાભારત સાંભળે છે કિંવા સંભળાવે છે, તે સર્વ પાપથી મુક્ત થઇને વિષ્ણુના પદને પામે છે; એટલુંજ નહિ પણ હે ભરતશ્રેષ્ઠ ! તે પુરુષ પોતાની અગિયાર પેઢીના પિતૃઓનો, તથા પુત્ર અને સ્ત્રીસહિત પોતાનો પણ ઉદ્ધાર કરે છે.

यथा समुद्रो भगवान्यथा मेरुर्महान्गिरिः । उभौ ख्यातौ रत्ननिधी तथा भारतमुच्यते ॥
न तां स्वर्गगतिं प्राप्य तुष्टिं प्राप्नोति मानवः । यां श्रुत्वैव महापुण्यमितिहासमुपाश्नुते ॥

જેમ ઐશ્વર્યવાન સમુદ્ર અને મહાપર્વત મેરુ એ બંને રત્નનિધિતરીકે પ્રખ્યાત છે; તેમ આ મહાભારત પણ રત્નોના ભંડારતરીકે પ્રસિદ્ધ છે. મનુષ્યને આ મહાપુણ્યરૂપ ઇતિહાસ વાંચવા–સાંભળવાથી જેવો સંતોષ થાય છે, તેવો સંતોષ સ્વર્ગપ્રાપ્તિથી પણ થતો નથી.

शरीरेण कृतं पापं वाचा च मनसैव च । सर्वं संत्यजति क्षिप्रं य इदं शृणुयान्नरः ॥
भरतानां महज्जन्म शृण्वतामनसूयताम् । नास्ति व्याधिभयं तेषां परलोकभयं कुतः ॥

જે મનુષ્ય આ મહાભારત વાંચે કે સાંભળે છે; તે મન, વાણી અને કાયાવડે કરાયલાં સર્વ પાપોને ઝટ તજી દે છે. જે મનુષ્ય ઈર્ષ્યારહિત થઇને ભરતવંશીઓનાં મહાન ચરિત્ર વાંચે–સાંભળે છે, તેને વ્યાધિનોજ ભય નથી; તો પછી પરલોકનો તો ભયજ ક્યાંથી?

इदं हि वेदैः समितं पवित्रमपि चोत्तमम् । श्राव्यं श्रुतिसुखं चैव पावनं शीलवर्धनम् ॥
य इदं भारतं राजन्वाचकाय प्रयच्छति । तेन सर्वा मही दत्ता भवेत्सागरमेखला ॥

આ મહાભારત વેદતુલ્ય છે; ઉત્તમ છે; પરમ પવિત્ર છે; સાંભળવા યોગ્ય છે; કર્ણપ્રિય છે અને શુભ આચરણને વધારનાર છે. માટે હે રાજન્ ! જે મનુષ્ય આ ભારતનો ગ્રંથ વાંચનારને આપે છે; તેને સમુદ્રપર્યંતની સમગ્ર પૃથ્વી દાન કર્યાનું ફળ મળે છે.

अष्टादश पुराणानि धर्मशास्त्राणि सर्वशः । वेदाः सांगास्तथैकत्र भारतं चैकतः स्थितम् ॥
महत्त्वाद्भारवत्त्वाच्च महाभारतमुच्यते । निरुक्तमस्य यो वेद सर्वपापैः प्रमुच्यते ॥

એક તરફ અઢાર પુરાણો, સર્વ ધર્મશાસ્ત્રો તથા અંગોસહિત વેદો હોય, અને બીજી તરફ એકલું મહાભારત હોય; તોપણ તે તેઓની બરાબરી કરી શકે છે; કેમકે આ ગ્રંથ અત્યંત મહત્ત્વવાળો અને રહસ્યરૂપી અસાધારણ ભાર–વજનવાળો છે, તેથી પણ એ 'મહાભારત' કહેવાય છે. જે પુરુષ મહાભારતના તે રહસ્યને જાણે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે.

जयो नामेतिहासोऽयं श्रोतव्यो मोक्षमिच्छता। ब्राह्मणेन च राज्ञा च गर्भिण्या चैव योषिता ॥
स्वर्गकामो लभेत्स्वर्गं जयकामो लभेज्जयम्। गर्भिणी लभते पुत्रं कन्यां वा बहुभागिनीम् ॥

'જય' નામનો આ ઇતિહાસ, મોક્ષની ઈચ્છા રાખનારે, બ્રાહ્મણે, રાજાએ તથા ગર્ભિણી સ્ત્રીએ તો અવશ્ય સાંભળવો યોગ્ય છે. કેમકે એનું શ્રવણ કરવાથી સ્વર્ગની ઈચ્છાવાળો સ્વર્ગને, જયની ઇચ્છાવાળો જયને અને ગર્ભિણી સ્ત્રી પુત્રને કિંવા મહાભાગ્યશાળી કન્યાને પામે છે.

यो गोशतं कनकशृंगमयं ददाति विप्राय वेदविदुषे सुबहुश्रुताय।
पुण्यां च भारतकथां सततं शृणोति तुल्यं फलं भवति तस्य च तस्य चैव ॥

વેદને જાણનારા એવા બહુશ્રુત બ્રાહ્મણને એક માણસ સુવર્ણનાં શીંગડાંવાળી સો ગાયો આપે, અને બીજો નિત્ય પવિત્ર ભારતકથા વાંચે–સાંભળે, તો તેથી તે બંનેને સમાન ફળ મળે છે.

कार्ष्णं वेदमिमं सर्वं शृणुयाद्यः समाहितः। ब्रह्महत्यादि पापानां कोटिस्तस्य विनश्यति ॥
पुत्राः शुश्रूषवः सन्ति प्रेष्याश्च प्रियकारिणः। भरतानां महज्जन्म महाभारतमुच्यते ॥

વેદવ્યાસે રચેલા આ પાંચમા વેદરૂપ મહાભારતનું જે પુરુષ એકાગ્રચિત્તે શ્રવણ કરે છે, તેનાં બ્રહ્મહત્યાદિ કોટી પાપ નાશ પામે છે. વળી આ ઇતિહાસને સાંભળનારા પુત્રો માતાપિતાની સેવા કરનારા, અને સેવકો સ્વામીનું પ્રિય કરનારા થાય છે. એમાં મહાન ભરતવંશીઓનાં ચરિત્ર વર્ણવ્યાં છે તેથી પણ તે મહાભારત કહેવાય છે.

देवा राजर्षयो ह्यत्र पुण्या ब्रह्मर्षयस्तथा। कीर्त्यन्ते धूतपाप्मानः कीर्त्यते केशवस्तथा ॥
भगवांश्चापि देवेशो यत्र देवी च कीर्त्यते। अनेकजननो यत्र कार्तिकेयस्य संभवः ॥

આ મહાભારતમાં પાપરહિત દેવતાઓ, મહાન રાજર્ષિઓ અને પુણ્યસ્વરૂપ બ્રહ્મર્ષિઓનું વર્ણન કરેલું છે; કેશવનું ચરિત્ર વર્ણવેલું છે; ભગવાન મહાદેવ તથા દેવી પાર્વતીનું વર્ણન કરેલું છે; અને અનેક માતાઓથી જન્મેલા કાર્તિકેયનો પણ જન્મ વર્ણવ્યો છે.

ब्राह्मणानां गवां चैव माहात्म्यं यत्र कीर्त्यते। सर्वं श्रुतिसमूहोऽयं श्रोतव्यो धर्मबुद्धिभिः ॥
मुच्यते सर्वपापेभ्यो राहुणा चन्द्रमा यथा। जयो नामेतिहासोऽयं श्रोतव्यो विजिगीषुणा ॥

વળી આ ઇતિહાસમાં બ્રાહ્મણો અને ગાયોનું માહાત્મ્ય કહેલું છે; તથા આ મહાભારત સર્વ શ્રુતિઓના સમૂહરૂપ છે, માટે ધર્મબુદ્ધિવાળાઓએ પણ એ અવશ્ય વાંચવું–સાંભળવું જોઇએ. વિજયની ઇચ્છાવાળાએ આ જય નામનો ઇતિહાસ અવશ્ય સાંભળવો જોઇએ. કેમકે એથી તે–જેમ રાહુથી ચંદ્ર મુક્ત થાય તેની પેઠે–સર્વ પાપોથી મુક્ત થાય છે.

अस्मिन्नर्थश्च कामश्च निखिलेनोपदेक्ष्यते। इतिहासे महापुण्ये बुद्धिश्च परिनैष्ठिकी ॥
भारतं शृणुयान्नित्यं भारतं परिकीर्तयेत्। भारतं भवने यस्य तस्य हस्तगतो जयः ॥

આ મહાપુણ્યદાયક ઇતિહાસમાં અર્થ અને કામનો એવો સંપૂર્ણ ઉપદેશ છે કે

જેથી તેને વાંચનાર–સાંભળનારની બુદ્ધિ પરમાત્મામાં પણ નિષ્ઠાવાળી થાય છે. માટે સમજુ માણસે તો મહાભારતનું વાંચન–શ્રવણ કિંવા કથા–કીર્તન નિત્યપ્રતિ કરવું જોઇએ. જેને ઘેર મહાભારતનું કથન–શ્રવણ થાય છે, તેને જય પણ હસ્તગતજ છે.

पुण्योऽयमितिहासाख्यः पवित्रं चेदमुत्तमम् । कृष्णेन मुनिना विप्रनिर्मितं सत्यवादिना ॥
सर्वज्ञेन विधिज्ञेन धर्मज्ञानवता सता । अतींद्रियेण शुचिना तपसा भावितात्मना ॥
ऐश्वर्येवर्तता चैव सांख्ययोगवता तथा । नैकतंत्र विबुद्धेन दृष्ट्वा दिव्येन चक्षुषा ॥
कीर्तिं प्रथयता लोके पांडवानां महात्मनाम् । अन्येषां क्षत्रियाणां च भूरिद्राविणतेजसाम् ॥

હે બ્રાહ્મણ! કૃષ્ણ દ્વૈપાયન વ્યાસમુનિ, કે જે સત્યવાદી, સર્વજ્ઞ, દૈવજ્ઞ, ધર્મજ્ઞ, સત્પુરુષ, ઇંદ્રિયાતીત પદાર્થોને જોનારા, પવિત્ર, તપવડે શુદ્ધ ચિત્તવાળા, ઐશ્વર્યમાં સ્થિતિવાળા, જ્ઞાનનિષ્ઠ, યોગનિષ્ઠ, અનેક શાસ્ત્રોના ઉત્તમ જ્ઞાતા અને દિવ્ય દૃષ્ટિથી જોઇને મહાત્મા પાંડવો તથા બીજા મહાતેજસ્વી ક્ષત્રિયોની કીર્તિને જગતમાં પ્રસિદ્ધ કરનારા છે; તેમણે આ મહાભારત નામનો પુણ્યમય પવિત્ર ઇતિહાસ રચ્યો છે, અને તેથી તે આવો ઉત્તમ થયો છે.

अष्टादशपुराणानां श्रवणाद्यत्फलं भवेत् । तत्फलं समवाप्नोति वैष्णवो नात्र संशयः ॥
स्त्रियश्च पुरुषाश्चैव वैष्णवं पदमाप्नुयुः । स्त्रीभिश्च पुत्रकामाभिः श्रोतव्यं वैष्णवं यशः ॥

અઢારે પુરાણોના શ્રવણથી જે ફળ થાય છે, તેટલુંજ ફળ મહાભારતના શ્રવણથી વૈષ્ણવને પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી. સ્ત્રીઓ તેમજ પુરુષો ભારતના શ્રવણથી વૈષ્ણવપણાને પામે છે. પુત્રેચ્છાવાળી સ્ત્રીઓએ તો વિષ્ણુના યશરૂપ મહાભારત અવશ્ય શ્રવણ કરવું.

नरेण धर्मकामेन सर्वः श्रोतव्य इत्यपि । निखिलेनेतिहासोऽयं ततः सिद्धिमवाप्नुयात् ॥
शृण्वन्श्राद्धः पुण्यशीलः श्रावयंश्चेदमद्भुतम् । नरः फलमवाप्नोति राजसूयाश्वमेधयोः ॥

ધર્મ ઈત્યાદિની કામનાવાળા પુરુષે તો આ સમગ્ર ઇતિહાસ સાંભળવો જોઈએ. કેમકે તેથી તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય પુણ્યશીલ અને શ્રદ્ધાવાન થઇને આ અદ્ભુત ઈતિહાસ શ્રવણ કરે છે અને શ્રવણ કરાવે છે, તે બંને રાજસૂય યજ્ઞ અને અશ્વમેધ યજ્ઞનાં ફળને પ્રાપ્ત થાય છે.

त्रिभिर्वर्षैर्लब्धकामः कृष्णद्वैपायनो मुनिः । नित्योत्थितः शुचिः शक्तो महाभारतमादितः ॥
तपो नियममास्थाय कृतमेतन्महर्षिणा । तस्मान्नियमसंयुक्तैः श्रोतव्यं ब्राह्मणैरिदम् ॥

કૃષ્ણદ્વૈપાયન મુનિ પવિત્રતાથી આ મહાભારતને ત્રણ વર્ષના નિત્ય ઉદ્યોગવડે રચીને પૂર્ણ મનોરથવાળા થયા હતા. મહર્ષિ વ્યાસે આ મહાભારત તપ અને નિયમ ધારણ કરીને રચ્યું હતું; માટે બ્રાહ્મણોએ પણ એને નિયમયુક્ત થઈને વાંચવું–સાંભળવું જોઇએ.

महीं विजयते राजा शत्रूंश्चापि पराजयेत् । इदं पुंसवनं श्रेष्ठमिदं स्वस्त्ययनं महत् ॥
महिषीयुवराजाभ्यां श्रोतव्यं बहुशस्तथा । वीरं जनयते पुत्रं कन्यां वा राज्यभागिनीम् ॥

આ ઇતિહાસ શ્રવણ કરવાથી રાજા પૃથ્વીનો વિજય કરે છે અને શત્રુઓનો પરાજય કરે છે. વળી એથી શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તિ થાય છે અને મહાન કલ્યાણ થાય છે. આ ઈતિહાસ રાજમહિષીએ યુવરાજસહિત વારંવાર સાંભળવો જોઇએ; કારણ કે તેથી તેને પેટે વીર પુત્ર જન્મે છે, અને કન્યા જન્મે તો તે રાજાની રાણી થાય છે.

यश्चेदं श्रावयेद्विद्वान्सदा पर्वणि पर्वणि । धूतपाप्मा जितस्वर्गो ब्रह्मभूयाय कल्पते ॥
यश्चेदं श्रावयेच्छ्राद्धे ब्राह्मणान्पादमंततः । अक्षय्यमन्नपानं वै पितृंस्तस्योपतिष्ठते ॥

જે વિદ્વાન પુરુષ હમેશાં પ્રત્યેક પર્વના દિવસે આનું શ્રવણ કરાવે છે, તે પાપરહિત અને સ્વર્ગને જીતનારો થઇને બ્રહ્મદશાને પ્રાપ્ત થાય છે. જે પુરુષ શ્રાદ્ધપ્રસંગે બ્રહ્મવેત્તાઓના ચરણ સમીપમાં આ સંવાદનું શ્રવણ કરાવે છે, તેના પિતૃઓ પણ અખૂટ અન્ન-પાન પામે છે.

इतिहासमिमं पुण्यं महार्थं वेदसंमितम् । व्यासोक्तं श्रूयते येन कृत्वा ब्राह्मणमग्रतः ॥
स नरः सर्वकामांश्च कीर्तिं प्राप्येह शौनक । गच्छेत्परमिकां सिद्धिमत्र मे नास्ति संशयः ॥

હે શૌનક ! જે મનુષ્ય વ્યાસે કહેલા, મહાન અર્થવાળા અને વેદતુલ્ય આ પવિત્ર ઇતિહાસનું શ્રેષ્ઠ બ્રાહ્મણ (બ્રહ્મવેત્તા) પાસેથી શ્રવણ કરે છે; તે આ લોકમાં સર્વ કામનાઓને તથા કીર્તિને મેળવી અંતે ઉત્તમ સિદ્ધિને પામે છે, એમાં મને કંઇ પણ સંશય નથી.

श्रावयेत् ब्राह्मणाञ्छ्राद्धे यश्चैनं पादमन्ततः । अक्षय्यं तस्य तच्छ्राद्धमुपावर्तेत्पितॄनिह ॥
भारतं परमं पुण्यं भारते विविधाः कथाः । भारतं सेव्यते देवैर्भारतं परमं पदम् ॥

જે કોઇ શ્રાદ્ધના અંતમાં ભારતનું એક પાદ પણ બ્રાહ્મણોને સંભળાવે, તેનું શ્રાદ્ધ તેના પિતૃઓને અક્ષય થઇને પ્રાપ્ત થાય છે. મહાભારત પરમ પુણ્યદાયક છે; કેમકે તેમાં વિવિધ પ્રકારની કથાઓ છે. વળી દેવતાઓ પણ મહાભારતનું સેવન કરે છે; કેમકે તે પરમપદને આપનાર છે.

भारतं सर्वशास्त्राणामुत्तमं भरतर्षभ । भारतात्प्राप्यते मोक्षस्तत्त्वमेतद्ब्रवीमि तत् ॥
एवमेतन्महाराज नात्र कार्या विचारणा । श्रद्दधानेन वैभाव्यमेवमाह गुरुर्मम ॥

હે ભરતશ્રેષ્ઠ ! હું તને સત્ય કહું છું કે, સર્વ શાસ્ત્રોમાં મહાભારત ઉત્તમ છે અને તેના શ્રવણમનનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે મહારાજા ! આ પ્રમાણે મેં જે કહ્યું, તે તેમજ છે. એમાં કંઇ વિચાર કરવા જેવું નથી. મારા ગુરુએ પણ મને એમજ કહ્યું છે કે, મનુષ્યે મહાભારત ઉપર અવશ્ય શ્રદ્ધાળુ થવું.

वेदे रामायणे पुण्ये भारते भरतर्षभ । आदौ चांते च मध्ये च हरिः सर्वत्र गीयते ॥

હે ભરતશ્રેષ્ઠ ! વેદ, રામાયણ અને પવિત્ર મહાભારત, એ સર્વમાં આદિ, મધ્ય તથા અંતમાં શ્રીહરિનુંજ કીર્તન કરવામાં આવ્યું છે.

भारतश्रवणे राजन् पारणे च नृपोत्तम । सदा यत्नवता भाव्यं श्रेयस्तु परमिच्छता ॥
आकर्ण्य भक्त्या सततं जयाख्यं भारतं महत् । श्रीश्चकीर्तिस्तथा विद्या भवंति सहिताः सदा ॥

હે ઉત્તમ રાજા ! ઉત્તમ કલ્યાણને ઇચ્છનારા પ્રત્યેક પુરુષે ભારતનું શ્રવણ કરવામાં તથા તેનું પારાયણ કરવામાં નિત્ય યત્નશીલ રહેવું. (કેમકે) 'જય' નામના આ મહાભારતનું જે ભક્તિપૂર્વક નિત્ય શ્રવણ કરે છે, તેને સદા વિદ્યાસહિત લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત થાય છે.

महाभारतना खर्च तथा मूल्यनी गणना

આ મહાભારતના સાતે ભાગમાં મળીને રોયલ અષ્ટપત્રી ફરમા ૬૫૬,† ચિત્રસંખ્યા ૩૦, પાકાં પૂંઠાં અને પ્રતસંખ્યા ૨૦૦૦* માટે ખર્ચ તથા મૂલ્યની ગણના (ભેટ-બિગાડ-ફંડ-જાહેરાત-વગેરે બાબતની વધારાની પ્રત ૩૦૦ સાથે) નીચે મુજબ છેઃ-

૩૪૭૬૮) દરેક ફરમાદીઠ રૂ. ૫૩, તેની વિગત કેઃ-કાગળો‡ ના રૂ. ૧૬॥, કંપોઝ તથા છપાઇવળાઇના રૂ. ૨૦, મહાભારત માટે ખાસ વધારાનું મકાનભાડું તથા લાકડાના ઘોડા વગેરે બદલ રૂ. ૪, અનુવાદ, પ્રૂફશોધન, ગ્રંથસંગ્રહ અને દેખરેખ વગેરેનો ગ્રંથ બહાર પડતા સુધીનો ખર્ચ રૂ.૧૨॥.

૧૧૨૭૦) પાકા પૂંઠા, અસ્તર, કવર, સામાન્ય પેકીંગ તથા ચિત્રોની બાબતમાં નવાં ચિત્ર-બ્લૉક-કાગળ-છપાઈ વગેરેના મળીને સો પ્રત દીઠ રૂ. ૭૦) મુજબ કુલ પ્રત ૧૬૧૦૦ બદલ.

૧૦૦૦) 'મહાભારતચિત્રાવલિ' ની એકેક પ્રત મહાભારત સાથે અપાવાના ખર્ચ બદલ.

૪૭૦૩૮) કુલ રકમ

બીજી તરફ સાત ભાગમાં નીકળેલા આ ગ્રંથની છાપેલી કિંમત રૂ. ૩૬, એમાંથી વેચાઈ રહેતા સુધીનો સર્વ પ્રકારનો વહિવટી ખર્ચ (પગાર, ભાડા, કમીશન, વીમો, મુસાફરી, જાહેર ખબર વગેરે) ચાલુ ધોરણ મુજબ રૂપિયે છ આના બાદ કરતાં જે નક્કી રકમ થાય; તેને પ્રત ૨૦૦૦ સાથે ગુણવાથી જે રકમ થશે; તે ઉપલા સરવાળા કરતા બે હજાર જેટલી ઓછી જણાશે. ખર્ચના આટલા વધારાનું કારણ, પૃષ્ઠસંખ્યામા જે ચારસોકનો ઉમેરો થયો તે છે. મહાભારત સાથે **મહાભારતચિત્રાવલિ**ની એકેક જૂદી પ્રત આપવાની ફરજ તો હતીજ નહિ. એટલે એનો ખર્ચ તો બચાવી પણ શકાત; પણ તેની ઉપકારકતાના ખ્યાલ ઉપરાંત તેનો સદુપયોગ વધારે પ્રમાણમા થવાની આશા જન્મી ચૂકેલી હોવાથી તેમ બની શક્યું નથી.

આદિ અને સભાપર્વની પ્રતો પહેલી આવૃત્તિમાની ઘણીખરી ખપી ચૂકેલી, એટલે "મહાભારતનાં આ વખતના કેટલાક ગ્રાહકો તે ભાગ આ વખતે નહિ લે" એવી સમજણથી તેની છસો પ્રત ઓછી છપાવી હતી; પરંતુ એવા નહિ લેનારા તો પરિણામે પૂરા સો પણ નીકળ્યા નથી. આથી એ ખૂટતી પ્રતો પણ જ્યારે ત્યારે ફરીથી છપાવવી પડીને તેનો પ્રેસખર્ચ પણ ખાડારૂપજ થવાનો.

ઇશ્વરેચ્છા હશે તો મહાભારતની સત્વર ખપતથી, વધારાની પ્રતોથી તથા બીજી કરકસરથી કદાચ એ ખાડો પણ પૂરાઈ જશે; પરંતુ ઉપલી ચિત્રાવલિવિષેની આશા પૂરી થવાનું તો પાઠક ભાઇબ્હેનો ઉપર છે. તે આશા એજ કે, તેઓ **મહાભારતચિત્રાવલિ**માનાં ચિત્રો જોવા-વાંચવાનો લાભ માત્ર પોતેજ લઇને નહિ અટકતા, પોતાના તેમજ મિત્ર-પડોશીનાં નાનાંમોટાં સર્વને તેનો લાભ આપવાની તસ્દી ઉઠાવે. આનું નામ માનવસેવા અને ઉત્તમ સેવા એટલા માટે કહી શકાય કે, ઉત્તમ પુરુષોનાં ચિત્રોની સાથે તેમના જ્ઞાનચારિત્રની પણ ટુંક માહિતી મળી જવાથી આબાલવૃદ્ધ-સર્વ કોઇના હૃદયમાં શુભ સંસ્કારોને જાગવા-ખીલવાની તક મળી જાય છે; તથા એની સાથે તેઓ આ વાત પણ જાણતા ચાલે છે કે, સાધુવૃત્તિવાળા ગૃહસ્થ, તેમજ ઉચ્ચકક્ષ વિરક્ત આ સંસારમાં કેવા કેવા અને કેટલા પ્રકારના હોય છે; તથા તેઓ કયી કયી રીતે અને કેટલા બધા લોકહિતકારી નિવડે છે. વળી એ પરમોત્તમ માનવો કેવું બોલે છે; કેવું આચરે છે; એ વગેરે પણ તેમને રસ અને શિક્ષણપૂર્વક જાણવા મળે છે.

મહર્ષિ રામકૃષ્ણ પરમહંસ રૂડાં ચિત્રોવિષે કહે છે કે–

"સાધુ મહાત્માઓનાં ચિત્ર ઘરમાં રાખવાથી ઘણો લાભ છે. સવારમાં ઉઠીને ગમે તેવા માણસનું મોં ન જોતાં એવા મહાત્માઓનું દર્શન કરવું એ બહુજ ઉત્તમ છે."

† એમાં બેવડી છપાઈ તથા મોંઘા કાગળ વગેરે બદલ આર્ટપેપરવાળા બે ફરમાને બદલે ચાર ફરમા, સાત ભાગમાંની સાત કાપલી બદલે એક ફરમાનો દોઢ ફરમો, એમ કુલ અઢી ફરમા વધુ ગણાયલા છે.

* આ ગ્રંથનાં પ્રત ૨૩૦૦+૩૭૦ છપાયાં છતાં ઓછાં પ્રમાણે ૨૦૦૦+૩૦૦ ની ગણના એટલા માટે અપાઈ છે કે, આ ગ્રંથ છપાતા પૂર્વે એટલીજ પ્રતની ધારણા કરાઈ હતી.

‡ કાગળો [illegible] ફરમામાં ૪૮ રતલી વપરાયા છે.

આ ગ્રંથના મૂલ્યાદિવિષે સમજુત

ક-આ ગ્રંથના મૂલ્ય વિષે કોઇને ઉપલક દૃષ્ટિથી એમ લાગે કે, આ સંસ્થાએ ચાલુ સાલમાંજ બે પ્રકારની રામાયણો પ્રસિદ્ધ કરી, તેના કરતાં આ મહાભારતનું કદ બહુ તો ચારગણું થાય; છતાં તેનું મૂલ્ય છગણું શાથી રખાયું હશે ? ઉપર અપાયલી ગણુના, વાલ્મીકિ રામાયણની હાલની આવૃત્તિમાં અપાયલી ગણુના સાથે ધ્યાનપૂર્વક સરખાવી જોવાથી તો એનાં કારણો સમજાયજ; પરંતુ તે સર્વ કોઇને સહજે સમજાય તે સારૂ અહીં જણાવવાનું કેઃ-

૧-અત્ર તરફથી હાલ પ્રસિદ્ધ થયેલી બન્ને રામાયણોમાં જે કાગળો વપરાયા છે, તેના કરતાં આ મહાભારતના ગ્રંથમાં તે વધારે વજનના-અને તેથી વધારે કિંમતના-વપરાયા છે.

૨-વાલ્મીકિ રામાયણ કરતાં મહાભારતનું કદ ચારગણું છે, પણ તેના ભાગો ચારને બદલે સાત બંધાવાથી બંધાઇખર્ચ વધારે આવ્યો છે.

૩-રામાયણો પુનરાવૃત્તિતરીકે છપાવાથી, તેમજ સામાન્ય મકાનમાં તેનો સમાવેશ થવાથી ભાષાન્તરનો તેમજ વધારાના મકાનભાડાનો ખાસ ખર્ચ તેને માટે કરવાનો હતો નહિ. ત્યારે મહાભારતની આ આવૃત્તિ ઉપર એ બંને પ્રકારના ખર્ચ ચઢ્યા છે.

૪-કોઈપણ પુસ્તકની ચાર હજાર પ્રત છપાવતાં દર પ્રતે જે લાગત આવે, તેના કરતાં બે હજાર પ્રત છપાયાથી વધુ લાગત આવે છે.

ખ-કોઇ એમ પૂછે કે, રામાયણ કરતા મહાભારતમાં ચિત્રોનું પ્રમાણ ઓછું છે, તે બદલ પણ મૂલ્ય ઓછું આવવું જોઇએ ને ? તો તે વિષે જણાવવાનું કે, મહાભારતનાં ચિત્ર અને બીબાં ઘણાંખરાં નવાજ કરાવાયાં છે, તેટલું તેનું પ્રમાણ રામાયણની બાબતમાં ન હતું. વળી રામાયણની બાબતમાં ચિત્ર ખાતે જે ખાસ ખર્ચ થયેલો તે (બન્ને રામાયણો મળીને) આઠ હજાર પ્રત ઉપર ફળવાઇ ગયેલો, ત્યારે મહાભારતમાં તો તે બે હજારજ પ્રતો ઉપર ફળવાયો છે.

ગ-કેટલાક સજ્જનોને ઉપલક દૃષ્ટિથી એમ પણ લાગવું સંભવિત છે કે, મહાભારતનું મૂલ્ય અગાઉ બારેક વર્ષપર કાઢેલી યોજનામાં રૂ. ૧૬) રાખેલું, અને આ વખતે રૂ. ૩૬) રખાયું તે બહુ ગણાય. એક વાર એક જાણીતા ન્યાયાધીશ મહોદયે સામાન્ય સૂચનારૂપે એને મળતો ભાવ દર્શાવેલો, તે ઉપરથી ઉપલી કલ્પના ઉપજતા જણાવવાનું કે, બીજી અનેક ચીજો પેઠે કાગળ, છપાઇ, બંધાઇ વગેરે પણ અમુક અંશે મોઘાજ હજીસુધી રહ્યાં છે. જેમકેઃ-

૧-કાગળોનું મૂલ્ય આગળ કરતા ચારપાચગણું થઇ ગયેલું તેમાંનું બેવડું તો હજી પણ છે.

૨-વહીવટી માણસોના વધેલા પગાર અત્ર તરફથી ઘટાડી શકાય તેમ નથી.

૩-મહાભારતની આગલી યોજના વખતે આ સંસ્થાનું સ્થળ અમદાવાદમાં રૂ. ૧૫) ના માસિક ભાડાવાળું હોઇને તે પછી રૂ. ૨૫) વાળું લેવાયું હતું; પરંતુ એ પછી લડાઇની મોંઘારત વધી જતાં એજ મકાનનું ભાડું રૂ. ૧૦૦)ની હદે પહોચી ચૂકયું છે, અને હજી તેમાં કાઇપણ ઘટાડો થતો નથી.

૪-એજ પ્રમાણે ભાષાંતર અને પૂંઠાં વગેરેમાં પણ આગળ કરતાં બેવડાથી પણ વધુ ખર્ચ આવે છે.

૫-આગલી યોજના વખતે, ચિત્રોમાટે તેમજ ચિત્રાવલિમાટે તથા બંધાઇ, કવર, અસ્તર, એ વગેરેની હાલના જેટલી મજબૂતી માટે વિચાર ન હતો; અને તેથી એવી બાબતોના ખર્ચ પણ આ વખતે મોટે ભાગે નવોજ ઉમેરાયો છે.

૬-છપાઇખર્ચ પણ વચમાં આગળ કરતાં ચારગણો વધી ગયેલો, તે લડાઈને અન્ત [illegible] ઘરાકી ઘટી જવાથી હવે માત્ર બેવડોજ હોવાનું સાંભળ્યું છે; પરંતુ આ સંસ્થાના [illegible] જે પ્રકારનું કામ થવું જોઇએ, તેને લઇને એવો ઘટાડો થઇ શકેલ નથી. એકમાત્ર [illegible] (બીબાં ગોઠવવામાં) કંઇક ઘટે તેમ જણાયલું તેમાં પણ ૨૫ ટકા તો હજી નથીજ ઘટી શક્યા.

ઘ-પણ ત્યારે મૂલ્ય ૩૬) છતાં આ મહાભારતને સસ્તું કેવી રીતે ગણાય ? એનું [illegible] સીધું કારણ ‘મોંઘારત’ છે; કે જેને [illegible] અમદાવાદમાં [illegible] મહાભારત [illegible]

૫૦) થી વેચાતું હતું; અને ગુજરાતી પ્રેસનું ૨૯) ને બદલે ૭૫) થી વેચાતું હતું.*

આટલી હકીકતથી સસ્તાપણાવિષે યથાવત્ ખ્યાલ હરકોઇને આવી રહેશે. બાકી રોટલાના બળ્યા બારોટને તો સાક્ષાત્ પ્રભુ પણ સમજાવી શકે નહિ; અને એક રીતે તેમનું વિરોધી વર્તન આ સેવકને તો લાભદાયકજ થાય છે; એટલે એ ખાતે કંઇ કહેવાપણું નથી.

ચ-આ મહાભારત જેવા શ્રેષ્ઠ ગ્રંથને સોનેરી નામવાળાં પૂંઠાં કેમ નથી કરાવ્યાં ? વાત એવી છે કે, એ બદલ ખર્ચ કાંઇ ભારે આવી જતો નથી; પણ એમાં વિલાયતી કાપડ તથા સોનાના વિલાયતી વરખ ઉપરાંત ઈંડાં પણ બાઇંડરને વાપરવાં પડે છે. સોનેરીને બદલે સાદા નામવાળાં હોય તોપણ ખાદી કરતાં તો વિલાયતી કપડાનાં પૂંઠાં સુંદરજ લાગે છે; પરંતુ એવા બહારના ભપકા તરફ જોવું, એના કરતાં ગરીબ ભાઇબહેનોની ગરીબાઇ તરફ જોવું એ વળી ઘણુંજ વધારે સુંદર છે.

છ-કિંમતના ધોરણવિષે આગળ ૧૯૭૨ સુધીના રિપોર્ટમાં જે વિચાર અને ધોરણ દર્શાવાયલાં તો હજીપણ કાયમ હોવાથી જણાવવાનું કે, ધર્મ-નીતિનાં પુસ્તકો તો ખરૂં જોતાં તેના વાંચનની જિજ્ઞાસાનેજ મૂલ્યરૂપે ગણીને અપાવાં જોઇએ; અને જેઓ ઉત્તમ વાંચનના લાભ ન સમજતા હોય, તેમને આકર્ષક ઉપાયોથી પણ તે રસ્તે વાળવા જોઇએ. આવા પ્રકારો અમેરિકા જેવા સમૃદ્ધ અને શિક્ષિત દેશમાટે આવશ્યક હોય તો પછી હિંદ જેવા અતિ અજ્ઞાન અને યૂરોપ-અમેરિકા કરતાં રૂપિયે એક આની જેટલી પણ આવક વગરના દેશમાટે તો તે અત્યંત આવશ્યક કહી શકાય. પરંતુ અમેરિકાવાસી શ્રીમાનોના જેવી દેશ, કાળ, ઉપાય અને પાત્રાદિને લગતી સાચી સમજણ અને ઉદારતા આ દેશના શ્રીમાનો તથા ધીમાનોમાં પ્રવર્તે નહિ; અથવા તો પરમાત્મા કૃપા કરીને બીજો કોઇ રસ્તો કહાડે નહિ, ત્યાંસુધી વિનામૂલ્યની વાત તો રહી; પરંતુ કાગળ-છપાઈ જોગા મૂલ્યે પણ સારાં પુસ્તકો કહાડી શકાવાં અશક્ય હતાં. આવા સંયોગો-માં કાંઇજ નજ થાય તેના કરતાં કાંઇ પણ થાય તો ઠીક; એમ સમજીને નોકર, જાહેરખબર, બુકસેલરકમીશન, મકાનભાડું, લેખનસત્કાર વગેરે દરેક પ્રકારનો ખર્ચ પુસ્તકોની લાગતમાંજ ગણી લઇને કામ ચલવવું પડયું છે.

દશેક વર્ષપર લખેલું તે આજે પણ લખીશું કેઃ-"સમય આવ્યે એવા પણ વિદ્વાનો, સમાજ-સેવકો અને સંસ્થાઓ નીકળી આવશે કે જેઓ જૂદા જૂદા ઉપકારક વિષયના અનેક ઉત્તમોત્તમ ગ્રંથ રચી-રચાવીને, તથા ખોટ ખમીને પણ આ ખાતા કરતાં અર્ધી અને પા કિંમતે અથવા વિનામૂલ્યે પણ ફેલાવશે; અને એ તેમજ અન્ય વિવિધ પ્રકારોદ્વારા મનુષ્યોમાં એવા ઉચ્ચતમ સંસ્કારો ફેલાવશે, કે જેના આગળ આ સંસ્થાનું કાર્ય વિસાતમાં રહેશે નહિ. કૃપાળુ પ્રભુ એવો સમય સત્વર આપે!"

वांचनार वगेरेने खास सूचना

૧—સાતમાંના પ્રત્યેક ભાગમાં શુદ્ધિપત્ર અપાયલું જણાશે. આ તેમજ હરકોઇ પુસ્તકમાં શુદ્ધિ-પત્ર મુજબ પ્રથમ સુધારી લીધા પછીજ તે વાંચવું જોઇએ. વળી શુદ્ધિપત્રમાં જણાવ્યા ઉપરાંત પણ માત્રા, હૃસ્વ, દીર્ઘ વગેરે ઉડી ગયેલું જણાય, તો તે પણ સુધારી લેવું જોઇએ.

૨—આ ગ્રંથમાંના અનુવાદ તેમજ અન્ય લેખો વગેરેમાં અનુભવી સજ્જનોને ખાસ ભૂલચૂક, ન્યૂનતા વગેરે જણાય તે બનતાં સુધી યથાશક્ય સુધારણા સાથે લખી મોકલવા વિનતિ છે, કે જેથી ભવિષ્યમાં સુગમતાથી તેનો સદુપયોગ થઇ શકે.

૩—આ સર્વ ભાગોમાં વપરાયેલા સ્વદેશી કાગળો મજબૂતીમાં વિલાયતી કરતાં વધુ હોવા છતાં ભાવમાં સરખાજ છે. આને પણ જેટલા લીસા અને ધોળા કરાવવા હોય તેટલા કરાવી

* આ વિષે એક ખુશ ખબર પણ આપવી જોઈએ કે, અત્ર તરફનું મહાભારત નીકળવું ઠરતાં એ મહા-ભારતો પણ હવે અનુક્રમે ૩૫) ને ૫૦) થી વેચાય છે.

શકાય; પરંતુ એથી વાંચનારની આંખને નુકસાન થાય છે. આ કાગળને કોઇ હલકા કે સસ્તા માની લે નહિ તે સારૂ આ લખ્યું છે.

૪–અગાઉથી પૈસા ભરી આ મહાભારતના ગ્રાહક થનારમાટે કેટલાક માસ સુધી રૂ. ૨૮ (અને સો કે વધુ પ્રતના ગ્રાહક થનાર માટે રૂ. ૨૭) રખાયા હતા; તથા એ પછી કડકે કડકે સમય લંબાયાથી સં. ૧૯૮૩ના શ્રાવણ સુધીને માટે રૂ. ૩૦; અને એ પછી એવાજ કારણસર સમય લંબાવીને ૧૯૮૪ ની વસંતપંચમી સુધી તૈયાર મહાભારતના રૂ. ૩૨) રખાયા છે. એમાં મુંબઇના લેનાર માટે માર્ગખર્ચ જોગો રૂ. ૧) વધુ લેવાય છે.

૫—આ સંસ્થાનું કમીશનનું ધોરણ હાલ આ પ્રમાણે છેઃ–અમદાવાદના કાર્યાલયમાંથી રૂ. ૨૫) થી વધુનાં પુસ્તકો લેનાર માટે ૧૨॥ ટકા અને ૧૦૦ કે વધુનાં લેનાર માટે ૧૫ ટકા છે. એટલી રકમનાં પુસ્તકોની સાથેજ મહાભારતની એક પણ પ્રત લેવાઇ હોય, તો તેમાંથી પણ એટલાજ ટકા કપાત થશે. એકલું મહાભારતજ લેનારે તો કમમાં કમ ત્રણ પ્રત લીધી હશે તોજ ૧૨॥ ટકા કપાશે; અને દશ પ્રત એકસાથે લીધી હશે તોજ ૧૫ ટકા કપાશે.

૬—મુંબઇમાં પણ ઉપર જણાવેલી રકમ અને પ્રત ઉપર કમીશન અપાશે; પરંતુ ૧૨॥ ને બદલે ૬। ટકા, તથા ૧૫ ટકાને બદલે દોઢ આનો અપાય છે.

૭—કિફાયતી કિંમતમાંથી કાઇ પણ કમીશન કપાતું નથી.

૮—આમાં અપાયેલા ચિત્ર એકજ ચિત્રકારના હાથનાં નહિ હોવાથી સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને તેમાં એકબીજા વચ્ચે તેની તેજ વ્યક્તિના ચહેરા વગેરેમાં જરાતરા ફેરફાર જણાય તો તે સ્વાભાવિક છે.

૯—આ મહાભારત કે રામાયણને લગતાં એકલાં ચિત્રોજ લેવાં હોય તેમને માટે તેવી પણ ચોપડીઓ આ સંસ્થામાંથી મળશે. તેનું નામ "મહાભારતચિત્રાવલિ" તેમજ "રામાયણ-ચિત્રાવલિ" છે. રામાયણચિત્રાવલિમાં ચિત્રોની સંખ્યા ૩૬ છે; અને મહાભારતચિત્રાવલિમાં ૨૬ ચિત્રો ઉપરાંત સ્તુતિ વગેરે અપાયું છે. આથીજ મૂલ્ય દરેકનું સરખું ૦॥≈ છે. બનતાં સુધી પાકાં પૂંઠાંવાળી પણ તે તૈયાર કરાવાઇને શુમારે રૂ ૧) માં અપાશે.

૧૦—રામાયણ તેમજ મહાભારતમાના થોડાંક બહારનાં ચિત્રો સિવાયનાં બાકીનાં આ સંસ્થાનાં પોતાના હોવાથી તેમાનાં જે પણ ચિત્રો વહેંચવા કારવવા લેનાર માટે મૂલ્યની વિગતઃ—

૧ થી ૧૦ પ્રતસુધી ....દર પ્રત દીઠ...............	૭ પાઇ
૧૧ થી ૫૦ ,, ... ,, ...	ચાર પાઇ
૫૧ થી ૧૦૦ ,, ... ,, ...	ત્રણ પાઇ
૧૦૧ થી ૫૦૦ ,, ... ,, ...	અઢી પાઇ
૫૦૧ થી વધુ પ્રતો માટે ... ... ,, ...	બે પાઇ

૧૧—આ પછીના પૃષ્ઠ ૩૨–૩૧ માં જે પ્રકીર્ણ વિષયોની અનુક્રમણિકા અપાઇ છે; તેમાં **મહાભારતમાહાત્મ્ય અને પ્રકાશકનું નિવેદન**વાળી લીટીઓ વચ્ચે નીચે મુજબ ઉમેરી લેવુંઃ–

૧૨—એ પછી એજ પૃષ્ઠ ૩૨–૩૧ ના બીજા કોલમની છઠ્ઠી તથા સાતમી લીટીમાં જે નામો છપાયાં છે, તેને બદલે દેશભક્ત લાલા હંસરાજ, તથા પંડિત નરદેવ શાસ્ત્રી વેદતીર્થ, એ નામો વાંચવાં.

निवेदन

ભારતવર્ષમાં મહાભારતના નામથી કોઈકજ હિંદુ–આર્ય અજાણ્યો હશે. આ ગ્રંથ રચાયો ત્યારથી માંડીને અદ્યાપિસુધીનાં હજારો વર્ષદરમિયાન હિંદુજાતિમાં જે જે પ્રાચીન ગ્રંથો અતિ આકર્ષક, માર્ગદર્શક અને ઉપકારક ગણાતા આવ્યા છે; તેમાં મહાભારત ગ્રંથ પણ સદા પ્રથમ શ્રેણીમાંજ રહ્યો છે અને રહેશે.

જનસમાજના પુણ્ય અને પરમાત્મદેવની કૃપાથી આજે તેનું આ ગુજરાતી ભાષાંતર સાત ભાગોમાં પ્રસિદ્ધ થાય છે.* એ સાત ભાગમાંનો આ પહેલો ભાગ હોઇને એમાં આદિ અને સભાપર્વનો સમાવેશ છે.

મહાભારતરૂપી જે મહાસાગરના એક સ્વલ્પ અંશરૂપ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' જગતભરના વિદ્વાનોને પોતાના અલૌકિક જ્ઞાનગૌરવથી ચકિત કરી રહી છે; જે મહાસાગરમાંથી એ ઉપરાંત બીજાં પણ એવાં એવાં અનુપમ રત્નો હિંદુજાતિને પ્રાપ્ત થયાં છે કે જે નિત્યપ્રતિ લક્ષાવધિ અધિકારીજનોનાં હૃદયને જ્ઞાનભક્તિના અનેરા પ્રકાશથી અજવાળી રહ્યાં છે; જે મહોદધિના એક અગત્યના ખંડરૂપ "શાંતિપર્વ"માં લહેરાઈ રહેલું ધર્મામૃત તેમાં નિમજ્જન કરનારાં હજારો ધર્મજિજ્ઞાસુ હૃદયોને શાંત, પવિત્ર અને ચારે પદાર્થને પાત્ર બનાવતું આવ્યું છે; જે મહાન ગ્રંથનો અદ્ભુત પ્રકાશ સહસ્રો વર્ષથી આર્ય નૃપતિઓની પરંપરાને રાજધર્મ અને વીરત્વના ઉત્તમોત્તમ આદર્શ દર્શાવતો આવ્યો છે; જે મહાન ગ્રંથની ઓજસ્વી કથાઓએ શતાવધિ નૃપતિઓને અને લક્ષાવધિ ક્ષત્રિયોને પ્રભાવિત કરી વીરત્વના પરમહિતાવહ ધર્મપંથે પળાવ્યા છે; જે મહાગ્રંથના પ્રભાવે વિકટ સમયે પણ પ્રતાપ, ગુરુ ગોવિંદ અને શિવાજી ઇત્યાદિ મહાવીરોમાં આર્યત્વની રક્ષામાટે અપૂર્વ ચેતના અને અદ્ભુત પરાક્રમ પ્રેરીને તેમને અપાર બળશાળી શત્રુદળોસામે અડગભાવે ઉભા રાખ્યા છે; જે

* એ સાત ભાગોમાં આવેલાં પર્વ, ચિત્ર તથા પૃષ્ઠોની વિગત નીચે મુજબ છે:–

ભાગ	પર્વોનાં નામ	ચિત્રસંખ્યા	પૃષ્ઠસંખ્યા
પહેલો	આદિ અને સભાપર્વ	૧૧ ...	૯૩૬
બીજો	વન અને વિરાટપર્વ	૯ ...	૭૦૪
ત્રીજો	ઉદ્યોગ અને ભીષ્મપર્વ	૬ ...	૮૪૮
ચોથો	દ્રોણપર્વ	૦ ...	૪૬૮
પાંચમો	કર્ણ, શલ્ય, સૌપ્તિક અને સ્ત્રીપર્વ ...	૦ ...	૫૪૪
છઠ્ઠો	શાન્તિપર્વ	૪ ...	૯૨૮
સાતમો	અનુશાસન, આશ્વમેધિક, મૌસલ, મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વ ...	૦ ...	૭૭૬
	કુલ સંખ્યા	૩૦ ...	૫૨૦૪

ચિત્રો મૂળ ૨૮ છે; પરંતુ શ્રીકૃષ્ણ તથા અર્જુન વધારે મહત્ત્વનાં પાત્ર હોવાથી તેમનાં ચિત્ર મહાભારતની શરૂઆતમાં આ પહેલા ભાગમાં પણ છાપ્યાં છે.

મહાન ગ્રંથની જ્વલંત પ્રેરણાઓથી પ્રેરાઈને બ્રહ્મનિષ્ઠ ક્ષાત્રકુળદીપક વીરાત્માઓએ આ નશ્વર જગતપ્રત્યેનાં મોહ-મમતા મૂકી દઈ પોતાનાં પ્રચંડ શરીરોને પ્રફુલ્લવદને સ્વધર્મપાલનના મહાયજ્ઞમાં હોમી દીધાં છે; અને દેવ-દુર્લભ એવી વીરગતિને પ્રાપ્ત કરી છે; જે મહાન ગ્રંથ ભારતવર્ષની વર્તમાન દીનહીન દશામાં પણ વિદ્વાનથી માંડીને ખેડુતસુધીનાં અને રાજાથી માંડીને રંકપર્યંતનાં હિંદુ સંતાનોને, તેમનાં જગતભરને ધ્રૂજાવનારા આર્ય પૂર્વજોનાં સ્મરણ આપવાવાળા સ્મારકસ્તંભરૂપે ઉભો છે; કે જે મહાન સ્તંભમાં દેવર્ષિ, બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને ચારે વર્ણાશ્રમના અનેકાનેક મહાત્માઓનાં ચરિત્રરૂપી મહામણિઓ શોભી રહેલા છે;અને જે મણિઓ હજી પણ વ્યવહાર તેમજ પરમાર્થના પંથને પ્રકાશવા-દર્શાવવાવાળો અપૂર્વ પ્રકાશ, તેમના અનેકવિધ પ્રોત્સાહક અનુભવો અને જ્વલંત ઉપદેશોરૂપે આપી રહ્યા છે; આવો આ આર્યોનાં આદર્શભૂત જ્ઞાનચારિત્ર્યોથી શોભી રહેલો મહાભારત નામક મહાન ગ્રંથ, પોતાના સમગ્ર સ્વરૂપમાં અને ભારતની પ્રત્યેક ભાષામાં પ્રચલિત થાય; પ્રત્યેક આર્યહિંદુના ગૃહને સુશોભિત કરે; આબાલવૃદ્ધને ઉચ્ચાતિઉચ્ચ પ્રેરણાઓ આપ્યા કરે; ઉન્નતિપરાયણ રાખ્યા કરે; અને તેમ થાય તેટલા સારૂ તે સ્વલ્પ મૂલ્યે બહાર પડે, એવું કોણ નહિ ઇચ્છે ?

જેનું નામજ "મહાભારત" છે; જેના રચનાર મહર્ષિ વ્યાસ ભગવાન છે; જેના સૂત્રધાર યોગેશ્વર કૃષ્ણ ભગવાન છે; જેમાં બાણાવળી અર્જુન, દૃઢપ્રતિજ્ઞ ભીષ્મપિતામહ, મહાનીતિજ્ઞ વિદુર, ધર્માવતાર યુધિષ્ઠિર, ગદાધારી ભીમ, યુદ્ધવિશારદ દ્રોણ, મહાન દાતા કર્ણ, મહાસતી ગાન્ધારી અને વીરાંગના દ્રૌપદી વગેરે જેવાં અસામાન્ય અને પ્રાતઃસ્મરણીય પાત્ર છે; તેમાં અન્ય પણ એક એકથી ચઢી જાય એવા અનેકાનેક રાજા-મહારાજા, રથી-મહારથી, વીર-મહાવીર અને સતી-મહાસતીઓના અપૂર્વ શૌર્ય-પરાક્રમાદિનાં વર્ણન તથા અનેકાનેક ઋષિમુનિ અને અવતારાદિનાં ગુણગાન છે. જેમકે નર ને નારાયણ, વ્યાસ ને વાલ્મીક, યાજ્ઞવલ્કય ને ભૃગુ, સનત્સુજાત ને અષ્ટાવક્ર, વિષ્ણુ ને મહાદેવ, મૈત્રેય ને અંગિરા, સુહોત્ર ને ઉશીનર, અભિમન્યુ ને બલરામ, ગાલવ ને માંડૂક્ય, કપિલ ને વિશ્વામિત્ર, સગર ને ભગીરથ, શ્રીરામ ને હનુમાન, સત્યભામા ને સુભદ્રા, સીતા ને વિદુલા, ભરત ને પૃથુ, દીલીપ ને યયાતિ, માંડવ્ય ને પરાશર, મંદોદરી ને પાર્વતી, માન્ધાતા ને જનક, ગાર્ગી ને સુલભા, જાજલી ને તુલાધાર, મનુ ને બૃહસ્પતિ, બલિ ને પ્રહ્લાદ, સેનજિત ને ઇક્ષ્વાકુ, ઋષભ ને વામદેવ, પર્વત ને શુક્રાચાર્ય, દમયંતી ને સાવિત્રી, અસિત ને દેવલ, દ્રોણ ને કૃપાચાર્ય, વસિષ્ઠ ને પરશુરામ, શુકદેવ ને નારદ, દુર્વાસા ને દત્તાત્રેય, રંતિદેવ ને શિબિ, વિદુર ને સંજય, ઇત્યાદિ ઇત્યાદિ.

જે ઇતિહાસ ગ્રંથ એવા એવા અનેકાનેક રાજર્ષિ ને બ્રહ્મર્ષિ,દેવર્ષિ ને મહર્ષિ,ગૃહસ્થ ને વાનપ્રસ્થ, યોગી ને મહાયોગી, સાધક ને સિદ્ધ, દાતા ને ધર્માત્મા, જ્ઞાની ને ભક્તાત્મા, તેમજ જિજ્ઞાસુ અને મુક્તાત્માઓનાં મનોહર નામો અને અલૌકિક કામોથી ભરપૂર હોઇને જેમાંનાં થોડાં પણ નામો-કામોનું નિત્યપ્રતિ પ્રાતઃકાળે શ્રવણ-કીર્તન કરવામાં આવે, અથવા તો ભાવભક્તિથી સ્મરણ-ચિંતન કરવામાં આવે, તો તેથી માણસના હૃદયમાં કલ્યાણકારી સંસ્કારો અવશ્ય જાગી ઉઠે, અને ખીલી ઉઠે તેમ છે; અને તેના પરિણામે જ્ઞાનચારિત્ર (એટલે કે આચાર વિચાર ને ઉચ્ચાર, અથવા તો મન વાણી ને ક્રિયા) પણ પાત્રતા કે મહણશક્તિના પ્રમાણમાં પવિત્ર અને ઉન્નત થઇ શકે તેમ છે; તેવા મહાન ગ્રંથનું પઠન-પાઠન પ્રત્યેક હિંદુ-સંતાને નિત્યપ્રતિ કરવુંજ જોઇએ.

આ મહાભારતરૂપી મહાલયમાં એવાં એવાં અનેકાનેક ઐતિહાસિક ચરિત્રચિત્રોને જોતાં

સૂક્ષ્મ અને અજબ કળાથી ચીતરવામાં આવ્યાં છે, કે જાણે તે જીવતાં જાગતાં તેજસ્વી માનવો પેઠે આપણી નજર સામેજ બોલી–આચરી રહ્યાં હોય એવોજ ભાસ સ્થળે સ્થળે થઇ આવે છે. આવા મહાન્ ગ્રંથને માટે આ સેવકને તો કોઇ પણ એકાદ બે ટુંકી અને બંધબેસતી ઉપમાઓ જડી નહિ, કે જેનાથી સંતોષ વળે. આથી એણે તો પછી નીચે પ્રમાણે લખી દીધું છે.પણ એમાં,હ્રસ્વ–દીર્ઘ–માત્રા–ની કળા; એ જાણે સેવકની બલા!

ધર્મતણું મહાભારત ક્ષેત્ર, અધર્મનું નાશક કુરુક્ષેત્ર;
ત્રિદેવનું દેવાલય લહો, સર્વેશ્વરનું મહાલય કહો.
એમાં ઉત્તમ પાત્ર અપાર, જ્ઞાન–ચરિત્ર તણા અંબાર;
ધર્મ નીતિમય બહુ આરસા, પૂર્વજના મોંઘા વારસા.
જ્યાં ત્યાં હરિ ને હરિના મિત્ર, ધર્મ–નીતિમય રસબસ ચિત્ર;
કંઇએક મહારથીનાં ચિત્ર, કંઇએક શત્રુ–મિત્ર વિચીત્ર.
મહાવીરો મહાસતી અનેક, ચરિત્ર કેવાં કેવા ટેક;
કેવા સુંદર શ્રેષ્ઠ વિચાર, વળી કેવા ઉન્નત આચાર.
વ્યાસ વર્ણવે પ્રભુના દૂત, લખતા ગણેશ સમ શિવસૂત;
લૂંટાવે રત્નોની ખાણ, લ્યો કોઇ માનવતાની લ્હાણ.
ભરીયા શાસ્ત્રતણા ભંડાર, સર્વ રસોના રસ: આગાર;
સદ્‌ગુણના આપે બહુ સાર, અવગુણના ટાળે સૌ ભાર.
કંઈ આદર્શ, અનેક ઉપાય, પરામર્શ ઋષિજનથી થાય;
સર્વ કળાઓની કળ ત્યાંય, સર્વ બળોનું બળ એ માંહ્ય.
લ્યો,લ્યો,ભાઈ કોઇ દુ:ખની દવા! મોક્ષધામની માણો હવા;
મૂળ કથા સાથે બહુ કથા, વર્ણી નહિ ભારતમાં વૃથા.
સાધુ સંતની ગલી જણાય, અધર્મનાં ત્યાં ગળાં કપાય;
સદ્‌ગુણનો જ્યાં ચળકે છરો, અવગુણનો ત્યાં ઝટપટ મરો.
કાર્ય કરે જ્યાં દૈવી દૂત, નહિ ત્યાં જૂઠ પ્રપંચી ભૂત;
જ્ઞાન ચરિત્ર તણા આરસા, મહર્ષિના માનો વારસા.
મહાભારત મહાસૂત્રજ ગણો, શુભ આચાર–વિચારે વણો;
શુદ્ધિ બુદ્ધિનાં પહેરો વસ્ત્ર, એ છે શત્રુવિનાશક શસ્ત્ર.
વસ્ત્ર–શસ્ત્ર એ જેને દેહ, સર્વ સ્થળે વંદાયે તેહ;
શુદ્ધ ચિતે સેવે જન જેહ, જે ધારે તે કરશે એહ.
ભારત વસ્ત્ર–શસ્ત્રનું વહાણ, પહેરો ને લૂંટાવો લ્હાણ;
ભટ્ટ બ્રાહ્મણ પકડો એ કામ, ગજવો પૂર્વજનાં ગુણનામ.
ભક્ત, શૂર કે દાતા બનો, એવાં કાર્ય, કથન, બહુ કરો;
કીર્તન કથા બધોબધ થાય, હરિહરની સૌ પામે સ્હાય.
જો એ મહા માત્રા સેવાય, જરૂર કંઇના કંઇક બનાય;
સૌ વર્ણાશ્રમ જાગી જાય, અનેક વીર ને મુનિ જણાય.
ક્ષત્રાણી પ્રસવે મહાવીર, ભટ્ટ બ્રાહ્મણ પણ પાકે ધીર;
અવળી સમજણ નાખો કુવે, શિખા–સૂત્ર હાંવે બહુ રૂવે.
'વસુવિના નર પશુ' નવ કહો, મહાધન જ્ઞાન–ચરિત્રે લહો;
કલહરોના ભક્ત ન બનો, સમજો–સાધો સાચાં ધનો.

ત્યારે અંતરશત્રુ જાય, બાહ્યશત્રુ પછી આપ પળાય;
ગુરુ–ચેલા ને મુરીદ–પીર, ખોઇ બેઠા અંતરનાં હીર.
'ધર્મ' નથી બૂડવાનો કુવો, છૂત છાતને 'ધર્મ' ન ગુવો;
સુધર્મ કદી અભડાય ન મિત્ર, ગંગાપેરે કરે પવિત્ર.
ઉચ્ચ ધર્મ તો અગ્નિ ગણાય, નીચ જનો પણ પવિત્ર થાય;
સર્વ ધર્મમાં મુનિ જન વસે, પોથાં પંડિત મન વિષ વસે.
અંત્યજ ને મુસ્લીમો જેહ, રાખો ડાબે જમણે તેહ;
બાહ્ય શત્રુઓથી શું થાય, બકરી થઇને ભાગી જાય.
પછી જુઓ ધન કેવાં ધપે, બળ બુદ્ધિ કેવાં મઘમઘે;
નક્કી દુર્યોધન છે જવો, જગમાં જશ ભારતનો થવો.
નિમિત્ત જેને થાવું હોય, ભારત ગ્રંથ જરૂરજ જોય;
જેને ફેરવવું છે ભાગ્ય, જરૂર લે તે એવા લાગ.
મહાભારત રામાયણ જેહ, સર્વ ગુરુના ગુરુની દેહ;
રામાયણને રૂદિયે ધરો, મહાભારતમય બુદ્ધિ કરો.
મહાભારત પકવે મહાવીર, રામાયણ પય પાય સુધીર;
શ્રેયપ્રેયની× એ બે ખાણ, યોગક્ષેમવાહકનાં* વહાણ.
ભારતમાં પૂર્વજ ગુણગાન, ભારત ભવ્યાત્માનાં દાન;
ભારત ભવ્ય ગુણોનાં ગ્રામ, ભારત પરમ તીર્થનાં ધામ.
વેદોમાં એ પંચમ વેદ, સર્વ શાસ્ત્રના આપે ભેદ;
ચરિત્રમય મહાસાગર એહ, જ્ઞાન રત્ન–રત્નાકર તેહ.
સારામૃત ભરી દહાણી કહો, ઋષિમુનિદત્ત લહાણી લહો;
એને શી ઉપમા દેવાય, બસ એ 'મહાભારત' કહેવાય.
સૌ ઉપમા એ ગુરુ શીખવે, એને કોણ કઇ ઉપમા દિયે;
પ્રભુકૃપાની વૃષ્ટિ એહ, નમો કર્મ–મન–વાણી–દેહ.
ભારતમાં જે દેશે ધ્યાન, શ્રવણ–નમનથી દેશે માન;
જાશે અવગુણ, વૃથાભિમાન, મળશે બહુ સદ્ગુણ ને જ્ઞાન.
સર્વેશ્વરની થાશે સહાય, રાજ–પાટ સૌ તુચ્છ જણાય;
મહર્ષિઓના સુણો અવાજ, સાગર તરવા સેવો જહાજ.
શુભ રસ્તે જ્યાં રહે સુકાન, પશુ પણ દેવ બનેજ નિદાન;
હરિ પણ દે દે નિજપદ દાન, સર્વ સંતની એવી સાન.

પરંતુ આટલું લખીને પણ એમજ લાગ્યું કે, સાક્ષાત્ સરસ્વતી પણ કદાચ જે મહાભારત અને રામાયણનાં યથાવત્ ગુણગાન કરી શકે નહિ; ત્યાં પછી ભિક્ષુનું તો ગજુંજ કેટલું ? આથી આ સેવકે તો પાછું નીચે પ્રમાણે પણ કર્યું છે.

આદિપર્વના પહેલા અધ્યાયમાં મહાભારતના માહાત્મ્ય જેવું કેટલુંક છે; પરંતુ આપણ બીજા ભાગોમાં તો એનાથી પણ વધારે સરસ જણાયું. આથી એમ લાગ્યું કે આમ ને આમ તો

× શ્રેય એટલે અલૌકિક અથવા પારમાર્થિક હિત, અને પ્રેય એટલે લૌકિક હિત. મોક્ષ અને ભોગ, એ શબ્દોમાં પણ એજ ભાવ છે.

* યોગ એટલે ઇષ્ટ વસ્તુપદાર્થની પ્રાપ્તિ; અને ક્ષેમ એટલે પ્રાપ્ત પદાર્થની રક્ષા. 'યોગક્ષેમવાહક' એટલે પોતાને શરણુ થનારના યોગક્ષેમનું વહન કરનાર સર્વજ્ઞ–સર્વ[illegible] શ્રીહરિ.

મહાભારતનું એકાદ અલગજ માહાત્મ્ય યોજાય તાતે હરકોઇને હરવખતે વાંચવું–સાંભળવું વધારે સુગમ થાય. આથી પછી મહાભારતમાં જ્યાં જ્યાં એ પ્રકારની સામગ્રી જણાઇ, ત્યાં ત્યાંથી તે એકત્ર કરાઈ. પછી એમાંથી જે જે શ્લોક–શ્લોકાર્ધ વધારે મહત્ત્વના જણાયા તે તે યથામતિ ગોઠવીને '**મહાભારતમાહાત્મ્ય**' એવા મથાળા નીચે આની પૂર્વનાં પૃષ્ઠોમાં ભાવાર્થ સહિત અપાયા છે. એકાદ બે શ્લોક એમાં બહારના પણ છે. એ ઉપરાંત બીજી પણ જે જે શ્લોકાત્મક બાબતો પાઠક ભાઈબહેનો માટે નિત્યોપયોગી લાગી, તે પણ મહાભારતમાંથી તથા અન્ય ગ્રંથોમાંથી લઇને **ભારતસાવિત્રીસ્તોત્ર, શ્રીકૃષ્ણાર્પણ, સત્યરૂપ પરમાત્માનું ધ્યાન, મંગલાચરણ, વૈદિક પ્રાર્થના, મહર્ષિઓને સ્મરણાંજલિ, પરમેશ્વરસ્તોત્ર** તથા **શ્રીસ્તવપંચકસ્તોત્ર**, એવાં મથાળાં નીચે (આની પહેલાંનાં પૃષ્ઠ ૩ થી ૧૬ સુધીમાં) અપાઈ છે. આશા છે કે પાઠક ભાઇબહેનોને પણ એ ગમશે, અને તેનો વારંવાર ઉપયોગ કરશે–કરાવશે.

એ પછીનાં છએક પૃષ્ઠમાં આ ગ્રંથ સંબંધી હિસાબ, ખુલાસા, સૂચનાઓ, વગેરે જુદાં જુદાં મથાળાં નીચે અપાયું છે. એ તેમજ ઉપર જણાવેલી બાબતો ઉપરાંત આ નિવેદન પછી જે જે બાબતો અપાઇ છે; તે સર્વની વિગત નીચે પ્રમાણે છે.

ઉપલા પૈકી આ નિવેદન પછીની કેટલીક બાબતોવિષે કહેવાનું કેઃ–

ભિક્ષુની ભલામણ અને માગણી—આ સંસ્થા તરફથી ચાલુ સાલે બહાર પડેલી તુલસીકૃત અને વાલ્મીકિ રામાયણોનાં નિવેદનોમાં જે જે ભલામણ, ભિક્ષા વગેરે વિષે લખાયું છે; તે આમાં પણ ઉપયોગી સમજીને આ મથાળા નીચે અપાયું છે.

મહાભારતના આ પ્રકાશનનું વૃત્તાંત—અત્ર તરફથી સંવત ૧૯૬૪ માં એક ચોપાનિયાદ્વારા જે જે લોકોપયોગી ગ્રંથો સ્વલ્પ મૂલ્યે પ્રસારવા જેવા જણાવાયલા, તેમાં મહાભારતનું પણ નામ હતું; પરંતુ કામ થવાનો આધાર તો જરૂરી સાધનસંયોગ ઉપર હતો. પછી એવિષે કયારે અને કેવી રીતે આ મહાભારતની યોજના શરૂ થઇ; શાથી પડી મૂકાઇ; ફરી પાછી તે કેવી રીતે શરૂ થઈ અને હાલના રૂપમાં પાર પડી; એ વગેરે હકીકત આ મથાળાનીચે અપાઇ છે.

સદ્‌ગત શાસ્ત્રી કરુણાશંકર ભાનુશંકર–મહાભારતના આ પહેલા અનુવાદક હોઇને વલસાડનિવાસી વે. શા. સં. શાસ્ત્રી મોતીરામ કલ્યાણજીના હાથે લખાયલા તેમના વૃત્તાંત ઉપરથી આ ચરિત્ર યોજાયું છે. પ્રથમ તો લોકોના સારા નશીબે એ સુયોગ્ય અને ભાવિક ભૂદેવનો યોગ થયેલો જણાયો; પણ પાછળથી એ નશીબ એવું પોલું નીકળ્યું કે મહાભારતનું અનુવાદન ત્રીજા ભાગનું (ભીષ્મપર્વસુધીનું) તેમના હાથે તૈયાર થયું; તેવામાંજ તેમને કોઈ દેવદૂત ઉપાડી ગયો ! એઓ કેવા વિદ્વાન હતા; મહાભારતપ્રત્યે એમનો કેવો પ્રેમ હતો; સેવાવૃત્તિ કેવી હતી; કેવી રીતે તેમનો મેળાપ થયો; એ વગેરે હકીકત આ લેખમાં અપાઇ છે.

શાસ્ત્રી કરુણાશંકરજીની ભૂમિકા—આ ભૂમિકા આ પછીનાં પૃષ્ઠ ૧૨૦ થી ૧૫૫ સુધીમાં અપાયલી હોઇને સદ્‌ગત શાસ્ત્રીજીએ તે સંવત ૧૯૭૧–૭૨ માં તૈયાર કરી હતી. એમાં એમણે જે જે મુદ્દાઓ ઉપર લખ્યું છે તેમાં–જો તેઓ હયાત હોત તો–અત્યાર સુધીમાં સાધન અને માહિતીમાં ઘણો વધારો થવાથી–તેમણે પુષ્કળ શોધન વગેરે કરીને એ લેખ હજી વધારે ઉપયોગી બનાવ્યો હોત.

મહાભારતનાં પાત્રો–આ લેખ પણ સદ્‌ગત કરુણાશંકરજીના હાથનો હોઇને એમની ટીપણીરૂપે અપાયલી એજ વિષયને લગતી હકીકતો [illegible] શ્રીયુત [illegible]

"સંક્ષિપ્ત મહાભારત"માંથી લેવાઇ છે.*

ઉપલી બાબતો ઉપરાન્ત અન્ય પણ જે જે વિદ્વાનોએ મહાભારતનાં ગુણગાન વગેરેથી પોતાની કલમને પુનિત કરેલી જણાઇ, તેમાંનું પણ પાઠક બંધુઓની સેવામાં જે જે રજુ કરવા જેવું લાગ્યું તે તે આ પહેલા ગ્રંથ સાથે જોડવામાં આવ્યું છે. વિશેષમાં એ વિષે કહેવાનું કે:–

'શું દ્રૌપદીને પાંચ પતિ હતા ?' એ શીર્ષક લેખ, લાંબો છતાં પણ ખાસ વાંચવા–વિચારવા જેવો છે; તેથીજ લેવાયો છે. શ્રીયુત મગનલાલ માણેકલાલ ઝવેરીએ એ લેખ કેવી લાગણી અને મહેનતથી તૈયાર કર્યો છે; એ વાત વાંચનારને તેના વાંચનથી આપોઆપ સમજાઇ જશે. એ લેખ સંવત ૧૯૭૨ માં તેમણે પુસ્તકાકારે છપાવેલો તે ઉપરથી એ લેવાયો છે. એ લેખ તૈયાર કરવામાં હેતુ તેમણે " એક પ્રાચીન હિંદુ સતીના ઉજ્જ્વલ ચારિત્ર્યપરનું લાંછન દૂર કરવાનો પ્રયત્ન" લખ્યો છે; તે હેતુ અને પ્રયત્ન કેવો પ્રશંસનીય છે; અને એમાં તેઓ કેટલા સફળ થયા છે, તે વાંચનારને તરતજ સમજાઇ જશે.

શ્રીયુત ચિંતામણ વિનાયક વૈદ્યના કેટલાક વિચારો–આ સમર્થ વિદ્વાન મહાભારતના ઉંડા અભ્યાસી હોઇને મરાઠીમાં એક ઉત્તમ અનુવાદ પણ તૈયાર કરી પ્રસિદ્ધ કરાવી ચૂકયા છે. એ ઉપરાંત એ મહોદયે મહાભારતના દશમા ભાગતરીકે મહાભારતના ઉપસંહારવિષેનો મરાઠી ગ્રંથ તૈયાર કરીને સંવત ૧૯૭૪માં પ્રસિદ્ધ કરાવ્યો હતો. એ ભાગ પાછળ તો તેમણે ઘણોજ પરિશ્રમ કરેલો જણાય છે.× એમણે મહાભારતવિષે એક અંગ્રેજી પુસ્તક છપાવેલું; તે ઉપરથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ **'મહાભારતની સમાલોચના'** નામક ચોપડી પ્રસિદ્ધ કરી હતી. એમાંના કેટલાક ઉતારા આ મથાળા નીચે અપાયા છે.

'મહાભારતની સમાલોચના'ને લગતો જે લાંબો વિષય પૃષ્ઠ ૧૭૯ થી ૩૧૨ સુધીમાં અપાયો છે, તેના મૂળલેખક શ્રીપાદ દામોદર સાતવળેકર છે. એમના તરફથી દોઢ–બે વર્ષપર હિંદીમાં નીકળેલા " મહાભારતની સમાલોચના " ના બન્ને ભાગોનો એ અનુવાદ છે. તેમની એ સમાલોચનાને મહાભારતને વાંચવા–સમજવાની આંખ પણ કહી શકાય, ને પ્રાચીન સમયના ઐતિહાસિક ઉડ્ડાણ–ઉંડાણમાં ઉડવા–ઉતરવાની પાંખ પણ કહી શકાય. એમાંથી જે ઉત્તમ આંખ અને પાંખ પ્રાપ્ત થાય છે, તેના પ્રતાપે મહાભારતમાં વર્ણવેલી અનેક ચિત્રવિચિત્ર બાબતો સમજવી સુગમ થાય તેમ છે. શ્રીમાન સાતવળેકરજીની સૂક્ષ્મ બુદ્ધિએ એ દ્વારા મહત્ત્વપૂર્ણ પ્રકાશ નાખેલો હોવાથી એને સૂક્ષ્મદર્શક યંત્ર અથવા તો દેવતાઈ ફાનસ પણ કહી શકાય. સાતવળેકરજીના એ બંને ભાગ અનેકવાર વાંચવા છતાં એમાંથી પડયું મૂકવા જેવું જણાયું નહિ તેથીજ એમાંનું બધું લખાણ લેવાયું છે. આશા છે કે, સમજુ વાંચનાર ભાઇબહેનો એ લાંબો લેખ પણ એકવાર પૂરેપૂરો વાંચી જશે.

એઓ એક સંસ્કૃત પંડિત અને મહારાષ્ટ્રીય વિદ્વાન હોવા સાથે હિંદીના પણ પ્રસિદ્ધ વિદ્વાન છે. 'મહાભારત' ગ્રંથ એઓ અત્યારે મૂળ તથા હિંદી ભાષાન્તરસહિત માસિક પત્રરૂપે પ્રસિદ્ધ કરી રહ્યા છે. એ પૂરેપૂરા સચિત્ર મહાભારતનું મૂલ્ય, પ્રથમથી નાણું ભરનાર માટે તેમણે રૂ. ૫૦) રાખ્યું છે. નવીન ભાષાંતર, નવાં ચિત્ર અને બીજા અનેક પ્રકારના ખર્ચ તરફ જોતાં એમણે એ કાર્ય કેવા શ્રમથી અને નિઃસ્વાર્થ ભાવથી ઉઠાવ્યું છે, એ તો તેમણે રાખેલી

---

* એ ગ્રંથ એમણે શ્રમ અને કાળજીપૂર્વક તૈયાર કરેલો હોઇને તેનું કદ ૬।।।×૧૦, પૃષ્ઠ ૩૭૦, મૂલ્ય ૪।।, પ્રકાશક શ્રીયુત જીવનલાલ અમરશી મહેતા–ઠે. પીરમશારોડ, અમદાવાદ.

× એ પુસ્તકનું નામ 'श्रीमन्महाभारताचें मराठी सुरस भाषांतराचा उपसंहार' છે; પ્રકાશક [illegible] પાંડુરંગ [illegible], [illegible] ચિપળુણકર આણિ મંડળી, બુધવાર પેઠ, પૂના છે. એનું હિંદીમાં ભાષાન્તર રૂ. ૬) [illegible] ઇન્ડિયન પ્રેસ-લિ. પ્રયાગ, એ પ્રમાણે છે.

કિંમતજ કહી આપે છે. માત્ર મહાભારતજ નહિ, પરંતુ હિંદી તેમજ મરાઠી ભાષામાં મહત્ત્વના વિષયો ઉપર ઉંડા અભ્યાસ અને આયાસપૂર્વક તેઓ ઉત્તમ માસિકો પ્રસિદ્ધ કરી રહ્યા છે. આવી વિદ્વત્તા, શ્રમશીલતા, વિચારણા, શોધક વૃત્તિ, સાદાઇ અને કશા પણ ડોળદમામ વગર કામ કર્યે જનારા, એમના જેવા દેવદૂતસમા વિદ્વાન આ તરફ તો પાકે ત્યારે ખરા !*

લોકમાન્ય તિલક મહારાજના વિચારઃ—આ મથાળાવાળી બાબત તિલક મહારાજે લખેલી, 'ભારતીય યુદ્ધ' નામક મરાઠી પુસ્તકની પ્રસ્તાવનામાંથી લીધી છે. માત્ર મહારાષ્ટ્રનાજ નહિ, પરંતુ સમગ્ર ભારતના તિલકરૂપે શોભનાર સ્વનામધન્ય તિલક મહારાજનું નામ ગુજરાતમાં કોને અજ્ઞાત હોય! મહાભારતના તો એ નિત્યના પાઠક, રસરહસ્યનું પાન કરનાર અને બને તેટલું વધારે અમલમાં મૂકી બતાવનાર રાષ્ટ્રગુરુ હતા. જે પણ વિષય હાથમાં લે, તેમાં એ બને તેટલા ઉંડા અભ્યાસી અને એકનિષ્ઠ રહેતા. જે પુરુષ એવા—દેશદશાની અંગત માહિતીપૂર્વક લોકહિતના ઉંડા વિચારક અને પાયાભૂત પ્રવૃત્તિધારક હોય; જે પુરુષ, જગતભરમાં જેના જોટા નહિ એવા ગ્રંથોના રચનાર, સર્વ અગ્રેસરો કરતાં સૂક્ષ્મ બુદ્ધિ ધરાવનાર અને ગીતાને સમયાનુસાર કર્મયોગરૂપે યોજી તેના પ્રચારમાટે પણ શ્રમ અને ધનવ્યય ઉઠાવનારા હોય; જે પુરુષ 'કેસરી' જેવા ઉપયોગી અને અત્યંત સ્વલ્પ મૂલ્યવાળા વર્તમાનપત્રના પ્રયોજક, પ્રવર્તક અને તેને નિર્ધન મહારાષ્ટ્રમાં ઘરોઘરનો પ્રીતિપાત્ર સલાહકાર બનાવનાર હોય; સરકારની વધારે વિલક્ષણ નીતિ છતાં પણ જે પુરુષ ચોખ્ખે ચોખ્ખું કહી દેનાર, દેશહિતાર્થે સજા સહેનાર અને તેમ કરીને 'કેસરી' તેમજ 'તિલક' નામને શોભાવનાર તથા અન્યપ્રકારે પણ ભારતવાસીઓમાં લોકસેવાનો નમુનો બની જાણનાર હોય; એવા ભવ્ય રાષ્ટ્રસેવક તો ભારતવર્ષમાં એકમાત્ર નરકેસરી તિલક મહારાજજ હતા. એમનું જીવન એક આ મુદ્દો પણ સ્પષ્ટ સૂચવી રહ્યું છે કે, અસામાન્ય રાષ્ટ્રસેવક નીવડવા ઇચ્છનારે પોતાના ઋષિમુનિઓ અને મહાત્મા—વીરાત્માઓનાં કથન—વર્તનને તો સર્વથી પ્રથમ અને સારી પેઠે શીખવાં—શીખવવાં જોઇએ. વેદ, મહાભારત, ગીતા અને રામાયણાદિ મહત્ત્વપૂર્ણ ગ્રંથો ઉપરાંત રાજર્ષિ શિવાજી મહારાજ, અને તેમના ગુરુદેવ રામદાસ જેવા બ્રહ્મર્ષિના આદર્શભૂત આચારવિચારો એમણે કેટલા ઉંડાણથી સમજી લીધા હશે, તે એ ઉપરથી પણ સમજાશે કે મહારાષ્ટ્રમાં ગણપતિના તહેવારો, કસરતી અખાડા અને શિવજયંતિ વગેરે મહત્ત્વપૂર્ણ કાર્યોના તેઓ ઉંડા વિચારક સાથે પ્રચારક પણ બની શકયા હતા. એમની પણ જીવતાં જીવત જન્મતિથિ દરવર્ષે ધામધૂમથી ઉજવવા—ફેલાવવા માગનારા મિત્રો, નોકરો, આશ્રિતો વગેરે મળ્યાજ હશે; પરંતુ

---

* એ મહોદયનું સ્થળ '**સ્વાધ્યાય મંડળ**' મુકામ **ઔંધ**, જીલ્લો **સતારા** છે. એ મંડળના આત્મા તેઓ છે. તેમના તરફથી હિંદીમાં નીકળતા માસિકનું નામ **વૈદિક ધર્મ** છે; તથા મરાઠી માસિકનું નામ **પુરુષાર્થ** છે. જેમને વેદ, યોગ, ભક્તિ, આરોગ્ય, ઇત્યાદિના સંબંધમાં મહત્ત્વના લેખો વાંચવા હોય, તેમણે એ માસિકોના જરૂર ગ્રાહક થવું જોઇયે. '**વૈદિક ધર્મ**'ની હિંદી ભાષા બહુજ સરલ અને ગુજરાતી પાઠકોથી સમજી શકાય તેવી છે. મહાભારતનાં મૂળ શ્લોકોમાં ઋષિમુનિઓએ જે અપાર વિદ્વત્તા અને અતિ ઉન્નત હૃદય ઠાલવ્યાં છે; તેની મજા માણવા ઉપરાન્ત જેમને ભારતમૈયાની રાષ્ટ્રભાષા—હિંદી—નું પણ આસ્વાદન લેવું હોય, તેમણે તો આર્થિક અગવડ હોય તો અત્ર તરફનું આ મહાભારત લેવાનું બંધ રાખીને પણ એજ સ્થળનું મહાભારત ખરીદવું જોઇયે. મૂલ્ય એનું રૂ. ૫૦) રખાયું છે, તે તરતને માટે અને પ્રથમથી પૈસા ભરી દેનાર માટે છે. માટે એના ઇચ્છુકે સત્વર ગ્રાહક થવું જોઇએ. એ મહાભારતના નીકળેલા [illegible] જઈ બાકીના નીકળશે તેમ તેમ મળશે. પાછળથી એની કિંમત ઘણું કરીને [illegible] છે. માટે ઇચ્છા હોય તેમણે તરતજ એ ઠેકાણે લખીને [illegible].

આ નરકેસરી તેથી ફુલાઇ જાય, તથા વધારે માન લેવામાટે-ઉપર ઉપરની ના, ને અંદર હાની મા! એવું કરવાવાળા ખુબાખુબ કીર્તિપ્રેમી ન હતા. કોઈ પણ બાબતમાં અંતરના અભાવસૂચક સાચા નકાર તો જુદીજ જાતના હોઇને તેનું પાલન પણ થયા વિના રહેતુંજ નથી. તિલક મહારાજનું જીવનવૃત્તાંત ગુજરાતવાસીઓએ પણ અનેક પ્રકારે જાણવા-સમજવા જેવું છે. ×

મહાભારતવિષેના વિચારસંગ્રહમાં લોકમાન્ય ઉપરાંત કવિસમ્રાટ રવીન્દ્રનાથ ઠાકુર, મ૦ ગાંધીજી, પંડિત રામજીલાલ શર્મા, પંડિત જયગોપાલ વિદ્યાભંડાર, લોકહિતનિરત લાલા હંસરાજજી, પંડિત નરદેવશાસ્ત્રી, પ્રૉ૦ દાવર, કવિરાજ ન્હાનાલાલ, જગતવંદ્ય વિવેકાનંદજી, ઈન્ડિયન પ્રેસ પ્રયાગ, પંડિત રાજારામ, પંડિત ઇશ્વરીપ્રસાદ શર્મા, શ્રીયુત રામદેવજી અને સાધુચરિત નારાયણ હેમચંદ્ર, એમના વિચારો અપાયા છે; તે પણ વાંચવાવિચારવા જેવા છે.

ટુંકમાં એજ કહેવાનું કે, આ ઉપયોગી લખાણોવાળાં ચારસો પૃષ્ઠ વાંચ્યા-સાંભળ્યા વિનાજ મહાભારતનું વાચન-શ્રવણ આદરવું, એ હવે તો વગર આંખે હિંદના સ્વર્ગ-કાશ્મીરમાં વિચરવા જેવું જાણવું. એ લેખો માત્ર મહાભારત વાંચવા પૂર્વેજ નહિ, 'પરંતુ વાંચી રહ્યા પછી પણ કમમાં કમ એકવાર વાંચવા-સાંભળવા જોઇએ. વધારાનાં આ ચારસોક પૃષ્ઠ પાછળ સમય, શ્રમ અને ખર્ચ તદ્દન વધારાનો અને અણધાર્યો હોવા છતાં તે થવા દીધો છે; તે ઉપરથી પણ એ લેખોની અગત્ય પાઠક બંધુઓના ધ્યાનમાં આવી જઇને એકવાર તો એમાંનો એકે એક લેખ વાંચશેજ; તથા એમાંના જે જે વિચારો વધારે અગત્યના અને ઉપકારક લાગે તેને તેઓ બીજાઓમાં પણ પ્રચલિત કરવા ચૂકશે નહિ. અલબત્ત, જેમ બધા પાઠકો એકજ કક્ષાવાળા હોતા નથી; તેમ લેખો પણ બધા એકસરખા મહત્ત્વના હોતા નથી; અને હોય તોપણ તે સર્વ કોઇને તો તેવા લાગેજ નહિ.

ઉપલા લેખો પૈકી જે જે ગુજરાતીમાં લખાયલા હતા, તે તો લગભગ જેમના તેમ લેવાયા છે અને બાકીના લેખો સ્વતંત્રાનુવાદરૂપે લેવાયા છે. એ સર્વ લેખોના લેખક તેમજ પ્રકાશક મહાશયોનો આ સ્થળે હૃદયપૂર્વક ઉપકાર માનવામાં આવે છે.

મહાભારત ગ્રંથ સમૂળગો વાંચે-સાંભળે નહિ, તેના કરતાં તો ભલે જે કોઇ નવલકથાની પેઠે જેમ તેમ વાંચી-સાંભળી જાય તે પણ સારૂં છે; પરંતુ એ બાબતમાં વિદ્વાનોના હિતાવહ વિચાર અને સલાહસૂચનાદિ વાંચ્યા-સાંભળ્યા પછીજ જેઓ મહાભારતને મનનપૂર્વક વાંચે-સાંભળે, તેમને માટે તે અનેકગુણ લાભદાયક નિવડે, એ પણ સ્પષ્ટજ છે.

મહાભારતરૂપી મહાલયના આન્તરિક ભાગમાં યોજના, રચના, હેતુ, રહસ્ય, વ્યવસ્થા. ઉપકારકતા, ઉપયોગ તથા ચારિત્રચિત્રો અને આખ્યાનપ્રતિમાઓ વગેરે જે જે રહેલાં છે તે વિષે; તેમજ એ મહાલયનાં ઓસરી, આંગણાં અને બાગબગીચા વગેરે બાહ્ય ભાગોવિષે પણ પાઠક બંધુએ જો પ્રથમથીજ માહિતી મેળવી લીધી હોય; તથા મહાલયની આન્તરબાહ્ય રચનામાં વપરાયલી કળા-કુશળતા અને ઉપકારકતા વગેરે ઝીણવટથી જોવા-સમજવા સારૂ તેણે ઉપયોગી ચશ્માં પણ પહેરી લીધાં હોય; તો તો એ તમામ દૃશ્ય-રહસ્ય તેને એવાં સાફ દેખાય-સમજાય; અને તેના પરિણામે જ્ઞાન-ચારિત્ર, સુખ-સામર્થ્ય અને આનંદ-ઉત્સાહ પણ એટલાં બધાં જાગવા-ખીલવા પામે, કે કહેવાની વાતજ નહિ.

કોઇક ગામડીઓ વગર પૂછયેગાછયે વડોદરાના રાજમહેલના આંગણામાં ઘુસી જાય

× એમનું એ ચરિત્ર મરાઠીમાં કેટલાક ભાગોમાં નીકળેલું છે. પૂનાના 'કેસરી' કાર્યાલયમાં તે મળશે. એક ભાગ હિંદીમાં પણ નીકળ્યો છે. એનું નામ લોકમાન્ય તિલક કા ચરિત્ર, પૃષ્ઠ ૮૫૦, [illegible] મૂલ્ય ૪) અને ઠેકાણું અરુણોદય પ્રેસ, [illegible]-મુંબઈ છે.

તો ચોકીદાર તો વળી બહુ તો (જો તે દયાળુ હોય તો) બાગબગીચામાંનાં ઝાડ-બીડ જોવા દે; પરંતુ તે છતાં પણ તે તેને 'ગામડીઓ ગમાર' તો જરૂરજ ધારે. અસ્તુઃ એ તો થવું હોય તે થાય; પરંતુ એ ગામડીઓ તો એ બાગબગીચાનાં દશ્યથી ખુશ ખુશજ થઈ જઈને ઘડીભર એ સ્થાનને સ્વર્ગધામની પણ ઉપમા આપી દે. આ પ્રમાણે તેને સુખલાભ તો ઘડીભર મળેજ; પણ એમ નહિ કરતાં જો તે એ મહેલની બાહ્યાંતર રચના, યોજના, દશ્ય, વસવાટ, વહીવટ, દેશકાળ, રીતભાત, રાજા, રાજકુટુંબ, વહીવટદાર, નોકરચાકર ઈત્યાદિવિષે પ્રથમથીજ જરૂરી માહિતી મેળવી ચૂકયો હોય અને તે પછીજ તે સ્થળમાં પ્રવેશ્યો હોય; તો તો વળી એને ઘણું ઘણું જોવા-સમજવાનું અને મોટમોટાં માનવો સાથે હળવામળવાનું પણ મળી જાય; અને તેથી એને સારા સારા સ્થાયી લાભ પણ મળીજ જાય.

એકાદ પત્રાવળીનેજ લ્યો. ભલે એ પત્રાવળીમાં કોઈ પરમ કુશળ રસોઇઆની વાનીઓ પીરસાઇ હોય; અને તેની સાથે કોઇ કુશળ પીરસણીઆએ તેમાંની પ્રત્યેક વાનીના જૂદા જૂદા સ્વાદ, ગુણ, ખાવાના ક્રમ અને લાભાલાભ વગેરે પણ બતાવ્યા હોય; છતાં પણ જો તે ગામડીઓ તેના તરફ ધ્યાન નહિ આપતાં જે પણ હાથમાં આવે તે મોઢામાં મૂકયો જાય; તો તો પછી તેનીજ મૂર્ખતા કે બીજું કાંઇ! ન કરે નારાયણ ને મીઠામરચાનીજ ઢગલીઓ પ્રાથમિક કોળીઆરૂપે તેના મુખમાં પહોંચી જાય; તો તો તે બિચારો "બળ્યુ આ હાળુ રાજા શ્યાબ્યનું ખાવાનું! એણે તો મારીને મોઢુંજ બગાડી નાંછયું!" એમ કહીને નાસી જાય તોપણ નવાઇ નથી.

માટે પુનઃ પણ કહેવાનું કે, પાઠકબંધુને એવું ન થતાં મહાભારતરૂપી આ અતિઉપકારક ગ્રંથનો લાભ તેમને વધારે ઉંડાણથી, વધારે પ્રમાણમાં અને વધારે સહેલાઇથી પ્રાપ્ત થાય; એટલાજ સારૂ ઉપરોક્ત માહાત્મ્ય અને લેખો વગેરે અપાયું છે; અને તેથી કરીને વાંચનારે પણ એમાંનો એકેએક લેખ વાંચ્યાવિના મૂકવો નહિ.

વાંચનાર બંધુ! આ પ્રમાણે જે ચારસોક પૃષ્ઠનો થોકડો આમાં આ સેવકે ઉમેરી લીધો છે, તેમાં તેનું પોતાનું તો 'મુસાભાઈનું વા ને પાણી' જેવુંજ હોઇને મુદ્દામાલ તો ભિખારીવેડાથીજ યોજાયો છે. મહાનુભાવો અને વિદ્વાનોના વિચારોમાંથી જે પણ ઠીકઠાક જેવું લાગ્યું તે પ્રથમ તો ઝોળીમાં ભરી લેવાયું; અને પછી તેમાંથી તાછી તાછીને જે જે વાનીઓ તમારે માટે કંઇપણ વધારે ઠીક લાગી તેજ આ પત્રાવળીઓમાં (પૃષ્ઠોમાં) પીરસાઇ છે.

મહાભારતનું ભાષાન્તર, તેમજ ઉપર જણાવેલા લેખોની મળીને જે હજારો પત્રાવળીઓ તૈયાર થઈ, તે દરેક પત્રાવળીને પાછી એકની અનેક બનાવી દેવા માટે છાપખાનામાં અપાઇ ગઇ; અને અપાયા પછી પ્રેસના ભૂત-ભૂતેશ્વરાદિએ પણ તેના ઉપર (સં. ૧૯૮૨ના શિયાળાથી માંડીને આ ભાદ્રપદ સુધીનાં) પોણાબે વર્ષસુધી યંત્ર, મંત્ર, તંત્ર વગેરે એવાં તો ચાલુ કરી દીધાં કે જેથી (તેમજ વિદ્યુત્ ભવાનીની શક્તિ-ભક્તિ તો પ્રથમથીજ પ્રાપ્ત હતી તેથી) એ દરેકે દરેક પત્રાવળીમાંથી એકની અનેક બની ગઇ! છાપખાનું સંસ્થાનું રહ્યું, તેથીજ આ કાર્ય આ પ્રકારે ઉકલી શકયું; અને આ મહાભારતરૂપી મહાવાટિકાઓ એકમાંથી અઢી હજાર જેટલી બની ગઇ! આ પ્રમાણે તૈયાર થયા પછી એ પ્રત્યેક મહાવાટિકાને પાછી સાત સાત ઉપવાટિકાઓમાં (સાત ભાગોમાં) વહેંચી નંખાઈ છે; અને તેથી એ ઉપવાડીઓની સંખ્યા તો ખાસી અઢાર હજારે પહોંચી ગઈ છે. એ પેટાવાડીઓમાં જો કે ગોઠવાઇ છે તો સરાસરી સાતસો-સાડીસાતસો પત્રાવળીઓ (પૃષ્ઠસંખ્યા); પરંતુ તે દરેક પત્રાવળીને [illegible] રીતે એક ઉપર એક ગુંથી લેવાઇ છે, કે જેથી એટલી બધી પત્રાવળીઓ છતાં પણ [illegible] જમવાનું તો એકીવેળાએ એકજ માનવથી બની શકવાનું!

આ એક બીજો રસ્તો છે ખરો. તે એ કે, એકાદ સારા [illegible]

માં આવ્યો હોય; તો તે પોતાની ચક્ષુચાંચદ્વારા એક તરફથી વિવિધ પ્રકારની વાનીઓ મનરૂપી મોટા બાચીઆમાં ઝપાટાબંધ ભરતો ચાલે; ને બીજી તરફથી ઘાંટારૂપી મજબૂત સૂંઢદ્વારા એવી તો સફાઈથી પીરસતો ચાલે; કે જેથી એકી વેળાએ સાતસો તો શું પણ સાત કે સત્તર હજાર જેટલી પણ જ્ઞાનભિક્ષુઓની જમાત જામી ગઈ હોય તો તેટલાને પણ તેમાંની દરેકે દરેક વાની, તુરતાતુરત એકની અનેકરૂપે નિવડતી ચાલી એક સાથે દશેદિશામાં પહોંચતી ચાલે ! વળી એથી કરીને આનંદાસ્વાદ પણ એમાંથી જરા સરખો ઘટવા નહિ પામતાં એ ભવ્ય ભિક્ષુઓના મનૈક્યને લીધે ઉલટો વધારેજ આવ્યા કરે !! હા, એટલું ખરૂં કે, એ વિશાળ શ્રોતા-સમાજ સુખ-શાંતિથી તથા ઐક્યપૂર્વક બેસવા-જમવાવાળો હોવો જોઇએ. વળી દરેક ઇચ્છુકે પોતાના કર્ણ-કટોરાઓ પણ તે જ્ઞાનામૃતના પ્રવાહ તરફ, તથા જબરદસ્ત પીરસણીઆની વાણીરૂપી સૂંઢ તરફ એવા એકાગ્ર ચિત્તે ધરી રાખવા જોઈએ, કે જેથી તે દ્વારા પીરસાતું કથામૃત અને તેની સાથે જોડાયલી બીજી પણ જ્ઞાનચારિત્રવર્ધક વાનીઓ તે કટોરામાં જઈ પડતાંજ પાછી ત્યાંથી બૉલ-દડાપેરે નાચતી કૂદતી સીધેસીધી હૃદયમંદિરમાંજ પધારી જાય!

આ પ્રમાણે જો આ પત્રાવળીઓનો લાભ કોઇ લઇ જાણે-અર્થાત એમાંની અતિ હિતાવહ વાનીઓને જે કોઇ ખરા મનથી કર્ણપાત્રદ્વારા આરોગે, અને બીજા કાનદ્વારા કહાડી નહિ નાખતાં અંદર મનબુદ્ધિ સુધી પહોંચી જવા દે; તો તો વળી એમાં એવો જાદુઇ ચમત્કાર છે કે આ સમગ્ર સંસારને તપાવી રહેલા ત્રિવિધ તાપ તો તેના તનમનમાં ટકવાજ પામે નહિ ! એટલુંજ નહિ પણ જો તીવ્ર ઇચ્છા હોય તો તો પછી તે પ્રબળ શત્રુજી પણ સદાનેજ માટે પલાયન થઇ જાય, અને એમ થયું એટલે તો પછી આ પવિત્ર પત્રાવળીઓનો તે ભાવિક ભોક્તા પણ સદાને માટે તૃપ્તાત્મા, શાન્તાત્મા, સિદ્ધાત્મા, સર્વાત્મા અને નરનો નારાયણ સુદ્ધાં બની જાય!

વાંચનાર બંધુ ! તમારાં અને તમારા પૂર્વજોનાં કોઈ પુણ્યપ્રતાપેજ તે દયાના અમાપ સાગર શ્રીહરિએ આવા પ્રકારની ભાતભાતની પત્રાવળીઓ અને વાડી મહાવાડીઓ તમારે માટે તૈયાર કરાવી છે. એને તૈયાર કરનારા પણ કેવા ? એ તો રહ્યા વ્યાસ અને વાલ્મીક જેવા યોગેશ્વર મહર્ષિઓ. એમણે આપ સર્વ માટે આવી જે જ્ઞાનચારિત્રવર્ધક અને તુષ્ટિપુષ્ટિદાયક ઉત્તમોત્તમ પત્રાવળીઓ બનાવી છે; તે એવી તો કાળજીથી, યોગશક્તિથી અને કળાકૌશલ્યથી તેમણે બનાવી છે કે જેથી કરીને તે સાક્ષાત્ પ્રભુની પોતાનીજ પ્રસાદીરૂપ બની રહી છે !

આવી અનુપમ પત્રાવળીઓના એ મૂળ પ્રણેતાઓ જાદુગર પણ જબરાજ હોવા જોઇએ. કેમકે જે પણ પત્રાવળી પીરસાઈ ગઈ તે બહુજ સ્વાદિષ્ટ બનવા ઉપરાંત ખુબીદાર પણ એવી બની રહી છે, કે તેને જ્યાંસુધી ફાડી તોડીને ફેંકી દેવામાં આવે નહિ, ત્યાંસુધી ગમે ત્યારે અને ગમે તેટલી વાર તથા ગમે તેટલી પેઢીઓ સુધી તેમાંનાં માલપાણી કઢાયા કરે તોપણ, ન તો તેમાંની કોઇ વાની તલમાત્ર ઓછી થાય; કે ન તો જરા સરખો સ્વાદ ઓછો થાય ! અરે ઓછું થવાની વાત તો રહી, પણ એમાંની હરકોઇ અથવા ગમે તેટલી પત્રાવળીઓને પુનઃ પણ એકની અનેક બનાવવી હોય; અને પાછી તેમાંથી પણ એકની અનેક-એમ ગમે તેટલી વાર ગમે તેટલી સંખ્યામાં બનાવવી હોય, તો તેમ પણ બન્યાજ કરે ! હા, એમાં જડેશ્વર (ધનકુબેર) જેવા ગોરદેવ(યૂરોપીયન)કૃત એકાદ વિશાળ કાયાવાળો અને ઠેઠ વિલાયતથી આવી પહોંચેલો કાળા ભૂત જેવો રાક્ષસ પણ તંત્રમંત્રથી સાધી લેવો જોઇએ; તથા તેની સાથે એકાદ-બે શરીરધારી ભૂતો, પાંચપંદર દૂતો અને એકાદ દૂત-ભૂતેશ્વરને પણ એવા પ્રકારના સાધી લેવા જોઇએ કે જે જંત્રમંત્ર ને તંત્રના હુન્નરમાં પ્રવીણ અને લીન તથા નિયમિત રહે એવા હોય.

વાંચનાર ભાઇબહેનો ! આ પ્રમાણે જે પણ આકાર પ્રકારથી આ સાત સાત ઉપવાટિકાઓ-

વાળી મહાભારતરૂપી અનેકાનેક મહાવાટિકાઓ શ્રીહરિએ તમારે માટે તૈયાર કરાવી છે, તેનો લાભ તમે જેટલો પણ લેવાય તેટલો ઔષધવાટિકા કરતાં પણ વધુ મહત્ત્વની વાટિકા સમજીને સારીપેઠે તથા સાચા મનથી લેજો; અને બીજાઓ પણ લે તેમ કરજો; તથા પુનઃ પણ ધ્યાનમાં રાખજો કે, એમાં (મહાભારત અને રામાયણમાં) પીરસાયલી વાનીઓને પકાવનાર પાકશાસ્ત્રી (રસોઇઆ) એવા તો રસાયનશાસ્ત્રી અને રસસિદ્ધો માંહેલા હતા કે જે સિદ્ધાત્માઓના કહેવા મુજબ જે કોઈ માનવ ચાલે, તે આ ને આજ જન્મમાં મ્હોટા પદપર મ્હાલે તેમ છે. અર્થાત એમની ઉચ્ચતમ નીતિરીતિને અનુસરનારા માનવનાં સર્વ દુઃખદારિદ્રોને સદાકાળને માટે પલાયન થઈ જઇનાશજ પામવું પડે છે. એ પ્રાતઃસ્મરણીય વ્યાસ ભગવાન અને મહર્ષિ વાલ્મીકિના અપૂર્વ જ્ઞાનચારિત્રમાંથી ઉદ્ભવેલી મહાભારત ને રામાયણરૂપી પત્રાવળીઓ એવી તો પ્રયોગ-સિદ્ધ અને રાસાયનિક વાનીઓથી ભરપૂર છે કે જેવી વાનીઓ અને પત્રાવળીઓ જગતભરમાં કોઇથી પણ બનાવી શકાઈ નથી અને બનવાની પણ નથી.

હવે આ પત્રાવળીઓના રસેશ્વર પ્રણેતાઓ જેમ બ્રાહ્મણ છે; તેમ એમાંની દેવભાષામય દિવ્ય વાનીઓને હાલના જમાનાને બંધબેસતી બનાવવાવાળા—ગુર્જર ભાષામાં ફેરવી આપનારા પણ બ્રાહ્મણપુત્રોજ છે. તેમના હાથની આ ભાષાંતરરૂપી રસોઇ બ્રાહ્મણીઆ હોવા ઉપરાંત સદાને માટે તાજી તાજી ને આભડછેટથી તો પ્રથમથીજ મુક્ત છે. જેથી આશા છે કે, જ્ઞાન-ચારિત્રના ભોજનેચ્છુ પ્રત્યેક પાઠકને તે જરૂર ભાવશે. પછી તો સાચી ભુખ સાથે; સાચા સુખાનંદના વેષે ભૂતપેરે વળગી પડેલા દુઃખાનંદ સાથે; અને અનિત્ય જડ તથા દુઃખરૂપ પદાર્થો સાથે બંધાયલી નિત્યબુદ્ધિ, ચેતનબુદ્ધિ અને સુખબુદ્ધિરૂપી કુબુદ્ધિ સાથે જેને જેવી લેણાદેણી !

પાઠકબંધુ ! આ પ્રમાણે આ મહાભારતરૂપી મહાવાટિકા જે પણ રૂપરંગમાં તમારી આગળ રજુ કરાઈ છે; તેને માટે જો કાંઈ પણ થોડોઘણો ઉપકાર માનવાની વૃત્તિ તમને થઈ આવે, તો સર્વથી પ્રથમ તો તેના આદ્યપ્રણેતા એવા તે તમારા પૂર્વજ ઋષિમુનિઓનોજ માનજો. અને તેથી પણ આગળની હેડઓફિસ સુધી પહોંચી શકો તેમ હો, તો તો તે અકથ્ય મહિમાવાળા પરમાત્મદેવને પણ અનેકાનેક પ્રણતિપૂર્વક અપાય તેટલો યશ આપજો, કે જે દેવાધિદેવના એકેક રૂંવાટામાં અનેકાનેક ઋષિમુનિઓ વસતાથકા સચ્ચિદાનંદમય મહાપદને માણી રહેલા છે.

પરંતુ એ તો ઋષિમુનિઓની પેલી તરફની વાત થઇ. જેમની દષ્ટિ ત્યાંસુધી પહોંચી શકે, તેમને તો આ સેવકનાં અનેકાનેક નમન—વંદન છે. પરંતુ આ કળિકાળમાં તો કોઈ વિરલ માનવનીજ દષ્ટિ ત્યાંસુધી પહોંચી શકે તેવું હોઈને ઘણાખરાઓની દષ્ટિ તો આ દશ્ય પદાર્થો તરફજ હોય છે. માટે એવા સજ્જનોને પણ સૂચવવાનું કે, તે પરમ પિતાને અથવા મહાન ઋષિમુનિઓને બદલે કોઇ વર્તમાન યુગનાજ માનવોને આ મહાભારતપ્રકાશનનો યશ આપવો હોય, તો તો તે મહાભારતની આગલી ગુજરાતી આવૃત્તિના અમદાવાદનિવાસી અનુવાદક—પ્રકાશકને, તથા તે કામમાં સહાયક બનવાનું સૌભાગ્ય ધરાવનાર સદ્ગત ભાઇશંકર ન્હાનાભાઇને આપવો જોઇએ. (કેમકે તેમણે મહાભારત કહાડયા પછીજ અન્ય પ્રકાશકોની વૃત્તિ તે તરફ ગઇ હતી.) એઓ પછી એ યશ સદ્ગત ઈચ્છારામ સૂર્યરામ અને તેમના અનુ-વાદકોને આપવો જોઈએ. (કેમકે એ બંને સ્થળેથી નીકળેલાં ગુજરાતી ભાષાન્તરો જોવાથીજ મહાભારતનો વિશેષ ખ્યાલ આ સેવકને આવ્યો હતો.) અને તે પછી પણ આ સેવકને તો બાજુપરજ રહેવા દઇને અત્ર તરફના અનુવાદક બન્ને વિદ્વાન સજ્જનોને—સદ્ગત શાસ્ત્રી કરુણાશંકરજી તથા વિદ્યમાન શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકરને* યશભાગી ગણવા જોઇએ.

* એ સિવાય આ મહાભારત છાપવામાં નીચેના સજ્જનો તરફથી કેટલેક અંશે આર્થિક સગવડ મળી છે, તે પણ અહીં યાદ કરવું જોઇયે. કે— [illegible]

કેમકે એવી દેવભાષા મહામહેનતે ભણેલા, તથા અનુવાદકળામાં પ્રવીણ ભૂદેવો આવી મળ્યા તોજ' આવા ભાષાંતરરૂપે આ ગ્રંથ નીકળી શકયો છે:

સંભવ છે કે, આમ છતાં પણ કોઇ પાઠક આ સેવકને યશભાગી બનાવવા માગે. માટે હવે આ મહાભારતપ્રકાશનમાં તેણે કાંઇ આપ્યું છે કે ઉલટું લીધું છે, તે પણ કહી દઉં છું. પેલા મુસાભાઇને તો નાત જમાડવામાં "વા ને પાણી" પણ કદાચ તેમના ઘરનાં હશે; પણ આ ભિખારી ભાઇને તો ઘરજ નહિ, ત્યાં 'ઘરનું' તો હોયજ શું! એનો તો ઘરબાર ઉપરાંત હવાપાણી ઉપરનો પણ બધો હક્ક ખુંચવી લેવાયો છે; અને તેમ કરીને પેલા મહાન ચોરે પોતાનું કહેવું સત્ય કરી બતાવ્યું છે કે, "જેના ઉપર હું વધારે કૃપા કરૂં છું, તેનું સર્વસ્વ બાહ્યધન લઇ લઉં છું" માટે આ સેવકથી તો હવે 'તેરા પુણ્ય તેરે દ્વાર' એટલુંજ કહી શકાય તેમ છે. આ કહેવું વધારે માન મેળવવા માટે નથી, પણ સાચી વાત કહીને ભ્રાંતિ ભાગવા માટે છે. કેમકે તમો તરફ આ મહાભારત પહોંચી જતાં સુધીમાં તેનાથી જો કાંઇપણ બન્યું હોય, તો તેથી કરીને તેને તો ઉલટું તમારી સેવાનિમિત્તે સમયનો સદ્વ્યય કરવાનું સદ્ભાગ્યજ મળ્યું છે. માટે એ બદલ એને તો ઉલટો તમારો, તમારા પુણ્યોદયનો અને તે વિશ્વ-નિયંતાનો આભારજ માનવાનો છે. હા, તમારી વધારે અગત્યની સેવા થવામાં તેને તેની એક કમનશીબી હજી પણ નડયાજ કરે છે. તે એ કે, તેને સ્વ-પર ઉભય માટે જે નીતિ-રીતિ અધિક હિતાવહ સમજાઈ-અનુભવાઇ છે; તેનીજ પાછળ મંડી પડવાને બદલે તે તેના કરતાં આ ઉતરતી અને સ્વપ્રકૃતિવિરુદ્ધની બાબતમાં બધો સમય ગાળી રહ્યો છે!

હવે ખામીઓવિષે પણ બે શબ્દો કહેવાના છે. તે એ કે, ખુદ પ્રભુસિવાયની સર્વ કોઇ કૃતિ-વ્યક્તિઓમાં ખામી તો કોઇ ને કોઈ રૂપે હોય છેજ; તેમ આ પ્રકાશનમાં પણ હોઈ શકે. પરંતુ એ બદલ જો આ સેવકનેજ અપયશ આપવાનું કોઈ પાઠકને મન થઇ જાય; તો તેમને પણ વિનતિ છે કે પ્રથમ તો તેમણે તેમના પોતાના પાલિત-પોષિત પાપાસુરને-જ એ ઇનામ આપી દેવું ઘટે છે.× અને પછી જરા વધારે ડાહ્યા બનીને એને બદલે તેમના પેલા દુબળા પાતળા બની ગયેલા પુણ્યદેવનેજ પાળી પોષીને એવો તો પ્રબળ અને રાતો માતો બનાવી દેવો, કે જેથી તે પેલા આગળ પાછળ ભરાઇ બેઠેલા બળવાન પાપાસુરોનો તો બસ ઘાણજ કાઢી નાખે! અને તેમ થયું એટલે તો પછી જોઇ લેજો કે શ્રીહરિ એવા એવા સુયોગ્ય યોગેશ્વરોને સમાજસેવામાં નિયુક્ત કરી દેશે, કે જેથી પાઠક ભાઇઓ, તેમના પૂર્વજો, અને ભવિષ્યની પણ અનેક પેઢીના વંશવારસો સુદ્ધાં તમારા ઉપર ખુશ ખુશ થઇ જવાના અને તમારાં ઉપરાઉપરી ગુણગાન કર્યા કરવાના!! જો તમે આ સેવકનું આ પ્રકારનું કાંઇ પણ

કલકત્તાની જીવણલાલ કંપનીવાળા શેઠ જીવણલાલ મોતીચંદ, કે જેમના તરફથી જ્યારે પણ જરૂર પડે ત્યારે ત્યારે રૂા. દશહજાર સુધીની રકમ આ સંસ્થાને ઉછી દાખલ અપાતી રહે છે; તેનો આ બાબતમાં પણ ઉપયોગ થયો છે. આઠસોક ગ્રાહક તરફનાં નાણાં કે જે મ્હોટેભાગે મહાભારત છપાવવા માંડયા પછી મળ્યાં છે; તોપણ તે કોઇ ને કોઇ રીતે ઉપયોગીજ થયાં છે. ઘણી લાયબ્રેરીઓ વગેરેનાં ત્રણસોક ગ્રાહક વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીવાળા શ્રીયુત મોતીભાઇ નરસિંહભાઇ અમીનની પ્રેરણાથી તથા વડોદરાની 'પુસ્તકાલય સહાયક સહકારી મંડળી' દ્વારા મળ્યાં છે.

× આ સેવક અવગુણસાગર હોવાથી અપયશપાત્ર તો અનેક રીતે છેજ. છતાં આવી બાબતમાં તે એટલા માટેજ પોતાને માથે અપયશ નથી લેવા ઇચ્છતો કે, તેના તનમનમાં પૂરતી લાયકાત નહિ છતાં સર્વેશ્વરે તેનેજ આવી મહત્ત્વની બાબતમાં નિમિત્ત તરીકે યોજ્યો, તે જો તમારાં પુણ્ય ઉત્તમ હોત તો યોજત નહિ, અને કોઇ યોગ્ય માનવનેજ તેણે પસંદ કર્યો હોત. પરંતુ હે ભાઇ! હજી પણ પુણ્યબળ ખીલવો તો તક કાંઇ ગઇ નથી. તમારે માટે ને તમારા વંશજો માટે હજી પણ અનંતકાળ બાકી છે.

કામકાજ બજાવશો તો તો આ મેલોઘેલો ભિક્ષુ તમને પોતાના મહેરબાન-કદરદાન સમજશે. માત્ર શેર અન્નથીજ કાંઈ તેને તમે રાજી રાજી કરી નાખવાના નથી, કે જેથી તમે તેની પાસે "અન્નદાતા" પણાનું મદિરાપાન એક છાંટો પણ ચાખી શકો! એવી તેવી બાહ્ય બાબતોમાં તો તે " એક રોટી લુંગા, ને દો ગાલી દુંગા " એવા અક્કલના ઓથમીરો માંહેલો એક છે.

વાંચનાર! એક બીજી વાત પણ પાછો ફરીથી કહી લઉં છું. તે એ કે, આરોગ્યનો આ નિયમ તો તમે જાણતાજ હશો કે, પ્રથમ થોડુંક આદુ-લવણ અને પછી થોડાક કોળીઆ દાળભાતના લીધા હોય, તોજ પછી પત્રાવળીમાંનાં માલમિષ્ટાન્ન વધારે રોચક પાચક નીવડે છે. માટે મહાભારત વાંચવા પહેલાં દરવખતે કૃષ્ણાર્પણ, મંગલાચરણ, વૈદિક પ્રાર્થના, મહર્ષિઓને સ્મરણાંજલિ, પરમેશ્વરસ્તોત્ર, સ્તવપંચક, મહાભારતમાહાત્મ્ય, પરમાત્મધ્યાન, ભારતસાવિત્રી, એમાંનું પણ થોડુંઘણું રોજ રોજ વાંચજો-સાંભળજોજ. કેમકે તે તમારા ચિત્તમાં સંસ્કારસંવર્ધન તથા શુચિ-રુચિ અધિકાધિક ઉપજાવશે. અને તે પછી બીજા લેખાદિમાંનું પણ થોડુંઘણું પ્રાથમિક અપૂષણ જેવું સમજીને વાંચતા-સાંભળતાજ રહેજો. હરહમેશ એવો તેવો પ્રાથમિક વિધિ કર્યા પછીજ મહાભારતરૂપી મુદ્દામ માલપાણી ઉડાવવાનું રાખજો. વળી એ સ્તોત્રસ્તવનાદિમાંનું બને તેટલું તમે કંઠસ્થ પણ કરી લઇને ભાવભક્તિપૂર્વક ગાતા સંભળાવતા રહેશો, તો તો વળી તમારા જેવું બીજું દાતા-ભોકતા પણ કોણ! કેમકે એકવાર એવી વસ્તુ મગજમાં ભરી લેવાઈ, એટલે તો પછી તે ગમે ત્યારે અને ગમે તેટલી વારતથા ગમે તેટલી મોટી પંગતને એકી વેળાએ જમવા-પીરસવાની તમને સાવ સુગમતા થઇ રહેવાની!

નાણું તો તમો આ સંસ્થાને આ પત્રાવળી બદલ માત્ર એકજ વાર અને તે પણ માત્ર કાગદી, છાપનાર, મકાનદાર, વ્યવસ્થા કરનાર, વેચનાર, જાહેરાત છાપનાર અને વેચનાર સાટનાર વગેરેને વહેંચી આપવા માટે આપો છો.* પરંતુ તેના બદલામાં આ આન્તરિક ભોજનનાં માલપાણીથી ભરપૂર એવી પાંચહજાર જેટલી પત્રાવળીઓ તમને એવા પ્રકારની પ્રાપ્ત થાય છે કે જેમાંની દરેકે દરેક તમારે માટે સદા સર્વત્ર તાજી ને તાજીજ રહેવાની! વળી એની સાથે, તે સાત પેઢીસુધી કામ આપે એવી પાકી રસોઈથી ભરપૂર હોઇને વિવિધ વાનીઓથી મહેકી રહેલી છે. આ પત્રાવળીઓ અને મહાવાટિકાઓ કાંઈ તમારે માટે માત્ર બે પાંચ વર્ષ સારૂ તૈયાર કરાઇ નથી. પણ એ તો તમારી સાત પેઢી સુધી પણ પહોંચી શકે એટલામાટે, અને જોઇએ તો રોજરોજ ને ઘડીએ ઘડીએ પણ માલપાણીના હાંડા ટોપલા કાઢી આપ્યા કરે એવી અજબ પ્રકારની જાદુઇ વસ્તુતરીકે યોજાયલી છે. માટે વધારે નહિ તો રોજ રોજ થડી બે

---

* પોતાના તનમનધન ઉપર મહેરબાની કરીને જો કોઇ સમજુ માનવો, (કોઈપણ બાબતમાં આ સેવક ઉપર ગુરુપણું ચલવવાનું નહિ રાખનાં) માત્ર વહિવટી વ્યય અને દેખરેખ ઉપાડી લે, તો તો આ સંસ્થાના હાલના મૂલ્ય કરતાં અર્ધોઅર્ધ પણ મૂલ્ય ઘટી જાય; અને હજી ધર્મનીતિવર્ધક વાંચનનો ઘણો વધારે પ્રચાર થાય તેમ છે. વળી એ સાથે કાગળ, છપાઇ વગેરેનો પણ બોજો ઉપાડી લેનારા નીકળી આવે, તો તો વળી આવા ગ્રંથો નામમાત્રની-આની બેઆની જેટલી-કિંમતે પણ તે શામાટે લોકોને ન મળે! પણ એ તો ભાઇ પરધર્મી [illegible]. હિંદુજાતિના ટાંગા ભાગવા માટે જે જે રીતે જે જે યત્ન કરી રહ્યા છે, તે તે બાબતો [illegible] સમજવા જેટલી આપણા વર્તમાન રાષ્ટ્રસેવકોમાં લાગણી ને અક્કલ જ્યારે આવવાની હોય, [illegible] પુણ્યપ્રાપ્તિનું અસામાન્ય નશીબ જ્યારે ખુલવાનું હોય અને સાથે સામાન્ય વાંચક[illegible] ફરવાનું હોય, ત્યારનીજ વાત છે!! અત્યારે તો આ સેવકને પણ સામાન્ય વાંચના[illegible] અનેકગણા સેવાપાત્ર એવા અભણ-અનાથ અને ગરીબ ગામડીઆઓનીજ સેવાના વિચારો [illegible] કરે છે. હા, અવકાશ મળે તોયે પંડે તો એવું તેવું કરવાની દાનતજ નથી. બહુ તો માત્ર [illegible] પેડે વાતોનાંજ વડાં કર્યા કરે, એવો અવગુણનો સાગર અને [illegible]

ઘડી પણ આ મહાભારત-વાટિકામાંથી ધર્મનીતિમય સુવાસ-ઉલ્લાસ તથા સાચી ઉન્નતિદાયક મીઠી તીખી વાનીઓ રોજરોજ જરાતરા પણ જમતાજ રહેજો. ભગવાન તમારૂં ભલું કરે !

પણ વળી માલની જોડે 'પાણી' શબ્દની શી જરૂર ? પાણી એટલે પેલું છાંટોપાણી કહેવાય છે તે તો નહિ ને ? હા ભાઇ, એના જેવું પણ કંઇક ખરૂંજ. કેમકે એમાં પણ નિશો તો જરૂર રહેલો છે. હા, એ નિશો કાંઈ સ્થૂળ મદિરા પેઠે દુઃખદારિદ્રના દરિયામાં કે ધનવૈભવજન્ય મોહમદિરાના નર્કાગારમાં ડૂબાવે એવો નથી. એ તો એ દુષ્ટ સ્થળોમાંથી ઉદ્ધાર કરીને તમને સત્ય ઉન્નતિના શિખર તરફ ખેંચવાવાળો, ઇચ્છે તેને વિમાન કરતાં પણ વધુ ત્વરાવાળાં વૈરાગ્ય અને અભ્યાસરૂપી પૈડાંપર આરૂઢ કરવાવાળો, તીવ્ર મોક્ષેચ્છારૂપી જોરાવર શક્તિ-સ્પિરીટ ધરાવનારો અને કોઈ જીવતાજાગતા પરમાત્મદર્શીને શોધાવનારો કે ખેંચી લાવનારો પણ નિવડે; એવા ધર્મનીતિના અદ્‌ભુત નિશાવાળો છાંટોપાણી એ મહાભારતરૂપી મહાપાત્રમાં ભરેલો છે. શ્રવણમનનદ્વારા વારંવાર પીવાયા કરતી જ્ઞાનાનંદમય મદિરાની સાથે એ અનુપમ નિશો તો સદા જોડાયલોજ રહેવાનો. એ સોમરસ તમારે કદાચ આખો દહાડો પીધા કરવો હશે, તો તેમાં પણ આ મહર્ષિકૃત અડોલ-અબોલ સપ્તઋષિસમા સાતે ગ્રંથ તમારી સેવામાટે એકપગે તૈયાર સમજવા ! તમારે જ્યારે પણ, જેટલો પણ અને જેટલી પણ વાર તે છાંટોપાણી લેવો હોય, તેટલો લીધાજ કરજો. પરંતુ હા, એની પણ પહેલાં પેલાં અતિ ઉદાર રામાયણમૈયાના હૃદયપાત્રમાં ઉભરાયા કરતો પેલો જ્ઞાન-ચારિત્રનો ડબલ નિશો આપી દેનારો, અને લોભમોહાદિ પ્રબળ શત્રુઓનું જડમૂળમાંથી સત્યાનાશ કાઢી નાખવાવાળો જે અજબ જેવો છાંટોપાણી, તે પણ તમે ચાખ્યો છે ને ? ન ચાખ્યો હોય તો તે તો વળી જરૂર જરૂર તથા બને તેટલો વધારે વધારે ચાખતા-ઉડાવતા રહેજો. એમ જ્યાં રામાયણ અને મહાભારતરૂપી ગંગાયમુનાનો જોગ જામ્યો; કે પછી તો તમારા હૃદયક્ષેત્રમાં ત્રીજાં સરસ્વતી મૈયાનો-બ્રહ્મવિદ્યાનો-પણ ઉદ્‌ભવ આપોઆપ પંણ થઈ આવવાનોજ ! અને એમ જ્યાં ત્રિપુટીનું ઐક્ય થયું, ત્યાં પછી તમારાં સર્વ પ્રકારનાં દુઃખદારિદ્ર અને દૈન્યરૂપી ત્રિપુટીને સદાને માટે ભાગીજ જવું પડવાનું ! ભગવાન તમારૂં ભલું કરે !

હે વાંચનાર ભાઇ-બ્હેનોના અંતર્યામી ! હે ભકતજનોના દુશ્મનોની (દુઃખ, દારિદ્રય, દૌર્બલ્ય અને દુર્ગુણરૂપી) ચંડાળચોકડીનું મર્દન કરનારા જનાર્દન ! આપ અને આપના હરિજનોના ગુણગાનથી ભરપૂર એવા આ મહાભારતને આપેજ સર્વ સંયોગ-પ્રયોગ પ્રેરીને પ્રસિદ્ધ કરવા-કરાવવાની કૃપા કરી છે; તો તેની સાથે આપ સર્વેશ્વરને અનેકાનેક પ્રણતિપૂર્વક એ પણ પ્રાર્થના છે કે, વાંચનાર-સાંભળનાર ભાઇબ્હેનો વગેરે અમો સર્વના હૃદયમાં, આપના પોતાના તેમજ આપના જનોના ગુણમાહાત્મ્યનું સદાય શ્રવણ-સ્મરણ થયા કરે; આપને તથા આપના જનોને અનેકાનેક નમનવંદન થયા કરે અને ભાવભકિત જાગ્યા-જામ્યા કરે એવી પણ કૃપા અમો સર્વપર વર્ષાવતાજ રહેજો; તથા આપ જે અપાર કૃપા વર્ષાવી રહ્યા છો તેનું અમો સર્વને અધિકાધિક ભાન કરાવતા રહેજો; કે જેથી તેનો અધિકાધિક લાભ લેવાની અમો સર્વમાં શુદ્ધિ-બુદ્ધિ આવે. હે કરુણાનિધિ પરમપિતા ! આપ એવા સમર્થ છો કેઃ-

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् । यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥

અર્થાત જેમની કૃપા મુંગાને પણ બોલતો કરે છે; અને પાંગળાને પણ પર્વતો ઓળંગાવે છે. માટે આપ સચ્ચિદાનંદસ્વરૂપ પરમાનંદ માધવને અનેકાનેક વંદન હો. हरि ॐ तत्सत्

શ્રીકૃષ્ણજન્માષ્ટમી } દેહભાવે મેલો, ઘેલો, ઇત્યાદિ અનેક અવગુણોનો સાગર
સંવત ૧૯૮૩ } ભિક્ષુઃ-અખંડાનંદના સર્વને જયસચ્ચિદાનંદ

ભિક્ષુની ભલામણ અને માગણી×

રામાયણ, મહાભારત, વેદ, ઉપનિષદ્, હરિવંશ, ભાગવત, દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને વૈદકશાસ્ત્ર વગેરેને લગતા ઋષિમુનિકૃત ગ્રંથો, એ અમૂલ્ય વસ્તુ હોવા છતાં પણ શ્રીહરિએ કૃપા કરીને તે આપણેમાટે આ યંત્રયુગમાં એટલા બધા સુલભ કરી દીધા છે કે જો તેમને માટે આપણા ગૃહસ્થાશ્રમીઓમાં પાણીના જેટલું (રોજના બે ચાર પૈસા જેટલું) પણ ખર્ચવાની ઇચ્છા પ્રગટે; અથવા અકિંચન પ્રભુપ્રેમીઓમાં વગરપૈસે પણ મેળવવાની તીવ્રેચ્છા ઉદ્ભવીને તે ધનવાનોપ્રત્યે નહિ તો પ્રભુપ્રત્યે પણ ઉંડા હૃદયથી પ્રાર્થના કરાવે; તો તેમને પણ એવા સદ્ગ્રંથ શ્રીહરિ કોઇ પણ પ્રકારે મોકલેજ મોકલે. આમ કોઇ પણ પ્રકારે આવો ગ્રંથરૂપી સન્મિત્ર એકવાર મેળવ્યો, એટલે તો પછી તે આપણો એવો વફાદાર સાથી અને આજ્ઞાંકિત અનુચર બની રહેવાનો કે જન્મારાસુધી ન તો કાંઇ પગાર માગે કે ન તો કાંઈ અન્નપાણી માગે! તેને જ્યા પણ બેસાડીએ ત્યાં સમાધિનિષ્ટ મુનિ પેરે અડગભાવે બેસી રહે; જ્યારે પણ પૂછીએ ત્યારે આપણા પૂજ્ય પૂર્વજોની, પ્રાતઃસ્મરણીય અવતારોની અને મોટા મોટા ઋષિમુનિઓની તથા વીરવીરાંગનાઓની અત્યંત સુખકારક અને હિતાવહ એવી જ્ઞાનચારિત્રવર્ધક વાતો તેને જેવી પણ મનોરંજક અને અસરકારક વાણીમાં સોંપાયલી હોય તેવીજ આબેહુબ, મનોરંજક, અસરકારક અને અક્ષરશઃ સંભળાવવા માંડે! વળી સત્યસુખનો માર્ગ પૂછીએ ત્યારે તે પણ જુગજૂના જોગીઓનીજ કૃતિ અને વાણીમા કહી સંભળાવે; અને માર્ગદર્શક દિવ્ય દીપકનું કે ભોમીઆ મશાલચીનું કામ લેવું હોય ત્યારે તેને માટે પણ ક્ષણમાત્રનીયે ઢીલવિના તૈયાર!

આવા ઋષિમુનિકૃત ગ્રંથો એ ખરૂં જોતાં તો સાક્ષાત્ શ્રીહરિનાજ સંદેશવાહક–કાસદરૂપે છે. કેમકે પરમાત્મદેવનીજ પ્રેરણાનુસાર દ્રષ્ટા મહર્ષિઓએ એ અક્ષરદેહો રચેલા છે; અને તેમ હોવાથીજ તે હિંદુજાતિનો અમૂલ્ય ખજાનો, માર્ગદર્શક ભોમીઓ અને વ્યવહારપરમાર્થ ઉભયને દર્શાવવાવાળો જ્વલંત દીપક બની રહેલો છે; તથા સૃષ્ટિ હયાત હશે ત્યાંસુધી પણ તે તેવોજ રહેશે. હા, છતે ખજાને પણ આપણે પાખંડી ગુરુઘંટાલો અને કીર્તિપ્રેમી, વાણિજ્યકુશળ કે એક આંખવાળા આગેવાનોનાજ ફંદામાં ફસી રહીએ; અને એ અનુપમ ખજાનો સ્વલ્પ પણ ખર્ચ કે શ્રમથી કાઢવા–ભોગવવા ઇચ્છીએ નહિ; ત્યાસુધી તો સાક્ષાત્ શ્રીહરિ પણ આપણા કપાળમાં લખાયેલી દુઃખદારિદ્રની બેડીઓ તોડવાને અશક્તજ રહેશે. કારણ કે જે જ્ઞાનચારિત્રવર્ધક ગ્રંથો સાક્ષાત્ શ્રીહરિનાજ ઉપદેશરૂપ હોય; જે ગ્રંથો વાલ્મીકિ અને વ્યાસ ઇ૦ જેવા મહર્ષિઓએ પરમાત્માથીજ પ્રેરાઇને આપણને અનુપમ વારસારૂપે રચી આપ્યા હોય; અને જે ગ્રંથો આપણી હિંદુ સંતાનોની સેવા બજાવવાને એક પગે ટાંપી રહ્યા હોય; છતા પણ જો આપણે તેનો લાભ લેવા ઇચ્છીએ નહિ; તો તો પછી હજી પણ આપણે 'અકર્મીના પડિયા કાણા'ની પેઠે કર્મના ફૂટેલાજ રહેવાના! અત્યારસુધી તો થયું તે થયું, પણ હવે તો જરૂર જાગો. નહિ તો આપણું હિંદુત્વ અને હિંદુસ્તાન, આપણા પોતાના અને આડંબરી ધર્મગુરુઓના તથા મિથ્યાભિમાની અગ્રેસરોના અધુરા જ્ઞાન–ચારિત્ર અને દુર્બળ તન--મનના પ્રતાપે હવે દુઃખ અને અધોગતિના એવા તો ઉંડા મહાસાગરમાં ગારત થઇ જશે કે પછી સદાકાળને માટે સત્યાનાશજ ગયું જાણજો!! માટે હવે તો આપણે આપણા હાલના બડેખાંઓના ગુણગાનનાં થોથાં, પ્રેમલા–પ્રેમલીનાં પોથાં તથા રઢિયાળી રાતોના રાગડા તજી દઇને આપણા તનમાં ને મનમા મિત્રરૂપે ઘુસી બેઠેલા અજ્ઞાન અને અવગુણરૂપી શત્રુઓનેજ ઓળખવાનું તથા દૂર કરવાનું શીખો; અને એ બાબતમાં આપણને તથા અન્ય સર્વને મોટી મદદ મળે તેટલા સારૂ રોજરોજ ઉંડા હૃદયથી પ્રભુપ્રાર્થના કરવા ઉપરાંત ઈશ્વરી પ્રકાશથી ભરપૂર ગ્રંથોના નિત્યપાઠ, સ્વાધ્યાય અને બને તેટલું અનુસરણ પણ કરવા કરાવવા તરફ ધ્યાન આપો. વળી કુળ, કુટુંબ, સગાંવહાલાં, નાતજાત અને સર્વ હિંદુ ભાઇબહેનોમાં તેની ભેટ–લહાણી કરવા કરાવવા

× આ લેખ અત્ર તરફની વાલ્મીકિરામાયણના નિવેદનમાંથી જરૂરી ફેરફાર સાથે લીધો છે.

તરફ પણ અધિકાધિક ધ્યાન આપો; કે જેથી તમારું, તમારી સંતતિનું, તમારી હિંદુજાતિનું અને તમારા શત્રુઓનું પણ કલ્યાણજ થાય !

મહાભારત અને રામાયણનું નામ આપણા દેશમાં સર્વત્ર પ્રસિદ્ધ છતાં પણ તેની અસામાન્ય મહત્તા અને ઉપકારકતાનો ખ્યાલ થોડાજ માણસોને હોય છે. વળી સ્વાર્થસાધુ ગોરંગો તરફના ગોટપીટીઆ શિક્ષણથી રંગાયેલો વર્ગ તો એવા ગ્રંથોને ગપસપ જેવા ગણી કાઢીને મોટે ભાગે તેનાથી દૂરજ રહે છે. એટલુંજ નહિ પણ જેમ કોઈ એક એકડા ઘુંટતું છોકરું એકાદ સમ્રાટના ધનવૈભવની આંકણી કરવા બેસે; અથવા તો એકાદ કાચલીવડે અમાપ મહાસાગરનું પાણી માપવા બેસે; તેમ કોઇ કોઇ તો વળી એમાંનાં અતિ અસામાન્ય, મહાન, પરમ પવિત્ર અને પ્રાતઃસ્મરણીય પાત્રોને રસ્તે જનારાં સામાન્ય માનવ જેવાંજ સમજી લઇને તેમના અમાપ જ્ઞાનચારિત્ર્યને પોતાના ક્ષુલ્લક-વેંતીઆ જ્ઞાનચારિત્ર્યવડે માપવા બેસે છે અને તેમનામાં ખામીઓ પણ શોધવા-દર્શાવવા મંડી પડે છે ! માટે આ કારણથી પણ સમર્થ વિચારકો અને અભ્યાસીઓએ આ પ્રાચીન ગ્રંથોની મહત્તા અને ઉપકારકતાનાં મુક્તકંઠે ગુણગાન કર્યાં છે, તે આ પછીનાં પૃષ્ઠોમાં જોડવામાં આવ્યાં છે.

વાંચનાર માનવબંધુ ! આવા અતિ ઉપકારક ગ્રંથો પરમાત્માએ પોતેજ મહાન ઋષિમુનિ-ઓના હૃદયમાં રહીને લખાવેલા સમજજો અને તે બદલ એ મહાન દ્રષ્ટાઓનો અને મહાન પ્રભુનો નિત્યપ્રતિ ઉંડા હૃદયથી આભાર માનવા ઉપરાંત બે હાથ જોડીને તેમના શ્રીચરણમાં નમસ્કાર પણ કરતા રહેજો. કેમકે આવાં સ્મરણવંદનથી તમારાં હૃદય અને વર્તન અધિકાધિક ઉચ્ચગામી થતાં ચાલશે અને સચ્ચિદાનંદ શ્રીહરિની તમને કૃપા અને સહાયતા પ્રાપ્ત થશે.

હા, એટલું ખરૂં કે, તે આભાર મોઢાના શબ્દોવડે માનવા ઉપરાંત શુભ કૃતિઓથી પણ માનવો જોઈયે. કેમકે એમ કરવાથીજ પરમાત્મદેવની કૃપા મેળવી શકાય તેમ છે. આ શુભ કૃતિ કેવી સમજણ અને ઉદારતાથી થવી જોઇએ; તે વિષે પણ આપણા વંદનીય ઋષિમુનિઓ-નાં વચન-વર્તન કહે છે કેઃ-**યોऽयं निजपरो वेत्ति गणना लघुचेतसाम्। उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥** અર્થાત્ સાંકડા મનવાળાજ 'આ મારૂં' અને 'આ પારકું' એમ સમજે છે. ઉદાર ચરિત્રવાળા તો આખા જગતને કુટુંબરૂપે માને છે. માટે હે ભાઇઓ અને બહેનો ! એટલું વિશાળ તમારું હૃદય નજ થયેલું હોય, તો પછી નીચેની વાત તો ધ્યાનમાં લેજોજ લેજો.

જો દયાસાગર પ્રભુ પાસે અધિકાધિક દયા પામવી હોય, તો તમારૂં હૃદયપાત્ર જેટલું પણ મોટું રાખશો, તેટલા પ્રમાણમાં તે પણ અવશ્ય પામી શકશો. માટે હે ભાઇ ! વધારે નહિ તો તમારાં કુટુંબી, પડોશી અને સગાંસંબંધીઓને પણ આપણા પ્રભુસાક્ષાત્કારને પામેલા ઋષિઓ-એ સર્વ કોઇના ભલા માટે રચી આપેલી પરમપાવની કથાઓ રોજ ઘડી બે ઘડી પણ નિત્ય-પ્રતિ વાંચવા-સંભળાવવાનો લાભ મળે તેમ કરજોજ કરજો. કેમકે એ કથાઓ આપણા મહાન પૂર્વજો, અવતારો અને પ્રાતઃસ્મરણીય વીર વીરાંગનાઓને લગતી છે; અને આપણા હૃદયને જ્ઞાન-ચારિત્રના રંગમાં રમાડીને નિર્મળ તથા પવિત્ર બનાવનારી છે. આવી ઉત્તમ કથાઓમાં વર્ણવા-ચલાં ઉત્તમ જ્ઞાનચારિત્રની કદર, ઇચ્છા અને પ્રાપ્તિ કરવાની જરૂર પ્રત્યેક શ્રોતા અને વક્તાને પોતાના પંડ માટે પણ થોડીઘણી જણાશેજ. કોઇપણ માનવ એવું તો નજ માની રાખે કે, અમારા જેવાંથી તે કાંઇ એ કથાઓમાં વર્ણવેલા પાત્ર જેવા થવાય ! અહીં તો એ વિષે લખવું પણ કેટલું ! ટુંકામાં એજ કે, જે પણ માનવો સાચા મનથી જેવું પણ થવા કે મેળવવા ધારે, જેવું પણ વિચારે, જેવું પણ પ્રાર્થે, તેવું તેઓ પણ જરૂરજ પામી શકે છે અને તેવાં જરૂર બની શકે છે. માટે હે પુરુષ રામ ! હે સીતામૈયાનાં વારસ સ્ત્રી-માતા ! હે ઋષિમુનિઓનાં શુભ સંતાન ! તમારા પૂર્વજોના ગુણ ગાવા-સાંભળવામાં જરા બની તો જુઓ ગુલ્તાન ! હે બહેન અને ભાઈ ! જરા સાધી તો જુઓ એ આપણા સમર્થ પૂર્વજો સાથેની સાચી સગાઇ ! આર્યત્વ અને હિંદુત્વનાં મુકુટમણિ અને ઋષિમુનિનાં પણ હૃદય હરી લેનાર એવા તેમના ગુણચારિત્રના ઉત્તમ વારસાને મેળવવા તરફ જો તમારૂં કાંઇ પણ ધ્યાન હોય; તમારા પૂર્વજોપ્રત્યે કાંઈ પણ માન હોય; પોતાને અને પોતાના ઘર, કુટુંબ ઇ૦ ને ઉન્નત કરવા-કરાવવા તરફ કાંઇ પણ તાન હોય; સાચી ઉન્નતિ અને સાચા સુખનું કાંઇ પણ ભાન હોય; તો તો જરૂર તમે આ મહાભારત અને રામા-યણરૂપી રત્નખાણમાંથી તે સત્ય-સુખપ્રદ વારસાને શોધજો-સાધજો અને-માણજો-માણાવજો.

શ્રીમહાભારત અને રામાયણ વાંચી-વંચાવીને, ગાઇ-ગવરાવીને અને સાંભળી-સંભળાવીને તમારાં રોમેરોમમાં-અણુએ અણુમાં સાચું આર્યત્વ-હિંદુત્વ-જાગી ઉઠે, અને તે ઘરનાં તેમજ બહારનાં માનવોમાં રેલાય; વાણીવર્તનમાં વર્તાય તથા ગરીબમાં ગરીબ અભણોમાં પણ તે ફેલાય તેમ કરજોજ કરજો. આ મેલાઘેલા ભિક્ષુની તમારાપ્રત્યે એજ મુખ્ય ભિક્ષા છે. ભારતવાસી કહેવાયા છતાં તમે શું એક યાચક-ભિક્ષાર્થી-ને પાછો વાળશો ? ટુકડામાંથી પણ ટુકડો આપ્યા વિના એક ભિક્ષુને પાછો કાઢવાથી તો તે તમારૂં-ગૃહસ્થાશ્રમીનું-એકઠું કરી રાખેલું પુણ્ય પોતાની સાથે લેતો જાય છે, એ તો ખબરજ હશે; પણ ધીરજ રાખજો. આ ભિક્ષુ કાંઇ ગાંડા ગુરુનો ચેલો નથી કે અનંત ઐશ્વર્યના સાગર શ્રીહરિએ સર્વ કોઈ માટે તથા સદાકાળ માટે ખુલ્લું રાખી મૂકેલું દિવ્ય સંપત્તિનું સુલભ સદાવ્રત મેળવવાનું મૂકી દઇને તમારા દૂબળા પાતળા પુણ્યને લઇ જાય ! એ તો ઉપલી ભિક્ષા તમોપ્રત્યે એટલાજ માટે યાચે છે, કે જેથી તમને પોતાને પણ એ અખૂટ અને સર્વોપરિ ખજાનો જ્ઞાત થાય, મેળવવાનો યત્ન સેવાય અને પ્રાપ્ત પણ થાય. વળી એટલુંજ નહિ પણ અત્યારે તમે સુખને નામે દુઃખનેજ જે અધિકાધિક ઇચ્છી તથા સેવી રહ્યા હો; તે તમારી ભૂલ એવી તો ભાગી જાય કે જેથી સાચું સુખ શું છે અને ક્યાં છે, તે પણ તમને સત્વર સમજાય; અને દુઃખમાત્રની આત્યંતિકી નિવૃત્તિપૂર્વક પરમ સચ્ચિદાનંદમય અક્ષરધામની-મોક્ષપદની સદાસર્વદા માટે પ્રાપ્તિ થાય.

પણ ભિક્ષુ તો ખોબામાં માગે-ઝોળીમાં માગે-પાત્રમાં માગે ' બતાવ તે તારી પાસે છે ?

સજ્જન મિત્ર ! જરૂર જાણજો કે, તમારા પોતામાં અને સર્વ કોઇમાં જે હૃદય છે, તેજ આ ભિક્ષુની ઝોળીઓ છે-પાત્રા છે-ખોબા છે. કેમ, હવે તો તેમાં કાંઇ સારૂં સારૂં ચપટી-મૂઠી નાખવાની મહેરબાની કરશો ને ! જગદીશ્વર તમને જ્યારે રોજરોજ સાઠ સાઠ ઘડી જેટલી અમૂલ્ય બક્ષિસ આપે જાય છે; તેના નોકર સૂર્ય, ચંદ્ર, પ્રકાશ ઇ૦ તરફથી પણ તમને પ્રાણતત્ત્વની, અન્ન પકવાન્નની અને જળ, વાયુ વગેરેની અસાધારણ પ્રમાણમા રોજ રોજ મદદ મળ્યે જાય છે; તો શું એ ૬૦ ઘડીમાંથી રૂપિયે આની-અર્ધી આની જેટલો બે-ચાર ઘડી સમય, પણ આ યાચકની તમારે ત્યાં મૂકી રાખેલી ઝોળીઓમાં જ્ઞાનચારિત્રામૃત સિંચવા ખાતે નહિ આપી શકો ! અમારા અત્યારના જાણીતા દેશસેવકો તો-ઈશ્વરે જેમને માત્ર નિમિત્તભૂતજ બનાવી રાખેલા છે એવા બાહ્યશત્રુઓ તરફ અને બાહ્યધનનીજ તરફ ભાળી રહ્યા છે. આંતરશત્રુઓ તરફ, આંતરિક વ્યાધિઓ તરફ અને તે સર્વના મૂળ-બીજ-રૂપ એવા અજ્ઞાન તથા વિપરીત જ્ઞાનસુધી તો તેમની બુદ્ધિ પહોંચી વળે અને આચરણમા ઉતરે ત્યારની વાત ત્યારે ! બીજું ગમે તેમ હોય, પણ એવા આગેવાનો અને ધર્મગુરુઓના હૃદયમાંથી સ્વાર્થકુશળતા અને ઉપલક યોગ્યતાઓ તથા યોજનાઓ ધબાયનમઃજ થાય; અને તેને ઠેકાણે આન્તરિક શત્રુને સંહારવાવાળાં સાચે-સાચાંજ ક્ષાત્રબળ અને બ્રહ્મબળનાં તેજસ્-ઓજસ્ સત્વર જાગી ઉઠે તોજ દહાડો વળે. 'મોટાભા' પણાનાં મિથ્યાભિમાન દેશને દબાવતાં-ભમાવતાં-અટકીને હવે તો જ્ઞાન-ચારિત્રના ઉંડા મહા-સાગરમાં ડૂબી મરે તોજ સારૂં થાય. પ્રભુ હવે એવી તેવી પણ આશા-ઉમેદ આપીજ રહ્યા છે. કેમકે ઈશ્વરી કૃપાના કોમળ અંકુરસમા રામલક્ષ્મણ જેવા બાળક લાલોના અને વ્યાસ-વસિષ્ઠ-નારદ-વિશ્વામિત્ર અને શુક-જનક જેવા ભાવિ ઉપકારક ગૃહી-ત્યાગીઓના ચળકતા ચહેરાઓ હવે ઉગતા-ખીલતા હોય એવું પણ કોઇ કોઇ સ્થળે દેખાય છેજ. પ્રભુ કરે ને વર્તમાન સમાજ-સેવકો પણ પ્રથમ પોતાને પરમાત્મદર્શી બનાવે, કે જે મૂળભૂત યોગ્યતા આવે તોજ તેઓમાં દેશદશાના જડમૂળસુધી અને આબાદ ઉપાયો સુધી પહોંચી જવાનું સાચું બળ આવી શકે તેમ છે.

વાંચનારપ્રત્યે પુનઃ પણ એજ કહેવાનું કે, તમે પણ તમારી આસપાસનાં બાળક, સ્ત્રી, વૃદ્ધ, અભણ વગેરેને મહાભારત અને રામાયણ જેવા ધર્મગ્રંથ રોજ રોજ થોડે થોડે પણ બનતા પ્રકારે વાંચી સંભળાવશો, તો તેમનામાં ધર્મનીતિના ઉચ્ચ સંસ્કારો પડવા સાથે તમારૂં પોતાનું પણ ઘણું ઘણું ભલું થશે; અને કોઇવાર પવિત્ર પ્રેરણારૂપી વિજળી ઝબુકતાં નજરોનજર પણ તે પુણ્યનો ઢગલો જોઇને તમે આશ્ચર્ય પામશો.

પણ ભાઈ ! કદાચ એટલું પણ કરવું ન બને કે ન રુચે, તો આમાંનાં ચિત્રો અને તેની નીચેની થોડી થોડી લીટીઓ તો જરૂર બૈરાંછોકરાં વગેરેને બતાવજો સંભળાવજો; અને તે ઉપર-થી માણસે શું બોધ લેવો ઘટે, શું કરવું ઘટે, શું ન કરવું ઘટે, તે વગેરે પણ [illegible]

લેજો. શું આ ભિક્ષુને આવા પ્રકારની-૬૦ ઘડીમાંથી છેવટ ઘડી બે ઘડીની-પચીસમા પચાસમા ભાગની-પણ ભિક્ષા નહિ આપો? પ્રભુ તમારૂં કલ્યાણ કરો!

હે વાંચનાર ભાઇબહેનો! ઉપલી બાબતમાં એટલું જરાતરા તો શું, પણ જો તમે ધારી આદરી બેસો તો તો તમે એટલું બધું કરી શકો-આપી શકો-કે જેથી શ્રીહરિનું સર્વસ્વ તેના બદલામાં પામી શકો; અને સાક્ષાત્ શ્રીહરિના જમણા હાથ જેવા પરોપકારી પણ બની શકો એમાં સંશય નથી. માટે અમારાથી શું બને? એવું જરાપણ ધારતા નહિ. જુઓ, જરા કાન દઇને સાંભળો. તે પરમપિતા અને જગદંબા મૈયા વદી રહ્યાં છે કેઃ-" હે ભારતમૈયાનાં પુત્રપુત્રીઓ! તમારી સહાયમાટે અમે સદાકાળ તમારી પૂંઠે એકપગે ખડાં છીએ. અમોએ તમારેમાટે અને સર્વ કોઇને માટે સર્વ પ્રકારના ઐશ્વર્યનાં અને સંપૂર્ણ જ્ઞાન-ચારિત્રનાં સદાવ્રત સદાને માટે ખુલ્લાં રાખ્યાં છે. દુઃખજ એ છે કે, અમો પાસે આટઆટલી અખૂટ સંપત્તિ છતાં પણ તેના ઇચ્છુક-યાચક તો હજારો-લાખોમાં માત્ર કોઇકજ હોય છે! માટે અમારૂં માનો તો હજી પણ જાગો, ઉઠો, અને તમારાં અમો તરફનાં બારીબારણાંને-અમારી છેક નજીકમાં આવેલા તમારા હૃદયદ્વારને-તરતજ સાફ સુતરાં અને ખુલ્લાં કરી નાખો! તમે અત્યારસુધી વગરસમજ્યે એ દ્વાર નાહકનાં વાસી રાખ્યા છે; તે જો હવે પણ તમે કંઇક સમજુ થયા હો તો તરતજ ચારે તરફથી ખોલી નાખો; કે જેથી અમારા જ્ઞાનચારિત્ર્યરૂપી પ્રકાશને તમે સારી પેઠે પામી શકો; અંધકારને લીધે ઘૂસી ગયેલાં ચામાચીડીઆં, કીડીમંકોડી, સાપવીંછી વગેરે આપોઆપજ ભાગી જાય; આંતરિક આરોગ્યની પવિત્રતા વધતી જાય; અને અમારો સાક્ષાત્કાર સાધી સચ્ચિદાનંદમય બનાય!! હે બંધુ અને બહેન! જો આ સર્વ સમજવા-આચરવા જેટલું જોર તમને તમારામાં ન દેખાતુ હોય, તો પછી અંદર અંધારામાં રહીને પણ જરા અમો તરફ ચિત્ત તો ફેરવો! અને જરા સાચા ભાવથી તો પોકારો! એટલે એટલું કળ-બળ તો તમારાં હૃદયકપાટ બંધ છતાં પણ અમે મોકલી આપીશું, કે જેથી કરીને તમે તમારાં બારણાં ઝટ ખોલી શકો; અંધકાર વગેરેને તગડી શકો તથા પરમ સત્યનો પ્રકાશ પામી અમારા પણ દર્શન મેળવી શકો! માટે જરા અમો તરફ સાચા મનથી વળી જુઓ અને પછી જોઇ લ્યો કે તમારે માટે અમારી પાસે કેવું કેવું અને કેટકેટલું અખૂટ ઐશ્વર્ય ભરેલું છે! તમે આ પણ સાંભળ્યુંજ હશે કે, ખુદા મહેરબાન તો બંદા પહેલવાન! અર્થાત્ ધર્મ, અર્થ કામ અને મોક્ષ, એમાંનું જે કાંઇ પૂર્ણ વિશ્વાસથી અને હક્કદાવાપૂર્વક તથા અનન્યભાવથી અમારી પાસે જે કોઇ યાચે છે; તે સર્વ કાંઇ અવશ્યમેવ મેળવી શકે તેમ છે. જુઓ, ગીતામાં હું દુઃખીજનોને તથા દુનિયાઇ પદાર્થના પ્રેમીઓને પણ-જો તેઓ મ્હારાજ યાચક બની રહે તો-મારા ભક્તમાજ ગણું છું. શું તમારી પાસે તીવ્ર ઇચ્છા પણ નથી? જો ના હોય તો તે પણ માગી લ્યો ને! તે પણ મળશેજ'! માટે ભાઇ મારા! આવું તેવું પણ સમજી જાણો, માગી જાણો અને મેળવી જાણો!"

પરંતુ સાચા જિજ્ઞાસુ-મોક્ષાર્થીને માટે મહાન ઋષિમુનિઓ નીચેની પણ એક ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત સૂચવી ગયા છે કેઃ--

अभिमानं सुरापानं गौरवं घोर रौरवं । प्रतिष्ठा सुकरी विष्ठा त्रिणीं त्यक्त्वा सुखी भवेत् ॥

અર્થાત્ મોક્ષજિજ્ઞાસુએ તો હું આવો છું, તેવો છું, અમુક છું, તમુક છું, એવા અભિમાનને મદિરાપાનજ સમજવું; ગૌરવને ઘોર રૌરવ નરક સમજવું; અને લોકપ્રતિષ્ઠા-લોકકીર્તિને શ્વાનવિષ્ઠા સમજવી. આ પ્રમાણે એ ત્રણે લૌકિક પદાર્થોને પ્રભુના માર્ગમાં અંતરાય નાખનારા સમજીને માનવ જ્યારે એનો ત્યાગ કરે છે; ત્યારેજ તે સાચું જ્ઞાન, શ્રેષ્ઠ બળ અને અટલ-અનુપમ સુખ પ્રાપ્ત કરી શકે છે. હા, આ જગતમાં એવા પરમ સત્યના પ્રેમી તથા અનાત્મ વસ્તુસ્થિતિના વિરક્ત માનવ તો હજારો લાખોમાં કોઇકજ હોય છે; અને એવું હોવાથીજ સાચા સંતોએ સામાન્ય જનવર્ગને 'દિવાની દુનિયા' કહી છે. દિવાનાપણું એનું નામ કે કંઇકનું કંઇક ભાસે, કંઇકનું કંઇક બોલે. આમ હોવાથીજ લાખો-કરોડો માનવો ગમે તેટલી સ્તુતિ કે નિંદા કરે, તોપણ ઘણે ભાગે તે સાચી માહિતી અને સમજણવિનાનું તથા મોટે ભાગે ફોનોગ્રાફની જડ થાળીઓના શબ્દો જેવુંજ હોવાથી તેને મહત્વ આપીને તેનો ઉત્તર આપવા જેવું, કે હર્ષ-શોક કરવા જેવું હોતું નથી.

એક સંત પુરુષ ઠીકજ કહી ગયા છે કેઃ—

નારાયણ તું કર્મ કર, કહા કરેંગે કૂડ; સ્તુતિ નિંદા જગત કી, દાનોં કે સીર ધૂડ.

ઋષિમુનિઓના ગ્રંથોમાં તેમનો જે સીધો અને આડકતરો ઉપદેશ સમાયલો છે; તથા અનેકાનેક ઋષિ, મુનિ, રાજર્ષિ, ભક્ત અને વીરાત્માઓનાં જે ચરિત્ર અપાયલાં છે; તેને માટે આટલું તો જરૂર વાંચનાર–સાંભળનારના ધ્યાનમાં રહે કે, એમાં લોકોને હરામના રોટલા ખાવાવાળા ગંજેરી–ભંજેરી કે પાનતમાકુ ખાઇ પટિયાં પાડવાવાળા બાવા બનાવવાનો જરા પણ હેતુ નથી. હેતુ માત્ર એજ છે કે, ચાર વર્ણ કે ચાર આશ્રમ પૈકી જેને જે પણ માફક હોય, પ્રાપ્ત હોય, કે બનવું હોય; તે માત્ર ઉપર ઉપરથી નહિ બનતાં જેવો બહાર તેવોજ અંદર અને અંદર તેવોજ બહાર બનીને રહે. વધુ ન બને તો એકાદ પગથિયું તો તે જરૂર ચડે. અર્થાત્ પામર કોટીનો–એટલે કે ધર્મનીતિવગરનો–હોય તો વિષયી કોટીનો, એટલે કે ધર્મ અને નીતિપૂર્વક મેળવવા–ભોગવવાવાળો બને; વિષયી હોય તો વારંવાર જન્મમરણ અને સંયોગવિયોગ વગેરેનાં દુ:ખ જેથી સદાને માટે દૂર થઇ જઈ પરમ સચ્ચિદાનંદપદની પ્રાપ્તિ થાય એવા મોક્ષપદનો જિજ્ઞાસુ (મોક્ષેચ્છુ) બને; અને મોક્ષેચ્છુ હોય તો જીવન્મુક્ત, એટલે કે પ્રાણીમાત્રનો સર્વોપરિ સેવક બને.

રામાયણ અને મહાભારતની વિશેષતાજ એ છે કે, પ્રત્યેક વર્ણ, પ્રત્યેક આશ્રમ અને પ્રત્યેક કક્ષાવાળા માનવની નિષ્ઠા અને કર્મ કેવાં હોય છે તથા તેનાં કેવા પરિણામ આવે છે; ઉન્નતિ-પરાયણ માનવો કેવા ઉત્તમ લાભ મેળવે છે અને કનિષ્ઠ કોટીના માનવો કેવી દુર્દશા પામે છે; નીતિ એટલે શું અને અનીતિ એટલે શું; ધર્મ એટલે શું અને અધર્મ એટલે શું; કરવા જેવું શું અને ન કરવા જેવું શું; પ્રાપ્ત કરવા જેવું શું અને તજવા જેવું શું; બંધ એટલે શું અને મોક્ષ એટલે શું; સદ્ગુણ એટલે શુ અને દુર્ગુણ એટલે શું; એવી એવી સર્વ બાબતોનાં ચિત્ર એમાં આવે છે; અને તે પણ માત્ર ઉપદેશવાક્યોથી નહિ, પરંતુ તે તે પ્રકારના થઇ ગયેલા માનવોનાં જીવતાં જાગતા શબ્દચિત્રોરૂપે એમા મહર્ષિઓએ એવા તો સરસ ચિત્રી બતાવ્યા છે, કે જેથી શ્રોતા-વક્તાઓ ઉપર તેની આબાદ અસર થાય અને તેઓ અધોગતિના માર્ગ છોડી દઈ સત્ય ઉન્નતિ તરફ વળે.

જેમકે એક ઉત્તમોત્તમ કુટુંબ કેવું હોઇ શકે? પિતા અને માતા, પતિ અને પત્ની, ભાઇ અને ભોજાઇ, ગુરુ અને સેવક, ઈત્યાદિ પાત્રો ગૃહસ્થાશ્રમમા કેવાં ઉત્તમ હોવાં શકય અને આવશ્યક છે? તે વિષે તે તે પ્રત્યેક પાત્રના ઉત્તમોત્તમ શબ્દચિત્ર શ્રી મહાભારત અને રામકથાદ્વારા અપાયેલા છે.

હે વાંચનાર બંધુ! આવા મહત્ત્વના ગ્રંથ વાંચવા–સાભળવાની ઇચ્છા કોને ન થાય! પરંતુ દેશની દશા અત્યારે એવી થઇ પડી છે કે ઇચ્છા ગમે તેટલી હોય પણ ખર્ચની સગવડ હોય નહિ એવા પણ અનેકાનેક સજ્જનો હોય છે; અને એવું હોવાથી ઉદારાત્માઓમાટે તો એ પણ પરોપકાર કરવાની એક ઘણીજ સરસ તક છે. માટે જે પણ સજ્જનોના હૃદયમાં આવા ઉત્તમ ધર્મ-ગ્રંથોને દાન, ભેટ કે લહાણીતરીકે આપવા અપાવવાની અને પોતાની લક્ષ્મી તેમજ બુદ્ધિને સફળ કરવાની હોંશ પ્રકટે; જે પણ સજ્જનોને ધન મેળવવામાં રહેલાં અનેક પાપ અને નર્કને ધોતા રહેવાની કાંઇપણ અક્કલ રહેલી હોય; અને જેમના મનમાં ધન, ધામ ઇ૰ જયાંનું ત્યાં પડયું મૂકીને માત્ર પ્રપંચનીજ પોટલીસહિત નર્કધામમાં સીધાવી જવાને બદલે દાનપુણ્યની પોટલીઓ અગાઉથીજ મોકલી આપવાની, અને પછી જ્યારે પણ શરીરમાંથી નીકળવું પડે ત્યારે સુખપૂર્વક અને સીધેસીધું સ્વર્ગધામમાંજ જઇ વસાય એવી ગોઠવણ અત્યારથીજ કરી રાખવી હોય; એવા બુદ્ધિમાનોનેજ માટે આ સલાહ–સૂચના સમજવી. જેઓ 'મુખમેં રામ બગલમેં છુરી' એના જેવા સેતાનના સરદાર હોય; જેઓ ધોળે દિવસે ધન લૂંટી રહ્યા હોય; જેઓ પરદેશી લૂંટારાઓને દલાલી, નોકરી, વેપાર, વગેરેરૂપે મદદ કરી રહ્યા હોય; તેઓ તો જ્યાંસુધી એકવાર નર્કવાસમાં પહોંચી જઇને દીર્ઘકાળસુધી ધગધગતી અગ્નિજ્વાળામાં શેકાયા કરવાનો લાભ (!) અનુભવે નહિ; ત્યાંસુધી સાક્ષાત્ બ્રહ્માનું પણ સાંભળે તેમ નથી, પછી આ લખનાર જેવા અવગુણસાગરનું તો સાંભળેજ કોણ! આપણા નિર્ધન દેશમાં અત્યારે ગમે તેટલાં દુઃખદારિદ્ર વરસી રહ્યાં હોય અને પરોપકારની ગમે તેટલી ઉત્તમ તકો પડેલી હોય; છતાં પણ જેઓને તે તકોનો લાભ લેવાની વૃત્તિજ ન ઉદ્ભવતી હોય, તેમને માટે તો એજ કહી શકાય કે ભગવાન તેમના ઉપર દયા કરે!

પ્રિય વાંચનાર! સંભવ છે કે, તું પોતે પણ નિર્ધન હોય. પરંતુ એથી [illegible]

શકે તો સમયદાન તો કરી શકે ખરોને! માટે એ રસ્તે પણ આ ગ્રંથો અભણ તેમજ ભણેલા મજુરો, ખેડુતો, અંત્યજો અને બાળકોને તથા યુવકો અને વૃદ્ધોને વાંચી સંભળાવવાનો માર્ગ તારેમાટે તો બહુજ સરસ છે. કેમકે આ પ્રકારનું કામ તો સેંકડો-હજારો ને લાખોના દાનથી પણ વધારે મહત્ત્વનું છે. વળી એથી તો તારે માટે એક પંથ ને દો કાજ જેવું થશે. એક તો એથી કરીને બીજાઓનાં હૃદયોમાં ઉત્તમ સંસ્કારો રોપવા-સીંચવાનું શ્રેય મળે છે; અને બીજું એ કે, એમ કરનારનું પોતાનું હૃદય તો વળી શ્રોતાઓ કરતાં પણ વધારે સંસ્કારી અને પવિત્ર બનતું ચાલે છે. હા, એ કામ નિષ્કામભાવથી બજાવવું જોઇએ, એટલું તો ખરુંજ.

ધનધામનાં લોભલાલચ, માનવહૃદયને પાપપ્રપંચમાં પણ એવા ડૂબાવી દે છે;ધર્મનીતિથી એવાં તો ભ્રષ્ટ કરી મૂકે છે; કે તેમના હૃદયમા સાચી લાગણી, સાચી દયા, સાચી સત્યની ભૂખ, સાચું સત્ય-પાલન, સાચી સરળતા કે પોતાની ઓછપને કબૂલ કરવા જેટલું હૃદયબળ તેનામાં રહેવાજ પામતું નથી. વળી તે અવગુણોને સદ્‌ગુણ માનીને એવાજ મિત્રો અને નોકરો શોધી લે છે કે જેથી કરીને તે મોટરે ચઢીને કે પાપરૂપી ભારે પૈડાતળે ચગદાઇ પીસાઇને સીધેસીધો રૌરવ નરકમાંજ સીધાવી જાય! અલબત્ત, પામરો પણ કાંઇ એટલા બધા નીચ હોતા નથી. હિંદભૂમિમાં અવતરવાને લીધે પણ મરણ અને નરકના ભાવિ ભય કોઇ કોઇવાર તેમને પણ સતાવી જાય; એટલી યોગ્યતા તો ઘણાખરા પામરોમાં પણ રહેલીજ હોય છે; અને તેથી કરીને તેમને પણ જો કોઇ છાપરે ચઢાવનાર, નામ કોતરાવનાર કે મોટાભા બનાવનાર વગેરે મળી જાય; તો તો વળી થોડુંઘણું ધન પણ આપેજ આપે! જેઓ આવી રીતે લોકકીર્તિ માટે પણ થોડુંઘણું ખર્ચી શકે છે; તેમનું હૃદય પણ પૂરૂં નહિ તો અર્ધુપર્ધુ પણ જો વિષયી કોટીનું હોય; અને આની બેઆની જેટલું પણ જિજ્ઞાસુ કોટીનું હોય; તો તો તેવાઓને પણ ઋષિમુનિઓનાં ઉત્તમોત્તમ જીવનકથન પસંદ પડયા વિના રહેતાંજ નથી. વળી કેટલાકોને તો તે એટલાં બધા ગમી જાય છે કે જેથી કરીને તેમનું જીવન દિવસાનુદિવસ ફેરવાતું ચાલીને પરમ ઉજ્વળ પણ બની રહે છે!

ઉપલી સમજણથીજ આ સંસ્થાદ્વારા મુખ્યત્વે ધર્મનીતિના ગ્રંથો નીકળે છે અને ઉપર જે બે કાવ્ય-વચન ટાંકેલાં છે, તે પણ એવાજ સજ્જનોમાટે છે. માટે તે ઉપરથી કોઇએ એમ ન સમજવું કે, પોતાની પ્રતિષ્ઠા-ગૌરવ-નામના-કે કીર્તિને ખાતર પણ જેઓ દાનપુણ્ય-લોકસેવા-રાષ્ટ્રસેવા ઇ૦ કરતા હોય, તેમનો વિરોધ કે હલકાઇ કરવાનો અહીં જરાપણ ઉદ્દેશ છે. ઉદ્દેશ જો કાઇ પણ હોય તો તે એજ છે કે, તેઓ જે કાઇ રૂડું કરતા હોય તે વધારે સમજણથી, વધારે કાળજીથી અને વધારે આવડતથી વિચારે તથા આચરે; અને જેઓ ભારતવાસીઓપર જામી ગયેલા દુઃખનાં અનેકવિધ ઝાડ-કે જેની ઉપર પત્ર, પુષ્પ અને ફળ પણ ફાલી રહ્યાં છે; તેનેજ-ઉપર ઉપરનાં અનિષ્ટોનેજ-માત્ર ચૂંટી નાખવા પાછળ મંડી પડયા હોય; તેઓ તેજ મહેનતનો અને તેજ ઉચ્ચ વૃત્તિનો ઉપયોગ તે વૃક્ષોનાં જડમૂળનેજ ખોદી કાઢવા પાછળ કરે!

असंगशस्त्रेण दृढेन छित्वा !

કોઇ એમ કહે કે, રામાયણુ અને મહાભારત ઇત્યાદિ મહાન ગ્રંથો દેશમા વિદ્યમાન હોવા છતાં પણ ભારતવાસીઓની દુર્દશા કેમ શરૂ થઇ અને અત્યાર સુધી કેમ ટકી રહી છે? ઉત્તર સ્પષ્ટજ છે કે, એવા ગ્રંથોમા દર્શાવેલા અનુભવસિદ્ધ આચારવિચાર (જ્ઞાન-ચારિત્ર્ય) ઘટતાં ચાલવાનુંજ એ પરિણામ છે. ઘરમાં પુષ્કળ ખજાનો હોવા છતાં પણ તેનાથી અજ્ઞાત મનુષ્ય "અન્ન, અન્ન" કરતો મરી જાય; અથવા તો તે ખજાનાનો દુરૂપયોગ કરીને કોઇ એ કરતાં પણ બૂરે મોતે મરે; તો તેમાં પણ એ ખજાનાનો દોષ તો નજ કહી શકાય; એવુંજ આર્યગ્રંથોવિષે પણ સમજવું. પરંતુ તેની સાથે આ વાત પણ ભૂલવાની નથી કે, ઘટી ઘટીને પણ એ જ્ઞાન-ચારિત્ર્ય જેટલા પ્રમાણુમાં કાયમ રહી શક્યાં છે; તે પણ એ મહાન આર્યગ્રંથોનો અને પૂર્વજોનો-જ પ્રતાપ છે. એમના પ્રતાપેજ ભારતવર્ષ ભારતવર્ષતરીકે અને હિંદુજાતિ હિંદુતરીકે અત્યાર સુધી હયાતી ધરાવી શક્યાં છે; અને નહિ તો અન્ય અનેક પ્રાચીન પ્રજાઓની પેઠે હિંદુજાતિ પણ નામશૂન્ય બનીને આજે મુસલમાન કે ખ્રિસ્તીપદનેજ શોભાવતી હોત!

અફસોસની વાત છે કે, અન્ય કેટલીક ઉપકારક બાબતોની પેઠે રામાયણુ, મહાભારત, ઓખાહરણુ વગેરેની કથાઓ પણ અનેક પ્રકારના લલિત રાગોમાં ગવાતી સાંભળવાનું ભારતવાસી-

ઓમાં ઓછું થતું ચાલે છે અને તેથી તેવી કથાઓ લલકારીને ગાઇ સંભળાવનારા સુયોગ્ય ઉત્સાહી વ્યાસદેવતાઓ પણ ઘટતાજ ચાલે છે.

એજ પ્રમાણે આપણા પ્રાતઃસ્મરણીય સંતમહાત્મા અને કવિવરોનાં રચેલાં અનેક પ્રકારનાં જ્ઞાનચારિત્ર્યવર્ધક આખ્યાન, ભજન, ધોળ, ગરબી, ગરબા, રેખતા વગેરેને પણ અસરકારક રીતે ગાઇ સંભળાવનારી વ્યક્તિઓ તથા ભજનમંડળીઓ દિવસાનુદિવસ ઘટતીજ ચાલે છે; અને જે જાય છે તેની જગ્યા મોટે ભાગે ખાલીજ રહે છે.

જંબુસર તાલુકાના સારોદ ગામમાં આજથી ૭૫-૧૦૦ વર્ષપર એક કદાવર અને બળવાન બાંધાવાળા ભટ્ટજી હતા. તેઓ ઓખાહરણની કથા, પગે ઘુઘરા અને કેડે નરઘાં બાંધીને તેના લલિત રાગોમાં એવી તો સરસ રીતે ગાતા, કે શ્રોતાઓ ચિત્રવત્ બની રહેતા અને તેમનાં હૃદય આનંદ તથા ઉત્સાહથી ઉછળી રહેતાં.

એજ ગામમાં વહોરા પટેલોમાં "સુલેમાન ભગત" તો હમણાંજ થઇ ગયા. આ લખનારને નાનપણથી અનેક વ્યાસોના મુખથી કથાવાર્તાઓ શ્રવણ કરવાનું સૌભાગ્ય મળ્યા કરેલું; પણ એજ ઓખાહરણ કે ગિરધરકૃત રામાયણ જ્યારે સુલેમાન ભગત એક હાથમાં તંબુરો અને બીજા હાથમાં મંજીરા લઇને તથા એક તરફ નરઘાં વગાડનારને અને બીજી તરફ સારંગીવાળા ભરથરીને સાથે બેસાડીને પોતાના પહાડી રાગથી ગાતા, ત્યારે તો હદજ વળતી! એ લેહ, એ હલક, એ જોશ અને એ અસર અજબજ હતી. ભગત પોતે પણ તે ગાતા ગાતા આમતેમ ડોલ્યા કરે અને શ્રોતાઓ પણ ડોલ્યા કરે! હિંદુઓનાં ઘર અને દેવમંદિરમા તો એમનાં કથાકીર્તન થતાંજ; પરંતુ મુસલમાન કોમથી વસેલા મહોલ્લામાં અને એજ કોમના એક પટેલના મ્હોટા મેડા ઉપર પણ એ ભગતની ઓખાહરણ વગેરેની કથા એવીજ છટાથી ચાલતી અને ત્યાં પ્રાયઃ એજ કોમના શ્રોતા એટલા બધા એકઠા થતા કે પગ મૂકવાની પણ જગ્યા રહે નહીં!

એજ ગામમાં ભંગીની કોમમાં 'ભોજીઓ' કરીને એક ઉંચો પડછંદ અને મજબૂત બાંધાનો વૃદ્ધ હતો. એ માણસ રાત્રે જ્યારે વાર્તા માંડતો, ત્યારે વચમાં વારંવાર જોસમાં આવીને ઉભો થઇ જાય, અને જાણે તે પોતેજ તે વાર્તાનું કોઈ એક અસામાન્ય પાત્ર હોય એવોજ મુસ્લીમ શ્રોતાઓને પણ ભાસ થઇ આવી તેઓનાં હૃદય રસથી તરબોળ બની જાય!

દશેક વર્ષપર અમદાવાદમાં સાધુચરિત ગણેશ ગોપાળ પંડિતના મકાન પાસે સસ્તા સાહિત્યનું કાર્યાલય હતું ત્યારે તેમને ત્યાં કોઈ આધેડ વયના બારોટ ઉતરેલા. એક રાત્રે કાર્યાલયમાં આવીને તેમણે બે ત્રણ કલાક સુધી એક વાર્તા સંભળાવી હતી. શી વર્ણનશક્તિ અને શી રસ જમાવવાની ખુબી! વાર્તામાં વચ્ચે પ્રસંગ આવતાં એકવાર તેમણે એક હોકારો કરેલો, તે તો જીંદગીસુધી ભૂલાય તેમ નથી. 'આભના ગાભ છૂટે' એવી ઉપમા કવિજનો આવા ભટ્ટ ચારણાદિ કથાવાર્તા કહેનારાઓના હોકારાને આપે એમાં જરાપણ નવાઈ નથી.

એજ પ્રમાણે ભીમની વાત કહેતી વખતે ભીમના ભાવમાં આવી જાય; સહદેવની વાત કરતાં સહદેવ જેવાજ જણાઇ રહે; અર્જુનની વાત આવતા અર્જુનનોજ ભાસ કરાવે; ધર્મરાજાનો પ્રસંગ આવતાં ધર્મમૂર્તિજ બની રહે; અને હનુમાન, રાવણ, કુંભકર્ણ, લક્ષ્મણ, શબરી વગેરેના પ્રસંગ ચાલતાં તેવા તેવા પણ ભાવ દર્શાવવામાં કમાલ કરે; તેમજ રોજ રોજ નવી નવી અસરકારક વાર્તાઓથી ધર્મનીતિનો બોધ પણ એવો સરસ આપે, તથા સાથે સાથે હસાવે પણ એટલાબધા કે કહેવાની વાતજ નહિ! એવા એવા અનેકવિધ ખુબીઓવાળા વ્યાસદેવતાઓની કથાઓ સાંભળવાની જે મઝા પૂર્વાશ્રમમાં છેવટસુધી મળેલી, તે ભૂલી ભૂલાય એવી નથી. પણ હવે તો એ વાતો ૪૦-૪૫ વર્ષ જેટલી જૂની થઇ ગઇ!

પરંતુ ઈશ્વરકૃપાથી હજી પણ, બહુ નહિ તો કોઇ કોઇ પણ એવા અસામાન્ય વાર્તાકારો, કથાકારો, કીર્તનકારો વગેરે હયાત હશેજ; અને તેઓ છે ત્યાંસુધીજ તેમના હુન્નરને ઉત્તેજી અનેક વ્યક્તિઓમાં પ્રચલિત કરીને મરતો અટકાવવાની તક છે. એવી પ્રત્યેક વ્યક્તિ ભારતનું મોંઘું ધન છે. દેશનું ઘણુંયે ગયું તેમ એ ધન પણ જતું રહેશે, તો ફરી તેને ઉપજાવવું મુશ્કેલ છે. આવા બાહોશ કથાકારો, કીર્તનકારો, વાર્તાકારો, પુરાણીઓ, ભાટચારણો, ભગતો, વ્યાસદેવો, ઘરબારી બાવાઓ, ભરથરીઓ, કાપડીઓ, વગેરેનો પણ દિવસાનુદિવસ ઘટાડોજ થતો આવે છે.

અને જે જે હોંશિયાર માણસો જાય છે તેમનું સ્થાન ખાલીજ રહે છે. અનેક પ્રયત્નોવડે જામેલી અને સેંકડો-હજારો વર્ષસુધી ઉપકારક થતી આવીને હિંદુજાતિને જડમૂળથી ઉખડી જતી અટકાવી શકનારી હિંદુસંસ્કૃતિનાં આ સાધન અત્યારે તો મોટે ભાગે દીનહીન સ્થિતિમાં અને જડમૂળથી ઉખડી જવાની તૈયારીમાંજ છે; પણ આગલા સમયમાં જ્યારે તે પોતાના ઉન્નત સ્વરૂપમાં હશે ત્યારે તો કેવી અદ્‌ભુત અસર અને જાગૃતિ રાખનારાં હશે, તથા લડાઇ વખતે કેટલું બધું જોસ જગાડી જાણનારાં હશે; તેની તો વાતજ શી કરવી? આજે તો એમાં દશાંશ જેટલી પણ યોગ્યતા અને ઉપકારકતા રહેલી ન ગણાય. પરંતુ એવાં એવાં પણ એ સાધનોમાંથી સારી સારી વ્યક્તિઓને શોધી, ઉત્તેજીને તથા સૂચવી કેળવીને ઉન્નતિપ્રદ દિવ્ય સંસ્કારોથી તરબોળ બનાવવામાં આવે; અને જો તેમનો યોગ્ય લાભ લેવામાં આવે; તથા તેમની સંખ્યા વધે તેમ કરીને જનસમૂહને છૂટથી તેમનો લાભ આપવામાં આવે; તો તો દેશની નષ્ટ થવા બેઠેલી એ શુભ સંસ્કૃતિમાં કાંઈ ને કાંઇ ચેતન પૂરાતુંજ રહે અને ખાદી ઉપરાન્ત ઉચ્ચ મુરાદી વગેરે પણ જે જે પ્રચલિત કરવું હોય તેમાં એવા માનવો કેટલા બધા ઉપયોગી થાય; અને તેની સાથે એ લોકો પોતે પણ પોતાને અંદરનાં જ્ઞાન, ચારિત્ર્ય, કળા અને ઉપકારકતામાં ક્રમે ક્રમે કેટલાં બધાં ખીલતાં-ખુલતાં ચાલે એ શું દેશહિત માટે ઓછી અગત્યનો, ઓછો વિચારણીય અને ઓછો આચરણીય પ્રશ્ન છે? હવે આગળ કરતાં તો ઉંચીજ કક્ષાના સમાજ સેવકો દેખાય છે; પરંતુ જ્યાં પહોંચવું છે, અને તેમાં જેટલું બાકી છે; તે જોતાં તો તેમના આચારવિચારો હજી પણ આગળ વધવાની ખાસ જરૂર છે; તે દર્શાવવાજ આટલું અહીં લખ્યું છે.

લોકરુચિને વશ બની રાષ્ટ્રીયતાના નામ નીચે પણ ગોટપીટીઆ ગોખણપટ્ટીવાળી શાળાઓ ચલવીને લાખોની બરબાદી કરવી અને દેશમાંના ગરીબોનાં લોહી અનેક પ્રકારે પીવાવાળા લોકોની સંખ્યા તથા આવડતને વધાર્યા જવી; એના કરતાં તો ઉપર જણાવ્યા જેવી વ્યક્તિઓ અને સંસ્થાઓને ખીલવીને દેશના ખરા આધારરૂપ સ્ત્રીવર્ગ, ખેડુતો, અંત્યજો તેમજ બીજા નિરાધાર, ગરીબ અને અજ્ઞાન લોકોનીજ સંગીન સેવા બજાવવામાં રાષ્ટ્રનું સાચું અને સંગીન હિત રહેલું છે. સમજુઓએ હવે તો એવાંજ કાર્યોની પાછળ ધનના ઢગ અને સુયોગ્ય સેવાભાવી જીવનો અર્પણ કરવાં-કરાવવાં ઘટે છે.

ભારતમાતાનો સાચો સપૂત બંકિમબાબુ કે જે આર્યસંસ્કૃતિનો મહાન અભ્યાસી અને હિમાયતી હતો; વર્તમાનયુગનો જ્ઞાનચારિત્ર્યસંપન્ન મહાવિદ્વાન હતો; જેનું રોમેરોમ દેશદાઝથી ફફડી રહેલું હતું અને જેના પછી દેશમાં તેનો જોટો પાકયો નથી એવો એ અસામાન્ય સાહિત્યસેવક હતો. આનંદમઠ તથા કૃષ્ણચરિત્રાદિ જેવા અનેકાનેક પ્રેરક ગ્રંથોનો તથા 'વંદેમાતરમ્' જેવા રાષ્ટ્રીય ગીતનો જે પ્રણેતા હતો; એવો સમર્થ સાહિત્યસમ્રાટ્ પણ એવા શિક્ષણ અને શિક્ષિતો-વિષે કહે છે કેઃ-"લખતાં-વાંચતાં આવડે તેજ શિક્ષિત અને ન આવડે તે અશિક્ષિત; એવું જરા પણ સમજતા નહિ. પાઠશાળાઓ અને નિશાળોમાં ભણ્યાવિના પણ જ્ઞાનની વૃદ્ધિ થઇ શકે છે: આપણા દેશમાં પૂર્વે જ્ઞાન પ્રાપ્ત કરવાના જે કેટલાક ખાસ માર્ગો હતા; તે આજે લુપ્તપ્રાય થઇ ગયા છે. 'કથા' અને 'હરિકીર્તન' એ પૂર્વકાળે જ્ઞાનપ્રાપ્તિનો એક મુખ્ય ઉપાય હતો. પ્રાચીન સન્નારીઓ કથાકારોના મુખથી પુરાણ તથા ઇતિહાસની વાતો સાંભળતી અને તેથી કરીને પુરાણ-ઇતિહાસમાં જ્ઞાનનો જે ઉત્તમ ભંડાર છુપાયેલો છે, તે તેમની પાસે ખુલ્લો થઇ જતો. અત્યારના આપણા સુશિક્ષિત ગણાતા યુવકો કરતાં પણ અનેક વિષયો પૂર્વકાળની સન્નારીઓ બહુ સારી રીતે સમજી શકતી હતી. ભોગવિલાસમાંજ જીવનની સાર્થકતા સમજાવનારી, કાળા મોંવાળી આ વીસમી સદીએ તો એક હાથમાં તોપ-બંદુક અને બીજા હાથમાં કળ-કારખાનાંઓને ધારણ કરીને સેંકડો શિક્ષિત, અર્ધશિક્ષિત તથા અશિક્ષિત યુવકોને ધર્મસંસ્કારથી ભ્રષ્ટજ કર્યા છે."

પોતાનું નામ પણ ન લખી જાણનારા પ્રાતઃસ્મરણીય ભગવાન રામકૃષ્ણ પરમહંસ, છત્રપતિ શિવાજી અને મહાન અકબર જેવાઓ જે અસામાન્ય જ્ઞાનચારિત્ર્ય અને શરીરબળ ધરાવતા હતા; તે સર્વ ક્યાંથી આવેલું? આર્યસંસ્કૃતિનાં એ સમયના અક્ષરજ્ઞાનની બહારનાં ઉત્તમ સાધનોનોજ એ સર્વ પ્રતાપ હતો.

અને એ સાધનોનો લાભ માત્ર રાજાઓનાંજ છોકરાંને મળે એવું ન હતું. એ લાભ તો સર્વ

કોઇને મળી શકતો. પ્રથમ તો એ લાભ, પરમ આસ્તિક, બળવાન અને સદ્‌ગુણી માતાપિતાના આચાર, વિચાર, ઉછેર અને ગૃહશિક્ષણમાંથીજ મળી રહેતો. અને તે પછી એ લાભ ગામમાંના જ્ઞાન-ચારિત્ર્યસંપન્ન કુળપુરોહિત, ભાટ, ચારણ, શાસ્ત્રી, પુરાણી, ધર્માચાર્ય, મહંત, યાત્રાળુ, પંડિતો, મંડળેશ્વરો, સંતસાધુઓ, પરમહંસો તેમજ અતિથિઅભ્યાગતો પાસેથી પણ સહજે સહજે મળ્યા કરતો હતો. વારતહેવારોની ઉજવણીઓ, મેળાઓ અને યાત્રાએ નીકળતા સંઘો પણ એ બાબતમાં બહુજ મદદગાર થતા હતા.

એવે એવે પ્રકારે જનસમાજમાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, યુવકો, ખેડુતો તેમજ ગરીબગુરબાં વગેરે તમામ વર્ગો જ્યારે જ્ઞાનચારિત્ર્યવર્ધક આર્યસંસ્કૃતિથી પોષાયા કરતા; ત્યારે મનુષ્યો કેવાં સુખી, સદ્‌ગુણી અને બળવાન રહેતાં! તેઓ આખું આયુષ્ય ધર્મનીતિથી તથા સુખસંપત્તિપૂર્વક ગુજારતાં; અને ગરાસીઆઓમાં તો શું પણ ગામના ભંગી સુદ્ધામાં એવું બળ અને આરોગ્ય રહેતું કે અત્યારના આપણા ભણીગણીને કુરકુરીઆં પેદા કરી જાણનારા પાંચ–દશ યુવકો પણ તેવા એકને પહોચી શકે નહિ!

આ વાત તો આજે પણ પુષ્કળ માણસો જાણે છે કે, આજથી પચાસ અને સો વર્ષ પહેલાં દેશમાં આજના જેટલું દારિદ્ર્ય, દુષ્કાળ, મોઘારત, તનમનની દુર્બળતા, કુસંપ, ઝેરવેર, સ્વાર્થ-પરાયણતા, વિલાસિતા, છળપ્રપંચ અને લોભલાલચ વગેરે ન હતાં; અને એના સામા છેડાની સંપત્તિ, સુખશાન્તિ, સુકાળ, સંપ, હેતપ્રીત, ઉદારતા, સાદાઇ, પરોપકાર, સરળતા, સહાનુભૂતિ, આસ્તિકતા વગેરે હાલના કરતા ઘણાં વધારે હતાં. એ સમયે એવી સ્થિતિ હોવાનું મુખ્ય કારણ એજ હતું કે ઉપર જણાવેલા પ્રકારોદ્વારા લોકોને જ્ઞાનચારિત્ર્યનું શિક્ષણ ખૂબ છૂટથી તથા સ્વાભાવિક રીતે મળ્યા કરતું હતું. આજે આપણે નાના કે મોટા પ્રત્યેક ગામમા બ્રાહ્મણોને, ભટ્ટ ચારણોને તેમજ મઠમંદિરવાળાઓને જે ગામગરાસો પળતા જોઇએ છીએ; તે સર્વ એવા ઉચ્ચ કક્ષ અને નિઃસ્પૃહ લોકશિક્ષકોના ચરણમાં કદરદાન રાજકર્તાઓ, ધનિકો તથા ગામલોકોદ્વારા તેમના ગુણચારિત્ર્ય અને ઉપકારકતા ઉપર ઓવારી નંખાયેલાં હતા. આજે તેમના ઉત્તરાધિકારીઓ તો એ જ્ઞાનચારિત્ર્ય પણ ખોઇ બેઠા છે અને તેની પાછળ પાછળ તેમની જમીનજાગીરો પણ ખોવાતી ચાલી છે!!

પરંતુ આ સર્વ છતાં પણ ઉપર જણાવ્યું તેમ હજી પણ એ વર્ગોને સચેત અને સુસંસ્કૃત કરીને સમાજસેવામાટે ઉપયોગી બનાવી શકાય તેમ છે; અને માનવસમાજ પોતે તંગી વેઠીને પણ પોતાના એવા સુયોગ્ય સહાયકોને રોટલો આપી શકે તેમ છે. એમાં પણ જે અનેક બાળકો, માતપિતા કે પાલકપોષકવિનાનાં હોઇને જે તે પ્રકારે જીવન ગાળતાં હોય તેમનીજ સેવા અને સુશિક્ષણનું કાર્ય તેમનાજ જેવી નિર્ધનતા વગેરે સ્વીકારીને સર્વભાવથી આચરવામાં આવે તો 'કારીગરનો છોકરો સહેજે કારીગર બને છે' તેમ જ્ઞાનચારિત્ર્યસંપન્ન શિક્ષક–રક્ષકના પોતાના શિક્ષણ અને આચરણ ઉપરથી ધારણા મુજબના જ્ઞાનચારિત્ર્યસંપન્ન, મજબૂત અને સેવાવૃત્તિવાળા સમાજસેવકો તેમનામાંથી અવશ્ય સારા પ્રમાણમાં ઉપજી આવે, એમાં નવાઇ નથી. રાષ્ટ્રસેવાની સાચી દાનતવાળા અને પંડનું ભાન ભૂલી તેની પાછળ મચી પડનારા સજ્જનોમાટે શું આ ઓછી આકર્ષક તક છે! જે નબાપા નિરાધારો મોટે ભાગે તો દેશને માટે કષ્ટકારક, ચોર, ભામટા, જુઠ્ઠા, ભીખારી, વ્યભિચારી, પાખંડી, ઠગ અને હરામી ભેખધારીજ બની જવાનાં; તેમનામાંથી ઉત્તમ સમાજસેવકો બનાવવાનું કામ કેટલું બધું શક્ય અને મહત્ત્વનું છે?

લૌકિક સ્વાર્થ અને સંગ્રહવૃત્તિને દૂર કરી પ્રભુનેજ સર્વસ્વ માની શકનારા જ્ઞાન-ચારિત્ર્યસંપન્ન થોડાક સજ્જનો પણ જો સર્વભાવે એકનિષ્ઠાથી અને સતતપણે ઉપર જણાવ્યા જેવી એકાદ સંસ્થા જમાવવા ઇચ્છે; તો હાલની શ્રીમંતસેવી તથા લૂંટારાવર્ધક અનેક શાળા-પાઠશાળાઓ અને બોર્ડિંગો જે વિઘાતક કાર્ય બજાવી રહી છે; તેને બદલે સમાજના સત્ય હિતની દિશામાં અસાધારણ પરિણામ આવ્યાવિના રહેજ નહિ. આવા કૃષિપ્રાધાન્ય દેશમાં એવા કામમાટે લૂંટારા ધનિકોની પાસે ભીખ માગી તેમને મોટા ભા બનાવવાનું કામ પણ [illegible] કુશળ કૃષિકાર બનવામાં આવે નહિ, ત્યાંસુધી બજાવવુંજ પડે. ઉચ્ચ ભાવનાવાળા, આસ્તિક અને પરિશ્રમી સમાજસેવકને પ્રભુ આવી બાબતો માટે પણ કોઇ ને કોઇ માર્ગ ખોલી આપેજ. દેશનો [illegible] હવે કોઇ પણ પ્રકારે થવો અનિવાર્ય હોવાથી સાચી [illegible] અને [illegible]

માટે કાઇ ને કાંઇ ઉકેલ પોતાની ઉચ્ચ ભાવનાઓ પાર પડે એવા મળીજ આવે. હા, ઉચ્ચ સિદ્ધાંતોને ખાતર પડે અકિંચનતામાં અને જરૂર પડે તો ભૂખમાં પણ સુખ માનવા જેટલું જ્ઞાનચારિત્ય તેમનામાં હોવુંજ જોઇએ.

જગતકર્તાને જે કાંઈ કરવું છે, તે તો થવાનુંજ છે. માત્ર જેમનું પરમ ભાગ્ય હશે તેઓજ તેમાં હથિયારરૂપે બની શકશે; અને આત્મોન્નતિ કે પરમ યશ બેમાંનું જે પણ જોઇતું હશે; તેના ભાગી થશે.

હે સર્વત્ર રમી રહેલા પરમ પ્રભો ! સર્વપર આપની અધિકાધિક કૃપા ઉતારજો અને આપનાં પડદે રાખેલાં દિવ્ય રત્નોને પણ હવે લોકસેવામાં વાપરજો; કે જેમના જ્ઞાનચારિત્રનો પ્રતાપ જોઇને સર્વ કોઇ પોતાના અંતઃકરણમાં રહેલા મૂળ શત્રુઓની સામે તથા અયોગ્ય રૂઢિરિવાજ, માંહોમાહેનાં ક્લેશ-કુસંપ ઇ૦ બાહ્યશત્રુઓ સામે પણ લડવા માંડે; જગતના સર્વ ધર્મો અને માનવોમાં ઐક્યપ્રદાયક રહસ્યો પ્રવર્તે, રાગદ્વેષ, મિથ્યાભિમાન અને અક્કલનાં બારદાનોની દોરવણીમાંથી જનસમાજ સત્વર છૂટે; અને પરમ ધ્યેયને પામી ચૂકેલા એવા સાચા ચિકિત્સક પુરુષોત્તમોનીજ દોરવણી તેમને સત્વર પ્રાપ્ત થાય. વાચનાર ! તમે પણ રોજ આવી પ્રાર્થના કરશો તો તમારૂં અને તમારા વંશવારસોનું પણ એથી વધારે વહેલું અને વધારે પ્રમાણમાં ભલું થશે.

આ પછીના પૃષ્ઠોમાં જે જે લેખો તેમજ ઉતારા જેમના અને જેમાંથી લીધા છે, તે પ્રત્યેકનાં નામ બનતાસુધી તે તે સ્થળે આપેલાજ છે. અહીં એ તમામ લેખકો તથા તેના પ્રકાશકોનો અંતઃકરણપૂર્વક આભાર માની આ લેખ સમાપ્ત કરીએ છીએ. **हरिः ॐ तत्सत्**

સંવત ૧૯૮૩-શ્રાવણ માસ — ભિક્ષુ-અખંડાનંદ



महाभारतना आ प्रकाशननुं वृत्तान्त

આ સંસ્થા તરફથી સંવત ૧૯૬૪ માં એક ચોપાનીયાદ્વારા જે જે લોકોપયોગી ગ્રંથો સ્વલ્પ મૂલ્યે ફેલાવવા જેવા જણાવાયલા, તેમાં પણ મહાભારતનું નામ હતુંજ; પરંતુ કામ થવાનો આધાર તો જરૂરી સાધન-સંયોગ એકત્ર થવા ઉપર હતો.

એ પછી એ વિષે કયારે કયારે અને શું શું થયું; તથા કેવી રીતે આ મહાભારતની યોજના શરૂ થઇ; શાથી પડી મૂકાઈ; વળી પાછી તે કેવી રીતે શરૂ થઈ અને હાલના રૂપમાં પાર પડી; એ વગેરે હકીકત (આ સંસ્થા તરફથી બહાર પડેલા શાન્તિપર્વની આગલી આવૃત્તિ, આદિ-સભાપર્વની પહેલી આવૃત્તિ, તથા આદિ-સભાપર્વની આ નવી આવૃત્તિ, એ પુસ્તકોનાં નિવેદનાદિ ઉપરથી જરૂરી સુધારા-વધારા સાથે) આ નીચે અપાઈ છે.

આ સંસ્થા તરફથી સંવત ૧૯૭૦માં જે **શાંતિપર્વ** સાક્ષરવર્ય છોટાલાલ નિર્ભયરામ ભટ્ટના ગુજરાતી ભાષાંતરવાળું પ્રસિદ્ધ થયેલું; તેના (ભાદ્રપદ ૧૯૭૦ ના) નિવેદનમાં થોડાક સામાન્ય ઉલ્લેખ પછી આ વિષે જણાવાયું હતું કે:-

" ગુર્જરપ્રજા અત્યાર અગાઉ બે ગુજરાતી ભાષાંતરો મેળવવાને ભાગ્યશાળી થઈ ચૂકી છે. એમાંના પ્રથમ પ્રયાસનું માન રા. રા. ભાઇશંકર નાનાભાઈ સોલીસીટર અને સ્વર્ગસ્થ શ્રીયુત મણિશંકર મહાનંદ ભટ્ટ એમણે મેળવ્યું છે. એમના તરફથી અમદાવાદમા માસિક ચોપાનિયાના રૂપમાં "ભારતાર્થ-પ્રકાશ" ની શરૂઆત થઇને સંવત ૧૯૩૩ થી ૧૯૪૮ સુધીમા ૧૪ ગ્રંથોરૂપે આખું મહાભારત રૂ ૪૦)ની કિંમતથી પાઇકા(આ લીટીમા છે તેવા) અક્ષરમા પ્રકટ થયું હતું. એમાં ઉક્ત ગૃહસ્થો-માંના પહેલા સહાયક હતા અને બીજા પ્રકાશક હતા."

"ઉપલું મહાભારત સં. ૧૯૫૯ના વર્ષસુધી તો પરેપૂરૂં મળી શકતું હતું. એ પછી એ ગ્રંથ મળતો બંધ થાય તે પૂર્વે "ગુજરાતી"વાળા શ્રીયુત ઇચ્છારામ સૂર્યરામ દેશાઇની કુશળ દૃષ્ટિ એ કાર્યપ્રત્યે જાગૃત થઇ. તેમના તરફથી આ આખો ગ્રંથ ત્રણ ભાગમાં રૂ ૩૦)ની કિંમતે (અને પ્રથમથી ગ્રાહક થઇ બધી કિંમત પ્રથમથી આપે તેને રૂા. ૨૫)થી પૂરો પાડવાની યોજના પ્રસિદ્ધ થઇ. એ પૈકી પ્રથમ ભાગ સંવત ૧૯૬૧મા અને બીજો ભાગ ૧૯૬૭માં પ્રકટ થઈ ચૂકયો છે. છેલ્લો ત્રીજો ભાગ કે જેમાં ' શાતિપર્વ ' તથા તે પછીનાં પર્વ આવનાર છે, તે હવે પછી નીકળનાર છે."

" પરંતુ રા૦ ઇચ્છારામભાઇની એ સેવા હજી તો પૂર્ણ થઇ નથી તે પહેલાંજ ગુજરાતના સુભાગ્ય-યોગે એમ બન્યું કે પ્રથમ જણાવાયલા રા૦ મણિશંકર મહાનંદવાળા મહાભારતમાંના જે થોડાક ભાગો ખૂટયા હતા; તે ભાગો ફરીથી છપાવી સમગ્ર મહાભારત સં૦ ૧૯૬૮ માં રૂા. ૧૨) માં અપાયું ' આ ફરી છપાયલા ભાગોના મુખપૃષ્ઠપર રા૦ રા૦ ભાઇશંકર ન્હાનાભાઈનું નામ જો કે પ્રથમની પેઠે સહાયકતરીકેજ છપાયલું છે, પણ ખરૂં જોતાં તેમાં સર્વ કાર્ય અને ઉદારતા તેમનાંજ છે."

"આ પ્રમાણે સમગ્ર મહાભારત જો કે સ્વલ્પ મૂલ્યે નીકળ્યું ખરૂં; પરંતુ તે રીતે જે બસો ત્રણસો સૅટ તૈયાર થયા, તે સપાટાબંધ ઉપડી ગયાથી, સ્વલ્પ મૂલ્યથીજ ખરીદી શકે એવા બીજા અનેક સજ્જનો નિરાશ થાય અને ' બીજી રીતે નહિ તો આવી સસ્તા સાહિત્યની સંસ્થાદ્વારા પણ આ ગ્રંથ સસ્તી કિંમતે પૂરો પાડવાનું કાર્ય ચાલુ થાય તો ઠીક ' એવી ભાવના સેંકડો હૃદયોમાં બળપૂર્વક ઉદ્ભવે એ સ્વાભાવિકજ છે"

"આવી અનેક ભાવનાઓ અને સહસ્રાવધિ વાચકજનોના સુભાગ્યયોગે આ યોજના હાથ ધરાઇ તેના પ્રથમ ફળરૂપ આ ગ્રંથ ગુર્જર વાચકતનુઓમાં વિરાજિત પરમાત્મદેવના ચરણકમળમાં સપ્રેમ સાદર થાય છે."

"સંવત ૧૯૬૪માં આ સંસ્થા તરફથી વહેંચવામાં આવેલી "સસ્તા વાંચનની સૂચના"ના નાના ચોપા-નિયામાં, સ્વલ્પ મૂલ્યે પ્રકટ કરવા યોગ્ય જણાવેલા કેટલાએક ઉપયુક્ત ગ્રંથોમાંનો સર્વથી મોટો ગ્રંથ (મહાભારત) પ્રકટ કરવાનું કાર્ય પણ આ પ્રમાણે આ સંસ્થાનેજ હાથે ધર થશે અને [illegible]

ચલાઉ હેતુવાળું કાર્ય આટલો સમય લંબાઈ આટલી હદ સુધી પહોંચશે; એમ કોણ કહી શકે તેમ હતું? માત્ર બે ત્રણ વર્ષમાં જે કાંઇ બને તે બજાવીને વિદ્વાન અને ધનિકવર્ગને સસ્તા સાહિત્યની દિશાનું સૂચન કરવા પૂરતાજ હેતુ અને રુચિથી આ કાર્યની શરૂઆત થઇ હતી. સ્વપ્રકૃતિમાટે તેમજ જનવર્ગમાટે અન્ય જે સંયોગો અધિક ઉપકારક સમજાયલા; તે સંયોગોથી દૂર રહેવું પડી, જડતાપ્રધાન પ્રકૃતિવડે આ કાર્યમાં આટલી હદસુધી ટકી રહેવાનું અસંભવિત છતાં જેમ તેમ પણ તે ચાલુ રહ્યું; અને શનૈઃ શનૈઃ સમય અને કાર્યની મર્યાદા લંબાતી જઇ આટલી હદસુધી પહોંચી; એમાં વાચકવર્ગે જો ખરી રીતે કોઇનો પણ ઉપકાર માનવાનો હોય તો તે સર્વસત્તાધીશ પ્રભુનો અને વાચકવર્ગના પોતાના પુણ્યોદયનોજ છે."

""પ્રથમ તો માત્ર 'શાંતિપર્વ'જ પ્રકટ કરવાનો વિચાર હતો; અને તે કેટલાંક વર્ષથી ચાલતો હતો. સંયોગોની અનુકૂળતા થતાં એ વિચાર ચાલુ વર્ષમાં અમલમાં મૂકાયો; પરંતુ ગ્રંથ છપાઇ રહેવાપૂર્વેજ 'આટલું તેમ તેટલું' એ ન્યાયે આખા મહાભારતના વિચારે જોર પકડયું અને મહાત્મા તુલસીદાસે કથેલા '**नहीं विद्या नहीं बाहुबल**' એવા આ સેવકનો કાર્યની મહત્તા અને સ્વપ્રકૃતિની નિર્બળતા વચ્ચેના અંતરનો વિચાર અનેક સમયની પેઠે આ સમયે પણ તે બળવતી પ્રેરણા આગળ બાજુ મૂકાઇ જઇને આખા મહાભારતની યોજનાનું સ્વરૂપ 'વિવિધ ગ્રંથમાળા'માં અપાયું."

"આ ગ્રંથ(શાન્તિપર્વ)માંના ત્રણે ભાગોને અંતે આપેલા શ્લોકમાં જણાવ્યું છે તેમ આ પર્વનો અનુવાદ વર્તમાનમાં "કેળવણી" માસિકના સુયોગ્ય સંપાદક અને પ્રતિષ્ઠિત સાક્ષર શ્રીયુત છોટાલાલ નિર્ભયરામ ભટ્ટ એમણે તૈયાર કરેલો છે. એ અનુવાદ પ્રકટ કરવાની સંમતિ રા૰ રા૰ ભાઇશંકર નાનાભાઇ સોલીસીટર જે. પી. એમના તરફથી પૂર્ણ નિષ્કામભાવે મળવા બદલ તેઓશ્રીનો આ સ્થળે સપ્રેમ આભાર માનવામાં આવે છે."

"આ અનુવાદમાં શ્લોકોના અંક દાખલ કરવાનું તથા બનતું સંશોધન કરવાનું અને છેવટનાં પ્રૂફ જોવાનું કાર્ય અમદાવાદનિવાસી શાસ્ત્રીજી નરહરિ મગનલાલ શર્મા કે જેઓ વડોદરા રાજ્યની 'પુરાણભૂષણ'ની પદવી ધરાવે છે, તેમને સોંપવામાં આવ્યું હતું. તેમણે 'રાજધર્મ' વિભાગમાંના શ્લોકાંક મુરાદાબાદમાં પ્રકટ થયેલી મહાભારતની પ્રતને આધારે લખ્યા છે; અને તે ઉપરાંત આ ભાષાંતરમાં જે જે શ્લોક વધારાના જણાયા તેના ભાષાંતરના આદિ અંતમાં (   )આવું ચિહ્ન મૂકેલું છે. આ પછી આપદ્ધર્મ અને મોક્ષધર્મવાળા વિભાગોમાં આપેલા શ્લોકાંક મુંબઇમાં નીલકંઠી ટીકાસહિત નીકળેલા મહાભારતને અનુસરીને આપ્યા છે; જેમ કરવા સમયે કોઇ કોઈ શ્લોક વધારાના અથવા રહી ગયેલા જણાયા તેનું પણ ભાષાંતર આમાં ઉમેર્યું છે. આ ગ્રંથમાં જે ટિપ્પણો સંશોધકે ઉમેર્યાં છે, તેને અંતે 'સંશોધક' એવું ચિહ્ન છે, એવા ચિહ્નવિનાનાં ટિપ્પણ હોય તે મૂળ આવૃત્તિમાંનાંજ સમજવાં."

"શ્લોકોના અંક ઉપરાંત વાચકોની સુગમતા અર્થે દરેક અધ્યાયપર અધ્યાયના અંકનાં તેમજ તેમાંના વિષયને દર્શાવનારાં મથાળાં તેમજ ગ્રંથની શરૂઆતમાં તમામ અધ્યાયોની લંબાણ અનુક્રમણિકા પણ આમાં ઉમેરાયેલી જણાશે."

"ઉપલી બાબતોમાં તેમજ ભાષાંતર અધિક સરળ અને સ્પષ્ટ બને તેવું સંશોધન કરવામાં ઉક્ત શાસ્ત્રીજીએ જે શ્રમ લીધો છે, તે જોતાં અજાણ્યા મનુષ્યને તો એમજ લાગે કે, આ નવીનજ ભાષાંતર છે; એટલુંજ નહિ પણ આટલા સંશોધન પછી તેને 'નવીન ભાષાંતર'માં ખપાવતાં પણ કોઇ રોકી શકે તેમ નહોતું; પરંતુ કાર્યમાં જેનો જેટલો અંશ હોય તેનો યશ તેનેજ આપવામાં મળતો અંતરનો આનંદ ગુમાવીને કેટલાકોની પેઠે તેવી બાહ્યકીર્તિ મેળવવાનું અદ્ભુત (!)કૌશલ્ય વર્તમાન સંશોધક અને પ્રકાશકના ભાગ્યમાં લખાયેલું નહિ એટલે શું કરવું!"

"આવાં કાર્યોપર જેમ જેમ અધિક દ્રવ્યનો, સમયનો અને શ્રમનો વ્યય કરવામાં આવે, તેમ તેમ તે અધિક ઉત્તમતાવાળાં બને એ તો સ્પષ્ટજ છે; અને તેથી એ દૃષ્ટિએ જોતાં તો જગતમાંનું કોઈપણ કાર્ય કાંઇ ને કાંઇ દોષ કે ન્યૂનતાવાળુંજ જણાઇ રહે તેમ છે. બીજા હાથપર તેનાથી ઉતરતા પદાર્થ આ કાર્યની સાથે સરખાવતાં તેજ કાર્ય 'ચઢતું' લાગે એ પણ સ્વાભાવિક છે. આથી આ ભાષાંતરમાટે પણ એટલુંજ કહીશું કે, પ્રાપ્ત સંયોગાનુસાર તે બને તેટલા સારા રૂપમાં અનુવાદિત અને મુદ્રિત કરાવવા પ્રયત્ન કર્યો છે; અને વિશેષ યોગ્યતાવાળી તૈયારી જો કોઈ વિદ્વાન વા ધનવાન

કરી કરાવી આપશે, તો બહુ ઉપકાર સાથે પુનરાવૃત્તિ વખતે તેનો ઉપયોગ કરીશું અને જો તે પોતેજ બહાર પાડશે તો એથીએ વધુ ઉપકૃત થઈશું."

"શાન્તિપર્વના કોઇ કોઈ અધ્યાયમાં કપટનીતિ ઈત્યાદિની બાબતો આવેલી હોય, તેને પણ ઉત્તમતરીકે માની લેવાની ભૂલ ન થઇ જાય, તેની વાંચકે બહુ સાવચેતી રાખવાની છે. આવું તેવું જે કાંઇ આવે તેને અર્થભેદની, પ્રસંગભેદની કે અધિકારભેદની ખેંચાતાણ કરીને બંધબેસતુ કરવા મથવું તેના કરતાં વધુ સારૂં તો અમને એજ લાગે છે કે, ગ્રંથને રચાયા પછીનાં હજારો વર્ષમાં અનેક કારણોસર તેમાં કાઢઘાલ થવાનો જે સંભવ છે; તેજ કારણ એમાં હોવું જોઇએ." ॐ तत्सत्

શાન્તિપર્વની પહેલી આવૃત્તિ પછી છ વર્ષે–એટલે કે સંવત ૧૯૭૬માં–આદિ અને સભાપર્વની પહેલી આવૃત્તિ (હાલમાં આ સાત ભાગના પેટામાં પ્રસિદ્ધ થયેલી એની બીજી આવૃત્તિમાં છે તેજ ભાષાંતરવાળી) પ્રસિદ્ધ થઇ હતી. એના નિવેદનમાં શાન્તિપર્વની પ્રથમાવૃત્તિના નિવેદનમાંના ઉપલા પૈકી ઘણા ખરા પેરા આપ્યા પછી વિશેષમાં જણાવાયું હતું કેઃ–

"સસ્તા સાહિત્યની મનોમય કલ્પના સં૦ ૧૯૬૪ના વર્ષમાં "સસ્તા સાહિત્યની સૂચના"ના ચોપાનિયાનું રૂપ લઇ ફેલાઇ, તેમાં સસ્તાં ફેલાવવા યોગ્ય પુસ્તકોની ટીપમાં મહાભારતનું નામ આવેલું ઘણાકોને યાદજ હશે."

"સં. ૧૯૬૬ના અરસામાં શાસ્ત્રી કરુણાશંકરજીનો મેળાપ થતાં તેમણે મહાભારતવિષે પોતાના મનમાં વર્ષોથી ગુંચવાયા કરતા વિચારો દર્શાવ્યા. તેમનો મહાભારત ઉપરનો સદ્ભાવ, તેના ઉત્તમ ભાષાંતરવિષેની ભાવના અને તેવું ભાષાંતર કરી શકવાની યોગ્યતા તથા તત્પરતા જોઈ આનંદ થયો. થોડુંક ભાષાંતર તેમણે કર્યું પણ હતું; પરંતુ પ્રસિદ્ધ કરવાની મુશ્કેલીઓના ખ્યાલથી પાછળથી તે બંધ રાખ્યું હતું."

"સસ્તા સાહિત્યનું કાર્ય અને સાધનો એ સમયે સ્વલ્પ અને અનિર્ણિત હોવાથી, એક સાચા દિલના બ્રાહ્મણ આગળ રજુ કરવા જેવી જે નિર્ણિત વાત એ વખતે જણાઇ તે રજુ કરાઇ કે, 'તમારે કરવાનું હોય તે તમે તો કરીજ નાખો, બાકીનું કુદરત (પ્રભુની પ્રભુતા) પોતે કરી લેશે.'

"એ પછી સં૦ ૧૯૬૯ માં ઉપરોક્ત શાંતિપર્વ છાપવા અપાયું. એમાં અનેકવિધ ઉમદા ઉપદેશો સમાયલા હોવાથી તેમજ અમદાવાદમાં નીકળેલા મહાભારતમાંના અન્ય ભાગોની અપેક્ષાએ ઉત્તમ અને તૈયાર ઉપયોગમાં આવે તેમ હોવાથી એ સમયે માત્ર એજ પર્વ પ્રસિદ્ધ કરવાનો વિચાર થયેલો હતો."

"પરંતુ એ 'શાંતિપર્વ' પૂરૂં છપાઇ રહે તે પૂર્વેજ આખા મહાભારતનો વિચાર પણ નક્કી થયો અને જાહેરાત અપાઈ. એ જાહેરાતમાં મહાભારતના કુલ ભાગ ચાર, કુલ પૃષ્ઠ પોણાચાર હજાર અને મૂલ્ય રૂા. ૧૨) તથા શાંતિપર્વની સાથે રૂા. ૧) અનામત ભરનારને માટે રૂા. ૧૦) જણાવાયું હતું. મહાભારતના એક પંકાયેલા બંગાળી ભાષાંતર ઉપરથી ગુજરાતી ભાષાંતર સારા રૂપમાં થઇ શકશે એવી માહિતી મળવા ઉપરથી ધારેલું કે ભાષાંતર થોડા ખર્ચે થઇ શકી ત્રણ–ચાર વર્ષમાં સર્વ ભાગો છપાઇ જશે."

"શાસ્ત્રી કરુણાશંકરજીનો મેળાપ થયા પછી ચાર પાંચ વર્ષે શાંતિપર્વ તથા ઉપલી યોજના બહાર પડી; અને તેથી તે દરમિયાન શાસ્ત્રીજી સાથેનો પ્રસંગ તો ભૂલાઈજ ગયો હતો." એ પછી નડિયાદમાં અનાથાશ્રમના મેળાવડાપ્રસંગે શાસ્ત્રીજીનો ફરીથી મેળાપ થતાં તે યાદદાસ્ત તાજી થઇ. એ પછી તેમની પાસેનું ભાષાંતર જોવા મંગાવ્યું અને ભાષાંતરોના બીજા પણ નમુના તથા આધારો ભેગા કર્યા. પરિણામે શાસ્ત્રીજીનુંજ ભાષાંતર ઉત્તમ જણાતાં બની શકે તેટલા ભાગો તૈયાર કરી આપવાનું તેમને સોંપાયું."

"એ દરમિયાન એમ પણ સમજાયું કે, મહાભારતનું કદ પોણાચારને બદલે પોણાપાંચ હજાર પૃષ્ઠનું થશે. જેથી આગલી યોજનામાં સુધારો કરીને તેના ભાગ છ, પૂંઠાં પાકાં, અને મૂલ્ય ૧૬) તથા ૧૨) કરવા વિષેની જાહેરાત વિવિધ ગ્રંથમાળામાં અપાઇ. એમાં શાસ્ત્રીજીને ભાષાંતરનું કાર્ય સોંપાયાની ખબરસાથે એમ પણ જણાવાયું હતું કે, 'આ ભાષાંતર અન્ય હરકોઇ ગુજરાતી ભાષાંતરને ટક્કર મારે તેવું થવાનું પ્રથમથીજ કહેવા કરતાં માત્ર એટલુંજ જણાવીશું કે, અન્ય ભાષાંતર કરતાં ઉતરતું તો તે નહિજ થાય.'"

"ઉપલા શબ્દો લખાયા પછી આજ ત્રણ ચાર વર્ષે એ ભાષાંતર બહાર પડે છે. સદ્ગત શાસ્ત્રીજીના પરિશ્રમની તુલના કરવાનું અને ઉપલામાંની કોઇ ભાવના સફળ થઇ છે કે કેમ, તે દર્શાવવાનું કામ પક્ષપાતરહિત વિદ્વાનોનું છે."

"મહાભારતના યુદ્ધનો અને ગ્રંથરચનાનો સમય, ભિન્ન ભિન્ન શ્લોકસંખ્યાવાળી તેની આવૃત્તિઓ

વગેરે બાબતોના સંબંધમાં શાસ્ત્રી કરુણાશંકરજીએ એક ઉપોદ્ઘાત લખ્યો હતો; પરંતુ દિવસાનુદિવસ પ્રાચીન બાબતોનો જે ઉંડો અભ્યાસ અને શોધખોળ ખાસ અભ્યાસીઓ તરફથી થતાં ચાલે છે; તેમજ થોડા વખતપર પૂનામાં મળેલી પરિષદ્‌માં મહાભારતની સચિત્ર અને સંશોધિત આવૃત્તિ કાઢવા થયલી યોજનાને પરિણામે આ વિષય ઉપર જે વધુ અજવાળું પડવાનો સંભવ છે; તેથી કરીને એ વિષય યોજવાનું મહાભારતનો છેલ્લો ભાગ નીકળે ત્યાંસુધી મુલતવી રાખવાનું ઉચિત સમજવામાં આવ્યું છે.* દરમિયાન એ વિષયના શોખીન ગુજરાતી પાઠકવર્ગને માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી બહાર પડેલું "મહાભારતની સમાલોચના"વાળું પુસ્તક ઠીક ઉપયોગી થાય તેમ છે."

"આ પહેલો ભાગ પૂરો થતા સુધીનું દરેક છેલ્લી વારનું પ્રૂફ શાસ્ત્રી કરુણાશંકરજીએ પોતેજ જોયેલું હોઇ આ સાથે જોડેલું શુદ્ધિપત્ર પણ તેમણે પોતેજ તૈયાર કરેલું છે."

"લડાઈની શરૂઆતમાં કાગળોના ભાવ સવાયા–દોઢા થયા ને વધુ મોંઘારત થાય તેમ લાગ્યું; જેથી રામાયણને તેમજ મહાભારતના બે ભાગને પહોંચી રહે તેટલા કાગળો લઇ રાખવામાં આવ્યા. પરંતુ લડાઇનાં કારણોથી દિવસે દિવસે છપાવવાની અગવડ વધવાથી આ પહેલો ભાગ છપાવામાંજ ઘણો સમય લાગ્યો અને રામાયણ પણ અધવચજ અટકેલું હતું. બીજી તરફ વિવિધ ગ્રંથમાળામાટે કાગળો ત્રણચારગણી કિંમતે લેવા પડી તેનું લવાજમ વધારવું પડે તેમ હતું; એટલે પછી ઉપલા કાગળોમાંના જે કાંઇ શિલક હતા તે સર્વનો ઉપયોગ તેનો બદલો કરીને એ માળામાંજ કરાયો."

"આ પ્રથમ ભાગ જો કે બેએક વર્ષ અગાઉ છપાઈ ચૂકેલો હોઇને માત્ર આસપાસનુંજ થોડુંક છપાવવાનું બાકી હતુ; પરતુ મોંઘારત વગેરેનો ઉકલ આવે અને મહાભારતની યોજના ઘટતા ફેરફાર સાથે એ ભાગમાજ રજુ થઈ આગળ વધે તેમ કરવાની ધારણાથી એ ભાગ અત્યારસુધી રાખી મૂકાયો હતો."

"હવે લડાઈ મટી અને કાગળોના ભાવ ઘટયા છે; તોપણ હજી તે ત્રણગણા તો કાયમજ છે. વળી છપાઇબંધાઇના ખર્ચો તો લડાઇ મટયા પછી ઉલટા ઘણાજ વધ્યા છે. આ સર્વનો ઉપાય જો થોડીઘણી કિંમત વધારી લેવાથીજ થઇ શકતો હોત તો જૂદી વાત હતી; પરંતુ. છપાવવામાં મોંઘારત સાથે ભીડ, અનિયમિતતા ઇ૦ અગવડો પણ એવી વધી છે કે, અધુરી રામાયણ હજી પૂરી થઇ શકતી નથી. વિવિધ ગ્રંથમાળાનું સામાન્ય અને નિયમિત કાર્ય એક વર્ષ પાછળ પડી ગયું છે; અને 'ચરિત્રમાળા' જેવી ઉપકારક માળા બંધ પડી છે તે ચાલુ કરી શકાતી નથી. આવા સંયોગોમાં પાંચ હજાર પૃષ્ઠના મહાભારતની યોજનાને તો કેમજ આગળ વધારી શકાય ? વળી કરુણાશંકરજીનો કૈલાસવાસ થવાથી મહાભારતના ભાષાંતરનું કામ પણ હજી અર્ધોઅરધ બાકી છે અને તેમના જેવા કોઇ સુયોગ્ય, ઉત્સાહી વિદ્વાન મળી આવશે; ત્યારેજ તે આગળ વધી શકશે."

"આ અને બીજાં કારણોનો ઉપાય સંસ્થાનું સુયોગ્ય યંત્ર ગોઠવાઇ સારા પાયા ઉપર સ્વતંત્ર પ્રેસ નીકળવામાંજ રહેલો હોવાથી હાલ બેએક વર્ષ સુધી તો કિંમત વધારી લઇને પણ મહાભારતની યોજના આગળ વધી શકે તેમ લાગતું નથી. તેથી આ ભાગને હવે વધુ ન રોકી રાખતાં મહાભારતની કશી યોજનાસિવાયજ બહાર પાડી દેવાનું અને અગાઉ મહાભારતપેટે અનામત દાખલ લેવાયલો એકેક રૂપિયો પાછો આપી દેવાનું યોગ્ય ધારવામાં આવ્યું છે. ઉપલી સુગમતા થઇને મહાભારતની યોજના યોગ્ય ફેરફારપૂર્વક આગળ વધતા 'શાતિપર્વ' તથા 'આદિ અને સભાપર્વ' ખરીદી ચૂકલાઓને તે ગ્રંથો ફરી વાર લેવાની ફરજ ન પડે એવીજ ગોઠવણ રખાશે." સર્વાત્માના સ્મરણપૂર્વક ૐ **तत्सत्**

મહાભારતના હાલ એકસાથે નીકળેલા સાતે ભાગના પેટામાં જે 'શાન્તિપર્વ' નવા ભાષાન્તર સાથે પ્રસિદ્ધ થાય છે; તેને બીજી આવૃત્તિ અહીં એટલા માટે કહી છે કે અત્ર તરફથી જુના ભાષાંતર સાથે શાંતિપર્વ એકવાર નીકળેલું, તેને પણ ગણનામાં લેવું જોઇયે.

શાંતિપર્વની એ હાલની આવૃત્તિના નિવેદનમાં મહાભારતના ભાષાન્તર ઇત્યાદિવિષે જે જણાવેલું છે તેમાંની પણ જરૂરી હકીકત અહીં ઉતારીશું.

"મહામહિમાવંતા મહાભારતના એક અગત્યના ખંડરૂપ આ 'શાંતિપર્વ' હોઇને તેમાં રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મના પેટામાં ચારે વર્ણ અને ચારે આશ્રમના સામાન્ય

* એ ઉપોદ્ઘાત આ આવૃત્તિમાં પૃષ્ઠ ૧૨૦થી ૧૫૫ સુધી "સદ્‌ગત શાસ્ત્રી કરુણાશંકરજીની ભૂમિકા" એવા મથાળા નીચે છપાઇ મૂકેલ છે.

ધર્મ, વિશેષ ધર્મ, મુખ્ય ધર્મ, ગૌણ ધર્મ ઈત્યાદિ અનેક સ્થળે, અનેક રીતે અને વિસ્તારપૂર્વક સમજાવેલું છે. મહાભારતના સમયની તેમજ પ્રાચીન સમયની અનેકાનેક હકીકતો, ચર્ચાઓ, કથાઓ, અનુભવો, સંવાદો અને વર્ણનો વગેરે એમાં એવી સુંદર અને અસરકારક રીતે અપાયાં છે કે જેથી કરીને ધર્મજિજ્ઞાસુઓમાટે તો આ એકલા શાંતિપર્વને પણ ધર્મરૂપી અમૃતનો સાગર કહી શકાય. આવા ધર્મસિંધુમાં જે કોઇ જ્ઞાનચારિત્ર્યની ઇચ્છાપૂર્વક ડૂબકી મારી જાણે, તેને તો તેના તળીઆમા એવાં એવાં દિવ્ય અને મનોહર રત્નો જણાઇ આવે, કે જેને આન્તર-બાહ્ય પ્રદેશમાં–અર્થાત્ આચારવિચારમાં–ધારણ કરવાથી પછી આ અસાર સંસારસમુદ્રમાં ડૂબી નહિ જવાતાં સુખપૂર્વક તર્યા કરાય; ભ્રાન્તિરૂપી ભૂતપિશાચ વિષયરૂપી વિષ પાયા કરી ખારા જળ પેરે તેની તૃષ્ણા વધાર્યે જતાં હોય છે; તેને બદલે સત્યસુખદાયક અને જ્ઞાનચારિત્ર્યવર્ધક ધર્માનૃતનાજ ઘુંટડા પીવાતા ચાલે; અને તેના પરિણામે સાધનચતુષ્ટયરૂપી દિવ્ય સંપત્તિસંપન્ન કોઇ દેવસમો દયાળુ નાવિક પણ જરૂર શોધાય અને જડી જાય; કે જેની સહાયથી આ અસાર સંસારરૂપી મહાસાગરને કિનારે ઝટ પહોચી જવાઇ જીવતાં જીવતજ તે સચ્ચિદાનંદ પરમાત્માને પમાય, અને 'હરિ કરતાં હરિજન વધે' એવા જીવનમુક્ત પણ બની શકાય."

"ધર્મજિજ્ઞાસુઓ માટે 'શાતિપર્વ' આવું ઉપકારક હોવાથી પ્રથમ તો માત્ર એ એકજ પર્વ પ્રસિદ્ધ કરવા વિચાર ઉપજ્યો હતો. આથી અમદાવાદમાં અગાઉ સદ્ગત શ્રીમાન ભાઇશંકર સોલીસીટરની સહાયથી મહાભારતના પેટામાં શાતિપર્વની જે ત્રણ આવૃત્તિઓ નીકળેલી; અને જેનું ભાષાતર સાક્ષરવર્ય શ્રી છોટાલાલ નિર્ભયરામના હાથથી તૈયાર થયેલું હોઇ તત્રપ્રકાશિત મહાભારતના અન્ય પર્વો કરતાં ચઢીઆતું જણાયેલું, તેને માટે ઘટતી પરવાનગી લેવામાં આવી હતી; તથા પુષ્કળ સંશોધનાદિ કરાવીને અત્ર તરફથી તેની ચોથી આવૃત્તિ (સં. ૧૯૭૦ માં) પ્રસિદ્ધ કરાઇ હતી."

"પરંતુ એ પછી શાતિપર્વની એ આવૃત્તિ ખલાસ થાય તે પહેલાંજ મહાભારતનું નવું અને વધારે સારૂ ભાષાતર તૈયાર કરાવવાનો સુયોગ મળી આવ્યો, અને તેને અંગે શાતિપર્વનું ભાષાંતર પણ વધારે સારૂં તૈયાર થવાની આશા બંધાઇ; અને તેથી એ આવૃત્તિ ખૂટયા પછી પણ તેનું નવુંજ ભાષાંતર છપાવવાની વલણ રહ્યા કરી."

"આવી રીતે આ બાબતમા પ્રથમ તો જનવર્ગના કિસ્મતે કંઇક જોર કરેલું જણાયું; પરંતુ પાછળથી એમાં પણ તત્કાળ માટે તો '**दरिद्राणां मनोरथाः**' અથવા 'અકર્મીના પડિયા કાણા' જેવુંજ જણાયું. પેલો દેવ જેવો બ્રાહ્મણપુત્ર (શાસ્ત્રીજી કરુણાશંકર ભાનુશંકર) કે જે 'મહેનતમા કાઇ કસર ન કરે, (અને તે છતાં પણ) બદલાની આશા નવ ધરે' એવો દૈવી પ્રકૃતિવાળો હોઇને પૂર્ણ ઉત્સાહથી ભાષાતરકાર્ય ચલવ્યે જતો હતો; તે અર્ધુ પણ તૈયાર કરવા પામે તે પહેલાંજ નશ્વર દેહ તજી કૈલાસવાસી થયો ! × પરમાત્મા તેના પુણ્યાત્માને અધિકાધિક

× "આ પ્રમાણે એ શાસ્ત્રીજી સદ્ગત થયા અને શાતિપર્વની માગણી તો જારીજ હતી, એટલે પાછું તેનું તેજ ભાષાતર પુનઃ પ્રસિદ્ધ કરવાના વિચારો આવેલા; પરંતુ એવામાં ઈશ્વરકૃપાથી આબેહુબ એજ ભાષાંતર (પાંચમી આવૃત્તિરૂપે) એક પ્રકાશકદ્વારા પ્રસિદ્ધ થયેલું જણાયુ હતું."

"જો કે એ આવૃત્તિ તેમણે નાના અક્ષરમાં અને રૂા. સાડાઅગીઆરની કિંમતે કાઢી હતી; અને જે ભાષાંતર ઉપર જણાવ્યું તેમ આ સંસ્થાએ સદ્ગત ભાઈશંકર મહોદયની લેખિત પરવાનગી લઇને તથા ખર્ચપૂર્વક સંશોધન કરાવીને (ચોથી આવૃત્તિરૂપે) છપાવેલું, તેજ ભાષાંતર આ સંસ્થાને પૂછયાવિના અક્ષરશઃ છપાવી દીધું હતું; તથા અત્ર તરફની એ (ચોથી) આવૃત્તિના મુખપૃષ્ઠમાં સંશોધકતરીકે શાસ્ત્રી નરહરિ શર્માનું નામ અપાયેલું તે, તેમજ નિવેદનમા જરૂરી હકીકત અપાયલી, તેમાંનું પણ કશુંજ નહિ લેતાં તેમણે ઉલટું એવાજ ભાવનું છાપી મારેલું કે, એ પુસ્તકના સર્વ હક્ક તેમને સ્વાધીન છે ! માની લઇએ કે, સ્વ૰ ભાઈશંકર મહોદયે આ સંસ્થા ઉપરાંત તેમને પણ પરવાનગી આપી હોય; પરંતુ તેઓ સ્વપ્રકાશિત ત્રીજી આવૃત્તિને બદલે આ સંસ્થાએ ખાસ ખર્ચ અને સંશોધનાદિપૂર્વક જે ચોથી આવૃત્તિ છપાવેલી તે મુજબ છાપવાની પરવાનગી આ સંસ્થાની જાણ બહાર આપી દે એવા ભોળા તો હતાજ નહિ."

"આવી વિલક્ષણ નીતિપૂર્વક એ આવૃત્તિ એ બંધુએ પ્રસિદ્ધ કર્યા પછી વળી એકવાર કોણ જાણે કેવી સમજણથી એક પત્ર પણ એવા ભાવનો મોકલેલો કે, એ પુસ્તક આ સંસ્થાએ છપાવવું નહિ !"

"આસ્તુ. એવું તેવું થવા છતાં પણ આ સેવકને ન તો મેળવેલી પરવાનગી [illegible]

ઉન્નતિ અર્પી સચ્ચિદાનંદપદે સ્થાપે, એવી પ્રભુપ્રાર્થના સાથે પ્રત્યેક વાંચનારને વિનતિ છે કે તેઓ પણ તેમના એક સુયોગ્ય હિતકારીતરીકે એ દેવ બ્રાહ્મણ માટેની આ પ્રભુપ્રાર્થના (આ વાંચતી વખતે બે મિનિટ રોકાઇને) તેઓ ઉંડા હૃદયપૂર્વક અવશ્ય કરે. જણાવવા જરૂર નથી કે આ પ્રકારની પ્રાર્થનાઓમાં પ્રાર્થના કરનારનું પોતાનું પણ હિત સમાયલું છે.''

"આમ થવાથી પછી સામાન્ય દષ્ટિથી તો આ સેવકે અન્ય સારા અનુવાદકની શોધ કરવીજ જોઇતી હતી; પરંતુ એ દષ્ટિથી શોધવા–સાધવા જેવા અન્ય પણ પ્રસંગોએ એવું તેવું બની શકેલું નહિ, તેમ આ પ્રસંગે પણ નજ બની શક્યું. એક તો અન્ય સદ્ગ્રંથોના અને પુનરાવૃત્તિઓના તૈયાર સંયોગોને સેવવા આડે વખત મળે નહિ; અને બીજી તરફ શ્રદ્ધામૈયા પણ એવુંજ કહ્યા કરે કે:–'ગાંડા, પાછો પેલી વાત અને પ્રભુની કબુલાત ભૂલી ગયો ? ડાહ્યો થઇને મહત્ત્વના સંયોગમાટે તો નિર્ણય અને પ્રયત્ન, બધું તે સર્વપ્રેરક સર્વેશ્વરનેજ સોંપતો રહે; અને તું તો તેના તરફથી જે કાંઇ સાધન–સંયોગ આપોઆપ પ્રેરાઇ આવે તેનેજ રૂડે પ્રકારે પહોંચી વળાય તેમ કર; એટલે એવા થોડા કાર્યને પણ તે ભક્તવત્સલ ભગવાન હજારોગણું માની લેશે.' આથી આ સેવકથી પણ, મહાભારત જેવા મહાન ગ્રંથના અનુવાદનમાટે કોઇ કોઈ સજ્જનો આપોઆપ આવી મળે, તેમને–તેમનું નમુના દાખલ કાર્ય કાંઇપણ ઉતરતા જેવું જણાતાં–નાજ કહી દેવાતી. જેવું પણ મળી આવે તેવું ચલાવી લેવું હોત, તો તો સદ્ગત ભાઇશંકર નાનાભાઇ બધા ભાષાંતરની રજા આપવાને તૈયાર હતા; અને વર્તમાન પેટાયુગ માટે એ ભાષાંતર છેક સામાન્ય હોવા છતાં પણ તે કિંમતમાં તો ગુજરાતી પ્રેસની તે સમયની કિંમત (રૂા. ૨૫–૩૦) કરતાં અર્ધીજ કિંમતે અપાય તેમ હતું, એટલે તે પણ ખપી તો જાતજ; × પરંતુ સસ્તાની સાથે સારૂં હોવાની સમજણ પણ પાયામાંજ પડી ચૂકેલી, એટલે સારા અનુવાદક મળી આવતાં સુધી બીજાં પર્વો ભેગું શાંતિપર્વનું ભાષાંતર પણ અનેક વર્ષસુધી અદ્ધરજ રહ્યું. એ પછી ઇશ્વરકૃપાથી આજથી ત્રણેક વર્ષપર જ્યારે બીજો એક સંસ્કૃતજ્ઞ બ્રાહ્મણપુત્ર (શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર) લગભગ કૈલાસવાસી શાસ્ત્રીજીના જેવીજ યોગ્યતા અને કાળજીવાળો આવી મળ્યો; ત્યારેજ એ મહાભારતના બાકી રહેલા કાર્યભેગું શાંતિપર્વનું પણ ભાષાંતર આવા રૂપે તૈયાર થવા પામ્યું અને આજે આ ગ્રંથરૂપે બહાર પડયું."

"હવે મહાભારતના સાત ગ્રંથો સાથે આ શાન્તિપર્વની પ્રતો છપાવા ઉપરાંત વધારે પ્રતો પણ છપાઇ છે; એટલે એકલો એ ભાગ લેનારાની જાણ માટે જણાવવાનું કે:–"

"મહાભારતના એકંદર કદના શુમારે પાંચમા ભાગ જેટલું આ પુસ્તક હોવા છતાં તેનું મૂલ્ય રૂા. ૩૬)ને ફાળે સાત રૂપિયા નહિ રખાતાં, માત્ર પાંચજ રૂપિયા શાથી રખાયું ? હકીકત એવી છે કે,–ભાષાંતર, નવાં ચિત્ર, કંપોઝ, શોધન વગેરેનો ખાસ ખર્ચ મહાભારતના આખા સૅટ ઉપર ચઢી ચૂકેલો હોવાથી, છુટક માગણીના સંભવપર શાન્તિપર્વની જે વધુ પ્રતો છપાઈ તેના ઉપર ચઢયો નથી."

સર્વ સંપત્તિઓના સાગર અને અતિ ઉદાર દાતા એવા પરમાત્મદેવના સ્મરણપૂર્વક ૐ **તત્સત્**


અમદાવાદ
સંવત ૧૯૮૩–જ્યેષ્ઠ માસ } લી૦ અવગુણસાગર **ભિક્ષુ–અખંડાનંદ**ના યથાયોગ્ય

વગરફીએ વકીલ બૅરિસ્ટર મળે તેવું છતાં કોર્ટે ચઢી નાદ ઉતારવાની બુદ્ધિ જાગી. એટલુંજ નહિ પણ ઉંડા વિચાર પછી પ્રભુએ સાદેસાદી એવીજ બુદ્ધિપ્રસાદી આપી કે, 'જે ધર્મગ્રંથ ખલાસ થઈ જવાથી મળી શકતો નહિ, તે ગ્રંથ એ પ્રકાશકે કોઈ પણ રીતે ને કિંમતે કાઢયો તે ઠીકજ કર્યું છે. કેમકે જેઓને તેની તત્કાળમાં જરૂર હોય અને એટલા ખર્ચની સગવડ હોય, તેઓ માટે તો એટલી કિંમતવાળી એ આવૃત્તિ પણ ઉપકારકજ ગણાય. વળી અમદાવાદવાળા ભાષાંતર સાથે એ પ્રકાશકને હાથે શાંતિપર્વનું એ સંશોધિત ભાષાંતર અપાશે તે પણ તેટલે અંશે વધારેજ લોકહિતાવહ થશે.' આવી બુદ્ધિ ઉપજવાથી થયું એમ કે, જે કારણથી એ ગ્રંથ એના એ રૂપમાં છપાવવાની ઉતાવળ પેઠેલી તે પણ અમુક સમય માટે દૂર થઈ; અને નવા સારા ભાષાંતરમાટે વધારે મોડું થાય તેની પણ ફિકર ગઇ !"

× "કેમકે એ સમયે સસ્તાપણા વગેરેને લીધે અત્ર તરફથી એ ગ્રંથ રૂ. ૧૬ માં અને પ્રથમથી ગ્રાહક થનાર માટે ૧૨ાા માં કહાડવાની યોજના હતી."

स्वधर्मनिष्ठ सद्गत शास्त्रीजी करुणाशंकर भानुशंकर.

મહાભારતના મહાપ્રેમી, પરમ પ્રવીણ અને ભીષ્મપર્વ સુધીના વિદ્વાન અનુવાદક.



જન્મ, સં. ૧૯૨૯ના અષાઢ કૃષ્ણ ૧૧.   દેહાવસાન, સં. ૧૯૭૪ની વિજયાદશમી.

सद्गत शास्त्री करुणाशंकर भानुशंकर

સસ્તા સાહિત્યની સંસ્થાને લેખન, અનુવાદન, છપાઈ, બંધાઇ તેમજ કાર્યાલયની અંદરની વિવિધ કામગીરીને યોગે અનેક વ્યક્તિઓ સાથે પ્રસંગ પડે છે; પરંતુ તેમાં કાર્યની યોગ્યતા ઉપરાંત નિર્વ્યસની, સદ્ગુણી અને કાંઇક પણ સેવાવૃત્તિવાળા માણસો સાથેજ આ સંસ્થાને મેળ આવી–ટકી શકે છે; અને ખાસ શોધ કરવાનું નહિ બની શકવા છતાં પણ ઋષિમુનિઓની પદરજના પ્રતાપે તથા જનસમાજના સદ્ભાગ્યયોગે મોડે વહેલે "જૈસેકુ તૈસા" યાને ભાવના મુજબની કોઇ ને કોઇ વ્યક્તિઓ મળી પણ આવે છેજ.

મહાભારત અને રામાયણના કામમાટે પણ એવોજ સુયોગ મળી આવ્યો હતો. એ અસામાન્ય ગ્રંથોનાં ભાષાંતરમાટે જે સારી આવડતસાથે ઉદાર અને સાધુચરિત વિદ્વાનોની જરૂર હતી; તે શાસ્ત્રી કરુણાશંકરજી અને પુરાણભૂષણ નરહરિ શર્મા મળી આવતાં પૂરી પડી હતી. એ બન્ને ગૃહસ્થાશ્રમી અને શ્રમોપજીવી છતાં આ સંસ્થા સાથેના કાર્યમાં કદી પણ અર્થલોભ તેમણે દાખવ્યો નથી. કાર્યના પરિણામે જે કાંઈ સામાન્ય પુરસ્કાર અપાયેલો તેના કરતાં અર્ધોપર્ધોજ પુરસ્કાર આપવાનો યોગ કાર્ય સોંપાવા સમયે હતો, તે પ્રથમથીજ વિદિત કરાયલો; ત્યારે એ દરેક સાધુવૃત્તિવાળાએ એમજ કહેલું કે, અમારો પ્રધાન હેતુ પૈસાનો નહિ પણ જનસેવાનોજ છે.

સંવત ૧૯૬૩ ના અરસામાં શાસ્ત્રી કરુણાશંકરજીને એક સ્વામીસાથે વાતચીત કરતા જોયેલા, ત્યારથીજ તેમની સાદાઇ, સરળતા અને આવા કામમાટેની યોગ્યતાવિષે આ લખનારને સદ્ભાવ બંધાયો હતો અને પ્રસ્તુત કાર્યના યોગે પરિચય વધતાં એ સદ્ભાવ વધતોજ ગયો હતો. વિદ્યાની સાથે વિનય, સુશીલતા અને પરોપકારવૃત્તિનો સુયોગ તેમનામાં થયેલો હતો. ખુશામતિયાઓ પાસેથી પૈસાના બળે ખરીદાયલાં પુણ્યનાં પોકળ પોટલાંવડે વૈતરણી પાર કરી હડહડતાં પાપપ્રપંચોની સજામાંથી પ્રભુને છેતરી છટકી જવાની અને પળેપળની તથા રતીએ રતી પાપપુણ્યની નોંધ રાખનાર ધર્મરાજાને પણ થોડી લાંચ આપી દઇ સ્વર્ગનાં સુખ મેળવવા જવાની, તથા દુરાશામાં ડૂબકાં ખાઇ રહેલા એવા બિચારા અક્કલના ઓથમીર ધનવાનોના ઘરની દહાડામાં દશવાર યાત્રા કરવાની લોલુપતા, એ સાચા બ્રાહ્મણમાં ન હતી.

આ ભાષાંતરનું કાર્ય તેમણે પોતાથી બની શકતી દરેક કાળજી, ધીરજ અને શ્રમપૂર્વક બજાવ્યું છે. પોતાનું ભાષાંતર ઉત્તમ હોવાની ખાત્રી કરવામાટે દરેક અધ્યાયના ભાષાંતરને તેઓ અન્ય ગુજરાતી તેમજ બીજી ભાષાનાં ભાષાંતરો સાથે સરખાવી જોઇ આત્મસંતોષ ન થાય ત્યાંસુધી જંપતા નહિ. તેમના કાર્યને કોઇ ખોટી રીતે ઉતારી પાડવા માગે તો તે સમયે તેનો જડબાતોડ ઉત્તર આપવા માટે કામ લાગવા સારૂ, અન્ય ભાષાંતરોમાં જે મુદ્દામ ભૂલો અને ગોટાળા તેમને જણાઈ આવતા તેની પણ નોંધ કરી લેવાનું તેઓ ચૂકતા નહિ. શાસ્ત્રી કરુણાશંકરજીના દેહાવસાન પછી તેઓના જીવનચરિત્રનું ચોપાનિયું સં. ૧૯૭૫ માં શાસ્ત્રી મોતીરામ કલ્યાણજીના હાથે બહાર પડેલું; તેમાંથી સારાંશરૂપ કેટલાક ઉતારા થોડાક સંશોધન સાથે નીચે આપી આ વિષય સમાપ્ત કરીશું.

"સદ્ગત વે. શા. સં. શાસ્ત્રી કરુણાશંકરજીનો જન્મ વલસાડ ગામમાં સંવત ૧૯૨૯ ના અષાડ કૃષ્ણ ૧૧ અને બુધવારે થયો હતો. તેઓ શુક્લ યજુર્વેદની માધ્યંદિનીય શાખાના ચાતુર્વેદીય મોઢ બ્રાહ્મણ હતા. તેમના પૂર્વજો પણ સંસ્કૃત વિદ્યામાં સારા નિપુણ હતા. એમના પિતામહ નિર્ભયરામ શાસ્ત્રી વ્યાકરણ, ધર્મશાસ્ત્ર, પુરાણ અને મંત્રશાસ્ત્રના અપૂર્વ વિદ્વાન હતા; તેમજ ભક્તિમય જીવન ગાળનારા હતા. એમને શ્રીમદ્ભાગવત ઉપર અત્યંત પ્રેમ હતો, જેને લઇને એમણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા પહેલાં મંગલાચરણતરીકે ઇશ્વરાર્પણ બુદ્ધિથી કોઇની પાસેથી કંઇપણ યાચના કર્યાવગર શ્રીમદ્ભાગવતનાં અષ્ટોત્તરશત પારાયણો કર્યાં હતાં. નરભેરામ શાસ્ત્રીના પુત્ર અને કે. શાસ્ત્રીજીના પિતા ભાનુશંકર શાસ્ત્રી પણ "**आकरे पद्मरागाणां जन्म काचमणेः कुतः**–માણેકની ખાણમાંથી કાચ નીકળે નહિ," એ ન્યાયે સારા વિદ્વાન અને ઇશ્વરપરાયણ હતા. આવા સત્કર્મનિષ્ઠ અને વિદ્વાન પિતાની દેખરેખ નીચે કે. શાસ્ત્રી કરુણાશંકરજીનું બાલ્યજીવન સારી

રીતે પસાર થયું. એક વિદ્વાન કહે છે કે, '**નીતિ અને આચારની ખરેખરી પાઠશાળા તો પોતાનું ઘરજ છે.**' જેઓને ઘરની પાઠશાળામાં માતા અને પિતારૂપ શિક્ષકોદ્વારા નીતિ અને આચારનું શિક્ષણ નથી મળતું, તેઓને **બહારની કૉલેજો અથવા પાઠશાળાઓ વર્ષોસુધી ભણાવવા છતાં પણ નીતિમાન અને ચારિત્રશીલ બનાવી શકતી નથી.**"

"કે. શાસ્ત્રીજીએ ૧૧ વર્ષની ટુંક વયમાં ગુજરાતી ચોથા ધોરણની પરીક્ષા પસાર કરી ૧૨ વર્ષથી સંસ્કૃત શિક્ષણની શરૂઆત કરી. એ સમયમાં કે. શાસ્ત્રીજીના પિતા ભાનુશંકર શાસ્ત્રી થાણામાં જીવનનિર્વાહમાટે રહેતા હતા, જેને લઇને કે. શાસ્ત્રીજી થાણાથી દરરોજ મુંબઇ આવતા અને વે. શા. સં. શંભુનાથ શાસ્ત્રી પાસે અધ્યયન કરતા. પાછળથી મુંબઇમાં ગુલાલવાડીમાંજ એક ઘરમાં બીજા વિદ્યાર્થીઓની સાથે રહેવાનું રાખીને સારી રીતે અભ્યાસ કરવા માંડયો. લગભગ એક વરસ જેટલો સમય મુંબઇમાં રહીને ૧૩ વર્ષની ઉંમરે તેઓ વડોદરા ગયા. એ સમયે વડોદરારાજ્ય ઘણા સારા વિદ્વાનોનું આશ્રયસ્થાન હતું. સંસ્કૃત વિશ્વવિદ્યાલયતરીકે વડોદરાનરેશની પાઠશાળા ગણાતી હતી. હિંદુસ્તાનમાંથી સારા સારા વિદ્વાનો પ્રતિવર્ષ વડોદરા રાજ્યધાનીમાં પરીક્ષા આપવા માટે આવતા અને બીજા શબ્દોમાં કહીએ તો વડોદરાના પંડિતોની પણ પરીક્ષા લઇ જતા, તેમજ વડોદરાના વિદ્યાર્થીઓનાં અંતઃકરણમાં મહત્ત્વાકાંક્ષાનું બીજારોપણ કરી જતા હતા."

"કે. શાસ્ત્રી કરુણાશંકરજીએ વડોદરામાં વે. શા. સં. નર્મદાશંકર શાસ્ત્રી પાસે અધ્યયન શરૂ કર્યું. ત્યાં પોતાની શીઘ્રગ્રાહક શક્તિથી તથા ભણવામાં અત્યંત ખંતથી ત્યાંના છાત્રોમાં પ્રથમ પંક્તિએ રહીને ગુરુકૃપા સાથે થોડાંજ વર્ષમાં વ્યાકરણ અને સાહિત્યના જ્ઞાન સાથે જ્યોતિષ અને વૈદકનું પણ સારૂં ઉંચું જ્ઞાન મેળવ્યું. પંદર વર્ષની ઉંમરે એમણે નડીઆદમાં એમના પિતાશ્રીની દેખરેખ નીચે શ્રીધરી ટીકાસમેત ભાગવતની સપ્તાહ કરી. કે. શાસ્ત્રીજીએ આખી જીંદગીમાં સપ્તાહપ્રસંગે ચૂર્ણિકાનો સ્પર્શ પણ કર્યો ન હતો. કે. શાસ્ત્રીજીને સંગીત ઉપર નાની ઉંમરથીજ પ્રેમ હતો તેને લઇને અવકાશના સમયમાં હરિકીર્તન શીખવાનો વિચાર કર્યો અને વડોદરાના એક પ્રસિદ્ધ દક્ષિણી બુવાને ત્યાં શીખવાનો આરંભ કર્યો. કેટલોક વખત ગયા પછી એમને દાક્ષિણાત્ય શિક્ષણપદ્ધતિ મંદ ગતિવાળી જણાઇ. એમને જે સા–રી–ગ–મો તૈયાર કરવાને અપાતી તેને માટે દશથી તે બાર દિવસનું નિયમિત બંધન હતું. એક દિવસે કે. શાસ્ત્રીજીએ એ બુવાશ્રીને જણાવ્યું કે, 'આપની શિક્ષણપદ્ધતિ બીજા કેટલાક શીખનારા માટે ઠીક હશે, પણ ચંચળ વિદ્યાર્થીને તો તે કંટાળાભરી થઇ પડે છે. મારે માટે સમયનું બંધન કાઢી નાખો તો ઠીક થાય. હું બાર દિવસનો અભ્યાસ આપને ત્રણ દિવસમાં તૈયાર કરી આપીશ; અને એ ઉપરથી આપને ખાત્રી થાય કે બરોબર આવડયું છે, તોજ આગળ શીખવજો.' એમ છતાંપણ બુવાશ્રીએ તો સાફ એમજ જણાવી દીધું કે, 'બાર દિવસથી ઓછા દિવસમાં એક સા–રી–ગ–મ તૈયાર થઈ શકેજ નહિ.' આ કારણથી કીર્તન શીખવાનો વ્યવસાય શાસ્ત્રીજીએ ત્યાંથીજ પડતો મૂકયો; અને મરાઠી ભાષાનાં કીર્તનતરંગિણી વગેરે પુસ્તકો ખરીદીને ઘેરજ વાંચવા માંડયાં. અભ્યાસ કરવાની બુદ્ધિથી વખતોવખત મંદિરોમાં પણ હરિકીર્તનો સાંભળવાને જતા. તે વખતે હરિકીર્તન તથા વૈદ્યક, એ એ બાબતોદ્વારા જીવનતંત્ર ચલાવવાનો એમનો વિચાર હતો."

"કે. શાસ્ત્રીજીને દક્ષિણી કીર્તનોમાં એક બાબતની ઉણપ જણાઇ. દક્ષિણી કીર્તનોમાં ભક્તિને પ્રાધાન્ય આપેલું જોવામાં આવે છે; અને તે યોગ્ય છતાં પણ તેમાં સામાન્ય નીતિ કે જે ભક્તતરીકેના જીવનમાં તથા ગૃહસ્થાશ્રમી શ્રોતાઓના જીવનમાં આવશ્યક અને પ્રથમ ગ્રાહ્ય હોવી જોઈએ, તેનું મિશ્રણ ઓછું જણાયું. એ ઓછાપણું દૂર કરવાના હેતુથી ગુજરાતીમાં તેમણે સ્વતંત્ર રીતે લક્ષ્મણશક્તિ, પ્રલ્હાદ અને અભિમન્યુ, એમ ત્રણ આખ્યાનો રચીને તૈયાર કર્યાં. ખરેખર, "કવિ જન્મે છે, પંડિતો થાય છે!" એ કહેવત સાચીજ છે. એક પ્રસંગે એમના વિદ્યાગુરુ શાસ્ત્રીજી નર્મદાશંકરભાઇને એ આખ્યાનો બતાવ્યાં અને પોતાનો ઉદ્દેશ જણાવ્યો. ગુરુજીની આજ્ઞા થઈ કે, "એ આખ્યાનો સારાં અને કવિતા પ્રાસાદિક છે, પણ મારૂં કહ્યું માનીને પંડિતાઈથી ભ્રષ્ટ કરનાર આ છંદ છોડી દો તો સારૂં." એમણે તે કબૂલ કર્યું. એ સમયમાં એમને બીજાં શાસ્ત્રો કરતાં સાહિત્યશાસ્ત્ર તરફ વધારે પક્ષપાત હતો. સંસ્કૃત નાટકો જેટલાં તેમની જાણમાં આવ્યાં તે લગ-

ભગ બધાં અવલોકનબુદ્ધિથી તેમણે વાંચી લીધાં. એઓને ખાસ કરીને ભવભૂતિની કવિતા ઉપર વધારે પક્ષપાત હતો. જે અરસામાં સ્વ. મણિભાઇનું ઉત્તરરામચરિતનું ભાષાંતર બહાર પડયું, તેજ વખતે એમણે મહાવીરચરિતનું ભાષાંતર કરવાની શરૂઆત કરી અને ૭ માસમાં પૂર્ણ કરી નાખ્યું. ગુજરાતી નાટકોના દરેક અંગમાં એમને અનૌચિત્ય જણાતું. તેઓ કહેતા કે, નાટ્યશાસ્ત્ર તો દુનિયાની અનીતિને મટાડનારૂં મીઠું ઔષધ છે; પરંતુ ચિકિત્સકો સારા નથી. એ પછી વખત જતાં તેમનો સાહિત્ય તરફનો પ્રેમ ઓછો થયો અને તેની જગ્યાએ તત્ત્વજ્ઞાન સ્થાપન થયું. આગળ જતાં તેઓ જ્યારે જીવનતંત્ર માટે નડીઆદમાં સ્થાયી નિવાસ કરીને રહ્યા, ત્યારે સ્વ૦ મનઃસુખરામ સૂર્યરામના ખાસ આશ્રયથી રહેલા નિર્મળ પંડિત ગોવિંદસિંહ (ગંડાસાધુ) પાસે તેમણે ન્યાય અને વેદાંતનું વિશેષ અધ્યયન કર્યું; અને ત્યારથી તેમને વેદાંત અત્યંત પ્રિય થઇ પડયું. એઓ જ્યારે જ્યારે બહારગામ જતા, ત્યારે ત્યારે એમની પોટલીમાં બ્રહ્માક્ષસૂત્ર બાંધવાની ખાસ આજ્ઞા ઘરનાં માણસોને તેમણે આપી રાખી હતી."

"સંવત ૧૯૪૩ ના વર્ષથી એમના પિતાશ્રીનું રહેવું નડીઆદમાં થયું, ત્યારથી કે. શાસ્ત્રીજી કેટલોક સમય નડીઆદમાં રહેતા અને કેટલોક સમય વડોદરામાં રહેતા. ગૃહવ્યવહાર સાચવવાની એમની એટલી બધી યોગ્યતા જણાઈ હતી, કે જેથી ૧૫ વર્ષની વયમાં પૈસાનો સર્વ વહીવટ પિતા તરફથી એમના હાથમાં મૂકાયો હતો. સંવત ૧૯૫૨ માં જ્યારે પિતાશ્રીનો કૈલાસવાસ થયો, ત્યારે વડોદરાને છેલ્લા પ્રણામ કરીને તેમણે નડીઆદમાં સ્થાયી નિવાસ કર્યો. આ વખતે કે. શાસ્ત્રીજીનું વય ૨૩ વર્ષનું હતું."

"નડીઆદ એ ગુજરાતી સાક્ષરરત્નોની ખાણ છે. સ્વ. મણિલાલ, સ્વ. બાલાશંકર, સ્વ. ગોવર્ધનરામ વગેરે અગ્રગણ્ય વિદ્વાનોથી ઉભરાઇ જતા નડીઆદમાં સ્થાયી નિવાસ નક્કી કરીને વિદ્યા ઉપર નૈસર્ગિક પ્રેમ હોવાના કારણે સ્વ. પ્રૉ. મણિલાલભાઈની પડોશમાં રહેવું પસંદ કર્યું. થોડા દિવસના પરિચયથી સ્વ. મણિલાલભાઇ સાથે કે. શાસ્ત્રીજીનો સ્નેહ બંધાયો. વખત જતાં નડીઆદનાં નાગર કુટુંબોમાં એમની ખ્યાતિ પ્રસરી અને સ્વ. શ્રીયુત ગોવર્ધનરામભાઇએ પોતાના ઘરમાં એમની કથાપ્રવચન માટે યોજના કરી. પાછળથી સ્વ. ગોવર્ધનરામ તથા રા. રા. શ્રીયુત નરહરરામભાઇએ બંધાવેલા શ્રીનાથજીના મંદિરમાં એમનું શાસ્ત્રપ્રવચન થતું હતું; તેમજ અમદાવાદી ચૌટાની નજીક મોઢ વાણીયાની ધર્મશાળામાં નિત્યકથા માટે યોજના થઈ હતી. અધ્યયનકાળમાં વૈદ્ય થવાની ઉમેદ હતી તેને પડતી મૂકીને તેમણે કથાકારતરીકેનું કાર્ય સ્વીકાર્યું અને છેવટસુધી ચાલુ રાખ્યું."

"તેમની પ્રવચન કરવાની શક્તિ એવી અપૂર્વ હતી કે જેને લઇને બાળકથી આરંભી વૃદ્ધપર્યંતના શ્રોતાઓને કઠિન બાબત પણ સરળતાથી સમજાવી દઈ એકસરખો આનંદ ઉત્પન્ન કરતા હતા. એમની પ્રવચનશક્તિમાટે કહેવાય છે કે, ગયા ૫૦ વર્ષમાં એમના જેવા પ્રવચન કરનાર શાસ્ત્રી નડીઆદને મળ્યા નથી અને નજીકના ભવિષ્યમાં મળવાની પણ આશા ઓછી રખાય છે. એમના હાથમાં ગમે તેવો કઠણ વેદાન્ત વગેરેનો ગ્રંથ મૂકતાં તેના ઉપર એઓ ઉત્તમ પ્રવચન કરી સારા સારા વિદ્વાનોને પણ આનંદમગ્ન કરી દેતા હતા. એમણે નિત્યકથામાટે ત્રણ ગ્રંથો ખાસ પસંદ કર્યા હતા. કર્મયોગ અને કર્મવીરતાથી ભરપૂર મહાભારત; જ્ઞાનયોગ અથવા અધ્યાત્મવિદ્યાનો સર્વોપરિ ગ્રંથ યોગવાસિષ્ઠ; અને ભક્તિયોગથી ઉભરાતો ગ્રંથ શ્રીમદ્‌ભાગવત. સુભાગ્યે એમની કથાના શ્રોતાઓ પ્રેમઘેલા ન હતા; તેમજ શાસ્ત્રીજી પણ અધ્યાત્મવિદ્યા ઉપર અનુરાગ રાખનારા હતા. એમનું ચોક્કસ માનવું હતું કે, મહાભારત જેવો ગ્રંથ સંસ્કૃત વાઙ્મયમાં બીજો છેજ નહિ. યુગપ્રવાહને લઇને ભવિષ્યકાળના બીજા વ્યાસમુનિ ઉત્પન્ન થઇને બીજું કાંઇક એવું કરશે તોજ થશે."

"કેટલાક વ્યાસોનું કહેવું થાય છે કે, 'જેના ઘરમાં મહાભારત વંચાય તેના ઘરમાં ૭ મહિનામાં કોઇપણ જાતનું અનિષ્ટ પરિણામ થાય.' આ કિંવદન્તિને મિથ્યા બનાવવામાટે ત્રણ જગ્યાએ શાસ્ત્રીજીએ મહાભારતની કથા કરીને સ્વાર્થસાધુ વ્યાસજીઓની કિંવદન્તિમાં કેટલું પોકળ છે, તે લોકોને સ્પષ્ટ બતાવી આપ્યું હતું. એઓ કહેતા કે, 'ભગવદ્‌ગીતા અને શાંતિપર્વ તેમજ અનુશાસનપર્વ જેવાં અમૂલ્ય રત્નોનો ભંડાર વેદવ્યાસે પ્રજાના ઉદ્ધારમાટેજ નિર્માણ કર્યો છે. જેના

શ્લોકેશ્લોકમાં વેદના મંત્રો અને ઉપનિષદ્‌ની શ્રુતિઓના અર્થો ગુંથાયલા છે; એવા મહાભારતના વાચનથી અથવા શ્રવણથી અનિષ્ટ થાય છે, એમ કહેનાર હિંદુ અને વેદવિધ્વંસક દસ્યુની વચ્ચે બીજો શો ફરક છે? ખરી વાત તો એ છે કે, મહાભારત જેવો મોટો ગ્રંથ પૂર્ણ થતાં સાધારણ રીતે સમય વધારે લાગે; અને અસ્તોદયના નિયમ પ્રમાણે કોઇ અશુભ પ્રસંગ આવી પડે, તો લોકો તેને મહાભારતના ઉપર ઢોળી પાડે છે અને એ જાતની અંધપરંપરા જ્યાં ત્યાં ચાલ્યા કરે છે."

"મહાભારતના સંબંધમાં એઓ પ્રસંગોપાત નીચે મુજબના ઉદ્‌ગારો કાઢતા હતા:-"**ભરતખંડનો ધાર્મિક અધ:પાત દૂર કરીને આર્યજ્યોતિ ફેલાવવાની શક્તિ મહાભારતમાંજ છે.** સંપૂર્ણ જ્ઞાનના જમાનામાં વેદોએ અને ઉપનિષદોએ જે કામ કર્યું હતું, તે કામ ચાલુ રાખવામાટે વેદોનાજ વિસ્તારરૂપે મહાભારતની સંપૂર્ણ યોગ્યતા છે. જે જ્ઞાન આખી દુનિયામાંના બીજા કોઇ પણ પુસ્તકમાં નથી, તે જ્ઞાન મહાભારતમાં છે. પાશ્ચાત્ય વિદ્વાનો કેવળ નીતિશાસ્ત્રનીજ ચાવીથી સંસારવ્યવહારની ગુંચવણીના કમાડને ઉઘાડી શકતા નથી, ત્યારે મૌન અથવા શબ્દછળનુંજ અવલંબન કરે છે; તેવા પ્રસંગોમાં મહાભારત તો એક સાચા હિતેચ્છુ મિત્રની પેઠે યોગ્ય રસ્તો બતાવે છે. રાજા, રંક, પુરુષ, સ્ત્રી, બાળક, યોગી, ભોગી, સ્વાર્થી, પરમાર્થી, રાજયોગી કે કર્મયોગી ગમે તે હોય; પણ મહાભારતમાં તેઓને મનમાનતી વાનીઓનો આસ્વાદ મળીજ આવે છે, માટે દરેક હિંદુના ઘરમાં મહાભારત હોવુંજ જોઇએ." "

"ઉપર જણાવ્યા પ્રમાણે મહાભારત ઉપર શાસ્ત્રીજીનો નિ:સીમ પ્રેમ હતો. એજ પ્રેમના આવેશમાં સંવત ૧૯૫૯ ના વર્ષમાં મહાભારતના ભાષાંતરનું કાર્ય શરૂ કર્યું. લગભગ પોણા ભાગ જેટલું આદિપર્વનું ભાષાંતર કર્યા પછીથી વિચાર થયો કે, હું આ ગ્રંથને છપાવીશ શી રીતે? હિંદુસમાજ આ કાર્યમાં મને મદદ આપશે કે નહિ? તેઓ વખતોવખત પોતાના મિત્રમંડળમાં એ ચર્ચા ચલાવતા હતા; પણ સંતોષકારક રસ્તો ન જડતાં કહેતા કે, '**उत्पद्यन्ते विलीयन्ते दरिद्राणां मनोरथाः**' આ સ્થિતિ તો મારી ન થાય? એકલે હાથે કુટુંબતંત્રનો ભાર ઉપાડવો ઇત્યાદિ કારણથી વચગાળેનાં વર્ષોમાં ભાષાંતરની પ્રવૃત્તિ મંદ પડી ગઇ અને કેટલોક સમય બાલકુલ અટકી ગઇ. છેવટે "કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે" આ વાકયના પ્રયોજક સ્વ. મણિભાઇના સહવાસીને પણ નિરાશામાં અમર આશા છુપાયલી હોય એમ લાગ્યું. ગમે તેમ થાય તોપણ ભાષાંતર તો કરવુંજ. છપાવીને ઘરેઘરમાં ન પહોંચાડી શકાય તો તે કાર્ય વિપુલ પૃથ્વી ઉપર નિરવધિ કાળમાં ઉત્પન્ન થનાર સમાનધર્મા ઉપર છોડી જવું."

"ભકતોના યોગક્ષેમની ચિંતા રાખનારા શ્રીકૃષ્ણે અલ્પાવધિકાળમાંજ સમાનધર્મા અથવા વિશેષધર્મા સ્વામીશ્રી અખંડાનંદજીના પ્રજાપતિત્વથી સસ્તું સાહિત્ય વર્ધક મંડળ ઉત્પન્ન કર્યું. એક પ્રસંગે ઉક્ત મંડળના પ્રજાપતિ અને સૂત્રધાર સ્વામી અખંડાનંદજી સાથે કે. શાસ્ત્રીજીને નડીઆદમા મેળાપ થયો. અનુકૂળ સંગમ થતા મહાભારતનો પ્રસંગ નીકળ્યો. પ્રેમી અને ઉત્સાહી લેખકના પ્રસ્તાવને અંતઃકરણપૂર્વક અનુમોદન મળ્યું. ઘરેઘરમાં મહાભારત ફેલાવવાની ઇચ્છા રાખનારા શાસ્ત્રીજીને અનાયાસે પોતાની ઇચ્છાને પાર પાડે એવા સમાનધર્મી સ્વામી શ્રી અખંડાનંદજીનો સમાગમ નિ:સીમ આનંદ આપનારો થઇ પડયો. એ સમાગમના ફળતરીકે મહાભારતનો પ્રથમ ભાગ પણ આર્યપ્રજાના હાથમાં ગયેલો જોવાને સમયના દુર્દૈવે શાસ્ત્રીજી વિદ્યમાન રહ્યા નથી, એ શોચનીય છે; અને નિરૂપાયે કહેવું પડે છે કે, **कालाय तस्मै नमः**—તે કાળને નમસ્કાર હો."

"કૈ. શાસ્ત્રીજીનું લગ્ન વલસાડમાંજ શુકલ મયારામ આદિત્યરામને ત્યાં થયું હતું. એમનાં પત્નીનું નામ કાશીબહેન હતું. અ. સૌ. કાશીબહેન અત્યંત સરળ સ્વભાવનાં અને ગૃહકાર્યમાંજ તત્પર રહેનારાં હતાં. એમને લેખન-વાચનની સામાન્ય કેળવણી મળી હતી, છતાં ગૃહિણીતરીકેનું સાચું વર્તન ચલાવવાની અદ્‌ભુત શક્તિ એમનામાં હતી. સંસ્કૃત ભણનારા વિદ્યાર્થીઓ તરફ માતા અથવા બહેન કરતાં પણ વધારે પ્રેમ તે રાખતાં હતાં; જે પ્રેમને, ભણીને પોતાને ધંધે લાગી ગયેલા નડીઆદ સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ હજી પણ યાદ કરે છે."

"કૈ૦ શાસ્ત્રીજીથી નાના એક ભાઈ અંબાશંકર યુવાવસ્થામાંજ મરણ પામ્યા હતા. હાલમાં એમનાથી નાના બે ભાઇઓ છે, તે પૈકી રા૦ વે. શા. સં. શાસ્ત્રી નર્મદાશંકર સંસ્કૃતમાં સારા

વિદ્વાન છે અને નડીઆદના ત્રિપાઠી કુટુંબ વગેરે ગૃહસ્થ કુટુંબોમાં સારી પ્રતિષ્ઠા સાથે મુંબઈમાં જીવનતંત્ર ચલાવે છે. એમનાથી નાનાભાઈ વૈદ્યશાસ્ત્રી મણિશંકર આયુર્વેદના ઘણા સારા વિદ્વાન છે, સાહિત્યનું પણ સારૂં જ્ઞાન ધરાવે છે ને વલસાડ ગામમાંજ 'શ્રીગદગંજન' નામનું ઔષધાલય ચલાવે છે. કૈ. શાસ્ત્રીજીનો ભ્રાતૃપ્રેમ આદર્શભૂત હતો. કૈ. શાસ્ત્રીજીનામાં પિતૃકૃત્ય, માતૃકૃત્ય અને બંધુકૃત્ય, એ ત્રિપુટીનો અપૂર્વ સંયોગ હતો; જેથી મર્યાદા, પરસ્પર પ્રેમ અને શાન્તિ એમના ઘરમાં એકસાથે ચાલતાં હતાં. એમના કુટુંબના એવા ઉત્તમ વ્યવહારને જોનારના મનમાં અપૂર્વ આનંદ થયા વગર રહેતો ન હતો."

"સં૦ ૧૯૭૦માં તેમનાં પત્નીનો દેહ પડયા પછી તેમણે એજ નિશ્ચય કર્યો કે, પ્રભુની મરજી મને જંજાળમાંથી છોડવાનીજ છે; માટે હવે તો જેમ બને તેમ એકાંતવાસ રાખી વૃત્તિને લોકહિતનાંજ કાર્યો તરફ પ્રેરવી એ શ્રેયસ્કર છે. એમ ધારીને સારી જેવી કમાણીની જરાપણ દરકાર ન કરતાં સંવત ૧૯૭૧માં તેમણે નડીઆદ છોડયું અને પોતાના વતન વલસાડમાં થોડા માસ રહીને એમના ભાઇ રા૦ નર્મદાશંકર શાસ્ત્રીના આગ્રહથી મુંબઇ ગયા. મુંબઇ જઇને મહાભારતનું ભાષાંતર ઝપાટાબંધ કરવાનો વ્યવસાય ચલાવ્યો. એ પ્રસંગે જ્ઞાતિહિતનાં કાર્યો તરફ નજર દોડાવી. જ્ઞાતિની ઉન્નતિમાટે બીજા અનેક પ્રયત્નો એમને નકામા જણાયા અને કેળવણીની વૃદ્ધિ કરવી એજ ખરો રસ્તો છે, એમ નિશ્ચય થતાં એમણે મુંબઈમાં વસતા ઉત્સાહી મોઢ જ્ઞાતિબંધુઓને એકઠા કર્યા. પોતાનો મનોરથ નિવેદન કરી બધાની અનુમતિ મેળવી "શ્રી મોઢ બ્રાહ્મણ વિદ્યોત્તેજક સભા" સ્થાપન કરી. આ સભામાટે એઓ ઘણીજ લાગણી ધરાવતા હતા, જેથી બીજાં કાર્યો છોડી દઇ સભાનું કામ પહેલું કરતા. લાગલાગટ ત્રણ વરસસુધી તેઓ એ સભાના ઉપપ્રમુખ ચુંટાયા હતા અને એમનું આયુષ્ય જો લંબાયું હોત તો હજી પણ કેટલાએક વર્ષો સુધી એઓજ તે જગ્યાપર કાયમ રહેત. કૈ૦ શાસ્ત્રીજીના પવિત્ર હસ્તે સ્થાપન કરાયેલું આ મંડળ કેવા સંગીન પાયા ઉપર વિદ્યોત્તેજનનું કાર્ય કરી રહ્યું છે, તે આપણે પ્રત્યક્ષ જોઇ રહ્યા છીએ."

"કૈ૦ શાસ્ત્રીજીને વર્તમાનપત્રો વાચવાનો શોખ પણ સારો હતો. દરરોજ બપોરે એક કલાક નિયમિત રીતે લાયબ્રેરીમાં જતા. વલસાડમાં "શ્રી વિદ્યામૃતવર્ષિણી" નામની ફ્રી લાયબ્રેરી હાલ ચાલે છે, તેનું બીજારોપણ કૈ૦ શાસ્ત્રીજીનાજ વિચારનું પરિણામ હતું. વલસાડમાં "શ્રીવિદ્યામૃતવર્ષિણી સંસ્કૃત પાઠશાળા" જે હાલ સારી સ્થિતિમાં ચાલે છે, તેની ઉન્નતિમાટે કૈ૦ શાસ્ત્રીજી ઘણીજ ઉત્કટ અભિલાષા ધરાવી વખતોવખત યોગ્ય સલાહ આપતા હતા. કૈ૦ શાસ્ત્રીજીનો વિચાર એ પાઠશાળાને સનાતન ગુરુકુળના રૂપમાં મૂકવાનો હતો અને એ કામમાટે શરૂઆતમાં ૧૦ લાખ રૂપિયા એકઠા કરવાની ધારણા રાખીને કાચી યોજના પણ તેમણે તૈયાર કરી હતી."

"કર્મકાંડની સુધારણા અને જનસમાજને કર્મકાંડ ઉપર અભિરુચિ ઉત્પન્ન કરાવવાના હેતુથી કૈ૦ શાસ્ત્રીજીએ "શ્રીશ્રેય:સાધક યજ્ઞમંડળ" ની સ્થાપના કરી વલસાડથી નડીઆદસુધીના પ્રસિદ્ધ કર્મકાંડીઓ તથા કેટલાક શાસ્ત્રીઓને એકઠા કર્યા હતા. પ્રતિવર્ષ એ મંડળના સભાસદોએ સારા તીર્થમાં એકઠા થઇ એક યજ્ઞ કરવો, યજ્ઞનો ખર્ચ મંડળના સભાસદોએજ કરવો; અન્ય ગૃહસ્થો તરફથી યાચનાસિવાય દ્રવ્ય આવી મળે તો તેને સંસ્કૃતવિદ્યાના ઉત્તેજનમાટે વાપરવું; કર્મકાંડની પદ્ધતિની સુધારણા અને આવશ્યકતા ઉપર વ્યાખ્યાનો આપવાં; આ પ્રધાન નિયમો રાખી શરૂઆત કરી હતી. એ મંડળ નવ વર્ષથી પોતાનું કાર્ય સારી રીતે અદ્યાપિ કરી રહ્યું છે. કૈ૦ શાસ્ત્રીજી મુંબઈમાં થોડો સમય રહી પછી વલસાડ ગયા. વલસાડમાં પોતાની માલિકીનું શ્રીરામચંદ્રજીનું મંદિર છે, તેના માળ ઉપર પોતાનો નિવાસ રાખ્યો. રહેઠાણનું "રામનિવાસ" એવું નામ રાખ્યું અને **शारदा बालमंदिरम्** નામની પોતાની લાયબ્રેરી પણ ત્યાંજ રાખી. ફક્ત ભોજન કરવા ઘેર જતા, બાકીનો આખો સમય રામનિવાસમાંજ જતો હતો. શાંત અને પ્રસન્ન મુખાકૃતિ, પાતળું પણ ભરાઉ અને ગૌર શરીર, સાદો પહેરવેશ, એક તકીઓ અને એક ગાદી, સામે એક પેટી કે જે લેખનપીઠતરીકે પણ વપરાતી હતી, ઉપાધિવગરનું શાંતિભર્યું વર્તન, મધુર ભાષણ, આ બધાનો એવો સુંદર સંયોગ તેમનામાં હતો કે, **शास्त्राण्यधीत्यापि भवन्ति मूर्खाः, यस्तु क्रिया-**

वान् पुरुषः स विद्वान्–અર્થાત્ શાસ્ત્રો ભણીને પણ તેને આચારમાં ન મૂકનારાઓ મૂર્ખાજ છે; જે શાસ્ત્રાનુસાર આચાર પાળે છે, તેજ વિદ્વાન કહેવાય છે."

"આધુનિક સુધારાસંબંધે એઓ કહેતા હતા કે, આર્યપ્રજાનું આર્યત્વથી પતન ઘણુંજ વેગથી થવા લાગ્યું છે. એ પતનના વેગને વચમાંથી અટકાવવાનો પ્રયત્ન મિથ્યા જાય છે અને જશે. છેક છેલ્લે પગથીએ ગયા પછીજ પાછો ચઢવાનો આરંભ થશે. સુધારા શબ્દનો અર્થ તેઓ "વિદ્યાના કવરમાં છુપાવેલું છળકપટ" એવો કરતા. હાલમાં એવી શોચનીય સ્થિતિ ઉભી થઇ છે કે, ઇંગ્લીશ ભણેલાઓ સંસ્કૃત વિદ્વાનોને 'હાઇક્લાસ બેગર' એટલે કે ઉંચા દરજ્જાના ભિખારી ગણે છે; અને બ્રાહ્મણો ઇંગ્રેજી ભણનારને 'પતિત' ગણે છે, પરંતુ આ બન્ને સ્થિતિને એઓ ધિક્કારતા હતા. એઓ કહેતા કે, બન્ને પક્ષના કહેવામાં સત્યાંશ છે અને તેનો નિકાલ પણ આવી જાય તેમ છે; પણ મુશ્કેલી એજ છે કે, બન્ને વચ્ચેની લાગણી દરરોજ છેટી થતી જાય છે, એટલે હાલ તુરત કાંઈ બને એવું નથી."

"ઓગણીસ દિવસોસુધી ઇન્ફ્લુએન્ઝાનો મંદવાડ ભોગવ્યા પછી વીસમે દિવસે ૧૯૭૪ ના આશ્વિન શુક્લ ૧૦(વિજયાદશમી)ને સોમવારે રાત્રે ૯ વાગે ૪૬ વર્ષની વયે એ ઉદારાત્માએ આ અનિત્ય સંસારમાં પોતાની પુણ્ય પવિત્ર યાત્રા સમાપ્ત કરી પરલોકપ્રત્યે પ્રયાણ કર્યું હતું."

"આ પ્રમાણે શાસ્ત્રીજીનું સ્થૂલશરીર જો કે ગયું છે, તોપણ બે મોટા ભાગ છપાય તેટલું મહાભારતનું જે ભાષાંતર તેઓ તૈયાર કરી ગયા છે; અને તે તેમણે એવી કાળજીથી અને એવી સંસ્થાને માટે કર્યું છે, કે જેથી ઇશ્વરેચ્છા તો તે સહસ્રાવધિ ગ્રંથોની અનેક આવૃત્તિઓરૂપે પરિણમતું રહીને પોતાના સુયોગ્ય લેખકના કીર્તિદેહને ગુજરાતના ગામેગામમાં અમર રાખશે." કહ્યું છે કે:

उपेयुषामपि दिवं सन्निबन्धविधायिना। माऽस्त एव निरातंकं कान्तं शब्दमयं वपुः॥

અર્થાત્—ઉદાત્ત નિબંધના પ્રણેતાઓ સ્વર્ગમાં જવા છતાં પણ તેઓનું નિર્દિષ્ટ રમણીય શબ્દશરીર આ લોકમાં નિરંતર જીવંતજ રહે છે."

વિદ્યોન્નતિ માટે સદ્‌ગત શાસ્ત્રીજીના ઉદ્‌ગારો

(રાગ–સારંગ, સોરઠ અથવા કોઇ પણ)

વિદ્યોન્નતિ સર્વોન્નતિનું હો, સાધન શ્રેષ્ઠ ગણાય;
એ વીણ અન્ય સાધન સર્વે, તે અલ્પ સ્વલ્પ ગણાય. ૧
વિદ્યા–ધનને ચોર ન લૂટે, નહિ રાજા નહિ અન્ય;
વ્યય કરતાં એ નિત્ય વધે છે, તેથી એ છે સ્વતંત્ર. ૨
યુરોપ, અમેરિકા, દેશ જાપાન એ, વિદ્યાથી શિખરે ગવાય;
વિદ્યા વીણ દેશો અદ્યાપિ, પાદાક્રાંતજ થાય. ૩
ભારત આપણો દેશ હજી પણ, ગણના–ગણ્ય રહ્યો;
તે સૌ વૃદ્ધ મહર્ષિઓનાં, વિદ્યાધનથી લહો. ૪
વ્યાસ, વસિષ્ઠ, વાલ્મીકિ મનુ ને, ગૌતમ, કપિલ, કણાદ;
અમર વાણીથી અમર થયા છે, જગમાં પામી માન. ૫
(માટે) વિષમ ભાવ તજી ઐક્ય ગ્રહી લે, સોત્સાહી થઇ તાત;
વિદ્યા વલ્લરી આલવાલ મહીં, ચુલુક સિંચો પળવાર. ૬
ધૃતિ–આસન, ભક્તિ–જલ, આદર–અમૃતભોજન ભ્રાત;
ગ્રહણ કરો આ શારદ ગૃહનું, થાઓ સૌ રળીઆત. ૭

शरुभागना प्रकीर्ण विषयोनी अनुक्रमणिका

चित्रोनी अनुक्रमणिका

प्रकीर्ण विषयोनुं शुद्धिपत्र


પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૭	૧૪-૧૫	પામાણિક	પ્રામાણિક
૩૮	૧૮	ઇલિયિડ	ઇલિયડ
૪૨	૩૯,	અતિહાસિક	ઐતિહાસિક
૫૯	૨૭	ચારત્ર	ચરિત્ર
૬૬	આ પૃષ્ઠ તથા	૬૮–૭૦–૭૨–૭૪–૭૬–૭૮–૮૦–૮૨–૮૪–૮૬–૮૮–૯૦–૯૨–૯૪–૯૬–૯૮–૧૦૦–૧૦૨–૧૦૪–૧૦૬–૧૦૮ એ દરેક પૃષ્ઠમાં પહેલી લીટીમાં બીજા શબ્દો છે તેને બદલે 'શું દ્રૌપદીને પાંચ પતિ હતા ?' એવું લખવું.	
૬૭	૧૯	ઘણાક	ઘણીક
૧૧૫	૩૪	પ્રક્ષપ	પ્રક્ષેપ
૧૧૬	૨૧	જમિનિ	જૈમિનિ
૧૨૯	૪	તાં પહેલાં	થતાં પહેલાં
૧૫૮	૨૫	શકત	શકતા
૧૬૪	૭	સવે	સર્વે
૧૬૭	૫	સમાટ્સુખની	સમ્રાટ્સુખની
૧૬૮	૨૦	શાર્યપૂર્વક	શૌર્યપૂર્વક
૧૭૪	૪૩	કવણુન	ભ્રમણુ
૧૯૩	૧	મહાભારત રચનાર ભગવાન શ્રીવેદવ્યાસ	મહાભારતમાં વધારો થયો છે કે નહિ ?
૧૯૫	૧	”	”
૧૯૯	૭	ઉચ્ચશ્રવાજીના	ઉગ્રશ્રવાજીના
૨૦૬	૧૩	एवं	एनं
૨૧૯	૧૯	માતા "કૈકયી"	માતા 'કૈકસી'
૨૨૭	૧૫	दुर्मेघे	दुर्मेधे
૨૨૮	૨૪	मोक्षाय	मोक्षाय
૨૩૫	૪	स्त्वन्यन्तोऽन्यं	स्त्वन्योऽन्यं
૨૪૪	૧૬	વિષે	એ વિષે
૨૪૬	૨૬	કૌશલ્યાહીનતાજ	કૌશલ્યહીનતાજ
૨૪૭	૨૮	नागोऽश्वसनः	नागोऽश्वसेनः
૨૫૦	૨૭	પ રણામ	પરિણામ
૨૫૬	૧૭	અથ	અર્થ
૨૯૩	૧૯	દવત્વ	દેવત્વ
૨૯૫	૨૮	સર્વ	સર્વશ્રેષ્ઠ
૨૯૯	૧૨	સન્યવાળા	સૈન્યવાળા

आदि अने सभापर्वनी अनुक्रमणिका

आदिपर्व

सभापर्व

૩૨-૩૮



आदि अने सभापर्वनुं शुद्धिपत्र

પૃષ્ઠ	વિ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
ખાસ સુધારવા યોગ્ય અશુદ્ધિઓ				
૧૯	૨	૮	ત્રણ	પાંચ
૩૫	૧	૪	છે,	છો,
૬૫	૨	૩૦	૧૪	૧-૪
૫૫	પૃષ્ઠારંભે		૧૧મો	૧૩મો
૮૬	અધ્યાયારંભે		જરાત્કારુની	જરત્કારુની
૧૦૦	૧	૧૭	મહાશયસ્વી	મહાયશસ્વી
૧૧૩	પૃષ્ઠારંભે		આંજ્ઞા	આજ્ઞા
૧૩૩	૧	૨૯	આક	આઠ
૧૩૬	૨	૬	ઉતારડી	ઉતરડી
૧૪૭	૧	૩૧	કરાવ્યે.	કરાવ્યો.
૧૫૮	અધ્યાયારંભે		**અપ્યાય**	**અધ્યાય**
૧૬૭	૨	૧૩	પુત્રીની	પુત્રીને
૧૭૮	૧	૨૦	રહ્યા,	રહ્યા
૧૮૨	૨	૨૭	ઉત્તરયાયત	ઉત્તરયાયાત
,,	,,	,,	આખ્યાયનમા	આખ્યાનમાં
૧૮૭	૧	૧૬	યંશ	યશ
૨૦૯	૧	૩૬	અને લસણુના	લસણુના
૨૧૪	૧	૧૭	કરશો.	કરશે.
૨૩૯	૧	૨	તાર	તારા
૨૪૭	૧	૧૦	હતા.	હતો.
૨૫૦	૧	૧૨	ઘેરે	ઘેર
૨૭૨	૧	૧૪	ખ્યતિ	ખ્યાતિ
૨૯૨	૨	૨૫	**ईश्व**	**ईश्वर**
૨૯૩	૧	૨૭	પૂર્વર્ક	પૂર્વક
૩૦૧	૧	૧૦	દ્વૈપાયના	દ્વૈપાયન
૩૦૧	૨	૩૦	**हिडिंब**	**हिडिंबवध**
૩૩૦	૧	૧૯	સાટથી	સોટાથી
૩૫૪	૨	૩૨	ચાલા	ચાલતો
૩૭૨	૧	૨૮	લોભનો લોભી	લોભીનો લોભ
૩૮૦	૧	૨૬	**तावाज्ञापयातां**	**तावाज्ञापयतां**
૩૮૯	અધ્યાયારંભે		સુક્ત	મુક્ત
૩૯૦	૧	૯	નાપ	તાપ
૪૩૩	૧	૨૪	આશ્રય	આશ્રય
૪૪૧	અધ્યાયારંભે		લર્ણન	વર્ણન
૪૪૧	૧	૧૯	**समप्रमा**	**समप्रभा**
૪૮૬	૨	૨૬-૨૭	રાજ—રાજસૂય	રાજસૂય
૪૯૬	૨	૩૫	ઘણાં છે વ્રતો	ઘણાં વ્રતો

પૃ.	વિ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૫૩૯	અધ્યાયારંભે		દ્રૈપદી	દ્રૌપદી
૫૪૩	પૃષ્ઠારંભે		૬૯ મો	૬૮ મો
૫૪૭	૨	૧૫	ભીષ્મ	ભીમ
અક્ષરો ભાગવા તૂટવાથી થયેલી અશુદ્ધિઓ				
૯	૨	૨૩	।શષ્યોને	શિષ્યોને
૧૩	૧	૧	જયની	વિજયની
૧૪	૧	૨૨	યોદ્ધાએઆ ર્જુનને	યોદ્ધાઓ અર્જુનને
૧૫	૨	૧૦	મણિુરાહત	મણિુરહિત
૧૭	૨	૩૬	એમ	એમાં
૧૮	૨	૩	વર્ણાશ્રમાવહિત	વર્ણાશ્રમવિહિત
૨૦	૨	૩૯	આભમન્યુ	અભિમન્યુ
૨૩	૨	૧૮	ઘતસમુદ્રમાં	ઘૃતસમુદ્રમાં
૨૪	૨	૩	પ્રાપ્ત	પ્રાપ્તિ
૨૭	૨	૩૧	સારાથપણામાં	સારથિપણામાં
૨૮	૧	૧૪	અભિષેકાક્રયા	અભિષેકક્રિયા
૨૮	૨	૨૬	સાત્યાક	સાત્યકિ
૨૮	૨	૨૯	ધૃષ્ટદ્યમ્નના	ધૃષ્ટદ્યુમ્નના
૨૯	૧	૧૦	ચારત્ર	ચરિત્ર
૩૩	૧	૧૩	આરુાણ	આરુણિ
૩૩	૧	૧૮	નાહ	નહિ
૪૯	૧	૫	છટવા	છૂટવા
૫૦	૨	૧૫	પાપરાહત	પાપરહિત
૬૩	૨	૨૮	પવ	પર્વ
૬૫	૨	૧૫	ઊામઓ	ઉર્મિઓ
૬૯	૨	૨૮	અથજ્ઞાનને	અર્થજ્ઞાનને
૬૯	૨	૩૦	કમનો	કર્મનો
૭૭	૧	૩૧	હાથયારો	હથિયારો
૮૧	૧	૨૬	નાહ	નહિ
૮૬	૨	૧૪	જેવ ચન	જે વચન
૮૯	૨	૩૩	મ ાભારતમાં	મહાભારતમાં
૧૦૧	૧	૨૪	પ્રાઢ	પ્રૌઢ
૧૦૩	૧	૧	શંગીને	શૃંગીને
૧૦૮	૧	૩૧	યથાયેગ્યા	યથાયોગ્ય
૧૧૧	અધ્યાયારંભે		સપે એ	સર્પોએ
૧૧૬	૧	૧૧	તેથ	તેથી
૧૧૯	૨	૭	અંશાવ રણ	અંશાવતરણ
૧૨૫	૧	૨૬	વાાણુયાઓ	વાણિયાઓ

પૃષ્ઠ	વિ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૧૨૫	૨	૨૭	મહાપઓને	મહર્ષિઓને
૧૨૬	૨	૮	શત્રને	શત્રુને
૧૨૬	૨	૧૫	કરવ	કરવા
૧૨૬	પર્વારંભે		समवपर्व	संभवपर्व
૧૨૯	૨	૧૮	ધ્રવનો	ધ્રુવનો
૧૩૩	૧	૧૪	સિંાહકાએ	સિંહિકાએ
૧૩૪	૨	૨૭	વિાવંશાત	વિવિંશતિ
૧૩૬	૨	૨૩	પૃથ્વીમ	પૃથ્વીમાં
૧૪૨	૨	૩	પુત્ર	પુત્રી
૧૫૦	૨	૩૮	સાહત	સહિત
૧૫૪	૨	૩	ક્રાધ	ક્રોધ
૧૫૮	૧	૧૩	માહમા	મહિમા
૧૬૦	૨	૧૯	નાહ	નહિ
૧૬૧	૧	૨૨	શામષ્ઠા	શર્મિષ્ઠા
૧૬૨	૧	૮	સારાથ	સારથિ
૧૬૨	૧	૧૨	આપાત્તમાં	આપત્તિમાં
૧૬૯	૧	૧૮	રાજાષથી	રાજર્ષિથી
૧૭૫	૨	૨૬	અ દિ	આદિ
૧૭૫	૨	૨૮	અધ્ય ય	અધ્યાય
૧૭૯	૧	૮	ભામ	ભૌમ
૧૭૯	૧	૩૯	वनपस्पतय	वनस्पतय
૨૨૩	૧	૩૦	શત્રઓને	શત્રુઓને
૨૩૦	૨	૧૨	અલલંબનકરીને	અવલંબન કરીને
૨૩૦	૨	૩૩	જાણ્ય	જાણ્યા
૨૩૦	૨	૩૯	મ ટે	માટે
૨૩૨	૨	૨૭	છટયો	છૂટયો
૨૩૩	૧	૧૦	છટાય	છૂટાય
૨૩૪	૨	૭	સંવ દ	સંવાદ
૨૪૫	૨	૨૦	ત	તે
૨૫૦	૧	૧૯	કયું.	કર્યું.
૨૬૭	૧	૧૬	આધરથને	અધિરથને
૨૭૧	૧	૧૯	ધુમત્સેનન	ધુમત્સેનના
૨૭૪	૨	૨૫	નાહ	નહિ
૨૮૩	૧	૧૫	યથર્થ	યથાર્થ
૨૮૩	૨	૧૯	અથ	અર્થ
૨૮૮	૨	૧૨	જતુહગૃ	જતુગૃહ
૨૯૦	૨	૭	છટી	છૂટી
૨૯૫	૨	૨૬	ાહડિંબ	હિડિંબ
૨૯૫	૨	૩૭	આંપ્રય	અપ્રિય
૩૦૪	૨	૩૩	વા ય	વાક્ય

પૃષ્ઠ	વિ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૩૦૫	૨	૩૫-૩૬	થવાથ	થવાથી
૩૧૪	૧	૮	શ્રષ્ઠ	શ્રેષ્ઠ
૩૧૭	૧	૨૬	पांडेवषु	पांडवेषु
૩૨૭	૨	૧૮	શ્રષ્ઠ	શ્રેષ્ઠ
૩૩૮	૧	૮	ત	તે
૩૪૧	૧	૨૭	ધામ્ય	ધૌમ્ય
૩૪૧	૨	૯	વનન	વનનાં
૩૪૩	૨	૩૩	દ્રુપ	દ્રુપદ
૩૪૯	૧	૧	શ્રતિવચનો	શ્રુતિવચનો
૩૫૭	૨	૪	હાથયારો	હથિયારો
૩૬૦	૨	૧૨	પ્રાઢ	પ્રૌઢ
૩૬૧	૨	૫	ૂજવા	ધ્રૂજવા
૩૬૪	૨	૭-૮	માહમાવાળી	મહિમાવાળી
૩૬૮	૧	૨	સન્ય	સૈન્ય
૩૭૦	૧	૩૧	પાડવે ના	પાંડવોના
૩૮૯	૨	૨૧	પર્વાતગત	પર્વાંતર્ગત
૨૯૯	૧	૨૦	શત્રઓ	શત્રુઓ
૩૯૯	૧	૩૩	થત	થતા
૪૦૦	૧	૪	ધામ્ય	ધૌમ્ય
૪૦૮	૧	૩૧	છટયાં	છૂટયાં
૪૨૫	૦	૧૮	સ યુજ્ય	સાયુજ્ય
૪૨૬	૨	૩૭	પવ	પર્વ
૪૩૯	૧	૧૨	સંગાતમાં	સંગતિમાં
૪૬૧	૧	૩૩-૩૪	ધરોમ	ધરોમા
૪૬૪	૧	૨	पातती	पतिता
૪૬૫	૨	૩૩	મુાનનો	મુનિનો
૪૬૬	૧	૧૮	પ્રાઃ	પ્રૌઢ
૪૭૧	૧	૨૬	ત બન્ને	તે બન્ને
૪૭૭	૧	૧૦	वर्यिवान्	वीर्यवान्
૪૮૯	૨	૩૮	બુાદ્ધવડે	બુદ્ધિવડે
૪૯૧	૧	૧૩	અન	અને
૪૯૪	૨	૩૦	મુ એ	મુનિએ
૪૯૫	૧	૬	बह्वीभिमर्षिय	बह्वीभिर्मीषय
૪૯૫	૨	૨૬	બે ધને	બોધને
૫૦૬	૧	૨૨	સ ય	સત્ય
૫૧૯	૨	૭	દ્યનપર્વ	દ્યૂતપર્વ
૫૨૫	૧	૧૦	બેઠ	બેઠા
૫૨૮	૨	૨૫	દ્યતપર્વ	દ્યૂતપર્વ
૫૩૦	૨	૧૦	દ્યતના	દ્યૂતના
૫૩૫	૨	૧૯	હાથયાર	હથિયાર
૫૪૩	પૃષ્ઠારંભે	૧	૬૯ મો	૬૮ મો

मफ्त के ओछा मूल्ये मागनारने विनति

આ સંસ્થાનાં પુસ્તકો માટે ઉપલા પ્રકારની માગણીઓ હજી આવ્યા કરતી હોવાથી જણાવવાનું કેઃ—

આ સંસ્થામાં વગર કિંમતે કે નિર્ણિત કરતાં ઓછી કિંમતે પુસ્તકો આપવાનાં સાધન, સગવડ કે રિવાજ નથી. કોઇવાર કોઇ સજ્જન તરફથી આર્થિક સગવડ આવી પડવાથી જ્યારે કોઇ અમુક પુસ્તક હરકોઈ માગનારને આપવાના સંયોગો ઉભા થાય છે, ત્યારે તે પ્રકાર પ્રથમથીજ જાહેર કરી દેવાય છે; માટે જ્યાંસુધી એવું જાહેર કરાયું હોય નહિ, ત્યાંસુધી કોઇએ પણ એવી માગણી કરવી જોઇએ નહિ. આ સિવાય કોઇ કોઇ વાર અલ્પ—સ્વલ્પ આર્થિક સગવડ નીકળી આવતાં તેમાંથી તો માત્ર એટલુંજ બની શકે છે કે, ખાસ અમુક કોટી અને અમુક સ્થિતિવાળાનેજ અમુક તમુક આપવાનું હોય છે; પરંતુ એવે પ્રસંગે પણ એવા પ્રકારનાં યોગ્ય પાત્રોને શોધી શોધાવીને વગર માગ્યેજ અપાય છે, અને માગવા આવનાર કે પત્રથી માગનારને તો શબ્દથી કે અનુત્તરથી નકારજ આપવાનો હોય છે. કોઇવાર કોઇને વગરમાગ્યે કાંઇ અપાયું હોય તે ઉપરથી તે પોતાની લાયકાત કે હક્ક જુદાજ પ્રકારનાં કલ્પી લઇને એમ પણ માને છે કે, હવે તો આપણી આવા પ્રકારની સેવા આ સંસ્થાએ ઉઠાવી છે, અને તેથી જ્યારે જે પણ જોઇતું હશે તેની જરાપણ રુચિ દર્શાવીશું એટલે આપશેજ. કેટલાક માનવો વધારે સમજુ હોવાથી તેઓ પોતે તો એવું સમજી લેતા નથી; પણ તે નહિ તો તેમને અપાયલું જોઇ સાંભળીને બીજા સામાન્ય માનવો તો અનેક માગવા આવે છે; અને જ્યારે નકાર સાંભળે છે, ત્યારે તે બિચારા મનમાં ગાળો દેતા દેતા ચાલ્યા જાય છે!

આગળ નાગપુરની જેલમાં ગયેલા બંધુઓ માટે કેટલાંક પુસ્તકો અંતર્યામીની આજ્ઞાથી વગર-મૂલ્યે અપાયલાં તે ઉપરથી અનેક સમજુ માનવોને પણ માગવાની વૃત્તિ થઇ આવી હતી. ધનવાનો પાસે તો ભલે સમાજસેવકો માગી શકે; પણ આ સંસ્થા કેવી નીતિરીતિથી ચલવાતી હોય, અને માત્ર અન્નભિક્ષુ હોવાથી ધનવાનોને દાતાપણાનો દારૂ પાવા જવા જેટલી રુચિ ધરાવતો હોય નહિ, તેથી કરીને કોઇએ પણ તેની ગુનેહગારીનો બદલો સામી માગણીરૂપે નહિ વાળતાં ક્ષમાજ આપવી જોઇએ.

જેઓ આ સેવકને ધનવાન કે સંસ્થાનો માલીક માનવાના ભ્રમમાં પડવાથી કે બીજી કોઇ સમજણથી, પોતામાટે કે પોતાની સંસ્થામાટે કે બીજા કોઇ માટે મુફ્ત કે ઓછા મૂલ્યે મેળવવાની આશા રાખતા હોય, તેમને વિનતિ છે કેઃ—"માત્ર ઇચ્છાનેજ ધર્મગ્રંથની કિંમતરૂપે સમજવી જોઇએ" એવી આ સેવકની હજી પણ પાકી માન્યતા છે; પરંતુ તેવી માગણીઓ પૂરી પાડવા પાછળ લાખો કરોડોની સગવડ જોઇએ તે આ સંસ્થા ધરાવતી નથી. આ સંસ્થાની મદદ તો માત્ર પુસ્તકોની કિંમતમાં જે કાંઇ સસ્તાપણું લાવી શકાય, તે લાવવામાં સમજવાની છે; અને એ રીતે જે કાંઇ કિંમત ખર્ચવાની રહી, તેટલી પણ સગવડ જેમની પાસે ન હોય તેમણે તો પછી તે આ સ્થળેથી માગવાને બદલે ધનવાન ગૃહસ્થો પાસે અથવા તો પોતે જે રાષ્ટ્ર-સેવકોની આગેવાની નીચે કે રાષ્ટ્રીય ફંડની રાહત નીચે દેશસેવા બજાવતા હોય ત્યાંજ માગવી જોઇએ. આ સેવકને જે પણ સંયોગો વચ્ચે જે કાંઇ કરવાનું હોય તે વર્ણવી બતાવવું, તેના કરતાં "મખ્ખીચૂસ" "લૂંટારો" "દશલાખનો માલીક થઇ બેઠેલો" તેમજ એથી પણ ખરાબ ગાળો ને બળાપા માટે આ સેવક ના નહિ પાડે.

જેમને ધન પણ ન હોય અને માગવાની વૃત્તિ પણ ન હોય અને ધર્મગ્રંથની પુષ્કળ ભૂખ હોય, તેવાઓનેજ માટે આ સેવકનું કહેવું છે કે, માત્ર વાંચવાની ઇચ્છાનેજ કિંમતરૂપે ગણીને સદ્ગ્રંથો મળવા જોઇએ; પરંતુ એ તો જ્યાંસુધી તેવાં કામો કરવાને ધનવાન ઉદારાત્માઓ જરૂર જોગા નીકળી આવે નહિ, અને જ્યાંસુધી ધનવાનોનું એવી ઉત્તમ અને અતિ અગત્યની બાબતો તરફ વિશેષ લક્ષ દોરવીને લાખો રૂપિયા તે ખાતે ખર્ચાવનારા અસામાન્ય રાષ્ટ્રસેવકો નીકળી આવીને એવી તેવી લોકહિતાવહ યોજનાઓ વિશાળ પાયા ઉપર જારી કરે—કરાવે નહિ, ત્યાંસુધી ગ્રંથેચ્છુઓએ તેમ થવા માટે શુભેચ્છા અને પ્રભુપ્રાર્થનાજ કરીને સંતોષ માનવાનો છે. સાચા દિલની પ્રભુ-પ્રાર્થનામાં જે બળ છે, તે બીજા કશામાં નથી. લી. અવગુણસાગર ભિક્ષુ—અખંડાનંદ

एक बुकसेलरनो बळापो अने तेनो रदीयो*

"અત્ર તરફથી ૧૯૭૦માં નીકળેલા "શાંતિપર્વ" માં રા. છો. ન. ભટ્ટવાળું ભાષાંતર બનતું સંશોધન કરાવીને છપાવેલું હોવાની હકીકત એ ગ્રંથના નિવેદનમાં જણાવવા ઉપરાંત એક સાધારણ મનુષ્ય પણ જોઇ શકે તેવી રીતે એ ગ્રંથના મુખપૃષ્ઠપર પણ તે બાબત સ્પષ્ટ જણાવેલી હતી; અને મહાભારતના બાકીના સર્વ ભાગોનું ભાષાંતર અનુભવી શાસ્ત્રીને હાથે નવું તૈયાર થતું હોવાની વાત પણ ૧૯૭૦ ના આસો માસમાં છપાયલા " વિવિધ ગ્રંથમાળા " ના પુસ્તક વગેરેમાં પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. છતાં મુંબઇના 'ગુજરાતી' પત્રવાળાએ પોતાના ઘરના છાપામાં ૧૯૭૧ ના વૈશાખ માસના ત્રણ અંકોમાં એવી મતલબની છેક જુઠી વાતો છાપી હતી કે, શાંતિપર્વનું ભાષાંતર નવું કહીને જૂનું આપવામાં આવ્યું છે, અને આ તેની ચોથી આવૃત્તિ હોવાની વાત પણ ખોટી છે; તથા આખા મહાભારતનું ભાષાંતર એ અમદાવાદવાળુંજ આપવામાં આવનાર છે ! આ સંસ્થાનો હેતુ કોઇને પણ નુકસાન કરવાનો નહિ છતાં, લોકહિતાર્થે સારા ગ્રંથોને સસ્તા કરવા જતાં કોઈ બમણી–ત્રમણી કિંમતે વેચનારને તેથી કાંઇ નુકસાન થતું હોય, અથવા પોતાના ધંધાનો માર્ગ જરા બદલવો પડતો હોય, તો માત્ર તેટલાનેજ ખાતર આવું લોકહિતનું કાર્ય કોઇએ ન કરવું એમ તો બનેજ નહિ. આ સંસ્થાએ પ્રસિદ્ધ કરેલા અને કરવા ધારેલા શ્રીમદ્ભાગવત, યોગવાસિષ્ઠ, મહાભારત, રામાયણ, જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા, ગીતાના ગુટકા, પંચદશી, વગેરે ગ્રંથો એ પ્રેસ તરફથી મનગમતી કિંમતે પ્રસિદ્ધ થઇ ચૂકેલા હોઇને આ સંસ્થાના કાર્યને લીધે તે ગ્રંથોનું વેચાણ ઘટી જવાથી કાંઈ નહિ તો દર વર્ષની દશેક હજારની પેદાશ તે પ્રેસવાળાની ગુમ થયેલી હોવી જોઈએ. આથી તે પત્રકારનું હેત આ સંસ્થાપ્રત્યે કેટલું બધું ઉભરાઈ જતું હશે, એ વાત પ્રત્યેક સજ્જન સહેલાઈથી કલ્પી શકે તેમ છે. હૃદયના આ ઉંડા બળાપાના કારણથી ઉપર જણાવ્યું તેમ શાંતિપર્વ અને મહાભારતની બાબતમાં છેક નિરાધાર અને બનાવટી જુઠાણું ફેલાવવા ઉપરાંત **येन केन प्रकारेण** હલકી ભાષા વગેરે સહજપ્રાપ્ત હથિયારોનો ઉપયોગ પણ પોતાના ઘરના છાપામાં તેમણે ઠીક કર્યો હતો. વળી શાંતિપર્વમાંના કેટલાક ખરા અર્થોને ખોટા બતાવવાની અને જે અર્થ અથવા શબ્દો તેમાં લખેલાજ ન હતા તે તેમાં લખેલા છે એમ દર્શાવવાની બહાદુરી પણ એ લેખોમાં ઠીક કરી બતાવવામાં આવી હતી ! "

"ગમે તેવા બબડાટ કે આક્ષેપો થયા કરે છતાં તે તરફ લક્ષ્ય ન આપતાં મુંગે મોઢે બને તે કાર્ય કર્યા જવું, અને છેવટે જનસમાજ એવાઓથી ઉંધા વિચારોએ ચઢી જઇને સેવાનો લાભ લેવાથી વિમુખ થાય તો તે ઉપરથી "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ"ની પેઠે પરમાત્મદેવે પોતા તરફ વિશેષ અભિમુખ બનાવવાની કૃપા કરેલી સમજીને તેમાં રહેલા સ્વપરના અધિક હિતને માટે અહોભાગ્ય માનવું; આ ધોરણ સસ્તા સાહિત્યની પ્રવૃત્તિની શરૂઆતમાંજ જણાવેલું છે, જેથી કોઇ કોઇ સજ્જનોની સૂચના છતાં વર્તમાનપત્રોમાં ખુલાસાઓ આપવા જેટલું વજન એવાઓને આપવું; અથવા એવાઓની સાથે તેવા બનીને એકની બે ચોપડી બતાવવી કે સરકાર દરબારનો સ્વાદ ચખાડી મદ ઉતારવો; એમાંનું કાંઇપણ કરવામાં આવ્યું ન હતું."

"આમ છતાં કેટલાક સજ્જનોથી એ પત્રકારનો એવો દ્વેષ અને હડહડતું જુઠાણું સહન ન થઈ શકવાથી હિંદુસ્થાન, આર્યપ્રકાશ તથા વડોદરા વર્તમાનમાં તેમણે તેના રદીઆ છપાવ્યા હતા."

"આ પ્રમાણે આ કાર્ય થઈ ચૂકયુંજ હતું; એટલે પછી એ રદીઆ વગેરે આ સંસ્થાના વાચકો પણ વાંચે અને આ સંસ્થાના શાંતિપર્વ કે મહાભારત બાબત જેમને કાંઇ સંશય પેઠો હોય તે દૂર થાય, એવા હેતુથી "વિવિધ ગ્રંથમાળા" ના ૫૭ મા પુસ્તકમાં "ગુજરાતીના બળાપાનો રદીઓ" એવા મથાળા નીચે એ ઉત્તરો ૧૯૭૧ ના અષાઢ માસમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. ગ્રાહક ન હોય તેવાઓ માટે તેની કેટલીક છુટી પ્રતો પણ છપાવવામાં આવી હતી."

---

*આ હકીકત આ સંસ્થા તરફથી નીકળેલા ૧૯૭૨ સુધીના અહેવાલ ઉપરથી સહેજ સુધારા સાથે લીધી છે.

महाभारतविषे विद्वानोना मननीय विचार

૧—લોકમાન્ય તિલક મહારાજના વિચાર*

આજ લગભગ બે હજાર વર્ષથી જે મહાભારતના આધારે ભારતવર્ષના સર્વ પ્રાંતોના કવિ, પુરાણી, કીર્તનકાર વગેરે પોતાના કાવ્ય, કથા અને કીર્તન રસપૂર્વક કરતા આવ્યા છે; તે એક એવો ગ્રંથ છે કે જે હિમાલયથી કન્યાકુમારી સુધી અને સિંધુથી તે બ્રહ્મપુત્રા સુધીના પ્રાચીનકાળના છપ્પને દેશોમા આબાલવૃદ્ધ–સર્વ કોઇને એકસરખો પ્રિય થયેલો છે. જો કે રામકથા પણ ભારત-કથાના જેટલીજ ભારતવર્ષમા લોકપ્રિય છે, પરંતુ રાષ્ટ્રીય દૃષ્ટિએ તો મહાભારતનીજ યોગ્યતા વધારે છે એમાં સંદેહ નથી. કારણ એ છે કે, રાષ્ટ્રના લોકોના વ્યવહારમા રોજ રોજ જે અનેક પ્રકારના પ્રસંગો ઉભા થયા કરે છે અને તેમને જે જે સંકટોમાથી પાર પડવું પડે છે; અથવા તો જે જે વિઘ્નો અને સુખદુખોનો તેમને અનુભવ કરવો પડે છે; તે બધીજ બાબતોનું મહાભારતમાં યથાર્થ વર્ણન સમાયલું છે. વળી એટલુંજ નહિ પણ એવા અનેકવિધ પ્રસંગો આવતા મનુષ્યમાત્ર પોતાનું કેવું વર્તન રાખે કે જેથી આ લોક અને પરલોકમા પણ તેનું કલ્યાણ થાય; આપણા પૂર્વજો એવે પ્રસંગે કેવું વર્તન રાખતા; એવે પ્રસંગે અમારો ધર્મ શું છે, નીતિ શું છે અને એ બન્નેનું તારતમ્ય વિચારીને તેનો અમારે વ્યવહારમાં કેવી રીતે અમલ કરવાનો છે; લૌકિક સુખ–સાધન કરતાં પારલૌકિક સુખ–સાધન કયારે અને કેવી રીતે વધારે મહત્ત્વના હોય છે; એકબીજા વચ્ચે એ સાધનોનો કેવો સંબંધ છે અને તેમના વચ્ચેનો વિરોધ કેવી રીતે દૂર કરી શકાય છે; એ વગેરે અનેક મહત્ત્વના પ્રશ્નોનો ઉકેલ, આ ગ્રંથમા ભગવાન વેદવ્યાસે પોતાની સાહજિક અને સરળ ભાષામાં, પ્રાસાદિક વાણીમા અને નાનું બાળક પણ સમજી શકે એવા મનોરંજક ઉદાહરણોના રૂપમા અત્યંત સુંદર અને માર્મિક રીતે આણ્યા છે. એ ઉપરાન્ત આ ગ્રથની વિશેષ ખુબી તો એ છે કે, તે પંચતંત્રની પેઠે કલ્પિત કથાઓથી ભરપૂર નથી; અથવા મનુસ્મૃતિ કે યાજ્ઞવલ્કય સ્મૃતિની પેઠે કેવળ ધર્મવિષયક આજ્ઞાઓ કે ચર્ચાઓથી ભરપૂર નથી કે જેથી તે આબાલ-વૃદ્ધની સામાન્ય સમજણમાં ઝટ ઉતરે નહિ. મહાભારત ગ્રંથ તો પ્રાચીન ભારતના ઇતિહાસનેજ આધારે રચાયેલો હોઇને પ્રાચીન સંસ્કૃત સાહિત્યમા તેને 'ઇતિહાસ' તરીકે પણ વર્ણવેલો છે. હવે અર્વાચીન ઇતિહાસકારોને પણ દૃઢ વિશ્વાસ બેઠો છે કે, ભીષ્મ, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, શ્રીકૃષ્ણ, દુર્યોધન વગેરે જે આ આર્ષ મહાકાવ્યના નાયક, ઉપનાયક કે પ્રતિનાયક છે; તે પણ બધા કપોલ-કલ્પિત નથી પણ ઐતિહાસિક પુરુષો છે.

દ્વાપરયુગ પૂરો થઇ કળિયુગની શરૂઆત થાય તે પહેલાં–અર્થાત્ ભારતવર્ષ અત્યંત વૈભવવાળી અને ઉજ્જવળ સ્થિતિએ પહોંચ્યા પછી જ્યારથી તેની ઉતરતી દશાનાં પૂર્વલક્ષણ દેખાવા લાગ્યાં; તેજ સમયે એ મહાપુરુષોએ આર્યાવર્ત દેશને પવિત્ર કર્યો હતો. કારણકે તેમનાં ચરિત્ર એટલાં ઉદાત્ત, બોધપ્રદ અને મનોરંજક હતાં કે તે ઉપરથી મોટે ભાગે એમજ લાગે છે કે, આ કળિયુગના આરંભમાં

* મરાઠી "ભારતીય યુદ્ધ" માં લોકમાન્યે સંવત ૧૯૭૦ માં લખેલી પ્રસ્તાવનામાંથી સ્વતંત્રાનુવાદ

પરમેશ્વરે એ મહાપુરુષોને એટલાજ માટે ખાસ ઇરાદાપૂર્વક ઉત્પન્ન કર્યા હતા કે એ સમય પછી ભારતવર્ષની જે દુર્દશા થવાની હતી તે થવા છતાં પણ (જેમ જગતમાંથી અન્ય પ્રજાઓનાં નામ-નિશાન ઉખડી ગયાં છે તેમ–આર્યપ્રજા અને તેનો સર્વોત્તમ આર્ય ધર્મ પણ જડમૂળમાંથી ઉખડી જાય નહિ; અને "ભાગ્યું ભાગ્યું તોયે ભરૂચ" ની પેઠે કાંઈ પણ તેનું સાચું બીજ–મૂળ–જળવાયલું રહીને) ભારતવર્ષના (થોડા ઘણા પણ) લોકો ધર્માચરણમાં પ્રવૃત્ત રહી શકે.

ભગવાન વેદવ્યાસની વાણી કાવ્યદૃષ્ટિએ તો રસભરી છેજ; પરંતુ તેની સાથે એ વાણીરૂપી કુંદનમાં જે હીરા જડેલા છે તે પણ તેજસ્વિતાદિ ગુણોમાં કાંઇ જેવા તેવા નથી. આજ કારણથી મહાભારત ગ્રંથ અને તેના નાયક–ઉપનાયક વગેરે મહાપુરુષો, તેમને હજારો વર્ષ વીતી જવા છતાં પણ આર્યભૂમિનાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોના હૃદયમાં પ્રિયજ થતા આવ્યા છે.

ટુંકમાં કહીએ તો મહાભારત એ એક અત્યુત્તમ રાષ્ટ્રીય ગ્રંથ છે. આર્યભૂમિના અતિશ્રેષ્ઠ મહાકવિએ પોતાની પ્રાસાદિક વાણીથી તે રચ્યો છે અને તેના નાયક અમારા પૂર્વજોમાં પણ મહાપુરુષ ગણાયલા હોવાથી અમને વર્તમાન આર્યલોકોને પણ એ રાષ્ટ્રીય ગ્રંથ સ્વભાવ-થીજ અત્યંત પ્રિય લાગે એમાં નવાઇ નથી. કેમકે એ ગ્રંથ ચતુર્વિધ પુરુષાર્થને સાધ્ય કરવામાં અમને સેંકડો–હજારો–વર્ષોથી અચૂક માર્ગદર્શક થતો આવ્યો છે. બીજાં પણ રાષ્ટ્રોમાં પ્રાચીન કાળમાં આ જાતના ગ્રંથો રચાયા હશે; પરંતુ અમને મહાભારતનાં કથાનકોમાં જેવું પોતાપણું લાગે છે; તેવું અન્ય દેશોના કથાગ્રંથોમાં નથી લાગતું. પૃથ્વી ઉપર ભાગીરથી કરતાં પણ વધારે મોટી અનેક નદીઓ છે; પણ જેમણે આર્યભૂમિમાં જન્મ લીધો છે, તે મનુષ્યોમાટે તો ગંગા જેવી પવિત્ર બીજી કોઇ પણ નદી નથી. રાષ્ટ્રીય ગ્રંથનું પણ એજ પ્રમાણે સમજી લેવું. આજ સુધીમાં આ આર્યભૂમિમાં આર્યધર્મસિવાયના અનેક ધર્મો આવ્યા છે અને તેથી આખા દેશના લોકોના ધર્મવિચારોમાં ઝાઝા ભેદ પડી ગયા છે; પરંતુ તે છતાં પણ ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોમાં આર્ય-ધર્મના અનુયાયીઓનો સમાજ અત્યારે પણ જે ધર્મનીતિના વિચારોથી તથા વ્યાવહારિક તત્ત્વોથી બંધાયલો છે; તે તત્ત્વ, તે નીતિ અને તે ધર્મ ઇત્યાદિનું મૂળ મહાભારતમાંજ મળી આવે છે.

ભારતવર્ષના દક્ષિણી પ્રાંતોની દ્રાવિડી ભાષા છોડી દઇએ તો બીજા પ્રાંતોનો ભાષાભેદ ઘણે ભાગે મહાભારતના ગ્રંથકાળ પછીજ વધારે ફેલાયો હશે, એવો ભાષાશાસ્ત્રીઓનો સામાન્ય મત છે. કોઇ પૂછે કે, મહાભારત સેતુબંધ રામેશ્વરથી હિમાલયસુધી સૌને માટે એકસરખોજ પ્રમાણભૂત કેમ મનાય છે? તો તેનું કારણ એ છે કે, પાંડવોનો કાળ એ ભારતવર્ષના ભાગ્યોદયનો કાળ હતો. ભરતખંડની બહારના પરાક્રમી દેશોના લોકો સાથે તે સમયે વૈદિક ધર્મીઓનો સંબંધ ચાલુ હતો અને તે સમયનાં તમામ સભ્ય રાષ્ટ્રોમાં ભારતવર્ષને અગ્રસ્થાન મળેલું હતું. એ સમયની નીતિ, એ સમયનો ધર્મ, એ સમયનું વ્યવહારશાસ્ત્ર અને એ સમયના અવતારી મહાપુરુષોનાં ચરિત્ર, તે સમયના પણ જગતભરનાં સર્વ રાષ્ટ્રોમાં સર્વમાન્ય થઈ પડે; તોપછી તે ખુદ ભારતવર્ષમાં–અને તે પણ તેમના પછીના ઉતરતા કાળમાં–તે સર્વમાન્ય અને શિરસાવંદ્ય થાય, એમાં તો આશ્ચર્યજ શું છે!

અસ્તુ. ઇતિહાસ કિંવા તત્ત્વજ્ઞાનતરીકે અથવા પ્રાચીન શાસ્ત્રીય પરિભાષા મુજબ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે પુરુષાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરાવનારતરીકે પણ આ ગ્રંથનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. ભારતભૂમિમાં ચારે તરફ જે હિંદુસમાજ યા આર્યસમાજ ફેલાયલો છે; તેના જીવાત્માતરીકે આ ગ્રંથને ગણીએ તો તેમાં પણ જરાયે અતિશયોક્તિ નથી. અમારામાંથી અનેક જાતના માણસો અનેક કારણોથી તેનું અધ્યયન અને અધ્યાપન હજુસુધી કરતા આવ્યા છે. કાલિદાસ જેવા કવિઓએ પોતાની અલૌકિક કવિતાશક્તિને માટે જે કથાનકોને પ્રમાણભૂત ગણીને લીધાં છે, તેમાંનાં પણ કેટલાંક કથાનકો આ 'રત્નનિધિ'માંનાંજ છે. ઉત્તરભારતવર્ષના ભાટોએ રાજપૂતાનાના રાજપૂત વીરોની શૂરતાને પાનો ચઢાવવા માટે આજ ત્રૈલોક્યચિંતામણિ મહાભારતનો ઉપયોગ કર્યો છે; અને અર્વાચીન ધર્મશાસ્ત્રકારોએ તથા રાજનીતિજ્ઞોએ પણ ધર્મ, નીતિ અને વ્યવહારનાં લોકોપયોગી સમર્પક પ્રમાણો અને વચનો આ સર્વોપજીવી ભંડારમાંથીજ ઉદ્ધૃત કરેલાં છે. તત્ત્વજ્ઞાન તરફ જોઇએ તો તેને માટે પણ બરાબર એજ ન્યાય લાગુ પડે છે. તાત્પર્ય કે, આ ગ્રંથને 'પાંચમો વેદ' કહેવામાં આવે છે તે પણ તદ્દનજ યોગ્ય છે. વ્યાસે પોતેજ આ ગ્રંથવિષે કહ્યું છે કે, "જે આમાં છે તેજ

બધા સંસ્કૃત સાહિત્યમાં છે અને જે આમાં નથી તે ક્યાંય પણ નથી."× તેમનું આ કથન કંઇ અતિશયોક્તિભર્યું નથી. ભારતવર્ષમાં નાનાં બાળક-બાળકીઓના કોમળ ચિત્તથી લઇને અનુભવથી ઘડાયેલા વૃદ્ધોનાં ચિત્ત સુધી, સૌ કોઈ ઉપર જે ગ્રંથે આજસુધી સચોટ અસર પાડી છે; તેના કર્તાનાં બુદ્ધિવૈભવ, પ્રતિભા અને સામર્થ્ય કેટલાં અલૌકિક હોવાં જોઇએ તે વિશેષ સમજાવવાની જરૂર નથી. તદ્દન અર્વાચીન કાળમાં-અર્થાત્ શ્રી શિવાજી મહારાજના સમયમાં (આજથી થોડાંક સૈકાં પૂર્વે) જે દેશોન્નતિ, રાષ્ટ્રોન્નતિ અને ધર્મોન્નતિ થયેલી; તેમાં પણ એજ ગ્રંથ કારણરૂપ થયેલો છે. પેશ્વાઇમાં પણ ધર્મ, વ્યવહાર તથા રાજનીતિ શીખવવામાં અમારા તરફ (મહારાષ્ટ્ર પ્રાંતમાં) એજ ગ્રંથનો ઉપયોગ કરતા હતા. ધર્મવિષયમાં સર્વમાન્ય થઈ ચૂકેલી શ્રીમદ્ ભગવદ્ગીતા પણ મૂળે તો મહાભારતમાંનીજ છે ને ! બારમી સદીના અરસામાં જે ધર્મજાગૃતિ થયેલી તેમાં પણ તેનુંજ ભાષાંતર કારણભૂત થયું હતું. આથી કહી શકાય છે કે, ભારતવર્ષમાં ઉન્નત પુરુષાર્થનાં બીજ સદૈવ કાયમ રાખી, પ્રસંગાનુસાર તે બીજોમાંથી યોગ્ય અંકુર ઉત્પન્ન કરવાની બાબતમાં આ મહાભારત નામક રાષ્ટ્રીય ગ્રંથજ સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષાંતરદ્વારા કારણભૂત થયો છે. શરૂઆતમાં અંગ્રેજીમાં પણ-અર્થાત્ જ્યાંસુધી આપણા દેશમાં પૂર્વ-પરંપરા થોડીઘણી પણ ચાલુ હતી ત્યાંસુધી-આ **મહાભારતમાંનીજ કથાઓ ઐતિહાસિક હકીકતોના રૂપમાં છોકરાંને ભણાવતા હતા;** પણ એ રિવાજ હવે બંધ થતો જાય છે. જ્યાં મોડી અક્ષરો તરફજ દુર્લક્ષ છે ત્યાં પછી પાંડવોની અતિ ઉપકારક હકીકતોને જાણવા-માનવાની કે શીખવા-શીખવવાની તો કોનેજ પડી હોય ? પરિણામ તેનું એજ આવ્યું છે કે, જે સાધારણ વાતો અથવા ધર્મનીતિનાં તત્વો, સ્વરાજ્યના સમયમા નાનાં બાળકો સુધી પણ (વગર ખર્ચે પહોંચી જતાં અને તે તેમને) અનાયાસે સમજાઇ જતાં; તેજ તત્ત્વો અને તેજ વાતો આજે એક પણ વિદ્યાર્થીને (જો તે પુષ્કળ પૈસા ખર્ચીને કૉલેજમાં જાય, અને જઇને પણ બીજી ભાષાતરીકે જો સંસ્કૃતને પસંદ કરે; અને ભણવા માંડયા પછી પણ જો તેના પાઠ્યપુસ્તકમાં ક્યાંક તે પ્રાચીન પૂર્વજોની અસામાન્ય વાતો કે તત્ત્વોનો ઉલ્લેખ તેના વાંચવામાં આવી જઇ કાઈપણ જિજ્ઞાસા જાગવા પામે; તોજ તેને પોતાના ખૂટપાટલૂની ગુરુદેવને) પૂછવાનું મન થાય કે, " સાહેબ ! આ તત્વો અને આ વાતો મૂળે કયા દેશના હશે અને કયા ગ્રંથમાંનાં હશે ? " આજના ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીને કાં તો આમ છેકજ અજાણ્યાની પેઠે પૂછવું પડે છે; અથવા તો એકાદ શબ્દકોષમાથી ખોળી કાઢીને યાદ કરવું પડે છે !

ભારતવર્ષમાં અત્યારે જ્યારે એક તરફ રાષ્ટ્રીય એકતા પ્રાપ્ત કરવા માટે જેટલા પણ સાધન મળી આવે તેટલાં ખોળી કાઢવાને આપણે તત્પર થયા છીએ; ત્યારે બીજી તરફ અત્યંત અફસોસની વાત છે કે, જે રાષ્ટ્રીય ગ્રંથનો આજે સેંકડો-હજારો વર્ષથી હિંદુસમાજને સંગઠિત કરવા પાછળ અત્યુત્તમ ઉપયોગ થતો આવેલો; તેની આપણા આજના નવજુવાનોજ અવગણના કરી રહ્યા છે ! આવી સ્થિતિમાં આ તરફ કેટલાક સમયથી આ ગ્રંથના અનુવાદો, તેમજ સંક્ષિપ્ત ગદ્ય-પદ્ય ગ્રંથો એજ હેતુથી પ્રસિદ્ધ થવા લાગ્યા છે, કે જેથી ઉપર્યુક્ત શોચનીય સ્થિતિ કંઇક અંશે પણ દૂર થાય; પોતાના પૂર્વજોના વૈભવ, શૂરતા, ઉદાત્ત વિચાર અને મહત્તા નવી પ્રજાના મનમાં યોગ્ય સમયે ઉતારાય; મહાભારત જેવા રાષ્ટ્રીય ગ્રંથપ્રત્યે તેમના મનમાં આદરભાવ પેદા થાય; અને તેદ્વારા તેઓ પોતાનાં આચરણ સુધારી દેશકલ્યાણ સાધવાને તત્પર થાય. × × × ×

તાત્પર્ય એ છે કે, ઘણા વિદ્વાન અને દેશહિતૈષીઓનું ધ્યાન હવે એ તરફ દોરાયું છે કે, સ્વરાજ્યના સમયે નાનાં બાળકોને જે રીતે મોડી અક્ષર બતાવીને કે બીજી કોઈ રીતે-અર્થાત્ કથા પુરાણ વગેરે સંભળાવીને-આ ગ્રંથની અને તેમાંનાં પાત્રોની ઓળખાણ સહજમાં કરાવાતી; તેમ આ સમયમાં પણ-અર્થાત્ જ્યારે સાર્વજનિક શિક્ષણમાટે પાઠશાળાઓ સ્થપાઇ ચૂકી છે, તેવા સમયમાં પણ-નાનાં નાનાં બાળક સુદ્ધાંને આ ગ્રંથનો સારી પેઠે પરિચય કરાવવો જોઇએ. × × ×

પૂના, આશ્વિન શુક્લ ૧૦,
શાકે ૧૮૨૯. વિ૦ સં૦ ૧૯૭૦

બાલ ગંગાધર તિલક

× यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ।

૨—પંડિત રામજીલાલ શર્માના વિચાર×

જે જાતિ પાસે પોતાનો પુરાણો ઇતિહાસ નથી; જે જાતિ પાસે તેના પૂર્વજોનાં મહત્ત્વપૂર્ણ ચરિત્રોનો સંગ્રહ નથી; અને જે જાતિ પાસે પોતાના મહાન પૂર્વજોની કીર્તિને યાદ કરાવનારો કોઇ ગ્રંથ નથી; તે જાતિ મુડદાલજ બને છે-રહે છે અને તે સભ્ય સંસારમાં કદી પણ મસ્તક ઉંચું કરી શકતી નથી.

હિંદુજાતિને માટે મહાગૌરવની વાત છે કે, તેની પાસે પૂર્વજોનો કોષ વિદ્યમાન છે; તેની પાસે કર્મવીર પૂર્વજોની સાચી કહાણીઓ મોજૂદ છે; તેની પાસે તેનો સાચો ઇતિહાસ-પૂરો નહિ તો કેટલાક સમયનો પણ-હયાત છે; અને છે તે પણ જેવા તેવા રૂપમાં નથી, પરંતુ ઉન્નત જીવનને અને તેના સાધનભૂત ઉચ્ચ ભાવનાઓ તથા ઔદાર્યાદિ દિવ્ય ગુણોને જગાડી દે એવા જ્વલંત રૂપમાં હયાત છે. વાંચનાર બંધુ! તમે જાણો છો કે, એ કયો ગ્રંથ છે? એ ગ્રંથ તે આ મહાભારત છે.

જે જાતિ પાસે આ મહાભારત જેવો જગતભરમાં જોટાવગરનો અનુપમ ગ્રંથ હયાત હોય; તે કદી પણ પડતી દશામાં રહી શકે નહિ. જે જાતિ પાસે પોતાના પૂર્વજોનાં એવાં તેજસ્વી, સ્ફૂર્તિદાયક અને અનુકરણીય વીરચરિત્રો હોય; તેનું નામ સભ્ય જાતિઓની શ્રેણીમાંથી બાતલ રહી શકે નહિ. પરંતુ ત્યારે એ ઉપરથી તો અહીં એજ પ્રશ્ન ઉભો થાય છે કે, મહાભારત જેવો ગ્રંથ હયાત હોવા છતાંપણ આજે હિંદુજાતિ કર્તવ્યભ્રષ્ટ કેમ થતી જાય છે? ભગવાન શ્રીકૃષ્ણ, બાલબ્રહ્મચારી ભીષ્મપિતામહ, મહાયોદ્ધો અર્જુન, મહાબલી ભીમ, ધર્માત્મા યુધિષ્ઠિર, મહાપંડિત સહદેવ, મહાનીતિજ્ઞ વિદુર, મહાપરાક્રમી કર્ણ અને યુદ્ધવિશારદ દ્રોણાચાર્ય આદિ મહાત્માઓની અનેકાનેક વીરકથાઓ ધરાવનારો મહાભારત ગ્રંથ મોજુદ છતાં પણ આજે હિંદુજાતિ શામાટે દુર્ગતિમાં ડૂબી રહી છે? ગીતા જેવું અમૃતમય શિક્ષણ હયાત હોવા છતાં હજી પણ હિંદુજાતિ પોતાના પૂર્વજોનાં નામ ઉપર શામાટે કલંક લગાડી રહી છે?

કારણ એનું માત્ર એજ છે કે, હિંદુજાતિએ મહાભારત ગ્રંથ વાંચવો-સાંભળવો છોડી દીધો છે; અને પોતાના પૂર્વજોની અનુકરણીય ગુણગાથાઓનું ગાન બંધ કરી દીધું છે. આથીજ હિંદુજાતિમાંથી પોતાના પૂર્વજોનું જ્ઞાન-ગૌરવ ઓછું થઇ ગયું છે. એને તો હવે એટલી પણ ખબર નથી રહી કે, એને ત્યાં કેવા કેવા રાજનૈતિક, ધાર્મિક, વીર, પરાક્રમી, પ્રભુદર્શી, નિર્લેપ, વિરક્ત અને સાહસિક મનુષ્યો થઇ ગયા છે? પોતાના મહાન પૂર્વજોનું મહત્ત્વ ભૂલી જવાથીજ આજે હિંદુજાતિ બીજાઓની મદદ માટે તલસ્યા કરે છે; અને વિદેશીઓના કેટલાક ઉપલકિયા ગુણો ઉપર મુગ્ધ બની જઇ તેમનેજ કુશળ રાજનૈતિક, મહાપરાક્રમી અને સાહસિક માની બેસે છે!

વસ્તુસ્થિતિ આવી થઇ પડેલી હોવાથી અમારા અભિપ્રાય પ્રમાણે હવે તો પ્રત્યેક હિંદુએ મહાભારતની કથા અવશ્યમેવ જાણવી જોઇએ. પરંતુ વર્તમાન કળિકાળનો સમય મહાકઠિન હોવાથી હિંદુજાતિમાં બીજા હલકા વાચનનો જેટલો પ્રચાર થાય છે તેટલો અને મહાભારતનો જેટલો પ્રચાર થવો જોઇએ તેટલો થતો નથી.

કથા કહેવા-સાંભળવાનો પ્રચાર આપણા દેશમાં પહેલાં થોડો ઘણો હતો તેટલો પણ હવે તે રહ્યો નથી; અને બહુજ દુઃખની વાત છે કે, હવે એ પ્રથા છેકજ નાશ પામતી ચાલે છે!! એવી કથાઓ સર્વ કોઇના હિતમાટે એટલી બધી ઉપકારક થાય છે કે એનાવડે તો દરેકેદરેક કોટીના લોકો ઘણીજ સહેલાઇથી અને અનેક પ્રકારનું ઉત્તમોત્તમ શિક્ષણ મેળવી શકે છે. ભારતવર્ષમાં અગાઉ જ્યારે આ પ્રથાનો સર્વ જગાએ પ્રચાર હતો; ત્યારે લગભગ બધાંજ માણસો પોતાના પૂર્વજોનો મહિમા જાણતાં હતાં અને તેમના હૃદયમાં પૂર્વજોનું ગૌરવ પણ ટકી રહ્યું હતું. પણ કરાલ કાળની કુટિલ ગતિથી એ બધી વાતો હવે તો છેકજ લુપ્તપ્રાય થતી ગઈ છે અને થતી જાય છે.

કથાની એ પરમોપયોગી પ્રથાને (હવે આપણે સવેળાજ ચેતી જઇને-હજી "ભાગ્યું ભાગ્યું તોયે ભરૂચ" હયાત છે તે ધબાયનમઃ ન થઇ જાય ત્યાંસુધીમાં) ઝટપટ પાછી સજીવન કરી દેવી જોઇએ.

× એ મહોદયે સં. ૧૯૭૪ માં મહાભારતના સારાંશરૂપે પ્રસિદ્ધ કરેલા શાળોપયોગી 'હિંદી મહાભારત' ના નિવેદનમાંથી આ સ્વતંત્રાનુવાદરૂપે લીધું છે. એ પુસ્તકની પૃષ્ઠસંખ્યા ૪૫૦, લેખક સુપ્રસિદ્ધ સાક્ષર રામનરેશ ત્રિપાઠી, કદ ૭।।×૫।।, મૂલ્ય ૧) ઠેકાણું હિન્દી પ્રેસ-પ્રયાગ.

મહાભારત જેવા લાભદાયક ગ્રંથની કથા જો કોઇ સુયોગ્ય વક્તા પાસેથી સાંભળવાની મળે; તો તેથી સર્વ કોટીનાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષો સહેલાઇથી તેનો લાભ ઉઠાવી શકે તેમ છે; અને શું ભણેલા કે શું અભણ, બધા લોકો મહાભારતની કથા સાંભળીને તેનો મર્મ પણ સમજી શકે તેમ છે; તેમાંથી ઉત્તમોત્તમ શિક્ષણ મેળવી શકે તેમ છે; અને પોતાના હૃદયમાં પોતાના પૂર્વજોના ગુણ–ગૌરવની સ્થાપના કરી શકે તેમ છે.

× × ×

અમે ઇચ્છીએ છીએ કે, જેમ રામાયણનો પ્રચાર (ગંગાયમુના તરફના પ્રદેશમાં) ઘેરઘેર થઇ ગયો છે; તેમ મહાભારતની કથાનો પ્રચાર પણ ઘેરઘેર થઈ જાય. કેમકે પ્રત્યેક મનુષ્ય આ લાભદાયક કથાનો મર્મ સમજે એવા પ્રયત્નની ઘણીજ આવશ્યકતા છે. ભારતવાસીઓમાં હાલમાં કંઇક એવીજ ભાવનાઓ (અને તેમને અધોગતિના છેકજ ઉંડા ખાડામાં નાખી દઇ સદાને માટે સત્યાનાશ કાઢી નાખે એવી અવળીજ બુદ્ધિ) પેદા થવા લાગી છે; અને તેથી કરીને તેઓ પોતાના પ્રાચીન ગુણગૌરવને જડમૂળથી વિસરી જવા લાગેલા સાફ જણાય છે. હિંદુજાતિ એજ કારણથી આજે મૃગતૃષ્ણામાં આમથી તેમ ભટકયા કરે છે; સૂર્યના પ્રકાશને તજી કેરોસીન અને વિજળીના તેજદાર દીવાઓથી પોતાનાં નેત્રોનું તેજ ગુમાવી રહી છે; પારસમણિ તજીને પથ્થર–કંકર પાછળજ ગાંડી ગમાર અને કંગાલની સરદાર બનવા મથી રહી છે; પોતાનાં પ્રાચીન જવાહીરો વિદેશમાં સિધાવી જઇને ત્યા તે કોડીના મૂલ્યે વેચાઇ જતા સગી નજરે જોવા–વાંચવા છતા પણ પોતાને મોટા નસીબદાર સમજીને પશ્ચિમના બનાવટી રત્નાભાસો પાછળજ તે વધારે ને વધારે લટ્ટુ થતી ચાલે છે; અને અમૃતમય શિક્ષણથી ઉભરાતી રામાયણ અને મહાભારતની સાચી કથાઓ નહિ વાચતા પ્રેમલા-પ્રેમલીઓની કલ્પિત કહાણીઓમાંજ લગની લગાવીને અધોગતિમાં ડૂબતી ચાલે છે!

શું આનો કોઇ ઉપાયજ નથી, કે જેથી હિંદુજાતિ ફરીથી પોતાના પૂર્વજોને માર્ગે ચાલવા લાગે? અમારા અભિપ્રાય પ્રમાણે તો હજી પણ જો તેમના હાથમા, તેમના પૂર્વજોના મહત્ત્વ અને ગુણગૌરવથી ભરપૂર એવા મહાભારત અને રામાયણના ગ્રંથ આપવામાં આવે; અને જો તેમાં વર્ણવાયલી તેમના પૂર્વજોની વીર કહાણીઓ તેમના વાચવા–સાંભળવામાં આવે; તો હજી પણ તેમનો બચાવ થવાનો સંભવ છે. અત્યારે એથી વધારે સારો અને સુગમ ઉપાય દેશોન્નતિમાટે બીજો કોઇ પણ નથી. જો હવે આ પ્રમાણે નહિ કરવામાં આવે, તો પછી ભારતવાસી હિંદુ–આર્યોમાં માથું ઉંચું કરવાના ઉચ્ચ અભિલાષો કદીપણ જાગવાના નથી.*

× × × ×

રામજીલાલ શર્મા

---

* આ શુ જેવી તેવી તક છે ? જેવી તેવી રાષ્ટ્રસેવા છે ? જેવી તેવી સમાજસુધારણા છે ? જેવો તેવો લાભ છે ? જનસમાજને તો એવી તેવી બાબતોની પરવાજ નથી; પરંતુ હાલના સમાજ–સુધારકો અને રાષ્ટ્ર–સેવકોની પણ (ગુજરાતમા તો) હજીસુધી એટલી ઉંડી ગતિ મતિ જણાતી નથી; તો પછી બીજાની તો વાતજ શી ? તેઓ એટલા બધા ગાડા તો થોડાજ છે, કે જેથી પોતાનાં ચરિત્રો અને ગુણગાનોની મોહ-મમતા ત્યજી દઇને તે સ્વધામે પહોંચી ગયેલા જુનાપુરાણા પૂર્વજોનાં ગુણચારિત્ર ગવરાવવા–ફેલાવવાનું, ગોટપીટીયા અભુતર ભણ્યાગગરના કથાકારોને વધારવા–સત્કારવાનું અને તે મહાન પૂર્વજોની જયંતિઓ તથા રામાયણ–મહાભારતની કથાઓ તેમજ સપ્તાહો સ્થળે સ્થળે ફેલાવી ગજાવીને તે પૂર્વજોના ઉત્તમોત્તમ આચારવિચારો અને નામો તથા કામોને જગાડવાનું કામ પોતાનેજ હાથે કરે ! અને તેમ કરીને તેઓ પોતાને હાથેજ પોતાને તેમના કરતાં ઝાંખા દેખાડવાનો ધંધો આદરે ! ! દેશ કાલે ડૂબનો હોય તો આજ ભલે ડૂબે; પણ પોતાના પંડનીજ પ્રતિષ્ઠા, લોકપૂજા, ઈ૦ સાચવવા વધારવાનું મૂકીને તે સ્વધામ પહોંચી ગયેલા મૃત પૂર્વજોનાં ગુણચારિત્ર (તે ગમે તેટલાં પ્રાણદાયક હોય તોપણ) ગાવા–ગવરાવવાનું તેમને પરવડેજ કેમ ! કારણકે એવું તેવું કરવા કરાવવા જતાં ન કરે નારાયણ ને કદાચ કોઈ કોઈ તેજસ્વી માનવોજ પાકી આવ્યા; તો તો પછી એ બિચારા બંડખાંઓનાં નામ, કામ અને જયંતિઓ આ સંસારમાંથી ઉખડીજ જાય ને ! પણ આત્મશ્લાઘાઈ! આ સેવક પોતેજ એવાં તેવાં કામો કરવા કરાવવાનું છોડીને આમ શામાટે બીજાની વાત કરતો હશે ? કારણ એજ કે, તે મૂર્ખાધિરાજ અને અવગુણોનો સાગર છે.

૩–પંડિત જયગોપાલ વિદ્યાભંડારના વિચાર*

મહાભારત ગ્રંથની પ્રશંસા કરવી; એ તો સૂર્ય દેખાડવા માટે દીવો ધરવા જેવું છે. જો હું એ વિષે ટુંકમાં કાંઇ કહેવા માગું તો તો એટલુંજ કહું કે, જે હિંદુ સંતાને મહાભારતને વાંચ્યું કે સાંભળ્યું નથી; તે ગમે તો સંસારમાંની સર્વ વિદ્યાઓ ભણી ચૂકયો હોય તોપણ કશુંયે નથી ભણ્યો એમજ સમજવું; અને જેણે મહાભારત વાંચ્યું–વિચાર્યું છે તથા પોતાના હૃદય-મંદિરમાં ધારણ કર્યું છે; તેને બીજું કોઇપણ પુસ્તક વાંચવાવિચારવાની જરૂર નથી.

સમુદ્રમાં જેમ હીરા, મોતી, છીપ, શંખ, પરવાળાં વગેરે અનેક પ્રકારની સંપત્તિઓ ભરી પડી છે; તેમ મહાભારતરૂપી વિચારસાગરમાં પણ જેના વડે ચારે પદાર્થ પ્રાપ્ત થાય, એવાં જ્ઞાન-ચારિત્રવર્ધક હીરારત્નો સર્વ પ્રકારનાં ભર્યાં પડયાં છે.×

ધર્મનીતિ, રાજનીતિ, માનવી સભ્યતા, દુષ્કર્મોનું પરિણામ, પુણ્યોનું ફળ, સંસારના આરંભથી મહાભારતના સમયસુધીના રાજા–મહારાજાઓના ઇતિહાસ, તેમનાં વીરત્વ તથા વૈરાગ્ય વગેરે સર્વ પ્રકારના આચાર તથા વિચાર આ મહાભારતમાંથી મળી આવવાના.

મારી તો એટલે સુધી ખાત્રી છે કે, આખા ભારતવર્ષમાં–એટલુંજ નહિ પણ સમસ્ત સંસાર-માં મળીને પણ–હાલમાં જેટલું પણ સાહિત્ય દેખાય છે; તે ગમે તો હિંદી, ઉર્દૂ, અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, અરબી, ફારસી, જાપાની કે ગમે તે ભાષામાં હોય; તોપણ તે સર્વનો મૂળ આધાર તો મહાભારતજ છે.

સાચી વાત તો એ છે કે, મહાભારત એ અમારી આર્યજાતિની રાષ્ટ્રીય સંપત્તિ છે; અને જ્યાં-સુધી તે અમારી પાસે છે, ત્યાંસુધી આર્યજાતિ કદીપણ નષ્ટ થવાની નથી. હજારો વર્ષોથી પીડાતી અને વિદેશી રાજ્યકર્તાઓથી કચરાતી આ જાતિ હજુ પણ નાબુદ થઈ નથી તેનું કોઇ પણ ખાસ કારણ હોય તો તે એકમાત્ર રામાયણ અને મહાભારતજ છે. આ સંસારસમુદ્રને તરી જવા માટે મહામુનિ વ્યાસદેવજીએ ખરેખર મહાભારતરૂપી એક જબરદસ્ત વહાણુજ બનાવી આપ્યું છે.

મારૂં કામ અત્રે મહાભારતની સમાલોચના કરવાનું નથી; પરંતુ માત્ર એટલુંજ દર્શાવવાનું છે કે, આર્ય સંતાનોએ મહાભારતને વાંચવા–સમજવાની અને તેને અનુસરતી વર્તણુક બનાવવાની જરૂર શામાટે છે ?

પાઠકબંધુ ! મહાભારતકાળમાં આર્યજાતિ સમસ્ત સંસારમાં રાજ્ય કરતી હતી, એ તો તમને મહાભારત વાંચવાથી તરતજ સમજાઇ જશે. કૌરવ અને પાંડવોના યુદ્ધમાં ભારતના સઘળા પ્રાંતોના રાજામહારાજાઓ એકત્ર થવા ઉપરાંત ચીનનો રાજા પણ આવે છે; અમેરિકા(પાતાલ)નો રાજા પણ આવે છે અને હરિવર્ષ(યૂરોપ)ની સેનાઓ પણ એમાં એકત્ર થાય છે! વળી કાબુલ, કંદહાર, શક અને હૂણ (ફારસ) ઇત્યાદિના પણ લડવૈયાઓ ત્યાં એકત્ર થાય છે; અને એ સર્વને લીધે કુરુક્ષેત્રનું મેદાન તો જાણે સંસારની સમસ્ત જાતિઓના યોદ્ધાઓની એક અપૂર્વ પ્રદર્શિની જેવીજ બની રહે છે!! આર્યજાતિના આટલા બધા અભ્યુદય અને ઐશ્વર્યનું જો કોઇપણ ખાસ કારણ હોય તો તે એકમાત્ર આપણા પ્રાચીન આર્યોની સભ્યતા, મનોબળ અને શરીરબળની શ્રેષ્ઠતામાંજ હતું; અને એ શ્રેષ્ઠતાઓનાં કારણ તેમનાં **બ્રહ્મચર્ય, આત્મજ્ઞાન, વેદાભ્યાસ** અને **ઉત્તમોત્તમ ભાવનાઓમાંજ** રહેલાં હતાં. મહાભારતમાં એ સર્વ બાબતોને વ્યાખ્યાઓ અને ઉપદેશોરૂપે

---

* એમણે મહાભારતના સારાંશરૂપે હિંદીમાં સંવત ૧૯૮૨ માં પ્રસિદ્ધ કરેલ "સચિત્ર મહાભારત" ગ્રંથની ભૂમિકામાંથી આ વિચારો સ્વતંત્રાનુવાદરૂપે લીધા છે. એ પુસ્તક મળવાનું ઠેકાણું "બુકસેલર શામદાસ મધવા" ઠે. શાહઆલમી દરવાજા, મુ. લાહોર. એ પ્રમાણે છે.

× એને લૌકિક હીરારત્નોની ઉપમા આપવી, એ પણ તેને ઉતારી પાડવા જેવું છે; કેમકે લૌકિક હીરારત્નો કરતાં સોગણું–હજારગણું–કે લાખગણું એનું મૂલ્ય કહીએ તોપણ ઓછું પડે. લૌકિક હીરારત્નોનો ડુંગર જેટલો ઢગલો બદલારૂપે આપીએ તોપણ એકાદ સાચા મહાપુરુષને ખરીદી શકાય નહિ; અને જે લૌકિક હીરારત્નોને ધારણ કરવાથી ધારણ કરનારાંઓનાં દેહાભિમાન વધી જાય તેની તો કિંમત ગણવી ઘટે કે નુકસાની ગણવી ઘટે ? અને કિંમતજ ગણવાની હોય તોપણ આન્તરિક દૈવી સંપત્તિ આગળ તો તે ચપટી ધૂળ જેટલી પણ ક્યાં થવાની છે ! !

વર્ણવવાને બદલે સાચા બનેલા બનાવોદ્વારા વર્ણવી છે; અને તે પણ એવી ઉત્તમ શૈલીથી વર્ણવી છે કે જાણે અત્યારે આપણી નજર સામેજ એ બનાવો બની રહ્યા હોય એવો આપણને ભાસ થઇ આવે છે. મહાભારતમાં આપણા પૂર્વજોનાં ચરિત્રચિત્રોને આ પ્રમાણે બહુજ તાદૃશ્ય રીતે આલેખવામાં આવ્યાં છે.

માત્ર બ્રહ્મચર્યનેજ લ્યો. પિતામહ ભીષ્મ પોતાના પિતાને પ્રસન્ન કરવાને ખાતર આજન્મ બ્રહ્મચારી રહે છે; રાજગાદીના હક્કનો રાજીખુશીથી ત્યાગ કરે છે; એકસોપચીસ વર્ષની વયે પણ એવું પ્રખર-પ્રબળ યુદ્ધ કરે છે કે પાંડવી સેનાના છક્કા છૂટી જાય છે; અને સ્ત્રીજાતિને ધર્મ-શાસ્ત્રે અવધ્ય કહેલી હોવાથી તેમજ શિખંડીનો ચહેરો સ્ત્રી જેવો હોવાથી-અથવા તો પૂર્વજન્મમાં તે સ્ત્રી હોવાથી-ધર્મજ્ઞ ભીષ્મપિતા પોતે આદર્શ બળવાન છતાં પણ તેના ઉપર હાથ ચલાવવાને બદલે તેને હાથે મરવાનુંજ પસંદ કરે છે ! વળી પોતે ઉત્તરાયણસમયેજ દેહ છોડવાનું ઉત્તમ માનતા હોવાથી તે સમય આવતાં સુધી-મહીનાઓ સુધી-બાણશય્યા ઉપરજ પડ્યા રહે છે; અને તે છતાં પણ દુઃખનો એક પણ ઉચ્ચાર તેમણે કર્યો નથી! વળી ઓશીકું કર્યુ તે પણ બાણનું કર્યું અને પ્રાણ તજ્યા તે પણ સ્વેચ્છાએ તજ્યા !!

વાંચનાર બંધુ ! તારા પૂર્વજ આર્યોમાં આટલું બધું આત્મિક અને શારીરિક બળ હતું અને આર્યોને તેમના એ ઉભય પ્રકારના બળપરાક્રમેજ આ સમગ્ર સંસારના સ્વામી બનાવી દીધા હતા.*

બાલમાતા સ્ટ્રીટ લાહોર સં-૧૯૮૨ જયગોપાલ

૪-ઈંડિયન પ્રેસ (પ્રયાગ) તરફના વિચાર

મહાભારતમાં જે શિક્ષણ આપવામાં આવ્યું છે; વ્યવહારની બાબતમાં જેવો ઉપદેશ અપાયો છે; અને જે કામોથી દૂર રહેવાની શિખામણ અપાઇ છે; તેને માન્ય કરવાથી ઘણા માણસો શૂરવીર થયા છે; ઘણાઓને અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત થયું છે; અને ઘણાઓએ એવાં કામ કર્યાં છે કે જેથી તેઓ જગતપૂજ્ય થઇ શક્યા છે. આ હકીકત જોતાં મહાભારતને સાચા ધનનો ખજાનો કહે છે તે વાત પણ ખોટી નથી; તો પછી એવી તે કયી બાબત હોય કે જે એમાં સમાયલી હોય નહિ ? એમાં બધા જટિલ અને કૂટ પ્રશ્નોનું સમાધાન કરેલું છે અને કઠિનમાં કઠિન ગુંચવણો ઉકેલવાનો માર્ગ દર્શાવેલો છે. જો હિંદુઓ એમાંના ઉપદેશનું બરાબર પાલન કરે તો તેમનાં સઘળાં દુઃખ-દારિદ્ર દૂર થઈ જાય; વિપત્તિઓ ટળી જાય અને તેમના સૌભાગ્યસૂર્યનો ઉદય થાય એમાં આશ્ચર્ય નથી.

પણ મહાભારતના એ અમૂલ્ય ઉપદેશો સામાન્ય જનતાને પહોંચી શકે કેવી રીતે ? કેમકે મહાભારતરૂપી ખજાના ઉપર સંસ્કૃત ભાષાનો એવો જબરદસ્ત પહેરો છે કે જે પહેરો વટાવી જવાનો અધિકાર માત્ર પંડિતોનેજ છે. વળી એ પણ સ્પષ્ટજ છે કે, સંસ્કૃત જાણનારાઓની સંખ્યા બહુજ થોડી હોવાથી; અને તેથી કિંમત પણ સંસ્કૃત મહાભારતની વધારે હોવાથી સંસ્કૃતદ્વારા તો તેના ઉપદેશ જનતાને પ્રાપ્ત થઈ શકતા નથી. આ પ્રમાણે એ ઉપદેશો પ્રાપ્ત નહિ થવાથી, અને તેને લીધે આપણામાં મનોબળ અને ચારિત્રબળ ઘટી જવાથી આપણે બહુજ દીનહીન થઇ ગયા છીએ; એ મહાદુઃખની વાત છે. જે ગ્રંથમાં વર્ણવેલા ઉપદેશો સ્વીકારવાથી અને આચરવાથી

* કોઈ અહીં એમ પૂછે કે, હવે કાંઈ એવું બળ ઓછુંજ આવે તેમ છે ? તો જણાવવાનું કે, તે જોઇએ છેજ કોને અને લગની લાગી છે પણ કોને ? લગની વેપારી અગ્રેસરોને લાગી છે દેશને લૂંટવા-લૂંટાવવાની, લૂંટવા લાગવાની અને બહુ તો કોઈ કોઈને લગની લાગે છે દેશભરને આવરી બેઠેલાં દુઃખદારિદ્રનાં અનેકવિધ વૃક્ષોમાંથી એકાદ પાંદડુંજ તોડવા બેસી જઇને તેમાંજ મોટો દેશોદ્ધાર થઈ જવાનો ડોળ અને ઉપદેશ કરવાની ! વળી ઋષિમુનિઓનાં શિક્ષણ શીખવા-શીખવવાની અને પાળવા-પળાવવાની, તથા હજારો અનાથ સંતાનોનાં તનમનને વજ્ર જેવા બનાવીને તેમાંથી દેશના સાચા સપૂતો નીકળે તેમ કરવાની તો પડી છેજ કોને ! ! દીન-દુઃખી અને અનાથો ભલે કાલે મરતાં હોય તો આજ મરે; પણ લોકોમાંથી લાખો ઉઘરાવીને એવાં તેવાંઓની સેવામાં વાપરવા કરતાં ન અર્થે ધનિકપુત્રોને અતિધૂર્ત બનાવવા પાછળ, કે જેથી કરીને ઝટાઝટ પોતાની છબીઓ, સભાઓ અને જયંતિઓ ચાલુ થઈ પોતાના અનિત્ય શરીરનું નામ આ જગતભરમાં અમર થઈ જાય !

[illegible]

તે તે માનવોનો દુઃખક્લેશમાંથી ઉદ્ધાર થયો; સુખદાયક જ્ઞાનચારિત્ર પ્રાપ્ત થયું; અને તેમનાં નામ સંસારમાં પ્રખ્યાત થઇ ગયાં; એવા અતિ ઉપકારક ઉપદેશો આપણા દેશમાં મોજુદ છતાં આપણે તેનો લાભ ઉઠાવી શકતા નથી; તો તો પછી ધન-ધાન્યના છતા ભંડારે અપવાસી રહેવા જેવીજ વાત એ તો થઇ ને!!

કોઈ પૂછે કે, મહાભારતમાં શું છે? તો તેને ટુંકો ઉત્તર તો એજ આપી શકાય કે, એ મહા-પુરાણમાં સર્વ કાંઈ છે. જે એમાં છે, તેજ બીજે મળી શકે છે; અને જે એમાં નથી તે ક્યાંય પણ મળવું અસંભવિત છે. મહાભારતમાં રાજાઓના વંશનું વર્ણન છે; તેમનો અદ્‌ભુત કીર્તિ-કલાપ છે; તેમની ભૂલોનું પણ વર્ણન છે અને તે ભૂલોને સુધારવાના ઉપાય પણ દર્શાવેલા છે. વળી એમાં ઋષિઓની કથાઓ છે; તેમની તપશ્ચર્યાઓનાં વર્ણન છે; તેથી થતા વિશ્વહિતના ઉલ્લેખ છે; અને જે જે ઋષિઓ તપોભ્રષ્ટ થયેલા તેનાં પણ કારણો દર્શાવેલાં છે. આ પ્રમાણે એક સામાન્ય માનવ પણ સાધનાદ્વારા પ્રયત્ન કરતો કરતો કેવી રીતે શ્રેષ્ઠ માનવ થઇ શકે છે, તે એમાં દર્શાવેલું છે; તેની સાથે એ પણ દર્શાવ્યું છે કે, ગમે એવો મહાબળવાન માનવ હોય તોપણ જો તે વિવેકભ્રષ્ટ હોય કે થાય, તો તે પણ કેવી દુર્દશાને પ્રાપ્ત થાય છે; તથા તેની પાસે બળ, વીર્ય, બુદ્ધિ, ધન, પ્રભુતા, રાજ્ય, ભાઇ, ભાંડુ, સ્વજન, પરિવાર વગેરે ગમે તેટલું હોય તોપણ તેમાંનું કોઇપણ તેની રક્ષા કરી શકતું નથી. આવા સત્ય સિદ્ધાંતોને સાબીત કરનારા બનાવોનાં અનેક જીવતાં જાગતાં વર્ણનો મહાભારતમાં છે. વળી અનેક પ્રકારનાં તપોવન, ઉપવન, સરોવર, નદીઓ, પર્વતો, વન, આકાશ, પાતાળ તથા સર્વ પ્રકારના લોકોનાં અને ભવનોનાં વર્ણન એમાં આબેહુબ છે. એમાંથી તમને નવલકથાની મઝા, ઇતિહાસનો આનંદ તથા નાટક અને કાવ્યની પણ રસિકતા પ્રાપ્ત થશે. નીતિના ઉપદેશ, કુટિલ નીતિની ચાલબાજી, રાજનીતિના દાવપેચ, છળરહિત નિર્મળ વ્યવહારના ઉપદેશ, લોકો સાથે વર્તવાની રીતિ, વૃદ્ધો-વડીલોને તુચ્છ માનવાનાં અને સ્ત્રીઓનો અનાદર કરવાનાં માઠાં પરિણામ, એ વગેરે મહાભારતમાં બહુજ ખુબીથી દર્શાવવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં જ્યાં યુદ્ધની ચર્ચા ચાલતી જોશો, ત્યાં તેનો પણ તમને પૂર્ણ ઉત્કર્ષ થયેલો દેખાશે; તથા સર્વ જાતનાં હથિયારો, અસ્ત્રશસ્ત્રો, સ્વારીઓ અને સેનાઓનાં પણ આબેહુબ વર્ણન દેખાશે. જ્યાં મલ્લવિદ્યાનાં વર્ણન વાંચશો, ત્યાં તમને કુસ્તીના જાત જાતના દાવપેચ પ્રાપ્ત થશે. જ્યાં ચાલાકીનું વર્ણન વાંચશો, ત્યાં તેનું પણ એવું વર્ણન મળશે કે જે વાંચીને તમે દિંગ થઇ જશો. એમાં તમે તીર્થોનાં માહાત્મ્ય જોશો; તીર્થયાત્રા કરવાના લાભ જોશો; અને કયી યાત્રામાં તથા કયા અનુષ્ઠાનમાં શી શી હરકતો છે તે પણ યથાવત્ આલેખાયલું જોશો. ક્યાંક આપ એમાં દિગ્વિજય થતો જોશો તો ક્યાક યજ્ઞસમારંભ થતો જોશો. ક્યાંક વિચિત્ર સભામંડપ બંધાયલો જોશો તો ક્યાંક દાનભોજનાદિનો અપૂર્વ મહોત્સવ ચાલતો જોશો. એમાં તમને જે સ્થળે અનેક પુણ્યકાર્ય જોવા મળશે; ત્યાં કેટલીક એવી વાતો પણ દેખાશે કે જે જોઇને તમને દુઃખ પણ ઉપજશે અને દુરાચારીઓ ઉપર બહુ ક્રોધ ઉપજશે; પરંતુ છેવટે એ સર્વનું પરિણામ જોશો, ત્યારે તમને આનંદ પણ અપાર થશે. કેમકે તમે જોશો કે, છેવટે તો અધર્મની હાર અને ધર્મનીજ જીત થઇ છે; અસત્ય ઉપર સત્યનોજ વિજય થયો છે અને અનીતિને નીતિએજ હાર ખવડાવી છે. ઘમંડમાં આવી જઇને કે ઐશ્વર્યના મદમાં છકી જઇને જેમણે સાધુ માણસોને સતાવ્યાં; અધર્મથી યુદ્ધ કરીને નિર્દોષ બાળકો પણ મારી નાખ્યાં અને નિરપરાધી સ્ત્રીઓની આબરૂ લીધી; તેમની પોતાની પણ આખરે એટલી બધી સતાવણી અને બેઆબરૂ થઇ કે તેમની પાછળ તેમનું નામ લેનાર પણ રહેવા પામ્યું નહિ!

આવા આ મહાન ગ્રંથને વાંચવાથી મનુષ્યને દુરાચારથી દૂર રહી સદાચારી થવાનું શિક્ષણ મળશે; અધર્મથી દૂર રહી ધર્માત્મા થવાનો ઉપદેશ મળશે; અને બીજાઓનાં ગળાં રેહેંશીને મેળવાતા આ નાશવંત ઐશ્વર્યને મેળવવા-ભોગવવાનું જવા દઇને સાદું-સીધું અને સરળ જીવનજ સ્વીકા-રવા-ગાળવાનો ઉત્સાહ મળશે. આ એક એવો અસામાન્ય ગ્રંથ છે કે જેને વાંચવામાં તમારો જીવ સારીપેઠે પરોવાશે અને તેની સાથે જાતજાતના ઉપદેશ તો મફતમાંજ મળશે. વળી આમાં એવી તો એક પણ વાતજ નથી કે જે તમારૂં તલમાત્ર પણ નુકસાન કરે. કેમકે એમાં જે કંઇ છે તે એવુંજ છે કે તેનાથી તમારૂં ભલુંજ થવાનું; અને અહિત તો થવાનુંજ નહિ.

મહાભારતના રચનાર પોતે પણ ભારતવાસીજ હતા, એટલે તેમણે તેમાં ભારતવાસીઓના ચારિત્રનાં અને સ્વભાવનાં વર્ણન આબેહૂબ આપ્યાં છે. વળી ભારતીય નીતિરીતિના ગુણ-દોષ ઉપર પણ એમાં અસરકારક ચર્ચાઓ અને વિવેચનો છે; અને ભારતનાં નદ-નદી, પહાડ, મેદાન, જંગલ અને પશુપક્ષીઓનાં પણ અસામાન્ય વર્ણન છે. આવા દરેક પ્રકારની વિશેષતા ધરાવવાવાળા મહાભારત ગ્રંથના ભારતીય ભાષાઓમાં અનુવાદ થાય, એમાં તો કાંઇ મોટી વાતજ નથી; પણ મોટી વાત તો એ છે કે, જગતની સઘળી ઉન્નત ભાષાઓમાં આપણું મહાભારત છપાઇ ચૂકેલું છે !

૫—પંડિત ઈશ્વરીપ્રસાદ શર્માના વિચાર

મહાભારતમાં સર્વ રસોનો યથાસ્થાને સમાવેશ કરવામા આવ્યો છે. શૃંગારથી તે વૈરાગ્ય-સુધીના બધા રસોનું એમાં એવું સુંદર મિલન થયું છે કે ભારતના પ્રાચીન વીરોની આ પવિત્ર કથા બહુજ મનમોહક, હૃદયગ્રાહી અને પ્રભાવશાળી બની રહી છે; અને તેથી કરીને અત્યંત પ્રાચીન કાળથી અદ્યાપિપર્યંતના બધા પંડિતોનો એજ મત છે કે, **જે કંઈ મહાભારતમાં છે તેજ બીજે સ્થળે જોવામાં આવે છે; અને જે તેમાં નથી તે ક્યાંય પણ નથી.** × × × × વાત પણ ખરી છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણના લોકોએ જાણવા જેવા શિક્ષણ એમા ભરેલા છે. પ્રાચીનકાળથી મોટા-મોટા કવિઓ, મહાકવિઓ અને નાટકકારો મહાભારતના આધારથીજ અનેકાનેક કાવ્ય, મહાકાવ્ય અને નાટકો લખતા આવ્યા છે; અને તે છતા પણ હજુસુધી એ ભંડાર ખાલીજ થતો નથી ! આજે પણ એ અખૂટ ભંડારમાથી ભારતની જૂદી જૂદી ભાષાઓના કવિઓ અને લેખકોને અનેક પ્રકારની સામગ્રી મળ્યા કરે છે; અને એનેજ આધારે તેઓ પોતાની પ્રતિભાનો વિકાસ કર્યા કરે છે. આથીજ લોકો કહે છે કે, ઉચ્ચ કોટિના કવિઓમા જે કંઈ કાવ્ય-કુશળતા અને રચનાના ચમકારા દેખાય છે, તે બધુ ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસનુંજ ઉચ્છિષ્ટ છે.

મહાભારતના એકેએક પાત્રનું ચરિત્ર અદ્ભુત છે. એ બાબતનું નિરીક્ષણ કરવાથી આપણને આપણા દેશ અને સમાજની હજારો વર્ષ પહેલાની અવસ્થાનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ સમયનો વર્ણાશ્રમ ધર્મ કેવો હતો અને તે વખતના ક્ષત્રિયો કેવા શૂરવીર, પરાક્રમી અને સત્યસંકલ્પ હતા; એ સર્વ આપણા લક્ષમા આવી જાય છે. અને તેથી આ ગ્રંથ વાચીને આપણા પૂર્વજોના ઉત્તમ ચરિત્રોથી પરિચિત થવું એ પ્રત્યેક હિંદુનુ-નહિ નહિ, પ્રત્યેક ભારતવાસીનું-મુખ્ય કર્તવ્ય છે.

ભીષ્મપિતામહની અલૌકિક પિતૃભક્તિ, શ્રીકૃષ્ણની વિલક્ષણ રાજનીતિ, યુધિષ્ઠિરની પ્રશંસા-પાત્ર સત્યનિષ્ઠા તથા દ્રોણ, દુર્યોધન, કર્ણ, અર્જુન અને ભીમ વગેરે વીરોની અદ્ભુત વીરત્વપૂર્ણ કથાઓ વાંચીને કયા ભારતવાસીના મુરદાલ પ્રાણોમાં પણ નવજીવનનો સંચાર નહિ થાય ? પોતાના પૂર્વજોના ગૌરવનું સ્મરણ કરીને ગર્વથી કોની છાતી નહિ ફુલી ઉઠે ? માટે જો આપણને આપણા ભૂત-કાળના મહત્ત્વનું યથાર્થ ચિત્ર જોવાની અભિલાષા હોય તો આપણે મહાભારત જરૂર વાંચવું જોઇએ. જો સંસારના એ મહાવીરોની વીરકથા વાચીને આપણા મુરદાલ પ્રાણોમાં નવીન સંજીવની શક્તિ ભરવાની ઇચ્છા હોય તો મહાભારતનો પાઠ અવશ્ય કરવો જોઇએ; અને સત્ય વાત તો એ છે કે, **જેણે મહાભારત નથી વાંચ્યું તેનું ભારતવાસી હોવુંજ વ્યર્થ છે.**

૬—મહાત્મા ગાંધીજીના વિચાર

મેં આ પહેલાં 'મહાભારત'નો સંપૂર્ણ ગ્રંથ વાંચ્યો ન હતો. કોઇ કોઇવાર થોડું થોડું જોયું હોય તે જૂદી વાત મેં તો ઉલટો તેની વિરુદ્ધમાજ મત બાંધી દીધો હતો કે, એમાં મારપીટ, લડાઇ અને ઝઘડાઓની કહાણીઓ હશે; અને એવાં લાંબા વર્ણન હશે કે મારાથી વાંચી પણ નહિ શકાય અથવા હું વાંચવા બેસીશ તો મને નિદ્રાજ આવશે' એથી કરીને મહાભારતનાં છ હજાર પાનાંનાં મોટાં પોથા જોઇને પ્રથમ તો હું ગભરાયો હતો. પરંતુ પછી જ્યારે મેં તેને વાંચવું શરૂ કર્યું, ત્યારે તો પછી અમુક ભાગસિવાય એ એટલું બધું મનમોહક થઇ પડયું; એમાં એટલી બધી રુચિ લાગી ગઇ કે એકવાર શરૂ કર્યા પછી એ ગ્રંથ પૂરો કરવાને હું અધીરોજ બની ગયો અને એ સંપૂર્ણ વાંચી રહ્યા પછી એ વિષેના મારા પહેલાંના ખ્યાલો ખોટા ઠર્યા.'

એ ગ્રંથ મેં ચાર મહીનામાં (યરોડા જેલમાં) પૂરો કર્યો ત્યારે મને લાગ્યું કે, આ મહાભારતને કાંઇ ઉપમા આપવી હોય તો તે ગણ્યાં-ગાંઠયાં સુંદર જવાહીરોની એકાદ તિજોરીની ન આપી શકાય પણ અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણુ સાથેજ તેને સરખાવી શકાય; કે જે ખાણુને જેમ જેમ વધુ ને વધુ ઉંડી ખોદીએ તેમ તેમ તેમાંથી કિંમતી જવાહીર વધુ ને વધુજ નીકળતાં જાય.

૭—દેશહિતનિરત લાલા હંસરાજજીના વિચાર

(પંડિત સંતરામજીએ લખેલા 'સચિત્ર મહાભારત' પુસ્તકની ભૂમિકામાંથી)

મહાભારત એક બડા હી અદ્ભુત ઔર વિચિત્ર ગ્રંથ હૈ. ઇસમેં જિન ઘટનાઓં કા વર્ણન હૈ વે ભારત કે સબ પ્રાન્તોં સે સંબંધ રખતી હૈં; ઔર ભારત કી પ્રસિદ્ધ કથાઓં મેં સે કોઇ હી ઐસી હોગી જિસકા બીજ ઇસ ગ્રંથ મેં ન પાયા જાતા હો. ધર્મ, અર્થ, કામ ઔર મોક્ષ સંબંધી જિતને ઉપદેશ ઇસ ગ્રંથ મેં વિસ્તૃત રૂપ સે લિપિબદ્ધ હૈં, વૈસે સંસાર કી કિસી પુસ્તક મેં ભી દિખાઇ નહીં દેતે. સમાજ કી રક્ષા, સ્થિતિ ઔર ઉન્નતિ કે જો ઉપાય વર્ણન કિયે ગયે હૈં અથવા જો ઉચ્ચ આદર્શ વ્યક્તિયોં ઔર સમષ્ટિયોં કે સામને રખે ગયે હૈં, ઉનકી તુલના કઠિનતા સે હી કિસી અન્ય પુસ્તક કે અંતર્ગત હોગી. × × ×

× × × × ×

મહાભારત કા પ્રભાવ ભારતવર્ષપર મહાન હૈ. અંધકાર કે સમય મેં જબ વિદ્યા કા હ્રાસ ઇસ દેશ મેં હો ગયા થા, તબ ભી મહાભારત લોગો કી દૃષ્ટિ સે ઓઝલ નહીં હુઆ થા. પ્રત્યેક માતા-પિતા અપને સંતાન કે મનોં કો ઇસકી કથાઓં સે પ્રસન્ન કરતે હુએ ઉનકે આત્માઓં કો ધર્મ, શૌર્ય, જ્ઞાન ઔર ઉત્સાહ સે રંજિત કરતે થે. સહસ્રોં પંડિત નગરોં આર ગ્રામોં મેં ઘૂમતે હુયે રાત્રિ કે સમય વૃદ્ધોં, યુવકોં, કુમાર ઔર કુમારિયોં કે હૃદયોં ઔર મસ્તિષ્કોં કો અપની કથાઓં સે આર્દ્ર ઔર પ્રકાશિત કરતે થે. ઇસ કથા કી રીતિ સે હિંદૂ જનતા કે અંદર એકતા, સમાનતા, જાતિત્વ ઔર સહાનુભૂતિ કે ભાવ ઉત્પન્ન હોને સે જાતિ બલવાન બનાઇ જાતી થી. **મહાભારત જૈસા પ્રભાવશાલી ગ્રંથ હમારે પૂર્વજોં કે હાથ મેં એક તીક્ષ્ણ શસ્ત્ર થા,** ઔર ઉન્હોંને અપને ઇસ શસ્ત્ર કા ઉપયોગ ઉત્તમ રીતિ સે કિયા થા. હિંદૂ જાતિ બડી હી પુરાની જાતિ હૈ. ઉસકે જીવન મેં અનેક ઘટનાઓંને અપના મુંહ દિખલાયા હૈ. ઉન ઘટનાઓ કો સુલઝાને ઔર જાતિ ઔર ધર્મ કી રક્ષા કે લિયે હમારી જાતિ કે મહાપુરુષોં કો અનેક ઉપાય બર્તને પડે હૈં. ઐસા પ્રતીત હોતા હૈ કિ જાતિ કી વિશેષ આપત્તિયોં કો દૂર કરને કે લિયે દેશ કી વિદ્વત્ સભાઓં ઔર રાજમંડલોં ને સમય કી આવશ્યકતાનુસાર મહાભારત મેં પરિવર્તન કિયા. દુર્ઘટનાયેં તભી દૂર હો સકતી હૈ કિ જબ જાતિ કે અંદર ઉનકો જીતનેવાલે વિરોધાભાવ ઉત્પન્ન કિયે જાવેં. હમારે રાજાઓં, મહારાજાઓં ઔર પંડિતોં ને શુદ્ધ-ભાવ સે ઇસ મહાપુસ્તક મેં અધિક ન્યૂન કરકે કથાઓંદ્વારા વિશેષ ભાવોં કા પ્રચાર ઔર સંચાર હિંદૂ જાતિ મેં કિયા. પરંતુ જિન્હોંને મહાભારત મેં પરિવર્તન કિયે, ઉન સબકે ભાવ શુદ્ધ નહીં થે. જબ બહુત સે મતમતાન્તરોં ઔર સંપ્રદાયોં કે ફૈલને સે હિંદૂજાતિ કે ભિન્ન ભિન્ન વિભાગોં મેં પરસ્પર કલહ ઔર દ્વેષ ફૈલ ગયા, તબ સંપ્રદાયી પંડિતોં ને ઇસ કથાગ્રંથ કો અપને વિચારોં કા સહારા ઔર પ્રમાણુ બનાકર ઇસમેં બહુત કુછ હસ્તક્ષેપ કિયા. આજકલ પુસ્તકોં મેં હસ્તક્ષેપ કરના કઠિન હૈ; ક્યોંકિ મુદ્રણયંત્ર મૌજૂદ હૈ. જો પુસ્તક એક વાર છપ જાતી હૈ, ઉસમેં ન્યૂનાધિક હોના અસંભવ હૈ. પરંતુ જબ હસ્તલેખ સે હી પુસ્તક પ્રસ્તુત કિયે જાતે થે, તબ તો પ્રત્યેક લેખક કે લિયે સુગમ થા કિ વહ અપની ઓર સે કુછ શ્લોક બનાકર પુસ્તક મેં લિખ દેં; ઔર આગે કે લિયે જો પુસ્તકેં લિખી જાવે વે ઇન શ્લોકોં કો મૂલ પુસ્તક કા ભાગ સમઝ કર મૂલ પુસ્તક મેં સંમિલિત કર લેવે. જ્ઞાત હોતા હૈ કિ મહાભારત મેં પૂર્વોક્ત દોનોં કારણોં સે બહુત-સા પ્રક્ષિપ્ત ભાગ મૌજૂદ હૈ.

ઇસ પ્રક્ષિપ્ત ભાગ મેં ઇસ પ્રકાર કે ભી વિચાર વર્તમાન હૈ કિ જો શ્રુતિ ઔર બુદ્ધિ કે વિરુદ્ધ હૈ. ઐસે વિચારોં કે પ્રચાર સે હિંદૂજાતિ કો હાનિ પહુંચતી રહી ઔર અધિક હાનિ પહુંચને કી સંભાવના હૈ. પાપી લોગ અપને પતિત આચરણોં પર લજ્જિત હોને કે સ્થાન મેં મહાભારત કે પતિત વિચારોં કા આસરા લેકર અપની લજ્જા કો છિપાને કી ચેષ્ટા કરતે હૈં. ઇસી પ્રકાર કે વિચારોં ને

તત્ત્વદર્શી, આત્મદર્શી, વિદ્યાસંપન્ન, યોગી, શૂરવીર, દૃઢસંકલ્પ, ઐસે મહાન આત્મા કૃષ્ણ કો ભોગ-વિલાસ મેં રત કામાતુર સ્વરૂપ મેં હિંદૂજાતિ કે સામને પ્રગટ કિયા હૈ. ઇસ લિયે પરમ આવશ્યક હૈ કિ મહાભારત કો ઉસકે અપને અસલી સ્વરૂપ મેં લોગોં કે સામને પ્રકાશિત કિયા જાવે.

× × × × ×

લાહૌર
તા-૨૨-જનવરી ૧૯૨૫ } હંસરાજ

૮-પંડિત નરદેવશાસ્ત્રી વેદતીર્થના વિચાર

ભગવાન શ્રીકૃષ્ણના સમયનું ભારતવર્ષ

(કલકત્તાના "હિંદુપંચ"ના હાલમાંજ નીકળેલા શ્રીકૃષ્ણાંક ઉપરથી અનૂદિત)

ધન્યભાગ્ય છે પવિત્ર ભારત-ભૂમિનાં કે જ્યાં અનંતકાળથી સમયે સમયે મર્યાદા-પુરુષોત્તમ માર્ગદર્શક મહાપુરુષો ઉત્પન્ન થતા રહ્યા છે, કે જેમને માર્ગે ચાલીને સંસાર સુખ-શાંતિનું ધામ બની શકે તેમ છે. ભગવાન શ્રીકૃષ્ણ એવાજ અવતારી પુરુષોમાંના છે. તેમની ગીતાએ તેમને અને તેમની સાથે આ ભારત-ભૂમિને પણ અજર-અમર બનાવી દીધી છે. આજે જન્માષ્ટમીનો પવિત્ર દિવસ છે. મહાકવિ કાલિદાસના કથનાનુસાર "**भवो हि लोकाभ्युदयाय तादृशाम्।**" આવી વિભૂતિનો જન્મ લોક-કલ્યાણ અથવા લોકોન્નતિનેજ માટે થાય છે. લોકસંગ્રહના ઉપદેષ્ટા ભગવાન શ્રીકૃષ્ણનો ઉપદેશ લોકોન્નતિના કારણરૂપ ન થાય એ તો બનેજ કેમ? આજે અમે આ જન્માષ્ટમીના પ્રસંગે કૃષ્ણ ભગવાનના સમયના ભારતવર્ષ ઉપર દૃષ્ટિ ફેરવીએ તો તે એક સમયોચિત કાર્યજ થશે. ચાલો, પાઠક! આપણે તે સમયના ભારતવર્ષ ઉપર દૃષ્ટિ ફેરવીએ.

સ્વરાજ્ય અને સામ્રાજ્ય

એ સમયે ભારત-ભૂમિ ઉપર તો ભારતીય રાજા-મહારાજાઓનું સ્વરાજ્ય તો હતુંજ, પરંતુ એ બળવાન સ્વરાજ્યને લીધે સમસ્ત ભૂમંડળ ઉપર પણ આર્ય રાજાઓનું સામ્રાજ્ય હતું. આર્યજાતિની સભ્યતા એ સમયે સર્વશ્રેષ્ઠ સભ્યતા ગણાતી હતી. ભારતીય રાજામહારાજાઓ ભલે આપસમાં દ્વેષ રાખતા હતા; પરંતુ પ્રજાને માટે તો તેઓ એકસરખા સુખદાતા હતા. મગધદેશના જરાસંધને, ચેદિદેશના શિશુપાલને અને હસ્તિનાપુરના દુર્યોધનને ખરાબ દર્શાવવામાં આવે છે; પરંતુ એ રાજાઓ એકબીજા રાજા સાથે વેર રાખતા હતા, અને પ્રજાને તો પુત્ર પ્રમાણે પાળતા હતા. રાજાઓને રાજાઓ માટેજ ફરિયાદ હતી, પરંતુ પ્રજાને પોતાના રાજાવિષે કંઇ પણ શંકા રહેતી નહિ. કંસ કૃષ્ણથી ડરતો હતો, તેણે તેમને દુઃખ દેવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે પોતાની પ્રજાની દૃષ્ટિમાં કોઈ પણ રીતે નુકસાનકારક ગણાયો નથી. એ સમયે રાજા-મહારાજાઓ શરદ્‌ઋતુમાં ચઢાઇઓ કરતા હતા. શત્રુ હારી જતાં અથવા મૃત્યુ પામતાં તેનું રાજ્ય છીનવી લઇ પોતાના રાજ્યમાં જોડી દેવાની રૂઢિજ નહોતી. તેઓ શરણાગતને છોડી દેતા હતા અને જો તે યુદ્ધમાં હારી જાય તોપણ થોડીજ ખંડણી લઇને તેને છોડી દેતા હતા; અથવા તો યુદ્ધમાં મરાયા બાદ તેના પુત્ર વગેરેને રાજ્યગાદીએ બેસાડીને પાછા ફરતા હતા. અશ્વમેધ યજ્ઞમાં પૃથ્વી ઉપર પરિભ્રમણ કરવાને ઘોડો છૂટો મૂકાતો હતો. જેનો ઘોડો અટકાયતસિવાય પૃથ્વીપ્રદક્ષિણા કરીને પાછો આવતો, તેનું સમસ્ત પૃથ્વી ઉપર સામ્રાજ્ય ગણાતું હતું.

એ સમયે પ્રજાને પોતાનો સ્વતંત્ર અભિપ્રાય પ્રકટ કરવાનો પૂર્ણ અધિકાર હતો. આમ સ્વતંત્ર મત ધરાવવાને ખાતર રાજા-મહારાજાઓએ કદી પણ પ્રજાને સતાવી નથી. શાસનપદ્ધતિ રાજાસત્તાક હતી; પરંતુ આજકાલની કહેવાતી પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ કરતાં તો તે અત્યંત શ્રેષ્ઠ હતી. રાજા-મહારાજાઓ હાલની પેઠે સીધેસીધું નહિ પણ વિદ્યાસભા, રાજસભા અને ધર્મસભાદ્વારા રાજ્ય કરતા હતા. એ સભાઓમાં જનતાના સાચા પ્રતિનિધિતરીકે વિદ્વાન બ્રાહ્મણો, સંન્યાસીઓ અને ઋષિમુનિઓ સભ્યતરીકે વિરાજતા હતા. રાજાઓ પણ ઋષિ-મુનિઓના શાપ અને ધાકથી એવા તો ધ્રૂજતા કે કોઇપણ અગત્યનું કામ તેમની સાથે મસલત કર્યા સિવાય કરતાજ નહિ.

પ્રજા

પ્રજા સર્વ પ્રકારે સુખી હતી તથા રાજદંડના ભયથી પોતપોતાનાં વર્ણાનુરૂપ કાર્યોમાં તત્પર રહેતી હતી. તેના ઉપર સ્વધર્મરક્ષક અને પોષક રાજ્યપદ્ધતિ હોવાથી પ્રજામાં છળ, કપટ અને દંભનું નામ સરખુંયે ન હતું. રાજાઓ પ્રજા પાસેથી આવકનો છઠ્ઠો અથવા ચોથો ભાગ લેતા હતા, પરંતુ આજકાલના જેવા કરોની અતિશયતા નહોતી. રાજા આજકાલના રાજાઓની પેઠે વેપાર કરતા ન હતા. આજકાલ તો આપણા રાજ્યકર્તાઓ પક્કા વેપારી છે. એટલે પ્રજાનો ભાગ રાજાના ભંડારમાજ જાય છે અને પ્રજા ભૂખે મરે છે. રાજા અને પ્રજાનો એકજ ધર્મ હતો; તેથી બન્ને પરસ્પર એક જેવાજ લાગતા હતા. દેશની સંપત્તિ એ સમયે હાલની પેઠે સાત સમુદ્ર પાર ચાલી જતી નહોતી; પરંતુ વિદ્યા, કળાકૌશલ્ય, વેપાર વગેરેની વૃદ્ધિ થવાથી ભારતવર્ષ સમસ્ત સંસારનું કેન્દ્ર બની રહ્યો હતો. આજે તો આપણે માથે સંપૂર્ણ વિદેશી, વિધર્મી અને તેથી અસ્વાભાવિક રાજ્ય-શાસન-પદ્ધતિનું ચક્ર જોરથી ઘુમી રહેલું છે; અને તેથી સ્વધર્મ અને સ્વરાજ્ય બન્ને નાબુદ થઈ ગયા છે, એટલે પછી પ્રજા તો સુખી હોયજ શી રીતે?

સ્વશિક્ષણ

સ્વરાજ્યને લીધે એ સમયે ભારતવર્ષજ સ્વશિક્ષણનું કેન્દ્ર હતો. સમસ્ત સંસારના લોકો અહીં આવીને ચારિત્ર-શિક્ષણ લઇને સ્વદેશ જતા હતા. અહીં વેદવેદાંગોનું શિક્ષણ અપાતું હતું. અહીંનું તત્ત્વજ્ઞાન પણ એટલું બધું ઉન્નત થયેલું હતું કે સમસ્ત સંસારના વિદ્વાનો અહીં આવીને આપણા ગુરુઓને ચરણે પડતા હતા.

एतद्देश-प्रसूतस्य सकाशादग्रजन्मनः। स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः॥ (મનુ)

આ પ્રમાણે અહીં અઢારે વિદ્યા અને ચોસઠ કળાઓનું સામ્રાજ્ય તો હતુંજ, પરંતુ એ ઉપરાંત બ્રહ્મવિદ્યા અને આત્મવિદ્યાના પણ શિક્ષકો ભારતવર્ષસિવાય બીજે કયાંય મળતા નહિ. આ પ્રમાણે એ સમયે આર્યજાતિની સભ્યતા સમસ્ત સંસારને સુખશાંતિ આપનારી અને સર્વશ્રેષ્ઠ હતી. અહીંના ઋષિમુનિઓ દેશદેશાન્તરોમા જઇને સ્વશિક્ષણ અને સ્વધર્મનો પ્રચાર કરતા હતા; **શિક્ષણ મફત આપવામાં આવતું; અને જ્ઞાન-વિક્રય નિંદાસ્પદ ગણાતો હતો.**

શિક્ષણ પૂર્ણ થતા સુધી વિદ્યાર્થીઓએ બ્રહ્મચારી રહેવું પડતું હતું. અધ્યયન સમાપ્ત થયા પછી તો કોઇ કોઇકજ જન્મપર્યંત નૈષ્ઠિક બ્રહ્મચારી રહેતા હતા; અને બાકીના ક્રમાનુસાર ગૃહસ્થ અને વાનપ્રસ્થ આશ્રમોમા રહીને તે પછીજ સંસારનો ત્યાગ કરીને નિવૃત્તિમાર્ગ ગ્રહણ કરતા હતા. આજકાલ વિદેશી અને વિધર્મીઓ તરફની અસ્વાભાવિક શિક્ષણપદ્ધતિથી આપણા દેશના નવજુવાનોની જે દુર્ગતિ થઇ રહી છે, તે આપણે પ્રતિદિન સગી આંખે જોઇએ છીએ. આપણા નવજુવાનોનાં હૃદય અને મગજ બન્ને વિદેશી અને વિધર્મી થઇ ગયા છે. અને તેનું હાનિકારક પરિણામ એ આવ્યું છે કે, તેમનામાથી સ્વાવલંબન અને સ્વાભિમાન લુપ્તપ્રાય થઈ ગયાં છે. તેઓ સદાયે પરાવલંબી થઇને પોતાને દીન, હીન અને પરાધીન માની બેઠા છે, અને હોય છે પણ એવાજ.

તે પ્રાચીન સમયે ભારત સ્વશિક્ષણને પોષતું હતું. પોતાનુંજ રાજ્ય અને પોતાનુંજ કામ હતું તેથીજ સ્વતંત્રતાનું સામ્રાજ્ય હતું. **બ્રાહ્મણ નિષ્કિંચન રહીને વિદ્યાદાન આપતા હતા;** ક્ષત્રિયો રાજકાજ કરતા હતા; વૈશ્યો વેપાર કરતા હતા; અને શૂદ્રો સેવા-ભાવમાં તત્પર રહેતા હતા. આથીજ સ્વધર્મ અને સ્વરાજ્યનો રથ બહુ ઉત્તમ રીતે ચાલતો હતો. આજકાલ તો આ સ્વધર્મ-નાશક અને સ્વરાજ્ય-વિરોધી રાજ્યમાં બધું એથી ઉલટું અને ઉંધુંછતુંજ થઇ રહ્યું છે. આજે તો બધાજ બ્રાહ્મણ, બધાજ ક્ષત્રિય, બધાજ વૈશ્ય અને બધાજ શૂદ્ર ! કોઇ પ્રકારની કશી વ્યવસ્થાજ રહી નથી !

આચાર-વ્યવહાર

ઉપરોક્ત સમયે પ્રજાના આચાર અને વ્યવહાર સર્વશ્રેષ્ઠ હતા. રાજદંડ જોરથી ઘૂમ્યા કરતો હતો. લોકો ધર્મ-કર્મમાં પ્રવૃત્ત રહેતા હતા. ઈશ્વરમાં વિશ્વાસ, ધર્મશ્રદ્ધા અને આસ્તિક બુદ્ધિને લીધે પરસ્પર દ્વેષ ઓછો હતો. દ્વેષભાવ હોઈજ શી રીતે શકે ? જેમને ઈશ્વરીય ન્યાય, કર્મફળ અને પુનર્જન્મના સિદ્ધાંતમાં દૃઢ વિશ્વાસ હોય, તેઓ સ્વકર્તવ્યપાલનમાં તત્પર કેમ ન રહે ? પોતપોતાના વર્ણ અને આશ્રમમાં રહેતા થકા તેઓ સુખપૂર્વક જીવન ગાળતા હતા. એ વખતે બાળ-

વિવાહ જેવી કુપ્રથાઓ તો હતીજ નહિ. લોકો હૃષ્ટપુષ્ટ રહેતા અને તેમનાં સંતાન પણ બળવાન થતાં હતાં. જો કે પ્રજાનો ધર્મ વૈદિક હતો, છતાં પણ નાસ્તિક, લોકાયતિક વગેરે વિલક્ષણ માન્યતાવાળાઓ પણ નિર્ભયતાથી રહેતા હતા. કુળધર્મ, જાતિધર્મ, દેશધર્મ એ સર્વનો ખ્યાલ રાખીને સમ્રાટ્-મહારાજાઓ એવી ઉત્તમતાથી શાસનચક્ર ચલાવતા હતા કે જેથી રાજા-પ્રજા બન્ને સુખી રહેતાં હતાં.

વિજ્ઞાન

વિજ્ઞાનમાં તો એ સમયના ભારતવાસીઓ હાલના પાશ્ચાત્ય વિજ્ઞાનવેત્તાઓ કરતાં હજારોગણા આગળ વધેલા હતા. તેઓ વિમાન બનાવવાનું જાણતા હતા અને તેના ઉપર સુખપૂર્વક મુસાફરી કરતા હતા. શસ્ત્રાસ્ત્ર બનાવવામાં, ચલાવવામાં, ફેંકવામાં અને તેને ઇચ્છાનુસાર રોકવામાં તેઓ સિદ્ધહસ્ત હતા. અનેક પ્રકારના રથ બનાવવામાં અને વાહન યોજવામાં તેઓ અત્યંત કુશળ હતા. તેમના પહેરવેશ ઉપરથી અમે કહી શકીએ છીએ કે, તે વખતના જેવાં વિવિધ પ્રકારનાં સુંદર વસ્ત્રો તો હાલમાં કોઇકનાજ નસીબમાં હોય! તેમનાં આભૂષણ ઉપરથી માલમ પડે છે કે, સમસ્ત સંસારનાં ઉચ્ચ કોટિનાં રત્નો આપણા પૂર્વજોના ભંડારમાં હતાં. તેમનાં વાહન પણ અપૂર્વ હતાં. સારાંશ કે જળ, સ્થળ અને આકાશમાં પણ તેઓની ગતિ હતી. મહાભારતના યોદ્ધાઓ, તેમનાં વાહનો, તેમના પહેરવેશો, તેમના શણગારો અને તેમનાં અસ્ત્ર-શસ્ત્રોનાં વર્ણન વાંચવાથી અમારી વાતોને ટેકો મળે છે. વાસ્તુવિદ્યામાં તેઓ કેટલા નિપુણ હતા તે મયાસુરની બનાવેલી સભાનું વર્ણન વાંચવાથી સમજાય છે. કેવી અપૂર્વ એ સભા! વાસ્તુવિદ્યાની પરાકાષ્ઠાનાં તેમાં દર્શન થશે; એટલુંજ નહિ પણ દુર્યોધનને પાંડવોનો ભય લાગ્યો ત્યારે તે એક તળાવમાં જળની વચ્ચે આનંદપૂર્વક સૂઇ ગયો હતો! આ જાતની જળસ્થંભન વિદ્યા તો હજુ સુધી પાશ્ચાત્ય વિજ્ઞાનીઓના પણ ખ્યાલમાં નથી આવી. કેટલું કેટલું લખી શકાય! એ સમયના લોકોના આચાર, વ્યવહાર અને વિજ્ઞાન વગેરે અપૂર્વજ હતાં.

રાજનીતિ

બાણશય્યા ઉપર પડેલા ભીષ્મ પિતામહે યુધિષ્ઠિર વગેરેને જે ઉપદેશ આપ્યો અને જે અપૂર્વતાથી રાજધર્મનું વર્ણન કર્યું; તેની ઉપમા સમસ્ત સંસારમાં ક્યાંયે મળે તેમ નથી. એવા રાજધર્મના ઉપદેશ હાલમાં કોણ જાણે છે?

यदिहास्ति तदन्यत्र, यन्नेहास्ति न तत्कचित्।

બસ ઉપલા ઋષિવાક્ય પ્રમાણે એટલુંજ કહેવું પૂરતું છે કે, જે કાંઇ આ મહાભારતમાં કહેલું છે, તેનુંજ ઉચ્છિષ્ટ સર્વ જગાએ છે; અને જે વાત આમાં નથી તે સમસ્ત સંસારમાં ક્યાંયે મળી શકશે નહિ. આપણો ધર્મ, રાજધર્મ, યુદ્ધધર્મ, આચાર, વિચાર, વ્યવહાર, વિદ્યા, કળા, વિજ્ઞાન, નીતિ અને રાજનીતિ એમાંથી કોનું કોનું અને શું શું વર્ણન કરીએ?

હાલમાં તો આપણા રાજ્યકર્તાઓને-તેમનાથી જૂદા પ્રકારનાં ધર્મ-કર્મ, જૂદા હિત-સંબંધ અને જૂદી સંસ્કૃતિ ધરાવતી પ્રજાના કલ્યાણની કંઇજ ચિંતા નથી, અને હોય તોપણ તે નામમાત્રનીજ છે. તેઓ તો અમારા મહાભારતના એક નીતિના આચાર્ય કણિકની નીતિ પ્રમાણે વર્તી રહ્યા છે. કણિકનો મત એવો છે કે, પ્રથમ તો કોઇને કંઇ આશાજ આપવી નહિ; અને આપી તો તેમાં કોઇ ને કોઇ બહાનાં બનાવીને વિલંબ કર્યા કરવો. અને ત્યાંસુધી તો વૃક્ષે ફૂલવુંજ નહિ; ફૂલવું તો સહજે ફળવું નહિ અને ફળવું તોપણ એટલે ઉંચે ફળવું કે જેથી લેનારના હાથમાં થોડાંજ ફળ આવે! વળી એ થોડાં ફળો પણ પોતાની મેળે તો કદી ગરવાનાંજ નહિ!! જ્યારે પાંડવોનો દૂત ધૃતરાષ્ટ્ર પાસે અર્ધું રાજ્ય માગવા સંબંધી સંદેશો લાવ્યો, ત્યારે કણિકે ધૃતરાષ્ટ્રને ઉપલીજ વાત સમજાવી હતી. આપણા વર્તમાન રાજકર્તા **"आशां कालवतीं कुर्यात्"** એ પ્રમાણે બરાબર કણિકનાજ રાહ ઉપર ચાલે છે. આપણને અયોગ્યજ ગણતા રહીને તથા આશામાં ને આશામાંજ રાખ્યા કરીને તેમણે ખાસ્સાં પચાસ વર્ષ ગાળી નાખ્યાં! અને એ પછી કંઇક આપવા લાગ્યા તેમાં પણ કેટલી બધી અડચણો!!! અમારીજ વસ્તુ અમને સોંપવામાં જ્યારે આવી દશા છે, તો પછી કદાચ પોતાનીજ કોઇ વસ્તુ આપવાની હોત તો તો કોણ જાણે શુંનું શુંયે કરત! અસ્તુ.

આ પ્રમાણે સિંહાવલોકન કરવાથી ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં ભારતવર્ષની કેવી સ્થિતિ

હતી, તે સ્પષ્ટ દેખાઈ આવે છે. માત્ર તેના જોનાર જોઈએ.

ભગવાન કૃષ્ણચંદ્રે પોતાના શ્રીમુખદ્વારા સમસ્ત સંસારને કર્મયોગમાં જોડાઈ રહેવાનો જે ઉપદેશ આપેલો છે; તે સમસ્ત સંસારને માટે મહાપ્રલય સુધી દીવાદાંડીરૂપ થશે. તે ઉપદેશ કેવો છે? તે નિવૃત્તિ અને પ્રવૃત્તિનો મધ્યમ માર્ગ છે. સંસારમાં રહીને સંસારનાં કામ કરવા છતાં પણ કેવી રીતે તેના દોષોથી અલિપ્ત રહીને મોક્ષ–સુખ મેળવી શકાય તેજ દર્શાવવાનો ગીતાનો ઉદ્દેશ છે. **ભારતવર્ષનું સર્વ કાંઇ ભલે જતું રહે, પણ તેની ગીતા અને તેનો કૃષ્ણ ન જાય,** એટલે બસ! કેમકેઃ—**यत्र धर्मस्तत्र कृष्णः यतः कृष्णस्ततो जयः ॥**

અથવા તો–**यत्र कृष्णस्तत्र धर्मः यतो धर्मस्ततो जयः ॥**

૯—પ્રૉફેસર દાવરના વિચાર

મહાભારત આધ્યાત્મિક પુસ્તકતરીકે પણ અદ્વિતીય છે. મહાભારત એ માત્ર મહાકાવ્યજ નથી, પણ 'એન્સાઇક્લોપીડીયા' (એટલે કે વિશ્વકોષ) પણ છે; કેમકે તેમાં દરેક વિષયને લગતું જ્ઞાન સમાયલું છે. વળી મહાભારત એ મહાકાવ્ય નહિ પણ વિરાટકાવ્ય છે. હોમરને ઇલીયડ લખવામાં પાંચ–દશ વર્ષ ગયાં, પણ મહાભારત લખવામાં તો (ભારતવાસીઓને) ૩૦૦૦ વર્ષો ગયાં છે. સંસ્કૃત સાહિત્યના બગીચામાં રામાયણ અને મહાભારત એ એક કલ્પવૃક્ષસમાન છે; કારણ કે એમાંથી જે પણ માગો તે મળશે. રામાયણ અને મહાભારતમાંના રામ અને કૃષ્ણ, એ માત્ર પુસ્તકોમાજ રહેલી વ્યક્તિઓ નથી, પણ હિંદીઓના હૃદયમાં રહેલી જીવતીજાગતી પ્રતિમાઓ છે. પવિત્ર બાઇબલ કે જે (પાશ્ચાત્ય) પ્રજાઓનું પુસ્તક કહેવાય છે, તે પણ જૂદાં જૂદાં ૬૬ પુસ્તકોનું બનેલું છે.

૧૦—કવિરાજ ન્હાનાલાલના વિચાર

રામાયણ અને મહાભારતની ભાષાશૈલી એ ભરતખંડની ભાષાશૈલી છે. હિંદની ભાષાશૈલી યૂરોપ સમજી શકશે નહિ. યૂરોપ હમેશાં પોતાનાંજ ચશ્માંથી જુએ છે. રામાયણ અને મહાભારતનાં અગાધ જળ માપવાના એ વામનજીના પ્રયાસ હજુ સફળ થયા નથી. મહાભારત અને રામાયણ એ સાગરસમા છે. સાગરની આજુબાજુના દેશ–પ્રદેશો નહિ બતાવો તો સાગરનું ચિત્ર અધુરૂંજ રહેશે. આડકથાઓ સાગરની આજુબાજુના દેશપ્રદેશો સમાન છે. × × × સંસ્કૃત સાહિત્યમાં મહાભારત અને રામાયણ એ ઇતિહાસ છે, મહાકાવ્ય નથી. શિશુપાલવધ વગેરે મહાકાવ્યો છે ખરાં, પરંતુ સારામાં સારૂં મહાકાવ્ય પણ એ મહાભારત કે રામાયણની સરખામણીમાં ઉભું રહી શકે તેમ નથી. મહાભારતનાં બે પર્વથી કાલિદાસે જગવિખ્યાત શાકુંતલ લખ્યું. એક પર્વ–નળાખ્યાનમાંથી ગુજરાતનો મહાકવિ પ્રેમાનંદ જન્મ્યો. સર્જન પૂર્વે કીધું, તેનું પૃથક્કરણ પશ્ચિમે કીધું છે. ઇલીયડ અને મહાભારત વચ્ચે જમીન અને આસ્માનનો ભેદ છે.

૧૧—જગતવંદ્ય સ્વામી વિવેકાનંદજીના વિચાર

"આ વીરરસપ્રધાન મહાભારત કાવ્યનાં શતાવધિ પાત્રો તથા રામાયણનાં પાત્રો, એ તો હજારો વર્ષથી ચાલ્યો આવતો સમગ્ર હિંદુ પ્રજાનો પ્રિય વારસો છે. તેમના ધર્મવિચારો તથા નૈતિક કલ્પનાઓનો પાયો એમાંજ રહેલો છે. કેમકે ખરૂં જોતાં રામાયણ અને મહાભારતના પ્રાચીન ગ્રંથો તો આર્યજીવન તથા આર્યબુદ્ધિવિષે માહિતી આપનારા ઉત્તમ જ્ઞાનકોષો પણ છે. પૂજ્ય ઋષિમુનિઓએ એમાં એવી આદર્શભૂત સંસ્કૃતિ આલેખી છે કે જેને માટે હિંદુજાતિ ઉપરાંત સમગ્ર માનવજાતિને પણ હવે તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન થશે.

મહાભારતવિષે ખાસ જાણવાજેવી હકીકતો

૧–સમર્થ વિદ્વાન શ્રીચિંતામણ વિ૦ વૈદ્યના કેટલાક વિચારો×

મહાકાવ્યતરીકે મહાભારત

“ખરેખર, ‘મહાભારત’ એ શબ્દથીજ વિશાળ અને અત્યંત વૈવિધ્યવાળી એવી કોઇ વસ્તુનો ખ્યાલ આપણને આવે છે; પણ કવિત્વના દૃષ્ટિબિંદુથી મહાભારતમાં વિષયની કેટલી વિશાળતા અને વિવિધતા છે, તેનું ભાન ઘણા થોડાનેજ હોય છે. કાવ્યરચનાને અનુકૂળ પ્રસંગો મહાભારતમાં એટલા સંખ્યાબંધ અને એટલા વૈવિધ્યભર્યા છે કે અર્વાચીન સંસ્કૃત કવિઓએ જે કોઇ રસભર્યા પ્રસંગનું નિરૂપણ કર્યું હશે, તે સર્વનું બીજ મહાભારતમાંથી જડી આવ્યાવગર ભાગ્યેજ રહેશે. સૌતિ જાતે પોતાના ગ્રંથની શરૂઆતમાં અભિમાનપૂર્વક કહે છે કેઃ–“એક વિશાળ વટવૃક્ષની પેઠે મહાભારત એ સઘળા અર્વાચીન કવિઓનું આશ્રયસ્થાન છે.” એ અમર ઝરણામાંથી અનેક કવિઓએ સુધારસનું પાન કર્યું છે અને નવું ચેતન મેળવ્યું છે.”

“મહાભારતના જુદા જુદા અને વૈવિધ્યભર્યા પ્રસંગો એકજ વાર્તાના રૂપમાં એવી સારી રીતે ગ્રથિત થયા છે કે એથી વધારે ભવ્ય અને સુયોજિત વસ્તુ(પ્લૉટ)ની કલ્પના કરવી, અશક્ય છે. મને ઘણીવાર એવો વિચાર આવ્યો છે કે, મહાભારતની કથા જો ઐતિહાસિક ન હોય તો ખચીત એ કથાની ઉત્પત્તિ જેનાથી થઇ તે કલ્પના શેક્સપિયરના કરતાં પણ વધારે ફળદ્રૂપ હોવી જોઈએ. પાત્રોની વિવિધતા અને સ્વાભાવિકતા જેટલી શેક્સપિયરનાં નાટકોમાં જોવામાં આવે છે તેટલીજ મહાભારતમાં પણ જોવામાં આવે છે; પણ આશ્ચર્યની વાત એ છે કે, મહાભારતમાં એકજ વસ્તુ(પ્લૉટ)ની અંદર આટલાં બધાં પાત્રોને એકઠાં કરવામાં આવ્યાં છે! શેક્સપિયરે અનેક નાટકો રચીને જે દર્શાવ્યું તે વ્યાસે એકજ વિશાળ વસ્તુવડે દર્શાવ્યું છે. વસ્તુનાં અંગો વિશાળ હોવા છતાં ગજરાજનાં અવયવોની પેઠે એક સુબદ્ધ અને સુંદર શરીરમાં તેની ઘટના થઇ છે.”

“એ તો જાણીતી વાત છે કે, મહાભારતના અમુક પ્રસંગો ઉપરથી પાછલા સંસ્કૃત કવિઓને મહાકાવ્યો તથા નાટકોને માટે અનુકૂળ વિષયો જડી આવ્યા છે. એ પણ જાણીતી વાત છે કે, હાલના કથાકારો એ વિશાળ ગ્રંથમાંથી અમુક છૂટક છૂટક પ્રસંગો લઇને તે ઉપરથી કલાકોના કલાકો સુધી પહોંચે એવી કથાઓ ચલાવે છે; પણ એ જાણીતી વાત નથી કે, મહાભારતની કથા મોટી અને સુગ્રથિત છે, એટલુંજ નહિ પણ એનો હજી વિશેષ વિસ્તાર થવાને માટે અવકાશ રહે છે. ખરેખર, મહાભારતનું યુદ્ધ એ મુખ્ય વિષયને કવિએ પોતાનાં મનશ્ચક્ષુ આગળ હમેશાં રાખ્યો છે અને વિસ્તાર કરવાની લાલચને વશ થઇને એ બહુ આડો ચાલ્યો ગયો નથી.” × × ×

× × × ×

“પેરેડાઇસ લૉસ્ટનો વિષય અને મહાભારતનો વિષય એ બેની સરખામણી કરી શકાય એમ નથી; પણ હોમરના ‘ઇલિયડ’નો વિષય અને ‘મહાભારત’નો વિષય એ બેની સરખામણી સારી રીતે થઇ શકે એમ છે. ‘ઇલિયડ’ એ જેમ ગ્રીસની પ્રજાનું મહાકાવ્ય હતું, તેમ

× ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીદ્વારા અનુવાદરૂપે નીકળેલા “મહાભારતની સમાલોચના” માંથી સાભાર ઉદ્ધૃત.

'મહાભારત' એ હિંદુસ્તાનની પ્રજાનું મહાકાવ્ય હતું અને હજી પણ છે. હિંદુસ્તાનની પ્રજાને લગતી વંશાવલી, દંતકથાઓ અને પ્રાચીન તત્ત્વવિદ્યાનો મહાન સંગ્રહ એ ગ્રંથમાં થયેલો છે."

× × × ×

પુરુષપાત્રો

"જે પાત્રોનાં ઉચ્ચ પરાક્રમો અને પ્રૌઢ વિચારો મહાભારતમાં ઘણી અસરકારક રીતે વર્ણવવામાં આવ્યાં છે, તે પાત્રોની યોગ્ય પ્રશંસા કરવાને માટે શબ્દો આપણને શોધ્યા જડતા નથી. શ્રીકૃષ્ણસિવાય યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, કર્ણ, દ્રૌપદી, દ્રોણ અને ભીષ્મપિતામહ એ સઘળાં પાત્રો મહત્તા અને નીતિમત્તાના આદર્શતરીકે ગણાયાં છે અને હમ્મેશાંજ ગણાતાં રહેશે. કર્તવ્યના પાલનને અર્થે જેમાં આત્માનું અર્પણ કરવું પડતું હોય એવાં કૃત્યો કરવાનું પ્રેરક બળ હિંદુસ્તાનની આર્યપ્રજાને એ પાત્રોવડે કરીને હમ્મેશાં મળતું રહ્યું છે. દુર્યોધન જેવા પાત્રમાં પણ કંઈક અનેરૂં સૌન્દર્ય અને પ્રતાપ જોવામાં આવે છે. એનો અડગ નિશ્ચય, મૃત્યુ અને રાજ્યમુકુટ એ બેની વચ્ચેનો અધકચરો કોઇ પણ માર્ગ ન સ્વીકારવો એવો એનો ઉચ્ચાભિલાષ, એનું નિરૂપણ કવિએ ઘણી અસરકારક રીતે કર્યું છે; અને એમાંથી નવોજ ઉપદેશ આપણાથી તારવી કઢાય છે. પાત્રાલેખનના કાર્યમાં હોમર અને મિલ્ટનના કરતાં પણ મહાભારતના કવિનું ચઢિયાતાપણું જણાઇ આવે છે." × ×

× × × × × ×

સ્ત્રીપાત્રો

"મહાભારતનાં સ્ત્રીપાત્રો પણ ઈલિયડનાં સ્ત્રીપાત્રો કરતાં ચઢિયાતાં જણાય છે. હેલન અને એંડ્રોમેશ પણ દ્રૌપદીની સાથે સ્પર્ધા કરી શકે એમ નથી. દ્રૌપદીના પાત્રદ્વારા મહાભારતના રચનારે સ્ત્રીસ્વભાવની ઉચ્ચતાનું આપણને એવું સચોટ ભાન કરાવ્યું છે કે એવા પાત્રની યોગ્ય પ્રશંસા કરવાને માટે શબ્દો આપણને શોધ્યા જડતા નથી. દ્રૌપદી એ એક સાધ્વી સ્ત્રી છે. આત્મગૌરવનું ભાન એ :કદી ગુમાવતી નથી. મોટામાં મોટી વિપત્તિઓને પ્રસંગે પણ એ પોતાનો મિજાજ ખોતી નથી. માણસના ખ્યાલમાં પણ ન આવી શકે એવી એ પવિત્ર અને નિર્મળ છે, તે છતાં એનામાં માનુષીપણું પણ છે. ઘણી વાર ચર્ચા કરતી વખતે સ્ત્રીના જેવું વિકારીપણું અને અત્યાગ્રહ એનામાં જણાય છે. ઘણી વાર અમુક બાબતમાં એ મમત કરે છે, તે એના પતિઓને પણ કબૂલ રાખવાની ફરજ પડે છે; તોપણ એ હલકી નથી. હેકટર જેવી રીતે પોતાની સ્ત્રીને ઘરધંધાનેજ યોગ્ય ગણે છે, તેવી રીતે દ્રૌપદીને તુચ્છ ગણી શકાય એમ નથી હોતું. એ એક રજપૂતાણી છે. રજપૂતનું શૌર્ય અને મનોબળ એના વદન ઉપર ઝળહળી રહ્યું છે. રે! કીચક અને જયદ્રથ જેવા માણસો એને પકડીને એના ઉપર બળાત્કાર કરવાનો પ્રયત્ન કરે છે, તે વખતે એક રજપૂતાણીને શોભે તેવા જુસ્સાથી એ તેઓને એવો ધકકો લગાવે છે કે તેઓ પૃથ્વી ઉપર ગબડી પડે છે. એની સમયસૂચકતા પણ એવી છે કે પુરુષોમાં જો એવી સમયસૂચકતા હોય તો તેનું તેઓને અભિમાન આવ્યાવગર રહે નહિ. ઉદાહરણતરીકે, સ્વયંવર વખતે ધનુષ્ય ખેંચવાને માટે કર્ણ ઉભો થાય છે, તે વખતે 'હું એક' સારથિની સાથે પરણવા ઇચ્છતી નથી' એવું કહેતાં એને જરા પણ વિલંબ થતો નથી; અને 'પાસાની રમત વખતે તું હોડમાં અપાઇ છે' એવું જ્યારે એને કહેવામાં આવે છે, ત્યારે એ એવો પ્રશ્ન ઉઠાવે છે કે જેથી દુર્યોધનના દરબારીઓ ઘણા ગુંચવણમાં પડી જાય છે. સૌથી વધારે તો, સ્વયંવરમાં એ અર્જુનને પ્રાપ્ત થઈ.તે વખતે ગરીબ બ્રાહ્મણના વેષમાં ઉભેલા અર્જુનના સુખદુઃખની સહચારિણી થવાનો એનો

ઉદાર સંકલ્પ, અને લાંબા વખતના વનવાસ વખતે પાંડવોની સાથે રહેવાની એની સંપૂર્ણ ઈચ્છા, એ સઘળા સંજોગોમાં ધીરજ અને સન્તોષવૃત્તિ રાખીને એકસરખી ભક્તિથી પતિની સાથે રહેવાની પ્રેરણા, હિંદુ સ્ત્રીઓને શોભે તેમ, એના હૃદયમાં નિરંતર રહ્યાં કરેલ છે.”

“કુન્તી એ મહાભારતનું એક બીજું પ્રતાપી સ્ત્રીપાત્ર છે. પાંડવો પોતાની સ્ત્રીને લઈને બાર વર્ષના વનવાસને માટે જાય છે, તે વખતે કુન્તીમાતા જો કે વિદુરના ઘરમાં રહે છે, તોપણ કૃષ્ણની સાથે પોતાના પુત્રોને જે સંદેશો એ મોકલાવે છે તે ખરેખરો રજપૂતોની રીત પ્રમાણેનો છે; અને યુદ્ધ કરવાને માટે તેઓમાં પ્રબળ ઉત્સાહ ઉત્પન્ન કરે એવો છે. ‘વિજય મેળવો અથવા મરણ પામો’ એવી ઈચ્છા એ પોતાના પુત્રોની આગળ પ્રકટ કરે છે. આ પ્રમાણે એ પોતાના પુત્રોને લડવાને માટે ઉશ્કેરે છે, પણ તે પોતાના સ્વાર્થને માટે નથી. પાંડવોને જ્યારે વિજય મળે છે અને તેઓ રાજ્યાસન પર બેસે છે, ત્યારે કુંતી તેઓને છોડીને ધૃતરાષ્ટ્રની સાથે વનમાં જાય છે; અને એ આંધળા ડોસાની સેવા બજાવતાં બજાવતાં આખરે મરણ પામે છે. એ જાય છે તે વખતે ભીમ એને ઘણું વીનવે છે કે, “તમે અમારી સાથે રહો અને તમારી શિખામણ પ્રમાણે ચાલ્યાનું અમને જે ફળ મળ્યું છે, તે તમે પણ અમારી સાથે રહીને ભોગવવા લાગો.” પણ એ ચોખ્ખો જવાબ આપે છે કેઃ–“ મારા પતિના વખતમાં મેં ઘણાએ ભોગ ભોગવ્યા છે. હવે મને ભોગની ઇચ્છા નથી. યુદ્ધ કરવાની શિખામણ મેં તમને આપી, યુદ્ધ કરવાને માટે મેં તમને ઉશ્કેર્યા તેનું કારણ એટલુંજ હતું કે, તમે ભીખ માગો એવું હું ઈચ્છતી નહોતી.” છૂટાં પડતી વખતની એની છેલ્લી શિખામણ સુવર્ણના અક્ષરથી નોંધી રાખવા જેવી છેઃ—

“ ધર્મ તરફ તમારી મતિ રાખો. બુદ્ધિ હમ્મેશાં ઉદાર રાખો. ” (धर्मे ते धीयतां बुद्धिर्मनस्ते महदस्तु च) આખા મહાભારતનો સાર આ એક પંક્તિમાં આવી જાય છે. ”

“ મહાભારતનાં સ્ત્રીપાત્રો સાધારણ સ્ત્રીઓના કરતાં ઘણાંચઢિયાતાં છે; પણ જે માનવીપણાનું તત્ત્વ અન્યત્ર આપણા જોવામાં આવે છે, તે તેઓમાં પણ છેજ. જે વખતે અર્જુન પોતાની દ્વિતીય ભાર્યા સુભદ્રાને ઇંદ્રપ્રસ્થમાં લાવે છે, તે વખતે દ્રૌપદી એક સચોટ દૃષ્ટાંતવડે પોતાનો ઈર્ષ્યાભાવ પ્રકટ કરે છે. તે કહે છે કેઃ–“ પહેલી ગાંઠ ગમે તેવી સખ્ત અને મજબૂત હોય તોપણ તેની પાછળ બીજી ગાંઠ આવે એટલે તે ઢીલી પડયા વગર રહે નહિ. ” યુદ્ધના મેદાનમાં કર્ણને જુએ છે તેની સાથેજ કુંતીને મૂર્છા આવે છે. કૌરવોની સામે ચઢાઈ કરવાને માટે ઉત્તરાનો ભાઈ જે વખતે જાય છે, તે વખતે ઉત્તરા અર્જુનને એની સાથે રહેવાનું કહે છે; અને “ મારી ઢીંગલીઓને માટે સારા સારા વસ્ત્રના કકડા લેતા આવજો ” એવી વિનતિ કરે છે, પણ કૌરવોની મોટી સેનાઓ પોતાના ભાઈને હરાવશે એવી શંકા પણ ઉત્તરાના મનમાં બીલકુલ નથી આવતી. સ્ત્રીજાતિની નિર્મળતા સૂચવનારા આવા આવા પ્રસંગો કવિએ પોતાના ગ્રંથમાં દાખલ કર્યા છે, તેને લીધે મહાભારતનાં સ્ત્રીપાત્રો તરફ આપણને વિશેષ પ્રેમ ઉત્પન્ન થાય છે. ”

દેવપાત્રો

“પુરુષપાત્રો અને સ્ત્રીપાત્રો ઉપરાંત દેવતાઈ પાત્રો પણ મહાભારતમાં આવે છે. એ પાત્રો ખરેખરાં દેવતાઇ છે; ઇલિયડનાં દેવતાઇ પાત્રોની પેઠે હાસ્ય ઉત્પન્ન કરે એવાં નથી. સાધારણ રીતે એવું કહેવામાં આવે છે કે, મહાકાવ્યની ગંભીર અને પ્રૌઢ રચનામાં હાસ્યરસનાં ચિત્રોને માટે ઝાઝો અવકાશ રહેતો નથી; છતાં ઇલિયડની અંદર જો કોઇ પણ હાસ્યરસનાં ચિત્રો હોય તો તે ઓલિંપસ પર્વત ઉપરના દેવતાઓવિષેનાં છે. સ્વર્ગના દેવતાઓ પૃથ્વી ઉપરના

બનાવોને માટે તકરાર કરે છે. ઘણા ક્ષુદ્ર હેતુથી પ્રેરાઇને માનવીઓને મદદ કરવામાં તેઓ અત્યંત ધૂનભરેલી વર્તણુંક રાખે છે. રે! સૌથી સમર્થ દેવતા જ્યુપિટર તે પણ અમુક અમુક પક્ષપાત ધરાવનારી પોતાની સ્ત્રી જ્યૂનોના અત્યાગ્રહથી ઘણી વાર વ્યગ્ર બની જાય છે અને કોઇ કોઈ વખત તો એ સ્ત્રીને માર મારવાની ધમકી પણ એને આપવી પડે છે. મહાભારતના દેવતાઓ ઘણી બાબતમાં ગ્રીકલોકોના દેવતાઓ જેવા છે;પણ તેઓના ઉચ્ચ સ્થાનક ઉપરથી કવિ તેઓને કદી પદભ્રષ્ટ કરતા નથી. કવિતામાં ઘણી અસરકારક રીતે એ પાત્રોને એ દાખલ કરે છે અને એમ કરીને કાવ્યનાં પાત્રોના વૈવિધ્યમાં વધારો કરે છે. માનવીઓની બાબતમાં વ્યાસના દેવતાઓ ક્વચિતજ વચ્ચે પડે છે. જો કદી પણ તેઓ વચ્ચે પડતા હોય તો તેઓ પોતાનું વર્તન દેવતાઓના જેવું રાખે છે, સ્વાર્થી માનવીઓના જેવું વર્તન તેઓ નથી રાખતા.આનું એક ઉદાહરણ આપણે આપીશું. યુદ્ધમાં કર્ણ ન જીતી શકાય એવો છે,એમ અર્જુનને ન લાગે એટલામાટે કર્ણનું કુદરતી બખ્તર, જે એના જન્મની સાથેજ ઉત્પન્ન થયું હતું, તે લઇ લેવાને માટે ઇંદ્રને કર્ણની પાસે જતો વર્ણવવામાં આવ્યો છે. કર્ણ બ્રાહ્મણોને કોઇ પણ વસ્તુની નાજ ન કહે એવો દાતા ગણાતો હતો, તેથી બ્રાહ્મણનો વેષ લઇને ઇંદ્ર કર્ણની પાસે આવે છે; અને " તમારૂં બખ્તર મને આપો " એમ કહે છે. એ ઉદાર માણસ ઇંદ્રને ઓળખે છે, છતાં પોતાનું બખ્તર એ તેને આપે છે. આ ઠેકાણે " ઇંદ્ર એ બખ્તર લઇને છાનોમાનો ચાલતો થયો" એવું વર્ણન મહાભારતમાં નથી આપ્યું, પણ દેવતાને શોભે તેવી રીતનું વર્તન રાખતો એ દર્શાવવામાં આવ્યો છે. કર્ણના ઉપર એ પ્રસન્ન થાય છે અને દેવતા તરીકે એ કર્ણને વરદાન આપવાનું કહે છે. કર્ણ એવું વરદાન માગે છે કે, "એક મર્ત્યની વિરુદ્ધ વાપરી શકાય એવું અમોઘ આયુધ મને આપો." પછી, એ આયુધ કદાચ અર્જુનની વિરુદ્ધજ વાપરવામાં આવે તેની દરકાર ન રાખતાં ઇંદ્ર એ આયુધ એને આપે છે. વળી, અર્જુન સ્વર્ગમાં અથવા ઇંદ્રની દરબારમાં જાય છે ત્યાં એને શિવનાં દર્શન થાય છે,અને શિવ એના ઉપર પ્રસન્ન થાય છે. એ બનાવ-જેનો ભારવિએ પોતાના "કિરાતાર્જુનીય"નામના મહાકાવ્યમાં વિસ્તાર કર્યો છે-તેનું ચિત્ર મહાભારતમાં થોડીક સુરમ્ય રેખાઓવડેજ ચિતરવામાં આવ્યું છે; અને એમાં સ્વર્ગનાં પાત્રોનું વર્તન માનવીઓના જેવું નહિ, પણ દેવતાઓના જેવું દર્શાવવામાં આવ્યું છે."

સંવાદો અને ભાષણો

" વ્યાસ પોતાનાં પાત્રોને કેવી રીતે ખીલવે છે, એની કથા કેવી રીતે આગળ વધે છે, એ સવાલ તરફ હવે આપણે વળીશું. આર્નોલ્ડે મહાકાવ્ય(એપીક પૉએમ)નું જે લક્ષણ આપ્યું છે, તેમાંનો અમુક ભાગ આ સ્થળે આપણે પાછો સ્મરણમાં આણીશું. " સંવાદો, સ્વગત ભાષણો અને વર્ણનો એ ત્રણના મિશ્રણવડે કરીને મહાકાવ્યનો વિકાસ થયો જાય છે." મહાભારતના ગ્રંથમાં મહાકાવ્યનાં બીજાં લક્ષણો જેવાં મજબૂત જોવામાં આવે છે, તેવુંજ આ લક્ષણ પણ જોવામાં આવે છે. મહાભારતમાં સંવાદો ઘણા ઉત્તમ હોય છે.ખરેખર, સંવાદોમાંજ એ કાવ્યનું ખાસ બળ રહેલું છે. ઈલિયડ અને પૅરેડાઈસ લૉસ્ટની પેઠે આ કાવ્યનાં સઘળાં ભાષણો સુયોજિત, વકતૃત્વભર્યાં અને જુસ્સાદાર છે અને જૂદાં જૂદાં પાત્રોને મુખેથી જે ભાષણો કરાવવામાં આવ્યાં છે તે તે પાત્રોના મુખમાં શોભે એવાં છે. અમુક સંવાદો સવિસ્તર આપવા એવું આ સ્થળે બની શકે એમ નથી, એટલે કેટલાંક ઉત્તમ ભાષણોનું સૂચન કરીનેજ આપણે અટકવું પડશે. આદિપર્વમાં ધનુર્વિદ્યાના જ્ઞાનની પરીક્ષા વખતે દુર્યોધન, કર્ણ, અર્જુન અને ભીમ એ ચારની વચ્ચે ચાલેલો સંવાદ; સભાપર્વમાં જે સંવાદને અંતે કૃષ્ણે સુદર્શનચક્ર ફેંકીને શિશુપાળનો નાશ કર્યો તે શિશુપાળ અને ભીષ્મનો સંવાદ; વનપર્વ-

માં પ્રપંચની સામે પ્રપંચ વાપરવાની સલાહ દ્રૌપદી તરફથી જેમાં આપવામાં આવે છે તે; યુધિષ્ઠિર, ભીમ અને દ્રૌપદીનો સંવાદ; દ્રોણપર્વમાં દ્રોણ જે વખતે પોતાનો બચાવ કરવાને અસમર્થ હતો તે વખતે ધૃષ્ટદ્યુમ્ને એનો વધ કર્યો ત્યારપછી ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, અર્જુન અને યુધિષ્ઠિર એ ચારની વચ્ચે ચાલેલો સંવાદ, એ ખાસ ગણાવવા જેવા છે. ઉભય પક્ષની વચ્ચે સલાહ કરાવવાના હેતુથી કૃષ્ણ જાય છે અને કૌરવોની આગળ જે ભાષણ કરે છે તે સાહિત્યનો ઉત્તમ નમુનો છે; અને એ એકજ નમુનો સમર્થ ભાષણની કલ્પના કરવાની વ્યાસની અદ્‌ભુત શક્તિનો ખ્યાલ વાચકને ઘણી સારી રીતે આપી શકશે. કૃષ્ણનાં ઉત્કૃષ્ટ ભાષણોનું એક બીજું ઉદાહરણ કર્ણપર્વમાંથી મળી આવે છે. કર્ણની સાથે લડવાને માટે અર્જુન આગળ વધે છે તે વખતે અર્જુનનું પ્રોત્સાહન કરવાને માટે કૃષ્ણ જે ભાષણ ચલાવે છે, તે ઘણું છટાદાર અને અસરકારક છે. આ અને આવાં અનેકાનેક ભાષણો મહાભારતના કાવ્યમાં કાંઇક જુદીજ રમ્યતા આણે છે અને એ કાવ્યને જાણે નાટકના જેવું બનાવી દે છે."

"નિર્ભયપણું એ મહાભારતની અંદરનાં ભાષણોનું એક ખાસ લક્ષણ છે. સામા માણસને મોઢે પોતાના અભિપ્રાય હિંમતથી કહી સંભળાવે એવા નિખાલસ હૃદયનાં અને પ્રામાણિક માણસોનાં વચનો એ ગ્રંથમાં પ્રકટ કરાયલાં છે. ઉદાહરણતરીકે, દુર્યોધન જ્યારે જ્યારે કંઈ પણ ખોટું કૃત્ય કરે છે, ત્યારે ત્યારે વિદુર તેને સખ્તમાં સખ્ત શબ્દોમાં ઠપકો આપવાનું કદી ચૂકતો નથી; પણ વિદુરને માટે તો કદાચ એમ પણ કહી શકાય કે, એની પદવી અને એનું સગપણ એવી રીતનાં હતાં કે એ વધારે છૂટથી બોલે તોપણ એને કંઇ હાનિ થાય નહિ. શકુંતલાને એવું કંઇ નિર્ભયતાનું કારણ નહોતું, છતાં વ્યાસની શકુંતલા એ કાળીદાસની શકુંતલાથી તદ્દન જુદીજ છે. એ ગ્રામ્યબાળા નિખાલસ હૃદયની, હિંમતવાન અને સદ્‌ગુણના ગૌરવને સમજનારી છે. ભરસભા વચ્ચે દુષ્યંત રાજાએ જ્યારે એને એમ કહ્યું કે, "મેં તને કદી જોઇજ નથી, તો તારી સાથે પરણ્યો તો ક્યાંથીજ હોઉં ?" ત્યારે એણે જવાબ આપ્યો કેઃ— "સત્યને માટે તમને માન નથી, તો તમારા જેવાની સોબત મારે જોઇતી નથી. પતિ અથવા પુત્રના કરતાં પણ સત્ય એ વધારે કિંમતી વસ્તુ છે." કાલિદાસના પ્રખ્યાત નાટકની કુમળી નાયિકાની પેઠે એ મૂર્છા પામતી નથી, પણ એ ચીઢવાઇને દરબારમાંથી જતી રહે છે."

"કર્ણપર્વમાં શલ્ય અને કર્ણની વચ્ચેનો સંવાદ તે મહાભારતનાં પાત્રો કેવાં છૂટથી બોલે છે, તેનું એક બીજું ઉદાહરણ છે. અમુક ઉપદેશ આપવાના હેતુથી હંસ અને કાગડાની જે વાર્તા કહેવામાં આવી છે, તે ઘણી સરસ અને વાંચવા લાયક છે. ખરેખર વ્યાસે પોતાનાં પાત્રોને મુખેથી નીતિનો ઉંચામાં ઉંચો ઉપદેશ ઘણી ખુબીદાર રીતે અપાવ્યો છે; અને સત્યતા, સરળતા, સ્વાભિમાન, કર્તવ્યપરાયણતા, ઉદારતા, આત્મસંયમ વગેરેની આવશ્યકતાવિષે અસંખ્ય ઉપદેશો અને દૃષ્ટાંતો એના ગ્રંથમાંથી મળી આવે છે. માત્ર એકજ સદ્‌ગુણ—દેશાભિમાન—વિષે એ ગ્રંથમાં કંઇ પણ કહેવામાં આવ્યું નથી. "ઇલિયડ" નાં કેટલાંક ભાષણોમાં દેશાભિમાનનું જોર સંપૂર્ણ જોવામાં આવે છે, ત્યારે અહીં તેનો સંપૂર્ણ અભાવ છે. આમ હોવાનું કારણ ઘણુંખરૂં એ હશે કે પશ્ચિમના દેશોમાં રાજકીય મહત્તા વધારવાને જરૂરના દેશાભિમાનાદિ જે જે સદ્‌ગુણોનો વિકાસ થયો હતો તે હિંદુસ્તાનના આર્યલોકોમાં નહોતો થયો, અથવા કદાચ એમ પણ હોય કે એકજ કુટુમ્બના બે પક્ષની વચ્ચેનું યુદ્ધ એ વિષયજ એવો છે કે તેમાં દેશાભિમાનના ઉદ્‌ગારોને માટે કંઇ પણ પ્રસંગ આવે નહિ."

"હવે આપણે સ્વગત ભાષણો તરફ વળીએ. સંસ્કૃત કવિઓએ નાટકો સિવાય બીજી રચનાઓમાં સ્વગત ભાષણોનો ઝાઝો ઉપયોગ કર્યો જણાતો નથી. નાટકોનાં "સ્વગત" પણ ઘણાં ટુંકાં હોય છે અને તેમાં વક્તૃત્વની ખુબી બહુ જોવામાં આવતી નથી. રણક્ષેત્રમાં જયશ્રી

થઈને પડેલો દુર્યોધન જે વિલાપ કરે છે, તેને જો 'સ્વગત ભાષણ' માં ન ગણીએ તો આખા મહાભારતમાં એક પણ સ્વગત ભાષણ આવતુંજ નથી, એમ આપણાથી કહી શકાશે. અમારા વિચાર પ્રમાણે, 'સ્વગત ભાષણ' એ કંઇક અકુદરતી વસ્તુ છે. માણસ કેટલીક વાર મોટેથી વિચાર કરે એ બનવા જોગ છે; પણ મનમાં વિચાર ચાલતા હોય તે વખતે એક અખંડ અને જુસ્સાદાર ભાષણ અપાઈ જાય એવું તો ઘણા થોડાનેજ બનતું હશે. કદાચ કોઇને પણ નહિ બનતું હોય, પણ એ બાબતમાં અમે કોઇ પણ રીતની ચર્ચામાં ઉતરવા માગતા નથી. મહાભારતમાં સ્વગત ભાષણો બીલકુલ નથી એટલી વાત નોંધીનેજ અમે સંતોષ માનીશું."

યુદ્ધનાં વર્ણનો

"વર્ણનની બાબતમાં મહાભારતના કવિનું સામર્થ્ય હોમર અથવા મિલ્ટનના જેટલુંજ જોવામાં આવે છે. એની વાર્તા કહેવાની રીતમાં હમ્મેશાં જુસ્સો અને સ્પષ્ટતા જોવામાં આવે છે; અને એનાં વર્ણનો ઘણાંખરાં યથાર્થ અને પ્રૌઢ હોય છે. યુદ્ધનાં સવિસ્તર વર્ણન આપવામાં તો વ્યાસની શક્તિ ખરેખરી અદ્ભુતજ છે. મહાભારતનાં છૂટાં છૂટાં દ્વંદ્વયુદ્ધોનાં જે વર્ણનો આપવામાં આવ્યાં છે, તેના સંબંધમાં કદાચ કોઇને એવી ટીકા કરવાનું મન થાય કે એ વર્ણનોમાં પુનરુક્તિ ઘણી છે; 'ફલાણા લડવૈયાએ પ્રતિપક્ષીના સામે આટલાં અસ્ત્ર ફેંકયાં એટલે તેણે પાછાં આટલાં અસ્ત્ર સામાં ફેંકયાં' એવી રીતે દ્વંદ્વયુદ્ધોનાં વર્ણન આપવામાં આવ્યાં છે; અને એવાં ને એવાં વર્ણનો ફરી ફરીને આવે એટલે વાંચકને સ્વાભાવિક રીતે કંટાળો આવ્યા વગર રહે નહિ. ઈલિયિડમાં પણ એવીજ રીતનાં વર્ણનો આવે છે, અને તેથી પણ આપણને જરા કંટાળો આવે છે; પણ જે સમયે એવી રીતનાં અસ્ત્રો એજ યુદ્ધનું મુખ્ય સાધન હતું અને જે સમયે રણસંગ્રામમાં ઉભય પક્ષના સરદારોની વચ્ચે દ્વંદ્વયુદ્ધોજ વધારે જોવામાં આવતાં, તે સમયનો પૂરેપૂરો ખ્યાલ આપણા ચિત્તમાં આપણે રાખવો જોઇએ. મહાભારતમાં યુદ્ધનાં જે વર્ણનો જોવામાં આવે છે, તેમાં પણ કવિ તરફથી જે વિવિધ પ્રકારનાં ચિત્રો ચીતરવામાં આવ્યાં છે અને જુસ્સાદાર રીતે તેનાં જે વર્ણનો આપવામાં આવ્યાં છે તે ખરેખર આશ્ચર્ય ઉપજાવે એવાં છે. ઈલિયડની પેઠે મહાભારતની, ખાસ કરીને એના યુદ્ધવિભાગની કથાથી શ્રોતાજનોના હૃદયમાં શૌર્યની લાગણી ઉછળવા માંડે છે; અને શિવાજીમાં જે પરાક્રમીપણું આવ્યું હતું, તે આ કથાના શ્રવણથી આવ્યું હતું એ વાત સર્વ કોઈની જાણીતી છે."

બીજાં કેટલાંક વર્ણનો

"સૃષ્ટિસૌંદર્યનાં વર્ણનોની બાબતમાં મહાભારતનું કાવ્ય રામાયણના કરતાં કંઇક ઉતરતું જણાય છે. આખા ગ્રંથમાં એવી રીતનાં વર્ણનો ઘણાં થોડાંજ જોવામાં આવે છે; પણ વનપર્વમાં હિમાલયનું વર્ણન એવી રીતનું છે કે બરફથી ઢંકાયલા હિંદુસ્તાનની ઉત્તર તરફના એ પ્રદેશને જેણે નજરોનજર જોયો હોય અથવા જેણે એ પ્રદેશમાંજ નિવાસ કર્યો હોય તેના તરફથી એ વર્ણન આપવામાં આવ્યું છે એવું આપણને લાગે છે. પર્વત ઉપરથી પડતા બરફના ઢગલાઓમાં પાંડવો અને દ્રૌપદી ફસાઈ ગયાં હતાં તેનું વર્ણન એવું આબેહુબ છે કે, હાલના વખતમાં પણ બરફના તોફાનમાં મેલગાડી કેટલીકવાર સપડાઇ જાય છે અને માણસોના જાનને પણ હાનિ પહોંચે છે તેના જેવા તોફાનનો અહેવાલ આપણે ન્યૂસપેપરમાંથીજ વાંચતા હોઇએ એવું આપણને લાગે છે; પણ ગંધમાદન પર્વતનું જે વર્ણન આપવામાં આવ્યું છે તે જો કે ઘણું સુંદર અને સંપૂર્ણ છે, તોપણ તેમાં કેટલીક વિગતો સૌતિએ પોતાની ગાંઠની ઉમેરેલી જણાય છે. ઉદાહરણ તરીકે, પર્વતને શોભાવનારાં વૃક્ષોમાં તાલવૃક્ષોનું પણ કથન કરવામાં આવ્યું છે. આવી રીતના કથનને માટે સત્ય વસ્તુસ્થિતિનો આધાર નહિ હોય, પણ

કલ્પનાનો આશ્રય લેવાયો હશે એમ લાગે છે."

"માણસોનાં વર્ણન આપવામાં મહાભારતની શૈલી નિર્મળ અને જુસ્સાદાર જણાય છે. સ્ત્રીસૌંદર્યનાં વર્ણનોમાં પાછલા સમયના સંસ્કૃત કવિઓના જેવી વિષયપરાયણતા મહાભારતમાં જોવામાં આવતી નથી. દ્યૂતક્રીડાને પ્રસંગે દ્રૌપદીને હોડમાં મૂકતી વખતે યુધિષ્ઠિર તેનું જે વર્ણન આપે છે, તે આવી રીતનાં વર્ણનોનો એક ઉત્તમ નમુનો છેઃ—

नैव ह्रस्वा न महती न कृशा नापि रोहिणी। नीलकुंचितकेशी च तया दीव्यामहं त्वया ॥
शारदोत्पलपत्राक्ष्या शारदोत्पलगंधया । शारदोत्पलसेविन्या रूपेण श्रीसमानया ॥
तथैव स्यादानृशंस्यात्तथा स्याद्रूपसंपदा । तथा स्याच्छीलसंपत्या यामिच्छेत्पुरुषःस्त्रियम्॥
चरमं संविशति या प्रथमं प्रतिबुध्यते । आगोपालाविपालेभ्यः सर्वं वेद कृताकृतम् ॥
तथैवंविधया राजन् पांचाल्याऽहं सुमध्यमा। ग्लहं दीव्यामि चार्वंग्या द्रौपद्याहंत सौबल ॥

અર્થાત્ ઠીંગણી પણ નહીં અને ઉંચી પણ નહીં, સુક્કી પણ નહીં અને જાડી પણ નહીં, કાળા અને વાંકડિયા વાળવાળી દ્રૌપદીને હું હોડમાં મૂકું છું. શરદઋતુના કમળપત્રના જેવી આંખવાળી, શરદઋતુના કમળના જેવી ગંધવાળી, શરદઋતુના કમળને સેવનારી અને લક્ષ્મીના જેવી કાન્તિવાળી, સૌજન્યમાં, રૂપસંપત્તિમાં અને શીલસંપત્તિમાં કોઇ પણ પુરુષ પોતાની સ્ત્રીને જેવી હોવાનું ઇચ્છે તેવી, પતિના સૂઇ ગયા પછી સૂએ અને પતિના ઉઠતા પહેલાં ઉઠે એવી, ગોવાળથી માંડી મોટા અધિકારીઓ સુધીનાં મનુષ્યોનાં સર્વ કાર્યોને જાણનારી, પાતળી કમ્મરવાળી અને સુન્દર અવયવોવાળી દ્રૌપદીને હું હોડમાં મૂકું છું."

"કીચક જેવા વિષાયાસક્ત પાત્રને મુખેથી કવિએ દ્રૌપદીના સૌન્દર્યની જે પ્રશંસા કરાવી છે, તે પણ જેટલી ધારવામાં આવે તેટલી મલિન નથી. બૃહન્નલાના અથવા વ્યંઢળના વેષમાં છુપાયલા અર્જુનનું વર્ણન આપવામાં આવ્યું છે, તે પણ ઘણુંજ સુન્દર અને સાચું છે; અને ભીષ્મ તથા દ્રોણ એ બેઉ લડવૈયાઓ યુદ્ધમાં જાય છે તથા આદિપર્વમાં બીજાઓની સાથે સ્પર્ધામાં ઉતરવાની કર્ણ તૈયારી કરે છે, તે વર્ણનો પણ એવાંજ છે. આ સમ્બન્ધમાં ઉદાહરણ તરીકે આટલાજ દાખલાઓ બસ થશે."

ભાષા અને છંદરચના

"મહાભારતમાં વપરાયલા છન્દ અને મહાભારતની ભાષા એ એક પ્રશ્ન વિચારવાનો હવે બાકી રહે છે. મહાભારતનું કાવ્ય મોટે ભાગે અનુષ્ટુભ્ છન્દમાં રચાયલું છે. એમાં ઉપજાતિ છન્દ પણ ઘણી વખત વાપરવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષામાં મહાકાવ્યની અંદર ઘણું ખરૂં એ બે છન્દોનોજ ઉપયોગ કરવામાં આવે છે. જે જાણીતાં મહાકાવ્યો છે, તે સઘળાં મોટે ભાગે એ બેજ છન્દોમાં રચાયલાં છે; અને વચમાં કોઇ કોઇ ઠેકાણેજ બીજા છન્દો વાપરવામાં આવ્યા છે. પુરાણ, ઉપપુરાણ તેમજ વિદ્યાકળાના ગ્રન્થો એ સઘળામાંજ અનુષ્ટુભ્ છન્દનો ઉપયોગ થતો હોવાને લીધે એ છન્દનું ગૌરવ ઘટી ગયું છે. એ છન્દ અતિશય વપરાશમાં આવી ચુકેલો અને સ્હેલો હોય એવું આપણને લાગે છે; પણ આપણે યાદ રાખવું જોઇએ કે સમર્થ કવિઓ તરફથી એ છન્દનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે એના પ્રતાપ તથા સામર્થ્યમાં બીલકુલ ઘટાડો થયલો જણાતો નથી. કાલિદાસે 'રઘુવંશ' નામનું કાવ્ય રચ્યું છે તેનો પહેલો અને ચોથો સર્ગ અનુષ્ટુભ્ છન્દમાંજ રચાયલો છે, છતાં તે અતિ ઉત્તમ ગણાય છે. એક હ્રસ્વ અને એક દીર્ઘ એવા બબ્બે અક્ષરના પદવાળા અંગ્રેજી છન્દો(ઇમ્બીક)ની પેઠે અનુષ્ટુભ છન્દ જોકે સઘળાં વીરચરિત કાવ્યોમાં અને મહાકાવ્યોમાં સાધારણ રીતે વાપરવામાં આવે છે, તેમજ અંગ્રેજી અને સંસ્કૃત એ બેઉ ભાષામાં [illegible]

રચનાર ખરેખરો કવિ છે કે માત્ર જોડકણાં જોડનારો છે તેના ઉપરજ કાવ્યના ગૌરવની વધઘટનો આધાર રહે છે.”

“મહાભારતની ભાષા પણ ગૌરવયુક્ત અને મહાકાવ્યને શોભે એવી છે. એનાં મુખ્ય લક્ષણો ત્રણ જોવામાં આવે છે. સરળતા, પ્રૌઢતા અને શુદ્ધતા. સરળતા અને પ્રૌઢતા એ બેઉ સાથે જોવામાં આવે એવું તો ખરેખર ક્વચિતજ બને છે. વધારે અર્વાચીન મહાકાવ્યોમાં વાણીનું ગૌરવ જોવામાં આવે છે ખરૂં, પણ એ ગૌરવ આણવાને માટે સ્પષ્ટાર્થતાનો ભોગ આપવામાં આવેલો જણાયા વગર રહેતો નથી. એ કાવ્યોની વાણીના શ્રવણમાત્રથી આપણને આનન્દની પ્રાપ્તિ થાય છે, પણ અર્થ સમજતાં પહેલાં દરેક દરેક અક્ષર આગળ થંભીને વિચાર કરવાની આપણને જરૂર પડે છે. મહાભારતની ભાષા આવી રીતની નથી. પાછલા સમયનાં પુરાણો એ સરળતાની બાબતમાં કદાચ મહાભારતના કરતાં પણ ચઢી જાય એવાં હશે; પણ તેમાં કેટલીકવાર ઘણીજ અશુદ્ધ ભાષા વપરાયલી છે અને એવા અશુદ્ધ પ્રયોગોના સંબંધમાં સ્થળે સ્થળે ટીકાકારોને પણ “આ આર્ષ પ્રયોગ છે”એવી રીતનો બચાવ કરવાની જરૂર પડી છે. વળી એ પુરાણોની ભાષા પણ પ્રૌઢ અથવા ગૌરવયુક્ત નથી. વાતચીતમાં વપરાતી ભાષા ઉપર કાબુ ધરાવનારા એક સમર્થ લેખકની છાપ મહાભારતની ભાષા ઉપર ચોક્કસ પડેલી જોવામાં આવે છે. મિલ્ટન કવિના સંબંધમાં આર્નોલ્ડે જણાવ્યું છે કે, મિલ્ટનની ભાષા વૈષમ્યવાળી હોવા છતાં–વિષયના ગૌરવની સાથે એ ભાષાના ગૌરવમાં પણ વધારોઘટાડો થતો જાય છે તોપણ–એનું અંગ્રેજી શુદ્ધ અને દૂષણ વગરનું નથી હોતું; અંગ્રેજી લખાણોમાં લેટિન અને ગ્રીક શબ્દો, રે ! લૅટિન અને ગ્રીક વાક્યરચનાઓ પણ એ છૂટથી દાખલ કરે છે. હું ધારૂં છું કે મહાભારતની ભાષા જો કે, “પૅરેડાઇસ લૅાસ્ટ” ની ભાષા જેવી ગૌરવયુક્ત નથી, તોપણ શુદ્ધતાની બાબતમાં એ ભાષા “પૅરેડાઇસ લોસ્ટ” ના કરતાં ચઢિયાતી છે.”

“મહાભારતની ભાષાનું સૌંદર્ય સમજવાની જો કોઈની પણ ઇચ્છા હોય તો તેણે “ભગવદ્ગીતા” વાંચવી જોઇએ. **ગીતાને વિષે કવિએ પોતે કહ્યું છે તે પ્રમાણે આખા મહાભારતનું અમૃત અને સર્વસ્વ એ કવિતામાં આવી જાય છે.** મહાભારતની જે ઉંચામાં ઉંચી ફિલસુફી તેનો ઉપદેશ એમાં આપવામાં આવ્યો છે; એટલુંજ નહિ પણ કવિને સંસ્કૃત ભાષા ઉપર કેટલો કાબુ છે, તે પણ એ કવિતા ઉપરથી ચોક્કસ જણાઇ આવે છે. વૈદિક સમય પછીના એટલે શુદ્ધ સંસ્કૃત સાહિત્યના આખા પ્રદેશમાં એવો એક પણ ગ્રંથ નથી કે જે ભાષાની સરળતામાં, વાણીની મીઠાશમાં અને શૈલીની પ્રૌઢતા તથા રુચિરતામાં ભગવદ્ગીતાની બરોબરી કરી શકે. એ ઉત્તમ ગીતના શબ્દો અને વાક્યો ખરેખર શુદ્ધ સુવર્ણના બનેલા છે; કારણ કે એ કદમાં નાનાં, વજનદાર અને તેજસ્વી છે.”

નીતિનો ઉપદેશ

“મહાકાવ્યમાં કંઇ નીતિનો ઉપદેશ સમાયલો હોવોજ જોઇએ એમ નથી; પણ મહાભારતમાંથી એવો ઉપદેશ ચોકખો નીકળી શકે છે. એ ઉપદેશ આખા વિશાળ પટમાં ફેલાઇને સઘળા તંતુઓને સાથે રાખનારા સૂત્રના જેવો છે. એ ઉપદેશ કયો છે તેના તર્ક કરવાની જરૂર પડે એવું કવિએ રાખ્યું નથી. કવિએ જાતેજ એ ઉપદેશ આપણને કહ્યો છે. દરેક સ્થિતિમાં ગમે તેવા વિપત્તિના પ્રસંગમાં પણ, ધર્મને વળગી રહેવું એવો ઉપદેશ મહાભારતમાં સ્થળે સ્થળે આપવામાં આવ્યો છે. “ધર્મ” એટલે “ઈશ્વર પ્રત્યેનાં તથા માનવી પ્રત્યેનાં આપણાં સઘળાં કર્તવ્યો” એવો ધર્મનો અર્થ આપણે કરી શકીએ. મહાભારતને

છેડે પાંચ શ્લોકો છે, તેમાં આ ઉપદેશ ખાસ કથવામાં આવ્યો છે. એ પાંચે શ્લોકોને સામટા લઇને તેને માટે " ભારતસાવિત્રી " એં નામ વાપરવામાં આવ્યું છે. એક શાસ્ત્રીએ મને જણાવ્યું હતું કે, " પ્રાતઃસ્મરણ " કરતી વખતે રોજ સવારે ધર્મિષ્ઠ બ્રાહ્મણો એ ભારતસાવિત્રી બોલી જાય છે. એમાંનો એક શ્લોક* અત્રે ઉતારીએ છીએ.

" ऊर्ध्वबाहूर्विरौम्येष न च कश्चिच्छृणोति माम् ।
धर्मादर्थश्च कामश्च स धर्मः किं न सेव्यते ॥ "

ગુજરાતીમાં આ શ્લોકનું ભાષાંતર નીચે પ્રમાણે કરી શકાશેઃ—

" સુણો ના કોઇ, જો કે હું ઊર્ધ્વબાહુ રટું અહીં !
ધર્મથી અર્થ ને કામ, ધર્મ શેં સેવવો નહીં ? "

× × × × × ×

પાંડવો ખરેખરા થઇ ગયા હતા કે કેમ ?

"કુરુ અને પાંચાલ એ બે પાસે પાસેની આર્યપ્રજાઓ વચ્ચે જે મહાયુદ્ધ થયું હતું,
× × × × × તે મહાયુદ્ધમાં ભાગ લેનારાં પાત્રો વિષેની ચર્ચા આપણે આ પ્રકરણમાં કરીશું. સાધારણ રીતે એટલું તો કબૂલ કરવામાં આવ્યું છે કે, " પાસે પાસેની જે બે પ્રજાઓ પાછળથી એકત્ર થઇને એક પ્રજા બની ગઇ તેઓની વચ્ચેના એક પ્રાચીન યુદ્ધના ઐતિહાસિક બનાવ ઉપરથી મહાભારત રચાયું છે; " પરંતુ એ યુદ્ધ ક્યારે થયું હતું, એટલુંજ નહિ પણ એ યુદ્ધમાં ભાગ લેનારાઓ કોણ કોણ હતા તેના સંબંધમાં પણ ઘણો મતભેદ છે. વેબર વગેરેની દલીલોને અનુસરીને મિ. દત્ત એમ માને છે કે, " પાંડવોને દંતકથાના કલ્પિત વીરો તરીકે ગણવા જોઇએ; " કારણ કે મહાભારતનાં જે બીજાં પાત્રો છે તેના વિષે એ સમયના વૈદિક સાહિત્યમાં ઘણી વાર કથન કરવામાં આવ્યું છે, પણ પાંડવો વિષે કોઈ પણ ઠેકાણે કથન કરાયલું જોવામાં આવતું નથી. ઉદાહરણ તરીકે, પરિક્ષિતના પુત્ર જનમેજયનું નામ મહાભારતમાં ઘણી વાર આવે છે; પણ ભારતની લડાઇના મુખ્ય વીર અને જનમેજયના પ્રપિતામહ અર્જુનનું નામ કોઇ પણ ઠેકાણે જોવામાં આવતું નથી. બ્રાહ્મણગ્રંથોમાં 'અર્જુન' એ શબ્દ ઇંદ્રના નામતરીકેજ વપરાયલો જણાય છે. આ કારણને લીધે, મહાભારતમાં વર્ણવાયલા બનાવોનો ઐતિહાસિક દૃષ્ટિથી સાર આપતાં પ્હેલાં " પાંડવો ખરેખરા થઇ ગયા હતા કે કેમ ? " એ પ્રશ્નની ચર્ચા કરવાની આપણને જરૂર છે. "

" સાધારણ રીતે તો, ઐતિહાસિક બનાવો જેમાં નોંધાયલા હોય એવા ગ્રંથમાં અમુક બનાવવિષે કથન કરાયલું જોવામાં આવે એટલુંજ એ માણસ થઇ ગયો હતો અથવા એ બનાવ બન્યો હતો એમ પૂરવાર કરી આપવાને બસ થાય છે. મોઝિઝ અથવા રોમ્યુલસ થઇ ગયો હતો કે નહિ તેના સંબંધમાં એ સમયના ઇતિહાસગ્રંથો, અથવા તો સમકાલીન મનુષ્યોથી ઇતિહાસગ્રંથો રચવાનું ન બની શક્યું હોય ત્યાં પરંપરાથી ઉતરી આવેલી માન્યતાઓને આધારે પાછળથી રચાયલાં પુસ્તકો, એ સિવાય બીજા કોઈ પૂરાવાની જરૂર પડતી નથી; અને બીજો કોઈ પૂરાવો મળી શકે એવું પણ હોતું નથી. અલબત્ત, પરંપરાથી ઉતરી આવેલી માન્યતાઓ અથવા ઇતિહાસગ્રંથો સત્ય નથી એવું સાબીત કરી શકાય અથવા તો એના ઉપર ભરોસો મૂકવા જેવું નથી એવું મજબૂત દલીલો આપીને દર્શાવી શકાય એમ હોય ત્યાં આગળ એ માન્યતાઓને અથવા એ ઇતિહાસગ્રંથોને પ્રમાણતરીકે નજ સ્વીકારવા જોઇએ.

* આ પાંચે શ્લોક આની અગાઉ " મહાભારતમાહાત્મ્ય "માં અર્થ સાથે અપાયા છે.

એ વાત ખરી છે; પણ એવી સ્થિતિ જ્યાં આગળ ન હોય ત્યાં આગળ એ માન્યતાઓ અને એ ઇતિહાસગ્રંથો ઉપર આધાર ન રાખવાનું કંઈ પણ કારણ નથી. મહાભારત એ કાવ્ય નવલકથા તરીકે નહિ, પણ ઇતિહાસ તરીકે રચાયલું છે; તેથી જ્યાંસુધી વિરુદ્ધની મજબૂત દલીલો આપણી આગળ ન આવે ત્યાંસુધી મહાભારતની અંદર જણાવેલા પાંડવો અને તેમના શત્રુઓ ખરેખરા થઈ ગયા હતા; અને જે પરાક્રમો તેઓનાં કરેલાં વર્ણવવામાં આવ્યાં છે તે તેઓએ ખરેખરાં કર્યાં હતાં એમજ આપણે માનવું જોઈએ."

"આ નિર્ણયની વિરુદ્ધમાં જે નાસ્તિપક્ષની દલીલો આપવામાં આવે છે, તે કેટલીક વાર લગાર વગરવિચારી (વિચારરહિત) હોય છે. આપણે જરા વિચાર કરીશું તો જણાશે કે, એજ સમયના અથવા તો એની પછીના સમયના વૈદિક સાહિત્યમાં પાંડવોવિષે કંઇ કથન કરવામાં આવેલું જણાતું નથી એટલીજ વાત ઉપરથી કંઇ પણ અનુમાન નીકળી શકે એમ નથી. એ સાહિત્યમાં એવી રીતનું કથન થવું જરૂરનું હતું એ વિશેષ વાત જ્યાંસુધી સિદ્ધ થઈ શકી નથી, ત્યાંસુધી પાંડવોવિષે કથન ન કરાયાની હકીકત એકલી અકિંચિત્કર છે. આપણે લગાર વધારે ઉત્કટ ઉદાહરણ લઇએ તો પાર-ડી-બર્ગની લડાઇ થઈ તે વખતે સેંકડો પુસ્તકો રચાયાં હતાં અને ત્યાર પછી પણ રચાયાં છે; પણ તેમાંનાં ઘણાંખરાં પુસ્તકોમાં, લૉર્ડ રૉબર્ટ્સ અથવા લૉર્ડ કિચનર, જે નિઃસંશય આધુનિક સમયના મોટામાં મોટા વીર નરો છે, તેના વિષે કંઇ પણ કથન કરવામાં આવ્યું નથી. રે ! એ લડાઇવિષે પણ કંઇ કહેવામાં આવ્યું નથી; પણ એ પુસ્તકમાં લૉર્ડ રૉબર્ટ્સ અથવા લૉર્ડ કિચનરનું નામ બીલકુલ આવતું નથી તેટલા ઉપરથી એમ કહેવું કે એ વીર નરો કદી પણ થયાજ નહોતા એ તો તદ્દન મૂર્ખાઇભરેલુંજ કહેવાય. મરાઠાઓ અને અફઘાનોની વચ્ચે પાણિપતની મોટી લડાઇ થઈ ત્યાર પછી મરાઠી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં ઘણાંએ પુસ્તકો લખાયાં અને ઘણીએ કવિતાઓ બનાવાઇ; પણ હરેક પુસ્તકમાં અથવા હરેક કવિતામાં એ લડાઇ વિષે અથવા એ લડાઇના અગ્રણીઓવિષે સૂચન કરવામાં આવ્યું હોય એવી આશા રાખવી એજ હાસ્યજનક છે. પાણિપતની લડાઇ પછી રચાયલા અમુક પુસ્તકમાં સદાશિવરાવ ભાઉ અથવા જંકોજી સિંધિયાનું નામ બીલકુલ ન જોવામાં આવતું હોય તેટલા ઉપરથી એ માણસો કદી થયાજ નહોતા, એવું અનુમાન કોઈ કરે તો તે ભૂલભરેલુંજ કહેવાય. આ ઉત્કટ ઉદાહરણો ઉપરથી, નાસ્તિપક્ષની દલીલો કેવી હસનીય થાય છે, તે જણાઇ આવશે. ઉપર જે પુસ્તકોવિષે આપણે કહ્યું તે પુસ્તકો બોઅર લોકોનો અથવા મરાઠાઓનો ઇતિહાસ આપવાના ખાસ હેતુથી તેજ વખતે અથવા ત્યારપછીથી રચાયલાં હોત તો વાત જૂદી હતી, કારણ કે એવા ઇતિહાસગ્રંથોમાં તો સ્વાભાવિક રીતે એ બનાવો અને એ બનાવોમાં ભાગ લેનારા માણસોવિષે કથન કરાયલું હોવુંજ જોઇએ. હવે એ તો જાણીતી વાત છે કે વેદના સાહિત્યમાં સાધારણ રીતે ધર્મક્રિયાઓની સમજૂતી અને કોઇ કોઇ વખત ફિલસુફીના તથા અધ્યાત્મવિદ્યાના સિદ્ધાંતો આપવામાં આવ્યા હોય છે. એમાં ઇતિહાસવિષેના ઉલ્લેખો ક્વચિતજ; અને તે પણ ઉદાહરણ તરીકેજ કરાયલા હોય છે. જે કોઇ બનાવો બન્યા હોય અને જે કોઈ માણસો થઇ ગયાં હોય તે સઘળાંઓનેજ વૈદિક ગ્રંથોના ઉદાહરણમાં આપવામાં આવ્યાં હોય એ કદી ધારી શકાય એવું નથી. અમારા અભિપ્રાય પ્રમાણે તો મહાભારતની લડાઇવિષે અથવા પાંડવોવિષે એ ગ્રંથોમાં કંઇ પણ કથવામાં નથી આવ્યું એટલા ઉપરથી એ લડાઇ થઇજ નહોતી અથવા પાંડવો થયાજ નહોતા એવું અનુમાન તર્કશાસ્ત્ર પ્રમાણે બીલકુલ નીકળી શકતું નથી; કારણકે મહાભારતમાંથી જે ઐતિહાસિક પ્રમાણો આપણને મળી આવ્યાં છે તેના પ્રામાણ્યને શિથિલ કરી શકે એવાં પ્રબળ કારણો આપણને ઉપલબ્ધ થતાં નથી."

"પણ એ ઉપરાંત, પાંડવો ખરેખરા થઇ ગયા નહોતા એ વિચારની વિરુદ્ધ બીજી પણ મજબૂત દલીલો છે. પોતાના ગ્રંથની મૂળ આવૃત્તિમાં મિ. દત્તે એવો અભિપ્રાય દર્શાવ્યો હતો કે, મહાભારતનું યુદ્ધ ખરેખરૂં થયું હતું, પણ પાંડવો એ માત્ર અમુક સદ્‌ગુણોનાંજ મૂર્ત સ્વરૂપો છે અને કવિકલ્પનાવડે એ પાત્રો પાછળથી ઉમેરવામાં આવ્યાં હતાં; પરંતુ મહાભારતની અંદરજ પાંડવોનાં જીવનચરિત્રસંબંધી કેટલીક હકીકત છે, તે આ સિદ્ધાંતની સાથે બંધબેસતી આવતી નથી. ઉદાહરણ તરીકે પાંચે ભાઈઓના સંબંધમાં એવું કહેવામાં આવ્યું છે કે, તેઓ એકજ સ્ત્રી(દ્રૌપદી)ને પરણ્યા હતા. હવે હિંદુસ્તાનના આર્યલોકોમાં અનેક પતિઓને પરણવાનો રિવાજ કદી પણ હતો નહિ. વેદસમયના ઋષિઓ એમજ કહેતા કે, "યજ્ઞનો એકજ રજ્જુ અનેક સ્થાણુઓની આસપાસ વીંટળાઇ શકે નહિ, તેજ પ્રમાણે એકજ સ્ત્રી અનેક પુરુષોને પરણી શકે નહિ." જોકે તેઓના અભિપ્રાય પ્રમાણે એકજ સ્થાણુની આસપાસ યજ્ઞનાં અનેક રજ્જુઓ વીંટાળી શકાય, તે પ્રમાણે એકજ પુરુષ અનેક સ્ત્રીઓને પરણી શકે. ત્યારે સદ્‌ગુણનાં મૂર્તસ્વરૂપો તરીકે પાછળથી દાખલ કરવામાં આવેલાં આ પાત્રોને સદ્‌વર્તન વિષેના આર્ય વિચારોથી તદ્દન ઉલટી રીતે વર્તતાં શામાટે દર્શાવવામાં આવ્યાં? મહાભારતની અંદરજ આ પ્રમાણેનું વર્તન સાધારણ કરતાં જૂદી રીતનું હતું, એ વાત સ્વીકારવામાં આવી છે; અને એ વર્તનના બચાવમાં જૂદે જૂદે સ્થળે જૂદા જૂદા ખુલાસાઓ આપવામાં આવેલા આપણે સ્પષ્ટ જોઇએ છીએ. વળી દ્રૌપદીનું અપમાન થયલું તેનું વેર લેવાને માટે યુદ્ધમાં દુઃશાસનને મારીને તેનું રુધિરપાન કરતો ભીમને વર્ણવવામાં આવ્યો છે. આ જંગલી વર્તણુક પણ દરેક માણસના સદ્‌વર્તનવિષેના સામાન્ય વિચારથી તદ્દન ઉલટી છે; અને પાછલા સમયના કલ્પિત વીરોમાં કવિએ આવાં લક્ષણનું આરોપણ કર્યું હોય એ વાત માની શકાય એવી નથી. ખરેખર, એક પાછલું પ્રકરણ, જે પાછળથી ઘુસાડી દેવામાં આવેલું હોય એવું ચોખ્ખું જણાઇ આવે છે, તેમાં ભીમનો બચાવ કરવાના ઉદ્દેશથી એવું કંહેવામાં આવ્યુ છે કે, ભીમે કંઇ ખરેખરૂં રુધિરપાન કર્યું નહોતું; પણ રુધિરપાન કરતો હોય એવો દેખાવ માત્ર કર્યો હતો. આ અને બીજા કેટલાક નાના નાના પ્રસંગો ઉપરથી અમને તો એમજ જણાય છે કે, પાંડવો એ કલ્પનાજન્ય નહિ પણ ખરેખરા થઇ ગયેલા વીર નરો હતા. આ સંબંધમાં કદાચ એવી રીતની દલીલ કરવામાં આવશે કે જે વખતે હિંદુસ્તાનના આર્યલોકોમાં અનેક પતિઓને પરણવાનો રિવાજ હતો અને જે વખતે મનુષ્યના રુધિરનું પાન કરવું એમાં કંઈ ત્રાસદાયક ગણાતું નહિ તે વખતના વિચારોનું ચિત્ર આ સ્થળે આપવામાં આવ્યું છે. આ તર્કની સત્યતાવિષે ઘણો સંશય રહે છે, છતાં એ તર્કને જો આપણે સત્યતરીકે સ્વીકારીએ તો આટલું તો કબૂલ કરવું પડશે કે જે સમયે એવા વિચારો અસ્તિત્વમાં હશે તે સમય ખરેખર ઘણોજ પ્રાચીન હોવો જોઇએ. આ તર્કથી 'પાંડવો ખરેખરા થઇ ગયા હતા' એ વાત કબૂલ કરવામાં આવે છે એમ ન ગણીએ, તોપણ એ વાત કબૂલ કરવામાં આવતી હોય તેના કરતાં કંઇ વધારે સારૂં પરિણામ તો નથીજ આવતું એમ તો કહેવું પડશે."

"હજી કદાચ કોઇને એમ લાગશે કે વૈદિક સમયના પાછલા ગ્રંથોમાં મહાભારત જેવી વિશાળ અને વ્યાપક રચનાના નાયકોવિષે કંઇ પણ કથન કંરવામાં ન આવ્યું હોય એ વાત ચોકખી બાધકર્તા નહિ હોય, તોપણ ઘણો વહેમ ઉત્પન્ન કરે એવી તો છેજ. એવો વિચાર કરનારાઓને અમારો જવાબ એ છે કે, પ્રથમ વિભાગમાં જણાવી ગયા તે પ્રમાણે મહાભારતનો ગ્રંથ હાલ જેવો છે તેવો અસલ નહોતો. બ્રાહ્મણગ્રંથોમાં અભ્યાસના વિષયતરીકે ઇતિહાસગ્રંથોને ગણાવ્યા છે તેવા અનેક ગ્રંથોમાંનો એક એ હતો. સૌતિએ એ ગ્રંથને જેવો

વિશાળ બનાવી દીધો છે તેવો એ પ્રથમ નહોતો; અને યુદ્ધના પ્રસંગોને ધર્મનો અને દંત-કથાનો રંગ લાગેલો હાલના કાવ્યમાં જેવો જોવામાં આવે છે, તેવો એ વખતે જોવામાં આવતો નહોતો. બ્રાહ્મણ ગ્રંથો જે વખતે રચાયા તે વખતે કૃષ્ણની પૂજા હજી આરંભદશામાંજ હતી અને મિગેસ્થનિસના વખતમાં એ પૂજાનો પ્રચાર જેટલો વધી ગયો હતો તેટલો એ વખતે વધી ગયેલો જોવામાં આવતો નહોતો. આ કારણથી જેને અતિશયોક્તિનો અલંકાર પહેરાવવામાં આવ્યો નહોતો અને જેને ધર્મવિચારોનો રંગ લાગ્યો નહોતો, તે મહાયુદ્ધના ઐતિહાસિક પ્રસંગોના સમ્બન્ધમાં બ્રાહ્મણકાળના ઋષિઓએ પોતાના ગ્રન્થોમાં કથન કર્યું ન હોય તેમાં કંઇ પણ અસંભવિત નથી. મહાભારતના યુદ્ધવિષેજ બ્રાહ્મણગ્રન્થોમાં કોઇ પણ સ્થળે કથન કરવામાં આવ્યું નથી, તે છતાં એ યુદ્ધ થયું હતું એ વાત તો સર્વ કોઇ કબૂલ રાખે છે, ત્યારે એ યુદ્ધના અગ્રણીઓવિષે કથન કરવામાં ન આવ્યું હોય તે ઉપરથી એ અગ્રણીઓ થઇ ગયાજ નહોતા એમ માની લેવાનું શું કારણ છે, તે સમજી શકાતું નથી. ”

જનમેજય કોણ હતો?

“હવે આપણે મહાભારતના યુદ્ધમાં જનમેજયે ભાગ લીધો હતો કે નહિ? એ બીજા પ્રશ્ન તરફ વળીએ. આ વિષય સમ્બન્ધી કંઇક વિવેચન અમે આગલા પ્રકરણમાં કરી ગયા છીએ, પણ એ આખા વિષયની સમગ્ર ચર્ચા અહીં એકજ સ્થળે કરવામાં આવશે તો તે ભૂલભરેલું કહેવાશે નહિ. વેબરનો અભિપ્રાય એવો છે કે, આ જનમેજય કોણ હતો એ પ્રશ્નના સમ્બન્ધમાં મહાભારતમાં ઘણો ગોટાળો છે. કેટલીક વખતે એને પાંડવોના પૂર્વજ-તરીકે વર્ણવવામાં આવ્યો છે. વળી એને અર્જુનના પૌત્ર પરિક્ષિતનો પુત્ર પણ કહેવામાં આવ્યો છે. શતપથ બ્રાહ્મણના ૧૩મા કાંડમાં એક જનમેજય પારિક્ષિતનું નામ આવે છે. એ સ્થળે એવું કહેવામાં આવ્યું છે કે, ઇન્દ્રોત દેવાપિ શૌનક એ ઋષિની મદદથી જનમેજયે અશ્વમેધ નામનો યજ્ઞ કર્યો અને એ યજ્ઞ કરીને બ્રહ્મહત્યાના દોષમાંથી એ તદ્દન મુક્ત થયો. આ ઉપરથી એવું અનુમાન કરવામાં આવ્યું છે કે, જનમેજય એ નામનો એકજ માણસ હતો, તે અર્જુનનો પ્રપૌત્ર હતો અને જે દોષમાંથી એ મુક્ત થયો તે દોષ મહાભારતના યુદ્ધનો હતો. ”

“પારિક્ષિત જનમેજય એ મહાભારતના વીર પુરુષો(પાંડવો)નો પૂર્વજ હતો કે વંશજ હતો તેના સંબંધમાં મહાભારતમાં કંઇક ગોટાળો છે, એ વાત નિઃસંશય ખરી છે. આ પુસ્તકના+ પ્રથમ વિભાગમાં આપણે દર્શાવી ગયા છીએ તે પ્રમાણે મહાભારતના છેલ્લા પ્રકાશક સૌતિએ પુનરુક્તિ કરીને અને પોતાના સમયની ઝીણી ઝીણી ઐતિહાસિક હકીકતોને એકજ સ્થળે એકઠી કરીને વૈશંપાયનના ભારતમાં ઘણો ઉમેરો કર્યો છે. આદિપર્વના ૯૪ મા અધ્યાયમાં પાંડવોની વંશાવલી છંદોબદ્ધ રચનાવડે આપવામાં આવી છે; અને એની પછીનોજ અધ્યાય ગદ્યમાં છે તેમાં એજ વંશાવલી પાછી આપવામાં આવી છે. આ સ્થળે, ઉપર જણાવી ગયા તે પ્રમાણે એવું અનુમાન થાય છે કે છંદોબદ્ધ રચનાવાળો ૯૪ મો અધ્યાય સૌતિ તરફથી પાછળથી ઉમેરવામાં આવ્યો છે; કારણ કે બેઉ વંશાવલીઓમાં કેટલોક તફાવત છે અને કુરુથી તે શાંતનુ સુધીના વંશજો બેઉમાં નીચે પ્રમાણે આપવામાં આવ્યા છેઃ—

+ એ ગુજરાતી પુસ્તકનું નામ ‘**મહાભારતની સમાલોચના**’ છે. મૂલ્ય ૦ાા, પૃષ્ઠ-સંખ્યા ૨૫૦, અને મળવાનું સ્થાન **ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી—અમદાવાદ** છે.

અધ્યાય ૯૪

- કુરુ
  - અવિક્ષિત
    - પરિક્ષિત્
      - જનમેજય
        - ધૃતરાષ્ટ્ર
          - પ્રતીપ
            - દેવાપિ
            - શાન્તનવ
            - બાલ્હીક
          - અને બીજાઓ
        - પાંડુ
        - બાલ્હીક
        - ૫ બીજા
      - કક્ષસેન
        - ઇન્દ્રસેન
      - ઉગ્રસેન
        - સુવર્ણ
      - ચંદ્રસેન
        - ભીમસેન
    - ૭ બીજા છોકરાઓ
  - જનમેજય

અધ્યાય ૯૫

- કુરુ
  - વિદુર
    - અનશ્વા
      - પરિક્ષિત્
        - ભીમસેન
          - પ્રતિશ્રવા
            - પ્રતીપ
              - દેવાપિ
              - શાન્તનુ
              - બાલ્હીક

૯૫ મા અધ્યાય ઉપરથી ખુલ્લું જણાય છે કે, પાંડવોના પૂર્વજોમાં એક "જનમેજય" થઇ ગયો હતો, પણ કોઇ "પારિક્ષિત જનમેજય" નહોતો. કદાચ આપણને એવું કહેવામાં આવશે કે પરિક્ષિતને ભીમસેન સિવાય બીજા છોકરાઓ પણ હોય અને તેમાંનો એક જનમેજય હોય એ બનવા જોગ છે. વળી એવું પણ ઉમેરી શકાય એમ છે કે, ઇન્દ્રોત દેવાપિ શૌનકની મદદવડે કરીને જનમેજય પારિક્ષિત બ્રહ્મહત્યાના પાપમાંથી કેવી રીતે મુક્ત થયો તે હકીકત શાન્તિપર્વના ૧૫૦મા અધ્યાયમાં ભીષ્મે યુધિષ્ઠિરને કહી સંભળાવી છે. આ ઉપરથી ઉપલી ધારણાને ઘણી મજબૂતી મળે છે. એ સ્થળે જે જનમેજય પારિક્ષિતવિષે કથન કરવામાં આવ્યું છે, તે નિઃસંશય ભીષ્મ અને યુધિષ્ઠિર એ બેઉનો પૂર્વજ હોવો જોઇએ; પણ

એવું જણાય છે કે, શતપથ બ્રાહ્મણમાં આપેલી આખ્યાયિકાની સાથે સુસંગતિ આણવાને માટે આ અધ્યાય પણ સૌતિએ પાછળથી ઉમેરેલો છે અને એ ઉમેરાને લીધે ૯૪મા અધ્યાયની વંશાવલીમાં પણ એને કેટલાક ફેરફાર કરવાની જરૂર પડી હતી; કારણ કે આ અધ્યાય ઉપરથી, તેમજ શતપથ બ્રાહ્મણની આખ્યાયિકા ઉપરથી જનમેજય એ સઘળા ભાઈઓમાં વધારે મોટો હોવો જોઈએ એવું અનુમાન નીકળે છે; ત્યારે ૯૫મા અધ્યાયમાં ભીમસેનને 'જનમેજય' એ નામનો કોઇ ભાઈ હોય એવું આપણે ગણીએ તો તે ભીમસેનના કરતાં નાનો હતો એવું આપણે ગણવું પડશે, કારણ કે જો એમ ન હોય તો પારિક્ષિત કુટુંબના પ્રતિનિધિ તરીકે ભીમસેનનું નામ આપવામાં આવે નહીં. પ્રાચીન તેમજ અર્વાચીન, પૂર્વના તેમજ પશ્ચિમના દેશોની સઘળી વંશાવલીઓમાં તેનાં તે નામ ફરી ફરીને જોવામાં આવે એવું ઘણીવાર બને છે. એકજ નામના જુદા જુદા રાજાઓને ઓળખાવવાને માટે હાલના ઇતિહાસોમાં એવું કરવામાં આવે છે કે, તેઓના નામની પાછળ સંખ્યા ઉમેરવામાં આવે છે. ઇંગ્લાંડના રાજાઓના સમ્બન્ધમાં એડવર્ડ પહેલો, એડવર્ડ બીજો એ પ્રમાણે, દિલ્હીના શહેનશાહના સમ્બન્ધમાં અકબર પ્હેલો, અકબર બીજો એ પ્રમાણે આપણે બોલીએ છીએ; પણ વૈદિક સાહિત્યની રીત એવી છે કે મૂળ નામની સાથે બાપનું અથવા માતાનું નામ પણ ઉમેરવું. ઋષિઓના સમ્બન્ધમાં હમ્મેશાં બક દાલ્ભ્ય, ઉષસ્તિ ચક્રાયણ એ પ્રમાણે અને રાજાઓના સમ્બન્ધમાં હરિશ્ચન્દ્ર ઐક્ષ્વાક, જનમેજય પારિક્ષિત એ પ્રમાણે કહેવામાં આવે છે. ૯૫ મા અધ્યાયમાં જે ગદ્યાત્મક વંશાવલી આપવામાં આવી છે, તેમાં પાંડવોના પૂર્વજોમાં એક જનમેજયને અને એક પરિક્ષિતને પણ ગણાવ્યો છે; પણ એ જનમેજય પરિક્ષિતનો પુત્ર નહોતો. પાંડવોનો પૂર્વજ અને પાંડવોનો વંશજ એવા બે જનમેજય પારિક્ષિત થઇ ગયા હોય, તેના કરતાં એકજ 'જનમેજય પારિક્ષિત' થઈ ગયો હોય એ વધારે સંભવિત જણાય છે. આ સઘળી દલીલો ઉપરથી એવુંજ અનુમાન થાય છે કે આદિપર્વના ૯૪મા અધ્યાયની પદ્યાત્મક વંશાવલી તેમજ શતપથ બ્રાહ્મણ ઉપરથી લેવાયલી શાન્તિપર્વના ૧૫૦મા અધ્યાયની જનમેજય પારિક્ષિત અને દેવાપિ શૌનકની આખ્યાયિકા એ બેઉ સૌતિએ પાછળથી ઘુસાડી દીધેલાં છે. એ ઉપરાંત મહાભારતના આદિપર્વના બીજા અધ્યાયમાં પણ જનમેજય પારિક્ષિતવિષે કથન કરવામાં આવ્યું છે, તે ઉપરથી આગળ જણાવેલા વિચારને વિશેષ ટેકો મળે છે. શતપથ બ્રાહ્મણની પેઠે એ સ્થળે પણ જનમેજય, શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન એ ચારે ભાઈઓનાં નામ સાથે આપવામાં આવ્યાં છે; અને "પાપકૃત્ય" એ શબ્દ પણ વાપરવામાં આવ્યો છે. આ ઉપરથી એવું જણાય છે કે, અહીં પણ એની એજ શતપથ બ્રાહ્મણની આખ્યાયિકા આપવામાં આવી છે અને એ અધ્યાય ગદ્યમાં હોવાથી કોઈ જૂના ઇતિહાસનો અવશેષ હોય તેના જેવો જણાય છે. એ અધ્યાયમાં જનમેજયને અર્જુનનો પૂર્વજ નહીં પણ ચોખ્ખો પ્રપૌત્રજ કહેલો છે. આ ઉપરથી ચોકકસ માલમ પડે છે કે, 'જનમેજય પારિક્ષિત' એકજ હતો અને તે મહાભારતના વીરનરોનો વંશજ થતો હતો; પણ મહાભારતના જનમેજયના સમ્બન્ધમાં ગોટાળો છે એ વાત કબૂલ કરીએ તોપણ જે બ્રહ્મહત્યાના પાપમાંથી જનમેજય મુક્ત થયો, તે પાપ મહાભારતની લડાઇ સાથે કંઇ પણ સમ્બન્ધ ધરાવતું હતું એવું આપણાથી શા આધારે કહી શકાશે? બ્રહ્મહત્યાવિષે જરા કથન કરવામાં આવેલું તે ઉપરથી તૂટી પડીને મહાયુદ્ધનો દોષ એના માથા ઉપર મૂકવો એ વાસ્તવિક જણાતું નથી. જનમેજયે જે હત્યા કરી હતી તે કયી એના સમ્બન્ધમાં શતપથ બ્રાહ્મણમાંથી આપણને કંઇ પણ સૂચના મળી શકતી નથી. શાન્તિપર્વના ૧૫૦ મા અધ્યાયમાં, આ વૈદિક આખ્યાયિકા ફરીથી આપવામાં આવી છે. ત્યાં આગળ એવું કહેવામાં આવ્યું છે કે, જનમેજય-

ને હાથે અચાનક બ્રાહ્મણની હત્યા થઈ હતી. આદિપર્વના બીજા અધ્યાયમાં એજ 'જનમેજય પારિક્ષિત' વિષે કથન કરવામાં આવ્યું છે, તે ઉપરથી એણે કરેલું પાપ કેવા પ્રકારનું હતું તેનો નિર્ણય કરવાનું કંઇ પણ સાધન આપણને મળી શકતું નથી. મહાભારતમાં જે યુદ્ધનું વર્ણન આપવામાં આવ્યું છે, તે ઉપરથી તો યુદ્ધમાં એકજ બ્રાહ્મણનું—એકલા દ્રોણનું મૃત્યુ થયું જણાય છે. દ્રોણ એ બ્રાહ્મણના કરતાં લડવૈયો વધારે હતો, અને સામા પક્ષના સરદાર તરીકે બીજાઓની હત્યા કરવાને એ આવ્યો હતો; એટલે એને મારવો એમાં કોઇ પણ રીતનું પાપ નહોતું. ધર્મશાસ્ત્રનો નિર્ણય આ બાબતમાં ખુલ્લો છે, અને મહાભારતની અંદરજ એ નિર્ણય ઘણીવાર જણાવવામાં આવ્યો છે. શતપથ બ્રાહ્મણમાં કંઇક બ્રહ્મહત્યા-વિષે કથન કરવામાં આવ્યું તેટલા ઉપરથી એ પાપની ગંભીરતા વધારી દઇને મહાભારતના યુદ્ધની સાથે એની એકતા કરી દેવી એ કેવી રીતે બની શકે તે અમારાથી સમજી શકાતું નથી."

"વૈદિક સાહિત્યગ્રન્થોમાં એક બીજો ફકરો છે, તેના ઉપરથી પણ ઘણાં ભૂલભરેલાં અનુમાનો કાઢવામાં આવ્યાં છે. શતપથ બ્રાહ્મણના બૃહદારણ્યક ઉપનિષદ્‌માં ચર્ચાપ્રસંગે યાજ્ઞવલ્કયને એનો પ્રતિપક્ષી પૂછે છે કે, 'પારિક્ષિતો (પરિક્ષિતના છોકરાઓ) ક્યાં હતા?' આ પ્રશ્નના જવાબમાં યાજ્ઞવલ્કય કહે છે કેઃ—'અશ્વમેધ કરનારાઓ સઘળા જ્યાં જાય છે ત્યાં.'"

"આ ઉપરથી વેબર એવું અનુમાન કરે છે કે, "એ વખતે પારિક્ષિતોનો સમૂળગો વિનાશ થયો હશે, છતાં તેઓનું જીવન અને તેઓનો વિનાશ એ લોકોની સ્મૃતિમાં હજી તાજાં હશે અને એ સમ્બન્ધમાં લોકોને કુતૂહલ રહેતું હશે." વળી એક બીજે ઠેકાણે એણે કહ્યું છે કે, "શતપથ બ્રાહ્મણના છેલ્લા ભાગ ઉપરથી એવું જણાય છે કે જનમેજય પારિક્ષિતનું સ્મરણ હજી લોકોને તાજું હશે અને એના તથા એના વંશના ઉદય તથા અસ્તની હકીકત હજી તેઓના ચિત્તમાંથી ખસી નહીં હોય." હવે બૃહદારણ્યક ઉપનિષદ્‌ના જે ફકરાવિષે ઉપર કહેવામાં આવ્યું છે તેમાં એવું કંઈ જણાતું નથી, કે જે ઉપરથી પારિક્ષિતના છોકરાઓનો અધઃપાત થયો અથવા તો એ અધઃપાત ઘણો ભયંકર હતો એવું અનુમાન નીકળી શકે. આપણે કબૂલ કરીએ કે પ્રશ્ન તથા ઉત્તર એ બેઉ ઉપરથી એવું અનુમાન થાય છે કે, પ્રશ્ન કરનારના મનમાં પરિક્ષિતના પુત્રે કરેલી બ્રહ્મહત્યાનો વિચાર હોવાને લીધે એ પુત્રો ત્યાં ગયા હશે કે કેમ તે વિષે શંકા ઉત્પન્ન થઈ હશે, તોપણ વ્યાવહારિક દૃષ્ટિએ પારિક્ષિતોનો અધઃપાત થયો હતો એવું અનુમાન કરવાને માટે આપણી પાસે શો આધાર છે? શું પારિક્ષિતોનો યુદ્ધમાં પરાજય થયો હતો એવું ધારવામાં આવે છે? એ સમ્બન્ધમાં વેબરેજ પાછળથી એવું અનુમાન કર્યું છે કે, "પારિક્ષિતો એ મહાભારતની લડાઇના આગેવાન હતા અને પ્રપંચ તથા પાપને લીધે (તેઓનો અધઃપાત થયો નહોતો પણ) તેઓને વિજય મળ્યો હતો." અમારા અભિપ્રાય પ્રમાણે વેબરના આગલા અનુમાનને માટે કંઈ પણ આધાર નથી, એટલુંજ નહીં પણ પાછલા ભાગમાં એણે પોતે જે કહ્યું છે તેનાથી એ અનુમાન વિરુદ્ધ જાય છે. વળી આખો ફકરો એણે બરાબર તપાસ્યો જણાતો નથી, કારણ કે ઉત્તરમાં આગળ જણાવવામાં આવ્યું છે કેઃ—

'ત્યાં કે જ્યાં સઘળા અશ્વમેધ કરનારાઓ જાય છે, એટલે મક્ષિકાની પાંખ જેવી અથવા અસ્ત્રાની અણી જેવી નાની જગ્યા જ્યાં આગળ છે, તે દુનિયાની પેલી તરફ...........'"

"આ ફકરાનો ખરેખરો ભાવાર્થ તો ભાષ્ય ઉપરથી સમજાય છે તે પ્રમાણે એવો છે કે અધ્યાત્મવિદ્યાથી 'એક ઋષિ જ્યાં જઈ શકે ત્યાંજ અશ્વમેધ કર્યાથી પણ જઇ શકાય છે. પારિક્ષિતોએ કંઇ પાપ કર્યું હશે, તોપણ તે પાપવિષે પ્રશ્ન કરનારના મનમાં ઘણુંખરું વિચાર પણ નહીં આવ્યો હોય."

" આ પ્રકરણનો સાર હવે આપણે ટુંકામાં કહી જઇશું. બનેલા બનાવોનો ઇતિહાસ આપવો એ વૈદિક સાહિત્ય ગ્રન્થોનો ઉદ્દેશ નથી એટલે એ ગ્રન્થોમાં પાંડવોવિષે અથવા મહાભારતના યુદ્ધવિષે કથન કરવામાં ન આવ્યું હોય તેટલા ઉપરથી પાંડવો કદી થયાજ નહોતા અથવા મહાભારતની લડાઈ કદી થઇજ નહોતી એવું અનુમાન થઇ શકતું નથી; અને તેઓનાં જે કર્મો ગણાવવામાં આવ્યાં છે તે ઉપરથી પણ તેઓની ઉત્પત્તિ કવિકલ્પનાથીજ થઇ હોય એમ જણાતું નથી. વળી, શતપથ બ્રાહ્મણમાં જનમેજય પારિક્ષિત અને એની બ્રહ્મહત્યાવિષે કથન કરવામાં આવ્યું છે, તોપણ એ બ્રહ્મહત્યા તે મહાભારતના યુદ્ધનો દોષ હતો એવું માનવાને માટે કોઈ પણ રીતનો આધાર નથી. એવું જો માનવાનું હોત તો એ બ્રહ્મહત્યા કેવી રીતની હતી તેના સમ્બન્ધમાં કંઇક વચનો શતપથ બ્રાહ્મણમાં ઘણુંખરૂં ઉમેરવામાં આવ્યાં હોત. વળી પારિક્ષિતોનો વ્યવહારદષ્ટિએ કંઇપણ અધઃપાત થયો હોય એવું પણ જણાતું નથી. એથી ઉલટું તેઓએ જે મોટા મોટા અશ્વમેધો કર્યા હતા તેને લીધે તેઓનું સ્મરણ કરવામાં આવતું હતું; અને તેઓએ અશ્વમેધ કર્યા હતા એ ઉપરથીજ માલમ પડે છે કે તેઓની સંપત્તિનો સૂર્ય પૂરેપૂરો ઉદય થવા પામ્યો હતો. "

" આ પ્રમાણે પાંડવો ખરેખરા થઈ ગયા હતા અને મહાભારતના યુદ્ધમાં ભાગ લેનારા ઓ (જનમેજય નહીં) પણ પાંડવોજ હતા. " × × ×

× × × × × ×

પાંડવોના પૂર્વજો

"મનુની પુત્રી ઈલા અને ચન્દ્રથી જેઓ ઉત્પન્ન થયલા કહેવાય છે, તે ચન્દ્રવંશી ક્ષત્રિયોમાં સૌથી પહેલો નામાંકિત રાજા પુરૂરવા નામનો હતો. પુરૂરવા અને ઉર્વશી નામની એક સ્વર્ગની અપ્સરા એ બેની વચ્ચેના પ્રેમવિષે ઋગ્વેદમાં કથન કરાયલું છે; અને કાલિદાસે પોતાના " વિક્રમોર્વશીય " નામના સુવિખ્યાત નાટકવડે કરીને એ બેઉના પ્રેમને અમર કર્યો છે. એજ વંશનો બીજો પ્રખ્યાત રાજા ' યયાતિ ' હતો. યયાતિ અને એની બે રાણીઓ દેવયાની અને શર્મિષ્ઠાનું આખ્યાન એ મહાભારતનાં અત્યન્ત રસદાયી આખ્યાનોમાંનું એક છે; અને એ આખ્યાન આ સ્થળે સવિસ્તર આપવા જેવું છે. ચન્દ્રવંશના ક્ષત્રિયો સિંધુ નદીની પેલી તરફ રાજ્ય કરતા હતા એમ જણાય છે; કારણ કે અસુરો, જે ઇરાનના આર્ય લોકો હતા એવું યથાર્થ સ્વીકારવામાં આવ્યું છે, તેના રાજા વૃષપર્વાનો મુલક યયાતિના મુલકની નજીકમાં હતો એવું આ આખ્યાનમાં જણાવવામાં આવ્યું છે. શર્મિષ્ઠા એ ઇરાનના રાજા (વૃષપર્વા)ની પુત્રી હતી, અને દેવયાની એ એના ગુરુ શુક્રની પુત્રી હતી. એ બેઉ કન્યાઓ એક વખતે વનમાં ફરવાને માટે નીકળી પડી અને તેઓ એક કૂવા આગળ ન્હાવાને ગઈ. એ વખતે ભૂલમાં તેઓનાં વસ્ત્ર અદલબદલ થઇ ગયાં. બ્રાહ્મણની પુત્રી (દેવયાની) જરા ગુમાની હતી, તેણે રાજકુંવરી તે જાણે પોતાની લોંડીજ હોય એવી રીતે તેને ગાળો દીધી. તે ઉપરથી રાજકુંવરી(શર્મિષ્ઠા)એ ચીઢવાઇને તેને હડસેલો માર્યો અને કૂવામાં ફેંકી દીધી: યયાતિ ત્યાં આગળ અકસ્માત્ આવી પહોંચ્યો અને દેવયાનીની ચીસો એના સાંભળવામાં આવ્યાથી એણે કૂવા આગળ આવીને દેવયાનીને કૂવામાંથી બહાર કાઢી. આ ઉપકારના બદલામાં દેવયાનીએ એની સાથે પરણવાની ખુશી બતલાવી અને દેવયાનીના પિતાની સંમતિ સાથે યયાતિ અને દેવયાનીનાં લગ્ન થયાં. પોતાની સખી(શર્મિષ્ઠા)એ પોતાનું જે અપમાન કર્યું હતું, તેનું વેર લેવાનું હજી દેવયાનીને બાકી હતું; તેથી દાસીતરીકેનું કામ કરવાને માટે એણે શર્મિષ્ઠાના પિતા વૃષપર્વાની પાસેથી શર્મિષ્ઠાની માગણી કીધી. વૃષપર્વાનો કંઇ ઉપાય

નહોતો; એટલે દેવયાનીની આ અપમાનભરેલી માગણી પણ તેને કબૂલ કરવી પડી, અને જે છોકરીએ અપરાધ કર્યો હતો તેને એણે આ પરણેલાં જોડાંને સ્વાધીન કરી દીધી. ”

“ દેવયાનીએ આ છોકરીને યયાતિના રાજમહેલમાં અનેક વર્ષોસુધી પૂરી રાખી, પણ એ છોકરીને પોતે જે શિક્ષા કીધી હતી તેજ તેને ઉલટી લાભદાયી થઇ પડશે એવો ખ્યાલ દેવયાનીના સ્વપ્નમાં પણ નહોતો આવ્યો. એક દિવસે તે સૂતી હતી એવામાં પોતાના પતિના જેવાજ રૂપવાળા છોકરાઓના આવવાથી તે એકાએક ઝબકી ઉઠી; અને તપાસ કરતાં તેને માલમ પડયું કે, એ છોકરાઓ યયાતિના હતા અને તે શર્મિષ્ઠાને પેટે અવતર્યા હતા. આ સમાચાર સાંભળીને તેને ઘણો ક્રોધ ચઢયો અને ક્રોધમાં ને ક્રોધમાં પોતાના પિતા પાસે જઇને પતિના આ અપરાધનું વેર લેવાની તેણે માગણી કીધી. શુક્રાચાર્યે એ રાજાને એવો શાપ દીધો કે, “તને અકાળે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થજો !” આ પ્રમાણે દેવયાનીએ પોતાની મૂર્ખાઇવડે કરીને પોતાની શત્રુને નુકસાન કરવા જતાં પોતાની જાતનેજ નુકસાન કર્યું; અને આખરે પોતાના પિતાની પાસેથીજ પોતાને માગી લેવું પડયું કે, “ આ શાપની ઉગ્રતા તમે ઓછી કરો ! ” આ ઉપરથી શુક્રાચાર્યે ઉમેર્યું કે, “ એ વૃદ્ધાવસ્થા અન્ય કોઇ લેવાને રાજી હોય તો તેને આપી શકાશે. ” હવે યયાતિએ પોતાના છોકરાઓને વારાફરતી પૂછયું કે, “ તમે મારી વૃદ્ધાવસ્થા સ્વીકારશો ? ” પણ પૂરુસિવાય એકકે એક છોકરાએ તેમ કરવાની ના કહી. પૂરુની પાસેથી મેળવેલા યૌવનવડે કરીને યયાતિએ અનેક વર્ષો સુધી આ જગતની મોજમજાઓ ભોગવી. આખરે એને લાગ્યું કે:—

न जातु कामः कामानामुपभोगेन शाम्यति । हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥
यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः । नालमेकस्य तत्सर्वमिति मत्वा शमं व्रजेत् ॥

અર્થાત્—ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થવાથી ઇચ્છાનો અંત આવતો નથી, પણ અગ્નિમાં ઘૃતાદિ પદાર્થો પડવાથી જેવી રીતે અગ્નિ વધારે પ્રદીપ્ત થાય છે, તેવી રીતે ઇચ્છાઓ પણ વધારે ને વધારે પ્રદીપ્ત થાય છે. આ જગતનું સઘળું સુવર્ણ, સઘળું અન્ન, સઘળી સ્ત્રીઓ એક માણસને બસ થતાં નથી; માટે ઇચ્છાઓને અંકુશમાં રાખીને સંતોષ ધરવો જોઇએ. ”

“યયાતિએ પોતાના છોકરા પૂરુને બોલાવ્યો, તેને તેનું યૌવન પાછું આપી દીધું. પોતાનું ઘડપણ તેને આપ્યું હતું તે તેની પાસેથી લઇ લીધું અને પ્રાચીન હિંદુસ્તાનના સઘળા પ્રતિષ્ઠિત રાજાઓની પેઠે એણે પણ પોતાની બે રાણીઓને સાથે લઇને વનમાં નિવાસ કીધો. પૂરુએ પોતાનો પુત્રધર્મ યથાર્થ બજાવ્યો તેના બદલામાં એણે તેને આશીર્વાદ આપ્યો; અને ‘ રાજ્યનો અમલ તારાજ વંશમાં રહેશે ’ એ પ્રમાણે તેને કહ્યું.”

“ યયાતિના આખ્યાનમાંથી જે ઉત્તમ ઉપદેશ નીકળે છે, તેને લીધે એ આખ્યાન ઘણું સુંદર લાગે છે; પણ તે સિવાય ઇતિહાસની દૃષ્ટિથી પણ એ આખ્યાન ઘણું ઉપયોગી છે. પ્રથમ તો આપણે જોયું કે, એ વખતે ચન્દ્રવંશના આર્યલોકો સિંધુનદીની પેલી તરફ વસતા હતા. બીજું, એ વખતે બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બેઉ વર્ણોની વચ્ચે લગ્નવ્યવહાર એ ઘણી સાધારણ વસ્તુ ગણાતી હતી. ત્રીજું એ કે, યયાતિને યદુ, તુર્વસુ, દ્રુહ્યુ, પૂરુ અને અનુ, એ પ્રમાણે પાંચ છોકરાઓ હતા. યદુના વંશજો તે યાદવો, તુર્વસુના વંશજો તે યવનો, દ્રુહ્યુના વંશજો તે ભોજલોકો, પૂરુના વંશજો તે પૌરવો (અથવા પાછળથી વપરાયેલું નામ કહીએ તો “ ભરતો ”) અને અનુના વંશજો તે મ્લેચ્છ લોકો. આ પ્રમાણે યયાતિ એ અનેક પ્રજાઓનો પૂર્વજ હતો એવું આ આખ્યાનમાં જણાવવામાં આવ્યું છે. એમાંની યાદવ, ભોજ અને પૌરવ એ ત્રણ પ્રજાઓ હિંદુસ્તાનમાં દાખલ થઇ હતી; અને બાકી યવનોની પ્રજા તે

પશ્ચિમ તરફ ગઈ હતી. અહીં જે નામો ગણાવવામાં આવ્યાં છે, તે અદલબદલ થયાં હોય એમ બનવા જોગ છે. કદાચ અનુના વંશજોને યવનો કહેવા જોઈતા હતા; અને ઈરાનીઓના "તુરાન" અને આધુનિક ઇતિહાસના "તુર્ક" એ નામોની સાથે "તુર્વસુ" એ નામ કંઈક મળતું આવતું જણાય છે, તેથી કદાચ તુર્વસુના વંશજોને મ્લેચ્છ કહેવા જોઈતા હતા. વૃદ્ધાવસ્થા અન્યને આપી દીધાની જે વાર્તા છે, તેને ઇતિહાસની દૃષ્ટિથી આ પ્રમાણેનું સાદું રૂપ આપી શકાય:–'ઘણું ખરું યયાતિ વૃદ્ધ થયો હોવા છતાં દેવયાનીના પુત્રોને રાજ્યસત્તામાં ભાગ લેવા દેવાનું એનાથી નહિ બની શક્યું હોય. એ છોકરાઓ પોતાની માતાના જેવાજ ઉદ્ધત હશે. તેઓએ રાજ્યસત્તા છોડી દેવાનું એને કહ્યું હશે, પણ એ વૃદ્ધ પુરુષ હજી રાજ્ય કરવા જેવો સમર્થ છે અને રાજ્યસત્તા છોડી દેવાને એ તૈયાર નથી એવું તેઓના જોવામાં આવ્યું હશે, એટલે તેઓએ એની સામે બંડ ઉઠાવ્યું હશે. પરિણામે યયાતિએ તેઓને કાઢી મૂકયા હશે, અને એ કામમાં એના પુત્ર પૂરુએ એને મદદ કરી હશે. પોતાનો પુત્રધર્મ બજાવીને આખરે વારસામાં પૂરુએ પોતાના પિતાની રાજ્યસત્તા પ્રાપ્ત કરી હશે.' "

"પૂરુના વંશજોમાં પહેલો પ્રખ્યાત રાજા દુષ્યન્ત હતો. દુષ્યન્ત અને શકુન્તલાનું આખ્યાન સંસ્કૃત કાવ્યના દરેક વાંચનારને જાણીતું છે, કારણ કે કાલિદાસના જે સુંદર નાટકનાં ગેથે કવિએ આટલાં બધાં વખાણ કર્યાં છે, તે નાટક એ આખ્યાન ઉપરથીજ રચાયેલું છે; પણ મહાભારતની શકુન્તલા અને કાલિદાસની શકુન્તલા એ બેમાં ઘણોજ ફેર છે. કાલિદાસે શકુન્તલાને એક સુધરેલી અને બીકણ સ્ત્રીતરીકે ચીતરી છે; પણ મહાભારતની શકુન્તલા એવી નથી, મહાભારતની શકુન્તલાને નીતિના ગૌરવનું ભાન હતું. તે એક નિખાલસ હૃદયની ગ્રામ્ય કન્યા હતી. અરણ્યમાંના કણ્વાશ્રમ આગળ દુષ્યન્ત રાજા અકસ્માત્ આવી પહોંચ્યો હતો તે વખતે શકુન્તલાનો પાલકપિતા ત્યાં આગળ નહોતો. ગાંધર્વવિવાહથી દુષ્યન્ત રાજા એની સાથે પરણ્યો હતો, અને એ વિવાહનો કોઇ સાક્ષી નહોતો. કેટલાંક વર્ષ પછી પોતાના પુત્રને સાથે લઈને તથા અરણ્યના આશ્રમને ત્યજીને શકુન્તલા પોતાના પતિની રાજધાની તરફ જાય છે. ત્યાં આગળ ભરસભાની વચ્ચે દુષ્યન્તરાજા એની સાથે પોતાનાં લગ્ન થયાની વાતજ નાકબૂલ કરે છે, તે વખતે એ કહે છે કેઃ–"રાજાઓના કરતાં, રે! બાળકોના કરતાં પણ, સત્ય એ વધારે કિંમતી વસ્તુ છે." અને જણાવે છે કેઃ–"જે માણસને સત્યની દરકાર નથી તે માણસ મારો પતિ હોય તોપણ તેની સોબત મારે જોઇતી નથી." રાજાએ પોતાની પ્રજાની ખાત્રી કરવાને માટેજ આ યુક્તિ કરી હતી, અને "શકુન્તલા તે ખરેખરી દુષ્યન્તની સ્ત્રીજ છે" એવી આકાશવાણી થાય છે, એટલે એ શકુન્તલાને પોતાની ધર્મપત્ની તરીકે સ્વીકારે છે. નીતિબળવાળી કન્યાની સાથેના સ્નેહલગ્નને પરિણામે ભરત નામના સંતાનનો જન્મ થયો હતો. આગળ જતાં તે પૂરુવંશનો સૌથી યશસ્વી રાજા ગણાયો હતો. હિંદુસ્તાનમાં છેક ગંગાયમુનાના સંગમ સુધીના પ્રદેશો એણે જીત્યા હતા તથા ત્યાં યજ્ઞ કર્યા હતા એમ જણાય છે; અને શતપથ બ્રાહ્મણના ૧૯ મા કાંડમાં એક શ્લોક આવે છે, તેમાં ગંગા અને યમુનાના કિનારાઓ ઉપર એણે જે અશ્વમેધ કર્યા હતા તેનાં વખાણ કરવામાં આવ્યાં છે. એના નામ ઉપરથી એના વંશજોનુંજ નહિ, પણ આખા દેશનું નવું નામ પડયું હતું, અને આજ દિન સુધી સંસ્કૃત સાહિત્યમાં હિંદુસ્તાનને માટે "ભરતભૂમિ" એજ નામ વાપરવામાં આવે છે."

"ભરતના વંશજો ઘણા પ્રતાપી હતા. તેઓ પંજાબના મુલકમાં વસતા હતા અને ધીરે ધીરે દક્ષિણ તરફ ગંગાયમુનાના પ્રદેશો સુધી તેઓએ પોતાનાં સંસ્થાન કર્યાં હતાં. વેદ સમયના સાહિત્યગ્રન્થોમાં પણ ભરતોને બહાદુર લોકોતરીકે વર્ણવવામાં આવ્યા છે. (દત્તનું 'હિંદુસ્તાન')"

"ભરતના વંશજોમાં એક હસ્તી કરીને રાજા હતો, તેણે ગંગાનદીના પશ્ચિમના કિનારા ઉપર હસ્તિનાપુર સ્થાપ્યું અને એ હસ્તિનાપુર તે એક નવા દેશની રાજધાનીતરીકે ગણાયું. ભરતલોકો હવે પંજાબથી હમ્મેશને માટે ખસીને ગંગાનદી આગળ આવી રહ્યા હોય એમ જણાય છે, અને હસ્તીના પ્રપૌત્ર કુરુએ ગંગા અને યમુના નદીના ઉપલા પ્રવાહોની વચ્ચેના તેમજ દિલ્હીની ઉત્તરે અને યમુનાનદીની પશ્ચિમે આવેલા ફળદ્રૂપ મેદાનને 'કુરુક્ષેત્ર' એવું નામ આપ્યું. કુરુ લોકો હવે ઘણી સારી સ્થિતિમાં આવ્યા અને તેઓ તથા ગંગાનદીના પૂર્વમાં અને જરાક દક્ષિણ તરફ વસનારા પંચાલ લોકો એ બેઉને બ્રાહ્મણગ્રન્થોમાં ઘણા સુધરેલા તથા પ્રતાપી કહેવામાં આવ્યા છે."

" આ રસાળ અને સમૃદ્ધિમાન ભૂમિ ઉપર કુરુવંશના જે રાજાઓએ પાછળથી રાજ્ય કીધું હતું, તેઓને અમે અગાઉ ગણાવી ગયા છીએ. આ સ્થળે એ વંશની હકીકત શાન્તનુ રાજાથી શરૂ કરીને આપણે આગળ ચલાવીશું. શાન્તનુ રાજાને ગંગાનદીથી ભીષ્મ નામનો પુત્ર જન્મ્યો હતો. એ ભીષ્મ તે મહાભારતનું એક ઘણુંજ અસાધારણ પાત્ર છે. એ પુત્રનો જન્મ થયા પછી ગંગાનદીએ શાન્તનુ રાજાનો ત્યાગ કર્યો. ત્યારપછી સત્યવતી નામની માછીની કન્યા સાથે શાન્તનુ રાજાને પ્રેમ થયો; પણ સત્યવતીએ કહ્યું કે, ' મારો જે પુત્ર થાય તેને રાજ્ય મળે એવું તમે વચન આપો તોજ હું તમારી સાથે પરણું.' શાન્તનુ રાજા આ શરત કબૂલ કરીને ભીષ્મનો રાજગાદી ઉપરનો હક છીનવી લેવા રાજી નહોતો; પણ ભીષ્મે પોતેજ પોતાના બાપને ગુંચવણમાંથી મુક્ત કર્યો અને રાજગાદી ઉપરનો પોતાનો હક્ક એણે છોડી દીધો; એટલુંજ નહિ પણ સત્યવતી અને તેને જે પુત્રો થાય તેની સાથે વિગ્રહ કરે એવી પ્રજા ઉત્પન્ન થવાનો સંભવજ ન રહે એટલા માટે પરણવુંજ નહિ એવી એણે દઢ પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞા છેક છેલ્લી ઘડી સુધી એણે બરાબર પાળી અને એના સ્વાર્થત્યાગ તથા ધર્મબુદ્ધિને લીધે એણે એવી ઉજ્જવળ કીર્તિ સંપાદન કરી કે હજી પણ હિંદુસ્તાનના લોકો એના નામનો ઉચ્ચાર ઘણાજ માનપૂર્વક કરે છે."

" સત્યવતીથી શાન્તનુને બે પુત્ર થયા તેમાંનો એક બચપણમાં મરી ગયો. કુરુઓના રાજાની પદવી શાન્તનુ પછી એના પુત્ર વિચિત્રવીર્યને મળી. કાશીના રાજાની પાસેથી અંબિકા અને અંબાલિકા એ બે સ્ત્રીઓને ભીષ્મ જોરજુલમથી લઇ આવ્યો હતો, તે બેઉની સાથે ભીષ્મે વિચિત્રવીર્યનાં લગ્ન કર્યાં; તોપણ તે અપુત્ર મરણ પામ્યો. સત્યવતીનાં શાન્તનુની સાથે લગ્ન થયાં ત્યાર પહેલાં એને પરાશરમુનિથી એક પુત્રનો જન્મ થયો હતો. એ પુત્ર તે બીજો કોઇ નહિ પણ મહાભારતનો રચનાર અને વેદોની વ્યવસ્થા કરનાર વ્યાસ પોતે હતો."

"હવે ભીષ્મની સંમતિથી સત્યવતીએ વ્યાસને પોતાના સાવકા ભાઈ (વિચિત્રવીર્ય)-ની વિધવાઓથી પુત્રો ઉત્પન્ન કરવાનું કહ્યું અને એ પ્રમાણે નિયોગથી વિચિત્રવીર્યને ધૃતરાષ્ટ્ર અને પાંડુ એ બે પુત્રોનો જન્મ થયો. એક 'દાસી' ને પેટે વ્યાસનો એક ત્રીજો પુત્ર વિદુર જન્મ્યો હતો. ધૃતરાષ્ટ્ર આંધળો હતો, તેથી કેટલાક સમય સુધી પાંડુએ રાજ્ય ચલાવ્યું. પછી પાંડુરાજાએ અરણ્યમાં નિવાસ કીધો અને આખરે તે અરણ્યમાંજ મરણ પામ્યો. ધૃતરાષ્ટ્રને વિષે એવું જણાવવામાં આવે છે કે, એની સ્ત્રી ગાંધારી એટલે ગાંધારના રાજાની પુત્રી હતી. તેનાથી એને સો પુત્રો થયા હતા. તેમાંના દુર્યોધન અને દુઃશાસન એ બે મુખ્ય હતા. પાંડવો અથવા પાંડુના પુત્રોની સાથે મહાભારતનું યુદ્ધ જેઓએ કર્યું હતું તે આ હતા. પાંડુરાજાથી પાંડવોની ઉત્પત્તિ થઇ હતી. તેનું તથા બીજું રસિક અને હૃદયદ્રાવક વર્ણન મહાભારતમાં આપવામાં આવેલ છે."

૨—સમર્થ અભ્યાસી શ્રીયુત રામદેવજીના કેટલાક વિચારો

કાંગડી ગુરુકુળના સુયોગ્ય અધ્યાપક શ્રીયુત રામદેવજીએ "ભારતવર્ષ કા ઇતિહાસ" નામે એક અતિ ઉપયોગી પુસ્તક રામાયણ, મહાભારત તેમજ અન્ય કંઇએક પ્રાચીન ગ્રંથો અને ભારતના પ્રાચીન ઇતિહાસવિષે યૂરોપીય વિદ્વાનોને હાથે લખાયેલાં પુસ્તકોના ઉંડા અભ્યાસ પછી લખેલું છે. એ પુસ્તકમાં જણાવેલી કેટલીક હકીકતો ખાસ મહત્ત્વની હોવાથી વાચકોના મનનને માટે તેમનાજ શબ્દોમાં નીચે આપીએ છીએ.

શું પ્રાચીન આર્યો ઐતિહાસિક વિદ્યાથી અજ્ઞાત હતા ?

પશ્ચિમના કંઇએક ઇતિહાસવેત્તાઓ કહે છે કે, પ્રાચીન આર્યો ઐતિહાસિક વિદ્યાથી અજ્ઞાત હતા. આ લાંછનનો ઉત્તર આપતાં પ્રૉફેસર રામદેવજી ઉપલા ગ્રંથમાં લખે છે કેઃ—

"વાસ્તવ મેં યદિ યહ લાંછન ઠીક હો તો હમેં માનના પડેગા કિ હમારે પુરુષાં (પૂર્વજ) કેવલ અર્ધસભ્ય થે; ક્યોંકિ કેવલ દો હિ અવસ્થાઓં મેં કોઇ નેશન વા જાતિ ઐતિહાસિક જ્ઞાન સે શૂન્ય હો સકતી હૈઃ—

(૧) કિ ઉસકે નેતા ને કોઇ ઐસે કાર્ય્ય ન કિયે હો જિસે ઉનકી સંતતિ અભિમાન-યુક્ત સ્મરણ કર સકેં.

(૨) કિ ઉસકે નેતા અપની સંતતિ કો ઐતિહાસિક શિક્ષા કે લાભોં સે અવગત કર ઉનમેં દેશભક્તિ કે ભાવોં કો ઉત્તેજિત કરને કી આવશ્યકતા સે અનભિજ્ઞ હોં.

પહલી અવસ્થા તો હો હી નહીં સકતી; ક્યોંકિ યહ પ્રસિદ્ધ હૈ કિ, પ્રાચીન આર્ય્યાવર્ત મેં રેખાગણિત, બીજગણિત, જ્યોતિષ તથા પદાર્થવિજ્ઞાન મહોન્નતિ કો પહુંચે હુએ થે. વૈદ્યક-સંબંધી આશ્ચર્યજનક અન્વેષણ હો ચૂકે થે. અધ્યાત્મ—વિદ્યા ઉન્નતિ કે શિખરપર વિરાજમાન થી. પ્રજાતંત્ર—શાસનપ્રણાલી કા પ્રચાર કિયા ગયા થા તથા ચક્રવર્તી સામ્રાજ્ય ભી સંસ્થા-પિત હો ચૂકા થા. અતએવ યહ સિદ્ધ નહીં હો સકતા કિ પ્રાચીન આર્ય્યોં કે કાર્ય્ય ઐસે ન થે જો ઉનકે સંતાન કે ઉચ્ચ ભાવોં કો ઉત્તેજિત કરતે ઔર ઉનકી ઉન્નતિ મેં સહાયક હો સકતે. વાસ્તવ મેં ઉનકે કાર્ય્ય તો કેવલ ભારત હી નહીં પ્રત્યુત સર્વ સંસાર કો ઉન્નતિ કે માર્ગપર ચલને કા આદેશ કરતે હૈ.

દ્વિતીયાવસ્થા ભી સંઘટિત નહીં હોતી; ક્યોંકિ જબ હમ પ્રાચીન ઔર નવીન સંસ્કૃત સાહિત્ય કી આલોચના કરતે હૈં તો ઉસે ઇતિહાસ કે ગુણવર્ણન સે ભરપૂર પાતે હૈં."

એ પછી ઉપલી બાબતમાં સ્થાલીપુલાકન્યાયે કેટલાંક ઉદાહરણો અથર્વવેદ, ગૃહ્યસૂત્ર, છાંદોગ્ય, મહાભાષ્ય, વ્યાકરણ, કાદંબરી, મહાભારત વગેરેમાંથી આપીને; તેમજ ઇતિહાસ-ની લેખનકળા ભારતવર્ષની ૬૪ કળાઓમાંની એક કળાતરીકે ગણાતી તેનું પ્રમાણ આપીને પ્રૉફેસર રામદેવજી લખે છે કેઃ—

"ઇન ઉદાહરણોં સે ભલી ભાંતિ વિદિત હોતા હૈ કિ પ્રાચીન આર્ય્ય, ઇતિહાસ કો એક પ્રકાર કા વિજ્ઞાન ઔર ધર્માર્થ—કામ—મોક્ષ કી પ્રાપ્તિ મેં સહાયક માનતે થે. એવં ઉસકી સહાયતા સે અપને અનેક કાવ્યોં કો શિક્ષાપ્રદ તથા મનોરંજક બનાયા કરતે થે; ભલા, જિસ ઇતિહાસ કી વિદ્યમાનતા કી સાક્ષી નારદ, સનત્કુમાર, પતંજલિ પ્રભૃતિ સ્પષ્ટ શબ્દોં મેં દે રહે હૈં ઉસકે જ્ઞાતા ભારત મેં ન હુએ હોં, યહ કૈસે સંભવ હો સકતા હૈ! એવં ભાર-તીય સાહિત્ય મેં ઐતિહાસિક સાહિત્ય કી અવિદ્યમાનતા કોઇ કૈસે સિદ્ધ કર સકતા હૈ?

જબ પ્રશ્ન ઉપસ્થિત યહ હોતા હૈ કિ યદિ પ્રાચીન આર્ય લોગ ઇતિહાસ કે લાભોં સે

પરિચિત થે તો ઇસ સમય કારણકાર્ય શૃંખલારૂપ સમસ્ત ભારત કા ઇતિહાસ ક્યોં નહીં મિલતા, જિસમેં તિથિવાર સબ ઘટનાઓં કા સવિસ્તર વર્ણન હો? મિલે કૈસે? જિસ સમય મુસલ્માની મત સે અસંમત ભારતસન્તાન કો વશીભૂત કરને કી બલાત ચેષ્ટા કી જાતી થી, જિસ સમય સહસ્રોં પુરુષોં સે ઉનકી પત્નીયાં ઔર ભ્રાતાઓં સે ભગ્નિયાં છીની જાતી થીં, કભી કત્લ આમ–અર્થાત્ સર્વજનવધ કી આજ્ઞા પ્રચલિત હોતી થી, ઉસ સમય કુરાન કે પ્રતિદ્વંદ્વી ભારતીય ગ્રંથ ભલા કૈસે બચ સકતે થે? ઉદાન્તાપુરી કા પ્રાચીન વિશ્વવિદ્યાલય મહારાજ મહાપાલ કે સમય મહોન્નતિ કો પ્રાપ્ત થા, જિસમેં અન્યાન્ય પ્રકાર કે વિદ્યાર્થિયોં કે અતિરિક્ત હીનાયન સંપ્રદાય કે ૧૦૦૦–એક સહસ્ર બૌદ્ધ સાધુ તથા મહાયન સંપ્રદાય કે ૫૦૦૦–પાંચ સહસ્ર બૌદ્ધ સાધુ શિક્ષા ગ્રહણ કર રહે થે. ઉસકે મહાન પુસ્તકાલય કો, જીસમેં બ્રાહ્મણોં તથા બૌદ્ધોં કે ગ્રન્થ ભરે પડે થે, ૧૨૦૨ ઇસવી મેં બખતિયાર ખિલજી કે સેનાપતિ મુહમ્મદ બિનકાસીમ ને જલા દિયા ઔર ઉક્ત સાધુઓં કો માર ડાલા. ઐસી દુર્ઘટનાએં કિતની હુઇ ઇસકા પતા કૌન લગા સકતા હૈ? (વર્તમાન સંસ્કૃત ગ્રંથોં મેં અનેક ઐસે ગ્રંથોં કે નામ આતે હૈં જિનકા ઇસ સમય કહીં ભી પતા નહીં લગતા. ઈસકા કારણ કયા? યહી કિ અનેક ભારતીય ગ્રંથ મુસલ્માની ઈર્ષાગ્નિ મેં ભસ્મ હો ગયે.) જબ આર્યજાતિ પર યહ વિપત્તિ પડી તો ઉસકે નેતાઓં ને યહ સોચા કિ ઇતિહાસાદિ સાધારણ ગ્રંથ તો ફિર ભી બન સકતે હૈં; પરંતુ યદિ વેદોં, ઉપનિષદોં તથા દર્શનાદિ શાસ્ત્રોં કા નાશ હો ગયા તો ન કેવલ આર્ય જાતિ હી વિનષ્ટ હો જાયગી, પ્રત્યુત સંસારમાત્ર કી આત્મિક, માનસિક તથા સામાજિક ઉન્નતિયોં મેં બાધા પડેગી. અતએવ વહ વેદોપનિષદ્ દર્શનાદિ કતિપય ગ્રંથોં કો કંઠસ્થ કરને લગે, જિસસે આર્યોં કે સૈકડોં ગ્રંથ બચ ગયે; પરન્તુ સહસ્રોં પરમોપયોગી ગ્રંથોં કી રક્ષા ન હો સકી. વેદોં કી ૮૦૦ સે ભી અધિક શાખાઓં કા નાશ હો ગયા. ધનુર્વેદ, આયુર્વેદ ઔર શિલ્પવિદ્યા, ઇતિહાસાદિ કે સેંકડોં ગ્રંથ વિલુપ્ત હો ગયે; તથાપિ માનના પડેગા કી હમારે પુરુષાઓં ને ઉસ ઘોર વિપત્તિ કે સમય બડી બુદ્ધિમત્તા સે કામ કિયા. યદિ આજ ઇસ ગિરિ હુઈ અવસ્થા મેં ભી ભારતસંતાન કા કુછ માન્ય યોરોપ તથા અમેરિકાદિ દેશોં મેં હૈ, તો ઈસકા કારણ કેવલ યહી હૈ કિ ગૌતમ, કણાદ, પતંજલિ ઔર વ્યાસ કી પૂજા સભ્ય સંસાર મેં હોતી હૈ.

પરંતુ કયા સારી ઇતિહાસ કી પુસ્તકોં કા નાશ હો ગયા? નહીં, ઇસ સમય ભી કાશ્મીર કા ઇતિહાસ મિલતા હૈ જિસકા નામ રાજતરંગિણી હૈ; જિસકે કર્તા કલ્હન કે વિષય મેં ડૉકટર સ્ટાઇન નામક પ્રસિદ્ધ ઐતિહાસિક માનતા હૈ કિ કલ્હન ઇતિહાસ કે સચ્ચે અર્થોં કો જાનતા થા. ઔર મિ૦ એચ. બ્રુસ આશ્ચર્ય પ્રકટ કરતા હૈ કિ જિસ સમય યોરોપ મેં વાસ્તવિક ઐતિહાસિક બુદ્ધિ કા વિકાસ ભી નહીં હુઆ થા, ઉસ સમય ભારત મેં કલ્હન સરીખા ઇતિહાસવેત્તા કૈસે ઉત્પન્ન હો ગયા? કલ્હન કા કાર્ય અદ્ભુત ઔર ઇવોલ્યુશન થિયરી–અર્થાત્ વિકાસવિચાર કે નિયમોં મેં આબદ્ધ નહીં હોતા.

સોચને કી બાત હૈ કિ મહારાજ વિક્રમાદિત્ય કી બારહવીં શતાબ્દી મેં, જબ કિ ભારત કા અધઃપતન હો રહા થા, કલ્હન સરીખે ઇતિહાસવેત્તા ઉત્પન્ન હો સકતે થે; તો ઉસ સમય, જબ કિ ભારત ઉન્નતિ કે શિખરપર વિરાજમાન થા, ઈસ દેશ મેં કિતને ઔર કૈસે કૈસે ઐતિહાસિક વિજ્ઞાની ઉત્પન્ન હુએ હોંગે! કલ્હન લિખતે હૈ કિ રાજતરંગિણી લિખને કે પૂર્વ મૈંને ૧૧–ગ્યારહ ઐતિહાસિકોં કે પુસ્તકોં કો અવલોકન કિયા; પરન્તુ શોક! મહાશોક! કિ મુસલ્માનોં કી કૃપા સે ઉનમેં સે એક કા ભી કહીં પતા નહીં મિલતા.

પ્રાચીન આર્યો઼ંકી તો કથા હી કથા હૈ, ઉનકી પતિત સંતતિ ભી ઐતિહાસિક ઘટના-ઓં કો સ્મૃત વા અંકિત રખના આવશ્યક સમઝતી થી. જિસ સમય ભારત મેં હાહાકાર મચા હુઆ થા ઔર આર્યોં કી લિખિત પુસ્તકોં કો મુસલ્માન નષ્ટ કર રહે થે, ઉસ સમય દેશ કે શેષ ભાટ ઔર ચારણ સામયિક ઐતિહાસિક ઘટનાઓં કા વર્ણન લિખને કી અપેક્ષા કંઠસ્થ રખના સમુચિત સમઝ કર પ્રસિદ્ધ પ્રસિદ્ધ ઘટનાઓં કો અપની સ્મૃતિ મેં રખને લગે. યહી કારણ હૈ કિ સુપ્રસિદ્ધ નિષ્પક્ષ ઐતિહાસિક ટૉડ મહાશય જબ ક્ષત્રિયોં કા ઇતિહાસ લિખને લગે તબ ઉક્ત ચારણ તથા ભાટોં સે ઉન્હેં તિથિવાર ઉન સબ ઐતિહાસિક ઘટના-ઓં કા ઠીક ઠીક પતા મિલ ગયા, જિન્હેં ઉન્હોંને અપને સુપ્રતિષ્ઠિત ઇતિહાસ રાજસ્થાન મેં અંકિત કર રખ્ખા હૈ. મરહટોં કી શક્તિ જબ પ્રકટ હુઇ ઔર મુસલ્માની અત્યાચાર કા સામના ભારતીય સફલતા કે સાથ કરને લગી, તબ પુસ્તકોં કે નાશ કા ભય કુછ ન્યૂન હુઆ ઔર મર-હટે મહારાજ શિવજી (સેવાજી) તથા પેશ્વાઓં કે રાજ્યસમય કા વૃત્તાંત મરહટી ભાષા મેં લેખબદ્ધ કરને લગે; જો અબ તક વિદ્યમાન હૈ.

જો પક્ષપાતી યહ કહતે હૈં કિ પ્રાચીન આર્યોં કો ઐતિહાસિક વિદ્યા કા જ્ઞાન ન થા, વહ યહ બતાવેં કિ અબ્બુલ ફ્જલ ને જો ભારત કા ઇતિહાસ લિખા હૈ ઉસકી સામગ્રી ઉસને કહાં સે એકત્રિત કી? યદિ ઐતિહાસિક વિદ્યા કા જ્ઞાન હી ન થા તો મહારાજ અશોક અપને રાજ્યસમય કી ઘટનાઓં કો તિથિવાર પર્વતોં કી શિલાઓં પર કૈસે લિખવાયા કરતે થે? ક્યા સમાલોચક મહાશયોં ને કભી ચીની યાત્રી હ્યુનસૈન કે ભારતભ્રમણવૃત્તાંત કો ધ્યાનપૂ-ર્વક પઢા હૈ? હ્યુનસૈન સ્પષ્ટ શબ્દોં મેં લિખતે હૈં:–"ઘટનાઓં કો લેખબદ્ધ કરને કે લિયે પ્રત્યેક પ્રદેશ મેં એક રાજપુરુષ હોતા થા, જિસકા કાર્ય્ય યહ થા કિ ઘટનાઓં કા વૃત્તાંત લિખતા રહે. ઉનકે લેખોં કા નામ નીલોપિચ 'નીલપિત' (નીલપત્રી) વા નીલકોષ થા. ઇન લેખોં મેં સુઘટનાએં તથા દુર્ઘટનાએં સભી વર્ણિત હોતી થી; એવં દેશ કી આપત્તિ તથા સૌભાગ્યસૂચક ઘટનાએં સબ વિદ્યમાન રહતી થી." આજકલ ભી યોરોપીય દેશોં મેં રાજ્ય-પ્રબન્ધ કે લિયે પ્રત્યેક વિભાગ સે બ્લુ બુકસ–અર્થાત્ નીલપત્રિયાં નિકલતી હૈં, જિનકે આધારપર હી આધુનિક ઐતિહાસિક ઇતિહાસ લિખા કરતે હૈં. ભારતીય નીલપત્રી તથા યોરોપીય બ્લુ બુકસ ઇન દોનોં નામોં મેં જો સામ્ય હૈ, વહ વર્તમાન ઐતિહાસિકોં કે મન મેં નાના પ્રકાર કી કલ્પનાએં ઉત્પન્ન કર રહી હૈ. ક્યા યહ અસંભવ હૈ કિ યોરોપીયનોં ને બ્લુ બુકસ લિખને કી પ્રણાલી નીલપત્રી કે નિર્માણ સે હી સીખી હો! સંસ્કૃત ભાષા મેં ઐતિહાસિક કાવ્યોં કી વિદ્યમાનતા સિદ્ધ કર રહી હૈ કિ પ્રાચીન આર્ય્યાવર્ત મેં ઇતિહાસ પર કઈ પુસ્તકેં લિખી ગઇ થીં. યદિ નહીં લિખી ગઇ થીં તો કવિ કાલિદાસ ને રઘુવંશ લિખને કે લિયે ઐતિહાસિક સામગ્રી કહાં સે એકત્રિત કી થી? ઔર પુરાણોં મેં જો વંશાવલિયાં દી હુઇ હૈં ઉનકા જ્ઞાન પુરાણ કે કર્તાઓં કો કહાં સે હુઆ? કઇ કાવ્યોં કે પઢને સે બોધ હોતા હૈ કિ એક સમય ઇસ દેશ કે વિદ્યાલયોં મેં ઇતિહાસ ભલીભાંતિ પઢાયા જાતા થા; એવં ઇતિહાસ કે અનેક ગ્રંથ ઉપસ્થિત થે. હર્ષચરિત મેં બાણભટ્ટ લિખતા હૈ કિ જબ મહારાજ હર્ષ કા ચિત્ત ઉદાસ હુઆ કરતા થા, તબ વહ ઇતિહાસ સુના કરતે થે. પુનઃ વહી કવિ અપની પુસ્તક કાદમ્બરી મેં લિખતા હૈ કિ રાજા ને અપને પુત્ર કે લિયે ગુરુકુલ ખુલવાયા ઔર ઉસમેં ભિન્ન ભિન્ન વિદ્યાઓં કે અધ્યાપકોં કે સાથ ઇતિહાસ કા અધ્યાપક ભી નિયુક્ત કિયા. યદિ ઇતિહાસ થે હી નહીં તો અધ્યાપક લોગ રાજકુમાર કો ઇતિહાસ કૈસે પઢાતે થે?

રામાયણ ઔર મહાભારત દો મહાન ઐતિહાસિક કાવ્ય ઇસ સમય (ભારતવર્ષ મેં)

ઉપસ્થિત થે. યદ્યપિ ઉનમેં પ્રક્ષિપ્ત શ્લોક બહુત હૈ, તથાપિ ઉનકે વિષયોં કે ઐતિહાસિક હોને મેં કોઇ સંદેહ નહીં. રામાયણ કે એક અલંકારયુક્ત પુસ્તક હોને ઔર મહાભારત સે પીછે લિખે જાને કે વિષય મેં યોરોપીય ઐતિહાસકોંને જો નએ નએ ઔર વિચિત્ર વિચાર ગઢે હૈં, ઉનકા ખંડન હમ કોઇ અન્ય સમયપર મેં કરેંગે; ઔર દર્શાએંગે કિ ઉનકે કથન કૈસે હાસ્યાસ્પદ ઔર યુક્તિશૂન્ય હૈ. યદિ પ્રાચીન આર્ય ઇતિહાસ કે લાભોં કો નહીં સમઝતે થે તો વાલ્મીક ઔર વ્યાસ ને ઇતની બડી બડી પુસ્તકોં કે લિખને કા કષ્ટ ક્યોં ઉઠાયા? યૂનાની ઇતિહાસવેત્તા મૅગેસ્થિનીસ અપને ભારતભ્રમણ કા વૃત્તાંત લિખતે હુએ, અંકિત કરતે હૈ કિ, "મહારાજ ચંદ્રગુપ્ત કે દેશ મેં ભિન્ન ભિન્ન ઘટનાઓં કી વાર્તા સંગ્રહ કરને કે લિયે કઈ રાજપુરુષ નિયુક્ત થે." નિશ્ચય હૈ કિ ઇન્હીં ઘટનાઓં કે સારવૃત્તાંત સે ઇતિહાસ બનતા હોગા. ઇતિહાસસંગઠન કે વિષય મેં ઇસ સે ભી દૃઢતર પ્રમાણ મહારાજ અશોક કા છઠ્ઠા શિલાલેખ હૈ, જિસમેં અંકિત હૈ કિ, "જો કુછ ઘટના કિસી નગર મેં હો ઉસે પત્રીવેત્તા નામક રાજપુરુષ લેખબદ્ધ કર લેવે."

પૂર્વોક્ત પ્રમાણોં સે યહી પરિણામ નિકલતા હૈ કિ પ્રાચીન ઐતિહાસિક વિજ્ઞાન કો જાનતે થે, ઉન્હોંને ઇતિહાસ કી કઇ પુસ્તકેં લિખી, જિનમેં સે બહુતેરાં કા મુસલ્માની રાજ્ય કે સમય નાશ હો ગયા; તથાપિ જો પુસ્તકેં બચી હુઇ હેં વહ પ્રાચીનાર્યોં કે ઐતિહાસિક વિજ્ઞાનપ્રદર્શન મેં કમ્પાસ કા કામ દે રહી હેં; ઔર સિદ્ધ કરતી હેં કિ આધુનિક વિજ્ઞાનવિદ્ ઇતિહાસ લિખને મેં જીસ શૈલિ કા અવલમ્બન કરતે હૈં વહ વિધિ ભી પ્રાચીન આર્ય્ય ઐતિહાસિકોં કો જ્ઞાત થી."

૩–કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના વિચાર×

સાદી રીતે કાવ્યોના મુખ્ય બે પ્રકાર કહી શકાય. એક પ્રકારનાં કાવ્યોમાં કેવળ કવિની પોતાનીજ કથા હોય છે; અને બીજા પ્રકારનાં કાવ્યોની કથાનો સંબંધ વિશાળ જનસમુદાયની કથાસાથે હોય છે. "કેવળ કવિની કથા" એટલે એમ સમજવાનું નથી કે, કવિસિવાય બીજું કોઈ તેને સમજી ન શકે. જો એવું હોય તો તો એવા કાવ્યને કાવ્ય નહિ, પરંતુ ગાંડા માણસનો બકવાદજ માત્ર કહી શકાય. એનો અર્થ એજ કે, એમાં કવિએ પોતાની પ્રતિભાના બળથી પોતાનાંજ સુખદુઃખ, પોતાનીજ કલ્પના અને પોતાનાજ અનુભવોને માનવસમુદાયના હૃદયવિકારો તથા જીવનરહસ્યોદ્વારા પ્રકટ કર્યાં હોય છે; ત્યારે બીજી શ્રેણીનાં કાવ્યો એવા ઉચ્ચ શક્તિવાળા કવિઓદ્વારા રચાય છે કે તેમની કાવ્યરચનામાં સમગ્ર દેશ અથવા સમગ્ર યુગની ભાવનાઓ, જ્ઞાન તથા અનુભવો, સીધેસીધા પ્રકટ થવા પામે છે; અને તેથી તેમના ગ્રંથો માનવજાતિનું જીવનધન બની રહે છે–અર્થાત્ સંસારના સર્વ લોકો એવાં કાવ્યોથી સદાને માટે લાભ ઉઠાવે છે અને સમગ્ર દેશ અથવા જાતિ એ કાવ્યોદ્વારા બોલતી જણાય છે.

આ બીજી શ્રેણીના સામાન્ય કવિઓનેજ "મહાકવિ" કહી શકાય. સમગ્ર દેશ અથવા સમગ્ર જાતિની સરસ્વતી આવીને આવા કવિનો આશ્રય લે છે; અને જનસમાજ તેમના ગ્રંથોવડે પોતાનો માર્ગ નક્કી કરી તદનુસાર ગતિ કરતો જણાઇ રહે છે. આવા મહાકવિઓની

× કવિવરે "રામાયણી કથા" નામના બંગાળી પુસ્તકની ભૂમિકારૂપે ઇસ્વી સન ૧૯૦૪ માં લખેલા લેખનો આ ભાવાર્થ છે.

રચનાને કોઇએક વ્યક્તિવિશેષની રચના કહેવા જેવી નથી હોતી. એમની કાવ્યરચના તો એવા વિશાળ વટવૃક્ષની ઉપમાને લાયક હોય છે, કે જે વૃક્ષ પોતાના જન્મસ્થાનની ચારે તરફ આવેલી ભૂમિને પોતાની વિસ્તૃત છાયાનો લાભ આપે છે. શકુંતલા અને કુમારસંભવ કાવ્યોમાં કવિ કાલિદાસની નિપુણતાનો સારો પરિચય આપણને મળે છે, એ નિઃસંદેહ છે; પરંતુ રામાયણ અને મહાભારત એ તો ભારતવર્ષને પુણ્યસલિલા ગંગા અને પર્વતરાજ હિમાલયની સમાન પૂજનીય બની રહેલાં છે.

આપણા દેશમાં જેમ રામાયણ અને મહાભારત એ મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે, તેમ પ્રાચીન ગ્રીસ અને રોમમાં 'ઇલિયડ' અને 'ઈનીડ' ગ્રંથો મહત્ત્વપૂર્ણ હતા. એ ગ્રંથો સમસ્ત ગ્રીસ અને રોમના હૃદયપદ્મમાંથી ઉત્પન્ન થયા અને તેણે તેમના હૃદયપદ્મમાં સ્થાન મેળવ્યું. કવિ હોમર અને વર્જિલે પોતપોતાના સમગ્ર દેશ અને કાળના કંઠમાં એ કાવ્યોદ્વારા પોતપોતાની ભાષારૂપ પુષ્પમાળા પહેરાવી હતી. જેમ મેળામાં અને ઉત્સવોમાં દૂર દૂરથી આવનારાં મનુષ્યોદ્વારા ત્યાં સાંભળેલી અવનવી વાતો લોકો ત્યાંથી વેરાઇ જતાં સર્વત્ર ફેલાઇ જાય છે, તેમ હોમર અને વર્જિલનાં વાક્યો પણ પોતપોતાના પ્રદેશોમાં એક છેડેથી બીજા છેડાસુધી ફેલાઇ જઇને ત્યાંના લોકોમાં ચિરકાળસુધી ગાજી રહ્યાં હતાં.

કોઇ આધુનિક કાવ્યમાં એટલી બધી વ્યાપકતા નથી જોવામાં આવતી. કવિ મિલ્ટનના 'પેરેડાઇઝ લૉસ્ટ' નામક ગ્રંથમાં ભાષાની ઉત્કૃષ્ટતા, છંદોની મહત્તા અને રસની ગંભીરતાની કમી નથી; તોપણ એ ગ્રંથ સમગ્ર દેશનું ધન નથી, કેવળ પુસ્તકાલયોની શોભાનીજ સામગ્રી માત્ર છે.

આથી એવાં પ્રાચીન કાવ્યોને એક જૂદીજ શ્રેણીમાં મૂકવાં જોઇએ. પ્રાચીનકાળમાં એ કાવ્યો દેવતાઓ અને દૈત્યોની માફક વિશાલકાય હતાં; પરંતુ વર્તમાન સમયમાં એ પ્રકારનાં કાવ્યો લુપ્ત થઇ ગયાં છે.

પ્રાચીન આર્યસભ્યતાની એક શાખા યૂરોપ તરફ ગઇ હતી અને બીજી ભારતવર્ષ તરફ આવી હતી. એ શાખાઓથી યૂરોપ અને ભારત બન્ને સ્થાનોમાં પોતપોતાનાં બબ્બે મહાકાવ્યોની ઉત્પત્તિ થઇ. એ મહાકાવ્યોવડેજ એ બંને શાખાઓના પ્રાચીન ઇતિહાસ અને સંગીતની રક્ષા થતી રહી છે.

હું ભારતવાસી હોવાથી ગ્રીસ અને રોમની બાબતમાં મારાથી નિશ્ચયપૂર્વક ન કહી શકાય કે, એ દેશો પોતાનાં એ બન્ને મહાકાવ્યોદ્વારા પોતાની સર્વ પ્રકૃતિને પ્રકટ કરવામાં સફળ થયા છે કે નહિ; પરંતુ એ તો નિશ્ચય છે કે, ભારતવર્ષે તો રામાયણ અને મહાભારતદ્વારા તેમ કરવામાં કશુંજ બાકી નથી રાખ્યું.

એજ કારણથી સૈકાંઓ ઉપર સૈકાં વહી જવા છતાં પણ ભારતવર્ષમાં રામાયણ અને મહાભારતનો પ્રચાર–પ્રવાહ જરા પણ સૂકાયો નથી. ઘેરે ઘેર અને ગામે ગામ તેનો નિત્ય પાઠ થાય છે; અને વાણીઆની દુકાન તથા રખેવાળ ભૈયાજીથી માંડીને તે ઠેઠ રાજાના મહેલપર્યંત સર્વત્ર તેનો એકસરખો આદર થાય છે. ધન્ય છે તે બન્ને મહાકવિઓને કે હજારો વર્ષ વહી જવા છતાં પણ જેમની વાણીની શીતળ–મંદ––સુગંધલહરિઓ, હજીસુધી પણ ભારતવાસીઓનાં ગૃહદ્વારોમાં અને કરોડો નરનારીઓનાં હૃદયદ્વારોમાં પ્રતિદિવસ સુખ અને શાંતિ તથા ભક્તિ અને શક્તિ અર્પણ કરતી રહીને અતિપ્રાચીન સમયની જ્ઞાનચારિત્રમયી સુંદર સૌરભથી તરાવટ આપી રહી છે!

આમ હોવાથી રામાયણ અને મહાભારતને કેવળ મહાકાવ્યજ કહેવાં ન જોઇએ; પરંતુ

તે ઇતિહાસ પણ છે. અલબત્ત, તે કાંઇ સમય અથવા ઘટનાઓના ઇતિહાસ નથી; કેમકે ઘટનાઓના ઇતિહાસ તો અમુક સમયનુંજ અવલંબન કરે છે, પરંતુ રામાયણ અને મહાભારત તો ભારતવર્ષના ચિરકાળના ઇતિહાસ છે. બીજા ઇતિહાસો સમય સમયપર ફેરવાતા રહે છે, પરંતુ આ ઉભય ઇતિહાસમાં કાંઈપણ પરિવર્તન નથી થતું. ભારતવર્ષની જે સાધના, જે આરાધના અને જે સંકલ્પ છે; તેનોજ ઇતિહાસ આ બન્ને મહાકાવ્યોરૂપી રાજપ્રાસાદના ચિરકાલરૂપી રાજસિંહાસનપર સમ્રાટસમો વિરાજે છે.

આ કારણથીજ મહાભારત અને રામાયણની સમાલોચનાનો આદર્શ અન્ય કાવ્યોની સમાલોચનાના આદર્શથી ભિન્ન હોવો જોઈએ. રામનું ચરિત્ર ઉચ્ચ હતું કે નીચ અને લક્ષ્મણનું ચરિત્ર સારૂં લાગે છે કે નહિ, એટલીજ સમાલોચના પૂરતી નથી. એ ગ્રંથોની સમાલોચના કરનારને તો શાંત થઇને શ્રદ્ધાપૂર્વક વિચાર કરવો જોઇશે કે, સમસ્ત ભારતવર્ષ સહસ્રો વર્ષોથી એ મહાન ગ્રંથોને કયા ભાવથી ગ્રહણ કરતો આવ્યો છે. અમે ગમે તેવા મોટા સમાલોચક હોઇએ, તોપણ જો એક સમગ્ર પ્રાચીન દેશના ઇતિહાસપ્રવાહિત સમસ્ત કાળના વિચારો આગળ અમારૂં શિર નજ ઝુકતું હોય, તોપછી તેવી ધૃષ્ટતા લજ્જાનોજ વિષય છે.

રામાયણમાં ભારતવર્ષ શું સંદેશો આપે છે? રામાયણમાં ભારતવર્ષે કયા આદર્શને મહાન સમજીને સ્વીકાર્યો છે? એજ આ સમયે અમારેમાટે સવિનય વિચાર કરવાનો વિષય છે.

સામાન્ય લોકોની એવી સમજ છે કે, વીરરસપ્રધાન કાવ્યોનુંજ નામ "એપિક" છે. જે દેશ અને જે કાળમાં વીરરસનું ગૌરવ પ્રધાનપદે રહ્યું હોય, તે દેશ અને તે કાળમાં મહાકાવ્ય પણ અવશ્ય વીરરસથી પૂર્ણ હોઇ શકે. રામાયણમાં પણ કાંઇ યુદ્ધનો ટોટો નથી. વળી સામર્થ્ય પણ રામમાં કાંઇ સામાન્ય પ્રકારનું ન હતું અને તોપણ રામાયણમાં જે રસ પ્રધાન છે, તે વીરરસ નથી. રામાયણમાંથી બાહુબળનું પ્રાધાન્ય ઘોષિત નથી થતું. તેમના યુદ્ધની ઘટનાઓજ તેના વર્ણનનો મુખ્ય વિષય નથી. વળી દેવતાઓની અવતારલીલાને લઇનેજ આ કાવ્યરચના થઇ હોય, એવું પણ નથી. કવિ વાલ્મીકિની સમક્ષ રામચંદ્ર એક "અવતાર" નહિ; પરંતુ મનુષ્યજ છે, એ વાતને તો પંડિત લોકો પ્રમાણ માનશેજ. આ વિષયમાં પંડિતાઈ દેખાડવાનું પ્રયોજન નહિ હોઇને સંક્ષેપમાં કેવળ એટલુંજ કહી દેવું અમે ઉચિત સમજીએ છીએ કે, જો કવિએ રામાયણમાં નર–ચરિત્રનું વર્ણન ન કરતાં દેવ–ચરિત્રનુંજ વર્ણન કર્યું હોત તો તેથી રામાયણનું ગૌરવ ઘણું ખરૂં નષ્ટ થયું હોત. રામચરિત્રનો મહિમા એ કારણથી છે કે, તે મનુષ્યચરિત્રથી પર–ભિન્ન નથી. રામાયણમાં એવા સદ્ગુણોથી પૂર્ણ પુરુષની કથા છે, કે જેવા સદ્ગુણોથી વિભૂષિત નાયકની કવિને પોતાના કાવ્યને માટે આવશ્યકતા હતી. બાલકાંડના પ્રથમ સર્ગમાં વાલ્મીકિ નારદને અનેક ગુણો કહી બતાવીને તેવા સર્વસદ્ગુણસંપન્ન નાયકનું નામ પૂછે છે કે:–"समग्रा रूपिणी लक्ष्मीः किमेकं संश्रिता नरम्— અર્થાત્ કયા એકજ પુરુષનો લક્ષ્મીએ પોતાનાં સમગ્ર રૂપોસહિત આશ્રય લીધો છે?" ત્યારે નારદ મુનિ કહે છે કે:—

देवेष्वपि न पश्यामि कश्चिदेभिर्गुणैर्युतम् । श्रूयतां तु गुणैरेभि यो युक्तो नरचन्द्रमाः ॥

અર્થાત્ "એ સર્વ ગુણોથી સંપન્ન હોય એવી વ્યક્તિ તો દેવતાઓમાં પણ નથી; પરંતુ હા, મનુષ્યોમાં એક રામ સર્વ સદ્ગુણોથી સંયુક્ત પુરુષ છે." આ ઉપરથી સિદ્ધ થાય છે કે, રામાયણ એ રામચંદ્ર નામક નરચંદ્રમાનીજ કથા છે. તે કાંઇ અવતાર કે દેવતાની કથા નથી. રામાયણમાં કાંઇ દેવતાઓએ નીચા ઉતરીને પોતાને મનુષ્ય નથી બનાવ્યા; પરંતુ મનુષ્યોજ પોતાના સદ્ગુણોવડે દેવ બની ગયેલા તેમાં માલમ પડે છે. કવિએ મનુષ્યોના ઉત્તમ આદર્શની સ્થાપના કરવા સારૂજ એ મહાકાવ્યની રચના કરેલી છે; અને તેથીજ

ત્યારથી માંડીને આજપર્યંત ભારતવાસીઓ મનુષ્યના એ આદર્શ ચરિત્રવર્ણનનો આગ્રહપૂર્વક પાઠ કરતા આવ્યા છે.

રામાયણમાં એક મોટી વિશેષતા એ છે કે, તેમાં એકજ ગૃહકુટુંબની કથાને પુષ્કળ વિસ્તારથી દર્શાવી છે. પિતા પુત્રમાં, બંધુ બંધુમાં અને પતિ પત્નીમાં જે ધર્મનું બંધન હોય છે; જે પ્રીતિ અને ભક્તિનો તેઓ વચ્ચે સંબંધ હોય છે, તેને રામાયણે એટલું બધું મહત્ત્વ આપ્યું છે તથા તે સંબંધો એટલી ઉચ્ચતાથી તેમાં દર્શાવવામાં આવ્યા છે, કે જેથી તે ગ્રંથ સહજપણેજ મહાકાવ્યને યોગ્ય બની ગયો છે. અન્ય મહાકાવ્યોનું ગૌરવ પ્રાયઃ તેમાંનાં શત્રુદમન, દેશજય અને બે પ્રબળ વિરોધી પક્ષોના પરસ્પરમાં રક્તપાત આદિ ઘટનાઓનાં વર્ણનને લીધે હોય છે; પરંતુ રામાયણના મહિમાએ કાંઈ રામ અને રાવણના યુદ્ધનો આશ્રય લીધો નથી. એ યુદ્ધઘટનાનું વર્ણન તો તેમાં કેવળ રામ અને સીતાના ઉજ્જવલ દામ્પત્ય-પ્રેમનું દર્શન કરાવવાને માટેજ ઉપલક્ષરૂપે છે. રામાયણમાં કેવળ એજ બતાવવામાં આવ્યું છે કે, પુત્રને માટે પિતૃઆજ્ઞાનું પાલન, ભાઇઓમાટે ભાઇનો આત્મત્યાગ, પત્નીનું પતિવ્રત, પતિનું પત્નીવ્રત અને પ્રજાપ્રત્યે રાજાનું કર્તવ્ય–એ કેટલી ઉંચી હદ સુધી હોઇ શકે છે! કોઇ પણ દેશના મહાકાવ્યમાં આ પ્રમાણે વ્યક્તિવિશેષના ઘરની વાતોને આટલા વિસ્તારથી વર્ણવવાનું યોગ્ય સમજવામાં નથી આવ્યું. આ ઉપરથી કેવળ કવિનોજ પરિચય આપણને નથી મળતો; પરંતુ સમગ્ર ભારતવર્ષનો પરિચય મળે છે. એ ઉપરથી આપણને જણાઇ આવે છે કે, ભારતવર્ષમાં ગૃહ અને ગૃહધર્મ કેટલાં બધાં ઉચ્ચ સમજવામાં આવ્યાં છે! આ મહાકાવ્ય એ વાત પણ સ્પષ્ટતાથી સિદ્ધ કરે છે કે, અમારા દેશમાં ગૃહસ્થાશ્રમનું સ્થાન પણ કેટલું ઉચ્ચ છે. ગૃહસ્થાશ્રમ એ અમારાં પોતાનાંજ સુખ અને સગવડને માટે નથી; પરંતુ તે સર્વ સમાજને ધારણ કરવાવાળો છે અને મનુષ્યને યથાર્થ બનાવનારો છે. ગૃહસ્થાશ્રમને ભારતવર્ષીય સમાજની જડ સમજવી જોઇએ અને રામાયણ તેજ ગૃહસ્થાશ્રમના મહત્ત્વને દર્શાવી રહેલું મહાકાવ્ય છે. ગૃહસ્થાશ્રમધર્મને, રામાયણે સત્યપાલનને ખાતર પુત્રવિયોગ અને વનવાસ વગેરેનાં કષ્ટોમાં નાખીને વિશેષ ગૌરવપ્રદાન કર્યો છે. કૈકેયી અને મંથરાની કુમંત્રણાના કઠિન આઘાતોવડે અયોધ્યાનું રાજગૃહ ઉજ્જડ જેવું થઈ જવા છતાં પણ આ ગૃહસ્થધર્મની દુર્ભેદ્ય દઢતાને રામાયણ ઘોષિત કરી રહી છે. રામાયણે શારીરિક શક્તિને નહિ, વિજયની અભિલાષાને નહિ, રાજનૈતિક મહત્ત્વને નહિ; પરંતુ શાંતિયુક્ત ગૃહધર્મનેજ કરુણાનાં અશ્રુઓથી ભીંજવીને સર્વોચ્ચ સિંહાસનપર વિરાજમાન કર્યો છે.

શ્રદ્ધાહીન પાઠકો કહે છે કે, આ પ્રકારનું ચરિત્રવર્ણન અતિશયોક્તિમાં ફેરવાઇ જાય છે; પરંતુ એવાં કથન ઉપરથી આ વાત સિદ્ધ નથી થતી કે, કયી જગ્યાએથી યથાર્થ સીમાનું અને કયી જગ્યાએથી કલ્પનાની સીમાનું ઉલ્લંઘન થવાથી કાવ્યકલા અતિશયોક્તિપૂર્ણ થઈ જાય છે.

જે વિદેશી સમાલોચકોએ કહ્યું છે કે, 'રામાયણમાં ચરિત્રવર્ણન અતિપ્રાકૃત છે.' તેમને અમે એટલુંજ કહીશું કે, એ વાત પોતપોતાની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. અમુક ખાસ પ્રકૃતિને લઇને એકને માટે જે વાત અતિપ્રાકૃત (અસ્વાભાવિક) છે, તેજ વસ્તુ અન્ય ખાસ પ્રકૃતિવાળા બીજાને માટે પ્રાકૃત (સ્વાભાવિક) હોય છે. જે જગ્યાએ જે આદર્શ પ્રચલિત હોય, તે આદર્શને જો અતિમાત્રામાં અંકિત કરવામાં આવે તો તેને ત્યાંના લોક ગ્રહણજ કરી શકશે નહિ. અમે અમારા કાનવડે થાકયાસિવાય કેટલું સાંભળી શકીએ, તેની હદ હોય છે. કાંઈ એમ નથી હોતું કે, કોઇ ગમે તેટલું બોલ્યાજ કરે અને તે બધું અમે સાંભળી યાદ રાખી શકીએ. અમારી સાંભળવાની શક્તિ ઉપરાંત કોઇ પોતાના મોટા ઘાંટાથી અમારા કાન બહેરા થઇ જાય એવું બોલે, તોપણ અમુક હદની ઉપરાંત અમારા કાન તેના શબ્દોને

નહિજ ગ્રહણ કરે. ગ્રન્થમાં સમાયેલા ચરિત્ર અને ભાવો, પાઠકના અંતરમાં જાગવા-પ્રવેશવાના સંબંધમાં પણ એજ પ્રમાણે સમજવાનું છે. "આટલી વીસો કે તેટલી વીસો" એમ વીસો કરતાં વધુ ઉચ્ચ સંખ્યાને સમજી ન શકે એવો માણસ લાખ-કરોડની સંખ્યાજ ન સમજી શકે, તેવુંજ આમાં પણ છે. જો આ વાત સત્ય છે, તો આ વાત હજારો વર્ષથી પ્રમાણિત થઇ ચૂકી છે કે, રામાયણની કથા ભારતવર્ષને માટે કોઈપણ અંશમાં અતિશયોક્તિપૂર્ણ નથી.

રામાયણથી ભારતવર્ષનાં આબાલવૃદ્ધ નરનારીઓએ અને ઉચ્ચનીચ સર્વ લોકોએ કેવળ શિક્ષણજ નથી મેળવ્યું; પરંતુ આનંદ પણ પ્રાપ્ત કર્યો છે. તેઓ તે કથાને કેવળ શિરોધાર્ય કરીનેજ રહ્યા નથી; પણ પોતાના હૃદયમાં પણ તેમણે તેને સ્થાન આપ્યું છે. રામાયણ એ કેવળ તેમનું ધર્મશાસ્ત્રજ નથી; પરંતુ કાવ્ય પણ છે. રામચંદ્ર અમારેમાટે કેવળ દેવતાજ નથી; પણ તેની સાથે મનુષ્ય પણ છે. તેજ પ્રમાણે રામાયણપર અમારી માત્ર ભક્તિજ નથી, પરંતુ તેની સાથે તેના ઉપર અમારી પ્રીતિ પણ છે. જો આ મહાગ્રંથની કવિતા દૂર દેશમાં વસતા કોઈ કલ્પનાપ્રસૂત લોકોની સામગ્રી હોઇને ભારતવર્ષને માટે તે અહીં આવી હોત અથવા તો તે અમારા સમાજ-સંસારમાં વ્યાવહારિક ઉપકારક ન થઇ રહી હોત તો રામ અને રામાયણના સંબંધમાં ઉપર્યુક્ત વાતો અમે કહી શકત નહિ.

જો વિદેશી સમાલોચક પોતાના દેશનાં મહાકાવ્યોના આદર્શને સામે રાખીને રામાયણ જેવા મહાકાવ્યને અતિપ્રાકૃત યા અસ્વાભાવિક ગણે, તો તેથી તેના દેશના મુકાબલામાં ભારતવર્ષની ઉલટી એક બીજી વિશેષતાજ પ્રસ્ફુટિત થાય છે કે, રામાયણમાંથી ભારતવર્ષે જે ઈચ્છયું તે મેળવ્યું છે.

રામાયણ અને મહાભારત બંનેને અમે વિશેષતઃ એવાજ ભાવથી જોતા આવ્યા છીએ. એમાંના સરલ અનુષ્ટુપ છંદોમાં ભારતવર્ષનું હજારો વર્ષનું હૃદય સજીવ રૂપથી ધડકી રહ્યું છે.

પાઠક! રામાયણને કેવળ કવિનું કાવ્ય નહિ સમજતાં "ભારતવર્ષની રામાયણ" સમજીને તેનો આદર કરજે. એમ કરવાથીજ રામાયણદ્વારા ભારતવર્ષને અને ભારતવર્ષદ્વારા રામાયણને ઠીકઠીક સમજી શકાશે. સાથે દરેકે આ વાત પણ સ્મરણમાં રાખવી કે, ભારતવર્ષની ઇચ્છા કોઇએક ગૌરવભરી ઐતિહાસિક કથાને સાંભળવાની ન હતી; તેને તો મનુષ્યના પરિપૂર્ણ આદર્શ ચારત્રની કથા સાંભળવી હતી અને રામાયણદ્વારા આજપર્યંત તેવીજ કથા અડગ શ્રદ્ધાથી તથા અતિ આનંદથી સમગ્ર દેશ સાંભળતો આવ્યો છે.

ભારતવાસીઓની માનવચરિત્રની પરિપૂર્ણતા ઉપર બહુજ શ્રદ્ધા અને ચાહના છે. તેમણે એવા ઉત્તમ ચરિત્રને સત્યથી તેમજ શક્યતાથી વિપરીત સમજીને કદીપણ તેનાપ્રત્યે અશ્રદ્ધા કે અવજ્ઞા કરી નથી; તેમણે તો એને પૂર્ણ સત્ય અને શક્ય સમજીનેજ તેનો સ્વીકાર કરેલો છે, અને તેમાંથી હિત તથા આનંદ પણ ઘણો મેળવ્યો છે. જગદ્‌ગુરુ ભારતવર્ષની પરિપૂર્ણતાયુક્ત આદર્શની આકાંક્ષાને રામાયણવડે ઉદ્‌બોધિત કરીને તેમજ તૃપ્ત કરીને રામાયણના મહાકવિએ ભારતવર્ષના ભક્તિપૂર્ણ આધ્યાત્મિક હૃદયને સદાને માટે ખરીદી લીધું છે-જીતી લીધું છે.

જે (પાશ્ચાત્ય) જાતિ અપૂર્ણ સત્યને પ્રાધાન્ય આપે છે; જે પ્રજા અવિરત શ્રમથી ભૌતિક સત્ય અને સુખની શોધમાં મચી રહે છે; જે પ્રજા કવિતાને માત્ર પ્રકૃતિનું પ્રતિબિંબજ સમજે છે; તે પ્રજા સંસારમાં અવશ્યમેવ અનેક ભૌતિક કાર્યો કરે છે, અને તે બાબતમાં તે સફળ મનોરથવાળી પણ થાય છે. તેના એવા યત્ન અને સફળતામાટે નિઃસંદેહ સમગ્ર

માનવજાતિ તેની ઋણી છે; પરંતુ બીજી તરફ જોઇએ તો જેમણે કહ્યું છે કે, "भूमैव सुखं भूमात्वेव विजिज्ञासितव्यः અર્થાત્ તે પરબ્રહ્મ પરમાત્મા એજ ખરૂં સુખ છે; અને તે પરમાત્માજ વિશેષ જાણવા–માનવા યોગ્ય છે." જેમણે માનવચરિત્રની પરિપૂર્ણતાને સાચવી રાખવામાટે તથા તે પૂર્ણતાનાં સર્વ અંગ–પ્રત્યંગોના સૌંદર્યની યથેષ્ટ રક્ષા કરવાને માટે, તેમજ સર્વ પ્રકારના વિરોધને શાંત કરવામાટે સાધના કરી છે, તેનું ઋણ પણ કોઇ કાળે સંસારથી વાળી શકાય તેમ નથી. જેમ ધૂળ અને ધૂમાડાથી ભરેલા એકાદ કારખાનાનાં દ્વાર બંધ કરી દઇ બહારની સ્વચ્છ હવા પેસતી અટકાવવામાં આવે તો તેમાંનાં માણસોનો દમ ગુંગળાઇ જઇને તેઓ મરી જાય છે; તેમ જો અમે અમારાં હૃદયરૂપી ગૃહોમાં એવા અનુપમ ઉપદેશ અને સ્વરૂપજ્ઞાનને આવતું બંધ કરી દઈશું–અર્થાત્ તેને ભૂલી જઇશું, તો માનવ સભ્યતા, ગુંગળાઇ જતા માણસની પેઠે પળે પળે પીડિત થઈને સદાને માટે આ સંસારથી વિદાય થઇ જશે. રામાયણ ચિરકાળથી અનુપમ જ્ઞાનચારિત્રનાં અખંડ અમૃતપિપાસુઓનો આપણને પરિચય કરાવતી આવી છે. એમાં જે ભ્રાતૃભાવ, જે સત્યપરાયણતા, જે પતિ–પત્નીવ્રત અને જે જ્ઞાન-ભક્તિ વર્ણવેલાં છે, તેનાપ્રત્યે જો આપણે આપણી સરળ શ્રદ્ધા અને આંતરિક ભક્તિને કાયમ રાખી શકીએ, તો આપણાં હૃદયરૂપી ઘર કે કારખાનાંઓમાં મહાન આધ્યાત્મિક સમુદ્રની નિર્મળ વાયુલહરિઓ પ્રવેશતી રહી હમેશાં આપણને સુખ આપ્યા કરશે.

૪–સ્વર્ગસ્થ શ્રી નારાયણ હેમચંદ્રના વિચારો

પોતાના પ્રાચીન મહિમાનું અભિમાન કરી શકે તેવો દેશ ભરતખંડ છે. જે દેશે રામાયણ અને મહાભારતને જન્મ આપ્યો છે, તે દેશ કાવ્ય–વિષયમાં શું ગૌરવ કરી ન શકે? રામાયણના જેવા સરળ, મધુર, ઉચ્ચ ભાવ તથા ઉચ્ચ વર્ણનોવાળાં હિતોપદેશપરિપૂર્ણ વીરરસ કાવ્ય પૃથ્વી ઉપર અતિ અલ્પ જોવામાં આવે છે. વાલ્મીકિએ પોતાના ગ્રંથવિષે જે ભવિષ્યવાણી કહી હતી તે સાર્થક થયેલી જોવામાં આવે છે.

यावत् स्थास्यन्ति गिरयः सरितश्च महीतलेः। तावत् रामायणकथा लोकेषु प्रचरिष्यति ॥

અર્થાત્—"જ્યાંસુધી પહાડો અને નદીઓ પૃથ્વીમાં રહેશે ત્યાંસુધી રામાયણની કથા લોકોમાં પ્રચાર પામતી રહેશે."

હિંદુસ્તાનમાં વાલ્મીકિને અતિ માન આપવામાં આવે છે, તેમજ યૂરોપખંડમાં પણ તેનો આદર ઘણો થાય છે. મહાભારત નર્મદાકિનારા ઉપરના કબીરવડ પ્રમાણે વિશાળ છે. કબીરવડની શાખા તથા જટા માટીમાં રોપાઇને ફરી મૂળીયાં થયાં છે. તે દરેકે જેમ એક ઝાડમાં વણાઇને કુંજની અંદર કુંજો બનાવી છે, તે પ્રમાણે મહાભારતની કથાઓમાં બીજી કથાઓ જોવામાં આવે છે. જેમ સુરમ્ય સ્થાનમાં ફર્યાથી શરીર શીતળ થાય છે, તેમ અમૃતસમાન મહાભારતની કથાઓ વાંચ્યાથી તથા સાંભળ્યાથી પ્રાણ–મન શીતળ થાય છે. જે ભારતવર્ષે વરાહમિહિર, બ્રહ્મસુખી, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય વગેરેને જન્મ આપ્યો, તે જ્યોતિઃશાસ્ત્રના નૈપુણ્ય વિષયમાં શું ગૌરવ કરી શકે નહિ? આર્યભટ્ટે કહ્યું છે કે, 'चला पृथ्वी स्थिरा भाति–પૃથ્વી ચાલે છે; પરંતુ સ્થિર જોવામાં આવે છે.' હવે વિચાર કરો કે કોપર્નિકસના પહેલાં કેટલા દિવસ અગાઉ આર્યભટ્ટે એ વાત કહી છે? ભાસ્કરાચાર્યે કહ્યું છે કે, 'आकृष्ट शक्तिश्च महीयत् तया प्राशिष्यते तत् तथा धार्यते–પૃથ્વીની આકર્ષણશક્તિ છે, જેનાથી ઉપર સ્થાપિત થાય છે તે પાછો ધારણ કરે છે.' આથી જણાય છે કે, મધ્યાકર્ષણના નિયમની ભાસ્કરાચાર્યને માહીતિ હતી. દશ ગણવાની રીતિ જે સર્વ ગણિતશાસ્ત્રનું મૂળ છે, તે યૂરોપીયનો આર-

ઓની પાસેથી શીખ્યા એમ કહે છે; પરંતુ આરબો પોતાના ગ્રંથમાં લખે છે કે, "હોકમાઅલ હિંદુ" એટલે હિંદુસ્તાનનાં જ્ઞાનીઓની પાસેથી અમે શીખ્યા છીએ. જે ભારતવર્ષે કપિલ, કણાદ, ગૌતમ, વ્યાસ ઈત્યાદિને જન્મ આપ્યો છે, તે દર્શનવિષયની ઉત્પત્તિને માટે શ્રેષ્ઠ નથી? ગ્રીકદર્શન ભારતવર્ષના દર્શનનું પ્રતિબિંબમાત્ર છે. પિથાગોરસ વગેરે ગ્રીક દાર્શનિકો ભારતવર્ષમાં આવ્યા હતા, તેનાં પ્રમાણો મળે છે.

ઘણાકો ધારે છે કે, હિંદુઓનાં પુરાણ તથા કર્મકાંડ વગરકામનાં છે; પરંતુ લંડનમાંના પ્રશિયાના માજી રાજકર્તા સિવિલિયન બુનસેને એક પ્રસંગે કહ્યું હતું કે, "હિંદુસ્તાનના આર્યોનાં કર્મકાંડ અને પુરાણોમાંથી ઘણુંક માર્મિક તત્ત્વ નીકળી શકે છે. વૈદવિદ્યા પણ હિંદુઓ પાસેથી આરબો શીખ્યા હતા અને તેમની પાસેથી યૂરોપીયનો શીખ્યા એનાં પુષ્કળ પ્રમાણો મળે છે; એટલુંજ નહિ પણ ત્રિફલાદિ* વનસ્પતિનાં નામસુદ્ધાં આરબીગ્રંથોમાં છે. જલચિકિત્સાના વિષયમાં પણ પ્રાચીન હિંદુઓ અજાણ્યા નહોતા; તે ઋગ્વેદના નીચેના મંત્રથી જાણવામાં આવે છેઃ—'अप्स्वन्तरममृत अप्सुभेषजं आपो माना प्रशस्तये—પાણીમાંજ અમૃત છે, પાણીમાંજ ઔષધ છે, પાણીજ આપણે માટે ઉત્તમ છે.' તેઓ 'હોમિયોપેથિક' એટલે સમ સમવિધાયક ડૉકટરીની રીત કેટલેક અંશે જાણતા હતા તેનાં પણ પ્રમાણ મળે છે. "विषस्य विषमौषध" આ વાક્ય તેનું પ્રમાણ આપે છે."

પ્રાચીન હિંદુઓ કેવળ વિદ્વાન હતા; એટલુંજ નહિ પણ તેઓ ઘણા બહાદુર યોદ્ધા તથા વહાણ ચલાવવામાં કુશળ હતા. યુદ્ધમાંનાં તેઓનાં ઘણાં પરાક્રમોવિષે ગ્રીક વગેરે દેશના ગ્રંથો સાક્ષી આપે છે. તેમણે ઘણા દેશોપર વિજય પણ મેળવ્યા હતા. રઘુવંશમાં લખેલું છે કે, રઘુરાજાએ ઇરાનનો જય કર્યો હતો. કાશ્મિરની રાજતરંગિણી ગ્રંથમાં લખ્યું છે કે, કાશ્મિરના રાજા લલિતાદિત્યે તુર્કસ્તાન, બલખ, બુખારા ઇત્યાદિ દેશ જીત્યા હતા; વહાણોમાં બેસીને તેઓ દૂર દેશોમાં જતા હતા તેનાં પ્રમાણો મળ્યાં છે. સુમાત્રા, જાવા, માંડલે, સોકોત્રા ઇત્યાદિ બેટોમાં હિંદુઓનું રહેઠાણ હતું. માંડલેમાં હાલ પણ મરણાદિક સામાજિક રીતિમાં રામાયણ, મહાભારત વગેરે સંસ્કૃત કાવ્ય–છંદ વગેરે જોવામાં આવે છે. જેમ હાલ ઇંગ્લાંડના લોકો પૃથ્વીના સઘળા દેશોમાં ધર્મ તથા સુધારાનો વિસ્તાર કરે છે, તેમ બૌદ્ધધર્મના ઉદયની વેળાએ હિંદુઓ તથા બૌદ્ધો એશિયા, યૂરોપ તથા અમેરિકાસુધી મોટી મહેનત કરીને ધર્મ તથા સુધારાનો પ્રચાર કરતા હતા. સિંહલના મહાવંશ નામના ગ્રંથમાં લખ્યું છે કે, બંગાળી રાજકુમાર વિજયસિંહને તેના પિતાએ દેશવટો દેવાથી પાંચસો માણસોની સાથે તે સમુદ્રમાર્ગે નીકળ્યો હતો; તેનું વહાણ દરિયામાં ડૂબ્યાથી સમુદ્રના તરંગમાં તણાતાં તણાતાં તેઓ સિંહલદ્વીપની ખાડીમાં આવી પહોંચ્યા અને ત્યાંના વતનીઓને તાબે કરીને ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. વિજયના વંશજોએ એ બેટમાં અંગ્રેજોના આવ્યાસુધી રાજ્ય ચલાવ્યું હતું. તેઓના વંશની ઉપાધિ સિંહ હતી, તેથી એ બેટનું નામ સિંહલદ્વીપ પડયું. સમુદ્રના તરંગથી તણાતો જ્યારે વિજયસિંહ સિંહલદ્વીપની ખાડીમાં આવ્યો, ત્યારે ત્યાંની એટલે તાંબાના રંગની રેતી ઉપર તેનો હાથ પડવાથી એ દ્વીપનું નામ તામ્રપાણિ પણ પડયું હતું. આ હકીકતને સિંહલદ્વીપના માજી ગવર્નર સર ઇમર્સન ટેનેન્ટના બનાવેલા સિંહલદ્વીપના વર્ણનથી તથા ફાહિયાન નામના ચીની મુસાફરના લેખથી પુષ્ટિ મળે છે. કૅપ્ટન સ્પીનાઇકે જેણે નીલનદીનું ઉત્પત્તિસ્થાન શોધવાનો યત્ન કર્યો હતો, તે પોતાની દરરોજની નોંધમાં લખે છે કે, પદ્મપુરાણમાં લખેલી કાલીનદીની ઉત્પત્તિની સાથે નીલનદીના ઉત્પત્તિ-

* હરડાં, બહેડાં અને આંબળાં.

સ્થાનનું વર્ણન એકસરખું મળતું આવે છે. પ્રાચીન મિસરદેશમાં હિંદુઓના પૌરાણિક ધર્મના ઐક્યથી સિદ્ધ થાય છે કે, મિસર દેશમાં હિંદુઓનું ગમન થતું હતું. ઉપર જણાવેલું ઐક્ય એટલું તો નિકટ છે કે, નેપોલિયનના યુદ્ધસમયે જે સિપાઇઓ આપણા દેશમાંથી મિસરમાં ગયા હતા, તેઓએ ત્યાંનાં પ્રાચીન મંદિરોમાંનાં દેવ-દેવીઓને પોતાના દેશના જેવા જાણીને તેમની પૂજા કરી હતી. નોનસ નામે મિસર દેશનો ગ્રીક કવિ કહી ગયો છે કે, ખ્રિસ્તી શકના બીજા તથા ત્રીજા સૈકામાં હિંદુઓનાં વહાણો મિસરમાં તથા બીજા મુલકમાં વેપારને માટે જતાં હતાં. હાલ પણ વાણિયા, ભાટિયા વગેરે હિંદુઓનાં વહાણો આફ્રિકાના પૂર્વભાગમાં વેપારને માટે જાય છે. ઇ. સ. ની પૂર્વે ૬૦ વરસ ઉપર કેટલાક હિંદુ ખારવાનાં વહાણો ડૂબી ગયાથી તેઓ જર્મનીની ખાડીમાં તણાતા નીકળ્યા હતા, ત્યાંથી તેઓને રોમનગરમાં મોકલવામાં આવ્યા હતા. ડૉક્ટર રાજેન્દ્રલાલ મિત્રે સિદ્ધ કર્યું છે કે, એક વખતે બૌદ્ધધર્મ નરમોયના દેશમાં ચાલતો હતો. તે વળી કહે છે કે, એક વેળા યૂરોપમાં રુદ્રની ઉપાસના ચાલતી હતી. રટલેન્ડ, રટાહડેમ, રસાહિસ્વન ઇત્યાદિ શહેરનાં નામ તેનાં પ્રમાણરૂપ છે. સ્કૉટલેંડનો હાઇલેંડ પ્રદેશ જ્યારે જંગલી અવસ્થામાં હતો,ત્યારે ત્યાં વાલટચાન નામની એક ક્રિયા થતી હતી. તેઓ એક અગ્નિકુંડ કરીને પ્રજ્વલિત અગ્નિના ઉપર માખણ તથા જવ ઈત્યાદિ અન્ન નાખીને "અમને ઘોડો આપો, અમને ધન આપો," વગેરે પ્રાર્થના કરતા હતા. એ ક્રિયા ઋગ્વેદમાં લખેલા હોમ જેવી છે; તેથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, ઋગ્વેદનો ધર્મ ત્યાં એક વખતે ચાલતો હતો. આશરે ૧૫ વર્ષ ઉપર 'મેકમિલન્સ મેગૅઝીન' નામના લંડનમાં નીકળતા ચોપાનિયામાં "પિરૂ દેશના આર્યો" આવા મથાળાથી એક નિબંધ પ્રકટ થયો છે. તેમાં સિદ્ધ કરવામાં આવ્યું છે કે, હિંદુસ્તાનના આર્યો અમેરિકામાંના પિરૂદેશસુધી ગયા હતા. ઑનરેબલ પિવેલસ નામના યુનાઈટેડ સ્ટેટ્સના એક પ્રતિષ્ઠિત પુરુષે મધ્ય અમેરિકામાં ફરીને નક્કી કર્યું છે કે, ઘણા પ્રાચીનકાળમાં ત્યાં ભારતવર્ષીય આર્યો આવતા જતા હતા. હાલમાં ચીનના એક ગ્રંથમાં જોવામાં આવ્યું છે કે, કેટલાક બૌદ્ધધર્મપ્રચારક પણ અમેરિકામાં ગયા હતા.

૫-સાહિત્યસમ્રાટ્ સ્વ૦ બંકિમચંદ્ર છત્રજીના વિચારો

(આ વિચારો સસ્તા સાહિત્યના 'બંકિમનિબંધમાળા' માંથી લીધા છે.)

દ્રૌપદીના ચરિત્રની સમાલોચના અમે દશ વર્ષ પહેલાં 'બંગદર્શન'માં કરી હતી; અને ત્યાં અમે બીજી આર્યસ્ત્રીઓનાં ચરિત્રો કરતાં દ્રૌપદીના ચરિત્રમાં જે મહાન તફાવત છે, તે યથાશક્તિ બતાવેલ હતો; પરંતુ દ્રૌપદીના ચરિત્રમાં કેંદ્રરૂપે જે ઉચ્ચ તત્ત્વ રહેલું છે, તે તેમાં કહેલ નથી.

આપણા યૂરોપી વિદ્વાનો દ્રૌપદીસંબંધે શું કહે છે? તેઓ કહે છે કે, "ભારતવાસીઓ બંર્બરજાતિના છે; તેમનામાં અનેક ભાઇઓ વચ્ચે એક સ્ત્રી પરણવાની પદ્ધતિ પૂર્વકાળે પ્રચલિત હોઇને પાંચ પાંડવોવચ્ચે એકજ પત્ની હતી!" આ પાશ્ચાત્ય પંડિતો કશું સમજતા હોય કે ન હોય તોપણ આપણા દેશવિષે ગમે તેવું બોલી દેવાને ઝટ તૈયાર થાય છે!

યૂરોપીય વિદ્વાનો આપણા દેશના પ્રાચીન ગ્રંથોને કેવા સમજે છે? તે બાબતમાં અમે અત્યારે કાંઇક કહીએ છીએ.

અમને ખાત્રી છે કે, સંસ્કૃત સાહિત્યવિષે તેમણે જે લખ્યું છે; તેમણે વેદ, સ્મૃતિ, કાવ્ય, દર્શન, પુરાણ, ઇતિહાસ વગેરેનાં ભાષાંતરો, ટીકાઓ કે સમાલોચનાઓ વગેરે જે જે લખ્યું છે; તેને વાંચવા જેવું મહાપાપ સાહિત્યની સૃષ્ટિમાં બીજું કોઈ નથી અને આપણી મૂ-

બંતાને જાહેર કરનારો એવો સહેલો માર્ગ પણ બીજો કોઇ નથી. હાલ પણ અનેક ભારતવાસીઓ તેમના ગ્રંથો વાંચતા હોવાથી તેઓને જાગ્રત કરવા માટેજ આ અપ્રાસંગિક જેવી વાત અમે અહીં લખી છે.

આપણા સંસ્કૃત ગ્રંથોની સંખ્યા અગણિત છે; એમાંથી જેટલા ગ્રંથોનો પત્તો મળ્યો છે, તે સિવાય બીજા પણ નૂતન નૂતન અનેક ગ્રંથો પ્રકાશમાં આવતા જાય છે. સંસ્કૃત ગ્રંથોને મુકાબલે યૂરોપીય ગ્રંથોને મૂકી શકાય તેમ નથી. જેમ હાથીને મુકાબલે નાનો ગુર્ઝી કૂતરો, જેમ ગંગા, ગોદાવરી અને સિંધુને મુકાબલે પેલું ગ્રીક કવિઓનું વહાલું પર્વતનું ઝરણું; તેમ મહાભારત અને રામાયણને મુકાબલે યૂરોપના કાવ્યગ્રંથો સમજવા. વેદોની સંહિતાઓ બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, ગૃહ્યસૂત્રો,. શ્રૌત્રસૂત્રો, ધર્મસૂત્રો અને દર્શનો, તે સર્વ ઉપરનાં તેનાં ભાષ્યો, તેની ટીકાઓ, પુરાણો, ઇતિહાસો, સ્મૃતિઓ, કાવ્યો, અલંકારગ્રંથો, વ્યાકરણ, ગણિત, જ્યોતિષ, કોષો ઇત્યાદિ અનેક પ્રકારના સંસ્કૃત ગ્રંથો આજે પણ ભારતવર્ષમાં જળવાઇ રહેલા છે. આ બધા લિપિબદ્ધ, અપાર પ્રાચીન ગ્રંથસમુદ્રમાં કોઈ સ્થળે ઘુણાક્ષરન્યાયે પણ એવું લખેલું નથી કે પ્રાચીન આર્યોમાં સ્ત્રીઓ બહુ પતિ કરતી! છતાં પાશ્ચાત્ય પંડિતો એક દ્રૌપદીને પાંચ પતિ હોવાની કથા સાંભળી સિદ્ધાંત કરે છે કે, " પ્રાચીન ભારતવાસીઓમાં સ્ત્રીઓમાં બહુ પતિનો રિવાજ પ્રચલિત હતો ! " આ જાતિનો એક પંડિત (ફર્ગ્યુસન સાહેબ) કોઇ ભાગેલા મંદિરની કોતરણીમાં વસ્ત્રવિનાની સ્ત્રીની મૂર્તિ જોઇને કહે છે કે, "પ્રાચીન ભારતવાસી આર્ય સ્ત્રીઓ લૂગડાં પહેરતી નહિ! સીતા, સાવિત્રી, દ્રૌપદી, દમયંતી ઈત્યાદિ આર્ય સ્ત્રીઓ સસરો, સાસુ, પતિ, માતા, ભાઇભાંડુ વગેરે બધાંની પાસે નગ્નાવસ્થામાં હરફર કરતી !" આથીજ અમે કહીએ છીએ તે ખોટું નથી કે, " આવા પંડિતોના અનુવાદો વાંચવા જેવું મહાન પાતક સાહિત્યસંસારમાં બીજું કોઈ પણ નથી. "

ત્યારે દ્રૌપદીના પાંચ ધણીનું તાત્પર્ય શું ? એ વાતનો નિશ્ચય કરતાં પહેલાં એ વિચાર કરવાનો છે કે આ વાત તે ઐતિહાસિક છે કે કવિની કલ્પનામાત્ર છે ? ખરેખર દ્રૌપદીને પાંચ સ્વામી હતા કે માત્ર કવિની તે કલ્પનાજ છે ? અન્ય લેખમાં અમે સ્વીકાર કરેલો છે કે, મહાભારતને કેટલોક ઐતિહાસિક આધાર છે; પરંતુ તેની બધી કથા ઐતિહાસિક છે, એવું સિદ્ધ થતું નથી. એમાં સ્પષ્ટ રીતે પ્રક્ષિપ્ત ભાગ છે, એ વાત તો સ્વતઃસિદ્ધ છે; પણ દ્રૌપદીનું ચરિત્ર પ્રક્ષિપ્ત કહેવાય નહિ. દ્રૌપદીને લઇનેજ મૂળ મહાભારત છે, ત્યારે શું દ્રૌપદી યુધિષ્ઠિરની પટ્ટરાણી હતી ? એમ ન હોય તો તેને ઐતિહાસિક ગણી શી રીતે સ્વીકારી હશે ? તે શું પાંચ પાંડવોની રાણી હશે ?

દ્રૌપદીના પાંચ પતિસિવાય ભારતવર્ષના કોઇ પણ ગ્રંથમાં, આર્યોમાં સ્ત્રીઓના બહુ પતિના રિવાજનું દર્શન થતું નથી. સ્ત્રી વિધવા છતાં બીજો વિવાહ કરતી એવું પ્રમાણ મળી શકશે; પરંતુ કોઈ વખતે કોઇ સ્ત્રી અનેક પતિની સ્ત્રી થઇ હોય, એવું પ્રમાણ મળી શકતું નથી. કોઈના દેખવામાં આવ્યું કે ભોગજોગે કોઈ માણસને અકેક હાથે છ છ આંગળાં હોય, એટલે તેણે બન્ને હાથે મળીને બાર આંગળીઓ જોઇ હોય; વળી ક્યાંક કોઇ સ્ત્રીને આંધળું છોકરૂંજ અવતર્યું હોય, આવું કોઇ કોઇ દૃષ્ટાંત જોઇ કાંઇ એવો સિદ્ધાંત કરી શકાય નહિ કે, " મનુષ્યજાતિને હાથે બાર આંગળાં છે; અને મનુષ્ય આંધળાંજ જન્મે છે. " તેમજ માત્ર દ્રૌપદીના પાંચ પતિ જોઈ સિદ્ધાંત બાંધી શકાય નહિ કે, પૂર્વકાળમાં આર્યસ્ત્રીઓમાં બહુ પતિનો રિવાજ પ્રચલિત હતો. વળી મહાભારતમાં સ્પષ્ટજ છે કે, એવો રિવાજ હતોજ નહિ;

ત્યારે દ્રૌપદીસંબંધે આવો અલૌકિક વ્યાપાર કેમ બન્યો ? તેની હકીકત સમજાવવા માટે મહાભારતકારે પૂર્વજન્મે બનેલી અનેક જાતની અસંભવિત વાતોની ત્યાં ગોઠવણ કરી છે. સમાજમાં ક્યાંય બનેલું ન હોય તેવું અત્યંત નવું અયોગ્ય આચરણ કોઇ કરે તો તે અત્યંત લોકનિંદાનું કારણ બને, એમાં સંદેહ નથી; તો સમાજમાં ન હોય એવો રિવાજ (એક સ્ત્રીને બહુ પતિનો રિવાજ) પાંડવો જેવા લોકપ્રસિદ્ધ રાજપુરુષોમાં થવાની સંભાવના નથી, એટલે કોઈ કવિએ એ કથા કોઇએક તત્ત્વને સ્પષ્ટ કરવા ઘડી કાઢેલી છે, એમાં નવાઇ નથી.

ઘડી કાઢેલી કથાના જેવાં તેમાં અનેક લક્ષણો છે. દ્રૌપદીને પાંચ પતિથી એક એકજ ઔરસ પુત્ર થયો હતો. કોઇને પણ બે ત્રણ ઔરસ પુત્રો થયા નહિ ! ઔરસ કન્યાઓ થઇ નહિ; અને ઔરસ સંતતિમાં ઓછાવધતાપણું થયું નહિ ! વળી એ પાંચે પુત્રોમાંથી કોઈ રાજ્યાધિકારી થયું નહિ ! તે બધાય એકસાથે અશ્વત્થામાને હાથે મરણ પામ્યા. વળી તેમાંના કોઇનું પણ ક્યાંય કશું કાર્ય જોવાતું નથી. કુરુક્ષેત્રના યુદ્ધમાં બધા એકસાથે આવી યુદ્ધ કરી એકી વખતે ચાલ્યા ગયા છે. બીજે પક્ષે જોઇએ તો અભિમન્યુ, ઘટોત્કચ, બભ્રુવાહન વગેરેનાં કાર્યો વર્ણવેલાં હોઇને તેઓ જીવતા જેવા છે.

કોઈ પૂછશે કે, દ્રૌપદીના પાંચ પતિની વાત ઘડી કાઢેલી હોય અને દ્રૌપદી માત્ર એક યુધિષ્ઠિરનીજ રાણી હોય તો બીજા ચાર પાંડવો અવિવાહિત હતા ? એનો ઉત્તર ખરે કઠિન છે.

ભીમ અને અર્જુનનો તો બીજે સ્થળે વિવાહ થયો હતો એ આપણે જાણીએ છીએ; પરંતુ નકુળ તથા સહદેવનો બીજે સ્થળે વિવાહ થયો હોય એવી કથા મહાભારતમાં મળતી નથી,× પણ તે નથી મળતી તે પરથીજ એવો સિદ્ધાંત થાય નહિ કે તેમનો બીજે સ્થળે વિવાહ થયો ન હતો. મહાભારતમાં મુખ્યત્વે પહેલા ત્રણ પાંડવો અર્થાત્ યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનનુંજ ચરિત્ર છે. છેલ્લા બે પાંડવો તેમની છાયામાત્ર હોઇને કેવળ તેમની સાથે રહીને કામ કરતા દેખાય છે, તેમનો અન્ય વિવાહ થયો હોય તોપણ, તેનું ખાસ પ્રયોજન નહિ હોવાથી મહાભારતકાર તેમને છોડી પણ દઈ શકે.

જો દ્રૌપદીના પાંચ પતિની વાત કવિનીજ કલ્પના સમજીએ તો શા હેતુએ કવિએ આવી વિસ્મયકારક કલ્પનાનો આશરો લીધો હોય ! કોઇ ગૂઢ અભિપ્રાય ન હોય તો આવા કુટીલ પંથે કવિ જાય શામાટે ? એમાં તેનો અભિપ્રાય શો ? તેનું નિગૂઢ તત્ત્વ આપણે વિચારીએ.

એ તત્ત્વ વિચારતાં પહેલાં કોઈ ચતુર અને શ્રદ્ધાળુ માણસનું એક વચન અમે ટાંકીએ છીએ. એ વચન અમે પ્રગટ કરેલા કૃષ્ણચરિત્રને ઉદ્દેશીને એક વિદ્વાને કહેલું છે.

" શ્રીકૃષ્ણે મનુષ્યશરીર ધારણ કરીને આ લોકમાં આચરણ કર્યું છે," આ વાતનો અમે પણ સ્વીકાર કરીએ છીએ; પરંતુ મહાભારત રચ્યા પહેલાંથીજ શ્રીકૃષ્ણને અમાનુષી ઈશ્વરી શક્તિવાળા લોકો માનતા હતા, તે પણ પ્રમાણવાળું જણાય છે. અમને સમજાય છે કે, મહાભારત રચવામાં રચનારના મનમાં કર્મકાંડનું વિવેચન, વેદનું વિવેચન વગેરે અનેક ઉદ્દેશો હોવા છતાં અર્જુન અને સુભદ્રાને નમુનેદાર સ્ત્રીપુરુષરૂપે વર્ણવવાં એ પણ તેમનો મુખ્ય ઉદ્દેશ જણાય છે. વળી "ઇશ્વરમાં અચળ ભક્તિ અને દઢ વિશ્વાસ એજ આદર્શ પુરુષોનું સ્વાભાવિક બળ છે;" તે પણ દેખાડવા માટે નરોત્તમ શ્રીકૃષ્ણને મહાભારતમાં ગુંથી તેમની ઇશ્વરી શક્તિને મૂર્તિમાન કરવાનો પ્રયાસ કરેલો છે. એવી ઈશ્વરી શક્તિ કોઇ માનુષી પાત્રમાં કોઈ

× સસ્તા સાહિત્ય તરફના મહાભારતના છેવટના સાતમા ભાગમાં પૃષ્ટ ૬૨૭ માંથી તો એમજ જણાય છે કે, એ દરેક ભાઇને પણ પત્ની હતી.

કવિથી કદી ધારણ કરાવાય નહિ. આદિકવિ વાલ્મીકિએ પણ એવી ઇશ્વરી શક્તિ રામમાં દર્શાવવા યત્ન કર્યો નથી. મહાભારતકારે તેવો પ્રયત્ન કર્યો છે, અને તેમાં યથાશક્તિ સફળતા પણ મેળવી છે. આથીજ મહાભારતનો ગ્રંથ પાંચમા વેદને નામે ગણાયો છે. આ ઇશ્વરી શક્તિનું નામ "નિર્લેપતા" છે. શ્રીકૃષ્ણ મનુષ્યરૂપે નિર્લેપ છે.

આ નિર્લેપતા તે વૈરાગ્ય નહિ. અમે એનો મર્મ જે સમજીએ છીએ તે ગીતાનો એક શ્લોક ઉતારી સમજાવીએ છીએ.

रागद्वेषवियुक्तैस्तु विषयानिंद्रियैश्चरन्। आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

(ગીતા અ૦ ૨ શ્લો૦ ૬૪)

"રાગદ્વેષરહિત અને મનને વશ થયેલી ઇંદ્રિયોદ્વારા વિષયોના ઉપભોગ કરતો સંયતાત્મા પુરુષ શાંતિ મેળવે છે."

આ રીતે નિર્લેપતા અથવા અનાસક્તિ સ્પષ્ટ દર્શાવવામાટે હિંદુ શાસ્ત્રકારોએ એવી યુક્તિ ગ્રહણ કરી છે, કે નિર્લેપ અથવા અનાસક્ત પાત્રને ઇંદ્રિયોના ઘણાક વિષયોમાં વિંટે છે; એટલાજ માટે મહાભારત પછીના પુરાણલેખકોએ નિર્લેપ શ્રીકૃષ્ણને અગણિત સુંદરીઓ વચ્ચે ગોઠવેલ છે, અને તે માટેજ તાંત્રિકોના સાધનક્રમમાં બધી ઇંદ્રિયભોગ્ય વસ્તુઓનો ઉપયોગ ગોઠવેલો છે. જેઓ એ તમામમાંથી યથેચ્છ ગતિ કરીને પણ તેમાં આસક્તિવાન થાય નહિ, તેજ નિર્લેપ કહેવાય. દ્રૌપદીને બહુ સ્વામી પણ એટલાજ માટે કલ્પેલા છે. "દ્રૌપદી સ્ત્રીજાતિમાં ધર્મની મૂર્તિ છે; અને તેને આસક્તિવિનાની ચીતરવી" એ કવિનો ઉદ્દેશ હોવાથી તેને તેવી ચીતરી છે, તેથીજ ગણિકાની પેઠે બહારથી પાંચ પુરુષોએ વિંટાયેલી છતાં પણ દ્રૌપદી સાધ્વી છે. પાતિવ્રત્યની આ પરાકાષ્ઠા છે. દ્રૌપદીની નજરે પાંચ પતિ પણ એકજ પતિરૂપ છે. ઉપાસનાની માત્ર એકજ વસ્તુ છે, અને ધર્માચરણનું એ એકજ અભિન્ન લક્ષ્ય છે. જેમ સ્વાભાવિક ધર્માત્માની પાસે અનેક દેવો પણ માત્ર એક ઇશ્વર છે, તેમ આસક્તિરહિત દ્રૌપદી પાસે પાંચ સ્વામી પણ ધર્માચરણનું માત્ર એકજ સ્થળ છે. તેને તેઓમાં પક્ષાપક્ષ કે ભેદાભેદ નથી. તે પોતાના ગૃહસ્થાશ્રમના ધર્મમાં નિષ્કામ, નિશ્ચળ અને નિર્લેપ હોઇને કર્તવ્યકર્મમાં તત્પર છે. એજ દ્રૌપદીચરિત્રમાં રહેલી ખરેખરી ખુબી છે. આવો ધર્મ બહુજ મુશ્કેલ હોવાથી મહાભારતકારે મહાપ્રસ્થાન પર્વમાં તે દર્શાવેલ પણ છે. ત્યાં લખ્યું છે કે, દ્રૌપદીને અર્જુન ભણી જરાક પક્ષપાત હતો. તેના પાપે તે સશરીર સ્વર્ગારોહણ કરી શકી નહિ અને રસ્તામાં સૌથી પ્રથમ મરણ પામી!

હવે સમજી શકાશે કે, "દ્રૌપદીને તેના પાંચે પતિના પેટનો માત્ર એક એક પુત્રજ શામાટે?" હિંદુશાસ્ત્ર પ્રમાણે તો પુત્રોની ઉત્પત્તિ ધર્મરૂપ છે, ગૃહસ્થાશ્રમીઓએ તેમાં અપ્રીતિ બતાવવી એ અધર્મ છે. પુત્ર ઉત્પન્ન થતાં વિવાહની સફળતા છે, ન થતાં ધર્મ અધુરો રહે છે; પરંતુ ધર્મનું જે પ્રયોજન તે એક પુત્રથીજ સિદ્ધ થાય છે, એકથી વધારે પુત્રોની ઉત્પત્તિ ધર્મકાર્યમાં નિષ્પ્રયોજન હોઈ ઇંદ્રિયતૃપ્તિનુંજ પરિણામ છે. જોવાય છે કે દ્રૌપદી ઇંદ્રિયસુખ માટે નિર્લેપ હતી. ધર્મનું પ્રયોજન સિદ્ધ થતાં સ્વામીઓ સાથેનો તેનો ઇંદ્રિયસંબંધ બંધ પડયો હતો. સ્વામીના ધર્મકાર્યમાટે દ્રૌપદીએ એક એક પુત્ર બધા સ્વામીથી ગર્ભમાં ધારણ કર્યો હતો, પણ તે પછી નિર્લેપતાને લીધે બીજાં સંતાનો તેણે ગર્ભમાં ધારણ કર્યાં ન હતાં. કવિની કલ્પનાનું આ તાત્પર્ય છે.

આ બધી કથાનું તાત્પર્ય સાંભળી કોઇ સમજે કે, "જે સ્ત્રી અનાસક્તિ ધર્મ ગ્રહણ કરે, તે પાંચ છ પુરુષોને પણ સ્વામીરૂપે વરી શકે" તો તેમ સમજવાનું નથી. આ કથાનું

તાત્પર્ય એટલુંજ છે કે, "જેની ચિત્તશુદ્ધિ થઇ છે તે મહાપાપમાં પડે તોપણ પાપ તેને સ્પર્શ કરી શકે નહિ. દ્રૌપદીના અદૃષ્ટમાં જે હતુ તે બન્યું. સ્ત્રીઓને માટે એવું મહાપાપ બીજું કશુંજ નથી; પરંતુ દ્રૌપદીની ચિત્તશુદ્ધિ થઇ હતી, એટલેજ તે મહાપાપમાં પણ ધર્મમાં વિજયવતી થઇ હતી."

દ્રૌપદી ધર્મબળને લીધે અત્યંત દર્પવાળી હતી; તેનો એ દર્પ કદી કદી ધર્મને ઓળંગી જતો! એ દર્પની સાથે એના ઇંદ્રિયજયને કશોજ વિરોધ ન હતો; પરંતુ તેનામાં નિષ્કામધર્મ બધાં અંગો સાથે સંપૂર્ણતાને પામ્યો હતો કે નહિ? તે જૂદી વાત છે.

શું દ્રૌપદીને પાંચ પતિ હતા? ×

આ લેખની જન્મકથા તથા લેખકના બે બોલ

ઇ. સ. ૧૯૧૩ ના મે માસમાં જ્યારે આ લેખક લાહોર ગયો, ત્યારે તેના હાથમાં લાલા સુખરામદાસ ચૌહાણુલિખિત આ લેખના વિષયનું એક નાનું પુસ્તક આવ્યું. પુસ્તક વાંચતાં તે ગમ્યું અને બીજેજ દિવસે તેના કર્ત્તાને મળી કેટલાક ફેરફાર સાથે તેનો અનુવાદ કરવાની પરવાનગી માગી. તેમને બતાવવામાં આવેલી કેટલીક ત્રુટિઓ કબૂલ કરતાં લાલા સુખરામદાસજીએ પૂર્ણ નિઃસ્વાર્થતાથી તે પવિત્ર માગણી મંજુર કરી; એટલુંજ નહિ પણ પોતાના પુસ્તકનું ખંડન કરનારને તેમણે જે રૂ. ૫૦૦) નું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું, તે ઇનામ પોતાની તરફથી આ લેખકના પુસ્તક સારૂ પણ આપવાની તેમણે ઉદારતા બતાવી.

મુંબઇ આવી આ લેખકે તે ભાષાંતર જોઇતા ફેરફાર કરી, તયાર કર્યું; અને તેના પ્રકાશનની જાહેરખબર પણ છપાવી, પરંતુ લાલાજીના પુસ્તકમાં એક ખાસ જે ખામી હતી તે દૂર કરવાની જરૂર જણાઇ. તે ખામી એ હતી કે લાલાજીએ માત્ર મહાભારતનાં જુદાં જુદાં ભાષાંતરોપરથીજ બધી મદાર બાંધેલી; અને મૂળ સંસ્કૃત બે–ચાર શ્લોકો આપેલા તે પણ અશુદ્ધ અને સ્થાને–અસ્થાને હતા.* તે ખામી દૂર કરવા લેખકે મુરાદાબાદની રામકૃષ્ણ કું. નું હિંદી તથા અંગ્રેજી ભાષાંતર સાથેનું મૂળ આખું મહાભારત તેમજ બીજું પણ એક મહાભારત મંગાવ્યું, પણ તેથીયે સંતોષ થયો નહિ; કારણ કે તેમાંના શ્લોકોપર તથા અનુવાદપર બહુ આધાર રાખી શકાય તેમ નહોતું. આથી એનું પ્રકાશન ખોળંભે પડયું.

પરંતુ સમય પોતાનું કાર્ય કરતો હતો. એક દિવસ આ લેખકના એક મિત્રે બાળાઓને બોધદાયક થઈ પડે તેવું કાંઇક લખાણ છપાવવા ધાર્યું. તેની અસલ પ્રતમાં અન્ય સતીઓનાં નામો ભેગું દ્રૌપદીનું નામ પણ હતું; પરંતુ અન્ય એક સતીનું નામ નાખી તેણે દ્રૌપદીનું નામ કાઢી નાખ્યું, અને કારણ પૂછતાં તેના પંચપતિત્વને લીધે તેના સતીત્વ તરફ શંકા બતાવી. આથી આ લેખકની ભાવના પાછી જાગ્રત થઇ અને તેણે પાછું એ કામ હાથ ધર્યું; કારણ કે મૂળ તો રામાયણ અને મહાભારતપર આ લેખકનો પ્રેમ વિશેષ, અને બીજું આ પ્રસંગથી તેના મનમાં વધુ ચટપટી લાગી. લાલા સુખરામદાસના પ્રસંગમાં પણ એમજ

× આજ નામની એક ચોપડી શ્રીયુત મગનલાલ માણેકલાલ ઝવેરીએ તૈયાર કરીને ઇ. સ. ૧૯૧૬ માં પ્રસિદ્ધ કરેલી તેનો આ ઉતારો છે. સંપાદક

* એનું કારણ એ જણાયું કે, લાલાજીએ એ પુસ્તક ઉર્દૂમાં લખી કોઇ પાસે હિંદીમાં તેનો અનુવાદ કરાવેલો અને તેથી એવી ભૂલો રહી ગયેલી.

અનેલું. તે "રાજપૂત ગેઝેટ" નામના એક ઉર્દુ પત્રના સંપાદક છે. આથી એક પ્રસંગે ઇટાવાનિવાસી મૌલવી મહમદહુસેન આઝાદે તેમની વિરુદ્ધ જ્યારે એવું લખી મ્હેણું માર્યું કે, "રાજપૂતોની નીતિ અને સભ્યતાનો ખ્યાલ કરવો હોય તો દ્રૌપદી અને પાંડવોનો ઇતિહાસ જુઓ." ત્યારે ઉક્ત લાલાજીને બહુ લાગી આવ્યું અને તેમણે સંશોધન કરી સૌથી પ્રથમ દ્રૌપદીને નિષ્કલંકિત જાહેર કરી તથા પોતાના પુસ્તકનું ખંડન કરનારને રૂ. ૫૦૦) ઇનામના આપવાનું જાહેર કર્યું; જેનો લાભ લેવા બીજું કોઇ તો ઠીક, પણ ખુદ ઉક્ત મૌલવીએ પણ આજ દિનસુધી હિંમત કરી નથી! મતલબ કે, ઘણીવાર આવા આકસ્મિક પ્રસંગોથી ઘણાં સારાં પરિણામ આવે છે; અને આ લેખનું પ્રકાશન પણ, ઉપર કહ્યા મુજબ તેવાજ એક પ્રસંગને અભારી છે. નવાઇ માત્ર એટલીજ લાગે છે કે મહાભારતાદિ ગ્રંથોમાંથી મળી આવતા નિયોગનો ઉલ્લેખ કરવા સારૂ જ્યારે બિચારા સ્વામી દયાનંદની પીઠ–તેના સ્વધામ સિધાવ્યા બાદ પણ–લાલ કરવા, કહેવાતા સનાતન હિંદુ ધર્માભિમાનીઓ ચૂકતા નથી; ત્યારે સદીઓ થઇ જવા છતાં, અને દુનિયાની કોઇ પણ **સુધરેલી** પ્રજાના—ખાસ કરીને આર્યોના—ઇતિહાસમાંથી એના જેવું એકે ઉદાહરણ ન મળવા છતાં, કોઇ ધર્મચુસ્ત હિંદુનું દ્રૌપદીના આ કહેવાતા પંચપતિત્વ તરફ લક્ષજ ગયું નથી!

ઇ. સ. ૧૯૧૫ ના એપ્રીલમાં ઉપર કહેલા સંજોગો વચ્ચે પાછું એ કામ હાથ ધર્યું; અને "મરાઠી ગ્રંથ સંગ્રહાલય" માંથી રા. કાશીનાથ વામન શાસ્ત્રી લેલે કૃત મરાઠી અનુવાદસહિત મૂળ મહાભારતનું આદિપર્વ લાવી ખાસ દૃષ્ટિથી એ પ્રસંગનું વાંચન શરૂ કર્યું. તે વાંચતાં ઘણાક નવી દલીલો સૂઝી, તેથી તૈયાર કરેલું ભાષાંતર આખું રદ કર્યું; અને છેક નવેસરથી, નવી પદ્ધતિથી, લખવા માંડયું. તેમ કરવાનું બીજું એક કારણ એ હતું કે, આજ લેખકના પ્રથમ પુસ્તક (અનુવાદ) "રામાયણનું રહસ્ય"ની સમાલોચના કરતાં સુપ્રસિદ્ધ વિદ્વાન્ શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ "સત્ય" માસિકદ્વારા એવી સૂચના કરી હતી કે, નવા વિચારો રજુ કરનારાં પુસ્તકો, બંકિમબાબુએ પોતાના "કૃષ્ણચરિત્ર" માં કર્યું છે તેમ, અમુક નિયમો પ્રથમ નક્કી કરી, લખવાં. એ કિંમતી સૂચના લક્ષમાં આણી આ લેખની ઇમારતનો પ્લાન બંકિમબાબુના પ્લાનમુજબજ ચિતર્યો; અને મજકુર બાબુએ સ્વીકારેલાજ બે નિયમો પાયાતરીકે લીધા. જો કે આ લેખક તે નિયમોનું યથાર્થ પાલન નહિ કરી શકયો હોય, તોપણ નિયમોરૂપી એ પાટાઓપરથી દલીલોરૂપી ટ્રેનોને દોડાવવી તેને બહુ સ્હેલી થઇ પડી છે; અને તે સારૂ મુરબ્બી કૃષ્ણલાલનો તેમની મહત્ત્વની સૂચના સારૂ ઉપકાર માનતાં અન્ય લેખકોને પણ એજ પદ્ધતિએ કામ લેવાની તે ભલામણ કરે છે.

મૂળ પુસ્તકે આ લેખકના હૃદયમાં પ્રસ્તુત વિષયનું બીજ રોપ્યું, તે સિવાય તે પુસ્તકનું આ લેખ સાથે વધુ સગપણ નથી, એની ખાત્રી તો જેમણે એ હિંદી પુસ્તક જોયું હશે, અથવા મંગાવીને જોશે, તેમને થયાવિના રહેશે નહિ. એક પ્રકરણ તો શું, પણ એકે પેરેગ્રાફ પણ મૂળ હિંદી પુસ્તકમાંથી જેમનો તેમ ઉતારવામાં આવ્યો નથી; તોપણ લાલા સુખરામદાસજીએ બતાવેલી કૃપા સારૂ આ લેખક તેમનો ઓછો આભારી નથી.

આ લેખ પ્રકટ કરવાપૂર્વે આ લેખકે રામાયણ–મહાભારતાદિના સમર્થ વિદ્વાન રા. બા. ચિંતામણરાવ વિનાયક વૈદ્ય જોડે કેટલોક પત્રવ્યવહાર કરેલો. તેમનો મત જોકે આ લેખકના મતની વિરુદ્ધ પડયો છે ખરો, છતાં તેમના મતનું નિરીક્ષણ પ્રસ્તુત લેખમાં કેટલેક સ્થળે કરવાનો તેથી લાભ મળ્યો છે. રા. બા. વૈદ્યે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી આ લેખકના પત્રોના વિસ્તારપૂર્વક ઉત્તર આપવાની જે કૃપા કરી છે, તેને સારૂ તે તેમનો ઋણી છે. આ તકે જણાવવાને શોક થાય છે કે, મહાભારતના મહારાષ્ટ્રીય ખાસ અભ્યાસી,

“ કેસરી ” પત્રના એક ઉપતંત્રી, રા. દત્તાત્રય ગોવિંદ લિમયે બી. એ. તથા આ લેખકના મિત્ર, સુપ્રસિદ્ધ વિદ્વાન્ અને સંશોધક—રા. ત્ર્યંબક ગુરુનાથ કાળે, પોતાના જ્ઞાનનો લાભ આ વિષયમાં આ લેખકને આપ્યા પૂર્વેજ આ દુનિયા છોડી ગયા છે. રા. કાળેની જોડીનો વિદ્વાન અને દીર્ઘપરિશ્રમી આખા મહારાષ્ટ્રમાં હાલ જણાતો નથી, એટલુંજ તેમને વાસ્તે કહેવું બસ થશે. હિંદની અંદર આવાં રત્નોને સાહિત્યસેવાથી પોતાનું ગુજરાન ચલાવવાની નિશ્ચિંતતા હોતી નથી, એ દેશની એક કમનસીબી છે; નહિ તો રા. કાળે તરફથી સાહિત્ય-સેવાનો ઘણોજ વધારે મોટો ફાળો મળી શકયો હોત.

આ વિષે–એક સિવાય–કોઈ ગુર્જર વિદ્વાનનો મત જાણવાનો આ લેખકે પ્રયત્ન કર્યો નથી; કારણ કે કમનસીબે પ્રથમ તો ગુજરાતી વિદ્વાનોમાં પ્રાયઃ સંશોધકવૃત્તિનો અને સ્વતંત્ર વિચારકલ્પના બાંધવાનો અભાવ જણાઇ આવે છે; અને બીજું, રામાયણ–મહાભારત જેવાં પ્રાચીન ઐતિહાસિક ગ્રંથોનું વાંચન–પરિશીલન કરવાનું તેઓ પ્રાયઃ ઉચિત ધારતા નથી; તેમ જે એકજ ગુર્જર વિદ્વાનને પત્ર લખ્યો હતો,તેમણે પણ ઉત્તર વાળવાનું ઉચિત ધાર્યું નથી! આશા છે કે અન્ય ગુર્જર વિદ્વાનો, પોતાને આવી તસ્દી ન આપવા બદલ રાજી થશે તથા આ પ્રમાદ અને સ્પષ્ટોક્તિ સારૂ, પોતાની તરફ જોઇ, ભવિષ્યમાં કેવળ ભાષાની નજીવી બાબતો સાથે હોળી રમવામાંજ કર્તવ્યની ઇતિશ્રી ન માનતાં આ લેખકપર ક્રોધાગ્નિની વર્ષા કરવાનું ઉચિત ધારશે નહિ. આશા છે કે કોઇ ગુર્જર વિદ્વાનને અન્યાય થયો હોય તો તે પોતાની મેળે બહાર આવી, આ વિષયપર વિશેષ અજવાળું નાખી, લેખકને તથા વાંચક પ્રજાને ઉપકૃત કરશે.

× × × × ×

આ લેખનો વિષય નવીન છે અને તેનો લેખક પણ સ્વતંત્ર લેખરચના કરવામાં નવીન છે. આથી સંભવિત છે કે એમાં અનેક દોષો રહી ગયા હશે, પણ તે તરફ દુર્લક્ષ કરી, લેખના આશયપર નજર રાખી, એ વાંચવાની દરેક વાંચકને નમ્ર પ્રાર્થના છે.

વાંચકોના કરકમળમાં ઉપલી હકીકત તથા વિનતિ સાથે આ લેખ સ્થાન લે છે. તેને પ્રેમ અને ગૌરવથી છાતીસરસો લગાડવો કે દુરાગ્રહથી યા બીજે કારણે તેનો તિરસ્કાર કરવો, એનો અધિકાર તો इदं वाचकेभ्यः इदन्न मम। *

દ્રૌપદી તરફનું ફરિયાદનામું

હે ભારતવર્ષીય આર્યજનો !

મહાભારત ગ્રંથ ત્રેવડા સ્વરૂપનો છેઃ–(૧) ઐતિહાસિક, (૨) ધાર્મિક અને (૩) સાંસારિક. જનસમાજની નીતિરીતિપર એની બહુ લાગવગ છે; કારણકે આર્યપ્રજાના જીવનમાંની નાનામાં નાની પણ કોઇ બાબત એવી નહિ જણાય, કે જેનો ધર્મની સાથે કાંઇ સંબંધ નહિ હોય ! આથી ઉપર જણાવેલી ત્રણે રીતે મારે આજનો મારો કેસ લડવાનો છે. એ ગ્રંથ અતિ મહત્ત્વનો અને અતિ વિસ્તારવાળો હોવાથી, તેમજ આર્યપ્રજાની પ્રાચીન સંસ્કૃતિનું એ એક ઐતિહાસિક કાવ્ય હોવાથી, તેના અમુક ખાસ પ્રસંગો પ્રથમ છૂટા છૂટા લેવાય તો સારૂં, એમ જાણી આજે મેં તેમાંનો એક પ્રસંગ હાથ ધર્યો છે. ઇશ્વર અનુકૂળતા આપશે તો બીજા પ્રસંગો હાથ ધરવા વિચાર છે. વળી મારી એવી દૃઢ માન્યતા થઈ ગઈ છે કે મહારાજા સુયો-

---

* **સૂચના:**–આ લેખમાં જ્યાં જ્યાં આદિપર્વનો ઉલ્લેખ હોય તે તે શ્લોક અને સંખ્યા લેલે શાસ્ત્રીવાળા મહાભારતનાં સમજવાં; તથા અન્ય પર્વોનો ઉલ્લેખ હોય તે મુરાદાબાદવાળી રામકૃષ્ણ કું૦ ના મહાભારતનાં સમજવાં.

ધનને ચીતરવામાં આવ્યો છે, તેટલો તે નીચ કે કુકર્મી નહોતો; કારણ કે દુશ્મનને બને તેટલો કાળો ચીતરવાનો તો મનુષ્ય-સ્વભાવજ પડી ગયો છે! ઇશ્વર-ઇચ્છા હશે તો મહારાજા સુયોધનની પણ વકીલાત કરવા આપનો આ નમ્ર સેવક પોતાની બધી દલીલો સાથે કોઇ દિવસ આપની સમક્ષ ઉભો રહેશે!

ઇતિહાસ એક સાક્ષીદાર છે અને સાક્ષીદારના સંબંધથી મહાભારત ગ્રંથ આર્ય જનતાના ન્યાયાસનસમક્ષ ઉભો રહી આજ કેટલીક શતાબ્દિઓથી—જેમ શ્રીમદ્ભાગવત શ્રીકૃષ્ણચંદ્રની વિરુદ્ધ ગોપીઓ સાથેના વ્યભિચાર આદિ કલંકની સાક્ષી આપે જાય છે તેમ—સતી દ્રૌપદી સામે પંચપતિત્વની સાક્ષી આપે જાય છે; અને 'બાપ-દાદાના વખતથી એવુંજ મનાતું આવ્યું છે' એવો વિચાર મનમાં આણી એ વિષયપર ખાસ વિચાર કરવાની કોઈ તસ્દી લેતું નથી; તેમ શાસ્ત્રદૃષ્ટિએ પણ કોઇએ એ ચમત્કારિક વાતનું નિરીક્ષણ કર્યું નથી; કારણ કે તેમ કરતાં તો, અપરોક્ષ રીતે, शास्त्राद् रूढिर्बलीयसी નો સિદ્ધાંત છેક નિરૂત્સાહિત કરે છે—જો કે બહુપતિત્વની બાબતમાં તો રૂઢિદેવીની જય પણ જણાતી નથી!

આર્યસંતાનો! આજે હું આપ સમક્ષ સતી દ્રૌપદીના વકીલતરીકે, પંચપતિત્વની બાબતનું વકીલાતનામું લઇ ઉભો રહું છું; અને આપનું લક્ષ એ અતિ અગત્યની બાબતપર ખેંચવા ચાહું છું. આપને આ કેસમાં સદસ્યોનું અથવા અર્વાચીન ભાષામાં કહેતાં 'જ્યૂરી'નું કામ કરવા સારૂ આવાહન કરેલું છે; પરંતુ આજે મારે આપની સાથે જરા વધુ છુટ લેવાની જરૂર પડશે. જો કે હું જે બાબત આપને જણાવનાર છું, તે બાબતથી આપ અજાણ તો નથીજ; છતાં તે તાજી કરવાની મને અત્યંત જરૂર જણાય છે. મારે આપને માત્ર મહાત્મા વિદુરે ટાંકેલા તે શબ્દો યાદ દેવડાવવાના છે, કે જે તેણે કૌરવોની દ્યૂતસભામાં પ્રલ્હાદપુત્ર વિરોચન અને સુધન્વાનું આખ્યાન કહી ટાંક્યા હતા. તે શબ્દો મહાત્મા કશ્યપજીની અમૃતપ્રસાદી છે, અને તે આ છેઃ—" જે કોઈ જાણવા છતાં પ્રશ્નનો ઉત્તર ન આપે, તેનો આત્મા વરુણના સહસ્રપાશોથી બંધાઇ જાય છે; આથી જે સત્યવાદી છે, તે સદૈવ સત્યજ કહી દે છે.........(અને ન્યાયાસનપર બેસી ખોટું બોલવાથી જેટલું પાપ થાય છે તેટલું બીજી કોઇ રીતે થતું નથી.)

જે સભામાં ધર્મની વાતને અધર્મની વાતોથી ભળતીજ તરફ ઘસડી લઇ જવામાં આવે છે, તે સભાના સભાજનો પાપના ભાગી થાય છે; એટલુંજ નહિ પણ ખોટી વાતને ખોટી ન કહેવાના કારણસર સભાપતિને અર્ધું, અપરાધીને પા અને આપ જેવા સદસ્યોને પણ પા પાપ લાગે છે." આ કશ્યપવચનો પણ આપની ધ્યાન બહાર તો નહિજ હોય.+

આ પૂર્વેના સર્વે સદસ્યોએ ન્યાયની ખરી રીત છોડી, સાક્ષીદારની ઉલટતપાસ (ક્રૉસ-એક્ઝામીનેશન) ન કરતાં કેવળ આંખો મીંચીને સાક્ષીદારે જે કાંઇ કહ્યું તે બ્રહ્મવાક્ય સમજી દ્રૌપદી અને પાંડવોપર પંચપતિત્વ અને સમ્મિલિત સ્ત્રી કરવાના આરોપો મૂક્યા છે. સાક્ષીને શું? તેને એકવાર ખબર પડે કે તેની ઉલટતપાસ થનાર નથી, તો તે નિર્ભય થઇ જેમ ફાવે તેમ ઠોકવા મંડી પડે! સાક્ષીઓના ધર્મ જણાવતાં કશ્યપ મહામુનિએ એજ પ્રસંગે કહ્યું છે કે, "જે સાક્ષી થઇને દૂધ અને દહીં બેઉમાં પગ રાખી યથાર્થ કહેતો નથી, તેનો આત્મા પણ વરુણના સહસ્ર પાશોથી બદ્ધ થઇ જાય છે." એ નિયમે જોતાં નીચે જે ચાર-પાંચ ઉદાહરણો આપ્યાં છે, તેથી જણાશે કે સાક્ષીઓ કેવા પ્રકારની જુબાની આપી ગયા છે; તેમજ તેપરથી, 'મને ઘોર અન્યાય થયો છે' એમ જે મારૂં કુળ કહે છે, તેની

+ સભાપર્વ-અ૦ ૬૭, શ્લોક ૭૪-૮૦

સત્યાસત્યતા પણ આપને પ્રતીત થશે. વળી એથી એવા સાક્ષીઓપર બીલકુલ ભરોસો ન રાખવાનું પણ આપને સલામતીભર્યું લાગશે. આ 'દોઘલા' (બેઉ બાજુનું કહેવાવાળા) સાક્ષીઓ શું કહે છે, તે હવે જુઓઃ—

ખાંડવવન બાળ્યા પછી ૬૫ વર્ષે[1] મહાભારતનું યુદ્ધ થયું એ પણ ખરૂં; અને તે ૩૩ વર્ષે[2] થયું એ પણ ખરૂં! પાંડવોએ અજ્ઞાતવાસમાં જતાં શમીવૃક્ષપર પોતાનાં શસ્ત્રો રાખ્યાં અને લોકોનો ઉપસર્ગ ન થાય તે સારૂ ઝાડપર એક પ્રેત બાંધ્યું એ પણ ખરૂં;[3] અને પ્રેત ન બાંધતાં હથિયારોનો ગાંસડોજ એવી રીતે બાંધ્યો કે તે પ્રેત જેવો દેખાય એ પણ ખરૂં![4] નકુળ અને દ્રૌપદી કાળાં અને ભીમ ગોરો એ પણ ખરૂં; અને ભીમ કાળો તથા નકુળ-દ્રૌપદી ગોરાં એ પણ ખરૂં! અને અર્જુનના રંગ તો ઘડીયે ઘડીયે પલટે છે! કદાચ તેથીજ તેણે અર્જુન અને કૃષ્ણ એવાં બે નામ રાખ્યાં હશે! ભીમે દુઃશાસનને મારી તેનું લોહી પીધું એ પણ ખરૂં, અને લોહી પીધાનો ભાવ ભજવ્યો એ પણ ખરૂં!

કહો, ત્યારે શું આવા સાક્ષીઓપર તમે જરાયે ભરોસો રાખી શકશો? વળી છેક ખોટા સાક્ષીઓની તો ગણના આપણે કરીજ નથી! મારે આપને ફરી જણાવવું જોઇએ કે સદસ્ય હોવાને લીધે આપનાપર મોટી જવાબદારી રહેલી છે; કારણ કે આજના કેસપર કેવળ દ્રૌપદીનીજ નહિ, પણ સર્વે પાંડવો અને તેમની માતાનો તથા તેદ્વારા આખી ક્ષત્રિય પ્રજા, તેને લીધે બધા પ્રાચીન આર્યો અને એકંદરે આખી પ્રાચીન સભ્યતાની લાજનો સવાલ અવલંબી રહેલો છે. આથી કોઇ પણ વ્યક્તિ કે બનાવની શરમમાં ઝંખવાઈ ન જતાં જે ખરૂં જણાય તેજ કહેવાની આપની ફરજ આપ વિચારશો. વળી આપના ચુકાદાપર આર્ય-સાહિત્યનો ભાવિ આયુષ્યક્રમ અવલંબી રહેલો હોવાથી સાહિત્ય સ્વતંત્ર અને કેવળ સત્યાનુજીવી રહે કે પરતંત્ર અને સત્તાનુભવી રહે તેનો પણ નિર્ણય થવાનો છે. ઈતિહાસ-શાસ્ત્રનું જીવિત પણ તેપર અવલંબિત છે.

અહીં મારે એક બીજી વાત પણ જણાવવી જોઇએ. કોર્ટમાં સાક્ષીને જેમ તેના ધર્મ-ગ્રંથના સોગંદ સાચેસાચીજ હકીકત કહી દેવા સારૂ આપવામાં આવે છે, તેમ વકીલને સાચીજ બાબતની વકીલાત કરવાના અને ન્યાયાધીશને સાચોજ ચુકાદો આપવાના સોગંદ આપવામાં આવતા નથી. ન્યાયાધીશ અને વકીલને માત્ર આટલીજ સગવડ નથી, પણ તેઓ પક્ષકારોવિષે ગમે તેવા કટાક્ષો કરે, તો તેમને તેમ કરતાં અટકાવનારી 'ઇંડિયન પીનલ કોડ'ની કોઇ કલમ નથી! સોગનપર ખોટી જુબાની આપવા સારૂ સાક્ષીઓપર કેસ માંડવામાં આવ્યા હશે, તેમને શિક્ષા પણ કરવામાં આવી હશે; પરંતુ ખોટી વકીલાત કરવાસારૂ વકીલોને કે ખોટા ચુકાદા આપવા સારૂ ન્યાયાધીશોને કંઇપણ શિક્ષા થયેલી સાંભળવામાં નથી આવી! વકીલો અને ન્યાયાધીશોના આ વિશેષ લાભને હાનિ પહોંચાડવાના હેતુથી નહિ, પણ આ કેસના ખરાપણાની વિશેષ સાબિતી દાખલ, હું એક વકીલતરીકે ખોટી ફરિયાદ લાવવાનો અને પ્રતિપક્ષને ખોટી રીતે ઉતારી પાડવાનો મારો હક્ક પણ આ તકે ત્યજી દઇ, મારા અન્ય વ્યવસાયબંધુઓથી વિરુદ્ધ રીતે સોગંદ લઇ કહું છું કે, પૂર્ણ તપાસને અંતે મને જે ખરૂં જણાયું છે અને અંતઃકરણપૂર્વક જેને હું ખરૂં માનું છું, તેનોજ ચુકાદો આજે હું આપની પાસે માગવા આવ્યો છું.

---

[1] पार्थः पंच च षष्टिं च वर्षाणि श्वेतवाहनः (एतत् धनुः अधारयत्)॥(વિરાટ પર્વ, ૪૩)
[2] त्रयस्त्रिंशत् समाः सूत खांडवेऽग्निमतर्पयत्। (ઉદ્યોગ પર્વ, ૫૨)
[3] વિરાટ પર્વ-૫ [4] વિરાટ પર્વ-૪૧

ઉપર વર્ણવ્યા તેવા જુઠા સાક્ષીદારોની જુબાનીને બીલકુલ વજન ન આપતાં, પૂરાવા અને બુદ્ધિપર અને તે પૂરાવા તથા બુદ્ધિના સ્તંભોપર ઉભી કરેલી અનેક સંગીન દલીલોપર લક્ષ આપી આજના કેસનો આપ ચુકાદો આપશો; એવી અબલા, નિઃસહાય દ્રૌપદીની આપની પાસે હાથ જોડીને પ્રાર્થના છે. તેને આપની દયાની જરૂર નથી, તેને તેનો હક્ક જોઇએ છે; અને તે આશા રાખે છે કે, કૌરવોની દ્યૂતસભાના સદસ્યોની માફક નહિ, પણ ખરી ધર્મસભાના સદસ્યોની માફક આપ તેની ફરિયાદ સાંભળી લઈ ચુકાદો આપશો. ધ્યાનમાં રાખજો કે જે માણસને પૂછવામાં આવતાં ધર્મવિરુદ્ધ વાત કહે છે, તેની આગલી પાછલી સાત સાત પેઢીઓ નર્કે જાય છે; અને તેનાં સર્વે શુભ કર્મો નષ્ટ થાય છે, એમ પણ મહાત્મા કશ્યપજીએ કહેલું છે. × × × ×

× × × × ×

આ કેસમાં નીચલી ચાર "ઇશ્યુઝ" (તકરારી બાબતો) છેઃ–

૧–શું હાલનું મહાભારત તેજ છે કે જે વ્યાસે રચ્યું હતું?

૨–શું કુંતીએ ખરેજ "સર્વે વહેંચી લ્યો" એમ કહ્યું હતું?

૩–શું વ્યાસની દ્રૌપદીના પૂર્વજન્મવિષેની બે વાતો અને યુધિષ્ઠિરે આપેલાં ગૌતમી અને વાર્ક્ષીનાં બે ઉદાહરણો વિશ્વસનીય છે?

૪–શું આર્યોમાં બહુપતિત્વનો ચાલ કદિયે પ્રચલિત હતો ખરો?

આટલી બાબતના નિરાકરણથી આખા કેસનું નિરાકરણ આપોઆપ થઇ જશે.

બાબુ બંકિમચંદ્રે **શ્રીકૃષ્ણચરિત્ર** નામે પોતાના પુસ્તકમાં આવા કેસોને સારૂ મુકરર કરેલા નિયમોમાંથી બે નિયમો મેં આજના કેસને સારૂ લીધા છે. એ બે નિયમો આ છેઃ–

૧–જે વૃત્તાંત પરસ્પર વિરોધી હોય તેમાંનું એક અવશ્ય નવું ઉમેરેલું જાણવું. વળી કોઈ વાત બે કે ત્રણ ત્રણવાર કહેવાયેલી હોય, અને તેમાં પહેલી વખતથી જૂદી કે ઉલટીજ વાત બીજી વાર કહેવાયેલી હોય, તો તે ખચિત નવી ઉમેરાયેલી જાણવી; કારણ કોઇપણ અક્કલમંદ લેખક નિરર્થક વાત ફરી ફરીને લખે નહિ અને વળી તેમ કરતાં પોતે પહેલાં કહ્યું હોય તેના કરતાં કાંઇ જૂદું કે ઉલટું કહે નહિ.

૨–મહાભારત રચનાર કવિ એક મહાન કવિ હતો અને એવા કવિઓનાં રચેલાં ચરિત્રોનો આખો ભાગ એકબીજાની જોડે બરાબર બેસતો આવે એવો હોવો જોઇએ. આથી તેમાં જો કોઇ ઠેકાણે ફેરફાર જોવામાં આવે તો તે ભાગ નવો ઉમેરાયેલો જાણવો. જેમકેઃ– ધારો કે કોઇ મહાભારતની નકલમાં કોઇ જગ્યાએ ભીષ્મને વ્યભિચારી યા ભીમને બીકણ કહેલો જણાય તો તે વાત નવી ઉમેરેલી ગણવાને કોઈ રીતનો બાધ આવતો નથી.[1]

અર્થાત્ પરસ્પર વિરુદ્ધ જે વાત હોય તે,તેમજ એક માણસની 'કેરેક્ટર'–ની વિરુદ્ધની વાત કદી, પણ માનવી જોઇતી નથી. દાખલાતરીકે એક માણસને ઘણે ઠેકાણે જિતેંદ્રિય અને નિર્લોભી બતાવ્યો હોય અને કોઈક ઠેકાણે તેને વ્યભિચારી અને લોભી બતાવ્યો હોય, તો પાછલી વાત તે માણસની નિશ્ચિત 'કેરેક્ટર' ની વિરુદ્ધ હોવાથી ખોટી માનવી.

મારા કેસનો આ પાયો છે અને એ પાયાપરજ આ લેખરૂપી ઇમારત મેં ચણી છે.

દ્રૌપદીનો વકીલ

૧ કૃષ્ણચરિત્ર–પાનું ૪૫

હાલનું મહાભારત

" વૃદ્ધ ભરતખંડની ભૂમિ, માનુષતાનું પારણું, તને વંદન છે ! સેંકડો વર્ષના નિર્દય ઉપદ્રવો પણ જેને વિસ્મરણની ધૂળ નીચે દાટી શક્યા નથી, એવી પૂજ્ય અને સમર્થ પાલક માતા, તને પ્રણામ છે ! શ્રદ્ધા વા સત્યતાની, પ્રેમની, કવિતાની અને શાસ્ત્રની પિતૃભૂમિ, તને નમન છે ! તારા ભૂતકાળનો મહિમા પાશ્ચાત્ય દેશોના ભવિષ્યમાં પણ સજીવન થાઓ !" (લુઈ જેકૉલિયટ)

यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ।

" જે અહીં હશે તે બીજે પણ હશે, જે અહીં નથી તે બીજે પણ નથી ! " (મહાભારત)

હાલ આપણને જે મહાભારત મળી આવે છે, તેમાં વ્યાસલિખિત માત્ર $\frac{૧}{૪}$ તથા વૈશંપાયન અને સૌતિ વગેરેલિખિત $\frac{૩}{૪}$ ભાગ છે, એમ સઘળા વિદ્વાનો—જો કે કયા કયા ભાગો પ્રક્ષિપ્ત છે, એ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી[૧] છતાં—એકમતે કબૂલ કરે છે.

મહાભારતના આદિપર્વના બીજા અધ્યાયનું નામ 'પર્વસંગ્રહાધ્યાય' છે. મહાભારતમાં જે જે બાબતનું બયાન કરવામાં આવ્યું છે અથવા જેને વિષે લખવામાં આવ્યું છે, તે સર્વેનો ટુંક સાર એ અધ્યાયમાં છે. તેને મહાભારતનું સૂચિપત્ર અથવા અનુક્રમણિકા (ટેબલ ઑફ્ કન્ટેન્ટ્સ) કહીએ તો ચાલે. નાનામાં નાના વિષયની પણ એમાં ગણત્રી થયેલી છે; માટે જો કોઇ મોટો, મહત્ત્વનો વિષય એમાં ગણ્યાવિનાનો રહી જાય, તો તે પાછળથી ઉમેરાયેલો જાણવો. દાખલાતરીકે, અશ્વમેધપર્વમાં અનુગીતા અને બ્રાહ્મણગીતા પર્વાધ્યાય છે. એ બન્ને ઘણી મહત્ત્વની બાબતો છે; કારણ કે એમાં છત્રીસ અધ્યાય રોકાયેલા છે, પણ પર્વસંગ્રહાધ્યાયમાં તેનો જરાપણ ઇશારો નથી; માટે એવું કહી શકાય કે અનુગીતા અને બ્રાહ્મણગીતા એ બન્ને મૂળ ગ્રંથમાં નહોતાં.

વળી અનુક્રમણિકાધ્યાયમાં કહ્યું છે કે, મહાભારતમાં એક લાખ શ્લોક છે; તેમ કયા પર્વમાં કેટલા શ્લોક છે, તે પર્વસંગ્રહાધ્યાયમાં જણાવેલું છે. એ મુજબ, ખિલહરિવંશના બારહજાર શ્લોક ન ગણતાં, કલકત્તા પ્રત મુજબ આખા મહાભારતના ૮૪૮૩૬ શ્લોક થાય છે.[૨] રા૦ બ૦ વૈદ્યે પોતાના અંગ્રેજી પુસ્તકમાં મહાભારતની મુંબઇની પ્રતમાં હાલ જેટલા શ્લોકો પર્વવાર મળી આવે છે, તેની જે યાદી આપી છે તે પરથી જણાય છે કે, (ખિલહરિવંશના ૧૨૫૮૦ બાદ કરતાં) કુલ ૮૩૨૪૬ શ્લોક મળી આવે છે. મતલબ કે, લાખ શ્લોકનો સરવાળો થતો નથી; તેથી બાકી પૂરી કરી આપવા સારૂ પર્વાધ્યાયસંગ્રહકાર જણાવે છે કે, "એ રીતે ૧૮ પર્વ લખાયાં છે. ત્યારપછી હરિવંશ ને ભવિષ્યપર્વ લખાયાં, અને મોટા મોટાઓએ હરિવંશના શ્લોકોની ગણત્રી બાર હજારની કરી છે." પર્વસંગ્રહાધ્યાયમાં હરિવંશવિષે એથી વિશેષ

---

૧ રા. બ. ચિંતામણરાવ વિનાયક વૈદ્ય, આ લેખકપરના એક પત્રમાં એ વિષે પોતાનો એવો મત જાહેર કરે છે કે, આપણા હાલના આચારવિચારોથી વિરુદ્ધ જે વાતો જણાય છે, તે અસલ મહાભારતનો ભાગ છે; અને હાલના વિચારોને અનુકૂળ જે વાતો છે, તે સઘળું પાછલું ઉમેરણ છે. દાખલાતરીકે દ્રૌપદીને પાંચ પતિ હતા, એ બીના અસલ ભાગની છે અને તેથી સત્ય છે, એમ તેમનું માનવું છે. આપણે ગળે એ ઘુંટડો ભાગ્યેજ ઉતરી શકશે; કારણકે પ્રાચીન આર્યો કાંઇ પાષાણયુગના (સ્ટૉન–એજના) નહોતા—તેઓ દુનિયાની કોઇ પણ પ્રજા કરતાં તેવખતે વધુ આગળ વધેલા હતા.

૨ પણ બંકિમબાબુના કૃષ્ણચરિત્રમાં જૂદાં જૂદાં પર્વોના શ્લોકોની જે સંખ્યા આપી છે, તેનો સરવાળો કરતાં તો ૮૮૮૪૦ શ્લોક થાય છે. આથીજ એ શ્લોકોનો જે સરવાળો તે બાબુએ ૮૪૮૩૬ નો આપ્યો છે, તેની આગળ તેના વિદ્વાન અનુવાદકે પ્રશ્નચિન્હ મેલ્યું હશે !

(જુઓ ગુ. ભા. પૃ. ૪૧)

કશું લખેલું નથી. એ મુજબ ગણતાં ૯૬૮૩૬ શ્લોક થાય;[1] પણ બંકિમબાબુની ગણત્રી મુજબ જુમલે ૧૦૭૩૯૦ અને રા. બ. વૈદ્યની ગણત્રી મુજબ ૯૫૮૨૬ શ્લોક થાય છે. આથી બંકિમબાબુ કહે છે કે, મહાભારતમાં કદી પણ લાખ શ્લોકો હતાજ નહિ; પણ વૈદ્ય કહે છે કે એક લાખની સંખ્યા તો આશરે લખી હોવી જોઇએ; કારણ કે સૌતિના કહેવા મુજબ ૯૬૮૩૬ની તે સંખ્યા હોવી જોઇએ અને તેમાંયે મુંબઇની પ્રતમાં તો ૯૫૮૨૬ છે, એટલે ૧૦૧૦ શ્લોક સૌતિની ગણત્રી કરતાંયે ઉલટા ઓછા છે.

પણ ખુદ અનુક્રમણિકાધ્યાયને પણ 'એન્લાર્જ' કરવામાં આવ્યો છે; કારણ કે બંકિમબાબુના લખવા મુજબ એ અધ્યાયના ૧૦૨ મા[2] શ્લોકમાં કહ્યું છે કે, "વ્યાસદેવે દોઢસો શ્લોકવાળી અનુક્રમણિકા લખી છે;" પરંતુ હાલના મહાભારતના એજ અધ્યાયમાં ૨૭૨ શ્લોક જોવામાં આવે છે, એટલે કે પર્વસંગ્રહાધ્યાય લખાયા પછી પણ અનુક્રમણિકામાં ૧૨૨ શ્લોક વધી ગયા છે !

મહાભારતનું શરૂઆતનું ઉપાખ્યાન છોડી દેતાં તેમાં ૨૪૦૦૦ શ્લોક છે. એ શ્લોક વેદવ્યાસે પોતાની જાતે પોતાના પુત્ર શુકદેવને શીખવેલા. મહાભારતમાં લખ્યું છે કે, "પ્રથમ આ ભારતરૂપી સંહિતા વ્યાસજીએ ચોવીસ હજાર શ્લોકોની કરી અને પછી મહાત્મા પુરુષોનાં આખ્યાન લખ્યાં છે, તેથી એ ભારત એક લાખ શ્લોકનું થયું. વળી પર્વસહિત વૃત્તાંતોની અનુક્રમણિકા વાસ્તે દોઢસો શ્લોક બીજા કર્યા. આવી રીતે એ ભારતની રચના કરીને વ્યાસજીએ પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યું ને બીજા કેટલાક યોગ્ય શિષ્યોને પણ શીખવ્યું."[3] હવે વૈશંપાયન શુકદેવ પાસે એ શીખેલા તેથી કુદરતી રીતેજ જનમેજયની પાસે પણ એજ કદના મહાભારતની કથા થયેલી; માટે આદિમહાભારત એટલાજ શ્લોકોનું જાણવું.[4]

હવે વૈશંપાયને જનમેજય આગળ કહેલું તે ભારતાખ્યાન ઉગ્રશ્રવાએ નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિઓને કહેલું; પણ પર્વાધ્યાયસંગ્રહકાર એ સંગ્રહ ઉગ્રશ્રવાએ કહી સંભળાવ્યો હોય તેમ લખે છે, તેથી વૈશંપાયનનાં એ વચન હોય નહિ; માટે એ ભાગ આદિ એટલે વૈશંપાયનના મહાભારતનો પણ નહિ. અનુક્રમણિકાધ્યાયમાં લખ્યું છે કે, 'કોઈ ભારતનો આરંભ પહેલેથી, કોઇ આસ્તિકપર્વથી તો કોઈ ઉપરિચર રાજાના આખ્યાનથી કરે છે.'[5] માટે જ્યારે ઉગ્રશ્રવા એ ગ્રંથ ઋષિઓને સંભળાવતા હતા, ત્યારે પર્વસંગ્રહાધ્યાય તો શું, પણ અનુક્રમણિકાધ્યાયના ૧૫૦ શ્લોક બાદ કરતાં શરૂઆતના બાસઠ અધ્યાય પણ તેમાં નહિ હોય; અને તે સઘળાજ પાછળથી ઉમેરાયેલા હોવા જોઇએ.[6] એ અધ્યાય જોતાંજ એવો વિચાર આવે છે કે, ભવિષ્યમાં ધીમે ધીમે મહાભારતમાં ઘણો ભાગ ઉમેરાતો જશે એમ ધારી તેનો

---

૧ પણ રા. બ. ચિંતામણરાવ વૈદ્યે પોતાના 'ધી રીડલ ઑફ ધી મહાભારત' નામના પુસ્તકના 'ઍપેન્ડીકસ' માં મહાભારતમાં લખ્યા મુજબની આ સંખ્યાઓનો સરવાળો જો કે ૯૬૮૩૬નો મૂક્યો છે, છતાં ખરી રીતે તો તે ૯૬૮૫૩ થાય છે.

૨ **ततोऽध्यर्द्धशतं भूयः संक्षेपं कृतवानृषिः।अनुक्रमणिकाध्यायं वृत्तान्तानां सपर्वणाम् ॥**

૩ **चतुर्विंशतिसाहस्रीं चक्रे भारतसंहिताम्** ॥ વગેરે વગેરે (આદિપર્વ–અ૦ ૧૦૧,૧૦૩)

૪ રા. બ. વૈદ્યે પોતાનાં 'રીડલ ઑફ ધી મહાભારત' નામના પુસ્તકની પૂરવણીમાં કયા કયા ભાગો પ્રક્ષિપ્ત હોવા સંભવે છે તે, તેમજ તેજ પુસ્તકના ચોથા અધ્યાયમાં જૂદાં જૂદાં નવ કારણો આપી મહાભારતનું કદ આટલું કેમ વધ્યું તે, સવિસ્તર બતાવી આપ્યું છે.

૫ આદિપર્વ–અ૦ ૧૧ શ્લો૦ ૫૨

૬ કારણકે ૬૩ મા અધ્યાયમાં મહાભારતનાં વખાણ અને તેની રચનાસંબંધી કંઇક હેવાલ આપેલો છે, જે માત્ર ગ્રંથની શરૂઆતમાંજ હોવો જોઇએ.

અટકાવ કરવામાટેજ અનુક્રમણિકાધ્યાય પછી કોઇએ પર્વસંગ્રહાધ્યાય રચી કાઢયો છે; અને તેથી એવું અનુમાન થઈ શકે છે કે, પર્વસંગ્રહાધ્યાય રચાયા પહેલાં પણ મહાભારતમાં નવી વાતો દાખલ થઈ ચૂકેલી !

વળી વ્યાસ અને વૈશંપાયનની રચનાસુધી મહાભારતનાં કેવળ એક સો નાનાં નાનાં પર્વો હતાં, અને સૌતિ પણ તે કબૂલ કરે છે. સૌતિએ તે મોટાં કરી ભારતના અઢાર મોટા વિભાગ કર્યા અને તેને પણ 'પર્વ'નુંજ નામાભિધાન કર્યું. આદિપર્વના પ્રથમાધ્યાયમાં પર્વોની જે યાદી આપેલી છે, તેની સંખ્યાનો સરવાળો કરતાં પણ તે સો કરતાં વધી જાય છે; આથી પણ એ સ્પષ્ટ જણાય છે કે, વૈશંપાયનના ભારતને સૌતિએ મોટું કર્યું હતું.

વળી મહાભારતમાં કેટલાક પ્રશ્નો રાજા જનમેજય પૂછે છે ને વૈશંપાયન તેના ઉત્તર આપે છે. એ બધું અસલ મહાભારતમાં હોવું શકય નથી. મતલબ કે, એક ઇતિહાસતરીકે વ્યાસે ભારતની અસલ રચના કરેલી અને "જય" નામ આપેલું.[1] મહાભારતના મંગલાચરણના પ્રથમ શ્લોકમાંજ એ નામનો ઉલ્લેખ છે.[2] છેલ્લા પર્વમાં પણ એજ નામ અપાયેલું આપણે જોઇએ છીએ. વ્યાસે રાતદિવસ મહેનત કરી એની રચના ત્રણ વર્ષમાં કરી, એમ મહાભારતમાં લખ્યું છે. આને આપણે મહાભારતની પ્રથમ આવૃત્તિ કહીશું.

વ્યાસે એ રચના પોતાના પાંચ શિષ્યોને શીખવી. તેમનાં નામ સુમંતુ, જૈમિની, પૈલ, વૈશંપાયન અને શુક (વ્યાસનો પુત્ર) હતાં. ખુદ મહાભારતમાં લખ્યું છે કે, આ દરેકે ત્યારબાદ પોતપોતાનું ભારત રચ્યું. આશ્વાલયને આ પાંચેને 'ભારતાચાર્ય' કહ્યા છે. આથી એમ માનવાનું કારણ રહે છે કે, વૈશંપાયનાદિએ જે રચના કરી તે 'ભારત' કહેવાતી. 'જય' માંથી 'ભારત' માં પરિવૃત્ત થયેલી આ આવૃત્તિને આપણે બીજી આવૃત્તિ કહીશું.

હવે આપણે ત્રીજી–છેલ્લી–આવૃત્તિની તપાસ કરીએ. તેનો રચનાર સૌતિ હતો; કારણ કે મહાભારતમાં તે પોતેજ કહે છે કે, "હે ઋષિગણ! મેં ભારત એક લાખ શ્લોકમાં કહી સંભળાવ્યું છે. આ દુનિયામાં વૈશંપાયને તે સૌથી પ્રથમ કહી સંભળાવેલું."[3] 'ભારત' મટીને ઘણુંકરી 'મહાભારત' નું નામ આપનાર પણ એજ હોવો જોઇએ. આશ્વાલયને 'ભારત' અને 'મહાભારત' જૂદાં ગણ્યાં છે, તો આપણે વૈશંપાયનની કૃતિને 'ભારત' અને સૌતિની કૃતિને 'મહાભારત' ગણીશું તો ખોટું નહિ કહેવાય; કારણકે સૌતિએ પોતે કહ્યું છે કે, 'ભારત' ને તેનું મોટું વજન અને કદ જોઇ તેને 'મહાભારત' નામ આપ્યું છે.[4]

પણ બીજા ગ્રંથો કરતાં મહાભારતમાં કાલ્પનિક વૃત્તાંતો વિશેષ છે, તેનાં કેટલાંક ખાસ કારણો છે. દરેક જગ્યાએ ઇતિહાસના વર્ણનમાં ખોટા વૃત્તાંતો ઘુસી જવાનાં બે કારણો હોય છે. એક તો લોકો જે કાંઈ કહે તેનાપર અંધવિશ્વાસ રાખી લેખક તેનેજ ખરૂં માની લઇ પોતાના પુસ્તકમાં દાખલ કરે તે; અને બીજું, એક લેખકની કૃતિ રચાઇ બહાર પડે ને તેનો પ્રચાર થાય ત્યારપછી પાછળથી થનારા બીજા લેખકો પોતાના લેખ તે આગલા લેખમાં પોતાના નામવિના દાખલ કરી દે તે. આમાંના પહેલા સબબને લીધે દરેક દેશના પ્રાચીન ઇતિહાસમાં કાલ્પનિક વાતો દાખલ થઇ ગઇ છે અને મહાભારતમાં પણ તેવું બન્યું છે. બીજા સબબની હસ્તિ આર્યાવર્ત્તસિવાય બીજા દેશોમાં ન હોવાથી તે દેશોના ઇતિહાસોપર તેણે એટલી બધી અસર નથી કરી; પરંતુ મહાભારતમાં તો તેણે વિશેષ રીતે પોતાનું પ્રાબલ્ય બતાવ્યું છે અને તેમ થવાનાં ત્રણ કારણો છે.

---

૧ जयो नामेतिहासोऽयम्। ૨ ततो जयमुदीरयेत्। ૩ આદિપર્વ, અ૦ ૧, ૧૦૭
૪ महत्त्वाद्भारवत्त्वाच्च महाभारतमुच्यते।

પ્રથમ કારણ એ છે કે, બીજા બધા દેશોમાં જેવો ઇતિહાસ રચાયો કે તરત તેને લખી લેતા. એવા લખેલા ગ્રંથોમાં પારકા લેખકને પોતાનો લેખ ઘુસાડી દેવો સહેલો પડતો નથી; કારણકે તેવા પ્રસંગમાં એક નકલપરથી બીજી નકલની શુદ્ધાશુદ્ધિ નક્કી થતી હોવાથી ઝટ પકડાઇ જવાનો ભય રહે છે. આગળના વખતમાં ભરતખંડમાં આખો ગ્રંથ રચાયો કે તેનો પ્રચાર મોઢે મોઢે થતો અને લખવાની કળાની આવડત છતાં ગુરુ શિષ્યને શીખવે અને તે બીજાને શીખવે, એમ બધું મોઢે મોઢેજ ચાલતું. આથી અંદર અંદર નવીન રચના દાખલ કરી દેવાનું બહુ સરળ થઇ પડતું.

બીજું કારણ એ છે કે, આપણા લોકોમાં જેટલું પ્રિય તથા ગૌરવવાળું પુસ્તક મહાભારત થઇ પડયું છે, તેટલું કોઈપણ ઇતિહાસનું પુસ્તક ગ્રીસ કે રોમમાં થઈ પડેલું નથી; અને તેથી જેટલી ઇચ્છા ભરતખંડના લેખકોને પોતાનો લેખ તેમાં દાખલ કરી દેવાની હોય તેટલી તે દેશના લેખકોમાં સ્વાભાવિક રીતેજ હોય નહિ.

ત્રીજું કારણ એ છે કે, પાશ્ચાત્ય દેશોના લેખકો યશ અથવા એવીજ બીજી કોઇ રીતની ખ્યાતિ હાંસલ કરવાની ઇચ્છાનો ત્યાગ કરી શકયા નથી અને તેથી હમેશાં પોતાની કૃતિ પોતાનેજ નામે ઓળખાવવાનો તેમનો ઉદ્દેશ રહેતો. પારકાની કૃતિમાં પોતાની કૃતિ ઘુસાડી દઈ પોતાના નામનો લોપ કરી નાખવાની તેમને ઇચ્છાજ થતી નહોતી; પણ ભરતખંડના નિઃસ્વાર્થ અને નિષ્કામ બ્રાહ્મણો તો યશના ભૂખ્યા હતાજ નહિ ! તેઓ તો कर्मण्येवाधिकारस्ते ના ઉપાસક હતા ! આ દેશમાં એવા ઘણા ગ્રંથો છે કે જેના બનાવનારાઓનાં નામ હજુસુધી પણ કોઇ જાણતું નથી ! આવા લેખકોએ મહાભારત જેવા લોકપ્રિય ગ્રંથમારફતે પોતાની કૃતિ પણ લોકોમાં વિશેષ ફેલાય એવા વિચારથી તે ગ્રંથમાં પોતાના લેખ દાખલ કરી દીધા હોવા જોઇએ.[1]

વળી વ્યાસે જ્યારે બહુ સ્વતંત્રપણે લખ્યું છે,[2] ત્યારે ત્યારપછીના લેખકોએ પોતાના માન્ય દેવનું માહાત્મ્ય વધારવા અનેક ફેરફારો કર્યા છે. મહાભારતમાં આ મુજબ, ઝીણી નજરે જોતાં, કૃષ્ણ અને શિવવાદીઓના વિવાદના ઘણા દાખલા જડી આવે છે. એ સર્વે ભાગો

---

૧ રાજા ભોજના રાજ્યમા વ્યાસજીને નામે માર્કંડેય અને શિવપુરાણ કોઇએ બનાવેલાં, જેની રાજા ભોજને ખબર પડતા તેણે તે લેખકના હાથ કપાવી નાખી રાજ્યમાં ઢંઢેરો પીટાવેલો કે, " દરેકે પોતાની રચના પોતાનેજ નામે પ્રસિદ્ધ કરવી, પ્રાચીન ઋષિઓને નામે નહિ. "

૨ વ્યાસની નિષ્પક્ષતાના એક બે ઉદાહરણો આપણે લઇશું. યાદવોનો જ્યારે પરસ્પરમાં લડવાથી નાશ થાય છે, ત્યારે અર્જુન દ્વારકા આવી શ્રીકૃષ્ણની સ્ત્રીઓને હસ્તિનાપુર લઈ જવા પ્રયાણ કરે છે; પણ રસ્તામાં રાની માણસો તેનાપર હુમલો કરે છે અને અર્જુનના કબજામાંથી ઘણીક સ્ત્રીઓ લઈ જાય છે. આ ઠેકાણે વ્યાસ સ્પષ્ટ કહે છે કે, " કેટલીક સ્ત્રીઓ તો પોતાની મરજીથીજ ચાલી ગઇ ! " (મૌસલપર્વ–૭, ૫૯ જુઓ) કૃષ્ણની મનાતી સેંકડો સ્ત્રીઓમાંથી કેટલીક અસંતુષ્ટ હશે, તેથી તેઓ પોતાની મરજીથીજ રાની લોકો જોડે નીકળી ગઈ હશે, તેનો કવિએ સામાન્ય રીતે સ્વતંત્રતાથીજ ઉલ્લેખ કર્યો છે. વળી દુર્યોધન જ્યારે ભીમની ગદાથી ઘાયલ થઇ પડે છે અને કૃષ્ણનાં દુર્વચનોનો જવાબ પોતાના બચાવમા આપે છે, ત્યારે કવિ કહે છે કે, " દેવતાઓએ તે મરણતોલ થયેલા દુર્યોધનપર પુષ્પવૃષ્ટિ કરી અને ત્યાં ઉભેલા બધા–કૃષ્ણ પણ–ઝંખવાણા પડી ગયા ! " મતલબ કે વ્યાસે કૃષ્ણની પણ શરમ રાખી નથી; સઘળું સ્વતંત્રતાપૂર્વક લખ્યું છે. જો એમ ન હોત, તો પહેલા ઉદાહરણમાં ખાસ કૃષ્ણની સ્ત્રીઓનો ઉલ્લેખ તે કરત નહિ; અને બીજામાં ખુદ કૃષ્ણે દુર્યોધનનાં જે કર્મો વખોડી કાઢેલાં તે કર્મોના કરનારપર દેવતાઓ પાસે પુષ્પવૃષ્ટિ કરાવી કૃષ્ણને 'ભોંઠા' પાડવાનું પસંદ કરત નહિ.

કે જેનાં અનેક ખુલ્લાં ઉદાહરણો અનુશાસન પર્વમાંથી મળી આવે છે, તે કૃષ્ણ અને શિવની ઉપાસનાનું પરિબળ જ્યારે બહુ વધેલું હશે ત્યારે ઉમેરાયેલા હોવા જોઈએ. મહાભારત રચાયું તે વખતે અને ત્યારપછી પણ થોડા વખતસુધી, એ બે ઉપાસના પૈકી એકકેનું બહુ જોર નહોતું. જેમ જેમ જોર વધતું ગયું, તેમ તેમ ઝગડો વધતો ગયો અને મહાભારતનું કદ પણ વધતું ગયું ! આ રીતે મહાભારત એ બન્ને પક્ષનો 'શાસ્ત્રાર્થ હૉલ' બન્યો ! શિવમાર્ગીઓ શિવનું અને વિષ્ણુમાર્ગીઓ વિષ્ણુ અને કૃષ્ણનું માહાત્મ્ય વધે એવી રચના સપાટાબંધ ગોઠવી ઘાલવા લાગ્યા.

ઉપરાંત વામમાર્ગીઓએ પણ પોતાના હાથમાં આવેલી તક પોતાના હંમેશના રિવાજ મુજબ જવા દીધી લાગતી નથી. સુદેષ્ણા કીચકને ' પર્વ ' ને દિને માંસમદ્યાદિ લઈ સૈરંધ્રીને મોકલવાનું કહે છે; આથી એ ' પર્વ ' પ્રાયઃ વામમાર્ગીઓનું હશે.[1] વળી સંધિ સારૂ પાંડવો પાસે ગયેલો સંજય અંધ ધૃતરાષ્ટ્રની પાસે જઇ કૃષ્ણાર્જુન કેમ અને ક્યાં બેઠા હતા તેનું વર્ણન આપતાં કહે છે કે, " ખૂબ મદ્ય પીને બેઠેલા તેઓમાંથી કૃષ્ણ તો પોતાના બેઉ પગ અર્જુનના ખોળામાં નાખી બેઠેલા, પણ અર્જુન તો એક પગ દ્રૌપદીના ખોળામાં તથા એક સત્યભામાના ખોળામાં નાખી બેઠેલો હતો !"[2]

આવી આવી નિષ્પ્રયોજન અને દુરાચારની વાતો વેદવિજ્ઞ જનોની ' કૅરેક્ટર ' સાથે બંધબેસ્તી આવતી નથી, તેથી તે બીજાની ઉમેરેલી હોવી જોઇએ; અને તે ' બીજા ' તે કોઇ નહિ, પણ પ્રાયઃ મહા દુરાચાર ફેલાવનાર વામમાર્ગીઓજ હોવા જોઇએ. મતલબ કે, આપણે માટે એમની પ્રસાદી પણ મહાભારતમાં ઉપલબ્ધ છે !

વળી મહાભારતને 'પાંચમો વેદ' બનાવવાને સારૂ પણ લેખકોને થોડી ખટપટ કરવી પડી નથી ! તેમ કરવા માટે મહાભારતમાં અનેક વિષયોનું તેમને ઉમેરણ કરવું પડયું છે; અને એમ કરી સ્ત્રી તથા શૂદ્રોને–કે જેમને વેદ ભણવા કે સાંભળવાનો અધિકાર નથી એમ મનાય છે, તેમને–પણ સાધારણ નૈતિક જ્ઞાનની પ્રાપ્તિની સગવડ કરી આપી છે;[3] તેમજ આજ સબબને લીધે સારીમાઠી બધી વાતો એમાં દાખલ થઇ ગઇ છે. શાંતિપર્વ અને અનુશાસનપર્વનો ઘણો ભાગ, ભીષ્મપર્વનો શ્રીમદ્ભગવદ્ગીતાવાળો, વનપર્વનો માર્કંડેય સમસ્યાવાળો અને ઉદ્યોગપર્વનો પ્રજાગર પર્વાધ્યાયવાળો ભાગ–એ સઘળું આ સમયમાં રચાયેલું લાગે છે. હાલમાં એક મહારાષ્ટ્રીય વિદ્વાને શોધ કરી એવું સિદ્ધ કરી આપ્યું છે કે, મૂળ ભગવદ્ગીતા આશરે એંશી શ્લોકની હતી. આથી આ સમયમાં પુષ્કળ ઉમેરણ થયું હોવું જોઇએ.

વળી બૌદ્ધધર્મની પછી બ્રાહ્મણોએ પોતાના ધર્મમાં અહિંસા આદિનું તત્ત્વ વધારી તેની જે નવી આવૃત્તિ કરી, તેની પણ અસર તેને થયાવિના રહી નથી. એ બધું થઈ મહાભારત હાલની સ્થિતિએ ઇસ્વી સન પૂર્વે ત્રીજાથી પહેલા સૈકાની વચ્ચે તૈયાર થઈ રહેલું.

પણ જો કે મહાભારતમાં આટલું બધું ઉમેરણ થયું છે ખરૂં, છતાં તેના કદનું પ્રમાણ જોતાં તેના લેખકોએ જે ચતુરાઈથી કામ લીધું છે તે અભિનંદનીયજ છે. આટલા મોટા

---

૧ વિરાટપર્વ, અ૦ ૧૫ શ્લો૦ ૫. રા. રા. મણિશંકર ગોવિંદજી વૈદ્યે પોતાના " પાંડવકૌરવ " નામના પુસ્તકમાં આ ' પર્વ ' નો અર્થ " ચૌદશ વગેરેનો દિવસ " કર્યો છે, કે જે દિવસ દેવીભક્તોનોજ પર્વ–દિવસ મનાય છે.

૨ ઉદ્યોગપર્વ, અ૦ ૫૯ શ્લો૦ ૩–૭

૩ स्त्रीशूद्रद्विजबंधूनाम् त्रयी न श्रुतिगोचरा। कर्मश्रेयसि मूढानां श्रेय एवं भवेदिह।
इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ॥ श्रीमद्भागवत–१, ४, २५

મહાભારતમાં સૌતિ માત્ર એક બે ઠેકાણેજ પકડાઇ જાય છે. ભીષ્મપર્વમાં જ્યાં ધર્મરાજા કર્ણને નિરૂત્સાહિત કરવાનું ઉદ્યોગ (પર્વ)માં આપેલું પોતાનું વચન પાળવા શલ્યને યાદ દેવડાવે છે ત્યાં, અને અશ્વમેધપર્વના ૬૬ મા અધ્યાયમાં કુંતી "ઐશિકા(પર્વ)માં" ઉત્તરાપુત્રને જીવતો કરવાનું આપેલું વચન પાળવાની કૃષ્ણને યાદ દેવડાવે છે ત્યાં. આ પર્વોનો સંબંધ અસલ બીનામાં હોઇ શકે નહિ એ દેખીતું છે, અને તેથી એ બધું પ્રક્ષિપ્ત છે એમ માનવું સકારણ છે.

ટુંકમાં, હાલનું મહાભારત તે 'જય' નામના વ્યાસના કાવ્યને વૈશંપાયને મોટું કરી 'ભારત' નામ આપ્યા બાદ તેની સુધારાવધારા તથા ભૂમિકા અને અનુક્રમણિકા સાથેની સૌતિએ કરેલી નવીન રચના તથા કેટલાક અન્ય લેખકોનો મંતવ્ય-સંગ્રહ છે; અને તેથી દેખીતી રીતેજ તેમાંનું કેટલુંક અસલ ન હોવાથી માનવા યોગ્ય નથી.

પૂર્વવૃત્તાંત

પાંચાલોનો રાજા દ્રુપદ અને કૌરવપાંડવોના ગુરુ દ્રોણ-એ બેઉ સહાધ્યાયી હતા. ગુરુકુળ છોડયા પછી, પોતાના પિતા પૃષત્‌ના મૃત્યુબાદ, દ્રુપદ રાજા થયો; અને ભરદ્વાજપુત્ર, પરશુરામશિષ્ય, ધનુર્વિદ્યાધુરંધર દ્રોણ, પોતાના પિતાની ઇચ્છાથી કૃપાચાર્યની બહેન કૃપી જોડે લગ્ન કરી ગરીબીમાં રહેવા લાગ્યો. થોડાક સમયે કૃપીથી અશ્વત્થામા નામનો એક પુત્ર પ્રસવ્યો. બાદ એક સમયે દ્રોણ પોતાની સ્ત્રી તથા પુત્રસહિત જ્યારે એક નગરમાં રહેતો હતો, ત્યારે શ્રીમંતોનાં બાળકોને દૂધ પીતાં જોઇ અશ્વત્થામાએ પણ પોતાના પિતા પાસે આવી રડતાં રડતાં દૂધ પીવા માગ્યું; પરંતુ તે બિચારા નિર્ધન બ્રાહ્મણપાસે ગાય ક્યાંથી હોય? તેમ તે વખતમાં મીઠું, રાંધેલું અન્ન, દહીં, દૂધ, મધ, તેલ, ઘી, તલ, માંસ, ફળ, મૂળીયાં, શાકભાજી, લાલ વસ્ત્ર, સર્વ સુવાસ અને ગોળ કોઇ વેચતું નહિ;+ તેથી ગાય રાખ્યા સિવાય અન્ય કોઈ પણ પ્રકારે દૂધ મળવું અશક્ય હતું. આથી ગૌદાન કરનાર કોઇ ધર્માત્માની શોધમાં તે નગરમાં દ્રોણ પુષ્કળ રખડયો; પણ તેવું કોઇ મળ્યું નહિ, તેથી તેણે પોતાની સ્ત્રીને થોડાક લોટમાં પાણી ભેળવી દૂધ જેવું કરી અશ્વત્થામાને આપવા જણાવ્યું. તે પી બાલક અશ્વત્થામા પોતાનું ઇચ્છિત મળવાથી 'મેં ગાયનું દૂધ પીધું' એમ વારંવાર બોલતો બોલતો આનંદથી નાચવા લાગ્યો! એ જોઇ દ્રોણને પોતાના દારિદ્રયથી બહુજ લાગી આવ્યું. આથી સુદામા જેમ કૃષ્ણ પાસે ગયો હતો, તેમ દ્રોણ પાંચાલરાજા દ્રુપદ-કે જેની સાથે તેને ગુરુકુળમાં બહુ દોસ્તી હતી-પાસે દ્રવ્યયાચના કરવા ગયો, કે જેથી પોતાના કુટુંબનો નિર્વાહ સારી રીતે ચાલી શકે. દ્રુપદને મહેલે જઇ દ્વારપાળસાથે તેણે સંદેશો કહેવડાવ્યો કે, 'તમારો મિત્ર દ્રોણ આવ્યો છે;' પરંતુ રાજ્યમદથી મત્ત થયેલા રાજા માબાપને પણ ભૂલી જાય છે, તો બિચારા દ્રોણ જેવા એક દરિદ્રી બ્રાહ્મણ મિત્રની તો વાતજ શી? રાજાએ કહેવડાવ્યું:-"હે બ્રાહ્મણ! તારૂં અને મારૂં મિત્રત્વ સંભવતુંજ નથી.દરિદ્રી મનુષ્ય શ્રીમંતનો, મૂર્ખ વિદ્વાનનો અને કાયર શૂરાનો કદીપણ મિત્ર હોઈ શકે નહિ; તે પ્રમાણે જે પોતે રાજા ન હોય તે રાજાનોયે મિત્ર હોઇ શકે નહિ!" ઉદ્ધતપણાથી ઉચ્ચારાયેલાં દ્રુપદનાં આ વાકયોથી દ્રોણને ઘણો ક્રોધ ચઢયો; પરંતુ કંઈપણ બોલ્યાવિના તે ત્યાંથી નીકળી કુરુજાંગલ દેશમાંથી પ્રવાસ કરતો કરતો હસ્તિનાપુર પાસે આવી અટકયો.

તે દિવસે પાંડવકૌરવો હસ્તિનાપુરની બહારના મેદાનમાં ગીલ્લીદંડા રમતા હતા. રમત

+ अविक्रेयं लवणं पक्वमन्नं दधि क्षीरं मधु तैलं घृतं च । तिला मांसफलमूलानि शाकं रक्तं वासः सर्वगन्धा गुडाश्च ॥ ઉદ્યોગ પર્વ અ૦ ૩૮ શ્લો૦ ૫

રસપર ચઢતાં કમનસીબે ગીલ્લી એક સુક્કા પણ ઉંડા કૂવામાં જઇ પડી. તે કાઢવાના તેમણે બહુ પ્રયત્ન કર્યા, પણ નીકળી નહિ. આથી લાચાર થઇ એકબીજાનું મોં તાકતા તેઓ ઉભા હતા, એટલામાં ત્યાંથી પસાર થતા દ્રોણે એ બનાવ જોઈ "કૌરવવંશ તથા ક્ષત્રિયજાતિમાં ઉત્પન્ન થવા છતાં અને અસ્ત્રવિદ્યા શીખવા છતાં આટલી ગીલ્લીયે કૂવામાંથી તમે કાઢી શકતા નથી, તેથી તમારી શીખેલી સર્વ વિદ્યા વ્યર્થ છે" આમ કહી તે ગીલ્લી તેઓને કાઢી આપી. આથી ખુશ થઇ તે રાજપુત્રો દ્રોણને ભીષ્મપિતામહ પાસે લઈ ગયા, જેમણે તેની પાંડવકોરવોના અસ્ત્રવિદ્યાના શિક્ષકતરીકે નિમણુક કરી.

સર્વ શિષ્યોને યથાર્થ વિદ્યાદાન આપ્યા બાદ દ્રોણે ગુરુદક્ષિણાતરીકે પોતાના શિષ્યો પાસે પાંચાલદેશપર સ્વારી કરી રાજા દ્રુપદને જીવતો પકડી લાવવાની માગણી કરી, જે અર્જુને પૂરી કરી. બંધીવાન થયેલા રાજા દ્રુપદને ત્યારબાદ દ્રોણાચાર્યે અગ્નિવેષના આશ્રમમાંની દોસ્તીની વાતો યાદ દેવડાવી, 'જેની પાસે રાજ્ય નથી તે રાજાનો મિત્ર હોઇ શકતો નથી' એ દ્રુપદનાંજ વેણ તેને પાછાં સંભળાવ્યાં; અને તેના મિત્ર થવાસારૂ તેના રાજ્યમાંથી અર્ધું-ગંગાની ઉત્તર તરફનો પ્રદેશ-પોતે રાખી, બાકીનું રાજ્ય તેને પાછું આપી કહ્યું કેઃ- "હુંવે આપણે બેઉ રાજા થયા, તેથી હવે આપણ વચ્ચે મિત્રતા થવામાં કંઇજ હરકત નથી!" રાજા દ્રુપદ આથી બહુજ શર્મિંદો થઈ એનું વેર લેવાનો, તથા પોતાને પકડનાર મહાપરાક્રમી અર્જુન સાથે નિકટ સંબંધમાં આવવાનો વિચાર કરતો કરતો પોતાના નગરમાં ગયો; અને યાજ નામના ઋષિ પાસે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો, જેથી તેને એક પુત્ર અને એક પુત્રીની પ્રાપ્તિ થઇ, જેમનાં નામ અનુક્રમે ધૃષ્ટદ્યુમ્ન અને કૃષ્ણા રાખવામાં આવ્યાં.

બીજી બાજુ રાજા ધૃતરાષ્ટ્રે શસ્ત્રવિદ્યામાં પારંગત થયેલા પુત્રોની યોગ્યતા જોઇ સર્વેમાં વડિલ યુધિષ્ઠિરને યુવરાજપદ આપ્યું. પાંડવોએ ચારે દિશાઓના અનેક રાજાઓને જીતી પુષ્કળ દ્રવ્ય આણ્યું અને પ્રજામાં પણ તેઓ બહુ પ્રિય થઇ પડયા. આથી પરાક્રમ, સાહસ, શૌર્ય ઇત્યાદિ ગુણોમાં કૌરવો કરતાં પાંડવોજ શ્રેષ્ઠ થતા જાય છે અને પોતાના પુત્રો પછાત પડી જાય છે; એ જોઇ આંધળા ધૃતરાષ્ટ્રને બહુ લાગી આવ્યું અને તેના મનમાં પાપબુદ્ધિ ઉપજી, તેથી પાંડવોને ઉતારી પાડી કૌરવોની વાહવાહ થાય તેવા કયા ઉપાયો યોજવા, તેની સલાહ લેવા સારૂ તેણે કણિક નામના કુટિલ રાજનીતિશાસ્ત્રપારંગત એક બ્રાહ્મણને બોલાવ્યો. બાદ 'વારણાવત નગરમાં એક મોટો ઉત્સવ થનાર છે અને તે નગર પણ જોવા જેવું છે' વગેરે કહી ધૃતરાષ્ટ્રે પાંડવોને કુંતીસહ તે ઉત્સવમાં જવાની આજ્ઞા કરી. વડિલોની આજ્ઞાનું કદીપણ ઉલ્લંઘન ન કરનાર યુધિષ્ઠિરને જોકે એમાં કાંઇ કપટ તો જણાયું, પણ માત્ર ધૃતરાષ્ટ્રનું માન રાખવા તે સર્વે વારણાવત જવા ઉપડયા, કે જ્યાં પુરોચન નામના પોતાના એક વિશ્વાસુ મંત્રી પાસે દુર્યોધને જલદી સળગી ઉઠે તેવાં લાકડાં અને બીજા જ્વાળાગ્રાહી પદાર્થોનો એક મહેલ અગાઉથી તૈયાર કરાવી રાખ્યો હતો. પાંડવોને વળાવવા જતાં વિદુરકાકાએ તેમને મ્લેચ્છ ભાષામાં "અલોહ (લોખંડવિનાનાં) શસ્ત્રોથી સાવધ રહેજો, અને વનનાશક તથા હિમનાશક પદાર્થ (અગ્નિ)થી કોલ્હા પ્રમાણે (જમીનમાં ભોંયરૂં ખોદી) પોતાનું રક્ષણ કરજો" આમ કહી ચેતવી દીધા. આથી પાંડવોએ વિદુરે મોકલેલા એક વિશ્વાસુ માણસ પાસે છેક અરણ્યમાં જઇ શકાય તેવું એક ભોંયરૂ ખોદાવ્યું; અને એક દિવસે રાત્રે, મહેલને આગ લગાડી, તેમાં પુરોચનને હોમી-તેના ટાંટીયા તેનાજ ગળામાં ઘાલી-તેઓ ચાલી નીકળ્યા; અને અરણ્યમાંના બીજા દ્વારથી બહાર નીકળી પડયા. પણ હસ્તિનાપુરમાં તો, ખરી બીનાથી વાકેફ વિદુર સિવાય, બીજા સઘળાઓએ ખૂબ શોક

કર્યો અને રાજકુળને છાજે તેવી રીતે પાંડવોની ઉત્તરક્રિયા પણ કરવામાં આવી ! પણ જનસમાજ-માં કૌરવોની દુષ્ટ દાનત જણાઇ ગઇ.

વનમાં નીકળી પડયા પછી ભીમસેને હિડિંબ રાક્ષસને મારી પોતાનાપર મોહિત થયેલી તેની બહેન હિડિંબા જોડે ગાંધર્વલગ્ન કર્યું. આથી તેને એક પુત્રની પ્રાપ્તિ થઇ, જેનું નામ ‘ ઘટોત્કચ ’ રાખવામાં આવ્યું. બાદ પાંડવો એકચક્રા નગરીમાં આવી રહેવા લાગ્યા, જ્યાં ભીમે બકાસુર નામના એક રાક્ષસને માર્યો. ત્યાં થોડોક સમય રહ્યાબાદ તેમને દ્રુપદ-રાજાને ત્યાંના સ્વયંવરની ખબર મળતાં તે ત્યાં ગયા.

રાજા દ્રુપદે દ્રૌપદીનો આ સ્વયંવર–જેમ નળને શોધી કાઢવા દમયંતીનો કરવામાં આવ્યો હતો તેમ–કડક શરત કરી મહાપરાક્રમી અર્જુનનેજ શોધી કાઢવા રચ્યો હતો; કારણ કે તેની ઇચ્છા તેની વેરેજ કૃષ્ણા આપવાની હતી, પણ પાંડવોનું અસ્તિત્વ નક્કી ન હોવાથી; તેમજ અર્જુન વેરેજ પોતાની કન્યા આપવાનો જો પ્રથમથીજ વિચાર હતો તોપછી સ્વયંવર રચી અન્ય રાજાઓનું અપમાન શા સારૂ કર્યું, એવો પાછળથી અન્ય રાજાઓ વાંધો લેશે એમ યોગ્ય વિચાર કરીનેજ, તેણે પોતાની એ ઇચ્છા કોઇ આગળ જાહેર કરી નહોતી; પરંતુ સ્વયંવરની જે શરત તેણે રાખી હતી તે એવીજ હતી કે જે ઘણુંખરૂં અર્જુનસિવાય બીજા કોઈથી પૂરી પડે નહિ.

કથા

ઉપર પ્રમાણે લાક્ષાગૃહમાંથી જીવંત નીકળેલા પાંડવો જ્યારે ગુપ્તપણે એકચક્રા નગરી-માં રહેતા હતા, ત્યારે સત્યવતીપુત્ર વેદવ્યાસ તેમને મળવા આવ્યા. ધર્મ અને અર્થને અનુ-રૂપ કેટલુંક ભાષણ તથા નાના પ્રકારની આશ્ચર્યકારક કથાઓ કહ્યાબાદ તે મહર્ષિએ પાં-ડવોપ્રત્યે કહ્યું કેઃ—“ તપોવનમાં એક મહર્ષિની કન્યા હતી. કૃશ ઉદર, ઉત્કૃષ્ટ કમર અને ઉત્તમ ભમરોથી યુક્ત તે કન્યા જોકે સર્વગુણસંપન્ન હતી, છતાં પોતાના કર્મથી ભાગ્યહીન હતી; તેથી રૂપવતી હોવા છતાં તેને પતિ મળ્યો નહિ. આથી દુઃખિત થઇ તે કન્યાએ પતિ સારૂ તપશ્ચર્યાનો આરંભ કર્યો અને ઉગ્ર તપશ્ચર્યાથી શંકરને સંતુષ્ટ કર્યા. શંકરે વર માગવાનું કહેતાં ‘ સર્વગુણસંપન્ન પતિ મને જોઇએ છે ’ એમ તેણે પુનઃ પુનઃ પાંચવાર કહ્યું. આથી ‘તને પાંચ પતિ થશે’ એમ શંકરે તેને કહ્યું; પરંતુ તે સાંભળી તે ઋષિપુત્રીએ કહ્યું:–‘હે પ્રભુ ! હે દેવ ! આપના પ્રસાદથી એક પતિ પ્રાપ્ત કરવાની મારી ઇચ્છા છે; ’ પણ “ ‘પતિ આપો’ એ મુજબ તેં પાંચવાર મને કહેવાથી બીજા જન્મમાં તને પાંચ પતિ પ્રાપ્ત થશે, ” એમ શંકરે તેને કહ્યું. તે દેવરૂપી કન્યા દ્રુપદકુળમાં ઉત્પન્ન થઇ છે અને જેને કોઈ રીતે નામ મેલી શકાય નહિ એવી તે પૃષતરાજાની નાતીયણ કૃષ્ણા તમારી પત્ની ઠરી ચૂકી છે; માટે હે બલાઢ્ય પાંડવો ! તમે પાંચાલનગરમાં હવે નિવાસ કરો. તેને પ્રાપ્ત કરી લેતાં તમે સુખી થશો, એમાં સંશય નથી.”[1]

શ્રીમદ્ વેદવ્યાસનાં ઉપલાં વચન સાંભળી દ્રુપદરાજાના સ્વયંવરમાં જવાને ઉદ્યત થયેલા તે પાંડવો ધૌમ્યમુનિને પોતાના પુરોહિત નીમી, તે નિમણુકથી જાણે પોતાને દ્રૌપદી મળીજ ગઇ હોય એવા આનંદિત થઇ, પાંચાલનગર તરફ કુચ કરવા લાગ્યા.[2] જતાં જતાં રસ્તામાં વેદવ્યાસનો પુનઃ મેળાપ થયો, જેમની પાસેથી આશિષ પ્રાપ્ત કરી બ્રાહ્મણોએ પણ તેમને પોતાની સાથે દ્રૌપદી–સ્વયંવરમાં આવવા આગ્રહ કર્યો. એ મુજબ પાંચાલનગરમાં જઇ તે નગર તથા લોકસમુદાય એકઠો થવાના સ્થાનનું અવલોકન કરી તેમણે

---

૧ આદિપર્વ, અ૦ ૧૭૧ ૨ આદિપર્વ, અ૦ ૧૮૫

એક કુંભારની ઝુંપડીમાં પોતાનો ઉતારો રાખ્યો.[1]

બીજી બાજુ સ્વયંવરની ખબર સાંભળી દેશદેશાંતરના રાજાઓ, બ્રાહ્મણો અને પ્રેક્ષકો આવી પાટનગર કાંપિલ્યમાં એકઠા થવા લાગ્યા. એ રીતે જ્યાં રત્નાદિનું વિપુલ દાન થતું હતું અને નટાદિ આવી પોતપોતાની ચાલાકી બતાવી પ્રેક્ષકોનું મનોરંજન કરતા હતા, એવો તે મંડપ દિવસે દિવસે વૃદ્ધિંગત થતા જનસમાજથી સુશોભિત થવા લાગ્યો. આવો ઉત્સવ લાગટ પંદર દિવસપર્યંત થયાબાદ સોળમે દિવસે દ્રુપદકન્યા ઉત્તમ વસ્ત્રાભૂષણોથી સજ્જ થઇ, હાથમાં સુવર્ણમાળા લઇ સભામાં આવી.

આ પ્રમાણે સ્વયંવરને દિવસે સર્વ સમાજ એકઠો થતાં રાજા દ્રુપદના પુરોહિતે હવન કર્યો અને અગ્નિનું સંતર્પણ કર્યું; તેમજ બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું.[2] ત્યારબાદ સર્વ વાદ્યો બંધ થતાં યુવરાજ ધૃષ્ટદ્યુમ્ન હમેશના રિવાજ મુજબ પોતાની બહેન દ્રૌપદીને લઇને સભામાં આવ્યો અને સર્વેને ઉદ્દેશીને બોલ્યો કેઃ—

"હે ભૂપતિઓ ! મારૂ ભાષણ શ્રવણ કરો. અત્રે આ ધનુષ્ય અને બાણ પડેલાં છે, તે લઈ અંતરિક્ષમાં પરિભ્રમણ કરનારા આ યંત્રના છિદ્રમાંથી તમે તીક્ષ્ણ અને ગગનસંચારી પાંચ બાણોથી નિશાન મારો; કારણ કે જે કુલીન, રૂપવાન અને બળવાન પુરુષ એ મહત્કર્મ કરશે, તેની મારી બહેન કૃષ્ણા આજે ભાર્યા થશે." [3]

નૃપતિઓ પ્રત્યે ઉપલું વેણ ઉચ્ચાર્યા બાદ ધૃષ્ટદ્યુમ્ને સ્વયંવરમાં બેઠેલા સર્વે રાજાઓનાં નામ, ગોત્ર અને પરાક્રમ દ્રૌપદીને કહી સંભળાવ્યાં અને લક્ષ્યવેધ કરનાર જોડે વરવાની સૂચના આપી.

હાજર થયેલા રાજાઓમાંથી કેટલાક એક પછી એક ઉઠવા લાગ્યા, પણ સ્વયંવરની શરત પૂરી ન કરી શકવાથી નિરાશ થઇ પાછા બેઠા. આખરે કર્ણ ઉઠયો. તે ધનુષ્ય પણ વાળી શકયો, અને તેનાપર શર પણ સાંધી શકયો. આથી તે શરત પૂરી કરી શકશે એવું વ્યાજબી રીતે કલ્પી 'હું સૂતપુત્રને વરનાર નથી' એમ કહી તેણે તેને પાછો કાઢયો. આ અરસામાં સર્વે રાજાઓ એકીટશે દ્રૌપદી તરફ જોઇ રહ્યા હતા અને પાંચે પાંડવો પણ તેને જોઈ મદનબાણથી ઘાયલ થયા હતા,[4] તેથી બ્રાહ્મણવર્ગમાં બેઠેલા તેઓને જો કે શ્રીકૃષ્ણ ઓળખી શકયા, પણ તેઓ તેમને જોઇ શકયા નહિ. આખરે અર્જુને એ મહાપરાક્રમ કરવાનો વિચાર કર્યો અને બ્રાહ્મણગણની આશિષ મેળવી તે આગળ વધ્યો. ઇશ્વરકૃપાથી સ્વયંવરની વિકટ શરત તે પૂરી કરી શકયો.

બ્રાહ્મણગત અને દ્રુપદપક્ષીય જનોમાં આથી આનંદ પ્રસરી રહ્યો, વાદ્યો મોટે સ્વરે વાગવા લાગ્યાં, ચોતરફથી પુષ્પવૃષ્ટિ થવા લાગી, ભાટપુરાણિકો સ્તુતિ કરવા લાગ્યા અને આખો બ્રાહ્મણસમુદાય જયસૂચક ધ્વજાની માફક પોતાનાં વસ્ત્રો ફરકાવવા લાગ્યો; પણ જેમ શ્રીકૃષ્ણને અર્ઘ્ય આપતી વખતે શિશુપાલાદિ રાજાઓ ઇર્ષ્યાથી વિરુદ્ધ પડયા હતા, તેમજ હતાશ થયેલા ક્ષત્રિય રાજાઓ બ્રાહ્મણવર્ગમાંના એક પુરુષે શરત પૂરી કરવાથી પોતાનું અપમાન થયેલું સમજી હાહાકાર કરવા લાગ્યા. આ મુજબની ગરબડ સભામાં ચાલતાં 'ધર્મનિષ્ઠોમાં શ્રેષ્ઠ' યુધિષ્ઠિર 'પુરુષશ્રેષ્ઠ' નકુલસહદેવ સાથે સત્વર ઘેર ચાલતા થયા.[5]

૧ ते तु दृष्ट्वा पुरं तच्च स्कन्धावारं च पाण्डवाः । कुंभकारस्य शालायां निवासं चक्रिरे तदा ॥ (આદિપર્વ, અ૦ ૧૮૭, શ્લો૦ ૬)

૨ આદિપર્વ, અ૦ ૧૮૭, ૨૯–૩૧ ૩ આદિપર્વ, અ૦ ૧૮૭, ૩૬, ૩૭

૪ આદિપર્વ, અ૦ ૧૮૯, ૧૧, ૧૨ ૫ આદિપર્વ, અ૦ ૧૯૦, ૨૫, ૨૬

રાજાઓમાં દ્વેષ ઉત્પન્ન થયેલો જાણી, અને વેધ કરનાર અર્જુનને જોઇ, આનંદિત થયેલા દ્રુપદરાજાએ પોતાના સૈન્યસહિત અર્જુનને મદદ કરવાનો વિચાર કર્યો.

આ તરફ વેધ થતાંજ દ્રૌપદી આનંદિત થઇ અને શુભ્ર વસ્ત્ર તથા પુષ્પમાળા લઇને અર્જુનસમીપ આવી. અર્જુને તેનો સ્વીકાર કર્યો; અને બ્રાહ્મણોની સ્તુતિને પાત્ર થયેલો તે, ત્યારબાદ રંગસભામાંથી બહાર નીકળ્યો. તેની પાછળ પાછળ તેની **પત્ની** પણ નીકળી.[1]

આ પ્રમાણે તેમને બહાર નીકળતાં જોઇ પ્રથમથીજ દ્વેષાગ્નિથી બળી ઉઠેલા રાજાઓ પોતાનું અપમાન થયેલું માની પરસ્પર કહેવા લાગ્યા કે, "ઉત્તમ પ્રકારે સત્કાર કરી અને ઉત્તમોત્તમ અન્ન જમાડી દ્રુપદે આપણું નાક કાપ્યું છે. શું દેવસમુદાય માફક ભેગા થયેલા આ નૃપસમાજમાંથી એકે રાજા તેને પસંદ નહિ પડ્યો કે એક બ્રાહ્મણને તે પોતાની કન્યા લઈ જવા દે છે? બ્રાહ્મણોને સ્વયંવરનો અધિકાર નથી; સ્વયંવર તો ક્ષત્રિયોનોજ હોય. વારૂ, જો કન્યા પોતેજ કોઇ રાજાને પસંદ ન કરતી હોય, તો આપણે તેને અગ્નિમાં નાખી દઇએ અને આપણા રાજ્યમાં ચાલતા થઇએ!"

આ મુજબ વિચાર કરી સર્વે રાજાઓ દ્રુપદનો વધ કરવા તેનાપર ધસ્યા, પણ આયુધોસાથે પોતાની તરફ ધસી આવતા સર્વે રાજાઓને જોઇ ભયભીત થયેલો તે રાજા બ્રાહ્મણોની 'કાળી ગાય' બની ગયો! પરંતુ ભીમાર્જુન તેમની સમક્ષ ગયા અને રાજાઓસાથે યુદ્ધ કરવાને તૈયાર થઇ રહેલા તે દ્વિજશ્રેષ્ઠોને માત્ર પ્રેક્ષકતરીકે ઉભા રહેવાનું કહી યુદ્ધ કરવા લાગ્યા. અન્ય સાધારણ રાજાઓને મહાત કર્યાબાદ કર્ણ અને અર્જુન તેમજ શલ્ય અને ભીમની જોડીઓ સામસામે આવી ઉભી રહી. બંનેનું તુમુલ યુદ્ધ થતાં સર્વે રાજાઓ ભેગા મળ્યા અને એ મહાપરાક્રમી બ્રાહ્મણો કયા કુળના અને કયા દેશના છે, તેની શોધ કરવાનો વિચાર કરી થોડો સમય યુદ્ધ બંધ રખાવ્યું. એટલામાં ભીમાર્જુનને તેમના અતુલ પરાક્રમથી ઓળખી ગયેલા શ્રીકૃષ્ણે વચમાં પડી યુદ્ધ બંધ રખાવી '**દ્રૌપદી ધર્મથીજ લક્ષ્યભેદક વીરને પ્રાપ્ત થઈ છે**'[2] એવો નિર્ણય કરી રાજાઓનું સાંત્વન કર્યું; અને તે સર્વે રાજાઓ પોતપોતાને ઠેકાણે ચાલતા થયા, તેમજ અન્ય લોકો પણ '**બ્રાહ્મણોએ પાંચાલરાજાની કન્યા વરી**' અને આજની રંગસભામાં "બ્રાહ્મણોની જીત થઈ" એમ બોલતા બોલતા વિદાય થયા.[3] અત્યંત આનંદમાં આવી ગયેલા બ્રાહ્મણસમુદાયમાંથી ભીમાર્જુન માંડમાંડ પોતાનો રસ્તો કાઢી શકયા. યુદ્ધથી જખમી થયેલા તેઓ પૂર્ણિમાના ચંદ્ર-સૂર્ય પ્રમાણે શોભવા લાગ્યા. દ્રુપદપુત્રી પણ તેમની પાછળ તેમને ઉતારે જવા લાગી.

બીજી બાજુ ભિક્ષા માગી પાછા ફરવાનો સમય થવા છતાં પુત્રો આવ્યા નહિ, તેથી કુંતીને ફિકર થવા લાગી કે, "રખેને કૌરવોએ કે મહાભયંકર અને દીર્ઘદ્વેષી માયાવી રાક્ષસોએ તેમનો વધ તો કર્યો નહિ હોય? **અરેરે! મહાત્મા વ્યાસમુનિનો મત પણ ખોટોજ નિવડયોને!**" વાત્સલ્યભાવથી વ્યાપ્ત થયેલી કુંતી આ મુજબ ચિંતાતુર હતી, એટલામાં અપરાહ્નકાળ સમાપ્ત થવાના સુમારમાં મેઘથી ઘેરાયેલા સૂર્ય પ્રમાણે બ્રાહ્મણોથી ઘેરાયેલો અર્જુન તે ઠેકાણે, તે કુંભારના ઘરમાં દાખલ થયો.[4]

કુંભારની કર્મશાળામાં (કામ કરવાની જગ્યાએ) આ મુજબ પહોંચતાંવાર તે મહાપરાક્રમી કુંતીપુત્રો ભીમાર્જુન **કુંતીસમીપ** ગયા, અને અત્યંત આનંદિત થયેલા તે પુરુષશ્રેષ્ઠોએ ભિક્ષાતરીકે તે દ્રૌપદીનેજ માતાપ્રતિ નિવેદિત કરી![5] તેમજ ઝુંપડીમાં બેઠેલી

---

૧ આદિપર્વ–અ૦ ૧૯૦, ૨૮ ૨ આદિપર્વ–અ૦ ૧૯૨, ૩૮ ૩ આદિપર્વ–અ૦ ૧૯૨, ૪૦
૪ આદિપર્વ–અ૦ ૧૯૨, ૪૫–૪૭ ૫ આદિપર્વ–અ૦ ૧૯૩, ૧

તે કુંતીએ પણ **દૃષ્ટિએ પડવાની વાટ ન જોતાં** "સર્વે વહેંચી લ્યો" કહ્યું; પણ દ્રૌપદીને જોતાં તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો કે, "અરેરે! મેં આ કેવું અનર્થકારક વેણ ઉચ્ચાર્યું?" બાદ ચિંતાક્રાંત થયેલી તે અધર્મભીરુ કુંતી અતિશય આનંદિત થયેલી તે દ્રૌપદીનો હાથ પકડી યુધિષ્ઠિર પાસે ગઇ અને બોલી કે:–"હે પુત્ર! આ દ્રુપદરાજાની કન્યા તારા કનિષ્ઠ બંધુઓએ મારી સામે નિવેદિત કરી; પણ પ્રમાદને લીધે મારા મોંમાંથી (રોજની માફક) એમ નીકળી ગયું કે, 'સર્વે જણા વહેંચી લ્યો.' આથી મારૂં ભાષણ પણ અસત્ય ન થાય અને પાંચાલકન્યા દ્રૌપદીને પાતક પણ ન લાગે, એવો કાંઈ ઉપાય તું બતાવ."

ધર્મરાજ યુધિષ્ઠિરે આથી અર્જુનને કહ્યું કે,"તેં દ્રૌપદીને સ્વયંવરમાં જીતી છે, તો તારી સાથેજ પાણિગ્રહણ કરવાથી તે શોભનાર છે; માટે અગ્નિ પ્રજ્વલિત કરી તું એનું યથાવિધિ પાણિગ્રહણ કર." ત્યારે અર્જુને કહ્યું કે, "પ્રથમ આપનો, બાદ ભીમસેનનો, પછી મારો અને ત્યારબાદ નકુલસહદેવનો વિવાહ થવો યોગ્ય છે; માટે આપેજ એ કન્યાનું પાણિગ્રહણ કરવું જોઇએ અને ત્યારબાદ ભીમસેનનો, મારો અને નકુલસહદેવનો વિવાહ અનુક્રમે થવો જોઇએ. મારો તો આ મત છે; પણ આ પ્રસંગે ધર્માનુરૂપ, યશસ્કારક પાંચાલરાજ દ્રુપદને પણ જે હિતાવહ હોય, તે વિચાર કરીને કરો અને અમને યોગ્ય આજ્ઞા આપો; કારણ કે અમે સર્વે આપની આજ્ઞામાં છીએ."

અર્જુનનું આવું ભાષણ સાંભળી સર્વે પાંડવોએ પોતાની નજર દ્રૌપદી તરફ ફેંકી અને આમતેમ જોતી તે ભાગ્યવતી દ્રૌપદીને જોતાં સર્વ પાંડવોએ એકબીજા સામું જોયું અને તે સર્વેનું મન તેનાપર ચોંટયું.સારાંશ કે, **દ્રૌપદીને જોતાંવેંત તે સર્વ અપરિમિત વીર્યવાન પાંડવોમાં સર્વ ઇંદ્રિયોના ક્ષોભકારી મદનનો પ્રાદુર્ભાવ થયો;કારણ દ્રૌપદીનું સ્વરૂપ બહુ કામોદ્દીપક હોવાથી પ્રાણીમાત્રનું ચિત્ત વેધી નાખનારૂં હતું!**[1]

તેમની આવી મુદ્રાઓ જોઈ તથા તેમનો મનોરથ જાણી, યુધિષ્ઠિરને વ્યાસવચનનું સ્મરણ થયું. આથી દ્રૌપદી જેને પ્રાપ્ત થશે તેના બીજા પાંડવો શત્રુ થશે, એ ભયથી તે ધર્મરાજા પોતાના બંધુઓપ્રતિ કહેવા લાગ્યા કે, "આ કલ્યાણી દ્રૌપદી આપણા સર્વની ભાર્યા થશે."[2] જ્યેષ્ઠભ્રાતાનું તે ભાષણ લક્ષમાં લઈ ઉદાર અંતઃકરણથી યુક્ત તે સર્વ પાંડુપુત્રો તેજ વાતનો મનમાં વિચાર કરતા કરતા સ્તબ્ધ થઈ રહ્યા. એટલામાં શ્રીકૃષ્ણબળદેવ કુંભારની તે કર્મશાળામાં કે જ્યાં પાંડવો બેઠા હતા ત્યાં આવ્યા અને પોતાની ઓળખાણ આપી પરસ્પર અભિવંદન–નંદન કરી, હાસ્યપૂર્વક સુખદુઃખની બે વાતો કરી વિદાય થયા.

પાંચાલરાજપુત્ર ધૃષ્ટદ્યુમ્ન કુંભારગૃહે જવા નીકળેલા ભીમાર્જુનની પાછળ પાછળ ગયો હતો અને કોઈની પણ નજરે ન પડતાં, પૂર્ણતઃ સાવચેત રહી, **તે કુંભારના ઘરમાં પાંડવોની પાસેજ છુપાઇ બેઠો હતો.**[3]

સાયંકાળે ભીમાર્જુન તથા નકુલસહદેવ ભિક્ષા માગી લાવ્યા; અને યુધિષ્ઠિરને અર્પણ કરી. ભોજનનો સમય થતાં કુંતીએ દ્રૌપદીને પ્રથમ દેવતાઓને બલિ તથા બ્રાહ્મણોને ભિક્ષા આપવાનું કહ્યું; અને પછી અન્નના અન્ય અપેક્ષકોને આપ્યા બાદ શેષ રહેલામાંથી બે ભાગ કરી એક ભીમને (કારણ કે તે ખૂબ ખાતો હતો!) અને એક બીજા બધાને સરખે હિસ્સે આપવા કહ્યું. ભોજન થતાં સહદેવે ભૂમિપર દર્ભશય્યા તૈયાર કરી અને તે પર પોતાનાં વસ્ત્ર પાથરી તે સર્વ વીરો દક્ષિણ તરફનું માથું કરી સૂતા; કુંતી તેમને તકીયે લાગીને (માથા આગળ) સૂતી; અને જાણે પાંડવોના પગ મૂકવા સારૂ એક તકીયોજ હોય

---

1 આદિપર્વ–અ૦ ૧૯૩, ૬–૧૪ 2 આદિપર્વ–અ૦ ૧૯૩, ૧૬ 3 આદિપર્વ–અ૦ ૧૯૪, ૨

નહિ, તેમ દ્રૌપદી તેમના પગ આગળ સૂતી! તે રાજપુત્રીને એ પ્રકારે ભૂમિપર (ખાટલા-પર નહિ) સૂવું પડવા છતાં તેણે જેમ પાંડવોનું અશુભ કર્યું નહિ, તેમજ પોતાના મનમાં પણ જરાયે ખોટું આણ્યું નહિ; **અને અન્નાર્થે ત્યાં મળેલા ઇતર સર્વ મનુષ્યોએ પણ દ્રૌપદીને ત્યાં બેઠેલી (?) અવલોકી!** [1] આ મુજબ શય્યાધીન થતાં તે પાંડવોએ સેનાપતિને યોગ્ય એવી અદ્દભુત વાતો કરવા માંડી, જે બધી ધૃષ્ટદ્યુમ્ને સાંભળી.

પાંડવોની તે ઇત્થંભૂત હકીકત અને તેમણે રાત્રે આપસઆપસમાં કરેલી વાતો, એ સર્વે પૂર્ણપણે દ્રુપદરાજાને નિવેદિત કરવા સારૂ રાજપુત્ર ધૃષ્ટદ્યુમ્ન ત્યાંથી સત્વર નીકળી દ્રુપદ પાસે ગયો. તુરતજ પાંડવોને ઓળખેલા ન હોવાથી ખિન્ન થઈ બેઠેલા મહાત્મા પાંચાલ-રાજ દ્રુપદે તેને મત્સ્યવેધ કરનાર કોણ અને કયા કુળનો છે, તે પૂછયું; જેના ઉત્તરમાં ધૃષ્ટદ્યુમ્ને ભીમાર્જુનની કુંભારને ઘેર પહોંચવાની, ત્યાં **પાસેપાસેજ** બેઠેલા ત્રણ પુરુષો તથા તેમની માતાને જોયાની, કૃષ્ણાને ત્યાંજ મૂકી ભિક્ષાટનાર્થે ચાર પાંડવોના નીકળી ગયાની, ત્યાંથી પાછા આવતાં ભોજન કર્યાની, સૂવાની તથા પરસ્પર ક્ષત્રિયોચિત સંભાષણ-ની વાત દ્રુપદને કહી; અને અગ્નિદાહમાંથી પાંડવો મુક્ત થયાની કિંવદંતિ ખરી હોઇ, તે સઘળા પાંડવોજ હોવા જોઇએ, એવી પોતે બાંધેલી અટકળ પણ કહી.

બાદ આનંદિત થયેલા તે દ્રુપદે તેઓ પાંડવોજ છે કે કેમ, તેની વધુ તપાસ કરવા પોતાના પુરોહિતને મોકલ્યો; જેણે યુધિષ્ઠિરને તેની જાતિ, કુળ આદિ પોતાને કહેવા કહ્યું અને વધુમાં ઉમેર્યું કે, " પાંડુરાજા અને દ્રુપદરાજામાં ગાઢ મૈત્રી હતી અને ' આ મારી કન્યા કૃષ્ણાને હું કુરુકુલોત્પન્ન પાંડુને વહુતરીકે આપીશ ' એવો તેનો મનોદય હતો. વળી દ્રુપદના મનમાં એવી ઈચ્છા ઘોળાયા કરે છે કે, ' વિશાળ અને દીર્ઘબાહુથી યુક્ત અર્જુન જો ધર્મતઃ આ મારી કન્યા પ્રાપ્ત કરી લે, તો તે મારૂં એક મોટું હિત કર્યા સમાનજ છે.' "[2]

આ મુજબ દ્રુપદરાજાનો સંદેશો કહી વિનયપૂર્વક બેઠેલા તે પુરોહિત તરફ ધર્મરા-જાએ જોયું અને ભીમસેનને તેનું પાદપૂજન કરવા આજ્ઞા કરી. તેમ થતાં યુધિષ્ઠિરે તે પુરો-હિતને કહ્યું:–" ક્ષાત્રધર્મને ઉચિત રીતેનું અવલંબન કરી પાંચાલરાજાએ પોતાની કન્યા સ્વયંવરમાં મેલી હતી–માત્ર ઇચ્છાથીજ તેમ કર્યું નહોતું. વળી તેની પુત્રીએ પણ તે વાત માન્ય કરી હતી. તેમ કરવામાં તેણે જાતિ, કુળ, શીલ કે ગોત્ર, એમાંના કશાની પણ અપેક્ષા રાખેલી નહોતી–માત્ર ધનુષ્ય સજ્જ કરી લક્ષભેદ કરવાની શરતેજ તે આપવાનું જાહેર કર્યું હતું; અને તે મુજબ રાજાઓના સમુદાયમાં તેને આ મહાત્માએ (અર્જુને) જીતી છે. આથી દ્રુપદરાજાને હવે ચિંતાતુર થવાનું કશું કારણ દેખાતું નથી, પણ દ્રુપદરાજાનો એ (અર્જુનને કન્યા આપવાનો) મનોરથ પણ સિદ્ધ થશે. વળી એ રાજકન્યાના સ્વરૂપનું ઉત્તમ પ્રકારે સાર્થક થયેલ હું માનું છું; કારણ કે તે ધનુષ્યને તે પ્રકારે પ્રત્યંચા ચઢાવવાનું કામ દુર્બળ મનુષ્યથી થવું શકય નથી અને અસ્ત્રવિદ્યામાં નિપુણ ન હોય એવા અને હીન કુળમાં ઉત્પન્ન થયેલાથી તે લક્ષ્ય પૃથ્વીપર પાડવું અશકયજ હતું. આથી કન્યા સારૂ દ્રુપદે કાળજી કરવી જોઇતી નથી. વળી (દ્રુપદની ઇચ્છા ન હોય તોપણ) તે લક્ષ્યભેદ વ્યર્થ કરવાની (લક્ષ્યવેધ કરનારને હરાવવાની) આજે પૃથ્વીમાં એક પણ પુરુષની છાતી ચાલનાર નથી."

એટલામાં ભોજન તૈયાર હોવાની ખબર દ્રુપદનો એક માણસ લાવ્યો; અને સર્વ કર્મ આટોપી, દ્રુપદને ઘેર ભોજન કરી, ત્યાંજ દ્રૌપદીનું પાણિગ્રહણ કરવાનું સૂચવ્યું. આથી આવેલા તે પુરોહિતને આગળથી મોકલી દઇ પાંડવો દ્રુપદે મોકલેલા વિશાળ અને કિંમતી રથોપર સ્વાર

---

1 આદિપર્વ–અ૦ ૧૯૪, ૧૨ 2 આદિપર્વ–અ૦ ૧૯૫, ૧૯

થઇ દ્રુપદને ત્યાં જવા લાગ્યા, અને કુંતી તથા દ્રૌપદી પણ એક રથમાં બેસીને ગયાં.

બીજી બાજુ પુરોહિતના મુખમાંથી નીકળેલાં વચન સાંભળી દ્રુપદરાજાએ પાંડવોની જાતિ આદિ નક્કી કરવા નાના પ્રકારની ચીજો એકઠી કરી. દ્રુપદને મહેલે પહોંચતાં કુંતી અને દ્રૌપદી અંતઃપુરમાં ગયાં; અને પાંડવો પાદપીઠોથી (પગ મૂકવા સારૂ રાખેલી ચોપાઇઓથી) યુક્ત એવા સર્વોત્કૃષ્ટ અને મહામૂલ્યવાન સિંહાસનપર બીલકુલ વિસ્મિત ન થતાં બેઠા. બાદ ઉજ્જવલ વેષ ધારણ કરેલાં દાસ-દાસીઓ અને પીરસણીઆઓએ સોનારૂપાનાં પાત્રોમાં ઉત્તમ પ્રકારનાં ખાદ્યપેય લાવીને પીરસ્યાં. આ પ્રમાણે ભોજનવિધિ સમાપ્ત કરી પાંડવો બીજી વસ્તુઓ તરફ દુર્લક્ષ કરી સંગ્રામ-સામગ્રી નિહાળવા ગયા, જેથી દ્રુપદાદિએ તેઓ રાજ-કુમારજ હોવા જોઇએ, એવું ખાત્રીપૂર્વક માન્યું.

બાદ યુધિષ્ઠિરને પાસે બોલાવી દ્રુપદે તેનાં વર્ણ, કુળ આદિસંબંધી હકીકત પોતાને કહેવા વિનવ્યું; જેનો સ્વીકાર કરી યુધિષ્ઠિરે સર્વ પાંડવોને એક પછી એક તેમનાં નામથી ઓળખાવ્યા, જે સાંભળી દ્રુપદને આનંદાશ્રુ આવ્યાં. ત્યારબાદ દ્રુપદના પૂછવાથી લાક્ષાગૃહની હકીકત જણાવી પાંડવો દ્રુપદના ભવ્ય વાડામાં ગયા. ત્યાં દ્રુપદે અર્જુનને પોતાના કુળધર્મ મુજબ યથાવિધિ દ્રૌપદીનું પાણિગ્રહણ કરવા કહ્યું.

એ પરથી યુધિષ્ઠિરે કહ્યું કેઃ-" **હે રાજા! મારે પણ વિવાહ કરવો છે.**" દ્રુપદે ઉત્તર દીધોઃ-" તો તું એનું પાણિગ્રહણ કર; અથવા તારા બંધુઓ પૈકી જેને તારે આપવી હોય તેને કૃષ્ણા આપ. " યુધિષ્ઠિરે ઉત્તરમાં જણાવ્યુંઃ-" તે અમો સર્વેની રાણી થશે, અને મારી માતા પણ પૂર્વે એમ બોલી ગઇ છે. વિશેષ,હું **અને ભીમસેન**-એ બેઉ હજી અવિવાહિત છીએ; અને રત્નસમાન તારી કન્યા અર્જુને જીતી છે. રત્નનો ઉપભોગ સર્વેએ કરવો, એવો અમારો સંકેત છે; અને તે સંકેત છોડવાની અમારી ઇચ્છા નથી! આથી **ધર્મથીજ** આ તારી કન્યા કૃષ્ણા અમો સર્વેની પત્ની થશે, માટે અગ્નિસમીપ સર્વ સાથેજ એનું પાણિગ્રહણ થવા દે."[1]

આથી દ્રુપદે કહ્યુંઃ-" હે **કુરુનંદન! એક પુરુષને ઘણી સ્ત્રીઓ કરવાનું કહેલું છે, પણ એક સ્ત્રીને અનેક પતિ (થયેલા)** કોઇ પણ ઠેકાણે **સાંભળ્યા નથી.** હે કુંતીપુત્ર! તારી આવી બુદ્ધિ કેમ થઇ? **શિષ્ટાચાર અને શ્રુતિથી** વિરુદ્ધ (જઇ) **આવો અધર્મ કરવો તને ઉચિત નથી.** "[2]

યુધિષ્ઠિરે કહ્યુંઃ-"હે મહારાજ ! ધર્મ બહુ સૂક્ષ્મ છે. અમારામાં તેની ગતિ જાણવાનું સામર્થ્ય નથી. **પૂર્વકાલીન લોક જે માર્ગે ગયા તેજ માર્ગે અમે પણ જઇશું. મારી વાણીથીઅસત્યોચ્ચારણ કદી થયું નથીઅને અધર્મ તરફ મારી મતિ પણ નથી. મારી માતા એમજ કહે છે અને મારો પણ એજ મનોરથ છે. હે રાજા!એ નિશ્ચિત ધર્મ છે;**માટે ચિંતા ન કરતાં તથા મનમાં (કોઇ પ્રકારની) શંકા ન આણતાં તેનું આચરણ કર."[3]

આથી આખરે વળતે દિને દ્રુપદે યુધિષ્ઠિર, કુંતી તથા પોતાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને એ બાબતનો નક્કી વિચાર કરી પોતાને જણાવવાનું કહ્યું, એટલામાં વ્યાસમુનિ ત્યાં પધાર્યા.

દ્રુપદે તેમને પ્રશ્ન કર્યો કેઃ-"અનેક પુરુષોએ એકજ પત્ની કરવાથી સંકર કેમ ન થાય? તે સર્વ આપ મને યથાસ્થિત કહો." આથી વ્યાસે કહ્યું કેઃ-"(અતિગહન હોવાથી શાસ્ત્રીય) કપટથી ગ્રસ્ત અને તેથી શિષ્ટાચાર અને શ્રુતિથી વિરુદ્ધ આ (બહુપતિત્વ) ધર્મવિષે જેના જે મત હોય તે (તેણે કહેવા) સાંભળવાની મારી ઇચ્છા છે."[4]

---

૧ આદિપર્વ-અ૦ ૧૯૭, ૨૨-૨૬ ૨ આદિપર્વ-અ૦ ૧૯૭, ૨૭, ૨૮ ૩ આદિપર્વ-અ૦ ૧૯૭, ૨૯-૩૧ ૪ આદિપર્વ-અ૦ ૧૯૮, ૬

આથી દ્રુપદે કહ્યું:-"શિષ્ટાચાર અને શ્રુતિથી વિરુદ્ધનો આ મને અધર્મ ભાસે છે; કારણ કે અનેકની એક પત્ની કોઇ ઠેકાણે હોતી નથી. **પૂર્વકાલીન મહાત્માઓએ આ ધર્મનું અવલંબન કર્યું નથી અને વિદ્વાનોએ અધર્માચરણ કરવું કદીપણ ઉચિત નથી.** આથી યુધિષ્ઠિરના કહેવા મુજબ વર્તવાને હું રાજી નથી, કારણ કે **આ ધર્મ મને સદા સર્વકાળ સંશયિતજ ભાસનારો છે.**"

ધૃષ્ટદ્યુમ્ને કહ્યું:-"**પોતે સદાચરણી હોય એવો જ્યેષ્ઠ ભ્રાતા કનિષ્ટ ભ્રાતાની ભાર્યા સાથે સમાગમ કેમ કરે?** ધર્મની સૂક્ષ્મ ગતિને લીધે અમે એક યા બીજી બાજુનો નિશ્ચય કરવાને અસમર્થ છીએ."

યુધિષ્ઠિરે કહ્યું:-"મારી વાણીએ અનૃતનો ઉચ્ચાર કર્યો નથી; અને અધર્મ તરફ મારી મતિ વળતી નથી. આથી **આ બાબતમાં મારો મત અનુકૂળ હોવાથી એ કોઈપણ પ્રકારે અધર્મ નથી.** જટિલા નામક ગૌતમીએ સાત ઋષિ જોડે તથા મુનિથી ઉત્પન્ન થયેલી વૃક્ષકન્યાએ પણ 'પ્રચેતઃ' સંજ્ઞક દશ ભાઈઓ જોડે સમાગમ કર્યાની કથા પુરાણમાં છે. વળી ગુરુનું કહેવું ધર્માનુસારજ હોય છે; અને સર્વ ગુરુઓમાં માતા શ્રેષ્ઠ ગુરુ છે, તથા 'ભિક્ષા મુજબ સર્વ જણ મળી ઉપભોગ લ્યો' એવા શબ્દ તે માતાના મોઢામાંથી પણ નીકળ્યા છે, તેથી એ વાત **સર્વોત્કૃષ્ટ ધર્મ છે,** એમ હું માનું છું."

કુંતીએ કહ્યું:-"ધર્માનુચરણ કરનારા યુધિષ્ઠિરે જે મુજબ કહ્યું તે મુજબજ એ ખરૂં છે; **અને અનૃતની મને બહુજ બીક લાગે છે, માટે હું અનૃતમાંથી કેમ મુક્ત થઇશ?**"

વ્યાસે કહ્યું:—"હે ભદ્રે! તું અનૃતથી મુક્ત થઈશ, કારણ કે એ સનાતન ધર્મ છે. હે પાંચાલરાજા! ધર્મરાજાના કહેવા મુજબ આ નિઃસંશય ધર્મ છે. હવે એ કેવી રીતે વિહિત અને સનાતન છે, તે હું સર્વને કહીશ નહિ, માત્ર તનેજ કહીશ."

એમ કહી વ્યાસ દ્રુપદનો હાથ પકડી અંદર લઈ ગયા અને તેને તે સનાતન અને વિહિત ધર્મની આ કથાઓ કહી:-

"હે રાજા! પૂર્વે નૈમિષારણ્યમાં દેવોએ સત્ર કરવા માંડયો હતો, ત્યારે સૂર્યપુત્ર યમે તે સત્રમાં શામિત્રકર્મ (એટલે પશુઓનો ઘાત કરવાનું કર્મ) સ્વીકારવાથી કાલાનુક્રમણ થયું, જેથી મરણમાંથી મુક્ત થયેલી પ્રજા પુષ્કળજ વધી ગઇ! આથી ઇંદ્રાદિ દેવોને ભય પ્રાપ્ત થતાં તેઓ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ તેમને શાંત પાડી કહ્યું કે, "સત્રમાંથી મુક્ત થતાં યમ પોતાનું ચઢી ગયેલું બધું કામ પતાવી નાખશે." આ સાંભળી દેવો જ્યાં યજ્ઞ ચાલતો હતો ત્યાં ઇંદ્રાદિ જઇ બેઠા; એટલામાં તેમને એક કમળ ભાગીરથીમાં દેખાયું, જે જોઇ તેઓ આશ્ચર્ય પામ્યા. ઇંદ્ર તપાસ કરવા ગયો, તો તેને દેખાયું કે, ગંગાના ઉગમસ્થાને એક સ્ત્રી પાણી સારૂ ગંગામાં ઉતરી રડતી હતી; અને રડતાં રડતાં પાણીમાં તેનાં જેઃ અશ્રુબિંદુ પડતાં હતાં તે એકાએક સુવર્ણકમળ થઈ જતાં હતાં. ઇંદ્રે તેની પાસે જઇ રડવાનું કારણ પૂછતાં તેણે તેને પોતાની પાછળ આવવા જણાવ્યું. આ મુજબ તે સ્ત્રીની પાછળ જતાં પાસેજ હિમાલય પર્વતપર એક તરુણ સ્ત્રી જોડે એક રૂપવાન તરુણ (કે જે શંકર હતા તે) ને દ્યૂત રમતાં જોયા. પોતે કોણ અને કેવો સત્તાધારી છે તે, તે તરુણ પુરુષને કહેવા છતાં પણ જ્યારે તેણે તેને કંઇ દાદ આપી નહિ, ત્યારે ઇંદ્ર ક્રુદ્ધ થયો. આ જોઇ શંકર હસ્યા અને દ્યૂતક્રીડા ખલાસ થતાં તેણે ઈંદ્રને એક ગુહાનું દ્વાર ખોલવા જણાવ્યું, કે જેની અંદર બીજા તેના જેવાજ ચાર ઇંદ્રો હતા. ઈંદ્ર આથી ભયભીત થયો કે, રખેને મારી પણ એવીજ સ્થિતિ થાય! રુદ્રે કહ્યું કે, "પ્રથમતઃ તેં સારૂં અપમાન કર્યું, તેથી તું પણ આ ગુહામાં દાખલ થા." આ સાંભળી ઇંદ્ર

ગર્વગલિત થઇ ગયો. ઇંદ્રે ક્ષમા ચાહી, પણ શંકરે કહ્યું કેઃ–" તમે સઘળા મનુષ્યજન્મ લઈ પૃથ્વીપર અવતરશો અને મહાપરાક્રમ કરશો. બાદ પાછા ઇંદ્રલોકને પ્રાપ્ત થશો. " પૂર્વેંદ્રોએ કહ્યું:–"જલદી છૂટકો થવો જ્યાંથી મુશ્કેલ છે,એવા મનુષ્યલોકમાં અમે જઇશું તો ખરા; પણ યમ, ધર્મ, વાયુ, ઇંદ્ર અને અશ્વિનીકુમાર, એ દેવોએ અમારી માતાને ગર્ભાધાન કરવું, કે જેથી દિવ્ય અસ્ત્રોથી ત્યાંનાં મનુષ્યો જોડે યુદ્ધ કરી અમે પુનરપિ ઇંદ્રલોકને પ્રાપ્ત થઇએ. " આ સાંભળી ગાદીપરના ઇંદ્રે કહ્યું કેઃ–" (આ ચાર જોડે) મારા વીર્યથી ઉત્પન્ન થયેલો એવો મારો એક અંશભૂત પુરુષ હું આપીશ. " આ મુજબ નક્કી કર્યા બાદ શંકરે તે સુંદર અને સ્વર્ગની લક્ષ્મીસમાન રડતી સ્ત્રીને મનુષ્યલોકમાં તેમની સ્ત્રી નીમી. બાદ બધાને લઇને શંકર નારાયણ પાસે ગયા અને પોતાના શાપને તેમનું અનુમોદન મેળવ્યું. નારાયણે પણ પોતાની શક્તિરૂપ એક સફેદ અને એક કાળો એમ બે વાળ ઉખાડી યાદવકુળમાં દેવકી અને રોહિણીના ગર્ભમાં પ્રવિષ્ટ કર્યા, જે બલરામ અને કૃષ્ણરૂપે અવતર્યા. આ મુજબ પૂર્વના ચાર ઇંદ્રો તે ચાર પાંડવો અને ઇંદ્રના અંશરૂપ પાંચમો તે અર્જુન, એમ પૂર્વના ઇંદ્રો તે આ પાંચ પાંડવો છે; અને પેલી રડતી સ્ત્રી તે તારી પુત્રી દ્રૌપદી છે. "

આ પ્રમાણે કહ્યા પછી અત્યંત અદ્‌ભુત વરદાન આપી વ્યાસે દ્રુપદને દિવ્ય દૃષ્ટિ આપી, કે જેથી તે પાંચે પાંડવોને તેમના મૂળ ઇંદ્રના રૂપમાં જોઈ શક્યો !

એ મુજબ એક વાત કહ્યા બાદ વ્યાસે બીજી વાત કહીઃ–"તપોવનમાં એક રૂપવતી ઋષિકન્યા હતી, પણ તેને પતિ પ્રાપ્ત થતો નહોતો; તેથી ઉગ્ર તપ કરી તેણે શંકરને રીઝવ્યા,અને "સર્વગુણસંપન્ન પતિની મને ઇચ્છા છે" એમ પાંચ વાર તેણે તેને કહ્યું. આથી ખુશ થયેલા શંકરે પાંચ વર થવાનું વરદાન આપ્યું. તે કન્યાએ એકજ પતિની અપીલ કરી, પણ **અંતઃકરણમાં પ્રસન્ન થયેલા તે દેવાધિદેવે પુનરાપ શુભ ભાષણ કરી** તેને કહ્યું કેઃ–"પતિ આપો, પતિ આપો, એમ કહી **તેં પાંચવાર મારી પ્રાર્થના કરી તેથી** હવે તને પાંચજ પતિ થશે. હે ભદ્રે! તારૂં કલ્યાણ થાઓ! **તને બીજો દેહ પ્રાપ્ત થતાં** એ બધું સિદ્ધિ પામશે. " આ મુજબ હે દ્રુપદ ! આ તારી દેવરૂપી કન્યા ઉત્પન્ન થઈ છે, અને ઈશ્વરી સંકેતથીજ તે પાંચેની પત્ની ઠરેલી છે; માટે હવે તને જેમ યોગ્ય લાગે તેમ કર. "

દ્રુપદે કહ્યું:–" હે મુનિ ! હવે મારો સંશય દૂર થયો. મેં પ્રથમ આ વાત જાણી નહોતી, તેથીજ મારી પુત્રીનો એકજ પતિ સાથે સંબંધ કરવા પ્રયત્ન કર્યો હતો; પણ **ખરેખર દૈવ આગળ કોઈનું કાંઈ ચાલતું નથી**, માટે દૈવવિહિત જે હોય તેજ કરવું યોગ્ય છે. **દૈવનો સંબંધ ટાળવો અશક્ય છે**, અને તે ટાળવા સારૂ આ જન્મે કરેલા કર્મથી કંઇજ સિદ્ધ થતું નથી. જુઓ કે, કન્યાને એક ઉત્કૃષ્ટ પતિ મેળવી આપવાના ઉદ્દેશથી મેં જે શરત કરી તેજ અનેક પતિ મેળવી આપવાના કારણભૂત થઇ પડી ! **પ્રત્યક્ષ શંકરે જ્યારે એવું વરદાન આપ્યું છે,ત્યારે ધર્મ હો કે અધર્મ હો, તોપણ એમાં મારો અપરાધ નથી**; માટે દ્રૌપદીને જેમ રુચે તેમ કરે."

બાદ વ્યાસે ધર્મરાજાને પ્રથમ દ્રૌપદીનું પાણિગ્રહણ કરવા આજ્ઞા કરી; અને તે મુજબ ધૌમ્યમુનિએ હવન કરી યુધિષ્ઠિર સાથે દ્રૌપદીની ગાંઠ બાંધી આપી. ત્યારબાદ બીજે, ત્રીજે, ચોથે અને પાંચમે દિને, અનુક્રમે બાકીના પાંડવોએ તેનું પાણિગ્રહણ કર્યું. વૈશંપાયન અત્રે કહે છે કે, વ્યાસે તેને એક **અદ્‌ભુત કથા** એ કહી હતી કે,દ્રૌપદી દરરોજ એકેક પાંડવ સાથે લગ્ન કર્યા બાદ કુમારી થઇ જતી હતી !

બસ, આટલીજ કથા જોડે આપણને સંબંધ હોવાથી વધુ ભાગ આપવાની જરૂર નથી.

શું કુંતીએ ખરેજ 'सर्वे समेत्य भुंक्त' કહ્યું હતું ?

કુંતી એક દૃઢ સંકલ્પવાળી શૂર સ્ત્રી હતી. કુરુક્ષેત્રની લડાઇપૂર્વે કૃષ્ણુસાથે પોતાના પુત્રોને તે જે સંદેશો મોકલે છે, તે એક વીર ક્ષત્રિયાણીને છાજે તેવોજ છે. તે કૃષ્ણુને કહે છેઃ–" અરે ! સંધિ કરવાનો આ કાળ નથી. પાંડવોને કહેજે કે, અપમાન થવાથી જેને રાગદ્વેષ આવતો નથી તે ખરો ક્ષત્રિયજ નથી. કુલક્ષય થવાની બીકે સ્વસ્થ બેસી રહો અથવા નિરાશ થઈ નીચ સ્થિતિમાં રહેશો નહિ; સાપની ઝેરી દાઢ ઉખાડી નાખતાં મૃત્યુ થાય તો બહેતર, પણ કુતરાને મોતે મરશો નહિ. શત્રુએ કરેલું અપમાન, તિરસ્કાર અને છળનો ભાર ગધેડા પ્રમાણે સહન કરવો એ ક્ષત્રિયોનો ધર્મ નથી. ડૂબવાનો કે પડવાનો પ્રસંગ આવે તોપણ શત્રુની કમરને પાકી બાથ ભીડી તેમ કરવું. યોગ્ય પ્રસંગ હોવા છતાં, જીવવાની આશાએ કે બીકે, જે ક્ષત્રિય પોતાનું તેજ બતાવતો નથી તે ક્ષત્રિય નહિ, પણ ચોર છે. ક્ષત્રિયે શેરડીની માફક શત્રુની સામે કકડા થઇ જવું, પણ વળવું (નમવું) નહિ.× જે આશયથી એક ક્ષત્રિય. વીરસ્ત્રી પોતાના પુત્રને જન્મ આપે છે, તે આશા પૂર્ણ કરવાનો આજ સમય છે; માટે આ વખતે જો લોકોના કહેવા પર આધાર રાખી સ્વકર્તવ્ય કરવામાં ચૂકશો તો હું તમારો સર્વથૈવ ત્યાગ કરીશ. પ્રસંગ આવતાં ક્ષત્રિયે પોતાના પ્રાણુની પણ પરવા કરવી જોઇએ નહિ." અર્થાત્ કુંતી એક બહુ પાણીદાર સ્ત્રી હતી. તે પોતાનો ધર્મ યથાર્થ જાણતી; આથી યુદ્ધ પૂરૂં થયા બાદ અને પાંડવો ગાદીપર બેસતાં જ્યારે ધૃતરાષ્ટ્ર યાત્રાએ નીકળી પડે છે, ત્યારે તે વૃદ્ધ અંધ માણસની સેવા કરી પોતાનો ધર્મ બજાવવાનું વ્યાજબી ધારી કુંતી પણ તેની સાથે નીકળી પડે છે–ન તો હાલની સ્ત્રીઓની માફક પોતાના પુત્રોને રાજ્ય કરતા જોવાની તે ઇચ્છા રાખે છે, ન તેમના વૈભવનું સુખ માણવાની ! જ્યારે તે આ મુજબ યાત્રાએ જવા નીકળે છે, ત્યારે ભીમ તેને તેણે કૃષ્ણુની સાથે મોકલેલા સંદેશાનું ફળ ભોગવવા (અર્થાત્ પાંડવોનો રાજ્યવૈભવ ભોગવવા) સારૂ રહેવાનો આગ્રહ કરે છે; પણ એ વીર સ્ત્રી દૃઢતાથી ઉત્તર આપે છે કેઃ–"મેં મારા પતિના વખતમાં બહુ સુખ ભોગવ્યું છે. મેં તમને યુદ્ધ કરવાની સલાહ એટલાજ સારૂ આપેલી કે મારે તમને ભીખ માગતા જોવા પડે નહિ." છેલ્લે યાત્રાએ જતાં, તે પોતાના પુત્રોને ઉપદેશ આપે છે કેઃ–" સત્યને માર્ગે ચાલજો અને મનોવૃત્તિઓ હમેશાં ઉદાર રાખજો. " આખા મહાભારતના સારરૂપજ ઉપલું વાક્ય છે, એમ કહીએ તો ચાલે. કુંતીના સ્વભાવ–પરિચયાર્થે આપણે આટલું જોયું; અને ખાત્રી કરી કે, તે વીર સ્ત્રી હમેશાં સત્યનેજ ચાહનારી અને મહાતેજસ્વી સ્વભાવની હતી.

પ્રથમ તો આ પ્રસંગમાં ખુદ મહાભારતના કથનાનુસાર કુંતી બહુ 'અધર્મભીરુ' હતી એ સિદ્ધ થાય છે; તેમજ તેનો પશ્ચાત્તાપ આપણી માન્યતાને ટેકો આપે છે. આવું છતાં દ્રૌપદીના વિવાહસંબંધી જે વાદવિવાદ થાય છે, તેમાંની સઘળી બાબતો તરફ તે દુર્લક્ષ્ય કરે છે–એકે શબ્દ બોલતી નથી, માત્ર યુધિષ્ઠિરની હામાં હા ભેળવે છે, એ એક ખુબી છે.

આપણે એ ભૂલવું જોઇતું નથી કે, પાંચાલનગરીમાં આવવાનો પાંડવોનો મુખ્ય ઉદ્દેશ કેવળ દ્રૌપદી મેળવવાનોજ હતો. વ્યાસે બતાવેલી આશા, આપેલો આશીર્વાદ તથા ખાત્રી, દ્રુપદપુત્રીના શાંકરવરદાનને પરિણામે પાંચ પતિવિષેની કહેલી હકીકત, ધૌમ્યના પુરોહિત થવાથી ખુદ દ્રૌપદીજ મળ્યા જેટલો તેમને થયેલો આનંદ, લોકસમુદાય મળવાના સ્થાનનું અવલોકન કરી તેમણે લીધેલો કુંભારને ઘેર ઉતારો વગેરે બાબતો એ વાતની પુષ્ટિમાં આપણને ઉપલબ્ધ છે; તેમજ દ્રુપદરાજાને ત્યાં પંદર દિવસસુધી આગંતુકોના સન્માનાર્થે જે

× अप्यपर्वाणि भज्येत न नमेतेह कस्यचित् ।

ઉત્સવ થયો હતો તેમાં પણ તેમની હાજરી તેમના એજ એકમાત્ર હેતુની ખાત્રી આપે છે.

હવે કુંતીને જ્યારે ફિકર થાય છે ત્યારે સોળમો–એટલે સ્વયંવર સારૂ નિશ્ચિત–દિવસ આવે છે; અને પાંડવોએ સ્વયંવરમાં જઇ અર્જુને લક્ષ્યવેધ કર્યો છે અને રાજાઓના દિલમાં મત્સર ઉત્પન્ન થવાથી તે લડવા ઉદ્યત થતાં યુધિષ્ઠિર નકુલ–સહદેવ જોડે 'ગચ્છંતિ' કરી જઇ મંડપમાંથી કોઇ ઓળખી લે નહિ તે સારૂ સત્વર ઘેર આવી બેસે છે. આથી કુંતી સારી રીતે જાણતી હોવી જોઇએ કે તેના પુત્રો ભિક્ષાર્થે નહિ પણ સ્વયંવરમાં ગયા હતા; અને તેથીજ તે ફિકર કરે છે કે,સ્વયંવરમાં ઓળખાઇ જતાં કદાચ "**કૌરવો અથવા** (તેમના મદદગાર)**દીર્ઘદ્વૃષી માયાવી રાક્ષસોએ તો**(કારણકે પુલોચન નામના લાક્ષાગૃહ બાંધનાર રાક્ષસને તેમણે બાળી નાખ્યો હતો) **પાંડવોનો વધ કર્યો નહિ હોય?**" એટલુંજ નહિ પણ તે વિચારે છે કે, "**ત્યારે શું મહાત્મા વ્યાસમુનિનો મત પણ ખોટોજ પડયો ને!**"[1] આથી પણ સ્પષ્ટ રીતે એ સાબીત થાય છે કે,પાંડવો ભિક્ષાર્થે નહિ પણ દ્રૌપદીઅર્થેજ સ્વયંવરમાં ગયા હતા. એ વાતથી કુંતી સુપરિચિત હતી–અર્થાત્ ભિક્ષાની વાત ખોટી છે, કારણ કે 'વ્યાસનો મત' તો દ્રૌપદી મેળવવાવિષે મળ્યો હતો, ભિક્ષા મેળવવાવિષે નહિ!

વળી યુધિષ્ઠિરાદિ ત્રણ પાંડવો સ્વયંવરમાંથી નીકળી ભીમાર્જુનની અગાઉજ ઘેર આવ્યા હતા, તેમણે પણ બધી હકીકતથી કુંતીને વાકેફ કરીજ હોવી જોઈએ; અને ત્યાર પછીજ કુંતીને ઉપલી ફિકર થવા લાગી હોવી જોઇએ, કારણ કે સ્વયંવરમંડપ આગળ ભીમાર્જુન તે વખતે દ્વેષથી ઘેરાયેલા રાજાઓ જોડે યુદ્ધ કરતા હતા.

વળી અર્જુન ઘેર આવ્યો ત્યારે '**મેઘથી ઘેરાયેલા સૂર્ય પ્રમાણે બ્રાહ્મણોથી ઘેરાયેલો**' **હતો;**[2] અને તેથી કુદરતી રીતેજ આનંદમગ્ન બ્રાહ્મણોનો કંઇક કોલાહલ થવાથી ફિકર યા આનંદને લીધે કુંતીએ તે તરફ જરૂર નજર નાખી હોવી જોઇએ.

વળી કુંભારના ઘરનો જ્યાં ઉલ્લેખ આવે છે, ત્યાં મૂળ મહાભારતમાં यज्ञशाला અને कर्मशाला એમ બે જૂદા જૂદા શબ્દો વાપરવામાં આવેલા જણાય છે; અને તેથી એમ પણ જણાય છે કે, વધુમાં વધુ બે ઓરડાવાળા આ કુંભારના ઘરમાંના અંદરના ઓરડામાં–કર્મશાળામાં–પાંડવો ઉતર્યા હોવા જોઈએ. હવે જો ભીમે તુરત દોડતો આવી માતાને વધામણી ન કહી હોય અને કુંતી બહારના ઓરડામાં પોતાના પુત્રને બેવડી આશિષ (એક તો રાજાઓ જોડેના યુદ્ધમાં જીતવાની અને બીજી દ્રૌપદી જીતવાની) આપવા નયે આવી હોય, અને ભીમાર્જુને ભિક્ષાતરીકે દ્રૌપદીને રજુ કરી હોય, તોપણ પરાક્રમી અને આનંદિત ભીમાર્જુને કુંભારના ઘરમાંની **કર્મશાલામાં** આવીને **કુંતીસમીપ** દ્રૌપદીને રજુ કરી હતી.[3] અર્થાત્ કુંતી તે વખતે બીજા કોઇ અંદરના ઓરડામાં નહોતી અને તેથી તેનું सर्वे समेत्य भुंक्त કહેવું કેવળ બનાવટી જણાય છે; કારણકે પોતાની સમક્ષ આવેલી ચીજ તરફ દુર્લક્ષ કરી કોઇપણ કદી જોયાવિના કંઈ બોલેજ નહિ.

---

૧ अनागच्छत्सु पुत्रेषु भैक्ष्यकालेभिगच्छति। धार्तराष्ट्रैर्हता न स्युर्विज्ञाय कुरुपुङ्गवः ॥ ४४ ॥
मायान्वितैर्वा रक्षोभिः सुघोरैर्दृढवैरिभिः। विपरीतं मतं जातं व्यासस्यापि महात्मनः ॥४५॥
(આદિપર્વ, અ૦ ૧૯૨)

૨ महत्ययापराह्णे तु घनैः सूर्य इवावृतः। ब्राह्मणैः प्राविशत्तत्र जिष्णुर्भार्गववेश्मतत् ॥ ४७ ॥
(આદિપર્વ, અ૦ ૧૯૨)

૩ गत्वा तु तां भार्गवकर्मशालां पार्थौ पृथां प्राप्य महानुभावौ।
तां याज्ञसेनीं परमप्रतीतौ भिक्षेत्यथावेदयतां नराग्र्यौ ॥१॥ (આદિપર્વ, અ૦ ૧૯૩)

અર્થાત્ ભિક્ષાએ ગયાની અને ભિક્ષામાં દ્રૌપદી મેળવ્યાનું કુંતીને કહ્યાની વાતો અસત્ય છે. કુંતી પોતાના પુત્રો સ્વયંવરમાં ગયા હતા તે વાતથી સુપરિચિત હતી; અને તેથી તેણે પોતાની સમીપ ઉભેલી અજબ સૌંદર્યની મૂર્તિ દ્રૌપદીને જોઇ 'પાંચે વહેંચી લ્યો' એવું કહેલું સંભવતું નથી.

હવે આપણે બીજી રીતે વિચાર કરીએ. ખુદ મહાભારતપરથી જણાય છે કે, પ્રાયઃ યુધિષ્ઠિર જેમ યુદ્ધમાં, તેમજ ભિક્ષાર્થે પણ જતા નહિ. ચાર નાના પાંડવો ભિક્ષા માગી લાવી તેની સમીપ મૂકતા; અને કુંતી તે ભિક્ષાને વિધિસર તૈયાર કરી ' અર્ધામાં રામ ને અર્ધામાં ગામ ' ને ન્યાયે અર્ધું ભીમને અને બાકીના અર્ધામાંથી સર્વેને વહેંચી આપતી. આથી જ્યારે સ્વયંવર વખતે યુધિષ્ઠિર પણ ઘરની બહાર પડ્યા હતા તો, તે ભિક્ષા માગવાને પ્રાયઃ જતા ન હોવાથી, કુંતીને ભિક્ષાની કલ્પના આવવી શકય નથી. પાંડવો ભિક્ષા માગી યુધિષ્ઠિર સમક્ષ રજુ કરતા હોવાથી[1] દ્રૌપદીને ભિક્ષાતરીકે ઓળખાવવી હોય તોપણ તે યુધિષ્ઠિર પાસે જાત–કે જે ઘરમાંજ બેઠા હતા–કુંતી પાસે નહિ. ધારો કે યુધિષ્ઠિર સર્વ વાતથી વાકેફ હોવાથી તેની પાસે ન જતાં કુંતી પાસે જવાની વાતને આપણે માનીએ; તોપણ કુંતી સહસા 'તમે બધા વહેંચી લ્યો' કહે નહિ,કારણ કે જો તેમ થાય તો તેનું પોતાનું શું? તેણે કાંઇ એકાદશી કે બીજું કોઇ વ્રત તે દિને લીધું હોય એમ પણ લાગતું નથી; કેમકે સાંજે પાંડવો જ્યારે પાછા ભિક્ષા માગવા જાય છે ત્યારે તે ભિક્ષામાંથી પોતે પણ ખાય છે. આથી પણ એ સિદ્ધ થાય છે કે, કુંતી 'સર્વે વહેંચી લ્યો ' એવું બોલી હોય એ બીલકુલ સંભવતું નથી.

ઉપરાંત વીર ભીમસેન મશ્કરો હતો ખરો, અર્જુન નહિ. આથી ભીમ દ્રૌપદીને ભિક્ષાતરીકે કદાચ ઓળખાવે; પણ અર્જુન તો કદીપણ તેને પોતાની અનુમતિ આપેજ નહિ, એમ તેની આખી ' કૅરેકટર 'નો અભ્યાસ કરતાં જણાય છે.

જો કે ' આપણે પાંચે એને પરણીશું ' એ યુધિષ્ઠિરનાં વેણ સાંભળી સર્વે પાંડવો તે વખતે 'સ્તબ્ધ' થઇ જાય છે ખરા, છતાં ત્યારબાદ ભિક્ષાએ જતાં, રાત્રે સૂતી વખતે કે બીજે દિને પણ, એ (મહાભારતનાજ શબ્દમાં કહેતાં) 'અમાનુષ' ભાવિ વિવાહસંબંધી કાંઇપણ ચર્ચા તેઓ કરતા નથી; તેમજ સૂતી વખતસુધી કુંતી પણ એ વિષે જરાયે ચિંતાતુર જણાતી નથી.

ઉપરાંત ધૃષ્ટદ્યુમ્ન, કે જે પાંડવોની બરાબર પાછળ સ્વયંવરમાંથી નીકળ્યો હતો તથા તેમની છેક લગોલગ છુપાઇને બધું જોતો હતો, તે એમાંની કોઈ વાતનું કશું વર્ણન કેમ દ્રુપદ આગળ કરતો નથી ? તેને એ બધી વાતની ખબર હોવી જોઇએ, તેમજ પાંડવોનાં નામો પણ તેણે સાંભળ્યાં હોવાં જોઇએ; કારણકે કુંતીએ ભોજનસમયે દ્રૌપદી આગળ બધા પાંડવોનાં નામ દીધેલાં, તેમ તે પરસ્પરની તેમની વાતોમાં પણ લેવાયાં હશે.

આથી જો એ વાત ખરી હોત, તો ધૃષ્ટદ્યુમ્ન જેવો માણસ દ્રુપદને તે કહ્યાવિના રહેજ નહિ; અને તેથી સ્પષ્ટ થાય છે કે, દ્રૌપદી ભિક્ષાતરીકે ઓળખાયેલીજ નહિ, તેમ કુંતીએ 'સર્વે વહેંચી લ્યો' એમ પણ કહેલુંજ નહિ.[2]

---

૧ આદિપર્વ–અ૦ ૧૯૪, ૩

૨ રા. બ. વૈદ્ય પણ એ વિષે લખે છે કેઃ—"કુંતીથી ભૂલમાં બોલાઇ ગયેલા શબ્દોનું આટલી હદસુધી પાલન કરવામાં આવે તે, તેમજ તેના મોંમાંથી જે શબ્દો ઉચ્ચારાવવામાં આવ્યા છે તે, કોઇપણ માની શકે તેમ નથી. ભિક્ષા ઘણું કરી દાણાની હોય અને દાણો ભાઇઓ વહેંચી લે તે પૂર્વે રંધાવો જોઇએ. એ સંબંધી બીજા પણ ખુલાસાઓ મહાભારતમાં આપેલા છે, પણ તેયે તેટલાજ લૂલા છે. " (ધી રીડલ ઓફ ધી મહાભારત)

શું દ્રૌપદીના પૂર્વ-જન્મની વ્યાસકથિત બે વાતો તથા યુધિષ્ઠિરે ગૌતમી અને વાર્ક્ષીનાં આપેલાં બે ઉદાહરણો વિશ્વસનીય છે?

મહામુનિ સત્યની મૂર્તિ શ્રીમદ્ વેદવ્યાસે દ્રૌપદીના પૂર્વજન્મની જે બે કથાઓ કહેલી છે-એક શંકરના વરદાનવાળી તથા બીજી પાંચ ઇંદ્રવાળી, તેની સત્યાસત્યતાનો આપણે અત્રે વિચાર કરીએ.

શંકરના વરદાનવાળી કથામાં આપણને નીચલી શંકાઓ પેદા થાય છે:—

૧-શું શંકર જેવા દેવ પોતાના ભક્તને શુભ વરદાનને બદલે આવો (એકને બદલે પાંચ પતિનો) શાપરૂપ વર આપે ખરા? તેમજ પોતાનો ભક્ત સ્પષ્ટ કહે કે, 'મારે તો એકજ પતિ જોઇએ છે' છતાં તેને તેની ઇચ્છાવિરુદ્ધ, તેની લાંબી તપશ્ચર્યાની બિલકુલ પરવા કર્યાવિના, પાંચજ પતિ આપે-તેનો કશો અનુગ્રહ ન કરે-એ સંભવનીય છે?

૨-શું દ્રૌપદી એકજ સાથે પાંચવાર પતિની યાચના કરે ખરી? અને ધારો કે કોઈ માણસ પાસે સાપ (એકજ) જતો હોય ત્યારે ગભરાટમાં આપણે તેને કહીએ કે, 'સાપ, સાપ, સાપ, સાપ!' તે મુજબ દ્રૌપદીએ ઉતાવળમાં અને યોગ્ય વરની બહુ ઇંતેજાર હોવાથી એકદમ તેમ કહ્યું હોય, તોપણ શું શંકર જેવા સર્વજ્ઞ અને દેવોના પણ દેવ તેટલું સમજવાને અસમર્થ હતા? વળી શું તે મુનિકન્યા બિચારી પતિ મેળવીને કોઇપર જુલમ ગુજારવા માગતી હતી, કે જેથી કુંભકર્ણને ઇંદ્રાસનને બદલે તેની બુરી દાનતને લીધે નિંદ્રાસન અપાયેલું કહેવાય છે, તેમ તે મુનિકન્યાની બોલવામાં થયેલી કહેવાતી ભૂલનો શંકર આવો લાભ ઉઠાવે?

૩-દ્રૌપદીએ પોતાના ચાલુ જન્મ સારૂ પતિ માગ્યો હતો, તો શંકર બીજા જન્મ સારૂ શા વાસ્તે આપે છે? શું ત્યારે ચાલુ જન્મમાં તેણે કુંવારીજ રહેવું?

૪-શું શંકરે આપેલો એ વર મહાભારતમાં લખ્યા મુજબ શંકર તરફથી 'અંતઃકરણમાં પ્રસન્ન થઇ,' 'શુભ ભાષણ' દ્વારા અને મુનિકન્યાનું 'કલ્યાણ થવા' અપાયેલો કદી પણ કહી શકાય ખરો?

પાંચ ઇંદ્રવાળી બીજી કથાનો હવે આપણે વિચાર કરીએ. એમાં નીચલી શંકાઓ પેદા થાય છે:—

૧-માયારૂપી સ્ત્રી શા કારણસર રડતી હતી?

૨-જળ સારૂ ગયેલી તે સ્ત્રીને ગંગામાં ઉતરવાનું પ્રયોજન શું? શું કિનારાપરથી જળ ન લઇ શકાત?

૩-શું તે સ્ત્રીનાં અશ્રુબિંદુ ગંગાજળમાં પડતાં તેનાં સુવર્ણકમળ થઈ જવાં સંભવિત છે?

૪-ઇંદ્ર જેવો દેવ કૈલાસપર્વતપર સ્થાયી વાસ કરનાર તરીકે ઓળખાતા શંકરને ન ઓળખી શકે, એ શું સંભવનીય છે?

૫-શું ઇંદ્રસમાન દેવ બ્રહ્માને બદલે પોતાને આખા 'જગતનો અધિષ્ઠાતા' તથા 'પ્રભુ' કહી, ખોટું બોલી, શંકરને પોતાની ઓળખાણ કરાવે? તેમ આવી અભિમાનજનક ખોટી ઓળખાણ કરાવવાનું તેને પ્રયોજન પણ શું?

૬-માયારૂપી તે સ્ત્રીનો ઇંદ્રને કૈલાસપર્વતપર લઇ જવાનો શો હેતુ હતો?

૭-સર્વ દેવોમાંથી કેવળ 'શૂર ઇંદ્રેજ' જ્યારે તે રડતી સ્ત્રી પાસે જવાની હિંમત કરી, તો શું 'ચંદ્ર, વરુણ, કુબેર, સાધ્ય, રુદ્ર,[1] વસુ, અશ્વિનિકુમાર' આદિ દેવો શૂર નહોતા? શા સારૂ

[1] રુદ્ર એટલે પણ શંકર, આથી જો ઇંદ્ર ઇંદ્રાદિ જોડે યજ્ઞમાં રોકાયેલો હોય તો શંકર કૈલાસપર્વતપર ક્યાંથી બિરાજી પાર્વતીજોડે દ્યૂત રમી શકે?

તેઓમાંથી પણ કોઇ ઇંદ્ર જોડે ન ગયું ?

૮–તે સ્રીના શા ગુન્હાને લીધે તેને મનુષ્ય-જન્મમાં પાંચેની સામાન્ય પત્ની શંકરે નિર્માણ કરી ?

૯–કેટલાકો કહે છે કે, હિમાલયના વતની પાંડવોની જાતિમાં સ્રીઓની અછતને લીધેજ પાંડવોએ એક દ્રૌપદી જોડે વિવાહ કરેલો; પણ જ્યારે ખુદ શંકરેજ પાંચ ઇંદ્રોને સારૂ એક માયારૂપી સામાન્ય પત્ની નીમી, તો શું પૃથ્વીની પ્રજાની માફકજ દેવોમાં પણ સ્રીઓનો દુષ્કાળ હતો ?

૧૦–શંકરે કરેલો આ બધો વરઘોડો નારાયણ પાસે 'કન્ફર્મ' કરાવવા જવાની તેમને શી જરૂર હતી ? શું ભોળા શંકર જે સેંકડો વરદાનો આપતા (જેમાં કેટલાંક તો ગાંડાંઘેલાંજ હોતાં) તેમાં કદીએ તેમણે નારાયણની અનુમતિ લીધી હોય, એમ જણાય છે ખરૂં ?

૧૧–યમ, ઇંદ્ર, વરુણ, શંકર આદિ જેવી કોઈ ખાસ વ્યક્તિઓ હોવી સંભવિત નથી. આપણા મનાતા પૌરાણિક દેવો, એ કેવળ એક કવિકલ્પનાજ જણાય છે ! એક ઇશ્વરનું તે જૂદે જૂદે પ્રકારે કરેલું વર્ણનમાત્ર છે. વળી તે દેવો કંઈ દેહધારી હોવા સંભવતા નથી. જો તેમજ હોય તો જેમ યજ્ઞમાં યમના રોકાઇ જવાથી દુનિયાનાં મૃત્યુ બંધ થઇ ગયાં; તેમજ દરેક દેવના એ રીતે એક ગૌણ કામમાં રોકાવાથી તેમનું મુખ્ય કામ બંધ પડી જાય. આપણે શ્રદ્ધાપૂર્વક સાંભળીએ છીએ કે, ઇશ્વરના અવતારો થવા છતાં તેમનું કામ કદી પણ અટક્યું નથી; તો યમનું કામ તેના યજ્ઞમાંના રોકાણને લીધે અટક્યું, એમ વ્યાસ કહે છે તે આપણે કેમ માનીએ ? જો માનીએ તો આપણે જોઇએ છીએ કે, એકનો ઘાટ ઘડીને યમ નવરો પડતો નહિ હોય ત્યાં તો તેને બીજાને પોતાને સદને પહોંચાડવાનો હોય છે ! અરે, ઘણીકવાર તો દુનિયામાં એકજ સાથે તેને અનેકને મૃત્યુ પમાડવા પડે છે, તો તેનો ખુલાસો શો ?

૧૨–આથી યજ્ઞમાં યમના રોકાણને લીધે મૃત્યુ બંધ થતાં બ્રહ્મા પાસે ફરિયાદ કરવા જનાર દેવોમાં ઇંદ્ર ઉપરાંત જ્યારે ચંદ્ર, વરુણ અને ખુદ રુદ્રનો પણ ઉલ્લેખ છે, તો તો જગતમાં અંધકારજ વ્યાપી રહેવો જોઇએ ! વળી વરુણને તો એવી ફરિયાદ–યમની ગેરહાજરીની–કરવા જવાનું કશું કારણજ નહોતું; કારણકે જો તે પોતે ચાહે તો પોતાની ગતિ બંધ કરી જગતનાં પ્રાણીઓનો પળવારમાં વિનાશ કરી શકે ! બિચારાં પ્રાણીઓ શ્વાસસારૂ જોઇતી 'ઑક્સીજન' હવાજ ક્યાંથી લાવે ?

૧૩–રુદ્ર અને ઇંદ્ર અનેક પ્રસંગોમાં અને ખાસ આજ પ્રસંગમાં, પરસ્પરના પરિચયમાં આવ્યા છતાં ઇંદ્ર શંકરને ઓળખી શકતો નથી; અને શંકર પણ જાણે તેને ન ઓળખતા હોય, તેમ ઇંદ્ર તેમની આગળ પોતાનું 'ઇંટ્રોડક્શન' (પોતાને 'જગતનો પ્રભુ' જણાવી) કરાવે છે, એ શું સંભવિત લાગે છે ?

૧૪–દેવ નિર્વિકારી, નિરંજન નિરાકાર છે. આથી તેમને દેહ હોવો સંભવતો નથી; અને દેહ ન હોય તોપછી તેમને હાથ, પગ, મોં, માથું કે વાળ પણ હોવાં સંભવિત નથી; તેમજ તેમને જરા કે મરણ પણ હોવું સંભવિત નથી. જો જરા (વૃદ્ધાવસ્થા) આવતી હોય, તોજ માથાના વાળ સફેદ થાય; પણ તેથી વિપરીત સ્થિતિમાં હોતાં નારાયણને વળી કાળા અને ધોળા વાળ શા ?

૧૫–ધારો કે કૃષ્ણનો જન્મ નારાયણના કાળા વાળથી થયેલો અને બલરામનો સફેદ વાળથી થયેલો, તો એકજ નારાયણના આ બે વાળથી થયેલી ઉત્પત્તિમાં કૃષ્ણજ ઈશ્વરાવતાર મનાયા ને બલરામ નહિ, તેનું કારણ શું ?

૧૬–જો દ્રૌપદી આ મુજબ મુનિકન્યા અને માયાનો અવતાર હતી અને બલરામ નારાયણના વાળમાંથી પેદા થયા હતા, તો ખુદ મહાભારતમાંજ બીજે સ્થળે દ્રૌપદીને ઇંદ્રપત્ની શચીના અવતારતરીકે અને બલરામને શેષપુત્રતરીકે શા સારૂ ઓળખાવવામાં આવ્યાં છે?

૧૭–ધારો કે વ્યાસકથિત દ્રૌપદીવિષેની આ બે વાતો ખરી હોય (એમાંની શંકરના વરદાનવાળી તો તેમણે પ્રથમથીજ પાંડવોને કહી દીધી હતી), તો તેમણે દ્રુપદને તે પ્રથમથીજ કેમ ન જણાવી ને ઉલટા બધાના વિચાર જાણવા માગ્યા? તેમ યુધિષ્ઠિરે પણ ખુદ વ્યાસનોજ હવાલો આપી 'હું જે બોલું છું તે સાચુંજ હોય છે' વગેરે આત્મપ્રતિષ્ઠાત્મક વચનો કહેવા કરતાં એ વાતનો સ્ફોટ કેમ ન કર્યો?

હવે આપણે એ બેઉ વાતોના સામાન્ય મુદ્દાપર વિચાર કરીએઃ—

પ્રથમ તો દ્રુપદને ખાનગીમાં લઇ જઇને એ વાતો કહેવાની જરૂરજ શી હતી? જાહેરમાંજ કેમ કહી નહિ?

બીજું, એક વાતથીજ વ્યાસે બસ કેમ ન કર્યું, કે જેથી બે પરસ્પર વિરોધી વાતો દ્રુપદને કહેવાની વ્યાસને ફરજ પડી? જે ભોળી મુનિપુત્રીએ શુભ ઇચ્છાથી, ખાસ ભક્તિ કરી, પાંચ વાર વર માગ્યો કહેવાય છે, તેને પાંચ પતિરૂપી શિક્ષા થાય અને વ્યાસ જેવા મહાત્મા એકનો એકજ હેતુ સિદ્ધ કરવા બે તદ્દન જૂદી અને પરસ્પર વિરોધી વાતો કહે તેમને કાંઈ શિક્ષા ન થાય, એ તો મહાદેવનો વિચિત્ર ન્યાયજ કહેવાય! કૉર્ટમાં જો મુદતના કાયદાસંબંધી ભાષણ કરતાં કોઇ વકીલ માત્ર પુનરુક્તિ કરી એમ કહે કે, "લોલકવાળાં ઘડિયાળ, આલકમાનવાળાં ઘડિયાળ, રેતીનાં ઘડિયાળ, ઘટિકાપાત્રો અને છાયાયંત્રોથી કાલગણના કરી શકાય છે!" તો ન્યાયાધીશ કદાચ તે ભદ્રંભદ્ર વકીલને કૉર્ટનો વધુ સમય બરબાદ કરવાની તેને તક ન આપી, તુરતજ બેસાડી દે! પણ એકજ ચીજવિષે પરસ્પર વિરુદ્ધ બે વાતો કહેવા છતાં દ્રુપદરાજા વ્યાસને પાંચ ઇંદ્રોનાં દર્શન પોતાને થાય ત્યાંસુધી થોભે છે, એ ઘણું નવાઇ જેવું છે! બિચારો દ્રુપદ પણ કાંઇ અજબજ ભોળો માણસ હશે, અને કદાચ તેથીજ વ્યાસે તેને એકલાને બોલાવી ભમાવવાનું વાજબી ધાર્યું હશે!!

અર્થાત્ એ બેઉ કથાઓ કેવળ બનાવટી છે, અને વ્યાસ જેવા મહાવિદ્વાનો એવી બનાવટી તથા ખોટી કથાઓ કહે, એ બીલકુલ સંભવતું નથી. એ વાર્તાની રચના કોઇ ચુસ્ત વૈષ્ણવે શિવનું માહાત્મ્ય ઘટાડવાજ ઉભી કરેલી લાગે છે; કારણ કે આ કથામાં તે મુનિકન્યાને પાંચ પતિનું વિચિત્ર વરદાન અને ઇંદ્રોને શિવ પાસે વિનાપરાધ શાપ અપાવ્યા બાદ નારાયણ પાસે બધો કેસ રીપોર્ટ કરાવે છે તથા શિવને દ્યૂત જેવી રમત રમતા અને વિનાકારણ ક્રોધ કરતા તથા અન્યાયી ઠેરવે છે; તેમજ બીજી કથામાં વિનાકારણે તે બિચારી ભક્ત મુનિકન્યાને આશીર્વાદના રૂપમાં શિવ પાસે શાપ અપાવી, એવા દેવને ન પૂજવાની આડકતરી રીતે ભલામણ કરે છે! એ સિવાય એ કથાઓમાં બીજું કશું તત્ત્વ જણાતું નથી!![1]

હવે યુધિષ્ઠિરે આપેલાં બે પ્રાચીન ઉદાહરણોનો–ગૌતમી અને વાર્ક્ષીનો–આપણે વિચાર કરીએઃ—

૧–જો યુધિષ્ઠિરના કહેવા મુજબ પુરાણમાં[2] બહુપતિત્વના એવા બે દાખલા કહેલા

---

૧ રા. બ. વૈદ્ય પણ 'ધી રીડલ ઑફ ધી મહાભારત' નામના પોતાના પુસ્તકમાં એ વાર્તાઓને પ્રક્ષિપ્તજ માને છે.

૨ અત્રે 'પુરાણ' શબ્દનો અર્થ હાલનાં પુરાણોનો લેવામાં આવ્યો નથી, પણ જૂના ઇતિહાસના અર્થમાંજ તેને સમજવામાં આવ્યો છે.

હતા તો તે પુરાણને સારી રીતે જાણનાર વેદવ્યાસથી તો નિદાન તે અજાણ્યા હોવા સંભવતાજ નથી. હવે જો ખરેખરજ એવા કોઇ દાખલા પુરાણમાં હોત, તો ઉપલા સંજોગો વચ્ચે વ્યાસ તેનું પ્રમાણ તુરત આપત. નિદાન યુધિષ્ઠિરે તે આપ્યા બાદ તે ખરા હોવાનું જણાવત અને બીજાઓના મત શા છે, તે જાણવાની ઇચ્છા કરત નહિ; તેમજ દ્રુપદને ઉંધુંચતું સમજાવત નહિ.

૨–જો એ બે દાખલાઓ ખરા હોત, તો દ્રુપદ, કુંતી, ધૃષ્ટદ્યુમ્ન અને વ્યાસાદિ વૃદ્ધ તેમજ જાણકારો તેનો તુરત સ્વીકાર કરત; પણ તેમ થતું નથી. એ બે દાખલાઓ તરફ કોઇ લક્ષજ આપતું જણાતું નથી ! એટલુંજ નહિ પણ જ્યારે યુધિષ્ઠિર કહે છે કે, "પૂર્વકાલીન લોક જે માર્ગે ગયા તેજ માર્ગે અમે પણ જઇશું.[1] " ત્યારે દ્રુપદ ઉલટું કહે છે કે, "પૂર્વકાલીન મહાત્માઓએ એ ધર્મનું અવલંબન કર્યું નથી ! "[2]

૩–જો એ બે દાખલાઓને કંઇપણ ઐતિહાસિક પુષ્ટિ હોત, તો વ્યાસને દ્રૌપદીના પૂર્વજન્મની કથાસંબંધી આડાંઅવળાં પાટીઆં ગોઠવવાં પડયાં ન હોત; અને દિવ્ય દૃષ્ટિ આપી દ્રુપદને પાંડવોને પાંચ ઇંદ્રોતરીકે–જો કે તેઓ યમ, ધર્મ, વાયુ, ઇંદ્ર અને અશ્વિનીકુમારથી ઉત્પન્ન થયા હતા–ઓળખાવવા પડયા ન હોત.

૪–જો ખરેજ એ દાખલા પુરાણમાં હોત તો ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રુપદ કદીપણ આટલા આડા પડયા ન હોત; અને આખરે વ્યાસની વાત કબૂલ કરવા છતાં પણ તે અસંતુષ્ટ હૃદયે, ધર્માધર્મનો સવાલ શંકરને માથે નાખી, કર્મની ગહન ગતિપર નિઃશ્વાસ છોડત નહિ.

આથી જણાય છે કે, વ્યાસે કહેલી દ્રૌપદીના જન્મવિષેની બે કથાઓ તથા ધર્મે આપેલાં બહુપતિત્વનાં બે ઉદાહરણો કેવળ બનાવટી છે; અને તે વ્યાસ તથા ધર્મની કૅરૅક્ટરની વિરુદ્ધ જતાં હોવાથી પાછલી બનાવટનાં–પ્રક્ષિપ્ત–છે, એમાં કશો સંશય નથી.

બહુપતિત્વ શું આર્યોમાં કદીયે પ્રચલિત હતું ?

બહુપતિત્વનો ચાલ આર્યોમાં–અને ખાસ કરી મહાભારતના સમયમાં–પ્રચલિત હતો કે નહિ, એ જાણવું પણ બહુ અગત્યનું અને આપણા વિષયપર બહુ અજવાળું નાખનારૂં છે. આપણે તેનો બે પ્રકારે વિચાર કરીશું:–(૧) મહાભારતની કથાપરથી, (૨) શાસ્ત્રાજ્ઞા અને વિદ્વાનોના મતથી. પ્રથમ આપણે કથાપરથી એની તપાસ કરીએ.

પ્રથમ તો જો એ રિવાજ પ્રચલિત હોત તો દ્રુપદ યુધિષ્ઠિરને એમ કહેતજ નહિ કે, "એક પુરુષને અનેક સ્ત્રીઓ કરવાનું કહેલું છે, પરંતુ એક સ્ત્રીને અનેક પતિ કોઇપણ ઠેકાણે સાંભળ્યા નથી. હે કુંતીપુત્ર ! તારી આવી બુદ્ધિ કેમ થઇ ? શિષ્ટાચાર અને શ્રુતિથી વિરુદ્ધ એ અધર્મ કરવો તને ઉચિત નથી."[3] અને ધૃષ્ટદ્યુમ્નનું એમ કહેવું થાત નહિ કે, "એક

---

૧ पूर्वेषामानुपूर्व्येण यातं वर्त्मानुयामहे । (આદિપર્વ–અ૦ ૧૯૭, ૨૯)

પણ આનો અર્થ રા. બ. વૈદ્યે 'કુટુંબપ્રથા' ફેમીલી કસ્ટમ કર્યો છે; અને તેમનું માનવું એવું છે કે, યુધિષ્ઠિરે એમ કહ્યું છે કે "હે દ્રુપદ ! એ અમારા કુળની પ્રથા છે;" પણ ઉપલા શ્લોકનો તેમણે કરેલો એ અર્થ યોગ્ય નથી, એ કહેવાની જરૂર નથી.

૨ न चाप्याचरितः पूर्वैरयं धर्मो महात्मभिः । (આદિપર્વ–અ૦ ૧૯૮,૮)

૩ एकस्य बह्व्यो विहिता महिष्यः कुरुनंदन। नैकस्या\बहवा पुंसः श्रूयन्ते पतयः क्वचित् ॥
लोकवेदविरुद्धं त्वं ना धर्मः धर्मविच्छुचिः। कर्तुमर्हसि कौन्तेय कस्माते बुद्धिरीदृशी ॥
(આદિપર્વ–અ૦ ૧૯૭, શ્લો૦ ૨૭–૨૮)

સદાચારી જ્યેષ્ઠ ભ્રાતા પોતાના કનિષ્ઠ ભ્રાતાની ભાર્યા સાથે કેવી રીતે ગમન કરી શકે ?"[1] તેમજ વ્યાસના સમજાવ્યા છતાં દ્રુપદનું કેવળ વ્યાસવચન, શાંકરવરદાન તથા દૈવગતિપરજ આધાર રાખી, ધર્માધર્મનો નિર્ણય કરવાનું છોડી દઇ, કર્મને દોષ દઈ પાંચ પાંડવોને દ્રૌપદી આપવા ઉદ્યત થવું,[2] એ બધું સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે મહાભારતના સમયમાં બહુપતિત્વનો રિવાજ પ્રચલિત નહોતો—હોત તો આટલા બધા શાસ્ત્રાર્થની જરૂર પડત નહિ.

ઘણાક પાશ્ચાત્ય લેખકોનું અને તેમના પડછાયાથી કેટલાક આપણા વિદ્વાનોનું પણ એવું માનવું છે કે, "પાંડવો મૂળ હિમાલયવાસી હતા તેથી તથા, જેમ હાલમાં પણ હિમાલયના કેટલાક પ્રદેશોમાં બહુપતિત્વની છુટ છે તેમ, અને એ છુટ સુપ્રસિદ્ધ પાશ્ચાત્ય લેખક લોસનના કહેવા મુજબ કન્યાની અછતને લીધે હોવાથી, પાંડવો બધા મળી એક દ્રૌપદીને વરે તો તેમાં કશી વિચિત્રતા નથી;" પરંતુ હાલ પણ પૃથ્વીના જે જે પ્રદેશોમાં એ રિવાજ ચાલુ છે, તેમાં આર્યોની વસ્તી નથી—એ રિવાજ અનાર્ય પ્રજામાંજ ચાલુ છે, એ ભૂલવું જોઇતું નથી. પ્રખ્યાત બંગાલી લેખક બાબુ રોમેશચંદ્ર દત્ત, કે જેમણે હિંદના પ્રાચીન ઈતિહાસનો ખાસ અભ્યાસ કરી તે વિષે ઘણું મનનીય લખ્યું છે, તે શું લખે છે તે જોઈયેઃ—

"હિમાલયની કેટલીક પહાડી જાતોમાં અને ટીબેટમાં બહુપતિત્વનો રિવાજ આજે પણ પ્રચલિત છે ખરો, છતાં હિંદના આર્યોમાં તો તે કદીપણ પ્રચલિત નહોતો. દ્રૌપદીના પાંચ પતિની વિચિત્ર વાતોનું ખરું રહસ્ય અજ્ઞાત છે; કારણ કે આર્યોના કાયદા વગેરેમાં તેનો સ્પષ્ટ નિષેધ કરેલો છે અને પ્રાચીન કે અર્વાચીન આર્યસાહિત્યમાં પણ એને કોઈ ઠેકાણે પુષ્ટિ આપવામાં આવી નથી. મહાભારતની એ કથા એવી એકજ કથા છે, કે જેમાં બહુપતિત્વની છુટ જણાતી હોય, પણ તેના જેવી બીજી કોઇ કથા હિંદુ સાહિત્ય કે દંતકથાઓમાં હસ્તિ ધરાવતી નથી."

આ મુજબ મહાભારત અને રામાયણને ઐતિહાસિક ગ્રંથ નહિ પણ માત્ર વીરરસપૂર્ણ કાવ્યજ માનનાર રોમેશબાબુ પણ આપણને સ્પષ્ટ કહે છે કે, બહુપતિત્વનો કોઈ દાખલો હિંદી આર્યજાતિના પ્રાચીન કે આર્વાચીન ઈતિહાસમાંથી આપણને ઉપલબ્ધ થતો નથી; અને એમ કહી તે અનુમાન બાંધી તેજ ઠેકાણે લખે છે કે, ભીમ હિડંબા જોડે તથા અર્જુન પાછળથી સુભદ્રા જોડે પરણેલો હોવાથી દ્રૌપદી યુધિષ્ઠિર જોડે પરણી હોવી જોઇએ.[3] દત્તબાબુનો દ્રૌપદીને યુધિષ્ઠિરની સ્ત્રી કલ્પવાનો પ્રયત્ન ભૂલભરેલો છે, એ 'સમાલોચના' વાળો ભાગ વાંચવાથી વાંચકોને સ્પષ્ટ થશે; છતાં આથી એટલું તો સ્પષ્ટ થયું છે કે રોમેશબાબુને પણ એમ લાગ્યું હતું કે, 'દ્રૌપદીને માત્ર એકજ પતિ હતો, પાંચ નહિ.'

પણ હવે જો (રા. રા. વૈદ્યે આદિપર્વ, અ૦ ૧૯૭ ના ૨૯મા શ્લોકના[4] કરેલા અર્થ મુજબ[5]) યુધિષ્ઠિરની એ 'કુટુંબપ્રથા' હતી એમ માનીએ, તો એ શ્લોકના અર્થની તાણાતાણ કરવા કરતાં યુધિષ્ઠિરના કુટુંબમાં તેના પૂર્વજોએ લીમીટેડ કંપની કાઢી એક સ્ત્રી સાથે સર્વેએ મળી વિવાહ કર્યો હતો એ જાણવું અગત્યનું થઇ પડશે; અને જ્યાંસુધી આપણને તેના પૂરાવા આપવામાં આવે નહિ, ત્યાંસુધી તેની સત્યતા આપણે સ્વીકારી શકીએ નહિ.

---

૧ यवीयसः कथं भार्या ज्येष्ठो भ्राता द्विजर्षभ । ब्रह्मन्समभिवर्तेत सद्वृत्तः संस्तपोधन ॥ (આદિપર્વ—અ૦ ૧૯૮, શ્લો૦ ૧૦)

૨ यदि चैवं विहितः शंकरेण धर्माधर्मो वा नात्र ममापराधः। (આદિપર્વ—અ૦ ૧૯૯, શ્લોક ૪)

૩ 'ધી રામાયણ એન્ડ ધી મહાભારત કન્ડેન્સ્ડ ઇન્ટુ ઈંગ્લીશ વર્સ' પૃ૦ ૨૨૪

૪ सूक्ष्मो धर्मो महाराज नास्य विद्मो वयं गतिम् । पूर्वेषामानुपूर्व्येण यातं वर्त्मानुयामहे ॥

૫ જુઓ 'ધી રીડ્લ ઓફ ધી મહાભારત' પૃ. ૧૨૩

એક લેખકે તો એવી વિચિત્ર દલીલ કરી છે કે, "માતુલકન્યા પરણવાનો જેમ શાસ્ત્રોમાં નિષેધ છે, છતાં મહાભારતના કાળમાં તેવાં લગ્નો થતાં અને હજુ પણ ઘણી હિંદુજાતિઓમાં થાય છે; તેમજ એકથી વધુ પતિ કરવાનો શાસ્ત્રોમાં નિષેધ હોવા છતાં તે કરવામાં આવતાં હશે!" પરંતુ આપણે જોઇએ છીએ કે પારસી, મુસલમાન, યૂરોપીયન અને મરાઠા તેમજ બીજી જે હિંદુ જાતોમાં મામાફોઈનામાં પરણવાનો આજે પણ રિવાજ છે, તે જાતિઓમાં પણ બહુપતિત્વનો રિવાજ—કે તેના જેટલોજ અનીતિકારક લાગતો બીજો કોઇ રિવાજ—પ્રચલિત નથી. એમ તો શાસ્ત્રોની અંદર કાંદા–લસણ ખાવાની પણ મનાઇ છે અને ગોમાંસ ખાવાની પણ મનાઇ છે; તો શું તેથી એમ ઠરે છે કે કાંદાલસણ ખાનાર હિંદુ ગોમાંસ ખાવામાંયે બાધ ન ગણે? નહિજ. **હિંદમાં તો શું પણ આખી દુનિયાની સુધરેલી પ્રજામાં આજે પણ બહુ પતિત્વનાં ઉદાહરણોનો કોરો દુષ્કાળજ જણાય છે!**

વળી એ પણ વિચારવા જેવું છે કે, જે સમયે માત્ર મનથી એક અમુક પુરુષને વરી ચુકનાર કન્યાને તેના ઇચ્છિત વર જોડે–તેને હરણ કરનાર પણ પરણવા દેતા;[1] તેમજ સો કૌરવોને સ્ત્રીઓ મળે, તેમના પુત્રોને સ્ત્રીઓ મળે, ખુદ પાંડવોને બીજી સ્ત્રીઓ મળે (અને તેમાંયે અર્જુનને તો અનેક) અને શ્રીકૃષ્ણ ૧૬૧૦૮ સ્ત્રીઓના પતિ ગણાય, તેમજ ગમે તે વર્ણની કન્યા લાવવાની ક્ષત્રિયોને છુટ હોય, તે વખતે શું કન્યાઓની અછતની અને તેને લીધે બહુપતિત્વની છુટ હોવી માની શકાય તેમ છે?

વળી મહાભારતના સમયમાં સતી થવાનો રિવાજ પ્રચલિત હતો; આથી જો બહુપતિવાળી એક સ્ત્રીના ધણીઓમાંથી એક કમનસીબે ગત થાય, તો તેણે તેની સાથે સતી થવું; અને કન્યાની અછતને લીધે જો એ રિવાજ ચાલુ હોય તો તે અછતમાં ઉમેરો કરવો, કે અન્ય જીવિત ભર્તારોના સુખને સારૂ અને અછત ઓછી કરવા સારૂ જીવતા રહેવું? સતી થવાનો અને બહુપત્નીત્વનો રિવાજ—એ બે રિવાજો અને બહુપતિત્વનો રિવાજ, એ પરસ્પર એકબીજાના એવા તો કટ્ટા દુશ્મનો છે કે તેમનું એકજ ઘરમાં અસ્તિત્વ હોવું સંભવતું નથી.

ચાલો, હવે આપણે શાસ્ત્રનાં એક–બે પ્રમાણો તથા એક–બે વિદ્વાનોના એ વિષેના મત જાણવાની કોશીશ કરીએ.

મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ–"સાધ્વી સ્ત્રીને એકજ પતિ હોય છે," તેમજ ભાઇની સ્ત્રીપ્રત્યેનો ધર્મ સમજાવતાં તેમાં લખ્યું છે કે, "મોટાભાઇની સ્ત્રીને નાનાભાઇએ ગુરુપત્નીસમાન અને નાનાભાઇની સ્ત્રીને મોટાભાઇએ પુત્રવધૂસમાન જાણવી."[2]

વળી એકવાર કન્યાદાનનો સંકલ્પ કરી આપેલી કન્યાને બીજા વેરે આપવાથી જે દોષ પ્રાપ્ત થાય છે, તેનું વર્ણન કરતાં એ જગન્માન્ય પુસ્તકમાં લખ્યું છે કેઃ–

"ચતુર માણસે પોતાની કન્યાનું દાન કોઇ એકને આપ્યું હોય તો પછી તેજ કન્યાનું દાન બીજાને ન આપવું."[3]

આ મુજબ એકને આપેલી કન્યા મનુના સમયમાં પણ શિષ્ટ પુરુષો બીજાને દેતા નહિ;[4]

---

૧ ભીષ્મે અંબા, અંબિકા અને અંબાલિકાનું વિચિત્રવીર્યને સારૂ હરણ કરેલું; છતાં અંબાએ પોતે બીજાને ચાહે છે એમ જણાવવાથી ભીષ્મે તેને છોડી દીધેલી.

૨ भ्रातुर्ज्येष्ठस्य भार्या या गुरुपत्न्यनुजस्य सा। यवीयसस्तु या भार्या स्नुषा ज्येष्ठस्य सा स्मृता॥५७

३ न दत्वा कस्यचित्कन्यां पुनर्दद्याद्विचक्षणः ।॥७१॥

४ एतत्तु न परे चक्रुर्नापरे जातु साधवः। यदन्यस्य प्रतिज्ञाय पुनरन्यस्य दीयते ॥९९॥
(मनुस्मृति अ० ९)

અને તેથી અર્જુનની દ્રૌપદી બીજા પાંડવોને પણ અપાય એ સંભવિત નથી.

પણ દ્રૌપદીના પંચપતિત્વની શંકા કાંઇ આપણનેજ ઉપજે છે એમ નથી. તેનો વિચાર અત્યારપૂર્વે પણ થયેલો છે. ચાલો આપણે તે જોઇએ અને નક્કી કરીએ કે, બહુપતિત્વનો રિવાજ આર્યોમાં કદીયે પ્રચલિત નહોતો.

શંકરાચાર્યનો સહયોગી કુમારિલ ભટ્ટ હતો. તેણે 'મીમાંસાદર્શન'ના ભાષ્યની વ્યાખ્યાના એક પ્રસંગમાં, કે જ્યાં એવી શંકા કરવામાં આવી છે કે 'રાજા પાંડુના પુત્રોને પાંચ વચ્ચે એકજ સ્ત્રી કેમ હતી ?' એ વાતનો નિષેધ કરતાં જણાવ્યું છે કે, 'તે કેવળ અર્જુનની સ્ત્રી હતી અને પાંચેની તો માત્ર એથીજ કહેવાઇ કે પાંચે બંધુઓમાં કોઇ પ્રકારનો ભેદભાવ નહોતો—દ્રૌપદી બધાપર યોગ્ય પ્રેમ રાખી વર્તતી; અને તેથીજ પાંડવોમાં ફાટફુટ પાડવાનો અવસર ન મળવાને લીધે, કુટીલો શોકથી હાથ ઘસતા હતા અને શત્રુઓ દુઃખિત જણાતા હતા.'[1]

દ્રૌપદીના પંચપતિત્વની વાત બંકિમબાબુને ગળે ઉતરી હોય એમ પણ લાગતું નથી ! કારણ કે તે લખે છે કે, "જો કે લૌસન તો પાંચાલ દેશમાં વસતી પાંચ જાતોનું એકીકરણ તે પાંચાલી, એમ કરી દ્રૌપદી નામનું કોઇ માણસજ થઇ ગયું હોય એ વાતજ ઉડાવી દે છે; છતાં યજ્ઞના અગ્નિમાંથી દ્રુપદને એ કન્યા મળી આવી અથવા તો એના પાંચ પતિ હતા એ વાત તો આપણાથી પણ કબૂલ થઇ શકતી નથી."[2]

ખુદ મહાભારતમાંયે એ વિવાહને 'દૈવઘટિત અમાનુષ વિવાહ' જણાવેલો છે;[3] અને મહાભારતના પર્વસંગ્રહાધ્યાયમાં કહ્યું છે કે, 'વ્યાસે ૧૫૦ શ્લોકથી અનુક્રમણિકાધ્યાયમાં આખા મહાભારતનું સંક્ષિપ્ત વૃત્તાંત આપ્યું છે;' પણ તેમાંયે આપણને 'અર્જુને દ્રૌપદી સ્વયંવરમાં મેળવી'[4] એટલુંજ વૃત્તાંત જણાય છે, એથી વિશેષ તેમાં કશું નથી; માટે જો પાંચ પતિવાળી વાત સત્ય હોત, તો જરૂર તેનો એમાં ઉલ્લેખ હોત એમ બંકિમબાબુ કહે છે, પરંતુ ખુદ એ અધ્યાયમાં પણ ઉમેરણ થયેલું હોવાથી જો મહાભારતની બીજી પ્રતોમાં તેવો ફેરવાયેલો ઉલ્લેખ મળી આવે તો નવાઇ નથી.

આ એક ઠેકાણે મહાભારતનો એ પાછલો લેખક સુધારોવધારો કરતાં કેવો ભૂલી જાય છે તે જુઓઃ—વિદુરાગમન પર્વની શરૂઆતમાં લખ્યું છે કે, "બ્રાહ્મણોએ દ્રૌપદી મેળવી એવું જાણ્યાબાદ સર્વે રાજાઓએ આશ્ચર્ય સાથે વિશ્વાસુ દૂતો તરફથી સાંભળ્યું કે, તે બ્રાહ્મણો તો પાંડવો હતા કે જેમણે દ્રૌપદી જીતી." આવું છતાં તેમાંથી કોઇ પાંડવોના વિવાહ-પ્રસંગે હાજર થતું નથી એ નવાઇ જેવું છે, પણ તેઓ પોતાને ગામ પાછા ત્યારેજ જાય છે કે જ્યારે તેઓ પાકે પાયે દ્રૌપદીનો વિવાહ પાંડવો જોડે થઇ ગયેલો સાંભળે છે; પરંતુ એની પછીનાજ શ્લોકમાં સુધારવાનું જાણે બાકી ન રહી ગયું હોય એમ જણાય છે. કારણ ત્યાં લખ્યું છે કે, "દ્રૌપદીએ અર્જુનને વર્યો, એવું અવલોકન કરતાંવેંત દુર્યોધન ખુશી થઇ સર્વે કૌરવોસાથે પાછો ફર્યો."[5] હવે કૌરવો પાછા હસ્તિનાપુર જઈ પહોંચે ત્યાર અગાઉ તો

---

૧ જુઓ તંત્રવાર્તિક, અધ્યાય ૧, પાદ ૩, સૂત્ર ૭, પરની ટીકાઃ—

अथवा नार्यजुनस्यैव केवलस्य भविष्यति । साधारण प्रसिद्धिस्तु निश्छिद्रत्वाय दर्शिता ॥

૨ જુઓ કૃ. મો. ઝવેરીનું "શ્રીકૃષ્ણચરિત્ર," પ્રથમાવૃત્તિ, પૃષ્ઠ ૧૮૩

૩ **द्रौपद्या देवविहितो विवाहश्चाप्यमानुषः ।** (આદિપર્વ–અ० ૨, ૧૭)

૪ **समवाये ततो राज्ञां कन्यां भर्तृस्वयंवराम्। प्राप्तवानर्जुनः कृष्णां कृत्वा कर्म सुदुष्करम् ॥**

('શ્રી કૃષ્ણચરિત્ર,' પ્રથમાવૃત્તિ, પૃષ્ઠ ૧૮૩)

૫ આદિપર્વ—અ० ૨૦૨, ૯, ૧૦

પાંડવોએ દ્રૌપદી વર્યાની ખબર વિદુરને મળી ચૂકી હતી. આથી દુર્યોધનને પણ તેવીજ ખબર મળી હોવી જોઇએ; તોપછી બધા પાંડવોના ઉલ્લેખને બદલે અત્રે માત્ર અર્જુનનોજ ઉલ્લેખ કેમ છે? એ સ્પષ્ટ બતાવે છે કે, બહુપતિત્વનો રિવાજ આર્યોમાં કદીપણ પ્રચલિત નહોતો; તેમજ એ બહુપતિત્વની વાત વિદ્વાનોની દૃષ્ટિમાં માન્ય નથી, મહાભારતનાં પાત્રોના સ્વભાવની સાથે તે બંધબેસતી આવતી નથી, તેમ ખુદ મહાભારતથી પણ એ બરાબર સિદ્ધ થઈ શકતી નથી.

સમાલોચના

"હિંદુ લોકોના પ્રાચીન ગ્રંથોમાં લગ્નનો જેવો સુંદર, ઉત્તમ અને પૂર્ણ આદર્શ બતાવવામાં આવેલો છે, તેનાથી વધારે સારો આદર્શ આખી દુનિયાના કોઈપણ ધર્મમાં બતાવવામાં આવ્યો નથી."
એની બીસંટ

કથાનો ભાગ આટલા વિસ્તારથી આપવાનું પ્રયોજન એ હતું કે, તેમાંની મુખ્ય મુખ્ય બીનાઓ વાંચકના મનમાં પ્રથમથીજ બરાબર ઠસે અને તેમાંએ વળી અમુક શબ્દો કાળા ટાઈપમાં મેલવાથી તો વધારે સ્પષ્ટરીતે સત્યાસત્યનો નિર્ણય કરી તે પોતેજ તર્ક દોડાવી શકે. અત્રે એ કથાના એ કાળા ટાઇપવાળા ભાગપર મુખ્યત્વે કરીને વિવેચન કરવામાં આવશે. કથાના ભાગનું એ વિવેચન અત્રે પ્રથમ આપી, ત્યારબાદ અર્જુન–દ્રૌપદીના જીવનની અન્ય ઘટનાઓપર વિચાર કરતાં શું જણાય છે તે આપ્યું છે. એ મુજબ બેઉ રીતે એ પ્રશ્નપર વિચાર કરવામાં આવેલો છે. કુંતીના 'સર્વે વહેંચી લ્યો' એ વચનપર એક જૂદા પ્રકરણદ્વારા વિવેચન થઇ ગયું છે; તેમજ વ્યાસ અને યુધિષ્ઠિરે (એટલે કે એવા પૂજ્ય પવિત્ર મહાત્માઓના નામથી કોઇ વામમાર્ગી જેવાએ) મારેલી ગપોપર તથા બહુપતિત્વનો રિવાજ મહાભારતના સમયમાં પ્રચલિત હતો કે નહિ તેપર પણ, આથી એ બાબતોનું વિવેચન અત્રેથી ગાળ્યું છે. ચાલો, એ સિવાયના કથાભાગપર હવે આપણે તર્કવિતર્ક કરીએ.

તર્ક કરવો એ પાપ નથી–બુદ્ધિની ખીલવણી સારૂ ઉલટું તે પરમ આવશ્યક છે. મહાભારતના સમયમાં જો કે તર્કની નિંદા થવા લાગી હતી, છતાં તેનું કારણ તર્કની જાળમાં સપડાતાં ઈશ્વરપર પણ અશ્રદ્ધા ઉપજવાનો દેખાતો ભયજ હતો. તર્કથી કંઈપણ નિશ્ચિત ઠરી શકતું નહિ. આજ એક તાર્કિક ઠરાવે તે કાલે બીજો તોડી નાખે, એવું થતું; અને તેથી કેટલાક તત્ત્વજ્ઞાનીઓએ એમ ઠરાવ્યું કે તર્કપર વિશેષ આધાર રાખવો નહિ. આવું છતાં તર્કને બીલકુલજ ઉડાવી દેવામાં આવતો નહોતો. 'જે વસ્તુઓ અચિંત્ય છે તે તર્કની કસોટીએ ચઢાવવી નહિ,'[1] એવી મર્યાદા ઠરી; અને સાથે સાથે એવો નિશ્ચય પણ થયો કે, 'શ્રુતિમાં કહેલા સિદ્ધાંતો વિરુદ્ધ જો તર્ક જાય તો તેને ત્યાજ્ય સમજવો; અને શ્રુતિને જે તર્ક સંમત હોય તે સાદર ગ્રહણ કરવો.' આથી એવું અનુમાન કાઢવાને હરકત નથી કે, 'સપ્રમાણ અને શ્રદ્ધાયુક્ત તર્કવિરુદ્ધ વ્યાસનો કશો વાંધો નહોતો.'[2]

અને જ્યારે શ્રુતિવિહિત અને શ્રદ્ધાયુક્ત તર્ક કરવાની વ્યાસ પણ આપણને છૂટ આપે છે, ત્યારે તે છૂટનો લાભ ન લેવાની મૂર્ખાઇ આપણે કરવી જોઇતી નથી. દ્રૌપદીને અનેક પતિ નહિ પણ એકજ હતો, એમ સિદ્ધ કરવાની કોશીશ કરવી જેટલી શ્રુતિસ્મૃતિવિહિત છે તેટલીજ શ્રદ્ધાયુક્ત પણ છે. આથી આપણા આજના પ્રયત્નને ખુદ વ્યાસનો પણ ટેકો છે, એમ માનીએ તો ખોટું નહિ ગણાય.

બે કથાઓ ફરી એકવાર !

કથાની શરૂઆતમાંજ આપણે એટલું તો જોઇ ગયા, કે વ્યાસે દ્રૌપદીવિષે જે બે કથાઓ

૧ अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केण योजयेत्। (ભીષ્મપર્વ–અ૦ ૫, ૧૧)
૨ જુઓ આજ લેખકનું 'પ્રાચીન ભારત' પાનું ૧૧

કહેલી કહેવાયછે,તેમાંની એક તો તેમણે પાંડવોને એકચક્રા નગરીમાંજ કહી સંભળાવી હતી અને તેમને દ્રુપદના દરબારમાંજવા પ્રેર્યા હતા. જો કે વ્યાસને મહાભારતમાં ચીતરવામાં આવ્યા છે, તેવા તે ત્રિકાલજ્ઞાની હતા કે નહિ તેનો નિર્ણય કરવાનાં આપણી પાસે કશાં સાધનો નથી, તેમ તે અત્રે બહુ જરૂરનુંયે નથી; છતાં એટલું તો ચોક્કસ છે કે, જો તે ખાત્રીથી તેવાજ મનાતા હોત તો પાંડવોને સભામાંથી આવતાંવાર થતાં કુંતીના મનમાં ઉભી થયેલી સહેજસાજ શંકા પણ ઉભી થાત નહિ; અને તે એમ વિચારત નહિ કે,' અરેરે શું વ્યાસનો મત પણ ખોટોજ નિવડયોને?' તેમજ વ્યાસની દ્રૌપદીના પૂર્વજન્મમાંની પાંચ પતિવાળી કથા સાંભળ્યા છતાં તે પોતાના सर्वे समेत्य भुंक्त શબ્દોને 'અશ્લીલ' કહેત નહિ તથા આટલો પસ્તાવોયે કરત નહિ; અને તેમ થતાં ખુદ મહાભારતની શરૂઆતમાં દ્રૌપદીના વિવાહને જે 'દેવઘટિત' અને 'અમાનુષ'નું વિશેષણ આપવામાં આવ્યું છે,તે પણ અપાત નહિ.ઉપરાંત ત્રિકાલજ્ઞાની હોવાથી વ્યાસ અન્યોના મત જાણવા માગત નહિ અને પોતેજ પોતાના જ્ઞાનથી જાણેલી વાત કહી દઇને ટુંકે પતાવત, પણ તેમ થતું નથી. તો શું કુંતી, પાંડવો અને વ્યાસની મળી એક સોનેરી ટોળી ઉભી થઇ હતી, કે જેણે ખરી બીના જાણવા છતાં દ્રુપદાદિ જોડે આટલો બધો નકામો વાદવિવાદ કરી, છેક છેવટે અને તે પણ એકલા દ્રુપદનેજ પેલી બનાવટી બે કથાઓ કહી; અને દિવ્ય દૃષ્ટિ આપી પાંડવોનું પૂર્વજન્મનું ઇંદ્રત્વ બતાવ્યું? નહિજ. વ્યાસે કહેલી બીજી કથામાં પૂર્વેના ઇંદ્રો "યમ, ધર્મ, વાયુ, ઇંદ્ર અને અશ્વિનીકુમાર" ના વીર્યથી મનુષ્યલોકમાં ઉત્પન્ન થવાની પોતાની ઇચ્છા બતાવે છે; અને એ દેવો પોતાની માતાને ગર્ભાધાન કરે, એમ શંકર પાસે માગી લે છે. હવે જો ઉપલા પાંચ દેવોથી પાંચ પાંડવોની ઉત્પત્તિ માનીએ તો કર્ણનું શું? કોઇ કહેશે કે કર્ણનો આની સાથે કશો સંબંધ નથી, કારણકે એમ તો એ ઇંદ્રોના અવતારરૂપ પાંડવોની માતાને બીજા પણ અનેક પુત્રો થયા હોય તેમાં તેમને શું? પણ એની સંગતિ બેસતી નથી. કારણ પ્રથમ તો કર્ણ પણ દેવપુત્ર હતો અને તેની ઉત્પત્તિ સૂર્યથી કહેવાય છે; બીજું, જો પાંચ દેવોના વીર્યથીજ પાંચ પાંડવોના રૂપમાં પાંચ ઇંદ્રોની ઉત્પત્તિ થઇ હોય તો અશ્વિનીકુમાર તો બે હોવાથી સંખ્યા છની થઇ જાય! વળી એ પાંચમા ઇંદ્રનો પણ ઉલ્લેખ હોવાથી શું ઇંદ્રદેવ માતૃગામી હતો?

વળી જે વ્યાસ પ્રથમ એમ કહે કે "**શિષ્ટાચાર અને શ્રુતિથી** વિરુદ્ધ* આ (બહુપતિત્વ) ધર્મવિષે જેનો જે મત હોય તે જણાવો," તેજ વ્યાસ પાછળથી એમ કહે કે "એ **સનાતન** અને નિઃસંશય ધર્મ છે,"[1] એ પણ ઓછું બેહુદું નથી.

લગ્નક્રિયા અગાઉ દ્રૌપદી અર્જુનની પત્નીતરીકે

લોકસમુદાય એકઠો થવાના સ્થાનનું અવલોકન કરી પાંડવોના કુંભારને ઘેર રહેવા તથા લાગટ પંદર દિવસ સુધી દ્રુપદના સભામંડપમાં જે ઉત્સવ થતો હતો તેમાં હાજરી આપવા બાદ સોળમે દિવસે જ્યારે સ્વયંવર રચાયો; ત્યારે ધૃષ્ટદ્યુમ્ને કહ્યું કે, "જે....લક્ષ્યવેધ કરશે તેની મારી બહેન કૃષ્ણા 'આજે' **ભાર્યા** થશે."[2] એ મુજબ વેધ કરવામાં જ્યારે બીજા રાજાઓ નિષ્ફળ નીવડે છે, ત્યારે અર્જુન તે કામ પાર પાડે છે; અને સભામંડપની બહાર જતાં તેની

* अस्मिन्धर्मे विप्रलब्धे लोकवेदविरोधके । यस्य यस्य मतं यद्यच्छ्रोतुमिच्छामि तस्य तत् ॥ (આદિપર્વ–અ૦ ૧૯૮, ૬)

૧ अनृतान्मोक्ष्यसे भद्रे धर्मश्चैष सनातनः ॥ यथायं विहितो धर्मो यतश्चा[illegible]नातनः । यथा च प्राह कौन्तेयस्तथा धर्मो न संशयः ॥ (આદિપર્વ–અ૦ ૧૯૮–૧૯, ૨૦)

૨ एतन्महत्कर्म करोति यो वै कुलेन रूपेण बलेन युक्तः । त[illegible] भार्या [illegible]गिनी ममेयं कृष्णा भवित्री न मृषा ब्रवीमि ॥ (આદિપર્વ–અ૦ ૧૮૮, ૩૭)

પત્ની[1] પણ તેની પાછળ પાછળ જાય છે. ત્યારબાદ મત્સરપ્રેરિત રાજાઓ જ્યારે તેની સાથે યુદ્ધ કરે છે, ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે, "અર્જુને દ્રૌપદી ધર્મથીજ પ્રાપ્ત કરી છે."[2] અર્થાત્ લગ્નવિધિ ન થઈ હોત તોયે દ્રૌપદી, સર્વાનુમતે અર્જુનની પત્ની અને તેથી ભીમ તથા યુધિષ્ઠિરની પુત્રી અને નકુલ–સહદેવની માતાસમાન ઠરી ચૂકી હતી. આથી સર્વે પાંડવો સભામાં 'મદનબાણથી ઘાયલ' થયા તેમાં દોષ ન ગણાય; તોપણ અર્જુને દ્રૌપદી મેળવ્યા બાદ, અને તે તેની પત્નીતરીકે ઉપર મુજબ સર્વાનુમતે સ્વીકારાઇ ગયા બાદ, સર્વે પાંડવોનું પુનઃ 'ઘાયલ' થવું–કે જેથી બાંધવોના સ્નેહમાં વિક્ષેપ પડવાની ભીતિથી યુધિષ્ઠિરને પાંચે પાંડવો જોડે દ્રૌપદીનાં લગ્ન કરવા પ્રેરાવું પડે–[3] એ તો કેવળ અધર્મયુક્ત ગણાય!

વચગાળેનો માર્ગ

પાંચે પાંડવોને દ્રૌપદીરૂપી ભિક્ષા વહેંચી લેવાની પ્રમાદયુક્ત આજ્ઞા કરી કુંતી પસ્તાય છે અને યુધિષ્ઠિર પાસે જઇ કહે છે કે, "મારૂં ભાષણ પણ મિથ્યા ન થાય તથા પાંચાલ–કન્યા દ્રૌપદીને પાતક પણ ન લાગે, એવો કાંઇ ઉપાય તું બતાવ." પણ પાંચેનો વિવાહ તેની સાથે થવો જોઇએ, એવો ચુકાદો ધર્મરાજ યુધિષ્ઠિર આપી દે છે! ન તો તે માતા કુંતીને તેના પ્રમાદ સારૂ ઠપકો આપે છે, કે ન તેના કહેવા મુજબ કોઇ વચલો માર્ગ શોધી કાઢવાની કોશીશ કરે છે!!

વાંચક કહેશે કે પુત્ર માતાને શી રીતે ઠપકો આપી શકે? અને વળી બે પરસ્પર વિરુદ્ધ વાતોમાંથી વચલો માર્ગ પણ કેમ શોધી શકે? પણ ખુદ મહાભારતજ આપણને તેવા પ્રકારનાં ઉદાહરણો પૂરાં પાડે છે. જ્યારે કુંતી બ્રાહ્મણપુત્રને બદલે ભીમસેનને રાક્ષસ બકાસુર પાસે મોકલે છે, ત્યારે એજ યુધિષ્ઠિર એજ માતા કુંતીને કેવો ઠપકો આપે છે અને તે વખતે તેમનું બ્રાહ્મણ–પતિપાલકત્વ કયાં લોપ થઇ જાય છે, તે જુઓ. તે કહે છે:—

"હે માતા! આવું ભયંકર અને દુર્ઘટ સાહસ તેં કેમ કર્યું? સાધુજન પુત્રનો પરિત્યાગ કરવો પ્રશસ્ત માનતા નથી. આથી બીજાના પુત્ર સારૂ તું પોતાના પુત્રનો ત્યાગ કરવાનું શા સારૂ મનમાં આણે છે? ખરેજ, તું પુત્રત્યાગ કરતી હોવાથી વ્યવહારને અને શાસ્ત્રને ઉલ્લંઘીને ચાલે છે. જેના પરાક્રમથી આપણે સઘળાં નિશ્ચિંત છીએ અને જેણે આપણને દરેક મુશ્કેલીમાંથી બચાવ્યાં છે, એવા મહાબળવાન ભીમસેનનો ત્યાગ કરવાનો નિશ્ચય તેં કયો વિચાર મનમાં આણી કર્યો? ખરેખર, દુઃખથી ત્રાસ પામવાને લીધે તારી બુદ્ધિને ભ્રંશ તો નથી થયો?"[4]

અર્થાત્ યથાસમયે, યથાર્થ રૂપમાં, યુધિષ્ઠિર કુંતીને ઠપકો આપી શકતા. હવે આપણે વચલા માર્ગનો દાખલો લઇએ:–

મહાભારતના છેલ્લા મહાન યુદ્ધમાં કર્ણ સાથે લડતાં એકવાર તેનાં બાણોથી ઘાયલ થઇ રાજા યુધિષ્ઠિર પોતાના શિબિરમાં પાછા ફર્યા. આ ખબર સાંભળી કૃષ્ણાર્જુન રણભૂમિ છોડી તેમને જોવા આવ્યા. તેમને જોઇ, તે કર્ણને મારીને આવ્યા હશે એમ કલ્પી, યુધિષ્ઠિર આનંદિત થયા અને કર્ણનો વધ કેવા પ્રકારે થયો તે જાણવાની તેમણે ઇચ્છા કરી. આથી અર્જુને કહ્યું કે, "હજુ તો તેની સાથે યુદ્ધ શરૂ કરવાનું છે. તમે તેનાં બાણથી ઘાયલ થઈ તંબુમાં પાછા ફર્યા છો એમ સાંભળી, કર્ણને ત્યાંજ છોડી, અમે અત્રે આવ્યા છીએ. તમે

૧ रंगाग्निरक्रामदचिन्त्यकर्मा पत्न्या तथा चाप्यनुगम्यमानः ॥ (આદિપર્વ–અ૦ ૧૯૦, ૨૮)
૨ निवारयामास महीपतींस्तान्धर्मेण लब्धेत्यनुनीय सर्वान् ॥ (આદિપર્વ–અ૦ ૧૯૨, ૩૮)
૩ આદિપર્વ–અ૦ ૧૯૩, ૧૨–૧૬ ૪ આદિપર્વ–અ૦ ૧૬૪, ૫–૧૧

મને આશીર્વાદ આપી યુદ્ધ–ચમત્કાર જોવા પધારો,કારણ કે હું તેનો આજેજ વધ કરનાર છું."

આથી અત્યંત દુઃખિત તથા ક્રોધિત થઇ રાજા યુધિષ્ઠિરે અર્જુનની ખૂબ નિર્ભર્ત્સના કરી અને તેના ગાંડિવધનુષ્યને પણ ધિક્કાર્યું. આ સાંભળી અર્જુને તુરત પોતાની તરવાર મ્યાનમાંથી ખેંચી કાઢી અને તે યુધિષ્ઠિરપ્રત્યે ધસ્યો, પણ કૃષ્ણે ચેતી જઇ તેને અટકાવ્યો. આમ કરવાનું કારણ પૂછતાં અર્જુને કહ્યું કે, " ગાંડિવધનુષ્યના નિંદકનો વધ કરવાની મારી પ્રતિજ્ઞા છે, તેથી તેના નિંદક ધર્મરાજાનો મારે વધ કરવો જોઇએ. " આથી કૃષ્ણે અર્જુનને બહુ બોધ આપ્યો,જે તેને રુચ્યો તો ખરો; પરંતુ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ પણ ન થાય અને ભ્રાતૃવધ પણ ન કરવો પડે,એવો કોઇ **વચગાળેનો માર્ગ** શોધી કાઢવાનું તેણે કૃષ્ણને કહ્યું. તેથી કૃષ્ણે કહ્યું:–"વડિલોને તુંકાર કરવો તથા તેમને અપમાનાસ્પદ વેણ કહેવાં એ તેમનો વધ કર્યા બરાબરજ છે;[1] માટે તું યુધિષ્ઠિરનો ઉપમર્દ કર, કે જેથી ભ્રાતૃવધ તથા પ્રતિજ્ઞાભંગ એ બેઉ પાતકમાંથી મુક્ત થઇશ. " અર્જુને તેમ કર્યું તો ખરૂં, પણ મોટાભાઇપ્રત્યે એવી વર્તણુક ચલાવવાથી તેને બહુ ખેદ થયો અને તે આપઘાત કરવા પ્રવૃત્ત થયો ! આથી કૃષ્ણે કહ્યું:–"ભ્રાતૃવધ કરતાં પણ આત્મહત્યાનું પાતક અધિક ઘોર છે,માટે તારે આત્મહત્યાજ જો કરવી હોય તો તારે પોતાને મોઢે તારાં વખાણ કર; કારણ કે આત્મશ્લાઘા કરનારને આત્મહત્યાનું પાતક લાગે છે, એવું શાસ્ત્રનું વચન છે." આથી અર્જુને ગાંડિવધનુષ્ય હાથમાં લઈ પોતાનાં ખૂબ વખાણ કર્યાં !

કર્ણ–પર્વમાંની આ બીનામાં કૃષ્ણે લડાવેલી આ સુંદર યુક્તિ જેવી કોઇ યુક્તિ શોધી કાઢી યુધિષ્ઠિરે, વ્યાજબી રીતે તો, પોતાની માતાની આજ્ઞાનું પાલન કરવું જોઇતું હતું; પણ તેમને પોતાને પણ દ્રૌપદીની બહુ ઇચ્છા હતી તેથી કે કોણ જાણે કેમ, તે બિચારા એવી તસ્દી લેવાની જરૂરજ જોતા નથી !

પડદો ખૂલ્યો !

'પૂર્વવૃત્તાંત' માં આપણે જોઇ ગયા તેમ રાજા યુધિષ્ઠિરનો વિચાર દ્રૌપદી અર્જુન વેરેજ આપવાનો હતો. દ્રુપદનો પુરોહિત પણ પાંડવો પાસે આવીને તેમજ કહે છે અને દ્રૌપદીનું પાણિગ્રહણ કરવાનું પણ અર્જુનનેજ કહેવામાં આવે છે. મતલબ કે, અર્જુનનેજ દ્રૌપદી આપવાનો દ્રુપદનો વિચાર હતો અને તે મુજબજ સ્વયંવરમાં થતાં તે અતિ આનંદિત થયો હતો. આથી પાંચે પાંડવોએ દ્રૌપદીને સામાન્ય પત્ની બનાવવાની યુધિષ્ઠિરની કહેવાતી ઇચ્છા તથા તેનું અન્ય પાંડવોની માફક દ્રૌપદીને જોઇને મદનબાણથી ઘાયલ થવું એ જેમ અધર્મયુક્ત હતું, તેમ વડિલ બંધુનાં આવાં વિચિત્ર વેણ સાંભળી સર્વે પાંડવોનું 'સ્તબ્ધ' થઈ જવું ઉચિત હતું; પણ મુલત્વી રહેલી એ વાતનો સફો દ્રુપદ લગ્નનું મુહૂર્ત કાઢી અર્જુનને દ્રૌપદીનું પાણિગ્રહણ કરવા કહે છે ત્યાંસુધી ઉઘડતોજ **નથી**! જ્યારે ગળે પાણી આવે છે, ત્યારે યુધિષ્ઠિરરાજ કહે છે કે,"ममापि दारसंबंधः कार्यस्तात विशांपते[2]—મારે પણ વિવાહ કરવો છે!" આથી દ્રુપદ કહે છે કે, " તો તું એનું પાણિગ્રહણ કર; અથવા તારા બંધુઓ પૈકી જેને તારે કૃષ્ણા આપવી હોય તેને આપ."

અત્રે ધર્મ કે દ્રુપદનું આવું કહેવું બીલકુલ સંભવતું નથી, કારણકે ધર્મરાજ મહા-અધર્મભીરુ અને સત્યાચરણી હતા. તેમના શત્રુઓ પણ–ખુદ દુર્યોધન પણ–તેમને 'ઇંદ્રતુલ્ય અને ધર્માત્મા' કહેતા;[3] અને પોતાના સ્વાર્થની વાતનો પણ નિકાલ કરવાનું તેમનાપર છોડતા.

---

૧ **गुरूणामवमानो हि वध इत्यभिधीयते ।** ૨ આદિપર્વ–અ૦ ૧૯૭, ૨૧

૩ **धर्मस्थितो धर्मसुतो महात्मा स्वयं चेदं कथयत्विन्द्रकल्प** । (સભાપર્વ–અ૦૬૯, ૫)

આથી તેમનામાં પોતાની પુત્રીસમાન દ્રૌપદીને જોઇને મદનનો પ્રાદુર્ભાવ થવો શક્ય નથી, અને તેથી તે સર્વે પાંડવો જોડે દ્રૌપદીને વરાવવાની ઇચ્છા કરે નહિ તથા પોતે પણ નિર્લજ્જતાથી પોતાના વિવાહની વાત કરે નહિ; કારણ કે દ્રૌપદીપર તેમનો કશો હક્ક નહોતો, એ તે સારી રીતે જાણતા હતા.

વળી બીજા કોઇને વાસ્તે કન્યાનું હરણ કરવામાં આવતું ખરૂં, અને તે મુજબ ભીષ્મે અંબા, અંબિકા અને અંબાલિકાનું વિચિત્રવીર્ય સારૂ કરેલું પણ ખરૂં; પરંતુ અર્જુનની માફક પોતાની બહાદુરીથી જીતેલી કન્યા 'ટ્રાન્સફર' થયેલી દુનિયાના કોઇપણ ઇતિહાસમાં આપણે જોઇ નથી, તેમ કોઇપણ સદાચરણી શૂરવીર ક્ષત્રિય અને તે પણ વડિલ અને વિશેષતઃ વડિલબંધુ, એવી રીતે બીજાની જીતેલી ચીજની આકાંક્ષા રાખે નહિ; તેમજ યુધિષ્ઠિરાદિ પાંડવોને કન્યા મળવી પણ કાંઈ મુશ્કેલ નહોતી.

દ્રુપદની જુબાની

દ્રુપદ પ્રથમ તો પોતાની પુત્રીને પાંચ પતિ કરવા દેવાની ઘસીને નાજ પાડે છે, એમ કથા વાંચતાં સ્પષ્ટ જણાય છે; પરંતુ વ્યાસે તેને દ્રૌપદીના પૂર્વજન્મની બે કથાઓ કહ્યા પછી અને તેને દિવ્ય દૃષ્ટિ આપી પાંડવોનું અસલ ઇંદ્રરૂપ બતાવ્યા પછી પણ, તેને પૂર્ણ સંતોષ થયેલો જણાતો નથી; કારણ કે વ્યાસની ગપો સાંભળ્યા પછી તે કહે છે કેઃ—

"હે મહર્ષિ! મેં પ્રથમ આપની પાસેથી એ વાત સાંભળી નહોતી તેથીજ પાંચ પાંડવોને તે ન આપવાનો પ્રયત્ન કર્યો હતો; પણ દેવતાઓના ઠરાવની કદી પણ કોઇ ઉપેક્ષા કરી શકતું નથી. આથી પ્રથમથી ઠરાવેલા વિધાન અનુસારજ હું કર્તવ્ય–નિશ્ચય કરૂં છું. ભાગ્યની વાત પલટી શકતી નથી અને પુરુષાર્થથી કાંઇ થઇ શકતું નથી —જુઓ કે એક વરને સારૂ(મત્સ્યવેધ)લક્ષ્ય રચ્યો હતો,તેજ હવે પાંચને વાસ્તે નિશ્ચિત થયો! કૃષ્ણાએ આગલા જન્મમાં 'મને વર આપો' એમ પાંચ વાર કહ્યું હતું, અને તેથી શંકરે પણ તેને પાંચ પતિ આપ્યા હતા. (આથી આપણને એમ માનવાનું કારણ છે કે, દ્રુપદે મહાદેવવાળી આ એકલીજ વાત સાંભળી હશે અને બીજી વાત તો વળી એ પછીનું ઉમેરણ હશે; કારણકે નહિ તો દ્રુપદ તેનોયે ઉલ્લેખ કર્યાવિના રહેત નહિ.) તો એ વાતનો સારાસાર વિચાર તેજ જાણે. જ્યારે ખુદ શંકરેજ એવું વિધાન કર્યું છે અને પાંચેનેજ વાસ્તે કૃષ્ણા સરજાઇ છે, ત્યારે **ધર્મ હો કે અધર્મ હો, મને કાંઈ દોષ લાગી શકતો નથી.** કૃષ્ણા જો તેમની પત્ની નિર્માઇજ છે, તો હું શું કરીશ? માટે હવે દ્રૌપદીને જેમ રુચે તેમ તે કરે."[1] આના પર કશી ટીકાની જરૂર જણાતી નથી.

કુંતીની જુબાની

વ્યાસસમક્ષ પોતપોતાનો મત રજુ કરતાં, યુધિષ્ઠિરના વચનને પુષ્ટિ આપતાં કુંતી કહે છે કેઃ–"ધર્માનુચરણ કરનારા યુધિષ્ઠિરે જે કહ્યું તે ખરૂં છે. અનૃતની મને બહુજ બીક લાગે છે, માટે હું અનૃતમાંથી કેમ મુક્ત થઇશ?" આથી જણાય છે કે, ખુદ કુંતીને પણ યુધિષ્ઠિરની વાતનો વિશ્વાસ નથી; અને તે દુરાગ્રહી બની પોતાની ભૂલ તથા વચગાળેનો માર્ગ શોધી કાઢવાની યુધિષ્ઠિરને આપેલી આજ્ઞા કહી બતાવતી નથી. બીજું યુધિષ્ઠિરે બે દાખલાઓ અને પોતાની બધી દલીલો આપવા છતાં પણ તેને સંતોષ થતો જણાતો નથી અને અધર્મની બહુ બીક રહે છે. વ્યાસના પાછળથી કહેવા મુજબ જો એ "સનાતન ધર્મ" હોત તો, અને પોતાના પુત્ર યુધિષ્ઠિરે આપેલા પુરાણમાંના બે દાખલા તથા અન્ય યુક્તિઓને તે ખરી માનતી હોત તો, તે આટલી બધી ચિંતાતુર રહેતજ નહિ.

---

૧ यदि चैवं विहितः शंकरेण धर्माधर्मौ वा नात्र ममापराधः।
गृह्णान्त्विमे विधिवत्पाणिमस्या यथोपजोषं विहितैषां हि कृष्णा ॥ (આદિપર્વ–અ૦ ૨૦૦, ૪)

વિવાહ વખતે ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીની સ્થિતિ

ધૃષ્ટદ્યુમ્ન પોતાના પિતાને પાંડવોના આશ્રમમાં શું શું જોયું તેનો જે વૃત્તાંત કહે છે, તેમાં બે ખાસ અગત્યની વાતો તે કહેતો નથી, એ ધ્યાનમાં રાખવાનું છેઃ–(૧) કુંતીના દ્રૌપદીવિષેના વચનની; (૨) કૃષ્ણના ત્યાં આગમનની. જો તેણે કુંતીનું વચન સાંભળ્યું હોત, તો જરૂર તે તેનું વર્ણન દ્રુપદ આગળ કરત; અને કૃષ્ણના આગમનની વાત પણ કર્યાવિના રહેત નહિ, કારણ તેના પરથી તો તે પાંડવોને ઓળખી શકત. એ બે વાતો એવી હતી કે જે ધૃષ્ટદ્યુમ્ને જો દ્રુપદને જણાવી હોત તો તેની સોયે સો ટકા ખાત્રી થઇ જાત કે, સ્વયંવરમાં જીત મેળવનાર બ્રાહ્મણો પાંડવોજ હતા. આથી જેમ દ્રુપદને પુરોહિત મોકલવાની અને જૂદી જૂદી ચીજો મેલી તેમનો વર્ણ જાણવાની જરૂર રહેત નહિ; તેમજ જો કૃષ્ણને કુંતીના વચનની વાતની ખબર હોત તો તે વચગાળેનો કોઇ સુંદર માર્ગ–યુધિષ્ઠિર અને અર્જુનની બાબતમાં શોધી કાઢ્યો હતો તેવો–જરૂર શોધી કાઢત; પણ અહીં તો હાજરજવાબી અને મહાબુદ્ધિવાન દ્રૌપદીના તથા કૃષ્ણના મોઢાને ભારતનો લેખક 'એરટાઇટ' બંધ કરી દે છે!! સ્વયંવર તો દ્રૌપદીની સંમતિથી દ્રુપદ રચે છે, અને પાછળથી પાંચ પતિની વાત સાંભળ્યાબાદ પણ પાંડવોને દ્રૌપદીની સંમતિ મુજબ પરણવાનું કહે છે; પણ મહાભારતકાર તેના લગ્નસંબંધી વિવાદ વખતે કે તે સંબંધી બીજી વાતચિતમાં, ભૂલેચૂકે પણ, દ્રૌપદીને પોતાનો મત જાહેર કરવાની તક આપતા નથી, એ એક નવાઇ છે!

વળી શું એ સંભવિત છે કે ભીષ્મ જેવા યોદ્ધાની સામે જ્યારે અંબા જેવીને પોતાના મનની વાત કહેવાનું ધૈર્ય રહે, અને જે દ્રૌપદી ભરસભામાં અર્જુનને પરણવા સારૂ લક્ષ્યભેદ કરવા ઉદ્યત થયેલા કર્ણને नाहं वरयामि सूतम् કહી નીચે બેસાડી દે; તથા કીચક, વિરાટ–સભા અને કૌરવોની દ્યૂતસભામાં જઈ પૂર્ણ હિંમતથી તેઓ આગળ દલીલ કરી તેમને અધર્મી ઠરાવી શકે, તે બીરબલ જેવી હાજરજવાબી અને વીર દ્રૌપદી પોતાના જીવનના આવા મહત્ત્વના પ્રશ્નવિષે, દ્રુપદના "દ્રૌપદીને રુચે તેમ કરે" એમ કહેવા છતાં–કાંઈ ન બોલે? મહાભારતના એ લેખકે આ પ્રસંગે દ્રુપદને ધૃષ્ટદ્યુમ્નની સલાહ લેવામાંથીયે મુક્ત રાખ્યો છે, એ પાંચ પાંડવો જોડેના લગ્નસંબંધી હકીકત જો ખરી માનીએ તોયે અજાયબ જેવું લાગે છે.

યુધિષ્ઠિરની જુબાનીની તપાસ

મહાભારતના એ લેખકે બિચારા યુધિષ્ઠિરની ખરી મટ્ટીપલીત તો તેમની જુબાનીમાં કરી છે. તેમની પાસે તેમણે જે જુબાની અપાવી છે, તે એટલી તો લંગડીલૂલી અને તેમની કેરેક્ટરની વિરુદ્ધ જનારી છે, કે તે પરથી એ લેખકનું પોતાનું પોત તુરત પ્રકાશી ઉઠે છે! ચાલો, આપણે હવે તેમની તપાસ કરી સત્યાસત્યનો વધુ નિર્ણય કરીએ.

આપણે જોયું કે, પ્રથમ યુધિષ્ઠિર પોતાના એકલાનાજ વિવાહની વાત કરે છે, પણ હવે તે બીજી પટકી ખાય છે અને પોતાની સાથે ભીમસેનને પણ લે છે! હવે તે કહે છે કેઃ– "મારો અને ભીમસેનનો પણ વિવાહ હજુ થવાનો છે!" અને ત્રીજી પટકી ખાઇ તે એમ કહે છે કે, "તે અમ સર્વેની રાણી થશે અને મારી માતા પણ પૂર્વે એમ બોલી ગઇ છે." કુંતીએ ભૂલમાં એમ કહ્યું હતું એ વાતને, તેમજ વચગાળાનો માર્ગ શોધી કાઢવાની વાતને, તે આખી ને આખીજ ગળી જાય છે!

જ્યારે દ્રુપદ યુધિષ્ઠિરને કહે છે કે, "એક પુરુષને ઘણી સ્ત્રીઓ કરવાનું તો કહેલું છે, પણ એક સ્ત્રીને અનેક પતિ કોઇપણ ઠેકાણે સાંભળ્યા નથી; તો હે કુંતીપુત્ર! તારી આવી બુદ્ધિ કેમ થઇ? શિષ્ટાચાર તથા શ્રુતિથી વિરુદ્ધ જઇ એ અધર્મ કરવો તને ઉચિત નથી;"

અને વ્યાસને તે એમ કહે છે કેઃ—"શિષ્ટાચાર અને શ્રુતિથી વિરુદ્ધનો આ મને અધર્મ ભાસે છે, કારણ કે પૂર્વકાલીન મહાત્માઓએ આ ધર્મનું અવલંબન કર્યું નથી;" વગેરે. ત્યારે યુધિષ્ઠિર કહે છે કેઃ—"હે મહારાજ! ધર્મ બહુ સૂક્ષ્મ છે. આપણામાં તેની ગતિ જાણવાનું સામર્થ્ય નથી. પૂર્વકાલીન લોક જે માર્ગે ગયા તેજ માર્ગે અમે પણ જઈશું. મારી વાણીથી અસત્યોચ્ચારણ કદી થયું નથી અને અધર્મ તરફ મારી મતિ પણ નથી. મારી માતાનું એવુંજ કહેવું છે અને મારો પણ એજ મનોરથ છે. એ નિશ્ચિત ધર્મ હોવાથી, હે રાજા! મનમાં કોઈપણ પ્રકારની શંકા ન આણતાં તું અમને દ્રૌપદી પરણાવ!" વધુમાં તે કહે છે કેઃ—"આ બાબતમાં મારૂં મતાનુકુલ્ય હોવાથી એ કોઇપણ પ્રકારે અધર્મ નથી;" અને પછી પેલા ગૌતમી અને વાર્ક્ષીનાં પોતાનાં બે 'પેટંટ' ઉદાહરણો આપે છે—કે જેની ન તો વ્યાસને, ન દ્રુપદ જેવા વૃદ્ધને પણ કશી ખબર છે—તથા કહે છે કે, "વળી સર્વ ગુરુઓમાં શ્રેષ્ઠ જે માતા તેનું પણ એવું વચન છે, તેથી એ વાત સર્વોત્કૃષ્ટ ધર્મ છે!"

અર્થાત્ યુધિષ્ઠિર જે કહે તે શ્રુતિનું વચન અને તેને માન આપવાની ભલામણ કરનાર પણ ખુદ યુધિષ્ઠિરજ! અન્ય વૃદ્ધો જે દાખલા જાણે નહિ તે ધર્મરાજ જાણે; અને પૂર્વકાલીન લોકોનો માર્ગ પણ તેમનેજ ખબર! વ્યાસ—દ્રુપદાદિ વૃદ્ધોને તેની કશી ખબરજ નહિ! તે કહે તે શાસ્ત્રવચન. તેમની મતિ અધર્મ તરફ જાય નહિ (જો કે પોતાના નાના બંધુની ભાર્યાપ્રતિ જાય ખરી!), અને તેથી તે જે કહે તે "સર્વોત્કૃષ્ટ ધર્મ!" અહીં તે કબૂલ કરે છે કે, અમારી માતાએ પણ તેમ કહ્યું છે, પણ પ્રમાદથી (ભૂલમાં)—જાણી જોઇને નહિ—એ વાત તે ઉડાવે છે! દ્રૌપદીને જોઇને ગાંડા બની ગયેલા આ × × × × રાજપુત્ર કેવળ પોતાનોજ કક્કો ખરો કરવાનો પ્રયત્ન કરે છે; અને જે આત્મપ્રશંસા આત્મઘાતરૂપ મનાતી, તેનોજ આશ્રય લે છે! ન તો તે એકે દલીલ રજુ કરે છે, ન શાસ્ત્રાધાર! તેમના હૃદયરૂપી 'રેકર્ડ'માં (ચુડીમાં) તેમણે અમુક શબ્દો ચઢાવેલા છે અને તેથી તેના તેજ તેમના મુખરૂપી 'ફોનોગ્રાફ'માંથી નીકળ્યા કરે છે! એ પોપટજી માત્ર એટલુંજ બોલી શકે છે કેઃ—"હું કદી જાઠું બોલતો નથી, મારી જીભથી કદી તેવું બોલાતું નથી, હું અધર્મ કરતો નથી ને મારૂં મન પણ અધર્મ તરફ વળતું નથી; માટે આ બાબતમાં મારૂં મતાનુકુલ્ય હોવાથી એમાં કોઇ પણ પ્રકારનો અધર્મ નથી,એ સર્વોત્કૃષ્ટ સનાતન ધર્મ છે!" બસ,આજ તેમની સંગીનમાં સંગીન દલીલ! ન્યાયાસનપર બેઠેલો ન્યાયાધીશ એક સાક્ષીની આવી જુબાનીને કેટલું વજન આપે, તેનો વિચાર વાંચકોએજ કરવાનો છે; ને તે પરથી આ વાતની સત્યાસત્યતાનો પણ નિર્ણય કરવાનો છે.

હવે એકચક્રા નગરીમાંજ વ્યાસે દ્રૌપદી—જન્મ અને તેના ભાવિ પાંચ પતિની હકીકત પાંડવોને કહેલી હોવાથી પ્રથમ તો આ બધા લાંબા પુરાણની કશી જરૂરજ નહોતી. પાંડવ—પક્ષે તુરત તેનો હવાલો આપી દેવો હતો અને વાત ટુંકી કરવી હતી. વળી જ્યારે દ્રૌપદીના પૂર્વજન્મના બનાવથીજ તેને પાંચ પતિ પ્રાપ્ત થયા હતા તોપછી તે "સનાતન ધર્મ" ક્યાંથી થયો? તે તો માત્ર એક અપવાદજ થયો અને તે પણ દેવોના દેવ મહાદેવના વિચિત્ર વરદાનને પરિણામેજ!

મહાભારતનો એ બનાવટી લેખક વળી યુધિષ્ઠિરને મોઢે એમ કહેવડાવે છે કેઃ—"રત્નનો ઉપભોગ સર્વેએ મળીને કરવો એવો અમારો સંકેત છે અને તે સંકેત છોડવાની અમારી ઇચ્છા નથી. **આથી ધર્મથીજ** આ તારી કન્યા કૃષ્ણા અમારી પત્ની થશે!" (જાણે દ્રુપદપુત્રી પણ જડ રત્નજ હોય નહિ!) એક નજીવી ભૂલને લીધે કેટલો દુરાગ્રહ જણાય છે તે જુઓ.

યુધિષ્ઠિરનાં વચન અને સંકેત એજ જાણે શાસ્ત્ર અને ધર્મ હોય નહિ, તેમ ધર્મરાજ કહે છે કેઃ–"ધર્મથીજ કૃષ્ણા અમારી પત્ની થશે!" કુંતીની ભૂલ સુધારી દ્રૌપદીને પાતકમુક્ત કરવાની 'ઇંદ્રતુલ્ય ધર્માવતાર' ધર્મની આ કોશીશ કેટલે અંશે માતાની આજ્ઞા તથા શાસ્ત્રાજ્ઞાનું પાલન કરનારી છે, તેનો વાંચકેજ વિચાર કરી જોવો!

ટુંકમાં, જેમ સત્યવાદી ધર્માત્મા યુધિષ્ઠિર એવું નીચ કામ કરે નહિ; તેમજ મહાપરાક્રમી ભીમસેન, કે જેનાં તો વળી ગાંધર્વલગ્ન પણ હિડંબા જોડે થઇ ગયાં હતાં, તે પણ કદી એવું કામ કરે નહિ. યુધિષ્ઠિર જેમ અધર્મથી સ્વર્ગનું રાજ્ય પણ મળે તો લેવા ના પાડે, તેમ ભીમસેન પણ એવા બાયલાપણાથી મળેલી કશી ચીજ લેવી પસંદ કરે નહિ. વળી નકુલ–સહદેવ પણ ઓછા પરાક્રમી નહોતા; અને કોઇ પણ પાંડવ કામી નહોતો. મતલબ કે દ્રૌપદીપ્રત્યે પાંડવોમાં મદનનો પ્રાદુર્ભાવ થવો ન તો સંભવનીય છે,ન યુધિષ્ઠિર જેવા ધર્માત્મા એવું કોઈ વેણ ઉચ્ચારે, ન વ્યાસ જેવા આવા હલકા પ્રકારની વાતો કહે, ન દ્રુપદ તે માને!

અને ઉપલી માન્યતાપર આવવાને આપણને આપણે નિશ્ચિત કરેલા બેઉ નિયમોનો આધાર છે; કારણકે યુધિષ્ઠિરાદિ પાંડવો કે જેઓ હિમાલયની શીતળ પવિત્ર ટેકરીપર સુંદર વાયુ અને ઋષિઆશ્રમોના સુંદર વાતાવરણમાં, યથાર્થ બ્રહ્મચર્યવ્રત પાળી રહેલા, તેમજ વિદ્યાસંપન્ન, ધીમાન, રૂપગુણયુક્ત અને બહાદુર રજપૂતો હતા, તેમને કામી કહેવા એ ભીષ્મ જેવા શુદ્ધ બ્રહ્મચારીને વ્યભિચારી કહેવા જેવું છે; અને પ્રક્ષિપ્ત જાણવાના આપણા નિશ્ચિત નિયમો મુજબ ભીષ્મને વ્યભિચારી બતાવ્યો હોય તે વાત જેમ ખોટી માનવી, તેમજ પાંડવોવિષેની આ વાત પણ–તેમની આખી જીંદગીના બનાવોથી એ વિરુદ્ધ જતી હોવાથી–ખોટી માનવી; કારણ કે પાંડવોની ધર્મયુક્ત અને શુદ્ધ 'કૅરેકટર'થી એ વાત વિરુદ્ધ જાય છે અને તેથી દેખીતી રીતેજ તે બધી ખોટી અને બનાવટી છે, તેમ વ્યાસ જેવા લેખક એવું પરસ્પર વિરુદ્ધ લખેય નહિ.

વળી મહાભારતના જેવા મહાન ગ્રંથમાં, કે જેનો આદર્શજ સત્ય તથા ધર્મનો છે, અને તેથીજ જેના મૂળ પાત્ર યુધિષ્ઠિરને 'ધર્મ' નામના પિતાથી ઉત્પન્ન કરી ધર્મરાજનું પદ આપવામાં આવ્યું છે, તેમની આખી 'કૅરૅક્ટર' ધર્મમયજ ચિતરી છે, તેમાં અસલ આવી વાત હોવી શકય નથી; અને ધર્મના સ્વભાવથી પણ તે વિરુદ્ધ જતી હોવાથી સિદ્ધાંતતરીકે લીધેલા આપણા બેઉ નિયમોથી તે ઉલટી છે, અને તેથી બનાવટી ઠરે છે.

શિશુપાલ અને દુર્યોધન વિરુદ્ધ દ્રૌપદી

હવે આપણે બીજી દૃષ્ટિથી વિચાર કરીએ. જ્યારે પાંડવકૌરવો પોતાની વિદ્યાનો પરિચય દ્રોણગુરુ આદિને આપે છે અને અર્જુનના કરેલા સર્વે પ્રકારો કર્ણ કરી દેખાડે છે, તેમજ દુર્યોધન તેને અંગદેશનું રાજ્ય આપે છે; ત્યારે કર્ણને નીચ વર્ણનો કહેનાર પાંડવોને જે દુર્યોધન એમ કહે કે, "તમારી ઉત્પત્તિ પણ કેમ થઈ છે તે હું જાણું છું"[1] (અર્થાત્ નિયોગથી) તે દુર્યોધનનો, બીજી અનેક વખતે અને ખાસ કરી રાજસૂયયજ્ઞ વખતે જળને બદલે સ્થળ, ને સ્થળને બદલે જળ દેખાતાં પાંડવો ઉપહાસ કરે, તે છતાં તે દ્રૌપદીના પંચપતિત્વવિષે કાંઇ બોલે નહિ, એ સંભવતું નથી; તેમજ શિશુપાલ જેવો રાજા જે ભીષ્મની નિંદા કરતાં વિચિત્રવીર્યની સ્ત્રીઓના નિયોગનું મ્હેણું મારવા ચૂકે નહિ[2] (આથી આપણને માનવાનું કારણ મળે છે કે નિયોગ તરફ જનસમાજમાં, ખુદ મહાભારતના કાળમાંયે, કંઇક અરુચિ

---

૧ भवतां च यथा जन्म तदप्यागमितं मया। (આદિપર્વ–અ૦ ૧૩૯, ૧૬)

૨ दारयोर्यस्य चान्येन मिषतः प्राज्ञमानिनः। (સભાપર્વ–અ૦ ૪૧, ૨૪)

ઉત્પન્ન થઇ હતી ખરી) તે, સહદેવાદિ પાંડવોએ યજ્ઞ વખતે તિરસ્કારનાં વચન કહેવા છતાં તેમની ઉક્ત બાબતસર નિંદા કરવા ચૂકે નહિ; પણ દુર્યોધન તો ઉલટો દ્રૌપદીને 'અનિંદિતા' કહે છે,[1] એટલુંજ નહિ પણ પાંડવોને દાસ્યમાંથી છોડાવનારી તે જાણે પુરુષજ હોય નહિ, તેમ તેનાસિવાય તેને પાંડવપક્ષમાં કોઇ પુરુષજ–કૃષ્ણ કે પ્રત્યક્ષ અર્જુન પણ–દેખાતો નથી!

પાંડવોની બીજી સ્ત્રીઓ

વળી દ્રૌપદી ઉપરાંત પાંડવોને બીજી સ્ત્રીઓ પણ હતી,[2] એ સર્વે જોડે પાંડવોએ પોતાની ચઢતી સ્થિતિમાં, એટલે કે જ્યારે ઇંદ્રપ્રસ્થમાં રાજ્ય કરતા હતા ત્યારે, લગ્ન કર્યાં હોવાં જોઇએ. જો કે તેમના લગ્નની ક્રિયાનો કે ભારે દબદબાનો ઉલ્લેખ કોઈ સ્થળે આવતો નથી, છતાં સાધારણ રીતે મહાભારતના લેખકનું લક્ષ્ય યુદ્ધજ જણાતું હોવાથી તેમણે એવી બાબતોને વિસ્તારી ન હોય એ સર્વથા શક્ય છે. બીજું તો ઠીક, પણ દુર્યોધનનાં પુત્રપુત્રીના નામનો ઉલ્લેખ આવવા છતાં ખુદ તેની સ્ત્રીના નામનો (તે ભાનુમતીના નામથી જો કે ઓળખાય છે છતાં) ઉલ્લેખ આખા મહાભારતમાં કોઇપણ સ્થળે આવતો નથી, એ એનું એક જીવંત ઉદાહરણ છે. મતલબ કે, (યુદ્ધ થવાનાં કારણોમાત્રનેજ લક્ષ્યતરીકે રાખવાથી) માત્ર મુખ્ય મુખ્ય બાબતોનોજ વ્યાસાદિએ ઉલ્લેખ કર્યો છે.

અર્જુન અને દ્રૌપદીનો પરસ્પર સંબંધ

હવે આપણે અર્જુન તથા દ્રૌપદીનો પરસ્પર સંબંધ કેવો હતો તથા અન્ય પાંડવો સાથેના દ્રૌપદીના સંબંધ કરતાં અર્જુન સાથેના સંબંધમાં વિશેષ શું હતું, તેનો વિચાર કરીએ. વસંતઋતુમાં જ્યારે કૃષ્ણાર્જુન ખાંડવપ્રસ્થ વનમાં ગયા હતા, ત્યારે સુભદ્રા જોડે દ્રૌપદી પણ અર્જુન સાથે ગઈ હતી. બીજા કોઇ પાંડવ જોડે દ્રૌપદી આ રીતે ગઇ હોય એવો ઉલ્લેખ આખા મહાભારતમાં કોઇપણ ઠેકાણે નથી.

વળી સુભદ્રા સાથે લગ્ન કરી અર્જુન જ્યારે દ્રૌપદી પાસે આવે છે, ત્યારે દ્રૌપદી તેને કહે છેઃ–" હે કુંતીપુત્ર! જા, જ્યાં યાદવકન્યા સુભદ્રા હોય ત્યાંજ જા; કારણ, ભારો ગમે તેટલો મજબૂત બાંધ્યો હોય તોપણ તેનો પ્રથમ બંધ તો શિથિલ થવાનોજ."[3] આથી અર્જુન સુભદ્રાને દ્રૌપદી પાસે મોકલે છે, જ્યાં જઈ દ્રૌપદીને વંદન કરી તે કહે છે કે, "હે બહેન! હું તમારી દાસી છું."[4] પાંડવોની બીજી કોઈ સ્ત્રીને સુભદ્રાએ આમ કહ્યું હોય એમ જણાતું નથી. કોઇ કહેશે કે, દ્રૌપદી સર્વેની સ્ત્રી હોવાથી અને વડિલ હોવાથી તેને એમ કહ્યું હશે, તો તે પણ યુક્તિસંગત જણાતું નથી; કારણ બીજો કોઈ પાંડવ બીજી સ્ત્રી પરણી આવતાં દ્રૌપદી તેને (અર્જુનને માર્યું તેવું) મ્હેણું મારતી નથી.

વળી અર્જુન જ્યારે ઇંદ્ર પાસે શસ્ત્રવિદ્યા શીખવા જાય છે, ત્યારે તેના ભાવિ વિરહથી દુઃખિત થયેલી દ્રૌપદી જે શબ્દો ઉચ્ચારે છે, તે પણ ઘણા અર્થસૂચક છે. તે કહે છે કે, "તમારા વિયોગનું દુઃખ મને દુર્યોધને સભામાં કહેલાં દુર્વચનોથી પણ વધારે સાલે છે. તમારા બંધુઓ તમારાં પરાક્રમોની કથાને વારંવાર યાદ કરી આનંદથી રહો. તમારો ઘણા દિનપર્યંતનો વિયોગ દુઃસહ જણાશે; કારણ કે અમારા ભોગ, ધન, જીવન, મરણ, રાજ્ય અને ઐશ્વર્ય, એ સઘળું તમારેજ આધારે છે."[5] અર્થાત્ ભીમસેનની બહાદુરીની પૂરતી ખાત્રી

---

૧ न वै मोक्षस्तदा वोऽभूत् विना कृष्णामनिंदितां। सानोदास्ये रांगांपन्नान् मोचयामास पार्षती॥

૨ આશ્રમવાસિક પર્વ–અ૦ ૨૫, ૯–૧૪

૩ तत्रैव गच्छ कौंतेय यत्र सा सात्वतात्मजा। सुबद्धस्यापि भारस्य पूर्वबन्धः श्लथायते॥ (આદિપર્વ–અ૦ ૨૨૩–૧૭)

૪ આદિપર્વ–અ૦ ૨૨૩, ૨૩   ૫ વનપર્વ–અ૦ ૩૭, ૨૬–૩૧

હોવા છતાં કુદરતી રીતેજ તે પોતાના ધણીપરજ પોતાના તેમજ પોતાના જેઠદિયરોના જીવન–મરણનો આધાર રાખે છે; એટલુંજ નહિ પણ તેનું ભારેમાં ભારે દુઃખ જે દુર્યોધનનાં કુવચનો, કે જે તેનાજેવી તેજસ્વી સ્ત્રીને અતિ અસહ્ય હતાં–તેના કરતાં પણ તેને અર્જુનનો વિયોગ દુઃસહ લાગે છે. (જો તે પાંચેની સંમિલિત સ્ત્રી હોત તો તો તેમ લાગત નહિ.) વળી તે એટલુંજ કહી અટકતી નથી. અર્જુનની ગેરહાજરીમાં પણ તેનાં વખાણ થાય અને પોતાને તેનો વિયોગ ઓછો સાલે તે સારૂ આર્યસ્ત્રીની કુદરતી ભાવના મુજબ, અન્ય પાંડવો અર્જુનનાં યશોગુણ ગાતા રહે એવું તે ઇચ્છે છે! ટુંકમાં તેના જીવનના સર્વ સુખનો આધાર તે પોતાના સ્વામી અર્જુનપરજ વ્યાજબી રીતે રાખે છે. આથી જણાય છે કે, દ્રૌપદીનો પતિ અર્જુન હોવો જોઇએ.

તેમજ સંધિ કરવાને મોકલેલો સંજય ધૃતરાષ્ટ્રની પાસે વામમાર્ગી જેવી જે એક ગપ મારે છે, તેથી પણ જણાય છે કે દ્રૌપદી અર્જુન પાસેજ ખાનગીમાં રહેતી.[૧] સંજયના તે ગલીચ શબ્દો આ છેઃ—

"કૃષ્ણાર્જુનને આવો સંદેશો કહેવા હું એક દિવસ જનાનામાં, કે જ્યાં નકુલ, સહદેવ કે અભિમન્યુ સુદ્ધાં જતો નહિ, ત્યાં ગયો. ત્યાં કેવળ ચાર જણ હતા. કૃષ્ણ, અર્જુન, સત્યભામા અને દ્રૌપદી. કૃષ્ણાર્જુન 'પીધેલા' હતા! અર્જુનના ખોળામાં કૃષ્ણે પોતાના બેઉ પગ મેલ્યા હતા, પણ અર્જુને તો પોતાનો એક પગ સત્યભામા(કૃષ્ણની સ્ત્રી)ના ખોળામાં અને એક દ્રૌપદીના ખોળામાં મેલ્યો હતો!"

અર્થાત્ આ ગપમાં પણ દ્રૌપદી સાથે અર્જુનનેજ મૂક્યો છે. વળી સહદેવ તો ખાસ નાના દિયરતરીકે જણાય છે. વનવાસ જવા જ્યારે પાંડવો નીકળે છે, ત્યારે દ્રૌપદીની સગવડ સાચવવાનું કામ બીજા બધાને છોડી કુંતી તેને સોંપે છે;[૨] એટલુંજ નહિ પણ તે તેને પાછો વળવાનું પણ કહે છે.[૩] આ બેઉ કામ સૌથી નાના પુત્રને અને સૌથી નાના દિયરનેજ શોભે તેવાં છે.

દ્યૂતમાં દ્રૌપદી

હવે આપણે દ્યૂતમાં જઈએ. જ્યારે યુધિષ્ઠિર સર્વ હારી ગયા, ત્યારે તેમણે બીટમાં દ્રૌપદીને મૂકી; તેથી જરૂર તેનાપર યુધિષ્ઠિરનો બહુ સારો હક્ક હોવો જોઇએ, એમ કોઈ કહેશે; પણ તેનો ઉત્તર એ છે કે, જ્યારે જુગારીઓ હારી જાય છે ત્યારે તેમના ચિત્તની સ્થિતિ સ્થિર હોતી નથી ને તેમને સારાસાર વિચાર રહેતો નથી. યુધિષ્ઠિરની એવી વિપરીત સ્થિતિ તો હતીજ. તેમાં વળી તે પોતાનું દ્રવ્યજ નહિ પણ બંધુઓ અને પોતાને પણ હારી ચૂક્યા હતા; અને શકુનીએ પાંડવોની બીજી કોઇ સ્ત્રીનું નામ ન લેતાં દ્રૌપદીનેજ બીટમાં મેલવાની દરખાસ્ત મૂકી, કારણ કે પાછળથી ખુદ ધૃતરાષ્ટ્રના કહેવા મુજબ તે સર્વ કૌરવપાંડવોની વહુઓમાં સૌથી શ્રેષ્ઠ સતી અને પતિવ્રતા હતી.[૪] હવે જ્યારે પ્રતિપક્ષીએ તેની દરખાસ્ત મૂકી, ત્યારે પાંડવોને દાસત્વમાંથી છોડવી લેવાની ઇચ્છાથી, તેમજ તે વખતના ક્ષાત્રધર્માનુસાર દ્યૂતમાં પાછું ન હઠવાની પ્રથાથી,[૫] તેમણે દ્રૌપદીના ઉત્તમ સદ્ગુણનું વર્ણન કરી તેને 'દાવપર મેલવી બહુ દુઃખની વાત છે પણ આખરે તેનેય મેલું છું,'[૬] એમ કહી લાચારીએ દાવપર મેલેલી; મતલબકે, ગભરાયેલા ધર્મરાજે કેવળ પાંડવોના છુટકારા સારૂ આ કઠિન શરત પણ

---

૧ ઉદ્યોગપર્વ–અ૦ ૫૯, ૩—૭ ૨ વનપર્વ–અ૦ ૭૮, ૮ ૩ વનપર્વ–અ૦ ૭૮, ૨૮

૪ **त्वं हि सर्वे स्नुषाणां मे श्रेयसी धर्मचारिणी।** (સભાપર્વ–અ૦ ૭૦, ૩૪)

૫ યુધિષ્ઠિર કહે છેઃ–**आहुतोऽहं न निवर्ते कदाचित्तदाहितं शाश्वतं वै व्रतं मे।** (સભાપર્વ–અ૦ ૫૮, ૧૬)

૬ સભાપર્વ–૬૪, ૩૯

મંજુર કરેલી. જ્યારે માણસ ગભરાયેલો હોય છે, ત્યારે તે પોતાની શુદ્ધિ ગુમાવી દે છે; (અને ખુદ એ દ્યૂતપ્રસંગમાં, વિકર્ણ પણ સભાને બીજા શબ્દોમાં એમજ કહે છે.) અને જ્યારે તે પોતાની શુદ્ધિ ગુમાવી દે છે, ત્યારે તે જે કામ કરે છે તેને વાસ્તે તે તેટલો જોખમદાર નથી ગણાતો કે જેટલો તે શુદ્ધિમાં હોય ત્યારે ગણાય. આથીજ અગત્યનાં લખતોમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે છે કે, 'આ લખાણ હું મારી પૂર્ણ અક્કલહોંશીઆરીમાં કરૂં છું' અને તે વિષે વળી એક કે વધુ સાક્ષીની સહી પણ લેવામાં આવે છે. શુદ્ધિ પૂરતી ન હોય તે વખતનાં 'વીલ' પણ જેમ રદ ગણાય છે, તેમ તેવી સ્થિતિમાં એક ખુનીએ કરેલા ખૂનને સારૂ પણ તેને ફાંસીની શિક્ષા થતી નથી. ન્યાયની અદાલતોની આ વ્યાજબી માન્યતા છે, અને તેથી અધર્મભીરુ યુધિષ્ઠિર બેશુદ્ધિમાં શકુનીએ દ્રૌપદી સારૂ કરેલો પ્રસ્તાવ કબૂલ રાખે તો તેમનું તે કામ કેવળ ગફલતીભરેલુંજ કહી શકાય. આથી ધર્મરાજે આવી ગાફેલ સ્થિતિમાં તેવી શરત કબૂલ કરેલી; અને નહિ કે તેનાપર પોતાનો સ્વામીતરીકેનો હક્ક હતો તેથી. કારણ કે, જો તે પાંચેની સ્ત્રી હોત, તો તો તેને દાવમાં મેલવામાં ધર્મે બહુ ખોટું કર્યું નહોતું; કેમકે તેનાપર તેમનો પણ અધિકાર હતો, પણ અહીં તેમ નહોતું. કારણ, ભીમસેન કહે છે કે, "હે યુધિષ્ઠિર! કાશીના રાજા આદિએ જે જે ધનરત્નાદિ આપણને આપ્યું હતું તે, તેમજ સર્વ વાહન, શસ્ત્ર, રાજ્ય અને અમને બધાને તેમજ આપને પણ જુગારમાં જીતાયેલાં જોતાં મને ક્રોધ ચઢયો નહોતો, કારણ કે આપ તે સર્વના માલિક હતા, પણ દ્રૌપદીને દાવપર લગાડવામાં તમે તમારી મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે";[1] અર્થાત્ તમે જેના સ્વામી નહોતા, જેનાપર તમારો કશો હક્ક નહોતો, તેને તમે દાવપર લગાડી છે. મતલબ કે, ભીમનાં વચન સ્પષ્ટ કરે છે કે, ધર્મરાજ દ્રૌપદીના સ્વામી નહોતા. દ્રૌપદી અર્જુનની સ્ત્રી હોવાથી અને મર્યાદાને લીધે અર્જુનથી બોલી ન શકાય તેથી, બહાદુર ભીમસેન અર્જુન તરફથી બોલ્યો હતો. અર્થાત અર્જુન તે વખતે લોહીનો ઘુંટડો પીને બેસી રહ્યા હતો–માત્ર મોટાભાઇની સામે બોલાય નહિ તેટલાજ સારૂ બોલ્યો નહોતો; એટલુંજ નહિ પણ ભીમને પણ બોલતાં તેણે વાર્યો હતો.

સૈરંધ્રી અને બૃહન્નલા

હવે આપણે બીજો એક પૂરાવો લઇએ. વનવાસમાંથી નિવૃત્ત થઈ પાંડવો વિરાટરાજાને ત્યાં જઇને ગુપ્તવાસનું એક વર્ષ વીતાવવા રહે છે; ત્યારે બીજા બંધુઓ પુરુષતરીકેજ ઓળખાઇને કરાય તેવાં જૂદાં જૂદાં કામો સ્વીકારી લે છે, પણ અર્જુન તેમ કરતો નથી. તે બૃહન્નલા બને છે અને દ્રૌપદી પણ વિરાટરાજાની રાણી સુદેષ્ણાનું દાસીપદ સ્વીકારે છે. હવે આપણે વિચાર કરીએ કે, જો દ્રૌપદી પાંચેની સ્ત્રી હોત, તો કંઈ નહિ તો તે સહેલાઇથી યુધિષ્ઠિર, કે જે વિરાટસભામાં સારા હોદ્દાપર નીમાયા હતા, તેમને ઘેર રહી શકત. તેમ કરવામાં દ્રૌપદીને દાસી બનવું પડત નહિ; એટલુંજ નહિ પણ દાસીપણાના દુ:ખથી, દાસીપણું જેણે કદી કર્યું નથી તેવી દ્રૌપદી કદાચ અકળાઇને ગુપ્તવાસનો ભેદ ખોલી દે; અને તેથી પાછું બાર વર્ષ વનવાસ જવું પડે, અથવા કોઇની તેનાપર કુદૃષ્ટિ થાય તો વિનાકારણ ખટપટ થાય, એવો તેને દાસી બનાવવામાં જે ઉલટો ભય સમાયેલો હતો, તે પણ ન રહેત. જો તેને યુધિષ્ઠિરને ઘેર રાખવામાં આવી હોત, તો એ પણ એક લાભ હતો કે, તે જો સાધારણ દુ:ખથી કંટાળત તો યુધિષ્ઠિર તેને ધૈર્ય દઇ શકત; તેમજ તેના દિયરો તથા ભીમસેન પણ

૧ કાશીનો રાજા ભીમસેનનો સસરો થતો હતો, તેથી ભીમ પોતાના અધિકારમાંના દ્રવ્યની વાત પ્રથમ કરે છે. તેનો વિવાહ કાશીરાજાની પુત્રી ગંધના સાથે, યુધિષ્ઠિર તથા સહદેવનો મદ્રદેશની રાજપુત્રીઓ જોડે અને નકુલનો ચંદેરીની રાજકન્યા જોડે થયો હતો. (સભાપર્વ–અ૦૬૭,૨–૪)

તેને મળી જઇ શકત, કારણ કે યુધિષ્ઠિરનું પદ એ કામને સર્વથા શોભે તેવું હતું; પણ આવું છતાં તેને દાસી બનાવવામાં આવે છે તે ખાસ હેતુપૂર્વકજ હોવું જોઇએ અને તે હેતુ એજ હોઇ શકે કે દ્રૌપદીને નપુંસક અર્જુન-તેના પતિ-ને મળવામાં કોઈ રીતની મુશ્કેલી આવે નહિ. તેઓ પરસ્પર એકબીજાને પૂર્ણ છુટથી મળી શકે અને ખુદ અર્જુન તેને ધૈર્ય દઈ શકે તથા દ્રૌપદીનો પતિવ્રત ધર્મ પણ સ્થિત રહે. જો એમ ન કરવામાં આવત, તો સંભવ હતો કે ભીમસેન જેવા આકળા સ્વભાવની દ્રૌપદી, પોતાનું દુઃખ કોઇ પાસે પણ રડવાનું ઠેકાણું ન રહેતાં કદાચ કંઈ સાહસ કરી મૂકત, કે જેથી પાંડવોના નસીબમાં પાછો વનવાસ આવીને ઉભો રહેત અને કૌરવોને ખુશી ઉપજત.

મતલબ કે, દ્રૌપદી માત્ર અર્જુનનીજ સ્ત્રી હતી અને તે તેના જ્યેષ્ઠોને પિતાવત્ અને દિયરોને પુત્રવત્ પાળતી હોવાથીજ, તેમજ સર્વે સાંસારિક કર્મોથી સુપરિચિત અને બુદ્ધિવાન હોવાથી, તથા આવકજાવકનો હિસાબ પણ તે રાખી શકતી તેથી, બધાંને વધુ પ્રિય થઇ પડી હતી અને પ્રમુખપદ ભોગવી શકતી હતી. એજ જો તેનો ઘોર અપરાધ ગણી તેને પાંચેની સ્ત્રી ઠરાવવામાં આવે તો ભલે, બાકી તો બીજો કોઇ તે બિચારીનો એવો અપરાધ થયો નથી, કે જેનું આવું ઘોર પ્રાયશ્ચિત્ત તેને ભોગવવું પડે!

ચાલો, હવે આપણે સામાન્ય દૃષ્ટિથી વિચાર કરીએ. બધી ધાંધલનું કારણ તથા તે ધાંધલના કરનારને શોધી કાઢવાની કોશીશ કરીએ; અને આ સમાલોચનાને સર્વ રીતે અર્થાનુરૂપ બનાવવા મથીએ.

આરોપી કોણ?

અત્રે પ્રથમ આપણને આપણા નિયમો પાછા યાદ કરવાની જરૂર છે, કે જે નિયમોને આધારે આપણે આ પુસ્તકના વિષયની સત્યાસત્યતા ઠરાવવા નીકળ્યા છીએ. એ બે નિયમો ટુંકમાં આ છેઃ-(૧) પરસ્પર વિરુદ્ધ બે વાતો જણાય; અથવા એક માણસનો જે સ્વભાવ નિશ્ચિત હોય તેની વિરુદ્ધ જે જણાય, તે પ્રક્ષિપ્ત અને બનાવટી જાણવું. એ રીતે વ્યાસે કહેલી બે કથાઓ એકબીજાથી વિરુદ્ધ જણાય છે,તેમજ તે વખતના અન્ય સંજોગો જોતાં પણ તે આપણી ધ્યાનમાં બેસતી નથી,તેથી તે આખી પ્રક્ષિપ્ત છે; અને એ પાયાપર રચેલી બહુપતિત્વરૂપી આખી ઈમારત પણ દેખીતી રીતેજ પ્રક્ષિપ્ત છે. (૨) એ કથામાંનું બધું વર્ણન મહાભારતના અન્ય પ્રસંગોમાં એ પાત્રોના ગુણકર્મસ્વભાવનું જે વર્ણન આવે છે તેથી છેક જૂદું-ઉલટું-જ જણાઇ આવે છે, અને વ્યાસ જેવો લેખક એવી મૂર્ખાઈ કરે નહિ; તેમજ એક માણસ એકજ વખતે સદાચરણી તથા વિષયલંપટ હોઇ શકે નહિ. હવે આપણા આ બેઉ નિયમાનુસાર એ આખી કથા પ્રક્ષિપ્ત તથા બનાવટી છે અને તેથી માનનીય નથી. આથી જોકે આપણા નિયમોની રૂએ તો એ કથાને અર્ધચંદ્ર મળીજ જાય છે, પણ એ ખોટું બીજ કેવા પ્રકારના લેખકોએ અને શી ધારણાથી વાવ્યું હશે તેનો વિચાર પણ આપણે કરવો જોઇએ. ચાલો, આપણે તે દિશામાં આપણો રથ ફેરવીએઃ—

ત્યારે દ્રૌપદીને પાંચ પાંડવોની પત્ની ઠરાવવાનું પાછલા લેખકોને પ્રયોજન શું હતું? એ એક પ્રશ્ન હવે આપણી સામે રહ્યો. પરમસતી, સાધ્વી, દ્રૌપદી માત્ર એકજ પતિની ભાર્યા હતી અને તે પાંડવો પૈકી વચલા અર્જુનનીજ હતી, તે આપણે અનેક રીતે જોઇ ગયા. દ્રૌપદીને પાંચ પાંડવોની પત્ની ઠરાવવાનાં ત્રણ કારણો સંભવે છેઃ-(૧)વામમાર્ગીઓનો શાસ્ત્રગ્રંથો અને અન્ય ઐતિહાસિક ગ્રંથોની માફક દેખીતી રીતેજ મહાભારતમાં પણ લાગેલો હાથ; (૨) અને તેથી ભૂલ ખાઇને, તેમજ બીજી કેટલીક સાદી વાતોથી ખોટે રસ્તે દોરાઇને

અન્ય લેખકોએ પણ કરેલું તેનું અનુકરણ; તથા (૩) અદ્‌ભુત રસના શોખીન લેખકોને પોતાને પ્રિય પાત્રોમાં અદ્‌ભુતતા અને ચમત્કાર લાવવાની પડેલી ટેવ.

વામમાર્ગના સિદ્ધાંતો એટલા તો પ્રસિદ્ધ છે કે તે વિષે અત્રે વિવેચન કરવાની બીલકુલ જરૂર નથી. તે વિષે ટુંકમાં એટલુંજ કહેવું બસ થશે કે, સર્વ પ્રકારની અનીતિ અને દુરાચાર, એ વામમાર્ગના પરમ સિદ્ધાંત! બ્રહ્માએ પોતાની પુત્રીપર આસક્ત થવું, વિષ્ણુએ જાલંધરની પતિવ્રતા સ્ત્રી વૃંદાનું સતીત્વ ભ્રષ્ટ કરવું, મહાદેવે ઋષિપત્નીઓ અને સુદર્શનની સ્ત્રી સાથે અનુચિત વ્યવહાર કરવો, ઇંદ્રે ગૌતમની સ્ત્રી અહલ્યાનું પતિવ્રત નષ્ટ કરવું, ચંદ્રમાએ પોતાના ગુરુ બૃહસ્પતિની સ્ત્રી સાથે સમાગમ કરવો અને બૃહસ્પતિએ પોતાના મોટાભાઇની વહુ સાથે પ્રસંગ કરવો; એ અને એવીજ બીજી જે બાબતો આપણા માન્ય ગ્રંથોમાં જણાય છે, તે એમનીજ પ્રસાદી જાણવી!

બીજા અને ત્રીજા મુદ્દાઓનું વિવેચન આપણે ભેગુંજ કરીશું. કથાના ભાગમાં આપણે જોઈ ગયા કે, સ્વયંવરમાં ભેગા મળેલા લોકો જ્યારે એક બ્રાહ્મણે (અર્જુને) દ્રૌપદી મેળવી એમ જુએ છે, ત્યારે એવું કહેતા કહેતા વીખરાય છે કે, " બ્રાહ્મણોએ પાંચાલરાજાની કન્યા વરી અને આજની સભામાં તેમની જીત થઇ. "[1] હવે જો એ વાકયમાં સહેજ શાબ્દિક ફેરફાર કરી આપણે એમ કહીએ કે, " **પાંડવોએ** પાંચાલકન્યા વરી તથા આજની સભામાં તેમની જીત થઇ; " અને તેથી એમ કલ્પીએ કે એવા સામાન્ય ઉલ્લેખથી પાછલા લેખકો ગેરરસ્તે દોરાયેલા હશે, તેથી તેમણે દ્રૌપદીને બધેજ પાંચ પતિવાળી ઠોકી બેસાડી હશે, તો શું આપણે ભૂલ કરી કહેવાશે? નહિજ; કારણ કે "બ્રાહ્મણોએ દ્રૌપદી વરી" એમાં જેમ બધા બ્રાહ્મણો ભેગા મળી કાંઇ એક દ્રૌપદીને વરતા નથી એ દેખીતું છે, તેમજ "પાંડવોએ દ્રૌપદી વરી" માં કાંઇ બધા પાંડવો તેને પરણ્યા એવું સમજવું જોઇતું નથી; પણ વિચારની તેટલી ઉંડાઇએ નહિ ઉતરવાથી, અથવા ખાસ અનીતિ ફેલાવવા કોઇએ આવા એકાદ સામાન્ય વચનને લઇને દ્રૌપદીને પાંચ પતિવાળી ઠેરવી દીધી હોવી જોઈએ.

અદ્‌ભુત રસના શોખીન લેખકોએ પણ મહાભારતની અંદર પોતાનો હાથ પૂર્ણ રીતે અજમાવવામાં કસર રાખી નથી. ખુદ દ્રૌપદીની તેમણે કરેલી યજ્ઞની વેદિમાંથી ઉત્પત્તિ–કે જેને બંકિમબાબુ પણ હસી કાઢે છે–આપણે તેના એક દાખલાતરીકે અત્રે લઇશું તો બસ થશે; કારણ કે એવાં તો બીજાં અનેક ઉદાહરણો મહાભારતમાંથી જડી આવશે. આવા કોઈ લહેરી લાલાએ દ્રૌપદીના આદર્શ ચરિત્રથી મોહિત થઈ તેમાં અદ્‌ભુતતા લાવવા અનેક ફેરફારો કર્યા હશે અને તેમાં દ્રૌપદીના જન્મ તથા વિવાહસંબંધી કથાઓ પણ રચી કાઢી દાખલ કરી દીધી હશે. પરમાત્માના સાક્ષાત્ અવતાર ગણાતા અને પૃથ્વીમાંથી અધર્મને દૂર કરવા તથા ધર્મની સ્થાપના કરવાજ જેમણે અવતાર લીધેલો અને જે પોતે કહે છે કે, ' મોટાઓનું જોઇ નાનાઓ ચાલે છે–यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरोजनः ' (શ્રીમદ્ ભગવદ્‌ગીતા) એવા ખુદ શ્રીકૃષ્ણનેજ આ લેખકો જ્યારે ગોપીઓ જોડે વ્યભિચાર કરતા તથા ૧૬૧૦૮ પત્નીઓવાળા ચિતરવા ચૂકયા નથી, તોપછી બિચારી દ્રૌપદીની તે શી વિસાત! હિંદુ પ્રજા આથી દેખીતી રીતેજ બહુ ચમત્કારપ્રિય થઈ ગયેલી જણાય તો નવાઇ નથી; અને તેથીજ હાલ પણ કોઇ સાધુસંતની પરીક્ષા કરવી હોય તો તેને વિષે કોઇ અદ્‌ભુત વાત સંભળાય નહિ, કે તેનો કોઇ ' ચમત્કાર ' જણાય નહિ, ત્યાંસુધી તેનાપર પૂર્ણ શ્રદ્ધાયુક્ત ભક્તિ રાખી શકાતી નથી!

---

૧ वृत्तो ब्रह्मत्तरो रङ्गः पांचाली ब्राह्मणैर्वृता । इति ब्रुवन्तः प्रययुर्ये तत्रासन्समागताः ॥
(આદિપર્વ–અ० ૧૯૨, ૪૦)

મહાભારતમાં વામમાર્ગીઓનો હાથ અજાણ્યો રહ્યો નથી, તે આ પુસ્તકમાં એક–બે ઠેકાણે નમુનાતરીકે બતાવવામાં આવેલું છેજ. બાકી રહ્યા પ્રાચીન મહાન આર્યોના જીવનમાં કાંઈ અદ્ભુતતાનો અંશ બતાવવાના શોખીન લેખકો; અને તેમનો હાથ પણ આખા મહાભારતમાં ઠેર ઠેર નજરે પડે છે, તથા વ્યાસ મહારાજનાં દર્શન પણ તેથીજ જ્યાં ત્યાં અતિ સુલભ થઈ પડયાં છે ! આ રીતે વામમાર્ગીઓ, ખોટે રસ્તે દોરવાયેલાઓ અને આવા અદ્ભુત રસના શોખીન લેખકોની ભેગી કૃતિનું ફળ દ્રૌપદીનું પંચપતિત્વ સંભવે છે તથા ભાવિકો અને અજ્ઞાનીઓએ અંધશ્રદ્ધાથી તેનું અનુકરણ કરેલું જણાય છે.

पंडित राजारामनी भूमिका

(લાહોરની ડી૦ એ૦ વી૦ કૉલેજના અધ્યાપક પંડિત રાજારામ તરફથી ઈ૦ સ૦ ૧૯૧૪માં છપાવા શરૂ થયેલા સારભૂત અને સટીક મહાભારત સાથેની તેમની ભૂમિકાનો અનુવાદ)

મહાભારતનો વિષય

મહાભારતનો મુખ્ય વિષય તો વીર પાંડવોનો ઉદય, કૌરવ પાંડવોનો સંગ્રામ, પાંડવોને રાજ્ય મળતું અને તેમના રાજ્યશાસનનું વર્ણન કરવાનો છે. પણ તેના કવિ એક વેદપારંગત મહાત્મા તેમજ ધર્મસંસ્થાપક મુનિ છે; તેથી તેની સાથે સાથે, પ્રસંગોપાત ધર્મ, નીતિ, રાજ્યશાસન અને તત્ત્વજ્ઞાનનાં પણ, તેઓ એવાં સરસ અને ઉચ્ચ પ્રકારનાં વર્ણન કરી દે છે કે વાંચનારને પોતાના હૃદયમાં કોઇ નવાજ પ્રકાશનો અનુભવ થાય છે; તેનું હૃદય વિશાળ બની જાય છે; અને તે શુંનો શુંય બની જાય છે. આજે જગતભરના વિદ્વાનોમાં પરમ આદરણીય થઈ પડેલી ગીતા, તે પણ આ મહાભારતનોજ એક મહત્ત્વનો ભાગ છે. જે ઉદ્દેશથી પ્રસંગવશાત્ એવા મહત્ત્વપૂર્ણ ઉપદેશ અપાયા છે, તેજ ઉદ્દેશથી રાજર્ષિઓ અને બ્રહ્મર્ષિઓનાં માનવજીવનમાં ઉંડો પ્રભાવ પાડનારાં અનેક ઉપાખ્યાનો પણ પ્રસંગોપાત લખાયાં છે. આ પ્રકારે મહાભારતમાં આર્યજાતિનું પ્રાચીન જીવન અને તેના મહત્ત્વપૂર્ણ ઉપદેશો આ ગ્રંથમાં ભર્યા પડ્યા છે; અને તેથીજ આ ગ્રંથ મનુષ્યના જીવન ઉપર ઉંડી અસર નિપજાવે છે; અને ગ્રંથની મનોહરતા તથા ઉપકારકતાને અનેકગણી વધારી મૂકે છે. આવું મહત્ત્વપૂર્ણ મહાભારત હોવાથી તેનું પરિશીલન પ્રત્યેક મનુષ્ય માટે–અને તેમાં પણ આર્યજાતિ માટે–તો ઘણુંજ ઉપકારક છે.

મહાભારતના કર્તા અને તેની રચનાનો સમય

મહાભારતના કર્તા શ્રી વેદવ્યાસ છે. તેઓએ મહાભારતનું યુદ્ધ પોતાની સગી નજરે જોયું હતું. યુદ્ધબાદ અઢાર વર્ષ પછી, ધૃતરાષ્ટ્રના પરલોકગમન બાદ શ્રી વેદવ્યાસજીએ લગાતાર ત્રણ વર્ષના મહાપરિશ્રમે મહાભારત ગ્રંથ રચ્યો હતો.

મહાભારતમાં થયેલો ઉમેરો અને તેનાં કારણો

પોતાના જમાનાનો મહામુનિએ લખેલો ઇતિહાસ સર્વથા વિશ્વાસપાત્ર હોવો જોઇએ અને મને વિશ્વાસ છે કે તે તેમજ છે. સત્ય અને સાદાઇને ચાહનારી આર્યજાતિ જૂઠ અને બનાવટથી રીઝાતી નહોતી; પણ આર્યજાતિ રાજ્યબળ, ધર્મબળ અને વિદ્યાબળમાં મહાભારત પહેલાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતી ચાલી હતી તે ભારતીય યુદ્ધ પછી તેવી ન રહી. ઉલટું આગળ વધવાને બદલે તેની પડતી થતી ચાલી, ઉન્નતિની જગાએ અવનતિ ચાલી આવી. આર્યજાતિમાં પ્રમાદે ઘર ઘાલ્યું, બહારથી તેના ઉપર હુમલા થયા અને અંદરથી ધર્મ ઉપર હુમલા થયા. આ આક્રમણોમાં પણ આ જાતિમાં એવા એવા મહાપુરુષો ઉત્પન્ન થતા રહ્યા કે જેમણે આ હુમલાઓને સારી પેઠે રોકયા, એટલુંજ નહિ પણ સામી ચઢાઇઓ પણ કરી; તથાપિ આ સમસ્ત જાતિએ એકત્ર થઇને પોતાની ગયેલી શક્તિ પાછી મેળવવાનો એક પણ પ્રયત્ન ત્યારથી તે આજસુધી કર્યો નથી; અને તેથી કરીને તેણે સમષ્ટિ સ્વરૂપે પોતાનું પુરાણું ગૌરવ હજુસુધી મેળવ્યું નથી.

આ પડતીના સમયમાં સૌથી મોટી હાનિ તો આર્યજાતિના બુદ્ધિબળની થઇ; બ્રહ્મચર્ય અને વિદ્યાધ્યયનના નિયમો બહુજ ઢીલા થઈ ગયા. આ પ્રમાણે જ્યારે સામાન્ય જનતા વિદ્યાહીન થઈ ગઈ એટલે તેનું બુદ્ધિબળ પણ ઘટી ગયું.

હવે ઇતિહાસ કહેનારા અને સાંભળનારાઓમાં એવો ભેદ તો રહ્યાજ કરે છે કે, બુદ્ધિમાનોને તો સાચાજ ઇતિહાસમાં રસ પડે છે અને અલ્પ બુદ્ધિવાળાઓને કલ્પિત અને અદ્‌ભુત ઘટનાઓનાં વર્ણનમાં રસ પડે છે. બાળકોને પણ આથીજ કલ્પિત કહાણીઓ પસંદ પડે છે, અને તેમનાથી જરા વધુ બુદ્ધિવાળાં મોટી ઉંમરનાં માણસોને પણ સાચા ઇતિહાસને બદલે કલ્પિત અદ્‌ભુત કથાઓજ ગમે છે. આવી નૈસર્ગિક રુચિને લીધે બુદ્ધિબળ ઘટવાની સાથે સાથે આર્યોએ સત્ય પ્રત્યેનો રસ પણ ખોયો અને અદ્‌ભુત ઘટનાઓનેજ પસંદ કરવા લાગ્યા. એવા સમયમાં બનાવટી અદ્‌ભુત કથાઓ કહેનારા કવિઓ વખણાવા લાગ્યા. તેજ કાળમાં આ પ્રાચીન સત્ય ઘટનાઓમાં પણ અલ્પ બુદ્ધિવાળા શ્રોતાઓની રુચિ મુજબની રસિકતા લાવવા માટે કલ્પિત અને અદ્‌ભુત ઘટનાઓનો ઉમેરો થવા લાગ્યો.

મહાભારતનો ઇતિહાસ પણ આવા ઉમેરાથી બચવા પામ્યો નહિ. તેનું પ્રત્યક્ષ પ્રમાણ એથી વધારે શું હોઈ શકે ! મહાભારતના આદિપર્વના બીજા અધ્યાયમાં જે દરેક પર્વની અધ્યાયસંખ્યા અને શ્લોકસંખ્યા આપેલી છે, તેથી પણ હવે વધારે જોવામાં આવે છે. તેમાં આદિપર્વના ૨૨૭ અધ્યાય કહ્યા છે, પણ હાલમાં ૨૩૪ છે. સભાપર્વના ૭૮ અધ્યાય કહ્યા છે, પણ હાલમાં ૮૧ છે, વગેરે. વળી યાદ રાખવું જોઇએ કે આ બીજા અધ્યાયમાંજ દરેક અધ્યાય અને શ્લોક ગણાવ્યા છે. તે અધ્યાય પણ વ્યાસકૃત નથી, પરંતુ મહાભારતમાં ભેળસેળ થતી જોઇ, આગળ ઉપર તેમ થતું અટકાવવાને માટે પાછળથી કોઇએ રચેલા છે; તોપણ એ કેટલા શોકની વાત છે કે આ અધ્યાય હોવા છતાં પણ મનસ્વી લેખકોએ બીજી પણ ભેળસેળ કરીજ નાખી. એમ લાગે છે કે આલોચના કરનારા નહિ રહેવાથી તેમજ ગ્રંથોમાં જેટલી વધારે અદ્‌ભુત વાતોની ભેળસેળ કરીશું તેટલા અમારી પ્રશંસા કરનારા વધશે, આવું ધારીને તેઓ મનમાની ભેળસેળ કરતા ચાલ્યા હશે. છતાં હજુએ આ ભેળસેળમાં પહેલાંનો સાચો ઇતિહાસ છુપાયેલો છે; તેમજ ક્યાંક ક્યાંક રૂપક-અલંકારના પડદા પાછળ છુપાયેલો છે. અલ્પબુદ્ધિ લોકોને પ્રસન્ન કરવા સારુ ઘણી ખરી નવી ઘટનાઓ માત્ર નામોનાજ આધાર ઉપર પણ રચાઇ છે. અમે અમારો આશય સ્પષ્ટ કરવા માટે અત્રે સંક્ષેપમાં ઉદાહરણ ટાંકીએ છીએઃ–

આદિપર્વ અધ્યાય ૧૨૮, ૧૨૯ માં લખ્યું છે કે, કૌરવ અને પાંડવ જળક્રીડા કરવા માટે ગંગાતટે ગયા. ત્યાં દુર્યોધને ભીમને ભોજનમાં ઝેર આપ્યું, તે ઝેરની અસરથી તે ગંગાતટે બેશુદ્ધ થઇ ગયો ત્યારે દુર્યોધને તેને ગંગામાં ફેંકી દીધો, તે જળની નીચે નાગલોકમાં ચાલ્યો ગયો, ત્યાં નાગોએ તેને ફરટી ખાધો, તેથી તેને ઝેર ઉતરી ગયું અને તેને ભાન આવ્યું. તે નાગોને મારવા લાગ્યો, નાગો નાસીને પોતાના રાજા પાસે ગયા, નાગરાજે આવીને તેને ઓળખ્યો કે આ તો મારા દૌહિત્રનો દૌહિત્ર એટલે ભીમસેન છે. તેણે તેને રસ પાયો અને આઠમે દિવસે તેને શુદ્ધ સ્નાન તથા વિષનાશક ઔષધિઓવાળું ભોજન કરાવીને તેને પોતાને ઘેર પહોંચાડયો, વગેરે. અત્રે એક સાવધાન ઇતિહાસવેત્તા આગળ મહામુશ્કેલી ઉભી થાય છે. તે પાણી નીચે પાતાળમાં કે પાણીમાં એવો લોક માની શકતો નથી કે જ્યાં નાગોની વસ્તી હોય અને પાણીમાં આઠ દિવસ કોઇ જીવતો રહી શકે.

વળી જો તે નાગોને ડંખનારા સર્પ માને તો તેઓને ભીમસાથેનો સગાઇનો સંબંધ માની શકતો નથી, ભીમ સાથે વાતો કરવી ઈત્યાદિ માની શકતો નથી; અને જો કોઇ તેમને મનુષ્ય-જાતિ માને છે, તોપણ તેઓનું ભીમને ડંખવું વગેરે માની શકતો નથી. એ સાચું છે કે અહીં ભેળવણીએ સાચા ઇતિહાસને અંધારામાં રાખ્યો છે. સાચો ઇતિહાસ એટલો છે કે વિષ ચઢવાથી ભીમ બેશુદ્ધ થઇને પડયો હતો, એટલામાં ત્યાં નાગરાજ આવ્યા. તેમણે ભીમને ઓળખ્યો કે આ તો મારા દૌહિત્રનો દૌહિત્ર છે. તેઓ તેને ઉપડાવીને પોતાને ઘેર લઈ ગયા, તેની સારવાર કરી અને આઠમે દિવસે આરોગ્યસ્નાન કરાવીને તેમ ઘેર મોકલ્યો. હવે આ નાગ કોણ હતા અને નાગરાજ કોણ હતા ? નાગ તો નાગવંશી ક્ષત્રિય હતા અને નાગરાજ તેમના સરદાર હતા.

આ સરદારનો દૌહિત્ર યદુવંશી શૂરસેન હતા. પહેલાં શૂરસેનનો દૌહિત્ર ભીમસેન તો હતોજ; કેમકે કુંતી શૂરસેનની કન્યા હતી. નાગવંશને તક્ષવંશ પણ કહેતા હતા. તેમના રાજામહારાજાઓનાં ઉપનામ તક્ષ, તક્ષક વા વાસુકિ કહેવાતાં હતાં અને એવાંજ નામોથી તેઓ ઓળખાતા. જેમકે મિથિલાના રાજાઓ જનકના ઉપનામથી ઓળખાતા હતા. નાગવંશીઓ ભારતવર્ષમાં પણ અનેક જગ્યાએ રહેતા હતા, પણ તેમનું સ્વતંત્ર રાજ્ય અફગાનિસ્થાન અને તેનાથી પેલી તરફ પણ દૂરસુધી હતું, તથા તેની રાજધાની તક્ષખંડમાં (હાલનું પ્રસિદ્ધ તાશકંદ) હતી અને તક્ષશિલા (રાવલપિંડી પાસે) સુધી તેના રાજ્યની હદ હતી; પણ તેમની વસ્તી ભારતમાં પણ કેટલેય ઠેકાણે હતી. તેમના સરદાર પણ તક્ષ અથવા વાસુકિ કહેવાતા હતા. ભારત સાથે જ્યારે નાગવંશીઓને સંબંધ ન રહ્યો અને અહીં અવિદ્યા ફેલાઇ ગઈ, ત્યારે તેમનાં અદ્‌ભુત વર્ણન કરવાને માટે કવિઓએ તેમને સાપોનાં રૂપક આપ્યાં; તથા સાપ દરમાં રહે છે, એટલે પૃથ્વીમાં નાગલોકની કલ્પના કરી અને ત્યાં જવા માટે ગંગામાં ડૂબકી મારીને કે દર ફોડીને નીચે જવાની કલ્પના કરી; અને તેમનાં અને તેમની કન્યાઓનાં દિવ્ય માનુષી રૂપોની પણ કલ્પના કરી. આ રીતે નવલકથાઓને પણ વેગળી મૂકે તેવી વધુ લોકપ્રિય અદ્‌ભુત વાર્તાઓ તૈયાર થઇ; અને એ મેળવણીમાં હજુ પણ સત્ય ઇતિહાસ તો જેમનો તેમ મળી આવે છે, તેનો ઉલ્લેખ પણ યોગ્ય સ્થળે કર્યો છે. આ તો મેળવણીનું ઉદાહરણ આપ્યું. બીજું રૂપકનું ઉદાહરણ મહાભારતની આ કથામાં છે કે પરિક્ષિતને તક્ષક કરડ્યો હતો, તેનો બદલો લેવાને માટે પરિક્ષિતના પુત્ર જન્મેજયે સર્પસત્ર કર્યો, તેમાં તેણે નાગોને હોમી દીધા અને તે તક્ષકને પણ વાસુકીના દૌહિત્ર આસ્તીકઋષિ વચ્ચે ન પડયા હોત તો હોમી દેત. આ વૃત્તાન્ત બરાબર એવા રૂપમાં વર્ણવેલો છે કે જાણે એક યજ્ઞના હવનકુંડમાં આવી પડીને સર્પ બળતા ન હોય ! આ રૂપકને પડદે નાગવંશીઓએ પરીક્ષિતને મારવો અને ત્યારબાદ જનમેજયે પિતાનો બદલો લેવા માટે તેમના ઉપર ચઢાઇ કરવી, તક્ષશિલા જીતવી* તથા નાગોને યુદ્ધમાં મારતાં મારતાં આગળ વધવું અને અંતે આસ્તીકઋષિએ વચ્ચે પડીને સુલેહ કરાવવી, આ ઇતિહાસ એમાં છુપાયેલો છે.

ત્રીજું, નામ ઉપરથી ઇતિહાસ ખોળવાનું ઉદાહરણ, જેમકે મહાભારત આદિપર્વ પ્રથમ અધ્યાયની સમાપ્તિમાં લખ્યું છે કેઃ-

एकतश्चतुरो वेदा भारतं चैतदेकतः । २७१।
पुरा किल सुरैः सर्वैः समेत्य तुलया धृतम् । २७२।
महत्वाद् भारवत्त्वाच्च महाभारतमुच्यते । २७४। (આદિ૦ અ૦ ૧)

અર્થાત્‌ઃ-પૂર્વકાળમાં દેવતાઓએ એકત્ર થઇને ત્રાજવાંના એક પલ્લામાં ચારે વેદ અને બીજામાં મહાભારત મૂકયું. મહાભારત મોટું અને ભારવાળું હોવાથી મહાભારત કહેવાય છે, એટલે કે ત્યારથી તેને લોકો મહાભારત કહે છે. હવે સાધારણ બુદ્ધિવાળાઓ માટે તો એ પણ એક મનોરંજક વાત છે, પણ એ કોઇ ઇતિહાસ નથી. દેવતાઓએ વેદો અને મહાભારતને નથી તો ત્રાજવામાં તોળ્યાં કે નથી ભાર વધવાને લીધે તેનું નામ મહાભારત પડયું. આ રીતેજ ગરુડ, સુપર્ણ, વગેરે અનેક શબ્દોને આધારે કેટલીએ અદ્‌ભુત કથાઓ રચાઇ છે. જો કે કોઇ કોઇવાર એવું પણ હોય છે કે કોઈ બનાવના સ્મરણમાં કોઇ નામ પાડેલાં હોય છે; પણ નામ પડયા પછી તેનો આધાર લઇને બનાવો કલ્પવામાં આવ્યા તેમાં, અને મૂળ બનાવો વચ્ચે જે ભેદ રહેલો છે, તેને સમજવામાં સાવધાનીની પણ પુષ્કળ જરૂર છે.

સાચા ઇતિહાસની શોધ

મહાભારતમાં મેળવણીનાં કારણ અને પ્રકાર ઉપર બતાવી દીધા છે. હવે આર્યજાતિએ તેના ઊંડાણમાં ઉતરીને એક સાચો ઇતિહાસ તૈયાર કરવાની આવશ્યકતા છે, કે જે તેની અંદર સ્પષ્ટ મોજુદ છે; તોપણ હજુસુધી આ તરફ કોઇએ ધ્યાન આપ્યું નથી. મહાભારતનાં હિંદી, ઉર્દુ,

* જુઓ "**तक्षशिलां प्रत्यभितस्थे, तं च देशं वशे स्थापयामास**" (મહાભારત આદિપર્વ, ૩-૨૦) જનમેજયે તક્ષશિલા ઉપર ચઢાઈ કરી અને તે દેશને પોતાને તાબે કર્યો.

અંગ્રેજી વગેરેમાં ભાષાંતર પણ થયાં છે અને સ્વતંત્ર ગ્રંથો પણ લખાયા છે; પરંતુ અમે તો તેમને સૂઝયું નહિ હોય કે પછી તેઓ કરીજ ન શક્યા હોય! પણ તેઓમાંથી કોઇએ પણ આ તરફ જરા પણ ધ્યાન આપ્યું નથી. હા, કેટલાકોએ કાપકૂપ તો કરી છે, પણ ઇતિહાસથી અનભિજ્ઞ હોવાથી તેમની મનસ્વી કાપકૂપ ઉલટી હાસ્યજનક થઈ પડી છે; કેમકે સાચા ઇતિહાસ ઉપર તેનાથી કશો પણ પ્રકાશ પડયો નથી.*

કેટલાક સમય પહેલાં બનાવટી વાતોમાં રસીયા થયેલા લોકોને સાચી વાતો ગમતી નહોતી તેથી તેની માગણી પણ થઇ નહોતી, પણ ઈશ્વરની કૃપાથી હવે ફરીથી અમારી જાતિના લોકોને પોતાનો પ્રાચીન ઇતિહાસ જાણવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થઇ છે; અને હવે સાચો ઇતિહાસ લખવાની સામગ્રી પણ ખૂબ એકઠી થઇ ગઇ છે.

તેથી મેં હવે એક જૂદુંજ પણ આવશ્યક કાર્ય શરૂ કર્યું છે. એમાં કેટલોક બીનજરૂરી ભાગ છોડી દીધો છે; પણ મહાભારતનો મુખ્ય ઇતિહાસ તેમાં બધોય છે, ધર્મ અને તત્ત્વજ્ઞાનનો સઘળો ઉપદેશ છે, અને ઉત્તમોત્તમ શ્લોકો ઉપર + આવું ચિહ્ન આપેલું છે. પ્રાસંગિક ઐતિહાસિક કથાઓ પણ યથાસ્થાને રાખેલી છે; અને કેટલીક ઐતિહાસિક વાતો પુરાણોમાંથી પણ લઇને ટિપ્પણીઓમા આપી છે, તેથી વાચનારનું ઐતિહાસિક જ્ઞાન વધારે વિસ્તૃત થશે.

મહાભારતમાં અસલ અને પ્રક્ષેપનો નિર્ણય

ઉપર જે કંઈ લખવામાં આવ્યું છે, તે ઉપરથી મેં સિદ્ધ કર્યું છે કે, આ વર્તમાન મહાભારતમા અસલી ભારત પણ છે અને ક્ષેપક પણ છે. હવે તેમાં અસલી ભારત કેટલું છે અને ક્ષેપક કેટલું છે, તે જૂદું પાડવાનુ છે. એ વિચારતાં પહેલાં સૌથી પ્રથમ એક યુક્તિ જાણી લેવી જોઇએ કે, ભારતગ્રંથની રચના કરીને વ્યાસજીએ પ્રથમ પોતાના પુત્ર શુક અને યોગ્ય શિષ્ય વૈશંપાયન, સુમન્તુ, જૈમિનિ અને પૈલને શીખવ્યું હતું. તે પછી અર્જુનના પ્રપૌત્ર જન્મેજયે સર્પસત્ર (યુદ્ધમા નાગોનો નાશ) કર્યો તે વખતે વ્યાસરચિત ભારત વૈશંપાયને જનમેજયને સંભળાવ્યું હતું. ભારત સાંભળતા સાભળતાં જન્મેજય વચ્ચે વચ્ચે કેટલીક વાતો પૂછતા હતા, તેના જવાબ વૈશંપાયન આપતા હતા. આ પ્રમાણે જનમેજયે પછેલી બાબતો અને તેના વૈશંપાયને આપેલા જવાબ એ બધુંયે વર્તમાન મહાભારતમાં માલૂમ પડે છે. હવે એ તો સ્પષ્ટ છે કે, આ પ્રશ્નોત્તર અસલ ગ્રંથમાં નહોતા, પણ પાછળથી તેમાં જોડાયા છે; કેમકે અસલ ગ્રંથ રચાયો તે સમયે તો જન્મેજયનો જન્મ પણ નહોતો થયો. પછી વૈશંપાયને જન્મેજયને મહાભારત સંભળાવ્યું હતું. ત્યાં લોમહર્ષણનો પુત્ર ઉગ્રશ્રવા (સૌતિ) પણ હતો. તે આ યુદ્ધવૃત્તાંત સાંભળી કુરુક્ષેત્રની રણભૂમિ જોતો જોતો નૈમિષારણ્યમાં ગયો. ત્યાં શૌનક વગેરે ઋષિઓએ કહેતાં ઉગ્રશ્રવાએ તેમને વૈશંપાયન પાસેથી પોતે સાંભળેલું તે બધું સંભળાવ્યું. અહીં પણ શૌનકે કેટલીક નવી વાતો પૂછી, તેના જવાબ ઉગ્રશ્રવાએ આપ્યા. તે પ્રશ્નોત્તર પણ વર્તમાન મહાભારતમાં મળી આવે છે; એટલુંજ નહિ પણ ઉગ્રશ્રવાની ઉપરોક્ત કથા પણ મળી આવે છે. હવે એ સ્પષ્ટ છે કે, આ પ્રશ્નોત્તર અને આ કથા વ્યાસરચિત મહાભારતનો ભાગ નથી, પણ તે કોઇએ તેમાં પાછળથી ઘુસાડેલું છે. આ દૃષ્ટિએ આદિપર્વના પહેલા ૬૦ અધ્યાય તો સ્પષ્ટ પ્રક્ષિપ્ત ઠરે છે; કેમકે ત્યાંસુધી શૌનક અને ઉગ્રશ્રવાના અલગજ પ્રશ્નોત્તર છે. જન્મેજય અને વૈશંપાયનના પ્રશ્નોત્તર શરૂ પણ થયા નથી, અને આ ભાગ છે પણ અત્યુકિત અને રૂપકોથી ભરચક. હા, તેમાં એક અનુક્રમણિકાધ્યાય કેટલુંક પ્રક્ષિપ્ત બાદ કરતાં અસલી હોઇ શકે ખરો. અધ્યાય ૬૦ મા પછી પણ વ્યાસની ઉત્પત્તિ અને ભારત રચવા વગેરેની કથાઓ મોટે ભાગે પાછળથીજ ભેળસેળ થયેલી છે અને તેથી તેમાં ઐતિહાસિક દોષ પણ છે. અધ્યાય ૯૩માં યુધિષ્ઠિરના પૂર્વજોની વંશાવલી આપી છે અને પાછી ૯૪ માં પણ આપી છે. એક તો બે વાર વંશાવલી આપવી એજ પુનરુક્તિ છે, બીજું આ વંશાવળીઓ પરસ્પર વિરુદ્ધ પણ છે. આવું પરસ્પર વિરુદ્ધ કથન અને તે પણ જોડેનાજ અધ્યાયમાં હોય, એવું

* મૂળ પુરાણોમાં પણ ઘણી ઐતિહાસિક ઉપયોગી બાબતો હતી; પરંતુ તેને પણ પાછળથી થયેલી મેળવણીએ અંધારામાં નાખી દીધી છે, છતા પણ શોધખોળ કરવાથી ઘણીખરી ઐતિહાસિક બાબતો મળી આવે છે. મેં ઐતિહાસિક બાબતોમાં તેમાંથી મદદ લીધી છે અને જ્યાં ભેદ જોયો છે ત્યાં વિષ્ણુપુરાણને વિશેષ માન્ય રાખ્યું છે.

કાઇપણ યોગ્ય કવિની કૃતિમાં હોઇ શકે નહિ. વળી એક બાજુ વંશાવલીઓમાં લખ્યું છે કે, રાજા હસ્તીએ હસ્તીનાપુર વસાવ્યું હતું, કે જે ભરતથી કેટલીક પેઢીઓ પછી થયો હતો; ત્યારે બીજી બાજુ અધ્યાય ૭૫માં ભરતના પિતા દુષ્યંતની રાજધાની પણ હસ્તિનાપુર બતાવેલી છે. આ વગેરે બાબતો તેના પ્રક્ષેપને સ્પષ્ટ કરે છે. આથી એ પણ ખુલ્લું થાય છે કે, વર્તમાન મહાભારતમાં ક્ષેપક ભાગ પણ ખૂબ છે.

હવે જોવાનું એ છે કે, અસલી ભારત કેટલું છે ? તેનો ઉત્તર વર્તમાન મહાભારતમાં મોજુદ છે. જેમકે:--

चतुर्विंशति साहस्रीं चक्रे भारत संहिताम् ॥ १ । १ । १०२ ॥
उपाख्यानैर्विना तावद् भारतं प्रोच्यते बुधै । ततोऽध्यर्धशतं भूयः संक्षेपं कृतवानृषिः ॥ १०३ ॥
अनुक्रमणिकाध्यायं वृत्तान्तानां सपर्वणाम् । इदं द्वैपायनः पूर्वं पुत्रमध्यापयच्छुकम् ॥ १०४ ॥
ततोऽन्येभ्योऽनुरूपेभ्यः शिष्येभ्यो प्रददौ विभुः ॥ १०५ ॥

અર્થાત્ વ્યાસે પહેલાં ૨૪૦૦૦ (શ્લોકો)ની ભારતસંહિતા બનાવી જે ઉપાખ્યાનોવિનાની હતી, તેનેજ બુદ્ધિમાનો ભારત કહે છે. ત્યારબાદ ઋષિએ ૧૫૦ શ્લોકમાં ફરીથી સંક્ષેપ કર્યો છે. જે પર્વોસમેત સર્વ વૃત્તાંતોનો અનુક્રમણિકાધ્યાય છે, તે (ભારત) વ્યાસે પહેલાં પોતાના પુત્ર શુકને ભણાવ્યું અને તે પછી તે બીજા યોગ્ય શિષ્યોને શીખવ્યું.

વ્યાસે રચેલું અને પોતાના પુત્ર તથા શિષ્યોને ભણાવેલું ભારત આ પ્રમાણે ૨૪ હજાર શ્લોકનું છે અને એથી વધારાનો બધોજ ભાગ ક્ષેપકતરીકે છે.

પ્રશ્ન થઈ શકે છે કે, ૨૪૦૦૦ શ્લોક કહ્યા છે એ વાત બરાબર, પણ અન્યત્ર એક લાખ શ્લોક પણ કહ્યા છે તેનું શું ? તેનો ઉત્તર એ છે કે, જ્યારે ઉપરનાં પ્રમાણોથી સ્પષ્ટ છે કે ૨૪૦૦૦ જ શ્લોક વ્યાસે બનાવીને પુત્ર અને શિષ્યોને ભણાવ્યા, તો તેની વિરુદ્ધનું કથન શી રીતે માનવું ? મહાભારતમાં પ્રક્ષેપક મળી મળીને જ્યારે ગ્રંથ ઘણોજ મોટો થઈ ગયો, ત્યારે એક લાખ શ્લોકવાળી વાત પાછળથી બનાવેલી છે. વળી જે રીતે એ વાત કહેલી છે, તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે, ૨૪૦૦૦ વ્યાસકૃત શ્લોક ઉપરાંતનો ભાગ બનાવટી છે. જેમકે:-

षष्टिं शत सहस्राणि चकारान्यांस संहिताम् । १।१।१०५। त्रिंशच्छत सहस्रं च देवलोके प्रतिष्ठितम् । पित्र्येपञ्चदश प्रोक्तं गन्धर्वेषु चतुर्दश । १०६ । एकं शतसहस्रंतु मानुषेषु प्रतिष्ठितम् ॥ १०७ ॥

અર્થાત્-પછીથી તેમણે સાઠલાખ શ્લોકોની બીજી સંહિતા (૨૪૦૦૦ શ્લોકોવાળી કરતાં જૂદી એક બીજી સંહિતા) બનાવી. તેમાંથી ત્રીસલાખ દેવલોકમાં વંચાય છે, પંદરલાખ પિતૃલોકમાં, ચૌદલાખ ગંધર્વલોકમાં અને બાકીના માત્ર એક લાખજ મનુષ્યલોકમાં વંચાય છે.

આ પ્રમાણે જે એકલાખવાળી વાત જે રૂપકમાં કહેવાયલી છે, તે વિશ્વાસપાત્ર હોઇ શકે નહિ. વળી અહીં એક બીજી સંહિતા બનાવ્યાનું લખ્યું છે, ચાર સંહિતાઓ બનાવ્યાનું નથી લખ્યું. વળી જો તે એકજ સંહિતા ચાર લોકોમાં વહેંચાઇ ગઇ હોય તો તો પછી બધાને અધુરોજ ગ્રંથ મળ્યો હોય, અને આપણને તો એટલો અધુરો મળ્યો હોય કે માત્ર સાઠમોજ ભાગ ! પરંતુ આપણને જે ગ્રંથ પ્રાપ્ત છે તે કાંઇ ખંડિત નથી; પણ મૂળકથા પૂરી છે અને પ્રાસંગિક ઉપાખ્યાન પણ થોડાં નથી. અત્રે " બીજી સંહિતા " કહીને એ શ્લોકોમાં પણ ૨૪૦૦૦ વાળી સંહિતાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે; પણ ૨૪ હજાર શ્લોકવાળીમાં ૬૦ લાખવાળીનું અસ્તિત્વ સ્વીકારેલું નથી અને તેજ ૨૪ હજારવાળીજ સંહિતા રચીને પુત્ર અને શિષ્યોને તે ભણાવ્યાનું લખ્યું છે, તેથી ચોવીસહજાર શ્લોકજ અસલી ઠરે છે.

કથાપર્વમાં કેટલા શ્લોક છે એ પર્વસંગ્રહાધ્યાય (આદિપર્વ અ. ૨)માં લખેલું છે. તે પ્રમાણે ૧૮ પર્વોની શ્લોકસંખ્યા આ પ્રમાણે થાય છે:-આદિપર્વ ૮૮૮૪+સભાપર્વ ૨૫૧૧+વનપર્વ ૧૧૬૬૪+વિરાટપર્વ ૨૦૫૦+ઉદ્યોગપર્વ ૬૬૯૮+ભીષ્મપર્વ ૫૮૮૪+દ્રોણપર્વ ૮૯૦૯+કર્ણપર્વ ૪૯૬૪+શલ્યપર્વ ૩૨૨૦+સૌપ્તિકપર્વ ૮૭૦+સ્ત્રીપર્વ ૭૭૫+શાંતિપર્વ ૧૪૭૩૨+અનુશાસનપર્વ ૮૦૦૦+આશ્વમેધિકપર્વ ૩૩૨૦+આશ્રમવાસિકપર્વ ૧૫૦૬+મૌસલપર્વ ૩૨૦+મહાપ્રસ્થાનિકપર્વ ૩૨૦+સ્વર્ગા-

રોહણપર્વ ૨૦૯=કુલ ૮૪૮૩૬. આ સંખ્યા અઢારે પર્વોની છે. આથી એક લાખ શ્લોક પૂરા નથી થતા; તેથી પર્વસંગ્રહકારે લખ્યું છે કે:–

अष्टादशैवमुक्तानि पर्वाण्येतान्यशेषतः ।७८। खिलेषु हरिवंशश्च भविष्यं च प्रकीर्तितम् । दशश्लोक सहस्राणि विंशच्छ्लोक शतानि च । ७९ । खिलेषु हरिवंशे च समाख्यातानि महर्षिणा ।८०।

અર્થાત્–આ રીતે અઢાર પર્વ વિસ્તારપૂર્વક કહ્યાં છે. ખિલો(પરિશિષ્ટો)માં હરિવંશ અને ભવિષ્ય કહેવામાં આવ્યું છે. મહર્ષિએ હરિવંશમાં બારહજાર શ્લોક રચ્યા હતા. એટલે ૧૮ પર્વની શ્લોકસંખ્યા ૮૪૮૩૬+હરિવંશ ૧૨૦૦૦=૯૬૮૩૬ શ્લોક થયા. ખ્યાલમાં રાખવું જોઇએ કે, પર્વસંગ્રહાધ્યાયમાં હરિવંશની આથી વિશેષ ચર્ચા કરેલી ક્યાંય નથી. હરિવંશને મેળવતાં પણ પૂરા એક લાખ ન થયા. જો કે તેમાં ઉગ્રશ્રવાએ શૌનકાદિને કહેલા તથા જનમેજય અને વૈશંપાયન વચ્ચે જે પ્રશ્નોત્તર થયા તેના બધાયે શ્લોકોનો સમાવેશ છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે, મહાભારતની વૃદ્ધિ થતી જોઇને એક લાખ શ્લોકવાળી વાત પાછળથી ઉમેરાઇ છે; અને પર્વસંગ્રહાધ્યાયમાં જે સંખ્યા અપાઇ છે, તે પણ પાછળની છે. એજ પર્વસંગ્રહાધ્યાયમાં એકવાર પહેલાં પર્વોવિષેનું વર્ણન કર્યું છે, તેમાં પર્વોની અધ્યાયસંખ્યા અને શ્લોકસંખ્યા આપી નથી. ત્યારબાદ ફરીથી પર્વોના વિષય વિસ્તારપૂર્વક કહેવા શરૂ કર્યા છે. તે વખતે તેમાં આ અધ્યાયસંખ્યા અને શ્લોકસંખ્યા આપેલી છે. આથી પણ સ્પષ્ટ છે કે, મહાભારતમાં પ્રક્ષેપ થતા જોઇને આગળ ઉપર પ્રક્ષેપ થતા રોકવામાટે કોઇએ પોતાના સમયમાં આ સંખ્યા નક્કી કરી દીધી છે. પર્વસંગ્રહાધ્યાય મહાભારતના રચનારે નથી બનાવ્યો, એ વાત આથી સ્પષ્ટ થાય છે. મહાભારતમાંજ લખ્યું છે કે, વૈશંપાયને જનમેજયને મહાભારત સંભળાવ્યું; અને ઉગ્રશ્રવાએ નૈમિષારણ્યમાં શૌનક વગેરે ઋષિઓને સંભળાવ્યું; પણ આ અધ્યાય જનમેજય અને વૈશંપાયનના સંવાદથી ઘણો પહેલાં ઉગ્રશ્રવાએ કહેલો છે અને સ્વયં પર્વસંગ્રહકારે પણ તેને ઉગ્રશ્રવાએજ કહેલો દર્શાવ્યો છે. મહાભારત આદિપર્વ અધ્યાય ૧ શ્લોક ૫૨ માં એમ પણ કહ્યું છે કે:-

"मन्वादि भारतं केचिदास्तीकादि तथा परे। तथोपरिचराद्यन्ये विप्राः सम्यगधीयते ॥"

અર્થાત્–કેટલાક વિદ્વાનો ભારતને 'મનુ'ના પ્રકરણથી, કેટલાક આસ્તીકના પ્રકરણથી અને કેટલાક ઉપરિચરના પ્રકરણથી ધ્યાનપૂર્વક વાંચે છે.

ઉપરિચરનો આ વૃત્તાંત ૬૩ મા અધ્યાયથી શરૂ થાય છે. એટલે જો ઘણા પ્રાચીન કાળમાંજ (જેનું પ્રકરણ વર્તમાન ભારતમાંજ છે) પહેલા ૬૨ અધ્યાય ભારતમા નહોતા ગણાતા તો આ બીજા અધ્યાયનું તો કોણ કહી શકે ? પણ હવે તો વર્તમાન મહાભારતમાં આ પર્વસંગ્રહની સંખ્યામાં પણ ફેર પડી ગયો છે. તેમાં હરિવંશના ૧૨૦૦૦ શ્લોક કહેલા છે, પણ હવે ૧૬૩૭૪ શ્લોક છે. હમણાંજ ઉપર લખી ચૂક્યા છીએ કે, ૧૫૦ શ્લોકની અનુક્રમણિકા વ્યાસે બનાવી, પણ હાલમાં તો એ અનુક્રમણિકાધ્યાયમાં ૨૭૫ શ્લોક છે. આ વગેરે સ્પષ્ટ પ્રમાણો મોજુદ હોવાથી એ તો નિઃસંદેહ વાત છે કે, અસલ મહાભારત ૨૪ હજાર શ્લોકનુંજ છે; અને તેમાં પ્રક્ષપ થતાં થતાં તે એટલું બધું વધી ગયું છે કે ખાણમાંની મિશ્રિત સુવર્ણ ધાતુની પેઠે અસલ મહાભારત, તેમાં ભળેલા ઉમેરાને લીધે એવું સેળભેળ થઇ ગયું છે કે, તે વગરમહેનતે તેનાથી જૂદું પાડી શકાય તેમ નથી.×

× (પ્રશ્ન) મહાભારત (૧–૧–૮૧)માં એમ પણ કહ્યું છે કે, **अष्टौ श्लोकसहस्राण्यष्टौ श्लोक शतानि च। अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा नवा ॥**૮૮૦૦ શ્લોક હું જાણું છુ અને શુક જાણે છે. સંજય કદાચ જાણતા હોય કે નયે જાણતા હોય. આ રીતે ૮૮૦૦ શ્લોકજ અસલી કેમ ન માનવા ? (ઉત્તર) આમાં મહાભારતની શ્લોકસંખ્યા નથી કહી, પણ મહાભારતમાંના કૂટ શ્લોકોની સંખ્યા કહેલી છે. જેમકે, એની આગળના શ્લોકમાં કહ્યું છે કે **तच्छ्लोक कूटमद्यापि ग्रथितं सुदृढं मुने। भेत्तुं न शक्यतेऽर्थस्य गूढत्वात् प्रश्रितस्य च**—હે મુને ! તે કૂટ શ્લોકો હજુ પણ આ ગ્રંથમાં મોજુદ છે કે જેના શબ્દાર્થ ઘણા ગૂઢ હોવાથી સમજી શકાતા નથી, તેથી એ કથન ગૂઢ શ્લોકોની સંખ્યા દર્શાવે છે; નહિ કે બધાય શ્લોકોની સંખ્યા. આથી ૨૪૦૦૦ની સાથે વિરોધ નથી થતો, પરંતુ એ પણ અત્યુક્તિ છે. ગૂઢ શ્લોકો છે તો જરૂર, પણ તે આટલી મોટી સંખ્યામાં નહિ.

આ ઇતિહાસનું નામ અને તેનું પરિણામ

મહાભારતના પહેલા પર્વના ૬૨મા અધ્યાયના ૨૦ મા શ્લોક માં લખ્યું છે કે, **जयो नामेतिहासोऽयं श्रोतव्यो विजिगीषुणा**–અર્થાત્ વિજય ઇચ્છનારા(રાજા)એ આ જય નામના ઇતિહાસનું શ્રવણ કરવું જોઇએ. વળી સ્વર્ગારોહણ પર્વના પાંચમા અધ્યાયના ૪૬મા શ્લોકમાં કહ્યું છે કે, "**जयो नामेतिहासोऽयं श्रोतव्यो मोक्षमिच्छता**" મોક્ષાર્થીએ જય નામનો આ ઇતિહાસ સાંભળવો જોઇએ. ભારતના આરંભમાં જે શ્લોકો આપેલા છે અને કથા વાંચનારા જે વાંચ્યા પછી કથાની શરૂઆત કરે છે,તેને અંતે કહ્યું છે કે '**ततो जयमुदीरयेत्।**' ત્યારબાદ '**जय**' કહો. આ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે, આ ઇતિહાસનું આદિનામ 'જય' છે, એટલે વ્યાસરચિત ભારતનું નામ '**जय**' હતું. આથી એ પણ સંભવિત લાગે છે કે પાંડવોની વિજયપ્રાપ્તિ સુધીનો ઇતિહાસ તેમાં હતો. વળી આદિપર્વ અધ્યાય ૬૩ માં એમ પણ લખ્યું છે કેઃ–

वेदानध्यापयामास महाभारतपञ्चमान्। सुमन्तुं जैमिनिं पैलं शुकं चैव स्वमात्मजम् ।।૮૯।।
प्रभुर्वरिष्ठो वरदो वैशम्पायनमेव च । संहितास्तैः पृथक्त्वेन भारतस्य प्रकाशिताः ।।૯૦।।

અર્થાત્ ભગવાન વ્યાસે ચાર વેદ અને પાંચમું મહાભારત, સુમંતુ, જૈમિનિ, પૈલ અને પોતાના પુત્ર શુકને તેમજ વૈશંપાયનને ભણાવ્યું હતું. તેમણે પાછળથી પોતપોતાની અલગ અલગ ભારતસંહિતાઓ પ્રકટ કરી.

આથી સમજાય છે કે, વ્યાસરચિત ભારતસંહિતામાં બીજા નવા ભારત ઇતિહાસ અને ઉપદેશો વધારીને તેમના શિષ્યોએ પોતપોતાની જૂદી જૂદી ભારતસંહિતાઓ પ્રગટ કરી. આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં લખ્યું છે કે, **सुमन्तु–जैमिनि–वैशंपायन–पैल सूत्र–भारत–महाभारत धर्माचार्याः**। (વ્યાસના શિષ્ય) સુમંતુ, જૈમિનિ, વૈશંપાયન અને પૈલ સૂત્ર, ભારત, મહાભારત અને ધર્મના આચાર્યો છે; અને તેથી સુમંતુ સૂત્રકાર, જમિનિ ભારતકાર, વૈશંપાયન મહાભારતકાર અને પૈલ ધર્મસૂત્રકાર ઠરે છે. આથી બે વાત સિદ્ધ થાય છે કે, ભારતના બે ગ્રંથ જૂદા જૂદા છે; એક ભારત અને બીજું મહાભારત. ભારત જૈમિનિપ્રકાશિત અને મહાભારત વૈશંપાયનપ્રકાશિત. એટલે વ્યાસે રચેલો જે જય ઇતિહાસ હતો તેમાં પોતા તરફથી બીજા નવા ઇતિહાસ અને ઉપદેશો જોડીને જૈમિનિએ ભારત અને વૈશંપાયને મહાભારત પ્રકટ કર્યું; તેથી આ મહાભારત વૈશંપાયને પ્રકટ કરેલી ભારતસંહિતા છે, કે જે રાજા જનમેજયને સંભળાવેલી અને પાછળથી કેટલીક વધી હતી. એટલે આમાં ૨૪૦૦૦ વ્યાસરચિત અને કેટલાક વૈશંપાયને રચેલા શ્લોકો છે અને કેટલાક પાછળથી પ્રક્ષિપ્ત થયેલા છે; તેથી જેટલો ભાગ વ્યાસે રચેલો છે તેમાં નિઃસંશય સાચો ઇતિહાસ છે, અને જે વૈશંપાયને રચેલો છે, તેમાં પણ સાચા ઇતિહાસનીજ સંભાવના છે; પરંતુ ત્યારપછીની મેળવણી અદ્ભુત ઘટનાઓની છે, જેમાં ઘણે ભાગે રૂપકના પડદા પાછળ કેટલોક સાચો ઇતિહાસ પણ છે. આપણે તે ઇતિહાસનું પણ શોધન કરવું જોઇએ; માટે અત્રે બીજી ચર્ચાસિવાય કેવળ અનાવશ્યક ભાગ છોડી દઇને આખો ગ્રંથ છાપીએ છીએ.*

મહાભારતનું યુદ્ધ કયારે થયું ?

મહાભારતનું યુદ્ધ કયારે થયું ? તેના ઉત્તરમાં હજુ વિદ્વાનો એકમત થઇ શકયા નથી અને જ્યાંસુધી કોઇ ચોક્કસ પ્રમાણ ન મળે ત્યાંસુધી સૌ પોતપોતાનાં જૂદાં જૂદાં અનુમાન કરતાજ રહેશે; તેથી અમને એ બધા મતો વાચકસમક્ષ રજુ કરવા યોગ્ય લાગે છે.

(૧) પહેલો પક્ષ એમ કહે છે કે, મહાભારતનું યુદ્ધ દ્વાપરના અંતમાં થયું. યુદ્ધ થયા બાદ કલિયુગ શરૂ થયો તેનું પ્રમાણ આ છેઃ–

यस्मिन् कृष्णो दिवं यातस्तस्मिन्नेव तदाहनि। प्रतिपन्नं कलियुगं (વિષ્ણુપુરાણ અંશ ૪, અ૦ ૨૪, શ્લો૦ ૪૦)

અર્થાત્—જે દિવસે ભગવાન શ્રીકૃષ્ણ સ્વર્ગમાં ગયા, તેજ દિવસે કલિયુગ શરૂ થયો.

---

* એ ગ્રંથનું નામ '**સટીક મહાભારત**' (**યોજક પં. રાજારામ**) અને મળવાનું ઠેકાણું મેનેજર આર્ષ ગ્રંથાવલિ, મુ. લાહોર છે.

આની પહેલાં ૩૫ મા શ્લોકમાં પણ એવુંજ લખ્યું છે. ભાગવત સ્કંધ ૧૨, અ. ૨, શ્લોક ૨૯માં શ્રીકૃષ્ણના સ્વર્ગારોહણ પછીજ કલિ પ્રવૃત્ત થયો એમ કહેલું છે.

"विष्णोर्भगवतो भानुः कृष्णाख्योऽसौ दिवं गतः।तदाऽऽविशत् कलिर्लोके पापे यद् रमते जनः॥"

તે કલિયુગ વર્ષ આજે સંવત ૧૯૭૧ અથવા ઇ૦ સ૦ ૧૯૧૪ માં ૫૦૧૫ છે, તેનાથી થોડાજ સમય પહેલાં યુદ્ધનો સમય હોવો જોઇએ.

(૨) બીજો પક્ષ કહે છે કે, એથી પહેલાં નહિ પણ એજ સમય યુદ્ધનો છે. જેમકે મહાભારત ગદાપર્વમાં ભીમ–દુર્યોધનના યુદ્ધ પછી કોપાયમાન થયેલા બળરામને સમજાવતાં શ્રીકૃષ્ણ કહે છે કેઃ—" **प्राप्तं कलियुगं विद्धि**:-અર્થાત્ કલિયુગને શરૂ થયેલો જાણો." આ પક્ષનાં સમર્થક પ્રમાણોઃ—

"**आसन् मघासु मुनयः शासति पृथिवीं युधिष्ठिरे नृपतौ। षड्द्विकपञ्चद्वियुतः शककालस्तस्य राज्ञश्च॥**" (બૃહત્સંહિતા ૧૩–૩) જે વખતે રાજા યુધિષ્ઠિર પૃથ્વીનું રાજ્ય કરતા હતા તે વખતે સપ્તર્ષિ મઘાનક્ષત્રમાં હતા અને તે રાજાને ૨૫–૨૬ મે વર્ષે શકકાળ શરૂ થયો.

અહીંનો શક શબ્દ વિવાદાસ્પદ છે, પરંતુ એ પક્ષમાં પ્રમાણો આપનારાઓનો એ આશય છે કે અહીં શકકાળ શબ્દનો અભિપ્રાય શાક્યસિંહ ગૌતમબુદ્ધના સંવતથી છે; અને ગૌતમબુદ્ધ ઇસ્વીસન પૂર્વે ૬૨૩માં જન્મ્યા અને ૮૦ વર્ષ જીવતા રહ્યા હતા. તેમનો સંવત તેમના ૫૦મા વર્ષથી ચાલુ થયો–અર્થાત્ ૬૨૩ માંથી ૪૯ બાદ કરતાં ઇ. સ. પૂર્વે ૫૭૪ થી ગૌતમ સંવત શરૂ થયો; એટલે યુધિષ્ઠિરથી બુદ્ધસુધી ૨૫૨૬+બુદ્ધ સંવતથી ઇસ્વીસન સુધી ૫૭૪+ ઇસ્વીસન ૧૯૧૪=૫૦૧૪ વર્ષ થયા. એજ કલિયુગનો સમય છે.

અકબરના વખતમાં પણ યુધિષ્ઠિરનો એજ સમય નિશ્ચિત થયો હતો. જેમકે આઇને અકબરી પૃષ્ઠ ૨૬૯ કલકત્તા પ્રેસમાં ૧૮૬૭માં છપાયેલી પ્રતમા લખ્યું છે કે, 'કળીયુગ બેસતાંજ પહેલો રાજા યુધિષ્ઠિર થયો હતો. વિક્રમસંવત શરૂ થતાં સુધીમાં યુધિષ્ઠિરને ૩૦૪૪ વર્ષ વીતી ગયાં હતાં;' એટલે ૩૦૪૪+ વિક્રમસંવત ૧૯૭૧=૫૦૧૫ વર્ષ થયાં.

યૂનાની એલચી મેગેસ્થિનિસ કે જે ચંદ્રગુપ્તના દરબારમા રહ્યો હતો, તેના લેખ તથા અલક્ષેન્દ્ર(અલેક્ઝાંડર)ની સાથે આવેલા બીજા યૂનાની લેખકોના લેખોના આધારે યૂનાની ઇતિહાસકોએ ભારતીય રાજાઓવિષે નીચે પ્રમાણે લખ્યું છે.

"દાયોનીસસના સમયથી સંદ્રાકોત્તસ (ચંદ્રગુપ્ત) સુધી ભારતીય ૧૫૩ રાજાઓ અને ૬૦૪૨ વર્ષની ગણત્રી થતી હતી; પરંતુ આ સમયમાં ત્રણવાર પ્રજાતંત્રશાસન પણ સ્થપાઇ ચૂક્યું હતું. ભારતીય ઇતિહાસ આપણને એમ પણ બતાવે છે કે, દાયોનીસસ હરક્લિષથી ૧૫ પેઢી પહેલાં થઇ ચૂક્યો હતો. મથુરા અને કલીઓબોરા એ બે મોટા નગર જેમના તાબામાં છે, તે શૂરસેની લોકો એ હરક્લિષને ખૂબ માનપૂર્વક યાદ કરે છે."

અહીં હરક્લિષ એટલે હરિ કૃષ્ણ, તે આપણા કૃષ્ણ મહારાજ છે, કે જેમનો શૂરસેની લોકો સાથે સંબંધ છે અને જેઓ મથુરાના અધિપતિ કહેવાયા છે. એ શૂરસેન તે શ્રીકૃષ્ણના પિતા વસુદેવના પિતા હતા.

ઉપલા લેખમાં દાયોનીસસથી ચંદ્રગુપ્ત સુધી ૬૦૪૨ વર્ષ અને ૧૫૩ રાજા, ત્રણ વારના પ્રજાતંત્ર રાજ્ય સુદ્ધાં ગણેલા છે; અને કહ્યું છે કે, દાયોનીસસ કૃષ્ણથી પંદર પેઢી પહેલાં થઇ ગયા હતો. એટલે ૧૫૩–૧૫=૧૩૮ રાજા કૃષ્ણથી ચંદ્રગુપ્ત સુધીમાં થયા. હવે આમાંથી દરેક રાજાનો રાજ્યકાળ વીસ વર્ષનોજ ગણાય, તોપણ ૧૩૮×૨૦=૨૭૬૦ વર્ષ શ્રીકૃષ્ણથી ચંદ્રગુપ્ત સુધીમાં થયાં. ચંદ્રગુપ્ત ઇ.સ. પૂ. ૩૧૨ માં હયાત હતો, એટલે ૨૭૬૦+૩૧૨=ઇ.સ. પૂર્વે ૩૦૭૨ વર્ષ થાય છે; અને એ ૩૦૭૨ વર્ષમાં ઇ.સ. ૧૯૧૪ નો આંકડો ઉમેરતાં કુલ ૪૯૮૬ વર્ષ થયાં. એટલે યૂનાનીઓના લેખને અનુસરીને મહાભારતના યુદ્ધને ૪૯૮૬ વર્ષ થયાં અને ભારતીય જ્યોતિષીઓને અનુસરીને ૫૦૧૫ વર્ષ થયાં. આ બન્ને સમયમાં ફક્ત ૨૯ વર્ષનો ફેર છે. તેનું કારણ એ છે કે, ૧૩૮ રાજાઓનો શાસનકાળ ૨૦ વર્ષને હિસાબે ૨૭૬૦ વર્ષનો કાઢ્યો છે, તે કાળ ૨૦ વર્ષ ને અઢી મહીના પણ હોઇ શકે છે.*

* આ પ્રમાણમાં એ ત્રુટિ છે કે, એ ૨૦ વર્ષની સરેરાશ ૧૩૮ રાજાઓની ગણી છે; તેજ પહેલા ૧૫

(૩) ત્રીજો પક્ષ—રાજતરંગિણીમાં કલ્હને લખ્યું છે કે, યુધિષ્ઠિરનું રાજ્ય કલિયુગનાં ૬૫૩ વર્ષ વીત્યા પછી શરૂ થાય છે. આ પક્ષ પણ આજ પ્રમાણ ઉપર આધાર રાખે છે કેઃ–

"आसन् मघासु मुनयः शासति राज्यं युधिष्ठिरे नृपतौ।षड्द्विकयुतः शक कालस्तस्य राज्ञश्च॥"

અર્થાત્–રાજા યુધિષ્ઠિરના શાસનકાળમાં સપ્તર્ષિ મઘા નક્ષત્રોમાં હતા અને ૨૫૨૬ એ તે રાજાનો સમય છે, કે જે સમય શકકાળનો અર્થાત્ શાલિવાહન સંવતનો છે.

હવે એ શક પહેલાં યુધિષ્ઠિર સંવત ૨૫૨૬+શકકાળ ૧૮૩૫=૪૩૬૧ વર્ષ યુધિષ્ઠિરને થયાં. તેને કલિનાં વીતેલાં વર્ષ ૫૦૧૪માંથી બાદ કરવામાં આવે તો ૬૫૩ થયાં. દૈવજ્ઞ બાંધવકાર હરપતિ ઠાકુરે પણ લખ્યું છે કેઃ–

"शाको नवाद्रीन्दु कृशानुयुक्तः कलेर्भवत्यद्वगणो व्यतीतः"

કલિયુગનાં ૩૧૭૯ વર્ષ વીત્યા પછી શક સંવત શરૂ થાય છે. શક સંવતસુધી યુધિષ્ઠિરનાં વર્ષ ૨૫૨૬ થાય છે. એટલે ૩૧૭૯–૨૫૨૬=૬૫૩ થયાં.

(૪) ચોથો પક્ષ–ઉપરના પ્રમાણમાં એમ લખ્યું છે કે, યુધિષ્ઠિરના સમયમાં સપ્તર્ષિ મઘા નક્ષત્રોમાં હતા અને સપ્તર્ષિ દરેક નક્ષત્રમાં ૧૦૦ વર્ષ રહે છે. જેમકે વિષ્ણુપુરાણ (૯૪–૨૪–૩૩, ૩૪) માં લખ્યું છે કેઃ–

**"सप्तर्षीणां च यौ पूर्वौ दृश्यते उदितौ दिवि। तयोस्तु मध्यनक्षत्रं दृश्यते यत् समं निशि।
तेन सप्तर्षयो युक्तास्तिष्ठन्त्यब्द शतं नृणाम्।"**

અર્થાત્–સપ્તર્ષિઓમાંથી જે પહેલા બે તારા આકાશમાં ઉગેલા દેખાય છે, તેમનાથી સમાન અંતરે વચમાં જે નક્ષત્રો દેખાય છે તેમની સાથે સપ્તર્ષિ સો વર્ષ રહે છે.

ભાગવત સ્કંધ ૧૨ અધ્યાય ૨ માં પણ એવુંજ લખ્યું છે. દરેક યુગનો આરંભ અશ્વિની નક્ષત્રથી થાય છે અને મઘાનક્ષત્ર અશ્વિનીથી દશમું છે; એટલે કલિનાં ૯૦૦ વર્ષ વીત્યા પછી સપ્તર્ષિ મઘામાં ગયા, તેથી કલિનાં ૯૦૦ વર્ષ વીતી ચૂક્યા પછી યુધિષ્ઠિરનો સમય શરૂ થાય છે.×

(૫) પાંચમો પક્ષ–વિષ્ણુપુરાણ(૪–૨૪–૩૪)માં નીચે પ્રમાણે જણાય છે કેઃ–

ते तु परिक्षिते काले मघास्वासन् द्विजोत्तम। तदा प्रवृत्तश्च कलिर्द्वादशाब्द शतात्मकः

અર્થાત્–તે (સપ્તર્ષિ) પરિક્ષિતના સમયમાં મઘાનક્ષત્રમાં હતા, ત્યારે કલિનાં ૧૨૦૦ વર્ષ વીતી ગયાં હતાં.પરિક્ષિત યુધિષ્ઠિરનો ઉત્તરાધિકારી હતો, તેથી કલિનાં વર્ષના બારમા સૈકામાં યુધિષ્ઠિર થયા.÷

(૬) છઠ્ઠો પક્ષ એવો છે કે, ઈ. સ. પૂર્વે ૧૪૦૦ થી વધારે વર્ષ પહેલાં યુધિષ્ઠિર થયા. એનું પ્રમાણ વિષ્ણુપુરાણ ૪–૨૪–૩૨ માં આ પ્રમાણે છેઃ–

"यावत् परिक्षितोजन्म यावन्नन्दाभिषेचनम्। एतद्वर्षं सहस्रं तु ज्ञेयं पञ्चदशोत्तरम्॥"

રાજાઓને પણ લાગુ ગણીએ તો તેમનો શાસનકાળ માત્ર ૩૦૦ વર્ષ થાય છે. જો વધારેમાં વધારે ૩૦ વર્ષ માની લઇએ તો ૪૫૦ થાય છે. વચ્ચે જે પ્રજાતંત્ર રાજ્ય ચાલ્યું તેને માટે સ્પષ્ટ નથી કહ્યું કે, તે કૃષ્ણની પહેલાં કે પછી ચાલ્યું. પહેલાં પણ હોઈ શકે, પાછળથી પણ હોઈ શકે અથવા કોઈ પહેલું અને કોઈ પછી એમ પણ હોઈ શકે છે; પણ જો પહેલાંજ માનીએ તોપણ એક પ્રજાતંત્ર રાજ્યનો સમય ૩૦૦ અને બીજાનો ૧૨૦ આપેલો છે, ત્રીજાનો નથી આપ્યો. જો વધુમાં વધુ તેનાં પણ ૩૦૦ વર્ષ માની લઇએ તો ૪૫૦+૩૦૦+૧૨૦+૩૦૦=૧૧૭૦ વર્ષ થાય છે. એમાં ૨૭૮૯ ઉમેરતાં ૩૯૫૯ થાય છે ૬૦૪૨ પૂરાં થતાં નથી.

× ૧, ૨, ૩, ૪ પક્ષોના મતે શ્રીકૃષ્ણના સ્વર્ગારોહણ પછી કલિની શરૂઆત દર્શાવનારાં વચનોનો એ હેતુ છે કે, કલિનો પ્રભાવ સ્વર્ગારોહણ પછી થયો. જો કે કલિ પહેલેથી શરૂ થયો હતો. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કેઃ–

यावत् स पाद पद्माभ्यां पस्पर्श मां वसुन्धराम्।तावत् पृथिवी परिष्वंगे समर्थो नाभवत् कलिः॥

અર્થાત્–જ્યાંસુધી તેઓ (શ્રીકૃષ્ણ) પોતાનાં ચરણકમળથી આ ભૂમિને સ્પર્શ કરતા રહ્યા ત્યાંસુધી કલિ પૃથ્વીને અડી શકયો ન હતો. માસમીમાંસામાં બ્રહ્મપુરાણમાંથી નીચે પ્રમાણે ટાંક્યું છે કેઃ—

"अथ भाद्रपदे मासि कृष्णाष्टम्यां कलौ युगे। अष्टाविंशतितमे जातः कृष्णोऽसौ देवकीसुतः॥"

અર્થાત્–અઠ્ઠાવીસમા કલિયુગમાં ભાદરવા વદી આઠમને દિવસે દેવકીપુત્ર શ્રીકૃષ્ણ જન્મ્યા.

÷ આ પક્ષમાં યુગની શરૂઆત અશ્વિનીથી ન હોઇ શકે.

અર્થાત્-પરિક્ષિતના જન્મથી નંદના રાજ્યાભિષેકસુધી ૧૦૧૫ વર્ષ ગણવાં જોઈએ.

નંદોનું રાજ્ય ૧૦૦ વર્ષ રહ્યું. જેમકે એજ અધ્યાયમાં લખ્યું છે કેઃ-

महापद्मः तत्पुत्राश्च एकं वर्षशतमवनिपतयो भविष्यन्ति । नवैव तान् नंदान् कौटिल्यो ब्राह्मणः समुद्धरिष्यति ॥ तेषामभावे मौर्याश्च पृथिवीं भोक्ष्यन्ति । कौटिल्य एव चंद्रगुप्तं राज्ये भिषेक्ष्यति ॥

અર્થાત્-મહાપદ્મ (પહેલો નંદ) અને તેનો પુત્ર ૧૦૦ વર્ષ રાજ્ય કરશે, તે નંદોને ચાણક્ય બ્રાહ્મણ ઉખાડી નાખશે, તેના નાશ પછી મૌર્યરાજાઓ પૃથ્વીનું રાજ્ય કરશે, ચાણક્યજ ચંદ્રગુપ્તને રાજ્યાભિષેક કરશે.

હવે ચંદ્રગુપ્તને ઇ. સ. પૂ. ૩૧૫ માં રાજ્યગાદી મળી હતી; એટલે સિદ્ધ થયું કે, ૧૦૧૫+૧૦૦+૩૧૫=ઇ. સ. પૂર્વે ૧૪૩૦માં યુધિષ્ઠિર હતા.

(૧) વિષ્ણુ અને ભાગવત પુરાણમાં એ પણ લખ્યું છે કે, જ્યારે સપ્તર્ષિ પૂર્વાષાઢામાં પહોંચી જશે, ત્યારે નંદોનું રાજ્ય થશે. મઘાથી પૂર્વાષાઢા દશમું નક્ષત્ર છે અને સપ્તર્ષિ ૧૦૦ વર્ષ એક નક્ષત્રમાં રહે છે. આથી યુધિષ્ઠિરથી નંદરાજ્ય સુધીનાં હજાર વર્ષ નક્કી થાય છે.

(૨) મગધના ઇતિહાસને આધારે યુધિષ્ઠિરથી બુદ્ધદેવ સુધીમાં ૩૫ રાજાઓએ રાજ્ય કર્યું, તેમાંથી દરેકના રાજ્યની ૨૧ સરેરાશ માનીને ૩૫×૨૧=૭૩૫ એમાં બુદ્ધની જન્મતિથિ ઈ૦ સ૦ પૂર્વ ૬૬૭ નો આંકડો ઉમેરતાં એકંદરે ઇ૦ સ૦ પૂર્વે ૧૪૦૨ નો સમય યુધિષ્ઠિરના સમયતરીકે સિદ્ધ થાય છે.*

આવો મતભેદ છે. આથી ઓછો સમય માનનારા પણ છે, પણ હવે વર્તમાન ઇતિહાસકોમાં તેમના મતને પોષનાર કોઇ રહ્યું નથી.

* વિષ્ણુપુરાણ ૪-૨૩-૨૪ અનુસાર મગધનો રાજા જરાસંધ (જે યુધિષ્ઠિરનો સમકાલીન હતો) તેનાથી લઈને ૨૩ બાર્હદ્રથરાજા ૧૦૦૦ વર્ષ, ૫ પ્રદ્યોતરાજા ૧૦૦ વર્ષ, ૧૦ શૈશુનાગ રાજા ૩૬૨ અને નૌનન્દ ૧૦૦ વર્ષ રાજ્ય કરતા રહ્યા. આ પ્રમાણે ચંદ્રગુપ્તસુધી ૪૮ રાજા અને ૧૫૬૨ વર્ષ થાય છે.
"હિંદી સટીક મહાભારતના સંપાદક"

सद्गत शास्त्री करुणाशंकरजीनी भूमिका

મહાભારતની મહત્તા

धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ ।
यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ॥(महाभारत १–६२–५३)

ભાવાર્થ:—હે ભરતશ્રેષ્ઠ 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સંબંધમાં જે જે બાબતો આ મહાભારત ગ્રંથમાં સમાયલી છે, તેજ અન્ય ગ્રંથોમા હોય છે; અને જે આમાં હોતું નથી તે અન્ય કયાંય પણ હોતું નથી.

ભારતવર્ષમાં મહાભારત, એ સારસ્વત નંદનવનનું ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપી વિવિધ ફળો આપનારૂં કલ્પવૃક્ષ છે; જ્ઞાનાબ્ધિનો ઉલ્લાસક ચંદ્ર છે; કથારત્નોનો રત્નાકર છે; રસસમૂહનું રસાયન છે; ધર્મોત્પત્તિનું અક્ષય ક્ષેત્ર છે; આનંદનો ઉદધિ છે; મહાપુરુષોનું અક્ષયશરીર છે; અજ્ઞાનાંધકારમા ડૂબેલાં મનુષ્યોને પ્રકાશ આપનાર સૂર્ય છે અને ભવાટવીના ભટકણમાં વિશ્વાસપાત્ર ભોમિયો છે. એટલુંજ નહિ પણ એ ગ્રંથને જેટલાં પણ શુભ વિશેષણો આપીએ તેટલાને માટે એ પાત્ર છે. ભારતવર્ષની આર્યપ્રજાને ચાલુ સ્થિતિમા પણ અભિમાન લેવા જેવો પ્રાચીન મહર્ષિઓ તરફથી શાસ્ત્રસંપત્તિનો જે અમૂલ્ય વારસો મળેલો છે; તેમા "મહાભારત" એ વિવિધ પ્રભા પ્રસારતો હૃદયાહ્લાદક મહામણિ છે. આર્યપ્રજાના આચાર-વિચાર-વ્યવહાર અને ધર્મનું રહસ્ય, અર્થશાસ્ત્ર, નિયામક કામશાસ્ત્ર, વર્ણાશ્રમના સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ, સ્ત્રીધર્મ, પિતાપુત્ર-પતિ-પત્ની-ગુરુશિષ્ય-રાજાપ્રજા વગેરેના પરસ્પર ધર્મ, રાજનીતિ, સામાન્ય નીતિ, કપટનીતિ, યુદ્ધકળા, યુદ્ધસમયમાં નગરાદિની વ્યવસ્થા, વિવિધ કૌશલ્ય, સૃષ્ટિસૌંદર્ય, અધ્યાત્મજ્ઞાન અને સર્વનિયામક પરમેશ્વરનું નિરૂપણ, ઈત્યાદિ સર્વ વિષયોને એકજ ગ્રંથમા જોવા હોય તો તે મહાભારતમાં મળશે; અને એજ હેતુથી એક મહોક્તિ પ્રસરી રહી છે કે, **'यन्न भारते तन्न भारते'**–અર્થાત્ **'જે ભારતગ્રંથમાં નથી, તે ભરતખંડમા પણનથી.'** મહાભારત જોકે વીરરસપ્રધાન કાવ્ય છે, તથાપિ એમાં ઇતર રસોની પણ એટલી બધી રેલછેલ છે, કે એમાંનો કોઈપણ ભાગ વાંચવા માંડતાં રસિક હૃદયને તે છોડવો ગમતો નથી. ખરેખર, મહાભારત વિવિધ જ્ઞાનસમૃદ્ધિથી સમૃદ્ધ છે અને તેથીજ એણે પોતાનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોથી વિદ્વાનોને તેમ નિરક્ષરોને, નાગરિકોને તેમ ગ્રામ્યોને, બાળકોને તેમ વૃદ્ધોને અને સ્ત્રીઓને તેમ પુરુષોને પોતા તરફ આકર્ષ્યાં છે. કોઇપણ સ્થાન એવું ભાગ્યેજ નીકળશે, કે જ્યાં તેના નામને અથવા તેમાંના એકાદા પ્રસંગને પણ જાણનારૂં કોઈ ન નીકળે ! આપણા ભારતવર્ષના લોકો એના તરફ પ્રીતિ-મમતા રાખે એમાં નવાઇ નથી; પરંતુ માત્ર ઇતિહાસ ખોળનારા પાશ્ચિમાત્ય પંડિતોને પણ આ ગ્રંથે એવી ભુરકી નાખી છે, કે જેને લીધે તેઓ એ ગ્રંથની પાછળ અનેક મંથનો કરી ગયા છે, કરી રહ્યા છે અને કરશે. એક યૂરોપીયન પંડિતને કોઇએ મહાભારતની યોગ્યતાના સંબંધમાં પ્રશ્ન કરતાં તેણે કહ્યું છે કે, 'એ ગ્રંથ એવો ઉત્કૃષ્ટ છે કે, મને એ ભારતના બદલામાં ભારત (દેશ) આપે તોપણ હું ભારત (ગ્રંથ) છોડું નહિ !'

મહાભારત રહસ્યજ્ઞાનથી ભરપૂર છે.

મહાભારતમાં સનત્સુજાત, બંધૂપાખ્યાન, અનુગીતા, મોક્ષધર્મ, વિષ્ણુસહસ્રનામ આદિ પાવન કરનારા અનેક રહસ્યજ્ઞાનના ભંડારો સમાયેલા છે તેથી પણ એ ગ્રંથ મહાપૂજ્ય છે. રે ! બીજી બાબતો બાજુ રાખીને માત્ર એમાંના એક ભગવદ્ગીતા નામના રહસ્યપૂર્ણ પર્વવિભાગ તરફ દૃષ્ટિ કરીએ, તોપણ એ ગ્રંથનું ગૌરવ સહજે ધ્યાનમાં આવે તેમ છે. જેના ઉપર ભિન્ન ભિન્ન ભાષાઓમાં અનેકાનેક રહસ્યભરી ટીકાઓ લખાઈ છે, લખાય છે અને લખાશે; તેમ છતાં પણ જેના રહસ્યનો પાર આવ્યો નથી અને આવનાર પણ નથી;જેના ઉપર અનેક વ્યાખ્યાતાઓ વર્ષોનાં વર્ષોસુધી વ્યાખ્યાનો કર્યા કરે છે, તોપણ જેમાંથી કંઇ ને કંઇ નવું નવું રહસ્ય નીકળ્યાજ કરે છે; જે પ્રસ્થાન-ત્રયમાંનું એક પ્રસ્થાન છે; શંકરાચાર્યાદિ અનેક આચાર્યોએ જેના ઉપર ભાષ્યો રચેલાં છે; પ્રમાણો આપવામાં ભાષ્યકારો જેનો સ્મૃતિ નામથી ઉપયોગ કરે છે; જેનું વાક્ય મહાપ્રમાણ-રૂપ ગણાય છે; જે ગ્રંથ લાખો મનુષ્યોનાં મન ઉપર ગૌરવની છાપ પાડી રહેલો છે; જે કર્મ, ઉપાસના તથા જ્ઞાનના ખરા રહસ્યને સમજાવે છે; અને જેણે અસંખ્ય જ્ઞાનેચ્છુઓને પોતાની મોહિની લગાડી રાખી છે; તે ભગવદ્ગીતારૂપી અનુપમ ગ્રંથ પણ મહાભારતરૂપી રત્નહારના મધ્ય-પદકના સ્થાનમાં શોભી રહેલો હોઇને એ એકજ ગ્રંથ મહાભારતનું ગૌરવ સૂચવવાને પૂરતો છે.

મુખ્ય પર્વો અને પેટા પર્વો

મહાર્ષિ કૃષ્ણદ્વૈપાયને કલિના આરંભમાં દેશ, કાલ, ધર્મ તથા આયુષ્ય આદિની ગંભીર સ્થિતિ જોઇને, પરમ કૃપાથી સર્વના કલ્યાણને માટે આ ગ્રંથ નિર્ગ્યો છે. આ ગ્રંથ જનમેજય-રાજાના સર્પસત્રમા તે રાજાના પૂછવાથી, મહર્ષિ વ્યાસની આજ્ઞા થતાં વૈશંપાયનમુનિએ સો પર્વ-વિભાગથી સંભળાવ્યો હતો. તે પછી સૌતિ ઉગ્રશ્રવાએ તે સો પર્વોને અંતર્ગત રાખી નીચે જણા-વેલાં મુખ્ય મુખ્ય અઢાર પર્વરૂપે નૈમિષારણ્યવાસી શૌનકાદિ ઋષિઓને સંભળાવ્યો હતો.

૧ આદિપર્વ ૨ સભાપર્વ ૩ વનપર્વ ૪ વિરાટપર્વ ૫ ઉદ્યોગપર્વ ૬ ભીષ્મપર્વ ૭ દ્રોણપર્વ ૮ કર્ણપર્વ ૯ શલ્યપર્વ ૧૦ સૌપ્તિકપર્વ ૧૧ સ્ત્રીપર્વ ૧૨ શાંતિપર્વ ૧૩ અનુશાસનપર્વ ૧૪ અશ્વ-મેધપર્વ ૧૫ આશ્રમવાસપર્વ ૧૬ મૌસલપર્વ ૧૭ મહાપ્રસ્થાનિકપર્વ ૧૮ સ્વર્ગારોહણપર્વ.

મહાભારતમાં પેટા પર્વોની સંખ્યા ૧૦૦ની કહી છે; તે ઉપલબ્ધ છાપેલી પ્રતોમાં નીચે પ્રમાણે છે:—

૧–આદિ પર્વ

૧ અનુક્રમણિકા પર્વ
૨ પર્વસંગ્રહ પર્વ
૩ પૌષ્ય પર્વ
૪ પૌલોમ પર્વ
૫ આસ્તીક પર્વ
૬ અંશાવતરણ પર્વ
૭ સંભવ પર્વ
૮ જતુગૃહ પર્વ
૯ હિડિંબવધ પર્વ
૧૦ બકવધ પર્વ
૧૧ ચૈત્રરથ પર્વ
૧૨ સ્વયંવર પર્વ
૧૩ વૈવાહિક પર્વ
૧૪ વિદુરાગમન રાજ્ય–લંભપર્વ
૧૫ અર્જુનવનવાસ પર્વ
૧૬ સુભદ્રાહરણ પર્વ
૧૭ હરણાહરણ પર્વ
૧૮ ખાંડવદાહ પર્વ
૧૯ મયદર્શન પર્વ

૨–સભા પર્વ

૨૦ સભાક્રિયા પર્વ ૧
૨૧ લોકપાલસભાખ્યાન પર્વ ૨
૨૨ રાજસૂયારંભ પર્વ ૩
૨૩ જરાસંધવધ પર્વ ૪
૨૪ દિગ્વિજય પર્વ ૫
૨૫ રાજસૂય પર્વ. ૬
૨૬ અર્ઘાભિહરણ પવ ૭
૨૭ શિશુપાલવધ પર્વ ૮
૨૮ દ્યૂત પર્વ ૯
૨૯ અનુદ્યૂત પર્વ ૧૦

૩–વન પર્વ

૩૦ અરણ્ય પર્વ ૧

૩૧ કિર્મીરવધ પર્વ ૨
૩૨ અર્જુનાભિગમન પર્વ ૩
૩૩ કૈરાત પર્વ ૪
૩૪ ઈંદ્રલોકાભિગમન પર્વ ૫
૩૫ નલોપાખ્યાન પર્વ ૬
૩૬ તીર્થયાત્રા પર્વ ૭
૩૭ જટાસુરવધ પર્વ ૮
૩૮ યક્ષયુદ્ધ પર્વ ૯
૩૯ નિવાતકવચયુદ્ધ પર્વ ૧૦
૪૦ આજગર પર્વ ૧૧
૪૧ માર્કંડેયસમાસ્યા પર્વ ૧૨
૪૨ દ્રૌપદીસત્યભામા-સંવાદ પર્વ ૧૩
૪૩ ઘોષયાત્રા પર્વ ૧૪
૪૪ મૃગસ્વપ્નોદ્ભવ પર્વ ૧૫
૪૫ વ્રીહિદ્રૌણિક પર્વ ૧૬
૪૬ દ્રૌપદીહરણ પર્વ ૧૭
૪૭ જયદ્રથવિમોક્ષણ પર્વ ૧૮
૪૮ રામોપાખ્યાન પર્વ ૧૯
૪૯ પતિવ્રતામાહાત્મ્ય પર્વ ૨૦
૫૦ કુંડલાહરણ પર્વ ૨૧
૫૧ આરણેય પર્વ ૨૨

૪-વિરાટ પર્વ

૫૨ પાંડવપ્રવેશ પર્વ ૧
૫૩ સમયપાલન પર્વ ૨
૫૪ કીચકવધ પર્વ ૩
૫૫ ગોહરણ પર્વ ૪
૫૬ વૈવાહિક પર્વ ૫

૫-ઉદ્યોગ પર્વ

૫૭ સેનોદ્યોગ પર્વ ૧
૫૮ સંજયયાન પર્વ ૨
૫૯ પ્રજાગર પર્વ ૩
૬૦ સનત્સુજાત પર્વ ૪
૬૧ યાનસંધિ પર્વ ૫
૬૨ ભગવદ્યાન પર્વ ૬
૬૩ સેનાનિર્યાણ પર્વ ૭
૬૪ ઉલૂકદૂતાગમન પર્વ ૮
૬૫ રથાતિરથસંખ્યાન પર્વ ૯
૬૬ અંબોપાખ્યાન પર્વ ૧૦

૬-ભીષ્મ પર્વ

૬૭ જંબૂખંડવિનિર્માણ પર્વ ૧
૬૮ ભૂમિ પર્વ ૨
૬૯ ભગવદ્ગીતા પર્વ ૩
૭૦ ભીષ્મવધ પર્વ ૪

૭-દ્રોણ પર્વ

૭૧ દ્રોણાભિષેક પર્વ ૧
૭૨ સંશપ્તકવધ પર્વ ૨
૭૩ અભિમન્યુવધ પર્વ ૩
૭૪ પ્રતિજ્ઞા પર્વ ૪
૭૫ જયદ્રથવધ પર્વ ૫
૭૬ ઘટોત્કચવધ પર્વ ૬
૭૭ દ્રોણવધ પર્વ ૭
૭૮ નારાયણાસ્ત્રમોક્ષ પર્વ ૮

૮-કર્ણ પર્વ

૭૯ કર્ણ પર્વ ૧

૯-શલ્ય પર્વ

૮૦ શલ્યવધ પર્વ ૧
૮૧ હ્રદપ્રવેશ પર્વ ૨
૮૨ ગદાયુદ્ધ પર્વ ૩

૧૦-સૌપ્તિક પર્વ

૮૩ સૌપ્તિક પર્વ ૧
૮૪ ઐષીક પર્વ ૨

૧૧-સ્ત્રી પર્વ

૮૫ જલપ્રદાનિક પર્વ ૧
૮૬ સ્ત્રીવિલાપ પર્વ ૨
૮૭ શ્રાદ્ધ પર્વ ૩

૧૨-શાન્તિ પર્વ

૮૮ રાજધર્મ પર્વ ૧
૮૯ આપદ્ધર્મ પર્વ ૨
૯૦ મોક્ષધર્મ પર્વ ૩

૧૩-અનુશાસન પર્વ

૯૧ દાનધર્મ પર્વ ૧
૯૨ ભીષ્મસ્વર્ગારોહણ પર્વ ૨

૧૪-અશ્વમેધ પર્વ

૯૩ આશ્વમેધિક પર્વ ૧
૯૪ અનુગીતા પર્વ ૨

૧૫-આશ્રમવાસ પર્વ

૯૫ આશ્રમવાસ પર્વ ૧
૯૬ પુત્રદર્શન પર્વ ૨
૯૭ નારદાગમન પર્વ ૩

૧૬-મૌસલ પર્વ

૯૮ મૌસલ પર્વ ૧

૧૭-મહાપ્રસ્થાનિક પર્વ

૯૯ મહાપ્રસ્થાન પર્વ ૧

૧૮-સ્વર્ગારોહણ પર્વ

૧૦૦ સ્વર્ગારોહણ પર્વ ૧

આ રીતે મહાભારતમાં કુલ ૧૦૦ પર્વ હોવા ઉપરાંત હરિવંશમાં નીચલાં ત્રણ પર્વો છે.

૧૯-હરિવંશ પર્વ

૧ હરિવંશ પર્વ
૨ વિષ્ણુ પર્વ
૩ ભવિષ્ય પર્વ

આ પ્રમાણે જો હરિવંશ પર્વને પણ મહાભારતમાં ગણીએ તો વ્યાસોક્ત સંખ્યા કરતાં ત્રણ પર્વો વધે છે.

ઉક્ત સંખ્યા કરતાં વધઘટ

વ્યાસજીએ પર્વો, અંતર્પર્વો, અધ્યાયો તથા શ્લોકોની ગણના આદિપર્વના પર્વસંગ્રહાધ્યાય નામના બીજા અધ્યાયમાં આપેલી છે; પરંતુ તે સાંપ્રતમાં મળતા મહાભારતની સાથે મળતી આવતી નથી, તેને લીધે કેટલાએક ભારતમાં વધારોઘટાડો થયેલો માને છે. તે સંબંધમાં વિચાર કરવાની અનુકૂળતાને સારૂ અહીં નીલકંઠે ગણાવેલી અંતર્પર્વોની સંખ્યા, વ્યાસોક્ત પર્વો, અંતર્પર્વો, અધ્યાયો તથા શ્લોકોની સંખ્યા અને ઉપલબ્ધ મહાભારતમાં દેખાતી તે સંખ્યાનું કોષ્ટક આપ્યું છે.

કોષ્ટક

મુખ્ય પર્વો	ઉપપર્વ વિભાગ	નીલકંઠોક્ત બે રીતના પર્વ ‡ વિભાગ §		*વ્યાસોક્ત અધ્યાય-સંખ્યા	ઉપલબ્ધ અધ્યાય-સંખ્યા	વ્યાસોક્ત શ્લોકસંખ્યા	ઉપલબ્ધ મહાભારતની શ્લોકસંખ્યા
૧ આદિ	૧૯	૧૯	૧૮	૨૨૭	૨૩૪	૮૮૮૪	૮૬૨૩
૨ સભા	૧૦	૯	૯	૭૮	૮૧	૨૫૧૧	૨૭૧૨
૩ વન	૨૨	૧૬	૧૬	૨૬૯	૩૧૫	૧૧૬૬૪	૧૧૮૫૯
૪ વિરાટ	૫	૪	૪	૬૭	૭૨	૨૦૫૦	૨૨૭૨
૫ ઉદ્યોગ	૧૦	૧૧	૧૧	૧૮૬	૧૯૬	૬૬૯૮	૬૬૧૪
૬ ભીષ્મ	૪	૫	૫	૧૧૭	૧૨૨	૫૮૮૪	૫૮૬૯
૭ દ્રોણ	૮	૮	૮	૧૭૦	૨૦૨	૮૯૦૯	૯૬૪૨
૮ કર્ણ	૧	૧	૧	૬૯	૯૬	૪૯૬૪	૫૦૧૩
૯ શલ્ય	૩	૪	૪	૫૯	૬૫	૩૨૨૦	૩૬૨૮
૧૦ સૌપ્તિક	૨	૩	૩	૧૮	૧૮	૮૭૦	૮૦૩
૧૧ સ્ત્રી	૩	૫	૫	૨૭	૨૭	૭૭૫	૮૨૫
૧૨ શાંતિ	૩	૪	૪	૩૨૯	૩૬૫	૧૪૭૩૨	૧૩૭૭૧
૧૩ અનુશાસન	૨	૧	૧	૧૪૬	૧૬૮	૮૦૦૦	૭૭૦૧
૧૪ અશ્વમેધ	૨	૨	૨	૧૦૩	૯૨	૩૩૨૦	૨૮૪૬
૧૫ આશ્રમવાસ	૩	૩	૩	૪૨	૩૯	૧૫૦૬	૧૦૮૮
૧૬ મૌસલ	૧	૧	૧	૮	૮	૩૨૦	૨૮૭
૧૭ મહાપ્રસ્થાનિક	૧	૧	૧	૩	૩	૩૨૦	૧૧૦
૧૮ સ્વર્ગારોહણ	૧	૧	૧	૫	+ ૫	૨૦૯	૨૧૫
૧૯ હરિવંશ	૩	૨	૩	લખ્યા નથી	૩૧૮	૧૨૦૦૦	૧૬૦૮૦
૧૯	૧૦૩	૧૦૦	૧૦૦	૧૯૨૩	૨૪૨૬	૯૬૮૩૬	૯૯૯૫૮

‡ પં૦ નીલકંઠે આદિ પર્વના અ૦ ૨ ના શ્લોક ૩૯૬ ની ટીકામાં આપેલો આ પર્વગણનાનો શ્લોક આ પ્રમાણે છે:—" आदि ध्यान १९ सभाधनं ९ वनचयं १६ वैराटम् ४ योगयुक् ११ भीष्मद्रोणम ५ जं ८ च कर्णकु १ तथा शल्येभ ४ सौप्तग ३ म । स्त्रीशं ५ शांतिभ ४ दानधर्मकु १ हयेज्यारा २ श्रमावासगं ३ कं १ कं १ मौसलयानयोर्युगतिकं १ वंशेख २ मेतच्छतं ॥ " આ વરરુચિની પરિભાષા પ્રમાણે અંકગણનાની પરિપાટી છે. બીજા અધ્યાયમાં પર્વસંખ્યા આને અનુસરીને આપી છે.

§ આ પર્વગણનાનો શ્લોક અ૦ ૨ ના શ્લોક ૮૫ ની ટીકામાં આ પ્રમાણે છે:—" पर्वाणि-घृ १८ लंक ९ नृप १६ वार्धी ४ द् ११ धी ५ मै ८ क १ केद् ४ त्रि ३ धीः ५ । वार्द्धी ४ न्दु १ द्वि २ त्रि ३ मू १ भू १ मू १ यामा ३ श्चेति शतंक्रमात् ॥ "

* વ્યાસમુનિએ આ અધ્યાયોની અને શ્લોકોની ગણના, આદિ પર્વના અધ્યાય બીજાના શ્લોક ૧૬૧થી તે ૩૭૯મા શ્લોક સુધીમાં આપી છે.

+ આમાં પાંચ અધ્યાય પછી મહાભારતની સમાપ્તિ છે.તે પછી એક હરિવંશોક્ત શ્રવણવિધિનો અધ્યાય આપેલો છે. તેની ગણત્રી હરિવંશખાતે થઈ જાય છે, એટલે આનું એ[illegible] નહિ એ હેતુથી તેને આમાં ગણ્યો નથી.

મહાભારતમાં શ્લોકોનો વધારો થયો નથી, પણ ઘટાડો થયો છે.

ઉપર આપેલા કોષ્ટક ઉપરથી જણાશે કે, વ્યાસોક્ત અધ્યાયો કરતાં હમણાં ઉપલબ્ધ થતા મુંબઇમાં છપાયેલા મહાભારતમાં ૫૦૩ અધ્યાયો વધારે જોવામાં આવે છે. તેમાં વ્યાસજીએ પોતાની અધ્યાયગણનામાં હરિવંશના ૩૧૮ અધ્યાયોની ગણત્રી કરી નથી; અને આપણે તે કોષ્ટકમાં ગણી લીધા છે, એટલે તે બાદ કરતાં ૧૮૫ અધ્યાયો વધે છે. ભલે તે વધે, પરંતુ શ્લોકોની સંખ્યા મળતી હોય તો કોઇ પંડિતમન્યોના પ્રતાપથી થયેલું તે અધ્યાયોનું ન્યૂનાધિકય અકિંચિત્કર છે; કારણકે જેમ કોઈ પાંચશેર પાંચશેરની આઠ ધડીઓથી મણ અન્ન તોલે, અથવા કોઈ દશશેર દશશેરની ચાર ધડીઓથી મણ અન્ન તોલે, તો તેમાં કાંઇ ખોટું નથી; પણ ચાલીસ શેરમાં ન્યૂનાધિક કરે તોજ તે વિવાદાસ્પદ થઈ પડે. તેજ પ્રમાણે અહીં પણ કોઈ પંડિતમન્યને કોઇ અધ્યાયમાં વધારે શ્લોકો લાગ્યા હોય અથવા પ્રસંગાંતર થતું લાગ્યું હોય અને તેણે તે અધ્યાયનો વિભાગ પાડયો હોય, તો તેથી કંઇ મહાન અનિષ્ટ થતું નથી. અનિષ્ટ તો ત્યારે થયેલું ગણાય, કે જ્યારે તેમાં સ્વાર્થસાધુઓએ નવા શ્લોકો દાખલ કરી દઇને ગ્રંથ વધારી દીધો હોય !

હવે એ શ્લોકોમાં તેમ થયું છે કે નહિ, તેનો આપણે વિચાર કરીશું. વ્યાસજીએ ગણાવેલી શ્લોકોની સંખ્યા કરતાં મહાભારતની છાપેલી પ્રતમાં ૩૧૨૨ શ્લોકોનો વધારો જોવામાં આવે છે. તેમાં વ્યાસજીએ હરિવંશના ૧૨૦૦૦ જ શ્લોકો ગણાવેલા છે અને ઉપલબ્ધ હરિવંશમાં ૧૬૦૮૦ શ્લોકો છે, એટલે ૪૦૮૦ શ્લોકો હરિવંશના વધે છે. એ વધારાના સંબંધમાં પંડિતવર્ય નીલકંઠે આદિપર્વના અ૦ ૨ ના શ્લો૦ ૩૭૯ ની ટીકામાં ખુલાસો કર્યો છે, તે પાઠકોની જાણમાટે અહીં આપું છું. હરિવંશમાં બીજાં આખ્યાનો છે; તેમ છતાં હરિવંશ અને ભવિષ્ય પર્વ અવશ્ય અપેક્ષિત છે,એ જણાવવા '**खिलेषु हरिवंशश्च भविष्यं च प्रकीर्तितम्** ।' (આદિ૦ અ૦ ૨,શ્લો૦ ૩૭૯) આ શ્લોકમાં એ બે પર્વનાંજ નામો આપ્યાં છે; અને તે બે પર્વનાજ ૧૨૦૦૦ શ્લોકોની સંખ્યા ગણાવી છે. (હરિવંશમાં એક ત્રીજું વિષ્ણુપર્વ છે, એ સ્મરણમાં રાખવું.) અર્થાત્ આખા ગ્રંથની શ્લોકસંખ્યા ગણાવી નથી, કારણ કે એ સંપૂર્ણ ગ્રંથમાં અધિક શ્લોકો જોવામાં આવે છે. વળી હરિવંશમાં બાર હજારજ શ્લોકો માનીએ છીએ, તો તેટલાથી લાખ શ્લોકની પૂર્તિ થતી નથી; અને ઉપર પ્રમાણે સ્વીકારવાથી એ લાખ શ્લોકની પૂર્તિ થઇ શકે છે. તે આ પ્રમાણે કે, વ્યાસજીએ ગણાવેલા શ્લોકોની સંખ્યા ૯૬૨૧૬, કૈલાસયાત્રાસહિત પુષ્કર પ્રાદુર્ભાવાદિ હરિવંશના ઉત્તરવિભાગના ચાર હજારથી કંઇક ઓછા શ્લોકો, અને તે પછી ઋષિએ ફરી દોઢસો શ્લોકનું સંક્ષિપ્ત ભારત કર્યું તે દોઢસો શ્લોક મળીને એક લાખ અને દોઢસો શ્લોકોની પૂર્તિ થાય છે.

પંડિત નીલકંઠે વ્યાસોક્ત શ્લોકસંખ્યા ૯૬૨૧૬ ગણી છે, પણ તે શ્લોકોની સંખ્યા ૯૬૮૩૬ની થાય છે. જો કે એમણે ૧૫૦ શ્લોકો જૂદા ગણ્યા છે, એટલે તે ઉમેરતાં એમના શ્લોકો ૯૬૩૬૬ થાય છે; તોપણ મૂળ વ્યાસોક્ત ગણના કરતાં એમની ગણનામાં ૪૭૦ શ્લોકો ઓછા થાય છે. કોઇ ભૂલને લીધે આમ થયું હોવું જોઇએ.

ઉપર જણાવ્યા પ્રમાણે હરિવંશમાં પણ વ્યાસની ગણનાવિનાના શ્લોકો જેટલા—એટલે કે ૪૦૮૦ શ્લોકો વધે ત્યાંસુધી તો શ્લોકોમાં ઉમેરો થયેલો ગણાય નહિ. ઉલટું અહીં મળતી પ્રતમાં તો ૩૧૨૨ શ્લોકોજ વધેલા જણાય છે. આથી ઉમેરાની વાત તો કયાંયે ગઈ પણ મૂળમાંજ ૯૫૮ શ્લોકોની ખોટ આવે છે. હવે એ શ્લોકો કયાં જતા રહ્યા તે વાત જતી કરવા છતાં આપણે એટલો તો નિશ્ચય કરી શકયા છીએ કે, મૂળ લાખ શ્લોકના ગ્રંથમાં ઉમેરો થયો નથી, પણ તેમાંથી શ્લોકો ઓછા થયા છે. કેમકે અત્યારે ઉપલબ્ધ છાપેલા ભારતમાં હરિવંશ સાથે ૯૯૯૫૮ શ્લોકો મળતા હોવાથી લાખ શ્લોકમાં ૪૨ ઓછા રહે છે. જૂદીજૂદી પ્રતોની સંખ્યાઓ જોતાં તેમાં થોડાથોડા શ્લોકોનું ન્યૂનાધિક્ય જણાય છે; પરંતુ કેટલેક ઠેકાણે દોઢ દોઢ શ્લોકે આંકડાઓ મૂકેલા છે, તેથી તેમ થયું હોય એમ લાગે છે.

આ રીતે શ્લોકોની એકંદર સંખ્યામાં વધારો થતો નથી, એટલે અંતર્પર્વો અને અધ્યાયોનું ન્યૂનાધિકપણું હાનિકારક થતું નથી. તાત્પર્ય કે મૂળમાં ઉમેરો થયો નથી પણ તેમાંથી કેટલાક શ્લોકો ઓછા થયા છે.

બુદ્ધિવાદીઓનું મંતવ્ય

કેટલાએક બુદ્ધિવાદીઓ પોતાની બુદ્ધિમાં (તર્કમાં) ન ઉતરે તેવી પ્રાચીન ઈતિહાસ તથા પુરાણોની દૈવી સામર્થ્યથી ભરેલી કથાઓને ખોટી કહે છે; ત્યારે કેટલાએક તેવી કથાઓને માનુષી ભાવમાં મૂકવામાટે તેનાં રૂપકો ઘડવા મંડી પડે છે! વળી કેટલાએક તો ચમત્કારપ્રિય મનુષ્યોએ તે પાછળથી ઘુસાડી દીધેલી છે, એમ માને છે. એ બુદ્ધિવાદીઓનાં એવાં મંતવ્યોનાં કારણો અને તેની સત્યાસત્યતાનો અહીં થોડો વિચાર કરીશું, તો તે અસ્થાને ગણાશે નહિ.

પ્રમાણો

કોઇપણ વસ્તુની યથાર્થ સ્થિતિ જાણવામાટે પ્રમાણોની અપેક્ષા રહે છે. પ્રમાણો ચાર છે–પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દ. કેટલાએક અર્થાપત્તિ અને અનુપપત્તિ નામનાં બે અધિક પ્રમાણોની સાથે ૭ પ્રમાણો માને છે. તે પ્રમાણોમાંનાં પ્રત્યક્ષ, અનુમાન અને શાબ્દ આ ત્રણ પ્રમાણો મુખ્ય છે, એટલે અહીં તે સંબંધીજ વિચાર કરીશું.

પ્રત્યક્ષ પ્રમાણ

નાસ્તિક ચાર્વાકમતાનુયાયીઓ માત્ર પ્રત્યક્ષ(ઇંદ્રિયજન્ય જ્ઞાન)નેજ પ્રમાણ માને છે. તેઓ બીજાં અનુમાન, આગમ(શાસ્ત્ર) વગેરે પ્રમાણોને માનતા નથી; તેથી તેઓએ પ્રત્યક્ષને અનુસરીને કેટલાંએક સૂત્રો પણ નિર્મેલાં છે કે જે સૂત્રો તેમના ઉદયકાળમાં તદનુયાયીઓમાં મહાસૂત્ર-રૂપે વપરાતાં હતાં. તેમાંનાં થોડાં સૂત્રો તેઓનું મંતવ્ય દર્શાવવા તથા પૂર્વે પણ શાસ્ત્રોના તથા ધર્મના પ્રઘાતકો હતા તે જણાવવા અહીં આપું છું:–"**सूत्रो न धर्मांश्चरेत् । एष्यत्फलत्वात् । सांशयिकत्वाच्च । वरमद्य कपोत: श्वो मयूरात् । कोह्यबालिशो हस्तगतं परगतं कुर्यात् ।** શાસ્ત્રોક્ત ધર્મોનું આચરણ કરવું નહિ, કારણ કે તેવા ધર્મોનું આચરણ કરીને પછીથી ફળની ઈચ્છા રાખવી પડે છે–અર્થાત્ તત્કાળ ફળ મળતું નથી; તેમજ તે ફળ સંશયગ્રસ્ત પણ છે, માટે કાલે મોર મળતો હોય તેના કરતાં આજે હાથમાં રહેલો કપોત શ્રેષ્ઠ છે. કયો ડાહ્યો મનુષ્ય પોતાના હાથમાં રહેલું ધન પારકાના હાથમાં જવા દે?" ઈત્યાદિ વાદો કરીને તેઓ પોતે ભમતા હતા અને બીજાઓને ભમાવતા હતા; એટલુંજ નહિ પણ તેઓ તો સર્વવ્યાપક ચૈતન્ય જે જીવ-ભાવથી દેહોને પ્રવર્તાવે છે તેને પણ માનતા નહિ; પરંતુ જેમ કાથો, ચૂનો અને પાન મળવાથી લાલ રંગ થાય છે, જેમ અન્નાદિક હોવાથી તેમાં માદક ગુણ ઉત્પન્ન થાય છે, તેમજ પૃથ્વી, જળ, તેજ અને વાયુએ ચારના યોગ્ય સંયોગથી દેહ, ઇંદ્રિયો વગેરેની પ્રવૃત્તિ થાય છે, એવું માનતા હતા.

અનુમાન પ્રમાણ

આવો તેઓનો પ્રત્યક્ષવાદ કેટલાકોને અનુકૂળ જણાયો નહિ. કારણ તેમણે વિચાર્યું કે, જો દેહવ્યતિરિક્ત ચૈતન્ય ન હોય તો પુનર્જન્મ પણ ગણાય નહિ અને તેમ થાય તો તત્કાળ ઉત્પન્ન થયેલું વછેરૂં ધાવવામાં પ્રવૃત્ત થાય છે, એમાં શો હેતુ? કારણ કે સંસ્કારવિના તેવી પ્રવૃત્તિ એ પ્રત્યક્ષ વિરુદ્ધ છે. આમ માનીને તેઓએ બીજું 'અનુમાન' નામનું પ્રમાણ સ્વીકાર્યું અને તેવડે તેઓએ સિદ્ધ કર્યું કે, 'કોઇપણ પ્રવૃત્તિ અનુભવપૂર્વક હોય છે. આપણી પ્રવૃત્તિની પેઠે, તેમની–આ સ્તનપાન કરનારાં વછેરાંની પ્રવૃત્તિ પણ અનુભવપૂર્વકજ છે.' આ રીતે તેઓએ પ્રત્યક્ષ અને પ્રત્યક્ષોપજીવી અનુમાન (પ્રત્યક્ષ છે મૂલ જેનુ–અર્થાત્ પ્રથમ ધૂમવાળા અગ્નિને જોયો હોય તોજ પછીથી પર્વત ઉપર ધુમાડા જોઇને પર્વત વહ્નિવાળો છે, ધૂમવાળો છે, માટે એવું અનુમાન કરી શકાય છે તેથી) એ બે પ્રમાણો સ્વીકાર્યાં.

શાબ્દ પ્રમાણ

પરંતુ આસ્તિકોને માત્ર એ બે પ્રમાણોથી ઈશ્વરની અને પરલોક આદિની સિદ્ધિ થઇ નહિ.કારણ કે પ્રત્યક્ષ હોય ત્યાંજ અનુમાન ચાલી શકે છે, અપ્રત્યક્ષ વસ્તુમાં અનુમાન ચાલી શકતું નથી; અને ઈશ્વરાદિક અગોચર ભાવો જાણવાની આવશ્યકતા તો જણાઇ. કેમકે શુભાશુભ કર્મોનાં ફળ અવસ્ય પ્રાપ્ત થાય છે; પણ જડ કર્મો સ્વતંત્ર રીતે ફળ આપવા સમર્થ થતાં નથી. એટલે તેનાથી ઇતર સર્વ કર્મોને સંચાલન કરનાર તથા ફળદાતા કોઇ હોવોજ જોઇએ આવો વિચાર ઉપસ્થિત થયો. ભગવાન વ્યાસે બ્રહ્મસૂત્રમાં દર્શાવ્યું છે કે–**फलमत उपपत्ते:** । ૩ । ૨ । ૩૮ । અર્થાત્ ઈશ્વરથી જીવોને કર્મનું ફળ ઉત્પન્ન થાય છે; કેવળ કર્મથી ફળ ઉત્પન્ન થતું નથી, કારણ કે

ચૈતન્યમય ઇશ્વરનુંજ ફલોત્પાદકપણું ઘટી શકે છે; પરંતુ જડકર્મનું સ્વતંત્રતાથી ફલોત્પાદકપણું ઘટી શકતું નથી. વળી '**कर्माध्यक्षस्सर्वभूताधिवासः**' એ શ્રુતિમાં ઇશ્વરનું કર્માધ્યક્ષપણું કહેલું છે–અર્થાત્ ઇશ્વરજ કર્માનુરૂપ ફળદાતા છે. આ ફળદાતાની ઉપાસના કરવા–તેમનું જ્ઞાન થવા આગલાં બે પ્રમાણો સ્વતંત્ર રીતે ઉપયોગી થયાં નહિ તેથી, તેમજ અધિક શુભાશુભ કર્મથી પ્રાપ્ત થતા સ્વર્ગ તથા નરકાદિ લોકો અને તે નાશવંત લોકોથી મુક્ત થઇને અવિનાશી પદની પ્રાપ્તિના સાધનનું જ્ઞાન પ્રકટ થવા માટે તેઓને શાબ્દ (આગમ–શાસ્ત્ર) પ્રમાણની જરૂર પડી. કારણ કે ત્યાં પ્રત્યક્ષ તથા અનુમાન પહોંચી શકતાં નથી. તે નરકાદિ લોકો છે અને એમાં શાસ્ત્રજ પ્રમાણભૂત છે. જેમકે શ્રુતિ ભગવતી કથે છે કે, '**वैवस्वतं सङ्गमनं जनानां**–પાપીઓને યમલોકમાં જવું પડે છે' ઇત્યાદિ શ્રુતિઓ; તેમજ '**स्मरन्ति च**' (બ્રહ્મસૂત્ર ૩–૧–૧૪)–સ્મૃતિકારો પણ દુષ્કર્મીઓને નરકલોકની પ્રાપ્તિ પ્રતિપાદન કરે છે;' અને '**कृतात्ययेऽनुशयवान् दृष्ट स्मृतिभ्यां यथेतमनेवं च**' (બ્રહ્મસૂત્ર ૩–૧–૮) 'સ્વર્ગોદ્દેશથી કરેલાં પુણ્યનો નાશ થતાં પુણ્યાત્મા અહીંથી જે માર્ગે સ્વર્ગલોકમાં ગયો હોય તે માર્ગથી અથવા અન્ય માર્ગથી ભોગ કરતાં બાકી રહેલાં સંચિત કર્મોની સાથે ભૂલોકમાં આવે છે' ઇત્યાદિથી આ લોક–પરલોકનું ગમનાગમન તથા તેના હેતુઓ શાબ્દ પ્રમાણથીજ મળે છે. વળી મુક્તિને માટે પણ '**अतोऽनंतेन तथा हि लिङ्गम्** (બ્રહ્મસૂત્ર અ૰ ૩–૨–૨૬) જીવ તથા બ્રહ્મના અભેદ સાક્ષાત્કારવડે જીવોપાધિભૂત અવિદ્યાની નિવૃત્તિ પછી શુદ્ધ જીવ અનંત એવા બ્રહ્મની સાથે અભિન્ન થઇ જાય છે–મિથ્યાભૂત ભેદ ત્યજીને અત્યંત અભેદ પામે છે.' શ્રુતિ પણ કહે છે કેઃ–'**ब्रह्मविद् ब्रह्मैव भवति**–બ્રહ્મ જાણે તે બ્રહ્મજ થાય છે.' '**ब्रह्मविदाप्नोति परम्**–બ્રહ્મવેત્તા પરમપદને પામે છે '

નુરતા તર્કો અપ્રતિષ્ઠિત છે.

આવા પરોક્ષ ભાવોમાં પ્રત્યક્ષ તથા અનુમાન (તર્ક) પહોંચતાં નથી; પરંતુ ત્યાં તો શાબ્દ પ્રમાણજ મુખ્ય છે અને તેથીજ ભગવાન વ્યાસે કહ્યું છે કે–'**तर्काप्रतिष्ठानात्** (બ્રહ્મસૂત્ર અ૰ ૨–૧–૧૧) તર્કો–અનુમાનો કેટલીક જગ્યાએ મિથ્યા થાય છે, માટે તે અપ્રમાણરૂપ છે.' વળી એજ સૂત્રના ભાષ્યમા ભગવાન શંકરાચાર્ય લખે છે કેઃ–'**इतश्च नागमगम्येऽर्थे केवलेन तर्केण प्रत्यवस्थातव्यम् । यस्मान्निरागमाः पुरुषोत्प्रेक्षामात्र निबन्धनास्तर्का अप्रतिष्ठिता भवन्ति ॥** આ ઉપરથી શાસ્ત્રગમ્ય જે પદાર્થ છે તેમાં કેવળ તર્કથીજ સ્થિતિ કરવી નહિ; કારણ કે આગમ(શાસ્ત્ર)-ને ન અનુસરનારા અને માત્ર પુરુષોની કલ્પનાથીજ બંધાયલા તર્કો અપ્રતિષ્ઠિત થાય છે.'

બુદ્ધિગમ્ય ન થવાથી વસ્તુસ્થિતિ પલટાતી નથી.

આ રીતેજ શાસ્ત્રપ્રમાણને છોડીને અથવા શાસ્ત્રના ઐચ્છિક અર્થો કરીને જેઓ પોતાનાં તર્કબળથી પુરાતન ધર્મગ્રંથોમાં સંદેહો ઉપસ્થિત કરે છે; તેઓના તે તર્કજન્ય સંદેહો પ્રતિષ્ઠાપાત્ર નથી. કોઇ કહેશે કે, 'તેવી વાતો અમારી બુદ્ધિમાં ઉતરતી નથી, તેથી અમે તેને કેવી રીતે માનીએ ?' તેઓએ જાણવું જોઇએ કે, નાના બાળકની આગળ કોઇ અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ કરે અને તે બાળકની બુદ્ધિમાં ન ઉતરે, તથા તે તેને મિથ્યા કહે, તેથી શું તે અધ્યાત્મજ્ઞાન મિથ્યા થઇ જાય ? નહિજ. એથી તો તેજ ઉલટો બાલબુદ્ધિનો ગણાય. બુદ્ધિમાં ઉતરવા ન ઉતરવાથી કોઇ રીતે વસ્તુની સ્થિતિ પલટાઇ જતી નથી. જોનારની દૃષ્ટિના ભેદથી જો વસ્તુસ્થિતિ બદલાઇ જતી હોય તો તો દોરડી પણ સર્પ થઇ જાય ! રે ! બ્રહ્મ પણ કાયમને માટે જગનભાવ પામી જાય ! પરંતુ તેમ નહિ થતાં, તેવા વિવર્તો તો તેના જોનારનેજ બાધક થઈ પડે છે. સંશયદૃષ્ટિથી જોનારો સંશયમાંજ ગોથાં ખાયા કરે છે; કારણકે તેને વસ્તુતત્ત્વ ન જણાતાં સંશયોજ જણાયા કરે છે અને તેવાઓને માટે શ્રીકૃષ્ણે કહ્યું છે કે, '**संशयात्मा विनश्यति**–અર્થાત્ સંશયગ્રસ્ત વિનાશ પામે છે–સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે.' આપણે એક સુપ્રસિદ્ધ દૃષ્ટાંત લ્યો કે, આપણા દેશમાં જ્યારે રેલ્વે, તાર, વિદ્યુતનાં યંત્રો, તારનાં દોરડાંવિનાના સંદેશાઓ વગેરે ન હતાં, ત્યારે કોઇ આપણને કહે કે, "યૂરોપમાં તો વાહનોવિના ગાડીઓ ચાલે છે, તારમાંથી સંદેશાઓ જાય છે, વિજળીથી દીવાઓ થાય છે અને વગરદોરડાંથી આકાશમાર્ગે સંદેશાઓ પહોંચે છે; તો આપણે તેને કહીશું કે, એ વાત ખોટી છે; કારણ કે એ ધ્યાનમાં ઉતરતી નથી.". શું આપણા કહેવાથી તે વસ્તુઓ

ખોટી થઇ જશે? નહિજ. પૂર્વે જે વાત આપણી બુદ્ધિમાં ઉતરતી ન હતી તથા વિસ્મયજનક લાગતી હતી, તેજ વસ્તુઓનો આજે આપણે આશ્ચર્યરહિત થઇને યથેચ્છ ઉપયોગ કરીએ છીએ. તેનું કારણ એજ છે કે, તે વસ્તુઓની પ્રાપ્તિને માટે તદનુરૂપ ઉદ્યોગ થયો એટલે તે અતર્કિત વસ્તુઓ પણ તર્કમાં આવી અને તે ઉપયોગમાં પણ લેવાઇ.

તે રીતેજ પ્રાચીન ઇતિહાસાદિક ગ્રંથોમાં વર્ણવેલી અદ્‌ભુત શક્તિઓને જેઓ શ્રદ્ધાથી નથી જોતા; તેમજ તે સમજવા જેટલી યોગ્યતા પણ ધરાવતા નથી તેઓ ભલે તેને મિથ્યા કહે અથવા તેનાં રૂપકો ગોઠવે; પરંતુ તેથી તે દૈવી શક્તિઓનું અસ્તિત્વ મિથ્યા થઈ જતું નથી. જેમ કોઇ પર્વતના શિખર ઉપરથી આવીને તે શિખર ઉપર રહેલા સુંદર નગરનું વર્ણન, જે પર્વત ઉપર ન ચઢી શકનારો હોય તેની આગળ કરે અને તે વર્ણનને તેવોજ સાંભળનારો ખોટું કહે; તો તેથી શું તે વાત કહેનારો અથવા તે નગર ખોટું ઠરે છે? નહિજ. ઉલટો તેજ હાસ્યાસ્પદ થાય છે; માટે તેમ ન થવા સારૂ ઉત્તમ માર્ગ એજ છે કે, તેણેજ કોઇપણ ઉપાયથી પર્વત ઉપર ચઢીને તે નગરને પ્રત્યક્ષ કરવું જોઇએ. આમ કરવાથીજ તેવો પ્રત્યક્ષ કરનારો જે કહે છે તે પ્રમાણભૂત મનાય છે; તેમજ દૈવી શક્તિઓને મિથ્યા કહેનારાઓએ પણ તેવી શક્તિ મેળવવી જોઇએ; અથવા તેવી શક્તિ ન મેળવાય તો વ્યાસાદિ મહર્ષિઓની પેઠે તપોનિષ્ઠ તથા જ્ઞાનપરાયણ થવું જોઇએ; કે જેથી તેવા મહર્ષિઓના આશય સમજવાની શક્તિ આવે. અર્જુનને શ્રીહરિનુ વિશ્વરૂપ જોવામાટે ચર્મચક્ષુઓ કામ આવે તેમ ન હતી, તેથીજ શ્રીકૃષ્ણે **'दिव्यं ददामि ते चक्षु.'** કહીને તેને દિવ્ય દૃષ્ટિ આપી હતી; તેજ પ્રમાણે દૈવી શક્તિઓ સમજવામાટે પણ દૈવી બુદ્ધિજ ઉપયોગી થાય, અને માનુષી મંદ બુદ્ધિ તો ગભરાઇજ જાય. અને એ હેતુથીજ કહ્યું છે કેઃ-

अचिंत्याः खलु ये भावा न तांस्तर्केण साधयेत्। ना प्रतिष्ठित तर्केण गंभीरार्थस्य निश्चयः॥

અર્થાત્ જે અચિંત્ય ભાવો છે તેને તર્કથી સાધવા નહિ. કારણકે માત્ર અપ્રતિષ્ઠિત તર્કવડેજ કાઇ ગંભીર અર્થનો નિશ્ચય થઈ શકતો નથી.

શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રપરિશીલન કરવામાં આવે તોજ વસ્તુતત્ત્વ સમજાય છે.

આગળ જણાવ્યા પ્રમાણેની યોગ્યતા સંપાદન કરવામાટે જો પોતાની શક્તિ ન હોય તો શ્રદ્ધા રાખીનેજ મહર્ષિપ્રોક્ત ઉત્તમ ગ્રંથોનું શ્રવણમનન કરવું, એમાથી રુચે તેજ ગ્રહણ કરવું અને ઇતર વાત પડતી મૂકવી; પરંતુ **'न बुद्धिभेदं जनयेत'** એટલું ભગવદ્વાક્ય હમેશ યાદ રાખીને શ્રદ્ધાશીલ જનોના હૃદયમાં શંકાનાં બીજ તો વાવવાજ નહિ. કારણ કે ધાર્મિક ગ્રંથોનું મુખ્ય અવલંબન શ્રદ્ધાજ છે;અને શ્રદ્ધાળુઓજ તેના રસને-રહસ્યને પ્રાપ્ત થાય છે. વળી એવાઓને તો એમા કંઇ અસંભવિત પણ જણાતુ નથી; કારણ કે **સર્વશક્તિમાન ઇશ્વર સર્વત્ર સભર રહેલો હોવાથી તે જ્યાં જ્યાં અધિકઅધિકઅભિવ્યકત થયો હોય ત્યાંત્યાં અધિક શકિતઓ જણાય એમાં કંઇજ નવાઇનથી.** એવા શ્રદ્ધાળુ ભકતો તો એમજ કહેશે કે,**'दैवस्य मायया स्पृष्टाः ये केचिदसदाश्रिताः। भिद्यते धीर्नतद्वाक्यैरात्मन्युप्तात्मनो हरौ॥'** (ઉદ્ધવ વાકય)અર્થાત્ આત્મરૂપ હરિમાં અર્પેલા મનવાળા ભકતોની બુદ્ધિ, ઇશ્વરની માયાથી સ્પર્શાયેલા અને મિથ્યા વસ્તુના આશ્રયવાળા પુરુષોનાં વાકયોથી ભેદાતીજ નથી.

મહાભારતની ત્રણ આવૃત્તિ

કેટલાએક મહાભારતની ત્રણ આવૃત્તિઓ થઈ છે, એમ માને છે. પહેલી વ્યાસોક્ત ચોવીસ હજાર શ્લોકની. તેમાં તેઓ પ્રમાણ આપે છે કે,**'चतुर्विंशति साहस्रीं चक्रे भारतसंहिताम्।** વ્યાસે ચોવીસહજાર શ્લોકની ભારતસંહિતા કરી.' બીજી આવૃત્તિ વૈશંપાયન અને જનમેજયના સંવાદરૂપથી; અને ત્રીજી આવૃત્તિ સૌતિ તથા શૌનકના સંવાદરૂપથી, કે જે અત્યારે ઉપલબ્ધ થતા મહાભારતના નામથી ઓળખાય છે. આ પાછળની બે આવૃત્તિઓ વ્યાસનિર્મિત નથી. તેમાં એ કારણ આપે છે કે, એ પાછળથી થયેલા સંવાદોને વ્યાસમુનિ પ્રથમથી પોતાના ગ્રંથમા શી રીતે સ્થાન આપી શકે? વળી સૌતિની આવૃત્તિ તો ઈ. સ. પૂર્વે બસેં વર્ષ ઉપરજ તૈયાર થઇ છે, ઇત્યાદિ.

ભારતની ચાર કૃતિ

એ એમનાં મંતવ્ય ઉપર આપણે વિચાર કરીએ. એમાં પ્રથમ **'चतुर्विंशति साहस्रीं'** એ શ્લોક જે સ્થાનમાં આપેલો છે તેની આજુબાજુના શ્લોકોનો સંબંધ જોઇએ. આદિપર્વના પ્રથમ અધ્યાયમાં એ શ્લોકો આ રીતે આપેલા છેઃ

इदं शतसहस्रं तु लोकानां पुण्यकर्मणाम् । उपाख्यानैः सह ज्ञेयमाद्यं भारतमुत्तमम् चतुर्विंशतीसाहस्रीं चक्रे भारतसंहिताम् ॥ १-१-१०२ ॥ उपाख्यानैर्विना तावद्भारतं प्रोच्यते बुधैः । ततोऽध्यर्धशतं भूयः संक्षेपं कृतवानृषिः॥३॥ अनुक्रमणिकाध्यायं वृत्तांतानां सपर्वणाम् । इदं द्वैपायनः पूर्वं पुत्रमध्यापयच्छुकम् ॥४॥ ततोऽन्येभ्योनुरूपेभ्यः शिष्येभ्यः प्रददौ विभुः । षष्टिंशतसहस्राणि चकारान्यां ससंहिताम् ॥५॥ त्रिंशच्छत सहस्रं च देवलोके प्रतिष्ठितम् । पित्र्ये पंचदश प्रोक्तं गंधर्वेषु चतुर्दश ॥ ६ ॥ एकं शतसहस्रं तु मानुषेषु प्रतिष्ठितम् । नारदो श्रावयद्देवा नासितो देवलः पितॄन् ॥ ७ ॥ गंधर्वयक्षरक्षांसि श्रावयामास वै शुकः । अस्मिंस्तु मानुषे लोके वैशंपायन उक्तवान् ॥८॥ शिष्यो व्यासस्य धर्मात्मा सर्ववेदविदांवरः । एकं शतसहस्रं तु मयोक्तं वै निबोधत ॥ १०९ ॥

ભાવાર્થઃ-(સૌતિ કહે છે કે,) "આ પુણ્યકર્મવાળા લોકોનાં ઉપાખ્યાનોની સાથે એક લાખ શ્લોકનું ઉત્તમ આદિભારત છે, એમ તમે જાણો. વ્યાસે ઉપાખ્યાનોવિના ચોવીસ હજાર શ્લોકની ભારતસંહિતા કરી હતી અને વિદ્વાનો તેટલાને ભારત કહે છે. તે પછી ઋષિએ ફરી સંક્ષેપ કરીને દોઢસો શ્લોકનો પર્વો સાથે વૃત્તાંતોનો એક અનુક્રમણિકાધ્યાય કર્યો. દ્વૈપાયને આ ભારત પ્રથમ પોતાના પુત્ર શુકદેવને ભણાવ્યું. તે પછી તે સમર્થ ઋષિએ બીજા યોગ્ય શિષ્યોને ભણાવ્યું. વળી વ્યાસ મહર્ષિએ સાઠલાખ શ્લોકની એક બીજી ભારતસંહિતા કરી. તેમાંથી ત્રીસલાખ શ્લોકો નારદે દેવલોકમાં કહ્યા અને તે ત્યાંજ રહ્યા. અસિતદેવલે પિતૃઓને પંદર લાખ શ્લોક સંભળાવ્યા; શુકદેવે ગંધર્વ, યક્ષ આદિને ચૌદલાખ શ્લોક સંભળાવ્યા અને આ મનુષ્યલોકમાં વ્યાસના ધર્માત્મા તથા સર્વ વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા શિષ્ય વૈશંપાયને એક લાખ શ્લોક કહ્યા. તે વૈશંપાયનોક્ત ભારત હું કહું છું, તેને તમે યથાર્થ શ્રવણ કરો."

સમન્વય

ઉપર આપેલા શ્લોકોથી વિદિત થયું હશે કે, વ્યાસ મહર્ષિએ માત્ર ચોવીસ હજાર શ્લોકનુંજ ભારત કર્યું ન હતું; પરંતુ તેમણે લાખ શ્લોકની, ચોવીસ હજાર શ્લોકની, દોઢસો શ્લોકની અને સાઠલાખ શ્લોકની એમ જૂદી જૂદી ચાર ભારત સંહિતાઓ કરી હતી. તેમાં સાઠલાખ શ્લોકની ભારત સંહિતામાંથી આપણા લોકમાં માત્ર એક લાખ શ્લોકજ રહ્યા છે, તેથી તે ઓગણસાઠ લાખ શ્લોકોનો આપણે વિચાર કરવાનો રહેતો નથી. વળી જે એ સાઠલાખ શ્લોકો કહ્યા, તે પણ પ્રથમના લાખ શ્લોકો મેળવીનેજ કહેલા હોવા જોઇએ; કારણકે તેમ ન હોય તો પૂર્વોક્ત લાખ શ્લોકો અને આ સાઠ લાખમાંના લાખ શ્લોકો મળીને આપણા લોકમાં બે લાખ શ્લોકનું એક ભારત મળવું જોઇએ અથવા લાખ લાખ શ્લોકનાં બે મળવાં જોઇએ; પરંતુ તે મળતાં નથી. તે ઉપરથી એ સિદ્ધ થાય છે કે, તે લાખ શ્લોકની સાથેજ સાઠ લાખ શ્લોકવાળી ભારત સંહિતા થઇ. તેમાંના એક લાખ શ્લોકો જે પ્રથમ જણાવેલા છે, તેજ આપણે ત્યાં રહ્યા છે. હવે ચોવીસહજાર શ્લોકવાળી ભારત સંહિતાનો વિચાર કરીએ, તો તે ભારત જેમ મોટો મહેલ રચવાનો હોય ત્યારે પ્રથમ તેનું સામાન્ય સ્વરૂપ ઉભું કરવું પડે છે; જેમ મોટી વાર્તા લખવી હોય ત્યારે તેનું પૂર્વસ્વરૂપ લખવું પડે છે; તેમજ તે માત્ર ભરતવંશીઓના ઇતિહાસનું બીજાં આખ્યાનો તથા ઉપાખ્યાનોવિનાનું સ્વરૂપ ઘડેલું ગણાય. તે ચોવીસ હજાર શ્લોક જેટલું ભારત ભગવાન વ્યાસના મનમાં તૈયાર થયું, એટલે તેમણે ભરતવંશીઓનાં ચરિત્રાની સાથે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષપ્રતિપાદક અનેક આખ્યાનો તથા ઉપાખ્યાનો આદિ ઉમેરીને એક લાખ શ્લોક જેટલું પૂર તૈયાર કર્યું; અને તેમાંજ ચોવીસહજાર શ્લોકો અંતર્ભાવ પામી ગયા. કારણ કે તે ચોવીસહજાર શ્લોકવાળું ભારત આપણા જોવામાં આવતું નથી તેમજ તેનું કોઇ ગ્રંથમાં વર્ણન પણ આવતું નથી. આથી તે લાખ શ્લોકોમાંજ સમાઇ ગયેલું ગણાય. તે પછી એ ગ્રંથનું યથાર્થ બંધારણ રહેવા માટે વ્યાસજીએ દોઢસો શ્લોકનો અનુક્રમણિકાધ્યાય કર્યો અને તેને પણ પ્રથમાધ્યાયમાં મેળવી દીધો. એટલે આપણને જે ભારત અત્યારે ઉપલબ્ધ છે, તેનું સ્વરૂપ તૈયાર થયું. આ રીતે '**चतुर्विंशतो साहस्रीं**' એ મુદ્દાનો વિચાર કરતાં આપણે **એ જોયું કે, કૃષ્ણદ્વૈપાયન મુનિએ માત્ર ચોવીસહજારજ શ્લોકનો ગ્રંથ કર્યો નથી.**

વ્યાસે ત્રિકાલજ્ઞતાથી મહાભારત નિર્મ્યું છે.

હવે વૈશંપાયન તથા જનમેજયના સંવાદોને અને સૌતિ તથા શૌનકના સંવાદોને તે સંવાદો થતાં પહેલાં વ્યાસમુનિ પોતાના ગ્રંથમાં કેવી રીતે આપી શકે ? એ મુદ્દા ઉપર વિચાર કરીએ. એ સંબંધમાં શ્રદ્ધાળુ જનોને માટે લાંબો પરિશ્રમ કરવો પડે તેમ નથી, કારણકે તેઓને તો વ્યાસમુનિનું સ્વરૂપ સમજાતાંજ તે સર્વ શકય લાગે તેમ છે. માટે વ્યાસમુનિને ઇતિહાસ તથા પુરાણોમાં કેવા વર્ણવ્યા છે તે આપણે જોઇએ. પુરાણોમાં વ્યાસજીને ભગવાનના અવતાર ગણેલા છે. **ततः सप्तदशे जातः सत्यवत्यां पराशरात्। चक्रे वेदतरोः शाखा दृष्ट्वापुंसोऽल्पमेधसः ॥** (જુઓ શ્રીમદ્ભાગવત ૧-૩-૨૧) તે પછી ભગવાન સત્તરમા અવતારમાં પરાશરથી સત્યવતીમાં ઉત્પન્ન થયા અને તેમણે પુરુષોને અલ્પબુદ્ધિવાળા જોઇને વેદવૃક્ષની શાખાઓ કરી. વળી **जातः पराशराद्योगी वासव्यां कलया हरेः।** (ભાગવત-૧-૪-૧૪) યોગી વ્યાસ શ્રીહરિની કલાવડે વસુની કન્યા સત્યવતીમાં પરાશરથી ઉત્પન્ન થયા. **व्यासो नारायणो हरिः।** વ્યાસ પોતે શ્રી હરિ નારાયણ છે. ઈત્યાદિ વાકયો પુરાણોમાં પુષ્કળ મળશે. મહાભારતમાં પણ તેવાં માહાત્મ્યસૂચક અનેક વાકયો છે, તેમાંથી અહીં એક-બે શ્લોક ઉતારવામાં આવે છેઃ-

जातमात्रश्च यः सद्य इष्टया देहमवीवृधत्। वेदांश्चाधिजगे सांगान्सेतिहासान्महायशाः ॥
विव्यासैकं चतुर्धायो वेदं वेदविदांवरः। परावरज्ञो ब्रह्मर्षिः कविः सत्यव्रतः शुचिः १।६०।३-५

અર્થાત્-જેમણે ઉત્પન્ન થતાં તુરતજ પોતાની ઇચ્છા પ્રમાણે દેહ વધારી દીધો હતો અને જે મહાયશસ્વી પોતે ઇતિહાસની સાથે અંગોસહિત વેદો ભણી ગયા હતા; વળી વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ, નિરુપાધિક તથા સોપાધિક બ્રહ્મને જાણનારા, કવિ, ત્રિકાળવેત્તા, સત્ય સંકલ્પવાળા અને પવિત્ર એવા તે બ્રહ્મર્ષિએ એક વેદના (ચાતુર્હોત્રિક કર્મને માટે) ચાર વિભાગ કર્યા.

આ પ્રકારનાં અદ્ભુત દૈવી સામર્થ્યવાળા, ત્રિકાલજ્ઞ અને ભગવદાવતારરૂપ શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ, તે સંવાદો થતાં પહેલા પણ પોતાના ભવિષ્યજ્ઞાનથી તે સંવાદો સાથેનું મહાભારત નિર્માણ કરે એમાં આશ્ચર્ય જેવું શું છે ? ઈશશક્તિમાં શ્રદ્ધા રાખનારાઓને તો તેમાં કંઇ નવાઇ લાગતી નથી, તેમ સંશય પણ ઉદ્‌ભવતો નથી, એટલે તેવાઓને માટે આટલું કહેવું એ પણ પૂરતું છે. પરંતુ પોતાને અનુકૂળ લાગતાં વચનોને પ્રમાણતરીકે લેનારા અને પ્રતિકૂળ લાગતાં વચનોને પાછળથી ઘુસાડી દીધેલાં કહેનારા, તેમજ મનુષ્યદેહ ધારણ કરનારા ઇશ્વરાંશોમાં પણ દૈવી સામર્થ્યોને ન માનનારા, એવાઓનો એક વર્ગ છે. માટે એવાઓનાં મંતવ્યોનો ચેપ શ્રદ્ધાળુ હૃદયોમાં દાખલ થઇને કંઈ અનિષ્ટ ન કરે એટલા સારૂ એ વિષે આટલું અહીં લખ્યું છે. વળી પૂર્વકાળના મહાવિદ્વાન ટીકાકારો પોતે જે ગ્રંથની ટીકા કરતા હોય તે ગ્રંથમાં જે લખ્યું હોય તેનો સમન્વય કરવામાંજ પોતાનું પાંડિત્ય વિચારતા હતા. તેઓની દૃષ્ટિમાં કોઇ મહાન અશુદ્ધ પ્રયોગ જોવામાં આવે અને તેનો સમન્વય થાય તેમ ન હોય તો ત્યાં તેઓ મધુર શબ્દોમાં **'आर्षोऽयं प्रयोगः'** આ પ્રયોગ ઋષિકૃત છે, ઇત્યાદિ કહીને આગળ ચાલતા; પરંતુ હવેના સુધરેલા ગ્રંથનિરીક્ષકો તો કોઇ જૂદાંજ ચશ્માં ચઢાવીને ગ્રંથોનું નિરીક્ષણ કરે છે, એટલે તેઓની દૃષ્ટિને પ્રાચીન ગ્રંથોમાં અનેકાનેક ચ્યુતિઓ દેખા દે છે; અને તે જોતાંજ તેઓ સંહારાસ્ત્રનો પ્રયોગ કરીને ગ્રંથનું ગૌરવ, તેના ઉપર લોકોની શ્રદ્ધા, ગ્રંથની યોગ્યતા, આદિનો વિચાર ન કરતાં તેનું ખંડનજ કરવા મંડી પડે છે. જો કે તેવો એકે ગ્રંથ લખવાની પોતાની શક્તિ ન હોય તે વાત જૂદી છે. તેવા દોષસૂચકોથી ધાર્મિક શ્રદ્ધાળુઓને બચાવવા એ પણ મંડનધર્મનો હેતુ છે.

બીજી રીતે વિચાર

હવે આપણે, ભારત નિર્માણ કરતાં લાગેલા સમયનો, વ્યાસમુનિની કવનશક્તિનો, ભારતમાં આવેલાં તત્ત્વોનો અને તેના લેખનને માટે મહાસમર્થ લેખકની અપેક્ષાનો વિચાર કરીશું તો તેથી પણ સહજ સમજાશે કે, વ્યાસજીએ માત્ર ચોવીસહજાર શ્લોકોજ કર્યા નથી, પણ સંપૂર્ણ મહાભારત કર્યું છે. મહાભારતની રચનાનો સમય આપતાં વૈશંપાયન કહે છે કેઃ-

त्रिभिर्वर्षैः सदोत्थायी कृष्णद्वैपायनो मुनिः । महाभारतमाख्यानं कृतवानिदमद्भुतम् ॥
(મ૦ ભા૦ ૧-૬૨-૫૨)

કૃષ્ણદ્વૈપાયન મુનિએ નિત્ય ઉદ્યોગપરાયણ રહીને ત્રણ વર્ષે આ અદ્ભુત મહાભારત આખ્યાન કર્યું છે.

વાંચક જોશે કે, જે વ્યાસજીની કવિતા રચવાની અને બોલવાની શીઘ્રતા, બુદ્ધિપતિ શ્રીગણેશજીની પ્રવાહબંધ વહેતી લેખિનીને પણ થકવી નાખતી હતી; તે વ્યાસજીને માત્ર ચોવીસહજાર શ્લોક કરવા માટે ત્રણ ત્રણ વર્ષ અને તેમાં પણ સતત પ્રવૃત્તિની શી અપેક્ષા હોય? નજ હોય. આ એક કારણથી સિદ્ધ થાય છે કે, એ લક્ષશ્લોકાત્મક ગ્રંથ વ્યાસનિર્મિતજ છે.

ભારતલેખનપ્રસંગ

હવે બીજાં કારણો તપાસવાને માટે એ આખો ભારતલેખનપ્રસંગ અહીં ઉતારીએ છીએઃ—

तपसा ब्रह्मचर्येण व्यस्य वेदं सनातनम् । इतिहासमिमं चक्रे पुण्यं सत्यवतीसुतः ।(મ૦૧–૧–૫૪)
तद्व्याख्यान वरिष्ठं स कृत्वा द्वैपायनः प्रभुः । कथमध्यापयानीह शिष्यानित्यन्वचिंतयत् ॥
(મ૦ ૧–૧–૫૫)

સત્યવતીના પુત્ર વ્યાસજીએ તપશ્ચર્યા અને બ્રહ્મચર્યપૂર્વક સનાતન વેદનો વિભાગ કરીને આ પવિત્ર ઇતિહાસ કર્યો છે. પ્રભુ દ્વૈપાયન એ ઉત્તમ આખ્યાન કરીને ચિંતન કરવા લાગ્યા કે, હવે હું આ ગ્રંથ શિષ્યોને કેવી રીતે ભણાવું? વ્યાસજીના એ ચિંતનને જાણીને લોકગુરુ બ્રહ્મા પોતે તેમને પ્રસન્ન કરવા અને લોકોના હિતની કામનાથી ત્યાં આવ્યા. તેમને જોઇને સર્વ મુનિગણોથી વિંટાયેલા વ્યાસજી વિસ્મિત થઇ, પ્રણામ કરી, હાથ જોડીને ઉભા રહ્યા અને તેમણે બ્રહ્મદેવને આસન આપ્યું. તે ઉત્તમ આસન ઉપર બેઠેલા બ્રહ્માની પ્રદક્ષિણા કરીને તે આસન પાસે વ્યાસ ઉભા રહ્યા. પછી પરમેષ્ઠી બ્રહ્માએ આજ્ઞા કરી એટલે શુદ્ધ સ્મિતવાળા વ્યાસ પ્રસન્ન થઇને આસન પાસે બેઠા અને તે મહાતેજસ્વી પરમેષ્ઠી બ્રહ્માને કહેવા લાગ્યા કે, 'ભગવન! મેં સર્વોત્કૃષ્ટ કાવ્ય રચ્યું છે. હે બ્રહ્મન! એ ગ્રંથમાં મેં વેદોનું રહસ્ય, વેદનાં અંગો, ઉપનિષદો, વેદોનો વિસ્તાર અને બીજું જે કંઈ વેદમાં છે તે; વળી ઇતિહાસો, પુરાણો, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળની સ્થિતિ; જરા, મૃત્યુ, ભય, વ્યાધિ, અસ્તિત્વ અને વિનાશિતાનો નિશ્ચય; વિવિધ ધર્મનાં તથા આશ્રમોનાં લક્ષણ, ચારે વર્ણોના ધર્મ અને પુરાણોનું સમગ્ર તાત્પર્ય; તપ, બ્રહ્મચર્ય, પૃથ્વી, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા તથા યુગોનું પ્રમાણ; ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અધ્યાત્મશાસ્ત્ર, ન્યાય, શિક્ષા, ચિકિત્સા, દાન, અંતર્યામીનું માહાત્મ્ય, કર્માનુરૂપ દિવ્ય અથવા માનુષ જન્મ, પવિત્ર તીર્થો, દેશો,* નદીઓ, પર્વતો,

* પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં આપેલાં દેશોના નામોનાં અર્વાચીન નામો ઉપયોગી જાણી એક ચોપાનીઆના આધાર ઉપરથી આપ્યાં છે.

નૈષધ–બંગાલ	ગાંધાર–કંદહાર	હૂણ–તિબેટ
પાંચાલ–પંજાબ	બાલ્હિક–અર્બસ્તાન	મેદપાટ–મેવાડ
મરુ–મારવાડ	સિંધુ–સિંધ	ગૌડ–બંગાળાનો ભાગ
કિરાત–સુન્દા (ઉન્નુર)	માલવ–માળવા	કેરલ–(મલબાર) ગોવા
કાન્યકુબ્જ–કનોજ	મલ્લિયાડ–મલબાર	દ્રવિડ–ત્રાવણકોર વગેરે
કોસલ–અયોધ્યા, લખનૌ	બંગ–બંગાળ	અવંતી–માળવા (ઇંદોર)
પારિસિક–ઇરાન	મૈથીલ–ગોરખ પ્રાંત	પાનાટ–પ્રયાગ પ્રદેશ
પાંડ્–મદ્રાસ પ્રદેશ	સૌવીર–સિંધભાગ	અંગ–બિહાર
મત્સ્ય–કાનપુર	વિદર્ભ–વરાડ	ભોજકટ–કચ્છ
દશાર્ણ–દ્વારકાપ્રદેશ	ચેદ્ય–પૂર્વહિંદુસ્થાન	કુંતલ–કલબુર્ગા
ભદ્ર-મિસર	જાલંદર–પંજાબનો દક્ષિણભાગ	ટંકણ–કુર્ગ
ભોજ–કાશીપ્રદેશ	કાંબોજ–રોહિલખંડ	સૌરાષ્ટ્ર–સોરઠ
દ્રાવીડ–મદ્રાસ	કલિંગ–ઓઢિયા	નૈધ્રુવ–દિલ્લી નજીકનો પ્રદેશ
પુલિંદ–બલુચિસ્તાન	આનર્ત્ત–દ્વારકા	ચોલ–તંજાવર
કામરૂપ–આસામ	આંધ્ર–તૈલંગણ	ગુર્જર–ગુજરાત
બર્બર–બાર્બરી–આફ્રિકા	શૂરસેન–મથુરા નજીકનો પ્રદેશ	કુરુ–આગ્રા વગેરે
કૈકય–કાબુલ	મૈથિલ–ગોરખપુરપ્રાંત	વંગ–બંગાળ
	મગધ–ગયા પ્રદેશ	કરહાટ–કોકણ (ખાનદેશ)

વનો, સાગરો, દિવ્ય નગરો, કિલ્લાઓ તથા વ્યૂહરચનાઓ, ભિન્ન ભિન્ન કોટીના મનુષ્યોની સંભાષણપદ્ધતિઓ, નીતિશાસ્ત્ર અને સર્વવ્યાપક બ્રહ્મનું પણ નિરૂપણ કર્યું છે; પરંતુ પૃથ્વીમાં મને એનો કોઈ લેખક જડતો નથી.'

બ્રહ્મા બોલ્યા:–'તમે રહસ્યજ્ઞાનવેત્તા હોવાથી હું તમને તપસ્વી અને શ્રેષ્ઠ મુનિસમૂહો કરતાં અતિશય શ્રેષ્ઠ માનું છું. જન્મથી આરંભીને તમારી વેદવાદિની સત્ય વાણીને હું જાણું છું. તમે તમારા ગ્રંથને કાવ્ય કહ્યું, માટે તે કાવ્ય કહેવાશે. જેમ બીજા ત્રણ આશ્રમો ગૃહસ્થાશ્રમ કરતાં ચઢી જાય નહિ, તેમ આ તમારા કાવ્યથી ચઢિયાતું કાવ્ય કરવા કવિઓ સમર્થ થશે નહિ. હવે હે મુને! તમે તમારાં કાવ્યને લખવા માટે ગણપતિનું સ્મરણ કરો.'

સૌતિ કહે છેઃ–આ પ્રમાણે વ્યાસજીને કહીને બ્રહ્મા પોતાના સ્થાનમાં ગયા. તે પછી સત્યવતીના પુત્ર વ્યાસે ગણપતિનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાજ ભક્તેચ્છાપૂરક વિઘ્નેશ ગણપતિ જ્યાં વ્યાસજી બેઠા હતા ત્યાં આવ્યા. હે નિષ્પાપ શૌનક! પૂજા કર્યા પછી તથા બેઠા પછી વ્યાસજીએ તેમને કહ્યું કે, 'હે ગણનાયક! મેં મનમાં તૈયાર કરેલા આ ભારતને હું પોતે બોલું છું અને તેના તમે લેખક થાઓ.'

આ સાંભળીને ગણપતિએ કહ્યું કે. 'લખતાં લખતાં મારી કલમ એક ક્ષણ પણ અટકે નહિ તેમ તમે લખાવતા હો તો હું ભારતનો લેખક થાઉં.' ત્યારે વ્યાસે પણ તે દેવને કહ્યું કે, 'તમારે સમજ્યાવિના કદાપિ લખવું નહિ.' પછી ૐ(ભલે)એમ કહીને ગણપતિ લેખક થયા.

તે પછી વ્યાસ મુનિ કુતૂહલથી ગ્રંથની ગૂઢ રચના કરવા લાગ્યા. તે શ્લોકોના સંબંધમાં દ્વૈપાયનમુનિએ પ્રતિજ્ઞાપૂર્વક આ પ્રમાણે કહ્યું છે કેઃ–'**अष्टौ श्लोकसहस्राणि अष्टौ श्लोक शतानि च । अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा ॥** ભારતના આઠહજાર અને આઠસો શ્લોકોને હું સમજું છું અને શુક સમજે છે. સંજય તેને સમજે છે કે નહિ તે સંશયજ છે.'

હે મુનિ! તે દૃઢ રચનાવાળા કૂટ શ્લોકોમાં ગૂઢ અર્થ હોવાથી શબ્દાદિ પ્રમાણોનો આશ્રય કરતાં પણ અદ્યાપિ તેના અર્થો ખુલ્લા થતા નથી. અહો, સર્વજ્ઞ એવા ગણપતિ પણ તેવા શ્લોકોનો ક્ષણભર વિચાર કરતા બેસી રહેતા હતા અને એટલામાં વ્યાસજી પણ બીજા ઘણા શ્લોકો રચી કાઢતા હતા.

તાત્પર્ય

મહાભારતના શરૂ ભાગમાં આપેલા ભારતલેખનના પ્રસંગ ઉપરથી પણ સમજાય છે કે, વ્યાસજીએ મનમાં નિર્મેલો એ ગ્રંથ ઘણોજ મોટો હોવો જોઇએ. જો તેમ ન હોય તો એવા સમર્થને સામાન્ય લઘુ ગ્રંથમાટે લેખકની ચિંતા કરવી પડે નહિ; બ્રહ્માને આવવું પડે નહિ અને શ્રી ગણેશજીને લેખક પણ થવું પડે નહિ. માટે ઉપર જણાવેલા સર્વ સંયોગો જોતાં તેમજ એ ગ્રંથમાં સમાવેલા વિષયોનું ગૌરવ જોતાં એ ગ્રંથ ઘણોજ મોટો હોવો જોઇએ. વળી ગણપતિની સડસડાટ ચાલતી કલમને પહોંચી વળવામાટે તેમને વિચારમાં નાખવા વ્યાસજીએ ઠામ ઠામ કૂટ શ્લોકો નાખ્યા છે અને તેની ગણના પોતેજ આઠહજાર અને આઠસો શ્લોકોની કરી છે. જો ચોવીસ હજાર શ્લોકની ભારતસંહિતામાં તેટલા કૂટ શ્લોકો આવે તો તે વજ્ર જેવી દુર્ભેદ્યજ થઇ પડે. આ હેતુ તેમજ તેવા દેવાધિદેવ ગણપતિની કલમને પૂરી પડે તેવી કવનશક્તિ અને ગ્રંથનિર્માણનો ત્રણ વર્ષ જેટલો લાંબો સમય અને તેમાં પણ સતત પ્રવૃત્તિ, આ સર્વ જોતાં એ નિશ્ચિત થાય છે કે, તે ત્રણ વર્ષે તૈયાર કરેલી ગણપતિ પાસે લખાવેલી ભારતસંહિતા ચોવીસ હજારનીજ નહિ, પણ વ્યાસે ત્રિકાલજ્ઞપણાથી નિર્મેલી સંપૂર્ણ મહાભારતસંહિતાજ છે.

વૈશંપાયને અને સૌતીએ પુસ્તકવિના મુખથીજ કથન કર્યું છે.

આ રીતે વ્યાસના અનાગતદર્શીપણાના વિચારથી તો સરલ ખુલાસો થઈ જાય છે અને મહાભારતની એકજ આવૃત્તિ સિદ્ધ થાય છે; પરંતુ આ વાત જેઓને ગળે ન ઉતરતી હોય તેઓને માટે એક જૂદોજ વિચાર કરીએ. પાંડવોના અવસાન પછી વ્યાસે ભારત નિર્મ્યું હતું તથા વૈશંપાયને જનમેજયના સર્પસત્રમાં પ્રથમ મહાભારત કહ્યું હતું તે આ શ્લોકો ઉપરથી સમજાય છેઃ–
तेषु जातेषु वृद्धेषु गतेषु परमां गतिम । अब्रवीद्भारतं लोके मानुषेऽस्मिन्महानृषिः । जनमेजयेन पृष्टः सन् ब्राह्मणैश्च सहस्रशः ॥१-१-२७॥ शशास शिष्यमासीनं वैशंपायनमन्तिके ।

स सदस्यैः सहासीनः श्रावयामास भारतम् ॥९८॥ कर्मांतरेषु यज्ञस्य चोद्यमानः पुनः पुनः । તેઓ (ધૃતરાષ્ટ્રાદિકો) ઉત્પન્ન થઇને તથા (પુત્રપૌત્રાદિ રૂપથી) વૃદ્ધિ પામીને મૃત્યુ પામ્યા. તે પછી મહર્ષિ વ્યાસે આ મનુષ્યલોકમાં ભારત કર્યું. જનમેજય અને બીજા હજારો બ્રાહ્મણોના પૂછવાથી વ્યાસે પાસે બેઠેલા પોતાના શિષ્ય વૈશંપાયનને ભારતીય કથા કહેવા આજ્ઞા કરી અને યજ્ઞકર્મના અવકાશ વખતે વારંવાર પ્રેરણા થવાથી વૈશંપાયને સભાસદોની સાથે બેસીને ભારતશ્રવણ કરાવ્યું.

આ ઉપરથી જણાય છે કે, વ્યાસજીએ માનસિક ભારત પણ પાંડવોના સ્વધામગમન પછી પરિક્ષિતના સમયમાં કરીને તે શિષ્યોને સંભળાવ્યું હતું; અને તે ભારત જનમેજયના સર્પસત્ર-સમયેજ લોકમાં પ્રથમ પ્રસિદ્ધિમાં આવ્યું, એ વખતે વૈશંપાયને પુસ્તક લઇને વાંચ્યું અથવા વ્યાસજીએ પુસ્તક આપ્યું એવું કંઈ નથી; પરંતુ એમાં ફક્ત કથન કરવાની આજ્ઞાજ જોવામાં આવે છે. વળી વૈશંપાયને આગળ કહ્યું છે કે, **'शृणु राजन्पुरा सम्यग् मयाद्वैपायनाच्छ्रुतम् ।** હે રાજા! પૂર્વે મેં દ્વૈપાયનથી સારી રીતે સાંભળેલું છે તેને તમે સાંભળો.' આ ઉપરથી તે મુખ-પાઠથીજ સાંભળેલું સમજાય છે, ગ્રંથ લખાયેલો નહિ. પછી ભારતનું બીજું વ્યાખ્યાન સૌતિએ શૌનકાદિની આગળ કર્યું. તેણે પણ કહ્યું છે કેઃ—

'कृष्णद्वैपायन प्रोक्ताः सुपुण्याः विविधाः कथाः। कथिताश्चापि विधिवद्या वैशंपायनेन वै ॥
श्रुत्वाऽहंता विचित्रार्था महाभारत संश्रिताः१-१-११। बहुनि संपरिक्रम्य तीर्थान्यायतनानि च।
...गतवानस्मि तं देशं युद्धं यत्राभवत्पुरा। ... दिदृक्षुरागतस्तस्मात्समीपं भवतामिह ॥

અર્થાત્ કૃષ્ણદ્વૈપાયને કહેલી અતિશય પુણ્યજનક વિવિધ કથાઓ, જે વૈશંપાયને વિધિપૂર્વક કથન કરી હતી તે વિચિત્ર અર્થવાળી મહાભારતસંબંધી કથાઓને શ્રવણ કરીને હું ઘણાં ઘણાં તીર્થો તથા મંદિરોમાં ફરતો ફરતો પૂર્વે જ્યા યુદ્ધ થયું હતું તે કુરુક્ષેત્રમાં ગયો હતો. ત્યાંથી હું આપનાં દર્શનની ઇચ્છાથી આપના પાસે અહીં આવ્યો છું.

અહીં સૌતિએ પણ હું શ્રવણ કરીને આવ્યો છું, એમ કહ્યું છે. ગ્રંથનો ઇસારો સરખોએ કર્યો નથી. 'કૃષ્ણદ્વૈપાયને કહેલી અને વૈશંપાયને કથન કરેલી' આ ઉપરથી તે વખતે મહાભારત મોઢે રાખીનેજ કથન કરવાનો વ્યવહાર ચાલુ હશે, એમ સમજાય છે. હવે એ ગ્રંથ ત્રણ વર્ષ જેટલે સમયે નિર્માણ કરીને ગણપતિ પાસે લખાવ્યો, એ સમય સૌતિના મુખની કથા થઇ ગયા પછીનો હોય એમ માનવામાં અને તેમાજ શ્રીકૃષ્ણદ્વૈપાયન મુનિએ વૈશંપાયન તથા જનમેજયના અને સૌતિ તથા નૈમિષવાસીઓના સંવાદો તથા શ્રીગણેશજીનો લેખનપ્રસંગ સમાવ્યો હોય એમ માનવા-માં પણ કંઇ બાધ આવતો નથી; કારણકે વ્યાસજીએ શિષ્યોને ભારત સંભળાવ્યું, તે પછી થોડેજ સમયે વૈશંપાયને જનમેજયના સર્પસત્રમાં કથા કહી અને તે પછી થોડાજ સમયમાં સૌતિએ નૈમિષારણ્યનિવાસી ઋષિઓને ભારતકથા સંભળાવી. વૈશંપાયનની કથા અને સૌતિની કથા બહુ સમયે નહિ થઇ હોય, એમ આપણને ઉપરના શ્લોકોથી સમજાય છે. વળી શ્રીમદ્-ભાગવતમાં શૌનકે કહ્યું છે કેઃ–**'कलिमागतमाज्ञाय क्षेत्रेऽस्मिन्वैष्णवे वयम् । आसीनादीर्घसत्रेण कथायां सक्षणा हरेः ॥१।१।२१॥** અમે કલિયુગને આવેલો જાણીને આ વિષ્ણુના ક્ષેત્રમાં દીર્ઘ-સત્રનો આરંભ કરીને હરિની કથા શ્રવણ કરવા સાવકાશ બેઠા છીએ.' આથી જણાય છે કે કલિના આરંભમાંજ એટલે પરિક્ષિતના સમયમાંજ ઋષિઓ નૈમિષારણ્યમાં બેઠા હતા અને જનમેજયના સર્પસત્રમાં ભારતની કથા સાંભળીને સૌતિએ ત્યાં જઈ એ કથા સંભળાવી; એટલે સમય પણ પાસે પાસેનોજ લાગે છે. તે બન્ને કથાઓ થઇ ગયા પછી મહાભારત ગ્રંથરૂપથી રહે અને બ્રાહ્મ-ણાદિક વર્ણો તેનો લાભ લે એ ઇચ્છાથી શ્રીકૃષ્ણદ્વૈપાયને બ્રહ્માની આજ્ઞાથી ગણપતિને બોલાવીને તે ગ્રંથ લખાવ્યો હોય એમ માનો અથવા તે કથાઓ થતાં પહેલાં અનાગતદર્શીપણાથી લખાવ્યો હોય એમ માનો; પરંતુ મહાભારત કૃષ્ણદ્વૈપાયનવિરચિતજ છે, એમાં સંશય નથી.

ભારતની પાંચ સંહિતાઓનો ભ્રમ

કેટલાએક નીચેના શ્લોકો ઉપરથી ભારતની પાંચ સંહિતાઓ માને છે. તે શ્લોકો આ પ્રમાણે છેઃ–**वेदानध्यापयामास महाभारत पंचमान् । सुमंतुं जैमिनिं पैलं शुकं चैव स्वमात्मजम् ॥ प्रभुर्वरिष्ठो वरदो वैशंपायनमेव च। संहितास्तैः पृथक्त्वेन भारतस्य प्रकाशिताः॥(१-६३,८९-९०)**

તેઓ આ શ્લોકોનો આ પ્રમાણે અર્થ કરે છેઃ–"શ્રેષ્ઠ તથા વરદાયક પ્રભુ વ્યાસે ચાર વેદ અને પાંચમો વેદ મહાભારત તે સુમંતુને, જૈમિનિને, પૈલને, પોતાના પુત્ર શુકદેવને તથા વૈશંપાયનને ભણાવ્યા અને તેઓએ ભારતની જૂદી જૂદી સંહિતાઓ પ્રકટ કરી."

આવો અર્થ કરવો વાસ્તવિક નથી; કારણ કે તેમાંના એકેની સંહિતા હમણાં આપણને મળતી નથી તેમજ તેનું નામ પણ સંભળાતું નથી. માત્ર એક જૈમિનિકૃત પાંડવાશ્વમેધ મળે છે; (આ અશ્વમેધ ભારતના અશ્વમેધ કરતાં બહુ ચમત્કૃતિવાળો છે.) પરંતુ જૈમિનિએ આખી ભારતસંહિતા રચી હતી કે નહિ તે સંશયજ છે. હા, એક એવી કિંવદંતિ ચાલે છે કે, "જ્યારે વ્યાસજીએ મહાભારત રચ્યું ત્યારે જૈમિનિએ પણ મહાભારતની રચના કરી હતી. તે તૈયાર થતાં તેમણે પોતાના ગુરુ શ્રીવ્યાસને તે દેખાડ્યું. ગુરુએ તે ચમત્કૃતિવિશિષ્ટ મહાભારતને જોઇને પોતાના શિષ્યને કહ્યું કે, 'કાં તો આ જગતમાં મારૂં ભારત રહે કે કાં તો તારૂં ભારત રહે; પણ બે ભારત રહેવાં ન જોઇએ.' ત્યારે ગુરુભક્ત શિષ્યે પોતાના ભારતનો કંઇક અંશ રહેવા દઇને બાકીનો ડૂબાડવા કહ્યું અને ગુરુઆજ્ઞાથી તેમ કરતાં અશ્વમેધ માત્ર બાકી રહ્યો છે.'

આ વાત ઉપર કેટલો વિશ્વાસ મૂકવો તે વાચકની ઇચ્છા ઉપર રાખીને આપણે પ્રસ્તુત વિચાર કરીએ. ઉપર જણાવ્યા પ્રમાણે કોઇનીએ ભારતસંહિતા મળતી નથી; તેથી ઉપલા અર્થ કરતાં પંડિત નીલકંઠની ટીકામાં આપેલો અર્થ વધારે બંધબેસતો સમજાય છે. ટીકાકાર લખે છે કે '**भारतस्य मूलभूताः संहिता मंत्रब्राह्मणरूपा वेदाः तैः सुमंतु प्रभृतिभिः प्रकाशिता इदमस्यमूलमिदमस्य मूलमिति स्पष्टीकृतास्तेन प्रत्यक्षवेदमूलमेतदिति भावः ॥** અર્થઃ–તે સુમંતુ પ્રભૃતિએ ભારતની મૂળભૂત સંહિતા–મંત્રબ્રાહ્મણરૂપ વેદો પ્રકાશિત કર્યા–અર્થાત્ આ વસ્તુનું આ મૂળ છે–આનું આ મૂળ છે, એ રીતે સ્પષ્ટ કર્યા; તેથી આ ભારત પ્રત્યક્ષ વેદમૂલક છે એ અભિપ્રાય છે. ભારત વેદમૂલક છે એ સંબંધમાં ટેકારૂપ વ્યાસપ્રતિ નારદજીનું ભાગવતમાં આ પ્રમાણેનું વચન છેઃ—'**भारतव्यपदेशेन ह्याम्नायार्थश्च दर्शितः।** તમે ભારતના બહાનાવડે વેદનો અર્થ દેખાડ્યો છે. આ ઉપરથી પણ ટીકાકારનો અર્થ વાસ્તવિક લાગે છે. વળી આ પ્રમાણે અર્થ કરવાથી ભારતની ભિન્ન ભિન્ન સંહિતાઓનો વિમર્શ પણ કરવો પડતો નથી.

કેટલાએકને આશ્વલાયન ગૃહ્યસૂત્રની ઉક્તિથી પણ ઉપર્યો ભ્રમ થાય છે. ત્યાં કહ્યું છે કે, **सुमन्तु जैमिनि वैशंपायन पैल सूत्र भारत महाभारत धर्माचार्या** અર્થઃ–સુમંતુ, જૈમિનિ, વૈશંપાયન અને પૈલ, એ અનુક્રમે સૂત્ર, ભારત, મહાભારત અને ધર્મના આચાર્યો છે. આથી જૂદી જૂદી સંહિતાઓનો ભ્રમ થાય છે; પણ તે થવો ન જોઇએ. કારણ કે મૂળમાં તેવી સંહિતાઓનાં અભિધાન કર્યાં નથી, પણ મૂળમાં તો સૂત્રાચાર્ય, ભારતાચાર્ય ઇત્યાદિ ઉપનામ દર્શાવવા જેવું કથન છે. આ ઉપરથી ભારતની ભિન્ન ભિન્ન સંહિતાઓ સિદ્ધ થતી નથી.

ઐતિહાસિકતાસંબંધી શંકાનું સમાધાન

આર્યાવર્તના પ્રાચીન ગ્રંથોમાં મહાભારત અને વાલ્મીકિ રામાયણ એ બે ગ્રંથોનેજ ઇતિહાસ એવી સંજ્ઞા છે. મહાભારતનો એ ગ્રંથમાંજ વારવાર ઇતિહાસ નામથી વ્યવહાર કર્યો છે; અને ક્વચિત્ ક્વચિત્ એને પુરાણ, કાવ્ય, આખ્યાન એવાં નામો પણ આપેલાં જોવામાં આવે છે. ખરી રીતે મહાભારત તે બધાં નામોને માટે પાત્ર છે. વ્યાસમુનિએ મહાભારતમાં જે ભિન્ન ભિન્ન તત્ત્વોની ફૂલગુંથણી કરી છે, તે જોઇને કેટલાએક યૂરોપીય પંડિતોને એમાંના કૌરવ-પાંડવો ઐતિહાસિક હશે કે તે વ્યાસમુનિનાં કલ્પિત પાત્રોજ હશે? એવો સંશય ઉપસ્થિત થાય છે; એટલુંજ નહિ પણ કવિએ તે પાછળથી કલ્પીને દાખલ કરેલા છે, એવું પણ તેઓ કહે છે–અર્થાત્ મહાભારતની ઐતિહાસિકતાવિષે શંકા કરે છે.

તેઓના આ સંશયની નિવૃત્તિને માટે એજ ઉત્તર છે કે, જો પાત્રો ઐતિહાસિક ન હોય, કિંતુ કેવળ કવિકલ્પિતજ હોય, તો પાત્રોને બીજા ગ્રંથકર્તાઓ પોતાના ગ્રંથમાં ભાગ્યેજ સ્થાન આપે; પરંતુ પાંડવાદિ પાત્રો તો એવાં છે કે મહાભારત લખાયા પછીનાં પુરાણોમાં તથા સાહિત્યના ગ્રંથોમાં પણ તેઓનાં નામો તથા તેમનાં અનેકાનેક વર્ણનો પણ જોવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં પણ '**शासती पृथिवीं युधिष्ठिरे नृपतौ**' ઇત્યાદિ નામો જોવામાં આવે છે.

વળી વ્યાકરણાચાર્ય પાણિનિનાં સૂત્રોમાં પણ '**वासुदेवार्जुनाभ्यांवुन्**' (૪-૩-૯૮)ઇત્યાદિ ભારતીય પાત્રોનાં નામો જોવામાં આવે છે. આ કરતાં પાંડવોની ઐતિહાસિકતા માટે બીજી શી સાબીતી જોઇએ ? જેઓ માત્ર હાલના નિશાળિયાઓનાજ ઇતિહાસ જેવો ઇતિહાસ જોવા ઇચ્છતા હોય અને જેઓને ભારતીય પ્રાચીન ગ્રંથપ્રણાલીનો પરિચય ન હોય, તેઓ આવા અનેક વિષયોથી ભરપૂર રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોની ઐતિહાસિકતાના સબંધમાં શંકા ધરાવે તો તે જૂદી વાત છે. બાકી સંસ્કૃત સાહિત્યના ઇતિહાસનું તો એજ સ્વરૂપ છે કે, '**धर्मार्थकाममोक्षाणामुपदेशसमन्वितम् । पूर्ववृत्तकथायुक्तमितिहासं प्रचक्षते ॥** અર્થાત ધર્મ, અર્થ, કામ તથા મોક્ષના ઉપદેશથી યુક્ત અને પૂર્વે થઇ ગયેલા વૃત્તાંતોની કથાથી યુક્ત હોય તેને ઇતિહાસ કહેવામાં આવે છે.'

પુરાણતરીકે મહાભારત

મહાભારતને પુરાણનું પણ નામ આપેલું છે. જુઓ,૧-૧-૧૭ '**द्वैपायनेन यत्प्रोक्तंपुराणं परमर्षिणा।**' '**इतिहासमिमं विप्राःपुराणं परिचक्षते।**' ૧-૧૨ '**श्राव्याणामुत्तमं चेदं पुराणमृषिसंस्तुतम्।**' ૧-૬૨ આ રીતે એને કેટલીકવાર પુરાણ કહેલું છે. પુરાણનું લક્ષણ-**सर्गश्च प्रतिसर्गश्च वंशमन्वंतराणि च। वंशानुचरितं चैव पुराणं पंचलक्षणम् ॥** (બ્રહ્મવૈવર્ત પુરાણ) સૃષ્ટિની ઉત્પત્તિ, સૃષ્ટિનો લય, વંશાવલિ, મન્વંતરો અને વંશોનું ચરિત્ર, આ પાંચ લક્ષણો જેમાં હોય છે; તે પુરાણ કહેવાય છે. આ લક્ષણો પણ મહાભારતમાં જોવામાં આવે છે અને તેથી એને પુરાણ કહેવામાં પણ બાધ આવતો નથી.

મહાભારત કાવ્ય

વળી મહાભારતને વ્યાસમુનિએ પોતેજ કાવ્ય એવું નામ આપેલું છે. જુઓ-'**कृतं मयेदं भगवन् काव्यं परमपूजितम्।** (૧-૧-૬૧) અર્થાત હે ભગવન્! મેં આ સર્વોત્કૃષ્ટ કાવ્ય રચ્યું છે.'બ્રહ્માએ પણ કહ્યું છે કે, '**त्वया च काव्यमित्युक्तं तस्मात्काव्यं भविष्यति ।** (૧-૧-૭૨) તેં એને કાવ્ય કહ્યું, માટે એ કાવ્ય કહેવાશે.' સાહિત્યદર્પણકારે કાવ્યનું ટુંકું લક્ષણ બાંધ્યું છે કે, '**वाक्यं रसात्मकं काव्यं**-રસાત્મક વાક્ય તે કાવ્ય.' આ લક્ષણ પ્રમાણે મહાભારત તો રસના પૂરથી ભરપૂર છે, એટલે એ કાવ્ય-મહાકાવ્ય કહેવાય તો તેમાં પણ વિચારણીય કંઇ નથી.

મહાભારતમાં સાંપ્રદાયિક તત્ત્વો

મહાભારતમાં શિવ, શક્તિ, વિષ્ણુ, સૂર્ય, પ્રકૃતિ તથા દેવોની સ્તુતિ, ઉપાસના વગેરે જોવામાં આવે છે. તે જોઇને કેટલાએક કહે છે કે, "તે શૈવ, શક્તિ, વૈષ્ણવ વગેરે સંપ્રદાયપ્રવર્તકોએ 'મહાભારતમાં પણ પોતાના સંપ્રદાયનું મૂળ છે' એ દર્શાવવા પાછળથી ઉમેરી દીધાં છે."

હવે એ સંબંધમાં આપણે એઓનેજ પૂછીશું કે, તમે પ્રાચીન ઇતિહાસ અથવા પુરાણનો કોઈ પણ ગ્રંથ એવો જોયો છે, કે જેમાં એકજ વિષય વર્ણવીને તે મહાગ્રંથની સમાપ્ત કરી હોય ? ઉત્તરમાં નકારજ મળશે. ખરી રીતે પ્રાચીન ગ્રંથોની એવીજ પદ્ધતિ છે. તે સર્વજ્ઞ મહર્ષિઓ જાણતા હતા કે, ત્રિગુણાત્મક સૃષ્ટિમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિના લોકો છે, તેથી તેઓને એક બ્રહ્મની અથવા એક સાત્વિક દેવનીજ ઉપાસના કહીશું તો તેટલાથી તેઓનું મન તેમાં જોડાશે નહિ. માટે જૂદા જૂદા ગુણોથી મિશ્રિત સ્વભાવવાળા લોકોની કોઇ પણ ઉપાસનાદ્વારા પરમાત્મામાં પ્રવૃત્તિ થાય એ ઉદ્દેશ રાખીનેજ તેઓએ ભિન્ન ભિન્ન રૂપોથી ઈશ્વરનું વર્ણન કરેલું છે; પરંતુ તેનું પરમ તાત્પર્ય તો ક્રમે કરીને પરમાત્માની ભક્તિ-તેનું જ્ઞાન, એમાંજ પરિસમાપ્ત થાય છે. વળી આ માર્ગ નવો પણ નથી, પરંતુ પરંપરાગત છે. કહ્યું છે કે, "**आकाशात्पतितं तोयं समुद्रं प्रतिगच्छति । सर्वदेवनमस्कारः केशवं प्रतिगच्छति ॥** જેમ આકાશમાંથી પડેલું મેઘનું જળ સમુદ્રમાં જાય છે, તેમ સર્વ દેવને કરેલા નમસ્કાર કેશવપ્રત્યેજ જાય છે." શ્રીકૃષ્ણ પોતે પણ કહે છે કે, "**मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ।** હે પાર્થ ! મનુષ્યો કોઈ પણ દેવનું આરાધન કરતાં મારા માર્ગનેજ અનુસરે છે-અર્થાત્ મારૂંજ આરાધન કરે છે." આવા ઉદ્દેશથીજ વ્યાસાદિક મહર્ષિઓએ પોતાના ગ્રંથોમાં અનેક દેવદેવીઓનાં આરાધનો વર્ણવેલાં છે. વળી એટલુંજ નહિ પણ વિચારશીલ તત્ત્વાન્વેષીઓને તેનું ખરૂં તાત્પર્ય સમજાય એટલા માટે જે ગ્રંથમાં વિષ્ણુની મહત્તા વર્ણવી હોય છે, તેવીજ બીજે શિવની મહત્તા પણ વર્ણવી હોય છે. તાત્પર્ય કે,

ભિન્ન ભિન્ન ઉપાધિઓથીજ ભગવદ્રૂપો ભિન્ન ભિન્ન છે. તે ઉપાધિઓના ત્યાગપૂર્વક અભિન્નોપાસના એજ લક્ષ્ય છે.

પ્રાચીન મહર્ષિઓ 'માત્ર ઇતિહાસ જાળવી રાખવો' એટલામાંજ કર્તવ્યની પરિસમાપ્તિ માનતા નહિ. કારણકે તેઓ ઐહિક ક્ષણિક ભાવો કરતાં કોઈ ચિરંતન ભાવોનેજ અધિક ઉપકારક જોતા હતા–જાણતા હતા, અને તેથી તેઓ પોતેજ ઐહિક જાળમાં વધારે આસક્ત થતા નહિ; તો પછી તેમાં બીજાઓને શામાટે ગુંચવી મારે ? નહિજ. તેવા પરમકૃપાળુઓનો તો એજ હેતુ હોય છે કે, અનેક પ્રકૃતિઓને રુચે તેવા છૂટવાના–પરમ શ્રેય પ્રાપ્ત કરવાના–માર્ગો દર્શાવવા. આવા ઉદ્દેશથી લખાયેલા ગ્રંથોમાં આપણે માત્ર ઐતિહાસિક તત્ત્વોજ ખોળવા જઇએ; અને તે વિના તેમાં બીજું કંઈ ન હોય એમ ઇચ્છીએ, તે કેમ બને ?

વળી વ્યાસ મહર્ષિએ મહાભારતની રચના કરી તેનું કારણ દર્શાવતાં વૈશંપાયન કહે છે કે:–

'धन्यं यशस्यमायुष्यं पुण्य स्वर्ग्यं तथैव च । कृष्णद्वैपायनेनेदं कृतं पुण्यचिकीर्षुणा ॥
कीर्तिं प्रथयता लोके पांडवानां महात्मनाम् । अन्येषां क्षत्रियाणां च भूरिद्रविणतेजसाम् ॥
(૧–૬૨–૨૭, ૨૮)

પુણ્ય કરવાની ઇચ્છાવાળા કૃષ્ણદ્વૈપાયન મુનિએ મહાત્મા પાંડવોની તથા બીજા પુષ્કળ વૈભવ અને તેજવાળા ક્ષત્રિયોની કીર્તિ જગતમાં વિસ્તારવા માટે આ ધનદાયક, યશસ્કર, આયુષ્યવર્ધક, પુણ્યકારક અને સ્વર્ગદાયક એવું મહાભારત રચ્યું છે.'

ઉપર આપેલા શ્લોકોમાં ભારતની યોગ્યતા અને નિર્માણના જે હેતુઓ આવી જાય છે: તેમાં બે હેતુઓ ખુલ્લા જણાય છે. એક પુણ્ય કરવાની ઇચ્છા અને બીજો પાંડવોની તથા ક્ષત્રિયોની કીર્તિનો વિસ્તાર. પુણ્ય કરવાની ઇચ્છા કંઇ કોઇનો વૃત્તાંત લખવાથી પૂર્ણ થતી નથી; પરંતુ તે ઇતર દીનદુઃખી પ્રાણીઓનો ઉદ્ધાર કરવાથી અથવા તેવો માર્ગ દર્શાવવાથી થાય છે. મહાભારતમાં જેટલા ધર્મ, ભક્તિ તથા જ્ઞાનપ્રધાન વિષયો આવ્યા છે; તે સર્વનો એ હેતુના પેટામાં સમાવેશ થઇ જાય છે. પાંડવાદિકોની કીર્તિમાં ઐતિહાસિક હેતુ છે; અને તે હેતુ પણ તેવા આદર્શ પુરુષોનું જીવન લોકોની આગળ ધરી 'યુધિષ્ઠિરાદિના જેવું વર્તન રાખવું, દુર્યોધનાદિના જેવું નહિ' એવા મહાન ઉપદેશથી ચરિતાર્થ થાય છે. તાત્પર્ય કે, મહર્ષિઓના ગ્રંથોમાં માત્ર ઇતિહાસજ આવે નહિ; પરંતુ તેમા પરમતત્ત્વદર્શક સાધનો પણ ગુંથી દીધેલાં હોય છે.

કવિતાના ભેદથી કર્તાના ભેદની કલ્પના

કેટલાએક કવિતાપરીક્ષકો કહે છે કે, ભારતના શ્લોકોની રચના જૂદા જૂદા પ્રકારની છે. એમાં કેટલાક શ્લોકો સરલ–વાર્તા કરતા હોઇએ તેવા–છે અને કેટલાએક ક્લિષ્ટ છે; માટે એ કવિતાના ભેદથી તેના કર્તાઓ પણ જુદા જુદા હોવા જોઇએ.

તેનો ઉત્તર એ છે કે, વ્યાસજીએ પોતેજ કહ્યું છે કે, આઠ હજાર અને આઠસો શ્લોકોને હું સમજું છું તથા શુક સમજે છે–અર્થાત્ તે શ્લોકો એવા ક્લિષ્ટ છે કે તેને બીજાઓ સમજી શકતા નથી. વ્યાસજીએ તેવા કૂટ શ્લોકો શામાટે કર્યા હતા તે આપણે ભારતલેખનપ્રસંગમાં પાછળ જોઇ ગયા છીએ એટલે ફરી તે કહેવા જરૂર નથી. બીજું જે પ્રસંગની કવિતા હોય તેને માટે તેવા અનુકૂળ સંયોગો મળવાથી જેવી કવિતા થાય તેવી પ્રતિકૂળ સંયોગોમાં થતી નથી, એ સુકવિઓને વિદિતજ છે. સંયોગની અનુકૂળતા અથવા પ્રતિકૂળતા એ પણ કવિતાનાં સ્વરૂપબંધારણમાં યોગ્ય ભાગ ભજવે છે. વ્યાસજીનો કવિતાલેખનનો સંયોગ કેવો હતો તે સુવિદિતજ છે; તેમ છતાં એ કવિતાઓ રસાત્મક, સરલ તથા ભાવપૂર્ણ છે એમ કહ્યા વિના ચાલતું નથી. વળી વૃત્તોની ફેરફારી એ તો પ્રસંગને યથાર્થ રૂપમાં દીપાવવાનું એક અંગ છે તથા કવિચાતુર્ય છે, એટલે જે ભિન્ન કર્તાઓ માનવામાં આવે છે, તે યોગ્ય નથી; તેમજ અનુષ્ટુપ છંદ લખનારો બીજા ઉપજાતિ આદિ છંદો ન લખે એમ પણ માનવા જેવું નથી. તાત્પર્ય કે કવિતાના ભેદથી કર્તાનો ભેદ કલ્પવો એ કલ્પનાજ છે.

ગ્રંથપ્રચારની શૈલી

મહાભારતમાં એક એવો શ્લોક છે કે, 'मन्वादि भारतं केचिदास्तीकादि तथा परे।

तथोपरिचराद्यन्ये विप्राः सम्यगधीयते ॥ ૧-૧-૫૨ કેટલાએક વિપ્રો '**नारायणं नमस्कृत्य**' અથવા '**ॐ नमो भगवते वासुदेवाय**' એ મનુ-મંત્રથી આરંભીને, બીજા કેટલાએક આસ્તીકના આખ્યાનથી આરંભીને અને કેટલાએક ઉપરિચર વસુના આખ્યાનથી આરંભીને ભારતને સારી રીતે ભણે છે.

આ શ્લોક ઉપરથી કેટલાએક એને ભારતની ત્રણ આવૃત્તિઓના આરંભ માને છે; પરંતુ એટલા ઉપરથી ભારતની ત્રણ આવૃત્તિઓ સિદ્ધ થતી નથી. એ ઉપરથી તો એ ગ્રંથ જ્યારે મોઢે મોઢે ભણાતો હશે, ત્યારે જે બ્રાહ્મણોને જ્યાંથી ઉપયુક્ત ભાગ લાગ્યો ત્યાંથી તે ભણવાનો અથવા વ્યાખ્યાનનો આરંભ કરતા હશે, એમ સમજાય છે. જો બીજાઓના કહેવા પ્રમાણે એને સૌતિ, વૈશંપાયન અને વ્યાસની ત્રણ આવૃત્તિઓના આરંભ માનીએ, તો તે ઘટી શકતા નથી; કારણકે સૌતિએ '**जनमेजयस्य राजर्षेः**' એ નવમા શ્લોકથી બોલવાનો આરંભ કર્યો છે, વૈશંપાયને અધ્યાય ૬૧ માના '**गुरवे प्राङ् नमस्कृत्य**' એ આદ્યશ્લોકથી આરંભ કર્યો છે અને વ્યાસનો આરંભ તો જણાતોજ નથી; એટલે માનો કે તેમણે '**नारायणं नमस्कृत्य**' એ આદ્યશ્લોકથીજ આરંભ કર્યો છે અને તેથી આખોએ ગ્રંથ તેમનોજ કહેલો ઠરે છે.

ખરી રીતે તે સમયે બ્રાહ્મણસમાજમાં એ ગ્રંથનો કેવી રીતે ઉપયોગ થતો હતો તે દર્શાવવાનો એમાં હેતુ છે, અને તે એના પછીના શ્લોકથી વધારે સ્પષ્ટ થાય છે. તે શ્લોક આ પ્રમાણે છેઃ-'**विविध संहिताज्ञानं दीपयंति मनीषिणः । व्याख्यातुं कुशलाः केचिद्ग्रंथान्धारयितुं परे** ॥ ૧-૧-૫૩ ॥ અર્થાત્ બુદ્ધિમાનો એ ભારતસંહિતાના જ્ઞાનને વિવિધ રીતે પ્રકાશિત કરે છે, કેટલાએક વ્યાખ્યાન કરવામાં કુશળ છે, ત્યારે બીજા કેટલાએક ગ્રંથને ધારણ કરવામાં-ધ્યાનમાં રાખવામાં કુશળ છે.' આથી સમજાશે કે, એમાં તે સમયનો ગ્રંથપ્રચાર વર્ણવેલો છે.

ભારતમાં પુનરુક્તિ

મહાભારતમાં જરત્કારુનું આખ્યાન, પરિક્ષિતશાપાખ્યાન, લાક્ષાભવનદાહ વગેરે કેટલીક કથાઓ બબ્બેવાર આવે છે. જો કે તેમાં સંક્ષેપ તથા વિસ્તાર રહેલો છે, તોપણ કેટલાએકને તેમાં પુનરુક્તિ તથા તે પુનરુક્તિ કરનારા બીજા લેખકોનો ગંધ આવે છે. પરંતુ એ સંબંધમાં આગળથીજ ખરૂં સમાધાન ભારતમાં આપી દીધેલું છે કે, '**विस्तीर्यैतन्महज्ज्ञानमृषिः संक्षिप्य चाब्रवीत् । इष्टं हि विदुषां लोके समास व्यास धारणम्** ॥ ૧ । ૧ । ૫૧ ॥ વ્યાસ ઋષિએ આ મહાન જ્ઞાનને વિસ્તારીને તથા સંક્ષેપથી કહ્યું છે. કારણ કે લોકમાં વિદ્વાનોને સંક્ષેપથી તથા વિસ્તારથી લક્ષ્યમાં રાખવું ઇષ્ટ છે.' આ હેતુથીજ એ કથાઓ બેવડાયેલી છે તે અન્યાન્ય કર્તાઓ તરફથી ઉમેરાયેલી નથી. કેમકે જો તેઓને તેમ ઉમેરવાની શક્તિ હોય તો તેવા વિદ્વાનોને પુનરુક્તિ કેમ ન જણાય? અને જણાય ત્યારે તે પ્રથમની આખ્યાયિકાને કાઢી કેમ ન નાખે? વળી નવા નવા લેખકો તરફથી જો ભારતમાં ચાલુ ઉમેરણો થયાં હોય તો તેવી અનેક પ્રતો પણ મળવી જોઇએ. તે મળતી નથી અને મળવા સંભવે નથી. કારણ કે તે વખતે છાપખાનાં ન હતાં. છાપખાનાંના સમયમાં કંઇ નવું ઉમેરણ કર્યું હોય તો તે એકદમ હજાર બે હજાર પ્રતોમાં દાખલ થઇને કેટલેક સમયે ખરૂં જેવું થઇ પડે; પરંતુ તે વખતે તો લેખી ગ્રંથો હતા, એટલે તેમાં એકનું ઉમેરણ બીજો શામાટે દાખલ કરે ? અને તેને બીજાઓ માન્ય પણ કેમ ગણે ? આ ઉપરથી તે સમયે લખનારાઓની ભૂલ વિના બીજાં નવાં ડહાપણો ઉમેરાવાં અશક્ય લાગે છે. વળી તે વખતે એક વિદ્વન્માન્ય ગ્રંથ લખાયો કે તેની જૂદા જૂદા દેશોમાં અનેક પ્રતો થઈ જતી હતી, એટલે એક પ્રતમાં ઉમેરણ કરવાથી કોઇ રીતે બદ્ધ થાય નહિ એવું મારૂં માનવું છે.

કૌરવપાંડવનું યુદ્ધ કે કૌરવપાંચાલનું ?

કૌરવપાંડવનાં યુદ્ધને કેટલાએક કૌરવ તથા પાંચાલનું યુદ્ધ કહે છે. તેમ કહેવામાં તેઓ એ કારણ આપે છે કે, 'દુર્યોધનાદિકો કુરુવંશીઓ હતા અને પાંડવો પણ કુરુવંશીઓ હતા, એટલે કૌરવ નામમાંજ તે બધાનો સમાવેશ થઇ જાય છે. જો તે યુદ્ધ તેઓ વચ્ચે થયું હોત તો ખરી રીતે ધાર્તરાષ્ટ્રો અને પાંડવોનું યુદ્ધ એમ કહેત. વળી દ્રોણ, ભીષ્મ, કૃપાચાર્ય વગેરેનો ધૃતરાષ્ટ્રના પુત્રો જોડે જેટલો સ્નેહ તથા સંબંધ હતો, તેટલોજ પાંડવોની જોડે પણ હતો. તેથી તેઓ

દુર્યોધનનો પક્ષ લઇને પાંડવોનું બગાડવા ઉભા થાય નહિ. આ ઉપરથી તે કૌરવો અને પાંચાલોનું યુદ્ધ હતું; કારણકે દ્રોણના આશ્રય હેઠળ કૌરવોએ દ્રુપદનો પરાજય કર્યો હતો તેથી તેઓએ ચઢાઇ કરી હોય અને તેમાં પાંડવોએ પોતાના સસરાને મદદ કરી હોય એ બનવા યોગ્ય છે!' ઇત્યાદિ.

આ કથન ઉપર આપણે વિચાર કરીએ. પૂર્વે પાંચાલરાજ દ્રુપદને અને કુરુવંશીઓને શત્રુતા હતી નહિ; પરંતુ દ્રોણાચાર્યને અને દ્રુપદને મિત્રકલહમાં શત્રુતા થઈ હતી; અને તે કારણથી દ્રુપદનો પરાભવ કરવા દ્રોણાચાર્ય કુરુકુલના કુમારો પાસે ગુરુદક્ષિણામાં દ્રુપદને બાંધીને પોતાને સ્વાધીન કરવો એવી માગણી કરી હતી. કુમારોએ તે દક્ષિણા આપવા હા કહી અને દ્રોણાચાર્યના પ્રમુખપણા હેઠળ દ્રુપદના ઉપર ચઢાઈ કરી. પરંતુ બીજા કુમારો પરાભવ પામ્યા ત્યારે છેવટે અર્જુને પોતાના ત્રણ ભાઇઓની સાથે જઈ, યુદ્ધ કરી દ્રુપદને બાંધી આણ્યો અને દ્રોણાચાર્યને સ્વાધીન કર્યો. તે વખતથી દ્રુપદને દ્રોણાચાર્યના ઉપર પૂર્ણ વૈર ભરાયું અને તે કારણથી તેણે દ્રોણાચાર્યને મારવા અગ્નિકુંડમાંથી ધૃષ્ટદ્યુમ્નને ઉત્પન્ન કર્યો. આ વૃત્તાંત ઉપરથી એ જણાશે કે, કૌરવોને અને દ્રુપદને વેર ન હતું, પણ તે દ્રોણાચાર્યની સાથે હતું અને તે પણ ઉદાર હતું. કારણકે દ્રોણાચાર્યે ધૃષ્ટદ્યુમ્ન પોતાને મારવા ઉત્પન્ન થયો છે એવું જાણતાં છતાં પણ તેને ધનુર્વેદ ભણાવ્યો હતો. દ્રુપદના પરાભવમાં કુરુવંશી કુમારોનોજ હાથ હતો અને તેમાં પણ ખાસ કરીને પાંડવોએજ એ પરાજય કર્યો હતો; એટલે દ્રોણાચાર્ય તથા પાંડવોના ઉપર એ વૈર વાળવાની દ્રુપદની ઇચ્છા હોઇ શકે. (જો કે દ્રુપદને પાંડવો ઉપર વૈર ન હતું, કારણકે જો તેમ હોય તો તે પોતાની પુત્રીને માટે અર્જુનને મેળવવા કરેલો પ્રતિજ્ઞાસ્વયંવર કરે નહિ.) તેમાં પાંડવો તો દ્રુપદના જામાતા થયા એટલે એ વૈર માત્ર દ્રોણાચાર્ય ઉપરજ રહ્યું. હવે એ વૈર વાળવા જો પાંચાલોએ ચઢાઈ કરી હોય તો તેને માટે કોઇ નવું ભારતજ રચવું પડે અથવા કોઇ નૂતન વ્યાસજીના મનમાં એ ભારત હોય તો તેઓ જાણે. બાકી મહાભારતમાં તો જ્યારે પાંડવોનાં તેર વર્ષ પૂરાં થયાં, સુલેહની સર્વ કોશીશો વ્યર્થ ગઈ અને પાંડવો રણભૂમિ ઉપર યુદ્ધ કરવા આવ્યા, ત્યારેજ પાંચાલો પોતાના જામાતાઓને સહાય કરવા આવ્યા; અને જે રીતે બીજા રાજાઓ લડયા તેમ તેઓએ પણ યુદ્ધ કર્યું. તેમાં જેણે જેણે જેને જેને મારવા પ્રતિજ્ઞા કરી હતી તથા જેનાં જેનાં મૃત્યુમાં જે જે નિમિત્તભૂત હતા તેઓએ તેનો તેનો વિનાશ કર્યો. વળી ધૃષ્ટદ્યુમ્નને પાંડવોએ સેનાપતિ કર્યો હતો તેમાં 'સેનાપતિ કોને કરવો ?' એ ઉદ્યોગપર્વમાં થયેલા વિમર્શપ્રસંગમાં, ધૃષ્ટદ્યુમ્નની અધિક યોગ્યતા જોઇનેજ તેને સેનાપતિપદ આપવામાં અધિક મત મળ્યા હતા અને આ કારણથી તે સેનાપતિ નિમાયો હતો.

આ ઉપરથી તો એ કૌરવો અને પાંચાલોનું યુદ્ધ ઠરતું નથી.

હવે કૌરવોનું યુદ્ધ અથવા ધાર્તરાષ્ટ્રો અને પાંડવોનું યુદ્ધ એમ કેમ ન કહ્યું ? અને કૌરવ-પાંડવોનું યુદ્ધ કેમ કહ્યું ? તે તપાસીએ. જો કે બધા કુરુવંશીઓ હતા એટલે તેઓ કૌરવોજ કહેવાય; પરંતુ આ ભાઇઓ ભાઇનું યુદ્ધ હતું, તેથી 'કૌરવોનું યુદ્ધ' એટલુંજ કહેતાં 'કોની સાથે ?' એ પ્રશ્ન ઉભો રહે છે. આ એક કારણથી, અને દુર્યોધનના પક્ષમાં બાલ્હિક, સોમદત્ત, ભૂરિશ્રવા, ભીષ્મ પ્રભૃતિ ઘણા કુરુવંશીઓ યુદ્ધ કરનારા હતા; જ્યારે પાંડવોના તરફ એ વંશના માત્ર તેઓજ હતા. તેથી ધાર્તરાષ્ટ્રો ન કહેતાં એક તરફ કૌરવો અને બીજી તરફ કૌરવો છતાં વિશિષ્ટતાથી ઓળખાવવા માટે પાંડવો કહ્યા એમાં શો બાધ આવે છે કે જેથી ભારતોક્ત વસ્તુસ્થિતિનું ઉલ્લંઘન કરીને પાંચાલોસુધી ધાવન કરવું પડે છે ?

વળી ભીષ્માદિકો ન્યાયી તથા ધર્મપરાયણ હતા અને તેઓને ધાર્તરાષ્ટ્રો તથા પાંડવો સમાન હતા; છતાં તેઓએ શામાટે ધાર્તરાષ્ટ્રોનો પક્ષ લીધો ? એના ખુલાસામાં તે સઘળાએ યુદ્ધને મોખરે યુધિષ્ઠિર જ્યારે પોતાને વંદન કરવા આવ્યા તે વખતે જે વચન કહેલું છે તેજ પૂરતું છે. તે વચન આ પ્રમાણે છે:–' અર્થસ્ય પુરુષો દાસો દાસસ્ત્વર્થો ન કસ્યચિત્ । ઇતિ સત્યં મહારાજ બદ્ધોસ્મ્યર્થેન કૌરવૈઃ ॥ (ભી૦ ૧૯–૪૧) અર્થાત્ હે મહારાજ! પુરુષ અર્થનો દાસ છે, અર્થ કોઇનો દાસ નથી, આ સત્ય છે. મને કૌરવોએ અર્થથી બાંધી લીધો છે. આ વચન તે પ્રત્યેકે કહ્યું છે અને તેથી તેઓ દુર્યોધનના પક્ષમાં શામાટે રહ્યા હતા, એ સમજાય છે. ઉપલી વિચારણાથી એ યુદ્ધ કૌરવપાંચાલનું નહિ પણ કૌરવપાંડવોનું હતું એમ વાસ્તવિક સમજાશે.

મહાભારત ઉપર આવી જાતની અનેક શંકાઓ કરાય છે, પણ તેનો એ ગ્રંથથીજ ખુલાસો થઈ જાય છે, એટલે હવે આપણે એ વિષય છોડીને કૌરવપાંડવોનું યુદ્ધ ક્યારે થયું હતું ? એ વિવાદાસ્પદ વિષય ઉપર આવીએ.

કૌરવપાંડવોનું યુદ્ધ કયારે થયું હતું ?

એ ક્ષત્રિયવિનાશક યુદ્ધ કેટલાં વર્ષ ઉપર થયું હતું ? એ સંબંધમાં અનેક વિદ્વાનોના ભિન્ન ભિન્ન મત છે. એક વિદ્વાન મહાભારતમાં આપેલી નક્ષત્રો અને ગ્રહોની સ્થિતિ ઉપરથી ગણત્રી કરીને એ યુદ્ધ આજથી લગભગ ૭૦૦૦ વર્ષ ઉપર થયું હતું, એમ કહે છે. તે મહાભારતનાં ઉદ્યોગપર્વ, ભીષ્મપર્વ વગેરેમાં આપેલાં નક્ષત્રોમાંથી કેટલાંક નક્ષત્રોને સાયન તથા કેટલાંકને નિ-રયન માનીને આશરા પડતી રીતે મહાભારતના યુદ્ધસમયે મહાવિષુવ પુનર્વસુની નજીકમાં હતું, એટલે હમણાં જ્યાં છે ત્યાંથી લગભગ ૯૫ અંશ જેટલું દૂર હતું એમ સૂચવે છે; એ મહાવિષુવ અથવા અયન ૭૨ વર્ષે લગભગ એક અંશ જેટલી ગતિ કરે છે એવું એમનું માનવું છે; પણ એ સંબંધમાં જૂદા જૂદા મત છે. જેમકે:-સૂર્યસિદ્ધાન્તી અયનની વાર્ષિક ગતિ ૫૪ વિકલા માને છે. હિપાર્કસ ૮૫ વર્ષે ૧ અંશ અને ટોલિમી ૧૦૦ વર્ષે એક અંશ ગતિ માને છે. એ વિના પણ એમા મતાંતરો છે; પણ ઉપલા વિદ્વાનને હિસાબે ૯૫ અંશને ૭૨ થી ગુણીએ તો ૬૮૪૦ વર્ષ એ યુદ્ધસમયને થવા જાય છે; પરંતુ એમાં પણ સાયન નક્ષત્રો કયાં છે તથા નિરયન કયાં છે તે આશરા પડતી રીતે કલ્પિત હોવાથી અને તે રીતે મહાવિષુવની સ્થિતિ પણ આશરા પડતી હોવાથી, (કારણકે તે મહાભારતમાં સ્પષ્ટ જણાવેલ નથી) તથા અયનચલનમાં પણ મતભેદ હોવાથી એ મત પણ સર્વમાન્ય જણાતો નથી.

વળી કેટલાએક વિદ્વાનો એ યુદ્ધને ઇ. સ. પૂર્વે ૧૨૦૦થી ૧૫૦૦ સુધીમાં થયેલું માને છે; કેમકે તેઓ વિષ્ણુપુરાણાદિનો અનુકૂળ લાગતો ભાગ લઇને એ અનુમાન ઉપર આવ્યા છે. એમાંનો થોડો ભાગ જોઇએ. '**यावत् परिक्षितोजन्म यावन्नन्दाभिषेचनम् । एतद्वर्ष सहस्त्रन्तु ज्ञेयं पञ्चदशोत्तरम् ॥** (અંશ ૪–૨૪–૩૨) અર્થાત્ પરિક્ષિતના જન્મથી આરંભી નન્દના અભિષેકસુધીમાં એકહજાર ને પંદર વર્ષ જાણવાં.' આ વિષ્ણુપુરાણના શ્લોકમાં કહેલાં ૧૦૧૫ વર્ષમાં નંદ અને તેના વંશજોના રાજ્યનાં ૧૦૦ વર્ષ કે જે બીજા એક શ્લોકમાં કહ્યાં છે, તે મેળવતાં ૧૧૧૫ વર્ષ થાય છે. વળી બીજી રીતે ગણત્રી કરવા વિષ્ણુપુરાણના ચોથા અંશના ૨૪ મા અધ્યાયમાં કહ્યું છે કે, "સપ્તર્ષિમાંના જે બે તારા આકાશમાં પ્રથમ ઉદય પામેલા જણાય છે, તેની મધ્યે સમસૂત્રમાં જે નક્ષત્ર રાત્રે જણાય છે તે એક એક નક્ષત્રની જોડે સપ્તર્ષિઓ મનુષ્યનાં સો સો વર્ષ સુધી રહે છે. તે પરિક્ષિતના વખતમાં મઘા નક્ષત્રમાં હતા, ત્યારથી દેવનાં બારસેં વર્ષના કલિનો આરંભ થયો છે. એ મહર્ષિઓ જ્યારે પૂર્વાષાઢા નક્ષત્રપ્રત્યે જશે, ત્યારે નન્દથી આરંભીને કલિ વૃદ્ધિ પામશે." ઉપલા શ્લોકો શ્રીમદ્ભાગવતમાં પણ છે. એ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ઋષિઓ એક એક નક્ષત્ર ઉપર સો સો વર્ષ રહે છે. તે સપ્તર્ષિઓ પરિક્ષિતના સમયમાં મઘામાં હતા અને નંદના સમયમાં પૂર્વાષાઢામાં આવે છે. પૂર્વાષાઢા નક્ષત્ર મઘાથી અગિયારમું નક્ષત્ર છે, એટલે ત્યાંસુધી ગતિ કરતાં ૧૦૦૦ વર્ષ થાય અને તેમાં નંદનાં સો ઉમેરતાં ૧૧૦૦ થાય: એટલે પૂર્વોક્ત ૧૧૧૫ વર્ષ જોડે એનો મેળ મળી રહે છે. પછી ચાણક્ય નામનો બ્રાહ્મણ નવનન્દનું ઉન્મૂલન કરીને મૌર્યવંશના ચંદ્રગુપ્તને રાજ્ય આપે છે. તે પછી અર્વાચીન ઇતિહાસનો આશ્રય કરીને, ચંદ્રગુપ્ત ઇ. સ. પૂર્વે ૩૧૫ વર્ષ ઉપર ગાદી ઉપર આવ્યો હતો એમ ઠેરવી પૂર્વોક્ત ૧૧૧૫ ને ૩૧૫ સાથે મેળવી ઇ. સ. પૂર્વે ૧૪૩૦ વર્ષ ઉપર ભારતીય યુદ્ધ થયું હતું, એમ તેઓ જણાવે છે.

ઉપલી ગણત્રીમાં ૧૧૧૫ વર્ષને માટે પુરાણોનાં ભવિષ્યકથન ઉપર આધાર રખાય છે; અને બાકીના સમયને માટે તે પુરાણોમાં જણાવેલા સમયની ઉપેક્ષા કરીને અર્વાચીન ઇતિહાસ તરફ ધાવન થાય છે, એ યોગ્ય નથી. કારણ કે જે પુરાણના ભવિષ્યકથન ઉપર આધાર રાખીને ૧૧૧૫ વર્ષ લેવાય છે, તેમાંજ આગળ રાજાઓની અને તેનાં રાજ્યવર્ષોની પરિગણના છે, તેની ઉપેક્ષા કરવી ઉચિત નથી. શ્રીમદ્ભાગવતમાં નવનન્દના પછી એ ગાદીએ આવેલા રાજાઓ અને તેનાં વર્ષો આ પ્રમાણે ગણાવ્યાં છે:–

કેટલા રાજાઓ	કયા વંશના	કેટલાં વર્ષ રાજ્ય કર્યું
	પૂર્વોક્ત	૧૧૧૫
૧૦	મૌર્યવંશના	૧૩૭
૧૦	શુંગવંશના	૧૧૨
૪	કાણ્વાયન	૩૪૫
૩૦	આંધ્ર જાતિના	૪૫૬
૧૬૫	આભીરાદિ	૧૦૯૯
૧૧	મૌનવંશના	૩૦૦
	ભૂતનંદાદિ	૧૦૬
૨૩૦		૩૬૭૦

આ રીતે એ મગધદેશની ગાદી ઉપર ૩૬૭૦ વર્ષસુધી રાજ્ય કરનારા રાજાઓ ગણાવેલા છે. તેની ઉપેક્ષા કરીને કાલગણના કરવી તે ખરેખરી રીતે અન્યાય ગણાય; તેમજ વિષ્ણુપુરાણ-માં જણાવ્યા પ્રમાણે પરિક્ષિતના સમયમાં સપ્તર્ષિઓ મઘા નક્ષત્રમાં હતા અને તેઓ સો વર્ષે એક નક્ષત્રથી બીજા નક્ષત્રમાં ગતિ કરે છે, એ આધાર ઉપર વિચાર કરીએ છીએ તોપણ તેટલાં વર્ષ થતાં નથી. કારણ કે જ્યોતિષીઓ અત્યારે તે સપ્તર્ષિઓ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં છે એમ કહે છે. એ ઉપરથી સત્તાવીસ નક્ષત્રનાં સત્તાવીસો વર્ષ અને મઘાથી એક નક્ષત્ર છોડીને બીજું ઉ-ત્તરાફાલ્ગુની આવે છે, એટલે યુદ્ધને ઓગણત્રીસસો વર્ષ થવા જાય છે. પણ તે સર્વ મતથી વિરુદ્ધ હોવાથી સત્તાવીસસો વર્ષનું ફરી એક નક્ષત્રચક્ર મૂકવું જોઇએ અને તેમ કરતાં યુદ્ધને ૫૫૦૦ વર્ષ થઈ જાય છે. અર્થાત્ એ ગણત્રીથી પણ ઇ. સ. પૂર્વે ૧૪૩૦ ની ગણના વિરુદ્ધ જાય છે. વળી વિષ્ણુપુરાણનો પરિક્ષિતના વખતથી કલિનો આરંભ સૂચવતો શ્લોક-કે જે આપણે આગળ જોઇશું-તેનાથી તેમજ રાજતરંગિણી, બૃહત્સંહિતા અને અન્ય પ્રમાણોથી પણ એ ગણના વિરુદ્ધ હોવાથી તે પ્રમાણભૂત નથી.

હવે રાજતરંગિણીનો કર્તા કલ્હણ કે જે ઈ. સ.ના ૧૧મા સૈકામાં થઇ ગયેલો મનાય છે, તેણે પાંડવોનો સમય આપતાં લખ્યું છે કે, **शतेषु षट्सु सार्धेषु त्र्यधिकेषु च भूतले। कलेर्गतेषु वर्षाणामभूवन् कुरुपांडवाः ॥** આ શ્લોકમાં કલિના ૬૫૩ વર્ષ ગયાં ત્યારે કૌરવપાંડવો વિદ્યમાન હતા એમ જણાવ્યું છે. વળી વરાહમિહિર કે જે શકના બીજા સૈકામાં થઇ ગયેલો મનાય છે: તેના બૃ-હત્સંહિતા નામના ગ્રંથમાં લખ્યું છે કે, **आसन्मघासु मुनयः शासति पृथिवीं युधिष्ठिरे नृपतौ। षड्द्विकपंचद्वियुतः शककालस्तस्य राजर्षेः॥** (અ.૧૩-૩)અર્થાત્ યુધિષ્ઠિરરાજા પૃથ્વીપર રાજ્ય કરતા હતા, ત્યારે સપ્તર્ષિઓ મઘાનક્ષત્રમાં હતા. તે રાજર્ષિનો શકકાલ ૨૫૨૬ વર્ષનો ગણાય છે. ઉ-પસ્થિત અર્થ આવો; છતાં કેટલાએક એ શ્લોકના અર્થમાં આટલો ફેરફાર કરે છે કે, તે રાજર્ષિનો કાલ ૨૫૨૬ યુક્ત શકકાલ છે-અર્થાત્ ૨૫૨૬મા ચાલુ વર્ષનો શક ૧૮૩૭ ઉમેરતાં ૪૩૬૩ વર્ષ થાય છે. તેને ગત કાલે ૫૦૧૬માથી બાદ કરતાં ૬૫૩ આવે છે. આ ઉપરથી ૬૫૩ વર્ષ ગયાં, ત્યારે યુધિષ્ઠિર વિદ્યમાન હતા એમ કહે છે. રાજતરંગિણીકારે પણ પોતાના વચનના સમર્થનમાં આ પ્રમાણ આપ્યું છે.

પરંતુ ને વિષ્ણુપુરાણ તથા અન્ય પુરાણોમાં જણાવ્યા કરતાં વિરુદ્ધ છે, માટે શ્રદ્ધા રાખવા યોગ્ય નથી. ત્યાં કહ્યું છે કે:-' **ते तु पारिक्षिते काले मघास्वासन् द्विजोत्तम। तदा प्रवृत्तश्चकलिर्द्वादशाब्द शतात्मकः।** (અં૦ ૪-અ૦૨૪-શ્લો૦૩૪) અર્થાત્ હે દ્વિજશ્રેષ્ઠ! તે સપ્તર્ષિઓ પરિક્ષિતના સમયમાં મઘામાં હતા અને ત્યારથી બારસેં વર્ષના કલિનો આરંભ થયો છે.' આવાં પરિક્ષિતના સમય-થી કલિનો આરંભ સૂચવનારાં ઘણાં વાકયો છે; તે ન ગણતાં કલિનાં ૬૫૩ વર્ષ ગયા પછી પાંડવોને હયાત માનવા એ તો વિરુદ્ધજ લાગે છે.

ખરી રીતે કલિના આરંભસમયનો નિશ્ચય કરવો અથવા ભારતીય યુદ્ધસમયનો નિશ્ચય કરવો એ બન્ને એકજ વાત છે; કારણકે યુદ્ધસમયથીજ કલિનો આરંભ છે અને પરિક્ષિતનો જન્મ પણ ત્યારેજ છે. હવે એ સંબંધમાં બીજાં વચનો જોઇશું. જ્યારે ભીમસેને દુર્યોધનની સાથળ-

માં ગદા મારીને તેને પાડયો, તે વખતે બલરામ કોપી ઉઠયા અને તે હલ લઇને ભીમના તરફ ઉછળ્યા. ત્યારે શ્રીકૃષ્ણે તેમને શાંત કરતાં કહ્યું છે કે, **'प्राप्तं कलियुगं विद्धि प्रतिज्ञां पांडवस्य च।** (શલ્ય ૬૦-૨૫) કલિયુગ પ્રાપ્ત થયો છે તેને અને ભીમસેનની પ્રતિજ્ઞાને લક્ષમાં લ્યો.' આ રીતે શ્રીકૃષ્ણનાં વાકયથી યુદ્ધસમયે કલિયુગનો આરંભ થયેલો સમજાય છે. વળી આદિપર્વમાં કહ્યું છે કે, **'अन्तरे चैव संप्राप्ते कलिद्वापरयोरभूत् । स्यमंतपंचके युद्धं कुरुपांडवसेनयोः ॥** (આ. ૨-૧૩) કલિ તથા દ્વાપરયુગનો સંધિકાળ આવ્યો, ત્યારે સ્યમંતપંચક ક્ષેત્રમાં કૌરવ અને પાંડવની સેના વચ્ચે યુદ્ધ થયું હતું.' તેમજ શ્રીમદ્ ભાગવતમાં **'कलिनाऽधर्ममित्रेण दृष्ट्वा स्पृष्टाः प्रजा भुवि।** (સ્કં૦ ૧-૧૫) અધર્મના મિત્ર કલિવડે પૃથ્વીમાં પ્રજાનો સંબંધ થયેલો જોઇને પાંડવોએ પ્રયાણ કર્યું.' આ રીતે પુરાણાદિ ગ્રંથોમાં મહાભારતના યુદ્ધસમયથીજ કલિનો આરંભ મનાયેલો છે, એમાં સંશય નથી.

હવે એ કલિનાં વર્ષ કેટલાં ગયાં તેની ગણનાનો નિશ્ચય થાય, એટલે એ યુદ્ધ આજથી કેટલાં વર્ષ ઉપર થયું હતું તે સમજી શકાશે. વરાહમિહિર 'પંચસિદ્ધાંતિકા' નામના ગ્રંથમાં ગતકલિ, સંવત અને શકની ગણત્રી એકજ શ્લોકમાં આ પ્રમાણે આપે છેઃ—**'कृतयुगाम्बर वान्हिभिरुज्झितो गतकलिः किलविक्रमवत्सराः शरहुताशनचंद्र वियोजिता भवति शाक इह क्षितिमंडले।** એટલે કે ગતકલિના વર્ષમાંથી ૩૦૪૪ બાદ કરીએ એટલે વિક્રમ સંવત્સર આવે અને તે વિક્રમ વર્ષમાંથી ૧૩૫ બાદ કરીએ એટલે શાલિવાહનનો શકકાલ આવે.' અર્થાત્ વિક્રમ વર્ષમાં ૩૦૪૪ ઉમેરીએ એટલે ગતકલિ વર્ષ આવે. દૃષ્ટાંત—વિક્રમ સંવત્સર ૧૯૭૨માં ૩૦૪૪ ઉમેરીએ તો આ વર્ષ સુધીમાં ૫૦૧૬ વર્ષ કલિનાં વીતી ગયેલાં ગણાય. આ ૩૦૪૪ વર્ષ કલિનાં ગયાં તે પછી વિક્રમ સંવત્સરનો આરંભ થયો; એ વાત સર્વ ખગોળશાસ્ત્રીઓને સંમત છે અને તેવાં ઘણાં વાકયો મળી આવે છે. કેટલાએક જ્યોતિષીઓ તો આ ૩૦૪૪ વર્ષને યુધિષ્ઠિરનો શક ગણીને તેમને **'युधिष्ठिरो विक्रमशालिवाहनौ'** એ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે આદિશકકર્તાતરીકે માને છે.

આ રીતે કલિના આરંભવર્ષનો નિર્ણય થતાં કૌરવપાંડવના યુદ્ધનો સમય પણ નિર્ણિત થઈ જાય છે—અર્થાત્ આજથી ૫૦૧૬ વર્ષ ઉપર એ મહાઘોર યુદ્ધ થયું હતું.*

પાંડવોનાં વનવાસનાં તેર વર્ષ કયારે પૂરાં થયાં ?

કૌરવપાંડવોના દ્યૂતનો સમય મહાભારતમાં જણાવ્યો નથી, છતાં ટીકાકાર પં૦ નીલકંઠ લોકાચારને લઇને તે વિજયાદશમી જણાવે છે. પાંડવો વિરાટરાજાને ત્યાં તેરમું વર્ષ પૂરું કરીને ગોગ્રહણપ્રસંગે પ્રગટ થયા હતા. એ ગોગ્રહણપ્રસંગમાં **'आदातुंगाः सुशर्माऽथ कृष्णपक्षस्य सप्तमीम् । अपरे दिवसे सर्वे राजन्संभूय कौरवाः। अष्टम्यां ते न्यगृह्णंत गोकुलानि सहस्रशः॥** (વિરાટ૦ ૩૭-૨૭) સુશર્મા કૃષ્ણપક્ષની સાતમે ગાયો લેવા આવ્યો હતો અને બીજે દિવસે એટલે આઠમે સઘળા કૌરવોએ એકઠા મળીને હજારો ગાયોનાં ટોળાંને કબજે કર્યાં.' ઉપલા શ્લોકમાં પક્ષ તથા તિથિ જણાવ્યાં છે, પરંતુ માસ જણાવ્યો નથી તેથી તે ઉપર વિવિધ કલ્પનાઓ ઉદ્‌ભવે છે. ટીકાકાર તે ચૈત્રવદ સપ્તમી હતી એમ લખે છે;તો કેટલાએક જ્યેષ્ઠ વદ સપ્તમી કહે છે; પરંતુ તે વૈશાખ વદ સપ્તમી હોવી જોઇએ. કારણ કે સૌરમાનનાં તેર વર્ષમાં ચાંદ્રમાન પ્રમાણે પાંચ માસ, બે દિવસ અને બીજો થોડો સમય વધે છે. હવે આસો સુદ દશમીએ વનમાં નીકળેલા પાંડવોને સૌરમાન પ્રમાણે તે દિવસે તેર વર્ષ પૂરાં થતાં હોય, તો તેમાંથી ચાંદ્રમાન પ્રમાણે પાંચ માસ બાદ કરતાં વૈશાખ સુદ દશમીએ તેર વર્ષ પૂરાં થાય છે; એટલે પ્રકટ થવામાં જો ચૈત્ર વદ સપ્તમી લઇએ છીએ તો તેરમા વર્ષમાં અઢાર દિવસ ઓછા રહે છે. આ ઉપરથી એમજ માનવું ઠીક લાગે છે કે 'પાંડવો વૈશાખ વદ સાતમ તથા આઠમે ગોગ્રહણપ્રસંગમાં લડવા ગયા અને નવમીએ પ્રકટ થયા.' વળી કેટલાક લોકો પાંડવો વિજયાદશમી ઉપર પ્રકટ થયા હતા એવું પણ માને છે તે પણ યોગ્ય નથી. કારણ કે ગોગ્રહણ-

* યુધિષ્ઠિરરાજા પાંચ હજાર વર્ષ ઉપર થઈ ગયા હતા એ સંબંધમાં વિશેષ ખાત્રી કરવાની ઈચ્છા રાખનારે 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' તરફથી પ્રકટ થયેલા ટૉડકૃત રાજસ્થાનના પ્રથમ ભાગની બલદેવપ્રસાદ મિશ્રકૃત પ્રસ્તાવનામાં રાજ્યનાં વર્ષ, માસ તથા દિવસની ગણના સાથે આપેલી યુધિષ્ઠિરથી વિક્રમાદિ સુધીની સૂચિ જોવી.

શાસ્ત્રી કરુણાશંકરજી

પ્રસંગમાં કર્ણે કહ્યું છે કેઃ–' **अदेशिका महारण्ये ग्रीष्मे शत्रुवशं गताः** । આપણે સ્વદેશ તજીને મહાન અરણ્યમાં તાપના દિવસમાં શત્રુને તાબે પડયા છીએ.' એના ઉપર ટીકાકાર લખે છે કે, **ग्रीष्मे घर्मकाले वसंते इत्यर्थः । इतः षण्मासानंतरं युद्धारंभस्य शरदि दृष्टत्वात्** । ગ્રીષ્મ એટલે તાપનો સમય–વસંતઋતુ લેવી; કારણકે આ પછી છ મહીને શરદૃઋતુમાં યુદ્ધનો આરંભ જણાય છે. વળી પાંડવો ચાંદ્રમાનની ગણત્રી પ્રમાણે તેર વર્ષ પૂરાં કરીનેજ ગોગ્રહણપ્રસંગમાં પ્રકટ થયા હતા; તેમ છતાં સૌરગણના પ્રમાણે તેર વર્ષ પૂરાં થતાં પહેલાં પાંડવો બહાર દેખાયા, તેથી દુર્યોધન પાંડવોને ફરી વનવાસ કાઢવા હરખાયો હતો; પરંતુ ભીષ્મપિતામહે પ્રતિજ્ઞામાં ચાંદ્રવર્ષ ગણાય છે અને તે પાંડવોએ પૂરાં કર્યાં છે, એમ કહીને તેની ભૂલ ભાગી હતી. ઉપલાં બે કારણથી પાંડવો વિજયાદશમીએ બહાર પડયા હતા, એ વાત અસિદ્ધ ઠરે છે.

શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા ક્યારે ગયા?

તે પછી પાંચ માસમાં સૈન્યાદિક તૈયાર થતાં શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા હસ્તિનાપુર ગયા. તેઓ **कौमुदे मासि रेवत्यां शरदंते हिमागमे** । (ઉદ્યોગ૦ ૮૩–૭) અર્થાત્ શરદૃઋતુના અંતમાં અને હેમંતના આરંભમાં, કાર્તિકમાસમાં જે દિવસે રેવતીનક્ષત્ર હતું તે દિવસે ગયા હતા. સામાન્યતઃ એવો નિયમ છે કે, જે નામનો માસ હોય છે તે નામનું નક્ષત્ર તે માસની પૂર્ણિમાએ આવે છે. એ રીતે કાર્તિકીપૂર્ણિમાએ કૃતિકાનક્ષત્ર હોવું જોઇએ અને તેમ ગણતા કાર્તિક સુદ બારસે રેવતીનક્ષત્ર આવે આ ઉપરથી શ્રીકૃષ્ણ કાર્તિક સુદ બારસે હસ્તિનાપુર ગયા હતા, એમ જણાય છે. અને ત્યાંથી પુષ્યનક્ષત્રમાં એટલે નવમે દિવસે પાછા ઉપપ્લવ્યમાં પાંડવો પાસે આવ્યા હતા; તે તિથિ વદ પંચમી હોવા સંભવ છે. કારણ કે શ્રીકૃષ્ણે હસ્તિનાપુરથી નીકળતી વખતે કર્ણને સમજાવતાં તે ન સમજ્યો, ત્યારે તેને કહ્યું છે કે, '**सप्तमाच्चापि दिवसादमावास्या भविष्यति । संग्रामो युज्यतां तस्यां तामाहुः शक्रदेवताम्** ॥ (ઉદ્યોગ૦ ૧૪૨–૧૮)અર્થાત્–'આજથી સાત દિવસ ઉપર આઠમે દિવસે અમાવાસ્યા આવશે. તે દિવસે સંગ્રામની યોજના કરો. તે દહાડે જ્યેષ્ઠાનક્ષત્ર હોવાથી તે ઇંદ્રદૈવત્ય કહેવાય છે.' આ ઉપરથી તે પક્ષ તેર દિવસનો હતો, એટલે તેરમે દિવસે અમાવાસ્યા હતી એમ સમજાય છે. એવું તેર દિવસનું પખવાડિયું ઉત્પાતસૂચક મનાતું હતું અને તેથીજ આશ્ચર્યસાથે સંજયે કહ્યું છે કે, '**चतुर्दशीं पंचदशीं भूतपूर्वां च षोडशीम् । इमां तु नाभिजानेऽहममावास्यां त्रयोदशीम्** ॥ (ભીષ્મ૦ ૩-૩૨) પખવાડિયાને ચૌદમે દિવસે, પંદરમે દિવસે અથવા સોળમે દિવસે અમાવાસ્યા આવે છે; પરંતુ આમ તેરમે દિવસે અમાવાસ્યા આવશે, એવું હું જાણતો ન હતો.' વળી અધુરામાં પૂરૂં તે તેરમે દિવસે ગ્રહણ પણ હતું તે આ ઉપરથી સમજાય છે કેઃ–

'**चंद्रादित्यावुभौ ग्रस्तावेकाह्ना हि त्रयोदशीम् । अपर्वणि ग्रहं यातौ प्रजा संशयमिच्छतः** ॥ (ભીષ્મ૦ ૩–૨૮) અર્થાત્ પક્ષને તેરમે દિવસે ચંદ્ર ને સૂર્ય બન્નેનું એકજ દિવસે ગ્રહણ થયું છે. પ્રજાનો નાશ ઇચ્છતા તેઓ લોકમાં અપ્રસિદ્ધ પર્વમાં ગ્રહણ પામ્યા છે.' અમાવાસ્યાએ ચંદ્ર અને સૂર્ય એકજ રાશિમાં હોય છે, એટલે સૂર્યના ગ્રહણની સાથે ચંદ્રનું ગ્રહણ પણ વર્ણવેલું લાગે છે. ઉપરના વાક્યથી તેરમે દિવસે અમાવાસ્યા હતી અને તેની આગળના આઠમા દિવસે–એટલે કે પંચમીએ–શ્રીકૃષ્ણ ઉપપ્લવ્યમાં પાછા ફર્યા હતા, એમ જણાય છે. વળી એ પક્ષમાં જેમ તિથિક્ષય હતો તેમ નક્ષત્રનો પણ ક્ષય થયો હોય, એમ સમજાય છે. જો તેમ ન હોય તો પુષ્યથી અગિયારમું જ્યેષ્ઠાનક્ષત્ર આઠમે દિવસે–એટલે કે અમાવાસ્યાએ–આવે નહિ; અને શ્રીકૃષ્ણે તે દિવસે જ્યેષ્ઠા નક્ષત્ર છે એમ કહ્યું છે, તે તેઓ કહેત નહિ.

સૈન્યનિર્યાણ

હવે જે દિવસે શ્રીકૃષ્ણ ઉપપ્લવ્યમાં પહોંચ્યા તેજ રાત્રે પાંડવોએ તેમની સાથે મસલત કરી હતી; એમ નીચેના શ્લોકોથી સમજાય છેઃ–'**पांडवा भ्रातरः पंच भानावस्तंगते सति । संध्यामुपास्य ध्यायंतस्तमेव गतमानसाः । आनाय्य कृष्णं दाशार्हं पुनर्मंत्रममंत्रयन्** ॥ (ઉ. ૧૪૭–૩–૪) અર્થાત્ પાંડુપુત્ર પાંચે ભ્રાતાઓ સૂર્ય અસ્તાચલ તરફ ગયો, ત્યારે સંધ્યા કરીને તેજ સંબંધમાં એકાગ્ર થઇને ચિંતા કરતા દશાર્હકુલોત્પન્ન શ્રીકૃષ્ણને બોલાવીને ફરી વિચાર કરવા લાગ્યા.' એ વિચારને અંતે યુદ્ધ કર્યાવિના કાર્યસિદ્ધિ થશે નહિ એવું જ્યારે તેઓને સમજાયું, ત્યારે તેઓ તેજ વખતે સેનાપતિ વગેરેની ગોઠવણ કરીને કુરુક્ષેત્રમાં જવા તૈયાર થયા. એ અરસામાં બલરામે કહ્યું કેઃ–

'उभौ शिष्यौ हि मे वीरौ गदायुद्धविशारदौ । तुल्यस्नेहोऽस्म्यतो भीमे तथा दुर्योधने नृपे ॥ तस्माद्यास्यामि तीर्थानि सरस्वत्या निषेवितुम् । (ઉદ્યો૦૧૫૭-૩૩-૩૪) અર્થાત્ ગદાયુદ્ધમાં કુશળ એવા બન્ને વીરો મારા શિષ્ય છે અને મારો ભીમના ઉપર તથા દુર્યોધનરાજા ઉપર સરખો સ્નેહ છે, તેથી હું સરસ્વતી ઉપર આવેલાં તીર્થોની યાત્રા કરવા જાઉં છું.' આવું કહીને બલરામ સાંથી પુષ્યનક્ષત્રમાં યાત્રા કરવા ચાલી નીકળ્યા હતા. તે પછી શ્રીકૃષ્ણ પણ પાંડવોને લઇને પુષ્યમાંજ કુરુક્ષેત્ર તરફ પ્રયાણ કરી ગયા હતા, એવું આ શ્લોકોથી સમજાય છે. 'निर्गच्छध्वं पांडवेयाः पुष्येण सहिता मया । (શલ્ય૦ ૩૫-૧૦) હે પાંડુપુત્રો! તમે મારી સાથે પુષ્યનક્ષત્રમા નીકળો.' વળી रौहिणेयेगते शूरे पुष्येण मधुसूदनः । पांडवेयान्पुरस्कृत्य ययावभिमुखः कुरून् ॥ (શલ્ય૦ ૩૫-૧૫,૧૬) અર્થાત્ શૂરવીર બલરામના ગયા પછી શ્રીકૃષ્ણ પાંડવોને આગળ કરીને કુરુક્ષેત્રપ્રત્યે ચાલ્યા.' વળી દુર્યોધનનું સૈન્ય પણ તે દિવસે નીકળ્યું હોય એમ સમજાય છે. 'प्रयाध्वं वै कुरुक्षेत्रं पुष्योद्येति पुनः पुनः । (ઉદ્યો૦ ૧૫૮-૩) અર્થાત્ આજે પુષ્ય નક્ષત્ર છે, માટે તમે કુરુક્ષેત્રપ્રત્યે પ્રયાણ કરો.' એવું દુર્યોધન વારંવાર કહેતો હતો. આ શ્લોક ઉપર ટીકા લખતાં ટીકાકારે પુષ્ય નક્ષત્ર આશ્વિન વદ આઠમે આવે છે એવું સૂચવ્યું છે; પરંતુ સેનાનિર્યાણને માટે તે પુષ્ય લેતાં કાર્તિકી દ્વાદશીએ શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા ગયા હતા એ વચન સાથે વિરોધ આવે છે; માટે કાર્તિક વદ છઠયુક્ત પંચમીએ આવેલું પુષ્યનક્ષત્રજ સૈન્યપ્રયાણમાં લેવું યોગ્ય છે.

યુદ્ધારંભનો દિવસ

બલરામ જે દિવસે સૈન્ય નીકળ્યું તેજ દિવસે યાત્રા કરવા ગયા હતા, તે પાછા યુદ્ધને છેલ્લે દિવસે ભીમ અને દુર્યોધનના ગદાયુદ્ધ વખતે ત્યાં આવી પહોંચે છે અને કહે છે કે:-'चत्वारिंशदहान्यद्य द्वे च मे निःसृतस्य वै । पुष्येण संप्रयातोऽस्मि श्रवणे पुनरागतः ॥ (શ૦ ૩૪-૬) અર્થાત્ મને નીકળ્યાને આજે બેંતાળીસ દિવસ થાય છે. હું પુષ્યમાં ગયો હતો અને શ્રવણ નક્ષત્રમાં પાછો આવ્યો છું.' આ વચન ઉપરથી યુદ્ધનો આરંભ કયે દિવસે થયો હતો તેનો નિર્ણય સુલભતાથી થઇ શકે છે.

કૌરવપાંડવોનું યુદ્ધ દશ દિવસ ભીષ્મના, પાંચ દિવસ દ્રોણના, બે કર્ણના, અર્ધો શલ્યનો અને અર્ધો દિવસ દુર્યોધનનો એમ કરીને અઢાર દિવસ ચાલ્યુ હતું, એ નિર્વિવાદ છે. હવે બલરામ યુદ્ધને છેલ્લે દિવસે આવ્યા અને તે દિવસે શ્રવણ નક્ષત્ર હતું. તેની પાછળ અઢાર નક્ષત્રોની ગણત્રી કરતાં મૃગશીર્ષ નક્ષત્ર આવે છે કે જે નક્ષત્ર સામાન્યતઃ માગશીર્ષ માસની પૂર્ણિમાએ આવવું જોઇએ; અને એ ગણત્રીથીજ કેટલાએક એ પૂનમને યુદ્ધનો આરંભદિવસ માને છે તથા તે પ્રમાણે વ્યવસ્થા કરે છે; પરંતુ પં૦ નીલકંઠ ભારતસાવિત્રીનું પ્રમાણ આપીને યુદ્ધારંભનો દિવસ ત્રયોદશી ઉપરાંત ચતુર્દશીનો માને છે. તે વચન આ પ્રમાણે છેઃ-'हेमंते प्रथमे मासि शुक्लपक्षे त्रयोदशीं । प्रवृत्तं भारतं युद्धं नक्षत्रे यमदैवते ॥ હેમંતઋતુના પ્રથમ એટલે માર્ગશીર્ષ માસમાં શુક્લપક્ષની ત્રયોદશીએ યમદૈવત નક્ષત્રમાં ભરતવંશીઓનું યુદ્ધ શરૂ થયું.' એ શ્લોકમાં ટીકાકાર એટલી વ્યવસ્થા કરે છે કે, ત્રયોદશી ચતુર્દશી ભેગી લેવી અને યમદૈવત નક્ષત્ર ભરણી છે, તે ન લેતાં યુગ્મદૈવત મૃગશીર્ષ નક્ષત્રજ લેવું. મૃગશીર્ષનું પૂર્વદલ શુક્રદૈવત્ય છે અને ઉત્તરદલ બુધદૈવત્ય છે; એટલે તે યમ-યુગ્મ દૈવત્ય ગણાય છે. મૃગશીર્ષ નક્ષત્ર લેવામાં તેઓ કારણ આપે છે કે, શ્રવણ નક્ષત્રથી પૂર્વે મૃગશીર્ષ ૧૮મું નક્ષત્ર છે અને ભરણી ૨૧ મું નક્ષત્ર છે; એટલે યુદ્ધારંભને દિવસે ભરણી લેતાં અઢાર દિવસમાં ત્રણ નક્ષત્રના ક્ષયની કલ્પના કરવી તે યોગ્ય નથી; માટે મૃગશીર્ષ નક્ષત્ર લેવું અને તે માર્ગશીર્ષ માસની ચતુર્દશીએ આવી શકે. આ રીતે માર્ગશીર્ષની ચતુર્દશીએ યુદ્ધારંભ ગણવો. વળી તે ગ્રંથમાં દશમે અને પંદરમે દિવસે પડેલા ભીષ્મ તથા દ્રોણની પતનતિથિઓ માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમી અને ત્રયોદશી આપી છે. એ ઉપરથી પણ યુદ્ધારંભની તિથિ ચતુર્દશી સિદ્ધ થાય છે. વળી પુષ્યમાં સૈન્ય નીકળ્યું અને મૃગશીર્ષને દિવસે યુદ્ધનો આરંભ થયો, તેની વચ્ચેનાં ૨૩ નક્ષત્રોના દિવસોમાં ઉભય પક્ષે નિવાસની અને યુદ્ધ વગેરેની તૈયારીઓ કરી એમ સમજવું.

કેટલાએક 'मघाविषयगः सोमस्तद्दिनं संप्रपद्यते । તે દિવસે ચંદ્ર મઘાનક્ષત્રમાં હતો.' આ ભીષ્મપર્વના સંજયવાક્ય ઉપરથી કાર્તિકી અમાવાસ્યા પહેલાં પાંચ દિવસ ઉપર યુદ્ધારંભ થયો

હતો એમ માને છે; પરંતુ તેથી યુદ્ધની સમાપ્તિને દિવસે રેવતી નક્ષત્ર આવે છે એટલે બલરામનાં "હું શ્રવણ નક્ષત્રમાં પાછો આવ્યો છું" એ વાક્યનો, બેતાળીસ દિવસનો તથા ભારતસાવિત્રીનાં વચનનો વિરોધ આવે છે. આથી ટીકાકાર **'मघाविषयगः'** એ શ્લોકનો અર્થ કરતાં લખે છે કે, **'मघाविषयगः'** એ વાક્ય ભીષ્મપર્વના ઉપક્રમરૂપ છે અને **'श्रवणे पुनरागत.'** એ શલ્યપર્વનું ઉપસંહારરૂપ વાક્ય છે. તેમાં ઉપસંહારવચન નિર્ણયરૂપ હોય છે; માટે તેને અનુસરીને ઉપક્રમ વાક્યનો અર્થ કરવો જોઇએ; અને એ રીતે **'मघाविषयगः सोमः'** એનો અર્થ અહીં મઘા શબ્દથી તેના સહચારી પિતૃઓ લેવા. શ્રુતિ પણ કહે છે કે, **'मघानक्षत्रं पितरो देवतेति'**–અર્થાત્ મઘાનક્ષત્રના પિતૃઓ દેવતા છે.' એ ઉપરથી યુદ્ધમાં મરણ પામેલાઓને ઉત્તમ દેહ આપવામાટે તે વખતે ચંદ્ર પિતૃલોકની સન્નિધિમાં હતો. મઘાનક્ષત્રમાં હતો નહિ, પણ મૃગનક્ષત્રમાંજ હતો. આ રીતે ઉપર જણાવેલા વિરોધનો પરિહાર થઇ જાય છે.

વળી મઘામાં યુદ્ધનો આરંભ માનવાથી બીજી પણ એક અઘટના દશ્ય થાય છે કે, પુષ્યનક્ષત્રમાં બન્ને પક્ષનાં સૈન્યે કુરુક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું અને વચ્ચે એકજ દિવસ બાદ કરતાં બીજેજ દિવસે મઘાનક્ષત્રમાં યુદ્ધનો આરંભ થાય એ અસંભવિત લાગે છે. કારણકે તેઓએ ત્યાં ગયા પછીજ હસ્તિનાપુર કરતાં પણ સુંદર છાવણીઓ વગેરેની રચના કરી હતી; અને તે એક દિવસમાં બનવી અશકય છે.

કયા મુખ્ય યોદ્ધાઓ કયા દિવસે પડયા ?

આ ઉપરથી સમજાય છે કે, યુદ્ધારંભ કાર્તિક શુકલ ચતુર્દશીએ મૃગશીર્ષ નક્ષત્રમાં થયો હતો. માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમીએ ભીષ્મ પડયા; એકાદશીએ અભિમન્યુ મરાયો; બારશે જયદ્રથ હણાયો; તેજ દિવસે રાત્રિયુદ્ધ થયું અને તેમાં ઘટોત્કચ પડયો; ત્રયોદશીએ દ્રોણ પડયા; અમાસે કર્ણ પડયો અને પોષ સુદ પડવાએ શલ્ય તથા દુર્યોધન પડયા; તેજ રાત્રે અશ્વત્થામાએ પાંડવોની છાવણીમાં યોદ્ધાઓનો સંહાર વાળ્યો અને મળસ્કે દુર્યોધને પ્રાણ છોડયા. આ રીતે એ અઢાર દિવસના યુદ્ધની સમાપ્તિ થાય છે; અને તેમાં પાંડવપક્ષના પાચ પાંડવો, સાત્યકિ, શ્રીકૃષ્ણ તથા યુયુત્સુ, એ આઠ યોદ્ધાઓ અને દુર્યોધનના પક્ષના કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા, એ ત્રણ મળીને અગિયાર યોદ્ધાઓજ બચે છે. એ યુદ્ધમા અઢાર × અક્ષૌહિણી સેના એકઠી થઈ હતી અને તે સર્વનો સંહાર વળી ગયો હતો. જો કે પાડવો વિજય પામ્યા હતા; છતા યુધિષ્ઠિરના મુખમાથી **'जयोऽयमजयाकारो भगवन्प्रतिभाति मे ।** હે ભગવન્! આ જય મને પરાજય જેવોજ લાગે છે!' એવાં વાકયો નીકળ્યા કરતા હતાં. ખરેખર! સંધિથી મેળવેલો પદાર્થ તેજ પદાર્થ છે, લડાઇથી મેળવેલા પદાર્થ તે પદાર્થ નથી. આ બલરામનાં વચન સત્ય છે.

રાજ્યાભિષેક

યુદ્ધની સમાપ્તિ પછી મહાત્મા પાંડવો એક માસસુધી શુદ્ધિ તથા ધાર્મિક ક્રિયાને માટે નગરબહાર રહ્યા હતા, તે આ શ્લોકથી સમજાય છે:–' **तत्र ते सुमहात्मानो न्यवसन्पांडुनंदनाः । शौचं निर्वर्तयिष्यंतो मासमात्रं बहिः पुरात् ॥**' (શાંતિ० ૧–૨) પછી શ્રીકૃષ્ણાદિના સમજાવવાથી યુધિષ્ઠિરે ઠાઠમાઠ સાથે નગરમાં પ્રવેશ કર્યો અને ત્યાં શ્રીકૃષ્ણને હાથે યુધિષ્ઠિરને રાજ્યાભિષેક થયો.

ભીષ્મનિર્વાણ

હવે ભીષ્મનો નિર્વાણસમય જોઇએ, કે જે ઘણો વિવાદાસ્પદ છે. યુધિષ્ઠિરરાજા ભીષ્મપિતામહ પાસે નાનાવિધ ધર્મો શ્રવણ કરીને તેમની આજ્ઞાથી પાછા હસ્તિનાપુર આવ્યા હતા. તે ફરી જે દિવસે ભીષ્મ નિર્વાણ પામવાના હતા, તે દિવસે પાછા સર્વને લઇને કુરુક્ષેત્રમાં ગયેલા છે. એ વાત આ શ્લોકથી સમજાય છે:–' **उषित्वा शर्वरीं श्रीमान् पंचाशत्-**

× ૧ રથ, ૧ હાથી, ૫ પદાતિ અને ૩ ઘોડા એટલાંને એક પત્તિ કહે છે.

૩ પત્તિનું ૧ સેનામુખ	૩ ગણની ૧ વાહિની	૩ ચમૂની ૧ અનીકિની
૩ સેનામુખનો ૧ ગુલ્મ	૩ વાહિનીની ૧ પૃતના	૧૦ અનીકિનીની ૧ અક્ષૌહિણી
૩ ગુલ્મનો ૧ ગણ	૩ પૃતનાની ૧ ચમૂ	

૧ અક્ષૌહિણીમાં ૨૧૮૭૦ હાથીઓ, ૨૧૮૭૦ રથો, ૬૫૬૧૦ ઘોડાઓ અને ૧૦૯૩૫૦ પદાતિઓ હોય છે.

नगरोत्तमे । समयं कौरवाग्र्यस्य सस्मार पुरुषर्षभः ॥ सनिर्ययौ गजपुराद्यानकैः परिवारितः । दृष्ट्वा निवृत्तमादित्यं प्रवृत्तं चोत्तरायणं॥ (અનુ० ૧૬૭-૫-૬) **અર્થાત્ શ્રીમાન યુધિષ્ઠિરે ઉત્તમ નગરમાં** પચાસ રાત્રિઓ રહ્યા પછી કુરુકુળમાં શ્રેષ્ઠ એવા ભીષ્મના નિર્વાણસમયનું સ્મરણ કર્યું. પછી તે પુરુષશ્રેષ્ઠ, સૂર્યને દક્ષિણાયનથી નિવૃત્ત થયેલા અને ઉત્તરાયણમાં પ્રવૃત્ત થયેલા જોઇને, વાહનોથી વિંટાઇ હસ્તિનાપુરથી કુરુક્ષેત્રમાં જવા નીકળ્યા.' ઉપલા શ્લોકમાં યુધિષ્ઠિરરાજા પચાસ રાત્રિઓ નગરમાં રહ્યા, અને તે પછીજ ભીષ્મના નિર્વાણપ્રસંગ ઉપર કુરુક્ષેત્રમાં ગયા હતા, એમ જણાવ્યું છે. પરંતુ એનાથી વિરુદ્ધ બીજાં ભીષ્મોક્ત વચન છે, તે હવે જોઇએ. યુધિષ્ઠિર કુરુક્ષેત્રમાં ગયા ત્યારે ભીષ્મે તેમને કહ્યું છે કેઃ–' **अष्टपंचाशतं रात्र्यः शयानस्याद्यमे गताः । शरेषु निशिताग्रेषु यथा वर्षं शतं तथा ॥ माघोऽयं समनुप्राप्तो मासः सौम्यो युधिष्ठिर । त्रिभागशेषः पक्षोऽयं शुक्लो भवितुमर्हति ॥** (અનુ० ૧૬૭–૨૭,૨૮) અર્થાત્ તીણાં અણિયાંવાળાં બાણો ઉપર સૂતાં આજે મને ૫૮ રાત્રિઓ વીતી ગઈ છે; પરંતુ તે મને સો વર્ષ જેવી લાગી છે. હે યુધિષ્ઠિર ! આ સૌમ્ય (ચાન્દ્ર) માઘમાસ આવ્યો છે. આ શુક્લપક્ષ ત્રણ ભાગ શેષ રહેલો હોવો જોઈએ.' આવો ઉપલા શ્લોકોનો અર્થ છે; પરંતુ એ રીતે ભીષ્મપતન પછી અઠ્ઠાવન દિવસ ગણતાં ત્રિભાગશેષ શુક્લપક્ષ આવતો નથી. ભીષ્મ માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમીએ પડ્યા હતા, ત્યારથી અઠ્ઠાવન દિવસ ગણતાં એ પક્ષના ૭ દિવસ, પૌષના ૩૦ દિવસ અને માઘમાસના ૨૧ દિવસ લેવાથી ૫૮ દિવસ પૂરા થાય છે; એટલે વચ્ચે થયેલી તિથિઓની વધઘટ ન ગણીએ તો માઘ વદ છઠ આવે છે; અને તિથિની વધઘટ થઈ હોય તો એક બે તિથિ આગળપાછળ આવે છે; પણ શુક્લપક્ષ આવતો નથી. ઉપલા શ્લોકમાં શુક્લપક્ષ લીધેલો છે અને તે દેવયાનમાં '**अग्निर्ज्योतिरहः शुक्लः**' એ ગણના પ્રમાણે અપેક્ષિત છે. વળી જે ઉત્તરાયણને માટે દેહ ટકાવે, તે કૃષ્ણપક્ષમાં શામાટે દેહ છોડે ?

ટીકાકાર એ શ્લોકની ટીકામાં લખે છે કે, 'માસના ચાર ભાગ કરતાં એક ભાગમાં સાડાસાત દિવસ આવે છે, એટલે અષ્ટમીનું અર્ધ પૂરૂં ન થઈ જતાં અષ્ટમીનો પ્રથમ ભાગ હોવાથી માસના સાડાસાત દિવસ જઈ ત્રિભાગ શેષમાસ રહે છે, તેથી અષ્ટમી આવે છે.' આ રીતે ત્રિભાગ શેષ પક્ષ ન લેતાં ત્રિભાગ શેષ માસ લઈ તેઓ શુક્લપક્ષની અષ્ટમીનું અર્ધ લે છે; છતાં પણ એ રીતે ગણતાએ અઠ્ઠાવન દિવસ થતા નથી અને તે એમને સ્મરણમાં રહે છે તેથી તેઓ બીજી જગાએ એ શ્લોકની બીજી વ્યવસ્થા કરે છે કે, **अष्टपंचाशतं रात्र्यः तत्र अशतं शतहीनं यथास्यात्तथा अष्टपंच अष्टपंचाशद्रात्रयो व्यतीता इति व्याख्येयम् । तेन द्विचत्वारिंशद्रात्रयो व्यतीता इत्यर्थः तथाच पौषकृष्णाष्टमीतो माघशुक्ल पंचम्यां तावतो दिनसंख्या पूर्यते । पक्षस्य च तृतीयो भागो गतो भवति, तत्राप्येक तिथिक्षयात्पंचम्याः द्विचत्वारिंशत्तमत्वं ज्ञेयं ॥** અર્થઃ–સોમાંથી અઠ્ઠાવન બાદ કરતાં રહેતી બેતાલીશ રાત્રિઓ વ્યતીત થઈ એવું '**अष्टपंचाशत्**' નું વ્યાખ્યાન કરવું. એ રીતે માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમીથી માઘશુક્લ પંચમી સુધી ગણતાં બેતાળીશ રાત્રિઓ વીતી જાય છે અને પક્ષનો પણ ત્રીજો ભાગ જાય છે. વળી એમાં પણ એક તિથિનો ક્ષય લેતાં પાંચમ બેતાળીસમી આવે છે, એમ સમજવું. મૂળટીકામાં પૌષ પૂર્ણિમાન્ત માસ ગણનાથી આપેલો છે.

ઉપલી રીતે વ્યવસ્થા થવાથી બધું સુગમ થઇ જાય છે; પરંતુ '**उषित्वा शर्वरीः श्रीमान्**' એ આ પ્રકરણમાં પ્રથમ આપેલા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે યુધિષ્ઠિરરાજા હસ્તિનાપુરમાં પચાસ રાત્રિઓ રહ્યા પછી ભીષ્મનિર્વાણને દિવસે કુરુક્ષેત્રમાં ગયા હતા; એ શ્લોકનો સંબંધ બેસતો નથી. ખરી રીતે જોતાં એ શ્લોકનો સંબંધ લાગવો પણ અશક્ય છે. કારણકે યુદ્ધ થયા પછી રાજા એક માસ બહાર રહ્યા હતા. પછી ભીષ્મ પાસે કુરુક્ષેત્રમાં ગયા હતા. ત્યાંથી આવ્યા પછી એ શ્લોકમાં કહ્યા પ્રમાણે તેઓ પચાસ રાત્રિઓ નગરમાં રહીને ભીષ્મનિર્વાણ ઉપર પાછા જાય એટલે ભીષ્મપતનને લગભગ સો રાત્રિઓ થવા જાય અને તે બધાં વચનોથી વિરુદ્ધ ગણાય. વળી એ શ્લોક ઉપર ટીકાકારે કંઈ ખુલાસો કર્યો નથી તે જોતાં પણ એ શ્લોકને કોઇ ગૂઢાર્થરૂપ માનીને રહેવા દઇએ તો ટીકાકારની વ્યવસ્થા પ્રમાણે માઘ શુક્લ પંચમીએજ ભીષ્મ નિર્વાણ પામ્યા ગણાય.

પરિક્ષિતજન્મ

ભીષ્મના નિર્વાણ પછી યુધિષ્ઠિરરાજાએ પાપનિવૃત્તિને માટે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞને માટે પાંડવો હિમાલય ઉપર દ્રવ્ય લેવા ગયા હતા, તેજ અરસામા અભિમન્યુની સ્ત્રી ઉત્તરાએ સાતમે માસે મૃતબાળક પરિક્ષિતને જન્મ આપ્યો હતો; અને એ રીતે પાંડવોનો વંશાંકુર નાશ પામતો હતો, પરંતુ તે વખતે અશ્વમેધને માટે આવેલા શ્રીકૃષ્ણે પોતાના પ્રભાવથી તે બાળકને જીવાડયો હતો. તે પછી યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞ કર્યો.

ધૃતરાષ્ટ્રાદિનું અવસાન

ધૃતરાષ્ટ્રરાજા યુધિષ્ઠિરના રાજ્યકાળમાં પંદર વર્ષસુધી હસ્તિનાપુરમાં રહ્યા હતા. તે પછી તેઓ ગાંધારી, કુંતી, વિદુર તથા સંજય સાથે કુરુક્ષેત્રમાં જઇને રહ્યા હતા. તેઓને ગયાને એક વર્ષ થયા પછી યુધિષ્ઠિરરાજા પોતાના ભાઇઓ તથા સર્વે સ્ત્રી આદિ પરિજનોને લઇને તેમને મળવા કુરુક્ષેત્રમાં ગયા હતા. તેજ સમયે વિદુરનો અંશ ધર્મરાજામાં મળી જઈ વિદુરે દેહ ત્યજ્યો હતો. પાંડવો ત્યા એક માસસુધી રહ્યા હતા, એ અરસામા વ્યાસમુનિએ સર્વને યુદ્ધમાં મરણ પામેલાનાં દર્શન કરાવ્યાં હતા અને વિધવા સ્ત્રીઓને પોતપોતાના પતિલોકમા જવાની તક આપી હતી, જેનો લાભ લઇને ધૃતરાષ્ટ્રની પુત્રવધૂઓ વગેરે સ્ત્રીઓએ ગંગામાં દેહત્યાગ કર્યો હતો. એ વખતે યુદ્ધ થયાને સોળ વર્ષ થયાં હતાં તે ગાંધારીએ વ્યાસને કહેલાં નીચેનાં વચનથી સમજાય છેઃ– **'षोडशेमानि वर्षाणि गतानि मुनिपुंगव। अस्य राज्ञो हतान्पुत्रान् शोचतो न शमो विभो ॥'** (આશ્રમ૦ ૨૯,૩૮). ત્યાથી યુધિષ્ઠિર હસ્તિનાપુરમા આવ્યા. તે પછી બે વર્ષે નારદમુનિએ આવીને 'ધૃતરાષ્ટ્રાદિ કુરુક્ષેત્રમાંથી ગંગાદ્વાર ગયા અને ત્યા અગ્નિહોત્રના અગ્નિથી અરણ્યમાં પ્રકટેલા દાવાગ્નિમાં ગાંધારી તથા કુંતીની સાથે દગ્ધ થઇ ગયા' એ સમાચાર યુધિષ્ઠિરને કહ્યા. **'एवं वर्षाण्यतीतानि धृतराष्ट्रस्य धीमतः। वनवासे तथा त्रीणि नगरे दशपंच च ॥'** (આશ્રમ૦ ૩૯,૨૫) અર્થાત્ આ રીતે યુદ્ધ પછી બુદ્ધિમાન ધૃતરાષ્ટ્રના નગરમા પંદર વર્ષ અને વનવાસમાં ત્રણ વર્ષ એમ અઢાર વર્ષ વીત્યાં હતાં.'

યુધિષ્ઠિરનો રાજ્યકાળ તથા સ્વર્ગારોહણ

તે પછી યુધિષ્ઠિરરાજાએ અઢાર વર્ષ રાજ્ય કરેલું એમ આ વચનથી સમજાય છે. **'षट् त्रिंशेत्वथ संप्राप्ते वर्षे कौरवनंदनः । ददर्श विपरीतानि निमित्तानि युधिष्ठिरः ॥'** (મૌ૦ ૧,૧) અર્થાત્ છત્રીસમુ વર્ષ આવતાં કુરુનંદન યુધિષ્ઠિરે વિપરીત નિમિત્તો જોયાં.' તેજ વખતે યદુવંશનો સંહાર વર્ત્યો હતો; શ્રીકૃષ્ણે તથા બલરામે દેહ ત્યજ્યા હતા અને અર્જુન કાબા લોકોથી માનભંગ પામીને હસ્તિનાપુર આવ્યો હતો. તે પછી તુરતજ યુધિષ્ઠિરે ૩૬ વર્ષની વયના પરિક્ષિતનો હસ્તિનાપુરની ગાદીએ રાજ્યાભિષેક કર્યો અને શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રને ઇંદ્રપ્રસ્થની ગાદીએ બેસાડયો; અને તેઓએ સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને હિમાલય ઉપર દેહત્યાગને માટે મહાપ્રયાણ કર્યું. તેમની પાછળ તેમના ચાર ભાઇઓ તથા દ્રૌપદી પણ ગયાં અને તે સર્વે પુણ્યધામ પામ્યાં.

પાંડવોની ઉમ્મર

પાંડવોની ઉમ્મરના સંબંધમાં મહાભારતમા કંઇપણ જણાવ્યું નથી, એટલે તે સંબંધી કલ્પનાઓજ ચાલે છે; પરંતુ શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણની ઉમ્મર જણાવેલી છે, તે ઉપરથી પાંડવોની ઉમ્મર નીચે પ્રમાણે કલ્પી શકાય. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરથી તથા ભીમસેનથી વયે નાના હતા અને અર્જુનની સમાન વયના હતા, એ એમની સાથેના પાંડવોના પ્રણામાદિ વ્યવહારથી સ્પષ્ટ થાય છે. શ્રીકૃષ્ણની ઉમ્મર શ્રીમદ્‌ભાગવતમાં આ પ્રમાણે કહી છેઃ–**'यदुवंशेऽवतीर्णस्य भवतः पुरुषोत्तम । शरच्छतं व्यतीयाय पंचविंशाधिकं प्रभो ॥'** (સ્કંધ ૧૧-૬-૨૫) અર્થાત્ હે પુરુષોત્તમ ! હે પ્રભો ! યદુવંશમાં અવતરેલા આપને ૧૨૫ શરદ્‌ઋતુઓ–અર્થાત્ વર્ષો–વીતી ગયાં છે.' શ્રીકૃષ્ણને સ્વધામગમનને માટે પ્રાર્થના કરવા આવેલા બ્રહ્મદેવનું આ વચન છે. આ વચન પ્રમાણે શ્રીકૃષ્ણનું વય અવસાનસમયે ૧૨૫ વર્ષનું ગણીએ, તો એક એક વર્ષને અંતરે ઉત્પન્ન થયેલા પાંડવોનું વય અનુક્રમે ૧૨૭ ૧૨૬, ૧૨૫, ૧૨૪ અને ૧૨૩ આવે. એ ઉપરથી અર્જુનનાં ૧૨૫ વર્ષમાંથી રાજ્યકાળનાં ૩૬ વર્ષ બાદ કરતાં યુદ્ધનો સમય ૮૯મે વર્ષે આવે. તે પછી ૧૩ વર્ષ વનવાસનાં બાદ કરતાં છઠ્ઠે

વર્ષે દ્યૂતપ્રસંગ આવે; અને તે પછી વિરાટપર્વમાં ગાંડીવધનુષ્યધારણના પ્રસંગમાં અર્જુને ઉત્તરને કહ્યું છે કે,‘ **पार्थः पंच च षष्टिं च वर्षाणि श्वेतवाहनः।** (વિ૦ ૪૩-૬) અર્થાત્ ‘શ્વેત ઘોડાવાળા અર્જુને એ ધનુષ્યને ૬૫ વર્ષ ધારણ કર્યું છે.’ એ ૬૫ વર્ષ ખાંડવદાહપ્રસંગે ધનુષ્ય મળ્યા પછી થયાં નથી, એમ માનીને ટીકાકાર વર્ષ શબ્દનો અર્થ પ્રમાણો આપીને ‘વૃષ્ટિ’ એવો કરે છે; અને તે વૃષ્ટિ એક સંવત્સરમાં બે વખત એટલે એક દક્ષિણાયનમાં તથા એક ઉત્તરાયણમાં થાય છે; અને તેથીજ અગ્નિહોત્રમાં બે નવાન્ન-ઇષ્ટિઓ કરવામાં આવે છે. આ રીતે વર્ષ શબ્દનો વૃષ્ટિ એવો અર્થ કરીને તે સંવત્સરમાંએ વાર થાય છે; એટલે ૩૨॥ સંવત્સરમાં ૬૫ વર્ષ-અથવા વૃષ્ટિ થાય એમ ગણીને ‘પાર્થે ૩૨॥ વર્ષ ગાંડીવ ધારણ કર્યું હતું’ એવી વ્યવસ્થા કરે છે. એ રીતે ૩૨॥ વર્ષ લઇ તેમાંથી વનવાસનાં ૧૩ વર્ષ બાદ કરતાં ૧૯॥ વર્ષ રહે છે, તેને પૂર્વોક્ત ૭૬ વર્ષમાંથી બાદ કરતાં ૫૬॥ વર્ષ ખાંડવદાહપ્રસંગે આવે અને ખાંડવદાહ થતાં પહેલાં અર્જુને ૧૨ વર્ષ તીર્થયાત્રા કરી છે, તે ૧૨ વર્ષ ૫૬॥માંથી કાઢી નાખતાં અર્જુનનાં ૪૪॥ વર્ષ વિદ્યાધ્યયન, લાક્ષાગૃહમાંથી નાઠા પછીનો વનવાસ, રાજ્યસ્થાપન, વિજય વગેરેમાં જાય. આ પ્રમાણે ગણના કરતાં પાંડવોની ઉમ્મર તથા તેમાંના પ્રસંગો ઉપર પ્રમાણે આવે છે. એમાં અસંભવિત જેવું કંઇ નથી. કારણકે જ્યારે અર્વાચીન સમયમાં પણ કેટલાંએક મનુષ્યો લગભગ સો વર્ષ આયુષ્ય ભોગવે છે, ત્યારે આજથી પાંચ હજાર વર્ષપૂર્વે એટલું આયુષ્ય ભોગવે તેમાં શું આશ્ચર્ય !

કેટલાએક ‘અર્જુને ૨૦મે વર્ષે ખાંડવદાહ કર્યો’ એમ કહે છે.ને પછી ૩૩ વર્ષે યુદ્ધ અને પછી ૩૬ વર્ષ તેણે રાજ્ય કર્યું. એ મળીને અર્જુનની ૮૯ વર્ષની ઉમ્મર કલ્પે છે. ટીકાકારે પણ ધનુષ્યધારણનાં ૩૨॥ વર્ષની વ્યવસ્થા કરતાં ૧૨ વર્ષ તીર્થયાત્રા, ૧૩ વર્ષ વનવાસ અને ૭॥ વર્ષ બીજાં મળીને ૩૨॥ કહ્યાં છે; પરંતુ ઇંદ્રપ્રસ્થના રાજ્યસ્થાપન પછી અર્જુન ૧૨ વર્ષ તીર્થયાત્રા કરી આવ્યો તે બાદ ખાંડવદાહનો પ્રસંગ અને તેમાં ધનુષ્યની પ્રાપ્તિ થયેલી છે. અર્જુન સુભદ્રાને લઇને તીર્થયાત્રાનો સમય પૂરો કરી હસ્તિનાપુર આવ્યો, તે પછી પહેરામણી આપવા આવેલા યાદવો પાછા ગયા અને શ્રીકૃષ્ણ ઇંદ્રપ્રસ્થમાંજ રહ્યા હતા. આ પછી અર્જુન તથા શ્રીકૃષ્ણે અગ્નિને ખાંડવવન બાળવા આપ્યું છે, એ તે પ્રસંગ જોવાથી સમજાય છે.

આ રીતે પાંડવોની ઉમ્મરના સંબંધમાં અનેક કલ્પનાઓ થાય છે,વસ્તુતત્ત્વ અવ્યક્ત છે.

વંશાવલિ

પાંડવો ચંદ્રવંશી હતા. તેઓની વંશાવલિ મહાભારતના આદિપર્વના ૯૪ મા તથા ૯૫ મા અધ્યાયમાં આપેલી છે. તેમાં ૯૫ મા અધ્યાયની વિસ્તૃત છે. તેમાંથી સીધો વંશ ચલાવનારા એક એકનું નામ લઇ અહીં નીચે તે વંશાવલિ આપી છે. *

૧ નારાયણ

૨ બ્રહ્મા

સૂર્યવંશ	**ચંદ્રવંશ**
૩ મરીચિ	૩ અત્રિ
૪ કશ્યપ	૪ ચંદ્ર
૫ વિવસ્વાન્ (સૂર્ય)	૫ બુધ-પત્ની ઇલા
૬ વૈવસ્વત (મનુ)	૬ પુરુરવા
૭ ઇલા (સુદ્યુમ્ન)	૭ આયુષ્

ઉપલા બે વંશ પૈકી ચંદ્રવંશની વધુ વંશાવળી આ પ્રમાણે છે:-

૮ નહુષ ૯ યયાતિ ૧૦ પૂરુ (એનાથી ‘પૌરવ’ કહેવાયા) ૧૧ જનમેજય ૧૨ પ્રાચિન્વાન્ ૧૩ સંયાતિ ૧૪ અહંયાતિ ૧૫ સાર્વભૌમ ૧૬ જયત્સેન ૧૭ અવાચીન ૧૮ અરિહ ૧૯ મહાભૌમ ૨૦ અયુતનાયી ૨૧ અક્રોધન ૨૨ દેવાતિથિ ૨૩ અરિહ ૨૪ ઋક્ષ ૨૫ મતિનાર ૨૬ તંસુ ૨૭ ઇલિન

---

* એ અધ્યાયમાં દક્ષની પુત્રી અદિતિ, તેનો પુત્ર વિવસ્વાન્, તેનો પુત્ર વૈવસ્વત મનુ, તેની પુત્રી ઇલા અને ઇલાનો પુત્ર પુરુરવા એ રીતે વંશકથન છે; પરંતુ તેનો યથાર્થ સંબંધ જણાવવા મેં અહીં પુરુરવા સુધીનાં બીજાં સ્થાનમાં જણાવેલાં નામો મૂક્યાં છે. **શાસ્ત્રી કરુણાશંકરજી**

૨૮ દુષ્યંત ૨૯ ભરત (એનાથી ભારત કહેવાય છે) ૩૦ ભુમન્યુ ૩૧ સુહોત્ર ૩૨ હસ્તી (એણે હસ્તિનાપુર સ્થાપ્યું) ૩૩ વિકુંઠન ૩૪ અજમીઢ ૩૫ સંવરણ ૩૬ કુરુ ૩૭ વિદૂર ૩૮ અનશ્વા ૩૯ પરીક્ષિત્ ૪૦ ભીમસેન ૪૧ પ્રતિશ્રવા ૪૨ પ્રતીપ ૪૩ શાંતનુ ૪૪ વિચિત્રવીર્ય ૪૫ ધૃતરાષ્ટ્ર તથા પાંડુ ૪૬ ધૃતરાષ્ટ્રના દુર્યોધનાદિ, અને પાંડુના યુધિષ્ઠિરાદિ પાંડવો. આ રીત પાંડવો આદિનારાયણથી ૪૬ મા આવે છે; પણ પૂર્વના રાજાઓ મહાતપસ્વી તથા ગોગસિદ્ધ હતા એટલે એ વંશ પાંડવોસુધી આવતાં અનેક યુગો વહી ગયેલા હોવા જોઇએ. પૂર્વોક્ત વૈવસ્વત મનુનો આ ૨૮ મો કલિયુગ ચાલે છે.*

---

* ઉપલી વંશાવળી પાંડવો સુધીની છે. એ પછીની વંશાવળીઓ સસ્તા સાહિત્ય તરફથી નીકળેલા રાજસ્થાનના ઇતિહાસ-ગ્રંથ ૧ માંથી આ નીચે અહીંથી માંડીને પૃષ્ઠ ૧૫૦ સુધીમાં ટીપણીરૂપે આપી છે.

ભિક્ષુ-અખંડાનંદ

પાંડવ રાજાઓની વંશાવલી—શ્રીમન્મહારાજાધિરાજ યુધિષ્ઠિરથી લઇને ત્રીસ પેઢી સુધી તેમના વંશજોએ નીચે જણાવેલા સમય સુધી અર્થાત્ ૧૭૭૦ વર્ષ ૧૧ માસ અને ૧૦ દિવસ સુધી દિલ્હીમાં રાજ્ય કર્યું.

ક્રમાંક	રાજરાજેશ્વરોનાં નામ	શાસનકાલ			ક્રમાંક	રાજરાજેશ્વરોનાં નામ	શાસનકાલ		
		વર્ષ	માસ	દિન			વર્ષ	માસ	દિન
૧	મહારાજ યુધિષ્ઠિર	૩૬	૮	૨૫	૧૬	સુચિરથ	૪૨	૧૧	૨
૨	રાજા પરીક્ષિત	૬૦	૦	૦	૧૭	સૂરસેન (દ્વિતીય)	૫૮	૧૦	૮
૩	જનમેજય	૮૪	૭	૨૩	૧૮	પર્વતસેન	૫૬	૬	૧૦
૪	અશ્વમેધ	૮૨	૮	૨૨	૧૯	મેધાવી	૫૨	૧૦	૧૦
૫	રામ (દ્વિતીય)	૮૮	૨	૮	૨૦	સોનવીર	૫૦	૮	૨૧
૬	છત્રમલ	૮૧	૧૧	૨૭	૨૧	ભીમદેવ	૪૭	૯	૨૦
૭	ચિત્રરથ	૭૫	૩	૧૮	૨૨	નૃહરિદેવ	૪૫	૧૧	૨૩
૮	દુષ્ટશૈલ્ય	૭૨	૧૦	૨૪	૨૩	પૂર્ણમલ	૪૪	૮	૭
૯	ઉગ્રસેન	૭૮	૭	૨૧	૨૪	કરદવી	૪૪	૧૦	૮
૧૦	સૂરસેન	૮૦	૯	૨૧	૨૫	અલમિક	૫૦	૧૧	૮
૧૧	ભુવનપતિ	૬૯	૫	૫	૨૬	ઉદયપાલ	૩૮	૯	૦
૧૨	રણજીત	૬૫	૧૦	૪	૨૭	દુવનપાલ	૪૦	૧૦	૨૬
૧૩	ઋક્ષક	૬૪	૭	૪	૨૮	દમાત	૩૨	૦	૦
૧૪	સુખદેવ	૬૨	૦	૨૪	૨૯	ભીમપાલ	૫૮	૫	૮
૧૫	નરહરિદેવ	૫૧	૧૦	૨	૩૦	ક્ષેમક	૪૮	૧૧	૨૧

એ પછીના દિલ્હીના આર્ય રાજાઓની વંશાવલી-રાજા ક્ષેમકનો પ્રધાન વિશ્રવા ક્ષેમકને મારી નાખીને પોતે રાજા થયો. ચૌદ પેઢીઓ સુધી તેના વંશમા ૫૦૦ વર્ષ ૩ માસ અને ૧૭ દિન સુધી રાજ્ય રહ્યું.

ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ			ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ		
		વર્ષ	માસ	દિન			વર્ષ	માસ	દિન
૧	વિશ્રવા	૧૭	૩	૨૯	૮	કદ્રુત	૪૨	૯	૨૪
૨	પુરસેની	૪૨	૮	૨૧	૯	સજજ	૩૨	૨	૧૪
૩	વીરસેની	૫૨	૧૦	૭	૧૦	અમરચૂડ	૨૭	૩	૧૬
૪	અનંગશાયી	૪૭	૮	૨૩	૧૧	અમીપાલ	૨૨	૧૧	૨૫
૫	હરિજીત	૩૫	૯	૧૭	૧૨	દશરથ	૨૫	૪	૧૨
૬	પરમસેની	૪૪	૨	૨૩	૧૩	વીરસાલ	૩૧	૮	૧૧
૭	સુખપાતાલ	૩૦	૨	૨૧	૧૪	વીરસાલસેન	૪૭	૦	[illegible]

ટીકાકાર નીલકંઠ

મહાભારતનાં કેટલાંક સ્થાનો ઘણાં કઠિન છે. તે સ્થાનના શ્લોકો મોટા વિદ્વાનોની બુદ્ધિને પણ વિભ્રમમાં નાખી દે અને વિચારમગ્ન કરી દે તેવા છે. એવા કઠિન શ્લોકોરૂપી દુર્ભેદ્ય ખડકોવાળા મહાભારતરૂપી સમુદ્રનો પાર મેળવવા માટે જેમ જેમ અધિક ટીકાઓ મળે,તેમ તેમ વધારે સુગમતા

એ પછી રાજા વીરસાલસેનને વીરમહા અમાત્યે મારી નાખ્યો, અને પોતે રાજા થયો. સોળ પેઢી સુધી ૪૪૫ વર્ષ ૫ માસ અને ૩ દિન સુધી તેના વંશજોએ રાજ્ય કર્યું.

ક્રમાંક	રાજાઓના નામ	શાસનકાલ			ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ		
		વર્ષ	માસ	દિન			વર્ષ	માસ	દિન
૧	વીરમહા	૩૫	૧૦	૮	૯	તેજપાલ	૨૮	૧૧	૧૦
૨	અજિતસિંહ	૨૭	૭	૧૯	૧૦	માણિકચંદ્ર	૩૭	૭	૨૧
૩	સર્વદત્ત	૨૮	૩	૧૦	૧૧	કામસેની	૪૨	૫	૧૦
૪	ભુવનપતિ	૧૫	૪	૧૦	૧૨	શત્રુમર્દન	૮	૧૧	૧૩
૫	વીરસેન	૨૧	૨	૧૩	૧૩	જીવનલોક	૨૮	૯	૧૭
૬	મહીપાલ	૪૦	૮	૭	૧૪	હરિરાવ	૨૬	૧૦	૨૯
૭	શત્રુસાલ	૨૬	૪	૩	૧૫	વીરસેન (દ્વિતીય)	૩૫	૨	૨૦
૮	સંઘરાજ	૧૭	૨	૧૦	૧૬	આદિત્યકેતુ	૨૩	૧૧	૧૩

એ પછી રાજા આદિત્યકેતુને પ્રયાગના ધન્ધર નામના રાજાએ મારી નાખીને રાજ્ય કર્યું. એના વંશજ ૯ પેઢીસુધી ૩૭૪ વર્ષ ૧૧ માસ ૨૬ દિન સુધી શાસક રહ્યા.

ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ			ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ		
		વર્ષ	માસ	દિન			વર્ષ	માસ	દિન
૧	ધન્ધર	૪૨	૭	૨૪	૬	જીવનરાજ	૪૫	૨	૫
૨	મહર્ષી	૪૧	૨	૨૯	૭	રુદ્રસેન	૪૭	૪	૨૮
૩	સનરચ્ચી	૫૦	૧૦	૧૯	૮	આરીલક	૫૨	૧૦	૮
૪	મહાયુદ્ધ	૩૦	૩	૮	૯	રાજપાલ	૩૬	...	...
૫	દુરનાથ	૨૮	૫	૨૫	...	...	...	...	...

એ પછી રાજા રાજપાલને તેના સામન્ત મહાનપાલે મારી નાખીને ચૌદ વર્ષપર્યંત રાજ્ય કર્યું. એ પછી રાજા મહાનપાલ ઉપર અવન્તિકા(ઉજ્જન)ના મહારાજા વિક્રમાદિત્યે ચઢાઈ કરી અને યુદ્ધભૂમિમાં તેનો વધ કરીને પોતે ૯૩ વર્ષ સુધી રાજ્ય કર્યું. એ પછી શાલિવાહનના એક ઉમરાવ સમુદ્રપાલે રાજા વિક્રમાદિત્યને મારી નાખ્યો અને પોતે રાજા થયો. તેના વંશજોએ ૧૬ પેઢી અર્થાત્ ૩૭૨ વર્ષ ૪ માસ અને ૨૭ દિન સુધી રાજ્ય કર્યું.

ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ			ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ		
		વર્ષ	માસ	દિન			વર્ષ	માસ	દિન
૧	સમુદ્રપાલ	૫૪	૨	૨૦	૯	અમૃતપાલ	૩૬	૧૦	૧૩
૨	ચન્દ્રપાલ	૩૬	૫	૪	૧૦	બલીપાલ	૧૨	૫	૨૭
૩	સાહાયપાલ	૧૧	૪	૧૧	૧૧	મહીપાલ	૧૩	૮	૪
૪	દેવપાલ	૨૭	૧	૨૮	૧૨	હરીપાલ	૧૪	૮	૪
૫	નરસિંહપાલ	૧૮	૦	૨૦	૧૩	શીશપાલ*	૧૧	૧૦	૧૩
૬	સામપાલ	૨૭	૧	૧૭	૧૪	મદનપાલ	૧૭	૧૦	૧૯
૭	રઘુપાલ	૨૨	૩	૨૫	૧૫	કર્મપાલ	૧૬	૨	૨
૮	ગોવિંદપાલ	૨૭	૧	૧૭	૧૬	વિક્રમપાલ	૨૪	૧૧	૧૩

* કોઈ કોઈ ઇતિહાસકાર એને ભીમપાલ પણ કહે છે.

થાય એ સ્વાભાવિકજ છે. મહાભારત ઉપર અનેક ટીકાઓ થઇ હશે; પરંતુ હમણાં તો પંડિત નીલકંઠ ચતુર્ધરની 'ભારતભાવદીપ' નામની ટીકાજ આખા ભારતવર્ષમાં એક અતિ ઉત્તમ ટીકા તરીકે ઉપલબ્ધ થાય છે. ખુશીની વાત છે કે, હમણાંજ 'ગુજરાતી'ના અધિપતિ તરફથી નીલકંઠની ટીકા સાથે આઠ ટીકાવાળું ભારતનું વિરાટપર્વ છપાઇને બહાર પડયું છે. જો એ રીતે આખા મહાભારત ઉપરની ટીકાઓ છપાઇને બહાર પડશે, તો તે ખરેખર એક આદરણીય કાર્ય ગણાશે.

પં૦ નીલકંઠે પોતાની ટીકામાં 'રત્નગર્ભ' નામના કોઇ ટીકાકારનું તથા 'ગાણેશી' નામની ટીકાનું નામ આપીને મહાભારતનાં આખ્યાનોનાં તાત્પર્યસૂચક શ્લોકો આપેલા છે. એ ઉપરથી સમજાય છે કે,રત્નગર્ભ અને ગણેશ નામના પંડિતોએ પણ એ ગ્રંથ ઉપર ટીકાઓ કરેલી હશે.પં૦ નીલકંઠે 'ભાવદીપ'લખતાં કેટલો પરિશ્રમ તથા શોધ કર્યાછે,તે તેના મહાભારતની ટીકાના આરંભમાં આપેલા એ શ્લોકો ઉપરથી સમજાય છે;તથા તેના સમયમાં બીજી ટીકાઓ હશે એમ પણ એજ ઉપરથી જણાય છે. તે શ્લોકો આ પ્રમાણે છેઃ–' **बहून्समाहृत्य विभिन्न देश्यान् कोशान्विनिश्चित्य च पाठमग्र्यम् । प्राचां गुरूणामनुसृत्य वाचमारभ्यते भारतभावदीपः ॥ टीकांतरार्णांदुरविप्रमाणि बाह्यार्थरत्नानि च कासयंतु । अंतर्निगूढार्थचयप्रकाशे दीपः क्षमो भारतमंदिरेऽस्मिन् ॥** ' ભાવાર્થઃ–ભિન્ન

એ પછી પશ્ચિમના રાજા મલુખચન્દ્ર રાજા વિક્રમપાલપર ચઢાઈ કરીને યુદ્ધમાં તેનો સંહાર કર્યો અને રાજ્યાધિકાર લીધો. દશ પેઢી અર્થાત્ ૧૯૧ વર્ષ ૧ માસ અને ૧૬ દિન સુધી તેના વંશમાં રાજય રહ્યું.

ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન	ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન
૧	મલુખચંદ્ર	૫૪	૨	૧૦	૬	કલ્યાણચંદ્ર	૧૦	૫	૪
૨	વિક્રમચંદ્ર	૧૨	૭	૧૨	૭	ભીમચંદ્ર	૧૬	૨	૯
૩	અમીચંદ્ર ×	૧૦	૦	૫	૮	લોકચંદ્ર	૨૬	૩	૨૨
૪	રામચંદ્ર	૧૩	૧૧	૮	૯	ગોવિંદચંદ્ર	૩૧	૭	૧૨
૫	હરિચંદ્ર	૧૪	૯	૨૪	૧૦	રાણી પદ્માવતી (ગોવિંદચંદ્રની રાણી)	૧	૦	૦

રાણી પદ્માવતીને પુત્ર હતો નહિ. તેનું મરણ થતાં દરબારીઓએ મસલત કરીને હરિપ્રેમ નામના વૈરાગીને ગાદીપર બેસાડયો; અને તે શાસન કરવા લાગ્યો. ચાર પેઢી સુધી અર્થાત્ ૫૦ વર્ષ ૨૧ દિન તેના વંશમાં રાજ્ય રહ્યું.

ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન	ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન
૧	હરિપ્રેમ	૭	૫	૧૬	૩	ગોપાલપ્રેમ	૧૫	૭	૨૮
૨	ગોવિંદપ્રેમ	૨૦	૨	૮	૪	મહાબાહુ	૬	૮	૨૯

એ પછી રાજા મહાબાહુ રાજ્યનો પરિત્યાગ કરીને વનમાં તપ કરવા ચાલ્યો ગયો. બંગાલના રાજા આધીસેને એ વાત સાંભળતાંજ સૈન્યસાથે ઇન્દ્રપ્રસ્થમાં આવીને તે રાજ્ય લઈ લીધું. બાર પેઢી અર્થાત ૧૫૧ વર્ષ ૧૧ માસ અને ૨ દિન પર્યંત એના વંશજોએ રાજ્ય કર્યું.

ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન	ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન
૧	આધીસેન	૧૮	૫	૨૧	૭	કલ્યાણસેન	૪	૮	૨૧
૨	વિલાવલસેન	૧૨	૪	૨	૮	હરીસેન	૧૨	૦	૨૫
૩	કેશવસેન	૧૫	૭	૧૨	૯	ક્ષેમસેન	૮	૧૧	૧૫
૪	માધસેન	૧૨	૪	૨	૧૦	નારાયણસેન	૨	૨	૨૯
૫	મયૂરસેન	૨૦	૧૧	૨૭	૧૧	લક્ષ્મીસેન	૨૬	૧૦	૦
૬	ભીમસેન	૫	૧૦	૯	૧૨	દામોદરસેન	૧૧	૫	૧૯

× કોઇ કોઇ આને આનકચંદ્ર પણ કહે છે.

ભિન્ન દેશના ઘણા કોષો એકઠા કરીને, મુખ્ય પાઠનો નિશ્ચય કરીને તથા પ્રાચીન ગુરુઓની વાણીને અનુસરીને આ ભારતભાવદીપનો આરંભ કરાય છે. સૂર્યચંદ્રના જેવી કાંતિવાળી બીજી ટીકાઓ બાહ્ય અર્થરૂપી રત્નોને ભલે પ્રકાશિત કરો; પરંતુ આ ભારતમંદિરમાં અત્યંત ગૂઢ રહેલા અર્થ-સમૂહને પ્રકાશિન કરવામાં આ ભારતભાવદીપજ સમર્થ છે.

આ ઉપરથી નીલકંઠની ટીકા બહુ વિચારપૂર્વક થઇ છે તથા તેના સમયમાં બીજી ટીકાઓ પ્રચલિત હતી એમ પણ સમજાય છે.× પં. નીલકંઠ દક્ષિણદેશના હતા તથા તે પેશ્વાઇ વખતે રાજ્યાશ્રિત પંડિત હતા, એમ કિંવદંતિ ઉપરથી સમજાય છે. તે શ્રીધર સ્વામીની પછી થયા હતા, એમ સભાપર્વના ૪૧ મા અધ્યાયના પ્રથમ શ્લોકની ટીકા ઉપરથી જણાય છે. તે લખે છે કે, **'अतएव श्रीमद्भागवतेऽपि हरिनिंदाग्रंथः स्तुतिपरत्वेनैव व्याख्यातः श्रीधरस्वामिभिः।'** આ રીતે શ્રીમદ્-ભાગવતના ટીકાકાર શ્રીધરસ્વામીના ઉલ્લેખથી નીલકંઠ તેમની પછી થયા હતા એ સ્પષ્ટ થાય છે. શ્રીધરસ્વામીને થઇ ગયાને આશરે ચારસો વર્ષ થયાં હશે. તે પછી નીલકંઠ થયા છે. વળી ભગવદ્-ગીતાના બીજા અધ્યાયની સમાપ્તિમાં પં. નીલકંઠ લખે છે કેઃ–**'अस्याध्यायस्वार्थः संगृहितो मधुसूदनश्रीपादैः।'** આ રીતે એ ગીતાના ટીકાકાર મધુસૂદન સરસ્વતીનો ઉલ્લેખ કરે છે. એ ઉપરથી પં૦ નીલકંઠ તેના પછી થયા હતા એ નિઃસંશય છે. મધુસૂદન શાકે ૧૬૦૦ની સાલમાં હતા, એમ મનાય છે. પં૦ નીલકંઠના પિતાનું નામ **'गोविंदसूरिसूनोः'** એમ લખવાથી ગોવિંદ હતું એમ

રાજા દામોદરસેને પોતાના દરબારીઓને બહુજ કષ્ટ આપ્યું. દીપસિંહ નામના એક ઉમરાવે સેનાને મેળવી લઇને રાજાને લડાઇમા મારી નાખ્યો; અને તે રાજ્ય કરવા લાગ્યો. છ પેઢીસુધી અર્થાત્ ૧૦૭ વર્ષ ૬ માસ અને ૨૨ દિન સુધી તેના વંશમાં રાજ્ય રહ્યું.

ક્રમાંક	રાજાઓના નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન	ક્રમાંક	રાજાઓના નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન
૧	દીપસિંહ .	૧૭	૧	૨૬	૪	નરસિંહ	૪૫	૦	૧૫
૨	રાજસિંહ	૧૪	૫	૦	૫	હરિસિંહ	૧૩	૨	૨૯
૩	રણસિંહ	૯	૮	૧૧	૬	જીવનસિંહ	૮	૦	૧

રાજા જીવનસિંહે પોતાની બધી સેનાને આવશ્યક કાર્યને માટે ઉત્તરદિશામા મોકલી આપી. વિરાટના રાજા પૃથ્વીરાજ ચૌહાણે એ ખબર જાણતાજ ઈન્દ્રપ્રસ્થપર ચઢાઈ કરી. યુદ્ધમાં જીવન-સિંહ વીરગતિને પ્રાપ્ત થયો; અને પછી પૃથ્વીરાજ દિલ્લીનું રાજ્ય કરવા લાગ્યો. પાચ પેઢી અર્થાત્ ૮૬ વર્ષ અને ૨૦ દિનપર્યંત તેના વંશમા રાજ રહ્યું.

ક્રમાંક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન	ક્રમાક	રાજાઓનાં નામ	શાસનકાલ વર્ષ	માસ	દિન
૧	પૃથ્વીરાજ	૧૨	૨	૧૯	૪	ઉદયપાલ	૧૧	૭	૩
૨	અભયપાલ	૧૪	૫	૧૭	૫	યશપાલ	૩૬	૪	૨૭
૩	દુર્જનપાલ	૧૧	૪	૧૪					

આ પ્રકારે ૪૧૫૭ વર્ષ ૯ માસ અને ૧૪ દિન સુધી ઇંદ્રપ્રસ્થનું રાજ્ય આર્ય રાજાઓના અધિકારમાં રહ્યું. શાહબુદ્દીન ગોરીએ સર્વ પહેલાં રાજા યશપાલપર ચઢાઇ કરી અને તેને પકડીને ૧૨૪૯ વિક્રમાબ્દમાં પ્રયાગમાં કેદી બનાવ્યો તથા પોતે દિલ્લીનું રાજ્ય કરવા લાગ્યો. ૫૩ પેઢી અર્થાત્ ૭૪૫ વર્ષ ૧ માસ અને ૧૭ દિનપર્યંત યવન શાસકોને હાથ રાજ્યની બાગડોર રહી. એ પછી બ્રિટિશ સરકારનું શાસન શરૂ થયુ.

---

* અંગ્રેજ ઇતિહાસલેખકોએ લખ્યું છે કે, સન ૧૧૯૩ માં કનોજના રાજા જયચંદના ઉશ્કેરવાથી શાહબુદ્દીન ગોરીએ બીજીવાર પૃથ્વીરાજ ઉપર ચઢાઈ કરી અને તેને યુદ્ધમાં મારી નાખ્યો. ચંદ બિરદાઇ કહે છે કે, પૃથ્વીરાજને કેદી બનાવીને મહમ્મદ ગોરી તેને ગિઝની લઈ ગયો. તેની આંખો ફોડી નખાવી કેદખાનામાં તેને ઘણું દુઃખ દીધું. ચંદ કવિ કોઇ પણ ઉપાયે ગિઝની પહોંચ્યો અને મહમ્મદ ગોરીના દરબારમાં દાખલ થયો. તેણે પૃથ્વીરાજની શબ્દવેધી બાણ ચલાવવાની કળાની ખૂબ પ્રશંસા કરી અને બાદશાહે કુતૂહલવશ થઈને તેને બંદીખાનામાંથી દરબારમાં બોલાવ્યો. ચંદના કરેલા સંકેત પ્રમાણે પૃથ્વીરાજે શાહબુદ્દીનને મારી નાખ્યો તથા પરસ્પર ખડ્ગપ્રહાર કરીને ચંદકવિ અને પૃથ્વીરાજ બન્ને એકસાથેજ પરલોકમાં સિધાવ્યા.

જણાય છે. તે ચતુર્ધર નામની અવટંકવાળા વિપ્રકુળમાં જન્મ્યા હતા. તેમના મુખ્ય ગુરુ સર્વશાસ્ત્રનિષ્ણાત લક્ષ્મણાચાર્ય હતા, એમ તેમના પુનઃ પુનઃ કથનથી જણાય છે. વળી તે નારાયણ તથા ધીરેશ નામના બે વિદ્વાન પૂર્વપુરુષોને હરિ તથા હરરૂપે માનીને નમે છે. પં૦ નીલકંઠ ચતુર્ધર સર્વ શાસ્ત્રમાં નિપુણ હતા, એમ તેમની ટીકા ઉપરથી સમજાય છે. તે વેદાંતના તથા મીમાંસાના અસાધારણ પંડિત હતા. તેમને ભૂગોળ તથા ખગોળસંબંધી પ્રાચીન જ્ઞાન હોવા સાથે અર્વાચીન વિચારોનું પણ જ્ઞાન હતું, એ તેમના ભીષ્મપર્વમાં આવેલા ભૂગોળવર્ણનના પ્રસંગ ઉપરથી સ્પષ્ટ થાય છે. તેમણે આખા મહાભારત ઉપર તથા તેના શેષ ભાગરૂપ હરિવંશ ઉપર પણ સંપૂર્ણ ટીકા લખી છે. પં૦નીલકંઠની ટીકા કેટલી યોગ્ય છે તે એ ઉપરથી સમજાશે કે, જેમ સૂર્યનો ઉદય થતાં તારાઓ અદૃશ્ય થઇ જાય; તેમ પં૦ નીલકંઠની ટીકા બહાર પડતાંજ બીજી ટીકાઓ અદૃશ્ય થઇ ગઇ છે. એમણે ટીકામાં કેટલો પરિશ્રમ કર્યો છે, તે એમની ભગવદ્‌ગીતા ઉપરની અતિવિસ્તૃત ટીકા જોવાથી સમજાય છે. વળી અશ્વિનીકુમારની સ્તુતિ, મ્લેચ્છ ભાષાના શ્લોકો, સનત્સુજાતનો ઉપદેશ, મોક્ષધર્મ તથા અનુગીતા જેવાં કઠિન સ્થાનો ઉપર જો એ ટીકા ન હોય, તો તેમાંના કેટલાક શ્લોકો તો સમજવા પણ દુર્લભ થઇ પડે. વળી મહાભારતમાં કેટલાક કૂટ શ્લોકો છે. તેમાંના અતિક્લિષ્ટ બે શ્લોકોનો અહીં નમુનો આપું છું.

> **नदीज लंकेशवनारिकेतुर्नगाव्हयो नाम नगारिसूनुः ।**
> **एषोंगनावेषधरः किरीटी जित्वाऽवयं नेष्यति चाद्यगावः॥** (વિરાટપર્વ અ૦ ૩૯–૧૦)
> **गोकर्णा सुमुखी कृतेन इषुणा गोपुत्र संप्रेषिता**
> **गोशब्दात्मज भूषणं सुविहितं सुव्यक्तगोऽसुप्रभम् ।**
> **दृष्ट्वा गोगतकं जहार मुकुटं गोशब्द गोपूरि वै**
> **गोकर्णासनमर्दनश्च न ययावप्राप्य मृत्योर्वशम् ॥** (કર્ણપર્વ અ૦ ૯૦–૪૨)

પ્રથમ શ્લોકમાં દ્રોણાચાર્યે અર્જુનનું વર્ણન કરતાં ભીષ્મને દુર્યોધનનું રક્ષણ કરવા કહ્યું છે; અને બીજા શ્લોકમાં ગો શબ્દના જૂદા જૂદા અર્થ છે. તેમાં કર્ણે અર્જુનના વધને માટે મૂકેલા બાણે અર્જુનના મુકુટમાત્રનું છેદન કર્યું એ કહેલું છે. જો કે આવા કૂટ શ્લોકો ઘણા નથી, પણ કઠિન શ્લોકો ઘણા છે; અને તે ઉપર ટીકા ન હોય તો અર્થ કરવો મુશ્કેલ થઇ પડે એ નિઃસંશય છે. પં૦ નીલકંઠે પોતાને સહેલા લાગવાથી કે શાથી પણ કેટલાએક શ્લોકોની ટીકા કરી નથી, એટલે તેવા શ્લોકો ઉપર વ્યાખ્યાતાઓ પોતપોતાના મનરૂપી તુરંગો યથેષ્ટ દોડાવી મૂકે છે ! પં૦ નીલકંઠ મહાસમર્થ પંડિત હતા એ નિઃસંશય છે; અને તે, ભાષાંતરમાં તેમની ટીકામાંથી આપેલાં ટિપ્પણો ઉપરથી સુવ્યક્ત થશે. તેમણે દેવીભાગવત ઉપર પણ ટીકા લખી છે તથા વેદાંતનો એક ‘ વેદાંતક ’ નામનો ગ્રંથ લખ્યો છે. વળી જ્યોતિષશાસ્ત્રમાં પણ ‘નીલકંઠી’ નામનો ગ્રંથ જોવામાં આવે છે. ખરેખર! વિદ્વદ્વર નીલકંઠે નિઃસ્વાર્થપણાથી અસાધારણ શ્રમ ઉઠાવી સંપૂર્ણ મહાભારત ઉપર ટીકા કરીને ભારતવર્ષની પ્રજા ઉપર અપ્રતિમ ઉપકાર કર્યો છે.

સૌતિ બ્રાહ્મણ હતો.

નૈમિષારણ્યનિવાસી ઋષિઓની આગળ મહાભારત સંભળાવનારો સૌતિ બ્રાહ્મણ હતો, એમ પં. નીલકંઠ પોતાની આદિપર્વના ચોથા અધ્યાયની ટીકામાં પ્રતિપાદન કરે છે. તેનો એ અભિપ્રાય છે કે, “ **ब्राह्मण्यां क्षत्रियात्सूतः**–બ્રાહ્મણીમાં ક્ષત્રિયથી ઉત્પન્ન થયેલો તે સૂત કહેવાય.” આવો સ્મૃતિમાં કહેલો વિલોમજન્મા તે જાતિ સૂત કહેવાય છે; અને તેવા સંજય, અધિરથ વગેરેને સમજવા. તેઓની જીવિકા સારથ્યકર્મથી અથવા પુરાતન રાજાઓનાં શૌર્ય, ઔદાર્ય આદિ વર્ણન કરીને સ્વામીને પ્રોત્સાહન આપવાથી ચાલે છે અને તેથીજ તે પૌરાણિક નામથી કહેવાય છે. ઉગ્રશ્રવા તો સૌતિ–સૂતપુત્ર હતો, જાતિસૂત ન હતો. તે સૂતને માટે પુરાણાંતરમાં કહ્યું છે કે, ‘ **अग्निकुंड समुद्भूत सूत निर्मलमानस**–હે અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયેલા નિર્મલ મનવાળા સૂત ! ’ આવું શૌનકનું વચન છે. વળી ‘ **अग्निजो रोमहर्षणः**—રોમહર્ષણ અગ્નિથી

× મારી પાસે આજથી ત્રણસો વર્ષ ઉપર લખાયેલા મહાભારતનો થોડો ભાગ છે; પણ તેના ઉપર એક ટીકા નથી.
શાસ્ત્રી કરૂણાશંકર

ઉત્પન્ન થયો હતો.' આ રીતે અગ્નિકુંડથી ઉત્પન્ન થયેલા સૂતને બ્રાહ્મણના સંકલ્પવડે બ્રહ્માસનની યોગ્યતા આવી હતી. જેમ અગ્નિકુંડથી ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્નને સંકલ્પબળથી ક્ષત્રિયત્વ આપ્યું હતું તેમ. વળી બ્રહ્માસન મળવું તે વૈશંપાયન, શાંતવ્રત, માર્કંડેયાદિના સમાનને તથા તેઓની જાતિવાળાનેજ મળી શકે, હીનજાતિવાળાને મળે નહિ; તેમજ મહાત્મા શૌનકાદિકો હીનથી પરમ રહસ્ય ગ્રહણ કરે નહિ, કારણ કે '**न हीनतः परमभ्याददीत**—હીનજાતિવાળાથી પરમતત્ત્વ ગ્રહણ કરવું નહિ' આવો નિષેધ છે. જે 'નીચથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી' એવું વચન છે, તે આપત્સમયને માટે છે. વળી સૌતિમાં બ્રાહ્મણત્વનો સંકલ્પ હતો તેથીજ બલરામે પણ બ્રહ્મહત્યાનિવૃત્તિને માટે વ્રત કર્યું હતું. રોમહર્ષણને સૂત કહેવામાં આવતો હતો તે કથા વક્તાઓના સમભાવથીજ, જાતિસૂતતરીકે નહિ. આ ઉપરથી પુરાણશ્રવણની ઇચ્છાવાળાએ બ્રાહ્મણ પાસેજ પુરાણ શ્રવણ કરવું, હીન પાસે નહિ, એ પણ ફલિત થાય છે. વળી પૌરાણિક પદ પણ જાતિસૂતને માટે નહિ પણ પુરાણ ભણનારા બ્રાહ્મણને માટે સમજવું." ઉપર પ્રમાણે પં. નીલકંઠે ઉગ્રશ્રવા સૌતિને બ્રાહ્મણ ઠરાવવા શાસ્ત્રાર્થ કરેલો છે. અસ્તુ.

नारायणं नमस्कृत्य એ શ્લોકની પુનરાવૃત્તિ

મહાભારતમાં '**नारायणं नमस्कृत्य**' એ શ્લોક પ્રત્યેક પર્વના આરંભમાં મૂકેલો જેવામાં આવે છે. તેનું તાત્પર્ય એ જણાય છે કે, આ ગ્રંથમાં નરાવતાર અર્જુન અને નારાયણાવતાર શ્રીકૃષ્ણ, એ બેજ મુખ્ય નાયકો છે. મહાભારત ને બંનેનાં ચરિત્રોથી તથા ગુણોથી ભરપૂર છે, અને તેજ સર્વ કલ્યાણના ધામરૂપ છે; તેથી નરનારાયણપ્રત્યે નમસ્કાર સૂચવતો એ શ્લોક વારંવાર આરંભમાં મૂક્યો હોય. વળી નર અને નારાયણ (જીવ અને ઈશ) તે બંને નરોત્તમપદવાચ્ય બ્રહ્મરૂપ છે; તથા એ પ્રત્યેક પર્વનો મુખ્ય વિષય છે, એમ સૂચવવાને પણ એ શ્લોક મૂકવામાં આવ્યો હોય.

જય

ઉપલાજ શ્લોકમાં 'જય' એવું નામ ગ્રંથને આપેલું છે. જો કે અષ્ટાદશ પુરાણ આદિ ઘણા ગ્રંથો જય નામથી વ્યવહરાય છે; પરંતુ મહાભારત તો જય નામને માટે સહેતુક પાત્ર છે. 'જય' એવી અઢારની સંજ્ઞા છે. વાલ્મીકિ રામાયણના ટીકાકારે ગ્રંથના શ્લોકમાં વધારોઘટાડો ન થાય એ હેતુથી પ્રત્યેક અધ્યાયની ટીકાને છેડે એ અક્ષરજન્ય સંખ્યાનો ઉપયોગ કર્યો છે. અમુક અક્ષર કયી સંખ્યાવાચક લેવો એને માટે આ પ્રમાણે એક શ્લોક છેઃ—**कादयोंकाष्टादयोंकाः पाद्याः पंच प्रकीर्तिताः। पादयोष्टौञनौ पूर्णे विज्ञेयाः स्वरशास्त्रके॥ (समरसार)** ક થી ઝ સુધીના અક્ષરો અનુક્રમે ૧ થી ૯ સુધીની સંખ્યાના વાચક છે, ટ થી ધ સુધીના અક્ષરો પણ ૧ થી ૯ સુધીની સંખ્યાના વાચક છે, પ થી મ સુધીના અક્ષરો ૧ થી ૫ સુધીની સંખ્યાના વાચક છે, ય થી હ સુધીના આઠ અક્ષરો ૧ થી ૮ સુધીની સંખ્યાના વાચક છે અને ઞ તથા ન એ બે પૂર્ણવાચક છે–અર્થાત્ ક એ એક, ખ એ બે, એ પ્રમાણે સંખ્યાના સ્થાનમાં અક્ષરો લેવા. લાંબી સંખ્યા પણ અક્ષરોથીજ કહી શકાય. એ ઉદ્દેશથી પ્રત્યેક અક્ષરોને અમુક સંખ્યાવાચક ગણ્યા છે. કયો અક્ષર કયી સંખ્યાવાચક છે, એ સુલભતાથી જાણવા કોષ્ટક નીચે પ્રમાણે છેઃ—

સંખ્યા	વાચક અક્ષરો	સંખ્યા	વાચક અક્ષરો
૧	ક ટ પ ય	૬	ચ ત ષ
૨	ખ ઠ ફ ર	૭	છ થ સ
૩	ગ ડ બ લ	૮	જ દ હ
૪	ઘ ઢ ભ વ	૯	ઝ ધ
૫	ઙ ણ મ શ	૦	ઞ ન

આ પ્રમાણેની ગણનાનો ક્રમ જૈમિનિસૂત્રમાં તથા લઘુ આર્યસિદ્ધાંતમાં પણ આપ્યો છે.

ઉપલી રીતે જોતાં જય એમાંનો 'જ' ૮ની સંખ્યાવાચક છે અને 'ય' ૧ની સંખ્યાવાચક છે. સંસ્કૃત ગ્રંથોમાં અંકોની વામગતિ લેવામાં આવે છે. તે રીતે પહેલો ૧ ને પછી ૮ લેતાં ૧૮ નીસંખ્યા થાય છે. તે ૧૮ ની સંખ્યા જયનો અર્થ સૂચવે છે અને જય એટલે ૧૮ ની સંખ્યા થાય છે. એ જયસૂચક ૧૮ નો મેળ મહાભારતમાં ખાસ જેવામાં આવે છે. મહાભારતમાં મુખ્ય પર્વ ૧૮ છે;

બન્ને પક્ષની સેના ૧૮ અક્ષૌહિણી છે; તેઓની વચ્ચે ૧૮ દિવસ યુદ્ધ ચાલ્યું હતું; યુદ્ધ પછી ધૃતરાષ્ટ્રરાજા ૧૮ વર્ષ જીવ્યો હતો; તે પછી યુધિષ્ઠિરે ૧૮ વર્ષ રાજ્ય કર્યું હતું; એ ગ્રંથમાં આવેલી જ્ઞાનમયી ભગવદ્‌ગીતા ૧૮ અધ્યાયની છે અને ગ્રંથમાં આ મંગળાચરણના શ્લોકની પણ ૧૮ આવૃત્તિ થઇ છે. વળી કથાના સારાંશમાં પણ ધર્મનો જય છે. આ રીતે આ ગ્રંથમાં 'જય' નો અનુસ્યૂત પ્રયોગ જોવામાં આવે છે. જેમ વાલ્મીકિરામાયણના પ્રત્યેક હજાર શ્લોકના આરંભમાં ગાયત્રીના અનુક્રમે એક એક અક્ષરથી આરંભ કરાયો છે અને એ રીતે ગાયત્રીના ૨૪ અક્ષર ગોઠવી, ચોવીસહજાર શ્લોકો કરી રામાયણ મોક્ષદા ગાયત્રીરૂપ છે, એમ સંકેતથી જણાવ્યું છે; તેમ આ ગ્રંથમાં પણ જય (૧૮) નો વારંવાર પ્રયોગ કરી સાંકેતિક રીતે એ ગ્રંથને જય–સંસાર જીતનારો સૂચવ્યો છે. આ રીતે એ ગ્રંથનું 'જય' નામ અર્થસૂચક લાગે છે.

મહાભારત ગ્રંથ રત્નોનો રત્નાકર છે !

મહાભારત ગ્રંથ એવો રત્નોનો રત્નાકર છે કે એમાંથી સેંકડો સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રંથો તથા છૂટક ગદ્યપદ્યાત્મક લેખોરૂપી રત્નો પ્રકટ થયાં છે; અને હજી પણ પ્રકટ થતાં રહેશે. સંસ્કૃતમાં ઉત્તમ ગણાતાં ત્રણ મહાકાવ્યો કિરાતાર્જુનીય, નૈષધ અને માઘકવિકૃત શિશુપાલવધ, એ મહાભારતનીજ વિભૂતિ છે. વળી ચમ્પૂભારત, નલચમ્પૂ, ધનંજય વિજયવ્યાયોગ, વેણીસંહાર, પ્રચંડ પાંડવ, શાકુંતલ, સાવિત્રીચરિત્ર, સુભદ્રાહરણ, સૌગન્ધિકાહરણ ઇત્યાદિ ચમ્પૂ, વ્યાયોગ, નાટકનાટિકા આદિ ઘણા ગ્રંથો મહાભારત ઉપરથીજ થયેલા છે. ભારતની કથાનાં પ્રાકૃતમાં અનેક કાવ્યો રચાયાં છે અને તે આર્યાવર્તની પ્રજાઓ હોંસે હોંસે ગાય છે. ગુર્જરભાષામાં માણભટ્ટો નવી નવી કવિતાઓ જોડી લોકોને રસોદ્‌ભવ થાય, તે રીતે કેટલીએક સ્વતંત્ર કલ્પનાઓનું ઉમેરણ કરીને તથા પોતાની ઇચ્છામાં આવે તે રીતે પાત્રોનાં સ્વરૂપ બાંધીને, ઠામ ઠામ માણ ઠોકી ભારતનું ડિંડિમ વગાડ્યા જાય છે. જો કે તેઓની કથા ભેળસેળ સાથે થાય છે, પરંતુ તેઓ પણ ધન્યવાદને પાત્ર છે; કારણ કે મહાભારત મૂળ ગ્રંથને માટે લોકોમા કંઇ વિલક્ષણ વહેમ પેસી ગયો છે અને તે વહેમનું મૂળકારણ નિર્બળ મનનાં સ્ત્રીપુરુષો છે. એટલે મૂળગ્રંથની ખુબી ન અનુભવનારાં મનુષ્યોને તેઓ ભારતની જેવી તેવી કથાથી પણ ભોમિયા રાખી ઘેર ઘેર બળીયા ભીમનું તથા બાણાવળી અર્જુનનું સ્મરણ કરાવે છે અને ભારતીય પાત્રોની તથા મહર્ષિ વ્યાસની વિજયપતાકા ફરફરાવે છે, એ પણ પ્રસંશાપાત્ર છે.

મહાભારતસંબંધી વહેમ

હવે એ વહેમના સંબંધમાં આપણે વિચાર કરીશું. મહાભારત ગ્રંથ ઘણો મોટો છે; તથા તેમાં કેટલાક ભાગો એવા ગૌરવાન્વિત છે, કે જેનું વ્યાખ્યાન કરતાં ઘણો લાંબો સમય પણ ઓછો પડે છે. આથી ગ્રંથના સાધારણ વ્યાખ્યાનમાં પણ લગભગ પાંચ વર્ષ જેટલો સમય નીકળી જાય છે. આ નશ્વર જગતમાં એવી અનશ્વરતા ક્યાંથી આવે, કે જેથી પાંચ વર્ષ જેટલા સમયમાં કોઇ ન મરે ? અથવા કંઇ વિપરીત પ્રસંગ ઉપસ્થિત ન થાય ? થાય એજ સંભવિત છે; એટલે તેનું પરિણામ એ આવે છે કે, વહેમી મનુષ્યો દીર્ઘ વિચાર ન કરતાં વંચાતા મહાભારતનીજ ઉપર તે દોષનો ભાર નાખી દે છે. વળી બીજે કંઇ મહાભારત વંચાય અને તેટલા સમયમાં ત્યાં પણ કંઇ અનિષ્ટ થયું હોય, એટલે તો વહેમી વાત ચાલી પડી સમજવી ! 'બાઇ ! એ તો ભારતની મારઝુડની કથાજ એવી છે ! અમુકને ત્યાં ભારત વંચાયું ત્યારે અમુક મરી ગયું હતું અને અમુકને ત્યાં વંચાયું ત્યારે અમુક થયું હતું; ' આ રીતે સોએ સહસ્ર થતી થતી અને એક દેશમાંથી બીજે જતી જતી તે વહેમજાળ નિર્બળ મનુષ્યોના મનમાં સબળ બની બેસે છે; અને તેના અવરોધથી સબળ મનનાં મનુષ્યો પણ અટકે છે. મેં જોયું છે કે, કેટલાએક ગૃહસ્થો ઉપલા કારણથીજ મહાભારતશ્રવણની ઇચ્છા મનમાંજ રહી જઇને મૃત્યુને વશ થઇ ગયાં છે. વહેમ એ વસ્તુજ એવી છે કે તે લાકડાંને પણ ભૂત બનાવે છે અને દેવ જેવાને પણ પિશાચના રૂપમાં દેખાડે છે !

હવે પ્રારબ્ધ ફેરવવા અથવા આયુષ્ય ટુંકું કરવા કોઇ સમર્થ થાય છે કે કેમ ? એ વિચારીએ. પ્રારબ્ધને માટે તો '**प्रारब्धं भोगतो नश्येत्**' એ ખૂંટી મારેલીજ છે. છૂટેલાં બાણ જેવું પ્રારબ્ધ કોઇથી ફેરવાતું નથી અને એ હેતુથીજ જીવન્મુક્તનો દેહ પણ ટકી રહે છે; એટલે તે

અવશ્ય ભોગથીજ નષ્ટ થાય છે. હવે આયુષ્યના સંબંધમાં જોઇએ તો કહ્યું છે કે, 'आयुः कर्म च वित्तं च विद्या निधनमेव च । पंचैतान्यपि सृज्यंते गर्भस्थस्यैव देहिनः ॥ અર્થાત્ આયુષ્ય, કરવાનાં કર્મ,ધન,વિદ્યા અને મરણનું કારણ; આ પાંચ બાબતો,પ્રાણી ગર્ભમાં હોય છે ત્યારથીજ સરજાય છે–નિર્માય છે. ' આ રીતે પ્રાણી ગર્ભમાં હોય, ત્યારથીજ નિર્માયેલું આયુષ્ય તથા મૃત્યુનું કારણ, મહાભારત શ્રવણ કરવાથી અથવા વાંચવાથી ફેરવાઇ જાય, એ માન્યામાં આવે છે? નહિજ. વળી આયુષ્યનું બંધારણ શ્વાસગણના ઉપર છે; એટલે કોઈ કહેશે કે, વીરરસપ્રધાન કથા શ્રવણ કરવાથી શ્વાસ જલદી નીકળી વહેલા પુરા થઈ જાય! તેનો ઉત્તર એ છે કે, જેવી મહાભારતમાં વીરરસપ્રધાન કથા છે તેવીજ તેમાં પરમ શાંતિ આપનારી કથાઓની પણ ખોટ નથી. એટલે જલદી નીકળી ગયેલા શ્વાસ ફરી ધીરે ધીરે ચાલવાથી સમસંખ્યામાં આવી જશે અને ભારતના કથન–શ્રવણથી મૃત્યુનો પ્રસંગ આવશે નહિ. વળી મહાભારત શ્રવણ કરવાથીજ જો મૃત્યુ અથવા કંઇ અનિષ્ટ થતું હોય, તો મહાભારતને નહિ સાંભળનારાંઓ તો સર્વ વિઘ્નોથી નિર્મુક્ત થઈ અમર રહેવાં જોઇએ; પરંતુ તેવું ક્યાંય જોવામાં આવતું નથી. મહાભારતનું નામ પણ જાણે નહિ, એવાં ઘણાં મનુષ્યો દુઃખમાં સબડે છે અને મરે છે. આ ઉપરથી દરેકને સમજાશેજ કે, મહાભારતનું શ્રવણ વિઘ્નકારક નથી, પણ પોતાનાં કર્મોજ વિઘ્નાદિક આપવામાં હેતુભૂત છે. મહાભારતનું શ્રવણ–પઠન જો વિઘ્નકારક હોય તો એ ગ્રંથ સંપૂર્ણ લખાયજ નહિ તથા એના ટીકાકાર સંપૂર્ણ ગ્રંથ ઉપર ટીકા લખી શકેજ નહિ. વળી સર્વજ્ઞ ભગવાન વ્યાસ તેવા વિઘ્નકર ગ્રંથને નિર્મે પણ નહિ. તે દયાળુ હતા. તેમના ઉપર વિશ્વાસ મૂકીને પણ મહાભારતના શ્રવણ તથા વાચનથી વિમુખ થવું ન જોઇએ. મોટા મોટા પંડિતો પણ મહાભારતને જ્ઞાનનો ભંડાર ગણે છે અને શિષ્યોને ઉપદેશે છે કે, 'મહાભારત વાંચ્યાવિના જીંદગી ચરિતાર્થ થતી નથી; માટે મહાભારત અવશ્ય વાંચજો.' મહાભારત અનિષ્ટકારક તો નથી, પણ મહાપુણ્યદાયક અને ચતુર્વિધ પુરુષાર્થદાયક છે. એ મહર્ષિ વ્યાસના વચનથી સમજી શકાય છે. તેમાંનો અહીં એકજ શ્લોક આપી વિશેષ માહાત્મ્ય જોવા ઇચ્છનારાને એ ગ્રંથના આદિપર્વના પહેલા તથા બીજા અધ્યાયનું છેવટ તથા બાસઠમો અધ્યાય જોવા સૂચવું છું. 'इदं हि वेदैः समितं पवित्रमपि चोत्तमम् । धन्यं यशस्यमायुष्यं श्रोतव्यं नियतात्मभिः ॥ આ મહાભારત વેદોની તુલ્ય છે, પવિત્ર છે, ઉત્તમ છે; અને ધન, યશ તથા આયુષ્ય આપનારૂં છે, માટે એને નિયત મનવાળા મનુષ્યોએ સાંભળવું. ' તાત્પર્ય કે, મહાભારતસંબંધી વહેમ મિથ્યા છે, માટે ચિત્ત દૃઢ રાખી તથા અવશ્ય ભાવિ મિથ્યા થતું નથી, એમ સમજી આવા ઉત્તમ ગ્રંથથી વિમુખ થવું નહિ.

ભાષાંતરના સંબંધમાં કિંચિત્ કથન

મહાભારત ગ્રંથની કથા એટલી બધી રસિક તથા નવનવીન ભાવોથી ભરેલી છે, કે માત્ર એ એકલા ગ્રંથનુંજ વ્યાખ્યાન પુનઃ પુનઃ કરવામાં આવે, તોપણ તેથી વક્તાને અથવા શ્રોતાને કંટાળો આવતો નથી, પણ ઉલટો રસ વધ્યાજ જાય છે. મને નડિયાદમાં એ ગ્રંથના કથનનો લાંબો પ્રસંગ મળ્યો હતો. તે વખતે મને એમાંનાં રહસ્યો જોઇને એવો ભાવ ઉદ્‌ભવ્યો કે, 'આ મહાભારત ગ્રંથને જેઓ કોઇ પણ કારણે સુવક્તાના મુખથી શ્રવણ કરી શકતા નથી, તેવા ગુર્જર બંધુઓને આ ગ્રંથનું અધિક વિવેચનસહિત મૂળગ્રંથાનુરૂપ ભાષાંતર સસ્તી કિંમતે આપવામાં આવે, તો એ ગ્રંથનો લાભ સાક્ષાત્ અથવા પરંપરાથી ઘણાઓ લઇ શકે. ' આ સંકલ્પ દૃઢ થયો અને એ ઉદ્દેશથી ભાષાંતરનો આરંભ કર્યો; પરંતુ તેની સાથે એ વિચાર પણ આવ્યો કે, એવા મોટા ગ્રંથને બહાર પાડતાં થતો વ્યય તથા તેને માટે જોઇતો સમય અને તેવા ભાષાંતરનું કામ, એ બધું એકલે હાથે કેવી રીતે પાર પડશે? થોડું ભાષાંતર થયું હતું એટલામાં નિઃસ્વાર્થ વૃત્તિથી સસ્તું અને સારૂં સાહિત્ય ફેલાવી તે દ્વારા લોકકલ્યાણરૂપી યોગ આદરી બેઠેલા યોગી અખંડાનંદજીનું નડિયાદ આવવું થયું. તેમને મેં મારો ઉદ્દેશ જણાવ્યો અને તેમના કાર્યાલય તરફથી ગ્રંથ તૈયાર થયે બહાર મૂકવામાં આવે, એવી મેં ઇચ્છા જણાવી. તેમણે ઉદ્દેશની પ્રશંસા કરી અને 'અમે હાલ મહાભારત છપાવવાની યોજનાનો વિચાર કર્યો નથી ' એવું જણાવ્યું; તથા તે સાથે કહ્યું કે, 'તમે તમારૂં કાર્ય કર્યા જાઓ. ઉદ્દેશ શુભ છે, તો ઈશ્વર સહાયક પણ મેળવી આપશે.'

ખરેખર તેમજ બન્યું! આદિપર્વની સામાન્ય પ્રત તૈયાર થઇ અને તેની શુદ્ધ પ્રત કરવા માંડી, એટલામાં કોઈ કાર્યપ્રસંગે ફરી સ્વામીજીનું નડિયાદ આવવું થયું; પણ મેં આશ્ચર્ય સાથે જોયું કે, તે વખતે તેમણે મહાભારતના શાંતિપર્વનું શ્રીયુત છોટાલાલ નિર્ભયરામ ભટ્ટકૃત ભાષાંતર સંશોધન કરાવીને બહાર પણ પાડી દીધું હતું! હું એમના તરફથી નિરાશ તો થયો, પણ એજ અરસામાં એમણે ચીઠ્ઠી લખીને મારૂં તૈયાર થયેલું ભાષાંતર જોવા મંગાવી લીધું અને તેને બીજા ભાષાંતરના નમુનાઓ સાથે મેળવી પસંદ કરીને તે છપાવવાનો સ્વીકાર કર્યો. આ રીતે મારો ચિંતાભાર દૂર થયો તથા મારી ઇચ્છાનુરૂપ તે લોકોને સસ્તા મૂલ્યમાં મળશે, એમ જાણી હું પ્રસન્ન થયો અને ભાષાંતરનું કામ આગળ ચલાવવા માંડ્યું.

આં ભાષાંતરને રસિક તથા ઉપકારક બનાવવા તરફ બનતી કાળજી રાખી છે અને રહેશે. મૂળગ્રંથને અનુસરીનેજ ભાષાંતર કરાયું છે, પણ કોઇ સ્થાનમાં મૂળગ્રંથનો આશય સમજાવવા થોડી છૂટ લીધી છે અને તે પણ ટીકાકારના આશયને અનુસરીને છે. મૂળ સંસ્કૃત ગ્રંથના શ્લોકો સાથે ભાષાંતર મેળવવાની સગવડમાટે શ્લોકાંકો પણ આપ્યા છે. વળી ટીકાકાર પં૰ નીલકંઠે ટીકામાં આપેલાં કેટલાંક વિવેચનોને, શાસ્ત્રાર્થોને તથા આધ્યાત્મિક અર્થોને બહોળા પ્રમાણમાં ટિપ્પણીમાં આપ્યા છે; તેમજ આખ્યાનો તથા પેટાપર્વોના તાત્પર્યસૂચક શ્લોકો, કે જે નીલકંઠના, રત્નગર્ભના તથા ગાણેશી ટીકાના મળ્યા છે, તે પણ ટિપ્પણીમાં અર્થ સાથે આપ્યા છે. કેટલેક ઠેકાણે મૂળ ભાગને દઢ કરતી શ્રુતિઓ પણ આપી છે. આ રીતે આ ગ્રંથને ઉપયોગી કરવામાં ખાસ ધ્યાન આપ્યું છે; અને આ પ્રમાણે આ આખા ગ્રંથ બનતાંસુધી એકજ હાથે લખાઇ વર્ષે વર્ષે એક એક ભાગરૂપે બહાર પડે એવી ઇચ્છા છે; પરંતુ તે ઇશ્વરેચ્છાને આધીન છે. ભાષાંતર કરવામાં ઘણું ધ્યાન આપવામાં આવે છે; તેમ છતાં તેમાં બુદ્ધિભ્રમથી અથવા દૃષ્ટિભ્રમથી દોષો રહી જાય, તો તે પણ સંભવિત છે; કારણકે સર્વજ્ઞ એક ઇશ્વરજ છે. વળી પ્રેસમાં પણ કેટલીક ભૂલો થઈ જાય છે; માટે વિદ્વજ્જનો તેવા દોષોને ક્ષમ્ય ગણશે, એમ હું માનું છું. આ ઠેકાણે હું કલ્યાણમૂર્તિ અખંડાનંદજીનો ખાસ આભાર માનું છું; કારણકે તેમણે મને ચિંતાભારથી નિર્મુક્ત કરી સત્કારભારથી આભારી કર્યો છે.

ઉપસંહાર

આર્યાવર્તના સર્વ ગ્રંથોમા મહાભારત મહાન ગ્રંથ છે અને તે આર્યપ્રજાને હૃદયંગમ થઇ પડયો છે. કંઇ પણ મહત્તા દર્શાવવાની હોય છે ત્યારે લોકો બીજું દૃષ્ટાંત ન આપતાં 'આ તો મહાભારત કામ છે' 'મહાભારત વાત છે' 'મહાભારત સાહસ છે' એ રીતે મહાભારતનું દૃષ્ટાંત આપે છે; તે ઉપરથીજ એની મહત્તા કળી શકાય છે. ખરેખરે! મહર્ષિ વ્યાસે, અજ્ઞાનાંધકારવડે અંધ બનવાથી સંસારમાં અથડાતા લોકોનાં જ્ઞાનાંજનની શળીથી નેત્ર ઉઘાડવા આ મહાભારત નિર્મ્યું છે. જેમ સૂર્યથી અંધકાર નષ્ટ થાય છે; તેમ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપી ચતુર્વિધ પુરુષાર્થના સંક્ષિપ્ત અને વિસ્તૃત વર્ણનવાળા મહાભારતરૂપી સૂર્યથી તેમણે મનુષ્યોનું અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ કર્યું છે; તથા ભારતરૂપી પૂર્ણચંદ્રવડે શ્રુતિ ચંદ્રિકાનો કાશ કરીને મનુષ્યની બુદ્ધિરૂપી કુમુદનો વિકાસ કર્યો છે. આ ગ્રંથની એજ મહાન યોગ્યતા છે કે, અનેક વિદ્વાનો એ ગ્રંથનાજ વિભાગો લઈ કાવ્ય કરીને કવિઓ થયા છે તથા અનેક વ્યાખ્યાતાઓ એના વિભાગોને સભામાં વર્ણવીને વક્તાઓ કહેવાયા છે. પૂર્વના વિદ્વાનો એ ગ્રંથનું વ્યાખ્યાન કરતા હતા, હમણાં પણ કરે છે; અને જ્યાંસુધી એ ગ્રંથ ભૂમંડળ ઉપર રહેશે, ત્યાંસુધી વિદ્વાનો એ કલ્પદ્રુમનો પરિત્યાગ કરશે નહિ. એજ ભગવાન વ્યાસની સફળતા! એજ પાંડવોનું અમરત્વ! અને એજ ગ્રંથનો મહાન જય! છેવટે મહાભારતનું મહાવાક્ય–**यतो धर्मस्ततः कृष्णो यतो कृष्णस्ततो-जयः ॥** યાદ કરીને **ॐ तत्सत्**

ઝવેરબાગ, મુંબઇ
સં. ૧૯૭૨, પોષશુક્લ પંચમી

શાસ્ત્રી કરુણાશંકર ભાનુશંકર વલસાડકર.

महाभारतनां पात्रो

(આ વિષય પણ સદ્ગત શાસ્ત્રી કરુણાશંકરજીએ તૈયાર કરેલો છે. પરંતુ એ વિષય નડીયાદ-નિવાસી **શ્રીયુત રતિપતિરામ ઉદ્યમરામ પંડ્યા, બી. એ.** ના ઇ. સ. ૧૯૨૫માં નીકળેલા '**સંક્ષિપ્ત મહાભારત**'માં પ્રસ્તાવનાના પેટામાં અપાયલો તે પણ ખાસ વાંચવા–સમજવા જેવો જણાયો; તેથી સદ્ગત શાસ્ત્રીજીના દરેક પાત્રના વર્ણન નીચે તેજ પાત્રનું શ્રીયુત પંડ્યા મહોદયનું વર્ણન પણ ટીપણીરૂપે લોકહિતાર્થે આપવામાં આવ્યું છે. એમાં જે થોડુંક અંગ્રેજી લખાણ હતું તેજ નથી લીધું. આશા છે કે આ લેખ પણ સર્વ ટીપણીઓસહિત પાઠક બંધુઓ પૂરા ધ્યાનથી વાંચશે.

ભિક્ષુ–અખંડાનંદ)

કૌરવપાંડવના ચરિત્રનું સંક્ષિપ્ત વર્ણન આદિપર્વના પહેલા અધ્યાયમાં તથા એજ પર્વના એકસઠમા અધ્યાયમાં આપેલું છે; તેમજ આખા મહાભારતનો સંક્ષેપ પણ એજ પર્વના બીજા અધ્યાયમાં આપેલો છે, એટલે તે અહીં ન આપતાં હવે આપણે મહાભારતનાં પાત્રોની વિવિધતા જોઇએ.

વ્યાસ ભગવાને મહાભારતમાં પુષ્કળ પાત્રો વર્ણવ્યાં છે; પરંતુ તેઓનું એવું સાવધાનીથી વર્ણન કરેલું છે, કે તેમાં સંકરતા ન આવતાં પ્રત્યેક પાત્રોનો ભેદ પ્રત્યક્ષ તરી આવે છે. એ ગ્રંથમાં પાંચ પાંડવો, દ્રૌપદી, શ્રીકૃષ્ણ, દુર્યોધન, કર્ણ, ભીષ્મ, દ્રોણ, વિદુર, કૃપાચાર્ય, શકુનિ, ધૃતરાષ્ટ્ર, કુંતી, ગાંધારી, અશ્વત્થામા, દુઃશાસન, સાત્યકિ, અભિમન્યુ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, શલ્ય ઇત્યાદિ અનેક પાત્રો જોવામાં આવે છે.

યુધિષ્ઠિર

પાંડવોમાં યુધિષ્ઠિર મોટા હતા, તેથી તે રાજ્યાધિકારી હતા. તે ધર્મના અંશથી અવતરેલા હોવાથી સાક્ષાત્ ધર્મમૂર્તિજ હતા. કરોડો વિપત્તિ પડતાં પણ તે કદાપિ ધર્મથી ચલિત થતા નહિ. તે ક્ષમાશીલ, ધીર, ગંભીર, ઉદાત્ત તથા આત્મવચન પાળવામાં તત્પર હતા. દ્યૂતસભામાં દુર્યોધને કપટી શકુનિદ્વારા કપટ કરીને તેમને હરાવ્યા તથા તેમની ધર્મપત્નીને ભરસભામાં ઘસડી આણીને તેનું વસ્ત્ર ખેંચી અપમાન કર્યું, કે જે વખતે સ્વલ્પ આજ્ઞા કરતાંજ ભીમસેન તેઓનો ચૂરો કરવા તૈયાર હતો; તેમ છતાં યુધિષ્ઠિરે તેમ કરવા ઇચ્છા સરખીએ કરી નહિ ! એજ તેમની ધાર્મિકતાની, ધૈર્યની તથા ક્ષમાની પરાકાષ્ઠા ગણાય. તે અજાતશત્રુ તથા પરમદયાળુ હતા. દુર્યોધન હમેશાં તેમનો દ્વેષ કર્યા કરતો હતો તથા તેમને મહાશત્રુરૂપે જોતો હતો; તથાપિ યુધિષ્ઠિર તેના તરફ દયાની નજરથીજ જોતા હતા. દુર્યોધન દુર્દશામાં પડેલા પાંડવોને પોતાનો અતુલ વૈભવ દેખાડી બાળવામાટે ઘોષયાત્રાના નિમિત્તથી દ્વૈતવનમાં ગયો હતો. તે વખતે તે અભિમાનીનો મદ ઉતારી ચિત્રસેન ગંધર્વે તેને અંતઃપુરની સ્ત્રીઓ તથા યોદ્ધાઓની સાથે કેદ કરીને ત્યાંથી પોતાના સ્થાનમાં લઇ જવા માંડ્યો. આ વાતની યુધિષ્ઠિરને ખબર પડી, એટલે તેમણે તુરત ભીમસેનને તથા અર્જુનને મોકલી તેઓને છોડાવી આણ્યા. તે પછી યુધિષ્ઠિરે તે દુરાત્માને બે મીઠા શબ્દોમાંજ ઠપકો આપી ત્યાંથી વિદાય કર્યો. કેવી અજાતશત્રુતા! વળી એજ અરસામાં જયદ્રથે પાંડવો શિકાર કરવા ગયા હતા તે વખતે વનમાંથી દ્રૌપદીને હરણ કરી ત્યાંથી પલાયન કર્યું; પણ એટલામાં પાંડવો આવી પહોંચ્યા અને તેઓએ જયદ્રથને કબજે કર્યો. તે વખતે ભીમસેને તેને ભારે શિક્ષા કરવા માંડી; પરંતુ અજાતશત્રુ એવા દયાળુ યુધિષ્ઠિરે તેને ભીમસેનના સપાટામાંથી છોડાવી વિદાય કર્યો. આ બે દાખલાઓજ એમની દયા, ક્ષમા તથા અજાતશત્રુતાને માટે પૂરતા છે. જો તેમ ન હોય તો હાથમાં આવેલા શત્રુને બીજો કોણ જતો કરે ? યુધિષ્ઠિર દ્રૌપદી તથા ભાઇઓની સાથે જંગલમાં અનેક કષ્ટો ભોગવતા હતા, તે વખતે તેમને ભીમસેને 'તેર દિવસનો વનવાસ તેજ તેર સંવત્સરનો ગણાય' ઇત્યાદિ કહીને યુદ્ધને માટે ઉશ્કેર્યા, દ્રૌપદીએ પણ તેમાં ઉત્તેજન આપ્યું; પરંતુ ધર્મમાં છલ કરવાની ઇચ્છા ન કરતાં યુધિષ્ઠિર પોતાના વચનથી ડગ્યા ન હતા, એ પણ તેમની ધર્મપ્રીતિ સૂચવે છે. વળી ધૃતરાષ્ટ્રરાજા પુત્રપ્રીતિથી હૃદયાંધ થઇ જતા હતા, તોપણ તે જંગલમાં ગયેલા યુધિષ્ઠિરના ગુણ સંભારી કેટલીક વખત રડતા હતા

તથા તેમને વખાણતા હતા. આ પ્રમાણે શત્રુઓ પણ તેમનાં વખાણ કરતા એજ તેમની યોગ્યતાનો પૂરાવો છે. યુધિષ્ઠિરમાં વડીલોપ્રત્યે પણ ભક્તિ અલૌકિક હતી અને તે એમના ચરિત્રમાં વારંવાર સ્પષ્ટ જણાય છે. જ્યારે ધૃતરાષ્ટ્રે તેમને બીજી વખત દ્યૂત રમવા બોલાવ્યા; ત્યારે યુધિષ્ઠિર દ્યૂતને અનર્થરૂપ જાણતા હતા અને પોતાની ઇચ્છા ન હતી તોપણ વડીલની આજ્ઞાને માન આપીને પાછા આવ્યા હતા. વળી યુદ્ધારંભસમયે પણ યુધિષ્ઠિર સામા પક્ષમાં રહેલા ભીષ્માદિક વડીલોના પ્રતિ દ્વેષ ન કરતાં જેમ દેવાભિવંદન કરવા જાય તેમ મૌન ધારણ કરીને ત્યાં જઈ તેઓને પગે પડયા હતા! કેવી અનુપમ ભક્તિ! !

યુધિષ્ઠિર તપસ્વી, ધર્મપ્રિય, સરલ પ્રકૃતિના, નિર્મત્સર, મદ, માન, મોહ, દંભ, કામ તથા ક્રોધથી રહિત, દેવબ્રાહ્મણના પૂજક, સત્યવાદી, સૌમ્ય, પ્રજાનું પુત્રની પેઠે પાલન કરનારા, સમભાવવાળા, વત્સલ, મહાવિદ્વાન, જ્ઞાની, બ્રાહ્મણોના કૃપાપાત્ર તથા શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. તે શ્રીકૃષ્ણના સ્વરૂપને યથાર્થ સમજતા હતા અને તેથી તેમને કૃષ્ણના ઉપર સંપૂર્ણ ભરોસો હતો. તે શ્રીકૃષ્ણનાં વચનને કોઇવાર ઉથાપતા નહિ. આવા તેમના નિર્મળ આદર્શરૂપ જીવનમાં પણ એક સ્વલ્પ કલંક આવી ગયું છે. જ્યારે ગુરુ દ્રોણાચાર્ય સામાન્ય મનુષ્યો ઉપર પણ અસ્ત્રનો પ્રયોગ કરી જીવપર આવીને લડતા હતા, ત્યારે શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે, "આ બ્રાહ્મણ અધર્મયુદ્ધ કરે છે, માટે તમે હજારોના જીવ બચાવવા ખાતર 'અશ્વત્થામા મરાયો' એમ કહો." એટલામાં ભીમે અશ્વત્થામા નામનો હાથી માર્યો અને દ્રોણે પૂછ્યું, એટલે યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણના વચનથી તથા કંઇક વિજયલોભથી અસ્પષ્ટ રીતે કહ્યું કેઃ '**हतः कुंजर इत्युत**' તેમાં '**हतः**–મરાયો' એ સ્પષ્ટ અને '**कुंजर**' અસ્પષ્ટ સંભળાયું. ('**नरो वा कुंजरो वा**' એવું મહાભારતમાં નથી.) યુધિષ્ઠિરના આખા જીવનમાં માત્ર આટલુંજ કલંક દેખાય છે. જો કે તેમાં સર્વનિયંતાની આજ્ઞા તથા હજારોનો બચાવ જોતાં તે ક્ષમ્ય ગણાય; તથાપિ શુદ્ધમાં સ્વલ્પ ડાઘ પણ દેખાઇ આવે.

યુધિષ્ઠિર શસ્ત્રાસ્ત્રના જ્ઞાતા હતા. કેટલીક વખત ધનુષ્ય લઇને યુદ્ધમાં ઘૂમતા હતા અને શ્રીકૃષ્ણ જોડે યુદ્ધ કરવાની ઇચ્છા રાખનારા શલ્ય જેવા સમર્થ યોદ્ધાને પણ હણ્યો હતો; તથાપિ અર્જુન અને ભીમસેન જેવા બે સમર્થ યોદ્ધાઓ હમેશાં તેમની સાથે હોવાથી તેમને એ પ્રસંગ ઝાઝો આવતો નહિ. તેમને પાછળથી બૃહદશ્વ પાસેથી દ્યૂતવિદ્યા પ્રાપ્ત થઇ હતી. તેમના રાજ્યકાર્યથી પ્રજા સંતુષ્ટ હતી અને તેથીજ હજી પણ સારૂં રાજ્ય 'ધર્મરાજ્ય' કહેવાય છે.

યુધિષ્ઠિર વર્ણે શુદ્ધ સુવર્ણના જેવા ગૌર, શરીરે ઉંચા અને કદાવર, લાંબી નાસિકાવાળા તથા વિશાળ અને લાંબાં નેત્રવાળા હતા. તેમનો જન્મ આશ્વિન શુકલ પંચમીએ મધ્યાહ્નસમયે થયો હતો. તે દિવસે સૂર્ય તુલારાશિમાં અને ચંદ્ર જ્યેષ્ઠા નક્ષત્રમાં હતો.

હવે આપણે તેમના સૌજન્યનો એકજ દાખલો આપી તે ગુણનિધિનું વર્ણન બંધ કરીએ. જ્યારે પાંડવો મહાપ્રસ્થાન કરી હિમાલય ઉપર ગયા; દ્રૌપદી, સહદેવ, નકુલ, અર્જુન તથા ભીમસેન અનુક્રમે એક પછી એક પતન પામ્યાં અને એકલા યુધિષ્ઠિર તથા તેમની સાથે ચાલતો કૂતરો બેજ આગળ ચાલ્યા; પરંતુ એટલામાં તો ઇંદ્ર પોતેજ રથ લઇને ત્યાં આવ્યા અને યુધિષ્ઠિરને તેમાં બેસી સ્વર્ગમાં આવવા કહ્યું; ત્યારે સ્વજનવત્સલ યુધિષ્ઠિરે ઇંદ્રને કહ્યું કે, 'હું મારા ભાઇઓને તથા દ્રૌપદીને છોડીને સ્વર્ગમાં નહિ આવું, માટે તમે તેઓને પણ સાથે લ્યો.'

ઇંદ્રે કહ્યુંઃ–'તું તેઓને સ્વર્ગમાં જોઇશ. તેઓ દેહ છોડીને સ્વર્ગમાં ગયાં છે અને તું સદેહે સ્વર્ગમાં ચાલ.'

યુધિષ્ઠિરે કહ્યુંઃ–'આ કૂતરો મારો ભક્ત છે, તેથી તે પણ મારી સાથે સ્વર્ગમાં આવવો જોઇએ.'

ઇંદ્રે કહ્યુંઃ–'તું દેવપણું, મારી સમાનતા, સમગ્ર ઐશ્વર્ય, મહાન સિદ્ધિ અને સ્વર્ગસુખને પ્રાપ્ત થયો છે; માટે તું આ અપવિત્ર કૂતરાને છોડી દે, એમાં કંઈ નિર્દયતા નથી.'

ત્યારે યુધિષ્ઠિર બોલ્યા કેઃ–'**अनार्यमार्येण सहस्रनेत्र शक्यं कर्तुं दुष्करमेतदार्य । मा मे श्रिया संगमनं तयास्तु यस्याः कृते भक्तजनं त्यजेयम् ॥** (સ્વ૦ ૧૭–૩–૯) અર્થાત્ હે સહસ્રનેત્ર! હે આર્ય! હું આર્ય છું. મારાથી એવું અનાર્ય કર્મ કરાશે નહિ. જે ઐશ્વર્યને માટે મારે ભક્તજનનો ત્યાગ કરવો પડે, તે ઐશ્વર્યનો ભલે મને સમાગમ ન થાય!' શી ભક્તવત્સલતા! કેવી આર્યતા! ×

× **યુધિષ્ઠિર—વ્યવહારમાં રહીને ન પાળી શકાય તેવા સદ્ગુણો–સત્ય અને ધર્મની સૂક્ષ્મતમ**

ભીમસેન

ભીમસેન યુધિષ્ઠિરથી નાનો અને બીજા ભાઇઓથી મોટો હતો. તે વાયુના અંશથી ઉત્પન્ન થયો હતો, તેથી વાયુના જેવો બળવાન હતો. તે અને દુર્યોધન એક દિવસે જન્મ્યા હતા. ભીમસેન બલોન્મત્ત, સાહસિક, રણકર્કશ, ક્રોધી, શૂરો તથા નિર્ભય હતો. 'ભય' એ શબ્દ તેના હૃદયકોષમાંથી હમેશને માટે ખોવાઇ ગયેલો હતો. તે શત્રુઓની સાથે બળથીજ કામ લેવા ઇચ્છતો. દેવ, અસુર

ભાવનાને વિવેકપૂર્વક પોતાના જીવનમાં પ્રત્યક્ષ ઉતારનાર આખા મહાભારતમાં શ્રીકૃષ્ણ નહિ, ભીષ્મ નહિ, પણ અજાતશત્રુ ધર્મરાજા પોતેજ હતા. અતિવિકટ પ્રસંગોમાં પણ સત્ય અને ધર્મનો ત્યાગ તેઓ કરી શકયા નહોતા. દ્રૌપદીની લાજ લેવાતી હતી અને ભીમસેન પોતાના ઉપર વચનપ્રહાર કરી રહ્યો હતો, છતાં એકનિષ્ઠાથી મુંગે મોઢે પોતાનો ધર્મ સાચવી બેસી રહેનાર અને મનમાં લેશપણ વ્યથા ન પામનાર યુધિષ્ઠિર એકલાજ હતા. દ્રોણાચાર્યના વધપ્રસંગે અસત્ય બોલવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં ધર્મરાજાનું દિલ કચવાયું, અને અસત્ય બોલતે બોલતે પણ તેમની જિહ્વાએ તો સત્યનોજ ઉચ્ચાર કર્યો.

ઉપર્યુક્ત મહાન સદ્‌ગુણોને જીવનમાં એકરસ કરી દેનાર યુધિષ્ઠિર યોદ્ધાતરીકે તદ્દન નિષ્ફળ થયા હતા. યુધિષ્ઠિર શબ્દ સાર્થક થયો નહોતો. યુદ્ધમાં ઘણે પ્રસંગે તેમને પાછા હઠવું પડયું હતું. માત્ર શલ્યને તેમણે માર્યો હતો. અઢાર દિવસના મહાન ભયંકર યુદ્ધમાં યુધિષ્ઠિરે કેવળ તટસ્થતાનોજ આશ્રય લીધો હતો. ડગલે ડગલે ધર્મ જોનારને દારુણ યુદ્ધપ્રસંગે તત્કાળ બુદ્ધિ જ્યાં વાપરવી પડે, ત્યાં આ ધર્મ છે કે અધર્મ છે, એમ વિચાર કરતા ઉભા રહે કેમ પાલવે ? આથીજ યુધિષ્ઠિર યોદ્ધાતરીકે મહાભારતમાં વર્ણવાયા નથી. આદર્શ ગુણોની મૂર્તિરૂપ યુધિષ્ઠિરે સદ્‌ગુણોથીજ મહાભારતમાં પોતાના વ્યક્તિત્વનું તેજ પ્રસરાવ્યું હતું. તેમની દ્યૂત–આસક્તિ એ તેમનો મોટામાં મોટો દુર્ગુણ હતો. યુધિષ્ઠિર જેવા ધર્મવિત્‌માં પણ આવો દુષ્ટ દુર્ગુણ હોવાથી આપણને એમ લાગી આવે છે કે સર્વાંશે સંપૂર્ણ મનુષ્ય સંભવી શકતોજ નથી. મનુષ્ય–જીવન અપૂર્ણ છે, એમ આપણને ભાન થાય છે. સામાન્ય મનુષ્યો જે દુર્ગુણોથી દૂર રહે છે, તેવા દુર્ગુણો ન સમજાય તેવી રીતે મહાન વ્યક્તિઓમાં જણાય છે, અને આવી મહાન વ્યક્તિઓ એવા દુર્ગુણોથી પોતાનો અધઃપાત જુએ છે; છતાં પણ જ્યારે તેમનો ત્યાગ કરવાનું સામર્થ્ય બતાવી શકત નથી, ત્યારે આપણાથી નિઃશ્વાસ સાથે એમ બોલી જવાય છે કે 'સર્વથા દૈવ શ્રેષ્ઠ છે.'

યુધિષ્ઠિરની દ્યૂત–આસક્તિથી પાંડવો અને દ્રૌપદીને અસહ્ય દુઃખ સહેવું પડયું હતું; વસ્તુતઃ મહાભારતનું યુદ્ધ યુધિષ્ઠિરના દ્યૂત અનુરાગને લીધેજ ઉદ્‌ભવ્યું હતું. વિદુર અને ભીષ્મ જેવાએ સમજાવ્યા છતાં પણ દ્યૂત–આહ્વાનને ધર્મ સમજી યુધિષ્ઠિર દુર્યોધનની કપટજાળમાં ફસાયા. **મહાન પુરુષો ભૂલ પણ મહાન કરે છે, અને તેમનાં દુઃખો પણ મહાન હોય છે.**

દુર્યોધન રાજનીતિ ("ડીપ્લોમસી")માં કુશળ હતો ત્યારે યુધિષ્ઠિર રાજ્યનીતિ ("સ્ટેટસમેનશીપ")માં કુશળ હતા. અંધ ધૃતરાષ્ટ્રના કહ્યામાં રહેવું, એ રાજ્યનીતિજ હતી. પાંડવો નાના હતા, તેમને કોઇની ઓથ હતી નહિ, આવે સમયે ધૃતરાષ્ટ્રની આજ્ઞાનો ભંગ કરી સ્વતંત્રતા મેળવવી, એટલે પાંડવોએ પોતાનોજ ક્ષય કરવો. આ સત્ય યુધિષ્ઠિર સૂક્ષ્મ બુદ્ધિથી જોઇ શકયા હતા અને તેથીજ તેઓ વારે વારે ભીમસેનનાં કૃત્યોને નિંદતા હતા. યુદ્ધમા પહેલું બાણ છૂટતા પહેલાંજ યુધિષ્ઠિર ભીષ્મ, દ્રોણાચાર્ય અને કૃપાચાર્યને મળવા અને તેમનો આશીર્વાદ મેળવવા પગે ચાલીને ગયા. તેમનું આ કૃત્ય પણ દીર્ઘદૃષ્ટિ અને રાજ્યનીતિનું ઉત્તમ દૃષ્ટાંત છે.

અતિ ભોળપણથી યુધિષ્ઠિરનું જીવન ઝાંખું પડી ગયું હતું. સટ્ટો કરવાની ટેવ હોવાથી દુર્યોધનની સાથે ગદાયુદ્ધ કરવાના પ્રસંગે પણ યુધિષ્ઠિરે સટ્ટોજ કર્યો હતો. "હે વીર! હું ફરી તને તારી ઇચ્છા પ્રમાણે વર્તવાની રજા આપું છું. અમારામાંથી એકને તું હણીશ તો તને રાજ્ય મળશે, નહિ તો તું સ્વર્ગ મેળવીશ." અર્જુન અને ભીમસેનસિવાય દુર્યોધન બીજા ત્રણે ભાઇઓને પૂરો તડે તેવો હતો. આટલેસુધી ધીરજ રાખનાર શ્રીકૃષ્ણને યુધિષ્ઠિરના વચનથી ક્રોધ ચઢયો. તેમને લાગ્યું કે, હાથમાં આવેલી બાજી યુધિષ્ઠિર ગુમાવી દેશે. આખો સાગર તરી જનાર પાંડવો ખાબોચિયાંમાંજ ડૂબી જશે, તેમણે ચીઢાઇને કહ્યું કે; "પાંડુ અને કુંતીના પુત્રો રાજ્ય ભોગવવાને સરજાયાજ નથી. તેમણે તો વનમાં રહેવું અને ભીખ માગી પોતાનું પૂરું કરવું!"

અથવા મનુષ્ય, કોઇને તે ગણકારતો પણ નહિ; ને બીજાને કદાપિ વશ પણ થતો નહિ. ફક્ત તેના સાહસી મન ઉપર યુધિષ્ઠિરનીજ આજ્ઞાનો અને અર્જુનનીજ બુદ્ધિનો પ્રભાવ પડતો હતો; અને તેથી જેમ તેલ રેડતાં ઉછળતો સમુદ્ર શાંત પડે, તેમ તે નરમ થઇ જતો હતો. તે વારંવાર અર્જુનને કહેતો કે:– **'किं नु शक्यं मया कर्तुं यद्राजा सततं घृणी त्वं च बालिशया बुध्या सदैवास्मान्प्रबाधसे**(વ.૨૭૨-૮) રાજા હમેશ દયાળુ છે અને તું બાલિશબુદ્ધિથી સદૈવ અમને રોકે છે, એટલે હું શું કરી શકું?' આ કારણથીજ યુદ્ધ એટલા સમય સુધી લંબાયું હતું; નહિ તો ભીમે ક્યારનીએ હોળી કરી દીધી હોત! તેને શ્રીકૃષ્ણના ઉપર પણ માનવૃત્તિ હતી. જ્યારે કંઇ વિચારણા ચાલતી હોય, તે વખતે ભીમસેન પોતાના સ્વભાવાનુરૂપ અભિપ્રાય આપતો; એટલે શ્રીકૃષ્ણ 'ઘણું ખાનારાની બુદ્ધિ મંત્રમાં આવે ન હોય' ઇત્યાદિ કહીને તેને ચીડવતા હતા, તોપણ તે કૃષ્ણની સામે થતો નહિ; પણ પોતાની દલીલ આગળ ચલાવ્યે જતો હતો. તે દ્રૌપદીનો આધાર હતો. ઘણી વખત દ્રૌપદીનો અને તેનો મત એક થઈ જતો હતો. વળી ભીમસેન કોઇ કોઇવાર પંડિતાઇભરેલાં દૃષ્ટાંતો આપીને ક્રોધના આવેગમાં આવી ગયેલી દ્રૌપદીને શાંત કરતો પણ જણાય છે. કેટલાએક તેને વિદૂષક જેવો વર્ણવે છે, પણ મહાભારતમાં તે કોઈ સ્થાનમાં તેવા રૂપથી દેખાતો નથી. એ તો ઉલટો વીર યોદ્ધારૂપેજ જણાય છે. તેણે પોતે સ્વીકારેલું કામ તે કોઇપણ અંતરાયને ન ગણતાં અવસ્ય પાર ઉતારતો હતો. ભીમસેન ધનુર્યુદ્ધ, ખડ્ગયુદ્ધ, વૃક્ષયુદ્ધ, પાષાણયુદ્ધ, મલ્લયુદ્ધ વગેરે યુદ્ધો કરતો હતો. કર્ણ જેવા સમર્થ યોદ્ધાને પણ તેણે ધનુર્યુદ્ધમા કેટલીકવાર નસાડ્યો હતો; પણ ગદાયુદ્ધ તો તે પોતાનુંજ કહેવડાવતો હતો. મહાયુદ્ધમાં તે ગદા લઇને હાથીઓના સૈન્યમાં વારંવાર ઘૂમતો દેખાય છે. યુધિષ્ઠિરને તેના બળ ઉપર ઘણો વિશ્વાસ હતો, તેમજ તે પોતે ભ્રાતાઓને વારંવાર સહાય પણ કરતો હતો. વળી રાક્ષસો મારવા એ તો ખાસ તેનોજ ભાગ હતો, દુ:શાસનરુધિરપાન એ તેની બીભત્સ ઉદ્દંડતાની પરિસીમા છે. તેનામાં એકહજાર હાથીનું બળ હતું, તેને ખાવા પણ બહુ જોઈતું હતું, તેમ તેનો પાકશાસ્ત્ર ઉપર પણ સારો કાબુ હતો. નાનપણમા પણ તે દુર્યોધનને તથા તેના બંધુઓને રમતગમતમા બહુ રંજાડતો હતો અને ત્યારથીજ દુર્યોધનના મનમા વૈરનું પ્રથમ બીજ રોપાયું હતું. ભીમસેન 'બળ આગળ અસાધ્ય જેવું કંઇજ નથી' એમ માની યુદ્ધમાં ઉદ્ધત બની જતો; અને કોઇને પણ નમ્યું આપતો નહિ. દ્રોણાચાર્યના મરણ પછી કુપિત થયેલા અશ્વત્થામાએ પાંડવોની સર્વ સેનાના સંહારને માટે નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો હતો; તે વખતે શ્રીકૃષ્ણ અર્જુનના હાથમાથી ધનુષ્યબાણ મૂકાવી તેને લઇ રથમાથી ઉતરી પડ્યા અને સર્વ સૈનિકોને પણ તેમ કરવા કહેતાં તે બધાઓ શસ્ત્રાસ્ત્ર મૂકી દઇ જમીન ઉપર ઉભા રહ્યા. આમ કરવાનું કારણ એ હતું કે," એ અસ્ત્રની સામે કોઈપણ અસ્ત્ર ચાલતું નહિ; એટલુંજ નહિ પણ જ્યાસુધી યોદ્ધાના હાથમાં હથિયાર હોય ત્યાસુધીજ તે તેને બાળી મૂકવા માટે તેની પાસે આવતું હતુ. આ વાત ભીમના ઉદ્દામ મનને રુચી નહિ–શત્રુની સામે હથિયાર છોડી ઉભા રહેવું એ તેને નાનમભરેલું લાગ્યું; એટલે તે તો સામર્થ્યાનુસાર સામાં બાણો મૂકીનેજ યત્ન કરવા લાગ્યો. તે વખતે બધેથી પાછો ફરેલો નારાયણાસ્ત્રનો અગ્નિ ભીમની આજુબાજુએ ફરી વળ્યો. શ્રીકૃષ્ણ અને અર્જુન તેની પાસે દોડી ગયા અને તેને બહુ વિનવ્યો; પરંતુ તેણે તેઓનું કહેવું માન્યું નહિ અને તે અગ્નિની જ્વાળામાં પણ પોતાનું બળ અજમાવ્યેજ ગયો. છેવટે શ્રીકૃષ્ણે બાથમા ઘાલીને તે અગ્નિની જ્વાળામાંથી તેને ખેંચી કાઢ્યો તથા તેના હથિયાર ખુંચાવી લીધા, અને ત્યારેજ નારાયણાસ્ત્ર શાંત પડ્યું" ખરેખર! 'ભાંગી જાઉ પણ નમું નહિ' એ ભીમની નીતિ હતી. તેના હૃદયમાં નિર્માયેલું વૈરપટલ સહસા દૂર થતું નહિ. યુદ્ધ થઇ ગયા પછી રાજ્યકાળમાં યુધિષ્ઠિરની સખ્ત આજ્ઞા હતી કે, ધૃતરાષ્ટ્રરાજાનું કોઇએ પણ અપ્રિય કરવું નહિ; તેમ છતા ભીમસેન ધૃતરાષ્ટ્ર સાભળે તેમ પૂર્વવૈર સૂચવનારા શબ્દો બોલ્યા કરતો હતો. તે તપાવેલા સુવર્ણના જેવો શુદ્ધ ગૌર, શરીરે સ્થૂળ, ગજરાજના જેવી ચાલવાળો, પુષ્ટ તથા વિશાળ ખભાવાળો, ભરાવદાર ગર્દનવાળો, વક્ર દૃષ્ટિથી જોનારો અને લાંબા સ્થૂળ બાહુવાળો હતો.×

× **ભીમસેન**—અતિ સાહસિક ક્ષાત્રબળની મૂર્તિસમો ભીમસેન આખા મહાભારતમાં પ્રતાપી વ્યક્તિતરીકે પ્રકાશી છે. તેને શ્રીકૃષ્ણની યુક્તિપ્રયુક્તિઓ ગમતી નહોતી. વ્યવહારવિરુદ્ધ ધર્મરાજા-

અર્જુન

અર્જુન બધા ભ્રાતાઓમાં વચેટ હતો તથા શ્રીકૃષ્ણનો સમવયસ્ક હતો. તે ઇંદ્રથી ઉત્પન્ન થયેલો અને નર ભગવાનનો અવતાર ગણાતો હતો. અર્જુન શૂરવીર છતાં દયાળુ, ધીર, ઉદાત્ત, વિદ્વાન, બુદ્ધિમાન, શસ્ત્રાસ્ત્રમાં એક્કો, પ્રૌઢ, ક્ષમાશીલ, દુષ્કર્મથી પરાઙ્મુખ રહેનારો, ચાલાક, ચતુર, વિલાસી છતાં જિતેંદ્રિય, દૃઢપ્રતિજ્ઞ, સત્યથી ન ડગનારો, ગુરુપ્રિય તથા પ્રજાપ્રિય હતો. પાંડવપક્ષનો તે મુખ્ય યોદ્ધો હતો. પ્રભાવમાં તે શ્રીકૃષ્ણથી બીજે નંબરેજ દેખા દે છે. સદેહે સ્વર્ગ-ગમન તથા દેવોનો સહવાસ તેના ચરિત્રમાં પ્રત્યક્ષ થાય છે. તે શત્રુઓની સામે સામર્થ્યાનુસાર માનુષી શસ્ત્રોનોજ પ્રયોગ કરતો હતો. જો કે તેની પાસે દૈવી અસ્ત્રો હતાં, છતાં તે તેનો ઉપયોગ અસ્ત્રજ્ઞોની સામેજ કરતો હતો. તેણે શંકરને પ્રસન્ન કરીને મેળવેલાં પાશુપતાસ્ત્રનો મહાન ભારતીય યુદ્ધમાં પણ ઉપયોગ કર્યો જણાતો નથી. અર્જુન પોતાની ધનુર્વિદ્યાના મદમાં કોઇપણ ધનુર્ધારીને ગણકારતો નહિ. તેણે સંગીતવિદ્યા ચિત્રસેન ગંધર્વરાજ પાસે શીખીને તેમાં ઉત્તમ નૈપુણ્ય મેળવ્યું

ની ધર્મની વાતો તેની બુદ્ધિમાં ખુંપી શકતી નહોતી. 'પહેલો ઘા રાણાનો' એ સૂત્ર તેના જીવનની નસેનસમાં વ્યાપી રહેલું હતું. મરણભયથી ડરીને ભીમસેન પાછો હઠયો હોય એવું એક પણ સ્થળે આખા મહાભારતમાંથી મળી આવતું નથી. હિડિંબ, બક વગેરે રાક્ષસો સામે જવામાં તેને લેશપણ ભીતિ થઈ નહોતી. હનુમાન પોતાના કરતાં અત્યંત બળવાન હોવા છતાં તેમની સાથેયે બાથ ભીડવા તે તૈયાર થયો. યક્ષો અને કિન્નરો સાથે પણ તેણે યાહોમ કરીને ઝુકાવ્યું. તેના અવિચારી સાહસથી યુધિષ્ઠિરને ઘણીવાર વિમાસણ કરવી પડી હતી; પણ વાસુદેવની સહાયથી દરેક સાહસમાંથી ભીમસેન બચી ગયો હતો.

જન્મથીજ ભીમસેનમાં કૌરવોપ્રતિ વૈરવૃત્તિ ઉદ્ભવેલી હતી. મહાભારત યુદ્ધનાં બીજ વાવનાર ભીમસેન હતો. બાળપણથી કૌરવોને તે હેરાન કરતો અને પ્રસંગ આવ્યે દુર્યોધન આદિને સખ્ત પ્રહાર કરવા પણ ચૂકતો નહિ. કૌરવો તરફ તેની તીવ્ર વૈરવૃત્તિનો સાક્ષાત્કાર દુઃશાસનના રુધિરપાન સમયેજ થયો. કૌરવોને ખરેખરો ભય અર્જુનનો નહોતો, પણ ભીમસેનના નામથીજ તેઓ ત્રાસતા. ભીમસેનને લીધેજ પાંડવોને વનવાસમાં કૌરવો તરફથી ઝાઝો ત્રાસ થયો નહોતો. ભીમસેનજ કૌરવભાઇઓના નાશનું કારણ થઇ પડયો. ગદા તેનું શસ્ત્ર હતું અને ગદાયુદ્ધમાંજ ભીમસેન જેટલો ફાવ્યો, તેટલો બીજા કશામા ફાવ્યો નહોતો. મહાભારતના યુદ્ધમાં ધનુષ્યબાણથી લડતાં લડતાં આખરે ધનુષ્યબાણ ત્યજી દઇ રથમાંથી નીચે ઉતરી કાં તો પોતાના બાહુથી અથવા ગદાથી તે યુદ્ધ કરવા મંડી પડતો. 'જ્યાં ડાહ્યા જતાં ડરે ત્યાં મૂર્ખાઓ કૂદી પડે છે,' એ ભીમસેનને ઘણીવાર લાગુ પડી જાય છે.

ભયંકર અને દુષ્કર કર્મો કરનાર ભીમસેનના હૃદયમાંથી કોમળ લાગણીઓનો નાશ નહોતો થયો. પોતાના ઉપર વારે વારે આવી પડતી ભયંકર આપત્તિઓમાંથી છૂટવાને પાંચાલી ભીમસેન તરફજ દૃષ્ટિ નાખતી હતી. અર્જુન પાંચાલીને પ્રિય હતો, પણ એ માનિની ક્ષત્રિયાણીના દિલની ઉછળતી લાગણીઓને સંતોષ આપનાર ભીમસેનજ હતો.- ભીમસેન ન હોત, તો પાંચાલીનું સર્વસ્વ નાશ પામ્યું હોત. અર્જુનથી દ્રૌપદીના અભિલાષો પૂરા ન પાડી શકાત. દ્રૌપદીને પ્રિય લાગેલાં દિવ્ય કમળો લેવા ભીમસેનેજ સાહસ આદર્યું હતું. પોતાને અપમાન આપનાર કીચક 'આજરાત્રે મરવોજ જોઇએ' એ દ્રૌપદીનો અભિલાષ ભીમસેને પૂર્ણ કર્યો હતો. ભરસભા વચ્ચે રજસ્વલાની સ્થિતિમાં ઘસડી લાવનાર દુઃશાસનને રણભૂમિ ઉપર મારી નાખી તેનું રુધિરપાન કરી દ્રૌપદીને ભીમસેને એકલાએજ સંતોષ આપ્યો હતો. દ્રૌપદીના કોમળ સ્નેહને લીધે ભીમસેન આથીયે વધારે શું ન કરી શક્યો હોત ?

આટલું અથાગ બળ હોવા છતાંયે ભીમસેને યુધિષ્ઠિરની આજ્ઞા કદાપિ ઉથાપી નહોતી, એ તેનો મોટામા મોટો ગુણ હતો. યુધિષ્ઠિરની ધર્મવૃત્તિ તરફ કેટલીક વાર ભીમસેને અણગમો દર્શાવ્યો હતો, ક્રોધમાં યુધિષ્ઠિરને ઘણીવાર ન કહેવાનાં વચનો કહ્યાં હતાં, આમ છતાંયે બાર વર્ષનો વનવાસ ભીમસેને મુંગે મોઢે સ્વીકાર્યો. વનવાસમાં યુધિષ્ઠિરની લાગણી દુઃખાય તેવું એકપણ કૃત્ય ભીમસેને કર્યું નહોતું.

હતું. શ્રીકૃષ્ણ તેને પોતાનો સખા માનતા હતા તથા તેનું પ્રિય કરવા હમેશાં યત્ન કરતા હતા. જ્યાંસુધી શ્રીકૃષ્ણ ભૂમંડળ ઉપર રહ્યા, ત્યાંસુધી અર્જુનના ભાલમાં સર્વત્ર વિજયજ નિર્માયેલો હતો. તે કર્ણની પેઠે કયાંય પરાઙ્મુખ થઇને નાસતો જોવામાં આવતો નથી. ત્રિપુરહંતા મહાદેવને પણ યુદ્ધમાં પ્રસન્ન કરનારો અને દેવોને પણ હંફાવનારો અર્જુન, શ્રીકૃષ્ણના સ્વધામગમન પછી માત્ર એકજવાર લૂંટારાઓથી પરાજિત થતો જણાય છે. તે વખતે તેનું દૈવી બળ ઉડી જાય છે. વિરાટને ત્યાંના ગોહરણપ્રસંગે અર્જુન એકલોજ ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ આદિ સમસ્ત કૌરવી યોદ્ધાઓની સામે યુદ્ધ કરી તેઓને પરાઙ્મુખ કરે છે, એ તેના પરાક્રમની પરાકાષ્ઠાજ ગણાય. તે નિડર હતો, શૂરવીર હતો; છતાં કોઇને નિરર્થક સતાવતો નહિ. તેની વડીલો તરફની ભક્તિ પણ સબળ હતી અને તેને લીધે તે યુદ્ધમાં જ્યારે જ્યારે ભીષ્મ,દ્રોણાચાર્ય વગેરે ગુરુજનોની સામે યુદ્ધ કરતો હતો, ત્યારે ત્યારે તેની ભક્તિ તેના ધનુષ્યને ઢીલું કરી નાખતી હતી; પરંતુ તે વખતે યોગેંદ્ર શ્રીકૃષ્ણ તેની કળ મરડીને તેને પાછા સતેજ કરતા હતા. અર્જુનનાં સકારણ દશ નામો નીચે પ્રમાણે હતાં:–તે સર્વ દેશોમાંથી ધન જીતતો હતો તેથી 'ધનંજય' કહેવાતો હતો; યુદ્ધમાંથી વિજય કર્યાવિના પાછો ફરતો નહિ તેથી 'વિજય' કહેવાતો હતો; તેના રથે ધોળા ઘોડા જોડાતા હતા તેથી તે 'શ્વેતવાહન' કહેવાતો હતો; ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં જન્મ્યો હતો તેથી 'ફાલ્ગુન' કહેવાતો હતો; દાનવોની સાથે યુદ્ધપ્રસંગમાં જતાં ઇંદ્રે પોતાને હાથે તેને કિરીટ પહેરાવ્યો હતો તેથી તે 'કિરીટી' કહેવાતો હતો; યુદ્ધમાં કદાપિ બીભત્સ કર્મ કરતો નહિ તેથી તે 'બીભત્સુ' કહેવાતો હતો; બન્ને હાથથી ધનુષ્ય ખેંચી શકતો હતો તેથી 'સવ્યસાચી' કહેવાતો હતો; શુદ્ધ કર્મ કરતો હોવાથી 'અર્જુન' કહેવાતો હતો; જયશીલ હોવાથી 'જિષ્ણુ' કહેવાતો હતો અને વર્ણે કૃષ્ણ હોવાથી અથવા આકર્ષક અને મનોહર હોવાથી 'કૃષ્ણ' કહેવાતો હતો. કર્ણ તેનો હમેશનો પ્રતિપક્ષી હતો; કારણકે કર્ણ માની હોવાથી અદ્વિતીય ધનુર્ધારીની કીર્તિ અર્જુન ખાટી જાય તે તેને બીલકુલ પાલવતું ન હતું, અને તેથી તે તેની સ્પર્ધા કર્યા કરતો હતો. અર્જુનનું પરાક્રમ સાંભળીને ધૃતરાષ્ટ્રની ઉંઘ ઉડી જતી હતી અને દુર્યોધન કાવાદાવા કરવા મંડી પડતો હતો. ખરેખર ! અર્જુન સદ્‌ગુણસંપન્ન દિવ્ય યોદ્ધો હતો. તે શરીરે શ્યામ, તેજસ્વી, મનોહર, મત્ત ગજેંદ્રના જેવા દેખાવવાળો, સિંહના જેવા ઉન્નત ખભાવાળો, વિલાસપૂર્વક ગમન કરતા હાથીના જેવી ચાલવાળો અને કમળપત્રના જેવાં વિશાળ નેત્રવાળો હતો.×

× **અર્જુન**—કેવળ બળની નક્કર મૂર્તિ જેવા ભીમસેન કરતાં, મૃદુતા અને વિવેકયુક્ત બળને લીધે અર્જુન મહાભારતમાં વિશેષ શોભે છે. યુદ્ધમાં અર્જુન કરતાં ભીમસેને વધારે સાહસ ખેડયું હતું, વધારે શૌર્ય દાખવ્યું હતું; છતા તેના આચારમાં નહોતી સભ્યતા, નહોતો વિવેક કે નહોતું ગાંભીર્ય. અર્જુન પ્રતિભાશાળી હતો. તેનાં આચરણોમાં સભ્યતા અને ગાંભીર્ય જણાઇ આવતાં હતાં. વ્યાયામથી કસાયેલાં ભરાવદાર અંગોને લીધે તેનું મેઘશ્યામ શરીર સુંદર લાગતું હશે, દ્રૌપદી જેવી માનિની સુંદરીને વશ કરે તેવું સુંદર હશે, એમ જણાય છે. પાંડવોના પ્રાણરૂપ અર્જુને મહાભારતના સમયમાં પણ નરના અવતાર હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. વ્યાસનું સર્વોત્તમ પાત્ર અર્જુન હતો. બળમાં–નક્કર બળમાં–અર્જુન કરતાં ભીમસેન અધિક હતો, પણ વ્યવહારમાં એકલું બળ કયાં કામ લાગે છે ? આ વ્યાવહારિક સત્યને લીધે ભીમસેન કરતાં પણ મહાભારતનું આકર્ષક પાત્ર અર્જુન મનાય છે. ભીમસેનમાં બળ હતું, પણ બળસાથે વિવેકશૂન્યતા હતી. અર્જુને બળ સાથે વિવેક વાપર્યો. દ્રૌપદીના પાંચે પુત્રોને રાત્રે ઉંઘમાં મારી નાખનાર અશ્વત્થામાની પાછળ એના બળનો વિચાર કર્યાવિના કેવળ પોતાનાજ બાહુબળ ઉપર વિશ્વાસ રાખી ભીમસેન વેગથી ધસ્યો. શ્રીકૃષ્ણ અશ્વત્થામાનું બળ સમજતા હતા, તેથી તેમણે અર્જુન સાથે જઇ ભીમસેનને બચાવ્યો હતો. યુદ્ધમાં અશ્વત્થામાએ નારાયણાસ્ત્ર ફેંકયું, ત્યારે અર્જુને ડહાપણ વાપરી નારાયણાસ્ત્રની અસરમાથી બચી જવાને પોતાનાં અસ્ત્રો ધરણી ઉપર મૂકી દીધાં. આવા દારુણ પ્રસંગે પણ શસ્ત્રો ન ત્યજી દેવાનો દુરાગ્રહ ભીમસેને રાખ્યો હતો.

ગીતામૃતનું પાન કરવાનો અધિકારી શ્રીકૃષ્ણે પાંચે પાંડવોમાંથી એકલા અર્જુનનેજ માન્યો હતો; અને તેના બધા સંશયો દૂર કરી કર્મમાં–ક્ષત્રિયને પ્રાપ્ત થયેલા કર્મમાં–પ્રવૃત્ત થવાને તેને પ્રેર્યો હતો. ગીતાજ્ઞાન મેળવ્યા છતાં પણ ભીષ્મ, દ્રોણાચાર્ય અને અશ્વત્થામા સાથે અર્જુને મૃદુ યુદ્ધ કર્યું હતું; તેથી ચીઢાઇ, યુદ્ધમાં શસ્ત્ર ન ધરવાની પ્રતિજ્ઞા કર્યા છતાં પણ શ્રીકૃષ્ણ ચક્ર ઉપાડી

નકુલ

નકુલ માદ્રીનો મોટો પુત્ર તથા પાંડવોમાં ચોથો હતો. તે બહુ રૂપાળો હતો અને તેથી તેને પોતાના રૂપનો ગર્વ હતો. તે ઇતર હથિયારો લઇને લડતો હતો; છતાં ખડ્ગયુદ્ધ ઘણું સારૂં કરી શકતો હતો અને તેથી તેણે ખડ્ગયુદ્ધમાં અશ્વત્થામા જેવા સમર્થ યોદ્ધાને પણ હંફાવ્યો હતો. તે મોટા ભાઇઓની આજ્ઞાને અનુસરનાર, વિલાસી અને મોજી સ્વભાવનો હતો તથા અશ્વવિદ્યામાં નિપુણ હતો. જો કે નકુલ અને સહદેવ બન્ને યુધિષ્ઠિરાદિના ઓરમાન ભાઈ હતા,તથાપિ તેઓમાં કોઇરીતે ઓરમાયાપણાનો સંબંધ જણાતો ન હતો. ઉલટા તેઓ નકુલસહદેવની બહુ કાળજી રાખતા હતા તથા તેઓને લાડ લડાવતા હતા. તેની કાંતિ સુવર્ણના જેવી હતી. તેનાં નેત્ર આછાં રક્તવર્ણાં હતાં. તેના ખભા સિંહના જેવા પુષ્ટ હતા અને તેના બાહુ મહાપ્રચંડ હતા. તેણે દુર્યોધનના ઘણા ભાઇઓનો સંહાર વાળ્યો હતો.

સહદેવ

સહદેવ સર્વમાં નાનો હતો. તે તથા નકુલ અશ્વિનીકુમારથી ઉત્પન્ન થયા હતા. તે જ્ઞાની, વિદ્વાન, શાણો, સ્વરૂપવાન તથા સર્વ બંધુઓને પ્રિય હતો; તેમ છતાં તે કુંતીને તો પોતાના પ્રાણથી પણ અધિક વહાલો હતો. પાંડવો વનમાં જવા નીકળ્યા તે વખતે કુંતીએ વિલાપ કરતાં સહદેવને કહ્યું હતું કેઃ—"બેટા ! તારા બંધુઓ જ્વલંત સત્યવ્રત પાળવાના હોય તો તેઓને જવા દે; પણ તું તો અહીંજ રહીને મારૂં રક્ષણ કરી પુણ્ય સંપાદન કર. તું મને પ્રાણથી પણ અધિક વહાલો છે." વળી કુંતીએ સહદેવની કાળજી રાખવા દ્રૌપદીને ખાસ ભલામણ કરી હતી; તેમજ સહદેવનો કુંતી ઉપર પણ અસાધારણ પ્રેમ હતો. ધૃતરાષ્ટ્ર સાથે કુંતી અરણ્યવાસ કરવા ગયાં હતાં અને ત્યાં એક વર્ષે સર્વે પાંડવો મળવા ગયા હતા, તે વખતે સહદેવ કુંતીથી છૂટો પડતાં બાળકની પેઠે રડયો હતો એમ જણાય છે. સહદેવ ગાય–બળદસંબંધી વિદ્યામાં નિપુણ હતો. તેણે શકુની જેવા બળવાન યોદ્ધાને મારીને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી હતી.×

બે વાર ભીષ્મ સામે ધાયા હતા. વિચારશીલ અર્જુન યુદ્ધમાં વારે વારે લાગણીવશ થતો હોવાથી-જ શ્રીકૃષ્ણ તેને વારંવાર પ્રોત્સાહન આપતા હતા. ઘણીવાર એમ લાગી આવ્યાવિના નથી રહેતું કે, જો પાંડવોને શ્રીકૃષ્ણ જેવો સહાયકર્તા ન હોત, તો મહાભારતના યુદ્ધનું પરિણામ કદાચ બીજુંજ આવ્યું હોત. કૌરવપક્ષમાંથી ભીષ્મ, દ્રોણાચાર્ય આદિ જેમ જેમ નાશ પામતા ગયા, તેમ તેમ દુર્યોધન નિઃશ્વાસ મૂકી એજ કહેતો કે, "પુરુષાર્થ સર્વથા નકામો છે. દૈવ એકલુંજ બલવત્તર છે." દુર્યોધને પુરુષાર્થ કર્યામાં કાંઇ બાકી રાખી નહોતી, છતાં **यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । तत्र श्रीर्विजयोर्भूतिः** એ દૈવના સૂત્રને દુર્યોધન જૂઠું પાડી ન શકયો. પોતાના વહાલા પુત્ર અભિમન્યુને હણાયો સાંભળી, જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા કરી અર્જુને યુદ્ધમા જે સ્વભાવ અને કૌશલ્ય દાખવ્યાં હતાં તે એની સહજ પ્રકૃતિ હતી, અને તેથીજ શ્રીકૃષ્ણને કહેવું પડયું હતું કે, **प्रकृतिस्त्वां नियोक्ष्याति** । શ્રીકૃષ્ણની સલાહથી વિજય પામતો અર્જુન મહાભારતમાં ગૌરવહીણ બને છે. પ્રાપ્તધર્મ વિસારી લાગણીવશ થયાનુંજ આ પરિણામ છે.

ભીમસેન પાંચાલીનો રક્ષક હતો, પણ અર્જુન તો પાંચાલીનો કાન્ત હતો. અર્જુનને ક્રિયા-વાન કરનાર દ્રૌપદીજ હતી. દ્રુપદાત્મજાને રંજિત કરવાને અર્જુને અનેક દુઃખો સહન કર્યાં હતાં. યાજ્ઞસેનીને દુઃશાસને કરેલા અપમાનનો પ્રતિકાર શોધવા પાંચાલીનો પ્રેર્યો અર્જુન દિવ્યાસ્ત્ર મેળવવાને હિમાલયમાં કૈલાસ ઉપર ગયો હતો.

× **નકુલસહદેવ**—માદ્રીના બે પુત્રો અશ્વિનીકુમારોથી ઉત્પન્ન થયેલા હોવાથી સુકુમાર અને સુંદર હતા. તેમણે કુંતીને માદ્રીને સ્થાનેજ ગણી હતી, અને પિતાને સ્થાને યુધિષ્ઠિરાદિ ત્રણ ભ્રાતાઓને ગણ્યા હતા. તેમણે યુધિષ્ઠિરની આજ્ઞાને કદી પણ ઉથાપી નહોતી, તેમ યુધિષ્ઠિર, ભીમસેન અને અર્જુન એ બે ભાઇઓની સવિશેષ સંભાળ રાખતા. વનવાસમાં બે નાના ભાઇઓ થાકી જાય, ત્યારે ભીમસેન તેમને ઉપાડી લેતો; કુંતી પણ પોતાના પુત્રોની પેઠેજ તેમને ગણતી. કુંતીપુત્રોની સામે તેમને ભંભેરી દુર્યોધને પાંચે ભાઇઓમાં વિક્ષેપ પડાવવા યત્ન કર્યો

દ્રૌપદી

દ્રૌપદી તે પ્રાતઃસ્મરણીય સતીશિરોમણિઓમાંની એક છે. દ્રૌપદી પ્રગલ્ભ, ચતુર, રાજ્યકાર્ય તથા ગૃહકાર્યમાં નિપુણ, બોલવામાં પ્રૌઢ, સૌંદર્યસંપન્ન, પતિપ્રાણા, નિડર, મહત્ત્વાકાંક્ષાવાળી, સ્વજનપ્રેમી, ઉદાર તથા બીજાના ઉપર પોતાના પ્રભાવની છાપ પાડનારી વીરાંગના હતી. સ્વયંવર-સમયે કર્ણે ધનુષ્ય ચઢાવવા માંડ્યું, તે વખતે ભરસભામાં તેણે કર્ણ અટકી જાય તે રીતે પ્રૌઢતાથી કહ્યું હતું કે, 'હું સૂતપુત્રને વરીશ નહિ.' વળી દ્યૂતસભામાં ઘસડી આણી ત્યારે ત્યાં તેણે નિડરતાથી પ્રશ્ન કર્યો કે, 'યુધિષ્ઠિર પોતે હાર્યા પછી મને પણમાં મૂકી શકે કે નહિ?' જે પ્રશ્ન સાંભળીને ભીષ્માદિક પણ ઉત્તર ન આપતાં વિચારમગ્ન થઇ ગયા હતા. આ તેની પરમ પ્રગલ્ભતાજ હતી. દ્રૌપદી પોતાના પાતિવ્રત્યબળથી હમેશાં મગરૂર રહેતી હતી અને તે બળથીજ તેણે જયદ્રથને અને કીચકને એકેકજ ધક્કામાં ગબડાવી દીધા હતા. તે રાજકીય વિચારોમાં પણ વિદ્વાનોને છાજે તેવો ભાગ લેતી વારંવાર જણાય છે. વળી તે રાજ્યનાં તથા ગૃહનાં નાનાંથી મોટાં સુધી પ્રત્યેક કાર્યોની સૂક્ષ્મ રીતે દેખરેખ રાખતી હતી. તેને કોઇપણ કાર્ય અજ્ઞાત રહેતું નહિ, એ વાત તેની પાસે પતિવશીકરણ શીખવા આવેલી સત્યભામાને આપેલા તેના ઉત્તરમાંથી પ્રત્યક્ષ થાય છે. તે પોતાના ચાતુર્યથી તથા પ્રેમથી પાંચે પાંડવોને અધીન કરી શકી હતી. જો કે તેને પાંચે પાંડવો ઉપર પ્રેમ હતો, તથાપિ તે અર્જુનની પત્નીતરીકે અધિક ગર્વિષ્ઠ રહેતી હતી. તેને ક્રોધ તથા ઈર્ષ્યા થતાં ખરાં, પણ તે તેને કાબુમાં રાખી શકતી હતી. દ્રૌપદી પોતાનું ધાર્યું કરવામાં પોતાની યુક્તિથી વારંવાર ફાવતી હતી. જે કાર્યમાં ધર્મવિરોધ ન હોય અને સાહસ જેવું ન હોય, તેવું કાર્ય તે યુધિષ્ઠિરદ્વારા કરાવતી હતી; પણ જેમાં યુધિષ્ઠિર સંમતિ આપે તેમ ન હોય તેવું સાહસી કાર્ય, તે પરભાર્યું ભીમસેન પાસે કરાવી લેતી હતી. ભીમસેનના હૃદયપટ ઉપર દ્રૌપદીની એવી છાપ બેસી ગઇ હતી કે જેથી તે દ્રૌપદીના વચનને ઉથાપી શકતો ન હતો. એ કુબેરના સરોવરમાંથી સૌગંધિક કમળ લાવવાનો પ્રસંગ, કીચકવધનો પ્રસંગ, અશ્વત્થામાનો મણિ લાવવાનો પ્રસંગ વગેરેમાં પ્રત્યક્ષ થાય છે. પાંચે પાંડવો તેના તરફ પ્રેમ તથા મહામાનથી જોતા હતા અને તેનું કદાપિ અપ્રિય કરતા નહિ. તે શ્રીકૃષ્ણની સખી હતી, શ્રીકૃષ્ણને અંતરની વાતો કહેતી હતી અને તેમની મારફતે પોતાના ઈષ્ટ કાર્યો કરી લેતી હતી. વડીલવર્ગ પણ તેના તરફ માનથી જોતો હતો. **દુઃખ પડતાં રડીકકળીને સમય કાઢનારી સતીઓ મળશે; પણ દુઃખની સામે થઇ તેને દૂર કરનારી વીર સતી તો દ્રૌપદીજ છે.** તે ઘણી ઉંચી પણ નહિ તેમ ઠીંગણી પણ નહિ, ઘણી પાતળી પણ નહિ તેમ જાડી પણ નહિ–અર્થાત્ સમાન સુશોભિત શરીરવાળી હતી. તેના વાળ કાળા, લાંબા તથા વાંકડીઆ હતા. તેનાં નેત્ર શરદૃઋતુના કમળ જેવા વિશાળ તથા પ્રફુલ્લિત હતાં. તેની કેડ સિંહના જેવી પાતળી હતી. તેનું મુખ કમળના જેવું સૌંદર્યપૂર્ણ હતું; તેની વાણી ઘણી મધુર હતી અને તેના શરીરમાંથી કમળના જેવો સુગંધ નીકળતો હતો. એકંદરે તે સર્વાંગ-સુંદર હતી. તે વેદીમાંથી પ્રકટેલી લક્ષ્મીની અંશભૂતા હતી અને તેથી તે સાક્ષાત્ મૂર્તિમતી લક્ષ્મી જેવીજ જણાતી હતી.×

હતો; પણ નકુલસહદેવ કુંતીપુત્રોની આજ્ઞા સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધાથી પાળતા. વનવાસનાં દુઃખો તે બે ભાઇઓએ કુંતીપુત્રોની માફક સહ્યાં હતાં. મહાભારતમાં આ બે ભાઇઓ ઘણા દેખાવડા ચીતરવામાં આવ્યા છે. સહદેવે યુદ્ધમાં ક્ષત્રિયવટ બતાવી શકુનિને મારી નાખ્યો હતો.

દ્રૌપદીના આ બે નાનકડા ભરથાર દ્રૌપદીના કરતાં બહુ મોટી ઉમ્મરના તો નહિજ હોય. દ્રૌપદી તેમના સૌંદર્ય ઉપર મુગ્ધ બની હતી. વનવાસમાં માતાના વાત્સલ્યથી અને ભાવથી તે બેનું જતન તેણે કર્યું હતું. પોતાની આંખ આગળથી તે બંનેને તેણે દૂર કર્યા નહોતા.

"રાજસત્તાનું સ્વરૂપ માદ્રી, તેને દિવ્ય વૈદ્ય અશ્વિનીદેવના જોડાએ બે પુત્રો આપ્યા. એક સુંદરતાનું સ્વરૂપ નકુલ, અન્ય પ્રાજ્ઞતાનું સ્વરૂપ સહદેવ. વૈદ્ય દેવોની કૃપાનાં ફળ શરીરની સુંદરતા અને શરીરનું આરોગ્યપોષણ એ બે છે." **(સરસ્વતીચંદ્ર ભા. ૪ થો)**

× **દ્રૌપદી–કેવળ પતિનેજ વશ રહેવું અને પોતાની સ્વતંત્રતાનો પડઘો નજ પાડવો, એવી પ્રાચીન સતીત્વની ભાવના નહોતી. પ્રાચીન આર્યોએ સ્ત્રીઓના સ્વાતંત્ર્યને નષ્ટ કરી દીધું હતું,**

શ્રીકૃષ્ણ

પૂર્ણપુરુષોત્તમાવતાર શ્રીકૃષ્ણ, પાંડવોના મામાના પુત્ર થતા હતા. તે પાંડવોના મુખ્ય નેતા તથા પાંડવોના જ્વલંત પ્રભાવના અને તેઓની કીર્તિના આધારભૂત હતા. મહાભારતરૂપી દેહનો આત્મા શ્રીકૃષ્ણ છે. જો તે એક પાત્ર ઉપાડી લેવામાં આવે તો મહાભારત એક નિશ્ચૈતન્ય ખોળયા જેવુંજ થઈ પડે. તેમણે ભારતીય યુદ્ધમાં હથિયાર લઇને યુદ્ધ કર્યું નથી, તથાપિ તે પાંડવીય સર્વે યોદ્ધાઓનાં આયુધોમાં તથા હૃદયોમાં વેગ આપનારા હતા. પાંડવો વનવાસ કરવા ગયા તે

એમ કહેનાર કેવળ એકપક્ષીજ ન્યાય તોળે છે. પ્રાચીન આર્ય સમાજનો અભ્યાસ કરનારને એટલું ચોક્કસ સમજાશે કે, પ્રાચીન આર્યોએ સ્ત્રીપુરુષનાં કર્તવ્યક્ષેત્રો ભિન્ન ભિન્ન રાખી તેમને સીમાથી મર્યાદિત રાખ્યાં હતાં. સ્ત્રી કે પુરુષ પોતાનાં કર્તવ્યોમાં તદ્દન સ્વતંત્ર હતાં. હાલની દૃષ્ટિએ આ મર્યાદા પ્રાચીન સમાજના દોષતરીકે મનાઇ જવા સંભવ છે. પ્રાચીન સમાજની આ વ્યવસ્થામાં જેટલી ઝડપથી આપણે દોષ નીહાળ્યો છે, તેટલી ઝડપથી તે દોષનિવારણના માર્ગો આપણે શોધી શકીએ તેમ છે. જો કે મારી સાથે ઘણા સંમત થશે કે, પાશ્ચાત્ય પ્રજાના સંસ્કારોની અસર આપણા ઉપર થયાને લીધેજ આપણી પુરાતન વ્યવસ્થામા આપણને દોષબુદ્ધિ ઉદ્ભવી છે. પાશ્ચાત્ય પ્રજાની વ્યવસ્થામાં સ્ત્રીપુરુષનાં કર્તવ્યક્ષેત્રોને મર્યાદિત રાખવામાં આવ્યાં નથી. આ વ્યવસ્થા હજુ અખતરારૂપજ છે. હજુ તો તેમણે આ વ્યવસ્થાનો સારો લાભ મેળવ્યો નથી, ઉલટું તેના દોષોનાં પુરાણો વારંવાર સાભળવામાં તથા વાંચવામાં આવે છે. આમ અખતરારૂપ સ્વીકારાયેલાં પાશ્ચાત્ય પ્રજાનાં કર્તવ્યક્ષેત્રોને સ્વીકારવામાટે આપણી પ્રાચીન વ્યવસ્થામા દોષબુદ્ધિ રાખવી, એમા નથી સ્વદેશાભિમાન, નથી સ્વાભિમાન કે નથી સ્વોન્નતિ !

રાંકડાં, પતિનો પડયો બોલ ઝીલતા સીતા જેવા સતી, અને બોલે બોલમા લોહી ઉછાળતી પાંચે પતિને પણ વશ રાખવાનું અભિમાન રાખનારી સ્વાતંત્ર્યની મૂર્તિસમી શુદ્ધ ક્ષત્રિયાણી દ્રૌપદી જેવી સતી, એ પ્રાચીન સતીત્વનાં તુલાયંત્રનાં બે પલ્લાં છે. સતી સ્ત્રી થવું એ કેવળ સ્ત્રીની અંતરેચ્છા અને અંતરપ્રેમ ઉપરજ આધાર રાખતું હતું, સતી સ્ત્રી થવાની આર્ય સમાજે કોઇને ફરજ પાડી નહોતી. ફરજ પાડયે સતી થનારની મહત્તા કયાંસુધી ટકે ? સ્ત્રીની સ્વતંત્રતાને માન્ય રાખનાર આર્ય સમાજ સતી સ્ત્રી થવાની ફરજ દરેક સ્ત્રીને માથે નાખે એ સંભવિત નથી. સતી સ્ત્રી થવાની સૂચના આર્ય સમાજે પોતાનાં શાસ્ત્રોદ્વારા કરી હતી. જો ફરજ પાડવામાં આવી હોત તો સીતા, દ્રૌપદી, સાવિત્રી, સુકન્યા જેવી ગણીગાંઠી સતીઓની મહત્તા સમાજે કેમ સ્વીકારી હોત ?

દ્રૌપદી પાંડવોને શક્તિ અને પ્રેરણા અર્પતી હતી. જો પાંડવો પાંચાલીને ન પરણ્યા હોત, તો તેમનો ઇતિહાસ કદાચ જૂદીજ રીતે લખાયો હોત. મહાભારતના યુદ્ધમા ભીમસેનના બાહુબળથી, અર્જુનની અસ્ત્રવિદ્યાથી અને શ્રીકૃષ્ણની દીર્ઘદૃષ્ટિથી જેટલો વિજય પ્રાપ્ત નહોતો થયો, તેટલો વિજય, દ્રૌપદીના ક્રોધ અને વિષણ્ણયુક્ત દૃષ્ટિપાતથી પ્રાપ્ત થયો હતો. કૌરવોને સમજાવવા વિષ્ટિ માટે વાસુદેવને જવા યુધિષ્ઠિરે વિનતિ કરી, ત્યારે ભીમસેનસુદ્ધાં બધા પાંડવોએ તેમાં સંમતિ આપી હતી. છેવટે પાંચ ગામડાં લઇ સંતોષ બતાવી દારુણ યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત ન થાય, એવી પ્રબળ ઇચ્છા જયારે પાચે ભાઇઓએ દર્શાવી, ત્યારે પાંડવોની–ખાસ કરીને ભીમસેન અને અર્જુનની–આવી નપુંસકતા જોઇ દ્રૌપદી અકળાઇ ગઇ, તેની આંખમાં નિરાશાનાં આંસુ આવ્યાં; પાંડવોની નિર્બળતા હવે તેને સાલવા લાગી. કેશવની શક્તિવિષે તેની ખાત્રી હતી; તેથી જો શ્રીકૃષ્ણ ધારશે તો સલાહ કરાવી શકશે અને દુઃશાસને કરેલા અપમાનનો બદલો લેવાશે નહિ, એમ તેને લાગવા માંડયું. તેનું મુખ લેવાઇ ગયું, તેની આંખમાંથી ક્રોધાગ્નિની ઉગ્ર જ્વાળાઓ નીકળવા લાગી. એક ક્ષણમાં તેણે મનમાં નિશ્ચય કરી લીધો. હવે તેની મુખાકૃતિ તપેલા સુવર્ણ જેવી દેખાવા લાગી. તેનાં અંગો ધ્રૂજવા લાગ્યાં. આંખમાં આંસુ લાવી તેણે શ્રીકૃષ્ણને સંબોધી પોતાને થયેલા અન્યાયની વાત કહી સંભળાવી.

* પોતાનો કેશકલાપ હાથમાં ઝાલી શ્રીકૃષ્ણને દેખાડતાં આંખમાં આંસુ સાથે દ્રૌપદીએ કહ્યું:– "હે પુંડરીકાક્ષ ! દુઃશાસનને હાથે ખેંચાયેલો કેશપાશ આ રહ્યો જુઓ, જુઓ ! કેવી રીતે તેણે ખેંચ્યો હતો ? સંધિ કરવા જતાં તમારે મારા કેશપાશને વિસારવો ન ઘટે. હે કૃષ્ણ ! કદાચ

વખતથી દુર્યોધને પોતાની રાજનીતિથી, લક્ષ્મીથી તથા માનથી સર્વે રાજાઓને તથા યોદ્ધાઓને વશ કરી લીધા હતા; અને એ રીતે તે દૃઢમૂલ થયા હતા. તેવા સમર્થ શત્રુની સામે સાધનરહિત પાંડવોને સાધન-સંપન્ન બનાવવામાં તથા તેઓને વિજય અપાવવામાં શ્રીકૃષ્ણનોજ સમર્થ હાથ હતો. વળી એટલુંજ નહિ પણ તેઓની માંહોમાંહેની ફાટફુટમાં પણ તે સંધિકારક થઇ પડતા હતા. જ્યારે યુધિષ્ઠિર કર્ણથી પરાભવ પામીને તથા ક્ષતવિક્ષત થઇને છાવણીમાં જતા રહ્યા, ત્યારે સંશપ્તકોને મારીને

ભીમસેન અને અર્જુન દીનતાને લીધે સંધિની ઇચ્છા રાખતા હશે, તો મારા વૃદ્ધ પિતા તેમના મહારથી પુત્રોસહિત, અને અભિમન્યુને આગળ કરી મારા મહાપરાક્રમી પાંચ પુત્રો કૌરવો સાથે યુદ્ધ કરશે. હે કૃષ્ણ! જ્યાંસુધી પાપી દુઃશાસનનો હાથ ઘસીને કપાઇ ગયેલો તથા લોહી અને ધૂળથી ખરડાયેલો હું નહિ જોઉં, ત્યાંસુધી મારા દિલમાં શાંતિ થવાની નથી. મારા હૃદયમાં ક્રોધની આગ સળગી છે, વેર લેવાને માટે તેર તેર વર્ષો સુધી મેં વાટ જોઇ છે, હવે તમને બધાંને ધર્મનો વિચાર આવે છે; પણ તે દુષ્ટોનાં વચનો તીર જેવાં મારા હૃદયમાં પેસી ગયાં છે અને મને પીડા આપે છે." દ્રૌપદીનાં આ વચનોની સચોટ અસર થઇ; અને શ્રીકૃષ્ણે નીતિની દૃષ્ટિએજ વિષ્ટિ કરવા જવાનું સ્વીકાર્યું.

દ્યૂતમાં બીજીવાર હાર્યા પછી પાંડવોને વનવાસ મળ્યો, ત્યારે શ્રીકૃષ્ણ તેમને મળવાને વનમાં આવ્યા હતા, તે વખતે સભામાં પોતાને થયેલા અપમાનનો ઉલ્લેખ કરતાં દ્રૌપદીએ શ્રીકૃષ્ણને સચોટ શબ્દોમાં પોતાનાં વીતકો કહી સંભળાવ્યાં હતાં. પાંડવોને માર્મિક વચનો કહી તેણે તેમનો તિરસ્કાર કર્યો હતો. દ્રૌપદીના દિલમાં એકજ વાત સાલતી હતી તે એજ કે, પોતાને મળેલા અપમાનનું વેર લેવું. વેર તેની નસેનસમાં વ્યાપી ગયું હતું. દ્રૌપદીની પ્રત્યેક વાણીમાં વેરભાવ વિશેષ પ્રકટ થતો હતો. વીરરસથી ઉભરાઈ જતી પાંચાલીના યોગ્ય પતિ થતાં યુધિષ્ઠિરને ન આવડ્યું. દ્રૌપદીની રસવૃત્તિનો પોષક હોવા છતાં અર્જુન એની અંતર્વૃત્તિને સંતોષી શક્યો નહોતો. યાજ્ઞસેનીની પ્રજ્વલિત અંતરેચ્છાને સંતોષે, શાંત કરે, તેવો માત્ર ભીમસેનજ હતો. દુઃશાસને ચીર ખેંચ્યાં અને દુર્યોધને દ્રૌપદીને પોતાની સાથળ દેખાડી, ત્યારે તે બંનેને નિર્દય રીતે હણી નાખવાની ક્રૂર પ્રતિજ્ઞા ભીમસેનેજ લીધી હતી. પોતાના વહાલા પુત્ર અભિમન્યુનો વધ સાંભળીને અર્જુનને જેવો ક્રોધ ચઢ્યો હતો, તેવો ક્રોધ પાંચાલીના હડહડતા અપમાનસમયે તેને ઉદ્‌ભવ્યો નહોતો, એટલી અર્જુનના પ્રેમભાવમાં ઉણપ હતી. યાજ્ઞસેનીના સળગતા આત્માની દાઝ હોલવનાર માત્ર ભીમસેન હતો.

પાંચાલીના દુભાયેલા અંતરાત્માનો શાંતિ કરનાર ભીમસેન હતો, તોપણ દ્રૌપદીના પ્રેમપિયૂષનો પ્રવાહ અર્જુન તરફ વિશેષ વહેતો હતો. એના વીરહૃદયને સંતોષનાર ભીમસેન હતો, છતાં એના રસિક અને મુગ્ધ હૃદયકમળની બીડાઈ ગયેલી પાંખડીઓને ધીરે ધીરે વિકસાવવાનું કાર્ય એકલો અર્જુન જાણતો હતો. માદ્રીપુત્રો દેખાવડા હતા, પણ વયમાં લગભગ સમોવડીઆ હોવાથી દ્રૌપદીની રસવૃત્તિ એમનાથી સંતોષાય તેમ નહોતી. કામ-ક્રોધ આદિ વિકારો પાંચલીને સ્વાધીન હતા. એ ઇચ્છતી ત્યારે ક્રોધ કે દયા દર્શાવી શકતી હતી. એનો સત્તાધારી ગર્વ યુધિષ્ઠિરના શાંત અને ધર્માધર્મના વિચારમાં લીન થયેલા આત્માને બે ઘડી કંપાવી મૂકતો.

સીતા અને દ્રૌપદી એ બેના વનવાસમાં આસમાન-જમીનનો ફેર છે. રામના વનવાસમાં સીતાનું સાહચર્ય કેવળ ગૌણ લાગે છે, પણ પાંડવોના વનવાસમાં દ્રૌપદીનું સાહચર્ય પ્રાધાન્ય ભોગવે છે. દ્રૌપદીના સત્તાધારી ગર્વને તોડી પાડવા વિધિએ તેને મહાન કષ્ટ-યજ્ઞોમાં હોમી હતી, પણ તેનો ગર્વ ઓગળી જવાને બદલે જેમ જેમ તેને દુઃખ પડ્યું, તેમ તેમ તે વધારે સંગઠિત થતો ગયો. તેના કાંઇક આવા ગર્વથીજ દ્રૌપદી પાંચે પાંડવો ઉપર રાજ્ય ચલાવતી હતી. પાંડવો પાંચાલી ઉપર મમતા રાખતા હતા, છતાં દરેકને તે પોતાના ઓજસથી આંજી દેતી. એનો પ્રતાપી સ્વભાવ કદાચ પાંડવોને સાલ્યો હશે, પણ એને તરછોડવાનું મન કોઇને થતું નહોતું. કૃષ્ણા આવી પ્રતાપી હોવા છતાં પોતાના મનથી પતિને લેશ પણ હીણા ગણતી નહોતી; એટલુંજ નહિ, પણ કેટલીકવાર પોતાની મનોવૃત્તિને સંયમમાં રાખી પોતાની ઇચ્છાવિરુદ્ધ થયેલાં પાંડવોનાં કૃત્યોમાં તેણે સંમતિ આપી હતી. વિરાટરાજના દરબારમાં પ્રચ્છન્ન રહેતી વખતે તે સૈરંધ્રી [illegible] રહેવા આવી, અને આવું હીણું સ્થાન લેતાં તે લેશપણ ઓસંગાઇ નહિ. પાંચાલીના સતીત્વ [illegible] ખરેખરી કસોટી હતી. પાંચ પતિને પરણનાર પાંચાલી પાંચેને એક પતિસમાન લેખીને [illegible]

આવેલો અર્જુન શ્રીકૃષ્ણસાથે યુધિષ્ઠિરની ખબર જોવા છાવણીમાં ગયો. યુધિષ્ઠિરે કર્ણને માર્યો-વિના આવેલા અર્જુનનો ક્રોધાવેશથી તિરસ્કાર કરીને તેને ગાંડીવધનુષ્ય બીજાને આપી દેવા જેવું અસહ્ય કટુ વચન કહ્યું. તે વખતેજ તેવું કહેનારનો શિરચ્છેદ કરવાની પ્રતિજ્ઞાવાળા અર્જુને યુધિષ્ઠિરનો શિરચ્છેદ કરવા તરવાર ખેંચી. શ્રીકૃષ્ણે ધર્મનું માર્મિક સ્વરૂપ સમજાવી તેને તેમ કરતો રોકી દીધો; અને 'અપમાન વધતુલ્ય ગણાય છે' એવું જણાવી તેને તેમ કરવા પ્રેર્યો. અર્જુને યુધિષ્ઠિરને અનેક કટુ વચનો સંભળાવ્યા; પરંતુ પછી વડીલની અવજ્ઞાજન્ય પાતકથી મુક્ત થવા અર્જુને તે તરવાર પોતાનાજ કંઠ ઉપર ચલાવવા તૈયારી કરી. ફરી શ્રીકૃષ્ણે ઉપદેશ કરી 'આત્મ-સ્તુતિ એ આત્મવધતુલ્ય છે,' એવું જણાવી તેની પાસે આત્મશ્લાઘા કરાવી તેને શાંત પાડયો; પણ અર્જુનનાં કડવાં વચન સાભળીને યુધિષ્ઠિર ત્યાંથી અરણ્યમાં જવા નાઠા. એ વખતે શ્રીકૃષ્ણે તેમને પગમાં પડીને ખાળ્યા અને બારીક સમયનું ભાન કરાવી સર્વને શાત પાડી દીધા. શાંત થયેલા યુધિષ્ઠિરે તથા અર્જુને પરસ્પરનું વૈમનસ્ય દૂર કરી શ્રીકૃષ્ણનો આભાર માન્યો અને અર્જુન યુધિષ્ઠિરની આગળ કર્ણવધની પ્રતિજ્ઞા કરીને ત્યાથી યુદ્ધ કરવા નીકળ્યો. આવા વિષમ પ્રસંગમાં શ્રીકૃષ્ણમાં બુદ્ધિ–ચાતુર્યનો અને ઉંડા ધર્મજ્ઞાનનો અભાવ હોત તો કેવું પરિણામ આવત ? તે સહજે કલ્પી શકાય તેમ છે. વળી શ્રીકૃષ્ણે યુદ્ધારંભસમયે ગુરુજનોને સામે ઉભેલા જોઇને અર્જુનને થયેલા મોહપ્રસંગમા તત્ત્વોપદેશ કરીને, દ્રોણવધપ્રસંગે સાત્યકિ અને ધૃષ્ટદ્યુમ્ન વચ્ચે બળતા ક્રોધાગ્નિને શાંત પાડીને, જયદ્રથના વધપ્રસંગમાં અનેક યુક્તિપ્રયુક્તિઓના પ્રયોગથી અર્જુનની પ્રતિજ્ઞા પૂર્ણ કરાવીને; તથા યુદ્ધાતમાં બલદેવને, ગાંધારીને અને ધૃતરાષ્ટ્રને શાત પાડીને પોતાનું અદ્ભુત બુદ્ધિકૌશલ્ય પ્રકટ કર્યું છે અને પાંડવોનું નાવ વિષમ ખડકોમાં થઇને પાર પહોચાડયું છે. જો એવા એવા પ્રસંગોમા પાડવપક્ષમાં શ્રીકૃષ્ણ ન હોત તો પાંડવોનો વિજય દુર્લભજ હતો.

શ્રીકૃષ્ણનો પ્રભાવ રાજામહારાજા તથા ઋષિઓ આદિ સર્વ ઉપર પડતો હતો. કોઈ તેમનું અપમાન કરતા નહિ અને કરતા તો તેઓ કંસ, શિશુપાલ, દુર્યોધનાદિની પેઠે નાશ પામતા હતા. કારણ કે તેમની કૃપા તથા ક્રોધ બન્ને નિષ્ફળ જતાં નહિ. શ્રીકૃષ્ણ શસ્ત્રાસ્ત્રમાં નિપુણ, શૂરવીર, સત્યવાદી, નિર્લોભ, માનમોહથી રહિત, જિતેંદ્રિય, શરણાગતવત્સલ, પરમ જ્ઞાની, વિદ્વાન, યોગી, દયાળુ, ધર્મરહસ્યના જ્ઞાતા, ટુંકામાં કહીએ તો તે સર્વગુણસંપન્ન હતા. તે જે જે ભૂમિકામા રહીને કાર્ય કરતા હતા, તે તે કાર્ય અદ્વિતીયપણાથી કરી દેખાડતા હતા. તેમને અગમ્ય જેવું કાંઇજ હતું નહિ, એ તેમના વિવિધ ચરિત્રોથી વ્યક્ત થાય છે. તેમનું શરીર દોષમાત્રથી રહિત અને ત્રિલોકમોહન હતું. તેમનું ચરિત્ર અનેક ગદ્યપદ્યાત્મક વાણીને હજીસુધી શોભાવી રહ્યું છે અને રહેશે; તથા તેમની પ્રતિમા ઠામ ઠામ અનેકોપચારથી પૂજાઇ રહી છે, એજ તેમની પ્રભુતા ! એજ તેમની સર્વેશ્વરતાનો વિજય !×

સ્વાધીન રહે, એ એના સતીત્વને છાજતું હતું. સતી–ધર્મમાં તેણે કદીયે પ્રમાદ કર્યો નહોતો.

વનવાસમાં દ્રુપદતનયાએ પાંડવોની માતા જેવું વર્તન રાખ્યું હતું. પાંડવોને કુંતીની ખોટ પણ જણાતી નહોતી. ખાસ કરીને નકુળસહદેવને–પોતાના લાડકા નાનકડા કંથોને તેણે કદીયે આંખથી વેગળા કર્યા નહોતા. તેનામાં માતાનું વાત્સલ્ય, કાન્તાનો પ્રણય અને સખીનાં સૌખ્ય ઉભરાતાં હતાં.

× **શ્રીકૃષ્ણ**—પાંચહજાર વર્ષથી હિંદના લાખો અને કરોડોના પ્રભુ મનાયેલા શ્રીકૃષ્ણ મહાભારતમાં યુદ્ધપ્રસંગે અર્જુનના સારથિતરીકે વિશેષ દર્શન દે છે. તેમના જીવનનો ઘણો કાળ મહાભારતની વસ્તુની બહારનો હોવાથી મહાભારતમાં તેનો ઉલ્લેખ નથી. ગોપીઓ સાથે તેમનો સંબંધ, રુકિમણીવિવાહ, સત્યભામાનો પ્રસંગ અને એવા બીજા અગત્યના પ્રસંગો મહાભારતમાં દષ્ટિગોચર થતા નથી. મહાભારતમાં તો શ્રીકૃષ્ણ નિપુણ તત્ત્વવેત્તા, મહાયોગી, વ્યવહારકુશળ અને નીડર યોદ્ધાતરીકે આલેખાયા છે. જ્યાં ધર્મ અને અધર્મનો સંશય ઉપસ્થિત થતો, ત્યાં એક ઘાથી બે કડકા કરનાર શ્રીકૃષ્ણે વ્યવહારોપયોગી માર્ગ સૂચવ્યો હતો. સાધ્ય સાધનામાં ધર્માધર્મનો વિવેક દૂર કરી, તાત્કાલિક ફલપ્રાપ્તિ માટે સુગમ સાધનોનો ઉપયોગ કરવામાં કેવળ લગારે ઓસંગાતા નહોતા. શિખંડીની પાછળથી અર્જુન પાસે બાણો નખાવી ભીષ્મનો

કુંતીમાતા

કુંતીમાતા શાણાં, વિચારશીલ, સ્વધર્મ પાળનારાં, દયાળુ અને સમયોચિત વર્તનવાળાં હતાં. પાંડુરાજાના મરણ પછી તે પુત્રોના રક્ષણને માટેજ જીવ્યાં હતાં. છેવટે પુત્રોને રાજ્યપ્રાપ્તિને માટે ઉત્તેજી રાજ્ય મળ્યા પછી પુત્રના સમાટ્સુખની પણ સ્પૃહા ત્યજી દઇને તે ગુરુજનની શુશ્રૂષા તથા તપ કરવા જંગલમાં ચાલ્યાં ગયાં હતાં; એ તેમની ધાર્મિકતાનો અદ્ભુત પૂરાવો છે.

અભિમન્યુ

અભિમન્યુ અર્જુનના જેવો લડવૈયો હતો. તે શૂરવીર, નિડર અને શસ્ત્રાસ્ત્રમાં કુશળ હતો. અર્જુન સંશપ્તક યોદ્ધાઓને મારવા ગયો તે દિવસે દ્રોણગુરુએ નિર્માણ કરેલા ચક્રવ્યૂહમા તે નિર્ભયતાથી પેઠો હતો અને અનેક યોદ્ધાઓને મારી, હંફાવીને ઠેઠ વ્યૂહના મધ્યસુધી પહોંચ્યો હતો. ત્યાં તેને ઘણા મહારથીઓએ મળીને અધર્મથી મારી નાખ્યો હતો. તે શ્રીકૃષ્ણને તથા અર્જુનને બહુજ વહાલો હતો. પાંડવોનો વંશ પણ તેનાથીજ આગળ ચાલ્યો છે.

વધ કરાવ્યો,સમાધિસ્થ દ્રોણાચાર્યનું શિર કપાવી નખાવ્યું,કાળનો નિર્ણય કરવામાં ભૂલાવામાં નાખી જયદ્રથનો નાશ કરાવ્યો, કાદવમા ખુંપી ગયેલા રથચક્રને કાઢવાનો શ્રમ લેતા કર્ણનો નાશ કરાવી નાખ્યો અને ભીમસેનને સૂચના કરી દુર્યોધનની સાથળો ભાગી નખાવી, એ બધા પ્રસંગે ગોવિંદે તાત્કાલિક ફળપ્રાપ્તિ થાય, તેવો માર્ગ લીધો હતો. શઠની સાથે શઠ થવું, એ ન્યાયે શ્રીકૃષ્ણે યુદ્ધમા કૌરવો તરફ વર્તન ચલાવ્યું હતું.

શ્રીકૃષ્ણ નારાયણનો અવતાર હતા, એ સત્ય મહાભારતમાં સૌથી પ્રથમ કોઇને સમજાયું હોય, તો તે ભીષ્મ હતા. શ્રીકૃષ્ણની શક્તિને ભીષ્મ સારી પેઠે ઓળખી ગયા હતા. યુદ્ધના ત્રીજા દિવસે અર્જુનને મૃદુ યુદ્ધ કરતો જોઈ, કેશવ હાથમાં ચક્ર લઇ ભીષ્મને મારવા દોડયા. ત્યારે ભીષ્મ બોલ્યા કે, "હે કેશવ! આવો, આવો, આવો. હે ચક્રપાણિ! તમને મારા નમસ્કાર છે, મને પકડીને રથમાંથી નીચે નાખી દો. તમે મને મારી નાખશો, તો અહીં તેમજ પરલોકમાં મને ઉત્તમ ગતિ પ્રાપ્ત થશે." વળી નવમા દિવસે જ્યારે શ્રીકૃષ્ણ હાથમા ચક્ર લઇ ભીષ્મને મારવા ધાયા, ત્યારે ભીષ્મે કહ્યું, "આવો, આવો, પુંડરીકાક્ષ! હે દેવ! તમને મારા નમસ્કાર છે. હે માધવ! મને હમણાંજ મારી નાખો, ને રથમાથી હેઠે નાખી દ્યો. સંગ્રામમાં તમારે હાથે મૃત્યુ પામવાથી, હે દેવ! મારી સદ્ગતિજ થશે. તમે મને કૃતાર્થ કીધો છે. હે ગોવિંદ! મને મારો, હું તમારો દાસ છું." દ્રૌપદી, યુધિષ્ઠિર, વિદુર અને કર્ણ પણ શ્રીકૃષ્ણના ઐશ્વર્યને સમજી ગયા હતાં. દુર્યોધન શ્રીકૃષ્ણને માયાવી ગણી કાઢતો હતો.

પાંડવો શ્રીકૃષ્ણને અનન્ય ભક્તિભાવથી જોતા હતા. તેમની સલાહવિના તેઓ કોઇ પણ દિવસ મહાન કાર્ય આરંભતા નહોતા. વાસુદેવ પણ પાંડવો ઉપર અપાર સ્નેહ રાખતા હતા. યુધિષ્ઠિરના ભોળપણને લીધે પાંડવો તેમજ દ્રૌપદી દુઃખી થતાં હતાં, એ શ્રીકૃષ્ણની ધ્યાનબહાર નહોતું. ખરૂં જોતા મહાભારતનું યુદ્ધ યુધિષ્ઠિરના ભોળપણનુંજ પરિણામ હતું.

ભગવદ્ગીતાના તત્ત્વજ્ઞાનનો અધિકારી પાંચ પાંડવોમા માત્ર અર્જુનજ હતો. કૃષ્ણે અર્જુનને ગીતામૃતનું પાન કરાવ્યું. કર્મ શું અને અકર્મ શું, આમ કિંકર્તવ્યમૂઢ થયેલા અર્જુનને ક્ષત્રિયધર્મનો સાચો બોધ કર્યા પછી મનુષ્યમાત્રનો સાચો ધર્મ કયો સંભવે છે, તે વાત શ્રીકૃષ્ણે ભાર દઇને સ્પષ્ટ શબ્દોમાં કહી. કોઇને એમ સંદેહ ઉપજે કે, યુદ્ધ-ભૂમિ ઉપર અર્જુનને આટલી મોટી અષ્ટાદશાધ્યાયી ગીતા શ્રીકૃષ્ણે સંભળાવી હોય, એ સંભવતું નથી. આ સંદેહ અસ્થાને છે. સંસ્કૃત ભાષાનો તે સમય હતો; કહેનાર અને સાંભળનાર બંને સુપાત્ર, બુદ્ધિશાળી અને કુશાગ્રબુદ્ધિના હતા. વળી અત્યારે પણ અષ્ટાદશાધ્યાયી ગીતાનો મુખપાઠ કરનારાઓને વધારેમાં વધારે સવા કલાક જેટલો સમય લાગે છે. આ ગણત્રી ધ્યાનમાં લેતાં શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલો સંવાદ અર્ધા કલાકમાં સમાપ્ત થાય એ સંભવતિ છે. સમરાંગણમાં યુદ્ધને માટે તૈયાર થઇ ગોઠવાઇ ગયા પછી પણ આટલો સમય તો સહેજે મળી શકે. ભગવદ્ગીતા અત્યારે જે સ્વરૂપમાં આપણને મળી આવી છે, તેજ સ્વરૂપમાં કદાચ તેને મૂળ મહાભારતકારે નહિ આલેખી હોય અને

સાત્યકિ

સાત્યકિ યાદવ, અર્જુનનો શિષ્ય તથા ભક્ત હતો. તે શ્રીકૃષ્ણનો પ્રીતિપાત્ર, વિદ્વાન, ધાર્મિક, ચતુર, પ્રભાવશાળી, શસ્ત્રાસ્ત્રમાં નિપુણ, સમયજ્ઞ અને અર્જુનનું પ્રિય કરવા હમેશાં તત્પર રહેતો હતો.

ધૃષ્ટદ્યુમ્ન

ધૃષ્ટદ્યુમ્ન પાંડવોનો સાળો અને શુભેચ્છક હતો. તે દ્રોણવધને માટે કવચ, હથિયાર તથા રથની સાથે અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયો હતો. તેણે મહાયુદ્ધમાં દ્રોણાચાર્યને મારી પોતાના પિતાનું વૈર વાળ્યું હતું. તે શૂરવીર, રણધીર, શસ્ત્રાસ્ત્રસંપન્ન, બુદ્ધિમાન અને કૃતજ્ઞ હતો. પાંડવોની સાત અક્ષૌહિણી સેનાનું મુખ્ય સેનાપતિપદ તેને આપ્યું હતું અને તે તેણે યુદ્ધના છેલ્લા દિવસસુધી જાળવી રાખ્યું હતું.

ઘટોત્કચ

ભીમસેનથી હિડિંબામાં ઉત્પન્ન થયેલો રાક્ષસ ઘટોત્કચ મહાપરાક્રમી અને માયાબળથી સંપન્ન હતો. તેણે પાંડવોને તીર્થયાત્રાના પ્રસંગમાં ઘણી મદદ કરી હતી અને છેવટે ચૌદમા દિવસના રાત્રિયુદ્ધમાં કૌરવી યોદ્ધાઓને ગભરાવી નાખી રંગ રાખ્યો હતો. કર્ણે અર્જુનને મારવામાટે રાખી મૂકેલી અમોઘ શક્તિનો ભોગ થઇ પડીને તેણે અર્જુનને બચાવ્યો હતો. તે રાક્ષસી યોનિમાં ઉત્પન્ન થયો હતો; છતાં કૃતજ્ઞ અને એકનિષ્ઠ સ્વામીભક્ત હતો.

પાંડવપક્ષનાં પ્રકીર્ણ પાત્રો

આ વિના પાંડવપક્ષના મહાયોદ્ધાઓમાં વિરાટરાજા, તેનો પુત્ર, દ્રુપદરાજા, શિખંડી, ધૃષ્ટકેતુ, જયત્સેન, પાંડયરાજા તથા બીજા કેટલાએક વીર પુરુષો હતા. તેઓ પાંડવોના પક્ષમાં રહીને શૌર્યપૂર્વક લડયા હતા અને છેવટે વીરલોકને પામી ગયા હતા.

તેમાં પ્રતિપાદન કરેલા સિદ્ધાંતો મૂળને આધારે સચવાઇ રહ્યા હોય એમ લાગે છે. ગીતાનો મૂળ સિદ્ધાંત 'કર્મ કરો અને ફળ મળશે' એજ છે. ઠોકર વાગે તેને લોહી નીકળે, એ જેટલું સ્પષ્ટ છે, તેટલોજ સ્પષ્ટ સંબંધ કર્મ અને ફળ એ બે વચ્ચે છે. આદર્શ સિદ્ધાંતોને વળગી રહેવા કરતાં જીવનમાં જે કાળે જે પ્રસંગ ઉપસ્થિત થાય, તે કાળે તે પ્રસંગને અનુકૂળ વર્તન રાખવું, એ ગીતાનો બીજો સિદ્ધાંત છે. વડિલો, ગુરુ, બાંધવો એ બધા તરફ સ્નેહભાવ રાખવો એ આદર્શ સિદ્ધાંત પણ રણાંગણમાં એ બધા શત્રુના રૂપમાં સામે આવીને ઉભા રહે, ત્યારે સાચા ક્ષત્રિયે તો તેમની સામે યુદ્ધ કરવુંજ ઘટે, એ એનો જાતિધર્મ; અને આદર્શને વેગળો મૂકી વ્યવહાર પાળવો એ મનુષ્યનો મુખ્ય ધર્મ. શ્રીકૃષ્ણે ઠોકી ઠોકીને અર્જુનને કહ્યું કે, "ભાઇ! યુદ્ધ કરવું એ અત્યારે તારો ધર્મ છે. આ પિતામહ, આ ગુરુ, આ ભાઇઓ, એ વિચાર અત્યારે તારે કરવાનો નથી. તારે તો યુદ્ધ કરવું. યુદ્ધમાં જય થશે કે પરાજય થશે, તેનો પણ તું વિચાર કરીશ નહિ; કારણ યત્ન કરવો એ તારા હાથમાં છે. યત્ન કર્યાનું શું ફળ મળશે, તેનો વિચાર કરવાનો પણ તને અધિકાર નથી." ફળનું સ્વરૂપ સંદિગ્ધ હોવાને લીધે કર્મ કરનાર ઉત્સાહી મનુષ્ય ફળ ઉપરજ દૃષ્ટિ રાખીને જો કર્મ આરંભે તો તેનામાંથી ઉત્સાહ, સાહસ, ધૈર્ય અને શક્તિ મંદ પડી જાય છે. મનુષ્યનું જીવન આમ નષ્ટપ્રાય થઇ જાય છે; માટેજ ફળ ઉપર દૃષ્ટિ નહિ રાખતાં કેવળ કર્મ તરફજ દૃષ્ટિ રાખવા શ્રીકૃષ્ણે અર્જુનને સૂચવ્યું હતું.

મહાભારતમાં પ્રત્યક્ષ થતી શ્રીકૃષ્ણની કેટલીક ચમત્કૃતિઓને કેટલાક સંશયની દૃષ્ટિએ નિહાળે છે. પાંચાલીનાં ચીર તેમણે પૂર્યાં, અર્જુનને વિરાટ સ્વરૂપનું દર્શન કરાવ્યું, વિષ્ટિસમયે ધૃતરાષ્ટ્રની સભામાં પણ તેમણે ચમત્કાર દેખાડયો હતો, નારાયણાસ્ત્ર ને બ્રહ્માસ્ત્રની અસરમાંથી અર્જુનને બચાવ્યો હતો. આવા આવા ચમત્કારોમાં સંશય રાખવા જેવું કશું નથી. જો ઇશ્વરના અસ્તિત્વમાં અને તેના અવતારમાં આપણી માન્યતા હોય, તો શ્રીકૃષ્ણ અવતારી પુરુષ હતા. એટલાથીજ બધા સંશયોનો નિર્ણય થઇ જાય છે.

દુર્યોધન

પાંડવોનો કટ્ટો શત્રુ તથા કલિનો અંશાવતાર દુર્યોધન, અંધ ધૃતરાષ્ટ્રનો મોટો પુત્ર હતો. તે રાજ્યલોભી, અહંકારી, ઈર્ષ્યાખોર, કાવાદાવાથી ભરેલો, ઝનુની, અયોગ્ય મહત્ત્વાકાંક્ષાવાળો, દંભી, નફ્ટ, ગુરુજનની આજ્ઞામાં ન રહેનારો, આપવડાઈ હાંકનારો અને પોતાની ઇચ્છાવિરુદ્ધ વર્તનારા શુભેચ્છકને પણ શત્રુની દષ્ટિથી જોનારો હતો. તેનામાં સદ્ગુણો પણ હતા: પરંતુ તે ગુણો દુર્ગુણોનું સામ્રાજ્ય વધી જતાં બીજાઓના પણ સંહારકજ થઇ પડયા હતા. તે રાજનીતિમાં નિપુણ હતો. ધન તથા માનથી બીજાઓને પોતાના કરી લેવાની તેનામાં આવડત હતી અને તે કારણથીજ તે ભીષ્મ, દ્રોણાચાર્ય આદિ જેઓ પાંડવોના તરફ સમભાવથી જોતા હતા તેમને પણ પોતાના પક્ષમાં યુદ્ધ કરવા યોજી શકયો હતો. માત્ર સાધુ પુરુષ ધર્માવતાર વિદુરજીજ તેના ધનલોભમાં ફસાયા ન હતા, અને તેથીજ દુર્યોધન હમેશા તેમને પોનાની બાજી ઉથલાવી નાખનારા શત્રુતરીકેજ જોતો હતો. યુદ્ધસમયે પણ તે તટસ્થજ રહ્યા હતા. દુર્યોધને પોતાના રાજ્યકાળમા પ્રજાને અને માડલિક રાજાઓને પ્રસન્ન રાખ્યા હતા; પરંતુ તેનો મુખ્ય હેતુ એજ સમજાય છે કે, કોઇ રીતે કોઇ અસંતુષ્ટ થતાં પાડવો ફાવી જાય નહિ. તે ભીમસેનને પોતાનો કટ્ટો દુશ્મન માનતો હતો; પરંતુ તેના સામર્થ્ય આગળ તેનું કાંઇ પણ ચાલતું ન હતું. દુર્યોધન ધનુર્વેદાદિ શસ્ત્રવિદ્યા દ્રોણાચાર્યપાસે ભણ્યો હતો, તેથી તે ઈતર આયુધોવડે પણ યુદ્ધ કરતો હતો, પરંતુ ગદાયુદ્ધમાં તો વળી ઘણોજ કુશળ હતો. તે અને ભીમસેન બન્ને બલરામની પાસે ગદાયુદ્ધ શીખ્યા હતા, પણ ભીમસેનના શારીરિક બળ આગળ તે નિર્બળ બની જતો હતો અને તેથી તે કર્તવ્યાકર્તવ્ય ભૂલી જઇને નૃશંસ કર્મ કરવા મંડી પડતો હતો. તે બીજાના છિદ્રો ખોળતો પણ પોતાનાં છિદ્રો જોતો નહિ; અને જ્યારે કોઈ તેને તે દેખાડતા, ત્યારે તે તેની અવજ્ઞા કરતો હતો. આ હેતુથીજ તે જન્મસુધી વૈરાગ્નિને શાત કરી શકયો ન હતો. આખા જીવનસુધી તે પાડવોને પોતાના સમ્રાટ્પદમા વિઘ્નરૂપ માનીને પાડવોનાજ સ્વપ્નો જોયા કરતો હતો; અને તેઓને કેવી રીતે ઉખેડી નખાય તેનીજ કોશીશ કર્યા કરતો હતો. આ વૈરપક્ષની દીક્ષા લઇને તેણે તેના અગ્નિમાજ ભારતમાતાના રત્નરૂપ પુત્રોને હોમ્યા, હોમાવ્યા તથા છેવટે પોતે પણ વીરની પેઠે યુદ્ધ કરી સો ભ્રાતાઓનો સાથે હોમાઈ જઇને ભારતભૂમિને નિસ્તેજ કરી મૂકી! ખરેખર! બીજાનું અનિષ્ટ ઇચ્છનાર પોતાનું કે બીજાનું કોઈનું પણ ઇષ્ટ સાધી શકતો નથી; અને અનેક જમાનાસુધી ઉલટો પોતાની અપકીર્તિજ મૂકી જાય છે.×

× **દુર્યોધન**—દૈવ શ્રેષ્ઠ કે પુરુષાર્થ? આ પ્રશ્ન જેને ઉપસ્થિત થતો હોય તેણે દુર્યોધનનું દષ્ટાત જોવુ. પુરુષાર્થ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખનાર અને દૈવને લેશ પણ ન ગણકારનાર દુર્યોધન આખરે દૈવથીજ હણાયો. ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય જેવા બળવાન મહારથીઓને, પાંડવો તરફ તેમનો પક્ષપાત હતો છતાયે પોતાના પક્ષમા રાખવાનો સફળ પ્રયાસ દુર્યોધનનોજ હતો. તેની રાજનીતિને લીધેજ વીર, વૃદ્ધ અને સારાસારનો વિવેક સમજનારા ભીષ્મ જેવા યોદ્ધાઓ દુર્યોધનના અન્યાયી પક્ષમા ઠેઠ સુધી રહ્યા અને લડતા મરાયા. જેમ જેમ દુર્યોધન હારતો ગયો, તેમ તેમ 'પુરુષાર્થ નકામો છે, દૈવ સર્વથા શ્રેષ્ઠ છે' એમ તેને લાગતુ હતું. દુર્યોધનનું જીવન તપાસનાર હરકોઇને પણ એમ લાગ્યાવિના નજ રહે.

મહાભારત વાંચનારને પાંડવો તરફ પક્ષપાત થાય છે. જો મહાભારતકારે આવી વલણ ન લીધી હોત, તો દુર્યોધન કુશળ રાજનીતિજ્ઞતરીકે શ્રેષ્ઠ હતો, એમા લગારે સંશય નથી. પિત્રાઇઓમાં દ્વેષ અનાદિકાળથી ચાલતો આવેલો હોય તેની તીવ્ર કટુતા હજુ પણ જેવી ને તેવી જળવાઈ રહી છે. પાંડવોને તે જન્મથીજ ધિક્કારતો હતો. કર્ણ અને અર્જુન તેમજ દુર્યોધન અને ભીમસેન આ બન્ને વચ્ચે બાળપણાથીજ ઈર્ષ્યા, દ્વેષ અને વેર ઉદ્ભવ્યા હતાં. દુર્યોધનનો દ્વેષ, એટલી સીમા સુધી પહોંચી ગયો હતો કે પાંડવોને તસુપૂર પૃથ્વી આપવી નહિ, એવો તેણે સંકલ્પ કર્યો હતો. પોતાના જીવતાં તો તેણે પાંડવોને ખરેખર તસુપૂર ભૂમિ આપી નહોતી. એના દેહમાં પ્રાણ હતા ત્યાંસુધી એણે પાંડવોને જંપવા દીધા નહોતા.

* ભીષ્મ અને દ્રોણાચાર્યને જોકે એણે પોતાના પક્ષમાં રાખી યુદ્ધમાં પાંડવો સામે લડાવ્યા હતા, છતાં દુર્યોધનને તેમના ઉપર વિશ્વાસ નહોતો. તેણે અનેકવાર ભીષ્મ તથા દ્રોણાચાર્યને મહેણાં માર્યાં

ભીષ્મપિતામહ

શાંતનુથી ગંગામાં ઉત્પન્ન થયેલા વસુઓના અંશાવતાર ભીષ્મ જળહળતી દિગંત કીર્તિના ધામરૂપ છે. તે દૃઢ પ્રતિજ્ઞાવાળા, ધર્મમૂર્તિ, સત્યવાદી, વિદ્વાન, પ્રૌઢ, રાજ્યનીતિજ્ઞ, ઉદાર, જિતેંદ્રિય, ગુણજ્ઞ, સલાહકાર તથા સમભાવવાળા હતા. તેમણે પિતૃભક્તિથી પિતાના સંતોષને માટે પોતે રાજ્યાધિકારી છતાં રાજ્યનો ત્યાગ કર્યો હતો અને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું હતું. તેમની એ ભીષણ પ્રતિજ્ઞા અનુપમજ છે. તે યુદ્ધમાં પણ અદ્વિતીય હતા. તેમણે ક્ષત્રિયસંહારક પરશુરામની સાથે ત્રેવીસ દિવસસુધી અજિત યુદ્ધ કર્યું હતું અને છેવટે દેવાજ્ઞાથીજ તે યુદ્ધ બંધ કરવામાં આવ્યું હતું. તે દુર્યોધનને વારંવાર સત્ય ઉપદેશ કરતા હતા; પરંતુ દુર્યોધન તે માનતો ન હતો. તેમણે પાંડવો સાથે સમાધાન કરવા દુર્યોધનને બહુ બહુ સમજાવ્યો; પણ તે ન સમજતાં જ્યારે યુદ્ધ કરવાનોજ નિશ્ચય થયો, ત્યારે પોતે દુર્યોધનના રાજ્યકાળમાં તેના અપૂર્વ માનસાથે રહેલા હોવાથી તેનાજ સેનાપતિતરીકે યુદ્ધભૂમિમા આવ્યા; અને તેમણે 'પુરુષ અર્થનો દાસ છે, અર્થ કોઇનો દાસ નથી' આ રીતે યુધિષ્ઠિરને પોતાની સત્ય સ્થિતિ કહી દીધી. પછી વૃદ્ધ છતાં પણ તેમણે તરુણ યોદ્ધાની પેઠે દશ દિવસસુધી રણમા ઘૂમી રણરંગ રાખ્યો; તથાપિ તે પાંડવોનેજ સત્યના પક્ષી માનીને તેમનુંજ શુભ ઇચ્છતા હતા તથા અંતે તેઓનોજ વિજય થનાર છે એમ માનતા હતા. તે વૃદ્ધનો બાણપ્રહાર બહુજ તીવ્ર થઈ પડતો હતો અને તેથી તેમણે શ્રીકૃષ્ણ પાસે પણ ચક્ર પકડાવ્યું હતું. આ તેમની અદ્ભુત શક્તિનો જ્વલંત નમુનો છે.

ભીષ્મપિતામહ પરમ ધર્મજ્ઞ તથા તત્ત્વજ્ઞાની હતા. તેમનું તે જ્ઞાન તેમની સાથેજ નષ્ટ ન થઇ જાય પણ આ લોકમાં જળવાઇ રહે, એ હેતુથી યુદ્ધ થઇ રહ્યા પછી શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને લઇને કુરુક્ષેત્રમાં જ્યાં બાણશય્યા ઉપર ભીષ્મ પડયા હતા ત્યા ગયા હતા. તે સમય શ્રીકૃષ્ણની પ્રેરણાથી તથા યુધિષ્ઠિરની પૃચ્છાથી મહાત્મા ગાંગેયે રાજધર્મ, દાનધર્મ, આપત્ધર્મ અને મોક્ષધર્મ અનેક દૃષ્ટાંતો સાથે હૃદયંગમ થાય તે રીતે ઉપદેશ્યા હતા; કે જે અનુપમ ઉપદેશથી મહાભારતનો લગભગ ચતુર્થાંશ જેટલો શાંતિપર્વ તથા અનુશાસન પર્વ નામનો ભાગ ભરેલો છે. તેમનું એ અક્ષય શરીર હજીપણ અક્ષયજ રહેલું છે.×

કહી સંભળાવ્યું હતું કે, 'તમે મારા આશ્રય નીચે પોષાયા છો, છતાં તમે પાંડવો તરફ પક્ષપાત રાખી યુદ્ધ કરો છો.' ભીષ્મ-દ્રોણાચાર્યને દુર્યોધનના આવા સ્વભાવથી ખોટું લાગ્યું હતું. દુર્યોધન વારે વારે કર્ણનાં વખાણ કરતો, ને તેના વડેજ યુદ્ધ જીતાશે, એમ કહી ચૂકયો હતો.

દુર્યોધન જીભે મીઠો હતો. શલ્યને કર્ણનો સારથિ દુર્યોધનની મીઠી જીભજ બનાવી શકી; એની મધુર વાણીવડેજ અશ્વત્થામા અને કર્ણ વચ્ચે થયેલું વાગ્યુદ્ધ શમ્યું હતું. દુર્યોધનની અમૃતસમી વાણીથી ભોળવાઇ ધૃતરાષ્ટ્ર તેના કાર્યમાં હાજીહાજ ભણતો. પોતાના ભાણેજોને ત્યજી દઈ શલ્ય દુર્યોધનના પક્ષમાં ભળ્યો, એ દુર્યોધનની રાજનીતિને લીધેજ બન્યું.

× **ભીષ્મ**—વસિષ્ઠઋષિની ધેનુનું હરણ કરનાર આઠ વસુઓ ઋષિના શાપથી શરમીંદા થઈ મનુષ્યયોનિમાં કોને ત્યા અવતાર લેવો એના વિચારમા હતા, તેટલામા તેમણે શાંતનુરાજાને પરણવા જતાં ગંગાજી મળ્યાં. વસુઓને મળેલા શાપનો વૃત્તાંત જાણી ગંગાજી ખિન્ન થયાં, પણ વસુઓનું ભલું કરવાની ઇચ્છાથી આઠે વસુઓને પોતાને ત્યાં અવતાર લેવાની તેમણે સૂચના કરી. તેમણે વસુઓને ખાત્રી આપી કે, મનુષ્યયોનિમા જન્મ થતાંજ તેઓ શાપ-મુક્ત થશે. માત્ર દ્યો નામના વસુને પોતાના પુત્રતરીકે રાખી લેવાની તેમણે ઇચ્છા દર્શાવી. ગંગાજીની આ સૂચનાનુસાર આઠે વસુઓએ વારાફરતી શાંતનુ રાજાને ત્યાં અવતાર લીધો. ગંગાજીએ તેમને જન્મતાંજ જળશાયી કરી શાપમુક્ત કરી દીધા. માત્ર દ્યો નામના વસુને તેમણે પુત્રતરીકે રહેવા દીધો અને તેનું નામ દેવવ્રત પાડયું.

મત્સ્યગંધાથી મોહ પામી ભાન ભૂલેલા શાંતનુ રાજાની ઉદાસીનતા જોઇ દેવવ્રતે યુક્તિથી પિતાના દુઃખનું કારણ જાણી લીધું. મત્સ્યગંધાના પિતા પાસે જઈ દુઃસાધ્ય પ્રતિજ્ઞા લઈ તેમણે પોતાને ત્યાં અપરમાનું સ્થાપન કર્યું. આમરણાંત બ્રહ્મચર્ય પાલન કરવાની પ્રતિજ્ઞાને લીધે દેવવ્રત ત્યારથી 'ભીષ્મ' નામથી ઓળખાવા લાગ્યા. પુત્રના સુખને જોઈને પિતાને મનગમતું [illegible], તેથી

ગુરુ દ્રોણાચાર્ય

ભરદ્વાજના પુત્ર દ્રોણાચાર્ય દારિદ્રયથી પીડાઇને કુટુંબ સાથે પોતાના મિત્ર દ્રુપદને ત્યાં ગયા હતા; પરંતુ દ્રુપદે તેમની મૈત્રી સ્વીકારવા ના કહીને તેમનું અપમાન કર્યું. દ્રોણાચાર્યને તે હાડોહાડ વ્યાપી ગયું, પણ બોલ્યાવિના મનમાંજ વૈર વાળવાનો સંકલ્પ કરી તે ત્યાંથી હસ્તિનાપુરમાં આવ્યા. ત્યાં તેમણે કુરુવંશી કુમારોને તથા ઇતર રાજકુમારોને ધનુર્વિદ્યા શીખવી તૈયાર કર્યા અને તેઓની પાસે ગુરુ-દક્ષિણામાં દ્રુપદને બાંધી લાવવાની માગણી કરી. પ્રતાપી અર્જુને તે કાર્ય કર્યું અને દ્રોણગુરુને દ્રુપદનું અર્ધું રાજ્ય આપ્યું. એ રીતે તેનું અર્ધું રાજ્ય લઇ તેઓ શાંત પડયા. આ તેમના અદ્ભુત પ્રભાવનો નમુનો છે. જો કે તેમણે ઘણા વિદ્યાર્થીઓને પોતાની શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવી હતી, પરંતુ તેઓમાંથી અર્જુનજ તેમની વિદ્યાનો ખરો રહસ્યજ્ઞ હતો. અર્જુને પોતાની ચાલાકીથી તથા ગુરુભક્તિથી ગુરુનું ચિત્ત હરી લીધું હતું; અને તેથીજ દ્રોણાચાર્ય જે બ્રહ્માસ્ત્ર પોતાના પુત્રને પણ આપતાં આનાકાની કરતા હતા તે બ્રહ્માસ્ત્ર તેમણે પૂરેપૂરી ખુશીથી અર્જુનને આપ્યું હતું. દુર્યોધનના રાજ્યકાળમાં તેના તરફથી મળેલા સન્માનનો તેમણે યુદ્ધમા તેના પક્ષમા રહી પાચ દિવસ સેનાપતિતરીકે રણમાં ઘૂમી બદલો વાળ્યો હતો. એ પાચ દિવસનું યુદ્ધ ઘણું ભયંકર તથા અવનવું નિવડયું હતું,

---

પિતાએ ઉમળકાથી પુત્રને વરદાન આપ્યુ કે, 'તું ઇચ્છીશ ત્યારેજ તારૂં મરણ થશે.' આમરણાંત અસ્ખલિત બ્રહ્મચર્યના પાલનથી આવો અલભ્ય લાભ થાય તેમાં નવાઈ પણ શી હોય!

ભીષ્મે પરશુરામ પાસેથી ધનુર્વિદ્યા સંપાદન કરી હતી. એકવીસ વાર નક્ષત્રી પૃથ્વી કર-નાર જામદગ્નિના શિષ્ય ભીષ્મ પણ દુર્ધર્ષ અને અપ્રતિમ યોદ્ધા હતા. શાલ્વ અને કાશિરાજ સાથે એકીવખતે બાથ ભીડી તેમને હરાવનાર ભીષ્મ અજેય મનાવા લાગ્યા. ભીષ્મ કૌરવપક્ષનું કવચ હતા.

કૌરવપક્ષનું રક્ષણ ભીષ્મને લીધેજ થતુ હતું, એમ કહેવામા લેશ પણ અતિશયોક્તિ નથી. મહાભારતના અઢાર દિવસના સંગ્રામમા દશ દિવસ સુધી તો ભીષ્મેજ યુદ્ધ કર્યુ હતું. નારાયણના અવતાર મનાતા શ્રીકૃષ્ણની નિઃશસ્ત્ર રહેવાની પ્રતિજ્ઞાનો ભંગ કરાવનાર ભીષ્મ હતા. ભીષ્મે બે વાર કૃષ્ણ પાસે રથચક્ર ઉપડાવ્યું હતું. મહાભારતના યુદ્ધસમયે લગભગ ૧૩૫ વર્ષની વયે ભીષ્મ જ્યારે ઘવાઇને બાણશય્યામા પડયા, ત્યારે પિતાના વરદાનને લીધે એકદમ તે મૃત્યુવશ ન થયા. ઉત્તરાયણના સૂર્ય થતાસુધી તેમણે પ્રાણવાયુને રોકી રાખ્યો.

રાજ્યતંત્રની અંદર રહીને રૈયતવર્ગનો પ્રત્યેક જણ પોતાના સ્વતંત્ર વિચારોને અમલમાં મૂકી શકતો નથી; રાજ્યપતિ જે કાઇ કરે, તે બધું યોગ્યજ હોય, એમ પણ બનતુ નથી; તેમ છતા પ્રજાવર્ગ જ્યાસુધી અમુક શાસનને સ્વીકારે, ત્યાસુધી તે શાસનના કાર્યોને સામાન્ય રીતે અનુકૂળ થઇ જવું અને તેમા સહાય કરવી, એ પ્રજાવર્ગનો સ્પષ્ટ ધર્મ છે. કૌરવોનો પક્ષ અન્યાયી હતો અને તે વાત ભીષ્મ જાણતા હતા; છતા તેમણે કૌરવોને સહાય કરી તથા પાંડવોની સામે યુદ્ધ કર્યુ. ભીષ્મનું આવું વર્તન મહાભારતકારનેયે નથી રુચ્યું; તેથી ભીષ્મના મુખમાથી એમણે વચનો કહાવ્યા છે કેઃ—

अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित्।इति सत्यं महाराज बद्धोऽस्म्यर्थेन कौरवैः॥ (ભીષ્મ ...)

અર્થાત્—"પુરુષ અર્થનો દાસ છે, પણ અર્થ કોઇનોયે દાસ નથી. હે મહારાજ! આ સત્ય છે. ખરેખર, કૌરવોએ મને અર્થથી બાંધી લીધો છે."

આમ છતાંયે ભીષ્મનું દિલ સ્વાભાવિક રીતે પાંડવો તરફ આકર્ષાતું હતું. તેમણે ઘણી વાર દુર્યોધનને પાંડવો તરફ મમતા રાખવા સમજાવ્યો હતો, છતાં દુર્યોધને ઘણી વાર અપમાનથી પિતામહની અવગણના કરી હતી. 'કૌરવોમા રહેવું ને પાંડવોનો જય ઇચ્છવો' એ પ્રચલિત લોકોક્તિ ભીષ્મના આવા વર્તનને લીધેજ ઉદ્ભવી લાગે છે.

શ્રીકૃષ્ણને નારાયણના અવતારતરીકે પ્રથમ ભીષ્મેજ ઓળખ્યા હતા. રાજસૂય યજ્ઞમાં અર્ઘ્યપ્રદાનસમયે શિશુપાલ આદિ બળવાન નરેન્દ્રોના આક્ષેપો સહી લઇને પણ ભીષ્મે શ્રી-વાસુદેવને પ્રથમ અર્ઘ્ય આપવાની યુધિષ્ઠિરને સૂચના કરી. યુદ્ધસમયે હાથમાં ચક્ર લઇ પોતાની સામે ધસી આવતા શ્રીકૃષ્ણને હાથે મરણ પામવા ભીષ્મ ઉત્કંઠિત થયા હતા. બાણશય્યા ઉપર રહ્યે રહ્યે [illegible] ભીષ્મ વારે વારે જનાર્દનની સ્તુતિ કરતા હતા.

દ્રોણાચાર્ય યુદ્ધમાં અદ્‌ભુત પરાક્રમ કરતા હતા; પરંતુ અર્જુન સામે આવી વિનય દેખાડતો, એટલે તે આઘાપાછા થઇ જતા હતા. એજ પ્રેમનું પ્રાબલ્ય! તે અદ્‌ભુત પરાક્રમ કરી અનેક યોદ્ધાઓને હણી છેવટે અશ્વત્થામાને મરેલો જાણીને તથા ઋષિઓના ગુપ્તસંકેતથી હથિયાર ત્યજી દઇને સમાધિસ્થ થયા; અને ધૃષ્ટદ્યુમ્ને તેમનો શિરચ્છેદ કરીને પૂર્વવૈર વાળ્યું. દ્રોણગુરુ શમદમ-સંપન્ન, તપસ્વી, નિડર, સત્ય તથા સ્પષ્ટ બોલનારા, અદ્વિતીય શસ્ત્રાસ્ત્રવેત્તા, સર્વ વિદ્યામાં કુશળ, પ્રભાવશાળી, શિક્ષણકળામાં નિપુણ, રાજનીતિના જ્ઞાતા અને અદ્‌ભુત પરાક્રમી હતા. તેમને યુદ્ધ પ્રિય ન હતું, તથાપિ તે દુરાગ્રહી દુર્યોધનને ત્યજી શક્યા નહિ. તેઓ યુદ્ધમાં તેના તરફથી યથાસામર્થ્ય લડ્યા; પણ જય તો પાંડવોનોજ ઇચ્છતા હતા. તેઓ પ્રભાવશાળી આચાર્ય-તરીકે પોતાનું નામ અમર કરી ગયા છે.×

અશ્વત્થામા

દ્રોણગુરુનો પુત્ર અશ્વત્થામા ધનુર્વેદજ્ઞ, સમર્થ, બ્રાહ્મ તથા ક્ષાત્રતેજથી સંપન્ન અને વિદ્વાન છતાં સાહસી તથા ક્રોધી પણ હતો. તે દુર્યોધનનો મિત્ર બનીને તેને અનુકૂળ રહેતો હતો. તેનામાં ક્ષમાશક્તિ ન હોવાથી તેણે દ્રોણાચાર્યના આપેલા બ્રહ્માસ્ત્રનો દુરૂપયોગ કરી કુરુવંશના ક્ષયનો પ્રસંગ ઉપસ્થિત કર્યો હતો. વળી યુદ્ધને છેલ્લે દિવસે તેણે પોતાના રાજા દુર્યોધનને પડેલો જોઇ, રાત્રે પાંડવોની છાવણીમાં અતિ દુષ્ટ કર્મ કર્યું હતું; અને તેથી તેને શ્રીકૃષ્ણે તથા વ્યાસે ત્રણ હજાર વર્ષસુધી નિર્જન અરણ્યમાં એકલવાયા રહેવાનો તથા દેહમાંથી પરુની દુર્ગંધ નીકળવાનો શાપ આપ્યો હતો. એ પણ કૌરવપક્ષના બચેલા ત્રણ યોદ્ધાઓમાંનો એક હતો.

બ્રહ્મચર્ય, દીર્ઘ આયુષ્ય, અનુભવ અને ઉંડા અભ્યાસને લીધે ભીષ્મનું જ્ઞાન અગાધ હતું. શાન્તિપર્વમાં જ્ઞાનની મંજૂષાઓમાં અનુભવ, તત્ત્વજ્ઞાન અને મનુષ્યધર્મોનાં ગહન વચનો છલકાઈ જતાં દેખાય છે. યુદ્ધભૂમિ ઉપર વૃદ્ધ ભીષ્મ જેટલા ઉત્સાહથી ઘૂમ્યા હતા, તેટલાજ ઉત્સાહથી તેમણે યુધિષ્ઠિરને શાન્તિનો પાઠ પઢાવવા યત્ન કર્યો હતો.

"પિતામહ એ પુરાણ અનુભવની મૂર્તિ છે. એમનું જ્ઞાન, એમની નીતિ અને એમના સદ્‌ગુણોમાં આ દેશની આશા છે, પણ અધર્મનો રાજનય જ્યારે તેને અધર્મના યુદ્ધમાં આગળ કરશે, ત્યારે યોગેશ્વર કૃષ્ણ પ્રતિજ્ઞા મૂકી શસ્ત્ર ધરશે અને ક્રિયાવાન અર્જુનને ધૃષ્ટતર કરશે, અને કન્યાના શરીરમાંથી પુરુષશરીરરૂપે પ્રકટ થયેલા શિખંડીને આગળ કરી વિચિત્ર વ્યૂહ રચશે. શિખંડીના સામા પિતામહ મનસ્વિતાથી અસ્ત્રપ્રહાર નહિ કરે અને શિખંડીની પાછળથી આવતાં બાણોને વશ થશે......પિતામહ પડ્યા પછી પણ જીવે છે. સાત્વિક વૃત્તિવાળા સુપાત્ર ધર્મમૂર્તિ યુધિષ્ઠિર પાસે શ્રીકૃષ્ણ યોગેશ્વર પિતામહના આટલા આયુષ્યનો પરમ લાભ લેવડાવે છે."

(**સરસ્વતીચંદ્ર, ભા. ૪ થો**)

× **દ્રોણાચાર્ય અને અશ્વત્થામા**—પવનથી ઉડી જતા વસ્ત્રને લેવા જવા પ્રયત્ન કરતી ઘૃતાચી અપ્સરાને વિવસ્ત્રા જોઇ, નદીને તીરે સૂર્યને અર્ધ્ય આપતા ભરદ્વાજઋષિનું ચિત્ત કામવિકારથી આકુળવ્યાકુળ થઈ ગયું. કામવ્યાકુળતા બેહદ વધી જવાને લીધે ઋષિનું વીર્ય સ્ખલિત થઇ ગયું. તે વીર્યને તેમણે દ્રોણ નામના પાત્રમાં ઝીલી લીધું; ને તેમાંથી જે બાળકનો જન્મ થયો, તેનું નામ દ્રોણ પાડવામાં આવ્યું. મહાભારતકાર દ્રોણના જન્મસંબંધે આમ ઉલ્લેખ કરે છે. સ્ત્રી-રજવિના એકલા પુરુષ-વીર્યથી બાળક ઉત્પન્ન થઈ શકે નહિ, એ સુપ્રજનનશાસ્ત્રનો નિયમ છે. એ નિયમ વિરુદ્ધ વેદવ્યાસે દ્રોણનો જન્મ વર્ણવવામાં શો ઉદ્દેશ રાખ્યો હશે, એ સમજાતું નથી.

અમાતૃક દ્રોણની બાલ્યાવસ્થા અને યુવાવસ્થા ઘણી રંક હતી. તેમણે પરશુરામ પાસેથી દિવ્ય અસ્ત્રવિદ્યા સંપાદન કરી હતી. અગ્નિવેશ નામના ઋષિને ત્યાં અભ્યાસ કરતાં તેમને બાલ્યાવસ્થામાં દ્રુપદની સાથે મિત્રાચારી થઇ હતી. ગુરુને ત્યાં શ્રીકૃષ્ણ અને સુદામાના જેવાજ આ બે જણા મિત્રો થઇ રહ્યા હતા. મિત્રાચારીના પ્રસંગમાં દ્રુપદે દ્રોણને ભવિષ્યમાં પોતાને રાજ્ય મળ્યા પછીથી સારો લાભ આપવાની આશા આપી હતી. બંને મિત્રો ગુરુને ત્યાંથી છૂટા પડ્યા અને દ્રુપદ રાજા થયો. દ્રોણ એટલા બધા ગરીબ દશામાં હતા કે પોતાના પુત્ર અશ્વત્થામાને બાળપણમાં દૂધ આપવાને ગાયનું સાધન પાસે નહિ હોવાથી, અને દૂધને માટે અશ્વત્થામાએ

કૃપાચાર્ય

શિકાર કરવા નીકળેલા શાંતનુરાજાએ બે બાળકોને નિરાધાર જોઇને કૃપાથી લીધાં અને તેથી તેઓનાં નામ કૃપ તથા કૃપી પાડયાં. તે પછી શરદ્વાનઋષિ કે જે નિરંતર ધનુષ્યબાણ સાથેજ વિહાર કર્યા કરતા હતા, તેમણે આવીને કૃપાચાર્યના ગોત્રાદિક કહ્યાં તથા સંસ્કાર કરીને તેમને ધનુર્વેદાદિ વિદ્યા ભણાવી. એ કૃપાચાર્યજ કુમારોના પ્રથમ ગુરુ હતા. તેમણેજ તેઓને ધનુર્વેદાદિ વિદ્યા પણ શીખવી હતી; પરંતુ ઉન્મત્ત થઇ ગયેલા કુમારો ઉપર યથાર્થ છાપ પાડે એવા તેજસ્વી ગુરુની જરૂર હોવાથી ભીષ્મપિતામહે દ્રોણાચાર્યનો મેળાપ થતાં તેમને રાખી લીધા હતા. કૃપાચાર્ય સૌમ્ય પ્રકૃતિના, વિદ્વાન, સત્યવક્તા, ભીષ્મ તથા દ્રોણાચાર્યની બુદ્ધિને અનુસરનારા, યુદ્ધનિપુણ અને રાજ્યાશ્રિત હતા. તેમણે પણ યથાસામર્થ્ય યુદ્ધમા ભાગ લીધો હતો. કૌરવપક્ષના બચેલા ત્રણ મહાયોદ્ધામાના તે એક હતા. તે જનમેજયના સમયસુધી વિદ્યમાન હતા.

બાળહઠ લીધેલી હોવાથી, દ્રોણે પાણીમા લોટ મેળવી તેને દૂધનું રૂપ આપી અશ્વત્થામાને આપ્યું હતું. પોતાની રંક દશાના ફળ પુત્રને ભોગવવા પડે છે, તેમ વિચાર આવતા દ્રોણની આંખમાં આંસુ આ યાં. તેમને દ્રુપદ સાભર્યો. દ્રુપદ આ વખતે રાજા થયો હતો. તેથી દ્રોણ દ્રુપદના રાજ્યમાં આવવા નીકળ્યા; પણ રાજા થયા પછી દ્રુપદનો સખાભાવ મોળો પડી ગયો હતો એટલે ફાટાતૂટાં લૂગડામા આવેલા દ્રોણનો તેણે તિરસ્કાર કર્યો. દ્રોણને ઘણું માઠું લાગ્યું, પણ પોતે એકલા હોવાથી તે વખતે કાઇ કરી શકયા નહિ.

દ્રોણ કૃપાચાર્યની બહેન કૃપી વેરે પરણ્યા હતા. કૃપાચાર્ય કૌરવોને ત્યાં રહેતા હતા. પાંડવ-કૌરવો એક દિવસ રમત રમતા હતા, ત્યા યોગચમત્કૃતિથી દ્રોણે પાંડવકૌરવોની પ્રીતિ મેળવી. ભીષ્મને ખબર થતા તેમણે દ્રોણને પાડવકૌરવોના ગુરતરીકે નીમ્યા. દ્રોણગુરુએ પાડવકૌરવોને અસ્ત્ર-વિદ્યા સંપૂર્ણ શીખવી. પોતાના પુત્ર અશ્વત્થામા કરતા પણ તેમનો પ્રેમ અર્જુન તરફ વિશેષ હતો, અને તેથી તેને ઘણી ગુપ્ત વિદ્યાઓ શીખવી હતી.

ક્ષત્રિયોના સંસર્ગમા આવીને અને કૌરવોના દરબારની ખટપટોનો પટ લાગ્યાથી દ્રોણાચાર્ય કેવળ બ્રાહ્મણ રહી શકયા નહિ, તેમનામા ક્ષાત્રતેજના કિરણોનો પ્રકાશ થવા માંડયો હતો. કૌરવ-પાડવોને અસ્ત્રવિદ્યા શીખવી, ગુરદક્ષિણામા તેમણે દ્રુપદનો પરાભવ કરવાની યાચના કરી. એકલો અર્જુન આ યાચનાને સફળ કરી શકયો. પાડવો ઉપર કૌરવો અત્યાચાર કરતા હતા, તેથી દ્રોણાચાર્યનો અંતરાત્મા વિદીર્ણ થઇ જતો હતો. દુર્યોધનના આભારતળે દબાયેલા-ચંપાયેલા હોવાથી દ્રોણાચાર્ય પ્રત્યક્ષ રીતે દુર્યોધનના પક્ષમા રહ્યા, છતા પરોક્ષ રીતે પાડવોનોજ વિજય ઇચ્છતા હતા. શ્રીકૃષ્ણ-ને ઈશ્વરાવતારતરીકે પ્રથમ ભીષ્મે અને પછી દ્રોણાચાર્યેજ ઓળખ્યા હતા. તેમની તો દૃઢ માન્યતા હતી કે, **यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततो जयः ॥** (દ્રોણ પર્વ) યુદ્ધારંભે યુધિષ્ઠિરને આમ કહીનેજ તેમણે તેમને આશ્વાસન આપ્યુ હતું.

યુદ્ધમા દ્રોણાચાર્ય દુર્ધર્ષ હતા. જ્યાસુધી દ્રોણાચાર્ય હતા ત્યાંસુધી પાડવો વિજય પ્રાપ્ત કરી શકયા નહોતા. અર્જુન સાથે તેઓ મૃદુ યુદ્ધ કરતા અને તેથીજ અર્જુન જયદ્રથને મારવા શક્તિમાન થયો હતો. ભીષ્મના કરતા દ્રોણાચાર્ય જ્યારે સેનાધિપતિ થયા, ત્યારે કૌરવપક્ષે પાંડવપક્ષ ઉપર સચોટ ઘા કર્યા હતા. અભિમન્યુ, ઘટોત્કચ વગેરે યોદ્ધાઓ દ્રોણાચાર્યના સમયમાંજ મરાયા હતા. જ્યારે કેમે કર્યા દ્રોણાચાર્ય મર્યા નહિ, ત્યારે શ્રીકૃષ્ણના સંકેતથી ભીમે અશ્વત્થામા નામના હાથીનો નાશ કરી નાખ્યો અને સૈન્યમા બૂમ ઉડાડી કે, "અશ્વત્થામા મરાયો." પુત્રના મરણનો સંશય પડવાથી દ્રોણાચાર્યે યુધિ-ષ્ઠિરના વચનો ઉપર વિશ્વાસ રાખ્યો; ત્યારે યુધિષ્ઠિર **अव्यक्तमब्रवीद्राजन्हतः कुंजर इत्युत ॥**

"પુત્ર મુઓ એ સમાચારથી ક્ષત્રિય જ્યા અસ્ત્ર ત્યજે નહિ, ત્યાં તે બ્રાહ્મણ દ્રોણાચાર્યે ત્યજ્યાં. યુદ્ધકાળે અનેક ઋષિઓ રણક્ષેત્રમાં આવ્યા અને અધર્મને અર્થે કરવા માંડેલું યુદ્ધ પડતું મૂકવા દ્રોણાચાર્યને સૂચના કરી. એ ઋષિઓની સૂચનાએ દ્રોણાચાર્યનું હૃદય કંપાવ્યું. એ અવસ્થાએ શીર્ણ કરેલા બ્રહ્મવૃક્ષને ધૃષ્ટદ્યુમ્ને તોડી પાડયું......ધૃષ્ટતાવાળા પ્રકાશવાળો ધૃષ્ટદ્યુમ્ન ક્ષત્રિયના ઘરમાં પ્રકટ થયો, તે બ્રાહ્મણત્વનો દુરુપયોગ કરનાર ગુરુજનને હણવા માટે." (સરસ્વતીચંદ્ર; ભાગ ૪ થો)

* ભીષ્મની માફક દ્રોણાચાર્યને પણ દુર્યોધનનો અન્યાય ભાસ્યો હતો. તેમણે દુર્યોધનનો

વિદુરજી

ધર્માવતાર વિદુર સાધુપુરુષ હતા. તેમને ધૃતરાષ્ટ્રના પુત્રો તથા પાંડુના પુત્રો સમાન હતા; તેમ છતાં જ્યારે દુરાત્મા દુર્યોધને પાંડવોના વિનાશને માટે પ્રપંચો રચવા માંડ્યા, ત્યારે તે દુર્યોધનનાં કાવતરાંઓથી પાંડવોને બચાવવા તેમના સલાહકાર થઈ પડ્યા હતા. તે ભવિષ્યવેત્તાની પેઠે ભાવિ પરિણામ પણ કહેતા હતા અને તેમના કહેવા પ્રમાણેજ ફળ પ્રત્યક્ષ થતું હતું. દુર્યોધનના જન્મસમયે તેને ગધેડાની પેઠે ભૂંકતો સાંભળી વિદુરે તેને કુરુકુળસંહારના મૂળરૂપ જણાવી ત્યજી દેવા કહ્યું હતું; પણ પુત્રપ્રિય ધૃતરાષ્ટ્ર તેમ કરી શક્યા ન હતા. વિદુર બહુ સ્પષ્ટવક્તા હતા. તે દુર્યોધનના, તેના મળતીઆઓના તથા ધૃતરાષ્ટ્રના દોષો પણ તેઓની સમક્ષજ સંભળાવી દેતા હતા, સદુપદેશ આપતા હતા, અને શુભેચ્છા પણ રાખતા હતા; પણ તે દુર્યોધનને પાલવતું નહિ. તે ચીડાઇ જઇને વિદુરનું અપમાન કરતો હતો તથા તેમને શત્રુ લેખતો હતો. વિદુર તેવી સ્થિતિમાં સુખને ખાતર પડી રહ્યા ન હતા; પરંતુ તેમને ધૃતરાષ્ટ્રના ઉપર અપૂર્વ બંધુપ્રેમ હતો, એટલે તેમનીજ સેવાનિમિત્તે તે ત્યાં પડી રહેતા હતા. છેવટે જ્યારે ધૃતરાષ્ટ્ર વનમાં ગયા, ત્યારે પણ તે તેમની સાથે વનમાં ગયા હતા અને ત્યાંજ તેમણે દેહ છોડ્યો હતો. તે પાંડવોના પરમ શુભેચ્છક, ધર્મના પક્ષકાર, વિદ્વાન, વિવેકી, ચતુર, જિતેંદ્રિય, નીતિજ્ઞ તથા ઉત્તમ ઉપદેષ્ટા હતા. તેમની વિદુરનીતિ ઉત્તમ તત્ત્વોથી ભરેલી છે અને પ્રેમથી વંચાય છે. તે શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા અને તેથીજ વિષ્ટિ કરવા આવેલા શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને ત્યાં મુકામ ન કરતાં વિદુરને ત્યાં ઉતર્યા હતા. એ હેતુથી લોકો કૃષ્ણચરિત્રમાં, દુર્યોધનના સમ્રાટ્‌વૈભવ આગળ વિદુરના અલ્પવૈભવને ભાજીનું રૂપક આપી હજીસુધી વિદુરની ભાજી ગાય છે. તે અધર્મીઓનો પક્ષ કરી યુદ્ધમાં ઉતર્યા ન હતા. વિદુર પોતાની ધાર્મિકતાથી તથા સાધુતાથી અમર થઇ ગયા છે અને મહાભારતનાં પૃષ્ઠોને દીપાવી ગયા છે.

કર્ણ

સૂર્યથી કુંતીની કુમારાવસ્થામાં ઉત્પન્ન થયેલો પણ ત્યજી દેવાથી અધિરથ નામના સૂતે ઉછેરેલો તથા તેનો પુત્ર ગણાતો કર્ણ, કૌરવપક્ષમાં અર્જુનના જેવો ધનુર્વેદજ્ઞ હતો. દુર્યોધનને અર્જુનનું પરાક્રમ જોઇને બહુ ગભરાટ થતો હતો; પરંતુ પરીક્ષાસમયે જ્યારે કર્ણે આવીને અર્જુનના જેવું પરાક્રમ કરી દેખાડ્યું, ત્યારથી તે તેને પોતાનો મિત્ર કરીને તથા તેને અંગદેશનું રાજ્ય આપીને પોતાને નિર્ભય માનતો હતો. ખરી રીતે કર્ણના આશ્રયથી નિર્ભય થવાને લીધેજ દુર્યોધને વૈરાગ્નિને છેવટસુધી શાંત કર્યો ન હતો. દ્રોણગુરુ, કૃપાચાર્ય તથા ભીષ્મપિતામહના ઉપર દુર્યોધનને સંપૂર્ણ વિશ્વાસ ન હતો. તે તેઓને ઉભયપક્ષી માનતો હતો, પણ કર્ણને તો પોતાનોજ ગણતો; એટલુંજ નહિ પરંતુ તે અર્જુનને અવશ્ય મારશે, એવો નિશ્ચય બાંધી બેઠો

સાથે દ્વેષ ન કરવા ઘણો સમજાવ્યો, છતાં કર્ણની સલાહથી દુર્યોધન વારે વારે ગુરુનો તિરસ્કાર કરતો. આથી દુર્યોધનને સલાહ આપવાનું દ્રોણાચાર્યે ત્યજી દીધું.

દ્રોણાચાર્ય અને કૃપીનો પુત્ર અશ્વત્થામા ઘણી નીચ બુદ્ધિનો હતો. ધનુર્વિદ્યામાં પ્રવીણ, વિદ્વાન અને બળવાન હોવા છતા તેનામાં આભિજાત્યનો અભાવ હતો. સુસંસ્કારવિના તેણે વિદ્યાનો દુરૂપયોગ કર્યો. " બ્રાહ્મણ વૈરનો પ્રેર્યો શું શું અનિષ્ટ અને અધર્મ કર્મ કરી બેસે તે જાણવું હોય તો અશ્વત્થામાનાં કર્મો જોવાં. **साक्षरा विपरीता राक्षसा भवन्ति** તેનું એ દૃષ્ટાંત છે." (**સરસ્વતીચંદ્ર, ભાગ ૪ થો**) તેણે પિતાનું વેર લેવાને પાંડવો સામે નારાયણાસ્ત્રનો ઉપયોગ કર્યો. પાંડવોના ઉંઘતા બાળકોનો તથા પાંચાલોનો તેણે રાત્રિએ સંહાર કરી નાખ્યો. દુર્યોધનનું પ્રિય કરવાની તીવ્ર ઇચ્છામાં અંધ થવાથી તેણે પાંડવોના વંશનો નાશ કરવાને ઉત્તરાના ગર્ભ ઉપર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. આમ નિરાધાર અને બાળહત્યાનું પાપ અશ્વત્થામાને લાગ્યું હતું. અર્જુનને હંફાવવા જેટલું અશ્વત્થામામાં બળ હતું. તેણે ધર્મથી યુદ્ધ કર્યું હોત, તો એનો સંહાર કરવાનું પાંડવોને ભારે થઇ પડત; પણ એના અધર્મેજ તેને નિસ્તેજ બનાવી દીધો. " દુષ્ટ અશ્વત્થામાને શિક્ષા મોકલીજ, યહ કે તેના મસ્તકનો મણિ લઇ લેવામાં આવ્યો અને મસ્તકમણિહીન ચિરંજીવ રહી આજસુધી જગતના અન્ય દેશોમાં એ કલ્પાંત કર્યાં કરે છે. ' (સરસ્વતીચંદ્ર. ભાગ ૪ થો)

હતો. કર્ણ શૂરો હતો પણ સાથે સાથે ભીરુ પણ હતો. તે ગંધર્વયુદ્ધમાં, ગોગ્રહણના યુદ્ધમાં અને મહાયુદ્ધમાં પરાઙ્મુખ થઇને નાસતો જોવામાં આવે છે. 'राधेये शौर्य भीरुते'–કર્ણમાં શૌર્ય અને ભીરુતા બન્ને અન્વર્થ હતાં. તેનામાં શૌર્ય ક્ષત્રિયયોનિમા જન્મવાથી હતું અને ભીરુતા સૂતને હાથે પોષણ થવાથી હતી. પરીક્ષાસમયે કર્ણનું પરાક્રમ જોઇને યુધિષ્ઠિરના હૃદયમાં તેના જેવો કોઈ ધનુર્ધારી નથી એવી દૃઢ છાપ બેસી ગઈ હતી; અને તે કર્ણ પડયો ત્યાંસુધી કેમે કરી નીકળી ન હતી. તેમને કર્ણની બહુ ભીતિ રહેતી હતી અને તેથીજ તેમણે કર્ણને માર્યાવિના આવેલા અર્જુનને અનેક દુર્વાકયો સંભળાવી દીધા હતા. કર્ણ તપસ્વી, ઉદાર તથા દાતા હતો. તે નિત્ય પ્રાતઃકાળથી જળમાં ઉભો રહી, સૂર્ય પાછળ નમી જાય ત્યાસુધી જપ કર્યા કરતો હતો. તે સમયે તેની પાસે જે કોઇ આવીને જે કંઇ માગે તે તેને આપતો હતો. કર્ણને કવચ તથા કુંડળ જન્મથીજ હતા. તે જ્યાંસુધી તેના દેહ સાથે રહે ત્યાસુધી તેનું મરણ ન થાય તેમ હતું; તેથી પોતાના પુત્ર અર્જુનના બચાવને માટે સાક્ષાત્ ઇંદ્રે બ્રાહ્મણના રૂપથી કર્ણની પાસે આવીને તે કવચકુંડળની માગણી કરી. કર્ણે તેને ઓળખ્યો, પણ ઉદારભાવથી તુરત શરીર ઉપરથી કવચ તથા કુંડળ ઉતરડી કાઢી તેને આપી દીધા. આ તેની ઉદારતાથી સાશ્ચર્ય પ્રસન્ન થઇને ઇંદ્રે તેને એકનેજ મારે તેવી શક્તિ આપી હતી. કર્ણે તે શક્તિનો ઘટોત્કચથી ગભરાઇને તેના ઉપર ઉપયોગ કરી દીધો હતો. કર્ણ કૃતજ્ઞ તથા ટેકીલો હતો. શ્રીકૃષ્ણે વિષ્ટિ કરીને જતી વખતે તેને રથમા બેસાડી, તે અધિરથનો પુત્ર નથી પણ કુંતીનો મોટો પુત્ર છે, એ વાત જણાવી અને તેને પોતાના પક્ષમા આવવાથી રાજ્ય આપવા કહ્યું, પણ કર્ણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "પાંડવોના પક્ષમા તમે છો તેથી જય પાંડવોનોજ છે; પરંતુ દુર્યોધને મને આજસુધી બહુ માનપાનમા રાખ્યો છે તથા મારા આધાર ઉપર તેણે યુદ્ધ ઉભું કર્યું છે, તો હવે હું તેને છોડું તે અન્યાયજ ગણાય, માટે હુ તેમ કરી શકતો નથી" વળી કુંતીએ પણ તે જપ કરતો હતો ત્યારે ગંગા ઉપર જઇને તેને સત્ય વાતથી જ્ઞાત કર્યો અને પાંડવોના પક્ષમા આવવા સૂચવ્યું. કર્ણે તેમને પણ માર્મિક શબ્દોમા નાજ કહી; પરંતુ ઉદારતાથી એ પણ જણાવ્યું કે, 'માતા! કાં તો અર્જુનવિનાના કર્ણ સાથે તમારા પાંચ પુત્રો રહેશે, કે કાં તો કર્ણવિનાના અર્જુન સાથે પાંચ પુત્રો રહેશે. હું અર્જુનવિના તમારા બીજા પુત્રોને મારીશ નહિ.' આ વચન તેણે છેવટસુધી પાળ્યુ હતું. તેના અડગ ટેકનો અને કૃતજ્ઞતાનો દુર્યોધનને ન ત્યજવારૂપી આ ઉજ્જવલ પૂરાવો છે. યુદ્ધની સમાપ્તિ પછી જલાંજલિ આપતી વખતેજ કુંતીએ કર્ણ કોનો પુત્ર હતો, તે પડદો ફોડયો હતો; અને તે જાણીને યુધિષ્ઠિર જીવતાસુધીજ નહિ, પરંતુ સ્વર્ગમા પણ શોક કરતા તેની શોધ કરવા લાગ્યા હતા. યુધિષ્ઠિરે જલપ્રદાનસમયે શોક કરતા કહ્યુ હતું કે, 'કર્ણ ઘણાં કુવાકયો કહેતો હતો, તોપણ મારી માતાના જેવા તેના પગ જોઇને મારો ક્રોધ ઉતરી જતો હતો તથા હું વિચારમગ્ન થઇ જતો હતો.' એજ અદૃષ્ટ બંધુપ્રેમ ' કર્ણ દાતા, શૂરો, યુદ્ધકુશળ, એક[illegible] અને ઉદાર હતો. તેની સાથે તે અદેખો, ચઢાવી દેનારો, આપવડાઇ હાંકનારો, ધૃષ્ટ [illegible] અભિમાની પણ હતો. તેના એ દુર્ગુણોથીજ તે અર્જુન ઉપર દ્વેષ રાખતો હતો અને તેથીજ તે દુર્યોધનને આડે માર્ગે દોરી જતો હતો તથા પોતે પણ અપકીર્તિનો ભાગી થતો હતો. તેણે જરાસંધને હરાવ્યો હતો તથા એકલાએ સ્વતંત્ર રીતે દિગ્વિજય કર્યો હતો. તેના એ કાર્યો, તેના અદ્ભુત શૌર્યને તથા શસ્ત્રાસ્ત્રવિદ્યાના નૈપુણ્યને સૂચવે છે. મહાયુદ્ધમા તેણે બે દિવસ સેનાપતિપદ ઉપર રહીને ઉત્કૃષ્ટ પરાક્રમ દેખાડયું હતું. છેવટે બ્રાહ્મણના શાપથી તેનું રથચક્ર ભૂમિએ ગળ્યું અને તે નીચે ઉતર્યો, તેજ વખતે શ્રીકૃષ્ણની પ્રેરણાથી અર્જુને તેનો શિરચ્છેદ કર્યો. તે શરીરે ગૌર, ઉંચો, પ્રચંડ, તેજસ્વી તથા પ્રભાવશાળી હતો. તે પોતાની પાછળ દાતાતરીકેની અમર કીર્તિ મૂકી ગયો છે, સાથે સાથે દુર્યોધનના પાપસંબંધથી અપકીર્તિ પણ મૂકી ગયો છે. ×

× દાનેશ્વરી કર્ણ–અર્જુનનું સારથિપણું જો યોગેશ્વર કૃષ્ણે કર્યું ન હોત, તો અર્જુન [illegible] જીતી શકત કે કેમ, તે શંકાસ્પદ છે. અર્જુન વિચારશીલ હતો, પણ કર્ણ સાહસિક હતો. યુદ્ધમાં [illegible] [illegible] સાહસિકને [illegible] [illegible] [illegible]

શકુનિ

દુર્યોધનનો મામો શકુનિ, કપટકળામાં નિપુણ હતો. તે દુર્યોધનનો સલાહકાર હતો, દુર્યોધનની દુર્વાસનાઓને પ્રથમ તો તે રોકવા યત્ન કરતો; પણ પછી ભાણેજના આગ્રહને તાબે થઇ તેને મદદ પણ કરતો હતો તથા દુર્યોધનની સાથે રહીને ધૃતરાષ્ટ્રને ઉંધા પાટા બાંધવામાં સામેલ થતો હતો. યુદ્ધરૂપી મહાઅનર્થનું કારણ દ્યૂત ગણીએ તો તેનું કારણ મામો શકુનિ હતો. તેણે યુધિષ્ઠિરને દ્યુતમાં કેવળ કપટથીજ હરાવ્યા હતા; પણ યુદ્ધમાં તેની કપટકળા કામ લાગી નહિ અને તે છેવટે સહદેવને હાથે મરાયો તથા કપટીતરીકેનું નામ મૂકતો ગયો.

ધૃતરાષ્ટ્ર

અંધરાજા ધૃતરાષ્ટ્ર બહુશ્રુત હતો. તે કૃત્યાકૃત્યને સમજતો હતો, પણ કાનનો કાચો હતો. તે રાજકાર્યમાં ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુર અને કૃપાચાર્યની સલાહ લેતો હતો; તેમજ તે પાંડવોના સંબંધમાં પણ તેવીજ રીતે સલાહ લેતો હતો. કેટલીક વખતે તે પાંડવોને પણ અનુકૂળ થઇ

પાસે બ્રાહ્મણ બની કર્ણે દિવ્યાસ્ત્ર વિદ્યા સંપાદન કરી હતી. કર્ણનું કૌશલ્ય, બુદ્ધિ અને બળ જોઇ પરશુરામ તેના ઉપર ઘણા પ્રસન્ન થયા હતા. જ્યારે તેમણે એમ જાણ્યું કે, કર્ણ બ્રાહ્મણ નહિ પણ ક્ષત્રિય છે, ત્યારે પોતાની વંચના થયાથી તેમને ક્રોધ ચઢયો હતો; છતાં કર્ણની બુદ્ધિથી મુગ્ધ બનેલા હોવાથી પરશુરામે કર્ણને શાપની સાથેજ આશીર્વાદ પણ આપ્યો હતો. 'મારી આગળ અર્જુન શી વિસાતમાં ?' એ કર્ણનો ખ્યાલ જો કે ગર્વયુક્ત હતો, તોપણ અસ્થાને નહોતો.

સૂર્યનો પુત્ર કર્ણ કુંતીની કૌમાર્યાવસ્થામાં જન્મેલો હોવાથી કુંતીએ તેને ત્યજી દીધો હતો, એટલે રાધા નામની દાસીએ તેને ઉછેર્યો હતો. કુંતીના આવા આચરણથી કર્ણ મરણપર્યંત સૂતપુત્ર કહેવાયો. શ્રીકૃષ્ણે જ્યારે તેને તેનાં સાચા માબાપવિષે ચોખ્ખી વાત કરી, ત્યારે કર્ણને કુંતી ઉપર તિરસ્કાર આવી ગયો. પોતાના હલકા સ્થાનનું કારણ કુંતી પોતેજ છે, જાણી તેને ઘણુંજ લાગી આવ્યું. તેણે શ્રીકૃષ્ણને મોઢે એ સંબંધે શોચ કર્યો. પોતે સૂતપુત્ર હોવાથી ભરસભામાં દ્રૌપદીએ સ્વયંવરસમયે તેનું અપમાન કર્યું હતું, તે તેના દિલમા સાલતું હતું. કુંતીના આચરણથી તેના તરફ તિરસ્કાર આવ્યા છતાં, જ્યારે કુંતીએ કર્ણને બોલાવ્યો, ત્યારે માતાને પુત્ર વચન આપે, તેમ તેણે કુંતીને વચન આપ્યું હતું કે, 'યુદ્ધમાં અર્જુનસિવાય પાંડવોમાંથી કોઇને પણ હું મારી નાખીશ નહિ.' પાડવો તો પાચના પાચજ રહેશે, એની એણે કુંતીને ખાત્રી આપી હતી. તેણે પોતાનું આ વચન પાળ્યું હતું. જયદ્રથનું મરણ થયું તે દિવસે ભીમસેન કર્ણના સપાટામાં આવી ગયો હતો, પણ કુંતીને આપેલું વચન સંભારીને કર્ણે તેને જીવતો જવા દીધો હતો.

કર્ણની દાનવૃત્તિ મહાભારતમાં સવિશેષ આકર્ષક બને છે. તે કવચ અને કુંડળ સાથે જન્મ્યો હતો; અને અર્જુનનું–પોતાના પુત્રનું–ભલું કરવાની ઇચ્છાથી ઇંદ્ર તેનાં કવચકુંડળ [illegible] લેવા બ્રાહ્મણનું રૂપ ધરી તેની પાસે આવવા નીકળ્યો. સૂર્યે પોતાના પુત્ર કર્ણને ચેતાવ્યો હતો [illegible] એની પાસે જ્યાંસુધી કવચકુંડળ છે, ત્યાંસુધી તેનું મૃત્યુ થનાર નથી. વળી ઇંદ્ર એને છેતરીને કવચકુંડળ લેવા આવનાર છે, એમ પણ તેને કહ્યું; ત્યારે દાનવીર કર્ણે કહ્યું કે, 'મારાં અહોભાગ્ય કે મારે ઘેર ઇંદ્ર જેવો યાચક આવશે. પ્રાણાતે પણ હું ના તો નહિજ કહું.' જ્યારે કર્ણનો આવો દઢ આગ્રહ દીઠો, ત્યારે સૂર્યે તેને સૂચવ્યું કે, 'ઇંદ્ર પાસેથી તું અમોઘ શક્તિ બદલામાં માગી લેજે.' કર્ણે તે પ્રમાણે શક્તિ મેળવી હતી. જ્યાંસુધી કર્ણ પાસે એ શક્તિ હતી, ત્યાંસુધી શ્રીકૃષ્ણે ડહાપણ વાપરી અર્જુનને કર્ણની સામે યુદ્ધ કરવા પ્રેર્યો નહોતો. ઘટોત્કચ ઉપર જ્યારે એ શક્તિ વપરાઇ, ત્યાર પછીજ અર્જુનને શ્રીકૃષ્ણ કર્ણની સામે યુદ્ધ કરવા લઇ ગયા હતા.

ગર્વથી ગળાઇ ગયેલા કર્ણનું બળ નકામું હતું, એમ ભીષ્મપિતામહ સમજી ગયા હતા. કર્ણની શક્તિવિષે તેમનો સારો અભિપ્રાય હતો, પણ ગર્વને લીધેજ તેનો નાશ થશે એમ પિતામહ તેને વારંવાર કહેતા. ગર્વમાં દુર્યોધન કે કર્ણ એ બેમાંથી કોણ ચઢે, તે કહેવું મુશ્કેલ હતું. કર્ણના બળ ઉપર વિશ્વાસ હોવાથીજ દુર્યોધને યુદ્ધ આરંભ્યું હતું, પણ કર્ણઉપર વિશ્વાસ અને તેનું બળ તેને કામ ન લાગ્યાં તે નજ લાગ્યાં ! !

જતો; પરંતુ જ્યારે દુર્યોધનનો કોઇ દુષ્કાર્ય કરવામાં આગ્રહ જોતો, ત્યારે તેનું હૃદય પુત્રપ્રીતિથી અંધ થઇ જતું અને તે કર્તવ્યાકર્તવ્યને ભૂલી જઇ તથા વિદુરાદિની સલાહને પણ ન ગણકારી, દુર્યોધનનેજ અનુસરી જતો હતો. તે ઉપર ઉપરથી પાંડવોનાં સંબંધમાં ઠીક ઠીક બોલતો; પણ તેના હૃદયના ઉંડાણમાં રહેલી આખા રાજ્યની લોભી વાસના તેને દુર્યોધનના પક્ષમાં અનુકૂળ કરી દેતી હતી. આંધળો રાજા છેવટે મોહવશ થઇને દુષ્કર્મમાં પણ સંમતિ આપતો હતો, પણ પાછળથી ગભરાતો હતો અને પોતે તે કૃત્યથી નિરાળો હોય તેવો દેખાવા યત્ન કરતો હતો. સર્વસંહારક મહા અનર્થના હેતુરૂપ ધૃતરાષ્ટ્રને ગણીએ તો તેમાં ખોટું કંઇ નથી; કારણકે ભીષ્મ, વિદુર પ્રભૃતિના ઉપદેશ માની લઇને પ્રથમથીજ જો તેણે દુર્યોધનને કબજે કર્યો હોત તો આ અનર્થનો પ્રસંગ આવત નહિ; પણ તેમ કરવામા તેને પુત્રપ્રીતિ તથા ઉંડો રાજ્યલોભ બાધક થઇ પડયા હતા. તે ઘણોજ બળવાન હતો. દુર્યોધનના મરણ પછી તેણે ભીમને ભેટવા બોલાવ્યો, પણ મહાચતુરશિરોમણિ શ્રીકૃષ્ણ તેનો ભાવ સમજી ગયા અને તેમણે ભીમસેનને બદલે એક લોખંડની ભીમસેનના જેવી જાડી પ્રતિમા તેની બાથમા આપી. ધૃતરાષ્ટ્રે તેને બાથમા ઘાલી દબાવીને ચૂર્ણ કરી નાખી. આવું તેનુ શરીરસામર્થ્ય હતું ! તે અસ્થિર વિચારનો હતો, વિદુરવિના તેને ચાલતું ન હતું. તે તેને પૃછતો, તેનું કહેવું સાંભળતો; પણ તે પ્રમાણે ચાલતો નહિ અને તેજ આ યુદ્ધરૂપી મહાન અનર્થનું કારણ હતો. ×

× ધૃતરાષ્ટ્ર–પુત્રપ્રેમને લીધે કુળનો સંહાર થવા દેનાર ધૃતરાષ્ટ્ર જેમ આંખે અંધ હતો, તેમ વિવેકશૂન્ય હતો. તેના જીવનમા કેટલીક એવી ક્ષણો આવતી કે પાંડુના પુત્રો તરફ તેને મમતા ઉત્પન્ન થતી હતી; પણ આવો મમત ઝાઝો સમય ટકી શકતો નહોતો. કાઇક એવીજ સારી ક્ષણોમા તેણે દ્રૌપદીને વસ્ત્ર–હરણનો પ્રસંગ પતી ગયા બાદ સભામા વરદાન માગવા કહ્યું હતું. દુર્યોધનની દુષ્ટતા ધૃતરાષ્ટ્ર નહોતો જાણતો, એમ નહોતુ. વારે વારે તે દુર્યોધનને **મંદબુદ્ધિ, દુર્વિનીત** વગેરેથી સબોધતો. વળી દ્રોણાચાર્ય, ભીષ્મ અને વિદુરે તેને ખૂબ ચેતાવ્યો હતો. દુર્યોધનનાથી કુલ-ક્ષય થતો અટકાવવા વિદુરે ધૃતરાષ્ટ્રને ઘણો સમજાવ્યો હતો, છતાં દુર્યોધનને તે કાઇ કહી શકયો નહોતો. ગુણઅવગુણ જોયાવિના પુત્ર ઉપર અંધ વાત્સલ્યભાવ રાખનાર પિતાની જે દશા થાય, તેજ દશા ધૃતરાષ્ટ્રની થઇ. પોતાની સમક્ષ સો પુત્રોને ઘણી ભયંકર રીતે મૃત્યુવશ થતા તેણે જોયા, અને સો પુત્રોનો પિતા મરતી વખતે તો અપુત્રજ રહ્યો

પાંડવોપ્રતિ દુર્યોધન પ્રત્યક્ષ અસૂયાભાવ રાખતો, પણ ધૃતરાષ્ટ્રને પરોક્ષ રીતે પાંડવોની તરફ ઇર્ષ્યા હતી. બાળક પાંડવોની કીર્તિ વધતી જોઇને કણિકને બોલાવી ધૃતરાષ્ટ્રે મંત્ર સાધ્યો. દુર્યોધન પાંડવોની સાથે દ્યૂત રમવાને માટે ધૃતરાષ્ટ્રની આજ્ઞા લેવા આવ્યા, ત્યારે દુર્યોધને જેટલું પાંડવોવિરુદ્ધ કહ્યું, તે બધું દીર્ઘદૃષ્ટિ વાપર્યાવિના ધૃતરાષ્ટ્રે માની લીધું. આ સમયે વિદુરે તેને ઘણો સમજાવ્યો, ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું કે, "હું, ભીષ્મ ને તું આ બધા છીએ, વળી દૈવેજ દ્યૂત નિર્માણ કર્યું છે; એટલે આપણાથી કાંઇ થઇ શકવાનું નથી. હે વિદુર ! મારા વ્યવસાયને નિંદવાની જરૂર નથી; કારણ આમા હું દૈવનેજ બળવાન ગણું છું, તેનાથીજ આ બધું થાય છે." કેવળ દૈવનુંજ અવલંબન કરનારની મૂર્તિરૂપ ધૃતરાષ્ટ્ર હતો. જે કાંઈ અનિષ્ટ થયું તે બધું દૈવથીજ થયું, એમ તેણે માન્યું હતુ, અને તેની આ માન્યતાને લીધે દુર્યોધનને તે અનિષ્ટ કાર્યોમાથી અટકાવી શકયો નહોતો. દ્યૂતસમયે જયારે યુધિષ્ઠિરે દ્રૌપદીને હોડમાં મૂકી, ત્યારે આખી સભા સ્તબ્ધ થઇ ગઇ. રાજાઓને ઘણો શોક થયો. ભીષ્મ, દ્રોણાચાર્ય અને કૃપાચાર્યને શરીરે પરસેવો થઈ ગયો. વિદુર બે હાથે માથું ઝાલીને મરણતુલ્ય થઇ ભૂમિ ઉપર બેસી પડયા......પણ ધૃતરાષ્ટ્ર તો અત્યંત ખુશી થયો; અને વારે વારે પૂછવા લાગ્યો કે, "કોણ જીત્યું ? કોણ જીત્યું ?" ધૃતરાષ્ટ્રમાં આથી વધારે અધમતા બીજી કયી સંભવે ? "ધૃતરાષ્ટ્ર વંશ વધારનાર છે, તેને વત્સલતાનો ભય છે. દુર્યોધનની દુર્નીતિનું ભવિષ્ય તેના જન્મપ્રસંગે ધૃતરાષ્ટ્રને જણાવવામાં આવ્યું હતું. દ્રૌપદીવસ્ત્રહરણના પ્રસંગે તેણે તે પુત્રની દુષ્ટતા પ્રત્યક્ષ કરી. શ્રીકૃષ્ણ યુદ્ધપ્રસંગ અટકાવવા પાંડવો પાસેથી આવ્યા ત્યારે પણ તેમજ થયું. ત્રણે પ્રસંગે [illegible] મહાત્માઓએ ધૃતરાષ્ટ્રને કહ્યું કે, તારા પુત્રનો નાશ કરવો અને કંઇ નહિ તો [illegible]

ગાન્ધારી

ધૃતરાષ્ટ્રની પત્ની ગાંધારી પંડિતા, કર્તવ્યાકર્તવ્યના વિવેકવાળી, અને થોડીક ક્રોધી છતાં પણ મહાન સતીશિરોમણિ હતી. તેણે પોતાનાં લગ્ન અંધપતિની સાથે થવાનાં છે, એ સાંભળતાંજ 'મારે તેમનો દ્વેષ કરવો પડે નહિ' એ હેતુથી તેણે પ્રથમથીજ પોતાની આંખે પાટો બાંધી લીધો હતો અને તે હમેશ રાખ્યો હતો; એ સમધર્મિણી સતીના સતીત્વનું ગૌરવ છે. તે દુર્યોધનને અનિષ્ટકારક માનતી હતી અને દુર્યોધનના છંદને અનુસરતા પોતાના પતિને ગૌરવ સાથે તેમ કરવા ના પાડી ખરૂં સ્વરૂપ સમજાવતી હતી; તથાપિ આંધળો રાજા તેનું કહેવું માનતો નહિ. તે સત્યની હિમાયતી હતી તથા શાપ અને અનુગ્રહને માટે સમર્થ હતી. યુદ્ધપ્રસંગે દુર્યોધને પોતાને વિજય મળે તેવો આશીર્વાદ આપવા તેને રોજ રોજ કહ્યું હતું; પરંતુ ધર્મપ્રિય ગાંધારી '**यतो धर्मस्ततो जयः**–જ્યાં ધર્મ હશે ત્યાં જય થશે,' એજ ઉત્તર આપતી હતી. તેનો પાતિવ્રત્યપ્રભાવ એવો તેજસ્વી હતો કે, યુદ્ધ થઈ રહેતાં યુધિષ્ઠિરને પ્રથમ તેના ક્રોધનો તથા શાપનો ડર લાગ્યો હતો; અને તેથી તેમણે તુરત તેને શાંત કરવા શ્રીકૃષ્ણને મોકલ્યા હતા. તેમ છતાં ગાંધારીએ શ્રીકૃષ્ણનેજ કર્તાકારવના માની 'તમે તમારા કુળના પણ આ રીતે સંહારક થશો' ઇત્યાદિ શાપ આપ્યો હતો. શ્રીકૃષ્ણે તેને અનુમોદન આપ્યું. તે સાધ્વી સ્ત્રી પોતાના પતિની સાથેજ રાજ્યમાં તથા વનમાં રહી, અને અંતે તેની સાથેજ દેહ ત્યજી પરલોકમાં ગઈ. આવું તેનું ઉજ્જ્વલ સતીત્વ હતું.

દુઃશાસન

દુર્યોધનનો નાનો ભાઇ દુઃશાસન ખારીલો, સાહસી, ઉદ્ધત, બળવાન અને શૂરો હતો. તે દુર્યોધનની ઇચ્છાને તાબે રહેનારો તેનો ભક્ત હતો. દ્રૌપદીના કેશોનું આકર્ષણ તથા તેનું વસ્ત્રહરણ, એ તેના ઉદ્ધત તથા નિર્લજ્જ કાર્યના નમુના છે. તે ધનુર્યુદ્ધ તથા ગદાયુદ્ધ સારૂં કરતો હતો. ભીમસેને તેને રણભૂમિમાં પાડી તેની છાતી ઉપર આક્રમણ કરીને જ્યારે પૂછ્યું કેઃ–'બોલ. કયે હાથે દ્રૌપદીના પવિત્ર કેશ પકડ્યા હતા?' ત્યારે દુઃશાસને નિડર ધૃષ્ટતાથી પોતાનો હાથ દેખાડતાં ઉત્તર આપ્યો હતો કે, '**अयं करिकराकारः पीनस्तनविमर्दनः। गोसहस्रप्रदाता च क्षत्रियांतकरः करः॥** પુષ્ટ સ્તનને મર્દન કરનારો, હજારો ગાયો આપનારો અને ક્ષત્રિયોનો અંત કરનારો એવો આજ તે હસ્તિની સૂંઢના જેવો હાથ છે!' ભીમસેને તરતજ તે હાથ ખેંચીને ઉખાડી નાખ્યો અને તેની છાતી ચીરી વીર પુરુષોની વચ્ચે તેનું રુધિરપાન કરીને પોતાની આગલી પ્રતિજ્ઞા પૂર્ણ કરી હતી.

કૌરવપક્ષનાં પ્રકીર્ણ પાત્રો

આ વીર યોદ્ધાઓવિના કૌરવપક્ષમાં રાજા ભગદત્ત, ભૂરિશ્રવા, મદ્રદેશનો રાજા શલ્ય, કૃતવર્મા યાદવ, જયદ્રથ, સુદક્ષિણ, નીલ, ઉજ્જયિનીના રાજા, દુર્યોધનના ભાઇઓ, કર્ણનો પુત્ર વૃષસેન આદિ ઘણા યોદ્ધાઓ હતા; અને તેઓ દુર્યોધનના ઇર્ષ્યાગ્નિથી પ્રકટેલા રણયજ્ઞમાં હોમાઈ ગયા હતા. આટલાં બધાં પાત્રોની વિવિધતા એકજ ગ્રંથમાં સુગ્રથિત કરીને, શ્રીકૃષ્ણદ્વૈપાયનમુનિએ, પોતાનું અદ્ભુત કલાવિધાન પ્રકટ કર્યું છે, એમાં જરાએ સંશય નથી.

તો કરવોજ, એ તારો રાજધર્મ છે; પણ એકે પ્રસંગે વત્સલ પિતા તે ઉપદેશ માની શક્યો નહિ. પાંડવપક્ષનો વિરોધ કરનાર દુષ્ટ પુત્રને શાસન કરવામાં જે પિતાની વત્સલતા આડે આવશે, તે ધૃતરાષ્ટ્રની દુર્દશા પામશે." (**સરસ્વતીચંદ્ર, ભાગ ૪ થો**)

વૃદ્ધાવસ્થામાં હોવા છતાંયે ભીમસેનની લોહાની મૂર્તિને કચડી નાખવાનું બળ ધૃતરાષ્ટ્રમાં હતું. વળી સંજય તેને જેમ જેમ યુદ્ધની વાત સંભળાવતો હતો, તેમ તેમ જાણે યુવાન યોદ્ધો હોય, તેમ ધૃતરાષ્ટ્રનું વીર રક્ત ઉછળતું હતું. પાંડવોનું અનિષ્ટ સાંભળી મનમાં મલકાતો અને કૌરવપક્ષનું અનિષ્ટ સાંભળતાં ઉદ્વિગ્ન થઇ જતો ધૃતરાષ્ટ્ર જો અંધ ન હોત, તો કદાચ મહાભારતના યુદ્ધમાં તેણે યથાશક્તિ ભાગ લીધો હોત અને ભીષ્મની પેઠે ધૃતરાષ્ટ્ર ડોસો પણ [illegible] સામે પૂર્ણ બળથી ઝઝુમ્યો હોત

મહાભારતની સમાલોચના

(વિદ્વદ્વર્ય શ્રીપાદ દામોદર સાતવલેકરજીના ઉપલાજ
નામના પુસ્તકના બંને ભાગોનો અનુવાદ)

૧—મહાભારત વાંચવાથી થતા લાભ

(૧) મહાભારતમાં પાંડવોના સમયનો તેમજ પાંડવોની પહેલાંના સમયનો ઇતિહાસ હોવા સાથે પાંડવોની પછીના સમયનો પણ થોડો ઘણો ઇતિહાસ છે. અર્વાચીનકાળના સનાતન વૈદિકધર્મી ભારતવાસીઓ મહાભારતકાળના પંચજનોનાજ વંશજો હોવાથી તેમણે પોતાના **પૂર્વજોનો ઇતિહાસ વાંચવો અને તેનું મનન કરવું ખાસ જરૂરનું છે, એટલુંજ નહિ પણ એ તેઓનું કર્તવ્ય છે.**

(૨) જ્ઞાનીઓ કહે છે કે, “ જેમને પ્રાચીન ઇતિહાસ નથી તેમને માટે ભવિષ્યમાં કંઇજ આશા નથી. ” ભારતવાસીઓને તો પ્રાચીન ઇતિહાસ છે, કેવળ ઇતિહાસજ નહિ પરંતુ દિગ્વિજયી, પ્રતિભાપૂર્ણ અને તેજસ્વી ઇતિહાસ હોવાથી ભારતવાસીઓના ભાગ્યમાં સૌભાગ્યના દિવસો પણ આવશે, એ તો નિઃશંક વાત છે. પણ એને માટે ભારતવાસીઓએ પોતાના પૂર્વજોના ભાગ્યશાળી અને પ્રતાપપૂર્ણ ઇતિહાસનું વાચન અને મનન પણ કરવુંજ જોઇએ. કેવળ ઇતિહાસના અસ્તિત્વથીજ કામ નહિ ચાલે, પરંતુ એ ઇતિહાસનું જેટલું પણ વાચન–મનન થશે તેટલાજ પ્રમાણમાં લાભ થવાનો સંભવ છે; અને એવું હોવાથી આ દિગ્વિજયનો પ્રતાપપૂર્ણ ઇતિહાસ પ્રત્યેક ભારતવાસીની સન્મુખ આવે તેમ થવું જોઇએ.

(૩) આ “ મહાભારત ” ઇતિહાસ હોવા છતાંયે “કાવ્ય” રૂપે લખાયેલો હોવાથી હરેક કક્ષાના માણસો તેનું વાચન કરી શકે છે. જનસમાજમાં લોકોની અનેક શ્રેણીઓ હોય છે અને દરેક શ્રેણીના લોકોની રુચિ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. એકને જે ગમે છે તે બીજાને નથી ગમતું; પરંતુ આ કાવ્યમય ઇતિહાસ તો એવા રૂપમાં લખાયો છે કે તેમાંથી પ્રત્યેક જાતનો માણસ રસાસ્વાદ લઇ શકે છે. આસ્તિક ભગવદ્ભક્ત તેમાં ભક્તિમાર્ગ જોઈ શકે છે; વેદાંતી તેમાંથી અંતરાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે; તર્કવાદી નૈયાયિક તેમાં યુક્તિવાદ જોઈ શકે છે; શાસ્ત્રજિજ્ઞાસુ તેમાંથી અનેક શાસ્ત્રોના સિદ્ધાંતો સમજી શકે છે; ઇતિહાસના અભ્યાસકને માટે તેમાં વિશાળ ક્ષેત્ર પડેલું છે; રાજદ્વારી કુશળ માણસ તેમાં રાજનીતિ જોઈ શકે છે; વીરત્વપ્રેમીને તેમાં વીરત્વ દેખાય છે; ગૃહસ્થાશ્રમીને તેમાંથી ગૃહસ્થજીવનનાં દષ્ટાંત મળી શકે છે અને બ્રહ્મચારીને આદર્શ બ્રહ્મચારીઓનાં દષ્ટાંત મળી શકે છે. તાત્પર્ય એ છે કે, જેની જેવી પણ જિજ્ઞાસા હોય, તેવી હકીકતો અને પ્રેરણાઓ તે મહાભારતમાંથી જરૂર મેળવી શકે છે. આ મહાભારતનો ગ્રંથ આવો અપૂર્વ કાવ્યમય ઇતિહાસ છે.

(૪) સંભવ છે કે, અર્વાચીન જીવનકલહમાં આવશ્યક એવી કેટલીક બાબતોનો ઉલ્લેખ આ મહાભારતમાં નહિ હોય; પરંતુ મહાભારતમાં એટલી બધી બાબતોનાં વર્ણન છે કે, તેમાંથી આ સમયમાં પણ આપણને અનેકાનેક બોધ મળી શકે છે અને આપણા લોકોમાં **મહાભારતનું જો યોગ્ય મનન થતું રહે તો આ સમયમાં પણ આપણા ભારતવર્ષમાં ‘ નવીન જીવન ’ આવી શકે–જાગી શકે તેમ છે.** આ કારણથી મહાભારતના મનનથી આ સમયમાં પણ અનેક લાભો થાય તેમ છે.

(૫) આ કેવળ ઇતિહાસજ હોત,તો તો તે ક્યારનોચે જૂનો થઈ ગયો હોત;પરંતુ આ તો "ઐતિહાસિક કાવ્ય" અથવા "કાવ્યમય ઇતિહાસ" છે, તેથી તે જૂનો હોવા છતાંયે હમેશાં નવીન જેવોજ રહ્યો છે અને તેથીજ દરેક સમયમાં આ ગ્રંથથી મહત્ત્વપૂર્ણ બોધ પ્રાપ્ત થઇ શકે છે. આપણા જીવનમાં જેટલી અવસ્થાઓ હોય છે, તેથી કેટલાયેગણી અવસ્થાઓનું વર્ણન આ ગ્રંથમાં છે, એટલે **પ્રત્યેક મનુષ્ય પ્રત્યેક અવસ્થામાં આ ગ્રંથના મનનથી બોધ ગ્રહણ કરી શકે છે.**

(૬) મહાભારતકાળમાં ભારતવર્ષની ધાર્મિક, રાજનૈતિક, સામાજિક, આર્થિક, ઔદ્યોગિક તથા અન્ય પ્રકારની પરિસ્થિતિ કેવી હતી, તેનું ઉત્તમ ચિત્ર મહાભારતમાં હોવાથી તેના મનનથી અને તેની સાથે આપણી આજની દશાની તુલના કરવાથી જણાય છે કે, ગયાં પાંચ હજાર વર્ષોમાં આપણી ઉન્નતિ થઈ કે પડતી થઇ? એ બાબતનું જ્ઞાન થવાથી આપણને ભવિષ્યમાં કયો માર્ગ અને તે કેવી રીતે લેવો જોઇએ, તેનું પણ ઉત્તમ રીતે નિરાકરણ થઇ શકે છે. ઇતિહાસના મનનથી આ મહત્ત્વનો લાભ થાય છે.

(૭) ભારતવર્ષની હિંદુજાતિમાં જે અનંત ભેદો છે, તેમાં એકતા થવી અત્યંત આવશ્યક છે. વિવિધ ભેદ હોવા છતાં પણ આપસમાં એકતા કરવાનો પ્રત્યક્ષ, ફળદાયી અને ઉત્તમ ઉપાય મહાભારતમાં જેવો બતાવેલો છે, તેવો બીજા કોઇ પણ ગ્રંથમાં બતાવાયો નથી. તેથી કાશ્મીરથી તે કન્યાકુમારીસુધી અને સિંધથી તે બ્રહ્મદેશસુધી **સમસ્ત ભરતખંડમાં એકતા કરાવનારો આ રાષ્ટ્રીય ગ્રંથ છે અને તેથીજ તેનો પાઠ પ્રત્યેક ઘરમાં હરહમેશ થવાની જરૂર છે.**

(૮) જે રીતે આજકાલના ભારતવાસીઓનો બીજી જાતિઓ સાથે વિવિધ પ્રકારનો સંબંધ બંધાયો છે, તેવોજ પાંડવોના સમયમાં પણ અનેક દેશની જાતિઓ સાથે ભારતવાસીઓને ગાઢ સંબંધ હતો. પ્રાચીનકાળના ભારતવાસીઓએ બીજી જાતિઓ સાથે જે વર્તાવ કર્યો હતો, તે જોઇને આપણે આ સમયમાં પણ આપણેમાટે યોગ્ય બોધપાઠ લઇ શકીએ તેમ છીએ અને આગળ વધી શકીએ તેમ છીએ. આ દષ્ટિએ પણ મહાભારતનો પાઠ કરવાથી આપણને ઘણોજ લાભ થાય તેમ છે.

(૯) મહાભારતનું સૌથી પ્રાચીન નામ 'જય' એટલા માટે છે કે તેમાં આર્યોના દિગ્વિજયનો ઉત્તમોત્તમ ઇતિહાસ સમાયેલો છે. સાધારણ ઇતિહાસ પણ બોધપ્રદ હોય છે, તો પછી વિજયનો તેજસ્વી ઇતિહાસ તો નિઃસંદેહજ ઉત્સાહવર્ધક હોય એમાં અશ્ચર્ય નથી. **મહાભારત ગ્રંથ એવાજ ઉત્સાહ અને શૌર્ય–વીર્ય વગેરે વીરગુણોને ઉત્તેજિત કરવાવાળો છે; અને તેમ હોવાથી આ પરતંત્રતાના સમયમાં પણ આ ગ્રંથના પાઠથી અને મનનથી આર્યજાતિનો ત્વરાથી પુનરુદ્ધાર થઇ શકે તેમ છે.**

(૧૦) મહાભારતમાં જાતીય, સામાજિક અને ધાર્મિક ઉન્નતિ તથા પ્રગતિનો જે ઈતિહાસ પ્રાપ્ત થાય છે, તે વાંચવાથી ધાર્મિક ભાવનાની ઉત્તમ વિશુદ્ધિ થાય છે; અને તેના મનનથી મનના સંકુચિત ભાવો દૂર થઈને ઉદારતા આવે છે. આજકાલ આપણા ધાર્મિક ભાવો બહુજ સંકુચિત બની ગયેલા હોવાથી તેને અધિક ઉદાર અને વિશાળ કરવામાટે મહાભારતનું વાચન–મનન ઘણુંજ ઉપયોગી થઇ શકે તેમ છે.

(૧૧) આપણા સનાતન આર્યધર્મના મૂળ આધારભૂત 'વેદ' છે. એ વેદગ્રંથનો અર્થ સમજવાને માટે બ્રાહ્મણાદિ ગ્રંથો પછી મહાભારત ગ્રંથની મદદ મળી શકે છે. **મહાભારતમાં સ્થળે સ્થળે વેદમંત્રોનાં "કૂટસ્થળ" ખોલી ખોલીને બતાવેલાં છે. કેટલીયે જગ્યાએ વૈદિક રૂપકાલંકારની કથાઓનાં વર્ણન કરેલાં છે; કેટલાંયે સૂકતોનાં સૂક્ત અને**

મંત્રોના મંત્રો સ્તોત્રરૂપે આપેલા છે; અને કેટલીયે જગ્યાએ અન્યાન્ય યુક્તિઓથી વેદ-મંત્રોના અર્થ ખોલીને બતાવવામાં આવ્યા છે. આમ હોવાથી જે માણસ ધર્મજ્ઞાનની ઈચ્છાથી વેદાધ્યયન કરી રહ્યો હોય, તેને પણ મહાભારતના મનનથી પુષ્કળ લાભ થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, વેદના અર્થનો નિરધાર કરવાનાં જે અનેક સાધનો મોજુદ છે, તેમાં મહાભારત પણ અગત્યનું સાધન છે; અને તેથી એ દૃષ્ટિએ પણ મહાભારતનું મનન બહુજ ઉપયોગી છે.

(૧૨) મહાભારતમાં અનંત શાસ્ત્રોનો ઉલ્લેખ છે. તે સમયના ઋષિમુનિઓ અને અન્યાન્ય વિદ્વાનો કેટકેટલા પ્રકારની વિદ્યાઓની ઉન્નતિમાટે પોતાનાં જીવન સમર્પણ કરતા હતા, તેનો ઘણોજ સરસ ખ્યાલ મહાભારત વાંચવાથી મળે છે. તેની તુલના આજકાલની આપણી વિદ્યા સાથે કરીએ તો તરતજ સમજાઈ જાય છે કે, આપણું વિદ્યાક્ષેત્ર ઘણુંજ નાનકડું થઇ ગયું છે. જો કે આ સમયમાં પણ બીજા દેશોમાં તો વિદ્યાનું ક્ષેત્ર ઘણુંજ વિસ્તાર પામી રહ્યું છે, પરંતુ આપણ ભારતવાસીઓ માટે તો વિદ્યાક્ષેત્રની વ્યાપકતા અત્યારે દિનપ્રતિદિન ઘટતીજ ચાલે છે; માટે આવી સ્થિતિમાં આપણે ભારતવાસીઓએ તો હવે પોતાના પ્રાચીન પૂર્વજોના જેવો વિદ્યાપ્રેમ તથા ચારિત્રપ્રેમ સારી પેઠે વધારવો જોઇએ અને ખાસ પ્રયત્નપૂર્વક પોતાનું વિદ્યાક્ષેત્ર તથા કાર્યક્ષેત્ર બહુજ વિશાળ કરવું જોઇએ.

(૧૩) મહાભારતકાળના આર્યોના દિગ્વિજયનું ક્ષેત્ર સમગ્ર ભૂમંડળ હતું. જેટલા પણ દેશો તેમની જાણમાં હતા, ત્યાં ત્યાં તેઓ પહોંચી ગયા હતા અને દિગ્વિજય પ્રાપ્ત કર્યો હતો. કોઈપણ સ્થળે તેમનો "વિજયી ધ્વજ" અટકયો ન હતો. આ સમયમાં આપણી દશા એથી ઉલટીજ છે. અત્યારે તો આપણને બીજા દેશોમાં પેસવા જેટલો પણ અધિકાર નથી. અત્યારે તો આપણું કાર્યક્ષેત્ર નોકરીસિવાય કશું પણ નથી. **આવી વિપરીત દશામાં પણ પાંડવોના દિગ્વિજયનો ઇતિહાસ, આપણા કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવાની દિશા જરૂર બતાવી શકે તેમ છે;** અને તેમ હોવાથી **આ પદદલિત દશાને દૂર કરવામાં પણ મહાભારતના પાઠથી અત્યંત લાભ થાય તેમ છે.**

(૧૪) જે ગ્રંથમાં જેટલાં 'આદર્શ જીવનચરિત્ર' હોય છે, તેટલો તે ગ્રંથ વધુ ઉપકારક નિવડે છે. કાવ્યમય ઐતિહાસિક ગ્રંથની ઉત્તમતાની એજ કસોટી છે; અને એ દૃષ્ટિએ તો **આ મહાભારત "આદર્શ જીવનો"** ની વિશાળ ખાણ છે. એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. કેમકે એમાં સેંકડો મહાપુરુષોનાં આદર્શ જીવન એવાં ઉચ્ચ કોટિનાં છે કે જે દૃષ્ટિસમક્ષ રાખવાથી મનુષ્યમાત્રનો ઉદ્ધાર થઇ શકે તેમ છે. આ કારણથી પણ આ મહાભારતનો પાઠ પ્રત્યેક ભારતવાસીએ કરવો જરૂરનો છે. ભીષ્મપિતામહનું આદર્શ બ્રહ્મચર્ય, શ્રીકૃષ્ણચંદ્રનું રાજનીતિકૌશલ્ય, અર્જુનનું શૌર્ય, કર્ણનું ઔદાર્ય, ધર્મરાજાનું ધર્માચરણ વગેરે **એવા અનેક આદર્શવાળા પુરુષો મહાભારતમાં છે, કે જેમની હકીકતો આપણા રાષ્ટ્રોદ્ધારના કાર્યમાં બહુજ સહાયક થાય તેમ છે;** પરંતુ એ બધું તો ત્યારેજ થઇ શકે કે જ્યારે મહાભારતના વાચન-મનનનો સાર્વત્રિક પ્રચાર થાય. માટે આ દૃષ્ટિએ પણ આપણા લોકોમાં આ ગ્રંથનો પ્રચાર અને ઉપયોગ પુષ્કળ થવાની જરૂર છે.

(૧૫) પ્રત્યેક સનાતન ધર્માભિમાની આર્ય-હિંદુ-ના અંતઃકરણમાં મહાભારતવિષે આદરભાવ છે. ધર્મના વિષયમા વેદની પછી મહાભારતજ પ્રમાણગ્રંથ ગણાય છે. તેને પાંચમો વેદ પણ એજ કારણથી કહે છે. ચાર વેદ પ્રસિદ્ધ છે અને પાંચમો વેદ તે આ મહાભારતજ છે. જે ગ્રંથની અદ્યાપિપર્યંત એટલી બધી યોગ્યતા મનાય છે તેનું પઠન આપણા

દેશમાં વધતું ચાલે, તો તેથી દેશને કેટલો બધો લાભ થાય તેમ છે, તેનો અનુભવ તો વાંચનાર પોતે જાતેજ તેને વાંચીને કરી શકે તેમ છે. નિઃસંદેહ તેના વાચન-પઠનથી મનુષ્ય ઉચ્ચ મનોભૂમિકામાં પહોંચી જાય છે, માટે મહાભારતના પાઠનો જેટલો પણ બની શકે તેટલો વધારે પ્રચાર કરવો એ પ્રત્યેક સમજુ માનવનું કર્તવ્ય છે.

મહાભારતના પાઠથી અનંત લાભ થાય તેમ છે. **આર્યોનાં જીવનોને ઉન્નતિની દિશા તરફ ઝોક આપવાનું સામર્થ્ય મહાભારત ગ્રંથમાં છે,** તેના પાઠથી થતા લાભોનો અત્રે થોડોક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી, લોકમાન્ય તિલક અને બીજા અનેક આ સૈકાના મહાન નેતાઓએ પણ **" મહાભારતના પાઠથી આર્યોનું રાષ્ટ્રીય જીવન ઓજસ્વી અને તેજસ્વી થઈ શકે તેમ છે "** એવું એકમતે જાહેર કર્યું છે; આથી આ વિષયમાં વધારે લખવાની જરૂર નથી. **જે કોઇ માણસ મહાભારતને વાંચશે તેજ માણસ તેની ખરી મહત્તા સમજી શકશે.**

૨—મહાભારત ગ્રંથ સર્વ શાસ્ત્રોનો સારસંગ્રહ છે.

" વેદની દષ્ટિએ ગાથાઓના અર્થ નક્કી કરવા " એ સ્વાધ્યાય મંડળનો આઠમો ઉદ્દેશ વાચકો જાણેજ છે. ઇતિહાસ, પુરાણ અને બ્રાહ્મણગ્રંથોમાં અનેકવિધ ગાથાઓ મોજુદ છે. તેના બરાબર સ્પષ્ટ અર્થ કરવાનો પ્રયત્ન અદ્યાપિપર્યંત કોઇએ કરેલો જણાતો નથી, એટલે એ વિષે પ્રયત્ન કરવો ખાસ જરૂરનો છે.

ગાથાઓનો વિચાર અમે કેટલાંયે વર્ષોસુધી કર્યો છે અને તેની તુલના વેદમંત્રો સાથે પણ કરી જોઇ છે. એ ઉપરથી અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે, વેદમંત્રોના આધારે ગાથાઓના જે અર્થ થશે, તેજ તેના બરાબર અર્થો હશે; તેથી તેના સાચા અર્થો પ્રકટ કરવામાટે વેદમંત્રો સાથે ગાથાઓની તુલના કરવી અત્યંત આવશ્યક છે.

પુરાણ અને ઉપપુરાણ એ ગ્રંથો બહુજ મોટા છે. તે એટલા મોટા છે કે એક માણસ તે પૂરા વાંચી પણ નહિ શકે; અને તેથી પુરાણોમાંની સર્વ કથાઓની તુલના વેદસાથે કરવી અને તે ' વૈદિક છે કે નહિ' એ વાતનો નિર્ણય કરવો, એ પણ તેને માટે લગભગ અશક્ય છે. કેટલાક વિદ્વાનો કલમને એકે સપાટે બધી પૌરાણિક કથાઓને ' ગપ ' ઠરાવી દે છે, તો કેટલાક સજ્જનો તે કથાઓને સત્ય માને છે; પરંતુ યોગ્ય પ્રમાણસિવાય કોઇ પણ કથાને સત્ય કે અસત્ય માનવી અથવા ગપ ગણી કાઢવી એ તદ્દન અયોગ્ય છે. ઉદાહરણતરીકે ચંદ્રની કથા લ્યો."ચંદ્ર, તારા અથવા રોહિણી નામની એક સ્ત્રીના સંબંધમાં આવવાથી તેમના સંભોગથી બુધની ઉત્પત્તિ થઇ." અત્રે વિસ્તૃત કથા આપવાની જરૂર નથી, કેમકે તે કથાનો પૂરો સંબંધ બતાવવાની અહીં જરૂર નથી; પરંતુ ઉદાહરણ માટેજ એ કથાનો સંબંધ બતાવવાનો છે. કેટલાક લોકો કહેશે કે ચંદ્ર, રોહિણી અને બુધ, એ તો ગ્રહ તથા તારા હોવાથી તેમનું લગ્ન થઈ શકે નહિ, અને તેથી એ તો 'ગપ' છે. આ દૃષ્ટિએ સાચેજ એ ગપજ છે; કેમકે એ તો ગ્રહ અને તારા હોવાથી આપણા હાલના માનવસમાજમાં થાય છે તેવી રીતે તેમનું લગ્ન થયું પણ ન હતું—અને થઈ પણ શકે નહિ, એ વાત સાધારણ માણસો પણ જાણે છે. અને લોકો તે જાણે છે, એવી સંભવતઃ લેખકને પણ ખબર હોવી જોઇએ; છતાં પણ એવું કેમ લખ્યું હશે?

આ પ્રશ્નનો વિચાર શાસ્ત્રોક્ત યુક્તિપુરઃસર કરવો જોઇએ અને તેનેજ માટે વિશેષ અભ્યાસની આવશ્યકતા છે. ઉપરની કથામાં તારા અથવા રોહિણી તથા ચંદ્ર અને બુધની 'યુતિ' નું વર્ણન છે. ગણિતથી આ યુતિનો—એટલે કે તેનો એક રાશીમાંનો નિવાસકાળ નક્કી

કરી શકાય તેમ છે. અર્થાત્ કથામાં વર્ણવેલી એ વાત કેવળ ગપ નથી, પરંતુ જ્યોતિષને લગતી એક તદ્દન સાચી વાત છે. આ રીતે કથાનું મૂળ સ્વરૂપ જોવાથી અનેક શંકાઓ દૂર થાય છે, તેથી કથાઓ અને ગાથાઓનાં મૂળ સ્વરૂપ જોવા–જાણવાની અત્યંત આવશ્યકતા છે.

'પુરાણ' ગ્રંથોમાં બહુ જૂનામાં જૂની કથાઓનો સંગ્રહ થયો છે અને તેના કરતાં અર્વાચીન એવી ઐતિહાસિક કથાઓનો સંગ્રહ રામાયણ અને મહાભારત નામના 'ઇતિહાસ ગ્રંથો'માં કરવામાં આવ્યો છે. સંગ્રહની દૃષ્ટિએ પુરાણોમાં '**અગ્નિપુરાણ**' અને ઇતિહાસોમાં '**મહાભારત**' શ્રેષ્ઠ ગ્રંથ છે.

આજકાલ જે પ્રમાણે 'વિશ્વકોષ' અર્થાત્ સારગ્રંથ બનાવવામાં આવે છે; તેજ પ્રમાણે પ્રાચીન ઋષિ મુનિઓના બનાવેલા એ 'વિશ્વગ્રંથો' છે. **સર્વથી પ્રાચીન આર્યોનો વિશ્વકોષ "અગ્નિપુરાણ" હતો**, અને ત્યારબાદ તૈયાર થયેલો વિશ્વકોષ તે "મહાભારત" છે. **"વિશ્વકોષ" તેજ ગ્રંથ થઈ શકે છે, કે જે ગ્રંથમાં તે સમયસુધીમાં બનેલા સર્વ ગ્રંથોનો સાર આવી જાય છે.** એજ રીતે આ મહાભારત પણ વિશ્વકોષ છે; કેમકે તેમાં તે સમયસુધીના સર્વ ગ્રંથોનો સાર મોજુદ છે. જુઓઃ–

भूतस्थानानि सर्वाणि रहस्यं त्रिविधं च यत् । वेदा योगः सविज्ञानो धर्मार्थः काम एव च ॥
धर्मार्थकामयुक्तानि शास्त्राणि विविधानि च । लोकयात्राविधानं च सर्वं तद्दृष्टवानृषिः ॥
इतिहासाः सवैयाख्या विविधाः श्रुतयोऽपि च । इह सर्वमनुक्रांतमुक्तं ग्रंथस्य लक्षणम् ॥

(મહાભારત-આદિપર્વ અ૦ ૧, શ્લોક ૪૮-૪૯-૫૦)

અર્થાત્–સર્વ ભૂતોનાં સ્થાન, વિવિધ પ્રકારનાં સર્વ રહસ્યો, વેદ, યોગશાસ્ત્ર, વિજ્ઞાન, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, લોકયાત્રાસંબંધી વિવિધ* શાસ્ત્રો, ઇતિહાસ, કથા વગેરે સર્વ બાબતોનું જ્ઞાન આ મહાભારતમાં સંગ્રહેલું છે.

ઉપર જણાવેલું બધુંજ જ્ઞાન એમાં ભરેલું છે, એજ આ મહાભારતનુ ખાસ લક્ષણ છે. સંપૂર્ણ જ્ઞાન–અર્થાત્ તેના લેખકના સમયનું સંપૂર્ણ જ્ઞાન તેમાં એકઠું કરવામાં આવ્યું છે, એ વાત મહાભારતના લેખકેજ પોતે કહી છે. વળી વધુ પણ જુઓઃ–

कृतं मयेद भगवन् काव्यं परमपूजितम् ॥ ६१ ॥
ब्रह्मन्वेदरहस्यं च यच्चान्यत्स्थापितं मया । सांगोपनिषदां चैव वेदानां विस्तरक्रिया ॥६२॥
इतिहासपुराणानामुन्मेषं निर्मितं च यत् । भूतं भव्यं भविष्यं च त्रिविध कालसंज्ञितम् ॥६३॥
जरामृत्युभयव्याधिभावाभावविनिश्चयः । विविधस्य च धर्मस्य ह्याश्रमाणां च लक्षणम् ॥६४॥
चातुर्वर्ण्यविधानं च पुराणानां च सर्वशः । तपसो ब्रह्मचर्यस्य पृथिव्याश्चंद्रसूर्ययोः ॥६५॥
ग्रहनक्षत्रताराणां प्रमाणं च युगैः सह । ऋचो यजूंषि सामानि वेदाध्यात्मं तथैव च ॥६६॥
न्याय शिक्षा चिकित्सा च दानं पाशुपतं तथा । हेतुनैव समं जन्म दिव्यमानुषसंज्ञितम् ॥६७॥
तीर्थानां चैव पुण्यानां दिशानां चैव कीर्तनम् । नदीनां पर्वतानां च वनानां सागरस्य च ॥६८॥
पुराणां चैव दिव्यानां कल्पानां युद्धकौशलम् । वाक्यजातिविशेषाश्च लोकयात्राक्रमश्च यः ॥६९॥
यच्चापि सर्वगं वस्तु तच्चैव प्रतिपादितम् ॥७०॥ (મહાભારત–આદિપર્વ અ૦ ૧)

અર્થાત્–મેં આ ભારતરૂપી એક અપૂર્વ કાવ્ય રચ્યું છે. તેમાં નીચે પ્રમાણેના વિષયો છેઃ–વેદોનું રહસ્ય; ઉપનિષદોનું તત્ત્વ; અંગ–ઉપાંગોની વ્યાખ્યા; ઇતિહાસ અને પુરાણનો વિકાસ; ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળનું નિરૂપણ; વૃદ્ધાવસ્થા, મૃત્યુ, ભય, વ્યાધિ, ભાવ, અભાવ વગેરેનો વિચાર; ત્રિવિધ ધર્મ અને આશ્રમનાં લક્ષણ; ચારે વર્ણોના ધર્મ; પુરાણોમાં કહેલા આચાર; તપસ્યા અને બ્રહ્મચર્યનાં વર્ણન; પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર,

* મીમાંસા, શિલ્પશાસ્ત્ર, કામંદકી નીતિ વગેરે

તારા તથા ચારે યુગોનાં પ્રમાણ; ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અધ્યાત્મ આદિનો વિચાર; ન્યાય, શિક્ષા, ચિકિત્સા, દાન તથા પાશુપત આદિ મતોનો વિચાર; દિવ્ય જન્મ અને મનુષ્યજન્મનો વિચાર; પુણ્ય, તીર્થ, દિશા, નદી, પર્વત, વન, સાગર, દિવ્ય નગર વગેરેનાં વર્ણન તથા સર્વવ્યાપક આત્માનું વર્ણન કરેલું છે.

આ ભગવાન વ્યાસજીનું કથન વિચાર કરવા જેવું છે. મહાભારતના સ્વરૂપના એ વર્ણનમાં તેમણે "મેં કૌરવ–પાંડવોની કથા લખી છે" એમ કહ્યું નથી; પણ એવું કહ્યું છે કે, આ અપૂર્વ કાવ્યમાં આટલાં વિવિધ શાસ્ત્રોનું વર્ણન કરેલું છે. તેનું સ્પષ્ટ તાત્પર્ય એ છે કે, આ ગ્રંથમાં વિવિધ શાસ્ત્રોના સંગ્રહની વાત મુખ્ય છે, અને વિશિષ્ટ રાજાઓનાં વૃત્તાંતની વાત ગૌણ છે. અથવા એમ પણ કહી શકાય કે, કૌરવ–પાંડવોના કાવ્યમય ઈતિહાસનિમિત્તે આ મહાભારતમાં વિવિધ શાસ્ત્રોજ કહેવામાં આવ્યાં છે. જો વાચક મહાભારતનો અભ્યાસ કરતી વખતે આ મુખ્ય વાત બરાબર ધ્યાનમાં રાખશે તોજ તે અભ્યાસથી વધારેમાં વધારે લાભ મેળવી શકશે. અર્થાત્:–

(૧) મહાભારત એક અપૂર્વ કાવ્યગ્રંથ છે; (૨) કૌરવપાંડવોના ઇતિહાસનિમિત્તે તેમાં વિવિધ શાસ્ત્રોનું પણ વર્ણન છે; (૩) પૂર્વોક્ત વેદાદિ શાસ્ત્રોનો સંગ્રહ કરવો એ પણ આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ છે અને (૪) આ ઉદ્દેશને અનુસરીને તેમાં વેદાદિ શાસ્ત્રોથી માંડીને બીજાં જે જે શાસ્ત્ર મહાભારતકાળમાં મોજુદ હતાં, તેનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે.

અર્થાત્–આ ગ્રંથ વાસ્તવિક રીતે એક કાવ્યરૂપ સારગ્રંથ, વિશ્વકોષ (એનસાઇક્લોપીડિયા), સારસંગ્રહ અને સર્વશાસ્ત્રસારસંગ્રહ પણ છે. આ પ્રમાણે તેમાં બીજાં શાસ્ત્રોની સાથે સાથે ઇતિહાસ પણ છે. મહાભારત ગ્રંથની આ વિશેષતા વાચકોએ ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ. વ્યાસ ભગવાનની અન્ય પ્રતિજ્ઞા પણ અત્રે જોવા જેવી છે કેઃ–

भारत व्यपदेशेन ह्याम्नायार्थश्च दर्शितः । (શ્રી ભાગવત ૧–૪–૨૮)

અર્થાત્–ભારતને બહાને વેદનાજ અર્થ પ્રદર્શિત કરેલા છે. વળી વધારેમાં જુઓ કેઃ–

स्त्रीशूद्रद्विजबंधूनां त्रयी न श्रुतिगोचरा । कर्मश्रेयसि मूढानां श्रेय एवं भवेदिह ॥
इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् । (શ્રી ભાગવત ૧–૪–૨૫)

અર્થાત્–"સ્ત્રી, શૂદ્ર અને દ્વિજબંધુ-એટલે કે મૂઢદ્વિજ, એ લોકો વેદશ્રુતિનો અર્થ નથી સમજી શકતા; તેથી એ મૂઢ માનવોને શ્રેય (કલ્યાણ) પ્રાપ્ત કરવાનો ઉપાય મળી જાય એ હેતુથી વ્યાસમુનિએ ભારત નામનું આખ્યાન રચ્યું છે. એટલે કે જે મૂઢ મનુષ્યો પ્રત્યક્ષ વેદમંત્ર વાંચીને અર્થ નથી સમજી શકતા, તેમને વેદોક્ત સનાતન ધર્મનું જ્ઞાન આપવા માટે મહાભારતની રચના કરવામાં આવી છે; અને તેથી કરીને તેમાં ભારતની કથાના નિમિત્તે વેદનો અર્થજ પ્રકટ કરેલો છે." વળી વધારેમાં જુઓ કેઃ–

एवं जन्मानि कर्माणि ह्यकर्तुरजनस्य च । वर्णयन्ति स्म कवयो वेदगुह्यानि हृत्पतेः ॥
(શ્રી ભાગવત ૧–૪–૩૫)

અર્થાત્–અકર્તા અજન્મા આત્માનાં કર્મ અને જન્મ કે જે વેદમાં ગુપ્ત રહેલાં છે, તેનુંજ કવિજનો કથાઓને બહાને વર્ણન કરે છે.

ઇત્યાદિ પ્રકારે (૧) અજન્મા અને અકર્તા આત્માનાં જન્મ અને કર્મોનાં વૃત્તાંત વિવિધ કથાઓમાં જોવામાં આવે છે, તે ગુપ્ત રીતે વેદમંત્રોમાં છે. (૨) આ વેદનાં તત્ત્વના અલંકારોમાં ફેરફાર કરીને અજ્ઞાન લોકોને સારી રીતે જ્ઞાન આપવા માટે કથાઓની રચના વિવિધ પ્રકારે

કરવામાં આવેલી છે. (૩) તાત્પર્ય એ છે કે, વેદનાજ અર્થ ભારતમાં કથાઓને બહાને બતાવ્યા છે.

પૂર્વોક્ત મહાભારતના વર્ણનમાં પણ "વેદ વગેરે શાસ્ત્રોના તત્ત્વનો વિચાર આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે" એ વાત આવી ગયેલી છે, તેનું અનુસંધાન અહીં કરવું જોઇએ. અસ્તુ. આ રીતે વેદનો આશય તથા અન્યાન્ય શાસ્ત્રો અને મત-મતાંતરોનો સાર આ મહાભારતમાં છે, એ વાત અહીં સ્પષ્ટ થઇ જાય છે.

વાંચનાર જો મહાભારતને મનનપૂર્વક વાંચશે, તો તેને સેંકડો વિદ્યાઓ અને શાસ્ત્રોના સાર સ્થળે સ્થળે દેખાઇ આવશે. કોઇ ને કોઈ કથાનું મિષ આગળ કરીને તેમાં કોઇ ને કોઇ શાસ્ત્રનો સાર બતાવેલો છે. આ પ્રમાણે **જેમાં કાવ્યમય ઇતિહાસ અને આટલાં બધાં વિવિધ શાસ્ત્રોનો સંગ્રહ એકત્ર કરવામાં આવ્યો હોય એવો આ એકજ અપૂર્વ ગ્રંથ છે; કેમકે તેની તુલના બીજા કોઈપણ મનુષ્યરચિત ગ્રંથ સાથે થઈજ શકે તેમ નથી.** જે સમયે આ અપૂર્વ ગ્રંથ રચાયો હતો, તે સમયે પણ તેની અપૂર્વતાનો અનુભવ વિદ્વાનોએ યોગ્ય રીતે કરેલો હતો. જુઓઃ-

अज्ञानतिमिरांधस्य लोकस्य तु विचेष्टतः । ज्ञानाञ्जनशलाकाभिर्नेत्रोन्मीलनकारकम् ॥
धर्मार्थकाममोक्षार्थैः समासव्यासकीर्तनैः । तथा भारतसूर्येण नृणां विनिहितं तमः ॥
पुराणपूर्णचन्द्रेण श्रुतिज्योत्स्नाः प्रकाशिताः । नृबुद्धिकैरवाणां च कृतमेतत्प्रकाशनम् ॥
इतिहासप्रदीपेन मोहावरणघातिना । लोकगर्भगृहं कृत्स्नं यथावत्संप्रकाशितम् ॥

(મહાભારત, આદિપર્વ અ० ૧, શ્લોક ૮૪-૮૫-૮૬-૮૭)

અર્થાત્-અજ્ઞાની લોકોનું અજ્ઞાન દૂર કરીને આ મહાભારતરૂપી અંજનવડે જનતાનું જ્ઞાનનેત્ર ખોલી દેવામાં આવ્યું છે! એમાં વ્યાસે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને વિસ્તારપૂર્વક તેમ સંક્ષેપમાં પણ વર્ણવેલા હોવાથી તે ભારતરૂપી સૂર્યે માનવોનો અંધકાર દૂર કર્યો છે. પુરાણરૂપી પૂર્ણચંદ્રના ઉદયથી-એટલે કે ભારતગ્રંથરૂપી ચંદ્રનો ઉદય થવાથીજ શ્રુતિરૂપી ચાંદની પ્રગટ થઈ અને મનુષ્યોની બુદ્ધિરૂપી કમળો પ્રસન્ન થઇ ગયાં! મોહરૂપી આવરણનો નાશ કરનારા આ મહાભારતરૂપી ઇતિહાસપ્રદીપથી મનુષ્યોના આંતરિક હૃદયમંદિરમાં અત્યંત ઉત્તમ પ્રકાશ પડી ચૂક્યો છે.

આ મહાભારતવિષેનું વર્ણન કંઇ અતિશયોક્તિભર્યું નથી. મહાભારતમાં સર્વ શાસ્ત્રોનો સાર હોવાથી અનેક શાસ્ત્રોના અધ્યયનનું કામ આ એક મહાભારતથી પણ થઇ શકે છે, એટલે તે જોતાં ઉપલું વર્ણન તદ્દન વાસ્તવિક છે. વળી પણ જુઓ કેઃ-

एकतश्चतुरो वेदा भारतं चैतदेकतः । पुरा किल सुरैः सर्वैः समेत्य तुलया धृतम् ॥
चतुर्भ्यः सरहस्येभ्यो वेदेभ्यो ह्यधिकं यदा । तदा प्रभृति लोकेऽस्मिन्महाभारतमुच्यते ॥
महत्त्वे च गुरुत्वे च ध्रियमाणं यतोऽधिकम् । महत्त्वाद्भारवत्त्वाच्च महाभारतमुच्यते ॥

(મહાભારત-આદિ० અ० ૧, શ્લોક ૨૭૧-૭૨-૭૩)

અર્થાત્-"પ્રાચીનકાળમાં સર્વે દેવતાઓએ એકઠા થઇને ત્રાજવાંની એક બાજુએ ચારે વેદ અને બીજી બાજુએ મહાભારતને મૂકીને જોખતાં રહસ્યસહિત ચારે વેદો કરતાં મહાભારત ભારે થયું હતું! તે દિવસથી લોકો તેને મહાભારત કહેવા લાગ્યા; કેમકે તે ભારેપણામાં તેમજ ગુરુપણામાં સર્વશ્રેષ્ઠ છે."

ચારે વેદોની મળીને મંત્રસંખ્યા લગભગ વીસહજાર છે; અને આની શ્લોકસંખ્યા એક લાખની છે. અર્થાત્ શ્લોકસંખ્યામાં વેદોથી મહાભારત પાંચગણું મોટું છે અને તેથી તે વજનમાં પણ પાંચગણું હોવાનો સંભવ છે. આ ઉપરથી કોઇએ એમ ન સમજવું કે, તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વેદો કરતાં મહાભારત શ્રેષ્ઠ છે. ઉપરના વર્ણનનું તાત્પર્ય એવું નથી. એ

વર્ણનમાં તો 'આકાર અને વજન'નીજ તુલના કરવામાં આવી છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વેદોનું મહત્ત્વ આજ મહાભારતમાં બીજી જગ્યાએ વર્ણવેલું છે, તેથી વજનની દૃષ્ટિએજ ઉપરનું વર્ણન જોવાનું છે. એમાં બીજી પણ વાત વિચારવા જેવી છે. તે એ છે કે, વેદ અને ઉપનિષદ્ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ અત્યંત શ્રેષ્ઠ ગ્રંથ છે, પરંતુ તેને યથાર્થરીતે સમજનારા વિદ્વાનો હજારોમાં એકાદ બેજ હશે; પણ મહાભારતની કથાઓમાંથી બોધ લઇને સુજ્ઞ થયેલા માણસો અનેક મળી આવે છે. કેમકે તેમાં જે ધર્મશાસ્ત્રના વિષયનું પ્રતિપાદન કરેલું છે; તે અજ્ઞાની લોકો પણ સમજી શકે એવી સુગમ રીતે કરેલું છે. આ પ્રકારે એમાં ઇતિહાસની સાથે ધર્મતત્ત્વોનો બોધ પણ મળેલો હોવાથી **મહાભારત વાંચવાથી નિઃસંદેહ વાચકોની અંદર "વ્યવહાર-ચાતુર્ય" આવી શકે છે.** એ વિષે જુઓ કેઃ-

यो विद्याच्चतुरो वेदान्सांगोपनिषदो द्विजः । न चाख्यानमिदं विद्यान्नैव स स्याद्विचक्षणः ॥
अर्थशास्त्रमिदं प्रोक्तं धर्मशास्त्रमिदं महत् । कामशास्त्रमिदं प्रोक्तं व्यासेनाऽमितबुद्धिना ॥
श्रुत्वा त्विदमुपाख्यानं श्राव्यमन्यन्न रोचते । पुंस्कोकिलगिरं श्रुत्वा रूक्षा ध्वांक्षस्य वागिव ॥
अनाश्रित्येदमाख्यानं कथा भुवि न विद्यते । आहारमनपाश्रित्य शरीरस्येव धारणम् ॥

(મહાભારત-આદિ૦ અ૦ ૨, શ્લોક ૩૮૨-૮૩-૮૪-૮૮)

અર્થાતઃ-જે વિદ્વાન અંગોસહિત ચારે વેદ અને સંપૂર્ણ ઉપનિષદ્ જાણે છે, પરંતુ મહાભારતનું જેણે અધ્યયન નથી કર્યું તે વિચક્ષણ અર્થાત્ ચતુર નથી ગણાતો. અપાર બુદ્ધિવાળા વ્યાસદેવજીએ આ મહાભારત અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રતરીકે રચેલું છે. જેમ કોયલનો મધુર અવાજ સાંભળ્યા પછી કોઇ કાગડાનો અવાજ સાંભળવા ઇચ્છતું નથી, તેમ મહાભારત કથાનું શ્રવણ કર્યા પછી મનુષ્યને બીજી કથા સાંભળવાની ઇચ્છા થતી નથી. જેમ ખાનપાનના આશ્રયવિના શરીર ધારણ કરી શકાતું નથી, તેમ મહાભારતના આધારવિનાનું કોઇ ઉપાખ્યાન બનેલું જણાતું નથી.

આ વર્ણન ઉપરથી પણ મહાભારતનું મહત્ત્વ તરતજ ધ્યાનમાં આવી શકે તેમ છે. વેદ અને ઉપનિષદ્ અવશ્ય તત્ત્વજ્ઞાનના ગ્રંથો છે, અને તેના પણ વાચન-મનનથી માણસ જ્ઞાનસંપન્ન થાય છે; **પરંતુ ચતુરાઈ પ્રાપ્ત કરવામાટે તો એવાજ પુરુષોનો ઇતિહાસ વાંચવો જોઇએ કે જેમણે વેદો અને ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન પોતાના જીવનમાં ઉતાર્યું હોય, અને એ તત્ત્વજ્ઞાન મુજબનું જીવન ગાળવાને અંગે જેમણે વિરોધીઓ સાથે વિવિધ પ્રકારનાં યુદ્ધ ખેલ્યાં હોય.** "સત્યધર્મનું પાલન કરવું જોઇએ" એવી જે વેદો અને ઉપનિષદોની આજ્ઞા છે, તેનું પાલન ધર્મરાજા અને હરિશ્ચંદ્રે કરી બતાવ્યું છે; અને વિરોધીઓ સાથે સત્યાગ્રહ કરીને પોતાનો અને સત્યનો વિજયડંકો જગતભરમાં બજાવ્યો છે. માટે(૧) **વેદની આજ્ઞાઓનો અને (૨) તેનું પાલન કરનારા સત્પુરુષોનાં જીવનચરિત્રોનો, એમ બન્ને બાબતોનો ઠીક ઠીક બોધ-પરિચય-હોય, તોજ માણસ ચતુર બની શકે છે.** એજ વાત નીચેના શ્લોકમાં કહેલી છેઃ-

इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् । बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रतरिष्यति ॥

(મહા૦ આદિ૦ અ૦ ૧, ૨૬૭)

અર્થાત્-ઇતિહાસો અને પુરાણોથી વેદના અર્થ પ્રકાશિત કરવા જોઇએ; કેમકે અલ્પ-શ્રુત-અલ્પજ્ઞ માણસથી વેદને ભય રહે છે કે તે મારો દુરુપયોગ કરશે.+

+ વેદ, શ્રુતિઓ અને ધર્મશાસ્ત્રોનો અત્યારે ભક્તિયોગ અને જ્ઞાનયોગને બહાને કેવો દુરુપયોગ થઇ રહ્યો છે અને વામમાર્ગ જેવું પણ ચાલી રહ્યું છે, તે સમજુ વાચકોથી અજ્ઞાત નથી. બધી બરબાદીનો ઉપાય ખાદી દર્શાવવામાં કેવી અલ્પજ્ઞતા કે બડેખાંપણું અથવા તો લોકકીર્તિ ટકાવવાનાં ફાંફાં રહેલાં છે, તે પણ સ્પષ્ટ છે. **ભિક્ષુ-અખંડાનંદ**

આનું પણ એજ તાત્પર્ય છે કે, ઇતિહાસ અને પુરાણગ્રંથોમાં એવી કથાઓ છે કે જે વેદનાજ અર્થ દર્શાવવાવાળી છે. હકીકત આવી હોવાથી વેદના સાચા અર્થ જાણવામાટે ઇતિહાસો અને પુરાણોની કથાઓ જાણવી અત્યંત આવશ્યક છે; અથવા એમ પણ કહી શકાય કે, વેદના સાચા અર્થ જાણવાનાં અનેક સાધનોમાં "વેદના મૂળમંત્રો સાથે પૌરાણિક અને ઐતિહાસિક કથાઓની તુલના કરવી " એ પણ એક (ખાસ મહત્ત્વનું) સાધન છે.

આ લેખમાળામાં અમે આગળ બતાવીશું કે, આ તુલના કેવી રીતે થઇ શકે તેમ છે અને તેથી સાચા અર્થ શોધવામાં કયી રીતે તથા કેવા સ્વરૂપમાં મદદ મળી શકે તેમ છે.

મનુષ્યે ચાર પુરુષાર્થ કરવા જરૂરના છે તથા તે ચારે પુરુષાર્થોની સિદ્ધિ બતાવનારા ઉપદેશ આ મહાભારતમાં વ્યાસદેવજીએ આપ્યા છે; તથા ઉપરના શ્લોકોમાં એથી પણ વધારે સ્પષ્ટ રૂપમાં કહેલું છે કે, મહાભારતમાં જે કથાઓ છે તેજ બીજે છે અને બીજા કોઇ પણ માનવકૃત ગ્રંથમાં એવી કોઇપણ કથા નથી કે જે મહાભારતની કથાનો આશ્રય લીધાસિવાય રચાઇ હોય. આનું સ્પષ્ટ તાત્પર્ય એજ છે કે, આ મહાભારત ગ્રંથ તે સમયનાં સર્વ શાસ્ત્રો અને વિવિધ ગ્રંથોનો એક પ્રકારનો "સારસંગ્રહ ગ્રંથ" છે; અને તેની રચનામાં સંપાદક અથવા લેખકે એવી યોજના કરી છે કે, તેમના સમયના સઘળા ગ્રંથોનું સારભૂત તત્ત્વજ્ઞાન તેમાં એકઠું થઈ જાય; તથા એવો કોઇપણ ગ્રંથ ન રહે કે જેનું સારભૂત તત્ત્વજ્ઞાન આમાં ન આવ્યું હોય. મહાભારતમાં આ પ્રકારની યોજના હોવાથી અને તેમાં તે સમયના સઘળા ગ્રંથોનો સાર આવી જતો હોવાથીજ કહેવાય છે કેઃ—"**व्यासोच्छिष्टं जगत् सर्वम्** । સમસ્ત જગત વ્યાસજીનું ઉચ્છિષ્ટજ છે"—અર્થાત્ સઘળા ગ્રંથો વ્યાસજીના ઉચ્છિષ્ટજ છે; કેમકે એવો એક પણ ગ્રંથ એ સમયે ન હતો કે જેને ભગવાન વ્યાસે ચાખ્યો ન હોય અને તેનો રસ પોતાના ગ્રંથમાં ઉતાર્યો ન હોય. આ રીતે વિચાર કરવાથી વાચકોને સમજાશે કે, કૌરવ—પાંડવના ઇતિહાસ ઉપરાંત પણ મહાભારતની ઉપયોગિતા બહુજ છે; અને તે ઉપયોગિતા, આ ગ્રંથ એનસાઇકલોપીડિયા અથવા સારસંગ્રહ હોવામાં છે. આજકાલના સારસંગ્રહ ગ્રંથો અને મહાભારતમાં ફેર એ છે કે, આધુનિક સારસંગ્રહ આદિથી અંતસુધી વાંચી શકાતા નથી અને આ ગ્રંથ તો રસથી ભરચક હોવાથી આનંદપૂર્વક વાંચી—સાંભળી શકાય છે.

કૌરવ—પાંડવોનો ઇતિહાસ આપતાં આપતાં વિવિધ શાસ્ત્રો અને ગ્રંથોના સાર એવી યુક્તિપૂર્વક તેમાં આપેલા છે, કે ગ્રંથ વાંચતાં વાંચતાં બીજાં પણ વિવિધ શાસ્ત્રોનો સાર, ઇરાદો કર્યાવિના પણ વાંચનારના ધ્યાનપર આવી જઇને, તે તે શાસ્ત્રોનાં રહસ્યોના પરિચયમાં તે આવી જાય છે ! વાંચનાર આ બાબતનો વિચાર જરૂર કરે અને તે ઉપરથીજ મહાભારતની કિંમત આંકવાનો પ્રયત્ન કરે.

આ મહાભારતમાં કયી કથાઓ સત્ય છે; કયી કથાઓ અલંકારરૂપ—અર્થાત્ કલ્પિત છે; બીજાં કયાં કયાં તત્ત્વો સત્ય છે અને કયાં કયાં તત્ત્વો અર્વાચીન વૈજ્ઞાનિક દષ્ટિએ ખોટાં છે, તેનો પણ વિચાર ક્રમશઃ આગળ કરવામાં આવશે. આ લેખમાં તો એટલુંજ બતાવવું છે કે, આ ગ્રંથ "સારસંગ્રહ ગ્રંથ" હોવા ઉપરાંત ઇતિહાસની દષ્ટિએ પણ તેનું ઘણુંજ મહત્ત્વ છે. પાંડવોના સમયના આર્યોની સામાજિક, રાષ્ટ્રીય તથા આર્થિક સ્થિતિ કેવી હતી, તેનું ચોક્કસ જ્ઞાન આ ગ્રંથ વાંચવાથી થાય છે. જે સમયે માણસોને કુટુંબનાં બંધન ન હતાં, ત્યારથી માંડીને ઠેઠ પાંડવોના સમયસુધીનો સામાજિક ઉન્નતિનો ઇતિહાસ મહાભારતમાં છે. અર્થાત્ ઓછામાં ઓછાં વીસહજાર વર્ષોનો સામાજિક ઉત્ક્રાંતિનો ઇતિહાસ—એટલે કે મનુષ્યોની ઉત્ક્રાંતિનો ઇતિહાસ—તેમાં છે. આટલા વિસ્તૃત સમયનો ઇતિહાસ બીજા કોઇ પણ ગ્રંથમાં નથીજ.

એ સિવાય ધર્મરાજાની ધર્મનિષ્ઠા અને સત્યનિષ્ઠા; ભીમસેનની શક્તિ અને સરળ વૃત્તિ; અર્જુનનું અદ્ભુત પરાક્રમ; નકુળ-સહદેવની બંધુપ્રીતિ; દ્રૌપદી, ગાંધારી વગેરે આર્ય સ્ત્રીઓનું અદ્ભુત ચરિત્ર; શ્રીકૃષ્ણ ભગવાનનું રાજનીતિકૌશલ્ય; ભીષ્મપિતામહનું અખંડ બ્રહ્મચર્ય અને ધર્મજ્ઞાન; ધૃતરાષ્ટ્રનો પુત્રપ્રેમ; દુર્યોધનની સામ્રાજ્ય વધારવાની પ્રબળ ઇચ્છા; કર્ણનું ઔદાર્ય અને સ્વાભિમાન ઇત્યાદિ **મહાભારતીય પુરુષોના સ્વભાવસિદ્ધ ગુણોનું જે પ્રતિબિંબ વાચકોના મન ઉપર પડે છે, અને તેથી મનુષ્યોના સ્વભાવમાં જે અદ્ભુત ઉચ્ચતા** પ્રકટે છે-જાગે છે-આવે છે, તે પણ કોઈ વિલક્ષણજ મહત્ત્વ ધરાવે છે.

તાત્પર્ય એ છે કે, અનેક દૃષ્ટિએ જોતાં છતાંયે મહાભારતના વાચન-શ્રવણથી અત્યંત લાભ થવો સ્વાભાવિક છે; અને તેથીજ વાચકોને અમે નિવેદન કરીએ છીએ કે, **તેઓ આ ગ્રંથનું વાચન અને મનન અવશ્ય કરે. તે પોતે પણ તેમાંથી સારીપેઠે બોધ લે તથા પોતાનાં બાળબચ્ચાંના પણ અંતઃકરણમાં તેના સંસ્કાર સારી પેઠે પાડે.**

હવે આખી લેખમાળામાં મહાભારતની કથાના બીજા પ્રસંગોવિષે અનુક્રમે વિચાર કરાશે અને તે વિચારોમાં વેદમંત્રોની સાથે મહાભારત કથાની તુલના વિવિધ પ્રકારથી થશે.

૩-મહાભારત રચનાર ભગવાન શ્રી વેદવ્યાસ

એ તો સુપ્રસિદ્ધ ઐતિહાસિક વાત છે કે, મહાભારતના રચનાર ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસજી છે; પરંતુ અહીં અમારી સમક્ષ એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, હાલના સમયમાં જે મહાભારત મળે છે, તે બધુંયે વેદવ્યાસજીનું બનાવેલું છે કે નહિ? આ વિષયનો નિર્ણય કરવામાં નીચે લખેલું આશ્વલાયન ગૃહ્યસૂત્ર બહુજ ઉપયોગી છે.

सुमंतु-जैमिनि-वैशम्पायन-पैल-सूत्र-भाष्य-भारत-महाभारत-धर्माचार्याः। (આશ્વ૦ગૃહ્ય૦ ૩,૪)

આમાં (૧) "ભારતાચાર્ય" અને (૨) "મહાભારતાચાર્ય" એ બે આચાર્યોનો ઉલ્લેખ છે. આ આશ્વલાયન સૂત્રકારના મત પ્રમાણે સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે, "ભારત" અને "મહાભારત" એ બે ગ્રંથ છે; અને તેમના લેખક આચાર્યો પણ જૂદા જૂદા છે. ભારત અને મહાભારત એ શબ્દોના અર્થથીજ જણાય છે કે, "ભારત" નામનો ગ્રંથ આકારમાં નાનો અને "મહાભારત" ગ્રંથ આકારમાં મોટો હતો-અર્થાત્ પહેલામાં શ્લોકસંખ્યા થોડી અને બીજામાં શ્લોકસંખ્યા વધારે હોવી સ્વાભાવિક છે.

આશ્વલાયનના સમયમાં "ભારત અને મહાભારત" નામના બે ઇતિહાસગ્રંથ હતા અને ઉપલા નામના બે ઇતિહાસલેખક આચાર્યોનું માન હતું. આથી એ નિઃસંશય વાત છે કે, 'ભારત' ગ્રંથના રચનાર અને 'મહાભારત' ગ્રંથના રચનાર બન્ને જૂદા જૂદા આચાર્ય છે. પહેલો 'ભારત' ગ્રંથ હતો, તેનો પાછળથી 'મહાભારત' ગ્રંથ થઈ ગયો. હવે આ વિષે મહાભારતની પણ સાક્ષી જોવી યોગ્ય છે.

वासुदेवस्य माहात्म्यं पांडवानां च सत्यताम् । दुर्वृत्तं धार्तराष्ट्राणामुक्तवान् भगवानृषिः ॥
इदं शतसहस्रं तु श्लोकानां पुण्यकर्मणाम् । उपाख्यानैः सह ज्ञेयमाद्यं भारतमुत्तमम् ॥
चतुर्विंशति साहस्रीं चक्रे भारतसंहिताम् । उपाख्यानैर्विना तावद्भारतं प्रोच्यते बुधैः ॥
(મહા૦ આદિ૦ અ૦ ૧, શ્લોક ૧૦૦ થી ૧૦૨)

અર્થાત્-આમાં શ્રીકૃષ્ણનું માહાત્મ્ય, પાંડવોની **સત્યનિષ્ઠા અને ધૃતરાષ્ટ્રપુત્રોની દુષ્ટતાનું વર્ણન કરેલું છે.** ભગવાન **વેદવ્યાસ ઋષિએ પુણ્યકર્મ** કરનારાઓનાં ઉપાખ્યાનોસહિત **એક લાખ શ્લોકોનો જે ગ્રંથ બનાવ્યો, તે આ મૂળ મહાભારત છે;** અને ત્યારબાદ **ચોવીસ હજાર શ્લોકોનો ગ્રંથ ઉપાખ્યાનો છોડી દઈને બનાવ્યો, તેનું** નામ "ભારતસંહિતા" **છે.**

ततोऽध्यर्धशतं भूयः संक्षेपं कृतवानृषिः । अनुक्रमणिकाध्यायं वृत्तान्तानां सपर्वणाम् ॥
(મહા૦ આદિ૦ અ૦ ૧, શ્લોક ૧૦૫)

અર્થાત્–પાછળથી વેદવ્યાસજીએ સઘળાં પર્વ અને વૃત્તાંતોને ટુંકાવીને દોઢસો શ્લોકોમાં અનુક્રમણિકાધ્યાય રચ્યો. આ કથનનું તાત્પર્ય એ છે કેઃ–

(૧) મૂળ ભારત અથવા ઉપાખ્યાનોસહિત મહાભારતમાં ૧૦૦,૦૦૦ શ્લોક છે.

(૨) ભારત અથવા ઉપાખ્યાનોસિવાયના ભારતગ્રંથમાં ૨૪૦૦૦ શ્લોક છે.

(૩) સંક્ષિપ્ત ભારત અથવા અનુક્રમણિકાધ્યાયમાં ૧૫૦ શ્લોક છે.

આ રીતે પહેલો ગ્રંથ આદિભારત કિંવા મહાભારત; ત્યારબાદ બીજો ગ્રંથ ભારત; તે પછી ત્રીજો ગ્રંથ સંક્ષિપ્ત ભારત. આ ત્રણે ગ્રંથ એકજ વ્યાસદેવજીએ લખ્યા છે, એવું મહાભારતના પ્રથમ અધ્યાયમાં લખ્યું છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રના કહેવા પ્રમાણે આમાં વિરોધ છે. એ વિષે સૂત્રમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે, એક 'ભારતાચાર્ય' છે અને બીજા 'મહાભારતાચાર્ય' છે. પહેલા આચાર્યે 'ભારતસંહિતા' લખી અને બીજા આચાર્યે તેનો 'મહાભારત ગ્રંથ' બનાવી દીધો. આશ્વલાયન સૂત્રમાં જે નામ આવે છે, તે કાલાનુરૂપ ક્રમથીજ આવે છે–અર્થાત્ પૂર્વકાળનાં નામ પ્રથમ અને પછીના કાળનાં નામ પાછળથી આવે છે. જેથી "ભારતાચાર્ય" પ્રાચીન અને "મહાભારતાચાર્ય" અર્વાચીન, એમ સ્પષ્ટ રીતે સાબીત થાય છે; પરંતુ મહાભારતના પૂર્વોક્ત શ્લોકોમાં તો આથી ઉલટુંજ કહ્યું છે. પહેલું 'આદ્યમહાભારત', પછી 'ભારતસંહિતા' અને ત્યારબાદ 'સંક્ષિપ્ત ભારત;' પણ આ પ્રકારનું કથન ભગવાન વ્યાસનું લખેલું નહિ હોવાથી પ્રમાણવાક્ય નથી. તેથી આશ્વલાયનના આચાર્ય તર્પણનું સૂત્ર અધિક પ્રમાણભૂત છે, કેમકે તે આશ્વલાયનના સમયની પરંપરાથી ઉતરી આવેલું છે. હવે તેનો વધુ નિર્ણય કરવા પહેલાં અમે એક બીજી વાતનો અત્રે નિર્ણય કરીએ છીએ.

षष्टिं शतसहस्राणि चकाराऽन्यां स संहिताम् ॥
त्रिंशच्छतसहस्रं च देवलोके प्रतिष्ठितम् । पित्र्ये पंचदश प्रोक्तं गंधर्वेषु चतुर्दश ॥
एकं शतसहस्रं तु मानुषेषु प्रतिष्ठितम् । नारदोऽश्रावयद्देवानसितो देवलः पितॄन् ॥
गंधर्वयक्षरक्षांसि श्रावयामास वै शुकः । अस्मिंस्तु मानुषे लोके वैशंपायन उक्तवान् ॥
(મહા૦ આદિ૦ અ૦ ૧, શ્લોક ૧૦૫ થી ૧૦૮)

અર્થાત્ (૧) સાઠલાખ શ્લોકોની બીજી એક સંહિતા તેમણે રચી હતી, (૨) તેના ત્રીસલાખ શ્લોક દેવલોકમાં (૩) પંદરલાખ પિતૃલોકમાં (૪) ચૌદલાખ ગંધર્વલોકમાં અને (૫) એકલાખ મનુષ્યલોકમાં રહ્યા છે. નારદજીએ દેવોના રાજ્યમાં; અસિત-દેવલે પિતૃઓના દેશમાં; શુકદેવે ગંધર્વ, યક્ષ અને રાક્ષસોના દેશમાં અને વૈશંપાયને આ મનુષ્યલોકમાં એ શ્લોકો કહ્યા હતા.

સંભવ છે કે ઉપલા શ્લોકો ભારતની પ્રશંસા કરવા માટે પણ લખવામાં આવ્યા હોય; પરંતુ તેમાં કોઈ ઐતિહાસિક સત્ય હશે તો તેનું તાત્પર્ય એ છે કે, ઉપલા ચાર દેશોમાં ચાર આચાર્યોએ મહાભારતનું સંપાદન-કાર્ય કર્યું હતું. (૧) પહેલાં વ્યાસદેવજીએ એ ભારતસંહિતા રચી હતી. (૨) તેનાં ઉપાખ્યાનો સાથે વૈશંપાયને એક લાખ શ્લોકોનો ગ્રંથ બનાવીને જનમેજય રાજાને સંભળાવ્યો, તેને બીજું સંપાદન ગણીએ. (૩) તેનેજ ચૌદલાખ શ્લોકોમાં વધારીને શુકાચાર્યે ગંધર્વ, યક્ષ અને રાક્ષસોના દેશમાં ત્રીજી આવૃત્તિનું સંપાદન કર્યું. (૪) એમાં વળી એકલાખ વધુ શ્લોકો મેળવીને પંદરલાખ શ્લોકોની ચોથી આવૃત્તિ બનાવીને અસિત-દેવલઋષિએ પિતૃઓના દેશમાં પ્રસિદ્ધ કરી. (૫) અને દેવર્ષિ નારદે તેનેજ ત્રીસલાખ શ્લોકોમાં બનાવીને દેવલોકમાં પાંચમી આવૃત્તિરૂપે પ્રસિદ્ધ કરી.

તિબેટ એ દેવલોક છે. પિતૃલોક માનસરોવર અને કૈલાસની આસપાસ છે. હિમાલય-નો ઢાળાવ એ ગંધર્વલોક છે. તેની નીચે યક્ષલોક, પશ્ચિમદિશામાં રાક્ષસલોક અને આ ભારતવર્ષમાં મનુષ્યલોક છે. અહીં 'લોક' શબ્દ દેશવાચક અથવા તો રાષ્ટ્રવાચક છે.

મૂળ વ્યાસનું ભારત તો ઉપાખ્યાનોસિવાય જેટલું હતું તેટલુંજ છે. તે ચોવીસહજાર શ્લોકોનો ગ્રંથ છે. તેમાં ઉપાખ્યાનોની ભરતી થવાથી તેનુંજ લાખ શ્લોકોનું મહાભારત બન્યું અને તેમાં વધારે વધારે ઉપાખ્યાનો ઉમેરાવાથી પૂર્વોક્ત પાંચ સંસ્કરણરૂપે આ ગ્રંથ વધતાં વધતાં બહુજ વધી ગયો. હાલમાં તો વ્યાસકૃત "ભારતસંહિતા" કયાંય પણ મળતી નથી; અને શુક, અસિત–દેવલ અને નારદજીએ સંપાદન કરેલા ગ્રંથો પણ મળી શકતા નથી. સાંપ્રતમાં તો એકલાખ શ્લોકોવાળોજ ગ્રંથ મળી શકે છે. હવે જોવું એ જોઈએ કે, આ જે એકલાખ શ્લોકવાળો ગ્રંથ છે તે કોણે રચેલો છે?

જો વ્યાસજીજ ભારતના મૂળ રચનાર છે, તો તેમનું નામ આશ્વલાયનના કથન પ્રમાણે "ભારતાચાર્ય"જ છે. ઉપાખ્યાનોસિવાયની ચોવીસહજાર શ્લોકોની ભારતસંહિતા તેમણેજ રચેલી છે એવું આથી સ્પષ્ટ થાય છે. ઉપાખ્યાનો મેળવીને એજ ભારતસંહિતાનું "મહાભારત" થઇ ગયું; તથા તેમાં પણ ઉપર કહેલા દેશોની વિવિધ કથાઓ મેળવીને ઉપર કહેલા અન્યાન્ય ગ્રંથો સંપાદિત થયા. વ્યાસકૃત મૂળ "ભારતસંહિતા" સાથે તે ગ્રંથોનો સંબંધ નથી. તેનાં પ્રમાણ જુઓઃ–

मन्वादि भारतं केचिदास्तीकादि तथापरे । तथोपरिचराद्यन्ये विप्राः सम्यगधीयते ॥५२॥
(મ૦ભા૦ આદિ૦ અ૦ ૧)

અર્થાત્ (૧) કોઇ કોઇ તો "नारायणं नमस्कृत्य" એ શ્લોકથીજ (એટલેકે આદિપર્વના શ્લોક પહેલાથીજ) મહાભારતની શરૂઆત માને છે. (૨) કોઇ કોઇ આસ્તીકપર્વ (આદિપર્વ-અ૦ ૧૩)થી મહાભારતની શરૂઆત માને છે; અને (૩) કોઇ કોઈ તો ઉપરિચર રાજાની કથા (આદિપર્વ–અધ્યાય ૬૩) થી મહાભારતનો આરંભ માને છે.

પરંતુ ઉપલા શ્લોકો વ્યાસમુનિના લખેલા ન હોઇ શકે; કેમકે લેખક જાતેજ "પોતાના ગ્રંથની શરૂઆત ત્રણ સ્થળેથી લોકો માને છે" એવું કદાપિ ન લખી શકે. જો આ પહેલો અધ્યાય વ્યાસેજ લખેલો હોત તો મહાભારતની શરૂઆતનાં સ્થળોવિષેનો મતભેદ તેઓ કદાપિ ન લખત; પરંતુ મહાભારતની શરૂઆતવિષે જે શ્લોકોમાં સંદેહ બતાવેલો છે, તે છેલ્લાજ મહાભારતમાં છે. આથી સ્પષ્ટ થાય છે કે, મહાભારતના શરૂઆતના અધ્યાય પાછળથી લખીને કોઈએ ગોઠવેલા છે: અને એજ કારણથી ઉપર આવેલા શ્લોક (આદિપર્વ–અ૦ ૧ શ્લોક ૧૦૦ થી ૧૦૭ સુધી) કે જેમાં "એક લાખ શ્લોકોનું આદ્યમહાભારત વ્યાસે લખ્યું હતું" ઇત્યાદિ બાબતો પણ આધુનિક લેખકનીજ લખેલી જણાય છે. એ શ્લોકોમાં જે મહાભારતનાં ત્રણ પ્રારંભસ્થાન કહેલાં છે, તે નીચે પ્રમાણે છેઃ—

પ્રારંભ	પહેલો	આદિપર્વના	અધ્યાય પહેલાના શ્લોક પહેલાથી
,,	બીજો	,,	અધ્યાય ૧૩ માથી
,,	ત્રીજો	,,	અધ્યાય ૬૩ માથી

જે મહાભારત આપણી પાસે આ સમયમાં છે, તે જે સમયમાં રચાયું તે સમયે પણ મહાભારતના પ્રારંભિક શ્લોકોવિષે આટલો મતભેદ હતો!! પરંતુ પ્રથમ અધ્યાયનો લેખક દગલબાજ ન હતો, તેથી તેણે તેના સમયમાં જે મતભેદ હતો, તે જેમનો તેમજ લખેલો છે. જો આજકાલના લેખકો જેવું સ્વમતનું દુરાભિમાન તેનામાં હોત તો તે ત્રણ પ્રારંભિક

સ્થળોનો ઉલ્લેખજ કરત નહિ. તેની આ વિશ્વાસપાત્રતા ઉપરથી હાલના લોકો પણ પુષ્કળ બોધ લઇ શકે તેમ છે.

હવે એ ત્રણે પ્રારંભોનો પરસ્પર સંબંધ શું છે, તે જાણવું જોઇએ; અને તે માટે કથાની રચના કેવી રીતે થઇ તે પણ જોવું આવશ્યક છે. જેમકેઃ—

(૧) પ્રથમ વ્યાસમુનિએ જે ભારતસંહિતા રચી તે ગણેશજીએ લખી તથા વ્યાસજી-એજ તે વૈશંપાયન વગેરે શિષ્યોને ભણાવી.

(૨) એજ કથા સર્પયજ્ઞમાં વ્યાસશિષ્ય વૈશંપાયને રાજા જનમેજયને સંભળાવી અને તેજ સત્રમાં ઉગ્રશ્રવા સૂતે પણ તે સાંભળી.

(૩) એજ કથા નૈમિષારણ્યનિવાસી શૌનકાદિ ઋષિઓને ઉગ્રશ્રવા સૂતે સંભળાવી.

આ પ્રમાણે એકજ ભારતકથા ત્રણે સ્થળે કહેવાઈ. કહેતી વખતે શ્રવણ કરનારાઓ જે જે શંકાઓ વચ્ચે વચ્ચે પૂછતા હતા, તેના જવાબ આપવા પણ જરૂરી હતા; એટલે પ્રત્યેક કથાશ્રવણ વખતે ગ્રંથવિસ્તાર વધતોજ ગયો.

વાસ્તવિક રીતે એ ત્રણે સંપાદકોએ આ ગ્રંથનું સંપાદન કર્યું, એમજ માનવું જોઇએ. (૧) પહેલી વખત વ્યાસદેવજીએ "ભારતસંહિતા" રચી. (૨) તેનુંજ બીજી વાર સંપાદન વૈશંપાયને કર્યું; અને તેનુંજ (૩) ત્રીજું સંપાદન ઉગ્રશ્રવા સૂતે કર્યું. એજ આ બધાનું તાત્પર્ય છે. જેમકેઃ-

(૧) ભારતના પ્રથમ સંપાદક **ભગવાન વ્યાસમુનિ** અને તેમનો પ્રારંભ ઉપરિચર કથા અધ્યાય ૬૩ માથી

(૨) ભારતના બીજા સંપાદક **વૈશંપાયન** અને તેમનો પ્રારંભ આસ્તીકકથા અધ્યાય ૧૩ માથી

(૩) મહાભારતના ત્રીજા સંપાદક **ઉગ્રશ્રવા સૂત** અને એમનો પ્રારંભ અનુક્રમણિકા-ધ્યાય પહેલાથી

આટલા વર્ણનથી એજ સિદ્ધ થાય છે અને ત્રણ પ્રારંભો માનવાનું કારણ પણ એજ છે. પહેલી વ્યાસમુનિએ રચેલી **ભારતસંહિતા**, અને તેનુંજ બીજું નામ **જય ઇતિહાસ** અથવા દિગ્વિજયનો ઇતિહાસ છે. જુઓઃ-

जयो नामेतिहासोऽयं श्रोतव्यो विजिगीषुणा । महीं विजयते राजा शत्रूंश्चापि पराजयेत् ॥

(મહા૦ આદિ૦ અ૦ ૬૨ શ્લોક ૨૦)

અર્થાત્-આ ઇતિહાસનું નામ જય છે. જય ઇચ્છનારા માનવોએ તેનુ શ્રવણ કરવું જોઇએ. એ સાંભળવાથી રાજા પૃથ્વીનો વિજય કરી શકે છે અને શત્રુઓને હરાવી શકે છે.

વ્યાસકૃત ભારતસંહિતાનું નામ જય છે અને તેનું વર્ણન, વ્યાસકૃત ભારતનો પ્રારંભ (અ. ૬૩ થી) થવા પહેલાંજ ભૂમિકાના અધ્યાય (અ. ૬૨) માં કરેલું છે—અર્થાત્ અધ્યાય ૬૩ થી મૂળ **ભારતસંહિતા** કિંવા **"જય ઇતિહાસ"** ની શરૂઆત થયેલી છે. આ જય ઇતિહાસ વ્યાસે રચેલો છે, અને તેની શ્લોકસંખ્યા લગભગ ચોવીસહજાર હશે.

અધ્યાય ૬૨ માના અંતસુધીનો ભાગ વૈશંપાયને જનમેજય રાજાના પ્રશ્નોના ઉત્તરમાં કહેલો છે, તેથી તે વૈશંપાયને સંપાદન કરેલો છે. આસ્તીકપર્વનો પ્રારંભ ૧૩મા અધ્યાયથી થાય છે અને ત્યાંથીજ વૈશંપાયનનો ભારતગ્રંથ શરૂ થાય છે. સર્પસત્ર સાથે આસ્તીક મુનિનો સંબંધ છે, તેથી તેની શરૂઆતમાં આસ્તીકની કથા હોવી આવશ્યક પણ છે.

ત્રીજી આવૃત્તિ ઉગ્રશ્રવા સૂતે સંપાદન કરેલી છે. હાલમાં જે મહાભારત છે. તેની શ્લોકસંખ્યા એક લાખ છે.

તાત્પર્ય એ છે કે, મહાભારતનું સંપાદન (૧) વ્યાસ, (૨) વૈશંપાયન અને (૩) ઉગ્રશ્રવા, એ ત્રણ વિદ્વાનોદ્વારા થયું છે. પહેલો ગ્રંથ વ્યાસકૃત **ભારતસંહિતા** કિંવા **"જય ઈતિહાસઃ"** બીજો ગ્રંથ વૈશંપાયનકૃત **"ભારત"** અને ત્રીજો ગ્રંથ ઉગ્રશ્રવાકૃત **"મહાભારત"** છે. ત્રણે સંપાદકોના સમય વચ્ચે કેટલાંયે સૈકાં વીતી ગયેલાં છે. પાંડવોના સમયમાં વ્યાસમુનિ, તેમના પછી જનમેજયના સમયમાં વૈશંપાયન અને તેમના પછી સૌતિનો સમય વિક્રમસંવતથી કેટલોક પહેલાંનો માનવો યોગ્ય છે. જો કે સૌતિ ઉગ્રશ્રવાને પણ વૈશંપાયનના સમકાલિન ગણાવેલા છે; તોપણ બુદ્ધકાળની પછીની વાતો પણ એજ મહાભારતમાં હોવાથી છેલ્લા સંપાદક, વિક્રમસંવતનો પ્રારંભ થયો તેની કંઈક પહેલાં થઇ ગયા હશે, એમજ માનવું પડે છે.

આ રીતે એકનાજ સંપાદનથી આ ગ્રંથ થયેલો નથી; પરંતુ ત્રણ કાળના ત્રણ જૂદા જૂદા સંપાદકોએ તેનું સંપાદન કર્યું છે, એ વાત અહીં સ્પષ્ટ થઇ ગઇ છે. હવે એમાં એજ કારણથી વધારો થયો છે કે નહિ અને થયો હોય તો તેનું સ્વરૂપ શું છે, તેનો વિચાર કરવો જોઇએ.

૪—મહાભારતમાં વધારો થયો છે કે નહિ ?

ઘણાં માણસો કહે છે કે, મહાભારતમાં કેટલીએ વાતો પાછળથી ભેળવી દીધેલી છે, અને મનમાં આવી તેવી કેટલીએ વાતો પાછળથી ઘુસાડેલી છે; તેથી તે વિષે આ લેખમાં વિચાર કરીશું. આ નીચે આપેલું કોષ્ટક જોવાથી એ વિષે ખાત્રી થશે.

	અનુક્રમણિકાધ્યાયમાં કહેલી શ્લોકસંખ્યા		ગોપાળ નારાયણ-વાળી પ્રત		ગણપત કૃષ્ણાજી-વાળી પ્રત		કુંભકોણમ-વાળી પ્રત	
પર્વ	અ૦	શ્લોક	અ૦	શ્લોક	અ૦	શ્લોક	અ૦	શ્લોક
૧ આદિ૦	૨૨૭	૮૮૮૪	૨૩૪	૮૬૧૯	૨૩૪	૮૪૬૬	૨૬૦	૧૦૯૯૮
૨ સભા૦	૭૮	૨૫૧૧	૮૧	૨૭૧૨	૮૧	૨૭૦૯	૧૦૩	૪૩૭૭
૩ વન૦	૨૬૯	૧૧૬૬૪	૩૧૫	૧૦૪૯૪	૩૧૫	૧૧૮૫૪	૩૧૫	૧૪૦૮૧
૪ વિરાટ૦	૬૭	૨૦૫૦	૭૨	૨૨૭૨	૭૨	૨૩૨૭	૭૮	૩૫૭૫
૫ ઉદ્યોગ૦	૧૮૬	૬૬૯૮	૧૯૬	૬૫૫૯	૧૯૬	૬૬૧૮	૧૯૬	૬૭૫૨
૬ ભીષ્મ૦	૧૧૭	૫૮૮૪	૧૨૨	૫૯૬૯	૧૨૨	૫૮૧૭	૧૨૨	૫૯૦૮
૭ દ્રોણ૦	૧૭૦	૮૯૦૯	૨૦૨	૯૫૭૨	૨૦૨	૯૫૯૩	૨૦૩	૧૦૧૨૭
૮ કર્ણ૦	૬૯	૪૯૬૪	૯૬	૪૯૬૪	૬૬	૪૯૮૭	૧૦૧	૪૯૮૬
૯ શલ્ય૦	૫૯	૩૨૨૦	૬૫	૩૬૧૮	૬૫	૩૬૦૮	૬૬	૩૫૯૪
૧૦ સૌપ્તિક૦	૧૮	૮૭૦	૧૮	૮૦૩	૧૮	૮૧૦	૧૮	૮૧૫
૧૧ સ્ત્રી૦	૨૭	૭૭૫	૨૭	૮૨૫	૨૭	૮૦૬	૨૭	૮૦૭
૧૨ શાંતિ૦	૩૨૯	૧૪૭૩૨	૩૬૫	૧૪૦૩૮	૩૬૬	૧૩૭૩૨	૩૭૫	૧૫૧૫૩
૧૩ અનુશાસન૦	૧૪૬	૮૦૦૦	૧૬૮	૭૬૩૯	૧૬૯	૭૮૩૯	૨૭૪	૧૦૯૮૩
૧૪ અશ્વમેધ૦	૧૦૩	૩૩૨૦	૯૨	૨૭૩૬	૯૨	૨૮૫૨	૧૧૮	૪૫૪૩
૧૫ આશ્રમ૦	૪૨	૧૫૦૬	૩૯	૨૦૮૮	૩૯	૧૦૮૫	૪૧	૧૦૯૮
૧૬ મૌસલ૦	૮	૩૨૦	૮	૨૮૭	૮	૨૮૭	૯	૩૦૦
૧૭ મહાપ્રસ્થા૦	૩	૩૨૦	૩	૧૧૦	૩	૧૦૯	૩	૧૧૧
૧૮ સ્વર્ગારોહણ૦	૫	૨૦૯	૬	૩૨૦	૬	૩૦૭	૬	૩૩૭
કુલસંખ્યા	૧૯૨૩	૮૪૮૩૬	૨૧૦૯	૮૪૫૨૫	૨૦૮૧	૮૩૮૨૬	૨૩૧૫	૯૮૫૪૫
૧૯ હરિવંશ		૧૨૦૦૦	૨૬૩	૧૫૪૮૫		૧૨૦૦૦		૧૨૦૦૦
કુલસંખ્યા		૯૬૮૩૬	૨૩૭૨	૧૦૦૦૧૦		૯૫૮૨૬		૧૧૦૫૪૫

ઉપલા કોષ્ટક ઉપરથી જણાશે કે, મહાભારતની અધ્યાયસંખ્યા નીચે પ્રમાણે છે:-

૧-અનુક્રમણિકાધ્યાયમાં વર્ણવેલી અધ્યાયસંખ્યા	૧૯૨૩	અને	શ્લોકસંખ્યા	૮૪૮૩૬
૨-ગોપાળ નારાયણે છાપેલું મુંબઇ મહાભારત	૨૧૦૯	"	"	૮૪૫૨૫
૩-ગણુપત કૃષ્ણાજીએ છાપેલું મુંબઇ મહાભારત	૨૦૮૧	"	"	૮૩૮૨૬
૪-કુંભકોણું પ્રકાશિત મહાભારત	૨૩૧૫	"	"	૯૮૫૪૫

એમાં હરિવંશની શ્લોકસંખ્યા મેળવવાથી એકંદર સંખ્યા નીચે પ્રમાણે થાય છે:-

	મહાભારત		હરિવંશ		કુલશ્લોક
૧-અનુક્રમણિકાધ્યાયવર્ણિત	૮૪૮૩૬	+	૧૨૦૦૦	=	૯૬૮૩૬
૨-ગોપાળ નારાયણે છાપેલું	૮૪૫૨૫	+	૧૫૪૮૫	=	૧૦૦૦૧૦
૩-ગણપત કૃષ્ણાજીએ "	૮૩૮૨૬	+	૧૨૦૦૦	=	૯૫૮૨૬
૪-કુંભકોણું પ્રકાશિત	૯૮૫૪૫	+	૧૨૦૦૦	=	૧૧૦૫૪૫

આ સંખ્યા જોવાથી માલમ પડે છે કે, આ સમયમાં મળતા મહાભારતના કોઈપણુ પુસ્તકમાં એકલાખ શ્લોક નથી. અધ્યાયોની સંખ્યામાં વધઘટ થઇ છે; પરંતુ એ તો નિઃસંશય છે કે, એમાં જૂદા જૂદા લખનારા-નકલ કરનારા-જ કારણરૂપ છે. કેમકે એથી શ્લોકસંખ્યામાં વધારો થયો નથી; અને માત્ર અધ્યાયસંખ્યામાં વધારો થયો તેથી કાંઈ ખાસ નુકસાન નથી. લેખકોએ મોટા અધ્યાયના બબ્બે ત્રણ ત્રણ ભાગ પાડયા છે, તેથી માત્ર અધ્યાયસંખ્યાજ વધી ગઇ છે, શ્લોકસંખ્યા વધી નથી.

મુંબઇમાં ગણુપત કૃષ્ણાજીએ છાપેલું મહાભારતનું પુસ્તક વિશેષ પ્રમાણુભૂત છે; પરંતુ તે અત્યારે મળતુંજ નથી. એની પછી તેનીજ લગભગ પુનરાવૃત્તિ ગોપાળ નારાયણે છાપી છે. તેની શ્લોકસંખ્યા ઘણી રીતે અનુક્રમણિકાધ્યાય સાથે મળતી છે. કુંભકોણુંથી પ્રસિદ્ધ થયેલું મહાભારત મદ્રાસના ગ્રંથોને આધારે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં લગભગ ચૌદહજાર શ્લોક અનુક્રમણિકાધ્યાયથી વધારે છે. ઉત્તરથી દક્ષિણમાં જતાં જતાં વચ્ચે આ શ્લોકો ભળી ગયા હોય, એવુંજ સ્પષ્ટ જણાય છે; અને તેથી મદ્રાસનું મહાભારત વિશ્વાસપાત્ર નથી. મુંબઇમાં છપાયેલા બંને ગ્રંથ ઘણે ભાગે થોડા ઘણા ફેરફારસિવાય એક જેવાજ છે તથા શ્લોકસંખ્યામાં પણ બહુ જૂદાપણું નથી, તેથી મુંબઇની પ્રતો વધારે પ્રમાણુભૂત છે; અને મુંબઈમાં છપાયેલા ગ્રંથોની શ્લોકસંખ્યા અનુક્રમણિકાધ્યાયસાથે પણ ઘણી બાબતમાં મળતી આવે છે.

આવડા મોટા ગ્રંથમાં આટ-આટલી સદીઓ વીતી જવાથી શ્લોકસંખ્યામાં કંઈ વધઘટ થઇ પણ હોય, તો તેમાં કંઈ મહાન આશ્ચર્યની વાત નથી. હાથે લખાવાથી તથા લહિયાઓની ઓછીવત્તી યોગ્યતાને લીધે આ સંખ્યા ઓછીવત્તી થઈ ગઈ છે. ઉપરની સંખ્યા જોવાથી સ્પષ્ટ થાય છે કે, અનુક્રમણિકાધ્યાય રચાયા પછી, ગયાં બે હજાર વર્ષોમાં મહાભારતની કુલ શ્લોકસંખ્યામાં બિલકુલ વધારો નથી થયો; પરંતુ ઘટાડોજ થયો છે. જુઓઃ—

(૧) અનુક્રમણિકાધ્યાયમાં વર્ણવેલા કુલ શ્લોક ૮૪૮૩૬ અને ઓછા થયેલા શ્લોક ૦

(૨) ગોપાળ નારાયણે છાપેલા કુલ શ્લોક ૮૪૫૨૫ અને ઓછા થયેલા શ્લોક ૩૧૧

(૩) ગણુપત કૃષ્ણાજીએ છાપેલા કુલ શ્લોક ૮૩૮૨૬ અને ઓછા થયેલા શ્લોક ૧૦૧૦

ઉપરનાં પુસ્તકોમાં એટલાજ શ્લોક ઓછા છે. વધવા કે ઘુસાડવાની વાત તો દૂર રહી, પરંતુ શ્લોક ઓછાજ થયા છે.

શ્લોક લખવામાં પણુ કેટલીયે ભૂલો છે. કેટલાક શ્લોક ત્રણુ પંક્તિના છે, તો કેટલાક

એક પંક્તિના છે. અમે બે પંક્તિઓ(લીટીઓ)ના, અર્થાત્ અનુષ્ટુપ ૩૨ અક્ષરોના છંદનો એક શ્લોક ગણીને તે પ્રમાણે લખવાનો આ પુસ્તકમાં યત્ન કર્યો; પરંતુ તેનાથી કેટલીયે ભૂલો થવા લાગી, તેથી તે પ્રયત્ન છોડીને જેમ છે, તેમજ છાપવાનો નિશ્ચય કર્યો. આ પ્રયત્નને લીધે અમારા પુસ્તકમાં આદિપર્વની શ્લોકસંખ્યા ૮૭૦૯ થઈ અને અધ્યાય પણ ૨૩૬ થયા છે.×

ગોપાળ નારાયણે છાપેલા પુસ્તકમાં જેટલા શ્લોક છે, તેટલાજ આ પુસ્તકમાં છે; પરંતુ શ્લોકની ગણત્રીમાં સુધારો કરવાનો પ્રયત્ન કરવા જતાં કેટલીક સંખ્યા વધી ગઈ છે. બે પંક્તિઓનો એક શ્લોક, એ રીતે ગણત્રી થાય તો આ પુસ્તકમાં અનુક્રમણિકાધ્યાયની શ્લોકસંખ્યા ઠીકઠીક મળી રહેશે; પરંતુ તેમ કરવામાટે ખૂબ સમય જોઇએ અને તુલના કરવા માટે પણ કેટલાયે ગ્રંથોના પાઠ જોવા જોઇએ. એ કાર્ય મહાન પરિશ્રમ અને ખૂબ આર્થિક વ્યયનું છે.

હાલમાં ઔંધનરેશની પ્રેરણાથી પૂનાની "ભાંડારકર પ્રાચીન વિદ્યા સંશોધક સંસ્થા" માં મહાભારતના સંશોધનનું કાર્ય ચાલુ છે. કેટલાય લાખ રૂપિયા તેમાં ખર્ચાશે. કેટલાય વિદ્વાનોને તે કાર્યમાં રોકેલા છે. પ્રત્યેક માસે હજારો રૂપિયાનો ખર્ચ થાય છે. ગયાં ચાર-પાંચ વર્ષોથી એ કાર્ય ચાલ્યા કરે છે; પરંતુ છાપવાનું કાર્ય શરૂ થવાને તો હજુ કેટલાંય વર્ષ લાગશે. આથી ખાત્રી થશે કે મહાભારતના સંશોધનનું કાર્ય કેટલું મહાન ખર્ચાળ છે. ઉપરના કાર્યમાટે કેટલાય લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ નક્કી કરેલો છે. અમે તે ગ્રંથ-ની રાહ જોઇએ છીએ.

એ પુસ્તક પ્રસિદ્ધ થતાંસુધી અમારા માર્ગદર્શક ગ્રંથો મુંબઈમાંજ છપાયેલા મહાભા-રતના ગ્રંથો છે. તેમાં શ્લોકસંખ્યા અનુક્રમણિકાધ્યાયમાં લખેલી સંખ્યાથી ઓછી હોવાથી પ્રક્ષિપ્ત શ્લોક પણ ઘણે ભાગે નહિ આવે; અને આવશે તોપણ બહુજ ઓછા આવશે.

આમ હોવા છતાં પણ કેટલાક વિદ્વાનો કહે છે કે, મહાભારતમાં બહુજ પ્રક્ષિપ્ત ભાગ છે. કેટલાય શ્લોકો પાછળથી ભેળવેલા છે અથવા જાણી બુજીને ઘુસાડેલા છે. હવે આપણે એ બાબતનો વિચાર કરવો જોઇએ કે શું એ કહેવું સાચું છે ?

કેટલાક શ્લોકો લેખકોની ગલફતથી એમાં ઘુસી ગયા છે, એમાં તો શંકાજ નથી. આવડા મોટા ગ્રંથમાં અને આટલા લાંબા કાળમાં એમ થવું સ્વાભાવિકજ છે; પરંતુ જાણી જોઇને શ્લોકો ઘુસાડવામાં મહાન દોષ હોવાથી તેનો વિચાર અધિક સૂક્ષ્મ દૃષ્ટિએ કરવો જોઇએ.

અમે આગળ બતાવી ગયા છીએ કે, મહાભારત "સર્વસારસંગ્રહ ગ્રંથ" (એનસાઇ-ક્લોપીડિયા) છે. જેઓ સારસંગ્રહ ગ્રંથની રચના જાણે છે, તેઓજ મહાભારતના મહત્ત્વને સમજી શકે છે. અંગ્રેજી ભાષામાં " બ્રિટનનો સારસંગ્રહ ગ્રંથ " (એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા) છે. તેની અત્યારસુધીમાં અગીઆર આવૃત્તિઓ થઇ ચૂકી છે. પ્રથમ આવૃત્તિના સંપાદક જૂદા હતા અને અગીઆરમી આવૃત્તિના જૂદા છે. વળી વચ્ચે પણ બીજા કેટલાય સંપાદકો થયા છે. એ ૧૧ આવૃત્તિઓ પૈકી પ્રથમ વાર છપાયેલો "બ્રિટન સારસંગ્રહ ગ્રંથ" નાનો હતો; અને દર વખતે વધતાં વધતાં છેલ્લી અગીઆરમી આવૃત્તિ વખતે તો તે બહુજ વધી ગયો છે. તેમાં કેટલીયે વાતો નવી ઉમેરવામાં આવી છે અને કેટલીયે બાબતોમાં સંશોધન કરીને તેને સારા સ્વરૂપમાં રજુ કરાઇ છે. આમ થવાને લીધે પ્રથમના અને હાલના ગ્રંથમાં જમીન-આસ્માનનો ફેર પડી ગયો છે; તોપણ સૌ લોકો કહે છે કે, આ (રિવાઈઝડ એન્ડ

× યાદ રાખવાનું છે કે, આ સમાલોચનાના મૂળલેખક શ્રીમાન શ્રીપાદ દામોદર સાતવલે-કરજી સંપાદનદ્વારા ઔંધમાં જે મહાભારત મૂળ તથા હિંદી ટીકા સાથે પ્રસિદ્ધ થાય છે, તેનેજ [illegible] આ હકીકત છે.

ભિક્ષુ–અખંડાનંદ

એન્લાર્જ઼્ડ એનસાઇક્લોપીડિયા) સંશોધિત તથા સંવર્ધિત 'સારસંગ્રહ ગ્રંથ' છે. કોઇપણ તેને એમ નથી કહેતું કે, તેમાં વધારો થયો છે અથવા અમુક અમુક ઘુસાડેલું છે. સર્વ કોઇ ઉલટા એ નવીન અને સંવર્ધિતજ સારસંગ્રહ ગ્રંથને પસંદ કરે છે.

હવે આશ્ચર્યની વાત એ છે કે, જે લોકો આ અંગ્રેજી સંવર્ધિત સારસંગ્રહને પસંદ કરે છે, તેઓજ મૂળ ભારત સંહિતાની સંશોધિત અને સંવર્ધિત ત્રીજી આવૃત્તિને માટે કહે છે કે, એમાં તો ઘુસાડો થયેલો છે! એમાં તો પ્રક્ષિપ્ત ભાગ છે!! જો 'ભારત' અને 'મહાભારત' એ "સારસંગ્રહ ગ્રંથ" છે, તોપછી તેની બીજી અને ત્રીજી આવૃત્તિ વખતે તેમાં કંઇ સુધારોવધારો થયેલો હોય તો તેમાં શો અપરાધ છે? જે અપરાધ બ્રિટિશ સારસંગ્રહમાં નથી થતો, તે આર્યોના સારસંગ્રહમાં શી રીતે ગણવામાં આવે છે?

સૌથી પ્રથમ વ્યાસમુનિએ "ભારતસંહિતા" કિંવા "જય" નામે એક સારસંગ્રહ ગ્રંથ રચ્યો. યૂરોપના સારસંગ્રહમાં અને આમાં ભેદ એટલોજ છે કે, યૂરોપના સારસંગ્રહમાં રસહીનતા હોય છે, ત્યારે આ ગ્રંથ તો કાવ્યરૂપે લખાવાથી સુરસતાથી ભરેલો છે. વળી યૂરોપના ગ્રંથ કેવળ સંગ્રહની દૃષ્ટિએ લખાયા છે. કૌરવપાંડવોનો ઇતિહાસ આપતાં વ્યાસ ભગવાને પોતાના સમયનાં સઘળાં શાસ્ત્રો એમાં એવી યુક્તિપૂર્વક લખેલાં છે, કે જેથી વાંચનારનું મન પ્રસન્ન થતું ચાલવાની સાથે સાથે તેને સઘળાં શાસ્ત્રોનું અતિઉપકારક જ્ઞાન પણ મળતું ચાલે છે. ઉદાહરણતરીકે જુઓ કે, ગ્રંથકારને ભૂગોળનું વર્ણન કરવું છે, તો તેને માટે તે એક કથાપ્રસંગજ લે છે કે, અર્જુન યાત્રા કરવા ગયો; અને એ બહાને તે તે સમયનાં ગામો, નગરો, પર્વતો અને બીજાં અનેક દૃશ્યોનાં વર્ણન કરે છે. આવી જગ્યાએ અર્જુનયાત્રાનું વર્ણન, એ તો માત્ર એક આધારજ છે; મુખ્ય ઉદ્દેશ તો તે વખતના ભૂગોળવર્ણનનોજ છે. આ રીતે અનેક સ્મૃતિઓ, અનેક ધર્મો અને અનેક મતોનું વર્ણન મહાભારતમાં કરેલું છે. કોઇ જ્ઞાની પુરુષ, ધર્મરાજાને અથવા બીજા કોઇને અમુક શાસ્ત્ર કે સિદ્ધાંત કહે છે; એ પ્રસંગ ઉપરથી એવું અનુમાન કરવું કે, સાચેજ ધર્મરાજાને અથવા બીજા કોઇને એ વાત અવશ્ય કહેલી હતી, તો તે તદ્દન ભૂલ છે. ગ્રંથકારને તે પ્રસંગના વર્ણનના મિષથી તે વર્ણન ત્યાં કરવું ઇષ્ટ છે. જેમકે દુર્યોધન અને ભીમના ગદાયુદ્ધના પ્રસંગમાં બળરામ આવી પહોંચ્યા, અને તે વખતે બળરામની યાત્રાને બહાને સરસ્વતી વગેરે તીર્થોનું વર્ણન ત્યાં કરેલું છે. યુદ્ધપ્રસંગની દૃષ્ટિએ આ વર્ણન અપ્રાસંગિક છે; પરંતુ "સારસંગ્રહ ગ્રંથ"ની દૃષ્ટિએ તો ગ્રંથકારને માટે એટલો સંબંધ પણ પૂરતો છે. કેમકે તેમને દુર્યોધન અને ભીમના યુદ્ધનું વર્ણન કરવાનું મુખ્ય પ્રયોજન નથી, પણ બળરામના નિમિત્તે તીર્થોનું વર્ણન કરવું અધિક ઇષ્ટ છે.

આથી કોઇ એમ રખે સમજે કે મહાભારતનું ઐતિહાસિક દૃષ્ટિએ કંઇ મહત્ત્વજ નથી. ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહાભારતનું મહત્ત્વ સારસંગ્રહ ગ્રંથના મહત્ત્વ જેટલુંજ છે. એ બન્ને બાબતોનું એકીકરણ મહાભારતમાં જેવું થયું છે, તેવું જગતભરના કોઇપણ ગ્રંથમાં થયેલું નથી. આવું હોવાથી એનું નિરીક્ષણ આપણે ઐતિહાસિક દૃષ્ટિએ પણ કરી શકીએ છીએ. આ પ્રમાણે સર્વાંગ સંપૂર્ણ હોવાથીજ આ ગ્રંથ માનવકૃત ગ્રંથોમાં અદ્વિતીય છે.

આપણે મહાભારતનું આટલું સામાન્ય સ્વરૂપ ધ્યાનમાં રાખીને તેની ત્રણે આવૃત્તિઓનો નિર્ણય કરવો ઘટે છે.

૧-પ્રથમ આવૃત્તિઃ-અથવા વ્યાસમુનિકૃત "ભારતસંહિતા" લગભગ ચોવીસ હજાર શ્લોકોનો ગ્રંથ હોઇને તેનું નામ "જય ઇતિહાસ" પણ હતું. તેમાં અર્જુનના દિગ્વિજયના ઇતિહાસ સાથે તે સમયનાં શાસ્ત્રોનું પણ વર્ણન હતું અને કેટલાંક મહત્ત્વનાં આખ્યાન પણ હશે.

૨–બીજી આવૃત્તિઃ—આ સંશોધિત તથા સંવર્ધિત આવૃત્તિ વૈશંપાયનકૃત હોઇને તેનું નામ "ભારત" છે. એમાં ઉપાખ્યાનો તથા એમના સમયનાં શાસ્ત્રોનો પણ વધારો થયો હતો.

૩–ત્રીજી આવૃત્તિઃ—એ સંશોધિત અને સંવર્ધિત આવૃત્તિ ઉગ્રશ્રવા સૌતિએ યોજેલી હોઇને 'ભારત'નું "મહાભારત" બની ગયું. વિવિધ શાસ્ત્રો તથા સેંકડો ઉપાખ્યાનો આ આવૃત્તિ-સમયે ઉમેરવામાં આવ્યાં; અને તેથી એ ગ્રંથ એક લાખ શ્લોકોનો થઇ ગયો. વિક્રમની પૂર્વે કેટલાંક સૈકાં ઉપર આ ગ્રંથ આ પ્રકારે ત્રીજા સંસ્કરણથી સંસ્કારિત થયો.

વ્યાસમુનિના સમયમાં જે ધર્મમત તથા શાસ્ત્ર ન હતાં અને જે વૈશંપાયનના સમય-સુધીમાં બન્યાં હતાં, તે વૈશંપાયને તેમાં ભેળવી દીધાં; તથા ઉગ્રશ્રવાના સમયમાં જેટલાં મત-મતાંતર અને શાસ્ત્રો હતાં, તે સર્વ તેમણે તેમાં ઉમેરીને પોતાના સમયસુધીનાં જરૂરી સંશો-ધન તથા સંવર્ધનથી એ ગ્રંથ પરિપૂર્ણ કર્યો. જે રીતે બ્રિટીશ સારસંગ્રહ ગ્રંથ (એનસાઈ-ક્લોપીડિયા બ્રિટાનિકા)ની અગીઆરમી આવૃત્તિ, તે છપાતાં સુધીમાં સંપૂર્ણ કરવાનું તેના સંપાદકનું કર્તવ્ય હતું; તેમ ઉગ્રશ્રવાનું પણ કર્તવ્ય હતું કે, તેમણે તેમના સમયસુધીના સંસ્કારો ઉમેરીને "મહાભારતીય સારસંગ્રહ ગ્રંથ"ને પૂર્ણ કરવો જોઇએ. તેમને પોતાના કર્તવ્યનું પૂરેપૂરૂં ભાન હતું, તેથીજ તેમણે તેમના સમયસુધી તેને સંપૂર્ણ કર્યો છે. ઉગ્ર-શ્રવા પછી એવો કોઇ વિદ્વાન આ દેશમાં થયો નહિ કે જે ત્યારપછીનાં અનેક શાસ્ત્રોનો સાર તેમાં યોજી દે અને તેની ચોથી આવૃત્તિ તૈયાર કરે. ખરેખર, એ વિદ્યાહીનતાનીજ પરિ-સ્થિતિનો દોષ છે.

ઉગ્રશ્રવાના વખતમાં પરસ્પર ભિન્ન મતો આ દેશમાં પ્રચલિત હતા, તેથી તેનો સાર આપવા છતાં પણ તેની પરસ્પર ભિન્નતા દર્શાવીને તેમનું એકીકરણ કરવાનો પ્રયત્ન ઉગ્ર-શ્રવાએ કર્યો છે. ઉગ્રશ્રવાની આ કુશળતા જાણનારજ તેમની અદ્વિતીય વિદ્વત્તાને સમજી શકશે. આજ કારણથી આ મહાભારત ગ્રંથ રાષ્ટ્રીય જીવનનો આધાર અને સર્વમાન્ય ગ્રંથ મનાયો છે, કેમકે તે અનેક મતભેદો વચ્ચે પણ એકતાનોજ ઉપદેશ કરે છે.

"સારસંગ્રહ ગ્રંથ"જ રાષ્ટ્રીય મહાગ્રંથ બને છે. પ્રત્યેક દેશાભિમાની પુરુષને તેનું અભિમાન થાય છે અને તે તેમાંથી રાષ્ટ્રીયતાનું અમૃતપાન કરે છે. આ મહાભારત ગ્રંથ એવાજ પ્રકારનો છે.

આજ રીતે અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ વગેરે ગ્રંથ લખાયા હતા; પરંતુ મહાભારતના જેટલી યોગ્યતા કોઇપણ ગ્રંથમાં નથી. લોકો જો સારસંગ્રહ ગ્રંથની દૃષ્ટિએ આ ગ્રંથો તરફ જોશે તોજ તેઓ તેનું મહત્ત્વ સમજી શકશે અને તોજ તેમને ખબર પડશે કે, એમાં જે પરસ્પર વિરોધી કથનો છે, તે ઘુસાડેલાં નથી; પરંતુ અનેક પ્રકારના મતમતાંતરોનો સાર આપતાં એ બધું લખવાનું સંપાદકનું કર્તવ્યજ હતું. પ્રત્યેક સારસંગ્રહ ગ્રંથમાં એવુંજ થયા કરે છે–અર્થાત્ **આ મહાભારત ગ્રંથ સંશોધિત અને સંવર્ધિત સારસંગ્રહ ગ્રંથની ત્રીજી આવૃત્તિ છે.**

એમાં લેખકોના પ્રમાદથી અધ્યાયોમાં ઉલટસુલટ થઈ ગઇ છે અને શ્લોકોમાં હેરફેર થઇ ગયું છે. કેટલેક સ્થળે મેળવણી પણ થઇ હશે (જેમકે કુંભકોણમના મદ્રાસી મહા-ભારતમાં દેખાઇ આવે છે તેવી), તે બધી અલ્પજ્ઞ લેખકનાજ (ભાડુતી લહિયાઓનાજ) કારણ-થી સમજવી જોઇએ. એ વખતમાં તાડપત્રનીજ પોથીઓ બનતી હતી, એટલે એનાં પાનીયાં-ઓ ઉલટાંસુલટાં મૂકાવાથી અધ્યાય પણ આગળનો પાછળ અને પાછળનો આગળ થઇ જાય, તો તેમાં કંઇ મોટી વાત નથી. આવીજ રીતે શ્લોક વગેરેમાં હેરફેર થવાનાં કંઇએક કારણો હોઇ શકે છે. આ પ્રમાણે એક લાખ શ્લોકનો ગ્રંથ બે હજાર વર્ષ સુધી લગભગ જેમનો તેમજ રહ્યો

અને જે કંઇ આઘુંપાછું થયું તે પણ બહુ થોડુંજ થયું, એ ખરેખર ભારતવાસીઓને માટે બહુ ભૂષણરૂપજ છે; પરંતુ યૂરોપિયન લોકો તો બસ કંઈની કંઈ કલ્પનાઓ લખી મારે છે અને અમારા વિદ્વાનો પણ (જરાપણ આઘું પાછું જોયા વિના) તેમનીજ પુનરાવૃત્તિ કર્યા કરે છે! ખરેખર, આ ભારતવાસીઓની માનસિક પરતંત્રતાનુંજ દ્યોતક છે. આપણા લોકો આદિપર્વના પહેલા ૬૨ અધ્યાય, કે જે મહાભારતની ભૂમિકારૂપજ છે, તે વાંચી જોય તો તેમને સ્પષ્ટ જણાશે કે, આ એક રાષ્ટ્રીય સારસંગ્રહ ગ્રંથ છે. જ્યારે તેમને આવી કલ્પના આવશે, ત્યારે પછી તેમને પરસ્પર વિરોધી કથનોની સંગતતા સમજવામાં મુશ્કેલી નહિ નડે. એકવાર દૃષ્ટિકોણ બદલાય એટલુંજ બસ છે. દોષ આ અનુપમ ગ્રંથમાં નથી, પણ જોનારાઓની મલિન દષ્ટિમાં છે.

જે મહાભારતથી ઉગ્રશ્રવાની વિદ્વત્તા અને બુદ્ધિકૌશલ્યનું જ્ઞાન થવું જોઇએ, તેને બદલે તેના તરફ કેટલાક લોકો વિપરીત દૃષ્ટિએ જોવા લાગ્યા; તેથી તેમાં તેમને પરસ્પર વિરોધજ દેખાઇ આવ્યો. આ કારણથી વાંચનાર બંધુઓને નિવેદન છે કે, તેઓ આ મહાભારત ગ્રંથને પોતાનો "**રાષ્ટ્રીય મહાગ્રંથ**" સમજે; બે હજાર વર્ષો પહેલાંની સ્થિતિ દર્શાવનારો "**સારસંગ્રહ ગ્રંથ**" છે, એમ પણ માને; અને પાંચહજાર વર્ષ પહેલાંનો રાજકીય, સામાજિક, ધાર્મિક અને ઇતિહાસનો પણ પ્રામાણિક ગ્રંથ છે, એમ સમજીનેજ તેઓ તેનું વાચન કરે. કેમકે એવી સવળી દષ્ટિ હશે તોજ તેના વાચનથી આનંદ પ્રાપ્ત થશે. આશા છે કે, વાંચનારાઓ એજ દૃષ્ટિથી આ અતિમહત્ત્વપૂર્ણ મહાન ગ્રંથનું વાચન કરશે. (કે જેમ કરવાથી તેની રહેણી અને કરણીમાં મોટો ફેરફાર થઇને તેનું પોતાનું, કુળકુટુંબનું, વંશવારસોનું, જ્ઞાતિબંધુઓનું, ગ્રામવાસીઓનું અને દેશબંધુઓનું પણ ઘણુંજ ભલું થશે.)

૫—મહાભારતનું મહત્ત્વ

આની પહેલાં દર્શાવાઇ ચૂકયું છે કે મુંબઇ, બંગાળા, સંયુક્ત પ્રાંત અને પંજાબના મહાભારતના ગ્રંથોમાં પ્રક્ષિપ્ત ભાગ વધારે નથી; અને જે છે તે પણ કાળ અને ગ્રંથવિસ્તારનો વિચાર કરતાં ઉપેક્ષાપાત્રજ છે, એમ સાબીત થાય છે. મદ્રાસના મહાભારતમાં ફેરફાર અને પ્રક્ષેપ પણ બહુ છે, તેથી મદ્રાસી મહાભારત વિશ્વાસપાત્ર નથી. સારાંશરૂપે આટલું કહ્યા પછી એક શંકા થાય છે કે, ત્રણ જૂદા જૂદા કાળમાં ત્રણ જૂદા જૂદા વિદ્વાનોએ જેની રચના કરી છે, એવા મહાભારતમાં રચનાપદ્ધતિ સમાનજ રહી છે, એ વિષે શું પ્રમાણ છે? આ વિષે પ્રમાણ તો એ ત્રણે સંપાદકોના મનની સમાન પ્રવૃત્તિજ છે. અદ્યાપિપર્યંત જગતમાં કેટલાય સંપાદકો થઈ ગયા; પરંતુ એવો એક પણ સંપાદક નથી કે જેણે મૂળ ગ્રંથકારના ગ્રંથને જાણી બુઝીને બગાડી નાખ્યો હોય.

યૂરોપમાં સૈકાંઓ પૂર્વે તૈયાર થયેલા કોષોની સંશોધિત અને સંવર્ધિત આવૃત્તિઓ કેટલીએ છપાઇ છે; પરંતુ કોઇપણ સંપાદકે મૂળગ્રંથના સ્વરૂપમાં બગાડો કર્યો નથી. ભારતવર્ષમાં પણ કેટલાય સંપાદકોએ મૂળ પુસ્તકને વધાર્યું છે, પણ તે એજ રીતે વધાર્યું છે. સાધારણ વિદ્વાન સંપાદક પણ પોતાની જવાબદારી સમજતા હોય છે; તો પછી મહાભારતના તો ત્રણે સંપાદકો અસાધારણ વિદ્વાન અને પોતાની જવાબદારી સમજનારા હતા. શ્રી ભગવાન વેદવ્યાસ, વૈશંપાયન અને ઉગ્રશ્રવા, એ કંઇ સાધારણ વ્યક્તિઓ ન હતી. જેઓ પોતે ગ્રંથને વાંચી શકતા નથી, અથવા તેમના કાર્યનું ગૌરવ સમજી શકતા નથી, તેઓ ભલે ફાવે તેમ લખે; પરંતુ જવાબદાર વિદ્વાન તો ઉપરના ત્રણે વિદ્વાનો તરફ દોષદૃષ્ટિથી જોઇજ શકશે નહિ.

ભગવાન વેદવ્યાસજીએ જે રીતે પહેલી ભારતસંહિતા રચી હતી, તેજ રીતે વૈશંપાયને વધારો કર્યો અને તેજ રીતે ઉગ્રશ્રવાજીએ પણ વધારો કર્યો હશે. એથી ઉલટું માનવાનું કંઇપણ કારણ નથી. તેમાં પદ્ધતિની જૂદાઇ હોત તો કોઇપણ પ્રાચીન ગ્રંથકાર, મહાભારતવિષે શંકા કરી શકત; પરંતુ ગયાં બે–ત્રણ હજાર વર્ષોના કોઇપણ ગ્રંથકારે મહાભારતવિષે એવી શંકા નથી કરી, પણ લગભગ બધા પ્રાચીન વિદ્વાનો તેને પ્રમાણરૂપજ માનતા આવ્યા છે.

મહાભારતના સુપ્રસિદ્ધ ટીકાકાર શ્રી નીલકંઠ ચતુર્ધર જાતેજ ટીકા કરતાં લખે છે કે, "આ શ્લોક પ્રક્ષિપ્ત છે, પરંતુ આવી બાબતો બહુજ થોડી છે; અને આવડા મોટા ગ્રંથની બાબતમાં આટલા લાંબા કાળમાં એ પ્રમાણે થવું સ્વાભાવિકજ છે, તેથી ઉપલી શંકા પાયાવિનાની છે."

હવે મહાભારત એ પ્રમાણભૂત ગ્રંથ છે, એ વિષે કોઇને શંકા ન હોવી જોઇએ. જો કે આ મહાભારતમાં વર્ણવેલી કેટલીક વાતો હાલમાં વૈજ્ઞાનિક જ્ઞાન વધી જવાથી અપ્રામાણિક સિદ્ધ થશે તથા તર્કવૃદ્ધિ થવાને લીધે કેટલીક બાબતો આ વખતે માનવી અશક્ય થઇ પડશે; છતાં પણ એ બાબતો ગ્રંથના મહત્વને ઓછું કરતી નથી, એજ દર્શાવવાનો અહીં ઉદ્દેશ છે. આગળ વિવેચનમાં પ્રસંગોપાત એ વિષે વિચાર કરીશું. હવે આ મહાભારતની સર્વસાધારણ મહત્તાનો વિચાર કરીએ.

(ક) જૂદા જૂદા મતોનું એકીકરણ

શૈવ, વૈષ્ણવ, ગાણપત્ય વગેરે અનેક મતમતાંતરો આ દેશમાં વિક્રમ સંવત પહેલાંથીજ શરૂ થયેલા છે. તેમને આપસ આપસમાં વિલક્ષણ પ્રકારનો ઝગડો પણ હતો. તેમનું એકીકરણ કરવાનું કામ ઉગ્રશ્રવાજીનું હતું. એ કાર્ય તેમણે મહાભારતની ત્રીજી આવૃત્તિમાં ખૂબ ઉત્તમતાપૂર્વક કરી બતાવ્યું છે.

ભગવદ્‌ગીતામાં પણ જેમ સાંખ્યયોગ તથા કર્મ, ઉપાસના વગેરેની પણ યોગ્ય સંગતિ કરીને બધાનું એકીકરણ કરેલું છે, તેજ રીતે મહાભારતમાં પણ સ્થળે સ્થળે અનેક પ્રકારે બહુ ચાતુર્યપૂર્વક એકીકરણ કરેલું છે.

વૈષ્ણવોને વિષ્ણુની શ્રેષ્ઠતા, શૈવોને શિવજીની શ્રેષ્ઠતા તથા બીજા મતવાળાઓને પોતપોતાના પ્રિય દેવતાઓની શ્રેષ્ઠતા પ્રિય હતી; તેથીજ સમાજમાં વિવિધ પ્રકારના ઝગડા ઉભા થતા હતા. આ ઝગડાઓ શાંત પાડીને સર્વને એક ધર્મબંધનથી બાંધવાનું કામ ઉગ્રશ્રવાજીને કરવાનું હતું અને તે કાર્ય તેમણે અત્યંત ઉત્તમ રીતે કર્યું છે.

વેદમાં ઇંદ્ર, વરુણ વગેરે જૂદા જૂદા અનેક દેવતાઓ છે. તે જૂદા જૂદા દેવતાઓમાં વ્યાપક એક અભિન્ન આત્મા છે, અને તે એક અદ્વિતીય આત્માજ બીજા દેવતાઓનાં નામ ધારણ કરે છે. આ વાત વેદમાં બતાવેલી છે.

इंद्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान् ।
एकं सद्विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥ (ઋ. ૧–૧૬૪–૪૬)
यो नः पिता जनिता यो विधाता धामानि वेद भुवनानि विश्वा ।
यो देवानां नामधा एक एव ॥ (ઋ. ૧૦–૮૨–૩)

" જ્ઞાની પુરુષો એકજ સદ્‌વસ્તુને અનેક નામોથી વર્ણવે છે. એકજ દેવને તેઓ અગ્નિ, સૂર્ય, વરુણ, સુપર્ણ, યમ, માતરિશ્વા વગેરે કહે છે. જે આપણો પિતા, ઉત્પાદક અને બનાવનાર છે; જે સકળ જગતનો જ્ઞાતા છે; તે એકજ દેવ બીજા બધા દેવતાઓનાં નામ ધારણ કરે છે."

આ મંત્રોથી દેવતાઓનો અનેકાનેકવાદ નિર્મૂળ થાય છે. વેદોમાં અનેક દેવતાઓનાં વર્ણન હોવા છતાં અમે કહીએ છીએ કે, વેદોમાં એકજ પરમાત્માની કલ્પના છે અને તેનો મુખ્ય આધાર ઉપરોક્ત મંત્રો છે. વેદોમાં એવા અનેક મંત્ર છે; અને તે બતાવે છે કે, વેદમાં ઇંદ્ર, વરુણ વગેરે અનેક દેવતાઓનાં જૂદાં જૂદાં વર્ણન હોવા છતાં પણ તે બધા દેવતાઓનાં વર્ણન ભેગાં મળીને એકજ દેવતાનું વર્ણન થાય છે. આ વૈદિક કલ્પના મહાભારતની ત્રીજી આવૃત્તિ વખતે—અર્થાત્ ઉચ્ચશ્રવાજીના સમયમાં નિર્મૂળ થઇ ચૂકી હતી; અને ઘણાખરા લોકો એમજ સમજતા હતા કે, પોતપોતાનાજ દેવ સર્વશ્રેષ્ઠ છે. શૈવ શિવજીની મહત્તા અને વૈષ્ણવ વિષ્ણુની મહત્તા ગાવા લાગ્યા અને પરસ્પર મતભેદ હોવાને લીધે એકબીજાનાં માથાં પણ ફોડવા લાગ્યા. માંહોમાંહેના આ ક્ષુદ્ર મતભેદોને લીધે વિદેશી લોકો આપણા રાષ્ટ્રમાં પણ ઘુસવા લાગ્યા હતા. આ પડતીની દશાને દૂર કરીને સૌને એકતારૂપી ધર્મબંધનથી બાંધવાનું કામ ઘણુંજ મુશ્કેલ હતું, પણ તે શ્રી ઉગ્રશ્રવાજીએ ખૂબ ચતુરાઇપૂર્વક કર્યું.

ઉપર કહેલા વૈદિક સિદ્ધાંતનેજ ઉગ્રશ્રવાજીએ આધુનિક રીતે રજુ કર્યો છે. ઉપર કહેલા વૈદિક મંત્રોનાં ઇંદ્ર, મિત્ર (સૂર્ય), વરુણ, વગેરે જૂદાં જૂદાં નામોમાં એકજ અભિન્ન ઉપાસ્ય દેવ રહેલો છે. એ જે રીતે કહ્યું છે તેજ રીતે શિવ, વિષ્ણુ વગેરે દેવતાઓની અંદર એકજ અભિન્ન ઉપાસ્ય દેવ છે; એટલુંજ નહિ પણ એ દેવો એકબીજાને લીધેજ પૂર્ણ થાય છે. શિવથી વિષ્ણુની મહત્તા અને વિષ્ણુથી શિવની મહત્તા છે; વગેરે અનેક યુક્તિપ્રયુક્તિઓથી, જૂદા જૂદા મતોની જૂદાઇ મટાડીને તેનું ઐક્ય દર્શાવ્યું છે.

અત્રે ઉપરનું એકજ ઉદાહરણ દર્શાવ્યું છે; પરંતુ એવાં તો સેંકડો દષ્ટાંત મહાભારતમાં છે કે જેમાં ધર્મ, દૈવત, પંથ, મત—મતાંતર, ઉપાસના, આચાર વગેરેની ભિન્નતા દૂર કરીને સૌને એકજ સનાતન વૈદિક ધર્મના બંધને બાંધીને એકત્રિત કરવાનો પ્રયત્ન ઉગ્રશ્રવાજીએ કર્યો છે; એટલુંજ નહિ પણ મહાભારતને લીધેજ સનાતન ધર્મનો ચાતુર્વર્ણ્ય સમાજ કે જે બૌદ્ધ અને જૈન વગેરેના વિવિધ હુમલાઓથી કચરાઇને જર્જરિત થઈ ગયો હતો તથા અંતર્ગત પંથભેદોને લીધે અનેક રીતે છિન્નભિન્ન થઇ ગયો હતો, તે એક "રાષ્ટ્રપુરુષરૂપ" અર્થાત એકત્ર થયો; અને એજ મહાભારતમાંથી નવજીવન મેળવીને તે પાછલા સમયમાં જીવંત તથા જાગ્રત જેવો બની રહ્યો.

ઉગ્રશ્રવાનું આ કાર્ય નિઃસંદેહ અભિનંદનને યોગ્ય છે; કેમકે જે વાત એ વખતે અશક્ય જેવી હતી, તેજ ઉગ્રશ્રવાએ કરી બતાવી છે. એ વાત જૂદી છે કે, તેમના પછી સંચાલન કરનાર કોઈ વિદ્વાન ન થયો, તેથી ફરીથી પણ ભારતવાસીઓ મતમતાંતરોના ઝગડામાં ઉતરી પડયા; પરંતુ એ ભૂલ ઉગ્રશ્રવાજીની નથી પણ તેમની પાછળનાઓની છે. અસ્તુ. આવી રીતે અને આવા ઉદ્દેશથી જેમણે 'ભારત'નું 'મહાભારત' બનાવ્યું, તેમનું પ્રશંસાપાત્ર કાર્ય દરેકે જાણવા જેવું હોઇને એને માટે તેમનું હૃદયપૂર્વક અભિનંદન કરવું જરૂરનું છે.

(ખ) સ્મૃતિ, શાસ્ત્ર અને નીતિસંગ્રહ

મહાભારતમાં અનેક નીતિશાસ્ત્રોનો સંગ્રહ છે. વિદુરનીતિ, કણિકનીતિ, નારદનીતિ તથા અન્યાન્ય પણ અનેક નીતિઓ છે. એ પ્રત્યેક નીતિશાસ્ત્ર એક સ્વતંત્ર પુસ્તક છે અને તેનો ઉદ્દેશ પણ મહાન છે. આ **બધાંજ નીતિશાસ્ત્રોનો સંગ્રહ આ મહાભારતમાં છે; અને એવું છે તેથી તેની યોગ્યતા કંઇ ઓરજ વધી ગઇ છે.**

કણિકનીતિ સમ્રાટોનાં સામ્રાજ્ય વધારવાનો મત પ્રદર્શિત કરે છે; અને વિદુરનીતિ ગરીબ પ્રજાના સમાન અધિકારનો સામ્યવાદ રજુ કરે છે. આ રીતે જૂદી જૂદી નીતિઓનાં

ધ્યેય જૂદાં જૂદાં છે. એ વિવિધ ધ્યેયોવાળાં વિવિધ નીતિશાસ્ત્રોનો સંગ્રહ આ મહાભારતમાં છે, તેથી મહાભારત એ એક નીતિશાસ્ત્રોનો પણ મહાસમુદ્ર છે.

ધર્મશાસ્ત્ર અર્થાત્ સ્મૃતિશાસ્ત્ર પણ તેમાં સ્થળે સ્થળે ભરપૂર છે. સનાતન વૈદિક ધર્મનાં મૂળતત્ત્વો સ્મૃતિશાસ્ત્રમાં વ્યાવહારિકરૂપ લઇને રજુ થાય છે. શ્રુતિમાં ધર્મનાં સિદ્ધાંતિક તત્ત્વો રહેલાં હોય છે; પરંતુ તેનું વ્યાવહારિક સ્વરૂપ સ્મૃતિઓમાં રહેલું હોય છે. આવાં સ્મૃતિશાસ્ત્રોનો સંગ્રહ મહાભારતમાં હોવાથી આ મહાભારત એક મહાન ધર્મશાસ્ત્ર ગ્રંથ થયો છે, અને તેથીજ તેની યોગ્યતા સ્મૃતિશાસ્ત્રોના જેટલી માનવામાં આવે છે.

શ્રુતિ અને સ્મૃતિનો પરસ્પર સંબંધ તુલનાપૂર્વક જોવો જોઇએ, કેમકે શ્રુતિનાં સિદ્ધાંતિક તત્ત્વો સ્મૃતિવિના વ્યવહારમાં પ્રવૃત્ત થતાં નથી; અને સ્મૃતિ પણ શ્રુતિના પ્રમાણવિના નિષ્ફળ છે. આથી બન્નેની સંગતિ પણ જોવાની અત્યંત જરૂરી છે. વેદનું અધ્યયન ધર્મશાસ્ત્રની દષ્ટિએ કરનારાઓને આજ કારણથી મહાભારતની અપૂર્વ મદદ મળી શકે છે; એટલુંજ નહિ પણ જેઓ સ્મૃતિ અને મહાભારતને સાથે લીધાવિનાજ વેદનું અધ્યયન કરવાનો પ્રયત્ન કરશે, તેમના પ્રયત્નો એ બન્નેની સાથે સાથે તુલના કરનારના જેટલા સફળ નહિ થાય. તેથીજ કહ્યું કેઃ—**इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत्।** (મહા૦ આદિ૦ અ૦૧—૨૬૭)

"ઇતિહાસ અર્થાત્ રામાયણ, મહાભારત તથા પુરાણોથી વેદના તત્ત્વને સંવર્ધિત—પરિપુષ્ટ કરવું જોઇએ;" અને તે તો બન્નેની તુલના કરવાથીજ શક્ય થઇ શકે તેમ છે.

તાત્પર્ય કે, વેદનો મર્મ સમજવામાટે આ રીતે મહાભારતની જરૂર છે. આથી વૈદિક ધર્મનું તત્ત્વ સમજનાર વાચકો મહાભારતના વાચનથી દૂર ન ભાગે એટલુંજ અહીં દર્શાવવાનું છે.

(ગ) રાષ્ટ્રીય મહાકાવ્ય ગ્રંથ

હવે રાષ્ટ્રીય મહાકાવ્ય ગ્રંથની દષ્ટિએ મહાભારતનું મહત્ત્વ જોઇએ. રાષ્ટ્રીય મહાકાવ્યમાં નીચે લખેલાં લક્ષણ જરૂર હોવાં જોઈએઃ—

૧—મહાકાવ્ય રાષ્ટ્રનો આદરણીય ગ્રંથ હોવો જોઇએ.

૨—રાષ્ટ્રીય મહાકાવ્યમાં પ્રતિપાદ્ય વિષય શરૂઆતથી અંતસુધી એકજ હોવો જોઇએ.

૩—આખા કાવ્યદ્વારા પ્રતિપાદન કરેલો પ્રસંગ અત્યંત મહત્ત્વપૂર્ણ અને રાષ્ટ્રીય મહત્તાવાળો હોવો જોઇએ.

૪—તે કાવ્યમાં વર્ણવેલા પુરુષ શ્રેષ્ઠ વર્ણના, ઉદારચરિત તથા ધાર્મિક દૃષ્ટિએ આદરણીય હોવા જોઇએ.

૫—ગ્રંથની ભાષા સુગમ, ગંભીર અને ભાવપૂર્ણ હોવી જોઈએ. વૃત્ત પણ સુગમ અને ઉત્તમ જોઇએ.

૬—વર્ણવેલા પ્રસંગોમાં વિવિધતા હોવી જોઈએ.

૭—ગ્રંથમાં ઉજ્જ્વલ યશ ફેલાવનારાં વર્ણન હોવાં જોઇએ.

૮—અંતમાં સત્યનો જય થવો જોઇએ.

૯—કથાભાગ જૂનો હોવા છતાં પણ સદાયે તેની નવીનતા ટકી રહેવી જોઇએ.

૧૦—રાષ્ટ્રનું ચારિત્ર વધારનારાં અને સભ્યતાનો આદર્શ દર્શાવનારાં મુખ્ય વર્ણનો હોવાં જોઇએ.

મહાકાવ્યનાં નીચલાં દશ લક્ષણો હોય છે; અને એ બધાંયે આ મહાભારતમાં સમાયેલાં છે. જગતમાં જે જે રાષ્ટ્રીય મહાકાવ્ય છે, તેમાં આ દશે લક્ષણો પૂર્ણ રૂપમાં બેસતાં આવતાં

નથી; પરંતુ માત્ર મહાભારતમાંજ આ દશે લક્ષણો પૂરેપૂરાં બંધ બેસે છે. આથીજ સઘળા વિદ્વાનો આ મહાભારતને સાચું રાષ્ટ્રીય મહાકાવ્ય કહે છે, અને તેથીજ સઘળા વિદ્વાનો તેની પ્રશંસા કરે છે. જુઓઃ–

૧–મહાભારત આ ભરતખંડમાં સર્વત્ર આદરણીય છે.

૨–તેમાં શરૂઆતથી તે અંતસુધી કૌરવપાંડવોનાં વર્ણન, એજ પ્રતિપાદ્ય વિષય છે.

૩–કૌરવપાંડવોનો યુદ્ધપ્રસંગ એ વિષય અત્યંત રાષ્ટ્રીય મહત્ત્વનો હોઇને એજ તેનો મુખ્ય પ્રતિપાદ્ય અને વર્ણનીય વિષય છે.

૪–આ કાવ્યમાં ભીષ્મપિતામહ, ધર્મરાજ, શ્રીકૃષ્ણ, અર્જુન, કર્ણ વગેરે અનેક ઉદારચરિત મહાત્માઓનું વર્ણન કર્યું છે અને તે દરેકનું જીવન આદર્શરૂપ છે.

૫–ગ્રંથની ભાષા સુગમ, ગંભીર અને ભાવપૂર્ણ છે. વૃત્ત પણ અત્યંત સરળ અને ઉત્કૃષ્ટ છે.

૬–વર્ણનોની વિવિધતા તો મહાભારતમાં ઠેર ઠેર છે.

૭–એમાં પાંડવોનો ઉજ્જ્વલ યશ ફેલાવનારાં વર્ણન છે.

૮–અંતમાં પાંડવોના સત્ય પક્ષનોજ વિજય દર્શાવ્યો છે.

૯–મહાભારતનું વર્ણન અત્યંત જૂનું હોવા છતાં આજે પણ તે નવા જેવું દેખાઇ આવે છે.

૧૦–ભારતવર્ષના શીલ–ચારિત્રને વધારનારો તથા આર્યસભ્યતાની રક્ષા કરવાવાળો આજ મહાભારત ગ્રંથ છે.

આ રીતે રાષ્ટ્રીય મહાકાવ્યનાં સઘળાંયે લક્ષણ મહાભારતમાં પૂર્ણ રીતે બંધ બેસે છે; અને તેથી ભારતવર્ષનો એ રાષ્ટ્રીય મહાકાવ્ય ગ્રંથ છે, તેમાં કંઇજ શક નથી.

આર્યોના પ્રાચીન ઇતિહાસમાં ભારતીય યુદ્ધનું મહત્ત્વ ઘણુંજ છે. રાષ્ટ્રીય પ્રગતિની દૃષ્ટિએ પણ તેનું મહત્ત્વ ઘણુંજ છે, કેમકે આર્યોની વૈદિક સભ્યતા તે વખતે ઉન્નતિને શિખરે પહોંચેલી હતી. એ પછી એ સભ્યતાનું પતન શરૂ થાય છે; તે અદ્યાપિપર્યંત ચાલુજ રહ્યું છે. ભારતીય રાષ્ટ્રના ઇતિહાસમાં ભારતીય યુદ્ધના પ્રસંગ જેવો મહત્ત્વપૂર્ણ બીજો પ્રસંગજ નથી. એજ પ્રસંગ આ મહાભારતમાં મુખ્યત્વે વર્ણવેલો છે.

મહાભારતમાં બીજાં દશ્યો પણ એટલાં મનોરમ છે કે જે એકલાં એકલાં પણ અન્ય મહાકાવ્યોનાં વિષય બનેલાં છે. જેમકે (૧) ભારવીકવિનું કિરાતાર્જુનીય કાવ્ય કે જે અર્જુનને પાશુપતાસ્ત્ર મળવાના પ્રસંગનુંજ વર્ણન કરે છે. (૨) માઘકવિનું શિશુપાલવધ કાવ્ય કે જે શિશુપાલના વધના વર્ણન ઉપર રચેલું છે. (૩) શ્રીહર્ષના નૈષધકાવ્યનો વિષય, એમાં નળ દમયંતીનું ચરિત્રજ છે. આ રીતે પંચમહાકાવ્યોમાંથી ત્રણ મહાકાવ્ય મહાભારતમાંનાજ થોડા વર્ણન ઉપરથી રચાયેલાં છે. આથી સ્પષ્ટ થાય છે કે, મહાભારતની કાવ્યદૃષ્ટિએ પણ કેટલી યોગ્યતા છે! અને એ એવડો મોટો ગ્રંથ છે કે જેની ઉપકથાઓને લઇને એકેક મહાકાવ્ય બની શકે તેમ છે!!!

મહાભારતનાં સ્ત્રી અને પુરુષો, બાળ–તરુણ અને વૃદ્ધાવસ્થાઓમાં પણ પરમ આદર્શરૂપ છે. પાંડવોનો પ્રતિપક્ષી સમ્રાટ દુર્યોધન, તે પણ પોતાના સામ્રાજ્યને માટે એક આદર્શ સામ્રાજ્યવાદી(આઇડિયલ ઇમ્પીરીયાલીસ્ટ)જ છે. મહાભારતમાં વર્ણવેલી ખરાબમાં ખરાબ વ્યક્તિ પણ "સામ્રાજ્યવાદ"ની દૃષ્ટિએ આદર્શરૂપ છે; તો બીજી વ્યક્તિઓ–ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, ધર્મરાજ વગેરે–પણ આદર્શરૂપ હોય, એમાં તો શંકાજ શી? દુર્યોધનવિષે લોકોમાં બહુ ખરાબ વિચાર ફેલાયા છે; પરંતુ તેને મહાભારતમાંથી કંઇજ આધાર મળતો નથી. રાજ્ય ચલાવવું, રાજ્ય વધારવું, રાજ્યનું રક્ષણ કરવું, ધર્મયુદ્ધના નિયમ પાળવા,

વગેરે બાબતોમાં એક પણ દોષ દુર્યોધને નથી કર્યો. પ્રજાપાલનમાં પણ તેનો કંઇ દોષ ન હતો. રાજનીતિની દૃષ્ટિએ તેનું આચરણ પણ દોષિત નથી–અર્થાત્ મહાભારતની દૃષ્ટિએ તેનામાં "આદર્શ સામ્રાજ્યવાદની વીરતા" જોવી જોઇએ. એક બાજુ પૃથ્વીનું સામ્રાજ્ય અને બીજીબાજુ મૃત્યુ, તેની વચ્ચેની મધ્યમ સ્થિતિ સુયોધન સમ્રાટને (દુર્યોધન તો તેનું સાચું નામ પણ નહોતું) પસંદજ નહોતી. અસ્તુ. આ રીતે સામા પક્ષના વીરમાં પણ ઉચ્ચ આદર્શ જે મહાભારતકારે મૂક્યો છે, તેમનાં બુદ્ધિચાતુર્યનાં વર્ણન અમે શું કરી શકીએ?

શરૂઆતથી અંતસુધીમાં બહુજ થોડા પ્રસંગોસિવાય બધાજ વર્ણનપ્રસંગો મુખ્ય કથા સાથે સંબંધ ધરાવનારા છે. મુખ્ય કથા સાથે સંબંધ ન રાખનારાં વર્ણન ઘણેભાગે ક્યાંય નથી. આવડા મોટા ગ્રંથમાં વર્ણનોનો આટલો પરસ્પર ગાઢો સંબંધ જાળવી રાખવો, એ સાચેજ કવિત્વના અદ્દભુત બળસિવાય થઈ શકે તેમ નથી.

કૌરવપાંડવોના સમયમાં જે જે નાનામોટા રાજાઓ આ ભરતખંડમાં હતા, તે બધાજ આ યુદ્ધમાં એકઠા થયા હતા. લડનારા વીરોની સંખ્યા ૧૮ અક્ષૌહિણી અર્થાત્ બાવન લાખ હતી. આ વીરોસિવાય તેમની સાથે રહેનારા નોકરચાકરો બીજા એટલાજ અથવા એથી પણ વધારે હશે. આ રીતે ભારતવર્ષના પ્રત્યેક પ્રાંતના વીરો આ યુદ્ધમાં જોડાયા હતા; તેથી આ યુદ્ધ સાથે ભારતવર્ષના પ્રત્યેક પ્રાંતનો સંબંધ હતો, અને તેથીજ આ ભારતીય યુદ્ધને રાષ્ટ્રીય મહાયુદ્ધ કહે છે. આ મહાયુદ્ધનું વર્ણન મહાભારતમાં છે, તેથી પણ તેને "રાષ્ટ્રીય ગ્રંથ" કહે છે. વળી મહાભારત એ સર્વમાન્ય રાષ્ટ્રીય ગ્રંથ હોવાનું એક મુખ્ય કારણ એ છે કે, આ યુદ્ધમાં ભારતના સઘળા પ્રાંતોના લોકોએ ભાગ લીધેલો હતો, તેથી પ્રત્યેક પ્રાંતના લોકો તે યુદ્ધની હકીકતો જાણવાને આતુર હતા; અને તે હકીકત આ મહાભારતગ્રંથ મારફતે મળતાંજ આ ગ્રંથની સર્વમાન્યતા વધી ગઈ તથા ભારતના સઘળા પ્રાંતોમાં આ ઇતિહાસ પ્રિય થઈ પડ્યો.

હાલમાં ભારતવર્ષના જૂદા જૂદા પ્રાંતોમાં જે જે વીરજાતિઓ છે, તેમના વીરપૂર્વજો મહાભારતકાળમાં ભારતીય મહાયુદ્ધમાં જોડાયા હતા; એટલે આ ઇતિહાસ તે તેમનાજ પ્રાચીન પૂર્વજોનો ઇતિહાસ છે, તેથી આ દૃષ્ટિએ આ ગ્રંથનું હાલના સમયમાં પણ રાષ્ટ્રીય મહત્ત્વ છે.

આ વિષયમાં પ્રસંગોપાત આગળ પણ અધિક વર્ણન આવનાર હોવાથી આ વિષયને અહીંજ સમાપ્ત કરીએ છીએ.

૬–છ ખૂંટીઓવાળું મહાન ચક્ર

ધૌમ્યમુનિના ત્રીજા જ્ઞાની શિષ્ય વેદ નામના હતા. સમાવર્તન સંસ્કાર થયા પછી ગૃહસ્થાશ્રમમાં દાખલ થયા બાદ તે આચાર્ય વેદની પાસે પણ કંઇએક શિષ્યો વેદાભ્યાસ કરવા આવ્યા. તેમાં ઉત્તંક નામનો અત્યંત સદ્દગુણી શિષ્ય હતો અને તેના ઉપર પૂજનીય આચાર્યજીનો પણ અત્યંત વિશ્વાસ હતો. એક વખતે સમ્રાટ જનમેજયને ઘેર યજનકર્મ કરાવવા જતી વખતે આચાર્ય વેદજીએ પોતાના શિષ્ય ઉત્તંકને કહ્યું કે, "હે ઉત્તંક! હું ઇચ્છું છું કે, મારી ગેરહાજરીમાં મારા ઘરમાં જે કંઇ ન હોય તે તું લાવી આપજે." આ રીતે આજ્ઞા કરીને આચાર્યજી સમ્રાટના યાજ્ઞિક કર્મમાટે ચાલ્યા ગયા.

આ વખત બ્રહ્મચારી ઉત્તંકની પરીક્ષાનો હતો. એ પરીક્ષા નીચે પ્રમાણે લેવામાં આવી:–

એક દિવસ ગુરુના ઘરની સ્ત્રીઓએ એકઠી થઇને ઉત્તંકને બોલાવીને કહ્યું:–"ઉત્તંક! તારી ગુરુપત્ની ઋતુવાળી થઈ છે, તારા ગુરુજી પણ ઘરમાં નથી કે જેથી તેની ઋતુ ખાલી ન જાય, માટે તું તેને ઋતુ–દાન દે."

કેટલું કઠોર પ્રલોભન ! આ વખતે બ્રહ્મચારી ઉત્તંકસમક્ષ એક બાજુ સહજપ્રાપ્ત વિષયસુખ અને બીજી બાજુ બ્રહ્મચર્યવ્રતના ભંગનું તથા વૈદિક "સપ્ત મર્યાદા" ના ઉલ્લંઘનનું પાપ નજર સામે હતું. દુર્બળ માણસ તો આવે પ્રસંગે કદાચ ફસાઇ પણ જાત; પરંતુ ઉત્તંક ભારે તપસ્વી અને નિયમપાલનમાં દક્ષ હતો; તેથી તેણે તરતજ કહી દીધું કે, "હું સ્ત્રીઓની વાતો સાંભળી આવું કુકર્મ નહિ કરૂં. ઉપાધ્યાયે મને એવી આજ્ઞા નથી આપી કે, તારે કુકર્મ પણ કરવું."

આ રીતે બ્રહ્મચારી ઉત્તંકના બ્રહ્મચર્યવ્રતની પૂર્ણ પરીક્ષા થઈ અને તે ઉત્તમ પ્રકારે આ કઠોર પરીક્ષામાં ઉત્તીર્ણ થયો. આવા સદ્‌ગુણી બ્રહ્મચારી ઉપર કોણ પ્રેમ ન કરે ? આચાર્ય વેદનો પ્રેમ ઉત્તંકે આવી રીતે સંપાદન કર્યો હતો. થોડા સમય પછી ઉત્તંકનો સમાવર્તનકાળ આવ્યો. તે વખતે "ગુરુદક્ષિણા" આપવાનો વિચાર બ્રહ્મચારી ઉત્તંકે પોતાના આચાર્યને જણાવ્યો; પણ આચાર્યજી અત્યંત સતસંપન્ન હોવાથી ગુરુદક્ષિણા આપવાની માગણી થવા છતાં તેમણે તો તે લેવાજ ઇચ્છી નહિ, પરંતુ આચાર્યપત્ની એવાં પ્રલોભનોને જીતી શકી ન હતી.

ઘણીખરી સ્ત્રીઓ સુંદર ઘરેણાં અને સુંદર વસ્ત્રો ઉપર એટલો પ્રેમ રાખે છે કે તેના આગળ તેમને શ્રેષ્ઠ વિચારની કશીજ વિસાત હોતી નથી. હાલમાં પણ સ્વદેશી ખાદીનો પ્રચાર પુરુષોમાં કેટલેક છે; પરંતુ સ્ત્રીઓ તો વિદેશી વસ્ત્રોજ પહેરે છે ! સ્વદેશી ખાદી કરતાં વિદેશી નરમ સુંદર વસ્ત્રોનો સ્પર્શ તેમને વધારે વહાલો લાગે છે ! એવીજ અવસ્થા ઉપર કહેલાં ઉપાધ્યાયિનીની હતી; તેથી તેમણે ઉત્તંકને કહ્યું કે, "બેટા ઉત્તંક ! રાજા પૌષ્યની સ્ત્રીએ પહેરેલાં બન્ને કુંડળ માગી લાવ."

રાણીનાં પહેરેલાં કુંડળ લાવવાં, એ બહુ ભારે કામ હતું; પરંતુ વિદ્વાન પુરુષાર્થી ઉત્તંક ગભરાયો નહિ. તે પૌષ્યરાજા પાસે ગયો અને પોતાની વિદ્વત્તાને બળે ઉપલાં કુંડળ મેળવ્યાં; તથા તે લાવીને પોતાનાં ઉપાધ્યાયિની પાસે આવવા નીકળ્યો. એટલામાં રસ્તામાં સર્પજાતિના એક નાગા સાધુએ કોઇપણ યુક્તિથી એ કુંડળ ચોરી લીધાં અને ચોરી લઈને તરતજ તે વેષધારી સાધુ નાસવા લાગ્યો. ઉત્તંક બ્રહ્મચારી તેની પાછળ પડયો. તે પકડાવા આવ્યો કે તરતજ તે સાધુએ વેષ બદલીને દોડવાનું શરૂ કર્યું; છતાં પણ બ્રહ્મચારીએ તો તેનો પીછોજ પકડયો. અંતે તેઓ બંને નાગલોકમાં પહોંચ્યા. એટલામાં તે ચોર કોઇપણ રીતે અલોપ થઇ ગયો; અને અપરિચિત દેશમાં બ્રહ્મચારી ઉત્તંક એકલો અસહાય અવસ્થામાં રહ્યો, છતાં પણ તે ગભરાયો નહિ ! ત્યાં તેણે જોયું કે, એક વિલક્ષણ ખુંટી ઉપર કાળા અને ધોળા દોરાની તાણી કરેલી છે અને બે સ્ત્રીઓ કપડાં વણે છે. તે ખુંટીનું મોટું ચક્ર છ કુમારો ફેરવે છે, એક પુરુષ સૂતર ઠીકઠાક કરે છે અને તેની પાસે એક સુંદર ઘોડો પણ છે. તેનું વર્ણન બ્રહ્મચારી ઉત્તંક નીચે પ્રમાણે કરે છેઃ—

> त्रीण्यर्पितान्यत्र शतानि मध्येषष्टिश्च नित्यं चरति ध्रुवेऽस्मिन् ।
> चक्रे चतुर्विंशति पर्वयोगे षड् वै कुमाराः परिवर्तयन्ति ॥
> तंत्रं चेदं विश्वरूपे युवत्यौ वयतस्तंतून्सततं वर्तयंत्यौ ।
> कृष्णान् सितांश्चैव विवर्तयंत्यौ भूतान्यजस्रं भुवनानि चैव ॥
> वज्रस्य भर्ता भुवनस्य गोप्ता वृत्रस्य हंता नमुचेर्निहंता ।
> कृष्णे वसानो वसने महात्मा सत्यानृते यो विविनक्ति लोके ॥
> यो वाजिनं गर्भमपां पुराणं वैश्वानरं वाहनमभ्युपैति ।
> नमोऽस्तु तस्मै जगदीश्वराय लोकत्रयेशाय पुरंदराय ॥

(મહા૦ આદિ૦ અ૦ ૩, શ્લો૦ ૧૪૬ થી ૧૫૩)

ખૂંટીઓવાળા ચક્ર ઉપર બે સ્ત્રીઓ કપડું વણી રહી છે.



ભાવાર્થ કે, "એ ચોવીસ ભાગવાળા સ્થિર ચક્રમાં ત્રણુસો ને સાઠ તાણા હતા. તેને છ કુમારો ફેરવતા હતા. વિશ્વરૂપિણી બન્ને યુવતીઓ આ તાણામાં ધોળો અને કાળો વાણો નાખીને હમેશાં વસ્ત્ર વણુતી વણુતી સંપૂર્ણ ભૂતો અને ભુવનોને ઘુમાવી રહી છે. જે મહાત્મા કાળાં વસ્ત્ર પહેરનાર, વજ્ર ધારણ કરનાર, નમુચિ અને વૃત્રનો નાશ કરનાર, ભુવનરક્ષક અને તેજસ્વી વૈશ્વાનર અશ્વનું વાહન કરનારા ત્રિલોકનાથ જગદીશ્વર પ્રભુ છે, તેને હું નમન કરૂં છું."

આ રીતે સ્તુતિ કરતાંજ તે પુરુષે કહ્યું કે, "હે ઉત્તંક! તારે શું જોઇએ?" બ્રહ્મચારીએ કહ્યું કે, "આ સર્પજાતિ મારે વશ થાય." પુરુષે કહ્યું કે, "આ ઘોડાનું મળદ્વાર ફુંક." ઉત્તંકે ઘોડાનું મળદ્વાર ફુંકતાંજ અગ્નિ વધવા લાગ્યો; તેની ગરમીથી સર્પોનો દેશ તપી ઉઠયો; સર્પો ગભરાઇ ગયા અને આ રીતે ત્રાસ પામ્યા પછીજ સર્પોએ તેને કુંડળ આપ્યાં. બ્રહ્મચારીએ તે લઇને ઉપાધ્યાયિનીને આપ્યાં; અને ગુરુદક્ષિણા આપ્યા પછી તેમનો આશીર્વાદ લઇને કુંડળ ચોરાવીને આટલું દુઃખ દેનારા એવા સર્પનો તથા તેને આશ્રય આપનારી સર્પજાતિનો બદલો લેવાના ઉદ્દેશથી તે રાજા જનમેજય પાસે આવ્યો. એજ ઉત્તંકની પ્રેરણાથી પ્રેરાઇને રાજા જનમેજયે સર્પજાતિનો નાશ કરવાને માટે સર્પયજ્ઞ કર્યો; કેમકે જનમેજયના પિતા રાજા પરિક્ષિતનો વધ પણ એક સર્પેજ કર્યો હતો. આથી સમાનદુઃખવાળો બ્રાહ્મણ ઉત્તંક અને સમાનદુઃખવાળા રાજા જનમેજયને મિત્રતા થઇ; અને બ્રાહ્મણક્ષત્રિયોના સંયુક્ત પ્રયત્નથી આર્યજાતિને વિવિધ રીતે દુઃખ દેનારી સર્પજાતિનો નાશ કરવામાં આવ્યો. (મહા૦આદિ૦અ૦૩) આ રીતે **જાતીય સંકટ દૂર કરવા માટે બ્રાહ્મણો અને ક્ષત્રિયોએ પોતાની સઘળી શક્તિ એકત્ર કરવી જોઇએ;** અને તે એકત્ર શક્તિને રાષ્ટ્રહિતના કામમાં લગાવવી જોઇએ. વેદમાં પણ એમજ કહ્યું છે કે:—

यत्र ब्रह्म च क्षत्रं च सम्यंचौ चरतः सह। तं लोकं पुण्यं प्रज्ञेषं यत्र देवाः सहाग्निना॥

(યજુ૦ ૨૦-૨૫)

અર્થાત્—"**જે રાષ્ટ્રમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયો હળીમળીને કાર્ય કરે છે, તેજ દેશ પુણ્ય-પવિત્ર (થઇ શકે છે-રહી શકે) છે.**"

આર્યોમાં જ્યાંસુધી જ્ઞાની અને શૂર પુરુષો આ રીતે હળીમળીને જાતીય ઉન્નતિનાં કાર્યો કરતા હતા; ત્યાંસુધીજ આર્યજાતિની ઉન્નતિ હતી. અને જ્યારથી અંદર અંદર ફૂટ થઇ અને એક ઘરના ભાઇ ભાઇજ આપસ આપસમાં લડી મરવા તૈયાર થયા; ત્યારથીજ આર્યજાતિની અધોગતિ શરૂ થઇ ગઇ છે. મહાભારતની શરૂઆતમાંજ આ એકતાની મહત્તાનો દિવ્ય ઉપદેશ મળે છે, કે જે જાતીય અને રાષ્ટ્રીય ઉન્નતિ ઇચ્છનારાઓએ ખાસ યાદ રાખવાની જરૂર છે. એ બોધ નીચે પ્રમાણે છે:-

(૧) **વિદ્યાર્થીધર્મ:**—કેટલાંયે પ્રલોભન આવે તોપણ પ્રલોભનોમાં ફસી જઇને બ્રહ્મચર્ય વગેરેના સુનિયમોની ઉપેક્ષા કદાપિ ન કરવી જોઇએ.

(૨) **આચાર્યધર્મ:**—આચાર્ય એવા હોય કે જેઓ ગુરુદક્ષિણાનો વિચાર મનમાં પણ ન લાવે; અને શિષ્યને સંપૂર્ણ રીતે પોતાની વિદ્યા શીખવે તથા હમેશાં શિષ્યનું કલ્યાણજ ઇચ્છે.

(૩) **સ્ત્રીધર્મ:**—સ્ત્રીઓના ઘરેણાંના પ્રેમથી વિદ્વાનોને પણ કેટલાં દુઃખ પડે છે, તે જોઇને સ્ત્રીઓ પણ ઘરેણાંનો પ્રેમ છોડી દે; અને વિદ્યા તથા રાષ્ટ્રપ્રેમથી સુશોભિત થઇને શ્રેષ્ઠ માતાઓ બનવાનો પ્રયત્ન કરે.

(૪) **સ્નાતકધર્મ:**—જે આચાર્ય પાસેથી વિદ્યા ગ્રહણ કરી છે, તેમને ગુરુદક્ષિણા

આપીનેજ ગુરુઋણમાંથી મુક્ત થવું અને ગુરુવિષે સદાયે મનમાં ઉત્તમ ભક્તિભાવ રાખવો.

(૫) **રાષ્ટ્રધર્મ**:—પોતાના રાષ્ટ્રને સદા દુઃખ આપનારી જે કોઈ જાતિ હોય, તેને હરાવવા માટે રાષ્ટ્રના બધા લોકોએ–તેમાં પણ ખાસ કરીને જ્ઞાનીઓ અને શૂરવીરોએ તો હળી-મળીને એવો પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી વિજાતીયોના ઉપદ્રવથી ઉત્પન્ન થતાં દુઃખો દૂર થાય.

આટલો બોધ ઉપરની કથામાં સ્પષ્ટ રીતે રહેલો છે. મહાભારતના આદિપર્વના ત્રીજા અધ્યાયમાં આ કથા વાચકો વાંચશે તો તેમને ઉપરનો બોધ સ્પષ્ટ રીતે મળશે. હવે કથામાં જે વિશાળ ચક્રની વાત છે, તે ઉપર વિચાર કરીએ. તે ચક્ર, બે સ્ત્રીઓ, એક પુરુષ, ઘોડો, છ કુમાર, સૂતર અને કપડું, એ પદાર્થોનું જે વર્ણન છે, તે કયા વૈદિક અલંકારનું સૂચક છે, એ વાત અત્રે જોવાની છે. આ બાબતનું સ્પષ્ટીકરણ થવામાટે નીચે લખેલો વેદમંત્ર જુઓઃ–

पुमाँ एनं तनुत उत्कृणात्ति पुमान् वितत्ने अधि नाके आसिन् ।
इमे मयूखा उपसेदुरू सदः सामानि चक्रुस्तसराण्योतवे ॥ (ઋ૦ ૧૦–૧૩૦–૨)

અર્થાત્–(**पुमान्**) પુરુષ (**एवं तनुते**) તેને ફેલાવે છે. (**पुमान्**) પુરુષ ફરીથી (**उत्कृणात्ति**) ઢગલો કરે છે. તે (**अस्मिन् नाके अधि**) આ આકાશમાં પણ (**वितत्ने**) વિશેષરૂપે ફેલાવે છે. (**इमे मयूखाः**) આ ખૂંટીઓ (**सदः उप सेदुः**) કાર્યની જગ્યાએ છે. (**सामानि**) સામોને (**ओतवे**) વણવા માટે (**तसराणि**) કોકડીઓ બનાવી છે.

આ મંત્રમાં સૂતર ફેલાવવું, તેનો ઢગલો કરવો, તેને એકઠું કરવું, સમગ્ર આકાશમાં સૂતરનો તાણો ફેલાવવો, આવશ્યક સ્થળે ખૂંટીઓ મારવી અને કોકડીઓવડે વણવાનાં કામો કરવાનું વર્ણન છે. આ ઋગ્વેદનો મંત્ર છે. ઘણે ભાગે ઋગ્વેદમાં ટુંકાણમાંજ વર્ણન થાય છે અને અથર્વવેદમાં તેનું વિશેષ સ્પષ્ટીકરણ બતાવેલું હોય છે; માટે એવાજ વર્ણન-વાળા અથર્વવેદના મંત્રો જુઓઃ–

तंत्रमेके युवती विरूपे अभ्याक्रामं वयतः षण्मयूखम् ।
प्रान्या तंतूंस्तिरते धत्ते अन्या नापवृंजाते न गमाते अंतम् ॥
तयोरहं परिनृन्त्योरिव न विजानामि यतरा परस्तात् ।
पुमानेनद्वयत्युद्गृणात्ति पुमानेनंद्विजभाराधि नाके ॥ (અથર્વ૦ ૧૦–૭–૪૨,૪૩)

(**एके**) એકલી એકલી (**वि–रूपे युवती**) વિરુદ્ધ રૂપવાળી બે સ્ત્રીઓ (**षट् मयूखं तंत्रं**) છ ખૂંટીઓવાળા ખુડ્ડીની પાસે (**अभ्याक्रामन्**) આવે છે અને કપડું વણે છે. (**अन्या**) તેમાંની એક (**तंतून्**) સૂતર (**प्रतिरते**) ફેલાવે છે; અને (**अन्या**) બીજી (**धत्ते**) તેને પકડી રાખે છે. તે (**न अपवृंजाते**) તોડતી પણ નથી અને (**अंतं न गमाते**) કામ પણ પૂરૂં કરતી નથી. (**अहं**) હું (**तयोः परिनृत्यंत्योः इव**) તે નાચનારી જેવી સ્ત્રીઓમાં (**यतरा परस्तात्**) કયી પહેલી છે, તે (**न विजानामि**) જાણતો નથી. (**पुमान्**) (એક) પુરુષ (**एनत्**) તેને (**वयति**) વણે છે, (**पुमान्**) પુરુષ (**उद्गृणात्ति**) જૂદું પાડે છે, અને (**नाके अधि**) વિસ્તૃત આકાશમાં (**एनत विजभार**) તેને ફેલાવે છે.

વાંચનાર આ મંત્રોમાં સ્પષ્ટરૂપે જોઇ શકશે કે, આ અથર્વવેદના મંત્રો કેવળ ઋગ્વેદના, ઉપર કહેલા મંત્રોનું સ્પષ્ટીકરણ કરે છે; એટલુંજ નહિ પણ મહાભારતમાંના પણ વર્ણનનું મૂળ વૈદિક બતાવે છે. આ મંત્રોનો વિચાર કરવાથી મહાભારતના કથનનું સ્વરૂપ નક્કી થાય છે અને મહાભારતના સ્પષ્ટીકરણથી મંત્રોના અર્થ નક્કી થાય છે. તુલનાત્મક

અભ્યાસથી આપણને આ રીતે વેદના અર્થોની શોધખોળમાં મદદ મળી શકે છે. મહાભારત અને વેદમંત્રોની તુલના કરવા પહેલાં આપણે બીજા પણ વેદમંત્રોના અર્થ જોવાની જરૂર છે, તે અહીં પહેલા જોઇ લઇએ. પહેલાં ઉપર કહેલા મંત્રોમાં જે બે સ્ત્રીઓ કહેલી છે, તેનું સ્વરૂપ વેદમંત્રોદ્વારા જોવું જોઇએ; માટે નીચેના મંત્રો જુઓઃ—

उषासानक्ता बृहती बृहंतं पयस्वती सुदघे शूरमिंद्रम् ।
तंतुं ततं पेशसा संवयन्ती देवानां देव यजतः सुरुक्मे ॥ (યજુ૦ ૨-૪૧)
साध्वपांसि सनता न उक्षित उषासानक्ता वय्येव रण्विते ।
तंतुं ततं संवयन्ती समीची यज्ञस्य पेशः सुदुघे पयस्वती ॥ (ઋ૦ ૨-૩-૬)

(बृहती) મોટી, (पयस्वती) રસવાળી, (सुदुघे) ઉત્તમ દૂધ આપનારી, (सुरुक्मे) સુંદર (उषासा नक्ता) ઉષા અને સાયંસંધ્યા, એ બન્ને સ્ત્રીઓ (ततं) ફેલાયેલા (तंतुं) સૂતરને (पेशसा) સુંદરતાપૂર્વક (संवयन्ती) ઉત્તમ પ્રકારે વણતી વણતી (देवानां देवं) દેવાધિદેવ શૂરવીર ઇંદ્રનું (यजतः) પૂજન કરે છે; તથા (नः) અમારાં (साधु अपांसि) ઉત્તમ કર્મોથી (सनता उक्षिते) હમેશાં સારી રીતે પૂજાયેલી (उषासा नक्ता) ઉષા અને સાયંસંધ્યા, (वय्या इव) વણકરની જેમ (रण्विते) પ્રશંસિત (सुदुघे पयस्वती) ઉત્તમ દોહન થવાથી રસવાળી થઈને (ततं तंतुं) ફેલાયેલા સૂતરથી (यज्ञस्य पेशं) યજ્ઞનું સુંદર વસ્ત્ર (समीची संवयन्ती) ઉત્તમ પ્રકારે વણે છે.

આ બન્ને મંત્રોમાં " उषासा नक्ता " અર્થાત્ "ઉષઃકાળ" અને "સાયંકાળ" એ બંને સમયને બે સ્ત્રીઓનું રૂપક આપીને કાવ્યમય વર્ણન કરેલું છે. "उषा અને नक्ता" તે બન્ને, ઉપરના મંત્રોમાં વર્ણવેલી અને મહાભારતમાં વર્ણવેલીજ સ્ત્રીઓ છે. " उषा स्त्री " આખો દિવસ સફેદ રંગનું કપડું વણે છે અને "नक्ता स्त्री" આખી રાત કાળા રંગનું કપડું વણ્યા કરે છે. એક પછી એક આવીને પોતપોતાનું કામ કરે છે, પરંતુ કોઇનું પણ કામ પૂરૂં થતું નથી; કેમકે દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે છે, તેથી આ ક્રમ કદી સમાપ્ત થતો નથી અને થવાનો પણ નથી.

દિવસ અને રાતનો વખતજ ધોળું અને કાળું વસ્ત્ર છે, એને અલંકાર માનવાથી 'સૂર્યથી ઉત્પન્ન થનારા કાળનો સૂક્ષ્મભાગ સૂતર છે', એ વાત સ્પષ્ટ થાય છે. કાળરૂપી આ સૂત્ર, સૂર્યરૂપી ગોળ રેંટીઆ ઉપર દેવાધિદેવ ઇંદ્ર ભગવાન કાંતે છે; અને તે સૂતરને લઇને ઉષા તથા નક્તા એ બન્ને સ્ત્રીઓ કપડું વણે છે.

" છ ખૂંટીઓવાળી ખુદ્દી ઉપર આ વણવાનું કામ ચાલી રહ્યું છે. છ ખૂંટીઓ એટલે છ ઋતુઓનો સમય છે. એ ખૂંટીઓને ફેરવનાર છ ઋતુઓ છે; તથા જે ખુદ્દી ઉપર આ સમયરૂપી કપડું વણાય છે, તે સંવત્સર છે. જે પુરુષ છે, તે દેવાધિદેવ ઈશ્વર છે; અને જે તેમનું વાહન ઘોડારૂપે વર્ણવ્યું છે, તે આગ્નેય તત્ત્વ છે." આ રીતે આ સંવત્સરકાળચક્રનું વર્ણન છે. તેનો વિચાર કરવામાટે નીચેના વેદમંત્રો જોવા જરૂરના છે. તેના ઉપર વિચાર કરવાથી એ આખો અલંકાર સ્પષ્ટરીતે સમજાય છે.

द्वादश प्रधयश्चक्रमेकं त्रीणि नभ्यानि क उ तच्चिकेत ।
तस्मिन्त्साकं त्रिशता न शंकवोऽर्पिताः षष्टिर्न चलाचलासः ॥ (ઋ૦૧-૧૬૪-૪૮)
तत्राहतास्त्रीणि शतानि शंकवः षष्टिश्च खीला अविचाचला ये ॥ (અથર્વ૦૧૦-૮-૪)

બાર (प्रधयः) પરિધિવાળું એકજ ચક્ર છે, ત્રણ (नभ्यानि) નાભીઓ છે, (कः) કોણ (तत्) તે ચક્રને (चिकेत) જાણે છે? (तस्मिन्) તે ચક્રમાં (साकं) સાથે સાથે (त्रिशताः षष्टिः) ત્રણસો સાઠ (शंकवः) ખીલા (अर्पिताः) મજબૂત ઠોકેલા છે.

(૧) એક ચક્ર–કાળચક્ર, સંવત્સર. (૨) એની ત્રણ નાભી તે ત્રણ કાળ છે; ઉનાળો, ચોમાસુ અને શિયાળો. (૩) બાર પરિધિ તે બાર મહીના છે. (૪) ત્રણસો સાઠ ખીલા, તે વર્ષના ત્રણસો સાઠદિવસો છે. આ રીતે આ કાળચક્ર ચાલી રહ્યું છે, તેનું વર્ણન નીચે પ્રમાણે છે:—

द्वादशारं न हि तज्जराय वर्वर्ति चक्रं परि द्यामृतस्य।
आ पुत्रा अग्ने मिथुनासो अत्र सप्तशतानि विंशतिश्च तस्थुः ॥११॥
पंचपादं पितरं द्वादशाकृतिं दिव आहुः परे अर्धे पुरीषिणम्।
अथेमे अन्य उपरे विचक्षणं सप्तचक्रे षडर आहुरर्पितम् ॥१२॥
पंचारे चक्रे परिवर्तमाने तस्मिन्नातस्थुर्भुवनानि विश्वा।
तस्य नाक्षस्तप्यते भूरिभारः सनादेव न शीर्यते सनाभिः ॥१३॥ (ઋ.૧-૧૬૪ અ. ૯-૧૪)

(द्वादशारं) બાર આરાવાળું એક ચક્ર (ऋतस्य द्यां) ઋતુના દ્યુ લોકની (આકાશલોકની) ચારે તરફ (परि वर्वर्ति) ફરે છે; પરંતુ (तत्) તે ચક્ર જરાય (नहि जराय) ક્ષીણ થતું નથી. હે (अग्ने) તેજસ્વી દેવ! (सप्त शतानि विंशतिः) સાતસો વીસ (मिथुनासः पुत्राः) જોડકાં બાળકો તેમાં (आ तस्थुः) રહેલાં છે.

(पंचपादं) પાંચ પગવાળા, (द्वादशाकृति) બાર આકૃતિઓવાળા, (दिवः पितरं) દ્યુલોકના પિતાને (परे अर्धे पुरीषिणं) બીજા અર્ધા ભાગમાં પાણી પેદા કરનાર (आहुः) કહે છે. (इमे अन्ये) આ બીજા વિદ્વાન (आहुः) કહે છે કે, તે (सप्त चक्रे) સાત ચક્રોવાળા (षडरे) છ આરાવાળા રથમાં (अर्पितं) બેસે છે.

(विश्वा भुवनानि) સમસ્ત ભૂમંડળ (तस्मिन् परिवर्तमाने) તે ફરતાં (पंच चक्रे) પાંચ આરાવાળાં ચક્રમાં (आतस्थुः) રહે છે. (तस्य) તે ચક્રનો (भूरिभारः अक्षः) બહુ ભારે અક્ષ (न तप्यते) તપતો નથી; (सनाभिः) નાભિ સાથે તે (सनादेव) સનાતનકાળથી કાર્ય ચલાવતાં છતાં (न शीर्यते) ક્ષીણ થતો નથી.

આ વર્ણન સાથે નીચે લખેલો મંત્ર જુઓ:—

यस्मान्मासा निर्मितास्त्रिंशदराः संवत्सरो यस्मान्निर्मितो द्वादशारः। (અ૦ ૪–૩૫–૪)

(यस्मात्) જેનાથી (त्रिंशत् अराः) ત્રીસ આરાવાળો (मासाः) મહીનો નક્કી થયેલો છે, તથા જેનાથી (द्वादशारः) બાર માસરૂપી આરાવાળું (संवत्सर) વર્ષ બનાવ્યું છે.

આ મંત્રો પૂર્વોક્ત રૂપકનું સ્પષ્ટીકરણ કરે છે. એ મંત્રોના પદોનો આશય આ પ્રમાણે છે:–

(૧) દ્વાદશાર=બાર આરા=દ્વાદશાકૃતિ–બાર મહીના
(૨) પંચાર પંચપાદ=પાંચ ઋતુ
(૩) ષડર, ષળર=છ ઋતુ
(૪) સપ્તાર=સાત ઋતુ
(૫) ત્રિંશદર=ત્રીસ દિવસનો એક મહીનો
(૬) **सप्त शतानि विंशतिः मिथुनासः पुत्राः=સાતસો ને વીસ જોડકા પુત્રો થયા. વર્ષના દિવસ**

૩૬૦. દરેક દિવસ અને રાત એ બન્ને જોડકા પુત્રો છે, તથા આ હિસાબે વર્ષના ૭૨૦ પુત્રો થાય છે. ૩૬૦×૨=૭૨૦

(૭) परे अर्धे पुरीषिन्=બીજા અર્ધા ભાગમાં વરસાદવાળું વર્ષ. વર્ષમાં છ માસ વરસાદ-વિનાના અને છ માસ વરસાદવાળા હોય છે. આ બધા સાંકેતિક શબ્દો જોવાથી માલૂમ પડે છે કે, આ વર્ણન સંવત્સરનુંજ છે. આ વર્ણન સાથે પહેલાં કહેલા "છ ખૂંટીઓવાળા ચક્ર"નું વર્ણન જોશો તો જણાશે કે, મહાભારતનું વર્ણન આ વૈદિક મંત્રોનાજ આધારે લખાયું છે; અથવા એમ કહો કે, આ મંત્રોનો આશય સારી રીતે સમજાવવામાટેજ તે વર્ણન ત્યાં આપેલું છે. વેદમંત્રોનાજ શબ્દ લઇ લઇને ઉપલા શ્લોક મહાભારતમાં રચાયા છે, તેનો અનુભવ વાચકવર્ગજ કરી લેશે. મહાભારતનાજ શ્લોકોના શબ્દો ઉપર આપેલા મંત્રોમાં નથી. તે ઇંદ્રસૂક્તોમાં અન્યત્ર આવેલા છે, તેથી અહીં અમે વિસ્તારભયથી બધા મંત્રો આપવાનું ઉચિત ધારતા નથી.

એક વાત કે જે મહાભારતમાં વર્ણવેલી છે, પરંતુ વેદમંત્રોમાં અમારા જોવામાં આવી નહિ, તે એ કે, " છ કુમાર તે કાળચક્રને ફેરવે છે. " સંભવ છે કે કોઈ જગ્યાએ આ વાત વેદમાં હશે કે નહિ હોય; પરંતુ અમે પ્રયત્ન કરવા છતાં પણ હજુ મેળવી શક્યા નથી. પાઠક તેનો વધુ વિચાર કરે.

"કુમાર" શબ્દનો અર્થ સાધારણ રીતે બાળક થાય છે. તેનો અર્થ અગ્નિ પણ થાય છે. (कुं पृथ्वीं आरयति) પૃથ્વીના ફરવામાં જે કારણભૂત હોય છે, તેને પણ કુમાર (કું+આર) કહે છે; અને એજ અર્થ અત્રે લેવાયો છે. છ ઋતુઓ, એ સંવત્સરના છ કુમારો છે; અને તેઓજ સંવત્સરના ચક્રમાં ફેરફાર કરે છે, એ તો અનુભવસિદ્ધ વાત છે.

આ રીતે અમે મહાભારતના વર્ણનની તુલના વેદની સાથેજ કરી છે. હવે આ વર્ણનનું સ્પષ્ટીકરણ ખુદ મહાભારતમાંજ આપેલું છે તે પણ જુઓઃ-

ये ते स्त्रियौ धाता विधाता च ये च कृष्णाः। सिताश्च तंतवस्ते रात्र्यहनी यदपि तच्चक्रं द्वादशारं षड् वै कुमाराः। परिवर्तयन्ति तेऽपि षड्तवः संवत्सरचक्रम्॥ यः पुरुषः स पर्जन्यो योऽश्वः सोऽग्निः॥ (આદિપર્વ–અ૦ ૩ શ્લોક ૧૬૬-૬૭)

ધાતા અને વિધાતા એ બન્ને સ્ત્રીઓ છે; સફેદ અને કાળા દોરા તે દિવસ અને રાત્રિનો વખત છે; બાર આરાવાળું ચક્ર છ કુમારો ફેરવે છે, તે સંવત્સર ચક્ર છેઃ અને ફેરફાર કરનાર છ ઋતુઓ છે. જે પુરુષ છે તે મેઘરાજા છે તથા જે ઘોડો છે તે અગ્નિ છે.

આ કથામાં બીજી કેટલીયે આવી બાબતો છે, કે જે અત્રે અમે સ્થળસંકોચને લીધે આપી શકતા નથી; પરંતુ તેનો વિચાર પણ આ મંત્રોને વિચાર્યા પછીજ થઇ શકે. આ મહાભારતીય સ્પષ્ટીકરણમાં કહ્યું છે કે, "ધાતા અને વિધાતા" એ બે સ્ત્રીઓ છે; અને વેદમંત્રોમાં " ઉષા અને નક્તા " એ બે સ્ત્રીઓનું વર્ણન છે. આ વિષે અત્રે એટલુંજ કહેવું પૂરતું છે કે, "ઉષઃકાળ અને સાયંકાળ"નુંજ બીજું નામ અનુક્રમે "ધાતા અને વિધાતા" છે. એ શબ્દોના બીજા અર્થ થાય છે, પરંતુ આ કથાપ્રસંગમાં એના અર્થ એજ છે.

"ધાતા અને વિધાતા" નામોનો ઉપયોગ કરીને પુરાણમાં કેટલીયે કથાઓ વર્ણવેલી છે. તે કથાઓનું મૂળ વેદમાં છે, એમ " ઉષા અને નક્તા " શબ્દોના પ્રયોગ જોવાથી જણાઇ આવે છે. આ લાભ આ રીતે તુલના કરવાથી મળે છે.

પરંતુ કેટલાક વાચકો પૂછશે કે, આ રીતે લખેલા સંવત્સરચક્રના વર્ણનથી અમને શો લાભ? આ વર્ણન ભલેને કોઈ વેદમાં હોય કે કોઇ બીજા ગ્રંથમાં હોય. પ્રશ્ન યોગ્ય છે, એટલે તેનો અત્રે જવાબ આપવો જોઇએ.

જો ઉપરનું વર્ણન કેવળ કાળચક્રનુંજ છે, તો કાવ્ય-રસાસ્વાદ-સિવાય બીજો કોઇપણ લાભ તેનાથી થવો શક્ય નથી; પરંતુ વેદમંત્રની બાબતમાં વિશેષ ગૂઢતા રહેલી હોય છે, તેનો અનુભવ વાચકને કેટલીયે વાર થઇ ચૂકયો છે. એ ગૂઢતા અધ્યાત્મવિષયની છે. જે વર્ણન આપણે અત્યારસુધી બાહ્યકાળવિષે જોતા હતા, તેજ હવે આંતરિક પ્રાણચક્રવિષે લાગુ પાડી જોવાથી વૈદિક ગૂઢ આશયનો ખ્યાલ આવશે. જુઓ, એકે એક પૂર્વોક્ત તત્ત્વનો અધ્યાત્મ સંબંધ કેવો છેઃ-

(૧) ૩૬૦ શંકુ = ૩૬૦ ખીલ = શરીરનાં ૩૬૦ હાડકાં, "**अस्थीनि च ह वै त्रीणि शतानि षष्टिश्च ।**" गर्भ उप० ५ ॥ "**षष्टिश्च ह वै त्रीणि शतानि पुरुषस्यास्थीनि ।**" शत० ब्रा० १०।५।४।१२॥ (મનુષ્યના શરીરમાં ૩૬૦ હાડકાં છે.)

(૨) ૭૨૦ જોડકા પુત્ર=(૩૬૦ દિવસ અને ૩૬૦ રાત્રિ મળીને ૭૨૦ પુત્રો થાય છે.) ઉપર ૩૬૦ હાડકાં દિવસની જગ્યાએજ બતાવ્યાં છે. રાત્રિની જગ્યાએ ૩૬૦ મજ્જાકેન્દ્ર ગણાય છે. "**षष्टिश्च ह वै त्रीणि च शतानि पुरुषस्य मज्जानः ।**" (**शत ब्रा० १०।५।४।१२ ॥**) હાડકાં અને મજ્જાકેન્દ્રો મળીને ૭૨૦ થાય છે. ૩૬૦+૩૬૦=૭૨૦

(૩) એકચક્ર=મુખ્ય પ્રાણચક્ર

(૪) છ કુમાર=છ ઋતુ (૧) જન્મ (૨) અસ્તિત્વ (૩) બુદ્ધિ (૪) મધ્યાવસ્થા (૫) પરિણતાવસ્થા (૬) નાશ. આ માનવજીવનની છ અવસ્થાઓ તે ઋતુ છે.

(૫) બે સ્ત્રીઓ=મતિ અને પ્રમતિ (બોધ અને પ્રતિબોધ, જ્ઞાન અને વિજ્ઞાન)

(૬) કાળા અને સફેદ તંતુ=અપાન અને પ્રાણ (મારનારી અને તારનારી શક્તિ, કે જે શરીરમાં કાર્ય કરે છે.)

(૭) પુરુષ=પુરુષ, ચૈતન્ય; વૈદ્યુતશક્તિ-જીવનવિદ્યુત્

(૮) અશ્વ=અગ્નિ. શરીરની ગરમી, કે જે પ્રાણના શ્વાસોચ્છવાસનેજ લીધે રહે છે. (આગળ કહેલી ઉત્તંકની કથામાં ઘોડાનું મળદ્વાર ફુંકવાથી ગરમી વધી જવાનું વર્ણન આવેલું છે.) પ્રાણાયામથી શરીરમાં ગરમી વધી જાય છે, એ તો અનુભવની વાત છે.

(૯) બાર પરિધિ=દશ ઇંદ્રિયો, મન અને આત્મિક તેજ મળીને બાર વિભાગો છે. "**मन एकादशं तेजो द्वादशं ।**" गर्भ उप० ५ ॥ "**द्वादशार, द्वादशाकृति**" વગેરે શબ્દોનો ભાવ એજ છે.

(૧૦) ત્રણ નાભિ=હૃદય, શિર અને કંઠસ્થાનનાં ત્રણ મુખ્ય કેન્દ્ર

(૧૧) પંચપાદ=(પંચારચક્ર) પાંચ પ્રાણોનાં કેન્દ્ર

(૧૨) ષડર=ષડચક્ર નામનું મજ્જાકેન્દ્ર કે જે કરોડમાં હોય છે.

(૧૩) સપ્તાર=બે આંખ, બે કાન, બે નાક અને એક મુખ. "સપ્તર્ષિ" વગેરે શબ્દો એનાજ બોધક છે.

બાહ્યવર્ણનમાં અને આંતરિક અધ્યાત્મવર્ણનમાં કયી રીતે એકરૂપતા જોવી જોઇએ, એ વિષે શતપથ બ્રાહ્મણમાં સ્થળે સ્થળે અનેક રીતે કહેલું છે. તેના અનુસંધાનથીજ ઉપરનું

સ્પષ્ટીકરણ આપેલું છે. વાંચનાર પણ તેના ઉપર વધુ વિચાર કરે.

અધ્યાત્મનું વર્ણન પોતાની અંદર જોવાનું હોય છે. પૂર્વોક્ત વર્ણન, આ રીતે પોતાની અંદર જોઇને પોતામાં રહેલું આન્તરિક સામર્થ્ય પહેલું જાણવું જોઇએ અને યોગ વગેરેનાં સાધનોદ્વારા તેનો અનુભવ કરવો જોઈએ.

આજ કારણથી વેદ અને ઉપનિષદોમાં સ્થળે સ્થળે અધ્યાત્મ ઉપદેશ અપાયેલો છે.

આપણી અંદર પ્રાણશક્તિ કેવી રીતે કામ કરે છે, ઝેરી સાપો કોણ છે તથા તેનો નાશ કેવી રીતે થાય છે, એ બધી બાબત અત્રે જોવી જોઈએ; પરંતુ તે સ્પષ્ટીકરણ કોઇ બીજા લેખમાં વિસ્તારપૂર્વક કરીશું.

આ લેખમાં મહાભારતની કથા અને તેનો વેદમંત્રો સાથેનો સંબંધ બતાવ્યો છે. એથી વધુ વિચાર કરવામાટે જે સાધન અત્રે રજુ કરેલાં છે; તેનો ઉપયોગ કરીને વાચકો પણ વધારે શોધ કરશે, તો તેમાંથી બહુજ મોટું કાર્ય થઇ શકે તેમ છે.

અસ્તુ. આ લેખમાળામાં ક્રમશઃ એજ વિચાર થતો રહેશે.

૭–લગ્નસમયે રાષ્ટ્રીયતાનો વિચાર

(ક) સાર્વભૌમિક શિક્ષણ

મહાભારતનું શિક્ષણ સાર્વભૌમિક છે. આ ગ્રંથથી સામાજિક, રાજકીય, નૈતિક વગેરે સઘળા પ્રકારનું શિક્ષણ મળી શકે છે. માનવજાતિનો સામાજિક ઇતિહાસ પણ આ ગ્રંથમાં મળી આવે છે. આ ગ્રંથમાં એવી તો દૂર દૂરની વાતો મોજુદ છે, કે જે મધ્ય એશિયા, યૂરોપ, અમેરિકા અને ઉત્તરધ્રુવનાં વિવિધ સ્થાનો સાથે સંબંધ રાખે છે. આ બધું વર્ણન અત્યંત મનોરંજક છે, અને આ લેખમાળામાં ક્રમશઃ તેનો ઉલ્લેખ કરવામાં આવશે.

(ખ) લોકમાન્ય તિલકનો મત

ચિરસ્મરણીય લોકમાન્ય મહાત્મા તિલક મહારાજ વારંવાર કહેતા હતા કેઃ–" મહાભારત ગ્રંથ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એમાં ધર્મરાજાની સત્યનિષ્ઠા, કર્ણની ઉદારતા, ભીમનું બાહુબળ, અર્જુનનું યુદ્ધકૌશલ્ય વગેરે અનેક અવર્ણનીય ગુણોવાળા વીરોનાં વર્ણન છે અને એ વીરોનાં ચરિત્ર વાંચવા જેવાં તથા મનનીય છે; છતાં પણ તે બધામાં ભીષ્મપિતામહનો દઢ નિશ્ચય અને શ્રીકૃષ્ણચંદ્રનું રાજનીતિકૌશલ્ય, એ તો અત્યંત વિલક્ષણ મહત્ત્વનું છે. તેના આગળ બીજાઓના અન્યાન્ય ગુણો ઝાંખા પડી જાય છે; તેથી નવયુવકોને હું કહું છું કે, તેઓ મહાભારતનો અભ્યાસ જરૂરજ કરે અને ભીષ્મપિતામહનો દઢ નિશ્ચય તથા શ્રીકૃષ્ણચંદ્રનું રાજનીતિકૌશલ્ય, પોતાનામાં વધારવાનો પ્રયત્ન કરે." (તિલકસ્મરણ પૃ.૧૪૭)

મહાત્મા તિલકજીએ કેટલીયે વાર મહાભારતનો અભ્યાસ કર્યો હતો અને ઘણે ભાગે તેઓ દરરોજ મહાભારતનો થોડોઘણો પાઠ કરતાજ હતા. આથી તેમના મિત્રો કહે છે કે, લોકમાન્ય તિલક મહારાજે જાતેજ મહાભારતનો વારંવાર પાઠ કરીને પોતાની સમક્ષ ભીષ્મપિતામહ અને શ્રીકૃષ્ણ ભગવાન એ બેનેજ આદર્શતરીકે રાખ્યા હતા. એજ કારણથી લોકમાન્યજીનું જીવન પણ તેમના જેવુંજ થઇ ગયું !!

(ગ) મિશ્રિત વિવાહ

અસ્તુ. આ રીતે મહાભારતની અપૂર્વતા સર્વમાન્ય છે અને ખાસ કરીને આ ગ્રંથ નવજુવાનોએ અવશ્યજ વાંચવો જોઇએ. આ લેખમાં અમે યુવાનોપ્રત્યે એક ઉપયોગી વિચાર રજુ કરવા ઇચ્છીએ છીએ. વિદ્યા અને ધન મેળવવાની શરૂઆત કર્યાપછી યુવાનો સ્ત્રી

મેળવવાની—અર્થાત્ લગ્ન કરવાની ઇચ્છા કરે છે. આ વખતમાં તેઓ ઘણેભાગે બહારની ટાપટીપ ઉપરજ ધ્યાન આપે છે. કેટલાય યુવાનો યૂરોપ અને અમેરિકા જઇને ત્યાંની યુવતીઓ સાથે પ્રેમસંબંધ પણ બાંધે છે.

આ જાતનાં વર્ણાંતર લગ્ન આજસુધીમાં કેટલાંયે થઇ ગયાં છે. કેટલાય વિદ્વાનો આવાં વર્ણાંતર લગ્નોને ખૂબ પસંદ કરે છે; પરંતુ કેટલાક તેના તરફ ઘૃણાની દષ્ટિએ જુએ છે. આપણા પ્રાચીન ગ્રંથો આ વિષે શું કહે છે, તે આપણે આ લેખમાં જોઇશું. રામાયણ અને મહાભારતના ગ્રંથકારોની દષ્ટિ જેટલી દૂર જઇ શકતી તેટલી વિશાળ દષ્ટિ અમારી પાસે નથી, તેથી ઉપરના ગ્રંથો આ વિષે શું કહે છે તે અત્રે જોઈશું.

(ઘ) ધર્મશાસ્ત્ર અને કાવ્ય

ઉપદેશો જોતી વખતે આ વાત જરૂર ધ્યાનમાં રાખવી જોઇએ કે, જૂદા જૂદા ગ્રંથોમાંથી ઉપદેશ લેવાની રીત પણ જૂદી જૂદી હોય છે. જેમકે (૧) કાયદાના ગ્રંથમાં "ચોરી કરવી નહિ" એવું લખ્યું નથી હોતું; પરંતુ ચોરી કરવાથી આટલો દંડ થશે, એમ લખ્યું હોય છે. આથી માણસ સમજે છે કે, ચોરી કરવી એ સારી વાત નથી. (૨) સ્મૃતિ અર્થાત્ ધર્મશાસ્ત્રમાં લખ્યું હોય છે કે, "ચોરી કરવી એ મહાપાપ છે." આથી પણ એજ બોધ મળે છે. (૩) કાવ્યગ્રંથોમાં કોઇ કથાપ્રસંગથી બતાવેલું હોય છે કે, ચોરી કરવાથી અમુક ખાસ વ્યક્તિને કેટલું નુકસાન થયું. આથી પણ બોધ તો એજ મળે છે. રામાયણ અને મહાભારત એ બન્ને બહુ મોટા કાવ્યગ્રંથો હોવાથી તેમાંથી ઉપદેશ લેવાની રીતેજ બોધ લેવો જોઇએ. લગ્ન કરતી વખતે રાષ્ટ્રીયતાનો વિચાર ન કરવાથી કેવી રીતે નુકસાન—અર્થાત્ પોતાના દેશનું નુકસાન—થાય છે, એ વાત ઉપલા કાવ્યગ્રંથોમાં લખી છે. તેજ વાત આ લેખમાં રજુ કરવાની છે; પરંતુ તે પહેલાં આ વિષે વેદમંત્રો શું કહે છે, તે જુઓઃ—

(ચ) રાષ્ટ્રની સાથે સાથે આગળ વધવાનો ઉપાય

तेन भूतेन हविषायमाप्यायतां पुनः । जायां यामस्मा आवाक्षुस्तां रसेनाभि वर्धताम् ॥१॥
अभि वर्धतां पयसाभि राष्ट्रेण वर्धताम् । रय्या सहस्रवर्चसेमौ स्तामनुपक्षितौ ॥२॥
त्वष्टा जायामजन यत्त्वष्टास्यै त्वां पतिम् । त्वष्टा सहस्रमायूंषि दीर्घमायुः कृणोतु वाम् ॥३॥

(અથર્વ૦ ૬—૭૮)

તે (**भूतेन हविषा**) સુસંસ્કૃત અન્નથી આ પતિ ફરીથી (**आप्यायतां**) આગળ વધો. (**अस्मै**) એ પતિને જે (**जायां**) પત્ની (**आवाक्षुः**) પ્રાપ્ત થયેલી છે, (**तां**) તે પત્નીને (**रसेन**) રસોથી—અન્નના રસોથી (**अभिवर्धतां**) પરિપુષ્ટ કરો.

(**पयसा**) દૂધથી (**अभिवर्धतां**) આગળ વધો. રાષ્ટ્રની સાથે (**अभिवर्धतां**) આગળ વધો. (**इमौ**) આ બન્ને પતિ અને પત્ની અનેક પ્રકારનાં ધનધાન્યથી (**अनुपाक्षितौ**) ભરપૂર (**स्तां**) થાઓ.

(**त्वष्टा**) ઈશ્વરે આ (**जायां**) સ્ત્રી (**अजनयत्**) ઉત્પન્ન કરેલી છે. (**त्वष्टास्यै**) ઈશ્વરેજ (**त्वां पतिम्**) તને—પતિને આ પત્ની આપી છે. (**त्वष्टा सहस्रमायूंषि दीर्घमायुः कृणोतु वाम्**) ઈશ્વર હજારો શક્તિઓવાળું જીવન આપીને તમને દીર્ઘાયુ કરો.

આ દંપતીસૂક્તમાં (राष्ट्रेण अभिवर्धतां) સ્વરાષ્ટ્રની સાથે આગળ વધો, એવો ઉપદેશ અપાયો છે. લગ્ન થયા પછી જે આગળ વધવાનું છે તે રાષ્ટ્રની સાથે સાથે આગળ વધવાનું છે.

સ્વજાતિ સાથે આગળ વધવાનું છે; નહિ કે લગ્ન કર્યા પછી પોતાના દેશની વિરુદ્ધ થઇને આગળ વધવાનો પ્રયત્ન કરવાનો છે. વાંચનાર આ સૂક્તના આ ઉપદેશને અર્થાત્ સ્વરાષ્ટ્ર–સ્વદેશની સાથે સાથેજ આગળ વધવાનું પૂર્ણપણે ધ્યાનમાં રાખે. હવે અમે બતાવીશું કે, વૈદિક ઉપદેશ ધ્યાનમાં નહિ રાખવાથી શું નું શું થઈ ગયું! વાલ્મીકિ રામાયણ સાક્ષી પૂરે છે કેઃ—

(છ) રામાયણની સાક્ષી

(૧) ગ્રામણી નામના ગંધર્વે પોતાની પુત્રી દેવવતીને સુકેશ નામના એક રાક્ષસ સાથે પરણાવી. આથી આગળ ઉપર સુમાલી અને માલી જાતના રાક્ષસો પેદા થયા અને તેઓ લંકામાં રાજ્ય કરવા લાગ્યા. (રામાયણ ઉત્તરકાંડ, સર્ગ ૫)

રાક્ષસો પોતાના સ્વભાવ પ્રમાણે ઋષિ અને દેવતાઓને સતાવવા લાગ્યા. તેમનાથી ત્રાસ પામીને ઋષિઓ અને દેવતાઓએ એકમતે વિષ્ણુની મદદ લઇને રાક્ષસોસાથે મહાન યુદ્ધ કર્યું અને બધા રાક્ષસોને પાતાળમાં નસાડી મૂક્યા. (રામાયણ ઉ૦ કાં૦, સ૦ ૬–૮)

આ રીતે મહાન યુદ્ધ કર્યા પછીજ દેવો અને ઋષિઓને શાંતિ પ્રાપ્ત થઇ.

(જ) પ્રાચીન જાતિઓનાં સ્થાન

જેને હાલમાં આપણે "એસિરિયા" કહીએ છીએ, તે "અસુર્યલોક" છે. ત્યાં અસુર, રાક્ષસ, રક્ષ વગેરે નામના લોકો રહેતા હતા. હાલમાં જે 'તિબેટ' કહેવાય છે, તે 'સુરલોક' છે; આજ 'ત્રિવિષ્ટપ' છે. આ દેશમાં દેવોનું રાજ્ય હતું. હિમાલયના ઢોળાવના પ્રદેશને "ગંધર્વ-લોક" કહે છે. અપ્સરાઓનો–અર્થાત્ સુંદર સ્ત્રીઓનો પ્રદેશ પણ એજ છે.

અહીંથીજ તિબેટમાં તથા ભારતવર્ષમાં અપ્સરાઓ આવતી હતી અને તિબેટના દેવો તથા ભારતીય આર્યોસાથે લગ્ન કરતી હતી. હિમાલયની નીચે જે એકસરખો પ્રદેશ છે, તે "આર્યલોક" છે. તેમાં આર્યોની અથવા મનુષ્યોની વસ્તી હતી; અને દક્ષિણભારતમાં "સર્પ-જાતિ"ના લોક રહેતા હતા.

આ પ્રકારની કલ્પના કરવાથી મનુષ્યલોક, ગંધર્વલોક, સુરલોક, અસુરલોક અને સર્પ-લોક, એ દેશોનો ખ્યાલ આવશે. હાલનાં સ્થાનો અને પ્રાચીન સ્થાનોમાં થોડો ફેરફાર પણ થયો હશે; પરંતુ સાધારણ કલ્પના આવવા માટે અને રામાયણ, મહાભારત તથા બીજાં પુરાણોની કથાઓ સમજવા માટે ઉપર પ્રમાણે કરેલી કલ્પના પણ પૂરતી છે.

અસુર અને રાક્ષસ એ બળવાન, ક્રૂર, મનુષ્યભક્ષક તથા માંસાહારી હતા. સુર અને દેવ એ બુદ્ધિવાન સભ્ય તથા શાકાહારી હતા, તેઓ કમમાં કમ નરમાંસભક્ષણ તો નહોતાજ કરતા; અને ભારતવાસીઓ મુડદાલ, દુર્બળ તથા રાક્ષસોથી અને દેવોથી પણ ડરી જનારા હતા. આ સર્વસામાન્ય નિયમમાં કેટલાક અપવાદ પણ છે, અને તેથીજ ભારતીય સમ્રાટો દેવાસુર સંગ્રામમાં ઘણીવાર દેવોની મદદમાં રહેતા તથા રાક્ષસોને નસાડી મૂકતા; પરંતુ અત્યંત સ્થૂલભાવ જોવા માટે ઉપરનું વર્ણન પૂરતું છે.

રાક્ષસો પોતાની શક્તિના ગર્વ આડે દેવો અને મનુષ્યોને કશા હિસાબમાંજ ગણતા ન હતા. હાલમાં જેવી રીતે આફ્રીદી પઠાણો દુર્બળ હિંદુઓ સાથે જહાંગીરી વાપરે છે, તેનાથી પણ ભયંકર અત્યાચાર દેવો અને આર્યો ઉપર રાક્ષસો કરતા હતા. આ તે સમયની સામાજિક અને રાજકીય પરિસ્થિતિ હતી.

પહાડના ઢોળાવ ઉપરના ગંધર્વલોકો પણ બહુ પ્રબળ હતા; પરંતુ તેઓ ગાવું, વગાડવું અને નાચ્યા કરવું એજ કામધંધાવાળા "મોજીલા" લોકો હતા, છતાં એમનામાં પણ ચિત્રસેન ગંધર્વ જેવા કેટલાયે વીરો બહુ પરાક્રમી હતા.

(ઝ) ગંધર્વી સાથે અસુરનાં લગ્ન

હવે આગળ કહેલી કથાને જરા વધારે ધ્યાનપૂર્વક જુઓ. એજ રીતે દુઃખ દેનારા સુકેશ રાક્ષસને ગ્રામણી ગંધર્વ પોતાની પુત્રી આપે છે. આ દંપતીથી થનારાં સંતાન લંકાના રાજયનાં "જન્મસિદ્ધ વારસ" થયાં; અને લંકાનું રાજ્ય મળતાંજ એમણે ભારતવાસી આર્યો, તત્ત્વજ્ઞાની ઋષિઓ, હિમાલયના ગંધર્વો તથા તિબેટના દેવોને બહુજ દુઃખ દીધું. અંતે ઉપરની ત્રણે જાતિઓએ એકત્ર થઈને પોતાનો સંઘ બનાવીને લંકાદ્વીપના રાક્ષસોને હરાવ્યા અને તેમને પાતાળમાં નસાડી મૂક્યા, ત્યારે સઘળા રાક્ષસો લંકાથી (પાતાળમાં) અમેરિકાના મેક્સિકો નામના પ્રદેશમાં નાસી ગયા.

વિદેશી અથવા બીજા રાષ્ટ્રના માણસને પોતાની પુત્રી પરણાવવાથી આવાં દુઃખ આવી પડવાનો સંભવ છે, તેથી લગ્નવખતે પોતાની રાષ્ટ્રીયતાસાથે રહેવાનો પ્રયત્ન જરૂરજ કરવો જોઇએ. હવે બીજી કથા સાંભળોઃ—

(ટ) અસુરકન્યા સાથે વિશ્રવાનાં લગ્ન

(૨) પાતાળમાં નાસી ગયેલા સુમાલી લોકો કંઈક નીતિપૂર્વક રાજ્ય મેળવવાના ઉદ્દેશથી આર્યાવર્તમાં બહુ ગુપ્તરીતે આવ્યા અને પોતાની સાથે પોતાની પુત્રી કૈકસીને પણ લાવ્યા. પ્રયત્નપૂર્વક તેમણે પોતાની પુત્રીનાં લગ્ન વિશ્રવાની સાથે કર્યાં અને વિશ્રવાએ પણ રાષ્ટ્રીયતાનો વિચાર ન કરતાં તે રાક્ષસકન્યાનો સ્વીકાર કર્યો. આજ કૈકસીને પેટે રાવણ, કુંભકર્ણ, શૂર્પણખા અને વિભીષણ જન્મ્યાં.

એ વખતે લંકાનું રાજ્ય રાવણના ઓરમાન ભાઇ કુબેર વૈશ્રવણના હાથમાં હતું;પણ રાવણ યુવાન થયો ત્યારે લંકાદ્વીપ ઉપર પોતાનો અધિકાર દર્શાવી કુબેરની સાથે ઝગડો કરવા લાગ્યો. પછી રાક્ષસને રાજ્ય મળ્યા પછી રાવણને લીધે આર્યાવર્ત, ગંધર્વલોક અને દેવલોકને કેટલું દુઃખ થયું અને તે બધાએ પોતાની સંઘશક્તિથી કેવી રીતે રાક્ષસોને હરાવી ભારતની સ્વાધીનતા પ્રાપ્ત કરી, એ વાત રામાયણમાં હોઇને તે સૌ કોઇ જાણેજ છે.

આ કથામાં અનેક રાજકીય બનાવો બન્યા છે; પરંતુ અત્રે તે સંબંધી વિચાર કરવાનો અવકાશ નથી. અત્રે તો એટલુંજ જોવાનું છે કે, રાક્ષસકન્યા સાથે લગ્ન કરવાની ભૂલ વિશ્રવાએ કરવાથી જન્મથીજ રાક્ષસોનો અધિકાર ભારતીય પ્રદેશ ઉપર થયો અને જનતાને રાક્ષસોની કુટિલ નીતિને લીધે ઘણુંજ દુઃખ વેઠવું પડયું.

પહેલા ઉદાહરણમાં ભારતની ઉપરના ગંધર્વલોકની કોઇ પ્રતિષ્ઠિત ગંધર્વકન્યા સાથે એક શ્રેષ્ઠ રાક્ષસનું લગ્ન થયું; અને આ બીજા ઉદાહરણમાં રાક્ષસકન્યા સાથે પ્રતિષ્ઠિત આર્યનું લગ્ન થયું. બન્ને ઉદાહરણોમાં ભારતને ગુલામી મેળવીને ઘણાંજ દુઃખ વેઠવાં પડયાં અને મહાન યુદ્ધ પછીજ ભારતમાં સ્વતંત્ર સ્વરાજ્ય ફરીથી સ્થપાયું.

જુઓ, સાધારણ વિવાહમાં રાષ્ટ્રીયતાનો વિચાર નહિ કરવાથી કેવાં અને કેટલાં મોટાં રાષ્ટ્રીય દુઃખ ઉભાં થાય છે! તેથીજ વેદમાં કહ્યું છે કે, લગ્ન કરતી વખતે "રાષ્ટ્રની સાથે આગળ વધો." હવે આ વિષે મહાભારતમાં શું કહે છે તે જુઓઃ—

(ઠ) મહાભારતની સાક્ષી

આર્યપુરુષનાં સર્પકન્યાસાથે લગ્ન

(૧) જરત્કારૂ નિર્ધન હોવાથી તેમનું લગ્ન થતું નહોતું. કોઇપણ તેને નિર્ધનતાને લીધે કન્યા આપવા ઇચ્છતું નહિ. જરત્કારૂને સંતાન ઉત્પન્ન કરવાની ઉત્કટ ઇચ્છા થવાને લીધે કન્યા મેળવવા માટે તે ચોતરફ તપાસ કરવા લાગ્યો! ત્યારબાદ તેનું લગ્ન સર્પરાજ

વાસુકિની બહેન સાથે થયું. આથી "આસ્તીકમુનિ"નો જન્મ થયો. સર્પજાતિની સ્ત્રી અને આર્યજાતિનો પુરુષ એ બન્નેનું આ વર્ણાંતર લગ્ન થયું, અને તેમનું મિશ્ર સંતાન તે આસ્તીકમુનિ !

આર્યજાતિ ઉત્તરભારતમાં અને સર્પજાતિ દક્ષિણભારતમાં રહેતી હતી. એ બન્ને જાતિઓમાં ખૂબ વૈમનસ્ય હતું. આ વૈમનસ્ય એટલું બધું વધી ગયું હતું કે, એક વખત સર્પ-જાતિના કેટલાય વીરો સંન્યાસીના વેશમાં ફળફૂલની ભેટ કરવાને બહાને સમ્રાટ પરીક્ષિતના રાજદરબારમાં ગયા અને સંધ્યાસમયે કપટથી રાજાનો વધ કર્યો ! ત્યારપછી રાજાનો વધ કરનારી સર્પજાતિનો નાશ કરવાનું આર્યજાતિએ પણ લીધું, તેનું જ નામ મહાભારતમાં "સર્પસત્ર" કહેલું છે. આ સર્પસત્રમાં સર્પજાતિના લોકોની કતલજ કરવામાં આવી. તેમાં અનેક નાનામોટા સર્પો નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયા. અંતે આસ્તીકમુનિની માતા પાસે જઈને બીજા સર્પોએ કહ્યું કેઃ—

तद्वत्से ब्रूहि वत्सं स्वं कुमारं वृद्धसंमतम् । ममाद्य त्वं सभृत्यस्य मोक्षार्थं वेदवित्तमम् ॥
(મહા૦ આદિ૦ શ્લોક અ૦ ૫૩-૨૬)

વાસુકિએ તેની બહેનને કહ્યું કેઃ-"બહેન ! હવે મારૂં અને મારા પરિવારનું રક્ષણ કરવામાટે વૃદ્ધસંમત વેદનિપુણ તારા બાળકપુત્રને કહે." પોતાના ભાઇનું આવું ભાષણ સાંભળીને સર્પની બહેને પોતાના પુત્ર આસ્તીકને બોલાવીને કહ્યુંઃ—

अयं स कालः संप्राप्तो भयान्नस्त्रातुमर्हसि । भ्रातरं चापि मे तस्मात्त्रातुमर्हसि पावकात् ॥
(મહા૦ આદિ૦ અ૦ ૫૪-૧૬)

અર્થાત્-"હે પુત્ર ! હવે મહાભયંકર સમય આવી પહોંચ્યો છે, તેથી તું અમને તેના ભયથી બચાવ, મારા ભાઈનું રક્ષણ કર." આથી માતાના સ્નેહને વશ થઈને આસ્તીકમુનિએ કહ્યુંઃ—

अहं त्वां मोक्षयिष्यामि वासुके पन्नगोत्तम ॥ भव स्वस्थमना नाग न हि ते विद्यते भयम् ।
प्रयतिष्ये तथा राजन्यथा श्रेयो भविष्यति ॥ (મહા૦ આદિ૦ અ૦ ૫૪ શ્લોક ૧૯-૨૦)

અર્થાત્-"હે સર્પરાજ વાસુકિ ! હું સાચું કહું છું કે, તમને હું બચાવીશ. હે રાજન્ ! તમે શાંતચિત્તે સ્વસ્થ રહો. હવે તમારે ભય રાખવાનું કારણ નથી. હું આપણું કલ્યાણ થાય તેવો પ્રયત્ન કરીશ."

આ રીતે માતા તથા મામાઓને કહીને આસ્તીકમુનિ જનમેજયના સર્પસત્રમાં ગયા અને રાજાસહિત સર્વ કાર્યકર્તાઓની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા ! વખાણ કરવાથી રાજા પ્રસન્ન થયો અને તેમને કહ્યું કેઃ-"હે મહારાજ ! જે જોઇએ તે માગી લ્યો."

ત્યાંના કેટલાક કાર્યકર્તાઓએ રાજાને કહ્યું કે, હજુ થોડા સર્પોનો વધ કરવાનો બાકી છે, તેથી આ બ્રાહ્મણને મનમાન્યું વરદાન આપવું યોગ્ય નથી. ઘણેભાગે આ જ્ઞાની બ્રાહ્મણો જાણતાજ હશે કે, આ આસ્તીકમુનિ સર્પી અને આર્યના સંયોગથી ઉત્પન્ન થયેલા છે, તો સંભવ છે કે આ મુનિ મહારાજ સ્તુતિ કરતાં કરતાં રાજા પાસેથી વરદાન લઈને પોતાની માતાની જાતિને બચાવશે અને અમારૂં આટઆટલું કર્યુંકારવ્યું ધૂળધાણી થઈ જશે. આખરે થયું પણ એમજ. રાજાએ ઉદારભાવે વરદાન આપ્યું અને આસ્તીકે પિતાની જાતિના આર્યોનું શુભ કરવાને બદલે પોતાની માતાની જાતિના સર્પોનું કલ્યાણ કર્યું ! ! !

આ ઇતિહાસ મહાભારતમાં વાંચનાર જોઈ શકશે. કવિનો અલંકાર ખસેડીને જોતાં આમાંની આ ઐતિહાસિક બીના સ્પષ્ટરીતે દૃષ્ટિગોચર થાય છે. આર્યજાતિને જે રીતે રાક્ષસો

તરફથી દુઃખ થતું હતું, તેજ રીતે સર્પજાતિના લોકો પણ તેમને બહુ સતાવતા હતા. આ વેર એટલું બધું વધી ગયું હતું કે એક પ્રતિષ્ઠિત આર્યરાજાનો વધ સર્પજાતિના "અશ્વ-જક" યુવકોએ રાજમંદિરમાં તેમજ મંત્રીઓની સમક્ષજ કર્યો ! અને ઉત્તંક જેવા સાત્વિક બ્રહ્મચારીને પણ અત્યંત દુઃખ દીધું ! ! આથી સર્પજાતિથી ક્ષત્રિયો તેમજ બ્રાહ્મણો ત્રાહિ ત્રાહિ પોકારી ગયા હતા. અંતે બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ મળીને સર્પજાતિનો પૂરેપૂરો નાશ કરવાનો નિશ્ચય કર્યો હતો. આ સર્પજાતિ ઉપર આર્યોનો દિગ્વિજય હતો. યુદ્ધમાં સર્પ-જાતિ સંપૂર્ણ રીતે હારેલી અને આર્યો લગભગ વિજયી થયા હતા; એટલામાં એક આસ્તીક નામના યુવક કે જે સર્પસ્ત્રી અને આર્ય પુરુષના સંયોગથી ઉત્પન્ન થયા હતા; તેમણે પોતાની માતાના મોહને લીધે આર્યોના દિગ્વિજયમાં અંતરાય નાખ્યો અને આર્યોના શત્રુઓને મદદ કરી. આ ઘોર અનર્થ લગ્નસમયે જરત્કારૂએ રાષ્ટ્રીયતાનો વિચાર ન કરવાથીજ થયો. આવાં અવળાં પરિણામો આવતાં હોવાથીજ વેદ કહે છે કેઃ–" પતિપત્ની રાષ્ટ્રીયતા સાથેજ ઉન્નત થાઓ અને લગ્નમાં રાષ્ટ્રીયતાનો વિચાર જરૂર કરો; નહિ તો રાષ્ટ્રને વિવિધ પ્રસંગો-એ ક્યારે કેટલું નુકસાન વેઠવું પડશે, તેનો કંઇ હિસાબજ નહિ રહે."

માતાની અસર સંતાન ઉપર ઘણીજ થાય છે. પિતાના કરતાં માતાનો પ્રભાવ સંતાન ઉપર વધારે પડે છે; તેથી લગ્ન કરતી વખતે રાષ્ટ્રીયતાનો વિચાર જરૂર કરવો જોઇએ. આ વિષે મહાભારતમાં આવેલું એક વધુ દૃષ્ટાંત જુઓઃ—

(૬) આર્યરાજાનું અપ્સરાસાથે ગાંધર્વલગ્ન

(૨) રાજા વિશ્વામિત્ર સ્વર્ગપદ–અર્થાત્ સ્વર્ગનું રાજ્ય–મેળવવામાટે ઘણોજ પ્રયત્ન કરતા હતા. આર્યાવર્તના પ્રતાપી રાજાઓ તિબેટના રાજાઓ ઉપર હુમલા કર્યા કરતા હતા અને પ્રસંગોપાત તેમને મદદ પણ કરતા હતા. રાજા વિશ્વામિત્ર મંત્રવિદ્યા તથા અસ્ત્રશસ્ત્ર-વિદ્યામાં પ્રવીણ હોવાથી મહાપ્રતાપશાળી હતા અને તેમનું કાર્ય સફળ થયું હોત તો સ્વર્ગપદ–અર્થાત્ તિબેટના રાજ્યાસન ઉપર બેસવું–તેમને માટે અશક્ય નહોતું.

જે આર્યસમ્રાટ તિબેટ ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરતો તેના ઉપર તિબેટનો રાજા સૌથી પ્રથમ "સ્ત્રીપ્રયોગ" ચલાવતો હતો ! ! ઘણેભાગે હિમાલયની સુંદર અપ્સરાઓ આર્યા-વર્તમાં આવીને આર્યરાજાઓને મોહિત કરી દેતી અને ચઢાઇ કરવા નહોતી દેતી. એજ રીતે દેવાધિદેવ ઇંદ્ર મહારાજે રાજા વિશ્વામિત્ર ઉપર "સ્ત્રીપ્રયોગ" ચલાવ્યો. અપ્સરા મેનકાને આ કામમાટે મોકલી. તેનું સુંદર રૂપ જોઇને વિશ્વામિત્ર પોતાના કાર્યથી વિમુખ થયા અને તેઓ તે અપ્સરા સાથેજ ખેલવા લાગ્યા. જુઓ, સામ્રાજ્યરક્ષણમાં સ્ત્રીઓ કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે ! જાપાન તથા રૂશિયાના યુદ્ધ પહેલાં એજ રીતે જાપાની યુવતીઓ રૂશિયામાં જઇને રશિયન સરદારો સાથે પરણી હતી; અને ત્યાંથી તેઓ પોતાના જાપાની યુદ્ધમંત્રી સાથે ગુપ્ત સંદેશા ચલાવતી હતી ! આજ રીતે ફ્રાન્સ અને જર્મનીના યુદ્ધ પહેલાં કેટલીયે જર્મન સ્ત્રીઓ જૂદા જૂદા બહાના નીચે ફ્રાન્સમાં આવીને વસી હતી. એજ પ્રમાણે તિબેટના રાજાઓ પણ પોતાના રાજ્યના રક્ષણમાટે ભારતીય બળવાન આર્યરાજાઓ ઉપર "સ્ત્રીપ્રયોગ" ચલાવ્યા કરતા હતા. **વીરના કઠોર શસ્ત્ર કરતાં સ્ત્રીઓના સુકોમળ બનાવટી પ્રેમનું અસ્ત્ર બહુજ પ્રભાવશાળી હોય છે,** એ વાત દરેક જણ સમજી શકે તેવી હોવાથી અમારે એ વિષે વધારે લખવા જરૂર નથી.

આ રીતે વિશ્વામિત્ર મેનકાઅથી હાર્યા અને આ ગાંધર્વલગ્નથી શકુંતલાનો જન્મ થયો. આ પણ મિશ્રસંતાનજ છે. પિતા આર્ય અને માતા ગંધર્વી, તેમનાથી આ મિશ્રસંતાન શકુંતલા ઉત્પન્ન થઇ. મિશ્રસંતતિમાં ઘણી વાર માતાનું સૌંદર્ય વધારે ઉતરે

છે—ખાસ કરીને બાલિકામાં તો જરૂરજ ઉતરે છે. અપ્સરા ઠંડા પ્રદેશની હોવાથી ગૌરવર્ણની હતી, ત્યારે આર્યરાજા બદામી વર્ણના હતા. તે પિતાનો વર્ણ સ્ત્રીસંતાનમાં ન આવતાં માતાનો વર્ણ શકુંતલામાં આવવાથી શકુંતલા પણ ગૌરવર્ણની હતી. હવે તેનું વૃત્તાંત જુઓઃ—

(૯) આર્યરાજાનું મિશ્રિત કન્યાસાથે લગ્ન

(૩) રાજા દુષ્યંત એક સમયે મૃગયા ખેલતા ખેલતા વનમાં ખૂબ રખડવાથી ઘણાજ થાકી ગયા અને કંઇક આરામ લેવાના વિચારથી કણ્વઋષિના આશ્રમમાં ગયા. તે વખતે આચાર્ય કણ્વ કંઇ કાર્યવશાત્ વનમાં ગયા હતા અને બે–ચાર કલાકમાં પાછા આવનાર હતા; એટલામાં દુષ્યંત ત્યાં જઇ પહોંચ્યા. બગીચામાં આચાર્યની કન્યાઓ ફૂલઝાડને પાણી સિંચતી હતી અથવા કંઇ કામ કરતી હતી. એ બધી કન્યાઓમાં શકુંતલા ગૌરવર્ણ અને સ્વરૂપવાન હોવાથી દુષ્યંતરાજાએ શકુંતલા સાથે ગાંધર્વલગ્ન કર્યું. લગ્નનું સર્વ કાર્ય સમાપ્ત કર્યા પછી આચાર્ય કણ્વનાં દર્શન કરવાનું પણ સાહસ દુષ્યંતરાજા કરી શકયા નહિ; કેમકે તેમણે અઘટિત કાર્ય કર્યું હતું. રાજા આથી કરીને આશ્રમમાંથી ચાલ્યા ગયા.

પછીથી કણ્વ આશ્રમમાં આવી પહોંચ્યા, ત્યારે તેમને સઘળા સમાચાર મળ્યા. તેમણે ધાર્યું કે, "ક્ષત્રિયની કન્યા ક્ષત્રિય પાસે ગઈ તે ઠીકજ થયું;" કેમકે હવે બીજું કંઇ થઇ શકે તેમ ન હતું. શકુંતલા ગર્ભવતી થયેલી હોવાથી પછી તેને પુત્ર જન્મ્યો. કેટલાક સમય પછી કણ્વે શકુંતલાને રાજા પાસે મોકલી. રાજા ખૂબ શરમિંદા થઈ ગયા. લજ્જાવશ થઇને તેમણે શકુંતલાસાથે ગાંધર્વલગ્ન કર્યાનો ઇન્કાર કર્યો. સાચેજ શકુંતલાનું આ ભારે અપમાન હતું. અપમાન સાથે શકુંતલા નિર્દોષ હોવા છતાંયે રાજાએ તેને "વ્યભિચારિણી મેનકાની પુત્રી" કહીને ધિક્કારી કાઢી !! આથી અત્યંત ક્રોધાયમાન થઇને **શકુંતલાએ જે ભાષણ કર્યું, તે પ્રત્યેક નવજુવાને ધ્યાનપૂર્વક વાંચવું જોઇએ.**

(ણ) પતિને ધમકી

राजन् सर्षपमात्राणि परच्छिद्राणि पश्यसि । आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यसि ॥
मेनका त्रिदशेष्येव त्रिदशाश्चानुमेनकाम् । ममैवोद्रिच्यते जन्म दुष्यंत तव जन्मनः ॥
क्षितावटासि राजेंद्र अंतरिक्षे चराम्यहम् । आवयोरंतरं पश्य मेरुसर्षपयोरिव ॥
महेन्द्रस्य कुबेरस्य यमस्य वरुणस्य च । भवनान्यनुसंयामि प्रभावं पश्य मे नृप ॥
विरूपो यावदादर्शे नात्मनः पश्यते मुखम् । मन्यते तावदात्मानमन्येभ्यो रूपवत्तरम् ॥
अनृते चेत्प्रसंगस्ते श्रद्दधासि न चेत्स्वयम् । आत्मनो हंत गच्छामि त्वादृशे नास्ति संगतम् ॥
त्वामृते चापि दुष्यंत शैलराजावतंसिकाम् । चतुरंतामिमामुर्वीं पुत्रो मे पालयिष्यति ॥

(મહા૦ આદિ૦ અ૦ ૭૪ શ્લો૦ ૮૩ થી ૮૬,૮૮ અને ૧૦૯–૧૦)

શંકુતલાએ કહ્યું કેઃ—"હે રાજન્ ! પારકો દોષ સરસવના દાણા જેટલો હોવા છતાં પણ જોઇ શકો છો; અને આપનો પોતાનો દોષ બીલા જેવડો છે તે પણ જોઇ શકતા નથી! હે દુષ્યંત! મેનકા દેવોની પ્રેમી છે અને દેવો મેનકાના પ્રેમી છે, તેથી આપના જન્મ કરતાં મારો જન્મ શ્રેષ્ઠ કુળમાં છે. જુઓ, મેરુ અને સરસવના જેટલો આપણા બન્નેમાં ભેદ છે. આપ ધરતી ઉપર ચાલો છો અને હું અંતરિક્ષમાં ચાલું છું. મારો પ્રભાવ કેટલો છે, તે જુઓ. હું મહેંદ્ર, કુબેર, યમ અને વરુણનાં મંદિરોમાં જઇ શકું છું. કુરૂપ માનવી જ્યાંસુધી દર્પણમાં પોતાનું મુખ નથી જોતો, ત્યાંજસુધી તે પોતાને બીજાઓના કરતાં સુંદર માન્યા કરે છે. જ્યારે તે દર્પણમાં પોતાનું મુખ ખરાબ જુએ છે, ત્યારેજ તે જોઇ શકે છે કે બીજા અને પોતાની વચ્ચે કેટલું અંતર છે. અસ્તુ. અંતમાં એટલુંજ કહેવાનું છે કે, જો આપને આપના ઉપરજ પ્રેમ હોય અને આપને સત્યની પ્રતીતિ નજ થતી હોય, તો તો પછી હું પોતેજ

અહીંથી ચાલી જાઉં છું; કેમકે આપને–સત્યદ્વેષી અને અસત્યપ્રેમીને–મળવાનું મારે કંઈ-પણ પ્રયોજન રહેતું નથી. હે દુષ્યંત! આપ નહિ સ્વીકારો તોપણ મારો આ પુત્ર શૈલરાજથી સુશોભિત એવી આ પૃથ્વીનું ચારે સમુદ્રપર્યંત રાજ્ય કરશે.”

શકુંતલાનું આ ભાષણ વિચારવા જેવું છે. પરરાજ્યની અને ખાસ કરીને વિજયી પર-રાષ્ટ્રની પુત્રી આવીજ રીતે બોલી શકે છે. એજ શંકુતલાનું ભાષણ હાલની પરિસ્થિતિમાં બોલાય તો નીચે પ્રમાણે હોઇ શકે:–

યૂરોપ અમેરિકાની ગોરી યુવતી પોતાના કાળા પતિ ઉપર ક્રોધાયમાન થઇને એમજ કહે કે:–“ઓ કાળા માણસ! તું તારા મનમાં શું સમજે છે? તું મારા ઉપર દોષ ચઢાવે છે, પણ તું તારો દોષ જોઇ શકતો નથી. મારી માતા એક એવા વિજયી દેશની રહેનારી અને મોટા મોટા હોદ્દેદારો સાથે લાગવગ ધરાવનારી છે કે, તેથી હું જ્યારે પણ ઇચ્છું ત્યારે કોઈપણ હોદ્દાવાળાને મળી શકું છું. વાઇસરૉય અને ગવર્નર સાહેબોના પણ બંગલાઓમાં હું જઇ શકું છું કે જ્યાં તારો પોતાનો તો કોઈ ભાવ પણ પૂછે નહિ. તું તો પગેજ ચાલે છે પણ મારી ઇચ્છા થાય તો હું તેમની મોટરોમાં પણ ફરી શકું છું. તું સરસવસમાન ક્ષુદ્ર છે, હું પહાડીના જેવી જબરી છું. જો, તારામાં અને મારામાં આટલું બધું અંતર છે. તું તારૂં કાળું મોં જરા અરિસામાં તો જો! અને પછી મારૂં મોં કેવું છે તે પણ જો; એટલે તરતજ તને માલમ પડશે કે, તું કેટલો રૂપહીન છે અને હું કેટલી રૂપાળી છું. મારૂં કહેવું તારે નજ માનવું હોય, તો હું હમણાંજ અન્ય ઠેકાણે ચાલી જાઉં છું. રખે તું મનમાં એવું ધારતો કે તારી અલ્પ મદદવિના મારૂં ગુજરાન નહિ થાય! મારે મોટા હોદ્દેદારો પાસે જવું–આવવું સહજ હોવાથી મારી આજીવિકા તો હું સુગમતાથી મેળવી શકીશ. વળી તું એમ પણ રખે સમજતો કે તારી મદદવિના મારો પુત્ર અનાથ થઈ જશે. કદી નહિ, એ મારો પુત્ર હોવાને લીધે તેને મોટો હોદ્દેદાર થવું એ સહજ વાત છે. માટે ખૂબ યાદ રાખ કે, તારો ત્યાગ કરવાથી મારૂં કંઇપણ બગાડવાનું નથી; પરંતુ હું તારી સાથે હોઉં તેથીજ તારૂં મહત્ત્વ વધી શકે તેમ છે.”

યૂરોપ–અમેરિકાની તરુણીઓ સાથે પોતાની રાષ્ટ્રીયતાનો વિચાર કર્યાસિવાય લગ્ન કરનારાઓએ શકુંતલાનું આ ભાષણ વારંવાર વાંચવું જોઇએ. અમે યૂરોપીયન પત્ની અને હિંદી પતિ વચ્ચે થયેલા કેટલાય ઝગડા જોયા છે. તેમની ભાષા આજ પ્રકારની હતી. કેટલીયે વાર અંતે ડરી જઇને અપમાન સહન કરીને પણ ગોરી પત્નીનુંજ કહેવું માનવું પડતું. દુષ્યંતની બાબતમાં પણ એમજ બન્યું. કુબેર વગેરે દેવોનાં નામ સાંભળતાંજ દુષ્યંતે શકુંતલાની વાત તરત માની લીધી અને શકુંતલાને પોતાની પટરાણી બનાવી! અર્થાત્ (સૌંદર્યના મોહમાં પડી સ્વદેશીયતાનો સિદ્ધાંત ભૂલી જવાને લીધેજ એક મોટા રાજાને હાથે પોતાની) પહેલી રાણીનો–એક આર્ય સ્ત્રીનો–અધિકાર છીનવી લેવાયો અને બીજી અનધિકારી સ્ત્રીને તે અધિકાર અપાયો! પરિણામ એનું એજ આવ્યું કે, પહેલી પટરાણીના પુત્રને બદલે રાજ્યનો અધિકારી શકુંતલાનો પુત્ર થયો! આ અન્યાય એટલાજ માટે થયો કે શકુંતલા મિશ્રજાતની પરરાષ્ટ્રીય સ્ત્રીથી જન્મેલી હતી અને સમયાનુસાર તે ગંધર્વરાજાઓદ્વારા મહારાજા દુષ્યંતને ડરાવી શકે તેમ હતી!

જુઓ, વિજયી રાષ્ટ્રની તરુણીઓ સાથે લગ્નસંબંધ બાંધવાથી કેવા કેવા અનર્થો થાય છે! જે રીતે શકુંતલાએ કહ્યું કે, હું મહાન મહાન દેવોનાં મંદિરોમાં જઈ શકું છું; તેજ વાત ઉપર કહેલા આસ્તીકમુનિની હતી. તે આર્યમુનિ હોવાથી જેમ જનમેજયના

યજ્ઞમાં કશા પણ અટકાવવિના જઇ શકતા હતા; તેમ મોટા મોટા સર્પરાજોનાં ઘરોમાં પણ જઇ શકતા હતા. આર્યજાતિ અને સર્પજાતિ વચ્ચે વૈર હોવા છતાં પણ આસ્તીકને કોઇ પણ રોકી શકતું નહિ. તે પિતાને લીધે આર્ય હતા અને માતાને લીધે સર્પ હતા; તેથીજ જનમેજયના યજ્ઞમાં પહોંચી જઇને તેમણે પોતાના મામાઓનું કલ્યાણ સાધ્યું અને પિતાની જાતિના લોકોના અકલ્યાણનું કારણ બન્યા !

(ત) ભેદનીતિનું સાધન

આ રીતે મિશ્રલગ્ન કરવાથી ઘરમાં (તેમજ જાતિમાં અને દેશમાં પણ) ફૂટ પડે છે; કેમકે પત્નીનું મન સ્વજાતિના કલ્યાણમાં હોવું સ્વાભાવિક છે અને તેની પાછળ તેની વિજયી જાતિનું બળ હોવાથી તેનું બળ જન્મસિદ્ધજ વધારે હોય છે. પરંતુ આ તરફ પતિની પાછળ એવું કોઇ બળ ન હોવાથી અને તે "કાળો આદમી અથવા નિગ્રો" હોવાને લીધે તેને હમેશાં ભયભીતજ રહેવું પડે છે. કેટલાક આર્યરાજાઓના ઘરમાં આજ કારણે ફૂટ પડયાનો ઇતિહાસ આપણા ગ્રંથોમાં મોજુદ છે.

(થ) આર્યરાજાનું પારસી સ્રીસાથે લગ્ન

આ વિષે અહીં એકજ ઉદાહરણ જુઓ. દશરથરાજાની કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી એ ત્રણે ધર્મપત્નીઓ રામાયણમાં પ્રખ્યાત છે. યુવરાજ રામચંદ્રજીના રાજ્યાભિષેકપ્રસંગે કૈકેયી રાણીએ કેટલી મુશ્કેલી ઉભી કરી અને તેના આગ્રહથી રામચંદ્રજીને ચૌદ વર્ષ વનવાસ ભોગવવો પડયો, એ ઇતિહાસ સુપ્રસિદ્ધજ છે. આ કૈકેયી પણ ભારતીય આર્ય સ્રી નહોતી. રાવણની માતા "કૈકયી," દશરથની સ્રી "કૈકેયી" અને હાલના પારસીઓનાં નામોમાં 'કૈકશ્રુ' વગેરે નામો હોય છે. અને:—

(૧) કૈક–સી (૨) કૈકે–યી તથા (૩) કૈક–શ્રુ

આ ત્રણે નામોની શરૂઆતમાં "કૈક" એ અક્ષરોથી શરૂ થતાં નામ માત્ર પારસીઓનીજ ભાષામાં હોય છે. સંસ્કૃતમાં તો આ નામોની કંઇ વ્યુત્પત્તિજ નથી; તેથી એ તો સ્પષ્ટ વાત છે કે, કૈકેયી ભારતીય આર્યકન્યા નહોતી, પરંતુ ઇરાની–કૈકેય–દેશમાં જન્મેલી કન્યા હતી. શુદ્ધ પારસી સ્રીઓની પેઠે કૈકેયી પણ કૌશલ્યા વગેરે ઘઉંવર્ણી આર્યસ્રીઓ કરતાં વિશેષ સુંદર હતી. આથીજ રાજા દશરથનો કૈકેયી તરફ વધારે પ્રેમ હતો; પરંતુ આ પરરાષ્ટ્રીય સ્રીને કારણે દશરથના ઘરમાં કેટલો ઉત્પાત મચ્યો ! અંતે રાજા દશરથને એ પરરાષ્ટ્રીય સ્રીનાજ પ્રતાપે પુત્રશોકમાં મરવું પડયું. વળી એના પ્રતાપે ધર્મપરાયણ આર્યસ્રીઓને પણ (કૌશલ્યા, સુમિત્રા, લક્ષ્મણપત્ની, સીતાજી, ભરતપત્ની વગેરેને) કેટકેટલું દુ:ખ ભોગવવું પડયું, એ પણ રામાયણમાં પ્રસિદ્ધ વાત છે. દશરથના ઘરમાં જે ફૂટ કૈકેયીએ પાડી, તે કૌશલ્યા અથવા સુમિત્રાથી તો થવીજ અસંભવિત હતી; કેમકે કૈકેયીને પોતાના સૌંદર્યનું અભિમાન હતું. રાજા મારે તાબે છે; તેમની પાસે જે કામ કરાવવું હોય તે હું કરાવી શકું છું; એવો તેને વિશ્વાસ હતો. વળી પોતાની પાછળ અનેક અસુરોપાસક રાજાઓનું બળ છે, તેનું પણ તેને અભિમાન હતું. આજ કારણે કૈકેયીએ આટલું સાહસ કર્યું. ઘરમાં ફૂટફાટ કેવાં કારણોથી અને કેવી રીતે થાય છે, તે આ ઉદાહરણમાંથી મળે છે.

વિદેશી અને પરરાષ્ટ્રીય સ્રીની સાથે લગ્ન કરવાથી કેટલો બધો અનર્થ થાય છે; તેનું ટોકું વર્ણન આ લેખમાં કરેલું છે. તે સ્રી હમેશાં પોતાનાજ દેશનો વિચાર કરતી હોય છે; પુત્રને દૂધ પાતાં પાતાં પોતાનાજ દેશનું ગૌરવ શીખવે છે; પોતાની સાથે કોઇ કોઇ વાર તો પોતાનાં માતાપિતા પાસે પણ તેને લઇ જાય છે. આથી તે પુત્રના મનમાં માતાનાં સર્વાંશે

બંધીઓ અને માતાના દેશપ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે. જ્યારે કોઈવાર માતાના દેશવાળાઓ સાથે પિતાના દેશવાળાઓને યુદ્ધ થાય, ત્યારે બહુજ સંભવિત છે–અને આપણે આસ્તીક વગેરેનાં ઉદાહરણોમાં જોયું છે–કે તે મિશ્રિત સંતાન માતાના દેશવાળાઓનુંજ કલ્યાણ ઇચ્છી પિતાના દેશનું અકલ્યાણ કરવાને માટે તૈયાર થાય છે; કેમકે માતાનો પ્રભાવ સંતાન ઉપર વિશેષ રહ્યા કરે છે.

મહાભારતમાં આવાં મિશ્રલગ્ન અનેક છે; પરંતુ બધામાં વાત તો આજ છે. જ્યાં-સુધી માતાની જાતિવાળાઓને પિતાની જાતિવાળાઓ સાથે યુદ્ધ નથી થયું, ત્યાંસુધીજ તે પિતાની સાથે રહે છે, અને અનેક કાર્યો કરે છે; પણ જ્યારે ઉપર પ્રમાણે જાતિ જાતિમાં વિગ્રહ થાય છે, ત્યારે તો તે મિશ્રસંતાન માતૃજાતિનુંજ કલ્યાણ કરવાને તૈયાર થાય છે. ઉદાહરણતરીકે ભીમસેનના હિડંબાથી જન્મેલા ઘટોત્કચને લ્યો. પાંડવોના ભાઈ કૌરવોની સાથેની લડાઈમાં તે પાંડવો સાથેજ રહ્યો, કેમકે તેઓ રાક્ષસજાતિના નહોતા; પરંતુ જો પાંડવોને રાક્ષસોસાથે યુદ્ધ થયું હોત, તો તો ઘટોત્કચ પાંડવોના પક્ષમાં રહેવાનો બહુજ ઓછો સંભવ હતો. આજ દષ્ટિએ મહાભારતનાં મિશ્રલગ્નનું નિરીક્ષણ કરવું જોઇએ.

મહાભારતમાં જે વર્ણન છે તે સ્પષ્ટ દર્શાવે છે કે, સૌંદર્યતા વગેરેથી મોહિત થઇને પરરાષ્ટ્રની તરુણી સાથે લગ્ન કરી નાખવું, એ તો પોતાના રાષ્ટ્ર ઉપર આફતજ લાવવા જેવું છે. વાંચનાર પણ આ ઉપર વિશેષ વિચાર કરે એવી આશા છે.

(૬) કૌરવ–પાંડવોના વૈમનસ્યનું કારણ

હવે આ પ્રસંગે કૌરવ–પાંડવોના વૈમનસ્યનું કારણ જોવા જેવું છે. ઉપરથી જોતાં તો દ્રૌપદીના છળના કારણે, તથા રાજ્યનો ભાગ ન મળવાથી કૌરવ–પાંડવોનું ઘોર યુદ્ધ થયું; પરંતુ તેનું મૂળ કારણ તેમની ઉત્પત્તિમાં અને જન્મકથામાંજ છે. રાષ્ટ્રીય યુદ્ધ વગેરે માટે બાહ્ય અને આંતરિક કારણ જૂદાં જૂદાં હોય છે. ઉદાહરણતરીકે જુઓઃ–ગયા યૂરોપીય યુદ્ધનું બાહ્યકારણ તો એક નાનાશા રાજાના "યુવરાજનો વધ" હતું; પરંતુ આંતરિક કારણ યૂરોપ-નાં જૂદાં જૂદાં રાજ્યોની વેપારની હરીફાઈ જ હતું.

આજ રીતે કૌરવ–પાંડવોના મહાયુદ્ધનું કારણ કયું છે, તે ખાસ વિચારપૂર્ણ દષ્ટિએ જોવું જોઇએ. (૧) સતી દ્રૌપદીને જીતવામાં થયેલું છળકપટ; અને (૨) રાજ્યનો અર્ધો ભાગ ન મળ્યો તે. આ બે કારણો બહાર બતાવવા માટે પૂરતાં છે; પરંતુ વાસ્તવિક રીતે જે આંતરિક કારણો છે, તે "ભિન્ન ભિન્ન મનોવૃત્તિનાં" છે. આ મનોવૃત્તિની વિષમતા તેમના જન્મ સાથે સંબંધ ધરાવે છે.

રાજા પાંડુ અને રાજા ધૃતરાષ્ટ્ર બન્ને એકજ વીર્યથી ઉત્પન્ન થયેલા ભાઇઓ હતા. વીર્યમાં કોઇપણ પ્રકારનો દોષ ન હતો, કેમકે તે શ્રીવેદવ્યાસજીનું વિશુદ્ધ વીર્ય હતું; પરંતુ ક્ષેત્ર જૂદાં હતાં અને ક્ષેત્રમાં કંઇક દોષ પણ હતો. આથીજ એક આંધળો અને બીજો પાંડુરોગી થયો હતો; છતાંપણ વીર્યની એકતા હોવાથી ધૃતરાષ્ટ્ર અને પાંડુમાં અત્યંત ઉજ્જવલ બંધુપ્રેમ હતો. વીર્યની એકતાનું આ પરિણામ વાંચનાર જરૂર ધ્યાનપૂર્વક જુએ.

ત્યારપછી ધૃતરાષ્ટ્રના વીર્યથી આર્ય સ્ત્રી ગાંધારીના ક્ષેત્રમાં સો પુત્ર થયા. તેમાં ધ્યાનમાં રાખવા જેવું એ છે કે, બધામાં એકજ વીર્યનો સંબંધ હતો.

પરંતુ પાંડવોમાં એ પ્રમાણે નથી થયેલું. જે વીર્યથી પાંડવોની ઉત્પત્તિ થઇ હતી, તે પાંડુનું નહોતું. કુંતી સાથે પાંડુ હિમાલયના પહાડોમાં રહેતો હતો. ક્ષયરોગી હોવાથી હસ્તિનાપુરમાં રહેવું તેને માટે નુકસાનકારક હતું; તથા અત્યંત રોગી હોવાથી સ્વવીર્યથી

સંતાન ઉત્પન્ન કરવાં તેને માટે અઠીક હતાં. આથી તેની રજાપૂર્વક કુંતીનો નિયોગ તિબેટ દેશના ત્રણ દેવતાઓ સાથે થયો; અને માદ્રીનો નિયોગ તેજ દેશના અશ્વિનીકુમારો સાથે થયો. આ નિયોગથી કુંતીને ત્રણ અને માદ્રીને બે સંતાન થયાં. અર્થાત્ પાંડવોની ઉત્પત્તિમાં વીર્યની જૂદાઇ કેટલી છે, તે વાંચનાર જોઇ શકશે.

તિબેટના લોકોના વીર્યથી જન્મેલા પાંડવો અને ભારતીય આર્યરાજાના ઔરસપુત્ર કૌરવો વચ્ચે વીર્યની જૂદાઇને લીધે બંધુપ્રેમ હોવો અશક્ય હતો. જો પાંડુના પોતાનાજ વીર્યથી પાંડવો જન્મ્યા હોત તો ઘણેભાગે ભારતીય મહાયુદ્ધ થવુંજ અસંભવિત હતું.

આમાં બીજી પણ એક વાત વિચારવા જેવી છે કે, જે વખતે પાંડવો જન્મ્યા ત્યારે તિબેટના ઇંદ્ર વગેરે દેવરાજાઓ વધુ બળવાન તેમજ વીર્યવાન હતા. તેમના વીર્યથી ઉત્પન્ન થવાને લીધે રંગરૂપમાં પણ પાંડવોમાં વિશેષતા હોવાનો સંભવ છે; તથા વીર્યથી જે મનઃપ્રવૃત્તિ બને છે, તે પણ જૂદીજ હોય છે. જે રીતે હાલમાં વિજયી યૂરોપિયન પુરુષ અને જીતાયેલી ભારતીય સ્ત્રીથી જન્મેલાં "યુરેઝીઅન" મિશ્રસંતાન સ્વવીર્યના અભિમાનથી પોતાને "મોટા સાહેબ લોકો"માં ગણાવે છે; અને બીજા કાળા માણસો ઉપર અધિકાર ભોગવવા તૈયાર થાય છે. એજ રીતે મહાભારતમાં ભીમ અને અર્જુન એ બન્ને પાંડવો, કૌરવોને તથા બીજા કોઇ આર્યરાજાને પણ કશા હિસાબમાંજ ગણતા નહોતા; કેમકે દેવોના વીર્ય સાથેજ આવેલી બીજાઓ કરતાં પોતાને કંઇક વિશેષ સમજવાવાળી મનોવૃત્તિ પાંડવોમાં હતી.

સાથોસાથ કૌરવો પિતાના ઔરસપુત્રો હોવાથી તેમનામાં "રાજ્યમદ" જન્મથીજ હતો. જે રીતે હાલના રાજા–રજવાડાઓના રાજકુમારો પોતાને જન્મથીજ રાજ્યાધિકારી અને બીજા સાધારણ લોકો કરતાં "ઉચ્ચ" માને છે; બરાબર તેજ રીતે કૌરવો પણ પોતાને જન્મથીજ રાજ્યના હક્કદાર ગણાતા હતા. આમાં બીજી પણ એક વાત છે કે, કૌરવો જન્મથીજ પોતાના રાજ્યમાં ઉછર્યા હતા, તેથી તેમનામાં રાજ્યમદ હતો; અને એજ કારણથી કૌરવો સામ્રાજ્યવાદી–ઇમ્પીરીયાલીસ્ટ–હતા. દુર્યોધન સામ્રાજ્ય અથવા મૃત્યુ, એમાંથી એકનેજ પસંદ કરતો હતો. આજ કારણથી તેને વચલી સ્થિતિ પસંદ નહોતી.

પરંતુ હવે પાંડવો તરફ જુઓ. તેઓ ધાર્મિક વૃત્તિવાળા જણાઇ આવે છે. આમ કેમ બન્યું? તેનું કારણ તપાસીએ. કુંતી અને માદ્રીની સાથે પાંડુ સાધુવૃત્તિથી તપસ્વી ઋષિઓના આશ્રમોની વચમાં રહેતો હતા. તપોભૂમિમાં હમેશાં ધાર્મિક વાતાવરણજ રહેતું હતું. તેની અસર કુંતી અને માદ્રીના ઉપર ખૂબજ થઈ હતી; કેમકે **પુરુષ કરતાં સ્ત્રીમાં ધર્મભાવના ગ્રહણ કરવાની શક્તિ વધારે હોય છે.** ધર્મ, ભીમ વગેરે પાંડવો, જન્મ્યા પછી પણ બારવર્ષસુધી ઋષિઆશ્રમમાંજ રહ્યા હતા. આજ કારણથી પાંડવોની નૈસર્ગિક વૃત્તિ ધર્મમાર્ગેજ વળી હતી. **જેમનો બાલ્યકાળ ઋષિઆશ્રમમાં ગયો હોય તેમને રાજવૈભવ ઓછાજ ગમે છે;** અને તેથી પણ પાંડવોને, રાજધાનીની સમૃદ્ધિની છાકમછોળોમાં ઉછરેલા કૌરવો સાથે મિત્રતા જામવી અસંભવિત હતી. આ પ્રમાણે મનોવૃત્તિની જૂદાઈજ કારણરૂપ હતી.

વીર્યનું પરિણામ જોવા માટે અત્રે આ વાત પણ જુઓ કે, બધા કૌરવોનો સ્વભાવ વીર્યની એકતાને લીધે લગભગ એકસરખોજ છે; પરંતુ પાંડવોના સ્વભાવમાં વિચિત્રતા છે. જુઓઃ–(૧) ધર્મરાજ યુધિષ્ઠિરની મનોવૃત્તિ સત્યાગ્રહ તરફ, (૨) ભીમસેનનો સ્વભાવ મારવા–ઝુડવાનો, (૩) અર્જુનની વૃત્તિ ક્ષાત્રભાવના તરફ અને (૪) નકુળસહદેવની વૃત્તિઓ બીજા ભાઈઓને પગલે ચાલવામાટે પ્રસિદ્ધ છે. આ જૂદી જૂદી મનોવૃત્તિનું કારણ જુદું જુદું વીર્યજ છે. યમ–ધર્મનું ધાર્મિક વીર્ય યુધિષ્ઠિરમાં, વાયુદેવનું પહેલવાની વીર્ય ભીમ

દેવાધિદેવ ઇંદ્રનું વીર્ય અર્જુનમાં અને ઔષધની ગોળીઓ બનાવનારા અશ્વિનીકુમારોનાં વીર્ય નકુળસહદેવમાં કાર્ય કરતાં હતાં. આ વીર્યભેદને લીધે ભિન્ન ભિન્ન મનોવૃત્તિઓ પાંડવોમાં જણાઇ આવે છે.

વીર્યની જૂદાઇ હોવા છતાં પણ એકજ માતા હોવાથી બધા પાંડવો એકઠા રહ્યા હતા; અને (કૉમન કૉઝ) 'સમાન પરિસ્થિતિ'ને લીધે પણ તેઓમાં એકતા રહી હતી. અસ્તુ.

આ ઉપરથી કૌરવપાંડવોના મહાયુદ્ધનાં આંતરિક ગુપ્ત કારણો શાં શાં હતાં, તે પણ હવે વાંચનારના ખ્યાલમાં આવ્યુજ હશે.

(ધ) કૌરવ-પાંડવોના યુદ્ધનું મૂળકારણ તો જૂદુંજ હતું.

પાંડવ	કૌરવ
(૧) માતાપિતા વનમાં રહ્યાં હતાં.	(૧) માતાપિતા શહેરમાં રહ્યાં હતાં.
(૨) એક માતા અને અનેક પિતાઓથી નિયોગના નિયમ પ્રમાણે ઉત્પત્તિ થઇહતી.	(૨) એકજ માતાપિતાથી ઉત્પત્તિ થઇ હતી.
(૩) જૂદાં વીર્યથી સ્વભાવભેદ અને રુચિભેદ	(૩) વીર્ય સમાન હોવાથી સ્વભાવમાં સમાનતા
(૪) ઋષિઆશ્રમોમાં બાલ્યકાળ ગાળવાને લીધે બધાની ધાર્મિક વૃત્તિ	(૪) શહેરમાં ઉછેરલા હોવાથી ભોગવિલાસી વૃત્તિ
(૫) ન્યાયી માર્ગે ઉન્નતિ કરવાની ઇચ્છા	(૫) કોઇપણ રીતે સામ્રાજ્ય વધારવાની ઇચ્છા
(૬) નિયોગનાં સંતાન	(૬) પિતાનાં ઔરસ સંતાન

માતાપિતાની પરિસ્થિતિ, જન્મ વખતની પરિસ્થિતિ, બાલ્યકાળની પરિસ્થિતિ, વન અથવા શહેરમાં રહેવું, સંગત, સામાજિક અને રાજકીય બનાવો તથા પોતાનો પુરુષાર્થ, એ સૌ મળીને સ્વભાવ બંધાય છે. આ વિષે વધુ વિચાર વાચકો મહાભારત વાંચતી વખતે પણ કરે અને યોગ્ય બોધ લે.

લગ્ન કરતી વખતે "પોતાની રાષ્ટ્રીયતા સાથે આગળ વધો" એવો જે ઉપદેશ વેદોએ આપ્યો છે, તે કેટલો જરૂરનો છે; અને વીર્ય તથા ક્ષેત્રનું મહત્ત્વ માનવી સ્વભાવના બંધારણમાં કેટલું છે; તથા વીર્યભેદ અને ક્ષેત્રભેદને લીધે રાષ્ટ્રમાં કેવી કેવી આપત્તિઓ આવી પડે છે; તે વગેરે બાબતોની ખાત્રી મહાભારત વગેરે ગ્રંથોમાં વર્ણવેલી કથાઓનું ઉપર પ્રમાણે મનન કરવાથી થઇ શકે છે.

મહાભારતમાં જે ઇતિહાસ છે, તે કાવ્યમય વર્ણનમાં છે; પરંતુ વિચાર અને મનન કરવાથી કાવ્યનો પડદો દૂર કરવો સહેલો છે. એ પડદો દૂર કરવાથી તે સમયના ભારત તથા આસપાસના બીજા દેશોનો સાચો ઇતિહાસ જણાઇ આવે છે. તે સાચો ઇતિહાસજ જોવો--જાણવો જોઇએ અને તેમાંથી મળતો યોગ્ય બોધ ગ્રહણ કરવો જોઇએ.

આશા છે કે વાચકો પોતાના ગ્રંથો ઉપર ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર અને મનન કરશે તથા તેમાંથી યોગ્ય બોધ લેશે અને તે પ્રમાણે આત્મસુધારણા કરશે.

૮—બકાસુરની લીલા

(ક) ભારતકાળના વિવિધ દેશો

જેઓ મહાભારતને ઐતિહાસિક દૃષ્ટિએ વાંચે છે, તેમને તરતજ સમજાય છે કે અસુર, સુર, ગંધર્વ, કિન્નર, ભૂત, આર્ય, સર્પ, વાનર, વગેરે અનેક જાતિના લોકોનો સંબંધ મહાભારતની કથામાં આવી ગયેલો છે. વિશેષ ચર્ચા પછી અમે એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે:—

(૧) "અસુરલોક" અથવા અસુરદેશ, તે હાલના બેક્ટ્રિયા તથા આસીરિયા છે. બેક્ટ્રિયા દેશમાંથી "બક" નામના અસુરો આ તરફ આવતા, તેમને તે વખતના લોકો બકાસુર કહેતા હતા. (૨) "સુરલોક" અથવા સુરો કિંવા દેવોનો પ્રદેશ, તે "ત્રિવિષ્ટપ" અર્થાત્ હાલનો તિબેટ છે. (૩) "ગંધર્વલોક" અથવા ગંધર્વજાતિને રહેવાનું સ્થાન હિમાલયના ઢોળાવનો પ્રદેશ છે. (૪) "કિન્નરલોક" ગંધર્વલોકની નીચેનાં સ્થાનોમાં છે. (૫) "ભૂતલોક" અથવા ભૂતીઆઓનું રહેઠાણ હાલનું "ભૂતાન"છે, અને તેનું નામ 'ભૂતસ્થાન'જ છે. (૬)"આર્યલોક" તે 'આર્યાવર્ત'જ છે. (૭) "સર્પલોક" અર્થાત્ સર્પજાતિના લોકોનું રહેઠાણ દક્ષિણભારત; અને (૮) દંડકારણ્યના કેટલાક ભાગમાં "વાનર" જાતિના લોકોનું રહેઠાણ છે. એમનું ચોક્કસ સ્થાન નક્કી કરવાનું કાર્ય ચાલુ છે, તે સમાપ્ત થતાં વાચકો સમક્ષ તેનાં ચિત્રો પણ રજુ કરીશું.

(ખ) બનાવટી મોંઢાં પહેરવાની પ્રથા

અસુરલોકો નરમાંસભક્ષક, ક્રૂર અને અત્યાચારી હતા. સુર અથવા દેવલોકો ગણુ-સંસ્થા અનુસાર રહેતા હતા અને તેમનામાં ગણસ્ત્રીઓનો રિવાજ હતો. ગણુસંસ્થાનું વર્ણન અમે એક સ્વતંત્ર લેખમાં કરીશું. ગંધર્વલોક નાચવા, ગાવા અને વગાડવામાં કુશળ હતા. ભૂતલોકો વિવિધ પશુપક્ષીઓનાં બનાવટી મોઢાં પહેરીને ફરતા હતા, તેથી તેમને "કામ-રૂપી" કહેતા હતા. રાક્ષસો પણ આ પ્રમાણે કરતા હતા. ઘોડો, ઉંટ અને વાઘ વગેરે પશુ-ઓનાં બનાવટી મોઢાં પહેરવાં અને લોકોને ડરાવવા, એ તેમનો રોજનો ધંધો હતો. દશ મુખવાળો રાવણ પણ કદાચ પોતાના માથા ઉપર દશમુખાળું બનાવટી મોં પહેરતો હશે. ભૂતાન અને હિમાલયના કેટલાય ભાગોમાં આ રીતે બનાવટી મોં પહેરવાની રીત હાલમાં પણ પ્રચલિત છે. આ રીત મહાભારતના કાળમાં ખૂબજ પ્રચલિત હતી.

એનો ઉદ્દેશ સામાન્ય અજ્ઞાન માણસોને ડરાવવાનો હતો. હાલમાં પણ આપણા દેશ-બંધુઓજ ગોરાઓની પેઠે બૂટ, કોટ, પાટલૂન, હૅટ વગેરે પહેરીને જાતેજ પોતાને "સાહેબ લોક" જેવા દેખાડીને રેલગાડીમાં પોતાનાજ ગરીબ અને અજ્ઞાન ભાઇઓને કેટલા સતાવે છે તથા ડરાવે છે, તે તો સુપ્રસિદ્ધ વાત છે. એજ માનવસ્વભાવ પાંચહજાર વર્ષ પહેલાં ઉપર કહ્યાં તેવાં બનાવટી મુખ પહેરવામાં દેખાઈ આવતો હતો. આર્યાવર્તના અભણ લોકોને ડરાવવા અને પોતાના મનમાન્યા મનોરથ સિદ્ધ કરવા એટલાજ માટે આ પ્રમાણે થતું હતું.

આર્યલોકો રાક્ષસોની પેઠે નરમાંસભક્ષક, દેવોની પેઠે ગણુસંસ્થાથી રહેનારા કે ભૂતીઆ-ઓની પેઠે બીજાને ડરાવવા માટે બનાવટી મોં પહેરનારા ન હતા; પરંતુ તેઓ રાક્ષસોનું શૌર્ય, દેવોની સભ્યતા અને ભૂતીઆઓના યુદ્ધકૌશલ્યને પોતાનાં કરી પોતાની સંપૂર્ણ ઉન્નતિ કરવામાં ચતુર હતા; પણ તે છતાં પણ સામાન્ય જનતા તો સહેજ વાતમાં ડરનાર, મુડદાલ, દુર્બળ અને અજ્ઞાનીજ હતી.

સર્પલોકો સંતાઇને હુમલો કરતા હતા અને વાનરલોકો લગભગ નાગાજ રહેતા હતા. તેઓમાંથી કેટલાક બહુ થોડાં વસ્ત્ર પહેરતા પણ ખરા. આ જાતિ હજી પણ મ્હૈસૂર રાજ્યનાં જંગલોમાં હયાત છે. તે કપડાં આપવા છતાં પણ તેને પહેરવામાં "અધર્મ" માને છે; અને પોતાના માળા ઝાડ ઉપરજ બનાવીને રહે છે.

પાંચહજાર વર્ષ પહેલાંના સમયમાં આટલી જાતિઓ સાથે આર્યોનો રાજકીય, ધાર્મિક તથા બીજા પ્રકારનો સંબંધ હતો. એ સમયનો મનોરંજક ઇતિહાસ મહાભારતમાં મળી આવે છે. દાખલાતરીકે "બકાસુર"ની કથા લ્યો. આદિપર્વના ૧૫૯ મા અધ્યાયથી ૧૬૬ મા અધ્યાયસુધીમાં આ કથા આવેલી છે; અને તે વાંચવાથી તે સમયનું સામાજિક ચિત્ર વાંચ-

રની દષ્ટિસમક્ષ રજુ થાય છે. એ કથા આ પ્રમાણે છેઃ–

(ગ) વેત્રકીય રાજ્ય

વેત્રકીય ગૃહ નામનું એક નાનકડું રાજ્ય અથવા નાનકડી રિયાસત ગંગા નદીને ઉત્તર-કિનારે અને હિમાલયની દક્ષિણદિશામાં હતી. આ પ્રાંત હાલના સંયુક્ત પ્રાંતમાં લખનૌની ઉત્તર દિશાએ હતો. ત્યાં એક નાનોશો દુર્બળ અને અભણ રાજા રાજ્ય કરતો હતો. તેનું વર્ણન આ પ્રમાણે છેઃ–

वेत्रकीय गृहे राजा नायं नयमिहास्थितः। उपायं तं न कुरुते यत्नादपि स मंदधीः ॥
अनामयं जनस्यास्य येन स्यादद्य शाश्वतम् ॥ एतदर्हा वयं नूनं वसामो दुर्बलस्य ये ।
विषये नित्यमुद्विग्नाः कुराजानमुपाश्रिताः ॥ (મહા૦ આદિ૦ અ૦ ૧૬૨ શ્લોક ૯ થી ૧૧)

અર્થાત્–"એ સ્થાનમાં વેત્રકીય ગૃહ નામની એક જગ્યા છે. ત્યાં તે દેશનો રાજા રહે છે. તે બુદ્ધિહીન હોઇને રાજનીતિનિપુણ નથી. રાક્ષસોનો વધ કરવાને તે પોતે અસમર્થ છતાં લોકકલ્યાણને ખાતર પણ પ્રયત્નપૂર્વક કોઇ ઉપાય નથી શોધતો. અમે એ દુર્બળ અને ખરાબ રાજાને ભરોસે હમેશાં ભયભીત રહેતા છતાં તેનાજ તાબામાં રહીએ છીએ, તેથી અમે એનાં દુઃખ ભોગવવાને પાત્રજ છીએ."

(ઘ) પાંડવોનો નિવાસ

આ વેત્રકીય ગૃહ નામની નાનકડી રિયાસતમાં એકચક્રા નામની એક નગરી હતી. આ નગરીમાં એક વિદ્વાન બ્રાહ્મણને ઘેર કુંતીસહિત પાંચે પાંડવો ગુપ્તવેશે રહીને વિદ્યાધ્યયન કરતા અને ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરતા હતા. દુષ્ટ દુર્યોધનની પાંડવોને લાક્ષાગૃહમાં બાળી નાખવાની યોજના પહેલેથી જાણી જઇને ગુપ્તરીતે મહાત્મા વિદુરજીની મદદ લઇ તે લાક્ષાગૃહને જાતેજ આગ લગાડીને પાંડવો સંતાતા–છુપાતા નાસી છૂટયા હતા; તેઓ જંગલો અને વનોમાં ભ્રમણ કરતા કરતા મહાબુદ્ધિશાળી શ્રીવ્યાસમુનિની પ્રેરણાથી આ એકચક્રા નગરીમાં આ બ્રાહ્મણને ત્યાં રહેતા હતા. સૌ કોઇ પાંડવો બળી મુઆ, એમજ માનતું હતું; પરંતુ માત્ર મહાત્મા વિદુર અને મહાબુદ્ધિમાન વ્યાસદેવ–એ બે તથા ત્રીજો વિદુરનો શિલ્પી, એ ત્રણજ પાંડવોને જીવતા જાણતા હતા. જો કૌરવો પાંડવોને જીવતા જાણતા હોત, તો તો તેઓ યુક્તિપ્રયુક્તિથી તેમનો નાશ કરવાને તૈયારજ હતા; તેથી એ સમયે પાંડવોને બ્રાહ્મણવેશમાં વેદાધ્યયન અને ભિક્ષાવૃત્તિથી ગુજારો કરી એકચક્રા નગરીમાં રહેવું પડયું હતું. રાજકીય ઘટનાઓને લીધે મોટા મોટા માણસોને પણ વખતોવખત આ રીતે ગુપ્તવેશે રહેવાની જરૂર આવી પડે છે.

જે બ્રાહ્મણના ઘરમાં પાંડવો રહેતા હતા, તે બ્રાહ્મણના કુંતી સાથેના સંભાષણમાં ઉપલા શ્લોકો આવે છે. તે શ્લોકોમાં જે ઇતિહાસ છે, તે ઉપરથી નીચેની રાજકીય ઘટનાનો સ્પષ્ટ પત્તો મળે છે.

(ચ) વેત્રકીય રિયાસતનો દુર્બળ રાજા

(૧) વેત્રકીય ગૃહ નામની રિયાસતનો રાજા અત્યંત દુર્બળ, રાજનીતિ નહિ જાણનાર, અને રાક્ષસો સાથે યુદ્ધ કરવાને અસમર્થ, એક પણ રાક્ષસ સાથે ટકી રહેવાને અશક્ત તથા બીજી રિયાસતોની મદદ લઇને પણ રાક્ષસોને હરાવવાને અસમર્થ હતો.

(૨) આ રિયાસતમાં ગામે ગામ રાક્ષસો રહેતા હતા. તેઓ ગામ બહાર વન તથા [illegible]ગીચાઓમાં તેમનાં જુથ જમાવીને રહેતા હતા; અને જે ગામ પાસે તેઓ તેમનાં જુથ

જમાવતા હતા, તે ગામમાંથી તેમની આજીવિકા માટેના ભોજનાદિ સઘળા પદાર્થો બળજોરીથી લેતા હતા; અને ન આપે તો તે ગામના લોકો ઉપર મનમાન્યા અત્યાચાર કરતા હતા.

(૩) આ રાક્ષસોને સજા કરવાનું બળ તે રિયાસતી રાજાઓમાં ન હતું. આથી સામાન્ય જનતાને પોતાના રાજાના ભય ઉપરાંત રાક્ષસોનો પણ ત્રાસ ઉમેરાયો હતો.

(૪) આથી જનતા અત્યંત દુઃખી અને ગરીબ થઇ ગઇ હતી.

જે એકચક્રા નગરીમાં પાંડવો ગુપ્તવેશે રહેતા હતા, તે નગરીની પાસેના વનમાં "બકાસુર" નામનો એક રાક્ષસ તેના વિશાળ પરિવારસાથે રહેતો હતો. તેનું વર્ણન આ પ્રમાણે છેઃ—

समीपं नगरस्याऽस्य बको वसति राक्षसः । ईशो जनपदस्याऽस्य पुरस्य च महाबलः ॥
पुष्टो मानुषमांसेन दुर्बुद्धिः पुरुषादकः । रक्षत्यसुरराट् नित्यमिमं जनपदं बली ॥
नगरं चैव देशं च रक्षोबलसमन्वितः । तत्कृते परचक्राच्च भूतेभ्यश्च न नो भयम् ॥
वेतनं तस्य विहितं शालिवाहस्य भोजनम् । महिषौ पुरुषश्चैको यस्तदादाय गच्छति ॥
एकैकश्चापि पुरुषस्तत्प्रयच्छति भोजनम् । स वारो बहुभिर्वर्षैर्भवत्यसुकरो नरैः ॥

(મહા૦ આદિ૦ અ૦ ૧૬૨ શ્લોક ૩ થી ૭)

અર્થાત્—"આ નગરની પાસે બક નામનો એક બળવાન રાક્ષસ રહે છે. તે નરભક્ષક આ નગર અને આ પ્રદેશના રાજા જેવોજ છે. મનુષ્યના માંસથી હૃષ્ટપુષ્ટ, બળવાન અને દુષ્ટ બુદ્ધિવાળો તે અસુરરાજાજ હમેશાં આ દેશનું રક્ષણ કરે છે. આ દેશ રાક્ષસી બળથી સુરક્ષિત હોવાથી તેને બીજા દેશ તરફથી અથવા કોઇ પ્રાણીઓ કે ભૂતીઆઓ તરફથી ભયનો સંભવ નથી. એક ગાડી અન્ન, બે પાડા અને તેને લઈ જનારો એક માણસ, એટલું તે રાક્ષસના ભોજનને માટે વેતનરૂપે નક્કી કરેલું છે. આ દેશનો દરેક ગૃહસ્થ પોતપોતાની વારી પ્રમાણે એક દિવસના હિસાબે હમેશાં એટલું ભોજન તેને પહોંચાડે છે. પ્રત્યેક ગૃહસ્થને માથે આવી કઠોર વારી ઘણાં વર્ષો પછી પાછી ફરીથી પણ આવે છે."

આ બ્રાહ્મણના કથનથી રાક્ષસના વેતનનું સ્વરૂપ સમજાય છે તથા બીજી પણ કેટલીયે બાબતોનો પત્તો મળે છે. જેમકેઃ—

(૧) અસુરદેશમાંથી કેટલાય રાક્ષસો આ આર્યાવર્તમાં આવીને કેટલાંક ગામોમાં અથવા ગામોની બહાર રહેતા હતા.

(૨) આ અસુરોમાંના દરેક બળ પણ એટલું બધું હતું કે, તેના આગળ ગામ અને નગરોના લોકો પોતાને ઘણાજ દુર્બળ માનતા હતા.

(૩) તે વખતના ભારતવર્ષની રિયાસતોના રાજામહારાજાઓ પણ આ રાક્ષસો કરતાં પોતાને દુર્બળ માનતા હતા.

(૪) કોઇપણ રિયાસતી રાજાના નગરમાં રાક્ષસ આવીને રહે, તો તે રાજા તેને દૂર કરવાને તદ્દન અસમર્થ હતો. ઘણેભાગે રિયાસતી રાજાઓ તેને કોઇપણ રીતે અટકાવી શકતા નહિ; અને તેથી નગરવાસીઓ ઉપર તે ઘણોજ જુલમ ગુજારતો હતો.

(૫) આ રાક્ષસો ગામ અને નગરોનું સર્વ પ્રકારે રક્ષણ કરવાનું કામ પોતાના ઉપર રાખતા હતા; અને તેઓમાં આ એક ગુણ પણ હતો કે, જે ગામનું રક્ષણ કરવાની જવાબદારી તેઓ પોતાને માથે લેતા હતા; તેમનું તેઓ સંપૂર્ણ રીતે રક્ષણ કરતા હતા. તે ગામ ઉપર બીજા શત્રુઓ હુમલો કરે; વાઘ, સિંહ વગેરેનો ત્રાસ જાગે; ભૂતલોકો—અર્થાત્ ભૂતાની લોકો વગેરે હુમલા કરે; એ સર્વ પ્રકારના હુમલાઓથી આ રાક્ષસો તે ગામની સંપૂર્ણ રક્ષા કરતા હતા અને શત્રુઓસાથે તેઓ જાતે લડતા હતા.

આજ કારણથી તે બ્રાહ્મણ કુંતીને જે એમ કહે છે કે, આ બકાસુરને લીધે [illegible]

હુમલા વગેરેનો અમને ભય નથી; તે તેના અનુભવનીજ વાત હતી.

(છ) નગરની દુર્બળતા

(૬) આથી એમ થતું કે, નગરવાસીઓ દિનપ્રતિદિન વધારે ને વધારે દુર્બળ થતા હતા; અને તેટલાજ પ્રમાણમાં રાક્ષસો વધારે ને વધારે બળવાન થતા હતા. નગરવાસીઓ જાતેજ પોતાનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરે તોજ તેઓમાં સાહસ, શૌર્ય, ધૈર્ય વગેરે ગુણો વધી શકે; પણ આ કામ તો નગરવાસીઓએ રાક્ષસોને સોંપ્યું હતું. એટલે પછી નગરવાસીઓ તેથી દિનપ્રતિદિન દુર્બળ થતા ચાલે એમાં પણ આશ્ચર્યની વાત નથી. **જે કોઈ રાષ્ટ્ર અથવા રિયાસત પોતાનું રક્ષણ પોતેજ નહિ કરે અને તે કાર્ય બીજાઓને સોંપી દેશે, તો તે પણ એજ રીતે દુર્બળ થવા માંડશે.** જે પ્રમાણમાં નગરવાસીઓ દુર્બળ થતા હતા, તેજ પ્રમાણમાં રાક્ષસો રક્ષક હોવા છતાં પણ અધિક બળવાન હોવાથી તથા પોતાની સ્વશક્તિમાં વિશ્વાસ હોવાથી અને નાગરિકોની નિર્બળતા પણ જાણતા હોવાથી ગામના લોકો ઉપર અત્યાચાર કરવામાં નિર્ભય થઇ જતા હતા.

(૭) આવી અવસ્થામાં રાક્ષસોના અત્યાચારોની માત્રા દિનપ્રતિદિન વધતી જાય, એ સ્વાભાવિકજ છે નગરવાસીઓ પૂર્ણ પરાવલંબી અને રાક્ષસોના રક્ષણથી સુરક્ષિત હોવાને લીધે રાક્ષસોના અત્યાચારોની પણ સીમા નહોતી. રાક્ષસો પણ મનમાં એમજ સમજતા હતા કે, અમને અટકાવનાર હવે કોઇ નથી. આ ગામના લોકો ફક્ત અમારી દયાપરજ જીવિત ધરનારા છે. આથી તેમના તરફનો અમને કંઇજ ભય નથી.

(૮) આથી રાક્ષસોનો સ્વભાવજ એવો બંધાઇ જતો હતો કે, " બસ જેટલી મોજ ઉડાવવી હોય તેટલી ઉડાવો. હવે તો આપણેજ નગરના માલિક છીએ. કેમકે આ લોકો આપણને કંઇ પણ કરી શકે તેમ નથી; તેમ આ રિયાસતનો રાજા પણ આપણું કશુંજ અહિત કરી શકે તેમ નથી અને તેણે તો આત્મરક્ષણને માટે આપણોજ આશરો લેવો રહ્યો.' રાક્ષસોના આવા મનોભાવોને લીધે લોકોનાં દુઃખની કંઇ સીમાજ નહોતી.

(જ) બકાસુરનું વેતન

(૯) એથીજ એકચક્રા નગરીના રક્ષક બકાસુરે તે નગરીના લોકો પાસેથી રોજરોજ વારી પ્રમાણે પ્રત્યેક ઘરવાળા પાસેથી એક ગાડી અનાજ, બે પાડા અને એક આદમીને પગારતરીકે લેવાનું ઠરાવ્યું હતું. હાલના બજારભાવે આ વેતનનું મૂલ્ય નીચે પ્રમાણે થાય છેઃ—

૩૦ ગાડી અનાજની કિંમત	રૂ.	૧૫૦૦)
૬૦ પાડાની કિંમત	રૂ.	૩૦૦૦)
૩૦ મનુષ્યોના	રૂ.	૧૫૦૦૦)
બકાસુરનો માસિક પગાર	રૂ.	૧૯૫૦૦)

બે પાડાની એક ગાડીમાં ઓછામાં ઓછું ૫૦) રૂપિયાનું અનાજ સમાય છે; બે પાડાની કિંમત ૧૦૦) રૂપિયા છે અને માણસની કિંમત સામાન્ય રીતે પાંચસો રૂપિયા ગણીએ—અર્થાત્ બકાસુરનો રોજનો પગાર રૂ. ૬૫૦) થાય છે. આ હિસાબે તેનો માસિક પગાર હાલના બજારભાવે ૧૯૫૦૦ રૂપિયા થાય. કોઈ જગ્યાએ અનાજ, પાડા અને મનુષ્યની કિંમતમાં વધઘટ હોય છે ખરી, પરંતુ તેનો અત્રે વિચાર કરવાની જરૂર નથી.

કેટલાક કહેશે કે, તે સમયમાં અનાજ અને પાડા બહુજ સસ્તા હતા, એ વાત સાચી છે; પરંતુ કહેવાનું તાત્પર્ય એ છે કે તે વખતે તેની ગમે તેટલી કિંમત ભલે હોય, પણ તેથી નાગરિકોને તો હાલના કોઇ ગામ ઉપર સાડીઓગણીસ હજારના કરના ત્રાસ જેટલોજ ત્રાસ

થતો હતો. જો હાલમાં કોઇપણ ગામને એટલા રૂપિયા આપીને પોતાનું સંરક્ષણ વેચાતું લેવું પડે, તો તે તેને જેટલું ત્રાસદાયક થશે, તેટલોજ ત્રાસ એકચક્રા નગરીના લોકોને થતો હતો.

(ઝ) એકચક્રા નગરીની આબાદી

(૧૦) હવે આપણે એકચક્રા નગરીની આબાદીનો વિચાર કરીએ. તેનો પણ અંદાજ ઉપલા બ્રાહ્મણનાજ શબ્દોથી કાઢીએ.

स वारो बहुभिर्वर्षैर्भवत्यसुकरो नरैः ॥ (મહા૦ આદિ૦ અ૦ ૧૬૨–૭)

"ઘણાં વર્ષો પછી પ્રત્યેક ગૃહસ્થને ત્યાં આ કઠોર વારી આવે છે."

સંસ્કૃત ભાષામાં ઓછામાં ઓછાં ત્રણ વર્ષમાટે "वर्षैः"નો પ્રયોગ થાય, અને "बहुभिः वर्षैः" એ પ્રયોગ ઓછામાં ઓછા ત્રણથી ત્રણગણાં એટલે નવ વર્ષ માટે થવો સંભવિત છે; પરંતુ નવ–દશ વર્ષને માટે કોઇપણ માણસ "ઘણાં વર્ષો" તો નથીજ કહેતો. "ઘણાં વર્ષો" કહેવા માટે તો ઓછામાં ઓછાં વીસ વર્ષ વીતવાંજ જોઇએ. આ વાત બીજાં પણ પ્રમાણોથી સિદ્ધ થાય છે, તે જુઓ. તે બ્રાહ્મણ પોતાની પત્નીની સાથેના સંભાષણમાં કહે છે કેઃ–

क्षेमं यतस्ततो गंतुं त्वया तु मम न श्रुतम् । इह जाता विवृद्धास्मि पिता चापि ममेति वै ॥
उक्तवत्यासि दुर्मेधे याच्यमाना मयाऽसकृत् ॥ (મહા૦ આદિ૦ અ૦ ૧૫૯ શ્લોક ૨૭)

"હે બ્રાહ્મણી ! આમાં અવળી મતિ તો તનેજ સૂઝી છે. મેં ઘણીએ વાર બીજે સ્થાને જવાનું કહ્યું; છતાંપણ તેં તો "આ મારૂં મૂળ વતન છે, હું અહીંજ જન્મ લઇને ઘરડી થઇ છું, તેને હું નહિ છોડું" એવીજ હઠ લીધા કરી છે."

અર્થાત્ તેની સ્ત્રી ઘરડી ડોશી થઇ હતી. લગ્ન પછી તેને બે સંતાન પણ થયાં હતાં. જે દિવસે તે બ્રાહ્મણને ભોજન દેવાની વારી આવી તે તેની પહેલીજ વારી હતી, અને પોતાની સ્ત્રીને લીધેજ તે આ ગામમાં રહ્યો હતો; નહિ તો તે ગામ છોડીને બીજે સ્થાને રહેવા જવા ઇચ્છતો હતો. સ્ત્રીનું લગ્ન કન્યાકાળમાં એટલે પંદર સોળ વર્ષની ઉંમરે થયું હશે અને આ વખતે તે સ્ત્રી ઓછામાં ઓછાં ૩૫ વર્ષની હશે–અર્થાત્ ઓછામાં ઓછાં વીસ વરસમાં બ્રાહ્મણને ત્યાં એક વારી આવી હતી. સંભવ છે કે એ કરતાં પણ ઘણો કાળ વીતી ગયો હશે; પરંતુ આ ગામની આબાદીનો હિસાબ કાઢવાને માટે અમે એમજ માની લઇશું કે, વીસ વરસમાં એકજ વારી આવતી હતી. દર વર્ષે ૩૬૦ દિવસના હિસાબે વીસ વરસના ૭૨૦૦ દિવસ થયા. આથી સ્પષ્ટ થાય છે કે તે એકચક્રા નગરીમાં ઓછામાં ઓછાં સાત–આઠ હજાર ઘર તો હશેજ; અને દરેક ઘેર પુરુષ, સ્ત્રી, બે બાળક અને એક ઘરડું માણસ ગણીને કુલ પાંચ માણસની સરેરાશ ગણીએ તો આઠહજાર ઘરોનાં ગામમાં ચાલીસ હજારની વસ્તી હોવાનો સંભવ છે.

ચાલીસ હજારની વસ્તીવાળા ગામમાંથી દરમાસે સાડીઓગણીસ હજાર રૂપિઆનો માસિક પગાર રાક્ષસ લેતો હતો–અર્થાત્ દરેક માણસ દીઠ માસિક આઠ આના આપવા પડતા હતા. તે ઉપરાંત રાજ્યનો કર હશે તથા બીજો સ્થાનિક ખર્ચ પણ હશેજ. જે ગામ સ્વયંસેવકોદ્વારા પોતાનું રક્ષણ નથી કરતું, તેને આ પ્રમાણે કર આપવોજ પડે છે.

(૧૧) રોજ એક ઘેરથી ભોજન મોકલવાનો નિયમ હતો. નિયમ પ્રમાણે ભોજન આવ્યું તો ઠીક છે, નહિ તો તે રાક્ષસ તે ઘરનું મરજીમાં આવે તેમ કરતો હતો. આ રીતે તે નગરીના લોકો પોતપોતાનું ભોજન મોકલીને પોતાનો બચાવ કરતા હતા. જો કોઇને ઘેર ભોજન યોગ્ય મનુષ્ય ન હોય અથવા વારીવાળો માણસ પૈસાદાર હોય, તો તે બીજા કોઇને પણ ખરીદી લઇને પોતાનું કામ ચલાવી લેતો. આથી બ્રાહ્મણ રડતાં રડતાં કહે છે કેઃ–

(૮) માણસનું વેચાણ

सोऽयमस्मानुप्राप्तो वारः कुलविनाशनः । भोजनं पुरुषश्चैकः प्रदेयं वेतनं मया ॥
न च मे विद्यते वित्तं संक्रेतुं पुरुषं क्वचित् ॥ (મહા૦ આદિ૦ અ૦ ૧૬૨ શ્લોક ૧૫-૧૬)

"આજ અમારા કુળનો નાશ થવાની વારી આવી છે. રાક્ષસના ભોજનના પગારરૂપે મારે એક માણસ આપવું પડશે; પણ મારી પાસે તો કોઈ પણ જગ્યાએથી માણસ ખરીદવા જેટલા પૈસાજ નથી."

(૧૨) અર્થાત્ ધનવાનો કિંમત આપીને માણસ ખરીદી રાક્ષસના ભોજનમાટે મોકલતા હતા, અને તે વખતે આ રીતે માણસો પણ વેચાતાં મળતાં હતાં! હાલમાં લગ્નમાટે કન્યાવિક્રયની નિંદ્ય પ્રથા કેટલાંય સ્થળોમાં છે; પરંતુ મારવામાટે માણસ તો હાલમાં કિંમત આપવા છતાંયે મળી શકશે નહિ, પણ ઉપરોક્ત બ્રાહ્મણના કહેવાથી સમજાય છે કે, તે વખતે માણસો વેચાતાં પણ મળી શકતાં હતાં!

(૧૩) આટલા વિચારને અંતે એટલું તો નક્કી થાય છે કે, તે એકચક્રા નગરીમાં ઓછામાં ઓછી ચાલીસ હજારની વસ્તી હતી અને રોજ ઉપર પ્રમાણે પગાર તે રાક્ષસને પહોંચાડવો પડતો હતો; કારણકે ન પહોંચાડનાર ગૃહસ્થનો તે સંપૂર્ણ નાશ કરતો હતો. એક મહારાક્ષસ અને તેની સાથે બીજા નાનામોટા ત્રીસ ચાલીસ રાક્ષસોના અત્યાચાર ચાલીસ હજાર નાગરિકો ચૂપાચૂપ સહી લેતા હતા. ચાલીસ હજાર નાગરિકો બક રાક્ષસની મદદ વિના આત્મસંરક્ષણ નહોતા કરી શકતા; અને તે રાક્ષસને દૂર કરવો તે પણ તેમની શક્તિ બહાર હતું. વાંચનાર આ ઉપરથી એ નગરના લોકો કેટલા નિર્બળ હશે, તેનો તમે પણ વિચાર કરજો.

(૯) રાક્ષસના વિરોધનું ફળ

(૧૪) કોઇ કોઇવાર કેટલાક નાગરિકો તે રાક્ષસથી બચવાનો પ્રયત્ન પણ કરતા હતા; પણ એથી પરિણામે તો ઉલટી તેમની પૂરેપૂરી કમબખ્તી થતી. જુઓઃ—

तद्विमोक्षाय ये केचिद्यतन्ति पुरुषाः क्वचित् । सपुत्रदारांस्तान्हत्वा तद्रक्षो भक्षयत्युत ॥
(આદિ૦ ૧૬૨-૮)

અર્થાત્–"જો કોઈ આથી બચવાનો પ્રયત્ન કરે છે, તો તે રાક્ષસ તેનાં સ્ત્રીપુત્રાદિ બધાંયને મારી ખાય છે." આવી તે નગરની સ્થિતિ હતી ઉપલા નિયમમાંથી બચી જવાનો પ્રયત્ન કરવા જતાં તે રાક્ષસ ત્યાંના રાજાની કચેરીમાં ફરિયાદ નહોતો કરતો, પરંતુ તે રાજાને પૂછ્યાવિનાજ નગરમાં આવીને તે વારીવાળા ઘરનાં બધાં માણસોને મારી ખાતો; તેનાં ઘરબાર નષ્ટભ્રષ્ટ કરી નાખતો; અને આ બધા અત્યાચાર બીજા નાગરિકો જોયા કરતા. તેઓ એટલા બધા નિર્બળ હતા. જો તેમનામાં સંઘબળ હોત અને શૌર્ય, વીર્ય વગેરેના થોડા પણ ગુણ–સ્વભાવ હોત તો તે રાક્ષસને મારી હઠાવવો એ ચાલીસહજારની વસ્તીવાળા ગામને માટે જરા પણ અશક્ય ન હતું; પરંતુ સંઘશક્તિના અભાવે તે નગર એટલું બધું કમજોર થઈ ગયું હતું કે, પ્રત્યેક માણસ પોતાનુંજ કલ્યાણ સાધવામાં કુશળ રહેતો અને સૌ મળીને સંઘબળ વધારી આત્મરક્ષણની તૈયારી કરવાની અક્કલ કોઈનામાં પણ ન હતી.

(૧૦) મનની દુર્બળતા

ચાલીસ હજારની વસ્તીવાળું નગર અસુરદેશના એક રાક્ષસના ભયંકર અત્યાચારો સહી લે છે, અને તેની વિરુદ્ધ પોતાનો હાથ પણ ઉંચો કરતું નથી; એથી વધારે શરમની વાત તે નગરવાસીઓમાટે બીજી શી હોઇ શકે? તેજ બ્રાહ્મણના શબ્દોમાં તે સમયની પરિસ્થિતિ જુઓઃ–

न तु दुःखमिदं शक्यं मानुषेण व्यपोहितुम् ॥ (મહા૦ આદિ૦ અ૦ ૧૬૨ શ્લોક ૨)

"આ દુઃખ ટાળવું એ તો મનુષ્યની શક્તિ બહાર છે." અર્થાત્ બીજા કોઈ "રાક્ષસ"-ને બોલાવે અથવા કોઈ તિબેટનો "દેવ" આવે, તોજ તે રાક્ષસને દૂર કરી શકાય તેમ હતું. આ નગરનો કોઇપણ માણસ રાક્ષસને જીતી શકનારજ નથી, એ મનોભાવ દરેક માણસના મનમાં રહ્યા કરતો. એજ તેના નાગરિકોની બેહદ નિર્બળતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

આ બકાસુરનો ભીમસેને વધ કર્યો—અર્થાત્ એકજ મજબૂત માણસ તેનો નાશ કરી શકે તેમ હતું; પરંતુ શોકની અને સાથે સાથે શરમની વાત તો એ છે કે, ચાલીસહજારની વસ્તીવાળા નગરમાંથી વખત આવ્યે પાંચ દશ પહેલવાનો પણ ન નીકળી શકયા !! તે નગર આટલું બધું નિર્બળ હતું, કે જેથી વધુ નિર્બળતા હોવીજ અસંભવિત છે.

(ઢ) શસ્ત્રાસ્ત્રોથી અજાણ્યા અસુરો

ભીમસેને મલ્લયુદ્ધથી એટલે કુસ્તીથી બકાસુરને માર્યો, ત્યારે બકાસુરના અનુયાયીઓએ અથવા બકાસુરે કોઇપણ શસ્ત્ર કે અસ્ત્રનો ઉપયોગ ભીમસેન ઉપર નહોતો કર્યો. બકાસુરના તંબુમાં શસ્ત્રાસ્ત્ર હોત તો તેનો ઉપયોગ તેના અનુયાયીઓએ પણ પોતાનો રાજા બક મરાયો તે વખતે કર્યોજ હોત. અર્થાત્ આ રાક્ષસો—કમમાં કમ બકાસુર અને તેના અનુયાયીઓ-શસ્ત્રાસ્ત્રવિદ્યા જાણતા ન હતા. તેઓ માત્ર શારીરિક બળ, લાઠી, પથ્થર તથા બીજાં એવાંજ સાધનોથી લડનારા ઘાતકી માણસો હતા. આ રીતે પચીસ ત્રીસ ઘાતકી રાક્ષસો ચાલીસ હજારની વસ્તીવાળા નગરવાસીઓને કેટલાંય વર્ષોથી સતાવતા હતા; અને તેઓ તેનો બિલકુલ વિરોધ કરી શકયા ન હતા. વાચકો વિચારી શકશે કે, આવા નમાલા અને નિર્બળ નાગરિકોને જીવવાનો પણ શો અધિકાર છે ? ચાલીસ હજાર માણસોએ એકેક તણખલું પણ ફેંકયું હોત તો તેની નીચે પણ તે રાક્ષસ ચગદાઈ મરત; પરંતુ સંઘશક્તિના અભાવને લીધેજ તે રાક્ષસ આ ગામને આટઆટલો સતાવતો હતો. ભીમસેને તેનો નાશ કર્યો અને તે એકચક્રા નગરીને તથા વેત્રકીય રિયાસતને રાક્ષસના ભયથી મુક્ત કરી.

જે ભયને એકજ તેજસ્વી વીર દૂર કરી શકે તેમ હતું, તેને ચાલીસહજાર ડરપોક નિર્બળ માણસો પણ દૂર કરી શકયા નહિ. જ્યારે ભીમસેને બકાસુરનો વધ કર્યો, ત્યારે તેના સઘળા અનુયાયીઓ ગભરાઈ ગયા હતા. તેનું વર્ણન આ પ્રમાણે છેઃ—

(ણ) બકાસુરનો વધ

ततः स भग्नपार्श्वांगो नदित्वा भैरवं रवम् । शैलराजप्रतीकाशो गतासुर भवद्बकः ॥
तेन शब्देन वित्रस्तो जनस्तस्याथ राक्षसः । निष्पपात गृहाद्राजन्सहैव परिचारिभिः ॥
तान्भीतान्विगतज्ञानान्भीमः प्रहरतां वरः । सान्त्वयामास बलवान्समये च न्यवेदयत् ॥
न हिंस्या मानुषा भूयो युष्माभिरिति कर्हिचित् । हिंसतां हि वधः शीघ्रमेवमेव भवेदिति ॥
तस्य तद्वचनं श्रुत्वा तानि रक्षांसि भारत । एवमस्त्विति तं प्राहुर्जगृहुः समयं च तम् ॥
ततः प्रभृति रक्षांसि तत्र सौम्यानि भारत । नगरे प्रत्यदृश्यन्त नरैर्नगरवासिभिः ॥

(મહા૦ આદિ૦ અ૦ ૧૬૬, શ્લો૦ ૧ થી ૬)

અર્થાત્—"મહારાક્ષસ બકે શરીર તૂટી પડતાં બહુજ ઘોંઘાટ મચાવીને પ્રાણત્યાગ કર્યો. તેનાં કુટુંબીઓ તે અવાજથી ભયભીત બનીને નોકરચાકરોસહિત ઘરબહાર નીકળી પડયાં અને ભીમની પાસે આવી પહોંચ્યાં. મહાબળવાન ભીમસેને તેમને ભયભીત તથા જ્ઞાનરહિત જોઈને તેમને સમજાવ્યાં; અને પ્રતિજ્ઞા કરાવી કે "તમારે કોઈપણ મનુષ્યને મારવો નહિ. જો મારશો તો તમારે પણ તરતજ આવી રીતે મરવું પડશે." રાક્ષસોએ વૃકોદરની આ વાત સાંભળીને સમજણપૂર્વક તેનો સ્વીકાર કર્યો, અને ત્યારથી તે નગરના નાગરિકો રાક્ષસોને શાંત સ્વભાવ

વાળા જોવા લાગ્યા. ”

(૧) ભીમસેને બકાસુરનો વધ કર્યા પછી ત્યાંના બીજા રાક્ષસો કે જેમાં (દક્ષિણના મહાભારત પ્રમાણે) બકાસુરનો એક ભાઇ પણ હતો, તેઓ બધા ડરી ગયા; અને ભીમસેનને શરણે આવીને ખૂબ વિનતિ કરવા લાગ્યા. આ વર્ણનથી જણાય છે કે, રાક્ષસો પણ બીજા માણસોની પેઠે જાતે જીવતા રહેવા ઇચ્છતા હતા. જ્યાંસુધી માણસો ડરતા હતા, ત્યાંસુધીજ તેઓ અત્યાચાર કરી શકતા હતા; પરંતુ જ્યારે માણસો પણ તેમને પડકારવાને તૈયાર થતા, ત્યારે તેઓ પણ મનુષ્યોની પેઠેજ ડરતા હતા—અર્થાત્ આ રાક્ષસો માણસના જેવાજ હતા, પણ જરા વધારે ઘાતકી હતા. તેથી એ તો સિદ્ધ વાત છે કે, ચાલીસહજારની વસ્તીના લોકોને આટલાં વર્ષોસુધી સતાવવાની કોઇ ખાસ શક્તિ તેમનામાં ન હતી; પરંતુ નગરના લોકોને અક્ષમ્ય અજ્ઞાન અને કુસંપનેજ લીધે તેઓ સતાવતા હતા.

(ત) રાક્ષસો નરમ પડયા

(૨) ભીમસેને તે રાક્ષસોનો સંહાર ન કર્યો, પરંતુ એક પ્રશંસનીય આર્યવીરને છાજે તેવી રીતે તે રાક્ષસોને સમજાવ્યા; અને તેમની પાસે પ્રતિજ્ઞા કરાવી કે, “હવેથી તેઓ કોઈપણ મનુષ્યનો વધ નહિ કરે.” બધા રાક્ષસોએ ભીમસેન સન્મુખ મનુષ્યવધ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી અને પોતાના જાન બચાવ્યા ! ! ભીમસેને તેમને નિશ્ચયપૂર્વક એમ પણ કહ્યું કે, જો ફરીથી તમે મનુષ્યવધ કરશો, તો તેજ વખતે તમને બધાને આવીજ રીતે મારી નાખવામાં આવશે. આ રીતે રાક્ષસોને આર્યસભ્યતા શીખવનાર ભીમસેનજ પહેલો આર્યવીર હતો. રાક્ષસો ઉપર પણ આ શિક્ષણની બહુજ અસર થઈ.

(૩) તેજ દિવસથી ત્યાંના સઘળા રાક્ષસો એવા નમ્ર થયા કે પછી શહેરમાં ફરતી વખતે તેઓ નીચે મોઢેજ ચાલવા લાગ્યા. પહેલાં તો એ રાક્ષસો શહેરમાં છાતી કાઢીને ચાલતા અને કોઇપણ માણસનું અપમાન કરતાં તેમને વિચાર પણ આવતો નહિ. કોઇ ગૃહસ્થ તેમનો ઉપર જણાવેલો પગાર ચૂકવતો નહિ, તો તેનું સર્વસ્વ નષ્ટભ્રષ્ટ કરવામાં અને તેના ઘરનાં બધાં માણસોને મારી ખાવામાં તેમને જરા પણ સંકોચ થતો નહિ; પરંતુ એજ રાક્ષસો હવે એજ શહેરમાં આવતાં ડરવા લાગ્યા ! ! આ જબરદસ્ત ફેરફાર શાથી થયો ? માત્ર એકજ નગરવાસીની હિંમતથી ને ! જો તે શહેરમાં આવા બે-ચાર પણ ધીરવીર પુરુષો હોત તો તેમને કોઈપણ પ્રકારનું દુ:ખ વેઠવું પડત નહિ; પરંતુ આ બનાવ ઉપરથી પણ તે શહેરના લોકોએ કંઇપણ બોધ લીધો નહિ. જુઓ:-

(થ) કર્તવ્યમૂઢ લોકો

तत्राऽऽजग्मुर्बकं द्रष्टुं सस्त्रीवृद्धकुमारकाः ॥ ततस्ते विस्मिताः सर्वे कर्म दृष्ट्वातिमानुषम् ।
दैवतान्यर्चयांचक्रुः सर्व एव विशांपते ॥ (મહા૦ આદિ૦ અ૦ ૧૬૬ શ્લોક ૧૨-૧૩)

“સ્ત્રી, વૃદ્ધ, બાળક, યુવાન વગેરે સઘળા નગરવાસીઓ તે મરેલા બકરાક્ષસને જોવા માટે એકઠા થયા અને તે અમાનુષ કાર્ય જોઇને બધા આશ્ચર્યચકિત થયા. ત્યારપછી તેઓ દેવતાઓની ઉપાસના કરવા લાગ્યા.”

જોયું, બકાસુરનો વધ એક માણસેજ કરેલો જોવા છતાં તે શહેરના નમાલા લોકો અખાડા ખોલવાનો અને જાતે મલ્લયુદ્ધમાં પ્રવીણ થવાનો પ્રયત્ન કરવાને બદલે મંદિરોમાં દેવતાઓની પૂજા કરવામાં અને ઘંટ વગાડવામાંજ મશગુલ રહ્યા ! આનંદ થતાં પોતાને મનગમતી રીતે ઈશ્વરોપાસના કોઇ ન કરે એવું કહેવાનો અમારો આશય નથી; પણ

અત્રે એટલુંજ બતાવવાનું છે કે, એક બળવાન મનુષ્યે તે રાક્ષસનો વધ કરેલો નજરોનજર જોવા છતાં પણ તેમણે પોતાનું બળ અને સંઘશક્તિ વધારવાનો કંઇપણ પ્રયત્ન કર્યો નહિ. તેમણે શહેરમાં અખાડા ખોલ્યા નહિ, નવયુવકોને વ્યાયામ અને કુસ્તી શીખવી શક્તિ વધારવાને ઉત્તેજિત કર્યાં નહિ; પરંતુ તેઓ પોતપોતાનાં મંદિરોમાં જઇને માત્ર પૂજાપાઠજ કરવા લાગ્યા તથા તેમણે પ્રાર્થના પણ ખૂબજ કરી હશે !!

તાત્પર્ય એ છે કે, પ્રત્યક્ષ બનેલા બનાવથી લેવા જેવો બોધ ના લીધો ! જેઓ આવા કર્તવ્યશૂન્ય હોય, તેઓ શું કદી પણ આત્મરક્ષણ કરી શકશે ? કદી નહિ. તેમના ઉપર બકાસુર નહિ તો બીજો હિડિંબાસુર આવીને રાજ્ય ચલાવશે. આ બકાસુરની લીલા ઉપરથી આત્મબળ વધારવાનો બોધ દરેક નાગરિકે લેવો જોઇએ; અને પોતાનું રક્ષણ પોતે જાતેજ કરતાં શીખવું જોઇએ, એ વગેરે બાબતો સ્પષ્ટ દેખાઇ આવે તેવી છે.

(૬) આ કથા ઉપરથી મળતો બોધ

બકાસુરની કથાનું નિરીક્ષણ કરવાથી તે વખતની સામાજિક સ્થિતિનું જે મનોમય ચિત્ર રજુ થાય છે, તે ઉપર આપેલું છે. એ ચિત્ર સમાધાનકારક છે કે નહિ તેનો વિચાર વાચકજ કરી લેશે. જે ન્યૂનતા પેલા નાગરિકોમાં હતી તેવી પોતામાં છે કે નહિ, તેનો પણ વાચકોએ વિચાર કરવો જોઇએ; અને જો તેવી ન્યૂનતા હોય તો તેને દૂર કરવી જોઇએ. આ પ્રાચીન કથામાંથી મુખ્યત્વે એજ બોધ લેવો જોઇએ.

વાંચનાર પૂછશે કે, હવે એ રાક્ષસો તો છે નહિ; તોપછી આપણે બળ વધારવાની શી જરૂર છે ? જેઓ હાલની પરિસ્થિતિ સમજશે અને નજર ખુલ્લી રાખીને ચારે તરફ જોશે, તેઓ તરતજ સમજી શકશે કે, હાલનું એકે એક શહેર એકચક્રા નગરીના લોકો જેટલુંજ કમજોર છે. કલકત્તા જેવા દશલાખથી પણ વધારે વસ્તીવાળા મહાનગરના લોકો પણ સો–પચાસ પઠાણોના તોફાન વખતે આત્મરક્ષણ કરી શકતા નથી. વળી એવડાજ મોટા મુંબઇ શહેરમાં પણ પઠાણોનો ત્રાસ એટલો બધો છે કે લોકો ઘણાજ દુઃખી થાય છે;પરંતુ આ તરફથી એના ઉપાયતરીકે કરી કરીને આખરે શું કરવામાં આવે છે? બસ, વાઘ મારવાનો એટલોજ કે વર્તમાનપત્રોમાં પઠાણો વિરુદ્ધ લેખો ચિતરી કાઢવા!! પરંતુ એ લેખોથી પઠાણોનું શું બગડવાનું છે ? મુંબઇના કેટલાય મૂર્ખ ધનવાનો હજુપણ પઠાણોથીજ પોતાના ઘરનું સંરક્ષણ સારી રીતે થાય છે, એમ માને છે; અને અંતે તેમને તેમનું ખૂબજ ખરાબ પરિણામ ભોગવવું પડે છે ! મહારાષ્ટ્રમાં પણ ઘણેભાગે નાનામોટા દરેક ગામમાં બે–ચાર પઠાણો તો રહેતાજ હોય છે, અને તેઓ લેણદેણનો ધંધો કરે છે. જે ગરીબો–ખાસ કરીને ગરીબ સ્ત્રીઓ–તેમની પાસેથી રૂપિયા લે છે, તેમને એટલાં બધાં દુઃખ ભોગવવાં પડે છે કે તેનું અત્રે વર્ણન કરવું અશક્ય છે. આ રોગ એટલેથીજ નથી અટકતો. પુનાના પેશ્વાઓનાં દેવમંદિરોના રખેવાળ, તે પણ પઠાણ અથવા રોહિલાજ હતા; અને પેશ્વાઓના ધુરંધર દિવાન નાના ફડનવીસના પણ આત્મરક્ષણમાટે તેઓનેજ રાખેલા હતા, પણ એનું પણ પરિણામ શું આવતું ? એજ કે, જ્યારે એ પઠાણો આડા ફાટતા ત્યારે પેશ્વાઓ ઉપર પણ મહાન આફત આવી પડતી હતી ! પાંડવોના વખતમાં વેત્રકીય રિયાસતની એકચક્રા નગરીનું રક્ષણ અસુરદેશના રાક્ષસો કરતા હતા; તેમ પેશ્વાઓના મહેલો ઉપર પણ વિદેશી પઠાણ અને રોહિલાજ રક્ષકો હતા ! જુઓ, આ રક્ષકો ક્યાંસુધી ફેલાયેલા છે !!

જે સ્થિતિ મહારાષ્ટ્રની છે, તેવીજ લગભગ મધ્યપ્રાંત અને સંયુક્ત પ્રાંતની પણ છે. પંજાબના લોકો ઘણાજ બહાદુર છે, પરંતુ સરહદ ઉપરનાં પ્રાંતોનાં ગામડાંમાં અફગાન પઠા-

ચોને લીધે તેમને એટલાં બધાં દુઃખ હાલ પણ ભોગવવાં પડે છે કે તેનું વર્ણન સાંભળતાં હૃદય ફાટી જાય છે.

આ વીસમી સદીમાં સંપૂર્ણ સભ્યતા આટલી બધી વધી જવા છતાં અને અસ્ત્રશસ્ત્ર આટલાં બધાં ઉચ્ચ કોટિનાં હોવા છતાં પણ પઠાણ વગેરેથી ભારતવાસીઓને હાલ પણ આટલાં બધાં દુઃખ સહેવાં પડે છે; તો આજથી હજારો વર્ષ પહેલાં જ્યારે લોકોમાં અનેક જાતની નિર્બળતાઓ હતી ત્યારે પઠાણો અને રોહિલાઓ કરતાં પણ સેંકડોગણા ક્રૂર અને નરમાંસભક્ષક, લોહી પીનારા અસુર દેશના રાક્ષસોએ ઉપર કહ્યા પ્રમાણે એકચક્રાના નાગરિકોને જે દુઃખ દીધાં, તેને માટે તો હાલના ભારતવાસી નાગરિકોને પોતાના પૂર્વજોની જરા-પણ હાંસી કરવાનો અધિકારજ નથી. એકચક્રા નગરીના રહેવાસીઓની પેઠેજ હાલના હિંદીઓ પોતાનાં ગામ, શહેર, પ્રાંત અને રાષ્ટ્રનું સંરક્ષણ કરવાને અશક્ત છે. ફેર માત્ર એટલો-જ કે, ત્યારે તેમની પાસે ભીમ હતો **અને હાલમાં આપણી પાસે કોઇ ભીમ નથી** તથા અનેક પ્રકારની ફાટફુટને લીધે આપણે છિન્નવિચ્છિન્ન થઇ ગયા છીએ! ગયાં પાંચહજાર વર્ષોમાં આત્મરક્ષણની બાબતમાં આપણે સુધર્યા છીએ કે બગડયા છીએ, તેનો વાચકો જરૂર વિચાર કરે અને વિચાર કરીને આ કથા ઉપરથી યોગ્ય બોધ લે, એ બહુજ જરૂરનું છે. દરેક માણસે અને દરેક કુટુંબે, ગામ, શહેર, પ્રાંત અને દેશના લોકોએ પોતાનું અને બીજાઓનું રક્ષણ કરવાની શક્તિ પોતામાં વધારવી જોઇએ. નિર્બળ રહેનારાઓને એકચક્રાના નાગરિકોની પેઠેજ દુઃખ વેઠવું પડશે. બકાસુર હમેશાં સર્વ જગ્યાએ રહે છેજ. પ્રાચીન કાળમાં બકાસુર માણસોનું લોહી નજરોનજર પીતો હતો; તો હાલમાં બીજી રીતે સતાવતો હશે અને ભવિ-ષ્યમાં વળી કોઈ જૂદીજ રીતે સતાવશે. સતાવવાની-દુઃખ દેવાની-રીતો જૂદી જૂદી હોય તેથી કાંઇ દુઃખની માત્રા ઓછી થતી નથી, એ વાત તો જરૂર ધ્યાનમાં રાખવી જોઇએ. બકાસુર જનતાને શા સારૂ સતાવે છે? જવાબ એટલોજ છે કે, આપણા લોકો વૈદિક ઉપદેશ પ્રમાણે આચરણ કરતા નથી. વેદનો બળ વધારવામાટેનો ઉપદેશ સુપ્રસિદ્ધજ છે, તેમાંથી નમુનાતરીકે એકજ મંત્ર નીચે આપીએ છીએ.

(ધ) વૈદિક ઉપદેશ

अहमस्मि सहमान उत्तरो नाम भूम्याम् । अभीषाडस्मि विश्वाषाडाशामाशां विषासहिः ॥

(અથર્વ૦ ૧૨-૧-૫૪)

હું આ (**भूम्यां**) મારી માતૃભૂમિમાં (**उत्तरः नाम**) અધિક શ્રેષ્ઠ થયો છું; હું (**सहमानः**) વિજયી છું; હું (**अभीषाट्**) સર્વ રીતે શત્રુનો પરાજય કરનારો, (**विश्वाषाट्**) સર્વત્ર વિજયી, અને (**आशामाशां**) પ્રત્યેક દિશામાં (**विषासहिः**) વિજયી છું.

અર્થાત્-જે નાગરિક આ રીતે પોતાને વિજયી થવા યોગ્ય બળવાન બનાવી શકે છે, તેજ બકાસુરને હરાવી શકે છે; અને જેઓ તેવા ન થઇ શકે તેઓ બકાસુરના પેટમાંજ હોમાઇ જશે!!

મહાભારતના કથાપ્રસંગોમાંથી રાજનીતિનું શિક્ષણ કેવી રીતે મળે છે, તે આ કથાના મનનથી વાંચનાર જોઈ શકે તેમ છે; અને તેથી નિવેદન એ છે કે, આ કથાઓને ગપ્પાં કહીને ફેંકી દેવી યોગ્ય નથી, પરંતુ મનન કરીને એ કથાઓમાંથી ઉચિત બોધજ લેવો જોઇએ.

વૈદિક ઉપદેશ પ્રમાણે નહિ ચાલવાથી એકચક્રા નગરીને કેવાં દુઃખ સહેવાં પડયાં હતાં અને વૈદિક ઉપદેશ પ્રમાણે પોતાનું બળ વધારનાર એકલો ભીમસેન પણ તે શહેરના નાગ-રિકોનું કેવી રીતે કલ્યાણ સાધી શકયો હતો, એજ વાત આ કથામાં જોવાની છે; અને તેમાંથી

યોગ્ય બોધ લેવાનો છે. આશા છે કે, વાચક પોતેજ એમાંથી પોતાને લાભદાયક નિવડે એવો બોધ ગ્રહણ કરશે.

૯—એકતાનો પાઠ અથવા સંગઠનનો બોધ

(ક) મહાભારત અને મહાયુદ્ધ

મહાભારતમાં મુખ્ય કથા કૌરવપાંડવોના અંદર અંદરના મહાઘોર યુદ્ધની છે. તે ખૂનખાર યુદ્ધનું પરિણામ એ આવ્યું છે કે, વખતોવખત વિનોદમાં પણ "મહાભારત" શબ્દ "મહાયુદ્ધ" ને બદલે વપરાય છે! પરંતુ એવું છતાં પણ એ તો દરેક મહાભારત વાંચનાર જાણે છેજ કે, "એકતાનો બોધ" જેટલો મહાભારતમાં અપાયો છે; તેટલો બીજા કોઈપણ ગ્રંથમાં અપાયેલો નથી.

મહાભારતમાં કૌરવપાંડવોના કુસંપનું વર્ણન છે, પરંતુ એ કુસંપને બહાને વ્યાસમુનિએ "એકતાનોજ બોધ" આપ્યો છે. વેદમાં કહ્યું છે કેઃ-

मा भ्राता भ्रातरं द्विक्षन्मा स्वसारमुत स्वसा । सम्यंचः सव्रता भूत्वा वाचं वदत भद्रया ॥

(અથર્વ૦ ૩-૩૦-૩)

અર્થાત્–"(૧)ભાઇ ભાઇમાં દ્વેષ ન કરવો,(૨)બહેનોએ આપસમાં ટંટો ન કરવો,અને(૩) તમે એકબીજા સાથે હળીમળીને, એક કાર્યમાં પરોવાઇ કલ્યાણકારક ભાવનાથી સંભાષણ કરો."

કૌરવપાંડવોના માંહોમાંહેના વ્યવહારોમાં વેદની આ શિખામણ પળાઇ નહિ, તેથીજ ભારતીય મહાયુદ્ધનો કઠોર પ્રસંગ ઉભો થયો. આ યુદ્ધપ્રસંગ વાંચવાથી વાંચનારને એમજ થાય છે કે, આ ભાઈઓ અંદર અંદર ન લડયા હોત તોજ તેમનું અધિક કલ્યાણ થાત– અર્થાત્ "આપસમાં લડવા કરતાં એકતાજ સારી છે."

(ખ) મહાયુદ્ધનું પરિણામ

કૌરવપાંડવના મહાયુદ્ધના પરિણામ ઉપરથી પણ એજ બોધ મળે છે. કૌરવોનો તો સમૂળો નાશજ થયો; અને જો કે પાંડવોનો વિજય થયેલો દેખાયો, તો પણ આ વિજયથી પાંડવોને કોઇપણ રીતે ફાયદો નથી થયો. એ વિજય પણ પાંડવોને માટે એક રીતે દુઃખકારકજ નિવડયો.

સમ્રાટ યુધિષ્ઠિરે છેલ્લી ઘડી સુધી શોકજ કર્યા કર્યો. અર્જુને પણ તે પછી કોઇ ખાસ પરાક્રમ નથી કર્યું અને ભીમની શક્તિ પણ ક્ષીણજ થતી ગઈ; તે એટલે સુધી કે અંતે ચોરોએ અર્જુનને હરાવ્યો અને સ્ત્રીઓનું પણ અપમાન થયું. બીજી બાજુ યાદવો પણ અંદર અંદરના કુસંપ તથા દારૂના વ્યસનથી નાશ પામ્યા અને અર્જુનના દિગ્વિજયને લીધે આર્યસામ્રાજ્ય કોઇ પણ રીતે વધારે સુખી થયું નહિ.

આ ભારતીય મહાયુદ્ધમાં ભારતવર્ષના લાખો શૂરવીરો મૃત્યુ પામવાથી આ ભારતભૂમિ ક્ષાત્રતેજવિનાની થઇ ગઇ; અને પરદેશીઓને પ્રવેશ કરવો સરળ થઈ પડયો. આનાજ પ્રતાપે આ બધાં ભયંકર પરિણામો આપણે હજુસુધી ભોગવીએ છીએ. મહાયુદ્ધનું પરિણામ વીર અર્જુન જાણતોજ હતો, તેથીજ તે યુદ્ધની શરૂઆતમાં શ્રીકૃષ્ણચંદ્રને કહે છે કેઃ—

न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥

तस्मान्नार्हा वयं हंतुं धार्तराष्ट्रान् स्वबांधवान् । स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः । कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥

कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् । कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥

कुलक्षये प्रणश्यंति कुलधर्माः सनातनाः । धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥

अधर्माभिभवात् कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः । स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ॥ (ગીતા અ૦ ૧ શ્લો૦ ૩૧ અને ૩૭ થી ૪૨)

અર્થાત્ (૧) સ્વજનોને યુદ્ધમાં મારવામાં મને શ્રેય નથી દેખાતું, (૨) માટે અમારે અમારાજ કૌરવ ભાઇઓને મારી નાખવા ઉચિત નથી. હે માધવ ! સ્વજનોને મારી નાખીને અમે શી રીતે સુખી થઇશું ? (૩) લોભથી બુદ્ધિનો નાશ થયેલા તેઓને કુળના નાશથી લાગતા દોષ તથા મિત્રદ્રોહનું પાપ નથી દેખાતું; પણ હે જનાર્દન ! કુલનો નાશ થવાથી થતા દોષો અમને તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી તે પાપથી દૂર રહેવાનો વિચાર કર્યાસિવાય અમે શી રીતે રહી શકીએ ? (૪) કુળનો નાશ થવાથી સનાતન કુળધર્મ નાશ પામે છે,અને તેથી આખું કુળ અધર્મી થાય છે. (૫) અધર્મ વધવાથી કુળની સ્ત્રીઓ પાપમાં પડે છે. (૬) સ્ત્રીઓ પાપમાં પડવાથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે; અને તે વર્ણસંકરતા કુળઘાતકને તથા કુળને પણ નરકમાં લઈ જાય છે.

આ રીતે યુદ્ધના દોષો અને રાષ્ટ્ર ઉપર થનારાં ઘોર અને સ્થાયી પરિણામોનું વર્ણન વીર અર્જુન કરે છે. પ્રત્યેક મહાયુદ્ધનાં આવાંજ ભયંકર પરિણામ આવે છે. યુવાન અને કાર્યકુશળ પુરુષાર્થી વીરો યુદ્ધમાં મરી જાય છે અને રાષ્ટ્રમાં માત્ર બાળક, ઘરડાં અને સ્ત્રીઓ બાકી રહે છે. યુવાનોનો નાશ થવાથી તરુણ યુવાન સ્ત્રીઓ દુરાચાર તરફ વળે, એ સ્વાભાવિકજ છે. આચારભ્રષ્ટ સ્ત્રીઓથી જે સંતાન થાય છે, તે વ્યભિચાર–દોષવાળાં હોવાથી ચારિત્રવાન અને ઉચ્ચ ભાવનાવાળાં નથી થતાં; તેથી મહાયુદ્ધ પછી રાષ્ટ્રનું અધઃપતનજ થાય છે, અને રાષ્ટ્રનાં ચારિત્ર, સદાચાર તથા વીર્યનો નાશ થાય છે. રાષ્ટ્રહિતની દષ્ટિએ આ ભયંકર અને મહાઘોર અધઃપતન છે. એ ઐતિહાસિક સત્ય, વીર અર્જુનના શબ્દોમાં ઉપર દર્શાવ્યું છે.

મહાભારતનું યુદ્ધ થયા પહેલાં જે વીર્ય,ઉત્સાહ અને પરાક્રમની શક્તિ આર્યક્ષત્રિયોમાં હતી,તે પાછલા સમયમાં ન રહી. તેનાં કારણ વાંચનાર ઉપલા વર્ણનમાં જોઇ શકશે. આટલા બધા અનર્થના પરિણામવાળું યુદ્ધ કરવામાટે પણ શ્રીકૃષ્ણ ભગવાન જેવા અદ્વિતીય પૂર્ણ પુરુષ અર્જુનને પ્રેરે છે, તે એટલાજ માટે કે તે મહાયુદ્ધ અપરિહાર્ય હતું. અધર્મ એટલો બધો વધ્યો હતો કે તેને પરિણામે યુદ્ધ થવું સ્વાભાવિકજ હતું. તાત્પર્ય એ છે કે, મહાયુદ્ધ અપરિહાર્ય હોય કે ગમે તેમ, પરંતુ તેનું ઘોર પરિણામ જનતાને કેટલાંયે સૈકાંઓસુધી ભોગવવુંજ પડે છે. આથીજ શ્રેષ્ઠ પુરુષો બનતાંસુધી યુદ્ધ ન થવા દેવાનું પસંદ કરે છે. વિશાળ મનવાળા યુધિષ્ઠિર, યોગેશ્વર શ્રીકૃષ્ણ વગેરે સત્પુરુષો ઉપલું ભારતીય યુદ્ધ નહિ કરવા પોતાના તરફથી તો છેલ્લી હદસુધીના પ્રયત્નો કરી ચૂક્યા હતા; પરંતુ દુર્યોધનની ઉચ્છૃંખલતાને લીધે યુદ્ધ કરવુંજ પડયું. એ વગેરેનું વર્ણન મહાભારત વાંચવાથી વાંચનાર પણ જોઇ શકશે કે, યુદ્ધનું વર્ણન કરતાં કરતાં પણ મહાભારતમાં વ્યાસદેવજીની પરમ શુદ્ધ બુદ્ધિ યુદ્ધથી નિવૃત્ત થવાનોજ ઉપદેશ કરે છે.

અર્થાત્–મહાભારત કાંઇ યુદ્ધને વધારવા માટે લખાયું નથી, પણ મહાયુદ્ધનું ભયંકર પરિણામ દર્શાવીને જનતાને યુદ્ધથી દૂરજ રાખવા માટે લખાયું છે; એ સાબીત કરનારા કથાપ્રસંગો મહાભારતમાં કેટલાય છે. અહીં તેમાંનું થોડુંક વર્ણન રજુ કરીએ છીએ.

(ગ) આપસ આપસમાં લડયા કરનારા બે ભાઇઓ

મહાભારત આદિ પર્વ અધ્યાય ૨૯ માં નીચે લખેલી કથા આવે છે, તેનું ટુંકાણમાં તાત્પર્ય નીચે પ્રમાણે છેઃ–

વિભાવસુ નામે એક મહાક્રોધી મહર્ષિ હતા અને તેમને સુપ્રતીક નામનો એક તપસ્વી ભાઇ હતો. સુપ્રતીક નાનો અને વિભાવસુ મોટા હતા. નાનો ભાઇ વડીલોપાર્જિત ધન એકનાજ હાથમાં રહે તેમ ઇચ્છતો નહોતો; તેથી તે વારંવાર મોટાભાઇને મિલ્કત વહેંચી

નાખવાનું કહેતો હતો; પરંતુ મોટાભાઇ બહુ સમજુ હતા. તે એકસંપતા રહેવાના લાભ જાણતા હતા, તેથી તે નાનાભાઇને નીચે પ્રમાણેની રીતે સમજાવતા હતાઃ-

विभागं बहवो मोहात्कर्तुमिच्छन्ति नित्यशः।ततो विभक्तास्त्वन्योन्यं विक्रुध्यन्तोऽर्थमोहिताः॥
ततः स्वार्थपरान्मूढान्पृथग्भूतान्स्वकैर्धनैः । विदित्वा भेदयन्त्येतानमित्रा मित्ररूपिणः ॥
विदित्वा चापरे भिन्नानन्तरेषु पतन्त्यथ । भिन्नानामतुलो नाशः क्षिप्रमेव प्रवर्तते ॥
तस्माद्विभागं भ्रातृणां न प्रशंसंति साधवः । गुरुशास्त्रे निबद्धानामन्योन्येनाभिशंकिनाम् ॥
नियन्तुं न हि शक्यस्त्वं भेदतो धनमिच्छसि ॥ (મહા૦ આદિ૦ અ. ૨૯ શ્લોક ૧૮ થી ૨૨)

અર્થાત્-"હે ભાઈ! ઘણા માણુસો અજ્ઞાનતાને લીધે વડીલોપાર્જિત મિલ્કત વહેંચી લેવા ઇચ્છે છે; પણ ભાગ વહેંચી લેતાંજ ધન મળવાથી તેઓ વધારે ધનલોભમાં પડીને આપસઆપસમાં ઝગડો કરે છે. સ્વાર્થી અને અજ્ઞાન ભાઇઓએ મિલ્કત વહેંચી લીધા પછી તરતજ શત્રુઓ તેમના મિત્ર અને શુભેચ્છક બનવાનો ડોળ કરીને તે ભાઇઓમાં વધારે વિરોધ ઉભો કરે છે; અને ભવિષ્યમાં જ્યારે તેમની વચ્ચે શત્રુતા વધી જાય છે, ત્યારે પછી એજ શત્રુઓ તેમના અવગુણ ગાવા માંડે છે. આથી તે ભાઈઓનો સંપૂર્ણ વિનાશ થાય છે; તેથીજ સત્પુરુષો, વડીલ અને શાસ્ત્રોની આજ્ઞા ન માનનારા તથા આપસ આપસમાં લડતા ભાઈઓ જૂદા પડે તેમનાં કદી વખાણ કરતા નથી. માટે હે ભાઇ ! તું તારાજ ભાઇસાથે બગાડ કરીને ધનની ઇચ્છા રાખે છ, તે સારૂં નથી."

આ ઉપદેશ કેટલો સરસ છે! પ્રત્યેક ભાઈઓએ તે નિરંતર ધ્યાનમાં રાખવો જોઇએ. હાલના કચેરીઓમાં લડનારા અને વકીલોના પેટમાં હજમ થઇ જનારા ભાઇઓએ આ ઉપદેશ તેમનાં હૃદયોમાં સુવર્ણાક્ષરે લખી રાખવો જોઇએ. વેદમાં કહ્યું છે કેઃ-

मा भ्राता भ्रातारं द्विक्षत् । (અથર્વ૦ ૩-૩૦-૩)

અર્થાત્-"ભાઈભાઈમાં દ્વેષ ન કરવો." આ ઉપદેશ વાચકોના મનમાં સુદૃઢ કરવામાટેજ આ કથા મહાભારતમાં આપેલી છે.

(ઘ) આપસમાં ઝગડો કરવાનું પરિણામ

આ પ્રમાણે આપસમાં લડનારા ઉપલા તપસ્વી ભાઈઓ એકબીજાનો દ્વેષ કરવાથી બીજા જન્મે પશુ થયા. નાનો ભાઇ મહા જબરજસ્ત હાથી અને મોટો ભાઇ કાચબો થયો, અને કશ્યપાશ્રમ પાસેના સરોવરમાં એ બન્ને ખૂબ લડતા રહ્યા! પછી એ બન્ને લડનારા ભાઇઓને હજમ કરી જનારો ગરુડ ત્યાં આવ્યો; અને-

नखेन गजमेकेन कूर्ममेकेन चाक्षिपत् । समुत्पपात चाकाशं तत उच्चैर्विहगमः ॥
(મહા૦ આદિ૦ અ૦ ૨૯ શ્લો૦ ૩૮)

"તે પછી અતિ વેગવાળો તે ગરુડ તેના એક નખથી હાથીને અને બીજા નખથી કાચબાને ઉપાડીને આકાશમાં ઉડી ગયો."

ततस्तस्य गिरेः शृंगमास्थाय स खगोत्तमः । भक्षयामास गरुडस्तावुभौ गजकच्छपौ ॥
(મહા૦ આદિ૦ અ૦ ૩૦ શ્લો૦ ૩૦)

"પછી પક્ષીરાજ ગરુડ પહાડના શિખર ઉપર બેસીને હાથી અને કાચબો એ બન્નેને ખાઇ ગયો." આ રીતે આપસમાં લડનારા બન્ને ભાઇઓ ત્રીજાનાજ પેટમાં હજમ થઇ ગયા. અંદર અંદરના ઝગડાનું આવુંજ પરિણામ આવે છે!

જો કે ભગવાન વ્યાસદેવે આ કથા "હાથી અને કાચબા"નાં નામોથી લખી છે; તથાપિ તેની સત્યતા તો માનવસમાજમાં પણ નજરેનજર દેખાઇ આવે છે. આ કથા વાંચવાથી નીચેની બાબતો સમજાય છેઃ-

(૧) બે તપસ્વી ભાઈઓ ધનલોભથી આપસમાં લડતા હતા.
(૨) અંતે તેઓ પશુ થયા, અને પછી–
(૩) તેઓ બન્ને ત્રીજાના પેટમાં હજમ થયા !

આપસમાં લડનારા ભાઈઓનું આવુંજ પરિણામ આવે છે. જુઓઃ–

(૧) બે ભાઇ વડીલોપાર્જિત મિલ્કતને ખાતર અંદર અંદર લડે છે.
(૨) કેટલા વખત પછી તેમનું મનુષ્યત્વ હણાય છે,અને તેઓ પશુની પેઠે વર્તે છે.
(૩) અંતે તેઓ બન્ને વકીલોના પેટમાં હોમાય છે અથવા બીજી રીતે તેમનો નાશ થાયછે.

એજ સત્ય રાષ્ટ્રના ઇતિહાસમાં પણ એટલુંજ સાચું છે. જુઓઃ–

(૧) એક દેશની બે જાતિઓ આપસમાં લડે છે.
(૨) લડતાં લડતાં તેમનો પરસ્પર વ્યવહાર મનુષ્યને છાજે તેવો નથી રહેતો અને તેઓ પશુની પેઠે વર્તવા લાગે છે. અંતે–
(૩) તે બંને આપસમાં લડનારી જાતિઓ ઉપર ત્રીજી જાતિ રાજ્ય ચલાવે છે.
(૪) તેને પરિણામે બન્ને જાતિઓ સંપૂર્ણ પરતંત્ર બને છે, અને તેથી તે બન્ને જાતિઓની પ્રતિદિન વધારે ને વધારે દુર્દશા થાય છે.

(ચ) ઉપદેશ

આથી જેમ ભાઇઓએ આપસમાં લડવું યોગ્ય નથી; તેમ એક રાષ્ટ્રની બે જાતિઓએ પણ આપસમાં લડવું યોગ્ય નથી. હાલના ભારતવાસીઓને પણ આ કથામાંથી બહુજ બોધ મળે તેમ છે. આ દેશમાં અનેક જાતિઓ અને અનેક ધર્મપંથ હયાત છે. એ બધાએ એકબીજાસાથે એકતાપૂર્વક હળીમળીને પોતાના દેશની ઉન્નતિ કરવી ઘટે છે; પરંતુ દુઃખપૂર્વક જોઇએ છીએ કે, તેઓ આપસમાં એકતા કરવા કરતાં લડવાનુંજ વધુ પસંદ કરે છે ! પરસ્પરના ઝગડાઓને લીધે આપણી દુર્દશા થતી જાય છે, એ પ્રત્યક્ષ હકીકત પણ તેઓ જોતા નથી. આ લોકો પોતાની પરિસ્થિતિ જુએ અને એકતાથી રહેવામાંજ પોતાનું હિત સમજે તો કેવું સારૂં !

આજની પરિસ્થિતિમાં ઉપલી–ઝગડો કરનારા તપસ્વીઓની કથા અત્યંત બોધપ્રદ છે; પરંતુ આ કથામાંથી લેવા જેવો બોધ નહિ લેતાં કોઇ કહે કે આ કથામાં ઐતિહાસિક સત્ય નથી, એટલે તે એક "ગપ" છે, તો તેને તો કહેવુંજ શું ! આ કથાપ્રસંગમાં જે કહ્યું છે કે, (૧) તે બે તપસ્વી ભાઇઓ આપસમાં લડતા હતા, (૨) વડિલોપાર્જિત ધનને ખાતર તેઓ લડતા હતા, (૩) લડતાં લડતાં મનમાં બહુજ ખરાબ ભાવો જાગ્યા અને તેઓ મૃત્યુબાદ પણ હાથી અને કાચબો થયા; અને જે વનમાં તેઓ રહેતા હતા, ત્યાં પણ અંદર અંદર લડવા લાગ્યા. (૪) હાથીની ઉંચાઇ છ યોજન અને લંબાઇ બાર યોજન હતી અને કાચબાની ઉંચાઇ ત્રણ યોજન અને ગોળાઇ (પરિઘ) દશ યોજન હતી. (૫) આ બંને ઝગડો કરતા ભાઇઓને ગરુડે પકડીને હજમ કર્યા.

આ વાત ગપ પણ હોય, તોપણ ઉપદેશ મેળવવા જેટલી ધાર્મિક સત્યતા તો તેમાં છેજ. તે સત્ય ન સમજતાં હાથી તથા કાચબાની લંબાઇપહોળાઇના સાચાપણા ઉપર વાદવિવાદ કરવો, એ તો એજ બતાવી આપે છે કે જે કાવ્યદષ્ટિએ આ ગ્રંથ લખાયો છે, તે દષ્ટિથી કેટલાય લોકો તેને જોતા નથી. જોતા હોય તો આવી શંકાઓને સ્થાનજ નથી.

ધારો કે તે પ્રાણીઓની હાલના જેટલીજ લંબાઇ પહોળાઇ લખી હોત, તો તેનાથી શો વધારે બોધ મળત ?

ચરિત્રોના સાચાપણાની બાબતમાં જૂદી જૂદી કેટલી બાજુઓ હોય છે, તે વિચારક વાચકો જાણતાજ હોય છે. શ્રીસ્વામી દયાનંદ સરસ્વતીજીને નજરોનજર જોનારા હજુ પણ હયાત છે; પરંતુ તેમના જન્મસ્થાનવિષે કેટલી ચર્ચા થઇ હતી, તે તો પ્રસિદ્ધજ છે. મહાત્મા લોકમાન્ય તિલકનું જીવનચરિત્ર તેમની સાથે ૨૯ વર્ષસુધી રહેલા સુયોગ્ય વિદ્વાને લખેલું હોવા છતાં પણ તેમાં લખેલાં વિધાનોની સત્યતાવિષે મહારાષ્ટ્રનાં વર્તમાનપત્રોમાં કેટલું વાગ્યુદ્ધ ચાલે છે! તેજ રીતે પ્રતાપી વીર શિવાજી મહારાજનાં જે જીવનચરિત્રો છપાયાં હતાં અને હાલમાં જે પ્રસિદ્ધ થતાં જાય છે, તેમાં પણ એકબીજા વચ્ચે જમીન—આસ્માનનું અંતર છે. આ ઉપરથી સમજાશે કે, હાલના ઇતિહાસમાં પણ ઐતિહાસિક સત્ય કેટલું હોય છે: જેના જે ભક્ત હોય છે, તેઓ પોતાના આરાધ્યનું ચરિત્ર અધિક ગુણસંપન્ન ચીતરવાનો પ્રયત્ન કરે છે. સત્યની પરવા કર્યાસિવાય તે પોતાના આદર્શ પુરુષના દુર્ગુણોને પણ સદ્‌ગુણોનો રંગ ચઢાવવાનો પ્રયત્ન કરે છે; તથા જેના વિષે અંતરમાં ભક્તિભાવ નથી હોતો, તેના ગુણોને પણ દુર્ગુણોનો રંગ લગાવી દે છે. આવું હાલમાં પણ થાય છે; એ વાતનો જે વિચાર કરશે, તેઓને ઐતિહાસિક સત્યવિષે તકરાર કરવાનું ખાસ પ્રયોજન રહેશે નહિ.

પરંતુ જે ગ્રંથ "કાવ્ય" લખવાના ઉદ્દેશથીજ લખાયો હોય; અને કહેવાનું તાત્પર્ય જૂદુંજ હોય એવી કવિએ યોજેલી કથામાં દશ યોજન વિસ્તારનો હાથી તથા આઠ યોજનનો કાચબો લખ્યો હોય, તેનું કંઇ ખાસ મહત્ત્વ નથી. આ કથામાં રહેલું "ભાઇઓની એકતા"નું તાત્પર્ય તો ઉપર દર્શાવેલું છે, તેજ જોવું જોઇએ. કથાના ઉપલક વિષય ઉપર ફોકટ વાદવિવાદ કરવો નકામો છે.

સગા ભાઇઓ પણ આપસમાં લડવાથી કેવા પશુ બને છે, તે તો લગભગ પ્રત્યેક વાચકે જોયુંજ હશે; તથા પરસ્પરના ઝગડાથી કેવી રીતે બન્નેનો નાશ થાય છે તે પણ વાચકોના અનુભવનીજ વાત છે. વાચકે આ સત્ય જાતે સમજીને પોતાના વ્યક્તિગત, કૌટુંબિક, રાજકીય, સામાજિક તથા ધાર્મિક જીવનમાં પણ આચારમાં ઉતારવું જોઇએ. અસ્તુ. ઉપરની કથામાંથી "એકતાનો બોધ" મળે છે, એ તો સત્યજ છે. આ વિષે મહાભારતનો ઉપદેશ પણ અત્રે થોડોક જોઇએ.

न वै भिन्ना जातु चरंति धर्मं । न वै सुखं प्राप्नुवंतीह भिन्नाः ।
न वै भिन्ना गौरवं प्राप्नुवन्ति । न वै भिन्नाः प्रशमं रोचयन्ति ॥
(મહા૦ ઉ૦ ૩૬–૫૮)

"જેઓમાં પરસ્પર જૂદાઇ—અર્થાત્ કુસંપ છે, તેઓ ધર્મમાર્ગે ચાલી શકતા નથી, સુખ તેમજ આબરૂ મેળવી શકતા નથી, અને શાંતિ પણ ભોગવી શકતા નથી."

અર્થાત્—જેઓ અંદર અંદર લડતા—ઝગડતા હોય છે; તેમને ધર્મ, સુખ, આબરૂ તથા શાંતિ, એમાંનું કંઇપણ મળતું નથી. પરંતુ આપસમાં લડાઇટંટા વધારનારાઓમાં તો અધર્મ, દુઃખ, બેઆબરૂ અને અશાંતિજ ફેલાય છે; માટે બને ત્યાંસુધી આપસમાં કુસંપ ન થાય એવોજ પ્રયત્ન કરવો જોઇએ. વધારેમાં જુઓ કે:—

न वै तेषां स्वदते पथ्यमुक्तम् । योगक्षेमं कल्पते नैव तेषाम् ।
भिन्नानां वै मनुजेंद्र परायणम् । न विद्यते किंचिदन्यद्विनाशात् ॥ (મહા૦ ઉ૦ ૩૬–૫૭)

"જેઓ આપસમાં ટંટોફિસાદ કરે છે, તેમને નથી તો હિતકારી ઉપદેશ પસંદ આવતો કે નથી તેમનું ગુજરાન સારી રીતે ચાલતું."

તાત્પર્ય એજ કે, જેઓ માંહોમાંહે ઝગડો કરે છે, તેઓનો નાશજ થાય છે. જે પણ કુળમાં, જ્ઞાતિમાં, જાતિમાં, ગામમાં કે દેશમાં એકબીજા વચ્ચે કુસંપજ રહ્યા કરે છે,

તેની ઉન્નતિ તો કદીપણ થઇ શકતીજ નથી; માટે ઉન્નતિ ઇચ્છનારાઓએ તો અંદર અંદર ઝગડાઓ નહિ કરતાં એકબીજા વચ્ચે સંપજ વધારવો જોઇએ અને વધારેમાં વધારે સંઘબળ ખીલવવું જોઇએ.આનું એક ઉદાહરણ પણ મહાભારતમાં આપેલું છેઃ—

धूमायंते व्यपेतानि ज्वलंति सहितानि च । धृतराष्ट्रोल्मुकानीव ज्ञातयो भरतर्षभ ॥

(મહા૦ ઉ૦ ૨૬–૬૦)

"હે ધૃતરાષ્ટ્રરાજા ! જે પ્રમાણે ચૂલામાં લાકડાં એકસાથેજ રાખવાથી સળગે છે, અને જૂદાં જૂદાં રાખવાથી તો ધુમાડોજ નીકળ્યા કરે છે, તેજ પ્રમાણે જ્ઞાતિઓની પણ દુર્દશાજ થાય છે."

તાત્પર્ય એજ કે, જે રીતે લાકડાં એકઠાં રહેવાથી સળગીને તાપ આપે છે અને જૂદાં જૂદાં રહેવાથી ધુમાડો કરે છે, તેજ પ્રમાણે જ્ઞાતિઓમાં પણ એકતા હોવાથીજ તે જાતિનું તેજ વધે છે અને સર્વ તરફ ફેલાય છે. જો એકબીજા વચ્ચે કુસંપ તથા ઝગડાજ થયા કરે તો તે જાતિનું તેજ નાશજ પામે છે. જાતીય ઉન્નતિનો તેમજ અવનતિનો આ નિયમ પ્રત્યેક મનુષ્યે અવશ્ય ધ્યાનમાં રાખવો જોઇએ. મહાભારત આ રીતે "જાતીય એકતાનો બોધ"આપે છે. વળી વધારેમાં જુઓઃ—

(છ) સુંદ અને ઉપસુંદની કથા

આર્ય લોકોના વિદ્યાભ્યાસનો ક્રમ જોવાથી જણાય છે કે, તેઓ જેમ આર્યવીરોનો ઇતિહાસ શીખતા હતા, તેમ અસુર અને રાક્ષસોનો તથા અન્યાન્ય જાતિઓનો ઇતિહાસ પણ જાણતા હતા. મહાભારતમાં રાક્ષસોની કથાઓ પણ એટલાજ માટે આપેલી છે કે, આર્યો 'કૂપમંડુક' નહિ રહેતાં અન્યાન્ય જાતિઓની વિદ્યાઓ પણ જાણી શકે; અને તે બધામાંથી લેવા જેવો બોધ લઇને પોતાની ઉન્નતિ કરવામાં તેનો ઉપયોગ કરે. "એકતાના બોધ"માં જેમ ઉપલા ફિસાદખોર તપસ્વીઓની કથા સમજવા જેવી છે; તેમ સુંદ અને ઉપસુંદની કથા પણ સમજવા જેવી છે. એ કથા નીચે પ્રમાણે છેઃ—

મહા અસુર હિરણ્યકશિપુના વંશમાં નિકુંભ નામનો એક અસુર જન્મેલો, તેને સુંદ અને ઉપસુંદ નામના બે પુત્ર હતા. તેમનાં જીવન કેવાં હતાં તે જુઓઃ—

सुंदोपसुंदौ दैत्येन्द्रौ दारुणौ क्रूरमानसौ ॥
तावेकनिश्चयौ दैत्यावेककार्यार्थे संमतौ । निरन्तरमवर्तेतां समदुःख सुखावुभौ ॥
विनाऽन्योन्यं न भुंजाते विनाऽन्योन्यं न जग्मतुः । अन्योन्यस्य प्रियकरावन्योन्यस्य प्रियंवदौ ॥
एकशीलसमाचारौ द्विधैवैकं यथाकृतौ । तौ विवृद्धौ महावीर्यौ कार्येष्वप्येकनिश्चयौ ॥
त्रैलोक्यविजयार्थाय समाधायैकनिश्चयम् ॥ (મહા૦ આદિ૦ અ૦ ૨૧૧, શ્લો૦ ૩ થી ૭)

અર્થાત્—"તે બે દૈત્યપુત્રોમાં એકનું નામ સુંદ અને બીજાનું નામ ઉપસુંદ હતું. તેઓ બન્ને હમેશાં એકજ વિષયમાં એકાગ્રચિત્તવાળા તથા એકજ કાર્ય કરતા રહેતા; અને એકબીજાના સુખદુઃખે પરસ્પર સુખીદુઃખી થઇને પોતાનો સમય ગાળતા હતા. બન્ને પરસ્પર પ્રિય સંભાષણ કરતા હતા તેમજ એકબીજાનાં પ્રિયકાર્ય કરતા હતા. એક ભાઇના સિવાય બીજો ભાઈ જમતો પણ નહિ તેમ બહાર પણ એકલો જતો નહિ. તે બે ભાઈઓના સ્વભાવ અને વ્યવહારમાં જૂદાઇ નહિ હોવાથી તેઓ જાણે એકજ મનુષ્યના બે ભાગ ન હોય તેવુંજ લાગતું હતું ! પ્રત્યેક કામમાં એકબુદ્ધિ રાખવાથી એ બન્ને બહાદૂર ભાઇઓ ક્રમે ક્રમે આગળ વધ્યા અને આખરે ત્રણે લોકને જીતી લેવા તૈયાર થયા."

આ રીતે તેઓ આગળ વધ્યા; તેમાં "પરસ્પર એકતા" એજ તેમની ઉન્નતિનું મુખ્ય કારણ છે. હવે તેમની એ એકતાનું સ્વરૂપ જુઓ.

(જ) એકતાના સાત નિયમો નીચે પ્રમાણે છે:-

(૧) હાથ ધરાતા દરેક વિષયમાં એકમત થવું અને એકમત રહેવું

(૨) બને ત્યાંસુધી એકજ વિષય હાથ ધરવો અને તેનીજ પાછળ એકાગ્ર-એકનિષ્ઠ-થવું

(૩) એકજ કાર્ય, એકજ વિચારપૂર્વક અને પોતાના સર્વ સામર્થ્યથી કરવું

(૪) સુખ-દુઃખમાં એકબીજાના સમભાગી રહેવું

(૫) એકબીજા સાથે મીઠા શબ્દોથી વાતચીત કરવી

(૬) એકબીજાનું પ્રિય કાર્ય બને તેટલું વિશેષ કરવાનો પ્રયત્ન કરવો

(૭) સ્વભાવ અને વ્યવહાર એકબીજા સાથે પરસ્પર અનુકૂળ રાખવો

આ સાત બાબત ઉપરના શ્લોકોમાં કહેલી છે. એ પ્રમાણે વર્તવાથીજ પરસ્પર મિત્રતા વધે છે. ભાઈભાઇમાં, મિત્ર મિત્રમાં, બે જાતિઓમાં તથા બે રાષ્ટ્રોમાં મિત્રતા હશે તો આ સાત નિયમાનુસાર ચાલવાથીજ હશે. કેમકે એ સિવાય તે અસંભવિત છે. હાલમાં આપસમાં લડનારા હિંદુમુસલમાન રાષ્ટ્રબંધુઓ આ સાત નિયમો યાદ રાખે અને તેને અપનાવવાનો પ્રયત્ન કરે. આ નિયમોનું પાલન કરવાથીજ આ બન્ને જાતિઓમાં એકતા થઇ શકશે. જ્યાંસુધી ઉપરના સાત નિયમોથી તદ્દન વિરુદ્ધ વર્તન રહેશે ત્યાંસુધી એકતા થશે પણ ક્યાંથી અને તે સ્થિર પણ શી રીતે રહેશે ?

ઉપરના બન્ને ભાઇ-સુંદ અને ઉપસુંદ-પોતાની એકતાને લીધે વીર્યવાન અને બળવાન થઇને ત્રિલોકમાં વિજય કરવા તૈયાર થયા હતા. ઐક્યને લીધે તેમનો સર્વત્ર વિજય થતો ગયો અને તેમનાં પરાક્રમોને લીધે તેમને સતાવનાર પણ કોઇ રહ્યું નહિ. જુઓઃ—

त्रिषु लोकेषु यद् भूतं किंचित्स्थावरजंगमम् । सर्वस्मान्नौ भयं न स्यादृतेऽन्योऽन्यं पितामह ॥

(મહા આદિ૦ ૨૧૧-૨૫)

અર્થાત્-"અમને બન્નેને એકબીજા સિવાય આ ત્રિલોકભરમાં સ્થાવર-જંગમ વગેરે કશાથી પણ મૃત્યુનો ભય ના રહે." એ સ્થિતિ એકબીજાની એકતાનેજ લીધે તેમણે મેળવી અને તેમનો સર્વત્ર દિગ્વિજય થયો. જુઓઃ—

एवं सर्वा दिशो दैत्यौ जित्वा क्रूरेण कर्मणा । निःसपत्नौ कुरुक्षेत्रे निवेशमभिचक्रतुः ॥

(મહા૦ આદિ૦ ૨૧૨-૨૭)

અર્થાત્-"તેઓ આ પ્રમાણે કુટિલ અને ક્રૂર કાર્યોથી બધી દિશાઓમાં વિજય મેળવી અંતે શત્રુવિનાના થઇને કુરુક્ષેત્રમાં રહેવા લાગ્યા."

સુંદ અને ઉપસુંદને આ દિગ્વિજય પ્રાપ્ત થવાનું મૂળ કારણ તેમની પરસ્પર એકતાજ છે. આર્યદેશ, ગંધર્વદેશ અને દેવલોક વગેરે બધા દેશોને તે બન્ને ભાઇઓએ હરાવીને સમસ્ત ત્રિલોકમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યુ હતું. આ રીતે એ દિગ્વિજયી બે ભાઈઓની તાબેદારીમાં રહેવું પડવાથી પછી તેમની વચ્ચે ઝગડો ઉભો કરવા માટે દેવોએ તિલોત્તમા નામની એક અપ્સરાને મોકલી. એનું સુંદર સ્વરૂપ જોઇને સુંદ અને ઉપસુંદ બન્ને જણા કામથી મોહિત થઇ ગયા; અને તે સ્રીને ખાતર માંહેમાંહે લડવા લાગ્યા ! બસ ! થઇ ચૂક્યું. તેઓ વચ્ચેના એ ઝગડાનેજ લીધે પછી તેમનો નાશ થયો ! જુઓઃ—

उभौ च कामसंमत्तावुभौ प्रार्थयतश्च ताम् ॥

दक्षिणे तां करे सुभ्रूं सुंदो जग्राह पाणिना । उपसुंदोऽपि जग्राह वामे पाणौ तिलोत्तमाम् ॥

वरप्रदानमत्तौ तावौरसेन बलेन च । धनरत्नमदाभ्यां च सुरापानमदेन च ॥

सर्वैरेतैर्मदैर्मत्तावन्योन्यं भ्रुकुटीकृतौ । मदकामसमाविष्टौ परस्परमथोचतुः ॥

एवं तौ संहितौ भूत्वा सर्वार्थेष्वेकनिश्चयौ । तिलोत्तमार्थे संक्रुद्धावन्योन्यमभिजग्मतुः ॥

(મહા૦ આદિ૦ ૨૧૪ શ્લો૦ ૨૨ થી ૨૬)

અર્થાત્–"તેઓ બન્ને કામાતુર થઇને તે સ્ત્રી પાસે ગયા અને બન્નેએ તેની ઇચ્છા કરી. સુંદે તે સુંદરીનો જમણો હાથ પકડયો અને ઉપસુંદે તેનો ડાબો હાથ પકડયો. બંને વરદાનવાળા હોવાથી અભિમાની, સામર્થ્યના ઘમંડથી છકેલા અને ધનરત્નોના અહંકારથી ઉન્મત્ત તો હતાજ; તેમાં વળી બન્ને દારૂના અને મનોવિકારના નિશામાં ચકચૂર હોવાથી ગાંડા જેવાજ બન્યા હતા; એટલે પછી એકબીજા તરફ ભવાં ચઢાવી લડવા લાગ્યા. તાત્પર્ય એ છે કે, સુંદ અને ઉપસુંદ એ બન્ને ભાઇઓ એકબીજા સાથે બીજી દરેક બાબતોમાં સ્નેહભાવવાળા અને એકમત છતાં પણ તિલોત્તમાનેજ માટે ક્રોધાયમાન થઇ આપસમાં ઝગડો જમાવીને સંપૂર્ણ વિનાશ પામ્યા."

આ પ્રમાણે એકબીજાની સાથેની એકતાથી બળ વધે છે અને કુસંપથી બળ ઘટે છે.

આ કથા ભગવાન નારદમુનિએ પાંડવોને કહીને તેમને આપસમાં નહિ લડવાનો બોધ આપ્યો હતો. જુઓ, ઋષિમુનિઓ પણ રાક્ષસોનો ઈતિહાસ વાંચતા હતા અને તેમાંથી લેવા જેવો બોધ લઇને પોતાના આર્યવીરોને તે ઉપદેશતા હતા! અન્ય દેશોના અને અન્ય જાતિઓના ઇતિહાસ વાંચવાનું તથા શત્રુ પાસેથી પણ વિદ્યા મેળવવાનું મહત્ત્વ કેટલું બધું છે, તે આ ઉપરથી પણ પાઠક જોઇ શકશે.

અત્રે ખાસ જોવા જેવી વાત તો એ છે કે, સુંદ અને ઉપસુંદ નામના રાક્ષસોની કથા "આપસની એકતાનું પ્રતિપાદન" કરવામાટે આપેલી છે; અને મહાભારતની કથા કૌરવપાંડવો-ની "માંહોમાંહેની ફાટફુટ" અને તેનું નુકસાનજ વર્ણવવામાટે કહેલી છે. એકતાને લીધે રાક્ષસોનું બળ કેવું વધી ગયું હતું, અને ફુટને લીધે કેવો વિનાશ થયો હતો; તે ઉપરની કથાઓમાં–અર્થાત્ તપસ્વીઓની કથામાં તથા કૌરવપાંડવોની કથામાંથી સારી પેઠે જોઈ શકાય છે. કૌરવપાંડવોએ એક થઈને રાજ્ય કર્યું હોત તો તેઓ ત્રણે લોકને જીતી લેત; પરંતુ માંહોમાંહેની ફુટને લીધે આર્યજાતિનો કેવો વિનાશ થયો! આશા છે કે, અમારા વાચકો પણ એ વાત અત્રે ખાસ કાળજી ને વિચારપૂર્વક સમજી લેશે. આ વિષે એક ઉત્તમ ઉદાહરણ માર્કંડેય પુરાણમાં પણ આવેલું હોવાથી તેનો પણ સારાંશ અત્રે જોવો જોઇએઃ—

(ઝ) મહિષાસુરની હકીકત

देवासुरमभूद्युद्धं पूर्णमब्दशतं पुरा । महिषेऽसुराणामधिपे देवानां च पुरंदरे ॥
तत्रासुरैर्महावीर्यैर्देवसैन्यं पराजितम् । जित्वा च सकलान्देवानिन्द्रोऽभून्महिषासुरः ॥

(માર્કંડેયપુરાણ અ. ૮૨, શ્લોક ૧–૨)

અર્થાત્–"પ્રાચીનકાળમાં દેવો અને અસુરોને સો વર્ષસુધી યુદ્ધ ચાલ્યું. એમાં દેવો-ના સેનાપતિ ઇંદ્ર અને રાક્ષસોનો સેનાપતિ મહિષાસુર હતો. યુદ્ધને અંતે દેવોએ પૂરેપૂરી હાર ખાધી અને મહિષાસુર દેવોના રાજ્યનો સમ્રાટ થયો."

પરાજય થયા પછી દેવો નાસી છૂટ્યા અને શ્રીશંકર તથા શ્રીવિષ્ણુની પાસે ગયા. દેવોએ પોતાની સંપૂર્ણ હારની હકીકત વિષ્ણુભગવાનને કહી અને તેમની સમક્ષ પોતાની શોચનીય દશાનું વર્ણન કર્યું. એ વખતે ભગવાન શંકર અને વિષ્ણુની અંદરથી એક વિલક્ષણ તેજ બહાર આવ્યું. એ દિવ્ય તેજમાં સઘળા દેવોએ પોતપોતાનાં તેજનો થોડો થોડો ભાગ મેળવ્યો. એનું વર્ણન આ પ્રમાણે છેઃ—

अतुलं तत्र तत्तेजः सर्वदेवशरीरजम् । एकस्थं तदभून्नारी व्याप्तलोकत्रयं त्विषा ॥

(માર્કંડેય પુરાણ અ० ૮૨-૧૨)

અર્થાત્–" બધા દેવોનાં શરીરોમાંથી નીકળેલા તેજનું એકીકરણ થઇને એક અત્યંત તેજસ્વી સ્ત્રી ઉત્પન્ન થઇ અને તેનું તેજ ત્રણે લોકમાં ફેલાયું. "

આ તેજોમય સ્ત્રી–દેવીએ અસુરોને હરાવીને ફરીથી દેવોનું સામ્રાજ્ય શરૂ કર્યું.

અર્થાત્–માંહોમાંહેની કુટને લીધે દેવોની હાર થઇ હતી; તે જ્યારે દેવોએ પોતાના તેજ અને વીર્યનું સંગઠન કર્યું, ત્યારેજ તેમનાથી રાક્ષસો હાર્યા. ઉપરના વર્ણનમાં દરેક દેવે પોતાનો તેજસ્વી ભાગ આપ્યો તથા સઘળા દેવોના તેજોનો એક મહાન "સંઘ" થયો; અને તે સંઘે રાક્ષસોને પૂરેપૂરા હરાવ્યા. આ વર્ણનનો અલંકાર દૂર કરવાથી કથાનું મૂળ સ્વરૂપ સ્પષ્ટ સમજાશે.

જ્યારે દેવોમાં આપસમાં એકતા ન હતી; દરેક દેવ અથવા દેવોનો પ્રત્યેક ગણ (સમૂહ) કિંવા જાતિ પોતપોતાના અભિમાનમાં મસ્ત રહી જૂદીજ રહેતી હતી, ત્યારે તેઓ રાક્ષસો સામે ટકીજ શકતા નહિ. છેવટે જ્યારે દેવોએ એ ફાટફુટનું પરિણામ પ્રત્યક્ષ જોયું અને સંઘ-બળવિના જીવવુંજ અશક્ય થઇ પડયું, ત્યારેજ પછી તેમણે પોતાનો એક મહાન અભેદ્ય સંઘ રચ્યો; બધા દેવોએ પોતપોતાની પૂરેપૂરી શક્તિ વાપરી અને પોતાના રાજ્યને બચાવવાનો તનતોડ પ્રયત્ન કર્યો. એથી દેવોમાં–અર્થાત્ તિબેટ (त्रिविष्टप्) ના રહેવાસીઓમાં મહા-સમર્થ સંઘબળ એકત્ર થતાં તેમનું બળ વધ્યું; અને તેથીજ તેઓ પાછા સ્વતંત્ર થઇ શકયા તથા પોતાના ગયેલા સામ્રાજ્યને પાછું મેળવી શકયા. તાત્પર્ય એ છે કે, જ્યાંસુધી માંહોમાંહે લડાઇટંટા ચાલ્યા કરશે, ત્યાંસુધી તો કૌટુંબિક સુખ કે રાષ્ટ્રીય ઉન્નતિ થવી અશકયજ છે.

દેવો અને અસુરોના સો વર્ષના યુદ્ધ(હંડ્રેડ ઇયર્સ વૉર)ના વર્ણનમાંથી આપણને એજ મહત્ત્વનો ઉપદેશ મળે છે. માટે હવે એટલો બોધ લઇને નીચેનો વેદમંત્ર જોઇએ:—

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् । देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥

(ઋગ્० ૧૦-૧૯૧-૨)

" હે સજ્જનો ! તમે (**संगच्छध्वं**) આપસમાં એકતા કરો; (**संवदध्वं**) આપસમાં ઉત્તમ ભાષણ કરો; પોતાનાં મનને સુસંસ્કારવાળાં કરો; અને જે રીતે પ્રાચીન જ્ઞાનીઓ પોતાના પ્રારબ્ધપર વિશ્વાસ રાખીને સંતુષ્ટ રહેતા હતા, તેજ રીતે તમે પણ સંતુષ્ટ રહો " તથા–

समानी व आकूतिः समाना हृदयानि वः । समानमस्तु वो मनो यथा वः सु सहासति ॥

(ઋગ્० ૧૦-૧૯૧-૪)

" હે લોકો ! તમારો સંકલ્પ, તમારા હૃદયનો ભાવ, તમારૂં મન–અર્થાત્ તમારો સઘળો વ્યવહાર–સમાન એટલે કે સૌ સાથે હળતોમળતો થાઓ કે જેથી તમે એકતાપૂર્વક રહી શકો."

આ વેદનો ઉપદેશ ઉપર જણાવેલી એકતાનોજ બોધ આપે છે; અને તેજ વાચકોના મનમાં સંપૂર્ણરીતે ઠસાવવા માટે પૂર્વોક્ત ઐતિહાસિક કથાઓ તથા કાવ્યમય ઐતિહાસિક વર્ણનો કરેલાં છે. ઉપરની કથાઓ આ દૃષ્ટિએ વંચાય અને તપાસાય તો તો તે તે કથાઓનું રહસ્ય સહેલાઈથી સમજી શકાશે; અને મહાભારતના કાવ્યમય ઇતિહાસનું મહત્ત્વ દૃષ્ટિગોચર થશે.

આ લેખમાં (૧) બે તપસ્વી ભાઇઓની કથા, (૨) સુંદ અને ઉપસુંદની કથા અને (૩) મહિષાસુરના આખ્યાનનું વર્ણન ટુંકાણમાં દર્શાવ્યુ છે; અને (૪) મહાભારતની કથા તો સૌને વિદિતજ છે. આ ચારે કથાઓની વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છે:–

(૧) તપસ્વી ભાઇઓની કથા:–બે તપસ્વી ભાઇઓને એકબીજા સાથે ઝગડો થયો

અને બન્નેને ત્રીજો આવી હજમ કરી ગયો.

(૨) **સુંદ અને ઉપસુંદની કથાઃ**–બે રાક્ષસ ભાઇઓ માંહોમાંહે પૂર્ણ એકતાથી રહેવાથી ત્રિલોકમાં વિજયી થયા; પરંતુ એકબીજા વચ્ચે ઝગડો થતાંજ તેમનો નાશ થયો.

(૩) **મહિષાસુરની કથાઃ**–દેવોમાં આપસમાં એકતા નહોતી, તેવે વખતે અસુર દેશના રાજા મહિષાસુરે દેવોના રાજ્ય ઉપર હુમલો કરીને દેવોને હરાવ્યા. પછી દેવોએ પોતાની સંઘશક્તિ વધારીને સ્વતંત્રતા પાછી મેળવી.

(૪) **પાંડવ–કૌરવોની કથાઃ**–બે ભાઇ–કૌરવપાંડવોનો એકબીજા સાથે ઝગડો થયો અને આર્યજાતિના મુખ્ય વીરોનો નાશ થવાથી આર્યજાતિને ખૂબ નુકસાન થયું.

આ ચારે કથાઓ વાંચનાર ધ્યાનપૂર્વક વાંચશે તો તે તરતજ સમજી શકશે કે, (૧) આર્ય તપસ્વીઓમાં ઝગડો, (૨) આર્યરાજાઓમાં આપસની ફુટ, અને (૩) દેવોમાં સંઘશક્તિનો અભાવ વગેરે બાબતો ઉપરની કથાઓમાં વર્ણવેલી છે.

સાથે સાથે (૧) અસુરો અને રાક્ષસોમાં અપૂર્વ સંઘશક્તિ, (૨) બળ અને વીર્યમાં તેમની શ્રેષ્ઠતા, અને (૩) શરૂઆતમાં અસુરોનો ઘણેભાગે વિજય થવો, વગેરે વર્ણન છે.

પરંતુ આ ઉપરથી એ વખતના બધાજ આર્યો નકામા હતા અને બધા રાક્ષસો સારા હતા, એવું અનુમાન કરવા જેવું નથી; પણ આ વર્ણનનો ઉદ્દેશ જૂદોજ છે. જે મહાકવિ પોતાની જાતિના ઉદ્ધાર માટે મહાકાવ્ય રચે છે, તે ખાસ હેતુથીજ કથાઓ, આખ્યાનો અને ઉપાખ્યાનોનો સંગ્રહ કરે છે. પોતાની જાતિની ઉન્નતિ શી રીતે થાય, તેમાં શા શા દોષ છે, પોતાના શત્રુઓમાં કયા કયા સદ્‌ગુણો છે,તેનો વિચાર કરીનેજ કવિ પોતાનું કાવ્ય લખે છે. વિશાળ મનવાળા વ્યાસભગવાન અસાધારણ કવિ અને અલૌકિક બુદ્ધિ તથા વિદ્વત્તાવાળા હતા; અને તેથીજ તેમણે પોતાના અપૂર્વ કાવ્યમાં–અર્થાત્ આ મહાભારતમાં–વિલક્ષણ ચાતુર્યપૂર્વક કથાઓનું ગુંથણ કર્યું છે. વાંચનાર મહાભારત વાંચવાની સાથેસાથે સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતા રહેશે, તો તો તરતજ તેમને તે કાવ્યનું રહસ્ય પણ સમજાશે.

(૮) ઉન્નતિનો રાજમાર્ગ

શત્રુજાતિના કરતાં અધિક સદ્‌ગુણસંપન્ન થવાય તો ઉન્નતિ થાય છે. **શત્રુઓનું બળ જે ખાસ ગુણોને લીધે વધેલું હોય છે, તે ગુણો આપણામાં લાવવા જોઇએ અને વધારવા જોઇએ; તથા આપણામાં જે દુર્ગુણોને લીધે નિર્બળતા આવતી હોય તેને દૂર કરવા, એ પણ ખાસ જરૂરનું છે.** આપણામાંના દુર્ગુણોને દૂર કરવાથી તથા ઘણા સદ્‌ગુણો પ્રાપ્ત કરવાથીજ ઉન્નતિ થઈ શકે છે.

તેથી મહાકવિ શત્રુના ગુણોનું વર્ણન વધારે સ્પષ્ટરૂપે કરે છે કે જેથી તે ગુણોની છાપ પોતાની જાતિના લોકોના અંતઃકરણ ઉપર સ્પષ્ટરૂપે પડે; અને પોતાની જાતિ તે શુભ ગુણોને ગ્રહણ કરી ઉન્નતિ પ્રાપ્ત કરે. સાથે સાથે તેઓ સ્વજાતિના દુર્ગુણો પણ જરા લંબાવીને વર્ણવે છે, કે જેથી સ્વજાતિના લોકો 'દુર્ગુણ શું?' તે પણ સમજે અને તે દુર્ગુણોને દૂર ફેંકી દઇ નિર્દોષ બનીને પોતાની ઉન્નતિ કરે.

શત્રુના ગુણ જોવા, તેમને અપનાવવા અને વધારવા; તથા સાથેસાથે પોતાના દોષ દૂર કરી ઉન્નતિ સાધવી, એજ ઉન્નતિનો સીધો રાજમાર્ગ છે. આ દૃષ્ટિએ પૂર્વોક્ત ચારે કથાઓમાં આર્યજાતિના દોષ અને અસુરજાતિના ગુણ વર્ણવેલા છે; તથા આ વર્ણનમાં કહેવાની વાત વાચકોના મનમાં ઠસી જાય તેટલા માટે તેમાં થોડીક અતિશયોક્તિ પણ કરેલી છે.

આર્યજાતિના વીર પુરુષોમાં ધૈર્ય, વીર્ય, શૌર્ય વગેરે વખાણવાલાયક ગુણોનું વર્ણન

મહાભારતમાં સર્વત્ર છેજ. જો આ વર્ણન ન હોત અને કેવળ સ્વજાતિના દોષોજ બતાવીને ગ્રંથ લખ્યો હોત, તો તો તે વાંચવાથી વાચકો નિરાશજ થાત; પરંતુ મહાભારત વાંચવાથી તો ઉત્સાહ વધેજ છે. આમ થવાનું કારણ એ છે કે, સ્વજાતિના દુર્ગુણ અતિશયોક્તિપૂર્વક વર્ણવવા છતાંયે તેને ગૌણ:સ્થાન આપેલું છે; અને સ્વજાતિની મહત્તા દર્શાવનારા ગુણોનું વર્ણન મુખ્યરૂપે કરેલું છે. આથીજ પાઠકોના મન ઉપર આ મહાભારતના વાંચનની અસર ઘણી ઉચ્ચ અને ઉદાત્ત થાય છે. અસ્તુ.

આ લેખમાં 'મહાભારત ગ્રંથ એકતાનો બોધ આપે છે' એ વિષેજ લખવામાં આવ્યું છે. પાઠકો એવી રીતે અન્યાન્ય કથાઓનો પણ વિચાર કરે અને વધુ બોધ મેળવે.

૧૦—સમ્રાટ્ના વધની કથા

સામાન્ય રીતે **આર્યધર્મશાસ્ત્રમાં "અરાજક"** લોકોનો સર્વત્ર નિષેધજ કરેલો છે. પુરાણોમાં "नाऽविष्णुः पृथिवीपतिः"—**અર્થાત્** "વિષ્ણુનો અંશ ન હોય તો સમ્રાટપદ મળતું નથી" એમ કહીને રાજાની શક્તિનું ઘણુંજ ગૌરવ બતાવેલું છે. જો કે આ ગૌરવવિષે પુરાણોમાં સર્વત્ર લખેલું છે, છતાં પણ "રાજાની શક્તિ અનિયંત્રિત" છે, એવું કોઇપણ ગ્રંથમાં લખેલું નથી. વેદમાં પણ એમજ કહ્યું છે કેઃ—

राजा राष्ट्राणां पेशः । (ઋગ્વેદ ૭—૩૪—૧૧)

અર્થાત્—"રાજા, એ તો રાષ્ટ્રનું પોતાનું રૂપ છે—અર્થાત્ રાજ્યની પોતાનીજ સુંદરતા છે." આ મંત્રમાં રાજાને રાષ્ટ્રના શણગારરૂપે વર્ણવે છે. આવું વર્ણન હોવા છતાં પણ પુરાણોમાં અને ઇતિહાસોમાં દુષ્ટ રાજાઓનો સર્વત્ર નિષેધજ કરેલો છે; એટલુંજ નહિ પણ ઋષિઓએ પ્રસંગોપાત દુષ્ટ રાજાઓને વધ પણ કરેલો છે. આ વિષે વેનરાજાનું દષ્ટાંત સુપ્રસિદ્ધ છે.

(ક) વેનરાજાનો વધ

સ્વાયંભુવ મનુના વંશમાં અંગ નામનો એક રાજા હતો. તેનો પુત્ર વેનરાજા પિતાના મૃત્યુ પછી ગાદીએ આવ્યો. આ વેનરાજા ધર્મના નિયમોને અનુસરીને નહિ ચાલવાથી ઋષિઓએ એકઠા થઇને દર્ભાસ્ત્રથી તેનો વધ કર્યો; અને તેનો મોટો પુત્ર નાલાયક હોવાથી તેને રાજ્યગાદી નહિ આપતાં બીજા પુત્ર પૃથુને રાજ્યગાદીએ બેસાડયો. આ કથા મહાભારત, હરિવંશ, વિષ્ણુપુરાણ, પદ્મપુરાણ વગેરેમાં વિસ્તારપૂર્વક આવે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, ઋષિમુનિઓ સમ્રાટને ઘણુંજ માન આપતા હતા; પરંતુ જો તે નાલાયક નીકળે તો તેનો વધ પણ કરતા, અને જે રાજ્યગાદીને લાયક હોય તેનેજ ગાદીએ બેસાડતા હતા. એજ નિયમ પ્રમાણે વેનના નાલાયક મોટા પુત્રને રાજ્યગાદી નહિ આપતાં બીજા પુત્રને આપવામાં આવી.

નાલાયક રાજાને આવી રીતે સજા કરવામાં કોઇ પણ સજ્જનને મતભેદ હોઇ શકે નહિ. કેમકે રાજા ભલેને ગમે તે હોય, તોપણ તેને ખાસ કાર્યને ખાતરજ રાજ્યગાદીએ રાખવામાં આવે છે; અને તે કાર્ય બજાવે ત્યાંસુધીજ તે રાજ્યગાદીપર રહેશે. તે પોતાનું કર્તવ્ય તજશે ત્યારથી તેને રાજ્યગાદીપર રહેવાનો અધિકારજ નહિ રહે. વેદમાં એજ હેતુથી રાજ્યાભિષેકપ્રસંગના મંત્રોમાં કહ્યું છે કેઃ—

त्वां विशो वृणतां राज्याय त्वमिमाः प्रदिशः पंच देवीः ।
वर्ष्मन्राष्ट्रस्य ककुदि श्रयस्व ततो न उग्रो वि भजा वसूनी ॥ (અથર્વ૦ ૩—૪—૨)

"હે રાજન્! રાજ્યને માટે (विशः) પ્રજાઓ (त्वां वृणतां) તનેજ સ્વીકારો: પાંચે

દિશાઓમાં રહેનારી સઘળી પ્રજાઓ તારો સ્વીકાર કરો. તે પ્રજાઓની અનુમતિથીજ તું રાજ્યારોહણ કર અને (उग्रः) શૂરવીર થઇને બધી પ્રજાઓને (वसूनि विभज) ધનનો યોગ્ય હિસ્સો આપ " તથા-

ध्रुवाय ते समितिः कल्पतामिह ॥ (અથર્વ૦ ૬-૮૮-૩)

"હે રાજન્! તને કાયમ રાખવાને માટે (इह)આ રાષ્ટ્રમાં (समितिः)રાજસભા તને મદદ કરો."

આ ઉપદેશ સ્પષ્ટ દર્શાવે છે કે, વૈદિક ધર્માનુસાર જનતાના મતને અનુકૂળ ચાલતાં સુધીજ તે રાજા રાજ્યગાદીપર રહી શકે છે; અને તે પ્રજામતથી વિરુદ્ધ ચાલે, ત્યારે તેને પદભ્રષ્ટ પણ કરી શકાય છે. કેટલાય આર્ય રાજાઓ આવી રીતે પ્રજાવિરોધનેજ કારણે નાશ પામ્યા હતા અને તેમનો તે નાશ પૂરેપૂરો ધર્માનુસારજ હતો.

પરંતુ આ વેનરાજાનો વધ કરનારા ઋષિમુનિઓને કોઇપણ ઇતિહાસકારે "અરાજક" કહ્યા નથી. હાલ યૂરોપમાં પાશવી (જંગલી) સભ્યતા વધી જવાથી ત્યાં અરાજકતાનો પણ પંથ શરૂ થયો છે. પૂર્વોક્ત ઋષિમુનિઓનો એવો તો જરાપણ આશય ન હતો; પરંતુ તે છતાં યૂરોપના જેવાંજ અરાજકોનાં કાવત્રાં મહાભારતમાં પણ જણાય છે. આ લેખમાં હવે વિષે વિશેષ વિચાર કરીશું. જુઓઃ-

(ખ) અરાજકોનું કાવત્રું

ભારતવર્ષમાં સર્પ નામની એક જાતિ રહેતી હતી, એ તો પ્રસિદ્ધ વાત છે. સર્પજાતિની સ્ત્રીઓનાં આર્યોસાથે લગ્ન થતાં હતાં, એનાં પણ અનેક ઉદાહરણ મહાભારતમાં છે. દિગ્વિજયી આર્યજાતિએ સર્પજાતિને હરાવવાથી તે લગભગ પરતંત્ર અને કંઇપણ અધિકારવિનાની થઇ ગઇ હતી. મહાભારતના પહેલાંના કાળની આ ઘટના મહાભારત કાવ્યમાં સ્પષ્ટ રીતે દેખાય છે.

સર્પજાતિની સ્ત્રીઓ આર્યપુરુષો સાથે પરણી શકતી હતી, પરંતુ આર્યસ્ત્રીઓ સર્પપુરુષો સાથે પરણતી ન હતી. આથી સિદ્ધ થાય છે કે, સર્પજાતિની રાજકીયસ્થિતિ ઘણીજ ખરાબ થઇ ગઈ હતી;અને તેથીજ સર્પજાતિની સ્ત્રીઓને આર્યજાતિના પુરુષોસાથે પરણવાથી જે લાભ થતા હતા, તે આર્યસ્ત્રીઓને સર્પપુરુષો સાથે પરણવાથી નહોતા થતા.

પરતંત્ર જાતિની સ્ત્રીઓ સ્વજાતિને પરતંત્ર કરનાર દિગ્વિજયી જાતિના પુરુષો સાથે શરીરસંબંધ બાંધવામાં પોતાનું હિત માનવા લાગે, એ તો પરાજિત અને પરતંત્ર જાતિની અધોગતિની હદજ બતાવે છે. આવી સ્થિતિ થયા પછી તે પરતંત્ર પ્રજાએ કોઇપણ પ્રકારે ઉન્નતિની આશા રાખવીજ નહિ. સ્ત્રીઓમાંથી સ્વાભિમાન નાશ પામતાં જાતીયતાની કલ્પના પણ માતાઓનાં શુદ્ધ અંતઃકરણોમાંથી નીકળી જાય છે; અને તેમ થયું એટલે પછી તેમનાં સંતાન પણ એવાંજ સ્વાભિમાનશૂન્ય થવાનાં એમાં શંકાજ શી રાખવી! તેથીજ પાંડવોના દિગ્વિજય પછી સર્પજાતિની જે અધોગતિ થઇ હતી, તેમાંથી તે જાતિ હજુસુધી પણ ઉઠી શકી નથી. વાંચકોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે, સર્પજાતિની દાસ્યવૃત્તિની આ પરાકાષ્ઠાજ હતી.

ઘણે ભાગે અરાજકો "દબાયલી જાતિ" માંથીજ પેદા થાય છે. જ્યારે ન્યાયના અને ધર્મમાર્ગે ઉન્નતિ કરવાના સઘળા માર્ગ બંધ થઇ જાય છે, જ્યારે વિજયી લોકો દબાયલી પ્રજાની ઉન્નતિના માર્ગો ચારેબાજુથી બંધ કરી દે છે; ત્યારે નવજુવાનોમાં અરાજકતાનાજ વિચાર ઉત્પન્ન થાય છે, અને તે નવજુવાનો વિજયી જાતિના મુખ્ય વીરો અને રાજાઓનાં ખૂન કોઇ પણ રીતે કરવાને તૈયાર થાય છે. સર્પજાતિના અરાજક યુવકોએ પણ આ પ્રમાણે-

જ કર્યું અને તેમણે આર્યસમ્રાટ્ રાજાધિરાજ પરિક્ષિતનો રાજગૃહમાંજ વધ કર્યો ! !

(ગ) સમ્રાટ્ પરિક્ષિતનો વધ

સર્પજાતિના નવયુવકો રાજા પરિક્ષિતના દરબારમાં સંન્યાસીઓના વેશમાં દાખલ થયા. તપસ્વી સાધુ સંન્યાસીઓને આર્ય રાજાઓના મહેલોમાં જવાનો કદી પ્રતિબંધ ન હતો, તેનું વર્ણન નીચે પ્રમાણે છેઃ-

जगाम तक्षकस्तूर्णं नगरं नागसाह्वयम् ॥
अथ शुश्राव गच्छन्स तक्षको जगतीपतिम् । मंत्रैर्गदैर्विषहरै रक्ष्यमाणं प्रयत्नत: ॥
स चिन्तयामास तदा मायायोगेन पार्थिव:। मया वंचयितव्योऽसौ क उपायो भवेदिति ॥
ततस्तापसरूपेण प्राहिणोत्स भुजंगमान् । फलदर्भोदकं गृह्य राज्ञे नागोऽथ तक्षक: ॥

॥ तक्षक उवाच ॥

गच्छध्वं यूयमव्यग्रा राजानं कार्यवत्तया। फलपुष्पोदकं नाम प्रतिग्राहयितुं नृपम् ॥

॥ सौति उवाच ॥

ते तक्षकसमादिष्टास्तथा चक्रुर्भुजंगमा: । उपनिन्युस्तथा राज्ञे दर्भानाप: फलानि च ॥
तच्च सर्वं स राजेन्द्रः प्रतिजग्राह वीर्यवान् । कृत्वा तेषां च कार्याणि गम्यतामित्युवाचतान् ॥
(મહા૦ આદિ૦ અ૦ ૪૩ શ્લોક ૨૧ થી ૨૭)

અર્થાત્–"તક્ષક સર્પે હસ્તિનાપુર આવતાં રસ્તામાં સાંભળ્યું કે,રાજા અનેક રીતે સુરક્ષિત છે. ત્યારે તે વિચારવા લાગ્યો કે, હવે તો કપટથીજ રાજાને ઠગવો પડશે. ત્યારપછી તક્ષક સર્પે, તેના સાથીઓને તપસ્વીનાં રૂપ ધારણ કરી ફળ, દર્ભ તેમજ જળ વગેરે લઇને રાજા પાસે જવા કહ્યું; અને સાથેસાથે સાવધાન રહેવાની પણ સૂચના કરી કે, ગભરાઇ જશો નહિ. કોઇપણ કામને બહાને રાજા પાસે જઈને તેને ફળફૂલ તેમજ જળ આપજો. સર્પોએ તક્ષક સર્પની આજ્ઞા પ્રમાણે કર્યું અને રાજાને ફળફૂલ તથા જળ આપ્યાં. મહાપરાક્રમી રાજા પરિક્ષિતે તે સઘળું ગ્રહણ કર્યું અને તેમનું કાર્ય પૂરૂં થયા પછી તેમને જવાની આજ્ઞા આપી."

આ શ્લોકોમાં સર્પજાતિના અરાજકોના કાવત્રાનો ઠીકઠીક પત્તો મળે છે. (૧) સર્પજાતિના કેટલાક નવયુવકો આર્ય સંન્યાસીઓના જેવો વેશ ધારણ કરે છે, (૨) રાજાને મળવાને અને આશીર્વાદ આપવાને બહાને રાજદરબારમાં જવા ધારે છે, (૩) રાજદરબારમાં આ કપટી સાધુઓ દાખલ થાય છે, (૪) આર્યરાજા તે સંન્યાસીઓ ઉપર કોઇપણ પ્રકારનો શક લાવતો નથી. પરંતુ તે સાધુઓમાંજ એક મુખ્ય "અરાજક સર્પ" હતો. બીજા કપટી સંન્યાસીઓ ફળ વગેરે રજુ કરીને ચાલ્યા ગયા, પણ તે તો ત્યાંજ ભરાઇ રહી યોગ્ય સમયની રાહ જોવા લાગ્યો. એટલામાં સંધ્યાકાળ થવા આવ્યો અને સાયંસંધ્યોપાસન વગેરે માટે રાજદરબાર બરખાસ્ત થવાની ગરબડ થઈ રહી હતી,એવામાં એકાએક તે અરાજક સર્પ આગળ આવ્યો અને તેણે સમ્રાટ્ પરિક્ષિતનો વધ કર્યો.

वेष्टयित्वा च वेगेन विनद्य च महास्वनम् । अदशत्पृथिवीपालं तक्षक: पन्नगेश्वर: ॥
(મહા૦ આદિ૦ અ૦ ૪૩ શ્લોક ૩૭)

"અરાજક સર્પે સ્વશરીરથી મહારાજા પરિક્ષિતને એકદમ ઘેરી લઇને મોટીગર્જનાપૂર્વક તેને દંશ કર્યો."

અર્થાત્–આ વધ કોઇપણ હાથયારથી નહોતો થયો, પરંતુ સમ્રાટ્ને પૃથ્વી ઉપર પછાડીને તેનું ગળું દબાવી મારી નાખ્યો હતો. સર્પજાતિના નવયુવકોમાં આર્યરાજાઓ ઉપર એટલું બધું વેર હતું કે, તેઓ આર્યરાજાઓનાં ગળાં દાબીને અથવા પોતાના મુખથી કરડીને પણ તેમના જાન લેવાને તૈયાર થતા હતા. એમ શામાટે થયું ? આર્યરાજાઓએ સર્પજાતિ ઉપર એવો શો ભયંકર અત્યાચાર કર્યો હતો ? તે વિચારવા જેવું છે. તે જોવા

પહેલાં એક-બે બાબતો પ્રથમ જાણવાની જરૂર છે; અને તે નીચે પ્રમાણે છેઃ-

(ઘ) રાજાના મૂર્ખ મંત્રીઓ

ते तथा मंत्रिणो दृष्ट्वा भोगेन परिवेष्टितम् । विषण्णवदनाः सर्वे रुरुदुर्भृश दुःखिताः ॥
तं तु नादंततः श्रुत्वामंत्रिणस्ते प्रदुद्रुवः । (મહા૦ આદિ૦ ૪૪ શ્લો૦ ૧-૨)

"એવી રીતે રાજાને ઘેરાયેલા જોઇને મંત્રીઓ ઘણા દુઃખી થઇને તથા ખેદયુક્ત મોઢું કરીને રડવા લાગ્યા અને પછી ગર્જનાના અવાજ સાંભળીને બધા નાસવા લાગ્યા."

જુઓ! આ દરબારના મંત્રીઓ છે! રાજાના શરીર ઉપર શત્રુનું આક્રમણ થયું છે; તે અરાજક નવયુવક રાજાનું ગળું દાબી રહ્યો છે; એવું જોવા છતાં પણ તે મંત્રીઓ માત્ર રડે છે અને નાસી રહ્યા છે! કોઇ એક પણ પોતાની તલવાર તેના ઉપર ચલાવતોજ નથી. બુદ્ધિહીનતાની આથી વધારે પરાકાષ્ઠા શું હોઇ શકે? આવા દુર્બળ મંત્રીઓ હોય ત્યાં રાજા જીવતો નજ રહી શકે; અને સામ્રાજ્ય પણ વધારે ટકી શકે નહિ. પાંડવો પછી બીજી-જ પેઢીએ આટલું અધઃપતન થયું હતું, તે અત્રે વિચારપૂર્વક ધ્યાનમાં લેવું જોઇએ.

ઉપર પ્રમાણે સર્પજાતિના એક અરાજક નવયુવકે રાજાને મુખથી કરડીને તેનો જીવ લીધો, અને પછી તે નાસી ગયો! આર્ય રાજધાનીમાં તેને કોઇએ પકડયો પણ નહિ, એવી વ્યવસ્થા એ સમયે હસ્તિનાપુરમાં હતી! આવી અંધાધુંધી કોઈપણ રાજ્યધાનીમાં હોય તો તે સામ્રાજ્ય શી રીતે આગળ વધી શકે? કમમાં કમ જાગૃત રહીને આત્મરક્ષણ કરવાની શક્તિ તો તેનામાં જોઇએજ ને!

(ચ) અરાજક કાવત્રાની ખબર

અરાજક સર્પોના કાવત્રાની રાજાને સાત દિવસથી ખબર હતી; અને સમ્રાટ્ પોતાનું રક્ષણ પણ કરતો હતો. એવો રક્ષણનો પ્રબંધ હોવા છતાં પણ કપટી સર્પ-સંન્યાસીઓ દરબારમાં દાખલ થઇ શકે છે; રાજાની પાસે જાય છે, અને તેમનામાંનો એક રાજાના શરીર ઉપર હુમલો કરે છે તથા તેનો નાશ કરે છે. આ વાત ખાસ ધ્યાનપૂર્વક તપાસીશું તો ભારતીય સમ્રાટોની કૌશલ્યહીનતાજ દેખાઇ આવશે. પોતાનો વધ કરવામાટે કેટલાકો કાવત્રું કરે છે, તે જાણવા છતાં પણ સાધુ, સંન્યાસી વગેરે ગમે તેને પણ પરીક્ષા કર્યાવિના દરબારમાં દાખલ થવા દેવા, એ કૌશલ્યાહીનતાજ બતાવી આપે છે.

અરાજક સર્પોના કાવત્રાની ખબર ઋષિમુનિઓના નવયુવકોને પણ હતી. એક ઋષિકુમારે પહેલેથીજ કહી દીધું હતું કે, "આજથી સાતમે દિવસે એક સર્પ આવીને પરિક્ષિત રાજાનો નાશ કરશે." જુઓઃ-

तं पापमतिसंक्रुद्धस्तक्षक पन्नगेश्वरः । सप्तरात्रादितो नेता यमस्य सदनं प्रति ॥
द्विजानामवमंतार कुरूणामयशस्करम् ॥ (મહા૦ આદિ૦ ૪૧ શ્લોક ૧૪)

અર્થાત્-"ક્રોધાયમાન તક્ષકસર્પ, બ્રાહ્મણોનું અપમાન કરનાર અને કુરુકુળના કલંકરૂપ તે પાપી રાજાને સાત દિવસમાં યમને ઘેર પહોંચાડશે."

ઋષિકુમારના આ શબ્દો અરાજકોના કાવત્રાની વાત સ્પષ્ટપણે બતાવી આપે છે. નવયુવકોમાંના કેટલાએકોને આ વાતની ખબર હતી, એમ આ ઉપરથી જણાય છે. સમ્રાટ્-ના નાશનો વખત પણ લગભગ નક્કી જેવોજ હતો. ઉપલા ઋષિકુમારના શબ્દોમાં સમ્રાટ્ પરિક્ષિતને માટે "(૧) પાપી, (૨) બ્રાહ્મણોનું અપમાન કરનાર, અને (૩) કુરુકુળને કલંક લગાડ-નાર" એ ત્રણ વિશેષણો છે. એમાં પણ કંઇક ભાવ હશેજ ને! પરિક્ષિતરાજાએ પોતાના પ્રશ્નનો જવાબ ન આપવાના કારણેજ એક શમીક નામના શાંત તથા મૌનવ્રતવાળા તપસ્વીના

ગળામાં મરેલો સર્પ લટકાવ્યો હતો. જે રાજા પોતાના પ્રશ્નનો જવાબ ન મળવાને ખાતર-જ મૌનવ્રતધારી તપસ્વીનું આવું અપમાન કરે છે, તેને માટે બ્રાહ્મણોમાં આદરભાવ પણ ક્યાંથીજ હોય ! ઉપરોક્ત બ્રાહ્મણકુમારે પરિક્ષિતને એજ કારણથી ઉપલાં વિશેષણો લગાડ્યાં છે—અર્થાત્ પરિક્ષિતના રાજ્યમાં અરાજક નવયુવકોનાં કાવત્રાં વધી ગયાં હતાં અને બ્રાહ્મણ-સમાજમાં પણ તેના પ્રત્યેનો આદરભાવ ઓછો થયો હતો. જો કે શ્રેષ્ઠ બ્રાહ્મણો તેનો અનાદર વ્યક્ત કરતા ન હતા, પણ કુમારો તો ઉપર પ્રમાણે બોલવામાં સંકોચ રાખતા ન હતા. તે વખતે આવી સ્થિતિ હતી.

ઋષિકુમારનું કહેવું તેના પિતા શમીકઋષિના જાણવામાં આવ્યું, ત્યારે તે તપસ્વીને મહાદુઃખ થયું;અને તેમણે સમ્રાટ્ પરિક્ષિતને પોતાનું રક્ષણ કરવાની સૂચના આપી. આ સૂચના પ્રમાણેજ સમ્રાટ્ પોતાનું રક્ષણ કરતો હતો; પરંતુ મૂર્ખ મંત્રીઓની કૌશલ્યહીનતાને લીધે ઉપર પ્રમાણે અરાજક નવયુવકથી તે માર્યો ગયો. આ રીતે સર્પજાતિના એક અરાજક નવ-યુવકે આર્યસમ્રાટ્ પરિક્ષિતનો નાશ કર્યો.

(છ) આ પહેલાં પણ એકવાર થયેલો પ્રયત્ન

આર્યરાજાનો વધ કરવાના પ્રયત્નો સર્પજાતિઓએ અનેકવાર કર્યા હતા. આ તેમનો છેલ્લો પ્રયત્ન હતો અને આ છેલ્લા પ્રયત્નમાં સર્પજાતિના યુવકની ઇચ્છા પૂર્ણ થઈ. આ પહેલાં જે જે પ્રયત્નો કર્યા હતા તેમાં તો તેને નિષ્ફળતાજ મળી હતી. તેનું કારણ એટલુંજ છે કે, પરિક્ષિતરાજા આત્મરક્ષણ કરવા સમર્થ ન હતો, જ્યારે તેના પૂર્વજોમાં આત્મરક્ષણ કરવા ઉપરાંત સામ્રાજ્ય વધારવાની શક્તિ પણ હતી. સર્પજાતિના નવયુવકોનાં કાવત્રાં એ અગાઉ પણ ચાલુજ હતાં;પરંતુ આર્યોની વીરતા વિશેષ હોવાથી તે અરાજકો તેમને કંઇપણ નુકસાન કરી શકયા ન હતા. પછી જ્યારે આર્યરાજાઓમાં વીરત્વની ઉણપ અને ભોગ-વૃત્તિ પ્રાધાન્ય ભોગવવા લાગી, ત્યારેજ અરાજકો સફળ થવા પામ્યા. ઘણે ભાગે અરાજકોનાં હથિયારોના પ્રયોગ આવા દુર્બળ રાજાઓ ઉપરજ ચાલે છે. હવે ત્યાર પહેલાંનાં કાવત્રાંવિષે પણ થોડુંક વર્ણન જોવું જોઇએ.

અર્જુન અને કર્ણનું યુદ્ધ થતી વખતે એક અરાજક સર્પ—નવયુવક અર્જુનનો વધ કરવાની ઇચ્છાથી કર્ણને મદદ કરવામાટે તેની પાસે ગયો હતો અને ખાસ જાતનાં બાણો પણ તેણે વીર કર્ણને આપ્યાં હતાં. જુઓઃ—

ततस्तु पातालतले शयानो । नागोऽश्वसनः कृतवैराऽर्जुनेन॥
अथोत्पपातोर्ध्वगतिर्जवेन । संदृश्य कर्णार्जुनयोर्विमर्दम् ॥
अयं हि कालोऽस्य दुरात्मनो वै पार्थस्य वैरप्रतियातनाय ।
संचिंत्य तूणं प्रविवेश चैव कर्णस्य राजन् शररूपधारी ॥(કર્ણપર્વ અ० ૯० શ્લોક૧૨થી૧૪)

અર્થાત્—"અર્જુનની સાથે વેર કરનારો પાતાળ દેશનો સર્પજાતિનો અશ્વસેન નામે એક માણુસ કર્ણ અને અર્જુનનું યુદ્ધ જોઇને વેગપૂર્વક ઉપર આવ્યો. અર્જુનનો બદલો વાળવાનો આજ ઉત્તમ સમય છે, એમ ધારીને તે કર્ણના ભાથામાં દાખલ થયો."

આ વર્ણનથી સ્પષ્ટ સમજાય છે કે, અર્જુન સાથે વૈર રાખનારા સર્પો હતા. અર્જુનનો નાશ કરવાની તક મળવાની તે અરાજક સર્પો વાટ જોતા હતા. કર્ણ અને અર્જુન વચ્ચે યુદ્ધ ચાલતું જોઇને તે વખતનો લાભ લેવાનો તે અરાજક સર્પોએ નિશ્ચય કર્યો.

વાચક જોઈ શકશે કે, આ અરાજક યુવકો કેવા ચતુર હતા. તેઓ ભીષ્મ, દ્રોણ વગેરે વીરો સાથે મળી જઇને અર્જુનનો નાશ કરવા તૈયાર થયા નહિ; કેમકે તેઓ સારી રીતે

જાણતા હતા કે, ભીષ્મ, દ્રોણ વગેરે વૃદ્ધ મહારથીઓ અર્જુનનો નાશ કદી કરવાના નથી અને તેમની સાથે ભળવા જતાં પોતાનોજ નાશ થશે.

અર્જુનનો વધ કરવા કર્ણ હૃદયપૂર્વક ઇચ્છતો હતો અને કેટલાંય વર્ષોથી પ્રયત્ન કરતો હતો; તેથી તેની સાથે મળી જતાં સર્પોને મુશ્કેલી નડે તેમ ન હતું. આજ કાર્યમાટે કર્ણે વિશિષ્ટ પ્રકારનાં હથિયારો એકઠાં કર્યાં હતાં અને કૌરવો પાસે કર્ણના જેવો અર્જુનનો કટ્ટો શત્રુ કોઇજ હતો નહિ. આથી તેટલાજ વેરવાળા સર્પયુવકો કર્ણ પાસે આવ્યા અને કર્ણ સાથે મળી જઇને અર્જુનનો નાશ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આ સર્પો અનેક પ્રકારનાં ઝેરી બાણો લાવ્યા હતા અને તે બાણો તેમણે કર્ણના ભાથામાં મૂકી દીધાં હતાં. આ બાણોથી અર્જુનનો વધ થાય એવી તેમની ઈચ્છા હતી.

તેમાંથી એક બાણ કર્ણે છોડયું, પરંતુ તે અર્જુનના મુકુટ ઉપર વાગ્યું. એ બાણમાં એવો મસાલો ભરેલો હતો કે તેને લીધે અર્જુનનો મુકુટજ બળી ગયો! જુઓ:—

स सायकः कर्णभुजप्रसृष्टो हुताशनार्कप्रतिमो महार्हः ।
महोरगः कृतवैरोऽर्जुनेन किरीटमाहत्य ततो व्यतीयात् ॥
तं चापि दग्ध्वा तपनीय चित्रं किरीटमाकृष्य तदर्जुनस्य ।
इयेष गंतुं पुनरेव तूणं दृष्टश्च कर्णेन ततोऽब्रवीत्तम् ॥ (કર્ણપર્વ અ૦ ૯૦ શ્લોક ૪૩-૪૪)

"કર્ણે છોડેલું તે બાણ અર્જુનના મુકુટમાં વાગવાથી તે મુકુટ બળી ગયો!" આવી જાતના ઘણાજ ઝેરી મસાલાથી તે બાણો તૈયાર કરેલાં હતાં. જો આ બાણ શરીર ઉપર વાગ્યું હોત તો શરીર પણ આ રીતે સળગીજ જાત! અરાજક યુવકોની આ કપટનીતિ આવી ભયંકર હતી; પરંતુ આ વખતે તો અર્જુન બચ્યો. ફરીથી તે અરાજક સર્પ કર્ણની પાસે આવ્યો અને કહ્યું કે:-

मुक्तस्त्वयाऽहं त्वसमीक्ष्य कर्ण शिरोहृतं यन्न मयाऽर्जुनस्य ।
समीक्ष्य मां मुंच रणेत्वमाशु हंताऽस्मि शत्रुं तव चात्मनश्च ॥(કર્ણપર્વ અ૦૯૦શ્લોક ૪૫)

અર્થાત્–"હે કર્ણ! પહેલીવાર તેં બરાબર તાકયા સિવાય બાણ છોડયું તેથી તે માથામાં નહિ વાગતાં મુકુટમાં વાગ્યું. હવે ફરીથી આ બાણ એવું તાકીને ચલાવ, કે જેથી તારા અને મારા બન્નેના શત્રુ–અર્જુનનો વધ આબાદ રીતે થાય." આ ભાષણ સાંભળીને કર્ણને મહાક્રોધ ચઢ્યો. કર્ણ જેવા અદ્વિતીય વીરને આ યુવકે કહ્યું કે:–"પહેલીવાર બરાબર તાકયા સિવાય બાણ ચલાવ્યું; હવે બરાબર તાકીને ચલાવ." આ શબ્દો કોઇ પણ વીરને અપમાનકારકજ લાગે; અને આત્માભિમાની કર્ણને તો તે અસહ્યજ થઇ પડયા. તે કઠોર શબ્દો સાંભળીને કર્ણે પૂછ્યું કે:–"તું કોણ છે?" તેણે જવાબ આપ્યો કે:—

नागोऽब्रवीद्विद्धि कृतागसं मां पार्थेन मातुर्वधजातवैरम् ॥ (મહા૦ કર્ણ૦ ૯૦-૪૬)

"મારી માતાનો વધ કરવાથી અર્જુને મારો મહા અપરાધ કર્યો છે, તેથી હું અર્જુનનો બદલો લેવા ઇચ્છું છું." આ સાંભળીને આત્માભિમાની વીર કર્ણ વીરગર્જનાથી બોલ્યો કે:—

न नाग कर्णोऽद्य रणे परस्य बलं समास्थाय जयं बुभूषेत् ॥ (મહા૦ કર્ણ૦ ૯૦-૪૭)

"હે સર્પ! વીર કર્ણ બીજાની શક્તિથી વિજય પ્રાપ્ત કરવા નથી ઇચ્છતો." અર્થાત્ આર્યજાતિના શત્રુની મદદથી કર્ણ આર્યવીરનો વિનાશ કરવા ઇચ્છતો નથી. કર્ણમાં પોતામાંજ પોતાના શત્રુને હરાવવા જેટલી તાકાત છે. કર્ણનું આવું ભાષણ સાંભળીને અરાજક સર્પયુવક હતાશ થઇ, કર્ણની મદદની આશા છોડી દઇને જાતેજ અર્જુનનો બદલો લેવા તત્પર થયો.

इत्येवमुक्तो युधि नागराजः कर्णेन रोषादसहंस्तस्य वाक्यम् ।

स्वयं प्रायात्पार्थवधाय राजन् कृत्वा स्वरूपं विजिघांसुरुग्रः ॥
ततः कृष्णः पार्थमुवाच संख्ये महोरगं कृतवैरं जहि त्वम् ॥ (મહા૦ કર્ણ૦ ૯૦-૪૯-૫૦)

"કર્ણનું આવું ભાષણ સાંભળીને તે સર્પ જાતેજ અર્જુનનો વધ કરવાની ઇચ્છાથી પોતાનું ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને અર્જુનના તરફ દોડયો. આ જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે, હે અર્જુન! આ સર્પ તારા ઉપર હુમલો કરવા આવે છે, માટે તે વૈરીનો તું નાશ કર."

આટલી હદસુધી સર્પકુમારો અને અર્જુનને વૈર હતું અને આવી રીતે નવયુવકો બદલો લેવામાટે પ્રયત્ન કરતા હતા; પરંતુ અર્જુન વગેરે અદ્વિતીય પ્રતાપી હોવાથી તેમની ઇચ્છા ફલિભૂત થતી નહોતી. આ રીતે અહીં પણ ઉપલા અરાજક સર્પનો પ્રયત્ન નિષ્ફળ ગયો. કર્ણે તેને મદદ કરવાની ના પાડી તેથી તે જાતેજ અર્જુન તરફ દોડયો, પણ અર્જુને તેને એકજ બાણથી યમરાજને ત્યાં મોકલી દીધો!

(જ) સર્પો અરાજક શામાટે થયા?

પ્રશ્ન એ થાય છે કે, સર્પજાતિને આર્યરાજાઓ સાથે આટલું બધું વૈર શામાટે હતું? આર્યરાજાઓએ સર્પજાતિ ઉપર એવા શા અત્યાચારો કર્યા હતા કે સર્પજાતિના લોકો રાજાનો વધ કરવાનો પણ પ્રયત્ન કરતા હતા? આનો જવાબ મહાભારતના લેખકજ આપે છેઃ-

योऽसौ त्वया खांडवे चित्रभानुं संतर्पयानेन धनुर्धरेण ।
वियद्गतो जननीगुप्तदेहो मत्त्वैकरूपं निहताऽस्य माता ॥
स एष तद्वैरमनुस्मरन्वै त्वां प्रार्थयत्यात्मवधाय नूनम् । (મહા૦ કર્ણ૦ ૯૦-૫૨-૫૩)

શ્રીકૃષ્ણ કહે છે કે, "હે અર્જુન! ખાંડવવન બાળતી વખતે તેં આ સર્પની માતાનો નાશ કર્યો હતો. તે સર્પિણીનો પુત્ર આ અશ્વસેન તે વૈર યાદ કરીને જાણે પોતાનો પણ વધ કરાવવા માગતો હોય એમ જણાય છે."

સર્પના ભાષણમાં પણ એજ વાત છે. દિગ્વિજયી અર્જુને ખાંડવવન બાળતી વખતે જે અત્યાચારો કર્યા હતા, તેજ કારણથી સર્પજાતિ આર્યો ઉપર અને ખાસ કરીને અર્જુનના વંશજો ઉપર ઘણું વૈર રાખતી હતી. અર્જુને ખાંડવવનમાં શું કર્યું હતું, તે પણ હવે આપણે જોવું જોઇએ. તેનો ઇતિહાસ આ પ્રમાણે છેઃ-

(ઝ) અર્જુને ખાંડવવનને બાળવું

પંજાબ પ્રાંતના ઇંદ્રપ્રસ્થ અને ખાંડવપ્રસ્થ નામે બે વિભાગ હતા. દિલ્હીની પાસેનો ભાગ ઇંદ્રપ્રસ્થ કહેવાતો તેમાં વસ્તી થઈ હતી અને નગરો વગેરે વસ્યાં હતાં. ખાંડવપ્રસ્થમાં એક બહુ ભારે જંગલ હતું. તેનો લગભગ બસો-ત્રણસો માઈલનો વિસ્તાર હતો. તે વખતે તે વન ઉપર તિબેટવાસી દેવસમ્રાટ્ ઇંદ્રનો અધિકાર હતો, અને તેના અધિકાર નીચે અસુર, દાનવ, રાક્ષસ, સર્પ વગેરે જાતિઓ ત્યાં રહેતી હતી.

અર્જુનને આર્યોની વસ્તી ત્યાં થાય તો સારૂં, એવો વિચાર આવ્યો; પરંતુ ત્યાં રહેવાનું કામ સહેલું ન હતું. અસુર અને રાક્ષસો તરફથી ત્યાં અનેક પ્રકારનાં કષ્ટો થવાનો સંભવ હતો; તેથી અર્જુન અને શ્રીકૃષ્ણે વિચાર કરીને નક્કી કર્યું કે, આ ખાંડવવનને આગ લગાડવી. તે નિશ્ચય પ્રમાણે તેમણે તે વનને ચારે બાજુથી આગ લગાડી અને નાસી જવાના માર્ગો હતા, ત્યાં ત્યાં પોતે હથિયારબંધ સજ્જ થઇને ઉભા રહ્યા. આથી તેમાં ઘણીએ જાતિઓ બળી મરી. જેમણે પણ તેમાંથી નાસી જવાનો પ્રયત્ન કર્યો, તેઓ અર્જુન વગેરે વીરોનાં તીક્ષ્ણ બાણોથી માર્યા ગયા. આ રીતે અર્જુને ખાંડવવનમાં રહેનારી સઘળી જાતિઓનો ક્રૂરતાપૂર્વક નાશ કર્યો હતો.

ખાંડવવન પંદર દિવસસુધી બળ્યાજ કર્યું, તે ઉપરથી પણ તે વનના વિસ્તારનો ખ્યાલ આવી શકશે. એવા વિશાળ વનમાં કેટલી જાતિઓનો નાશ થયો હતો તેનો કંઇ હિસાબજ નથી. તેનું વર્ણન પાઠક આદિપર્વના અંતિમ ભાગમાં જોઇ શકશે. અત્રે તેનો નમુનોજ આપીએ છીએઃ-

तौ रथाभ्यां रथिश्रेष्ठौ दावस्योभयतः स्थितौ । दिक्षु सर्वासु भूतानां चक्राते कदनं महत् ॥
समालिंग्य सुतानन्ये पितॄन्भ्रातॄनथाऽपरे । त्यक्तुं न शेकुः स्नेहेन तत्रैव निधनं गताः ॥

(મહા૦ આદિ૦ અ૦ ૨૨૮ શ્લોક ૧ અને ૬)

અર્થાત્-"વન બળતું હતું ત્યારે એક બાજુ અર્જુન અને બીજી બાજુ શ્રીકૃષ્ણ રહ્યા હતા અને ત્યાંનાં રહેનારાં મનુષ્યોનો નાશ કરતા હતા. કોઇએ પિતાને, કોઇએ બાળકને અને કોઇએ ભાઇને વળગીને પોતાનાં રહેવાનાં સ્થળોમાંજ પ્રાણ છોડયા; પણ સ્નેહવશાત્ તેઓ તેમને છોડી શક્યાં નહિ." આ સંહારનું વર્ણન દેવોના દૂતોએ ભગવાન ઇંદ્ર પાસે નીચે પ્રમાણે કર્યું હતુંઃ-

किं न्विमे मानवाः सर्वे दह्यन्ते चित्रभानुना । कच्चिन्न संक्षयः प्राप्तो लोकानाममरेश्वर ॥

(મહા૦ આદિ૦ ૨૨૮ શ્લોક ૧૭)

અર્થાત્-"હે ઇંદ્ર ! અગ્નિ જાણે પ્રલય કરવા તૈયાર થયો હોય તેમ તે માનવીઓને બાળવા લાગ્યો છે." ત્યારપછી કૃષ્ણ અને અર્જુન સાથે દેવોનું યુદ્ધ થયું, દેવો સંપૂર્ણ હાર પામી તિબેટમાં નાસી ગયા અને ખાંડવપ્રસ્થ પ્રદેશ ઉપર અર્જુનનો અધિકાર થયો. આ વનમાં હજારો અનાર્ય જાતિના લોકોનો નાશ થયો અને મહામુશ્કેલીએ છ માણસો બચ્યા હતા.

तस्मिन्वने दह्यमाने षडग्निर्न ददाह च । अश्वसेनं मयं चैव चतुरः शार्ङ्गकांस्तथा ॥

(મહા૦ આદિ૦ અ૦ ૨૩૦ શ્લોક ૪૭)

અર્થાત્-"સર્પજાતિનો યુવક અશ્વસેન તથા મય નામનો અસુર (જે કુશળ એંજીનિયર હતો) અને ચાર બ્રાહ્મણપુત્ર શાર્ઙ્ગક, એ છ જણા બચ્યા હતા." અશ્વસેનને ખોળામાં લઇને તેની માતાએ બચાવ્યો, પરંતુ અર્જુને તે સર્પિણી ઉપર પણ હથિયાર ચલાવ્યું અને સ્ત્રીવધ પણ કર્યો ! મયાસુર અસુરજાતિમાં મહાકુશળ એંજીનિયર હતો તેને બચાવ્યો હતો, તેથી તેણે આગળ જતાં પ્રત્યુપકારતરીકે પાંડવોને એક મહાન મહેલ તૈયાર કરી આપ્યો હતો. બીજા ચાર બ્રાહ્મણપુત્રો હતા તેથી બચ્યા હતા. બીજા સર્પ, અસુર અને રાક્ષસો કેટલા મર્યા, મરાયા અને બળી ગયા તેનો તો હિસાબજ નથી.

(૮) કેવળ સામ્રાજ્ય વધારવાના લોભનું પરિણામ

પોતાનું સામ્રાજ્ય વધારવામાટે આટલી બધી ક્રૂરતા અર્જુન અને શ્રીકૃષ્ણે ચલાવી; અને સંહારમાં બાળક, વૃદ્ધ, ગર્ભિણી સ્ત્રીઓ વગેરે કોઇને પણ છોડયાં નહિ ! આ રીતે પાંડવોએ પોતાનું રાજ્ય વધાર્યું. આજ કારણથી સર્પજાતિના નવયુવકો અરાજક બનીને અર્જુન અને તેના વંશજોનીજ પાછળ મંડયા રહ્યા હતા.

અશ્વસેન કર્ણ સાથે ભળી જઇને અર્જુનનો વધ કરવા માગતો હતો; પરંતુ અર્જુનના બાણથી તેજ મરી ગયો. ખાંડવવન બાળ્યું તે વખતે સર્પરાજ તક્ષક ખાંડવવનમાં ન હતો. કંઇક કામમાટે તે ઇંદ્રપ્રસ્થ ગયો હતો, એટલે તે બચી ગયો હતો; પરંતુ અર્જુને પોતાની જાતિનો આટલી બધી ક્રુરતાપૂર્વક સંહાર કર્યો હતો તે જોઇને તે તેનો કટ્ટો શત્રુ થયો. પ્રયત્ન કરવા છતાંયે અર્જુન મરાયો નહિ અને તેનો પુત્ર અભિમન્યુ નાનપણમાંજ કૌરવોને હાથે મરાયો; તેથી અર્જુનના પૌત્ર ઉપર અર્થાત્ સમ્રાટ્ પરિક્ષિત ઉપર પૂર્વોક્ત રીતે હુમલો કરીને સર્પજાતિના લોકોએ તેનો વધ કર્યો અને આ રીતે સમ્રાટ્નો વધ કરીને સર્પોએ અર્જુનના અત્યાચારોનો બદલો લીધો.

અરાજક સર્પોનો બદલો લેવાનો પ્રયત્ન આ રીતે ત્રણ પેઢી સુધી ચાલુ રહ્યો અને

પરિક્ષિતની વખતે તેઓ સફળ થયા; પરંતુ સફળ થયા તોપણ શું ? આર્યોએ એકત્ર થઇને સર્પસત્રદ્વારા ફરી પાછો સર્પજાતિનો એવો મહાસંહાર કર્યો, કે તે પછી એ સર્પજાતિ હજીસુધી પણ માથું ઉંચું કરી શકી નથી.

આથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, દિગ્વિજયી જાતિના વીરો હારેલી જાતિ ઉપર જે અત્યાચારો કરે છે, તેનો બદલો અરાજક અત્યાચારોવડે લેવાનો પ્રયત્ન કરવાથી હારેલી જાતિનો ઉદ્ધાર થવાનો કદીપણ સંભવ નથી. જેઓ અરાજક અત્યાચારો કરે છે, તેમનો ઉદ્દેશ ભલેને ગમે તે હોય, પણ તેઓ પોતાના અત્યાચારોથી સ્વજાતિની ઉન્નતિ કદી પણ કરી શકતા નથી. આથી પદદલિત જાતિઓએ અરાજક અત્યાચારો તરફ નહિ વળતાં બીજા અહિંસાત્મક અને અત્યાચાર સિવાયનાજ માર્ગોએ આક્રમણ કરીને સ્વજાતિની ઉન્નતિ કરવી જોઇએ.

સારાંશ એ છે કેઃ–(૧) દિગ્વિજયી જાતિ, દલિત જાતિ ઉપર અત્યાચાર કરે છે અને પોતાનું સામ્રાજ્ય વધારે છે; તેનેજ પરિણામે પદદલિત જાતિના લોકો અરાજક થાય છે–અર્થાત્ અરાજકતાનો ગુન્હો વાસ્તવમાં પદદલિત જાતિનો નથી, પણ દિગ્વિજયી જાતિની ક્રૂરતાનો છે. (૨) અરાજક વૃત્તિના અત્યાચારોથી ઉન્નતિની આશા નથી; પરંતુ નુકસાનજ વધારે છે, તેથી અત્યાચારવિનાનાજ માર્ગો યોગ્ય છે.

મહાભારતમાંથી આવો બોધ મળે છે. વાંચનારે પણ તેના ઉપર વધુ વિચાર કરવો જોઇએ.

(૬) સર્પજાતિની હકીકતમાંથી લેવાની સમજણ

હવે એ સર્પજાતિ કોણ હતી તેનો પણ અત્રે વિચાર કરવો જોઇએ.

" સર્પ " શબ્દનો અર્થ " ખસ, આઘો જા, આઘો ઉભો રહે " એવો થાય છે. એ ક્રિયાવાચક શબ્દ છે. આર્યજાતિ તેમના તરફ ઘૃણાની દૃષ્ટિએ જોતી હતી, તેથી જેમ દિગ્વિજયી યૂરોપીયનો હાલમાં આફ્રિકામાં હિંદુઓને રસ્તાઓ ઉપર ચાલવા દેતા નથી; શહેરોમાં રહેવા દેતા નથી; ગાડીઓમાં બેસવા દેતા નથી–અર્થાત્ દરેક વખતે " આઘો ઉભો રહે " એમજ કહે છે. તેજ પ્રમાણે દિગ્વિજયી આર્યલોકો પણ હલકી જાતિઓને કહેતા હતા. એ સમયના એ હલકા ગણાયલા લોકો તેજ "સર્પ" છે. આ જાતિ ઉપર કેટલો બધો અત્યાચાર થયો હતો, તેનું પણ થોડું વર્ણન આ લેખમાં ઉપર કર્યું છે.

અસ્તુ. તાત્પર્ય એ છે કે, પદદલિત જાતિના લોકો સાચેજ પોતાની ઉન્નતિ કરવા ઇચ્છતા હોય તો અરાજક વૃત્તિથી અત્યાચારો કરવાથી કે કોઇ સમ્રાટ્નું યા અમલદારનું ખૂન કરવાથી તેમને ઉન્નતિ પ્રાપ્ત થશે નહિ. તેમણે પોતાની ઉન્નતિ કરવામાટે અત્યાચારવિનાના અહિંસાત્મક ધર્મમાર્ગોજ લેવા જોઇએ. મહાભારતમાં અરાજક સર્પોના કાવત્રાની હકીકતથી એજ બાબત સમજાવી છે. આશા છે કે, વાંચનાર બંધુઓ તેનો વિચાર કરશે અને યોગ્ય બોધ લેશે.

૧૧–મહાભારતના સમયની દેશવ્યવસ્થા*

કૌરવપાંડવોના સમયને આપણે મહાભારતકાળ ગણવો જોઇએ. મહાભારત ગ્રંથની રચનાનો સમય તો તેના પછીનોજ છે. મહાભારતકાળમાં–અર્થાત્ કૌરવપાંડવોના સમયમાં

* મૂળલેખકની વિશેષ સૂચનાઃ–નિરુક્તાદિ ગ્રંથો જોવાથી આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક અને આધિયાજ્ઞિક વગેરે પક્ષોની હયાતિ સ્પષ્ટ દેખાઇ આવે છે. આધ્યાત્મિક પક્ષ આત્મા અને તેની શક્તિઓના વિચાર કરતો હતો, અને આધિભૌતિક પક્ષ એજ બાબતોને માનવ-ઇતિહાસની દૃષ્ટિએ જોતો હતો. આધિદૈવિક પક્ષ ગ્રહ, નક્ષત્ર અને તારાઓમાં એજ ભાવથી જોતો

તથા ત્યાર પહેલાંના વખતમાં આ પૃથ્વી ઉપરના વિવિધ દેશોની વ્યવસ્થા કેવી હતી, તે પણ વિચારપૂર્વક જાણવાની જરૂર છે. તે સમયની ભૂગોળનું બરાબર જ્ઞાન થાય, તે પછીજ સઘળી પૌરાણિક કથાઓનો ઇતિહાસ સમજાવાનો સંભવ છે, તે વિના નહિ. એટલે આ લેખમાં એ પ્રાચીન ભૌગોલિક દેશવ્યવસ્થાનો વિચાર કરવાની ધારણા છે. દેશોનો વિચાર કરતાં સૌથી પ્રથમ "દેવલોક" નો વિચાર કરવો જરૂરી છે; કેમકે દેવલોક નક્કી થતાંજ તેના સંબંધથી અન્યાન્ય દેશોનો નિર્ણય સુગમતાથી થઇ શકશે. આથી સૌથી પ્રથમ અમે દેવલોક સંબંધે વિચાર કરીએ છીએ.

૧૨—દેવલોક અથવા ત્રિવિષ્ટપ

શબ્દકોષોમાં દેવલોકનાં આટલાં નામો છેઃ—સ્વર્ગલોક, અમરલોક, સ્વર્લોક, સુવરલોક, સુરલોક, ધુલોક, વૃંદારકલોક, ત્રિદિવ, ત્રિદશાલય અને ત્રિવિષ્ટપ અથવા વિષ્ટપ. આ નામોમાંથી વિષ્ટપ અથા ત્રિવિષ્ટપ શબ્દ ખાસ વિચારવા જેવો છે.

હતો; ત્યારે આધિયાજ્ઞિક પક્ષ કેવળ યજ્ઞ કરાવનાર (યાજક) થવામાંજ સંતોષ માનતો હતો. આ બધા પક્ષોની યોગ્યાયોગ્યતા સિદ્ધ કરવાનો અત્રે અમારો ઉદ્દેશ નથી; પરંતુ એટલું બતાવવાનું છે કે, દેવલોક વગેરેનાં સ્થાન નિર્દેશ કરવાનો જે પ્રયત્ન આ ભાગમા કરેલો છે, તે આધિભૌતિક—અર્થાત્ માનવસમાજની દૃષ્ટિએ—ઐતિહાસિક દૃષ્ટિએ—જ કરેલો છે. આની શોધ ઘણીએ વધારે કરી શકાય; પરંતુ અમે એટલે દૂર સુધી જવાનો પ્રયત્ન આ લેખમાં કર્યો નથી, પણ માત્ર મહાભારતનાંજ પ્રમાણોને દૃષ્ટિસમક્ષ રાખીને આ વિચાર રજુ કરેલો છે.

ઇંદ્ર વગેરે શબ્દો આધ્યાત્મિક પક્ષમાં સૂર્ય વગેરેના સૂચક હોય એમ લાગે છે. તેજ રીતે આધિભૌતિક ઇતિહાસપક્ષમાં દેવ નામની જાતિના રાજાને બદલે પણ વપરાય છે. આ દૃષ્ટિએ આ આધિભૌતિક વિવેચન છે; અને આ વિષયોપન્યાસથી આધ્યાત્મિક વગેરે અન્યાન્ય પક્ષોનું ખંડન થતું નથી. જેઓ આ પક્ષોપન્યાસને બીજા પક્ષોનું ખંડન માનશે, તેઓ ઉપરના સઘળા પક્ષોના સમન્વયથી અજ્ઞાત છે, એમજ માનવું જોઇશે.

આત્મિક ઉપાસનાદ્વારા આત્મશક્તિનો વિકાસ કરવામાટે આધ્યાત્મિક પક્ષ જોરમાં છે અને તે સઘળા પક્ષો કરતાં ઉપરજ છે. તેનાથી બીજે નંબરે આધિભૌતિક પક્ષ આવે છે; અને ત્રીજે નંબરે માનવસમાજના ભાવ દર્શાવવાથી આધિભૌતિક પક્ષ આવે છે. અર્થાત્ ત્રણેનાં ક્ષેત્ર તદ્દન જૂદાં છે; તેથી એકની ચર્ચા કરતાં બીજાનું ખંડન થયું એમ માનવું, એ પ્રાચીન વિચારપદ્ધતિથી તદ્દન વિરુદ્ધ છે.

કથાઓમાં પણ ત્રણ ભેદ છે. સૃષ્ટિરચના વગેરેની કથાઓનો સંબંધ આત્મશક્તિ સાથે છે. કેટલીક કથાઓ સૂર્ય, ચંદ્ર વગેરે સાથે પણ સંબંધ રાખે છે અને કેટલીક કેવળ માનવઇતિહાસતરીકેજ છે. ઐતિહાસિક ગ્રંથોમાં ઉપલા ત્રણે પ્રકારની કથાઓ ભેગી થઇ ગયેલી હોવાથી માનવી કથાઓના દોષ જગત રચનારા દેવોને માથે પડે છે. જેમકેઃ—અહલ્યા અને ઇંદ્રની કથાવિષે. એ સંબંધને કેવળ માનવોનોજ ઇતિહાસ ગણાય, તો જગતની રચના કરનાર ઇંદ્રને તે દોષ લાગતો નથી. આ દૃષ્ટિએ કથાઓનું વર્ગીકરણ કરી સીધો માર્ગ મેળવવામાટેજ દેવ નામની માનવજાતિનાં સ્થાનોનો અત્રે નિર્દેશ કર્યો છે. આ પ્રમાણે શોધતાં શોધતાં સઘળી કથાઓ ત્રણે સ્થાનોમાં સંપૂર્ણરીતે વહેંચાઈ જશે, ત્યારેજ આ લેખનું પરિણામ વ્યક્તરૂપે વાચકોના હૃદયમાં પ્રવેશી શકશે.

આશા છે કે, વાચક આ રીતે વધુ વિચારવાનો પ્રયત્ન કરશે અને આ શોધખોળમાં મદદકર્તા થશે.

સ્વાધ્યાય મંડળ
ઔંધ (જી૦—સતારા)
૧૨, ચૈત્ર—સં૦ ૧૯૮૩

નિવેદક
શ્રીપાદ દામોદર સાતવળેકર

"ત્રિવિષ્ટપ"નું હાલનું અપભ્રંશરૂપ "તિબ્બત" અથવા 'તિબેટ' છે. આ પ્રદેશ હિમાલયની ઉત્તર દિશાએ આવેલો છે. સંસ્કૃતમાં વિષ્ટપ અને ત્રિવિષ્ટપ શબ્દ એકજ અર્થમાં વપરાય છે. વિષ્ટપ શબ્દ "विश्" ધાતુ ઉપરથી થયેલો છે. विश् ધાતુનો અર્થ અંદર જવું, પ્રવેશ કરવો, વગેરે સુપ્રસિદ્ધ છે; તેથી તેનો ધાતુ ઉપરથી નીકળતો અર્થ ' પ્રવેશ કરવા યોગ્ય પ્રદેશ ' એવો થાય છે. તિબેટનાં દશ્યોની સુંદરતા અને મનોહરતાને લીધે દરેક માણસ ત્યાં દાખલ થવાનો પ્રયત્ન કરે છે. તે દેશમાં જવાના ત્રણ માર્ગો છે, તે આ શબ્દોનો વિચાર કરવાથી સમજી શકાય તેમ છે. સંભવ છે કે ત્રિવિષ્ટપમાં જવાના અનેક રસ્તા હશે; પણ સઘળા માર્ગો સુગમ નથી, માત્ર ત્રણજ માર્ગ સુગમ છે. આટલુંજ એનું તાત્પર્ય સમજવા જેવું છે. હાલમાં પણ તિબેટમાં દાખલ થવાના સુગમ રસ્તા ત્રણજ છે. મનુષ્યપ્રયત્નથી હવે કદાચ વધારે રસ્તા પણ થઇ શકશે; પરંતુ જે વખતનો અમે વિચાર કરીએ છીએ, તે વખતે તો માત્ર ત્રણજ હતા; અને એટલોજ ભાવ "त्रि–विष्टप् " શબ્દથી ધ્વનિત થાય છે.

આ ત્રિવિષ્ટપમાં અર્થાત્ સ્વર્ગલોકમાં દેવો રહેતા હતા. સંસ્કૃતમાં "લોક" શબ્દ "દેશ" અથવા "રાષ્ટ્ર" ને બદલે વપરાય છે અને તેના આ પ્રમાણે અર્થ થાય છેઃ–"દેવલોક" શબ્દ "દેવોનો દેશ" અથવા "દેવોનું રાષ્ટ્ર" એ અર્થમાંજ વપરાય છે. "દેવરાષ્ટ્ર" શબ્દ સંસ્કૃતમાં પણ છે તથા મહારાષ્ટ્રમાં "દેવરાષ્ટ્રે" નામની એક જાતિ પણ છે, અને તે નામનું ગામ પણ છે. સતારા જીલ્લામાં દેવરાષ્ટ્ર પોસ્ટઑફિસ પણ છે. આ ગામ ઉપર કહેલા દેવોના રાષ્ટ્રમાંથી આવેલા વીરોએ પ્રથમ વસાવ્યું હતું. અમે આગળ ઉપર બતાવીશું કે, આ તિબેટની દેવજાતિના લોકોએ ભારતવર્ષમાં આવીને કેટલાંય ગામ અને શહેરો વસાવ્યાં હતાં. તેમાંનું આ પણ એક ગામ છે. તિબેટમાં એ પ્રાચીનકાળમાં જે માણસો રહેતા હતા; તેઓ પોતાને "દેવ" કહેવરાવતા હતા. આ એક વાત જો બરાબર સમજાશે તો એ ઉપરથી પુરાણની ઘણીખરી કથાઓ સમજાઇ જશે.

જેમ બંગાળના લોકો પોતાને બંગાળી કહે છે અને ચીન દેશના લોકો ચીના કહેવાય છે; તેજ પ્રમાણે આ દેવરાષ્ટ્ર અથવા દેવલોકના રહેવાસીઓનું નામ " દેવ " હતું–અર્થાત્ તેઓ પણ મનુષ્યોજ હતા. આવી સીધી સાદી વાત પણ ઘણા માણસો ભૂલી જાય છે, અને તેથીજ મહાભારતની કેટલીક કથાઓ તેમના સમજવામાં આવતી નથી; અને કોઇ વાર લોકો અર્થનો અનર્થ કરી બેસે છે. વાચકો અસુર, દાનવ તથા રાક્ષસ વગેરેનાં વર્ણન આ લેખમાં વાંચશે; ત્યારે તેમને ખાત્રી થશે કે, તેઓ પણ મનુષ્યજ હતા. પરંતુ જૂદા જૂદા દેશોમાં રહેવાથી તે જૂદી જૂદી જાતિઓનાંજ જૂદાં જૂદાં નામો તે સમયે પ્રસિદ્ધ હતાં.

પુરાણો અને ઇતિહાસોની કથાઓનુ મનન કરતી વખતે કેટલાક લોકો યૌગિક અર્થને મારી મચડીને ઘુસાડી દઇ તેનું ઐતિહાસિક સત્ય નષ્ટભ્રષ્ટ કરવાનો નિંદ્ય પ્રયત્ન કરે છે. તેમના પ્રયત્નનું હલકું સ્વરૂપ પણ અમે આ લેખમાં જણાવીશું. અમે કદી પણ કહેવા માગતા નથી કે, આ દેવ વગેરે શબ્દોના યૌગિક ભાવ નથી. અમે પણ માનીએ છીએ કે, તે શબ્દોના યૌગિક અર્થ પણ થાય છે; પરંતુ તે અર્થ આધ્યાત્મિક–અર્થાત્ તત્ત્વજ્ઞાનવિષેજ વિચાર કરવામાં ઉપયોગી છે. ઐતિહાસિક શોધખોળ વખતે તે અર્થ ઘટાવવા યોગ્ય નથી.

નિરુક્તકાર આધ્યાત્મિક અર્થની સૂચના યૌગિક અર્થદ્વારા બતાવતા હોવા છતાં ઐતિહાસિક તાત્પર્ય પણ સાથેસાથે બતાવી દે છે, તેનું પણ આજ કારણ છે. નૈરુક્ત યૌગિક અર્થો લેવા છતાં પણ તે શબ્દોના બીજાં સ્થળોએ પ્રકટ થતા ઐતિહાસિક વગેરે અર્થો કંઇ મારાં જતા નથી. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે, ઐતિહાસિક પ્રસંગોમાં દેવજાતિ-

ના માનવો તે પ્રાચીન તિબેટમાં રહેતા હતા, એવોજ અર્થ લેવો જોઈએ-અર્થાત્ તિબેટમાં રહેનારા લોકો દેવજાતિના હતા. દેવશબ્દના આધ્યાત્મિક અને યૌગિક અર્થ આ પ્રમાણે જૂદાજ છે; પરંતુ તે અર્થો થવા છતાંપણ પ્રાચીનકાળમાં દેવજાતિના લોકો હયાત હતા, એ વાત કાંઈ એથી ઉડી જઇ શકતી નથી.

તે "દેવ" નામના લોકો ત્રિવિષ્ટપ અર્થાત્ તિબેટમાં રહેવા છતાં વખતોવખત ભારતવર્ષમાં પણ આવતા હતા અને અહીંના વીરો સાથે લડતા હતા. કોઇ વાર તેઓ અહીંના રાજાઓ સાથે મિત્રતા પણ કરતા હતા; અને અહીંની સ્ત્રીઓ સાથે શરીરસંબંધ કરીને સંતાન પણ ઉત્પન્ન કરતા હતા. વળી કોઇ કોઇ વાર તેઓ આર્યાવર્તના વીરોથી હારતા પણ હતા. તાત્પર્ય એ છે કે, બે જૂદી જૂદી માનવજાતિઓમાં જે જે સામાજિક અને રાજકીય સંબંધ હોવાનો સંભવ છે, તે સઘળો સંબંધ ભારતવાસીઓ અને ત્રિવિષ્ટપ દેશના દેવલોકો વચ્ચે પ્રાચીનકાળમાં હતો. એ વિષે કેટલાંક ઉદાહરણો પણ અમે વિસ્તારપૂર્વક આગળ આપીશું, પરંતુ માત્ર સહજ સૂચનપૂરતાં અત્રે પણ થોડાંક આપીએ છીએઃ-

૧-દેવરાજ ઇંદ્રના કુંતી સાથેના શરીરસંબંધથી અર્જુનની ઉત્પત્તિ થવી.
(આદિપર્વ અ૦ ૧૨૩, શ્લોક ૨૨-૨૫)

૨-અર્જુનનું ઇંદ્ર સાથે યુદ્ધ થતાં ઇંદ્રનો પરાભવ થવો. આ વૃત્તાન્ત ખાંડવદાહ પર્વમાં પાઠક જોઇ શકશે.
(આદિ૦ અ૦ ૨૨૯)

૩-દશરથરાજા દેવરાજ ઇંદ્રને મદદ કરવામાટે સ્વર્ગમાં ગયા હતા અને અસુરો સાથેના યુદ્ધમાં તેમણે દેવોના પક્ષમાં રહી યુદ્ધ કર્યું હતું.
(રામાયણ અયોધ્યાકાંડ-સર્ગ ૧૨, શ્લોક ૧૮-૧૯)

૪-અર્જુન શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવામાટે સ્વર્ગમાંજઇ ઇંદ્રપાસે રહ્યોહતો.(વન૦અ૦૪૪-૪૫)

આ રીતે સેંકડો કથાઓ ઇતિહાસમાં તથા પુરાણગ્રંથોમાં છે; અને તે થોડાઘણા ફેરફાર સાથે તો ઘણાઓ જાણે છે. આથી સિદ્ધ થાય છે કે, "દેવો" પણ એક જાતના મનુષ્યોજ હતા અને તેઓ તિબેટમાં રહેતા હતા. ભારતભૂમિમાં જેઓ રહેતા હતા તેઓ આર્ય કહેવાતા હતા; મનુષ્ય વગેરે પણ તેમનાંજ નામ હતાં; અને અસુર વગેરેની ભિન્ન જાતિવાળાઓ પણ મનુષ્યજ હતા. આ દેવજાતિવાળાઓ પણ મનુષ્ય હતા, એ સિદ્ધ કરવા માટે "દેવયોનિ"ના લોકોનો પણ વિચાર કરવો જોઇએ.

(ક) દેવયોનિ અને તેમની દશ જાતિઓ

આ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ-"देवाः योनिः उत्पत्तिस्थानं येषां ते देवयोनयः" (અમર વ્યાખ્યા ભટ્ટોજી દીક્ષિત) અર્થાત્ "દેવજ જેની ઉત્પત્તિમાં કારણરૂપ છે." આ અર્થનો અંતર્ગત ભાવ એવો છે કે દેવોના પિતૃસંબંધથી આ દેવયોનિઓની ઉત્પત્તિ થઇ. આ ઉત્પત્તિ જો કે દેવોથીજ અર્થાત્ પૂર્વોક્ત દેવજાતિના પુરુષોથીજ થઇ છે; છતાં પણ દેવજાતિથી જૂદી જાતિની સ્ત્રીઓથી થઇ છે, એ ખાસ વાત અહીં યાદ રાખવી જોઇએ.

જેમ આપણા હિંદુસ્થાનમાં યૂરોપીયન પુરુષોના સંબધથી હાલમાં હિંદી સ્ત્રીઓમાં સંતાન થાય છે; અને તે સંતાન "યૂરેઝીયન" અર્થાત્ (યૂરૂ+એશિયન=) યૂરોપીયન અને એશીયન જાતિથી ઉત્પન્ન થયેલાં સંતાન કહેવાય છે. બરાબર તેજ પ્રમાણે દેવજાતિનો પુરુષ અને બીજી જાતિની સ્ત્રીથી થયેલાં સંતાન "દેવયોનિ" નામથી તે વખતે ઓળખાતાં હતાં. સ્વજાતિની વિવાહિત પત્નીમાં સંતાન ઉત્પન્ન કરવું, એ ધર્મની વાત છે; પરંતુ આ [illegible]પાસનાથી પ્રેરાઇને હારેલા દેશની સ્ત્રીઓમાં સંતાન ઉત્પન્ન કરવાં, એ કંઇ

વખાણવા જેવી વાત નથી. આ "દેવયોનિ" નામનાં સંતાન એ વાતની સ્પષ્ટ જાહેરાત કરે છે કે, દેવજાતિના પુરુષોમાં બ્રહ્મચર્યનું લોકો વર્ણવે છે તેટલું બધું તીવ્ર તપોબળ ન હતું. આ દેવયોનિના લોકો મિશ્રિત સંતાનો હતાં. તિબેટના દેવજાતિના પુરુષોનું વીર્ય અને તિબેટની આજુબાજુના પહાડીઓની સ્ત્રીઓના રજના મિશ્રણથી "દેવયોનિ" નામક દશ જાતિઓ ઉત્પન્ન થઈ હતી. જુઓઃ-

विद्याधराप्सरोयक्षरक्षो गन्धर्वकिन्नराः ।
पिशाचो गुह्यकः सिद्धो भूतोऽमी देवयोनयः॥ (અમર૦ ૧-૧૧)

"વિદ્યાધર, અપ્સરસ્, યક્ષ, રક્ષસ્, ગંધર્વ, કિન્નર, પિશાચ, ગુહ્યક, સિદ્ધ અને ભૂત, એ દશ દેવયોનિના લોકો છે." અર્થાત્ દેવયોનિમાં દશ જાતના લોકો ગણાય છે. પાઠક પૂછશે કે, દેવયોનિમાં દશ જાતિઓ શી રીતે પેદા થઈ? તેનું વાસ્તવિક સ્વરૂપ સમજવા માટે હાલની પરિસ્થિતિનોજ વિચાર કરવાની જરૂર છે. યૂરોપીયનોનું સામ્રાજ્ય લગભગ ઘણાખરા દેશોમાં છે. હિંદુસ્થાન, ઇજીપ્ત, આફ્રિકા, અરબસ્તાન, અમેરિકા વગેરે સ્થળોએ તેમનું રાજ્ય છે; અને ઘણે ભાગે આ યૂરોપીયનો જ્યાં જ્યાં વિજય કરતા જઇ પહોંચ્યા છે, ત્યાંની હલકી જાતિઓની સ્ત્રીઓસાથે સંબંધ કરીને તેમણે મિશ્રસંતાન પણ ઉત્પન્ન કર્યાં છે. દરેક જાતિની સ્ત્રીઓનાં દેશ અને જાતિ જૂદી જૂદી હોવાથી તેમનાથી ઉત્પન્ન થયેલાં મિશ્રસંતાન તેટલી જૂદી જૂદી જાતોનાં હોય એ સ્વાભાવિકજ છે. હિંદી મિશ્રસંતાન અને હબસી મિશ્રસંતાનની એક જાતિ હોતી નથી. એજ પ્રમાણે દશ જૂદી જૂદી જાતિઓની સ્ત્રીઓની સાથે દેવજાતિના પુરુષોનો શરીરસંબંધ થવાથી ઉપર પ્રમાણેની દશ "દેવયોનિ" નામની જૂદી જૂદી જાતો ઉત્પન્ન થઇ હતી. હવે તે સંબંધી જુઓઃ—

૧-ભૂતજાતિ-ભૂતસ્થાન જેને હાલમાં 'ભૂતાન' કહે છે,તેમાં ભૂતજાતિ રહેતી હતી. આ ભૂતાન નેપાળની પૂર્વદિશાએ અને બંગાળની ઉત્તરદિશામાં તથા તિબેટની દક્ષિણદિશાએ હિમાલયના ડુંગરાઓમાં છે. ત્રિવિષ્ટપના દેવોએ આ ભૂતીઆઓને હરાવ્યા અને ત્યાં દેવજાતિના વીરો રાજ્ય કરતા હતા, તે વખતે દેવજાતિના પુરુષોથી ભૂતીઆઓની સ્ત્રીઓમાં જે મિશ્રસંતાન થયાં તે "ભૂત" નામથી પ્રસિદ્ધ થયાં. સંભવ છે કે, તે દેશના મૂળ રહેવાસીઓનું તે વખતનું નામ કંઇ જૂદુંજ હશે; પરંતુ હાલમાં તે નામનો પત્તો લાગતો નથી. સંભવ છે કે, પુરાણોમાં વધારે શોધવામાં આવે તો ભૂતજાતિનું પ્રાચીન નામ પણ મળી આવે.

આજે પણ આ ભૂતજાતિ હયાત છે અને તેમના દેશનું નામ "ભૂતાન" છે. એ વાત તો સ્પષ્ટ છે કે, આ જાતિ દેવયોનિ-અર્થાત્ દેવજાતિના પુરુષોથી ઉત્પન્ન થઇ હતી; અને તેથી અમે કહીએ છીએ કે, ભૂતજાતિના પિતારૂપ દેવજાતિના પુરુષો પણ ભૂતજાતિના મનુષ્ય જેવાજ હોવા સ્વાભાવિક છે. ભૂતજાતિનુ હાલમાં અસ્તિત્વ પણ છે, તે આ પ્રકારની ઐતિહાસિક શોધમાં ઘણુંજ સહાયક છે; એ વાત આટલા વિવેચન ઉપરથી વાચકોના ખ્યાલમાં આવી ચુકી હશે. ઉપરની દેવયોનિવાળી મિશ્રજાતોમાંથી ભૂતજાતિનો આટલો વિચાર કર્યો. હવે તેની સાથેની પિશાચ જાતિનો વિચાર કરીશું.

૨-૩-પિશાચજાતિ અને સિદ્ધજાતિ-કાશ્મીર અને અફગાનિસ્તાનની આસપાસ-માં પિશાચજાતિ રહેતી હતી. પિશાચ લોકો હાલમાં હયાત હોય તેમ લાગતું નથી; છતાં પણ પિશાચભાષા અને પિશાચભાષાના ગ્રંથો તો હયાત છે. સુપ્રસિદ્ધ "કથાસરિત્સાગર" ગ્રંથ મૂળ પિશાચભાષામાંજ લખાયો હતો; તથા બીજા અનેક ગ્રંથો પિશાચભાષામાં

લખેલા મળી આવે છે. નાટકોમાં સ્ત્રી, શૂદ્રો વગેરે પ્રાકૃત ભાષા વાપરે છે, તે પ્રાકૃત ભાષાની અનેક જાતો છે. શૌરસેની, મહારાષ્ટ્રી, અપભ્રંશ તથા પૈશાચી, એ ચાર જાતો તેમાં મુખ્ય છે. એ ચાર જાતોમાંથી પૈશાચી સૌથી હલકી જાતની છે—અર્થાત્ તે ઘણા હલકી જાતિના લોકોથી બગડેલી બોલી છે. આથીજ નાટકોમાં પણ પ્રતિષ્ઠિત પાત્રોના મુખમાં તે બોલી મૂકાતી નથી; પરંતુ હલકી કોટીનાં મનુષ્યોમાટે યોજાય છે.

આથી સિદ્ધ થાય છે કે, પિશાચજાતિ એક ઘણી નીચ જાતિ હતી. તેની બોલી નાટકોમાં પણ ઉચ્ચ વર્ણના લોકો વાપરતા નથી; પરંતુ નીચ જાતિનાજ લોકો તે વાપરે છે. આ નીચ અને હલકી—પિશાચજાતિના લોકો 'દેવયોનિ'ના લોકો છે—અર્થાત્ તેમના પિતા દેવજાતિના પુરુષ અને માતા કોઇ બીજી જાતની સ્ત્રી, એ જાતના તેઓ મિશ્રસંતાન છે.

"पिशितं मांसं अश्नाति इति पिशाचः ।"

અર્થાત્—"માંસ ખાનારા પિશાચ" કહેવાય છે.માંસભક્ષી—ઘાસ ખાનારા—એવા અર્થનો પિશાચ શબ્દ છે. આ શબ્દ સ્પષ્ટ રીતે બતાવે છે કે, જે લોકોએ એ જાતિના લોકોને એ નામ આપ્યું, તેઓ અવશ્ય માંસભક્ષી નહોતા.

ત્રિવિષ્ટપથી પશ્ચિમ અને દક્ષિણદિશાની મધ્યમાં—નૈઋત્ય દિશામાં પિશાચજાતિનું અસ્તિત્વ હતું; તેથીજ નૈર્ઋત્ય દિશાનું આ નામ વિનાશસૂચક છે. निर्ऋति શબ્દનો અથ સંસ્કૃત ભાષામાં 'વિનાશ, દુઃખ, મૃત્યુ'વગેરે પ્રકારનો થાય છે. પિશાચો, માંસભક્ષકો તથા ક્રૂર હિંસક મનુષ્યોનું અસ્તિત્વ આ નૈઋત્યદિશામાં હોવાથી સંભવ છે કે, એ દિશાનું પણ વિનાશસૂચક નામ પડ્યું હશે. આ વિચારવાથી પણ જણાય છે કે, પિશાચ જાતિના લોકો મહાક્રુર કર્મ કરનારા હતા અને એજ કારણથી લોકો તેમનાથી ડરતા હતા.

હાલ પણ એવી ૨ જાતિઓ છે અને તેમનાથી ગામડીઆ લોકો ડરે છે. તે જાતિઓનાં નામ લખવાની જરૂર નથી; કેમકે તેનો અનુભવ સૌ કોઇને છે. એજ પ્રમાણે પ્રાચીન કાળના પિશાચ લોકો ખૂબ ઘાતકી કર્મો કરનારા હતા અને તેમનાથી સઘળા લોકો દુઃખી થતા હતા. આ જાતિ દેવોના વીર્યથી ઉત્પન્ન થઇ હતી. આથી સિદ્ધ થાય છે કે, દેવજાતિ પણ માણસોના જેવીજ હતી અને તે તિબેટમાં રાજ્ય કરતી હતી.

આ પિશાચના જેવાજ ગુણવાળી જાતિ "સિદ્ધ" તરીકે ઓળખાય છે, અને તે પણ "દેવયોનિ"જાતનીજ છે. સિદ્ધ શબ્દ હિંસાર્થક "सिध्" ધાતુથી બન્યો છે. જેઓ યોગાદિ સિદ્ધિઓ પ્રાપ્ત કરવાથી સિદ્ધ પુરુષ કહેવાય છે, તેઓ આ સિદ્ધ જાતિથી જૂદા પ્રકારના અને જૂદી કોટીના છે. આ દેવયોનિમાંની સિદ્ધ જાતિ પણ ઘણીજ ક્રૂર અને હિંસક હતી. હાલમાં તે જાતિ ઘણે ભાગે નાશ પામી છે.

૪–ગંધર્વ જાતિ—વિદ્યાધર, અપ્સરા, યક્ષ, ગંધર્વ, કિન્નર, ગુહ્યક વગેરે પહાડી જાતિઓ હોઇને તેઓ તિબેટના દક્ષિણભાગમાં તથા ભારતવર્ષના ઉત્તરભાગમાં હિમાલયની પહાડીઓમાં રહેતી હતી. એમાં જે "ગંધર્વ" શબ્દ છે, તે ઘણે ભાગે "गां-धर्व" અર્થાત્ (गां) પૃથ્વીનું (धर्व) ધારણ કરનાર એ શબ્દનું રૂપ લાગે છે. જે રીતે "भू-धर" શબ્દ પહાડ યા પર્વતનોપર્યાય છે, તેજ રીતે "गां-धर" અથવા ગાંધર્વ, ગંધર્વ એ શબ્દો પણ પહાડના પર્યાય લાગે છે.

भू-धर	એટલે	(ભૂમિને	ધારણ	કરનાર)	
गां-धर(धर्व)	"	"	"	"	
गं-धर्व	"	"	"	"	

આ સમાનતાને લીધે ઉપલી વાત અવશ્ય સૂચિત થાય છે. અપ્સરાઓને રહેવાનું સ્થાન તિબેટ અને ભારતવર્ષ વચ્ચે–અર્થાત્ હિમાલયની પહાડીઓમાં હતું, એ વાત સુપ્રસિદ્ધ છે. આ પહાડીઓમાંથી અપ્સરાઓ દેવલોકના દેશમાં પણ જતી હતી અને આ બાજુ આર્યોના દેશમાં પણ આવતી હતી. પુરૂરવા–ઉર્વશી વગેરેની કથાઓમાં તેમના આવવા જવાનું જે વર્ણન છે, તે ઉપરથી આ વાત સ્પષ્ટ થાય છે.

૫-યક્ષજાતિ–ઉપરની દેવયોનિ જાતિઓમાં "યક્ષ" પણ છે. આ નામ નીચે પ્રમાણે થાય છેઃ–

१–इः इव अक्षिर्णी यस्य । २–इः ह्यक्षिषु यस्य ।

અર્થાત્ (૧) કામદેવ જેવી આંખોવાળો; અથવા (૨) જેની આંખોમાં કામ છે તે. "इ" શબ્દનો અર્થ "કામદેવ, કામવિકાર, ક્રોધાદિ ભાવ, આંખોના વિકાર" વગેરે છે. કામક્રોધાદિ વિકારો પણ આંખ ઉપરથી જણાય છે. કેટલાકની આંખોમાં અસ્વાભાવિક વિકાર હોય છે–અર્થાત્ બીજાઓના જેવી તેમની આંખો નથી હોતી. પહાડી લોકોની આંખો થોડી ત્રાંસી, નાની અને જરાક વાંકી જેવી હોય છે. ચીની, જાપાની વગેરે મંગોલિયન જાતિના જેવી આંખોવાળાજ હિમાલયના પહાડી લોકો હોય છે. આ આંખોનો ભેદ ઉપરની ઉત્પત્તિદ્વારા બતાવ્યો છે.

આ લક્ષણ પણ હિમાલયની પહાડીઓમાં રહેનારાઓમાં બેસતું આવે છે; અને એ જાતિ "દેવયોનિ" હોવાથી ત્રિવિષ્ટપના વીરોની સાથે સંબંધ રાખે છે.

ઉપલું પાંચ જાતિઓનું વર્ણન દર્શાવે છે કે, દેવજાતિ પણ તેમના જેવી મનુષ્યજાતિજ હતી, અને 'દેવ' એ તો તેમનું નામજ હતું. જગતની રચના વગેરે કરનારા દેવો સાથે તેમને કોઇપણ પ્રકારનો સંબંધ નથી.

(ખ) ગણદેવ

દેવોનાં નામોમાં એક નામ "વૃંદારક" છે. આમાં "વૃંદ" શબ્દ સમૂહવાચક છે. સમૂહ, સંઘ, વ્યૂહ વગેરે ભાવો આ વૃંદ શબ્દમાં છે. જે ઘણા સંઘબળવાળા હોય તેઓ વૃંદારક કહેવાય છે–અર્થાત્ દેવોમાં અનેક સંઘ હતા, અને દરેક સંઘ વિલક્ષણ શક્તિ ધરાવતો હતો. એ દેવોના સંઘોમાં જેટલી એકતા હતી તેટલી તે વખતની બીજી કોઇપણ જાતિઓમાં દેખાતી ન હતી.

આ બધા દેવો ગણશઃ રહેતા હતા–અર્થાત્ એક સંઘમાં (ટોળાબંધ) રહેતા હતા; તેથીજ તેમને ગણદેવ કહેતા હતા. દરેક ગણના મુખીને " ગણપતિ " કહેતા હતા. ગણશઃ અથવા સંઘશઃ રહેવાનું તાત્પર્ય કે ખાનપાન, ઉપભોગ, રહેવું–સહેવું, પરણવું વગેરે બધી બાબતો આ ગણદેવો સંઘસાથેજ કરતા હતા. હાલમાં આવી બાબત કોઈપણ સ્થળે પ્રચલિત નથી, એટલે પાઠકોને પ્રત્યક્ષ બતાવાય તેમ નથી; પરંતુ કલ્પનાથીજ પ્રત્યક્ષ કરી શકાય તેમ છે. એનો બરાબર ખ્યાલ આવી શકે તેટલા માટે તેમની સાંઘિક સ્ત્રીઓની કલ્પનાને પ્રથમ વિચારવી જોઇએ.

(ગ) ગણોની સ્ત્રી–ગણિકા

ગણોમાં જેઓ હોય અને તે બધાને માટે જે સ્ત્રીઓ રાખેલી હોય, તેમનાં નામ સંસ્કૃતમાં "ગણિકા, યૂથી, યૂથિકા, બહુસ્ત્રી" વગેરે છે. એક વાત યાદ રાખવી જોઇએ કે, ગણોમાં રહેનારા પુરુષોમાટે જૂદી જૂદી સ્ત્રી નહોતી. ગણોમાં રહેનારા બધાઓ માટે કેટ-

લીક સ્ત્રીઓ રાખેલી હોય, તેનું નામ ગણિકા કહેવાય છે. ગણોની સ્ત્રી હોવાથી તેને ગણિકા, સંઘની (યૂથની) સ્ત્રી હોવાથી યૂથી અથવા યૂથિકા, એ નામો તે સમયની દેવજાતિના લોકોની સામાજિક સ્થિતિ બતાવે છે. એ દેવજાતિના મનુષ્યો જૂદાં જૂદાં કુટુંબ બનાવવાની સ્થિતિમાં ન હતા, તેથી તેઓ બધા ભોગો સંઘપૂર્વક ભોગવતા હતા. દેવોનાં વર્ણનોમાં ઘણાજ થોડા દેવોનાં લગ્ન થયેલાં અને પુત્રાદિ પરિવાર થયેલા જણાય છે. ઘણેભાગે તેઓ દેવોના મુખીઓજ હતા. જેમકે અગ્નિ, ઇંદ્ર, વિષ્ણુ, મહાદેવ, વગેરે. ગણદેવો આ લોકો કરતાં જૂદી જાતના છે. દેવોના આ બે ભેદ વાચકોએ ખાસ ધ્યાનમાં રાખવા જોઇએ. ગણદેવોનું વર્ણન વાચક નીચેના શ્લોકોમાં જોઇ શકશેઃ—

आदित्यविश्ववसवस्तुषिता भास्वराऽनिलाः ।
महाराजिकसाध्याश्च रुद्राश्च गणदेवताः ॥ (અમર૦ ૧-૧૦)

અર્થાત–"આદિત્ય, વિશ્વ, વસુ, તુષિત, ભાસ્વર, અનિલ, મહારાજિક, સાધ્ય અને રુદ્ર, એ નવ ગણદેવો છે." જેઓ તેમનાથી જૂદી જાતના છે, તેઓ ગણદેવ નથી–અર્થાત તેઓ ધર્મપત્ની વગેરે જૂદું રાખીને રહેતા હતા; પરંતુ ગણદેવોની રહેવાની રીત સંઘપૂર્વક હતી. આટલો ભેદ વાચકો જરૂર ખ્યાલમાં રાખે. જ્યાં સ્ત્રીઓ ઉપર પણ સંઘનોજ અધિકાર હોય છે, ત્યાં પોતાની માલિકીનું મકાન વગેરે બનાવવું, એ પણ મુશ્કેલ હોય છે; કેમકે સ્ત્રીનો એકજ પતિ સાથે સંબંધ નક્કી હોય તોજ જૂદાં જૂદાં કુટુંબ થવાનો સંભવ છે. જે સ્થિતિમાં સામુદાયિક જીવનજ ગાળવું પડે છે, તે સ્થિતિમાં જૂદા કુટુંબની કલ્પના કરવી પણ કઠણ હોય છે; અને તેથી આ ગણસંસ્થા કૌટુંબિક સંસ્થાની પહેલાંની છે, એમ માનવું જોઇએ.

(ધ) ગણદેવોના ભેદ

નીચેના શ્લોકોમાં ગણદેવોના અંદર અંદરના ભેદોનું વર્ણન પણ વાચક જોઇ શકશે.

आदित्या द्वादश प्रोक्ता विश्वेदेवा दश स्मृताः। वसवश्चाऽष्ट संख्याता षड्विंशस्तुषिता मताः॥
आभास्वराश्चतुः षष्टिर्वाताः पंचाशदूनकाः। महाराजिकनामानो द्वे शते विंशतिस्तथा ॥
साध्या द्वादश विख्याता रुद्राश्चैकादश स्मृताः ।

આ શ્લોકોમાં ગણદેવોના આંતરિક ભેદોનું વર્ણન કરેલું છે. બાર આદિત્ય, દશ વિશ્વેદેવ, આઠ વસુ, છવ્વીસ તુષિત, ચોસઠ આભાસ્વર, ઓગણપચાસ અનિલ (મરુત), બસોને વીસ મહારાજિક, બાર સાધ્ય અને અગિયાર રુદ્ર, એટલા ગણદેવોના પેટા વિભાગ છે.

જેવી રીતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોમાં જે હજારો જાતિભેદો થયા છે, તે ઉપજાતિ તરીકે ગણાય છે; તેવાજ પ્રકારના આ ગણદેવોના પેટા ભેદ છે. વાચક અહીં પૂછશે કે, વૈદિક દેવોના આ ભેદ બતાવ્યા છે, માટે તે શબ્દો ઉપરથી દેવજાતિના તિબેટનિવાસી મનુષ્યોનું વર્ણન શી રીતે ઘટાવી શકાય? આ શંકાના જવાબમાં એટલુંજ કહેવાનું કે, દેવજાતિના જે મનુષ્યો પ્રાચીનકાળમાં હિમાલયની ઉત્તરબાજુએ તિબેટમાં રહેતા હતા, તેઓ પોતાનાં વૈદિક નામોજ રાખતા હતા. આ વિષે મનુમહારાજ પણ કહે છે કેઃ-

सर्वेषां तु स नामानि कर्माणि च पृथक्पृथक् ।
वेदशब्देभ्य एवादौ पृथक्संस्थाश्च निर्ममे ॥ (મનુસ્મૃતિ ૧-૨૧)

અર્થાત–" તેમણે બધાનાં નામ તથા જૂદાં જૂદાં કાર્યોનાં નામ પણ વેદમાંનાજ શબ્દો મુજબ પાડયાં અને સંસ્થાઓ પણ તે ઉપરથીજ જૂદી જૂદી બનાવી."

દેવજાતિ પોતાને દેવ માનતી અને પોતાના અધિકારીઓનાં નામ ઇંદ્ર, બૃહસ્પતિ

વગેરે રાખતી; તથા ઐંદ્રી, મારુતી, ગણુરાજ વગેરે સંસ્થાઓ બનાવવામાં આવી, તે પણ વૈદિક શબ્દોને અનુસરીનેજ તેમણે કર્યું હતું. મનુએ પણ એજ આશય ઉપરના શ્લોકોમાં વર્ણવ્યો છે. તેનું તાત્પર્ય સમજવાથી પૂર્વોક્ત દેવજાતિની વ્યવસ્થાનો બરાબર ખ્યાલ આવી શકશે. અસ્તુ. તાત્પર્ય એ છે કે, દેવજાતિના રાજ્યાધિકારીઓનાં ઇંદ્ર વગેરે નામો જોઇને ગભરાવાની કંઈજ જરૂર નથી; કેમકે આ રીતે શબ્દોની સમાનતા હોવી તદ્દન સ્વાભાવિક છે. આ ગણુદેવોમાં મહારાજિક ગણોના બસોવીસ ભેદ છે. આ મહારાજિકોજ આગળ જતાં "મહારાષ્ટ્રિક" નામથી આર્યોના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ થયા છે, કે જે મહારાષ્ટ્રિકો હાલના "મરાઠા" છે.

મહારાજિક, મહારાષ્ટ્રિક, મહારઠ્ઠા, મરહઠ્ઠા, મરાઠે, મરાઠા, આ રીતે રૂપરૂપાન્તર થઇથઈનેજ હાલનો " મરાઠા " શબ્દ થયો છે. તિબેટની દેવજાતિની કેટલીએ જાતો ઉત્તરભારતમાં આવી અને ત્યાંથી દક્ષિણુભારતમાં ઉતરી આવી, એ વાત પણ ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. આ રીતે જાતિઓ અનેક કારણોથી સ્થાનમાં ફેરફાર કરે છે. ઇંગ્લૅંડ વગેરે દેશોમાંથી કેટલીએ જાતો અમેરિકામાં ગઇ; અને તેઓ ત્યાં રહ્યા તે વખતે તેમણે ત્યાંનાં પોતાનાં ગામ, ડુંગરા અને તળાવોનાં નામ પોતાના દેશ ઇંગ્લૅંડના જેવાંજ રાખ્યાં. જેમકે:—

ઇંગ્લૅંડનાં નામ	અમેરિકાનાં નામ
યૉર્ક	ન્યૂ-યૉર્ક
ઇંગ્લૅંડ	ન્યૂ-ઇંગ્લૅંડ
સાઉથ વેલ્સ	ન્યૂ-સાઉથ વેલ્સ

આ પ્રમાણે જેમ યૂરોપવાસીઓએ અમેરિકામાં પોતાનાં કેટલાંય નવાં નામ આપેલાં છે; તેમ કેટલીક જાતિઓ ભારતવર્ષમાંથી ગ્રીસમાં જઇને રહી હતી, તેમણે પણ ગામો અને સ્થળોનાં નામ ભારતવર્ષનાંજ ગામો અને સ્થળોનાં જેવાંજ પાડયાં હતાં.

ભારતવર્ષમાં મેરુ, સુમેરુ વગેરે પર્વતોનાં નામ તથા કુરુદેશનું નામ પણ ત્રિવિષ્ટપમાંથી ત્યાં આવી વસેલા લોકોએજ પાડેલાં છે. ઉત્તરકુરુદેશ તિબેટની ઉપર છે અને કુરુદેશ ભારતવર્ષમાં છે. આ નામો દર્શાવી આપે છે કે, એમાં એક સ્થાનનો બીજા સ્થાન સાથેનો સંબંધ, આપણે ઉપર બીજા દેશવાસીઓના વ્યવહારમાં જોયો તેવીજ જાતનો છે; કેમકે મનુષ્યસ્વભાવ ઘણેભાગે સર્વત્ર સમાનજ હોય છે.

મહારાષ્ટ્રનાં અનેક ગામો અને જાતિવાચક નામો તેમનો દેવાદિ પ્રાચીન જાતિઓ સાથેનો સંબંધ દર્શાવી આપે છે. તેનું વર્ણન આગળ યથાયોગ્ય સ્થાને આવશે. અહીં એટલુંજ બતાવવાનું છે કે, ગણુદેવોમાં જેઓ મહારાજિક ગણ હતા, તેઓમાંથી કેટલાય લોકો મહારાષ્ટ્રમાં આવી વસ્યા હતા; અથવા હાલના મરાઠાઓ દેવજાતિના મહારાજિકોજ છે, એમ કહેવું તે પણ અનુચિત નથી—અર્થાત્ ગણુદેવોના મહારાજિકોજ હાલના મરાઠાઓરૂપે દેખાય છે. આ વાત સિદ્ધ કરે છે કે, દેવજાતિ મનુષ્યજાતિજ હતી; પરંતુ તે જાતિ પોતાને 'દેવ' કહેવડાવતી હતી.

ગણુદેવોમાં મરુત્ છે. મરુત્ શબ્દની સાથે સંબંધ રાખનારા શબ્દો મર્ત, મર્ય, મર્ત્ય વગેરે છે, તે પણ મનુષ્યવાચકજ છે; તથા વેદભાષ્ય રચતાં શ્રી સાયણુાચાર્યજીએ પણ લખ્યું છે કે, આ મરુત્ પહેલાં મનુષ્ય હતા અને પાછળથી તેઓ દેવ થયા. જુઓઃ—

मर्यासो मारका मनुष्यरूपा वा मरुतः । पूर्वं मनुष्याः सन्तः पश्चात् सुकृतविशेषेण ह्यमरा आसन् ॥ (ઋગ્વેદ સાયનભાષ્ય ૧૦—૭૭—૨)

અર્થાત્—"મરુત્ પહેલાં મનુષ્યરૂપેજ હતા, પરંતુ વિશેષ સત્કાર્યો કરવાથી તેઓ દેવ

થયા." સાયણાચાર્યજીના આ કથનથી સમજાય છે કે, મનુષ્યોમાંથીજ કેટલાકોને મરુત્ નામના ગણદેવોમાં સમાવવામાં આવ્યા હતા. મરતાંસુધી લડનારા મરુત્ (मर+उत्) કહેવાય છે. અર્થાત્ આ "મરુત્" મહાશૂરવીરોનું નામ છે; અને આ જાતિની વિશેષ શૂરવીરતાને લીધેજ દેવજાતિએ તેમને અપનાવ્યા હશે–અર્થાત્ તેઓ પહેલાં ભારતવર્ષના રહેવાસી હોવાથી મનુષ્ય કહેવાતા હતા, પરંતુ પાછળથી ત્રિવિષ્ટપ(તિબેટ)માં દાખલ થવાથી તેમનો સમાવેશ 'દેવજાતિ'માં થવા લાગ્યો; અને તેમને દેવોના અધિકાર મળ્યા. દેવત્વ પ્રાપ્ત કરવાથી વિશેષ અધિકાર પ્રાપ્ત થાય છે, એ તો સ્પષ્ટજ છે. હાલમાં પણ આવા ભેદ દેખાઇ આવે છે. જેમકેઃ–કોઈએક હિંદી મનુષ્યને બે પુત્ર થયા હોય, તેમાંના એકનો જન્મ ભારતવર્ષમાં અને બીજાનો ઇંગ્લૅંડમાં થયો હોય તો ઈંગ્લૅંડમાં જન્મેલા પુત્રને તે માત્ર ત્યાં જન્મ્યો છે એટલાજ ખાતર કેટલાયે ખાસ અધિકારો અંગ્રેજી સામ્રાજ્યમાં મળે છે. એજ પ્રમાણે આ મનુષ્યજાતિના વીરો દેવોના સૈન્યમાં દાખલ થયા; દેવરાજ ઇંદ્રની ફોજમાં સદાયે રહેવા લાગ્યા; દેવજાતિના કલ્યાણને ખાતર રાક્ષસો વગેરે સાથે યુદ્ધ કરવા લાગ્યા; દેવસ્થાન–અર્થાત્ તિબેટમાં રહેવા લાગ્યા; અને ત્યાંજ તેમનાં બાળબચ્ચાં પેદા થવા લાગ્યાં–અર્થાત્ દેવરાજ્ય સાથે તેમનો હિતસંબંધ દૃઢ થયો, એટલે તેઓ પણ 'દેવ' કહેવાયા.

છેક હાલમાં પણ ભારતવાસીઓને રાષ્ટ્રસંઘ પરિષદ્‌માં દાખલ કરવા યોગ્ય ગણ્યા છે; તેનું કારણ એજ છે કે,યૂરોપના ગત મહાયુદ્ધમાં ભારતવાસીઓ યૂરોપમાં જઇને ત્યાં અંગ્રેજોના પક્ષમાં રહીને લડયા હતા. એજ રીતે દેવોના પક્ષમાં રહીને તથા દેવોના શત્રુઓ સાથે યુદ્ધ કરીને ઘણા પ્રાચીનકાળમાં જે ભારતવાસીઓ દેવજાતિમાં દાખલ થયા હતા, તેમનું નામ મરુત્ છે અને તેઓ ગણદેવ છે–અર્થાત્ તેઓ પણ ત્યાં સંઘપૂર્વક રહેતા હતા.

(ચ) ગણસ્ત્રીઓ

ગણદેવોનો પરિવાર અર્થાત્ સ્ત્રી વગેરે સાથે રહેવું, સંતાન વગેરે ઉત્પન્ન કરવાં, એ બધું કુટુંબની રીતે ન હતું–અર્થાત્ જે રીતે આપણા હાલના વ્યવહારોમાં એક માણસ પોતાના સ્વતંત્ર ઘરમાં રહે છે; પોતાની સ્વતંત્ર સ્ત્રી સાથે રહે છે; અને પોતાનાં સંતાન સ્વસ્ત્રીમાંજ ઉત્પન્ન કરે છે, તેમ ન હતું. તાત્પર્ય કે, માણસો પોતાનું જૂદું કુટુંબ છે એમ માનીને તેમનું ભલું કરવાનો બોજો પોતાને માથે લઇને સઘળા વ્યવહારો કરે છે; તે પ્રમાણે તે ગણદેવોમાં ન હતું. ગણસંસ્થા પ્રમાણે રહેવાનું તાત્પર્ય એજ છે કેઃ—

(૧) તેમને પોતાનું ઘર હોતું નથી.

(૨) પોતાની અલગ સ્ત્રી હોતી નથી.

(૩) જૂદાં સંતાનો નથી હોતાં, કે જેથી તેમનો વંશ વધે.

(૪) તેઓ અભિમાન લઇ શકે તેવી કોઈ ખાનદાની મિલ્કત તેમાંના કોઈ પાસે હોતીનથી.

(૫) તે બધાઓનો અધિકાર એકસરખો હોય છે. કોઇનો પણ ઉંચો કે નીચો દરજ્જો હોતો નથી.

(૬) તેમનું ભોજન, રહેવું–સહેવું, વગેરે એકઠું અને બધાનું સૈયારૂંજ હોય છે.

(૭) જે કંઇ માલમિલ્કત હોય તે ઉપર બધાનો સરખોજ અધિકાર હોય છે.

(૮) જે કાંઈ કાર્ય કરવું હોય તે પણ તેઓ બધા એકત્ર થઇને કરે છે–અર્થાત્ સંપૂર્ણ રીતે સંઘજીવન(સોશિયલ ઑર કૅામ્યુનલ લાઇફ઼)ગાળવાની પ્રથા એ દેવગણોમાં હતી.

આપણા હાલના જીવનવ્યવહારમાં અને તેમના જીવનવ્યવહારમાં આટલો ભેદ છે; તે વાત વાચકોએ સૌથી પ્રથમ બરાબર યાદ રાખવી જોઇએ. આપણું હાલનું જીવન

એ "કૌટુંબિક" (ફેમીલી લાઇફ) જીવન છે; અને તેમનું "સંઘ" (કોમ્યુનલ લાઇફ) જીવન હતું. તેમના રીતરિવાજ વગેરે વાચકોના ખ્યાલમાં બરાબર નહિ આવે, તો તેમના ઇતિહાસની કેટલીયે વાતો સમજવી મુશ્કેલ પડશે; માટે દેવજાતિની રહેણીકરણી તથા ગણ-દેવોની રહેણીકરણી બરાબર સમજી લેવી અત્યંત જરૂરની છે. ગણદેવોના સંઘમય જીવનનો વિચાર કરવામાં તેમની ગણસ્ત્રીઓનો પણ વિચાર કરવો આવશ્યક છે; કેમકે તેથીજ તેમના સ્ત્રીસંબંધનું ઠીકઠીક જ્ઞાન થશે. જો કે થોડાક માણસો જન્મપર્યંત બ્રહ્મચારી પણ રહેતા હશે; પરંતુ સમાજના સઘળા લોકો પૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકતા નહિ હોવાથી સમાજની સુવ્યવ-સ્થાનેજ ખાતર પુરુષોની સાથે સ્ત્રીઓની યોજના કરવામાં આવે છે.

(છ) લગ્નની પાંચ પદ્ધતિઓ

આ સ્ત્રીઓની યોજના અનેક પ્રકારે કરવામાં આવે છે. જેમકેઃ—

(૧) ગણસ્ત્રીપદ્ધતિ, (૨) સહોદરસ્ત્રીપદ્ધતિ, (૩) નિયોગપદ્ધતિ, (૪) અસ્થિરલગ્ન-પદ્ધતિ અને (૫) સ્થિરલગ્નપદ્ધતિ.

હાલ આપણા ભારતવાસીઓમાં અર્થાત્ હિંદુઓની ઉચ્ચ જાતિઓમાં "સ્થિરલગ્ન-પદ્ધતિ" પ્રચલિત છે. એ "સ્થિર લગ્નપદ્ધતિ"માં એક વાર લગ્ન કર્યા પછી તે જન્મપર્યંત સ્થિર રહે છે—અર્થાત્ બેમાંથી એકનું મૃત્યુ થતાંસુધી તે લગ્નબંધન રહે છે; અને તેમાં કોઈ પણ કારણથી કોઇ પણ પ્રકારની શિથિલતા કરી શકાતી નથી.

"અસ્થિર-લગ્નપદ્ધતિ" યૂરોપ, અમેરિકા વગેરે દેશોમાં તથા મુસલમાન રાજ્યોમાં પ્રચલિત છે.

આ પદ્ધતિની વિશેષતા એ છે કે, પતિપત્નીનો સંબંધ કોઈ વખત તૂટી પણ જાય છે. રાજ્યાધિકારીઓ સમક્ષ જઇને 'અમે અમારાં લગ્નબંધન તોડવા ઈચ્છીએ છીએ' એમ કહેવાથી તે વિવાહિત સ્ત્રીપુરુષ ફારગતી લઈ શકે છે; પરંતુ ઉપરની "સ્થિર લગ્ન સંસ્થા" માં તેવી છૂટ નથી. સનાતન વૈદિક ધર્મની વિશેષતા આ સ્થિર લગ્નપદ્ધતિમાંજ છે. અસ્થિર લગ્નપદ્ધતિ અને સ્થિર લગ્નપદ્ધતિમાં પરસ્પર ભેદ એટલોજ છે.

ત્રીજી "નિયોગ પદ્ધતિ" છે. એમાં અમુકજ સમયને માટે લગ્નસંબંધ થાય છે. આ સમય ઘણે ભાગે બે-ત્રણ વરસનો હશે; કેમકે સંતાન ઉત્પન્ન થતાં સુધીનીજ તેની હદ હોય છે. જો સંતાન પહેલા વર્ષમાંજ થયું તો તેટલોજ સમય અથવા તેથી વધારે વખત સુધી આ લગ્નસંબંધ રહી શકે છે; અને નક્કી કરેલો સમય પૂરો થતાં તે સંબંધ આપોઆપ તૂટી જાય છે. આ પદ્ધતિ પ્રાચીનકાળના આર્યોમાં હતી, પરંતુ હાલમાં તે કોઈ પણ દેશમાં ચાલુ નથી. પ્રાચીનકાળમાં પણ તેનો ઉપયોગ તો આપત્કાળેજ કરવામાં આવતો, હતો સાર્વત્રિક ન હતો.

ત્યારબાદ "સહોદર પદ્ધતિ" જોવા જેવી છે. સગા ભાઇ—એટલે કે એકજ માતાથી ઉત્પન્ન થયેલા ભાઇઓ સહોદર કહેવાય છે; અને એક પિતાથી જુદી જુદી માતાને પેટ ઉત્પન્ન થયેલા ભાઇઓ સવીર્ય ભાઇ (ઓરમાન ભાઈ) કહેવાય છે. આ સહોદર પદ્ધતિમાં આ બધા ભાઇઓનું સહિયારૂં લગ્ન એક સ્ત્રી સાથે થાય છે. જેમકે, પાંચ પાંડવો દ્રૌપદીને પરણ્યા હતા. આ જાતનાં લગ્નો હાલમાં પણ હિમાલયની કેટલીક પહાડી જાતિઓમાં પ્રચલિત છે. પાંડવોના સમયમાં પણ હિમાલયની પહાડી જાતિઓમાંજ એ રિવાજ પ્રચલિત હતો અને ભારતવર્ષમાં તે કદી પણ ચાલુ થયો ન હતો. પાંડવોનો જન્મ હિમાલયના ડુંગરાઓમાં થયો હતો અને તેમની બાલ્યાવસ્થા પણ ત્યાંજ વીતી હતી, તેથીજ પાંડવોને પણ એવું લગ્ન

લગ્ન કરવાની બુદ્ધિ સૂઝી; નહિ તો "સ્થિરલગ્ન" કરનારા આર્યોમાં આ પ્રમાણે "સહોદરસ્ત્રી-પદ્ધતિ"નું લગ્ન થવું અસંભવિતજ હતું.

પાંડવોના આ "સહોદર સ્ત્રીપદ્ધતિ"ના લગ્નથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે, પાંડવો અને કૌરવો નજીકના 'સાપત્ન' ભાઇ ન હતા. તેમનામાં કોઇપણ પ્રકારનો ભાઇનો સંબંધ હશે તો તે બહુજ દૂરનો હશે. મહાભારતમાં તેઓને પિતરાઇ ભાઇ લખ્યા છે, છતાં પણ તે યુક્તિ-પુરઃસર લાગતું નથી; કેમકે ભારતીય આર્યોમાં આ જાતનાં એકત્ર લગ્ન કરવાની પદ્ધતિ પ્રાચીનકાળમાં ન હતી, તેમ પાછળથી પણ તે ચાલુ થઇ ન હતી. ભારતીય આર્યોમાં તો માત્ર પાંડવોનાંજ આ એકત્ર લગ્ન થયાં છે. આથી સિદ્ધ થાય છે કે, તેઓ કોઇ જૂદા પ્રાંતની જૂદી જાતિના, ખાસ કરીને હિમાલયની કોઇ પહાડી જાતિના હતા. આ વિષે વધારે વિચાર અમે આગળ લગ્નપ્રકરણમાં વિશેષ પ્રકારે કરીશું. અત્રે તેનું માત્ર દિગ્દર્શનજ કર્યું છે. અસ્તુ. આ રીતે અનેક ભાઇઓ વચ્ચે એક સ્ત્રી કરવાનો રિવાજ હિમાલયમાં હાલ પણ પ્રચલિત છે.

એ પછી "ગણસ્ત્રી પદ્ધતિ" નો વિચાર કરીએ. આ ગણોના બધા પુરુષોમાટે કેટલીક સ્ત્રીઓ રાખેલી હોય છે. માની લઇએ કે, મરુદ્‌ગણ અથવા મહારાજિક ગણની પુરુષસંખ્યા પાંચસો કે હજાર છે; તો તે બધા પુરુષોમાટે બસો-ત્રણસો કે જરૂર પ્રમાણે ઓછીવત્તી સ્ત્રીઓ પણ રાખતા હતા. તેમનાં નામ 'ગણસ્ત્રી' છે. ગણોની આ સ્ત્રીઓ-અર્થાત્ ગણના બધા પુરુષોમાટે રાખેલી જે સ્ત્રીઓ તેમનાંજ નામ 'ગણિકા', 'વારસ્ત્રી' છે. ગણિકા ગણની સ્ત્રીને કહે છે, અને તેને 'વારસ્ત્રી' પણ કહે છે; કેમકે 'વાર' શબ્દનો અર્થ પણ 'ગણ'-'સમૂહ' વગેરે થાય છે, કે જે શબ્દો " સમુદાયની સ્ત્રી " એજ ભાવ પ્રદર્શિત કરે છે.

'વાર' શબ્દનોઅર્થ 'દિન' અથવા 'દિવસ' પણ થાય છે. આ અર્થ લેતાં એવો અર્થ પણ નીકળશે કે, આ સ્ત્રી અમુક ગણત્રીનાજ દિવસોમાટે-અર્થાત્ ગણના પ્રત્યેક પુરુષમાટે મુકરર કર્યું હશે કે, અમુક સ્ત્રી તેની સાથે અમુક દિવસમાટે રહેશે, અને તે પછી બીજા પાસે રહેશે. જેમ દ્રૌપદી બે માસ બાર દિવસ સુધી એક એક પતિની ક્રમપૂર્વક સેવા કરતી હતી તે પ્રમાણે; પરંતુ દ્રૌપદી ગણસ્ત્રી ન હતી, પણ એક કુટુંબમાં જન્મેલા બધા ભાઇઓની સ્ત્રી હતી. માત્ર દિવસોની ગણત્રીને ખાતરજ અત્રે તેનું દષ્ટાંત આપ્યું છે-અર્થાત્ ગણિકા, વારસ્ત્રી, વારયોષિતા, ગણસ્ત્રી, વગેરે શબ્દ દેવોની ગણસંસ્થાની રહેણીકરણી વગેરે દર્શાવી આપેછે.

હાલમાં 'ગણિકા' વગેરે શબ્દો વ્યભિચારિણી સ્ત્રીના અર્થમાં વપરાય છે; પરંતુ ગણસ્ત્રીઓની સંસ્થા જ્યારે દેવોના રાજ્યમાં પ્રચલિત હતી, ત્યારે તેમાં વ્યભિચારની કલ્પના પણ ન હતી.

ઋતુસમયે મહીનામાં મુકરર તિથિઓમાંજ સ્ત્રીસંબંધ કરવો; જે સ્ત્રીના દિવસો બીજા કોઈ ગણ સાથે મુકરર થયા હોય તે સાથે સંબંધ ન કરવો; વગેરે તેમના એવા નિયમો હતા કે જેથી તેમનામાં વ્યભિચારી ભાવો ઉત્પન્ન થતા ન હતા. પરંતુ હાલની ગણિકાઓનો વ્યવહાર તેમના કરતાં બહુ જૂદાજ પ્રકારનો હોવાથી હાલની ગણિકાઓ વ્યભિચારિણી છે, અને તે સમયની ગણસ્ત્રીઓ વ્યભિચારિણી ન હતી. તે સિવાય કુટુંબ-સંસ્થાનો પ્રચાર થયા પછી-અર્થાત્ સ્થિરલગ્ન પદ્ધતિ ચાલુ થયા પછી વ્યભિચારની જે કલ્પના કુટુંબવાળા લોકોમાં હોય છે; તે વ્યભિચારનીજ કલ્પના બરાબર તેજ ભાવમાં ગણસ્ત્રીવ્યવહાર, સહોદર સ્ત્રીવ્યવહાર, નિયોગવ્યવહાર અને અસ્થિર લગ્ન કરનારા સમાજોમાં ઉત્પન્ન થતી નહિ. જુઓ, આપણામાં તો એવાજ ભાવો હોય છે કે કોઇ પારકી સ્ત્રી આપણાથી મોટી હોય તો માતા, બરાબર હોય તો બહેન અને નાની હોય તો પુત્રીસમાન ગણવી. આ ભાવ આપણામાં

બહુ ઉંચો અને પવિત્ર મનાય છે; પરંતુ યૂરોપમાં તો એવા ઉચ્ચભાવોની સૌ લોકો મશ્કરીજ કરે છે અને કહે છે કે, આ વિચાર કેવા મલીન છે! યૂરોપના એ લોકો આ ઉચ્ચ ભાવને એટલો હાસ્યાસ્પદ એટલાજ માટે માને છે કે, તેમને ત્યાં ગાંધર્વલગ્ન પદ્ધતિ અને અસ્થિર-લગ્ન પદ્ધતિ ચાલુ છે. આથી તેઓ માને છે કે, પોતાનો પ્રેમસંબંધ અનેક સ્ત્રી સાથે હોઇ શકે. જેઓ પ્રત્યેક સ્ત્રી સાથે પોતાના પ્રેમસંબંધને શકય માનતા હોય, તેમને ઉપરના આર્ય વિચારો કયાંથીજ ઉચ્ચ લાગે? પરંતુ ભારતવર્ષમાં તો સ્થિરલગ્ન પદ્ધતિ ઉચ્ચ વર્ણો-માં પ્રચલિત પણ થઈ ચૂકેલી હોઈને ભારતવાસીઓનાં લગ્ન મૃત્યુપર્યંત તૂટી શકતાંજ નથી. એકવાર લગ્ન કર્યા પછી બીજી સ્ત્રીની સાથે તેનો સંબંધજ થવો મુશ્કેલ હોય છે;અને આવી દૃઢ ભાવનાવાળા ઉચ્ચ લોકોમાંજ પોતાની સ્ત્રીસિવાયની બીજી સ્ત્રીઓ માટે ભોગેચ્છાવિનાના ઉપલા ઉચ્ચ ભાવો જાગ્રત રહી શકે તેમ છે.

આ વાત અત્રે વિસ્તારપૂર્વક દર્શાવવાની જરૂર એટલાજ માટે છે કે, વાચકોના મનમાં નક્કી થઇ જાય કે, વ્યભિચાર ઉપર ઘૃણાની કલ્પના કૌટુંબિક લગ્નપદ્ધતિ શરૂ થયા પછીજ ઉત્પન્ન થવી સ્વાભાવિક છે, તે પહેલાં નહિ. ગણસ્ત્રીપદ્ધતિ જે વખતે પ્રચલિત હશે, તે વખતે એક સ્ત્રી સાથે કેટલાક દિવસ સંબંધ થયા પછી બીજી સ્ત્રી સાથે પણ સંબંધ થવાનોજ હોય છે. એટલે જીવનપર્યંત એક સ્ત્રીથી સંતુષ્ટ રહેવાની ઉચ્ચ કલ્પના તેઓમાં પેદા થવીજ અસંભવિત છે, તેથી વ્યભિચારવિષે જે ઘૃણા જેટલી હદસુધી હાલ આપણામાં છે; તે ગણસ્ત્રીપદ્ધતિના દિવસોમાં દેવજાતિના લોકોમાં તે વખતે ઉત્પન્ન થવી અસંભવિતજ હતી.

હવે અહીં કહેવાનું એ છે કે, આ ગણદેવોની ગણસ્ત્રીની પ્રથા તે ગણદેવોની સાથેજ ભારતવર્ષમાં પ્રચલિત થઇ અને હાલની ગણિકાઓના વિકૃત સ્વરૂપમાં ફેરવાઇ ગઈ. અમે આ પહેલાં બતાવ્યુંજ છે કે, "મહારાજિક" નામના ગણદેવ મધ્યભારતમાં આવી વસ્યા અને હાલમાં તેમના દેશનું નામ મહારાષ્ટ્ર અથવા મરાઠાદેશ કહેવાય છે. એજ રીતે બીજા બીજા ગણદેવો બીજા બીજા દેશોમાં વસ્યા હતા તથા તેમની સાથે તેમની ગણસ્ત્રીઓ પણ ત્યાં આવી હતી. તાત્પર્ય એ છે કે, ભારતવર્ષની હાલની ગણિકાઓની પ્રથા એ પ્રાચીન ગણદેવોની પ્રથા છે. આથી માત્ર ગણદેવજ મનુષ્ય હતા એમ નહિ, પણ સમસ્ત દેવજાતિ પણ મનુષ્યરૂપેજ હતી, એમ પણ સિદ્ધ થાય છે.

આટલા વિચાર ઉપરથી સિદ્ધ થયું કે, ગણદેવ મનુષ્યોજ હતા તથા દેવજાતિ પણ મનુષ્યજાતિજ હતી, અને માત્ર તે જાતિનું નામજ 'દેવ' હતું. હવે એ ગણદેવોમાંની અપ્સરાઓવિષે વિચાર કરીશું.

(જ) અપ્સરાઓ

ઉપર દેવયોનિઓની ગણત્રીમાં "અપ્સરસ્" શબ્દ આવ્યો છે, તેજ અપ્સરાઓ છે. દેવયોનિ,એ મિશ્રજાતિની સંતતિ હોવાવિષે પહેલાં લખાઈ ચૂકયું છે. દેવયોનિ જાતિઓ, એ દેવજાતિના પુરુષ અને બીજી જાતિની સ્ત્રીથી ઉત્પન્ન થઇ હતી. અપ્સરાઓ પણ એમાંનીજ એક છે. દેવજાતિના પુરુષોનો સંબંધ કોઇ સુંદર સ્ત્રીઓ સાથે થવાથી આ સુંદરીઓની ઉત્પત્તિ થઇ. આ જાતિમાં જે પુરુષ જન્મ્યા હશે તેઓનાં નામ વિદ્યાધર વગેરે અનેક છે; અને જે સ્ત્રીઓ હતી તેમનું નામ અપ્સરા હતું. આ અપ્સરાઓ ગણદેવોના વિલાસને ખાતર તથા બીજા બીજા દેવોના વિલાસને માટે રાખેલી હતી; તથા નાચવું, ગાવું વગેરે કામ તેમને સોંપેલું હતું. ઇંદ્રાદિ દેવોના દરબારોમાં અપ્સરાઓના નાચ થતા હતા. આ નાચનાં વર્ણન પુરાણો અને ઇતિહાસોમાં પણ પુષ્કળ છે. ઇંદ્રની સભામાં પુરુરવારાજા ગયા હતા; તેમના

સન્માનમાટે ત્યાં ઉર્વશીનો નાચ થયો હતો. એજ રીતે વિશ્વામિત્ર પણ કોઇ અપ્સરાની પાછળ ઇંદ્રસભા સુધી જઇ પહોંચ્યા હતા. અર્જુન શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવા માટે ઇંદ્ર પાસે જઇને કેટલાંયે વર્ષ રહ્યો હતો,તે વખતે ઉર્વશી તે વીર અર્જુન ઉપર મોહિત થઇહતી;પરંતુ અર્જુને પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય કર્યો હતો તેથી ઉર્વશીની ઇચ્છા સફળ થઇ નહિ, વગેરે અનેક કથાઓ મહાભારત આદિ ગ્રંથોમાં છે. એ ઉપરથી સમજાય છે કે, આ સુંદર અપ્સરાઓ સ્વર્ગની કામિનીઓ હતી અને તેમનો ભોગસંબંધ દેવો અને માનવો સાથે સરખા જેવોજ હતો.

એ વાત પ્રખ્યાત છે કે, દેવરાષ્ટ્રમાં–સ્વર્ગમાં–અર્થાત્ તિબેટમાં–જ્યારે સત્કર્મ કરનારા મનુષ્યો જઈ વસતા હતા, ત્યારે ત્યાં તેમને મનગમતી અપ્સરાઓ મળતી હતી. અમે આગળ ઉપર બતાવીશું કે, યજ્ઞથી સ્વર્ગપ્રાપ્તિ થવાની મૂળ કલ્પના કેવી છે અને શી રીતે તે યજ્ઞ કરનાર મનુષ્યોને સ્વર્ગમાં સ્થાન મળતું હતું. વાચક જ્યારે તે વર્ણન વાંચશે, ત્યારે તેને તે વખતની વાસ્તવિક સ્થિતિની કલ્પના બરાબર આવી જશે; પરંતુ અહીં તો અપ્સરાઓની પ્રાપ્તિની કલ્પનાનેજ જોવી છે.

અમુક ખાસ કાર્યો કરવાથી ભારતવર્ષનાં મનુષ્યો તિબેટમાં રહેવાલાયક ગણાતાં હતાં–અર્થાત્ તેમને સ્વર્ગીય નાગરિકતાના અધિકાર (રાઇટ્સ ઑફ સિટીઝનશીપ) મળતા હતા; અને તે અધિકારોમાં સ્વર્ગીય અપ્સરાઓસાથે સંબંધ કરવો, એ પણ એક અધિકાર હતો!!!

આથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, દેવોના રાજ્યમાં સ્ત્રીવિષયક સ્વતંત્રતા વધારે હતી. વારસ્ત્રીઓ સાથે સંબંધ નહિ રાખનારા પુરુષો ભારતવર્ષમાં પવિત્ર ગણાતા હતા અને હાલમાં પણ શુદ્ધ ગણાય છે; પરંતુ દેવોના દેશમાં ગણિકાઓ સાથે અર્થાત્ અપ્સરાઓસાથે સંબંધ રાખવો, એ પ્રતિષ્ઠાનું અને વિશેષ સભ્યતાનું ચિહ્ન ગણાતું હતું!! અપ્સરાઓસાથે સંબંધ નહિ રાખનારો એક પણ દેવ ન હતો! એટલુંજ નહિ પણ જે ભારતવાસીઓ દેવત્વના અધિકાર મેળવી દેવોના દેશમાં રહેતા હતા, તેઓને પણ દેવોની સભ્યતાનુસાર અપ્સરાઓ સાથે વિહાર કરવો પડતો અને દેવોની સભામાં થતા અપ્સરાઓના નાચ વખતે ત્યાં હાજર રહેવું પડતું હતું! આ વિષે દેવસભાઓનાં વર્ણન મહાભારતમાં જુઓ. જે રીતે યૂરોપમાં દારૂ નહિ પીનારાઓને પણ હૉટલોમાં દારૂની કિંમત ભોજનની સાથે આપવીજ પડે છે, તેમ દેવોના દેશના પ્રતિષ્ઠિત રહેવાસીઓએ અપ્સરાઓ સાથે સંબંધ રાખવોજ પડતો હતો. કેટલાક લોકો ભારતવર્ષમાં યજ્ઞ એટલાજ માટે કરતા હતા કે પોતાને દેવોના દેશમાં રહેવાનું મળે અને સ્વર્ગની અપ્સરાઓ સાથે સંબંધ કરવાનું મળે. આથી સિદ્ધ થાય છે કે, દેવોની સભ્યતામાં અપ્સરા વગેરેના સંબંધ તરફ હલકી દૃષ્ટિએ જોવાતું ન હતું.

(ઝ) રાજકારણમાં સ્ત્રીઓ

ભારતવર્ષના કેટલાય સમ્રાટો સ્વર્ગનું રાજ્ય મેળવવાનો–અર્થાત્ ઇંદ્રપદ મેળવવાનો પ્રયત્ન કરતા હતા, ત્યારે તેમના ઉપર ઇંદ્ર આ અપ્સરાઓનો પ્રયોગ અજમાવતો હતો; એટલે કે આ સુંદર અપ્સરાઓને ભારતવર્ષના રાજાઓને ત્યાં ભેટરૂપે મોકલતો હતો. એ સ્વર્ગીય કન્યાઓ અહીં ભારતીય રાજાઓ પાસે આવતી હતી અને તેમને મોહિત કરીને દેવરાજ્ય ઉપર ચઢાઇ કરવાના વિચારો ભૂલાવી દેતી હતી. આ રીતે વિશ્વામિત્ર વગેરે ભારતવર્ષના સમ્રાટો ઉપર સ્વર્ગકન્યાઓનો પ્રયોગ કર્યો હતો; તે કથાઓ સૌ કોઇ જાણે છે અને ઇતિહાસો તથા પુસ્તકોમાં સુપ્રસિદ્ધ છે. સ્વર્ગની સ્ત્રીઓનું ભારતવર્ષમાં આવવું;

ભારતવર્ષના રાજાઓ સાથે રહેવું; સ્વર્ગરાજ્યના હિતને ખાતર પોતાનું સર્વસ્વ અર્પણ કરવું; અને આ પ્રમાણે આત્મસમર્પણના કાર્યમાં ભારતીય રાજાઓથી સંતાન ઉત્પન્ન કરવાં, વગેરે બાબતો સિદ્ધ કરે છે કે, જેનું નામ સ્વર્ગલોક છે તે હાલનો તિબેટજ છે; અને ત્યાંના દેવ તે માનવોનીજ 'દેવ' નામ ધારણ કરનારી જાતિ હતી તથા તેમની અપ્સરાઓ વગેરે પણ મનુષ્યોના જેવીજ રૂપાળી સ્ત્રીઓ હતી.

જેવી અપ્સરાઓ સુંદર હતી તેવીજ સુંદર ભારતવર્ષની સ્ત્રીઓ તે સમયે ન હતી, એમ માનવાનું કંઇ કારણ નથી. કેમકે જે રીતે દેવરાજ્યની અપ્સરાઓના રૂપ ઉપર ભારત-વાસીઓ મુગ્ધ થતા હતા;તેવીજ રીતે ત્રિવિષ્ટપના દેવો પણ ભારતીય આર્યસ્ત્રીઓના રૂપ ઉપર મુગ્ધ થતા હતા. ઇંદ્ર પોતેજ ગૌતમની સ્ત્રી અહલ્યા ઉપર મોહિત થયો હતો;અશ્વિનીકુમાર ચ્યવનઋષિની સ્ત્રીને જોઇને મોહિત થયા હતા;અને દમયંતીનું રૂપ જોઇને મોહિત થયેલા ઇંદ્રાદિ દેવો પણ દમયંતીના સ્વયંવરમાં આવ્યા હતા તથા દમયંતી નળરાજા સાથે લગ્ન ન કરે એવો પ્રયત્ન કરતા હતા. આ બધી માનવચેષ્ટાઓ જોઇને પ્રત્યેક વાંચનારના મનમાં એટલું તો નક્કીજ થાય તેમ છે કે, તિબેટમાં પ્રાચીનકાળમાં જે માનવજાતિ રહેતી હતી, તેનુંજ નામ 'દેવજાતિ' હતું; પરંતુ તેઓ મનુષ્યજ હતા. જો આ સત્ય વાત સૌના મનમાં ઐતિહાસિકરૂપે બરાબર ઠસી જાય તો તેમના મનમાંથી દેવોવિષેનો મોહ તો સૌથી પહેલોજ નીકળી જશે. જે અનેક દેવતાઓની કથાઓ છે, તે માત્ર નામોની સમાનતાને લીધેજ જગતની રચના કરનારા દેવોની કથાઓતરીકે ગણાય છે; અને તેથીજ દેવજાતિના મનુષ્યોનાં પાપ જગતની રચના કરનારા દેવોને માથે મઢી દેવામાં આવે છે; પરંતુ દેવજાતિના મનુષ્યોમાં તથા જગતની રચના કરનારા દેવોમાં ખરૂં જોતાં માત્ર નામોની સમાનતાસિવાય બીજી કંઇ પણ સમાનતા નથી. જો આટલી સીધી વાત પણ વાચક સમજી લેશે, તો પૌરાણિક કથાઓના સંબંધમાં કેટલાયે ભ્રમો તેમના મનમાંથી દૂર થઇ જશે.

"ઇંદ્ર" શબ્દના અર્થ પરમાત્મા, જીવાત્મા, મન, જગતની રચના કરનાર દેવોનો અધિપતિ, તિબેટનિવાસી દેવજાતિનો સમ્રાટ્, કોઇ પણ જાતિનો મુખી વગેરે થાય છે. આજ રીતે બીજા પણ કેટલાય દેવવાચક શબ્દોના અર્થ થાય છે; પરંતુ માત્ર તેટલાજ ઉપરથી ભ્રમમાં નહિ પડતાં કોઇ પણ કથામાં દેવવાચક શબ્દ આવે તો ત્યાં જોવું જોઇએ કે, કથા પ્રસંગ કોનો અને કયા પ્રકારનો સંબંધ દર્શાવી રહ્યો છે. આમ વિચારી જોવાથીજ સઘળી બાબતો બરાબર ખુલી જશે; અને દેવજાતિના માનવોનાં પાપ જગતની રચના કરનાર દેવોને માથે કદી નહિ ચઢાવી શકાય.

પુરાણ અને ઇતિહાસના લેખકોએ આખ્યાયિકાઓ લખતી વખતે વિભાગપૂર્વક આખ્યાયિકાઓ લખી નથી; તેથી એક નામની બધી કથાઓ એકઠી દેખાઈ આવે છે. આ વિષે ફરીથી જુઓ:—

શિવ એટલે કલ્યાણરૂપ હોવાથી પરબ્રહ્મનું નામ
" " " " પરમેશ્વર " "
" " " " જીવાત્માનું "
" " " " શિવસંકલ્પ મનનું"
" " માનસરોવર તથા કૈલાસના તિબેટના ભાગનો રાજા, કે જે 'ભૂત' નામક માનવજાતિ ઉપર રાજ્ય કરતો હતો.
" " શિવાજી છત્રપતિ (મહારાષ્ટ્રીય રાજ્યના સંસ્થાપક)

આ બધાં સમાન નામ હોવા છતાં પણ એક અર્થનાં વાચક નથી; અને તેથી તે બધાની કથાઓ સેળભેળ કરી નહિ નાખવી જોઇએ. શિવાજી મહારાજ તદ્દન અર્વાચીન રાજા હોવાથી પુરાણોથી જુદાજ છે; છતાં તેમની હકીકતોમાં પણ "શિવ" નામના કેટલા રાજા અને માનવોની કથાઓ સેળભેળ થયેલી છે, તે પણ એક જોવા જેવીજ વાત છે. અસ્તુ. અત્રે આ ઉપરથી એટલુંજ બતાવવાનું છે કે, તિબેટની દેવનામધારી માનવજાતિની કેટલીયે કથાઓ ઐતિહાસિક હોવાથી પુરાણો અને ઇતિહાસમાં ભળી ગઇ છે. એ બધી વાતો સિદ્ધ કરે છે કે, તિબેટનિવાસી માનવજાતિનું નામ "દેવ" હતું; પરંતુ તેઓ મનુષ્યજ હતા, અને તેજ કારણથી ભારતીય આર્યોનો સ્વર્ગીય દેવજાતિની સ્ત્રીઓ સાથે શરીરસંબંધ થતો હતો તથા સ્વર્ગના દેવો ભારતીય આર્યસ્ત્રીઓ સાથે પણ સંબંધ કરતા હતા.

તિબેટ શીતપ્રદાન દેશ હોવાથી, અને તેમાં પણ હિમાલયના ડુંગરાઓ વિશેષ શીત-પ્રધાન હોવાને લીધે ત્યાંનાં સ્ત્રીપુરુષો ગૌરવવર્ણનાં તથા સુંદર હતાં,અને હાલમાં પણ એવાંજ છે. તિબેટના લોકો હિમાલયના ડુંગરાઓમાં રહેનારાઓના જેટલા ગૌરવર્ણના નથી, અને તેથીજ હિમાલયના ડુંગરાઓમાં સંકીર્ણ જાતિમાં ઉત્પન્ન થયેલી અપ્સરાઓ તિબેટના દેવજાતિના વીરોને તથા ભારતીય વીરોને મોહ પમાડે તેવી સુંદર હતી. આજ કારણથી તેઓ સ્વર્ગની ઇંદ્રસભામાં તથા ભારતીય રાજાઓનાં અંતઃપુરમાં દાખલ થઇ શકી હતી.

(૮) અસુર સ્ત્રીઓ

જેમ દેવાંગનાઓ તથા ભારતીય આર્યસ્ત્રીઓ પણ સૌંદર્યમાં એકબીજાથી ઉતરે તેમ ન હતી; તેમ અસુર સ્ત્રીઓ તથા રાક્ષસ સ્ત્રીઓ પણ સૌંદર્યમાં ઓછી ન હતી. હાલના ચિત્રકારો અસુરોના ચહેરા કઢંગા બનાવે છે, છતાં પણ ઐતિહાસિક કથાઓ જોવાથી માલમ પડે છે કે, અસુર સ્ત્રીઓ પણ ઘણી સુંદર હતી. પાંડવોના ઘરમાં કુંતીપુત્ર ભીમસેનનું લગ્ન હિડંબા રાક્ષસી સાથે થયું હતું. મહાભારતમાં જોવાથી જણાય છે કે, આ લગ્નમાં કુંતી, ધર્મરાજ, અર્જુન વગેરેની પૂર્ણ સંમતિ હતી. જો હિડંબા રાક્ષસીનો ચહેરો કદ્રૂપો અને કઢંગો હોત, તો એમાં કુંતીની સંમતિ મળવી અસંભવિતજ હતી; કેમકે ભીમ ઉત્તમ ગૌરવર્ણનો અને સુંદર હતો. પોતાના સુંદર અને ગોરા પુત્રનું લગ્ન કદ્રૂપી, કાળી અને વિજાતિની સ્ત્રી સાથે કરવાની સંમતિ કોઇપણ માતા આપેજ નહિ. આથી સિદ્ધ વાત છે કે, હિડંબા સુંદર હતી. વાસ્તવમાં "અસુર" જાતિ હાલના પારસીઓના જેવીજ ગૌરવર્ણ અને રૂપ વગેરે ગુણોવાળી હતી. પારસીઓ "અસુરોપાસક" છે. બધી અસુરોપાસક જાતિઓ પારસીઓના જેવીજ હતી. અસુરોપાસક લોકો અસુર નામથીજ પ્રસિદ્ધ હતા. હાલના "એસિરિયા" દેશની આસપાસની જાતો પણ અસુર નામવાળી હતી.

બાણાસુરની કન્યાનું લગન યાદવોને ઘેર થયું હતું, વગેરે બધી કથાઓ જોવાથી અને વિચારવાથી સમજાય છે કે, અસુરજાતિનાં સ્ત્રીપુરુષ આર્યોના જેવાંજ સુંદર અને મનુષ્યના જેવાંજ દેહધારી હતાં, તોપછી દેવોના સંબંધમાં તો શંકાજ શી હોઇ શકે ? અર્થાત્ આ દષ્ટિએ પણ વિચાર કરવાથી માલમ પડે છે કે, અસુર, સુર વગેરે આપણા જેવા માનવીઓજ હતા અને તેમને પરસ્પર શરીરસંબંધ પણ થતા હતા.

(૯) ત્રણ જાતિઓ

મહાભારતકાળમાં અર્થાત્ કૌરવપાંડવોના સમયમાં આ ભૂમંડળ ઉપર ત્રણ જાતિઓ હતી. ભારતવર્ષમાં આર્યજાતિ, ત્રિવિષ્ટપ(તિબેટ)માં દેવજાતિ,અને તિબેટની પશ્ચિમે અસુર

જાતિ રહેતી હતી. એ દરેક જાતિમાં અનેક ઉપજાતિઓનો સમાવેશ થતો હતો; પરંતુ તેનો વિચાર પાછળથી કરીશું. પહેલાં દેવજાતિની પેટાજાતિઓનો વિચાર કર્યો છે, તેજ રીતે અસુરજાતિઓવિષે પણ આગળ વિચાર કરીશું. અહીં તો માત્ર એટલુંજ જણાવવાનું છે કે, આ ત્રણે જાતિઓમાં એકબીજા સાથે યુદ્ધ થતાં હતાં; લગ્ન થતાં હતાં તથા પરસ્પર મિત્રતા તથા દ્વેષ વગેરે પણ થતાં હતાં; અને એવું હોવાથી એ બધાંને મનુષ્યજ માનવાં જોઇએ. હાલમાં હિંદુ, જાપાની, રૂસી, યૂરોપીયન એ બધા જૂદા જૂદા દેશના રહેવાસીઓ મનુષ્યજ છે; તેમ પ્રાચીન સમયના ભારતમાં આર્ય, તિબેટમાં દેવ અને ઇરાન વગેરે દેશોમાં પણ અસુર નામના મનુષ્યોજ રહેતા હતા. આથીજ તેઓમાં પરસ્પર લગ્ન, દ્વેષ, મિત્રતા વગેરે હાલની પેઠે થયા કરતાં હતાં. આથી પણ સિદ્ધ થાય છે કે, આ બધા જૂદી જૂદી જાતિના માણસોજ હતા અને કોઈપણ જાતનાં બીજાં પ્રાણી ન હતા.

(૬) ત્રણ જાતિઓની સંસ્કૃતિ

અસુરો મોટાભાઈ અને દેવો નાનાભાઇ કહેવાય છે, તેનું સ્પષ્ટ તાત્પર્ય એ છે કે, તિબેટવાસી દેવો કરતાં અસુરો પહેલા ઉન્નતિને શિખરે પહોંચ્યા હતા. તિબેટની પશ્ચિમ-દિશામાં નાનામોટા અનેક દેશોમાં અસુરજાતિ રહેતી હતી અને તે દેવજાતિની ઉન્નતિ થયા પહેલાં ઉન્નતિને શિખરે પહોંચેલી હતી. અસુરજાતિનું રાજ્ય ભૂમંડળ ઉપર ચારે દિશાએ ફેલાયું હતું અને તેઓ સર્વ જાતના ઉપભોગો ભોગવવાને સમર્થ હતા. તેમના પછી દેવજાતિની ચઢતીકળા શરૂ થઇ. આથીજ કહેવાય છે કે, અસુર મોટા અને સુર નાના છે.

આર્યજાતિની ચઢતીકળાનો સમય તો વળી દેવજાતિના પણ પછીનો છે. મહાભારતકાળ તે આર્યજાતિના અભ્યુદયની પૂર્ણકળાનો સમય છે; કેમકે ભારતીય યુદ્ધ પછીજ આર્યજાતિની પડતી શરૂ થઇ હતી. તેથી ભારતીય યુદ્ધસમયે આર્યજાતિ ઉન્નતિના પરમ ઉચ્ચ શિખરે પહોંચેલી હતી. ભારતીય યુદ્ધ આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે થયું હતું અને તે વખતે આર્યો ઉન્નતિના સર્વોચ્ચ શિખરે પહોંચેલા હતા. એ વખતે પણ દેવજાતિનું બળ પહેલાં-ના જેવું જણાતું નથી. દેવોનાં અસુરો સાથેનાં યુદ્ધ પણ લગભગ બંધ થયાં હતાં. નિ-વાત, કવચ, વગેરે રાક્ષસો સાથે યુદ્ધ કરવા ઇંદ્ર જાતે નહોતો ગયો, પણ આર્યવીર અર્જુને તે કાર્ય ઇંદ્રને ખાતર સિદ્ધ કર્યું હતું. ભૂતનાથ સમ્રાટ્ શ્રીશંકરના અર્જુન સાથેના યુદ્ધમાં બન્ને જણા લગભગ સરખાજ ઉતર્યા હતા; તથા ખાંડવવન બાળતી વખતે અર્જુને ઇંદ્રની સેનાને પૂરેપૂરી હાર ખવડાવી હતી. આ રીતે તે વખતની દેવજાતિની સ્થિતિ જોતા જણાય છે કે, તિબેટનિવાસી દેવજાતિ પણ લગભગ પડતીને રસ્તે ચડી ચૂકી હતી. અસુર વગેરે જાતિઓ ત્યાર પહેલાં પડતી દશાને પામી ચૂકી હશે. પ્રત્યેક જાતિની ચઢતી અને પડતીને ચાર–પાંચ હજાર વર્ષો લાગતાં હશે; તો આર્ય, દેવ અને અસુરજાતિઓના ઉદયાસ્તનો ઇતિહાસ એ ઓછામાં ઓછાં પંદરવીસ હજાર વર્ષોનો ઇતિહાસ હોવામાં કંઈજ શક નથી. અસુરો પછી દેવજાતિનો વિજયકાળ હતો; કેમકે દેવજાતિએ ઘણે ભાગે અસુરજાતિને હરાવીને નસાડી મૂકી હતી. આથી પણ નક્કી થાય છે કે, દેવસભ્યતા અસુરસભ્યતા પછીની છે; અને આ પહેલાં બતાવ્યુંજ છે કે, દેવો પાસેથી જ્ઞાન, શસ્ત્ર, અસ્ત્ર વગેરે પ્રાપ્ત કરીને આર્યો આગળ વધતા હતા. આથી દેવજાતિની પછી આર્યોના વિજયનો સમય આવે છે. આર્યોના વિજયનો સમય વિક્રમ સંવત પૂર્વે પાંચહજાર વર્ષનો હતો, એ ભારતીય યુદ્ધના સમયને લીધે નક્કી થાય છે. એ પહેલાં દેવજાતિ અને તેથીયે પહેલાં અસુરજાતિના અભ્યુ-દયનો કાળ છે. આથી અસુરોનો અભ્યુદયકાળ કયો હશે તેનું અનુમાન કરી શકાય છે.

છે. તેથી સ્પષ્ટ જણાય છે કે, જે કારણથી અસુરોપાસક પારસી તથા ઇરાનની આસપાસ-ની જાતિઓ અસુરતરીકે ઓળખાય છે, અને તેમના અંતર્ભાવો માનવજાતિના જેવાજ છે; તેજ કારણથી તેમની સાથે યુદ્ધ કરનારી અને ભારતીય આર્યોને મદદ કરનારી દેવજાતિ-ના લોકો પણ માનવોજ હતા, એમ માનવું જોઇએ. દેવોના શત્રુ અને મિત્રોનો વિચાર કરવાથી આપણને અહીં સમજાય છે કે, દેવો પણ તેમના શત્રુઓ અને મિત્રોની પેઠેજ મનુષ્યદેહધારી હતા. હવે ગણદેવોની એક–બે વાતોનો ફરીથી વિચાર કરીશું.

(૯) ગણરાજ

દેવોના ગણ (સમૂહો) હતા અને દરેક ગણનો એક એક મહાજન હતો તથા તેનું નામ "ગણરાજ" હતું. આ ગણરાજ યા ગણપતિને તાબે બધા ગણો રહેતા હતા. તેની આજ્ઞા-સિવાય કોઈ ગણ કંઈ પણ કાર્ય કરી શકતો નહિ. જે ગણો તેની આજ્ઞાનું બરાબર પાલન કરતા હતા, તેમનાં બધાં કાર્યોમાં આ ગણરાજ મદદ કરતો હતો; અને તેનો જે વિરોધ કરતા, તેમના કાર્યમાં તે અનેક મુશ્કેલીઓ ઉભી કરતો હતો. હાલમાં પણ એજ દેખાઇ આવે છે કે, મુખીની વિરુદ્ધ થતાં મુશ્કેલીઓ આવી પડે છે અને તેને અનુકૂળ રહેતાં બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય છે. આથી આ ગણરાજનું નામ વિઘ્ન–કર્તા અને વિઘ્ન–હર્તા પણ છે.

દરેક કાર્યમાં તેનો પ્રથમ સત્કાર કરવો આવશ્યક હતો. એના સિવાય કોઇનું પણ કાર્ય સફળ થવું મુશ્કેલ હતું, તેથીજ ગણરાજનો સત્કાર સૌથી પહેલો થતો હતો. હાલમાં પણ દરેક કાર્યમાં મહાજનનો સત્કાર પ્રથમ કરવો અને તેને અગ્રસ્થાન આપવું આવશ્યક છે; તેજ પ્રમાણે તે વખતમાં પણ થતું હતું.

જેમ દરેક ગણનો એક ગણરાજ હતો; તેમ અનેક ગણોનો એક ગણનાથ પણ હતો. તેનું નામ "ગણોનો ગણપતિ" અર્થાત્ ગણોના સમૂહોનો પતિ હતું. ગણરાજો આ મુખ્ય ગણનાયકને આધીન રહેતા હતા અને પોતપોતાના ગણોદ્વારા ઇષ્ટકાર્ય કરતા હતા. જે રીતે ફોજમાં નાના તેમજ મોટા અધિકારીઓ હોય છે; તેજ પ્રમાણે દેવોમાં આ ગણરાજ સંસ્થા હતી. લશ્કરી વ્યવસ્થા માત્ર લશ્કરમાંજ દેખાય છે; પરંતુ ગણરાજ સંસ્થામાં ગણોની જે વ્યવસ્થા હતી, તે તેમનાં સઘળાં કાર્યોમાં જળવાતી હતી અને તેથી ગણોના હિતાહિતનાં સઘળાં કાર્ય લશ્કરી વ્યવસ્થાપૂર્વક ઉત્તમ પ્રકારે થતાં તથા કોઇને કોઇ પણ પ્રકારે વિશેષ મુશ્કેલી નડતી નહિ.

હાલમાં યૂરોપનાં લશ્કરોમાં ટુકડીના જે નિયમો જોઇએ છીએ અને જે સુવ્યવસ્થા દેખાય છે, તેનું મૂળ દેવોની આ ગણરાજ સંસ્થામાં પાઠક જોઈ શકશે.

ઇંદ્રના મરુદ્ગણો ઇતિહાસ–પુરાણોમાં પ્રસિદ્ધ છે. ઘણેભાગે એ બન્ને ગણસેનાઓનાજ ગણ હતા. ભૂતગણોનું સ્થાન હાલનું "ભૂતાન" કિંવા ભૂતસ્થાન છે; અને મરુદ્ગણોનું સ્થાન તિબેટમાં કોઇ જગ્યાએ હોવાનું અનુમાન કરી શકાય છે.

આ રીતે ગણસંસ્થાનો વિચાર કરવાથી સમજાય છે કે, આ દેવગણો આપણા જેવા માનવોજ હતા; પરંતુ તેમની ઉત્પત્તિ દેવજાતિથી થવાથી તેમનું નામ "દેવ" પડ્યું હતું. આટલા વિચારથી સિદ્ધ થયું કે, દેવજાતિ પણ એક મનુષ્યજાતિજ હતી. હવે બીજી જાતિઓનો વિચાર કરવા પહેલાં નાગજાતિનો વિચાર કરીશું; કેમકે આગળ ઉપર તેનો વિશેષ સંબંધ આવવાનો છે.

૧૩–નાગલોક×

આ લેખમાં "નાગલોક" કયા પ્રદેશનું નામ છે, તેનો વિચાર કરીશું.

શ્રીહર્ષકૃત નાગાનંદ નાટકમાં નીચે લખેલા ભાવનું વાક્ય છેઃ—"હિમાલયની પાસેના પ્રાંતમાં રાજ્ય કરનારા જીમૂતકેતુ નામના વિદ્યાધરનો જીમૂતવાહન નામનો પુત્ર હતો. તે રાજા મલયપર્વતના ગોકર્ણક્ષેત્રની પાસે રહેનારા શંખપાલકુલોત્પન્ન શંખચૂડ નામના નાગનું રક્ષણ કરવામાટે તૈયાર હતો." (નાગાનંદ–અંક ૪) અર્થાત ગોકર્ણક્ષેત્ર તથા મલયપર્વત પાતાળદેશમાં અથવા પાતાળદેશની પાસે પશ્ચિમસમુદ્ર પાસે હતાં અને પાતાળમાં નાગલોક રહેતા હતા. આમાં "વિદ્યાધર" નામ પૂર્વોક્ત દેવયોનિ જાતિનું છે, તે જોવા જેવું છે તથા વધારેમાં જુઓઃ—

तदापाते च पातालं त्रासनिर्जीरराजिलं। कृत्स्नमेकपदे नष्टं नागलोकममन्यत ॥

(કથાસરિત્સાગર–તરંગ ૨૨)

આમાં "નાગલોક લગભગ નષ્ટપ્રાય થયો" એવું વર્ણન છે. આ નાગલોક નાગોનો પ્રદેશજ છે. આ રીતે નાગલોકોનો નાશ થતાંજ શંખચૂડ નાગ રસાતળમાં ગયો, એ વર્ણન નીચેની લીટીમાં જોવા જેવું છેઃ—

विसृष्टस्तेन च ययौ शंखचूडो रसातलम् । (કથાસરિત્સાગર–તરંગ ૨૨)

અર્થાત–રસાતળ પણ એક પ્રદેશ હતો અને તે પાતાળદેશની પાસે હતો. વળી ગોકર્ણ તથા મલયપર્વત પાતાળમાં, રસાતળમાં અથવા તેની પાસે હતાં. આ વાત નાગાનંદ નાટક અને કથાસરિત્સાગર ગ્રંથોથી સિદ્ધ થાય છે. નાગાનંદ નાટકનો રચનાર કવિ શ્રી હર્ષ શક ૫૩૦ અર્થાત સંવત ૬૬૫માં હયાત હતા; તેથી અમે કહી શકીએ છીએ કે, એ સાલમાં પાતાળ અને રસાતળ શબ્દોથી ઉપલા પ્રાંતોજ ઓળખાતા હતા. એ પાતાળ અને રસાતળમાં નાગલોકો રહેતા હતા, એ ઉપરનાં પ્રમાણોથી સિદ્ધ થાય છે.

નાગાનંદ નાટકના પાંચમા અંકમાં નાયકના ભાષણમાં નીચે લખેલાં વાક્યો છેઃ–

नायकः–फणिपते शंखचूड ! किमेवमाविग्नोऽसि ? किमु स्थानमिदमागमनस्य ?—

स्वशरीरेण शरीरं ताक्ष्यात्परिरक्षितं त्वदीयमिदम् ।

नेतुं युक्तं भवता पातालतलादपि तलं तत् ॥१९॥ (નાગાનંદ અંક૦ ૫)

અર્થઃ–"હે શંખચૂડ! ગભરાય છે શામાટે? અહીં આવવાનું શું પ્રયોજન છે? તાર્ક્ષ્ય-(ગરુડ)થી મેં તારૂં સંરક્ષણ કરેલું છે, હવે તું પાતાળમાંથી તળમાં જા, એજ તારે માટે યોગ્ય સ્થાન છે."

આથી સ્પષ્ટ થાય છે કે, "પાતાળ" દેશ પાસે "તળ" નામનો એક બીજો પ્રાંત છે. કવિ શ્રીહર્ષના આ શબ્દોથી સ્પષ્ટ થાય છે કે, ગોકર્ણક્ષેત્ર, મલયપર્વત, પાતાળ અને તળ, એ બધાં પાસે પાસેનાં સ્થાન અને પ્રદેશો હતા. ગોકર્ણક્ષેત્ર હાલમાં પણ હયાત છે; તેથી અમે કહી શકીએ છીએ કે, એજ સ્થળની પાસેના સઘળા પ્રદેશો પ્રાચીનકાળમાં એ નામોથી પ્રસિદ્ધ હતા.

નાગલોકોનો રાજા વાસુકિ હતો અને તેની રાજધાની ભોગવતીમાં હતી. મહાભારતના ઉદ્યોગપર્વ અ૦ ૧૦૯માં કહ્યું છે કે, "તક્ષક અને ઐરાવત એ નાગોથી રક્ષાયેલી તથા વાસુકિ નાગે સંભાળેલી ભોગવતી નગરી બ્રહ્માવર્તથી દૂર દક્ષિણદિશામાં છે; અને આ ભોગવતી

× આ 'નાગલોક'વિષેનો લેખ ઇતિહાસસંશોધક શ્રી.વિ.કા. રાજવાડેજીએ લખ્યો છે. મૂળલેખક

નગરીની દિશામાંજ આગળ જતાં રાવણનું રાજ્ય છે." તાત્પર્ય એ છે કે ભોગવતી,પાતાળ,તળ, ગોકર્ણ અને મલયપર્વત એ પશ્ચિમસમુદ્ર(અરબી સમુદ્ર)પાસેના પ્રદેશોનાં નામ છે. જુઓઃ–

अत्र भोगवती नाम पुरी वासुकिपालिता। तक्षकेण च नागेन तथैवैरावतेन च ॥

(મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૧૦૯ શ્લોક ૧૯-૨૦)

અર્થાત–"આ (દક્ષિણદિશામાં) ભોગવતી નામની નગરી છે. તેનું વાસુકિ પાલન કરે છે અને તક્ષક, ઐરાવત વગેરે નાગો સંરક્ષણ કરી રહ્યા છે."

હવે વિષ્ણુપુરાણના નીચેના શ્લોક જોવા જેવા છેઃ–

भारतस्यास्य वर्षस्य नव भेदान्निशामय। इंद्रद्वीपः कशेरूमांस्ताम्रपर्णो गभस्तिमान् ॥६॥
नागद्वीपस्तथा सौम्यो गांधर्वस्त्वथ वारुणः। अयं तु नवमस्तेषां द्वीपः सागरसंवृतः॥७॥

(વિષ્ણુપુરાણ–અંશ ૨, અ૦ ૩)

અર્થાત–"ભારતવર્ષના નવ ભાગ છે,તેવિષે સાંભળોઃ–ઇંદ્રદ્વીપ,કશેરૂમાન,તામ્રપર્ણ, ગભસ્તિમાન, નાગદ્વીપ, સૌમ્ય, ગાંધર્વ, વારુણ અને આ સમુદ્રથી ઘેરાયેલો નવમો પ્રદેશ છે."

આથી સ્પષ્ટ થાય છે કે, નાગદ્વીપ અને વારુણદ્વીપ એ ભારતવર્ષના નવ વિભાગોમાંના બે વિભાગ છે. એમાં નાગદ્વીપ એ નાગલોક છે–અર્થાત નાગ નામના મનુષ્યોનું નિવાસસ્થાન છે. તે બ્રહ્માવર્તથી બહુજ દૂર દક્ષિણદિશામાં છે તથા તેની રાજધાની ભોગવતી છે; અને તે ગોકર્ણ, મલય, પાતાળ અને તળપ્રાંતોની વચ્ચે કોઇપણ જગ્યાએ છે. આજ રીતે વારુણદ્વીપની શોધ કરવી જોઇએ.

इयं दिग्दयिता राज्ञो वरुणस्य तु गोपतेः॥
यादसामत्र राज्येन सलिलस्य च गुप्तये। कश्यपो भगवान्देवो वरुणं स्माभ्यषेचयत् ॥

(મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૦ શ્લોક ૧-૨)

"આ (દક્ષિણ) દિશા ગોપતિ વરુણ રાજાને પ્રિય છે. એ રાજ્ય જળચરોનું છે અને સમુદ્રનું રક્ષણ કરવા માટે તેમને યોજેલા છે. ભગવાન કશ્યપઋષિએ વરુણનો અહીં રાજ્યાભિષેક કર્યો હતો."

આથી સિદ્ધ થાય છે કે, વરુણલોક પણ સમુદ્ર પાસેના એક પ્રાંતનું નામ હતું અને ત્યાંનો રાજા વરુણ કહેવાતો હતો.મહાભારતના ઉદ્યોગપર્વમાં કહ્યું છે કે,નારદ માતલિને વારુણદ્વીપની વારુણ્ય નગરીમાં થઇને નાગલોકમાં લઈ ગયા હતા.

वरुणेनाऽभ्यनुज्ञातौ नागलोकं विचेरतुः। (મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૯૮)

"વરુણની રજા મેળવીને (નારદ અને માતલિ) નાગલોકમાં ફરવા લાગ્યા." માતલિ પોતાના દેશમાંથી પોતાની કન્યાને માટે સુયોગ્ય વર શોધવામાટે નાગલોકસુધી ગયો હતો. જુઓઃ—

कन्यां शिरस्युपाघ्राय प्रविवेश महीतलम्। (મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૯૭)
अहं ते सर्वमाख्यास्ये दर्शयन्वसुधातलम्। (મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૯૮)

અર્થાત–કન્યાને માટે યોગ્ય વર શોધવામાટે માતલિ વસુધાતળ, મહીતળ, રસાતળ, વરુણલોક, નાગલોક વગેરે પ્રાંતોમાં ફરતો હતો. તેના પ્રવાસવર્ણનથી સ્પષ્ટ થાય છે કે, વારુણદ્વીપની પાસેજ નાગલોક અર્થાત નાગદ્વીપ અથવા નાગલોકોનો પ્રદેશ હતો–એટલે વરુણલોક અને નાગલોક (અથવા વરુણપ્રાંત અને નાગપ્રાંત) મહીતળ અથવા વસુધાતળ નામના ભારતવર્ષના પ્રદેશમાંજ પ્રાચીન સમયમાં ગણાતા હતા; અને તેમાં વરુણલોક નાગલોકની ઉત્તરદિશામાં તથા નાગલોક વરુણલોકની દક્ષિણે હતો અને એ બન્ને દેશો પશ્ચિમસમુદ્રને કિનારે હતા. આથીજ સ્થળે સ્થળે કહ્યું છે કે, વરુણ એ જળનો અધિપતિ

છે–અર્થાત પ્રાચીન દેવરાજ્યના શાસનમાં વરુણ સમુદ્રવિભાગનો અધીશ–રાજા હતો; તેથી ઉપરના શ્લોકોમાં કહ્યું છે કે, " વરુણની રજા લઈને માતલિ વરુણદેશમાં અને નાગદેશમાં ફરતો હતો."રાજાની રજાસિવાય પરદેશમાં દાખલ થવું અશક્ય હોય છે. હાલમાં પણ પરદેશ જવા માટે સરકારની રજા (પાસપોર્ટ) લેવીજ પડે છે. એજ વાત પ્રાચીનકાળમાં પણ હતી.

આ વર્ણન ઉપરથી સ્પષ્ટ થાય છે કે, વરુણદેશ, નાગદેશ (વરુણલોક, નાગલોક), પાતાળ, તળ એ દેશો પશ્ચિમસમુદ્રની પાસેના છે; અને બીજી બાજુના પ્રદેશમાં ગોકર્ણ-ક્ષેત્ર અને મલયપર્વત આવેલો છે. વળી વધારે જુઓઃ—

अत्र राक्षसजात्यश्च दैत्यजात्यश्च मातले। दिव्यप्रहरणाश्चासन्पूर्वदैवतनिर्मिताः ॥
अशास्यानपि शास्त्येष रक्षोबंधुषु राजसु ॥ (મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૯૮ શ્લોક ૧૭ અને ૨૧)

" હે માતલે ! અહીં ઉત્તમ શસ્ત્રાસ્ત્રોવાળા રાક્ષસ અને દૈત્યજાતિના લોકો રહેતા હતા. જેના ઉપર રાજ્ય કરવું મહામુશ્કેલ છે,એવા એ રાક્ષસાદિ ઉપર પણ તેઓ રાજ્ય કરતા હતા. " શાસનનું આ વર્ણન જોવા જેવું છે. આથી એ પણ સિદ્ધ થાય છે કે, રાક્ષસ અને દૈત્ય એ બન્ને જૂદી જૂદી જાતિઓ હતી,અને તે જાતિઓ પણ આ મહીતળ નામના ભારત-વર્ષના એક પ્રાંતમાં વસતી હતી. આ મહીતળદેશ પૂર્વોક્ત પાતાળ દેશની ઉત્તરમાંજ હોવા-નો સંભવ છે; કેમકે મહીતળમાં થઈનેજ માતલિ પાતાળમાં ગયો છે.

પાઠક વિચાર કરશે તો તેને સમજાશે કે, આ બધું વર્ણન ભારતવર્ષના પશ્ચિમસમુદ્ર પાસેનાજ પ્રદેશનું છે. ગોકર્ણક્ષેત્ર તથા મલયગિરિ પશ્ચિમસમુદ્રની પાસેનાજ પ્રદેશમાં છે. ત્યાંથી ઉત્તરદિશામાં જતાં જતાં પશ્ચિમસમુદ્ર અને સહ્યાદ્રિની વચ્ચેનો જે પ્રદેશ છે, તેનાં આ નામ મહાભારતના પહેલાંના કાળનાં છે; એમ ઉપરનાં વર્ણનોથી સ્પષ્ટ થાય છે. ઉદ્યોગપર્વમાં કહ્યું છે કે, " આ પુરાતન ઇતિહાસ છે. " અર્થાત્ તે પ્રાચીન સમયનો આ પુરાતન ઈતિહાસ છે. મહાભારતના સમયમાં પશ્ચિમસમુદ્રના પ્રદેશને "અપરાન્ત" "અપ-રાન્તક " કહેતા હતા.

सोऽपरान्तेषु तीर्थानि पुण्यान्यायतनानि च । सर्वाण्येवाऽनुपूर्वेण जगामाऽमितविक्रमः ॥
(મહા૦ આદિ૦ અ૦ ૨૨૦)

અર્થાત–" તે મહાપરાક્રમી અર્જુન અપરાન્ત દેશમાં તીર્થો અને પવિત્ર સ્થળો અનુ-ક્રમે જોતો જોતો ફરતો હતો. "

આ પ્રવાસવર્ણનથી આપણે આ પ્રાંતોનો અનુક્રમ નક્કી કરી શકીએ તેમ છીએ.

માતલિ "મહીપૃષ્ઠ"થી (અરવલ્લી તથા વિંધ્યાચળ પર્વત ઉપરથી) "મહીતળ"માં ઉતરીને પ્રથમ તે વરુણદેશમાં ગયો.

अवगाह्य तु तौ भूमिमुभौ मातलिनारदौ। ददृशाते महात्मानौ लोकपालमपांपतिम् ॥
(મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૯૮ શ્લોક ૬)

અર્થાત–" માતલિ તથા નારદ એ બન્ને નીચાઈવાળી જમીન ઉપર ઉતર્યા અને જળના રાજા વરુણને તેમણે જોયા. " અહીં નીચાઈવાળી જમીનનો અર્થ પર્વતપરથી ઉતરતાં જે નીચો પ્રદેશ આવે છે, તે પ્રદેશજ છે.

પછીથી તેજ માતલિ નાગલોકોની પાતાળનગરીમાં આવી પહોંચ્યો. જુઓઃ—

एतत्तु नागलोकस्य नाभिस्थाने स्थितं पुरम् । पातालमिति विख्यातं दैत्यदानवसेवितम् ॥
(મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૯૯-૧)

અર્થાત–" આ નાગલોકની પાતાળ નગરી છે, અને ત્યાં દૈત્ય તથા દાનવો રહે છે. "

માતલિ હવે અહીં પહોંચ્યો.પછી અહીંથી તે તે દૈત્યોના હિરણ્યપુરમાં પહોંચ્યો.જુઓઃ—

हिरण्यपुरमित्येतत्ख्यातं पुरवरं महत् । दैत्यानां दानवानां च मायाशतविचारिणाम् ॥

(મહા૦ ઉદ્યોગ૦ ૧૦૦-૧)

અર્થાત–"આ માયાપ્રયોગ કરનારા દૈત્ય–દાનવોનું હિરણ્યપુર છે." અહીં મુસાફરી કર્યા પછી નારદ તથા માતલિ આગળ ચાલ્યા અને પછી ત્યાંથી સુપર્ણલોકમાં ગયા. જુઓ:—

अयं लोकः सुपर्णानां पक्षिणां पन्नगाशिनाम् । विक्रमे गमने भारे नैषामस्ति परिश्रमः ॥

(મહા૦ ઉદ્યોગ૦ ૧૦૧-૧)

નારદ માતલિને સુપર્ણલોક દેખાડી કહે છે કે, "આ સુપર્ણોનો લોક એટલે દેશ છે."

અહીં પણ તેના મનને અનુકૂળ જમાઈ નહિ મળવાથી તે રસાતળમાં ગયો. જુઓ:–

इदं रसातलं नाम सप्तमं पृथिवीतलम् । यत्रास्ते सुरभिर्माता गवाममृतसंभवा ॥

(મહા૦ ઉદ્યોગ૦ ૧૦૨-૧)

અર્થાત–"આ રસાતળ પૃથ્વીનું સાતમું તળ છે. અહીંની ગાયો ઉત્તમ છે." હવે એ સ્થળે નારદ તથા માતલિ જઈ પહોંચ્યા.

રસાતળની બાબતમાં પુરાણગાથા નામક પ્રાચીન ઇતિહાસ મહાભારતના ઉદ્યોગપર્વના અધ્યાય ૧૦૨ માં નીચલા શ્લોકો જોવા જેવા છે:—

न नागलोके न स्वर्गे न विमाने त्रिविष्टपे । परिवासः सुखस्तादृक् रसातलतले यथा ।

(મહા૦ ઉદ્યોગ૦ અ૦ ૧૦૨ શ્લોક ૧૫)

અર્થાત–"નાગલોકમાં, સ્વર્ગમાં અને વિમાનરૂપી ત્રિવિષ્ટપમાં પણ રસાતળતળના જેવું સુખકારક રહેઠાણ નથી." એટલે કે રસાતળનું તળ ઘણુંજ સુરમ્ય છે અને ત્યાં રહેવું એ પણ ઘણુંજ સુખદાયક છે.

માતલિ જમાઈની શોધમાં હતો. તેણે રસાતળની રાજધાની ભોગવતીના ચિકુર નામના નાગના સુપુત્ર સુમુખ નામના નાગને પોતાની કન્યામાટે વરતરીકે પસંદ કર્યો. એજ ભોગવતી રસાતળની રાજધાની હતી તથા રસાતળ એ મહીતળનો એક પ્રાંત યાને ભાગ હતો. મહીતળ અને મહીપૃષ્ઠ એ બન્ને નામ જમીન ઉપરનાંજ જણાય છે. મહીપૃષ્ઠ એટલે પર્વતનો ઉપરનો ભાગ અને મહીતળ એટલે પર્વતની તળેટીનો ભાગ (હાઇલૅન્ડ અને લોલૅન્ડ). સમુદ્રના જળની સપાટીથી જે પ્રદેશ ઘણોજ ઉંચો હોય તેનું નામ મહીપૃષ્ઠ (હાઇલૅન્ડ) છે; તથા સમુદ્રની સપાટી જેટલીજ ઉંચી જમીન હોય તે પ્રદેશનું નામ મહીતળ (લોલૅન્ડ) છે. એજ પ્રદેશનું મહાભારતકાળનું નામ "અપરાન્તક" હતું. "તળ" વાચક નામ મહાભારતથી પણ અતિ પ્રાચીનકાળનાં છે. અપરાન્તકનો અર્થ અપરસમુદ્રની પાસેનો પ્રદેશ, એવો છે; અને "અપર સમુદ્ર" એ પશ્ચિમસમુદ્રનુંજ નામ છે. પર સમુદ્ર–અથવા પૂર્વસમુદ્ર, એ તેનાથી જૂદો છે. અપર સમુદ્રની પાસે અનેક ગામ અને પ્રદેશો હતા, તેથીજ પૂર્વોક્ત શ્લોકોમાં "અપરાન્તેષુ" એવો બહુવચની પ્રયોગ થયેલો છે.

રસાતળમાં નાગોની અનેક જાતો અથવા અનેક કુળ કે વંશ હતા. તેમાંના કેટલાકનાં નામ આ પ્રમાણે છે:—


वासुकिस्तक्षकश्चैव कर्कोटकधनंजयौ । कालियो नहुषश्चैव कंबलाश्वतरावुभौ ॥९॥
बाह्यकुंडो मणिर्नागस्तथैवापूरणः खगः । वामनश्चैलपत्रश्च कुकुरः कुकुणस्तथा ॥१०॥
आर्यको नंदकश्चैव तथा कलशपोतकौ । कैलासकः पिंजरको नागश्चैरावतस्तथा ॥११॥
सुमनोमुखोदधिमुखः शंखो नंदोपनन्दकौ । आप्तः कोटरकश्चैव शिखी निष्ठूरकस्तथा ॥१२॥
तित्तिरिर्हस्तिभद्रश्च कुमुदो माल्यपिंडकः । द्वौ पद्मौ पुंडरीकश्च पुष्पो मुद्गरपर्णकः ॥१३॥
करवीरः पीठरकः संवृत्तो वृत्त एव च । पिंडारो बिल्वपत्रश्च मूषिकादः शिरीषकः ॥१४॥

दिलीपः शंखपिण्डश्च ज्योतिष्कोऽथापराजितः । कौरव्यो धृतराष्ट्रश्च कुहुरः कृशकस्तथा ॥१५॥
विरजा धारणश्चैव सुबाहुर्मुखरो जयः । बधिरान्धौ विशुंडश्च विरसः सुरसस्तथा ॥१६॥
एते चान्ये च बहवः कश्यपस्यात्मजाः स्मृताः ॥१७॥ (મહા૦ ઉદ્યો૦ અ૦ ૧૦૩)

ઉપલામાંના દશમા શ્લોકમાં " કુકુણ " શબ્દ છે. એજ શબ્દ ઉપરથી સંસ્કૃતમાં "કુંકણ" "કૌંકણ" એ શબ્દો થયેલા છે; અને મરાઠીમાં "કોકણ" તથા "કોંકણ" શબ્દ પ્રચલિત છે. જે પ્રાંત મુંબઇથી ગોકર્ણ સુધી લાંબો અને સહ્યાદ્રિથી પશ્ચિમસમુદ્રસુધી પહોળો છે, તેનું નામ કોંકણ છે. ઉત્તરમાં મુંબઇ, દક્ષિણે ગોકર્ણ, પશ્ચિમે પશ્ચિમસમુદ્ર યા અરબી સમુદ્ર અને પૂર્વમાં સહ્યાદ્રિ છે, એ પ્રાંતનું નામ "કોંકણ" છે; અને તે કોંકણ નામ એ નાગરાજાના નામ ઉપરથીજ પડેલું છે-અર્થાત પ્રાચીનકાળમાં એ નાગરાજાએ મહા-પરાક્રમ કર્યું હશે અથવા આ નાગજાતિના લોકોએ ખૂબ શૌર્ય દાખવ્યું હશે, તેથી તેમના રાજ્યપ્રદેશનાં નામ પણ તેમનાંજ નામથી પડયાં.

અપરાન્તક પ્રદેશનુંજ કોંકણ એવું નામ છે. અર્થાત અતિપ્રાચીન નામ મહીતળ, પાતાળ, રસાતળ વગેરે "તળ" પ્રત્યયાંત હતા. મહાભારતકાળના અપરાન્તકનું હાલનું નામ કોંકણ છે.

એજ પ્રાંતમાં નાગલોકો રહેતા હતા. તળ, અતળ, વિતળ, સુતળ, મહીતળ, રસાતળ, તળાતળ અને પાતાળ, એ નામો એજ દેશના જૂદા જૂદા ભાગોનાં નામ છે. મહારાષ્ટ્રનાં પ્રાચીન પુસ્તકોમાં "ચૌદ તાલ કોંકણ" દેશ છે, એવું પણ વર્ણન છે. ઉપરોક્ત સ્થાનમાં પાતાળોનાં સાત નામ આવે છે; અને તે દરેકના બબ્બે વિભાગ કરવાથી બરાબર ચૌદ થઇ રહે છે. એમાં મહીતળ મધ્યવિભાગ, પાતાળ સૌથી દક્ષિણવિભાગ અને અતળ સૌથી ઉત્તરનો ભાગ માનવો ઉચિત છે. "અતળ" શબ્દજ બતાવે છે કે, તે પ્રદેશ (અ-તળ) તળેટીનો નથી તેમ મહીપૃષ્ઠનો પણ નથી-અર્થાત ઉંચો પણ નથી, તેમ સમુદ્રના જેટલો નીચો પણ નથી. "પાતાળ" શબ્દ સમુદ્રની સપાટી બરાબરના પ્રદેશનું નામ છે, એમ આથી સ્પષ્ટ થાય છે. બીજાં નામો ઓછાવત્તા ઉંચાનીચા ભાગનાં છે.



આ રીતે સિદ્ધ થાય છે કે, નાગલોક તે કોંકણ દેશનુંજ નામ છે; અને એનુંજ નામ પાતાળ છે. આ પાતાળ દેશના લોકનાજ પુત્રની સાથે સ્વર્ગના ઇંદ્રસારથિ માતલિની પુત્રીનું લગ્ન થયું હતું-અર્થાત નાગલોકો પણ મનુષ્યોજ હતા અને તિબેટના દેવો પણ મનુષ્યજ હતા. જેમ હાલમાં જાપાની અને યૂરોપીય નામોથી જૂદી જૂદી જાતના અને દેશના લોકો ઓળખાય છે; તેજ પ્રમાણે તે પ્રાચીનકાળના તિબેટમાં દેવજાતિનાં મનુષ્યો, ભારતના ઉત્તરભાગમાં આર્યજાતિનાં મનુષ્યો અને આ કોંકણમાં નાગ યાને સર્પજાતિનાં મનુષ્યો રહેતાં હતાં.

હવે ઉપરની સર્પજાતિનાં નામોનો પણ વિચાર કરવો જોઇએ. ઉપરના શ્લોકોમાં સર્પ-જાતિનાં કેટલાંક નામ આપેલાં છે, તેજ નામ હાલના મરાઠા ક્ષત્રિયોમાં ચાલ્યાં આવે છે. જુઓઃ-

સંસ્કૃત નામ		મહારાષ્ટ્રી નામ	મરાઠી નામ
૧	વાસુકિ	વાસુઇ	વાસે, ભાસે
૨	તક્ષક	તખઅ	તખે, તિખે
૩	કર્કોટક	કક્કોડઅ	કોકટે, ગોકટે
૪	કાલીય	કાલીઅ	કાળિયે, કાળ્યે, કાળે
૫	વામન	બામણ	બામણે
૬	કુકર	....	કોકરે
૭	કુકુણ	....	કોંકણે
૮	નંદક	ણુંદઅ	નંદે, ણુંદે
૯	કલશ	કલસ	કળશે
૧૦	પોતક	પોતઅ	પોતે
૧૧	પિંજરક	પંજરઅ	પિંજરે
૧૨	નાગ	નાગ	નાગ
૧૩	શંખ	સંખ	સંક
૧૪	કોટરક	કોટ્ટરઅ	કુટરે
૧૫	નિષ્ઠુરિક	નિટ્ઠુરિઅ	નિચુરે
૧૬	તિત્તિરિ	....	તિતરે
૧૭	મુદ્ગર	મોગ્ગર	મોગરે
૧૮	કરવીરક	કરવીઅક	કરવે, કર્વે
૧૯	પિઠરક	....	પિઠરે
૨૦	દિલીપ	....	દુળીપ, ધુળપ
૨૧	શિરીષક	શિરિખઅ	શિર્ખે, શિર્કે
૨૨	શંખપાલ	(નાગાનંદ નાટકમાંથી)	સંકપાલ
૨૩	વિરજા		બિરજે
૨૪	કંબલ		કાંબળે
૨૫	મણિ		માને, મણે
૨૬	આર્યક		આઠકે
૨૭	શબલ		સાબલે, સાંપળે
૨૮	સુમન		સોવને, સોને, સોમણે, સોમણ
૨૯	પિંગલ		પિંગળે
૩૦	પિંડરક		પેંઢરે
૩૧	કરવીર		કરવીરે
૩૨	બિલ્વક		બેલ્હે, બેલે
૩૩	હરિદ્રક		હળદે
૩૪	પન્નગ		પાનકે
૩૫	શ્રીવહ		શિરવે, સુરવે
૩૬	કુઠર		કુઠરે
[illegible]	કુંજર		કુંજરે

૩૮	કર્દમ	કદમ
૩૯	કર્કર	કર્કરે

આ નામોમાંથી કેટલાંક નામ મહાભારત આદિપર્વના આસ્તીક પર્વ અધ્યાય ૩૫ માંથી લીધેલાં છે; અને કેટલાંક ઉદ્યોગપર્વના પૂર્વોક્ત શ્લોકોમાંથી લીધેલાં છે.

આ રીતે નાગજાતિનાં નામો, મરાઠા ક્ષત્રિયોનાં જાતિવાચક નામો તરીકે હાલમાં પ્રસિદ્ધ છે; તેમજ વધારે શોધ કરવાથી બીજાં નામ પણ મળી શકે તેમ છે. બીજા પ્રાંતોમાં પણ આ નામોની શોધ કરવી જોઈએ.

અહીં એટલું કહેવું જરૂરનું છે કે, હાલમાં નામોની આગળ જે જાતિવાચક નામો લગાડાય છે, તેમાં ઉંડો ઈતિહાસ સમાયલો છે. પ્રાચીન નામો બરાબર શોધવામાં તે ખૂબ મદદ કરે છે. કેટલાકોનાં નામ બહુજ વિચિત્ર જણાય છે તેથી કેટલાક તે છોડી દે છે; પરંતુ તે ભૂલ છે. ઉપર પ્રમાણે તુલના કરવાથી પાંડવકાળની જાતિઓનો પત્તો લાગે છે; અને બહુજ અગત્યની ઐતિહાસિક શોધ થઇ શકે તેમ છે. આથી જાતિવાચક નામ તથા ગામનાં નામ એ બન્નેનું ઐતિહાસિક શોધની દૃષ્ટિએ બહુજ મહત્ત્વ છે; માટે તેને કોઇએ પણ નકામાં સમજવાં જોઈએ નહિ.

નાગનામ	મરાઠી નામ
નાગપતિ–નાગવઈ–નાગવી................................	નાગવે
પર્ણપતિ–વણ્ણવઈ–વણ્ણવી................................	વણ્ણવે
તલકર	તળેકર
ફણિવર	ફણિવર

જો આ જાતિવાચક નામો અત્યારે મરાઠીમાં પ્રચલિત ન હોત, તો નાગજાતિનો પત્તો મળવો લગભગ અસંભવિતજ હતો. મહારાષ્ટ્રમાં હાલ એ નામ છે, તેથીજ અત્યારે નિશ્ચયપૂર્વક કહી શકાય છે કે, મરાઠા ક્ષત્રિયોમાં કેટલાક નાગકુળના લોક પણ હયાત છે. આની પહેલાં અમે એ પણ બતાવી ચૂકયા છીએ કે, ગણદેવજાતિના મહારાજિક લોક તે હાલના મરાઠા છે.


રાજતરંગિણીમાં કહ્યું છે કે, પ્રાચીનકાળના કાશ્મીરમાં નાગોનુ રાજ્ય હતું. ખાંડવપ્રસ્થ-ની દક્ષિણે તથા યમુનાનદીની દક્ષિણદિશાએ ખાંડવવનમાં નાગલોકોની વસ્તી હતી, એ હકીકત આદિપર્વના ખાંડવદાહ પર્વમાં લખેલી છે. નાગપુરમાં નાગો રહેતા હતા, તે વિષે હરિવંશમાં વર્ણન કરેલું છે–અર્થાત પાંડવોની પહેલાંના સમયમાં તથા પાંડવોના સમયમાં ભારતવર્ષમાં કોંકણ સિવાય બીજે પણ નાગોનુ રાજ્ય યાને વસાહતો હતી. સર્પ-સત્રના કાવ્યપૂર્ણ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે, નાગો અને આર્યોનું ભયંકર યુદ્ધ થયું હતું; અને આર્યોએ નાગોની બહુજ ભારે કતલ ચલાવી હતી. આમ છતાં પણ કેટલાક નાગો આર્યોના મિત્ર પણ હતા, અને તેથીજ અર્જુનનું ઉલપી નામની નાગકન્યા સાથે લગ્ન થયું હતું.

તાત્પર્ય એ છે કે, નાગજાતિનું મૂળસ્થાન પાતાળદેશ–અર્થાત કોંકણ હતું; અને તેઓ ત્યાંથી ભારતવર્ષનાં બીજાં સ્થળોમાં ફેલાયા હતા, તેથીજ પાંડવાદિ આર્યવીરોએ તેમને ઉત્તરભારતમાંથી પાછા દક્ષિણભારતમાં હઠાવી કાઢયા હતા; અને તેમને આ પ્રકારે હઠાવી કાઢવામાટેજ નાગોનું આર્યો સાથે યુદ્ધ થયું હતું.

૧૪–નાગલોકોને દેવોની મદદ

ઉપરનાં વર્ણનોથી સમજાય છે કે, તિબેટદેશમાં દેવજાતિના મનુષ્યોનું [illegible]

આર્યાવર્ત દેશ અર્થાત ઉત્તરભારતમાં આર્યજાતિના મનુષ્યોનું રાજ્ય હતું અને ભારતના પશ્ચિમસમુદ્રની પાસેના કોંકણદેશમાં નાગજાતિના મનુષ્યોનું રાજ્ય હતું. આર્યોની ઉન્નતિ થયા પહેલાં લગભગ સમસ્ત ભારતવર્ષમાં નાગજાતિએ પોતાનું રાજ્ય જમાવ્યું હતું. તક્ષશિલા, ખાંડવવન વગેરે સ્થળોનાં વર્ણનો સ્પષ્ટ દર્શાવી આપે છે કે, ત્યાં નાગજાતિનું રાજ્ય હતું. ખાંડવવન ઇંદ્રપ્રસ્થ પાસે હતું અને ત્યાં નાગોનું રાજ્ય હતું. અર્જુને ખાંડવવન બાળીને ત્યાંના નાગોનો સંહાર કર્યો, તેથીજ નાગલોકો આર્યજાતિનો વિનાશ કરવાનો પ્રયત્ન કરતા હતા; પરંતુ તેઓ છેલ્લી ઘડી સુધી વેર વાળી શકયા ન હતા. એકવાર કચરાઇ ગયેલી પ્રજા ફરીથી ઉન્નત થવી અનેક કારણોથી મુશ્કેલ બની જાય છે. અર્જુન વગેરે આર્યવીરોએ નાગજાતિને એટલી બધી દબાવી દીધી હતી કે તેમનું પુનરૂત્થાન થવું અશક્ય થયું. વાસુકિ, તક્ષક, અશ્વસેન વગેરે નાગજાતિના વીરો બહુજ પ્રયત્ન કરતા હતા; પરંતુ કોઇને પણ સફળતા પ્રાપ્ત થઇ નહિ. અશ્વસેને કર્ણનો આશ્રય લઇને અર્જુનનો વધ કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે ફળીભૂત થયો નહિ અને ત્યાંજ અશ્વસેનને મરવું પડયું. એ પછી તક્ષકે પરિક્ષિતને ગળું રૂંધીને મારી નાખ્યો; પરંતુ તેથી તો આર્યોએ નાગોની વધુ ક્રૂરતાપૂર્વક કતલ ચલાવી. આ રીતે પરાજિત નાગજાતિએ પોતાની ઉન્નતિમાટે જે જે પ્રયત્નો કર્યા તે નિષ્ફળજ ગયા; અને તે અરાજકીય (એનારકીકલ) અત્યાચારોથી નાગજાતિનું અધઃપતનજ થતું ગયું.



પ્રાચીન સમયનું ભારતવર્ષ

જ્યારે નાગજાતિ ઉપર આર્યોનો હુમલો થયો, તે વખતે નાગોનો રાજા તક્ષક [illegible] ઇન્દ્રલોકમાં અર્થાત તિબેટમાં જઇને ઇંદ્રના મહેમાનતરીકે રહ્યો હતો. તે ત્યાં એટલાજમાટે ગયો હતો કે નાગજાતિનું રક્ષણ કરવામાં ઇંદ્ર પાસેથી મદદ મળે એવો પ્રયત્ન કરી જોવો. સર્પસત્ર-પ્રસંગે—અર્થાત સર્પજાતિની કતલ ચાલતી હતી તે વખતે આ સર્પરાજ તક્ષક ઇંદ્રને શરણે ગયો હતો અને ઇંદ્રે તેને આશ્રય પણ આપ્યો હતો; પરંતુ તેનું પણ કંઇ ચાલ્યું નહોતું. કારણકે આર્યજાતિના વીરોનાં પરાક્રમ તે સમયે ઉન્નતિને શિખરે પહોંચેલાં હતાં—અર્થાત તેઓ અદ્વિતીય હતા. આથીજ દેવરાજની મદદ મળવા છતાં નાગજાતિ આર્યોનો વાળ પણ વાંકો કરી શકી ન હતી.

આ પૂર્વઇતિહાસ અત્રે લખવાનો હેતુ એજ છે કે, તેથી દેવજાતિ, આર્યજાતિ અને સર્પજાતિ, એ બધી જાતિઓ માનવજાતિઓજ હતી તે સિદ્ધ થઈ જાય. દેવો આર્યોના શત્રુ સર્પોને પણ મદદ કરતા હતા તથા મહાદેવ વગેરે ભૂતજાતિના રાજાઓએ પણ અસુરરાક્ષસોને મદદ કરીને બહુજ પ્રબળ બનાવ્યા હતા; તેથી આર્યોને ઘણાં દુઃખ ભોગવવાં પડયાં હતાં. આથી સ્પષ્ટ થાય છે કે, દેવજાતિ પણ એક સ્વતંત્ર મનુષ્યજાતિ હતી અને દેવોના રાજ્યનો રાજનૈતિક સંબંધ કોઇવાર અસુરો સાથે, કોઇવાર સર્પજાતિ સાથે અને કોઇવાર આર્યો સાથે ચાલ્યા કરતો હતો; એટલે આ બધી જાતિઓ મનુષ્યરૂપેજ હતી, એમાં શંકા નથી.

(ક) સ્વર્ગદ્વાર

તિબેટ દેશને અમે સ્વર્ગતરીકે નિશ્ચિત કરેલ છે. તે સ્વર્ગમાં પણ સ્વર્ગ, ત્રિવિષ્ટપ જૂદા જૂદા પ્રાંતો હોવાનો સંભવ છે. કેમકે:—

न नागलोके न स्वर्गे न विमाने त्रिविष्टपे । परिवासः सुखस्तादृग् रसातलतले यथा ॥

(મહા૦ ઉદ્યોગ૦ ૧૦૨-૧૫)

આ શ્લોકમાં સ્વર્ગ અને ત્રિવિષ્ટપ જૂદા જૂદા દેશો હોવાનું વર્ણન છે. સંભવ છે કે તિબેટના પૂર્વભાગને ત્રિવિષ્ટપ અને પશ્ચિમભાગને સ્વર્ગ કહેતા હશે; કેમકે ગંગોત્રી, બદ્રિનાથ, બદ્રિકેદાર વગેરે સ્થાનોના ઉત્તરપ્રદેશમાં "સ્વર્ગદ્વાર" નામનું એક સ્થાન પણ છે. હિમાલયના એક શિખર ઉપર આ સ્થાન આવેલું છે. કેટલાક તેને "સ્વર્ગકપાટ" અને કેટલાક "સ્વર્ગદ્વાર" કહે છે. આ સ્થાન પ્રાચીનકાળમાં સ્વર્ગમાં દાખલ થવાનું ખાસ સ્થાન હતું. જે રીતે રાજ્યમાં દાખલ થવાના રસ્તાઓ હોય છે: તેવી રીતે દેવરાજ્યમાં પણ પ્રવેશ કરવાનો આ ખાસ નક્કી કરેલો રસ્તો હતો. એનું સ્મરણ રાખવામાટેજ હાલમાં "સ્વર્ગદ્વાર" નામથી એ સ્થાનની પવિત્રતા મનાય છે. દરેક ત્રિસ્થળીનો યાત્રી તેનું દર્શન કરેજ છે અને ઓછામાં ઓછું પોતાના જીવનમાં સ્વર્ગ નહિ તો સ્વર્ગના દ્વારનાં પણ પોતાની સગી આંખોએ દર્શન કરીને તે પોતાને કૃતકૃત્ય થયો માને છે. આ સ્વર્ગદ્વાર નામના સ્થાનથી સિદ્ધ થાય છે કે, સ્વર્ગ એ સ્વર્ગદ્વારની ઉપર છે—અર્થાત હિમાલયની બીજી બાજુએ છે. આ સ્વર્ગદ્વાર નામના સ્થાન ઉપરથી સિદ્ધ થાય છે કે, સ્વર્ગ એ સ્વર્ગદ્વારની પેલીપાર છે—અર્થાત હિમાલયની બીજી બાજુએ છે. આથીજ અમે અગાઉ દર્શાવી ગયા છીએ કે, તિબેટજ સ્વર્ગ હતો અને અહીં સમજાય છે કે, તેના પશ્ચિમભાગનું નામ "સ્વર્ગ" અને પૂર્વભાગનું નામ "ત્રિવિષ્ટપ" હતું. આ પણ સ્થૂળ દૃષ્ટિએજ નિર્દેશ કર્યો છે; કારણકે ઘણો કાળ વીતી જવાથી તેમજ સ્થાનોમાં પણ ખૂબ ફેરફાર થઇ જવાથી તે વખતના સ્વર્ગના જૂદા જૂદા પ્રાંતોનો ખ્યાલ આવવો હાલમાં લગભગ અશક્યજ છે. આમ છતાં જે પણ સૂચનો આપણને આર્ય સાહિત્યમાંથી મળી આવે છે; તે ઉપરથી પૂર્વકાળના ભૂવિભાગોની અને

તેટલી શોધ કરવી જરૂરની છે; અને તે શોધના પ્રકાશમાં તે પ્રાચીનકાળનો ઇતિહાસ વાંચવો આવશ્યક છે. આ લેખો પણ એજ દૃષ્ટિથી લખાય છે. આ રીતે સ્વર્ગના દ્વારનો પત્તો મળવાથી સ્વર્ગના માર્ગનો ખ્યાલ આવે છે. ભારતવર્ષમાંથી જેઓ સ્વર્ગમાં જતા હતા, તેઓ આ સ્વર્ગદ્વારનેજ રસ્તે થઇને જતા હતા. આગળ સ્વર્ગારોહણ પર્વમાં પાંડવોના સ્વર્ગ-ગમનનું વર્ણન આવશે ત્યારે વાચકો જોઈ શકશે કે, પાંડવો પણ હિમાલય પર્વત ચઢીનેજ સ્વર્ગમાં ગયા હતા.

૧૫—સ્વર્ગારોહણ

સ્વર્ગારોહણ એટલે સ્વર્ગલોકમાં ચઢવું એવો છે. આ શબ્દમાં જે "આરોહણ" શબ્દ છે, તે પહાડો ઉપર ચઢવાનો ભાવ દર્શાવે છે. વૃક્ષ ઉપર આરોહણ, હાથી કે ઘોડા ઉપર આરોહણ, અથવા પર્વત ઉપર આરોહણ કરવું, એ શબ્દમાં નીચેના ભાગ ઉપરથી ઉંચેના ભાગમાં ચઢવાનો ભાવ વ્યક્ત થાય છે. આથી આ શબ્દ સિદ્ધ કરે છે કે, સ્વર્ગ કોઇ ઉંચાણના પ્રદેશમાં છે. આજ કારણથી તે તિબેટમાં છે, એમ અમે નક્કી કર્યું છે.

પાંડવોના સ્વર્ગારોહણની હકીકત મહાભારતને અંતે આપેલી છે, તે ઉપરથી સ્પષ્ટ જણાય છે ક તિબેટજ સ્વર્ગધામ છે. કેમકે ધર્મરાજ વગેરે જે વીરો સ્વર્ગમાં ગયા, તેઓ હસ્તિનાપુર(દિલ્હી)થી ગંગાકિનારે પહોંચ્યા—અર્થાત દિલ્હીથી ઉત્તરદિશામાં ગયા. ત્યાં ગંગામાં સ્નાન કરીને પછી ઉત્તરદિશામાં ચાલતા તેઓ સ્વર્ગમાં ગયા છે. હસ્તિનાપુરની ઉત્તરે ગંગાનદી અને ગંગાજીની ઉત્તરે હિમાલય છે; તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, સ્વર્ગ હિમાલય પર્વતની પેલી બાજુએજ છે. અર્જુન સદેહેજ મહાદેવ પાસે તથા ઇંદ્ર પાસે શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવા ગયેલો, તે પણ ઉત્તરદિશાએજ ચાલતો ત્યાં ગયો હતો. આથી પણ સિદ્ધ થાય છે કે, ભારતવર્ષની ઉત્તરદિશાએ ગંગા તથા હિમાલયની પેલી પાર સ્વર્ગધામ છે; અને એજ સ્થાનમાં ધર્મરાજ વગેરે ગયા હતા. આગળ જતાં સમ્રાટ્ ધર્મરાજ જ્યારે સ્વર્ગની પાસે પહોંચ્યા, ત્યારે ત્યાંના દેવો પોતપોતાના રથ વગેરે લઇને તેમનું સ્વાગત કરવા આવ્યા હતા. વળી મહાભારતના અંતિમ ભાગનું વર્ણન જોવાથી સ્પષ્ટ થાય છે કે, આ સત્કારની રીત પણ વિજયી પુરુષોને યોગ્યજ છે. જુઓ:—

ततः सन्नादयञ्छक्रो दिवं भूमिं च सर्वशः । रथेनोपययौ पार्थमारोहेत्यब्रवीच्च तम् ॥

(મહા૦ મહાપ્રસ્થા૦ ૩–૧)

જ્યારે સમ્રાટ્ ધર્મરાજ સ્વર્ગ પાસે પહોંચ્યા, ત્યારે " ચારે દિશાઓને ગજાવી મૂકતો ઇંદ્ર પોતાના રથ સાથે તેમની પાસે આવ્યો અને કહ્યું કે આપ રથમાં પધારો. "

આ વર્ણન ભારતીય વિજયી સમ્રાટોનું સ્વાગત સ્વર્ગમાં પણ કેવી રીતે થતું હતું, તે દર્શાવી આપે છે. અહીં પ્રશ્ન થાય છે કે, આ પ્રમાણે શામાટે થતું હશે ? ભારતીય વીરોનું સ્વાગત તિબેટના દેવજાતિના લોકો શામાટે કરતા હશે ? એનો જવાબ આપવા માટે આપણે સ્વર્ગધામવિષે વધારે વિચાર કરવો જોઇએ.

(ક) સ્વર્ગધામ

આ શબ્દમાં " ધામ " શબ્દ ખાસ મહત્ત્વનો છે. ધામનો અર્થ "ઘર" (હોમ) "નિવાસસ્થાન" "આશ્રયસ્થાન" વગેરે થાય છે. દેવલોકો સ્વર્ગપ્રદેશનેજ તેમનું પોતાનું સાચું ઘર માનતા હતા. અત્રે વિચારવું જોઇએ કે, ભારતવર્ષમાં આવીને ભારે ભારે પરાક્રમો કરનારા વીર પુરુષો હિમાલયની પેલીપારના પ્રદેશમાં પોતાનું ઘર શામાટે માનતા હશે ?

કેવી સ્થિતિમાં આવી માન્યતા હોવી સંભવે છે ? એ બહુ વિચારવા જેવી વાત છે; અને તે સ્પષ્ટ થતાં ભારે ઐતિહાસિક શોધ થવાનો સંભવ છે.

ઉપરની શંકાના નિવારણમાટે તથા તે અતિપ્રાચીન ઐતિહાસિક બાબત દર્શાવવાને માટે અમે એક ઉદાહરણ લઇએ છીએ. હાલમાં ઇંગ્લૅંડના વીરો હિંદુસ્તાનમાં આવે છે; અહીં રાજકાર્ય કરે છે; વૃદ્ધ થતાં પેન્શન લઇને પોતાને ઘેર(હોમ) જાય છે અને જીવનનો છેલ્લો કાળ પોતાનાજ દેશમાં જઇને ગાળે છે. અંગ્રેજ જ્યાંસુધી આ દેશમાં રહીને સામ્રાજ્ય ચલાવવાનું કાર્ય કરે છે; ત્યાંસુધી હિંદુસ્તાનને તે પોતાનું ઘર (હોમ) નહિ માનતાં ખુદ ઇંગ્લૅંડનેજ હરહમેશ પોતાનું ઘર માને છે. કેટલાક મોટા મોટા અધિકારીઓ ખાસ કાર્ય કરીને જ્યારે પોતાના સ્વદેશ-ઇંગ્લૅંડમાં પાછા ફરે છે, તે વખતે તેમનાં ખાસ ખાસ કાર્યોના પ્રમાણમાં તેમનો ઇંગ્લૅંડના કિનારે ઉતરતાં સત્કાર કરવામાં આવે છે.

આ વાત જે અત્યારે પણ પોતાના દેશના સંબંધમાં બની રહી છે, તેનો વાચક બરાબર વિચાર કરશે, તો તે ઉપરથી તેમને પ્રાચીન સમયની વાત પણ પ્રત્યક્ષ થશે. જુઓઃ-

તિબેટની દેવજાતિ અને દેવયોનિ જાતિના વીર પુરુષો એ વખતે ભારતવર્ષમાં આવતા હતા; ત્યાં શૂરવીરતા અને પરાક્રમવાળાં ખાસ ખાસ મહાન કાર્યો કરતા હતા; પોતાના સામ્રાજ્યને વિસ્તારતા હતા; વિશેષ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતા હતા અને ઘરડા થતાં પોતાના સ્વર્ગધામ(હોમ)માં પાછા જઇને રહેતા હતા. જ્યારે એ વીર પુરુષો પોતાના સ્વર્ગધામમાં પાછા જતા હતા; ત્યારે ત્યાંના તેમના પૂર્વસંબંધીઓ, પહેલાંના ઓળખીતાઓ અથવા સ્વર્ગરાજ્યના અધિકારીઓ તેમની યોગ્યતાના પ્રમાણમાં તેમનો આદરસત્કાર કરતા હતા અને તેમને યથાયોગ્ય સ્થાને માનપૂર્વક રાખતા હતા.

ધર્મરાજ વગેરે પાંડવો હિમાલયના ડુંગરાઓમાં તિબેટનિવાસી દેવજાતિના વીરોના વીર્યથી જન્મ્યા હતા. બાલ્યાવસ્થા પણ તેમણે ત્યાંજ વીતાવી હતી. યુવાવસ્થામાં તેઓ આર્યાવર્તમાં આવ્યા હતા. આર્યાવર્તમાં આવીને એ વીરોએ અનેક પરાક્રમ કર્યાં; અનેક વિજય મેળવ્યા; સામ્રાજ્ય વધાર્યું અને વૃદ્ધાવસ્થામાં પોતાના પુત્રોને રાજ્ય સોંપીને પોતે પોતાના સ્વર્ગધામમાં પાછા ચાલ્યા ગયા. આ પાછા ફરતી વખતે સ્વર્ગના દેવો માનવસમ્રાટ્ ધર્મરાજનું સ્વાગત કરવા હાજર થયા હતા. તિબેટનિવાસી કેટલીયે માનવજાતિઓનો ભારતવર્ષ સાથે તે સમયે કેવા પ્રકારનો સંબંધ હતો, તે એ વર્ણન સ્પષ્ટરૂપે બતાવે છે. વિજય ઇચ્છનારા, સામ્રાજ્યની ઇચ્છા કરનારા તથા યજ્ઞને ચાહનારા હિમાલયનિવાસી વીરો ભારતવર્ષમાં આવતા હતા; અને ત્યાં યુદ્ધાદિ કરીને સ્વેચ્છાનુસાર ઉપભોગો ભોગવીને વૃદ્ધાવસ્થામાં પોતાના સ્વદેશ ત્રિવિષ્ટપમાં જઇને રહેતા હતા. આથીજ કહેવાય છે કે, સ્વર્ગધામ "ભોગભૂમિ" છે, અને ભારતવર્ષ "કર્મભૂમિ" છે.

જો એજ બાબત હાલની પરિભાષામાં બોલીએ તો કહી શકાય કે, હાલમાં હિંદુસ્તાન એ અંગ્રેજોની "કર્મભૂમિ" છે, અને ઇંગ્લૅંડ એ તેમની "ભોગભૂમિ" છે. અંગ્રેજો હિંદુસ્તાનમાં આવીને રાજકારભાર ચલાવે છે. અને તે કાર્યનું ફળ ઇંગ્લૅંડમાં જઇને પેન્શનરૂપે ભોગવે છે. પ્રાચીનકાળમાં ભોગોની રીત કોઇ બીજી હશે, પરંતુ તે સર્વ રીતિઓનું તાત્પર્ય તો એકજ છે.

(ખ) ભારતવાસીઓની દુર્બળતા

જો તે અતિપ્રાચીનકાળના ભારતવાસીઓવિષે આપણે વિચાર કરીશું તો સમજાશે કે, લેમને તે સમયની સઘળી જાતિઓ "નિર્બળ" ગણતી હતી. જ્યારે રાવણે વરદાન આપ્યાં

હતાં; ત્યારે રાક્ષસ, દેવ, પિશાચ, ભૂત વગેરેથી પોતાનું મૃત્યુ ન થાય એવું માગ્યું હતું; પણ ભારતવાસી મનુષ્યોથી પોતાનું મૃત્યુ ન થાય, એવું માગવાની તેને જરૂર લાગી ન હતી. રાક્ષસ, દેવ, પિશાચ અને ભૂત એ જાતિઓનાં સ્થાનવિષે અમે આ પહેલાં નક્કી કરીજ ચૂકયા છીએ અને ભારતવર્ષ માનવજાતિના દેશતરીકે પ્રસિદ્ધજ છે. આ ભારતવાસી માનવજાતિની દુર્બળતાને લીધે તેમના તરફથી મરણ નહિ થવાની શરત કરવી રાવણને યોગ્ય પણ લાગી ન હતી; કેમકે કોઇપણ રાક્ષસને ભારતવાસી માનવીઓ મારી શકશે, એ વાત તેના સ્વપ્નમાં પણ નહિ આવી હોય!

જ્યારે ભીમે બકાસુરનો વધ કર્યો. ત્યારે ત્યાંના લોકો કહેવા લાગ્યા કે, આ "અ-માનુષ-કર્મ" છે–અર્થાત્ ભારતવાસી મનુષ્ય એવું પરાક્રમ કરી શકેજ નહિ.

तत्राजग्मुर्बकं द्रष्टुं सस्त्रीवृद्धकुमारकाः। ततस्ते विस्मिताः सर्वे कर्म दृष्ट्वाऽतिमानुषम् ॥

(મહા૦ આદિ૦ ૧૬૬–૧૨)

અર્થાત–"ત્યાં મરી ગયેલા બકરાક્ષસને જોવામાટે બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓ–અર્થાત બધા લોકો આવ્યા; અને એ અ-માનુષી કાર્ય જોઇને આશ્ચર્ય પામ્યા." કેમકે બકાસુરનું દુઃખ ભારતવાસી મનુષ્યોથી ટળી શકે તેમ નથી, એવો વિચાર ત્યાંના લોકોના મનમાં દૃઢ જામી ગયો હતો. આ વિષે નીચેનો શ્લોક જુઓઃ—

न तु दुःखमिदं शक्यं मानुषेण व्यपोहितुम्। (મહા૦ આદિ૦ ૧૬૨–૨)

અર્થાત–"બકાસુરથી થતું આ દુઃખ ભારતવાસી મનુષ્યો દૂર કરી શકે તેમ નથી." આ વાકયોથી સ્પષ્ટ થાય છે કે, ભારતવર્ષની માનવજાતિ પોતાને બીજી જાતિઓ કરતાં બહુજ નિર્બળ માનતી હતી.

" અ-માનુષ, અતિ-માનુષ " કર્મનો અર્થ એજ છે કે, જે કાર્ય રાક્ષસ, અસુર, દેવ, ભૂત, પિશાચ વગેરે કરી શકે તેમ હતું; પરંતુ ભારતવાસી કરી શકે તેમ ન હતું. હાલમાં જે એમ કહેવાય છે કે, આ યંત્ર વગેરે બનાવવાનું કામ તો જર્મન, ફ્રેંચ, અમેરિકન કે અંગ્રેજ કરે તોજ થાય; હિંદુસ્તાનીઓ તો કરી શકેજ નહિ. તેમ અતિપ્રાચીનકાળમાં પણ કહેવાતું કે, આ કામ અસુર, રાક્ષસ, દેવ, પિશાચ, યક્ષ, ભૂત એ જાતિઓનાજ માનવોથી થાય, ભારતવાસી માનવી તો તે કરી શકેજ નહિ. બન્નેનું તાત્પર્ય એ છે કે, ભારતવાસીઓ નિર્બળજ હતા; અને તેથીજ તેમને કોઇ ગણત્રીમાં પણ લેવા જેવા ગણતું ન હતું. રાવણે પોતાના વરદાનમાં મનુષ્યોથી અવધ્યતા માગવાની જે ઉપેક્ષા બતાવી હતી, તેનું કારણ પણ તે સમયના મનુષ્યોની દુર્બળતાજ છે. એજ પ્રમાણે બીજા રાક્ષસોનાં ભાષણોમાંથી પણ તે સમયના ભારતવાસી માનવોની દુર્બળતાજ દેખાઇ આવે છે; પરંતુ તે બધાનો અત્રે વિચાર કરવાની કંઇજ જરૂર નથી.

પાંડવોમાં દેવોનું વીર્ય હતું, તેથી તેઓ પોતાને બીજા ભારતવાસીઓ કરતાં ઉચ્ચ માનતા હતા અને બીજાઓને હલકા ગણતા હતા. કર્ણ પણ દેવવીર્યથી ઉત્પન્ન થયેલો હોવાથી પોતાનાજ અભિમાનમાં મસ્ત હતો. આ બધા ઇતિહાસનો વિચાર કરવાથી માલૂમ પડે છે કે, ભારતવર્ષમાં પાંડવોના પૂર્વકાળમાં જોકે તેમનામાં અનેક વીરો પણ થઇ ગયા હતા, તોપણ સામાન્ય ભારતવાસી જનતાની વ્યક્તિગત શક્તિવિષે તે વખતના કોઇ પણ વિદેશી મનુષ્યના મનમાં વિશેષ માનવૃત્તિ ન હતી; અને તેથી ઉલટું ભારતીય જનતામાં રાક્ષસ, દેવ, ભૂત વગેરે તે સમયની વિદેશી જાતિઓવિષે તેમની વ્યક્તિગત શક્તિસંબંધી બહુજ વધારે ખ્યાલો બાંધેલા હતા. જો કોઇ નગરમાં કોઇ રાક્ષસ, દેવ

કે ભૂતજાતિનો માણસ આવતો તો તેને કોઇ અટકાવતું નહિ. રાક્ષસો તો આ જાતિને દબાવતાજ હતા. ભૂતલોક અર્થાત હાલના ભૂતીઆઓ પણ તેમને ડરાવતા હતા અને દેવો પણ મનમાં આવે તે ઉપાડી જતા હતા; પરંતુ આ બધામાં દેવજાતિના લોકો બીજાઓના જેટલું દુઃખ આપનારા ન હતા. તેઓ પોચા હૃદયવાળા હોવાથી તે વખતના મનુષ્યોને બહુ સતાવતા નહિ. આથી રાક્ષસ, અસુર, ભૂત અને પિશાચનો જેટલો ડર ભારતવાસીઓને લાગતો હતો, તેટલો દેવજાતિઓનો લાગતો નહિ; અને તેથીજ આગળ જતાં દેવજાતિ સાથે ભારતવાસીઓને મિત્રતા થઇ હતી.


તિબેટ, હિમાલય, અસુરદેશ તથા ભૂતદેશના લોકો આવીને ભારતવર્ષમાં રહેતા હતા અને પોતાનાં નાનાંમોટાં રાજ્યો પણ સ્થાપતા હતા. બાણાસુરનું રાજ્ય હાલના રામપુર રાજ્યમાં હતું. આ રામપુર સીમલા જીલ્લામાં છે. એજ પ્રમાણે મારવાડમાં ધુંધુ રહેતો હતો; નાશિક અને દક્ષિણે લંકામાં રાવણ તથા તેના અનુયાયી ખર અને દૂષણે તેમનાં રાજ્ય જમાવ્યાં હતાં; પશ્ચિમસમુદ્રને કિનારે પણ નિવાત-કવચ વગેરે બીજા રાક્ષસો આવી વસ્યા હતા; પરંતુ શુક્રાચાર્યસિવાય કોઇ પણ ભારતીય દ્વિજ અસુરોના દેશમાં જઇને પોતાનું ઘર કરીને રહ્યો ન હતો, એ પણ તે વખતના ભારતવાસીઓની નિર્બળતાજ દર્શાવે છે.

શુક્રાચાર્ય પણ અસુર દેશમાં જઇ વસ્યા હતા; તે કાંઈ વિજયી વીરની પેઠે નહિ પણ આચાર્ય થઇને-અર્થાત પાઠશાળાના અધ્યાપકતરીકે રહ્યા હતા. એ સિવાય વૃષપર્વાની રાજધાની કે જ્યાં શુક્રાચાર્ય અધ્યાપક થઇને ગયા હતા, તે સ્થાન પણ દેવોના અને ભારતવાસીઓના રાજ્યની પાસેજ હતું-અર્થાત શુક્રાચાર્ય પણ કાંઇ નિડર થઇને અસુરદેશમાં રહેતા ન હતા.

(૧) સંધ્યાકાળ થતાંજ ઘેર પાછા આવવું
(૨) ઘરથી બહુ દૂર ફરવા માટે પણ ન જવું
(૩) અસુરોના સંઘમાં એકલા ન જવું

એ વગેરે કચને માટે જે નિયમો હતા, તે દર્શાવે છે કે જે રીતે હાલમાં હિંદુસ્થાનના સરહદ પ્રદેશમાં અર્થાત અફગાનિસ્તાનની સરહદમાં હિંદુઓ રહે છે, તે જેમ હમેશાં ભયભીત દશામાં રહે છે; તેજ પ્રમાણે શુક્રાચાર્ય પણ અસુરદેશમાં રહેતા હતા. શુક્રાચાર્યના શિષ્ય કચને વારંવાર ઘાયલ કરીને તેમજ બીજી રીતે દુઃખ થવાથી શુક્રાચાર્ય દુઃખી થયા હતા; અને તેમણે અસુરોને બોલાવીને એ માટે ખૂબ ધમકાવ્યા પણ હતા; પરંતુ અસુરરાષ્ટ્રમાં તેમનું જીવન સુરક્ષિત ન હતું, એ વાત તો એથી સિદ્ધજ થાય છે. કહેવાનું એટલુંજ છે કે, શુક્રાચાર્ય સિવાય બીજા કોઇ વધારે ભારતવાસીઓ અસુરદેશમાં ગયા ન હતા; અને જેઓ ગયા હતા તેઓ પણ બ્રાહ્મણવૃત્તિથી ગયા હતા-ક્ષાત્રવૃત્તિથી નહિ. તેથી ઉલટું ભારતવર્ષમાં તો અસુરાદિ અનેક જાતિઓ આવીને વસી હતી અને તેઓ મનમાન્યા અત્યાચારો કરતી હતી; તથા સામાન્ય જનતા તેમની સામે થવાને અસમર્થ હતી.

જે રીતે હાલમાં અંગ્રેજ, જર્મન, ફ્રેંચ, પઠાણ, રશિયન, જાપાની, કોઝેક વગેરે લોકો હિંદુસ્તાનમાં આવીને કંઇ પણ પ્રતિબંધાસિવાય સુખોપભોગ ભોગવી શકે છે; પરંતુ હિંદુસ્તાનના માણસો ઇંગ્લૅંડ, જર્મની, ફ્રાન્સ, અફગાનિસ્તાન, રૂશીઆ, જાપાન, કોઝેકોનો દેશ વગેરે દેશોમાં બહુ ઓછા જાય છે; અને જેઓ જાય છે તેઓ પણ પોતાના ગૌરવપૂર્વક તે દેશોમાં રહી શકતા નથી, એજ સ્થિતિ અતિ પ્રાચીનકાળમાં-અર્થાત પાંડવોથી પ્રાચીનકાળમાં હતી. તેથી અસુર વગેરે લોકો ભારતવાસીઓને દબાવતા હતા; અને દેવો પણ તેમની પાસેથી પોતાના ઉપભોગની વસ્તુઓ ભેટતરીકે લઇ જતા હતા.



પ્રાચીન સમયની દેશવ્યવસ્થા

કૌરવપાંડવોના પ્રાચીન પૂર્વજોમાંથી કોઈ પણ ભારતીય રાજાને અસુરોના દેશમાં જઇ ત્યાં પોતાનું સામ્રાજ્ય સ્થાપવાનો વિચાર પણ ન આવ્યો; અને પ્રતાપી પાંડવો તથા ભગવાન શ્રીકૃષ્ણે પણ ભારતવાસીઓનું સામ્રાજ્ય ભારતવર્ષની બહાર પણ વધે એવી કંઇજ યુક્તિ કરી નહિ. તેમની પાસે જે કંઇ યુક્તિઓ અને જે કાંઇ શૌર્ય હતું, તે ભારતવાસીઓ સાથેજ લડવાઝગડવામાં ખર્ચાઈ ગયું. ભારતવાસીઓનો અંદર અંદરનો કુસંપ પણ તેના કારણરૂપ છે અને તે કુસંપ હજીપણ ચાલ્યાજ કરે છે. કૌરવપાંડવોના પક્ષમાં રહીને લડેલા ભારતવર્ષના નાનામોટા રાજામહારાજાઓ પણ એક થઇને અને ભારતવર્ષના ઉદ્ધારને માટે માંહેમાંહેના ઝગડા મિટાવી દઇને ૧૮ અક્ષૌહિણી સૈન્ય સાથે ભગવાન શ્રીકૃષ્ણની નીતિ અને અર્જુન તથા કર્ણના શૌર્યનું સંગઠન કરીને જો અસુરદેશો ઉપર ચઢાઈ કરત, તો ભારતવાસીઓનો વિજયધ્વજ બહારના દેશોમાં પણ ફરફરતો હોત. પરંતુ ભારતવાસીઓએ માંહોમાંહેનાજ લડાઇટંટા અને કુસંપ વધારીને આપસ આપસમાં કપાઇ મરવાનુંજ આજથી હજાર વર્ષ ઉપર પસંદ કર્યું હતું; અને (બહુજ દુઃખની વાત છે કે,) હજીપણ તેમને એજ વાત પસંદ છે!!

(ગ) તેનું કારણ

ભારતવાસીઓ બહાર બહુ ઓછા જતા અને અહીંજ માંહોમાંહે લડયા કરતા હતા, તેનાં પણ કારણ શોધવાં જોઇએ. અમારા વિચાર પ્રમાણે ભારતભૂમિની આબોહવા તેના કારણરૂપ છે. આ જમીન સારી નિપજવાળી છે; અનાજ વગેરે પુષ્કળ થાય છે; બહુ ઠંડી પડતી નથી અને ગરમ દેશ હોવાથી કપડાં ન હોય તોપણ ચાલી શકે છે. મનુષ્યોને અન્ન અને વસ્ત્ર જોઇએ. ભૂમિ ફળદ્રૂપ હોવાથી અન્ન પુષ્કળ છે; અને વસ્ત્ર પણ થોડા પ્રયત્નથી જેટલાં જોઇએ તેટલાં પેદા કરી શકાય તેમ છે—અર્થાત મનુષ્યને જરૂરનાં અન્ન અને વસ્ત્ર અહીં પુષ્કળ ઉત્પન્ન થતાં હોવાથી અહીંના લોકો બહાર જવાની મહેનતજ શું કરવા કરે? બહાર

જવાથી તેમને વધારે મળવાનું પણ શું હતું? જુઓ, દેવોનું રાજ્ય તિબેટમાં હતું, ત્યાં હમેશાં બરફ હોવાથી અનાજની પેદાશ બહુજ ઓછી હતી. ભૂતલોકોના ભૂતાનની પણ એજ દશા છે. તિબેટની પશ્ચિમે અસુરોના દેશમાં પણ ધનધાન્ય પુષ્કળ પ્રમાણમાં ઉત્પન્ન થતાં નહિ. તાત્પર્ય એ છે કે, અન્નવસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો જે સુખ ભારતવાસીઓને હતું; અને હાલમાં પણ મળી શકે તેમ છે, તે ભારતની ચારે બાજુના કોઈ પણ દેશમાં મળતું ન હતું. ઠંડીનું દુઃખ વધારે અને સુખે અન્ન ખાવા મળે નહિ, એ બે મુશ્કેલીઓ અસુરદેશોમાં તથા દેવોના દેશોમાં હતી અને ભારતવર્ષમાં ન હતી. આજ કારણથી ભારતવાસીઓ સ્વદેશમાંજ રહેતા હતા; કેમકે અહીં રહેવા છતાં પણ તેમનું યોગક્ષેમ ઉત્તમ રીતે ચાલતું હતું.

પરંતુ અસુર અને સુરદેશ તરફ જુઓ. તેમના દેશમાં તેમને જોઇએ તેટલું અનાજ પણ પેદા થતું નહિ, તેમ તેમને સમાન હવાની પણ મુશ્કેલી હતી. આથી અસુર, સુર, ભૂત, પિશાચ વગેરે ભારતની ચોતરફના પ્રદેશોના માણસો ભારતવર્ષમાં આવીને વસવામાટે જેટલા આતુર હતા, તેટલા અહીંના ભારતવાસીઓ અસુરાદિ દેશોમાં જવાને ઉત્સુક ન હતા.

દેશની પરિસ્થિતિનું આ કારણ છે. હાલમાં પણ ઇંગ્લંડમાં ત્રણ માસપૂરતુંજ અનાજ પેદા થાય છે. આથી વર્ષના નવ મહીનામાટે ઇંગ્લૅંડને અનાજ બહારથી લાવવું પડે છે, તેથી તેઓને એવા દેશો સાથે સંબંધ કરવાની જરૂર છે કે જ્યાંથી તેમને પુષ્કળ અનાજ મળી શકે. આ ચિંતાજ તેમને પરદેશમાં જવાની ફરજ પાડે છે અને તેવી ચિંતાના અભાવેજ ભારતવાસીઓ પોતાના દેશમાં રહે છે તથા બહાર જવાને પ્રવૃત્ત થતા નથી.

પોતાનો દેશ છોડીને જે જાતિઓ બહાર જાય છે, તેમનામાં બહાર જવાને લીધે પણ વધારે એકતા રહે છે; કેમકે સ્વદેશ છોડીને બહાર ગયા પછીજ એકતાની જરૂર અને કિંમત સમજાય છે. આથીજ બીજી જાતિઓમાં વધારે એકતા અને સદા સ્વદેશમાંજ રહેનારા ભારતવાસીઓમાં બહુજ ફાટફુટ દેખાઇ આવે છે.

વાંચનારે એમ નથી સમજવાનું કે, ઉપલા દોષો કેટલેક ભાગે ઉપરનાં કારણોથી ઉત્પન્ન થયેલા હોવા છતાં પણ તેમાં કંઇ ફેરફારજ થઇ શકે તેમ નથી. કેમકે મનુષ્યની પુરુષાર્થશક્તિ, એ તો કોઇ વિલક્ષણજ વસ્તુ છે; અને માણસે એકવાર નિશ્ચય કર્યો એટલે તો પછી તેને માટે અશક્ય હોય તે પણ શક્ય થઇ જાય છે. આ વિષેનો વિચાર કરવાનું આ સ્થાન નહિ હોવાથી આ વિષયને અહીંજ સમાપ્ત કરીશું. આ પ્રસંગ આટલા લંબાણથી એટલાજ માટે દર્શાવ્યો છે કે, ભારતવર્ષમાં ઘણા પ્રાચીનકાળથી બીજા દેશના લોકો શામાટે આવતા હતા? અને બીજા દેશોમાં નહિ જતાં કેવળ ભારતવર્ષમાંજ શામાટે આવતા હતા? તે બરાબર ખ્યાલમાં આવે. ભારતવર્ષમાં ખાધાપીધાનું જેટલું સુખ છે, તેટલું બીજા કોઇ પણ દેશમાં નથી; એ કારણ જેવું પાંચ હજાર વર્ષ ઉપર હતું, તેવુંજ હાલમાં પણ મોજુદ છે.

દેવો પણ અહીં ઉપરના કારણથી આવતા હતા; કેમકે તિબેટમાં પણ અનાજની પેદાશ બહુ ઓછી હતી. આથીજ દેવજાતિના વીરો ઇચ્છતા હતા કે, પોતાનીજ જાતિસાથે ભારતવર્ષનો સંબંધ બંધાય; અને ઉપલાંજ કારણોથી અસુર તથા રાક્ષસાદિ જાતિઓના લોકો પણ હૃદયપૂર્વક ઇચ્છતા હતા કે ભારતવર્ષનો સંબંધ તેમની સાથે બંધાય અને ત્યાંના ઉપભોગો દેવોને નહિ મળતાં તેમને–અસુરોનેજ પ્રાપ્ત થાય. દેવ અને દાનવોનાં મહાભયંકર યુદ્ધોનું કારણ ભારતવર્ષજ હતો. જે બે જાતિઓ કોઇ પણ બહારના દેશ ઉપર પોતાનો અધિકાર જમાવવા ઇચ્છે છે; તેઓમાં યુદ્ધના પ્રસંગો ઉભા થવાનો સંભવજ છે. દેવાસુર યુદ્ધોનું આ કારણ વાચકોએ ધ્યાનમાં રાખવા જેવું છે.

રાક્ષસો ક્રૂરતાપૂર્વક વર્તતા હતા અને દેવો વધારે સભ્ય હોવાથી ભારતવાસીઓ સાથે પ્રેમભર્યો વર્તાવ કરતા હતા. આ કારણથીજ ભારતવાસીઓ દેવોસાથે રહેવાનું વધારે પસંદ કરતા હતા અને રાક્ષસોની ક્રૂરતાને લીધે તેમને દૂરજ રાખવા ઇચ્છતા હતા. આજ કારણથી ભારતવાસીઓ અને દેવોને મિત્રતા બંધાઇ અને રાક્ષસોસાથે શત્રુતા થઈ.

તિબેટના તથા હિમાલયની પહાડી જાતિઓના વીરો ભારતવર્ષમાં ઉપલાં કારણથી આવતા હતા અને ભારતવર્ષ ઉપર પોતાનો અધિકાર જમાવવા ઇચ્છતા હતા. આથી ઉપરના દેશોના જે વીરો અહીં આવતા હતા, તે રાજ્યાધિકાર જમાવતા હતા અને જ્યારે પોતાને ઘેર–સ્વર્ગમાં વૃદ્ધાવસ્થામાં પાછા જતા હતા, ત્યારે ત્યાં તેમનો ખૂબ સત્કાર થતો હતો. એજ પ્રમાણે સમ્રાટ્ ધર્મરાજાનો દેવરાજ ઇંદ્રે સત્કાર કર્યો હતો, તેનું વર્ણન ઉપર આવી ચૂક્યું છે.

(ઘ) દેવોનો અધિકાર

દેવોનો રાજ્યાધિકાર ભારતવર્ષના કેટલાય ભાગ ઉપર હતો. ખાંડવવનનું ઉદાહરણ લ્યો. તેના ઉપર ઇંદ્રનો અમલ ચાલતો હતો. ખાંડવવન દિલ્હીની પાસે હોવાથી તેના ઉત્તરભાગના પ્રદેશ ઉપર તેમનો અધિકાર હશે, એ સંભવિત છે. અર્જુન વગેરે આર્યવીરોએ ઉપલા પ્રાંતો ઉપર પોતાનો અધિકાર જમાવ્યો હતો, તે ઇંદ્રના સૈન્યને હરાવીને જમાવ્યો હતો. (જુઓ ખાંડવદાહ પર્વ) આથી સ્પષ્ટ થાય છે કે, દેવજાતિની સાથે ભારતીય રાજાઓને પણ યુદ્ધ થતાં હતાં; પરંતુ તે યુદ્ધોનું સ્વરૂપ અસુરોસાથેનાં યુદ્ધો જેવું ન હતું. કેમકે દેવજાતિ અને આર્યજાતિ પરસ્પર મિત્રતા ઇચ્છનાર જાતિઓ હતી; જ્યારે રાક્ષસ વગેરે જાતિઓ શત્રુતા રાખનાર હતી.

આટલા વર્ણન ઉપરથી વાંચનારને સમજાશેજ કે, ભારતવર્ષની બહારની સઘળી જાતિઓ ભારતવર્ષના ધાન્ય વગેરે જરૂરના પદાર્થોમાટે ભારતવર્ષ ઉપર પોતાનો અધિકાર જમાવવાનો પ્રયત્ન કરતી હતી; અને તેથીજ તેઓમાં પરસ્પર યુદ્ધ થતાં હતાં; તથા એજ તેમના માંહોમાંહેના દ્વેષનું કારણ હતું.

(ચ) યજ્ઞ

દેવો અસુરોના જેટલા માયાવી (કપટનીતિવાળા) અને યુદ્ધમાં હોશિયાર ન હતા; પરંતુ તેઓ નીતિમાન અને ચતુર હતા, અને તેથી અંતે દેવોનોજ વિજય થતો હતો. તિબેટના દેવ અને ભારતના આર્યો એમના અસુર તથા રાક્ષસો વગેરે એકસરખા શત્રુ હતા. આથી દેવ અને આર્યો એ બે જાતિઓએ પરસ્પર સમજુત કરી લીધી હતી. એ સમજુત, સુલેહ અથવા સંધિપત્ર ઇતિહાસપુરાણોમાં "યજ્ઞ" ના નામથી પ્રસિદ્ધ છે. અહીં યજ્ઞના આધ્યાત્મિક વગેરે ભાવો છોડી દઈને કેવળ રાષ્ટ્રીય ભાવજ લેવો જોઇએ. જેને આધિભૌતિક યજ્ઞ કહી શકાય, તેજ અર્થ અહીં લેવાનો છે. આધિભૌતિક અર્થાત મનુષ્યાદિ પ્રાણીઓથી થતો યજ્ઞ; એમાં (૧) દેવોનો સત્કાર, (૨) દેવો સાથે સહકાર કરવો અર્થાત મિત્રતા બાંધવી અને (૩) દેવોનેમાટે હવિ અર્થાત અન્ન સમપર્ણ કરવું, એ ત્રણ વાતો મુખ્ય હતી. યજ્ઞોથીજ દેવોનો ગુજારો ચાલતો હતો; અને તેથીજ દેવોનું નામ "ક્રતુભુજ" છે. હવે આ શબ્દનો વિચાર કરીશું.

(છ) ક્રતુભુજ

આ શબ્દનો અર્થ (ક્રતુ) યજ્ઞદ્વારા (ભુજ) ભોજન કરનારા દેવ એવો થાય છે. ભારતવર્ષના આર્યો જ્યારે યજ્ઞ કરતા નહિ, ત્યારે દેવો ભૂખ્યા રહેતા હતા અને યજ્ઞ થતાંજ તેમને અન્ન મળતું હતું. આ વાતો પુરાણોમાં સર્વત્ર લખેલી છે. દેવોનું નામ "ક્રતુભુજ" એજ ભાવ બતાવે છે. તે સિવાય "યજ્ઞભુજ" "હવિર્ભુજ" વગેરે અનેક નામો છે, તે પણ એજ ભાવ વ્યક્ત કરે છે.

અહીં શંકા થશે કે, દેવો ભોજનની બાબતમાં આટલા બધા પરાધીન શામાટે હતા? ભારતવર્ષના આર્યો યજ્ઞ કરે તોજ તેમને ભોજન મળે; અને કોઈ વર્ષ ભારતવાસી આર્યોએ યજ્ઞ ન કર્યા તો દેવોને અન્ન ન મળે, એવું કેમ? દેવો આટલા બધા પરાધીન શા માટે? શું દેવો પણ પોતાનું અન્ન બીજી કોઇ રીતે મેળવી શકતા ન હતા? કોઇ મનુષ્ય યજ્ઞ ન કરે તો દેવ શું ઉપવાસજ કરતા હતા? અથવા બીજી કોઇ રીતે પોતાનું ગુજરાન કરવાનો ઉપાય શોધતા હતા? આ બધી શંકાઓનો નિકાલ આપણે ભારતવર્ષ અને ત્રિવિષ્ટપનો પરસ્પર સંબંધ બરાબર જાણીશું ત્યારેજ થશે.

તિબેટ દેવોનું અને ભારતવર્ષ આર્યોનું સ્થાન છે, એમાં તો હવે શંકાજ થાય તેમ નથી. ભારતવર્ષ કૃષિપ્રધાન દેશ હોવાથી અને જમીન બહુ ફળદ્રૂપ હોવાથી તથા સિંધુ, ગંગા, યમુના, બ્રહ્મપુત્રા વગેરે મોટી મોટી નદીઓ હોવાથી થોડી મહેનતે ઘણું અનાજ ઉત્પન્ન થવાનો અહીં સંભવ હતો અને હાલમાં પણ છે. હાલમાં યૂરોપ, અમેરિકા, આસ્ટ્રેલીઆ વગેરે દેશોમાં વૈજ્ઞાનિક ઉન્નતિ ઘણીજ થઈ છે; તોપણ ભારતવર્ષજેવા ઘઉં ત્યાં પાકતા નથી. જો કે બીજા કેટલાય દેશોમાં અનાજ પેદા થાય છે; પણ ભારતવર્ષના અનાજ જેવી મીઠાશ તે બીજા દેશોના અનાજમાં નથી હોતી. આથી કેટલીક વાર એવું પણ કરવામાં આવે છે કે, આસ્ટ્રેલીઆના ખરાબ ઘઉં ભારતવર્ષમાં લાવે છે અને તેને બદલે ભારતવર્ષના ઉત્તમ ઘઉં વિલાયતમાં લઇ જાય છે. આથી સિદ્ધ થાય છે કે, અહીં ભારતવર્ષમાં અનાજ બહુજ ઉત્પન્ન થાય છે અને તે ઉત્તમ જાતનું પેદા થાય છે.

દેવજાતિની ઉન્નતિના દિવસોમાં બીજા કોઈપણ દેશમાંથી તેમને અનાજ મળવું અસંભવિત હતું; કેમકે ઉત્તર અને પશ્ચિમદિશાઓમાં જે જાતિઓ રહેતી હતી, તે બધી અસુર–રાક્ષસ જાતિઓ તિબેટનિવાસીઓની શત્રુજાતિઓ હતી. ત્યાં થોડુંઘણું અનાજ થતું હશે તોપણ શત્રુતાને લીધે તે દેવોને મળવાનો સંભવ ન હતો; પરંતુ ભારતવર્ષ સાથે એવી સ્થિતિ નહોતી. ભારતવાસી આર્યો દેવો સાથે સંબંધ રાખવા ઇચ્છતા હતા અને પોતાના ખાદ્ય પદાર્થોમાટે દેવો પણ કોઈ એવા દેશ સાથે સંબંધ રાખવા ઇચ્છતા હતા, કે જ્યાંથી પુષ્કળ અનાજ મળે; કેમકે તિબેટમાં ઘણોજ બરફ હોવાથી પુષ્કળ અનાજ પેદા થવું અને કરવું અશક્ય હતું. કેવળ ઠંડીને લીધે ત્યાં લીલોતરી પણ બહુ થતી નથી તો પુષ્કળ અનાજ તો ક્યાંથીજ પેદા થઇ શકે? આથી દેવજાતિ પોતાના ખાદ્ય પદાર્થોમાટે બીજા દેશ ઉપર આધાર રાખતી હતી. પશ્ચિમ અને ઉત્તરદિશાઓમાં શત્રુઓનાં રાજ્ય હોવાથી ત્યાંથી તો અનાજ મળવું અશક્યજ હતું; અને તે દેશો પણ ભારતવર્ષના જેટલા અનાજ ઉત્પન્ન કરનારા ન હતા. આથીજ દેવજાતિને પોતાના ભોજનમાટે બીજા દેશ ઉપર આધાર રાખવો પડતો હતો અને ભારતવર્ષજ એક તિબેટ પાસેનો એવો દેશ હતો, કે જ્યાંથી દેવો પોતાની સંપૂર્ણ જરૂરીઆતો પ્રાપ્ત કરી શકે.

સાથેસાથ ભારતીય આર્યલોકો અથવા અહીંના ખેડુતો અસુર, રાક્ષસ, ભૂત, પિશાચ વગેરેના હુમલાઓથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ગયા હતા; અને તેમને હાંકી કાઢવાને પોતે અસમર્થ હોવાથી અસુર વગેરેથી તેમનું રક્ષણ કરે તથા રક્ષણને બહાને ભક્ષણ ન કરી જાય તેવી જાતિ સાથે મિત્રતા કરવા આતુર હતા. આર્યોને મિત્રતરીકે એવી દેવજાતિ મળી ગઇ હતી, કે જે જાતિ અસુર વગેરેને મારી હઠાવવા સમર્થ હતી; વિશ્વાસપાત્ર હતી અને સંધિના નિયમો પ્રમાણે ચાલે તેવી હતી. આથીજ નક્કી કરેલા પદાર્થો કરરૂપે મળવાથી દેવજાતિ આર્યોનું રક્ષણ કરતી હતી.

આ સંધિનુંજ નામ "યજ્ઞ" છે. યજ્ઞના બીજા બીજા ઘણાએ અર્થો થાય છે; પણ તેનો

અહીં કશો સંબંધ નથી. અહીં "રાષ્ટ્રાંતરીય સંધિ" (ઇન્ટરનેશનલ ટ્રીટિ) ના અર્થમાં આ શબ્દનો ભાવ જોઇશું. યજ્ ધાતુના અર્થ–

(૧) દેવોનો સત્કાર કરવો, (૨) દેવો સાથે સંગતિકરણ–અર્થાત્ મિત્રતા કરવી અને (૩) દાન–અર્થાત્ તેમને હવિર્દ્રવ્ય (અન્ન વગેરેના ભાગ) આપવું.

આ ત્રણ અર્થ જોઈએ. યજ્ઞમાં એ અર્થોનો મેળ બેસાડી જુઓ અને ઉપલી સ્થિતિમાં આ અર્થોની સંગતિ જુઓ, તો તેનું આધિભૌતિક તાત્પર્ય (અર્થાત્ માનવી વ્યવહારનું તાત્પર્ય) તરતજ સમજાશે. યજ્ઞમાં ઉપરની ત્રણ વાતો મુખ્ય હતી અને બીજા રીતરિવાજો ગૌણ હતા, એ વાત અહીં વિશેષ રૂપથી કહેવાની જરૂર નથી.

(જ) યજ્ઞવિરોધી રાક્ષસો

રાક્ષસો યજ્ઞનો નાશ કરતા હતા, એવું વર્ણન પુરાણોમાં અનેક સ્થળે છે. જ્યાં ઋષિઓ યજ્ઞ કરવા લાગતા હતા, ત્યાં રાક્ષસો તે યજ્ઞોનો નાશ કરવાનો પ્રયત્ન કરતા હતા. એનું કારણ સ્પષ્ટજ છે કે, જે કાર્યમાં (૧) દેવોનો સત્કાર થતો, (૨) દેવો સાથે મિત્રતા અર્થાત્ સંધિ કરવાનો પ્રયત્ન થતો અને (૩) જે વડે દેવોને અન્ન વગેરે પુષ્કળ પદાર્થો મળવાનો સંભવ હતો; તે કાર્યો દેવોના શત્રુ અસુર, રાક્ષસ વગેરે શી રીતે ચાલવા અને વધવા દે તથા તેનો નાશ શામાટે ન કરે? દેવજાતિનું ભલું થાય એવી વાત રાક્ષસોને પસંદ પડે, એ અશક્યજ હતું; કેમકે દેવો અને અસુરોને પરસ્પર અત્યંત વૈર હતું. રાક્ષસો જાણતા હતા કે, દેવોના રાજ્યમાં પૂરતું અનાજ પેદા થતું નથી અને દેવોને અન્ન વગેરે પદાર્થો આપવામાટે આર્યો હમેશાં એવા યજ્ઞો કરે છે; તેમજ જ્યાંસુધી જોઇતું અનાજ વગેરે ત્યાંથી મળશે ત્યાંસુધી દેવો જોરાવરજ રહેશે. આથી યજ્ઞોનો નાશ કરીને દેવોને મદદ કરવાના કાર્યમાં વિઘ્ન નાખવાના હેતુથી રાક્ષસો યજ્ઞનો નાશ કરવામાટે કમ્મર કસીને તૈયાર રહેતા હતા. શત્રુને મદદ મળતી બંધ કરવી, એ પણ યુદ્ધનો એક ભાગ છે અને રાક્ષસો તે બરાબર જાણતા હતા.

દેવો પણ જાણતા હતા કે, રાક્ષસો આ રીતે મળતી મદદ બંધ કરે છે, તેથી તેઓ જ્યાં પણ યજ્ઞ ચાલતા હતા ત્યાં યજ્ઞકર્તાના પક્ષમાં રહેતા અને રાક્ષસોને હરાવીને પોતાનો (હવિર્ભાગ) અન્નભાગ લેતા હતા. આ ઉપરથી યજ્ઞનો ભંગ કરવાનો રાક્ષસોનો શો હેતુ હતો તે લક્ષમાં આવશે. દેવજાતિને મળતી મદદ બંધ કરવી, એજ તેમનો મુખ્ય હેતુ હતો.

(ઝ) યજ્ઞોમાં દેવોની હાજરી

આધિભૌતિક યજ્ઞનું–અર્થાત્ માનવવ્યવહારરૂપ યજ્ઞનું વાસ્તવિક સ્વરૂપ સમજવામાટે દેવો યજ્ઞોમાં જઈને જાતે હાજર રહેતા હતા કે નહિ, તેનો વિચાર કરવો જોઇએ. બ્રાહ્મણ વગેરે ગ્રંથોમાં અને પુરાણોમાં પણ લખ્યું છે કે, પ્રાચીનકાળમાં દેવીઓ જાતે યજ્ઞમાં આવતી હતી અને હવિર્ભાગ–અર્થાત અન્નભાગ જાતે લેતી હતી; પરંતુ પાછળથી તેમણે યજ્ઞમાં જાતે આવવાનું છોડી દીધું. યજ્ઞોમાં દેવોની હાજરીનાં વર્ણન મહાભારતમાં પણ કેટલીએ જગ્યાએ છે; અને બીજાં પુરાણોમાં પણ કેટલીએ જગ્યાએ છે. આ વિષે મહાભારતનું સુકન્યાનું આખ્યાન અથવા ચ્યવનઋષિની કથા સમજવા જેવી છે.

(ટ) ચ્યવનઋષિ

ચ્યવનઋષિની કથા અથવા સુકન્યાનું આખ્યાન મહાભારતના વનપર્વમાં અધ્યાય ૧૨૧ થી ૧૨૫ સુધીમાં છે. ત્યાં આ આખ્યાન વાચક પુરેપુરૂં જોઇ શકશે. તેનો સારાંશ એ છે કેઃ–

શર્યાતિ નામનો એક રાજા હતો. તેને સુકન્યા નામે એક કન્યા હતી. આ કન્યાએ ચ્યવનઋષિનો કંઇ ગુન્હો કર્યો, તેથી રાજાને બહુ દુઃખ થયું. પાછળથી રાજાએ પોતાની કન્યાનું

ચ્યવનઋષિ સાથે લગ્ન કરી તેને કન્યાદાનમાં આપી. આથી ચ્યવનઋષિ સંતોષ પામ્યા. ચ્યવનઋષિ ઘણા વૃદ્ધ હતા અને આ કન્યા જુવાન હતી. એક વખત દેવોના વૈદ્ય અશ્વિની-કુમારો ત્યાં આવ્યા. તેમણે સુકન્યાને કહ્યું કેઃ–'વૃદ્ધ ચ્યવનને ત્યજી દે અને અમારી સાથે લગ્ન કર.' સુકન્યાએ તે ગણકાર્યું નહિ. ત્યારબાદ વાતચીત થતાં અશ્વિનીકુમારોએ કંઇ ચિકિ-ત્સાથી ચ્યવનને યુવાન બનાવવાનું સ્વીકાર્યું. તેમણે પોતાની ચિકિત્સાથી ચ્યવનને યુવાન બનાવ્યા. આ ઉપકારના બદલામાં અશ્વિનીકુમારોને યજ્ઞમાં અન્નભાગ દેવાનો પણ ચ્યવન-ઋષિએ સ્વીકાર કર્યો; કેમકે અત્યારસુધી અશ્વિનીકુમારોને–વૈદ્યોને–યજ્ઞમાં અન્નભાગ લેવાનો અધિકાર ન હતો. અંતે ચ્યવનઋષિએ યજ્ઞ કર્યો, તેમાં સઘળા દેવો આવ્યા; અને જ્યારે ચ્યવનઋષિ અશ્વિનીકુમારોને અન્ન આપવા લાગ્યા, ત્યારે દેવસમ્રાટ્ ઇંદ્રે કહ્યું કેઃ–

॥ इंद्र उवाच ॥

उभावेतौ न सोमार्हौ नासत्याविति मे मतिः । भिषजौ दिवि देवानां कर्मणा तेन नार्हतः ॥

॥ च्यवन उवाच ॥

महोत्साहौ महात्मानौ रूपद्रविणवित्तरौ । यौ चक्रतुर्मां मघवन्वृंदारकमिवाऽजरम् ॥
ऋते त्वां विबुधांश्चान्यान्कथं वै नार्हतः सवम् । आश्विनावपि देवेन्द्र देवौ विद्धि पुरन्दर ॥

॥ इंद्र उवाच ॥

चिकित्सकौ कर्मकरौ कामरूपसमन्वितौ । लोके चरन्तौ मर्त्यानां कथं सोममिहाऽर्हतः ॥

॥ लोमश उवाच ॥

एतदेव तदा वाक्यमाम्रेडयति देवराट् । अनादृत्य ततः शक्रं ग्रहं जग्राह भार्गवः ॥

॥ इंद्र उवाच ॥

आभ्यामर्थाय सोमं त्वं ग्रहिष्यासि यदि स्वयम् । वज्रं ते प्रहरिष्यामि घोररूपमनुत्तमम् ॥
एवमुक्तः स्मयन्निंद्रमभिवीक्ष्य स भार्गवः । जग्राह विधिवत्सोममश्विभ्यामुत्तमं ग्रहम् ॥
ततोऽसौ प्राहरद्वज्रं घोररूपं शचीपतिः । तस्य प्रहरतो बाहुं स्तंभयामास भार्गवः ॥

(મહા૦ વનપર્વ અ૦ ૧૨૪, શ્લોક ૯ થી ૧૩ અને ૧૫ થી ૧૭)

ઇંદ્રે કહ્યુંઃ–" આ બન્ને અશ્વિનીકુમારો સ્વર્ગમાં દેવતાઓની દવા કરે છે, તેમને સોમ-દાન આપવું યોગ્ય નથી. "

ચ્યવનઋષિએ કહ્યુંઃ–" હે ઇંદ્ર ! આ બન્ને અશ્વિનીકુમારો સમર્થ મહાત્મા, અત્યંત ઉત્સાહી તથા રૂપ અને ધનવાળા છે. તેમણે મને દેવતાઓની પેઠે વૃદ્ધાવસ્થારહિત–યુવાન કર્યો છે. હે ઇંદ્ર ! તમને અને બીજા દેવતાઓને યજ્ઞભાગ મળે અને તેમને શામાટે નહિ ? તેઓ પણ દેવતાજ છે ને !"

ઇંદ્રે કહ્યુંઃ–" હે ચ્યવનઋષિ ! એ બન્ને ચિકિત્સા કરનારાઓ ઇચ્છાનુસાર રૂપ ધારણ કરીને મનુષ્યલોકમાં ફરનારા છે, તો પછી તેઓ શી રીતે સોમને લાયક છે ? "

લોમશ મુનિએ કહ્યુંઃ–"ઇંદ્ર આ વચનો બીજીવાર બોલવા જતો હતો તેવામાંજ ભૃગુપુત્ર ચ્યવને ઇંદ્રનો અનાદર કરીને અશ્વિનીકુમારોને સોમભાગ આપ્યો. ત્યારે ઇંદ્રે કહ્યુંઃ–" જો તમે તેમને સોમ આપશો તો હું તમારા ઉપર ભયંકર વજ્ર ચલાવીશ." આમ કહેવા છતાં પણ ઇંદ્ર તરફ જોઇને કંઇક હસીને ચ્યવને અશ્વિનીકુમારોને સોમ આપ્યો. ત્યારે ઇંદ્રે ચ્યવન-ઋષિ ઉપર વજ્ર ચલાવ્યું; પરંતુ તેજ વખતે ચ્યવને ઇંદ્રના હાથને સ્થિર કરી દીધો."

આ કથા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ઇંદ્રાદિ દેવ જાતેજ ભારતવર્ષમાં આવતા હતા; યજ્ઞમાં જાતેજ હાજર રહેતા હતા; પોતાના માનમરતબામાં અથવા આદરસત્કારમાં વધારો-ઘટાડો થવાથી પરસ્પર લડતા પણ હતા અને પછી પોતાને માટેનો યોગ્ય અન્નભાગ સાથે લઇને ચાલ્યા જતા હતા–અર્થાત્ જેમ આપણા મનુષ્યોનો વ્યવહાર થાય છે, તેવો [illegible]

વ્યવહાર તે પ્રાચીનકાળમાં ચાલતો હતો.

અશ્વિનીકુમાર વૈદ્ય હોવાથી તેઓ દરેક રોગીને ઘેર જતા હતા, તેથી તેમને યજ્ઞભાગ માટે અયોગ્ય ગણ્યા હતા; પરંતુ ચ્યવનઋષિના પ્રયત્નથી તેમને અન્નભાગ મળવા લાગ્યો. આથી સ્પષ્ટ થાય છે કે, કેટલાક દેવોનો યજ્ઞમાં અધિકાર ઓછો, કેટલાકનો વધારે અને કેટલાકનો બિલકુલ ન હતો.

યજ્ઞભાગ, હવિર્ભાગ અને અન્નભાગનું તાત્પર્ય એટલુંજ નથી કે ત્યાં યજ્ઞ વખતેજ થોડો અન્નભાગ જમવો; પરંતુ તેનું તાત્પર્ય એ છે કે, ધાન્યાદિ પદાર્થોનો ભાગ પણ અહીંથી લઇ જવો. કેમકે આ યજ્ઞોમાં જે ધાન્યાદિ તેમને મળતું તેમાંથી તેમનું વર્ષપર્યંત ગુજરાન ચાલતું હતું. માત્ર ત્યાંજ પેટપૂરતું ભોજન મળે તો તેથી તેમનું ગુજરાન માત્ર એક બે દિવસજ થાય અને એટલાથી કંઇ તેમનું કામ ચાલે તેમ ન હતું.

દેવતાઓ યજ્ઞથી જીવતા હતા, તેનું તાત્પર્ય આટલા વિચારથી વાચકોના મનમાં ઠીક ઠીક સમજાયું હશે. આથી નીચેના શ્લોકનો હેતુ પણ સ્પષ્ટ થાય છેઃ—

देवान्भावयतानेन ते देवा भावयन्तु वः । परस्परं भावयन्तः श्रेयः परममवाप्स्यथ ॥

(ભગવદ્‌ગીતા ૩–૧૧)

"તમે આ યજ્ઞથી દેવતાઓને સંતોષતા રહો અને તે દેવતાઓ તમને સંતોષતા રહો. આ રીતે પરસ્પર એકબીજાને સંતોષતા રહીને બન્ને પરમશ્રેય અર્થાત્ કલ્યાણ પ્રાપ્ત કરો." અર્થાત આ યજ્ઞથી દેવોની મદદ આર્યોને અને આર્યોની દેવોને મળે છે; અને પરસ્પરની મદદથી બન્નેનું કલ્યાણ થાય છે. આ યજ્ઞ આ રીતે બન્નેને સંતોષ આપતા હતા. આ બધી વાતો વિચારપૂર્વક જોવી જોઈએ; કેમકે તે મહાભારત કરતાં કેટલાંય સૈકાં પહેલાંના કાળની છે, અને મહાભારતના લેખકને પણ આ ઐતિહાસિક વાતવિષે શંકા ઉપજી હતી. મહાભારતના લેખક એટલેસુધી શંકાશીલ હતા કે, તેમને સર્પજાતિના લોકો મનુષ્ય હતા કે સાપ હતા તે વિષે પણ શંકા હતી; તેથી કોઇ જગ્યાએ લખે છે કે તેઓ સાપ હતા, અને કોઇ જગ્યાએ તેમને મનુષ્ય જેવા લખે છે. આજ રીતે દેવદાનવો વગેરેના વિષે પણ તેમને કંઇ ખાસ કલ્પના નહોતી આવી; પરંતુ જે કથાઓ તે વખતે પ્રચલિત હતી, તે બધીને એકસાથે જોડીને તેમણે લખી છે. હવે આપણેજ વિચાર કરીને નક્કી કરવું જોઇએ કે, ઐતિહાસિક દૃષ્ટિએ તે કથાઓદ્વારા શું સિદ્ધ થાય છે? દેવોવિષે આપણે અહીં જે વાતો જોઇ તેથી તેમનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટતાથી વ્યક્ત થયુ છે કે, તેઓ તિબેટમાં રહેતા હતા અને ભારતવાસીઓના મિત્ર થઇને તેમનું રક્ષણ કરતા હતા તથા ભારતવાસીઓ પણ તેમને ચાહતા હતા—અર્થાત આર્ય અને દેવ એ બંને પરસ્પર મિત્રજાતિઓ હતી તથા તેમનું કલ્યાણ એકબીજાના ઉપર આધાર રાખતું હતું. આથી પણ સિદ્ધ થાય છે કે, દેવો પણ મનુષ્યના જેવા માનવજાતિના માણસો હતા.

(૬) સ્વર્ગનદી અથવા સ્વર્ણદી

ગંગાનું નામ "સ્વર્ગનદી" અથવા "સ્વર્ણદી" છે. તેનાં બીજાં નામ આ પ્રમાણે છેઃ—

मंदाकिनी वियद्गंगा स्वर्णदी सुरदीर्घिका । (અમરકોષ ૧–૪૯)

"વિયદ્‌ગંગા, સ્વર્ણદી, સુરદીર્ઘિકા" એ શબ્દો "દેવોની નદી" એજ અર્થમાં વપરાય છે. "સુરસરિત, સુરનદી, અમરગંગા, દેવનદી" વગેરે શબ્દ પણ એજ ગંગા નદીના વાચક છે. એ શબ્દો સ્પષ્ટ બતાવે છે કે, એજ ગંગાનદી દેવોના રાજ્યમાંથી વહેતી વહેતી અહીં આવી છે. તે શરૂઆતમાં દેવોની નદી હતી. ભારતવર્ષમાં આવીને એજ નદી આર્યોને સુખ

આપે છે. આ ગંગાનદીના વાચક શબ્દો પણ 'તિબેટ દેવોનો દેશ છે' એજ ભાવ વ્યક્ત કરે છે. નદીવાચક શબ્દ આ પ્રમાણે સ્પષ્ટરીતે સ્થાનનિર્દેશ કરે છે; તેથી દેવોનું રાષ્ટ્ર નક્કી કરવામાં એ શબ્દો બહુજ મદદગાર થઈ પડશે.

(૬) દેવોનો અન્નભાગ

આ રીતે દેવ નામની માનવજાતિ ત્રિવિષ્ટપ–તિબેટમાં રહેતી હતી; અને તે પોતાના ભોજનાદિ દ્રવ્યમાટે ભારતવાસીઓ ઉપર આધાર રાખતી હતી. ભારતીય આર્ય લોકો યજ્ઞયાગ કરતા હતા અને ઇંદ્ર વગેરે દેવતાઓના નામથી હાલના મુષ્ટિફંડ પેઠે અન્નનો મુઠ્ઠી જેટલો અથવા વધારે ભાગ જૂદો કાઢતા હતા. દેવોને માટે અન્નભાગ જૂદો કાઢયાસિવાય આર્યલોકો કોઇ પણ અન્ન જમતા નહિ. આ રીતે દેવોને માટે આવશ્યક અન્નભાગ ભારતવર્ષમાંથી મળતો હતો. દેવોને અન્નભાગ પહોંચાડવાની વ્યવસ્થા સર્વ નાના અને મોટા યાગોમાં યાગના પ્રમાણમાં તથા યજમાનની શક્તિ પ્રમાણે થતી હતી.

(૭) યજ્ઞનું પારિતોષિક

આ રીતે યજ્ઞદ્વારા દેવોને અન્નભાગ દેવાનું સ્પષ્ટ કારણ તેઓ આર્યોનું રક્ષણ કરતા હતા, એજ છે; પરંતુ એ સિવાય પણ યજ્ઞકર્તાઓને એક ભારે પારિતોષિક મળતું હતું, એવું "સ્વર્ગવાસ"ના નામથી પ્રસિદ્ધ છે. હાલમાં સ્વર્ગવાસનો અર્થ ઉંધોજ થાય છે. સ્વર્ગવાસ, કૈલાસવાસ, વૈકુંઠવાસ વગેરે શબ્દો હાલમાં મરણ પછીની સ્થિતિ દર્શાવવામાટે વપરાય છે; પરંતુ જ્યારે દેવજાતિ હયાત હતી અને તેમને આર્યો સાથે પરસ્પર હળવામળવાનો સંબંધ હતો, ત્યારે ઉપલા સ્વર્ગવાસ વગેરે શબ્દો મરણ પછીની સ્થિતિ દર્શાવવામાટે ન હતા. મહાભારતમાં પણ તેનાં કેટલાંય પ્રમાણો મળી આવે છે.

(૧) અસ્ત્રવિદ્યા શીખવામાટે વીર અર્જુન સ્વર્ગમાં ગયો હતો; ઇંદ્ર પાસે ચાર વર્ષ રહ્યો હતો અને ત્યાં અસ્ત્રવિદ્યા શીખીને પાછો આવ્યો હતો. આ પ્રમાણે અર્જુનનો આ સ્વર્ગવાસ જીવતાંજ થયો હતો.

(૨) નારદમુનિ સ્વર્ગમાંથી ભારતવર્ષમાં અને ત્યાંથી નાગલોકમાં કેટલીયે વાર ફરી આવ્યા હતા. તેમને દેવોના મુનિ કહેતા હતા. તેમનું રાજનૈતિક કાર્ય ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તે સ્વર્ગમાં રહેતા થકા ભારતમાં પણ રહેતા હતા.

(૩) લોમશમુનિ સ્વર્ગમાં ગયા હતા અને ત્યાંની હકીકત તેમણે ધર્મરાજને કહી સંભળાવી હતી. (વન૦ અ૦ ૯૧)

આ બધા જીવતાછતાંજ સ્વર્ગવાસી થયા હતા. આ રીતે કેટલાંયે પ્રમાણ આપી શકાય તેમ છે; પરંતુ તે બધાં અત્રે રજુ કરવાની જરૂર નથી. મહાભારત વાંચતાં વાંચતાં તે પ્રમાણો વાચકોના જોવામાં આવશેજ. તાત્પર્ય એ છે કે, તે અતિપ્રાચીન સમયમાં સ્વર્ગવાસ જીવતાંજ થતો હતો અને તેનો અર્થ "તિબેટનિવાસ" એટલોજ હતો. અહીં વાચક પૂછશે કે, સ્વર્ગની લાલચ આટલી બધી શામાટે ? ત્યાં ખાવાનું અન્ન તો પેદા થતું નથી, તોપછી ત્યાં જઇને રહેવામાં સુખ કેવા પ્રકારનું થાય ? જેમણે હિમાલયની મુસાફરી કરી હશે તેમને એનો જવાબ આપવાની જરૂર નથી. હિમાલયના ડુંગરાઓમાં ખાવાપીવાના પુષ્કળ પદાર્થો મળતા નથી; પરંતુ ત્યાંનાં દૃશ્ય, ત્યાંની આબોહવાનાં સુખ અને ત્યાંની શાંતિ અદ્વિતીયજ છે. આથી હાલમાં પણ ઉત્તરહિંદુસ્તાનના લોકો મહીના–બે મહીનાની રજાઓમાં "પહાડની સહેલ" કરવામાટે અવશ્ય જાય છે; તથા પૈસાદાર લોકો સોલન વગેરે સ્થાનોમાં નાનકડાં મકાન બંધાવવા ઇચ્છે છે. આથી સ્પષ્ટ થાય છે કે, હિમાલય અને તેના ઉત્તર-

ભાગનાં સ્થાનોમાં કંઇક વિશેષ સુખ છે, કે જે અહીં પુષ્કળ ધાન્ય હોવા છતાં પણ મળી શક્તું નથી. આથીજ પ્રાચીનકાળના લોકો પોતાને સ્વર્ગમાં સ્થાન મળે તે માટે પ્રયત્ન કરતા હતા અને સ્થાન મળતાં વૃદ્ધાવસ્થામાં ત્યાં જઇને આનંદપૂર્વક રહેતા હતા. ભારતવર્ષમાં જે જીવનકલહ છે તે ત્યાં નથી; સાદી રહેણી તથા ઉત્તમ આબોહવાને લીધે આરોગ્ય સ્વાભાવિક રીતેજ ત્યાં સારૂં રહે છે; અને જળની નિર્મળતાને લીધે રોગ ઓછા થાય છે, વગેરે અનેક સુખ સ્વર્ગદેશમાં મળે છે. આથી ભારતીય લોક સ્વર્ગમાં થોડી પણ જગ્યા મેળવવા ઈચ્છતા હતા અને જેઓ પુષ્કળ યજ્ઞયાગો કરતા હતા તથા દેવોને ખૂબ ધાન્યાદિ આપતા હતા; તેમને તિબેટમાં થોડી જગા પણ અપાતી હતી. આ વિષે મહાભારતમાં જે કહ્યું છે તે જુઓઃ—

अष्टक उवाच—पृच्छामि त्वां मा प्रपत प्रपातं यदि लोकाः पार्थिव संति मेऽत्र ॥
यद्यन्तरिक्षे यदि वा दिवि स्थिताः क्षेत्रज्ञं त्वां तस्य धर्मस्य मन्ये ॥९॥
ययातिरुवाच—यावत्पृथिव्यां विहितं गवाश्वं सहारण्यैः पशुभिः पार्वतैश्च ।
तावल्लोका दिवि ते संस्थिता वै तथा विजानीहि नरेन्द्रसिंह ॥ १०॥

(મહા૦ આદિ૦ અ૦ ૯૨)

અષ્ટકે કહ્યું:—"હે પૃથ્વીનાથ! મને જણાય છે કે, આપ ધર્મથી પ્રાપ્ત થનારાં સર્વ સ્થાનોને જાણો છો; તેથી પૂછું છું કે, સ્વર્ગ વગેરે લોકમાં મારા પુણ્યથી મળેલી કોઈ જગ્યા છે કે નહિ ?'

યયાતિએ કહ્યું:—"હે નરેન્દ્રસિંહ ! સાંભળો, આ ભૂમંડળમાં ગાય, ઘોડા તથા પર્વતનાં જેટલાં પશુ છે; તેટલાં સ્થાન તમે તમારા પુણ્યવડે સ્વર્ગલોકમાં મેળવેલાં છે."

આ સંવાદ ઉપરથી સમજાય છે કે, આ કર્મભૂમિ ભારતવર્ષમાં યજ્ઞાદિ કર્મ કરીને તેમાં દેવતાઓને પુષ્કળ અન્નભાગ આપવાથી ત્રિવિષ્ટપમાં રહેવામાટે સ્થાન મળતું હતું. અષ્ટક રાજાને આવાંજ સ્થાનો મળ્યાં હતાં, એવું જ્યારે યયાતિ જીવિત દશામાંજ સ્વર્ગમાં ગયા હતા ત્યારે તેમણે પ્રત્યક્ષ જોયું હતું; અને તેજ વાત તેમણે અષ્ટકને કહી હતી. સ્વર્ગમાં સ્થાન મેળવવા માટે અહીં યજ્ઞો કરવા અને તે દ્વારા દેવજાતિના મનુષ્યોને અન્નભાગ આપવો, એજ માત્ર એક ઉપાય હતો.

ભારતવર્ષની જમીન સારી ફળદ્રૂપ હોવાથી અહીં એટલું બધું ધાન્ય નીપજતું હતું કે તેને ખાનારા પૂરતી સંખ્યામાં ન હતા. હાલમાં પણ જો યૂરોપીયનો અહીંથી અનાજ ન લઇ જાય, તો અહીં ઉત્પન્ન થતું ધાન્ય ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી અહીંના લોકોને ચાલે. યૂરોપવાસીઓ ધાન્ય લઇ જાય છે, તેથીજ અહીંના લોકોને દરવર્ષે દુકાળ ભોગવવો પડે છે; નહિ તો આ ભૂમિ એવી નથી કે આવી રીતે દુકાળો સતાવ્યા કરે. તાત્પર્ય કે, અહીં ધાન્ય પુષ્કળ હતું અને એટલું બધું પાકતું હતું કે તેનો ઉપયોગ કરવાનીજ તેમને ચિંતા હતી.

(ણ) દાનની પ્રથા

અતિથિસત્કાર અને દાનની પ્રથા ભારતવર્ષના ધર્મમાં જેટલી વધારે છે તેટલી કોઇ-પણ દેશના ધર્મમાં નથી. આખી બ્રાહ્મણજાતિ કેવળ બીજાઓએ આપેલા ધાન્ય ઉપરજ જીવતી હતી અને તે સિવાય પણ બીજા ભિક્ષુ વગેરે અનેક હતા. હરેક વખતે બ્રાહ્મણભોજન, જ્ઞાતિ-ભોજન, અતિથિભોજન, સહસ્રભોજન વગેરે જેટલાં ભારતીય ધર્મમાં દેખાય છે, તેટલાં બીજી જગ્યાએ નથી જોવામાં આવતાં. નાનામાં નાના સંસ્કારો સમયે પણ જ્ઞાતિભોજન અવશ્ય થતું હતું. ગુરુકુળોમાં પચાસ પચાસ હજાર વિદ્યાર્થીઓ રહેતા હતા અને તે બધાનો નિભાવ દાન મળેલા ધાન્યાદિમાંથીજ થતો હતો. ભારતવર્ષની આ દાનપ્રથા જોઇએ, તો તેની સાથે બીજા

કોઇ પણ દેશની સરખામણીજ થઇ શકે તેમ નથી. બીજા દેશોના ધર્મમાં દાનનું મહત્ત્વ દર્શાવ્યું છે; પણ આટલું અન્નદાન ક્યાંય પણ નથી. કારણ તેનું એટલુંજ છે કે, બીજા દેશોમાં ધાન્યની ઉત્પત્તિ ઓછી અને ભારતવર્ષમાં ઘણી થાય છે. "દાન પોતાને ઘેરથી શરૂ થાય છે (ચેરીટી બીગીન્સ એટ હોમ)" એ વાક્ય યૂરોપમાં પેદા થયું છે. તેનું કારણ ત્યાં ધાન્યનો સદા દુકાળજ છે. જ્યારે ભારતવર્ષમાં જેટલા પણ અતિથિ આવે તેમને પેટપૂરતું અન્ન આપો અને પછી જાતે ભોજન કરો; એ ધર્મ એટલાજ માટે પ્રસર્યો કે અહીં હમેશાં અન્નનો સુકાળજ હતો અને હજુ પણ છે. આ સ્થિતિ જોવાથી અન્નદાન કરવાની પ્રથા શા-માટે શરૂ થઇ અને ભારતીય આર્યલોકો અન્નદાનથી તિબેટના દેવોનું બળ કેવી રીતે વધારતા હતા, તે સમજાય છે.

यज्ञ उ देवानामन्नम् । (શ૦ બ્રા૦ ૮–૧–૨–૧૦)

"યજ્ઞ એજ દેવોનું અન્ન છે"–અર્થાત યજ્ઞથીજ દેવોને અન્ન મળે છે. ઇંદ્રને માટે આ અન્નભાગ, વરુણમાટે આ અન્નભાગ, એ પ્રમાણે જે માણસ વધારેમાં વધારે અન્નભાગ આપતો હતો, તેને સ્વર્ગલોકમાં વધારે ઉત્તમ સ્થાન રહેવા માટે મળતું હતું.

ભારતીય સમ્રાટો મોટા મોટા યજ્ઞ કરતા હતા અને તે વખતે દેવોને બહુજ અન્નભાગ મળતો હતો. જે ભારતીય સમ્રાટ્ સો યજ્ઞો કરતો હતો તેને સ્વર્ગમાં સૌથી સુંદર અને શ્રેષ્ઠ સ્થાન મળતું હતું. આનું તાત્પર્ય પૂર્વોક્ત વર્ણન વાંચવાથી સ્પષ્ટ સમજાય છે. પ્રાચીનકાળમાં કેટલાય યજ્ઞો સેંકડો વર્ષોસુધી ચાલતા હતા;અને તેમાં દેવતાઓને જે અન્નદાન અપાતું હતું, તેનો કંઇ શુમારજ ન હતો. આ યજ્ઞો જેમ દેવતાઓને અન્નદાન આપવા માટે રચ્યા હતા, તેમ તે ભારતીય આર્યોની આંતરિક એકતા કરવામાટે પણ હતા; પરંતુ તેનો વિચાર કોઇ બીજે પ્રસંગે કરીશું. અહીં આપણે દેવજાતિનીજ વાત કરીએ છીએ, એટલે તેનો અહીં વિચાર કરવાની જરૂર નથી.

આ સર્વ વર્ણન ઉપરથી વાચકોના ખ્યાલમાં એ વાત તો ચોક્કસ ઠસી હશે કે, ભારત-વર્ષની ઉત્તરદિશાના તિબેટ દેશમાં અર્થાત્ ત્રિવિષ્ટપમાં "દેવ" નામની મનુષ્યજાતિ રહેતી હતી; અને તે જાતિ ભારતીય આર્યજાતિની મિત્રજાતિ હતી તથા આ મિત્રતા બન્ને જાતિઓ-નું–અર્થાત દેવો અને આર્યોનું હિત વધારવા માટે થઇ હતી.

(ત) અસુર ભાષામાં 'દેવ' શબ્દનો અર્થ

અમે પહેલાં બતાવ્યુંજ છે કે, દેવોના રાજ્યની પશ્ચિમ અને ઉત્તરદિશાઓમાં અસુરો અને રાક્ષસોના દેશ હતા; તેથી આપણે શોધી કહાડવું જોઇએ કે, તેમની ભાષામાં 'દેવ'શબ્દનો અર્થ શું છે. અસુરોની ભાષા ઝિંદ છે. એ ભાષામાં દેવ શબ્દનો અર્થ 'રાક્ષસ'જ છે. અસુરભાષામાં ક્રૂર, દુષ્ટ, વિનાશક, હત્યા કરનાર, એવાજ અર્થમાં 'દેવ' શબ્દ વપરાય છે. પર-શિયન અને ઉર્દુ ભાષામાં–અર્થાત અસુરભાષામાંથી ઉત્પન્ન થયેલી બીજી ભાષાઓમાં પણ દેવ શબ્દનો અર્થ રાક્ષસજ થાય છે.

આનું તાત્પર્ય સમજવામાટે બહુ દૂર જવું પડે તેમ નથી. જે રીતે અસુરો અને રાક્ષસો દેવોના રાજ્ય ઉપર હુમલા કરતા હતા અને રાતદિવસ દેવોને સંતાપતા હતા; તેજ પ્રમાણે ઇંદ્ર પોતાની દેવસેના લઇને અસુરોના દેશો ઉપર હુમલા કરતો હતો, અસુરોનાં ગામો બાળતો હતો,તેમના કિલ્લાઓ છિન્નભિન્ન કરતો હતો અને તેમની કતલ કરતો હતો–અર્થાત જે રીતે અસુરજાતિના લોકો દેવોને દુઃખ દેતા હતા; બરાબર તેજ પ્રમાણે દેવો પણ અસુરોને દુઃખ દેતા હતા. આથીજ 'અસુર' શબ્દ દેવભાષા(સંસ્કૃત)માં ભયાનક અર્થમાં વપરાવા લાગ્યો અને

'દેવ' શબ્દ અસુરભાષાઓમાં ઘાતકીના અર્થમાં વપરાવા લાગ્યો; કેમકે અસુરોવિષે જેવો કડવો અનુભવ દેવોને થયો હતો, તેથી પણ વધારે કડવો અનુભવ દેવોવિષે અસુરોને થયો હતો. આથીજ એકબીજાની ભાષાઓમાં ઉપલો શબ્દ આવા વિલક્ષણ અર્થમાં વપરાયો છે.

એનું એક ઉદાહરણ હાલમાં પણ જોઈ શકાય છે. મહારાષ્ટ્રમાં હાલમાં બાળકોને 'એ પઠાણ આવ્યો' એમ કરીને બીવડાવે છે; અને પઠાણોના દેશમાં 'એ મરાઠો આવ્યો' એમ કરીને બીક બતાવે છે. તાત્પર્ય એનું એ છે કે, એ લોકોએ એકબીજાના દેશમાં ઘણીજ ખુનામરકી ચલાવી હતી. કેટલોક કાળ એ ખુનામરકીની યાદ રહે છે, અને ત્યારપછી તે રૂઢ શબ્દો તેજ અર્થમાં વપરાય છે. અનંત કાળ વીત્યા પછી એનું મૂળકારણ ભૂલાઇ જાય છે અને શબ્દનો અર્થજ શેષ રહી જાય છે. શબ્દની વ્યુત્પત્તિ કરનારાઓને જો મૂળ ઈતિહાસની ખબર હોય તોજ તે વ્યુત્પત્તિ બરાબર કરે છે;અને નહિ તો મનથીજ ઉપજાવી કાઢેલી વ્યુત્પત્તિ ઘડે છે. મૂળકારણની બરાબર ખબર ન હોવાથી એમ થાય, એ અત્યંત સ્વાભાવિક છે. ભારત-વર્ષમાં તો એનાં ઉદાહરણો અનેક છે. દેવવાણી–દેવભાષા(સંસ્કૃતભાષા)ના શબ્દોમાં શતાબ્દીઓનો ઇતિહાસ ભર્યો પડેલો હોવાથી દરેક શબ્દની ઉત્પત્તિ અને વ્યુત્પત્તિઓ અનેકોએ અનેક પ્રકારે દર્શાવી છે. એમાં કેટલીક ઐતિહાસિક દષ્ટિએ બરાબર છે અને કેટલીક ભૂલભરેલી છે; પરંતુ હાલમાં તેનો પત્તો મેળવવા માટે ઇતિહાસની બરાબર શોધ કરવી જોઇએ અને જોવું જોઈએ કે, તે વખતે ઐતિહાસિક સ્થિતિ કેવા પ્રકારની હતી. અસ્તુ. અહીં આપણે 'દેવ' શબ્દનો અર્થ અસુરભાષામાં જોયો તો તે(ડેવીલ)સેતાનના અર્થમાં વપરાયલો જણાય છે, તેથી પણ અનુમાન થાય છે કે, જેમ અસુરો દેવોને સતાવતા હતા; તેજ પ્રમાણે દેવો અસુરજાતિને પણ સતાવતા હતા. એટલે પરસ્પર શત્રુ હોવાથીજ પરસ્પરના વાચકશબ્દ પરસ્પરની ભાષામાં ક્રૂર અર્થ બતાવનારા પ્રસિદ્ધ થયા.

જો કે સંસ્કૃતમાં અસુર અને દેવ શબ્દોના અર્થ સારો અને ખરાબ એવા પણ થાય છે; છતાં પણ અસુર એટલે ખરાબ અને દેવ એટલે સારો, એ અર્થ વધારે વપરાય છે. આથી થોડા પ્રયોગવાળા બીજા અર્થ ઉપલા નિયમને બાધક થઇ શકતા નથી. આથી સિદ્ધ થાય છે કે, એ બન્ને જાતિઓ–અર્થાત અસુરજાતિ તથા દેવજાતિ–પરસ્પર શત્રુજાતિ હતી અને મનુષ્યોના જેવોજ તેમનો આકાર હતો, એમાં હવે સંદેહજ નથી.

(થ) દેવભાષા

જે ભાષાને હાલમાં આપણે સંસ્કૃત ભાષા કહીએ છીએ, તેનું નામ દેવભાષા પણ છે. તેનાં બીજાં નામ "દેવવાણી, દેવવાક્, દૈવી વાક્, અમરવાણી, અમરભાષા, સુરગી, સુર-વાણી" વગેરે અનેક છે. એનો અર્થ એજ છે કે, એ દેવજાતિની ભાષા હતી–અર્થાત જે જાતિ ત્રિવિષ્ટપમાં રહેતી હતી, તે માનવજાતિનું નામ "દેવ" હતું; અને હાલમાં જેને સંસ્કૃત-ભાષા કહે છે, તેજ તેમની વ્યવહારૂ ભાષા હતી.

આ ભાષાનો વપરાશ સિદ્ધ કરે છે કે, એ ભાષા બોલનાર દેવ નામની જાતિ પ્રાચીન-કાળમાં હતી; તથા ભાષાનો ઉપયોગ તો કેવળ માણસજ કરી શકતાં હોવાથી સિદ્ધ થાય છે કે, એ ભાષા બોલનારા દેવજાતિ નામના મનુષ્યોજ હતા. આર્યોની ભાષાને જેમ આર્ય ભાષા કહે છે અને પિશાચોની ભાષાને પૈશાચી ભાષા કહે છે; તેજ પ્રમાણે સંસ્કૃતનું નામ 'દેવભાષા', તે દેવજાતિના માનવોની ભાષા હતી તેથીજ પડયું હતું.

દેવજાતિના મનુષ્યો સાથે આર્યજાતિના માનવોને ઘણો ગાઢ સંબંધ હોવાથી દેવોની ભાષા આર્યજાતિ પાસે આવી અને દેવજાતિના નાશ પછી તે દેવભાષા આર્યદેશમાં પ્રચલિત

થઇ. એજ દેવભાષા અસુરાદિ દેશોમાં પણ ગઇ હતી; પરંતુ અસુરજાતિના વિકૃત ઉચ્ચારોને લીધે તે દેવભાષા અસુરદેશોમાં વિલક્ષણ ફેરફારવાળી થઇ. ભારતવર્ષમાં પણ પ્રાકૃત ભાષાઓ એ સંસ્કૃતનાજ વિકૃત સ્વરૂપ દેખાય છે; અને તેના કરતાં પણ વધારે વિકાર અસુરદેશમાં થયો છે, એ વાત જોનારને હાલમાં પણ દેખાઇ આવે તેમ છે–અર્થાત્ દેવભાષાની વિકૃતિ ભારતવર્ષની અશિક્ષિત જનતાના કેટલાક ભાગમાં દેખાઈ આવે છે; અને અસુરદેશોમાં તે વિકૃતિ ઘણીજ હલકી સ્થિતિમાં દેખાય છે.

જેમ આખા યૂરોપમાં ફ્રેન્ચભાષાનો પ્રચાર હાલમાં પણ સિદ્ધ કરી રહ્યો છે કે, ફ્રેન્ચોની સભ્યતા એક વખતે યૂરોપમાં સર્વશ્રેષ્ઠ મનાતી હતી; અને ફ્રેન્ચોનો રાજનૈતિક પ્રભાવ પણ એક સમયે ઘણોજ પ્રખર હતો; તેજ પ્રમાણે દેવભાષાનો પ્રચાર પણ હાલ જે અસુરદેશોમાં અને આર્યદેશોમાં અપભ્રંશરૂપે દેખાય છે, તે પણ સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે કે, દેવજાતિની સભ્યતાનો પ્રભાવ માત્ર સમસ્ત આર્યજગતમાંજ નહિ પણ અસુરજગતમાં પણ વંદનીય ગણાયો હતો. આ દેવજાતિની સભ્યતાનો સમય આર્યસભ્યતાની પૂર્વનોજ નક્કી કરવો જોઇએ અને આસુરી સભ્યતાનો સમય તેની પણ પહેલાંનો સમજવો જોઇએ છે; કેમકે અસુરો તો તિબેટની દેવજાતિ કરતાં પણ પૂર્વના સમયની દેવજાતિ–અર્થાત " પૂર્વ–દેવ " હતા. અસુરોનું " પૂર્વ–દેવ " નામ પણ સિદ્ધ કરે છે કે, તેઓ દેવોથી પણ પ્રાચીનકાળના દેવ હતા. આથી માનવું પડે છે કે, દેવજાતિની સભ્યતાના પૂર્વકાળમાં આસુરી સભ્યતાજ પ્રભાવશાળી હતી.

(૬) દેવોનું દેવત્વ

હાલમાં દેવજાતિનાં ઇંદ્ર, મરુત્ વગેરે નામોની સાથે ખાસ પ્રકારનો " દૈવી ભાવોથી યુક્ત દેવત્વ "નો સંબંધ જણાય છે; તેથી ઇંદ્રાદિકોને મનુષ્ય જેવા મનુષ્ય માનવા એ કેટલાકને કઠણ લાગશે; પરંતુ થોડા વિચાર પછી સમજાશે કે, તેઓ એવાજ હતા; અને તેમને લાંબો સમય વીતી જવાને લીધેજ તેઓમાં વધારે પવિત્રતા કલ્પી લેવાઇ છે તથા તેથીજ તેમનું દેવત્વ વધી ગયું છે.

વિભૂતિપૂજા દરેક જાતિમાં હોય છે. જે પોતાની આત્મશક્તિથી પોતાની જાતિને પ્રભાવશાળી કરે છે, તેને "વિભૂતિ" કહે છે. આવી વિભૂતિઓ દરેક જાતિને માટે વંદનીય હોય છે. હાલમાં ભારતવર્ષમાં લોકમાન્ય મહાત્મા તિલક વગેરે કેટલીયે વિભૂતિઓ છે. તેમનાં અસાધારણ આત્મબળને લીધે હાલમાં પણ તેઓ આખા દેશમાં પૂજાય છે, અને ભવિષ્યમાં પણ પૂજાશેજ. સહેજ પહેલાંના સમય તરફ ધ્યાન આપતાં જણાશે કે, શ્રીશિવાજી છત્રપતિ, રામદાસ સ્વામી, રાણા પ્રતાપ, ગુરુ ગોવિંદસિંહ વગેરે વિભૂતિઓ તે વખતે પણ પૂજ્ય ગણાતી; અને તેમનાં નામોમાં હાલ પણ ઉત્સાહ પેદા કરવાની શક્તિ છે. જેટલો વખત જતો જાય છે, તેટલી તેમની પવિત્રતા અથવા ક્રૂરતા વધારે વિકાસ પામતી રહે છે. રાવણ અને કૌરવોની ક્રૂરતા તથા રામચંદ્ર અને પાંડવોની પવિત્રતા વધી જવાનું કારણ સમયમાંજ રહેલું છે. કથાઓ અનેક મુખે જતાં તે કથાનાં મુખ્ય પાત્રોના દરેક ગુણને વધારવામાં આવે છે, કહેનાર થોડુંઘણું મરચુંમીઠું પોતાનું પણ ભભરાવી દે છે; અને આ રીતે કથાઓ વધારેને વધારે રસદાર તથા લોકપ્રિય થતી ચાલે છે. પરિણામ એનું સરવાળે જનતા ઉપર સારૂંજ થાય છે, અને ઉપલા કારણથી એમ થાય તે ખોટું પણ નથી; પરંતુ જ્યારે ઘણોજ કાળ થતાં તે કથાઓનું ઐતિહાસિક સત્ત્વ પણ નાબુદ થઇ જાય છે; ત્યારે તેની તપાસ કરવાની અને એ વાતનો નિશ્ચય કરવાની જરૂર ઉભી થાય છે કે, એમાં ઐતિહાસિક સત્ય

કેટલું છે અને બહારની ભેળવેલી વાતો કેટલી છે.

ઐતિહાસિક કાવ્ય લખનારા કવિ પણ પોતાના તરફથી રોચકતા વધારવાને ખાતર ગુણોનો વિકાસ કરીને પોતાનાં કાવ્ય લખે છે, અને પોતાના ઇષ્ટદેવનું મહત્ત્વ વધારી દે છે. આ રીતની કેટલીએ વાતો છે, કે જે વિભૂતિઓની મહત્તા વધારે છે અને અંતે તે વિભૂતિઓને દેવો જેવી ગણીને તેમને દેવમંડળીમાં પણ ગોઠવી દે છે. આ રીતે માનવી વિભૂતિઓ પણ સમય જતાં દેવમંડળમાં ભળી જાય છે. પહેલાં અમે બતાવ્યુંજ છે કે, "મરુત્" લોકો પહેલાં જેવા માનવો હતા તેવાજ ગણાતા; પરંતુ પાછળથી સમય જતાં તેઓ પણ દેવોમાં ગણાયા. એજ રીતે ઇંદ્ર વગેરે દેવોવિષે પણ એમજ બનેલું સમજવાનું છે. આ વિષે એક ખાસ પ્રાચીન રિવાજનો પણ વિચાર કરવો જોઇએ. એ ખાસ રિવાજ " શતક્રતુ " શબ્દથી દર્શાવાય છે.

(ધ) શતક્રતુ

દેવજાતિની રાજ્યશાસન સંસ્થાનો એવો નિયમ હતો કે, જે સો યજ્ઞ કરશે તે ઇંદ્ર થશે. ઇંદ્ર ચુંટવામાં આવતો હતો, અને સો યજ્ઞ કરવા એ તેની મુખ્ય લાયકાત ગણાતી હતી. દેવોના રાજાને ઇંદ્ર કહેતા, અને આ ઈંદ્રપદ વંશપરંપરા ન હતું; પરંતુ એક પછી બીજો અને બીજા પછી ત્રીજો એ રીતે શતક્રતુ–અર્થાત સો યજ્ઞ કરનારો નરશ્રેષ્ઠ ઇંદ્રપદે આવતો હતો. આ રીતે ભારતવર્ષના રાજા નહુષ વગેરેને પણ ઇંદ્રપદને યોગ્ય સમજવામાં આવ્યા હતા.

(ન) ઈંદ્રની ચુંટણી

દેવોનો રાજા ઇંદ્ર વંશપરંપરાના હક્કથી નિમાતો ન હતો; એટલુંજ નહિ પણ જીવન-પર્યંત પણ એ પદ ભોગવી શકતો નહતો. કોઇપણ વખતે જ્યારે તેનાથી કોઇ ખાસ અપ-રાધ થઇ જતો, ત્યારે તેનું ઇંદ્રપદ લઈ લેવાતું; એટલુંજ નહિ પણ સ્વર્ગમાંથી પણ તેને કાઢી મૂકતા હતા–અર્થાત્ દેવરાષ્ટ્રમાંથી દેશનિકાલ કરતા હતા. આ નિયમ પ્રમાણે ત્યાંથી કેટલાય ઇંદ્રને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, એવી હકીકત પુરાણોમાંથી મળી આવે છે.

નહુષ વગેરે ઇંદ્રોનું પતન ઉપલાજ નિયમને આધારે થયું હતું. અહીં "પતન" નો અર્થ 'ત્રિવિષ્ટપના ઉંચા સ્થાનમાંથી નીચેનાં સ્થાનોમાં પડવું'એવો થાય છે. તેમની કથાઓ-થી પણ એજ નિયમ સમજાય છે કે, દેવોના રાજાનું પદ, વંશપરંપરાનું ન હતું, તેમ આખી જીંદગીસુધીનું પણ ન હતું; પરંતુ જ્યાંસુધી ગુણકર્મધર્માનુસાર તેને ઇંદ્રપદને યોગ્ય સમજ-વામાં આવતો હતો, ત્યાંસુધીજ તે ઇંદ્રપદે રહીને દેવો ઉપર રાજ્ય કરી શકતો હતો. કોઇ કોઇ વખત બરાબર યુદ્ધના કટોકટીના પ્રસંગેજ દેવોની વારંવાર હાર થવા માંડે ત્યારે પણ ઇંદ્રપદ બીજાનેજ અપાતું. તાત્પર્ય એ છે કે, ઇંદ્રપદ ન તો વંશપરંપરાનું હતું કે ન તો જીવનપર્યંતનું હતું; પરંતુ જ્યાંસુધી તે ઈંદ્ર પોતાનું કાર્ય યોગ્ય રીતે કરતો રહે, ત્યાં-સુધીજ તેને તે સન્માન મળતું હતું. આ પદ્ધતિને લીધે ઇંદ્રપદે કાર્ય કરનાર ખૂબ પ્રભાવશાળી અને દક્ષ હતો; અને તે એવી સુયોગ્ય રીતે રાજ્ય કરતો હતો કે, હમેશાં તેના રાજ્યથી દેવો સંતુષ્ટ રહે અને કોઈપણ તેની વિરુદ્ધ ન પડે.

દેવોના નિયમવિરુદ્ધ ચાલનાર ઇંદ્ર હોય, તો તેને પણ તરતજ ઇંદ્રપદ ઉપરથી દૂર કરી દેવોના રાજ્યમાંથી બહાર કાઢવાની એ રીત બહુજ ઉત્તમ પ્રકારની હતી; કેમકે એથી કરીને પદભ્રષ્ટ થયેલો ઇંદ્ર દેવોના રાજ્યમાં રહીને પોતાનો પક્ષ–પ્રતિપક્ષ બનાવીને વધારે ટંટો-ફિસાદ કરી શકતો ન હતો. એક રાજનૈતિક દષ્ટિથી આ એક અત્યંત જરૂરની વાત દેવોના રાજ્યશાસનમાં હતી. એનો હેતુ બીજી દષ્ટિએ પણ જોવાની જરૂર છે.

દેવોમાં ગણસંસ્થા હતી, તેનું વર્ણન આગળ ઉપર આવી ચૂક્યુંજ છે. અનેક ગણ

હોવાથી દરેક ગણ પોતપોતાના હિતાહિતની દૃષ્ટિથી જુએ, તો તે કાંઇ અસ્વાભાવિક નજ કહેવાય. હાલની હિંદુજાતિવ્યવસ્થામાં જેમ દરેક જાતનો માણસ પોતાની જાતીય દૃષ્ટિથી જુએ છે અને સંપૂર્ણ હિંદુસમાજની દૃષ્ટિએ કોઇ જોતું નથી; તેવોજ દોષ દેવોની ગણ-સંસ્થાઓમાં પણ હતો. આથી દેવોના ગણોમાં પરસ્પર વિદ્વેષ, ઝગડા, ટંટાફિસાદ વગેરે ચાલ્યા કરતા અને કોઈ કોઇ વાર તે વધી પણ જતા. દેવોના આવા માંહોમાંહેના ઝગડાનેજ લીધે અસુરોનો વિજય થઇ જતો હતો. આ પ્રમાણે અસુરોથી હાર્યા પછી દેવો માંહોમાંહે સંગઠન કરતા હતા; પોતાનું બળ વધારતા હતા; અને તેને પરિણામે તેઓ અસુરો ઉપર પાછો વિજય પણ મેળવતા હતા. આવા બનાવોનાં વર્ણન બ્રાહ્મણગ્રંથોમાં અને પુરાણોમાં પણ બહુ છે.

(१) ते चतुर्धा व्यद्रावन्, अन्योन्यस्य श्रिया आतिष्ठमाना अग्निर्वसुभिः, सोमो रुद्रैः, वरुण आदित्यैः, इंद्रो मरुद्भिः, बृहस्पतिर्विश्वेदेवैः ।

(२) तान्विद्रुतानसुररक्षसान्यनुव्ययेयुः ॥१॥

(३) ते विदुः पापीयांसो वै भवामोऽसुररक्षसानि वै नोऽनुव्यवागुः द्विषद्भ्यो वै रध्यामः।

(४) हंत संजानामहा, एकस्य श्रियै तिष्ठामहा इति ॥२॥ (શ૦ બ્રા૦ ૩-૪-૨)

(५) ते होचुः । हन्तेदं तथा करवामहै, यथा न इदमाप्रदिवमेवाजर्यमसादिति ॥३॥

(६) ते इंद्रस्य श्रिया अतिष्ठन्त तस्मादाहुरिन्द्रः सर्वा देवता, इन्द्रश्रेष्ठा देवाः ॥४॥

(શ૦ બ્રા૦ ૩-૪-૨)

અર્થાત–" (૧) એમનામાં ચાર પક્ષ પડ્યા. તેઓ એકબીજાના ઐશ્વર્યથી એટલે કે અગ્નિ વસુઓથી, સોમ રુદ્રોથી, વરુણ આદિત્યોથી, ઇંદ્ર મરુતોથી અને બૃહસ્પતિ વિશ્વેદેવોથી અસંતુષ્ટ થયા. (૨) તેઓને આ પ્રમાણે પરસ્પરમાં દ્વેષ કરતા જોઇને અસુર અને રાક્ષસ તેમના ઉપર હુમલો કરવા લાગ્યા; (૩) અને ત્યારેજ દેવોના સમજવામાં આવ્યું કે, અમે મૂર્ખજ થયા છીએ; આથીજ અસુર-રાક્ષસો અમારી ઉપર હુમલો કરે છે. માટે હવે પણ જો અમે નહિ સુધરીએ તો તો એ શત્રુઓ અમને છેકજ કચરી નાખશે. (૪) આથી તેમણે નિશ્ચય કર્યો કે, અમે સંગઠન કરીશું અને એકબીજાની શોભા વધારવાના કાર્યમાં જોડાઇશું. (૫) તેઓ કહેવા લાગ્યા કે, હવે અમારે એવું સંગઠન કરવું કે જેથી તે કદી પણ તૂટેજ નહિ–અર્થાત હમેશાં ચાલુ રહે એવુંજ સંગઠન હવે અમારે કરવું જોઇએ. (૬) તેઓ ઇંદ્રના માનમાં ઉભા થઇ ગયા; અને તેથીજ કહે છે કે, ઇંદ્રજ સર્વ દેવતા છે."

બ્રાહ્મણગ્રંથમાં આ જાતની કેટલીયે કથાઓ છે, અને એજ ધ્વનિ પુરાણો તથા ઇતિહાસોમાંથી નીકળે છે. આથી સિદ્ધ થાય છે કે, દેવોના ગણોમાં પરસ્પરના ઝગડા ઘણાજ હતા. આથી તેઓમાં રાષ્ટ્રીય નિર્બળતા પણ બહુ હતી; અને તેથી તેઓ વખતોવખત માંહોમાંહે સંગઠન કરતા હતા. ગણસંસ્થાને લીધે ગણોમાં જો કે સંઘશક્તિ હતી, તોપણ ગણોમાં અંદર અંદર લડાઇટંટા થતા હોવાથી આખી દેવજાતિમાં જોઇએ તેવું બળ ન હતું; પરંતુ એવું છતાં પણ તેમની સામે કોઈ શત્રુ ઉભો થતાં તેઓ આપસમાં સમજુતી કરી લેતા અને પોતાનું સંગઠન કરી શત્રુઓને નસાડી મૂકતા હતા. ભારતવાસીઓમાં પણ અત્યારે અંદરઅંદરની ફાટફુટ તો ઘણીયે છે; પરંતુ શત્રુ ઉભો થતાં માંહોમાંહે સમજુત કરી લેવા જેટલી અક્કલ હજીપણ ઉપજતી નથી. ભારતીય હિંદુઓના જાતિભેદ અને ત્રિવિષ્ટપના દેવોનો ગણભેદ લગભગ એકસરખોજ છે; એટલુંજ નહિ પણ વિચાર કરતાં એમ પણ લાગે છે કે, ભારતીય આર્યોનો જાતિભેદ એ દેવોના ગણભેદનીજ ખરાબ નકલ છે. અસ્તુ. આ વિષય

અહીં એટલાજ માટે લીધો છે કે, દેવજાતિના લોકો પોતાના ઇંદ્રને પદભ્રષ્ટ કર્યા પછી દેવ-રાજ્યથી જૂદો શામાટે પાડતા હતા, તેનાં કારણ સમજાય. ધારો કે, પદભ્રષ્ટ ઇંદ્રને દેવોએ પોતાના રાજ્યમાંજ રાખ્યો હોત તો શું થવાનો સંભવ હતો ? રાજ્યપદના લોભથી ઇંદ્ર ત્યાંજ રહીને દેવોના કેટલાય ગણોને પોતાને વશ કરી યુદ્ધ કરવા પ્રવૃત્ત થાય, એ તેને માટે બહુ મુશ્કેલ ન હતું. હાલમાં જર્મનીમાંજ જુઓ, જર્મન બાદશાહ કૈસરને જર્મન પ્રજાએ કાઢી મૂક્યો છે,તે પણ હાલ બીજા દેશમાંજ રહે છે;અને બીજા દેશમાં રહેવા છતાંપણ તે જર્મનીમાંના પોતાના મિત્રોદ્વારા પોતાનેમાટે ગાદી મેળવવાની યુક્તિઓ કર્યાજ કરે છે.એજ પ્રમાણે બીજાપણ કેટલાય દેશોના પદભ્રષ્ટ રાજાઓએ કર્યું હતું. અમેરિકામાં તો લોકોએ ચૂંટેલો પ્રમુખ હોય છે; પરંતુ તે પણ પ્રમુખપદ છોડયા પછી જો જીવતો હોય તો બીજા પ્રમુખને કોઇ ને કોઇ પ્રકારનું દુઃખ દેવાનો પ્રયત્ન કરે છે, એની ઇતિહાસ સાક્ષી પૂરે છે. દેવોના ચૂંટાયલા પ્રમુખ ઇંદ્રને પણ આ નિયમના અપવાદરૂપ ગણવાની કંઇ જરૂર નથી; અને તેથીજ દેવજાતિએ પદભ્રષ્ટ થયેલા ઇંદ્રને દેવરાજ્યમાંથી દૂર કરી ભારતવર્ષમાં મોકલી દેવાનું યોગ્ય ગણ્યું હતું, કે જેથી પદભ્રષ્ટ થયેલો ઇંદ્ર દેવોને કોઇપણ જાતનું નુકસાન કરી શકે નહિ. આનું કારણ સ્પષ્ટજ છે કે, ભારતવાસીઓ દેવોને પગલે ચાલનારા હતા, પણ તેમના વિરોધી ન હતા.

દેવોનો પદચ્યુત ઇંદ્ર અસુરાદિ દેશોમાં મોકલાતો નહિ, પણ તેને ભારતવર્ષમાંજ મોકલવામાં આવતો આનું કારણ સ્પષ્ટજ છે કે.પદચ્યુત ઇંદ્ર તેમના શત્રુ અસુરો સાથે મળી જઇને તેમને દુઃખ દઇ શકે નહિ. આ વિષે મલબારની પણ એક પ્રથા અહીં ખાસ વિચારવા જેવી છે. ત્યાં પણ બાર વર્ષમાટે એક પ્રમુખ ચૂંટાતો હતો; કેમકે પ્રાચીનકાળમાં અથવા મધ્ય ઐતિહાસિક કાળમાં મલબારમાં પ્રજાસત્તાક રાજ્ય હતું અને ત્યાંનો પ્રમુખ બાર વરસમાટેજ ચૂંટાતો હતો. બાર વર્ષ થયા પછી તેને દૂર કરી તેઓ બીજો પ્રમુખ ચૂંટતા હતા;અને બીજો અધ્યક્ષ ગાદીએ આવતાંજ પેલા જૂના પ્રમુખની ગરદન કાપી નાખવામાં આવતી! આ પદ્ધતિનો પણ એજ હેતુ હતો કે, આ પદભ્રષ્ટ પ્રમુખ પણ આગળ જતાં દુઃખ-કારક ન થઇ પડે. ગરદન કાપવાથી તેના તરફથી કંઇપણ દુઃખ થવાનો સંભવજ રહેતો નહિ. દેવજાતિના ઇંદ્રને દેશપાર કરવાનો નિયમ તો એ નિયમ કરતાં બહુજ સૌમ્ય નિયમ હતો; અને તેમ હોવા છતાંપણ પદચ્યુત ઇંદ્ર ફરીથી ઇંદ્રપદ પ્રાપ્ત કરવાના ઉપાય કર્યાજ કરતો હતો. આ વિષે ઉદ્યોગપર્વમાંની નહુષરાજાની કથા જુઓ. નહુષ ઇંદ્ર થયો તે પછી પહેલાંના ઇંદ્રે પોતાની પછી આવેલા એ ઇંદ્રને પાડવાનો અને પોતાને માટે ફરીથી ઇંદ્રપદ મેળવવાનો ભારે પ્રયત્ન કર્યો હતો તથા તે સફળ પણ થયો હતો. આ રીતે પદચ્યુત થયેલા રાજાઓ પ્રયત્ન કરે છે, અને તેથી રાજ્યમાં પક્ષભેદ તથા માંહોમાંહે યુદ્ધ ઉભાં થાય છે. આ આપત્તિથી બચવા માટે કેટલીક રાજ્યપદ્ધતિઓમાં નિયમો ઘડેલા છે અને આપત્તિમાંથી બચવાનો પ્રયત્ન કરેલ છે. દેવોની રાજ્યપદ્ધતિમાં પણ આજ કારણથી ઉપલો નિયમ ચાલતો હતો.

(૫) ઇંદ્ર અને ઉપેન્દ્ર

જે પ્રમાણે પ્રમુખ અને ઉપપ્રમુખ હોય છે; મંત્રી અને ઉપમંત્રી હોય છે; તેજ પ્રમાણે ઇંદ્ર અને ઉપેન્દ્ર પણ હતા, તેનું વર્ણન વાચક નીચેના શ્લોકમાં જોઇ શકશે.

विष्णुर्नारायणः कृष्णो वैकुंठो विष्टरश्रवाः ॥१८॥

उपेन्द्र इंद्रावरजश्चक्रपाणिश्चतुर्भुजः ॥२०॥ (અમરકોષ ૧-૧)

"વિષ્ણુ, નારાયણ, કૃષ્ણ, વૈકુંઠ, વિષ્ટરશ્રવા, ઉપેન્દ્ર, ઇંદ્રાવરજ, ચક્રપાણિ, ચતુર્ભુજ" આ બધાં વિષ્ણુનાં નામ છે; અને તેમનાં એ નામોમાં " ઉપેંદ્ર, ઇંદ્રાવરજ" એ નામ તે ઉપ-

પ્રમુખ હતા એમ સૂચવે છે. ઇંદ્ર પોતે દેવોના પ્રમુખ અને આ ઉપેન્દ્ર દેવોના ઉપપ્રમુખ હતા. ઉપેન્દ્ર ઇંદ્ર કરતાં નાના હતા એ સિદ્ધ કરવાની કંઇ જરૂર નથી, કેમકે એ તો ઉપલા શબ્દોથી પણ સિદ્ધ થાય છે; પરંતુ "ઇંદ્ર+અવર+જ" આ તેમનું નામ પણ એજ સિદ્ધ કરે છે કે, આ વિષ્ણુ પણ ઇંદ્રથી નાના છે અને ઇંદ્રની પછી નીમાતા. "ઇંદ્રાવરજ" શબ્દ ઇંદ્રથી નીચલા અધિકારવાળા ઉપપ્રમુખનોજ ભાવ દર્શાવે છે. હાલમાં વિષ્ણુનું માન ઇંદ્રથી પણ વધારે ગણાય છે; પરંતુ વાસ્તવિક રીતે પ્રમુખના આગળ જેટલું ઉપપ્રમુખનું માન હોય છે, તેટલુંજ માન ઇંદ્રના આગળ ઉપેન્દ્રનું હોવાનો સંભવ છે. પરંતુ અહીં સ્પષ્ટ થાય છે કે, દેવોના રાજા સમ્રાટ્ ઇંદ્ર ભારતવર્ષમાં બહુ ઓછા આવતા હતા. ભારતવર્ષમાં આવવાનું અને ત્યાંના કારભારનું નિરીક્ષણ કરવાનું કાર્ય "ઉપેન્દ્ર" નું હતું; એ વાત વિષ્ણુનાં કેટલાંક નામો જોવાથી સ્પષ્ટ થાય છે.

(૬) નારાયણ

આ વિષય ઉપર નારાયણ શબ્દનો અર્થ બહુ પ્રકાશ પાડે છે. તેનો અર્થ આ પ્રમાણે છેઃ—(નારે) નરોના-મનુષ્યોના સંઘોમાં જેનું (અયન) આગમન થાય છે, તેનું નામ નારાયણ છે. મનુષ્યોના સંઘોમાં જવાનું કાર્ય ઉપેન્દ્રને આધીન હતું. જે રીતે હાલના હિંદુસ્તાનના શહેનશાહ હિંદુસ્તાનમાં બહુજ ઓછા આવે છે; પરંતુ તેમનું અહીંનું કાર્ય ભારતસચીવ અથવા વાઇસરૉય સાહેબ કરે છે, તેજ પ્રમાણે દેવસમ્રાટ ભગવાન ઇંદ્ર જાતે અહીં બહુ ઓછા આવતા હતા, અને અહીંનું બધું કામકાજ ઉપેન્દ્ર-અર્થાત વિષ્ણુદેવનેજ સોંપેલું હતું; અને તેથીજ તેમનું નામ "નારાયણ" (માનવસમૂહમાં જનારા) એવું હતું. આ નામનો એ અર્થ બહુજ સ્પષ્ટ છે અને તે તે વખતની રાજકીય સ્થિતિ સ્પષ્ટ દર્શાવે છે.

नराणां समूहो नारं तदयनं यस्य । (ભટ્ટોજી૦ અમરટીકા, ૧-૧-૧૮)

नरा अयनं यस्य । (અમરટીકા ૧-૧-૧૮)

आपो नारा इति प्रोक्ता नारा वै नरसूनवः । अयनं तस्य ताः प्रोक्तास्तेन नारायणः स्मृतः॥

(મનુ૦ ૧-૧)

(૧) નરોના સમૂહમાં જનારા; (૨) જેને મનુષ્યોમાં જવાનું કામ સોંપાયલું હોય છે, તે નારાયણ કહેવાય છે. (૩)....'નારા'નો અર્થ નરોના પુત્ર; તેમનામાં જેને જવાનું હોય છે તેને નારાયણ કહે છે.

આ બધા અર્થોનું તાત્પર્ય એજ છે કે, જે ઉપેન્દ્ર, મનુષ્યોના સમૂહોમાં જતાઆવતા રહે છે,તેમને નારાયણ કહે છે. આથી સિદ્ધ થાય છે કે,દેવોના પ્રમુખ ઇંદ્ર પોતે તો માનવોના દેશમાં આવતાજતા પણ નહિ અથવા ઓછું આવતાજતા હશે; પરંતુ અહીં આવવા-જવાનું કાર્ય ઉપપ્રમુખ અર્થાત ઉપેન્દ્રનુંજ હતું. ઉપેન્દ્ર, ઇન્દ્રાવરજ (નાના ઇંદ્ર, ઇંદ્રથી ઉતરતા દરજ્જાના અધિકારી), નારાયણ, વિષ્ણુ વગેરે નામ એકજ વ્યક્તિનાં છે. પુરાણોમાં 'નારાયણ સદાયે પૃથ્વીવાસીઓનું દુઃખ હરે છે' એવી અનેક કથાઓ છે. આ કથાઓનું પણ એજ તાત્પર્ય છે કે, ઉપર વર્ણવેલા દેવરાજ્યના ઉપપ્રમુખ અહીં આવતા હતા અને અસુર-રાક્ષસો વગેરેને હરાવીને ભારતવાસીઓનું સંરક્ષણ કરતા હતા. આથી ઇંદ્રના કરતાં નારાયણ-ઉપેન્દ્ર ઉપર ભારતવાસીઓ વધારે પ્રેમ રાખતા. કેમકે ભારતવાસીઓને પ્રત્યક્ષ સંબંધ તેમનીજ સાથે થતો અને ભારતીય જનતા પોતાનાં દુઃખ તેમનેજ નિવેદન કરતી હતી. સમ્રાટ્ ઇંદ્રની પાસે સામાન્ય જનતા જઇ શકતી નહિ, તેથીજ બીજા દેવો કરતાં

ઉપેન્દ્ર નારાયણ ઉપર ભારતીય જનતા વધારે ભક્તિભાવ રાખતી હતી. બ્રહ્મલોક અથવા બ્રહ્મદેશના બ્રહ્મદેવ, ભૂતલોક અથવા ભૂતાનના રાજા મહાદેવ, તેઓ પણ નારાયણ ઉપેન્દ્રનેજ આશરે આવતા અને તેમને પ્રાર્થના કરતા હતા કે, " આપ કૃપા કરીને પૃથ્વીનિવાસીઓનું રક્ષણ કરો. " કેમકે બધા જાણતા હતા કે, તેઓજ સૌથી વધારે સામર્થ્યવાળા છે અને આર્યાવર્તમાં હમેશાં આવવાજવાથી તેની સ્થિતિની તેમનેજ પૂરી માહીતિ છે. પૃથ્વી, હિમાલયનો ચઢાવ, અને ઉપરનો ત્રિવિષ્ટપ પ્રદેશ, એ ત્રણે પ્રદેશોમાં તેઓનાજ પરાક્રમથી રક્ષણ થતું હતું અને તેથીજ તેમને "ત્રિ–વિક્રમ" કહેતા હતા. ઉપલાં ત્રણે સ્થાનોને "ત્રિપથ" કિંવા ત્રણ માર્ગ કહેતા હતા. ભારતનો ભૂપથ, હિમાલયનો ગિરિપથ, અને ત્રિવિષ્ટપનો દ્યુપથ, એ ત્રણ પથ અર્થાત ત્રણ માર્ગ હતા. આ રસ્તાઓમાં થઇને વહેતી હોવાથીજ ગંગા-નદીનું નામ "ત્રિ–પથ–ગા" અર્થાત ઉપલા ત્રણે માર્ગોમાં થઇને વહેનારી નદી છે. આ ત્રણે પ્રદેશોમાં પરાક્રમ કરનારા ઉપલા ઉપેન્દ્રજ હતા. આ કાર્યમાટે દેવોના મુખી ઇંદ્રને અવકાશ ન હતો. હવે આપણે જાણવું જોઇએ કે, ઉપેન્દ્ર વિષ્ણુ કેવી યુક્તિથી આ કાર્ય કરતા હતા.

(બ) વિષ્વક્સેન

ઉપલી વાત પૂર્ણ રીતે સમજવામાં વિષ્ણુ અથવા ઉપેન્દ્રનું " વિષ્વક્સેન " નામ બહુ મદદ કરશે. આ શબ્દનો અર્થ એ છે કે, " જેની સેનાઓ ચારે બાજુએ થોડી થોડી વહેંચાયલી છે. " ચારે દિશાએ જેટલા દેશ છે તેમાં જેમનું લશ્કર હાજર છે–અર્થાત્ આ ઉપેન્દ્ર પોતાને સ્થાને રહીને પોતાની જૂદી જૂદી સેનાઓવડે દેશનું સંપૂર્ણ સંરક્ષણ કરતા હતા. જે રીતે હાલમાં અંગ્રેજોની સેનાઓ ભારતવર્ષમાં કેટલીએ જગાએ રખાય છે અને તેનાથી આખા દેશનું રક્ષણ કરવાની યોજના કરેલી છે; તેજ પ્રમાણે દેવોના ઉપપ્રમુખ ઉપેન્દ્ર મહારાજ પોતાની વિવિધ સ્થળોએ રાખેલી સેનાઓવડે ભારતવર્ષનું રક્ષણ કરતા હતા. ઉપેન્દ્ર અર્થાત વિષ્ણુને માનવોના રક્ષક ગણ્યા છે, તેનું આજ કારણ છે. બ્રહ્મદેવ, વિષ્ણુ અને મહાદેવ, એ ત્રણ દેવ ત્રિદેવોમાં ગણાય છે. તેમાંથી વિષ્ણુજ ઉપેન્દ્ર છે અને બધાના રક્ષણકર્તા છે. બ્રહ્મદેવનું રાજ્ય બ્રહ્મદેશમાંજ છે. કેમકે તેમની દિશા પૂર્વ માનેલી છે. મહાદેવનું સ્થાન કૈલાસપર્વત સુપ્રસિદ્ધ છે; અને આ ઉપેન્દ્ર વિષ્ણુનું સ્થાન હિમાલય-ના કોઇ ડુંગર ઉપર હોવાનો સંભવ છે તથા તેનું તે વખતનું નામ 'વૈકુંઠલોક' સુપ્રસિદ્ધ છે. આ સ્થળે રહીને ઉપેંદ્ર ભારતવર્ષને સહાય કરતા હતા તેમ તિબેટને પણ કરતા હતા–જેમ મુખ્ય રાજા કરતાં તેમનો મુખ્ય પ્રધાન રાજનીતિમાં વિશેષ હોશિયાર હોય છે અથવા હોવો જોઇએ; તેમ પુરાણોમાં ઉપેન્દ્ર વિષ્ણુને દેવોના સમ્રાટ્ ઇંદ્ર કરતાં વધારે રાજનીતિજ્ઞ દર્શાવ્યા છે. કમમાં કમ ભારતવર્ષના હિતની દૃષ્ટિએ જોઇને અમે કહીએ છીએ કે, ભારતવાસીઓને ઉપેન્દ્રજ ઘણી મદદ કરતા હતા અને હરેક પ્રકારે ઉપયોગી થતા હતા. તેથીજ ભારતવાસીઓ દરેક મુશ્કેલીને પ્રસંગે વિષ્ણુનેજ શરણે જતા હતા.

(ભ) ઉપેન્દ્રનાં બીજાં નામ

વિષ્ણુ(ઉપેન્દ્ર)નાં અનેક નામ છે; અને તે મહાભારતમાં સુપ્રસિદ્ધ છે. તેમાંનાં નીચેનાં નામ આ પ્રસંગે ખાસ વિચાર કરવા જેવાં છેઃ—

(૧) (મેદિનીપતિઃ) પૃથ્વીના રાજા, (ક્ષિતીશઃ) પૃથ્વીનો માલિક. એ શબ્દો " ભૂપતિ " નો અર્થ દર્શાવે છે.

(૨) (લોકાધ્યક્ષઃ) લોકોનો અધ્યક્ષ, (લોકસ્વામી) લોકોના સ્વામી, (લોકનાથ) લોકોના નાથ, (લોકબંધુ) જનતાના ભાઈ. એ શબ્દો તેમની સાથેનો જનતાનો સંબંધ બતાવે છે.

(૩) (સુરાધ્યક્ષઃ) સુરોના પ્રમુખ, (ત્રિદશાધ્યક્ષઃ) દેવોના પ્રધાન. આ શબ્દો તેઓ પ્રમુખ કે ઉપપ્રમુખ હતા તે સૂચવે છે.

(૪) (ધર્માધ્યક્ષઃ) ધર્મનું રક્ષણ કરનારા, ધર્મવિષયક બધો પ્રબંધ કરનારા. આ શબ્દો તેમનું ધાર્મિક કાર્યક્ષેત્ર બતાવે છે.

(૫) (ઇંદ્રકર્મા) ઇંદ્રનાં કાર્ય કરનારા. આ શબ્દ ઉપેન્દ્રનાં કાર્ય ઇંદ્રના જેવાં છે, એ આશય વ્યક્ત કરે છે.

(૬) (અગ્રણી) મુખી, (ગ્રામણી) ગામનો નેતા. આ શબ્દો તેઓ ગામોના અધિકારી હતા તે સિદ્ધ કરે છે.

(૭) (મહાબલઃ) ભારે સૈન્યવાળા, (સુ–ષેણઃ) ઉત્તમ સેનાવાળા. એ શબ્દો તેમના સૈન્યબળના દ્યોતક છે.

(૮) વધારે સૈન્યવાળા હોવાને લીધેજ એ (જેતા) વિજયી, (સમિતિંજયઃ) યુદ્ધમાં વિજયી અને (અપરાજિતઃ) કદી પણ નહિ હારનારા છે.

(૯) (મહોત્સાહઃ) ખૂબ ઉત્સાહવાળા, (સુરાનંદઃ) દેવોને આનંદ આપનારા, (શાસ્તા) ઉત્તમ રાજ્યશાસન કરનારા. એ નામ પણ ઉપલાં નામો સાથેજ વાંચવા જેવાં છે.

(૧૦) (વીરહા) શત્રુના મહાન વીરોનો નાશ કરનારા, (નૈકમાયઃ) અનેક કાર્યો કુશળતાપૂર્વક કરનારા, આ શબ્દો તેમની કાર્યકુશળતા બતાવે છે.

આ રીતે મહાભારતના અનુશાસનપર્વમાં ઉપેન્દ્રનાં પ્રસિદ્ધ થયેલાં નામો જોવાથી તેમના કાર્યની સમજણ પડે છે. આથીયે તેમનાં વધારે નામો છે કે જે તેમના અન્યાન્ય ગુણો વર્ણવે છે; પરંતુ તે બધાં અહીં આપવાની જરૂર નથી.

(મ) ઉપેન્દ્રનાં કાર્ય

ઉપેન્દ્ર વિષ્ણુનાં નામોમાં " दैत्यारि, मधुरिपु, बलिध्वंसी, कंसाराति, कैटभाजित् " વગેરે નામ તેમનાં કાર્ય બતાવે છે. તેમણે દૈત્યોને હરાવ્યા હતા. મધુ, બલિ, કંસ, કૈટભ વગેરે દુષ્ટોનો તેમણે સંહાર કર્યો હતો. આ નામોસિવાય બીજાં પણ તેમનાં અનેક નામો તેમનાં કાર્યોને દર્શાવનારાં છે. પરંતુ એ બધાંનો અત્રે વિચાર કરવાની જરૂર નથી. વાચક પોતે એ નામોનો વિચાર કરશે તો તેમને પણ તેના અર્થ સ્પષ્ટ સમજાય તેમ છે.

એજ પ્રમાણે ઇંદ્રનાં નામોનો વિચાર કરવાથી તેમનાં પણ કાર્યની માહિતી મળી શકે તેમ છે. વૃત્રાદિ રાક્ષસોનો વધ કરવો તથા દેવો અને આર્યોનું રક્ષણ કરવું, એ તેમનું મુખ્ય કામ હતું; અને ઇતિહાસો તથા પુરાણોમાં પણ વિવિધ કથાપ્રસંગોદ્વારા એજ બાબત વ્યક્ત કરેલી છે. એટલે એ વિષે વધારે લખવાની જરૂર નથી.

(ય) ભૂતનાથ

ઉપરના લેખમાં ઉપેન્દ્ર અર્થાત વિષ્ણુનો વિચાર કર્યો. હવે તેમના સાથી મહાદેવનો વિચાર કરીએ. મહાદેવનાં નામોમાં ભૂતનાથ, ભૂતેશ, ભૂતપતિ વગેરે નામો સુપ્રસિદ્ધ છે. " ભૂત નામની જાતિના એક રાજા " એટલોજ ભાવ એ શબ્દો બતાવે છે. ભૂત નામની જાતિનું રાજ્ય ભૂતાન અથવા ભૂતસ્થાનમાં છે. આ જાતિ હાલમાં પણ ભૂતાનમાં હયાત હોવાથી તેમનાવિષે વધુ લખવાની જરૂર નથી. આ ભૂતજાતિના રાજા મહાદેવ નામથી પ્રસિદ્ધ હતા. જોકે હાલનો ભૂતાન એ એક નાનકડો પ્રદેશ છે; પણ પ્રાચીનકાળમાં અને હાલમાં પણ આ ભૂતીઆ (ભોટિયા) લોકો તિબેટના દક્ષિણભાગમાં રહેતા હતા અને રહે છે. આથીજ તેમના રાજા મહાદેવે પોતાની રાજ્યધાની માનસસરોવર પાસેના કૈલાસપર્વત ઉપર

અથવા તેની પાસેના પ્રદેશમાં રાખી હતી. ત્યાં રહીને સમ્રાટ ભૂતનાથ મહાદેવ પૂર્વદિશાએ ભૂતાન ઉપર અને પશ્ચિમદિશાએ પિશાચજાતિ ઉપર પોતાનું રાજ્ય ચલાવતા હતા.

તેમનું નામ "ગિરીશ" સ્પષ્ટ બતાવે છે કે, તેઓ પહાડ ઉપર રહેનારા રાજા હતા. ગિરિ અર્થાત ડુંગરાઓના રાજા ગિરીશ કહેવાય છે. તેમનાં ધર્મપત્ની પણ પાર્વતીને નામે પ્રસિદ્ધ છે. "પાર્વતી" શબ્દ એજ ભાવ દર્શાવે છે કે તે પહાડી સ્ત્રી હતી, પહાડી રાજાનું લગ્ન પહાડી સ્ત્રી સાથે થાય એ સ્વાભાવિકજ છે.

આ મહાદેવનો સમય નક્કી કરવો જોઇએ. તેમનો કાળનિર્ણય આપણે તેમનાં નામો અને તેમના વ્યવહાર ઉપરથીજ કરી શકીએ તેમ છીએ.

(૨) કૃત્તિવાસા

એ શબ્દ આ કાર્યમાટે બહુ ઉપયોગી છે. એનો અર્થ એ છે કે, "**कृत्तिः चर्म वासः यस्य**" જેનું વસ્ત્ર ચામડુંજ છે–અર્થાત આ મહાદેવ કપડાને બદલે ચામડું વાપરતા અથવા ચામડાને કપડાની પેઠે પહેરતા હતા. આ કૃત્તિ શબ્દ હજુ પણ સામાન્ય રીતે ચામડાનાજ અર્થમાં વપરાય છે; તોપણ વિશેષ કરીને તે હાથી અથવા હરણના કાચા ચામડામાટે વપરાય છે. ઉપર લખેલાં પશુઓને મારીને તેમનું ચામડું ઉતારીને તે કાચા ચામડાને પહેરવાનો ભાવ આ શબ્દથી જણાય છે. વાચકોજ વિચાર કરે કે, આ ભૂતાની રાજાની રહેવાકરવાની એ પદ્ધતિનું સ્થાન સભ્યતામાં કયાં હોવાનો સંભવ છે. અમે તો ધારીએ છીએ કે, કપાસનાં કે ઉનનાં કપડાં વણવાની અને પહેરવાની પ્રથા શરૂ થતા પહેલાંના યુગનું આ વર્ણન છે. કેમકે જે માણસ એક વાર ઉનનાં કે સૂતરનાં કપડાં પહેરવાની સભ્યતામાં આવી ગયો હોય; તે કાચું ચામડું પહેરવાના પૂર્વયુગમાં જઇ શકેજ નહિ. જે મનુષ્ય એકવાર પણ આ કપડાંની સભ્યતા સમજ્યો હશે, તે ભલેને ગમે તેટલો ઉદાસીન હોય તોપણ તે કાચું ચામડું તો પહેરીજ શકશે નહિ. મહાદેવના વર્ણનમાં તે ચામડામાંથી લોહીનાં ટીપાં ચારેબાજુ ટપકતાં હોવાનું વર્ણન, બતાવે છે કે, એ તદ્દન કાચુંજ ચામડું પહેરતા હતા. કેટલાક દિવસ પછી તે ચામડું સૂકાઇ જાય એ પણ બનવાજોગ છે; પરંતુ આ શબ્દ એ વખતની સભ્યતાની સ્થિતિ સ્પષ્ટ રીતે રજુ કરે છે, એમાં કંઇજ શંકા નથી. આ સભ્યતાને તે સમયની ભૂતાનની સભ્યતા માનવી યોગ્ય છે. કેમકે બીજા લોકો કરતાં રાજાની સ્થિતિ કંઇક તો સારીજ હોવાનો સંભવ છે; અને જેનો રાજાજ કાચું ચામડું પહેરે, તે લોકોની સભ્યતાની સ્થિતિ તેનાથી વધારે સારી માનવાનું કંઇજ કારણ નથી. અસ્તુ. હવે આ શબ્દની સાથે "**कपालभृत्**" શબ્દ જોવો જોઇએ.

(લ) કપાલભૃત્

"કપાલભૃત્, કપાલી, કપાલધારી" વગેરે શબ્દો સમાન અર્થવાળાજ છે. કપાલભૃત્ એટલે હાથમાં ખોપરી ધારણ કરનારા. હાથમાં વાસણને બદલે ખોપરીનો ઉપયોગ કરનારા. આ રિવાજ પણ ઉપલી સ્થિતિજ સૂચવે છે. જે કાચું ચામડું પહેરે, તે ખોપરીને વાસણતરીકે વાપરે એ શક્ય છે. માટી, ત્રાંબુ અને પિત્તળનાં વાસણોનો સંબંધ ઉનનાં અને સુતરાઉ કપડાં સાથે છે. જે સભ્યતામાં કપડાંને બદલે ચામડું વપરાય ત્યાં વાસણોને બદલે ખોપરીજ હોય.

તેનીજ સાથે "રૂંડમાલાધારી" એ શબ્દ પણ વિચારવા જેવો છે. ખોપરીઓની અથવા હાડકાંની માળા પહેરનાર, હાડકાંનાજ કકડા શણગારતરીકે વાપરનાર. આ શબ્દો પણ ઉપરનીજ સભ્યતાના સૂચક છે.

એની સાથે "ખટ્વાંગપાણિ" શબ્દ જોવા જેવો છે. એનો અર્થ "ખાટલાની ઇસ હાથમાં

ધારણ કરનારા" અર્થાત શસ્ત્રરૂપે ખાટલાની ઈસનો ઉપયોગ કરનારા. આ શબ્દોની સાથે બળરામજીના વાચક શબ્દ "મુસલી, હલી, હલાયુધ" વગેરે પણ વિચાર કરવા જેવા છે. ચોખા ખાંડવાનું સાંબેલું, જમીન ખેડવાનું હળ, એ શસ્ત્રો બળરામ રાખતા હતા—અર્થાત તેઓ સામાન્ય ઘરકાર્યમાં આવનારા પદાર્થો હળ, મુસળ કે ખાટલો વગેરેને શસ્ત્રતરીકે વાપરનાર હતા. હળનો અને ખાટલાનો શસ્ત્રની પેઠે ઉપયોગ કરવા માટે શક્તિ જોઇએ, એમાં તો શંકાજ નથી; પરંતુ અહીં આપણે જોઇએ છીએ કે, જે સભ્યતા જૂદાં જૂદાં સાધનોના ઉપયોગ ઉપરથી જણાય છે, તે સભ્યતા કરતાં તેમની સભ્યતા કયે પગથીએ હતી. વિચાર કરતાં જણાય છે કે, એ મહાપુરુષ વસ્ત્રની જગાએ જ્યારે ચામડાં અને હથિયારની જગાએ ખાટલાની ઇસોનો ઉપયોગ થતો હતો, તે સભ્યતાના સમયના છે.

જો કે મહાદેવનાં શસ્ત્રાસ્ત્રોમાં "પરશુ, ત્રિશૂળ, ધનુષ્ય, બાણ તથા બીજાં હથિયારો" ઉપરાંત "પાશુપતાસ્ત્ર" નામે મહાતેજસ્વી હથિયાર પણ હતું તે આપણે જોઇએ છીએ; તથાપિ તેની સાથે અમે પૂર્વોક્ત શબ્દોને પણ ભૂલી શકીએ તેમ નથી. પાંડવવીર અર્જુન મહાદેવ પાસે શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવા જાય છે અને તેમની પાસેથી શસ્ત્ર મેળવીને પોતાને વધારે બળવાન થયેલો જુએ છે; વગેરે વાતો પણ આ સમયે વિચારવી જોઇએ. પરશુ, ત્રિશૂળ, બાણ એ શસ્ત્રો ઉત્તમ પોલાદ બનાવનારાઓનો યુગ બતાવે છે; અને ઉપરના "કૃત્તિવાસાઃ" વગેરે શબ્દો ઘણાજ પ્રાચીનકાળમાં આપણને લઇ જાય છે. આથી અમે આ સભ્યતાનો કાળ એ બન્ને યુગોના મધ્યકાળનેજ માની શકીએ છીએ.

પૃથ્વી ઉપર એકજ સમયે જૂદી જૂદી જાતની સભ્યતાઓ જૂદા જૂદા દેશોમાં ચાલુ હોય છે. જુઓ, હાલમાં યૂરોપમાં વિમાનો અને મોટરોનો યુગ ચાલે છે; ભારતમાં બળદગાડીનો યુગ ચાલે છે અને તિબેટમાં પગે ચાલવાનો યુગ ચાલે છે; છતાં યૂરોપીયનોને લીધે ભારતવર્ષમાં પણ વિમાન અને મોટરો પણ આવે છે અને કેટલાક ધનવાન ભારતવાસીઓ એમાં પણ સહેલ કરે છે. પરંતુ એમ છતાં પણ ભારતવર્ષમાં મોટરોનો જમાનો ચાલે છે, એમ તો નજ કહી શકાય. કેમકે અહીં ભારતવાસીઓના બુદ્ધિકૌશલ્યથી મોટરો તો શું પણ મોટરનો એક ભાગ પણ બનતો નથી. એજ પ્રમાણે આફ્રિકાના લોકો યૂરોપની ઉત્તમ બંદુકો રાખે છે; પરંતુ તેઓ જાતે તે બંદુકો બનાવી શકતા નથી. પઠાણો લગભગ કાચા ચામડાના જમાનાથી થોડાજ આગળ વધેલા હોવા છતાં તેઓ પણ વિમાનોના યુગની બંદુકો વાપરી શકે છે. પરંતુ તેનું એજ કારણ છે કે, બીજા દેશોના બનેલા પદાર્થો જૂદા જૂદા દેશમાં લાવવામાં આવે છે અને ત્યાં તેનો ઉપયોગ થાય છે. એજ પ્રમાણે ભૂતીઆ લોકો પણ ઘણાજ પ્રાચીનકાળમાં કાચું ચામડું વાપરતા હતા તો પણ પરદેશમાં બનેલાં પોલાદ વગેરે લાવીને તેને ખાસ રીતે તૈયાર કરી પોતાનાં શસ્ત્રાસ્ત્ર બનાવતા હશે. ફરશી, ત્રિશૂળ, બાણ અને પાશુપતાસ્ત્રના ઉપયોગને લીધેજ તેમનો જમાનો બહુ ઉંચો હતો, એમ માનવું મુશ્કેલ છે. કેમકે તેની સાથે સાથે કાચા ચામડાને વસ્ત્રની પેઠે, ખોપરીને વાસણતરીકે અને હાડકાંને શણગારતરીકે વાપરવાની પ્રથાજ તેમનો ખાસ દરજ્જો નક્કી કરે છે. ભૂત અને પિશાચજાતિના લોકો તે વખતના અસભ્ય લોકો હતા; એ વાત મહાભારત વગેરે ગ્રંથો વાંચવાથી તરતજ સમજાય છે; પરંતુ મહાદેવ વગેરે વીર પુરુષોને તેમના કરતાં વધારે ઉંચી કોટિના માનવા યોગ્ય છે. કેમકે તેમનો મત બીજી રીતે પણ તે વખતે સર્વમાન્ય હતો.

(૫) ક્રતુધ્વંસી

મહાદેવનો વિચાર કરતી વખતે તેમનો યજ્ઞવિધ્વંસક ગુણ પણ જોવો જોઇએ. "ક્રતુ-

ધ્વંસી " શબ્દનો અર્થ 'યજ્ઞનો નાશ કરનાર' થાય છે. મહાદેવ યજ્ઞના નાશ કરનારતરીકે પ્રસિદ્ધ છે. દક્ષ પ્રજાપતિના યજ્ઞનો તેમણે નાશ કર્યો હતો. દક્ષ પ્રજાપતિ તેમના સંબંધી પણ હતા. યજ્ઞનો નાશ કરવાના ગુણથી આ મહાદેવવિષે થોડી શંકા ઉપજે છે;અને તે શંકા, જ્યારે આપણે જોઇએ છીએ કે મહાદેવે હમેશાં અસુરો અને રાક્ષસોને મદદ કરી છે, ત્યારે વધારે દૃઢ થાય છે. બાણાસુર વગેરેને મહાદેવે મદદ કરી હતી અને તેથીજ દેવો તથા આર્યોને ખૂબ સહન કરવું પડયું હતું. બાણાસુર જેવા અનેક રાક્ષસોને મહાદેવ મદદ કરતા હતા અને તેથી તેઓ પ્રબળ થઇને દેવો તથા આર્યોને દુઃખ દેતા હતા. મહાદેવનો યજ્ઞભંગ કરવાનો સ્વભાવ અને અસુરોને દેવો તથા આર્યોની વિરુદ્ધમાં પ્રબળ બનાવવાની રાજનીતિ સ્પષ્ટ દર્શાવે છે કે, તેઓ શરૂઆતમાં દેવોના પક્ષપાતી અને આર્યોના સહાયક ન હતા. પરંતુ ઘણા વખત સુધી પોતાની મરજીમાં આવે તેમ વર્તનારા, સ્વતંત્ર અને દેવો કે આર્યોના કલ્યાણમાટે તેઓ સંપૂર્ણ ઉદાસીનજ રહ્યા હતા. પછી જ્યારે તે ઉપેન્દ્ર વિષ્ણુના પ્રયત્નથી અનેક વાર નિષ્ફળ થયા ત્યારે મહાદેવે પોતેજ દેવોના પક્ષમાં રહેવાનું યોગ્ય ગણ્યું અને તે પછીજ તેમણે દેવો તથા આર્યોને કશું દુઃખ દીધું નહિ. અર્થાત તેઓ પહેલી અવસ્થામાં રાક્ષસોના મદદગાર હતા; પરંતુ પાછળથી વૃદ્ધાવસ્થામાં દેવો અને આર્યોના હિતસ્વી થયા હતા.

(શા) યજ્ઞભાગમાટે યુદ્ધ

આ પૂર્વે દર્શાવેલુંજ છે કે, મહાદેવ "ક્રતુધ્વંસી, યજ્ઞહન્, યજ્ઞઘાતી" વગેરે નામોથી પ્રસિદ્ધ છે. તેમણે દક્ષ પ્રજાપતિનો યજ્ઞ નષ્ટભ્રષ્ટ કર્યો હતો, તે વિષેની કથાઓ રામાયણ, મહાભારત વગેરે ઇતિહાસોમાં અને ઘણાં ખરાં પુરાણોમાં પણ પ્રસિદ્ધ છે. એ હકીકત આ પ્રમાણે છેઃ–

"દક્ષ પ્રજાતિએ યજ્ઞ કર્યો હતો, તેમાં તેમણે બધા દેવોને નિમંત્રણ આપ્યું હતું;પરંતુ મહાદેવને નિમંત્રણ આપવાનું તેમને યોગ્ય લાગ્યું ન હતું. આથી ઝગડો થયો અને તે વધતાં વધતાં યુદ્ધ પણ થયું. મહાદેવે પોતાના ભૂતગણોને તેમના સેનાપતિ સાથે યજ્ઞસ્થાને મોકલ્યા અને તેમણે ત્યાં જઇને યજ્ઞમંડપ તથા સમસ્ત યજ્ઞનો નાશ કર્યો."

केचिद्बभंजुः प्राग्वंशं पत्नीशालां तथा परे । सद आग्नीध्रशालां च तद्विहारं महानसम् ॥
रुरुजुर्यज्ञपात्राणि तथैकेऽग्नीननाशयन् । कुंडेष्वमूत्रयन्केचिद्बिभिदुर्वेदिमेखलाः ॥
अबाधन्त मुनीनन्य एके पत्नीरतर्जयन् । अपरे जगृहुर्देवान्प्रत्यासन्नान्पलायितान् ॥

(શ્રીમદ્ભાગવત૦ ૪–૬ શ્લોક ૧૪ થી ૧૬)

"કેટલાકોએ યજ્ઞશાળાના વાંસ ભાગી નાખ્યા; પત્નીશાળા ભાગી નાખી; સભાસ્થાન, આગ્નીધ્રશાળા અને પાકશાળાનો કેટલાંકોએ નાશ કર્યો; કેટલાકે યજ્ઞપાત્ર તોડી નાખ્યાં; બીજાઓએ અગ્નિ હોલવી નાખ્યો; કેટલાક યજ્ઞકુંડોમાં મૂતર્યા, વેદી અને મેખલા કેટલાકોએ તોડી નાખ્યાં; ઋષિમુનિઓને ધમકી આપી; અને કેટલાકે પત્નીઓનાં અપમાન પણ કર્યાં; અને બીજા કેટલાકોએ દેવોને પકડીને ખૂબ માર માર્યો."

આ બળવામાં દેવતાઓ પણ ખૂબ ઘાયલ થયા હતા. કેટલાકના દાંત તૂટી ગયા; કેટલાકને મોટા મોટા ઘા પડયા અને કેટલાકોની આંખો પણ ફુટી ગઇ હતી. એનું વર્ણન જુઓઃ–

जीवताद्यजमानोऽयं प्रपद्येताक्षिणी भगः । भृगोः श्मश्रूणि रोहन्तु पूष्णो दन्ताश्च पूर्ववत् ॥
देवानां भग्नगात्राणामृत्विजां चायुधाश्मभिः । भवतानुगृहीतानामाशु मन्योस्त्वनातुरम् ॥

(શ્રીમદ્ભાગવત૦ ૪–૬ શ્લોક ૫૧, ૫૨)

"યજમાન જીવો, ભગની આંખ સાજી થાઓ, ભૃગુની મૂછો ઠીક થઇ જાઓ, પૂષાના

દાંત પહેલાં જેવા થાઓ, પથ્થરોથી ઘવાયલાં દેવોનાં ગાત્ર અને ઋત્વિજોનાં શરીરો સાજાં થાઓ." આ વર્ણનથી સમજાય છે કે, યજમાન દક્ષ પ્રજાપતિ એટલા બધા ઘાયલ થયા હતા કે તેમના જીવનની પણ આશા ન હતી. ભગ દેવતાની આંખો ફુટી ગઇ હતી; પૂષાના દાંત તૂટી ગયા હતા; ભૃગુની દાઢીમૂછ કાપી નાખી હતી અને બીજા દેવોનાં શરીરોના જૂદા જૂદા ભાગમાં મોટા મોટા ઘા પડેલા હતા. આ બળવાથી મહાદેવને જે યજ્ઞભાગ મળ્યો તેનું પણ વર્ણન જુઓઃ-

एष ते रुद्र भागोऽस्तु यदुच्छिष्टोऽध्वरस्य वै। यज्ञस्ते रुद्रभागेन कल्पतामद्य यज्ञहन्॥

(શ્રી૦ ભાગવત૦ ૪-૬ શ્લોક ૫૨)

"હે યજ્ઞઘાત કરનારા રુદ્ર મહાદેવ! યજ્ઞનું ઉચ્છિષ્ટ અન્ન આપને મળશે, તેથી યજ્ઞ ચાલવા દો."

અર્થાત મહાદેવ અને તેમના ભૂતગણોને યજ્ઞનો ઉચ્છિષ્ટ અન્નભાગ આપવાનો નિશ્ચય કરવાથી મહાદેવ અને ભૂતગણોએ એ પછી કદી યજ્ઞને છિન્નભિન્ન કર્યો નહિ. ઉચ્છિષ્ટ અન્નભાગ એટલે એઠું અન્ન એવુંજ સમજવાનું કંઇ કારણ નથી. એનું એજ તાત્પર્ય જણાય છે કે, અન્યાન્ય દેવોને અન્નભાગ આપ્યા પછી જે અન્નભાગ બાકી રહેશે, તે રુદ્રને અપાશે. આટલા અન્નભાગથી ભૂતગણો સંતોષ પામ્યા. યુદ્ધ કરીને અન્નનો ભાગ કિંવા અન્નનો પહેલો ભાગ પણ ન લીધો, પરંતુ ઉચ્છિષ્ટ ભાગથીજ સંતોષ પામ્યા!

દક્ષાદિ આર્યો દેવોનો સત્કાર કરતા હતા અને તેમને અન્નભાગ આપતા હતા; પરંતુ ભૂતલોકોને કે તેમના ભૂતનાથ મહાદેવને યજ્ઞમાં કોઇ નિમંત્રણ આપતું નહિ, અને અન્નભાગ પણ આપતું ન હતું. યજ્ઞસમયે દેવજાતિના લોકો યજ્ઞમંડપમાં આવી વ્યાસપીઠ ઉપર બેસતા હતા અને તાજા અન્નનો ભાગ જમતા હતા. આર્યલોકો પણ એજ પ્રમાણે યજ્ઞમાં આવતા હતા અને બાકીનું વધેલું અન્ન જમીનમાં દાટી દેતા અથવા પાણીમાં ફેંકી દેતા હતા; પરંતુ ભૂતલોકોને યજ્ઞમંડપમાં આવવાની અને અન્નભાગ લઇ જવાની રજા ન હતી. હાલમાં પણ બ્રાહ્મણોના યજ્ઞાદિ કર્મ કરવાના સ્થાનમાં અંત્યજ, ઢેડ, ચમાર અથવા મ્લેચ્છ, યવન વગેરે અન્યધર્મી માણસો આવી શકતા નથી; તેજ પ્રમાણે પહેલાંના વખતમાં આ રિવાજ ચાલતો હશે. આથી ભૂત લોકો યજ્ઞમંડપની ચોતરફ અન્નની ઇચ્છાએ તડકો સહન કરતા અને વરસાદમાં ભીંજાતા ભીંજાતા ફરતા હશે; પરંતુ મિથ્યાભિમાની આર્યો અને શક્તિના અભિમાની દેવો આ ભૂખથી પીડાતા ભૂતો તરફ કંઇ પણ ધ્યાન આપતા ન હતા. વાચક જોઇ શકશે અને વિચારી શકશે કે, ભૂખ્યા માણસો આટલું અપમાન અને દુઃખ ક્યાંસુધી સહન કરી શકે? તેથી અંતે આ ભૂતોએ યજ્ઞમંડપ ઉપર પથરા ફેંક્યા અને એકદમ અંદર ઘુસી જઇને યજ્ઞને ખૂબ નુકસાન કર્યું!

અહીં પ્રશ્ન થાય છે કે, આ ભૂત લોકો વૈદિક ધર્મી કે આર્ય ધર્મી હતા કે બીજા હતા? ઉપરના વર્ણનથીજ એ વાત નક્કી થાય તેમ છે. ઉપરના વર્ણનમાં નીચેની બાબતો છેઃ-

(૧) યજ્ઞશાળા તોડી નાખી; (૨) યજ્ઞપાત્ર, વેદીઓ અને યૂપ તોડી નાખ્યા; (૩) યજ્ઞકુંડોમાં મૂતર્યા; (૪) ઋષિમુનિઓ અને સ્ત્રીઓનાં અપમાન કર્યાં; અને (૫) દેવોને માર્યા-પછાડયા.

યજ્ઞશાળા, યજ્ઞપાત્ર, વેદીઓ અને યૂપ તોડી નાખ્યા અથવા દેવોને માર્યા-પછાડયા; એટલુંજ હોત તો તો વ્યક્તિગત દ્વેષને લીધે તે બનવાજોગ હોવાથી એમાં કંઇ મોટી વાત ન ગણાત; પરંતુ-

(૧) યજ્ઞકુંડોમાં મૂતરવું, (૨) સ્ત્રીઓનું અપમાન કરવું તથા (૩) મુનિઓ અને સંતોને દુઃખ દેવું.

આ કાર્ય એવાં છે કે સ્વધર્મી લોકો તો તે નજ કરે. ઓછામાં ઓછું યજ્ઞકુંડોમાં મૂતરવું એ તો યજ્ઞના અપમાનનું સંપૂર્ણ દ્યોતક છે. હાલમાં અંત્યજોને બ્રાહ્મણ વગેરે ત્રિવર્ણ દ્વિજો તેમનાં ધર્મકાર્યોમાં સામેલ થવા દેતા નથી; પરંતુ અંત્યજ સ્વધર્મી હોવાથી તેઓ કદીપણ અંદર દાખલ થઇને યજ્ઞમાં કે મૂર્તિ ઉપર મૂતરશે નહિ. હા, જો મુસલમાનો અવળા ફાટ્યા તો તેઓ યજ્ઞકુંડોમાં મૂતરશે; દેવતાઓની મૂર્તિઓ તોડી નાખશે અને સ્ત્રીઓને પણ સ્વેચ્છાનુસાર સતાવશે. સ્વધર્મી અને પરધર્મી લોકોની મનોવૃત્તિ વચ્ચેનો આ ફેર જોવા જેવો છે. આજ દૃષ્ટિએ દક્ષયજ્ઞમાં મહાદેવના ભૂતીઆઓ ઘુસે છે અને યજ્ઞકુંડોમાં મૂતરે છે તથા સ્ત્રીઓ અને મુનિઓનું અપમાન કરે છે. આ ઉપરથી એ વાત તો નક્કી સિદ્ધ થાય છે કે, ભૂતલોકોને યજ્ઞાદિ માટે જરા પણ માનવૃત્તિ ન હતી. જો જરા પણ હોત તો તેઓ કદીપણ યજ્ઞકુંડમાં મૂતરત નહિ. માંહોમાંહેના દ્વેષને લીધે બીજી બાબતો થવાનો સંભવ ખરો; પરંતુ યજ્ઞકુંડમાં મૂતરવું, એ એક એવી બાબત છે, કે જે સ્વધર્મી માણસ કદીપણ કરેજ નહિ.

આટલા અત્યાચારો કરવા છતાં પણ ભૂતો યજ્ઞના ઉચ્છિષ્ટ અન્નથીજ સંતોષાઈ ગયા. આથી તેમની બુભુક્ષિત અને ગંદી પરિસ્થિતિનોજ ખ્યાલ આવી શકે છે. હાલમાં એઠું અન્ન ખાનારા કેટલાય અંત્યજો અને ભંગી વગેરે છે. એઠું અન્ન કોઇને આપવું એ ઉત્તમ કામ છે, એમ અમારૂં કહેવું નથી, પણ હાલમાં એ રિવાજ છે એજ કહેવાનું છે. બીજી જાતના લોકો એઠું અન્ન નથી ખાતા. બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ઉચ્ચ દ્વિજાતિ મનુષ્યો ભોજન કરી રહ્યા પછી જે અન્ન વધે છે તે જોકે એઠું ગણાતું નથી; તોપણ તેના ઉપર પોતાનો અધિકાર રાખનારા પણ આબરૂદાર ગણાતા નથી. તાત્પર્ય એટલુંજ છે કે, કોઇપણ રીતે વિચાર કરીએ તો આ ભૂતજાતિ ઉચ્છિષ્ટ યજ્ઞભાગ ઉપર સંતોષ પામી; તેજ સિદ્ધ કરે છે કે, તેઓ જાતેજ તેમને એથી વધારે લાયક માનતા ન હતા. દેવ અને દ્વિજોના ભોજન પછી જે અન્ન વધે એટલું પણ મળે; તો પણ તે તેમને માટે બહુ છે એમ ભૂત લોકો અને તેમના નેતા માનતા હતા.

ભૂતજાતિએ દક્ષપ્રજાપતિના યજ્ઞ ઉપર જે હુમલો કર્યો હતો તે કોઇ મોટાં શસ્ત્રાસ્ત્રો- વડે પણ કર્યો ન હતો. "आयुधाश्मनू" એટલે કે તેમણે પથ્થરનોજ ઉપયોગ કર્યો હતો. તેમના મુખીએ માત્ર એક–બે તીર ચલાવ્યાં હતાં. અંદર બેઠેલા દેવો, મુનિઓ અને ઋત્વિજો પોતપોતાના કાર્યમાં નિમગ્ન હોવાથી માત્ર ગભરાવાથીજ તે બધા હારી ગયા હતા. તાત્પર્ય એ છે કે, તેમનાં તે વખતનાં હથિયારોમાં પણ પથ્થરજ હતા. આથી પણ તેમની ગંદી અને સામાન્ય સ્થિતિનો ખ્યાલ આવે છે.

આ બધી મહાદેવની ઐતિહાસિક કથાઓ ધ્યાનપૂર્વક વાંચવાથી સ્પષ્ટ સમજાય છે અને કોઇ પણ પ્રકારની શંકાજ નથી રહેતી કે, મહાદેવના પૂર્વ અને ઉત્તરજીવનમાં આ પ્રમાણે પરિવર્તન જરૂર થયું હતું–અર્થાત જેઓ પ્રથમ વિરોધી હતા તેઓ મારપીટ કરવાના કારણેજ પછી ઉચ્છિષ્ટ ભાગને લાયક માનવામાં આવ્યા હતા.

મહાદેવની રહેણીકરણીનું નિરીક્ષણ આ રીતે કર્યા પછી આપણે દેવોની રહેણીકરણીનું નિરીક્ષણ કરીશું તો આપણને ઘણો બોધ મળી શકે તેમ છે.

(૫) વિષ્ણુનું પીતામ્બર

દેવોના પહેરવેશવિષે જ્યારે વિચાર કરવા બેસીએ છીએ ત્યારે સૌથી પહેલું વિષ્ણુનું પીતામ્બર યાદ આવે છે. એ ઉત્તમ વસ્ત્ર હતું. બધા દેવોમાં કપડાંલત્તાં પહેરવામાં તથા આભૂષણ વગેરે ધારણ કરવામાં વિષ્ણુ મહાકુશળ દેવ હતા. એક કવિએ પોતાના કાવ્યમાં કહ્યું છે કે:—

किंवा समस्तत्र विचारणीयं वासः प्रधानं खलु योग्यतायाः ।
पीताम्बरं वीक्ष्य ददौ स्वकन्यां चर्माम्बरं वीक्ष्य विषं समुद्रः ॥

"સમુદ્રમંથન વખતે વિષ અને લક્ષ્મી પેદા થયાં. એ બે પદાર્થોમાંથી સમુદ્રે લક્ષ્મી વિષ્ણુને એટલામાટે આપી કે તેઓ ઉત્તમ પીતાંબર પહેરનારા સુંદર દેવ હતા; અને તેજ સમુદ્રે વિષ મહાદેવજીને એટલા માટે આપ્યું કે તેઓ ચામડું પહેરનારા અને વિરૂપ–બેડોળ–દેવ હતા." આ સુંદર કાવ્યનું તાત્પર્ય એટલુંજ છે કે, ઉત્તમ પોષાક પહેરવો જોઇએ અને ત્યારેજ બીજા ઉપર ઉત્તમ પ્રભાવ પડે છે. અસ્તુ.

ઉપેન્દ્ર વિષ્ણુની સુંદરતા અને રહેવાની સુશોભિત પદ્ધતિ સર્વત્ર પ્રસિદ્ધ છે, તેથી તેનું વધારે વર્ણન કરવાની અહીં જરૂર નથી. આપણે અહીં તેમના સુંદર પીતાંબરનુંજ દર્શન કરવું છે. તે ઘણુંજ સુંદર રેશમી વસ્ત્ર હતું તેમ તેમનું ઉત્તરીય વસ્ત્ર (ઉપરણો), તેમની પુષ્પમાળા, તેમના કંઠના શણગારો અને તેમનો સુંદર મુકુટ એ પણ અત્યંત રમણીય હતાં. સમ્રાટ્ ઇંદ્રનું વસ્ત્ર પણ સુંદર, તેમનો ઝભ્ભો જરીના નકશીદાર ભરતવાળો અને ઉપરણો પણ જરીના નકશીદાર ભરતવાળો હતો. મરુતોના ફેંટા તો બહુજ સુંદર હતા તથા શણગારો પણ મનોહર હતા. અશ્વિનીકુમારોની પણ સુંદરતા સર્વત્ર પ્રસિદ્ધ છે. તાત્પર્ય એ છે કે, દેવોનાં કપડાંલત્તાં પણ–સુંદર અને મનોહર હોવાનાં સ્પષ્ટ વર્ણનથી નક્કી થાય છે કે, ત્રિવિષ્ટપના દેવો વસ્ત્રોના જમાનામાં આવી ચૂકયા હતા. ભૂતાનના ભૂતીઆઓ જયારે ચામડાં પહેરવાના જમાનામાં હતા, તેજ વખતે ત્રિવિષ્ટપના દેવો ઉમદા વસ્ત્ર પહેરવાની સ્થિતિમાં આવી ચૂકયા હતા.

(સ) દેવોનાં શસ્ત્રાસ્ત્ર

હવે દેવોનાં શસ્ત્રાસ્ત્રોનો પણ થોડોક વિચાર કરવો જોઇએ. દેવોનાં યુદ્ધ વગેરેના વર્ણન ઉપરથી સમજાય છે કે ધનુષ્ય, બાણ, ગદા, તરવાર, ભાલા વગેરે શસ્ત્રો તેમની પાસે હતાં. કેટલાય પ્રસંગોમાં તેમનાં ખાસ શસ્ત્રાસ્ત્રોનું વર્ણન આવે છે. જેમકેઃ–વિષ્ણુનું ચક્ર. આ ચક્ર હાલના શીખોના ચક્ર જેવુંજ હતું. સંભવ છે કે, શીખોના ચક્રનો અને વિષ્ણુના ચક્રનો મેળ બેસી જાય. મરુતો પાસે ભાલા, બરછી, તમંચા, તરવાર વગેરે શસ્ત્રો હતાં. પૂષાદેવતા પાસે એક હથિયાર હતું, તે ભાલાના જેવું હતું. એ બધાં હથિયારો પોલાદનાંજ બનતાં હતાં. આ શસ્ત્રાસ્ત્ર અને મહાદેવ પાસેનાં ત્રિશૂળ વગેરે પણ લોખંડનીજ પ્રગતિનાં દ્યોતક છે. પોલાદ બનાવવાની અને તેમાંથી શસ્ત્રાસ્ત્રો તૈયાર કરવાની વિદ્યા એ સ્થાનોમાં જરૂર પ્રચલિત હતી. ત્યારબાદ મનમાં ઇંદ્રના વજ્રનો વિચાર આવે છેઃ–

(હ) ઇંદ્રનું વજ્ર

શસ્ત્રોમાં સૌથી ઉંચી જાતનું ઇંદ્રનું વજ્ર છે, અને વૃત્રાસુરને મારવામાટે દેવોના કારીગર ત્વષ્ટાએ તે બનાવ્યું હતું. તેમાં દધીચીઋષિનાં હાડકાંનો મુખ્યત્વે ઉપયોગ થયો હતો. દધીચિની પાંસળીઓ તેમાં ચોઢેલી હતી પુરાણોનાં વર્ણન જોતાં સમજાય છે કે, આ દધીચિ ઋષિ હતા; અને તેમણે પરોપકારને ખાતર પોતાનાં હાડકાં આપ્યાં હતાં; પરંતુ તેનો વિચાર અતિસૂક્ષ્મ દૃષ્ટિએ કરવો જોઇએ. રાષ્ટ્રકાર્યને ખાતર પોતાના સર્વસ્વનું સમર્પણ કરવાનો બોધ દધીચિના આત્મત્યાગમાંથી મળી આવે છે. આ દૃષ્ટિએ દધીચિની ઉપલી કથા ઘણીજ બોધપ્રદ હોવામાં જરા પણ શંકા નથી; પરંતુ મનુષ્યનાં હાડકાંનું વજ્ર બની શકે કે નહિ, તેનો વિચાર કારીગરીની દૃષ્ટિએ પણ કરવો જોઇએ. હાથીના દાંત, હાથીનાં આંસળાં અથવા એવાં મોટાં જાનવરોનાં હાડકાં વગેરેનાં હથિયાર બની શકે છે. શસ્ત્ર કે અસ્ત્ર બનાવવા માટે એવા પદાર્થો જોઇએ, કે જે જાતે મજબૂત હોય અને તૂટી જાય તેવા ન હોય.

મનુષ્યનાં હાડકાં એવાં નથી. બધાં પશુઓ કરતાં માણસનાં હાડકાં બહુ કમજોર હોવાથી સાચેજ કોઇ ઋષિનાં–અર્થાત કોઈ મનુષ્યનાં હાડકાંથી કોઇ પ્રબળ અસ્ત્ર બનાવાયું હોય એવી કલ્પના કારીગરીની દષ્ટિએ યોગ્ય માનવી મુશ્કેલ છે.હાથીના દાંત કે હાથીનાં પાંસળાં, અથવા ઘોડાનાં પાંસળાં કે કોઇ બીજા મોટા જાનવરનાં પાંસળાં કે હાડકાંથી ઉપલાં હથિયાર બનવાનો સંભવ છે.

તેની તપાસ માટે દધી–ચિ શબ્દને મળતો આવતો શબ્દ દધિ–ક્રા છે,તે અત્રે જોઇએઃ–

(૧) દધિક્ર, દધિક્રા, દધિક્રાવન્.

(૨) દધિચ, દધીચિ, દધ્યંચ્, (દધિ+અંચ્)

પહેલો શબ્દ દિવ્ય ઘોડામાટે પ્રસિદ્ધ છે અને બીજો શબ્દ ઋષિનો વાચક છે. પૂર્વોક્ત ઇંદ્રના વજ્રની સાથે ઋષિવાચક શબ્દનો સંબંધ પુરાણોએ બતાવ્યો છે; પરંતુ તે કારીગરીની દષ્ટિએ અસંભવિત છે; જેથી આપણે ઘોડાવાચક શબ્દજ એ સ્થળે માની શકીશું, તો તૈયાર કરવાની દષ્ટિએ પણ ઇંદ્રનું વજ્ર મોટા ઘોડાનાંજ પાંસળાંવડે થઇ શકે તેમ છે. બન્ને શબ્દોમાં "દધિ" શબ્દ સમાન હોવાથી આ કલ્પના પણ શક્ય લાગે છે; છતાં તે વિષે પણ વધારે શોધ કરવાની પણ અત્યંત આવશ્યકતા છે.

ગમે તો માણસનાં હાડકાંથી ઇંદ્રનું વજ્ર બન્યું હોય અથવા ઘોડાનાં હાડકાંથી બન્યું હોય; પણ તે કોઇનાં પણ હાડકાંથી બનાવેલું હતું એ તો નક્કીજ વાત છે–અર્થાત હાડકાંથી શસ્ત્ર બનાવવાના યુગને દેવજાતિનો યુગ માનવો યોગ્ય છે, કેમકે તેમના સમ્રાટ્નું હથિયાર પણ હાડકાંનું બનેલું છે.

મહાદેવ કાચાં ચામડાં પહેરવાના યુગના હતા અને ઇંદ્રાદિ દેવ વસ્ત્રયુગમાં હતા, તોપણ હાડકાંનાં હથિયાર તો વાપરતાજ હતા; તેથી તેઓ અસ્થિયુગથી તો થોડીક ઉંચીજ સ્થિતિમાં આવેલા હતા. ઇંદ્રના વજ્રમાં ત્વષ્ટાએ થોડુંક પોલાદ પણ વાપર્યું હતું અને તેને તપાવીને પાણીમાં ઠારીને તેને ઉત્તમ ધાર નીકળે એવું પાણીદાર બનાવ્યું હતું. આથી સિદ્ધ થાય છે કે, આ વજ્ર આખુંયે હાડકાંનું હતું અને તેના અગ્રભાગમાં અણીદાર છરા જોડેલા હતા. હાડકાંનાં હથિયાર ઉપર પોલાદના છરા ચોઢવાની કારીગરી અહીં દેખાઇ આવે છે. આ પોલાદ દેવોનો કારીગર જાતેજ બનાવતો હતો અથવા બીજા દેશોમાંથી મંગાવતો હતો, તેનો પત્તો હજીપણ લાગ્યો નથી.

મહાદેવના ભૂતિયા કારીગર અને ઇંદ્રના ત્વષ્ટા કારીગર પોલાદ અને હાડકાંના યોગથી હથિયાર બનાવતા હતા એમાં સંશય નથી; પરંતુ પોલાદને તેઓ પોતે બનાવતા હતા કે બીજા દેશોમાંથી મંગાવતા હતા, એ વિષે શંકા છે. આ વિષે અસુરોની પણ કારીગરીનો થોડોક વિચાર કરવો જોઇએ.

(ળ) અસુરોની કારીગરી

અસુરોનું શિલ્પ, અસુરોની કારીગીરી, અસુરોની માયા–અર્થાત હુન્નર–ઘણાજ પ્રાચીન-સમયથી પ્રસિદ્ધ છે. પાંડવોના વખતમાં મયાસુર જેવો કોઇ પણ ઇંજનેર આર્યોમાં ન હતો. મયાસુર અસુરજાતિનો ઇંજનેર હતો અને ભારતવર્ષમાં આવીને ત્યાંના રાજાઓના મહેલો વગેરે બાંધી આપીને ખૂબ કમાણી કરતો હતો. હાલમાં યૂરોપના ઇંજનેરો આવીને અહીં કાર્ય કરે છે, તેનાજ જેવું તે સમયનું આ દૃશ્ય છે.

ભીમની ગદા ભારતવર્ષમાં બનેલી ન હતી, પણ અસુરોની કારીગરીથી બનેલી હતી અને મયાસુરે તે ભીમસેનને ભેટ આપી હતીઃ–

अस्ति बिंदुसरस्युग्रा गदा च कुरुनंदन ॥
निहिता यौवनाश्वेन राज्ञा हत्वा रणे रिपून् । सुवर्णबिंदुभिश्चित्रा गुर्वी भारसहा दृढा ॥
सा वै शतसहस्रस्य संमिता शत्रुघातिनी । अनुरूपा च भीमस्य गाण्डीवं भवतो यथा ॥

(મહા૦ સભા૦ અ૦ ૩ શ્લોક ૫ થી ૭)

"હે કુરુનંદન! પેલા બિંદુસરોવરમાં એક મોટી અને ઉગ્ર ગદા પણ પડેલી દેખાય છે. લાખ ગદાઓના જેવી, બહુજ ભાર ઝીલી શકે તેવી, સુવર્ણબિંદુઓથી ચિત્રેલી અને શત્રુનાશિની એવી તે મજબૂત ગદા શત્રુઓને હણ્યા પછી રાજા વૃષપર્વાએ ત્યાં મૂકેલી છે. જેમ ગાંડીવ આપને યોગ્ય છે, તેમ એ ગદા ભીમસેનને લાયક છે."

એ વગેરે વર્ણનથી સ્પષ્ટ થાય છે કે, ભીમસેનની ગદા અસુર દેશના કારીગરોએ બનાવેલી હતી. ધર્મરાજાના સભાસ્થાનનો બધો સામાન અસુર દેશના કારીગરોએ બનાવેલો હતો; અને તે બનાવવામાં કે વેચવામાં ભારતવર્ષના કારીગરોને કંઈપણ ભાગ મળ્યો ન હતો. કૈલાસ પર્વતની ઉત્તરદિશાએ મૈનાક પર્વતની પાછળ હિરણ્યશૃંગ પર્વત છે, અને ત્યાં બિંદુસરોવર પણ છે. આ સ્થળે વૃષપર્વાના સભામંડપ માટે આણેલા સામાનમાંથી જે કંઇ વધ્યું હતું તેમાંથી ધર્મરાજનો સભામંડપ બનાવ્યો હતો અને વૃષપર્વાના સભામંડપમાટે સામાન અસુર દેશમાંથીજ આણ્યો હતો.

આ પરથી સમજાય છે કે કારીગરીના પદાર્થોમાટે અસુર દેશના માયાવી લોકો તે કાળમાં સુપ્રસિદ્ધ હતા; અને તેઓ પાસેથી ભારે ભારે કારીગરીના પદાર્થો દેવોના રાષ્ટ્રમાં તથા ભારતવર્ષમાં પણ લાવવામાં આવતા હતા. 'અસુરમાયા'નો અર્થ અસુરોનાં હુન્નરકળાજ છે.

સ્થળે સ્થળે અસુરોની માયાથી દેવો અને આર્યો ડરતા રહેતા હતા. તેનો અર્થ એ છે કે, તેઓ અસુરોની કુશળતાથી, તેમના હુન્નરથી, તથા તેમની ચાલાકી અને કપટથી તેઓ ડરતા હતા–અર્થાત્ તે બાબતમાં દેવો અને આર્યોથી અસુરો ચઢીયાતા હતા. હાલમાં પણ યૂરોપના લોકો યંત્ર બનાવવામાં, યંત્ર વાપરવામાં, તેમજ ચાલાકી અને કપટનીતિ વગેરેમાં ભારતવાસીઓ કરતાં ઘણાજ આગળ વધેલા છે; અને તેથી તેમનાવિષે એક પ્રકારની બીક ભારતવાસીઓના મનમાં રહેલી છે, એજ વાત પ્રાચીનકાળમાં હતી. ભારતવાસીઓ અને દેવો સીધા, સાદા, સાચા દિલના અને કપટનીતિથી અજાણ્યા હતા. તેઓમાં કેવળ ઉપેન્દ્ર વિષ્ણુજ એક એવા દેવ હતા કે જે અસુરો સાથે કપટ કરીને પણ પોતાનો બચાવ કરી શકતા હતા. બાકીના બધા દેવો અને આર્યો અસુરમાયાથી ગભરાઇ જતા હતા. આત્મરક્ષણની દ્દષ્ટિએ દેવો અને આર્યોમાં આ મહાન ન્યૂનતા હતી. યુદ્ધના કોઇપણ પ્રસંગમાં જુઓ; જ્યાં અસુરો માયા કપટ અથવા હુન્નરનો ઉપયોગ કરીને આગળ ધસી આવતા કે દેવોમાં ગભરાટ ફેલાતો હતો. આથી આપોઆપ સિદ્ધ થાય છે કે, આ વિદ્યામાં અસુરો બહુજ હોશયાર હતા.

દેવોએ કચને પણ અસુરો પાસેથી વિશેષ વિદ્યા પ્રાપ્ત કરવા મોકલ્યો હતો. ત્યાંથી તે વિદ્યા શીખીને આવતાં સુધી દેવોનો વિજય થતો ન હતો–અર્થાત્ તે વખતે દેવો અસુરો કરતાં યુદ્ધકળામાં ઉતરતા હતા. આ બધી બાબતો જોવાથી સમજાય:છે કે, અસુરદેશ વિદ્યા, હુન્નર, કળા, કપટનીતિ વગેરે અનેક સાધનોથી સંપન્ન હતો; અને ઘણુખરા પદાર્થો, શસ્ત્ર વગેરે અસુર દેશમાંથી દેવોના દેશમાં તથા બીજા દેશોમાં વેપારીઓ લાવતા હોય, એ સંભવિત છે. જેમકે હાલમાં તેમજ મરાઠાઓ સામ્રાજ્યના સમયમાં પણ શસ્ત્રો યૂરોપથીજ લાવતા હતા. સારી તરવારો, બંદુકો અને તોપો પણ વિદેશીજ હતી. તે એટલે સુધી કે ભારતીય મંદિરોના મોટા મોટા ઘંટ પણ પરદેશમાંથી લાવતા હતા અને અહીંના બનેલા નહોતા. આ બધી શોકનીજ વાત છે, પણ સાચી હોવાથી તે લખવી પડી છે. ધનધાન્યની વિપુલતાને

લીધે પણ ઘણા પ્રયત્ને સાધ્ય થનારાં કળાકૌશલ્ય તરફ તેમનું ધ્યાન બહુજ ઓછું હતું; અને અસુરોનું ધ્યાન તે તરફ વધારે હતું. આથી જેમ ભીમની પ્રસિદ્ધ ગદા અસુરદેશની બનેલી હતી, અને અર્જુનનો શંખ વિદેશી હતો; તેમ બીજાં પણ ઘણાં હથિયારો પરદેશથીજ લાવવામાં આવતાં હોય એ સંભવિત છે.

ઇંદ્રનું વજ્ર હાડકાંનું હતું અને તેના ઉપર પોલાદના છરા મઢેલા હતા. આખુંયે વજ્ર પોલાદનું બનેલું ન હતું. ઇંદ્ર અને મહાદેવ પાસે કેટલાંક અસ્રો વિશેષ પ્રભાવશાળી પણ હતાં; પરંતુ તે આંગળીને વેઢે ગણાય એટલાં–અર્થાત્ બે ચાર કે પાંચ દશ એટલાંજ હતાં, હજારોની સંખ્યામાં કદીપણ ન હતાં. અર્જુન મહાપરિશ્રમે મહાદેવ પાસેથી એક પાશુપતાસ્ત્ર અને ઇંદ્ર પાસેથી ચાર–પાંચ અસ્ત્ર લાવ્યો હતો. આટઆટલા યત્ન છતાં પણ અર્જુન પાસે હથિયારો ગણ્યાંગાંઠયાંજ હતાં અને તેથીજ ઘણી મુશ્કેલીના પ્રસંગસિવાય ખાસ હથિયારોનો ઉપયોગ કરવામાં આવતો ન હતો. કર્ણે ઇંદ્ર પાસેથી એકજ હથિયાર મેળવ્યું હતું અને તે અર્જુનને મારવામાટે સંઘરી રાખ્યું હતું; પરંતુ વચ્ચે આપત્તિ આવી પડવાથી તેણે તે અસ્ત્ર ઘટોત્કચ ઉપર છોડયું હતું. આથી પછી તેની પાસે અર્જુનનો નાશ કરવાનું કોઇપણ હથિયાર બાકી રહ્યું ન હતું. આ બાબતોનો વિચાર કરતાં સમજાય છે કે, આર્યો પાસે તથા દેવો પાસે પણ ગણ્યાંગાંઠયાં શસ્ત્રાસ્ત્ર રહેતાં હતાં. આથી સ્પષ્ટ થાય છે કે, આ શસ્ત્રો બનાવવાનાં મોટાં મોટાં કારખાનાં કયાંય પણ ન હતાં. કોઈની પાસેથી કોઇ વિનાશક શસ્ત્ર માગી લાવતા અને તે ખાસ અમુક પ્રસંગનેજ માટે પાસે રાખી મૂકતા હતા. પોલાદ અથવા અસ્ત્ર બનાવવાની વિદ્યા દેવો અને આર્યો સારી રીતે જાણુતા હોત તો અસ્રોનો બહુ દુકાળ રહેવાનું કંઇપણ કારણ ન હતું. આ પરથી અમે અનુમાન કરીએ છીએ કે, તિબેટની દેવજાતિ હાડકાંનાં હથિયાર બનાવવાના યુગમાંજ હતી અને પોલાદ વગેરેના ટુકડા કોઇ બહારના દેશમાંથી કોઇપણ રીતે લાવીને પોતાનાં હાડકાંનાં હથિયારોના આગલા ભાગમાં મઢી લેતા હતા.

આથી એમ પણ ન માનવું જોઇએ કે, અસુર દેશોમાં આ અસ્રોનાં મોટાં મોટાં કારખાનાં હતાં. આવું માનવાનું કોઇપણ પ્રમાણ નથી; તથાપિ અસુરોની સંઘશક્તિ, તેમના કપટવિદ્યાના પ્રયોગ, તેમની યુદ્ધની સંગઠિત તૈયારી, જબરા હુમલાઓ કરવાનું સાહસ, તેમનાં માયાયુદ્ધ અને તેમના અસ્રપ્રયોગ વગેરેનાં વર્ણન જોતાં સમજાય છે કે, અસુરો પાસે એ પદાર્થો દેવો અને આર્યોની પેઠે ઓછા પ્રમાણમાં ન હતા.

રામરાવણુનાજ યુદ્ધમાં જુઓ કે, રાવણુની કેટલી બધી તૈયારી હતી ! તેનાં શસ્ત્રાસ્ત્ર કેટલાં હતાં અને રામના સૈન્ય પાસે નખ, દાંત અને લાઠીઓસિવાય કંઇપણ ન હતું. શ્રીરામચંદ્રની પોતાની પાસે પણ જો વિશેષ શસ્ત્રાસ્ત્ર ન હોત, તો તેમનો વિજય લગભગ અશકયજ હતો. રામના વિજયનું મૂળ રાવણુની ધાર્મિક અવનતિમાં પણ શોધી શકાય છે. અમારૂં કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે, અસુર, રાક્ષસ વગેરે લોકો વિશેષ ભૌતિક સાધનોવાળા,વધારે કુશળ, વધારે કપટી અને વધારે શારીરિક શક્તિવાળા હતા.

દેવો અને આર્યોનાં શસ્ત્રાસ્રો ગણ્યાંગાંઠયાં હોવાથી અમે અનુમાન કરીએ છીએ કે, ઉપલાં શસ્ત્રાસ્રો બનાવવાનાં પુષ્કળ સાધન ન તો તિબેટના દેવો પાસે હતાં કે ન તો ભારતીય આર્યો પાસે હતાં. એ સાધનો તેઓ બીજા દેશમાંથી લાવતા નહિ હોય તેમ અહીં પણ પૂરતી સંખ્યામાં બનાવતા નહિ હોય, અથવા બનાવી શકતા નહિ હોય. જો બનાવતા હોય તો અસ્ત્રો એટલાં બધાં ઓછાં ન હોય; અને થોડાંક અસ્ત્રોને માટે અર્જુનને ચાર–પાંચ વર્ષ વિદેશમાં (તિબેટમાં અને ભૂતાનમાં) રહેવાની જરૂર ન પડત.

મહાભારતના યુદ્ધવર્ણનથી જણાય છે કે, શસ્ત્રાસ્ત્રો બહુ ફળદાયક પણ ન હતાં. એક તો લડનારા વીરોમાં એકબીજા વીરોનાં ભાષણ સંભળાય એટલુંજ અંતર રહેતું હતું--એકબીજાના અવાજો સાંભળીને તેના સવાલના જવાબ આપવા માટે જેટલું અંતર જોઇએ તેટલુંજ અંતર લડનારા વીરો વચ્ચે રહેતું હતું--અર્થાત્ તેઓ બહુ પાસે પાસે રહીનેજ લડતા હતા. આથી સિદ્ધ થાય છે કે, તેમનાં બાણોનો વેગ પણ બહુ વધારે ન હતો. પાસે પાસે રહીને સવાલજવાબ કરતા કરતા તેઓ એકબીજા સાથે લડતા હતા, અને અસ્ત્ર પણ એજ પ્રમાણે ફેંકતા હતા; તે છતાં પણ દરેક અસ્ત્ર સફળ પણ નીવડતું ન હતું અને અંતે બાણ ચલાવીનેજ શત્રુનો વધ થતો હતો. આ યુદ્ધના કરતાં તો હાલનાં યૂરોપનાં યુદ્ધો બહુજ ભયંકર છે અને યુદ્ધસાધનો પણ હાલમાં પુષ્કળ વધ્યાં છે. અમે કદીપણ નહિ કહીએ કે,આ સારૂં થયું છે;પરંતુ અહીં તો અમે યુદ્ધસાધનોની તુલનાનીજ દૃષ્ટિથી એ વિષે લખીશું. સારૂં હો કે ખોટું હો, તે તો જે હો તે હો. તાત્પર્ય કે અસ્ત્રશસ્ત્રોની અવાસ્તવિક કવિકલ્પના દૂર કરીને આપણે જોઇશુ તો પ્રાચીનકાળમાં શસ્ત્રાસ્ત્રોની અલ્પતાજ પ્રતીત થશે. યુદ્ધનો અંતિમ નિર્ણય કરનારૂં શસ્ત્ર ધનુષ્યબાણજ હતું. લાઠી, સોટી, પથ્થર, ગદા વગેરે સામાન્ય પાયદળનાં હથિયારો હતાં; અને રથી વીરો પાસે ધનુષ્યબાણ રહેતાં હતાં. આ સિવાયનાં બીજાં જે વર્ણન છે, તે કેવળ કવિકલ્પનાનાં છે.

આથીજ અમે કહીએ છીએ કે, ન તો દેવો પાસે કે ન તો આર્યો પાસે શસ્ત્રાસ્ત્રોનાં મોટાં કારખાનાં હતાં; અને તેમનાં શસ્ત્રાસ્ત્રો સામાન્ય લુહારજ પોતાની શક્તિ પ્રમાણે બનાવતો હતો. બાકીનું વર્ણન ઘણુંજ અતિશયોક્તિવાળું છે અને કવિકલ્પનાએ ઉપજાવી કાઢેલું છે. જ્યાં દેવસમ્રાટ્નું પ્રબળ અસ્ત્ર હાડકાંનું બનેલું હોય, ત્યાં બીજાઓ પાસે તેથી વધારે સારી જાતનાં હથિયાર હોયજ ક્યાંથી!

(ક્ષ) સભ્યતાનો દરજ્જો

"વૈદિક ધર્મ" માં અર્થાત્ આર્યધર્મમાં સભ્યતાનો દરજ્જો શસ્ત્રાસ્ત્રોની પ્રગતિ ઉપર કે વસ્ત્રાભૂષણો ઉપરથી નક્કી નથી થઇ શકતો. નિર્ધન અને વસ્ત્રહીન ઋષિમુનિઓ અને સંન્યાસીઓ વૈદિક ધર્મમાં ઉંચામાં ઉંચી કોટિના ગણાય છે; અને ભૌતિક સાધનસંપન્ન માણસો જો તે આત્મજ્ઞાન વિનાના હોય તો અતિ નિકૃષ્ટ ગણાય છે--અર્થાત્ હાલમાં પણ લંગોટધારી આત્મશક્તિસંપન્ન મહાત્મા વંદનીય મનાય છે; અને મોટરોમાં બેસીને ફરનારા ધનપતિઓ એવા મહાત્માઓનાં ચરણોમાં માથું મૂકવામાં પોતાને ધન્ય માને છે. આ સારાંશમાંજ આપણી આર્યસભ્યતાની મહત્તા છે.

જો કે અમે પૂર્વલેખમાં અસુરોની વિશેષ સાધનસંપન્નતા, કુશળતા અને ધૂર્તતા દર્શાવી છે અને દેવો, ભૂતો તથા આર્યોની એ બાબતમાં ઉતરતી સ્થિતિ દર્શાવી છે; છતાં પણ એ ઉપરથી કોઇ એવું અનુમાન ન કરે કે, અમે બીજાઓ કરતાં અસુરોને વધારે સભ્ય દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. અમારો એ ભાવ બિલકુલ નથી. ભૌતિક સાધનોની વિશેષતામાં ક્યા ક્યા દેશો કેવી સ્થિતિમાં હતા, એટલુંજ દર્શાવવાનો પૂર્વલેખમાં અમારો ઉદ્દેશ હતો.

દેવોના રાજ્યમાં નારદાદિ મુનિઓ અને આર્યોના રાજ્યમાં વસિષ્ઠ-વામદેવાદિ મુનિઓ ભૌતિક સંપત્તિમાં તદ્દન ન્યૂન હોવા છતાં વૈદિક સભ્યતાની દૃષ્ટિએ તો તેઓજ સૌથી આગળ હતા; એ વાત દરેક વાચકે વિચારપૂર્વક ધ્યાનમાં રાખવી જોઈએ. અસુરોને પણ પોતાના મહાવિદ્યાલયમાં મુખ્ય અધ્યાપક તરીકે શુક્રાચાર્યનેજ રાખવા પડ્યા હતા. એ ઇત્યાદિ અનેક વાતો દેવો અને આર્યોની સભ્યતા અસુરાદિ કરતાં કેટલાયેગણી ઉંચી હતી, તે દર્શાવી આપે છે. વૈદિક

ધર્મમાં સભ્યતાનો ભાવ "મનુષ્યત્વનો વિશેષ વિકાસ" જ છે; અને તે દેવોમાં, ઋષિમુનિઓમાં તથા આર્યોના બ્રાહ્મણોમાં ઘણીજ હતી, કે જે વાત તે વખતના અસુર વગેરે સર્વ કોઈ જાણતાજ હતા. નારદમુનિને સુર, અસુર અને આર્યો એકસરખી રીતે માન આપતા હતા તેનું મૂળકારણ એજ છે. તેનો વિસ્તાર આગળ ઉપર બીજા લેખમાં થવાનો છે. અહીં તો તેનું દિગ્દર્શનજ કરાવ્યું છે.

દેવો, ભૂતો અને આર્યોનો જે થોડો જેવો વિચાર આ લેખમાં કર્યો છે, તેથી તેમનાં સ્થાનો અને રીતરિવાજોનો પણ વાચકોને ખ્યાલ આવશે. એ પછી અસુરાદિના દેશોનો વિચાર કરીશું. આ દેશોનાં સ્થાન આગળ ઉપર અપાયલા ચિત્રમાં વાચકો જોઇ શકશે. પુરાણોમાં અસુરો અને રાક્ષસોના દેશ ત્રિવિષ્ટપની પશ્ચિમદિશામાં વર્ણવેલા છે, તેથી દેવોના દેશો નક્કી થતાંજ બીજા દેશોનો નિશ્ચય થવો એ અશકય વાત નથી.

(ज्ञ–૧) અસુરોપાસક

અસુરોપાસક લોકોનું નામ પ્રાચીન કાળમાં અસુર હતું. હાલમાં અસુરોપાસક કેવળ પારસી લોકોજ છે; પરંતુ એ જાતિ હવે થોડીજ રહેલી છે. પ્રાચીન કાળમાં એ એક મહાન જાતિ હતી અને તેમનો દેશ પણ મહાવિશાળ હતો. આસિરિયા વગેરે અનેક દેશોમાં તેઓજ રહેતા હતા. હાલમાં પણ પારસીઓ પોતાના પરમેશ્વરની ઉપાસના "અસુર" અર્થાત્ "અહુર" નામથી કરે છે.

રાક્ષસલોકો એમના કરતાં જૂદા હતા. જો કે હાલમાં અસુર, રાક્ષસ વગેરે શબ્દો એકજ અર્થસૂચક ગણાય છે, પણ પ્રાચીન કાળમાં આ શબ્દો જૂદી જૂદી જાતિઓના વાચક ગણાતા હતા. અસુરો કરતાં રાક્ષસોનો દેશ કંઇક ઉત્તરદિશામાં અને દૈત્યોનો અસુરો કરતાં પણ પશ્ચિમદિશામાં હતો.

દાનવોના સ્થાનને સૂચવનારી "ડાન્યુબ નદી" હાલમાં પણ હોવાથી તેમનો દેશ શોધવામાં બહુ મુશ્કેલી નહિ નડે.

એસિરિયા અથવા અસુર્ય દેશની ઉત્તરદિશામાં ઉરતુ દેશ છે; તેજ ઘણે ભાગે વૃત્રદેશ છે. ઉકાર ને સ્થાને વકાર અને ર, તથા 'ત'ને સ્થાને વ્યુત્ક્રમની કલ્પના કરવાથી તેમાં વૃત્ર શબ્દ દેખાઈ આવે છે; અને તે દેશ અસુર, રાક્ષસ તથા દાનવોના દેશોના મધ્ય સ્થાનમાં છે.

અસુર અને રાક્ષસોના દેશોની વ્યવસ્થા આ પ્રમાણે છે. જો કે આ દેશ ભારતવર્ષથી ઘણોજ દૂર છે, તોપણ અસુર–રાક્ષસાદિ જાતિઓ ભારતવર્ષમાં પણ ત્યાંથી આવીને વસતી હતી; અને કેટલાક અસુરવીરોએ તેમનું રાજ્ય પણ ભારતવર્ષમાં જમાવ્યું હતું. બાણાસુર વગેરે કેટલાય અસુરવીરો હિમાલયના ડુંગરાઓમાં પોતાનાં રાજ્ય જમાવીને રહેતા હતા. બાણાસુરનું રાજ્ય હાલના રામપુર રાજ્યમાં હતું. આ રિયાસત સીમલા જીલ્લામાં છે. સીમલાથી સવાસો માઇલ દૂર અને ચીનીના નાના કૈલાસની પાસે આ રિયાસત આવેલી છે. એની શિયાળાની રાજધાની રામપુર છે અને ઉનાળાની રાજધાની સરહન છે. ચીનીગામમાં બાણાસુરનો કિલ્લો હાલમાં પણ પ્રસિદ્ધ છે; અને કહેવાય છે કે, બાણાસુર ભૂતનાથ મહાદેવને એટલો બધો વહાલો હતો કે તેને મળવામાટે તેઓ રોજ તેને ત્યાં આવતા હતા. ચીની ગામથી નાનો કૈલાસ છ માઇલ દૂર છે, અને મોટો કૈલાસ પણ સીધે માર્ગે સાઠ સિત્તેર માઇલથી વધારે દૂર નથી; પરંતુ હાલનો રસ્તો તો બહુજ લાંબો છે. મહાદેવ પણ વર્ષમાં કેટલાક માસ કૈલાસમાં રહેતા હતા અને કેટલાક દિવસ નાના કૈલાસમાં રહેતા હતા. આ રામપુર રાજ્યમાં મહાદેવનાં શિવમંદિર તથા કાલીમંદિર બહુજ છે; અને સાથે સાથે બાણાસુરની પુત્રી ઉષા

વગેરેનાં મંદિર પણ છે. આ ઉષાના મંદિરમાં ખૂબ ધન છે, અને હાલમાં તેનો ઉપયોગ વ્યાજે નાણાં ધીરવામાં થાય છે.

આ બાણાસુરની પુત્રી ઉષા પીતાંબરધારી ઉપેન્દ્ર વિષ્ણુના પુત્ર અનિરુદ્ધ સાથે પરણી હતી; તેથી જણાય છે કે, જેમ બાણાસુર હિમાલયના કોઇ ડુંગરામાં રહેતો હતો, તેમ ઉપેન્દ્ર વિષ્ણુ પણ હિમાલયનાજ પહાડ ઉપર કોઇ જગ્યાએ રહેતા હતા. આ વિષે પહેલાં લખાઇ ચૂકયું છે.

જેમ બાણાસુરનું રાજ્ય હિમાલયમાં હતું, તેમ બીજા પણ અસુરવીરો ભારતવર્ષમાં આવી પોતાનાં રાજ્ય જમાવીને લહેર ઉડાવતા હતા. અત્યારે જેમ ઘણાંખરાં નાનાંમોટાં ગામોમાં અફગાનિસ્તાનના પઠાણો આવે છે અને સાધારણ લોકોને સતાવે છે; તેમ આ અસુરરાક્ષસો પણ ઘણાય ગ્રામવાસીઓને પુષ્કળ દુઃખ દેતા હતા. દક્ષિણ ભારત સુધીમાં તેમનાથી દુઃખી ન હોય એવું કોઇ પણ ગામ ન હતું. પશ્ચિમસમુદ્ર ઉપર વરુણનો અધિકાર હતો અને કેટલાક અસુરરાક્ષસો તેમને આશ્રયે રહેતા હતા. ઉત્તરભારતમાં ભૂતનાથ મહાદેવના આશ્રયથી બાણાસુર વગેરે રાક્ષસો રહેતા હતા; પશ્ચિમભારતમાં તો ખાંડવવન સુધી અસુરરાક્ષસાદિનો અધિકાર હતો અને તેમને હરાવીનેજ પાંડવોને પોતાનું રાજ્ય સ્થાપવું પડયું હતું.

તાત્પર્ય એ છે કે,અસુર વગેરેના દેશો જો કે ભારતવર્ષથી ઘણા દૂર હતા, તોપણ તેમની કેટલીએ જાતિઓ ભારતવર્ષમાં આવીને વસતી હતી; અને ભારતવાસીઓ સાથે વ્યવહાર કરતી હતી. અસુર વગેરે વિષે આટલો વિચાર કર્યા પછી હવે ભારતવર્ષસંબંધી એક મહત્ત્વપૂર્ણ પ્રશ્નનો વિચાર કરીશું. તે પ્રશ્ન આ છેઃ—

(જ્ઞ—૨) ભારતવાસીઓનું રાજકીય સ્વાતંત્ર્ય

ભારતવાસીઓની રાજકીય સ્વતંત્રતા કયી દિશામાં હતી, તે પણ એક વિચારણીય વાત છે. દેવજાતિ અને ભૂતજાતિનાં સંસ્થાનો ભારતવર્ષમાં પણ હતાં. જે રીતે યૂરોપવાસીઓએ અમેરિકા, ઓસ્ટ્રેલીઆ અને આફ્રિકામાં પોતાનાં સંસ્થાન સ્થાપ્યાં છે; અને તે દેશો યૂરોપીયનોને સ્વાધીન છતાં પણ અમેરિકાના સંયુક્ત પ્રાંતો તેમનાથી જૂદા થઇ ગયા છે, અને બીજાં સંસ્થાનો પણ પૂર્ણ સ્વતંત્ર થવાના પ્રયત્નો કરે છે; તેજ જાતનો સંબંધ તિબેટની દેવજાતિ અને ભારતવર્ષની આર્યજાતિ વચ્ચે હતો. ભારતવર્ષમાં દેવજાતિનાં સંસ્થાનો પશ્ચિમદિશાના પ્રાંતોમાં અને ભૂતજાતિનાં સંસ્થાનો પૂર્વદિશાના પ્રાંતોમાં સ્થપાયાં હતાં. એ દરેક સંસ્થાન પોતાને લગભગ સ્વતંત્ર માનતું હતું; પરંતુ પાછળથી અસુર, રાક્ષસ, દાનવ, દૈત્ય, ભૂત અને સુરોના હુમલાઓને લીધે સંસ્થાનવાસી ભારતીય આર્યોએ પોતાના સંઘ બનાવ્યા. પહેલાં જે નાનાં નાનાં "રાજ્ય" હતાં, તે સંઘોમાં ફેરવાઇ જતાંજ "સામ્રાજ્ય" અર્થાત "સંઘનું રાજ્ય" કહેવાયું. નાના "રાજ્ય" ના રાજ્યકર્તાનું નામ રાજા, મોટા મહારાજ્યના રાજ્યકર્તાનું નામ "મહારાજા" અને "સામ્રાજ્ય" ના રાજ્યકર્તાનું નામ "સમ્રાટ્" હતું. તેમનો મનોરંજક ઇતિહાસ ભારતીય યજ્ઞસંસ્થાનું મનન કરવાથી જાણી શકાય તેમ છે. આ વિષય કોઈ બીજા નિબંધમાટે રાખવાનો વિચાર હોવાથી આ સ્થળે તેનો વિચાર નહિ કરીએ; પરંતુ અત્રે એટલું કહેવું આવશ્યક છે કે, ભારતીય આર્યલોકો દેવજાતિનાં સંસ્થાનોના અંગરૂપ હોવાથી દેવજાતિનાજ પક્ષમાં હતા; અને જો કે દૈત્યો અને આર્યોને યુદ્ધ થયાં કરતાં હતાં, તોપણ તે યુદ્ધોનું સ્વરૂપ ઇંગ્લૅંડ અને અમેરિકાનાં સંસ્થાનોના સ્વાતંત્ર્યયુદ્ધ જેવુંજ હતું—અર્થાત આર્યો અને દેવોનું યુદ્ધ ભિન્ન દષ્ટિથી જોવું જોઇએ અને આર્યો

તથા રાક્ષસોનું યુદ્ધ ભિન્ન દૃષ્ટિથી જોવું જોઇએ.

દેવોનાં સંસ્થાનો ભારતવર્ષમાં અનેકવાર સ્થપાયાં હતાં. દેવોની પહેલી વસાહતનો મોજો અહીં સ્થિર થયા પછી કેટલાંય વર્ષો બાદ બીજો મોજો પણ ચઢી આવતો હતો. આ રીતે અનેક દેવો ત્રિવિષ્ટપમાંથી ભારતમાં આવી વસ્યા હતા. આથી પહેલાં આવનારાઓને પછીથી આવનારાઓની સાથે પણ યુદ્ધ થતાં હતાં. ભારતભૂમિમાં જેટલાં યુદ્ધ થયાં તેનો વિચાર કરતાં આટલી બાબતો ધ્યાનમાં રાખીને વિચાર કરવો જોઇએ; અને તેમ થાય તોજ યુદ્ધના મૂળ-કારણની મનમાં બરાબર કલ્પના આવી શકશે.

રાક્ષસજાતિએ પણ ભારત ઉપર કેટલીયે વાર હુમલા કર્યા હતા અને થોડાઘણા ભાગ ઉપર અધિકાર પણ જમાવ્યો હતો; પરંતુ એવે વખતે દેવો અને આર્યોના સંઘ બનાવવામાં આવતા હતા, અને રાક્ષસોને હાંકી કઢાતા હતા. રાક્ષસોના પક્ષમાં રહી આર્યો અને દેવો સાથે યુદ્ધ કરનાર માત્ર એકલા ભૂતસમ્રાટ્ મહાદેવજ હતા. બીજા દેવોને આર્યો સાથે હમેશાં મિત્ર-તાનોજ સંબંધ રહ્યો હતો; અને દેવો તથા આર્યોના ઝગડા માત્ર માંહોમાંહેના ઘરાળુ ઝગડાઓ કરતાં કદી પણ આગળ વધ્યા ન હતા. મહાદેવના અપવાદસિવાય બીજાં યુદ્ધોમાં પાઠકો એજ વાત જોઇ શકશે.

તાત્પર્ય એ છે કે, આર્યજાતિ જો કે કેટલીયે બાબતોમાં અસુરો અને રાક્ષસોથી ઓછા બળવાળી હતી; છતાં પણ તે સ્વાતંત્ર્યપ્રિય જાતિ હતી અને સદા આત્મસન્માનને માટે દક્ષ હતી; તેમજ કદી પણ પરતંત્રતા સહન કરનારી ન હતી. બહારથી શત્રુઓના હુમલા થતા હતા, પરંતુ તે હુમલાઓને અનેક યુક્તિપ્રયુક્તિઓથી તેઓ હઠાવી દેતા હતા; અને પોતાની સ્વતંત્રતા અબાધિત રાખતા હતા. તેથીજ એમની સ્વાતંત્ર્યસ્થાપનાને માટે જે જે યુદ્ધ થયાં હતાં, તેનો ઇતિહાસ બહુજ મનોરંજક અને બોધપ્રદ છે. જો હાલની ભારતીય જનતા પોતાના પૂર્વજોના ઇતિહાસને આ દૃષ્ટિએ જોશે, તો તેને આ સમયમાં પણ ખૂબ ફાયદો થઈ શકે તેમ છે; અને ધૈર્યપૂર્વક આગળ વધવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય પણ તેઓ કરી શકે તેમ છે. આશા છે કે, પાઠક પોતાના પ્રાચીન ઇતિહાસનો વિચાર શુદ્ધ ઇતિહાસનીજ દૃષ્ટિથી કરીને તે ઇતિહાસમાં પોતાની ભાવી ઉન્નતિનો માર્ગ જોશે; અને એજ માર્ગપર ચાલીને વિજયભાગી થશે.

श्रीमहाभारत

१--आदिपर्व

ॐ

महर्षिकृष्णद्वैपायनविरचित

श्रीमहाभारत

१—आदिपर्व



अनुक्रमणिकापर्व

અધ્યાય ૧ લો—કથાપ્રસ્તાવ

श्रीवेदव्यासाय नमः

* मंगलश्लोकः—नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ॥
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥ १ ॥

---

* ગ્રંથની નિર્વિઘ્ન પરિસમાપ્તિને અર્થે નિર્માણ કરેલા આ મંગલાચરણના શ્લોકમાં, પ્રત્યેક ગ્રંથમાં જણાવવા યોગ્ય વિષય, પ્રયોજન, અધિકારી અને સંબંધ પણ દર્શાવ્યાં છે. જેને શાસ્ત્રમાં અનુબંધચતુષ્ટય કહેવામાં આવે છે તે આ મંગલશ્લોકમાં આવેલાં **नर, नारायण** અને **नरोत्तम** એ પદોનું વિવેચન કરતાં સ્પષ્ટ થાય છે. તે નીચે પ્રમાણે છેઃ—

અવિદ્યાવચ્છિન્ન ચેતન્ય જે જીવ તે **नर** કહેવાય છે, તેણે અનવચ્છિન્ન ચૈતન્યરૂપ બ્રહ્મમાં—છીપમાં રૂપાની પેઠે—કલ્પેલું સચરાચર જગત તે નરકલ્પિત હોવાથી **नार** કહેવાય છે અને તે **नार** (જગત્) જેનું **अयन** (પ્રવેશસ્થાન) છે તે **नारायण** કહેવાય છે; અર્થાત્ પોતાનેવિષે જીવે કલ્પેલા પ્રપંચને સત્તા તથા સ્ફૂર્તિ આપવાથી જે કારણભાવને પ્રાપ્ત થયેલા તે નારાયણ કહેવાય છે.

જીવ (**नर**) પોતે ચેતનરૂપ હોવાથી જડવર્ગથી ઉત્કૃષ્ટ છે, તેનાથી કારણાત્મા **नारायण** ઉત્કૃષ્ટતર છે અને નિરુપાધિક ચેતન્યરૂપ બ્રહ્મ તેનાથી પણ ઉત્કૃષ્ટતમ છે; માટેજ **'सत्यं ज्ञानमनंतं ब्रह्म'** ઇત્યાદિ શ્રુતિમાં પ્રસિદ્ધ એવું બ્રહ્મ તે **नरोत्तम** કહેવાય છે. કહ્યું છે કે, **पिंडब्रह्मांडनेतृत्वान्नरौ जीवेश्वरावुभौ। तयोश्च नयनाच्छुद्धं ब्रह्मापि नर उच्यते ॥ नरजानामपां कार्यं नारं ब्रह्मांडमिष्यते ॥**

*ॐ नमो भगवते वासुदेवाय ।
ॐ नमः पितामहाय ॥ ॐ नमः प्रजापतिभ्यः॥
ॐ नमः कृष्णद्वैपायनाय ॥
ॐ नमः सर्व विघ्नविनायकेभ्यः ॥

શ્રી નારાયણને, નરોત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરીને, તે પછી +જયરૂપી ગ્રંથનો ઉચ્ચાર કરવો.[1]

એક વખતે *નૈમિષારણ્યમાં ×કુલપતિ શૌનક ઋષિના બાર વર્ષના ÷સત્રમાં તીક્ષ્ણ બ્રહ્મ-

---

तद्यस्य वसतिस्थानं तेन नारायणो विभुः॥ स्वाविद्यासृष्टपिंडेन तादात्म्यं यो गतो नरः। स जीवः स परंब्रह्म नरोत्तमपदाभिधम्॥ तद्द्योतिकां गिरं नत्वा ततो व्याप्तस्तयैव सन्। संसारजयिनं ग्रंथं जयनामानमीरयेत्॥ અર્થ:-પિંડ અને બ્રહ્માંડના નેતા હોવાથી જીવ અને ઈશ્વર **नर** કહેવાય છે અને તે બન્નેનું નેતા હોવાથી શુદ્ધ બ્રહ્મ પણ **नर** કહેવાય છે. **नर**થી ઉત્પન્ન થયેલાં અપ્નું કાર્ય બ્રહ્માંડ તે **नार** કહેવાય છે. તે **नार** જેનુ નિવાસસ્થાન છે, તે પ્રભુ **नारायण** કહેવાય છે. પોતાની અવિદ્યાથી નિર્માયલા પિંડની જોડે જે **नर** તાદાત્મ્ય પામેલો છે તે જીવ, અને તેજ અવિદ્યા નિવૃત્ત થતાં **नरोत्तम** પદથી કહેવાતુ **परब्रह्म** છે. તે **नर, नारायण** અને **नरोत्तम** નાં તત્ત્વને પ્રકાશિત કરનારાં દેવી સરસ્વતીને નમસ્કાર કરી, તેજ પરમ કારુણિક સરસ્વતીથી વ્યાપ્ત થઇ, સંસારને જિતનારા **जय** નામના ગ્રંથનો આરંભ કરવો.

મૂળશ્લોકમાં એ **नरोत्तम** વિશેષણ **नर**ને આપેલું છે: કારણ કે જીવમાં રહેલી અવિદ્યા નિવૃત્ત થતાં જીવનું નિષ્પ્રપંચ પારમાર્થિક રૂપ **नरोत्तम** પદવાચ્ય બ્રહ્મ છે.

આ ઉપરથી જગત જીવગત અવિદ્યાવડે કલ્પેલું હોવાથી મિથ્યા છે, તે જગતમાં સત્તા તથા સ્ફૂર્તિ આપનાર બ્રહ્મ સત્ય છે; અને જીવ, બ્રહ્મથી અભિન્ન છે, એ આ ગ્રંથનો મુખ્ય વિષય દર્શાવ્યો છે. અવિદ્યાની નિવૃત્તિ થતા તેણે કરેલા પ્રપંચનો ત્રિકાલાવસ્થામાં બાધ થવાથી અનર્થની અત્યંત નિવૃત્તિ થાય છે, એ આ ગ્રંથનું પ્રયોજન કહ્યું છે. તે અનર્થનિવૃત્તિની કામનાવાળો પુરુષ અધિકારી જણાવ્યો છે અને ઉક્ત વિષયનો તથા ગ્રંથનો જ્ઞાપ્ય-જ્ઞાપકભાવ સંબંધ છે.

* મહાન શાસ્ત્રના આરંભમાં બહુ વિઘ્ન થવાની સંભાવના હોવાથી પોતાના ઉપાસ્ય શ્રીવાસુદેવને દ્વાદશાક્ષર મંત્રથી નમસ્કાર કરીને, **यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ। तस्यैते कथिता ह्यर्थाः प्रकाशंते महात्मनः॥** એ ઉક્તિપ્રમાણે ઈશ્વરની પેઠે પરાત્પર ગુરુ બ્રહ્માને તથા પરમ ગુરુ વસિષ્ઠ, મરીચિ વગેરે પ્રજાપતિને નમસ્કાર કરીને, **'अहं मनुरभवं सूर्यश्च'** ઇત્યાદિ વામદેવની ભાવનાની પેઠે '**अयमात्मा ब्रह्म**' એ શાસ્ત્રના અનુસંધાનપૂર્વક પોતાનેવિષે બ્રહ્મભાવનાથી અંતર્યામીને નમસ્કાર કરીને તથા વિઘ્નવિનાયકોને નમસ્કાર કરીને ગ્રંથનો આરંભ કરે છે.

\+ **अष्टादशपुराणानि रामस्यचरितं तथा। कार्ष्णं वेदं पंचमं च यन्महाभारतंविदुः॥ तथैव विष्णुधर्माश्च शिवधर्माश्च शाश्वताः। जयेति नाम तेषां च प्रवदंति मनीषिणः॥** અર્થ:-અઢાર પુરાણો, રામનું ચરિત્ર-રામાયણ, પાચમો વેદ કે જેને વિદ્વાનો કૃષ્ણદ્વૈપાયનવિરચિત મહાભારતતરીકે જાણે છે તે, નિત્ય એવા વિષ્ણુધર્મો, તેમજ શિવધર્મો, આ સર્વનું વિદ્વાનો **जय** એવું નામ કહે છે.

* ભગવાને ગૌરમુખ મુનિપ્રત્યે કહ્યું કે, મેં અહીં નિમિષ જેટલા સમયમાં દાનવનું સૈન્ય હણ્યું, માટે આ અરણ્ય નૈમિષારણ્ય કહેવાશે. **(वाराहपुराण)**

નૈમિશ એવો તાળવ્ય 'શ' નો પાઠ હોય ત્યાં **वायुपुराणमां** કહ્યુ છે કે, ઋષિઓએ બ્રહ્માની પાસે જઇને તપ કરવા યોગ્ય સ્થાન પૂછ્યું, ત્યારે બ્રહ્માએ કહ્યું કે, મેં ઉત્પન્ન કરેલું આ મનોમય ચક્ર હું ફેંકું છું. એની ધારા ખંડિત થઇને જ્યાં એ ચક્ર પડે તે દેશ તમારા તપને માટે શ્રેષ્ઠ સમજો. આટલું કહીને બ્રહ્માએ સૂર્યના જેવું તેજસ્વી મનોમય ચક્ર નિર્માણ કર્યું અને મહાદેવને પ્રણામ કરીને તે ચક્ર ત્યાંથી મૂકયું. બ્રાહ્મણો પણ ઘણા પ્રસન્ન થઇને જગતના પ્રભુ બ્રહ્માને પ્રણામ કરી ચક્રની પાછળ ગયા. પછી તે ચક્રની ધારા જે વનમાં કુંઠિત થઇ, તે વનનું નામ નેમિ-ધારા શીર્ણ-કુંઠિત થવાથી **नैमिश** કહેવાયું અને મુનિઓ તેને પવિત્ર ગણવા લાગ્યા.

× જે એક પુરુષ દશ હજારનું અન્નાદિકથી ભરણપોષણ કરે છે તે કુલપતિ કહેવાય છે.

÷ જે યજ્ઞમાં યજમાનો હોય તેજ ઋત્વિજો થઇ શકે, એવો બહુકર્તૃક ક્રતુ તે સત્ર. કહ્યું છે કે, **बहुभ्यो दीयते यत्र तृप्यंति प्राणिनो बहु। कर्तारो बहवो यत्र तत्सत्रमभिधीयते॥** અર્થ:-

ચર્યાદિ વ્રતવાળા બ્રહ્મર્ષિઓ આનંદથી બેઠા હતા. ત્યાં તેમની આગળ સૌતિ ઉપનામધારી, પુરાણના અભ્યાસી, સૂતકુલને આનંદ આપનારા લોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવા* વિનયથી નમ્ર થઇને આવી પહોંચ્યા. આશ્રમમાં આવેલા તે ઉગ્રશ્રવાના મુખથી ચિત્ર–વિચિત્ર કથાઓ સાંભળવામાટે તપસ્વી ઋષિઓ તેમની આજુબાજુએ વિંટાઈ વળ્યા. સજ્જનોએ તેમનો આદર–સત્કાર કર્યો. ઉગ્રશ્રવાએ પણ બે હાથ જોડીને તે સર્વ મુનિઓને નમસ્કાર કર્યા અને તેમના તપની વૃદ્ધિ પૂછી. પછી તે સર્વ તપસ્વીઓના બેઠા પછી લોમહર્ષણના પુત્ર સૂતપુરાણી પણ તેમણે બતાવેલા આસન ઉપર વિનયથી બેઠા. તેમને સુખરૂપ વિશ્રાંતિથી બેઠેલા જોઇને, તે ઋષિઓમાંથી એક ઋષિએ કથાની પ્રસ્તાવના કરતાં સૂતને પૂછ્યું કેઃ–

"હે કમલપત્રના જેવાં નેત્રવાળા સૂતપુત્ર! તમે ક્યાંથી આવો છો? અને તમે આટલો સમય ક્યાં વ્યતીત કર્યો હતો? તે હું પૂછું છું માટે મને કહો."૨–૭

આ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે, શબ્દનો પ્રયોગ કરવામાં કુશળ એવા લોમહર્ષણના પુત્ર સૂતપૌરાણિક, વિશુદ્ધ ચિત્તવાળા મુનિઓની તે વિસ્તીર્ણ સભામાં, મુનિઓનાં તથા રાજાઓનાં ચરિત્રો જેમાં રહેલાં છે એવું શબ્દોથી અને અર્થથી શુદ્ધ વ્યાખ્યાન કહેવા લાગ્યા.૮–૯

સૂતપુત્ર કહે છેઃ–પરિક્ષિતના મહાત્મા પુત્ર રાજર્ષિ જનમેજયના સર્પસત્રમાં, તે રાજેંદ્રની આગળ, મહર્ષિ કૃષ્ણદ્વૈપાયને નિર્માણ કરેલી, પુણ્યદાયી વિવિધ કથાઓ, જે વૈશંપાયને વિધિપૂર્વક કહી હતી, તે વિચિત્ર અર્થવાળી મહાભારતની કથાઓ સાંભળ્યા પછી, હું અનેક તીર્થો અને ક્ષેત્રોમાં ફરતો ફરતો, જ્યાં પૂર્વે કૌરવ–પાંડવોનું તથા બીજા ઘણા રાજાઓનું યુદ્ધ થયું હતું, તે દ્વિજોએ સેવન કરેલા સમંતપંચક નામના પવિત્ર ક્ષેત્રમાં જઈ પહોંચ્યો. ત્યાંથી આપનાં દર્શનની ઈચ્છાથી હું અહીં આવ્યો છું. હે મહાભાગો! આ યજ્ઞમાં સૂર્ય અને અગ્નિના જેવા તેજસ્વી તથા આયુષ્માન એવા આપ સર્વને હું બ્રહ્મરૂપ માનું છું. હવે આપ સઘળા સ્નાન કરીને પવિત્ર થાઓ અને જપ કરીને તથા અગ્નિમાં હોમ આપીને સ્વસ્થ થઈ આસન ઉપર બેસો. પછી હે દ્વિજો! કહો કે પુણ્યકારક પુરાણસંહિતાઓ, ધર્મ તથા અર્થના આશ્રયવાળી કથાઓ અને મહાત્મા રાજેંદ્રોના તથા ઋષિઓના ઇતિહાસો, એમાંથી હું તમને કયી કથા સંભળાવું?૧૦–૧૬

ઋષિઓ કહે છેઃ–મહર્ષિ દ્વૈપાયને વર્ણન કરેલાં જે પુરાણને સાંભળીને, દેવો તથા મહર્ષિઓએ પોતપોતાના લોકોમાં વખાણ્યુ હતું, તે આખ્યાનોમાં અતિ શ્રેષ્ઠ, વિચિત્ર પદરચનાવાળા પૌષ્યાદિ પર્વોથી યુક્ત, સૂક્ષ્મ અર્થો તથા ન્યાયથી ભરપૂર અને વેદના અર્થોવડે અલંકૃત, એવા ભારત ઈતિહાસની, ગ્રંથના અર્થને અનુરૂપ પદાદિ વ્યુત્પત્તિવાળી, અનેક શાસ્ત્રોથી પુષ્ટ થયેલી, જનમેજય રાજાના સર્પસત્રમાં દ્વૈપાયન વ્યાસની આજ્ઞાથી વૈશંપાયન ઋષિએ યથાર્થ રીતે પ્રસન્નતાથી વર્ણવેલી, ચારે વેદના અર્થોથી ભરેલી, પુણ્યરૂપા અને પાપના ભયને હણનારી, અદ્ભુત કર્મવાળા વ્યાસ ભગવાનની રચેલી પવિત્ર સંહિતા સાંભળવાની અમારી ઈચ્છા છે.૧૭–૨૧

સૂત કહે છેઃ–*સનાતન આદિ પુરુષ, અવ્યક્ત ઈશ્વર, વ્યક્ત (કાર્યરૂપ) બહુ હોતાઓથી

જેમા ઘણાને અન્નાદિક આપવામા આવે છે તથા જેમાં ઘણાં પ્રાણીઓ સંતોષાય છે અને જેમાં ઘણા કર્તાઓ હોય છે તે સત્ર કહેવાય છે.

* નૃસિંહતાપનીય ઉપનિષદ્માં પ્રતિપાદન કરેલાં તત્ત્વના શ્રવણવાળા, અર્થાત્ ઉપનિષદનાં રહસ્યને જાણનારા.

* આ સ્થાનમાં ભૂમિ, બીજ, અંકુર, વૃક્ષ અને ફલની ઉપમા આપી શકાય એવા શુદ્ધ, શબલ, સૂત્ર, વિરાટ્ અને વિષ્ણુસંજ્ઞક–નિરુપાધિક (બ્રહ્મ), માયોપાધિક (ઈશ્વર), અપંચીકૃત મહાભૂતોપાધિક (હિરણ્યગર્ભ), પંચીકૃત મહાભૂતોપાધિક (વિરાટ્) અને પુરુષાકાર મૂર્તિરૂપ ઉપાધિવિશિષ્ટ (વિષ્ણુ), એ ચૈતન્ય રૂપોનું અનુક્રમે સૂચન છે. જેમ સ્ફટિક સ્વતઃ

યજન કરાએલા તથા ઘણા સામગાયકોથી સ્તુતિ કરાતા હિરણ્યગર્ભ-સૂત્રાત્મા, સદસત્થી વિલક્ષણ અને વાસ્તવિક રીતે અસત્ એવું જે જગત તે રૂપ તથા કાર્ય-કારણથી પર એવા વિશ્વરૂપ વિરાટ સ્થૂલસૂક્ષ્મ-જગતના સ્રષ્ટા, પુરાતન, અત્યંત અવિનાશી, મંગલદાયી, મંગલસ્વરૂપ, ભોગ તથા મોક્ષની આકાંક્ષાવાળાએ આશ્રય કરવા યોગ્ય, યજ્ઞાત્મા, દોષરહિત, શુદ્ધ, ઇંદ્રિયોના અધિષ્ઠાતા અને સ્થાવર-જંગમના ગુરુ એવા શ્રીહરિને નમસ્કાર કરીને, સર્વ લોકોથી પૂજાતા તથા અદ્ભુત કર્મવાળા એવા મહાત્મા મહર્ષિ ભગવાન વ્યાસનું પવિત્ર બ્રહ્માદ્વૈતમત, અનેક ઉપાખ્યાનોથી પુષ્ટ કરીને હું કહું છું.[૨૨-૨૫]

આ ઇતિહાસને પૃથ્વીમાં કેટલાક કવિઓએ કહ્યો છે, સાંપ્રતમાં કેટલાક કહે છે, તેમજ ભવિષ્યમાં પણ કેટલાએક કહેશે. આ મહાજ્ઞાનરૂપ ભારત, ત્રણ લોકમાં પ્રતિષ્ઠા પામેલું છે: અને દ્વિજાતિઓ એને વિસ્તારથી તથા સંક્ષેપથી ધારણ કરે છે. વળી આ મહાભારત વૈદિક તથા લૌકિક સંકેતોથી તથા શુભ શબ્દોથી અલંકૃત છે, વિવિધ છંદો તથા વૃત્તાવડે યુક્ત છે અને વિદ્વાનોને પ્રિય છે.[૨૬-૨૮]

જ્યારે વિશેષ વિજ્ઞાનનાં સાધનો ન હતાં, જ્યારે ઈશ્વરોપાધિભૂત વિક્ષેપ શક્તિવાળું માયા સત્ત્વ ન હતું, પણ માત્ર માયાનું આવરણ શક્તિરૂપ તુચ્છ તમજ હતું, ત્યારે જગતનું ઉપાદાનભૂત, એક, અપરિણામી જે કૂટસ્થ વસ્તુ, તે* બ્રહ્માંડરૂપ થયું; અર્થાત્ સ્વપ્નપ્રપંચની પેઠે માયાનાં તુચ્છ *તમથીજ કૂટસ્થમાં બ્રહ્માંડ જણાયું.[૨૯]

પછી બ્રાહ્મકલ્પના આદિમાં સ્વેદજ વગેરે, ચતુર્વિધ પ્રાણીના ઉપાદાન કારણભૂત એ બ્રહ્માંડમાં નિર્વિકાર, ચૈતન્યરૂપ, સનાતન, અંતર્યામી છતાં દુર્જ્ઞેય, અચિંત્ય, સર્વત્ર સમાનભાવને પામેલાં, અવ્યક્ત, સૂક્ષ્મ કારણરૂપ અને સદસત્-પણાથી અનિર્વચીનય એવા× બ્રહ્મતત્ત્વે પ્રવેશ કર્યો; એમ શ્રુતિઓ કહે છે.[૩૦-૩૧]

એ ઇંડાંમાંથી મુખ્ય પ્રજાપતિ સર્વ લોકના પિતામહ પ્રભુ ÷હિરણ્યગર્ભ થયા. આ પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, મનુ, પ્રજાપતિ, પરમેષ્ઠી, પ્રચેતાનો પુત્ર દક્ષ, દક્ષના સાત પુત્રો તથા મરીચિ વગેરે એકવીસ પ્રજાપતિઓ થયા. તેમજ સર્વ ઋષિઓ જેને જાણે છે એવા અપ્રમેય પુરુષની મત્સ્યાવતાર વગેરે પાલન કરનારી વિભૂતિઓ થઈ. વળી વિશ્વેદેવા, આદિત્યો, વસુઓ, અશ્વિનીકુમારો, યક્ષો, સાધ્યો, પિશાચો, ગુહ્યકો અને પિતૃઓ થયા. ત પછી શિષ્ટ તથા શ્રેષ્ઠ એવા વિદ્વાન બ્રહ્મર્ષિઓ ઉત્પન્ન થયા. વળી સર્વ ગુણોથી વખણાયલા ઘણા રાજર્ષિઓ તથા જલ, દ્યુલોક (અધિષ્ઠાતા સૂર્ય), પૃથ્વી, વાયુ, આકાશ, દિશાઓ (અધિષ્ઠાતા ચંદ્ર), સંવત્સરો, ઋતુઓ, માસો, પક્ષો, દિવસો, રાત્રિઓ અને બીજું યાવત્ લોકોમાં દેખાતું તથા સંભળાતું તે સઘળું એ બ્રહ્માંડથી ક્રમે કરીને ઉત્પન્ન થયું. પુનઃ પ્રલયકાળ આવતાં જે કાંઈ સ્થાવર-જંગમ પ્રાણીઓ આ જગતમાં દેખાય છે તે બધાં સમાઈ જાય છે: જેમ પ્રત્યેક ઋતુ આવતાં તેનાં તે ઋતુચિહ્નો અનેક રૂપથી જણાય છે અને ઋતુ જતાં ત ચિહ્નો પુનઃઅદૃશ્ય થાય છે, તેમજ સૃષ્ટિસમયમાં સૃષ્ટિપણ +સમાન નામરૂપથી જણાઇને લયકાલમાં પુનઃ

શુદ્ધ છે. તેમા હિંગળોકનો આશ્રય થતાં રક્તતા આવે છે, તેમ શુદ્ધ ચૈતન્યમાં માયાના યોગથી ઇશપણું આરોપાય છે. હિંગળોકથી લાલ જણાતા સ્ફટિકનું સ્ફટિકપણું તિરોહિત થતા તે જેમ પદ્મરાગ રૂપથી જણાય છે, તેમ ઈશમાં પણ અવિદ્યાના યોગથી સૂત્રાત્મા-હિરણ્યગર્ભ-પણું આરોપાય છે. જેમ પદ્મરાગરૂપથી જણાતો સ્ફટિક, ચંદ્રિકામાં મૂકવાથી ઇંદ્રનીલમણિના અધ્યાસને પામે છે, તેમ સૂત્રાત્મામાં પણ અવિદ્યાની દૃઢતાથી વિરાટપણાનો અધ્યાસ થાય છે. આ અધ્યસિત સર્વ રૂપોમાં ઉત્તરોત્તર કરતાં પૂર્વ પૂર્વ સત્ય છે અને પરમ સત્ય તો આદ્યપુરુષ બ્રહ્મજ છે.

*तदात्मानं स्वयमकुरुत । सच्चत्यच्चाभवत् ॥

ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મજ સર્વભાવરૂપ થયું એમ જણાય છે.

* **तमसस्तन्महिना जायतैकं ॥** એ શ્રુતિ તમમાત્રથી કૂટસ્થમાં સૃષ્ટિ થયેલી દર્શાવે છે.

× **तत्सृष्ट्वा तदेवानुप्राविशत् ॥ श्रु०**

÷ **हिरण्यगर्भः समवर्तताग्रे ॥ श्रु०**

+ **धाता यथापूर्वमकल्पयत् ॥ श्रु०**

વિલાઈ જાય છે. આ પ્રકારે પરમાત્માની પ્રાપ્તિ થતાં જેનું અવસાન આવે છે એવું પ્રાણીઓનો સંહાર કરનારૂં આ અનાદિ અનંત કાલચક્ર આ લોકમાં નિત્ય ફર્યા જાય છે. ૩૨–૪૦

સંક્ષેપમાં દેવોની સૃષ્ટિ તેત્રીશ હજાર, તેત્રીશસો અને તેત્રીશની છે. *દિવ (અનેક રૂપથી પ્રકાશતી માયામાં ચિત્પ્રતિબિંબ–સૂત્રાત્મા)ના બૃહદ્ભાનુ, ચક્ષુરાત્મા, વિભાવસુ, સવિતા, ઋચિક, અર્ક, ભાનુ, આશાવહ અને રવિ નામના પુત્રો હતા.+ વિવસ્વાનના સર્વે પુત્રોમાં મહ્ય મોટો હતો.× તેનો પુત્ર દેવભ્રાટ્ થયો ઙ અને તેનો સુભ્રાટ નામનો પુત્ર થયો.‡ એ સુભ્રાટ્‌ના પ્રજાવાળા અને બહુશ્રુત એવા દશજ્યોતિ,૮ શતજ્યોતિ= અને સહસ્રજ્યોતિ નામના ત્રણ પુત્રો થયા.§ મહાત્મા દશજ્યોતિના દશહજાર પુત્રો થયા, શતજ્યોતિના તેનાથી દશગણા પુત્રો થયા અને સહસ્રજ્યોતિના તેનાથી પણ દશગણા પુત્રો થયા હતા.⊹ તેઓથી આ બ્રાહ્મણવંશ, કુરુવંશ, યદુવંશ, ભરત, યયાતિ અને ઇક્ષ્વાકુ વગેરે રાજર્ષિઓના ઘણા વિસ્તારવાળા વંશો થયા હતા; તથા સ્વેદજ,÷ અંડજ,‡ ઉદ્ભિજ્જ +અને જરાયુજ× પ્રાણીઓની પણ ઘણી વિસ્તારવાળી સૃષ્ટિ થઈ હતી. વળી ગામ, નગર, કિલ્લાઓ વગેરે પ્રાણીઓનાં નિવાસસ્થાનો, તીર્થક્ષેત્ર વગેરે પવિત્ર સ્થાનો, ધર્માદિનાં ત્રિવિધ રહસ્યો, વેદો–કર્મકાંડ, ઉપાસનાકાંડ તથા જ્ઞાનકાંડ, સ્માર્ત–ધર્મ, અર્થ, કામ અને તેનાં પ્રતિપાદક ધર્મશાસ્ત્ર, કામશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે વિવિધ૮ શાસ્ત્રો તથા લોકોનો નિર્વાહ ચલાવનારાં આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વ વેદ વગેરેની રચના, આ સર્વ તેઓથી ઉત્પન્ન થયું; અને તે તે બધાંને વ્યાસમુનિએ યોગસામર્થ્યથી જોયું. તેમજ વ્યાખ્યાનોની સાથે ઇતિહાસો તથા વિવિધ શ્રુતિઓ વગેરેને પણ તેમણે જોયાં હતાં. આ સર્વ વિષયોનું અહીં અનુક્રમથી વર્ણન કર્યું છે અને તે આ ગ્રંથનો પ્રતિપાદન કરવા યોગ્ય વિષય છે. ૪૧–૫૦

આ મહાન જ્ઞાનને ઋષિએ વિસ્તારથી તથા સંક્ષેપથી વર્ણવ્યું છે; કારણ કે લોકોમાં સંક્ષેપથી તથા વિસ્તારથી ગ્રંથનું અધ્યયન કરવું એ વિદ્વાનોને ઈષ્ટ છે. ૫૧

કેટલાક બ્રાહ્મણો મહાભારતને ' नारायणं नमस्कृत्य ' એ પ્રથમ મંત્રથી આરંભ કરીને ભણે છે, કેટલાક આસ્તીકના આખ્યાનથી અને કેટલાક વિપ્રો ઉપરિચર વસુના ચરિત્રથી ભણવાનો આરંભ કરે છે. કેટલાક વિદ્વાનો આ સંહિતા ઉપર ટીકા કરીને વિવિધ જ્ઞાનનો પ્રકાશ કરે છે, કેટલાક વ્યાખ્યાન કરવામાં કુશલ હોય છે, અને કેટલાક ગ્રંથને મોઢે રાખવામાં કુશળ હોય છે સત્યવતીના પુત્ર વેદવ્યાસે તપ અને બ્રહ્મચર્યના પ્રભાવથી સનાતન વેદનો વિસ્તાર કરીને આ પુણ્યરૂપ ઇતિહાસ રચ્યો છે. ૫૨–૫૪

ઉત્તમ વ્રતવાળા વિદ્વાન બ્રહ્મર્ષિ પરાશરના પુત્ર ભગવાન વ્યાસે આ શ્રેષ્ઠ આખ્યાન પૂરૂં કર્યા પછી વિચાર કર્યો કે, આ ગ્રંથ હું શિષ્યોને કેવી રીતે ભણાવીશ ? દ્વૈપાયન ઋષિની આ ચિંતા

---

* આઠ વસુ (પૃથ્વી, અગ્નિ, અંતરિક્ષ, વાયુ, આદિત્ય, દ્યુ, ચંદ્ર અને નક્ષત્ર, એ બધાના અભિમાની ચેતન દેવો), અગિયાર રુદ્રો (મન સાથે એકાદશ ઇંદ્રિયોના અભિમાની દેવો), બાર આદિત્યો (બાર માસના અભિમાની દેવો), ઇંદ્ર (મેઘના અભિમાની ચેતન દેવ), પ્રજાપતિ (યજ્ઞાભિમાની દેવ), આ તેત્રીશ મુખ્ય દેવો છે અને તેમની વિભૂતિરૂપ તેત્રીશ હજાર અને તેત્રીશ સો અન્ય દેવો છે, એ બધા સૂત્રાત્માના અવયવરૂપ છે.

\+ સૂર્યની પેઠે સર્વને પ્રકાશ આપનાર ચૈતન્ય, અથવા આજન્મસિદ્ધ જ્ઞાનવાન બ્રહ્મા અથવા સૂર્ય.

× બુદ્ધિ તત્ત્વાભિમાની મહત્તત્વ.

ઙ ઇંદ્રિયોથી શોભનારો અહંકાર.

‡ તે તે વિષયોનાં રૂપોથી સ્પષ્ટ પ્રકાશવાવાળું સંકલ્પાત્મક મન–સૂર્યપક્ષમાં પુત્ર શબ્દથી તેના કિરણો સમજવાં

૮ ધૂમ્ર વગેરે દશ કલાવાળો અગ્નિ.

= હૃદયસ્થાનમાં શત નાડીનો પ્રકાશક ચંદ્ર.

§ સુષુમ્ણ નાડીપ્રકાશક સૂર્ય.

⊹ સમષ્ટિ મનઃકલ્પિત અગ્નિ, ચંદ્ર અને સૂર્યથી.

÷ પ્રસ્વેદથી થનારા માંકડ વગેરે.

‡ ઇંડાંથી થનારા પક્ષી વગેરે.

\+ જમીનને ભેદી થનારાં વૃક્ષ વગેરે.

× ઓરથી વિંટાઇ થનારા મનુષ્યાદિ.

૮ મીમાંસા, કોકશાસ્ત્ર, કામંદકી નીતિ વગેરે.

જાણીને લોકગુરુ બ્રહ્મા પોતે ઋષિને પ્રસન્ન કરવાની તથા લોકોનાં હિતની ઇચ્છાથી ત્યાં આવી પહોંચ્યા. બ્રહ્માને આવેલા જોઇને વ્યાસ આશ્ચર્ય પામ્યા અને મુનિમંડલસહિત હાથ જોડી પ્રણામ કરીને ઉભા રહ્યા. પછી તેમને બેસવા આસન આપ્યું. તે ઉત્તમ આસન ઉપર હિરણ્યગર્ભ-બ્રહ્માના બેઠા પછી તેમની પ્રદક્ષિણા કરીને ભગવાન વ્યાસ તેમના આસન પાસે ઉભા રહ્યા. પછી પરમેષ્ઠી બ્રહ્માએ બેસવાની આજ્ઞા કરી ત્યારે તે પવિત્ર હાસ્યવાળા વેદવ્યાસ, પ્રસન્ન થઈને તેમના આસનની પાસે બેઠા.[૬૦] પછી એ મહાતેજસ્વી વ્યાસ પરમેષ્ઠી બ્રહ્માને કહેવા લાગ્યા કેઃ–"હે ભગવન્! મેં માન આપવા યોગ્ય ઉત્તમ કાવ્ય કર્યું છે. હે બ્રહ્મન્! એમાં મેં વેદોનું રહસ્ય, સાંગ ઉપનિષદો, વેદોનો વિસ્તાર અને બીજું જે કાંઈ છે તે સર્વનું વર્ણન કરેલું છે; વળી એમાં ઇતિહાસ તથા પુરાણોનો વિસ્તારથી પ્રકાશ; ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપી ત્રિવિધકાલની સ્થિતિ; જરા, મૃત્યુ, ભય, વ્યાધિ, ભાવ અને અભાવનો નિશ્ચય; વિવિધ ધર્મનાં અને આશ્રમોનાં લક્ષણો; ચારે વર્ણોના ધર્મોનું વિધાન; પુરાણોનું સમગ્ર તાત્પર્ય; તપ, બ્રહ્મચર્ય, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર તથા તારાઓનાં યુગોની સાથે પ્રમાણ; ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અધ્યાત્મશાસ્ત્ર, ન્યાય, શિક્ષા, વૈદક, દાનમાહાત્મ્ય, અંતર્યામીનું માહાત્મ્ય, દિવ્ય અને માનુષ જન્મના હેતુઓ, પવિત્ર તીર્થો, દેશો, નદીઓ, પર્વતો, વનો, સમુદ્રો, દિવ્ય નગરો, કિલ્લાઓ, સેનાની વ્યૂહરચનાઓ, યુદ્ધકૌશલ્ય, જૂદી જૂદી ભાષાની રચનાઓ તથા નીતિશાસ્ત્ર, એ સર્વનું વર્ણન કરેલું છે; એટલુંજ નહિ પણ એ ગ્રંથમાં સર્વવ્યાપક બ્રહ્મનું પણ પ્રતિપાદન કર્યું છે, પરંતુ પૃથ્વીમાં એ ગ્રંથનો લખનાર મને કોઈ મળતો નથી." ૬૧–૭૦

બ્રહ્મા બોલ્યાઃ–તમે રહસ્ય જ્ઞાનવાળા છો, તેથી હું તપવડે ઉત્તમ ગણાતા તથા કુલવડે શ્રેષ્ઠ ગણાતા મુનિઓના સમુદાય આગળ તમનેજ અતિ શ્રેષ્ઠ માનું છું. જન્મથી આરંભીને તમારી વાણી સત્યરૂપ અને વેદવાદિની છે, તે હું જાણું છું. તમે તમારા ગ્રંથને 'કાવ્ય' કહ્યું તેથી વિશ્વમાં એ કાવ્ય કહેવાશે. જેમ ગૃહસ્થાશ્રમથી બીજા ત્રણ આશ્રમો વધી જાય નહિ, તેમ તમારા આ કાવ્યથી બીજા કવિઓનાં કાવ્યો વર્ણન વગેરેમાં ચઢિયાતાં થશે નહિ. હે મુનિ! તમારા એ કાવ્યને લખવા–માટે તમે ગણેશજીનું સ્મરણ કરો. ૭૧–૭૪

સૂતપુત્ર કહે છેઃ–ઉપર પ્રમાણે વ્યાસજીને કહીને, બ્રહ્મા પોતાના સ્થાનમાં ગયા. હે નિષ્પાપ! ત્યારપછી સત્યવતીના પુત્ર વ્યાસે, ગજાનનનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાંની સાથેજ ભક્તના મનોરથને પૂર્ણ કરનારા વિઘ્નહર ગણપતિ, જ્યાં વ્યાસમુનિ બેઠા હતા ત્યાં તેમની આગળ આવી પહોંચ્યા. વ્યાસે તેમને બેસાડયા તથા તેમનું પૂજન કર્યું અને કહ્યું કેઃ–"હે ગણરાજ! મારા મનવડે રચેલા આ ભારતને હું પોતેજ બોલું છું તેના તમે લેખક થાઓ." આ સાંભળીને વિઘ્નેશ ગણપતિએ કહ્યું કેઃ–"જો ગ્રંથ લખતાં મારી કલમ ક્ષણ પણ અટકે નહિ, એમ લખાવવા તમે તૈયાર હો તો હું ભારતનો લેખક થાઉં." ત્યારે વ્યાસે ગણપતિને કહ્યું કેઃ–"હું જે કહું તેનો અર્થ સમજ્યાવિના તમારે કદાપિ લખવું નહિ." પછી 'ૐ' (હું તેમ કરીશ) એમ કહીને, ગણેશજી ભારતના લેખક થયા. ૭૫-૭૯

તે પછી વ્યાસમુનિ કુતૂહલથી, ગ્રંથની સહસા ન સમજાય તેવી ગૂઢ રચના કરવા લાગ્યા; જેને માટે દ્વૈપાયન વ્યાસે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે કેઃ–"ભારતના આઠ હજાર અને આઠસો શ્લોકોને હું પોતે જાણું છું, શુક જાણે છે અને સંજય જાણે છે કે નથી જાણતો તે સંશયજ છે." હે મુનિ! એ (કૂટ) શ્લોકોમાં રહેલા ગૂઢાર્થ એવા ગુંથેલા છે કે અર્થ અન્ય હોય અને ભાસ જૂદોજ થાય છે; જેથી તે શ્લોકો શબ્દપ્રમાણનો આશ્રય કરતાં પણ અદ્યાપિ સ્પષ્ટ થતા નથી. અહો, સર્વજ્ઞ એવા ગણેશજી પણ એ શ્લોકોનો ક્ષણભર વિચાર કરતા બેસી રહેતા, એટલામાં વ્યાસજી બીજા ઘણા શ્લોકો રચી રાખતા હતા. ૮૦–૮૩

આ પ્રમાણે વ્યાસમુનિએ, અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થયેલા જે લોકો સંસારમાં અથડાતા હતા, તેઓનાં નેત્ર જ્ઞાનાંજનની શળીથી

ઉઘાડવામાટે આ ગ્રંથ કર્યો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું જેમાં સંક્ષેપથી તથા વિસ્તારથી વર્ણન છે, એવા ભારતરૂપી સૂર્યવડે મનુષ્યોના અંધકારનો નાશ કર્યો છે. ભારતપુરાણરૂપી પૂર્ણ ચંદ્રવડે શ્રુતિરૂપી ચંદ્રિકાનો પ્રકાશ કરીને મનુષ્યોની બુદ્ધિરૂપી કુમુદનો વિકાસ કર્યો છે. મોહરૂપી આવરણને નિવૃત્ત કરનારા આ ઇતિહાસરૂપી ઝળહળતા દીપકે લોકોનાં અંતઃ–કરણરૂપી અંતર્ગૃહમાં સારી રીતે પ્રકાશ કર્યો છે. આ ભારતરૂપી એક વૃક્ષ છે, સંગ્રહાધ્યાય તેનું બીજ છે,પૌલોમપર્વ અને આસ્તીકપર્વ તેનું મૂળ છે, સંભવપર્વ તેની ડાળીનો વિસ્તાર છે, સભાપર્વ અને વનપર્વ એ વૃક્ષ ઉપર રહેલા પક્ષીના માળા છે,અરણીપર્વ તેનુ રૂપ છે,વિરાટ્ અને ઉદ્યોગ પર્વ તેનો સાર છે, ભીષ્મપર્વ તેની મહાશાખા છે, દ્રોણપર્વ તેનાં પાંદડાંછે,કર્ણપર્વ તેનાં શ્વેત પુષ્પાછે, શલ્યપર્વ તેનો સુગંધ છે,સ્ત્રીપર્વ અને ઐષીકપર્વ તેની વિશ્રામછાયા છે, શાંતિપર્વ તેનું મહાન ફળ છે, અશ્વમેધપર્વ તેનો અમૃતરસ છે, આશ્રમવાસિકપર્વ તેનો ચોતરો છે, મૌસલપર્વરૂપી તેના ડાળીના છેડા છે અને શિષ્ટ બ્રાહ્મણરૂપી પક્ષીઓએ એ વૃક્ષનું સેવન કરેલુ છે. જેમ સર્વભૂતોની આજીવિકાનું સાધન મેઘ છે, તેમ આ મહાભારતરૂપી વૃક્ષ,સર્વ મુખ્ય કવિઓની અક્ષય આજીવિકાનું સાધન થશે; અર્થાત્ સર્વ કવિઓને જોઇતા વિષયો એમાંથી પ્રાપ્ત થશે. ૮૪–૯૨

સૂતપુત્ર કહે છેઃ–હવે હું તે ભારતવૃક્ષનાં સ્વાદિષ્ટ તથા પવિત્ર રસથી ભરેલાં અને અવિનાશી એવાં પુષ્પ તથા ફળરૂપ ધર્મ અને મોક્ષના ઉદયનું વર્ણન કરૂ છું, કે જેનો દેવો પણ નાશ કરી શકતા નથી. પૂર્વે માતા સત્યવતી અને ધર્માત્મા તથા બુદ્ધિમાન એવા ગંગાના પુત્ર ભીષ્મની આજ્ઞાથી, વિચિત્રવીર્યની અંબિકા વગેરે સ્ત્રીઓમાં, વીર્યવાન કૃષ્ણદ્વૈપાયને ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નામના અગ્નિ જેવા ત્રણ કુરુવંશીય પુત્રોને ઉત્પન્ન કર્યા પછી બુદ્ધિમાન વ્યાસ તપ કરવાને પોતાના આશ્રમમાં ચાલ્યા ગયા. તે ધૃતરાષ્ટ્ર વગેરેને ત્યાં પુત્રપૌત્રાદિ થયા–વૃદ્ધિ પામ્યા–અને પરમ ગતિ પામ્યા–મૃત્યુ પામ્યા.તે પછી મહાઋષિ વ્યાસે આ મનુષ્યલોકમાં મહાભારત કહ્યું હતું. જનમેજય રાજા અને બીજા હજારો બ્રાહ્મણોના પૂછવા ઉપરથી, વ્યાસે પોતાની પાસે બેઠેલા શિષ્ય વૈશંપાયનને ભારત સંભળાવવા આજ્ઞા કરી, એટલે વૈશંપાયને, યજ્ઞ–કર્મના અવકાશની વખતે વારંવાર ઋષિઓ તથા રાજાની પ્રેરણાથી સભાસદોની પાસે બેસીને આ મહાભારત સંભળાવ્યું હતું. જે ભારતમાં કુરુવંશનો વિસ્તાર, ગાંધારીની ધર્મશીલતા, વિદુરની બુદ્ધિ, કુંતીનું ધૈર્ય, વાસુદેવનુ માહાત્મ્ય, પાંડવોનું સત્ય અને દુર્યોધનાદિની દુષ્ટતા, એ સર્વ ભગવાન દ્વૈપાયનઋષિએ સારી રીતે વર્ણવ્યું છે. ઉત્તમ એવું આદ્યભારત, પુણ્યકર્મવાળા લોકોનાં ઉપાખ્યાનોની સાથે એક લાખ શ્લોકનું થાય છે, એમ જાણવું અને ઉપાખ્યાનોવિના ચોવીસ હજાર શ્લોકની ભારતસંહિતા વ્યાસમુનિએ રચી છે, જેને વિદ્વાનો ભારત કહે છે. તે પછી મુનિએ સંક્ષેપમાં પર્વોસહિત વૃત્તાંતોનો અનુક્રમણિકાધ્યાય, દોઢસો શ્લોકનો કર્યો છે. દ્વૈપાયન વ્યાસે પ્રથમ આ મહાભારત પોતાના પુત્ર શુકદેવને ભણાવ્યું હતું અને ત્યારપછી તે સમર્થ મુનિએ અન્ય યોગ્ય શિષ્યોને પણ તે ભણાવ્યું હતું. વળી વ્યાસે સાઠ લાખ શ્લોકની એક બીજી ભારતસંહિતા કરી હતી. તેમાંથી ત્રીશ લાખ શ્લોકો દેવલોકમાં રહ્યા, પંદર લાખ શ્લોકો પિતૃલોકમાં રહ્યા, ચૌદ લાખ શ્લોકો ગંધર્વલોકમાં રહ્યા, એટલે આ મનુષ્યલોકમાં એક લાખ શ્લોકોનુંજ ભારત રહ્યું છે. એ શ્લોકો નારદ મુનિએ દેવલોકને, અસિત દેવલમુનિએ પિતૃલોકને તથા શુકદેવે ગંધર્વ, યક્ષ અને રાક્ષસોને સંભળાવ્યા હતા; અને આ મનુષ્યલોકમાં સર્વ વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા વ્યાસના ધર્માત્મા શિષ્ય વૈશંપાયને સંભળાવ્યા હતા. તે એક લાખ શ્લોકનું ભારત હું તમારી આગળ કહું છું તેજ છે, એમ તમે જાણો. ૯૩–૧૦૯

કર્ણ જેનું થડ છે, શકુનિ જેની ડાળી છે, દુઃશાસન જેનાં ફૂલ–પુષ્પની સમૃદ્ધિ છે અને

મનનો નિગ્રહ કરવામાં અસમર્થ એવો ધૃતરાષ્ટ્ર* રાજા જેનું મૂળ છે, એવું એક ક્રોધ, દ્વેષ તથા ઈર્ષ્યામય દુર્યોધનરૂપી વૃક્ષ છે. ૧૧૦

અર્જુન જેનું થડ છે, ભીમસેન જેની ડાળી છે, માદ્રીના પુત્રો જેનાં પુષ્પ-ફળની સમૃદ્ધિ છે અને શ્રીકૃષ્ણ, વેદ તથા બ્રાહ્મણો જેનાં મૂળિયાં છે, એવું બીજું યુધિષ્ઠિરરૂપી ધર્મમય‡વૃક્ષ છે. ૧૧૧

પાંડુરાજા બુદ્ધિ અને પરાક્રમવડે અનેક દેશો જીતીને. મૃગયામાં પ્રીતિવાળા હોવાથી મુનિઓની સાથે અરણ્યમાં રહેતા હતા. ત્યાં મૃગરૂપધારી ઋષિને સંગસમયે મારવાથી 'તમે પણ એજ પ્રસંગમાં મરણ પામશો ' એવી શાપરૂપી મહાન આપત્તિને પામ્યા હતા. તેમ છતાં જન્મથી આરંભીને પાંડવાસંબંધી જાત-કર્માદિ સંસ્કારરૂપી શીલરક્ષણ ત્યાંજ થયું હતું. (શાપ તથા પુત્રોની ઉત્પત્તિ એ બે વિરુદ્ધ નથી, કારણ કે)' આપત્તિસમયમાં સ્ત્રીઓએ સંતતિને માટે શ્રેષ્ઠ પુરુષની પ્રાર્થના કરવી ' એ આપદ્ધર્મનો સ્વીકાર કરીને, કુંતી તથા માદ્રીએ દુર્વાસાની મંત્રવિદ્યાનો પ્રયોગ કર્યો હતો; એટલે ધર્મ, વાયુ, ઇંદ્ર તથા અશ્વિનીકુમારો રાણીઓની પાસે ગર્ભાધાન કરવા આવ્યા; અને તેઓએ રાણીઓમાં પુત્રો ઉત્પન્ન કર્યા. જ્યારે તેઓ પવિત્ર અરણ્યોમાં તથા મહાત્માઓના આશ્રમોમાં માતાનાં રક્ષણહેઠળ, તપસ્વીઓની સાથે રહીને મોટા થયા, ત્યારે જટાધારી અને યોગ્યતાવાળા તે બ્રહ્મચારી બાલકોને, ઋષિઓ પોતે ધૃતરાષ્ટ્રને ઘેર લઈ આવ્યા. ધૃતરાષ્ટ્ર વગેરેને એ ઋષિઓએ કહ્યું કેઃ-" આ તમારા પુત્રો, ભાઇઓ, શિષ્યો તથા સંબંધીઓ છે, એ પાંડુના પુત્રો છે. " એમ કહીને મુનિઓ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. ૧૧૭

તે વખતે ઋષિઓએ ઓળખાવેલા પાંડવોને જોઇને, કૌરવો તથા નગરના સભ્ય પુરુષો, હર્ષથી મોટી ગર્જના કરવા લાગ્યા. કેટલાક સંશયથી કહેવા લાગ્યા કેઃ-' આ પાંડુ રાજાના પુત્રો ન હોય,' ત્યારે બીજા કેટલાક તેમનાજ પુત્રો છે, એમ કહેવા લાગ્યા;વળી બીજા કહેવા લાગ્યા કે,પાંડુરાજા તો લાંબા સમયથી મરણ પામ્યા છે તો આ બાલકપુત્રો તેમનાક્યાથી હોય?તે વખતે ચોતરફ લોકોની વાણી સંભળાવા લાગી કેઃ-"એઓ ભલે આવ્યા; આપણે આજે પાંડુની સંતતિને જોઇએ છીએ તે સર્વથા આપણાં મોટાં ભાગ્ય છે." આવી પુરજનોની વાણી સાંભળીને પાંડવો પણ બોલ્યા કેઃ- " અમે તમારી પાસે આવ્યા તે ઠીક થયું. " એ વાણીને પણ સૌએ સાંભળી. તે શબ્દ શાંત પડયા પછી, અંતર્હિત રહેલાં ભૂતોનો, સર્વ દિશાઓને ગજાવી મૂકતો, તુમુલ શબ્દ થયો કે, " એઓ પાંડુના પુત્રો છે. " વળી પાંડવોનો નગરમાં પ્રવેશ થયો તે વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ, શુભ ગંધવાળો વાયુ વાવા લાગ્યો અને શંખ તથા દુંદુભિના નાદો થવા લાગ્યા, તેથી સર્વને અત્યંત આશ્ચર્ય જેવું લાગ્યું; અને ત્યાં પાંડવોના ઉપર પ્રીતિથી તથા હર્ષથી ઉત્પન્ન થયેલો નગરવાસીજનોનો ગગનમંડલમાં પહોંચે તેવો,પાંડવોની કીર્તિને વધારનારો મહાન શબ્દ થયો. ૧૨૩

તે પછી પાંડવો, સર્વ વેદ તથા વિવિધ શાસ્ત્રોનું અધ્યયન કરીને, હસ્તિનાપુરમાં નિર્ભય થઈ માનપૂર્વક રહેવા લાગ્યા. યુધિષ્ઠિરના×શૌચથી ભીમસેનના ધૈર્યથી, અર્જુનનાં પરાક્રમથી અને નકુલ તથા સહદેવના વિનય, વડીલોની

* ધૃતરાષ્ટ્ર રાજાએજ પુત્રસ્નેહથી અંધ બનીને દુર્યોધનને અવકાશ આપ્યો અને તેથી તે દૃઢમૂલ થયો હતો. જો ધૃતરાષ્ટ્રે વિદુર વગેરેના-વચનથી બાલ્યવયમાજ તેનો ત્યાગ કર્યો હોત તો ઝેર, અગ્નિ, દ્રૌપદીના કેશનું આકર્ષણ વગેરે નિમિત્તથી થયેલો કુલક્ષય થાત નહિ. એ વૃક્ષનો બોધક અર્થઃ-દૃઢ અજ્ઞાનરૂપી મૂલવાળું દીનતારૂપી વૃક્ષ, જેના ક્રોધ, લોભ વગેરે થડ, હિંસા, ચોરી વગેરે ડાળીઓ અને વધ, બંધન, નરક વગેરે પુષ્પ છે; એ દૈન્યવૃક્ષનો ઉચ્છેદ કરવા ઇચ્છતા પુરુષાર્થીએ મૂળરૂપી અજ્ઞાનનો ઉચ્છેદ કરી એ વૃક્ષનો નાશ કરવો એ સૂચન છે.

‡ વેદોના તથા બ્રાહ્મણોના ભક્તે સંપાદન કરેલું વેદોક્ત યોગાદિ ધર્મરૂપ વૃક્ષ છે. અહિંસા, સત્ય વગેરે તેનાં થડ છે, ધારણા, ધ્યાન વગેરે તેની ડાળીઓ છે અને તત્ત્વસાક્ષાત્કારરૂપી તેનું ફળ છે. આ ધર્મવૃક્ષ, પુરુષાર્થની કામનાવાળા પુરુષે ભગવદારાધનાના બળથી સંપાદન કરવું, એ સૂચવ્યું છે.

× આચારનો અત્યાગ,અનિંદિત જનોનો સંબંધ અને સદાચારમાં સ્થિતિ, એ શૌચ કહેવાય છે.

સેવા અને સહનશક્તિથી પ્રધાનમંડલ અને સર્વ નાગરિક લોકો પ્રસન્ન થયા; એટલુંજ નહિ પણ તેમના ગુણ તથા શૌર્યથી સંતોષ પામ્યા. તે પછી રાજાઓના સમૂહમાં બીજાથી ન થાય તેવું કાર્ય (મત્સ્યવેધ) કરીને અર્જુને, પોતેજ પતિને પસંદ કરીને વરનારી કન્યા દ્રૌપદીને મેળવી. ત્યારથી આરંભીને અર્જુન આ લોકમાં સર્વ ધનુર્ધારીઓમાં માન આપવા યોગ્ય તથા સંગ્રામમાં સૂર્યની પેઠે દુષ્પ્રેક્ષ્ય થઈ પડયો. તે પછી અર્જુને છૂટા છૂટા સર્વ રાજાઓને તથા એકઠા મળેલા અનેક રાજાઓને જીતીને યુધિષ્ઠિર રાજાને રાજસૂય નામના મહાયજ્ઞની તૈયારી કરી આપી. બળવડે ગર્વિત થયેલા જરાસંધ તથા શિશુપાલને ભીમ તથા કૃષ્ણને હાથે મરાવીને અન્ન તથા દક્ષિણા વગેરે સર્વગુણથી સંપન્ન એવા રાજસૂય નામનો મહાયજ્ઞ, વાસુદેવની નીતિ અને ભીમસેન તથા અર્જુનનાં બળથી યુધિષ્ઠિર રાજાએ કર્યો.[૧૩૧]

એ યજ્ઞમાં ભેટ-સત્કાર લેવા દુર્યોધનને નિમ્યો હતો. તેની આગળ ઠેકઠેકાણેના રાજાઓ તરફથી મણિ, સુવર્ણ, રત્નો, ગાયો, હાથીઓ, ઘોડા, વિચિત્ર વસ્ત્રો, શેલાં, સાડીઓ, પીતાંબરો, ઉત્તમ શાલજોટા, મૃગચર્મો, રંકુ જાતના મૃગનાં રૂવાંટાંથી બનાવેલા ગાલીચાઓ, વગેરે ઉપહારો આવ્યા હતા. આવી પાંડવોની વૃદ્ધિ પામેલી લક્ષ્મીને જોઈને, દુર્યોધનને ઈર્ષ્યાજન્ય મહાન ક્રોધ ઉત્પન્ન થયો. વળી મય નામના દાનવે પાંડવોને અદ્દભુત રચનાવાળી વિમાનના જેવી સુંદર સભા કરી આપી હતી, તે સભાને જોઇને તે બળી ઉઠ્યો. વળી તે સભામાં જલને ઠેકાણે સ્થલની, સ્થલને ઠેકાણે જલની અને દ્વાર ન હોય ત્યાં દ્વારની ભ્રાંતિ થવાથી દુર્યોધન અથડાવા લાગ્યો; તે વખતે ભીમસેને વાસુદેવની સમક્ષ એક ગામડીઆની પેઠે તેની મશ્કરી કરી. એ કારણોથી વિવિધ પ્રકારના ભોગો તથા વિવિધ રત્નોનો ભોગ ભોગવતાં પણ દુર્યોધન સૂકાય છે અને ફીકો પડતો જાય છે, એમ તેનાં માણસોએ ધૃતરાષ્ટ્રને જણાવ્યું. એ જાણીને પુત્ર ઉપર પ્રીતિવાળા ધૃતરાષ્ટ્રે તેને દ્યૂત રમવામાટે સંમતિ આપી. આ વાત સાંભળીને શ્રીકૃષ્ણને મહાન ક્રોધ ઉત્પન્ન થયો. જો કે તે બહુ પ્રસન્ન થયા નહિ, તોપણ પોતાને ભીષ્મ, વિદુર, દ્રોણ તથા શરદ્વાનના પુત્ર કૃપાચાર્યને ન ગણકારી પ્રવર્તનારાં તુમુલ યુદ્ધમાં, પરસ્પર ક્ષત્રિયોનો સંહાર કરવો હતો, તેથી તેમણે એ વિવાદોને, ઠીક થાય છે એમ માની લીધા; અને દ્યૂતાદિ વિવિધ ભયંકર અન્યાયોને પણ થવા દીધા.[૧૪૦] યુદ્ધમાં પાંડવો જય મેળવતા હતા એ મહાન અપ્રિય વાત સાંભળીને, તેમજ દુર્યોધન, કર્ણ અને શકુનિનો 'પ્રાણ જતાં પણ અર્ધું રાજ્ય આપવું નહિ' એવો અભિપ્રાય જાણીને, બહુવાર વિચાર કર્યા પછી ધૃતરાષ્ટ્ર રાજા સંજયને કહેવા લાગ્યા કેઃ-

હે સંજય! હું જે કહું તે બધું તું સાંભળ, મારાં પ્રજ્ઞાચક્ષુપણાને તું દોષ આપવાને યોગ્ય નથી; કેમકે તું વિદ્વન, વિદ્વન્માન્ય, ધારણાશક્તિવાળો અને બુદ્ધિમાન છે. આ યુદ્ધ કરવામાં મારી સંમતિ ન હતી તેમ કુલનો ક્ષય થવામાં હું રાજી નથી. પાંડવો અને મારા પુત્રોમાં મને ભેદભાવ નથી, પરંતુ ક્રોધને આધીન થયેલા મારા પુત્રો, મારી વૃદ્ધની અવગણના કરે છે અને હું અંધ હોવાથી દીન બનીને પુત્રપ્રીતિથી તે સર્વ સહન કરૂં છું. અલ્પ બુદ્ધિવાળા દુર્યોધનને મોહથી મૂઢ થતો જોઇને હું પણ મૂઢ થાઉં છું. રાજસૂયયજ્ઞમાં મહાતેજસ્વી પાંડવોની લક્ષ્મી જોઇને, તેમજ સભામાં ચઢતી વખતે અને તેને જોતી વખતે પોતાની મશ્કરી થઈ તેથી, દુર્યોધન ક્રોધે ભરાયો હતો; પરંતુ પોતે પાંડવોને યુદ્ધમાં જીતવા અશક્ત હોવાથી, ક્ષત્રિય છતાં ઉત્તમ સમૃદ્ધિ મેળવવામાં નિરુત્સાહ થયો; એટલે તેણે શકુનિ જોડે મળીને કપટદ્યૂત રમવાનો વિચાર કર્યો. હે સંજય! એ દ્યૂતમંત્રણાની પહેલાં અને પછી, જયની આશાને રોકનારૂં જે જે કંઈ થયું અને મેં જાણ્યું, તે તું સાંભળ.[૧૪૧-૧૪૮]

હે સૂતપુત્ર! મારાં બુદ્ધિયુક્ત વાક્યોને યથાર્થ રીતે સાંભળીને, તું મને પ્રજ્ઞાચક્ષુ જાણીશ. *જ્યારે અર્જુને ધનુષ ચઢાવી અદ્દભુત નિશાન

* કોઇ પણ નિમિત્તથી 'સ્થાલી પુલાક' ન્યાયે

વિંધીને પૃથ્વીપર પાડયું અને સર્વ રાજાઓના જોતાં દ્રૌપદીને પ્રાપ્ત કરી એમ મેં સાંભળ્યું,ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી.[૧૫૦]જ્યારે મેં સાંભળ્યુ કે,મધુવંશમાં ઉત્પન્ન થયેલી સુભદ્રાનું બળાત્કારથી હરણ કરીને અર્જુન તેની સાથે દ્વારકામાં પરણ્યો, તોપણ વૃષ્ણિવંશના બે વીરો (બલદેવ તથા કૃષ્ણ) તે સંબંધી રોષ ન રાખતાં ઇંદ્રપ્રસ્થમાં આવ્યા ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યુ કે, વરસાદ વરસાવતા ઇંદ્રને, દિવ્ય શરોવડે અર્જુને રોકી દીધો અને અગ્નિને ખાંડવવન બાળવા આપીને તૃપ્ત કર્યો ત્યારથી,હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે, કુંતીની સાથે પાંચે પાંડવો લાક્ષાગૃહથી મુક્ત થયા અને પાંડવોની કાર્યસિદ્ધિમાં વિદુર સામિલ છે, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. હે સંજય ! જ્યારે મેં સાંભળ્યું કે રંગભૂમિમાં લક્ષ્ય ભેદીને અર્જુને દ્રૌપદીને મેળવી અને શૂરવીર પંચાલોનો પાંડવોને સંબંધ થયો છે. ત્યારથી હું વિજયની આશા રાખતો નથી. જ્યારે ક્ષત્રિયોમાં દેદીપ્યમાન જણાતા મગધદેશના મહારાજા જરાસંધને ત્યાં જઈ ભીમસેને તેને માત્ર બાહુના બળથીજ મારી નાખ્યો એમ મેં સાંભળ્યુ ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી.જ્યારે મેં સાંભળ્યું કે, દિગ્વિજયમાં પાંડુના પુત્રોએ રાજાઓને બળથીજ જીત્યા હતા અને રાજસૂય નામનો મહાયજ્ઞ કર્યો ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે રજસ્વલા, એક વસ્ત્રવાળી, અશ્રુથી ગદ્ગદિત કંઠવાળી, દુઃખી થયેલી દ્રૌપદીને નાથવાળી છતાં અનાથની પેઠે સભામાં આણી ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે,સભામાં મંદબુદ્ધિવાળા ધૂર્ત દુઃશાસને દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચી કાઢીને તેનો ઢગ કર્યો, પરંતુ વસ્ત્રોનો પાર આવ્યો નહિ, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે દ્યૂતક્રીડામાં શકુનિએ હરાવેલા અને રાજ્યવિનાના થઈ ગયેલા યુધિષ્ઠિરની પાછળ અતુલ બળવાળા તેના ભાઇઓ પણ વનમાં ગયા, એમ મેં સાંભળ્યું, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મોટા ભાઈ ઉપર પ્રીતિ હોવાથી ક્લેશ પામતા ધર્માત્મા પાંડવોની વનમાં જતી વખતની વિવિધ ચેષ્ટાઓ મેં સાંભળી, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી.[૧૬૦] જ્યારે વનમાં રહેલા ધર્મરાજાની પાછળ, વિદ્યાગ્રહણ કરતી વખતનાં બ્રહ્મચર્યવ્રતને જેમણે સમાપ્ત કરેલાં એવા હજારો સ્નાતકો અને ભિક્ષાથી નિર્વાહ કરનારા હજારો મહાત્મા બ્રાહ્મણો ગયા, એમ મેં સાંભળ્યું ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે ભિલ્લનું રૂપ લઇને આવેલા દેવના દેવ શંકરને,યુદ્ધમાં પ્રસન્ન કરી, અર્જુને મહાન પાશુપતાસ્ત્ર પ્રાપ્ત કર્યું ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે સત્ય પ્રતિજ્ઞાવાળો અને પ્રશંસા કરવા યોગ્ય એવા ધનંજય સ્વર્ગમાં રહીને ઇંદ્રની પાસે દિવ્યાસ્ત્રનું અધ્યયન કરે છે, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે દેવોથી પણ ન જીતાય એવા વરદાનથી ગર્વિત થયેલા પૌલોમ અને કાલકેય નામના દૈત્યોને અર્જુને જીત્યા,એમ મેં સાંભળ્યું ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે, શત્રુઓનો નાશ કરનાર કિરીટધારી અર્જુન અસુરોના વધને માટે ગયો હતો અને ત્યાં કૃતાર્થ થઈને ઇંદ્રલોકથી પાછો આવ્યો છે, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે, મનુષ્યોથી જઈ ન શકાય એવા પ્રદેશમાં જઇને ભીમ અને બીજા પાંડવો કુબેરની સાથે મળ્યા,

(ભરી તપેલીમા દાણો ચાપવા)ની પેઠે, સામાનું બલ પોતાના બલથી અધિક છે, એવો નિશ્ચય થતાં પ્રાકૃતજનો પણ અધિક બલવાન સાથે વિરોધ કરતા નથી, પરંતુ ધૃતરાષ્ટ્રના પુત્રો તો જયની આશાને હણનારાં અનેક નિમિત્તો જોતાં પણ જયની આશા છોડી શકયા નહિ. અહો ! મોહનું માહાત્મ્ય ! એ વર્ણવે છે. તેની સાથે ભારતના વૃત્તાંતોનો પણ સંગ્રહ કરે છે.

ત્યારથી હે સંજય ! હું જયની આશા રાખતો નથી. જ્યારે કર્ણની બુદ્ધિ પ્રમાણે ચાલનારા મારા પુત્રો ઘોષયાત્રાએ ગયા હતા, ત્યાં ગંધર્વોએ તેમને બાંધ્યા અને અર્જુને તેમને ગંધર્વોથી છોડાવ્યા, એમ મેં સાંભળ્યું,ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. હે સૂત! જ્યારે મેં સાંભળ્યું કે સાક્ષાત્ ધર્મરાજા યક્ષનું રૂપ ધારણ કરીને યુધિષ્ઠિરને મળ્યા અને તેમણે કેટલાએક પ્રશ્નો પૂછયા, તે પ્રશ્નોના ઉત્તરો યુધિષ્ઠિરે આપ્યા,ત્યારથી હે સંજય ! હું જયની આશા રાખતો નથી. જ્યારે વિરાટના રાજ્યમાં દ્રૌપદીની સાથે પાંડવો ગુપ્તરૂપથી રહ્યા, છતાં તેમને મારા પુત્રો ઓળખી શકયા નહિ, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી.[૧૭૦] હે સંજય!જ્યારે મેં સાંભળ્યું કે વિરાટ નગરમાં નિવાસ કરતા મહાત્મા અર્જુને એકલાએજ રથમાં બેસીને મારા વરિષ્ઠ યોદ્ધાઓને નસાડી દીધા ત્યારથી હું વિજયની આશા રાખતો નથી.[૧૭૦] જ્યારે મત્સ્યદેશના રાજા વિરાટે પોતાની પુત્રી ઉત્તરા સત્કારપૂર્વક અર્જુનને આપી અને તેને અર્જુને પોતાના પુત્રને માટે ગ્રહણ કરી, એમ મેં સાંભળ્યું, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી.[૧૭૧]

જ્યારથી મેં સાંભળ્યું કે જીતી લીધેલા, નિર્ધન થયેલા, વનમાં કાઢી મૂકેલા અને સ્વજનથી છૂટા પડેલા એવા યુધિષ્ઠિરના પક્ષમાં પણ સાત અક્ષોહિણી સેના એકઠી થઈ છે, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારથી મેં સાંભળ્યું કે આ પૃથ્વી જેમનું એક પગલું થાય છે, એવા મધુકુલમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ, સર્વાત્મભાવથી પાંડવોના પક્ષમાં છે, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. ૧૭૨–૧૭૩

જ્યારથી મેં નારદનું બોલવું સાંભળ્યું કે "કૃષ્ણ તથા અર્જુન, નરતથા નારાયણ છે અને તેમને બ્રહ્મલોકમાં મેં સારી રીતે જોયા હતા," ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારથી મેં સાંભળ્યું કે શ્રીકૃષ્ણ લોકોના હિતને માટે કૌરવોને શાંત કરવા આવ્યા હતા અને તેમણે સમજાવવા માંડ્યા પણ કૌરવો સમજ્યા નહિ અને શ્રીકૃષ્ણ એમ ને એમ પાછા ગયા, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે કર્ણ અને દુર્યોધને શ્રીકૃષ્ણને કેદ કરવા ઠરાવ કર્યો અને તે વખતે શ્રીકૃષ્ણે વિશ્વરૂપ પ્રકટ કર્યું એમ મેં સાંભળ્યું ત્યારથી હે સંજય! મેં વિજયની આશા રાખી નથી. જ્યારથી મેં સાંભળ્યું કે વાસુદેવ હસ્તિનાપુરથી પાછા જવા નીકળ્યા, તે વખતે દીન બનેલી કુંતી એકલી શ્રીકૃષ્ણની આગળ આવીને ઉભી રહી અને શ્રીકૃષ્ણે તેનું સાંત્વન કર્યું,ત્યારથી હે સંજય ! મને વિજયની આશા રહી નથી. જ્યારે શ્રીકૃષ્ણ તથા શાંતનુના પુત્ર ભીષ્મ પાંડવોના મંત્રી (સલાહકાર) થયા છે અને દ્રોણગુરુ પાંડવોને આશીર્વાદ આપે છે, એમ મેં સાંભળ્યું, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારથી મેં સાંભળ્યું કે 'તમે યુદ્ધ કરતા હશો ત્યાંસુધી હું લડીશ નહિ' એવું ભીષ્મને કહી કર્ણ સેના છોડીને ચાલ્યો ગયો, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે વાસુદેવ, અર્જુન અને અપ્રમેય ગાંડિવ ધનુષ, એ ત્રણે ઉગ્ર વીર્યવાળાં એક સ્થાનમાં એકઠાં મળ્યાં છે એમ મેં સાંભળ્યું,ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી.[૧૮૦] જ્યારે અર્જુન યુદ્ધમાં મોહવશ થઇને રથની સમીપમાં ઉભો રહી ખેદ કરતો હતો, ત્યારે શ્રીકૃષ્ણે પોતાના શરીરમાં સર્વ લોક બતાવ્યા, એમ મેં સાંભળ્યું ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે શત્રુનો નાશ કરનારા ભીષ્મપિતામહ, યુદ્ધમાં પ્રતિદિન દશ હજાર યોદ્ધાઓને હણતા હતા, છતાં સામા પક્ષનો કોઈ પ્રસિદ્ધ યોદ્ધો હણાયો નહિ, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે ધર્માત્મા ગંગાના પુત્ર ભીષ્મે પોતાના મૃત્યુનું દ્વાર પોતે બતાવ્યું અને પાંડવોએ ખુશી થઈને તે પ્રમાણે તેમનું મૃત્યુ કર્યું ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. હે સંજય ! જ્યારે મેં સાંભળ્યું કે,

યુદ્ધમાં ગાંજ્યા નહિ જાય તેવા અત્યંત શૂરા ભીષ્મને, અર્જુને શિખંડીને આગળ રાખીને હણ્યા ત્યારથી હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે વૃદ્ધ છતાં વીર એવા ભીષ્મપિતામહ સોમક વંશના યોદ્ધામાંથી થોડાનેજ બાકી રાખીને વિચિત્ર પિચ્છવાળાં બાણોથી વિંધાઈ બાણશય્યામાં સૂતા છે ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે બાણશય્યામાં સૂતેલા ભીષ્મે પોતાને પાણી પાવામાટે અર્જુનને કહ્યું, ત્યારે ભૂમિ ભેદીને અર્જુને જલ કાઢી ભીષ્મને તૃપ્ત કર્યા ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે વાયુ, ચંદ્ર તથા સૂર્ય પાંડવોના જયને માટે અનુકૂલ થયા છે અને આપણને કૂતરાં, વાનર વગેરે પશુઓ પણ બીવરાવે છે, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે વિચિત્ર યુદ્ધ કરનાર દ્રોણાચાર્ય, વિવિધ અસ્ત્રકળાને પ્રકટ કરતા હતા, પરંતુ અતિ શ્રેષ્ઠ એવા પાંડવોને હણતા નથી એમ મેં સાંભળ્યું ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે, અમારા મહારથી સંશપ્તક યોદ્ધાઓ અર્જુનને હણવાની ઇચ્છાથી લડવા ઉભા હતા તેમને અર્જુને મારી નાખ્યા, ત્યારથી હે સંજય ! હું જીતવાની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે, અન્યથી ભેદાય નહિ એવો વ્યૂહ કે જેનું ભરદ્વાજના પુત્ર દ્રોણગુરુ શસ્ત્ર લઈને રક્ષણ કરતા હતા, એ વ્યૂહ ભેદીને વીર અભિમન્યુએ એકલાએ તેમાં પ્રવેશ કર્યો, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. ૧૯૦ જ્યારે મેં સાંભળ્યું કે અર્જુનને હણવા અસમર્થ એવા અમારા મહારથ યોદ્ધાઓએ બાલક અભિમન્યુને ચોમેરથી ઘેરી લઇને મારી નાખ્યો અને સૌ ખુશી થયા, ત્યારથી હે સંજય! હું વિજયનીઆશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે અભિમન્યુને મારીને હર્ષથી મૂઢ થયેલા કૌરવો કોલાહલ કરતા હતા, તે સાંભળીને ક્રોધાતુર થઈ અર્જુને જયદ્રથને હણવાની પ્રતિજ્ઞા કરી, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે જયદ્રથના વધને માટે અર્જુને સત્ય પ્રતિજ્ઞા કરી અને શત્રુઓના મધ્યમાં તે પૂર્ણ કરી, એમ સાંભળ્યું ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં એમ સાંભળ્યું કે અર્જુનના ઘોડા થાકી ગયા હતા, ત્યારે તેણે છોડીને પાણી પાઈ, શ્રમમુક્ત કરી, પાછા જોડીને વાસુદેવ આગળ વધ્યા, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે, પોતાના ઘોડા થાકી ગયા, તે વખતે અર્જુને રથની પાસે ઉભા રહીને લડતાં સર્વ યોદ્ધાઓને રોકી રાખ્યા, ત્યારથી હે સંજય ! મેં વિજયની આશા રાખી નથી. જ્યારે મેં સાંભળ્યું કે હસ્તિસેનાથી દુઃસહ એવી દ્રોણગુરુની સેનાને મથન કરીને યુદ્ધ કરતો સાત્યકિ જ્યાં શ્રીકૃષ્ણ તથા અર્જુન હતા ત્યાં જઈ પહોંચ્યો, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે કર્ણે પોતાને કબજે આવેલા વીર ભીમસેનને, વચનથી તિરસ્કાર કરીને તથા ધનુષનું અગ્ર ભોંકીનેજ જતો કર્યો, ત્યારથી હે સંજય ! મેં વિજયની આશા રાખી નથી. જ્યારે દ્રોણ, કૃતવર્મા, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા અને શૂરા મદ્રરાજે, જયદ્રથને અર્જુને માર્યો તે સહન કરી લીધું એમ મેં સાંભળ્યું, ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે ઇંદ્રે કર્ણને આપેલી દિવ્યશક્તિ, શ્રીકૃષ્ણે ઘોર રૂપવાળા ઘટોત્કચ રાક્ષસપર વ્યર્થ કરાવી, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જે શક્તિથી યુદ્ધમાં અર્જુનને મારવાનો હતો તે શક્તિને કર્ણ અને ઘટોત્કચના યુદ્ધમાં સૂતપુત્રે (કર્ણે) ઘટોત્કચના ઉપર છોડી દીધી એમ મેં સાંભળ્યું ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. ૨૦૦ જ્યારે મેં સાંભળ્યું કે શસ્ત્રાસ્ત્રનો ત્યાગ કરીને રથના પાછલા ભાગમાં મરવાને માટે બેઠેલા એકલા દ્રોણગુરુને ધર્મનું ઉલ્લંઘન કરી ધૃષ્ટદ્યુમ્ને કાપી નાખ્યા, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે અશ્વત્થામા જોડે માદ્રીના પુત્ર નકુલે સર્વના મધ્યમાં સમાન દ્વંદ્વ

યુદ્ધ કર્યું અને યુદ્ધનાં મંડલ ફરવામાં તે સરખો ઉતર્યો ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે દ્રોણના પુત્ર અશ્વત્થામાએ દ્રોણના મરણ પછી દિવ્ય નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું છતાં પાંડવોનો અંત આવ્યો નહિ એમ મેં સાંભળ્યું, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે યુદ્ધમાં ભીમસેને પોતાના ભાઈ દુઃશાસનનું લોહી પીધું, પરંતુ કોઇએ તેને રોક્યો નહિ, એમ મેં સાંભળ્યું ત્યારથી હે સંજય! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે પરાભવ ન કરી શકાય એવા અત્યંત શૂરા કર્ણને 'કર્ણ પોતાનો ભાઈ છે,' એમ ન જાણવાથી પ્રવર્તેલા ભાઈઓના યુદ્ધમાં અર્જુને મારી નાખ્યો ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે શૂરવીર અશ્વત્થામાને, દુઃશાસનને અને ઉગ્ર કૃતવર્માને, ધર્મરાજા યુધિષ્ઠિરે જીતી લીધા ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. હે સૂત ! જ્યારે મેં સાંભળ્યું કે સંગ્રામમાં નિત્ય શ્રીકૃષ્ણની સ્પર્ધા કરનાર એવા શૂરવીર મદ્રરાજ શલ્યને, રણમાં ધર્મરાજે હણ્યો, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારથી મેં સાંભળ્યું કે કલહ અને દ્યૂતના મૂલરૂપ, માયાવી અને પાપી શકુનિને, પાંડુપુત્ર સહદેવે સંગ્રામમાં મારી નાખ્યો ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે, વિરથ અને સામર્થ્યહીન થયેલો દુર્યોધન, શ્રમિત થઇને, ધરાના પાણીને સ્તંભાવી તેમાં એકલો જઇને સૂતો છે, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે વાસુદેવની સાથે પાંડવો તે ધરા આગળ જઇને ઉભા રહ્યા અને અસહન પ્રકૃતિવાળા મારા પુત્રને સતાવ્યો, એવું મેં સાંભળ્યું ત્યારથી હે સંજય! મને વિજયની આશા નથી.૨૧૦ જ્યારે મેં સાંભળ્યું કે, ગદાયુદ્ધમા વિવિધ વિચિત્ર પ્રકારના મંડલોમાં ફરતા દુર્યોધનને, ભીમસેને વાસુદેવની બુદ્ધિથી કપટવડે નાભિની નીચે ગદાનો પ્રહાર કરીને માર્યો, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે દ્રોણના પુત્ર અશ્વત્થામા વગેરેએ પંચાલ યોદ્ધાઓ તથા દ્રૌપદીના સૂતેલા પુત્રોને મારી નાખ્યા અને બીભત્સ તથા અપયશ આપનારૂં કર્મ કર્યું, ત્યારથી હે સંજય ! મને જયની આશા નથી; અર્થાત્ દુષ્કર્મ કરનાર દુર્યોધનની સ્ત્રીઓથી પણ કોઈ મહાત્મા પુત્ર ઉત્પન્ન કરશે નહિ, એટલે તે દ્વારા પણ જયની આશા નથી. (હવેના ત્રણ શ્લોકોથી–અશ્વત્થામા પોતાનો છે, પરંતુ તે અતિ નિંદિત કર્મ કરવાથી, મણિરાહત થવાથી તથા બહુ શાપ પામવાથી દુર્યોધનની સ્ત્રીઓમાં પુત્ર ઉત્પન્ન કરવાને અયોગ્ય થયો છે એટલે તે રીતે પણ રાજ્ય મળે એવી આશા રહી નથી, એ સૂચવે છે.) જ્યારે મેં સાંભળ્યું કે, પોતાની પાછળ મારવાને દોડતા ભીમસેનને જોઇને, અશ્વત્થામાએ ક્રોધ કરી, ઐષીક નામના પરમાસ્ત્રનો પ્રયોગ કર્યો અને તેનાથી ઉત્તરાના ગર્ભનો નાશ કર્યો, ત્યારથી હે સંજય ! હું વિજયની આશા રાખતો નથી. જ્યારે મેં સાંભળ્યું કે અશ્વત્થામાએ મૂકેલા બ્રહ્માસ્ત્રને, અર્જુને 'સ્વસ્તિ' કહીને સામું અસ્ત્ર મૂકી શાંત કર્યું અને અશ્વત્થામાએ મણિરત્ન અર્જુનને આપ્યું ત્યારથી, હે સંજય ! મને જયની આશા રહી નથી. જ્યારે મેં સાંભળ્યું કે, દ્રોણના પુત્ર અશ્વત્થામાએ મહાસ્ત્રોથી વિરાટરાજાની પુત્રી ઉત્તરાનો ગર્ભ પાડવા માંડ્યો ત્યારે વેદવ્યાસ અને શ્રીકૃષ્ણે મળીને તેને શાપો આપ્યા, ત્યારથી હે સંજય ! મને વિજયની આશા રહી નથી. ૨૧૫

અહો ! પુત્રો, પૌત્રો, બંધુઓ, પિતૃઓ અને ભાઇઓથી રહિત બનેલી ગાંધારીની ખરી શોકજનક દશા થઈ પડી છે અને પાંડવોએ દુષ્કર કાર્ય કરીને, ફરીથી શત્રુવિનાનું રાજ્ય પ્રાપ્ત કર્યું છે! અરેરે ! મેં સાંભળ્યું કે, યુદ્ધમાં ત્રણ અમારા પક્ષના અને સાત પાંડવોના પક્ષના મળીને માત્ર દશજ બાકી રહ્યા છે અને ક્ષત્રિયોના એ ભયંકર સંગ્રામમાં અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ થઈ ગયો છે! ઓ સંજય ! એ જાણીને, મારી આંખે અત્યંત અંધારાં આવે છે, મને કાંઈ

સૂઝ પડતી નથી, મારૂં ભાન જતું રહે છે અને ચિત્ત ગભરાઈ જાય છે. ૨૧૬-૨૧૮

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે કહીને બહુ દુઃખી થયેલો અને રુદન કરતો ધૃતરાષ્ટ્ર મૂર્ચ્છા પામ્યો. પછી ફરી ભાન આવતાં તે સંજયને કહેવા લાગ્યો. ૨૧૯

ધૃતરાષ્ટ્ર કહે છેઃ- હે સંજય ! આવું પરિણામ આવતાં, હું મારા પ્રાણને થોડા વખતમાંજ ત્યજી દેવા ઈચ્છું છું; કારણ કે હવે જીવિત રાખવામાં હું કંઈ પણ ફળ જોતો નથી.૨૨૦

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે બોલતા, દીન બનીને રડતા, નાગની પેઠે નિશ્વાસ નાખતા અને વારંવાર મોહ પામતા રાજાને, ગવલ્ગણનો બુદ્ધિમાન પુત્ર સંજય, નીચે પ્રમાણે મહાન અર્થવાળાં વાક્યો કહેવા લાગ્યો.

સંજય કહે છેઃ-હે રાજન્ ! બુદ્ધિમાન વ્યાસ અને નારદના મુખથી તમે સાંભળ્યું છે કે મોટા ઉત્સાહવાળા, મહાન બળવાળા, ગુણોથી પ્રકાશિત એવા મોટા રાજવંશમાં જન્મેલા, દિવ્ય અસ્ત્રોને જાણનારા અને ઇંદ્રના જેવા તેજસ્વી એવા ઘણા રાજાઓ, ધર્મથી પૃથ્વીને જીતીને પૂર્ણ દક્ષિણાવાળા યજ્ઞો કરીને તથા આ લોકમાં યશ મેળવીને અંતે કાલધર્મને વશ થયા છે. મહારથી વીર શૈબ્ય રાજા, જિતનારાઓમાં શ્રેષ્ઠ એવો સૃંજય, સુહોત્ર,રંતિદેવ, કાક્ષીવંત, ઔશિજ, બાહ્લીક, દમન, ચૈદ્ય, શર્યાતિ, અજિત એવો નલ, શત્રુઓનો નાશ કરનાર વિશ્વામિત્ર, મહા બળવાન અંબરીષ, મરુત્ત, મનુ, ઇક્ષ્વાકુ, ગય,ભરત, દશરથનંદન રામ,શશબિંદુ,ભગીરથ, મહાભાગ્યશાળી કૃતવીર્ય, તેમજ જન્મેજય અને શુભ કર્મવાળો યયાતિ કે જેને દેવોએ પોતે યજ્ઞ કરાવ્યો હતો અને વન તથા ખાણોવાળી આ પૃથ્વી જેના યજ્ઞસ્તંભોથી ચિહ્નિત થઈ રહી હતી. આ ચોવીસ રાજાઓનું પુત્રશોકથી સંતપ્ત થયેલા શ્વૈત્ય રાજાની આગળ પૂર્વે દેવર્ષિ નારદે વર્ણન કર્યુંહતું.૨૩૦વળી તે રાજાઓથી આગળ પણ મહાન બળવાળા સર્વગુણસંપન્ન, મહારથી અને મહાત્મા એવા રાજાઓ થઈ ગયા છે, તેઓ પુરુ, કુરુ, યદુ, શૂરો વિશ્વગશ્વ, મહાદ્યુતિ, આગુહ, યુવનાશ્વ, કુકુત્સ્થ, પરાક્રમી રઘુ, વિજય વિતિહોત્ર, અંગ, ભવ, શ્વેત, બૃહદ્ગુરુ, ઉશીનર, શતરથ, કંક, દુલિહ, દ્રુમ, દંભોદ્ભવ, વેન, સગર, સંકૃતિ, નિમિ, અજેય, પરશુ, પુંડ્ર, શંભુ, નિષ્પાપ દેવાવૃદ્ધ, દેવાહ્વય, સુપ્રતિમ, સુપ્રતીક, બૃહદ્રથ, મહોત્સાહ, વિનીતાત્મા, સુક્રતુ, નિષધદેશનો રાજા નલ, સત્યવ્રત, શાંતભય, સુમિત્ર, સમર્થ સુબલ, જાનુજંઘ, અનરણ્ય, અર્ક, પ્રિયભૃત્ય, શુચિવ્રત, બલબંધુ, નિરામર્દ, કેતુશૃંગ, બૃહદ્બલ, ધૃષ્ટકેતુ, બૃહત્કેતુ, દીપ્તકેતુ, નિરામય, અવિક્ષિત્ , ચપલ, ધૂર્ત, કૃતબંધુ, દૃઢેષુધિ, મહાપુરાણ, સંભાવ્ય, પ્રત્યંગ, પરહા અને શ્રુતિ, આ અને બીજા સેંકડો, હજારો અને પદ્મ સંખ્યાથી ગણાય એટલા રાજાઓ થઈ ગયેલા સંભળાય છે; જે બુદ્ધિમાન તથા મહા બલવાન રાજાઓ વિશાળ વૈભવોનો ત્યાગ કરીને તમારા પુત્રોની પેઠે મરણ પામ્યા છે.૨૪૦જેઓનાં દિવ્ય કર્મો,પરાક્રમ, દાનશક્તિ,માહાત્મ્ય,આસ્તિક્ય,સત્ય,શૌચ,દયા, સરલતા વગેરે ગુણોને વિદ્વાન શ્રેષ્ઠ કવિઓ, લોકોમાં અને પુરાણોમાં કથન કરે છે, તેવા સર્વગુણસંપન્ન તથા ઐશ્વર્યસંપન્ન રાજાઓ પણ નાશ પામ્યા છે; તો તમારા પુત્રો કે જે દુષ્ટ ચિત્તના, ક્રોધથી તપી રહેલા, લોભિયા અને અતિશય દુરાચરણી હતા, તેમનો તમારે શોક કરવો ઘટતો નથી. હે ભરતવંશોત્પન્ન રાજા! તમે શાસ્ત્રસંપન્ન છો, બુદ્ધિમાન છો અને ડાહ્યા મનુષ્યોથી સન્માનિત છો. જેઓની બુદ્ધિ શાસ્ત્રને અનુસરનારી છે તેઓ મોહ પામતા નથી. હે નરાધિપ! પાંડવોનો નિગ્રહ અને સ્વપુત્રોમાં અનુગ્રહ, એ તમારૂંજ કર્તવ્ય છે, એટલે તે તમે સારી રીતે જાણોજ છો; માટે સ્વપુત્રોના રક્ષણસંબંધે હવે તમારે અત્યંત આતુર થવું નહિ. જે થનાર હતું તે થયું છે, તેને માટે શોક કરવો હવે તમને યોગ્ય નથી; કારણ કે દૈવને કયો પુરુષ બુદ્ધિબલથી અટકાવી શકે એમ છે? વિધાતાએ નિર્માણ કરેલા માર્ગને કોઈ ઓળંગી શકતું નથી. જન્મ,



विघ्नविनाशक भगवान श्रीगणेश पासे महर्षि व्यास महाभारत लखावी रह्या छे.

ગણેશે પ્રથમથી કહેલું કે "લખવામાં મારી કલમ ક્ષણમાત્ર પણ અટકવી જોઈએ નહિ" ત્યારે વ્યાસે પણ કહેલું કે "તમારે પણ મારા કહેવાનો અર્થ સમજ્યા વગર કોઈ શબ્દ લખવો નહિ" અર્થાત "હરિભટ વડોદરા" પેઠે વગર સમજ્યે શ્રમ કરવો નહિ.

મરણ, સુખ, દુઃખ, એ સર્વનું કારણ કાલજ છે. કાલ સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, કાલ પ્રજાનો સંહાર કરે છે; એટલુંજ નાહ પણ સર્વ પ્રજાને સંહારનારા કાલને પણ તેનો કાલ (પરમાત્મા) શાંત કરે છે. કાલજ સર્વ લોકમાં શુભ તથા અશુભ ભાવોને ઉત્પન્ન કરે છે, કાલ સર્વ પ્રજાનો સંહાર કરે છે અને પુનઃ તેને ઉત્પન્ન કરે છે. કાલ બધા સૂતા હોય ત્યારે પણ જાગે છે; અને કાલનું કોઇથી ઉલ્લંઘન કરાતું નથી. કાલ સર્વ ભૂતોમાં પ્રતિબંધરહિત થઈને ફરે છે અને કાલ એજ આત્મા છે. થઈ ગયેલા, થવાના અને હાલ જે છે તે સર્વ ભાવો કાલવડેજ નિર્માયલા છે એમ જાણીને તમે જ્ઞાનનો ત્યાગ કરવા યોગ્ય નથી; કારણ કે જ્ઞાનનિષ્ઠાવિના શોક તરવાનો બીજો ઉપાય નથી.* ૨૪૧-૨૫૧

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે પુત્રશોકથી પીડિત થયેલા ધૃતરાષ્ટ્ર રાજાને, તેવખતે ગવલ્ગણના પુત્ર સંજયે, આશ્વાસન આપીને સ્વસ્થ કર્યા હતા. કૃષ્ણદ્વૈપાયન વ્યાસે અહીં શોકાતુરને સ્વસ્થ કરવામાટે પુણ્યરૂપ ઉપનિષદ્ (જીવબ્રહ્મની એકતાપ્રતિપાદક બ્રહ્મવિદ્યા) નું વર્ણન કર્યું છે; જેનું વિદ્વાનોએ તથા કવિશ્રેષ્ઠોએ પુરાણોમાં અને લોકોમાં કથન કરાય છે. આ મહાભારતના એક શ્લોકના એક ચરણનું પણ શ્રદ્ધાથી અધ્યયન કરનારનાં સર્વ પાપો સંપૂર્ણ રીતે નાશ પામે છે, ત્યારે આખા ભારતનું અધ્યયન પુણ્યકારી હોય એમાં શું આશ્ચર્ય ! આ મહાભારતમાં દેવો, દેવર્ષિઓ, નિર્મલ બ્રહ્મર્ષિઓ, શુભ કર્મવાળા યક્ષો તથા મહાન સર્પોનાં વર્ણનો છે તથા તેમનાં ચરિત્રો વર્ણવ્યાં છે. વળી એમાં સનાતન૪ ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણનું પણ વર્ણન કર્યું છે; કારણ કે તેજ પોતે સત્ય, ઋત અને પવિત્ર પુણ્યરૂપ છે. એજ શાશ્વત, બ્રહ્મ, કાર્ય-કારણથી અતીત, ધ્રુવ, ચૈતન્યમય અને સનાતન છે, જેમનાં દિવ્ય કર્મોનું બુદ્ધિમાનો કથન કરે છે. જેમનાથી અનિર્વચનીય કાર્ય-કારણાત્મક વિશ્વ, બ્રહ્માદિની ઉત્પત્તિ, યજ્ઞાદિની પ્રવૃત્તિ, જન્મ, મૃત્યુ, પુનર્જન્મ વગેરે પ્રવર્તે છે; જે દેહમાં રહેલા પંચમહાભૂતના કાર્યરૂપી શ્રોત્રાદિ ગુણાત્મક (જીવરૂપથી) શ્રુતિમાં સંભળાય છે; તે એજ છે. વળી વેદમાં અવ્યક્તના આદિભૂત અને નિર્વિશેષ બ્રહ્મરૂપ જે કહેવામાં આવે છે તે એજ છે. તેને ધ્યાનયોગના બળવાળા મુક્ત યતિવરો, પોતાના હૃદયમાં, દર્પણમાં રહેલા પ્રતિબિંબની પેઠે જુએ છે-સાક્ષાત્કાર કરે છે. ૨૬૦ શ્રદ્ધાળુ, સદા ધર્મમાં તત્પર અને નિત્ય નિયમવાળો પુરુષ, આ અધ્યાયનો પાઠ કરે તો તે પાપથી મુક્ત થાય છે. જે આસ્તિક પુરુષ, આ મહાભારતના અનુક્રમણિકાધ્યાયને આદિથી અંતસુધી વારંવાર સાંભળે છે, તે કષ્ટથી પીડાતો નથી. પ્રાતઃસંધ્યા અને સાયંસંધ્યાસમયે આ અનુક્રમણિકા પર્વના થોડા શ્લોકોનો પાઠ કરનાર મનુષ્ય પણ દિવસ તથા રાત્રિએ કરેલાં સર્વ પાપથી તત્કાળ મુક્ત થાય છે; કારણ કે આ અધ્યાય મહાભારતના શરીરરૂપ છે, સત્ય અને અમૃતથી સંપન્ન છે. જેમ દહીંમાં માખણ, જેમ મનુષ્યોમાં બ્રાહ્મણ, જેમ વેદમાં આરણ્યક, જેમ ઔષધિમાં અમૃત, જેમ હૃદોમાં સમુદ્ર અને જેમ ચોપગાં પશુઓમાં ગાય શ્રેષ્ઠ છે, તેમ ઇતિહાસોમાં આ મહાભારત શ્રેષ્ઠ છે. જે કોઈ શ્રાદ્ધમાં બ્રાહ્મણોને આના એક શ્લોકના એક ચરણનું પણ શ્રવણ કરાવે છે તો તેના પિતૃઓને જરૂર અક્ષય્ય અન્ન તથા પાન મળે છે. ઇતિહાસ અને પુરાણની સહાયતાથી વેદોની વૃદ્ધિ કરવી-અર્થ કરવા; કારણ કે વેદ અલ્પજ્ઞ મનુષ્યથી, 'આ મારો (ઉલટો અર્થ કરીને) ઘાત કરશે;' એમ ભય પામે છે. કૃષ્ણ દ્વૈપાયનરચિત આ વેદ (પુરુષાર્થચતુષ્ટયને જણાવનાર મહાભારત)ને શ્રવણ કરાવનાર વિદ્વાન પુરુષાર્થને પ્રાપ્ત થાય છે અને તેનાં ગર્ભહત્યાદિક પાપ પણ મટી જાય છે; એમ સંશય નથી. જે પુરુષ પવિત્રતાથી આ અધ્યાયનો પર્વણીએ પર્વણીએ પાઠ કરે છે તેને સમગ્ર ભારતના પાઠનું પુણ્ય મળે છે, એવું મારૂં માનવું છે.

---

* '**तरति शोकमात्मवित्**' શ્રુ૦
અર્થઃ-આત્મવિત્ શોકને તરે છે.

૪ સમગ્ર ઐશ્વર્ય, સમગ્ર જ્ઞાન, સમગ્ર યશ, સમગ્ર શ્રી, સમગ્ર વૈરાગ્ય, અને સમગ્ર ધર્મ, એ છનું નામ ભગ કહેવાય છે; છ પ્રકારનાં ભગ-ઐશ્વર્યથી સંપન્ન તે ભગવાન.

વિશ્વાસથી સૂતેલા યુધિષ્ઠિરના સૈન્યનો નાશ કર્યો હતો. [૩૦-૩૨]

હે શૌનક ! તમારા સત્રમાં જે ઉત્તમ ભારતનું આખ્યાન હું કહું છું તે જન્મેજય રાજાના યજ્ઞમાં વ્યાસના બુદ્ધિમાન શિષ્ય વૈશંપાયને કહ્યું હતું; જેમાં રાજાઓના યશ તથા પરાક્રમના વિસ્તારને માટે પૌષ્ય, પૌલોમ અને આસ્તિક પર્વ પ્રથમ કહેલાં છે. જેમ મોક્ષાર્થીઓએ વૈરાગ્યનો આશ્રય કર્યો છે, તેમ વિદ્વાનોએ વિચિત્ર પદ, અર્થ તથા આખ્યાનોવાળાં અને અનેક રીતભાતોથી ભરપૂર આ મહાભારતનો આશ્રય કર્યો છે. જાણવાયોગ્ય વિષયોમાં જેમ આત્મજ્ઞાનજ શ્રેષ્ઠ છે અને પ્રિય વસ્તુઓમાં જેમ જીવિત મુખ્ય છે, તેમ સર્વ શાસ્ત્રોમાં બ્રહ્મપ્રાપ્તિ કરાવનાર આ ઇતિહાસ શ્રેષ્ઠ છે. જેમ આહાર કર્યાવિના શરીર રહી શકે નહિ, તેમ આ આખ્યાનના આશ્રયવિના પૃથ્વીમાં બીજી કથા હોઈ શકે નહિ. જેમ ઉદયની ઇચ્છાવાળા સેવકો કુલીન સ્વામીને સેવે છે, તેમ કવિઓ અદ્‌ભુત કાવ્યની રચના કરવામાટે આ મહાભારતનોજ આશ્રય કરે છે. લોકોમાં વપરાતી સમસ્ત વાણી તથા વેદની સમસ્ત વાણી જેમ સ્વર તથા વ્યંજનમાં સમાયલી છે, તેમ બ્રહ્મવિદ્યા નામનું ઉત્તમ જ્ઞાન આ ઉત્તમ ઇતિહાસમાંજ સમાયલી છે. હવે પ્રજ્ઞાથી ભરપૂર, વિચિત્ર પદ અને પર્વવાળા, સૂક્ષ્મ અર્થ તથા ન્યાયથી યુક્ત અને વેદોના અર્થોવડે અલંકૃત એવા આ ભારત ઈતિહાસનો પર્વસંગ્રહ હું કહું છું તે તમે સાંભળો. [૪૦]

પહેલું અનુક્રમણિકા પર્વ છે, (૧) બીજું પર્વસંગ્રહ પર્વ છે. (૨) તે પછી પૌષ્ય (૩)પૌલોમ (૪) અને આસ્તીક પર્વો છે. (૫) તે પછી આદિ અંશાવતરણ પર્વ છે. (૬) તે પછી અદ્‌ભુત અને રોમાંચિત કરે એવું સંભવ ,પર્વ છે. (૭) તેના પછી જતુગૃહદાહ પર્વ (૮) અને હિડિંબવધ પર્વ કહ્યું છે. (૯) તે પછી બકવધ પર્વ (૧૦) તથા ચૈત્રરથ પર્વ આવે છે. (૧૧) તેના પછી દેવી પાંચાલીનું સ્વયંવર પર્વ કહેવામાં આવે છે. (૧૨) તે પછી ક્ષાત્રધર્મવડે સર્વને જીતીને લગ્ન કર્યાં એ વૈવાહિક પર્વ કહ્યું છે. (૧૩) તેના પછી વિદુરાગમન રાજ્યલંભ પર્વ છે. (૧૪) તે પછી અર્જુનવનવાસ પર્વ (૧૫) અને સુભદ્રાહરણ પર્વ આવે છે. (૧૬) સુભદ્રાહરણ પછી હરણહારિકા પર્વ છે. (૧૭) તે પછી ખાંડવદાહ નામનું પર્વ (૧૮)અને તેમાંજ મયદર્શન પર્વ છે.(૧૯)તે પછી સભાક્રિયા પર્વ કહ્યું છે. (૨૦) તેના પછી મંત્રપર્વ (૨૧) જરાસંધવધ પર્વ (૨૨) અને દિગ્વિજય પર્વ છે. (૨૩) દિગ્વિજય પર્વ પછી રાજસૂયિક પર્વ કહેવાય છે. (૨૪) તે પછી અર્ઘાભિહરણ પર્વ (૨૫) અને શિશુપાલવધ પર્વ આવે છે. (૨૬) તે પછી દ્યૂત પર્વ કહ્યું છે. (૨૭) તેનાપછી અનુદ્યૂત પર્વ.(૨૮) તદનંતર આરણ્યકપર્વ(૨૯) અને કિર્મીરવધ પર્વ આવે છે.(૩૦)તેના પછી અર્જુનાભિગમન પર્વ જાણવું. (૩૧) તે પછી તેમાં મહાદેવ અને અર્જુનને યુદ્ધ થાય છે તે કૈરાત નામનું પર્વ આવે છે. [૫૦] (૩૨)એ પછી ઇંદ્રલોકાભિગમન પર્વ આવે છે. (૩૩) તે પછી ધાર્મિક અને કરુણાજનક નલોપાખ્યાન પર્વ આવે છે. (૩૪) તે પછી બુદ્ધિમાન કુરુરાજ-(યુધિષ્ઠિર)નું તીર્થયાત્રા પર્વ આવે છે. તેમાં જટાસુરવધ પર્વ કહેલું છે.(૩૫) એ પછી યક્ષયુદ્ધ પર્વ આવે છે. (૩૬) પછી નિવાત કવચયુદ્ધ પર્વ (૩૭) અને આજગર પર્વ આવે છે. (૩૮) તેના પછી માર્કંડેય સમસ્યા પર્વ કહેવામાં આવે છે. (૩૯) તે પછી દ્રૌપદી અને સત્યભામાનું સંવાદ પર્વ આવે છે. (૪૦) તેના પછી ઘોષયાત્રા પર્વ આવે છે; (૪૧) તેમાંજ મૃગસ્વપ્નોદ્‌ભવ પર્વ તથા વ્રીહિ દ્રૌણિક પર્વ આવે છે. તે પછી ઐંદ્રદ્યુમ્ન આખ્યાન આવે છે, તે પછી દ્રૌપદીહરણ પર્વ આવે છે. (૪૨) તેમાં જયદ્રથવિમોક્ષણ છે; તથા પતિવ્રતા સાવિત્રીનું અદ્‌ભુત માહાત્મ્ય અને રામોપાખ્યાન, એ પર્વોની કથાઓ આવે છે. તે પછી કુંડલાહરણ પર્વ કહ્યું છે. (૪૩) તે પછી આરણેય પર્વ આવે છે.(૪૪) તેના પછી વૈરાટ પર્વ આવે છે (૪૫) તેમાં પાંડવ પ્રવેશ પર્વ અને સમયપાલન પર્વની કથા આવે છે. તે પછી કીચકવધ પર્વ (૪૬) અને ગોગ્રહણ પર્વ આવે છે. (૪૭) તે પછી અભિમન્યુ અને

વિરાટ રાજાની પુત્રીના વિવાહનું વૈવાહિક પર્વ કહ્યું છે. (૪૮) એના પછી મહાન અદ્ભુત ઉદ્યોગ પર્વ આવે છે. (૪૯) એ પછી સંજયયાન પર્વ આવે છે. (૫૦) તે પછી ધૃતરાષ્ટ્રને ચિંતાથી થએલા ઉજાગરાનું પ્રજાગર પર્વ આવે છે. (૫૧) તેના પછી જેમાં ગુહ્ય અધ્યાત્મદર્શન છે એવું સનત્સુજાત પર્વ આવે છે.[૬૦] (૫૨) તે પછી યાનસંધિ પર્વ (૫૩) અને ભગવદ્યાન પર્વ આવે છે. (૫૪) તેમાં માતલિનું ઉપાખ્યાન, ગાલવનું ચરિત્ર, સાવિત્રી, વામદેવ અને વૈન્યનાં ઉપાખ્યાનો, (૫૪) જામદગ્ન્ય ઉપાખ્યાન, ષોડશરાજક–પર્વ, કૃષ્ણનો સભાપ્રવેશ, વિદુલાનો પુત્રને ઉપદેશ, ઉદ્યોગ, સૈન્યનિર્યાણ અને વિશ્વોપાખ્યાન આવે છે; તે પછી શ્રીકૃષ્ણ અને મહાત્મા કર્ણનું વિવાદ પર્વ આવે છે. (૫૫) તેના પછી કુરુપાંડવની સેનાનું નિર્યાણ પર્વ આવે છે. (૫૬) તેના પછી રથાતિરથસંખ્યાન નામનું પર્વ કહ્યું છે. (૫૭) તે પછી ક્રોધની વૃદ્ધિ કરે એવું ઉલૂકદૂતાગમન પર્વ આવે છે. (૫૮) તે પછી એમાં અંબોપાખ્યાન પર્વ આવે છે. (૫૯) તે પછી અદ્ભુત એવું ભીષ્માભિષેચન પર્વ આવે છે. (૬૦) તે પછી પ્રથમ જંબુખંડ નિર્માણ પર્વ આવે છે. (૬૧) તે પછી ભૂમિ પર્વ છે. (૬૨) તેમાં દ્વીપનું વિસ્તારથી કથન કર્યું છે. તે પછી ભગવદ્ગીતા પર્વ છે. (૬૩) તેના પછી ભીષ્મવધ પર્વ છે. (૬૪) તે પછી દ્રોણાભિષેચન પર્વ આવે છે. (૬૫) અને તે પછી સંશપ્તકવધ પર્વ છે. (૬૬) તેના પછી અભિમન્યુવધ પર્વ, (૬૭) અને પ્રતિજ્ઞા પર્વ આવે છે. (૬૮) તે પછી જયદ્રથવધ પર્વ (૬૯) અને ઘટોત્કચવધ પર્વ આવે છે, (૭૦) તે પછી રોમાંચિત કરી દે એવું દ્રોણવધ પર્વ છે (૭૧) અને પછી નારાયણાસ્ત્રમોક્ષ પર્વ આવે છે.[૭૦] (૭૨) તે પછી કર્ણ પર્વ આવે છે. (૭૩) તેના પછી શલ્ય પર્વ છે. (૭૪) તે પછી હ્રદપ્રવેશ પર્વ છે (૭૫) અને તેના પછી ગદાયુદ્ધ પર્વ આવે છે. (૭૬) તે પછી સારસ્વત પર્વ છે. (૭૭) તેમાં તીર્થો તથા વંશોનું વર્ણન કરેલું છે, તે પછી બીભત્સ રસથી ભરેલું સૌપ્તિક પર્વ કહેવામાં આવેલું છે. (૭૮) તેના પછી અતિ દારુણ ઐષીક પર્વ કહ્યું છે. (૭૯) તે પછી જલપ્રદાનિક પર્વ છે, (૮૦) તે પછી સ્ત્રીવિલાપ પર્વ છે. (૮૧) તે પછી મરણ પામેલા કૌરવોની ઉત્તરક્રિયાવાળું શ્રાદ્ધ પર્વ આવે છે. (૮૨) તે પછી બ્રાહ્મણરૂપધારી રાક્ષસના વધવાળું ચાર્વાકનિગ્રહ પર્વ છે. (૮૩) તદનંતર બુદ્ધિમાન ધર્મરાજનું આભિષેચનિક પર્વ આવે છે, (૮૪) તેના પછી ગૃહપ્રવિભાગ પર્વ કહ્યું છે. (૮૫) તે પછી શાંતિપર્વ આવે છે. (૮૬) જેમાં રાજધર્માનુશાસન પર્વ છે. (૮૭) તે પછી આપદ્ધર્મ પર્વ (૮૮) અને મોક્ષધર્મ પર્વ આવે છે. (૮૯) તેમાં શુકપ્રશ્નાભિગમન, બ્રહ્મપ્રશ્નાનુશાસન, દુર્વાસાનો પ્રાદુર્ભાવ અને સુલભાનો સંવાદ આવે છે. તે પછી આનુશાસનિક પર્વ આવે છે; (૯૦) તેમાં બુદ્ધિમાન ભીષ્મનું સ્વર્ગારોહણિક પર્વ પણ આવી જાય છે. તે પછી સર્વ પાપને નાશ કરનારૂં આશ્વમેધિક પર્વ આવે છે. (૯૧) તે પછી અધ્યાત્મવર્ણનવાળું અનુગીતા પર્વ આવે છે. (૯૨) તે પછી આશ્રમવાસ નામનું પર્વ છે. (૯૩) તેના પછી પુત્રદર્શન પર્વ છે. (૯૪) તે પછી નારદાગમન પર્વ કહેલું છે.[૮૦] (૯૫) તેના પછી ઘોર અને દારુણ એવું મૌસલ પર્વ કહ્યું છે. (૯૬) તે પછી મહાપ્રસ્થાનિક પર્વ છે. (૯૭) તે પછી સ્વર્ગારોહણિક પર્વ આવે છે. (૯૮) તેના પછી હરિવંશ પર્વ છે, જે ખિલ* નામનું પુરાણ કહેવાય છે. તેમાં વિષ્ણુ પર્વ છે, જેમાં વિષ્ણુની બાળલીલા, કંસવધ વગેરે છે. (૯૯) તે પછી એ ખિલ પુરાણમાંજ મહાન અદ્ભુત એવું ભવિષ્ય પર્વ (૧૦૦) કહેલું છે. †

* અન્ય શાખાનું અન્ય શાખામાં અપેક્ષાને લીધે ભણવામાં આવે તેને વેદમાર્ગમાં ખિલ કહેવામાં આવે છે, એવી પ્રસિદ્ધિ છે. આ ઇતિહાસમાં પણ અપેક્ષાને લીધે અન્ય પુરાણનો લેવામાં આવેલો ભાગ 'હરિવંશાદિ' ખિલ કહેવાય છે અને તેથીજ તે (ખિલ) પુરાણ કહેવાય છે.

† મૂલ ગ્રંથમાં આવેલાં પર્વોની ગણત્રી કરતાં સૌથી થોડાં વધારે થવા જાય છે, એટલે ટીકાકાર પં. નીલકંઠની ગણત્રી પ્રમાણે પર્વોનો એકમેકમાં સમાવેશ કરીને સોની સંખ્યા પૂરી કરી છે. તે શ્લોક આ પ્રમાણે છે–**आदिप्यान १९ समापर्व २ वनचर्य १६ वैराटमु ४ योगपुर्व ११ भीष्म-**

આ પ્રમાણે મહાત્મા વ્યાસજીએ પૂર્ણ સો પર્વો કહેલાં છે. તેને લોમહર્ષણ સૂતના પુત્રે અઢાર પર્વમાં વહેંચી નાખીને નૈમિષારણ્યમાં ઋષિઓને યથાવત્ કહી સંભળાવ્યાં હતાં. (તેમાં કયા મહાપર્વમાં કેટલાં અવાંતર પર્વો અને તેમાં કયા કયા વિષયોનું પ્રતિપાદન કર્યું છે તથા એક એક મહાપર્વમાં અધ્યાય અને શ્લોકોની સંખ્યા કેટલી કેટલી છે તે કહે છે.) મહાભારતનો જેમાં સંક્ષેપ છે એવું અનુક્રમણિકા પર્વ, પર્વસંગ્રહ, પૌષ્ય, પૌલોમ, આસ્તીક, આદિ અંશાવતરણ, સંભવ, જતુગૃહપર્વ, હિડિંબવધ, બકવધ, ચૈત્રરથ, દેવી પાંચાલીનો સ્વયંવર, ક્ષાત્રધર્મવડે વિજય કરીને વૈવાહિક પર્વ, વિદુરાગમન, રાજ્યલંભ પર્વ, અર્જુનવનવાસ પર્વ, સુભદ્રાહરણ પર્વ, હરણાહરણ પર્વ, ખાંડવદહન પર્વ અને મયદાનવદર્શન પર્વ, એટલાં પર્વો આદિ પર્વમાં કહ્યાં છે. પૌષ્ય પર્વમાં ઉત્તંકનું માહાત્મ્ય વર્ણવ્યું છે. પૌલોમ પર્વમાં ભૃગુવંશનો વિસ્તાર કહેલો છે. આસ્તીક પર્વમાં સર્વ નાગોની તથા ગરુડની ઉત્પત્તિ, ૯૦ ક્ષીર સમુદ્રનું મથન, ઉચ્ચૈઃશ્રવા અશ્વનો જન્મ અને સર્પસત્રવડે યજન કરતા જન્મેજય રાજાના સત્રમાં મહાત્મા ભરતવંશી રાજાઓની કથાનો પ્રસ્તાવ, એ કહ્યું છે. સંભવપર્વમાં રાજાઓના વિવિધ જન્મો કહ્યા છે. તેમજ બીજા શૂરવીરોનો અને મહર્ષિ વ્યાસનો જન્મ કહ્યો છે. અંશાવતરણ પર્વમાં દેવોના અંશોથી અવતાર વર્ણવ્યા છે તથા દૈત્યોની, દાનવોની, મહા બળવાન યક્ષોની, નાગોની, સર્પોની, ગંધર્વોની, પક્ષીઓની અને બીજાં વિવિધ ભૂતોની ઉત્પત્તિ કહી છે. તપસ્વી કણ્વ નામવા મહર્ષિના આશ્રમમાં દુષ્યંત રાજાથી શકુંતલામાં ભરત નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો, જેના નામ ઉપરથી લોકોમાં આ ભારતકુલ કહેવાય છે. શાંતનુના ઘરમાં મહાત્મા વસુઓનો ભાગીરથી (ગંગા)થી પાછો જન્મ અને તેમનું પુનઃ સ્વર્ગગમન વર્ણવ્યું છે. વસુઓના તેજઃસમૂહથી ભીષ્મનો જન્મ, તેમની રાજ્ય ઉપરથી નિવૃત્તિ, બ્રહ્મચર્યવ્રતમાં સ્થિતિ, પ્રતિજ્ઞાનું પાલન, ચિત્રાંગદનું રક્ષણ, ચિત્રાંગદના હણાવા પછી તેના નાનાભાઈ વિચિત્રવીર્યને રાજ્ય ઉપર બેસાડી તેનું રક્ષણ, અણીમાંડવ્યના શાપથી ધર્મરાજાનો મનુષ્યયોનિમાં જન્મ, ૧૦૦ કૃષ્ણ દ્વૈપાયનના વરદાનથી ધૃતરાષ્ટ્ર અને પાંડુનો જન્મ તથા પાંડવોની ઉત્પત્તિ કહેલી છે. તે પછી બીજાં પેટા પર્વોમાં પાંડવોને વારણાવતના મેળામાં મોકલવા દુર્યોધને કરેલો ગુપ્ત વિચાર, પાંડવોપ્રત્યે દુર્યોધને કપટી પુરુષને મોકલવો, માર્ગમાં વિદુરે બુદ્ધિમાન ધર્મરાજને તેમના હિતમાટે મ્લેચ્છ ભાષામાં કરેલો હિતોપદેશ; વિદુરનાં વચનવડે સુરંગ ખોદવાની ક્રિયા, લાક્ષાગૃહમાં પાંચ પુત્રોની સાથે સૂતેલી ભીલડી તથા પુરોચનનું બળી મરવું, એ વર્ણવ્યું છે. ઘોર વનમાં પાંડવોને હિડિંબાનું દર્શન, ત્યાંજ મહાબળવાન ભીમસેનથી હિડિંબ રાક્ષસનો વધ અને હિડિંબાથી ઘટોત્કચની ઉત્પત્તિ એમાંજ કહી છે. અમિત તેજસ્વી મહર્ષિ વ્યાસનું પાંડવોને દર્શન, તેમની આજ્ઞાથી એકચક્રાનગરીમાં બ્રાહ્મણને ઘેર અજ્ઞાતચર્યાથી પાંડવોનું રહેવું, ત્યાં બકાસુરનો વધ અને નગરના લોકોને થયેલું આશ્ચર્ય; બ્રાહ્મણના મુખથી દ્રૌપદી અને ધૃષ્ટદ્યુમ્નની ઉત્પત્તિ સાંભળીને વ્યાસજીનાં વાકયથી દ્રૌપદી મેળવવાની ઈચ્છાવાળા પાંડવોનું સ્વયંવર જોવાના કુતૂહલથી પંચાલ દેશતરફ પ્રયાણ; ૧૧ ગંગાના તીર ઉપર અર્જુને અંગારપર્ણ નામના ગંધર્વને જીતીને તેની જોડે મિત્રતા કરી તેનાજ મુખથી તાપત્ય, વાસિષ્ઠ અને ઉત્તમ ઔર્વ આખ્યાનોને શ્રવણ કરવાં; પછી સર્વ ભાઈઓની સાથે પંચાલ દેશમાં જવું; પાંચાલ નગરમાં સર્વ રાજાઓના મધ્યમાં નિશાન વિંધીને અર્જુને દ્રૌપદીને મેળવવી; તે પછી મહાયુદ્ધમાં ભીમસેન અને અર્જુને ક્રોધાક્રાંત થયેલા રાજાઓને અને શલ્ય તથા કર્ણને જીતી લેવા; તે બન્નેનાં

द्रोणम ५ जं ८ चकर्णकु १ तथा शल्येभ ४ सौप्तुगश्म् ॥ स्त्रीशं ५ शांतिभ ४ दानधर्मकु १ हयेज्यारा २ श्रमावासगं ३ कं १ कं १ मौसलयानयोर्णुगतिकं १ वंशेख २ मेतच्छतम् ॥ આ શ્લોકમાં પ્રત્યેક પર્વમાં કેટકેટલાં પર્વો છે તેની અનુક્રમે જણાવી સો પૂરાં ગણાવ્યાં છે.

અમાનુષ પરાક્રમને જોઇને મહામતિવાળા બલરામ તથા શ્રીકૃષ્ણને તેઓ પાંડવો છે, એવી શંકા થવાથી. કુંભારને ઘેર જ્યાં પાંડવો ઉતર્યા હતા ત્યાં તેમને મળવા જવું; પાંચ પુરુષની સાથે પોતાની એક કન્યાનાં લગ્ન કરવાના સંબંધમાં દ્રુપદ રાજાને થઈ પડેલો વિચાર; અહીંજ અદ્દભુત એવું પાંચ ઇંદ્રનું ઉપાખ્યાન પણ કહ્યું છે, તે પછી દ્રૌપદીનો દેવવિહિત દૈવીવિવાહ, ધૃતરાષ્ટ્રના પુત્રે વિદુરને પાંડવોની પાસે મોકલવા; વિદુરનું પાંચાલનગરમાં આવવું અને ત્યાં તેને શ્રીકૃષ્ણનાં દર્શન; પછી ખાંડવપ્રસ્થમાં પાંડવોનો નિવાસ અને તેમને અર્ધ રાજ્યની પ્રાપ્તિ; નારદમુનિની આજ્ઞાથી દ્રૌપદીના સંબંધમાં કરાયલો સમયનો નિયમ તથા સુંદ–ઉપસુંદનું આખ્યાન વર્ણવ્યું છે. તે પછી દ્રૌપદીની સાથે એકાંતમાં યુધિષ્ઠિર બેઠા હતા ત્યાં બ્રાહ્મણને માટે અર્જુને પ્રવેશ કરી હથીઆર લઈ બ્રાહ્મણને વિપત્તિથી મુક્ત કરવો, ઘેર આવીને બ્રાહ્મણના રક્ષણને માટે નિશ્ચયવાળા અર્જુનનું નિયમ પાળવામાટે વનમાં જવું; એ વનવાસમાં ઉલૂપી નામની એક સર્પકન્યાનો માર્ગમાં મેળાપ થવો; તે પછી પુણ્યતીર્થોમાં અર્જુનનું પ્રયાણ; બભ્રુવાહનનો જન્મ; એ પ્રવાસમાંજ તપસ્વી બ્રાહ્મણના શાપથી મગરીઓ થયેલી શુભ એવી પાંચ અપ્સરાઓની અર્જુને કરેલી શાપથી મુક્તિ; પ્રભાસતીર્થમાં અર્જુન તથા શ્રીકૃષ્ણનો સમાગમ; સુભદ્રાની કામના કરતા અર્જુનને દ્વારકામાં શ્રીકૃષ્ણની સંમતિથી સુભદ્રાની પ્રાપ્તિ; પાછળથી દેવકીનંદન શ્રીકૃષ્ણ પહેરામણી લઈને ઇંદ્રપ્રસ્થમાં આવ્યા તે વખતે સુભદ્રામાં ઉત્તમ તેજવાળા અભિમન્યુનો જન્મ; દ્રૌપદીના પુત્રોની ઉત્પત્તિ; યમુનાના તીર ઉપર વિહાર કરવા ગયેલા અર્જુન અને કૃષ્ણને ધનુષ તથા ચક્રની પ્રાપ્તિ; ખાંડવવનનો દાહ; અગ્નિથી મયદાનવ અને ભુજંગનું રક્ષણ તથા મહર્ષિ મંદપાલને શાર્ઙ્ગી પક્ષિણીથી પુત્રોત્પત્તિ વર્ણવી છે. આ સર્વ વૃત્તાંતોથી યુક્ત, બહુ વિસ્તારવાળું પ્રથમ આદિ પર્વ કહેલું છે. એમાં* બસો સત્તાવીસ અધ્યાય મહા તેજસ્વી પરમર્ષિ વ્યાસજીએ રચેલા છે; ૧૩૦ તથા તે મહાત્મા મુનિએ આઠ હજાર આઠસો ને ચોરાશી શ્લોકો વર્ણવ્યા છે. ૧૩૧

એ પછી બહુ વૃત્તાંતવાળું બીજું સભા પર્વ આવે છે. તેમાં પાંડવોની સભાક્રિયા, કિંકર નામના રાક્ષસોનાં દર્શન, દેવલોકને જોનારા નારદ મુનિએ કહેલું લોકપાલોની સભાનું આખ્યાન, રાજસૂય યજ્ઞનો આરંભ, જરાસંધનો વધ; ગિરિવ્રજમાં રૂંધેલા રાજાઓનો શ્રીકૃષ્ણે કરેલો છૂટકારો તથા પાંડવોનો દિગ્વિજય પણ એમાંજ કહેલો છે. ભેટ–સામગ્રી લઈને રાજાઓનું મોટા રાજસૂય યજ્ઞમાં આવવું, અર્ઘપૂજનના સંવાદમાં શિશુપાલનો વધ; યજ્ઞમાં પાંડવોના ઐશ્વર્યને જોઇને દુઃખી અને ક્રોધાક્રાંત થયેલા દુર્યોધનનો સભામાં ભીમસેને કરેલો પરિહાસ; મશ્કરીથી એને ક્રોધ વધ્યો અને તેથી તેણે દ્યૂત રમવાની ગોઠવણ કરી; દ્યૂતમાં ધૂર્ત શકુનિએ ધર્મરાજને જીતી લેવા; દ્યૂતસમુદ્રમાં ડૂબેલી અને પરમ દુઃખી થયેલી પુત્રવધૂ દ્રૌપદીને, નાવ જેમ સમુદ્રથી તારે તેમ મહાબુદ્ધિમંત ધૃતરાષ્ટ્રે તારી લેવી; પાંડવોને વિપત્તિમાંથી નીકળેલા જોઈને ફરીથી દુર્યોધન રાજાએ દ્યૂતને માટે તેમને બોલાવવા તથા જીતી લઈને વનવાસને માટે મોકલવા; આ સર્વ સભાપર્વમાં મહાત્મા વ્યાસે વર્ણવ્યું છે. ૧૪૦ હે દ્વિજોત્તમો! એમાં અઠ્યોતેર અધ્યાયો અને બે હજાર પાંચસો ને અગિયાર શ્લોકો છે. ૧૪૧

એના પછી ત્રીજું મહાન વન પર્વ આવે છે. તેમાં મહાત્મા પાંડવો વનવાસ જવા નીકળ્યા ત્યારે બુદ્ધિમાન ધર્મપુત્રની સાથે નગરના લોકોનું નીકળવું, બ્રાહ્મણોનાં ભરણપોષણમાટે અન્ન તથા ઔષધી મેળવવા ધૌમ્યના ઉપદેશથી મહાત્મા ધર્મરાજે કરેલું સૂર્યનું આરાધન અને સૂર્યની કૃપાથી અક્ષય્ય અન્નપાત્રની પ્રાપ્તિ, હિતોપદેશ કરનારા વિદુરનો ધૃતરાષ્ટ્રે કરેલો ત્યાગ, ત્યજાયલા વિદુરનું પાંડવોની પાસે જવું, ધૃતરા-

* આ અધ્યાયો તથા શ્લોકોની સંખ્યા હાલ ઉપલબ્ધ થતાં મહાભારતનાં પુસ્તકોમાં મળતી નથી, પરંતુ તેમાં ન્યૂનાધિક જણાય છે, એ સ્વાર્થી તથા પંડિત માનીઓનો પ્રતાપ હોય એમ લાગે છે.

ષ્ટ્રની આજ્ઞાથી વિદુરનું ફરી હસ્તિનાપુરમાં આવવું; વનમાં રહેલા પાંડવોને મારવામાટે કર્ણના ઉત્તેજનથી દુર્બુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનો છુપો વિચાર, તે દુષ્ટભાવને જાણીને વ્યાસમુનિનું ત્યાં શીઘ્ર આવવું અને દુર્યોધનને તેમ કરતાં અટકાવવો, તે પછી સુરભિનું આખ્યાન, મૈત્રેય ઋષિનું પધારવું અને રાજાને ઉપદેશ તથા તેમણેજ દુર્યોધનને આપેલો શાપ, યુદ્ધમાં ભીમસેને કરેલો કિર્મીરનો વધ, પાંચાલો અને યાદવોનું પાંડવોની પાસે આવવું; ૧૫૦ શકુનિએ પાંડવોને કપટથી હરાવેલા સાંભળીને શ્રીકૃષ્ણને થયેલો કોપ અને અર્જુને તેમનું કરેલું સાંત્વન, વાસુદેવની આગળ દ્રૌપદીએ કરેલો શોક અને દુઃખથી દીન બનેલાં દ્રૌપદીનું શ્રીકૃષ્ણે કરેલું આશ્વાસન, મહર્ષિ (શ્રીકૃષ્ણ)એ વર્ણવેલું સૌભવધનું આખ્યાન, પુત્રસાથે સુભદ્રાને લઇને શ્રીકૃષ્ણે દ્વારકા જવું અને દ્રૌપદીના પુત્રોને લઈને ધૃષ્ટદ્યુમ્ને પંચાલ જવું; તે પછી પાંડવોનો રમ્ય એવા દ્વૈતવનમાં પ્રવેશ, ત્યાંજ દ્રૌપદીની સાથે ધર્મરાજાનો સંવાદ અને રાજાની સાથે ભીમસેનનો સંવાદ વર્ણવ્યો છે. તે પછી પાંડુપુત્રોની આગળ વ્યાસમુનિનું આવવું અને મહર્ષિએ રાજાને પ્રતિસ્મૃતિ નામની વિદ્યા આપવી; વ્યાસના જવા પછી પાંડવોનું કામ્યક વનપ્રતિ જવું, અસ્ત્ર મેળવવામાટે અમાપ તેજવાળા અર્જુનનું નીકળવું; ભીલવેશધારી શંકર જોડે અર્જુનનું યુદ્ધ; દિક્પાલોનાં અર્જુનને દર્શન તથા અસ્ત્રની પ્રાપ્તિ; વળી બીજાં અસ્ત્રો મેળવવામાટે અર્જુનનું મહેંદ્રલોકમાં જવું; તેથી ધૃતરાષ્ટ્રને થયેલી મહાન ચિંતા; તે પછી શુદ્ધ અંતઃકરણવાળા મહર્ષિ બૃહદશ્વનાં યુધિષ્ઠિરને દર્શન, આર્ત થયેલ યુધિષ્ઠિરનું દુઃખ તથા વિલાપ. ૧૬૦ અહીં બૃહદશ્વે વર્ણવેલું કરુણ રસવાળું ધર્મબોધક નળરાજાનું આખ્યાન, જેમાં દમયંતીની સ્થિતિ તથા નળરાજાનું ચરિત્ર આવે છે. તેજ મહર્ષિથી યુધિષ્ઠિરને દ્યૂતવિદ્યાનો લાભ, ત્યાંજ એ પાંડુપુત્રોની આગળ સ્વર્ગથી લોમશ ઋષિનું આવવું; વનવાસ ભોગવતા મહાત્મા પાંડવોની આગળ લોમશ ઋષિએ સ્વર્ગમાં અર્જુનની પ્રવૃત્તિનું કરેલું વર્ણન; અર્જુનના સંદેશાથી પાંડવોનું તીર્થોમાં ફરવું; તીર્થોમાં ફરવાથી પુણ્યફળની પ્રાપ્તિ અને તીર્થોના પુણ્યનું માહાત્મ્ય કહેલું છે. તે પછી મહર્ષિ નારદના કહેવાથી મહાત્મા પાંડવોની પુલસ્ત્ય તીર્થની યાત્રા; અહીં ઇંદ્રે, કર્ણનાં કુંડળો ઉતરાવી લેવાં તથા ગયની યજ્ઞવિભૂતિનું વર્ણન કહ્યું છે. તે પછી અગસ્ત્યનું આખ્યાન છે, જેમાં વાતાપિ રાક્ષસનું ભક્ષણ વર્ણવ્યું છે તથા પ્રજોત્પત્તિને માટે અગસ્ત્યનું લોપામુદ્રાની પાસે ગમન કહ્યું છે. તે પછી કુમાર બ્રહ્મચારી ઋષ્યશૃંગનું ચરિત્ર છે, તેના પછી મહા તેજસ્વી જમદગ્નિના પુત્ર પરશુરામનું ચરિત્ર છે; જેમાં કાર્તવીર્યનો તથા હેહયોનો વધ વર્ણવ્યો છે. તે પછી પ્રભાસતીર્થમાં પાંડવોનો યાદવોની સાથે સમાગમ કહ્યો છે. તે પછી સૌકન્ય આખ્યાન કહ્યું છે, જેમાં ભૃગુના પુત્ર ચ્યવનઋષિએ શર્યાતિરાજાના યજ્ઞમાં અશ્વિનીકુમારોને સોમપાનમાં ભાગ અપાવ્યો ૧૭૦ તથા અશ્વિની કુમારોએ મુનિને યુવાન કર્યા હતા. અહીંજ માનધાતા રાજાનું ઉપાખ્યાન કહ્યું છે. તેના પછી જંતુનું ઉપાખ્યાન કહ્યું છે, જેમાં સોમકરાજાએ પુત્રોને માટે એક પુત્રનું બલિદાન આપીને સો પુત્રો મેળવ્યા હતા. તે પછી અત્યુત્તમ એવું શ્યેનકપોતનું ઉપાખ્યાન આવે છે. જેમાં ઇંદ્ર, અગ્નિ અને ધર્મે શિબિરાજાની પરીક્ષા કરી હતી. તે પછી અષ્ટાવક્રનું આખ્યાન આવે છે, જેમાં જનકરાજાના યજ્ઞમાં વરુણના પુત્ર ન્યાયશાસ્ત્ર જાણનારામાં મુખ્ય એવા બંદીની સાથે અષ્ટાવક્રનો સંવાદ તથા મહાત્મા અષ્ટાવક્રે વિવાદમાં બંદીનો કરેલો પરાજય અને જીત્યા પછી સમુદ્રમાં નાખેલા પિતાની ઋષિને પ્રાપ્તિ, એ કથા કહી છે. તે પછી યવક્રીતનું આખ્યાન તથા મહાત્મા રૈભ્યનું આખ્યાન કહ્યું છે. તેના પછી પાંડવોની ગંધમાદન પર્વત ઉપર યાત્રા અને નારાયણાશ્રમમાં નિવાસ કહ્યો છે. ત્યાં દ્રૌપદીના કહેવાથી સૌગંધિક કમળ લેવા ભીમસેનનું ગંધમાદનપ્રતિ જવું; માર્ગમાં જતાં મહાબાહુ ભીમને કદલીવનમાં બેઠેલા મહાબળવાન હનુમાનનાં

દર્શન થાય છે. તે પછી સૌગંધિક કમળને માટે તે સરોવરને ભીમસેને ડહોળી નાખ્યું; એટલે મણિમાન.જેમાં મુખ્ય છે એવા મહા વીર્યવાળા યક્ષો તથા રાક્ષસોની જોડે ભીમને મહાન યુદ્ધ થયું, એ કથા કહી છે. તે પછી ભીમસેનના હાથથી જટાસુર રાક્ષસનો વધ તથા વૃષપર્વા રાજર્ષિના આશ્રમમાં પ્રયાણ કહ્યું છે. ૧૮૦ તે પછી પાંડવોનું આર્ષ્ટિષેણના આશ્રમમાં જવું અને ત્યાં નિવાસ, અહીં મહાત્મા ભીમસેનને દ્રૌપદીએ કરેલું પ્રોત્સાહન વર્ણવ્યું છે. તે પછી ભીમસેનનું કૈલાસપ્રતિ ચઢવું, ત્યાં મણિમાન પ્રભૃતિ બલથી ગર્વિત થયેલા યક્ષોની જોડે ભીમસેનનું મહાન ઘોર યુદ્ધ થયું છે, એ કથા છે. ત્યાંજ પાંડવોનો કુબેર જોડે સમાગમ અને અર્જુનનો પણ ભાઈઓની સાથે મેળાપ કહ્યો છે. દિવ્ય અસ્ત્રો મેળવીને ગુરુદક્ષિણામાં અર્જુને હિરણ્યપુરમાં વસનારા નિવાતકવચોની સાથે યુદ્ધ કર્યું; તે દેવોના ઘોર શત્રુ નિવાતકવચો તથા પૌલોમ અને કાલકેય દાનવોનું અર્જુનની સાથે યુદ્ધ તથા તેમનો કરેલો વધ, તેનું બુદ્ધિમાન અર્જુને યુધિષ્ઠિરની આગળ વર્ણન કર્યું છે. તે પછી ધર્મરાજાની આગળ અસ્ત્રપ્રયોગ બતાવવા અર્જુને કરેલો આરંભ અને દેવર્ષિ નારદમુનિએ અર્જુનનું કરેલું રોકાણ, એ કથા કહી છે. તે પછી ગંધમાદન પર્વત ઉપરથી પાંડવોનું પાછું ઉતરવું; માર્ગમાં એક ગહન વનમાં પર્વતના જેવા દેહવાળા બળવાન મહાસર્પે ભીમસેનને ગળવા માંડવો, ત્યાં પ્રશ્નોના ઉત્તરો આપીને યુધિષ્ઠિરે કરેલો ભીમસેનનો છૂટકારો; ત્યાંથી મહાત્મા પાંડવોનું કામ્યકવનમાં પાછા આવવું, એ કથા છે. ત્યાં રહેલા પુરુષશ્રેષ્ઠ પાંડવોને મળવા વાસુદેવનું ફરી આવવું,તે એજ સ્થાનમાં વર્ણવેલું છે.૧૯૦ તે પછી માર્કંડેય સાથે થયેલા પાંડવોના સમાગમમાં તે મહર્ષિએ અનેક ઉપાખ્યાનો કહ્યાં છે, જેમાં વેન રાજાના પુત્ર પૃથુનું આખ્યાન કહ્યું છે; તથા મહાત્મા તાર્ક્ષ્યઋષિ અને સરસ્વતીનો સંવાદ છે, તેના પછી મત્સ્યનું ઉપાખ્યાન પણ એમાંજ કહેલું છે. ૧૯૨

વળી માર્કંડેયની સાથે બેઠા હતા ત્યાં ઘણી પુરાતન કથાઓ કહેવાઈ છે. જેમાં ઇંદ્રદ્યુમ્નનું ઉપાખ્યાન, ધુંધુંમારનું ઉપાખ્યાન, પતિવ્રતાનું આખ્યાન તથા આંગિરસનું આખ્યાન કહ્યું છે. એજ સ્થાનમાં દ્રૌપદી અને સત્યભામાનો સંવાદ કહ્યો છે. તે પછી પાંડવો ફરી દ્વૈતવનમાં આવ્યા એ કથા છે. તેના પછી ઘોષયાત્રા કહી છે, જેમાં ગાંધર્વોએ દુર્યોધનને બાંધ્યો અને તેઓ તેને ત્યાંથી લઈ જતા હતા તે વખતે મંદબુદ્ધિવાળા દુર્યોધનને અર્જુને છોડાવ્યો, એ કથા છે. અહીં ધર્મરાજને મૃગનું સ્વપ્નદર્શન થતાં ત્યાંથી વળી પાંડવોનું શ્રેષ્ઠ કામ્યકવનમાં જવું થયું તે કહેલું છે. વળી વ્રીહિદ્રૌણિકનું આખ્યાન બહુ વિસ્તારથી એમાંજ કહેલું છે, તે પછી દુર્વાસાનું ઉપાખ્યાન પણ એ સ્થાનમાંજ કહેલું છે. આશ્રમમાંથી જયદ્રથે દ્રૌપદીનું હરણ કર્યું, એટલે વાયુના વેગ જેવા વેગવાળો ભીમસેન તેની પાછળ દોડ્યો અને જયદ્રથને મહાબળવાન ભીમે પાંચ શિખાવાળો કર્યો. તે પછી રામાયણનું બહુ વિસ્તારવાળું ઉપાખ્યાન પણ એ સ્થાનમાંજ કહેલું છે, જેમાં રામચંદ્રે પરાક્રમ કરીને યુદ્ધમાં રાવણને માર્યો હતો.૨૦૦ તે પછી સાવિત્રીનું ઉપાખ્યાન પણ એમાંજ કહેલું છે. તેના પછી કર્ણનાં કુંડલો ઇંદ્રે માગી લીધાં અને પ્રસન્ન થઇને તેને એક જણને મારે તેવી શક્તિ આપી, એ કહ્યું છે. તે પછી આરણેય ઉપાખ્યાન છે,જેમાં ધર્મરાજાએ પોતાના પુત્ર યુધિષ્ઠિરને ઉપદેશ આપ્યો છે. ત્યાર પછી વરદાન મેળવીને પાંડવો પશ્ચિમ દિશામાં ગયા, એ કથા છે. આ સર્વ વૃત્તાંતોવાળું ત્રીજું વન પર્વ કહ્યું છે,જેમાં બસેં ને અગણોતેર અધ્યાયો કહેલા છે તથા અગિયાર હજાર છસો ને ચોસઠ શ્લોકો શ્રીવેદવ્યાસે આ પર્વમાં કહ્યા છે.૨૦૧–૨૦૫

એના પછી વિસ્તારવાળું વૈરાટપર્વ આવે છે તે સાંભળો. પાંડવોએ વિરાટનગર આગળ જઇને શ્મશાનમાં મોટું શમીનું ઝાડ જોઈ, તેના ઉપર આયુધો મૂક્યાં. તે પછી વિરાટનગરમાં પ્રવેશ કરીને ત્યાં પાંડવો કપટવેશથી છુપા રહેવા લાગ્યા. ત્યાં દ્રૌપદીની કામના કરતા કામથી હતચિત્ત બનેલા દુષ્ટાત્મા કીચકનો ભીમસેને વધ કર્યો. તે પછી પાંડવોની શોધ કાઢવા રાજા દુર્યો-

ધને ચતુર દૂતોને સર્વ દિશાઓમાં મોકલ્યા, પરંતુ તેમને મહાત્મા પાંડવોની કયાંય ભાળ મળી નહિ. ત્યાર પછી ત્રિગર્ત દેશના યોદ્ધાઓએ આવીને પ્રથમ વિરાટરાજાની ગાયોને હરણ કરી; [૨૧૦]ત્યારે ત્રિગર્તોની સાથે વિરાટરાજાનું રોમાંચજનક યુદ્ધ થયું, તેમાં વિરાટને પકડીને ત્રિગર્તો લઈ જતા હતા, ત્યારે તેમની પાસેથી તેને ભીમસેને છોડાવ્યા અને પાંડવોએ વિરાટરાજાનું ગોધન છોડાવ્યું. તે પછી કૌરવોએ આવીને વિરાટની ગાયોને હરી લીધી, જે વખતે એકલા અર્જુને સર્વ કૌરવોને યુદ્ધમાં હરાવ્યા તથા પરાક્રમ કરીને કિરીટિએ ગોધન પાછું આણ્યું, તે વખતે વિરાટરાજાએ પોતાની પુત્રી ઉત્તરા, શત્રુનો નાશ કરનારા સુભદ્રાના પુત્ર અભિમન્યુને માટે અર્જુનને આપી. આ કથાના વિસ્તારવાળું ચોથું વિરાટ પર્વ વર્ણવ્યું છે, એમાં પરમઋષિ વેદવેત્તા વ્યાસે પૂરા સડસઠ અધ્યાય અને બે હજાર ને પચાસ શ્લોકો કહેલા છે.[૨૧૧-૨૧૯]

એના પછી પાંચમું ઉદ્યોગ પર્વ છે તે સાંભળો.જયની ઇચ્છાવાળા પાંડવો ઉપપ્લવ્યમાં રહેતા હતા ત્યારે શ્રીકૃષ્ણની પાસે દુર્યોધન અને અર્જુન બન્ને ગયા અને તેમને કહ્યું કે-'આ યુદ્ધમાં તમે અમને સહાય કરવા યોગ્ય છો.' તેમનાં વચન સાંભળીને મહામતિવાળા શ્રીકૃષ્ણે કહ્યું કે, હે પુરુષશ્રેષ્ઠો! એક તરફ યુદ્ધ ન કરતાં માત્ર સલાહકાર થઈને હું રહું અને બીજી તરફ યુદ્ધ કરે એવી એક અક્ષૌહિણી સેના આપું, એ બેમાંથી હું કોને શું આપું, તે તમે કહો. [૨૨૦] આ સાંભળીને મંદાત્મા અને દુર્બુદ્ધિવાળા દુર્યોધને સૈન્યની માગણી કરી અને અર્જુને યુદ્ધ ન કરે એવા શ્રીકૃષ્ણને મંત્રીતરિકે સ્વીકાર્યા. મદ્રદેશના રાજા શલ્ય પાંડવોના તરફ આવતા હતા, તેમને માર્ગમાંજ સેવા-સત્કારથી દુર્યોધને છેતરી નાખ્યા અને તેમણે વર આપવા કહ્યું ત્યારે દુર્યોધને વર માગ્યો કે, 'તમે મને સહાય કરો.' શલ્યરાજા તેને સહાય કરવાનું વચન આપીને પાંડવોને મળવા ગયા. જ્યાં શલ્યે શાંતિપૂર્વક ઇંદ્રવિજય કહી સંભળાવ્યો. તે પછી પાંડવોએ કૌરવોપ્રત્યે પોતાના પુરોહિતને મોકલ્યો. પાંડવોના પુરોહિતનાં વચન સાંભળીને તથા ઇંદ્રવિજયને અને પુરોહિત મોકલવાની આવશ્યકતાને સાંભળીને પ્રતાપી ધૃતરાષ્ટ્રે શાંતિની ઇચ્છાથી પાંડવોપ્રત્યે સંજયને દૂતતરિકે મોકલ્યો. [૨૨૬]

વાસુદેવને આગળ રાખી પાંડવોને ઉદ્યોગ કરતા સાંભળીને ધૃતરાષ્ટને ચિંતાથી ઉજાગરો થયો, તે વખતે વિદુરે બુદ્ધિમાન ધૃતરાષ્ટ્રને વિચિત્ર અને હિતકારી વાકયો સંભળાવ્યાં તથા સનત્સુજાતે સંતાપયુક્ત અને શોકગ્રસ્ત રાજાને ઉત્તમ અધ્યાત્મજ્ઞાન શ્રવણ કરાવ્યું. હે વિભો! તે પછી પ્રાતઃકાળે રાજસભામાં સંજયે અર્જુન તથા કૃષ્ણની એકતા કહી સંભળાવી.[૨૩૦]વળી દયાયુક્ત થયેલા મહામતિ શ્રીકૃષ્ણ સંધિની ઇચ્છાથી શાંતિ કરવા પોતેજ હસ્તિનાપુરમાં આવ્યા અને ઉભય પક્ષની શાંતિને માટે હિતકારક યાચના કરવા લાગ્યા; પરંતુ શ્રીકૃષ્ણને રાજા દુર્યોધને તેમ કરવા ચોખ્ખી ના પાડી.એજ સ્થાનમાં દંભોદ્ભવનું આખ્યાન કહ્યું છે તથા મહાત્મા માતલિનું વર ખોળવા નીકળવું, એ કથા છે. તે પછી ગાલવ મહર્ષિનું ચરિત્ર કહ્યું છે. ત્યાર પછી વિદુલાનો પુત્રપ્રત્યે ઉપદેશ વર્ણવ્યો છે. તેના પછી કર્ણ તથા દુર્યોધન વગેરેનો દુષ્ટ વિચાર જાણીને શ્રીકૃષ્ણે રાજસભામાંજ યોગેશ્વરપણું પ્રકટ કર્યું છે. તે પછી શ્રીકૃષ્ણે કર્ણને પોતાના રથમાં બેસાડીને ભેદપૂર્વક કેટલીએક સમજાવટ કરી, પરંતુ કર્ણે ગર્વથી તેમ કરવાને ના પાડી. તે પછી શત્રુને દમનારા શ્રીહરિએ હસ્તિનાપુરથી ઉપપ્લવ્યમાં આવીને પાંડવોને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે શત્રુને તાપ આપનારા પાંડવો શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને પોતાના હિતને માટે વિચાર કરી સઘળી સંગ્રામની સામગ્રીઓ સજ્જ કરવા લાગ્યા. તે પછી યુદ્ધને માટે નર, અશ્વ, રથ અને હાથીઓવાળી સેના હસ્તિનાપુર નગરથી નીકળવા લાગી અને સેનાની ગણત્રી કરી, એ કથા આવે છે. ત્યાર પછી રાજા દુર્યોધને મહાયુદ્ધને આગલે દિવસે ઉલકને દૂતતરીકે પાંડવોપ્રતિ મોકલ્યો, એ કથા છે. તે પછી રથી અતિ-

રથીની ગણત્રી આવે છે અને છેવટે અંબાનું ઉપાખ્યાન કહ્યું છે. આ બહુ વૃત્તાંતવાળું ભારતમાં પાંચમું ઉદ્યોગ પર્વ છે.[૨૪૦] એમાં એકસો છયાશી અધ્યાય અને છ હજાર છસો ને અઠ્ઠાણું શ્લોકો કહ્યા છે. હે તપોધનો ! ઉદારબુદ્ધિવાળા મહર્ષિ વ્યાસે સંધિ અને વિગ્રહથી મિશ્ર એવું આ ઉદ્યોગ પર્વ કહ્યું છે. [૨૪૧–૨૪૩]

એના પછી વિચિત્ર અર્થવાળું ભીષ્મ પર્વ કહેવાય છે. તેમાં સંજયે જંબુખંડની રચના વર્ણવી છે. વળી તેમાં યુધિષ્ઠિરનું સૈન્ય પરમ ખેદ પામ્યું એ કથા છે. તે પછી અર્જુનને મમતાથી થયેલા વિષાદનો મોક્ષદર્શક હેતુઓવડે મહામતિ શ્રીકૃષ્ણે નાશ કર્યો, એ કથા છે. ત્યાર પછી દારુણ ભયંકર યુદ્ધ દશ દિવસ થયું તે વર્ણવ્યું છે. અર્જુનની મંદતા અને ભીષ્મનું દુર્જયપણું જોઇને યુધિષ્ઠિરના હિતમાં તત્પર એવા ઉદાર બુદ્ધિવાળા શ્રીકૃષ્ણ પોતે હાથમાં ચાબુક લઈને રથમાંથી કૂદી નિર્ભરપણાથી ભીષ્મને મારવા વેગથી દોડ્યા. તે પછી ચાબુકના જેવી વાણીના પ્રહારવડે શ્રીકૃષ્ણે સતેજ કરેલા મહાધનુર્ધારી તથા સર્વશસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા ગાંડીવધન્વા અર્જુને, યુદ્ધમાં શિખંડીને આગળ કરી તીવ્ર બાણો મારીને ભીષ્મને રથમાંથી પાડ્યા[૨૫૦] અને ભીષ્મે બાણશય્યામાં શયન કર્યું. આ કથાના વિસ્તારવાળું ભારતમાં છઠ્ઠું ભીષ્મ પર્વ કહ્યું છે. એ ભીષ્મ પર્વમાં વેદવેત્તા વ્યાસજીએ એકસો ને સત્તર અધ્યાય તથા પાંચ હજાર આઠસો ને ચોર્યાશી શ્લોકો કહ્યા છે. [૨૫૧–૨૫૩]

તેના પછી બહુ વૃત્તાંતવાળું વિચિત્ર દ્રોણપર્વ છે. એમાં દ્રોણાચાર્યનો સેનાપતિપદમાં અભિષેક કરવામાં આવે છે. તે પછી દુર્યોધનને રાજી કરવા મહાન અસ્ત્રવેત્તા દ્રોણાચાર્ય પાંડુના બુદ્ધિમાન પુત્ર ધર્મરાજાને પકડી આપવા પ્રતિજ્ઞા કરે છે. એમાંજ સંશપ્તક યોદ્ધાઓ અર્જુનને યુદ્ધભૂમિથી દૂર લઈ ગયા, એ કથા છે. તે પછી યુદ્ધમાં ઇંદ્રના જેવા પરાક્રમી મહારાજા ભગદત્તને તેના સુપ્રતીક નામના હાથીની સાથે અર્જુન મારે છે. ત્યાર પછી જયદ્રથ વગેરે ઘણા મહારથીઓ મળીને શૂરવીર, અને યૌવન પણ જેને પ્રાપ્ત ન થએલું એવા, એકલા પડી ગયેલા બાળક અભિમન્યુને મારે છે. અભિમન્યુના મરણથી ક્રોધ પામેલા અર્જુને યુદ્ધમાં સાત અક્ષૌહિણી સેનાનો નાશ કરીને રાજા જયદ્રથને મારી નાખ્યો. તે વખતે યુધિષ્ઠિર રાજાની આજ્ઞાથી મહાબાહુ ભીમસેન અને મહારથી સાત્યકિ, દેવોથી પણ પરાભવ ન પામે એવી કૌરવી સેનામાં અર્જુનને ખોળવા પેઠા હતા. [૨૬૦] ત્યાંથી નીકળ્યા પછી અર્જુને, ઉદાર મનવાળી નવકોટી સંશપ્તક યોદ્ધાઓને યમલોકમાં પહોંચાડી દીધા અને યુદ્ધમાં બાકી રહેલા સંશપ્તકોને પૂરા કર્યા. વળી એ પર્વમાં ધૃતરાષ્ટ્રના પુત્રો, પથ્થરથી લડનારા નારાયણો, યુદ્ધમાં વિચિત્ર યુદ્ધ કરનારા ગોપાલો, અલંબુષ, શ્રુતાયુ, વીર્યવાન જલસંધ, ભૂરિશ્રવા, વિરાટ, મહારથ દ્રુપદ અને ઘટોત્કચ વગેરે બીજા કેટલાક યોદ્ધાઓ નાશ પામ્યા, એ કથા છે. જ્યારે યુદ્ધમાં દ્રોણાચાર્ય પડ્યા ત્યારે ક્રોધ પામેલા અશ્વત્થામાએ ઉગ્ર એવું નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું. તે પછી રુદ્રનું ઉત્તમ એવું અગ્નિસંબંધી માહાત્મ્ય કહ્યું છે. વ્યાસનું ત્યાં આગમન તથા શ્રીકૃષ્ણ અને અર્જુનનું માહાત્મ્ય વર્ણવ્યું છે. ભારતમાં આ સાતમું મહાન દ્રોણ પર્વ કહ્યું છે. એ દ્રોણ પર્વમાં શૂરવીર અને પુરુષોમાં શ્રેષ્ઠ એવા પ્રસિદ્ધ રાજાઓ ઘણેભાગે નાશ પામ્યા છે. એ પર્વમાં એકસો ને સિત્તેર અધ્યાય તથા આઠ હજાર નવસો ને નવ શ્લોકો તત્ત્વદર્શી પરાશરના પુત્ર વ્યાસમુનિએ વિચાર કરીને વર્ણવ્યા છે. [૨૬૯]

એના પછી પરમ અદ્‌ભુત કર્ણપર્વ કહેવાય છે.[૨૭૦] તેમાં મદ્રદેશના બુદ્ધિમાન રાજા શલ્યનો કર્ણે સારાથપણામાં નિયોગ કર્યો; તે પછી ત્રિપુરપતનનું પૌરાણિક આખ્યાન કહ્યું છે. ત્યાર પછી યુદ્ધમાં જતી વખતે કર્ણ તથા શલ્યનો કઠોર સંવાદ વર્ણવ્યો છે. ત્યાંજ આક્ષેપયુક્ત હંસ તથા કાગડાનું આખ્યાન કહ્યું છે. તે પછી મહાત્મા અશ્વત્થામાના હાથથી પાંડ્યરાજાનો નાશ તથા દંડસેન અને દંડનો વધ કહ્યો છે. વળી કર્ણે બેરે દ્વૈરથ યુદ્ધ કરતાં સર્વ ધનુર્ધારીઓના દેખતાં ધર્મ-

રાજ યુધિષ્ઠિરની સંશયગ્રસ્ત દશા કહી છે. તે પછી યુધિષ્ઠિર અને અર્જુનનો પરસ્પર ક્રોધ વર્ણવ્યો છે, જેમાં શ્રીકૃષ્ણે અર્જુનને શાંત કર્યો એ કથા છે. તે પછી પૂર્વની પ્રતિજ્ઞાપ્રમાણે ભીમસેને યુદ્ધમાં દુઃશાસનનું હૃદય ચીરીને રુધિર પીધું તથા દ્વૈરથ-યુદ્ધમાં અર્જુને કર્ણને માર્યો, એ કથા છે. આ સર્વ વૃત્તાંતવાળું આઠમું કર્ણપર્વ છે, એમ ભારતચિંતકો કહે છે. એમાં અગણોતેર અધ્યાય અને ચાર હજાર નવસેં ને ચોસઠ શ્લોકો કહ્યા છે.[૨૭૮]

હવે પછી વિચિત્ર અર્થવાળું શલ્યપર્વ આવે છે. એમાં, મુખ્ય વીરો જેમાં હણાઈગએલા એવી સેનાના શલ્યરાજા સેનાપતિ થયા, એ કથા છે. પછી કૌમાર આખ્યાન અને અભિષેકાક્રિયા આવે છે.[૨૮૦] તે પછી રથીઓનાં થયેલાં યુદ્ધો ક્રમવાર વર્ણવ્યાં છે તથા કુરુમુખ્યોનો વિનાશ, એ શલ્યપર્વમાં કહ્યો છે. તે પછી મહાત્મા ધર્મરાજાથી શલ્યનો નાશ અને યુદ્ધમાં સહદેવના હાથથી શકુનિનો વધ વર્ણવેલો છે. જ્યારે ઘણુંખરૂં સૈન્ય મરણ પામ્યું અને કંઈક ભાગેજ બાકી રહ્યું, ત્યારે દુર્યોધન હ્રદમાં પ્રવેશ કરીને જળનું સ્તંભન કરી તેમાં સંતાઈ રહ્યો. એ વાત પારધિઓએ આવીને ભીમસેનને કહી, એટલે પાંડવો ત્યાં ગયા અને બુદ્ધિમાન ધર્મરાજાનાં આક્ષેપયુક્ત વચનથી અત્યંત અસહનતાવાળો દુર્યોધન પાણીમાંથી બહાર નીકળ્યો તથા તેણે ભીમસેનસાથે ગદાયુદ્ધ કરવા માંડ્યું. જ્યારે એ યુદ્ધ ચાલતું હતું, ત્યારે ત્યાં બલરામ આવી પહોંચ્યા અને તેમણે સરસ્વતી તથા તીર્થોની પવિત્રતાનું વર્ણન કર્યું. આ સ્થાનમાંજ તુમુલ ગદાયુદ્ધ વર્ણવ્યું છે કે જે યુદ્ધમાં ભીમસેને ભયંકર વેગવાળી ગદાથી દુર્યોધનની સાથળો ભાગી નાખી. આ અદ્ભુત અર્થવાળું નવમું શલ્યપર્વ છે. એમાં ઓગણસાઠ અધ્યાય અને ત્રણ હજાર બસેં ને વીસ શ્લોકો, કૌરવોના યશને વધારનારા મુનિએ વર્ણવ્યા છે.[૨૯૦]

એના પછી દારુણ એવું સૌપ્તિકપર્વ કહું છું. પાંડવોના ગયા પછી સંધ્યાકાળે જંઘા ભાગવાથી પડેલા ક્રોધી રાજા દુર્યોધનની પાસે ત્રણ મહારથીઓ કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા આવ્યા અને તે બધાએ સંગ્રામભૂમિમાં લોહીલુહાણ થઈને પડેલા દુર્યોધનને દીઠો, કે તરત ત્યાં દૃઢ ક્રોધવાળા મહારથી અશ્વત્થામાએ પ્રતિજ્ઞા કરી કે, "ધૃષ્ટદ્યુમ્ન જેમાં મુખ્ય છે એવા સર્વ પંચાલો તથા પ્રધાનોની સાથે સર્વ પાંડવોને મારૂં નહિ, ત્યાંસુધી હું કવચ ઉતારીશ નહિ." આ પ્રમાણે દુર્યોધન રાજાને કહીને તે ત્રણે મહારથીઓ ત્યાંથી નીકળીને સૂર્યાસ્ત થતી વખતે મહાવનમાં ગયા અને ત્યાં એક મોટા વડના ઝાડની નીચે બેઠા. પછી તેઓએ ત્યાં રાત્રિમાં એક ઘુવડને ઘણા કાગડાઓને મારતો જોયો, તે જોઈને પોતાના પિતાના વધને સ્મરણ કરતા ક્રોધે ભરાયલા અશ્વત્થામાએ સૂતેલા પંચાલ યોદ્ધાઓનો વધ કરવા વિચાર કર્યો. ત્યાંથી તે પાંડવોની છાવણીના દરવાજા આગળ ગયા. ત્યાં તેમણે ગગનમંડળસુધી જેનો દેહ પહોંચેલો એવા ભયંકર રૂપવાળા અને જેનાતરફ જોઈ ન શકાય એવા રાક્ષસને જોયો; અને તેનાથી પોતાનાં અસ્ત્રો નિષ્ફળ થતાં જોઇને અશ્વત્થામાએ સત્વર ત્રિનેત્રધારી રુદ્રનું આરાધન કર્યું. પછી રાત્રે વિશ્વાસથી સૂતેલા ધૃષ્ટદ્યુમ્ન પ્રભૃતિ સપરિવાર પાંચાલોનો તથા દ્રૌપદીના સર્વ પુત્રોનો કૃતવર્મા અને કૃપાચાર્યની સાથે મળીને અશ્વત્થામાએ વધ કર્યો, જેમાં શ્રીકૃષ્ણના બળના આશ્રયથી પાંચ પાંડવો અને મહાધનુર્ધારી સાત્યાક બચી ગયા તથા બાકી બધાનો નાશ થઈ ગયો.[૩૦૧]

પછી દ્રોણના પુત્ર અશ્વત્થામાએ સૂતેલા પાંચાલોનો વધ કર્યો એ ખબર ધૃષ્ટદ્યુમ્નના સારથીએ પાંડવોને કહી. એ સાંભળીને પુત્રશોકથી આર્ત થયેલાં અને પિતા તથા ભાઈઓના વધથી પીડાએલાં દ્રૌપદી, પોતાના પતિઓની આગળ હઠથી નિરાહાર રહેવાનો સંકલ્પ કરી બેઠાં, ત્યારે દ્રૌપદીનાં વચનથી ભયંકર પરાક્રમી બળવાન ભીમસેન, મહાન કોપ કરીને દ્રૌપદીને પ્રસન્ન કરવામાટે ગદા ઉપાડીને દ્રોણગુરુના પુત્રની પાછળ દોડ્યો. જે વખતે ભીમસેનના ભયથી અને દૈવની પ્રેરણાથી અશ્વત્થામાએ ક્રોધ કરીને 'પાંડવોના વિનાશને માટે આ અસ્ત્ર ફેંકું

ક્ષુ" કહીને અસ્ત્ર છોડયું. તેજ વખતે શ્રીકૃષ્ણે 'એમ ન થાય' એવું કહીને તેના તે વચનને શાંત કર્યું. અને અર્જુને પોતાના અસ્ત્રથી તેના અસ્ત્રને શમાવી દીધું. પાપાત્મા અશ્વત્થામાની દ્રોહબુદ્ધિ જોઇને વ્યાસે અશ્વત્થામાને શાપ દીધો એટલે અશ્વત્થામાએ પાછો તેમને શાપ દીધો. આમ પરસ્પર શાપ દેવામાં આવ્યા. પછી મહારથી દ્રોણના પુત્ર પાસેથી મણિ લઇને હર્ષથી દ્રૌપદીને આપ્યો. આ દશમું સૌપ્તિકપર્વ કહ્યું છે. મહાત્માઓનાં ચારત્રવાળા આ પર્વમાં અઢાર અધ્યાય અને આઠસો ને સિત્તેર શ્લોકો બ્રહ્મવાદી મુનિએ વર્ણવ્યા છે.[૩૧૦] વળી આ પર્વમાં ઉત્તમ તેજવાળાં સૌપ્તિક અને એષીક બે પર્વ ઋષિએ જોડી દીધાં છે.[૩૧૧]

એના પછી કરુણાનો ઉદય કરનારૂં સ્ત્રીપર્વ કહેલું છે. તેમાં પુત્રશોકથી સંતપ્ત થયેલા અને ભીમસેનના ઉપર દ્વેષબુદ્ધિવાળા આંધળા ધૃતરાષ્ટ્ર રાજાએ શ્રીકૃષ્ણે આણેલી મજબૂત લોઢાની પ્રતિમાને ભીમ જાણી બાથમાં ઘાલીને ભાંગી નાખી. ત્યારપછી શોકવડે તપી ઉઠેલા બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર રાજાનું વિદુરે બુદ્ધિવડે સંસારની ગહનતા દર્શાવનારા તથા મોક્ષદર્શક હેતુઓવડે આશ્વાસન કર્યું. ત્યારપછી શોકાર્ત થયેલા ધૃતરાષ્ટ્રરાજા અંતઃપુરની સ્ત્રીઓને સાથે લઈ કૌરવોની રણભૂમિમાં ગયા, એ કથા કહી છે. ત્યાં વીરપત્નીઓનો અત્યંત કરુણાજનક વિલાપ તથા ગાંધારી અને ધૃતરાષ્ટ્રનો ક્રોધાવેશ અને મૂર્છા વર્ણવેલાં છે. વળી ત્યાં ક્ષત્રિયાણીઓએ શૂરવીર અને સંગ્રામમાં પાછી પાની ન કરનારા એવા પોતાના પિતા, પુત્રો, ભાઈઓ વગેરેને હણાઈ પડેલા જોયા. તે પછી પુત્રો તથા પૌત્રોના વધથી પીડિત થયેલી ગાંધારીનો ક્રોધ શ્રીકૃષ્ણે શાંત કર્યો,એ કથા છે. ત્યાર પછી સર્વ ધર્મધારીઓમાં શ્રેષ્ઠ અને મહા બુદ્ધિમાન યુધિષ્ઠિર રાજાએ, મરણ પામેલા રાજાઓનાં શરીરોને શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિસંસ્કાર કરાવ્યો. જ્યારે રાજાઓને ઉદકદાન કર્મમાં તિલાંજલિ આપવા માંડી ત્યારે કુંતીએ, કર્ણ પોતાનો ગુપ્ત રીતે ઉત્પન્ન થયેલો પુત્ર છે એ વાત કહી સંભળાવી, એ કથા છે. શોક તથા વિહ્વલતાનું કારણભૂત અને સજ્જનોના મનને વિકલ કરી અશ્રુ પ્રવર્તાવનારૂં, આ અગીઆરમું સ્ત્રીપર્વ છે. એ પર્વમાં સત્તાવીસ અધ્યાય કહ્યા છે અને સાતસો ને પંચોતેર શ્લોકો બુદ્ધિમાન વ્યાસે ભારતના આ આખ્યાનમાં વર્ણવ્યા છે.[૩૧૯-૩૨૪]

એ પછી બુદ્ધિને વધારનારૂં બારમું શાંતિપર્વ છે. એમાં પિતાઓ, પુત્રો, ભાઇઓ, સંબંધીઓ અને મામાઓ વગેરેનો નાશ કરાવીને ધર્મરાજા યુધિષ્ઠિરને ઘણું દુઃખ ઉત્પન્ન થયું, ત્યારે બાણશય્યામાં સૂતેલા ભીષ્મપિતામહે નાનાવિધ ધર્મો વર્ણવ્યા; જેમાં કહેલા રાજધર્મો રૂડાં જ્ઞાનની ઈચ્છાવાળા રાજાઓએ જાણવાયોગ્ય છે. વળી તેમાં કાળના હેતુને પ્રદર્શિત કરનારા આપદ્ધર્મો કહ્યા છે, જે ધર્મોને સારી રીતે જાણવાથી પુરુષ કાર્ય-અકાર્યના વિભાગને સમજનારો થાય છે. તે પછી બહુ વિસ્તારવાળા વિચિત્ર મોક્ષધર્મો કહેલા છે. પ્રાજ્ઞજનોને પ્રિય એવું એ બારમું પર્વ કહ્યું છે. હે તપોધનો ! એ પર્વમાં ત્રણસો ને ઓગણત્રીસ અધ્યાયો અને ચૌદ હજાર સાતસો ને બત્રીસ શ્લોકો કહ્યા છે.[૩૨૫-૩૩૦]

એના પછી ઉત્તમ અનુશાસન પર્વ આવે છે,જેમાં ભાગીરથીના પુત્ર ભીષ્મપિતામહથી ધર્મનો નિશ્ચય સાંભળીને કુરુરાજ યુધિષ્ઠિર સ્વસ્થ થયા, એ કથા છે. એમાં ધર્મ તથા અર્થસંબંધી સમગ્ર વ્યવહાર વર્ણવ્યો છે અને વિવિધ પ્રકારનાં દાનોના ફલયોગનું વર્ણન કર્યું છે, કે જેમાં દાન આપવાયોગ્ય ઉત્તમ પાત્રોનું વર્ણન, દાનોનો ઉત્તમ વિધિ, આચારવિધિ, સત્યની પરાકાષ્ઠા, બ્રાહ્મણો અને ગાયોનું માહાત્મ્ય તથા દેશકાલાનુસાર ધર્મોનું રહસ્ય વર્ણવ્યું છે. આ બહુ વૃત્તાંતવાળું અનુશાસન પર્વ ઉત્તમ છે. એ પર્વમાંજ ભિષ્મપિતામહની સ્વર્ગપ્રાપ્તિ વર્ણવી છે. આ ધર્મનું નિશ્ચય કરાવનારૂં તેરમું પર્વ છે, જેમાં એકસો છેતાળીસ અધ્યાય અને આઠ હજાર શ્લોકો કહ્યા છે.[૩૩૧-૩૩૭]

એના પછી ચૌદમું આશ્વમેધિક નામનું પર્વ કહ્યું છે, જેમાં સંવર્તમરુત્તનું અ[illegible]

આખ્યાન વર્ણવેલું છે. તે પછી યુધિષ્ઠિરને સુવર્ણ-ભંડારની પ્રાપ્તિ, પરીક્ષિતનો જન્મ અને અશ્વ-ત્થામાના અસ્ત્રાગ્નિથી પૂર્વે દગ્ધ થયેલા પરીક્ષિત-નું પુનર્જીવન વર્ણવ્યું છે. ત્યાર પછી પાંડવોએ રક્ષણસાથે યજ્ઞના અશ્વને પૃથ્વીપર્યટનમાટે છોડ્યો અને ઠેકઠેકાણે ક્રોધી રાજપુત્રોની સાથે થયેલાં યુદ્ધો વર્ણવ્યાં છે. તેમાં ચિત્રાંગદ રાજાની પુત્રિકાધર્મથી અર્જુનને આપેલી પુત્રીના પુત્ર બભ્રુવાહન જોડે યુદ્ધ કરતાં અર્જુનને પ્રાણાંત સ્થિતિ જણાઇ, એ કથા છે તથા મહાન અશ્વ-મેધ યજ્ઞમાં નોળિયાનું આખ્યાન વર્ણવ્યું છે. આ મહાન અને અદ્ભુત કથાવાળું આશ્વમેધિક પર્વ કહ્યું છે. એમાં એકસો ને ત્રણ અધ્યાય અને ત્રણ હજાર ત્રણસો ને વીસ શ્લોકો તત્ત્વદર્શી મુનિએ વર્ણવ્યા છે.[૩૩૮–૩૪૪]

તે પછી પંદરમું આશ્રમવાસ નામનું પર્વ છે. એમાં રાજ્યનો ત્યાગ કરીને ધૃતરાષ્ટ્રરાજા ગાંધારી તથા વિદુરની સાથે આશ્રમવાસ કરવા જાય છે એ કથા છે. તેમને જતા જોઈને વડી-લોની સેવામાં તત્પર એવાં કુંતી પણ પુત્રના રાજ્યને ત્યજીને તેમની પાછળ જાય છે. ત્યાં વ્યાસમુનિની દયાથી ધૃતરાષ્ટ્ર રાજાએ, પોતાના મૃત્યુ પામેલા પુત્રો–પૌત્રો અને પરલોકમાં ગયેલા બીજા વીર રાજાઓને પાછા આવેલા જોયા. આ અનુત્તમ આશ્ચર્ય જોઈને, શોક ત્યજી દઈ, ગાંધા-રીની સાથે તેઓ પરમગતિ પામ્યા તથા વિદુર પણ ધર્મનો આશ્રય કરીને સદ્ગતિ પામ્યા. તે પછી વિદ્વાન અને જિતેંદ્રિય એવો ગવલ્ગ-ણનો પુત્ર સંજય પણ પ્રધાનોની સાથે પરમગતિ પામ્યો. ત્યાર પછી ધર્મરાજ યુધિષ્ઠિરે નારદમુ-નિનાં દર્શન કર્યાં[૩૫૦] અને નારદના મુખથી યદુઓનો મહાન સંહાર સાંભળ્યો. આ કથાઓ-વાળું મહાન અદ્ભુત આ આશ્રમવાસ નામનું પર્વ કહ્યું છે. એમાં તત્ત્વદર્શી મુનિએ બેતાલીસ અધ્યાય અને એક હજાર પાંચસો ને છ શ્લોકો વર્ણવ્યા છે.[૩૫૨]

એના પછી દારુણ મૌસલ પર્વ છે તે તમે સાંભળો. બ્રહ્મશાપથી હણાયલા અને દૈવથી પ્રેરા-યલા પુરુષવ્યાઘ્ર યાદવો, મદ્યપાનના સ્થાનમાં જઈ, મદિરાને આધીન થઈ, ખારા સમુદ્રની આગળ, શસ્ત્રના પ્રહારથી અને એરકારૂપી વજ્રથી પરસ્પરને હણીને નાશ પામ્યા એ કથા છે. પછી સર્વનો ક્ષય કરીને બલરામ તથા શ્રીકૃષ્ણ પણ સર્વને હરણ કરનારા કાલને ઉલ્લંઘન ન કરતાં તેને આધીન થયા. તે પછી પુરુષોમાં શ્રેષ્ઠ એવો અ-ર્જુન દ્વારકામાં આવી તેને યાદવો વિનાની જોઇને ખિન્ન થઈ ગયો તથા પરમ દુઃખી થયો. ત્યાં તેણે પુરુષોમાં શ્રેષ્ઠ એવા પોતાના મામા વસુદે-વને અગ્નિસંસ્કાર કર્યો અને ત્યાંથી મદ્યપાનના સ્થાનમાં આવી યદુવીરોનો પરસ્પર થયેલો સંહાર જોયો. તે પછી મહાત્મા બલરામ તથા કૃષ્ણનાં શરીરને તથા મુખ્ય મુખ્ય યાદવોનાં શરીરોને તેણે અગ્નિસંસ્કાર કર્યો. તે પછી દ્વાર-કામાં રહેલા વૃદ્ધજનો, બાલકો અને સ્ત્રીઓને લઈને હસ્તિનાપુર જતાં માર્ગમાં તે કષ્ટકારક આપત્તિમાં આવી પડ્યો.[૩૬૦] તે વખતે તેણે ગાંડીવ-ધનુષનો પરાભવ, દિવ્ય અસ્ત્રોનું વિસ્મરણ, યાદવ સ્ત્રીઓની ભ્રષ્ટતા અને પોતાના પ્રભાવની અનિત્યતા જોઈ. આ સર્વ જોઈને અર્જુન બહુ ખિન્ન થયો અને વ્યાસનાં વાક્યથી પ્રેરાયલા અર્જુને ધર્મરાજાની પાસે આવીને રાજ્ય ત્યાગ કરવાની રુચિ દર્શાવી. આ વૃત્તાંતવાળું સોળમું મૌસલ પર્વ કહ્યું છે. એમાં તત્ત્વદર્શી મુનિએ આઠ અધ્યાય અને ત્રણસો ને વીસ શ્લોકો રચ્યા છે.[૩૬૧–૩૬૩]

એના પછી સત્તરમું મહાપ્રસ્થાનિક પર્વ કહ્યું છે. જેમાં પુરુષશ્રેષ્ઠ પાંડવો રાજ્યનો ત્યાગ કરીને દ્રૌપદીની સાથે દેહત્યાગને માટે ઉત્તર દિશામાં મહાપ્રસ્થાને નિકળ્યા એ કથા છે. ત્યાં લૌહિત્ય સમુદ્ર આગળ આવતાં તેમણે અગ્નિનાં દર્શન કર્યાં અને અગ્નિ દેવની પ્રેરણાથી અર્જુને સન્મા-નપૂર્વક તે મહાત્માને દિવ્ય અને ઉત્તમ એવું ગાંડીવધનુષ આપી દીધું. તે પછી ભાઇઓને તથા દ્રૌપદીને એક પછી એક પડતાં જોઇને, તેમને છોડીને તથા તેમના તરફ દૃષ્ટિ પણ ન કરતાં યુધિષ્ઠિર રાજા આગળજ ચાલ્યા ગયા એ કથા

છે. આ સત્તરમું મહાપ્રસ્થાનિક પર્વ છે. એમાં તત્ત્વદર્શી વ્યાસે ત્રણ અધ્યાય અને ત્રણસો ને વીસ શ્લોકો રચ્યા છે.[૩૬૪–૩૬૯]

એના પછી દિવ્ય અને અમાનુષ એવું સ્વર્ગ પર્વ છે. જેમાં પોતાને માટે સ્વર્ગથી આવેલા દૈવી રથમાં મહાપ્રાજ્ઞ યુધિષ્ઠિરે દયાળુપણાથી પોતાની સાથે આવતા કૂતરા વિના બેસવાની ઇચ્છા કરી નહિ. આ તેમની ધર્મમાં અવિચળ શ્રદ્ધા જોઇને, ધર્મરાજે તે કૂતરાનું રૂપ ત્યજી દીધું અને પોતે ધર્મરૂપથી પ્રકટ થયા. પછી તેમની સાથે યુધિષ્ઠિરરાજા સ્વર્ગમાં ગયા. તે પછી દેવદૂતે તેમને નરક તથા વિપુલ યાતનાઓ દેખાડી. જ્યાં ધર્માત્મા યુધિષ્ઠિરે, પોતાના ભાઇઓની દીનતાભરેલી વાણી સાંભળી.[૩૭૦–૩૭૩] તે પછી ધર્મરાજાએ અને દેવરાજે પોતાની આજ્ઞામાં રહેનારા પાપીઓનો યાતના પ્રદેશ યુધિષ્ઠિરને દેખાડ્યો અને સૂચવ્યું કે, ઐશ્વર્યનું સુખ આવાં ફળવાળું છે. તે પછી ધર્મરાજ આકાશગંગામાં સ્નાન કરી, મનુષ્ય શરીરને છોડી દિવ્ય દેહથી સ્વધર્મવડે મેળવેલા સ્વર્ગસ્થાનમાં ગયા અને ઇંદ્રસાથે સર્વ દેવોથી પૂજાતા તેઓ તેમની સાથે આનંદ પામ્યા. બુદ્ધિમાન વ્યાસે આ અઢારમું પર્વ કહ્યું છે. હે તપરૂપી ધનવાળા ઋષિઓ ! એ પર્વમાં મહાત્મા પરમર્ષિએ પાંચ અધ્યાય અને બસો ને નવ શ્લોકો વર્ણવ્યા છે.[૩૭૭]

આ પ્રમાણે મહાભારતનાં પૂરાં અઢાર પર્વ થાય છે અને ભારતના ખિલ ભાગમાં હરિવંશ તથા ભવિષ્ય પર્વ કહેલાં છે. એ ખિલસંજ્ઞક હરિવંશમાં મહર્ષિ વ્યાસે બાર હજાર શ્લોકો કહ્યા છે. આ રીતે ભારતના પર્વોનો સંગ્રહ મેં તમને કહી સંભળાવ્યો.[૩૭૮–૩૮૦]

કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવાની ઇચ્છાથી અઢાર અક્ષૌહિણી સેના એકઠી થઇ હતી અને અઢાર દિવસ સુધી તે મહા દારુણ યુદ્ધ થયું હતું. અંગો અને ઉપનિષદોની સાથે ચારે વેદોને જે પુરુષ ભણે, છતાં આ આખ્યાન જાણતો ન હોય તો તે વિચક્ષણ થાય નહિ. અમિત બુદ્ધિવાળા વ્યાસે આ અર્થશાસ્ત્ર કહ્યું છે, આ મહાન ધર્મશાસ્ત્ર વર્ણવ્યું છે અને આ કામશાસ્ત્ર કહ્યું છે. જેમ પુરુષને કોકિલનો મીઠો સ્વર સાંભળ્યા પછી કાગડાનો કઠોર સ્વર રુચે નહિ તેમ આ ઉપાખ્યાન સાંભળ્યા પછી બીજું સાંભળવું રુચે નહિ. જેમ પંચ મહાભૂતથી અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવની રચના થાય છે તેમ આ ઉત્તમ ઇતિહાસથી કવિતા કરવાયોગ્ય બુદ્ધિવાળા થવાય છે. હે દ્વિજો ! જેમ અંતરિક્ષમાં ચાર પ્રકારની પ્રજા રહેલી છે તેમ આ આખ્યાનના વિષયોમાં પુરાણો રહેલાં છે. જેમ સમસ્ત ઇંદ્રિયોની વિવિધ ક્રિયાઓ મનને આધીન છે તેમ લૌકિકી અને વૈદિકી ક્રિયાઓ તથા તેનાં ફલનાં સાધનોના આધારરૂ આ આખ્યાન છે. જેમ આહાર વિના શરીર પણ રહી શકતું નથી તેમ આ આખ્યાનના આશ્રય વિના બીજી કથાઓ આ પૃથ્વીમાં હોઇ શકે નહિ. જેમ ઉદયની ઇચ્છાવાળા સેવકો કુલીન સ્વામીને સેવે છે, તેમ સર્વ કવિવરો આ આખ્યાનની છાયા લઇને પોતાનાં કાવ્યો રચે છે. જેમ ઉત્તમ ગૃહસ્થાશ્રમ કરતાં બીજા ત્રણ આશ્રમો શ્રેષ્ઠ ગણાય નહિ, તેમ આ કાવ્યથી શ્રેષ્ઠ કાવ્ય રચવાને કોઇ કવિઓ સમર્થ નથી.[૩૯૦] હે સજ્જનો ! તમારી બુદ્ધિ નિરંતર સાવધાનપણાથી ધર્મમાં તત્પર રહો, કારણ કે પરલોકમાં ગયેલાને માટે ધર્મજ એક બંધુ (સહાય કરનાર) છે. નિપુણ જનોએ ધન, સ્ત્રી વગેરેને સેવ્યાં હોય તોપણ તે વિશ્વાસપાત્ર થતાં નથી તથા સ્થિરતાને પણ પામતાં નથી. કૃષ્ણદ્વૈપાયનના ઓષ્ઠપુટથી નીકળેલું, સર્વ પ્રકારના શ્રેષ્ઠ જ્ઞાનનું સાધન, પુણ્યરૂપ, પવિત્ર, પાપને હરનાર અને સર્વ કલ્યાણને આપનારૂ એવું આ મહાભારત વંચાતાં જે કોઈ એનું શ્રવણ કરે, તેને પુષ્કર જળના સ્નાનની શી અપેક્ષા હોય ? કંઈ નહિ. બ્રાહ્મણ ઇંદ્રિયોવડે દિવસે જે કંઈ પાપ કરે છે, તે પાપથી સાયંસંધ્યા વખતે મહાભારતનો પાઠ કરવાવડે મુક્ત થાય છે અને રાત્રે કર્મવડે, મનવડે તથા વાણીવડે જે કંઈ પાપ કરે છે તે પાપથી પ્રાતઃસંધ્યા વખતે મહાભારતનો પાઠ કરવાવડે મુક્ત થાય છે. જે મનુષ્ય વેદવેત્તા અને બહુશ્રુત એવા બ્રાહ્મણને નિત્ય સુવર્ણનાં શીંગડાંવાળી સો ગાયો આપે છે, તેને જે પુણ્ય થાય છે; તેટલું જ પુણ્ય આ

પુણ્યરૂપ ભારતની કથા નિરંતર સાંભળનારને પ્રાપ્ત થાય છે. જેમ વિસ્તીર્ણ સમુદ્રના જળમાં નાવવડે સુખરૂપે પ્રવેશ કરી શકાય છે તેમ પ્રથમ આ **પર્વ સંગ્રહપર્વ** સાંભળવાથી, અનુત્તમ અને મહાન અર્થવાળું આ મહાભારત આખ્યાન સુખથી સમજી શકાય છે. ૩૯૬

ઇતિ શ્રીમદ્ મહાભારતમાં આદિપર્વાંતર્ગત પર્વસંગ્રહ પર્વમાં અધ્યાય ૨ જો સમાપ્ત.

સમાપ્તં પર્વસંગ્રહપર્વ.

पौष्यपर्व

અધ્યાય ૩ જો-જનમેજયને શાપ, ઉદ્દાલક વગેરેની પરીક્ષા, ઉત્તંક તથા પૌષ્યનું ચરિત્ર.

॥ सौतिरुवाच ॥

जनमेजयः पारिक्षितः सहभ्रातृभिः कुरुक्षेत्रे दीर्घसत्रमुपास्ते ॥ तस्य भ्रातरस्त्रयः श्रुतसेन उग्रसेनो भीमसेन इति ॥ तेषु तत्सत्रमुपासीनेष्वागच्छत्सारमेयः ॥ १ ॥

સૂતપુત્ર કહે છેઃ-પરિક્ષિત રાજાના પુત્ર જનમેજય પોતાના ભાઇઓની સાથે કુરુક્ષેત્રમાં ઘણો કાળ ચાલે એવો સત્ર (યજ્ઞ) કરતા હતા. તેમના શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન નામના ત્રણ ભાઈઓ હતા. તેઓ તે યજ્ઞમાં બેઠા હતા તે વખતે ત્યાં એક કુતરો આવી પહોંચ્યો. જનમેજયના ભાઇઓએ તેને ત્યાં આવેલો જોઈને માર્યો એટલે તે રડતો રડતો પોતાની માતા સરમાની પાસે ગયો. તેને રડતો જોઇને માતાએ પૂછ્યું કે, 'તું કેમ રડે છે? તને કોણે માર્યો?' આ પ્રમાણે પૂછવાથી તેણે માતાપ્રત્યે કહ્યું કે; 'જનમેજય રાજાના ભાઇઓએ મને માર્યો છે.' ત્યારે તેની માતાએ કહ્યું; 'જરૂર તેં ત્યાં કંઈ અપરાધ કર્યો હશે, જેથી તને માર્યો હશે.' તેણે ફરી માતાને કહ્યું; 'મેં કંઈ પણ અપરાધ કર્યો નથી, મેં હવિ (ચરુ વગેરે)ને જોયુંએ નથી તેમ ચાટ્યું પણ નથી. આ સાંભળીને પુત્રના દુઃખથી આર્ત બનેલી તેની માતા સરમા, જ્યાં જનમેજય રાજા પોતાના ભાઇઓની સાથે દીર્ઘસત્ર કરતો હતો તે સ્થળે આવી. પછી ક્રોધ પામેલી સરમાએ ત્યાં જનમેજયને કહ્યું કે; 'મારા પુત્રે તમારો કંઈજ અપરાધ કર્યો નથી, એણે હવિ જોયુંએ નથી તેમ ચાટ્યું પણ નથી, તો તમે એને શા માટે માર્યો?' આ સાંભળીને તેઓએ કંઇ પણ કહ્યું નહિ, એટલે સરમા બોલી કે; 'તમે અપરાધ વિનાના મારા પુત્રને માર્યો તેથી તમને અણધાર્યું ભય આવી પડશે.' આ પ્રમાણે દેવની કુતરી સરમાના કહેવાથી જનમેજયને ઘણી બીક લાગી અને તે ખિન્ન થઇ ગયા. પછી યજ્ઞની સમાપ્તિ થતાં તેઓ હસ્તિનાપુરમાં આવ્યા અને પોતાને થયેલી શાપરૂપી પાપકૃત્યાને શાંત કરે એવા યોગ્ય પુરોહિતને ખોળવામાટે પરમ યત્ન કરવા લાગ્યા. ૧૧

એક દિવસે મૃગયા કરવા નિકળેલા પરિક્ષિતના પુત્ર જનમેજય રાજાએ પોતાના અમુક દેશમાં એક આશ્રમ જોયો. તે આશ્રમમાં એક શ્રુતશ્રવા નામના ઋષિ રહેતા હતા. તેમને તપશ્ચર્યામાં પ્રીતિ વાળો એક સોમશ્રવા નામનો પુત્ર હતો. તે ઋષિપુત્રને જોઇને તેને પુરોહિત કરવા ઇચ્છતા પરિક્ષિતના પુત્ર જનમેજય રાજાએ, ઋષિની પાસે જઇ નમસ્કાર કરીને કહ્યું કેઃ-'ભગવન! આ તમારો પુત્ર મારો પુરોહિત થાય એમ કરો.' આવું કહેવાથી તેમણે જનમેજય પ્રત્યે કહ્યું કેઃ-"હે જનમેજય! મહાતપસ્વી, સ્વાધ્યાયસંપન્ન અને મારા તપોબળથી યુક્ત એવો આ મારો પુત્ર, મારાં વીર્યને પાન કરનારી સર્પિણીને પેટે ઉપ્તન્ન થયો છે. એ મહાદેવના શાપ સિવાય તમારા સર્વ શાપોને શાંત કરવા સમર્થ છે. પણ એનો એક એવો ગૂઢ નિયમ છે કે, કોઈ પણ બ્રાહ્મણ એની પાસે જે કંઈ માગે તે તેને આપે છે. જો એ નિયમ પૂરો કરવા તમારી શક્તિ હોય તો ભલે એને તમે લઇ જાઓ." ઋષિએ આ પ્રમાણે કહ્યું ત્યારે જનમેજયે તેમને કહ્યું કે; "ભગવન્! તે

તેમજ થશે.” તે પછી જનમેજય તે પુરોહિતને લઇને પોતાના નગરમાં આવ્યા અને પોતાના ભાઇઓને કહ્યું કેઃ–“ મેં આમને ઉપાધ્યાય કર્યા છે, માટે એ જે કંઇ કહે તે તમારે વગર-વિચારે કરવું.” જનમેજયના કહેવાથી તેના ભાઇઓ ઋષિની આજ્ઞાપ્રમાણે વર્તવા લાગ્યા. ભાઇઓને એવી આજ્ઞા કરીને જનમેજય રાજા તક્ષશિલા નગરીતરફ ગયા અને તે દેશને પોતાને તાબે કર્યો.[૨૦]

એ સમયમાં એક આપોદ ધૌમ્ય નામના ઋષિ હતા; તેમને ઉપમન્યુ, આરુણિ અને વેદ નામના ત્રણ શિષ્યો હતા. એક વખતે તેમાંના પાંચાલ દેશના રહેવાસી આરુણિ નામના એક શિષ્યને બોલાવીને ઉપાધ્યાયે કહ્યું કેઃ–‘વત્સ! જા, તું ક્યારડાની પાળ બાંધ.’ ઉપાધ્યાયની આજ્ઞા થતાં તે પાંચાલ્ય આરુણિ ક્યારડામાં ગયો; પરંતુ પ્રયત્ન કરવા છતાં તે ક્યારડાની તૂટેલી પાળ બાંધી શક્યો નહિ અને તેથી તેને ક્લેશ થવા લાગ્યો; છેવટે તેને ઉપાય સૂજવાથી ‘ઠીક, હું એમજ કરૂં’ એમ પોતે પોતાને કહીને તે કયારડાની તૂટેલી પાળની જગ્યાએ પોતેજ સૂઇ ગયો. આવી રીતે તેના સૂવાથી ત્યાંથી નીકળતું પાણી બંધ થયું. થોડા સમય પછી આપોદ ધૌમ્ય ઉપાધ્યાયે શિષ્યોને પૂછ્યું કે, ‘ પાંચાલ્ય આરુણિ કયાં ગયો છે?’ શિષ્યોએ ઉપાધ્યાયને કહ્યુંઃ– ભગવન્! ‘ જા, તું કયારડાની પાળ બાંધ’ એમ કહીને તમેજ તેને મોકલ્યો છેને! આ પ્રમાણે કહેવાથી ઉપાધ્યાયે શિષ્યોને કહ્યું કે, ‘ ચાલો, આપણે પણ બધા તે જ્યાં ગયો છે ત્યાં જઇએ.’ પછી શિષ્યોની સાથે ત્યાં જઇને ગુરુએ તેને બોલાવવા હાંક મારીઃ “ ઓ પાંચાલ્ય આરુણિ! તું કયાં છે? હે વત્સ! તું અહીં આવ.” ઉપાધ્યાયનું વચન સાંભળતાંજ આરુણિ તે કયારડાના બાખામાંથી એકાએક ઉઠીને ઉપાધ્યાયની પાસે આવીને ઉભો રહ્યો અને બોલ્યો કેઃ–“આ રહ્યો મહારાજ! આ ક્યારડામાંથી નીકળી જતું પાણી ન રોકાવાથી હું પોતેજ પાળની જગ્યાએ સૂતો હતો; એટલામાં આપનો શબ્દ સાંભળતાંજ તત્કાળ એ પાળ તોડીને હું આપની પાસે આવ્યો છું. આપને હું પ્રણામ કરૂં છું, આપ મને આજ્ઞા કરો, હવે હું શું કામ કરૂં?”[૩૦] શિષ્યનાં વચન સાંભળીને ઉપાધ્યાયે કહ્યું કે, “ તું ક્યારડાને ઉપરથી દારણ કરીને ઉભો થયો માટે હવે તારૂં નામ ઉદ્દાલક કહેવાશે.” આ પ્રમાણે ઉપાધ્યાયે કૃપા કરી અને કહ્યું કે “ તેં મારૂં વચન યથાર્થ રીતે પાળ્યું, તેથી તારૂં સર્વ રીતે કલ્યાણ થશે; એટલુંજ નહિ પણ તને સર્વ વેદો અને ધર્મશાસ્ત્રો ભણ્યાવિનાજ આવડશે.” આ પ્રમાણે ઉપાધ્યાયની પાસેથી વર મેળવીને ઉદ્દાલક આરુણિ પોતાના ઈષ્ટ દેશમાં ગયો.

વળી તેજ આપોદ ધૌમ્યનો બીજો શિષ્ય ઉપમન્યુ નામનો હતો. તેને ગુરુએ એક વખતે આજ્ઞા કરી કે, ‘ વત્સ! ઉપમન્યુ! તું ગાયો ચારવા જા.’ પછી ઉપાધ્યાયના વચનથી તે ગાયો ચારવા લાગ્યો. આખો દિવસ ગાયો ચરાવી સાંજે ગુરુના આશ્રમમાં આવી ગુરુને નમસ્કાર કરીને તે ઉભો રહ્યો. તેને ઉપાધ્યાયે હૃષ્ટપુષ્ટ જોયો અને બોલ્યા કે, ‘ વત્સ ઉપમન્યુ! તું શું ખાય છે કે આવો ઘણોજ જાડો થયો છે?’ તેણે ઉપાધ્યાયને કહ્યુંઃ–‘પ્રભુ! હું ભિક્ષાથી મારૂં જીવન ચલાવું છું.’ ત્યારે ઉપાધ્યાયે તેને કહ્યુંઃ–‘ મને નિવેદન કર્યા વિના હવેથી તારે ભિક્ષાનો ઉપયોગ કરવો નહિ.’ આ પ્રમાણે કહ્યાથી તે શિષ્યે ભિક્ષા લાવીને ઉપાધ્યાયને નિવેદન કરી. તે સર્વ ભિક્ષાન્ન ઉપાધ્યાયે તેની પાસેથી લઇ લીધું. પછી આજ્ઞા પ્રમાણે ઉપમન્યુ ફરી ગાયો ચારવા ગયો અને દિવસે ગાયો ચારીને સાંજે ગુરુકુળમાં આવી, તેણે ગુરુની આગળ ઉભા રહીને નમસ્કાર કર્યા. તેને ઉપાધ્યાયે પહેલાંના જેવોજ પુષ્ટ જોયો અને કહ્યું, વત્સ ઉપમન્યુ! હું તારી સર્વ ભિક્ષા લઇ લઉં છું, તો હવે તું શાથી તારો નિર્વાહ કરે છે?[૪૦] આવું પૂછવાથી ઉપમન્યુએ ઉપાધ્યાયને કહ્યું કેઃ– ‘ પ્રથમની ભિક્ષા આપને નિવેદન કરીને હું ફરીથી ભિક્ષા માગી લાવું છું અને તેવડે મારો નિર્વાહ ચલાવું છું.’ ઉપાધ્યાયે તેને કહ્યુંઃ–‘ એ તારી ગુરુવૃત્તિ ન્યાયી ગણાય નહિ, કારણ કે બે વાર ભિક્ષા લાવવાથી તું બીજા ભિક્ષાથી જીવનારા

વિદ્યાર્થીઓની વૃત્તિમાં અટકાવ કરે છે, એટલે એમ વર્તવાથી તું લોભી છે એમ ગણાય, માટે હવે તેમ કરીશ નહિ.' 'ભલે, હવે હું તેમ નહિ કરૂં' કહી ઉપમન્યુ ગાયો ચારવા ગયો. પછી ગાયો ચારીને, ગુરુગૃહમાં આવી ઉપાધ્યાયની આગળ ઉભા રહીને તેણે નમસ્કાર કર્યા. ત્યારે પણ તેને પુષ્ટ જોઇને ઉપાધ્યાયે વળી તેને કહ્યું:– 'વત્સ ઉપમન્યુ! હું તારી સર્વ ભિક્ષા લઇ લઉં છું, બીજી વાર તું ભિક્ષા લેવા જતો નથી; છતાં તું ઘણો હૃષ્ટપુષ્ટ છે, તો હવે તું શાથી વૃત્તિ ચલાવે છે?' આ પ્રમાણે પૂછયું ત્યારે ઉપમન્યુએ ઉપાધ્યાયપ્રત્યે કહ્યું કે:–' મહારાજ! આ ગાયોનું દૂધ પીને હું વૃત્તિ ચલાવું છું.' ઉપાધ્યાયે તેને કહ્યું:–' મારી આજ્ઞાવિના એ દૂધનો તું ઉપયોગ કરે છે તે યોગ્ય ગણાય નહિ' અર્થાત્ હવેથી તું દૂધ પીશ નહિ. 'બહુ સારૂં' કહી ઉપમન્યુ ગાયોનું રક્ષણ કરવા ગયો અને સાંજે પાછો ત્યાંથી ગુરુગૃહમાં આવી, ગુરુની આગળ ઉભા રહીને નમસ્કાર કર્યા. વળી એને પુષ્ટ જોઇને ઉપાધ્યાય બોલ્યા:–'વત્સ ઉપમન્યુ! તું ભિક્ષા ખાતો નથી, બીજી વાર ભિક્ષા લેવા જતો નથી, દૂધ પણ પીતો નથી; છતાં તું ઘણો પુષ્ટ જણાય છે તો હમણાં તું શાવડે નિર્વાહ કરે છે તે કહે?' આમ પૂછવાથી તેણે ઉપાધ્યાયને કહ્યું:–' મહારાજ! આ વાછરડાંઓ પોતાની માને ધાવતી વખતે ફીણ કાઢે છે, તે ફીણ પીને હું જીવું છું.' ત્યારે તેને ઉપાધ્યાયે કહ્યું, 'એ ગુણવાન વાછરડાંઓ તારા પર દયા લાવીને વધારે ફીણ કાઢે છે, એટલે એમ વર્તવાથી તું એ વાછરડાંઓની વૃત્તિને અડચણ કરે છે, માટે તારે ફીણ પણ પીવું યોગ્ય નથી.' 'ભલે હવે હું તેમ કરીશ' એમ કહીને તે ફરી ગાયો ચારવા ગયો. આ રીતે ગુરુએ નિષેધ કરવાથી ઉપમન્યુ ભિક્ષા ખાતો ન હતો, બીજી વાર ભિક્ષા માગવા જતો ન હતો, દૂધ પીતો ન હતો અને ફીણનો પણ ઉપયોગ કરતો ન હતો. એક દિવસે તેણે અરણ્યમાં ભૂખથી પીડાઇને આકડાનાં પાંદડાં ખાધાં.૫૦ એ ક્ષારવાળાં, કડવાં, તીખાં, રુક્ષ અને પચતી વખતે પેટમાં અગ્નિની જ્વાળા પ્રકટ કરે એવાં આકડાનાં પાંદડાં ખાવાથી તેની આંખો ફુટી ગઈ અને તે આંધળો થયો. આ રીતે અંધ થતાં પણ તે ગાયો પાછળ ફરવા લાગ્યો અને ફરતાં ફરતાં એ કૂવામાં પડી ગયો. જ્યારે સૂર્ય અસ્તાચલ તરફ જતાં પણ ઉપમન્યુ ઘેર આવ્યો નહિ, ત્યારે ઉપાધ્યાયે શિષ્યોને પૂછયું:–' હજીસુધી ઉપમન્યુ કેમ આવ્યો નથી?' તેઓએ કહ્યું 'તે તો ગાયો ચારવા વનમાં ગયો છે.' ઉપાધ્યાયે તેમને કહ્યું:–' મેં ઉપમન્યુને આજીવિકા સંબંધમાં ચારે તરફથી નિષેધ કર્યો છે, તેથી તેને અવશ્ય કોપ થયો હશે અને તેથીજ તે આટલું મોડું થતાં પણ હજી આવ્યો નથી, માટે આપણે તેને ખોળવા જઈએ' એમ કહીને ગુરુ શિષ્યોને સાથે લઈ અરણ્યમાં ગયા અને ત્યાં જઈ તેને બોલાવવા હાંક મારી. 'હે ઉપમન્યુ! તું ક્યાં છે? હે વત્સ! તું અહીં આવ! ઉપાધ્યાયનાં વચન સાંભળીને ઉપમન્યુએ મોટે સાદે ઉત્તર આપ્યો:–'મહારાજ! હું આ કૂવામાં પડ્યો છું.' ત્યારે તેને ઉપાધ્યાએ પૂછયું કે:–'તું શાથીએ કૂવામાં પડ્યો?' તેણે ઉપાધ્યાયને કહ્યું:–'આકડાનાં પાંદડાં ખાવાથી હું આંધળો થયો છું અને તેથી આ કૂવામાં પડી ગયો છું.' ત્યારે ઉપાધ્યાયે તેને કહ્યું:–"તું અશ્વિનીકુમારની સ્તુતિ કર, તે દેવવૈદ્યો તને આંખો આપશે." આ પ્રમાણે ઉપાધ્યાયના કહેવાથી ઉપમન્યુ* ઋગ્વેદની વાણીવડે અશ્વિનીકુમારની સ્તુતિ કરવા લાગ્યો. ૫૧–૫૬

---

* કર્મ–મીમાંસકો આ ઋગ્વેદની ઋચાઓને કર્મસમન્વિત અર્થની પ્રકાશક છે એમ ઋગ્વેદનાં અન્ય ઉદાહરણો આપીને કહે છે અને પોતાની કર્મકાંડમાં રહેલી પ્રીતિથી 'અનંતત્વ વગેરે બ્રહ્મસૂચક પદોનો અન્યથા અર્થ કરે છે તે યોગ્ય નથી; કારણ કે એ ઋચાઓનો કર્મમાં વિનિયોગ જોવામાં આવતો નથી પણ એનો પ્રત્યક્ષ રીતે બ્રહ્મસૂચક અર્થ જણાય છે. તેમાં લિંગ(નામ)માત્રથી કર્મનો અને ઋગ્વિનિયોગની કલ્પનાનો ઉદય થતો નથી; કેમકે **समारोप्यस्य रूपेण विषयो रूपवान् भवेत् । विषयस्य तु रूपेण समारोप्यं न रूपवत् ॥**'

હે અશ્વિનીકુમારો ! તમે સૃષ્ટિની પૂર્વે વિદ્યમાન* હતા, તેજ તમે ×હિરણ્યગર્ભરૂપથી પ્રથમ ઉત્પન્ન થાઓ છો. વળી વિચિત્ર +પ્રપંચાકારથી તમે ભાંસમાન થાઓ છો, વાણી (શ્રવણજન્ય જ્ઞાન)વડે તથા તપ (મનન અને ધ્યાન)વડે તમને આત્મસ્વરૂપે પ્રાપ્ત કરવાની હું ઇચ્છા કરું છું; કારણ કે તમે દેશ, કાલ અને વસ્તુકૃત વિભાગથી રહિત એવા ⸫અનંત છો. વૃત્તિ અને તેમાં ઉપારૂઢ થતાં ચૈતન્યરૂપથી તમે પ્રકાશો છો. વળી શરીર–વૃક્ષમાં પક્ષીની પેઠે આરોહણ કરીને તમેજ રહેલા છો. તમે ∴સત્ત્વમાં રહેલી વિક્ષેપ શક્તિદ્વારા સમગ્ર ભુવનોને સૃજો છો. તમે સૃષ્ટિ કરવામાં સત્ત્વ, રજ અને તમની અપેક્ષા રાખતા નથી."=વળી વાણી તથા મનથી અતીત હોવાથી તમે અમાપ છો. (આ સૂત્રરૂપ શ્લોકના ઉત્તર શ્લોકો વિવેચન રૂપે છે.) તમે તેજોમય અને અસંગ છો તથા સર્વના લયના અધિષ્ઠાનભૂત છતાં પોતે નાસત્યદસ્ર છો, અર્થાત્ અસત્ય જે રજ્જુમાં ભુજંગ વગેરે અને દસ્ર જે ક્ષય ધર્મવાળા ઘટાદિ તે ઉભયના અભાવરૂપ છો એટલે અસત્ય અને ક્ષયધર્મથી રહિત છો. તમે સુંદર નાસિકાવાળા અર્થાત્ શારીરિક ધર્મવાળા છો, છતાં નિશ્ચય કાલનો વિજય કરો છો. વળી તમે સૂર્યને ઉત્પન્ન કરીને તેનાદ્વારા રાત્રિદિવસરૂપી કાળા ધોળા તાંતણાથી સંવત્સરરૂપી વસ્ત્રને વણો છો અને તે વસ્ત્ર(સંવત્સર)વડે વેગથી દેવમાર્ગ તથા પિતૃમાર્ગ અધિકારીને પ્રાપ્ત કરો છો; અર્થાત્ કર્મફલનો ઉપભોગ કરવા તે તે લોકના માર્ગો આપનારા અને કાલના પ્રવર્તક

રોપણ કરાતી વસ્તુના રૂપથી વિષય રૂપવાન થાય છે, પણ વિષય (જેમાં આરોપ કરાય તે)ના રૂપથી આરોપણ કરાતી વસ્તુ રૂપવાન થતી નથી. જેમ આરોપણ કરાતા સર્પના, ભીષણતા વગેરે ધર્મોથી રજ્જુ યુક્ત થાય છે; પરંતુ રજ્જુના સૌમ્યત્વ વગેરે ધર્મો, આરોપણ કરાતા સર્પમા આવતા નથી. કારણ કે તેમ થવાથી સર્પનું સ્વરૂપજ નષ્ટ થઇ જાય છે. તેમ બ્રહ્મમા અધ્યાસ કરાતા અશ્વિનીકુમાર દેવોના ધર્મવડે બ્રહ્મ વિશિષ્ટ થાય; પરંતુ બ્રહ્મના 'અસ્થૂલત્વ વગેરે ધર્મોવડે દેવતાઓ વિશિષ્ટ થઈ શકે નહિ; કારણ કે તેમ કરતા દેવતાઓના સ્વરૂપલોપનો પ્રસંગ આવે. આ રીતે અહીં અશ્વિનીકુમારના સ્વરૂપથી જણાતા શાસ્ત્રદષ્ટ શુદ્ધ બ્રહ્મનોજ ઉપદેશ ઘટે છે. વળી ઇંદ્રે પ્રતર્દન રાજાને જેમ **मामेव विजानिहीं'** મનેજ જાણ એમ કહ્યું હતું એનો શબ્દાર્થ તો માત્ર દેવરૂપ ઇંદ્રનેજ જાણવામા સમાપ્ત થાય છે; પરંતુ તેમ અર્થ નહિ કરતા શાસ્ત્રપ્રતિપાદ્ય બ્રહ્મરૂપ મને જાણ, એ ઉપદેશ કરાયલો છે, તેમ અહીં પણ અર્થ કરવો. વળી **'अश्विनौ'** એ પદમાં બે દેવ કહેલા છે, તે પણ બ્રહ્મમા **'द्वा सुपर्णा'** એ શ્રુતિમા કહેલા બે લેવા. જેમા એક વિષય સુખ લેનાર સત્ત્વ અને બીજો સાક્ષી, અર્થાત્ ઉપાધિ સત્ત્વ અને ઉપધેય ચૈતન્ય એ ભેદથી એની વ્યવસ્થા કરવી. આ ઉપરથી અહીં માયોપાધિક જગત્કારણરૂપ બ્રહ્મનું પ્રતિપાદન સમજવું; કારણ કે ઈશ્વરનું જ્ઞાન પરમ પુરુષાર્થનું હેતુભૂત છે અને ચક્ષુઃપ્રાપ્તિ એ અવાતર ફળ છે. આ આખ્યાયિકા ગુરુદેવતાની ભક્તિ વિદ્યા(જ્ઞાન)–પ્રાપક છે, એ સૂચન કરે છે. વળી પરમેશ્વરમાં ભિષક્કૃત–વૈદ્યપણું પણ **'भिषक्तमं त्वाभिषजांशृणोमि'** એ વાક્યથી શ્રવણ થાય છે, એટલે મૂલમાં **भिषजौ** પદ છે તે પણ બ્રહ્મમા ઘટે છે; અર્થાત્ આ સ્તુતિ માયોપાધિક બ્રહ્મનું પ્રતિપાદન કરે છે એટલે સર્વ વિશેષણો તેનાં સમજવાં.

* **'सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयं'** **શ્રુ૦ હે સૌમ્ય ! આગળ આ એક અદ્વિતીય સદ્રૂપ બ્રહ્મજ હતું. × 'स वै शरीरी प्रथमः' શ્રુ૦ તેજ પ્રથમ શરીરવાળા થયા. "+ ऐतदात्म्यमिदं सर्वं** શ્રુ૦ આ સર્વ જગત બ્રહ્મરૂપજ છે.⸫ **ब्रह्मविद् ब्रह्मैव भवति શ્રુ૦** બ્રહ્મવેત્તા બ્રહ્મજ થાય છે.* એટલે તે અનંતના જ્ઞાનથી હું પણ અનંત થાઉં નહિ તો **द्वितीयाद्वैभयं भवति શ્રુ૦** બીજાથી–ભેદથી ભય થાય છે, અર્થાત્ અનંત આત્મતત્ત્વનું જ્ઞાન થતું નથી ત્યાંસુધી સંસારભય નિવૃત્ત થતું નથી. ∴ **'तदेतत्सत्त्वं येनस्वप्नं पश्यति'** શ્રુ૦ તે એ સત્ત્વ છે કે જેનાથી સ્વપ્ન જુએ છે. = **'बहु स्यां प्रजायेयेति तदात्मानं स्वयमकुरुत' શ્રુ૦** હું ઘણારૂપ થાઉં, પ્રકર્ષથી ઉત્પન્ન થાઉં, એ સંકલ્પથી તેમણે પોતેજ પોતાનાં અનેક રૂપો કર્યાં. ·· **'यतोवाचो निवर्त्तंते अप्राप्य मनसा सह'** **શ્રુ૦ મનની સાથે વાણી જ્યાં ન પહોંચતાં નિવૃત્ત થાય છે અર્થાત્ વાણી અને મનથી અતીત હોવાથી અમાપ છે.**

તમેજ છો. (આ પ્રમાણે બ્રહ્માદ્વૈત સાધીને તેના જ્ઞાનવાળા વિરક્ત અધિકારીને મોક્ષ થાય છે અને અજ્ઞાનીને બંધન થાય છે એ કહે છે.)હે અશ્વિનીકુમાર દેવો ! પરમાત્માની કાલશકિતવડે ગળાયલી જીવરૂપી પક્ષિણીને કૈવલ્યરૂપી મહાસૌભાગ્યને માટે તમે મુકત કરો છો અર્થાત્ મુકિતના ઉપાયને જાણનારાને મોક્ષ આપો છો. રાગાદિક વિષયોથી રંગાયલા અત્યંત મૂઢ પુરુષો, જ્યાંસુધી ઇંદ્રિયોને અધીન થઇને તેના દાસ બન્યા હોય છે ત્યાંસુધી અનાત્મદોષના સ્પર્શથી રહિત એવા તમને દેહરૂપેજ માને છે; અર્થાત્ જ્યાંસુધી રાગદ્વેષાદિથી ગળાયલા હોય ત્યાંસુધી તેઓ દેહનેજ આત્મા માને છે અને સંસાર પામે છે, માટે મુકિત મેળવવાનો ઉપાય રાગાદિકનો વિજય એજ છે. (યોગ્યકાલમાં કરેલું કર્મ પણ મુકિતના ઉપાયભૂત છે એ કહે છે) રાત્રિદિવસરૂપી ઇચ્છિત ફળને આપનારી ત્રણસો ને સાઠ ધેનુઓ છે, જેઓ સર્વનો સંહાર કરનારા તથા સર્વ કાર્ય માત્રને ઉત્પન્ન કરનારા એવા એક સંવત્સરરૂપી વાછરડાને ઉત્પન્ન કરે છે. જે વત્સદ્વારા જિજ્ઞાસુજનો તત્ત્વ-જિજ્ઞાસારૂપી દૂધને દોહન કરે છે; અર્થાત્ એ સંવત્સરરૂપી વત્સદ્વારા થયેલાં ભિન્ન ભિન્ન ફલ આપનારાં કર્મોથી પણ એક * તત્ત્વજિજ્ઞાસારૂપી દૂધને પ્રાપ્ત કરે છે. હે અશ્વિનીકુમારો ! તે કાલરૂપી વત્સને તમેજ ઉત્પન્ન કરો છો. ૬૦

(એ કાલચક્ર અજર છે અને સર્વ દેવો તથા મનુષ્યાદિને ક્ષીણ કરે છે, એ કહે છે. ચક્રનાં અંદરનાં, મધ્યનાં અને બહારનાં ચક્કરોને ક્રમથી નાભિ, પ્રધિ અને નેમિ કહે છે.) કાલરૂપી ચક્રને સંવત્સરરૂપી એક નાભિ છે. તે નાભિને દિવસો તથા રાત્રિઓરૂપી સાતસો ને વીસ આરાઓ લાગેલા છે તથા તે ચક્રમાં બાર માસરૂપી બાર પ્રધિઓ છે. આ કાલચક્ર નેમિવિનાનું છે, એટલે દિનમાનના ભેદથી અનિયમિત ગતિવાળું છે તથા અક્ષય અને માયામય છે અને હે અશ્વિનીકુમારો ! તેના પ્રવર્તક તમે છો. તે કાલચક્ર આ લોક અને પરલોકની સર્વ પ્રજાનો સ્પર્શનાશ કરે છે. (આથી આ લોક પરલોકના સર્વ ભોગો નાશવંત છે માટે તે ભોગોની ઇચ્છા કરવી નહિ એ સૂચવ્યું છે). (પૂર્વ શ્લોકમાં જગતને ક્ષીણ કરનારૂં ત્રણસેં ને સાઠ દિવસનું સાવન નામનું સંવત્સર ચક્ર કહ્યું. હવે વૈદિક કર્મોમાં ઉપયોગી સૌર અને ચાંદ્ર સંવત્સર ચક્રોને કહે છે. એક શંકુમાં શળીઓના મધ્ય શંકુમાં આવે તે રીતે છ શળીઓ ખોસી હોય તો તે શળીઓના બાર છેડા બહાર નીકળે છે અને મધ્યમાં છ શળીઓ રહે છે એટલે બાર આરાવાળું અને છ નાભિવાળું એક ચક્ર થાય છે, તેવું આ ચક્ર વર્ણવ્યું છે.) જે ચક્રમાં સંવત્સરરૂપી એક આંક (અક્ષ) છે, મેષાદિ બાર રાશિઓરૂપી બાર આરાઓ છે, છ ઋતુઓરૂપી છ નાભિઓ છે અને જે કર્મનાં ફલોને ધારણ કરે છે; કારણકે કાળના અભિમાની દેવો એ ચક્રમાં રહેલા છે. એ કાલચક્રથી હે અશ્વિનીકુમારો ! મને મુકત કરો, કારણ કે જન્માદિ દુઃખથી હું ખિન્ન થાઉં છું. (આથી કાલાભિમાની દેવતાઓ જો તૃપ્ત થાય તો યજમાનને ઇષ્ટ ફલ આપે છે; અન્યથા વિપરીત ફલ આપે છે એ જણાવ્યું છે.) ૬૧-૬૨

(આ પ્રમાણે કર્મો તત્ત્વજિજ્ઞાસાદ્વારા જ્ઞાનનાં હેતુ થાય છે એ કહીને હવે सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शांत उपासीत આ સર્વ નિશ્ચય બ્રહ્મરૂપ છે તેમાંજ વિશ્વ થાય છે, રહે છે અને લય પામે છે; માટે શાંત થઇ બ્રહ્મોપાસના કરવી. એ શ્રુતિમાં કહેલી બ્રહ્મોપાસના ચિત્તની એકાગ્રતામાટે કહે છે.) હે અશ્વિનીકુમારો ! તમે સર્વ પ્રપંચાત્મક છો, તમે સર્વ કર્મ અને તેનાથી મળતા આ લોક અને પરલોકના ભોગરૂપ છો. તમે આકાશાદિ સર્વ પ્રપંચને, રજ્જુ જેમ પોતામાં અધ્યાસ કરેલા ભુજંગને અંતર્હિત કરે છે તેમ પોતામાં અંતર્હિત કરો છો અર્થાત્ સર્વાત્મરૂપથી ઉપાસના કરવાને તમેજ યોગ્ય છો. (આ પ્રમાણે ઉપાસનાથી જેનું ચિત્ત એકાગ્ર થયું છે તેને આત્મતત્ત્વ જણાવવા બ્રહ્મનેજ બંધનપ્રાપ્તિ કહે છે.) હે અશ્વિનીકુમારો ! તમે સ્વસ્વરૂપથી બ્રહ્મ-

* 'विविदिषंति यज्ञेन तपसादानेनानाशकेन' નિષ્કામ એવા યજ્ઞ, તપ, દાન અને અનશનવડે તત્ત્વની જિજ્ઞાસા કરે છે.

જ છો, છતાં પોતાના નિરતિશય આનંદને અનાદિ અવિદ્યાવડે ત્યાગ કરીને, વિષય અને ઇંદ્રિયોના સંયોગથી થતા હર્ષવડે વિષય-ભૂમિમાં વિચરો છો. (આ રીતે અનાદિ વિષયવાસનાથી બ્રહ્મજ બદ્ધ થયું છે એ દર્શાવ્યું છે.)૬૩

હે અશ્વિનીકુમારો ! તમે સૃષ્ટિની પૂર્વે દશે દિશાઓમાં તથા અંતરિક્ષમાં રથવડે ગતિ કરનારા અને સર્વને માટે એક એવા સૂર્યને તથા આકાશને ઉત્પન્ન કરો છો. તે સૂર્યના ગમનથી જણાતી દિશા તથા કાલનો આશ્રય કરીને ઋષિઓ વેદોક્ત કર્મો કરે છે અને દેવો તથા મનુષ્યો પોતપોતાના અધિકાર પ્રમાણે ઐશ્વર્યોનો ઉપભોગ કરે છે. હે અશ્વિનીકુમારો ! તમે તેજ, જલ અને અન્ન (પૃથ્વી) જે અનુક્રમે લાલ, શ્વેત અને કૃષ્ણ વર્ણનાં છે, તેમને એકમેકની સાથે મિશ્ર કરીને વિવિધ આકારનાં કરો છો તથા તે વર્ણો ચતુર્દશ ભુવનોને ઉત્પન્ન કરે છે. સૂર્યના અંશ-જેવા બ્રહ્મના અંશભૂત જીવો, દેહ, ઇંદ્રિય અને બુદ્ધિરૂપી વિકારોને અનુસરીને વિષયોને ભોગવે છે તથા તેઓ દેવો, મનુષ્યો અને બીજાં પણ પશુઓ વગેરે ભૂમિનો આશ્રય કરીને રહે છે. (આના પૂર્વના શ્લોકથી तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः-તે એ આત્માથી આકાશ ઉત્પન્ન થયું; ઇત્યાદિ સૃષ્ટિ શ્રુતિનો અર્થ દર્શાવ્યો છે અને આ શ્લોકમાં ઈક્ષણથી પ્રવેશપર્યંતની સૃષ્ટિ ઈશ્વરે કલ્પી, એ જણાવી તત્ પદનું અર્થતત્ત્વ કહ્યું છે તથા સર્વ ભૂતનું સ્રષ્ટાપણું અને સર્વમાં પ્રવેશ કહ્યો છે.)૬૫

હે પ્રખ્યાત નાસત્ય, અશ્વિનીકુમારો ! તમારી હું પૂજા કરૂં છું તમેજ આકાશ(અવ્યક્ત)નાં સર્વ કાર્યમાં પ્રવેશ કરીને તેને ધારણ કરો છો, તેની પણ હું પૂજા કરૂં છું. તમે નિત્યમુક્ત છો અને કર્મનાં ફળને આપનારા પણ તમેજ છો. કર્મનાં ફલો વિના ઇંદ્રિયોના અભિમાની દેવો પણ તે તે ઇંદ્રિયોના વિષયોને પ્રાપ્ત કરવા સમર્થ થતા નથી.

(પ્રવર્તક ચેતનવિના અચેતન ગાડાં જેવો ભૌતિક સમૂહ પ્રવર્તે નહિ એ ભાવ છે.) (આ પ્રમાણે नान्योऽतोऽस्तिद्रष्टा એના વિના બીજો દ્રષ્ટા નથી, એવડે ચેતનાંતરના નિષેધથી, तत्त्वमसि તે તું છે, એનાથી જીવ તથા ઇશનો અભેદ શ્રવણથી અને પ્રપંચનું वाचारमण विकारो० એ શ્રુતિવડે અનૃતત્ત્વ સાંભળવાથી, બ્રહ્મશાસ્ત્રમાં સિદ્ધ થયેલું અદ્વૈત, અહીં પણ જગતનું ઉપાદાન કારણ અશ્વિનીકુમારને કહેવાથી અને नासत्यौ એ બે પદમાં तत्त्व એ બે પદના તુલ્ય શબ્દ લેવાથી જીવ તથા ઈશનું અભેદ સાધી તેજ અદ્વૈત સિદ્ધ કર્યું છે.)૬૬

(આ રીતે બ્રહ્મવિદ્યા સમાપ્ત કરીને કેટલાક-(ચાર્વાક વગેરે)ના મતમાં પૃથ્વી વગેરે ચાર ભૂતોનો સમુદાય એકઠો થતાં તે ચેતનયુક્ત થાય છે; એટલે અન્ય ચેતન આત્માની અપેક્ષા નથી. આવા મતને દૂષણ આપતાં પોતાનાં ચક્ષુ મેળવવા પ્રાર્થના કરે છે.) યુવાન માતાપિતા મુખથી અન્નરૂપ ગર્ભને પ્રથમ પ્રાપ્ત કરે છે, પછી એ ગર્ભ પુરુષમાં વીર્યરૂપથી અને સ્ત્રીમાં શોણિતરૂપથી પરિણામ પામે છે અને એ અચેતન દેહ જનનેંદ્રિયદ્વારા પ્રસવ પામે છે. (તેમાં વીર્યરૂપથી તેના સેચન કરનારા પિતા પ્રથમ પ્રસવે છે અને પછી દેહરૂપથી માતા પ્રસવે છે.) તે તત્કાલ ઉત્પન્ન થયેલો ગર્ભ-બાળક માતાના સ્તનનું પાન કરવા પ્રવૃત્ત થાય છે. (આથી જન્માંતરના અનુભવના સંસ્કારવિના તુરત જન્મેલા બાળકને તેવી પ્રવૃત્તિ થાય નહિ એટલે અચેતન સમૂહથી ભિન્ન અન્ય પ્રવર્તક ચેતન આત્મા છે એ સિદ્ધ થાય છે.) તે પ્રવૃત્તિ કરાવનારા હે અશ્વિનીકુમારો ! મારા જીવનને માટે મારો અંધાપો નિવૃત્ત કરો. નેત્રવિનાનો એવો, માર્ગમાં મોહ પામતો હું ગુણોએ કરીને તમારી બેની સ્તુતિ કરવાને સમર્થ નથી. હું આ ભયંકર કૂવામાં પડયો છું અને શરણે જવા યોગ્ય એવા તમારે શરણે આવેલો છું. ૬૭-૬૮

આ પ્રમાણે તેણે સ્તુતિ કરી તેથી અશ્વિનીકુમારો ત્યાં આવ્યા અને તેઓએ ઉપમન્યુને કહ્યું કે:-"અમે પ્રસન્ન થયા છીએ, આ તારે માટે માલપુડો છે, તેનું તું ભક્ષણ કર." આ

પ્રમાણે અશ્વિનીકુમારોએ કહ્યું ત્યારે ઉપમન્યુએ પ્રત્યુત્તર આપ્યો કે; 'આપ અસત્ય કહેતા નથી, પરંતુ હું ગુરુને નિવેદન કર્યા વિના એ પુડાનો ઉપયોગ કરવા સમર્થ નથી.'૭૦ તે પછી અશ્વિનીકુમારોએ તેને કહ્યું કેઃ–"આગળ તારા ઉપાધ્યાયે આ રીતેજ અમારી સ્તુતિ કરી હતીઅને તે વખતે અમે તેને પુડો આપ્યો હતો, તે તેણે ગુરુને નિવેદન કર્યાવિના ખાધો હતો. જેમ તારા ઉપાધ્યાયે કર્યું હતું તેમજ તું પણ કર. આ પ્રમાણે કહેવાથી ઉપમન્યુએ કહ્યું કે; હે અશ્વિનીકુમારો ! આપને વિનતિ કરીને કહું છું કે; 'ગુરુને નિવેદન કર્યાવિના હું એ પુડાનું ભક્ષણ કરવા સમર્થ નથી.' ત્યારે અશ્વિનીકુમારોએ તેને કહ્યું કે; "આ તારી ગુરુભક્તિથી અમે પ્રસન્ન થયા છીએ. તારા ઉપાધ્યાયને લોખંડના જેવા કાળા દાંત (કર્મથી પ્રાપ્ત કરેલાં સુખદુઃખનો ઉપભોગ) છે; પણ તને તો સોનાના દાંત (સંકલ્પમાત્રથી સર્વ વૈભવોની પ્રાપ્તિ) થશે. તું નેત્રવાળો થઈશ અને પરમ કલ્યાણ પામીશ." આ પ્રમાણે અશ્વિનીકુમારોના કહેવાથી ઉપમન્યુને નેત્ર પ્રાપ્ત થયાં અને તેણે ઉપાધ્યાયની પાસે આવી પ્રણામ કર્યા તથા સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. એ ઉપરથી ગુરુ તેના ઉપર પ્રસન્ન થયા અને તેને કહ્યું કેઃ–"જે પ્રમાણે અશ્વિનીકુમારોએ તને વર આપ્યો છે તે પ્રમાણે તું કલ્યાણને પ્રાપ્ત થઈશ તથા તને સર્વ વેદો અને ધર્મશાસ્ત્રોનું સ્ફુરણ થશે." આ રીતે ઉપમન્યુની પણ પરીક્ષા થઈ હતી.૭૧–૭૭

વળી તેજ આપોદ ધૌમ્યનો ત્રીજો શિષ્ય વેદ નામનો હતો. ઉપાધ્યાયે એક દિવસે તેને આજ્ઞા કરી કેઃ–"વત્સ વેદ! તું મારા ઘરમાં રહે અને થોડો સમય સેવા કર, તારૂં કલ્યાણ થશે." 'સારૂં હું તેમ કરીશ' કહીને વેદ લાંબાકાળસુધી ગુરુની સેવા કરતો ત્યાં રહ્યો. ગુરુએ તેને નિરંતર બળદની પેઠે કામની ધુંસરીમાં જોડી દીધો. વેદ તે તે કાર્યોને કરતો ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે દુઃખોને સહન કરી લઈ, સર્વ કાર્યોમાં ગુરુને અનુસરીને વર્તવા લાગ્યો. એમ કરતાં ઘણો સમય ગયો ત્યારે તેના ઉપર ગુરુ સંતુષ્ટ થયા અને ગુરુના સંતોષથી વેદ કલ્યાણને તથા સર્વજ્ઞતાને પ્રાપ્ત થયો. આ રીતે વેદની પણ પરીક્ષા થઈ હતી.* ૮૦

+તે પછી વેદ, ગુરુની આજ્ઞાથી બ્રહ્મચર્યાશ્રમનાં ચિહ્નોનો ત્યાગ કરીને, ગુરુકુલના નિવાસથી પોતાને ઘેર આવ્યો. પોતાને ઘેર રહેતાં તેને ત્યાં પણ ત્રણ શિષ્યો ભણવા રહ્યા હતા; પરંતુ વેદ તે શિષ્યોને અમુક કામ કરો અથવા ગુરુની સેવા કરો વગેરે કંઈ પણ કહેતો ન હતો; કારણ કે ગુરુકુલ–નિવાસમાં પડતાં કષ્ટથી પોતે અભિજ્ઞ હતો, એટલે તે શિષ્યોને દુઃખ આપવા ઇચ્છતો ન હતો. આમ કેટલોક કાલ ગયા પછી એક વખતે જનમેજય અને પૌષ્ય નામના બે ક્ષત્રિયોએ આવીને બ્રહ્મવેત્તા વેદને, પોતાના ઉપાધ્યાય કર્યા. તે પછી કોઈ વખત વેદને યજ્ઞને માટે બહાર જવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમણે ઉત્તંક નામના પોતાના શિષ્યને બોલાવીને આજ્ઞા કરી કેઃ–"હે ઉત્તંક ! અમારા ઘરમાં જે કંઈ કામ બગડતું હોય તે ન બગડે તેમ તારે કરવું, એવી મારી ઇચ્છા છે." ઉત્તંકને એમ કહીને તે પ્રવાસે ગયા.૮૧–૮૪

ત્યાર પછી ગુરુસેવાપરાયણ ઉત્તંક, ગુરુની આજ્ઞા પાળતો ગુરુકુલમાં રહેવા લાગ્યો. તે ત્યાં

---

*શિષ્યે ગુરુનું અતિ અલ્પ કાર્ય હોય અને તે પોતાના દેહત્યાગથી થાય એમ હોય તો તેમ કરીને પણ તે કરવું, એ ઉદ્દાલકની પરીક્ષાનું તાત્પર્ય છે. અત્યંત આવશ્યક એવા આહારાદિકનો પણ ગુરુએ નિષેધ કર્યો હોય તો તેનો પણ ત્યાગ કરવો એ ઉપમન્યુની પરીક્ષાનું તાત્પર્ય છે. અઘરા કાર્યમાં ગુરુએ યોજના કરી હોય અને તે કાર્ય કરતાં પોતે ટાઢતાપથી પીડાતો હોય તોપણ શિષ્યે ખેદ કરવો નહિ, પરંતુ આ મારા ઉપર ગુરુનો અનુગ્રહ છે એમ માનીને વર્તવું એ વેદની પરીક્ષાનું તાત્પર્ય છે.

+શિષ્યે સેવાની ઇચ્છા નહિ રાખનારા ગુરુને ધનથી સંતોષ આપવો. ગુરુને માટે યત્ન કરતા શિષ્યના ઉપર દેવતાઓ પણ દયા કરે છે. એ દર્શાવવા હવે ઉત્તંકની આખ્યાયિકા કહે છે.

રહેતો હતો ત્યારે એક વખતે ગુરુના આશ્રમમાં રહેતી સ્ત્રીઓએ તેને બોલાવીને કહ્યું કેઃ–“ હે ઉત્તંક ! તારા ઉપાધ્યાયની સ્ત્રી ઋતુમતી થઈ છે અને ઉપાધ્યાય તો પરદેશ ગયા છે માટે જે રીતે એનો આ ઋતુ નિષ્ફલ ન થાય તેમ તું કર, કારણ કે એ ખેદ કરે છે.” આ પ્રમાણે કહ્યું ત્યારે ઉત્તંકે તે સ્ત્રીઓને ઉત્તર આપ્યો કેઃ–“ મારે સ્ત્રીઓનાં વચનથી એ અકાર્ય કરવાનું નથી, તેમ ઉપાધ્યાયે મને એવી આજ્ઞા કરી નથી કે તારે અકાર્ય પણ કરવું.” કેટલોક સમય ગયા પછી ઉત્તંકના ઉપાધ્યાય પ્રવાસમાંથી પાછા ઘેર આવ્યા, ત્યારે ઉત્તંકનું સર્વ વૃત્તાંત જાણીને તે બહુ પ્રસન્ન થયા. તેણે ઉત્તંકને કહ્યું:–‘વત્સ ઉત્તંક ! બોલ, હું તારૂ શું પ્રિય કરૂ ? તેં મારી ધર્મથી સેવા કરી છે, તેથી આપણી પરસ્પરની પ્રીતિ વૃદ્ધિ પામી છે; માટે હું તને ઘેર જવાની આજ્ઞા આપું છું, તારા સર્વ મનોરથો પૂર્ણ થશે. હવે તું ઘેર જા.’ આ પ્રમાણે ઉપાધ્યાયના કહેવાથી ઉત્તંકે કહ્યું કેઃ–“આપનું હું શું પ્રિય કરૂ? કારણ મોટા પુરુષો કહે છે કે, [૯૦] જે અધર્મથી ભણાવે છે અથવા અધર્મથી ભણે છે (દક્ષિણા આપ્યા વિના ભણનાર અને દક્ષિણા ગ્રહણ કર્યા વિના ભણાવનાર) તે બેમાંથી એક મૃત્યુ પામે છે અથવા વિદ્વેષ પામે છે; અર્થાત્ મારી આપેલી દક્ષિણા ન લેવાથી તમને અધર્મ થશે અને મને દ્વેષ આવશે કે ગુરુએ મને કૃતાર્થ કર્યો નહિ; માટે આપની આજ્ઞા પામેલો હું આપને પ્રિય હોય તે ગુરુદક્ષિણા આપવા ઈચ્છું છું.” તેણે આ પ્રમાણે કહ્યું ત્યારે ઉપાધ્યાય બોલ્યા:–‘ વત્સ ઉત્તંક ! ત્યારે તો તું હમણાં અહીંજ વાસ કર.’ થોડા દિવસ ગયા પછી ફરી એક વાર ઉત્તંકે ઉપાધ્યાયને કહ્યું કે:–‘આપ મને આજ્ઞા કરો કે, હું ગુરુદક્ષિણામાં આપને શું પ્રિય આપુ ? ’ ઉપાધ્યાયે તેને કહ્યું:–‘વત્સ ઉત્તંક ! તું મને ગુરુદક્ષિણા માટે વારંવાર પ્રેરણા કરે છે તો ઘરમાં જા અને ઉપાધ્યાયિનીને પૂછ કે શી ગુરુદક્ષિણા લાવી આપુ ? તે જે કંઈ કહે તે તું લઈ આવ.’ આ પ્રમાણે ઉપાધ્યાયના કહેવાથી ઉત્તંક ઉપાધ્યાયિની પાસે ગયો અને તેને પૂછ્યું:–‘ભગવતિ ! ઉપાધ્યાયે મને ઘેર જવા આજ્ઞા કરી છે તેથી તમને જે ઇષ્ટ હોય તે ગુરુદક્ષિણા આપી, ઋણમુક્ત થઈને હું ઘેર જવા ઇચ્છું છું; માટે આપ મને આજ્ઞા કરો, હું આપને ગુરુદક્ષિણામાં શું લાવી આપું ?’ આ પ્રમાણે કહેવાથી ઉપાધ્યાયિનીએ તે ઉત્તંકને ઉત્તર આપ્યો:–‘તું પૌષ્ય રાજાની પાસે તેની રાણી જે કુંડલો પહેરે છે તે માગવા જા અને લઈ આવ; કારણ કે આજથી ચોથે દિવસે પુણ્યક નામનું વ્રત છે, તે દિવસે હું એ કુંડલો પહેરીને શોભાયુક્ત થઈ, બ્રાહ્મણોને પીરસવાની ઈચ્છા રાખું છું. જા, એ કામ તું કર. એમ કરવાથી તારૂ શ્રેય થશે, નહિ તો કયાંથી શ્રેય થાય!’[૯૭]

એ પ્રમાણે ઉપાધ્યાયિનીએ આજ્ઞા કરી કે તુરત ઉત્તંક પૌષ્ય રાજાને ત્યાં જવા નીકળ્યો. માર્ગમાં જતાં તેણે એક ઘણો મોટો આખલો જોયો અને તેના ઉપર એક ઘણી મોટી કાયાવાળા પુરુષને બેઠેલો જોયો. તે પુરુષે ઉત્તંકને કહ્યું:–‘હે ઉત્તંક! તું આ આખલાનું છાણ ખા.’ આમ કહેવા છતાં ઉત્તંકે તેમ કરવા ઈચ્છા કરી નહિ, ત્યારે ફરી તે પુરુષે તેને કહ્યું:–‘ઉત્તંક! ભક્ષણ કર, વિચાર કરીશ નહિ, તારા ઉપાધ્યાયે પણ પૂર્વે એ છાણને ભક્ષણ કર્યું હતું.’[૧૦૦] આ પ્રમાણે તે પુરુષના કહેવાથી ઉત્તંકે ‘સારૂ’ કહી તે આખલાનાં મલ, મૂત્ર ખાધાં અને ઉતાવળ હોવાથી ઉભાં ઉભાંજ જલનું આચમન કરીને ત્યાંથી ચાલી નીકળ્યો. પછી તેણે જ્યાં પૌષ્ય રાજા છે ત્યાં આવીને તેને બેઠેલો દીઠો. તેની પાસે જઈને ઉત્તંકે આશીર્વાદથી અભિનંદન આપીને કહ્યું કેઃ–“હું અર્થી છું અને તમારી પાસે યાચનાને માટે આવ્યો છું.” પૌષ્યે તેને પ્રણામ કરીને કહ્યું કેઃ–“ભગવન્ ! હું પૌષ્ય છું, કહો, આપનું શું કામ કરૂ?” ઉત્તંકે તેને કહ્યું:–“હું ગુરુદક્ષિણામાટે કુંડલ લેવા આવ્યો છું, તેથી તમારી રાણી જે બે કુંડલો પહેરે છે તે બન્ને કુંડલો મને આપવાં તમને ઘટિત છે.” પૌષ્યે તેને ઉત્તર આપ્યો:–“તમે અંતઃપુરમાં જઈને રાણીની પાસે તે માગો.” આમ કહેવાથી ઉત્તંક અંતઃપુરમાં ગયો, પણ ત્યાં તેણે રાણીને જોઈ નહિ. ત્યારે

આવીને તેણે પૌષ્યને કહ્યું કેઃ-"આમ જૂઠું કહીને તમારે મને ઠગવો એ યોગ્ય નથી, તમારાં રાણી અંતઃપુરમાં નથી, કારણ કે ત્યાં મેં રાણીને જોયાં નહિ." આ પ્રમાણે ઉત્તંકના કહેવાથી પૌષ્યે થોડીવાર વિચાર કરીને ઉત્તંકને ઉત્તર આપ્યોઃ-'જરૂર તમે ઉચ્છિષ્ટ થયા હશો, સ્મરણ કરો; કારણ કે તે ક્ષત્રિયા પતિવ્રતા છે, તેથી તે ઉચ્છિષ્ટ થયેલા અપવિત્ર જનથી જોઈશકાતી નથી; એટલુંજ નહિ પણ અપવિત્ર જનને તે દર્શન પણ આપતી નથી.'*આ પ્રમાણે કહેવાથી ઉત્તંકે સ્મરણ કરીને કહ્યુંઃ-"હા, તેમ છે ખરૂં, મેં ઉતાવળ હોવાથી ઉભો થઈને ચાલતાં ચાલતાંજ આચમન કર્યું હતું." પૌષ્યે તેને કહ્યું 'એજ તમારો વ્યતિક્રમ છે, પુરુષે ઉભાં ઉભાં અથવા ઉતાવળથી ચાલતાં કરેલું આચમન ગણાતું નથી;' તે પછી ઉત્તંક, 'હા તેમજ છે' કહીને હાથ, પગ તથા મોં બરાબર ધોઈ, પૂર્વાભિમુખ બેસી, નિઃશબ્દ, ફીણવગરના, શીતલ અને હૃદય સુધી પહોંચે એટલા જલથી ત્રણ આચમન કરી, બેવાર મુખમાર્જન કરી તથા જલવડે ઇંદ્રિયોનો સ્પર્શ કરી, પવિત્ર થઈને અંતઃપુરમાં ગયો. તે વખતે ત્યાં તેણે રાણીને જોઈ. રાણી ઉત્તંકને જોતાંજ ઉભી થઈ અને પ્રણામ કરીને બોલીઃ-"ભલે પધાર્યા, હે ભગવન્! આજ્ઞા કરો! હું આપનું શું કાર્ય કરૂં?" ૧૧૦ ઉત્તંકે રાણીને કહ્યુંઃ-" આ તમારાં કુંડલોની ગુરુને માટે હું ભિક્ષા માગું છું, માટે એ કુંડલો તમારે આપવાં ઘટે છે." ઉત્તંકની ગુરુભકિત જોઈને રાણી પ્રસન્ન થઈ અને આ બ્રાહ્મણ પાત્ર છે, માટે અનાદર કરવા યોગ્ય નથી, એમ માનીને રાણીએ તે કુંડલો ઉતારીને ઉત્તંકને આપ્યાં અને તેને કહ્યું કેઃ-"નાગનો રાજા તક્ષક આ કુંડલોની અત્યંત આકાંક્ષા કરે છે, માટે તમારે પ્રમાદરહિત થઈને એ કુંડલો લઈ જવાં ઘટે છે." રાણીએ એવું કહ્યું એટલે ઉત્તંકે તેને ઉત્તર આપ્યોઃ-"ભગવતિ! નિશ્ચિંત રહો, નાગરાજ તક્ષક મારો પરાભવ કરી શકશે નહિ!" આ પ્રમાણે કહીને રાણીની રજા લઈ ત્યાંથી ઉત્તંક પૌષ્યરાજાની પાસે આવ્યો અને તેને કહ્યુંઃ-"હે પૌષ્ય રાજા! હું પ્રસન્ન થયો છું." ત્યારે તે ઉત્તંકને પૌષ્ય રાજાએ કહ્યુંઃ-'ભગવન્! પાત્ર જન લાંબે-કાળે મળી આવે છે, આપ ગુણવાન અતિથિ છો તેથી હું શ્રાદ્ધ કરવાની ઇચ્છા રાખું છું; માટે આપ થોડો કાલ અહીં રોકાઈ જાઓ.' ઉત્તંકે તેને ઉત્તર આપ્યોઃ-'વારૂ હું થોડો કાલ રોકાઉં છું, બરાબર શુદ્ધતાથી તૈયાર કરેલું અન્ન તમે મને શીઘ્ર આપશો, એવી હું ઈચ્છા રાખું છું.' 'ભલે તેમ થશે' કહીને પૌષ્ય રાજાએ તૈયાર અન્નવડે ઉત્તંકને ભોજન કરાવવા માંડયું. ઉત્તંકે તે અન્નને વાળવાળું તથા ટાઢું જોઈને આ અપવિત્ર અન્ન છે, એમ માની પૌષ્યને કહ્યુંઃ-'તમે મને અશુદ્ધ અન્ન આપો છો તેથી તમે આંધળા થશો. તેને પૌષ્ય રાજાએ સામો શાપ દીધો કે 'તમે પણ અદુષ્ટ અન્નને દૂષણ આપો છો તેથી તમને પ્રજા થશે નહિ.' ત્યારે તેને ઉત્તંકે કહ્યુંઃ-'અપવિત્ર અન્ન આપીને સામો શાપ આપવો તમને ઘટતો નથી, તમે એ અન્નનેજ પ્રત્યક્ષ જોઈ લો. તે પછી પૌષ્યરાજાએ તે અન્નને અપવિત્ર જોયું અને અપવિત્ર છે એમ ખાત્રી કરી. છૂટા કેશવાળી સ્ત્રીએ રાંધેલું, વાળવાળું અને ટાઢું હોવાથી એ અન્ન અપવિત્ર છે એમ માનીને રાજા, ઉત્તંક ઋષિને પ્રસન્ન કરતો બોલ્યોઃ-'ભગવન્! અજાણપણાથી આપને કેશવાળું અને શીતલ અન્ન અપાયું છે માટે હું આપની ક્ષમા ઈચ્છું છું અને માગું છું કે હું આંધળો થાઉં નહિ.' ત્યારે તેને ઉત્તંકે કહ્યુંઃ-૧૨૦'મારૂં બોલેલું મિથ્યા થતું નથી, માટે તમે અંધ તો થશો પણ પાછા થોડા વખતમાં દેખતા થશો. હવે તમારો આપેલો શાપ મને પણ લાગે નહિએમ કરો.' તેને પૌષ્યે ઉત્તર આપ્યોઃ-"હું શાપ પાછો વાળવાને સમર્થ નથી; કારણકે હજીસુધી મારો ક્રોધ શાંત થતો નથી. શું તમે જાણતા નથી કે, બ્રાહ્મણનું હૃદય માખણના જેવું છે અને વાણી તીક્ષ્ણ ધારવાળા છરાના જેવી છે? પણ ક્ષત્રિયનાં એ બંને વિપરીત છે; ક્ષત્રિયની વાણી માખણના જેવી મૃદુ અને હૃદય તીક્ષ્ણ ધારવાળા છરાના જેવું

* અપવિત્રતાના દોષથીજ અર્વાચીન જનોને દેવતા, ઋષિઓ વગેરેનાં દર્શન થતાં નથી.

હોય છે. આ કારણ છે માટે મારૂં તીક્ષ્ણ હૃદય હોવાથી, હું તે શાપ મિથ્યા કરી શકતો નથી; તેથી આપ હવે પધારો." ઉત્તંકે તેને કહ્યું:—"તમે અન્નની અપવિત્રતા પ્રત્યક્ષ કરી મારી ક્ષમા માગી તે પહેલાં કહ્યું હતું કે:—'અદુષ્ટ અન્નને દૂષણ આપો છો માટે તમે સંતાનરહિત થશો.' પરંતુ એ અન્ન અપવિત્ર છે એટલે તમારો આપેલો શાપ મને પ્રાપ્ત થશે નહિ. છતાં શાપના સંબંધમાં આગળ જોઇ લેવાશે." એમ કહી ઉત્તંક ત્યાંથી કુંડલો લઇને ચાલી નીકળ્યો. માર્ગમાં જતાં જતાં તેણે એક નગ્ન ક્ષપણક (પાખંડ ભિક્ષુક)ને જોયો, તે પોતાની તરફ આવતો હતો, ક્ષણમાં જણાતો હતો અને ક્ષણમાં અદશ્ય થઇ જતો હતો. તે પછી ઉત્તંક તે કુંડલોને જમીન પર મૂકીને શૌચ આચમન કરવામાટે જળ લેવા ગયો. એટલામાં પેલો ક્ષપણક ત્વરાથી ત્યાં આવ્યો અને કુંડલો લઇને ઝડપથી નાસવા લાગ્યો. એટલે ઉત્તંક આચમન વગેરે કરીને, પવિત્ર થઇને તથા દેવતા અને ગુરુને નમસ્કાર કરીને ખૂબ વેગથી તેની પાછળ દોડ્યો. દોડતાં દોડતાં ક્ષપણક નજીક થઇ ગયો એટલે ઉત્તંકે તેને પકડ્યો; પણ પકડતાની સાથેજ તે ક્ષપણકનું રૂપ છોડી દઇ તક્ષકનું રૂપ ધારણ કરીને, તુરત ધરણીમાં એક મોટું અને વિશાળ દર ખુલ્લું હતું તેમાં પેસી ગયો અને ત્યાંથી તે નાગલોકમાં આવેલા પોતાના ભવનમાં ગયો. એ વખતે ઉત્તંકને તે ક્ષત્રિયાણીનું વચન યાદ આવ્યું અને તેણે એ તક્ષક સર્પ છે, એમ જાણ્યું.[૧૩૦] પછી ઉત્તંકે તે દરને લાકડીવતી ખોદવા માંડ્યું, પણ તે તેનાથી ખોદી શકાયું નહિ. ઇંદ્રે તેને ક્લેશ પામતો જોયો અને 'જા તું આ બ્રાહ્મણને સહાય કર' એમ કહીને તેણે પોતાના વજ્રને મોકલ્યું. એટલે ત્યાં આવી વજ્રે લાકડીમાં પ્રવેશ કર્યો અને તે દર ખણવા માંડ્યું, તેની પાછળ ઉત્તંકે પ્રવેશ કર્યો અને તેજ દરવાટે જતાં તે અપાર એવા નાગલોકમાં પહોંચ્યો. ત્યાં તેણે અનેક પ્રકારનાં દેવમંદિરો, રાજમહેલો, હવેલીઓ, બે તરફ નમતી અટારીવાળાં ઘરો, સેંકડો વ્યાયામશાલાઓ અને નાનાવિધ ક્રીડાસ્થાનો તથા આશ્ચર્યસ્થાનોથી ભરપૂર એવા નાગલોકને જોયા. ત્યાં તેણે આ શ્લોકો વડે નાગોની સ્તુતિ કરી:—

"જેમ પવનથી પ્રેરાયલા વિજળીવાળા મેઘો જળની ધારા વરસાવે છે તેમ ઐરાવત જેઓનો રાજા છે એવા યુદ્ધમાં શોભનારા સર્પો, શસ્ત્રોની ધારાઓ વરસાવે છે, સુંદર અને બહુ રૂપવાળા તથા વિચિત્ર કુંડલવાળા ઐરાવતના વંશના સર્પો આદિત્યની પેઠે સ્વર્ગમાં શોભે છે. ગંગાના ઉત્તર તીર ઉપર નાગોનાં ઘણાં સ્થાનો છે, ત્યાં રહેનારા સર્પોની પણ હું સ્તુતિ કરૂં છું. સૂર્યની કિરણરૂપી સેનામાં ફરવાની ઐરાવત વિના બીજો ઇચ્છા પણ કોણ કરી શકે? જ્યારે ધૃતરાષ્ટ્ર નાગ પ્રકાશિત થાય છે ત્યારે અઠ્ઠાવીશ હજાર અને આઠ સર્પો, સૂર્યના અશ્વના દોરરૂપ થાય છે, અર્થાત્ ધૃતરાષ્ટ્રના તેજવડે નિરુદ્ધ થયેલું સૂર્યનું તેજ પણ દોરરૂપ થયેલા સર્પોને બાળી શકતું નથી. જેઓ એની પાસે આવે છે, તથા જે દૂર માર્ગમાં ગમન કરે છે, તે ઐરાવતના મોટા ભાઇઓને હું નમન કરૂં છુ. પૂર્વે જેનો કુરુક્ષેત્રમાં અને ખાંડવ વનમાં નિવાસ હતો તે નાગરાજ તક્ષકની હું કુંડલને માટે સ્તુતિ કરૂં છું. તક્ષક અને અશ્વસેન બન્ને નિત્ય સાથે ફરનારા છે, ને જેઓ કુરુક્ષેત્રમાં ક્ષુમતી નદીના તીર ઉપર નિવાસ કરે છે. વળી તક્ષકનો નાનો ભાઇ જે શ્રુતસેન નામે પ્રસિદ્ધ છે અને જે નાગોમાં મુખ્ય થવાની ઇચ્છા કરતો મહદ્દ્યુમ્ન નામના તીર્થમાં વાસ કરે છે, તે મહાત્માઓને પણ હું સદા નમન કરૂં છું.[૧૩૭–૧૪૨]*

---

* આ આખ્યાયિકાનું આધ્યાત્મિક તાત્પર્ય—કુંડલરત્ન રૂપી આત્મતત્ત્વને પાખંડીએ હરણ કર્યું. પરમેશ્વરની કૃપાથી મળેલ વિવેકરૂપી વજ્રના બળવડે પાખંડ—મતરૂપી દરને વિદારણ કરીને, વિવેકવજ્રની પાછળ જતાં નાગરાજના બિલતુલ્ય, એક પછી એક અધિક રમણીય એવા અન્નમયાદિ કોશોમાં પ્રવેશ કરી, ત્યાંની સત્યસંકલ્પત્વાદિ સિદ્ધિઓ જોઇ, તે સ્થાનના અભિમાની સર્પ જેવા ઇંદ્રિય, બુદ્ધિ વગેરેની પ્રાર્થના કરતાં પણ જ્યારે તત્ત્વરત્ન મળ્યું નહિ, ત્યારે સંકટમાં પડતાં પોતે [illegible]—

આ પ્રમાણે મહા સર્પોની સ્તુતિ કરતાં પણ કુંડલો મળ્યાં નહિ, ત્યારે વિપ્રર્ષિ ઉત્તંક ચિંતા કરવા લાગ્યો. આમ નાગોની સ્તુતિ કરતાં પણ પેલાં કુંડલો પ્રાપ્ત થયાં નહિ એટલામાં તેણે એક સાળ ઉપર સુંદર કાંઠલાવતી વસ્ત્ર વણતી બે સ્ત્રીઓને જોઇ. તે સાળમાં ધોળા અને કાળા તાંતણાઓ હતા. વળી તેણે છ કુમારોથી ફેરવાતું બાર આરાવાળું ચક્ર જોયું તથા એક પુરુષને અને એક સુંદર ઘોડાને જોયો. + તે બધાંને જોઇને ઉત્તંક, વેદની ઋચાના જેવા નીચેના શ્લોકોથી સ્તુતિ કરવા લાગ્યો:–૧૪૩–૧૪૫

જે નિત્ય ચક્રમાં ત્રણસેં ને સાઠ દિવસ અને રાત્રિરૂપી આરાઓ રહેલા છે, અમાવાસ્યા અને પૂર્ણિમારૂપી ચોવીસ પર્વો છે અને છ ઋતુઓ રૂપી કુમારો જે ચક્રને ફેરવ્યા કરે છે, × વિશ્વરૂપ એવી નિત્ય તારુણ્યવાળી બે સ્ત્રીઓ, વાસનાના જાલરૂપી તંત્રમાં સતત ધોળા કાળા તાંતણાઓને ઉપર હેઠળ કરતી વસ્ત્ર વણ્યા કરે છે અને ભૂતોને તથા તેનાં આશ્રયભૂત ભુવનોને પરિવર્તન કરાવ્યા કરે છે. ૧૪૫–૧૪૭*

પાદન કરેલા સાંગ અધ્યયનજન્ય ધર્મના બળથી તત્ત્વવિચાર કર્યો. વેદમાં પણ છાંદોગ્યાદિ ઉપનિષદોમાં, ગુરુસેવાથી પ્રસન્ન થએલા પરમાત્મા પોતેજ શિષ્યપર અનુગ્રહ કરે છે એમ જણાય છે. જેમ ઉપાધ્યાયની ગાયો ચારતાં સત્યકામને અમાનુષ એવા આખલા વગેરેથી વિદ્યાલાભ થયો હતો, વળી ઉપકોસલ ગુરુના અગ્નિની સેવા કરતો હતો ત્યા તેને અગ્નિઓથીજ વિદ્યાલાભ થયો હતો, તેમજ અહીં પણ ઉત્તંકને બ્રહ્મચર્યની દઢતાથી પ્રજાપતિની પેઠે પોતાની મેળેજ જ્ઞાન પ્રકાશી નિકળે એ ઉચિત સમજાય છે.

+ અહીં સંવત્સરાત્મક વસ્ત્રના રૂપકથી પ્રપંચનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે. અવિદ્યાજન્ય કામ–કર્માત્મક વાસનાજાળ એજ સાળના સ્થાનમાં છે, કારણ કે તેમાંજ વિશ્વ સર્વ રહેલું છે. ચિત્શક્તિ અને માયા એ બે સ્ત્રીઓ છે, જેમ દોરડીમાં જણાતો સર્પ, સ્વચ્છ પ્રકાશમાં જણાતો નથી તથા ગાઢાં અંધારામાં પણ જણાતો નથી, પરંતુ તે અંધારૂં–અજવાળું મિશ્ર હોય તેમાજ જણાય છે; તેમ કેવળ ચૈતન્યમાં અથવા કેવળ અચૈતન્યમાં સંસાર જણાતો નથી પણ સમન્વિતમાંજ જણાય છે. માટેજ સંસારપટ વણનારી બે સ્ત્રીઓ તે ચિતિ અને માયા કહી છે, જેઓ અવિચ્છિન્ન વાસના–તંતુથી સંસારપટ વણ્યા કરે છે. આડા તાંતણા નાખવાના સાધન (વેમા) ના સ્થાનમાં પુણ્ય તથા પાપ અને તેમાંથી પ્રેરાતા ધોળા કાળા તાંતણાઓના સ્થાનમાં સુખ તથા દુઃખ સમજવાં. પ્રપંચનું સ્થૂલ શરીર તે ચક્ર, પુરુષ તે–માયાશબલ ઈશ્વર અને અશ્વ તે–અધ્રુવ સ્વભાવવાળો અને બુદ્ધિને આધીન હોવાથી જેનો અસંગ સ્વભાવ તિરોહિત થએલો છે એવો જીવ.

× અહીં **'संवत्सरः प्रजापतिः'** 'સંવત્સર એટલે પ્રજાપતિ, એ શ્રુતિનો સમાશ્રય કરીને સંવત્સરના રૂપકથી વિશ્વાત્મા પ્રજાપતિની ઉત્તંકે સ્તુતિ કરી છે. એ મૂલમાં સંવત્સરચક્રનું વર્ણન છે તેમજ પ્રજાપતિના સ્થૂલ, સૂક્ષ્મ શરીરાત્મક ચક્રમાં પણ મૂળ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા, અગિયાર ઇંદ્રિયો અને પાંચ મહાભૂત એ ચોવીશ તત્ત્વોનો સમૂહ રહેલો છે. જે ચક્ર મોક્ષપર્યંત રહેનારૂં હોવાથી ધ્રુવ કહ્યું છે. જેમાં ત્રણસેં ને સાઠ વાસનાતંતુનું યૂથ અર્પાયલું છે એટલે હૃદયની હિતા નામનીનાડીઓ શ્રુતિમાં બ્હોતેર હજાર કહેલી છે, જે નાડીઓ ભિન્ન ભિન્ન લોકોની પ્રાપ્તિ કરે છે. તેમાંની એક એક નાડીના લોકમાં શબ્દાદિ પાંચ પાંચ વિષયો રહેલા છે, જેથી પ્રત્યેકના પાંચ પાંચ પ્રકાર થાય, એટલે વિસ્તાર કરીએ તો હજારો નાડીઓ થવા સંભવ છે, પણ સંક્ષેપથી ત્રણસેં ને સાઠ નાડીઓ કહેલી છે. અર્થાત્ ભોક્તાત્મામાં તેટલી વાસના અર્પેલી કહી છે. છ કુમારો એટલે જીવગત અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ અને છઠ્ઠી ઈશ્વરી માયા. એ છ, બાલકોની પેઠે વિવેક, વૈરાગ્યનાં બલથી સુજેય છે, છતાં તે ઘટીયંત્રની પેઠે નિત્ય જન્મ–મરણનો પ્રબંધ પ્રવર્તાવ્યા કરે છે. તેમાં અવિદ્યા એટલે–**'अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मधीर विद्या' यो० सू०** અર્થ–અનિત્યમાં નિત્યબુદ્ધિ, અપવિત્રમાં પવિત્રબુદ્ધિ, દુઃખમાં સુખબુદ્ધિ અને અનાત્મમાં આત્મબુદ્ધિ, એ અવિદ્યા કહેવાય છે. અસ્મિતા એટલે હુંજ મોટો છું એવી બુદ્ધિ, બાકીનાં સ્પષ્ટ છે.

* વાસનાજાલરૂપી એ તંત્રને વિશ્વરૂપ એવી અને બાલ્ય તથા વાર્ધક્યકૃત અપકર્ષથી રહિત એવી માયા તથા ચિત્શક્તિ એ બે યુવતિઓ વણે છે–વિસ્તારે છે; અર્થાત એ બન્ને, બુદ્ધિ અને

×વજ્રનો ભર્તા, ભુવનનો રક્ષક, વૃત્રને હણનાર, નમુચિને મારનાર, કૃષ્ણ વસ્ત્રને ધારણ કરનાર અને સત્યાનૃતને ભિન્ન કરનાર મહાત્મા, +જે પુરાતન પ્રતિબિંબભૂત વૈશ્વાનર–વિશ્વરૂપ અશ્વને વાહનપણાથી પ્રાપ્ત કરે છે તે જગદીશ્વર, ત્રિલોકેશ પુરંદરને મારા નમસ્કાર હો. ૧૪૮–૧૪૯

ઉત્તંકની આ પ્રકારની સ્તુતિથી પ્રસન્ન થયેલા તે પુરુષે ઉત્તંકને કહ્યું:–'તારા આ સ્તોત્રથી હું પ્રસન્ન થયો છું, હું તારૂં શું પ્રિય કરૂં?' ઉત્તંકે તેને કહ્યું:–૧૫૦ 'મને નાગો વશ થાય તેમ કરો.' તે પુરુષે ફરી એને કહ્યું; "તું આ ઘોડાની ગુદામાં ફુંક માર." * તે પછી ઉત્તંકે અશ્વની ગુદાને ધમવા માંડી, એટલે ધમવા માંડેલા અશ્વના શરીરનાં સર્વે છિદ્રોમાંથી ધૂમાડાસાથે અગ્નિની જ્વાલાઓ નિકળવા લાગી. તે જ્વાળા અને ધૂમાડાથી નાગલોક ભરાવા લાગ્યો, એટલે અગ્નિના તેજના ભયથી ગભરાયલો તથા ખિન્ન થયેલો તક્ષક, એકાએક કુંડલો લઇને પોતાના ભવનમાંથી નિકળ્યો અને ઉત્તંકને કહેવા લાગ્યોઃ–'આ કુંડલોને તમે ગ્રહણ કરો.' ઉત્તંકે તે લીધાં અને કુંડલો લઇને વિચારવા લાગ્યો કે, ઉપાધ્યાયિનીનું પુણ્યક વ્રત તો આજેજ છે અને હું તો ઘણે દૂર આવી પહોંચ્યો છું, તો હું કેવી

ચિદાભાસ રૂપવડે ઘટાદિ વિષયને ગ્રહણ કરીને તે સંબંધી વાસનાને દૃઢ કરે છે. જે તંત્રમાં દુઃખરૂપી કાળા તાંતણા અને સુખરૂપી ધોળા તાતણાને ઉપરહેઠળ કરતી અર્થાત્ સુખમાં દુઃખબુદ્ધિ અને દુઃખમા સુખબુદ્ધિને સંપાદન કરતી, નિત્ય જરાયુજાદિ ચતુર્વિધ ભૂતો અને તેમના આશ્રયરૂપી ચૌદ ભુવનોને ચાલન કરે છે.

× પૂર્વે બંધનું સ્વરૂપ જણાવી તે અજ્ઞાનનું કાર્ય છે માટે જ્ઞાનથી નિવૃત્ત થાય છે, એ આ શ્લોકથી કહે છે. જે અજ્ઞાન દશામા સંસારચક્રમા ભ્રમણ કરે છે, તેજ સાધક દશામા શાસ્ત્રશ્રવણ, ગુરનો અનુગ્રહ ઇત્યાદિથી વજ્ર–વિવેકનો ધારક થાય છે અને એજ હેતુથી ભુવનનો રક્ષક થાય છે; અર્થાત્ વિવેકસંપન્ન હોવાથી સર્વ ભૂતોને અભયદાન આપી શકે છે. વૃત્ર–સ્વરૂપનું આવરણ કરનાર અજ્ઞાનનો હણનાર અને આવરણ નિવૃત્ત થતા પણ ન છોડનાર **न मुंचतीति नमुचिः** જે વિક્ષેપશક્તિ તેનો પણ હણનાર, કારણ કે વિદ્યાવડે અવિદ્યાનો ઉચ્છેદ થતા પણ તેની વિક્ષેપશક્તિનો દેહાતેજ નાશ સંભળાય છે. (સર્વત્ર આધ્યાત્મિક પ્રકરણોમા ઇંદ્ર, વૃત્ર, વજ્ર એ શબ્દો અનુક્રમે આત્મા, માયા અને વિવેકવાચક લેવા એ આશ્વમેધિક પર્વમા સ્પષ્ટ થશે.) વિદ્યા અને અવિદ્યા બન્ને માયાકાર્ય હોવાથી કૃષ્ણ–કાળા વસ્ત્રની પેઠે આવરણ કરનાર, તેને સ્વીકારનારો, શ્રીમદ્ભાગવતમા કહ્યું છે કે, '**विद्याविद्ये मम तनू विद्धयुद्धव**' **शरीरिणाम्, मोक्षबंधकरी आद्ये मायया मे विनिर्मिते** અર્થ–'હે ઉદ્ધવ' દેહધારીઓને મોક્ષ તથા બંધન કરનારી, આદ્ય અને મારી માયાવડે નિર્માણ કરાયલી, વિદ્યા અને અવિદ્યા મારી તનુઓ છે એમ તુ જાણ.' અહીં વિદ્યા અવિદ્યાને વસ્ત્રરૂપે કહેવાથી સ્વસ્વરૂપથી બહિર્ભૂત જણાવી છે, માટેજ મહાત્મા–દેશકૃત, કાલકૃત અને વસ્તુકૃત ત્રિવિધ પરિચ્છેદથી રહિત અર્થાત્ વ્યાપક, અને સત્ય–અબાધિત આત્મતત્ત્વ, તથા અનૃત–અહંકારાદિ ઉભયને પૃથક્ કરનાર તેને નમસ્કાર હો! એ આગળના શ્લોકની સાથે સંબંધ છે. આ શ્લોકમાં, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણોપાધિને નિવૃત્ત કરી આત્મમહિમામાં પ્રતિષ્ઠિત થવાય છે, એ તથા દૃશ્ય અહંકારાદિનું પૃથક્કરણવડે દૃઙ્માત્ર આત્મતત્ત્વ છે એ દર્શાવ્યું છે.

+ એ પ્રકારના ચિદાત્માનો સમષ્ટિ–વ્યષ્ટિપિંડમા પ્રવેશ છે તે દર્શાવે છે. જે પૂર્વોક્ત આત્મા, વૈશ્વાનર વિરાટ્ અથવા વિશ્વને પોતાનું વાહન–આરોહણસ્થાન કરે છે, '**तत्सृष्ट्वा तदेवानुप्राविशत्**' ત સૃજીને તેણે તેમાજ પ્રવેશ કર્યો. એ શ્રુતિથી ઉપાધિરૂપતાને ધારણ કરે છે. પુરાતન અર્થાત્ કાર્યરૂપથી ક્ષયી છતા કારણરૂપથી નિત્ય એવું, વળી પ્રતિબિંબભૂત, બ્રહ્મના એકદેશભૂત નહિ; કારણ કે તે અસંગ અને નિરંશ છે. વ.જી–ચિદાત્માની જડશક્તિરૂપી અશ્વને વાહનરૂપે પ્રાપ્ત કરે છે; અર્થાત્ જે શુદ્ધ છતાં મિથ્યાજ પ્રતિબિંબરૂપથી જીવપણાનો પ્રાપ્ત થાય છે, જગદીશ્વર–ચતુર્દશ ભુવનનો નિયંતા, લોકત્રયેશ–જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિનો ઈશ, પુરંદર–વ્યષ્ટિ–સમષ્ટ્યાત્મક સ્થૂલાદિ ત્રિવિધ શરીરોને, વિદ્યાબલથી અવિદ્યાના ઉચ્છેદવડે સમૂલ ઉન્મૂલન કરનાર અર્થાત્ સર્વાધિષ્ઠાન ચિન્માત્ર.

* એથી વિરાટનું–ઐશ્વર્ય પ્રકટ

રીને તેમની સેવા કરી શકીશ?' આમ ચિંતાગ્રસ્ત થયેલા ઉત્તંકને જોઇને તે પુરુષે કહ્યું:- 'ઉત્તંક! તું આ ઘોડા ઉપર બેસી જા, એ તને એક ક્ષણમાંજ ઉપાધ્યાય-કુલમાં પહોંચાડી દેશે.' ઉત્તંક 'બહુ સારૂં' કહીને તે ઘોડા ઉપર× બેઠો અને તત્કાલ ઉપાધ્યાયના આશ્રમમાં આવી પહોંચ્યો. તેજ વખતે ઉપાધ્યાયિની સ્નાન કરીને કેશની વેણી ગુંથાવતી બેઠી હતી, તેણે 'હજી સુધી ઉત્તંક આવ્યો નહિ માટે તેને શાપ આપવો,' એવો વિચાર કર્યો; પરંતુ એજ સમયમાં ઉત્તંકે ઉપાધ્યાય-કુલમાં પ્રવેશ કરીને ઉપાધ્યાયિનીને પ્રણામ કર્યા અને પેલાં કુંડલો તેને આપ્યાં; ત્યારે ગુરુપત્નીએ તેને કહ્યું:-" ઉત્તંક! તું ઠીક સમયે મુકામે આવી પહોંચ્યો છે. હે વત્સ! તું ભલે આવ્યો, જો તું આ ક્ષણે ન આવ્યો હોત તો તને નિરપરાધીને મેં શાપ આપ્યો હોત. તારૂં શ્રેય થાઓ અને તું સિદ્ધિને પ્રાપ્ત થા."૧૫૯

તે પછી ઉત્તંકે ઉપાધ્યાયને અભિવંદન કર્યું. ઉપાધ્યાયે તેને કહ્યું:-' વત્સ ઉત્તંક! તું ભલે આવ્યો, તને આટલી વાર કેમ થઇ?'૧૬૦ ઉત્તંકે ઉપાધ્યાયને કહ્યું:-" મહારાજ! નાગરાજ તક્ષકે આ કામમાં મને વિઘ્ન કર્યું હતું. તેથી હું નાગલોકમાં ગયો હતો. ત્યાં મેં સાળ પર તાંતણાઓ ચઢાવી વસ્ત્ર વણતી બે સ્ત્રીઓને જોઇ; તેમાં કાળા, ધોળા તાંતણાઓ હતા, તે શું? વળી ત્યાં મેં બાર આરાવાળું ચક્ર જોયું, જેને છ કુમારો ફેરવતા હતા, તે પણ શું? એક પુરુષ જોયો હતો તે કોણ? મહાન અશ્વને જોયો તે પણ કોણ? વળી માર્ગમાં જતાં મેં એક આખલો જોયો અને તેનાપર એક પુરુષ બેઠેલો હતો, તેણે મને સમજાવીને કહ્યું કે; 'ઉત્તંક! તું આ આખલાનું છાણ ખા, તારા ઉપાધ્યાયે પણ પૂર્વે તે ખાધું હતું.' પછી તેના વચનથી મેં તે આખલાનું છાણ ખાધું હતું, તે પુરુષ પણ કોણ હતો? એ બધું શું હતું તે હું આપના મુખથી સાંભળવાની ઇચ્છા રાખું છું." ઉત્તંકે આ પ્રમાણે પૂછયું ત્યારે ઉપાધ્યાયે કહ્યું:-

‡ 'જે તે સ્ત્રીઓ હતી તે ધાતા અને વિધાતા છે; જે તે ધોળા કાળા તાંતણા હતા તે રાત્રિ અને દિવસો છે. વળી જે બાર આરાવાળું ચક્ર તે સંવત્સરચક્ર છે; જે છ કુમારો તે છ ઋતુઓ છે; જે પુરુષ તે પર્જન્ય છે; જે અશ્વ તે અગ્નિ છે; તેં માર્ગમાં જતાં જે આખલો જોયો તે હસ્તિરાજ ઐરાવત છે; જે એના ઉપર બેઠેલો પુરુષ તે ઇંદ્ર છે અને તે આખલાનું છાણ જે તેં ખાધું હતું તે અમૃત હતું. તે અમૃતના પ્રભાવથીજ તું નાગલોકમાં મૃત્યુ પામ્યો નહિ. તે ભગવાન ઇંદ્ર મારા મિત્ર છે, તેણે તારા ઉપર દયાથી આ અનુગ્રહ કર્યો હતો અને તેથીજ તું કુંડલો લઇને પાછો આવ્યો છે.* હે સૌમ્ય! હવે તું ઘેર જા, તને હું જવાની આજ્ઞા આપું છું, તારૂં કલ્યાણ થશે.'

ઉપાધ્યાયની આજ્ઞા મેળવ્યા પછી ભગવાન ઉત્તંક ક્રોધયુક્ત થઇને તક્ષકનું વેર લેવાની ઇચ્છાથી હસ્તિનાપુર ગયા. બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા તે ઉત્તંક થોડા સમયમાં હસ્તિનાપુર આવી

× સત્ય સંકલ્પરૂપી વિરાટ્ભાવનું આરોહણ કર્યું.

‡ કાર્યમાં સત્તા તથા સ્ફૂર્તિને ધારણ કરે તે ધાતા-ચિતિ, વિવિધ રૂપથી સ્વરૂપને ધારણ કરનારી વિધાતા-માયા. રાત્રિની પેઠે વ્યામોહ કરનાર હોવાથી દુઃખ તે રાત્રિ. દિવસની પેઠે આહ્લાદક હોવાથી સુખ તે દિવસ. સર્વ ઉપાધિના સામ્યથી અને પૂર્વે જણાવેલી શ્રુતિથી સંવત્સર-પ્રજાપતિ. ઋતુની પેઠે નિત્ય ભ્રમણ કરનાર હોવાથી અવિદ્યાપંચક અને માયા તે કુમારો. મેઘની પેઠે તાપનાશક હોવાથી આચાર્યરૂપી ઈશ્વર-પર્જન્ય. અશ્વ તે અગ્નિ-ભોક્તા જીવ. **इरा**-અન્ન, તેવાળો ક્રતુ તે **इरावान्**, તેનાથી થયેલો ધર્મ તે-**ऐरावत** જે નાગરાજની પેઠે અકંપ્ય છે.

* **खलो न प्रार्थनासाध्यः स च दैवेन दंडितः॥ अभ्येति मृदुतां पश्चादुत्तंके तक्षको यथा ॥**

ખલ, પ્રાર્થના કરવાથી સાધ્ય થતો નથી; પરંતુ જ્યારે તેને દૈવી દંડ થાય છે ત્યારેજ તે કોમલતાને ધારણ કરે છે, જેમ ઉત્તંક પ્રત્યે તક્ષક. વળી સ્વધર્મમાં રહેલાઓ પ્રત્યે પરમેશ્વર અનુગ્રહ કરે છે અને તેનાથી વિરુદ્ધ વર્તનારાઓનો તક્ષકની પેઠે કુલક્ષય કરે છે. ઇત્યાદિ આ આખ્યાયિકાનું તાત્પર્ય છે. **નીલકંઠ**

પહોંચ્યા અને જનમેજય રાજાની પાસે ગયા. તે વખતે અપરાજિત એવા જનમેજય રાજા તક્ષશિલા નગરીમાં વિજય મેળવીને તુરતજ પાછા આવેલા હતા અને આજુબાજુ મંત્રીઓથી વિંટાઇને બેઠેલા હતા. તે રૂડા વિજયી રાજાને જોઇને ઉત્તંકે યથાન્યાય જયાશીર્વાદ આપ્યો અને વિશિષ્ટ અર્થવાળી, સમયોચિત વાણીથી રાજાને કહ્યું:-૭૩

ઉત્તંક કહે છેઃ-'હે નૃપશ્રેષ્ઠ! કરવાનું કાર્ય અન્ય છે, તેની જગ્યાએ તમે બાલકની પેઠે અન્યજ કાર્ય કરો છો!' ૭૪

સૌતિ કહે છેઃ-આ પ્રમાણે વિપ્રે કહ્યું તે સાંભળીને જનમેજય રાજાએ ન્યાયપૂર્વક તેનું પૂજન કરી તે દ્વિજશ્રેષ્ઠ પ્રત્યે કહ્યું:-૭૫

જનમેજય કહે છેઃ-'આ પ્રજાનું રક્ષણ કરવાવડે હું પોતાના ક્ષાત્ર ધર્મનું પરિપાલન કરૂં છું. મારે હમણાં શું કરવાનું છે, તે મને કહો, કે જે કાર્યને માટે આપ અહીં આવ્યા છો.'

સૌતિ કહે છેઃ-રાજાઓમાં શ્રેષ્ઠ એવા જનમેજયે એ પ્રમાણે કહ્યું ત્યારે પુણ્યકર્મો કરનારામાં મુખ્ય એવા દ્વિજોત્તમ ઉત્તંકે, ઉદાર મનવાળા રાજાને કહ્યું કેઃ 'હે નૃપતિ! તમે પોતાનુંજ કાર્ય કરો. ઉત્તંક કહે છેઃ-હે રાજેંદ્ર! જે તક્ષકે તમારા પિતાની હિંસા કરી છે, તે દુરાત્મા સર્પનો તમે પ્રતીકાર કરો. વેદવિધિમાં જણાતું કર્મ (સર્પસત્ર) કરવાનો આ સમય પ્રાપ્ત થયો છે એમ મારૂં માનવું છે; માટે હે રાજન્! તમે તમારા મહાત્મા પિતાના વૈરનો બદલો વાળો. દુષ્ટ અંતઃકરણવાળા તે સર્પે તમારા નિરપરાધી પિતાને દંશ કર્યો હતો અને વજ્રથી હણાયલા ઝાડની પેઠે તેઓ મરણ પામ્યા હતા. બલના ગર્વથી ઉન્મત્ત થયેલા અધમ એવા પાપી તક્ષક સર્પે, રાજર્ષિ વંશના રક્ષક અને દેવના સમાન તમારા પિતાને ડસીને મહાન અકાર્ય કર્યું છે; એટલુંજ નહિ પરંતુ રાજાનું વિષ ઉતારવા આવતા કશ્યપને પણ તે પાપીએ દ્રવ્ય આપીને પાછો વાળ્યો હતો. માટે હે મહારાજ! તે પાપીને સર્પસત્ર કરીને પ્રજ્વલિત અગ્નિમાં હોમી દેવાને તમે યોગ્ય છો. હવે તે કાર્ય ત્વરાથીજ કરો. હે રાજન્! એમ કરવાથી તમે પિતાનું ઋણ વાળેલું ગણાશે અને મારૂં પણ તમે મહાન પ્રિય કર્યું એમ હું માનીશ. કારણકે હે પવિત્ર રાજા! હું ગુરુદક્ષિણાને માટે યત્ન કરતો હતો તે કાર્યમાં પણ તે દુરાત્માએ મને વિઘ્ન કર્યું હતું."

સૌતિ કહે છેઃ-આ સાંભળીને, ઘી હોમવાથી જેમ અગ્નિ પ્રદીપ્ત થાય તેમ ઉત્તંકનાં વાક્યરૂપી ઘીવડે જન્મેજય રાજા તક્ષકના ઉપર ક્રોધે ભરાયા; અને તે વખતે દુઃખિત થયેલા રાજાએ, ઉત્તંકની સમીપમાંજ પોતાના પિતાના મરણના સંબંધમાં મંત્રીઓને પૂછયું; કારણકે જે વખતે ઉત્તંકના મુખથી પોતાના પિતાનું મરણ તક્ષકના ઝેરથી થયેલું સાંભળ્યું, તે વખતેજ રાજેંદ્ર જનમેજય દુઃખ અને શોકમાં ડૂબી ગયો હતો.*૧૮૮

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌષ્યપર્વ વિષે પૌષ્યાખ્યાન નામનો અધ્યાય ૩ જો સમાપ્ત.

‡પૌષ્યપર્વ સમાપ્ત.

---

* **धर्मोद्यमेऽनुकूलाः स्युर्देवास्तत्प्रतिबघ्नतः॥ तक्षकस्येव दुःखाप्तिरिति पौष्ये व्यवस्थितम्॥**

ધર્મના ઉદ્યોગમાં દેવતાઓ અનુકૂલ થાય છે અને તેમાં વિઘ્ન કરનારને તક્ષકની પેઠે દુઃખપ્રાપ્તિ થાય છે, એ પૌષ્યપર્વમાં કહ્યું છે. **रत्नगर्भ**

‡ **कुड्यवद्वृषवद्भूत्वा व्यन्नोयः सेव ते गुरुम्॥ तं विद्या देवताश्चानुगृह्णन्तीत्याह पौष्यकृत्॥**

ભીંતની પેઠે અને આખલાની પેઠે દૃઢ રહીને વખતપર નિરાહાર રહીને પણ જે ગુરુની સેવા કરે છે તેના ઉપર વિદ્યા અને દેવતાઓ અનુગ્રહ કરે છે, એ પૌષ્યપર્વ કરનારે કહ્યું છે. **गाणेशी**

पौलोमपर्व

અધ્યાય ૪ થો–કથાપ્રવેશ

गद्य–लोमहर्षणपुत्र उग्रश्रवाः सौतिः पौराणिको नैमिषारण्ये शौनकस्य कुलपतेर्द्वादशवार्षिके सत्रे ऋषीनभ्यागतानुपतस्थे ॥ १ ॥

લોમહર્ષણ સૂતના પુત્ર, પૌરાણિક ઉગ્રશ્રવા, નૈમિષારણ્યમાં કુલપતિ શૌનક ઋષિના બાર વર્ષના સત્રમાં આવેલા ઋષિઓની સેવા કરતા હતા. પુરાણમાં શ્રમ કરનારા તે પૌરાણિક બે હાથ જોડીને ઋષિઓને કહેવા લાગ્યાઃ-" હવે આપ શું સાંભળવાની ઇચ્છા રાખો છો ? હું આપને કયી કથા સંભળાવું ?" તેમને ઋષિઓએ કહ્યું, હે લોમહર્ષણના પુત્ર ! અમે તમારી પાસે પરબ્રહ્મની કથા કહેવરાવવા ઇચ્છીએ છીએ. શ્રવણની ઇચ્છાવાળા એવા અમને કથાના પ્રસંગમાં તમે ઉત્તમ કથાના પ્રસંગો કહેશો; પરંતુ ભગવાન કુલપતિ શૌનકઋષિ તો હમણાં અગ્નિશાળામાં અગ્નિની ઉપાસના કરે છે. જેઓ દેવતા અને અસુરોની દિવ્ય કથાઓ જાણે છે, વળી મનુષ્ય, નાગ, ગંધર્વ વગેરેની સર્વ કથાઓને જે જાણે છે, હે સૌતે ! તે કુલપતિ બ્રાહ્મણ આ યજ્ઞમાં વિદ્વાન, દક્ષ, વ્રતવાળા, બુદ્ધિમાન, કર્મકાંડ અને જ્ઞાનકાંડમાં ગુરુ, સત્યવાદી, શાંતિપરાયણ, તપસ્વી, નિયમિત વ્રતવાળા તથા અમને સર્વને માન્ય છે; તેમની આવવાની વાટ જુઓ. તે અમારા ગુરુ પોતાના પરમ સન્માનિત આસન ઉપર બેસે તે પછી તે દ્વિજશ્રેષ્ઠ તમને જે કથા પૂછે, તે કથા તમે કહેશો. ૮

સૂતપુત્ર કહે છે; ભલે એમ થાઓ. તે મહાત્મા ગુરુના બેઠા પછી તેઓ જે પૂછશે તે વિવિધ આશ્રયોવાળી પુણ્યકથાઓ હું કહી સંભળાવીશ. પછી વિપ્રશ્રેષ્ઠ શૌનક દેવોને બ્રહ્મયજ્ઞથી અને પિતૃઓને તર્પણથી તૃપ્ત કરીને તથા સર્વ કાર્ય યથાવિધિ કરીને, જ્યાં વ્રતધારી બ્રહ્મર્ષિઓ અને સિદ્ધો, સૂતપુત્રને આગળ કરીને યજ્ઞમંડપમાં સુખરૂપ બેઠા હતા ત્યાં આવ્યા અને પોતાને માટે ઉભા થયેલા ઋત્વિજો તથા સભાસદોના બેઠા પછી ગૃહપતિ શૌનક પણ પોતાના આસન ઉપર બેઠા તથા નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૧૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમ પર્વવિષે કથાપ્રવેશ નામનો અધ્યાય ૪ થો સમાપ્ત.

અધ્યાય ૫ મો–ભૃગુનો વંશ અને પુલોમા રાક્ષસ તથા અગ્નિનો સંવાદ.

॥ शौनक उवाच ॥

पुराणमखिलं तात पिता तेऽधीतवान् पुरा ॥
कच्चित्त्वमपि तत्सर्वमधीषे लौमहर्षणे ॥१॥

શૌનક કહે છેઃ–હે તાત! પૂર્વે તમારા પિતા પુરાતન સર્વ ઇતિહાસો ભણ્યા હતા. હે લોમહર્ષણના પુત્ર ! તે સર્વ તમે પણ ભણ્યા છો શું? પુરાણમાં રહેલી દિવ્ય કથાઓ અને બુદ્ધિમતીના વંશો જે વર્ણન કરેલા છે, તે ઘણાખરા તમારા પિતાના મુખથી પહેલાં અમે સાંભળ્યા છે. તેમાં પ્રથમ ભૃગુનો વંશ સાંભળવાની હું ઇચ્છા રાખું છું, માટે તમે એ કથા અમને કહો, અમે તમારી કથા સાંભળવાને તૈયાર છીએ. ૩

સૌતિ કહે છેઃ–પૂર્વે વૈશંપાયન વિપ્ર જેમાં મુખ્ય છે એવા મહાત્મા દ્વિજશ્રેષ્ઠોએ જેનું સારી રીતે અધ્યયન કરેલું અને તેમણે જે પ્રમાણે કહેલું તથા મારા પિતાએ જે અધ્યયન કરેલું,

તે સઘળું હું તેમનાથી સારી રીતે ભણ્યો છું. તેમાં હે ભૃગુનંદન! ઇંદ્રાદિક દેવો, મરુદ્ગણો, અને ઋષિઓથી માન પામેલા એવા મુખ્ય ભૃગુવંશને તમે સાંભળો. હે મહામુનિ! પ્રથમ પુરાણમાં વર્ણવેલા ઉપોદ્ઘાત સાથે એ ભૃગુનો વંશ હું યથાર્થ રીતે કહું છું. સ્વયંભૂ એવા બ્રહ્માએ વરુણના યજ્ઞમાં, અગ્નિથી મહર્ષિ ભગવાન ભૃગુને ઉત્પન્ન કર્યા એમ અમે સાંભળ્યુ છે. તે ભૃગુને અતિ પ્રિય એવા ભાર્ગવ ચ્યવન નામના પુત્ર હતા. ચ્યવનનો ધર્મિષ્ઠ એવો પ્રમતિ નામનો પુત્ર હતો. પ્રમતિનો ઘૃતાચીમાં રુરુ નામનો પુત્ર થયો હતો અને રુરુથી પ્રમદ્વરામાં વેદના પારને પામેલા તથા ધર્માત્મા એવા તમારા પૂર્વ પિતામહ શુનકઋષિ થયા હતા. જેઓ તપસ્વી, યશસ્વી, શાસ્ત્રનાં અધ્યયનવાળા, બ્રહ્મવેત્તા, ધાર્મિક, સત્યવાદી શમદમાદિસંપન્ન અને નિયમિત આહાર કરનારા હતા. [૧૧]

શૌનક પૂછે છેઃ–હે સૂતપુત્ર! હું પ્રશ્ન કરૂં છું કે, મહાત્મા ભૃગુના પુત્રનું ચ્યવન એવું નામ શા કારણથી કહેવાયું હતું તે મારી આગળ તમે કહો. [૧૨]

સૂતપુત્ર કહે છેઃ–ભૃગુઋષિને પુલોમા નામની પ્રખ્યાત સ્ત્રી હતી, જે તેમને ઘણી વહાલી હતી. તેને ભૃગુના વીર્યથી ગર્ભ રહ્યો હતો. હે ભૃગુવંશને ધારણ કરનારા! યશસ્વી એવા ભૃગુની સમાન શીલવાળી ધર્મપત્ની પુલોમામાં તે ગર્ભ રહ્યો હતો તે સમયમાં ધર્મચારીમાં શ્રેષ્ઠ એવા ભૃગુઋષિ, એક વખત સ્નાન કરવા ગયા હતા, એટલામાં પુલોમા નામનો એક રાક્ષસ તેમના આશ્રમ આગળ આવી પહોંચ્યો, અને તે આશ્રમમાં પ્રવેશ કરી ભૃગુની પવિત્ર સ્ત્રીને જોઈને કામવડે મોહિત થવાથી ભાનવિનાના જેવો થઈ ગયો. તે વખતે સુંદર રૂપવાળી પુલોમાએ પોતાના આશ્રમમાં આવેલા તે રાક્ષસનું, વનનાં ફલ, મૂલ વગેરેથી આતિથ્ય કર્યું. હે બ્રહ્મન! તે સમયે પુલોમા રાક્ષસ, સ્તુત્ય એવી ભૃગુપત્નીને જોઇને તેનું હરણ કરવાની ઇચ્છાથી આનંદમાં આવી ગયો. તે શુભ સ્ત્રીના હરણની લાલસાથી ખુશી થયેલો તે 'હવે આપણું કામ થઈ ગયુ" એમ કહેવા લાગ્યો; કારણ કે મધુર હાસ્યવાળી એ સ્ત્રીને પ્રથમ તે પુલોમા રાક્ષસ* વર્યો હતો અને પછી તેના પિતાએ શાસ્ત્રોક્ત વિધિથી ભૃગને પરણાવી હતી. હે ભાર્ગવ! આ સંબંધનુ કિલ્બિષ તે રાક્ષસના હૃદયમાં નિત્ય રહ્યા કરતું હતું;[૨૦] એટલે આ ખરો લાગ છે, એમ ધારીને તેણે તે વખતેજ પુલોમાને હરીજવાનો વિચાર કર્યો; પરંતુ એટલામાં તેણે અગ્નિહોત્રશાળામાં પ્રજ્વલિત થતા અગ્નિને જોયો, એટલે તે સમયે રાક્ષસે જાજ્વલિત એવા તે અગ્નિને પૂછ્યું કે; 'હે અગ્નિદેવ હું તમને પૂછું છું તે સત્યથી કહો કે આ સ્ત્રી કોની ભાર્યા કહેવાય? તમે દેવતાઓનું મુખ છો, માટે હું પ્રશ્ન કરૂં છું, તેથી મને ઉત્તર આપો, આ સુંદરીને ભાર્યાતરિકે પ્રથમ મેંજ સ્વીકારી હતી; પરંતુ પછીથી એના જૂઠા પિતાએ એને ભૃગુ સાથે પરણાવી હતી. જો આ શ્રેષ્ઠ જઘનવાળી ભૃગુની સ્ત્રી મારી ભાર્યા હોય તો અત્યારે એ એકાંતમાં છે એટલામાં હું આશ્રમમાંથી એનું હરણ કરૂ. માટે જે હોય તે મને સત્ય કહો, કારણ કે પ્રથમ મેં ભાર્યાતરિકે સ્વીકારેલી આ સુંદર કટીવાળી સ્ત્રીને ભૃગુએ પ્રાપ્ત કરી છે, એ જાણીને ઉત્પન્ન થયેલો ક્રોધ મારા હૃદયને બાળી નાખતો હોય તેમ હૃદયમાં વાસ કરી રહ્યો છે.

સૌતિ કહે છેઃ–આ પ્રમાણે પ્રજ્વલિત અગ્નિને પૂછ્યા પછી પણ 'છલવચનથી પહેલાં મને આપેલી અને પછી વિધિપૂર્વક ભૃગુને આપેલી એ સ્ત્રી, મારી ગણાય કે ભૃગુની' એવા સંદેહથી રાક્ષસ ફરી ફરીને અગ્નિને પૂછવા લાગ્યો. "હે સર્વજ્ઞ! હે અગ્નિદેવ! તમે સર્વદા સર્વ પ્રાણીઓના અંતરમાં રહેલા છો અને પુણ્ય તથા પાપના સાક્ષી છો, માટે તમે મને સત્ય ઉત્તર

*ભૃગુઋષિની સ્ત્રી પુલોમા જ્યારે બાળક હતી, ત્યારે તેના પિતાએ એક વખત તેને રડતી જોઇને બીક દેખાડી છાની રાખવા માટે કહ્યુંઃ–' રે રાક્ષસ! આને લઈ જા!' આમ બોલતાંની સાથેજ ઘરની સમીપમાં આવેલા એ રાક્ષસે તેને ભાર્યાતરીકે સ્વીકારી લીધી હતી. આથી એ વચનવડે આપેલી ગણાય.

આપો. પ્રથમ મેં જેને ભાર્યાતરીકે સ્વીકારેલી તેને પાછળથી અનૃત કરનારા ભૃગુએ હરી લીધી છે; માટે આ સ્ત્રી જો મારી હોય અને ભૃગુ અનૃતકારી હોય તો તમારે મને સત્ય કહેવું જોઇએ. હું તમારી પાસેથી ઉત્તર સાંભળ્યા પછી આ ભૃગુની ભાર્યાનું તમારા દેખતાં આશ્રમમાંથી હરણ કરીશ; માટે હે અગ્નિ ! તમે મને સત્ય ઉત્તર આપો."૨૮

સૌતિ કહે છેઃ-પુલોમા રાક્ષસનાં આવાં વચન સાંભળીને અગ્નિને ઘણું દુઃખ થયું; કારણ કે જૂઠું બોલવાનો તથા શાપનો તેને ભય હતો, અર્થાત્ રાક્ષસે પ્રથમ ગ્રહણ કરેલી હોવાથી એને ભૃગુની ભાર્યા કહેવાથી જૂઠું બોલ્યું ગણાય અને રાક્ષસની ભાર્યા કહેતાં ભૃગુ ઋષિ શાપ આપે, તેથી તેણે "એ ભૃગુની ભાર્યા છે" એમ ધીમેથી કહ્યું. અગ્નિ કહે છેઃ-"હે દાનવનંદન ! આ પુલોમાને પ્રથમ તું વર્યો હતો, પરંતુ મંત્રવિધિપૂર્વક તું એને વર્યો નથી. એના મહા યશસ્વી પિતાએ એ યશસ્વિની પુલોમાને વિધિપૂર્વક તો ભૃગુને આપી છે, કાંઇ તને વર ધારીને એના પિતાએ આપી નથી. હે દાનવ! મને સાક્ષી રાખીને વેદોક્ત કર્મવડે વિધિપૂર્વક ભૃગુ ઋષિએ એની સાથે લગ્ન કર્યાં છે અને તેજ આ છે, એમ હું જાણું છું. હું અસત્ય વચન બોલી શકતો નથી. કારણ કે હે દાનવશ્રેષ્ઠ! લોકોમાં અસત્ય વચન કદિ પણ માન્ય ગણાતું નથી."૩૪

ઇતિ શ્રી મહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમપર્વવિષે અગ્નિસંવાદ નામનો અધ્યાય ૫ મો સમાપ્ત.

અધ્યાય ૬ ઠ્ઠો-ચ્યવનની ઉત્પત્તિ અને અગ્નિને શાપ

॥ सौतिरुवाच ॥

अग्नेरथ वचः श्रुत्वा तद्रक्षः प्रजहार ताम् ॥
ब्रह्मन् वराहरूपेण मनोमारुतरंहसा ॥ १ ॥

સૂતપુત્ર કહે છેઃ-હે બ્રહ્મન્! અગ્નિનાં એવાં વચન સાંભળીને તે રાક્ષસે વરાહનું રૂપ ધારણ કર્યું અને મન અથવા પવનના જેવા વેગથી તે પુલોમાનું હરણ કરી ગયો. હે ભૃગુકુલને વહન કરનારા ! તે વખતે એ સ્ત્રીની કુક્ષિમાં રહેલો ગર્ભ કોપથી માતાની કુક્ષિમાંથી ચ્યુત થયો-દુઃખથી બહાર નીકળી પડયો તેથી તે ચ્યવન નામે કહેવાયો. માતાના ગર્ભથી પડેલા સૂર્યના જેવા તે તેજસ્વી બાલકને જોતાંજ તે રાક્ષસ પુલોમાને મૂકી દઇ તત્કાલ ભસ્મ થઇને જમીનપર પડયો. તે પછી દુઃખથી વ્યાકુલ થયેલી સુંદર નિતંબવાળી પુલોમા ભૃગુને આનંદ આપનારા, ભૃગુઋષિના પુત્ર ચ્યવનને લઇને આશ્રમ તરફ આવવા લાગી. તે વખતે સર્વ લોકના પિતામહ બ્રહ્માએ, પવિત્ર એવી ભૃગુની ભાર્યાને આંસુભરી આંખથી રડતી દીઠી, એટલે પિતામહ ભગવાન બ્રહ્માએ પોતાના પુત્રની વહુ પુલોમાનું સાંત્વન કર્યું. તે પુલોમાનાં અશ્રુબિંદુઓથી એક મહાનદી વહેવા લાગી, અને તેનો પ્રવાહ તપસ્વી એવા ભૃગુની પત્નીના માર્ગમાં વહેવા લાગ્યો. આમ પુત્રવધૂની પાછળ અનુસરતી તે નદીને જોઇને લોકના પિતામહ ભગવાન બ્રહ્માએ તે નદીનું 'વધૂસરા' એવું નામ પાડયું. એ નદી ચ્યવનના આશ્રમમાં વહે છે. આ પ્રમાણે ભૃગુના પ્રતાપી પુત્ર ચ્યવનનો જન્મ થયો હતો. જ્યારે આશ્રમમાં ચ્યવનના પિતા ભૃગુઋષિએ ચ્યવનને તથા પોતાની ભાવયુક્ત પત્નીને જોયાં ત્યારે કુપિત થઇ તે ભૃગુઋષિ પોતાની ભાર્યા પુલોમાને પૂછવા લાગ્યા.૯

ભૃગુઋષિ પૂછે છેઃ-"હરણ કરવાની ઇચ્છાવાળા તે રાક્ષસને કોણે તારી ઓળખાણ આપી હતી? કારણ કે સુંદર હાસ્યવાળી એવી તને મારી ભાર્યા છે એમ તે રાક્ષસ જાણતો ન હતો. તેને તારી ઓળખાણ કોણે પાડી, તે તું મને સત્ય કહે, કારણ કે હું આજે તેને ક્રોધથી શાપ આપવા ઇચ્છા રાખું છું. મારા શાપથી ભય પામે નહિ એવો કોણ છે; અને આ અપરાધ કોણે

કર્યો છે?" પુલોમા બોલીઃ-"હે ભગવન્! તે રાક્ષસને અગ્નિએ મારી ઓળખાણ આપી હતી, ત્યાર પછી કુરરીની પેઠે આક્રોશ કરતી એવી મને રાક્ષસ લઇ ગયો હતો અને હું આ તમારા પુત્રના તેજથી તે રાક્ષસની પાસેથી છટવા પામી છું. આ બાલકને જોતાંજ તે રાક્ષસ મને મૂકી દઇને જમીન ઉપર પડ્યો અને તરતજ ભસ્મ થઇ ગયો."૧૧-૧૩

સૌતિ કહે છેઃ-પુલોમાનો આ વૃત્તાંત સાંભળીને ભગુઋષિને બહુ ક્રોધ ચઢયો અને તેણે અત્યંત ક્રોધ પામીને અગ્નિને શાપ આપ્યો કે, તું સર્વભક્ષી થઇશ.'૧૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમપર્વવિષે અગ્નિશાપ નામનો અધ્યાય છઠ્ઠો સમાપ્ત.

અધ્યાય ૭ મો-અગ્નિનો શાપથી છૂટકો.

॥ सौतिरुवाच ॥

शप्तस्तु भृगुणा वह्निः क्रुद्धो वाक्यमथाब्रवीत् ।
किमिदं साहसं ब्रह्मन् कृतवानसि मां प्रति ॥१॥

સૂતપુત્ર કહે છેઃ-જ્યારે ભૃગુએ શાપ આપ્યો ત્યારે ક્રોધ પામેલો અગ્નિ ભૃગુને કહેવા લાગ્યો કે, "હે બ્રહ્મન્! તમે મારા પ્રત્યે આ શું સાહસ કર્યું? ધર્મમાં યત્નશીલ અને નિષ્પક્ષપાતી તથા સત્ય વચન બોલનારા એવા મને જ્યારે તેણે પૂછયું ત્યારે મેં જે સત્ય હતું તે તેને કહ્યું, એમાં મારો શો અપરાધ? કારણ કે વૃત્તાંત જાણનારા સાક્ષીને પૂછતાં જો તે જુઠી સાક્ષી પૂરે તો તે પોતાના કુલના સાત પૂર્વ પુરુષોને તથા સાત ઉત્તર પુરુષોને અધોગતિએ પહોંચાડે છે. વળી જે કોઇ કાર્યના રહસ્યને યથાર્થ જાણે છે, છતાં સત્ય વાત કહેતો નથી તો તે પણ તેજ પાપથી લિપ્ત થાય છે; એમાં સંશય નથી. હે બ્રાહ્મણ! હું પણ તમને શાપ આપવાને સમર્થ છું; પરંતુ બ્રાહ્મણો મને માન્ય છે એટલે હું તેમ કરી શકતો નથી. તમે સર્વ જાણો છો તેમ છતાં હું તમને જે કહું છું તે તમે સાંભળો. હું યોગસિદ્ધિના બળથી અનેક રૂપો ધારણ કરીને, અગ્નિહોત્રમાં ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ વગેરે મૂર્તિરૂપે રહું છું. વળી અનેક કર્તાઓથી થતા સત્રમાં, ગર્ભાધાન વગેરે સ્માર્ત ક્રિયાઓમાં અને જ્યોતિષ્ટોમ વગેરે મખમાં પણ હું રહું છું. વેદોકતવિધિથી મારે વિષે જે હવિ હોમાય છે. તેનાથી દેવતાઓ અને પિતૃઓ તૃપ્ત થાય છે. અગ્નિમાં હોમાતું આપ(સોમ, ઘી, દૂધ વગેરે)જ સર્વ દેવગણો તથા સર્વ પિતૃગણોનાં શરીરરૂપે પરિણામ પામે છે. વળી દર્શયાગ અને પૌર્ણમાસ યાગ દેવોના પિતૃઓની જોડે થાય છે, તેથી દેવો તેજ પિતૃઓ છે અને પિતૃઓ તેજ દેવો છે. (કારણકે દેવભાવ અને પિતૃભાવ કર્મથીજ પ્રાપ્ત થાય છે), એટલે તેઓ એકરૂપજ જણાય છે, પરંતુ પર્વણીમાં તેઓ ભિન્ન ભિન્ન દેખાય છે. મારામાં જે હોમાય છે તે દેવતા તથા પિતૃઓ ભોગવે છે; કારણ કે દેવતાઓનું અને પિતૃઓનું હું મુખ ગણાઉં છું.૧૦ અમાવાસ્યાએ પિતૃઓ અને પૂર્ણિમાએ દેવતાઓ મારા મુખદ્વારા હોમેલાં હવિનું ભોજન કરે છે અને મારા મુખદ્વારા તેમનું યજન કરાય છે; તો સર્વનાં મુખરૂપી હું સર્વભક્ષી કેવી રીતે થઇશ?"

સૌતિ કહે છેઃ-આ પ્રમાણે કહ્યા પછી વિચાર કરીને અગ્નિ પોતે અંતર્ધાન થઈ ગયો એટલે બ્રાહ્મણોનાં અગ્નિહોત્રોમાં, યજ્ઞોમાં, સત્રક્રિયાઓમાં, સર્વત્ર ઓંકાર, વષટ્કાર, સ્વધા, સ્વાહા વગેરે બંધ થઈ ગયાં. અગ્નિવિના સર્વ પ્રજા અત્યંત દુઃખિત થઈ ગઈ. તે પછી ઉદ્વેગ પામેલા ઋષિઓ દેવોની પાસે જઇને કહેવા લાગ્યા. "હે પવિત્ર દેવો! અગ્નિનો નાશ થવાથી અને અગ્નિહોત્રાદિ ક્રિયાઓ બંધ થવાથી ત્રણે લોકો મૂઢ જેવા થઈ ગયા છે. માટે કાળક્ષેપ ન થાય તે રીતે આ કાર્યમાં જે ઉપાય કરવો ઘટે તે તમે કરો." તે

પછી ઋષિઓએ અને દેવોએ બ્રહ્માની પાસે જઈને અગ્નિને થયેલો શાપ તથા ક્રિયાનો લોપ નિવેદન કર્યો અને કહ્યું કે, " હે મહાભાગ ! કંઈ કારણને લીધે ભૃગુઋષિએ અગ્નિને શાપ આપ્યો છે; પરંતુ દેવોનું મુખ અને યજ્ઞભાગનો અગ્ર ભોક્તા એવો અગ્નિ, સર્વ લોકમાં શી રીતે સર્વભક્ષી થઈ શકે ?" આવાં તેઓનાં વચન સાંભળીને વિશ્વકર્ત્તા બ્રહ્મા, પ્રાણીના કર્ત્તા અને અવિનાશી એવા અગ્નિને બોલાવીને તેને કોમળ વચનથી કહેવા લાગ્યાઃ-"હે અગ્નિ ! તમે સર્વ લોકના કર્તા તથા સંહર્તા છો. તમે ત્રણ લોકને ધારણ કરનારા છો અને ક્રિયાઓના પ્રવર્તક પણ તમેજ છો; માટે હે લોકેશ ! તમે એવી રીતે વર્તો કે જે રીતે ક્રિયાઓનો ઉચ્છેદ થાય નહિ.[૨૦] હે હુતાશન ! તમે મહા સમર્થ થઈને આમ મૂઢ કેમ થઇ ગયા છો? તમે તો લોકોમાં સર્વદા પવિત્રજ છો; અને સર્વ પ્રાણીઓના ગતિરૂપ છો તમે કંઇ સર્વ દેહથી સર્વભક્ષી થશો નહિ; પરંતુ હે અગ્નિ ! તમારી જે જ્વાલાઓ અપાનમાં રહે છે તે જ્વાલાઓ સર્વનું ભક્ષણ કરશે, તથા તમારૂં જે ક્રવ્યાદ-મનુષ્યાદિ અમેધ્ય માંસને ભક્ષણ કરનારૂં રૂપ છે તે સર્વનું ભક્ષણ કરશે. વળી જેમ સૂર્યનાં કિરણના સ્પર્શથી સર્વ શુદ્ધ કહેવાય છે તેમ તમારી જ્વાલાથી બળેલું સર્વ શુદ્ધ ગણાશે. હે અગ્નિ ! તમે પોતાનાજ પ્રભાવથી નીકળેલા પરમ તેજરૂપ છો; માટે હે વિભુ ! તમારા પોતાના તેજથીજ ઋષિના તે શાપને સત્ય કરો અને તમારા મુખમાં હોમેલા દેવોના તથા તમારા ભાગને ગ્રહણ કરો."૨૧-૨૫

સૂતપુત્ર કહે છેઃ-તે પછી 'ભલે તેમ થાઓ' એમ અગ્નિએ પિતામહ બ્રહ્માને કહ્યું અને બ્રહ્મદેવની આજ્ઞા પાળવા માટે ત્યાંથી ચાલી નિકળ્યો. દેવો અને ઋષિઓ પણ આનંદ પામીને જેમ આવ્યા હતા તેમ પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા; અને ઋષિઓ પૂર્વની પેઠે સઘળી ક્રિયાઓ કરવા લાગ્યા. સ્વર્ગમાં દેવતાઓ આનંદ પામ્યા, જગતમાં સર્વ પ્રાણીઓ હર્ષ પામ્યાં તથા પાપરહિત થયેલો અગ્નિ પણ પરમ પ્રસન્ન થયો. આ પ્રમાણે પૂર્વે ભગવાન અગ્નિ, ભૃગુઋષિથી શાપ પામ્યા હતા. આ રીતે અગ્નિને થયેલા શાપનો, પુલોમા રાક્ષસના વિનાશનો અને ચ્યવન ઋષિની ઉત્પત્તિનો ઇતિહાસ પૂર્વે થયો હતો. ૨૬-૨૯

ઇતિ શ્રીમહાભારતના આદિપર્વાંતર્ગત પૌલોમપર્વ વિષે અગ્નિશાપમોચન નામનો અધ્યાય ૭ મો સમાપ્ત.

અધ્યાય ૮ મો-રુરુનું ચરિત્ર-પ્રમદ્વરાને સર્પદંશ.

॥ सौतिरुवाच ॥

स चापि च्यवनो ब्रह्मन् भार्गवोऽजनयत्सुतम् ॥ सुकन्यायां महात्मानं प्रमतिं दीप्ततेजसम् ॥१॥

સૌતિ કહે છેઃ-હે બ્રહ્મન્ ! તે ભૃગુના પુત્ર ચ્યવને પણ સુકન્યા નામની સ્ત્રીમાં મહાત્મા અને પ્રદીપ્ત તેજવાળા એવા પ્રમતિ નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો. પ્રમતિએ ઘૃતાચી નામની અપ્સરામાં રુરુ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો અને રુરુએ પ્રમદ્વરામાં શુનક નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. એ શુનક, મહાન હૃદયબળવાળો અને સર્વ ભૃગુવંશીઓને આનંદ આપનારો થયો હતો. તે તીવ્ર તપ કરતો હોવાથી તેનો યશ સ્થિર થયો હતો. હે બ્રહ્મન્ ! હવે હું મહાન તેજવાળા રુરુનું સર્વ ચરિત્ર વિસ્તારથી કહું છું તે તમે સંપૂર્ણ રીતે સાંભળો. પૂર્વે તપ અને વિદ્યાથી સંપન્ન તથા સર્વ પ્રાણીના હિતમાં તત્પર એવા સ્થૂલકેશ નામના મહર્ષિ હતા. હે વિપ્રર્ષિ ! એ સમયમાંજ વિશ્વાવસુ નામના ગંધર્વરાજે મેનકા નામની અપ્સરામાં ગર્ભાધાન કર્યું હતું. હે ભૃગુનંદન ! મેનકા અપ્સરાએ ગંધર્વના તે ગર્ભને યથાસમયે સ્થૂલકેશ ઋષિના આશ્રમ આગળ મૂકી દીધો. હે બ્રહ્મન્ ! તે ગર્ભને ત્યાં નદીના તીર ઉપર નાખીને નિર્દય

અને લજ્જાવિનાની મેનકા અપ્સરા ત્યાંથી જતી રહી. એ ગર્ભથી પ્રકટેલી, દેવકન્યાના જેવી કાંતિથી ઝળહળતી તે કન્યાને મહર્ષિ સ્થૂલકેશે નદીના તીર ઉપર પડેલી દીઠી. નિર્જન અરણ્યમાં બંધુવિનાની તે કન્યાને જોઇને, તેજસ્વી એવા સ્થૂલકેશ મહર્ષિએ તેને ગ્રહણ કરી અને દયા આવવાથી તેનું પોષણ કરવા માંડયું. સુંદર અંગવાળી તે કન્યા ઋષિના શુભ આશ્રમમાં મોટી થવા લાગી. મહાભાગ સ્થૂલકેશ મહર્ષિએ ક્રમે ક્રમે તે કન્યાના જાતકર્માદિ સર્વ સંસ્કારો વિધિપૂર્વક કર્યા.૧૦ બુદ્ધિ, રૂપ અને ગુણવડે યુકત એવી એ કન્યા સર્વ પ્રમદાઓથી વરા એટલે શ્રેષ્ઠ હોવાથી મહર્ષિએ એનું નામ પ્રમદ્વરા એવું પાડયું હતું. એક વખતે સ્થૂલકેશ ઋષિના આશ્રમ સ્થાનમાં રુરુએ પ્રમદ્વરાને જોઇ અને તે ધર્માત્મા તે વખતે કામથી પીડિત થયો. તે પછી તેણે પોતાના સખાઓદ્વારા પોતાના પિતા ભૃગુના પુત્ર પ્રમતિને એ વાત સંભળાવી. જેથી પ્રમતિ ઋષિએ યશસ્વી સ્થૂલકેશની પાસે પ્રમદ્વરાની યાચના કરી; એટલે પ્રમદ્વરાના પિતા સ્થૂલકેશે તે કન્યાનો રુરુની જોડે સંબંધ કર્યો અને આગળ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં લગ્ન કરવાનો નિશ્ચય રાખ્યો. તે પછી કેટલાએક દિવસ ગયા અને વિવાહનો કાલ સમીપ આવ્યો. એટલામાં એક દિવસે ઉત્તમ વર્ણવાળી તે કન્યા પોતાની સખીઓની સાથે રમત રમતી હતી, તે વખતે રસ્તામાં આડો પડેલો સર્પ તેના જોવામાં આવ્યો નહિ; એટલે કાળથી પ્રેરાયલી અને મૃત્યુના મુખમાં જતી તે બાળાએ સર્પના ઉપર પગ મૂકયો. તેજ વખતે મૃત્યુધર્મથી પ્રેરાયલા સર્પે, પ્રમાદમાં રહેલી તે કન્યાના શરીરમાં ઝેરી દાઢો ઉંડી બેસાડી દીધી. સર્પ ડસતાંની સાથેજ તે કન્યા એકાએક પૃથ્વી ઉપર ઢળી પડી, તેના શરીરનો રંગ ઝાંખો પડી ગયો અને શોભા જતી રહી, અલંકારો વિંખાઇ ગયા, ચેતન જતું રહ્યું,૨૦ માથાના કેશ વિંખાઇ ગયા, તેના સંબંધીઓનો આનંદ ઉડી ગયો અને જે પ્રથમ જોવા યોગ્ય સુંદરી હતી તે પ્રાણ જવાથી જોઇ ન શકાય તેવી થઇ પડી. સર્પના વિષથી પીડાતી તે કન્યા પૃથ્વી ઉપર ઉંઘી ગઇ હોય તેવી જણાતી હતી અને તેથી સૂક્ષ્મ મધ્યવાળી તે પાછી ઘણીજ મનોહર દેખાવા લાગી. કમલના જેવી કાંતિવાળી તે કન્યાને, તેના પિતા તથા અન્ય તપસ્વીઓએ ભૂમિપર તરફડતાં મૃત્યુ પામીને પડેલી દીઠી. તે પછી કૃપાયુકત સઘળા શ્રેષ્ઠ બ્રાહ્મણો ત્યાં આવ્યા, જેમાં સ્વસ્ત્યાત્રેય, મહાજાનુ કુશિક, શંખમેખલ, ઉદ્દાલક, કઠ, મહાયશસ્વી શ્વેત, ભરદ્વાજ, કૌણકુત્સ્ય, આર્ષ્ટિષેણ, ગૌતમ અને પુત્રસહિત પ્રમતિ તથા બીજા વનવાસીઓ હતા. તેઓ સર્પના વિષથી પીડાઇને મરણ પામેલી તે કન્યાને જોઇને કૃપાના આવેશથી રડવા લાગ્યા. ત્યારે દુઃખી થયેલો રુરુ તો ત્યાંથી બહાર ચાલ્યો ગયો અને બીજા સર્વ દ્વિજશ્રેષ્ઠો ત્યાંજ બેસી રહ્યા.૨૧-૨૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમપર્વવિષે પ્રમદ્વરા સર્પદંશ નામનો અધ્યાય ૮ મો સમાપ્ત.

અધ્યાય ૯ મો-પ્રમદ્વરાનું પુનરુજ્જીવન

॥ सौतिरुवाच ॥

तेषु तत्रोपविष्टेषु ब्राह्मणेषु महात्मसु ॥
रुरुश्चुक्रोश गहनं वनं गत्वातिदुःखितः ॥१॥

સૌતિ કહે છેઃ-તે મહાત્મા બ્રાહ્મણો ત્યાં બેઠેલા હતા. તે વખતે રુરુ ગહન વનમાં જઇને અત્યંત દુઃખિત થઇને રડવા લાગ્યો. શોકથી હણાયલો અને કરુણા ભરેલું અત્યંત રોદન કરતો તે પોતાની પ્રિયા પ્રમદ્વરાનું સ્મરણ કરીને રડતાં રડતાં નીચે પ્રમાણે કહેવા લાગ્યો. 'હા! મારા શોકમાં વૃદ્ધિ કરનારી તે સુંદરાંગી પૃથ્વી ઉપર પડી છે, સર્વ બંધુવર્ગને એનાથી વધારે બીજું શું દુઃખ થવાનું હતું? જો મેં દાન દીધું હોય, તપ કર્યું હોય અથવા સારી રીતે ગુરુઓની સેવા કરી હોય

તો તે પુણ્યથી મારી પ્રિયા સજીવન થાઓ. મેં જન્મથી આરંભી અંતઃકરણને વશ રાખ્યું છે તથા વ્રત ધારણ કર્યું છે, તે પુણ્યના પ્રભાવથી એ ભામિની પ્રમદ્વરા ઉઠીને ઉભી થાઓ !' આ પ્રમાણે ભાર્યાને માટે દુઃખી થઇને રુરુ અરણ્યમાં રડતો હતો તે વખતે તેની આગળ એક દેવદૂત આવીને કહેવા લાગ્યો. દેવદૂત બોલ્યોઃ-" આ રુરુ ! તું દુઃખને લીધે વચનો કહે છે, પરંતુ તે વચનો મિથ્યા છે; કારણ કે હે ધર્માત્મા ! મરણ-ધર્મવાળાં પ્રાણીનું આયુષ્ય પૂરૂં થયા પછી ફરી તે જીવી શકતું નથી. ગંધર્વ અને અપ્સરાની આ ગરીબ પુત્રીનું આયુષ્ય પૂરૂં થયું છેઃ માટે હે તાત ! હવે તું કોઇ પણ રીતે શોકમાં મન જોડીશ નહિ. છતાં મહાત્મા દેવોએ પૂર્વે અને માટે એક ઉપાય યોજેલો છે, જો તે ઉપાય કરવા તારી ઇચ્છા હોય તો તું પ્રમદ્વરાને મેળવી શકીશ." રુરુ બોલ્યોઃ-" હે આકાશચારી ! દેવોએ અને માટે શો ઉપાય કહેલો છે, તેનું મારી આગળ યથાર્થ વર્ણન કરો. તે સાંભળ્યા પછી હું જરૂર તેમ કરીશ. તમારે મારૂં રક્ષણ કરવું યોગ્ય છે."૧૦ દેવદૂત કહે છેઃ-" હે ભૃગુનંદન ! એ કન્યાને તું તારૂં અર્ધું આયુષ્ય આપ, એમ કરવાથી હે રુરુ ! તારી ભાર્યા પ્રમદ્વરા ઉઠશે." રુરુ કહે છેઃ-" હું તે કન્યાને મારૂં અર્ધું આયુષ્ય આપું છું, એનાથી શૃંગાર અને રૂપ જેનું આભરણ છે એવી મારી પ્રિયા જીવતી થઇને ઉઠો."૧૧-૧૨

સૂત પુત્ર કહે છેઃ-ત્યારપછી સજ્જનોમાં શ્રેષ્ઠ એવા ગંધર્વરાજ અને દેવદૂત ધર્મરાજાની પાસે ગયા અને તેમને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-" હે ધર્મરાજ ! રુરુની ભાર્યા પ્રમદ્વરા, જે એ રીતે મરણ પામી છે, તે કલ્યાણીને રુરુના અર્ધા આયુષ્યથી આપની ઇચ્છા હોય તો જીવતી કરો." ધર્મરાજ બોલ્યાઃ-" હે દેવદૂત ! જો તારી ઇચ્છા હોય તો રુરુની ભાર્યા પ્રમદ્વરા રુરુ-નાજ અર્ધા આયુષ્યને મેળવીને જીવતી થાઓ."

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે ધર્મરાજે કહ્યું તેજ વખતે રુરુના અર્ધા આયુષ્યથી તે સુંદર કન્યા પ્રમદ્વરા નિદ્રામાંથી ઉઠે તેમ ઉઠીને બેઠી થઇ. આ પ્રમાણે ઉત્તમ તેજસ્વી રુરુના અત્યંત વૃદ્ધિ પામેલા આયુષ્યમાંથી ભાર્યાને માટે અર્ધું આયુષ્ય લુપ્ત થયું હતું; કારણ કે એના ભવિષ્યમાંજ એ પ્રમાણે નિર્માયલું હતું. ૧૩-૧૭

ત્યાર પછી યોગ્ય દિવસે તેઓના પિતાઓએ હર્ષથી તે બન્નેનાં લગ્ન કરી દીધાં અને તે દંપતી એક એકનું હિત ઇચ્છતાં વિહાર કરવા લાગ્યાં. કમળના કેસરાના જેવી સુંદર કાંતિવાળી દુર્લભ ભાર્યાને મેળવ્યા પછી વ્રતધારી રુરુએ સર્પોના વિનાશને માટે નિયમ લીધો અને સર્વદા પ્રહારનું સાધન લઇને સર્પોને જોતાંજ તીવ્ર કોપ કરીને તે સઘળાને પોતાના સામર્થ્ય પ્રમાણે મારવા લાગ્યો.૨૦ એક વખતે તે રુરુ બ્રાહ્મણ મોટા વનમાં ગયો હતો; ત્યાં તેણે એક ઘરડા ડુંડુભને (નિર્વિષ સર્પને) સૂતેલો દીઠો. તેજ વખતે ક્રોધ પામેલા તે બ્રાહ્મણે તેને મારવાની ઇચ્છાથી કાળદંડના જેવી ડાંગ ઉગામી. ત્યારે ડુંડુભ તેને કહેવા લાગ્યોઃ-" હે તપોધન ! આજ મેં તમારો કંઇ અપરાધ કર્યો નથી તો ક્રોધના આવેશમાં આવીને તમે મને શામાટે મારો છો ?"૨૧-૨૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમપર્વવિષે પ્રમદ્વરા-પુનરુજ્જીવન નામનો અધ્યાય ૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૦ મો-રુરુ અને ડુંડુભનો સંવાદ

॥ रुरुरुवाच ॥

मम प्राणसमा भार्या दष्टासीद्भुजगेन ह ॥
तत्र मे समयो घोर आत्मनोरग वै कृतः ॥१॥

રુરુ કહે છેઃ-" મારી પ્રાણ જેવી પ્રિય ભાર્યાને સર્પે દંશ કર્યો હતો, ત્યારથી હે સર્પ ! મેં પોતે નિયમ ધારણ કર્યો છે કે, 'જે જે સર્પને હું જોઉં તે સર્વને મારે નિરંતર મારી નાખવા' તેથી તને હું મારી નાખું છું; જેથી આજે તું

જીવિતથી છૂટો થઇશ."૧-૨

ડુંડુભ કહે છેઃ-'હે બ્રહ્મન્! આ પૃથ્વીમાં મનુષ્યોને દંશ કરનારા જે સર્પો છે તે બીજા છે, માટે સર્પની સમાનતા માત્રથી તમે ડુંડુભોને મારવા યોગ્ય નથી. એક જાતિના બધાને હાનિ અને દુઃખ સમાન થાય છે; પરંતુ લાભ તથા સુખ સર્વને જૂદાં જૂદાં પ્રાપ્ત થાય છે; અર્થાત્ અર્થ અને સુખ એકલા કર્ત્તા તથા ભોક્તાને મળે છે અને એકના અપરાધથી અનર્થ તથા દુઃખ તેની જાતવાળા સર્વને પ્રાપ્ત થાય છેઃ માટે (જેનો અપરાધ તેનેજ દંડ થવો જોઇએ, બીજાને નહિ-એ) ધર્મને જાણનારા તમે ડુંડુભોને મારવાને યોગ્ય નથી.૩-૪

સૂતપુત્ર કહે છેઃ-આવાં તે સર્પનાં વચન સાંભળીને, રુરુએ તે વખતે ભયભીત થયેલા ડુંડુભને, આ કોઇ ઋષિ છે એમ માનીને માર્યો નહિ; પરંતુ તેને શાંત કરતો હોય તેમ ઐશ્વર્યસંપન્ન રુરુ કહેવા લાગ્યોઃ-'હે ભુજગ! આવી વિક્રિયાને પામેલો તું કોણ છે? તે મને ઇચ્છા હોય તો કહે. ડુંડુભ કહે છેઃ-'હે રુરુ! હું પૂર્વે સહસ્રપાત્ નામનો ઋષિ હતો. તે હું બ્રાહ્મણના શાપવડે આ સર્પદેહને પામ્યો છું. રુરુ કહે છેઃ-'હે સર્પોમાં શ્રેષ્ઠ! શા કારણથી ક્રોધ પામેલા બ્રાહ્મણે તને શાપ આપ્યો હતો અને હવે કેટલો કાળ તારૂં આ શરીર રહેવાનું છે?'૫-૮

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમપર્વવિષે રુરુ-ડુંડુભ સંવાદ નામનો અધ્યાય ૧૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૧ મો-ડુંડુભની શાપથી મુક્તિ

॥ डुंडुभ उवाच ॥

सखा बभूव मे पूर्वं खगमो नाम वै द्विजः ॥
भृशं संशितवाक तात तपोबलसमन्वितः ॥१॥

ડુંડુભ કહે છેઃ-"હે તાત! પૂર્વે ખગમ નામનો એક બ્રાહ્મણ મારો મિત્ર હતો. જે બહુ તીક્ષ્ણ વાણીવાળો અને તપોબલથી યુક્ત હતો. એક વખતે મેં બાલ્યવયમાં રમત કરતાં ઘાસનો સાપ કર્યો અને ખગમ અગ્નિહોત્રક્રિયામાં આસક્ત હતો, તે વખતે તેને તે સાપથી બીવરાવ્યો; તેથી તે ગભરાઇને મૂર્છિત થઈ ગયો. તપરૂપી ધનવાળો, સત્ય વાણીવાળો અને તીવ્ર વ્રતવાળો એવો તે ખગમ જ્યારે પુનઃ સ્વસ્થ થયો ત્યારે મને બાળી મૂકતો હોય તેમ ક્રોધ કરીને બોલ્યો કે, 'તેં મને બીવરાવવા માટે જેવા વીર્યવાળો સાપ કર્યો, તેવાજ પ્રભાવવાળો સાપ, મારા શાપથી તું પોતે થઈશ.' હે તપોધન! હું તેના તપનો પ્રભાવ જાણતો હતો એટલે હૃદયમાં ઉદ્વેગ પામીને ગભરાટથી પ્રણામ કરતો, આગળ ઉભો રહી, હાથ જોડીને તેના પ્રત્યે કહેવા લાગ્યોઃ-'તું મારો સખા છે એમ માનીને મેં મશ્કરી કરતાં આ પ્રમાણે કર્યું હતું. હે બ્રહ્મન્! તું મને ક્ષમા કરવા યોગ્ય છે; માટે એ શાપ તું પાછો ખેંચી લે.' મને બહુ ઉદ્વેગ પામેલો જોઇને, અતિશય ગભરાયલો તે તપસ્વી વારંવાર ઉષ્ણ નિઃશ્વાસ નાખીને મારા પ્રત્યે બોલ્યોઃ-'મારૂં એ બોલેલું કોઈ રીતે મિથ્યા થશે નહિ; પરંતુ હે તપોધન! હું તને જે વાક્ય કહું છું તે તું સાંભળ અને હે શુદ્ધ! તે વાક્ય સાંભળીને સદાય તારા સ્મરણમાં રાખજે. આગળ પ્રમતિ ઋષિથી રુરુ નામનો પવિત્ર પુત્ર ઉત્પન્ન થશે, તેને જોવાથી તારો શાપ થોડા સમયમાંજ નિવૃત્ત થશે.' તેજ તમે પ્રમતિના પ્રસિદ્ધ પુત્ર રુરુ નામના છો, એટલે હું હવે પોતાના સ્વરૂપને ધારણ કરીને, હમણાંજ તમને હિત વચન કહું છું. આટલું કહેતાંજ તે મહા યશસ્વી, ઉત્તમ વિપ્ર, ડુંડુભનું રૂપ ત્યજીને ફરીથી પોતાના મહા તેજસ્વી રૂપને પ્રાપ્ત થયો અને અતુલ તેજવાળા રુરુને નીચે પ્રમાણે વચન કહેવા લાગ્યોઃ-"હે સર્વ પ્રાણધારીઓમાં શ્રેષ્ઠ! અહિંસા પરમ ધર્મ છે, માટે બ્રાહ્મણે કદાપિ કોઈ પ્રાણીની હિંસા કરવી નહિ, કારણ કે બ્રાહ્મણ તો

જગતમાં સૌમ્ય સ્વભાવવાળો હોય છે; એમ મુખ્ય શ્રુતિ કહે છે. વળી બ્રાહ્મણ વેદ વેદાંગને જાણનારો, સર્વ પ્રાણીને અભય આપનારો, અહિંસાપરાયણ, સત્ય વચનવાળો અને ક્ષમાશીલ હોવો જોઇએ એવો નિશ્ચય છે. વેદને ભણીને તેને સ્મરણમાં રાખવા એ પણ બ્રાહ્મણનો પરમ ધર્મ છે, માટે જે ક્ષત્રિયનો ધર્મ છે તે તમારેમાટે ઇચ્છવા યોગ્ય નથી. હે રુરુ! દંડધારણ કરવા, ઉગ્રતા રાખવી અને પ્રજાનું પાલન કરવું એ ક્ષત્રિયનાંજ કર્મ છે. વળી મારાથી સાંભળો. હે દ્વિજોત્તમ! પૂર્વે જનમેજય રાજાના યજ્ઞમાં સર્પોની હિંસા થઇ હતી અને તપના વીર્યબલથી સંપન્ન તથા વેદ અને વેદાંગના પારને પામેલા એવા આસ્તીક નામના ઉત્તમ બ્રાહ્મણથી તે સર્પસત્રમાં ભય પામેલા સર્પોનું રક્ષણ થયું હતું.' ૧૯

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમપર્વવિષે ડુંડુભ–શાપમોક્ષ નામનો અધ્યાય ૧૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૨ મો–સર્પસત્રની પ્રસ્તાવના

॥ रुरुरुवाच ॥

कथं हिंसितवान् सर्पान् स राजा जनमेजयः ॥
सर्पा वा हिंसितास्तत्र किमर्थं द्विजसत्तम ॥१॥

રુરુ પૂછે છેઃ–"હે દ્વિજસત્તમ! તે જનમેજય રાજાએ, તે યજ્ઞમાં સર્પોને કેવી રીતે અને શા કારણથી હણ્યા હતા? તથા હે દ્વિજશ્રેષ્ઠ! બુદ્ધિમાન આસ્તીકે શામાટે સર્પોને છોડાવ્યા હતા? તે સઘળું સાંભળવાની હું ઇચ્છા રાખું છું."૧-૨

ઋષિ કહે છેઃ–"હે રુરુ! તમે આસ્તીકનું મહાન ચરિત્ર, વર્ણન કરતા બ્રાહ્મણોનાં મુખથી સંપૂર્ણ રીતે સાંભળશો." આટલું કહીને તે અંતર્ધાન થઇ ગયો. તે પછી અંતર્ધાન થયેલા તે ઋષિને ખોળવામાટે રુરુ, આખા વનમાં ચોતરફ ફરી વળ્યો અને છેવટે થાક લાગવાથી મૂર્છિત થઇને જમીન ઉપર પડ્યો તથા અત્યંત મોહ પામીને તે ભાન વિનાના જેવો થઇ ગયો. જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તે ઋષિનાં સત્ય વચનને વારંવાર યાદ કરતો રુરુ આશ્રમમાં આવ્યો અને તે વૃત્તાંત પોતાના પિતાને કહ્યું તથા આસ્તીકનું ચરિત્ર પૂછયું. એટલે એના પિતાએ તે આખ્યાન સઘળું કહી સંભળાવ્યું.૩-૬

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત પૌલોમપર્વવિષે સર્પસત્ર-પ્રસ્તાવના નામનો અધ્યાય ૧૨ મો સમાપ્ત.

પૌલોમપર્વ સમાપ્ત.×

आस्तीकपर्व

અધ્યાય ૧૩ મો–જરત્કારુ અને તેના પિતૃઓનો સંવાદ

॥ शौनक उवाच ॥

किमर्थं राजशार्दूलः स राजा जनमेजयः ॥
सर्पसत्रेण सर्पाणां गतोऽन्तं तद्वदस्व मे ॥१॥

શૌનક પ્રશ્ન કરે છેઃ–હે સૂતપુત્ર! રાજાઓમાં વ્યાઘ્ર જેવા શ્રેષ્ઠ તે જનમેજય રાજાએ શા કારણથી સર્પસત્ર કરીને સર્પોનો અંત આણ્યો હતો? તે સમગ્ર આખ્યાન યથાર્થ રીતે મને

× सद्रोहं सत्यवचनमतिरागश्च योषिति। अनागसामपि द्रोहः पौलोमेऽर्थो हि निन्दितः ॥ અન્યનો દ્રોહ થાય તેવું સત્ય વચન, સ્ત્રીમાં અતિ પ્રેમ, અને

કહો. વળી વિજયીઓમાં શ્રેષ્ઠ એવા દ્વિજશ્રેષ્ઠ આસ્તીકે, પ્રદીપ્ત થયેલા અગ્નિમાંથી સર્પોને શા માટે મુક્ત કર્યા હતા? તથા સર્પસત્ર કરનારો તે રાજા કોનો પુત્ર હતો? અને બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવો આસ્તીક પણ કોનો પુત્ર હતો? તે મને કહો.

સૂત પુત્ર કહે છેઃ–હે દ્વિજ! આસ્તીકનું મહાન આખ્યાન જે પ્રમાણે કહેવાય છે, તે પ્રમાણે હે વક્તાઓમાં શ્રેષ્ઠ! સંપૂર્ણ રીતે મારાથી તમે શ્રવણ કરો.

શૌનક કહે છેઃ–પુરાતન ઋષિ અને યશસ્વી એવા આસ્તીક બ્રાહ્મણની એ મનોહર કથા, પરિપૂર્ણ રીતે સાંભળવાની હું ઇચ્છા રાખું છું.

સૌતિ કહે છેઃ–હે વિપ્રો! કૃષ્ણદ્વૈપાયને કહેલા આ ઇતિહાસને પુરાતન ઇતિહાસ કહે છે. પૂર્વે નૈમિષારણ્યવાસી બ્રાહ્મણોની આગળ તેમના પૂછવાથી વ્યાસના શિષ્ય અને મારા પિતા બુદ્ધિમાન લોમહર્ષણ સૂતે આ આખ્યાન કહ્યું હતું. તેમનાથી મેં જે પ્રમાણે સાંભળેલું, તે પ્રમાણે યથાર્થ રીતે હું કહીશ. હે શૌનક! તમારા પૂછવાથી સર્વ પાપને નાશ કરનારૂં એ આસ્તીકનું આખ્યાન હું તમને પૂરેપૂરૂં કહું છું. આસ્તીકના પિતા, પ્રજાપતિના જેવા સમર્થ હતા. તે બ્રહ્મચારી, નિયમિત આહારવાળા અને નિરંતર ઉગ્ર તપ કરવામાં તત્પર રહેતા હતા. તે ઊર્ધ્વરેતા, મહાતપસ્વી, 'જરત્કારુ' નામથી પ્રસિદ્ધ હતા. વળી તે ધર્મવેત્તા, તીવ્રવ્રતવાળા અને *યાયાવરોમાં શ્રેષ્ઠ હતા. તપશ્ચર્યાના બલવડે સંપન્ન એવા તે મહાભાગ્યશાળી મુનિ, એક વખતે સર્વ પૃથ્વીમાં ફરવા નીકળ્યા હતા. તેઓ જ્યાં સાંજ પડે ત્યાંજ મુકામ કરીને રહેતા હતા. આમ અનેક તીર્થોમાં સ્નાન કરતા તે મહા તેજસ્વી, અજિત મનવાળા પુરુષોથી ધારણ કરી ન શકાય તેવી દીક્ષા ધારણ કરીને સર્વત્ર ફરતા હતા. તે મુનિએ વાયુ તથા નિદ્રાને જીત્યાં હતાં, ભોગનો ત્યાગ કર્યો હતો અને શરીરને શુષ્ક કર્યું હતું. વળી પ્રદીપ્ત અગ્નિના જેવા તેજસ્વી તે ઋષિ, નિર્વાહને માટે આમતેમથી ઝાડનાં ખરી પડેલાં પાંદડાં વગેરેને યથાસમય ખાઇ લેતા હતા. એક વખતે ફરતાં ફરતાં તેમણે, એક મોટા ખાડામાં પોતાના પિતૃઓને, ઉંચે પગે અને નીચે માથે લટકતા દીઠા. તે પિતામહોને જોતાંની સાથેજ, જરત્કારુએ તેમને પૂછ્યું કે, 'આ ખાડામાં નીચે માથે લટકતા તમે કોણ છો? આ ખાડામાં નિત્ય ગુપ્તપણાથી રહેનારા ઉંદરે ચોમેરથી કાતરી ખાધેલા વીરણના ભોથાને તમે વળગી રહેલા છો.' ૧૭

પિતૃઓ કહે છેઃ–' હે બ્રહ્મન્! અમે યાયાવર નામના તીવ્રવ્રતવાળા ઋષિઓ છીએ. અમારી સંતતિનો ક્ષય થવાથી અમે નીચે પૃથ્વી ઉપર જઇએ છીએ. અમારી સંતતિમાં જરત્કારુ નામનો એક પુત્ર છે; પરંતુ અમારાં અલ્પ ભાગ્યને લીધે તે મંદભાગ્યવાળો માત્ર તપજ કર્યા કરે છે. તે મૂર્ખ પુત્ર, પુત્રોત્પત્તિને માટે સ્રીસાથે લગ્ન કરવાની ઇચ્છા રાખતો નથી અને આ રીતે સંતતિનો ક્ષય થવાથી અમે આ ખાડામાં લટકીએ છીએ. ૨૦ અમારાં કુલનો તે નાથ છે, છતાં અમે

નિરપરાધિઓનો દ્રોહ, એને પૌલોમપર્વમાં દૃષ્ટાંતપૂર્વક નિંદ્યાં છે. **रत्नगर्भ**

शास्त्रोल्लंघनतो वह्निपुलोमानाववापतुः शापमृत्यू इति पुनः पौलोमे तुर्ये ईरितं ॥ શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી અગ્નિને શાપ થયો તથા પુલોમા રાક્ષસનું મૃત્યુ થયું, માટે શાસ્ત્ર મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ એ ચોથા પૌલોમપર્વમાં કહ્યું છે. **गणेश**

आयुर्हानिर्महान् शोको हिंसायां चातिसंभ्रमः रुरोरिव भवंत्येव दारसक्तस्ज दुर्मतेः જે દુર્બુદ્ધિવાળો પુરુષ સ્ત્રીમાં આસક્ત થઇ જાય, તેને રુરુની પેઠે આયુષ્યની હાનિ, મહાન શોક અને હિંસામાં અતિશય તત્પરતા થાય છેજ. **गणेश.**

* એક ગામમાં એક રાત્રિ નિવાસ કરનારા ગૃહસ્થ બ્રાહ્મણો યાયાવર કહેવાય છે. જેમનાથી પક્ષહોમનો સંપ્રદાય પ્રવર્ત્યો છે. ભરદ્વાજ કહે છે કેઃ–' **यायावरा नाम ब्राह्मणा आसंस्तेऽर्धमासशो यामिहोत्रमजुह्वन्** ' ॥ યાયાવર નામના બ્રાહ્મણો હતા તેઓ અગ્નિહોત્રમાં અર્ધમાસનો હોમ (પક્ષહોમ) કરતા હતા.

દુષ્કર્મ કરનારાઓની પેઠે અનાથ થઇ ગયા છીએ. હે સજ્જનોમાં શ્રેષ્ઠ! અમારા બંધુનીપેઠે અમારો શોક કરનારા તમે કોણ છો? હે બ્રહ્મન્! તે અમે જાણવા ઇચ્છીએ છીએ. અહીં ઉભેલા તમે અમારા શું સંબંધમાં છો? અને હે સત્તમ! અમે શોક કરવા યોગ્ય છીએ તેનો તમે શામાટે શોક કરો છો?'[22]

જરત્કારુ કહે છેઃ–' તમે મારા પિતામહો સાથે પૂર્વજ પિતૃઓ છો અને હુંજ પોતે જરત્કારુ છું. બોલો, હમણાં હું તમારૂ શું કાર્ય કરૂં?'[23]

પિતૃઓ કહે છેઃ–' હે સમર્થ વત્સ! આપણા કુલની વૃદ્ધિને માટે, તારે પોતાને માટે, અમારે માટે અથવા ધર્મ સમજીને તું ઉપાયપૂર્વક પ્રયત્ન કર. હે તાત! પુત્રવાળા પુરુષો જે ગતિને પ્રાપ્ત થાય છે. તે ગતિ ધર્મનાં ફલોવડે અથવા સારી પેઠે સંચય કરેલાં તપવડે પણ પ્રાપ્ત થતી નથી. માટે હે પુત્ર! અમારી આજ્ઞાથી તું સ્ત્રીનું પાણિગ્રહણ કરવાને યત્ન કર અને પ્રજા ઉત્પન્ન કરવાની વાત મન પર લે, કારણ કે એથીજ અમારૂ પરમહિત થશે.[24–21]

જરત્કારુએ કહ્યુંઃ–' હું જીવિતના ભોગને માટે સ્ત્રી અને ધનનો સંગ્રહ કરીશ નહિ, પરંતુ તમારાં હિતને માટેજ પરણીશ; અને તે પણ મારા આ સંકલ્પ પ્રમાણે જો કન્યા મળશે તો હું વિધિપૂર્વક લગ્ન કરીશ, અન્યથા હું લગ્ન કરીશ નહિ. જે કન્યા મારા નામવાળી હશે અને તેના બંધુઓ તે ભિક્ષાની પેઠે મને આપશે, તે કન્યાને હું વિધિપૂર્વક ગ્રહણ કરીશ. ઘણું કરીને તો મને, દરિદ્રીને કન્યાજ કોણ આપશે? છતાં જો કોઇ આપનાર નિકળશે તો તેને ભિક્ષાનીપેઠે હું ગ્રહણ કરીશ.[30] હે પિતામહો! આ ઠરાવ પ્રમાણે હું લગ્નક્રિયાનેમાટે નિત્ય પ્રયત્ન કરીશ, પણ એથી ઉલટી રીતે હું લગ્ન કરીશ નહિ. એ લગ્ન કરવાથી તમારા ઉદ્ધારને માટે પુત્ર ઉત્પન્ન થશે અને તેનાવડે મારા પિતૃઓ તમે, નિત્ય સ્થાન મેળવીને આનંદ પામજો.[32]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે જરત્કારુ પિતૃસંવાદ નામનો અધ્યાય ૧૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૪ મો–વાસુકિની બહેનસાથે જરત્કારુનાં લગ્ન

॥ सौतिरुवाच ॥

ततो निवेशाय तदा स विप्रः संशितव्रतः ॥
महीं चचार दारार्थी न च दारानविंदत ॥१॥

સૂતપુત્ર કહે છેઃ–ત્યારપછી તીક્ષ્ણ વ્રતવાળો તે વિપ્ર લગ્નને માટે કન્યા મેળવવા પૃથ્વીમાં ફરવા લાગ્યો; પરંતુ તેને પોતાની પ્રતિજ્ઞાને યોગ્ય કન્યા મળી નહિ. એક વખતે તે બ્રાહ્મણે વનમાં જઇને પિતૃઓનાં વચન યાદ કરીને, કન્યાની ભિક્ષાને માટે ત્રણ વાર ધીમે ધીમે 'મને કન્યારૂપી ભિક્ષા આપો' એમ બૂમ મારી. તેજ વખતે વાસુકિ નાગ પોતાની બહેનને લઇને તેની આગળ આવ્યો અને તે આપવા માંડી; પણ તે કન્યા પોતાના નામની નહિ હશે એમ ધારીને જરત્કારુએ તેને લીધી નહિ. કારણ કે 'મારા નામની અને પોતાની મેળે બંધુઓથી અપાયલી કન્યાનુંજ હું ગ્રહણ કરીશ' એવો નિશ્ચય મહાત્મા જરત્કારુના મનમાં હતો, એટલે મહા તપસ્વી અને મહા બુદ્ધિમંત એવા જરત્કારુએ વાસુકિ પ્રત્યે કહ્યું કે, 'હે ભુજંગમ! તમારી બહેનનું શું નામ છે? તે સત્ય કહો.'[5]

વાસુકિ કહે છેઃ–'હે જરત્કારો! આ મારી બહેનનું નામ જરત્કારુ છે. એ સુંદર કટીવાળી કન્યા હું આપું છું. તમે તેને ભાર્યાતરીકે સ્વીકારો. હે દ્વિજશ્રેષ્ઠ! પ્રથમથી તમને આપવામાટે મેં એ કન્યાને રાખી મૂકી છે, માટે તમે એને ગ્રહણ કરો.' એમ કહીને વાસુકિએ તે સુંદરાંગી કન્યા જરત્કારુને પરણવામાટે આપી અને શાસ્ત્રોક્તવિધિપ્રમાણે તેનીસાથે જરત્કારુએ લગ્ન કર્યાં.[6–7]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે વાસુકિની બહેનનાં લગ્ન નામનો અધ્યાય ૧૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૫ મો–સર્પોને માતાએ આપેલા શાપનો પ્રસ્તાવ

॥ सौतिरुवाच ॥

मात्रा हि भुजगाः शप्ताः पूर्वं ब्रह्मविदांवर ॥
जनमेजयस्य वो यज्ञे धक्ष्यत्यनिलसारथिः ॥१॥

સૂતપુત્ર કહે છેઃ–'હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ! પૂર્વે સર્પોને તેઓની માતાએ શાપ આપ્યો હતો કે, ' જનમેજય રાજાના યજ્ઞમાં અગ્નિ તમને બાળી દેશે.' તે શાપની શાંતિને માટે નાગરાજ વાસુકિએ ઉત્તમ વ્રતવાળા મહાત્મા જરત્કારુ ઋષિને પોતાની બહેન આપી હતી અને વિધ્યુક્ત કર્મવડે જરત્કારુએ તેને ગ્રહણ કરી હતી. તે સ્ત્રીમાં ઉદાર મનવાળો આસ્તીક નામનો પુત્ર થયો હતો. તે તપસ્વી વેદ તથા વેદાંગના પારને પામેલો, સર્વ લોકમાં સમ વૃત્તિવાળો અને માતૃપક્ષ તથા પિતૃપક્ષના ભયને હણનારો મહાત્મા હતો.[4]

હવે લાંબો સમય ગયા પછી પાંડુવંશમાં ઉત્પન્ન થયેલા જનમેજય રાજાએ સર્પસત્ર નામનો મોટો યજ્ઞ કર્યો એમ સંભળાય છે. જ્યારે સર્પોના અંતને માટે તે યજ્ઞ પ્રવર્તતો હતો ત્યારે મહા તપસ્વી આસ્તીકે, સર્પોને એ મૃત્યુથી મુક્ત કર્યાં હતા. આ રીતે તેણે મામા, મામાના પુત્રો અને અન્ય સર્પોને યજ્ઞના અગ્નિથી બચાવ્યા હતા તથા સંતતિ ઉત્પન્ન કરીને અને તપ કરીને પોતાના પિતૃઓનો પણ ઉદ્ધાર કર્યો હતો. હે બ્રહ્મન્ ! વિવિધ વ્રતોવડે તથા સ્વાધ્યાયવડે તે ઋષિઓના ઋણથી મુક્ત થયો હતો, તથા વિવિધ દક્ષિણાવાળા યજ્ઞો કરીને તેણે દેવોને તૃપ્ત કર્યા હતા. આ પ્રમાણે આસ્તીકે બ્રહ્મચર્યથી ઋષિઓને અને સંતતિથી પિતૃઓને તૃપ્ત કર્યા હતા. ઉત્તમ વ્રતવાળા જરત્કારુ ઋષિ પણ, પિતૃઓનો મહાન ભાર ઉતારીને. આસ્તીક નામનો પુત્ર મેળવીને અને ઉત્તમ ધર્મ સંપાદન કરીને પોતાના પિતૃઓની સાથે ઘણે લાંબે કાળે સ્વર્ગમાં ગયા હતા. આ આસ્તીકનું આખ્યાન મેં તમારી આગળ યથાર્થરીતે કહ્યું છે; વળી હે ભૃગુશાર્દૂલ ! હું બીજું તમને શું કહું તે કહો.[11]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીક પર્વમાં સર્પોને માતાના શાપનો પ્રસ્તાવ નામનો અધ્યાય ૧૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૬ મો–સર્પાદિની ઉત્પત્તિ

॥ शौनक उवाच ॥

सौते त्वं कथयस्वेमां विस्तरेण कथां पुनः ॥
आस्तीकस्य कवेः साधोः शुश्रूषा परमा हि नः ॥

શૌનક કહે છેઃ–હે સૂતપુત્ર ! વિદ્વાન અને સાધુ પુરુષ એવા એ આસ્તીકની કથા ફરી અમારી આગળ વિસ્તારથી કહો. અમને તે સાંભળવાની ઘણીજ ઇચ્છા છે. હે સૌમ્ય ! તમે મધુર અને કોમળ અક્ષરો તથા પદવાળી વાણીથી કથા કરો છો, તેથી હે તાત ! અમે ઘણા પ્રસન્ન થઇએ છીએ. ખરેખર તમે તમારા પિતાની પેઠેજ વર્ણન કરો છો. તમારા પિતા અમને નિરંતર કથા શ્રવણ કરાવવા તત્પર રહેતા હતા, માટે તમારા પિતાએ તમને આ આખ્યાન જેમ કહ્યું હોય તેમ તમે પણ એ આખ્યાન અમને કહો.[3]

સૂતપુત્ર કહે છેઃ–હે આયુષ્મન્ ! આ આસ્તીકનું આખ્યાન કથા કરતા મારા પિતાના મુખથી મેં જેવું સાંભળ્યુ છે તેવું જ હું તમને કહું છું. હે બ્રહ્મન! હે શુદ્ધ ! પૂર્વે સત્યયુગમાં સ્વરૂપવડે અદ્ભુત અને શુભ એવી પ્રજાપતિની કદ્રૂ અને વિનતા નામની બે પુત્રીઓ હતી. તે બન્ને બહેનો કશ્યપની સાથે પરણી હતી. તેમનાથી પ્રસન્ન થયેલા, પ્રજાપતિ જેવા તેમના પતિ કશ્યપે તે બન્ને ધર્મપત્નીને પરમ હર્ષયુકત થઇને વરદાન માંગવા કહ્યું. આ રીતે પોતાને કશ્યપ ઋષિથી ઉત્તમ વરદાન મેળવવાનું સાંભળીને તે સ્ત્રીઓ

અતુલ હર્ષથી પ્રસન્ન થઇ. તેમાં કદ્રૂએ એકસરખા તેજસ્વી હજાર નાગ પોતાના પુત્રો થાય એમ માગ્યું ત્યારે વિનતાએ કદ્રૂના પુત્રોથી અધિક બલવાળા તથા તેજ, શરીર અને પરાક્રમવડે પણ તેઓનાથી અધિક એવા બે પુત્રો માગ્યા. કશ્યપ ઋષિએ તેના માગ્યા પ્રમાણે બે દિવ્ય પુત્રો થવાનો વર આપ્યો. તે વખતે વિનતાએ 'ભલે તેમ થાઓ' એમ કશ્યપને કહ્યું. [૧૦] અધિક વીર્યવાળા બે પુત્રનો વર મેળવીને તથા પોતાના માગવા પ્રમાણે વર મળવાથી વિનતા સંતુષ્ટ અને કૃતકૃત્ય થઈ. કદ્રૂ પણ સમાન તેજવાળા હજાર પુત્રો થવાનો વર મેળવીને ઘણી સંતુષ્ટ થઇ. તે પછી વરદાનથી સંતુષ્ટ થયેલી બન્ને ભાર્યાને 'તમે ગર્ભનું પ્રયત્નથી રક્ષણ કરજો' એમ કહીને મહા તપસ્વી કશ્યપ તપોવનમાં ચાલ્યા ગયા.

સૌતિ કહે છેઃ—હે વિપ્રેંદ્ર! તે પછી લાંબે સમયે કદ્રૂએ એક હજાર ઇંડાં ઉત્પન્ન કર્યાં અને વિનતાએ બે ઇંડાં ઉત્પન્ન કર્યાં. તે બન્નેનાં ઇંડાંઓને અતિશય આનંદ પામેલી દાસીઓએ હુંફવાળાં પાત્રોમાં મૂકયાં અને તેમાં પાંચસો વર્ષ સેવ્યાં. તે પછી પાંચસો વર્ષ પૂરાં થતાં કદ્રૂના પુત્રો ઇંડાંમાંથી બહાર નિકળ્યા, પણ વિનતાનાં ઇંડાંથી ઉત્પન્ન થનારા બે પુત્રો જણાયા નહિ, તેથી પુત્રની લાલસાવાળી અને સપત્નીની પુત્રસંપત્તિથી લજ્જિત થયેલી તપસ્વિની વિનતાએ એક ઇંડું ફોડયું. તેમાં તેણે, શરીરના ઉપલા અર્ધ ભાગમાં પરિપકવ અવયવવાળો અને નીચેના અર્ધ ભાગમાં અપકવ અવયવવાળો એક પુત્ર જોયો. પોતાને અપકવ દશામાં બહાર કાઢવાથી તે પુત્રે ક્રોધના આવેશમાં આવીને વિનતાને શાપ આપ્યો કે, 'હે માતા ! તેં લોભથી વ્યાપ્ત થઇ ને મને આવો અપૂર્ણ અંગવાળો કર્યો, માટે તું જેની સાથે સ્પર્ધા કરે છે તે કદ્રૂનીજ પાંચસો વર્ષસુધી દાસી થઇશ; પરંતુ હે માતા ! તેં ઇંડુ ફોડીને મને જેમ વ્યંગ કર્યો છે, તેમ આ તપસ્વી બીજા પુત્રને ઇંડુ ફોડીને ઓછાં અંગવાળો અથવા અદઢ અવયવવાળો નહિ કરૂં તો આ તારો બીજો પુત્ર તને દાસીપણાથી મુક્ત કરશે. જો તું એનાં વિશિષ્ટ બલની અપેક્ષા રાખતી હોય તો તારે પાંચસો વર્ષથી ઉપરાંત કાલસુધી ધીરજ રાખીને એના જન્મકાલની વાટ જોવી.'

આ પ્રમાણે વિનતાને શાપ આપીને એ પુત્ર અંતરિક્ષમાં ગયો અને હે બ્રહ્મન્ ! તે સૂર્યના રથ ઉપર બેસીને સૂર્યનું સારથિપણું કરવા લાગ્યો. જે અરુણ અદ્યાપિ પ્રભાતસમયમાં નિત્ય જણાય છે. ત્યાર પછી સર્પનો આહાર કરનાર ગરુડ પણ યથાસમયે ઇંડાંમાંથી ઉત્પન્ન થયો. હે ભૃગુશાર્દૂલ ! તે સર્વ પક્ષીઓનો રાજા ઉત્પન્ન થતાંની સાથેજ ભૂખ લાગવાથી વિનતાને ત્યજીને, વિધાતાએ એને પોતાને માટે જે ભોજ્ય અન્ન નિર્માણ કરેલું હતું તે લેવા માટે આકાશમાં ઉડ્યો. [૨૪–૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પાદિની ઉત્પત્તિ નામનો અધ્યાય ૧૬ મો સમાપ્ત

અધ્યાય ૧૭ મો—અમૃતને માટે સમુદ્રમથન કરવાનો નિશ્ચય

॥ सौतिरुवाच ॥

एतस्मिन्नेव काले तु भगिन्यौ ते तपोधन ॥
अपश्यतां समायाते उच्चैःश्रवसमंतिकात् ॥१॥

સૂત કહે છેઃ—હે તપોધન ! એ સમયમાંજ તે બંને બહેનો એક ઠેકાણે એકઠી મળી હતી, ત્યાં તેમણે ઉચ્ચૈઃશ્રવા નામના ઘોડાને સમીપમાં જોયો; કે જે અમૃતને માટે સમુદ્રમથન કરતાં અનુત્તમ અશ્વરત્નરૂપે ઉત્પન્ન થયો હતો અને જે ઉત્તમ રૂપવાળા અશ્વને સર્વે દેવગણો માન આપતા હતા. તે અશ્વોમાં ઉત્તમ, અમોઘ બલવાળો, અશ્વસૃષ્ટિમાં શ્રેષ્ઠ, શોભાસંપન્ન, અજર, દિવ્ય અને સર્વ લક્ષણોથી યુક્ત હતો. [૩]

શૌનક પ્રશ્ન કરે છેઃ—દેવોએ અમૃત મથન કેવી રીતે કર્યું હતું અને કયાં કર્યું હતું કે જેમાંથી મહાતેજસ્વી અને મહાબલવાળો તે

અશ્વરાજ ઉત્પન્ન થયો હતો ? ૪

સૂતપુત્ર કહે છે:-જાજ્વલિત તેજના ઢગરૂપ તથા અનુત્તમ એવો મેરૂ નામનો પર્વત છે; જે પોતાનાં સુવર્ણના જેવાં ઉજ્જ્વલ શિખરોવડે સૂર્યની કાંતિનો પણ આક્ષેપ કરતો, કનકનાં આભરણવાળો, આશ્ચર્યરૂપ, દેવો અને ગાંધર્વોએ સેવન કરાતો, પ્રમાણાતીત, અધર્મપરાયણ જનોથી જઇ ન શકાય એવો, ઘોર સર્પોથી ભરેલો, દિવ્ય ઔષધીઓથી પ્રકાશમાન, ઉંચાઇવડે સ્વર્ગને આવરણ કરી રહેલો, પ્રાકૃત જનોથી મનવડે પણ જઇ ન શકાય એવો, નદી અને વૃક્ષોથી સંયુક્ત તથા અત્યંત મનોહર અનેક પ્રકારના પક્ષિસમૂહોના નાદવડે ગાજી રહેલો છે. એ મહાગિરિનાં બહુ રત્નોથી ભરેલાં, આકાશ કરતાં ઉંચાઇમાં જરા ન્યૂન એવાં ઉત્તમ શિખર ઉપર ચઢીને, તપ અને નિયમવાળા મહાતેજસ્વી સઘળા દેવો ત્યાં એકઠા બેસીને અમૃતને માટે વિચાર કરવા લાગ્યા.[૧૦] આમ તે દેવો સર્વ રીતે વિચાર કરતા હતા તે વખતે ત્યાં ભગવાન નારાયણે બ્રહ્માને આ પ્રમાણે કહ્યું કે, 'દેવો અને અસુરોના સમૂહોએ સમુદ્રનું મથન કરવું. મહા સમુદ્રનું મથન કરતાં ત્યાં અમૃત ઉત્પન્ન થશે. હે દેવો! સર્વે ઔષધિઓ તથા સર્વ રત્નો, સમુદ્રમાં નાખીને તમે સમુદ્રનું મથન કરો તેથી તમને અમૃત પ્રાપ્ત થશે.'[૧૩]

ઇતિ શ્રી મહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે અમૃતમંથન નામનો અધ્યાય ૧૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૮ મો-સમુદ્રમથન અને રત્નોની ઉત્પત્તિ

॥ सौतिरुवाच ॥
ततोऽभ्रशिखराकारैर्गिरिशृंगैरलंकृतम् ॥
मंदरं पर्वतवरं लताजालसमाकुलम् ॥ १ ॥

સૂતપુત્ર કહે છે:-ત્યાર પછી આભલાંના શિખરોના જેવા આકારવાળા ગિરિશિખરોવડે અલંકૃત, વેલીઓનાં જાળથી ભરપૂર, નાના પ્રકારનાં પક્ષીઓના નાદવડે નાદયુક્ત, અનેક પ્રકારનાં દાઢવાળાં પ્રાણીઓથી વ્યાપ્ત, કિન્નરો, અપ્સરાઓ અને દેવોવડે સેવન કરાયલો, અગિયાર હજાર યોજન ઉંચો અને તેટલોજ જમીનમાં નીચે ઉતરેલો, પર્વતોમાં શ્રેષ્ઠ, મંદર નામનો પર્વત છે તેને સઘળા દેવગણો ઉપાડવા લાગ્યા, પરંતુ જ્યારે તેને ઉપાડી શક્યા નહિ ત્યારે તેઓ વિષ્ણુ અને બ્રહ્મા જ્યાં બેઠેલા હતા ત્યાં આવીને તેમને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ- 'આપ બંને આ કાર્યમાં પરમ કલ્યાણકારક બુદ્ધિનો ઉપયોગ કરો અને અમારા હિતને માટે મંદર પર્વત ઉપાડવા યત્ન કરો.'[૫]

સૌતિ કહે છેઃ-હે ભાર્ગવ ! તે પછી બ્રહ્માની સાથે વિષ્ણુ ભગવાને 'તેમ થશે' એમ કહ્યું અને અપ્રમેય સ્વરૂપવાળા કમલનયન પ્રભુએ, નાગરાજ અનંતને આજ્ઞા કરી. પછી બ્રહ્માની પ્રેરણાથી અને નારાયણના કહેવાથી મહા વીર્યવાળા અનંત, તે કાર્ય કરવામાટે તત્પર થયા. હે બ્રહ્મન ! પછી મહાબલવાન અનંતે, વન અને વનવાસિઓની સાથે તે પર્વતરાજને બલથી ઉઠાવી લીધો. તે પછી પર્વતધારી અનંતની સાથે દેવો પણ સમુદ્ર ઉપર આવ્યા અને દેવોએ સમુદ્રને કહ્યું કે "અમે અમૃત મેળવવામાટે તારાં જલને વલોવવા ઇચ્છીએ છીએ." ત્યારે સમુદ્રે કહ્યું કે, 'મને પણ તેમાંથી ભાગ મળવો જોઇએ; કારણ કે મારે મંદર પર્વતના ભ્રમણથી મહા દુઃખ સહન કરવાનું છે.' તે પછી દેવો અને દૈત્યોએ સમુદ્રની સમીપમાં રહેલા કચ્છપરાજને કહ્યું કે, 'તમે આ પર્વતની નીચે આધારરૂપ થવાને યોગ્ય છો.' ત્યારે 'તથાસ્તુ' કહીને કચ્છપે પોતાની પીઠ અર્પણ કરી, એટલે ઇંદ્રે તેની પીઠપર પર્વત મૂકી યંત્રવડે તે પર્વતને સ્થિર કર્યો. હે બ્રહ્મન્ ! આ પ્રમાણે મંદર પર્વતને મથનદંડ (રવૈ) કરીને તથા વાસુકિ સર્પને નેતરૂં કરીને, દેવતાઓ તથા દૈત્ય-દાનવો અમૃતને માટે જલનિધિ-સમુદ્રનું મથન કરવા

લાગ્યા. તેમાં મહાન અસુરો, પ્રથમ નાગરાજ વાસુકિનું મોં પકડીને ઉભા રહ્યા અને સર્વે દેવો એકઠા મળીને જ્યાં પૂછડું હતું ત્યાં ઉભા રહ્યા. વળી અનંત ભગવાન જ્યાં નારાયણ ઉભા હતા ત્યાં રહીને વારંવાર વાસુકિના માથાને ઉપાડી ઉપાડી ભૂમિપર પછાડતા હતા, અર્થાત તેના મુખથી નિકળતાં વિષને પોતે સહન કરતા હતા. દેવોએ સહસા ખેંચેલા વાસુકિ નાગના મોઢામાંથી વારંવાર ધૂમાડાસાથે તથા અગ્નિની જ્વાલાઓસાથે વાયુઓ નિકળવા લાગ્યા; અને તે ધૂમાડાના સમૂહો વિજળીવાળા મેઘોનાં ટોળાંઓ થઇને, શ્રમ તથા અતિશય ઘામથી પીડાતા દેવગણોના ઉપર વૃષ્ટિ કરવા લાગ્યા. વળી તે પર્વતનાં શિખર ઉપરનાં ઝાડોથી ખરતી પુષ્પવૃષ્ટિઓ દેવો અને દાનવોની ચોમેર પથરાવા લાગી. એ વખતે દેવો અને અસુરોએ મંદર પર્વતવડે મથન કરેલા સમુદ્રમાંથી મહામેઘના જેવો પ્રચંડ શબ્દ થવા લાગ્યો. મહા પર્વતનાં ઘર્ષણથી તે ક્ષારસમુદ્રમાં રહેતાં અનેક જાતનાં સેંકડો જલચર પ્રાણીઓ કચરાઇને નાશ પામ્યાં. તેમજ પાતાલતલમાં રહેનારાં (જલપ્રધાન શરીરવાળાં) વિવિધ પ્રકારનાં વારુણ પ્રાણીઓને પણ પર્વતે કચરીને મારી નાખ્યાં. વળી તે પર્વત ભમતો હતો ત્યારે તેનાં શિખરો ઉપર રહેલાં મોટાં ઝાડો એકમેક સાથે અથડાઇને પક્ષીઓની સાથે પડતાં હતાં, તથા ઝાડોના ઘર્ષણથી થયેલો અગ્નિ પ્રજ્વલિત થઇને, વિજળી જેમ શ્યામ આભલાંને વીંટી લે તેમ વારંવાર જ્વાલાઓથી મંદર પર્વતને વીંટી લેતો હતો, અને પર્વતમાંથી નિકળતા હાથીઓ તથા સિંહો અને બીજાં પ્રાણરહિત થયેલાં વિવિધ પ્રાણીઓને બાળી દેતો હતો. તે પછી દેવોમાં શ્રેષ્ઠ એવા ઇંદ્રે, ચોતરફ બળતા તે અગ્નિને મેઘનાં જલવડે સર્વ ભાગમાંથી શમાવી દીધો. પછી મહાવૃક્ષોના ગુંદર તથા ઔષધિઓના વિવિધ પ્રકારના રસો નિકળીને સમુદ્રના જલમાં વહેવા લાગ્યા. એ અમૃતના જેવા પ્રભાવવાળા ઔષધિઓના રસોનાં દૂધવડે તથા સુવર્ણમય પર્વતમાંથી નિકળેલાં, દિવ્ય પ્રભાવવાળા અનેક મણિઓનાં જલથી દેવો અમરપણાને પ્રાપ્ત થયા. પછી તે ઉત્તમ રસો મિશ્ર થવાથી સમુદ્રનું તે જલ દૂધરૂપે પરિણામ પામ્યું અને તે દૂધથી ઘી થયું; અર્થાત્ જેમ ઘાસ વગેરેના રસો ગાયમાં જઇ દૂધ થાય છે, તેમ તે ખારૂં જલ પણ ઔષધિઓના રસથી દૂધ અને ઘીરૂપે રૂપાંતર પામ્યું.[૨૮]

તે પછી જ્યાં વરદાન આપનારા બ્રહ્મા બેઠેલા હતા ત્યાં તેમની પાસે જઇને દેવોએ કહ્યું કે:—હે બ્રહ્મન્! અમે બહુ થાકી ગયા તોપણ અમૃત હજી ઉત્પન્ન થતું નથી. આ લાંબા કાલથી સમુદ્રમથન કરવા માંડયું છે, તેમાં નારાયણ દેવ વિના બીજા સઘળા દેવ તથા દાનવો બહુજ થાકી ગયા છે; અર્થાત્ હવે અમૃત ઉત્પન્ન કરવાનું અમારૂં સામર્થ્ય નથી.[૩૦] આવાં દેવોનાં વચન સાંભળીને બ્રહ્માએ નારાયણ દેવને કહ્યું કે, 'હે વિષ્ણો! આ કાર્યમાં તમેજ એમના આશ્રયરૂપ છો, માટે એ સર્વને તમેજ બલ આપો.'[૩૧]

વિષ્ણુ બોલ્યા:—'આ કાર્યમાં જેઓ જોડાયા છે તે સર્વને હું બલ આપું છું. તમે સઘળા મળીને મંદરપર્વતને ઘુમાવી સમુદ્રને વલોવો.'

સૂતપુત્ર કહે છેઃ—નારાયણનું વચન સાંભળીને બલવાન થયેલા દેવો તથા દાનવો એકઠા થઇ, ફરી સમુદ્રનાં તે જલને અત્યંત વ્યાકુલ કરવા લાગ્યા. તદનંતર મથન કરેલા સમુદ્રમાંથી હજારો શીતલ અને ઉજ્જવલ કિરણોવાળો પ્રસન્નાત્મા ચંદ્ર ઉત્પન્ન થયો. તે પછી એ જલનાં તત્ત્વમાંથી શ્વેત વસ્ત્રવાળાં લક્ષ્મી ઉત્પન્ન થયાં. ત્યાર પછી સુરાદેવી—મદિરા ઉત્પન્ન થઈ અને શ્વેતવર્ણનો ઘોડો (ઉચ્ચૈઃશ્રવા) ઉત્પન્ન થયો. તે પછી એ જલમાંથી દિવ્ય કૌસ્તુભ મણિ નિકળ્યો. કિરણોવડે ઉજ્જવલ એવો તે મણિ નારાયણના હૃદયસ્થાનમાં રહ્યો. એ રત્નોમાંથી લક્ષ્મી સુરા, ચંદ્ર અને મનના જેવા વેગવાળો અશ્વ, સૂર્યમાર્ગનો આશ્રય કરીને જ્યાં દેવો હતા ત્યાં ચાલ્યાં ગયાં. ત્યારપછી અમૃત ભરેલું શ્વેત કમંડલ લઇને, મૂર્તિમાન ધન્વંતરી દેવ પ્રકટ થયા. આ મહાન આશ્ચર્ય જોઇને દાનવોએ

અમૃતને માટે 'આ અમારૂં છે' એમ બોલતાં ભારી નાદ કર્યો. તે પછી મોટી કાયાવાળો, ચાર ધોળા દાંતવાળો ઐરાવત નામનો મહાન હાથી નીકળ્યો, જેને ઇંદ્રે ગ્રહણ કર્યો. ૩-૪૦ ત્યાર પછી બહુ મથન કરવાથી ધૂમાડાવાળા અગ્નિની પેઠે બળતું અને જગતને આવરણ કરતું કાલકૂટ નામનું વિષ ઉત્પન્ન થયું. તેના ગંધને સુંઘીને ત્રણ લોક મોહ પામી ગયા, તે વખતે બ્રહ્માનાં વચનથી સદાશિવે લોકરક્ષણને માટે તે વિષને ભક્ષણ કર્યું. મંત્રમૂર્તિ ભગવાન મહેશ્વરે તેને કંઠમાં ધારણ કર્યું, ત્યારથી આરંભીને તે દેવ 'નીલકંઠ' કહેવાયા, એમ સંભળાય છે. આ બધું આશ્ચર્ય જોઇને દાનવો નિરાશ થઇ ગયા અને અમૃત તથા લક્ષ્મીને માટે મહા વૈર કરવા લાગ્યા. ત્યારે નારાયણે મોહિની માયાનો આશ્રય કરીને અદ્‌ભુત સ્ત્રીરૂપ ધારણ કર્યું અને દાનવોના તરફ ગયા, એટલે સ્ત્રીમાં આસક્ત મનવાળા અને મૂઢચિત્ત બનેલા સઘળા દાનવો અને દૈત્યોએ તે સ્ત્રીના હાથમાં અમૃતનું પાત્ર આપી દીધું.૪૬*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે અમૃતમથન નામનો અધ્યાય ૧૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૯ મો-અમૃતને માટે યુદ્ધ અને દૈત્યોનો પરાજય

॥ सौतिरुवाच ॥

अथावरणमुख्यानि नाना प्रहरणानि च ॥
प्रगृह्याभ्यद्रवन्देवान् सहिता दैत्यदानवाः ॥१॥

સૂતપુત્ર કહે છેઃ-પછી ઉત્તમ બખતરો તથા અનેક પ્રકારનાં હથિયારો ધારણ કરીને સઘળા દૈત્યો અને દાનવો, દેવોના તરફ લડવા માટે દોડયા. એવામાં નરે સહિત પ્રતાપી વિષ્ણુ ભગવાને તે અમૃત દાનવેંદ્રોની પાસેથી લઇ લીધું. તે પછી અમૃતપાનને માટે બધા અત્યંત આદર કરતા હતા, તે વખતે વિષ્ણુની પાસેથી સર્વ દેવગણોએ અમૃતપાન કર્યું. જે વખતે ઇચ્છિત અમૃતને દેવો પીતા હતા તે વખતે રાહુ નામનો દાનવ પણ દેવનું રૂપ ધારણ કરીને તે અમૃત પીવા લાગ્યો. જ્યાં તે દાનવના કંઠ સુધી અમૃત પહોંચ્યું, તેજ વખતે ચંદ્ર તથા સૂર્યે દેવોના હિતની ઇચ્છાથી એ વાત ભગવાનને કહી દીધી, એટલે ચક્રાયુધ ભગવાને, અમૃતપાન કરતા તે રાહુનું અલંકારવાળું મસ્તક, બલવડે પોતાના ચક્રથી કાપી નાખ્યું. પર્વતના શિખર જેવું, ચક્રવડે છેદાયલું તે દાનવનું મોટું મસ્તક, આકાશમાં ઉડીને ભયંકર નાદ કરવા લાગ્યું અને દૈત્યનું તરફડતું ધડ પર્વત, વન તથા દ્વીપવાળી પૃથ્વીને કંપાવતું ધરણી ઉપર પડયું. ત્યારથી માંડીને રાહુમુખે ચંદ્ર તથા સૂર્યની સાથે નિત્યને માટે વૈર બાંધ્યું; અને તેથી અદ્યાપિ તે બંનેનો તે ગ્રાસ કરે છે.૯

તે પછી ભગવાન શ્રીહરિ પણ અતુલ સ્ત્રીરૂપ ત્યજીને ભયંકર અનેક હથિયારોવડે દાનવોને કંપાવવા લાગ્યા.૧૦ સમુદ્રની સમીપમાંજ દેવો અને દૈત્યોનો મહા ઘોર સંગ્રામ આરંભાયો. એ યુદ્ધમાં હજારો તીક્ષ્ણ પ્રાસો,+ તીણાં અણિયાંવાળાં તોમરો÷ અને વિવિધ શસ્ત્રો પડવા માંડયાં. તે વખતે ચક્રથી ભેદાયલા તથા તરવાર, શક્તિ× અને ગદાથી પીડાયલા અસુરો મોંમાંથી પુષ્કળ રુધિર ઓકતા ઓકતા ધરણી ઉપર પડવા લાગ્યા. યુદ્ધમાં સુવર્ણની માળાવાળાં અસુરોનાં મસ્તકો, દારુણ ‡પટ્ટિશોવડે કપાઇને પડ-

---

*अमृतादपि विभ्रंशः संगमात्रेण योषिताम् ॥
दधता मोहिनीरूपं हरिणैवं प्रकाशितम् ॥

સ્ત્રીઓના સંગમાત્રથી અમૃતથી પણ ભ્રષ્ટ થવાય છે, એ વાત મોહિનીરૂપને ધારણ કરતા શ્રીહરિએ પ્રકાશિત કરી છે. રત્નગર્ભ

+ હાથવડે ફેંકાય એવા નાના ભાલાઓ. ÷ લાંબા દાંડાવાળા ભાલાઓ. × હાથથી ફેંકાય એવો આઠ અગ્રવાળો લોહદંડ. ‡ તીક્ષ્ણ અણિયાંવાળી બેધારી તરવારની જાત.

તાં હતાં. ધાતુથી રંગાયલાં પર્વતનાં શિખરોના જેવા, હણાયલા તથા લોહીથી ખરડાયલાં અંગવાળા મહાન અસુરો ત્યાં રવડતા હતા. સૂર્ય લાલ રંગનો થતાં, અર્થાત્ સંધ્યાકાલ થતાં થતાં ત્યાં એકમેકને શસ્ત્રોથી કાપતા હજારો યોદ્ધાઓનો ઠેક ઠેકાણે હાહાકાર થઈ રહ્યો. લોઢાનાં તીક્ષ્ણ *પરિઘોવડે અને પાસે આવેલાને મુક્કીઓવડે પરસ્પર હણતા યોદ્ધાઓનો શબ્દ, સ્વર્ગ સુધી પહોંચતો હોય તેમ સંભળાવા લાગ્યો; તથા મારો, કાપો, દોડો, પાડો અને આગળ વધો, એવા મહા ઘોર શબ્દો ચોતરફ સંભળાવા લાગ્યા.૧૮

આ પ્રમાણે મહા ભયંકર તુમુલ યુદ્ધ ચાલતું હતું તે વખતે યુદ્ધમાં નર અને નારાયણ અને દેવો આવી પહોંચ્યા. તેમાં નરના હાથમાં દિવ્ય ધનુષ હતું તે જોઈને ભગવાન નારાયણે પણ દાનવોનો નાશ કરનારા પોતાના ચક્રનું સ્મરણ કર્યું.૨૦ સ્મરણ કરતાંની સાથેજ મહા કાંતિવાળું, શત્રુઓને તાપ આપનારું, અગ્નિના જેવું તેજસ્વી, અખંડિત મંડલવાળું અને યુદ્ધમાં ભયંકર જણાતું એવું સુદર્શનચક્ર આકાશમંડલમાંથી આવી પહોંચ્યું. શત્રુનાં નગરને વિદારણ કરનારા, જાજ્વલિત અગ્નિના જેવી પ્રભાવાળા તે ભયંકર ચક્રને હસ્તીની સુંઢના જેવા બાહુવાળા હરિએ હાથમાં લીધું અને તે મહા તેજસ્વી ચક્રને, ઉગ્ર વેગવાળા હરિએ બલ કરીને શત્રુઓના ઉપર છોડયું. પુરુષશ્રેષ્ઠ નારાયણે હાથવડે વારંવાર યુદ્ધમાં ફેંકેલું કાલાગ્નિના જેવા તેજવાળું તે ચક્ર વેગવડે હજારો દૈત્યો અને દાનવોના ઉપર પડીને તેમનો સંહાર કરવા લાગ્યું. વારંવાર પૃથ્વી ઉપર અને આકાશમાં મૂકેલું તે ચક્ર કોઈવાર અગ્નિની પેઠે અસુરોને બાળીને ભસ્મ કરી નાખતું હતું, તો કોઈ વાર બલ કરીને તે અસુરગણોને કાપી નાખતું હતું અને પિશાચની પેઠે અસુરોનાં રુધિરનું પાન કરતું હતું. તે વખતે વર્ષી રહેલાં આભલાંના જેવી કાંતિવાળા અને ઉત્સાહી ચિત્તવાળા, મહા બલવાન હજારો અસુરો પણ પર્વતોવડે વારંવાર દેવગણોને પીડવા લાગ્યા. પછી ભય ઉત્પન્ન કરે તેવા તથા અનેક પ્રકારના મેઘોના જેવા રૂપવાળા અને આગલાં શિખરો જેમનાં તૂટી પડતાં એવા મોટા પર્વતો, એકમેકની જોડે અથડાઈને શબ્દ કરતા ત્વરાવડે આકાશમાંથી વૃક્ષોની સાથે પડવા લાગ્યા. મહા પર્વતોના પડવાવડે હણાયલી પૃથ્વી ચોમેરથી વને સહિત કંપવા લાગી. આ પ્રમાણે રણાંગણમાં પરસ્પર અત્યંત ગર્જના કરતા યોદ્ધાઓનું તુમુલ યુદ્ધ પ્રવર્તતું હતું તે વખતે મહા ભયંકર અસુરસમૂહના યુદ્ધમાં, નરભગવાને ઉત્તમ સુવર્ણના અગ્રવાળાં મહાન બાણોવડે ગિરિશિખરોને વિદારણ કરતાં આકાશમાર્ગને છાઈ દીધો. પછી અંતરિક્ષમાં જાજ્વલિત કાંતિવાળા સુદર્શન ચક્રને પ્રકુપિત થયેલું જોઈને દેવોથી પીડાયલા મોટા અસુરો, નાસીને કોઈ પૃથ્વીમાં અને કોઈ સમુદ્રમાં પેસી ગયા. ત્યાર પછી વિજય પામેલા દેવો, પૂજનસત્કાર કરીને મંદર પર્વતને તેના અસલ સ્થાનમાં મૂકી આવ્યા, અને અમૃત ગ્રહણ કરીને હર્ષનાદવડે સ્વર્ગ તથા ગગનમંડલને સર્વત્ર ગજાવતા જેમ આવ્યા હતા તેમ પોતપોતાના સ્થાનમાં ગયા.૩૦ તે પછી પરમ આનંદ પામેલા દેવોએ તે અમૃતને સારી પેઠે રક્ષણમાં રાખ્યું અને દેવોસાથે મળીને ઇંદ્રે તે અમૃતપાત્ર રક્ષણ કરવામાટે નર ભગવાનને સોંપ્યું.૩૧*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે અમૃતમંથનસમાપ્તિ નામનો અધ્યાય ૧૯ મો સમાપ્ત.

*** तुल्यायासेऽप्यविबुधा नाब्धिजं विमुखा हरेः॥**
देवास्तुवशगा विष्णोः प्रापुरेतदिहोच्यते ॥

સમાન પ્રયાસ કરતાં પણ હરિથી વિમુખ રહેલા મૂર્ખદૈત્યોને અમૃત મળ્યું નહિ અને વિષ્ણુને વશ રહેલા દેવો અમૃત મેળવી શકયા, એ આ આખ્યાનમાંકહ્યું છે. **रत्नगर्भ**

---

* ચોમેર લોઢાના કાંટાવાળો લોહદંડ

અધ્યાય ૨૦ મો—સર્પોને શાપ

॥ सौतिरुवाच ॥

एतत्ते कथितं सर्वममृतं माथितं तथा ॥
यत्र सोऽश्वः समुत्पन्नः श्रीमानतुलविक्रमः॥१॥

સૂતપુત્ર કહે છેઃ—જે રીતે અમૃતને માટે સમુદ્રમથન કર્યું હતું તે સઘળું મેં તમારી આગળ કહ્યું; કે જેમાં અતુલ પરાક્રમી શ્રીમાન ઉચ્ચૈઃશ્રવા અશ્વ ઉત્પન્ન થયો હતો. એ અશ્વને જોઇને એક વખતે કદ્રૂએ વિનતાપ્રત્યે કહ્યું કે, 'હે કલ્યાણિ ! આ ઉચ્ચૈઃશ્રવા ઘોડો કેવા રંગનો છે તે તું તત્કાલ કહે જોઈએ ?'૨

વિનતા બોલીઃ—'હે શુભે ! એ અશ્વરાજ ધોળા રંગનોજ છે, તું એને કેવા રંગનો ધારે છે ? તું પણ એનો રંગ કહે. પછી આપણે એ સંબંધમાં શરત કરીએ."

કદ્રૂ કહે છેઃ—'હે શુદ્ધ હાસ્યવાળી ! હું તો એ ઘોડાને કાળા વાળવાળો માનું છું. હે ભામિનિ ! એ સંબંધમાં આવ તું મારીસાથે શરત માર કે આપણામાં જે જીતે તેની હારનારી દાસી થાય.' ૫

સૌતિ કહે છેઃ—આ પ્રમાણે તે બન્ને પરસ્પર દાસી થવાની શરત કરીને 'ભલે આપણે એનો કાલે નિશ્ચય કરીશું' એમ કહી પોતપોતાને ઘેરે ગઈ. તે પછી કપટ કરવા ઈચ્છતી કદ્રૂએ, પોતાના હજાર પુત્રોને તે વખતે આજ્ઞા કરી કે, 'તમે મેશ જેવા કાંળા રંગના વાળરૂપે થઇને ઝટ એ ઘોડાને વીંટાઈ વળો, જેથી મારે દાસી થવું પડે નહિ.' કદ્રૂનાં આ વાક્યને જે સર્પોએ સ્વીકાર્યું નહિ તે સર્પોને કદ્રૂએ શાપ આપ્યો કે, 'પાંડુવંશી બુદ્ધિમાન જનમેજય રાજર્ષિનો સર્પસત્ર થશે તેમાં તમને અગ્નિ બાળી મૂકશે. કદ્રૂએ દૈવથીજ આપેલા આવા અતિ ક્રુર શાપને દેવોની સાથે પોતે બ્રહ્માએ સાંભળ્યો, અને સર્પોની અતિશય વૃદ્ધિ જોઈને, પ્રજાના હિતને માટે તે શાપની વાણીને અનુમોદન આપ્યું. ૧૦ તથા બોલ્યા કે, 'આ સર્પો તીવ્ર વિષવીર્યવાળા, અત્યંત દંશ કરનારા અને મહાન બલવાળા છે; માટે તીક્ષ્ણ ઝેરવાળા અને પારકાને પીડા કરવા યત્ન કરતા હોવાથી, પ્રજાનાં હિતને માટે તેઓની માતાએ તેમને જે શાપ આપ્યો છે તે યોગ્યજ કર્યું છે.' 'જેઓ બીજાં પ્રાણીઓને નિરંતર દુઃખ આપવા યત્ન કરે છે તેઓને દૈવજ પ્રાણાંત દંડ આપે છે'

આ પ્રમાણે સંભાષણ કરીને બ્રહ્માએ કદ્રૂનાં વખાણ કર્યાં અને તે વખતે કશ્યપ ઋષિને બોલાવી તેમને નીચે પ્રમાણે કહ્યુંઃ—'હે પવિત્ર ! હે પરંતપ ! તમારાથી ભયંકર ઝેરવાળા, મોટી કાયાવાળા અને ડસવાના સ્વભાવવાળા જે આ સર્પો ઉત્પન્ન થયા છે, તેમને તેમની માતાએ શાપ આપ્યો છે. હે વત્સ ! તે સંબંધમાં તમારે કોઈ રીતે ક્રોધ કરવો નહિ; કારણ કે યજ્ઞોમાં સર્પોનો નાશ પરાપૂર્વથી થતો આવ્યો છે એ આપણે જોયું છે.' આ પ્રમાણે કહીને સૃષ્ટિના કર્તા બ્રહ્માએ, પ્રજાના પતિ મહાત્મા કશ્યપનું સાંત્વન કર્યું અને તેમને વિષને હરણ કરનારી વિદ્યા આપી. ૧૬

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વ વિષે સુપર્ણાખ્યાન નામનો અધ્યાય ૨૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૧ મો–ઉચ્ચૈઃશ્રવા ઘોડાને જોવા નીકળેલી કદ્રૂ તથા વિનતાએ જોએલા મહાસમુદ્રનું વર્ણન

॥ सौतिरुवाच ॥

ततो रजन्यां व्युष्टायां प्रभातेऽभ्युदिते रवौ ॥
कद्रूश्च विनता चैव भगिन्यौ ते तपोधन ॥१॥

સૂતપુત્ર કહે છેઃ–'હે તપોધન ! તે રાત્રિ ગઈ અને પ્રભાતમાં સૂર્યનો ઉદય થયો તે વખતે જેમણે દાસીપણાની શરત કરેલી એવી કદ્રૂ અને વિનતા બંને બહેનો અસહનતાથી ઉતાવળી થઈને ઉચ્ચૈઃશ્રવા ઘોડાને જોવા તેની પાસે જવા નીકળી. માર્ગમાં જતાં તેમણે અગાધ જલવાળા ,મોટા શબ્દવાળા અને ઉછળતા એવા જલનિધિ મહાસમુદ્રને જોયો. જે મહાસમુદ્ર મોટાં મચ્છો, સાધારણ મચ્છો, મગરો અને બીજાં હજારો વિવિધ રૂપવાળાં પ્રાણીઓથી ભરપૂર હતો. વળી જે બીજાં ભયંકર, વિકૃત, ઘોર અને ઉગ્ર એવાં જલચરોવડે નિરંતર અંદર નહિ જઈ શકાય તેવો અને કચ્છપ તથા ગ્રાહોથી વ્યાકુલ હતો. તે સર્વ રત્નોની ખાણરૂપ હતો, વરુણ અને નાગોનાં રમ્ય તથા ઉત્તમ નિવાસસ્થાનરૂપ હતો, સરિતાઓનો પતિ હતો, વાડવાગ્નિનું નિવાસસ્થાન હતો, અસુરોનો બંધુ હતો, પ્રાણીઓને ભય કરનારો હતો, જલનો એક નિધિ હતો અને દેવોના અમૃતનું પરમ ઉત્પત્તિસ્થાનરૂપ હતો. તે શુભ, દિવ્ય, અમાપ, અચિંત્ય, પુણ્યકારક જલવાળો આશ્ચર્યરૂપ, ઘોર, જલચરોના શબ્દવડે ભયંકર, ભૈરવ શબ્દવાળો, ગંભીર ભમરીઓથી ભરેલો, સર્વ પ્રાણીઓને ભય કરનારો, કિનારાસાથે અથડાતા વાયુવડે ચલિત થતો, ક્ષોભ અને ઉદ્વેગવડે ઉછળતો, હાલતા તરંગરૂપી હાથોવડે સર્વ તરફ નૃત્ય કરતો હોય તેવો જણાતો,૧૦ ચંદ્રની વૃદ્ધિ તથા ક્ષયને લીધે ગુલાંટો મારતા તરંગોવડે અત્યંત વ્યાકુલ જણાતો, પાંચજન્ય શંખને ઉત્પન્ન કરનારો, રત્નોનું ઉત્પત્તિસ્થાન અને અનુત્તમ હતો. વળી તે પૃથ્વીની ખોળ કરવા જતા અતુલ બલવાન વરાહરૂપધારી ગોવિંદ ભગવાને ક્ષોભ પમાડેલાં અંતર્જલવડે વ્યાપ્ત, વ્રતધારી બ્રહ્મર્ષિ અત્રિએ સો વર્ષ યત્ન કરતાં પણ જેનું તળીઉં મળ્યું નહોતું એવો, પાતાળ જેનું તળીઉં છે એવો, અવિનાશી, યુગાંતમાં અધ્યાત્મ યોગનિદ્રાને સેવન કરતા અમિત તેજવાળા પદ્મનાભ વિષ્ણુ ભગવાનના શયનસ્થાનરૂપ, વજ્રપતનથી ત્રાસેલા મૈનાક પર્વતને અભય આપનારો, ભયંકર કોલાહલવાળા યુદ્ધમાં દેવોથી પીડાતા અસુરોનું શરણસ્થાન, વાડવાગ્નિનાં પ્રદીપ્ત મુખને જલરૂપી હવિ આપનારો, કલ્યાણરૂપ, અગાધ પારવાળો, વિસ્તીર્ણ, અપ્રમેય, નદીઓનો સ્વામી, અનેક મહાનદીઓ પરસ્પરની સ્પર્ધા કરતી હોય તેમ જેમાં હજારો દ્વારથી નિત્ય અભિસરણ કરતી અને ચોમેરથી આવતાં જલવડે અત્યંત ભરાતો તથા તરંગોવડે નૃત્ય કરતો હોય તેમ જણાતો એવો મહાસાગર તે બંને બહેનોએ જોયો. આ રીતે ગંભીર, માછલાં તથા ઉગ્ર મગરોવડે વ્યાપ્ત, જલચરોના રૌદ્ર નાદોવડે ગર્જના કરતો, આકાશના જેવો વિસ્તીર્ણ, અનંત અને અગાધ એવો મહાન જલનિધિ સમુદ્ર તે બન્નેએ દીઠો. ૧૮

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાન નામનો અધ્યાય ૨૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૨ મો*–બન્ને બહેનો સમુદ્રને ઓળંગી ગઇ.

॥ सौतिरुवाच ॥

नागाश्च संविदं कृत्वा कर्तव्यमिति तद्वचः ॥
निःस्नेहा वै दहेन्माता असंप्राप्तमनोरथा ॥१॥

સૂતપુત્ર કહે છેઃ–માતાને ના કહ્યા પછી નાગો પરસ્પર વિચાર કરીને એવા નિશ્ચય ઉપર આવ્યા કે, 'આપણે માતાનાં કહેલાં વચન પ્રમાણે કરવું કારણ કે તેનો મનોરથ પૂર્ણ નહિ થશે તો તે સ્નેહવિનાની થએલી માતા અવશ્ય આપણને બાળી મૂકશે, અને જો તે પ્રસન્ન થશે તો આપણને આપેલા શાપથી પણ મુકત કરશે; માટે આપણે તે ઘોડાનું પૂછડું કાળુ કરવું એમાં સંશય નહિ.' આવા નિશ્ચય કરીને તેઓ ઉચ્ચૈઃશ્રવા ઘોડાનાં પૂંછડાંને કાળા વાળરૂપ થઈને વીંટાઈ વળ્યા.

એટલામાં હે દ્વિજશ્રેષ્ઠ ! એ શરત કરનારી દક્ષની પુત્રીઓ કદ્રૂ અને વિનતા જે બન્ને બહેનો અને શોકયો થતી હતી, તેઓ શરત કરીને જલના નિધિરૂપ અને અક્ષોભ્ય એવા મહાસાગરને પ્રીતિવડે જોતી જોતી આકાશમાર્ગે પેલેપાર જવા નીકળી. એ વખતે મહાસાગર વાયુવડે એકાએક ક્ષોભ પામી મોટી ગર્જના કરતો હતો. મોટા મત્સ્ય અને મગરોવડે ભરાયલો હતો. બીજા નાનાવિધ હજારો ઘોર પ્રાણીઓવડે યુક્ત હોવાથી ઘોર અને સહસા પ્રવેશ કરી ન શકાય એવો ગંભીર તથા અત્યંત ભયાનક હતો. તે સર્વ રત્નોની ખાણરૂપ હતો, વરૂણનું ઘર હતો, નાગોનું રમ્ય નિવાસસ્થાન હતો તથા સરિતાઓનો પતિ હતો. પાતાલના અગ્નિનું નિવાસસ્થાન, અસુરોને રહેવાનું ઘર તથા ભયંકર પ્રાણીઓ અને જલનો અવિનાશી ભંડાર હતો. શુભ્ર વર્ણવાળો, દિવ્ય, અમાપ, અચિંત્ય. પવિત્ર જલવાળો અને દેવોના અમૃતના પરમ ધામરૂપ હતો.[૧૦] વળી ઠામ ઠામ હજારો મહાનદીઓવડે અત્યંત પૂર્ણ થતો અને તરંગોવડે નાચતો હોય તેમ જણાતો હતો. આ રીતે અતિશય ચપલ ઊર્મિઓવડે ભરપૂર, ગંભીર પ્રકાશયુક્ત આકાશના જેવા જણાતા વાડવાગ્નિની જ્વાલાવડે પ્રકાશિત અંગવાળા અને ગર્જના કરતા એવા મહાસમુદ્રને તે બન્ને બહેનો ત્વરાવડે ઓળંગી ગઈ. ૧૧-૧૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સપર્ણાખ્યાનમાં સમુદ્ર-દર્શન નામનો અધ્યાય ૨૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૩ મો–ગરુડની ઉત્પત્તિ અને તેની દેવોએ કરેલી સ્તુતિ.

॥ सौतिरुवाच ॥

तं समुद्रमतिक्रम्य कद्रूर्विनतया सह ॥
न्यपतत्तुरगाभ्याशे नचिरादिव शीघ्रगा ॥१॥

સૂતપુત્ર કહે છેઃ–શીઘ્ર ગતિવાળી કદ્રૂ વિનતાની સાથે તે સમુદ્રને ઓળંગીને ઝડપથી ઘોડાની આગળ જઈ પહોંચી. પછી તે બન્નેએ તે વખતે મહા વેગવાળા અને અશ્વોમાં શ્રેષ્ઠ એવા તે ઉચ્ચૈઃશ્રવાને ચંદ્રના કિરણના જેવી કાંતિવાળો પણ કાળા કેશવાળો જોયો. તેના પૂછડામાં રહેલા ઘણા કાળા વાળ જોઇને ખિન્ન થએલી વિનતાને કદ્રૂએ પોતાની દાસી થવા કહ્યું; એટલે શરતમાં હારેલી તે વિનતા દુઃખથી સંતપ્ત થઈને કદ્રૂની દાસી થઈને રહી. ૧૪

એટલામાં જન્મનો સમય પ્રાપ્ત થતાં મહાતેજસ્વી ગરુડ પણ પોતાની માતાની જરૂર ન રાખતાં પોતેજ ઇંડુ ફોડીને બહાર નીકળ્યો. તે મહાન હૃદયબલવાળો તથા શરીરબળવાળો, સર્વ દિશાઓને

* આ બાર શ્લોકના અધ્યાયને કેટલાએક પઠન કરતા નથી, કેટલાએક તે અધ્યાયના શ્લોકોને આગલા અધ્યાયમાંજ પઠન કરે છે અને કેટલાએક આ અધ્યાયના પાંચેકજ શ્લોક ગણે છે, પરંતુ યથાર્થ નિર્ણય થતો નથી. नीलकंठ

પ્રકાશિત કરતો, ઈચ્છામાં આવે તેવાં રૂપને ધારણ કરનારો, યથેષ્ટ ગતિવાળો, ઇચ્છિત પરાક્રમ કરનારો, આકાશમાં ગમન કરનારો, વૃદ્ધિ પામેલા અગ્નિના ઢગ જેવો, અતિ ભયંકર જણાતો, વિજળીના જેવાં પ્રકાશિત પિંગટ નેત્રવાળો, પ્રલયકાલના અગ્નિના જેવી કાંતિવાળો, ઘોર આકૃતિવાળો, ઘોર ગર્જના કરતો તથા બીજા વાડવાગ્નિના જેવો ભયંકર જણાતો હતો. મહા કાયાવાળો, તે પક્ષી અકસ્માત વૃદ્ધિ પામ્યો અને આકાશમાં ઉડ્યો. ૫–૮

તેને જોઇને સર્વે દેવો અગ્નિને શરણે ગયા અને બેઠેલા તે વિશ્વરૂપ અગ્નિને પ્રણામ કરીને કહેવા લાગ્યા કેઃ–' હે અગ્નિ ! તમે વૃદ્ધિ પામો નહિ. તમે અમને બાળવા તો નથી ઇચ્છતા? આ તમારાં તેજનો પ્રદીપ્ત થયેલો મહાન સમૂહ અમારા તરફ આવે છે. ૧૦ અગ્નિએ કહ્યુંઃ–'હે અસુરને પીડનારા દેવો.! તમે જેમ માનો છો તેમ નથી, પરંતુ એતો મારા જેવાં તેજવાળો, વિનતાના આનંદની વૃદ્ધિને માટે ઉત્પન્ન થયેલો પરમ તેજસ્વી બલવાન ગરુડ છે. એ તેજના પુંજરૂપ ગરુડને જોઇને તમને ભ્રાંતિ ઉત્પન્ન થઈ છે. નાગોનો ક્ષય કરનારો, દેવોના હિતમાં તત્પર અને દૈત્યો તથા રાક્ષસોનો શત્રુ એવો એ મહાબલવાન કશ્યપનો પુત્ર છે; માટે એના સંબંધમાં તમે કોઇ રીતે ભય રાખશો નહિ અને મારી સાથે રહીને તમે બધા એને જુઓ.' આ પ્રમાણે અગ્નિના કહેવાથી ઋષિગણની સાથે દેવતાઓ ત્યાં ગયા અને ગરુડથી દૂર ઉભા રહીને તેની સ્તુતિ કરવા લાગ્યા.

દેવો કહે છેઃ–' ×તમે ઋષિ (પ્રણવ) રૂપ છો, તમે સમગ્ર યજ્ઞના ભોક્તા છો, તમે પ્રકાશયુક્ત તથા શીઘ્ર ગતિવાળા છો, તમે ચેતન અચેતન સર્વના અધિષ્ઠાતા છો, તમે ઉત્પાદક અને સંહર્તા છો, તમે હિરણ્યગર્ભ અને પ્રજાપતિ છો, તમે ઇંદ્ર છો, તમે હયગ્રીવ છો, તમે ત્રિપુરવધ વખતે મહાદેવના બાણભૂત વિષ્ણુરૂપ છો, તમે જગત્પતિ છો, તમે વિષ્ણુના મુખરૂપ (બ્રાહ્મણ) છો, તમે પદ્મજન્મા બ્રહ્મા છો, તમે વિજ્ઞાનવાન છો, તમે અગ્નિ તથા વાયુ છો, તમે ધાતા (ચિતિ) તથા વિધાતા (માયા) છો, તમે દેવોમાં શ્રેષ્ઠ એવા વિષ્ણુ છો, તમે મહત્તત્ત્વ અહંકાર અને સદા અવિકારી મહાયશ (નિર્ગુણ બ્રહ્મ) છો, તમે સૂર્ય આદિનાં તેજ છો, તમે બુદ્ધિવૃત્તિ છો અને અનુત્તમ રક્ષણ પણ તમેજ છો બલના સાગર, પ્રૌઢ સત્ત્વવાળા, ઐશ્વર્યસંપન્ન અને યુદ્ધમાં અસહ્ય એવા તમેજ છો. હે પુણ્યશ્લોક ! પ્રાપ્ત તથા અપ્રાપ્ત સર્વ તમારાથીજ થાય છે. સૂર્ય જેમ કિરણોવડે આ ચરાચર જગતને પ્રકાશિત કરે છે, તેમ ઉત્તમ એવા તમે પણ વૃત્તિજ્ઞાનવડે સચરાચર જગતને પ્રકાશિત કરો છો, અને સૂર્યની પ્રભાનો પણ લોપ કરતા એવા મૃત્યુરૂપ તમે પ્રધાન પુરુષાત્મક સર્વ જગતનો ઉપસંહાર કરો છો. ૨૦ હે અગ્નિસમાન કાંતિવાળા! મહા ક્રોધ પામેલો દિવાકર જેમ પ્રજાને દગ્ધ કરે છે તેમ કાલના કાલરૂપ તમે પ્રલયકાલમાં પ્રકટેલા ભયંકર અગ્નિની પેઠે સર્વનો વિનાશ કરતા તેને બાળી મૂકો છો. તમે મહાબલવાળા, અગ્નિના જેવા તેજવાળા, વિજળીના જેવી કાંતિવાળા, અંધકારવિનાના અને આકાશમાં રહેલા છો. અમે આકાશચારી તથા મહાબલશાલી ખગેશ્વર ગરુડને શરણે આવ્યા છીએ તમે કારણ તથા કાર્યરૂપ, વરદાન આપનારા અને અજય્ય પરાક્રમવાળા છો. તપાવેલાં સુવર્ણના જેવા તમારા તેજવડે આ સર્વ જગત સંતપ્ત થયું છે, માટે હે જગત્પ્રભો! તમે સર્વ મહાત્માઓ તથા દેવોનું રક્ષણ કરો. આ ભયયુક્ત થએલા આકાશમાં વિમાનવડે ગતિ કરનારાઓ, તમારાથી પરાભવ પામીને આડે રસ્તે થઇને જાય છે. હે ખગશ્રેષ્ઠ ! હે પ્રભો ! તમે દયાલુ એવા મહાત્મા કશ્યપ ઋષિના પુત્ર છો; માટે ક્રોધ ન કરતાં જગ-

× અહીં પણ પૂર્વની પેઠે ગરુડોપાધિક બ્રહ્મનીજ સ્તુતિ સમજવી, કારણ કે વિષ્ણુના વાહનરૂપ પક્ષિમાત્રમાં આ સ્તુતિમાં કહેલાં સર્વ વિશેષણો યથાર્થ રીતે ઘટી શકે નહિ, માટે–' **इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान् । एकं सद्विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥** એ શ્રુતિવડે ઇંદ્રાદિ બહુ રૂપથી સદા એક બ્રહ્મનુંજ કથન થાય છે.

તના ઉપર પરમ દયા કરો. તમે ઈશ્વર છો, શાંત થાઓ અને અમારૂં રક્ષણ કરો. વજ્રના કાટકા જેવી તમારી કઠોર ગર્જનાવડે દિશાઓ, આકાશ સ્વર્ગ, આ પૃથ્વી અને અમારાં હૃદયો નિરંતર કંપે છે; માટે હે પક્ષિરાજ ! આ અગ્નિના જેવા તમારા શરીરનો તમે સંકોચ કરો. કુપિત થયેલા કૃતાંતના જેવી તમારી કાંતિ જોઈને અમારૂં અવ્યવસ્થિત થયેલું મન ચલિત થાય છે, માટે હે ખગેશ્વર ! યાચના કરતા એવા અમારા ઉપર તમે પ્રસન્ન થાઓ અને હે ભગવન્ ! અમને સુખ આપનારા કલ્યાણકારી થાઓ." ૨૧-૨૬

આ પ્રમાણે ઋષિઓની સાથે દેવોએ સ્તુતિ કરી ત્યારે સુંદર પિચ્છવાળા ગરુડે પોતાના તેજનો ઉપસંહાર કર્યો. ૨૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં અધ્યાય ૨૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૪ મો-સૂર્યની ઉગ્રતા શાંત કરવા અરુણ સારથિ થયો.

॥ सौतिरुवाच ॥

स श्रुत्वाथात्मनो देहं सुपर्णः प्रेक्ष्य च स्वयम् ॥ शरीरप्रतिसंहारमात्मनः म चकार ह ॥ १ ॥

સૂતપુત્ર કહે છેઃ-ગરુડે દેવોના મુખથી પોતાના દેહનું વર્ણન સાંભળીને તથા પોતે પોતાનું તેવું રૂપ જોઈને, પોતાના શરીરનો સંકોચ કરવા માંડ્યો. ગરુડે કહ્યું:-" મારા ભયંકર દેહને જોઇને સર્વ પ્રાણીઓ ત્રાસ પામ્યાં છે તો તેમને ભય થાય નહિ એટલા માટે હું મારાં તેજનો ઉપસંહાર કરૂં છું "૧-૨

સૌતિ કહે છે:-ત્યાર પછી ઇચ્છામાં આવે ત્યાં ગતિ કરનારો અને ઇચ્છામાં આવે તેટલાં બલને ધારણ કરનારો, આકાશચારી પક્ષિરાજ ગરુડ, અરુણને પોતાની પીઠ ઉપર બેસાડીને પિતાના ઘરમાંથી નિકળી, સમુદ્રને સામે પાર રહેલી પોતાની માતા પાસે ગયો અને જ્યારે સૂર્ય પોતાનાં અત્યંત ઉગ્ર તેજવડે લોકોને બાળવા ઇચ્છા કરતો હતો ત્યારે તેણે મહા તેજસ્વી અરુણને પૂર્વ દિશામાં સૂર્યની આગળ મૂકયો.

રુરુ પૂછે છેઃ-ભગવાન સૂર્યે શા કારણથી તે વખતે લોકોને બાળવા ઇચ્છા કરી હતી ? દેવોએ એમનું શું હરી લીધું હતું કે જે કારણથી એમને ક્રોધ ઉત્પન્ન થયો ?

પ્રમતિ કહે છેઃ-હે નિષ્પાપ ! જ્યારથી અમૃતપાન કરતા રાહુને ચંદ્ર-સૂર્યે બતાવ્યો હતો. ત્યારથી રાહુએ ચંદ્ર-સૂર્ય જોડે વેર બાંધ્યું હતું, અને તે કારણથી જ્યારે રાહુ સૂર્યનો ગ્રાસ કરવા આવ્યો ત્યારે સૂર્યને ક્રોધ ઉત્પન્ન થયો તથા તેણે વિચાર્યું કે દેવોનું હિત કરવા જતાં રાહુનો રોષ મારા ઉપર ઉતર્યો અને બહુ અનર્થ કરનાર આ પાપ મને એકલાને વળગ્યું. કાર્યમાં સહાયની સૌ કોઈ ઈચ્છા રાખે છે; પણ કષ્ટ વખતે કોઈએ જણાતું નથી. આ રાહુ મારો ગ્રાસ કરે છે તે સર્વ દેવતાઓ જુએ છે, તોપણ તેઓ ચૂપચાપ સહન કરે છેઃ તો હવે હું લોકોના વિનાશને માટે નિઃસંશ તૈયારજ થાઉં." આવો નિશ્ચય કરીને સૂર્ય અસ્તાચલ તરફ ગયા૧૦ અને ત્યાંથી લોકોના વિનાશને માટે તેમણે પોતાનો તાપ વધારવા માંડ્યો. તે વખતે મહર્ષિઓ દેવોની પાસે જઇને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-'હે દેવો ! આજે મધ્યરાત્રિને સમયે સર્વ લોકને ભય કરનારો અને ત્રણ લોકને નાશ કરનારો મહાન દાહ ઉત્પન્ન થશે.' આ સાંભળીને દેવો ઋષિઓની સાથે પિતામહ બ્રહ્માની પાસે ગયા અને કહેવા લાગ્યા કે, 'હે પિતામહ! જગતમાં આજે દાહથી થયેલું મહાન ભય શા કારણથી જણાય છે ? સૂર્ય તો હજી જણાતો નથી, એટલામાં તો જગતનો ક્ષય થાય તેમ લાગે છે, ત્યારે હે ભગવન્ ! સૂર્યનો ઉદય થતાં તો આ જગતનું શું થશે !'૧૧-૧૪

પિતામહે કહ્યું:-"આજે એ સૂર્ય, લોકોના વિનાશને માટેજ ઉદય પામવા યત્ન કરે છે અને તે દેખાતાંની સાથેજ લોકોને બાળીને ભસ્મનો ઢગલો કરી નાખશે; પરંતુ તેનો ઉપાય પહેલેથીજ નિર્માણ કરેલો છે. કશ્યપનો બુદ્ધિમાન અને પ્રખ્યાત એવા અરુણ નામનો પુત્ર છે, તે મહાતેજસ્વી અને મોટી કાયાવાળો છે. તે સૂર્યની આગળ રહીને તેનું સારથિપણું કરશે અને સૂર્યનું તેજ હરણ કરશે, એમ કરવાથી સર્વ લોકનું, ઋષિઓનું અને દેવોનું કલ્યાણ થશે."

પ્રમતિ કહે છે:-તે પછી પિતામહની આજ્ઞાથી અરુણે તે પ્રમાણે સર્વ કર્યું; અને અરુણથી ઢંકાઈનેજ સૂર્યનો ઉદય થયો. આ રીતે જે કારણથી સૂર્યને ક્રોધ ચઢ્યો હતો તથા સમર્થ એવા અરુણે જે કારણથી સારથિનું કામ કર્યું હતું, તે સઘળું મેં તમને કહ્યું. હવે પછી પૂર્વે તેં કરેલા બીજા પ્રશ્નનો ઉત્તર તું સાંભળ. ૧૫-૨૦

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં અધ્યાય ૨૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૫ મો-કદ્રૂએ ઇંદ્રની સ્તુતિ કરી.

॥ सौतिरुवाच ॥

ततः कामगमः पक्षी महावीर्यो महाबलः ॥
मातुरंतिकमागच्छत् परं पारं महोदधेः ॥१॥

સૌતિ કહે છે:-તે પછી યથેષ્ટ ગતિવાળો, મહાન પરાક્રમી, અને મહા બલિષ્ઠ એવો ગરુડ મહાન સમુદ્રની સામે પાર જ્યાં શરતમાં હારીને અત્યંત દુઃખથી સંતપ્ત થયેલી પોતાની માતા વિનતા દાસીપણાને પામીને રહેતી હતી ત્યાં તેની પાસે આવ્યો. ત્યાર પછી એક વખતે પ્રણામ કરતી વિનતાને તેના પુત્રની સમક્ષમાંજ કદ્રૂએ બોલાવી અને આ પ્રમાણે કહ્યું:-'હે કલ્યાણિ! સમુદ્રની અંદર એકાંત ભાગમાં, રમ્ય અને સુંદર દેખાવવાળું નાગોનું નિવાસસ્થાન છે, હે વિનતા! તું મને ત્યાં લઈ જા. આ સાંભળીને ગરુડની માતાએ, સર્પોની માતા કદ્રૂને ઉપાડી લીધી અને માતાની આજ્ઞાથી ગરુડે પણ નાગોને ઉપાડી લીધા. પછી આકાશચારી ગરુડ નાગોને લઈને સૂર્યની પાસે થઈને જવા લાગ્યો, એટલે સૂર્યનાં કિરણોવડે તપી ઉઠેલા નાગો મૂર્છિત થઈ ગયા. એ અવસ્થા પામેલા પુત્રોને જોઇને કદ્રૂએ ઇંદ્રની સ્તુતિ કરવા માંડી.

હે સર્વ દેવોના ઇશ્વર! હું તમને નમસ્કાર કરૂં છું. હે બલ નામના દાનવને હણનારા! હું તમને નમસ્કાર કરૂં છું. હે નમુચિને મારનારા! હે સહસ્ર નેત્રવાળા! હે શચીપતિ! તમને હું નમસ્કાર કરૂં છું. સૂર્યથી સંતપ્ત થયેલા નાગોનું તમે મેઘનાં જલવડે રક્ષણ કરો. હે દેવશ્રેષ્ઠ! તમેજ અમારૂં પરમ રક્ષણ છો, હે પુરંદર! તમે પુષ્કળ જલ સુજવાને સમર્થ છો. તમેજ મેઘ છો, તમે વાયુ છો, તમે અગ્નિ અને આકાશમાં વિદ્યુતરૂપ છો. અભ્રસમૂહને પ્રેરનારા તમે છો અને મહા મેઘરૂપ પણ તમેજ છો. ૧૦ અતુલ ઘોર વજ્ર તમે છો અને ગર્જનાયુક્ત મેઘ પણ તમે છો. સર્વ લોકના સ્રષ્ટા અને અપરાજિત સંહર્તા તમેજ છો. તમેજ સર્વ પ્રાણીમાં ચૈતન્યરૂપ છો, સૂર્ય અને અગ્નિરૂપ પણ તમે છો, તમે મહા ભૂતરૂપ છો, તમે આશ્ચર્યરૂપ છો, તમે રાજા છો, તમે દેવોમાં શ્રેષ્ઠ છો, તમે વિષ્ણુ છો, તમે સહસ્રાક્ષ છો, તમે દેવ છો અને તમેજ પરમ શરણ છો. હે દેવ! તમે સર્વ અમૃતરૂપ છો, તમે શ્રેષ્ઠ જનોએ અર્ચન કરેલા સોમ છો. મુહૂર્ત, તિથિ, લવ તથા ક્ષણ તમે છો. શુકલપક્ષ, કૃષ્ણપક્ષ, કલા, કાષ્ઠા, ત્રુટિ, સંવત્સર, ઋતુઓ, માસો, રાત્રિઓ અને દિવસો એ સર્વ તમેજ છો. પર્વત તથા વનવાળી ઉત્તમ પૃથ્વીરૂપ તમે છો, સૂર્યે સહિત અંધકારરહિત આકાશ પણ તમે છો તથા મત્સ્યો, મહામત્સ્યો, ઘણા મગરો, મોટા તરંગો અને માછલાંઓવાળો મહાસાગર પણ તમારૂંજ

રૂપ છે. તમે મહા યજ્ઞવાળા છો, માટે બુદ્ધિમાનોથી સદા પૂજાઓ છો, મહર્ષિઓથી સ્તવન કરાતા તમે યજ્ઞમાં પ્રસન્ન મનથી સોમનું પાન કરો છો તથા વષટ્કારથી આપેલાં હવિને લોકોનાં કલ્યાણને માટે ગ્રહણ કરો છો. હે અતુલ બલના આધારરૂપ! અનેક ફલોને માટે વિપ્રો તમારૂં યજ્ઞમાં યજન કરે છે. વેદનાં છ અંગોમાં તમારૂં ગાન કરાય છે અને તેથી તમારી પ્રાપ્તિને માટેજ યજ્ઞપરાયણ શ્રેષ્ઠ બ્રાહ્મણો, સર્વ યત્નવડે વેદનાં* છ અંગોને ભણે છે. ૧૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૨૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૬ મો-ઇંદ્રે વરસાદ વર્ષાવ્યો.

॥ सौतिरुवाच ॥

एवं स्तुतस्तदा काद्रवा भगवान हरिवाहनः॥
नीलजीमूतसंघातैः सर्वमंबरमावृणोत् ॥ १ ॥

સૌતિ કહે છેઃ-કદ્રૂએ ભગવાન ઇંદ્રની આ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે ઇંદ્રે શ્યામ મેઘની ઘટાથી સર્વ આકાશને છાઈ દીધું અને મેઘોને આજ્ઞા કરી કે, 'તમે શુભ એવાં અમૃતરૂપ જલની વૃષ્ટિ કરો, તે વખતેજ વિજળીથી ઉજ્જ્વલ જણાતા, આકાશમાં પરસ્પર અથડાતા તથા વારંવાર અત્યંત ગર્જના કરતા મેઘો, પુષ્કળ જલની વૃષ્ટિ કરવા લાગ્યા. તે વખતે મહાન અદ્દભુત મેઘોવડે આકાશ પ્રલયકાલના જેવું જણાવા લાગ્યું. વળી મહાન ગડગડાટ કરતા, અતુલિત પાણી વર્ષાવતા, અનેક ધારારૂપી તરંગોવાળા મેઘોવડે આકાશ નૃત્ય કરતું હોય એમ જણાતું હતું. એમના કડાકા, ભડાકા, વિજળીના ઝબકારા તથા પવનના સુસવાટાની સાથે સતત અખંડ જલની ધારા વષાવતા તે મેઘોવડે તે વખતે આકાશમાં ચંદ્ર તથા સૂર્યનાં કિરણો પણ ઢંકાઈ ગયાં હતાં. આ પ્રમાણે ઇંદ્રે વૃષ્ટિ કરવા માંડી તેથી નાગોને ઘણો હર્ષ થયો; અને પૃથ્વી ચોમેર જલવડે ભરાઈ ગઈ તથા શીતલ અને નિર્મલ જલ ઠેઠ રસાતલસુધી પહોંચ્યું, તે વખતે જલની લહરીઓવડે ભૂમિ ચોતરફ ઢંકાઈ ગઈ અને નાગો, માતાની સાથે રામણીયક નામના દ્વીપમાં આવી પહોંચ્યા. ૧-૮

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૨૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૭ મો-ગરુડે દાસપણાથી છૂટવાનો ઉપાય પૂછ્યો.

॥ सौतिरुवाच ॥

संप्रहृष्टास्ततो नागा जलधाराप्लुतास्तदा ॥
सुपर्णेनोह्यमानास्ते जग्मुस्तं द्वीपमाशुवै ॥१॥

સૌતિ કહે છેઃ-પછી વરસાદની ધારાથી ભીંજાયલા નાગો બહુ આનંદ પામ્યા અને ગરુડે ઉંચકેલા તે નાગો રામણીયક નામના દ્વીપમાં જઈ પહોંચ્યા. મગરોના નિવાસવાળા એ દ્વીપનું વિશ્વકર્માએ નિર્માણ કર્યું હતું; જે દ્વીપમાં પહેલાં આવેલા ત્યારે એ નાગોએ ઘોર એવા લવણાસુરને જોયો હતો. ગરુડની સાથે ત્યાં

---

* શિક્ષા, કલ્પ, વ્યાકરણ નિરુક્ત, છંદ અને જ્યોતિષ, આ વેદનાં છ અંગો કહેવાય છે. તેમાં શિક્ષ પાઠશુદ્ધિને માટે કલ્પપ્રયોગનાં જ્ઞાનને માટે, વ્યાકરણ શબ્દ વગેરેની સિદ્ધિ માટે. નિરુક્ત વેદના અર્થ જ્ઞાનને માટે, છંદ ગાયત્રી, ઉષ્ણિક્ વગેરે છંદને જાણીને તેનો યજ્ઞમાં પ્રયોગ કરવા માટે, અને જ્યોતિષ કર્મનો કાલ જાણવાને માટે છે.

આવતાં સર્પોએ, સાગરના જલથી ચોમેર વીંટાચલું અને પક્ષીનાં ટોળાંથી ગાજી ઉઠેલું એક સુંદર વન જોયું. તે વન વિચિત્ર ફલ અને પુષ્પોવાળી વૃક્ષપંક્તિથી ભરપૂર હતું. સુંદર ભવનો તથા કમલોવાળાં સરોવરોથી વીંટાયલું હતું. નિર્મલ જલવાળા દિવ્ય હ્રદોથી અલંકૃત હતું. દિવ્ય ગંધને વહન કરતા પવિત્ર વાયુવડે વીંજાતું હતું. આકાશમાં ઉડતાં હોય એવાં પવનથી હાલીને પુષ્પની વૃષ્ટિ કરતાં મલયાગરુનાં વૃક્ષો વડે શોભી રહ્યું હતું. વળી બીજાં પવનથી ખરતાં પુષ્પોવાળાં વૃક્ષોવડે ત્યાં રહેલા નાગોની ઉપર પુષ્પ તથા જલની વૃષ્ટિ કરતું હોય એમ જણાતું હતું. તે વન મનને હર્ષ આપનારૂં, દેવ, ગંધર્વ તથા અપ્સરાઓને પ્રીતિ આપનારૂં, મદમત્ત ભ્રમરોના નાદવાળું, મનોહર આકૃતિવાળું જણાતું, રમણીય, પવિત્ર, પુણ્યરૂપ જનોને મનોહર એવા સર્વ ગુણવાળું, નાના પ્રકારના પક્ષીઓના શબ્દવાળું, રમ્ય અને કદ્રુના પુત્રોને હર્ષ આપનારૂં હતું. ૯

તે વનમાં આવીને સર્પો ત્યાં વિહાર કરવા લાગ્યા; અને ફરી મહા બલવાન પક્ષિરાજ ગરુડને કહેવા લાગ્યા કે, ' હે આકાશમાં ગતિ કરનાર ! તું અમને નિર્મલ જલવાળા આનાથી પણ સારા કોઈ બીજા દ્વીપમાં લઈ જા; કારણ કે આકાશમાં ગતિ કરતાં તેં તો ઘણા રમ્ય દેશો જોયા હશે. ' આ સાંભળી ગરુડે વિચાર કરીને પોતાની માતા વિનતાને કહ્યું કે, ' હે માતા ! શા કારણથી મારે સર્પોના કહ્યા પ્રમાણે કરવું જોઇએ. ?'૧૨

વિનતાએ કહ્યું:–'હે પક્ષિશ્રેષ્ઠ ! હું સપત્નીના દુષ્ટ ભાવથી તેની દાસી થઈ છું, સર્પોએ ઘોડાના વાળમાં ભરાઈ, છળ કરીને મિથ્યા શરતમાં મને ફસાવી છે. જ્યારે દાસી થવાનું કારણ માતાએ કહ્યું ત્યારે આકાશચારી ગરુડે માતાનાં દુઃખથી દુઃખિત થઇને સર્પોને કહ્યું કે, 'હે સર્પો તમને શું લાવી આપવાથી, શું જાણવાથી અથવા તમારે માટે શું પુરુષાર્થ કરવાથી તમારા દાસપણાથી હું છૂટું; તે મને સત્ય કહો. '૧૫

સૌતિ કહે છેઃ–આ સાંભળીને તેને સર્પોએ કહ્યું કે:–' હે આકાશચારી ! તું તારા પરાક્રમવડે અમને અમૃત લાવી આપે તો તારો દાસપણાથી છૂટકો થાય. '૧૬

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૨૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૮ મો–ગરુડ અમૃત લેવા જતાં ક્ષુધાશાંતિને માટે નિષાદ પ્રદેશમાં ગયો.

॥ सौतिरुवाच ॥
इत्युक्तो गरुडः सर्पैस्ततो मातरमब्रवीत् ॥
गच्छाम्यमृतमाहर्तुं भक्ष्यमिच्छामि वेदितुम् ॥

સૌતિ કહે છેઃ–આ પ્રમાણે સર્પોએ કહ્યું, ત્યારે ગરુડ પોતાની માતાપ્રત્યે કહેવા લાગ્યો કે, ' હે માતા ! હું અમૃત લેવા જાઉં છું; પણ મારે માટે ખાવાનું કયાં મળશે ? તે જાણવા હું ઇચ્છા કરૂં છું. ' વિનતા બોલી:–" હે પુત્ર ! સમુદ્રની મધ્યે એકાંત પ્રદેશમાં નિષાદોનું ઉત્તમ નિવાસસ્થાન છે, ત્યાં હજારો નિષાદો રહે છે, તેઓને ભક્ષણ કરીને તું અમૃત લઈ આવ; પરંતુ તારે બ્રાહ્મણને હણવાની કોઈ રીતે ઇચ્છા કરવી નહિ, કારણ કે અગ્નિના જેવા બ્રાહ્મણ સર્વ પ્રાણીઓમાં અવધ્ય છે. ક્રોધ પમાડેલો બ્રાહ્મણ, અગ્નિ, સૂર્ય, વિષ અને શસ્ત્રરૂપ થાય છે. વળી શાસ્ત્રમાં બ્રાહ્મણને સર્વ પ્રાણીઓનો ગુરુ કહેલો છે. એવાં અનેક કારણોથી સજ્જનો બ્રાહ્મણને માન આપે છે; માટે હે તાત ! ક્રોધ ચઢે તોપણ તારે સર્વથા બ્રાહ્મણને હણવો નહિ. વળી તારે બ્રાહ્મણનો કોઈ રીતે દ્રોહ કરવો નહિ; કારણ કે કુપિત થયેલો તીવ્ર વ્રતવાળો બ્રાહ્મણ, જે રીતે બાળીને ભસ્મ કરે છે તે રીતે અગ્નિ અથવા

સૂર્ય પણ બાળતા નથી. તે દ્વિજોમાં ઉત્તમ એવા બ્રાહ્મણને તારે વિવિધ ચિહ્નોથી ઓળખી કાઢવો. પ્રાણીઓમાં બ્રાહ્મણ પ્રથમ જન્મ પામનારો છે, વર્ણમાં શ્રેષ્ઠ છે, તે સર્વનો પિતા છે તથા તે સર્વનો ગુરુ છે. ” ગરુડ પૂછે છેઃ-‘ હે માતા! બ્રાહ્મણ કેવાં રૂપવાળો હોય? કેવાં શીલવાળો હોય તથા કેવાં પરાક્રમવાળો હોય ? બ્રાહ્મણ અગ્નિના જેવો દેખાય છે કે સૌમ્ય આકૃતિનો દેખાય છે? હું શુભ લક્ષણોવડે બ્રાહ્મણને જે રીતે ઓળખી શકું, તે રીત તમે મને કારણસાથે કહેવાને યોગ્ય છો; કારણ કે હું પ્રશ્ન કરૂં છું.’

વિનતા બોલીઃ-“ હે પુત્ર ! જેમ માછલાં પકડવાનો કાંટો ગળામાં જઇને દાહ કરે છે, તેમ જે તારા કંઠમાં આવતાં અંગારાની પેઠે દાહ કરે તેને તારે ઉત્તમ બ્રાહ્મણ સમજવો. તને ક્રોધ ચઢ્યો હોય તોપણ તારે તેવા વિપ્રને કદાપિ હણવો નહિ.” વળી પુત્રવાત્સલ્યને લીધે વિનતા ગરુડને કહેવા લાગી કે, ‘ તારા પેટમાં જે જરે નહિ તેને તું દ્વિજશ્રેષ્ઠ જાણજે.’ ફરી નાગોના છલથી છેતરાયલી અને પરમ દુઃખથી રાંક બનેલી વિનતા, પુત્રનું અતુલિત બલ જાણવા છતાં પુત્રના ઉપર પ્રીતિ હોવાથી પ્રસન્ન થઇને આશીર્વાદ આપતી કહેવા લાગી. વિનતા બોલીઃ-“વાયુ તારી પાંખનું રક્ષણ કરો, ચંદ્ર સૂર્ય તારી પીઠનું રક્ષણ કરો, અગ્નિ તારા મસ્તકનું રક્ષણ કરો અને વસુઓ સર્વ તરફથી તારા શરીરનું રક્ષણ કરો. હે પુત્ર ! હું પણ અહીં રહીને તને શાંતિ તથા કલ્યાણ પ્રાપ્ત થાય તેને માટે તત્પર રહીશ તથા નિત્ય તારૂં શુભ ચિંતન કરીશ. હે પુત્ર ! હવે તું ઇચ્છિત કાર્ય સિદ્ધ કરવામાટે નિર્વિઘ્ન માર્ગે પ્રયાણ કર. ” ૧૫-૧૬

સૌતિ કહે છેઃ-માતાનાં વચન સાંભળ્યા પછી ગરુડ, પોતાની બન્ને પાંખો પહોળી કરીને આકાશમાં ઉડ્યો અને તે બળવાન ભૂખ્યો હોવાથી, અંત કરનારા ક્ષુધાતુર બીજા કાલની પેઠે ભિલ્લ પ્રદેશમાં જઇ પહોંચ્યો. તે વખતે નિષાદોના સંહારને માટે યત્ન કરતા ગરુડે, આકાશમાં પહોંચે તેમ પુષ્કળ ધૂળ ઉરાડવા માંડી, સમુદ્રમાંથી પાણી શોષવા માંડયું અને સમીપમાં આવેલા પર્વત ઉપરનાં વૃક્ષોને કંપાવી નાખ્યાં. તે પછી પક્ષિરાજ ગરુડે ભિલ્લોના નીકળવાના માર્ગને રૂંધીને પોતાનું મોઢું પહોળું કર્યું, એટલે ઉતાવળથી નાસતા ભિલ્લો સર્પનું ભોજન કરનારા તે ગરુડનું મોઢું જે તરફ હતું તે તરફ જવા લાગ્યા અને વાયુથી કંપી ઉઠેલાં વૃક્ષોવાળા વનમાંથી ગભરાયલાં પક્ષીઓ જેમ આકાશમાં પ્રવેશ કરે તેમ ગરુડે પ્રકટ કરેલા પવન અને રજથી અંધધુંધ થયેલા ભિલ્લો, ગરુડનાં અત્યંત પહોળાં થયેલાં મુખમાં પેસવા લાગ્યા. તે પછી શત્રુને તાપ આપનારા, મહા બળવાન એવા ક્ષુધાતુર પક્ષિરાજે, તેઓને પકડવા ચોતરફ ફરીને, મત્સ્ય ઉપર આજીવિકા ચલાવનારા તે નિષાદોનો નાશ કરવામાટે પોતાનું મોઢું બંધ કર્યું.૨૧

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૨૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૯ મો-હાથીને તથા કાચબાને લઇને ભક્ષણ કરવા ગરુડ મેરુ પર્વતપર ગયો.

॥ सौतिरुवाच ॥
तस्य कंठमनुप्राप्तो ब्राह्मणः सह भार्यया ॥
दहन् दीप्त इवांगारस्तमुवाचांतरिक्षगः ॥१॥

સૂતપુત્ર કહે છેઃ-તે વખતે ગરુડના કંઠમાં ધિકતા અંગારાની પેઠે દાહ કરતો એક બ્રાહ્મણ સ્ત્રીની સાથે પેસી ગયો હતો. તેને આકાશચારી ગરુડે કહ્યું:-“ હે દ્વિજશ્રેષ્ઠ ! આ, મારા પહોળા કરેલા મોઢામાંથી તું ઝટ નીકળી જા; કારણ કે બ્રાહ્મણ, નિરંતર પાપ કરનારો હોય તોપણ તેને હું મારતો નથી. ” આ પ્રમાણે બોલતા

ગરુડપ્રત્યે બ્રાહ્મણે કહ્યું કે:-“ આ મારી નિષાદ જાતની સ્ત્રી મારી સાથે છે, તેને પણ મારીસાથે નીકળવા દે. ” ગરુડ કહે છે:-“ ભલે, એ નિષાદીને લઈને પણ તું જલદી નીકળી જા. મારા તેજવડે તારૂં શરીર પચી ગયું નથી તેટલામાંજ તું તારા શરીરને ઝટ બચાવી લે. ”

સૌતિ કહે છે:-તે પછી ભિલડીની સાથે તે બ્રાહ્મણ તુરતજ બહાર નીકળ્યો અને ગરુડને છોડીને બીજા ઇચ્છિત સ્થાનમાં ચાલ્યો ગયો. સ્ત્રીની સાથે તે બ્રાહ્મણ નીકળી ગયા પછી પવનના જેવા વેગવાળો પક્ષિરાજ ગરુડ, પાંખો પહોળી કરીને આકાશમાં ઉડ્યો. ત્યાર પછી તેણે પોતાના પિતાને જોયા અને તેમના પૂછવાથી ગરુડે ન્યાયપૂર્વક સઘળું કહ્યું. તે પછી મહાઋષિ કશ્યપે તેને પૂછ્યું. કશ્યપ પૂછે છે:-“ હે પુત્ર ! તમે બધાં કુશલ છો ? તને જેટલું જોઈએ તેટલું ભોજન નિત્ય મળે છે ? મનુષ્યલોકમાં તારે ખાવાના પદાર્થો પુષ્કળ છે કે. નહિ ? ” ગરુડે કહ્યું:-“ હે પિતાશ્રી ! મારી માતા તથા મારો ભાઈ કુશલ છે તથા હું પોતે પણ નિત્ય કુશલ છું; પરંતુ મારે માટે નિત્ય જોઇએ તેટલું ભોજન મળતું નથી, એજ મને કષ્ટ છે. હમણાં મને સર્પોએ ઉત્કૃષ્ટ અમૃત લેવાને મોકલ્યો છે, એટલે દાસીપણાથી મારી માતાને મુક્ત કરવા અવશ્ય તે હું આજજ લઈ આવીશ. ૧૦ મને મારી માતાએ ‘તું ભિલ્લોનું ભક્ષણ કરજે ’ એમ કહીને ભિલ્લોના નિવાસસ્થાનમાં જવાની આજ્ઞા કરી હતી અને તે પ્રમાણે અહીં આવીને મેં હજારો નિષાદોને ભક્ષણ કર્યા તોપણ મને તૃપ્તિ થઈ નથી: માટે હે ભગવન્ ! હે પ્રભો ! તમે મને કંઈ બીજું ભક્ષ્ય બતાવો કે જેનું ભક્ષણ કરીને હું અમૃત લાવવાને સમર્થ થાઉં. મારી ક્ષુધા-તૃષા શમાવવામાટે મને કયાં ભક્ષ્ય મળશે ? તે તમે કહો. ” કશ્યપ કહે છે:-“ આ દેવલોકમાં પણ પ્રસિદ્ધ એવું મહા પુણ્યરૂપ સરોવર છે. એ સરોવરમાં કાચબાના દેહને પામેલા મોટા ભાઇને, હાથી થયેલો નાનો ભાઈ નીચું મુખ રાખીને સૂંઢવતી હમેશ ખેંચ્યા કરે છે. તે બન્નેને પૂર્વજન્મમાં શાથી વૈર થયું હતું, તે સઘળું હું કહું છું તથા તેઓના દેહ કેટલા પ્રમાણમાં મોટા છે તે પણ હું તને યથાર્થ રીતે કહું છું, તે તું સાંભળ. પૂર્વે વિભાવસુ નામના મહાક્રોધી એક ઋષિ હતા, તેમને સુપ્રતીક નામનો મહાતપસ્વી એક નાનો ભાઇ હતો. તે સુપ્રતીક પોતાના મોટાભાઇની સાથે પોતાનું ધન એકત્ર રાખવા ઈચ્છતો નહોતો, તેથી સુપ્રતીક નિરંતર ભાગ પાડવાને માટે કહ્યા કરતો હતો. એક વખતે મોટો ભાઈ વિભાવસુ, સુપ્રતીકને કહેવા લાગ્યો કે, ‘ઘણા લોકો ધનના મોહથી હમેશાં તેના ભાગ પાડવાની ઈચ્છા કરે છે; પછી જૂદા થાય છે અને જૂદા પડતાં પણ તેઓ ધનથી મોહિત થઈને પરસ્પર લડે છે. તેવા સ્વાર્થી મૂર્ખોને પોતાનું ધન લઈ જૂદા થયેલા જાણીને મિત્રરૂપ દેખાતા શત્રુઓ તેઓમાં ભેદ પડાવે છે. વળી ભેદ પડેલો જાણીને બીજા કેટલાએક વચ્ચે પડે છે અને તેથી જૂદા પડેલા ભાઈઓની થોડા સમયમાંજ ભારે ખુવારી થાય છે; માટે ગુરુશાસ્ત્રને (મોટા ભાઈને પિતા સમાન ગણવો અને નાના ભાઈને પુત્રસમાન જોવો-તેને) ન ગણનારા અને અન્યોન્યમાં શંકાથી જોનારા ભાઈઓના વિભાગને સત્પુરુષો વખાણતા નથી. તું મને વશ રહે એવો નથી તથા જૂદો પડીને ધનની ઇચ્છા રાખે છે, માટે હે સુપ્રતીક ! તું હાથીની યોનિને પ્રાપ્ત થઇશ.’ આ પ્રમાણે સુપ્રતીકને શાપ આપ્યો ત્યારે સુપ્રતીકે પણ સામો શાપ આપતાં વિભાવસુને કહ્યું કે, ‘ તું પણ જલમાં વિચરનાર કાચબો થઈને અવતરીશ. ’ આમ અન્યોન્યના શાપથી તે સુપ્રતીક અને વિભાવસુ બન્ને ધનને માટે મૂર્ખ મનના થઈ, હાથી અને કચ્છપની યોનિને પ્રાપ્ત થયા. આ રીતે રોષ અને દોષના સંબંધથી તે બન્ને પશુયોનિને પામ્યા છે. પરસ્પરના દ્વેષથી અને અધિક પ્રમાણવાળાં શરીરથી તથા બલથી ગર્વિત થઈને, મહા કાયાવાળા તેઓ આ સરોવરમાં પૂર્વ વૈરને અનુસરીને લડે છે. તે બેમાંનો શોભાયુક્ત મોટા દેહવાળો હાથી, જે વખતે તીરપર આવીને પ્રચંડ નાદ કરે છે, તે વખતેજ જલની

અંદર રહેનારો મોટી કાયાવાળો કાચબો પણ આખા સરોવરને ડહોળી નાખતો બહાર પાણી ઉપર આવે છે. તેને જોઈને તે પરાક્રમી હાથી સૂંઢનું કુંડાળું વાળી જલમાં પડે છે અને અત્યંત ક્રોધથી વ્યાકુલ થઈને પોતાના દંતૃશળ, સૂંઢનું અગ્ર, પુચ્છ અને પગના વેગવડે સરોવરને ડહોળી નાખે છે. વીર્યવાન કાચબો પણ માથું ઉંચું કરીને યુદ્ધને માટે સામો ધસે છે. તેમાં હાથી ચોવીસ ગાઉ ઉંચો તથા અડતાલીસ ગાઉ લાંબો છે અને કાચબો બાર ગાઉ ઉંચો તથા ચાલીસ ગાઉના ઘેરાવાવાળો છે. [30]તે યુદ્ધમદમાં મત્ત થયેલા અને પરસ્પરને મારવાની ઈચ્છા કરતા બન્નેનું ભોજન કરીને તું તારૂં ઈચ્છિત કાર્ય પૂર્ણ કર. મહામેઘના જેવા જણાતા કાચબાને અને મહાન પર્વતના જેવા જણાતા ભયંકર રૂપવાળા હાથીને ભક્ષણ કરીને તું અમૃત લઇ આવ. ”

સૂતપુત્ર કહે છેઃ—આ પ્રમાણે ગરુડને કહીને કશ્યપઋષિએ તત્કાલ મંગલ આશીર્વાદ આપ્યા. ‘ સંગ્રામમાં દેવોની સાથે યુદ્ધ કરતાં તારૂં મંગલ થાઓ. પૂર્ણ કુંભ, બ્રાહ્મણો, ગાયો અને બીજું જે કંઈ ઉત્તમ હોય તે હે ગરુડ ! તને શુભકારી તથા કલ્યાણકારી થાઓ. વળી હે મહાબલ ! સંગ્રામમાં દેવોની સાથે યુદ્ધ કરતી વખતે તને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, પવિત્ર હવિઓ, વેદનાં રહસ્યો અને સઘળા વેદો બલ આપો. ’ આ પ્રમાણ પિતાએ જેને આશીર્વાદ આપેલા એવો ગરુડ તે સરોવર આગળ ગયો; અને તેણે નાના પ્રકારનાં પક્ષીઓથી યુક્ત તથા નિર્મલ જલવાળા તે સરોવરને જોયું. પછી પિતાનાં વાક્યને સ્મરણ કરીને ભયંકર વેગવાળા આકાશચારી ગરુડે એક નખવડે હાથીને તથા બીજા નખવડે કાચબાને ઉપાડી લીધો અને તે ગગનચારી ગરુડ ઉંચે આકાશમાં ઉડ્યો. ત્યાંથી નિરાધાર ગગનમાર્ગવડે તે મેરુ પર્વતના શિખર ઉપર આવ્યો અને ત્યાંનાં દેવવૃક્ષો ઉપર બેસવા ગયો; પણ પાંખના પવનથી વિંઝાયલાં તે કનકાચલ ઉપર ઉગેલાં દિવ્ય વૃક્ષો ‘ અમને આ ભાંગી નાખશે તો નહિ ! ’ એવી શંકાથી ભયભીત થઈને કંપી ઉઠયાં. મનોરથ પ્રમાણે ફલ આપનારાં તે વૃક્ષોને કંપતાં જોઈને ગરુડ, ત્યાંથી અતુલ રૂપ અને દૃઢ અંગવાળાં બીજાં વૃક્ષો તરફ ગયો. તે મહાવૃક્ષો સોનાનાં અને રૂપાનાં ફલોથી શોભી રહ્યાં હતાં તથા તેમની ડાળીઓ વૈદૂર્યમણિની હતી અને તેઓ સાગરનાં જલથી છંટાતાં હતાં. તેમાં એક પુષ્કળ વૃદ્ધિ પામેલા વડના ઝાડે, મનના જેવા વેગવડે આવતા પક્ષિશ્રેષ્ઠ ગરુડને કહ્યું. વટવૃક્ષ કહે છેઃ—“ આ મારી ચારસો ગાઉ લાંબી જે મોટી ડાળી છે, એ ડાળી ઉપર બેસીને તું એ હાથી અને કાચબાનું ભક્ષણ કર. ” આ સાંભળીને પર્વત જેવા શરીરવાળો અને ઝડપથી આવતા પક્ષિશ્રેષ્ઠ ગરુડ, પક્ષીઓથી સેવાતા તે ઝાડને કંપાવતો તેની ઘટ્ટ પાંદડાંઓથી ભરેલી ડાળી ઉપર પડ્યો અને તે વખતેજ તે ડાળી ભાંગી ગઇ.[44]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૨૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૦ મો—ગરુડની તૃપ્તિ અને દેવોએ કરેલું અમૃતનું રક્ષણ

॥ सौतिरुवाच ॥

स्पृष्टमात्रा तु पद्भ्यां सा गरुडेन बलीयसा ॥
अभज्यत तरोः शाखा भग्नां चैकामधारयत् ।१।

સૂતપુત્ર કહે છેઃ—બલવાન ગરુડના પગનો સ્પર્શ થતાંજ તે વડના ઝાડની ડાળી ભાંગી પડી; પણ ભાંગતાંની સાથેજ ગરુડે તેને પકડી લીધી. તે મોટી ડાળી ભાંગીને ગરુડ વિસ્મય પામી જોવા લાગ્યો તો તેજ ડાળીએ નીચે મુખે લટકતા વાલખિલ્ય નામના ઋષિઓને તેણે દીઠા. તપશ્ચર્યામાં તત્પર એવા તે બ્રહ્મર્ષિઓને ડાળીએ લટકતા જોઈને તે વિચારવા લાગ્યો કેઃ—‘ આ ડાળીએ ઋષિઓ લટકે છે, તે ઋષિઓને હું

મરવા દઈશ નહિ. જો આ ડાળી નીચે પડશે તો તે પડતાંની સાથેજ ઋષિઓને મારી નાખશે.' આવો વિચાર કરીને વીર એવા પક્ષિરાજ ગરુડે, હાથી તથા કચ્છપને પોતાના નખવડે મજબૂત પકડી રાખ્યા અને ઋષિઓના વિનાશના ત્રાસથી તેમનો બચાવ કરવા માટે દોડીને તે ડાળીને પોતાના મોંવતી પકડી લીધી. દેવોથી પણ જે કામ થઈ શકે નહિ તેવું તેનું આ કામ જોઈને વિસ્મયથી કંપિત હૃદયવાળા મહર્ષિઓ, તે મહાન આકાશચારીનું નામ પાડતા કહેવા લાગ્યા કે, આ પક્ષી ગુરુભારને ઉપાડી આકાશમાં ઉડે છે, માટે પક્ષીઓમાં શ્રેષ્ઠ અને સર્પોનું ભોજન કરનારો એ ગરુડ એવા નામથી પ્રસિદ્ધ થશે. તે પછી પાંખોવડે પર્વતોને કંપાવતો ગરુડ ધીરે ધીરે ઉડવા લાગ્યો. આમ હાથી, કાચબો તથા ડાળીને લઈને વાલખિલ્ય ઋષિઓપર દયા હોવાથી તે ઘણા દેશોમાં ફર્યો; પરંતુ તેને કોઈ સ્થાન બેસવા યોગ્ય જડ્યું નહિ. પછી તે અલ્પ યત્નથી ગંધમાદન પર્વત ઉપર ગયો. ત્યાં તેણે તપ કરતા પોતાના પિતા કશ્યપ ઋષિને જોયા અને પિતાએ પણ દિવ્ય રૂપવાળા આકાશમાં ગતિ કરનારા ગરુડને જોયો.[૧૦] તે તેજ, વીર્ય અને બલથી સંપન્ન હતો; મન તથા વાયુના જેવા વેગવાળો હતો; તેનો દેહ પર્વતનાં શિખરના જેવો જણાતો હતો; તથા ઉગામેલા બ્રહ્મદંડના જેવો લાગતો હતો. તે અચિંત્ય, ધ્યાન ન થઈ શકે તેવો, સર્વ પ્રાણીને ભય કરનારો, મહાવીર્યવાન્, રૌદ્ર, સાક્ષાત્ પ્રદીપ્ત થયેલા અગ્નિના જેવો, દેવદાનવ તથા રાક્ષસોથી પણ ગાંજ્યો ન જાય અને જીતાય નહિ તેવો, પર્વતનાં શિખરોને ભેદનારો, સમુદ્રના જલને શોષણ કરનારો, સર્વ લોકોને ગભરાવી નાખનારો અને કૃતાંત કાલના જેવો જણાતો હતો. આવા ગરુડને આવતો જોઈને તથા તેના અભિપ્રાયને જાણીને ભગવાન કશ્યપે આ પ્રમાણે કહ્યું. ૧૧–૧૪

કશ્યપ કહે છેઃ–'હે પુત્ર ! તું સાહસ કરીશ નહિ ને તત્કાલ શિક્ષાપાત્ર થઈશ નહિ. આ મરીચિપાન કરનારા અર્થાત્ મધુવિદ્યાને જાણનારા વાલખિલ્ય ઋષિઓ તને ક્રોધયુક્ત થઈને બાળી મૂકો નહિ.'

સૌતિ કહે છેઃ–આમ ગરુડને કહ્યા પછી તપવડે નિષ્પાપ થયેલા, વાલખિલ્ય ઋષિઓને પુત્રને માટે પ્રસન્ન કરતા, કશ્યપ ઋષિ કહેવા લાગ્યા. કશ્યપ બોલ્યાઃ–" હે તપરૂપી ધનવાળા ઋષિઓ ! આ ગરુડનો ઉદ્યોગ પ્રજાનાં હિતને માટે છે અને એ બહુ મોટું કાર્ય કરવા ધારે છે, માટે તમારે એને આજ્ઞા આપવી ઘટે છે." ભગવાન કશ્યપે એ પ્રમાણે કહ્યું એટલે વાલખિલ્ય મુનિઓ તે ડાળી છોડી દઈને તપ કરવાને માટે પવિત્ર હિમાલય પર્વત ઉપર ચાલ્યા ગયા. તે ઋષિઓના જવા પછી, મોંમાં ડાળી હોવાથી અસ્પષ્ટ વાણીવાળા વિનતાના પુત્ર ગરુડે, પોતાના પિતા કશ્યપ ઋષિને પૂછ્યું કેઃ–" હે ભગવન્ ! આ ઝાડની ડાળીને હું ક્યાં મૂકું ? મનુષ્યવિનાનો કોઇ પ્રદેશ હોય તો તે મને કહો."[૨૦] તે પછી કશ્યપ ઋષિએ હિમથી ઢંકાયલી ગુહાવાળો, નિર્મનુષ્ય અને બીજાઓ જ્યાં મનથી પણ જઇ શકે નહિ તેવો એક પર્વતપ્રદેશ ગરુડને કહ્યો. એટલે મહાન આકાશચારી ગરુડ હાથીને, કાચબાને તથા ડાળીને લઇને મોટી ગુહાઓવાળા તે પર્વત તરફ જવા ઉપડ્યો. વૃક્ષની જે મહાશાખાને લઇને ગરુડ ઉડ્યો હતો, તે સો બળદનાં ચામડાંની વાધરથી પણ વીંટી લેવાય નહિ એવી મોટી હતી. પછી પક્ષિરાજ ગરુડ, હજારો યોજન દૂર આવેલા તે પર્વત આગળ થોડાજ સમયમાં આવી પહોંચ્યો અને પિતાનાં વચનથી ક્ષણમાત્રમાંજ તેણે પર્વત ઉપર આવી, મહાન શબ્દ કરીને એ મોટી ડાળીને ત્યાં ફેંકી દીધી. તે વખતે ગરુડની પાંખોના પવનથી તે પર્વતરાજ કંપી ઉઠ્યો અને કંપેલાં વૃક્ષો ઉપરથી પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યો. તે પર્વતનાં મણિ તથા સુવર્ણથી વિચિત્ર જણાતાં અનેક શિખરો, મહાન પર્વતને શોભાવતાં ચોમેરથી ગબડી પડવા લાગ્યાં. વળી તે શાખાના આઘાતથી કંપેલાં ઘણાં વૃક્ષો સુવર્ણરંગી પુષ્પોવડે, વિજળીવાળા મેઘોના જેવાં જણાવા લાગ્યાં. પર્વતની સુવર્ણાદિ ધાતુઓથી રંગાયલાં, સૂર્યનાં કિરણોવડે પ્રકાશિત થયેલાં અને હિમના જેવાં ઉજ્જ્વલ જણાતાં તે વૃક્ષો ત્યાં અત્યંત શોભતાં

હતાં. ત્યારપછી તે પર્વતના શિખર ઉપર બેસીને, પક્ષિશ્રેષ્ઠ ગરુડે, પેલા હાથી અને કાચબાને ખાવા માંડ્યા [૩૦] અને તે બન્નેને ખાઇ રહ્યા પછી મહાન વેગવાળો ગરુડ તે પર્વતના શિખર ઉપરથી ઉંચે ઉડ્યો.[૩૧]

તે વખતે દેવોને ભય બતાવનારા અનેક ઉત્પાતો થવા લાગ્યા; ઇંદ્રનું વહાલું વજ્ર ભયથી બળવા લાગ્યું; જ્વાલા તથા ધૂમાડાવાળી ઉલ્કાઓ દિવસે આકાશમાંથી પડવા લાગી; વળી વસુઓ, રુદ્રો, આદિત્યો, સાધ્યો, વાયુઓ અને બીજા સઘળા દેવગણોનાં પોતપોતાનાં હથિયારો, પૂર્વે દેવાસુરયુદ્ધમાં પણ જેવાં અથડાયાં ન હતાં તેવાં પરસ્પરમાં અથડાવા લાગ્યાં; ગર્જના કરતા વાયુઓ વાવા લાગ્યા; હજારો ઉલ્કાઓ પડવા લાગી; આભલાંવિનાનું આકાશ પણ મોટી મોટી ગર્જના કરવા લાગ્યુ અને દેવાધિદેવ મેઘ પણ રુધિરની વૃષ્ટિ કરવા લાગ્યો. દેવોએ ધારણ કરેલાં પુષ્પો કરમાઈ ગયાં અને તેમનાં તેજ ક્ષીણ થઇ ગયાં. ભયંકર જણાતા ઉત્પાતસૂચક મેઘો પુષ્કળ લોહી વર્ષાવવા લાગ્યા. વળી પવનથી ઉડેલી ધૂળ દેવોના મુકુટોને પણ ઢાંકી દેવા લાગી. આવા દારુણ ઉત્પાતો જોઇને દેવોની સાથે શતક્રતુ ઇંદ્ર ત્રાસથી ઉદ્વેગ પામીને બૃહસ્પતિને કહેવા લાગ્યા.[૩૮]

ઇંદ્ર કહે છેઃ-હે ભગવન્ ! આ ઘોર ઉત્પાતો અકસ્માત્ શા કારણથી ઉત્પન્ન થયા હશે? યુદ્ધમાં અમારો પરાભવ કરે એવા કોઈ પણ શત્રુને હમણાં તો હું જોતો નથી. બૃહસ્પતિ બોલ્યાઃ-'હે શતક્રતુ ! હે દેવેંદ્ર! તમારા અપરાધથી તથા પ્રમાદથી અને મહાત્મા વાલખિલ્ય મહર્ષિઓના તપથી, કશ્યપ મુનિનો વિનતાથી ઉત્પન્ન થયેલો પુત્ર, જે આકાશચારી, બલવાન અને યથેષ્ટ રૂપ ધારણ કરનારો છે, તે હાલ અમૃત હરણ કરવાને અહીં આવે છે. તે ગગનગામી, બલવાનોમાં શ્રેષ્ઠ અને અમૃત હરી જવાને સમર્થ છે. તેનામાં સર્વ યોગ્યતા છે, એમ હું માનું છું. તે અસાધ્ય કાર્યને પણ સાધી શકે તેવો છે.' [૩૯-૪૨]

સૌતિ કહે છેઃ-એ વચન સાંભળીને ઇંદ્રે અમૃતનું રક્ષણ કરનારાઓને કહ્યું કે, ' મહા બલવાન અને પરાક્રમી એવો એક પક્ષી અમૃતનું હરણ કરવા માટે અહીં આવે છે; તેથી હું તમને ચેતાવું છું કે બલાત્કાર કરીને પણ તે અમૃત લઇ જઈ શકે નહિ માટે તમારે સાવધ રહેવું; કારણ કે બૃહસ્પતિ તે પક્ષીનું અતુલિત બલ વર્ણવતા હતા.' આ વાક્ય સાંભળીને દેવો વિસ્મય પામ્યા અને સાવધ થઈ અમૃતને વીંટાઇને ઉભા રહ્યા. પ્રતાપી ઇંદ્ર પણ વજ્ર ધારણ કરીને ત્યાં ઉભા રહ્યા. તે મનસ્વી દેવોએ વૈદૂર્યથી જડેલાં સુવર્ણનાં મહાન કિંમતી કવચો પહેર્યાં હતાં. ચળકતાં અને મજબૂત ચામડાંનાં ખોગીરો ચઢાવ્યાં હતાં. વળી તેઓ ભયંકર જણાતાં, તીવ્ર ધારવાળાં, તીણાં અણિયાંવાળાં, તણખા, જ્વાલાઓ અને ધૂમાડાવાળાં વિવિધ પ્રકારનાં શસ્ત્રો ઉગામીને તથા ચક્રો, પરિઘો, ત્રિશૂલો, પરશુઓ, વિવિધ જાતની તીવ્ર શક્તિઓ, પાણીદાર તરવારો અને ઉગ્ર જણાતી ગદાઓ વગેરે પોતપોતાના દેહને અનુરૂપ શસ્ત્રો ધારણ કરીને ઉભા હતા. દિવ્ય અલંકારોથી અલંકૃત થયેલા અને પ્રકાશવાળાં તે શસ્ત્રોવડે પ્રકાશિત થયેલા તે દેવગણો નિષ્કલ્મષ થઇને ઉભા રહ્યા હતા. [૫૦] આ પ્રમાણે અનુપમ બલ, પરાક્રમ અને તેજવાળા, અસુરનગરને વિદારણ કરનારા, અમૃતના રક્ષણને માટે નિશ્ચયવાળા અને પ્રદીપ્ત અગ્નિના જેવા દેખાતા તે દેવગણો, હજારો પરિઘોથી ભરપૂર એવી સમરભૂમિમાં ઉભા રહ્યા હતા, તે વખતે એ સમરાંગણ, સૂર્યનાં કિરણોવડે પ્રકાશતું નીચે તૂટી પડેલું બીજું આકાશજ હોયની શું! તેવું શોભતું હતું.[૫૧-૫૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૩૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૧ મો-ગરુડની ઉત્પત્તિનાં કારણ

॥ शौनक उवाच ॥

कोऽपराधो महेन्द्रस्य कः प्रमादश्च सूतज ॥
तपसा वालखिल्यानां संभृतो गरुडः कथम्॥१॥

શૌનક પ્રશ્ન કરે છેઃ-હે સૂતપુત્ર! મહેંદ્રે શો અપરાધ કર્યો હતો? તથા એનાથી શો પ્રમાદ થયો હતો? અને વાલખિલ્યોનાં તપવડે ગરુડ કેવી રીતે ઉત્પન્ન થયો? વળી બ્રાહ્મણ એવા કશ્યપ ઋષિથી પક્ષિરાજ-પુત્ર શા કારણથી ઉત્પન્ન થયો? તથા તે સર્વ પ્રાણીઓથી ગાંજ્યો જાય નહિ અને હણાય નહિ એવો શા કારણથી થયો? વળી તે પક્ષિરાજ, ઇચ્છામાં આવે તેવા બળવાળો તથા ઇચ્છામાં આવે તેની ગતિવાળો શા કારણથી થયો? આ વાતજો પુરાણમાં કહી હોય તો હું તે સાંભળવા ઇચ્છા કરૂં છું.[૧-૩]

સૂતપુત્ર કહે છેઃ-"હે દ્વિજ! તમે મને જે પૂછો છો તે પુરાણનોજ વિષય છે. તેને હું સંક્ષેપથી કહું છું, તે તમે શ્રવણ કરો. એકવખતે પ્રજાપતિ કશ્યપ ઋષિ પુત્રની કામનાથી યજ્ઞ કરતા હતા. તે વખતે ઋષિઓ, દેવતાઓ અને ગંધર્વો તેમને એ કર્મમાં સહાય કરવા લાગ્યા. ત્યાં કશ્યપઋષિએ, ઇંદ્રને લાકડાં લાવવા માટે આજ્ઞા કરી હતી; તથા વાલખિલ્ય મુનિઓ અને બીજા દેવતાઓને પણ આજ્ઞા કરી હતી. તેમાં સમર્થ એવો ઇંદ્ર તો પોતાના સામર્થ્ય પ્રમાણે પર્વતના જેવડો લાકડાંનો મોટો ભારો ઉપાડીને અલ્પ યત્નથીજ લાવતો હતો. તેણે રસ્તામાં આવતાં અંગુઠાના મધ્યભાગ જેવડાં શરીરવાળા નાના નાના ઋષિઓને જોયા. તેઓ બધા એકઠા મળીને એક ખાખરાની લાંબી સોટીને ઉપાડી લાવતા હતા. તેઓ પોતપોતાનાં અંગોમાં સમાઈ ગયા હોય તેવા જણાતા, આહારવિનાના, મંદ બલવાળા અને તપરૂપી ધનવાળા હતા. તે ઋષિઓ એક ગાયનાં પગલાંથી પડેલા ખાડામાં ભરાયલા પાણીમાં પડયા હતા અને તેમાંથી નીકળવા માટે તરફડીઆં મારતા હતા. તે સઘળાને જોઇને વિસ્મય પામેલો તથા વીર્યથી ઉન્મત્ત થયેલો ઇંદ્ર હસ્યો અને તેઓનું અપમાન કરી તેમને ઓળંગીને તત્કાલ ત્યાંથી ચાલ્યો ગયો.[૧૦] આ અપમાનથી ઋષિઓને ક્રોધ ચઢ્યો અને અત્યંત રોષે ભરાઈને તેઓએ તે વખતે ઇંદ્રને ભય કરનારા મહાન કર્મનો આરંભ કર્યો. હે વિપ્રો! ઉત્તમ તપવાળા વાલખિલ્યોએ જે કામનાથી વિધિપૂર્વક નાના મોટા મંત્રોવડે અગ્નિમાં હોમ કર્યો, તે તમે સાંભળો. હે નિયમિત વ્રતવાળા ઋષિઓ! વાલખિલ્યોએ ઇચ્છામાં આવે તેવા બળને ધારણ કરનારો તથા ઇચ્છામાં આવે તેવી ગતિ કરનારો અને દેવના રાજા ઇંદ્રને ભય આપનારો એવો સર્વ દેવોનો બીજો ઇંદ્ર થાઓ; વળી તે શૌર્ય અને બલમાં ઇંદ્ર કરતાં સોગણો ચઢિયાતો, મનના જેવા વેગવાળો તથા ઇંદ્રના પ્રત્યે દારુણ એવો અમારાં તપના ફલથી થાઓ, એવો સંકલ્પ કર્યો હતો. વાલખિલ્ય ઋષિઓના આ સંકલ્પને જાણી, દેવના રાજા શતક્રતુને બહુ સંતાપ થયો અને તે ઉત્તમ વ્રતવાળા કશ્યપ ઋષિને શરણે ગયો તથા તેમને સઘળું કહ્યું. દેવરાજ ઇંદ્રના મુખથી તે વૃત્તાંત જાણીને પ્રજાપતિ કશ્યપ ઋષિ વાલખિલ્યોની આગળ ગયા અને તેમને 'તમારૂં કર્મ સિદ્ધ થયું કે?' એમ પૂછ્યું. ત્યારે સત્યવાદી વાલખિલ્યોએ 'ભલે એ કર્મ સિદ્ધ થાઓ' એવો ઉત્તર આપ્યો. પછી પ્રજાપતિ કશ્યપઋષિ તેઓને સમજાવીને કહેવા લાગ્યા કેઃ-'હે તપોધનો! બ્રહ્માની આજ્ઞાથી ત્રણ ભુવનને માટે તો આ ઇંદ્ર નિર્માયલો છે અને તમે પણ વળી બીજો ઇંદ્ર કરવા યત્ન કરો છો; પરંતુ હે સત્તમો! બ્રહ્માના વાક્યને મિથ્યા કરવું એ તમોને ઘટતું નથી; તેમજ તમે ઇંદ્રને ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળા છો, એ તમારો સંકલ્પ પણ મિથ્યા થાય તેવો નથી; માટે તમે જેને ઉત્પન્ન કરો, તે મહાન બલ તથા સત્ત્વવાળો પક્ષીઓનો ઇંદ્ર થાઓ. આ યાચના કરતા દેવરાજના ઉપર તમે કૃપા કરો.'[૨૦] આ પ્રમાણે કશ્યપ ઋષિએ કહ્યું, ત્યારે તપરૂપી ધનવાળા વાલખિલ્ય ઋષિઓ

મુનિઓમાં શ્રેષ્ઠ એવા પ્રજાપતિ કશ્યપને માન આપીને કહેવા લાગ્યા. વાલખિલ્યો બોલ્યાઃ—'હે પ્રજાપતિ! અમારો બધાનો ઇંદ્ર ઉત્પન્ન કરવાને માટે આ સમારંભ છે અને તમારો પણ પુત્ર ઉત્પન્ન કરવાની ઈચ્છાથી યત્ન છે, તો આ અમારાં કર્મને ફલ સાથે તમેજ લઈ લ્યો અને એમાં તમને જે રીતે શ્રેય જણાતું હોય તે પ્રમાણે કરો.'[૨૩]

સૌતિ કહે છેઃ—એજ સમયમાં દક્ષની શુભ કન્યા વિનતા, જે તેજસ્વિની, કલ્યાણી અને યશસ્વિની હતી, તે પુત્રની કામનાથી તપ કરીને વ્રતપરાયણા થઈને તથા ઋતુસ્નાન કરીને, પવિત્ર થઈને પોતાના પતિ કશ્યપની પાસે આવી. ત્યારે તેના પ્રત્યે કશ્યપ ઋષિએ કહ્યું કેઃ—"હે દેવિ ! તારો ઇચ્છિત આરંભ સફલ થશે. તું ત્રિભુવનેશ્વર એવા બે વીર પુત્રોને ઉત્પન્ન કરીશ. વાલખિલ્યોનાં તપથી તથા મારા સંકલ્પથી તે પુત્રો, ત્રણ લોકમાં માન પામે એવા મહાભાગ્યશાળી થશે." વળી ભગવાન કશ્યપ ઋષિ તેને કહેવા લાગ્યા કેઃ—"આ મહાન ઉદય કરનારા ગર્ભને તું પ્રમાદરહિત થઈને ધારણ કરજે; કારણ કે લોકોએ માન આપેલા, યથેષ્ટ રૂપ ધારણ કરનારા અને આકાશચારી એવા તે બન્ને વીરો સર્વ પક્ષીઓનું ઇંદ્રપણું કરશે." તે પછી પ્રસન્ન થયેલા પ્રજાપતિ કશ્યપ ઋષિ, ઇંદ્રપ્રત્યે બોલ્યા કેઃ—"હે પુરંદર ! મહાન બલવાળા તે બન્ને તને સહાય કરનારા તારા ભાઈઓ થશે.[૩૦] તે બન્નેથી તને કંઈપણ કષ્ટ આવશે નહિ; માટે હે શક્ર ! તું તારો સંતાપ દૂર કર. હવે તુંજ ઇંદ્રપદમાં રહીશ; પરંતુ ફરીથી તારે આ પ્રમાણે બ્રહ્મવાદી ઋષિઓનો અપરાધ કરવો નહિ તથા વાણીરૂપી વજ્રવાળા અને અત્યંત ક્રોધવાળા ઋષિઓનું ગર્વવડે અપમાન કરવું નહિ."[૩૧-૩૨]

આ પ્રમાણે કશ્યપના કહેવાથી શંકારહિત થયેલો ઇંદ્ર સ્વર્ગમાં ચાલ્યો ગયો અને વિનતા પણ સિદ્ધ મનોરથવાળી તથા આનંદયુક્ત થઈ. તેણે અરુણ તથા ગરુડ નામના બે પુત્રો ઉત્પન્ન કર્યા. તેમાં વિકલ અંગવાળો અરુણ સૂર્યના રથના અગ્રભાગમાં રહ્યો અને ગરુડને બ્રહ્માએ પક્ષીઓના ઇંદ્રપદમાં અભિષિક્ત કર્યો. હે ભગુનંદન ! હવે ગરુડનું આ મહાન કર્મ સાભળો.[૩૩-૩૫]

ઇતિ મહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૩૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૨ મો—અમૃતને માટે ગરુડ અને દેવોનું યુદ્ધ

॥ सौतिरुवाच ॥

ततस्तस्मिन् द्विजश्रेष्ठ समुदीर्णे तथाविधे ॥
गरुडः पक्षिराट् तूर्णं संप्राप्तो विबुधान् प्रति॥१॥

સૌતિ કહે છેઃ—હે દ્વિજશ્રેષ્ઠ ! તે પછી પૂર્વે કહ્યા પ્રમાણે દેવસૈન્ય હથિયારો લઇને યુદ્ધને માટે ઉદ્યુક્ત થયું એટલામાં પક્ષિરાજ ગરુડ પણ તત્કાલ દેવોની આગળ આવી પહોંચ્યો. અત્યંત બલવાળા તે ગરુડને જોઈને સઘળા દેવો કંપવા લાગ્યા અને તેમનાં સર્વ હથિયારો પરસ્પર અથડાવા લાગ્યાં. તે દેવોમાં અમિત બલવાળા અને વિદ્યુત તથા અગ્નિના જેવા તેજવાળા મહા પ્રતાપી વિશ્વકર્મા અમૃતનું રક્ષણ કરતા હતા. તેમને પક્ષિરાજ ગરુડે, બે ઘડી તુમુલ યુદ્ધ કરીને પોતાની પાંખ, ચાંચ તથા નખવડે ક્ષત કરીને યુદ્ધભૂમિમાં મરવા જેવા કરી નાખ્યા. તે પછી આકાશચારી ગરુડે પોતાની પાંખના પવનથી પુષ્કળ ધૂળ ઉરાડી અને સર્વ લોકમાં અંધારૂં કરી નાખ્યું; તથા તે ધૂળથી દેવોને પણ ઢાંકી દીધા. તે ધૂળથી ઢંકાયલા, અમૃતનું રક્ષણ કરનારા દેવો મૂઢ જેવા થઈ ગયા અને ધૂળ આગળ ગરુડને પણ જોઈ શક્યા નહિ. આ પ્રમાણે ગરુડે આખા દેવલોકને ડહોળી નાખ્યો અને પાંખ તથા ચાંચના પ્રહારથી દેવોને વિદારણ કરવા માંડ્યા. તે પછી સહસ્ર નેત્રવાળા દેવરાજ ઇંદ્રે તત્કાલ વાયુને પ્રેરણા કરી કેઃ—"હે

મારુત ! આ ધૂળના વરસાદને તું ઉરાડી દે જા; કારણ કે એ કામ તારૂંજ છે.' આ સાંભળીને બલવાન વાયુએ વગ કરીને તે ધૂળને ઉરાડી દીધી. પછી જ્યારે અંધારૂં દૂર થયું ત્યારે સઘળા દેવો પક્ષીને પીડવા લાગ્યા. જેમ જેમ દેવગણો ગરુડને હણવા લાગ્યા તેમ તેમ બલવાન ગરુડ આકાશમાં મહામેઘની પેઠે સર્વ પ્રાણીઓને બીવરાવતો મોટી ગર્જના કરવા લાગ્યો.[૧૦] વળી તે શત્રુવીરને હણનારો મહાવીર્યવાળો પક્ષિરાજ આકાશમાં ઉડ્યો અને દેવોની ઉપર જણાયો. તે વખતે કવચધારી સઘળા દેવો ઇંદ્રની સાથે એના ઉપર અનેક શસ્ત્રો ફેંકવા લાગ્યા. પટ્ટિશો, પરિઘો, શૂલો, ગદાઓ, જાજ્વલિત બાણો, સૂર્યના જેવાં તેજસ્વી ચક્રો અને બીજાં અનેક જાતનાં છોડેલાં શસ્ત્રોવડે ચોમેરથી હણાતો છતાં તુમુલ યુદ્ધ કરતો પક્ષિરાજ જરા પણ કંપ્યો નહિ. તે પ્રતાપી ગરુડ આકાશમાં રહીને બાળી મૂકતો હોય તેમ પાંખો અને છાતીવડે ચોતરફ દેવોને ઉડાવવા લાગ્યો. આમ ફેંકાયલા દેવો ગરુડથી પીડાઈને ત્યાંથી નાસવા લાગ્યા અને તેમને નખ તથા ચાંચવડે પડેલા ક્ષતમાંથી પુષ્કળ લોહી નીકળવા લાગ્યું. પછી પક્ષિરાજ ગરુડથી પરાભવ પામીને, સાધ્યદેવો ગંધર્વોની સાથે પૂર્વ દિશામાં નાઠા, રુદ્રોની સાથે વસુઓ દક્ષિણ દિશામાં ગયા, આદિત્યો પશ્ચિમ દિશામાં નાઠા અને અશ્વિનીકુમારો ઉત્તર દિશામાં નાઠા. મહાન બલવાળા તે દેવો યુદ્ધ કરતા કરતા ગરુડની બીકથી વારંવાર પાછળ જોતા જોતા નાસી ગયા. તે પછી આકાશચારી પક્ષિરાજ ગરુડે, વીર અશ્વક્રંદ, રેણુક, શૂરવીર ક્રાથન, તપન, ઉલૂક, શ્વસન, નિમેષ, પ્રરુજ અને પુલિન નામના નવ યક્ષોની જોડે યુદ્ધ કરવા માંડયું. હે પરંતપ ! યુગાંત સમયમાં ક્રોધ પામેલા પિનાકધારી શંકરની પેઠે વિનતાના પુત્ર ગરુડે તેઓને પાંખ, નખ અને ચાંચના અગ્રભાગવડે ભેદી નાખ્યા.[૨૦] મહાન બલવાળા અને મહાન ઉત્સાહવાળા તે યક્ષોને ગરુડે અનેક ક્ષતો કર્યા હતા, તેમાંથી લોહીનો ઓઘ વર્ષાવતા તેઓ મેઘનાં વાદળ જેવા જણાતા હતા. પક્ષિશ્રેષ્ઠ ગરુડે તે સઘળાઓને જીવિતવિનાના કર્યા અને ત્યાંથી તે અમૃત લેવા માટે આગળ ગયો. ત્યાં તેણે ચોતરફ વીંટાયલા અગ્નિને જોયો. મહાન જ્વાલાવાળો તે અગ્નિ પોતાની જ્વાલાઓવડે ચોમેરથી આકાશને વીંટી લેતો હતો અને તીક્ષ્ણ જ્વાલાવાળો તે પ્રચંડ વાયુથી ઉદ્દીપિત થઇને દાહ કરતો હોય તેમ જણાતો હતો. તે વખતે તપસ્વી તથા શત્રુને તાપ આપનારા ગરુડ પક્ષીએ પોતાનાં અનંત મુખો કર્યાં અને તે મુખોવડે નદીનું પાણી શોષીને તત્કાલ પાછા આવી, તે બળતા અગ્નિને વેગવડે છાંટી નાખ્યો. આ રીતે અગ્નિને શાંત કર્યા પછી તેણે અમૃતની પાસે જવા માટે બીજું અલ્પ સ્વરૂપ ધારણ કર્યું. ૨૧-૨૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં અધ્યાય ૩૨ મો સમાપ્ત.

અધ્યાય ૩૩ મો-ગરુડ અમૃત લઇને નિકળ્યો.

॥ सौतिरुवाच ॥

जांबूनदमयो भूत्वा मरीचिनिकरोज्ज्वलः॥
प्रविवेश बलात् पक्षी वारिवेग इवार्णवम् ॥१॥

સૂતપુત્ર કહે છેઃ-પછી જાંબૂનદ-સુવર્ણમય રૂપને ધારણ કરીને, સૂર્યકિરણના સમૂહ જેવા ઉજ્જવલ જણાતા ગરુડે, જલનો વેગ જેમ સમુદ્રમાં પ્રવેશ કરે તેમ બલવડે અમૃતના સ્થાનમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે અમૃતની આગળ કદંબ પુષ્પના કેસરાની પેઠે ચોતરફ લોઢાના શંકુઓવાળું, તીક્ષ્ણ ધારવાળું અને નિરંતર વેગવડે પરિભ્રમણ કરતું એક લોહમય ચક્ર જોયું, કે જે અગ્નિ તથા સૂર્યના જેવું ઝળહળતું તથા ભયંકર હતું. આ અત્યંત ઘોર યંત્ર અમૃતને હરણ કરનારા-

એોને કાપી નાખવા માટે દેવોએ નિર્મેલું હતું. એ ચક્રના અંતરને જોઇને આકાશચારી ગરુડ તેના ઉપર ભમવા લાગ્યો; અને એક ક્ષણમાં અંગનો સંકોચ કરીને આરાના મધ્યમાં થઇને ઝટ નીચે ઉતરી ગયો. અહીંચ ક્રની નીચે અમૃતના રક્ષણને માટેજ રહેલા, પ્રદીપ્ત અગ્નિના જેવી કાંતિવાળા, વિજળીના જેવી જીહ્‌વાવાળા, મહાન વીર્યવાળા, પ્રદીપ્ત મુખવાળા, ઝળહળતી આંખોવાળા, ઝેરી દૃષ્ટિવાળા, મહા ભયંકર, હમેશ ક્રોધવાળા અને અત્યંત વેગવાળા બે મોટા નાગોને તેણે જોયા. કે જે બન્ને ક્રોધથી લાલ થયેલી પલકવિનાની આંખોવડે નિરંતર જોયા કરતા હતા. તે બેમાંથી એક પણ જેના તરફ નજર નાખે તે તુરતજ ભસ્મ થઈ જાય. ગરુડે તે બન્નેની આંખો એકાએક રજથી ભરી દીધી અને તે બન્ને દેખે નહિ તેમ રહીને ચોમેરથી તેમને પ્રહાર કરવા માંડ્યા. પછી તે નાગોના શરીરોનું આક્રમણ કરીને, અંતરિક્ષમાં ગમન કરનારા વિનતાના પુત્ર ગરુડે તેઓના શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા; અને મધ્યસ્થાનમાં અમૃતના તરફ દોડ્યો. ત્યાં જઈ બલવાન ગરુડે અમૃતનો કલશ ઉપાડ્યો અને વીર્યવાન ગરુડ, યંત્રને ભાગી નાખી ત્યાંથી વેગવડે કૂદ્યો.[૧૦]આમ અમૃતપાન કર્યા વિના, માત્ર તે કલશને લઇનેજ પક્ષી બહાર નીકળ્યો અને સૂર્યની કાંતિને ઢાંકી નાખતા જરાપણ થાકવિના આકાશમાં આવ્યો. ત્યાં અંતરિક્ષમાં ગરુડ વિષ્ણુ ભગવાનને મળ્યો. અમૃતપાનને માટે પણ લોભરહિત એવા ગરુડના આ કર્મને જોઇને નારાયણ તેના ઉપર પ્રસન્ન થયા અને અવિનાશી ભગવાને ગરુડને કહ્યું કે:—" હું તને વરદાન આપું છું." ત્યારે અંતરરિક્ષચારી ગરુડે માગ્યું કે:—"હું તમારા ઉપર રહું." વળી ફરીથી તેણે નારાયણને આ પ્રમાણે વચન કહ્યું કે:—" હું અમૃત પીધાવિના પણ અજર અને અમર થાઉં." ત્યારે વિષ્ણુ ભગવાને વિનતાના પુત્રને 'ભલે તેમ થાઓ' એમ કહ્યું. આ પ્રમાણે બે વરદાન મેળવીને ગરુડે વિષ્ણુ ભગવાનને કહ્યું કે, ' આપને પણ હું વર આપું છું, માટે ઇચ્છા હોય તે આપ માગી લ્યો !' ત્યારે વિષ્ણુ ભગવાને, મહાન બલવાળા ગરુડને પોતાનું વાહન થવા માટે માગણી કરી; અને ' તું મારી ઉપર રહીશ ' એમ કહીને તેને પોતાના ધ્વજમાં સ્થાન આપ્યું. ગરુડે, નારાયણ દેવને ' એમ થાઓ ' એમ કહ્યું અને વેગવડે વાયુની પણ સ્પર્ધા કરતો મહા વેગવાળો તે ત્યાંથી આગળ ચાલ્યો. આ રીતે અમૃતનું હરણ કરીને જતા પક્ષિરાજ ગરુડને જોઈ, ક્રોધથી ઇંદ્રે તેના ઉપર વજ્રનો પ્રહાર કર્યો. તે વખતે થયેલા કોલાહલમાં વજ્રથી હણાયલા પક્ષિશ્રેષ્ઠ ગરુડે, હાસ્ય કરીને સ્પષ્ટ વાણીવડે ઇંદ્રને કહ્યું કે:—" હે શતક્રતુ ! જે ઋષિનાં અસ્થિથી આ વજ્ર થયું છે તે દધીચી ઋષિનું, વજ્રનું અને તમારૂ હું માન રાખું છું; અને તેથી મારી એક પીંછાનો હું ત્યાગ કરૂં છું, કે જે પીંછાનો અંત તમને જડશે નહિ; બાકી વજ્ર પડવાથી મને જરાએ પીડા થઈ નથી." આ પ્રમાણે કહ્યા પછી પક્ષિરાજે પોતાના એક પીછાનો ત્યાગ કર્યો. ત્યાગ કરેલા તે સુંદર પિચ્છને જોઇને સર્વ પ્રાણીઓ ખુશી થયાં અને ગરુડના સુરૂપ પર્ણને (પીછાને) જોઇને તેનું સુપર્ણ એવું નામ પાડયું. આ મહાન આશ્ચર્ય જોઇને પુરને દારણ કરનારા સહસ્રનયન ઇંદ્રે, આ પક્ષી મહાત્મા છે, એમ માની કહ્યું. ઇંદ્ર કહે છેઃ -' હે ખગોત્તમ ! અનુત્તમ એવું તારૂં પરમ બલ કેટલું છે ? તે હું જાણવા ઇચ્છા કરૂં છું અને તારી સાથે હું અનંતકાલ સુધી મિત્રતા કરવા ઇચ્છા રાખું છું.[૧૫-૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં અધ્યાય ૩૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૪ મો–ગરુડે સર્પોની આગળ અમૃત મૂકયું અને વિનતાને દાસી-પણાથી મુક્ત કરી.

॥ गरुड उवाच ॥
सख्यंमेऽस्तु त्वया देव यथेच्छासि पुरंदर ।
बलं तु मम जानीहि महच्चामह्यमेव च ॥१॥

ગરુડ કહે છેઃ–" હે પુરંદર `વ! તમે જેવી ઇચ્છા રાખો છો તેવી તમારી સાથે મારી મિત્રતા થાઓ અને મારૂં બલ તો મહાન અને અ સહ્ય છે, એમ તમે જાણો. હે શતક્રતુ ! જો કે સત્પુરુષો પોતાની ઇચ્છાથી પોતાના બલની સ્તુતિ કરવી તેને વખાણતા નથી, તેમજ પોતાના ગુણો-નું વર્ણન પોતેજ કરવું તેને પણ વખાણતા નથી; તોપણ હે સખા ! તમે મને સખા માનીને પૂછો છો તો હું કહું છું. કારણવિના આત્મસ્તુતિયુક્ત વચનો બોલવાં જોઇએ નહિ. હે શક્ર! પર્વતો અને વનોની સાથે તથા સાગરોનાં જલની સાથે આ પૃથ્વીને મારી પાંખવડે હું ઉપાડી શકું અને એના આશ્રયમાં રહેલા તમને પણ હું ઉપાડી શકું. વળી સ્થાવર તથા જંગમ સાથે સર્વ લોકોને એકઠા કર્યા હોય તો તેને પણ હું વિનાશ્રમે ઉપાડી શકું, એવું મારૂં મહાન બલ છે એમ તમે જાણો." ૧-૫

સૂતપુત્ર કહે છેઃ–હે શૌનક ! વીર એવા ગરુડે આ પ્રમાણે વચન કહ્યાં ત્યારે તેનાપ્રત્યે સર્વ લોકના હિતકર્તા, કિરીટધારી અને સમર્થ એવા શ્રીમાન દેવેંદ્ર કહેવા લાગ્યા કેઃ–' તમે કહો છો તેવુંજ બલ તમારામાં છે; તમારામાં સઘળું સંભવી શકે છે. હવે તમે મારી અત્યંત ઉત્તમ એવી મિત્રતાને સ્વીકારો; અને તમારે જો અમૃતનું કામ ન હોય તો એ અમૃત મને આપી દો; કારણ કે તમે જેઓને એ અમૃત આપશો તેઓ અમને અત્યંત દુઃખી કરશે.' ગરુડ કહે છેઃ–' હે ઇંદ્ર ! કંઇક કારણને ઉદ્દે-શીને આ અમૃત હું લઇ જાઉં છું, પરંતુ કોઈને પણ એ અમૃત હું પીવા દઇશ નહિ, એટલે હે સહસ્રનયન ! હે સ્વર્ગાધીશ ! હું પોતે આ અમૃતને જ્યાં મૂકું ત્યાંથી તત્કાલ તમારે એનું હરણ કરવું.૬-૧૦

ઇંદ્ર કહે છેઃ–હે અંડજ ! આ તમારાં કહેલાં વાકયથી હું સંતુષ્ટ થયો છું; માટે હે પક્ષિશ્રેષ્ઠ ! મારાથી તમે જે વરની ઇચ્છા કરતા હો તે ગ્રહણ કરો.૧૧

સૌતિ કહે છેઃ–આ પ્રમાણે ઇંદ્રે કહ્યું ત્યારે કદ્રૂના પુત્રોનું સ્મરણ કરીને તથા પોતાની માતાને દાસી બનાવવા માટે કરેલા છલનું સ્મ-રણ કરીને ગરુડે કહ્યું કેઃ–" હે શક્ર ! હું સર્વ રીતે સમર્થ છું, છતાં તમારી પાસે માગું છું કે, મહાબલવાળા સર્પો મારા ભક્ષ્યરૂપ થાઓ." પછી ગરુડને ' બહુ સારૂં ' એમ કહીને દાનવોનો નાશ કરનારા ઇંદ્ર, દેવના દેવ, યોગીશ્વર મહાત્મા શ્રીહરિની પાસે ગયા અને સઘળું કહ્યું. ત્યારે ગરુડે જે કહેલું તે સંબંધમાં ભગવાને અનુ-મોદન આપ્યું, એટલે દેવાધીશ ભગવાન ઇંદ્રે ગરુડને ફરીથી આ પ્રમાણે કહ્યું કેઃ–" હે ગરુડ! તું અમૃતને જ્યાં મૂકીશ ત્યાંથી હું તેને હરણ કરીશ." તે પછી ગરુડ ત્યાંથી શીઘ્ર ગતિવડે પોતાની માતા પાસે આવ્યો અને બહુ ખુશી થયો હોય તેમ તેણે સઘળા સર્પોને કહ્યું કેઃ–" આ તમારૂં અમૃત મેં આણ્યું છે. એને હું આ દર્ભ ઉપર મૂકું છું. હે પન્નગો ! તમે સ્નાન કરીને તથા મંગલયુક્ત થઇને પછી એનું પાન કરો. હવે તમોએ પહેલાં એકઠા બેસીને જે વચન કહ્યું હતું તે પ્રમાણે મેં કર્યું છે, એટલે આજથી આરંભીને મારી માતા દાસીપણાથી મુક્ત થાઓ; કારણ કે મેં તમારા કહેવા પ્રમાણે વચન પાળ્યું છે." તે પછી 'ભલે તેમ થાઓ' એમ કહીને સર્પો સ્નાન કરવા ગયા. તેજ વખતે ઇંદ્ર પણ ત્યાંથી અમૃત લઇને પાછા સ્વર્ગમાં ચાલ્યા ગયા.૨૦ પછી સ્નાન, જપ અને મંગલ કૃત્યો કરીને આનંદયુક્ત થઈ સર્પો અમૃતપાન કરવા માટે જ્યાં કલશ મૂકયો હતો તે સ્થાનમાં આવ્યા; પણ જ્યાં દર્ભ પાથરી-ને એ અમૃત મૂકયું હતું, તે સ્થાનમાંથી સર્પોએ અમૃતને ચોરાઇ ગયેલું જાણ્યું અને

તેઓ સામી માયા થઇ છે એમ સમજ્યા; અર્થાત્ જેવી માયાથી વિનતાને દાસી કરી હતી, તેવીજ પ્રતિમાયાથી સામાએ પણ અમૃતદાન કર્યું છે, એમ તેમણે જાણ્યું. પછી આ અમૃતનું સ્થાન છે, માટે તે ચાટવાથી અમર થવાશે, એમ ધારીને તેઓ દર્ભને ચાટવા લાગ્યા અને તે કર્મથી તેમની જીભના બબ્બે ચીરા થઇ ગયા. પવિત્ર અમૃતના સ્પર્શથી તે દર્ભો પવિત્ર થયા. આ પ્રકારે મહાત્મા ગરુડે દેવલોકમાંથી અમૃત હરણ કર્યું અને સર્પોની સમીપમાં મૂકયું તથા સર્પોને બે જીહ્વાવાળા કર્યા. તે પછી પરમ હર્ષયુક્ત થયેલા, સર્પોનું ભક્ષણ કરનારા, પક્ષીઓથી પરમ સન્માન પામેલા અને અક્ષીણ કીર્તિવાળા ગરુડે માતાસહિત તે વનમાં ક્રીડા કરી અને વિનતાને આનંદ આપ્યો. આ કથાને જે મનુષ્ય નિરંતર શ્રવણ કરે અથવા બ્રાહ્મણોની મુખ્ય સભામાં કથન કરે તે પુણ્યભાગી, પક્ષિરાજ ગરુડનાં ચરિત્રકીર્તનથી નિઃસંશય સ્વર્ગલોકને પ્રાપ્ત થાય.[૨૧–૨૬]*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે સુપર્ણાખ્યાનમાં
અધ્યાય ૩૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૫ મો–સર્પોનાં નામો

॥ शौनक उवाच ॥

भुजंगमानां शापस्य मात्रा चैव सुतेन च ॥
विनतायास्त्वया प्रोक्तं कारणं सूतनन्दन ॥१॥

શૌનક પ્રશ્ન કરે છેઃ–હે સૂતનંદન ! સર્પોને માતાએ શાપ આપ્યો તેનું કારણ તમે કહ્યું; તથા માતા વિનતાને તેના પુત્ર અરુણે શાપ આપ્યો તેનું કારણ પણ તમે કહ્યું. વળી કદ્રૂ અને વિનતાને તેમના પતિએ આપેલાં વરપ્રદાન તમે કહ્યાં, અને વિનતાના બન્ને પુત્રોનાં નામો પણ તમે કહ્યાં; પરંતુ હે સૌતે ! સર્પોનાં નામો તો તમે કહેતાજ નથી; માટે તેમાંના મુખ્ય મુખ્યનાં નામોને પણ અમે સાંભળવાની ઇચ્છા કરીએ છીએ.[૧–૩]

સૌતિ કહે છેઃ–હે તપરૂપી ધનવાળા ! પન્નગો ઘણા હોવાથી તેમનાં બધાંનાં નામો હું કહીશ નાહ; પરંતુ તેમાંના મુખ્ય મુખ્યનાં નામો હું કહું છું તે તમે સાંભળો. પ્રથમ શેષનાગ ઉત્પન્ન થયા. પછી વાસુકિનો જન્મ થયો. તે પછી ઐરાવત, તક્ષક, કર્કોટક, ધનંજય, કાલિય, મણિનાગ, આપૂરણનાગ, પિંજરકનાગ, એલાપત્ર, વામન, નીલનાગ, અનીલનાગ, કલ્માષ, શબલ, આર્યક, ઉગ્રક, કલશપોતકનાગ, સુમન, દધિમુખ, વિમલપિંડક, આપ્ત કર્કોટક, શંખ, વાલિશિખ, નિષ્ટાનક, હેમગુહ, નહુષ, પિંગલ, બાહ્યકર્ણ, હસ્તિપદ, મુદ્‌ગરપિંડક, કંબલ, અશ્વતર, કાલિયકનાગ, વૃત્તનાગ, સંવર્તકનાગ, બે પદ્મ નામના નાગો,[૧૦] શંખમુખનાગ, કુષ્માંડકનાગ, ક્ષેમકનાગ, પિંડારકનાગ, કરવીર, પુષ્પદંષ્ટ્ર, બિલ્વક, બિલ્વપાંડુર, મુષકાદ, શંખશિરા, પૂર્ણભદ્ર, હરિદ્રક, અપરાજિત, જ્યોતિક, શ્રીવહનાગ, કૌરવ્ય, ધૃતરાષ્ટ્ર, વીર્યવાન શંખપિંડ, વિરજા, સુબાહુ, વીર્યવાન શાલિપિંડ, હસ્તિપિંડ, પિઠરક, સુમુખ, કૌણ-

---

* **पदं महदवाप्तुमिच्छुर्नीचो नीचतरं व्रजेत् ।**
अमृतप्रेप्सवो याता भुजंगास्तार्क्ष्यभक्ष्यताम् ॥
મહત્પદ મેળવવાની ઇચ્છાવાળો નીચ અત્યંત નીચતાને પામે છે. જેમકે અમૃતની ઇચ્છા કરનાર સર્પો ગરુડના ભક્ષ્યરૂપ થયા. **नीलकंठ**

'विप्रस्यावज्ञया शक्रो मातुः सर्पा विपन्नताः।
सुपर्णस्त्वभयः प्रीत्या हरेरप्युपरिस्थितः'॥
બ્રાહ્મણની અવજ્ઞા કરવાથી ઇંદ્ર વિપત્તિ પામ્યો અને માતાની અવજ્ઞા કરવાથી સર્પો વિપત્તિ પામ્યા, તથા બ્રાહ્મણ અને માતાને માન આપનારો ગરુડ નિર્ભય થઇને વિષ્ણુની પ્રીતિવડે વિષ્ણુની ઉપર પદ મેળવી શક્યો **रत्नगर्भ**

मिथ्यावादेन ये दासीकृतास्तत्संततिः स्वकाम् ॥
संतातिं नाशयत्येव गरुत्मानिव पन्नगाम् ॥
જેઓને મિથ્યા બોલીને દાસ કર્યા હોય, તેઓની સંતતિ, ગરુડ જેમ સર્પોનો નાશ કરે તેમ, પોતાની સંતતિના નાશ કરેજ. **गणेश**

પાશન, કુઠર, કુંજર, પ્રભાકરનાગ, કુમુદ, કુમુદાક્ષ, તિત્તિરિ, હલિક, મહાનાગ કર્દમ, બહુમૂલકનાગ, કર્કરનાગ, અકર્કરનાગ, કુંડોદર અને મહોદર. હે દ્વિજશ્રેષ્ઠ! આ પ્રાધાન્યથી નાગોનાં નામો કહ્યાં. બીજાં નામો ઘણાં હોવાથી તે કહ્યાં નથી. હે તપોધન! એમની સંતતિ અને સંતતિની સંતતિ એ સર્વ અસંખ્ય હોવાથી તે હું તમને કહેતો નથી. હે તપોધન! અનેક હજારો, કરોડો અને અર્બુદોની સંખ્યામાં સર્પો છે; અર્થાત્ તેઓ અસંખ્ય હોવાથી તેમનાં નામો કહેવાં અશક્ય છે.[૧૧-૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વ વિષે સર્પનામકથન નામનો અધ્યાય ૩૫ મો સમાપ્ત.

અધ્યાય ૩૬ મો–શેષનું ચરિત્ર

॥ शौनक उवाच ॥

आख्याता भुजगास्तात वीर्यवंतो दुरासदाः ॥ शापं तं तेऽभिविज्ञाय कृतवन्तः किमुत्तरम् ॥१॥

શૌનક પ્રશ્ન કરે છેઃ–હે તાત! વીર્યવાન અને દુઃસહ એવા સર્પો તમે વર્ણવ્યા; તેઓએ પોતાની માતાએ આપેલા શાપને જાણ્યા પછી શું કર્યું? તે કહો.[૧]

સૌતિ કહે છેઃ–તે સર્પોમાંથી મહાયશસ્વી ભગવાન શેષ તો પોતાની માતા કદ્રૂનો ત્યાગ કરીને નિયમિત વ્રતપાલન કરતા, માત્ર વાયુનો આહાર કરીને ઉગ્ર તપ કરવા લાગ્યા. તે ગંધમાદન પર્વત ઉપર, બદરિકાશ્રમમાં, ગોકર્ણક્ષેત્રમાં, પુષ્કરારણ્યમાં, હિમાલયના તટ ઉપર, અનેક પુણ્યતીર્થોમાં અને દેવાયતનોમાં જઇને એકાંતશીલ થઇ, નિયમમાં રહી, નિરંતર ઇંદ્રિયોને જીતી તપ કરતા હતા. તે પછી જેમનાં માંસ, ત્વચા અને શિરાઓ સૂકાઇ ગયાં હતાં, જટા તથા વલ્કલ જેમણે ધારણ કર્યાં હતાં, એવા મુનિવ્રતવાળા તથા ઘોર તપ તપતા શેષને પિતામહ બ્રહ્માએ જોયા. સત્ય ધૈર્યવાળા, તપ કરતા શેષને બ્રહ્મા કહેવા લાગ્યા કેઃ-'હે શેષ! આ તમે શું કરો છો? પ્રજાનું કલ્યાણ કરો. હે નિષ્પાપ! તમે તમારા તીવ્ર તપવડે પ્રજાને સંતાપ આપો છો. હે શેષ! બોલો, તમારા હૃદયમાં જે સંકલ્પ હોય તે મને કહો.'[૨-૭]

શેષ કહે છેઃ–મારા સઘળા સહોદર ભાઇઓ મંદ મતિના છે, હું તેઓની સાથે રહેવા ઇચ્છા રાખતો નથી; માટે એ સંબંધમાં તમે અનુમોદન આપો. તેઓ પરસ્પરમાં પણ નિરંતર શત્રુઓની પેઠે ઇર્ષ્યા કરે છે. એમનાં મુખ મારે જોવાં પડે નહિ, એટલા માટે હું તપ કરૂં છું. તેઓ વિનતા અને તેના પુત્રોની પણ નિરંતર અદેખાઇ કરે છે. વળી વિનતાથી ઉત્પન્ન થયેલો આકાશચારી જે અમારો બીજો ભાઇ ગરુડ છે, તે મહાત્મા પિતા કશ્યપના વરદાનથી અત્યંત બલવાન છે, તેનો પણ તેઓ સંતત દ્વેષ કરે છે; માટે હું તપ કરીને આ શરીરને છોડી દઇશ અને મૃત્યુ થતાં દેહાંતરમાં પણ મને તેઓનો સમાગમ કેવી રીતે ન થાય, એજ હું વિચારૂં છું.[૮-૧૨]

આ પ્રમાણે બોલતા શેષના પ્રત્યે બ્રહ્મા કહેવા લાગ્યા કેઃ–' હે શેષ! તમારા સર્વ ભાઇઓનું ચેષ્ટિત હું જાણું છું; અને હે ભુજંગ! માતાના અપરાધથી તમારા ભાઇઓને અવશ્ય ભય થશે! એવો એમનેમાટે ઉપાય પણ પ્રથમથીજ કરી દીધો છે. માટે તમારા સઘળા ભાઈઓના સંબંધમાં તમારે શોક કરવો ઘટતો નથી. હે શેષ! હવે તમારો જે ઇચ્છિત વર હોય તે મારી પાસેથી માગી લ્યો, તે હું તમને આજે અવશ્ય આપીશ; કારણ કે તમારા ઉપર મારી પરમ પ્રીતિ છે. હે પન્નગોત્તમ! તમારી બુદ્ધિ ધર્મમાં સ્થિર છે, એ અહોભાગ્ય છે, અને હું કહું છું કે તમારી બુદ્ધિ વારંવાર ધર્મમાં સારી પેઠે સ્થિર થાઓ.'[૧૩-૧૬]

શેષ કહે છેઃ–' હે દેવ ! હે પિતામહ ! એજ મારો ઇચ્છિત વર છે. હે ઈશ્વર ! મારી બુદ્ધિ વેદબોધિત અર્થરૂપી ધર્મમાં, મનોનિગ્રહરૂપી શાંતિમાં અને તત્ત્વાલોચનરૂપી તપમાં રમણ કરો.'[૧૭]

બ્રહ્મા કહે છેઃ–હે શેષ ! આ તમારા શમદમથી હું પ્રસન્ન થયો છું; તથાપિ તમારે પ્રજાના હિતને માટે મારી આજ્ઞાથી મારા વચન પ્રમાણે કરવું. હે શેષ ! પર્વતો, વનો, સાગરો, ગામો, વિહારસ્થાનો અને નગરોસહિત, ચલિત થતી આ પૃથ્વીને તમે રૂડી રીતે ધારણ કરીને રહો, કે જેથી એ અચલ થાય.[૧૮–૧૯]

શેષબોલ્યાઃ–"પ્રજાના પતિ, પૃથ્વીના પતિ, ભૂતોના પતિ અને જગતના પતિ એવા હે બ્રહ્મદેવ ! તમે જેમ કહો છો તેમ હું પૃથ્વીને નિશ્ચલપણાથી ધારણ કરીશ. હે પ્રજાપતિ ! એ પૃથ્વીને ઉપાડીને તમે મારા મસ્તક ઉપર મૂકો."[૨૦]

બ્રહ્મા કહે છેઃ–હે ભુજંગશ્રેષ્ઠ ! તમે પૃથ્વીની નીચે જાઓ. તમને એ પૃથ્વી પોતેજ વિવર આપશે. હે શેષ ! આ પૃથ્વીને ધારણ કરવાથી તમે મારૂં મોટું પ્રિય કરેલું ગણાશે.[૨૧]

સૌતિ કહે છેઃ–તે પછી શ્રેષ્ઠ ભુજંગોમાં જ્યેષ્ઠ એવા શેષ પ્રભુ બ્રહ્માના વચનનો સ્વીકાર કરી પૃથ્વીએ કરી આપેલા વિવરમાં પ્રવેશ કરીને આ સમુદ્રાંત પૃથ્વી દેવીને ચોમેરથી ઉપાડીને મસ્તકવડે ધારણ કરી.[૨૨]

(તે જોઇ) બ્રહ્મા બોલ્યાઃ–હે નાગોત્તમ આ સર્વ પૃથ્વીને પોતાની અનેક ફણાઓથી તમે એકલા મારી પેઠે અથવા બલ નામના દાનવને હણનારા ઇંદ્રની પેઠે ધારણ કરો છો, માટે તમે શેષ છો, ધર્મદેવ છો.[૨૩]

સૌતિ કહે છેઃ–આ પ્રમાણે પ્રતાપી એવા અનંત નાગ, બ્રહ્માની આજ્ઞાથી એકલા પૃથ્વીને ધારણ કરતા પાતાલમાં રહે છે અને એ વાત વિદ્વાનો જાણે છે. તે વખતથી દેવશ્રેષ્ઠ ભગવાન, પિતામહ બ્રહ્માએ અનંતને સહાય કરવા માટે તેને વિનતાનો પુત્ર ગરુડ સોંપ્યો છે.[૨૪-૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે શેષવૃત્તકથન નામનો અધ્યાય ૩૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૭ મો–વાસુકિ વગેરે સર્પોના વિચારો

॥ सौतिरुवाच ॥

मातुः सकाशात्तं शापं श्रुत्वा वै पन्नगोत्तमः॥
वासुकिश्चिन्तयामास शापोऽयं न भवेत् कथम्॥

સૌતિ કહે છેઃ–પોતાની માતા કદ્રૂએ આપેલા તે શાપને સાંભળ્યા પછી, પન્નગોમાં શ્રેષ્ઠ એવો વાસુકિ, એ શાપ કેવી રીતે નિષ્ફલ થાય તેને માટે ચિંતા કરવા લાગ્યો. પછી તે સર્વ ધર્મમાં તત્પર એવા પોતાના એરાવત વગેરે સઘળા ભાઇઓની સાથે મંત્ર (ગુપ્ત વિચાર) કરવા લાગ્યો.[૧–૨]

વાસુકિ બોલ્યોઃ–હે નિષ્પાપો ! આપણને જેવી રીતે માતાનો શાપ થયો છે, તે સર્વ તમે જાણો છો. તે શાપથી છૂટવાને માટે આપણે વિચાર કરીને યત્ન કરીએ. સર્વ શાપોને રોકવાના ઉપાય શાસ્ત્રમાં જણાય છે; પરંતુ સાક્ષાત્ માતાએ આપેલા શાપથી પુત્રોનો છૂટકો ક્યાંએ જણાતો નથી. તેમાં વળી જરામરણથી રહિત અને અનંત માહાત્મ્યવાળા એવા સત્યલોકના પતિ બ્રહ્માની આગળ આપણને શાપ આપ્યો છે. આ સાંભળીને તો મારા હૃદયમાં કંપ થાય છે. અહો ! શાપ આપતી કદ્રૂને, અવિનાશી બ્રહ્મદેવે પણ રોકી નહિ ! જરૂર આપણા સર્વનો આ વિનાશજ પ્રાપ્ત થયો છે; માટે સર્વ સર્પોનું જે રીતે કુશલ થાય તે રીતે આપણે વિચાર ચલાવીએ. આપણો આ સમય નકામો જવો જોઇએ નહિ: અર્થાત્ સર્પસત્ર થતા પહેલાં આપણે એનો પ્રતીકાર કરવો જોઇએ. વળી આપણે બધાજ બુદ્ધિમંત અને વિચક્ષણ છીએ. પૂર્વે જેમ પોતાના કારણભૂત વાસુમાં લીન થવાથી

અદૃશ્ય થયેલા અગ્નિને, દેવો જોઇ શક્યા હતા, તેમ આપણે પણ હમણાં વિચાર કરતાં શાપ-મુક્તિનો ઉપાય જોઇ શકીશું. સર્પોના વિનાશને માટે પ્રવર્તતો, જનમેજય રાજાનો તે યજ્ઞ જે રીતે થાયજ નહિ અથવા થાય તો તે યજ્ઞનો જે રીતે પરાભવ થાય, તેને માટે આપણે વિચાર કરવો જોઇએ."[૩-૯]

સૌતિ કહે છેઃ–પછી 'હા તેમ થવું જોઇએ' એમ કહીને કદ્રૂના સર્વ પુત્રો ભેગા થયા અને નીતિના નિશ્ચયમાં નિપુણ એવા તેઓ એકમત થવામાટે પોતપોતાના વિચારજણાવવા લાગ્યા.[૧૦] તેમાં કેટલાક નાગો કહેવા લાગ્યા કેઃ–" આપણે ઉત્તમ બ્રાહ્મણનાં રૂપ ધારણ કરીને ' તમારો આ યજ્ઞ નહિ થાઓ' એવી જનમેજયની પાસે ભિક્ષા માગીએ." વળી બીજા કેટલાક પંડિત-માની નાગો કહેવા લાગ્યા કેઃ–"આપણે સઘળા એના માનવંતા મંત્રીઓ થઇએ, એટલે સર્વ કાર્યમાં તે આપણી સલાહ લેશે અને તે સલાહ-માં યજ્ઞ થાયજ નહિ, એવી આપણે બુદ્ધિ આપીશું. બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ એવા રાજા, બુદ્ધિવડે બહુ માન પામેલા એવા આપણને યજ્ઞને માટે અવશ્ય પૂછશે; ત્યારે તેને આ લોક અને પરલોકના સંબંધમાં યજ્ઞથી અનેક દારુણ દોષો થાય છે, એ તથા અનેક હેતુપૂર્વક કારણો દર્શાવીશું; કે જેથી તે યજ્ઞ થશે નહિ અથવા તે યજ્ઞમાં સર્પસત્રના વિધિને જાણનારો અને રાજાના કાર્યમાં તથા હિતમાં તત્પર એવો જે ઉપાધ્યાય હોય તેને કોઇ પણ સર્પે જઇને દંશ કરવો એટલે તે મરણ પામશે અને તે યજ્ઞ કરાવનારો મરણ પામ્યો, એટલે પછી તે યજ્ઞ થશે નહિ. વળી બીજા પણ સર્પસત્રને જાણ-નારા એના જે ઋત્વિજો હોય તે સર્વને પણ આપણે દંશ કરીશું, એટલે આપણું કાર્ય સિદ્ધ થશે." બીજા કેટલાક ધર્માત્મા અને દયાળુ નાગો કહેવા લાગ્યા કેઃ–"આ તમારી દુર્બુદ્ધિ છે, કારણ કે બ્રહ્મહત્યા કરવી સારી નહિ. જ્યારે વિપત્તિ આવે ત્યારે તે વિપત્તિની શાંતિ, દેવ-બ્રાહ્મણોની પ્રાર્થનારૂપ સદ્ધર્મથી થાય, એ ઉત્તમ ઉપાય છે; પરંતુ જે અધર્મપૂર્વક વિપત્તિનિવા-રણના ઉપાયો છે, તે પોતાનોજ નહિ પણ જ-ગતનો પણ નાશ કરે છે.' [૨૦] વળી બીજા નાગો કહેવા લાગ્યા કેઃ–"આપણે વિજળીવાળા મેઘો થઇને પ્રજ્વલિત થયેલા કુંડના અગ્નિને વરસાદ વરસાવીને હોલવી નાખીશું. વળી રાત્રિએ બધા પ્રમાદમાં હોય ત્યારે કેટલાક સર્પોએ જઇને યજ્ઞપાત્રોને હરણ કરવાં, એટલે યજ્ઞમાં વિઘ્ન થશે; અથવા તે યજ્ઞમાં સઘળા સર્પોએ સેંકડો તથા હજારો મનુષ્યોને દંશ કરવો, એટલે પછી આપણને ત્રાસ થશે નહિ;અથવા સર્વ ભોજ-નના પદાર્થોને ઝેર કરી નાખનારાં આપણાં મલમૂત્ર નાખીને તૈયાર કરેલા ભોજનના પદાર્થોને, દૂષિત કરવા." વળી બીજા નાગો કહેવા લાગ્યા કે, 'આપણે એના ઋત્વિજો થઇશું અને પછી અમને દક્ષિણા આપો, એમ કહીને યજ્ઞમાં વિઘ્ન કરીશું. એમ કરવાથી આપણને વશ થએલો રાજા, આપણું ધારેલું અવશ્ય કરશે.' બીજા કહેવા લાગ્યા કે, 'રાજા જ્યારે જલક્રીડા કરતો હોય ત્યારે તેને આપણે ઘેર લાવીને બાંધી મૂકીશું. એમ કરવાથી તે યજ્ઞ થશે નહિ. ' વળી પંડિતમાની બીજા નાગોએ કહ્યું કે, આપણે રાજાને પકડીને કરડીશું એટલે આપણું કાર્ય સિદ્ધ થશે અને તેના મરવાથી અનર્થનું મૂળજ જતું રહેશે. હે નેત્રવડે શ્રવણ કરનાર વાસુકિ ! આ અમારી છેવટની બુદ્ધિ છે. હવે હે રાજન્ !તમારૂ જે ધારવું હોય તે પ્રમાણે તત્કાલ કરો. આમ કહીને સઘળા નાગો, વાસુકિના તરફ જોવા લાગ્યા. ત્યારે વાસુકિ પણ વિચાર કરીને ભુજંગો-પ્રત્યે કહેવા લાગ્યો[૩૦]:–'હે ભુજંગમો ! તમારી આ નિશ્ચિત બુદ્ધિ પ્રમાણે કરવા હું સંમત થતો નથી. સઘળા સર્પોની બુદ્ધિ મને રુચતી નથી; માટે એ સંબંધમાં શું કરવું, કે જે કરવાથી તમારૂ સર્વનું હિત થાય તેનો હું વિચાર કરૂ છું; અને તે વિચારતાં મહાત્મા કશ્યપ ઋષિને પ્ર-સન્ન કરવા તે મને કલ્યાણકારક લાગે છે. હે ભુજંગો ! જ્ઞાતિવર્ગ ઉપરના સ્નેહથી અને મારે પોતાને માટે પણ તમારાં વચન પ્રમાણે કંઈ પણ કરવા મારી બુદ્ધિ તૈયાર નથી. મારે તો

તમારૂં જે હિત હોય તેજ કરવું જોઇએ અને એ વિચારથીજ મને ઘણો સંતાપ થાય છે; કેમકે હું મોટો હોવાથી જ્ઞાતિનું રક્ષણ અથવા નાશનિમિત્તના ગુણદોષ મનેજ પ્રાપ્ત થાય છે.[૩૧–૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે વાસુકી વગેરેના વિચાર નામનો અધ્યાય ૩૭ મો સમાપ્ત.

અધ્યાય ૩૮ મો–એલાપત્ર નાગનાં વચન

॥ सौतिरुवाच ॥
सर्पाणां तु वचः श्रुत्वा सर्वेषामिति चेति च ॥
वासुकेश्च वचः श्रुत्वा एलापत्रोऽब्रवीदिदम् ॥

સૌતિ કહે છેઃ–આવાં આવાં સઘળા સર્પોનાં વચન સાંભળીને તથા વાસુકિનાં વચન સાંભળીને, એલાપત્ર નામનો નાગ આ પ્રમાણે બોલ્યોઃ– "હે સર્પો ! તે યજ્ઞ નહિ થાય એમ બનશે નહિ, અર્થાત્ અવશ્ય થશેજ; અને તે પાંડુ વંશોદ્ભવ જનમેજય રાજા કે જેનાથી આપણને મહાભય છે, તે પણ તેવો નથી, કે જેનો આપણે કોઈ પણ રીતે પરાભવ કરી શકીએ; અર્થાત્ તે રાજા મંત્ર તથા વીર્યથી એવો સંપન્ન છે, કે જેનાં રાજ્ય, ઋત્વિજ કે સ્વરૂપને પણ આપણે જોઈ શકીએ તેમ નથી; માટે હે રાજન્ ! જે પુરુષ દૈવબલથી હણાયલો છે, તેણે દૈવનોજ આશ્રય કરવો; તેમાં બીજો ઉપાય ચાલતો નથી; અર્થાત્ પ્રત્યક્ષ દોષવિના આવી પડેલી વિપત્તિ, દૃષ્ટ ઉપાયથી નિવૃત્ત થતી નથી. હે પન્નગશ્રેષ્ઠો ! આપણને આ દૈવી ભય આવેલું છે, માટે એમાં આપણે દૈવનોજ આશ્રય કરવો. વળી તમે મારાં વચન સાંભળો. હે સર્પશ્રેષ્ઠો ! જ્યારે આપણી માતાએ શાપ આપ્યો, ત્યારે હું ભય પામીને માતાના ખોળામાં ચઢી ગયો હતો. તે વખતે હે પન્નગશ્રેષ્ઠો ! બ્રહ્માની આગળ આવીને દુઃખાર્ત થયેલા દેવોએ કહેલાં 'સ્ત્રીઓ તીક્ષ્ણ છે, તીક્ષ્ણ છે,' એવાં વચન મેં સાંભળ્યાં. દેવો બોલ્યાઃ– 'હે પિતામહ, હે દેવાધિદેવ ! અતિશય તીખા સ્વભાવવાળી કદ્રૂવિના બીજી કયી સ્ત્રી પોતે પ્રિય પુત્રોને મેળવી તેમને તમારી સમક્ષ આ પ્રમાણે શાપ આપે ? વળી હે પિતામહ ! તમે પણ તેનાં વચનને 'તેમ થાઓ' એમ કહી અનુમોદન આપ્યું; પણ તેને રોકી નહિ. એનું કારણ જાણવાની અમે ઇચ્છા કરીએ છીએ." ૭–૮

બ્રહ્મા બોલ્યાઃ–'હે દેવો ! ઝેરવડે ભયંકર, ઘોર રૂપવાળા અને ક્રોધી એવા ઘણા સર્પો છે; માટે પ્રજાના હિતની ઇચ્છાથીજ મેં તે વખતે શાપ આપતી કદ્રૂને રોકી નહિ. વળી એ સર્પોમાં પણ જેઓ ડશવાના સ્વભાવવાળા, અલ્પ નિમિત્તમાં પણ પ્રાણ લેનારા, નિમિત્તવિના હિંસા કરનારા અને ઝેરવડે ભયંકર છે તેઓનોજ તે યજ્ઞમાં વિનાશ થશે; અને જેઓ ધર્માચરણવાળા હશે તેઓનો નાશ થશે નહિ.[૧૦] વળી તે મહાભયમાંથી જે નિમિત્ત સર્પોનો છૂટકો થશે, તે પણ તમે સાંભળો. યાયાવર કુલમાં બુદ્ધિમાન, તપસ્વી અને વશ્યેંદ્રિય જરત્કારુ નામના પ્રસિદ્ધ મહાઋષિ થશે. તે જરત્કારુને તપરૂપી ધનવાળો આસ્તીક નામનો પુત્ર થશે; તે એ યજ્ઞને તે વખતે બંધ પાડશે. તેમાં જે સર્પો ધાર્મિક હશે તેઓ ઉગરી જશે.[૧૧–૧૩]

દેવો બોલ્યાઃ–હે બ્રહ્મન્! તે મુનિઓમાં શ્રેષ્ઠ, વીર્યવાન અને મહા તપસ્વી એવા જરત્કારુ ઋષિ કયી સ્ત્રીમાં તેવા મહાત્મા પુત્રને ઉત્પન્ન કરશે ?[૧૪]

બ્રહ્મા કહે છેઃ–'તે દ્વિજશ્રેષ્ઠ પોતાના નામની કન્યામાંજ પ્રભાવશાળી પુત્રને ઉત્પન્ન કરશે. સર્પના રાજા વાસુકિની જરત્કારુ નામની બહેન છે, તેનાથી તે પુત્ર ઉત્પન્ન થશે અને તે નાગોને શાપથી મુક્ત કરશે '[૧૫–૧૬]

એલાપત્ર કહે છેઃ–તે પછી 'ભલે તેમ થાઓ' એમ દેવોએ પિતામહ બ્રહ્માને કહ્યું, અને

દેવોને પૂર્વોક્ત વાક્યો કહીને બ્રહ્મા પણ સ્વર્ગમાં ગયા. હે વાસુકિ! આમ હોવાથી મને એવું સૂઝે છે કે નાગોના ભયની શાંતિને માટે તમારી જરત્કારુ નામની જે બહેન છે, તે ભિક્ષાની પેઠે યાચના કરતા ઉત્તમ વ્રતવાળા જરત્કારુ ઋષિને આપો. નાગોને ભયથી છૂટવાનો એજ ઉપાય મેં સાંભળ્યો છે. ૧૭–૧૯

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે એલાપત્રવાક્ય નામનો અધ્યાય ૩૮ મો સમાપ્ત.

અધ્યાય ૩૯ મો–જરાત્કારુની શોધ

। सौतिरुवाच ।

एलापत्रवचः श्रुत्वा ते नागा द्विजसत्तम ॥
सर्वे प्रहृष्टमनसः साधु साध्वित्यथाऽब्रुवन् ॥

સૂતપુત્ર કહે છેઃ–હે દ્વિજશ્રેષ્ઠ! એલાપત્ર નાગનાં વચન સાંભળીને, તે સઘળા નાગો પ્રસન્ન મનવાળા થઇને 'બહુ સારું, બહુ સારું' એમ કહેવા લાગ્યા, અને ત્યારથી આરંભી વાસુકિ પોતાની બહેન જરત્કારુનું રક્ષણ કરવા લાગ્યો તથા પરમ હર્ષ પામ્યો. પછી થોડોએક સમય જતાં સઘળા દેવો તથા દૈત્યો સમુદ્રનું મથન કરવા લાગ્યા. તેમાં બલવાનમાં શ્રેષ્ઠ એવા વાસુકિ નાગ નેતરું થયો હતો.× પછી તે મંથન કર્મની સમાપ્તિ કરીને, સઘળા દેવો વાસુકિની સાથે પિતામહ બ્રહ્માની પાસે ગયા અને બ્રહ્માને કહેવા લાગ્યા કે, 'હે ભગવન! આ વાસુકિ શાપથી ભય પામીને અત્યંત સંતાપ કરે છે; માટે હે દેવ! પોતાની જ્ઞાતિનું હિત ઇચ્છતા એ નાગનું માતાના શાપથી ઉત્પન્ન થયેલું માનસિક શલ્ય દૂર કરવાને તમે યોગ્ય છો. હે દેવેશ! આ નાગરાજ નિરંતર અમારો હિતકર્તા અને પ્રિયકારી છે; માટે કૃપા કરો અને એનો મનોજ્વર શાંત કરો.'૧–૭

બ્રહ્મા બોલ્યાઃ–"હે અમરો! પૂર્વે એલાપત્ર નાગે એની આગળ જે કહ્યું હતું, તે વચનની મારા મનવડે એલાપત્રમાં મેંજ પ્રેરણા કરી હતી. તે વચન પ્રમાણે આ નાગેંદ્ર વાસુકિએ પોતે સમય આવે વર્તવું. વળી સર્પોમાં જે પાપીઓ છે તેજ વિનાશ પામશે; પણ ધર્માચરણીઓ મરશે નહિ. ઉગ્ર તપ કરવામાં તત્પર એવો તે જરત્કારુ બ્રાહ્મણ ઉત્પન્ન થયો છે, તેને સમય આવતાં વાસુકિએ પોતાની બહેન જરત્કારુ આપવી.૧૦હે દેવો! એલાપત્ર નાગે જેવચન કહેલાં તે નાગોને માટે હિતકારક છે અને તેમજ થશે અન્યથા થશે નહિ."૧૧

સૌતિ કહે છેઃ–આવાં બ્રહ્માનાં વાક્ય સાંભળીને શાપથી ભય પામેલા નાગેંદ્ર વાસુકિએ સઘળા નાગોને તે વાત કહી; અને પોતાની બહેન જરત્કારુને જરત્કારુ ઋષિને માટે તૈયાર રાખી, જરત્કારુ ઋષિની ખોળ કરવા માટે નિત્ય ઉદ્યોગ યુક્ત એવા ઘણા સર્પોને આજ્ઞા કરી; તથા તેઓને કહ્યું કે, સમર્થ એવા જરત્કારુ ઋષિ લગ્ન કરવાની ઇચ્છા કરે ત્યારે તમારે તત્કાલ આવી તે વાત મને કહેવી. તેથી આપણું શ્રેય થશે.૧૨–૧૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે જરત્કારુની શોધ નામનો અધ્યાય ૩૯ મો સમાપ્ત.

અધ્યાય ૪૦ મો–જરત્કારુ ચરિત્ર તથા પરિક્ષિત રાજાનું ઉપાખ્યાન

। शौनक उवाच ।

जरत्कारुरितिख्यातो यस्त्वया सूतनन्दन ।
इच्छामि तदहं श्रोतुमृषेस्तस्य महात्मनः॥१॥

શૌનક પ્રશ્ન કરે છેઃ–હે સૂતનંદન! તમે તે મહાત્મા ઋષિનું નામ જરત્કારુ કહ્યું, તો શા કારણથી પૃથ્વીમાં તે જરત્કારુ નામથી પ્રસિદ્ધ

×નાગોને શાપ થવા પહેલાં ઉચ્ચૈઃશ્રવા અશ્વની ઉત્પત્તિ થઇ હતી અને તે પહેલાં સમુદ્રમથન થયું હતું. શાપથી છૂટવાનો ઉપાય બતાવવા આ સમુદ્રમથનનો અનુવાદ છે, એમ સમજવું. નીલકંઠ

થયા, એ સાંભળવાની હું ઇચ્છા કરૂં છું; માટે જરત્કારુ એવું નામ પડવાનું કારણ યથાર્થરીતે કહેવાને તમે યોગ્ય છો. ૧-૨

સૌતિ કહે છેઃ-'જરત્' શબ્દ ક્ષયવાચક છે અને 'કારુ' શબ્દનો અર્થ દારુણ થાય છે. (કામ, ક્રોધાદિનું ઉત્પત્તિસ્થાન હોવાથી) આસ્તીકના પિતાનું શરીર કારુ-દારુણ હતું. તેને તે બુદ્ધિમાને ધીરે ધીરે તીવ્ર તપવડે જીર્ણ કર્યું; માટે હે બ્રહ્મન્! તે ઋષિનું નામ જરત્કારુ કહેવાયું. તેજ પ્રમાણે વાસુકિની બહેનનું નામ પણ જરત્કારુ કહેવાયું. આ પ્રમાણે કહ્યું ત્યારે ધર્માત્મા શૌનકમુનિ (અત્યંત જીર્ણ થયેલાં દંપતીને પણ બ્રહ્મચર્યવિનાશનો પ્રસંગ આવ્યો એ આશ્ચર્યથી) હસ્યા અને બોલ્યા કે, હે ઉગ્રશ્રવા! તુલ્ય વય તથા રૂપ વાળાંનો વિવાહ થવા યોગ્યજ છે. ૩-૫

શૌનક પૂછે છેઃ-તમે નામનું નિર્વચન યથા યોગ્ય કર્યું, તે સઘળું મેં સાંભળ્યું. હવે આસ્તીક, જે રીતે ઉત્પન્ન થયો હતો તે જાણવાની હું ઇચ્છા કરૂં છું. આવાં શૌનક મુનિનાં વચન સાંભળીને સૂતપુરાણિક શાસ્ત્રપ્રમાણે કહેવા લાગ્યા. ૬

સૌતિ કહે છેઃ-વાસુકિએ સર્વ નાગોને આજ્ઞા કરી અને તે વખતથી પોતાની બહેન જરત્કારુ, જરત્કારુ ઋષિને આપવા માટે તે સાવધાન રહ્યા. હવે ઘણો સમય ગયો, પણ ઉત્તમ વ્રતવાળા બુદ્ધિમાન જરત્કારુ મુનિ, તપશ્ચર્યાપરાયણ હોવાથી લગ્ન કરવાની આકાંક્ષા કરતા ન હતા. નૈષ્ઠિક બ્રહ્મચારી, તપ કરવામાં તત્પર, વેદપાઠ કરનારા, નિર્ભય અને કૃતકૃત્ય અંતઃકરણવાળા તે મહાત્મા સઘળી પૃથ્વીમાં ફર્યા કરતા હતા; અને મનવડે પણ સ્ત્રીની ઇચ્છા કરતા ન હતા. હે બ્રહ્મન્! ત્યાર પછી કોઇક સમયે કૌરવવંશમાં પરિક્ષિત નામનો રાજા થયો. ૧૦ પૂર્વે યુદ્ધવિષે ધનુર્ધારીમાં શ્રેષ્ઠ એવા એના પ્રપિતામહ મહાબાહુ પાંડુરાજા જેવા મૃગયાશીલ હતા, તેવો એ પણ મૃગયાશીલ હતો. એ રાજા મૃગો, વરાહો, જરખો, પાડાઓ અને બીજાં વનનાં વિવિધ પશુઓને વિંધતો વનમાં ફરતો હતો. એક વખતે પરિક્ષિત રાજા નમ્ર પર્વવાળાં બાણવડે એક મૃગને વિંધી તેની પાછળ ધનુષ લઇને ગહન વનમાં દોડ્યો. જેમ રુદ્ર ભગવાન યજ્ઞમૃગને વિંધીને આકાશમાં દોડતા હતા, તેમ એ રાજા પણ હાથમાં ધનુષ લઇને, મૃગને ખોળવા માટે આમતેમ દોડવા લાગ્યો. પરિક્ષિત રાજાએ વિંધેલો મૃગ કોઇ વખત જીવતો રહીને વનમાં જાયજ નહિ, પણ આ મૃગ જે અદૃશ્ય થઇ ગયો, એજ રાજાની તુરત થનારી સ્વર્ગગતિનું પૂર્વરૂપ થયું. પરિક્ષિત રાજાનો વિંધેલો મૃગ, જે અદૃષ્ટ થઇ ગયો, તે મૃગ રાજાને દૂર જંગલમાં ખેંચી ગયો. પછી થાકી ગયેલા અને તૃષાથી દીન બનેલા રાજાએ વનમાં એક મુનિને જોયા અને તેની પાસે ગયો. તે મુનિ ગાયો ફરવાના સ્થાનમાં બેઠા હતા અને વાછરડાંને મોંમાંથી દૂધ પીતી વખતે નીકળતા ફીણનું ભક્ષણ કરતા હતા. ઉત્તમ વ્રતવાળા તે ઋષિની પાસે વેગવડે જઇને, ભૂખ અને શ્રમથી પીડાયલો રાજા ધનુષ ઉગામીને મુનિને પૂછવા લાગ્યોઃ-'ઓ બ્રાહ્મણ! હું અભિમન્યુનો પુત્ર રાજા પરિક્ષિત છું. મારો વિંધેલો મૃગ નાસી ગયો છે, તેને તમે જોયો છે શું?' આ પ્રમાણે પૂછ્યું તોપણ મૌન વ્રતમાં રહેલા તે મુનિએ રાજાને કંઇપણ ઉત્તર આપ્યો નહિ. ૨૦ ત્યારે ક્રોધ પામેલા રાજાએ ધનુષના અણિયાથી એક મરેલા સર્પને ઉપાડી ઋષિના ખભાપર નાખ્યો; તોપણ ઋષિએ તેના તરફ લક્ષ્ય આપ્યું નહિ; અને તેમણે રાજાને શુભ અથવા અશુભ કંઇ પણ કહ્યું નહિ. પછી તે ઋષિને દૃઢ સમાધિમાં જોઇને રાજાનો ક્રોધ ઉતરી ગયો અને તે વ્યથાયુક્ત થઇને પોતાના નગર પ્રત્યે ચાલ્યો ગયો તથા ઋષિ તો તેમજ બેઠા રહ્યા. આવું અપમાન થતાં પણ ક્ષમાશીલ એવા તે મહામુનિએ, ક્ષત્રધર્મપરાયણ તથા રાજાઓમાં વ્યાઘ્ર જેવા પરિક્ષિત રાજાનો પરાભવ કર્યો નહિ. ભરતકુલમાં શ્રેષ્ઠ એવા રાજશાર્દૂલ પરિક્ષિતે, મુનિ આવા ધર્મપરાયણ છે એવું ન જાણવાથીજ, તેમનું અપમાન કર્યું હતું. ૨૧-૨૪

એ શમીક ઋષિને તીવ્ર તેજવાળો, મહાતપસ્વી, મહાક્રોધવાળો, તત્કાલ પ્રસન્ન ન થાય

એવો અને મહાવ્રતવાળો શૃંગી નામનો જુવાન પુત્ર હતો. તે શૃંગી, નિયમમાં રહીને સમયે સમયે ઉત્કૃષ્ટ લોકમાં રહેલા બ્રહ્મદેવની પાસે જઇ તેમની સેવા કરતો હતો. બ્રહ્માએ આજ્ઞા આપવાથી તે પોતાને ઘેર આવતો હતો, તેવામાં હે દ્વિજશ્રેષ્ઠ ! ક્રીડા કરતા એક મિત્રે એના પિતાને ઉદ્દેશીને પરિહાસ કર્યો. તે ઋષિપુત્ર ધર્મને માટે કૃશ થયેલો હોવાથી કૃશ નામથી કહેવાતો હતો. તેનાં વચન સાંભળીને ક્રોધના આવેશથી વિષના જેવો તીક્ષ્ણ થયેલો મુનિપુત્ર શૃંગી અત્યંત ક્રોધે ભરાયો. કૃશ કહે છેઃ-'હે શૃંગી ! તું તેજસ્વી અને તપસ્વી છે; છતાં તારા પિતા ખભાપર શબને વહન કરે છે; માટે હવેથી તું ગર્વ કરીશ નહિ, તેમજ અમારા જેવા સિદ્ધ, બ્રહ્મવેત્તા અને તપસ્વી એવા ઋષિપુત્રો બોલતા હોય ત્યારે તું હવે કંઇ પણ બોલીશ નહિ.[૩૦] અહો ! તારૂં પુરુષમાનીપણું ક્યાં ગયું ? તારી તેવી ગર્વિત વાણી ક્યાં ગઇ કે જેથી આજે તું શબ ધારણ કરીને બેઠેલા તારા પિતાને જુએ છે ? હે મુનિજનમાં શ્રેષ્ઠ! તારા પિતાનો એ અપમાનના સંબંધમાં અપરાધ નથી; માટે તારા નિરપરાધી પિતાનું અપમાન જોઇ જાણે મારા પિતાનું અપમાન થયું હોય એમ માની હું આજે બહુ દુઃખિત થયો છું. ૩૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વાંતર્ગત પરિક્ષિત ઉપાખ્યાન નામનો અધ્યાય ૪૦ મો સમાપ્ત.

અધ્યાય ૪૧ મો-પરિક્ષિત રાજાને શાપ

॥ सौतिरुवाच ॥

एवमुक्तः स तेजस्वी शृंगी कोपसमन्वितः॥
मृतधारं गुरुं श्रुत्वा पर्यतप्यत मन्युना ॥१॥

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે કહ્યું ત્યારે તેજસ્વી તથા કોપન પ્રકૃતિનો શૃંગી, પોતાના પિતાને મડદું ધારણ કરતા સાંભળીને ક્રોધવડે અત્યંત તપી ઉઠયો; અને કૃશના તરફ જોઇ પ્રિય વાણી બોલતો તેને પૂછવા લાગ્યો કે, 'શા કારણથી આજે મારા પિતાએ શબને ધારણ કર્યું છે ?' કૃશ બોલ્યોઃ-મૃગિયા કરવા નીકળેલા પરિક્ષિત રાજાએ તારા પિતાના ખભા ઉપર આજે મરેલો સર્પ નાખ્યો છે.' ૩

શૃંગી બોલ્યોઃ-'હે કૃશ ! તે દુરાત્મા રાજાનું મારા પિતાએ શું અનિષ્ટ કર્યું હતું ? તે તું મને સત્યથી કહે અને પછી મારા તપનું બળ જોઇ લે.'૪

કૃશ બોલ્યોઃ-'તે અભિમન્યુનો પુત્ર પરિક્ષિત રાજા મૃગયા કરવા નીકળ્યો હતો. તેણે શીઘ્ર ગતિવાળા એક મૃગને બાણથી વિંધ્યો અને તેને મેળવવા તે તેની પાછળ એકલો દોડ્યો; પરંતુ મહાવનમાં ખોળ કરતાં પણ રાજાને મૃગનો પત્તો લાગ્યો નહિ. એવામાં તેણે મૌન વ્રતવાળા તારા પિતાને જોયા અને તેમને પૂછયું. ભૂખ્યા, તરસ્યા અને થાકથી આતુર થયેલા રાજાએ, થાંભલાની પેઠે અડગ બેઠેલા તારા પિતાને નાસી ગયેલા મૃગના સંબંધમાં વારંવાર પૂછયું; પણ મૌન વ્રતવાળા મુનિએ તેને કંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. ત્યારે રાજાએ ધનુષના અગ્રવડે એક મૃત સર્પને ઉપાડી ઋષિના ખભાપર નાખ્યો. હે શૃંગિન્ ! તોપણ નિશ્ચિત વ્રતવાળા તારા પિતા તેમ ને તેમજ બેસી રહ્યા; અને તે રાજા પોતાના હસ્તિનાપુર નામના નગરમાં ચાલ્યો ગયો.' ૯

સૂતપુત્ર કહે છેઃ-રાજાએ પોતાના પિતાના ખભાપર સર્પનું શબ નાખ્યું, એ સાંભળીને ઋષિપુત્ર શૃંગી ક્રોધવડે બળતો હોય તેમ કોપથી રક્ત નેત્રવાળો થયો; ૧૦ અને તે તેજસ્વીએ ક્રોધના આવેશથી પરવશ થઇ જલને સ્પર્શ કરી

ક્રોધાવિષ્ટ થઇને રાજાને શાપ આપ્યો. ૧૧

શૃંગી બોલ્યોઃ-જે અપરાધી રાજાએ વૃદ્ધ અને મૌનવ્રતધારી મારા પિતાના ખભાપર મરેલો સર્પ નાખ્યો છે, તે બ્રાહ્મણોનું અપમાન કરનારા અને કુરુકુલને અપયશ આપનારા પાપી રાજાને, અત્યંત ક્રોધી અને ઝેરી દાઢવાળો તથા તીવ્ર તેજસ્વી એવો સર્પોનો રાજા તક્ષક મારા વચનબળથી પ્રેરાઇને આજથી સાતમે દિવસે યમલોકમાં પહોંચાડશે. ૧-૪

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે રાજાને શાપ આપી અત્યંત ક્રોધ પામેલો શૃંગી, ગોસમૂહમાં બેઠેલા અને સર્પના શબને વહન કરતા પોતાના પિતાની પાસે ગયો, ત્યાં ખભા ઉપર મરેલા સર્પને વહન કરતા પોતાના પિતાને જોઇ, શૃંગી ફરીથી ક્રોધવડે આકુલવ્યાકુલ થઇ ગયો; અને દુઃખથી આંસુ સારતો પિતાપ્રત્યે કહેવા લાગ્યોઃ- 'હે તાત ! તે દુરાત્મા પરિક્ષિત રાજાએ તમારૂં આવું અપમાન કર્યું, તે સાંભળીને મેં તેને ક્રોધથી શાપ આપ્યો છે. કુરુકુલમાં અધમ એવો તે રાજા એ ઉગ્ર શાપને માટે યોગ્યજ છે. તે અત્યંત ક્રૂર પાપી રાજાને આજથી સાતમે દિવસે સર્પોમાં શ્રેષ્ઠ એવો તક્ષક નાગ યમરાજના સ્થાનમાં પહોંચાડશે.'

હે બ્રહ્મન્ ! આ પ્રમાણે ક્રોધે ભરાયલા પુત્રને જોઇ તેના પિતા શમીક ઋષિ કહેવા લાગ્યા. ૧૯

શમીક બોલ્યાઃ-'હે તાત! તેં મને પ્રિય લાગે એવું કર્યું નથી. ૨૦ તપસ્વીઓનો એ ધર્મ નથી. આપણે તે રાજાના દેશમાં નિવાસ કરીએ છીએ અને તેણે આપણું ન્યાયથી રક્ષણ કર્યું છે; માટે તેનો દ્રોહ કરવો મને સારો લાગતો નથી. હે પુત્ર! રાજા આપણાપ્રત્યે અયોગ્ય વર્તન કરતો હોય તોપણઆપણે તેને ક્ષમા કરવી ઘટે છે. હણેલો ધર્મ હણનારને અવશ્ય હણી નાખે છે. જો રાજા રક્ષણ કરે નહિ તો આપણને પરમ પીડા થઇ પડે; અને હે પુત્ર ! આપણે સુખપૂર્વક ધર્માચરણ કરવા પણ સમર્થ થઇએ નહિ; પરંતુ હે તાત ! જ્યારે ધર્મદષ્ટિવાળા રાજાઓવડે આપણું રક્ષણ થાય ત્યારેજ આપણે મહાન ધર્મ આચરી શકીએ અને તેમાં ધર્માનુસાર રાજાઓનો પણ ભાગ છે; માટે રાજા ગમે તેમ વર્તતો હોય તોપણ તેને ક્ષમા આપવીજ ઘટે છે. વળી પરિક્ષિત રાજા તો વિશેષે કરીને એના પ્રપિતામહ પાંડુરાજાની પેઠેજ આપણું રક્ષણ કરે છે. હે વિભુ! પ્રજાઓનું રાજાએ એવી રીતેજ રક્ષણ કરવું જોઇએ. તે તપસ્વી રાજાએ આજે ભૂખ અને શ્રમથી પીડાઇને તથા મારા મૌનવ્રતને ન જાણવાથીજ આ પ્રમાણે કર્યું છે; એમ હું માનુ છું. રાજાવિનાના રાજ્યમાં નિરંતર અનેક પીડાઓ ઉત્પન્ન થાય છે; પણ જો રાજા હોય તો ધર્મમર્યાદાનું હમેશ ઉલ્લંઘન કરનારા લોકોને અવશ્ય શિક્ષા કરે છે. લોકોમાં જ્યારે દંડની બીક હોય છે ત્યારેજ ફરી શાંતિ ઉત્પન્ન થાય છે. ઉદ્વેગ પામેલો મનુષ્યધર્મ આચરી શકતો નથી અને ઉદ્વેગ પામેલો ક્રિયા પણ કરી શકતો નથી. રાજાવડે ધર્મનું સ્થાપન થાય છે અને ધર્મથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. રાજાથી સર્વ યજ્ઞક્રિયાઓ થાય છે, યજ્ઞથી દેવતાઓ તૃપ્ત થાય છે, દેવોથી વૃષ્ટિ થાય છે, વૃષ્ટિથી ઔષધિઓ થાય છે અને ઔષધિઓથી મનુષ્યોનું સતત હિત થાય છે. ૩૦ વળી રાજ્ય કરનારો રાજા મનુષ્યોનો પોષક ગણાય છે. મનુએ કહ્યું છે કે, 'રાજા દશ શ્રોત્રિયોની બરાબર છે.' તે ભૂખ્યા અને શ્રમિત થયેલા તપસ્વી રાજાએ મારા આ મૌનવ્રતને ન જાણવાથી આજે આ કામ કર્યું છે, એમ હું માનું છું. હે પુત્ર! તેં અવિવેકથી આ દુષ્કૃત્ય સહસા શામાટે કર્યું ? સર્વથા તે રાજા આપણાથી શાપ પામવાને યોગ્ય નથીજ. ૩૪

ઇતિ શ્રીમ ાભારતમાં આદિપર્વાંતર્ગત
આસ્તીકપર્વવિષે પરિક્ષિતશાપ નામનો
અધ્યાય ૪૧ મો સમાપ્ત.

અધ્યાય ૪૨ મો

શાપની સૂચના, રાજાએ લીધેલા ઉપાયો અને કાશ્યપ તથા તક્ષકનો સમાગમ

॥ शृंग्युवाच ॥

यद्येतत्साहसं तात यदि वा दुष्कृतं कृतम् ॥
प्रियं वाऽप्यप्रियं वा ते वागुक्ता न मृषाभवेत्॥

શૃંગી બોલ્યો:-હે તાત ! જો એ સાહસ અથવા દુષ્કર્મ કરેલું ગણાતું હોય, વળી તે તમને પ્રિય હોય કે અપ્રિય હોય, તોપણ હું બોલ્યો છું તે વાણી મિથ્યા થશે નહિ. હે પિતા! હું આપને કહું છું કે શાપ અન્યથા થવાનો નથી. હું મશ્કરીમાં પણ મિથ્યા વચન બોલતો નથી, તો શાપ આપતાં તો મિથ્યા બોલુંજ કેમ ? ૧ ૨

શમીક કહે છે:-હે વત્સ ! તું ઉગ્ર પ્રભાવ વાળો તથા સત્યવાદી છે. તે હું જાણું છું. વળી પહેલાં પણ કોઇ વાર તું અસત્ય બોલ્યો નથી, એટલે તારી આ વાણી પણ મિથ્યા થવાની નથી; તથાપિ પ્રૌઢવયનો પુત્ર થયો હોય ત્યારે પણ જે રીતે તે ગુણયુક્ત થાય અને મહાન યશ મેળવે, તે રીતે તેને પિતાએ ઉપદેશ આપવોજ જોઇએ. તોપછી તું તો બાલવયનો અને તપના સંસ્કારથી યુક્ત છે; માટે તને ઉપદેશ આપવો એમાં શું આશ્ચર્ય ! યોગનાં ઐશ્વર્યો ધરાવનારા મહાત્માઓનો કોપ અતિશય વૃદ્ધિ પામે છે; માટે હે ધર્મધારીમાં શ્રેષ્ઠ ! તારૂં પુત્રપણું, બાલપણું અને સાહસ જોઇને તારાપ્રત્યે મારે કહેવું જોઇએ. એમ હું માનું છું; અને કહું છું કે, તું શાંતિપરાયણ થઇને વનનાં ફલફૂલનો આહાર કર અને આ ક્રોધને હણીને વર્તન કર. પારલૌકિક હિતને માટે યત્ન કરનારા યતિના દુઃખથી સંચય કરેલા ધર્મનો ક્રોધ હરણ કરે છે; એટલે ધર્મથી વિહીન થયેલાઓને ઇષ્ટ ગતિ મળતી નથી. ક્ષમાશીલ યતિઓને શાંતિજ સિદ્ધિ આપનારી છે; અને ક્ષમાવાળાને આ લોક તથા પરલોક બન્ને સુલભ છે,માટે તું ક્ષમાશીલ થઇ ઇંદ્રિયોને જીતીને સતત વર્તન કર. ક્ષમા રાખવાથી બ્રહ્મલોકની નિકટના ક્રમમુક્તિ આપનારા લોકને તું પ્રાપ્ત થઇશ.૧૦ હે તાત ! મારેમાટે તો શાંતિનો આશ્રય કરી, આજે જે કરી શકાય એવું છે તે હું કરીશ. રાજાને સંદેશો પહોંચાડનાર મોકલીને હું કહાવું છું કે, 'હે રાજન્ ! તમારાથી થયેલું મારૂં અપમાન જોઇને ક્રોધી તથા અલ્પબુદ્ધિવાળા મારા બાલક પુત્રે તમને શાપ આપ્યો છે. ૧૧-૧૨

સૌતિ કહે છે:-આ પ્રમાણે ઉપદેશ આપીને દયાયુક્ત થયેલા તે મહા તપસ્વી તથા ઉત્તમ વ્રતવાળા શમીક ઋષિએ પોતાના શીલસંપન્ન તથા સાવધાન એવા ગૌરમુખ નામના એક શિષ્યને, પોતાના તરફથી રાજાને કુશલપ્રશ્ન પૂછવાનું તથા કાર્યવૃત્તાંત જણાવવાનું કહીને રાજા પાસે મોકલ્યો. તે શિષ્ય કુરુકુલની વૃદ્ધિ કરનારા પરિક્ષિત રાજાના ભવનમાં શીઘ્ર ગયો અને દ્વારપાલોએ પ્રથમ રાજાને નિવેદન કર્યા પછી તુરત નરેંદ્રપાસે પહોંચ્યો. રાજાએ તે ગૌરમુખ બ્રાહ્મણનું પૂજન કર્યું. પછી તેણે વિશ્રાંતિ લઇને શમીક ઋષિએ કહેલાં સઘળાં ઘોર વચન રાજાને તેના મંત્રીના સમીપમાં કહેવા માંડયાં.

ગૌરમુખ બોલ્યો:-'હે રાજેંદ્ર ! તમારા દેશમાં પરમ ધર્માત્મા. શાંત, ઇંદ્રિયનિગ્રહવાળા અને મહા તપસ્વી એવા શમીક નામના ઋષિ રહે છે. હે પુરુષવ્યાઘ્ર ! તે ઋષિ મૌનવ્રતમાં હતા, ત્યારે તમે ધનુષના અગ્રથી મૃત સર્પને લઇ તે ઋષિના ખભાપર નાખ્યો હતો. તમારા તે કર્મને માટે તેમણે ક્ષમા આપી છે; પણ તેમના પુત્રે તે સહન કર્યું નહિ. હે રાજેંદ્ર ! તેણે પોતાના પિતાની અજાણમાં તમને આજે શાપ આપ્યો છે, જેથી સાતમી રાત્રિએ તક્ષક સર્પ તમારૂં મૃત્યુ કરશે; માટે તમે તમારા રક્ષણને સારૂ ઉપાય કરો, એમ ઋષિએ વારંવાર કહ્યું છે. બીજા કોઇથી પણ તે શાપ અન્યથા કરી શકાય તેમ નથી. ક્રોધ પામેલા તે પુત્રને વશ કરવા ઋષિ પોતે પણ અશક્ત છે; માટે હે રાજન્ ! તમારૂં હિત ઇચ્છતા શમીક

ઋષિએ મને તમારી પાસે મોકલ્યો છે.’[૧૩–૨૨]

સૌતિ કહે છેઃ–આવાં ઘોર વચન સાંભળીને કુરુકુલને આનંદ આપનારો મહા તપસ્વી તે રાજા પોતે તેવું પાપકર્મ કર્યું તેથી અત્યંત સંતાપ કરવા લાગ્યો. વળી વનમાં રહેતા તે ઋષિવરને મૌનવ્રતવાળા સાંભળીને તો રાજાનું મન બહુ શોકથી તપી ઉઠ્યું. તેમજ શમીક ઋષિના દયાળુપણાનો વિચાર કરીને તથા તેમનાપ્રત્યે પોતે કરેલા અપરાધનું સ્મરણ કરીને રાજા વિશેષ સંતાપ કરવા લાગ્યો. દેવસમાન રાજાને તે પાપકર્મ કરવાથી જેવો સંતાપ થયો, તેવો સંતાપ તક્ષકથી થનારા પોતાના મૃત્યુને સાંભળીને પણ થયો નહિ. તે પછી રાજાએ ગૌરમુખને વિદાય કરતાં કહ્યું કે, ‘ભગવાન શમીકે મારા ઉપર અધિક કૃપા કરવી.’ પછી ગૌરમુખ ત્યાંથી ગયા તે વખતેજ ખિન્ન મનવાળા રાજાએ મંત્રીઓની સાથે વિચાર કર્યો અને મંત્રીઓની સલાહ લીધા પછી વિચારના રહસ્યને જાણનારા રાજાએ એક થાંભલા ઉપર રહેલો સુરક્ષિત મહેલ કરાવ્યો; તથા ત્યાં વૈદ્યો, ઔષધો અને મંત્રસિદ્ધ બ્રાહ્મણોની ચોતરફ યોજના કરી તે સ્થાનનું રક્ષણ કરવા માંડ્યું.[૩૦] પછી ચોતરફથી રક્ષણ કરાએલો ધર્મજ્ઞ રાજા તે મહાલયમાં રહીનેજ મંત્રીઓની સાથે સઘળાં રાજકાર્યો કરવા લાગ્યો. એ મહેલમાં રહેલા રાજાઓમાં શ્રેષ્ઠ એવા પરિક્ષિતને જોવા પણ કોઇ સમર્થ થતું નહિ; એટલુંજ નહિ પણ એમાંથી બહાર નીકળેલો પવન પણ પાછો પ્રવેશ કરતાં રોકાતો હતો.[૩૧–૩૨]

હવે જ્યારે સાતમો દિવસ આવ્યો, ત્યારે તે રાજાનું વિષ ઉતારવા માટે દ્વિજોમાં શ્રેષ્ઠ એવો કાશ્યપ નામનો વિદ્વાન બ્રાહ્મણ ત્યાં આવવા નીકળ્યો. તેણે સાંભળ્યું હતું કે રાજેંદ્ર પરિક્ષિતને સર્પરાજ તક્ષક યમલોકમાં પહોંચાડશે; તેથી તેણે વિચાર્યું કે, ‘સર્પરાજ તક્ષકે ડશેલા તે રાજાનું વિષ ઉતારી હું તેને સ્વસ્થ કરીશ. તેમ કરવાથી મને ધન અને ધર્મ બન્નેનો લાભ થશે.’ આવો વિચાર કરતો કાશ્યપ એકાગ્ર મનથી માર્ગે જતો હતો, એટલામાં તેને નાગરાજ તક્ષકે જોયો. વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઇને તે નાગેંદ્ર, મુનિશ્રેષ્ઠ કાશ્યપને કહેવા લાગ્યોઃ–‘હે ઋષિ! તમે આટલી ત્વરાથી ક્યાં જાઓ છો? અને શું કાર્ય કરવા ધારો છો?’[૩૬]

કાશ્યપ કહે છેઃ–‘કુરુકુલમાં ઉત્પન્ન થયેલા, શત્રુનિબર્હણ પરિક્ષિત રાજાને આજે સર્પરાજ તક્ષક પોતાના વિષથી દગ્ધ કરશે. હે સૌમ્ય! હું સર્પથી ડશેલા, અગ્નિસમાન તેજવાળા, પાંડવોના કુળને પ્રવર્તાવનારા અને અમિત બલવાળા તે રાજાનો વિષજ્વર તત્કાલ ઉતારવા માટે ઉતાવળો તેમની પાસે જાઉં છું.’[૩૯]

તક્ષક બોલ્યોઃ–‘હે બ્રહ્મન્! તે તક્ષક હું પોતેજ છું અને તે રાજાને હુંજ ડશવાનો છું, માટે તમે પાછા જાઓ; કારણ કે મારા કરડેલાની ચિકિત્સા કરવા તમે સમર્થ થશો નહિ.’[૪૦]

કાશ્યપ બોલ્યાઃ–‘હું તે રાજા પાસે જઇશ અને તારા ડશેલા રાજાને નિર્વિષ કરીશ. વિદ્યાબલથી સંપન્ન એવી મારી બુદ્ધિનો એ નિશ્ચય છે.’[૪૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે કાશ્યપાગમન નામનો અધ્યાય ૪૨ મો સમાપ્ત.

અધ્યાય ૪૩ મો–રાજાને સર્પદંશ

॥ तक्षक उवाच ॥

यदि दष्टं मयेह त्वं शक्तः किंचिच्चिकित्सितुम्॥
ततो वृक्षं मया दष्टमिमं जीवय काश्यप ॥१॥

તક્ષક બોલ્યોઃ–‘હે કાશ્યપ! મારા ડશેલાની ચિકિત્સા કરવા જો તમારી કંઇ પણ શક્તિ હોય તો આ મારા ડશેલા વૃક્ષને તમે સજીવન કરો; અને તમારૂં જે ઉત્કૃષ્ટ મંત્રબલ હોય તે દર્શાવવા યત્ન કરો. હે દ્વિજોત્તમ! તમારા જોતાંજ આ વડના ઝાડને હું દગ્ધ કરૂં છું.’[૧–૨]

કાશ્યપ કહે છેઃ–‘હે નાગેંદ્ર! તારૂં એમ

માનવું હોય તો ભલે તું એ ઝાડને દંશ કર. પછી હે ભુજંગમ !તારા ડશેલા એ ઝાડને હું જીવાડીશ. ’[૩]

સૌતિ કહે છેઃ–આ પ્રમાણે મહાત્મા કાશ્યપે નાગેંદ્રને કહ્યું, ત્યારે તે સર્પરાજ તક્ષક વડના ઝાડની પાસે જઇ તેને કરડ્યો મહાબલવાળા તક્ષક સર્પે દંશ કરતાંજ તે ઝાડને સર્પનું તીવ્ર વિષ ચઢ્યું અને તે ચોમેરથી સળગી ઉઠ્યું. આમ તે વૃક્ષને બાળ્યા પછી ફરીથી તક્ષકે કાશ્યપને કહ્યું કે, ‘ હે દ્વિજશ્રેષ્ઠ ! હવે તમે યત્ન કરો અને આ વનસ્પતિને જીવાડો. ’[૪–૬]

સૂતપુત્ર કહે છેઃ–તે પછી નાગેંદ્રના તેજથી ભસ્મ થયેલા તે ઝાડની સર્વ ભસ્મ એકઠી કરીને કાશ્યપ કહેવા લાગ્યાઃ–‘હે પન્નગેંદ્ર ! આજે આ વનસ્પતિમાં મારાં વિદ્યાબલને તું જોઈ લે. હે ભુજંગમ ! તારા દેખતાં હું એને હમણાં જીવાડું છું.’ આમ કહ્યા પછી તે દ્વિજોમાં ઉત્તમ અને વિદ્વાન એવા ભગવાન કાશ્યપે, ભસ્મના ઢગલારૂપ થયેલા તે ઝાડને પોતાની વિદ્યાથી જીવાડ્યું. પ્રથમ તે ભસ્મમાં અંકુર ઉત્પન્ન કર્યો, પછી તેને બે પત્રવાળું કર્યું, તે પછી પાંદડાં, ડાળીઓ વગેરે આવી તે વૃક્ષ પહેલાંના જેવું તૈયાર થઈ ગયું.[૧૦] તે વૃક્ષને મહાત્મા કાશ્યપે જીવાડેલું જોઇને તક્ષક બોલ્યો કે, ‘ હે બ્રહ્મન્ ! હે દ્વિજેંદ્ર ! સર્વશક્તિસંપન્ન એવા તમો મારૂં અથવા મારા જેવાનું વિષ ઉતારી શકો એમાં હવે કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. હે તપોધન ! તમે શા અર્થની લાલસાથી ત્યાં રાજાની પાસે જાઓ છો ? તે મહારાજાની પાસેથી તમે જે ઇચ્છિત ફલ મેળવવા જતા હો તે ફલ દુર્લભ હશે તોપણ હુંજ તમને તે આપીશ. વળી હે વિપ્ર! બ્રાહ્મણના શાપથી પરાભવ પામેલા અને ક્ષીણ આયુષ્યવાળા તે રાજાને જીવાડવા માટે તમે યત્ન કરશો તોપણ ત્યાંતમારી સિદ્ધિ સંશયગ્રસ્ત છે; અને તેથી ત્રણ લોકમાં પ્રસરેલો તમારો ઝળહળતો યશ, રાહુ વગેરેથી પ્રતિહત પ્રભાવાળા સૂર્યની પેઠે અહીંથીજ અતંર્હિત થઈ જશે. ’[૧૧–૧૫]

કાશ્યપ કહે છેઃ–‘ હે ભુજંગમ ! હું ધનની ઇચ્છાથી ત્યાં જાઉં છું. જો તું મને તે આપીશ તો હું તે સુવર્ણ લઇને અહીંથીજ પાછો જઇશ. ’

તક્ષક બોલ્યોઃ–‘ હે દ્વિજોત્તમ ! તે રાજા પાસેથી જેટલું ધન તમે મેળવવા ધારો છો, તેનાથી અધિક ધન હુંજ આપું છું, તે લઇને તમે અહીંથીજ નિવૃત્ત થાઓ. ’[૧૬–૧૭]

સૌતિ કહે છેઃ–તક્ષકનાં વચન સાંભળીને બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા બુદ્ધિમાન કાશ્યપે, રાજાના આયુષ્યને ધ્યાન ધરીને જોયું અને તે વખતે દિવ્ય જ્ઞાનવાળા એ તેજસ્વી કાશ્યપ ઋષિને પાંડુવંશોદ્ભવ રાજા પરિક્ષિતનું આયુષ્ય ક્ષીણ થઇ ગયેલું જણાયું; એટલે મુનિવર કાશ્યપ, તક્ષક પાસેથી ઇચ્છા પ્રમાણે ધન મેળવી ત્યાંથીજ પાછા વળ્યા. તે મહાત્મા કાશ્યપના જવા પછી સંકેત પ્રમાણે તક્ષક તત્કાલ હસ્તિનાપુર નગરપ્રત્યે ચાલ્યો. માર્ગે જતાં તક્ષકે સાંભળ્યું કે, વિષહારક મંત્રો તથા ઔષધોથી પૃથ્વીપતિ રાજાનું પ્રયત્નવડે રક્ષણ કરાયલું છે.

સૌતિ કહે છેઃ–તે પછી તેણે વિચાર કર્યો કે, ‘ મારે માયા કરીને રાજાને છેતરવો જોઇએ; પણ તે માટે મારે શો ઉપાય કરવો ?’ પછી તક્ષકનાગે તપસ્વીઓના રૂપમાં પોતાના સર્પોને ફલ, દર્ભ તથા જલ લઇને રાજાની પાસે મોકલવા ધાર્યા; અને પછી તેમને બોલાવીને કહ્યું કે, ‘તમે સઘળા મન સ્થિર રાખીને કંઇક કાર્યના નિમિત્તથી ફલ, પુષ્પ તથા જળ લઇને તે રાજાની પાસે તેમને આપવા જાઓ. ’

સૌતિ કહે છેઃ–તે પછી તક્ષકની આજ્ઞાપ્રમાણે તે સઘળા સર્પોએ તેમ કર્યું; અને દર્ભ, ફલ તથા જલ રાજાની આગળ લઇ ગયા. વીર્યવાન રાજેંદ્ર પરિક્ષિતે તે સઘળું સ્વીકારી લીધું અને તેઓનાં કાર્યો કરીને ‘હવે તમે જાઓ’ એ પ્રમાણે તેમને કહ્યું; એટલે તપસ્વીઓના કપટવેષધારી તે નાગો ત્યાંથી ચાલ્યા ગયા. તે પછી પરિક્ષિત રાજાએ પોતાના પ્રધાનો અને મિત્રોને કહ્યું કે, ‘તપસ્વીઓએ આણેલાં આ સ્વાદિષ્ટ ફલો તમે બધા મારી સાથે ભક્ષણ કરો.’ આમ કહીને રાજાએ પ્રધાનોની સાથે તે ફલ ભક્ષણ કરવાની ઇચ્છા કરી અને વિધિ તથા ઋષિના શાપથી પ્રેરાયલા રાજાએ જે ફલમાં તક્ષક નાગ ભરાયલો હતો તેજ

ફલ પોતે ભક્ષણ કરવા માંડ્યું. હે શૌનક ! તે ફલ ભક્ષણ કરતાંજ તેમાંથી એક સૂક્ષ્મ કીડો નીકળ્યો, જે ઘણોજ નાનો, કાળી આંખોવાળો અને લાલ રંગનો હતો. તે કીડાને પકડી રાજેંદ્ર પરિક્ષિત પ્રધાનોને આ પ્રમાણે કહેવા લાગ્યો:–'સૂર્ય અસ્ત પામે છે, હવે આજે મને વિષનો ભય નથી, તો આ કીડોજ તક્ષક થઇને મને કરડો; જેમ થવાથી મારા દોષનો પરિહાર થશે અને તે મુનિનું વચન પણ સત્ય થશે.' આ સાંભળી કાલવડે પ્રેરાયલા મંત્રીઓ પણ રાજાને અનુસર્યા. આમ કહ્યા પછી મરવાની તૈયારી હોવાથી જેની બુદ્ધિ નષ્ટ થઈ છે, એવા રાજેંદ્ર પરિક્ષિત તે કીડાને ગળા ઉપર મૂકી, તુરત તેને હસવા લાગ્યો. રાજા હસતો હતો તેજ વખતે એ રાજાને જે ફલ નિવેદન કર્યું હતું, તે ફલમાંથી નીકળી તક્ષકના મોટા દેહે રાજાનો કંઠ વીંટી લીધો અને વીંટાયલો સર્પરાજ તક્ષક, મોટી ગર્જના કરી વેગવડે રાજાને કરડ્યો.[૩૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે તક્ષકદંશ નામનો અધ્યાય ૪૩ મો સમાપ્ત.

અધ્યાય ૪૪ મો–જનમેજયને રાજ્યાભિષેક

॥ सौतिरुवाच ॥
ते तथा मंत्रिणो दृष्ट्वा भोगेन परिवेष्टितम् ॥
विषण्णवदनाः सर्वे रुरुदुर्भृशदुःखिताः ॥१॥

સૂત કહે છે:–આ પ્રમાણે સર્પના દેહથી વીંટાયલા રાજાને જોઇને સઘળા મંત્રીઓનાં મુખ ઉતરી ગયાં અને અત્યંત દુઃખિત થઇને તેઓ રડવા લાગ્યા; એટલુંજ નહિ પણ તક્ષકનો ફુંફાડો સાંભળીને તો તે મંત્રીઓ ત્યાંથી નાસવા લાગ્યા. તે વખતે શોકગ્રસ્ત થયેલા તેઓએ, આશ્ચર્યકારક અને સર્પોમાં શ્રેષ્ઠ એવા અંતરિક્ષમાં જતા તક્ષક નાગને જોયો; જે રક્ત વર્ણનો હોવાથી આકાશમાં લાલ સિંદૂરી રંગનો સેંથો પાડતો હોય તેવો જણાતો હતો. તે પછી તક્ષક નાગના વિષથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે ચોમેરથી વીંટાયલા તથા બળતા એવા તે રાજમહેલને છોડી દઇને તેઓ દિશાઓમાં નાસવા લાગ્યા; અને રાજા તો વજ્રથી હણાયો હોય તેમ પૃથ્વી ઉપર ઢળી પડ્યો. પછી તક્ષકના ઝેરથી મૃત્યુ પામેલા તે રાજાની તેમના મંત્રીઓએ તથા પવિત્ર રાજપુરોહિતે સઘળી પારલૌકિક ક્રિયાઓ કરી; તથા સઘળા નગરવાસી જનોએ એકત્રિત થઇને પરિક્ષિત રાજાના બાલકપુત્રને રાજગાદીએ બેસાડ્યો. શત્રુઓને હણનારા તે કુરુપ્રવીર રાજાનું લોકો જનમેજય એવું નામ કહેતા હતા. બાલવયમાં પણ આર્ય બુદ્ધિવાળો તે જનમેજય રાજા, મંત્રીઓ તથા પુરોહિતોને સાથે રાખીને એના પ્રપિતામહ અને કુરુકુલમાં મુખ્ય એવા વીર યુધિષ્ઠિરની પેઠે રાજ્ય ચલાવવા લાગ્યો. તે પછી જનમેજય રાજાના મંત્રીઓ, શત્રુઓને તાપ આપે એવા પોતાના રાજાને જોઇને, કાશીના રાજા સુવર્ણવર્માની પાસે ગયા અને તેઓએ તેમની વપુષ્ટમા નામની કન્યાનું જનમેજયને માટે માગું કર્યું- ત્યારે કાશીના રાજાએ કુમારની પરીક્ષા કરીને કુરુપ્રવીર જનમેજયને ધર્મવિધિ પ્રમાણે પોતાની કન્યા પરણાવી. જનમેજય રાજા પણ તેને મેળવીને હર્ષિત થયો અને તેણે અન્ય નારી તરફ કદાપિ મન પરોવ્યું નહિ.[૧-૯]

તે પછી વીર્યવાન રાજેંદ્ર જનમેજયે, પૂર્વે ઉર્વશીને પામીને પુરુરવા જેમ વિહાર કરતો હતો તેમ સરોવરો અને પ્રફુલ્લિત થયેલાં વનોમાં પ્રસન્ન ચિત્તથી વિહાર કરવા માંડ્યો.[૧૦] પતિવ્રતા વપુષ્ટમા પણ ઇચ્છવાયોગ્ય રાજાને પતિતરીકે મેળવીને બહુ આનંદ પામી અને તે અંતઃપુરની સુંદરી, અત્યંત સ્નેહપૂર્વક વિહારસમયમાં નૃપતિને રમણ કરાવવા લાગી.[૧૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે જનમેજયરાજ્યાભિષેક નામનો અધ્યાય ૪૪ મો સમાપ્ત.

અધ્યાય ૪૫ મો—જરત્કારુને પિતૃઓનું દર્શન

॥ सौतिरुवाच ॥

**एतास्मिन्नेव काले तु जरत्कारुर्महातपाः॥
चचार पृथिवीं कृत्स्नां यत्र सायंगृहो मुनिः॥१॥**

સૂતપુત્ર કહે છેઃ—એજ સમયમાં મહા તપસ્વી જરત્કારુ મુનિ આખી પૃથ્વી ઉપર ફરતા હતા અને જ્યાં સાંજ પડે ત્યાંજ નિવાસ કરતા હતા. તે મહા તેજસ્વી, અજિત મનવાળા મનુષ્યોથી પાળી ન શકાય એવી દીક્ષા ધારણ કરીને પુણ્યતીર્થોમાં સ્નાન કરતા કરતા ફરતા હતા. તે મુનિ, માત્ર વાયુનું ભક્ષણ કરી બીજો આહાર કરતા નહિ હોવાથી રોજ રોજ શરીરે સૂકાતા જતા હતા. એક વખતે તેમણે એક ખાડામાં માત્ર એક તાંતણો જેનો બાકી રહેલો એવા વીરણના ભોથાને વળગીને ઉંધે માથે લટકતા પોતાના પિતૃઓને જોયા. વળી તે તાંતણાને દરમાં રહેલો ઉંદર ધીરે ધીરે કરડતો હતો. આ રીતે નિરાહાર, સૂકાયલા અને દીન બનેલા તથા ખાડામાં પડતાં પોતાના રક્ષણને ઇચ્છતા એવા તે કંગાલ પિતૃઓને જોઈ, તેમની પાસે જઇને દીનરૂપ થયેલો જરત્કારુ પૂછવા લાગ્યો કેઃ—"દરમાં રહેલા ઉંદરે જેનાં મૂળ કરડી ખાવાથી દુર્બલ થયેલા, આ વીરણના ભોથાનો આશ્રય કરીને લટકતા એવા તમે કોણ છો? વળી એ વીરણના ભોથાનું જે એક મૂળીઉં બાકી રહેલું છે તેને પણ આ ઉંદર પોતાના તીવ્ર દાંતોવડે ધીરે ધીરે કરડે છે; અને તે હવે થોડું બાકી રહેલું હોવાથી તેને પણ થોડા સમયમાંજ એ કાપી નાખશે; એટલે તમે બધા જરૂર આ ખાડામાં નીચે માથે પડી જશો. આવી આ દુસ્તર આપત્તિને પામેલા અને ઉંધે માથે લટકતા એવા તમને જોઈને મને દુઃખ ઉત્પન્ન થાય છે; માટે હું તમારૂં શું પ્રિય કરૂં, તે મને કહો. મારા તપના ચતુર્થાંશથી, તૃતીયાંશથી અથવા તો અર્ધાંશથી પણ તમારી આ આપત્તિ દૂર થતી હોય તો તમે મને તત્કાલ કહો;[૧૦] અથવા મારા સમગ્ર તપથી પણ તમે વિપત્તિરહિત થાઓ. આપ સઘળા આ સંબંધમાં અવશ્ય એમજ કરો."[૧૧]

પિતૃઓ બોલ્યાઃ—તમે વૃદ્ધ બ્રહ્મચારી છો અને તપના બલથી અમારૂં રક્ષણ કરવા ધારો છો; પરંતુ હે વિપ્રમાં અગ્રણી! અમારૂં કષ્ટ તપથી નિવૃત્ત કરી શકાય તેવું નથી.હે વક્તાઓમાં શ્રેષ્ઠ! હે તાત! તપનું ફલ તો હજી અમારૂંએ બાકી છે; પણ અમારી સંતતિનો ક્ષય થવાથી અમે અપવિત્ર નરકમાં પડીએ છીએ. પિતામહ બ્રહ્મા કહે છે કે, 'સંતાન એ પરમ ધર્મ છે.' હે વત્સ! અમે આ ખાડામાં લટકીએ છીએ તેથી અમારૂં જ્ઞાન બહેર મારી ગયું છે;જેથી અમે લોકોમાં વિખ્યાત પુરુષાર્થવાળા તમને પણ ઓળખી શકતા નથી. હે દ્વિજ! વૃદ્ધ અને મહાભાગ્યશાળી એવા તમે, શોચનીય દશાવાળા તથા અત્યંત દુઃખિત એવા અમારો દયાથી શોક કરો છો, તો અમે કોણ છીએ, તે તમે સાંભળો. અમે યાયાવર નામના ઉત્તમ વ્રતવાળા ઋષિઓ છીએ. હે મુને! સંતાનનો ક્ષય થવાથી અમે પુણ્યલોકથી ભ્રષ્ટ થઈ અહીં આવ્યા છીએ. અમારૂં તીવ્ર તપ નષ્ટ થઈ ગયુ છે; કારણ કે અમારા વંશનો વેલો નષ્ટ થવા માંડ્યો છે. હમણાં માત્ર જે એક તાંતણો છે તે પણ નહિ જેવોજ છે; કારણ કે અમારાં અલ્પભાગ્યથી તે મંદભાગી માત્ર તપજ કર્યા કરે છે. તે જરત્કારુ નામથી પ્રસિદ્ધ છે. તે વેદ તથા વેદાંગના પારને પામેલો છે, તેણે પોતાનું મન જીતેલું છે, તે ઉત્તમ વ્રતવાળો, મહાન તપ કરનારો અને મહાત્મા છે. ખરેખર તેણે તપના લોભથીજ અમને આ દુર્દશામાં નાખ્યા છે.તેને સ્ત્રી,પુત્ર અથવા બંધુ કોઈજ નથી,[૨૦] તેથી અમે ભાનવિનાના થઇને અનાથની પેઠે આ ખાડામાં લટકીએ છીએ. જો તમે તેને કયાંય પણ જુઓ તો અમારાપર દયા લાવીને તેને કહેજો કે, 'તારા પિતૃઓ દીન થઇને ઉંધે માથે ખાડામાં લટકે છે; માટે કોઈ સારી કન્યા સાથે તું લગ્ન કર અને પ્રજા ઉત્પન્ન કર; કારણ કે અમારા કુલનો તંતુ તે એકજ બાકી

રહેલો છે. હે બ્રહ્મન્! તમે જે વીરણના ભોથાને વળગીં રહેલા અમોને જુઓ છો, તે સ્વકુલની વૃદ્ધિ કરનારૂં અમારા કુલનું ભોથું છે. હે બ્રાહ્મણ! એ વનસ્પતિનાં જે મૂળિયાં ખવાઈ ગયેલાં તમે જુઓ છો, એ અમારા તંતુઓને ચોતરફથી કાલે કરડી ખાધા છે; અને હે બ્રહ્મન્! જે આનું અર્ધું ભક્ષણ કરેલું મૂળિયું તમે જુઓ છો કે જેને આધારે અમે ખાડામાં લટકીએ છીએ, તે અમારો એકજ પુત્ર છે અને તે તપ કરે છે. હે બ્રહ્મન્! તમે જે ઉંદરને જુઓ છો તે મહા બલવાન કાલ છે. તે કાલ, અદીર્ઘદષ્ટિવાળા અને તપશ્ચર્યાપરાયણ મંદ જરત્કારુને પીડતો ધીરે ધીરે ક્ષીણ કરે છે. તે મંદાત્મા અને ભાનવિનાના જરત્કારુને અમે તપ કરીને મેળવ્યો છે. હે સત્તમ! કાલવડે હતચિત્ત થયેલા અને છિન્નમૂલ થઇને ભ્રષ્ટ થતા એવા અમને હવે તેનું તપ તારી શકશે નહિ. જેમ પાપીઓ લટકીને પડતા હોય, તેમ અમે પણ લટકતા નીચે જઇએ છીએ. અમારા તરફ તમે જુઓ. બંધુઓની સાથે અમે બધા પડીશું એટલે કાલથી હણાયલો તે પણ જરૂર નરકમાંજ પડવાનો; કારણ કે તપ, યજ્ઞ અથવા બીજું જે કંઈ મહાન પવિત્ર ગણાતું હોય, તે સર્વ ગૌણ કહેવાય છે. હે તાત! તે બધું સંતતિની સમાન ગણાતું નથી; માટે હે તાત! હે તપરૂપી ધનવાળા! તમે જરત્કારુને જ્યારે જુઓ ત્યારે અહીં જે જોયું છે તે બધું તેને કહેજો. જે રીતે તે સ્રીનું પાણિગ્રહણ કરે અને પુત્રો ઉત્પન્ન કરે તે રીતે તમે અમારા નાથ થઇને તેને કહેજો. હે સત્તમ! અમે બધા તેના કુટુંબીઓ છીએ, તેમાં જાણે અમારૂં કુલ તે તમારૂં પોતાનુંજ કુલ હોય તેમ બંધુની પેઠે અમારો શોક કરનાર તમે કોણ આવીને ઉભા છો, તે અમે બધા સાંભળવા ઇચ્છા કરીએ છીએ. ૨૧-૩૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે જરત્કારુ પિતૃદર્શન નામનો અધ્યાય ૪૫ મો સમાપ્ત.

અધ્યાય ૪૬ મો—વાસુકિને જરત્કારુ ઋષિનો સમાગમ

। सौतिरुवाच ।

एतच्छुत्वा जरत्कारुर्भृशं शोकपरायणः ॥

उवाच तान् पितृन्दुःखाद्बाष्पसंदिग्धया गिरा॥

સૌતિ કહે છેઃ-આ પ્રમાણે પિતૃઓનાં વાક્ય સાંભળીને જરત્કારુને ઘણો શોક થયો અને તે દુઃખનાં અશ્રુથી ગદ્‌ગદિત થયેલી વાણીવડે પોતાના પિતૃઓને કહેવા લાગ્યો. ૧

જરત્કારુ કહે છેઃ—"તમે બધા મારા પૂર્વપિતામહોસહિત પિતૃઓ છો; માટે તમારૂં પ્રિય થવાને હું શું કરૂં? તે મને કહો. તમારો જરત્કારુ નામનો અપરાધી પુત્ર તે હુંજ છું. હું અકૃતહૃદયવાળો અને દુષ્ટ કૃતિવાળો છું, માટે તમે મને શિક્ષા કરો." ૩

પિતૃઓ બોલ્યાઃ—'હે પુત્ર! આ સ્થાનમાં દૈવેચ્છાથી અનાયાસેજ તું આવી પહોંચ્યો તે સારૂં થયું. હે બ્રહ્મન્! તેં શામાટે લગ્ન કર્યું નથી?' ૪

જરત્કારુ બોલ્યોઃ—'હે પિતૃઓ! મારા મનમાં એજ વિચાર નિત્ય રહેલો છે કે, જીવતાં સુધી બ્રહ્મચર્ય પાળીને અવશ્ય આ શરીરને હું સ્વર્ગમાં પહોંચાડું; તેથી લગ્ન કરવું નહિ, એવો મારા મનમાં નિશ્ચય હતો; પરંતુ હે પિતામહો! તમને આમ પક્ષીની પેઠે લટકતા જોઇને મેં મારી બુદ્ધિને બ્રહ્મચર્યથી પાછી વાળી છે. હવે તમારૂં પ્રિય કરવા માટે હું નિશ્ચય લગ્ન કરીશ; પરંતુ મને જ્યારે ભિક્ષાની પેઠે પોતાની મેળે આવેલી અને મારા સમાન નામવાળી તથા જેનું પોષણ મારે કરવું પડે નહિ એવી કન્યા મળશે, ત્યારે તેવી કન્યાની સાથે હું લગ્ન કરીશ. હે પિતામહો! જો આવા સંયોગો હશે તોજ હું લગ્ન કરીશ, નહિ તો નહિ કરૂં. આ હું સત્ય કહું છું. તે કન્યાથી તમારા ઉદ્ધારને માટે પુત્ર ઉત્પન્ન થશે, જેથી તમે મારા પિતૃઓ નિત્ય અને અક્ષય સુખવાળા થઇને સ્વર્ગમાં રહેશો.' ૧૦

સૌતિ કહે છેઃ–આ પ્રમાણે પિતૃઓને કહીને જરત્કારુ મુનિ પૃથ્વીમાં ફરવા લાગ્યા. હે શૌનક! એને વૃદ્ધ ધારીને કોઈ કન્યા આપતું ન હતું. જ્યારે પિતૃઓના પ્રેરેલા એ મુનિને કંટાળો આવ્યો ત્યારે તે અરણ્યમાં જઇને અત્યંત દુઃખિત થઈ ઘાંટો કાઢીને રડવા લાગ્યા. અરણ્યમાં ગયેલા તે પ્રાજ્ઞ મુનિ ધીરે ધીરે ત્રણ વાર બોલ્યા કે, 'પિતૃઓના હિતને માટે હું કન્યાની યાચના કરૂં છું. જે કોઈ સ્થાવર અથવા જંગમ પ્રાણીઓ અહીં હોય અથવા અંતર્હિત રહેલાં હોય, તેઓ આ મારાં વચનને સાંભળો. મારા પિતૃઓ ઉગ્ર કષ્ટ ભોગવે છે અને દુઃખથી દીન બનીને સંતતિની ઇચ્છાથી તેઓ મને પ્રેરણા કરે છે કે, તું લગ્ન કર. હે પ્રાણીઓ! હું દરિદ્રી અને દુઃખશીલ છું, છતાં પિતૃઓએ મને લગ્ન કરવાની આજ્ઞા કરી છે, તેથી લગ્નને સારૂ કન્યાની ભિક્ષા માગતો આખી પૃથ્વીમાં ફરૂં છું. મેં કહેલાં પ્રાણીઓમાંથી જેને કન્યા હોય તેઓ સર્વ દિશાઓમાં ભટકતા એવા મને કન્યા આપો. જે કન્યા મારા નામની હોય, ભિક્ષાની પેઠે આપેલી હોય અને જેનું પોષણ મારે કરવું પડે નહિ એવી હોય તે મને આપો.'૧૧-૧૮

એવામાં જરત્કારુની શોધને માટે વાસુકિએ જે નાગોને મોકલેલા હતા, તેઓએ જરત્કારુની આ પ્રવૃત્તિ વાસુકિને નિવેદન કરી. તેઓનું કહેવું સાંભળીને નાગેંદ્ર વાસુકિ અલંકારવાળી તે કન્યાને લઇને જરત્કારુની આગળ અરણ્યમાં આવ્યો.૨૦ હે બ્રહ્મન્! ત્યાં નાગેંદ્ર વાસુકિએ ભિક્ષાની પેઠે તે કન્યા મહાત્મા જરત્કારુને આપી; પરંતુ તે પોતાના સમાન નામવાળી નહિ હોય, એમ ધારીને તથા પોષણવ્યવસ્થાનો નિશ્ચય પણ નહિ થયેલો હોવાથી મોક્ષભાવમાં રહેલા અને લગ્નને માટે બે મતવાળા જરત્કારુએ તે કન્યાને સ્વીકારી નહિ. હે ભૃગુનંદન! તેણે વાસુકિને એ કન્યાનું નામ પૂછયું તેમજ હું એનું ભરણપોષણ નહિ કરૂં એમ પણ કહ્યું.

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે વાસુકિ–જરત્કારુ–સમાગમ નામનો અધ્યાય ૪૬ મો સમાપ્ત.

અધ્યાય ૪૭ મો–જરત્કારુનાં લગ્ન અને ફરી તેનું વનમાં જવું.

॥ सौतिरुवाच ॥

वासुकिस्त्वब्रवीद्वाक्यं जरत्कारुमृषिंतदा ॥
सनाम्नी तव कन्येयं स्वसा मे तपसान्विता॥१॥

સૂતપુત્ર કહે છેઃ– તે સમયે જરત્કારુ ઋષિને વાસુકિએ કહ્યું કે "હે દ્વિજોત્તમ! તપસ્વિની એવી આ મારી બહેન તમારા સમાન નામવાળી છે. હે તપોધન! એ તમારી ભાર્યાનું હું પોષણ કરીશ તથા સર્વ શક્તિથી એનું રક્ષણ પણ કરીશ. હે મુનિવરોમા શ્રેષ્ઠ! એ કન્યા તમારે માટે જ મેં રાખેલી છે માટે તમે એનો સ્વીકાર કરો." ૧-૨

ઋષિ બોલ્યાઃ–'હું એનું પોષણ કરીશ નહિ, એવો મેં ઠરાવ કર્યો છે. બીજું એણે મારૂં અપ્રિય કરવું નહિ અને જો એ તેમ કરશે તો હું એનો ત્યાગ કરીશ.'૩

સૌતિ કહે છેઃ–જ્યારે વાસુકિએ 'હું મારી બહેનનું ભરણપોષણ કરીશ' એમ કબૂલ કર્યું, ત્યારે જરત્કારુ તે સર્પને ઘેર ગયા. ત્યાં જઈને મંત્રવેત્તામાં શ્રેષ્ઠ, તપોવૃદ્ધ અને મહાન વ્રતવાળા જરત્કારુએ, મંત્રયુક્ત વિધિપૂર્વક તે કન્યા સાથે લગ્ન કર્યું. તે પછી વાસુકિના માનીતા સુંદર ગૃહમાં, મહર્ષિઓએ સ્તુતિ કરેલા જરત્કારુ પોતાની પત્નીને લઈને ગયા. જ્યાં હમા મૂલ્યવાન આસ્તરણો પાથરીને શય્યા તૈયાર કરેલી હતી, ત્યાં જરત્કારુ સ્ત્રીની સાથે રહેવા લાગ્યા. સજ્જનાગ્રણી જરત્કારુએ ત્યાં પોતાની ભાર્યાની સાથે શરત કરી કે, "મને અપ્રિય લાગે એવું કાર્ય તારે

કરવું નહિ; અને અપ્રિય લાગે તેવું વચન પણ કોઈ દિવસ કહેવું નહિ. જો તું મારૂં અપ્રિય કરશે તો તને.અને તારા આ ઘરના વાસને છોડીને હું ચાલ્યો જઈશ. આ જે વચન મેં કહ્યાં છે તે તું તારા લક્ષમાં રાખજે." આ વચન સાંભળીને વાસુકિની બહેન પરમ ખિન્ન થઈ ગઈ અને અતિ દુઃખયુકત થઈને ઋષિપ્રત્યે બોલી કે, 'ભલે તેમ થાઓ.'[૧૦]તે પછી દુઃખદ સ્વભાવવાળા પોતાના પતિનું પ્રિય કરવાની ઇચ્છાથી તે યશસ્વિની કૂતરાંની પેઠે નિત્ય જાગૃત રહીને, કબુતરની પેઠે ભયચકિત રહીને તથા કાગડાની પેઠે મનોભાવ સમજી જઈને તેની સેવા કરવા લાગી. એક વખતે વાસુકિની બહેન, ઋતુસ્નાન કરીને શાસ્ત્રના નિયમ પ્રમાણે પોતાના પતિ મહામુનિની પાસે ગઈ. તે વખતે તેને અગ્નિના જેવા મહા તેજસ્વી તથા વૈશ્વાનરના જેવી કાંતિવાળો ગર્ભ રહ્યો. શુકલપક્ષનો ચંદ્ર વધે તેમ, તે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો. કેટલાક દિવસ ગયા પછી એક દિવસે મહાયશસ્વી જરત્કારુ,થાકી ગયા હોય તેમ ભાર્યાના ખોળામાં માથું મૂકીને સૂતા અને તે વિપ્રેંદ્ર નિદ્રાવશ થઈ ગયા; એટલામાં દિવસ પૂરો થવાથી સૂર્યનારાયણ અસ્તાચલ તરફ ગયા. હે બ્રાહ્મણ તે વખતે મનસ્વિની એવી વાસુકિની બહેન વિચાર કરવા લાગી કે, આ વખતે મારે પતિને ઉઠાડવા તે ઠીક ગણાય કે ન ઉઠાડવા તે ? એઓ દુઃખદ સ્વભાવવાળા અને ધર્માત્મા છે, તો શું કરવાથી હું એમના અપરાધમાં આવી પડું નહિ ? જગાડવાથી એઓ કુપિત થશે અને ન જગાડવાથી એ ધર્મશીલના ધર્મનો લોપ થશે; પરંતુ કોપ કરતાં ધર્મલોપ મુખ્ય છે, એમ હું માનું છું. જો એમને હું ઉઠાડીશ તો અવશ્ય એઓ કોપ કરશેજ અને નહિ ઉઠાડું તો સંધ્યાકાલ થઈ જવાથી એમનો ધર્મ લોપ પામશે એ, નિશ્ચય છે. ૧૧-૧૯

આ પ્રમાણે મનવડે નિશ્ચય કરીને મધુરભાષિણી, એવી નાગકન્યા જરત્કારુ અગ્નિના જેવા તેજસ્વી અને પ્રદીપ્ત તેજવાળા તે ઋષિને સુંદર વચનથી કહેવા લાગી:-'હે મહાભાગ્યવાળા! તમે ઉઠો. સૂર્ય અસ્તાચલ તરફ જાય છે; [૨૦]માટે હે ભગવન્! નિયત વ્રતવાળા આપ જલનો સ્પર્શ કરીને સંધ્યા કરો. અગ્નિહોત્રના અગ્નિઓ જેમાં પ્રકાશિત થયેલા છે, એવો આ (ધર્મસાધક હોવાથી) રમ્ય અને (રુદ્રગણોના પ્રચારવાળો હોવાથી) દારુણ સમય છે. હે પ્રભો! પશ્ચિમ દિશામાં આ સંધ્યાનો સમય પ્રવર્તે છે.'

આ પ્રમાણે કહ્યું એટલે તે મહાતપસ્વી ભગવાન જરત્કારુ ક્રોધવડે હોઠ કંપાવતા પોતાની ભાર્યાપ્રત્યે નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ-'હે નાગપુત્રિ! તેં મારૂં અપમાન કર્યું છે; માટે હું હવે તારી પાસે રહીશ નહિ, પણ મારી ઇચ્છા પ્રમાણે ચાલ્યો જઈશ. હે સુંદર જઘનવાળી ! હું સૂતો હોઉં તે વખતે સૂર્યની પણ શકિત નથી કે તે પોતાના સમય પ્રમાણે અસ્ત પામે, એમ હું માનુ છું. આમ અપમાન પામેલા કોઈ સામાન્ય મનુષ્યને પણ અહીં રહેવું ગમે નહિ,તો પછી ધર્મશીલ એવા મને અથવા મારા જેવાને તો તે કેમજ ગમે ?'

આ પ્રમાણે હૃદયને કંપાવી નાખે તેવાં ઋષિનાં વચન સાંભળીને વાસુકિના સ્થાનમાં રહેલી વાસુકિની બહેન જરત્કારુ કહેવા લાગી કે, "હે વિપ્ર! મેં અપમાન કરવાના હેતુથી તમને જગાડ્યા નથી, પણ હે મહારાજ! તમારા ધર્મનો લોપ ન થાય એ હેતુથીજ જગાડ્યા છે."

આવું કહ્યું ત્યારે મહાતપસ્વી જરત્કારુ ઋષિ કે જે નાગકન્યાને ત્યજવા ઈચ્છતા હતા તે કોપ કરીને પોતાની ભાર્યાપ્રત્યે બોલ્યાઃ-'હે નાગપુત્રિ! મારી વાણી કોઈવાર જૂઠું બોલતી નથી, માટે હું હવે ચાલ્યો જઈશ.[૩૦] વળી પ્રથમથીજ મેં તારી સાથે પરસ્પરના સંબંધમાં એવો ઠરાવ કર્યો હતો. હે કલ્યાણિ ! હું તારી સાથે અહીં સુખરૂપ રહ્યો છું. હે શુભે! અહીંથી મારા ગયા પછી તું તારા ભાઇને કહેજે કે,તે મહર્ષિ અહીંથી ચાલ્યા ગયા છે. વળી હે ભીરુ ! મારા ગયા પછી તું પણ શોક કરીશ નહિ.' આ પ્રમાણે કહ્યું એટલે સ્તુત્ય અંગવાળી, સુંદર જઘનવાળી અને શોષાઈ જતા મુખવાળી જરત્કારુ, ચિંતા અને શોક

યુક્ત થઈ આંખમાં આંસુ લાવી, હાથ જોડી, ધૈર્ય-નું અવલંબન કરીને અશ્રુથી ગદ્ગદ્ વાણીવડે જરત્કારુ મુનિને કહેવા લાગીઃ-"હે ધર્મજ્ઞ! મને અપરાધવિના ત્યજી દેવી એ તમને યોગ્ય નથી. તમે ધર્મપરાયણ છો અને હું પણ ધર્મમાં રહી સદા તમારાં પ્રિય તથા હિતમાં તત્પર રહું છું. હે દ્વિજશ્રેષ્ઠ! વળી તમારી સાથે મારૂં લગ્ન કર-વાનું જે કારણ છે તે પણ ફલીભૂત થયું નથી, એ ટલે મને મંદભાગિનીને વાસુકિ નાગ શું કહેશે? હે સત્તમ! માતાના શાપથી પરાભવ પામેલા સ-ર્પોએ તમારાથી મારેવિષે પુત્રની ઇચ્છા રાખી હતી, તે ઇચ્છા તો હજી પૂરી થઈ નથી; કારણ કે તમારાથી પ્રજાનો લાભ થવાવડે મારાં સગાં-ને સુખ થવાનું છે. હે દ્વિજ ! તમારી સાથે મારો સંયોગ થયો છે તે મિથ્યા થવા ન જોઈએ. હે ભગવન્! મારી જ્ઞાતિનું હિત ઇચ્છતી એવી હું તમારી પ્રાર્થના કરૂં છું. હે સત્તમ ! આ અસ્પષ્ટ રૂપવાળા ગર્ભનું આધાન કરી મહાત્મા થઈને આમ અપરાધવિના શામાટે મારો ત્યાગ કરીને જવા ઇચ્છો છો?"૪૦

આ પ્રમાણે નાગપુત્રીએ કહ્યું, ત્યારે તપરૂપી ધનવાળા મુનિ પોતાની ભાર્યા જરત્કારુપ્રત્યે યોગ્ય વચન કહેવા લાગ્યા કેઃ-"હે સુભાગ્યવાળી ! તારા ગર્ભમાં અગ્નિના જેવો તેજસ્વી, પરમ ધર્મા-ત્મા, વેદ અને વેદાંગના પારને પામનારો એવો ઋષિ પ્રાપ્ત થયો છે."

આ પ્રમાણે કહીને ધર્માત્મા તથા દૃઢ નિ-શ્ચયવાળા જરત્કારુ ઋષિ ફરી ઉગ્ર તપ કરવામાટે ત્યાંથી ચાલી નીકળ્યા.*૪૨-૪૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે જરત્કારુ નિર્ગમન નામનો અધ્યાય ૪૭મો સમાપ્ત.

અધ્યાય ૪૮ મો-આસ્તીકની ઉત્પત્તિ

॥ सौतिरुवाच ॥

गतमात्रं तु भर्त्तारं जरत्कारुरवेदयत् ॥
भ्रातुः सकाशमागत्य याथातथ्यं तपोधन॥१॥

સૌતિ કહે છેઃ-પતિના જવા પછી જરત્કારુ પોતાના ભાઈની પાસે ગઈ અને હે તપોધન ! તેને પોતાના પતિ ગયા એજ વાત માત્ર યથાર્થ રીતે જણાવી. આ મહાન અપ્રિય વાત સાંભળીને અત્યંત દીન થયેલા સર્પશ્રેષ્ઠ વાસુકિએ દીન થયેલી પોતાની બહેનને આ પ્રમાણે કહ્યું.૧-૨

વાસુકિ બોલ્યોઃ-"હે કલ્યાણિ! તને આપવાનું શું કારણ છે તથા તેનાથી કયું કાર્ય સાધવાનું હતું, તે તું જાણે છે? નાગોના હિતને માટે તે ઋષિથી જો તને પુત્ર થાય તો તે પ્રતાપી પુત્ર સર્પસત્રથી અમારૂં રક્ષણ કરશે; આ પ્રમાણે પહેલાં બ્રહ્માએ દેવોની પાસે કહ્યું હતું, તો હે સુભગે! તને તે મુનિ-શ્રેષ્ઠથી ગર્ભ રહ્યો છે કે? કારણ તે બુદ્ધિમાનની લગ્નપ્રવૃત્તિને હું નિષ્ફળ માનતો નથી. જો કે આ પ્રકારનું કાર્ય તને પૂછવું મારે માટે યોગ્ય નથી-જ, પરંતુ કાર્ય ઘણું મોટું હોવાને લીધે હું તને કાર્યસિદ્ધિ કહેવાને પ્રેરૂં છું. વળી તારા અતિ તપસ્વી પતિ પ્રયત્ન કરતાં પણ પાછા આવે તેવા નથી, માટે હું તેમની પાછળ જતો નથી; કેમકે તેઓ વખતે મને પણ શાપ આપી દે. હે ભદ્રે ! તું તારા પતિનું સર્વ ચેષ્ટિત મને કહે અને લાંબા સમયથી મારા હૃદયમાં રહેલા ઘોર શલ્ય-નો ઉદ્ધાર કર."

આ સાંભળીને જરત્કારુ, સંતાપ કરતા નાગ-રાજ વાસુકિને આશ્વાસન આપતી 'તેમ છે' એમ કહી આગળ બોલવા લાગી. જરત્કારુ કહે છેઃ-જ્યારે મહાતપસ્વી તે મહાત્માને મેં પુત્રને માટે પૂછ્યું, ત્યારે તેઓ મને 'છે' એટલો ઉત્તર આપીને ચાલ્યા ગયા. હે રાજન્! પૂર્વે મશ્કરી-

---

*** प्रजया पैतृकमृणं छेत्तुं दारान्करोतिचेत् । तदा जरत्कारुरिव कार्यांते प्रव्रजेद्गृहात् ॥** પુરુષ પ્રજા ઉત્પન્ન કરી પિતૃઓનાં ઋણથી છૂટવા માટે જો લગ્ન કરે તો તેણે જરત્કારુની પેઠે કાર્ય સમાપ્ત થતાં ઘરમાંથી ચાલી નિકળવું. **મનોરમા**

માં પણ તેમણે મિથ્યા વચન કહ્યું હોય એવું મને સ્મરણ નથી તો પછી આવા સંકટમાં તો તેવું બોલેજ કેમ? વળી તેમણે જતી વખતે મને કહ્યું છે કે,'હે નાગપુત્રિ! તારે તારાં કાર્યને માટે સંતાપ કરવો નહિ; કારણકે તને સૂર્ય અને અગ્નિના જેવી કાંતિવાળો પુત્ર અવતરશે.' હે ભાઈ! આ પ્રમાણે મને કહીને તે તપરૂપી ધનવાળા મારા પતિ ચાલ્યા ગયા છે; માટે એ સંબંધી તમારા મનમાં રહેલું પરમ દુઃખ દૂર થાઓ."૧૦-૧૩

સૌતિ કહે છેઃ-આ વૃત્તાંત સાંભળીને નાગેંદ્ર વાસુકિએ પરમ હર્ષથી 'ભલે તેમ થાઓ' એમ કહીને પોતાની બહેનનાં વાક્યને અભિનંદન આપ્યું; અને સાંત્વન, માન, અર્થદાન તથા ઉત્તમ પ્રકારની પૂજાવડે પોતાની સહોદર બહેનનું સન્માન કર્યું. પછી હે દ્વિજશ્રેષ્ઠ! મહા તેજસ્વી તથા મહાકાંતિવાળો તે ગર્ભ આકાશમાં ઉદય પામેલા શુકલ પક્ષના ચંદ્રની પેઠે વધવા લાગ્યો. હે બ્રહ્મન્! પછી જ્યારે પ્રસવનો સમય થયો, ત્યારે વાસુકિની બહેને માતા તથા પિતા એમ બન્નેના ભયને હણનારા, દેવગર્ભ જેવા કાંતિવાળા કુમારને જન્મ આપ્યો. તે બાલક નાગરાજાને ત્યાંજ મોટો થયો અને ભૃગુના પુત્ર ચ્યવનમુનિની પાસે સાંગ વેદોને ભણ્યો. તે બાલવયમાંજ વ્રતધારી, બુદ્ધિમાન તથા સત્ત્વગુણી હતો અને લોકોમાં તેનું આસ્તીક એવું નામ પ્રસિદ્ધ થયુ હતું; કારણ કે જ્યારે તે ગર્ભમાં હતો ત્યારે 'अस्ति' (છે) એમ કહીને તેના પિતા વનમાં ગયા હતા, તે ઉપરથી એનું 'આસ્તીક' પડયું હતું. ૨૦ પ્રયત્નથી રક્ષણ કરાતો એવો અમાપ બુદ્ધિવાળો આસ્તીક બાલવયમાંજ નાગરાજ વાસુકિને ત્યાં રહીને વિવિધ ચેષ્ટાઓ કરતો તથા પ્રતિદિન વૃદ્ધિ પામતો મહા તેજસ્વી ભગવાન શૂલપાણિ મહાદેવની પેઠે સઘળા નાગોને હર્ષ આપતો હતો.૨૧-૨૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે આસ્તીકની ઉત્પત્તિ નામનો અધ્યાય ૪૮ મો સમાપ્ત.

અધ્યાય ૪૯ મો-જનમેજય રાજાએ પોતાના પિતાના મૃત્યુનું વૃત્તાંત મંત્રીઓને પૂછયું.

॥ शौनक उवाच ॥

यदपृच्छत्तदा राजा मंत्रिणो जनमेजयः ॥
पितुः स्वर्गगतिं तन्मे विस्तरेण पुनर्वद ॥१॥

શૌનક પૂછે છેઃ-જનમેજય રાજાએ પોતાના પિતાની સ્વર્ગગતિના સંબંધમાં મંત્રીઓને જે જે પૂછયું હતું, તે ફરીથી મને વિસ્તારપૂર્વક કહો.૧

સૌતિ કહે છેઃ-હે બ્રહ્મન્! રાજાએ મંત્રીઓને જે પૂછયું હતું તથા પરિક્ષિતના મરણસંબંધી તેઓએ જે જે કહ્યું તે તમે સાંભળો.૨

જનમેજય પૂછે છેઃ-મારા પિતાનું સર્વ ચરિત્ર તમે જાણો છો તથા તે મહા યશસ્વી કાલ આવતાં કેવી રીતે મરણ પામ્યા, તે પણ તમો જાણો છો. મારા પિતાનું સઘળું વૃત્તાંત તમારા મુખથી સાંભળ્યા પછી તેનો પ્રતીકાર કરવાથી જો સર્વ લોકોનું હિત થતું હશે તો હું તેમ કરીશ; પણ લોકથી વિરુદ્ધ જતું હશે તો હું કદી તેમ કરીશ નહિ. ૩-૪

સૌતિ કહે છેઃ-આ પ્રમાણે તે મહાત્માએ પૂછયું ત્યારે સઘળા ધર્મવેત્તા તથા ડાહ્યા મંત્રીઓએ જનમેજય રાજાને તે વૃત્તાંત કહેવા માંડયું. ૫

મંત્રીઓ કહે છેઃ-હે પાર્થિવ! તમે તમારા મહાત્મા પિતા રાજેંદ્ર પરિક્ષિતનું ચરિત્ર પૂછો છો તથા તે કેવી રીતે મરણ પામ્યા તે પૂછો છો, તો તમારા પિતા કેવા ધર્માત્મા, મહાત્મા તથા પ્રજાપાલક હતા અને અહીં તે મહાત્મા કેવી રીતે વર્તતા, તે તમે સાંભળો. તે મૂર્તિમાન [illegible]

જેવા ધર્મવેત્તા રાજા, ચારે વર્ણના લોકોને તેમના ધર્મમાં રાખીને ધર્મથી પાલન કરતા હતા. શ્રીમાન અને અતુલ પરાક્રમી તે રાજા પૃથ્વી દેવીનું રક્ષણ કરતા હતા. તેમનો દ્વેષ કરનારા કોઇ ન હતા, તેમ તેઓ પણ કોઇનો દ્વેષ કરતા નહિ. તે પ્રજાપતિની પેઠે સર્વ પ્રાણીઓમાં સમભાવ રાખતા હતા. હે રાજન ! તે રાજાએ રૂડી રીતે પાલન કરેલા બ્રાહ્મણો, ક્ષત્રિઓ, વૈશ્યો તથા શૂદ્રો પોતપોતાના કર્મમાં આનંદથી રહેતા હતા. વિધવા, અનાથ, અપંગો અને ગરીબોનું રાજા પોતે પોષણ કરતા હતા.[10] તે બીજા ચંદ્રની પેઠે સર્વ પ્રાણીઓને આહ્લાદ આપતા હતા. તેમની પ્રજા સંતુષ્ટ તથા માતબર હતી.તે શ્રીમાન સત્યવાદી અને દૃઢ પરાક્રમવાળા હતા. હે જનમેજય ! તમારા પિતા પરિક્ષિત રાજા કૃપાચાર્યના શિષ્ય થઇને ધનુર્વેદ ભણ્યા હતા. તે ગોવિંદ ભગવાનના પ્રીતિપાત્ર હતા તથા મહાયશસ્વી તે રાજા સર્વ લોકને પણ પ્રિય હતા. જ્યારે કુરુઓનો ચોમેર ક્ષય થયો.ત્યારે તેઓ ઉત્તરાથી ઉત્પન્ન થયા હતા, તે ઉપરથી સુભદ્રાના પુત્ર અભિમન્યુના તે બલવાન પુત્ર પરિક્ષિત કહેવાયા હતા. તે રાજધર્મ આચરવામાં કુશળ હતા, સર્વ રીતે યોગ્ય હતા અને સર્વગુણસંપન્ન હતા. તે જિતેંદ્રિય, બુદ્ધિમાન, ધારણાશક્તિવાળા, ધર્મને સેવનારા, કામક્રોધાદિ ષડ્વર્ગને જિતનારા, મહાબુદ્ધિવાળા, નીતિશાસ્ત્રના જાણનારા અને સર્વ રીતે ઉત્કૃષ્ટ હતા. તે તમારા પિતાએ સાઠ વર્ષના થયા ત્યાંસુધી આ પ્રજાઓનું પાલન કર્યું હતું. તે પછી તેઓ સઘળાને દુઃખમાં નાખીને વિદેહકૈવલ્ય પામ્યા હતા. હે પુરુષશ્રેષ્ઠ ! ત્યાર પછી કુરુકુલમાં પરંપરાથી પ્રાપ્ત થયેલા આ રાજ્યને હજારો વર્ષને માટે તમે ધર્મથી પ્રાપ્ત થયા છો. સર્વ પ્રાણીઓના પાલક એવા તમને બાલવયમાંજ આ ગાદીપર અભિષિક્ત કર્યા છે.[18]

જનમેજય કહે છેઃ—અમારા કુલમાં કોઇ એવો રાજા થયો નથી કે જેણે પ્રજાનું પ્રિય કર્યું ન હોય અથવા તે પ્રજાને પ્રિય ન હોય ? તેમાં વિશેષ કરીને મહાચારિત્ર્યસંપન્ન એવા અમારા પિતામહ પાંડવોનું ચારિત્ર્ય જોઇને તો તેવો થાયજ નહિ. તમે ઉપર જણાવ્યા તેવા સદ્ગુણવાળા મારા પિતા કેવી રીતે મૃત્યુ પામ્યા, તે મને યથાર્થ રીતે કહો; કારણ કે તે વૃત્તાંત હું યથાર્થ સાંભળવા ઇચ્છું છું. [19–21]

મંત્રીઓ બોલ્યાઃ—હે રાજન્ ! પૃથ્વીનું પાલન કરનારા, સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ અને યુદ્ધમાં ધનુર્ધારીઓના અગ્રણી એવા મહાન બાહુવાળા તમારા પિતા, સઘળાં રાજકાર્યો અમને સોંપીને, પાંડુ રાજાની પેઠે મૃગયા ખેલવામાં પ્રેમ રાખતા હતા. એક દિવસે તેઓ વનમાં ગયા અને ત્યાં તેમણે એક હરિણને બાણવડે વિંધી નાખ્યું. તેને વિંધીને તેઓ ગાઢા જંગલમાં તરવાર તથા અન્ય અસ્ત્રસમૂહ સાથે તત્કાલ તેની પાછળ પગપાળાજ દોડયા; પણ ગહન જંગલમાં તમારા પિતાને નાસી ગયેલા હરિણનો પત્તો લાગ્યો નહિ. તેઓ સાઠ વર્ષની ઉમરે પહોંચેલા એટલે જરા આવવાથી વૃદ્ધ થયેલા હતા તથા શ્રમિત અને ભૂખ્યા હતા. તેમણે ઘોર વનમાં ફરતાં ફરતાં એક મુનિશ્રેષ્ઠને દીઠા. તે મૌનવ્રતવાળા મુનિને રાજેંદ્રે પૂછયું; પણ પ્રશ્ન કરતાંએ તે મુનિએ કંઇ ઉત્તર આપ્યો નહિ. એટલે ભૂખ અને શ્રમથી પીડિત થયેલા રાજા, થાંભલાની પેઠે અડગ રહેલા તથા મૌનવ્રતવાળા તે શાંત મુનિના ઉપર ક્રોધે ભરાયા; કારણ કે તે મુનિ મૌનવ્રતવાળા છે એમ તમારા પિતા પરિક્ષિત રાજાએ જાણ્યું ન હતું અને તેથી ક્રોધાવિષ્ટ થઇને તેમણે ઋષિનું અપમાન કર્યું. હે ભરતસત્તમ ! તેમણે એક મરેલા સર્પને ધનુષના અગ્રવડે પૃથ્વી ઉપરથી ઉપાડીને તે શુદ્ધાત્મા મુનિના ખભા ઉપર નાખ્યો,[30] તોપણ તે બુદ્ધિમાન ઋષિએ તેમને સારૂં અથવા નરસું કંઇજ કહ્યું નહિ; એટલુંજ નહિ પણ તે સર્પને ખભાપર ધારણ કરીને ક્રોધરહિત જેમના તેમજ બેસી રહ્યા. [31]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે પારિક્ષિતચરિત્ર નામનો અધ્યાય ૪૯ મો સમાપ્ત.

અધ્યાય ૫૦ મો–જનમેજય અને મંત્રીઓનો સંવાદ તથા સર્પસત્રની પ્રતિજ્ઞા

॥ मंत्रिण ऊचुः ॥

ततः स राजा राजेन्द्र स्कन्धे तस्य भुजंगमम् ॥
मुनेः क्षुत्क्षाम आसज्य स्वपुरं प्रययौ पुनः॥१॥

મંત્રીઓ કહે છેઃ–હે રાજેંદ્ર! આમ ભૂખથી દુર્બલ થયેલા તે રાજા મુનિના ખભાપર સર્પ નાખીને પાછા પોતાના નગરપ્રત્યે જવા નીકળ્યા.

એ શમિક ઋષિને ગાયથી ઉત્પન્ન થયેલો મહાયશસ્વી, મહા તેજસ્વી, તીક્ષ્ણ વીર્યવાળો અને અતિ કોપવાળો એક શૃંગી નામનો પુત્ર હતો. તે મુનિ બ્રહ્માની પાસે જઇ તેમની પૂજા કરી તેમની આજ્ઞાથી પાછો આવતો હતો, એવામાં હે રાજશાર્દૂલ! ત્યાં તેણે,‘થાંભલાની પેઠે સ્થિર બેઠેલા પોતાના નિરપરાધી પિતાના ઉપર તમારા પિતાએ અવજ્ઞાપૂર્વક સર્પ નાખ્યો છે અને તેને તેઓ ખભા ઉપર વહન કરે છે,’ એવું પોતાના મિત્રના મુખથી સાંભળ્યું. હે નૃપ! આ રીતે અત્યંત તપસ્વી, મુનિઓમાં મુખ્ય, જિતેંદ્રિય, વિશુદ્ધ, અદ્‌ભુત કર્મ કરનારા, તપવડે પ્રકાશિત આત્માવાળા, શમદમસંપન્ન, શુભ આચારવાળા, શુભ કીર્તિવાળા, ઉત્તમ સ્થિતિમાં રહેનારા, નિર્લોભ, ગંભીર, ઈર્ષ્યારહિત, વૃદ્ધ, મૌન વ્રત પાળનારા અને શરણાગત સર્વ પ્રાણીઓનુ રક્ષણ કરનારા એવા પોતાના પિતાનો તમારા પિતાએ અપકાર કરેલો જાણી, વયે બાલક છતાં વૃદ્ધના જેવા પ્રૌઢ જણાતા તે મહા તેજસ્વી ઋષિપુત્રે કુપિત થઇને તમારા પિતાને શાપ આપ્યો. તેજવડે બળતા હોય તેમ જણાતા તે ઋષિપુત્રે તત્કાલ જલનો સ્પર્શ કર્યો અને તમારા પિતાને ઉદ્દેશીને ક્રોધવડે નીચે પ્રમાણે કહ્યું:–‘જેણે મારા નિરપરાધી પિતાના ઉપર મરેલો સર્પ નાખ્યો છે તે પાપીને મારા વચનબલથી પ્રેરાયલો ઝેરી દાઢવાળો અને તીવ્ર તેજવાળો તક્ષક નાગ,ક્રોધ પામીને આજથી સાતમે દિવસે બાળી મૂકશે. હે મારા પિતાના દ્રોહ કરનારા! તું મારા તપનું બલ જોઇ લે.’ ૨–૧૧

આ પ્રમાણે શાપ આપીને તે ઋષિકુમાર જ્યાં પોતાના પિતા હતા ત્યાં આવ્યો અને પિતાને જોઇને તેમને તે શાપ નિવેદન કર્યો. તે પછી મુનિશાર્દૂલ શમીક ઋષિએ શીલવાળા તથા ગુણસંપન્ન એવા ગૌરમુખ નામના શિષ્યને તમારા પિતાની પાસે મોકલ્યો. તેણે અહીં આવીને વિશ્રાંતિ લીધા પછી રાજાને,મુનિએ કહેલો સઘળો સંદેશો કહેવા માંડ્યો કે, ‘હે મહીપતિ! મારા પુત્રે તમને શાપ આપ્યો છે, તેથી હે મહારાજ ! પ્રસિદ્ધ તક્ષકનાગ તમને પોતાના ઝેરથી બાળી મૂકશે, માટે તમે સાવધાન થાઓ.’

હે જનમેજય ! આવાં ઘોર વચન સાંભળીને, સર્પોમાં શ્રેષ્ઠ એવા તક્ષકથી ત્રાસ પામેલા તમારા પિતા પોતાના બચાવને માટે સાવધ થયા. પછી જ્યારે સાતમો દિવસ આવ્યો ત્યારે બ્રહ્મર્ષિ કાશ્યપમુનિ રાજાની પાસે આવવા નીકળ્યા. તે વખતે તેમને નાગેંદ્ર તક્ષકે જોયા. ઉતાવળથી આવતા કાશ્યપ બ્રાહ્મણને સર્પેંદ્ર તક્ષકે પૂછ્યું કે, ‘તમે આટલા ઉતાવળા ક્યાં જાઓ છો અને શું કાર્ય કરવા ધારો છો ?’ ૧૨–૧૮

કાશ્યપ બોલ્યાઃ–‘હે દ્વિજ ! કુરુકુલમાં શ્રેષ્ઠ એવા પરિક્ષિત રાજાને આજે તક્ષક સર્પ અવશ્ય દંશ કરવાનો છે, તે રાજાનો વિષદાહ તત્કાલ શાંત કરવામાટે ત્યાં હું ઉતાવળથી જાઉં છું. મેં જેનું રક્ષણ કરેલું એવા રાજાનો તે સર્પ પરાભવ કરી શકશે નહિ.’ ૧૯–૨૦

તક્ષક બોલ્યોઃ–‘હે બ્રાહ્મણ ! મારા ડસેલા તે રાજાને તમે શામાટે જીવાડવા ઇચ્છો છો ? હુંજ તે તક્ષક છું; મારા અદ્‌ભુત વીર્યને તમે જુઓ. મારા કરડેલા તે રાજાને જીવાડવા તમે સમર્થ થશો નહિ.’ આ પ્રમાણે કહીને તક્ષકે ત્યાં ઉગેલા એક વડના ઝાડને દંશ કર્યો. નાગના દંશની સાથેજ તે ઝાડ બળીને ભસ્મ થઇ ગયું. હે રાજન્ ! તે પછી કાશ્યપે તે ઝાડને ફરીથી જીવાડ્યું. તે જોઇને તક્ષકે, ‘તમારી જે ઇચ્છા

હોય તે કહો ' એમ કહીને કાશ્યપને લોભ લગાડયો. આ પ્રમાણે પૂછયું એટલે કાશ્યપે ફરીથી તક્ષકને કહ્યું કે, ' હું ધન મેળવવાની ઇચ્છાથી ત્યાં જાઉં છું. ' ત્યારે તક્ષકે તે મહાત્માને મધુર વાણીથી કહ્યું કે, 'હે નિષ્પાપ ! તે રાજાની પાસેથી જેટલું ધન મેળવવાની તમારી ઇચ્છા હોય તેથી પણ અધિક ધન મારી પાસેથીજ લ્યો અને પાછા ફરો.' ૨૧-૨૬

આ પ્રમાણે નાગે કહ્યું, એટલે મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા કાશ્યપે તક્ષકની પાસેથીજ પોતાની ઇચ્છા પ્રમાણે ધન મેળવી લીધું અને તે ત્યાંથી પાછા ફર્યા. તે બ્રાહ્મણના ગયા પછી તક્ષક નાગ કપટ કરીને તમારા ધાર્મિક પિતા મહારાજા પરિક્ષિતની પાસે ગયો અને એકદંડીઆ મહેલમાં સાવધાન થઇને બેઠેલા રાજાને તેણે પોતાના વિષવહ્નિથી બાળી મૂકયા. તે પછી હે પુરુષવ્યાઘ્ર ! વિજયને માટે અમે તમારો રાજ્યાભિષેક કર્યો. હે નૃપશ્રેષ્ઠ ! આ બધું દારુણ વૃત્તાંત અમે જેવું જોયેલું તથા સાંભળેલું તે પ્રમાણે સર્વ તમને કહ્યું છે.૩૦ હે નરશ્રેષ્ઠ ! આ પ્રમાણે થયેલો રાજાનો પરાભવ તથા ઉત્તંક ઋષિનો પરાભવ સાંભળ્યા પછી તમને જેમ યોગ્ય લાગે તેમ કરો.૩૧

આ કથા સાંભળતાંની સાથેજ શત્રુને દમન કરનારા જનમેજય રાજા પોતાના સર્વ મંત્રીઓને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.૩૨

જનમેજય કહે છેઃ-"તે વડના ઝાડને તક્ષકે બાળીને ભસ્મ કરી નાખ્યું અને કાશ્યપે તેને ફરીથી જીવાડયું. લોકોને આશ્ચર્ય પમાડનારૂં આ વૃત્તાંત અહીં આવીને કોણે કહ્યું હતું ? ખરેખર તે કાશ્યપના મંત્રવડે મારા પિતાનું ઝેર ઉતરી જાત તો તેમનું મૃત્યુ થાત નહિ; પરંતુ પાપી અને નીચ એવા તક્ષક નાગે મનમાં વિચાર્યું કે, મારા ડસેલા રાજાને આ બ્રાહ્મણ જો જીવાડશે તો 'તક્ષકનું વિષ પણ નિર્માલ્ય થઇ ગયું, એમ લોકોમાં હું પરિહાસ પામીશ. ' આવો વિચાર કરીનેજ જરૂર તેણે બ્રાહ્મણને સંતોષી ત્યાંથી પાછો વાળ્યો હશે; માટે પ્રયાસ કરીને પણ હું તેને શિક્ષા કરીશ; પરંતુ એક વાત સાંભળવા ઇચ્છા કરૂં છું કે, નિર્જન અરણ્યમાં તક્ષક અને કાશ્યપનો થયેલો સંવાદ કોણે સાંભળ્યો તથા ત્યાંનું તે વૃત્તાંત કોણે જોયું અને તે તમારી પાસે શી રીતે આવ્યું ? તે સાંભળ્યા પછી સર્પોના વિનાશને માટે હું નિશ્ચય કરીશ."૩૩-૩૮

મંત્રીઓ બોલ્યાઃ-" હે રાજન્ ! જે પ્રમાણે પૂર્વે અમને જેણે એ વૃત્તાંત કહ્યું હતું, તે તમે સાંભળો. માર્ગમાં જે ઝાડ આગળ તક્ષક સર્પ અને કાશ્યપ બ્રાહ્મણ એકઠા થયા હતા તે સૂકી ડાળીઓવાળા ઝાડ ઉપર કોઇ એક પુરુષ સૂકાં લાકડાં ખોળવા માટે પ્રથમથી ચઢેલો હતો.૪૦ ઝાડ ઉપર ચઢેલા તે પુરુષની સર્પ અથવા બ્રાહ્મણ એ બંનેમાંથી એકેને ખબર ન હતી. હે રાજન્ ! તેથી તે ઝાડની સાથેજ તે પણ ભસ્મ થયો હતો અને બ્રાહ્મણના પ્રભાવથી જ્યારે તે ઝાડ જીવતું થયું, ત્યારે તે પણ જીવતો થયો હતો. હે રાજેંદ્ર ! તે બ્રાહ્મણના દાસે આવીને અમને તક્ષક અને બ્રાહ્મણના સંબંધમાં બનેલું સર્વ વૃત્તાંત જણાવ્યું હતું. હે રાજન્ ! આ પ્રમાણે જે રીતે જોયેલું તે અને જે કંઇ સાંભળેલું તે તમને કહ્યું. હે રાજશાર્દૂલ ! એ સાંભળીને તમે જે કરવા ધારતા હો તે કરો. "૪૧-૪૩

સૌતિ કહે છેઃ-મંત્રીઓનાં આવાં વચન સાંભળીને તે જનમેજય રાજા દુઃખથી દીન થઇને સંતાપ કરવા લાગ્યો અને હાથવતી હાથ ઘસવા લાગ્યો. કમલના જેવાં નેત્રવાળો તે રાજા વારંવાર ઉના નિઃશ્વાસ મૂકવા લાગ્યો અને રડતાં રડતાં આંખમાંથી આંસુ પાડવા લાગ્યો. આમ અત્યંત અશ્રુપાત કર્યા પછી વિધિપ્રમાણે જલનું આચમન કરીને, દુઃખ તથા શોકયુક્ત થયેલા રાજાએ થોડીવાર વિચાર કર્યા પછી મનમાં નિશ્ચય કર્યો ને ક્રોધાક્રાંત થઈ સર્વ મંત્રીઓને નીચે પ્રમાણે કહ્યું.૪૪-૪૭

જનમેજય કહે છેઃ-" મારા પિતાના સ્વર્ગગમનસંબંધી તમારાં વચન સાંભળીને હવે મારી બુદ્ધિ જે નિશ્ચયપર આવી છે, તે નિશ્ચય હું તમને કહું છું. તમે સાંભળો. જેણે મારા પિતાનો નાશ કર્યો તે દુરાત્મા તક્ષકનો તત્કાલ પ્રતી-

કાર કરવો એમ હું માનું છું; કારણ કે તેણે શૃંગીને નિમિત્તમાત્ર કરીને રાજાને દગ્ધ કર્યા છે; એટલુંજ નહિ પણ તેણે કાશ્યપને પાછા વાળીને પોતાની દુષ્ટતા પ્રકટ કરી છે. જો તે બ્રાહ્મણ અહીં આવ્યો હોત તો જરૂર મારા પિતા જીવતા રહેત. ૫૦ કાશ્યપની કૃપાથી અને મંત્રીઓની ચતુરાઇથી રાજા જીવ્યા હોત તો તેથી તે તક્ષકને શી હાનિ થવાની હતી ? અપરાજિત રાજાને જીવાડવા આવતા દ્વિજેંદ્ર કાશ્યપને તેણે પોતાની મૂર્ખતાથી પાછો વાળ્યો છે. રાજાને જીવાડે નહિ એટલા માટે તેણે પોતાનું દ્રવ્ય આપી કાશ્યપ બ્રાહ્મણને પાછો વાળ્યો, એ તે દુરાત્મા તક્ષકનો મોટો અપરાધ + છે. ૫૨,૫૩ માટે ઉત્તંક ઋષિનું પ્રિય કરવા તથા મારૂં પણ મહાન પ્રિય કરવા અને તમારૂં સર્વનું પ્રિય કરવા માટે હું મારા પિતાના વેરનો બદલો લઈશ.૫૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે પારિક્ષિત-મંત્રિસંવાદ નામનો અધ્યાય ૫૦ મો સમાપ્ત.

અધ્યાય ૫૧ મો-સર્પસત્રનો આરંભ

॥ सौतिरुवाच ॥

एवमुक्त्वा ततः श्रीमान्मंत्रिभिश्चानुमोदितः॥
आरुरोह प्रतिज्ञां स सर्पसत्राय पार्थिवः ॥१॥

સૂતપુત્ર કહે છે:--આ પ્રમાણે કહી મંત્રીઓથી અનુમોદન પામેલા શ્રીમાન જનમેજય રાજાએ સર્પસત્રને માટે પ્રતિજ્ઞા કરી અને હે બ્રહ્મન્ ! ભરતવંશમાં વ્યાઘ્રસમાન તથા વક્તામાં કુશળ એવા પરિક્ષિતના પુત્ર, પૃથ્વીપતિ જનમેજય રાજાએ પોતાના પુરોહિત તથા ઋત્વિજોને બોલાવી તેમને કાર્યસાધક વાક્યથી કહ્યું કે, 'જે દુરાત્મા તક્ષકે મારા પિતાની હિંસા કરી છે તેનો જે પ્રકારે હું પ્રતીકાર કરી શકું તે પ્રકાર આપ મને કહો. તમારા જાણવામાં કંઈ એવું કર્મ છે, કે જેનાથી હું તક્ષક સર્પને તેના બાંધવોની સાથે પ્રદીપ્ત અગ્નિમાં નાખી શકું ? પૂર્વે તેણે જેમ મારા પિતાને વિષાગ્નિથી બાળી મૂક્યા હતા તેમ હું પણ તે પાપી નાગને અગ્નિમાં બાળી મૂકવા ઇચ્છા કરૂં છું.'૧-૫

ઋત્વિજો બોલ્યા:-'હે રાજન્ ! તમારે માટે દેવોએ મોટો યજ્ઞ નિર્માણ કરેલો છે અને તે પુરાણમાં સર્પસત્રના નામથી કહેવાય છે. હે નરાધિપ ! તે યજ્ઞને કરનારો તમારા વિના બીજો કોઈ નથી એમ પૌરાણિકો કહે છે અને તે યજ્ઞવિધિ અમારી પાસે છે.'૬-૭

આ પ્રમાણે ઋત્વિજોએ કહ્યું એટલે રાજર્ષિ જનમેજયે, તક્ષકને પ્રદીપ્ત અગ્નિની જ્વાલામાં પ્રવિષ્ટ થયેલો તથા દગ્ધ થયેલોજ માની લીધો. તે પછી રાજાએ મંત્રવેત્તા એવા તે બ્રાહ્મણોને કહ્યું કે, 'તે સત્ર હું કરીશ. તે માટે જોઇતાં સાહિત્યો તમે એકઠાં કરો.' હે દ્વિજશ્રેષ્ઠ ! તે પછી યથાર્થ રીતે વેદને જાણનારા તથા બુદ્ધિના પારને પામેલા એવા તે સર્વે ઋત્વિજોએ યજ્ઞમંડપ કરવાને માટે શાસ્ત્ર પ્રમાણે તે પ્રદેશનું યથાવિધિ માપ કર્યું; અને પરમ સમૃદ્ધિવાળું, અનુકૂલ, દ્વિજસમૂહોથી ભરપૂર, પુષ્કળ ધનધાન્યવાળું તથા ઋત્વિજોએ સેવન કરેલું એવું યજ્ઞસ્થાન નિર્માણ કરીને તે વખતે સર્પસત્રના

+ **यदि क्षितायुर्यदि वा परेतो यदि मृत्योरंतिकं नीत एव, तमाहरामि निर्ऋतेरुपस्थादस्पार्षमेनं शतशारदाय । मंत्र.** જો એ ક્ષીણાયુષ થયો હોય અથવા મૃત્યુ પામ્યો હોય અથવા યમની પાસે લઇ જવાયો હોય તો પણ એને મૃત્યુ પાસેથી છોડાવી સો વર્ષને માટે હું જીવાડીશ, એ મંત્રના વર્ણન પ્રમાણે બ્રાહ્મણ, આયુષ્ય આપવા પણ સમર્થ છે એમ સમજાય છે. તેવા બ્રાહ્મણને બહુ ધન આપી પાછો વાળનાર તક્ષકનોજ અપરાધ છે; એ અભિપ્રાય છે.

ફલની પ્રાપ્તિને માટે રાજાને યજ્ઞદીક્ષા આપી; પરંતુ સર્પસત્ર થતાં પહેલાં તે યજ્ઞમાં વિઘ્ન કરનારૂં એક મહાન નિમિત્ત ઉત્પન્ન થયું, તે એ કે, જ્યારે તે યજ્ઞમંડપ કરવા માંડ્યો ત્યારે બુદ્ધિસંપન્ન, વાસ્તુવિદ્યામાં કુશલ તથા શિલ્પશાસ્ત્રને જાણનારો એક સૂતજાતિનો સૂત્રધાર ત્યાં બોલ્યો કે, 'જે દેશકાલમાં આ માપ કર્યું છે, તે ઉપરથી એમ સમજાય છે કે બ્રાહ્મણના નિમિત્તથી આ યજ્ઞ પૂરો થશે નહિ.' આ સાંભળીને રાજાએ દીક્ષાના સમય પહેલાં પોતાના દ્વારપાલને આજ્ઞા કરી કે, 'મારાથી અજ્ઞાત રીતે કોઈપણ મનુષ્ય અહીં પ્રવેશ કરે નહિ.' ૮-૧૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પસત્રોપક્રમ નામનો અધ્યાય ૫૧ મો સમાપ્ત.

અધ્યાય ૫૨ મો-સર્પોનો હોમ

॥ सौतिरुवाच ॥
ततः कर्म प्रववृते सर्पसत्रविधानतः ॥
पर्यक्रामंश्च विधिवत् स्वे स्वे कर्माणि याजकाः॥१॥

સૂતપુત્ર કહે છેઃ-તે પછી સર્પસત્રના વિધિપ્રમાણે કર્મનો આરંભ થયો અને યાજકો પોતપોતાનું કર્મ વિધિપૂર્વક ક્રમસર કરવા લાગ્યા. ધૂમાડાથી રક્ત નેત્રવાળા તે ઋત્વિજો શ્યામ વસ્ત્રો ધારણ કરીને પ્રદીપ્ત અગ્નિમાં મંત્રપૂર્વક હોમ આપવા લાગ્યા તથા સઘળા સર્પોનાં મનને કંપાવતા તેઓ નામ લઈલઈને સર્વ સર્પોને અગ્નિના મુખમાં બોલાવવા લાગ્યા. તે વખતે ઝળહળતા અગ્નિમાં સર્પો આવી પડવા લાગ્યા. તેઓ દીન શબ્દથી એકમેકને બોલાવતા; તરફડતા, ફુંફાડા મારતા, ફણાઓ પહોળી કરતા તથા પૂછડાં તરફથી અને માથા તરફથી એકમેકને વીંટાતા ઢગલાબંધ અગ્નિમાં પડવા લાગ્યા. આમાં કેટલાક ધોળા, કેટલાક કાળા તથા કેટલાક કાબરા હતા; કેટલાક વૃદ્ધ તથા કેટલાક બાલક હતા. એ સર્પો વિવિધ પ્રકારના નાદ કરતા બળતા અગ્નિમાં પડતા હતા. હે અગ્નિહોત્રીઓમાં શ્રેષ્ઠ ! એ અગ્નિમાં ગાયના કાનથી માંડીને કોશ તથા યોજન જેટલા લાંબા સર્પો, વેગવડે ઉપરાઉપરિ પડતા હતા. આ પ્રમાણે સેંકડો, હજારો, લાખો અને અબુદોની સંખ્યામાં પરાધીન થયેલા સર્પો તે યજ્ઞમાં વિનાશ પામ્યા. એમાં કેટલાક સર્પો ઘોડા જેવા, કેટલાક હાથીની સૂંઢ જેવા તથા કેટલાક મદમત્ત હાથીના જેવડા મોટા શરીરવાળા અને મહાન બલવાળા હતા. આ પ્રમાણે ઘણા નાનાતથા મોટા, વિચિત્ર રંગના, ઝેરવડે ભયંકર, ઘોર, મોટી ભોગળના જેવા લાંબા તથા મહા બલવાળા સર્પો પોતાની માતાના શાપથી પીડાઇને અગ્નિમાં પડતા હતા. ૧-૧૦

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પસત્રોપક્રમ નામનો અધ્યાય ૫૨ મો સમાપ્ત.

અધ્યાય ૫૩ મો-તક્ષક ઇંદ્રને શરણે ગયો અને વાસુકિએ સર્પસત્રથી બચવા માટે પોતાની બહેનની પ્રાર્થના કરી.

। शौनक उवाच ।
सर्पसत्रे तदा राज्ञः पांडवेयस्य धीमतः ॥
जनमेजयस्य के त्वासन्नृत्विजः परमर्षयः ॥१॥

શૌનક પ્રશ્ન કરે છેઃ-પાંડવના વંશમાં ઉત્પન્ન થયેલા બુદ્ધિમાન જનમેજય રાજાના સર્પસત્રમાં તે વખતે કયા શ્રેષ્ઠ ઋષિએ ઋત્વિજો થયા હતા ? વળી સર્પોને અત્યંત દુઃખ ઉત્પન્ન કરનારા તથા મહાભય કરનારા તે અતિ

દારુણ સત્રમાં કોણ કોણ સભાસદ થયા હતા? હે તાત! હે સૂતપુત્ર! ત્યાં સર્પસત્રના વિધિને જાણનારામાં શ્રેષ્ઠ કોણ કોણ હતા? તે સઘળું વિસ્તારથી કહેવાને તમે યોગ્ય છો.[૧-૩]

સૌતિ કહે છેઃ-ત્યાં જનમેજય રાજાના સત્રમાં જે ઋત્વિજો તથા સદસ્યો થયા હતા, તે બુદ્ધિમાનોનાં નામો હું તમને કહું છું. તે સત્રમાં ચ્યવનના વંશમાં ઉત્પન્ન થયેલા અને વેદવેત્તામાં શ્રેષ્ઠ એવા પ્રસિદ્ધ બ્રાહ્મણ ચંડભાર્ગવ હોતા થયા હતા, વૃદ્ધ તથા વિદ્વાન બ્રાહ્મણ કૌત્સ જૈમિનિ ઉદ્‍ગાતા થયા હતા, શાર્ઙ્ગરવ બ્રહ્મા થયા હતા, અને પિંગલ અધ્વર્યુ થયા હતા તથા પુત્ર અને શિષ્યોસહિત વ્યાસ મુનિ સદસ્ય થયા હતા. વળી ઉદ્દાલક, પ્રમતક, શ્વેતકેતું, પિંગલ, અસિત, દેવલ, નારદ, પર્વત, આત્રેય, કુંડ, જઠર, કાલઘટઋષિ, વાત્સ્ય, જપ, સ્વાધ્યાય તથા શીલવાળા વૃદ્ધ શ્રુતશ્રવા, કોહલ, દેવશર્મા, મૌદ્‍ગલ્ય, સમસૌરભ, એ સઘળા અને બીજા વેદના પારને પામેલા ઘણા બ્રાહ્મણો જનમેજયના સત્રમાં સભાસદ થયા હતા.[૧૦] એ મહાક્રતુ સર્પસત્રમાં ઋત્વિજો જ્યારે હોમ કરતા હતા, ત્યારે પ્રાણીઓને ભય આપનારા ઘોર સર્પો તેમાં પડતા હતા. તે બળતા સર્પોની મજ્જા તથા મેદના રસથી ઝરણાંઓ વહેવા માંડ્યાં હતાં અને અહોનિશ બળતા સર્પોનો અતિ તીક્ષ્ણ ગંધ ચોમેર ફેલાઈ ગયો હતો. ત્યાં કુંડમાં પડતા તથા આકાશમાં આવેલા અને અગ્નિમાં બળતા નાગોનો મહાન કોલાહલશબ્દ નિરંતર સંભળાયા કરતો હતો.[૧૧-૧૩]

હવે જનમેજય રાજાએ સર્પસત્રની દીક્ષા ધારણ કરી છે, એ વાત સાંભળતાંની સાથેજ નાગેંદ્ર તક્ષક ઇંદ્રના સ્થાનમાં ચાલ્યો ગયો અને અપરાધી હોવાથી ભય પામેલા તે નાગરાજે બનેલી સર્વ હકિકત ઇંદ્રને જણાવી તેનું શરણ ગ્રહણ કર્યું. ત્યારે પ્રસન્ન થઈને ઇંદ્રે તક્ષકને કહ્યું કે, 'હે નાગેંદ્ર તક્ષક! તે સર્પસત્રથી તને કદાપિ ભય થશે નહિ; કારણ કે તારા ભલાને માટે મેં પહેલાં બ્રહ્માને પ્રસન્ન કર્યા હતા, તેથી તારે સર્પસત્રથી બીવાનું કારણ નથી. તારા મનનો સંતાપ દૂર થાઓ.'[૧૪-૧૭]

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે ઇંદ્રે જેનું આશ્વાસન કરેલું એવો તક્ષક નાગ હર્ષ પામીને ઇંદ્રના ભવનમાં સુખથી રહ્યો.[૧૮]

નિરંતર નાગો અગ્નિમાં પડવાથી તથા પોતાનો પરિવાર ઘણો થોડો રહેવાથી વાસુકિ નાગ બહુ દુઃખી થયો અને સંતાપ કરવા લાગ્યો. સર્પરાજ વાસુકિને ઘોર દુઃખે ઘેરી લીધો અને તે વ્યાકુળ હૃદયનો થઇને પોતાની બહેન જરત્કારુને આ પ્રમાણે કહેવા લાગ્યો[૨૦]:-"હે કલ્યાણિ! મારાં અંગો બળે છે, મને દિશાઓ સૂઝતી નથી, હું મોહથી પીડાઉં છું, મારૂં મન ઘુમે છે, મારી દૃષ્ટિ ભમી જાય છે અને હૃદય ફાટતું હોય તેમ થાય છે; એટલે હું આજેજ તે પ્રદીપ્ત અગ્નિમાં પરાધીન થઈને પડીશ એમ મને લાગે છે. પરિક્ષિતના પુત્ર જનમેજયનો યજ્ઞ અમને હણવા માટેજ પ્રવર્તે છે, તેથી મારે પણ યમરાજના સ્થાનમાં જરૂર જવું પડશે. હે બહેન! જે કાર્યને માટે મેં તને જરત્કારુ ઋષિ સાથે પરણાવી હતી તે કાર્યને માટે આ સમય આવ્યો છે, માટે તું બંધુવર્ગોની સાથે અમારૂં રક્ષણ કર. હે ભુજગોત્તમે! તે પ્રવર્તતા સર્પસત્રને આસ્તીક બંધ પાડશે, એમ પૂર્વે મને બ્રહ્માએ પોતેજ કહ્યું હતું; માટે હે વત્સે! વૃદ્ધોએ પણ જેને માન આપેલું એવા અને વેદવેત્તામાં શ્રેષ્ઠ એવા તે તારા કુમાર વત્સ આસ્તીકને તું હવે પરિવાર સાથે અમારા છૂટકાને માટે કહે."[૨૧-૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પસત્રમાં વાસુકિવાક્ય નામનો અધ્યાય ૫૩ મો સમાપ્ત.

અધ્યાય ૫૪ મો-સર્પસત્રમાં આસ્તીકનું જવું.

॥ सौतिरुवाच ॥
तत आहूय पुत्रं स्वं जरत्कारुर्भुजंगमा ॥
वासुकेर्नागराजस्य वचनादिदमब्रवीत् ॥१॥

સૂતપુત્ર કહે છે:-તે પછી નાગરાજ વાસુકિનાં વચનથી નાગપુત્રી જરત્કારુએ પોતાના પુત્રને બોલાવીને તેને નીચે પ્રમાણે કહ્યું:-' હે પુત્ર ! મારા ભાઇએ મને તારા પિતાને કોઇ એક કારણથી આપી હતી; તેને માટે આ સમય પ્રાપ્ત થયો છે,માટે તે કાર્ય તું યથાર્થ રીતે કર.'૧-૨

આસ્તીક બોલ્યો:-' મારા મામાએ તને શા કારણથી મારા પિતાને આપી હતી, તે મને તું સત્યથી કહે; તે સાંભળ્યા પછી તેને માટે જે યોગ્ય હશે તે હું કરીશ.'૩

સૌતિ કહે છે:-તે પછી બંધુના હિતને ઇચ્છનારી નાગરાજની બહેન જરત્કારુ,સ્વસ્થતાથી આસ્તીકને સ્પષ્ટ રીતે કહેવા લાગી.૪

જરત્કારુ બોલી:-'સઘળા સર્પોની કદ્રૂ નામની માતા હતી. તેણે જે કારણથી ક્રોધ કરીને પોતાના પુત્રોને શાપ આપ્યો હતો, તે કારણ તું સાંભળ. (પોતાનું કહેલું ન કરવાથી કદ્રૂએ પુત્રોને શાપ આપતાં કહ્યું કે,) ' હે પુત્રો ! વિનતાની સાથે દાસી થવાની કરેલી શરતમાં મારે માટે તમોએ અશ્વરાજ ઉચ્ચૈઃશ્રવાને શ્યામવર્ણનો ન કર્યો માટે તમને જનમેજયના યજ્ઞમાં અગ્નિ બાળી મૂકશે અને તેમાં મૃત્યુ પામીને તમે યમલોકમાં જશો. ' આ પ્રમાણે કદ્રૂએ શાપ આપ્યો, ત્યારે સાક્ષાત્ લોકોના પિતામહ બ્રહ્માએ ' તેમ થાઓ ' એમ કહીને તે વાક્યને અનુમોદન આપ્યું હતું. તેવું બ્રહ્માનું વચન સાંભળીને જ્યારે અમૃતમથન થયું, ત્યારે વાસુકિએ દેવોનું શરણ ગ્રહણ કર્યું. પછી અત્યુત્તમ અમૃત મેળવીને સઘળા દેવો સિદ્ધાર્થ થયા. તે પછી મારા ભાઇને આગળ કરી તેઓ બ્રહ્માની પાસે ગયા૧૦ અને એ શાપ મિથ્યા થવાને માટે નાગરાજ વાસુકિની સાથે દેવોએ કમલજન્મા બ્રહ્માને પ્રસન્ન કર્યા. દેવો બોલ્યા:-' હે ભગવન્ ! આ નાગરાજ વાસુકિ સ્વજ્ઞાતિના વિનાશના કારણથી દુઃખિત થયો છે, માટે એની માતાનો શાપ હવે કેવી રીતે પ્રાપ્ત ન થાય ?'૧૧-૧૨

બ્રહ્મા બોલ્યા:-' જરત્કારુ ઋષિ જે જરત્કારુ નામની સ્ત્રીને પરણશે તેનાથી ઉત્પન્ન થયેલો ઋષિ, એ શાપથી નાગોને મુક્ત કરશે.'. હે દેવતુલ્ય પુત્ર ! આવાં વચન સાંભળીને સર્પરાજ વાસુકિએ મને તારા મહાત્મા પિતાને વિનાશકાલ આવતાં પહેલાંજ આપી હતી અને તેમનાથી તું મારેવિષે ઉત્પન્ન થયો છે. હમણાં તે સમય પ્રાપ્ત થયો છે; માટે તું અમારૂં ભયથી રક્ષણ કરવાને યોગ્ય છે. વળી તું તે અગ્નિથી મારા ભાઇનું રક્ષણ કરવાને પણ યોગ્ય છે. તારા બુદ્ધિમાન પિતાને જે ભયની નિવૃત્તિને માટે મને આપી હતી તે મારૂં અર્પણ મિથ્યા થવાને યોગ્ય નથી. હે પુત્ર ! હવે એ સંબંધમાં તું શું ધારે છે ?'૧૩-૧૬

સૂતપુત્ર કહે છે:-આ પ્રમાણે માતાએ કહ્યું ત્યારે આસ્તીકે માતાને કહ્યું કે, ' હું તેમ કરીશ.' પછી દુઃખથી સંતપ્ત થતા વાસુકિને જીવિત આપતો હોય તેમ આસ્તીકે કહ્યું:-" હે સર્પરાજ વાસુકિ ! હું તમને તે શાપથી મુક્ત કરીશ. હે મહાસત્ત્વ ! એ હું તમને સત્ય કહું છું. હે નાગ ! તમે તમારૂં મન સ્વસ્થ કરો. તમને કંઇ પણ ભય નથી. હે રાજન્ ! હું જે રીતે તમારૂં કલ્યાણ થાય તેવોજ યત્ન કરીશ. મારી વાણી રમતગમતમાં પણ મિથ્યા બોલતી નથી, તો યોગ્ય કાર્યમાં મિથ્યા બોલેજ કેમ ? મામા ! હું યજ્ઞદીક્ષાવાળા તે નૃપેંદ્ર જનમેજય પાસે જઈને, મંગલયુક્ત વાણીવડે તેમને પ્રસન્ન કરીશ. હે સજ્જનોમાં શ્રેષ્ઠ ! તેમ કરવાથી રાજાનો તે યજ્ઞ શાંત થશે. હે મહામતિવાળા નાગેંદ્ર ! તમારૂં રક્ષણ કરવાની મારામાં યોગ્યતા છે, એમ તમે માનો; તમારા મનમાં મારે માટે બાંધેલી આશા

કદાપિ મિથ્યા થશે નહિ.'૧૭-૨૨

વાસુકિ કહે છેઃ-હે આસ્તીક ! માતાના શાપરૂપી બ્રહ્મદંડથી હું ભમી જાઉં છું, મારૂં હૃદય ફાટે છે, મને દિશાઓનું ભાન રહ્યું નથી.૨૩

આસ્તીક કહે છેઃ-' હે પન્નગશ્રેષ્ઠ ! તમારે કોઈ રીતે સંતાપ કરવો નહિ. પ્રદીપ્ત અગ્નિથી ઉત્પન્ન થયેલો તમારો ભય હું નાશ પમાડીશ તથા કાલાગ્નિના જેવા તેજવાળા, મહા ઘોર બ્રહ્મદંડને પણ હું નાશ પમાડીશ; માટે એમાં તમારે જરા પણ ભય રાખવો નહિ.'૨૪-૨૫

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે વાસુકિનો ઘોર સંતાપ દૂર કરીને અને તે સંતાપ પોતાના અંગપર ગ્રહણ કરીને, દ્વિજશ્રેષ્ઠ આસ્તીક, જનમેજયના સર્વગુણસંપન્ન એવા તે યજ્ઞમાં શ્રેષ્ઠ સર્પોને છોડાવવા માટે ત્વરાથી જવા નીકળ્યો. ત્યાં આવીને આસ્તીકે સૂર્ય અને અગ્નિના જેવા તેજસ્વી ઘણા સભાસદોથી વીંટાયલું તે ઉત્તમ યજ્ઞસ્થાન જોયું. દ્વિજશ્રેષ્ઠ આસ્તીક તે મંડપમાં પ્રવેશ કરવા જતો હતો, એટલામાં દ્વારપાળોએ તેને રોકી દીધો. ત્યારે પરંતપ આસ્તીકે પ્રવેશ કરવામાટે તે યજ્ઞની સ્તુતિ કરવા માંડી. ઉત્કૃષ્ટ યજ્ઞસ્થાન આગળ જઈને પુણ્યકર્મ કરનારામાં શ્રેષ્ઠ એવો દ્વિજોત્તમ આસ્તીક, અનંત કીર્તિવાળા રાજા, ઋત્વિજો, સદસ્યો તથા અગ્નિની સ્તુતિ કરવા લાગ્યો.૨૬-૩૦

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પસત્રમાં આસ્તીક આગમન નામનો અધ્યાય ૫૪ મો સમાપ્ત.

અધ્યાય ૫૫ મો-આસ્તીકે કરેલી સ્તુતિ

॥आस्तीक उवाच ॥

सोमस्य यज्ञो वरुणस्य यज्ञः प्रजापतेर्यज्ञ आसीत् प्रयागे । तथा यज्ञोऽयं तव भारताग्र्य पारिक्षित स्वस्ति नोऽस्तु प्रियेभ्यः ॥१॥

આસ્તીક કહે છેઃ-' હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! જેવો સોમનો યજ્ઞ થયો હતો, જેવો વરુણનો યજ્ઞ થયો હતો અને પ્રયાગમાં જેવો પ્રજાપતિનો યજ્ઞ થયો હતો તેવો, હે પરિક્ષિતના પુત્ર ! આ તમારો યજ્ઞ છે. તમારાથી અમારાં પ્રીતિપાત્રોનું કલ્યાણ થાઓ. હે ભારતાગ્ર્ય! ઇંદ્રના સો યજ્ઞો કહેવાય છે, તેવા દશ હજાર યજ્ઞો જેવો આ તમારો યજ્ઞ છે. હે પારિક્ષિત ! અમારાં પ્રિયજનોનું કલ્યાણ થાઓ. હે ભરતકુલશ્રેષ્ઠ ! જેવો યમરાજાનો યજ્ઞ, જેવો હરિમેધસનો યજ્ઞ અને જેવો રંતિદેવ રાજાનો યજ્ઞ થયો હતો,તેવો આ તમારો યજ્ઞ છે. હે જનમેજય ! અમારાં પ્રીતિપાત્રોનું કલ્યાણ થાઓ. હે ભરતકુલમાં અગ્ર્ય ! હે પરિક્ષિતના પુત્ર ! જેવો ગયરાજાનો યજ્ઞ, જેવો શશબિંદુ રાજાનો યજ્ઞ અને જેવો કુબેરનો યજ્ઞ થયો હતો, તેવો આ તમારો યજ્ઞ છે. તમારાથી અમારાં પ્રિય જનોનું કલ્યાણ થાઓ. જેવો નૃગરાજાનો યજ્ઞ, અજમીઢનો યજ્ઞ અને દશરથ રાજાના પુત્ર રામચંદ્રનો યજ્ઞ થયો હતો, તેવો હે ભારતાગ્ર્ય ! હે પારિક્ષિત ! આ તમારો યજ્ઞ છે. અમારાં પ્રિયજનોનું કલ્યાણ થાઓ. ધર્મરાજાના પુત્ર અજમીઢવંશોદ્‌ભવ રાજા યુધિષ્ઠિરનો યજ્ઞ સ્વર્ગમાં પણ પ્રખ્યાત છે, હે ભરતકુલમાં અગ્ર્ય ! હે પરિક્ષિતના પુત્ર ! તેવો આ તમારો યજ્ઞ છે. અમારાં પ્રિયોનું કલ્યાણ થાઓ. હે ભારતાગ્ર્ય ! સત્યવતીના પુત્ર કૃષ્ણદ્વૈપાયનનો યજ્ઞ કે જેમાં તેઓ પોતે કર્મ કરતા હતા તેવો, હે પરિક્ષિતના પુત્ર ! આ તમારો યજ્ઞ છે. અમારાં પ્રિયોને કલ્યાણ પ્રાપ્ત થાઓ. આ તમારા સૂર્યના જેવા તેજવાળા સદસ્યો ઇંદ્રના યજ્ઞની પેઠે તમારા યજ્ઞમાં વિરાજે છે, જેઓને જાણવાનું જ્ઞાન કંઇ પણ બાકી નથી એવા એઓ બ્રહ્મરૂપ હોવાથી એમને આપેલું દાન કદાપિ નષ્ટ થતું નથી. પરલોકનાં સાધનોને માટે દ્વૈપા-

યન વ્યાસના જેવા બીજા ઋત્વિજ નથી એવો મેં નિશ્ચય કર્યો છે. પોતાના કર્મમાં દક્ષ એવા એમનાજ શિષ્યો ઋત્વિજો થઇને પૃથ્વીમાં વિચરે છે. આ જમણી તરફ ફરતી જ્વાલાવાળો, હુતદ્રવ્યને ગ્રહણ કરનારો પ્રદીપ્ત અગ્નિદેવ, તમારાં હવિની કામના કરે છે, કે જે મહાત્માનાં વિભાવસુ, ચિત્રભાનુ, હિરણ્યરેતા, હુતભુક્ અને કૃષ્ણવર્ત્મા એવાં નામો છે.૧૦ આ જીવલોકમાં પ્રજાનું પાલન કરનારો તમારા જેવો બીજો રાજા નથી. તમારા ધૈર્યથી મારૂં મન નિત્ય પ્રસન્ન થાય છે. તમે વરુણ, ધર્મરાજ અથવા યમરાજાના જેવા છો. વજ્રધારી સાક્ષાત્ ઇંદ્ર જેમ લોકોનું રક્ષણ કરે છે, તેમ તમે આ લોકની પ્રજાનું રક્ષણ કરો છો. હે પુરુષેંદ્ર ! આ લોકમાં તમારા જેવો રાજા છે નહિ અને પૂર્વે થયો પણ ન હતો, એમ અમે માનીએ છીએ. હે ખટ્વાંગ, નાભાગ અને દિલીપના તુલ્ય ! હે યયાતિ અને માંધાતાના જેવા પ્રભાવવાળા ! હે સૂર્યના તેજના સમાન તેજવાળા ! ઉત્તમ વ્રતવાળા તમે ભીષ્મના જેવા શોભો છો, વાલ્મીકિ ઋષિની પેઠે તમે તમારો પ્રભાવ ગુપ્ત રાખ્યો છે, વસિષ્ઠની પેઠે તમે તમારો કોપ વશ રાખ્યો છે, તમારી પ્રભુતા હું ઇંદ્રના જેવી માનું છું અને તમારી કાંતિ નારાયણના જેવી છે, તમે યમરાજાના જેવા ધર્મનિશ્ચયને જાણનારા છો તથા કૃષ્ણ જેવા સર્વગુણસંપન્ન છો. જેમ તમે વસુની લક્ષ્મીના નિવાસસ્થાન છો, તેમ યજ્ઞના પણ નિધાનરૂપ છો. તમે દંભોદ્ભવના જેવા બલવાન છો, ભાર્ગવ રામના જેવા શાસ્ત્ર અને અસ્ત્ર બંનેને જાણનારા છો, ઔર્વ અને ત્રિતના સમાન તેજવાળા છો અને ભગીરથના જેવા દુષ્પ્રેક્ષ્ય છો."૧૧-૧૬

સૂતપુત્ર કહે છેઃ-આ પ્રમાણે સ્તુતિ કરવાથી રાજા, સભાસદ, ઋત્વિજો અને અગ્નિદેવ-સર્વે પ્રસન્ન થયા. તે સઘળાના મનોભાવને તથા બાહ્ય ચેષ્ટિતોને જોઇને જનમેજય રાજા બોલ્યો.

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પસત્રમાં આસ્તીકકૃત રાજસ્તુતિ નામનો અધ્યાય ૫૫ મો સમાપ્ત.

અધ્યાય ૫૬ મો-રાજાએ આસ્તીકને વર આપ્યો.

॥ जनमेजय उवाच ॥

बालोऽप्ययं स्थविर इवावभाषते नायं बालः स्थविरोऽयं मतो मे ॥ इच्छाम्यहं वरमस्मै प्रदातुं तन्मे विप्राः संविदध्वं यथावत्॥१॥

જનમેજય કહે છેઃ-" આ બાલક છે છતાં વૃદ્ધના જેવું બોલે છે, માટે એને હું બાલક માનતો નથી પણ વૃદ્ધજ માનું છું. હે વિપ્રો ! હું એને વરદાન આપવા ઇચ્છું છું, તેથી તે સંબંધમાં તમે મને યથાર્થ સંમતિ આપો."૧

સદસ્યો બોલ્યાઃ-" રાજાઓએ આ જગતમાં બાલક વિપ્રને પણ માન આપવુંજ જોઇએ, તોપછી જે વિદ્વાન હોય તેને તો યથાયોગ્ય માન આપવુંજ ઘટે છે; માટે આજે આ બ્રાહ્મણ તમારાથી પોતાની સર્વ કામના પૂર્ણ કરવાને યોગ્ય છે; પરંતુ વર આપતાં પહેલાં તક્ષકનાગ શીઘ્ર આવી પડે તેમ આપણે કરવું જોઈએ."૨

સૂતપુત્ર કહે છેઃ-તે પછી વરદાન આપનારા રાજા, આસ્તીક વિપ્રને ' તમે વર માગો ' એમ કહેવા ઇચ્છતા હતા તેવામાં અપ્રસન્ન મનવાળા હોતાએ કહ્યું કે. ' આ યજ્ઞમાં તક્ષક આવે નહિ ત્યાંસુધી તમે વર આપશો નહિ.'૩

જનમેજય કહે છેઃ-' આ મારૂં કર્મ જે પ્રકારે સમાપ્ત થાય અને જે રીતે તક્ષકનાગ તત્કાલ આવી પડે, તે પ્રમાણે તમે સઘળાઓ પરમ શક્તિથી યત્ન કરો; કારણ કે તેણેજ મારો વિદ્વેષ કર્યો છે.'૪

ઋત્વિજો બોલ્યાઃ-' હે રાજન્ ! અમારા મંત્રોના દેવતાઓ અને અગ્નિદેવ જે કહે છે, તેથી એમ જણાય છે કે, ભયથી પીડાયલો તક્ષક

ઇંદ્રના ભવનમાં ચાલ્યો ગયો છે. વળી રક્ત નેત્રવાળા મહાત્મા, પૌરાણિક સૂતે પ્રથમથીજ તે વાત જણાવી હતી. તે વખતે રાજાના પૂછવાથી સૂતે રાજાને કહ્યું કે, હે નૃપદેવ ! બ્રાહ્મણો જે કહે છે તે તેમજ છે. હું પૂર્વકલ્પના વૃત્તાંતને જાણીને કહું છું. હે રાજન્ ! એને ઇંદ્રે વરદાન આપ્યું છે કે, ' તું મારી પાસે સુરક્ષિત થઇને રહે, તને અગ્નિ બાળશે નહિ.' આ સાંભળીને દીક્ષાવાળા રાજાને ક્રોધ ચઢ્યો અને કર્મસમયમાં તેણે હોતાને પ્રેરણા કરી, એટલે હોતાએ યત્નપૂર્વક મંત્રવડે ઇંદ્ર સાથે તક્ષકનું આવાહન કર્યું. તેજ વખતે સર્વ દેવોએ સ્તુતિ કરાતો મહાનુભાવ મહેંદ્ર પોતે વિમાનમાં બેસી ત્યાં આવ્યો.તેની પાછળ મેઘો અને વિદ્યાધરો તથા અપ્સરાનાં ટોળાંઓ આવતાં હતાં, તક્ષકનાગ ઇંદ્રના ઉપરણામાં ભયથી ઉદ્વેગ પામીને ભરાઈ બેઠો હતો; તેને જરાએ શાંતિ વળતી ન હતી. પછી તક્ષકનો અંત લાવવા ઇચ્છતા જનમેજય રાજાએ ક્રોધ કરીને મંત્રવેત્તાઓને આ પ્રમાણે કહ્યું. જનમેજય બોલ્યોઃ—'હે વિપ્રો ! જો તક્ષકનાગ ઇંદ્રના ભવનમાં હોય તો તેને ઇંદ્રસહિત અગ્નિમાં નાખી દો.”૫-૧૧

સૂતપુત્ર કહે છેઃ—જનમેજય રાજાએ તક્ષકને માટે એવી પ્રેરણા કરી, એટલે હોતાએ ત્યાં રહેલા તક્ષક નાગનું આવાહન કર્યું.આમ આવાહન કરતાંજ તે વખતે ઇંદ્રસહિત વ્યાકુળ થયેલો તક્ષક નાગ એક ક્ષણમાંજ આકાશમાં જણાયો. ઇંદ્ર પણ તે યજ્ઞ જોતાં બહુ ભય પામ્યો અને ત્રાસ લાગવાથી તક્ષકનો ત્યાગ કરી પોતાના ભવનપ્રત્યેજ ચાલ્યો ગયો. હે રાજેંદ્ર! ઇંદ્રના જવા પછી ભયથી મોહિત થયેલો તક્ષક નાગ મંત્રની શક્તિવડે અવશ થઈને અગ્નિની જ્વાલા સમીપ આવી પહોંચ્યો. (ઇંદ્ર કરતાં પણ બ્રાહ્મણનું સામર્થ્ય અધિક છે, તથાપિ બ્રાહ્મણોએ દેવનો અપરાધ કરવો ન જોઇએ,એ અભિપ્રાયથી) ઋત્વિજો બોલ્યાઃ—“હે સમર્થ રાજેંદ્ર ! તમારૂં આ કર્મ વિધિપ્રમાણે થાય છે,માટે આ શ્રેષ્ઠ બ્રાહ્મણને તમે વર આપવા યોગ્ય છો.”૧૨-૧૬

જનમેજય કહે છેઃ—“હે અમાપ શક્તિવાળા બાળક ! સર્વ રીતે યોગ્ય એવા તમને હું યોગ્ય વર આપું છું; માટે તમારા હૃદયમાં જે ઇચ્છા હોય તે મારી પાસે માગો,તે ન આપવા જેવું હશે તોપણ હું તમને આપીશ. ”૧૭

ઋત્વિજો બોલ્યાઃ—“હે નૃપ! આ તક્ષક નાગ તત્કાલ તમારે અધીન થાય છે,ભયંકર નાદ કરતા તે નાગનો આ મહાનાદ સંભળાય છે. ખરેખર ઇંદ્રે તે નાગને ત્યજી દીધો છે, એટલે સ્વર્ગથી ભ્રષ્ટ થયેલો તે નાગેંદ્ર મંત્રથી ત્રાસ પામેલા શરીરવડે આકાશમાં ઘૂમતો, ભાનવિનાનો થઈને મોટા મોટા ફુંફાડા મારતો આ આવે છે.”૧૮-૧૯

સૂતપુત્ર કહે છેઃ—જે વખતે નાગેંદ્ર તક્ષક અગ્નિમાં પડતો હતો, તે વખતે આ સમય છે એમ માની આસ્તીક બોલ્યો.૨૦

આસ્તીક કહે છેઃ—“હે જનમેજય! મને તમે વર આપો છો તો હું માગું છું કે, આ તમારો સત્ર બંધ થાઓ અને હવેથી એમાં સર્પો પડો નહિ.” હે બ્રહ્મન્ ! આ પ્રમાણે આસ્તીકે કહ્યું ત્યારે અપ્રસન્ન થયેલા જનમેજયે આસ્તીકપ્રત્યે કહ્યું કેઃ—“હે વિભો! હે વિપ્ર! સોનું, રૂપું, ગાયો અથવા બીજું જે કંઈ તમે માગો તે હું તમને આપું છું, પરંતુ મારો આ યજ્ઞ નિવૃત્ત ન થાઓ!”

આસ્તીક કહે છેઃ—“હે રાજન્! સુવર્ણ, રૂપું અથવા ગાયો હું તમારી પાસે માગતો નથી, પરંતુ આ તમારો યજ્ઞ વિરામ પામો; કે જેથી મારા મોસાળ પક્ષનું કલ્યાણ થાય.”૨૪

સૂતપુત્ર કહે છેઃ—આસ્તીકે આ પ્રમાણે કહ્યું ત્યારે બોલનારામાં શ્રેષ્ઠ એવા રાજા જનમેજયે ફરી ફરી આસ્તીકને કહ્યું કે, 'હે દ્વિજવરમાં શ્રેષ્ઠ! તમારૂં કલ્યાણ થાઓ,તમે બીજું વરદાન માગો.' હે ભૃગુનંદન! આ પ્રમાણે કહેતાં પણ આસ્તીકે બીજું કંઈજ માગ્યું નહિ. ત્યારે હે તાત! વેદવેત્તા એવા સર્વ સભાસદોએ મળીને રાજાને કહ્યું કે, ' આ બ્રાહ્મણ જે વર માગે છે તે તેને આપો.' ૨૫-૨૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે આસ્તીકને વરપ્રદાન નામનો અધ્યાય ૫૬ મો સમાપ્ત.

અધ્યાય ૫૭ મો—કેટલાક સર્પોનાં નામો

॥ शौनक उवाच ॥

ये सर्पाः सर्पसत्रेऽस्मिन् पतिता हव्यवाहने ॥
तेषां नामानि सर्वेषां श्रोतुमिच्छामि सूतज॥१॥

શૌનક પૂછે છેઃ—હે સૂતપુત્ર ! એ સર્પસત્રના અગ્નિમાં જે જે સર્પો પડ્યા હતા તે સઘળાનાં નામો સાંભળવાની હું ઇચ્છા કરૂં છું.[1]

સૌતિ કહે છેઃ—હે દ્વિજસત્તમ ! હજારો, લાખો અને અર્બુદોની સંખ્યામાં અનેક સર્પો એ સત્રમાં હોમાયા છે, તેઓની સંખ્યા મોટી હોવાથી તેમની ગણત્રી થાય તેમ નથી; છતાં અગ્નિમાં હોમાયલા મુખ્ય મુખ્ય સર્પોનાં નામો જે મને સાંભરે છે તે હું તમને કહું છુ તે તમે સાંભળો. તે સર્પોમાં વાસુકિના કુલમાં ઉત્પન્ન થયેલા જે કેટલાક કાળા, લાલ તથા ધોળા રંગના અને ઘોર ઝેરથી ભયંકર તથા મોટા દેહવાળા હતા, જે બિચારાઓ માતાની વાણીરૂપ દંડથી પીડાઈ, પરતંત્ર થઇને અગ્નિમાં હોમાયા હતા, તે સર્પોને પ્રથમ તમે સાંભળો. કોટિશ, માનસ, પૂર્ણ, શલ, પાલ, હલીમક, પિચ્છલ, કૌણપ, ચક્ર, કાલવેગ, પ્રકાલન, હિરણ્યબાહુ, શરણ, કક્ષક અને કાલ દંતક, એ વાસુકિના કુલમાં ઉત્પન્ન થયેલા નાગો અગ્નિમાં પડ્યા હતા. વળી હે વિપ્ર! એ કુલમાં ઉત્પન્ન થયેલા બીજા પણ ઘોર રૂપવાળા અને મહા બલવાળા નાગો પ્રદીપ્ત અગ્નિમાં હોમાયા હતા. હવે તક્ષકના કુલમાં ઉત્પન્ન થયેલાઓને કહું છું તેમને તમે સાંભળો. પુચ્છાંડક, મંડલક, પિંડસેક્તા, રભેણક, ઉચ્છિખ, શરભ, ભંગ, બિલ્વતેજા, વિરોહણ, શિલી, શલકર, મૂક, સુકુમાર, પ્રવેપન, મુદ્‌ગર, શિશુરોમા, સુરોમા અને મહાહનુ, એ તક્ષકના કુલમાં ઉત્પન્ન થયેલા નાગો અગ્નિમાં પડ્યા હતા.[10] પારાવત, પારિયાત, પાંડર, હરિણ, કૃશ, વિહંગ, શરભ, મેદ, પ્રમોદ અને સંહતાપન, એ ઐરાવત કુલના નાગો અગ્નિમાં પડ્યા હતા. હે દ્વિજોત્તમ ! હવે કૌરવ્યના કુલમાં ઉત્પન્ન થયેલા નાગોનાં નામો તમે મારાથી સાંભળો. એરક, કુંડલ, વેણી, વેણીસ્કંધ, કુમારક, બાહુક, શૃંગવેર, ધૂર્તક, પ્રાતર અને આતક, એટલા કૌરવ્યકુલના નાગો અગ્નિમાં પડ્યા હતા. હવે ધૃતરાષ્ટ્રના કુલમાં ઉત્પન્ન થયેલા વાયુના જેવા વેગવાળા અને વિષવડે ભયંકર એવા નાગોને હું કહું છું, તેને હે બ્રહ્મન્ ! તમે યથાર્થ રીતે સાંભળો. શંકુકર્ણ, પિઠરક, કુઠાર, મુખસેચક, પૂર્ણાંગદ, પૂર્ણમુખ, પ્રહાસ, શકુનિ, દરિ, અમાહઠ, કામઠક, સુષેણ, માનસ, અવ્યય, ભૈરવ, મુંડવેદાંગ, પિશંગ, ઉદ્રપારક, ઋષભ, વેગવાન, પિંડારક, મહાહનુ, રક્તાંગ, સર્વસારંગ, સમૃદ્ધ, પટવાસક, વરાહક, વીરણક, સુચિત્ર, ચિત્રવેગિક, પરાશર, તરુણક, મણિ, સ્કંધ અને આરુણિ, એ નાગો અગ્નિમાં હોમાયા હતા. હે બ્રહ્મન્ ! કીર્તિને વધારનારા એ મુખ્ય મુખ્ય નાગો મેં તમારી આગળ વર્ણવ્યા છે; પરંતુ એઓના પુત્રો, તેમના પુત્રો અને તેની સંતતિમાંથી જેઓ તે પ્રદીપ્ત અગ્નિમાં હોમાઈ ગયા હતા તેઓ અસંખ્ય હોવાથી અને સઘળાનાં નામો ગણાવી શકાય એમ ન હોવાથી બધાનાં નામો મેં ગણાવેલાં નથી. ત્રણ માથાવાળા, સાત માથાવાળા તથા બીજા દશ માથાવાળા, કાલાગ્નિના જેવા વિષવાળા, ભયંકર, મહા કાયાવાળા, મોટા વેગવાળા, પર્વતના શિખર જેવા ઉંચા, કોઈ યોજન જેટલા લાંબા તથા પહોળા અને કોઇ બે યોજન જેટલા લાંબા-પહોળા, ઇચ્છામાં આવે તેવું સ્વરૂપ અને બલ ધારણ કરનારા, ઝળહળતા અગ્નિના જેવાં ઝેરવડે ભયંકર એવા હજારો નાગો, વેદતુલ્ય માતૃશાપથી પીડાઇને તે મહાયજ્ઞમાં બળી ગયા હતા.[11-24]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પનામકથન નામનો અધ્યાય ૫૭ મો સમાપ્ત.

અધ્યાય ૫૮ મો-સર્પે.એ આસ્તીકને આપેલું વરદાન.

॥ सौतिरुवाच ॥

इदमत्यद्भुतं चान्यदास्तीकस्यानुशुश्रुम ॥
तथा वरैश्छंद्यमाने राज्ञा पारिक्षितेन हि ॥१॥

સૂતપુત્ર કહે છેઃ-વળી આસ્તીકના સંબંધમાં બીજું એક મોટું આશ્ચર્ય અમે સાંભળ્યું છે કે, રાજા જનમેજયે જ્યારે આસ્તીકને વર આપી પ્રસન્ન કરવા માંડયા, ત્યારે ઇંદ્રના હાથથી છૂટો પડેલો તક્ષક નાગ આકાશમાંજ અદ્ધર રહ્યા હતો. તે વખતે જનમેજય રાજા ચિંતાતુર થયો; કારણ કે અત્યંત પ્રદીપ્ત અગ્નિમાં વિધિવત્ તક્ષકનું નામ લઇને હોમ થતો હતો, છતાં ભયથી પીડાતો તક્ષક વહ્નિમાં પડયો નહિ.[૧-૩]

શૌનક પૂછે છેઃ-હે સૂત ! બુદ્ધિમંત એવા તે વિપ્રોનો મંત્રસમૂહ તે વખતે શું પોતાનો પ્રભાવ દર્શાવી શકયો નહિ, કે જેથી તક્ષકનાગ અગ્નિમાં પડયો નહિ ?[૪]

સૂતપુત્ર કહે છેઃ-તક્ષકનાગ ઇંદ્રના હાથથી છૂટો પડ્યો અને બેભાન થઇ ગયો,તેવખતે આસ્તીકે તેને"ઉભો રહે", "ઉભો રહે," "ઉભો રહે"એમ ત્રણ વાર કહ્યું, એટલે ખિન્ન મનવાળો તે નાગ જેમ કોઇ માણસ પૃથ્વી અને આકાશની વચ્ચે લટકી રહે તેમ અંતરિક્ષમાં સ્થિર થઇ ગયો. + તે પછી સભાસદોની વારંવાર પ્રેરણાથી રાજા જનમેજયે કહ્યું કે, "ભલે જેમ આસ્તીકે કહ્યું છે તેમ થાઓ, હવે આ કર્મ સમાપ્ત કરો, સર્પો સુખી થાઓ, આ આસ્તીક પ્રસન્ન થાઓ અને સૂતનાં તે વચન પણ સત્ય થાઓ."[૫-૮]

આ પ્રમાણે આસ્તીકને વર આપ્યો ત્યારે ત્યાં પ્રીતિજનક હર્ષનાદ થઇ રહ્યો અને પાંડુવંશો દ્ભવ પરિક્ષિતના પુત્ર જનમેજય રાજાનો તે યજ્ઞ ત્યાંથીજ બંધ રહ્યો. પછી ભરતકુલમાં ઉત્પન્ન થયેલો જનમેજય રાજા પ્રસન્ન થયો.[૧૦] તેણે ઋત્વિજો, સભાસદો તથા બીજા જે જે ત્યાં આવ્યા હતા તેમને સેંકડો અને હજારો મુદ્રા ધન આપ્યું. વળી શિલ્પશાસ્ત્રવેત્તા લોહિતાક્ષસૂત, જેણે યજ્ઞના આરંભમાંજ કહ્યું હતું કે, "સર્પસત્ર બંધ પડવામાં બ્રાહ્મણ નિમિત્તભૂત થશે" તેને રાજાએ ઘણું દ્રવ્ય આપ્યું અને ઘટતી રીતે ભોજન તથા વસ્ત્રોસહિત ધન આપીને તે પ્રસન્ન થયા. ત્યારે પછી અતુલ પરાક્રમવાળા રાજાએ વિધિમાં જણાવેલા કર્મ પ્રમાણે અવભૃથ સ્નાન કર્યું અને બુદ્ધિમાન તથા કાર્ય સફલ થવાથી પ્રસન્ન થયેલા એવા આસ્તીકનો સારી રીતે આદરસત્કાર કરીને તેને પોતાને ઘેર મોકલ્યો. વળાવતી વખતે પ્રસન્ન મનવાળા રાજાએ આસ્તીકને કહ્યું કે, "તમે ફરી મારે ત્યાં પધારજો, અને મારા અશ્વમેધ નામના મોટા યજ્ઞમાં તમે સભાસદ થજો."[૧૧-૧૬]

પોતાનું અતુલ કાર્ય કરીને તથા રાજાને સંતુષ્ટ કરીને પ્રસન્ન થયેલા આસ્તીકે તે વખતે રાજાને 'બહુ સારૂ'એમ કહીને ત્યાંથી દોટ મૂકી.અત્યંત પ્રસન્ન થયેલા આસ્તીક, પોતાનાસ્થાનમાં આવી, ત્યાં પોતાના મામાને તથા માતાને મળ્યો અને પ્રણામ કરીને તેમને સર્વ વૃત્તાંત જણાવ્યુ.[૧૭,૧૮]

સૂતપુત્ર કહે છેઃ-વાસુકિને ત્યાં જે સર્પો એકઠા થયેલા હતા, તેઓ આ સાંભળીને પ્રસન્ન થયા અને મોહરહિત થઈને આસ્તીક ઉપર પ્રેમ લાવી તેને કહેવા લાગ્યા કે, 'અમારી પાસેથી તું ઈપ્છિત વર માગી લે.'તે સઘળાઓ આસ્તીકને વારંવાર કહેવા લાગ્યા કે, 'હે વિદ્વન્! તારૂં અમે શું પ્રિય કરીએ? અમને બધાને તેં ભયથી મુક્ત કર્યા તેથી અમે પ્રસન્ન થયા છીએ. હે વત્સ! આજે અમે તારી કયી ઈચ્છા પૂર્ણ કરીએ?'[૧૯,૨૦]

આસ્તીક કહે છેઃ-"જે બ્રાહ્મણો અને બીજા

+ **लोकान्मंत्रान्महेद्राच्च ब्राह्मणे वीर्यमद्भुतम्।**
तक्षको येन खे तस्थावत्यास्तीकेऽनुवर्णितम् ॥
લોકથી, મંત્રથી અને મહેંદ્રથી પણ બ્રાહ્મણમાં અદ્દભુત વીર્ય રહેલું છે, જેથી તે સર્વનું આકર્ષણ છતાં તક્ષક સર્પ આકાશમાં અદ્ધર રહ્યો હતો, આ આસ્તીક પર્વમાં વર્ણવ્યું છે. गणेश

કોઇ પણ મનુષ્યો પ્રસન્ન મનવાળા થઇને મારા આ ધર્માખ્યાનનો સાંજ–સવાર પાઠ કરે તેમને તમારો જરા પણ ભય ન થાઓ,એ હું માગું છુ." પ્રસન્ન થયેલા તે નાગોએ પોતાના ભાણેજને કહ્યું કે, "હે ભગિનીપુત્ર ! એ તારી ઇચ્છા યથેષ્ટ રીતે સત્ય થાઓ અને હવેથી અમે બધા પ્રીતિયુક્ત થઇને નમ્રતાપૂર્વક તારી ઇચ્છાપ્રમાણે સર્વ કાર્ય કરીશું." (અહીં પ્રસંગોપાત સર્પભય નિવૃત્ત કરનારા કેટલાક મંત્રો કહે છે. જે મંત્રો મૂલ રૂપમાં નીચે ટિપ્પણમાં આપ્યા છે.)‡ અ-સિત, આર્તિમંત અને સુનીથનું દિવસે અથવા રાત્રિએ જે કોઇ સ્મરણ કરશે તેને સર્પથી ભય થશે નહિ. ૨૧–૨૩

× જરત્કારુથી જરત્કારુ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો મહા યશસ્વી આસ્તીક, કે જેણે સર્પ-સત્રમાં તમારૂં–સર્પોનું રક્ષણ કર્યું હતું, તેનું સ્મરણ કરનારા એવા મને, હે મહાભાગ્યવાળા સર્પો ! તમે હણવા માટે યોગ્ય નથી. ૨૪

* હે સર્પ ! હે મહાવિષવાળા સર્પ ! તારૂં કલ્યાણ થાઓ. તું અહીંથી દૂર થા–ચાલ્યો જા, તું જનમેજયના યજ્ઞના અંતમાં આસ્તીકે કહેલા વચનને યાદ કર. આસ્તીકના વચનને સાંભળી જે સર્પ દૂર થાય નહિ તેના માથાના શિંશપા વૃક્ષ-ના ફલની પેઠે સેંકડો ચૂરા થઇ જશે." ૨૫–૨૬

સૂતપુત્ર કહે છેઃ–ત્યાં એકઠા થયેલા મુખ્ય મુખ્ય સર્પરાજોએ આ પ્રમાણે કહ્યું, ત્યારે મહા-ત્મા દ્વિજેંદ્ર આસ્તીક પરમ આનંદ પામ્યા અને તેણે ત્યાંથી જવા માટે મનમાં વિચાર કર્યો. આ પ્રમાણે ધર્માત્મા દ્વિજશ્રેષ્ઠ આસ્તીક સર્પસત્રથી સર્પોને મુક્ત કરીને તથા આ લોકમાં પુત્રપૌત્રોને મૂકીને છેવટે કાલ આવતાં મુક્ત થઇ ગયા. આ રીતે આસ્તીકનું આખ્યાન મેં તમને જેવું હતું તેવું કહી સંભળાવ્યું, જેનો પાઠ કરતાં ક્યાંય પણ સર્પોથી કદાપિ ભય થતો નથી. ૨૭–૨૯

સૌતિ કહે છેઃ–હે ભૃગુકુલમાં શ્રેષ્ઠ, હે બ્રહ્મન્ ! તમારા પૂર્વજ પ્રમતિએ પ્રશ્ન કરતા પોતાના પુત્ર રુરુને પ્રીતિપૂર્વક જે પ્રમાણે વિદ્વાન આસ્તીકનું ઉત્તમ ચરિત્ર કહ્યું હતું અને જે પ્રમાણે મેં સાંભળ્યું હતું,તે પ્રમાણે હે વિપ્ર ! મેં તમને તે આરંભથી કહ્યું છે. હે બ્રહ્મન્ ! ડુંડુભનાં વાક્યો સાંભળીને તમે મને જે પૂછ્યું હતું તે આ પુણ્યની વૃદ્ધિ કરનારૂં આસ્તિકનું ધર્મિષ્ઠ આખ્યાન સાંભળીને તમારૂં મહાન આશ્ચર્ય નિવૃત્ત થાઓ. ૩૦–૩૨*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત આસ્તીકપર્વવિષે સર્પસત્ર નામનો અધ્યાય ૫૮ મો સમાપ્ત.

આસ્તીક પર્વ સમાપ્ત.

‡ आसितं चार्तिमंतं च सुनीथं चापि यः स्मरेत्‌। दिवा वा यदि वा रात्रौ नास्य सर्पभयं भवेत्‌।२३।


× यो जरत्कारुणा जातो जरत्कारौ महायशाः॥ आस्तीकः सर्पसत्रे वः पन्नगान्योऽभ्यरक्षत ॥ ॥ तं स्मरंतं महाभागा न मां हिंसितुमर्हथ ॥२४॥

* सर्पापसर्प भद्रं ते गच्छ सर्प महाविष ॥ जनमेजयस्य यज्ञांते आस्तीकवचनं स्मर ॥२५॥ आस्तीकस्य वचः श्रुत्वा यः सर्पो न निवर्तते ॥ शतधा भिद्यते मूर्ध्नि शिंशवृक्षफलं यथा ॥ २६ ॥

* ગરુડાખ્યાનનું રહસ્યઃ–કદ્રૂ અને વિનતા તે કુમતિ અને સુમતિ; સર્પો; કામ તથા ક્રોધ વગેરે તાપને શાંત કરનારો અરુણ તે સુકૃત–પુણ્ય; ગરુડ તે અંતર્યામીમાં પ્રવૃત્ત થતી બુદ્ધિ; જે અનિત્ય કર્મફલરૂપી અમૃતને ઇચ્છતી નથી અને સર્પો તેની ઇચ્છા કરતાં નિષ્ફલ આશાવાળા થયા તથા વિષ્ણુ અને ઇંદ્ર, તે નારાયણ અને નર; અર્થાત્ કુમતિથી કામ ક્રોધાદિક થાય છે અને તે થતાં ઇચ્છિત કર્મફલ પણ મળતું નથી તો તેથી આગળનું તો મળે જ ક્યાંથી ? સુમતિથી પુણ્ય, તેથી અંતર્યામીમાં જતી બુદ્ધિવૃત્તિ, જે કર્મફલને ઇચ્છતી નથી એટલે તે પ્રથમ સગુણ અને પછી નિર્ગુણ બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

અમૃતમથનનું રહસ્યઃ–તુલ્ય યત્ન કરતાં પણ સ્ત્રીમાં આસક્ત મનવાળા અસુરસમૂહને અમૃત મળ્યું નહિ અને (હરિમાં શ્રદ્ધા રાખનારા) દેવોને તે પ્રાપ્ત થયું.

સર્પસત્રનું તાત્પર્યઃ–સાધુપુરુષ પરિક્ષિતને



રાજર્ષિ જન્મેજયે સર્પસત્રમાટે દીક્ષા લીધેલી સાંભળીને શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ શિષ્યોસહિત યજ્ઞસભામાં પધાર્યા. રાજર્ષિ મંડળ સહિત સામા જઈ તેડી લાવ્યા; સુવર્ણાસને પધરાવ્યા; અર્ઘ્યપૂજાદિ કર્યાં અને પાસે બેસી ક્ષેમકુશળ પૂછ્યું. પછી સર્વથી પૂજાયલા એવા શ્રીવ્યાસ ભગવાને સભાસદોની સામી પૂજા કરી. (અનેક વંદન હો એ સર્વ પૂજ્ય પરમ વૃદ્ધ મહર્ષિના નિરાભિમાન ને વાત્સલ્ય ભાવને! પ્રાપ્ત થાઓ અમો આધુનિક માનવોને પૂર્વજોની એવી એવી આદર્શભૂત સંપત્તિઓ!) પછી જન્મેજયે પોતાના પ્રપિતામહ મહર્ષિ વ્યાસપ્રત્યે હાથ જોડીને પોતાના પૂર્વજોના યુદ્ધનાં કારણ ઇ૦ કહેવા પ્રાર્થના કરી. વ્યાસની સ્વશિષ્ય વૈશંપાયનને આજ્ઞા થતાં તેઓ ગુરુ, દ્વિજો અને અન્ય વિદ્વાનોને નમસ્કાર કરી મહાભારતનો ઇતિહાસ કહેવા લાગ્યા.

अंशावतरणपर्व

અધ્યાય ૫૯ મો–મહાભારતની કથા કહેવા શૌનકની પ્રેરણા

॥ शौनक उवाच ॥

भृगुवंशात् प्रभृत्येव त्वया मे कीर्तितं महत् ॥
आख्यानमखिलं तात सौते प्रीतोस्मि तेन ते ॥

શૌનક કહે છેઃ–હે સૂતપુત્ર ! તમે મને ભૃગુવંશથી આરંભીને મહાન આખ્યાન સંપૂર્ણ રીતે સંભળાવ્યું, હે તાત ! તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. હે સૂતનંદન ! વળી હું તમને કહું છું કે, વ્યાસની નિર્મેલી જે જે કથાઓ હોય તે તે મને ફરીથી સ્પષ્ટ રીતે કહો. તે પરમ દુસ્તર એવા સર્પસત્રમાં કર્મના અવકાશની વખતે યજ્ઞના મહાત્મા સદસ્યોની જે જે વિષયો ઉપર જે જે નાનાવિધ કથાઓ થઇ હોય તે તમારાથી અમે જે રૂપમાં હોય તે રૂપમાં સાંભળવાની ઇચ્છા કરીએ છીએ; માટે હે સૂતપુત્ર ! તમે તે અમને કહો. ૧–૪

સૂતપુત્ર કહે છેઃ–કર્મના અવકાશમાં બ્રાહ્મણો વેદના આશ્રયવાળી (શુનઃશેપ આખ્યાન વગેરે) કથાઓ કહેતા હતા, અને તે વખતે વ્યાસમુનિ તો (વૈશંપાયન પાસે) અદ્‌ભુત મહાભારત આખ્યાન કહેવરાવતા હતા.[૫]

શૌનક કહે છેઃ–પાંડવોના યશને ફેલાવનારા જે મહાભારત આખ્યાનને જનમેજયના પૂછવાથી કૃષ્ણદ્વૈપાયન વ્યાસે કર્મના અવકાશની વેળાએ વિધિવત્ સંભળાવ્યું હતું, તે પવિત્ર આખ્યાનને હું વિધિપૂર્વક સાંભળવાની ઇચ્છા કરૂં છું. માટે હે સજ્જનોમાં શ્રેષ્ઠ! યોગસંસ્કારયુક્ત મનવાળા મહર્ષિના મનરૂપી સમુદ્રમાં ઉત્પન્ન થયેલી સર્વ રત્નરૂપિણી એ કથા તમે કહો.[૬–૮]

સૂતપુત્ર કહે છેઃ–હે દ્વિજ ! કૃષ્ણદ્વૈપાયનનું માનવંતુ મહાભારતનું ઉત્તમ મહાખ્યાન હું તમને હર્ષપૂર્વક પ્રથમથી આરંભીને કહું છું. મારાથી કથન કરાતા તે સંપૂર્ણ આખ્યાનને તમે પૂરેપૂરૂં સાંભળો. તે વર્ણન કરવા માટે મને પણ ઘણો હર્ષ થાય છે.[૯–૧૦]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અંશાવતરણપર્વવિષે કથાનુબંધ નામનો ૫૯ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૦ મો–વ્યાસે મહાભારતની કથા કહેવા વૈશંપાયનને આજ્ઞા કરી.

॥ सौतिरुवाच ॥

श्रुत्वा तु सर्पसत्राय दीक्षितं जनमेजयम् ॥
अभ्यगच्छदृषिर्विद्वान् कृष्णद्वैपायनस्तदा ॥१॥

સૂતપુત્ર કહે છેઃ–સર્પસત્રમાટે જનમેજયે દીક્ષા ગ્રહણ કરી છે, એમ સાંભળીને તે વખતે વિદ્વાન ઋષિ કૃષ્ણદ્વૈપાયન ત્યાં પધાર્યા. જે પાંડવોના પિતામહને શક્તિના પુત્ર પરાશરથી કાલીસત્યવતીએ કૌમારાવસ્થામાં યમુનાના બેટમાં ઉત્પન્ન કર્યા હતા, જેઓ ઉત્પન્ન થતાંની સાથેજ પોતાની ઇચ્છા પ્રમાણે દેહને વધારી શકયા હતા તથા જે મહાયશસ્વી અંગો અને ઇતિહાસોની સાથે વેદોને પ્રાપ્ત કરી શકયા હતા; બીજો કોઈ પુરુષ તપથી, વેદાધ્યયનથી, વ્રતોથી, ઉપવાસોથી, સંતતિથી અને યજ્ઞ કરવાથી જે મેળવી શકતો નથી તે દુર્લભ આત્મતત્ત્વ એ વ્યાસમુનિ

બ્રાહ્મણના અપમાનથી ભય થયો અને અસાધુ સર્પો બ્રાહ્મણના આશ્રયથી નિર્ભય થયા; અર્થાત્ બ્રાહ્મણનો આશ્રય અસાધુને પણ અભય આપે છે અને બ્રાહ્મણનું અપમાન(અપમાન કરનારા) સાધુ પુરૂષને પણ ભય આપે છે. **पं. नीलकंठ**

આસ્તીકપર્વમાં સંતતિની સ્તુતિ, બ્રાહ્મણના આશ્રયથી સર્વ વિપત્તિની નિવૃત્તિ, તથા બ્રાહ્મણનું અતુલ સામર્થ્ય વર્ણવ્યું છે. **रत्नगर्भ**

ઉત્પન્ન થતાંજ મેળવી શક્યા હતા; વેદવેત્તામાં શ્રેષ્ઠ એવા જે બ્રહ્મર્ષિએ એક વેદના ચાર વિભાગ કર્યા હતા તથા જેઓ સત્યવ્રતવાળા, નિરુપાધિક અને સોપાધિક ઉભયવિધ બ્રહ્મને જાણનારા, ત્રિ-કાલદર્શી અને પવિત્ર હતા; તે મહાત્મા વેદ તથા વેદાંગના પારને પામેલા એવા શિષ્યોની સાથે રાજર્ષિ જનમેજયની યજ્ઞસભામાં પધાર્યા. ત્યાં તેમણે ઘણા સદસ્યો, બીજા અનેક દેશના મૂર્ધાભિષિક્ત રાજાઓ અને યજ્ઞરચનામાં કુશલ એવા બ્રહ્માના જેવા ઋત્વિજોથી વીંટાયલા જનમેજય રાજાને દેવોથી વીંટાયલા ઇંદ્રના જેવો જોયો. રાજર્ષિ જનમેજયે તે ઋષિને આ-વેલા જોઈને મંડલી સાથે ઉઠી પ્રેમથી તત્કાલ સામે ગયો;[૧૦] અને તેમને સભામાં લાવી સભા-સદોની સંમતિથી, ઇંદ્ર જેમ બૃહસ્પતિને આસન આપે તેમ તેમને સુવર્ણનું આસન આપ્યું. તે આસન ઉપર બેઠા પછી વરદાન આપનારા અને દેવર્ષિગણોએ પૂજન કરાતા એવા વ્યાસની શાસ્ત્રો-ક્ત વિધિ પ્રમાણે રાજેંદ્રે પૂજા કરી; પગ ધોવાનું જલ, આચમન કરવાનું જલ, અર્ઘ્ય અને મધુ-પર્કવિધિમાં ગાય, એ સઘળું, તેવાં પૂજનને માટે યોગ્ય એવા પિતામહ વ્યાસને નિવેદન કર્યું. પાંડુ-વંશોદ્ભવ જનમેજયની પાસેથી તે પૂજાને સ્વી-કારી તથા ગાયને (અવધ્ય માની તેને) પાછી લઈ જવા આજ્ઞા કરી. વ્યાસ તે વખતે પ્રસન્ન થયા. આ પ્રમાણે પ્રેમથી પોતાના પ્રપિતામહ વ્યાસનું પૂજન કરી પ્રસન્ન થયેલા જનમેજયે પાસે બેસીને તેમનું ક્ષેમકુશલ પૂછ્યું. ભગવાન વ્યાસે પણ તેને જોઇને પોતાનું કુશલ જણાવ્યું અને સર્વ સભાસદોએ પૂજન કરેલા વ્યાસે સભાસદોની સામી પૂજા કરી. તે પછી સર્વ સદસ્યોની સાથે રહી જનમેજયે હાથ જોડીને વ્યાસ ભગવાનને નીચે પ્રમાણે પૂછ્યું.[૧૧-૧૭]

જનમેજય પૂછે છેઃ-હે દ્વિજ! તમે કૌરવો અને પાંડવોને પ્રત્યક્ષ જોયા છે, માટે તમારા મુખ-થી તેમનું ચરિત્ર સાંભળવા હું ઇચ્છા કરૂં છું. તે રાગદ્વેષરહિત કર્મવાળાઓની વચ્ચે શાથી ભેદ ઉત્પન્ન થયો? અને દૈવવડે અનિષ્ટ ચિત્ત-વાળા મારા પૂર્વજોનું પ્રાણિસંહારક તે મહાન યુદ્ધ કેમ થયું? હે દ્વિજશ્રેષ્ઠ! તે સમગ્ર વૃત્તાંત જેમ થયું હોય તેમ મને કહી સંભળાવો.[૧૮-૨૦]

સૂતપુત્ર કહે છેઃ-રાજા જનમેજયનું વચન સાંભળીને તે વખતે કૃષ્ણદ્વૈપાયને પોતાની પાસે બેઠેલા શિષ્ય વૈશંપાયનને કહ્યું.[૨૧]

વ્યાસ બોલ્યાઃ-કૌરવો અને પાંડવોને પૂર્વે જે રીતે ભેદ પડ્યો હતો તે સઘળું તેં મારાથી સાંભળ્યું છે, તે પ્રમાણે આ રાજાને તું કહી સંભળાવ. ગુરુનાં આવાં વચન સાંભળીને તે વિપ્રશ્રેષ્ઠ વૈશંપાયને રાજા જનમેજય, સભાસદો અને અન્ય સર્વ રાજાઓની આગળ, કુરુઓ તથા પાંડવોની વચ્ચે ભેદ અને સર્વ વિનાશ સૂચવનારો તે પુરાતન સર્વ ઇતિહાસ, તે વખતે વર્ણવવા માંડ્યો.[૨૧-૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અંશાવતરણપર્વ વિષે કથાનુબંધ નામનો અધ્યાય ૬૦ મો સમાપ્ત.

અધ્યાય ૬૧ મો-કૌરવો તથા પાંડવોની વચ્ચે ભેદ અને યુદ્ધનું કારણ અથવા સંક્ષિપ્ત ભારત

॥ वैशंपायन उवाच ॥

गुरवे प्राङ् नमस्कृत्य मनोबुद्धिसमाधिभिः॥
संपूज्य च द्विजान्सर्वांस्तथान्यान्विदुषोजनान्॥

વૈશંપાયન કહે છેઃ-હું મન, બુદ્ધિ અને ચિત્તની એકાગ્રતાથી પ્રથમ ગુરુને નમસ્કાર કરીને તથા સર્વ દ્વિજો અને બીજા વિદ્વજ્જનોને નમ-સ્કારાદિથી માન આપીને, સર્વ લોકમાં પ્રસિદ્ધ અને બુદ્ધિમંત એવા મહાત્મા વ્યાસ મહર્ષિનું

સંમત એવું આ સમગ્ર મહાભારત કહું છું. હે રાજન્! આ ભારતની કથાને માટે તમે શ્રવણ કરવાને પાત્ર છો અને મારા ગુરુની આજ્ઞા મારા મનને ઉત્સાહ આપતી હોય તેમ પ્રેરે છે. હે રાજન્! કુરુઓ અને પાંડવોની વચ્ચે જે પ્રકારે ભેદ પડ્યો તે તથા રાજ્યને માટે દ્યૂતથી થયેલો વનવાસ અને જે રીતે પૃથ્વીનો ક્ષય કરનારૂં યુદ્ધ થયું, તે સઘળું હે ભરતકુલમાં શ્રેષ્ઠ! તમારા પૂછવાથી હું તમને કહીશ.[૧-૫]

પિતાના મરણ પછી વીર પાંડવો વનમાંથી હસ્તિનાપુરમાં પોતાને ઘેર આવ્યા અને થોડાજ સમયમાં તેઓ વેદ અને ધનુર્વિદ્યામાં વિદ્વાન થયા. દેહબલ, ઉત્સાહ તથા ચિત્તેન્દ્રકબલથી સંપન્ન, નગરના લોકોએ માન્ય ગણેલા અને શોભા તથા યશને ધારણ કરતા એવા પાંડવોને જોઇને કૌરવો તેમને સહન કરી શકયા નહિ. ક્રૂર દુર્યોધને કર્ણ અને શકુનિ સાથે મળીને તેઓને કબજે કરવા તથા કાઢી મૂકવા માટે વિવિધ ઉપાયો કરવા માંડ્યા. તે પછી શૂરો દુર્યોધન કુલિંગ પક્ષિના સાહસ મતને સ્વીકારી, (તે જેમ સિંહની દાઢમાં ગયેલું માંસ લેવા યત્ન કરે છે તેમ) રાજ્યના કારણથી પાંડવોને અનેક ઉપાયથી પીડવા લાગ્યો. એક વખતે પાપી દુર્યોધને ભીમસેનને અન્નની સાથે ઝેર આપ્યું, પરંતુ તેને વીર વૃકોદરે જીરવી લીધું.[૧૦] વળી ગંગા ઉપર પ્રમાણકોટી નામના તીર્થમાં સૂતેલા ભીમસેનને બાંધી ગંગાના પાણીમાં ફેંકી દઈ તે નગરમાં આવતો રહ્યો; પરંતુ જ્યારે કુંતિપુત્ર, મહાબાહુ ભીમસેન જાગ્યો ત્યારે તે બંધનોને તોડી નાખી, વ્યથારહિત થઈ ત્યાંથી ઉપર આવ્યો હતો. વળી એક વખતે સૂતેલા ભીમસેનના આખા શરીરમાં ઝેરી કાળા નાગો કરડાવ્યા તોપણ શત્રુને હણનારા તે વીરનું મૃત્યુ થયું ન હતું. આ પ્રમાણે પાંડવોને દુઃખ આપવા થતા પ્રત્યેક પ્રયત્નોમાં, આપત્તિનું નિવારણ કરવા તથા શત્રુને વિપત્તિમાં નાખવા મહા બુદ્ધિવાળા વિદુર સમર્થ નિવડ્યા હતા. જેમ સ્વર્ગમાં રહેલો ઇંદ્ર જીવલોકને સુખ આપે છે, તેમ વિદુર પણ પાંડવોને નિરંતર સુખ આપતા હતા. જ્યારે વિવિધ ગુપ્ત અને પ્રત્યક્ષ ઉપાયોથી, દૈવવડે ભાવી (કુરુઓનો ક્ષય અને પાંડવોને રાજ્યલાભરૂપી) અર્થને માટે રક્ષણ કરાયલા પાંડવોને દુર્યોધન હણી શકયો નહિ, ત્યારે કર્ણ, દુઃશાસન વગેરે મંત્રીઓની સાથે સલાહ કરીને તથા ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઈને તેણે લાક્ષાગૃહ બાંધવાની આજ્ઞા આપી. પછી પુત્રનું પ્રિય ઇચ્છતા અંબિકાપુત્ર રાજા ધૃતરાષ્ટ્રે, રાજ્યવૈભવ ભોગવવાની લાલસાથી પાંડવોને ત્યાં વિદાય કર્યા. પાંડવો હસ્તિનાપુર નગરમાંથી માતાની સાથે ત્યાં જવા નીકળ્યા. તે મહાત્માઓના પ્રયાણ વખતે વિદુરજી તેમના સલાહકાર થયા હતા. તેમની સલાહથી પાંડવો લાક્ષાગૃહમાંથી નીકળીને મધ્યરાત્રે વનમાં નાઠા હતા. ધૃતરાષ્ટ્ર રાજાની આજ્ઞા થતાં કુંતિના મહાત્મા પુત્રો વારણાવત નગરમાં ગયા અને ત્યાં માતાની સાથે સાવધાન થઇને પુરોચનથી પોતાનું રક્ષણ કરતા લાક્ષાગૃહમાં એક વર્ષપર્યંત રહ્યા હતા. ત્યાં તેમણે વિદુરની પ્રેરણાથી એક સુરંગ ખોદાવી હતી. પછી લાક્ષાગૃહને સળગાવી, તેમાં પુરોચનને બાળી મૂકી શત્રુઓને તાપ આપનારા પાંડવો સુરંગમાર્ગે ભયથી વિહ્વલ થઈ માતાની સાથે ગયા હતા.[૨૦-૨૩]

ત્યાં તેમણે વનનાં ઝરણાંની પાસે એક હિડિંબ નામના દારુણ રાક્ષસને જોયો. તે રાક્ષસેંદ્રને મારી પાંડવો પોતે ઉઘાડા પડી જવાની બીકથી તથા દુર્યોધનના ભયથી પીડાઇને રાત્રિએજ ત્યાંથી આગળ ચાલ્યા. એજ સ્થાનમાં ભીમસેનને હિડિંબા પ્રાપ્ત થઈ હતી અને તેનાથી ઘટોત્કચ નામનો પુત્ર થયો હતો.[૨૪-૨૫]

ત્યાંથી પાંડવો તીવ્ર વ્રત પાલન કરતા એકચક્રા નગરીમાં ગયા;અને ત્યાં તેઓ બ્રહ્મચારીના રૂપમાં રહી વેદાધ્યયન કરતા માતાની સાથે બ્રાહ્મણને ઘેર કેટલોક કાલ નિયમિત રીતે રહ્યા હતા. તે નગરમાં મનુષ્યનું ભક્ષણ કરનારા બક નામના એક મહા બલવાળા ભૂખ્યા રાક્ષસનો મહાબાહુ વૃકોદર ભીમસેનને ભેટો થયો હતો. તેને પણ પુરુષોમાં વ્યાઘ્ર જેવા ભીમસેને પોતાના બાહુબલથી સપાટામાં મારી નાખી નગરના લોકોનું દુઃખ

મટાડયું હતું. તે પછી તેમણે પાંચાલ દેશમાં દ્રૌપદીનો સ્વયંવર થાય છે એમ સાંભળ્યું અને તેઓ ત્યાં ગયા તથા દ્રૌપદી સાથે પરણ્યા.[૩૦] દ્રૌપદીને મેળવી તેઓ વર્ષ ઉપરાંત ત્યાં રહ્યા હતા, એટલે સર્વને આ પાંડવો છે એવી ખબર પડી ગઈ. પછી ધૃતરાષ્ટ્રના બોલાવવાથી તેઓ હસ્તિનાપુર પાછા આવ્યા. ત્યાં તેમને રાજા ધૃતરાષ્ટ્ર અને ભીષ્મ પિતામહે કહ્યું કે, “તમારે ભાઈઓની સાથે લડાઈ ન થાય એટલા માટે તમારે ખાંડવપ્રસ્થમાં રહેવું એવો અમે વિચાર કર્યો છે; તેથ તમે ઈર્ષ્યા ત્યજીને, કેટલાક દેશોથી યુક્ત અને રાજમાર્ગ વગેરેની રચનાવાળા ખાંડવપ્રસ્થમાં નિવાસ કરવા માટે જાઓ.” તે બન્નેનાં વચનથી પાંડવો સઘળા સ્નેહીઓને સાથે લઈને તથા અનેક ઉત્તમ વસ્તુઓ લઈને ખાંડવપ્રસ્થ નગરમાં ગયા અને ત્યાં તેઓ પોતાના શસ્ત્રના પ્રતાપથી અન્ય રાજાઓને વશ કરતા, ધર્મને મુખ્ય ગણતા, સત્યવ્રતનું પાલન કરતા, પ્રમાદવિના નિત્ય ઉદ્યોગ કરતા અને ક્ષમાયુક્ત છતાં અનેક શત્રુઓને તાપ આપતા ઘણાં વર્ષ સુધી રહ્યા હતા. મહાયશસ્વી ભીમસેને પૂર્વ દિશામાં વિજય કર્યો. વીર અર્જુને ઉત્તરમાં, નકુલે પશ્ચિમમાં અને શત્રુવીરને હણનારા સહદેવે દક્ષિણમાં વિજય કર્યો હતો. આ પ્રમાણે સઘળાએ મળીને આ સમગ્ર પૃથ્વીને પોતાને તાબે કરી હતી. તે વખતે સત્ય પરાક્રમી, સૂર્ય જેવા પાંચ પાંડવો અને પ્રકાશમાન છઠ્ઠા સૂર્યથી આ પૃથ્વી જાણે છ સૂર્યવાળી હોય તેવી જણાતી હતી. તે પછી કંઈક કારણથી તેજસ્વી અને સત્ય પરાક્રમી ધર્મરાજ યુધિષ્ઠિરે, પુરુષોમાં વ્યાઘ્ર જેવા, સ્થિર મનવાળા, ગુણસંપન્ન અને પોતાના પ્રાણથી પણ અત્યંત વહાલા એવા ભાઈ અર્જુનને વનમાં મોકલ્યો. અર્જુન અગિયાર વર્ષ અને દશ માસ સુધી વનમાં રહીને પછી દ્વારકામાં શ્રીકૃષ્ણની પાસે ગયો. ત્યાં અર્જુનને શ્રીકૃષ્ણની નાની બહેન, મધુરભાષણ કરનારી, કમલનયના સુભદ્રા પ્રાપ્ત થઈ. જેમ શચી ઇંદ્રની સાથે અને લક્ષ્મી નારાયણની સાથે જોડાય તેમ સુભદ્રા પાંડુપુત્ર અર્જુનની સાથે પ્રેમથી જોડાઈ હતી. તે પછી હે નૃપશ્રેષ્ઠ! વાસુદેવની સાથે કુંતીપુત્ર અર્જુને ખાંડવવનમાં અગ્નિને તૃપ્ત કર્યો હતો. આ કાર્યમાં કેશવ સાથે હોવાથી, આ કાર્ય આમજ કરીશ એવા નિશ્ચયવાળા વિષ્ણુને જેમ શત્રુવધમાં શ્રમ ન પડે તેમ, અર્જુનને બહુ શ્રમ પડ્યો નહિ. ત્યાં અગ્નિએ અર્જુનને ગાંડીવ નામનું ઉત્તમ ધનુષ, અક્ષય બાણવાળા બે ભાથા અને કપિધ્વજ રથ આપ્યો હતો. વળી એ વનદાહમાંથી અર્જુને, મય નામના મહાદાનવને બચાવ્યો હતો; તેણે યુધિષ્ઠિરને સર્વ જાતનાં રત્નોથી જડેલી એક દિવ્ય સભા રચી આપી. તે સભામાં દુર્બુદ્ધિવાળા મૂર્ખ દુર્યોધનને લોભ ઉત્પન્ન થયો હતો: એટલે તેણે બાર વર્ષ વનવાસ અને એક વર્ષ કોઈ રાજ્યમાં ગુપ્તવાસ કરવો એવી શરતે, શકુનિદ્વારા યુધિષ્ઠિરને દ્યૂતમાં ઠગીને વનમાં મોકલ્યા. હે મહારાજ ! તે પ્રમાણે તેર વર્ષ પૂરાં કરીને ચૌદમે વર્ષે પાછા આવી પાંડવોએ પોતાના ધનની માગણી કરી; પરંતુ દુર્યોધને તે તેમને આપ્યું નહિ. એ કારણથી મહાયુદ્ધ થયું હતું, અને તે યુદ્ધમાં ક્ષત્રિયોને સંહારી તથા રાજા દુર્યોધનને મારી પાંડવોએ નષ્ટપ્રાય રાજ્ય પાછું મેળવ્યું હતું. હે જય પામનારામાં શ્રેષ્ઠ રાજા! આ પ્રમાણે તે સ્તુત્ય ચરિત્રવાળા પાંડવોનું પૂર્વવૃત્તાંત છે. આ રીતે રાજ્યવિનાશક ભેદ પડયો હતો અને અંતે પાંડવોનો જય થયો હતો.[૩૧-૫૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અંશાવતરણપર્વવિષે ભારતસૂત્ર નામનો ૬૧ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૨ મો-મહાભારતનું માહાત્મ્ય

॥ जनमेजय उवाच ॥
कथितं वै समासेन त्वया सर्वं द्विजोत्तम ॥
महाभारतमाख्यानं कुरूणां चरितं महत् ॥१॥

જનમેજય પૂછે છે:-હે દ્વિજોત્તમ ! તમે કુરુઓનું મહાન ચરિત્ર જેમાં આવેલું છે, એવું સઘળું મહાભારત આખ્યાન સંક્ષેપથી કહ્યું. હે તપરૂપી ધનવાળા! હે શુદ્ધ! વિચિત્ર અર્થવાળી એ કથા વિસ્તારથી શ્રવણ કરવા મને ઘણી ઉત્કંઠા થઇ છે;માટે તે કથા ફરી વિસ્તારથી મારી આગળ તમારે કહેવી જોઈએ; કારણ કે મારા પૂર્વજોનાં મહાન ચરિત્ર સાંભળીને મને તૃપ્તિ થતી નથી. ધર્મવેત્તા એવા પાંડવોએ વધ કરવાને અયોગ્ય એવા પુરુષોને સર્વથા મારી નાખ્યા છતાં મનુષ્યો તેમનાં વખાણ કરે છે એમાં કાંઈ અલ્પ કારણ હોવું ન જોઈએ. વળી અપરાધવિના દુરાત્માઓના આપેલા કલેશોને પુરુષવ્યાઘ્ર પાંડવોએ પોતે સમર્થ છતાં શામાટે સહન કર્યા હતા? હે દ્વિજોત્તમ! દશ હજાર હાથીના જેવા સામર્થ્યવાળા બાહુશાલી વૃકોદરે અનેક દુઃખ પડતાં પણ પોતાનો ક્રોધ શા કારણથી વશ રાખ્યો હતો? વળી દુરાત્માઓથી કલેશ અપાતાં છતાં કૃષ્ણા-દ્રૌપદી પોતે શક્તિવાળાં હતાં તોપણ તેમણે ધૃતરાષ્ટ્રના પુત્રોને પોતાની ક્રોધદૃષ્ટિથી કેમ બાળી મૂકયા નહિ? વળી પુરુષોમાં વ્યાઘ્ર જેવા પૃથાના પુત્રો (ભીમ અને અર્જુન) તથા માદ્રીના પુત્રો (સહદેવ અને નકુલ) દ્યૂતના વ્યસની એવા યુધિષ્ઠિરની પાછળ દુરાત્માઓથી પીડાતા શામાટે ગયા હતા? વળી ધર્મધારીમાં શ્રેષ્ઠ અને ધર્મવેત્તા એવા ધર્મરાજના પુત્ર યુધિષ્ઠિર કે જેઓ કલેશને માટે અયોગ્ય હતા છતાં શા કારણથી એમણે મહાન કલેશ સહન કર્યો હતો ? વળી કૃષ્ણ જેના સારથિ હતા એવા અર્જુન એકલાએ બાણો મૂકીને કેવી રીતે મહાન સેનાને યમલોકમાં પહોંચાડી હતી? હે તપરૂપી ધનવાળા! એ સર્વ જે રીતે થયું હતું તે અને એ મહારથીઓએ ઠેકઠેકાણે જે કંઈ કર્યું હતું, તે તમે મારી આગળ કહો.[૧-૧૧]

વૈશંપાયન કહે છે:-હે મહારાજ! કૃષ્ણદ્વૈપાયને રચેલું આ પવિત્ર આખ્યાન ઘણું મોટું છે, માટે તે સાંભળવા તમે સ્વસ્થ થાઓ. સર્વ લોકમાં પૂજાતા, અતુલ તેજસ્વી મહાત્મા વ્યાસ મહર્ષિનો નિર્મેલો સમગ્ર ઇતિહાસ હું તમને કહીશ. અમાપ સામર્થ્યવાળા સત્યવતીના પુત્ર વ્યાસજીએ આ ઇતિહાસને પુણ્ય ઉત્પન્ન કરનારા એક લાખ શ્લોકથી વર્ણવ્યો છે. જે વિદ્વાન આ આખ્યાનને શ્રવણ કરાવશે અને જે મનુષ્યો એને શ્રવણ કરશે, તેઓ બ્રહ્માના સ્થાનમાં જઇને ત્યાં દેવની તુલ્યતાને પ્રાપ્ત થશે. આ પુરાણ વેદોના જેવું છે, ઉત્તમ અને પવિત્ર છે, શ્રવણ કરવા યોગ્ય પુરાણોમાં શ્રેષ્ઠ છે અને ઋષિઓએ વખાણેલું છે. આ મહા પુણ્યરૂપી ઇતિહાસમાં અર્થ અને કામનો સંપૂણ ઉપદેશ કરેલો છે; એટલુંજ નહિ પણ એમાં મોક્ષ પામવા યોગ્ય બુદ્ધિ થવામાટે પણ ઉપદેશ કરાયો છે. મોટા મનના, દાનશીલ, સત્યપરાયણ અને નાસ્તિકતારહિત એવા જનોને, કૃષ્ણદ્વૈપાયનપ્રણીત આ વેદ શ્રવણ કરાવનારો વિદ્વાન ધન મેળવી શકે છે. ભ્રૂણહત્યા (યજ્ઞાધિકારી દ્વિજની હત્યા અથવા ગર્ભહત્યા) કરવાથી થયેલા પાપને પણ મનુષ્ય આ ઇતિહાસ શ્રવણ કરવાથી નિઃસંશય નિવૃત્ત કરી શકે છે. આ ઇતિહાસ શ્રવણ કરવાથી મહા દારુણ કર્મ કરનારો પુરુષ પણ રાહુથી ચંદ્ર જેમ મુક્ત થાય તેમ સર્વ પાપથી મુક્ત થાય છે. જય નામનો [illegible] ઇતિહાસ છે, માટે વિજયની ઇચ્છાવાળાને [illegible] શ્રવણ કરવા યોગ્ય છે.[૨૦] આ ઇતિહાસ શ્રવણ કરવાથી રાજા પૃથ્વીનો જય કરે છે અને શત્રુઓનો પરાજય કરે છે. વળી આ ઇતિહાસ શ્રવણ કરવાથી શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તિ થાય છે, અને [illegible] કલ્યાણ થાય છે. આ ઇતિહાસને [illegible] રાજાએ પટ્ટરાણીની સાથે વારંવાર [illegible]

કારણ કે એ સાંભળવાથી રાણીને વીર પુત્ર જન્મે છે અને કન્યા જન્મે તો તે રાજાની રાણી થાય છે. અતુલ બુદ્ધિવાળા વ્યાસે પોતેજ કહ્યું છે કે, આ ઇતિહાસ પવિત્ર ધર્મશાસ્ત્ર છે, આ ઉત્તમ અર્થશાસ્ત્ર છે અને આજ મોક્ષશાસ્ત્ર છે, તેથી આ ઇતિહાસનું સાંપ્રતકાલમાં વિદ્વાનો વ્યાખ્યાન કરે છે અને હવે પછીના કાલમાં પણ એને વાંચશે તથા સાંભળશે. આ ઇતિહાસને શ્રવણ કરનારને પિતૃસેવા કરનારા પુત્રો થાય છે. અને સેવકો પ્રિય કરનારા થાય છે જે મનુષ્ય આનું શ્રવણ કરે છે તે મનુષ્ય શરીરથી કરેલાં, વાણીથી કરેલાં અને મનથી કરેલાં સર્વ પાપોથી ઝટ મુક્ત થાય છે. જે મનુષ્ય ઈર્ષ્યારહિત થઇને આ ભરતવંશીઓનાં મહાન જન્માદિ ચરિત્રને શ્રવણ કરે છે,તેને વ્યાધિનો ભય રહેતો નથી,ત્યારે પરલોકનો ભય તો રહેજ કયાંથી? પુણ્ય કરવાની ઇચ્છાવાળા કૃષ્ણદ્વૈપાયને, મહાત્મા પાંડવોની તથા મહાન લક્ષ્મીવડે તેજસ્વી જણાતા, સર્વ વિદ્યાના અભ્યાસથી નિર્મળ થયેલા અને લોકોમાં પ્રસિદ્ધ કર્મવાળા એવા ક્ષત્રિયોની કીર્તિને ખ્યાતિમાં લાવવા માટે, ધન, આયુષ્ય, યશ, પુણ્ય અને સ્વર્ગને પ્રાપ્ત કરાવનાર આ ઇતિહાસને રચેલો છે. જે મનુષ્ય પુણ્યને માટે પવિત્ર બ્રાહ્મણોને મહા પુણ્યરૂપ આ ઇતિહાસ શ્રવણ કરાવશે, તેને સનાતન ધર્મ પ્રાપ્ત થશે. જે પુરુષ કુરુના પ્રસિદ્ધ વંશને નિરંતર પવિત્ર થઇને વાંચે છે તેનો વંશ વિસ્તાર પામે છે અને લોકોમાં તે અત્યંત પૂજ્ય થાય છે. જે બ્રાહ્મણ નિયમિત વ્રતપાલન કરતો ચાતુર્માસમાં પવિત્ર ભારતનો પાઠ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થાય છે.ભારત ભણેલો જે બ્રાહ્મણ હોય તેને વેદનો પારંગત જાણવો. આ મહાભારતમાં પાપરહિત દેવતાઓ,રાજર્ષિઓ અનેપુણ્યરૂપ બ્રહ્મર્ષિઓનું વર્ણન કરેલું છે તથા કેશવનું વર્ણન કર્યું છે. વળી ભગવાન મહાદેવ તથા દેવીનું વર્ણન કરેલું છે અને અનેકથી જન્મેલા કાર્તિકેયનો જન્મ વર્ણવ્યો છે. વળી આ ઇતિહાસમાં બ્રાહ્મણો અને ગાયોનું માહાત્મ્ય કહ્યું છે. (કર્મ અને બ્રહ્મનું પ્રતિપાદન કરતી) સર્વ શ્રુતિઓના સમૂહરૂપી આ મહાભારત છે, માટે ધર્મબુદ્ધિવાળાઓને એ શ્રવણ કરવા યોગ્ય છે. આ લોકમાં જે વિદ્વાન પર્વણીને દિવસે આ ભારત બ્રાહ્મણોને શ્રવણ કરાવે તે પાપરહિત થઇ, સ્વર્ગને જીતી, નિત્ય એવા બ્રહ્મપદને પ્રાપ્ત થાય.જે કોઈ શ્રાદ્ધનાં અંતમાં ભારતનું એકપાદ પણ બ્રાહ્મણોને સંભળાવે તેનું શ્રાદ્ધ તેના પિતૃઓને અક્ષય થઇને પ્રાપ્ત થાય છે.જે મનુષ્ય દિવસે કે રાત્રે, ઇંદ્રિયોથી કે મનથી, જાણતાં કે અજાણતાં કંઈ પણ પાપ કરે છે તે સર્વ પાપ આ મહાભારત આખ્યાન શ્રવણ કરતાંજ લય પામે છે. આમાં ભરતવંશીઓના મહાન જન્મ વર્ણવ્યા છે, માટે આ મહાભારત કહેવાય છે. આનો અર્થ જાણનાર સર્વ પાપથી મુકત થાય છે; કારણ કે ભરતકુલના રાજાઓનો આ મહા અદ્ભુત ઇતિહાસ છે,માટે એને વાંચવાથી મનુષ્યોને એ મોટા પાપથી મુકત કરે છે. કૃષ્ણદ્વૈપાયન મુનિ પવિત્રતાથી આ મહાભારતને ત્રણ વર્ષના નિત્ય ઉદ્યોગવડે પ્રથમથી રચી પૂર્ણ મનોરથવાળા થયા હતા. આ મહાભારત મહર્ષિ વ્યાસે તપશ્ચર્યાના નિયમને ધારણ કરી રચ્યું હતું; માટે એને બ્રાહ્મણોએ નિયમ યુકત થઇને સાંભળવું જોઇએ.કૃષ્ણદ્વૈપાયને કહેલી આ પુણ્યરૂપ ભારતી ઉત્તમ કથાને જે વિપ્રો શ્રવણ કરાવશે અને જે મનુષ્યો એને શ્રવણ કરશે,તેઓ સારા અથવા નબળા ગમે તેવા માર્ગે વર્તતા હશે તોપણ પુણ્યપાપથી લેપાશે નહિ; અર્થાત્ આનુ શ્રવણ કરવાથીજ તેમના સર્વ દોષની નિવૃત્તિ થઈ જાય છે. ધર્મની કામનાવાળા નરે આ ઇતિહાસ આખો શ્રવણ કરવો જોઇએ; કારણ કે તેમ કરવાથી તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ મહા પુણ્યરૂપ ઇતિહાસને શ્રવણ કરવાથી મનુષ્યને જેવો સંતોષ થાય છે તેવો સંતોષ સ્વર્ગને પ્રાપ્ત કરીને પણ થતો નથી. આ અદ્ભુત ઇતિહાસને જે પુણ્યશીલ અને શ્રદ્ધાળુ મનુષ્ય શ્રવણ કરે છે અથવા શ્રવણ કરાવે છે, તે નર રાજસૂય અને અશ્વમેધ યજ્ઞના ફલને પ્રાપ્ત થાય છે. જેમ ઐશ્વર્યવાન સમુદ્ર અને મહાપર્વત મેરુ એ બન્ને રત્નનિધિ કહેવાય છે,તેમ આ મહાભારત પણ રત્નનિધિ કહે-

થાય છે. આ મહાભારત વેદતુલ્ય, ઉત્તમ, પવિત્ર શ્રવણ કરવા યોગ્ય, કર્ણપ્રિય, પાવન તથા શીલની વૃદ્ધિ કરનારૂં છે. હે રાજન્! જે મનુષ્ય આ ભારતનો ગ્રંથ વાંચનારને આપે છે, તેને સમુદ્રાંત સઘળી પૃથ્વીના દાનનું ફળ મળે છે.[૫૦] હે પરિક્ષિતના પુત્ર! આ દિવ્ય કથા પુણ્યને માટે તથા વિજયને માટે હું કહું છું. આનંદ આપનારી એ કથાને તમે સંપૂર્ણ રીતે સાંભળો. ત્રણ વર્ષના નિત્ય પ્રયત્નથી કૃષ્ણદ્વૈપાયન મુનિએ આ અદ્ભુત મહાભારત આખ્યાન તૈયાર કર્યું છે. હે ભરતર્ષભ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સંબંધમાં જે આમાં કહેલું છે તેજ બીજે છે; અને જે આમાં કહેલું નથી તે બીજે ક્યાંય પણ નથી.[૫૧-૫૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અંશાવતરણપર્વવિષે મહાભારતપ્રશંસા નામનો અધ્યાય ૬૨ મો સમાપ્ત.

અધ્યાય ૬૩ મો-વ્યાસાદિની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

राजोपरिचरो नाम धर्मनित्यो महीपतिः ॥
बभूव मृगयां गंतुं सदा किल धृतव्रतः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-ઉપરિચર નામનો એક પૃથ્વીપતિ રાજા હતો. તે નિત્ય ધર્મપરાયણ, વ્રતધારી અને મૃગયાશીલ હતો. એ પુરુવંશમાં ઉત્પન્ન થયેલા વસુ નામથી ઓળખાતા રાજાએ ઇંદ્રના ઉપદેશાર્થી રમણીય એવા ચેદિ દેશને ગ્રહણ કર્યો હતો. કેટલેક કાલે જ્યારે એ રાજા શસ્ત્રોનો ત્યાગ કરી આશ્રમમાં રહીને તપ કરવા લાગ્યો, ત્યારે દેવોએ વિચાર્યું કે, 'આ રાજા તપશ્ચર્યાથી ઇંદ્રપદ પણ લઈ શકે એવો છે' એમ ધારી સાક્ષાત્ ઇંદ્રાદિક દેવો તેની પાસે આવ્યા અને તેને સાંત્વનપૂર્વક તપથી નિવૃત્ત કરવા માટે કહેવા લાગ્યા.[૧-૪]

દેવો બોલ્યાઃ-" હે પૃથ્વીપતિ! પૃથ્વીમાં રક્ષકને અભાવે ધર્મનો લોપ થવો ન જોઇએ. તમારાથીજ ધર્મનું રક્ષણ થાય છે અને તે ધર્મ સર્વ જગતનું રક્ષણ કરે છે."[૫]

ઇંદ્ર કહે છેઃ-"તમે લોકમાં એકાગ્રતાથી તથા નિત્યઉદ્યોગથી ધર્મનું પાલન કરો. તમે ધર્મપરાયણ રહેશો તો તેથી શાશ્વત એવા પુણ્યલોકને પ્રાપ્ત થશો. હે નરાધિપ! હું સ્વર્ગમાં રહું છું અને તમે પૃથ્વીમાં રહો છો; છતાં હું તમને મારા પ્રિય મિત્ર ગણું છું. હે નરાધિપ! પૃથ્વીમાં જે દેશ રમણીય છે, તેમાં તમે નિવાસ કરો. પશુને હિતકર, પવિત્ર, પુષ્કળ ધનધાન્યવાળો, સ્વર્ગતુલ્ય હોવાથી રક્ષણ કરવા યોગ્ય, નિરુપાધિક, ભોગ કરવા યોગ્ય ભૂમિના ગુણોથી યુક્ત, અર્થસંપન્ન, ધન, રત્ન વગેરેથી ભરપૂર અને જ્યાંની પૃથ્વી વસુથી પૂર્ણ છે એવો આ ચેદિ દેશ છે. હે ચેદિરાજ! માટે એ ચેદિ દેશમાં તમે નિવાસ કરો. આ દેશની પ્રજા ધર્મશીલ, સાધુતાવાળી અને સંતુષ્ટ છે. અહીંના લોકો રમતગમતમાં પણ જૂઠું બોલતા નથી, તો બીજી વખતે તો જૂઠું બોલેજ ક્યાંથી?[૧૦] એ દેશમાં પિતૃભક્તિવાળા પુત્રો પિતાથી જૂદા થતા નથી. વળી કોઇ નિર્બલ થયેલા બળદને જોડતા નથી, પરંતુ તેમનું પોષણ કરે છે. હે માન આપનારા રાજા! ચેદિ દેશમાં સર્વ વર્ણના લોકો સદા સ્વધર્મપરાયણ રહે છે. ત્રણ લોકમાં જે કંઇ છે તે તમને જરા પણ અજાણ્યું નથી.[૧૧-૧૨]

વળી દેવોએ ઉપભોગ કરવા યોગ્ય અને આકાશમાં ગતિ કરનારૂં એક સ્ફટિકનું મોટું દિવ્ય વિમાન હું તમને આપું છું, તે તમને આકાશમાં પ્રાપ્ત થશે. એ ઉત્તમ વિમાનમાં બેસીને સર્વ મનુષ્યોમાં તમેજ એક મૂર્તિમંત દેવની પેઠે ઉપર આકાશમાં ફરશો. વળી જેમાંનાં કમલ કરમાતાં નથી એવી આ એક વૈજયંતી નામની માળા હું તમને આપું છું. એ માળા યુદ્ધમાં શસ્ત્રોથી અખંડિત રીતે તમારૂં રક્ષણ કરશે અને

નરાધિપ! એ 'ઇંદ્રમાળા' નામની માળાજ તમને ઓળખવાનું ભાગ્યશાળી, અતુલ અને મહાન સાધન થશે.” ૧૩–૧૯

આટલું કહીને વૃત્રાસુરનો વધ કરનારા ઇંદ્રે, રાજા વસુને શિષ્ટજનોનું પાલન કરનારી એક વાંસની લાકડી પ્રીતિદાનતરીકે આપી. રાજાએ તે લાકડી લીધી અને ઇંદ્રની પૂજાને માટે વર્ષને છેલ્લે દિવસે તેને જમીનમાં ખોસી. હે રાજન્! ત્યારથી આરંભી રાજાઓ વસુની પેઠે તે દિવસે જમીનમાં વાંસની લાકડી ઉભી ખોસે છે અને બીજે દિવસે એટલે ચૈત્રી પડવાને દિવસે તેને ઉંચી કરીને સારાં વસ્ત્રો, ચંદન, અલંકારો, પુષ્પો અને પુષ્પમાલાથી શણગારી વિધિવત્ ઉત્સવ કરે છે તથા એ લાકડી ઉપર હંસરૂપધારી ભગવાન ઇંદ્રનું પૂજન કરે છે, ૨૦ કે જે હંસનું રૂપ, મહાત્મા વસુના ઉપર પ્રીતિ હોવાથી ઇંદ્રેજ ગ્રહણ કર્યું હતું. રાજાઓમાં શ્રેષ્ઠ એવા વસુએ કરેલી એ શુભ પૂજાને જોઇ મહેંદ્ર પ્રસન્ન થયા અને તેમણે કહ્યું કે, 'જે રાજાઓ અથવા મનુષ્યો, ચેદિરાજાની પેઠે હર્ષથી મારી પૂજા કરશે અને મહોત્સવ કરાવશે તેમને તથા તેમના દેશને લક્ષ્મી તથા વિજય પ્રાપ્ત થશે અને તેમનો દેશ સમૃદ્ધિયુક્ત અને આનંદી થશે. ”

હે નરાધિપ! આ પ્રમાણે મહાત્મા મહેંદ્રે પ્રીતિથી મહારાજા વસુનો સત્કાર કર્યો હતો. જે મનુષ્યો પ્રતિવર્ષે પૃથ્વીદાન, રત્નદાન, ઇચ્છિત દાન તથા મહા યજ્ઞોથી ઇંદ્રનો ઉત્સવ કરાવશે, તેઓને વસુની પેઠે પૂજ્યતા પ્રાપ્ત થશે. ૨૧–૨૭

આ રીતે ઇંદ્રે જેનું સન્માન કરેલું એવો ચેદિપતિ વસુરાજા ચેદિદેશમાં રહીને ધર્મથી આ પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. ઇંદ્ર તરફ પોતાનો પ્રેમ હોવાથી ચેદિપતિ વસુરાજા પ્રતિવર્ષે ઇંદ્ર-મહોત્સવ કરતો હતો. એ રાજાને મહાન પરાક્રમી અને તેજસ્વી એવા પાંચ પુત્રો થયા હતા. તેમનો તે ચક્રવર્તી રાજાએ જૂદાં જૂદાં રાજ્યોમાં અભિષેક કરાવ્યો હતો. તેમાંનો જે મહારથી બૃહદ્રથ તે મગધદેશનો પ્રસિદ્ધ રાજા થયો હતો. બીજો પ્રત્યગ્રહ, ત્રીજો કુશાંબ કે જેને મણિવાહન પણ કહે છે, ચોથો માવેલ્લ અને પાંચમો અપરાજિત એવો યદુરાજા આ પાંચ, મહાતેજવાળા તે રાજર્ષિના પુત્રો હતા. તેઓએ પોતપોતાનાં નામથી દેશો અને નગરો વસાવ્યાં હતાં. ૩૦ વસુના એ પાંચ રાજપુત્રોના જૂદા જૂદા વંશો ઘણા કાલ સુધી ચાલ્યા હતા. જ્યારે મહાત્મા વસુરાજા, ઇંદ્રે આપેલા સ્ફટિકના વિમાનમાં બેસીને આકાશમાં વિચરતો હતો, ત્યારે ગંધર્વો તથા અપ્સરાઓ તેમની સેવા કરતાં હતાં. વિમાનમાં બેસીને ઉપર ફરવાથી તે રાજાનું નામ ઉપરિચર કહેવાતું હતું. ૩૧–૩૪

એક વખતે તે રાજાના નગર આગળથી વહેતી શુક્તિમતી નામની નદીને, ચૈતન્યવાળા કોલાહલ નામના પર્વતે કામવૃત્તિથી પોતાને વિષે રૂંધી લીધી હતી, ત્યારે વસુરાજાએ તે કોલાહલ પર્વતને લાત મારી એટલે તે પ્રહારની જગ્યાએ પડેલી ફાટમાંથી તે નદી પાછી નીકળી. એ નદીમાં પર્વતે એક પુત્ર તથા એક પુત્રીને ઉત્પન્ન કર્યાં હતાં. પોતાનો છૂટકો કરવાથી પ્રસન્ન થયેલી નદીએ તે પોતાની બન્ને પ્રજાઓ રાજાને આપી દીધી. તે બેમાં જે પુરુષ હતો તેને શત્રુનું દમન કરનારા અને વસુ આપનાર રાજર્ષિશ્રેષ્ઠ વસુએ પોતાનો સેનાપતિ કર્યો, અને ગિરિકા નામની કન્યાને પોતાની પત્ની કરી. એક વખતે તે વસુની સ્ત્રી ગિરિકા ઋતુમતી થઇ હતી ત્યારે પુત્રોત્પત્તિ થાય તેવે સમયે સ્નાન કરી પવિત્ર થઇને તેણે રાજાને કામનો કાલ નિવેદન કર્યો. હે બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ! તેજ દિવસે એ રાજાના પ્રસન્ન થયેલા પિતૃઓએ રાજાઓઓમાં શ્રેષ્ઠ એવા વસુને કહ્યું કે, 'તમે મૃગોને હણી અમને તૃપ્ત કરો.' પછી કામાતુર રાજા પિતૃઓની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરતાં શિકાર કરવા ગયો અને અત્યંત રૂપસંપન્ન સાક્ષાત્ બીજી લક્ષ્મીના જેવી ગિરિકાનું સ્મરણ કરતો કરતો મૃગયા કરવા લાગ્યો. ત્યાં તેણે વસંત કાળમાં ચૈત્રરથ વનના જેવું (ઉદ્દીપક) વન જોયું, કે જે વનમાં અશોકનાં, ચંપાનાં, આંબાનાં, અતિમુક્તકનાં, નાગચંપાનાં, કર્ણિકારનાં, બકુલિનાં, દિવ્યપાટલ અને સાધારણ પાટલાનાં, નાળિયેરીનાં અને ચંદન વગેરેનાં પવિત્ર તથા રમણીય એવાં મોટાં

વૃક્ષો સ્વાદિષ્ટ ફલોથી યુક્ત હતાં. તે વનમાં કોકિલાનાં ટોળાં ટૌકા કરી રહ્યાં હતાં તથા તે વન મદમત્ત ભ્રમરોના નાદથી ગાજી રહ્યું હતું. આ જોઇને રાજા કામથી આકુલવ્યાકુલ થઇ ગયો; પરંતુ ત્યાં તેણે તે વખતે ગિરિકાને જોઇ નહિ. ગિરિકાને ન જોતાં કામથી તપી ઉઠેલો રાજા આમ તેમ ફરવા લાગ્યો. એવામાં તેણે પુષ્પોથી જેની ડાળીના છેડા છવાયલા એવું પલ્લવોથી શોભતું, ગુચ્છોથી ઢંકાયલું, મધુગંધથી યુક્ત તથા પુષ્પસુગંધથી મનોહર એવું એક રમણીય અશોકનું ઝાડ જોયું. રાજા તેની નીચે છાયામાં સુખેથી બેઠો. તે વખતે કામોદ્દીપક પવનથી રાજાને રતિકર્મને માટે સ્ત્રી-વિષયક પ્રીતિ ઉત્પન્ન થઇ અને ગિરિકાનું મનમાં સ્મરણ કર્યું; અર્થાત્ ગિરિકા સાથે માનસ સુરત કર્યું. ત્યાં ગહન વનમાં ફરતાં તેનુ વીર્ય સ્ખલિત થઇ ગયું. 'આ મારૂં વીર્ય નિષ્ફલ ન જાય ' એમ વિચારીને રાજાએ સ્ખલિત થતાંજ તે વીર્યને વૃક્ષના પાંદડાંમાં ગ્રહણ કર્યું,[૫૦]અને ફરી વિચારવા લાગ્યો કે, 'આ મારૂં વીર્ય મિથ્યા સ્ખલિત થયેલું ન ગણાય તથા મારી પત્નીને હાલ ઋતુ કાલ છે, તે પણ મિથ્યા ન જાય તો ઠીક' આવો વારંવાર વિચાર કરીને તથા પોતાના વીર્યની અમોઘતા જાણીને અને રાણીને માટે તે શુક્ર મોકલવાનો આ સમય છે એમ ધારીને, મહા-રાજાએ તે શુક્રનું પુત્રોત્પત્તિ કરનારા મંત્રોવડે અભિમંત્રણ કર્યું. તે પછી પાસે બેઠેલા શીઘ્ર ગતિવાળા એક બાજપક્ષીને જોઇ સૂક્ષ્મધર્મનાં અર્થતત્ત્વને જાણનારો રાજા તેની પાસે જઇને કહેવા લાગ્યોઃ—" હે સૌમ્ય! મારૂં પ્રિય કરવા માટે આ મારૂં શુક્ર તું મારે ઘેર લઇ જા અને તે ગિરિકાને તત્કાલ આપ; કારણ કે તેણે આજે ઋતુસ્નાન કરેલું છે."

શ્યેન પક્ષીએ રાજા પાસેથી તે વીર્ય લીધું અને તત્કાલ વેગથી ઉડ્યો. રાજાને ઘેર જવા-માટે અત્યંત વેગથી ઉડીને આવતા તે બાજને એક બીજા શકરાબાજે જોયો. તેને જોતાંજ 'આ માંસ લઈ જાય છે' એવી શંકાથી એકદમ તે તેની સામે ધાયો અને આકાશમાં તે બન્ને ચાંચ-થી લડવા લાગ્યા. આમ પરસ્પર લડાઈ કરતાં તે વીર્યનો પડિયો બાજના પંજામાંથી નીચે યમુ-નાના જલમાં પડી ગયો. તે સમયે ત્યાં અદ્રિકા નામની એક સુંદર અપ્સરા બ્રહ્માના શાપથી મા-છલી થઈને યમુનામાં ફરતી હતી. તે મત્સ્યરૂપિણી અદ્રિકા, બાજ પક્ષીના પંજામાંથી પડેલા તે વીર્યને, ત્યાં આવી તત્કાલ ગળી ગઈ. પછી કોઈ વખતે તે માછલીને માછીઓએ જાળમાં બાંધી લીધી.[૬૦]હે ભરતસત્તમ! તે વખતે વીર્ય ગળ્યાને તેને દશ માસ થયા હતા.જ્યારે તેને બહાર કાઢી-તેનું પેટ ચીર્યું ત્યારે તેમાંથી એક કન્યા અને બીજો પુરુષ એમ બે મનુષ્યો નીકળ્યાં. માછી-ઓએ આ આશ્ચર્યકારક વાત રાજાની આગળ જણાવી અને કહ્યું કેઃ—'હે રાજન્! આ માછલીના શરીરમાંથી બે મનુષ્યો ઉત્પન્ન થયાં છે.' એમ કહી તે બન્ને છોકરાં રાજાને આપ્યાં. તે વખતે ઉપરિચર રાજાએ તેમાંથી પુત્રને ગ્રહણ કર્યો, કે જે ધાર્મિક તથા સત્યવાદી એવો મત્સ્ય નામનો રાજા થયો. પેલી અપ્સરા પણ તેજ ક્ષણમાં શાપ-થી મુક્ત થઈ ગઈ; કેમકે તેને પહેલાં બ્રહ્માએ કહ્યું હતું કેઃ—" તું મત્સ્યયોનિને પામી બે મનુ-ષ્યોને ઉત્પન્ન કરી મારા શાપથી મુક્ત થઈશ." તે પ્રમાણેજ માછીઓએ તેનું પેટ ચીરીને બે મનુષ્યો બહાર કાઢ્યાં એટલે તે મત્સ્યરૂપને છોડી દિવ્ય રૂપવાળી સુંદર અપ્સરા થઇને સિદ્ધ, ઋષિ તથા ચારણોને માર્ગે થઈ સ્વર્ગમાં ચાલી ગઈ.[૬૧–૬૬]

પછી માછલીથી ઉત્પન્ન થયેલી અને માછ-લાંના જેવા ગંધવાળી તે કન્યા રાજાએ માછીને આપી; અને તેને કહ્યું કે, 'આને તું તારી કન્યા કરી રાખ.' રૂપ તથા સત્ત્વસંપન્ન અને સર્વ ગુણો-થી અલંકૃત એવી મધુર હાસ્યવાળી તે સત્ય-વતી નામની કન્યા, માછીઓના આશ્રયથી કેટ-લાક કાળ સુધી મત્સ્યગંધાજ રહી. તે પિતાની સેવાનિમિત્તે પાણીમાં નાવ ફેરવતી હતી. એક વખતે તીર્થયાત્રા કરતા કરતા પરાશર ઋષિ

આવ્યા અને તેમણે, સિદ્ધ પુરુષોએ પણ આકાંક્ષા કરવા યોગ્ય અત્યંત રૂપવાળી તે કન્યાને દીઠી. સુંદર હાસ્યવાળી તથા કેળના જેવી જંઘાવાળી તે વસુની દિવ્ય કન્યાને જોતાંની સાથેજ બુદ્ધિમાન એવા મુનિશ્રેષ્ઠ પરાશર તેની કામના કરવા લાગ્યા; અને તેને કહેવા લાગ્યા કેઃ–"હે કલ્યાણિ! તું મારો સંગ કર." આ સાંભળીને સત્યવતીએ કહ્યું કેઃ–"હે ભગવન્ આ બન્ને તીર ઉપર ઉભા રહેલા ઋષિઓને તમે જુઓ; એઓના દેખતાં આપણો બન્નેનો સમાગમ કેવી રીતે થઈ શકે?'

આ પ્રમાણે સત્યવતીએ કહ્યું ત્યારે સમર્થ ભગવાન પરાશરે ત્યાં ધૂમસ ઉત્પન્ન કર્યો, કે જેનાથી તે સર્વ પ્રદેશ અંધકારમય થઈ ગયો. આ પ્રમાણે ઋષિશ્રેષ્ઠે સૃજેલા ધૂમસને જોઇને તપસ્વિની તે કન્યા વિસ્મય પામી; અને લજ્જિત થઈ ગઈ. પછી સત્યવતી બોલીઃ–"હે ભગવન્! હું પિતાની ઈચ્છાને હમેશ અધીન રહેનારી કન્યા છું. હે નિષ્પાપ! તમારા સંયોગથી મારો કન્યાભાવ દૂષિત થશે અને હે દ્વિજશ્રેષ્ઠ! કન્યાપણું દૂષિત થયા પછી હું ઘેર શી રીતે જઈ શકીશ? તેમજ જીવી પણ કેમ શકીશ? આ સંબંધમાં વિચાર કર્યા પછી હે ભગવન્! તમને જેમ યોગ્ય લાગે તેમ તમે કરો." ૬૭–૭૭

આ પ્રમાણે બોલતી સત્યવતી ઉપર પ્રસન્ન થયેલા ઋષિશ્રેષ્ઠ કહેવા લાગ્યા કેઃ–"મારૂં પ્રિય કર્યા પછી પાછી તું કન્યાભાવનેજ પ્રાપ્ત થઈશ. વળી હે ભીરુ! હે ભાવિનિ! તારી જેવી ઈચ્છા હોય તેવો વર તું મારી પાસેથી માગી લે. હે શુદ્ધ સ્મિતવાળી! મારી કૃપા પૂર્વે પણ કદી નિષ્ફળ થઈ નથી."૭૮–૭૯

આ પ્રમાણે ઋષિએ કહ્યું ત્યારે મત્સ્યગંધાએ પોતાનું શરીર ઉત્તમ સુગંધવાળું થાય એવો વર માગ્યો. ભગવાન પરાશરે પણ આ લોકમાં તેની તે આકાંક્ષા પૂર્ણ કરી.૮૦ પછી વરદાન મળવાથી પ્રસન્ન થયેલી અને સ્રીભાવના ગુણથી વિભૂષિત અર્થાત્ પુષ્પવતી થયેલી એવી સત્યવતીએ અદ્ભુત કર્મવાળા ઋષિની સાથે સમાગમ કર્યો. આમ વરદાનવડે સુગંધવાળી થવાથી પૃથ્વીમાં તેનું ગંધવતી એવું નામ પ્રસિદ્ધ થયું અને તેના શરીરનો સુગંધ પૃથ્વીમાં મનુષ્યો એક યોજનથી સુંઘી શકતા હતા; માટે તેનું બીજું નામ યોજનગંધા કહેવાયું. આ પ્રમાણે ઉત્કૃષ્ટ વરદાન મેળવી પ્રસન્ન થયેલી સત્યવતીએ પરાશરનો સંગ કરી તત્કાલ ગર્ભનો પ્રસવ કર્યો અને તે પરાશરના પ્રતાપી પુત્ર વ્યાસ યમુનાના દ્વીપમાં ઉત્પન્ન થયા. ઉત્પન્ન થતાંજ તેમણે માતાની આજ્ઞા લઈ તપ કરવા જવાની વૃત્તિ કરી અને જતી વખતે પોતાની માતાને કહ્યું કેઃ–'જ્યારે મારૂં કામ પડે ત્યારે સ્મરણ કરતાંજ હું તમારી પાસે આવીશ."૮૧–૮૫

આ પ્રમાણે પરાશરથી સત્યવતીમાં દ્વૈપાયન ઉત્પન્ન થયા હતા. તે બાલકને સત્યવતીએ દ્વીપમાં મૂક્યા હતા, તેથી તેનું નામ દ્વૈપાયન પડયું હતું. યુગ યુગમાં એક એક પાદ જેના ક્ષીણ થતા જાય છે એવા ધર્મને જોઇને તથા મનુષ્યનું અલ્પ આયુષ્ય, શક્તિ અને યુગની અવસ્થાને જોઈ વિદ્વાન એવા દ્વૈપાયને, વેદ અને બ્રાહ્મણોના ઉપર કૃપા કરવામાટે વેદનો શાખાભેદથી વિસ્તાર કર્યો, તેથી તેમનું 'વ્યાસ' એવું નામ કહેવાયું. વરદાન આપનારા, સમર્થ અને શ્રેષ્ઠ એવા વ્યાસે મહાભારતની સાથે પાંચ વેદ, સુમંતુ. જૈમિનિ, પૈલ, પોતાના પુત્ર શુકદેવ અને વૈશંપાયનને ભણાવ્યા હતા. તેઓએ મહાભારતની મૂળભૂત સંહિતા (મંત્રબ્રાહ્મણરૂપ વેદ)નો પ્રકાશ કર્યો છે; અર્થાત્ ભારતના આ શ્લોકનું વેદમાં આ મૂળ છે, અમુક શ્લોકનું અમુક મૂળ છે, એ રીતે સ્પષ્ટ કર્યું છે. ૯૦

શાંતનુ રાજાથી ગંગામાં અમાપ કાંતિવાળા, મહાન બલવાળા અને મોટા યશસ્વી એવા ભીષ્મ વસુના અંશથી ઉત્પન્ન થયા હતા. ૯૧

વેદનાં રહસ્યને જાણનારા ભગવાન અણીમાંડવ્ય નામના પ્રસિદ્ધ અને મહાયશસ્વી એક પુરાતન ઋષિ હતા. તે ચોર ન હતા છતાં ચોરની શંકાથી તેમને પૂર્વે શૂળીમાં પરોવ્યા હતા. પછી તે મહાયશસ્વીએ ધર્મને બોલાવ્યા અને તેમને નીચે પ્રમાણે કહ્યું:–"મેં બાલવયમાં અજ્ઞાનથી ઈષીકા નામ-

ના ઘાસની શળીથી એક શકુંતિકાને (અલ્પ પક્ષિણીને) વિંધી હતી. હે ધર્મ ! તે પાપનું મને સ્મરણ છે. તે વિના બીજું પાપ મને સાંભરતું નથી. તે પાપને ત્યાર પછીનું હજારો વર્ષનું મારૂં તપ શા કારણથી જીતી શકયું નહિ ? વળી સર્વ પ્રાણીના વધ કરતાં પણ બ્રાહ્મણનું અપમાન અથવા તેને આપેલું દુઃખ અધિક ગણાય છે, માટે હે ધર્મ ! તમે પાપી થયા છો, અને તે કારણથી તમે શૂદ્ર યોનિમાં અવતરશો." આ પ્રકારના શાપથી ધર્મ પણ શૂદ્ર યોનિમાં ધર્મમૂર્ત અને નિષ્પાપ એવા વિદ્વાન વિદુર રૂપથી ઉત્પન્ન થયા; અને ગાવલ્ગણથી સૂત જાતિમાં મુનિતુલ્ય સંજય ઉત્પન્ન થયો. કુંતી જ્યારે કન્યા હતી, ત્યારે તેને સૂર્યથી મહાબલસંપન્ન, પોતાની જોડેજ થયેલાં કવચ તથા કુંડલવડે પ્રકાશિત મુખવાળો કર્ણ સાંપડ્યો હતો. સર્વ લોકે જેમને નમસ્કાર કરેલા એવા મહાયશસ્વી વિષ્ણુ ભગવાન લોકો ઉપર કૃપા કરવામાટે વસુદેવથી દેવકીમાં પ્રકટ થયા હતા. જેને આદિઅંતરહિત, જગતના કર્તા પ્રકાશરૂપ, જીવમાત્રના પ્રભુ, અવ્યક્ત, ક્ષરધર્મથી રહિત, બૃહત, સર્વના લયનું સ્થાન, સત્ત્વ, રજ અને તમોમય[૧૦૦] સર્વના આત્મા, અવિનાશી, સર્વનું ઉપાદાનકારણ, સર્વની ઉત્પત્તિનું નિમિત્ત, અધિષ્ઠાતા સર્વ પુરીમાં વસનારા, વિશ્વરૂપી કર્મવાળા, સત્ત્વસાધનથી પ્રાપ્ત થનારા, ઓંકારસ્વરૂપ, દેશ, કાળ અને વસ્તુકૃત વિભાગથી રહિત, અચલ, ચૈતન્ય રૂપ, હંસસ્વરૂપ, નારાયણ પ્રભુ અર્થાત્ જગદ્‌ભ્રમનું અધિષ્ઠાન, ધાતા અર્થાત્ કાર્યમાત્રમાં સત્તા તથા સ્ફૂર્તિ આપનારા, અજન્મા અપ્રકટ અને કારણથી પર તથા અવિનાશી કહે છે; વળી જે કૈવલ્યરૂપ, ત્રિગુણાતીત, વિશ્વરૂપ, અનાદિ, અજ, અવ્યય પુરુષ, વિભુ, સર્વના કર્તા અને સર્વ ભૂતના પિતામહ છે; તે નારાયણ ધર્મની વૃદ્ધિને માટે અંધક વૃષ્ણિકુલમાં ઉત્પન્ન થયા હતા, બલરામ અને શ્રીકૃષ્ણ અસ્ત્રોને જાણનારા, સર્વ શાસ્ત્રમાં કુશળ અને મહાબલસંપન્ન હતા.[૧૦૪]

નારાયણને અનુસરનારા અને અસ્ત્રપ્રયોગમાં કુશલ એવા સાત્યકિ તથા કૃતવર્મા સત્યક તથા હૃદિકથી ઉત્પન્ન થયા હતા. ઉગ્ર તપસ્વી ભરદ્વાજ ઋષિનું સ્ખલિત થયેલું વીર્ય દ્રોણી (ગિરિગુહા) માં વૃદ્ધિ પામ્યું અને તેનાથી દ્રોણમુનિ ઉત્પન્ન થયા હતા. શરદ્વાન ગૌતમ ઋષિનું વીર્ય શરના ભાથામાં પડ્યું હતું તેનાથી બે પ્રજા થઈ તેમાં જે કન્યા તે અશ્વત્થામાની માતા કૃપી અને બીજા બળવાન કૃપાચાર્ય થયા હતા. દ્રોણથી કૃપીમાં મહા બળવાન અશ્વત્થામા ઉત્પન્ન થયા હતા. વળી સાક્ષાત્ અગ્નિના જેવા તેજવાળો, વીર્યવાન અને વીર એવો ધૃષ્ટદ્યુમ્ન, શ્રૌત યજ્ઞકર્મ પ્રવર્તતું હતું ત્યારે અગ્નિમાંથી દ્રોણનો વિનાશ કરવા ધનુષ ધારણ કરીને ઉત્પન્ન થયો હતો. તેજ યજ્ઞવેદીમાંથી તેજસ્વી સુશોભિત શરીરવાળાં કલ્યાણી દ્રૌપદી, ઉત્તમ રૂપ ધારણ કરીને પ્રગટ થયાં હતાં.[૧૧૦]

પ્રહ્‌લાદનો શિષ્ય જે નગ્નજિત રાજા તેને સુબલ નામનો પુત્ર થયો હતો, તેની પ્રજા દેવના કોપથી. ધર્મવિનાશક થઈ હતી. તે ગાંધારરાજ સુબલનો અર્થશાસ્ત્રમાં કુશલ એવો પુત્ર શકુનિ અને દુર્યોધનની માતા ગાંધારી ઉત્પન્ન થઈ હતી. કૃષ્ણદ્વૈપાયનથી વિચિત્રવીર્યની સ્ત્રીમાં રાજા ધૃતરાષ્ટ્ર અને મહાબલવાન પાંડુ ઉત્પન્ન થયા હતા. વળી દ્વૈપાયનથીજ ધર્માર્થમાં કુશલ, બુદ્ધિમાન, ધારણાશકિતવાળા અને પાપરહિત એવા વિદુર શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયા હતા. પાંડુરાજાની બે સ્ત્રીથી દેવના જેવા પાંચ પુત્ર થયા હતા; તે સર્વેમાં યુધિષ્ઠિર ગુણવડે મોટા હતા. ધર્મથી યુધિષ્ઠિર, વાયુથી ભીમસેન, ઇંદ્રથી સર્વ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા શ્રીમાન અર્જુન અને અશ્વિનીકુમારથી સ્વરૂપસંપન્ન અને વડીલોની સેવામાં તત્પર એવા નકુલ અને સહદેવ ઉત્પન્ન થયા હતા. બુદ્ધિમંત ધૃતરાષ્ટ્રને દુર્યોધન આદિ સો પુત્રો થયા હતા અને વૈશ્યામાં કરણ સંજ્ઞાધારી યુયુત્સુ થયો હતો. હે ભારત ! દુર્યોધન, દુશાસન, દુઃસહ, દુર્મર્ષણ, વિકર્ણ, ચિત્રસેન, વિવિંશતિ, જય, સત્યવ્રત, પુરુમિત્ર અને વૈશ્યાપુત્ર યુયુત્સુ એ અગિયાર મહારથી હતા. [૧૨૦] અર્જુનથી સુભદ્રામાં શ્રીકૃષ્ણનો ભાણેજ અને મહાત્મા પાંડુનો

પૌત્ર અભિમન્યુ ઉત્પન્ન થયો હતો. પાંડવોથી પાંચાલી–દ્રૌપદીમાં સ્વરૂપસંપન્ન અને સર્વ શાસ્ત્રમાં કુશળ એવા પાંચ પુત્રો થયા હતા. તેમાં યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય, ભીમસેનથી સુતસોમ, અર્જુનથી શ્રતકીર્તિ, નકુલથી શતાનીક, ને સહદેવથી પ્રતાપી શ્રુતસેન થયો હતો. વનમાં ભીમસેનથી હિડિંબાને ઘટોત્કચ નામનો પુત્ર થયો હતો. દ્રુપદ રાજાથી શિખંડી નામની કન્યા ઉત્પન્ન થઈ હતી તે પાછળથી પુત્ર બન્યો હતો. એક સ્થૂણુ નામના યક્ષે રાજાનું પ્રિય કરવાની ઇચ્છાથી તેને પુરુષ બનાવ્યો હતો. કૌરવોના યુદ્ધમાં યુદ્ધ કરવામાટે હજારો રાજાઓ આવ્યા હતા. તે અપરિમિત રાજાઓનાં સઘળાં નામો હજારો વર્ષે પણ ગણી શકાય તેમ નથી; પરંતુ આ આખ્યાન જેનાથી પ્રવર્ત્યું છે તેવા મુખ્ય મુખ્ય રાજાઓજ તમારી આગળ કહ્યા છે.૧૨૧-૧૨૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અંશાવતરપર્વવિષે વ્યાસાદિની ઉત્પત્તિ નામનો અધ્યાય ૬૩ મો સમાપ્ત.

અધ્યાય ૬૪ મો–પૃથ્વીનો ભાર ઉતારવા બ્રહ્માએ દેવોને અંશોથી અવતરવા આજ્ઞા કરી.

॥ जनमेजय उवाच ॥

य एते कीर्तिता ब्रह्मन् ये चान्येनानुकीर्तिताः॥ सम्यक् तान् श्रोतुमिच्छामि राज्ञश्चान्यान् सहस्रशः ॥ १ ॥

જનમેજય પૂછે છેઃ–હે બ્રહ્મન્! જે રાજાઓ તમે વર્ણવ્યા અને જે બીજા નથી વર્ણવ્યા તેમને અને બીજા હજારો રાજાઓને હું યથાર્થ રીતે સાંભળવા ઇચ્છા કરૂં છું. હે મહાભાગ ! તે દેવતુલ્ય મહારથીઓ અહીં ભૂમિમાં શામાટે ઉત્પન્ન થયા હતા, તે મારી આગળ રૂડી રીતે કહેવું તમને ઘટે છે. ૧-૨

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્! અમે સાંભળ્યું છે કે, એ દેવોનું રહસ્યવૃત્તાંત છે, તથાપિ તે હું સ્વયંભૂને નમસ્કાર કરીને તમારી આગળ કહું છું. પૂર્વે જમદગ્નિના પુત્ર પરશુરામ એકવીસ વાર પૃથ્વીને નિઃક્ષત્રિય કરીને પછી પર્વતોમાં ઉત્તમ એવા મહેંદ્ર પર્વત ઉપર તપ કરવા ગયા હતા. આ પ્રમાણે ભૃગુકુલમાં ઉત્પન્ન થયેલા પરશુરામે આ લોકને નિઃક્ષત્રિય કરી નાખ્યો, ત્યારે હે રાજન્ ! ક્ષત્રિયાણીઓ પુત્રની ઇચ્છાથી બ્રાહ્મણોનો સમાગમ કરવા લાગી. હે નરવ્યાઘ્ર ! તેમની સાથે ઉત્તમ વ્રતવાળા બ્રાહ્મણો પ્રત્યેક ઋતુકાલમાં સમાગમ કરતા હતા; પરંતુ કામથી પ્રેરાઇને અથવા ઋતુવિનાના દિવસોમાં સમાગમ કરતા નહિ. પછી તે બ્રાહ્મણોથી હજારો ક્ષત્રિયાણીને ગર્ભ રહ્યા અને તેઓએ મહાન પરાક્રમી એવા ક્ષત્રિય કુમારો અને કુમારિકાઓને પુનઃ ક્ષત્રિયોની વૃદ્ધિને માટે ઉત્પન્ન કર્યાં. આમ તપસ્વી બ્રાહ્મણોથી ક્ષત્રિયાણીઓમાં ક્ષત્રિયો ઉત્પન્ન થયા અને ધર્મથી વૃદ્ધિ પામતા દીર્ઘ આયુષ્યવાળા થયા. તે પછી બ્રાહ્મણો જેમાં મુખ્ય છે, એવા ચારે વર્ણોની પુનઃ સ્થાપના થઈ. તે વખતે તેઓ ઋતુવિનાના સમયમાં કામનાથી સ્ત્રીગમન કરતા નહિ; પણ પ્રજોત્પત્તિને માટે ઋતુકાલમાંજ સ્ત્રીગમન કરતા હતા.તેમજ હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! બીજાં પશુ તથા પક્ષીયોનિમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓ પણ ઋતુકાલમાંજ સ્ત્રીગમન કરતાં હતાં. આ પ્રમાણે ધર્મથી ઉત્પન્ન થયેલી પ્રજા હજારો વર્ષનું જીવન ભોગવવા લાગી અને વૃદ્ધિ પામી.૩-૧૧ હે પૃથ્વીપાલ! તે પ્રજા ધર્મ તથા વ્રતપરાયણ હોવાથી માનસિક ચિંતા અને શારીરિક રોગોથી સર્વથા મુક્ત હતી. હે ગજેંદ્રના જેવી ગતિવાળા! તે પછી પર્વતો, વનો અને નગરોવાળી આ સમુદ્રપર્યંતની પૃથ્વી ઉપર ફરી ક્ષત્રિયો અધિષ્ઠાતા થઈ પડયા. જ્યારે ક્ષત્રિયોએ આ પૃથ્વીનું ધર્મથી

પાલન કરવા માંડયું, ત્યારે બ્રાહ્મણાદિ સર્વે વર્ણો બહુ આનંદ પામ્યા. વળી રાજાઓ પણ કામ અને ક્રોધથી ઉત્પન્ન થયેલા દોષોને નિવૃત્ત કરીને દંડ કરવા યોગ્ય હોય તેમનેજ ધર્મથી દંડ કરતા પ્રજાનું પાલન કરવા લાગ્યા. આ પ્રમાણે ક્ષત્રિયો ધર્મપરાયણ થવાથી, સો યજ્ઞો જેમણે કરેલા એવા સહસ્ર નેત્રવાળા ઇંદ્રપણ દેશકાળને અનુકૂળ પડે તેવી માગેલી વૃષ્ટિ કરીને પ્રજાનું પાલન કરવા લાગ્યા. હે નરાધિપ! ત્યારે કોઈનું પણ બાલવયમાં મરણ થતું ન હતું; તેમજ યૌવન આવ્યા વિના કોઇ પણ પુરુષ સ્રીસંગ કરતો નહોતો. હે ભરતકુલમાં શ્રેષ્ઠ! આ પ્રમાણે આયુષ્યવાળી પ્રજાથી આ પૃથ્વી સમુદ્ર પર્યંત સંપૂર્ણ ભરાઈ ગઈ હતી. તે વખતે બહુ દક્ષિણાવાળા યજ્ઞોથી ક્ષત્રિયો યજન કરતા હતા તથા બ્રાહ્મણો અંગ અને ઉપનિષદોની સાથે વેદોનું અધ્યયન કરતા હતા. વળી હે નૃપ! તે સમયમાં બ્રાહ્મણો વેદને વેચતા ન હતા, અર્થાત્ પૈસા લઈને ભણાવતા ન હતા; અને શૂદ્રોની સમીપમાં વેદોનો ઉચ્ચાર પણ કરતા ન હતા. વૈશ્યો પૃથ્વીમાં બળદોથી ખેતી કરાવતા હતા, પણ તેઓ પોતે બળદોને ઝુંસરી ચઢાવતા ન હતા; એટલુંજ નહિ પણ દુર્બલ બળદોનું પાલનપોષણ કરતા હતા. વળી તે વખતે મનુષ્યો વાછરડું ચરતું થાય નહિ ત્યાંસુધી ગાયને દોહતા ન હતા, તથા વાણિયાઓ ખોટાં કાટલાંથી માલ વેચતા ન હતા. હે નરવ્યાઘ્ર! મનુષ્યો જે કંઈ કામ કરતા તે ધર્મપરાયણ થઈને ધર્મથીજ કરતા હતા; કારણ કે તેઓ અર્થ અને કામ કરતાં ધર્મનેજ મુખ્ય જોતા હતા. હે નરાધિપ! તે વખતે સર્વ વર્ણવાળા લોકો સ્વસ્વકર્મમાંજ તત્પર રહેતા હતા; એટલે હે નરવ્યાઘ્ર! કોઈ સ્થાનમાં ધર્મનો હ્રાસ થતો ન હતો. હે ભરતર્ષભ! વળી ગાયો અને નારીઓ સમયેજ પ્રસવતી હતી અને ઋતુઓમાં વૃક્ષોને ફ્લો તથા પુષ્પો આવતાં હતાં. આ પ્રમાણે જ્યારે રૂડી રીતે સત્યયુગ પ્રવર્તતો હતો, ત્યારે અનેક પ્રાણીઓથી સમગ્ર પૃથ્વી સંપૂર્ણ ભરાઈ ગઈ હતી.

હે ભરતર્ષભ! આ રીતે મનુષ્યલોકમાં આનંદ પ્રસરી રહ્યો હતો ત્યારે હે મનુષ્યેશ્વર! રાજાઓની સ્રીઓથી અસુરો ઉત્પન્ન થવા લાગ્યા; કારણ કે તે વખતે અદિતિના પુત્ર દેવોએ દૈત્યોને વારંવાર યુદ્ધમાં હરાવ્યા હતા, એટલે તેઓ સ્વર્ગનાં ઐશ્વર્યથી ભ્રષ્ટ થઈને આ પૃથ્વીમાં ઉત્પન્ન થયા હતા. હે વિભુ! અહીં મનુષ્યોમાં પોતાને દેવ ગણાવવાની ઇચ્છાથી તે મનસ્વી દૈત્યો પૃથ્વીમાં જૂદાં જૂદાં પ્રાણીઓથી ઉત્પન્ન થયા. હે રાજેંદ્ર! ગાયો, ઘોડા, ગધેડા, ઉંટ, પાડા, માંસાહારી પ્રાણીઓ, હાથીઓ અને હરિણોની જાતિમાં તેઓ ઉત્પન્ન થયા હતા.[૩૦] હે મહીપાલ! ઉત્પન્ન થયેલા અને ઉત્પન્ન થતા તે અસુરોથી આ પૃથ્વી પોતે પોતાને ધારણ કરવા પણ અશક્ત થઇ ગઇ હતી, તે વખતે સ્વર્ગથી પડેલા કેટલાક દિતિના પુત્રો અને દનુના પુત્રો બહુ મદવાળા રાજાઓ પણ થયા હતા. વીર્યવાન શત્રુઓનું મર્દન કરનારા તથા ગર્વિષ્ઠ એવા તેઓ અનેકરૂપો ધારણ કરીને આ પૃથ્વીમાં સમુદ્રપર્યંત વ્યાપી વળ્યા હતા. તેઓ બ્રાહ્મણોને, ક્ષત્રિયોને, વૈશ્યોને તથા શૂદ્રોને પીડતા હતા. વળી બીજાં પ્રાણીઓને પણ તેઓ પોતાના બલથી પીડા આપતા હતા. હે રાજન્! આમ સર્વ ભૂતોને ત્રાસ આપતા અને મારી નાખતા તે લાખો અસુરો ચોમેર ભૂમિમાં ફરતા હતા. વળી બ્રાહ્મણભક્તિવિનાના, બલના મદવાળા અને મદથી ઘેલા થયેલા તે અસુરો આશ્રમમાં રહેલા મહાર્ષઓને પણ જ્યાં ત્યાં પીડતા હતા.[૩૧-૩૬]

આ પ્રમાણે બલવડે ઉછાંછળા થયેલા અને મહા પ્રયત્ન કરનારા એવા મોટા અસુરોથી પીડાયલી પૃથ્વીએ પોતે બ્રહ્મા પાસે જવાની વૃત્તિ કરી; કારણ કે તે વખતે પૃથ્વીને ધારણ કરનારા શેષ, કચ્છપ અને દિશાના હાથીઓનો સમુદાય પણ દાનવોના બલથી દબાયલી પર્વતવાળી પૃથ્વીને ધારણ કરવા સમર્થ થયો નહિ; ત્યારે હે મહીપાલ!, ભારથી દીન બનેલી અને ભયથી પીડાયલી પૃથ્વી સર્વ પ્રાણીના પિતામહ બ્રહ્માને શરણે ગઈ. ત્યાં તેણે મોટા ભાગ્યવાળા દેવો,

દ્વિજો અને મહર્ષિઓથી વીંટાયલા લોકકર્તા અવિનાશી બ્રહ્મદેવને જોયા.[૪૦] દેવનાં કાર્યમાં નિષ્ઠાવાળા આનંદી ગંધર્વોએ અને અપ્સરાઓએ વંદન કરાયલા તે બ્રહ્માની પાસે જઇને પૃથ્વીએ વંદન કર્યું. હે ભારત ! લોકોનું પાલન કરનારા સર્વ દેવોની સમક્ષ શરણ ઇચ્છતી ભૂમિએ તેમને વિજ્ઞાપના કરી. હે રાજન્ ! કારણાત્મા સ્વયંભૂ બ્રહ્માને તે ભૂમિનું કાર્ય પ્રથમથીજ વિદિત હતું. હે ભારત ! જે જગતના સ્રષ્ટા છે તે દેવ તથા દૈત્યોસહિત સર્વ લોકના મનની વાત સંપૂર્ણ રીતે કેમ ન જાણે ? હે મહારાજ ! તે પછી સર્વ ભૂતના ઉત્પાદક, ઈશ, કલ્યાણકારી, ભૂમિપતિ અને પ્રજાપતિ એવા પ્રભુ બ્રહ્માએ તે ભૂમિને કહ્યું. બ્રહ્મા બોલ્યાઃ–"હે વસુંધરે ! તું જે કાર્યને માટે અહીં મારી પાસે આવી છે, તે કાર્ય કરવા હું સર્વ દેવોને નિયોગ કરૂં છું." ૪૧-૪૬

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્ ! આ પ્રમાણે પૃથ્વીને કહી બ્રહ્માએ તેને વિદાય કરી. તે પછી ભૂતકર્તા બ્રહ્માએ પોતે સર્વ દેવોને આજ્ઞા કરી કેઃ–"આ પૃથ્વીનો ભાર ઉતારવા માટે તમે બધા પોતાના ભિન્ન ભિન્ન અંશોથી દૈત્યો સાથે વિરોધ કરવા પૃથ્વીમાંજ ઉત્પન્ન થાઓ." એમ કહી તે પછી ભગવાન બ્રહ્મા ગંધર્વો તથા અપ્સરાઓના સમૂહને બોલાવીને તે સઘળાને આ પ્રમાણે અર્થયુક્ત વચન કહેવા લાગ્યા. બ્રહ્મા બોલ્યાઃ–"તમે પણ પોતપોતાના અંશથી ઇચ્છાપૂર્વક મનુષ્યોમાં ઉત્પન્ન થાઓ." એવાં સુરગુરુ બ્રહ્માનાં સત્ય, હિતકારક અને પથ્ય વચન સાંભળી ઇંદ્રાદિક દેવોએ તેનો સ્વીકાર કર્યો.[૫૦] પછી પોતપોતાના અંશોથી ભૂમિપર જવાને કૃતનિશ્ચય થયેલા તે દેવો શત્રુને હણનારા નારાયણની પાસે વૈકુંઠમાં ગયા. ચક્ર તથા ગદાને ધારણ કરનારા, પીતાંબરધારી, શ્યામવર્ણ, પદ્મનાભ, દૈત્યસંહારક, વિશાલ, સુંદર અને સદય નેત્રવાળા, પ્રજાપતિના પતિ, પ્રકાશમાન, દેવોના નાથ, મહાબાહુ, શ્રીવત્સ ચિહ્નવાળા, ઇંદ્રિયોના અધિષ્ઠાતા અને સર્વ દેવોએ પૂજેલા તે પુરુષોત્તમને ઇંદ્રે કહ્યું કેઃ–"તમે પૃથ્વીનું શોધન કરવ અર્થાત્ કંટકરૂપી ખલજનોનું ઉન્મૂલન કરવા અંશથી અવતાર ધારણ કરો." ત્યારે હરિએ "હું તેમ કરીશ" એવો ઇંદ્રને ઉત્તર આપ્યો.[૫૧-૫૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અંશાવતરણપર્વવિષે અધ્યાય ૬૪ મો સમાપ્ત.

અંશાવતરણપર્વ સમાપ્ત*

सभवपर्व

અધ્યાય ૬૫ મો–દક્ષકન્યાની સંતતિ

॥ वैशंपायन उवाच ॥

अथ नारायणेनेंद्रश्चकार सह संविदम् ॥

अवततु महीं स्वर्गादंशतः सहितः सुरः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી ઇંદ્રે દેવોની સાથે અંશવડે સ્વર્ગમાંથી પૃથ્વીમાં અવતરવા માટે નારાયણની જોડે સલાહ કરી અને ઇંદ્રે પોતે સર્વ દેવોને તે પ્રમાણે આજ્ઞા આપી તથા દેવો તે નારાયણના સ્થાનમાંથી પાછા સ્વસ્થાનમાં જવા નીકળ્યા. પછી સ્વર્ગમાં વસનારા તે દેવો, શત્રુ-

---

* **स्त्रिया माद्यंति संतोऽपीत्युक्तं व्यासस्य जन्मनि ॥ देवासुरनरेष्वेवं संतीत्यंशावतारणे ॥**

સાધુ પુરુષો પણ સ્ત્રીથી ઘેલા થઇ જાય છે, એ વ્યાસના જન્મમાં કહ્યું છે. દેવો, અસુરો અને નરોમાં એમજ છે. એ અંશાવતરણ પર્વમાં કહ્યું છે.

ઓના વિનાશને માટે તથા સર્વ લોકના હિતને માટે સ્વર્ગમાંથી ક્રમે ક્રમે ભૂમિમાં અવતરવા લાગ્યા. હે રાજશાર્દૂલ ! દેવતાઓ પોતાની ઇચ્છાપ્રમાણે કેટલાક બ્રહ્મર્ષિના વંશોમાં અને કેટલાક રાજર્ષિના વંશોમાં ઉત્પન્ન થયા; તથા દાનવો, રાક્ષસો, ગંધર્વો, નાગો અને બીજાં પુરુષભક્ષક પ્રાણીઓને તેઓ હણવા લાગ્યા. હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! તે દેવાંશીઓ એવા બલવાળા હતા કે જેથી તેમને બાલ્યવયમાં પણ દાનવો, રાક્ષસો, ગંધર્વો તથા નાગો મારી શકતા ન હતા. ૧-૬

જનમેજય પૂછે છેઃ—દેવ તથા દાનવોના સમૂહો, ગંધર્વો, અપ્સરાઓ, સઘળાં મનુષ્યો, યક્ષો,રાક્ષસો અને બીજાં સર્વ પ્રાણીઓની ઉત્પત્તિને હું સારી રીતે પ્રથમથી સાંભળવા ઇચ્છા કરૂં છું; માટે મારી આગળ તે સર્વની ઉત્પત્તિ કહેવા તમે યોગ્ય છો.૭-૮

વૈશંપાયન કહે છેઃ—સ્વયંભૂને નમસ્કાર કરીને હર્ષપૂર્વક દેવાદિક સર્વ લોકોની ઉત્પત્તિ તથા લય હું તમને યથાર્થ રીતે કહું છું. બ્રહ્માના માનસિક છ પુત્રો મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ અને ક્રતુ નામના પ્રસિદ્ધ મહર્ષિઓ હતા. તેમાં મરીચિથી કશ્યપ નામના પુત્ર થયા અને કશ્યપથી આ સર્વ પ્રજા ઉત્પન્ન થઈ છે. વળી દક્ષની મહા ભાગ્યવાળી તેર કન્યાઓ થઈ હતી. તે દક્ષકન્યાનાં નામ અદિતિ, દિતિ, દનુ, કાલા, દનાયુ, સિંહિકા, ક્રોધા, પ્રાધા, વિશ્વા, વિનતા, કપિલા, મુનિ અને કદ્રૂ એવાં હતાં. હે મનુષ્યોમાં વ્યાઘ્રસમાન ભારતરાજ! એ કન્યાઓના વીર્યસંપન્ન એવા અનંત પુત્રપોત્રો થયા હતા. તેમાં અદિતિથી ભુવનના ઇશ્વર એવા બાર આદિત્યો થયા હતા. હે ભારત ! તેમનાં નામ હું તમને કહું છું. ધાતા, મિત્ર, અર્યમા, શક્ર, વરુણ, અંશ, ભગ, વિવસ્વાન, પૂષા, દશમા સવિતા, અગિયારમા ત્વષ્ટા અને બારમા વિષ્ણુ કહેવાય છે.અદિતિના સર્વ પુત્રોમાં નાના પુત્ર વિષ્ણુ અધિક ગુણવાન હતા. દિતિને હિરણ્યકશિપુ નામનો એકજ પુત્ર થયો હતો. તે મહાત્માને પ્રસિદ્ધ નામવાળા પાંચ પુત્રો થયા હતા. તેમાં પ્રહ્‌લાદ પ્રથમ ઉત્પન્ન થયો હતો, તેના પછી સંહ્‌લાદ તથા ત્રીજો અનુહ્‌લાદ અને તેના પછી શિબિ તથા બાષ્કલ થયા હતા. હે ભારત ! પ્રહ્‌લાદના સર્વત્ર પ્રસિદ્ધ એવા ત્રણ પુત્રો વિરોચન, કુંભ અને નિકુંભ નામના હતા. તેમાં વિરોચનને એક બલિ નામનો પ્રતાપવાન પુત્ર થયો હતો અને બલિનો બાણાસુર નામનો પ્રસિદ્ધ પુત્ર થયો હતો.૨૦ તે રુદ્રનો શ્રીમાન અનુચર હતો, કે જે રુદ્રને લોકો મહાકાલ નામથી ઓળખે છે. હે ભરતવંશી રાજા! દનુના સર્વત્ર પ્રસિદ્ધ એવા ચાલીશ પુત્રો હતા. તેમાં પ્રથમ ઉત્પન્ન થયેલો મહાયશસ્વી વિપ્રચિત્તિ રાજા હતો. તેના પછી શંબર, નમુચિ, પુલોમા, અસિલોમા, કેશી, દુર્જયદાનવ, અયઃશિરા, અશ્વશિરા, વીર્યવાન, અશ્વશંકુ, ગગનમૂર્ધા, વેગવાન, કેતુમાન, સ્વર્ભાનુ, અશ્વ, અશ્વપતિ, વૃષપર્વા, અજક, અશ્વગ્રીવ, સૂક્ષ્મ, તુહુંડ, મહાબલ, ઇષુપાદ, એકચક્ર, વિરૂપાક્ષ, હર, અહર, નિચંદ્ર, નિકુંભ, કુપટ, કપટ, શરભ, શલભ, સૂર્ય અને ચંદ્રમા,એ દનુના પ્રસિદ્ધ પુત્રો દાનવો કહેવાય છે. દેવોના ચંદ્ર તથા સૂર્ય જૂદા છે અને દાનવોના ચંદ્ર સૂર્ય પણ જૂદા કહેવાય છે. હે મહારાજ ! આ વંશોમાં ઉત્પન્ન થયેલાઓ મહા બલવાન, સત્ત્વસંપન્ન તથા પ્રખ્યાત છે; વળી દાનવ વંશમાં દનુના દશ પુત્રો મુખ્ય ગણાય છે. તેમનાં નામો એકાક્ષ, વીર અમૃતપા, પ્રલંબ, નરક, વાતાપી, શત્રુતપન, મહાસુર શઠ, ગવિષ્ઠ, વનાયુ અને દાનવ દીર્ઘજિહ્‌વ છે. હે ભારત! તેમના પુત્ર તથા પૌત્રો અસંખ્ય થયા કહેવાય છે. સિંહિકાએ ચંદ્ર તથા સૂર્યને પીડનારા એવા રાહુ નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો. સુચંદ્ર, ચંદ્રહર્તા અને ચંદ્રપ્રમર્દન

अत्यल्पस्यापि पापस्य विपाकमतिदारुणं ॥
अन्वभूतां चिरं ब्रह्मणीमांडव्यदुंदुभौ ॥

હે બ્રહ્મન્! અણીમાંડવ્ય ઋષિ અને દુંદુભ, એ બન્નેએ અત્યંત અલ્પ પાપનું પણ અતિશય દારુણ ફલ ચિરકાલ સુધી ભોગવ્યું છે, અર્થાત્ અલ્પ પાપ પણ ન કરવું એ તાત્પર્ય છે. ગણેશ

નામના ક્રૂરાના (ક્રોધાના) પુત્રો હતા. વળી એ ક્રૂરાથી ક્રૂર સ્વભાવવાળા બીજા અનંત પુત્રો તથા પૌત્રો થયા હતા, કે જે ક્રૂર કર્મ કરનારો તથા શત્રુને સંહારનારો ક્રોધવશ નામનો ગણ કહેવાય છે. વળી દનાયુના અસુરોમાં મુખ્ય એવ વિક્ષર, બલ,વીર અને મહાસુર વૃત્ર નામના ચાર પુત્રો થયા હતા. કાલાના કાલના જેવા, પ્રહાર કરનારા, શત્રુને તપાવનારા અને દાનવોમાં મહાવીર્યવાળા પ્રસિદ્ધ પુત્રો થયા હતા. તેઓનાં નામ વિનાશન, ક્રોધ, ક્રોધહંતા, ક્રોધશત્રુ અને બીજા જે પુત્રો થયા તેઓ કાલકેય નામથી ઓળખાય છે.અસુરોના ઉપાધ્યાય શુક્ર તો ઋષિના પુત્ર હતા. તે શુક્રને, અસુરો પાસે યજ્ઞાદિક કરાવનારા ચાર પુત્રો થયા હતા, જેઓ તેજવડે સૂર્યના જેવા અને બ્રહ્મલોકપરાયણ હતા. તેમનાંનામ, ત્વષ્ટાધર, અત્રિ, અને બીજા બે ભયંકર કર્મવાળા હતા. આ પ્રમાણે વેગવાળા અસુરો અને સુરોના વંશની ઉત્પત્તિ મેં પુરાણમાં સાંભળેલી તે પ્રમાણે કહી છે. હે મહીપાલ! એ બધાની ગૌણ અને અનંત સંતતિનું નિઃશેષ વર્ણન કરી શકાય તેમ નથી. તાર્ક્ષ્ય, અરિષ્ટનેમિ,ગરુડ, અરુણ, આરુણિ અને વારુણિ,એ વિનતાના છ પુત્રો કહેવાય છે. ૪૦ શેષ, અનંત, વાસુકિ, તક્ષકનાગ, કૂર્મ, કુલિક, એ કદ્રૂના પુત્રો કહેવાય છે. ભીમસેન, ઉગ્રસેન, સુપર્ણ, વરુણ, ગોપતિ, ધૃતરાષ્ટ્ર, સાતમો સૂર્યવર્ચા, સત્યવાક્, અર્કપર્ણ, પ્રસિદ્ધ પ્રયુત, ભીમ, સર્વવેત્તા વશ મનવાળો તથા વિખ્યાત એવો ચિત્રરથ, શાલિશિરા, ચોદમો પર્જન્ય, પંદરમો કલિ અને સોળમા નારદ, આ દેવગંધર્વો (દક્ષની કન્યા) મુનિના પુત્રો થયા હતા. વળી હે ભારત! તમને મુખ્ય મુખ્ય ઉત્પત્તિ હું કહું છું. અનવદ્યા, મનુ, વંશા, અસુરા, માર્ગણપ્રિયા, અરૂપા, સુભગા અને ભાસી, એ કન્યાઓ પ્રાધાથી ઉત્પન્ન થઇ હતી; અને સિદ્ધ, પૂર્ણ, બર્હિ, મહાયશસ્વી પૂર્ણાયુ, બ્રહ્મચારી, રતિગુણ, સાતમો સુપર્ણ, વિશ્વાવસુ, ભાનુ અને દશમો સુચંદ્ર એ દશ દેવગંધર્વો પ્રાધાથી ઉત્પન્ન થયા હતા. વળી પ્રથમ દેવર્ષિના સંગથી મહા ભાગ્યવાળી પ્રાધાએ આ પવિત્ર અને પ્રસિદ્ધ એવો અપ્સરાનો વંશ ઉત્પન્ન કર્યો હતો. તે અપ્સરાઓ, અલંબુષા, મિશ્રકેશી, વિદ્યુત્પર્ણા, તિલોત્તમા, અરુણા, રક્ષિતા, રંભા, મનોરમા, કેશિની, સુબાહુ, સુરતા, સુરજા અને સુપ્રિયા નામની હતી; અને પ્રાધાથી વિખ્યાત એવા હાહા, હૂહૂ, અતિબાહુ અને તુંબરુ, એ ચાર શ્રેષ્ઠ ગંધર્વો ઉત્પન્ન થયા હતા. વળી અમૃત, બ્રાહ્મણો, ગાયો, ગંધર્વો અને અપ્સરાઓ કપિલાથી ઉત્પન્ન થયાં એવું પુરાણમાં કહેલું છે. ૪૧–૫૨

આ પ્રમાણે સર્વ પ્રાણીઓનો સંભવ મેં તમને કહ્યો; તથા ગંધર્વો, અપ્સરાઓ, નાગો, પક્ષીઓ, રુદ્રો, વાયુઓ, ગાયો અને પુણ્યકર્મવાળા શ્રીમાન બ્રાહ્મણોનો ઉદ્‌ભવ યથાર્થ રીતે કહ્યો, કે જે આયુષ્યની વૃદ્ધિ કરનાર, પુણ્યરૂપ, પ્રશંસનીય અને કર્ણને સુખ આપનારો છે. એને મનુષ્યે ઈર્ષ્યારહિત થઈને શ્રવણ કરવો તથા શ્રવણ કરાવવો. મહાત્માઓના આ વંશને નિયમથી બ્રાહ્મણ અને દેવના સમીપમાં જે કોઈ પાઠ કરશે તેને પુષ્કળ પ્રજા, લક્ષ્મી, યશ અને પરિણામે સારી ગતિ પ્રાપ્ત થશે. ૫૩–૫૬

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે આદિત્યાદિ વંશકથન નામનો અધ્યાય ૬૫ મો સમાપ્ત.

અધ્યાય ૬૬ મો–વિધિસૃષ્ટિ

॥ वैशंपायन उवाच ॥

ब्रह्मणो मानसाः पुत्रा विदिताः षण्महर्षयः ॥
एकादश सुताः स्थाणोः ख्याताः परमतेजसः॥

વૈશંપાયન કહે છેઃ–બ્રહ્માના છ માનસિક પુત્રો, સર્વ લોકમાં મહર્ષિતરિકે પ્રસિદ્ધ છે. હવે સાતમા પરમ તેજસ્વી સ્થાણુ નામના બ્રહ્મ-

આ પુત્રને અગિયાર પુત્રો થયા હતા. તેઓનાં નામ મૃગવ્યાધ, સર્પ, મહાયશસ્વી નિઋતિ, અજૈકપાત્, અહિર્બુધ્ન્ય, પરંતપ પિનાકી, દહન, ઈશ્વર, મહાકાંતિવાળા કપાલી, સ્થાણુ અને ભગવાન ભગ, એ અગિયાર રુદ્રો કહેવાય છે. મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ અને ક્રતુ, એ વીર્યવાન છ મહર્ષિઓ બ્રહ્માના પુત્રો હતા. તેમાં અંગિરાના સર્વ લોકમાં પ્રસિદ્ધ અને વ્રતધારી એવા ત્રણ પુત્રો બૃહસ્પતિ, ઉતથ્ય અને સંવર્ત્ત નામના થયા હતા. હે મનુષ્યાધીશ! અત્રિના તો ઘણા પુત્રો સંભળાય છે. જે સઘળાઓ વેદવેત્તા, સિદ્ધ તથા શાંતહૃદયના મહર્ષિઓ હતા. હે મનુષ્યવ્યાઘ્ર! બુદ્ધિમાન પુલસ્ત્યના પુત્રો રાક્ષસો, વાનરો, કિન્નરો અને યક્ષો થયા હતા. હે રાજન્! પુલહની પ્રજામાં શલભો, સિંહો, કિંપુરુષો, વ્યાઘ્રો, યક્ષો અને દીપડાંઓ થયાં હતાં. ક્રતુથી ક્રતુના જેવા, સૂર્ય જોડે ફરનારા, સત્યવ્રતપરાયણ અને ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવા પુત્રો (વાલખિલ્યો) થયા હતા. હે પૃથિવીપાલ! બ્રહ્માના જમણા અંગુઠાથી શાંત અંતઃકરણવાળા અને મહા તપસ્વી એવા ઐશ્વર્યવાન દક્ષ પ્રજાપતિ થયા હતા[૧૦] અને ડાબા અંગુઠાથી તે મહાત્માની ભાર્યા ઉત્પન્ન થઈ હતી. તે સ્ત્રીમાં દક્ષ પ્રજાપતિએ પચાસ કન્યાઓ ઉત્પન્ન કરી હતી. તે સઘળી સુંદર અંગવાળી અને કમલના જેવાં નેત્રવાળી કન્યાઓને, પુત્રો નષ્ટ થવાથી દક્ષ પ્રજાપતિએ પુત્રિકાધર્મથી* આપી હતી. તેમાં હે રાજન્! તેમાંની દશ ધર્મને, સત્તાવીશ ચંદ્રને અને તેર કશ્યપને દિવ્ય વિધિથી આપી હતી. તેમાં ધર્મની પત્નીઓનાં નામો હું કહું છું તે તમે સાંભળો. કીર્તિ, લક્ષ્મી, ધૃતિ, મેધા, પુષ્ટિ, શ્રદ્ધા, ક્રિયા, બુદ્ધિ, લજ્જા અને મતિ, એ દશ ધર્મની સ્ત્રીઓ હતી. વિધાતાએ એ દશ ધર્મનાં દ્વારો નિર્મેલાં છે. ચંદ્રની પવિત્ર વ્રતવાળી સત્તાવીશ સ્ત્રીઓ સર્વ લોકમાં પ્રસિદ્ધ છે, કે જેઓ લોકોના વ્યવહારમાટે કાલનું સૂચન કરનારી નક્ષત્રોનાં નામથી પ્રસિદ્ધ છે. બ્રહ્માના પુત્ર દક્ષની બીજી કન્યાઓથી ધર્મદેવે વસુ નામના આઠ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમનો વિસ્તાર હું કહું છું. ધર, ધ્રુવ, સોમ, અહ, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ, એ આઠ વસુઓ કહેવાય છે. તેમાં ધૂમ્રાથી ધર અને બ્રહ્મવિદ્યા જાણનાર ધ્રુવ, એ બે પુત્રો થયા હતા. મનસ્વિનીનો ચંદ્ર (સોમ) થયો હતો. શ્વાસાનો વાયુ (અનિલ) થયો હતો. રતાનો અહ પુત્ર થયો. શાંડિલ્યાનો અનલ (અગ્નિ) અને પ્રભાતાના પ્રત્યૂષ તથા પ્રભાત નામના પુત્રો થયા.[૧૧-૨૦]

ધરને દ્રવિણ તથા હુતહવ્યવહ, એ બે પુત્રો થયા હતા. ધ્રુવનો પુત્ર લોકોને ચાલન કરનાર ભગવાન કાલ નામનો થયો હતો. સોમનો પુત્ર વર્ચા થયો જેનાથી વર્ચસ્વી થવાય છે. મનોહરાથી શિશિર, પ્રાણ અને રમણ નામના પુત્રો થયા હતા. અહના જ્યોતિ, શમ, શાંત અને મુનિ નામના પુત્રો થયા હતા. અગ્નિનો સરખટમાં વસનારો શ્રીમાન કુમાર નામનો પુત્ર થયો હતો. તે કૃત્તિકાના સંબંધથી કાર્તિકેય કહેવાય છે. તેના શાખ, વિશાખ અને નૈગમેય નામના પુત્રો હતા. અનિલની શિવા નામની સ્ત્રીમાં મનોજવ અને અવિજ્ઞાતગતિ નામના બે પુત્રો થયા હતા. પ્રત્યૂષ વસુના પુત્ર દેવલ નામના ઋષિ હતા અને દેવલના ક્ષમાશીલ તથા બુદ્ધિમંત એવા બે પુત્રો થયા હતા. બૃહસ્પતિની બ્રહ્મવાદિની બહેન વરસ્ત્રી નામની હતી; જે યોગમાં આસક્ત થઈ અસંગપણાથી જગતમાં ફરતી હતી તે આઠમા વસુ પ્રભાસની ભાર્યા થઈ હતી. તેનાથી શિલ્પશાસ્ત્રના નિર્માતા મહાભાગ્યશાળી વિશ્વકર્મા થયા હતા, કે જે હજારો શિલ્પકલાના કર્તા, દેવોના સુથાર, સર્વ જાતના અલંકારો બનાવનારા અને શિલ્પવેત્તામાં શ્રેષ્ઠ કહેવાય છે.

---

* अभ्रातृकां प्रदास्यामि तुभ्यं कन्यामलंकृताम् ॥ अस्यां यो जायते पुत्रः स मे पुत्रो भवेदिति ॥

હું તને આ ભાઈવિનાની અલંકૃત કન્યા આપું છું, એને વિષે જે પુત્ર ઉત્પન્ન થાય તે મારો પુત્ર ગણાશે, આવા સંકેતથી આપેલી કન્યા પુત્રિકાધર્મથી આપેલી ગણાય છે.

વળી તેમણે દેવોને માટે દિવ્ય વિમાનો કર્યાં હતાં અને મનુષ્યો તે મહાત્માની શિલ્પકલાનો પોતાના નિર્વાહમાટે ઉપયોગ કરે છે તથા તે અવિનાશી એવા વિશ્વકર્માની મનુષ્યો નિત્ય પૂજા કરે છે.[૨૧-૩૦]

વળી બ્રહ્માના જમણા સ્તનને ભેદીને સર્વ લોકને સુખ આપનારા ભગવાન ધર્મ, પુરુષાકારે પ્રકટ થયા હતા. તે ધર્મના સર્વ પ્રાણીનાં મનો હર અને પોતાના તેજથી લોકોને ધારણ કરનારા એવા શમ,કામ તથા હર્ષ નામના ત્રણ શ્રેષ્ઠ પુત્રો થયા હતા. તેમાં કામની રતિ નામની ભાર્યા હતી, શમની પ્રાપ્તિ નામની ભાર્યા હતી અને હર્ષની નંદા નામની ભાર્યા હતી. તેઓનો આશ્રય કરીને સર્વ લોકો રહેલા છે. મરીચિના કશ્યપ નામના પુત્ર થયા અને કશ્યપના સુર તથા અસુર થયા;એટલુંજ નહિ પણ હે રાજન્! કશ્યપ લોકોની ઉત્પત્તિનું સ્થાન કહેવાય છે. ઘોડીનું રૂપ ધારણ કરનારી મહા ભાગ્યવાળી ત્વાષ્ટ્રી નામની સૂર્યની ભાર્યાએ અંતરિક્ષમાં બે અશ્વિનીકુમારોને ઉત્પન્ન કર્યા હતા. હે નરાધિપ! અદિતિના શક્ર વગેરે બારજ પુત્રો થયા હતા. તેમાં નાના વિષ્ણુ હતા, કે જેમનામાં સર્વ લોકો રહેલા છે. આ પ્રમાણે તેત્રીસ દેવો (આઠ વસુ, અગિયાર રુદ્ર, બાર આદિત્ય, પ્રજાપતિ અને વષટ્કાર*) છે, તેઓના વંશને તથા પક્ષ અને કુલવડે ગણોને હું કહું છું. રુદ્રોનો એક પક્ષ છે તેમજ સાધ્યોનો તથા વાયુઓનો એક પક્ષ છે. વસુઓનો તથા વિશ્વેદેવાનો ભાર્ગવગણ સમજવો. વિનતાનો પુત્ર ગરુડ, બલવાન અરુણ અને ભગવાન બૃહસ્પતિ, એ આદિત્ય ગણમાંજ ગણાય છે. ગુહ્યકો, સર્વે ઓષધિઓ અને પશુઓ, એ સર્વે આ અશ્વિનીકુમારમાં છે એમ જાણો. હે રાજન્! આ સઘળા દેવગણો મેં તમને અનુક્રમથી કહ્યા છે.[૪૦] આનું કીર્તન કરવાથી મનુષ્ય સર્વ પાપથી મુક્ત થાય છે.

બ્રહ્માના હૃદયને ભેદીને ભગવાન ભૃગુ ઋષિ નીકળ્યા હતા. ભૃગુથી કવિ નામના પુત્ર થયા અને કવિના પુત્ર વિદ્વાન શુક્ર થયા, જે એક ગ્રહ ગણાય છે. તે વૃષ્ટિ, અવૃષ્ટિ, ભય અને અભયમાં ત્રણ લોકના પ્રાણનિર્વાહને માટે બ્રહ્માના નિયોગથી ભુવનમાં ભ્રમણ કરે છે. મહા બુદ્ધિવાળા, નિયમિત વ્રતવાળા, બ્રહ્મચારી તથા યોગના આચાર્ય એવા તે શુક્ર પોતાનાં બે રૂપ ધારણ કરીને દૈત્યોના તથા દેવોના ગુરુ થયા હતા. જ્યારે જગતનાં યોગ તથા ક્ષેમને માટે ભૃગુકુલોત્પન્ન શુક્રનો બ્રહ્માએ નિયોગ કર્યો, ત્યારે ભૃગુએ અનિંદિત ચરિત્રવાળા, ઉગ્ર તપવાળા, ધર્માત્મા તથા યશસ્વી એવા ચ્યવન નામના એક બીજા પુત્રને ઉત્પન્ન કર્યો. જે પોતાની માતાના છૂટકાને માટે ક્રોધ કરીને ગર્ભથી બહાર આવ્યો હતો, તે બુદ્ધિમાન ચ્યવનની સાથે મનુની આરુષી નામની કન્યા પરણી હતી. તેની ઊરુ (જંઘા)નો ભેદ કરીને મહાયશસ્વી ઔર્વ થયા હતા, જે બાલવયમાંજ મહા તેજસ્વી, મહાવીર્યવાનઅને ગુણસંપન્ન હતા. તેના પુત્ર ઋચીક થયા અને તેનાથી જમદગ્નિ ઉત્પન્ન થયા. મહાત્મા જમદગ્નિને ચાર પુત્ર થયા હતા. તેમાં રામ સૌથી વયમાં નાના હતા, પરંતુ મોટા ગુણોથી યુક્ત હતા; જેઓ વશ મનવાળા, સર્વ શસ્ત્રમાં કુશલ અને ક્ષત્રિયોનો અંત કરનારા હતા. ઔર્વના જમદગ્નિ વગેરે સો પુત્રો થયા હતા અને તેમનાથી હજારો પુત્રોનો પૃથ્વીમાં વિસ્તાર થયો હતો.[૪૧-૪૯]

બ્રહ્માના બીજા બે પુત્રો ધાતા અને વિધાતા નામના થયા (જે વૃત્તિ અને ચિદાભાસરૂપ હોવાથી-જડતા અને સ્ફુરણારૂપે) તેમનાં લક્ષણો સર્વ લોકમાં રહે છે. તેઓ મનુની સાથે રહ્યા હતા.[૫૦] તે બન્નેની કમલમાં નિવાસ કરનારી કલ્યાણી લક્ષ્મી દેવી બહેન હતી. તેના માનસિક પુત્રો આકાશમાં ગતિ કરનારા ઘોડાઓ થયા હતા. વરુણના વીર્યથી તેની જ્યેષ્ઠા નામની તેજસ્વિની

* ટીકાકારે પ્રજાપતિ અને વષટ્કાર બેને તેત્રીસ દેવમાં ગણ્યા છે; પરંતુ પૂર્વપરાનુસંધાનથી બે અશ્વિનીકુમાર લેવા એ વધારે યોગ્ય લાગે છે; કારણ કે આદિત્યાદિની પેઠે તેનો એક ગણ જૂદો પાડેલો છે. ભા. ક.

ભાર્યાએ, બલ નામનો પુત્ર અને સુરને આનંદ આપનારી સુરા નામની કન્યાને જન્મ આપ્યો હતો. અન્નની કામનાવાળી પ્રજાઓ જ્યારે અન્યોન્યનું ભક્ષણ કરવા લાગી, ત્યારે તેમાંથી સર્વ પ્રાણીઓનો વિનાશ કરનારો અધર્મ ઉત્પન્ન થયો. તેની નિરૃતિ નામની ભાર્યા હતી. તેનાથી નૈરૃત નામના રાક્ષસો ઉત્પન્ન થયા. વળી તે નિરૃતિથી નિત્ય પાપકર્મપરાયણ અને ઘોર એવા ભય, મહાભય અને સર્વ ભૂતનો નાશ કરનાર મૃત્યુ નામના ત્રણ પુત્રો થયા હતા. તેમાં મૃત્યુને ભાર્યા અથવા પુત્ર કંઈજ ન હતું; કેમકે તે સર્વનો અંત કરનારજ હતો. દેવી તામ્રાએ, કાકી, શ્યેની, ભાસી, ધૃતરાષ્ટ્રી અને શુકી નામની લોકમાં વિખ્યાત પાંચ પુત્રીઓ ઉત્પન્ન કરી હતી. તેમાં હે જનાધિપ! કાકીથી ઘુવડ ઉત્પન્ન થયા, શ્યેનીએ શ્યેન (બાજ) ને ઉત્પન્ન કર્યો, ભાસીએ ભાસ અને ગીધોને જન્મ આપ્યો, કલ્યાણી ધૃતરાષ્ટ્રીએ હંસો, કલહંસો અને ચક્રવાકોને ઉત્પન્ન કર્યા તથા યશસ્વિની અને સર્વ લક્ષણોવડે પૂજાયલી એવી શુકીએ કલ્યાણ ગુણસંપન્ન પોપટોનેજ ઉત્પન્ન કર્યા હતા. વળી ક્રોધાથી ક્રોધને વશ રહેનારી નવ સ્ત્રીઓ ઉત્પન્ન થઈ હતી. તેમનાં નામો મૃગી, મૃગમંદા, હરી, ભદ્રમના, માતંગી, શાર્દૂલી, શ્વેતા, સુરભિ અને સર્વ લક્ષણસંપન્ન એવી સુરસા, એ પ્રમાણે હતાં. હે નરવરોમાં ઉત્તમ! તેમાં મૃગીથી સર્વ મૃગો થયા હતા, મૃગમંદાથી રીંછ અને સૃમર નામનાં પશુઓ થયાં હતાં. ભદ્રમનાએ ઐરાવત હાથી ઉત્પન્ન કર્યો હતો એટલે તે મહાન દેવહસ્તી ઐરાવત તેનો પુત્ર હતો. હરીએ ઘોડાઓ, વેગવાળા વાનરો અને ગોલાંગુલ જાતના વાનરો ઉત્પન્ન કર્યા હતા, એટલે તે હરીના પુત્રો કહેવાય છે. તમારૂં કલ્યાણ થાઓ. શાર્દૂલીએ સિંહ, વાઘ અને મહાબલવાળાં સઘળાં દીપડાંઓને ઉત્પન્ન કર્યાં હતાં એમાં સંશય નથી. હે નરાધિપ! માતંગીએ માતંગો (હાથીઓ) ને ઉત્પન્ન કર્યા હતા. શ્વેતાએ શીઘ્ર ગતિવાળા દિશાના હાથી શ્વેતને જન્મ આપ્યો હતો. હે રાજન! તમારૂં કલ્યાણ થાઓ. સુરભિએ રોહિણી તથા યશસ્વિની ગંધર્વી નામની બે કન્યાઓને જન્મ આપ્યો હતો. વળી હે ભારત! વિમલા અને અનલા નામની બે પુત્રીઓ પણ તેનીજ હતી. તેમાં રોહિણીથી ગાયો ઉત્પન્ન થઈ, ગંધર્વીથી ઘોડાઓ થયા અને અનલાથી પિંડફલ× નામનાં સાત ઝાડો થયાં. વળી અનલાને એક શુકી નામની પુત્રી પણ થઈ હતી. સુરસાનો પુત્ર કંક નામનો થયો હતો. અરુણની ભાર્યા શ્યેનીએ મહાન બલવાળા તથા વીર્યવાન એવા સંપાતિ તથા પરાક્રમી જટાયુષ નામના બે પુત્રોને જન્મ આપ્યો હતો. સુરસાએ નાગોને જન્મ આપ્યો હતો. કદ્રૂએ સર્પોને ઉત્પન્ન કર્યા હતા; અને વિનતાને ગરુડ તથા અરુણ નામના બે પ્રસિદ્ધ પુત્રો થયા હતા. હે બુદ્ધિમાન નરેશ! આ પ્રમાણે સર્વ મહાન પ્રાણીઓની ઉત્પત્તિ મેં તમને રૂડી રીતે કહી સંભળાવી; જેને સારી રીતે સાંભળવાથી પુરુષ પાપથી મુક્ત થાય છે, સર્વજ્ઞતા મેળવે છે અને ઉત્તમ ગતિ પામે છે.[૫૧–૭૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે અધ્યાય
૬૬ મો સમાપ્ત.

અધ્યાય ૬૭ મો-રાજા વગેરેની ઉત્પત્તિ-અથવા અંશાવતરણ

॥ जनमेजय उवाच ॥
देवानां दानवानां च गंधर्वोरगरक्षसाम् ॥
सिंहव्याघ्रमृगाणां च पन्नगानां पतत्रिणाम् ॥

જનમેજય પૂછે છેઃ-હે ભગવન્! દેવો, દાનવો, ગંધર્વો, નાગો, રાક્ષસો, સિંહો, વ્યાઘ્રો, મૃગો, સર્પો, પક્ષીઓ અને બીજાં સર્વ મહા-

× જે વૃક્ષોને ડાળીઓ હોતી નથી પણ ટોચ ઉપરજ ફળ આવે છે, તેવાં-ખર્જૂરતાડ

આ પ્રાણીઓની મનુષ્યોમાં ઉત્પત્તિને તથા તે પ્રાણીઓનાં જન્મ તથા કર્મને હું અનુક્રમે સાંભળવાની ઇચ્છા કરૂં છું.[૧૨]

વૈશંપાયન કહે છેઃ—હે મનુષ્યેંદ્ર! જે સ્વર્ગવાસી દેવો તથા દાનવો મનુષ્યોમાં ઉત્પન્ન થયા હતા, તેમાંથી પ્રથમ દાનવોની ઉત્પત્તિ હું તમને કહું છું. દાનવોમાં શ્રેષ્ઠ જે વિપ્રચિત્તિ નામનો દાનવ હતો, તે જરાસંધ નામથી પ્રસિદ્ધ રાજા થયો હતો. હે રાજન! દિતિનો પુત્ર જે હિરણ્યકશિપુ નામે હતો તે મનુષ્ય લોકમાં શિશુપાલ રાજા થયો હતો. પ્રહ્લાદનો નાનો ભાઈ જે સંહ્રાદ નામનો હતો તે વાહ્લીક દેશનો શલ્ય નામનો રાજા થયો હતો. પ્રહ્લાદનો બીજો નાનો ભાઈ જે અનુહ્રાદ નામનો વિખ્યાત દાનવ હતો, તે ધૃષ્ટકેતુ નામનો રાજા થયો હતો. હે રાજન્! દિતિના પુત્રના પુત્ર જે શિબિ નામનો દૈત્ય મેં તમને કહ્યો હતો તે પૃથ્વીમાં દ્રુમ નામનો રાજા થયો હતો. અસુરોમાં જે બાષ્કલ નામનો મહાસુર હતો, તે પુરુષશ્રેષ્ઠ ભગદત્ત નામનો રાજા થયો હતો. અયઃશિરા, અશ્વશિરા, અયઃશંકુ, ગગનમૂર્ધા અને પાંચમો વેગવાન એ વીર્યવાન મોટા અસુરો, હે રાજન! કેકય દેશમાં મહાત્મા એવા ઉત્તમોત્તમ રાજાઓ થયા હતા. વળી જે પ્રતાપી કેતુમાન નામનો અસુર હતો, તે ઉગ્ર કર્મવાળો અમિતૌજા નામનો રાજા થયો હતો. સ્વર્ભાનુ નામનો જે શ્રીમાન મહાસુર હતો તે ઉગ્ર કર્મવાળો ઉગ્રસેન નામનો રાજા થયો હતો. જે અશ્વ નામનો શ્રીમાન મોટો અસુર હતો તે અપરાજિત તથા મહાવીર્યવાળો એવો અશોક નામનો રાજા થયો હતો. તેનો નાનો ભાઇ જે અશ્વપતિ નામનો હતો, તે દૈત્ય હાર્દિકય નામનો રાજા થયો હતો. જે શ્રીમાન વૃષપર્વા નામનો મહાસુર હતો, તે પૃથ્વીમાં દીર્ઘપ્રજ્ઞ નામનો રાજા થયો હતો. વૃષપર્વાનો નાનો ભાઈ જે અજક નામનો હતો, તે પૃથ્વીમાં શાલ્વ નામનો રાજા થયો હતો. અશ્વગ્રીવ નામનો જે બલવાળો મહાન અસુર હતો, તે પૃથ્વીમાં રોચમાન નામનો રાજા થયો હતો. સૂક્ષ્મ નામનો કીર્તિમાન અને મતિમાન જે અસુર હતો, તે પૃથ્વીમાં બૃહદ્રથ નામનો રાજા થયો હતો. તુહુંડ નામનો જે અસુર શ્રેષ્ઠ હતો, તે સેનાબિંદુ નામનો રાજા થયો હતો. ઇષુપાદ નામનો જે અસુરોમાં અધિક બલવાળો અસુર હતો,[૨૦] તે પૃથ્વીમાં પ્રસિદ્ધ પરાક્રમવાળો નગ્નજિત નામનો રાજા થયો હતો. એકચક્ર નામનો જે મહાન અસુર હતો, તે પૃથ્વીમાં પ્રતિવિંધ્ય નામનો રાજા થયો હતો. વિરૂપાક્ષ નામનો વિચિત્ર યુદ્ધ કરનારો જે દૈત્ય હતો, તે પૃથ્વીમાં ચિત્રધર્મા નામનો રાજા થયો હતો. શત્રુને નાશ પમાડનારો હર નામનો જે વીર દાનવ શ્રેષ્ઠ હતો, તે શ્રીમાન સુબાહુ નામનો રાજા થયો હતો. શત્રુપક્ષનો ક્ષય કરનારો, મહા તેજસ્વી અહર નામનો જે દાનવ હતો, તે પૃથ્વીમાં બાહ્લીક નામનો રાજા થયો હતો. ચંદ્રના જેવા મુખવાળો નિચંદ્ર નામનો જે અસુરશ્રેષ્ઠ હતો, તે મુંજકેશ નામનો શ્રીમાન રાજા થયો હતો. યુદ્ધમાં અજિત અને મહામતવાળો જે નિકુંભ હતો, તે ભૂમિમાં દેવાધિપ નામનો મહારાજા થયો હતો. દૈત્યોમાં શરભ નામનો જે મહાન અસુર હતો તે નરોમાં ઉત્તમ એવો પૌરવ નામનો રાજા થયો હતો. હે રાજન! કુપટ નામનો જે મહાનબલવાળો શ્રીમાન મહાન અસુર હતો, તે પૃથ્વીમાં સુપાર્શ્વ નામનો રાજા થયો હતો. હે રાજન! ક્રપટ નામનો જે મહાન અસુર હતો, તે સુવર્ણના પર્વત જેવો પૃથ્વીમાં પાર્વતેય નામનો રાજા થયો હતો. તે અસુરોમાં બીજો શલભ નામનો જે અસુર હતો,[૩૦] તે બાહ્લીક વંશનો પ્રહ્લાદ નામનો રાજા થયો હતો. લોકમાં ચંદ્રના જેવો ચંદ્ર નામનો જે શ્રેષ્ઠ દૈત્ય હતો, તે કાંબોજ દેશનો ચંદ્રવર્મા નામનો રાજા થયો હતો. જે અર્ક નામનો વિખ્યાત દાનવ હતો, તે ઋષીક નામનો રાજર્ષિ થયો હતો. હે નૃપસત્તમ! મૃતપા

लौताली खर्जूरिका तथा । गुवाका नारिकेलश्च सप्त पिण्डफला द्रुमाः ॥ ખજૂર, તાડ, હિંતાલ, તાલી (આ બે તાડની જાત છે), ખજૂરી, સોપારી અને નાળિયેરી આ સાત પિંડફલ વૃક્ષો કહ્યાં છે.

નામનો જે અસુર શ્રેષ્ઠ હતો, તે પશ્ચિમ અનૂપનો રાજા થયો હતો. મહા તેજસ્વી ગવિષ્ઠ નામનો જે પ્રખ્યાત મહાસુર હતો, તે પૃથ્વીમાં દ્રુમસેન નામનો રાજા થયો હતો. મયૂર નામનો જે શ્રીમાન મહાસુર હતો, તે વિખ્યાત વિશ્વ નામનો રાજા થયો હતો, તે અસુરનો નાનો ભાઇ જે સુપર્ણ નામથી પ્રસિદ્ધ હતો, તે પૃથ્વીમાં કાલકીર્તિ નામનો રાજા થયો હતો. ચંદ્રહંતા નામનો જે મુખ્ય અસુર હતો, તે શુનક નામનો રાજર્ષિ થયો હતો. ચંદ્રવિનાશન નામનો જે મહાન અસુર હતો, તે જાનકિ નામનો વિખ્યાત રાજા થયો હતો. હે કૌરવ્યરાજ! દીર્ઘજિહ્વ નામનો જે દાનવશ્રેષ્ઠ કહ્યો હતો તે પૃથ્વીમાં વિખ્યાત કાશિરાજ થયો હતો. સિંહિકાએ સૂર્યચંદ્રને પીડનારા જે રાહુ ગ્રહને ઉત્પન્ન કર્યો હતો, તે પૃથ્વીમાં ક્રાથ નામનો વિખ્યાત રાજા થયો હતો. દનાયુના ચાર પુત્રોમાં મોટો જે વિક્ષર નામનો તેજસ્વી અસુર હતો, તે વસુમિત્ર નામનો રાજા થયો હતો. હે નરાધિપ! વિક્ષર પછી બલ નામનો જે મહાસુર હતો તે પાંડ્ય દેશનો પ્રસિદ્ધ રાજા થયો હતો. બળવાન વીર નામનો જે પ્રસિદ્ધ અસુર શ્રેષ્ઠ હતો, તે પાંડુમાત્સ્યક નામનો રાજા થયો હતો. હે રાજન્! જે વૃત્ર નામનો પ્રખ્યાત મહાન અસુર હતો તે મણિમાન નામનો રાજર્ષિ થયો હતો. તેનો નાનો ભાઈ જે ક્રોધહંતા હતો, તે પૃથ્વીમાં દંડ નામનો વિખ્યાત રાજા થયો હતો. ક્રોધવર્ધન નામનો જે બીજો અસુર કહ્યો હતો, તે દંડધાર નામનો રાજા થયો હતો. હે રાજશાર્દૂલ! કાલીના જે આઠ પુત્રો હતા તે સિંહના જેવા પરાક્રમી આઠ રાજાઓ થયા હતા, તે આઠ કાલેયોમાં જે મોટો હતો તે મહાસુર મગધ દેશનો રાજા જયત્સેન થયો હતો. તેઓમાંનો બીજો અસુર જે શ્રીમાન ઇંદ્રના અશ્વના જેવો પરાક્રમી હતો, તે અપરાજિત નામનો રાજા થયો હતો. ત્રીજો જે મહા માયાવી અને મહા તેજસ્વી અસુર હતો, તે પૃથ્વીમાં ભયંકર પરાક્રમવાળો નિષાદનો અધિપતિ થયો હતો. ૫૦ તેઓમાંનો ચોથો જે અસુર હતો તે પૃથ્વીમાં શ્રેણિમાન નામનો રાજર્ષિ થયો હતો. જે તેમાં પાંચમો મહાન અસુર હતો, તે અહીં પરંતપ મહૌજા નામનો રાજા થયો હતો; તેઓમાં છઠ્ઠો જે મતિમાન મહાસુર હતો, તે પૃથ્વીમાં અભીરુ નામનો રાજા થયો હતો. અસુર ગણોમાંનોજ સાતમો જે હતો તે સમુદ્રાંત પૃથ્વીમાં પ્રસિદ્ધ અને ધર્મ તથા અર્થતત્ત્વને જાણનારો સમુદ્રસેન નામનો રાજા થયો હતો. હે નરાધિપ! તે કાલેયોમાં જે આઠમો અસુર હતો, તે બૃહત્ નામનો ધર્માત્મા તથા સર્વ પ્રાણીઓનાં હિતમાં તત્પર એવો રાજા થયો હતો. ૫૧-૫૫

હે રાજન્! કુક્ષિ નામનો મહાબલવાળો જે વિખ્યાત દાનવ હતો, તે સુવર્ણના પર્વત જેવો પાર્વતીય નામે પ્રખ્યાત રાજા થયો હતો. શ્રીમાન ક્રથન નામનો મહા વીર્યવાળો મોટો અસુર હતો, તે પૃથ્વીમાં સૂર્યાક્ષ નામનો વિખ્યાત રાજા થયો હતો. અસુરોનો જે શ્રીમાન સૂર્ય નામનો મહાસુર હતો, તે બાહ્લીક વંશનો સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ એવો દરદ નામનો રાજા થયો હતો. હે રાજન્! તમને ક્રોધવશ નામનો જે ગણ કહ્યો હતો, તેનાથી પૃથ્વીમાં વીર રાજાઓ ઉત્પન્ન થયા હતા. હે કૌરવ્ય! મદ્રક, કર્ણવેષ્ટ, સિદ્ધાર્થ, કીટક, સુવીર, સુબાહુ, મહાવીર, બાહ્લીક, ક્રથ, વિચિત્ર, સુરથ, શ્રીમાન, નીલ રાજા, ચીરવાસા, ભૂમિપાલ, દંતવક્ર, દુર્જય, રાજસિંહ, રુક્મી, જનમેજય રાજા, આષાઢ, વાયુવેગ, ભૂરિતેજા, એકલવ્ય, સુમિત્ર, વાટધાન, ગોમુખ, કારૂષક રાજાઓ, ક્ષેમધૂર્તિ, શ્રુતાયુ, ઉદ્ધહ, બૃહત્સેન, ક્ષેમ, ઉગ્રતીર્થ, કલિંગનો રાજા કુહર; અને હે મનુષ્યેંદ્ર! બુદ્ધિમાન રાજા ઇશ્વર એટલા રાજાઓનો સમૂહ ક્રોધવશ નામના ગણથી પૃથ્વીમાં ઉત્પન્ન થયો હતો. પૂર્વે દાનવોમાં મહાબલવાળો, મહાભાગ્યશાલી અને મહાકીર્તિવાળો જે કાલનેમિ નામનો પ્રસિદ્ધ દાનવ હતો, તે ઉગ્રસેનનો પુત્ર બલવાન કંસ નામથી પ્રખ્યાત થયો હતો. જે મુખ્ય ગંધર્વપતિ હતો, તે પૃથ્વીમાં દેવરાજના જેવી કાંતિવાળો દેવક નામનો રાજા થયો હતો. હે ભારત! બૃહત્કીર્તિવાળા દેવર્ષિ બૃહસ્પતિના અંશથી, અયોનિજન્મા ભારદ્વાજ દ્રોણ

થયા હતા, એ તમને વિદિત થાઓ. હે નૃપ-શાર્દૂલ! તેઓ સર્વ ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ અસ્ત્રવેત્તા હતા અને મહા તેજસ્વી તથા મોટી કીર્તિવાળા ઉત્પન્ન થયા હતા.[૭૯] વિચિત્ર કર્મવાળા અને પોતાના કુલની વૃદ્ધિ કરનારા એવા તે દ્રોણને, વેદવેત્તાઓ ધનુર્વેદ તથા વેદમાં કુશલ જાણતા હતા. હે ભારત! શત્રુઓને તાપ આપનારા, શત્રુ-પક્ષને ભય કરનારા, મહાવીર્યવાન, કમલપત્રના જેવાં નેત્રવાળા અને નરોમાં મુખ્ય એવા શૂરવીર અશ્વત્થામા, મહાદેવ, અંતક, કામ અને ક્રોધ, એ ચારના એકઠા મળેલા અંશોથી પૃથ્વીમાં ઉ-ત્પન્ન થયા હતા. વસિષ્ઠના શાપથી અને ઇંદ્રની પ્રેરણાથી આઠ વસુઓ શાંતનુ રાજાથી ગંગામાં ઉત્પન્ન થયા હતા. તેમાં નાના જે ભીષ્મ તે કુરુ-કુલને અભય આપનારા, બુદ્ધિમંત, વેદવેત્તા, ઉત્તમ વક્તા અને શત્રુપક્ષનો ક્ષય કરનારા હતા. સર્વ અસ્ત્રવેત્તામાં શ્રેષ્ઠ અને મહા તેજસ્વી એવા ભીષ્મે, મહાત્મા ભૃગુવંશોત્પન્ન જમદગ્નિના પુત્ર પરશુરામ જોડે યુદ્ધ કર્યું હતું. હે રાજન્! જે પૃથ્વી-માં અતિ પુરુષાર્થવાળા બ્રહ્મર્ષિ કૃપાચાર્ય થયા હતા, તેને રુદ્રોના ગણોથી ઉત્પન્ન થયેલા તમે જાણો. હે રાજન્! શકુનિ નામનો જે મહારથી રાજા આ લોકમાં ઉત્પન્ન થયો હતો, તે દ્વાપર યુગ ઉત્પન્ન થયેલો જાણો. વૃષ્ણિકુલને વહન કરનારો તથા શત્રુઓને પીડનારો સત્યવાદી સાત્યકિ, વાયુદેવોના ગણથી ઉત્પન્ન થયો હતો. હે નૃપ! સર્વ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા રાજર્ષિ દ્રુપદ પણ તે મરુદ્ગણથીજ આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થયા હતા.[૮૦] ક્ષત્રિયોમાં અતિ શ્રેષ્ઠ, અતુલ કર્મવાળો મનુષ્યાધીશ કૃતવર્મા પણ તે વાયુઓના ગણ-થીજ ઉત્પન્ન થયો હતો; અને અરિઓને સંહાર-નાર તથા પરરાષ્ટ્રને તપાવનાર વિરાટ રાજા પણ તે વાયુઓના ગણમાંથીજ ઉત્પન્ન થયા હતા, એમ જાણો. [૮૧-૮૨]

અરિષ્ટાનો પુત્ર જે ગંધર્વપતિ હંસ નામથી પ્રખ્યાત હતો, તે કૃષ્ણદ્વૈપાયનથી કુરુવંશની વૃદ્ધિ કરનાર ધૃતરાષ્ટ્ર નામે ઉત્પન્ન થયો હતો, કે જે રાજા દીર્ઘ બાહુવાળો, મહા તેજસ્વી અને પ્રજ્ઞા-ચક્ષુ (અંધ) હતો. માતાના દોષથી થયેલા ઋષિ-ના કોપવડે તે અંધજ ઉત્પન્ન થયો હતો. તે હંસનો નાનો ભાઈ જે મહાન સત્ત્વવાળો અને મહાબલવાન હતો, તે સત્યધર્મપરાયણ તથા પવિત્ર એવો પાંડુ નામનો પ્રખ્યાત રાજા થયો હતો. સૂર્યના મહાભાગ્યશાળી તથા પુત્રવાનમાં શ્રેષ્ઠ એવા પુત્ર જે ધર્મ, તે આ લોકમાં બુદ્ધિમાન-માં શ્રેષ્ઠ એવા વિદુરજી થયા હતા, એમ જાણો. કલિના અંશથી દુર્બુદ્ધિવાળો, અધમ અને કુરુ-કુલને અપયશ આપનારો દુર્યોધન રાજા પૃથ્વીમાં ઉત્પન્ન થયો હતો. હે પૃથ્વીપતિ! તે કલિપુરુષ જગતનો દ્વેષપાત્ર હતો, તેણે સર્વ પૃથ્વીવાસીનો સંહાર કરાવ્યો હતો તથા સર્વ પ્રાણીઓનો અંત લાવનારૂં મોટું વેર સળગાવ્યું હતું.

પુલસ્ત્ય વંશના જે અસુરો હતા, તે દુર્યો-ધનના ભાઈઓ થઈને મનુષ્યોમાં અવતર્યા હતા. તે સઘળા ક્રૂર કર્મવાળા દુઃશાસન, દુર્મુખ, દુઃસહ અને બીજા ન ગણાવેલા એવા સો ભાઈઓ થયા હતા.[૯૦] હે ભરતશ્રેષ્ઠ! તે પૌલસ્ત્ય વંશના અસુરો દુર્યોધનના સહાયભૂત હતા અને સો ઉપરાંત ધૃતરાષ્ટ્રથી વૈશ્યામાં ઉત્પન્ન થયેલો એક યુયુત્સુ નામે પુત્ર હતો.[૯૧]

જનમેજય પૂછે છેઃ–હે વિભો! એ ધૃતરાષ્ટ્ર-ના સઘળા મોટા તથા નાના પુત્રોનાં નામો અનુ-ક્રમથી મને કહો.[૯૨]

વૈશંપાયન કહે છેઃ–દુર્યોધન, યુયુત્સુ, દુઃશાસન, દુઃસહ, દુઃશલ, દુર્મુખ, વિવિંશતિ, વિકર્ણ, જલસંધ, સુલોચન, વિંદ, અનુવિંદ, દુર્ધર્ષ, સુબાહુ, દુષ્પ્રધર્ષણ, દુર્મર્ષણ, દુર્મુખ, દુષ્કર્ણ, કર્ણ, ચિત્ર, ઉપચિત્ર, ચિત્રાક્ષ, ચારુ, ચિત્રાંગદ, દુર્મદ, દુષ્પ્રહર્ષ, વિવિત્સુ, વિકટ, સમ, ઊર્ણનાભ, પદ્મનાભ, નંદ, ઉપનંદક, સેના-પતિ, સુષેણ, કુંડોદર, મહોદર, ચિત્રબાહુ, ચિત્ર-વર્મા, સુવર્મા, દુર્વિરોચન, અયોબાહુ, મહા-બાહુ, ચિત્રચાપ, સુકુંડલ, ભીમવેગ, ભીમબલ, બલાકી, ભીમવિક્રમ, ઉગ્રાયુધ, ભીમશર, કન-કાયુ, દૃઢાયુધ, દૃઢવર્મા, દૃઢક્ષત્ર, સોમકીર્તિ, અનૂદર, જરાસંધ, દૃઢસંધ, સત્યસંધ, સહસ્રવાક્, ઉગ્રશ્રવા,

ઉગ્રસેન, ક્ષેમમૂર્તિ,[૧૦૦] અપરાજિત, પંડિતક, વિશાલાક્ષ, દુરાધન, દૃઢહસ્ત, સુહસ્ત, વાતવેગ, સુવર્ચા, આદિત્યકેતુ, બહ્વાશી, નાગદત્ત, અનુયાયી, કવચી, નિષંગી, દંડી, દંડધાર, ધનુર્ગ્રહ, ઉગ્ર, ભીમરથ, વીર, વીરબાહુ, અલોલુપ, અભય, રૌદ્રકર્મા, દૃઢરથ, અનાધૃષ્ય, કુંડભેદી, વિરાવી, દીર્ઘલોચન, દીર્ઘબાહુ, મહાબાહુ, વ્યૂઢોરુ, કનકાંગદ, કુંડજ, ચિત્રક, આ સો પુત્ર અને તે ઉપરાંત એક દુઃશલા નામની કન્યા હતી તથા ધૃતરાષ્ટ્રથી વૈશ્યામાં ઉત્પન્ન થયેલો પુત્ર યુયુત્સુ સો ઉપરનો હતો. હે રાજન્! આ પ્રમાણે એકસો ને એક પુત્ર તથા એક કન્યા મેં તમને ગણાવ્યાં. આ નામો કહ્યાં તેના અનુક્રમ પ્રમાણેજ વિદ્વાનો એમને મોટા તથા નાના સમજે છે. એ બધા અતિરથી, શૂરા, યુદ્ધમાં કુશલ, વેદવેત્તા અને શાસ્ત્રના પારંગત હતા. વળી સંગ્રામવિદ્યામાં નિપુણ હતા તથા હે રાજન્! વિદ્યા તથા કુલીનતાથી શોભાયમાન હતા. હે મહીપતિ! એ બધાને યથાયોગ્ય કન્યાઓની સાથે પરણાવ્યા હતા અને હે રાજન્! દુઃશલાને પણ યોગ્ય સમયે શકુનિની સલાહથી સિંધુરાજ જયદ્રથની સાથે પરણાવી હતી. હે રાજન્! ધર્મનો અંશ રાજા યુધિષ્ઠિર થયા હતા, એમ જાણો.[૧૧૦] વાયુના અંશથી ભીમસેન, ઇંદ્રના અંશથી અર્જુન, અશ્વિનીકુમારના અંશોથી પૃથ્વીમાં અતુલ રૂપવાળા અને સર્વ પ્રાણીઓને મનોહર એવા નકુલ તથા સહદેવ થયા હતા. સોમનો જે વર્ચા નામનો પ્રતાપવાન પુત્ર મેં તમને કહ્યો હતો, તે મહાન કીર્તિવાળો અર્જુનનો પુત્ર અભિમન્યુ થયો હતો. તે વર્ચાના અવતારપ્રસંગમાં સોમે દેવોને આ પ્રમાણે કહ્યું હતું:—"હું મારા પ્રાણથી પણ વધારે વહાલા પુત્રને આપું નહિ, પણ આ કાર્યનું ઉલ્લંઘન કરાય તેમ નથી; માટે તમે એક ઠરાવ કરો. પૃથ્વીમાં અસુરોના વધરૂપી દેવનું કાર્ય આપણે બધાને કરવાનું છે તેમાં આ વર્ચા પણ ભાગ લેશે, પરંતુ એ લાંબો કાલ ત્યાં રહેશે નહિ. ઇંદ્રના અંશથી જે નર ઉત્પન્ન થશે, તેના નારાયણ સખા થશે અને તે પાંડુનો પ્રતાપી પુત્ર અર્જુન નામથી પ્રસિદ્ધ થશે. તે અર્જુનનો આ પુત્ર થશે અને બાલવયમાંજ પૃથ્વીમાં મહારથી ગણાશે. હે દેવશ્રેષ્ઠો! તે સોળ વર્ષ પૃથ્વીમાં રહેશે. આ જ્યારે સોળ વર્ષનો થશે, ત્યારે જે સંગ્રામ થશે તેમાં તમારા અંશો વીરોને સંહારનારૂં કર્મ કરશે. હે દેવો! જ્યારે નર તથા નારાયણવિનાના એ યુદ્ધમાં ચક્રવ્યૂહ કરીને શત્રુઓ તમારી સાથે લડશે, ત્યારે આ મારો પુત્ર સર્વ શત્રુઓને વિમુખ કરશે તથા એ બાલક અભેદ્ય વ્યૂહમાં પ્રવેશ કરીને ફરશે[૧૨૦] અને વીર મહારથીઓનો સંહાર કરશે. વળી એ મહાન બાહુવાળો અર્ધા દિવસમાં સર્વ શત્રુના ચોથા ભાગને યમલોકમાં પહોંચાડશે. તે પછી વીર મહારથીઓની સાથે અનેક પ્રકારનું યુદ્ધ કરીને દિવસ ક્ષીણ થતાં એ મહાબાહુ ફરી મારા લોકમાં ચાલ્યો આવશે. વળી એ એક વંશધારક વીર પુત્રને ઉત્પન્ન કરશે અને તે પુત્ર નષ્ટ થયેલા ભારતવંશને ફરીથી પ્રવર્તાવશે." આવાં સોમનાં વચન સાંભળીને સર્વે દેવોએ 'તથાસ્તુ' એમ કહ્યું અને તારાધિપ (ચંદ્ર)ને માન આપ્યું. હે રાજન! આ રીતે તમારા પિતાના પિતાનો જન્મ મેં તમને કહ્યો છે.[૧૨૧-૧૨૫]

મહારથી ધૃષ્ટદ્યુમ્નને તમે અગ્નિનો અંશ જાણો. પ્રથમ સ્ત્રી અને પછી પુરુષ થયેલા શિખંડિને રાક્ષસનો અવતાર જાણો. હે ભરતર્ષભ! પ્રતિવિંધ્ય, સુતસોમ, શ્રુતકીર્તિ, નકુલનો પુત્ર શતાનીક અને શ્રુતસેન, એ પાંચ દ્રૌપદીના પુત્રો વિશ્વેદેવાના અંશથી ઉત્પન્ન થયેલા જાણો. વસુદેવના પિતા જે યદુઓમાં શ્રેષ્ઠ એવા શૂરસેન નામના હતા, તેને પૃથ્વીમાં અતુલ રૂપવાળી પૃથા નામની કન્યા હતી. તે કન્યાને પોતાના ફોઇના છોકરા કુંતિભોજને આપી હતી; કેમકે તેને કંઇ પ્રજા ન હતી એટલે શૂરસેને પોતાની પ્રથમ પ્રજા તેને આપવા પ્રતિજ્ઞા કરી હતી અને તે પ્રમાણે પ્રથમ ઉત્પન્ન થયેલી તે કન્યા પૃથાને શૂરસેને અનુગ્રહ કરવાની ઇચ્છાથી કુંતિભોજને આપી હતી.[૧૩૦] કુંતિભોજને ત્યાં તે કન્યાને બ્રાહ્મણો અને અતિથિઓનું પૂજન કરવાનું કાર્ય સોંપ્યું હતું.

એક વખતે પોતાને ત્યાં આવેલા દૃઢ વ્રતવાળા, ભયંકર, ઉગ્ર સ્વભાવવાળા તથા ધર્મમાં ગૂઢ નિશ્ચયવાળા ઋષિ, કે જેને દુર્વાસા નામથી બધા ઓળખે છે, તેમની પૃથાએ ઘણી સેવા કરી તથા તે ઉગ્ર, તીવ્ર સ્વભાવના ઋષિને સર્વ યત્નથી પ્રસન્ન કર્યા. પ્રસન્ન થયેલા ભગવાન દુર્વાસાએ તેને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અભિચારયુક્ત મંત્રોપદેશ કર્યો અને કહ્યું કેઃ—"હે સુભગે! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તું આ મંત્રથી જે જે દેવનું આવાહન કરીશ તે તે દેવની કૃપાથી હે દેવિ! તું પુત્રોને ઉત્પન્ન કરીશ."૧૩૧-૧૩૫

આ પ્રમાણે ઋષિએ કહ્યું, ત્યારે બાલભાવવાળી યશસ્વિની કુંતીએ કુતૂહલથી કન્યાપણામાંજ સૂર્યનું આવાહન કર્યું. ત વખતેજ પ્રકાશકર્તા ભગવાન સૂર્ય ત્યાં આવ્યા અને તેમણે કુંતીમાં ગર્ભાધાન કર્યું તથા સર્વ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા પુત્રને કુંતીથી ઉત્પન્ન કર્યો, કે જે પુત્ર કવચ અને કુંડલ સાથે જન્મેલો, દેવગર્ભના જેવી શોભાવાળો, સૂર્યના જેવા પ્રકાશવાળો અને સુંદર સર્વાંગોથી અલંકૃત હતો. પોતાના પ્રસવને બંધુપક્ષના ભયથી છુપાવવામાટે કુંતીએ તે યશસ્વી કુમારને નદીના જલમાં છોડી દીધો. પછી જલમાં તણાતા તે કુમારને મહા યશસ્વી રાધાના પતિ અધિરથે લીધો અને તે વખતેજ તેને રાધાના પુત્રતરિકે સ્વીકાર્યો. ૧૪૦ પછી તે બન્ને દંપતીએ તે બાલકનું સર્વ દિશામાં પ્રસિદ્ધ એવું વસુષેણ નામ પાડયું. તે બલવાન કુમાર મોટો થતાં સર્વ અસ્ત્રોના પ્રયોગમાં ઉત્તમ નિવડ્યો તથા વિજયીમાં મુખ્ય એવો તે વસુષેણ સર્વ વેદાંગ મંત્રોનો જપ કરવા લાગ્યો. બુદ્ધિમાન તથા સત્યપરાક્રમી તે મહાત્મા જે વખતે જપ કરતો હોય ત્યારે બ્રાહ્મણને ન આપવા જેવું તે કંઈ જ માનતો નહિ. એક વખતે પોતાના પુત્ર (અર્જુન) નું રક્ષણ કરવા પ્રાણીઓનું રક્ષણ કરનારા ઇંદ્રે બ્રાહ્મણનું રૂપ લીધું અને વીર વસુષેણની આગળ આવી તેના શરીર જોડે થયેલું કવચ તથા કુંડલો માગ્યાં. તેજ વખતે કર્ણે કવચ તથા કુંડલો પોતાના શરીરથી ઉતરડીને ઇંદ્રને કાઢી આપ્યાં. આથી વિસ્મય પામેલા ઇંદ્રે કર્ણને શક્તિ આપી તથા આ પ્રમાણે કહ્યુંઃ—"હે દુર્ધર્ષ! તું દેવો, અસુરો, મનુષ્યો, ગાંધર્વો નાગો અને રાક્ષસોમાંથી જે એકના ઉપર આ શક્તિ ફેંકીશ તે એકનો નાશ થશે." આ પ્રમાણે કવચ તથા કુંડલો ઉતારડી આપવા પહેલાં જે વસુષેણ કહેવાતો હતો તે હવે આ કર્મવડે વૈકર્તન કર્ણ કહેવાવા લાગ્યો. જે મહાયશસ્વી વીર કવચની સાથે ઉત્પન્ન થયો હતો, તે કર્ણ નામથી વિખ્યાત થયેલો કુંતીનો પ્રથમ પુત્ર હતો. હે રાજસત્તમ! તે વીર સૂતકુલમાંજ વૃદ્ધિ પામ્યો હતો. તે સર્વ શસ્ત્રધારીમાં ઉત્તમ, નરવરોમાં મુખ્ય અને શત્રુઓનો વિનાશ કરનારો કર્ણ, દુર્યોધનનો મિત્ર તથા મંત્રી હતો. તે કર્ણને તમે દિવાકર—સૂર્યના ઉત્તમોત્તમ અંશરૂપ જાણો. જે સનાતન એવા દેવના દેવ નારાયણ, તેમનો અંશ મનુષ્યોમાં પ્રતાપવાન વાસુદેવરૂપે થયો હતો. શેષનાગના અંશથી મહા બલવાન બલદેવ થયા હતા. મહા ઓજસ્વી પ્રદ્યુમ્ન સનત્કુમારના અંશથી થયા હતા, એમ જાણો. આ પ્રમાણે દેવતાઓના બીજા ઘણા અંશો રાજાઓમાં અને વસુદેવના કુલમાં કુલની વૃદ્ધિ કરનારા ઉત્પન્ન થયા હતા. હે રાજન્! જે અપ્સરાઓનો ગણ મેં તમને કહ્યો હતો, તેઓ ઇંદ્રની આજ્ઞાથી પૃથ્વીમ સોળ હજાર રાજપુત્રીઓ થઈ હતી અને હે નરાધિપ! તેઓ મનુષ્યલોકમાં વાસુદેવ શ્રીકૃષ્ણની સાથે પરણી હતી. પૃથ્વીમંડલમાં ક્રીડા કરવા માટે લક્ષ્મી પોતાના અંશથી ભીષ્મક રાજાને ત્યાં સાધ્વી રુકિમણી નામે ઉત્પન્ન થઈ હતી. શચીના અંશથી દ્રુપદરાજાને ત્યાં યજ્ઞવેદીમાંથી સ્તુત્ય ચરિત્રવાળી દ્રૌપદી ઉત્પન્ન થઈ હતી. તે શરીરે ઘણી ઉંચી પણ નહિ તેમ ઘણી નીચી પણ નહિ એવી મધ્યમ કદની, શ્યામ કમલના જેવા સુગંધવાળી, પદ્મના જેવાં વિશાલ નેત્રવાળી, સુંદર કટિવાળી, શ્યામ અને વાંકડીઆ સુંદર કેશવાળી, સર્વ સામુદ્રિક શુભ લક્ષણોથી સંપન્ન અને વૈડુર્યમણિના જેવા વર્ણવાળી હતી. તે પુરુષોમાં ઇંદ્ર જેવા પાંચે પાંડવોના ચિત્તને એકાંતમાં વિહ્વલ કરતી હતી. સિદ્ધિ અને ધૃતિ નામની જે બે દેવીઓ તેમાંની

પાંડવોની માતા કુંતી અને માદ્રીરૂપે થઈ હતી; અને મતિ, સુબલ રાજાની પુત્રી ગાંધારી થઈ હતી.[૧૬૦] હે રાજન્ ! આ પ્રમાણે દેવો, અસુરો, ગંધર્વો, અપ્સરાઓ અને રાક્ષસોના અંશો ભૂમિમાં અવતર્યા હતા, તે મેં તમને કહ્યા છે. જેઓ પૃથ્વીમાં યુદ્ધ કરવામાં દુર્મદવાળા રાજાઓ થયા હતા, યદુના વિસ્તીર્ણ કુલમાં જે મહાત્માઓ થયા હતા અને બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યોમાં જે ઉત્પન્ન થયા હતા તે મેં તમને કહ્યા છે. આ ધનની વૃદ્ધિ કરનારૂં, યશ આપનારૂં, પુત્ર આપનારૂં, આયુષ્ય અને વિજય આપનારૂં અંશાવતરણ ઈર્ષ્યારહિત થઈને શ્રવણ કરવું. આ દેવ, ગંધર્વ અને રાક્ષસોના અંશાવતરણને સાંભળવાથી, ઉત્પત્તિ તથા નાશનાં તત્ત્વને જાણનારો પ્રાજ્ઞજન સંસારનાં કષ્ટથી પીડાતો નથી.[૧૬૧-૧૬૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે અંશાવતરણસમાપ્તિ નામનો અધ્યાય ૬૭ મો સમાપ્ત.

અધ્યાય ૬૮ મો–દુષ્યંત રાજાના રાજ્યનું વર્ણન

॥ जनमेजय उवाच ॥
त्वत्तः श्रुतमिदं ब्रह्मन् देवदानवरक्षसाम् ॥
अंशावतरणं सम्यग्गंधर्वाप्सरसां तथा ॥१॥

જનમેજય કહે છેઃ–હે બ્રહ્મન્! દેવો, દાનવો, રાક્ષસો, ગંધર્વો અને અપ્સરાઓના અંશો પૃથ્વીમાં અવતર્યા હતા, તે તમારાથી મેં સાંભળ્યા. હવે હે વિપ્ર ! વિપ્રર્ષિઓના સમૂહ આગળ તમે કુરુઓનો વંશ આદિથી વર્ણવો, તે સાંભળવાની હું ફરી ઇચ્છા કરૂં છું.[૧-૨]

વૈશંપાયન કહે છેઃ–હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! પૌરવોના વંશને વધારનારો પ્રતાપવાન દુષ્યંત નામનો ચાર સમુદ્રપર્યંતની પૃથ્વીનો રાજા હતો. તે રાજા પૃથ્વીના પુરા ચારે ખંડનો ભોક્તા હતો. યુદ્ધમાં વિજય મેળવનારો તથા શત્રુને પીડનારો તે રાજા, ચાર વર્ણવાળી પ્રજાથી યુક્ત એવી રત્નાકર-સમુદ્રપર્યંતની સઘળી પૃથ્વી તથા સમુદ્રથી વીંટાયલા મ્લેચ્છોના દેશોસુધીના સઘળા દેશોનો અધિપતિ હતો. તે રાજાના રાજ્યકાલમાં વર્ણસંકર (વર્ણની સેળભેળ) કરનારો કોઈ ન હતો. પૃથ્વી, વગર ખેડયે અન્ન આપતી હોવાથી કોઈ જનો ખેતી કરતા ન હતા. વળી પૃથ્વી રત્નો તથા ધાતુઓથી પરિપૂર્ણ હતી, એટલે લોકો ખાણો ખોદવાનું કામ પણ કરતા ન હતા, તેમ કોઈ પાપ કરનારો ન હતો. વળી હે નરવ્યાઘ્ર ! તે રાજાના રાજ્યસમયમાં લોકો ધર્મમાં પ્રીતિયુક્ત હોવાથી ધર્મ તથા અર્થ બન્નેને મેળવતા હતા. હે તાત ! તે રાજાના શાસનકાલમાં ચોરોનો ભય ન હતો, દુષ્કાલની જરાએ બીક ન હતી તથા રોગોનો ભય પણ ન હતો. સર્વ વર્ણો નિષ્કામ રીતે સ્વધર્મમાંજ પ્રવૃત્ત હતા, એટલે તેમને દેવોની પણ સ્પૃહા ન હતી; અર્થાત્ કામ્ય કર્મની જરૂર ન હતી. તે રાજાનો આશ્રય કરીને તેઓ સર્વ રીતે નિર્ભય હતા. વળી તે વખતે જોઇતી વૃષ્ટિ થતી હતી, અન્ન પણ રસકસવાળાં હતાં તથા પૃથ્વી સર્વ રત્નોની સમૃદ્ધિવાળી અને પશુઓથી ભરપૂર હતી.[૧૦] બ્રાહ્મણો સ્વકર્મમાં તત્પર રહેતા હતા, તેઓનામાં અસત્ય ન હતું. વળી તે વજ્રના જેવા દૃઢ દેહવાળો યુવાન રાજા પણ પોતાના બે બાહુવતી વન અને ઉપવનની સાથે મંદર પર્વતને ઉપાડી વહન કરે, એવો મહા અદ્ભુત સામર્થ્યવાળો હતો. તે ચાર પ્રકારનાં(*પ્રક્ષેપ, વિક્ષેપ, અભિક્ષેપ અને પરિક્ષેપ) ગદાયુદ્ધમાં તથા સર્વ હથિયારોના યુદ્ધમાં અને હાથી તથા ઘોડાની સ્વારીમાં ઘણો નિપુણ હતો. તે બલમાં

* દૂર ઉભેલા શત્રુ ઉપર ગદા ફેંકવી તે પ્રક્ષેપ, સમીપ ઉભેલા શત્રુ ઉપર ગદાની ટોચનો પ્રહાર તે વિક્ષેપ, ઘણા શત્રુઓ હોય ત્યારે ચોમેર ભમીને ગદા મારવી તે પરિક્ષેપ અને ગદાની અણીથી પ્રહાર કરવો તે અભિક્ષેપ કહેવાય છે.

વિષ્ણુના જેવો હતો, તેજમાં સૂર્યના જેવો હતો, ગાંભીર્યમાં સમુદ્રના જેવો હતો અને પૃથ્વીના જેવો સહનશીલ હતો. તે રાજા સર્વનો માનીતો હતો, તેનું નગર અને રાજ્ય પ્રસન્ન હતું તથા તે ધર્મપરાયણ થઈને આનંદી જનોનું શાસન કરતો હતો. ૧૧-૧૫

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે શકુંતલા-ઉપાખ્યાનમાં અધ્યાય ૬૮ મો સમાપ્ત.

અધ્યાય ૬૯ મો–દુષ્યંતની મૃગયાનું વર્ણન

॥ जनमेजय उवाच ॥
संभवं भरतस्याहं चरितं च महामतेः ॥
शकुन्तलायाश्चोत्पत्तिं श्रोतुमिच्छामि तत्त्वतः॥

જનમેજય પૂછે છેઃ–મહામતિવાળા ભરતની ઉત્પત્તિ તથા તેનું ચરિત્ર અને શકુંતલાની ઉત્પત્તિને હું યથાર્થ રીતે સાંભળવા ઇચ્છું છું. હે ભગવન ! વીર દુષ્યંતે શકુંતલાને કેવી રીતે મેળવી હતી ? હે મતિમાનમાં શ્રેષ્ઠ ! હે તત્ત્વજ્ઞ ! તે પુરુષસિંહ દુષ્યંતનું સઘળું ચરિત્ર વિસ્તારથી સાંભળવા હું ઇચ્છા કરૂં છું.

વૈશંપાયન કહે છે :–એક વખતે મહાબાહુ દુષ્યંતરાજા પુષ્કળ સૈન્ય અને વાહનોની સાથે ગાઢા જંગલમાં મૃગયામાટે જવા નીકળ્યો. તેની સાથે સેંકડો હાથી તથા ઘોડાઓ અને ઘણી સુંદર ચતુરંગિણી સેના હતી. વળી ખડ્ગ, શક્તિ, ગદા, મુસલ, પ્રાસ તથા તોમર વગેરેને હાથમાં ધારણ કરનારા સેંકડો યોદ્ધાઓ તેની સાથે હતા. જ્યારે તે રાજા મૃગયામાં જવા નીકળ્યો ત્યારે યોદ્ધાઓના સિંહનાદથી, શંખ તથા દુંદુભિના શબ્દોથી, રથનાં પૈડાંના ગડગડાટથી, મોટા હાથીઓના ચીત્કારથી અને વિવિધ હથિયારો તથા વિવિધ વેશવાળા વીરોના ઘોડાઓના હણહણાટની સાથે થતા વીરશબ્દો અને બાહુશબ્દોથી ત્યાં કિલકિલાટ થઈ રહ્યો હતો. હે નૃપ ! તે વખતે ઉંચી અગાશીમાં બેઠેલી સ્ત્રીઓએ શત્રુને હણનારા શત્રુના હાથીઓને હઠાવનારા, પોતાના યશની વૃદ્ધિ કરનારા અને ઇંદ્રસમાન શૂરવીર દુષ્યંત રાજાને ઉત્તમ શોભાયુક્ત જોયો અને તેઓ તેને વજ્રધારી ઇંદ્ર માનવા લાગી તથા " આ પુરુષવ્યાઘ્ર યુદ્ધમાં વસુના જેવા પરાક્રમવાળા છે,[૧૦] એના બાહુબલને પ્રાપ્ત થઇ શત્રુઓ ટકી શકતા નથી" આ પ્રમાણે વચન બોલતી તે સ્ત્રીઓ પ્રેમથી રાજાનાં વખાણ કરતી તેના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગી. વળી ઠેકઠેકાણે ઉત્તમ બ્રાહ્મણો ચોમેરથી તે રાજાની સ્તુતિ કરતા હતા. તે વખતે દુષ્યંત રાજા પરમ પ્રીતિથી મૃગયામાટે વનમાં જવા નીકળ્યો. મદમત્ત હાથીના ઉપર બેસીને નીકળેલા દેવરાજાના જેવા તે રાજાની પાછળ બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો પણ જવા લાગ્યા અને આશિષ તથા જય શબ્દોથી રાજાને વધાવતા તેનાં દર્શન કરવા લાગ્યા. નગરના અને દેશના લોકો ઘણે દૂરસુધી તેમની પાછળ પાછળ ગયા. પછી જ્યારે રાજાએ પાછા ફરવાની આજ્ઞા કરી, ત્યારે તેઓ સર્વ પાછા વળ્યા. ૧૧-૧૫

તે પછી ગરુડના જેવા વેગવાળા રથમાં બેસીને રાજાએ તેના શબ્દવડે પૃથ્વી તથા સ્વર્ગને પણ ગજાવવા માંડ્યાં. માર્ગમાં જતાં તે બુદ્ધિમાન રાજાએ નંદનવનના જેવું એક વન જોયું. તે વન બિલી, આકડા, ખેર, કોઠી અને ધાવડાનાં ઝાડોથી વ્યાપ્ત હતું. પર્વત ઉપરથી ગબડી પડેલા પથરાઓવડે તે વનની ભૂમિ ઊંચી નીચી હતી. ત્યાં જલ અને મનુષ્યો જણાતાં ન હતાં તથા તે વન

ઘણા યોજનસુધી વિસ્તાર પામેલું હતું. મનુષ્યોમાં વ્યાઘ્ર જેવા દુષ્યંત રાજાએ પોતાના સેવકો, સૈનિકો અને વાહનોની સાથે તે વનમાં વિવિધ મૃગોને મારતાં તેને ડહોળી નાખવા માંડયું. દુષ્યંત રાજા પોતાના બાણુના લક્ષ્યપ્રદેશમાં આવતા અનેક વાઘનાં ટોળાંને પાડવા લાગ્યો અને તેમને બાણુવડે વિંધી નાખવા લાગ્યો. તે રાજાએ દૂર રહેલાં કેટલાંક પ્રાણીને બાણુવડે ભેદ્યાં, २० પાસે આવેલાં કેટલાંકને તરવારથી કાપી નાખ્યાં તથા કેટલાંક હરિણોને તે શકિતમાને શક્તિ મૂકીને મારી નાખ્યાં. ગદામંડલના તત્ત્વને જાણુનારો, અતુલ પરાક્રમી દુષ્યંત, આ રીતે તોમર, ખડ્ગ, ગદા, મુસલ અને કંપન નામનાં શસ્ત્રથી વનમાં પશુ તથા પક્ષીઓને મારતો તે વનમાં ઘુમવા લાગ્યો. અદ્ભુત પરાક્રમી રાજાથી અને યુદ્ધપ્રિય યોદ્ધાઓથી ડહોળાયલા તે મહાન અરણ્યને સિંહો છોડી જવા લાગ્યા. ત્યાં નાસભાગ કરતાં મૃગનાં ટોળાંઓ પોતાનો સરદાર મરણ પામવાથી વ્યગ્ર થઈને જ્યાં ત્યાં શબ્દ કરવા લાગ્યાં અને દોડતાં દોડતાં તરસ લાગવાથી નદી ઉપર ગયાં; પણ તેને સૂકાયલી જોઈને જલને માટે નિરાશ થયેલાં તથા થાક લાગવાથી ખિન્ન થયેલાં તેઓ બેભાન બનીને પડવા લાગ્યાં. ભૂખ, તરસ અને થાકથી પીડાઈને પૃથ્વી ઉપર પડેલાં તે પશુઓને કેટલાક ભૂખ્યા થયેલા યોદ્ધાઓ ભક્ષણુ કરવા લાગ્યા અને કેટલાએક વનચરો અગ્નિ સળગાવીને તેમાં માંસને રીતસર પકાવી ખાંડીકૂટીને ખાવા લાગ્યા. બીજી તરફ શસ્ત્રથી વિંધાયલા કેટલાક બલવાન મદમત્ત હાથીઓ પોતાની સૂંઢના અગ્રને સંકોચી ભયભીત થઈને વેગવડે નાસાનાસ કરવા લાગ્યા. મલમૂત્ર કરતા અને દેહમાંથી પુષ્કળ લોહી દદડાવતા વનના તે મોટા હાથીઓ પણ ઘણા મનુષ્યોને છુંદવા લાગ્યા. તે સમયે સૈન્યરૂપી મેઘવડે તથા બાણરૂપી ધારાવડે વીંટાયલું અને પશુઓથી ભરપૂર તથા રાજાએ મારેલા મૃગપતિઓથી યુક્ત એવું તે વન શોભી નીકળ્યું હતું. ૨૧-૩૧

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવ પર્વવિષે શકુંતલા-ઉપાખ્યાનમાં અધ્યાય ૬૯ મો સમાપ્ત.

અધ્યાય ૭૦ મો–કણ્વ ઋષિના આશ્રમમાં દુષ્યંતનો પ્રવેશ

॥ वैशंपायन उवाच ॥

ततो मृगसहस्राणि हत्वा सबलवाहनः ॥
राजा मृगप्रसंगेन वनमन्यद्विवेश ह ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે સૈન્ય તથા વાહનોની સાથે ફરતા રાજાએ હજારો પશુઓને માર્યાં. તે પછી એક મૃગના પ્રસંગથી એકલાજ રાજાએ પોતાના ઉત્તમ સૈન્યની સાથે બીજા વનમાં પ્રવેશ કર્યો. ભૂખ, તરસ અને થાક જેને લાગેલાં એવો તે રાજા તે વનના છેડાસુધી ગયો, એટલે ત્યાં એક મહાન શૂન્ય પ્રદેશ આવ્યો. તેનું પણ ઉલ્લંઘન કરીને દુષ્યંત રાજા, ઉત્તમ આશ્રમોવાળા, મનને આનંદ આપનારા, આંખને અતિશય રમ્ય લાગે તેવા અને શીતલ વાયુવાળા બીજા એક મહા વનમાં પહોંચ્યો. તે વન પુષ્પવાળાં વૃક્ષોથી ભરેલું, અત્યંત સુખકર લીલાં ઘાસથી છવાયલું, વિસ્તીર્ણ અને મધુર શબ્દવાળાં પક્ષીના નાદથી નાદયુકત હતું; પુરુષકોકિલના નાદથી તથા તમરાંના ટોળાંના શબ્દથી તે ગાજી રહેલું હતું. સુખકર છાયાવાળાં તથા મોટી મોટી ડાળીઓવાળાં ઝાડોથી તે વીંટાયલું હતું, ભમરાઓના ગુંજાવરથી ગાજી રહેલું અને પરમ શોભાથી સંપન્ન હતું. તે વનમાં કોઈ પણ વૃક્ષ ફૂલફલવિનાનું અથવા કાંટાવાળું ન હતું, તેમજ જેના ઉપર ભમરાઓ ન બેઠેલા તેવું વૃક્ષ પણ ત્યાં ન હતું. તે વન પક્ષીઓના નાદવાળું, પુષ્પોથી અતિશય અલંકૃત તથા સુખ આપનારી છાયા

અને સર્વ ઋતુનાં પુષ્પવાળાં ઝાડોથી ભરપૂર હતું.[૧-૮]

આવા મનોરમ ઉત્તમ વનમાં મહાધનુર્ધારી રાજાએ પ્રવેશ કર્યો તે વખતે વાયુએ ડોલાવેલાં પુષ્પિત ડાળીવાળાં ઝાડો વારંવાર તેના ઉપર વિચિત્ર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યાં. મધુર શબ્દવાળાં પક્ષીઓથી ગાજી રહેલાં અને વિચિત્ર પુષ્પરૂપી વસ્ત્રથી ઢંકાયલાં એવાં ગગનચુંબી વૃક્ષો ત્યાં શોભી રહ્યાં હતાં. તે ઝાડોના પુષ્પના ભારથી લચી ગયેલા નવાંકુરોની ઉપર મકરંદની લિપ્સાવાળા ભમરાઓ મધુર શબ્દો કરી રહ્યા હતા. પુષ્પસમૂહથી શણગારાયલાં અને લતાગૃહોથી સંયુકત એવાં મનને પ્રસન્ન કરનારાં ઘણાં સ્થાનો રાજાએ ત્યાં જોયાં; અને તેથી તે મહાતેજસ્વી બહુ હર્ષ પામ્યો. વળી એકમેકની જોડે વળગેલી પુષ્પવાળી ડાળીઓવાળાં મહેંદ્રધ્વજના જેવાં વૃક્ષોથી તે વન શોભી રહ્યું હતું. સિદ્ધ-ચારણના સમૂહો, ગંધર્વ તથા અપ્સરાનાં ટોળાંઓ અને મસ્ત વાનર તથા કિન્નરોથી તે વન અત્યંત સેવાતું હતું. સુખકર, શીતલ, સુગંધવાળો અને પુષ્પપરાગને વહન કરતો વાયુ, તે વનનાં ઝાડો ઉપર ક્રીડા કરવાની ઇચ્છાથી આવતો હોય તેમ વાતો હતો. આવું ગુણસંપન્ન નદીની સમીપ સજલ પ્રદેશમાં ઉંચી કરેલી ધ્વજાઓના જેવું રમણીય જણાતું તે વન રાજાએ જોયું.[૯-૧૭]

પછી પક્ષીઓ જેમાં કલ્લોલ કરતાં હતાં એવા તે વનને જોતાં જોતાં રાજાએ મનને આનંદ આપે તેવું એક શ્રેષ્ઠ અને સુંદર આશ્રમસ્થાન જોયું. તે અનેક વૃક્ષોથી ભરપૂર હતું અને તેમાં અગ્નિહોત્રના અગ્નિઓ પ્રદીપ્ત થયેલા હતા. તે અતુલ આશ્રમસ્થાનને જોઇને શ્રીમાન રાજાએ તેને મનથી માન આપ્યું. તે આશ્રમમાં અનેક યતિઓ, વાલખિલ્યો અને મુનિગણો નિવાસ કરતા હતા. ઠામ ઠામ રહેલી અગ્નિહોત્રશાલાઓથી, પુષ્પનાં પથરાયલાં પાથરણાંથી અને મોટાં મોટાં જલાશયોથી તે સ્થાન ઘણુંજ શોભી નીકળ્યું હતું.[૨૦] તે આશ્રમસ્થાનના મધ્યમાં થઇનેજ પુણ્ય અને સુખ આપનારાં જલવાળી માલિની નામની નદી વહેતી હતી.[૨૧] અનેક પક્ષિગણોથી સંયુક્ત એવી તે નદી તપોવનમાં મનને આનંદ આપતી હતી. વળી ત્યાં સિંહ, મૃગ વગેરે પ્રાણીઓ સ્વાભાવિક વૈર ત્યજીને વસતાં હતાં, તે જોઇને રાજા પ્રસન્ન થયો. પછી દેવલોકના જેવા મનોહર તે આશ્રમ આગળ અનુપમ એવો શ્રીમાન દુષ્યંત રાજા આવી પહોંચ્યો. ત્યાં તેણે સર્વ પ્રાણીઓની માતા જેવી આશ્રમની લગોલગ વહેતી પવિત્ર જલવાળી નદીને જોઈ. તેના કિનારા ઉપર ચક્રવાક પક્ષીઓ બેઠેલાં હતાં, તેના પ્રવાહમાં ફૂલ અને ફીણ વહ્યાં કરતાં હતાં, તેના તીર ઉપર કિન્નરગણો, વાનરો તથા રીંછો નિવાસ કરતાં હતાં. વળી તે નદી પવિત્ર વેદાધ્યયનથી ગાજી રહી હતી, કિનારાઓથી શોભી રહી હતી, મદમત્ત હાથી, વાઘ અને મોટા સર્પો તેના તીર ઉપર વાસ કરતા હતા. આવી માલિની નદીના તીર ઉપર કશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થયેલા, મહાત્મા ભગવાન કણ્વઋષિનો મુખ્ય રમણીય આશ્રમ આવ્યો હતો, તેમાં મહર્ષિગણો નિવાસ કરતા હતા. તે આશ્રમની જોડેજ નદી વહેતી હતી તેને તથા આશ્રમસ્થાનને જોઈને તે વખતે દુષ્યંત રાજાએ તેમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરી. ગંગાથી શોભી રહેલો નરનારાયણનો આશ્રમ હોય તેવો તે આશ્રમ રમણીય તીરવાળી અને બેટવાળી માલિની નદીથી શોભી રહેલો હતો. મદમત્ત મયૂરોના ટૌકાવાળા તે ચૈત્રરથ વનના જેવા મહાવનમાં પ્રવેશ કર્યો.[૩૦] પછી રાજાએ, અત્યંત ગુણસંપન્ન, જોઈ ન શકાય એવી કાંતિવાળા, તપરૂપી ધનવાળા, કશ્યપ ગોત્રોત્પન્ન મહર્ષિ કણ્વનાં દર્શન કરવાની ઇચ્છા કરી અને તે વખતે તેણે ઘોડેસ્વારો, પાળાઓ તથા હાથીઓથી ભરપૂર એવી પોતાની સેનાને વનના દ્વાર આગળજ ઉભી રાખી તથા તેને આજ્ઞા કરી કેઃ—"હું તપરૂપી ધનવાળા અને રજોગુણથી રહિત એવા કાશ્યપ–કણ્વમુનિનાં દર્શન કરવા જાઉં છું; માટે હું આવું ત્યાંસુધી તમે અહીંજ ઉભા રહેજો." આમ કહીને નંદનવનના જેવા તે વનમાં જતાંજ રાજાની ભૂખ અને તરસ મટી ગઈ અને તેને પુષ્કળ આનંદ થયો. પછી

તેણે રાજચિહ્નનોનો ત્યાગ કર્યો અને પોતાના પુરોહિત તથા પ્રધાનને સાથે લઈ ભમરાઓના ગાનથી ગાજી રહેલા તથા અનેક પક્ષિગણોથી ભરપૂર એવા બ્રહ્મલોકના જેવા જણાતા આશ્રમને જોઈ તે ઉત્તમ આશ્રમ તરફ તપના સમૂહરૂપ અને અવિનાશી એવા કણ્વઋષિના દર્શનની ઇચ્છાથી જવા માંડ્યું. ૩૧–૩૬

ત્યાં પ્રવર્તતાં વૈતાનિક (ઇષ્ટિ, પશુ, સોમ વગેરે) કર્મોમાં ઋગ્વેદી મુખ્ય બ્રાહ્મણોએ ઉચ્ચારેલી ઋચાઓને મનુષ્યવ્યાઘ્ર રાજાએ સાંભળી. યજ્ઞવિદ્યાનાં અંગ(કલ્પસૂત્ર વગેરે)ને જાણનારા યજુર્વેદવેત્તાઓથી તથા નિયમિત વ્રતવાળા સામવેદી ઋષિઓનાં મધુર સામગાનથી તે આશ્રમ શોભી રહ્યો હતો. વળી ભારુંડસામના ગાનથી તથા અથર્વશીર્ષનું અધ્યયન કરનારા, વશ મન વાળા, યમનિયમ પાળનારા અથર્વવેદી ઋષિઓથી તે આશ્રમ તે વખતે શોભી રહ્યો હતો. ત્યાં અથર્વવેદ જાણનારામાં મુખ્ય ઋષિઓ તથા પૂગયજ્ઞિય નામના સામનું ગાન કરનારા ઋષિઓ પોતપોતાની સંહિતાઓ પદક્રમની સાથે ભણતા હતા.[40] વળી બીજા બ્રાહ્મણો પણ શબ્દસંસ્કારયુક્ત વાણીથી વેદને ભણતા હતા. તેથી ગાજી રહેલો તે આશ્રમ બીજો બ્રહ્મલોક હોય તેવો શોભતો હતો. યજ્ઞોપધાન વગેરે કરી જાણનારા, ક્રમ તથા શિક્ષામાં કુશલ, ન્યાયતત્ત્વ (યુક્તિની મર્યાદા) ને જાણનારા, આત્મવિજ્ઞાનથી સંપન્ન, વેદના પારને પામેલા, પ્રયોગવિધિનાં અનેક ભિન્ન વાક્યોની એકવાક્યતા કરવામાં તથા ભિન્ન ભિન્ન શાખામાં રહેલા ગુણવિધિનો એક શાખામાં ઉપસંહાર કરવામાં કુશલ, વિશેષ કાર્યરૂપી ઉપાસનાને જાણનારા, મોક્ષધર્મમાં તત્પર રહેનારા, પોતાના સિદ્ધાંતની વ્યવસ્થા કરી પછી તેમાં શંકા ઉઠાવી તે શંકાની નિવૃત્તિપૂર્વક કરાયલ સિદ્ધાંતથી પરમાર્થજ્ઞતાને પામેલા, વ્યાકરણ, છંદ, નિરુક્ત, શિક્ષા, કલ્પ અને જ્યોતિષ એ વેદનાં છ અંગોમાં નિપુણ થએલા, દ્રવ્ય (હોમના પદાર્થો), કર્મ (તેની યોજના), ગુણ (અષ્ટાકપાલ વગેરે), કાર્ય (સ્વર્ગાદિ ફલ) અને કારણ(યાગ વગેરે)ને જાણનારા, પક્ષી, વાનર વગેરેના શબ્દોના જેવા મંત્રના અસ્પષ્ટ અર્થને સ્પષ્ટ રીતે જાણનારા, વિસ્તીર્ણ ગ્રંથ–બ્રાહ્મણ ભાગ વગેરેનો આશ્રય કરીને મંત્રોના અર્થ કરનારા(અર્થાત્ અર્વાચીનોની પેઠે મંત્રોનો સ્વકપોલકલ્પિત અર્થ નહિ કરનારા) અને અનેક શાસ્ત્રોને જાણવામાં મુખ્ય એવા બ્રાહ્મણોએ ઉચ્ચારેલા વિવિધ વેદશાસ્ત્રોના શબ્દોને રાજાએ સાંભળ્યા; તથા લોકરંજન કરવામાં મુખ્ય એવા બ્રાહ્મણોથી ચોમેર ગાજી રહેલા એવા તે આશ્રમને રાજાએ જોયો. વળી શત્રુવીરોને હણનારા તે રાજાએ ઠેક ઠેકાણે ઉત્તમ વ્રત કરનારા, યમનિયમ પાળનારા અને જપ તથા હોમ કરનારા બ્રાહ્મણોને જોયા. વળી ચિત્રવિચિત્ર સુંદર આસનોને પ્રયત્નથી ત્યાં ગોઠવેલાં હતાં તે જોઇને પૃથ્વીપતિ આશ્ચર્ય પામ્યો. દેવમંદિરોમાં બ્રાહ્મણોએ કરેલી દેવોની પૂજાને જોઇને તો મહારાજા પોતે બ્રહ્મલોકમાં રહેલો હોય તેમ પોતાને માનવા લાગ્યો. આવા તપોવનના ગુણોથી સંપન્ન અને કણ્વ ઋષિના તપથી રક્ષણ કરાયલા તે શ્રેષ્ઠ આશ્રમને જોતાં રાજાને તૃપ્તિ થઈ નહિ.[50] તે પછી મહાવ્રતવાળા તપસ્વી ઋષિઓથી ચોતરફ વીંટાયલા અત્યંત મનોહર અને પવિત્ર એવા કણ્વ ઋષિના એકાંત આશ્રમમાં પોતાના અમાત્ય તથા પુરોહિતને સાથે લઇને શત્રુને હણનારા દુષ્યંત રાજાએ પ્રવેશ કર્યો.[51]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે શકુંતલા–ઉપાખ્યાનમાં
અધ્યાય ૭૦ મો સમાપ્ત.

અધ્યાય ૭૧ મો-શકુંતલાની જન્મકથા

॥ वैशंपायन उवाच ॥

ततोगच्छन्महाबाहुरेकोमात्यान्विसृज्य तान् ॥
नापश्यच्चाश्रमे तस्मिंस्तमृषिं संशितव्रतम्॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી મહાન બાહુવાળો રાજા પોતાના અમાત્યોને પણ દ્વાર આગળજ અટકાવી પોતે એકલોજ આશ્રમમાં ગયો; પણ ત્યાં તેણે ઉત્તમવ્રતવાળા કણ્વ ઋષિને જોયા નહિ. ઋષિને ન દીઠા તથા આશ્રમને શૂન્ય જોયો, એટલે રાજાએ, વનને ગજાવતો હોય તેમ મોટા શબ્દથી "અહીં કોણ છે?" એમ પૂછ્યું. રાજાનો તે શબ્દ સાંભળીને સાક્ષાત્ રૂપધારિણી લક્ષ્મીના જેવી એક કન્યા તે આશ્રમમાંથી બહાર આવી. તેણે તાપસીનો વેષ ધારણ કરેલો હતો. તે કન્યાએ દુષ્યંત રાજાને જોતાંજ માન આપી 'તમે ભલે પધાર્યા' એમ તત્કાલ કહ્યું; અને હે રાજન્! તેને બેસવા માટે આસન આપ્યું, અર્ઘ્યપાદ્યથી પૂજન કર્યું તથા રાજાનું આરોગ્ય અને રાજ્યનું કુશલ પૂછ્યું. આ પ્રમાણે યથાયોગ્ય પૂજન કરીને તથા આરોગ્યપ્રશ્ન પૂછીને તે વખતે તે કન્યા મધુર હાસ્ય કરતી બોલી કેઃ- "હું આપનું શું કાર્ય કરૂં?" ત્યારે યથાવિધિ જેનું પૂજન કરેલું એવો રાજા મધુરભાષિણી તે કન્યાને સુંદર અંગવાળી જોઇ તેના પ્રત્યે બોલ્યોઃ- "હે કલ્યાણિ! હું મહાભાગ્યવાળા કણ્વ ઋષિની સેવા કરવા આવ્યો છું. હે શોભને! ભગવાન કણ્વ ક્યાં ગયા છે? તે મને કહે."૧-૮

શકુંતલા બોલીઃ-"ઐશ્વર્યસંપન્ન મારા પિતા આશ્રમ બહાર ફળ લેવા માટે ગયા છે, તમે અહીં બે ઘડી તેમની વાટ જુઓ, એટલામાં તેમને આવેલા જોશો."૯

વૈશંપાયન કહે છેઃ-દુષ્યંત રાજાએ ત્યાં કણ્વ ઋષિને જોયા નહિ અને શંકુતલાએ તેવાં વચન કહ્યાં, વળી તે કન્યાને શોભાસંપન્ન, સુંદર હાસ્યવાળી, સુંદર જંઘાવાળી, શરીરથી, તપથી તથા ઇંદ્રિયનિગ્રહથી પ્રકાશતી અને રૂપયૌવનથી સંપન્ન જોઇ એટલે તે રાજા આ પ્રમાણે બોલ્યોઃ- "હે સુંદર કટીવાળી! તું કોણ છે? કોની પુત્ર છે? શામાટે વનમાં આવી છે? અને હે શોભને! આવાં રૂપગુણ તને શાથી મળ્યાં છે? હે શુભે! તેં દર્શનથીજ મારૂં ચિત્ત હરી લીધું છે, માટે હું તને જાણવાની ઇચ્છા રાખું છું, હે શોભને! તે તું મને કહે." પોતાના આશ્રમમાં દુષ્યંત રાજાએ જ્યારે આ પ્રમાણે પૂછ્યું, ત્યારે તે કન્યા હાસ્ય કરતી મધુર શબ્દથી નીચે પ્રમાણે રાજાને કહેવા લાગીઃ-"હે દુષ્યંત! તપસ્વી, ધૈર્યવાળા, ધર્મવેત્તા અને મહાત્મા એવા ભગવાન કણ્વની હું પુત્રી થાઉં છું." ૧૦-૧૫

દુષ્યંત કહે છેઃ-"હે મહાભાગ્યવાળી! લોકમાન્ય ભગવાન કણ્વતો બાલબ્રહ્મચારી છે. ધર્મ પોતે કદાચિત્ આચરણમાં ચળે પરંતુ ઉત્તમ વ્રતવાળા કણ્વ પોતાના ધર્મથી કદાપિ ચળે તેવા નથી; ત્યારે ઉત્તમ રૂપવાળી તું તેમની પુત્રી કેવી રીતે થઈ? એ સંબંધમાં મને મહાન સંશય છે, તેને તારે છેદન કરવો ઘટે છે." ૧૬,૧૭

શંકુતલા કહે છેઃ-'જે પ્રમાણે મને મારા વડીલ તરફથી કહેવામાં આવ્યું છે, જે રીતે એ વૃત્તાંત પૂર્વે થયું હતું અને હું કણ્વ મુનિની પુત્રી કેવી રીતે થઇ છું તે હે રાજન્! તમને યથાર્થ રીતે કહું છું, તમે સાંભળો. એક વખતે એક ઋષિ આ આશ્રમમાં આવ્યા હતા અને તેમણે મારા જન્મસંબંધમાં પૂછ્યું હતું ત્યારે ભગવાન કણ્વે મારા જન્મવિષે તેમને જે કંઇ કહ્યું હતું તે હે પાર્થિવ! તમે સાંભળો.૧૬-૧૯

કણ્વે કહ્યુંઃ-પૂર્વે વિશ્વામિત્ર ઋષિ મહાન તપ કરતા હતા અને તેથી તેમણે દેવના રાજા ઇંદ્રને બહુ સંતાપ ઉત્પન્ન કર્યો હતો.૨૦ ઇંદ્રને બીક પેસી ગઇ હતી કે, 'તપવડે પ્રદીપ્ત પ્રભાવવાળા આ ઋષિ મને મારા સ્થાનથી ભ્રષ્ટ કરશે.' એવી બીતિથી તેણે મેનકાને આ પ્રમાણે

કહ્યું:-"હે મેનકા ! તારા દિવ્ય ગુણોથી તું અપ્સરાઓમાં શ્રેષ્ઠ છે, માટે હે કલ્યાણિ ! તું મારૂં કલ્યાણ કર. હું તને જે કહું છું તે તું સાંભળ. આ સૂર્યના જેવા તેજસ્વી અને મહા તપસ્વી એવા વિશ્વામિત્ર ઘોર તપ તપીને મારા મનને કંપાવે છે. ઓ સુંદર મધ્યવાળી મેનકા ! એ વિશ્વામિત્રનો ભાર હું તને સોંપું છું. સ્તુત્ય ચિત્તવાળા અને કોઈથી પણ પરાભવ ન પામે એવા તે ઋષિ ઉગ્ર તપ કરે છે. તે મને પોતાના સ્થાનથી ભ્રષ્ટ કરે નહિ એટલા માટે તું જઈને તેમને લોભ પમાડ, તેના તપમાં વિઘ્ન કર અને મને સારી પેઠે નિર્વિઘ્ન કર હે સુંદર મધ્યવાળી ! તું તારાં રૂપ, યૌવન, માધુર્ય, ચેષ્ટા અને સ્મિતપૂર્વક ભાષણથી તેમને લોભાવીને તપથી ભ્રષ્ટ કર." ૨૧-૨૬

મેનકા બોલી:-તે ભગવાન વિશ્વામિત્ર મહા તેજસ્વી, મહા તપસ્વી અને ક્રોધી છે, તે આપ પણ જાણો છો. જે મહાત્માના તેજ, તપ અને ક્રોધથી તમે પણ ઉદ્વેગ પામો છો તેનાથી મને ઉદ્વેગ કેમ ન થાય ? જેમણે મહાભાગ્યવાળા વસિષ્ઠને વહાલા પુત્રોથી વિખૂટા કર્યા હતા અને જે પ્રથમ ક્ષત્રિય જાતિમાં ઉત્પન્ન થયેલા છતાં પોતાના બલથી હાલ બ્રાહ્મણ થયા છે; વળી જેમણે સ્નાનસંધ્યા કરવા માટે ઘણાં જલવાળી દુસ્તર નદી કરી હતી, કે જે અત્યંત પુણ્ય જલવાળી નદીને લોકો કૌશિકી નામે ઓળખે છે;૩૦ આગળ જ્યારે દુષ્કાલ પડયો હતો, ત્યારે જે મહાત્માની સ્ત્રીઓનું, પારધીપણાને પામેલા ધર્માત્મા રાજર્ષિ મતંગે (ત્રિશંકુએ) પોષણ કર્યું હતું; દુષ્કાલ પૂરો થયા પછી તપ કરીને પાછા આશ્રમમાં આવેલા સમર્થ વિશ્વામિત્ર મુનિએ (દુષ્કાલનો એ નદી આગળ પાર આવવાથી) કૌશિકી નદીનું 'પારા' એવું નામ પાડયું હતું અને (ચંડાલપણાને પામેલા એવા પણ) ત્રિશંકુ ઉપર પ્રસન્ન થઈને પોતે આચાર્ય બનીને તેની પાસે યજ્ઞ કરાવ્યો હતો, કે જે યજ્ઞમાં હે સુરેશ્વર ! તમે પણ વિશ્વામિત્રના ભયથી સોમપાન કરવા ગયા હતા; વળી ક્રોધ પામીને જેમણે નક્ષત્રસંપત્તિથી યુક્ત એવો નવો લોક નિર્મ્યો હતો, જેમાં શ્રવણ વગેરે બીજાં નક્ષત્રો પણ કર્યાં હતાં અને વસિષ્ઠ ગુરુના શાપથી ચંડાલ થયેલા ત્રિશંકુને શરણ આપ્યું હતું; આવાં આવાં જેમનાં કર્મો છે તે ઋષિથી હું બહુ ઉદ્વેગ પામું છું; માટે હે વિભો ! જે રીતે તે ક્રોધ કરીને મને બાળી મૂકે નહિ તેવી યુક્તિ તમે કહો. તે મુનિ પોતાનાં તેજથી સર્વ લોકોને બાળી મૂકે, પગવડે પૃથ્વીને કંપાવી નાખે, મહા મેરુને ફેંકી દે અને દિશાઓને પણ તત્કાલ ફેરવી નાખે તેવા છે. આવા તપસ્વી, અગ્નિના જેવા પ્રદીપ્ત અને જિતેંદ્રિય એવા ઋષિને મારા જેવી સ્ત્રી અડકી પણ કેમ શકે ? હે સુરશ્રેષ્ઠ ! અગ્નિના જેવું પ્રદીપ્ત જેમનું મુખ છે, સૂર્ય તથા ચંદ્રના જેવી જેમની આંખની કીકીઓ છે અને કાલના જેવી જેમની જીભ છે એવા તે ઋષિને મારા જેવી અડકી પણ કેમ શકે ? યમરાજ, સોમ, મહર્ષિઓ, સાધ્યગણો, વિશ્વદેવો અને સર્વે વાલખિલ્ય જેવા સિદ્ધો પણ જેમના પ્રભાવથી ઉદ્વેગ પામે છે તેમનાથી મારા જેવી સ્ત્રી કેમ બીએ નહિ ? પરંતુ હે સુરેન્દ્ર ! તમે મને જવાને માટે કહ્યું તો તે ઋષિની પાસે હું નહિ જાઉં એમ પણ કેમ થાય ? હું જઈશજ; પણ હે દેવરાજ ! મારા રક્ષણનો વિચાર કરો કે જે રીતે રક્ષણ કરાયલી હું તમારે માટે વિચરી શકું. ૪૦ જ્યારે હું ત્યાં ઉત્કૃષ્ટ ક્રીડા કરતી હોઉં ત્યારે વાયુ, મારૂં વસ્ત્ર યથેષ્ટ રીતે ઉડાવી દૂર કરો. વળી તમારી કૃપાથી કામદેવ પણ મને તે કાર્યમાં સહાયભૂત થાઓ; અને જ્યારે હું તે ઋષિને લોભ પમાડતી હોઉં ત્યારે વનમાંથી સુગંધવાળો વાયુ વાયા કરે એવી વ્યવસ્થા કરો." ઇંદ્રે 'બહુ સારૂં, હું તેમ કરીશ' એમ કહીને તેને તેવી વ્યવસ્થા કરી આપી; એટલે મેનકા ત્યાંથી કૌશિકના આશ્રમમાં જવા નીકળી.૪૧-૪૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે શકુંતલા-ઉપાખ્યાનમાં અધ્યાય ૭૧ મો સમાપ્ત.

અધ્યાય ૭૨ મો—શકુંતલાની જન્મકથા (ચાલુ)

॥ कण्व उवाच॥

एवमुक्तस्तया शक्रः संदिदेश सदागतिम् ॥
प्रातिष्ठत तदा काले मेनका वायुना सह॥१॥

કણ્વ કહે છેઃ—આ પ્રમાણે મેનકાએ કહ્યું, ત્યારે ઇંદ્રે વાયુને મેનકાની સાથે જવાની આજ્ઞા કરી અને તેજ વખતે મેનકા વાયુની સાથે વિશ્વામિત્રના આશ્રમપ્રત્યે ચાલી. સુંદર અંગવાળી, ભયશીલ મેનકાએ તપથી પાપ જેનાં દગ્ધ થયેલાં એવા વિશ્વામિત્રને આશ્રમમાં તપ કરતા જોયા. પછી મેનકા તેમને પ્રણામ કરીને ઋષિની આગળ ક્રીડા કરવા લાગી. તે વખતે તેના ચંદ્ર જેવા વસ્ત્રને વાયુએ દૂર ઉરાડી દીધું.તે વસ્ત્ર લેવાની ઇચ્છાથી સુંદરાંગી મેનકા તુરત જમીન તરફ નમી અને લજ્જાપૂર્વક વાયુનો પરિહાસ કરતી હોય તેમ તે અગ્નિના જેવા તેજસ્વી ઋષિના દેખતાં આમ તેમ પવનથી ઉડતા વસ્ત્રની પાછળ દોડવા લાગી. આવી વિષમ સ્થિતિમાં વસ્ત્ર લેવાની ઇચ્છાથી દોડતી તથા ગભરાતી અને વર્ણન ન કરી શકાય તેવાં વય તથા રૂપવાળી અનિંદિતા મેનકાને મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્રે નગ્ન સ્થિતિમાં દીઠી. તે વખતે તેના રૂપ તથા ગુણને જોઇને કામને અધીન થએલા મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્રને સંસર્ગથી તેનેવિષે ભાવ ઉત્પન્ન થયો; અને તેને પોતાની પાસે બોલાવવા લાગ્યા. ત્યારે સ્તુત્ય મેનકાએ પણ ઋષિની કામના કરી, એટલે તે બન્ને ત્યાં લાંબા કાળ સુધી વિહાર કરવા લાગ્યાં. યથેષ્ટ વિહાર કરતાં તેમને ગયેલો લાંબો કાલ પણ એક દિવસ જેવોજ લાગ્યો. પછી તે મુનિએ મેનકામાં શકુંતલાને ઉત્પન્ન કરી. જન્મ થતાંજ તે કન્યાને હિમાલયની રમ્ય તળેટીમાં માલિની નદીના તીર ઉપર મૂકી દઈને કૃતકાર્ય થયેલી મેનકા તત્કાલ ઇંદ્રસભામાં ચાલી ગઈ. સિંહ તથા વ્યાઘ્રથી ભરેલા નિર્જન વનમાં તે બાલાને સૂતેલી જોઈ તેની ચોમેર પક્ષીઓ વીંટાઇ વળ્યાં. 'આ બાલાને માંસાહારી પ્રાણીઓ માંસના લોભથી મારી ન નાખો' એવા ભાવથી તે મેનકાની પુત્રીનું પંખીઓ રક્ષણ કરતાં હતાં. જ્યારે નદી ઉપર હું સ્નાન કરવા ગયો,ત્યારે મેં નિર્જન છતાં રમ્ય એવા તે વનમાં પક્ષીઓથી વીંટાઇને સૂતેલી તે બાળાને જોઇ અને ત્યાંથી તેને લાવી મેં મારી પુત્રીતરિકે રાખી.૨-૧૪ ગર્ભાધાન કરનારા, પ્રાણદાતા અને અન્ન આપી પોષણ કરનારા, એ ત્રણેને ક્રમથી ધર્મશાસ્ત્રમાં પિતા કહ્યા છે. નિર્જન વનમાં એ શકુંત(પક્ષી)થી વીંટાયલી હતી માટે મેં એનું નામ શકુંતલા પાડ્યું છે. હે વિપ્ર ! શકુંતલા આવી રીતે મારી પુત્રી થઇ છે, એમ તમે જાણો અને સ્તુત્ય શકુંતલા પણ મને પોતાનો પિતા માને છે." ૧૫-૧૭

શકુંતલા કહે છેઃ—મહર્ષિના પૂછવાથી કણ્વ ઋષિએ આ પ્રમાણે મારી જન્મકથા કહી હતી. હે મનુષ્યાધીશ ! આ રીતે હું કણ્વની પુત્રી થઇ છું, એમ તમે જાણો. હું પોતાના પિતાને ન જાણવાથી કણ્વનેજ પિતા માનું છું. હે રાજન્ ! આ પ્રમાણે જે વૃત્તાંત મેં સાંભળ્યું હતું તે મેં તમને કહ્યું છે. ૧૮-૧૯

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે શકુંતલા-ઉપાખ્યાનમાં અધ્યાય ૭૨ મો સમાપ્ત.

અધ્યાય ૭૩ મો-દુષ્યંતની સાથે શકુંતલાનો ગાંધર્વવિવાહ

॥ दुष्यन्त उवाच ॥

सुव्यक्तं राजपुत्री त्वं यथा कल्याणि भाषसे॥
भार्या मे भव सुश्रोणि ब्रूहि किं करवाणि ते॥

દુષ્યંત કહે છેઃ-"હે કલ્યાણિ! તું જે પ્રમાણે કહે છે તે પ્રમાણે તો નિશ્ચય તું રાજપુત્રી છે. હે સુશ્રોણિ! તું મારી ભાર્યા થા અને બોલ કે હું તારૂં શું પ્રિય કરૂં? હે શોભને! હું તને સોનાની માલા, વસ્ત્રો, સુવર્ણનાં કુંડલો, અનેક દેશમાં ઉત્પન્ન થયેલા સુંદર મણિ અને રત્નો, મહોરો તથા મૃગચર્મો આજેજ આપું છું. વળી આજથી મારૂં સર્વ રાજ્ય તારૂં થાઓ. હે શોભને! તું મારી ભાર્યા થા. હે ભયશીલ સુંદરિ! તું ગાંધર્વ વિવાહથી મારી સાથે લગ્ન કર.હે કદલીના જેવી જંઘાવાળી! સર્વ વિવાહમાં ગાંધર્વ વિવાહ શ્રેષ્ઠ ગણાય છે."૧-૪

શકુંતલા કહે છેઃ-"હે રાજન્! મારા પિતા ફલ લેવાને માટે આ આશ્રમથી બહાર ગયા છે, માટે તમે બે ઘડી વાટ જુઓ; તેઓ આવીને તમને મારૂં દાન કરશે." ૫

દુષ્યંત કહે છેઃ-"હે સુંદરાંગિ! તું મારો અત્યારેજ સ્વીકાર કરે, એમ હું ઇચ્છું છું. હે અનિંદિતે! હું તારેમાટેજ અહીં ઉભો છું; કેમકે મારૂં મન તારે વિષેજ આસક્ત થયું છે એમ તું જાણ. મનુષ્ય પોતેજ પોતાનો બંધુ છે અને પોતેજ પોતાની ગતિરૂપ છે; માટે તું ધર્મપૂર્વક પોતાનું દાન પોતેજ કરવા માટે યોગ્ય છે. ધર્મશાસ્ત્રમાં વિવાહના ટુંકાણથી આઠજ ભેદ કહ્યા છે, તે આ પ્રમાણે- ૧, બ્રાહ્મવિવાહ (વરને બોલાવી અલંકાર પહેરાવેલી કન્યાનું દાન કરવું તે), ૨, દૈવવિવાહ (યજ્ઞના અંતમાં ઋત્વિજને અલંકૃત કન્યાનું દાન કરવું તે), ૩ આર્ષવિવાહ (વરની પાસેથી ગાય અને વૃષભરૂપ-દ્રવ્ય લઇ કન્યા આપવી તે), ૪ પ્રાજાપત્ય વિવાહ (બન્ને સાથે રહી ધર્માચરણ કરો એ બુદ્ધિથી કન્યાનું દાન),૫ આસુર વિવાહ (પુષ્કળ ધન લઇ કન્યા આપવી તે), ૬ ગાંધર્વ, વિવાહ(વરવધૂની એકમતિથી થયેલો તે),૭રાક્ષસ વિવાહ (મારફાડ કરીને રડતાં બંધુઓમાંથી રડતી કન્યાનું હરણ કરવું તે), ૮ પૈશાચ વિવાહ (બધાં સૂતેલાં હોય અથવા પ્રમત્ત હોય ત્યારે કન્યાનું હરણ કરવું તે), તેમાં સ્વાયંભૂ મનુએ પ્રથમના ચાર વિવાહોને અનુક્રમે બ્રાહ્મણને માટે ધર્મ, રૂપ અને પ્રશંસનીય ગણ્યા છે અને હે અનિંદિતે! અનુક્રમે છ વિવાહ ક્ષત્રિયને માટે ધર્મરૂપ ગણ્યા છે.૧૦ રાજાને માટે તો રાક્ષસ વિવાહ પણ કહેલો છે. વૈશ્ય અને શૂદ્રને માટે આસુર વિવાહ કહેલો છે. બ્રાહ્મ વગેરે પાંચ વિવાહમાં બ્રાહ્મ, દૈવ અને પ્રાજાપત્ય, એ ત્રણ ધર્મવિવાહ છે; અને આર્ષ તથા આસુર વિવાહ કન્યાનું દ્રવ્ય લેવાથી અધર્મરૂપ ગણેલા છે. પૈશાચ તથા આસુર વિવાહ કદાપિ કરવા નહિ. આ રીતે વિવાહ કરવો એ ધર્મની ગતિ કહેવાય છે. ક્ષત્રિયોને માટે ગાંધર્વ વિવાહ અને રાક્ષસ વિવાહ બે ધર્મરૂપ છે, એમાં તું શંકા રાખીશ નહિ. તે બે વિવાહ જૂદા કરવા અથવા મિશ્ર કરવા, એમાં સંશય નથી. હે સુંદર વર્ણવાળી! માટે હું સકામ છું, તની સકામા એવી તું ગાંધર્વ વિવાહથી ભાર્યા થવાને યોગ્ય છે."૧૧-૧૪

શકુંતલા કહે છેઃ-"હે પ્રભો! જ્યારે આ ધર્મમાર્ગ છે અને જ્યારે હું પોતે સ્વતંત્ર છું તો હે પૌરવશ્રેષ્ઠ! મારા વિવાહને માટે પ્રથમ મારો ઠરાવ તમે સાંભળો. આ એકાંતમાં હું તમને જે કહું છું તે સંબંધમાં તમે મને સત્ય વચન આપો. હે મહારાજ! મારાથી જે પુત્ર ઉત્પન્ન થાય, તે યુવરાજ તમારા પછી રાજા થાય. આ હું તમને સત્ય કહું છું. હે દુષ્યંત! જો આ વાત તમે સ્વીકારતા હો તો ભલે તમારી સાથે મારો સમાગમ થાય."૧૫-૧૭

વૈશંપાયન કહે છેઃ-તે વખતે વિચારને માટે

પણ ન રોકાતાં રાજાએ શકુંતલાને કહ્યું કે, 'ભલે તેમ થાઓ, એટલુંજ નહિ પણ હે શુદ્ધ સ્મિતવાળી! તારી યોગ્યતા પ્રમાણે તને હું મારા નગરમાં પણ લઈ જઈશ. હે સુંદર કટીવાળી! આ હું તને સત્ય કહું છું." રાજર્ષિ દુષ્યંતે સ્તુત્ય ગતિવાળી શકુંતલાને આ પ્રમાણે કહ્યું. પછી વિધિપૂર્વક તેનો હાથ પકડી તેની સાથે સમાગમ કર્યો. તે પછી જતી વખતે તેને વિશ્વાસ આપીને રાજા વારંવાર કહેવા લાગ્યો કે, હે શુદ્ધ હાસ્યવાળી! તારે માટે હું ચતુરંગિણી સેના મોકલીશ અને તેનાથી તને પોતાના નિવાસમાં બોલાવી લઈશ." ૧૮–૨૧

વૈશંપાયન કહે છેઃ–હે જનમેજય! આ પ્રમાણે શકુંતલાને વચન આપીને તે રાજા મનથી કણ્વનો વિચાર કરતો ત્યાંથી નીકળ્યો. "તપસ્વી ભગવાન કણ્વ આ સાંભળીને શું કરશે?" આવો વિચાર કરતો કરતો તે પોતાના નગરમાં પહોંચ્યો. તેના ગયા પછી એક મુહૂર્તે કણ્વ ઋષિ આશ્રમમાં આવ્યા,પરંતુ લજ્જા પામતી શકુંતલા પિતાની પાસે ગઈ નહિ; ત્યારે દિવ્ય જ્ઞાનવાળા મહા તપસ્વી ભગવાન કણ્વમુનિ દિવ્ય દૃષ્ટિથી જોઈને તે વૃત્તાંત જાણી શકયા અને પ્રસન્ન થઈને કહેવા લાગ્યા કે, 'હે ભદ્રે! તેં મારો અનાદર કરીને આજે એકાંતમાં પુરુષ સાથે જે સંયોગ કર્યો છે તે ધર્મને બાધ કરતો નથી;કેમકે ક્ષત્રિયને માટે ગાંધર્વ વિવાહ શ્રેષ્ઠ કહેવાય છે. તેમાં સકામા કન્યાનો સકામ પુરુષસાથે મંત્ર વિના એકાંતમાં વિવાહ કરવા કહેલું છે. જે દુષ્યંતને તું વરી છે તે ધર્માત્મા, મહાત્મા અને પુરુષોમાં ઉત્તમ છે.હે શકુંતલે! પ્રીતિવાળા પતિને તું પ્રાપ્ત થઈ છે, તેથી લોકમાં મહાન બલવાળા તથા મહાત્મા પુત્રનો તારાથી જન્મ થશે અને તે આસમુદ્રાંત સમગ્ર પૃથ્વીનો ભોગ કરશે. જ્યારે શત્રુ સામે ચઢાઈ કરશે, ત્યારે તે ચક્રવર્તી મહાત્માનું સૈન્ય અપ્રતિહત ગતિવાળું થશે અર્થાત્ પાછું પડશે નહિ." ૩૦ પછી ભાર અને ફલોને ઠેકાણે મૂકી શકુંતલા, પગ ધોઇને શ્રમરહિત થયેલા મુનિને કહેવા લાગી. ૩૧

શકુંતલા બોલીઃ–"મેં પુરુષશ્રેષ્ઠ દુષ્યંત રાજાને પતિતરિકે સ્વીકાર્યો છે, માટે તેના પ્રધાનોની સાથે તેના ઉપર તમે કૃપા કરવા યોગ્ય છો." ૩૨

કણ્વ બોલ્યાઃ–"હે સુંદર વર્ણવાળી! તારે લીધે હું તેના ઉપર પ્રસન્નજ છું અને હે કલ્યાણિ! તને જે અભીષ્ટ હોય તે વરદાન તું મારી પાસે માગી લે."૩૩

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કણ્વમુનિએ કહ્યું ત્યારે શકુંતલાએ દુષ્યંતનું હિત કરવા માટે 'પુરુ વંશના રાજાઓ ધર્મિષ્ઠ થાય અને રાજ્યથી ભ્રષ્ટ ન થાય' એમ માગ્યું. ૩૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે શકુંતલા-ઉપાખ્યાનમાં અધ્યાય ૭૩ મો સમાપ્ત.

અધ્યાય ૭૪ મો–દુષ્યંત તથા શકુંતલાનો સંવાદ અને ભરતનો રાજ્યાભિષેક


॥ वैशंपायन उवाच ॥

प्रतिज्ञाय तु दुष्यंते प्रतियाते शकुन्तलाम् ॥
गर्भं सुषाव वामोरूः कुमारममितौजसम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–શકુંતલાની આગળ પ્રતિજ્ઞા કરીને દુષ્યંત રાજા ગયો. તે પછી સુંદર જંઘાવાળી શકુંતલાએ પૂરે ત્રણ વર્ષે અતુલ તેજવાળા એક કુમારને જન્મ આપ્યો. હે જનમેજય! તે દુષ્યંતનો પુત્ર પ્રદીપ્ત અગ્નિના જેવો તેજસ્વી, રૂપાળો, ઉદાર તથા ગુણથી સંપન્ન હતો. પુણ્યકર્મ કરનારામાં શ્રેષ્ઠ એવા કણ્વમુનિએ તે વૃદ્ધિ પામતા બુદ્ધિમાન બાલકના વિધિવત્ જાતકર્માદિ સંસ્કાર કરાવ્યા. અણિયાળા ધોળા દાંતવાળો, મહાન સિંહના જેવા મજબૂત બાંધાવાળો, ચક્રથી ચિહ્નિત હાથવાળો, શોભાસંપન્ન, મોટા

सिंहणने पण हठावी देनारो निडर आर्य बाळक "भरत."

આશ્રમમાં તેમજ આસપાસનાં જંગલોમાં જઇને આ એવી ખેલકુદ અને તોફાન મચાવ્યા કરતો કે જેથી માણસો તથા પશુ પણ હેરાન હેરાન થઈ જતાં. આથી એને 'સર્વદમન' પણ કહેતા. એક દિવસ પર્વતની 'ખો'માં સિંહનું બચ્ચું રમતું જોઇ તેને પણ રમકડા પેરે બગલમાં લઇ ચાલવા માંડયું! સિંહણ આવું જોતાંજ ગાજી ઉઠી; પણ બહાદૂર દુષ્યંતના-નિડર બચ્ચા ભરતે એવી તો આંખો દેખાડી કે સિંહણ ભાગીજ ગઈ!!



માથાવાળો, મહા બલવાન અને દેવગર્ભના જેવો તે કુમાર આશ્રમમાં ઝટ વૃદ્ધિ પામવા લાગ્યો. તે બલવાન બાલક છ વર્ષનો થયો એટલામાંજ કણ્વના આશ્રમ પાસે સિંહ, વાઘ, વરાહ, પાડા અને હાથીઓને પકડીને આશ્રમ આગળ લાવી ઝાડ સાથે બાંધવા લાગ્યો. વળી તેઓને કબજે કરીને તથા તેઓના ઉપર સ્વારી કરીને રમત કરતો ચોમેર ઘુમવા લાગ્યો. તે ઉપરથી કણ્વના આશ્રમનિવાસી ઋષિઓએ તેનું નામ પાડયું કે, ' આ સર્વનું દમન કરે છે માટે એને 'સર્વદમન' કહેવો.' ત્યારથી તે કુમાર 'સર્વદમન' કહેવાયો. તે બાલક પરાક્રમ, કાંતિ અને શારીરિક બલથી સંપન્ન હતો. તે કુમારને અને અતિમાનુષ એવાં તેનાં કર્મને જોઇને કણ્વ ઋષિએ શકુંતલાને કહ્યું કેઃ-" હવે આનો યૌવરાજ્ય પદને માટે સમય છે. " તે પછી બાલકના બલને જાણીને કણ્વે શિષ્યોને કહ્યું કે, [૧૦] આ સર્વ સુલક્ષણવાળી શકુંતલાને એના પુત્રની સાથે અહીંથી એના પતિને ઘેર જલદી પહોંચાડો; કારણ કે નારીઓને બંધુઓને ત્યાં લાંબો વખત રહેવું શોભે નહિ. તેમથવાથી કીર્તિ, ચારિત્ર્ય અને પાતિવ્રત્ય હણાય છે; માટે એને જલદીથી સાસરે લઈ જાઓ." ' ભલે તેમ કરીએ ' એમ કહીને તે મહાતેજસ્વી સઘળા શિષ્યો, શકુંતલાને પુત્ર સાથે આગળ કરીને હસ્તિનાપુર જવા નીકળ્યા. દેવગર્ભના જેવા કમલનયન પુત્રને લઇને સુંદર ભમરવાળી શકુંતલા તે વિદિત વનમાંથી દુષ્યંતના સ્થાન આગળ આવી પહોંચી. શિષ્યોએ રાજા આગળ જઈને ' શકુંતલા આવી છે ' એમ નિવેદન કર્યું અને પછી બાલસૂર્યના જેવા તે પુત્રની સાથે રાજા આગળ તેનો પ્રવેશ કરાવ્યે. તે પછી શિષ્યોએ રાજાને તેની ઓળખાણ કરાવી અને સઘળાઓ આશ્રમપ્રત્યે પાછા આવ્યા.

તે પછી ન્યાયપૂર્વક રાજાને માન આપીને શકુંતલાએ કહ્યું કેઃ-"હે રાજન્ ! આ પુત્રનો તમે યુવરાજપદ ઉપર અભિષેક કરો. દેવતુલ્ય આ પુત્ર તમારાથી મારામાં ઉત્પન્ન થયો છે; માટે હે પુરુષોત્તમ ! તમે એના પ્રત્યે પ્રતિજ્ઞા પ્રમાણે વર્તન કરો. હે મહાભાગ ! કણ્વના આશ્રમ પદમાં મારા સંગ વખતે પૂર્વે તમે જે પ્રતિજ્ઞા કરી હતી, તેનું સ્મરણ કરો. " [૧૧-૧૮]

આવાં શકુંતલાનાં વાક્ય સાંભળીને રાજાને તે વાતનું સ્મરણ હતું તોપણ તે બોલ્યો કેઃ-" હે દુષ્ટ તાપસિ ! મને કંઈ સ્મરણ નથી. તું કોની પુત્રી છે ? તારી જોડે ધર્મ, કામ અને અર્થને માટે મારો વિવાહ સંબંધ થયો હોય તેની મને સ્મૃતિ નથી; માટે તારે જોઇએ તો તું ચાલી જા કે ઉભી રહે, અથવા ઇચ્છામાં આવે તેમ કર. " [૧૯-૨૦]

આ પ્રમાણે રાજાએ કહ્યું, ત્યારે સુંદરાંગી અને તપસ્વિની એવી શકુંતલા લજ્જાથી તથા દુઃખથી બેભાન જેવી થઈ ગઈ અને ઠુંઠની પેઠે નિશ્ચલ ઉભી રહી. કોપથી અને અસહનતાથી તેની આંખો લાલ થઈ ગઈ, તેના ઓઠનો સંપુટ ફરકવા લાગ્યો અને તે કટાક્ષથી બાળી મૂકતી હોય તેમ વક્ર દૃષ્ટિથી રાજાને જોવા લાગી; પરંતુ કોપથી ઉશ્કેરાયલી છતાં પોતાના કુપિત આકારને છુપાવતી શકુંતલાએ તપથી સંપાદન કરેલા પોતાના તેજને તે વખતે દબાવી રાખ્યું. પછી દુઃખ તથા અસહનતાથી યુક્ત થયેલી શકુંતલા,થોડો કાલ વિચાર કરીને કુપિત થઈ પોતાના પતિ તરફ જોઇને કહેવા લાગી.[૨૪]

" હે મહારાજ ! તમે જાણો છો છતાં અન્ય પ્રાકૃત મનુષ્યની પેઠે હું જાણતો નથી, એમ નિઃશંકપણાથી કેમ બોલો છો ? આ વાતમાં સત્ય તથા મિથ્યાને તમારૂં હૃદય જાણે છે; માટે તમે સાક્ષિધર્મથી કલ્યાણરૂપ બોલો, આત્માનું અપમાન કરો નહિ. જે પોતાને જે રૂપે હોય તેનાથી જૂદે રૂપે પ્રતિપાદન કરે છે તે પોતાને છુપાવનારા ચોરે કયું પાપ કર્યું ન ગણાય ? હું એકલો છું એમ તમે માનો છો; પરંતુ હૃદયમાં રહેનારા પુરાતન મુનિ નારાયણને જાણતા નથી,કે જે સઘળાં પાપકર્મને જાણે છે, તેની આગળ તમે પાપ કરો છો. કેટલાએક પાપકર્મ કરીને મને પાપીતરિકે કોઈ જાણતું નથી એમ માને છે; પણ તેને દેવો અને જે અંતર્યામી પુરુષ છે તે તો જાણેજ છે.

સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, દ્યુલોક, ભૂમિ, હૃદય, યમ, દિવસ, રાત્રિ, બે સંધ્યાકાલ અને ધર્મ, એ બધાં મનુષ્યનાં વર્તનને જાણે છે. ૩૦ જેના ઉપર હૃદયમાં રહેલો કર્મસાક્ષી ક્ષેત્રજ્ઞ પ્રસન્ન થાય છે, તેનાં પાપને વિવસ્વાનના પુત્ર યમરાજા દૂર કરે છે; પરંતુ જે દુરાત્મા પુરુષના ઉપર તે અંતર્યામી સંતોષ પામતો નથી તે પાપ કર્મવાળા પાપીને યમરાજા અત્યંત પીડા આપે છે. જે પોતે પોતાના આત્માનું અપમાન કરીને તેને અન્યથા પ્રતિપાદન કરે છે, તેનું દેવો ભલું કરતા નથી; એટલુંજ નહિ પણ તેનો આત્મા પણ તેનું શ્રેય કરતો નથી. હું પોતાની મેળે આવી છું, એમ માનીને તમે મને પતિવ્રતાને આવું અપમાન આપો નહિ. હું તમારી ભાર્યા છું અને તમારી પાસે પોતે આવી છું, તો તમે માન આપવા યોગ્ય એવી મને કેમ માન આપતા નથી? તમે આ સભામાં એક સામાન્ય સ્ત્રીની પેઠે મારા તરફ શામાટે જુઓ છો ? હું કંઈ આ અરણ્યરોદન કરતી નથીજ, તો તમે મારૂં કેમ સાંભળતા નથી ? હું યાચના કરૂં છું તેમ છતાં મારૂં કહેલું નહિ કરો તો હે દુષ્યંત ! હમણાંજ તમારા માથાના સેંકડો ચૂરા થઇ જશે. ભાર્યામાં બીજરૂપથી પ્રવેશ કરીને પતિ તેનાથી પાછો પુત્રરૂપે 'जायते' ઉત્પન્ન થાય છે, એજ જાયાનું જાયાપણું છે, એમ પુરાતન વિદ્વાનો જાણે છે. વેદોક્ત(મંથાદિ) કર્મને જાણનારા પતિથી જે પુત્ર ઉત્પન્ન થાય છે, તે પુત્ર પોતાની સંતતિથી પૂર્વના મૃત પિતૃઓને તારે છે. વળી પુત્ર પુન્નામના નરકથી પિતાનું ત્રાણ (રક્ષણ) કરે છે માટે તેને સ્વયંભૂએ પોતેજ પુત્ર કહ્યો છે. ૩૧-૩૯

તેજ ભાર્યા છે કે જે ગૃહકાર્યમાં કુશલ છે, તેજ ભાર્યા છે કે જે પ્રજાવાળી છે, તેજ ભાર્યા છે કે જે પતિનેજ પ્રાણ સમજે છે અને તેજ ભાર્યા છે કે જે પતિવ્રતા છે. ૪૦ ભાર્યા પુરુષનું અર્ધાંગ છે, ભાર્યા અતિ શ્રેષ્ઠ મિત્ર છે; ધર્મ, અર્થ અને કામનું મૂલ ભાર્યા છે અને સંસાર તરવા ઇચ્છનારને માટે પણ ભાર્યા કારણ છે. ભાર્યાવાળા ધાર્મિક ક્રિયાઓ કરી શકે છે, ભાર્યાવાળા ગૃહસ્થાશ્રમી કહેવાય છે, ભાર્યાવાળા આનંદ ભોગવે છે અને ભાર્યાવાળાજ ઐશ્વર્યવાળા ગણાય છે. વળી પ્રિયવાદિની ભાર્યા એકાંતમાં મિત્ર થાય છે, ધર્મકાર્યમાં પિતાની પેઠે હિતેચ્છુ થાય છે અને દુઃખમાં માતાની પેઠે દુઃખહંત્રી થાય છે. વટેમાર્ગુને જંગલમાં પણ ભાર્યા વિશ્રામ ગણાય છે. જે સ્ત્રીવાળો હોય છે, તે લોકોનો વિશ્વાસપાત્ર થાય છે; માટે ભાર્યા એજ પરમ ગતિરૂપ છે. પતિ સંસારમાં હોય કે મરણ પામ્યો હોય અથવા એકલો નરકમાં પડતો હોય ત્યાં પણ પતિવ્રતા ભાર્યાજ સતત તેને અનુસરે છે. જો ભાર્યા પ્રથમ મરણ પામે છે, તો તે પતિની સ્વર્ગમાં વાટ જુએ છે અને ભર્તા પ્રથમ મરણ પામે છે તો તેની પાછળ સાધ્વી સ્ત્રી તત્કાલ સતી થાય છે. હે રાજન્ ! પતિ આ લોકમાં અને પરલોકમાં ભાર્યાને મેળવે છે, એટલા માટેજ લોકો પાણિગ્રહણ (લગ્ન)ની ઇચ્છા રાખે છે. પોતેજ ભાર્યામાં પોતાને ઉત્પન્ન કરેલો, તેને વિદ્વાનો પુત્ર નામથી કહે છે, માટે પુરુષોએ પુત્રની માતા થયેલી પોતાની ભાર્યાને માતા જેવી જોવી જોઇએ. ભાર્યામાં ઉત્પન્ન કરેલો પુત્ર દર્પણમાં જણાતા મુખના પ્રતિબિંબસમાન છે. તેને જોઇને તેનો ઉત્પાદક, પુણ્ય કરનાર સ્વર્ગને પામીને જેમ ખુશી થાય છે તેમ ખુશી થાય છે. મનના સંતાપથી બળતા અને રોગથી દીન થયેલા પુરુષો પણ તાપથી પીડાયલા પાણીથી જેમ હર્ષિત થાય, તેમ પોતાની દારાથી હર્ષિત થાય છે. ૫૦ રતિસુખ, પ્રીતિ અને ધર્મ, સ્ત્રીને આધીન છે; તે માટે અત્યંત ક્રોધ પામેલા પુરુષે પણ રામાનું અપ્રિય કરવું નહિ. રામા એ પોતાના જન્મને માટે સનાતન પુણ્યક્ષેત્ર છે; રામાવિના પ્રજા ઉત્પન્ન કરવાને ઋષિઓની શક્તિ પણ ક્યાં છે? પૃથ્વીની ધૂળથી ખરડાયલો પુત્ર સામો આવીને પિતાના શરીરે વળગી પડે તે સુખથી બીજું અધિક સુખ શું છે ? તો હે રાજન્ ! પોતાની મેળે પ્રાપ્ત થયેલા અને અભિલાષાપૂર્વક કટાક્ષથી તમારા તરફ જોતા એવા આ પુત્રને તમે શા માટે અપમાન આપો છો ? કીડીઓ પણ પોતાનાં ઈંડાંને પોષે છે અને ભાંગતી નથી, ત્યારે ધર્મવેત્તા થઇને તમે પોતાના પુત્રનું

ભરણપોષણ કેમ કરતા નથી? વસ્ત્રો,રામા અથવા જલનો સ્પર્શ તેવો સુખકર નથી કે જેવો બાલકપુત્રના આલિંગનનો સ્પર્શ સુખરૂપ થાય છે. મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, પશુઓમાં ગાય શ્રેષ્ઠ છે, મોટામાં ગુરુ શ્રેષ્ઠ છે, તેમજ સ્પર્શમાં પુત્રસ્પર્શ શ્રેષ્ઠ છે; માટે જોતાંની સાથેજ પ્રિય લાગે એવો આ પુત્ર તમને ભેટીને સ્પર્શસુખ આપો, કેમકે પુત્રસ્પર્શથી અધિક સુખ આપનારો બીજો સ્પર્શ આ લોકમાં નથી. હે શત્રુનિબર્હણ રાજેંદ્ર! તમારા શોકને નાશ કરનારા આ કુમારને મેં પૂરે ત્રણ વર્ષે જન્મ આપ્યો છે. હે પૌરવ ! વળી એના જન્મ વખતે 'એ સો અશ્વમેધ યજ્ઞ કરશે,' એમ પૂર્વે અંતરિક્ષવાણીએ મને કહ્યું હતું.[૬૦] અહો ! પરગામ ગયેલા પુરુષો પણ સ્નેહથી પારકા પુત્રોને ખોળામાં લઇને તેનું માથું સુંઘી આનંદ પામે છે! વળી હે રાજન્! પુત્રના જાતકર્મસંસ્કાર વખતે વેદના આ મંત્રસમૂહને બ્રાહ્મણો ભણે છે અને તે તમને પણ વિદિત છેઃ–"મારા પ્રત્યેક અંગથી તું થયો છે, મારા હૃદયથી તું થયો છે, તું પુત્ર નામથી હું પોતેજ છું, તે તું સો વર્ષ સુધી જીવ. મારૂં જીવિત તારે આધીન છે, મારી અક્ષય સંતતિ પણ તારે અધીન છે,માટે ઓ મારા પુત્ર! તું સો વર્ષસુધી સુખરૂપ જીવ." નિર્મલ જલના સરોવરમાં જેમ પોતાનું પ્રતિબિંબ જણાય છે, તેમ તમારા અંગથી ઉત્પન્ન થયેલો તમારા જેવો આ પુત્ર છે તેને તમે જુઓ. જેમ ગાર્હપત્ય અગ્નિથી આહવનીય અગ્નિ લેવાય છે તેમ તમારાથી આ પુત્ર ઉત્પન્ન થયો છે. પ્રથમ તમે એક હતા તે આ પુત્રથી બેરૂપ થયા છો. હે રાજન! મૃગયા કરવા નીકળેલા તમે મૃગથી ખેંચાઈને મારા પિતાના આશ્રમમાં આવ્યા હતા અને ત્યાં હું કુમારિકા તમને મળી હતી. ઉર્વશી, પૂર્વચિત્તિ, સહજન્યા, મેનકા, વિશ્વાચી અને ઘૃતાચી, આ છ અપ્સરાઓ સર્વ અપ્સરાઓમાં શ્રેષ્ઠ ગણાય છે. તેમાંની બ્રહ્માથી ઉત્પન્ન થયેલી સુંદર અપ્સરા મેનકા સ્વર્ગથી પૃથ્વીમાં આવી હતી અને તેણે વિશ્વામિત્રથી હિમાલયની તળેટી ઉપર મને ઉત્પન્ન કરી હતી. પછી તે પ્રજાસ્નેહવિનાની મેનકા અપ્સરા પારકી પ્રજાની પેઠે મને નીચે મૂકી દઈને ત્યાંથી ચાલી ગઈ હતી.[૭૦] મેં પૂર્વજન્મમાં શુંએ અશુભ કર્મ કર્યું હશે કે જેથી બાલવયમાં મને માતાપિતાએ ત્યજી દીધી અને હમણાં તમે ત્યજવા તૈયાર થયા છો? તમે મારો ત્યાગ કરશો તો હું પોતાના આશ્રમમાં યથેષ્ટ ચાલી જઈશ; પરંતુ આ તમારા બાલક પુત્રનો ત્યાગ કરવો તમને ઘટતો નથી."[૭૧-૭૨]

દુષ્યંત કહે છેઃ–"હે શકુંતલા! તારે વિષે ઉત્પન્ન થયેલા પુત્રની મને ખબર નથી, સ્ત્રીઓ અસત્ય વચનવાળી હોય છે; માટે તારાં કહેલાં વચન ઉપર કોણ શ્રદ્ધા રાખે? વળી નિર્દય વારાંગના મેનકા તારી માતા થાય છે, કે જેણે તને હિમાલય ઉપર નિર્માલ્યની પેઠે છોડી દીધી હતી અને ક્ષત્રિય જાતિમાં ઉત્પન્ન થયેલો નિર્દય વિશ્વામિત્ર કે જે બ્રાહ્મણ થવામાં લોભ રાખતો હોવા છતાં કામને અધીન થયો હતો તે તારો પિતા છે. અપ્સરામાં શ્રેષ્ઠ મેનકા અને મહર્ષિમાં શ્રેષ્ઠ તારા પિતા તે બેથી ઉત્પન્ન થયેલી તું આમ જારિણીની પેઠે કેમ બોલે છે? શ્રદ્ધા ન પડે એવાં વાક્યોને બોલતાં તું લાજતી નથી? અને તે પણ મારી આગળ? હે દુષ્ટ તાપસિ! તું અહીંથી ચાલી જા. ક્યાં તે શ્રેષ્ઠ મહર્ષિ! ક્યાં તે અપ્સરા મેનકા! અને ક્યાં તું ભિખારી તપસ્વિનીના વેષને ધારણ કરનારી! વળી આ તારો બાલકપુત્ર પણ અતિ બલવાન અને મોટા શરીરવાળો જણાય છે, એ થોડા સમયમાંજ શી રીતે સાગના સોટાની પેઠે ઉંચો થઈ ગયો? તારી જાતિ નીચ છે માટે તું સામાન્યાની પેઠે બોલે છે. વળી મેનકાની યથેષ્ટ કામપ્રીતિથી તું ઉત્પન્ન થયેલી છે;[૮૦] માટે હે તાપસિ! તું જે કહે છે તેમાં મને વિશ્વાસ આવતો નથી. હું તને ઓળખતો નથી માટે તું ઇચ્છામાં આવે ત્યાં ચાલી જા."[૮૧]

શકુંતલા કહે છેઃ–"હે રાજન્! તમે પારકાનાં સર્ષપ જેટલાં નાનાં છિદ્રોને જુઓ છો અને પોતાનાં બીલાં જેવડાં મોટાં છિદ્રોને જાણતાં છતાં પણ જોતા નથી,એ શું કહેવાય? મેનકા દેવોમાંજ છે અને મેનકાને દેવો અનુસરે છે, એટલે હે

દુષ્યંત! તમારા જન્મથી મારો જન્મજ શ્રેષ્ઠ છે. હે રાજેન્દ્ર ! તમે પૃથ્વીમાંજ ફરો છો અને હું અંતરિક્ષમાં ફરી શકું છું, માટે આપણા બેનું મેરુ અને સર્ષપ જેટલું અંતર છે તેને તો તમે જુઓ. હે નૃપ ! હું મહેંદ્રનાં, કુબેરનાં, યમનાં અને વરુણનાં સ્થાનોમાં જઇ શકું છું. મારા પ્રભાવને તમે જુઓ. હે અનઘ! આ એક સાચી કહેવત છે તે હું તમને કહું છું, હું કંઇ દ્વેષથી કહેતી નથી; પણ દૃષ્ટાંતરૂપથી કહું છું, માટે તે સાંભળીને તમે મને ક્ષમા આપશો. કદ્રૂપો મનુષ્ય જ્યાંસુધી પોતાનું મોં આરસીમાં જોતો નથી, ત્યાંસુધી તે પોતાને બીજાથી મહાન રૂપવાળો માને છે; પણ જ્યારે તે દર્પણમાં પોતાના મુખને કદ્રુપું નિહાળે છે, ત્યારેજ તે બીજાનુ અને પોતાનુ અંતર જાણી શકે છે.જે પુરુષ અત્યંત રૂપસંપન્ન હોય છે, તે કોઈનું અપમાન કરતો નથી, પણ નિંદક અને બહુબોલોજ દુષ્ટ વાણીવાળો હોય છે.મૂર્ખ મનુષ્ય, બોલનારા પુરુષોની સારી નબળી વાણીને સાંભળી, ડુક્કર જેમ વિષ્ઠાને ગ્રહણ કરે છે તેમ અશુભ વાક્યનેજ ગ્રહણ કરે છે;[૯૦] અને ડાહ્યો માણસ તો બોલતા પુરુષોની શુભાશુભ વાણીને સાંભળી જેમ હંસ પાણીમાંથી દૂધને ગ્રહણ કરે છે, તેમ ગુણવાળાં વાક્યનેજ ગ્રહણ કરે છે. જેમ બીજાને અપવાદ આપતાં સાધુ પુરુષને તાપ થાય છે, તેમ અન્યને અપવાદ આપવાથી દુર્જન સંતોષ પામે છે. જેમ મહા પુરુષોને અભિવંદન કરવાથી સત્પુરુષો સુખી થાય છે, તેમ સજ્જનને દુઃખ આપીને મૂર્ખ સુખી થાય છે. પારકાના દોષને ન જાણનારા સત્પુરુષો સુખે જીવે છે અને મૂર્ખાઓ દોષનેજ જોયા કરે છે. દુરાત્માઓ જે વિષયમાં સજ્જનોથી પોતેજ નિંદવા યોગ્ય હોય, તેજ વિષયમાં તેઓ સજ્જનોને તેવા કહે છે. જ્યાં મનુષ્ય પોતે દુર્જન છતાં સજ્જનને દુર્જન છે, એમ કહે છે, એના સમાન લોકમાં હસવા જેવું બીજું કંઈ નથી. ક્રોધ પામેલા સર્પથી જેમ બધા ભય પામે છે, તેમ સત્ય ધર્મથી ભ્રષ્ટ થયેલા પુરુષથી આસ્તિક ન હોય તે પણ ભય પામે છે તો આસ્તિક મનુષ્ય ભય પામે તેમાં તો નવાઈજ શી ? પોતાના સમાન પુત્રને પોતે ઉત્પન્ન કરીને જે તેને પુત્ર માનતો નથી, તેની આ લોકની લક્ષ્મીને દેવો હણી દે છે અને તે પરિણામે (પુણ્યજન્ય) પરલોકને પણ ભોગવતો નથી. પિતૃઓ,પુત્રને કુલવંશની પ્રતિષ્ઠારૂપ કહે છે અને સર્વ ધર્મમાં ઉત્તમ કહે છે;. માટે પુત્રનો ત્યાગ કરવો જોઈએ નહિ. પોતાની પત્નીથી થયેલો એક તથા મળેલો, વેચાતો લીધેલો, વૃદ્ધિ પમાડેલો અને જનોઈ વગેરે સંસ્કારો આપીને કરી લીધેલો, એ બીજી સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલા ચાર મળીને પાંચ પ્રકારના પુત્રો મનુએ કહ્યા છે. ધર્મ અને કીર્તિને આપનારા તથા પુરુષોનાં મનની પ્રીતિને વધારનારા ધર્મનૌકારૂપ થયેલા તે પુત્રો, નરકથી પિતૃઓનું રક્ષણ કરે છે.[૧૦૦] માટે હે પૃથ્વીપતિ ! હે નૃપતિશાર્દૂલ ! પોતાનું, સત્યનું અને ધર્મનું પાલન કરવા માટે તમારે પુત્રનો ત્યાગ કરવો જોઈએ નહિ. હે નરેંદ્રસિંહ ! આ સંબંધમાં કપટ કરવું તમને યોગ્ય નથી. સો કૂવા કરતાં વાવ શ્રેષ્ઠ છે, સો વાવ કરતાં યજ્ઞ શ્રેષ્ઠ છે, સો યજ્ઞ કરતાં પુત્ર શ્રેષ્ઠ છે અને સો પુત્ર કરતાં સત્ય શ્રેષ્ઠ છે. એક તરફ હજાર અશ્વમેધ યજ્ઞ અને બીજી તરફ સત્ય, એ બેને તુલનામાં મૂકયાં હોય તો તેમાં હજાર અશ્વમેધ કરતાં સત્યજ વિશેષ થાય છે. હે રાજન ! સર્વ વેદનું અધ્યયન અને સર્વ તીર્થોનું સ્નાન,એ બેને સત્યવચનની જોડે મૂકતાં તે બન્ને સમાન થાય કે ન પણ થાય. સત્યના જેવો ધર્મ નથી, સત્યથી શ્રેષ્ઠ બીજું કંઈ નથી અને આ લોકમાં અસત્યથી તીવ્રતર બીજું પાપ પણ કંઈ નથી. હે રાજન્ ! સત્ય પરબ્રહ્મ છે, સત્ય પરમ નિયમ છે; માટે ઓ રાજા ! તમે કરેલો ઠરાવ ત્યજો નહિ અને તમારૂં મારી સાથેનું સખ્ય સત્ય થાઓ. તેમ છતાં તમારો જો અસત્યજોડેજ પ્રસંગ હોય અને તમને પોતાને મારી વાતમાં વિશ્વાસ ન હોય તો હું પોતે ખેદપૂર્વક ચાલી જાઉં છું; કારણ કે તમારા જેવાનું સખ્ય હોતું નથી. હે દુષ્યંત ! તમારાવિના પણ આ મારો પુત્ર પર્વતરાજોની સહિત ચાર સમુદ્રપર્યંતની આ પૃથ્વીનું પાલન

કરશેજ. ”૧૦૧-૧૦૮

વૈશંપાયન કહે છે:–આ પ્રમાણે રાજાને કહીને શંકુતલા ત્યાંથી જવા લાગી. તે વખતેજ ઋત્વિજ, પુરોહિત, આચાર્ય અને મંત્રીઓથી વીંટાયલા રાજા દુષ્યંતપ્રત્યે અંતરિક્ષમાંથી અશરીરિણી વાણીએ કહ્યું કે:–“માતા ચામડાની કોથળી છે અને પુત્ર તો પિતાનોજ છે; અર્થાત્ ચામડાંની કોથળીમાં મૂકેલી વસ્તુ જેમ કોથળીની નથી પણ મૂકનારનીજ છે, તેમ પુત્ર પિતાનોજ ગણાય છે. જેનાથી જે ઉત્પન્ન થયો, તે તે રૂપજ છે, અર્થાત્ કારણથી કાર્ય ભિન્ન નથી પણ કારણજ કાર્યરૂપે છે; માટે હે દુષ્યંત! પુત્રનું પોષણ કર અને શકુંતલાનું અપમાન કરીશ નહિ. વીર્ય-સેચન કરનારો જે છે તેજ પુત્રરૂપે છે. હે નરદેવ! તે પુત્ર પિતૃઓને નરકથી ઉદ્ધારી ઉપલા લોકમાં લઈ જાય છે. તમે એના ગર્ભનું આધાન કરનારા છો,એ વાત શકુંતલા સત્ય કહે છે. પોતાનાં બીજાં કરેલાં અંગરૂપ પુત્રને જાયા જન્મ આપે છે; માટે હે દુષ્યંતરાજા! શકુંતલાથી થયેલા પુત્રનું ભરણ-પોષણ કર. જીવતા પુત્રનો ત્યાગ કરીને જીવવું તે એક પ્રકારનું અભાગ્ય છે; માટે હે પૌરવ! શકુંતલાથી ઉત્પન્ન થયેલા તારા આ મહાત્મા પુત્રનું તું પોષણ કર. અમારાં વચનથી પણ તારે એનું ભરણપોષણ કરવાનું છે, માટે તારા એ પુત્રનું ભરત એવું નામ કહેવાશે.”

આ પ્રમાણે દેવતાઓનું કહેવું સાંભળીને, પૂરુકુલોત્પન્ન દુષ્યંત રાજાએ પ્રસન્ન થઈને પુરોહિત અને પ્રધાનોને કહ્યું કે:–“આ દેવદૂતનાં વચનને તમે બધા સાંભળો. હું પણ એજ રીતે એને મારો પુત્ર જાણું છું; પરંતુ હું જો શકુંતલાનાં વચનમાત્રથીજ પોતાના પુત્રને ગ્રહણ કરૂં તો લોકોને એ પુત્રને માટે શંકા રહે અને એ શુદ્ધ થાય નહિ.”

વૈશંપાયન કહે છે:–હે ભારત! આ પ્રમાણે દેવના દૂતદ્વારા તે પોતાનોજ પુત્ર છે, એવો સર્વને નિશ્ચય કરાવી પછી બહુ આનંદયુક્ત થયેલા રાજાએ તે પુત્રને ગ્રહણ કર્યો. તે વખતે પ્રસન્ન થઇને રાજાએ તે પુત્રનાં જનોઈ વગેરે સર્વ કર્મો ઉમંગથી કરાવ્યાં અને તેનું મસ્તક સુંઘીને સ્નેહ-થી આલિંગન કર્યું. તે વખતે બ્રાહ્મણોએ આશી-ર્વાદ આપી રાજાનું સન્માન કર્યું તથા ભાટચારણો-એ સ્તુતિ ગાઈ અને પુત્રના સ્પર્શથી રાજા પરમ આનંદ પામ્યો.[120] વળી દુષ્યંતે પોતાની ભાર્યા શકુંતલાને પણ ધર્મપૂર્વક સન્માન આપ્યું અને તેનું સાંત્વન કરતો આ પ્રમાણે કહેવા લાગ્યો કે:–“હે દેવિ! તારી સાથે મારો આ સંબંધ લોકોથી અજ્ઞાત રીતે થયો હતો, તે માટે તારૂં ભાર્યાપણું લોકોમાં શુદ્ધ ઠરે એટલા સારૂ મેં આવો વિચાર કર્યો હતો. જો મેં આ પ્રમાણે કર્યું ન હોત તો લોકો મારી સાથે તારો થયેલો સંગ સ્ત્રીભાવને લીધે માનત અને આ પુત્રને માટે મેં રાજ્ય કરવા કહેલું તેમાં બાધ આવત; તેમ ન થવાને માટે મારે આવો વિચાર કરવો પડ્યો હતો. હે વિશાલાક્ષિ! હે પ્રિયે! હે કલ્યાણિ! તેં મને પ્રણયકોપથી જે અત્યંત અપ્રિય વચનો કહ્યાં છે, તેને માટે હું ક્ષમા કરૂં છું.” હે ભારત! આ પ્રમાણે પોતાની પ્રિય પટ્ટરાણીને કહીને રાજર્ષિ દુષ્યંતે તેનું વસ્ત્રો તથા અન્નપાન વગેરેથી સન્માન કર્યું. પછી શકુંતલાના પુત્રનું ભરત એવું નામ રાખીને દુષ્યંતે તેનો યુવરાજપદ ઉપર અભિષેક કર્યો. તે મહાત્મા ભરતનું મહાન પ્રકાશયુક્ત, દિવ્ય, અજિત અને લોકને ગજાવી મૂકનારૂં આજ્ઞાચક્ર સર્વત્ર પ્રસિદ્ધિ પામ્યું હતું. તેણે રાજાઓને જિતી પોતાને વશ કર્યા હતા તથા સજ્જનોના ધર્મને અનુસરીને અતિ શ્રેષ્ઠ યશ સંપાદન કર્યો હતો. તે પ્રતાપી સર્વ ભૂમિનો અધિપતિ ભરતરાજા ચક્રવર્તી થયો હતો અને તેણે ઇંદ્રની પેઠે ઘણા યજ્ઞોથી યજન કર્યું હતું. પુષ્કળ દક્ષિણા આપનારા ભરતની પાસે કણ્વ-મુનિએ વિધિપૂર્વક યજ્ઞ કરાવ્યા હતા. વળી શ્રીમાન ભરતે ગોવિતત નામનો અશ્વમેધ યજ્ઞ કર્યો હતો જેમાં કણ્વમુનિને હજાર પદ્મ ધન આપ્યું હતું.[130] ભરતથી ભરતકુલની કીર્તિ વૃદ્ધિ પામી છે અને તેના નામથી એનું કુલ ભારત કુલ કહેવાય છે. પૂર્વના અને હવે પછીના એના વંશજો ભારત કહેવાય છે. ભરતના વંશમાં દેવ જેવા અને બ્રહ્માના જેવા ઘણા બળવાન

મહારાજાઓ થયા છે, તેમનાં નામોની ગણત્રી થાય તેમ નથી; તોપણ હે ભારત ! તેમાંના મુખ્ય મુખ્ય જેઓ મહાભાગ્યશાળી દેવજેવા, સત્ય અને સરલતાથી સંપન્ન હતા, તેઓનાં નામ હું તમને કહીશ.*૧૩૧-૧૩૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે શકુંતલા-ઉપાખ્યાનમાં અધ્યાય ૬૪ મો સમાપ્ત.

અધ્યાય ૬૫ મો–યયાતિ રાજાનું આખ્યાન

॥ वैशंपायन उवाच ॥

प्रजापतेस्तु दक्षस्य मनो र्वैवस्वतस्य च ॥
भरतस्य कुरोः पूरोराजमीढस्य चानघ ॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે નિષ્પાપ રાજા દક્ષપ્રજાપતિ, વૈવસ્વતમનુ, ભરત, કુરુ, પૂરુ, આજમીઢ, યાદવો, કૌરવો અને ભરતોનો આ વંશ કે જે પુણ્યરૂપ, મહાન કલ્યાણકારી, ધન, યશ અને આયુષ્યને આપનારો છે,તે હું તમને સંપૂર્ણ રીતે કહું છું, તમે સાંભળો.

પ્રાચીનબર્હિષ રાજાના, મહર્ષિના જેવા તેજસ્વી, તેજવડે પ્રકાશતા અને તપશ્ચર્યાશીલ એવા પ્રચેતા નામના મહાત્મા દશ પુત્રો હતા. તેમણે મુખમાંથી અગ્નિ પ્રકટ કરીને પૂર્વે મહા વૃદ્ધિ પામેલાં વૃક્ષોને બાળી મૂકયાં હતાં. તે પ્રચેતાઓથી દક્ષ નામનો પુત્ર થયો હતો અને તે દક્ષથી આ સઘળી પ્રજા થઈ છે; એટલે હે પુરુષવ્યાઘ્ર ! એ દક્ષ સર્વ લોકના પિતામહ કહેવાય છે. પ્રાચેતસ દક્ષ મુનિએ વીરિણી નામની સ્ત્રીથી પોતાના જેવા અને ઉત્તમ વ્રતવાળા હજાર પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તે દક્ષના હજાર પુત્રોને નારદ મુનિએ મોક્ષના હેતુરૂપ સાંખ્યજ્ઞાન ભણાવ્યું એટલે તેમણે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો નહિ.તે પછી હે જનમેજય ! પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળા દક્ષ પ્રજાપતિએ પચાસ કન્યાઓ ઉત્પન્ન કરી અને તે પુત્રીઓના જે પુત્રો થાય તે પોતાના પુત્રો ગણાય એવા સંકલ્પથી, દશ ધર્મને, તેર કશ્યપને અને કાલના સ્વરૂપને જણાવનારી નક્ષત્ર નામની સત્તાવીશ કન્યા ચંદ્રને આપી.૨-૯

મરીચિના પુત્ર કશ્યપ ઋષિએ પોતાની તેર પત્નીમાં મોટી જે દક્ષની પુત્રી અદિતિ તેનાથી વીર્યસંપન્ન એવા વિવસ્વાન, ઇંદ્ર વગેરે આદિત્યોને ઉત્પન્ન કર્યા. તેમાંના વિવસ્વાન નામના સૂર્યથી યમ નામનો પુત્ર થયો અને બુદ્ધિમાન તથા સમર્થ એવા વૈવસ્વત મનુ ઉત્પન્ન થયા. પ્રસિદ્ધ તથા સમર્થ એવા યમ તેમના નાના ભાઇ હતા. મનુ ધર્માત્મા અને બુદ્ધિમાન હતા તથા તેમનાથી વંશ પ્રવર્ત્યો હતો. મનુનો વંશ માનવ નામથી ખ્યાતિ પામ્યો છે. મનુથી બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ઉત્પન્ન થયા માટે તે માનવ કહેવાયા; તથા હે મહારાજ ! તેથીજ બ્રાહ્મણો તથા ક્ષત્રિયો પરસ્પર સંબંધવાળા થયા છે. તેઓમાં મનુના જે પુત્રો બ્રાહ્મણો હતા,તેઓ સાંગ વેદને ધારણ કરતા હતા. વેન, ધૃષ્ણુ, નરિષ્યંત, નાભાગ, ઈક્ષ્વાકુ, કારુષ, શર્યાતિ, આઠમી ઈલા, ક્ષત્રધર્મપરાયણ નવમો પૃષધ્ર અને નાભાગારિષ્ટ, આ દશ પુત્રો વૈવસ્વત મનુના કહેવાય છે. વળી મનુના બીજા પચાસ પુત્રો પૃથ્વી ઉપર થયા હતા. તેઓ પરસ્પર વેર કરીને નાશ પામ્યા હતા, એમ અમે સાંભળ્યું છે. પૂર્વોક્ત ઈલાથી વિદ્વાન પુરુરવા ઉત્પન્ન થયો હતો; અને અમે સાંભળ્યું છે કે ઈલાજ તેની(ઉત્પન્ન કરનારી હોવાથી) માતા અને (પુરુષપણામાં રાજ્ય આપવાથી) પિતા થઈ હતી,(પણ વાસ્તવિક પિતા તો બુધજ

* **शिष्टानां चेतसस्तुष्टिर्धर्मे प्रामाण्यमश्नुते ॥**
शकुंतलामहिमानं दुष्यंतस्य मनो यथा ॥
गणेश

શકુંતલાને ઇચ્છતા દુષ્યંતના મનની પેઠે શિષ્ટ પુરુષોનાં ચિત્તનો સંતોષ તે ધર્મમાં પ્રમાણભૂત ગણાય છે; અર્થાત્ શકુંતલા બ્રાહ્મણપુત્રી નહિ પણ રાજપુત્રી હતી તેથીજ તેમાં દુષ્યંતનું મન જોડાયું હતું.

હતો.) પુરુરવા રાજા સમુદ્રના તેર દ્વીપો (સ્વર્ણ-પ્રસ્થ, ચંદ્ર શુકલ, આવર્તન, રમણક, મંદર હરિણ, .પાંચજન્ય, સિંહલ, લંકા, રોમકપત્તન, સિદ્ધપુર, યમકોટિ, જંબુદ્વીપ, પ્લક્ષાદિ છ દ્વીપો મળીને એક) નો ઉપભોગ કરતો હતો. તે મહાયશસ્વી મનુષ્ય છતાં દૈવી સત્ત્વોથી યુક્ત હતો. બલથી ઉન્મત્ત થયેલા પુરુરવાએ બ્રાહ્મણો જોડે વૈર કર્યું હતું[20] અને તેણે રોદન કરતા બ્રાહ્મણોની પણ રત્નાદિ વસ્તુઓ હરણ કરી હતી; તેને સમજાવવા બ્રહ્મલોકમાંથી સનત્કુમારમુનિ તેની પાસે આવ્યા અને તેને ઉપદેશ કર્યો, તોપણ તેણે તે ઉપદેશ સ્વીકાર્યો નહિ. તે વખતે લોભી અને બલના મદથી બેભાન થયેલા તે રાજાને ક્રોધ પામેલા મહર્ષિઓએ શાપ આપ્યો અને તેથી તે તુરત મરણ પામ્યો હતો. ઉર્વશીસહિત તે રાજાએ ગંધર્વલોકમાં રહેલા (ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ અને આહવનીય નામના) ત્રણ અગ્નિ કે જેમનું અગ્નિહોત્રની ક્રિયાને માટે યથાવત્ વિધાન કરેલું છે તેમને આ પૃથ્વીમાં આણ્યા હતા. પુરુરવાથી ઉર્વશીમાં આયુ, ધીમાન, અમાવસુ, દૃઢાયુ, વનાયુ અને શતાયુ નામના છ પુત્રો થયા હતા. આયુના સ્વર્ભાનવીથી નહુષ, વૃદ્ધશર્મા, રજિ, ગય અને અનેના નામના પુત્રો થયેલા કહેવાય છે. હે પૃથ્વીપતિ ! તેમાં આયુનો પુત્ર સત્ય પરાક્રમી તથા બુદ્ધિમંત એવો નહુષ મહાન રાજ્યને ધર્મથી પાલન કરતો હતો. પિતૃઓ, દેવો, ઋષિઓ, વિપ્રો, ગંધર્વો, નાગો, રાક્ષસો, બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યોનું તે રક્ષણ કરતો હતો. તેણે ચોરનાં ટોળાંઓને મારીને પછી ઋષિઓ પાસેથી પણ કર લેવા માંડ્યો અને તે વીર્યવાન રાજા પશુની પેઠે તેમની પાસે પીઠ ઉપર બોજો ઉંચકાવવા લાગ્યો. વળી તે પોતાના તેજ, તપ, પરાક્રમ અને બુદ્ધિ તથા ઇંદ્રિયનાં સામર્થ્યથી દેવોનો પરાભવ કરીને ઇંદ્રપણું પણ પોતેજ કરતો હતો. નહુષે યતિ, યયાતિ, સંયાતિ, આયાતિ, અયતિ અને ધ્રુવ નામના પ્રિયવાદી છ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાં મનનશીલ યતિ તો યોગનો આશ્રય કરીને બ્રહ્મભાવને પામ્યો હતો; એટલે નહુષનો બીજો પુત્ર સત્ય પરાક્રમી યયાતિ ચક્રવર્તી રાજા થયો હતો. તે પૃથ્વીનું પાલન કરતો હતો અને તેણે ઘણા યજ્ઞો કર્યા હતા. વળી તે અપરાજિત રાજા અતિ ભક્તિથી પિતૃઓનું તથા દેવોનું યત્નપૂર્વક સદા યજનપૂજન કરતો હતો અને સર્વ પ્રજા ઉપર દયા રાખતો હતો. હે મહારાજ ! તેના દેવયાની અને શર્મિષ્ઠાથી મહાધનુર્ધારી અને સર્વગુણસંપન્ન એવા પુત્રો ઉત્પન્ન થયા હતા. તેમાં દેવયાનીથી યદુ અને તુર્વસુ તથા શર્મિષ્ઠાથી દ્રુહ્યુ, અનુ અને પૂરુ નામના પુત્રો થયા હતા.[૨૧–૩૫]

હે રાજન્ ! ઘણાં વર્ષસુધી ધર્મથી પ્રજાનું પાલન કરતાં તે યયાતિને મહાભયંકર, રૂપને નાશ પમાડનારી વૃદ્ધતા પ્રાપ્ત થઈ હતી. ત્યારે હે ભારત! વૃદ્ધાવસ્થાથી પરાભવ પામેલા તે રાજાએ યદુ, પૂરુ, તુર્વસુ, દ્રુહ્યુ અને અનુ નામના પુત્રોને કહ્યું કેઃ–"હે પુત્રો! હું યુવાન થઇ યૌવનવડે યુવતીઓની સાથે કામવિલાસ ભોગવવાની ઈચ્છા કરૂં છું; માટે તમે મને સહાય કરો."[૩૬–૩૮]

આ સાંભળીને દેવયાનીનો મોટો પુત્ર યદુ, રાજાને કહેવા લાગ્યો કેઃ–"અમારાં યૌવનથી તમે શું કાર્ય કરવા ધારો છો ?" યયાતિએ તેને કહ્યું કે, મારી વૃદ્ધતા તું ગ્રહણ કર અને તારા યૌવનથી હું વિષયો ભોગવું એવી મારી ઇચ્છા છે, કારણ કે લાંબા કાળના યજ્ઞો કરવાથી તથા શુક્ર મુનિના શાપથી મારો કામરૂપી પુરુષાર્થ નષ્ટ થયો છે અને હે પુત્રો ! તેથી મને સંતાપ થાય છે;[૩૯–૪૧] માટે તમારામાંથી એક મારા વૃદ્ધ શરીરને ધારણ કરી રાજ્ય ચલાવો અને હું નવાં શરીરથી જુવાન થઇને કામવાસનાને તૃપ્ત કરૂં."[૩૯–૪૨]

આ સાંભળતાં છતાં યદુ વગેરે કોઇ પણ પુત્રે તેની જરા ગ્રહણ કરી નહિ, ત્યારે સત્ય પરાક્રમી એવા નાના પુત્ર પૂરુએ રાજાને કહ્યું કેઃ–"હે રાજન્ ! મારૂં યૌવનવાળું નવું શરીર છે, માટે તે તમે લ્યો અને હું તમારી વૃદ્ધતાને ગ્રહણ કરી તમારી આજ્ઞાથી રાજ્ય ચલાવીશ." આ પ્રમાણે

પૂરુએ કહ્યું, ત્યારે રાજર્ષિ યયાતિએ પોતાના તપોબલના આશ્રયથી પોતાના મહાત્મા પુત્ર પૂરુના શરીરમાં જરાનો સંચાર કર્યો અને પૂરુના વયથી પોતે યૌવનવાળો થયો, તથા પૂરુ પણ યયાતિનું વય ગ્રહણ કરીને રાજ્ય કરવા લાગ્યો. આ પ્રકારે હજારો વર્ષને અંતે વૃદ્ધ વય છોડીને અપરાજિત એવો રાજસિંહ યયાતિ વાઘના જેવાં પરાક્રમવાળો યુવાન થયો.[૪૩-૪૭]

પછી યયાતિ રાજાએ બે પત્નીઓની સાથે લાંબા કાળસુધી વિહાર કર્યો. વળી તેણે વિશ્વાચી અપ્સરાની સાથે પણ ચૈત્રરથ વનમાં રમણ કર્યું; તોપણ હે રાજન્ ! તે મહા યશસ્વી રાજા કામથી તૃપ્ત થયો નહિ. પછી તેણે ભોગથી કામની તૃપ્તિ થતી,નથી એમ જ્યારે મનમાં જાણ્યું ત્યારે આ પ્રમાણે ગાથા ગાઇ હતી.[૪૮-૪૯]

"વિષયોના સેવનથી વિષયકામના કદી શાંત થતી નથી; પરંતુ સમિધ અને ઘી વગેરે નાખવાથી જેમ અગ્નિ વધે છે તેમ ફરી ફરીને તે વૃદ્ધિજ પામે છે.[૫૦] રત્નથી ભરેલી પૃથ્વી, સુવર્ણ, પશુઓ અને અનેક સ્ત્રીઓ એકને મળે તોપણ તે સઘળાં એક કામનાવાળા પુરુષને માટે પૂરતાં થતાં નથી, એમ માનીને શાંતિ ધારણ કરવી.(સર્વથા કામનાની શાંતિ થતાં બ્રહ્મજ થવાય છે એ કહે છેઃ–) જ્યારે મનુષ્ય કર્મ, મન અને વાણીથી પંચભૂતાત્મક એવા સ્ત્રી વગેરે વિષયોમાં પાપ–*કામના કરતો નથી, ત્યારે તે બ્રહ્મભાવને પામે છે. (એજ કામ વિઘ્નિત થવાથી ક્રોધ થાય છે માટે પોતાને અને બીજાને ભય આપનારા એવા ક્રોધને પણ હણવો એ કહે છે.) જ્યારે એ કોઈનાથી બીતો નથી અને એનાથી કોઇને બીક લાગતી નથી, વળી એ કંઈ ઇચ્છતો નથી અને કોઇનો દ્વેષ પણ કરતો નથી, ત્યારે બ્રહ્મભાવને પામે છે; અર્થાત્ ભય, ઇચ્છા અને દ્વેષરહિત થવાથીજ બ્રહ્મરૂપ થવાય છે."[૫૧-૫૩]

હે નૃપ ! મહાબુદ્ધિમાન યયાતિએ આ પ્રમાણે કામિત વિષયોની તુચ્છતા જોઇ, એટલે બુદ્ધિવડે મનનો નિગ્રહ કરી, પુત્રને આપેલી જરાને પાછી લીધી અને પૂરુને યૌવન આપ્યું તથા તેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો. કામથી †અતૃપ્તજ રહેલા યયાતિ રાજાએ પોતાના પુત્ર પૂરુને કહ્યું કેઃ–" તારાથીજ હું પુત્રવાન છું, તું મારા વંશનો પ્રવર્તક છે;માટે લોકમાં તારો વંશ પૌરવ વંશ કહેવાશે."[૫૪-૫૬]

વૈશંપાયન કહે છેઃ–હે રાજસિંહ ! પછી પૂરુને રાજ્ય સોંપી રાજા યયાતિ ભૃગુતુંગ પર્વત ઉપર તપ કરવા ગયા અને ત્યાં તે મહા તપસ્વી સત્કર્મ કરીને ઉપવાસ વગેરે તપ કરતા લાંબે કાળે પોતાની સ્ત્રીની સાથે કાલધર્મને અધીન થઈ સ્વર્ગપદને પ્રાપ્ત થયા.[૫૭-૫૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં અધ્યાય ૭૫ મા સમાપ્ત.

---

* કામ–કામનાની ચાર અવસ્થા છે. પ્રસુપ્ના, તન્વી, વિચ્છિન્ના અને ઉદારા; તેમાં સુષુપ્તિ અને પ્રલયમાં વાસનાવશેષ મનમાં બીજમાત્રથી અવશિષ્ટ રહેલી કામની અવસ્થા પ્રસુપ્ના કહેવાય છે. વૃત્તિને પ્રાપ્ત થયેલા મનમા વિષયોને જોતાં ઉદ્ભવેલી મનોરથરૂપિણી કામાવસ્થા તન્વી કહેવાય છે. સમાધિકાલમાં વિચ્છિન્ના અને ભોગકાલમાં કામની ઉદારાવસ્થા કહેવાય છે. મૂળ શ્લોકમાં કર્મ, વાણી અને મનવડે પાપ કરવું નહિ, એમ કહ્યું છે એથી કામની ઉદારા, તન્વી અને પ્રસુપ્તાવસ્થા નિવૃત્ત કરવા સૂચન છે અને જ્યારે તે ત્રણે કામાવસ્થા નિવૃત્ત થાય ત્યારે સમાધિમાં બ્રહ્મભાવ પમાય અને પરિણામે વિદેહકૈવલ્ય પ્રાપ્ત થાય. શ્રુતિ પણ એજ કહે છે. યદા સર્વે પ્રમુચ્યન્તે કામા યેऽસ્ય હૃદિશ્રિતાઃ અથ મર્ત્યોऽમૃતોભવત્યત્ર બ્રહ્મ સમશ્નુતે ॥ જ્યારે મરણધર્મવાળો મનુષ્ય હૃદયમાં રહેલી સર્વ કામનાથી મુક્ત થાય ત્યારેજ મુક્ત થઇ અહીંજ કૈવલ્ય અનુભવે છે.

†કામનાની નિવૃત્તિ બે પ્રકારથી થાય છે. એક દોષદૃષ્ટિથી અને બીજી તૃપ્તિથી. તેમાં વિવેકથી દોષદૃષ્ટિ થાય છે તથા વિજ્ઞાનથી તૃપ્તિ થાય છે; યયાતિ રાજાને વિવેક હોવાથી દોષદૃષ્ટિ ઉત્પન્ન થઈ અને તેવડે કામની નિવૃત્તિ થઈ; પરંતુ બ્રહ્મજ્ઞાનના અભાવથી તૃપ્તિ થઇ નહિ એ તાત્પર્ય છે.

[illegible]

અધ્યાય ૭૬ મો–કચને સંજીવિની વિદ્યા પ્રાપ્ત થઈ.

॥ जनमेजय उवाच ॥

ययातिः पूर्वजोऽस्माकं दशमो यः प्रजापतेः॥
कथं स शुक्रतनयां लेभे परमदुर्लभाम् ॥१॥

જનમેજય પૂછે છેઃ–પ્રજાપતિથી દશમા પુરુષ અને અમારા પૂર્વજ એવા યયાતિ રાજાને પરમ દુર્લભ એવી શુક્રાચાર્યની પુત્રી શા કારણથી મળી હતી? હે તપરૂપી ધનવાળા! તે હું વિસ્તારથી સાંભળવાની ઈચ્છા કરૂં છું તથા રાજાઓના ભિન્ન ભિન્ન વંશકર્તાઓને પણ સાંભળવા ઇચ્છું છું; માટે તમે તે સઘળું અનુક્રમથી મને કહો. [૧–૨]

વૈશંપાયન કહે છેઃ–પૂર્વે, દેવરાજ ઇંદ્રના જેવી કાંતિવાળો યયાતિ નામનો રાજા હતો. તેને શુક્ર અને વૃષપર્વાએ જે કારણથી પોતાની પુત્રીઓ પરણાવી હતી તથા નહુષના પુત્ર યયાતિનો દેવયાનીની સાથે જેવી રીતે સંયોગ થયો હતો તે હે જનમેજય! પ્રશ્ન કરતા એવા તમને હું કહું છું. [૩–૪]

આગળ દેવ અને દાનવોને સચરાચર ત્રણ લોકમાં ઐશ્વર્યને માટે પરસ્પરમાં ભારી સ્પર્ધા ચાલતી હતી. તે વખતે પોતાનો વિજય થવા માટે દેવોએ અંગિરાના પુત્ર બૃહસ્પતિને યજ્ઞાર્થે પુરોહિત કર્યા હતા અને દાનવોએ પોતાના વિજયને માટે કવિના પુત્ર શુક્રને પુરોહિત કર્યા હતા. તે બંને બ્રાહ્મણો નિરંતર પરસ્પરમાં અત્યંત સ્પર્ધા કરતા હતા; તેથી યુદ્ધમાં આવેલા જેટલા દાનવોને દેવો મારી નાખતા, તેમને શુક્રાચાર્ય પોતાના વિદ્યાબલથી ફરી સજીવન કરતા હતા, એટલે તે દાનવો ફરીથી ઉઠીને દેવોની જોડે યુદ્ધ કરતા હતા. યુદ્ધભૂમિમાં અસુરો જે દેવોને મારતા હતા, તેઓને ઉદાર બુદ્ધિવાળા બૃહસ્પતિ જીવાડી શકતા નહિ; કારણ કે જે સંજીવિની વિદ્યાને વીર્યવાન શુક્ર જાણતા હતા તે વિદ્યાને બૃહસ્પતિ જાણતા ન હતા. આથી દેવતાઓ બહુ ખેદ પામ્યા. પછી શુક્રના ભયથી ઉદ્વેગ પામેલા તે દેવો બૃહસ્પતિના મોટા પુત્ર કચની પાસે ગયા અને તેને કહેવા લાગ્યા કેઃ–"અમે તમારા તરફ પ્રીતિવાળા છીએ; માટે તમે પણ અમારા ઉપર પ્રીતિ દર્શાવી અમને ઉત્તમ સહાય આપો. અતુલ તેજવાળા બ્રાહ્મણ શુક્રમાં જે સંજીવિની વિદ્યા રહી છે, તેને તમે તત્કાલ મેળવો અને તેમ કરવાથી તમે અમારા યજ્ઞભાગના ભોક્તા થશો. તમે વૃષપર્વાની સમીપમાં શુક્રને જોઇ શકશો. તે ત્યાં રહીને દાનવોનું રક્ષણ કરે છે; પરંતુ દેવાદિનું રક્ષણ કરતા નથી. તે વિદ્વાનનું આરાધન કરવામાટે તરુણ વયવાળા તમેજ સમર્થ છો. વળી તે મહાત્માને દેવયાની નામની એક વહાલી પુત્રી છે, તેને શીલ, ચાતુર્ય, માધુર્ય, આચાર અને ઇંદ્રિયોના નિગ્રહથી તમેજ પ્રસન્ન કરવા સમર્થ છો. બીજો કોઇ સમર્થ નથી. જો દેવયાની સંતુષ્ટ થઇ તો તમે અવશ્ય તે વિદ્યાને પ્રાપ્ત કરશો." [૫–૧૯]

આવાં દેવવાકયોને સાંભળીને બૃહસ્પતિના પુત્ર કચે 'હું તેમ કરીશ' એમ કહ્યું, એટલે દેવોએ તેનું પૂજન કર્યું. પછી કચ વૃષપર્વાની પાસે જવા નીકળ્યો. દેવોએ મોકલેલો તે કચ ત્વરાથી વૃષપર્વા રાજાના નગરમાં ગયો અને ત્યાં શુક્રને જોઇને કહેવા લાગ્યો કેઃ–"અંગિરા ઋષિનો પૌત્ર અને સાક્ષાત્ બૃહસ્પતિનો પુત્ર હું કચ નામથી પ્રખ્યાત છું. મને આપ શિષ્યતરિકે સ્વીકારો. આપ ગુરુની પાસે હું હજાર વર્ષપર્યંત તીવ્ર બ્રહ્મચર્ય દીક્ષા પાળીશ. હે બ્રહ્મન્! આપ મને આજ્ઞા આપો."[૨૦] શુક્ર બોલ્યાઃ–"હે કચ! તું ભલે આવ્યો, તારાં વચનને હું સ્વીકારૂં છું. તું માન આપવા યોગ્ય છે તેથી હું તને માન આપુ છું અને તે માન બૃહસ્પતિનેજ આપેલું ગણાશે."[૨૧]

વૈશંપાયન કહે છેઃ–તે પછી શુક્રને સારૂં, એમ કહીને કચે, કવિના પુત્ર શુક્રાચાર્યે પોતે ઉપદેશેલું વ્રત ગ્રહણ કર્યું; અને હે રાજન!

યથોક્ત કાલમાં વ્રત ગ્રહણ કરીને ઉપાધ્યાય શુક્ર તથા દેવયાનીનું તે આરાધન કરવા લાગ્યો. યુવાન કચ નિરંતર તે બન્નેની સેવા કરતાં યૌવનને અનુરૂપ ગાયન તથા નૃત્ય કરીને અને વાદિત્ર વગાડીને દેવયાનીને પ્રસન્ન કરતો હતો. વળી હે ભારત ! યૌવનમાં આવેલી કન્યા દેવયાનીને પ્રસન્ન રાખવા તે તેને ફળફૂલ લાવી આપતો હતો તથા ફેરાફાંટા ખાઇને તેને સંતુષ્ટ કરતો હતો. દેવયાની પણ નિયમ અને વ્રતધારી એવા તે વિપ્રની આગળ એકાંતમાં ગાયન કરતી તથા લાડ લાડતી તેની પરિચર્યા કરતી હતી.[૨૨-૨૬]

આ પ્રમાણે વ્રત કરતાં કચને પાંચસો વર્ષ ગયાં, ત્યારે દાનવોએ તેને કચતરિકે ઓળખ્યો. પછી તેમણે એકાંત વનમાં કચ એકલો ગાયો ચારતો હતો ત્યાં તેને જોયો, ત્યારે કોપ કરીને બૃહસ્પતિ ઉપરના દ્વેષથી તથા વિદ્યાનું રક્ષણ કરવા માટે તેને મારી નાખ્યો અને તેના શરીરના ટુકડા કરીને કૂતરાં, વરૂ, શિયાળ વગેરેને ખાવા માટે નાખી દીધા. સાંજ થતાં ગોવાળ વિનાની ગાયો પોતાના સ્થાનમાં પાછી આવી. હે ભારત ! તે ગાયોને વનમાંથી કચવિના એકલી આવેલી જોઇને દેવયાની પોતાના પિતાને તે વખતે કહેવા લાગી.[૩૦]

દેવયાની બોલીઃ-"ઓ પિતાજી ! તમે અગ્નિહોત્રના અગ્નિમાં હોમ આપ્યો છે, સૂર્ય પણ અસ્ત પામ્યો છે અને ગોપવિના આપણી ગાયો પણ ઘેર આવી છે, તોપણ હે પ્રભો ! કચ જણાતો નથી. [૩૧] હે તાત ! જરૂર કચને કોઇએ મારી નાખ્યો હશે અથવા તે મરણ પામ્યો હશે. હું તેના વિના જીવીશ નહિ, એ હું તમને સત્ય કહું છું."[૩૨]

શુક્ર કહે છેઃ-"અહો, એમાં શું? આ 'આવ' કહેતાંની સાથેજ તે મરણ પામ્યો હશે તોપણ હું તેને જીવાડીશ." આમ કહીને શુક્રાચાર્યે સંજીવિની વિદ્યાનો પ્રયોગ કર્યો અને કચને બોલાવ્યો. બોલાવતાંની સાથેજ તે વરૂઓનાં શરીરને ફાડી ફાડીને બહાર નીકળ્યો અને વિદ્યાથી પ્રસન્ન થતો ગુરુની હાક સાંભળતાંજ ત્યાં આવી પહોંચ્યો. પછી 'તેં આવતાં કેમ વાર લગાડી !' એમ જ્યારે દેવયાનીએ પૂછ્યું, ત્યારે કચ તેને કહેવા લાગ્યો કેઃ-"હે ભાવિનિ ! હું સમિધ, દર્ભ અને લાકડાંનો ભારો લઇને આશ્રમની નજીકના વડ આગળ વિશ્રામ લેવા બેઠો હતો અને સઘળી ગાયો પણ ઝાડની છાયાનીચે એકઠી થઇને બેઠી હતી, તે વખતે અસુરોએ મને ત્યાં જોઇને પૂછ્યું કેઃ-'તું કોણ છે ?' ત્યારે મેં તેમને કહ્યું કેઃ-'હું બૃહસ્પતિનો કચ નામનો પ્રસિદ્ધ પુત્ર છું.' આટલું કહેતાંની સાથેજ દાનવોએ મને મારી નાખી મારા શરીરના કકડા કરીને તે શિયાળ, વરૂ વગેરેને નાખી દીધા અને તેઓ સુખેથી પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. હે ભદ્રે! પછી મહાત્મા ભાર્ગવે વિદ્યાથી મને બોલાવ્યો એટલે કેમે કરી જીવીને હું તારી પાસે આવ્યો છું." આ પ્રમાણે શુક્રાચાર્યની કન્યાના પૂછવાથી 'હું મરાયો હતો' એમ તેણે કહ્યું. ફરી એક વખત દેવયાનીના કહેવાથી તે બ્રાહ્મણ કચ પુષ્પો લેવા વનમાં ગયો હતો. ત્યાં તેને દાનવોએ જોયો, એટલે તેને ફરીથી મારી નાખી તેના શરીરનો લોટ કરી સમુદ્રના પાણીમાં મેળવી દીધો. [૪૦] લાંબા વખતથી ગયેલા કચને જાણીને ફરી દેવયાનીએ પોતાના પિતાને કહ્યું. ત્યારે શુક્રાચાર્યે બૃહસ્પતિના પુત્રને પુનઃ વિદ્યાથી બોલાવ્યો, એટલે કચ ત્યાં પાછો આવ્યો અને તેણે થયેલું સઘળું વૃત્તાંત જણાવ્યું. વળી અસુરોએ ત્રીજી વાર કચને મારી નાખ્યો અને તેના શરીરને બાળી રાખ કરી તેને મદિરામાં ભેળવી દઈ તે મદિરા શુક્રનેજ પાઈ દીધી. વળી દેવયાનીએ પોતાના પિતાને કહ્યુંઃ-"ઓ તાત ! આપણું કામ કરનારો કચ પુષ્પ લેવા ગયો છે, પણ હજી તે જણાતો નથી; જરૂર તે હણાયો અથવા મરણ પામ્યો હોવો જોઇએ. હું તમને સત્ય કહું છું કે કચવિના મારૂં જીવન રહેશે નહિ."[૪૧-૪૫]

શુક્ર બોલ્યાઃ-"હે પુત્રિ ! બૃહસ્પતિનો પુત્ર કચ મૃત્યુ પામ્યો છે. હું તેને વિદ્યાથી જીવાડું છું તોપણ તેને અસુરો વારંવાર મારી નાખે છે તેમાં હું શું કરૂં ? હે દેવયાનિ ! તું આમ શોક

કર નહિ તથા રડ નહિ. તારા જેવી (દેવી કન્યા) મરણધર્મવાળાનો શોક કરતી નથી. મારા પ્રભાવથી તને વેદ, બ્રાહ્મણો, ઇંદ્રસહિત દેવો, વસુઓ, અશ્વિનીકુમાર, અસુરો અને સર્વ જગત સંધ્યોપાસનની વખતે નમે છે; તે તારે શોક કરવો ઘટે નહિ. એ બ્રાહ્મણને જીવાડવો અશક્ય છે અને જીવાડીશું તોપણ ફરી અસુરો તેનો વધ કરશે."૪૭

દેવયાની કહે છેઃ–"સર્વ રીતે શ્રેષ્ઠ એવા અંગિરા ઋષિ જેના પિતામહ છે અને તપના ભંડારરૂપ બૃહસ્પતિ જેના પિતા છે, તે અંગિરાના પૌત્ર અને બૃહસ્પતિના પુત્રનો હું કેમ શોક કરૂં નહિ? તથા કેમ રડું નહિ? તે બ્રહ્મચારી તપસ્વી, કાર્ય કરવામાં ચતુર અને નિત્ય ઉદ્યોગશીલ છે. તે કચની પાછળ હું પણ મરીશ. તેના વિના ખાઇશ નહિ. સર્વ પ્રકારે યોગ્ય એવો તે કચ મને ઘણો વહાલો છે." ૪૮–૫૦

વૈશંપાયન કહે છેઃ–દેવયાનીના વાક્યથી પીડાયલા મહર્ષિએ ક્રોધ કરી અસુરોને બોલાવ્યા અને તેમને કહ્યું કે.–"નિઃસંશય અસુરો મારો દ્વેષ કરે છે; કેમકે તેઓ મારા શિષ્યોને આવતાંજ મારી નાખે છે. વળી ઘોર કર્મવાળા તેઓ મને પણ બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ કરવા ઇચ્છે છે અને હમેશ મારાથી વિરુદ્ધ વર્તે છે, પરંતુ એ પાપનો હવે અહીંજ છેડો આવશે; કારણ કે બ્રહ્મહત્યા ઇંદ્રને પણ બાળી મૂકે તો તે બીજાને કેમ બાળે નહિ?"આ પ્રમાણે કહીને શુક્રે પોતાની વિદ્યાથી કચને બોલાવ્યો, તે વખતે પેટમાં રહેલા કચે ગુરુના ભયથી ધીરે રહીને (પોતે પેટમાં છે એ અર્થવાળું) વચન કહ્યું.

વૈશંપાયન કહે છેઃ–તે વખતે શુક્રે તેને પૂછ્યું કેઃ–'હે વિપ્ર! તું કયે માર્ગે થઈને મારા પેટમાં જઈ બેઠો છું તે મને કહે.' ૫૧–૫૩

કચ બોલ્યોઃ–"હે ગુરો! તમારી દયાથી મારી સ્મૃતિ લોપાતી નથી. જે જેમ થયું હોય છે તે સર્વ મને યાદ રહે છે અને તેમ હોવાથીજ મારા તપનો ક્ષય થતો નથી; (અર્થાત્ સ્મૃતિ હોવાથીજ ગુરુનું પેટ ફાડવારૂપી પાપ થયું નથી) અને તે હેતુથીજ હું આ ઉદરનિવાસરૂપી ઘોર કષ્ટને પણ વેઠું છું. હે કાવ્ય! અસુરોએ મને મારી, બાળી, ભૂકો કરી, મદિરામાં મેળવીને તે મદિરા તમને પાઈ હતી; પરંતુ બ્રાહ્મી, દૈવી અને આસુરી એવી ત્રિવિધ માયાને જાણનારા એવા તમને દેવ, બ્રાહ્મણ અથવા અસુર કોણ ઉલ્લંઘન કરી શકે?"૫૫

શુક્ર કહે છેઃ–"હે વત્સે! હે દેવયાનિ! બોલ, તું કહે તે આજે તારૂં પ્રિય કરૂં? મારૂં મૃત્યું થશે તો કચ જીવશે; કેમકે મારૂં પેટ ફાડયા વિના મારા પેટમાં રહેલો કચ કોઇ રીતે દેખાશે નહિ."૫૬

દેવયાની બોલી.–"કચના નાશથી અથવા તમારા વિઘાતથી થયેલા બન્ને શોકો મને અગ્નિની પેઠે બાળશે. કચનો નાશ થતાં મને સુખ થશે નહિ અને તમારૂં મરણ થતાં તો હું જીવી શકીશજ નહિ."૫૭

શુક્ર બોલ્યાઃ–"હે બૃહસ્પતિપુત્ર! તું સિદ્ધ મેળવવા યોગ્ય થયો છે; કારણકે ભક્ત એવા તને દેવયાની ભજે છે. આ સંજીવિની વિદ્યાને તું પ્રાપ્ત થા, પરંતુ કચરૂપધારી તું ઇંદ્ર હોવો ન જોઇએ. મારા પેટમાં ગયેલો બ્રાહ્મણવિના બીજો કોઇ જીવતો પાછો નીકળે નહિ, એટલે તું બ્રાહ્મણજ છે અને તેથી તું વિદ્યાને ગ્રહણ કર. હે તાત! પ્રથમ હું તને જીવાડું છું, પછી તું મારા દેહથી બહાર આવીને મારા પુત્રરૂપ થઇને મને જીવાડજે. ગુરુથી વિદ્યા પ્રાપ્ત કરી વિદ્યાવાળો થઇને તું ગુરુના તરફ ધાર્મિક દૃષ્ટિથીજ જોજે, અર્થાત્ કૃતઘ્ની થઇશ નહિ" ૫૮–૬૦

વૈશંપાયન કહે છેઃ–તે પછી ગુરુની પાસેથી સંજીવિની વિદ્યા મેળવીને યોગ્યતાવાળો થયેલો કચ પૂર્ણિમાએ દિવસના અંતમાં પૂર્વ દિશા ભેદીને જેમ ચંદ્ર નીકળે, તેમ બ્રાહ્મણ શુક્રનુ પેટ ફાડીને બહાર નીકળ્યો. પછી તેણે વેદસમુદાયરૂપ પોતાના ગુરુનું પડેલું શરીર જોઇને મરણ પામેલા ગુરુને સંજીવિની વિદ્યાના બલથી જીવાડીને ઉઠાડયા. આ પ્રકારે સંજીવિની વિદ્યા મેળવીને કચ ગુરુને પ્રણામ કરી કહેવા લાગ્યો કે, જેમ મારા કાનમાં આ શુક્રે અમૃત-

રૂપિણી સંજીવિની વિદ્યા રેડી છે, તેમ બીજો પણ જે વિદ્યાશૂન્ય એવા મને મોક્ષવિદ્યા આપે તેને હું પિતા અને માતા માનું તથા તેના કરેલા ઉપકારને જાણી કદી તેનો દ્રોહ કરૂં નહિ. જેઓ ઉત્તમોત્તમ એવા કર્મ, ઉપાસના અને જ્ઞાનકાંડાત્મક વેદને આપનારા વિદ્યાના નિધિરૂપ ગુરુની પાસેથી વિદ્યા ભણીને પૂજ્ય એવા તે ગુરુને માન આપતા નથી, તેઓ વિદ્યાનાં ફળને ન મેળવી પાપલોક (નરક)-માં જાય છે. ૬૧–૬૪

વૈશંપાયન કહે છેઃ–હવે મદિરાપાનથી ઠગાયલા અને તેથી ભયંકર બેભાનપણાને પામેલા તથા કચ બ્રાહ્મણને પણ મદિરાથી મૂઢ થઇને પી ગયેલા એવા મહાન મહિમાવાળા શુક્રાચાર્ય તે વાતનું સ્મરણ કરી, કુપિત થઇ ઉઠયા અને તે વખતે સુરાપાનપ્રત્યે ક્રોધ કરી, બ્રાહ્મણોનું હિત કરવા ઇચ્છતા તે પોતે આ પ્રમાણે વાકય કહેવા લાગ્યાઃ–"આજથી આરંભી જે કોઈ મંદબુદ્ધિવાળો બ્રાહ્મણ મોહથી મદિરાપાન કરશે, તે ધર્મથી ભ્રષ્ટ થશે અને તેને બ્રહ્મહત્યાનું પાપ લાગશે તેમજ આ લોક અને પરલોકમાં તે નિંદાપાત્ર થશે. મેં આ સર્વ લોકમાં બ્રાહ્મણોના ધર્મમાં કહેલી મર્યાદા સ્થાપી છે, એને સત્પુરુષો, ગુરુસેવા કરનારા વિપ્રો, દેવો તથા સર્વ લોકો સાંભળો." આ પ્રમાણે કહ્યા પછી મહાનુભાવ, તપના નિધિના પણ નિધિ અને અમાપ યોગ્યતાવાળા શુક્રે દેવથી મૂઢ બુદ્ધિના થયેલા તે દાનવોને બોલાવી આ પ્રમાણે કહ્યું કેઃ–"હે દાનવો! હું તમને કહું છું કે તમે ખરેખર મૂર્ખ છો, કચ સિદ્ધ થયો છે; અર્થાત્ મારા પેટમાં કચને નાખીને તેનું કાર્ય તમે જલદીજ સિદ્ધ કરી આપ્યું છે. હવે તો બ્રહ્મભૂત એ મહાત્મા બ્રાહ્મણ સંજીવિની વિદ્યા પ્રાપ્ત કરીને મારા જેવા પ્રભાવવાળો થયો છે અને હવે એ મારી બરોબર રહેશે." આટલુંજ માત્ર કહીને શુક્ર શાંત થયા અને વિસ્મય પામેલા દાનવો પોતાના સ્થાનમાં ગયા. કચ પણ એક હજાર વર્ષ ગુરુની પાસે રહીને તેમની આજ્ઞા મેળવી સ્વર્ગમાં જવાની ઇચ્છા કરવા લાગ્યો. ૬૫–૭૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે યયાતિ–ઉપાખ્યાનમાં અધ્યાય ૭૬ મો સમાપ્ત.

અધ્યાય ૭૭ મો–કચ તથા દેવયાનીના પરસ્પર શાપ અને કચનું દેવલોકમાં પ્રયાણ

॥ वैशंपायन उवाच ॥

समावृतव्रतं तं तु विसृष्टं गुरुणा तदा ॥
प्रस्थितं त्रिदशावासं देवयान्यब्रवीदिदम्॥१॥

વૈશંપાયન કહે છેઃ–કચે બ્રહ્મચર્ય વ્રત સમાપ્ત કર્યું તથા ગુરુએ તેને જવાની આજ્ઞા આપી ત્યારે તે દેવલોકમાં જવામાટે તૈયાર થયો, તે વખતે દેવયાની કચને આ પ્રમાણે કહેવા લાગીઃ– "હે અંગિરા ઋષિના પૌત્ર! તું સદાચાર, કુલ, વિદ્યા, તપ અને ઇંદ્રિયનિગ્રહથી અતિશય શોભે છે. જેમ મહાયશસ્વી અંગિરા ઋષિ મારા પિતાને માન્ય છે, તેમજ મને પણ બૃહસ્પતિ અતિશય પૂજ્ય અને માન્ય છે. એમ સમજીને હે તપરૂપી ધનવાળા! હું જે કહું છું, તે ઉપર તું લક્ષ્ય આપ. જ્યારે તું નિયમયુક્ત થઈને વ્રત કરતો હતો, ત્યારે હું તારાપ્રત્યે જે રીતે (પ્રેમથી) વર્તતી હતી, તે રીતે હવે તું પણ વિદ્યા સમાપ્ત કરીને વ્રતથી મુક્ત થયો છે; માટે તારે તારી ભક્ત એવી મને સ્વીકારવી યોગ્ય છે. હે કચ! હવે તું મંત્રપૂર્વક વિધિથી મારૂં પાણિગ્રહણ કર." ૧–૫

કચ કહે છેઃ–"હે સ્તુત્ય અંગવાળી! જેમ ઐશ્વર્યસંપન્ન એવા તારા પિતા મારે પૂજ્ય અને માન્ય છે તેમ તું પણ મારે અત્યંત પૂજન

કરવા યોગ્ય છે. તું મહાત્મા ભાર્ગવને પ્રાણથી પણ અધિક વહાલી છે. હે કલ્યાણિ! તું મારી ગુરુપુત્રી છે,એટલે ધર્મથી નિત્ય પૂજવા યોગ્યજ ગણાય. જેમ તારા પિતા અને મારા ગુરુ શુક્રાચાર્ય મારે નિત્ય માન આપવા યોગ્ય છે,તેમજ હે દેવયાનિ ! તને પણ મારે માન આપવુંજ ઘટે છે; માટે મને તારે આ પ્રમાણે કહેવું યોગ્ય ગણાય નહિ.”૬-૮

દેવયાની કહે છેઃ–“ તું તો ગુરુ–બૃહસ્પતિ-જેના પુત્ર છે એવા અંગિરાનો પૌત્ર છે, કંઈ મારા પિતાનો પુત્ર નથી અને તેથીજ હે દ્વિજ-શ્રેષ્ઠ! મને પણ તું માન્ય તથા પૂજ્ય છે.હે કચ ! જ્યારે વારંવાર તને અસુરો હણતા હતા, તે વખતથી મારી જે પ્રીતિ છે તેને તું યાદ કર.૧૦ મારાં સૌહાર્દ અને પ્રીતિથી તું મારી ઉત્તમ ભક્તિને સમજી લે. હે ધર્મજ્ઞ! હું તારી ભક્ત છું એટલે તારે મને અપરાધવિના ત્યજવી ઘટતી નથી.”૧૧

કચ બોલ્યોઃ–“હે શુભ વ્રતવાળી! તું મને ન કરવા જેવા કાર્યને માટે આજ્ઞા કરે છે. હે સુંદર ભ્રૂકુટીવાળી! મારા ઉપર કૃપા કર. ખરેખર તું તો મને ગુરુ કરતાં પણ અધિક માન્ય છે. હે વિશાલનયનવાળી ભાવિનિ ! હે ચંદ્રના જેવા મુખવાળી કલ્યાણિ! જે શુક્રના ઉદરમાં તું રહી હતી, તેજ ઉદરમાં હું પણ રહ્યો છું; માટે તું તો મારી ધર્મથી બહેન કહેવાય. હે સુમધ્યમે! તું મને આવું કહીશ નહિ. હે ભદ્રે ! હું આજસુધી અહીં સુખથી રહ્યો છું, મને કંઈ પણ દુઃખ પડયું નથી; હવે હું તારી આજ્ઞા માગું છું અને અહીંથી જાઉં છું. માર્ગમાં મારૂં શુભ થાય એવું તું ચિંતન કર અને ધર્મને બાધ ન લાગે એવી વાતોમાં તું મને યાદ કરજે તથા પ્રમાદથી રહિત થઇને આલસ્ય ન રાખતાં મારા ગુરુની સેવા કરજે.”૧૨-૧૫

દેવયાની કહે છેઃ–“હે કચ ! હું તારી ધાર્મિક કામનાવડે યાચના કરૂં છું,છતાં તું તેની ના પાડશે તો તારી સંજીવિની વિદ્યા તને સિદ્ધિ આપશે નહિ.”૧૬

કચ કહે છેઃ–“તું ગુરુની પુત્રી છે એમ માનીને તથા તારાં કહેલાં કામને માટે ગુરુએ મને આજ્ઞા આપી નથી,તેથીજ હું તને ના પાડું છું, કંઈ તારામાં દોષ છે એમ માનીને ના કહેતો નથી. તેમ છતાં તારી ઇચ્છા શાપ આપવાની થતી હોય તો ભલે તું મને શાપ આપ. હે દેવયાનિ! સહોદરના વિવાહની ઋષિઓએ ના કહેલી છે. તે ઋષિપ્રણીત ધર્મને હું કહું છું, છતાં તેં મને જે શાપ આપ્યો છે, તે શાપને માટે હું યોગ્ય નથીજ; કારણ કે તેં કામવૃત્તિથીજ શાપ આપ્યો છે, ધર્મથી નહિ; માટે તારી પણ જે કામના છે તે તારા ધારવા પ્રમાણે પૂર્ણ થશે નહિ. કોઈ પણ ઋષિપુત્ર તારી સાથે કદાપિ લગ્ન કરશે નહિ. તેં જે મને કહ્યું છે કેઃ–‘તારી વિદ્યા ફળીભૂત થશે નહિ’ ભલે તે તેમ થાઓ, પરંતુ હું જેને તે વિદ્યા ભણાવીશ તેને તો તે ફલીભૂત થશેજ.”૨૦

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે દ્વિજશ્રેષ્ઠ કચ દેવયાનીને કહીને તત્કાલ દેવભવનપ્રત્યે જતો રહ્યો. તેને આવેલો જોઇને ઇંદ્ર વગેરે દેવો, બૃહસ્પતિને સન્માન આપી કચને કહેવા લાગ્યા.૨૨

દેવો બોલ્યાઃ–“તમે અમારાં હિતને માટે જે પરમ અદ્દભુત કામ કર્યું છે, તેથી તમારી કીર્તિ કદી નાશ પામશે નહિ અને તમને યજ્ઞનો ભાગ પણ પ્રાપ્ત થશે.*”૨૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં અધ્યાય ૭૭ મો સમાપ્ત.

---

* એજ કચ વેદમાં ‘શંયુ’ નામથી કહેવાય છે.

અધ્યાય ૭૮ મો-દેવયાની અને શર્મિષ્ઠા વચ્ચે વિરોધ

॥ वैशंपायन उवाच ॥
कृतविद्ये कचे प्राप्ते हृष्टरूपा दिवौकसः ॥
कचादधीत्य तां विद्यां कृतार्था भरतर्षभ॥१॥

વૈશંપાયન કહે છેઃ-હે ભરતકુલમાં શ્રેષ્ઠ! કચ વિદ્યા પ્રાપ્ત કરીને આવ્યો તેથી દેવો પ્રસન્ન થયા અને તેઓ કચની પાસેથી તે સંજીવિની વિદ્યાનું અધ્યયન કરીને કૃતાર્થ થયા. પછી તે સઘળા દેવો એકઠા થઈને ઇંદ્રને કહેવા લાગ્યા કેઃ-'હે પુરંદર! હવે તમારે પરાક્રમ કરવાનો વખત છે, માટે તમે શત્રુઓ ઉપર ચઢાઈ કરીને તેમને મારો.' આ પ્રમાણે સર્વ દેવોના કહેવાથી 'ઇંદ્રે ભલે તેમ કરીએ,' એમ કહ્યું અને ભૂતલપ્રત્યે પ્રયાણ કર્યું. ત્યાં તેણે વનમાં સ્ત્રીઓને જોઈ. તે કન્યાઓ ચૈત્રરથ વનના જેવા એક સુંદર વનમાં ક્રીડા કરતી હતી. ઇંદ્રે વાયુનું રૂપ ધારણ કરીને તેમનાં સર્વ વસ્ત્રોને એકઠાં કરી નાખ્યાં. પછી જલક્રીડા કરી રહી પાણીમાંથી બહાર નીકળેલી તે કન્યાઓએ સાથેજ બધાં ભેગાં થયેલાં વસ્ત્રમાંથી પોતપોતાનાં વસ્ત્રો લેવા માંડયાં. તેમાં વસ્ત્ર ભેગાં થઇ ગયેલાં ન જાણતી વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ દેવયાનીનું વસ્ત્ર ભૂલથી પહેરી લીધું. તેથી દેવયાની અને શર્મિષ્ઠા વચ્ચે પરસ્પર વિરોધ ઉત્પન્ન થયો. ૧-૭

દેવયાની બોલીઃ-"હે અસુરપુત્રિ! તું મારી શિષ્યા થઈને મારૂં વસ્ત્ર કેમ ધારણ કરે છે? તું સદાચારથી રહિત છે, માટે તારૂં સારૂં થશે નહિ." ૮

શર્મિષ્ઠા બોલીઃ-"ઓ ભિક્ષુકિ! મારા પિતા બેઠા હોય અથવા સૂતા હોય ત્યારે તારો બાપ નીચે આસને બેસીને તથા વિનમ્ર થઇને ભાટની પેઠે તેમની વારંવાર સ્તુતિ કરે છે. તું તો ભીખ માગનારા, સ્તુતિ કરનારા અને દાન લેનારાની છોકરી છે અને હું તો દાન આપનારા, સ્તુતિ કરાતા અને પ્રતિગ્રહ ન કરનારાની પુત્રી છું.૧૦ઓ માગનારી ભિખારણ! તારી મરજીમાં આવે તેમ તું રડ, પડ, આળોટ, છાતી કૂટ અને ફાવે તેટલો ક્રોધ કર; પરંતુ તેથી દરિદ્રણ અને સાધન વિનાની તું,સાધનસંપન્ન એવી મને શું કરી શકવાની છે? તારી સાથે તો હું બરોબર પહોંચી વળું એવી છું; પણ જા, હું તને ગણકારતીજ નથી."

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે શર્મિષ્ઠા બોલી, પરંતુ દેવયાની સત્ય વચન બોલવાથી મહત્તા પામતી હતી તે જોઇને અને તેને વસ્ત્રને માટે આગ્રહ કરતી જોઇને, ક્રોધ પામેલી શર્મિષ્ઠાએ તેને કૂવામાં ફેંકી દીધી તથા તે મરી ગઈ છે, એમ માની પાપ નિશ્ચયવાળી શર્મિષ્ઠા ક્રોધના આવેશથી કૂવામાં જોયા વિનાજ પોતાને ઘેર ચાલી ગઇ. હવે તેજ સ્થાન આગળ મૃગ મેળવવાની ઇચ્છાથી નહુષનો પુત્ર યયાતિ રાજા આવી પહોંચ્યો. તેના રથે જોડેલા ઘોડાઓ અને બીજા ઘોડાઓ થાકી ગયા હતા તથા તેને પોતાને પાણીની તરસ લાગી હતી, તેથી તેણે કૂવામાં નજર કરી તો કૂવામાં પાણી દીઠું નાહ, પણ તેમાં એક અગ્નિની જ્વાલા જેવી તેજસ્વી કન્યાને દીઠી. દેવના જેવા વર્ણવાળી તે કન્યાને જોતાંજ તેનું સાંત્વન કરીને રાજાઓમાં શ્રેષ્ઠ એવા યયાતિ રાજાએ મધુરવચનથી પૂછયું કેઃ-"તામ્રનખવાળી, યૌવનમાં આવેલી અને શુદ્ધ મણિનાં કુંડલને ધારણ કરનારી તું કોણ છે? તું ઉંડા વિચારમાં પડેલી જણાય છે, વળી દીન થઇને તું શામાટે શોક કરે છે? વેલા અને ઘાસથી વીંટાયલા આ કૂવામાં તું શા કારણથી પડી છે? અને હે સુંદર મધ્યવાળી! તું કોની પુત્રી છે? તે સઘળું મને સત્યથી કહે."

દેવયાની બોલીઃ-"દેવોથી હણાયલા દૈત્યોને જે સંજીવિની વિદ્યાથી જીવાડે છે, તે શુક્રની હું કન્યા છું. મને આવી વિપત્તિમાં પડેલીને જરૂર તે જાણતા નહિજ હશે. હે રાજન્! આ લાલ નખવાળી આંગળીઓવાળો મારો જમણો હાથ

પકડીને મને તમે બહાર કાઢો; કારણ કે હું તમને કુલીન માનું છું. તમે પ્રતાપવાળા, યશસ્વી તથા શાંત છો તે હું જાણું છું; અને તેથીજ તમે આ કૂવામાં પડેલી એવી મને બહાર કાઢવા યોગ્ય છો. ”

વૈશંપાયન કહે છેઃ–નહુષના પુત્ર યયાતિ રાજાએ તે બ્રાહ્મણની કન્યા છે, એમ જાણીને તેનો જમણો હાથ પકડી કૂવામાંથી બહાર કાઢી. તે કૂવામાંથી તેને બલવડે બહાર કાઢયા પછી સુંદર કટિવાળી દેવયાનીની રજા લઇને યયાતિ રાજા પોતાના નગરપ્રત્યે ચાલ્યો ગયો અને યયાતિ રાજાના ગયા પછી સ્તુત્ય એવી દેવયાની પણ પોતાની આગળ આવેલી દાસીપ્રત્યે શોકસંતપ્ત થઇને કહેવા લાગી.

દેવયાની બોલીઃ–“ આ દાસી! તું તુરત જા અને શીઘ્ર મારા પિતાને કહે કે હું હવે વૃષપર્વાના નગરમાં આવીશ નહિ. ”

વૈશંપાયન કહે છેઃ–હે મહાભાગ ! આ સાંભળીને તે દાસી ઉતાવળથી અસુરરાજ વૃષપર્વાને ત્યાં ગઈ અને ત્યાં શુક્રને જોઇ, ગભરાયલા ચિત્તથી મહાન બુદ્ધિમાન શુક્રને, વનમાં વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ દેવયાનીને મારી હતી, તે વાત કહી. પોતાની પુત્રીને શર્મિષ્ઠાએ મારી હતી, એ વાત સાંભળીને કવિના પુત્ર શુક્રને દુઃખ થયુ અને તેઓ પુત્રીની વનમાં ખોળ કરવા ત્વરાથી નીકળ્યા. જ્યારે શુક્રે પોતાની દુહિતા દેવયાનીને વનમાં જોઇ, તે વખતે તેને બે હાથવતી ભેટી દુઃખિત થઇને તે કહેવા લાગ્યાઃ–“ હે પુત્રિ ! સર્વ મનુષ્યો પોતાનાં કર્મથીજ સુખ તથા દુઃખ ભોગવે છે.[૩૦] હું માનું છું કે તારૂં પણ કંઈ પાપ હશે અને આવું ફળ મળવાથી તે તારા પાપની નિવૃત્તિ થઈ છે. ”

દેવયાની બોલીઃ–“ મારા પાપની નિવૃત્તિ થાઓ કે ન થાઓ; પરંતુ વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ મને જે કહ્યું છે તે તમે મારા મુખથી એકાગ્ર ચિત્તે સાંભળો. તમે દૈત્યોની સ્તુતિ ગાનારા છો એમ મને વૃષપર્વાની શર્મિષ્ઠાએ કહ્યું, તે શું તેણે સત્ય કહ્યું છે ? તે તો ક્રોધથી લાલ આંખો કરીને મને મર્મ ભેદી નાખે એવાં કઠોર અક્ષરવાળાં વચનો વારંવાર કહેતી હતી કે, ‘ તું તો સ્તુતિ કરનારાની, ભીખ માગનારાની અને દાન લેનારાની પુત્રી છે;અને હું તો બીજાઓથી સ્તુતિ કરાતા, દાન આપનારા પણ દાન ન લેનારાની પુત્રી છું.’ આવું ક્રોધથી લાલ નેત્રો કરીને ગર્વથી ભરેલી વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ મને પુનઃ પુનઃ કહ્યું હતું. આ પિતાજી ! જો હું સ્તુતિ કરનારાની અને દાન લેનારાની દીકરી હોઉં તો શર્મિષ્ઠાને પ્રસન્ન રાખવા યત્ન કરૂં એમ મેં સખીને કહ્યું હતું.”[૩૧-૩૬]

શુક્ર બોલ્યાઃ–“ હે દેવયાનિ! તું સ્તુતિ કરનારાની, યાચના કરનારાની તથા દાન લેનારાની પુત્રી નથી; પણ કોઈની સ્તુતિ ન કરનારા અને સર્વથી સ્તુતિ કરાતા એવાની પુત્રી છે. જેની સામે કોઈનું બલ ચાલતું નથી એવું તથા અચિંત્ય, વ્યાપક અને નિયામક એવું મારૂં ઇશ્વરી બલ છે, કે જેને વૃષપર્વા, ઇંદ્ર અને નહુષના પુત્ર યયાતિજ જાણે છે. આ ભૂમિમાં અથવા સ્વર્ગમાં જે જે કંઈ છે, તે સર્વના હું નિત્ય ઇશ્વર છું એમ મને પ્રસન્ન થયેલા બ્રહ્માએ પોતે કહ્યું છે. વળી સર્વ પ્રજાના હિતને માટે હુંજ જલની વૃષ્ટિ કરૂં છું અને સર્વ ઔષધિઓનું પોષણ પણ હુંજ કરૂં છું. આ હું તને સત્ય કહું છું. ”[૩૭-૪૦]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે પિતાએ મધુર તથા સુંદર વચનો કહીને ખિન્ન થએલી તથા ક્રોધથી પીડાતી પોતાની પુત્રીનું સાંત્વન કર્યું. [૪૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં અધ્યાય ૭૮ મો સમાપ્ત.

અધ્યાય ૭૯ મો–શુક્રાચાર્ય અને દેવયાનીનો સંવાદ

॥ शुक्र उवाच ॥
यः परेषां नरो नित्यमतिवादांस्तितिक्षते ॥
देवयानि विजानीहि तेन सर्वमिदं जितम्॥१॥

શુક્ર બોલ્યા:–"જે મનુષ્ય પારકાનાં નિંદક વચનોને નિત્ય સહન કરે છે; હે દેવયાનિ! તું નક્કી જાણજે કે તેણે આ સર્વ જગત જીત્યું છે. જેમ ઉછળતા ઘોડાને વશ રાખનારાને નિયંતા–સારથ કહેવામાં આવે છે; પણ માત્ર લગામ પકડીને બેસી રહેનારો સારથિ કહેવાતો નથી, તેમ જે ઉછળતા ક્રોધને વશ રાખે છે તેને સત્પુરુષો નિયંતા જિતેંદ્રિય કહે છે; પણ જે ક્રોધના ફલરૂપ આપત્તમાં જઈ પડે છે, તેને નિયંતા કહેતા નથી. જે મનુષ્ય ઉત્પન્ન થયેલા ક્રોધને અક્રોધવડે નિવૃત્ત કરે છે; હે દેવયાનિ! તું નક્કી જાણ કે તેણે આ સર્વ જગતને જીત્યુ છે. જેમ સર્પ પોતાની જૂની કાંચળીને કાઢી નાખે છે, તેમ જે ઉત્પન્ન થયેલા ક્રોધને ક્ષમાથી કાઢી-નાખે છે તેજ પુરુષ–પુરુષાર્થ કરનારો કહેવાય છે. જે મનુષ્ય ક્રોધને વશ રાખે છે, જે નિંદાનાં વચનોને સાંખી શકે છે અને જે સંતાપ પામતાં પણ બીજાને સંતાપ આપતો નથી, તે ચારે પુરુ-ષાર્થને મેળવવા પાત્ર છે. જે મનુષ્ય અવિશ્રાંત રીતે પ્રત્યેક મહિને મહિને પિતૃયજ્ઞથી સો વર્ષ-સુધી યજન કરે છે, તે અને જે કોઈના ઉપર પણ ક્રોધ કરે નહિ તે, એ બેમાંથી ક્રોધ ન કરનારો શ્રેષ્ઠ ગણાય છે. જે મૂર્ખ છોકરાઓ અને છોકરી-ઓ પરસ્પરમાં વેર કરે છે, તેને ડાહ્યા માણસે અનુસરવું નહિ, અર્થાત્ તે વઢવાડમાં જોડાવું નહિ;કારણ કે છોકરાંઓ બલાબલને-સાચાંખોટાં-ને સમજતાં નથી."૧–૭

દેવયાની બોલી:–"હે પિતાજી! હું બાલક છું, તોપણ ધર્મોમાં રહેલાં અંતરને સમજું છું અને અક્રોધ તથા વિવાદના બલાબલના ભેદને પણ સમજું છું;પરંતુ જે શિષ્ય ગુરુપ્રત્યે શિષ્ય-વૃત્તિથી વર્તતા નથી, તે શિષ્યને પોતાના માનની અપેક્ષા રાખનારા ગુરુએ ક્ષમા આપવી જોઇએ નહિ અને તેટલા માટેજ ચારિત્ર્યથી ભ્રષ્ટ થયેલાઓમાં રહેવું મને સારૂં લાગતું નથી. જે પુરુષો ચારિત્ર્યની અને કુળની નિંદા કરે છે, તેવા પાપબુદ્ધિવાળાઓની સાથે કલ્યાણની ઇચ્છા રાખનારા ડાહ્યા પુરુષે રહેવું નહિ;૧૦ પણ જે પુરુષો કુલ અને આચારથી એને જાણતા હોય તેવા સત્પુરુષોની સાથેજ તેણે રહેવું; કારણ કે તે વાસ શ્રેષ્ઠ કહેવાય છે. જેમ અગ્નિ મેળવવા ઇચ્છતો મનુષ્ય અરણિ–કાષ્ઠનું મંથન કરે છે,તેમ વૃષપર્વાની પુત્રીનાં મહા ઘોર દુષ્ટ વચનો મારા હૃદયને વલોવી નાખે છે.જે ધનહીન મનુષ્ય શત્રુની તેજસ્વિની લક્ષ્મીના આશ્રયથી જીવે છે, એનાથી ત્રણ લોકમાં ન કરવા જેવું બીજું કંઇ પણ દુષ્કર્મ હોય એમ હું માનતી નથી, તેવાને તો મરવુંજ સારૂં છે; એમ વિદ્વજ્જનો જાણે છે. ૧૧–૧૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે યયાતિ–ઉપાખ્યાનમાં અધ્યાય ૭૯ મો સમાપ્ત.

અધ્યાય ૮૦ મો–શર્મિષ્ઠા, દેવયાનીની દાસી થવા કબૂલ થઇ.

॥ वैशंपायन उवाच ॥
कृतविद्ये कचे प्राप्ते हृष्टरूपा दिवौकसः ।
कचादधीत्य तां विद्यां कृतार्था भरतर्षभ ।१।

વૈશંપાયન કહે છે:–આવાં દેવયાનીનાં વચનો સાંભળીને,ભૃગુકુલમાં શ્રેષ્ઠ એવા શુક્ર ક્રોધ કરીને જ્યાં વૃષપર્વા બેઠો હતો ત્યાં ગયા અને વિચારને માટે પણ ન રોકાતાં તેને આ પ્રમાણે કહેવા લાગ્યા:–"હે રાજન્! આચરણ કરેલો

અધર્મ ગાયની પેઠે તત્કાલ ફળ આપતો નથી; પરંતુ તે વારંવાર કરવાથી ધીરે ધીરે કર્તાનાં મૂળને પણ કાપી નાખે છે; અને તે પાપનું ફલ જો તે પોતે ન ભોગવે તો તેના પુત્રોને અથવા પૌત્રોને ભોગવવું પડે છે.* જેમ ખાધેલો ભારે પદાર્થ પેટમાં નડે છે તેમ પાપ પણ જરૂર ફળ આપેજ છે. નિષ્પાપ આચારવાળા, ધર્મજ્ઞ, સેવા કરનારા તથા મારે ઘેર રહેલા અંગિરા-કુલોત્પન્ન બ્રાહ્મણ કચને તેં જે કારણથી તે વખતે મરાવ્યો હતો કે જે બ્રાહ્મણ વધ કરવાને યોગ્ય ન હતો, તેનો વધ કરવાથી તથા મારી પુત્રીને મારવા યત્ન કર્યો તેથી, હે વૃષપર્વા ! તું સાંભળ કે હવે હું તારા બંધુઓની સાથે તારો ત્યાગ કરૂં છું. હે રાજન ! તારા દેશમાં હવે હું તારી સાથે રહી શકતો નથી. અહો ! દૈત્ય ! તું શું મને મિથ્યા લવરી કરનારો જાણે છે કે જેથી તું તારા દોષને રોકતો નથી અને મારી અવગણના કરે છે ?"૧–૬

* અહીં એવી શંકા થાય કે પિતાનું કરેલું જો પુત્ર ભોગવે તો 'કર્મનું ફલ કર્તાનેજ મળે' એ ન્યાયને બાધ લાગશે.

ઉત્તરઃ—यो वै भागिनं भागान्नुदते चयते वैनं स यदि वैनं न चयतेऽथ पुत्रमथ पौत्रं चयते. श्रु०

અર્થ:—જે કોઈ ધન અથવા માનના ભાગી હોય તેને તે ભાગથી દૂર કરે છે તો તે દૂર કરનારાને તેનું પાપ–ફલ મળે છે; પણ જો તે પાપ–ફલ તેને ન મળ્યું તો તેના પુત્રને કે પૌત્રને મળે છે, એમ શ્રુતિ કહે છે; અને પૂર્વે જણાવેલો ન્યાય તો પિતાએ કરેલી જાતેષ્ટિ (એક સંસ્કાર)નું ફલ પુત્રને પ્રાપ્ત થાય છે; તથાપિ પુત્રની સાથે પોતાનું ઐકાત્મ્યાભિમાન હોવાથી પિતાને પણ પ્રાપ્ત થયેલું ગણાય એટલે બાધિત થતો થતો નથી. વળી પિતા મરણ પામ્યો હોય તો પણ પુત્રો દરિદ્રી થઇ ગયા હોય અથવા દુર્જન નીકળ્યા હોય તો પિતાનું શ્રાદ્ધાદિક કરતા નથી. એટલે તજ્જન્ય દુઃખાદિ ફલ મૃત પિતાને પણ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી પોતાનું કરેલું પોતાને અથવા પુત્રપૌત્રને પ્રાપ્ત થાય છે, તે યોગ્યજ કહ્યું છે. **નીલકંઠ**

વૃષપર્વા કહે છે:–"હે ભાર્ગવ ! હું તમારામાં મિથ્યાવાદ અથવા અધર્મ જાણતોજ નથી; પરંતુ તમારામાં ધર્મ તથા સત્ય છે એમ માનું છું; માટે તમે અમારા ઉપર પ્રસન્ન થાઓ. હે ભાર્ગવ ! જો અમારો ત્યાગ કરીને તમે અહીંથી જતા રહેશો તો અમારે બધાને સમુદ્રમાં પ્રવેશ કરવો પડશે, કેમકે અમને તમારાવિના બીજું કંઈ શરણ નથી."૭·૮

શુક્ર બોલ્યા :–હે અસુરો ! તમે સમુદ્રમાં પેસો કે દિશાઓમાં રઝળો, પણ હું પુત્રીનું અપ્રિય સહન કરવા સમર્થ નથી; કારણ કે તે મને ઘણી વહાલી છે. મારૂં જીવિત તેને આધારે રહેલું છે, માટે તમે દેવયાનીને પ્રસન્ન કરો તો પછી જેમ ઇંદ્રનું બૃહસ્પતિ યોગક્ષેમ* કરે છે,તેમ હું તમારૂં યોગક્ષેમ કરીશ." ૯·૧૦

વૃષપર્વા કહે છે:–" હે ભૃગુકુલોત્પન્ન ! તમે પૃથ્વીમાં અસુરેંદ્રોનું જે કંઈ ધન, હાથી, ગાય, ઘોડા વગેરે છે તેના તથા મારા પણ સ્વામી છો." ૧૧

શુક્ર કહે છે:–"હે મહાસુર ! દૈત્યેંદ્રોનું જે કંઇ ધન છે તેના હું જો સ્વામી હોઉં તો તમે દેવયાનીને પ્રસન્ન કરો." ૧૨

વૈશંપાયન કહે છે :–આ પ્રમાણે શુક્રે કહ્યું, ત્યારે મહા વિદ્વાન વૃષપર્વાએ 'હું તેમ કરૂં છું' એમ કહ્યું. પછી દેવયાની પાસે જઈને ભાર્ગવે તેને તે વૃત્તાંત કહ્યું. ૧૩

દેવયાની બોલી:–"હે તાત ! હે ભાર્ગવ ! તમે રાજાના ધનના સ્વામી છો તે તમારા કહેવાથી હું માનતી નથી. રાજાએ પોતે તે મને કહેવું જોઇએ." ૧૩।૧૪

વૃષપર્વા કહે છે:–"હે પવિત્ર સ્મિતવાળી દેવયાનિ ! તું જે વસ્તુની ઇચ્છા કરીશ, તે વસ્તુ જો કે દુર્લભ હશે તોપણ હું તને તે આપીશ."૧૫

દેવયાની બોલી :–"એક હજાર કન્યાઓની સાથે શર્મિષ્ઠા મારી દાસી થાય તથા મારા પિતા

* ન મળેલું મેળવી આપવું તે યોગ અને મળેલાનું રક્ષણ કરવું તે ક્ષેમ કહેવાય છે.

મને જ્યાં આપે ત્યાં તે મારી પાછળ આવે, એમ હું ઇચ્છું છું." ૧૬

વૃષપર્વા કહે છે :- "હે ધાત્રિ (ધાવ, જે ત્યાં આવી હતી) તું ઉઠ અને જા, શર્મિષ્ઠાને ઝટ બોલાવી લાવ તથા દેવયાની જે ઇચ્છા કરે તે પ્રમાણે તે વર્તે એમ કહે." ૧૭

વૈશંપાયન કહે છેઃ-પછી ધાત્રી ત્યાં ગઈ અને શર્મિષ્ઠાને કહેવા લાગી કેઃ-" હે કલ્યાણિ! તું ઉઠ અને તારી જ્ઞાતિવાળાને સુખ આપ; કારણ કે દેવયાનીની પ્રેરણાથી બ્રાહ્મણ શુક્ર પોતાના શિષ્યોનો ત્યાગ કરવા તૈયાર થયા છે, માટે દેવયાની પોતાનો જે મનોરથ કહે તે પ્રમાણે હે નિષ્પાપ ! આજેજ તારે વર્તવું જોઈએ." ૧૮-૧૯

શર્મિષ્ઠા બોલીઃ-" જો દેવયાનીના કારણથીજ અને શુક્ર બોલાવતા હોય તો દેવયાની જે કંઈ ઇચ્છા કરશે તે પ્રમાણે કરવા આજેજ હું તૈયાર છું; મારા દોષથી શુક્રે જવું જોઈએ નહિ તથા દેવયાનીએ પણ મારા કારણથી જવું જોઇએ નહિ." ૨૦

વૈશંપાયન કહે છેઃ-તે પછી પિતાની આજ્ઞાથી શર્મિષ્ઠા, પાલખીમાં બેસીને હજાર કન્યા દાસીઓની સાથે ઉતાવળી ઉત્તમ નગરમાંથી બહાર નીકળી અને દેવયાનીની પાસે જઈને કહેવા લાગી. ૨૧

શર્મિષ્ઠા બોલીઃ-" હું હજાર દાસીઓની સાથે તારી સેવા કરનારી દાસી થઈ છું, એટલે તારા પિતા તને જ્યાં આપશે ત્યાં હું તારી પાછળ આવીશ." ૨૨

દેવયાની બોલીઃ-" તારા પિતાની સ્તુતિ કરનારા, યાચના કરનારા અને દાન લેનારાની હું પુત્રી છું, તો સ્તુતિ કરાતાની પુત્રી તું તેવીની દાસી શી રીતે થઈશ ?" ૨૩

શર્મિષ્ઠા બોલીઃ-" કોઈ પણ રીતે દુઃખી થતા જ્ઞાતિજનોને સુખ આપવું જોઈએ. એટલા માટેજ હું તારા પિતા તને જ્યાં આપશે ત્યાં તારી પાછળ આવીશ." ૨૪

વૈશંપાયન કહે છેઃ-"હે નૃપશ્રેષ્ઠ! જ્યારે વૃષપર્વાની પુત્રીએ દાસી થવા કબૂલ કર્યું, ત્યારે દેવયાની પોતાના પિતાપ્રત્યે કહેવા લાગી. ૨૫

દેવયાની બોલીઃ-હે પિતા ! હું સંતોષ પામી છું એટલે હવે નગરમાં પ્રવેશ કરીશ. હે દ્વિજશ્રેષ્ઠ! તમારૂં વિજ્ઞાન તથા વિદ્યાબલ સફલ છે." ૨૬

વૈશંપાયન કહે છે :-આ પ્રમાણે દુહિતા દેવયાનીએ કહ્યું, ત્યારે મહાયશસ્વી તથા દ્વિજોમાં શ્રેષ્ઠ એવા શુક્રાચાર્યે સર્વ દાનવોથી માન પામીને પુરમાં પ્રવેશ કર્યો. ૨૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવ-પર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં અધ્યાય ૮૦ મો સમાપ્ત.

અધ્યાય ૮૧ મો-યયાતિરાજાની સાથે દેવયાનીનાં લગ્ન

॥ वैशंपायन उवाच ॥

अथ दीर्घस्य कालस्य देवयानी नृपोत्तम ॥
वनं तदेव निर्याता क्रीडार्थं वरवर्णिनी॥१॥

વૈશંપાયન કહે છેઃ- હે નૃપોત્તમ ! હવે લાંબો સમય ગયા પછી તે હજાર દાસીઓ અને શર્મિષ્ઠાની સાથે સુંદરી દેવયાની તેજ વનમાં ક્રીડા કરવા નીકળી અને તેજ સ્થાનમાં જઈ સર્વ સખીઓની જોડે અત્યંત હર્ષિત થઈને યથેષ્ટ ફરવા લાગી. તે સર્વે પરસ્પર પ્રેમયુક્ત થઈને મધુ વૃક્ષની મદિરા પીતી, વિવિધ પ્રકારના ભક્ષણ કરવાના પદાર્થો ખાતી તથા ફલોનો સ્વાદ ચાખતી રમવા લાગી. તે વખતે મૃગ મેળવવાની ઇચ્છાથી નીકળેલો, થાકથી પીડાયલો અને જલની અપેક્ષા કરતો, નહુષનો પુત્ર યયાતિ રાજા દૈવેચ્છાથી તેજ પ્રદેશમાં ફરી આવી પહોંચ્યો. તેણે દિવ્ય અલંકારોથી અલંકૃત, મદ્યપાન કરતી

તથા રમત કરતી તે સ્ત્રીઓને-દેવયાનીને તથા શર્મિષ્ઠાને-દીઠી. તે સ્ત્રીઓના મધ્યમાં અતુલ રૂપવાળી, શુદ્ધ સ્મિતવાળી તથા શર્મિષ્ઠાએ પગ દાબવા વગેરેથી સેવન કરાતી એવી સુંદર સ્ત્રી દેવયાનીને બેઠેલી જોઈ એટલે યયાતિ બોલ્યોઃ-" હે કન્યાઓ ! બે હજાર કન્યાઓથી વીંટાયલી તમે કોણ છો ? હે શુભે ! હું તમારાં બન્નેનાં નામ તથા ગોત્ર પૂછું છું. "૧-૮

દેવયાની બોલીઃ-" હે નરાધિપ ! હું તમને કહું છું તે મારાં વચનને તમે સાંભળો. જે અસુરોના ગુરુ શુક્ર છે, તેમની હું પુત્રી છું. આ મારી સખી અને દાનવેંદ્ર વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠા મારી દાસી છે અને હું જ્યાં જાઉં ત્યાં મારી સાથે આવનારી છે. " ૯-૧૦

યયાતિ કહે છેઃ-" આ સુંદર ભ્રૂકુટીવાળી તથા શ્રેષ્ઠ વર્ણવાળી કન્યા અસુરેંદ્રની પુત્રી છે અને જે તારી સખી થાય છે, તે તારી દાસી શી રીતે થઈ? તે જાણવા મને ઘણું કુતૂહલ છે. "૧૧

દેવયાની બોલીઃ-" હે નરશ્રેષ્ઠ! સૌ કોઈ ભાગ્યને અનુસરે છે; માટે આ પણ એક ભાગ્ય-નિર્મિત વાત છે એમ સમજીને એ સંબંધમાં વિચિત્ર કથા કરશો નહિ. તમારાં રૂપ તથા વેષ રાજાના જેવાં જણાય છે અને તમે બ્રાહ્મણના જેવી વાણી બોલો છો, તો તમે કોણ છો? કોના પુત્ર છો? તથા અહીં ક્યાંથી આવ્યા છો? તે મને કહો. "૧૨-૧૩

યયાતિ કહે છેઃ-" મેં બ્રહ્મચર્યપૂર્વક સમગ્ર વેદનું અધ્યયન કર્યું છે. હું રાજા છું, રાજપુત્ર છું અને યયાતિ એવા નામથી પ્રખ્યાત છું. " ૧૪

દેવયાની કહે છેઃ-" હે નૃપતિ ! આ સ્થાન-માં તમે શા અર્થથી આવ્યા છો? શું કંઈ જલમાં ઉત્પન્ન થતી વસ્તુ લેવા આવ્યા છો કે મૃગની લિપ્સાથી આવ્યા છો? "૧૫

યયાતિ કહે છેઃ-" હે કલ્યાણિ! હું મૃગની લિપ્સાથી દોડતા મૃગની પાછળ પુષ્કળ દોડ્યો એટલે થાક અને તરસ લાગવાથી પાણી પીવામાટે અહીં આવી ચઢ્યો છું. હવે તું મને જવાની આજ્ઞા આપ. " ૧૬

દેવયાની બોલીઃ-" બે હજાર કન્યા તથા દાસી શર્મિષ્ઠાની સાથે હું તમને અધીન છું. તમારું કલ્યાણ થાઓ, તમે મારા સખા તથા ભર્તા થાઓ. " ૧૭

યયાતિ કહે છેઃ-"હે શુક્રપુત્રિ! તારું કલ્યાણ થાઓ. હે ભાવિનિ! તું જાણ કે તારે માટે હું યોગ્ય ગણાઉં નહિ. હે દેવયાનિ! રાજાઓ તારા પિતાને પોતાની પુત્રીનો વિવાહ કરવા યોગ્ય નથી. " ૧૮

દેવયાની બોલીઃ-" બ્રાહ્મણોએ ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે અર્થાત્ જ્યારે ક્ષત્રિયો ઉચ્છિન્ન થયા હતા ત્યારે બ્રાહ્મણના વીર્યથીજ ક્ષત્રિયોની પુનઃ ઉત્પત્તિ થઇ છે; તેમજ ક્ષત્રિયોથી બ્રાહ્મણો મિશ્ર થયા છે અર્થાત્ ક્ષત્રિય કન્યાઓથી બ્રાહ્મણો-ની ઉત્પત્તિ જણાય છે. તમે *ઋષિ તથા ઋષિ-પુત્રજ છો, માટે હે નાહુષ ! મને તમે પરણો. "૧૯

યયાતિ કહે છેઃ-"હે સુંદરિ! ચારે વર્ણો એક ઈશ્વરના દેહથી થયા છે તોપણ તેમના ધર્મ અને આચાર ભિન્ન ભિન્ન છે તથા તે વર્ણોમાં પણ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. "૨૦

દેવયાની કહે છેઃ-"હે નાહુષ ! મેં પહેલાં કોઇ પુરુષ જોડે પાણિગ્રહણરૂપી ધર્મનું સેવન કર્યું નથી અર્થાત્ કોઇ પુરુષે મારો પહેલાં હાથ પકડ્યો નથી અને તમેજ મારો પહેલાં તે હાથ પકડ્યો હતો, તેથી હું તમને વરું છું. હું મન-સ્વિની છું, મારા હાથને ઋષિપુત્ર તથા ઋષિરૂપ એવા તમે ગ્રહણ કર્યો છે તે હાથને હવે બીજો પુરુષ કેમ સ્પર્શ કરી શકે ? "૨૧-૨૨

યયાતિ કહે છેઃ-" ડાહ્યા માણસે ક્રોધ

---

* ઋષિ બુધથી ઇલામાં પુરુરવા, તેનો આયુ, આયુનો નહુષ અને તેનો યયાતિ, એ અભિપ્રાયથી યયાતિને ઋષિ અને ઋષિપુત્ર કહ્યા છે. શંકાઃ-ક્ષત્રિયકન્યામાં બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ, અને ક્ષત્રિયની પત્નીમાં બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલો ક્ષત્રિયજ કહેવાય, તો પછી યયાતિને ઋષિપુત્ર કેમ કહ્યા? આ શંકાનું સમાધાન એ છે કે, ઇલા કંઇ ક્ષત્રિયપત્ની ન હતી, માટે યયાતિ બુધ-ઋષિનો વંશજ હોવાથી તેને ઋષિપુત્ર કહ્યો છે.

પામેલા ઝેરી સર્પ કરતાં તથા ચોતરફ ફેલાયલા અગ્નિ કરતાં પણ બ્રાહ્મણને મહાન અસહ્ય જાણવો." ૨૩

દેવયાની બોલી:–"ઝેરી સાપ અને સર્વતઃ પ્રજ્વલિત થયેલા અગ્નિથી પણ બ્રાહ્મણ વધારે અસહ્ય છે, એમ તમે કેમ કહો છો ?"૨૪

યયાતિ કહે છેઃ–"હે ભીરુ ! ઝેરી સાપ જેને કરડ્યો હોય તેને એકનેજ તે હણે છે તથા શસ્ત્ર જેને વાગે છે તે એકજ હણાય છે; પણ જો બ્રાહ્મણને કુપિત કર્યો હોય તો તે રાજ્યોસહિત આખાં નગરોનો નાશ કરે છે અને તેથીજ હું બ્રાહ્મણને વધારે ભયંકર માનું છું; માટે હે ભદ્રે! તારા પિતાના આપ્યા સિવાય તારી જોડે હું લગ્ન કરીશ નહિ."૨૫-૨૬

દેવયાની કહે છેઃ–"હે રાજન્ ! હું તો તમને વરેલીજ છું; પછી ભલે તમે મારા પિતા મારૂં દાન કરે ત્યારે પરણજો. તમે મારૂં માગું કરશો નહિ અને મારા પિતાના આપવાથી મને ગ્રહણ કરશો તો તમને ધાર્મિક ભય પણ રહેશે નહિ." ૨૭

વૈશંપાયન કહે છેઃ –પછી દેવયાનીએ પોતાની ધાત્રી જોડે ત્વરાથી પોતાના પિતાને સંદેશો કહાવ્યો, એટલે તે ધાત્રીએ શુક્ર પાસે જઈને તેમને યથાર્થ રીતે સર્વ વાત નિવેદન કરી. તે સાંભળતાંજ ભૃગુકુલોત્પન્ન શુક્રાચાર્ય રાજાની આગળ આવ્યા અને આવેલા શુક્રને જોતાંની સાથેજ પૃથ્વીપતિ યયાતિએ તે બ્રાહ્મણને વંદન કર્યું તથા બે હાથ જોડી નમ્ર થઈને ઉભો રહ્યો. ૨૮-૨૯

દેવયાની બોલી:–"ઓ પિતાજી! આ નહુષના પુત્ર યયાતિ રાજા છે. એમણે મારો કષ્ટની વખતે હાથ પકડ્યો હતો. હું તમને પ્રણામ કરીને માગું છું કે, તમે મારાં લગ્ન એમની સાથે કરો. હું એમના વિના આ લોકમાં બીજા કોઈને પરણીશ નહિ."૩૦

શુક્ર કહે છેઃ–"હે વીર ! આ મારી વહાલી પુત્રીએ તમને પતિતરિકે વર્યા છે,માટે હે નહુષપુત્ર ! એ કન્યા હું તમને આપું છું, તેને તમે પટ્ટરાણીતરિકે ગ્રહણ કરો."૩૧

યયાતિ કહે છેઃ–"હે ભાર્ગવ ! એ લગ્ન કરવાથી મને વર્ણસંકરજન્ય મહાન અધર્મ પ્રાપ્ત ન થાય એવું, હે બ્રહ્મન ! હું તમારી પાસે માગી લઉં છું." ૩૨

શુક્ર કહે છેઃ–"હું તમને એ અધર્મથી મુક્ત કરૂં છું. વળી તમારૂં ઇચ્છિત હોય તે વર દાન પણ તમે મારી પાસે માગી લ્યો. * આ વિવાહથી તમે ગ્લાનિ પામશો નહિ; કારણ કે હું તમારાં પાપને નિવૃત્ત કરૂં છું. આ સુંદર મધ્યવાળી દેવયાનીને તમે ધર્મવડે ભાર્યાતરિકે સ્વીકારો અને એની સાથે અતુલ પ્રીતિ પ્રાપ્ત કરો. વળી આ બીજી કન્યા શર્મિષ્ઠા જે વૃષપર્વાની કુંવરી છે, તેને પણ તમારે હમેશાં માન આપવું; પણ હે રાજન ! એને શય્યામાં કદાપિ બોલાવવી નહિ." ૩૩-૩૫

વૈશંપાયન કહે છેઃ–"આ પ્રમાણે શુક્રે કહ્યું, ત્યારે યયાતિ રાજાએ શુક્રની પ્રદક્ષિણા કરી અને શાસ્ત્રોક્ત વિધિથી દેવયાનીની સાથે શુભ વિવાહ કર્યો. પછી શુક્રની પાસેથી ઘણું ધન, બે હજાર કન્યા–દાસીઓ તથા શર્મિષ્ઠાએ સહિત ઉત્તમ એવી દેવયાનીને મેળવીને શુક્ર અને દૈત્યોએ જેનો સત્કાર કરેલો એવો શ્રેષ્ઠ રાજા યયાતિ મહાત્મા શુક્રની આજ્ઞા પામીને પ્રસન્ન થઈ પોતાના નગરપ્રત્યે ગયો."૩૬-૩૯

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે યયાતિ–ઉપાખ્યાનમાં
અધ્યાય ૮૧ મો સમાપ્ત.

* આ વરદાન યયાતિએ શાપ થયા પછી માગ્યું છે.

અધ્યાય ૮૨ મો-દેવયાનીને તથા શર્મિષ્ઠાને પુત્રો થયા.

॥ वैशंपायन उवाच ॥
ययातिः स्वपुरं प्राप्य महेंद्रपुरसंनिभम्॥
प्रविश्यांतःपुरं तत्र देवयानीं न्यवेशयत्॥१॥

વૈશંપાયન કહે છેઃ–યયાતિ રાજા ઇંદ્ર નગરના જેવા પોતાના નગરમાં પહોંચી અંતઃપુરમાં ગયો અને ત્યાં તેણે દેવયાનીને નિવાસ આપ્યો તથા દેવયાનીની સંમતિપ્રમાણે વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાને હજાર દાસીઓની સાથે વસ્ત્રો, ખાવાપીવાના પદાર્થો વગેરેની ગોઠવણસાથે સત્કાર કરીને અશોકવાટિકાની પાસે ઘર બંધાવી તેમાં રાખી. પછી નહુષનો પુત્ર યયાતિ રાજા દેવયાનીની સાથે દેવની પેઠે હર્ષિત થઇને ઘણાં વર્ષપર્યંત સુખરૂપ વિહાર કરવા લાગ્યો. ઋતુકાલ પ્રાપ્ત થતાં સુંદરી દેવયાનીને પ્રથમ ગર્ભ રહ્યો અને તેણે કુંવરને જન્મ આપ્યો. એવામાં એક હજાર વર્ષ જતાં યૌવનમાં આવેલી વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ પોતાને ઋતુધર્મ પ્રાપ્ત થયેલો જોયો. તે વિચારવા લાગી કેઃ–"મને ઋતુકાલ તો પ્રાપ્ત થયો; પરંતુ મેં હજીસુધી પતિ કર્યો નથી? આ શું પ્રાપ્ત થયું ? હવે શું કરવું ? અને શું કરવાથી મેં યોગ્ય કરેલું ગણાય? આ દેવયાનીને તો પ્રજાએ થઈ અને મારૂં યૌવન તો મિથ્યાજ પ્રાપ્ત થયું ? ત્યારે જેમ તેણે પતિ કર્યો, તેમજ હું પણ તે યયાતિનેજ વરીશ. રાજા મને પુત્રફલ આપશેજ, એમ મારી બુદ્ધિ નિશ્ચય કરે છે. શું તે ધર્માત્મા મને હમણાંજ એકાંતમાં દર્શન આપશે ?" ૧–૯

શર્મિષ્ઠા આવો વિચાર કરતી હતી, તેજ વખતે દૈવેચ્છાથી યયાતિ રાજા મહેલમાંથી નીકળી અશોકવાટિકા પાસે આવ્યો અને શર્મિષ્ઠાને જોઇને ત્યાં ઉભો રહ્યો. ૧૦ જનસંચારરહિત એકાંતમાં રાજાને એકલો જોઇને મધુર હાસ્યવાળી શર્મિષ્ઠા સામી ગઇ અને હાથ જોડીને રાજાને કહેવા લાગી. ૧૧

શર્મિષ્ઠા બોલીઃ–"હે નાહુષ ! સોમના, ઇંદ્રના, વિષ્ણુના, યમના, વરુણના અને તમારા ઘરમાં રહેલી સ્ત્રીઓને કોણ પુરુષ જોઈ શકે ? હે રાજન્ ! હું સ્વરૂપ, કુલ તથા આચારથી યુક્ત છું. એમ તમે હંમેશ જાણો છો. હું તમને પ્રસન્ન કરીને તમારી પાસે માગું છું કે. હે નરાધિપ ! મને તમે ઋતુદાન આપો."૧૨,૧૩

યયાતિ કહે છેઃ–" તું શીલસંપન્ન અને અનિંદિતા એવી દૈત્યકન્યા છે, એમ તને હું સારી પેઠે જાણું છું. વળી તારા રૂપમાં તો સોયની અણી જેટલો પણ દોષ હું જોતો નથી; પરંતુ જ્યારે મેં દેવયાનીની સાથે લગ્ન કર્યું, ત્યારે કવિના પુત્ર શુક્રે કહ્યું હતું કેઃ–'આ વૃષપર્વાની પુત્રીને તારે શય્યામાં બોલાવવી નહિ.'"૧૪,૧૫

શર્મિષ્ઠા બોલીઃ–"હે રાજન ! પરિહાસમાં, સ્ત્રીની આગળ (રતિ પ્રસંગમાં), વિવાહ વખતે, પ્રાણાંત કષ્ટ વખતે તથા સર્વ ધનના નાશપ્રસંગે, આ પાંચ પ્રસંગમાં બોલાતું અસત્ય, પાપ ઉત્પન્ન કરતું નથી, એમ ધર્મશાસ્ત્ર કહે છે. (ગાય, સ્ત્રી, બ્રાહ્મણ, દીન, અનાથ વગેરેને માટે) હે નરેંદ્ર ! સભાસદોએ સાક્ષીને પૂછયું હોય અને તે વખતે સાક્ષી (ગાય વગેરેના હિતને માટે) જૂઠું બોલે અને તેમ બોલવાથી તેને જેઓ પતિત કહે, તે મિથ્યાજ કહે છે; પણ બન્નેથી એકસરખુંજ કાર્ય થતું હોય તેમાં જૂઠું બોલનારને તે જૂઠાણું હણી નાખે છે; અર્થાત્ અમે બન્ને તમારાં આરાધનરૂપી એકજ પ્રયોજનથી યત્ન કરીએ છીએ, એ નિશ્ચિત વાત છે, છતાં તમે કહો કે દેવયાનીજ મારી સ્ત્રી અને શર્મિષ્ઠા નહિ, એમ મિથ્યા બોલતા એવા તમને તે અસત્ય દોષ આપેજ." ૧૬,૧૭

યયાતિ કહે છેઃ–"સર્વ લોકો રાજાને પ્રમાણરૂપ માને છે, તે જો જૂઠું બોલે તો અવશ્ય નષ્ટ થાય છે; માટે ગમે તેવી વિપત્તિ આવતાં પણ હું વચનને મિથ્યા કરવા ઇચ્છતો નથી."૧૮

શર્મિષ્ઠા બોલીઃ-" હે રાજન્ ! અમારા બન્નેના વિવાહ, બુદ્ધિથી સમાન થયેલાજ ગણાય; અર્થાત્ જ્યારે દેવયાનીએ તમને મનથી વર્યા, ત્યારે હું પણ તમને મનથી વરી હતી, તેથી મારી સખીના પતિ તમે થયા તે વખતે મારા પતિ થયાજ. લોકો પણ મુખ્ય સખીનાં લગ્ન થતાં બીજી સખીઓનાં લગ્ન પણ થએલાંજ ગણે છે; એટલે હું ઋતુદાનને માટે તમને પતિપણાથી વરી છું."૧૯

(આવાં શર્મિષ્ઠાનાં વચન સાંભળતાં પણ ભાર્યાની સમાન દાસી ન ગણાય, એમ માનતા રાજા બીજી રીતે તેનું અભીષ્ટ આપવા કહે છે.) યયાતિ કહે છેઃ-"કોઇ પણ યાચના કરનાર જે માગે તે તેને આપવું આવો મારો નિયમ છે. તું મારી યાચના કરે છે તો તારી ઇચ્છામાં આવે તે કહે, તારૂં શું કાર્ય કરૂં ? "૨૦

શર્મિષ્ઠા બોલીઃ "હે રાજન! તમને હું મનથી વરી છું, તેથી બીજાને વરવાથી થતા વ્યભિચાર-જન્ય અધર્મથી મને બચાવો. તમારાથી મને પ્રજા થાય અને આ લોકમાં હું ઉત્તમ ધર્માચરણ કરૂં, એ મારી કામના છે. હે રાજા ! ભાર્યા, દાસ અને પુત્ર, એ ત્રણજ નિર્ધન કહેવાય છે; કારણ કે તેમની પાસે જે ધન હોય તે ધનના માલીક જેનાં તે ભાર્યા, દાસ અથવા પુત્ર હોય તેનાંજ ગણાય છે; અર્થાત્ ધન વગેરેમાં મારી સત્તા ન હોવાથી મારી સદ્ગતિને માટે પ્રજોત્પત્તિદ્વારા મને ધર્મ પ્રાપ્ત કરાવો. હું દેવયાનીની ભુજિષ્યા છું અર્થાત્ દેવયાનીનું ભોગવેલું ભોગવવાને યોગ્ય એવી તેની દાસી છું. તમે દેવયાનીના સ્વામી છો એટલે તે અને હું એ બન્ને તમારે ઉપભોગ કરવા યોગ્ય છીએ, માટે તમે મને સ્વીકારો." ૨૧-૨૩

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે કહ્યું ત્યારે રાજાએ શર્મિષ્ઠાનું કહેવું સત્ય છે એમ જાણ્યું અને શર્મિષ્ઠાને માન આપી ઋતુદાન આપવાથી દીનના રક્ષણરૂપી ધર્મનું પ્રતિપાદન કર્યું. રાજાએ શર્મિષ્ઠાનો સમાગમ કરીને યથેષ્ટ મનોરથ પૂર્ણ કર્યો. પછી એકમેકને માન આપતાં તેઓ પોતપોતાના સ્થાનમાં ગયાં. એ સમાગમથી રમણીય હાસ્યવાળી તથા સુંદર ભ્રૂકુટીવાળી શર્મિષ્ઠા તે શ્રેષ્ઠ રાજાથી પ્રથમ ગર્ભને પ્રાપ્ત થઇ અને હે રાજન્ ! સમય થતાં તે કમલનયનીએ કમલના જેવાં નેત્રવાળા તથા દેવગર્ભના જેવા કુમારને જન્મ આપ્યો.૨૪-૨૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં અધ્યાય ૮૨ મો સમાપ્ત.

અધ્યાય ૮૩ મો-યયાતિ રાજા શાપથી વૃદ્ધ થયો.

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा कुमारं जातं तु देवयानी शुचिस्मिता॥
चिंतयामास दुःखार्ता शर्मिष्ठां प्रति भारत ॥१॥

વૈશંપાયન કહે છેઃ-હે ભારત ! જ્યારે શુદ્ધ સ્મિતવાળી દેવયાનીએ શર્મિષ્ઠાને પુત્ર થયો એમ સાંભળ્યું, ત્યારે દુઃખથી દીન થઇને શર્મિષ્ઠાના સંબંધમાં તે વિચાર કરવા લાગી. શર્મિષ્ઠાની પાસે જઇ તેને દેવયાની આ પ્રમાણે કહેવા લાગી. દેવયાની બોલીઃ-"હે સુભ્રુ ! તેં કામના લોભવડે આ શું પાપ કર્યું ?"૧,૨

શર્મિષ્ઠા બોલીઃ-"એ તો કોઇ એક વેદના પારને પામેલા ધર્માત્મા ઋષિ મારી પાસે આવ્યા હતા. તે વરદાન આપનારા ઋષિ પાસે મેં ધર્મયુક્ત કામની યાચના કરી હતી; અને હે શુદ્ધ સ્મિતવાળી ! તે ઋષિથી મને આ પુત્ર થયો છે. હું અન્યાયથી કામનું સેવન કરૂંજ નહિ, એ તને સત્ય કહું છું."૩,૪

દેવયાની કહે છેઃ-"હે ભીરુ ! જો એમજ

હોય તો તેં રૂડું કર્યું; પરંતુ તે બ્રાહ્મણને તું ઓળખતી હોય તો તેનાં નામ, ગોત્ર તથા કુલ જાણવાની હું ઇચ્છા કરૂં છું."[૫]

શર્મિષ્ઠા કહે છેઃ–"હે પવિત્ર સ્મિતવાળી! તે ઋષિ તપના તેજથી સૂર્યના જેવા ઝળહળતા હતા એટલે તેમને જોઇને મને પૂછવાની હિંમત-જ રહી નહિ."[૬]

દેવયાની બોલીઃ–"ઓ શર્મિષ્ઠા! તું કહે છે તે ખરૂં હોય અને જો તે શ્રેષ્ઠ મહાત્મા બ્રાહ્મણ-થી તને પુત્રની પ્રાપ્તિ થઇ હોય તો તારાપ્રત્યે મને રીસ નથી."[૭]

વૈશંપાયન કહે છેઃ–આમ પરસ્પર વાતો કરીને તથા બન્ને હાસ્યવિનોદ કરીને પછી શર્મિષ્ઠાએ કહેલી વાત સત્ય છે,એમ જાણી ભૃગુની પુત્રી દેવયાની પોતાના મહેલમાં ચાલી ગઈ. રાજા યયાતિએ દેવયાનીમાં ઇંદ્ર અને વિષ્ણુના જેવા યદુ અને તુર્વસ નામના બે પુત્રો ઉત્પન્ન કર્યા;અને તેજ રાજાષર્થી વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ દ્રુહ્યુ, અનુ અને પૂરુ નામના ત્રણ કુમારો ઉત્પન્ન કર્યા.[૧૦] હે રાજન્! તે પછી કોઈ એક વખતે શુદ્ધ હાસ્યવાળી દેવયાની યયાતિની સાથે એકાંત વનમાં ગઈ અને ત્યાં તેણે દેવના જેવા રૂપાળા કુમારોને નિર્ભય થઇને રમતા જોયા, એટલે તે આશ્ચર્ય પામી રાજાને નીચે પ્રમાણે કહેવા લાગી.[૧૧,૧૨]

દેવયાની બોલીઃ–"હે રાજન્! આ દેવપુત્ર-ના જેવા સુંદર કુમારો કોના છે? એઓ રૂપ અને તેજથી તમારા જેવા હોય એમ હું માનું છું."[૧૩]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે રાજાને પૂછી દેવયાનીએ કુમારોને પૂછ્યું.

દેવયાની પૂછે છેઃ–"ઓ છોકરાઓ! તમારાં નામ શાં છે? તમે ક્યા વંશમાં જન્મ્યા છો? અને તમારો પિતા કોણ છે? તે મને સાચેસાચું કહો. હું તે સાંભળવાની ઇચ્છા કરૂં છું."[૧૪]

આ સાંભળીને તે કુમારોએ તર્જની આંગળી-વડ રાજાઓમાં શ્રેષ્ઠ એવા તેજ યયાતિને દેખાડ્યો અને પોતાની માતા શર્મિષ્ઠા છે, એમ કહ્યું.[૧૫]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે કહીને તે સઘળા કુમારો રાજાને ભેટવા દોડ્યા;પણ દેવયાની ત્યાં હોવાથી રાજાએ તેમને દૂર કર્યા; એટલે તે બાલકો રડતા રડતા શર્મિષ્ઠા પાસે ગયા અને રાજા બાલકોનું બોલવું સાંભળીને લજ્જિત જેવો જણાયો. તે બાલકોનો રાજાપ્રત્યે પ્રેમ જોઇને દેવયાની રહસ્ય પામી ગઇ અને શર્મિષ્ઠાને કહેવા લાગી.[૧૬-૧૮]

દેવયાની બોલીઃ–"તું મારે આધીન છે છતાં તેં મારૂં અપ્રિય કેમ કર્યું? તું તારા તે અસુર ધર્મનો સ્વીકાર કરીને મારાથી પણ બીતી નથી કે?"[૧૯]

શર્મિષ્ઠા બોલીઃ–"હે સુંદર હાસ્યવાળી! મેં જે તને ઋષિની વાત કહી હતી તે સત્યજ છે. જ્યાં ન્યાય અને સત્યથી વર્તવાનું છે, ત્યાં હું તારાથી બીતી નથી.[૨૦] હે શોભને! જ્યારે તું પતિને વરી હતી, ત્યારે હું પણ તેને વરીજ હતી. વળી સખીનો જે ભર્ત્તા હોય તે ધર્મથી પોતાનો પણ ભર્ત્તાજ ગણાય છે. તું બ્રાહ્મણની પુત્રી અને મોટી હોવાથી મને માન્ય તથા પૂજ્ય છે, અને તારાથી પણ રાજર્ષિ મને અધિક પૂજ્ય છે, તે શુ તું જાણતી નથી?"[૨૧,૨૨]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે શર્મિષ્ઠાનાં વચન સાંભળીને દેવયાની રાજાપ્રત્યે બોલીઃ–"હે રાજન્! હું આજે હવે તમારે ત્યાં રહીશ નહિ; કેમકે તમે મારૂં અપ્રિય કર્યું છે." આમ કહીને આંખમાં આંસુ લાવી યૌવનવતી દેવયાની એકદમ ઉભી થઈ અને શુક્રને ત્યાં જવા ઉતા-વળથી નીકળી. દેવયાનીને આ રૂપમાં જોઇને રાજાને બહુ વ્યથા થઈ અને તે ગભરાટથી તેનું સાંત્વન કરતો પાછળ ગયો; પણ ક્રોધથી લાલ થયેલાં નેત્રવાળી દેવયાની પાછી ફરીજ નહિ અને રાજા સાથે કંઈ પણ ન બોલતી, આંખમાં આંસુ ભરતી તે થોડાજ સમયમાં કવિના પુત્ર શુક્રાચાર્યની પાસે પહોંચી ગઈ. પોતાના પિતાને

જોતાંજ દેવયાનીએ અભિવંદન કર્યું અને તેની આગળ ઉભી રહી. પછી યયાતિએ તેની પાછળ જઇને શુક્રનું પૂજન કર્યું. ૨૩-૨૭

દેવયાની બોલી:-"ઓ પિતાજી ! અધર્મે ધર્મને હરાવ્યો, નીચ ઉચ્ચ ગણાયુ અને જે ઉચ્ચ તે નીચ ગણાયું ! વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ મારૂં અતિક્રમણ કર્યું છે. હું તમને કહું છું કે આ યયાતિ રાજાએ તેનાથી ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા છે અને મને અભાગિનીને બેજ પુત્ર થયા છે. હે ભૃગુકુલને વહન કરનારા પિતા ! આ રાજા ધર્મજ્ઞ છે, એમ એની બધે પ્રસિદ્ધિ છે; છતાં હે કાવ્ય ! એણે મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે, એ હું તમને સત્ય કહું છું."૨૮-૩૦

શુક્ર બોલ્યા:-"હે મહારાજ! તમે ધર્મવેત્તા થઇને અધર્મને પ્રિય કર્યો માટે દુર્જય એવી વૃદ્ધાવસ્થા તમારો થોડાજ કાલમાં પરાભવ કરશે."૩૧

યયાતિ કહે છે:-"હે ભગવન્! ઋતુની યાચના કરતી દાનવેંદ્રની પુત્રીને મેં ધર્મરક્ષણને માટે ઋતુદાન કર્યું હતું; હું કંઈ કામવૃત્તિથી પ્રવૃત્ત થયો નથી. ઋતુની યાચના કરતી સ્ત્રીને જે પુરુષ ઋતુદાન આપતો નથી, તેને બ્રહ્મવાદી બ્રાહ્મણો ભ્રૂણ--ગર્ભહત્યારો કહે છે. કામથી વ્યાકુલ અને ગમન કરવા યોગ્ય એવી સ્ત્રીએ એકાંતમાં આવીને યાચેલો પુરુષ જો તેની પાસે જતો નથી તો તેને ધર્મશાસ્ત્રમાં વિદ્વાનો ભ્રૂણ--હત્યારો કહે છે. હે ભૃગુદ્વહ! આ કારણો જોઇને અધર્મના ભયથી ઉદ્વેગ પામી હું શર્મિષ્ઠા પાસે ગયો હતો."૩૨-૩૫

શુક્ર કહે છે:-"હે પાર્થિવ! તમે મને અધીન છો એટલે તમારે આ કાર્યમાં મારી આજ્ઞા લેવી જોઇતી હતી; કારણ કે ધર્મમાં મિથ્યા આચારથી વર્તનારો ધર્મચોર કહેવાય છે."૩૬

વૈશંપાયન કહે છે:-આ પ્રમાણે ક્રોધ પામેલા શુક્રાચાર્યે શાપ આપવાથી નહુષના પુત્ર યયાતિ રાજાનું યૌવન જતું રહ્યું અને તેને તત્કાલ ઘડપણ આવી ગયું.તે વખતે યયાતિ કહેવા લાગ્યો:-"હે ભૃગુદ્વહ ! યૌવનમાં દેવયાનીના ભોગથી મને તૃપ્તિ થઈ નથી; માટે હે બ્રહ્મન્! આ વૃદ્ધતા મારેવિષે પ્રવેશ કરે નહિ એવી મારા ઉપર કૃપા કરો."૩૭-૩૮

શુક્ર બોલ્યા:-"હે ભૂમિપ! હું મિથ્યા બોલતો નથી. આ ઘડપણ તમને આવી ગયું છે, પણ તમારી ઇચ્છા હોય તો એ વૃદ્ધતા તમે બીજાને આપી દો."૩૯

યયાતિ કહે છે:-"જે મારો પુત્ર મને પોતાનું વય આપે તે પુણ્યનો ભોક્તા, કીર્તિશાળી તથા રાજ્યનો ભોક્તા થાય, આ વાતમાં તમે અનુમતિ આપો."૪૦

શુક્ર બોલ્યા:-હે નહુષપુત્ર! તમે ભાવપૂર્વક મારૂં ધ્યાન કરી યથેષ્ટ રીતે બીજાને વૃદ્ધતા આપી શકશો અને જ્યેષ્ઠ પુત્રને રાજ્ય ન આપવાથી થતું પાપ પણ તમને લાગશે નહિ. વળી જે પુત્ર તમને પોતાનું યૌવન આપશે તે રાજા થશે તથા તે આયુષ્યવાળો, કીર્તિમાન અને ઘણી પ્રજાવાળો થશે."૪૧,૪૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં અધ્યાય ૮૩ મો સમાપ્ત.

અધ્યાય ૮૪ મો-પૂરુએ રાજાની વૃદ્ધતા ગ્રહણ કરી.

॥ वैशंपायन उवाच॥

जरां प्राप्य ययातिस्तु स्वपुरं प्राप्य चैव हि॥
पुत्रं ज्येष्ठं वरिष्ठं च यदुमित्यब्रवीद्वचः॥१॥

વૈશંપાયન કહે છે:-વૃદ્ધતાને પામેલો યયાતિ રાજા પોતાના નગરમાં ગયો અને સૌથી શ્રેષ્ઠ એવા મોટા પુત્ર યદુને આ પ્રમાણે કહેવા લાગ્યો.૧

યયાતિ કહે છે:-"હે વત્સ! કવિના પુત્ર શુક્રના શાપથી મને ઘડપણ તથા પળીઆં આવ્યાં

છે અને શરીરે કરચલી પડી ગઈ છે; પરંતુ હું હજી યૌવનથી તૃપ્ત થયો નથી, માટે હે યદુ! તું મારી જરાને, પાપ (ભોગ ભોગવવાનું સામર્થ્ય ન છતાં તેની ઈચ્છા થવા રૂપી ચિત્તની દુરવસ્થા) ની સાથે ગ્રહણ કર; એટલે તારા યૌવનથી હું વિષયોને સેવન કરીશ; અને એક હજાર વર્ષ પૂરાં થશે એટલે તારા યૌવનને પાછું આપી હું મારી વૃદ્ધતાને પાપસાથે પાછી લઈશ."[૨-૪]

યદુ બોલ્યો:-"હે રાજન્ ! ઘડપણ આવવાથી ખાવાપીવામાં બહુ હરકત પડે છે, માટે તમારૂ ઘડપણ હું નહિ લઉં એવો મારો નિશ્ચય છે. ઘડપણથી દાઢીમૂછ ધોળાં થાય છે, આનંદ ઉડી જાય છે, જીર્ણતાથી અવયવો શિથિલ થાય છે, શરીર ઉપર કરચલીઓ પડી જાય છે તથા પુરુષ કદ્રૂપો, દુર્બલ અને કૃશ થઇ જાય છે. વળી કામ કરવામાં અશક્ત થાય છે તથા પોતાની સાથેના યુવાન મિત્રો અને બીજાઓથી પણ પરાભવ પામે છે; તે ઘડપણ લેવા હું ઇચ્છતો નથી. હે નૃપ ! તમારે મારાથી પણ ઘણા વહાલા બીજા પુત્રો છે. હે ધર્મજ્ઞ! તેમાથી કોઇને તમે ઘડપણ લેવાને કહો."[૫-૮]

યયાતિ કહે છે.-"હે તાત! તું મારા હૃદયથી ઉત્પન્ન થયેલો પુત્ર છે છતાં તું તારૂ યૌવન મને આપતો નથી, માટે તારી પ્રજા રાજ્યભોક્ત્રી થશે નહિ." આ પ્રમાણે યદુને કહીને પછી રાજાએ બીજા પુત્ર તુર્વસુને કહ્યું:-"હે તુર્વસુ ! તું મારાં પાપને જરાની સાથે ગ્રહણ કર અને હે પુત્ર! તારા યૌવનથી હું વિષયોને સેવન કરૂં.[૧૦] એક હજાર વર્ષ પૂરાં થશે એટલે તારૂં યૌવન હું તને પાછું આપી જરાએ સહિત મારી દુર્બલતાને પાછી લઇશ"[૧૧]

તુર્વસુ બોલ્યો:-"હે તાત! કામભોગને નાશ કરનારી, બલ અને રૂપનો અંત લાવનારી તથા બુદ્ધિ અને પ્રાણશક્તિને ક્ષીણ કરનારી જરાને હું ઈચ્છતો નથી."[૧૨]

યયાતિ કહે છે-"તું મારો ઔરસ પુત્ર છે, છતાં તું તારૂ યૌવન મને આપતો નથી, માટે ઓ તુર્વસુ! તારી પ્રજા ઉચ્છેદ પામશે. વળી ઓ મૂર્ખ! આચાર તથા ધર્મ જેમના સેળભેળ થઈ ગયેલા, પ્રતિલોમ-પોતાનાથી ઉત્તમ વર્ણની-સ્ત્રીમાં ગમન કરનારા, માંસાહારી, ગુરુની સ્ત્રીમાં આસક્ત, પશુયોનિમાં ગમન કરનારા અને પશુના જેવા નિર્લજ્જ એવા પાપી મ્લેચ્છોના દેશમાં તું રાજા થઈશ.*"[૧૩-૧૫]

પુત્ર તુર્વસુને શાપ આપી પછી યયાતિએ શર્મિષ્ઠાના પુત્ર દ્રુહ્યુને નીચે પ્રમાણે કહ્યું.[૧૬]

યયાતિ કહે છે:-"હે દ્રુહ્યુ! રૂપ તથા રંગને નાશ કરનારી મારી વૃદ્ધતાને એક હજાર વર્ષ-સુધી તું ગ્રહણ કર અને તારૂં યૌવન મને આપ. એક હજાર વર્ષ પૂરાં થશે એટલે તારૂં યૌવન તને હું પાછું આપી મારી વૃદ્ધતાને પાપસહિત પાછી લઈશ."[૧૭,૧૮]

દ્રુહ્યુ બોલ્યો: "જરાથી જીર્ણ થયેલો પુરુષ, હાથી, ઘોડા, રથ તથા સ્ત્રીને ભોગવી શકતો નથી. વળી (દાંત પડવાથી અથવા કફ વધી જવાથી) એ તોતળા જેવો થઈ જાય છે, માટે તે જરાને હું ઇચ્છતો નથી."[૧૯]

યયાતિ કહે છે-"તું મારા હૃદયથી ઉત્પન્ન થયો છે છતાં મને તારૂં વય આપતો નથી, માટે ઓ દ્રુહ્યુ! તારા મનોરથ કદી પૂર્ણ થશે નહિ.[૨૦] વળી જ્યાં ઘોડાવાળા ઉત્તમ રથો, ઘોડાઓ, હાથીઓ, મ્યાનાઓ, ગધેડાઓ, બકરાં, બળદો અને પાલખી જઇ શકે નહિ પણ જ્યાં નાવથીજ નિત્ય જઈ શકાય છે, તેવા દેશમાં પણ તું અને તારા વંશજો રાજા ન કહેવાતાં ભોજસંજ્ઞાને પ્રાપ્ત થઈ રહેશો."[૨૧,૨૨]

આ પ્રમાણે દ્રુહ્યુને કહ્યા પછી તેનાથી નાના અનુને યયાતિએ કહ્યું:-"ઓ અનુ! તું મારી જરાની સાથે મનની અસ્વસ્થતાને ગ્રહણ કર અને એક હજાર વર્ષસુધી હું તારા યૌવનથી વિહાર કરીશ."[૨૩]

અનુ બોલ્યો:-"ઘરડો થયેલો વગરવખતે પણ બાલકની પેઠે તથા અપવિત્રની પેઠે અન્ના-

* તુર્વસુના નામ ઉપરથી એની પ્રજા તુરુષ્ક-તુર્ક ગણાતી હશે ? ભા૦ ક૦

'દિક ખાય છે અને સમય સમયે અગ્નિમાં હોમ આપી શકતો નથી; માટે તેવી જરાને હું ઇચ્છતો નથી." ૨૪

યયાતિ કહે છેઃ-"તું મારો ઔરસ પુત્ર છે છતાં તું પોતાનું વય મને આપતો નથી અને મારી આગળ વૃદ્ધતાના દોષ કહે છે, માટે તને તે પ્રાપ્ત થશે. વળી તારી પ્રજા યૌવન આવતાં મરણ પામશે અને તું પણ શ્રૌત સ્માર્ત કર્મથી ભ્રષ્ટ થઈશ." ૨૫,૨૬

અનુને કહ્યા પછી સર્વથી નાના પુત્ર પૂરુને યયાતિ કહે છેઃ-" હે પૂરુ ! તું મારો પ્રિય પુત્ર છે, તું શ્રેષ્ઠતાને પામીશ. હે વત્સ! શુક્રાચાર્યના શાપથી મને ઘડપણ તથા પળીઆં આવ્યાં છે અને કરચલીઓ પડી ગઈ છે; છતાં હું હજી યૌવનથી તૃપ્ત થયો નથી, માટે હે પૂરુ! મારી જરાને અસ્વસ્થતાસાથે તું ધારણ કર, એટલે હું કેટલોક કાળ તારા યૌવનથી વિષયોને સેવન કરીશ. પછી એક હજાર વર્ષ પૂરાં થશે એટલે તારૂં યૌવન હું તને પાછું આપીશ અને મારા પાપને જરાએ સહિત ગ્રહણ કરીશ. "૨૭-૨૯

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે યયાતિએ કહ્યું ત્યારે પૂરુ તત્કાળ પિતાને કહેવા લાગ્યોઃ-" હે મહારાજ !મને તમે જે કહો છો તેતમારા વચનપ્રમાણે હું કરીશ.૩૦ હે રાજન્ ! તમારી વૃદ્ધતાએ સહિત અસ્વસ્થતાને હું ધારણ કરીશ; મારા યૌવનને તમે ગ્રહણ કરો અને યથેષ્ટ ભોગ ભોગવો. હું તમારી વૃદ્ધતાથી ઢંકાઈ તમારાં વય અને રૂપને ધારણ કરી યૌવન તમને આપીને તમે કહેશો તેમ વર્તીશ. " ૩૧,૩૨

યયાતિ કહે છેઃ-" પૂરુ! તારાપ્રત્યે હું પ્રસન્ન થયો છું; અને હે વત્સ ! પ્રસન્ન થઇને હું તને વર આપું છું કે, તારી પ્રજાના સર્વ મનોરથ પૂર્ણ થશે અને તે રાજ્ય ભોગવનારી થશે." આ પ્રમાણે પૂરુને કહી મહા તપસ્વી યયાતિએ શુક્રનું સ્મરણ કરી મહાત્મા પૂરુમાં પોતાની જરા સંક્રાંત કરી. ૩૩,૩૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં
અધ્યાય ૮૪ મો સમાપ્ત.

અધ્યાય ૮૫ મો-પૂરુનો રાજ્યાભિષેક તથા યયાતિનું વનગમન.

॥ वैशंपायन उवाच॥
पौरवेणाथ वयसा ययातिर्नहुषात्मजः॥
प्रीतियुक्तो नृपश्रेष्ठश्चचार विषयान्प्रियान्॥

વૈશંપાયન કહે છેઃ-હવે નહુષનો પુત્ર નૃપશ્રેષ્ઠ યયાતિ રાજા પૂરુના યૌવનને ધારણ કરી, પ્રસન્ન થઇ,ઈષ્ટ વિષયોનું સેવન કરવા લાગ્યો.તે ઇચ્છા પ્રમાણે, ઉત્સાહપૂર્વક, યોગ્ય સમયે અને સુખ થાય તેમ ધર્મને બાધ ન લાગે તેવી રીતે વિષયોનું સેવન કરતો હતો કે જે પ્રમાણે વર્તવાને તે યોગ્યજ હતો. તેણે યજ્ઞથી દેવોને તૃપ્ત કર્યા; શ્રાદ્ધથી પિતૃઓને તૃપ્ત કર્યા; દીનોને કૃપાથી, શ્રેષ્ઠ બ્રાહ્મણોને યથેષ્ટ મનોરથ પૂર્ણ કરવાથી, અતિથિઓને અન્ન-જલથી, વૈશ્યોને પરિપાલનથી અને શૂદ્રોને દયાથી તૃપ્ત કર્યા; તથા ચોરોનો નિગ્રહ કરીને યયાતિ રાજા, ધર્મવડે સર્વ પ્રજાને યથાર્થ રીતે પ્રસન્ન કરતો સાક્ષાત્ બીજા ઇંદ્રની પેઠે તેઓનું પાલન કરવા લાગ્યો. સિંહના જેવો પરાક્રમી તે રાજા યૌવનને પામી ધર્મને બાધ ન લાગે તેવી રીતે વિષયોને સેવન કરતો ઉત્તમ સુખ ભોગવવા લાગ્યો. આ પ્રમાણે શુભ વિષયોને ભોગવતાં તે રાજા આનંદ પામતો હતો, પણ આ યૌવન હજાર વર્ષજ છે, એમ સ્મરણ થતાં તેને ખેદ થતો હતો. વીર્યવાન તથા કાલજ્ઞ એવો તે રાજા કાષ્ઠા (અઢાર નિમેષ) તથા કલા (ત્રીસ કાષ્ઠા) જેટલા કાલની પણ ગણત્રી કરતો હતો. આમ હજાર વર્ષનું યૌવન પામેલો રાજર્ષિ, સુશોભીત નંદનવનમાં વિશ્વાચી અપ્સરાની સાથે

ક્રીડા કરતો હતો. કોઈ વાર કુબેરની અલકાનગરીમાં તો કોઈ વાર ઉત્તરમાં આવેલા મેરુપર્વતના શિખર ઉપર રમણ કરતો હતો. આ પ્રમાણે ક્રીડા કરતાં તે ધર્માત્મા રાજાએ જ્યારે કાલની ગણત્રી કરી અને હજાર વર્ષનો કાલ પૂરો થયો છે એમ જાણ્યું, ત્યારે તે પોતાના પુત્ર પૂરુને કહેવા લાગ્યો.૧-૧૦

"હે અરિને દમન કરનારા પુત્ર! તારા યૌવનથી મેં યથેષ્ટ ઉત્સાહપૂર્વક ઋતુ ઋતુના ભોગો ભોગવ્યા છે; પરંતુ કામનાઓ કામિત વિષયોના ઉપભોગથી શાંત થતી નથી, પણ ઘી નાખવાથી અગ્નિ જેમ વધે છે તેમ વિષયોનાં સેવનથી અભિલાષાઓ વધ્યાજ જાય છે. પૃથ્વીમાં જે અન્ન, સુવર્ણ, પશુઓ અને સ્ત્રીઓ છે, તે સર્વ એકને મળે તોપણ તેને તે પૂરતાં લાગતાં નથી; માટે તૃષ્ણાનો ત્યાગ કરવો. જેને દુર્બુદ્ધિવાળાઓ ત્યજી શકતા નથી, જે ઘડપણ આવતાં પણ ઘરડી થતી નથી અને જે પ્રાણાંતિક રોગ છે, તે તૃષ્ણાને ત્યાગ કરનારો સુખી થાય છે. મેં પૂરાં હજાર વર્ષ સુધી આસક્ત ચિત્તથી વિષયોનુ સેવન કર્યું તોપણ રોજ રોજ તેમાં મનતૃષ્ણા થયાજ જાય છે; માટે હું એ તૃષ્ણાનો ત્યાગ કરી બ્રહ્મમાં મન જોડી, સુખદુઃખાદિ દ્વંદ્વને ત્યજી, મમતા વિનાનો થઈને હરિણોની સાથે જંગલમાં વિચરીશ. પૂરુ! તારૂં કલ્યાણ થાઓ. હું તારાપ્રત્યે પ્રસન્ન થયો છું. આ તારા યૌવનને તું ગ્રહણ કર અને આ રાજ્યને પણ ગ્રહણ કર. ખરે, તું મારો પ્રિયકારી પુત્ર છે."૧૧-૧૭

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે પૂરુને કહી નહુષના પુત્ર યયાતિ રાજાએ પોતાની વૃદ્ધતા પાછી લીધી અને પૂરુએ પોતાનું યૌવન પુનઃ પ્રાપ્ત કર્યું. પછી નાના પુત્ર પૂરુને રાજ્યાભિષેક કરવા ઇચ્છતા યયાતિ રાજાને બ્રાહ્મણાદિ વર્ણો આવી નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ-"હે પ્રભો! શુક્રનો દૌહિત્ર અને દેવયાનીનો મોટો પુત્ર જે યદુ તેને મૂકીને તમે પૂરુને કેમ રાજ્ય આપો છો? ૨૦ તમારો મોટો પુત્ર યદુ છે, તેના પછી તુર્વસુ, તેના પછી શર્મિષ્ઠાનો પુત્ર દ્રુહ્યુ, પછી અનુ અને તેના પછી પૂરુ થયો છે; તો મોટા પુત્રોનું અતિક્રમણ કરીને નાનો પુત્ર રાજ્યને માટે કેમ યોગ્ય ગણાય? આ અમે તમને સૂચના કરીએ છીએ. તમે ધર્મનું પાલન કરો."૨૧-૨૨

યયાતિ કહે છેઃ-"હે બ્રાહ્મણાદિ સર્વે વર્ણો! મારાં વચનને તમે સાંભળો. મારે મોટા પુત્રને કોઈ પણ રીતે રાજ્ય આપવું નથી તેનું કારણ હું કહું છું. મારા મોટા પુત્ર યદુએ મારી આજ્ઞાનું પાલન કર્યું નથી. જે પુત્ર પિતાથી પ્રતિકૂળ વર્તે છે તેને સજ્જનો પુત્ર માનતા નથી. જે પુત્ર માતાપિતાના વચનને પાળે છે, તેઓનું હિત કરે છે તથા અનુકૂલ રહે છે તેજ પુત્ર કહેવાય છે. વળી ઔરસ પુત્ર ન હોય તોપણ જે માતાપિતાની જોડે પુત્રની પેઠે વર્તે છે તે પુત્ર ગણાય છે. યદુએ મારી અવગણના કરી છે; તેમજ તુર્વસુ, દ્રુહ્યુ અને અનુએ પણ મારૂં ઘણું અપમાન કર્યું છે. માત્ર મારા નાના પુત્ર પૂરુએ મારૂં વચન પાળ્યું છે અને વિશેષ માન આપીને તેણે મારી જરા ગ્રહણ કરી હતી. મિત્રરૂપ પૂરુએ મારો મનોરથ પૂર્ણ કર્યો હતો. વળી મને કવિના પુત્ર શુક્રાચાર્યે પોતે વરદાન આપ્યુ છે કે જે પુત્ર તમારી આજ્ઞા પાળશે તે પૃથ્વીપતિ રાજા થશે; માટે હું તમને અનુનયથી કહું છું કે પૂરુનો રાજ્ય ઉપર અભિષેક કરો."૨૩-૨૯

પ્રજાવર્ગ કહે છેઃ-"જે પુત્ર ગુણસંપન્ન તથા માતાપિતાના હિતમાં નિત્ય તત્પર હોય, તે સત્પુત્ર નાનો હોય તોપણ સર્વ પ્રકારનાં કલ્યાણને માટે પાત્ર છે; માટે તમારૂં પ્રિય કરનારો પૂરુ આ રાજ્યને માટે લાયક છે. વળી શુક્રાચાર્યનું વરદાન છે, એટલે એમાં અમે ઉત્તર પણ આપી શકીએ નહિ."૩૦-૩૧

વૈશંપાયન કહે છેઃ-આ પ્રકારે નગરના તથા દેશના લોકોએ સંતુષ્ટ થઈને યયાતિ રાજાને કહ્યું, એટલે રાજાએ પોતાના પુત્ર પૂરુનો પોતાના રાજ્ય ઉપર અભિષેક કર્યો. પછી પૂરુને રાજ્ય આપી યયાતિ રાજા, વનવાસદીક્ષા ધારણ કરીને, બ્રાહ્મણો અને તપસ્વીઓની સાથે નગરમાંથી ચાલી નીકળ્યો.૩૨-૩૩

યયાતિના પુત્ર યદુના વંશજો યાદવો કહેવાયા, તુર્વસુના યવનો થયા, દ્રુહ્યુના વંશજો ભોજ કહેવાયા, અનુના મ્લેચ્છો થયા અને પૂરુના પૌરવો કહેવાયા. હે રાજન ! તે પૂરુના વંશમાં જિતેંદ્રિય એવા તમે હજારો વર્ષ રાજ્ય કરવાને ઉત્પન્ન થયા છો. ૩૪-૩૫

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવ પર્વવિષે યયાતિ-ઉપાખ્યાનમાં પૂર્વયાયાત નામનો અધ્યાય ૮૫ મો સમાપ્ત.

અધ્યાય ૮૬ મો-યયાતિનું સ્વર્ગગમન

॥ वैशंपायन उवाच ॥

एवं स नाहुषो राजा ययातिः पुत्रमीप्सितम्॥
राज्येऽभिषिच्य मुदितो वानप्रस्थोऽभवन्मुनिः॥

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે નહુષના પુત્ર યયાતિ રાજાએ પોતાના પ્રિય પુત્રનો રાજ્યાભિષેક કર્યો. પછી તે આનંદિત થઈને વાનપ્રસ્થાશ્રમી મુનિ થયો. ઉત્તમ વ્રતને ધારણ કરનારો તે બ્રાહ્મણોની સાથે વનમાં નિવાસ કરીને તથા ત્યાં ઇંદ્રિયોનો નિગ્રહ કરીને ફલમૂલનું ભક્ષણ કરતો કેટલેક કાળે આ લોકમાંથી સ્વર્ગમાં ગયો. સ્વર્ગમાં ગયેલો તે રાજા ત્યાં આનંદથી સુખરૂપ નિવાસ કરીને રહ્યો હતો, પણ થોડાજ સમયમાં ફરી ઇંદ્રે તેને ત્યાંથી પાડી દીધો હતો. સ્વર્ગથી ભ્રષ્ટ થઈને પડતાં તે રાજા પૃથ્વીપર ન આવતાં તે વખતે આકાશમાંજ ખળી રહ્યો હતો, એમ મેં સાંભળ્યું છે. વળી વસુમાન, અષ્ટક, પ્રતર્દન અને શિબિ રાજાની સભામાં તેમને મળીને તેઓની સાથે ફરી ત્યાંથીજ તે વીર્યવાન રાજા સ્વર્ગમાં ગયો હતો એમ પણ સાંભળ્યું છે.

જનમેજય પૂછે છેઃ-તે રાજા શું કર્મ કરવાથી ફરી સ્વર્ગમાં ગયો હતો ? હે વિપ્ર! એ સઘળું વિપ્રર્ષિઓના સમૂહ આગળ તમારા મુખથી યથાર્થ રીતે કથન કરાતું સાંભળવાની હું ઇચ્છા કરૂં છું; કારણકે તે પૃથ્વીપતિ યયાતિ રાજા કુરુવંશની વૃદ્ધિ કરનારા, દેવરાજ ઇંદ્રના જેવા અને અગ્નિના જેવા તેજસ્વી હતા; માટે તે વિસ્તીર્ણ યશવાળા તથા સત્ય કીર્તિવાળા મહાત્માનું સ્વર્ગલોકનું અને આ લોકનું ચરિત્ર હું નિઃશેષ રીતે સાંભળવા ઇચ્છું છું. ૧-૯

વૈશંપાયન કહે છેઃ-સર્વ પાપને નાશ કરનારી અને પુણ્યરૂપ અર્થવાળી યયાતિ રાજાની સ્વર્ગ તથા આ લોકના સંબંધવાળી ઉત્તમ કથા હું તમને હર્ષપૂર્વક કહું છું. ૧૦ નહુષનો પુત્ર યયાતિ રાજા કનિષ્ઠ પુત્ર પૂરુને રાજ્ય ઉપર અભિષિક્ત કરીને તથા યદુ વગેરે પુત્રોને મ્લેચ્છ દેશોમાં મૂકીને તે વખતે આનંદથી વનમાં ગયો હતો. ત્યાં તે મનને વશ રાખી, ક્રોધને જીતી, પિતૃ અને દેવતાઓને તૃપ્ત કરતો, વિધિપૂર્વક વાનપ્રસ્થની વિધિથી અગ્નિમાં હોમ આપતો તથા વનનાં હવિથી અતિથિનો સત્કાર કરતો હતો; અને પોતે શિલોંછવૃત્તિથી (કણ કણ વીણી લાવીને)દેવ, પિતૃ તથા અતિથિનો સત્કાર કરતાં બચેલા અન્નનું ભોજન કરતો હતો. આવી વૃત્તિથી તે રાજા પૂરાં હજાર વર્ષ રહ્યો હતો. પછી તેણે ત્રીસ વર્ષ વાણી તથા મનને નિયમમાં રાખીને જલમાત્રનું ભક્ષણ કરી ગાળ્યાં. તે પછી આલસ્યરહિત થઇને એક વર્ષપર્યંત વાયુમાત્રનો આહાર કરીને તે રહ્યો; તથા તેણે એક વર્ષ પંચાગ્નિના મધ્યમાં રહીને તપ કર્યું. વળી તેણે છ માસસુધી વાયુમાત્રનો આહાર કરીને એક પગથી ઉભા રહીને તપ કર્યું અને છેવટે તે પુણ્ય કીર્તિવાળો રાજા પૃથ્વી તથા સ્વર્ગમાં શ્રેષ્ઠતા મેળવીને સ્વર્ગમાં ગયો. ૧૧-૧૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ઉત્તર યાયાત આખ્યાનમાં અધ્યાય ૮૬ મો સમાપ્ત.

અધ્યાય ૮૭ મો-યયાતિએ પૂરુને કરેલા ઉપદેશનું ઈંદ્રની પાસે કથન

॥ वैशंपायन उवाच॥
स्वर्गतः स तु राजेंद्रो निवसन् देववेश्मनि॥
पूजितस्त्रिदशैः साध्यैर्मरुद्भिर्वसुभिस्तथा ॥१॥

વૈશંપાયન કહે છેઃ-સ્વર્ગમાં ગયેલો તે રાજેંદ્ર દેવતાઓ, સાધ્યો, વાયુઓ અને વસુઓથી પૂજન કરાતો દેવસદનમાં નિવાસ કરવા લાગ્યો. પુણ્યકર્મને કરનારો અને વશ મનવાળો તે રાજા દેવલોક અને બ્રહ્મલોકમાં યથેચ્છ ફરતો લાંબા વખતસુધી સ્વર્ગમાં રહ્યો હતો, એમ સંભળાય છે. એક વખતે રાજાઓમાં શ્રેષ્ઠ એવો તે યયાતિ ઇંદ્ર પાસે ગયો હતો. ત્યાં ચાલતો પ્રસંગ પૂરો થતાં ઇંદ્રે રાજાનેપૂછયું. ૧-૩

ઇંદ્ર પૂછે છેઃ-"હે રાજન! જ્યારે પૂરુ તમારા રૂપવડે જરાનું ગ્રહણ કરીને ભૂમિમાં વિચરતો હતો ત્યારે તેને રાજ્ય આપીને તમે શું કહ્યું હતું, તે મારી આગળ સત્યથી કહો." ૪

યયાતિ કહે છેઃ-"મેં પૂરુને કહ્યું કે, ગંગા અને યમુનાના મધ્યમાં તથા પૃથ્વીના મધ્યમાં આવેલા આખા દેશનો તું રાજા છે અને તારા ભાઇઓ પ્રાંત્ય દેશના અધિપતિઓ છે. ક્રોધ કરનારાઓથી ક્રોધન કરનારો શ્રેષ્ઠ છે; તેમજ ક્ષમા ન કરનારાથી ક્ષમાશીલ શ્રેષ્ઠ છે. મનુષ્યો પશુઓથી શ્રેષ્ઠ છે અને અવિદ્વાનથી વિદ્વાન શ્રેષ્ઠ છે. કોઇ દુષ્ટ શબ્દ કહે તોપણ તેને સામો દુષ્ટ શબ્દ કહેવો નહિ; કેમકે સહન કરનારાનો જે ક્રોધ તેજ અપશબ્દ બોલનારાને બાળી મૂકે છે અને તેનું પુણ્ય સહન કરનારાને પ્રાપ્ત થાય છે. કોઇને પણ પીડા થાય તેમ કંટકની પેઠે વર્તવું નહિ, કઠોર વાણી બોલવી નહિ, મારણાદિ પ્રયોગથી શત્રુને વશ કરવા ઇચ્છવો નહિ અને જે વાણીથી બીજાને ઉદ્વેગ થાય, તેવી દાહ કરનારી તથા પાપીઓના લોકમાં પહોંચાડનારી વાણી બોલવી નહિ. જે પુરુષ બીજાનાં હૃદયને શારનારો, તીવ્ર વાણીવાળો અને વાણીરૂપી કાંટાઓથી મનુષ્યોને ભેદનારો હોય છે તથા મોઢે બાંધેલી નારકી અશોભાને-દુષ્ટવાણીને વહન કરનારો હોય છે, તેને આ લોકમાં મહાન દરિદ્રી સમજવો. પુરુષે સત્પુરુષોની સમક્ષમાં માન મળે તથા કોઈ દોષ કાઢતું હોય ત્યારે સજ્જનોથી પાછળ રક્ષણ થાય એવું વર્તન રાખવું; અને આર્ય વર્તનથી વર્તી સત્પુરુષોનું ચારિત્ર શીખવું તથા દુષ્ટનાં નિંદાનાં વચનોને હમેશાં સહન કરવાં. ૧૦ દુર્જનોના મોંમાંથી નીકળતાં દુષ્ટ વાણીરૂપી બાણો જેને લાગે છે, તે રાત્રિદિવસ શોક કરે છે. તે વાગ્બાણો બરાબર મર્મમાંજ પહોંચે છે, માટે ડાહ્યા માણસે બીજાને વાગ્બાણ મારવાં નહિ. પરમેશ્વરના આરાધનને માટે સર્વ પ્રાણીપ્રત્યે દયા, મિત્રભાવ, પરોપકાર અને મધુર વાણી જેવું સાધન ત્રણ લોકમાં બીજું કંઈ નથી; માટે નિત્ય મધુર બોલવું પણ કદાપિ કઠોર વાણી વદવી નહિ. પૂજા કરવા યોગ્ય હોય તેની પૂજા કરવી અને દાન આપવું, પણ કદાપિ યાચના કરવી નહિ." ૧૧-૧૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વ વિષે ઉત્તર યાયાત આખ્યાનમાં અધ્યાય ૮૭ મો સમાપ્ત.

અધ્યાય ૮૮ મો-યયાતિનું સ્વર્ગમાંથી સત્પુરુષોમાં પડવું.

॥ इंद्र उवाच ॥
सर्वाणि कर्माणि समाप्य राजन् गृहं परित्यज्य वनं गतोऽसि। तत्त्वां पृच्छामि नहुषस्य पुत्र केनासि तुल्यस्तपसा ययाते॥१॥

ઇંદ્ર પૂછે છેઃ-"હે રાજન! તમે સર્વ કર્મને સમાપ્ત કરી તથા ઘરનો ત્યાગ કરીને વનમાં ગયા હતા, તો હે નહુષપુત્ર યયાતિ! હું તમને પૂછું છું કે, તમે તપવડે કોના તુલ્ય થયા છો?

યયાતિ કહે છેઃ-"હે ઇંદ્ર! હું મનુષ્ય, દેવ, ગંધર્વ અને મહર્ષિઓમાં મારા જેવા તપવાળા કોઈને પણ જોતો નથી."[૨]

ઇંદ્ર કહે છેઃ-"હે રાજન્! તમારાથી શ્રેષ્ઠ, તમારા સમાન અથવા તમારાથી ઉતરતા એવા સર્વના પ્રભાવને જાણ્યા વિના તમે તેમની અવગણના કરો છો, માટે તમારા આ લોકના નિવાસનો અંત આવ્યો છે. પુણ્ય ક્ષીણ થતાંજ આજે તમે સ્વર્ગમાંથી પડશો."[૩]

યયાતિ કહે છેઃ-"હે શક્ર! દેવ, ઋષિ ગંધર્વતથા નરોનું અપમાન કરવાથી જો મારા આ લોકો ક્ષીણ થયા હોય તો હે દેવરાજ! હું ઇચ્છું છું કે દેવલોકથી ભ્રષ્ટ થઇને હું સજ્જનોની મધ્યમાં પડું."[૪]

ઇંદ્ર કહે છેઃ-"હે રાજન્! તમે સ્વર્ગથી ભ્રષ્ટ થઇને સજ્જનોની આગળ પડશો, કે જ્યાં તમને ફરી પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે; પરંતુ હે યયાતે! તમે આ વૃત્તાંતનું સ્મરણ રાખી ફરીથી સમાન અથવા શ્રેષ્ઠનું અપમાન કરશો નહિ."[૫]

વૈશંપાયન કહે છેઃ-પછી ઇંદ્રે નિવાસ કરેલા પવિત્ર લોકનો ત્યાગ કરીને પડતા યયાતિને જોઈ, સદ્ધર્મવિધિનું રક્ષણ કરનારા, રાજર્ષિમાં શ્રેષ્ઠ એવા અષ્ટક તેને કહેવા લાગ્યા.

અષ્ટક પૂછે છેઃ—"યુવાન તથા ઇંદ્રના જેવા રૂપવાળા અને અગ્નિની પેઠે ઝળહળતા એવા તમે, વૃદ્ધિ પામેલા મેઘવડે અંધકારમય થયેલા આકાશમાંથી, આકાશચારીમાં મુખ્ય એવા સૂર્યની પેઠે, પડનારા કોણ છો? અગ્નિ અથવા સૂર્યના જેવી કાંતિવાળા અને અમાપ એવા તમને સૂર્યના માર્ગમાંથી પડતા જોઈને અમે સઘળા 'આ શું પડતું હશે?' એમ વિતર્ક કરતા મોહ પામ્યા છીએ. ઇંદ્ર, સૂર્ય અથવા વિષ્ણુના જેવા પ્રભાવવાળા તમને દેવમાર્ગમાં રહેલા જોઇને હમણાં અમે બધા તમારા પડવાનું કારણ જાણવા તમારી પાસે આવ્યા છીએ; પરંતુ અમે તમને પ્રથમ પૂછવા સમર્થ થતા નથી અને તમે અમને અમે કોણ છીએ તે પણ પૂછતા નથી; તો હુંજ તમને પૂછું છું કે, હે સ્પૃહા કરવાયોગ્ય રૂપવાળા! તમે કોના પુત્ર છો? અને શા કારણથી અહીં આવ્યા છો?[૧૦] હે ઇંદ્રના જેવા પ્રભાવવાળા! તમારૂં ભય નિવૃત્ત થાઓ તથા તમે ખેદ અને મોહનો શીઘ્ર ત્યાગ કરો; કારણ કે તમે સત્પુરુષોની આગળ આવ્યા છો, એટલે બલ નામના દાનવને મારનારા ઇંદ્ર પણ તમારો પરાભવ કરવા સમર્થ નથી. હે દેવરાજતુલ્ય! સુખથી ભ્રષ્ટ થતા સજ્જનોને સદા સંતપુરુષોજ આશ્રયરૂપ છે, અને તેજ સ્થાવરજંગમના સ્વામી એવા સંતો તમને મળ્યા છે, તથા તમે સમાન સત્પુરુષોમાં સ્થાન પામ્યા છો. તાપ આપવામાં અગ્નિ પ્રભુ છે, સંગ્રહ કરવામાં ભૂમિ પ્રભુ છે, પ્રકાશ કરવામાં સૂર્ય પ્રભુ છે અને સજ્જનોનો પ્રભુ અભ્યાગત છે."[૧૧-૧૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ઉત્તરયાયાત આખ્યાનમાં અધ્યાય ૮૮ મો સમાપ્ત.

અધ્યાય ૮૯ મો-યયાતિએ કરેલું પરલોકનું તથા પોતાના પતનનું વર્ણન

॥ ययातिरुवाच ॥

अहं ययातिर्नहुषस्य पुत्रः पूरोः पिता सर्वभूतावमानात् ॥ प्रभ्रंशितः सुरसिद्धर्षिलोकात् परिच्युतः प्रपताम्यल्पपुण्यः ॥१॥

યયાતિ કહે છેઃ-"હું નહુષનો પુત્ર અને પૂરુનો પિતા યયાતિ છું. મેં સર્વ પ્રાણીઓનું અપમાન કર્યું, તેથી હું અલ્પ પુણ્યવાળો થઈને દેવ, સિદ્ધ અને ઋષિઓના લોકથી ભ્રષ્ટ થઈ સ્વર્ગમાંથી પડું છું. હું તમો સર્વથી વયમાં મોટો છું, માટે તમને નમસ્કાર કરતો નથી. જે વિદ્યા, તપ અથવા જન્મથી મોટો હોય તે દ્વિજોને માટે પૂજ્ય ગણાય છે."[૨]

અષ્ટક કહે છેઃ-"વયમાં જે મોટો હોય

તેને તમે પૂજ્ય કહો છો, પરંતુ દ્વિજાતિમાં તો જે વિદ્યા અને તપથી શ્રેષ્ઠ હોય છે તેજ પૂજ્ય ગણાય છે; વયથી મોટો હોય તે પૂજ્ય કહેવાતો નથી. ('મોટી વયનો પૂજ્ય છે' એ યયાતિના વચનમાં દૂષણ આપી અષ્ટકે વિદ્યા તથા તપની શ્રેષ્ઠતાની સ્તુતિ કરી તેમાં પોતે અનુભવેલું વિઘ્ન દર્શાવતો યયાતિ કહે છે.)

યયાતિ કહે છેઃ–"પુણ્યકર્મને નાશ કરનારો ગર્વ છે. તે નરક આપનાર પાપ–ગર્વ અનમ્ર જનોમાં જણાય છે, માટે તે અસજ્જનોને યોગ્ય પાપને સજ્જનો સેવન કરતા નથી, પણ સત્કર્મને અનુકૂળ થાય તેમ દંભાદિરહિત થઇને વર્તે છે. મારૂં દંભાદિથી રહિત એવું પુણ્યરૂપી પુષ્કળ ધન હતું તે ગર્વથીજ નાશ પામ્યું છે. જે ધનને યત્ન કરતાં પણ હું હવે મેળવી શકીશ નહિ. આવી મારી સ્થિતિનો વિચાર કરીને જે ધીર પુરુષ આત્મહિતમાં તત્પર થઇને વર્તે છે, તે વિશેષ જ્ઞાનને પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય મહાન ધનવાળો હોઈ સારા યજ્ઞો કરે છે, જે સર્વ વિદ્યા મેળવીને નમ્ર બુદ્ધિવાળો રહે છે તથા જે વેદોનું અધ્યયન કરીને દેહને તપમાં યોજે છે, તે નિર્માન પુરુષ સ્વર્ગને પ્રાપ્ત થાય છે. ઘણું ધન–તપ હોય તોપણ કદી ફુલી જવું નહિ, વેદોનું અધ્યયન કરવું અને નિરહંકાર રહેવું. (ત્યારે તમે કેમ અહંકાર કર્યો ? એ શંકા લઇને કહે છે) આ જીવલોકમાં ભિન્ન ભિન્ન સ્વભાવના ઘણા જીવો છે અને તેઓ દૈવને આધીન છે, એટલે તેમની યોગ્યતા તથા ઉદ્યોગ કામ લાગતાં નથી; અર્થાત્ મૂર્ખોની પુણ્યમાં અને પંડિતોની પાપમાં પ્રવૃત્તિ કરાવનારૂં દૈવજ બલવાન છે; માટે ધીર પુરુષે દૈવને પોતાની બુદ્ધિ કરતાં બલવાન જાણીને સુખ-દુઃખ આવતાં હર્ષશોકને આધીન થવું નહિ. પ્રાણીને સુખ અથવા દુઃખ દૈવથીજ પ્રાપ્ત થાય છે. તેમાં પોતાની શક્તિ ચાલતી નથી; માટે દૈવને બલવાન માનીને કોઈ પણ રીતે સંતાપ કરવો નહિ, તેમ ફુલી જવું પણ નહિ. દુઃખવડે સંતપ્ત ન થવું, તેમ સુખવડે પ્રફુલ્લ ન થવું; પણ ધીર પુરુષે સદૈવ સમભાવમાં રહેવું તથા ભાગ્ય બલવાન છે, એમ માનીને કોઈ પણ રીતે ચિંતા કરવી નહિ, તેમ ખુશી થવું નહિ. હે અષ્ટક ! હું ભય આવતાં કદાપિ ગભરાતો નથી તથા મારા મનમાં કંઈ સંતાપ થતો નથી; કારણ કે આ લોકમાં વિધાતા મને જે સ્થિતિમાં મૂકશે તે સ્થિતિમાં મારે અવશ્ય રહેવાનું છે, એમ હું માનું છું. ૧૦ સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ, પેટ ઘસડી ચાલનારાં, કૃમિઓ, જલચર જીવો, પાષાણ, ઘાસ, કાષ્ઠ અને બીજાં સર્વેનાં પુણ્યપાપ જ્યારે ક્ષીણ થાય છે, ત્યારે તેઓ પોતાની પ્રકૃતિને–બ્રહ્મને પ્રાપ્ત થાય છે. હે અષ્ટક! સુખ અને દુઃખ અનિત્ય છે, એમ હું જાણું છું; ત્યારે મારે શામાટે સંતાપ કરવો જોઇએ? શું કરીએ અથવા શું કરવાથી સંતાપ દૂર થાય તે ન જાણવાથી હું સાવધાન રહીને સંતાપજ કરતો નથી." ૧૧,૧૨

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે બોલતા, સર્વગુણસંપન્ન એવા અંતરિક્ષમાં રહેલા પોતાના માતામહ યયાતિ રાજાને અષ્ટક પુનઃ પૂછવા લાગ્યો. અષ્ટક પૂછે છેઃ–" હે રાજેંદ્ર ! તમે જે જે મુખ્ય લોકોનો ઉપભોગ કર્યો હોય અને ત્યાં જેટલો જેટલો કાળ રહ્યા હો, તે તે લોકોનું મારી આગળ યથાર્થ વર્ણન કરો; કારણ કે હે રાજન્ ! તમે ક્ષેત્રજ્ઞ(નિર્લેપ)ની પેઠે ધર્મોનું વર્ણન કરો છો." ૧૩,૧૪

યયાતિ કહે છેઃ–" હું આ લોકમાં એક ચક્રવર્તી રાજા હતો. પછી મેં ઉત્તમ લોકોને પુણ્યથી મેળવ્યા હતા. ત્યાં માત્ર એક હજાર વર્ષ સુધી રહ્યા પછી ત્યાંથી હું બીજા શ્રેષ્ઠ લોકમાં ગયો હતો. ત્યારપછી હજાર દરવાજાવાળી અને સો યોજનના વિસ્તારવાળી ઇંદ્રની રમ્ય નગરીમાં મેં માત્ર હજાર વર્ષ નિવાસ કર્યો હતો. ત્યાંથી ફરી હું ઉત્તમ લોકમાં ગયો હતો. તે લોકના સ્વામી પ્રજાપતિના દિવ્ય અને અજર એવા અલભ્ય લોકને પામીને હું માત્ર હજાર વર્ષ સુધી ત્યાં રહ્યો હતો. પછી હું ત્યાંથી બીજા ઉત્તમ લોકમાં ગયો હતો. ત્યાં અન્ય સર્વ લોકોમાં વિહાર કરીને તે દેવાધિદેવના સ્થાનમાં હું ઈશ્વરોના જેવી કાંતિ તથા

પ્રભાવવાળો થઈ સર્વ દેવોથી પૂજાતો યથેષ્ટ રહ્યો હતો. પછી હું યથેચ્છ રૂપ ધારણ કરીને અપ્સરાઓની સાથે વિહાર કરતો તથા સુંદર રૂપવાળાં અને પુણ્ય ગંધવાળાં પુષ્પિત વૃક્ષોને જોતો નંદનવનમાં સો અયુત વર્ષસુધી રહ્યો હતો. ત્યાં હું દેવોના સુખમાં આસક્ત થઇને રહેતો હતો. ઘણોજ લાંબો સમય ગયા પછી એક વખતે ઉગ્ર રૂપવાળા દેવના દૂતે આવીને મને ઉંચા સ્વરથી ‘તું પડ’ એવું ત્રણ વાર કહ્યું. હે રાજસિંહ ! આટલું માત્ર હું જાણું છું. પછી પુણ્ય ક્ષીણ થવાથી હું નંદનવનમાંથી ભ્રષ્ટ થયો; અને હે નરેંદ્ર ! હું પડતો હતો તે વખતે મેં મારે માટે શોક કરતા દેવોની દયાયુક્ત વાણી અંતરિક્ષમાં સાંભળી. તેઓ કહેતા હતા કેઃ–“ અરેરે, આ પુણ્યકર્મ કરનારો અને પુણ્ય કીર્તિવાળો યયાતિ રાજા પુણ્ય ક્ષીણ થવાથી પડે છે !” મેં પડતાં પડતાં તેઓને પૂછ્યું કેઃ–“ હું સજ્જનોના મધ્યમાં કેવી રીતે પડું ?” ત્યારે તેમણે મને તમારી યજ્ઞભૂમિ વર્ણવી; એટલે હું યજ્ઞભૂમિને સૂચવનારો, હવિના ગંધવાળો ધૂમ નીકળતો જોઇને ‘તે આ યજ્ઞભૂમિ છે,’ એમ વિચારી પ્રસન્ન થઇને ત્વરાથી અહીં આવ્યો છું.” ૧૫–૨૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ઉત્તરયાયાત આખ્યાનમાં અધ્યાય ૮૯ મો સમાપ્ત.

અધ્યાય ૯૦ મો–યયાતિચરિત્ર–પુનર્જન્માદિ વિચાર

॥ अष्टक उवाच ॥

यदाऽवसोनंदने कामरूपी संवत्सराणामयुतं शतानाम् । किं कारणं कार्तयुगप्रधान हित्वा च त्वं वसुधामन्वपद्यः ॥१॥

અષ્ટક પૂછે છેઃ–“ હે અત્યંત નિષ્પાપોમાં મુખ્ય! જ્યારે તમે ઇચ્છિત રૂપ ધારણ કરીને સો અયુત વર્ષપર્યંત નંદનવનમાં રહ્યા, હતા, તો પછી શા કારણથી તેનો ત્યાગ કરીને પૃથ્વી ઉપર આવ્યા ?” ૧

યયાતિ કહે છેઃ–“જેમ આ લોકમાં પોતાનો સગો, સંબંધી, જાતવાળો અથવા મિત્ર હોય તોપણ તે નિર્ધન થાય એટલે મનુષ્યો તેને ત્યજી દે છે, તેમ પરલોકમાં પણ પુણ્યરૂપી ધન ક્ષીણ થતાં દેવેશ્વરેસહિત સર્વ દેવો તે મનુષ્યને તુરત ત્યજી દે છે. ”૨

અષ્ટક પૂછે છેઃ–“ સ્વર્ગમાં મનુષ્યોનાં પુણ્ય શાથી ક્ષીણ થાય છે? એ સંબંધમાં મારૂં મન બહુ ગુંચવાય છે;* અને શું કરવાથી બ્રહ્મના અનાવૃત્તિ ધામમાં જવાય છે? તે પણ મને નિશ્ચયથી કહો, કેમકે હું તમને ક્ષેત્રજ્ઞ રૂપ માનું છું.”૩

યયાતિ કહે છેઃ–“હે નરદેવ! જેઓ કાગડા, ગીધ અને શિયાળોનાં ટોળાંને ભક્ષણ કરવા યોગ્ય શરીરના ભોગને માટે શ્રમ કરનારા છે, તે સર્વ બડાશો મારનારા આ ત્રિવિધ તાપયુક્ત ભૂમિરૂપી નરકમાં આવી પડે છે, અને વિવિધ વાસનાના મૂલરૂપી પુત્રપૌત્રાદિ વિષમ વૃદ્ધિને પામે છે; માટે હે નરેંદ્ર ! દોષરૂપી સકામ કર્મોનો તથા લોકનિંદિત મારણાદિ કર્મોનો ત્યાગ કરવો. હે પાર્થિવ! મેં આ સર્વ તમને કહ્યું છે. હવે બોલો ફરી હું તમને હમણાં શું કહું ?”૪,૫

(અષ્ટક દેહાત્મવાદીના પક્ષનો આશ્રય કરીને પૂછે છે.)

અષ્ટક પૂછે છેઃ–“જ્યારે શરીરને કાગડા, ગીધ, મયૂરો વગેરે પક્ષીઓ ખાઇ જાય છે, ત્યારે શરીર નષ્ટ થતાં પણ તે છે એમ શી રીતે કહેવાય? અને બીજા શરીરથી શી રીતે ઉત્પન્ન થાય ?

* **अपामसोममममृता अभूम ॥** શ્રુતિ સોમયાગમાં સોમપાન કરીશું અને અમર થઇશું; આમ શ્રુતિમાં કર્મફલની નિત્યતા સાંભળી છે તો ત્યાંથી પડવાનું કારણ શું ? એ પ્રશ્નનો આશય છે.

વળી ભૌમ નરક એટલે શું ? તે પણ મેં સાંભળ્યું નથી. ”૬

યયાતિ કહે છેઃ–“*જ્યારે પ્રાણીનો દેહ પડે છે, ત્યારપછી નિમિત્તરૂપી કર્મવડે માતાના ગર્ભમાં પોષણ પામતા દેહને મેળવીને તે પૃથ્વીમાં અવતરે છે અને લોકોને પ્રત્યક્ષ થાય તેમ વર્તે છે તથા ફરી ભૌમ નરકમાં પડે છે. એ જન્માદિક તેજ ભામ નરક છે; કારણ કે એમાં નિષ્ફલ જતાં પોતાનાં અનેક વર્ષોને તે જોતો નથી, અર્થાત્ કર્મભૂમિને મેળવીને પણ આત્મહિતને માટે યત્ન કરતો નથી,તેથી એવી મૂઢતા કરનારો આ લોક નરકરૂપજ છે. સ્વર્ગમાં ગયેલાઓ પણ સાઠ હજાર વર્ષ અથવા એશીં હજાર વર્ષસુધી ત્યાં રહીને પાછા ત્યાંથી ભૂમિમાં પડે છે અને તે ભૂમિમાં પડેલાઓને તીક્ષ્ણ દાઢવાળા ભૂમિના ભયંકર રાક્ષસો (સ્ત્રી, પુત્ર વગેરે રક્ષ, રક્ષ કહેનારા રાક્ષસો) કનડે છે. ”૭–૮

અષ્ટક પૂછે છેઃ–“જેઓ સ્વર્ગમાંથી પડે છે તેમને પાપનાં કારણથી તીક્ષ્ણ દાઢવાળા ભૂમિના ભયંકર રાક્ષસો પીડે છે તે પુરુષો ઉપરથી પડવાવડે કેમ વીંખાઈ જતા નથી ? તથા તેઓને ઇંદ્રિયાદિક કેવી રીતે પ્રાપ્ત થાય છે? અને તેઓ ગર્ભમાં શી રીતે પ્રવેશ કરે છે ? ”૯

યયાતી કહે છેઃ–+“સ્વર્ગમાંથી ભ્રષ્ટ થનારાનું શરીર દુઃખથી અશ્રુરૂપ થઇને જલમય થાય છે, તેજ અશ્રુ દેહનું બીજરૂપ છે, જે દેહબીજને અવશિષ્ટ કર્મજોડે ભળીને જીવ અનુસરે છે; તે જલરૂપ અશ્રુ વીર્યસિંચન કરનારા પુરુષના સંબંધને પામે છે અને વીર્યભાવને પામેલો તે જીવ સ્ત્રીના ઋતુનો સંબંધ કરીને ગર્ભની પેશીરૂપ થાય છે તથા ત્યાં ગર્ભભાવને પામે છે.૧૦ (તે અશ્રુ વીર્યસિંચન કરનારા પુરુષની જોડે કેવી રીતે સંબંધ પામે છે તે કહે છે.) તે અશ્રુ આકાશ, વાયુ, ધૂમ, અગ્નિ, અભ્ર અને મેઘરૂપ થઇને પૃથ્વીમાં આવે છે અને ત્યાં વનસ્પતિ, ઔષધિ અથવા અન્નરૂપ થઇને મનુષ્ય અથવા પશુપક્ષીમાં પ્રવેશ કરે છે અને એ રીતે ગર્ભભાવને પામે છે. ”૧૧

અષ્ટક પૂછે છેઃ–“ આ નરયોનિને પ્રાપ્ત થનારો જીવ પોતાની જે છે તેજ જીવોપાધિથી માતાના ઉદરમાં આવે છે કે તે ગર્ભમાં પ્રવેશ કરવાને બીજું ઉપાધિભૂત શરીર–સૂક્ષ્મ શરીર ધારણ કરે છે? તે હું સંશયથી પૂછું છું માટે તમે મને કહો. વળી અન્ય જન્મનો સ્વીકાર ન કરીએ તો શરીરોના ભેદ, દેહની વૃદ્ધિ, ચક્ષુશ્રોત્રાદિ ઇંદ્રિયો તથા સંજ્ઞાને એ જીવ કેવી રીતે પ્રાપ્ત થાય? અર્થાત્ મલપિંડની પેઠે તેને ઇંદ્રિયાદિક કંઈપણ હોઈ શકે નહિ અને અન્ય જન્મનો સ્વીકાર કરીએ છીએ તો તે સ્વાભાવિક હોવાથી તથા ઉપાધિપરંપરાના અવિચ્છેદને લીધે જીવ કદાપિ સંસારથી છૂટી શકે નહિ. હે તાત! અમે પૂછીએ છીએ માટે એ સર્વ તત્ત્વ અમને તમે સમજાવો; કેમકે અમે તમને ક્ષેત્રજ્ઞરૂપ માનીએ છીએ. ” ૧૨,૧૩

×યયાતિ ઉત્તર આપે છેઃ–“સ્ત્રીના ઋતુકાલ-

* દેહના નાશથી આત્માનો નાશ થતો નથી; કારણકે તેમ થવાથી કરેલાં કર્મનો ભોગવિના નાશ અને ન કરેલાં કર્મનો ભોગ આપવા પ્રાપ્તિરૂપી દોષ આવે છે તેથી તથા **योनिमन्ये प्रपद्यंते शरीरत्वाय देहिनः । स्थाणुमन्येनुसंयांति यथाकर्म यथाश्रुतम् ॥** કેટલાક જીવો પોતાનાં કર્મ તથા યોગ્યતાને અનુસરીને દેહ ધારણ કરવા કોઇ યોનિને પ્રાપ્ત થાય છે અને કેટલાએક સ્થાવરભાવને પામે છે. આ શ્રુતિનો આશ્રય કરીને દેહથી આત્મા ભિન્ન છે એ કહે છે.

+ **तत्रयावत् संपातमुषित्वाऽथैतमेवमध्वानं पुनर्निवर्त्तंते यथैतमाकाशमाकाशाद्वायुं वायुर्भूत्वा धूमो भवति धूमो भूत्वाऽभ्रं भवति अभ्रं भूत्वा मेघो भवति मेघो भूत्वा प्रवर्षति तइह व्रीहियवा ओषधिवनस्पतयस्तिलमाषा इति जायंते ॥** આ શ્રુતિને અનુસરીને ઉત્તર આપે છે.

× અહીં 'વાયુ' શબ્દથી વ્યષ્ટિનું લિંગશરીર લેવું. શ્રુતિ કથે છે કે, **वायुर्वै गौतम तत्सूत्रं वायुरेव व्यष्टिर्वायुः समष्टिः ॥** હે ગૌતમ ! વાયુજ સૂત્રાત્મા છે, વાયુજ વ્યષ્ટિ છે અને વાયુજ સમષ્ટિ છે. પાંચ પ્રાણ, દશ ઇંદ્રિય, મન

માં પુષ્પરસ (કર્મનું અપૂર્વ) તેણે યુક્ત રેતસ-ને વાયુ ગર્ભસ્થાનપ્રત્યે લઇ જાય છે; અર્થાત્ દેહાંતરને પ્રાપ્ત કરનાર કર્મયુક્ત રેતસરૂપી જલને ગ્રહણ કરીને લિંગશરીરરૂપી ઉપાધિવાળો જીવ ગર્ભાશયમાં પ્રવેશ કરે છે. તેમ ન હોય તો ઋતુ-કાલમાં સિંચન કરાયલું વીર્ય ગંધાઇ જાય, સ્થિર થાય નહિ અને દેહાકારને પણ પ્રાપ્ત થાય નહિ. પછી ગર્ભાશયમાં ઉપાદાન કારણરૂપી સૂક્ષ્મ ભૂતોએ મોક્ષપર્યંત જેને અધિકાર આપેલો એવો પૂર્વોક્ત વાયુ ÷ ક્રમથી ગર્ભની વૃદ્ધિ કરે છે. વૃદ્ધિ પામતા તે ગર્ભ સર્વ અવયવોથી સંપન્ન થતાંજ પૂર્વજન્મની વાસનાનુ અનુસંધાન કરીને ગર્ભાશયથી બહાર આવે છે અને હું મનુષ્ય છું, એવું અભિમાન કરે છે, કાનથી શબ્દનું શ્રવણ કરે છે, ચક્ષુથી રૂપને જુએ છે, નાસિકાથી ગંધને સુંઘે છે, જીભથી રસનો આસ્વાદ લે છે, ત્વચાથી સ્પર્શને અનુભવે છે અને મનથી ભાવ(અભિપ્રાય)ને જાણે છે. હે અષ્ટક ! આ પ્રકારે સ્વતઃ વિભુ એવા જીવનું પ્રાણ નામનું લિંગશરીર, સ્થૂલશરીરમાં ઉપાધિરૂપ જાણો."૧૪–૧૬

અષ્ટક પૂછે છેઃ–" જે મનુષ્ય મરણ પામે છે તેને બાળી દે છે, દાટે છે અથવા ફેંકી દે છે. આમ વિનાશ પામીને તે અભાવ રૂપ થાય છે, તો પછી ક્યા શરીરથી તે જન્મ ગ્રહણ કરી શકે? અર્થાત્ સ્થૂલ દેહના દાહથીજ લિંગ દેહનો દાહ કેમ ન ગણાય ?"૧૭

યયાતિ કહે છેઃ–" હે રાજસિંહ ! જેમ સ્વપ્નાવસ્થામાં સ્થૂલ શરીરનો ત્યાગ કરીને જીવ બીજા શરીરમાં જાય છે તેમ મૃત્યુ પછી પણ જીવ સ્થૂલ શરીરને છોડી, પ્રાણને ગ્રહણ કરી તથા પોતાનાં પુણ્યપાપને આગળ કરી, અગ્રવાયુને અનુસરતો બીજા દેહને ધારણ કરે છે. તેમાં પુણ્ય કરનારા ઉત્તમ પુણ્ય* યોનિમાં જન્મે છે, પાપ કરનારા ÷ પાપયોનિમાં જન્મે છે અને નિત્ય-પાપસ્વભાવવાળા કીડા, પતંગિયાં વગેરે +રૂપથી અનેક વાર જન્મે છે.હે મહાનુભાવ ! યોનિઓમાં ભટકવુ મહાન ×દુઃખરૂપ છે, તેથીજ હું તેનું

અને બુદ્ધિથી યુક્ત અપંચીકૃત પંચભૂતથી થયેલું ભોગસાધનભૂત જે સૂક્ષ્મ, તે લિંગશરીર કહેવાય છે.

÷ વીર્ય અધિક હોય તો પુરુષ થાય છે, રજસ્ અધિક હોય તો સ્ત્રી અને બન્ને સમાન હોય તો નપુંસક થાય છે. વાયુવડે વીર્યના બે ભાગ થયા હોય તો બે પ્રજા થાય છે. શુક્ર-શોણિત એક રાત્રિમાં ભેગાં થાય છે, પાંચ રાત્રિમાં પરપોટા, સાત રાત્રિએ પેશી, ચોદ રાત્રિએ ગ્રંથી, પચીસ રાત્રિએ સુસ્થિત અને ઘટ્ટ થાય છે, એક માસે કઠિન થાય છે, બીજા માસમા માથું થાય છે, ત્રીજે ડોકી, ચોથે માસે ત્વચા, પાંચમે મહિને નખ તથા રૂવાટાં, છઠ્ઠે મહિને મો, નાક, આંખ તથા કાન થાય છે, સાતમે માસે હલન ચલન કરવા સમર્થ થાય છે, આઠમે માસે બુદ્ધિથી નિશ્ચય કરી શકે છે અને નવમે માસે સર્વાંગ-સંપૂર્ણ થાય છે. આ ક્રમથી ગર્ભ વૃદ્ધિ પામે છે.

* પુણ્યાત્માઓ આરોહક્રમમા–**अन्यं नवतरं कल्याणतरं रूपं कुरुते पित्र्यं वा गांधर्वं वा दैवं वा प्राजापत्यं वा ब्राह्मं वा ।** શ્રુ૦ બીજા નવતર કલ્યાણમય પિતૃથી આરંભી બ્રહ્માપર્યંતનાં રૂપને ધારણ કરે છે; અને અવરોહક્રમમાં તો **रमणीयचरणा अभ्याशोह यत्ते रमणीयां योनिं प्रपद्यंते ब्राह्मणयोनिं वा क्षत्रिययोनिं वा ।** શ્રુ૦ રમણીય–પુણ્યકર્મ કરનારા બ્રાહ્મણાદિ રમણીય–પુણ્યયોનિને પ્રાપ્ત થાય છે.

÷ પાપ કરનારાઓ નારકી યોનિને ભોગવી પછી **कपूयचरणाः कपूया योनिमापद्यंते श्वयोनिं वा सूकरयोनिं वा चांडालयोनिं वा ।** શ્રુ૦ કુત્સિત કર્મ કરનારા કુત્સિત શ્વાન, કુક્કુર, ચાડાલાદિ યોનિને પ્રાપ્ત થાય છે.

+ કેવલ પાપસ્વભાવવાળાઓને માટે શ્રુતિ કહે છે કે, **अथैतयोः पथोर्न कतरेण च नतानीमानि क्षुद्राण्यसकृदावर्त्तीनि जायस्व म्रियस्वेत्येतत्तृतीयं स्थानम् ।** એ માર્ગમાંથી એકેનું અવલંબન નહિ કરનારાઓ વારંવાર જન્મમરણ થાય એવી ક્ષુદ્ર યોનિમાં જન્મે છે, એ ત્રીજું સ્થાન છે.

× **जायामेस्यादथ प्रजायेय वित्तं मे स्यादथ कर्म कुर्वीय ।** શ્રુ૦ મને જાયા પ્રાપ્ત થાય તો હું પ્રજાવાળો થાઉં, મને વિત્ત મળે તો હું કર્મ કરું, આવા સ્ત્રી વગેરે ભારને વહન કરવા મારીઃ

વિશેષ વર્ણન કરવા ઈચ્છતો નથી. હે રાજસિંહ! ગર્ભભાવને પામેલાઓ ચાર પગવાળા, બે પગવાળા અને છ પગવાળા દેહોને ધારણ કરે છે. આ મેં સઘળું તમને કહ્યું છે. વળી તમારે શું પૂછવું છે?"૨૦

અષ્ટક પૂછે છેઃ—"હે તાત! કયું કર્મ કરવાથી અથવા વિદ્યોપાસનાથી મનુષ્ય ઉત્તમ લોકોને પ્રાપ્ત થાય? જે ક્રમથી શુભ લોકોની પ્રાપ્તિ થાય તે સઘળું તમે મારા પૂછવાથી યથાર્થ રીતે વર્ણન કરો."૨૧

યયાતિ કહે છેઃ—"મનુષ્યોને માટે તપશ્ચર્યા, દાન, શાંતિ, ઇંદ્રિયનિગ્રહ, અકાર્યમાં લજ્જા, સરલતા અને સર્વ પ્રાણી ઉપર દયા, એ સાતનેજ સત્પુરુષો સ્વર્ગલોકમાં જવાના મોટા દરવાજાઓ કહે છે. તેજ તપ આદિ દ્વારો પુરુષને અભિમાન થાય તો માનરૂપી અંધારાથી નિષ્ફલ થઇને સદાને માટે નષ્ટ થઇ જાય છે, એમ સત્પુરુષો કહે છે. જે પુરુષ વેદશાસ્ત્ર ભણીને પોતાને પંડિત માને છે અને પોતાની વિદ્યાથી બીજાના યશને ક્ષીણ કરે છે, તેના સ્વર્ગાદિ લોકો અંતવાળા થાય છે અને તે વેદવિદ્યા તેને ફલ આપતી નથી. અગ્નિહોત્ર, મૌન, અધ્યયન અને યજ્ઞ, આ ચાર કર્મો સંસારના ભયને નિવૃત્ત કરનારાં છે, પણ તેજ કર્મો જો અભિમાનથી કરવામાં આવે તો તે ઉલટાં કરેલાં કર્મો ભય આપે છે. કોઈ માન આપે તો તેથી ફુલી જવું નહિ અને અપમાન આપે તો તેથી સંતાપ કરવો નહિ. આ લોકમાં સજ્જનો સજ્જનોને માન આપે છે અને અસાધુઓ સાધુબુદ્ધિને કદાપિ મેળવી શકતા નથી. દંભી મનુષ્ય પોતાને ધર્મિષ્ઠ જણાવવાને 'હું દાતા છું, મેં આવા યજ્ઞો કર્યા છે, હું અમુક ભણ્યો છું, મેં આવાં આવાં વ્રતો કર્યાં છે,' એવી બડાશો મારે છે, પણ તેજ તેને ભય આપનાર થાય છે; માટે તપ વગેરે સર્વથા દંભરહિત થઈને કરવાં. મનની બાહ્ય પ્રવૃત્તિથી આવરણ પામેલું છતાં નિર્વિકારી અને અધિષ્ઠાનભૂત જે તત્ત્વ છે તેનો જ્ઞાનીઓ સાક્ષાત્કાર કરે છે. તેજ તમારૂં શ્રેય છે, કારણ કે જ્ઞાનીઓ તેની સાથે ઐક્ય પામી અહીં જીવતાં જીવન્મુક્તિરૂપી અને દેહને ત્યાગ કરતાં વિદેહકૈવલ્યરૂપી પરમ શાંતિને પામે છે.૨૨-૨૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ઉત્તર યાયાત આખ્યાનમાં અધ્યાય ૯૦ મો સમાપ્ત.

અધ્યાય ૯૧ મો-યયાતિચરિત્ર-આશ્રમધર્મો

॥ अष्टक उवाच ॥

चरन् गृहस्थः कथमेति धर्मान् कथं भिक्षुः कथमाचार्यकर्मा ॥ वानप्रस्थः सत्पथे सन्निविष्टो बहून्यस्मिन् संप्रति वेदयंति ॥१॥

અષ્ટક પૂછે છેઃ—"ગૃહસ્થાશ્રમી, સંન્યાસી, બ્રહ્મચારી અને સન્માર્ગનું સેવન કરનારો વાનપ્રસ્થાશ્રમી કેવા ધર્મોને પાળવાથી ઉત્તમ લોકને પ્રાપ્ત થાય છે? તે કહો; કારણ કે એ ધર્મવિષયમાં વેદવેત્તાઓ અનેક ધર્મદ્વારોનું વર્ણન કરે છે."૧

યયાતિ કહે છેઃ—"બ્રહ્મચર્યાશ્રમને સેવન કરનારા બ્રહ્મચારીએ ગુરુ બોલાવે ત્યારે તેની પાસે જઇને ભણવું, ગુરુનું કામ કરવામાં કહ્યાવિના પણ સાવધાન રહેવું, ગુરુના સૂતા પછી સૂવું અને ગુરુ ઉઠે તે પહેલાં ઉઠવું, નમ્ર રહેવું, ઇંદ્રિયોને વશ રાખવી, ધૈર્યવાન થવું, પ્રમાદ કરવો નહિ અને પોતાના અધ્યયનમાંત પર રહેવું. આ પ્રમાણે વર્તનારો બ્રહ્મચારી સિદ્ધિ પામે છે. જે ગૃહસ્થાશ્રમી હોય તેણે ધર્મથી પ્રાપ્ત થયેલું ધન મેળવીને તે ધનથી યજ્ઞ કરવા, દાન કરવાં, સદા અતિથિઓને ભોજન આપવું તથા બીજાનું આપ્યા વિના લેવું નહિ, એ ગૃહસ્થોને માટે પુરાતન ધર્મરહસ્ય છે. જે વાનપ્રસ્થાશ્રમી છે તેણે અરણ્યમાં રહેવું, કોઇને સંતાપવા નહિ, પોતાના

ઇચ્છા નથી, કિંતુ ભૂમિમાં જઇ નૈષ્કર્મ્ય સિદ્ધિ સાધીશ એ તાત્પર્ય છે.

યત્નથી પોતાની જીવિકા ચલાવવી, પાપથી દૂર રહેવું, બીજાઓને આપતા રહેવું, નિયમિત આહાર કરવો અને નિયમિત પ્રવૃત્તિ રાખવી. આ પ્રમાણે વર્તનારો મુનિ મુખ્ય સિદ્ધિને પ્રાપ્ત થાય છે. જે સંન્યાસી હોય તેણે કોઈ પણ હુન્નર-ઉદ્યોગથી પોતાની જીવિકા મેળવવી નહિ, સદ્‌ગુણી રહેવું, નિત્ય ઇંદ્રિયોને વશ રાખવી, કોઇનો સંબંધ રાખવો નહિ, શૂન્ય સ્થાન, દેવમંદિર વગેરે ગૃહસ્થાશ્રમીના ઘરવિનાના સ્થાનમાં શયન કરવું, પોતાની પાસે વધારે પરિગ્રહ રાખવો નહિ અને એકલા ધીરે ધીરે ચાલી અનેક દેશોમાં પર્યટન કરવું. આ રીતે સંન્યાસી સિદ્ધિ પામે છે. (હવે यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेत् । એ શ્રુત્યુક્ત પરિગ્રહત્યાગનો કાલ કહે છે.) જે રાતે જે વખતે શબ્દાદિક વિષયો તુચ્છ સમજાય અને જ્યારે સુખને વહન કરનારા વશ્ય વૈભવો પણ તુચ્છ લાગે તેજ વખતે-તેજ રાતે મનનો નિગ્રહ કરીને વિદ્વાને અરણ્યવાસ કરવા યત્ન કરવો. આ રીતે અરણ્યવાસી થયેલો બ્રહ્મનિષ્ઠ, અરણ્યમાં પોતાના સ્થૂલ અને સૂક્ષ્મ ભૂતરૂપ દેહનો ત્યાગ કરીને, પોતાના દશ પૂર્વજોને અને દશ પછીનાને તથા પોતાને એમ એકવીસ પેઢીને તારે છે; અર્થાત્ નિષ્કલ બ્રહ્મમાં પ્રવિલાપન કરે છે.”[૨-૭]

અષ્ટક પૂછે છેઃ–“ મુનિઓ (મોક્ષાધિકારિઓ) કોણ હોઇ શકે અને મોક્ષના માર્ગો કેટલા છે ? તે અમને કહો, અમે તે સાંભળવાની ઇચ્છા કરીએ છીએ.”[૮]

યયાતિ કહે છેઃ–“ જે યોગીને અરણ્યમાં–અંતર્નિષ્ઠામાં રહેતાં, સર્વ બાહ્ય વસ્તુઓ સમીપજ હોય, તથા લોકમાં રહેતાં પણ જે જ્ઞાનીને અખંડ બ્રહ્મદૃષ્ટિ રહેતી હોય, તે બન્નેને મુનિ સમજવા.”[૯]

અષ્ટક પૂછે છેઃ–“ અરણ્યમાં રહેનારાને બાહ્ય વસ્તુ શી રીતે પ્રાપ્ત થાય ? તથા જે ગામમાં રહેતો હોય તેને બ્રહ્મનિષ્ઠા શી રીતે રહે?”[૧૦]

યયાતિ કહે છેઃ–“ જે અરણ્યમાં વાસ કરનારો મુનિ છે તેણે વિવિધ વિષયોનો ઉપભોગ કરવો નહિ અને એ રીતે અરણ્યમાં રહેતાં તેને સર્વ બાહ્ય વસ્તુઓ યોગબળથી આવી મળે છે. જે અનગ્નિ–સંન્યાસી તેણે ગૃહનો ત્યાગ કરવો તથા પોતાના વંશનું અને વિદ્યાગુરુનું કોઈની આગળ વર્ણન કરવું નહિ; તેમજ કૌપીન–ઢંકાય તેટલુંજ વસ્ત્ર રાખવું અને જેટલાથી પ્રાણ ધારણ થાય :તેટલુંજ ભોજન ઇચ્છવું. આ પ્રમાણે ગામમાં રહેનારા મુનિને પણ જ્ઞાનસિદ્ધિનું હેતુભૂત અરણ્ય પાસેજ છે. જે મુનિ કામના અને કર્મોનો ત્યાગ કરીને તથા ઇંદ્રિયોને વશ રાખીને યોગ અથવા જ્ઞાનનો અભ્યાસ કરે છે, તે લોકમાં સિદ્ધિને પ્રાપ્ત થાય છે. જે શુદ્ધ આહાર કરનારો, હિંસાનાંસાધનોનો ત્યાગ કરનારો, નિત્યશુદ્ધ ચિત્ત રાખનારો, યોગનાં ઐશ્વર્ય, શમદમાદિથી અલંકૃત, વાસનાબંધનથી રહિત અને હિંસાયુક્ત ધર્મનો પણ ત્યાગ કરનારો છે તેનું પૂજન કોણ કરતું નથી? અર્થાત સૌ કોઇ તેને પૂજે છે.*[૧૫]

જે કોઇ તપ કરવાથી સુકાઇ જઇને માંસ, અસ્થિ અને રુધિરને ક્ષીણ કરે છે તે આ લોકને જીતી પરલોકને પણ જીતે છે. જ્યારે મુનિ ધ્યાનનિષ્ઠ થઇને સુખ, દુઃખ, માન, અપમાન વગેરે દ્વંદ્વથી નિર્મુક્ત થાય છે, ત્યારે તે આ લોકને જીતી બ્રહ્મપદને પામે છે. જે મુનિ ગાયની પેઠે આહારને મુખમાંજ નાખે છે અર્થાત્ તેનો સ્વાદ ખોળતો નથી, તેને આ સર્વ લોક આત્મભૂત થાય છે અને તે મોક્ષ પામે છે.”[૧૬-૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ઉત્તરયાયત આખ્યાયનમાં અધ્યાય ૯૧ મો સમાપ્ત.

---

* यं यं लोकं मनसा संविभाति विशुद्धसत्त्वः कामयते यांश्चकामान् । तं तं लोकं जयते तांश्चकामांस्तस्मादात्मज्ञं ह्यर्चयेदभूतिकामः श्रु० શુદ્ધ અંતઃકરણવાળો જ્ઞાની પોતાના ભક્તને માટે જે લોકની પ્રાપ્તિને માટે અને જે કામના પૂર્ણ જોવાને માટે સંકલ્પ કરે છે તે તે લોક અને તે તે કામના ભક્તને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે આત્મવેત્તા સત્ય સંકલ્પવાળો છે માટે જેણે ઐશ્વર્ય મેળવવું હોય તેણે આત્મવેત્તાનું પૂજન કરવું.

અધ્યાય ૯૨ મો

રાજાઓએ પોતાનાં પુણ્યથી યયાતિને સ્વર્ગમાં જવા માટે કરેલી પ્રાર્થના

अष्टक उवाच ॥

कतरस्त्वनयोः पूर्वं देवानामेति सात्मताम् ॥
उभयोर्धावतो राजन् सूर्याचन्द्रमसोरिव ॥१॥

અષ્ટક પૂછે છે:–"હે રાજન્! સૂર્ય અને ચંદ્રની પેઠે મોક્ષને માટે ધાવન કરતા યોગી અને જ્ઞાની એ બેમાંથી પ્રથમ બ્રહ્મપ્રાપ્તિરૂપી કૃતકૃત્યતા કોને પ્રાપ્ત થાય છે?"૧

યયાતિ કહે છે:–" યથેષ્ટ વર્તનારા ગૃહસ્થોમાં જે ધારણા, ધ્યાન અને સમાધિને સેવન કરે છે, તેવો ગૃહસ્થ અથવા ભિક્ષુ જે યોગી છે તે મુક્ત થાય છે અને પૂર્વે વર્ણવેલો જ્ઞાની તો ગૃહસ્થોમાં રહેતાં પણ તે બેમાંથી તત્કાલ પ્રથમ મુક્ત થાય છે; અર્થાત્ શ્રુતિ અને યુક્તિનાં બલવડે જગત મિથ્યા છે, એવો નિશ્ચય થવાથી એક ક્ષણ પણ નિર્વિકલ્પ સાક્ષાત્કારવડે જ્ઞાનીને બ્રહ્માદ્વૈતનો નિશ્ચય થાય છે અને યોગીને તો નિર્વિકલ્પ સમાધિના અભ્યાસબલથીજ દ્વૈતનું વિસ્મરણ સંપાદન કરવાનું છે; માટે તેને વિલંબવડે શ્રમથી મુક્તિ થાય છે. યોગીને નિર્વિકલ્પ સમાધિની પકવતા થતાંસુધી દીર્ઘ આયુષ્ય ન પહોંચે તો તે યોગી યોગસિદ્ધિના બલથી દિવ્ય અને માનુષી વિષયભોગોને ભોગવે છે. પછી તે વિષયોમાં પણ જો તે (સૌભરિ વગેરેની પેઠે) પશ્ચાત્તાપ પામે તો પુનઃ આ જન્મમાં અથવા જન્માંતરમાં યોગનું સેવન કરે છે. જે જ્ઞાની મનુષ્ય નિત્ય–અવિનાશી બ્રહ્મનો અંતર્યામીપણાથી નિશ્ચય કરે છે તે પાપકર્મને નિત્ય યથેષ્ટ આચરણ કરતાં પણ મુક્તજ થાય છે. હે રાજન્! જે પુરુષ મોક્ષને માટે યત્ન ન કરતાં સ્વર્ગાદિને માટે ધર્મનું સેવન કરે છે, તે ધર્મનું સેવન (મોક્ષની ઇચ્છાથી રહિત અને અનિત્ય ફૂલવાળું હોવાથી) નિંદવા યોગ્ય અને અસત્ય છે. એવા અજિતેંદ્રિયનું ધન પણ નિંદ્ય તથા અસત્યજ છે; પરંતુ જે મોક્ષને ઉપયોગી કર્મ થાય છે તેજ કર્મનું ઉચિત ફૂલ છે, તેજ યોગસિદ્ધિનું મૂલ છે અને તેજ જ્ઞાનનું સાધન છે; અર્થાત્ યોગ અને જ્ઞાન, એ બન્ને માર્ગનું મૂલ કારણ નિષ્કામ ધર્મજ છે." ૨–૫

અષ્ટક પૂછે છે:–"હે રાજન્! તમને આ લોકમાં કોણે બોલાવ્યા છે? ક્યાંથી આવો છો? અને કયી દિશામાં જાઓ છો? તમે પુષ્પમાલાને ધારણ કરનારા, દેખાવડા, યુવાન તથા સુંદર કાંતિવાળા છો. શું તમારૂ પૃથ્વીમાં નિવાસસ્થાન છે? ૬

યયાતિ કહે છે:–"મારૂં પુણ્ય ક્ષીણ થવાથી હું આ ભૌમ નરકરૂપી પૃથ્વીપર આવવા માટે ગગનમાંથી પડું છું. હવે તમારી રજા લઈને હું પૃથ્વી ઉપર પડીશ; કારણ કે મને બ્રહ્માના લોકપાળો ત્વરા કરાવે છે. હે નરેંદ્ર! મેં ભૂમિતલ ઉપર પડતાં ઇંદ્રની પાસેથી, હું સજ્જનોની સમીપમાં પડું એવું વરદાન મેળવ્યું હતું અને તેજ પ્રમાણે તમે બધા ગુણવાનો મને મળ્યા છો."૭-૮

અષ્ટક પૂછે છે:–"હે પાર્થિવ! હું તમને પૂછું છું કે અંતરિક્ષમાં અથવા સ્વર્ગમાં રહેલા ભોગો ધર્મથી મને પ્રાપ્ત થયા છે કે નહિ? જો તે લોકો મારે માટે નિર્માયા હોય તો તમે પૃથ્વીમાં પડશો નહિ. તે ધર્મના તમે જ્ઞાતા છો માટે મને કહો."૯

યયાતિ કહે છે:–"હે નરેંદ્રસિંહ! અરણ્ય અને પર્વતોની સાથે પૃથ્વીમાં ગાય, ઘોડા, વગેરે જેટલાં પશુઓ છે તેટલા વૈભવો તમારે માટે સ્વર્ગમાં રહેલા છે, એમ તમે નિશ્ચયથી જાણો."૧૦

અષ્ટક કહે છે:–"હે રાજેંદ્ર! જે મારે માટે સ્વર્ગના લોકો છે તેહું તમને આપું છું. તમે પૃથ્વીમાં પડશો નહિ. અંતરિક્ષમાં અથવા સ્વર્ગમાં મારે માટે જે વિષયભોગો હોય તેને તમે મોહરહિત થઈને પ્રાપ્ત થાઓ."૧૧

યયાતિ કહે છે:–"હે રાજાઓમાં શ્રેષ્ઠ

જે બ્રહ્મવેત્તા બ્રાહ્મણ છે, તેજ દાનનો પ્રતિગ્રહ કરી શકે છે; અમારા જેવાથી દાન લેવાય નહિ. હે નરેંદ્ર! જે રીતે બ્રાહ્મણોને નિત્યદાન આપવું જોઇએ તે રીતે મેં પણ પૂર્વે દાન આપ્યાં છે. જે બ્રાહ્મણ નથી તેણે યાચનારૂપી દીનતા કરીને કદાપિ જીવવું નહિ; કારણ કે યાચના પણ વિદ્યાવડે દિગ્વિજય કરનારા વીર બ્રાહ્મણની પત્ની છે; માટે મેં કોઈવખત પૂર્વે નહિ કરેલો દાનનો પ્રતિગ્રહ હવે હું કરીશ નહિ. તેમાં પણ કર્મ-ભૂમિમાં સત્કર્મ કરવા ઇચ્છતો હું શી રીતે તેમ કરી શકું ?"૧૨,૧૩

પ્રતર્દન પૂછે છે:-"હે સ્પૃહણીય રૂપવાળા! હું પ્રતર્દન તમને પૂછું છું કે અંતરિક્ષમાં અથવા સ્વર્ગમાં મારે માટે લોકો-વિષયભોગો છે કે નહિ? તે મને કહો; કેમકે તે ધર્મના તમે જ્ઞાતા છો એમ હું માનું છું." ૧૪

યયાતિ કહે છે:-"હે નરેંદ્ર! સુખને આપ-નારા, તેજસ્વી અને શોકવિનાના એવા ઘણા લોકો તમારે માટે છે કે જેમાંથી એક એકને તમે સાત સાત દિવસ ભોગવશો તોપણ તેનો પાર આવશે નહિ અને તે લોકો હવે તમારી વાટ જુએ છે."૧૫

પ્રતર્દન કહે છેઃ-"જે મારા અંતરિક્ષમાં અથવા સ્વર્ગમાં લોકો છે, તે લોકો તમારાજ થાઓ. હું તમને તે સઘળા આપું છું. ત્યાં તમે મોહનો ત્યાગ કરીને શીઘ્ર જાઓ. હવે આ ભૌમ નરકમાં પડશો નહિ."૧૬

યયાતિએ કહ્યું:-"હે પાર્થિવ! જે રાજા છે તેણે પોતાના સમાન તેજવાળા રાજા પાસેથી યોગક્ષેમ અથવા પુણ્ય મેળવવાની ઇચ્છા કરવી નહિ; એટલુંજ નહિ પણ રાજાને દૈવેચ્છાથી વિપત્તિ આવી પડે તોપણ તે વિદ્વાને કદાપિ નિંદિત કાર્ય કરવું નહિ. ધર્મદષ્ટિવાળા રાજાએ યત્નપૂર્વક યશ આપનારા ધર્મમાર્ગનુંજ સેવન કરવું જોઇએ; એટલે મારા જેવો ધર્મબુદ્ધિવાળો અને ધર્મને જાણનારો રાજા, તમે મને કહ્યું તેવું દીન કાર્ય કરે નહિ. જે પ્રતિગ્રહને પૂર્વના રાજાઓએ કર્યો નથી તેને કર્મભૂમિમાં સત્કર્મ કરવા ઇચ્છતો હું કેવી રીતે કરી શકું?" આ પ્રમાણે બોલતા યયાતિ રાજાને રાજાઓમાં શ્રેષ્ઠ એવો વસુમાન કહેવા લાગ્યો.૧૯

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વ વિષે ઉત્તરયાયાત આખ્યાનમાં ૯૨ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯૩ મો-યયાતિરાજાને પુનઃ સ્વર્ગપ્રાપ્તિ

॥ वसुमानुवाच ॥

पृच्छामि त्वां वसुमानौषदश्विर्यद्यस्ति लोको दिवि मे नरेंद्र ॥ यद्यंतरिक्षे प्राथितो महात्मन् क्षेत्रज्ञं त्वां तस्य धर्मस्य मन्ये ॥ १ ॥

વસુમાન કહે છે:-"હે નરેંદ્ર! હું ઉષ-દશ્વનો પુત્ર વસુમાન તમને પૂછું છું કે, મને સ્વર્ગ અથવા અંતરિક્ષનો લોક ધર્મથી પ્રાપ્ત થયો છે? તે કહો. હું તમને તે ધર્મના ક્ષેત્રજ્ઞ માનું છું" ૧

યયાતિ કહે છે:- "જે અંતરિક્ષ, પૃથ્વી અને દિશાઓને પોતાનાં તેજથી સૂર્ય પ્રકાશિત કરે છે તેટલા અક્ષય લોકો તમને સ્વર્ગમાં પ્રાપ્ત થયા છે અને તે લોકો તમારી વાટ જુએ છે."૨

વસુમાન કહે છે:-"હે રાજન્! તે સર્વ લોકો હું તમને આપું છું. તમે ભૂમિમાં પડશો નહિ. હે બુદ્ધિમંત! જો તમને દાનનો પ્રતિગ્રહ દુષ્ટ લાગતો હોય તો એક તરખલાથી પણ તે લોકોને તમે ખરીદી લ્યો અને એ રીતે જે મારા પુણ્ય લોકો તે તમારા થાઓ."૩

યયાતિ કહે છે:-"મેં કોઈ વખત એવો મિથ્યા વિક્રય કરીને કપટથી કંઇ પણ લીધું હોય એવું મને સ્મરણ નથી; કારણ કે કાલચક્રથી હું શંકિત રહું છું. જે કાર્ય બીજા રાજાઓએ કર્યું

નથી તેવું કાર્ય સત્કર્મ કરવા ઇચ્છતો હું શી રીતે કરી શકું ?૪

વસુમાન કહે છેઃ–" હે રાજન્ ! જો તમને વિક્રય કરવો ઇષ્ટ ન હોય તો હું તમને ખુશીથી તે લોકો આપું છું; માટે તેને તમે પ્રાપ્ત થાઓ. હે નરેંદ્ર! હવે હું તે લોકોમાં જઈશ નહિ,તે સર્વ લોકો તમારાજ હો. " ૫

શિબિ કહે છેઃ–" હે તાત ! હું ઉશીનર રાજાનો પુત્ર શિબિ તમને પૂછું છું કે મારા પણ લોકો અંતરિક્ષમાં અથવા સ્વર્ગમાં હોય તો તે મને કહો; કારણ કે હું તમને તે ધર્મના જ્ઞાતા માનું છું. "૬

યયાતિ કહે છેઃ–" હે નરેંદ્ર! તમે યાચના કરતા સત્પુરુષોનું વાણીથી અથવા મનથી પણ અપમાન કર્યું નથી. તે પુણ્યથી તમને અનંત તેજસ્વી, પ્રખ્યાત અને મહાન લોકો સ્વર્ગમાં પ્રાપ્ત થયા છે. "૭

શિબિ કહે છે :–"હે રાજન્ ! જો તમને તે વેચાતા લેવા ઇચ્છા ન હોય તો તે લોકો હું તમને એમ ને એમ આપું છું, તેને તમે ભોગવો. જે લોકોમાં જઈ ધીર પુરુષોને શોચવું પડતું નથી તે લોકો તમને આપી હવે હું ત્યાં જઇશ નહિ."૮

યયાતિ કહે છે :–" હે નરદેવ ! તમે ઇંદ્રના જેવા પ્રભાવશાળી છે, તેવાજ તે અંતવિનાના લોકો છે. હું બીજાના આપેલા વૈભવો લેવા રાજી નથી, તેથી હે શિબિરાજ ! તમારી વાતને હું સંમત થતો નથી. "૯

અષ્ટક કહે છેઃ–" હે રાજન્ ! તમે અમારા એક એકના લોકો લેવાને રાજી નથી, તો અમે સઘળા તમને તે લોકો આપીને મૃત્યુ પછી ભૂલોકમાંજ અવતરીશું. "૧૦

યયાતિ કહે છેઃ– " જે કાર્ય મેં પહેલાં કર્યું નથી તે કાર્યમાં હમણાં પણ હું સંમત થતો નથી, છતાં મારે માટે યોગ્ય હોય તે કરવા તમે યત્ન કરો; કારણ કે સત્પુરુષો સત્યને અભિનંદન આપનારા હોય છે," (આ વાત ચાલે છે એટલામાં આકાશમાંથી સોનાના પાંચ રથો ઉતરતા જોઇને) અષ્ટક પૂછે છેઃ–" હે રાજન્ ! જે રથોમાં બેસીને પુરુષો શાશ્વત લોકોની વાંચ્છા કરે, એવા આ પાંચ સોનાના રથો કોના જણાય છે ?"૧૧,૧૨

યયાતિ કહે છેઃ–" એ ઉંચે અગ્નિની જવાલા જેવા પ્રકાશતા પાંચ સુવર્ણના રથો છે તે તમને બધાને બેસાડીને સ્વર્ગમાં લઇ જશે. "૧૩

અષ્ટક કહે છે :–"હે રાજન્ ! તમે એ રથોમાં બેસો અને સ્વર્ગમાં જાઓ અને અમે પણ સમય થશે ત્યારે તમારી પાછળ આવીશું. "૧૪

યયાતિ કહે છેઃ–" આપણે બધાનેજ હમણાં સ્વર્ગમાં જવાનું છે; કારણ કે આપણે સાથેજ સ્વર્ગનો વિજય કર્યો છે. આ આપણો સ્વર્ગમાં જવાનો શુદ્ધ માર્ગ જણાય છે. "૧૫

વૈશંપાયન કહે છેઃ–પછી તે બધા શ્રેષ્ઠ રાજાઓ રથોમાં બેસીને સ્વર્ગનું આક્રમણ ધર્મવડે કરતા તથા કાંતિથી દ્યુલોક અને પૃથ્વીને વ્યાપ્ત કરતા ત્યાંથી સ્વર્ગપ્રત્યે જવા નીકળ્યા. જતાં જતાં અષ્ટક પૂછે છેઃ–"હે રાજન્ ! હું માનતો હતો કે મહાત્મા ઇંદ્ર મારા મિત્ર છે, એટલે હું એકલો પ્રથમ સ્વર્ગમાં જઇશ; પરંતુ આ ઉશીનરના પુત્ર શિબિનો રથ મહાન વેગ કરીને સર્વ રથોથી આગળ કેમ થઈ ગયો હશે ? "૧૬,૧૭

યયાતિ કહે છેઃ–" એ ઉશીનરના પુત્રની પાસે જે કંઈ ધન આવતું હતું તે સર્વ ધનને બ્રહ્મલોકના માર્ગની પ્રાપ્તિને અર્થે એ દાન કરી દેતો હતો, માટે તમારા બધાના કરતાં શિબિ-રાજા શ્રેષ્ઠ છે. ૧૮ હે રાજન્ ! દાન, તપ, સત્ય, ધર્મ, લજ્જા, શ્રી, ક્ષમા, અક્રૂરતા અને પ્રજા-પાલનેચ્છા, એ સઘળા ગુણો અતુલ બુદ્ધિવાળા શિબિરાજામાં અમાપપણે રહ્યા છે. શિબિ ઉપર જણાવ્યા પ્રમાણે વર્તનારો તથા લજ્જાશીલ છે માટે એનો રથ આપણાથી આગળ જાય છે.

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળ્યા પછી અષ્ટકે, ઇંદ્રતુલ્ય પોતાના માતામહ યયાતિને આશ્ચર્ય-થી ફરી પૂછ્યું કેઃ–૨૦ "હે નૃપતે ! હું તમને પૂછું છું માટે મને તમે સત્યથી કહો કે તમે કોણ છો ? કોના પુત્ર છો ? અને ક્યાંથી આવો છો ? તમે જે કાર્ય કર્યું છે તેવું કરવા લોકમાં તમારાવિના બીજો કોઇ ક્ષત્રિય અથવા બ્રાહ્મણ

સમર્થ નથી."[૨૧]

યયાતિ કહે છે:–"હું નહુષ રાજાનો પુત્ર અને પૂરુનો પિતા યયાતિ છું. આ લોકમાં હું સાર્વભૌમ રાજા હતો. તમે બધા મારા છો એટલે તમારી આગળ હું એક ગુપ્ત વાત પ્રકાશિત કરૂં છું કે હું તમારો સર્વનો માતમહ (માનો બાપ) થાઉં છું. મેં આ સર્વ પૃથ્વીને જીતી હતી અને તે બ્રાહ્મણોને જીવિકામાં આપી હતી. વળી મેં સુંદર રૂપવાળા પવિત્ર સો ઘોડાઓનો દેવોના નિમિત્તથી ઉત્સર્ગ કર્યો હતો કે જેમ કરવાથી દેવો પુણ્યવાન મનુષ્યને અનુકૂળ થાય છે. વળી જ્યારે મેં વાહન, ગાયો, સુવર્ણ અને મુખ્ય ધનથી ભરેલી પૃથ્વી બ્રાહ્મણોને આપી હતી,ત્યારે સો અર્બુદ ગાયોનું પણ દાન કર્યું હતં. મારા સત્યથી દ્યુલોક અને પૃથ્વીનું ધારણ થાય છે, તેમજ મનુષ્યલોકમાં અગ્નિ પ્રજ્વલિત થાય છે. હું અસત્ય વાક્ય કોઇ વખત પણ બોલ્યો નથી; કારણ કે સત્ય વાક્યને સત્પુરુષો માન આપે છે. હે અષ્ટક ! તમને, પ્રતર્દનને તથા વસુમાનને મેં જે કહ્યું છે તે સત્યજ છે. સર્વે લોકો, મુનિઓ અને દેવો સત્યથીજ પૂજ્યતાને પામ્યા છે, એમ મારૂં માનવું છે. જે મનુષ્ય સ્વર્ગને જીતનારા એવા આપણા બધાના આ વૃત્તાંતને યથાર્થ રીતે ઈર્ષ્યારહિત થઇને ઉત્તમ દ્વિજોને સંભળાવશે તે આપણા લોકને પ્રાપ્ત થશે."[૨૨–૨૭]

વૈશંપાયન કહે છે:–આ પ્રમાણે મહાન મહાત્મા અને મિત્રને માન આપનારા તે યયાતિ રાજાને પોતાના દૌહિત્રોએ તાર્યા હતા, કે જે પરમ ઉદાર કર્મવાળા રાજા યજ્ઞાદિ કર્મથી પૃથ્વીને વ્યાપ્ત કરીને પછી પૃથ્વી છોડી સ્વર્ગમાં ગયા હતા.[૨૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે ઉત્તરયાયાત આખ્યાનમાં
અધ્યાય ૯૩ મો સમાપ્ત.

અધ્યાય ૯૪ મો–પૂરુના વંશનું વર્ણન

॥ जनमेजय उवाच ॥
भगवन् श्रोतुमिच्छामि पूरोर्वंशकरान्नृपान्॥
यद्वीर्यान् यादृशांश्चापि यावतो यत्पराक्रमान्॥

જનમેજય પૂછે છે:–હે ભગવન ! હું પૂરુના વંશને પ્રવર્તાવનારા રાજાઓને સાંભળવાની ઇચ્છા કરૂં છું. વળી તેઓ કેવા હતા, કેવા વીર્યવાન હતા, કેવા પરાક્રમી હતા અને કેટલા હતા, તે પણ સાંભળવા ઈચ્છું છું;[૧] કારણ કે એ વંશમાં શીલવિનાનો, નિર્વીર્ય અથવા પ્રજાવિનાનો પૂર્વે કોઈ પણ રાજા થયો નથી.[૨] હે તપરૂપી ધનવાળા ! વિખ્યાત ચારિત્ર્યવાળા અને વિજ્ઞાનશાળી એવા તે રાજાઓનું ચરિત્ર હું વિસ્તારથી સાંભળવા ઈચ્છા રાખું છું.[૩]

વૈશંપાયન કહે છે:–હે રાજન! તમે મને જે પૂછો છો, તે પૂરુના વંશને ધારણ કરનારા, વીર, ઇંદ્રના જેવા તેજસ્વી, પુષ્કળ દ્રવ્ય અને પરાક્રમવાળા તથા સર્વ લક્ષણથી માન પામતા રાજાઓનું હું તમારી આગળ હર્ષથી કથન કરૂં છું. તમે તે સાંભળો.[૪] પૂરુની પૌષ્ટી નામની સ્ત્રીથી પ્રવીર, ઈશ્વર અને રૌદ્રાશ્વ નામના ત્રણ મહારથી પુત્રો થયા હતા. તેમાં પ્રવીર વંશ કરનારો થયો હતો.[૫] પ્રવીરની શૂરસેની નામની સ્ત્રીથી ચાર સમુદ્રપર્યંતની પૃથ્વીને પાલન કરનારો અને કમલના જેવાં નેત્રવાળો મનસ્યુ નામનો પુત્ર થયો હતો.[૬] મનસ્યુના સૌવીરી નામની સ્ત્રીથી શક્ત, સંહનન અને વાગ્મી નામના શૂરા અને મહારથી એવા ત્રણ પુત્રો થયા હતા.[૭] પૂરુનો ઉદાર ચરિત્રવાળો રૌદ્રાશ્વ નામનો જે પુત્ર હતો,તેને મિશ્રકેશી નામની અપ્સરામાં અન્વગ્ભાનુ વગેરે દશ પુત્રો થયા હતા. તેઓ મહા ધનુર્ધારી, યજ્ઞ કરનારા, શૂરવીર, પ્રજાવાળા, બહુશ્રુત, સર્વ અસ્ત્રને જાણનારા અને ધર્મપરાયણ હતા.[૮-૯] ઋચેયુ, કક્ષેયુ,

વીર્યવાન કૃકણેયુ, સ્થંડિલેયુ, વનેયુ, મહાયશસ્વી જલેયુ, બલવાન તથા બુદ્ધિમાન તેજેયુ, ઇંદ્રના જેવો પરાક્રમી સત્યેયુ, ધર્મેયુ અને દશમો દેવના જેવા વિક્રમવાળો સન્નતેયુ, આ તેમનાં નામો હતાં.[૧૦-૧૧] (ઋચેયુનાંજ અન્વગ્ભાનુ અને અનાધૃષ્ટિ એવાં બીજાં બે નામો હતાં). એ ઋચેયુ વિદ્વાન, ચક્રવર્તી અને દેવેંદ્રના જેવો પરાક્રમી હતો.[૧૨] ઋચેયુ–અનાધૃષ્ટિનો મતિનાર નામનો પ્રસિદ્ધ પુત્ર થયો હતો, કે જે પરમ ધર્મિષ્ઠ રાજાએ રાજસૂય અને અશ્વમેધ યજ્ઞો કર્યા હતા.[૧૩] હે રાજન્ ! મતિનાર રાજાને અતુલ વિક્રમવાળા તંસુ, મહાનતિ, દ્રૂહ્યુ અને અપ્રતિમદ્યુતિ નામના ચાર પુત્રો થયા હતા. [૧૪] તેમાં તંસુ મહા પરાક્રમી અને પૂરુના વંશને પ્રવર્તાવનારો હતો. તેણે પૃથ્વીનો વિજય કરીને પ્રદીપ્ત યશ સંપાદન કર્યો હતો.[૧૫] એ વીર્યવાન તંસુએ ઇલિન નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. વિજયીમાં મુખ્ય એવા તેણે પણ આ સમગ્ર ભૂમિનો જય કર્યો હતો.[૧૬] ઇલિને પોતાની રથંતરી નામની સ્ત્રીમાં પંચમહાભૂતોના જેવા દુષ્યંત રાજા વગેરે પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૧૭] દુષ્યંત, શૂર, ભીમ, પ્રવસુ અને વસુ એવાં તેમનાં નામો હતાં. હે જનમેજય ! તેમાં દુષ્યંત રાજા શ્રેષ્ઠ હતો.[૧૮] તે દુષ્યંતથી શકુંતલામાં વિદ્વાન એવો ભરત નામનો પુત્ર થયો હતો કે જેનાથી ભરત વંશનો મહાન યશ ફેલાયો હતો.[૧૯] ભરતે ત્રણ સ્ત્રીમાં નવ પુત્રો ઉત્પન્ન કર્યા હતા; પરંતુ તે પુત્રો મારા જેવા નથી એમ માનીને ભરતે તેમને અભિનંદન આપ્યું નહિ,[૨૦] એટલે ક્રોધ પામેલી તેમની માતાઓએ તે પુત્રોને મારી નાખ્યા હતા અને તેમ થવાથી ભરત રાજાને થયેલા પુત્રો નિષ્ફલ ગયા હતા.[૨૧] તે પછી હે ભારત ! મોટા યજ્ઞોથી યજન કરતા ભરતને ભરદ્વાજ ઋષિથી ભુમન્યુ નામનો પુત્ર મળ્યો હતો અને હે ભરતશ્રેષ્ઠ ! તેનાથી પોતાને પુત્રવાન માનતા પૌરવનંદન ભરતે તે ભુમન્યુને યુવરાજપદ ઉપર અભિષિક્ત કર્યો હતો. એ ભુમન્યુને દિવિરથ નામનો પુત્ર થયો હતો તથા પુષ્કરિણી નામની સ્ત્રીથી સુહોત્ર, સુહોતા, સુહવિ, સુયજુ અને ઋચીક નામના પુત્રો થયા હતા. તે પુત્રોમાં સુહોત્ર મોટો હોવાથી તેને રાજાઓનું રાજ્ય મળ્યું હતું.[૨૨-૨૫] તેણે રાજસૂય, અશ્વમેધ વગેરે ઘણા યજ્ઞોથી યજન કર્યું હતું તથા તે હાથી, ઘોડા અને બહુ રત્નોથી ભરપૂર એવી સમુદ્રાંત સઘળી પૃથ્વીનો ઉપભોગ કરતો હતો. જે વખતે સુહોત્ર રાજા ધર્મવડે પ્રજાનું પાલન કરતો હતો, તે વખતે હાથી, અશ્વ, રથ અને મનુષ્યોથી ભરપૂર થયેલી પૃથ્વી બહુ ભારથી ડૂબી જતી લાગતી હતી;[૨૬-૨૮] તથા સેંકડો, હજારો યજ્ઞસ્તંભો અને મંદિરોથી ચિહ્નિત થઇ હતી અને મનુષ્યો તથા ધાન્યની અતિ વૃદ્ધિથી સર્વ સમયમાં શોભી રહી હતી.[૨૯]

હે ભારત ! એ સુહોત્ર રાજાથી ઐક્ષ્વાકી નામની સ્ત્રીએ અજમીઢ, સુમીઢ અને પુરુમીઢ નામના પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૩૦] તેમાં અજમીઢ સૌથી મોટો હતો અને તેનાથી વંશ આગળ ચાલ્યો હતો. હે ભારત ! તેણે પણ ત્રણ સ્ત્રીઓમાં છ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. [૩૧] તેમાં ધૂમિનીથી ઋક્ષ નામનો પુત્ર થયો હતો, નીલીથી દુષ્યંત અને પરમેષ્ઠી નામના પુત્રો થયા હતા અને કેશિનીથી જહ્નુ, વ્રજન અને રૂપી નામે પુત્રો થયા હતા.[૩૨] તે પુત્રોમાં દુષ્યંત અને પરમેષ્ઠીના જે પુત્રો થયા તે સર્વ પંચાલો કહેવાયા; અને હે રાજન ! અતુલ તેજવાળા જહ્નુના વંશના કુશિકો કહેવાયા.[૩૩] વ્રજન તથા રૂપી કરતાં ઋક્ષ મોટો હતો એટલે તે રાજા થયો હતો. એ ઋક્ષનો વંશ ચલાવનારો પુત્ર સંવરણ નામનો થયો હતો.[૩૪] જ્યારે ઋક્ષનો પુત્ર સંવરણ રાજ્ય કરતો હતો, ત્યારે પ્રજાનો ભારી ક્ષય થયો હતો, એમ અમે સાંભળ્યું છે.[૩૫] તેનું રાજ્ય દુષ્કાળ–મહામારી, અનાવૃષ્ટિ, રોગો વગેરે નાશનાં અનેક કારણોથી છિન્નભિન્ન થઈ ગયું હતું.[૩૬] વળી તે વખતે શત્રુઓનાં સૈન્ય ચતુરંગિણી સેનાવડે પૃથ્વીને કંપાવતાં ભારતી સેનાને હણવા લાગ્યાં હતાં[૩૭] દશ અક્ષૌહિણી સેના લઇને પાંચાલ્યરાજ ઝપાટાબંધ પૃથ્વી ઉપર વિજય કરીને સંવરણ ઉપર ચઢી આવ્યો અને તેણે સં…

રણુને યુદ્ધમાં હરાવ્યો. ૩૮ તે વખતે મહાન ભયથી સંવરણુ રાજા પોતાની સ્ત્રી, છોકરાં, પ્રધાન અને સુહૃદ્વર્ગોને લઈને ત્યાંથી નાસી છૂટયો; ૩૯ અને મોટા સિંધુનદની પાસેના પર્વતની સમીપમાં નદીના પ્રદેશની ઝાડીમાં આવીને મુકામ કર્યો. ૪૦ ત્યાં તે ભરતવંશીઓ કિલ્લાનો આશ્રય કરીને ઘણાં વર્ષોસુધી રહ્યા હતા. આ પ્રમાણે ત્યાં રહેતાં તેમને હજાર વર્ષ થયાં, ૪૧ ત્યારે તે ભરતોની આગળ ભગવાન વસિષ્ઠ ઋષિ આવી પહોંચ્યાં. તે પ્રાપ્ત થયેલા ઋષિની સામા જઇને આદરથી તે સર્વ ભરતવંશીઓએ તેમને પ્રણામ કર્યા તથા અર્ઘ્ય આપી તેમની પૂજા કરી અને સત્કારપૂર્વક તે સુતેજસ્વી ઋષિને સર્વ નિવેદન કર્યું. ૪૨-૪૩ તે પછી આસન ઉપર બેઠેલા વસિષ્ઠને પોતે સંવરણુ રાજાએ કહ્યું કેઃ—“ આપ અમારા પુરોહિત થાઓ તો અમે રાજ્યને માટે પ્રયત્ન કરીએ.” ૪૪ ત્યારે વસિષ્ઠે ‘ભલે’ કહીને ભારતોને યજમાનતરિકે અંગીકાર કર્યા. પછી વસિષ્ઠે પર્વતના શિખરની પેઠે સર્વ પૃથ્વીમાં શ્રેષ્ઠ એવા સંવરણુનો સર્વ ક્ષત્રિયોના સામ્રાજ્ય-પદ ઉપર અભિષેક કર્યો, એમ અમે સાંભળ્યું છે. તે રાજા ભરતોની પૂર્વ રાજધાનીના ઉત્તમ નગરમાં જઇને રાજ્ય કરવા લાગ્યો ૪૫-૪૬ અને ફરીથી તેણે સર્વ રાજાઓને કર આપતા કર્યા. આ પ્રમાણે પૃથ્વી મેળવીને તે મહાબલવાન અજમીઢવંશોદ્ભવ રાજાએ પુનઃ ઘણા પુષ્કલ દક્ષિણાવાળા મોટા યજ્ઞો કર્યા હતા. સંવરણુથી સૂર્યની પુત્રી તપતીએ કુરુ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. ૪૭-૪૮ તેને ધર્મવેત્તા જાણીને સર્વ પ્રજાએ રાજા કર્યો હતો. તે કુરુના નામથી પૃથ્વીમાં કુરુ જાંગલ દેશ વિખ્યાત થયો છે. ૪૯ વળી તે મહા તપસ્વી કુરુએ તપ કરીને કુરુક્ષેત્રને પણ પુણ્યરૂપ કર્યું હતું. કુરુની મનસ્વિની વાહિની નામની સ્ત્રી હતી. તેણે અશ્વવંત, અભિષ્યંત, ચૈત્રરથ, મુનિ અને વિખ્યાત જનમેજય નામના પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા હતા, એમ અમે સાંભળ્યું છે. ૫૦-૫૧ અશ્વવંત કે જેનું બીજું નામ અવિક્ષિત હતું તેનાથી પરિક્ષિત, વીર્યવાન શબલાશ્વ, આદિરાજ, વિરાજ, મહા બલવાન શાલ્મલિ, ઉચ્ચૈઃશ્રવા, ભંગકાર અને જિતારી, એ આઠ પુત્રો થયા હતા. એમના વંશજો કર્મજન્ય ગુણથી પ્રખ્યાત થયા હતા. પરિક્ષિતના જનમેજય વગેરે ધર્માર્થમાં કુશલ એવા સાત પુત્રો થયા હતા. તેમનાં નામો કક્ષસેન, ઉગ્રસેન, વીર્યવાન, ચિત્રસેન, ઇંદ્રસેન, સુષેણુ અને ભીમસેન હતાં. વળી તેને બીજા પણ મહારથી પુત્રો થયા હતા. જનમેજયના પૃથ્વીમાં વિખ્યાત અને મહા બલવાન પુત્રો હતા. તેમાં ધૃતરાષ્ટ્ર પ્રથમ થયો હતો; તેના પછી પાંડુ, બાહ્લીક, મહાતેજસ્વી નિષધ, બલવાન જાંબુનદ, કુંડોદર, પદાતિ અને આઠમો વસાતિ નામનો હતો. તે સઘળાઓ ધર્માર્થમાં કુશલ તથા સર્વ પ્રાણીઓના હિતમાં તત્પર રહેતા હતા. ૫૨-૫૭ તેમાં ધૃતરાષ્ટ્ર રાજા થયો હતો, તેના પુત્રો કુંડિક, હસ્તી, વિતર્ક, ક્રાથ, પાંચમો કુંડિન, ઇંદ્ર જેવો હવિશ્રવા અને અપરાજિત ભુમન્યુ નામના હતા. વળી હે ભારત! ધૃતરાષ્ટ્રના પુત્રોમાં ત્રણ પુત્રો ભૂમિમાં ખ્યાતિ પામેલા કહેવાય છે. જેમના નામ પ્રતીપ, ધર્મનેત્ર અને સુનેત્ર હતાં. તેમાં પણ પ્રતીપ ઘણો વિખ્યાત અને પૃથ્વીમાં અતુલ હતો. ૫૮-૬૦ હે ભરતર્ષભ! આ પ્રતીપના દેવાપિ, શાંતનુ અને મહારથી બાહ્લીક એ ત્રણ પુત્રો થયા હતા. ૬૧ તેમાંનો દેવાપિ ધર્મરૂપી હિતની ઇચ્છાથી વનમાં ગયો હતો, એટલે શાંતનુ અને મહારથી બાહ્લીકને રાજ્ય મળ્યું હતું. ૬૨ હે નૃપતે! ભરતના વંશમાં બલસંપન્ન, દેવર્ષિના જેવા ઘણાએક શ્રેષ્ઠ રાજાઓ થયા હતા ૬૩ અને એવા બીજા પણ દેવતુલ્ય મહારથીઓ મનુના વંશમાં પુરુરવાના વંશને વધારનારા થયા હતા. ૬૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પૂરુવંશાનુકીર્તન નામનો અધ્યાય ૯૪ મો સમાપ્ત.

અધ્યાય ૯૫ મો-પૂરુના વંશનું વિશિષ્ટ વર્ણન

॥ जनमेजय उवाच ॥

श्रुतस्त्वत्तोमया ब्रह्मन् पूर्वेषां संभवो महान् ॥
उदाराश्चापि वंशेऽस्मिन् राजानो मे परिश्रुताः॥

જનમેજય કહે છેઃ—હે બ્રહ્મન્! મેં તમારા મુખથી મારા પૂર્વજોની મહાન ઉત્પત્તિ સાંભળી તથા એ વંશમાં ઉત્પન્ન થયેલા ઉદાર રાજાઓને પણ સાંભળ્યા;[૧] પરંતુ હું કાણથી વર્ણવેલું એ પ્રિય આખ્યાન મને અતિશય તૃપ્તિ આપતું નથી; માટે તમે મને ફરીથી એજ દિવ્ય કથા પ્રજાપતિ અને મનુથી આરંભીને વિસ્તારપૂર્વક કહો. તેઓની પુણ્યરૂપ ઉત્પત્તિ કોને પ્રીતિ આપે નહિ, કે જેઓનો સદ્ધર્મ, ગુણ અને માહાત્મ્યવડે સર્વતઃ વૃદ્ધિ પામેલો ઉત્તમ યશ આ ત્રણ લોકને ધારણ કરીને વ્યાપ્ત થઇ રહ્યો છે?[૨-૪] માટે તેવા ગુણી, પ્રભાવશાલી, શારીરિક સામર્થ્યવાળા, મનોબલથી સંપન્ન, દીનતાવિનાના અને ઉત્સાહશીલ રાજાઓની અમૃતના જેવી સ્વાદિષ્ટ કથા સાંભળતાં મને તૃપ્તિ થતી નથી.[૫]

વૈશંપાયન કહે છેઃ—હે રાજન્! મેં પૂર્વે દ્વૈપાયન મુનિ પાસેથી સારી રીતે સાંભળેલી એવી તમારા વંશની શુભ ઉત્પત્તિની કથા હું સંપૂર્ણતાથી કહું છું તેને તમે શ્રવણ કરો.[૬] દક્ષ પ્રજાપતિની અદિતિ નામની પુત્રી થઇ હતી. અદિતિથી વિવસ્વાન ઉત્પન્ન થયા. વિવસ્વાનના પુત્ર વૈવસ્વતમનુ થયા. તે મનુની ઇલા નામની પુત્રી થઈ અને તેનાથી પુરુરવા રાજા થયો. તે પુરુરવાનો આયુ નામનો પુત્ર થયો અને આયુનો પુત્ર નહુષ થયો હતો. નહુષનો પુત્ર યયાતિ થયો. એ યયાતિને બે ભાર્યાઓ હતી.[૭] તેમાં એક શુક્રાચાર્યની પુત્રી દેવયાની અને બીજી વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠા નામની હતી.[૮] (અહીં વંશસૂચક એક શ્લોક છે કે,) દેવયાનીથી યદુ અને તુર્વસુ નામના બે પુત્રો થયા હતા; અને દ્રુહ્યુ, અનુ તથા પૂરુ, વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાથી થયા હતા.[૯] તેમાં યદુના વંશમાં થયેલા યાદવો કહેવાયા અને પૂરુના વંશમાં ઉત્પન્ન થયેલા પૌરવો કહેવાયા.[૧૦] પૂરુની કૌસલ્યા નામની સ્ત્રી હતી. તેનાથી પૂરુને જનમેજય નામનો પુત્ર થયો હતો. તેણે ત્રણ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા તથા છેવટે વિશ્વજિત્ યાગ કરીને તે વનમાં ગયો હતો.[૧૧] એ જનમેજયે મધુકુલની અનંતા નામની કન્યાસાથે લગ્ન કર્યાં હતાં. તેનાથી એને પ્રાચિન્વાન નામનો પુત્ર થયો હતો. તેણે સૂર્યનો જ્યાંથી ઉદય થાય છે ત્યાંસુધીની પ્રાચી દિશાનો જય કર્યો હતો તેથી તે પ્રાચિન્વાન કહેવાતો હતો.[૧૨] પ્રાચિન્વાન યદુવંશની કન્યા અશ્મકીસાથે પરણ્યો હતો. તેનાથી એને સંયાતિ નામનો પુત્ર થયો હતો.[૧૩] સંયાતિ દૃષદ્વાનની પુત્રી વરાંગીસાથે પરણ્યો હતો. તે સ્ત્રીથી સંયાતિને અહંયાતિ નામનો પુત્ર થયો હતો.[૧૪] એ અહંયાતિનાં લગ્ન કૃતવીર્યની પુત્રી ભાનુમતીસાથે થયાં હતાં. તેનાથી એને સાર્વભૌમ નામનો પુત્ર થયો હતો.[૧૫] સાર્વભૌમે વિજય કરીને કેકયરાજની પુત્રી સુનંદાનું હરણ કરી તેની સાથે લગ્ન કર્યાં હતાં. તે સ્ત્રીમાં એને જયત્સેન નામનો પુત્ર થયો હતો. એ જયત્સેન વિદર્ભરાજની પુત્રી સુશ્રવા સાથે પરણ્યો હતો. તેનાથી એને અવાચીન નામનો પુત્ર થયો હતો.[૧૬,૧૭] એ અવાચીન પણ વિદર્ભરાજની બીજી પુત્રી મર્યાદાનેજ પરણ્યો હતો. તેનાથી એને અરિહ નામનો પુત્ર થયો હતો.[૧૮] અરિહનાં લગ્ન અંગીસાથે થયાં હતાં; તેનાથી એને મહાભૌમ નામનો પુત્ર થયો હતો. એ મહાભૌમ પ્રસેનજિતની પુત્રી સુયજ્ઞાસાથે પરણ્યો હતો. તે સ્ત્રીમાં મહાભૌમને અયુતનાયી નામે પુત્ર ઉત્પન્ન થયો કે જેણે અયુત પુરુષમેધ કર્યા હતા અને તેથીજ એનું અયુતનાયી એવું નામ કહેવાયુ હતું.[૧૯,૨૦] અયુતનાયી પૃથુશ્રવાની કામા નામની પુત્રીસાથે પરણ્યો હતો. તેનાથી એને અક્રોધન નામે પુત્ર થયો હતો.[૨૧] તેણે કલિંગરાજની કરંભા નામની પુત્રી સાથે લગ્ન કર્યાં

હતાં. તે સ્ત્રીમાં એને દેવાતિથિ નામનો પુત્ર થયો હતો.[૨૨] દેવાતિથિ વિદેહરાજની પુત્રી મર્યાદા સાથે પરણ્યો હતો. તે સ્ત્રીમાં એને અરિહ નામનો પુત્ર થયો હતો.[૨૩] અરિહ અંગરાજની પુત્રી સુદેવાસાથે પરણ્યો હતો. એણે તે સ્ત્રીમાં ઋક્ષ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો.[૨૪] તક્ષકની પુત્રી જ્વાલા સાથે ઋક્ષનાં લગ્ન થયાં હતાં. તેનાથી એણે મતિનાર નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો.[૨૫] મતિનારે સરસ્વતીના તીર ઉપર સર્વાંગસંપન્ન એવો બાર વર્ષનો સત્ર કર્યો હતો. તે સત્ર જ્યારે સમાપ્ત થયો, ત્યારે સરસ્વતીએ ત્યાં આવીને મતિનારને પોતાના ભર્તાતરિકે પસંદ કર્યો હતો. મતિનારે સરસ્વતીમાં તંસુ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો (અહીં એક વંશસૂચક શ્લોક છે કે) સરસ્વતીએ મતિનારથી તંસુ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો અને તંસુએ કાલિંગીથી ઇલિન નામે પુત્ર ઉત્પન્ન કર્યો હતો.[૨૬,૨૭] ઇલિને રથંતરી નામની ભાર્યાથી દુષ્યંત વગેરે પાંચ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા.[૨૮] દુષ્યંત વિશ્વામિત્રની પુત્રી શકુંતલાસાથે પરણ્યો હતો અને તેનાથી એને ભરત નામનો એક પુત્ર ઉત્પન્ન થયો હતો.[૨૯] (અહીં બે વંશસૂચક શ્લોકો છે તેમાં દેવોએ દુષ્યંતને કહ્યું છે કે,) "માતા ચર્મકોશ છે અને પુત્ર તો પિતાનોજ છે. જે પિતાથી પુત્ર થયો છે તે પિતાજ પુત્રરૂપે છે; માટે હે દુષ્યંત ! પુત્રનું ભરણપોષણ કર, તું શકુંતલાનું અપમાન કરીશ નહિ.[૩૦] હે નરદેવ ! ગર્ભાધાન કરનારા પિતાને પુત્ર યમલોકથી ઉત્તમલોકમાં લઇ જાય છે. આ પુત્રનું ગર્ભાધાન તેં કર્યું છે એ શકુંતલા સત્ય કહે છે."[૩૧] દેવોએ 'ભરણ કર' કહેવાથી તે ભરત કહેવાયો. ભરત કાશિરાજ સર્વસેનની પુત્રી સુનંદાને પરણ્યો હતો. તેનાથી એને ભુમન્યુ નામનો પુત્ર થયો હતો.[૩૨] ભુમન્યુ દશાર્હ રાજાની પુત્રી વિજયાસાથે પરણ્યો હતો. તેનાથી એને સુહોત્ર નામનો પુત્ર થયો હતો.[૩૩] સુહોત્ર ઇક્ષ્વાકુની સુવર્ણા નામની કન્યાસાથે પરણ્યો હતો. તેનાથી એને હસ્તી નામનો પુત્ર થયો હતો કે જેણે આ હાસ્તીનપુર નામનું નગર વસાવ્યું અને એના નામથીજ એ નગર હાસ્તિનપુર કહેવાયું છે.[૩૪] હસ્તીનાં લગ્ન ત્રિગર્તરાજની પુત્રી યશોધરાસાથે થયાં હતાં. તેનાથી એને વિકુંઠન નામનો પુત્ર થયો હતો.[૩૫] વિકુંઠન દાશાર્હી સુદેવાસાથે પરણ્યો હતો અને તેનાથી એને અજમીઢ નામનો પુત્ર થયો હતો.[૩૬] અજમીઢને કૈકેયી, ગાંધારી, વિશાલા અને ઋક્ષા નામની ચાર ભાર્યાઓ હતી. તેઓથી એને એકસોચોવીસ પુત્રો થયા હતા. જેઓ જૂદા જૂદા વંશને પ્રવર્તાવનારા રાજાઓ થયા હતા. તેમાંનો મુખ્ય વંશપ્રવર્તક સંવરણ થયો હતો. સંવરણ વિવસ્વાનની પુત્રી તપતીસાથે પરણ્યો હતો. તેનાથી એને કુરુ નામનો પુત્ર થયો હતો.[૩૭,૩૮] કુરુ દાશાર્હી શુભાંગી નામની કન્યાસાથે પરણ્યોહતો. તેનાથી એને વિદૂર નામનો પુત્ર થયો હતો.[૩૯] વિદૂર મધુવંશની સંપ્રિયા નામની કન્યાને પરણ્યો હતો. તેનાથી એને અનશ્વા નામનો પુત્ર થયો હતો,[૪૦] અનશ્વા મગધ રાજાની પુત્રી અમૃતાને પરણ્યો હતો. તેનાથી એને પરિક્ષિત નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો.[૪૧] પરિક્ષિત બાહુદ રાજાની સુયશા નામની કન્યાસાથે પરણ્યો હતો, તેનાથી એને ભીમસેન નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો.[૪૨] ભીમસેન કેકયરાજની પુત્રી કુમારીને વર્યો હતો. તેનાથી એને પ્રતિશ્રવા નામનો પુત્ર થયો હતો.[૪૩] એ પ્રતિશ્રવાનો પુત્ર પ્રતીપ થયો કે જે શિબિરાજની પુત્રી સુનંદાસાથે પરણ્યો હતો. તેણે એ સ્ત્રીમાં દેવાપિ, શાંતનુ અને બાહ્લીક નામના પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૪૪] દેવાપિ બાલવયમાંજ અરણ્યમાં ગયો હતો; એટલે શાંતનું રાજા થયો હતો.[૪૫] (એ શાંતનુને માટે યશ ગવાય છે કે,) "શાંતનું જે જે જીર્ણ–વૃદ્ધનો સ્પર્શ કરે તે તે પુનઃ યુવાન થાય અને સુખી થાય. એથીજ તે શાંતનું કહેવાતો હતો."[૪૬] એ શાંતનુ રાજા ભાગીરથી ગંગાસાથે પરણ્યો હતો. ગંગામાં એને દેવવ્રત નામનો પુત્ર થયો હતો કે જેને લોકો ભીષ્મ કહે છે.[૪૭] એ ભીષ્મે પિતાનું પ્રિય કરવાની ઇચ્છાથી સત્યવતીને પોતાના પિતાની સાથે પરણાવી હતી. એ સત્યવતીનું બીજું

નામ ગંધકાલી હતું.[૪૮] સત્યવતી કુમારિકા હતી ત્યારે તેને પરાશર ઋષિથી દ્વૈપાયન વ્યાસ થયા હતા. તે સત્યવતીથીજ લગ્ન થયા પછી શાંતનુ રાજાને બે પુત્રો થયા હતા; [૪૯] જેમનાં નામો વિચિત્રવીર્ય અને ચિત્રાંગદ એવાં હતાં. તે બેમાં-થી ચિત્રાંગદને યૌવન આવતાં પહેલાંજ ગંધર્વો-એ મારીનાખ્યો હતો અને વિચિત્રવીર્ય રાજા થયો હતો.[૫૦] વિચિત્રવીર્ય કાશિરાજની કૌશલ્યા નામની પત્નીથી ઉત્પન્ન થયેલી અંબિકા અને અંબાલિકા નામની બે કન્યાઓ સાથે પરણ્યો હતો.[૫૧] પરંતુ તેનાથી પ્રજા થતાં પહેલાંજ વિચિત્રવીર્ય મરણ પામ્યો હતો. એટલે સત્યવતી-એ વિચાર કર્યો કે, દુષ્યંતના વંશનો ઉચ્છેદ થવો ન જોઈએ.[૫૨] આ વિચારથી તેણે દ્વૈપાયન ઋષિનું મનમાં ચિંતન કર્યું. ચિંતન કરતાંની સાથેજ તે ઋષિ સત્યવતીની આગળ આવીને ઉભા રહ્યા અને 'હું શું કામ કરૂં?' એમ કહેવા લાગ્યા.[૫૩] ત્યારે સત્યવતીએ કહ્યું કેઃ–" તમારો ભાઇ વિચિત્રવીર્ય પ્રજોત્પત્તિ થતાં પહેલાંજ સ્વર્ગ-માં ગયો છે; માટે તેની સ્ત્રીમાં તમે સારી પ્રજા ઉત્પન્ન કરો."[૫૪] વ્યાસ મુનિએ તેમ થાઓ, એમ કહીને ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નામના ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા.[૫૫] તેમાં ધૃતરાષ્ટ્ર રાજાને વ્યાસના વરદાનથી ગાંધારીમાં સો પુત્રો ઉત્પન્ન થયા હતા.[૫૬] ધૃતરાષ્ટ્રના તે પુત્રોમાં દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ અને ચિત્રસેન, આ ચાર મુખ્ય હતા.[૫૭] પાંડુને બે ભાર્યાઓ હતી. એક કુંતી કે જે પૃથા નામથી ઓળખાય છે અને બીજી માદ્રી.તે બન્ને સઘળી સ્ત્રીઓમાં રત્નરૂપ હતી.[૫૮]

એક વખતે પાંડુરાજા મૃગયા કરતા હતા ત્યારે તેમણે હરિણીના રૂપને ધારણ કરનારી સ્ત્રી-જોડે મૃગનું રૂપ ધારણ કરીને વિહાર કરતા એક ઋષિને જોયો અને તેણે તેજ સ્થિતિમાં કામ-રસથી તૃપ્ત ન થયેલા તે ઋષિને બાણવડે વિંધી નાખ્યો.[૫૯] બાણથી વિંધાયલા તે ઋષિએ પાંડુ-ને કહ્યું કે, " તું કામરસનો જાણ છે, છતાં આ મૈથુનધર્મને સેવન કરતા અને કામરસથી અતૃપ્ત રહેલા એવા મને તેં માર્યો માટે તું પણ એજ અવસ્થાને પ્રાપ્ત થઇને કામની તૃપ્તિ થતાં પહેલાંજ તત્કાલ મૃત્યુ પામીશ."

આ પ્રમાણે શાપ થવાથી પાંડુ રાજાનું નૂર ઉડી ગયું અને ત્યારથી તેણે શાપથી બચવા માટે સ્ત્રીસંગ કરવો છોડી દીધો. તેણે પોતાની ભાર્યા-ને કહ્યું કેઃ–[૬૦] "હું પોતાની ચપળતાથી આવો શાપ પામ્યો છું. મેં સાંભળ્યું છે કે, પ્રજાવિના-નાને સારા લોક મળતા નથી, માટે તું મારે અર્થે પુત્રોને ઉત્પન્ન કર." આ પ્રમાણે કુંતીને કહ્યું ત્યારે કુંતીએ ધર્મથી યુધિષ્ઠિર, વાયુથી ભીમ-સેન અને ઇંદ્રથી અર્જુન નામના પુત્રો ઉત્પન્ન કર્યા.[૬૧] તે પછી પ્રસન્ન થયેલા પાંડુએ કુંતીને કહ્યું કે, "આ માદ્રી તારી સપત્ની છે અને પ્રજા-વિનાની છે, માંટે તું એનાથી પણ સારી સંતતિ ઉત્પન્ન થાય તેમ કર." "ભલે તેમ થાઓ" એવું કહીને કુંતીએ દેવને બોલાવનારી વિદ્યા માદ્રીને આપી.[૬૨] તે વિદ્યાથી બોલાવેલા અશ્વિનીકુમારે માદ્રીમાં નકુલ અને સહદેવ નામના બે પુત્રો ઉ-ત્પન્ન કર્યા.[૬૩] તે પછી એક વખતે માદ્રીને અ-લંકારવાળી જોઇને પાંડુને કામવિકાર ઉત્પન્ન થયો અને તે માદ્રીનો સ્પર્શ કરતાંજ મૃત્યુ પામ્યા.[૬૪] ત્યાં ચિતાના અગ્નિમાં મૂકેલા પાંડુ જોડે માદ્રીએ પણ ચિતામાં આરોહણ કર્યું અને કુંતીને કહ્યું કેઃ–"આ મારા બન્ને પુત્રોને તું પ્રમાદરહિત થઇને સંભાળજે."આ પ્રમાણે કુંતીને પુત્રો સોંપીને તે સતી થઇ હતી.[૬૫]

પછી તપસ્વીઓએ તે પાંડુના પુત્રોને કુંતી સાથે હસ્તિનાપુરમાં આણ્યા અને ભીષ્મ, વિદુર તથા સર્વે વર્ણોને "આ પાંડુપુત્રો છે" એમ જણાવીને સોંપ્યા. તે પછી સઘળાના જોતાંજ તપસ્વીઓ ત્યાંથી અંતર્ધાન થઇ ગયા.[૬૬] તે ષડ્-વિધ ઐશ્વર્યસંપન્ન એવા તપસ્વીઓનાં વાક્યને સાંભળી અંતરિક્ષમાંથી પુષ્પવૃષ્ટિ થઇ અને દેવ-નાં દુંદુભિઓ વાગ્યાં.[૬૭] એટલે પાંડવોને પાંડુ-પુત્રતરિકે સઘળાએ ગ્રહણ કર્યા. પછી પાંડવો-એ પોતાના પિતાનું મૃત્યુ થયેલું જણાવ્યું તથા ન્યાયપૂર્વક તેમની પરલોકક્રિયા કરી.

પાંડવો હસ્તિનાપુરમાં રહેતા હતા અને

તેઓ બાલક હતા ત્યારથીજ દુર્યોધન તેઓની અદેખાઇ કરતો હતો;[૬૮] એટલુંજ નહિ પણ પાપકૃત્ય કરનારા અને રાક્ષસી બુદ્ધિવાળા દુર્યોધને અનેક ઉપાયોથી પાંડવોને મારવાનો યત્ન કર્યો હતો; પરંતુ ભાવિ એથી કંઇ ઉલટુંજ હતું એટલે તે પાંડવોનો નાશ કરી શકયાં નહિ.[૬૯] પછી ધૃતરાષ્ટ્રે બહાનું કાઢીને પાંડવોને વારણાવત મોકલ્યા અને તેમણે ત્યાં જવાનું સ્વીકાર્યું.[૭૦] ત્યાં પણ પાંડવોને લાક્ષાગૃહમાં બાળી મૂકવા દુર્યોધન તરફથી યત્ન કરાયો;પણ વિદુરે પાંડવોને કરેલા સૂચનથી તે તેમને બાળી શકયો નહિ.[૭૧] પછી લાક્ષાગૃહમાંથી નીકળી પાંડવોએ રસ્તે મળેલા હિડિંબ રાક્ષસને માર્યો અને તેઓ એકચક્રા નગરીમાં ગયા.[૭૨] એ એકચક્રામાં બક નામના રાક્ષસને મારીને તેઓ પાંચાલ નગર-પ્રત્યે ગયા;[૭૩] અને ત્યાં દ્રૌપદીને ભાર્યાતરિકે મેળવી પોતાના દેશમાં પાછા આવ્યા.[૭૪] પછી ક્ષેમકુશલ રહેલા પાંડવોએ દ્રૌપદીથી પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાં યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય નામનો પુત્ર થયો. વૃકોદરથી સુતસોમ અર્જુનથી શ્રુતકીર્તિ, નકુલથી શતાનીક અને સહદેવથી શ્રુતકર્મા નામનો પુત્ર થયો હતો.[૭૫] વળી યુધિષ્ઠિરને ગોવાસન દેશના શૈબ્ય રાજાની દેવિકા નામની કન્યા સ્વયંવરથી મળી હતી, તે દેવિકામાં યુધિષ્ઠિરે યૌધેય નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. ભીમસેન પણ કાશીમાં પરાક્રમરૂપી પણાથી બલંધરા નામની કન્યાસાથે વર્યો હતો અને તે સ્ત્રીમાં તેણે સર્વંગ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો.[૭૬-૭૭] અર્જુન દ્વારકામાં જઇ વાસુદેવની બહેન કલ્યાણભાષિણી સુભદ્રાને પરણ્યો હતો અને ક્ષેમકુશલ દેશમાં આવ્યો હતો. તે પછી તેણે સુભદ્રામાં વાસુદેવને પ્રિય એવો અત્યંત ગુણસંપન્ન અભિમન્યુ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો.[૭૮] નકુલ પણ ચેદી દેશની કરેણુમતી નામની ભાર્યાને પરણ્યો હતો; અને તેનાથી તેણે નિરમિત્ર નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો.[૭૯] સહદેવે પણ મદ્રરાજ દ્યુતિમાનની વિજયા નામની કન્યાને સ્વયંવરમાં મેળવી હતી અને તેનાથી તેણે સુહોત્ર નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો.[૮૦] ભીમસેને તો એ પુત્રોની ઉત્પત્તિ થતાંપહેલાંજ હિડિંબાથી રાક્ષસ ઘટોત્કચ નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો.[૮૧]

આ પ્રમાણે પાંડવોના અગિયાર પુત્રો હતા, તેમાં વંશ પ્રવર્તાવનારો અભિમન્યુજ હતો.[૮૨] તે વિરાટ રાજાની પુત્રી ઉત્તરાની સાથે પરણ્યો હતો. અભિમન્યુથી ઉત્તરામાં ગર્ભ રહ્યો હતો, પણ તે ગર્ભ પ્રાણવિનાનો થઇ ગયો હતો. તે પછી પુરુષોત્તમ શ્રીવાસુદેવની 'હું એને જીવાડીશ માટે તમે એને ગ્રહણ કરો' એવી આજ્ઞાથી છ માસના તે ગર્ભને કુંતીએ ખોળામાં લીધો.[૮૩] તે પછી બલ, વીર્ય અને પરાક્રમ જેમાં પ્રાપ્ત થયેલાં નહિ, વળી ગર્ભકાલ પૂરો થતાં પહેલાંજ ઉત્પન્ન થયેલા તથા અસ્ત્રાગ્નિથી દગ્ધ થયેલા એવા તે ગર્ભરૂપ બાલકને પૂજ્ય શ્રીવાસુદેવે પોતાના તેજથી જીવાડયો. તેને જીવાડયા પછી વાસુદેવે કહ્યું કેઃ—"આ કુલ પરિક્ષીણ થતાં આ ઉત્પન્ન થયો છે, માટે એનું નામ પરિક્ષિત કહેવાશે."[૮૪] એ પરિક્ષિત તમારી માતા માદ્રવતી સાથે પરણ્યા હતા કે જેનાથી તમે જનમેજય ઉત્પન્ન થયા છો.[૮૫] તમને વપુષ્ટમાથી શતાનીક અને શકુંકર્ણ નામના બે પુત્રો ઉત્પન્ન થયા છે. શતાનીકને વૈદેહીમાં અશ્વમેધદત્ત નામનો પુત્ર થયો છે.[૮૬]

આ પ્રમાણે પૂરુ અને પાંડવોનો વંશ મેં તમને કહ્યો છે; જે કીર્તન કરવાથી ધનની વૃદ્ધિ કરનારો, પુણ્ય આપનારો અને પરમપવિત્ર છે, માટે નિયમયુક્ત થઇને બ્રાહ્મણોએ એને નિરંતર શ્રવણ કરવો. તદનંતર સ્વધર્મપરાયણ અને પ્રજાનું પાલન કરનારા એવા ક્ષત્રિયોએ તથા વૈશ્યોએ પણ સાંભળવો, તેમજ ત્રણ વર્ણની સેવા કરનારા શ્રદ્ધાળુ શૂદ્રોએ પણ એ વંશ સાંભળવો.[૮૭] આ પવિત્ર ઇતિહાસને જે પુરુષો સંપૂર્ણ શ્રવણ કરાવશે અથવા જેઓ ચિત્ત નિયમમાં રાખીને મત્સરરહિત થઈ, મિત્રભાવના રાખી તથા વેદપરાયણ થઇને શ્રવણ કરશે તેઓ

સ્વર્ગને જીતનારા અને પુણ્યલોક મેળવનારા થશે; તથા નિત્ય દેવ, બ્રાહ્મણ અને મનુષ્યોમાં માન્ય અને પૂજ્ય થશે.[૯૮] ભગવાન વ્યાસે કહેલું આ મહાભારત પરમ પવિત્ર છે, એને જે બ્રાહ્મણાદિ વર્ણો શ્રદ્ધાથી, નિર્મત્સર થઇને તથા સર્વત્ર મિત્રભાવના રાખીને વેદસંપન્ન થઇને શ્રવણ કરશે તે પણ સ્વર્ગને મેળવનારા, પુણ્યાત્મા તથા કૃત અને અકૃત કર્મને માટે અ-શોચ્ય થશે.[૯૯](એ સંબંધમાં ખ્યાતિસૂચક એક શ્લોક છે કે,)'આ વેદોના તુલ્ય છે,ઉત્તમ છે, પવિત્ર છે, ધન આપનારૂં છે, યશની વૃદ્ધિ કરનારૂં છે તથા આયુષ્યને વધારનારૂં છે; માટે ચિત્ત વશ રાખીને એને શ્રવણ કરવું.'[૧૦૦]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે પૂરુવંશકીર્તનમાં
અધ્યાય ૯૫ મો સમાપ્ત.

અધ્યાય ૯૬ મો–શાંતનુ રાજાનું ઉપાખ્યાન

॥ वैशंपायन उवाच ॥
इक्ष्वाकुवंशप्रभवो राजासीत्पृथिवीपतिः ॥
महाभिष इति ख्यातः सत्यवाक् सत्यविक्रमः॥

વૈશંપાયન કહે છેઃ– પૂર્વે ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલો સત્યવાદી તથા સત્ય પરાક્રમી મહાભિષ નામનો પૃથ્વીપતિ રાજા હતો.[૧] તેણે હજાર અશ્વમેધ તથા સો રાજસૂય યજ્ઞો કરીને દેવેશ ઇંદ્રને પ્રસન્ન કર્યાં હતાં અને તેથી તે સમર્થ રાજા સ્વર્ગને પ્રાપ્ત થયો હતો.[૨] તે પછી એક વખતે દેવતાઓ બ્રહ્માની સેવામાં ગયા હતા, તેમાં કેટલાક રાજર્ષિઓ અને તે મહાભિષ રાજા પણ હતો.[૩] એટલામાં સર્વ નદીઓમાં શ્રેષ્ઠ એવી ગંગા નદી ત્યાં પિતામહ બ્રહ્માની પાસે આવી અને ત્યાં આવતાં તેનું ચંદ્રના જેવી કાંતિવાળું વસ્ત્ર વાયુથી ઉડી ગયું.[૪] તે વખતે સઘળા દેવો એકદમ નીચું જોઇ ગયા, પણ રાજર્ષિ મહાભિષ તો નિઃશંકપણાથી ગંગાને જોવા લાગ્યા,[૫] તેથી ભગવાન બ્રહ્માએ મહાભિષને શાપ આપતાં કહ્યું કેઃ–"તું મનુષ્યલોકમાં ઉત્પન્ન થઈને પછી પાછો ઉત્તમ લોકને પ્રાપ્ત થઇશ.[૬] હે દુર્મતિવાળા! જે ગંગાથી તારૂં મન હરાયું છે તે ગંગા મનુષ્યલોકમાં અવશ્ય તારાં અપ્રિય કાર્યો કરશે[૭] અને જ્યારે તને ક્રોધ ઉત્પન્ન થશે ત્યારે તું શાપથી મુક્ત થઇશ."

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે શાપ થયા પછી તે રાજાએ પૃથ્વીમાં તપરૂપી ધનવાળા ઘણા રાજાઓમાંથી પ્રતીપ રાજાને પોતાના પિતા થવા માટે યોગ્ય ગણ્યા. મહાનદી ગંગા પણ પોતાને જોવાવડે ધૈર્યથી ભ્રષ્ટ થયેલા મહાભિષ રાજાને જોઇને મનમાં તેનુંજ ધ્યાન કરતી ત્યાંથી પોતાના સ્થાનમાં જવા નીકળી. હે નૃપ ! પછી માર્ગમાં જતાંજતાં તેણે સ્વર્ગવાસી 'વસુ' દેવોને (સ્વર્ગથી ભ્રષ્ટ થવાને લીધે) નિસ્તેજ થયેલા અને કષ્ટથી ખિન્ન થયેલા જોયા. તેમને તેવી સ્થિતિમાં જોઇને નદીઓમાં શ્રેષ્ઠ એવી ગંગાએ પૂછ્યું કેઃ–[૧૧]"આ પ્રમાણે તમારૂં રૂપ કેમ નષ્ટ થઈ ગયુ છે? દેવતાઓનું ક્ષેમ તો છેને?" આવું ગંગાએ પૂછ્યું, ત્યારે વસુઓએ તેને કહ્યું કેઃ– "હે મહાનદિ! અમારો અલ્પ અપરાધ થતાંજ મહાત્મા વસિષ્ઠે ક્રોધ કરીને અમને શાપ આપ્યો છે.અમે બધાએ ભાવિથી મૂઢ થઇને ગુપ્ત તેજવાળા ઋષિશ્રેષ્ઠ વસિષ્ઠ સંધ્યા કરતા હતા ત્યાં તેમનો અપરાધ કર્યો હતો, તેથી તેમણે ક્રોધ કરીને "તમે મનુષ્યયોનિમાં ઉત્પન્ન થાઓ" એવો શાપ આપ્યો છે.[૧૨–૧૪] તે બ્રહ્મવાદીએ જે કહ્યું છે, તે હવે નિવૃત્ત કરાય તેમ નથી; માટે તમે માનુષી રૂપ લઇને પૃથ્વીમાં અમને વસુઓને ઉત્પન્ન કરો.[૧૫] હે શુભે ! અમે બધા માનુષીના ઉદરમાં પ્રવેશ કરીશું નહિ."

આ પ્રમાણે તે વસુઓએ કહ્યું,ત્યારે ગંગાએ "ભલે તેમ થાઓ" એમ કહીને પૂછ્યું કેઃ– "મનુષ્યલોકમાં કયો શ્રેષ્ઠ પુરુષ તમારો પિતા

થશે ?"

વસુઓ બોલ્યાઃ-સર્વ લોકમાં પ્રસિદ્ધ એવા પ્રતીપ રાજાને શાંતનુ નામે પુત્ર ઉત્પન્ન થશે તે મનુષ્યલોકમાં અમારો પિતા થશે."[૧૬૧૭]

ગંગા કહે છેઃ-" હે નિષ્પાપ દેવો ! તમે મને જે કહો છો તે પ્રમાણેજ મારૂં પણ માનવું છે. હું તે રાજાનું પ્રિય કરીશ અને તમારૂં પણ ઇચ્છિત સાધીશ."[૧૮]

વસુઓ કહે છેઃ-" હે ત્રિલોકગામિનિ ! તમારાથી જે જે કુમારો ઉત્પન્ન થાય તેને તેને તમે પાણીમાં ફેંકી દેજો કે જેમ કરવાથી અમારો થોડા કાલમાંજ છૂટકો થશે."[૧૯]

ગંગા કહે છેઃ-" ભલે હું તેમ કરીશ; પરંતુ પુત્રપ્રાપ્તિના હેતુથી મારી સાથે થયેલો તે રાજાનો સમાગમ મિથ્યા થાય નહિ એટલા માટે તેને સારૂ તમે એક પુત્ર રહે એવી ગોઠવણ કરો."[૨૦]

વસુઓ કહે છેઃ-" અમે બધા અમારા એક એક અષ્ટમાંશ તેજને આપીશું, તે તેજથી તમને તે રાજાનો ઇચ્છિત એવો એક પુત્ર થશે;[૨૧] પણ તેને મનુષ્યલોકમાં સંતતિ થશે નહિ, એટલે તે તમારો પ્રતાપી પુત્ર અપુત્ર રહેશે."[૨૨] આ પ્રમાણે ગંગાની સાથે ઠરાવ કરીને તે વસુઓ પ્રફુલ્લિત મનથી ઇચ્છિત સ્થાનમાં ચાલ્યા ગયા.[૨૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે મહાભિષોપાખ્યાન નામનો અધ્યાય ૯૬ મો સમાપ્ત.

અધ્યાય ૯૭ મો-શાંતનુ રાજાને ગંગાનો મેળાપ

॥ वैशंपायन उवाच ॥

ततः प्रतीपो राजासीत्सर्वभूतहितः सदा ॥
निषसाद समा बह्वीर्गंगाद्वारगतो जपन् ॥१॥

વૈશંપાયન કહે છેઃ-સર્વભૂતના હિતમાં સદા તત્પર એવો પ્રતીપ નામનો રાજા હતો. તે ઘણાં વર્ષપર્યંત ગંગાદ્વારમાં જઇને જપ કરતો બેઠો હતો.[૧] એક વખતે રૂપ અને ગુણવડે સંપન્ન, અત્યંત લોભ પમાડે તેવી આકૃતિવાળી, શુભ મુખવાળી, દિવ્યરૂપિણી તથા ઉદાર ચરિત્રવાળી ગંગાદેવી સ્ત્રીરૂપ ધારણ કરીને પોતાના જલમાંથી બહાર નીકળી વેદપાઠ કરતા પ્રતીપ રાજર્ષિની શાલવૃક્ષના જેવી જમણી જંઘા ઉપર આવીને બેઠી.[૨૩] ત્યારે પ્રતીપ રાજાએ યશસ્વિની ગંગાપ્રત્યે કહ્યું કેઃ-"હે કલ્યાણિ ! તારૂં જે ઇચ્છિત હોય તે મને કહે, હું તારૂં શું પ્રિય કરૂં ?"[૪]

સ્ત્રી બોલીઃ-" હે રાજન્ ! હું તમારી કામના કરૂં છું. મને તમારાપ્રત્યે ભક્તિ છે, માટે મારો સ્વીકાર કરો; કારણ કે સકામ સ્ત્રીઓનો ત્યાગ [illegible]એ નિંદ્ય ગણ્યો છે."[૫]

પ્રતીપ કહે છેઃ-" હે સુંદરિ ! હું પરસ્ત્રી સાથે કામવશ થઇને ગમન કરતો નથી તથા અસવર્ણ સ્ત્રી સાથે પણ ગમન કરતો નથી. હે કલ્યાણિ ! એવું મારૂં ધાર્મિક વ્રત છે."[૬]

સ્ત્રી બોલીઃ-" હે રાજન્ ! હું અકલ્યાણરૂપિણી, ગમન કરવાને અયોગ્ય અથવા કોઈ રીતે નિંદવા જેવી નથી. હું તો દિવ્ય કન્યા અને ઉત્તમ સ્ત્રી છું અને તમને ભજું છું; માટે મારો તમે સ્વીકાર કરો."[૭]

પ્રતીપ બોલ્યોઃ-" તું મને જે પ્રિય વાત કહે છે, તે તેં પોતેજ નિવૃત્ત કરી છે; માટે હવે જો હું એથી ઉલટી રીતે વર્તું તો તે ધર્મનો નાશ મનેજ નાશ પમાડે. હે સુંદર સ્ત્રિ ! તું મારી જમણી જંઘા ઉપર આવીને બેઠી, પરંતુ હે ભીરુ ! એ જમણી જંઘાનું આસન તો છોકરાંઓ અને પુત્રવધૂને બેસવા માટે છે, એમ તું જાણ.[૮૯] કામિનીઓને ભોગવવા યોગ્ય ડાબી જંઘા છે તેનો તો તેં ત્યાગ કર્યો છે; માટે હે સુંદરિ ! તારી સાથે હું કામવૃત્તિથી વર્તીશ નહિ; પરંતુ હે સુંદર કટીવાળી ! તું મારી પુત્રવધૂ થા. હું મારા પુત્રને માટે તારી માગણી કરૂં છું; કારણ કે હે

સુંદર જઘનવાળી! તું આવીને પુત્રવધૂના આસન ઉપર બેઠી છે."૧૦,૧૧

સ્ત્રી બોલી:-" હે ધર્મજ્ઞ! ભલે એમ થાઓ. તમારા પુત્ર સાથે હું જોડાઈશ અને તમારાપ્રતિ મારી ભક્તિ હોવાથી હું પ્રખ્યાત ભરતકુલને સેવન કરીશ;૧૨ કારણ કે પૃથ્વીમાં જેટલા રાજાઓ છે,તે સર્વના તમે આધારરૂપ છો.તમારા ગુણોને મારાથી સેંકડો વર્ષે પણ વર્ણવી શકાય તેમ નથી.૧૩ તમારા કુલમાં જે વિખ્યાત રાજાઓ થયા છે તેજ તમારા કુલની સાધુતા છે. હે ધર્મજ્ઞ! હે વિભો! પરંતુ હું એક એવો નિયમ કરૂં છું કે, હું જે કંઈ કાર્ય કરૂં તે કાર્યના સંબંધમાં તમારા પુત્રે કદાપિ વિચાર કરવો નહિ. એમ થશે તો હું તમારા પુત્રની સાથે રહીને તેની પ્રીતિને વૃદ્ધિ પમાડીશ૧૪,૧૫ તથા તમારો પુત્ર પણ છેવટે પવિત્ર એવા પ્રિય પુત્રોની સાથે સ્વર્ગને પ્રાપ્ત થશે."

વૈશંપાયન કહે છે:-હે રાજન્! આ પ્રમાણે કહીને ગંગા ત્યાંજ અંતર્ધાન થઇ ગઇ૧૬ અને પુત્રજન્મની વાટ જોતાં રાજાએ ગંગાએ કહેલી વાતને મનમાં રાખી. હે કુરુનંદન! એજ વખતે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ એવો તે પ્રતીપ રાજા પોતાની ભાર્યાની સાથે પુત્રપ્રાપ્તિને માટે તપ કરવા લાગ્યો. પછી તે વૃદ્ધ દંપતીથી પૂર્વે જણાવેલો મહાભિષ રાજા પુત્રતરિકે ઉત્પન્ન થયો.૧૮ તે શાંત થઇ જતા વંશનો સંતાન-વિસ્તાર કારણ હોવાથી શાંતનુ કહેવાયો હતો. તેને પોતના કર્મવડે પ્રાપ્ત થયેલા અક્ષય લોકોનું સ્મરણ હતું, તેથી તે કુરુકુલમાં શ્રેષ્ઠ એવો શાંતનુ પુણ્યકર્મજ કરતો હતો. પછી જ્યારે પોતાના પુત્ર શાંતનુને યૌવન પ્રાપ્ત થયું, ત્યારે પ્રતીપે તેને કહ્યું કે:-૧૭,૨૦"હે શાંતનુ! પૂર્વે તારા ઐશ્વર્યને માટે મારી પાસે એક સ્ત્રી આવી હતી. હે પુત્ર! તે સુંદર વર્ણવાળી, સ્વરૂપસંપન્ન દિવ્ય સ્ત્રી, પુત્રની કામનાવડે તારી કામના કરતી એકાંતમાં જો તારી પાસે આવે તો તારે તેને 'હે અંગને! તું કોણ છે? કોની પુત્રી છે? ઇત્યાદિ પૂછવું નહિ;૨૧,૨૨ એટલુંજ નહિ પણ તે જે કંઈ કાર્ય કરે તેમાં પણ તારે તેને પૂછવું નહિ. હે નિષ્પાપ! ફક્ત મારી આજ્ઞાથી પ્રીતિવાળી એવી તે સ્ત્રીનો તું સ્વીકારજ કરજે."૨૩

વૈશંપાયન કહે છે:-આ પ્રમાણે પોતાના પુત્ર શાંતનુને કહીને તથા પોતાના રાજ્ય ઉપર તેનો અભિષેક કરીને પ્રતીપ રાજા વનમાં ચાલ્યો ગયો.૨૪ પછી દેવરાજના જેવી કાંતિવાળો તથા બુદ્ધિમાન એવો શાંતનુ રાજા મૃગયાશીલ થઇને નિરંતર વનમાં ફર્યા કરતો હતો.૨૫ એક વખતે તે શ્રેષ્ઠ રાજા મૃગો તથા મહિષોને મારતો સિદ્ધ-ચારણોએ સેવન કરાતી ગંગા ઉપર એકલો ફરતો હતો. ત્યાં તેણે સાક્ષાત્ બીજી લક્ષ્મી જેવી ઝળહળતા શરીરવાળી એક ઉત્તમ સ્ત્રીને દીઠી.૨૬,૨૭ તે સ્ત્રી રૂપ, ઔદાર્ય વગેરેમાં ખોડવિનાની હતી, દિવ્ય અલંકારોથી અલંકૃત હતી, તેણે ઝીણી સાડી પહેરી હતી અને તેની કાંતિ કમલના મધ્યભાગ જેવી હતી.૨૮ તેને જોતાંની સાથેજ તેની સ્વરૂપસંપત્તિથી વિસ્મય પામેલો રાજા રોમાંચિત થઇ ગયો અને નેત્રથી તેને પીતો હોય તેમ જોતાં પણ તૃપ્ત થયો નહિ.૨૯ તે સ્ત્રી પણ ત્યાં ફરતા એવા મહાતેજસ્વી રાજાને જોતાંજ સ્નેહથી વહાલભરી થઇને તેને જોતાં તૃપ્તિ પામી નહિ.૩૦ પછી તે સ્ત્રીનું સાંત્વન કરતા રાજા મધુર વાણીવડે તેને કહેવા લાગ્યો કે:-"હે સુંદર મધ્યવાળી! તું દેવી છે? દાનવી છે? ગંધર્વી છે? અપ્સરા છે? યક્ષી છે? નાગકન્યા છે? કે માનુષી છે? હે દેવગર્ભના જેવી કાંતિવાળી! હે શોભને! હું તારી માગણી કરૂં છું કે તું મારી ભાર્યા થા."૩૧,૩૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે શાંતનુ-ઉપાખ્યાનમાં અધ્યાય ૯૭ મો સમાપ્ત.

અધ્યાય ૯૮ મો-ભીષ્મની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

एतच्छ्रुत्वा वचो राज्ञ: सस्मितं मृदु वल्गु च ॥

वसूनां समयं स्मृत्वाथाभ्यागच्छदनिंदिता॥

વૈશંપાયન કહે છેઃ-ઉપર પ્રમાણે રાજાનું સ્મિતયુક્ત, કોમળ અને સુંદર વચન સાંભળીને તેમજ વસુઓને આપેલું વચન યાદ કરીને સ્તુત્ય ગંગા રાજાની પાસે આવી;[૧] અને પોતાની વાણીવડે રાજાના મનને આહ્‌લાદ આપતી બોલવા લાગી કેઃ-"હે મહીપાલ! તમને વશ રહેનારી એવી હું તમારી પટ્ટરાણી થઇશ;[૨] પણ હે રાજન્! હું શુભ અથવા અશુભ જે કંઇ કરૂં તેમાં તમારે મને રોકવી નહિ, તેમજ અપ્રિય પણ કહેવું નહિ.[૩] હે પાર્થિવ! આ પ્રમાણે તમે વર્તશો ત્યાંસુધી હું તમારી સાથે રહીશ; પણ જ્યારે તમે મારા કાર્યમાં મને રોકશો અથવા અપ્રિય કહેશો ત્યારે હું નિઃસંશય તમને ત્યજી જઇશ." [૪]

હે ભરતકુલમાં શ્રેષ્ઠ! જ્યારે શાંતનુએ 'ભલે તેમ થાઓ' એમ સ્વીકાર્યું, ત્યારે ગંગા રાજાઓમાં શ્રેષ્ઠ એવા તે શાંતનુને પ્રાપ્ત થઇને અતુલ હર્ષ પામી[૫] અને વશ મનવાળો શાંતનુ પણ તેને મેળવીને યથેષ્ટ ભોગ ભોગવવા લાગ્યો તથા તેને કંઇ પૂછવું નહિ, એમ માનતો રાજા ગંગાને કંઈ પણ કહેતો ન હતો.[૬] તે સ્ત્રીનાં શીલ, આચરણ, રૂપ, ઉદારતા, ગુણ અને ઉપચારથી શાંતનુ રાજા મનમાં સંતોષ પામતો હતો;[૭] કારણ કે તે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ લોકમાં ગતિ કરનારી દિવ્ય રૂપધારિણી પોતે ગંગા દેવી-જ શોભાસંપન્ન એવો મનુષ્ય દેહ ધારણ કરીને, શુભ પ્રારબ્ધવડે જેની અભિલાષા પૂર્ણ થયેલી એવા દેવરાજના જેવા કાંતિવાળા રાજસિંહ શાંતનુને ભાર્યાતરિકે પ્રાપ્ત થઇ હતી.[૮,૯] તે ગંગાદેવી મનોહર એવા સંભોગ, સ્નેહ, ચાતુર્ય, શૃંગારજન્ય ભાવો, કોમલ નૃત્ય વગેરેથી રાજા જે રીતે રાજી થાય તે રીતે તેને રમણ કરાવતી હતી.[૧૦] તે રાજા પણ રતિકર્મમાં આસક્ત થયેલો અને ઉત્તમ સ્ત્રીના ગુણથી વશ થયેલો હોવાથી ઘણાં ઘણાં ગયેલાં વર્ષો, ઋતુઓ તથા માસોને જાણી શક્યો નહિ.[૧૧]

આ પ્રમાણે તે દેવીની સાથે યથેષ્ટ રમણ કરતાં રાજાએ દેવના જેવા આઠ પુત્રો તેના(ગંગા)-થી ઉત્પન્ન કર્યા હતા.[૧૨] હે ભારત! તે પુત્રો જેમ જેમ ઉત્પન્ન થતા ગયા તેમ તેમ તેને લઇને 'હું તને પ્રસન્ન કરૂં છું" એમ કહીને ગંગા પોતાના જલના પ્રવાહમાં ફેંકી ડુબાડી દેતી હતી. તેનું આ કાર્ય શાંતનું રાજાને પ્રિય લાગ્યું નહિ; પણ તે પોતાનો ત્યાગ કરી જશે એવી બીકથી તે મહીપતિ તે વખતે તેને કંઇ પણ કહેતો ન હતો.[૧૩,૧૪] પછી જ્યારે આઠમો પુત્ર થયો ત્યારે પોતાનું હાસ્ય કરતી હોય તેવી એ સ્ત્રીને જોઇને, દુઃખથી દીન બનેલો રાજા, પોતાના પુત્રને બચાવવા માટે તેને કહેવા લાગ્યો કેઃ-[૧૫]"તું એને મારીશ નહિ. ઓ પુત્રહત્યારી! તું કોણ છે? કોની પુત્રી છે? તું છોકરાઓને શામાટે મારી નાખે છે? આ કાર્યથી તને મહાન નિંદિત પાપ લાગ્યું છે."[૧૬]

સ્ત્રી બોલીઃ-"હે પુત્રની કામનાવાળા! હે પુત્રવાનમાં શ્રેષ્ઠ! હવે હું તમારા પુત્રને મારીશ નહિ; પરંતુ તમારી સાથે મેં જે શરત કરેલી તે પ્રમાણે મારો અહીંનો નિવાસ પૂરો થયો છે.[૧૭] હું મહર્ષિગણોએ સેવન કરાતી જહ્નુપુત્રી ગંગા છું અને દેવકાર્યના અર્થની સિદ્ધિને માટે તમારી સાથે રહી હતી. [૧૮] હે દેવ! તે પુત્રો મહાભાગ્યશાળી અને મહાતેજસ્વી એવા આઠ વસુઓ હતા. જેઓ વસિષ્ઠ ઋષિના શાપદોષથી મનુષ્યદેહને પામ્યા હતા. [૧૯] તેઓને ઉત્પન્ન કરવા માટે તમારાવિના પૃથ્વીમાં બીજો કોઈ પુરુષ યોગ્ય ન હતો અને મારા જેવી ગર્ભ ધારણ કરનારી કોઈ

માનુષી આ લોકમાં ન હતી;[૨૦] માટે તેઓની જનની થવા સારૂ મેં મનુષ્યદેહ ધારણ કર્યો હતો. તમે આઠ વસુઓને ઉત્પન્ન કરીને અક્ષય લોકો જીત્યા છે. [૨૧] મેં વસુ-દેવોના ઠરાવને સ્વીકાર્યો હતો. તે ઠરાવ 'તમે જેમ જેમ ઉત્પન્ન થશો તેમ તેમ હું તમને મનુષ્યશરીરથી મુક્ત કરીશ' એવો હતો. [૨૨] આ પ્રમાણે તેઓ મહાત્મા આપવના શાપથી મુક્ત થયા છે, હવે તમારૂ કલ્યાણ થાઓ અને આ મહાન વ્રતવાળા પુત્રનું તમે રક્ષણ કરજો;[૨૩] કારણ કે એક એક વસુના અષ્ટમાંશથી આઠે વસુઓના સ્થાનરૂપ આ પુત્રને આઠે વસુઓના સમીપમાં તમારે માટે મેં પ્રાર્થનાથી મેળવ્યો છે, માટે આ મારાથી થયેલા પુત્રને ગંગાએ આપેલો છે એમ તમે સમજજો."[૨૩-૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે ભીષ્મ-ઉત્પત્તિ-નામનો
અધ્યાય ૯૮ મો સમાપ્ત.


અધ્યાય ૯૯ મો-વસુઓને થયેલા શાપનું વર્ણન

॥ शांतनुरुवाच ॥
आपवो नाम कोन्वेष वसूनां किंच दुष्कृतम् ॥
यस्याभिशापात्ते सर्वे मानुषीं योनिमागताः ॥

શાંતનુ પૂછે છેઃ-"એ આપવ નામનો કોણ હતો? અને વસુઓએ તેનો શો અપરાધ કર્યો હતો કે જેના શાપથી તે સઘળાને માનુષી યોનિમાં અવતરવું પડ્યુ?[૧] વળી આ તારા આપેલા કુમારે શું કર્યું હતું કે જે કરવાથી એને મનુષ્યોમાં રહેવું પડશે?[૨] હે જાહ્નવિ! સર્વ લોકના ઇશ એવા વસુઓ શા કારણથી મનુષ્ય લોકમાં ઉત્પન્ન થયા હતા તે તું મને કહે."[૩]

વૈશંપાયન કહે છેઃ- હે પુરુષશ્રેષ્ઠ! આ પ્રમાણે રાજાએ પૂછ્યુ, ત્યારે જહ્નુતનયા ગંગા દેવી પોતાના પતિ શાંતનુ રાજાને આ પ્રમાણે કહેવા લાગી.[૪] ગંગા કહે છેઃ-"હે ભરતસત્તમ પૂર્વે વરુણને વસિષ્ઠ નામના જે પુત્ર થયા હતા, તેજ મુનિ આપવ નામથી કહેવાય છે.[૫] તે ઋષિનું મેરુ પર્વતના પાર્શ્વભાગમાં મૃગ અને પક્ષીઓથી ભરપૂર તથા સર્વ ઋતુનાં પુષ્પોથી છવાયલું આશ્રમસ્થાન હતું.[૬] હે ભરતસત્તમ! સ્વાદિષ્ટ ફલ, મૂલ અને જલવાળા તે વનમાં પુણ્યકર્મ કરનારામાં શ્રેષ્ઠ એવા તે વરુણના પુત્ર વસિષ્ઠ તપ તપતા હતા.[૭] હવે દક્ષની સુરભી નામની સર્વ મનોરથ પૂર્ણ કરનારામાં શ્રેષ્ઠ એવી જે પુત્રી હતી, તે દેવીએ કશ્યપથી જગતના અનુગ્રહને અર્થે નંદિની ગાયને જન્મ આપ્યો હતો. હવ્ય આપનારી તે નંદિની ગાય ધર્માત્મા વસિષ્ઠને પ્રાપ્ત થઇ હતી. તે ગાય મુનિઓથી સેવાતાં, પુણ્યરૂપ અને રમ્ય એવા તપસ્વીઓના અરણ્યમા નિવાસ કરતી નિર્ભય થઇને ફરતી હતી.[૮-૧૦]

હે ભરતર્ષભ! એક વખતે દેવર્ષિઓએ સેવન કરેલા તે વનમાં પૃથુ વગેરે સઘળા 'વસુ, દેવો આવ્યા હતા.[૧૧] તેઓ પોતપોતાની સ્ત્રી-ઓની સાથે ચોતરફ તે વનમાં ફરતા હતા અને રમણીય એવા પર્વત તથા વનોમાં રમણ કરતા હતા.'[૧૨] હે ઇંદ્રના જેવા પરાક્રમી રાજા! તે વસુ-ઓમાંથી એક વસુની સુંદર મધ્યવાળી ભાર્યાએ વનમાં ફરતાં સર્વ મનોરથને દોહન કરનારી ઉત્તમ એવી નંદિની ગાયને દીઠી; તથા હે રાજેંદ્ર! તે નંદિનીનાં શીલ, સંપત્તિ અને ઐશ્વર્ય-થી વિસ્મય પામી તે ગાય તેણે દ્યુ નામના વસુને દેખાડી. હે વૃષભના જેવાં નેત્રવાળા! હે પૌરવનંદન રાજેંદ્ર! તે ગાય શરીરે પુષ્ટ, સારૂં દૂધ આપનારી, સુંદર પુચ્છવાળી, સુશોભિત ખરી-ઓવાળી, શુભ લક્ષણવાળી, સર્વ ગુણથી સંપન્ન અને અનુત્તમ શીલવાળી હતી. એવી ગુણવાળી તે ગાય જ્યારે વસુની પત્નીએ પ્રથમ વસુને દેખાડી, ત્યારે હે ગજેંદ્રના જેવા વિક્રમવાળા



દેવવ્રતની ભીષ્મ પ્રતિજ્ઞા :—"પિતાના પછી તેમનું રાજ્ય મારે નહિ લેવું પણ સત્યવતીના ભાવી પુત્રને આપવું; તથા મારે છેવટ સુધી અખંડ બ્રહ્મચર્ય પાળવું." પછી સત્યવતીના બેઉ પુત્ર ગુજરી જતાં તેણે દેવવ્રતને રાજા બનવાનો અને પરણવાનો આગ્રહ કર્યો. ત્યારે પણ પ્રબળ સત્યપ્રેમી અને મહાન સ્વાર્થત્યાગી દેવવ્રતે જરાય ન ડગતાં કહ્યું કે;–આ તો શું પણ ઈન્દ્રનું, કે ત્રણે લોકનું કે એથી પણ મોટું રાજ્ય હોય; તો તેને પણ સત્યને ખાતર તજી દઉં; પણ સત્યને તજું નહિ. આથીજ તે "ભીષ્મ" કહેવાયા. ॥ રઘુકુલ રીતિ સદા ચલી આઇ। પ્રાણ જાહિં વરૂ વચન ન જાઇ ॥

છે. [૪૩] આ પ્રમાણે શાપ પામેલા એવા તેઓનો મનુષ્યલોકથી છૂટકો થવા માટે મેં યથાયોગ્ય કામ કર્યું છે. [૪૪] હે નૃપોત્તમ ! હે ભારતરાજ! તે ઋષિના શાપથી આ દ્યુ, એકલોજ મનુષ્યલોકમાં ચિરકાલ નિવાસ કરશે. " [૪૫]

વૈશંપાયન કહે છેઃ–આ વૃત્તાંત રાજાને કહીને તે ગંગાદેવી કુમારને લઈને ત્યાંથી અંતર્ધાન થઈગઇ અને ઇચ્છિત સ્થાનમાં ચાલી ગઈ. [૪૬] એ જે દ્યુ નામનો વસુ, શાંતનુનો કુમાર થયો, તે દેવવ્રત અથવા ગાંગેય એવા નામથી કહેવાયો અને શાંતનુથી અધિક ગુણવાળો થયો. [૪૭] ગંગાના ગયા પછી શાંતનુ શોકથી દીન થઈને પોતાના નગરમાં ગયો. તે ભરતવંશી મહાત્મા શાંતનુ રાજાના અધિક ગુણો તથા તેનું મહાભાગ્ય હું તમને કહું છું. જેનો તેજસ્વી ઈતિહાસ મહાભારત કહેવાય છે. [૪૮, ૪૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે આપવોપાખ્યાન નામનો અધ્યાય ૯૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૦ મો–ભીષ્મની પ્રતિજ્ઞા તથા શાંતનુને સત્યવતીની પ્રાપ્તિ

॥ वैशंपायन उवाच ॥

स राजा शांतनुर्धीमान् देवराजर्षिसत्कृतः ॥
धर्मात्मा सर्वलोकेषु सत्यवागिति विश्रुतः॥१॥

વૈશંપાયન કહે છેઃ–દેવ તથા રાજર્ષિઓએ જેનો સત્કાર કરેલો એવો તે બુદ્ધિમાન શાંતનુ રાજા સર્વલોકમાં 'ધર્માત્મા તથા સત્યવાદી' એવી પ્રસિદ્ધિ પામ્યો હતો. [૧] એ મહાસત્ત્વવાળા પુરુષશ્રેષ્ઠ શાંતનુરાજામાં ઇંદ્રિયનિગ્રહ, દાનશક્તિ, ક્ષમા, બુદ્ધિ, અકાર્યમાં લજ્જા, ધૈર્ય અને ઉત્તમ તેજ, આ ગુણો નિત્ય રહેલા હતા. [૨] આવા ગુણોથી સંપન્ન અને ધર્મ તથા અર્થમાં કુશળ એવો તે રાજા ભરતવંશનો તથા સર્વ જનનો પાલક હતો. [૩] તે રાજા શંખના જેવી ડોકવાળો, પુષ્ટ અને ઉંચા ખભાવાળો, મદમત્ત હાથીના જેવા વિક્રમવાળો તથા પરિપૂર્ણ અર્થવાળાં સર્વ રાજલક્ષણોથી યુક્ત હતો. [૪] તે કીર્તિમાન રાજાના વર્તનને નિરંતર જોઈને સઘળાં મનુષ્યો કામ અને અર્થના કરતાં ધર્મજ શ્રેષ્ઠ છે, એમ નિશ્ચયથી માનતાં હતાં. [૫] મહાન સત્ત્વવાળા તથા પુરુષોમાં શ્રેષ્ઠ એવા તે શાંતનુમાં આ સર્વ ગુણો રહેલા હતા. એના જેવો ધાર્મિક રાજા બીજો હતો નહિ. [૬] સર્વ ધર્મધારીઓમાં શ્રેષ્ઠ અને ધર્મમાં વર્તતા એવા તે રાજાનો સઘળા રાજાઓએ રાજેશ્વર પદ ઉપર અભિષેક કર્યો હતો. [૭] એ રાજાના સમયમાં શોક, ભય અને પીડારહિત તથા સુખે સૂતા અને સુખથી જાગતા એવા રાજાઓ, ભરતખંડના પાલક એવા એ શાંતનુરાજાના આશ્રયમાં રહેતા હતા. [૮] કીર્તિમંત અને ઇંદ્રના જેવા તેજવાળા તે રાજાએ ઉપદેશાયલા ભૂમિપતિઓ યજ્ઞ, દાન અને ક્રિયાશીલ થયા હતા. [૯] જેમાં શાંતનુ મુખ્ય એવા તે સઘળા રાજાઓએ જ્યારે લોકોનું રક્ષણ કર્યું હતું, ત્યારે નિયમથી સર્વ વર્ણો ધર્મનેજ મુખ્ય માનીને વર્તતા હતા. [૧૦] ક્ષત્રિયો બ્રાહ્મણોની સેવા કરતા હતા, વૈશ્યો ક્ષત્રિયોને અનુસરતા હતા અને બ્રાહ્મણ તથા ક્ષત્રિયોમાં પ્રીતિ રાખતા શૂદ્રો વૈશ્યોની સેવા કરતા હતા. [૧૧] તે રાજા કૌરવોના રમ્ય હસ્તિનાપુર નગરમાં નિવાસ કરીને સાગરપર્યંત પૃથ્વીનું રાજ્ય કરતો હતો. [૧૨] દેવરાજના જેવો તે રાજા ધર્મવેત્તા, સત્યવાણીવાળો અને સરળ પ્રકૃતિનો હતો; તથા દાન, ધર્મ, તપ અને યોગથી પરમ ઐશ્વર્યયુક્ત હતો. [૧૩] તે રાગદ્વેષથી મુક્ત, ચંદ્રના જેવો પ્રિયદર્શન, તેજવડે સૂર્યના જેવો, વેગમાં વાયુના જેવો, ક્રોધમાં કાલના જેવો અને પૃથ્વીના જેવો ક્ષમાશીલ હતો. [૧૪] હે નૃપ! વળી જ્યારે શાંતનુનું રાજ્ય હતું ત્યારે પશુ, વરાહ, મૃગ અને પક્ષીઓનો

પૂર્વની પેઠે વધ થતો ન હતો.[૧૫] અહિંસાધર્મ જેમાં મુખ્ય હતો, એવા એ રાજ્યમાં વિનયવાળો અને જિતચિત્ત એવો શાંતનુ રાજા કામ તથા રાગથી રહિત થઈને સર્વ પ્રાણીઓનું સમદૃષ્ટિથી શાસન કરતો હતો.[૧૬] શાંતનુના રાજ્યકાલમાં દેવ, ઋષિ અને પિતૃઓના યજ્ઞને માટે ક્રિયાઓ થતી હતી તથા અધર્મવડે કોઈ પણ પ્રાણીનો વધ થતો ન હતો.[૧૭] દુઃખી, અનાથ અને પશુ વગેરે સર્વ પ્રાણીનો તેજ રાજા પિતા-પાલક હતો.[૧૮] તે કુરુપતિશ્રેષ્ઠ જ્યારે રાજરાજેશ્વર હતો, ત્યારે વાણી સત્યના આશ્રયવાળી અને મન ધર્મ તથા દાનના આશ્રયવાળું થયું હતું.[૧૯] તે રાજા છત્રીસ વર્ષપર્યંત સ્ત્રીઓમાં રતિ ન રાખતાં વનમાં ફર્યા કરતો હતો.[૨૦]

એ શાંતનુને તેના જેવા રૂપવાળો, તેવા આચારવાળો, તેવા વૃત્તવાળો અને તેવો શાસ્ત્રસંપન્ન ગંગાથી ઉત્પન્ન થયેલો દેવવ્રત નામનો પુત્ર હતો, કે જે વસુનો અવતાર હતો.[૨૧] તે પૃથિવી-વિકારથી થયેલાં ધનુષ, બાણ, ગદા વગેરે શસ્ત્રોમાં, તેમજ મંત્રમય અસ્ત્રોમાં નિષ્ણાત હતો તથા મહાબલસંપન્ન, મહાન હૃદયબલવાળો, મહાવીર્યવાન અને મહારથ હતો.[૨૨]

એક વખતે શાંતનુરાજા મૃગને વિંધીને ગંગા નદીને કિનારે ફરતો હતો તે વખતે તેણે ભાગીરથી નદીને અલ્પ જલવાળી જોઇ.[૨૩] તેને તેવી જોઈને પુરુષશ્રેષ્ઠ શાંતનુએ વિચાર્યું કે, નદીઓમાં શ્રેષ્ઠ એવી આ ગંગા પહેલાંની પેઠે કેમ વહેતી નથી?[૨૪] પછી તેનું કારણ ખોળતાં તે ઉદાર મનવાળા રાજાએ સ્વરૂપસંપન્ન, ઉંચા શરીરનો અને સુંદર આકૃતિવાળો એક કુમાર જોયો.[૨૫] તે પુરંદર-ઇંદ્ર દેવની પેઠે દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરતો હતો અને તીક્ષ્ણ શરોવડે સમગ્ર ગંગાને રોકી લઈને ઉભો રહેલો હતો.[૨૬] શરોથી ગંગા નદીને ભરાયલી જોઇને તથા તે બાલકનું અમાનુષ કર્મ જોઈને, તેની આગળ રાજા વિસ્મય પામ્યો.[૨૭] પહેલાં બુદ્ધિમાન શાંતનુએ તે પુત્રને ઉત્પન્ન થયેલોજ જોયો હતો. એટલે રાજાને હમણાં તેને પુત્રતરિકે ઓળખવાની સ્મૃતિ આવી નહિ.[૨૮] તે કુમારે પણ પોતાના પિતાને જોઈને તેને માયાથી મોહિત કર્યા અને મોહ પમાડીને તત્કાલ તે ત્યાંજ અંતર્ધાન થઇ ગયો.[૨૯] આ પ્રમાણે આશ્ચર્ય જોઈને તે શાંતનુ રાજાને પુત્રની શંકા થઈ અને તેથી તેણે ગંગાને કહ્યું કે, 'તું મને પ્રત્યક્ષ થા![૩૦] તેજ વખતે ગંગાએ ઉત્તમ રૂપ ધારણ કરીને તથા અલંકારવાળા કુમારનો હાથ ઝાલીને રાજાને દર્શન આપ્યાં.[૩૧] અલંકારોથી અલંકૃત થયેલી અને શુદ્ધ સાડી જેણે પહેરેલી એવી ગંગાને શાંતનુએ પૂર્વે જોઇ હતી, તોપણ હમણાં તે તેને ઓળખી શક્યો નહિ.[૩૨]

ગંગા કહે છેઃ-"હે રાજન્! પૂર્વે મારાથી જે આઠમો પુત્ર તમે ઉત્પન્ન કર્યો હતો તેજ પુરુષવ્યાઘ્ર અને સર્વ અસ્ત્રવેત્તામાં ઉત્તમ એવો આ પુત્ર છે.[૩૩] હે મહારાજ! મેં ઉછેરેલા આ પુત્રને તમે ગ્રહણ કરો અને હે પુરુષવ્યાઘ્ર! હે વિભો! એને તમારે ઘેર લઈ જાઓ.[૩૪] આ વીર્યવાન પુત્રે વસિષ્ઠ પાસે સાંગ વેદનું અધ્યયન કર્યું છે. એ અસ્ત્રવિદ્યામાં નિપુણ, પરમ ધનુર્ધારી, યુદ્ધ કરવામાં દેવરાજના સમાન અને દેવદૈત્યોથી નિત્ય માન પામેલો છે. હે ભારત! જે શાસ્ત્ર શુક્રાચાર્ય જાણે છે તે સઘળું એ જાણે છે.[૩૫,૩૬] તેમજ દેવ અને દૈત્યોએ જેને નમસ્કાર કરેલા એવા અંગિરાના પુત્ર બૃહસ્પતિ જે શાસ્ત્ર જાણે છે, તે પણ સઘળું સાંગોપાંગ આ તમારા મહાબાહુ મહાત્મા પુત્રમાં રહેલું છે. વળી બીજાઓથી પરાભવ ન પામતા એવા પ્રતાપી જમદગ્નિના પુત્ર ઋષિ પરશુરામ જે અસ્ત્રો જાણે છે, તે પણ આ સારી રીતે જાણે છે. હે રાજન્! મહાન ધનુર્ધારી અને રાજધર્મ તથા અર્થમાં કુશલ અને વીર એવા મેં આપેલા આ પોતાના પુત્રને, હે વીર! હવે તમે ઘેર લઈ જાઓ."

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે ગંગાએ અનુજ્ઞા આપી ત્યારે શાંતનુ રાજા સૂર્યના જેવા પ્રકાશતા તે પોતાના પુત્રને લઈને નગરપ્રત્યે આવ્યો. ઇંદ્રની નગરીના જેવી પોતાની નગરીમાં આવીને પૌરવરાજા પોતે પોતાના સર્વ મનોરથો

પૂર્ણ થયા છે, એમ માનવા લાગ્યો. પછી શાંતનુએ ગુણવાન અને અભય આપનારા એવા પોતાના મહાત્મા પુત્રને પૂરુવંશીઓમાં રાજ્યને માટે યુવરાજપદ ઉપર અભિષિક્ત કર્યો. હે ભરતશ્રેષ્ઠ! શાંતનુનો મહાયશસ્વી પુત્ર દેવવ્રત, પોતાના વર્તનથી સઘળા પૂરુવંશીઓને, પિતાને અને રાજ્યની પ્રજાને પ્રસન્ન કરવા લાગ્યો. આ પ્રમાણે પુત્રે સહિત આનંદ કરતા અમિત પરાક્રમી રાજાએ ચાર વર્ષ વ્યતીત કર્યાં.

એક વખતે શાંતનુ રાજા વનમાં ગયો હતો; ત્યાં તેને યમુના નદીના તીર ઉપર ચોતરફ અવર્ણનીય ઉત્તમ સુગંધ આવ્યો. રાજા તે સુગંધ ક્યાંથી આવે છે' તે જાણવાને ચોતરફ ફરવા લાગ્યો.[૩૭-૪૬] એટલામાં તેણે દેવના જેવી રૂપાળી દાશકન્યાને દીઠી. તે શ્યામનયની કન્યાને જોતાંજ રાજાએ તેને પૂછ્યું કેઃ-"હે ભીરુ! તું કોની પુત્રી છે? કોણ છે? અને શું કરવા ઇચ્છે છે?" કન્યાએ કહ્યુંઃ-"તમારૂં કલ્યાણ થાઓ. હું દાશકન્યા છું અને મહાત્મા દાશરાજા જે મારા પિતા થાય છે તેની આજ્ઞાથી ધર્મને માટે નાવ ફેરવું છું." તે દાશકન્યાને રૂપ, માધુર્ય અને સુગંધિથી યુક્ત તથા દેવના જેવા રૂપવાળી જોઇને શાંતનુ રાજા તેની ઇચ્છા કરવા લાગ્યો અને તેણે તે વખતે તેના પિતાની પાસે જઇને તેની માગણી કરી.[૪૭-૫૦] પોતાને માટે તે કન્યા આપવા તેના પિતાને પૂછ્યું, ત્યારે દાશરાજે મહીપતિપ્રત્યે આ પ્રમાણે કહ્યુંઃ-[૫૧] "હે જનેશ્વર! આ સુંદર વર્ણવાળી પુત્રી જ્યારથી ઉત્પન્ન થઈ છે ત્યારથીજ મારે કોઇ વરને આપવાની છે; પણ મારા મનમાં કંઈક કામના છે, તે તમે સાંભળો.[૫૨] હે નિષ્પાપ! જો આને તમે ધર્મપત્ની કરવા મારી પાસેથી માગતા હો તો તમે સત્યવચનવાળા છો માટે સત્યથી મારી આગળ પ્રતિજ્ઞા કરો.[૫૩] આ કન્યા હું તમને એક ઠરાવથી આપીશ. તમારા જેવો કોઈ વર કદાપિ મને મળવાનો નથી."[૫૪]

શાંતનુ કહે છેઃ- "હે દાશ! તારી શરત સાંભળ્યા પછી હું વિચાર કરીશ અને જો તે આપવા જેવું હશે તો આપીશ, નહિ તો કોઈ રીતે આપીશ નહિ."[૫૫]

દાશ કહે છેઃ-હે પૃથ્વીપતિ! આનાથી જે પુત્ર ઉત્પન્ન થાય તે રાજા થાય. હે પાર્થિવ! તમારી પાછળ તે પુત્રવિના બીજા કોઇનો અભિષેક કરવો નહિ.[૫૬]

વૈશંપાયન કહે છેઃ-હે ભારત! જો કે શાંતનુ રાજા તીવ્ર કામથી દગ્ધ થતો હતો તોપણ તેણે દાશને તે વર આપવા ઇચ્છા કરી નહિ;[૫૭] અને કામથી હતચિત્ત થયેલો તે રાજા દાશકન્યાનું ચિંતન કરતો તે વખતે હસ્તિનાપુરપ્રત્યે પાછો આવ્યો.[૫૮] પછી કોઇ વખતે શોક કરતા અને વિચારગ્રસ્ત થયેલા શાંતનુની પાસે તેનો પુત્ર દેવવ્રત આવ્યો અને પિતાને કહેવા લાગ્યો કેઃ-[૫૯] "હે પિતાજી! આપને સર્વ રીતનું સુખ છે તથા સર્વ રાજાઓ આપને વશ છે, છતાં તમે શામાટે નિરંતર દુઃખિત થઇને શોક કરો છો?[૬૦] હે રાજન! વિચારગ્રસ્ત હો તેમ તમે મારી સાથે કંઇ બોલતા નથી, ઘોડે બેસીને ફરવા પણ જતા નથી, તમારો રંગ બદલાઇ ગયો છે, ફીકા જણાઓ છો અને પ્રતિદિવસ સુકાઓ છો; માટે તમારો જે રોગ હોય તે જાણવા હું ઇચ્છા કરૂં છું; કારણ કે તે જાણીને હું તેનો કંઇ ઉપાય કરી શકું?"

આ પ્રમાણે પુત્રે પૂછ્યું ત્યારે શાંતનુએ તેને કહ્યું કેઃ-"હે વત્સ! નિઃસંશય હું વિચારપરાયણ રહું છું અને તેનું જે કારણ છે તે તું સાંભળ. હે ભારત! આપણા આ મોટા કુલમાં તુંજ એક પુત્ર છે;[૬૧-૬૩] તું નિત્ય શસ્ત્રપરાયણ રહે છે તથા પુરુષાર્થ કરવામાં તત્પર છે. હે પુત્ર! આ લોકની અનિત્યતા જોઈને હું શોક કરૂં છું;[૬૪] કારણ કે હે ગંગાપુત્ર! કોઈ રીતે તને વિપત્તિ આવી પડે તો આપણું આ કુલ નષ્ટ થઈ જાય. [illegible] તો નિઃસંશય છે કે, તું એકજ સો પુત્ર કરતાં પણ શ્રેષ્ઠ છે,[૬૫] એટલે હું ફરીથી મિથ્યા લગ્ન કરવા ઇચ્છતો નથી, પણ સંતતિનો ક્ષય ન થાય એટલા માટેજ હું ઇચ્છા કરૂં છું. તારૂં કલ્યાણ થાઓ.[૬૬] ધર્મવાદીઓ એક પુત્રવાળાને અપ્રજ

જેવોજ ગણે છે. અગ્નિહોત્ર, વેદત્રયી અને અક્ષય વિદ્યાસંતતિ અર્થાત્ શિષ્યપરંપરા, એ સઘળાં સંતાનની સોળમી કલાની બરોબર પણ આવી શકતાં નથી. હે મહાબુદ્ધિવાળા ! જેમ મનુષ્યોમાં સંતાન શ્રેયનું સાધન ગણાય છે, તેમ પશુ વગેરે પ્રજામાં પણ તે ઇષ્ટ મનાય* છે, એમાં મને સંશય નથી. પુરાણની મૂળભૂત અને દેવતાઓની પ્રમાણભૂત એવી શ્રુતિ× પણ એજ કહે છે.[૬૭-૬૯] હે ભારત ! તું તો શૂરો, નિત્ય અસહન પ્રકૃતિનો અને શસ્ત્રપરાયણ છે, એટલે યુદ્ધવિના બીજે કયાંય તારૂં મૃત્યુ થવાનું નથી.[૭૦] માટે મને એ સંશય રહ્યા કરે છે કે તારૂં કંઈ અનિષ્ટ થાય તો અમારૂં શું થશે? હે તાત! આ મારા દુઃખનું સમગ્ર કારણ તને મેં કહ્યું છે."[૭૧]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રકારે રાજાના દુઃખનું સર્વ કારણ જાણ્યા પછી મહાબુદ્ધિમાન દેવવ્રત પોતાની પ્રજ્ઞાથી વિચારવા લાગ્યો;[૭૨] અને તેજ વખતે તે પોતાના પિતાના હિતકારી વૃદ્ધ પ્રધાનની પાસે ગયો તથા ત્યાં જઇને પોતાના પિતાના શોકનું કારણ તેને પૂછયું.[૭૩] ત્યારે પ્રધાને પ્રશ્ન કરતા એવા તે કુરુકુલના મુખ્ય કુમારને તે દાશકન્યા તથા તેના તરફથી થયેલી માગણીઓસંબંધી સઘળું વૃત્તાંત કહ્યું.[૭૪] આ સાંભળીને વૃદ્ધ ક્ષત્રિયોને સાથે લઈ દેવવ્રત તેજ વખતે દાશરાજ પાસે ગયો અને પોતેજ પિતાને માટે કન્યાની માગણી કરી.[૭૫] હે ભારત ! દાશે વિધિપૂર્વક પૂજન કરી તેનું સ્વાગત કર્યું અને રાજસભામાં બેઠેલા દેવવ્રતપ્રત્યે કહ્યું કે,[૭૬] હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! શાંતનુને માટે શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા તેમના પુત્ર તમેજ નાથ થવાને પૂરતા છો; છતાં તમને હું કહું છું કે,[૭૭] ઇચ્છવાયોગ્ય અને વખાણવાલાયક આવા લગ્નસંબંધને જતો કરીને સાક્ષાત્ ઇંદ્ર જેવાને પણ પસ્તાવું પડે તો બીજાને માટે કહેવુંજ શું?[૭૮] હે તાત! તમારા જેવા ગુણવાન આર્યના વીર્યથીજ આ સુંદર વર્ણવાળી પુત્રી સત્યવતી ઉત્પન્ન થઈ છે[૭૯] અને તેમણે મને વારંવાર તમારા પિતાનું વર્ણન કરીને કહ્યું છે કે, સત્યવતી સાથે લગ્ન કરવા માટે ધર્મવેત્તા શાંતનુ રાજા યોગ્ય છે.[૮૦] વળી ઋષિઓમાં શ્રેષ્ઠ એવા દેવર્ષિ અસિત કે જે સત્યવતીની અત્યંત ઇચ્છા કરતા હતા તેમને પણ આગળ મેં ના કહી હતી.[૮૧] હે નરાધિપ ! હું કન્યાનો પિતા છું એટલે તમને કંઇક કહેવા ઇચ્છું છું. આ લગ્નમાં બીજા દોષ નથી પણ કેવલ બળવાન સાવકા ભાઇ તરફનોજ દોષ હું જોઉં છું.[૮૨] હે પરંતપ! જે ગંધર્વ અથવા અસુરના તમે શત્રુ થાઓ તે કોઈ રીતે તમારા ક્રોધ આગળ લાંબો કાલ જીવી શકે નહિ.[૮૩] હે રાજન્ ! એજ આ લગ્નમાં દોષ છે, એ વિના બીજો કંઇ દોષ નથી; માટે ઓ શત્રુને તાપ આપનારા! તમારૂં કલ્યાણ થાઓ, કન્યાને આપવા ન આપવામાં માત્ર આજ કારણ છે તે તમે જાણો."

વૈશંપાયન કહે છેઃ–હે ભારત! આ પ્રમાણે દાશરાજાએ કહ્યું, ત્યારે ગંગાના પુત્ર દેવવ્રતે સર્વ રાજાઓના સાંભળતાં પિતાના અર્થને માટે તેને યોગ્ય વચન કહ્યું.[૮૪-૮૫] "હે સત્યવક્તામાં શ્રેષ્ઠ! મારી આ સત્ય પ્રતિજ્ઞાને તું કબૂલ રાખ. એવો કોઇ બીજો થયો નથી અને થશે નહિ કે જે મારા જેવું વચન આપવા સમર્થ થાય.[૮૬] તું જે કહે છે તેમજ હું કરીશ. આનાથી જે પુત્ર થશે તે અમારો રાજા થશે."[૮૭] હે ભરતર્ષભ ! આ પ્રમાણે ભીષ્મે કહ્યું, ત્યારે દાશ પોતાના દૌહિત્રને માટે રાજ્યરૂપી દુષ્કર અર્થ સાધવાને ફરીથી દેવવ્રતપ્રત્યે બોલ્યો.[૮૮] "હે અમાપ કાંતિવાળા! તમેજ શાંતનુના નાથ થઇને અત્રે કન્યાનું માગું કરવા આવ્યા છો તથા હે ધર્માત્મન્ ! આ કન્યાના દાનને માટે પણ તમેજ સ્વતંત્ર સત્તાવાન છો; અર્થાત્ તમારી પ્રતિજ્ઞાથી તમેજ કન્યા આપી શકો તેમ છો.[૮૯] હે શત્રુને દમનારા! કુમારિકા

---

* **नापुत्रस्य लोकोऽस्तीति तत्सर्वे पशवो विदु: ॥ मंत्र.** અપુત્રને ઉત્તમ લોક પ્રાપ્ત થતો નથી તે બધાં પશુઓ પણ જાણે છે.

× **सोयं लोक: पुत्रेणैव जय्यो नान्येन कर्मणा ॥ श्रु०** તે આ લોક પુત્રવડેજ જીતાય છે, ઈતર કર્મથી નહિ.

તરફ સ્નેહ રાખનારા પિતાના સ્વભાવને અનુસરીને હું તમને કહું છું તે હે શાંત પ્રકૃતિવાળા! મારા વચનને તથા કાર્યને તમે સાંભળો.[૯૦] હે સત્યધર્મપરાયણ! રાજાઓના મધ્યમાં સત્યવતીને માટે તમે જે પ્રતિજ્ઞા કરી છે તે તમનેજ ઘટી શકે છે.[૯૧] હે મહાન બાહુવાળા! અને તે તેમજ થશે એમાં મને જરા પણ સંશય નથી; પરંતુ તમારો જે પુત્ર થાય અને તે રાજ્યની માગણી કરે ત્યારે શું થાય? એવો અમને મહાન સંશય રહે છે."[૯૨]

વૈશંપાયન કહે છેઃ—આવાં દાશનાં વચનથી તેના મતને જાણી લઇને સત્યધર્મપરાયણ એવા ગંગાના પુત્રે પિતાનું પ્રિય કરવામાટે તે વખતે પ્રતિજ્ઞા કરી.[૯૩] ગાંગેય કહે છેઃ—"ઓ દાશરાજોમાં શ્રેષ્ઠ! આ સર્વ રાજાઓના સાંભળતાં પોતાના પિતાને માટે હું જે કહું છું તે મારા વચનને તું સાંભળ.[૯૪] હે નરાધિપો! રાજ્યનો તો મેં પ્રથમથીજ ત્યાગ કર્યો છે. હવે સંતતિને માટે પણ આજેજ હું નિશ્ચય કરૂં છું.[૯૫] ઓ દાશ! આજથીજ આરંભી મારૂં અખંડ બ્રહ્મચર્ય રહેશે અને હું અપુત્રવાન છતાં પણ મને સ્વર્ગના અક્ષય લોક પ્રાપ્ત થશે."[૯૬]

વૈશંપાયન કહે છેઃ—આવાં દેવવ્રતનાં વચન સાંભળીને રોમાંચિત થયેલો ધર્માત્મા દાશ 'આપું છું' એટલુંજ ગાંગેયપ્રત્યે બોલ્યો.[૯૭] તેજ વખતે ઋષિગણોએ સહિત દેવોએ અને અપ્સરાઓએ અંતરિક્ષમાંથી ગાંગેયના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી અને 'આ ભીષ્મ છે' એ પ્રમાણે સર્વે કહેવા લાગ્યાં.[૯૮] પછી પિતાના અર્થને માટે ભીષ્મે યશસ્વિની એવી તે સત્યવતીને કહ્યું કેઃ—"ઓ માતા! તમે રથમાં બેસો એટલે આપણે ઘેર જઇએ."[૯૯]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે કહીને ભીષ્મે તે ભાવવાળી સત્યવતીને રથમાં બેસાડી અને હસ્તિનાપુરમાં આવી શાંતનુને નિવેદન કરી.[૧૦૦] તે વખતે ત્યાં એકઠા થયેલા અને બીજા રાજાઓ દેવવ્રતના આ દુષ્કર કર્મનાં વખાણ કરવા લાગ્યા અને આવી ભીષણ પ્રતિજ્ઞા કરવાથી 'આ ભીષ્મ છે' એમ કહેવા લાગ્યા.[૧૦૧] ભીષ્મે કરેલા તે દુષ્કર કર્મને સાંભળી શાંતનુ રાજાએ સંતુષ્ટ થઇને તે મહાત્માને સ્વચ્છંદ મૃત્યુ આપ્યું[૧૦૨] અને કહ્યું કે, હે શુદ્ધ! તું જ્યાંસુધી જીવવા ઇચ્છા કરીશ ત્યાંસુધી તારાપ્રત્યે મૃત્યુનું સામર્થ્ય ચાલશે નહિ. જ્યારે તારી આજ્ઞા થશે ત્યારેજ તારાપ્રત્યે મૃત્યુનો પ્રભાવ ચાલશે."[૧૦૩]*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે સત્યવતી લભોપાખ્યાન નામનો અધ્યાય ૧૦૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૧ મો–ચિત્રાંગદનું મૃત્યુ અને વિચિત્રવીર્યને રાજ્યપ્રાપ્તિ

॥ वैशंपायन उवाच ॥
ततो विवाहे निर्वृत्ते स राजा शांतनुर्नृपः ॥
तां कन्यां रूपसंपन्नां स्वगृहे संन्यवेशयत्॥१॥

વૈશંપાયન કહે છેઃ—પછી લગ્ન થઇ ગયાં એટલે શાંતનુ રાજાએ સ્વરૂપસંપન્ન એવી તે કન્યાને પોતાના ઘરમાં નિવાસ આપ્યો.[૧] તે પછી બુદ્ધિમાન શાંતનુ રાજાને સત્યવતીમાં વીર્યવાન તથા પુરુષોમાં શ્રેષ્ઠ એવો ચિત્રાંગદ નામનો વીર પુત્ર ઉત્પન્ન થયો.[૨] વળી સમર્થ તથા વીર્યવાન એવા રાજાએ સત્યવતીથી મહાધનુર્ધારી એવા બીજા વિચિત્રવીર્ય નામના તેજસ્વી પુત્રને ઉત્પન્ન

---

* **पितुर्दुःखं हरन् पुत्रः श्रेयो लक्ष्मीं च विंदति ॥ भीष्मवत् पूरुवन्मानात्पतंति च ययातिवत् ॥** ભીષ્મની પેઠે તથા પૂરુની પેઠે પિતાના દુઃખને હરણ કરનારો પુત્ર કલ્યાણને તથા લક્ષ્મીને પ્રાપ્ત થાય છે; અને અભિમાન કરવાથી યયાતિની પેઠે પડે છે. એ તાત્પર્ય છે

મળેલા

કર્યો.[3] પછી પુરુષોમાં શ્રેષ્ઠ એવા ચિત્રાંગદને યૌવન આવતાં પહેલાંજ બુદ્ધિમાન શાંતનુ રાજાનું મૃત્યુ થઈ ગયું. શાંતનુ સ્વર્ગમાં ગયા તે પછી સત્યવતીની સલાહથી ભીષ્મે શત્રુને દમન કરનારા એવા ચિત્રાંગદને રાજ્ય ઉપર બેસાડ્યો.[4,5] એ ચિત્રાંગદ પોતાના શૌર્યથી સર્વ રાજાઓનો આક્ષેપ કરવા લાગ્યો[6] તથા કોઇ પણ મનુષ્ય પોતાના જેવું નથી, એમ માનવા લાગ્યો.[6] આ પ્રમાણે દેવ, અસુર અને મનુષ્યોનો તિરસ્કાર કરતા ચિત્રાંગદની સાથે યુદ્ધ કરવા એનાજ નામનો બલવાન ગંધર્વરાજ આવી લાગ્યો.[7] તે સમર્થ ગંધર્વરાજની સાથે બલવાન કુરુરાજનું કુરુક્ષેત્રમાં સરસ્વતી નદીના તીર ઉપર ત્રણ વર્ષસુધી મહાન યુદ્ધ ચાલ્યું.[8] શસ્ત્રોના વરસાદ વરસતો હતો એવા તે દારુણ યુદ્ધમાં માયાથી અધિક એવા ગંધર્વ ચિત્રાંગદે કુરુઓમાં શ્રેષ્ઠ એવા વીર ચિત્રાંગદને મારી નાખ્યો.[9] આ પ્રમાણે શત્રુને દમન કરનારા નરશ્રેષ્ઠ ચિત્રાંગદનો અંત લાવવા યુદ્ધ કરીને તથા તેને મારીને, ગંધર્વ સ્વર્ગમાં ચાલ્યો ગયો.[10] મહા તેજસ્વી તથા પુરુષોમાં વ્યાઘ્ર જેવા ચિત્રાંગદનું મૃત્યુ થતાં શાંતનુના પુત્ર ભીષ્મે તેની ઉત્તરક્રિયા કરાવી[11] તથા યૌવન જેને નહિ આવેલું એવા બાલક વિચિત્રવીર્યનો તે મહાબાહુએ ચિત્રાંગદના પછી કુરુરાજ્ય ઉપર અભિષેક કર્યો.[12] એ વિચિત્રવીર્ય તે વખતે ભીષ્મના કહ્યામાં રહીને પિતૃ પિતામહથી પાલન કરાયલા રાજ્યનું શાસન કરવા લાગ્યો.[13] તે રાજા ધર્મશાસ્ત્રમાં કુશળ એવા શાંતનુના પુત્ર ભીષ્મને ધર્મપૂર્વક માન આપતો હતો અને ભીષ્મ પણ તેનું સર્વ રીતે પાલન કરતા હતા.[14]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ચિત્રાંગદોપાખ્યાન નામનો અધ્યાય ૧૦૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૨ મો–કાશિરાજની કન્યાઓનું હરણ અને વિચિત્રવીર્યનું મરણ

॥ वैशंपायन उवाच ॥

हते चित्रांगदे भीष्मो बाले भ्रातरि कौरव॥
पालयामास तद्राज्यं सत्यवत्या मते स्थितः॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે કૌરવ! ચિત્રાંગદના હણાયા પછી પોતાનો ભાઈ વિચિત્રવીર્ય બાલક હતો ત્યારે તેના રાજ્યનું સત્યવતીની સલાહ પ્રમાણે ભીષ્મ રક્ષણ કરતા હતા.[1] જ્યારે બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ એવા ભીષ્મે પોતાના ભાઇ વિચિત્રવીર્યને યુવાવસ્થામાં આવેલો જોયો, ત્યારે તેનો વિવાહ કરવા નિશ્ચય કર્યો. તેજ વખતે ભીષ્મે સાંભળ્યું કે, કાશિરાજની અપ્સરા જેવી ત્રણ કન્યાઓનો એકીસાથે સ્વયંવર થાય છે.[2,3] એટલે શત્રુને જીતનારા અને રથીઓમાં શ્રેષ્ઠ એવા ભીષ્મ માતાની સંમતિ લઇને એકલાજ રથમાં બેસી વારાણસી પુરીમાં ગયા.[4] ત્યાં ચોદિશાથી આવેલા તેજસ્વી રાજાઓને શાંતનુના પુત્ર ભીષ્મે જોયા તથા તે કન્યાઓને પણ જોઈ. જ્યારે સ્વયંવરમંડપમાં રાજાઓનાં નામઠામ વગેરે કન્યાઓની આગળ વર્ણન કરવામાં આવ્યાં, ત્યારે એકલા અને વૃદ્ધ એવા શાંતનુના પુત્ર ભીષ્મને જોઇને પરમ શોભાવાળી તે બધી કન્યાઓ ઉદ્વેગ પામી હોય તેમ 'આ તો વૃદ્ધ છે' એમ ચિંતન કરતી ત્યાંથી આગળ ચાલતી થઇ.[6,7] વળી તે વખતે હે ભારત! અધમ રાજાઓ હસીને કહેવા લાગ્યા કેઃ–"આ ભરતકુલમાં શ્રેષ્ઠ એવો ભીષ્મ વૃદ્ધ થયો છે, પરમ ધર્માત્મા છે, એને શરીરે કરચલી પડી છે અને પળિયાં આવી ગયાં છે, તોપણ એ નિર્લજ્જ થઇને શામાટે આ સ્વયંવરમાં આવ્યો હશે? પૃથ્વીમાં 'ભીષ્મ બ્રહ્મચારી છે' એવી એની મિથ્યાજ ખ્યાતિ થઈ છે. પોતાની પ્રતિજ્ઞા આમ મિથ્યા થવાથી લોકોમાં એ શું કહેશે?"[8,9]

વૈશંપાયન કહે છે:–હે ભારત ! ક્ષત્રિયોનાં આવાં વચન સાંભળીને ભીષ્મને ક્રોધ ઉત્પન્ન થયો[૧૦] અને તે વખતે સમર્થ ભીષ્મે તે કન્યાઓને પોતેજ ગ્રહણ કરી. પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ એવા ભીષ્મે તે કન્યાઓને રથમાં બેસાડી દીધી. પછી હે રાજન્! મેઘના જેવા શબ્દવાળા ભીષ્મે રાજાઓપ્રત્યે કહ્યું કે:–“ (બ્રાહ્મવિવાહમાં) ગુણવાન વરને બોલાવી કન્યાને યથાશક્તિ અલંકાર પહેરાવી તેનું દાન કરવું તથા સાથે ધન આપવું, એમ વિદ્વાનો કહે છે. બીજા કેટલાએક ગાય અને આખલો લઇને કન્યા આપે છે (એ આર્ષ વિવાહ કહેવાય છે).[૧૧-૧૩] (આસુર વિવાહમાં) અમુક દ્રવ્ય લેવાનું કહી કન્યા આપે છે. (રાક્ષસ વિવાહમાં) બલથી કન્યાનું હરણ કરાય છે.(ગાંધર્વમાં) પરસ્પર વરકન્યાની સંમતિથી લગ્ન થાય છે. (પૈશાચ વિવાહમાં) કન્યા પ્રમાદમાં હોય ત્યારે તેનું કન્યાત્વ ભ્રષ્ટ કરે છે. (પ્રાજાપત્ય વિવાહમાં) કેટલાએક પોતેજ કન્યાનાં લગ્ન કરે છે.[૧૪] વળી કેટલાએક આર્ષવિધિ જે યજ્ઞ તેમાં કન્યાને મેળવે છે. (તે દૈવ વિવાહ કહેવાય છે.) એ વિદ્વાનોએ વખાણેલો આઠમો વિવાહ જાણો.[૧૫] રાજાઓ સ્વયંવર વિવાહને વખાણે છે અને તેનો સ્વીકાર કરે છે; પરંતુ ધર્મવાદીઓ બલથી હરણ કરાયલી કન્યાનાં લગ્નને શ્રેષ્ઠ કહે છે.[૧૬] તેથી હે પૃથ્વીપાલો ! આ કન્યાઓને હું અહીંથી બલવડે હરણ કરૂં છું; માટે તમે વિજયને સારૂ અથવા પરાજયને સારૂ તમારી શક્તિ પ્રમાણે યત્ન કરો.[૧૭] હે મહીપાલો ! હું યુદ્ધ કરવાના નિશ્ચયથી અહીં ઉભો છું.”[૧૮]

આ પ્રમાણે રાજાઓને તથા કાશીરાજને કહીને વીર્યવાન ભીષ્મે સર્વ કન્યાઓને પોતાના રથમાં બેસાડી તથા રાજાઓને યુદ્ધનું આમંત્રણ કરી તે કન્યાઓને લઇને તત્કાલ ત્યાંથી પ્રયાણ કર્યું.[૧૯] તે વખતે સઘળા રાજાઓ ક્રોધ પામીને પોતાના બાહુઓ ઠોકતા તથા ઓઠ કરડતા લડવા માટે ઉછળી ઉઠ્યા[૨૦] અને અત્યંત ઉતાવળથી અલંકારો ઉતારતાં તથા બખ્તરો પહેરતાં તેમણે ભારે ગભરાટ ફેલાવી મૂક્યો.[૨૧] હે જનમેજય ! તે બધાનાં ઘરેણાં અને બખ્તરો ચોમેરથી જાણે તારા ખરતા હોય તેમ તે વખતે જણાવા લાગ્યાં.[૨૨] પછી કવચોની સાથે જેમના અલંકારો આમતેમ ફેંકાતા એવા, ક્રોધયુક્ત ઈર્ષ્યાર્થી કુટીલ ભ્રૂકુટીવાળા તથા રક્ત લોચનોવાળા તે વીર રાજાઓ, સારથીએ તૈયાર કરેલા અને સુંદર ઘોડાઓ જેને જોડેલા એવા પોતપોતાના રથોમાં બેસીને તથા સર્વ હથિયારો ધારણ કરીને પ્રયાણ કરતા ભીષ્મની પાછળ આયુધો ઉગામીને દોડયા. હે ભારત! એક ભીષ્મની સાથે ઘણા રાજાઓનું રૂંવાટાં ઉભાં કરે તેવું તુમુલ યુદ્ધ આરંભાયું.[૨૩-૨૫] અને તે રાજાઓએ એકીવખતે ભીષ્મની ઉપર દશ હજાર બાણો ફેંક્યાં. તે બાણો પોતાની પાસે આવે તે પહેલાંજ ભીષ્મે તત્કાલ સતત પ્રવાહવાળી બાણની વૃષ્ટિ કરીને વચમાંજ તેને કાપી નાખ્યાં. પછી સર્વ રાજાઓએ ભીષ્મને ચોમેરથી ઘેરી લીધા[૨૬,૨૭] અને જેમ મેઘો પર્વત ઉપર વૃષ્ટિ કરે તેમ ભીષ્મ ઉપર બાણોની વૃષ્ટિ વરસાવવા લાગ્યા. ત્યારે ભીષ્મે તે બાણના વરસાદને પોતાનાં બાણોવડે રોકી દઇને સર્વ રાજાઓને ત્રણ ત્રણ બાણથી વિંધી નાખ્યા. હે રાજન્! તે વખતે એક એક રાજાએ પાંચ પાંચ બાણો મૂકીને ભીષ્મને વિંધ્યા.[૨૮,૨૯] ભીષ્મે પણ પરાક્રમ કરીને તે રાજાઓને સામા બબ્બે બાણથી વિંધ્યા. આ પ્રમાણે લોકવીરોના જોતાં શર અને શક્તિઓથી વ્યાકુલ એવું તે યુદ્ધ, દેવ અને અસુરોનાં જેવું ઘોર તથા દારુણ થઇ પડયું હતું. પછી ભીષ્મે યુદ્ધમાં સેંકડો ને હજારોના પ્રમાણમાં ધનુષો, ધ્વજાનાં અગ્રો, કવચો અને મસ્તકોને કાપી નાખ્યાં. રથમાં બેસીને યુદ્ધમાં કરતા ભીષ્મની પુરુષોમાં ન હોય તેવી બાણ મૂકવાની શીઘ્રતાને અને યુદ્ધમાં પોતાનું રક્ષણ કરવાની શક્તિને શત્રુઓ પણ વખાણવા લાગ્યા.

આ રીતે સર્વ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા તે ભરતવંશી ભીષ્મ સર્વ રાજાઓને રણમાં હરાવીને તથા કન્યાઓને લઇને પોતાના ભારત પ્રદેશપ્રત્યે ચાલતા થયા. તે વખતે રણમાં અમાપ

મનોબળવાળો મહારથ શાલ્વરાજા શાંતનુના પુત્ર ભીષ્મની પાછળ દોડ્યો અને જેમ હાથિણી સાથે જતા હાથીની પાછળ બીજો હાથિણીવિનાનો મહાબલવાન હાથી જંઘામાં દંતૂશળ મારતો દોડે, તેમ સ્ત્રીની કામનાથી દોડતો મહાબાહુવાળો શાલ્વરાજ અસહનતાથી પ્રેરાઇને ભીષ્મને 'ઉભો રહે, ઉભો રહે' એમ બૂમ મારવા લાગ્યો.[૩૦-૩૬] તે વખતે પુરુષોમાં વ્યાઘ્ર જેવા અને શત્રુસેનાને પીડનારા ભીષ્મ તેનાં વાક્યોથી વ્યાકુલ થઇને ક્રોધવડે ધુમાડાવિનાના અગ્નિની પેઠે ઝળહળવા લાગ્યા અને તે મહારથે બાણ ચઢાવેલા ધનુષને હાથમાં લઇને તથા લલાટની કરચલીઓ ચઢાવીને ક્ષાત્રધર્મનો આશ્રય કરી, ભય તથા ગભરાટ ત્યજી દઈ, શાલ્વના તરફ રથને પાછો વાળ્યો.[૩૭-૩૯] ભીષ્મને પાછા વળેલા જોઇને તે સઘળા રાજાઓ ભીષ્મ તથા શાલ્વના યુદ્ધમાં પ્રેક્ષકો થઇને ઉભા રહ્યા.[૪૦] બલ તથા પરાક્રમથી શોભતા એવા તે બન્ને, જેમ ઋતુમતી એક ગાયને માટે બલવાન બે આખલાઓ ગર્જના કરે અને લઢે તેમ ગર્જના કરતા એકમેકની સામા થઈ ગયા.[૪૧] પછી પુરુષશ્રેષ્ઠ શાલ્વરાજે શીઘ્ર ગતિવાળા સેંકડો હજારો શરોવડે શાંતનુપુત્ર ભીષ્મને ઢાંકી દીધા.[૪૨] શાલ્વે પહેલા સપાટામાંજ ભીષ્મને પીડિત કરેલા જોઇને તે રાજાઓ વિસ્મય પામ્યા અને 'સારૂં થયું, સારૂં થયું,' એમ બોલવા લાગ્યા.[૪૩] યુદ્ધમાં શાલ્વરાજની શીઘ્રતા જોઈ તે સર્વે રાજાઓ પ્રસન્ન થઇને વાણીવડે તેને માન આપવા લાગ્યા.[૪૪] પછી ક્ષત્રિયોનાં વચનો સાંભળીને શત્રુનાં પુરને જીતનારા એવા શાંતનુના પુત્ર ભીષ્મને ક્રોધ ચઢ્યો અને 'ઉભો રહે, ઉભો રહે' કહી શાલ્વને હાંક મારવા લાગ્યા;[૪૫] તથા ક્રોધ કરી સારથિને કહેવા લાગ્યા કેઃ—" તું જ્યાં એ શાલ્વરાજા હોય ત્યાં મારા રથને લઈ જા, કે જેથી ગરુડ જેમ સર્પને હણે છે તેમ હું એને આજેજ હણી નાખું."[૪૬] હે રાજન્ ! પછી ભીષ્મે વારુણાસ્ત્રનો રૂડી રીતે પ્રયોગ કર્યો અને તેનાથી શાલ્વરાજના ચાર ઘોડાઓને પીડિત કર્યા.[૪૭] વળી કુરુકુલોત્પન્ન ભીષ્મે શાલ્વરાજનાં અસ્ત્રોને પોતાનાં અસ્ત્રોથી રોકી દીધાં અને હે નૃપતિશાર્દૂલ ! તેના સારથિને મારી નાખ્યો.[૪૮] પછી ઐંદ્રાસ્ત્રનો પ્રયોગ કરીને તેના ઘોડાઓને મારી નાખ્યા. હે નરશ્રેષ્ઠ ! કન્યાને માટે યુદ્ધ કરતા શાંતનુપુત્ર ભીષ્મે મહારાજા શાલ્વને આ રીતે હરાવ્યો અને તેને જીવતોજ જતો કર્યો. હે ભરતર્ષભ ! પછી શાલ્વ પોતાના નગરપ્રત્યે ચાલતો થયો[૪૯-૫૦] અને ધર્મથી પોતાનું રાજ્ય ચલાવવા લાગ્યો. વળી તે વખતે સ્વયંવર જોવામાટે જે રાજાઓ ત્યાં આવ્યા હતા, તે શત્રુનગરને જીતનારા રાજાઓ પણ પોતાનાં રાજ્યોમાં ચાલ્યા ગયા. આ પ્રમાણે પ્રહાર કરનારામાં શ્રેષ્ઠ એવા ભીષ્મે તે કન્યાઓને જીતી લીધી. તે પછી તે હસ્તિનાપુરપ્રત્યે ગયા કે જ્યાં રહીને કુરુકુલોત્પન્ન એવો ધર્માત્મા વિચિત્રવીર્ય, રાજાઓમાં શ્રેષ્ઠ એવા પોતાના પિતા શાંતનુની પેઠે આ પૃથ્વીનું શાસન કરતો હતો. હે નરાધિપ! યુદ્ધમાં અતુલ પરાક્રમવાળા ગંગાપુત્રે પોતે અક્ષત રહીને શત્રુઓનો ક્ષય કર્યો. પછી થોડાજ સમયમાં વનો, નદીઓ, પર્વતો તથા ઝાડોને ઓળંગતા તે મહાન બાહુવાળા ધર્માત્મા ભીષ્મ, કાશિરાજની પુત્રીઓને પોતાની પુત્રવધૂઓ હોય, નાની બહેનો હોય અથવા દીકરીઓ હોય તેવી રીતે લઇને પોતાના ભાઇનું પ્રિય કરવાની વૃત્તિથી કુરુ દેશમાં આવ્યા;[૫૧-૫૭] અને પરાક્રમ કરીને આણેલી સર્વ ગુણસંપન્ન એવી તે કન્યાઓ, વિચિત્રવીર્યના ભાઇ ભીષ્મે પોતાના નાના ભાઇ વિચિત્રવીર્યને આપી.[૫૮] આ પ્રમાણે ધર્મજ્ઞ તથા જિતચિત્ત એવા ભીષ્મે ધર્મપૂર્વક અમાનુષ કર્મ કરીને તથા સત્યવતીની સાથે પરસ્પરમાં નિશ્ચય કરીને પોતાના ભાઇ વિચિત્રવીર્યના વિવાહને માટે તૈયારી કરવા માંડી.[૫૯] તે વખતે કાશિપતિની પુત્રીઓમાંની મોટી પુત્રી ભીષ્મની પ્રત્યે હાસ્ય કરીને નીચે પ્રમાણે કહેવા લાગી કેઃ—[૬૦] " મેં પ્રથમ સૌભવિમાનના પતિ શાલ્વને મનથી પસંદ કર્યો હતો અને તેણે પણ મને પ્રથમથી પસંદ કરી છે તથા મારા પિતાનો પણ એજ સંકલ્પ હતો.[૬૧] સ્વયંવરમાં હું શાલ્વનેજ વરવાની હતી. હે ધર્મજ્ઞ !

તમે આ વૃત્તાંત જાણીને જે ધર્માનુરૂપ હોય તે કરો."[૬૨] જ્યારે બ્રાહ્મણોની સભામાં તે કન્યાએ આ પ્રમાણે કહ્યું, ત્યારે વીરભીષ્મ તે વિવાહના સંબંધમાં યોગ્ય ચિંતા કરવા લાગ્યા.[૬૩] પછી વેદના પારને પામેલા બ્રાહ્મણોની સાથે નિશ્ચય કરીને ધર્મવેત્તા ભીષ્મે કાશિપતિની મોટી પુત્રી અંબાને જવાની રજા આપી;[૬૪] અને અંબિકા તથા અંબાલિકા બન્ને કન્યાઓને વિધ્યુક્ત કર્મથી નાના ભાઇ વિચિત્રવીર્યની સાથે પરણાવી.[૬૫] તે બન્નેની સાથે લગ્ન કરીને રૂપ તથા યૌવનવડે ગર્વિત થયેલો વિચિત્રવીર્ય જે ધર્માત્મા હતો તે કામાત્મા થઇ પડ્યો.[૬૬] ભરયુવાનીમાં આવેલી, કાળા વાંકડિયા કેશવાળી, ઉંચા લાલ નખવાળી અને પુષ્ટ નિતંબ તથા સ્તનવાળી તે કાશિરાજની પુત્રીઓ પણ પોતાને માટે આ યોગ્ય પતિ મળ્યો છે, એમ માનતી ત્યાં એકનિષ્ઠાથી રહી હતી; તથા તે કલ્યાણરૂપિણી સુંદરીઓ વિચિત્રવીર્યને બહુ માન આપતી હતી.[૬૭।૬૮] વિચિત્રવીર્ય પણ અશ્વિનીકુમારના જેવો રૂપાળો તથા દેવના જેવો પરાક્રમી હતો એટલે એકાંતમાં તે સર્વ સ્ત્રીઓનાં ચિત્તને મથન કરતો હતો.[૬૯] પછી તે બન્ને કામિનીઓની સાથે સાત વર્ષ વિહાર કરતાં તે જુવાન રાજા વિચિત્રવીર્ય ક્ષયરોગનો ભોગ થઇ પડ્યો.[૭૦] તેને માટે આપ્તવૈદ્યોની સાથે સુહૃદ્‌વર્ગોએ ઘણા ઘણા ઉપાયો કર્યા પણ તે કુરુકુલનો સૂર્ય સૂર્યની પેઠે અસ્તજ પામ્યો-મૃત્યુ પામ્યો.[૭૧]

તે પછી ચિંતા અને શોકપરાયણ થયેલા ધર્માત્મા ભીષ્મે, ઋત્વિજો અને કુરુકુલના મુખ્ય પુરુષોને સાથે રાખીને સત્યવતીની સલાહ પ્રમાણે વિચિત્રવીર્ય રાજાની સર્વે ઉત્તરક્રિયા કરાવી.[૭૨।૭૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે વિચિત્રવીર્યોપરમ નામનો અધ્યાય ૧૦૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૩મો-વંશવૃદ્ધિને માટે સત્યવતી તથા ભીષ્મનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

ततः सत्यवती दीना कृपणा पुत्रगृद्धिनी ॥
पुत्रस्य कृत्वा कार्याणि स्नुषाभ्यां सह भारत॥

વૈશંપાયન કહે છેઃ-હે ભરતકુલોત્પન્ન રાજા! પછી દીન તથા કૃપણ થયેલી અને પુત્રની આકાંક્ષા કરતી સત્યવતીએ વધૂઓને સાથે રાખીને પુત્રની ક્રિયા કરી.[૧] પછી તે બન્ને વહુઓ તથા શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા ભીષ્મનુ આશ્વાસન કરી, ધર્મ, પિતૃવંશ તથા માતૃવંશના તરફ દૃષ્ટિ રાખીને ભાવયુક્ત હૃદયવાળી મહાભાગ્યશાલિની સત્યવતી, ગંગાપુત્ર ભીષ્મપ્રત્યે કહેવા લાગી કેઃ-[૨]" હે ભીષ્મ! હવે કુરુવંશોત્પન્ન, નિત્યધર્મપરાયણ તથા યશસ્વી એવા શાંતનુની કીર્તિ, વંશવૃદ્ધિ તથા પિંડદાન તારા ઉપરજ આધાર રાખે છે.[૩] જેમ શુભ કર્મ કરવાથી અવશ્ય સ્વર્ગપ્રાપ્તિ થાય છે તથા જેમ સત્યમાં અવશ્ય આયુષ્ય રહેલું છે, તેમ તારામાં ધર્મ નિશ્ચલ રહેલો છે.[૪] હે ધર્મજ્ઞ! તું સંક્ષેપ અને વિસ્તારથી સર્વે ધર્મોને જાણે છે, તેમજ વિવિધ શ્રુતિઓ અને વેદનાં અંગોને પણ તું સર્વ રીતે જાણે છે.[૫] તારી ધર્મમાં સ્થિતિ તથા કુલાચાર પાળવામાં અડગતા હું જોઈ શકું છું. વળી વિપત્તિમાં શું કરવું, તે શુક્ર અને બૃહસ્પતિની પેઠે તું જાણે છે;[૬] માટે હે ધર્મધારીમાં શ્રેષ્ઠ! તારાપ્રત્યે અત્યંત વિશ્વાસ રાખીને તને હું એક કાર્યમાં યોજું છું, તે સાંભળીને તું તેમ કરવા માટે યોગ્ય છે.[૭] હે પુરુષશ્રેષ્ઠ! મારો પુત્ર અને તારો ભાઇ વિચિત્રવીર્ય જે વીર્યવાન અને તને ઘણો વહાલો હતો, તે સંતતિ ઉત્પન્ન કર્યા વિનાજ બાલવયમાં સ્વર્ગમાં ચાલ્યો ગયો છે.[૮] હે ભારત! આ કાશિરાજની બે પુત્રીઓ જે તારા ભાઈની રાણીઓ છે, તે રૂપયૌવનથી સંપન્ન, પવિત્ર તથા પુત્રની કામનાવાળી છે.[૯] હે મહાબાહુ! આપણા કુલની વૃદ્ધિને માટે તે બન્નેથી તું પ્રજા ઉત્પન્ન કર. મારી આજ્ઞાવડે એ ધર્મ કરવો તને ઉચિત છે;[૧૦] અથવા

તારો રાજ્ય ઉપર અભિષેક કરાવ અને ભરત-વંશીઓ તથા ભારતદેશનું પાલન કર તથા ધર્મ-પૂર્વક લગ્ન કર. તું વંશક્ષયથી પૂર્વજોને ડૂબાવીશ નહિ."[૧૧]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે માતા તથા સંબંધીઓએ કહ્યું, ત્યારે શત્રુને તાપ આપનારા અને ધર્માત્મા એવા ભીષ્મે ધર્મયુક્ત વચનથીજ ઉત્તર આપ્યો કેઃ—[૧૨] "હે માતા! તમે કહ્યો છે તે પરમ ધર્મ છે, એમાં સંશય નથી; પરંતુ પ્રજોત્પત્તિના સંબંધમાં મારી તીવ્રપ્રતિજ્ઞા છે તેને તમે જાણોજ છો.[૧૩] હે સત્યવતિ! તમારેમાટે પલ્લુ આપવામાં જે જે બન્યું હતું, તે તમે જાણો છો. હું તેજ સત્યની તમારી આગળ પુનઃ પ્રતિજ્ઞા કરૂં છું કેઃ—[૧૪] "હું ત્રણ લોકનો ત્યાગ કરૂં, દેવોનું રાજ્ય છોડી દઉં અથવા એ બન્નેથી જે અધિક હોય તેને પણ ત્યજી દઉં; પરંતુ સત્યનો કોઈ રીતે ત્યાગ કરૂં નહિ.[૧૫] હે માતા! પૃથ્વી પોતાના ગંધગુણને ત્યજી દે, જલ પોતાના રસનો ત્યાગ કરે, તેજ રૂપગુણનો ત્યાગ કરે, વાયુ સ્પર્શગુણને છોડી દે,[૧૬] સૂર્ય કાંતિનો ત્યાગ કરે, ધૂમકેતુ ઉષ્ણતાનો ત્યાગ કરે આકાશ શબ્દગુણને છોડી દે, ચંદ્ર શીતલ કિરણોનો ત્યાગ કરે,[૧૭] ઇંદ્ર પરાક્રમનો ત્યાગ કરે, અને ધર્મરાજા ધર્મનો ત્યાગ કરે તોપણ હું સત્યને ત્યજવાનો વિચારસરખોએ કોઇ રીતે કરૂં નહિ."[૧૮]

આ પ્રમાણે પુષ્કળ બલ તથા ઉત્સાહવાળા પુત્ર ભીષ્મે કહ્યું, ત્યારે માતા સત્યવતી ભીષ્મપ્રત્યે પુનઃ કહેવા લાગીઃ—[૧૯] "હે સત્યપરાક્રમવાળા! તારી સત્યમાં પરમ સ્થિતિ છે તે હું જાણું છું; તું જો ધારે તો પોતાના તેજથી બીજા ત્રણ લોકને પણ ઉત્પન્ન કરી શકે.[૨૦] તારા એવા સત્યને તથા મારે માટે તેં જે પ્રતિજ્ઞા કરી છે તેને પણ હું જાણું છું; પરંતુ તું આપદ્ધર્મનો વિચાર કરીને પિતૃપિતામહના ભારને વહન કર.[૨૧] હે શત્રુને તાપ આપનારા! જે રીતે તારા કુલની વૃદ્ધિ થાય, ધર્મનો પરાભવ ન થાય અને સગાંસંબંધીઓ ખુશી થાય તે પ્રમાણે તું કાર્ય કર."[૨૨]

આ રીતે દીન થઇને પુત્રની લાલસાર્થી ટળવળતી અને ધર્મવિરુદ્ધ બોલતી એવી સત્યવતીપ્રત્યે ભીષ્મ ફરીથી આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—[૨૩] "હે રાજ્ઞિ! ધર્મતરફ દૃષ્ટિ રાખો. આપણાં બધાંનો વિનાશ કરો નહિ. ક્ષત્રિયોને ધર્મથી ભ્રષ્ટ થવું તે ધર્મશાસ્ત્રોમાં પ્રશંસાપાત્ર ગણાતું નથી.[૨૪] હે રાજ્ઞિ! પૃથ્વીમાં શાંતનુનો અક્ષય વંશ જે રીતે ચાલે તેવો ક્ષત્રિયોનો સનાતન ધર્મ છે; તે હું તમને કહું છું,[૨૫] તે સાંભળીને તમે આપત્તિના ધર્મ તથા અર્થમાં કુશલ એવા પુરોહિત તથા ડાહ્યા માણસોને સાથે રાખીને અને લોકાચારને જોઇને તે પ્રમાણે કરો."[૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ભીષ્મસત્યવતીસંવાદ નામનો અધ્યાય ૧૦૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૪ મો—ભીષ્મે કહેલી દીર્ઘતમાની કથા

॥ भीष्म उवाच ॥
जामदग्न्येन रामेण पितुर्वधममृष्यता ॥
राजा परशुना पूर्वं हैहयाधिपतिहतः ॥१॥

ભીષ્મ કહે છેઃ—પૂર્વે જમદગ્નિના પુત્ર પરશુરામે પોતાના પિતાનો વધ સહન ન થવાથી હૈહય દેશના રાજા સહસ્રાર્જુનને પરશુવડે માર્યો હતો.[૧] સહસ્રાર્જુનના એક હજાર બાહુઓ કાપી નાખીને તેમણે લોકોમાં દુષ્કર ધર્મ પ્રવર્તાવ્યો હતો.[૨] વળી તેમણે હાથમાં ધનુષ લઈ, રથમાં બેસી પૃથ્વીનો વિજય કરતાં મહાન અસ્રો છોડીને વારંવાર ક્ષત્રિયોને સંહાર્યા હતા.[૩] આ પ્રમાણે મહાત્મા ભાર્ગવે નાનાં મોટાં અસ્રો છોડીને પૂર્વે

એકવીસવાર પૃથ્વી નિઃક્ષત્રિય કરી હતી.[૪] આમ તે મહર્ષિએ ક્ષત્રિયવિનાનો લોક કરી મૂકયો હતો,ત્યારે ચોતરફની ક્ષત્રિયાણિઓએ વેદના પારને પામેલા બ્રાહ્મણોનો સંગ કરીને પ્રજાઓ ઉત્પન્ન કરી હતી અને તેઓ ક્ષત્રિય કહેવાયા હતા; કારણ કે સ્ત્રીથી થયેલો પુત્ર તે સ્ત્રીના પતિનોજ ગણાય* એવો વેદમાં નિશ્ચય કરેલો છે.[૫-૬] તે ક્ષત્રિયપત્નીઓ(વિષયાભિલાષથીનહિ પણ)મનમાં ધર્મભાવના-વંશવૃદ્ધિની ભાવના રાખીનેજ બ્રાહ્મણોની પાસે ગઈ હતી. લોકમાં પણ (કલ્માષપાદની સ્ત્રી મદયંતીમાં વસિષ્ઠે પુત્રો ઉત્પન્ન કર્યા હતા) એ રીતે બ્રાહ્મણોથી ક્ષત્રિયોની ઉત્પત્તિ પૂર્વે પણ જણાય છે.[૭] તે પછી ક્ષત્રિયોની સારી પેઠે વૃદ્ધિ થઈ હતી. આ સ્થાનમાં હું તમને એક પુરાતન ઇતિહાસ કહું છું.[૮] પૂર્વે ઉતથ્ય નામના પ્રસિદ્ધ અને બુદ્ધિમાન એક ઋષિ થયા હતા. તેમને બહુ માનીતી મમતા નામની એક ભાર્યા હતી.[૯] તે ઉતથ્યના નાના ભાઈ મહાન તેજસ્વી બૃહસ્પતિ કે જે દેવોના પુરોહિત હતા, તે એક વખતે કામવૃત્તિથી મમતાની પાસે ગયા.[૧૦] ત્યારે બોલવામાં ચતુર એવા તે દિયરપ્રત્યે મમતાએ કહ્યું કે:-"તમારા મોટા ભાઇથી મને ગર્ભ રહેલો છે માટે તમે શાંત થાઓ.[૧૧] હે મહાભાગ્યવાળા બૃહસ્પતિ ! આ ઉતથ્યનો ગર્ભ મારા પેટમાં રહીનેજ ષડંગ વેદનું અધ્યયન કરે છે.[૧૨] તમે પણ અમોઘ વીર્યવાળા છો અને બે પુત્રનો અહીં સમાસ થાય તેમ નથી; આમ હોવાથી તમારે આજે વિરામ પામવું ઘટે છે."[૧૩]

આ પ્રમાણે મમતાએ રૂડી રીતે કહ્યું તોપણ તે પ્રૌઢ બુદ્ધિવાળા બૃહસ્પતિ કામથી વ્યાકુલ થયેલા ચિત્તને વશ કરવા સમર્થ થયા નહિ.[૧૪] અને તે કામી બૃહસ્પતિ, નિષ્કામ વૃત્તિવાળી મમતાની સાથે સંબંધમાં આવ્યા. જ્યારે તેણે વીર્યસેચન કરવા માંડયું ત્યારે મમતાના ગર્ભમાં રહેલા બાલકે કહ્યું કે:-"[૧૫] ઓ તાત ! હે ભગવન્ ! તમે કામપરાયણ થશો નહિ કારણ કે; અહીં બેને રહેવાનો સંભવ નથી. અવકાશ અલ્પ છે અને હું પ્રથમથી અહીં આવેલો છું.[૧૬] તમે સફલ વીર્યવાળા છો માટે મને પીડા કરવી તમને ઉચિત નથી."

આ પ્રમાણે ગર્ભમાં રહેલા બાલકે કહ્યું, પણ તેનાં વાકયને ન સાંભળતાં બૃહસ્પતિ, સુંદર નેત્રવાળી મમતાની સાથે મૈથુનભાવને પામ્યાજ. તે વખતે મમતાના ગર્ભમાં રહેલા મુનિએ વીર્યોત્સર્ગ થતો જાણીને બૃહસ્પતિના વીર્યનો માર્ગ બે પગથી રોકી દીધો. રોકાણ થવાથી તે વીર્યસ્થાનમાં પ્રાપ્ત ન થતાં તત્કાલ પૃથ્વીમાં

---

* પ્રશ્ન-ત્યારે '**माताभस्त्रा पितु पुत्रो येन जातः स एव सः**'। માતા ચામડાની કોથળી છે અને પુત્ર તો પિતાનોજ છે. જેનાથી પુત્ર થયો તે ઉત્પાદકરૂપજ છે. એમ કેમ કહ્યું? વળી '**अन्योदर्यो मनसामंतवाउ**' શ્રુ૦ બીજાના પેટથી થયેલાને 'આ મારો પુત્ર છે' એમ મનથી પણ માનવો નહિ. તેમજ '**न शेषो अग्नेअन्यजातमस्ति**'। શ્રુ૦ બીજાના ક્ષેત્રમાં બીજાથી અથવા પોતાથી થયેલો પુત્ર 'શેષ' કહેવાય છે. તે સ્વપુત્ર નથી પણ ક્ષેત્રપતિનોજ છે; અર્થાત્ દત્તક, વેચાતો લીધેલો અને અન્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાનું અપુત્રપણું સિદ્ધ થાય છે.

આ શંકાનું સમાધાન કરતા કહે છે કે, '**धर्मं मनसि संस्थाप्य**' અર્થાત્ આ સંગથી થયેલો પુત્ર મારો પુત્ર ગણાશે, એવી અભિલાષાથી ગમન એજ પુત્રતામાં હેતુ છે. કારણ કે '**अथ खलु क्रतुमयः पुरुषः**'। એ સંકલ્પપ્રધાન શ્રુતિથી સ્ત્રી અથવા પુરુષમાં જેનો સંકલ્પ દૃઢ છે તેનોજ તે પુત્ર છે. એટલે '**माता भस्त्रा**' એ વાક્ય તો લગ્નવિષયક છે. શંકા-જો સંકલ્પજ મુખ્ય હોય તો ડાંગરના ખેતરમાં ડાંગરની બુદ્ધિથી નાખેલા જવથી પણ ડાંગરજ થવી જોઇએ ? ઉત્તરઃ-એ શંકા વ્યભિચરિત છે; કારણ કે દાવાગ્નિથી દગ્ધ થયેલા કેળના દાંડામાંથી વાંસનો અંકુર ઉગતો જણાય છે. વળી કૂતરાંની ખોપરીમાં વાવેલા ઘઉં તથા જુવારથી ડુંગળી અને અને લસણના અંકુરોની ઉત્પત્તિ થતી જણાય છે; માટે ભાવનાવિશેષજન્ય ધર્મજ વિશેષતા આપે છે, એવું શિષ્ટસંમત છે. એટલે ધન વગેરેથી બોલાવેલા વિપ્રોની તે સંતતિ નહિ પણ ક્ષેત્રપતિનીજ ગણાય. પં૦ ની૦

પડયું; એટલે બૃહસ્પતિને ક્રોધ ચઢ્યો. તે વીર્યને પડેલું જોઇને ક્રોધયુક્ત થયેલા ભગવાન બૃહસ્પતિએ ગર્ભમાં રહેલા ઉતથ્યના પુત્રને તિરસ્કાર કરીને શાપ આપ્યો કેઃ–"સર્વ પ્રાણીમાત્રે ઇચ્છવા યોગ્ય એવા સમયમાં તેં મને એવાં વચનો કહ્યાં માટે તું અંધ થઇશ."

બૃહત્કીર્તિવાળા બૃહસ્પતિના શાપથી તે દીર્ઘતમા નામનો ઋષિ થયો. જે જન્મથી આંધળો, બૃહસ્પતિના જેવો તેજસ્વી, વેદવેત્તા તથા ડાહ્યો હતો. તે દીર્ઘતમા વિદ્વાન હોવાથી તરુણી અને સ્વરૂપસંપન્ન એવી પ્રદ્વેષી નામની એક બ્રાહ્મણીને પરણ્યો હતો અને તે બ્રાહ્મણે તે સ્ત્રીમાં ગૌતમ વગેરે પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. વળી ઉતથ્ય ઋષિના વિસ્તીર્ણ કુલની વૃદ્ધિને માટે વેદ-વેદાંગના પારને પામેલા ધર્માત્મા અને મહાત્મા એવા દીર્ઘતમા, કામધેનુના પુત્રથી પ્રકાશ મૈથુનને સંપૂર્ણતાથી શીખી તથા તેમાં શ્રદ્ધા રાખીને નિઃશંકપણાથી પ્રકાશ મૈથુનમાં પ્રવૃત્ત થયા હતા.[૧૭–૨૬] તેથી તે આશ્રમમાં રહેનારા સઘળા મુનિશ્રેષ્ઠો મર્યાદાનું ઉલ્લંઘન કરતા દીર્ઘતમાને જોઇ (નિષ્પાપમાં પાપદૃષ્ટિરૂપી) મોહથી પરાભૂત થઇને કોપી ઉઠ્યા.[૨૭] અને બોલ્યાઃ–"અહો! આ મર્યાદા તોડનારો આશ્રમસ્થાનમાં રહેવા લાયક નથી, માટે આપણે બધા એ પાપાત્માને ત્યજી દઇએ."[૨૮]

આ પ્રમાણે દીર્ઘતમા મુનિને માટે તેઓ પરસ્પર કહેવા લાગ્યા. વળી પોતાને પુત્રલાભ થયેલો હોવાથી તેની પત્ની પ્રદ્વેષી પણ તે વખતે પોતાના પતિ દીર્ઘતમાને સંતોષ આપતી ન હતી, પણ ઉલટો દ્વેષ કરતી હતી.[૨૯] જ્યારે પોતાની પત્ની દ્વેષ કરવા લાગી, ત્યારે દીર્ઘતમાએ તેને કહ્યું કેઃ–"તું શા માટે મારો દ્વેષ કરે છે?" પ્રદ્વેષી બોલીઃ–"પુરુષ, ભાર્યાનું ભરણ કરવાથી ભર્તા કહેવાય છે અને પાલન કરવાથી પતિ કહેવાય છે.[૩૦] જન્માંધ એવા તમારૂં તથા તમારા પુત્રોનું મેં આજસુધી પોષણ કર્યું, પરંતુ હવે હું તેમ કરવા માટે અશક્ત છું. હે મહાતપવાળા! તમારૂં નિત્ય પોષણ કરવાથી હું થાકી ગઈ છું એટલે હવે હું તમારૂં ભરણપોષણ કરીશ નહિ."[૩૧]

ભીષ્મ કહે છેઃ–સ્ત્રીનાં વચન સાંભળીને ઋષિને ક્રોધ ઉત્પન્ન થયો. તેણે પોતાની પત્ની પ્રદ્વેષીને તથા પુત્રોને કહ્યું કેઃ–[૩૨] "તમે મને કોઇ રાજકુલમાં લઈ જાઓ જેથી તમને ધન તથા વૈભવ પ્રાપ્ત થશે." પ્રદ્વેષી કહે છેઃ–"હે વિપ્રો! તમારૂં આપેલું ધન દુઃખના કારણરૂપ છે, માટે તે ધનને હું ઈચ્છતી નથી.[૩૩] હે વિપ્રેંદ્ર! તમે તમારી ઈચ્છામાં આવે તેમ કરો. હું હવે પહેલાંની પેઠે તમારૂં પોષણ કરવાની નથી." (બીજો પતિ કરીશ એ આશય છે.)

દીર્ઘતમા કહે છેઃ–આજથી આરંભી હું લોકમાં મર્યાદા બાંધું છું કે, સ્ત્રી જ્યાંસુધી જીવે ત્યાંસુધી તેને એક પતિનુંજ શરણ હોવું જોઇએ. પતિ જીવતો હોય અથવા મરણ પામ્યો હોય તોપણ સ્ત્રી બીજો પતિ કરી શકે* નહિ;[૩૪,૩૫]

---

*શંકાઃ–'**यदेकस्मिन् यूपे द्वे रशने परिव्ययति तस्मादेको द्वे जाये विंदते यन्नैका रशना द्वयोर्यूपयोः परिव्ययति तस्मान्नैका द्वौ पती विंदते** ॥ એ યજ્ઞસ્તંભને બે પશુની રશના (દોર) બંધાય છે, માટે એક પુરુષ બે સ્ત્રી કરી શકે; પણ એક યજ્ઞપશુની રશના બે યજ્ઞસ્તંભોએ બાંધી શકાતી નથી તેથી એક સ્ત્રી બે પતિ કરી શકે નહિ.' આ આર્થવાદિક નિષેધવિધિથીજ એક સ્ત્રીને બે પતિ પ્રાપ્ત થતા નથી તો એ સંબંધમાં દીર્ઘતમાએ શી નવી મર્યાદા કરી? ઉ૦ પતિ જીવતાં તેનો ત્યાગ કરીને અથવા પતિના મરણ પછી પણ સ્ત્રી અન્ય પતિ કરી શકે નહિ, એ આ મર્યાદાનું તાત્પર્ય છે; કારણ કે **तस्मादेकस्य बह्व्यो जाया भवंति नैकस्यै सहपतयः** ॥ આ શ્રુતિમાં એક સાથે ઘણા પતિ કરવાનો નિષેધ છે, પરંતુ ક્રમથી અનેક પતિ થવા સંભવ છે; તથા પ્રીતિથી પણ અનેક પતિ થવા સંભવ છે તેનો દીર્ઘતમાએ નિષેધ કર્યો છે. શ્રુતિમાં **सह** (સાથે) શબ્દ પણ રાગથી પ્રાપ્ત થતા પતિઓનો અનુવાદજ કરે છે, વિધાન કરતા નથી. તેમ ન હોય તો વિહિતનો નિષેધ કરવાથી અનેક પતિ કરવામાં વિકલ્પ થાય. શંકાઃ–ત્યારે દ્રૌપદીને પાંડવો, મારિષાને દશ પ્રચેતાઓ અને હમણાંની નીચ સ્ત્રીઓને બે-ત્રણ પતિઓ

અને જો સ્ત્રી બીજો પતિ કરશે તો નિઃસંશય તે પતિત થશે. તેમજ પતિ વિદ્યમાન છતાં તેના વિના એકલી રહેનારી નારીઓ પણ આજથી આરંભીને પાતકી ગણાશે;[૩૬] અને તેવી પતિવિનાની સ્ત્રીઓ પાસે ધન હશે તોપણ તેના (પુરુષસંબંધાદિ) સર્વ ભોગો નિષ્ફલ થશે; એટલુંજ નહિ પણ તેઓની નિત્ય અપકીર્તિ તથા નિંદા થશે."[૩૭] આવાં દીર્ઘતમાનાં વચન સાંભળીને બ્રાહ્મણીને ઘણો ક્રોધ થયો અને બોલી:- "ઓ પુત્રો ! આને ગંગામાં નાખી આવો."[૩૮] આવું માતાનું કહેવું સાંભળીને લોભ અને મોહથી ભરેલા એવા તે ગૌતમ વગેરે પુત્રોએ દીર્ઘતમાને બાંધી હોડકામાં નાખી ગંગામાં હડસેલી દીધા[૩૯] અને આ વૃદ્ધ તથા આંધળાનું આપણે શામાટે પોષણ કરવું જોઇએ ? આવો વિચાર કરતા તે ક્રૂર પુત્રો ઘેરે આવતા રહ્યા.[૪૦]

પછી અંધ વિપ્ર દીર્ઘતમા દૈવેચ્છાથી પ્રવાહમાં તણાતા તે હોડકાસાથે ઘણા દેશો ઓળંગી ગયા.[૪૧] તે વખતે સર્વ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ એવો બલિ નામનો રાજા ગંગામાં સ્નાન કરવા આવ્યો હતો.તેણે પ્રવાહમાં તણાઇને પાસે આવેલા દીર્ઘતમાને જોયા;[૪૨] એટલે સત્ય પરાક્રમી તથા ધર્માત્મા એવા બલિરાજાએ તેમને બહાર કાઢ્યા. પછી દીર્ઘતમાનું વૃત્તાંત જાણીને હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! તે રાજાએ પુત્રને માટે ઋષિની પ્રાર્થના કરીને કહ્યું કેઃ-" હે મહાભાગ ! હે માનદ ! તમે મારા વંશની વૃદ્ધિને માટે મારી ભાર્યાથી ધર્માર્થમાં કુશલ એવા પુત્રો ઉત્પન્ન કરવાને યોગ્ય છો.[૪૩-૪૪] આ પ્રમાણે રાજાનું કહેવું સાંભળીને તે તેજસ્વી ઋષિએ 'ભલે તેમ થાઓ' એમ કહ્યું. ત્યારે રાજાએ પોતાની સુદેષ્ણા નામની ભાર્યાને ઋષિની પાસે મોકલી;[૪૫] પણ તે અંધ અને ઘરડો છે એમ માનીને સુદેષ્ણા ઋષિની પાસે ગઈ નહિ અને પોતાની દાસીને તે વૃદ્ધ ઋષિની પાસે મોકલી આપી.[૪૬] તે શૂદ્ર જાતિની દાસીમાં ધર્માત્મા ઋષિએ કાક્ષીવાન આદિ અગિયાર પુત્રો ઉત્પન્ન કર્યા.[૪૭] હે ભારત ! જ્યારે કાક્ષીવાન આદિ પુત્રોને ભણતા જોયા, ત્યારે રાજાએ ઋષિને પૂછ્યું કેઃ-'આ મારા પુત્રો છે ?'[૪૮] મહર્ષિએ તેને કહ્યું કેઃ-" એ તમારા પુત્રો નથી પણ મારા છે. શૂદ્ર યોનિમાં કાક્ષીવાન આદિ પુત્રોને મેં ઉત્પન્ન કર્યા છે.[૪૯] મને અંધ તથા વૃદ્ધ જોઇને તમારી રાણી સુદેષ્ણાએ મારી અવગણના કરી અને તે મૂઢાએ મારી પાસે શૂદ્ર દાસીને મોકલી હતી."[૫૦] આ સાંભળીને બલિ રાજાએ ફરીથી તે ઋષિશ્રેષ્ઠને પ્રસન્ન કર્યા અને પુનઃ પોતાની ભાર્યા સુદેષ્ણાને ઋષિની પાસે મોકલી.[૫૧] દીર્ઘતમાએ તેનાં અંગોનો સ્પર્શ કર્યો અને રાણી સુદેષ્ણાને કહ્યું કેઃ-"તને સૂર્યના જેવા તેજસ્વી અંગ, વંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ નામના કુમારો થશે અને તેમના દેશો તેમના નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થશે."[૫૨-૫૩]

તે પ્રમાણે અંગનો અંગદેશ કહેવાયો, વંગનો વંગ કહેવાયો, કલિંગનો કલિંગ દેશ કહેવાયો,[૫૪] પુંડ્રનો પુંડ્ર દેશ પ્રખ્યાત થયો અને સુહ્મનો સુહ્મ દેશ કહેવાયો. આ પ્રમાણે પૂર્વે બલિરાજાનો વંશ મહર્ષિથી થયેલો પ્રખ્યાત છે.[૫૫] એજ રીતે બીજા મહાન ધનુર્ધારી, પરમ ધર્મજ્ઞ, વીર્યવાળા અને મહા બલવાન ક્ષત્રિયો બ્રાહ્મણોથી ઉત્પન્ન થયા હતા.હે માતા ! આ સાંભળીને તમે પણ તમારી ઈચ્છા પ્રમાણે કરો.[૫૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ભીષ્મસત્યવતીસંવાદ નામનો અધ્યાય ૧૦૪ મો સમાપ્ત.

સાથે કેમ જણાય છે ? ઉ૦ દેવ કરે તેમ આપણે કરવું નહિ-**न देवचरितं चरेत्**' એ ન્યાયથી દેવ જેવાઓનું દૃષ્ટાંત લઈ શકાય નહિ અને નીચ તો પશુ જેવા છે એટલે તેમનો આચાર અપ્રમાણ છે; કેમકે વિધિનિષેધ અધિકારીને માટેજ છે. પં૦ નીં૦

અધ્યાય ૧૦૫-વંશવૃદ્ધિમાટે સત્યવતીનો પ્રયત્ન

॥ भीष्म उवाच ॥

पुनर्भरतवंशस्य हेतुं संतानवृद्धये ॥
वक्ष्यामि नियतं मातस्तन्मे निगदतः शृणु॥१॥

ભીષ્મ બોલ્યા:-" હે માતા ! ભરતવંશના સંતાનની વૃદ્ધિને માટે હું તમને ફરીથી નિશ્ચયયુક્ત હેતુ કહું છું તે સાંભળો.[१]તમે કોઈ ગુણવાન બ્રાહ્મણને ધન આપીને બોલાવો કે જે વિચિત્રવીર્યની રાણીઓમાં પુત્રો ઉત્પન્ન કરે."[२]

વૈશંપાયન કહે છે:-આ સાંભળીને સત્યવતી હસતી હોય તેમ લજ્જાયુક્ત થઇને અચકાતી વાણીવડે ભીષ્મપ્રત્યે આ પ્રમાણે કહેવા લાગી.[३] હે મહાબાહો ! હે ભારત ! તું જે કહે છે તે સત્ય છે. તારા ઉપર વિશ્વાસ મૂકીને આપણા કુલની વૃદ્ધિને માટે હું કહું છું.[४] તુંજ અમારા કુલનો ધર્મરક્ષક છે, તુંજ સત્યરૂપ છે અને તુંજ પરમ ગતિરૂપ છે; એટલે તને તેવા પ્રકારનો આપદ્ધર્મ ન કહેવો તે શકય નથી.[५] માટે તું મારાં સત્ય વચનને સાંભળીને જે કરવા યોગ્ય લાગે તે કર.

મારા ધર્મયુક્ત પિતાની એક હોડી હતી જે ધર્માદા ફેરવવામાં આવતી હતી.[६] એક વખતે પ્રથમ યૌવનમાં આવેલી હું તે નાવ ફેરવતી હતી, તે વખતે ધર્મવેત્તામાં શ્રેષ્ઠ અને બુદ્ધિમંત એવા પરમર્ષિ પરાશર મુનિ યમુના નદી તરવાને માટે તે નાવમાં આવ્યા. જ્યારે તેમને હું યમુના નદીની પાર લઈ જતી હતી, ત્યારે કામાર્ત થયેલા તે મુનિશ્રેષ્ઠ મારી પાસે આવી સાંત્વનપૂર્વક મધુર વચનથી મને પોતાનું જન્મ તથા કુલ કહેવા લાગ્યા. મેં તેમને 'હું માછીની પુત્રી છું" એમ કહ્યું. હે ભારત ! પછી તે ઋષિના શાપથી બીતી અને બીજી તરફ પિતાથી ભય પામતી તથા અલભ્ય વરદાનોથી લોભ પમાડાયેલી, તેમને રોકવા સમર્થ થઇ નહિ.[७-१०]હે ભારત ! તે વખતે તે ઋષિએ ધૂમસથી સર્વત્ર અંધકાર કરીને મારો બાલાનો નાવમાંજ પરાભવ કરીને મને પોતાના તેજથી વશ કરી.[११] પૂર્વે મારા શરીરમાં માછલાંના જેવો મહાન નિંદિત દુર્ગંધ હતો તેને દૂર કરીને તે મુનિએ મને આ શુભ ગંધ આપ્યો હતો.[१२] પછી તે મુનિએ મને કહ્યું કે, આ નદીનાજ દ્વીપમાં મારાથી રહેલા ગર્ભને મૂકી દઈ તું પુનઃ કન્યાજ થઈ જઈશ.[१३] આ પ્રમાણે મારી કન્યા અવસ્થામાં પરાશરથી થયેલો પુત્ર મહાયોગી અને મહાઋષિ થયો હતો, જે દ્વૈપાયન કહેવાય છે.[१३] તે ષડ્‌વિધ ઐશ્વર્યસંપન્ન ઋષિએ તપના પ્રભાવથી વેદના ચાર વિભાગ કર્યા છે અને તેથી તે લોકોમાં વ્યાસ કહેવાય છે; તથા કૃષ્ણરૂપ હોવાથી કૃષ્ણ કહેવાય છે.[१५] તે સત્યવાદી, શાંતિપરાયણ, તપસ્વી અને પાપ જેનાં દગ્ધ થયેલાં એવા વ્યાસ, ઉત્પન્ન થતાંજ મોટા હોવાથી પિતાની સાથે ચાલ્યા ગયા હતા.[१६] તે અતુલ તેજસ્વી વ્યાસને આપણે બન્ને કહીશું તો તે નિઃસંશય પોતાના ભાઈ વિચિત્રવીર્યના ક્ષેત્રમાં કલ્યાણરૂપ પ્રજા ઉત્પન્ન કરશે.[१७] વળી તેણે જતી વખતે મને કહ્યું હતું કે:-"કષ્ટ પડે ત્યારે મારૂં સ્મરણ કરજો" હે મહાન બાહુવાળા ભીષ્મ ! તારી ઈચ્છા હોય તો હું તેમનું સ્મરણ કરૂં.[१८] હે ભીષ્મ ! તારી સંમતિથી તે મહાતપસ્વી જરૂર વિચિત્રવીર્યની રાણીઓથી પુત્રો ઉત્પન્ન કરશે.[१९]

વૈશંપાયન કહે છે:-મહર્ષિ વ્યાસનું વૃત્તાંત જાણી ભીષ્મ હાથ જોડીને કહેવા લાગ્યા:-"ધર્મ, અર્થ અને કામ, એ ત્રણેને જેઓ યથાર્થ જુએ છે [२०] તથા અર્થ અર્થનાં ફલને ઉત્પન્ન કરે તેવો, ધર્મ ધર્મનાં ફલને ઉત્પન્ન કરે તેવો અને કામ કામફલને આપે તેવો છે કે તેથી વિપરીત નાશરૂપી ફલને આપનારા તે અર્થાદિ છે ? તેનો બુદ્ધિથી વિચાર કરીને નિશ્ચય કરનારો જે વીર પુરુષ છે, તેજ બુદ્ધિમાન છે; માટે ધર્મયુક્ત અને આપણા કુલનું હિત કરનાર જે શ્રેય તમે કહ્યું તે, મને અત્યંત રુચે છે."

વૈશંપાયન કહે છે:-હે કુરુનંદન ! આ પ્રમાણે

જ્યારે ભીષ્મે તે સંબંધમાં સંમતિ આપી,[૨૧–૨૩] ત્યારે સત્યવતીએ કૃષ્ણદ્વૈપાયનમુનિનું સ્મરણ કર્યું. હે કુરુનંદન ! માતા પોતાનું સ્મરણ કરે છે, એમ જાણીને બુદ્ધિમાન વ્યાસ તેજ ક્ષણે વેદનો ઉચ્ચાર કરતા કરતા બીજાને ખબર પડે નહિ તેવી રીતે ત્યાં પ્રકટ થયા. પુત્રને જોઇને સત્યવતીએ તેમની વિધિપૂર્વક પૂજા કરી તથા બાહુથી આલિંગન કરીને સ્તનનાં દૂધથી તેનું સિંચન કર્યું. વળી લાંબે કાલે પુત્રને જોવાથી સત્યવતી નેત્રમાંથી આંસુ સારવા લાગી.[૨૪–૨૬] આમ દુઃખી થયેલી માતાને જોઈ સત્યવતીના મોટા પુત્ર વ્યાસ મહર્ષિએ તેને જલથી પ્રોક્ષણ કરીને તથા પ્રણામ કરીને કહ્યું કેઃ–[૨૭] "હે ધર્મતત્ત્વને જાણનારાં! તમારૂં જે ઇચ્છિત હોય તે કરવા માટે હું અહીં આવ્યો છું. મને આજ્ઞા કરો. તમારૂં જે પ્રિય હશે તે હું કરીશ." [૨૮] પછી પુરોહિતે તે પરમર્ષિની પૂજા કરી અને તે પૂજાને ઋષિએ મંત્રપૂર્વક વિધિથી સ્વીકારી.[૨૯] આમ મંત્રપૂર્વક વિધિથી પૂજન કરાયેલા વ્યાસ પ્રસન્ન થયા. પછી આસન ઉપર બેઠેલા પુત્રને માતાએ ક્ષેમકુશલ પૂછ્યું.[૩૦] પછી તેના તરફ જોઇને સત્યવતી આ પ્રમાણે કહેવા લાગીઃ–" હે કવિ ! માતા અને પિતા એ બન્નેથી સમાન રીતે પુત્રો ઉત્પન્ન થાય છે.[૩૧] તે પુત્રોનો જેમ પિતા સ્વામી છે તેમ માતા પણ છે, એમાં સંશય નથી. તમે મારાં પૂર્વનાં પુણ્યથી જેમ પ્રથમ પુત્ર છો એ સત્ય વાત છે, તેમજ હે બ્રહ્મર્ષિ ! વિચિત્રવીર્ય મારો નાનો પુત્ર હતો. જેમ પિતાથી ઉત્પન્ન થયેલા, માટે ભીષ્મ વિચિત્રવીર્યના ભાઇ થાય છે, તેમ માતાથી ઉત્પન્ન થયેલા તમે પણ વિચિત્રવીર્યના ભાઇ થાઓ છો; અથવા હે પુત્ર ! તમે જેમ માનતા હો તેમ ખરૂં. આ સત્યપરાક્રમી શાંતનુપુત્ર ભીષ્મ પોતાનું સત્ય પાળવા ખાતર પ્રજોત્પત્તિની તથા રાજ્ય કરવાની ઈચ્છા કરતા નથી; તો હે નિષ્પાપ! તમે ભાઇના સ્નેહાનુબંધથી, આ ભીષ્મનાં વચનથી, મારી આજ્ઞાથી, પ્રાણીઓના ઉપર દયાથી સર્વના રક્ષણને માટે તથા આ કુલની વૃદ્ધિને માટે સરલ ભાવથી હું જે કહું છું તે સાંભળીને તેમ કરવા માટે યોગ્ય છો. હે પુત્ર ! તમારા નાના ભાઇની દેવકન્યા જેવી રૂપ અને યૌવનવાળી બે રાણીઓ છે, જેઓ ધર્મથી પુત્રની ઈચ્છા રાખે છે; માટે તમે તે બન્નેથી સંતતિના વિસ્તારને માટે આ કુલને યોગ્ય એવી પ્રજા ઉત્પન્ન કરો; કેમકે તમે સમર્થ છો."

વ્યાસ બોલ્યાઃ–" હે સત્યવતિ! આ લોક અને પરલોકના ધર્મને તમે જાણો છો.[૩૨–૩૯] હે મહાબુદ્ધિમતિ ! તમારી બુદ્ધિ ધર્મમાં ચોંટી-ચલી છે, માટે તમારી પ્રેરણાથી તથા ધર્મરૂપી કારણને ઉદ્દેશીને હું તમારી ઇચ્છા પ્રમાણે કરીશ; કારણ કે એમ થવું એ પૂર્વથીજ જણાયલું હતું. હું મારા ભાઇને મિત્રાવરુણના જેવા પુત્રો આપીશ.[૪૦,૪૧] પરંતુ હું કહું તે પ્રમાણે એક વર્ષપર્યંત તે રાણીઓએ યથાર્થ રીતે વ્રત કરવું જોઇએ, ત્યારે તેઓ શુદ્ધ થશે.[૪૨] કારણ કે વ્રતવિનાની કોઈ સ્ત્રી મારી પાસે આવી શકશે નહિ."

સત્યવતી કહે છેઃ–" જે રીતે રાણીઓ શીઘ્ર ગર્ભ ધારણ કરે તેમ તમે કરો;[૪૩] કારણ કે રાજાવિનાના રાજ્યમાં અનાથ થયેલી પ્રજા નાશ પામે છે, સર્વ ક્રિયાઓ લોપાઈ જાય છે, વરસાદ વર્ષતો નથી અને દેવતાઓ રહેતા નથી.[૪૪] હે પ્રભો! રાજા વિનાનું રાજ્ય શી રીતે ચલાવી શકાય? માટે તમે ગર્ભાધાન કરો અને ભીષ્મ તેનું રક્ષણ કરશે. "[૪૫]

વ્યાસ કહે છેઃ–" જો મારે ભાઈના ક્ષેત્રમાં વગર વખતેજ પુત્ર આપવાનો હોય તો મારી વિરૂપતાને તેમણે સહન કરવી જોઇએ. એજ તેમને માટે પરમ વ્રત છે.[૪૬] જો મારાં ગંધ, રૂપ, વેષ અને શરીરને સહન કરવા તે સમર્થ હોય તો ભલે આજેજ કૌસલ્યા શ્રેષ્ઠ ગર્ભને ધારણ કરે."[૪૭]

વૈશંપાયન કહે છેઃ–" કૌસલ્યાએ શુદ્ધ વસ્ત્રાલંકાર ધારણ કરી, શયનસ્થાનમાં જઇને મારા સમાગમની આકાંક્ષા કરવી." મહાતેજસ્વી વ્યાસ મુનિ આ પ્રમાણે સત્યવતીને કહીને ત્યાંજ અંતર્ધાન થઇ ગયા. પછી સત્યવતી એકાંતમાં રહેલી વહુની પાસે જઇને ધર્મ તથા અર્થયુક્ત હિતકારક વચન કહેવા લાગીઃ–"હે કૌસલ્યે ! [illegible]

ધર્મયુક્ત જે કહું છું તે તું સાંભળ. મારા ભાગ્યક્ષયથી ભરતકુલનો જરૂર ઉચ્છેદ થવા બેઠો છે.મને વ્યથા પામતી જોઇને તથા પિતૃવંશને પીડાતો જોઇને આ કુલની વૃદ્ધિને માટે ભીષ્મે મને બુદ્ધિ આપી છે. તે બુદ્ધિ સફલ થવી તારે અધીન છે; માટે હે પુત્રિ ! ભીષ્મે કહેલો ઇષ્ટ અર્થ તું અને પ્રાપ્ત કર તથા નાશ પામેલા ભરતવંશનો પુનઃ ઉદ્ધાર કર. હે સુશ્રોણિ! તું દેવરાજના જેવો કાંતિવાળો પુત્ર ઉત્પન્ન કર. તે પુત્ર આપણા કુલના મહાન રાજ્યભારને વહન કરશે."[૪૮–૫૩] આ પ્રમાણે ધર્માચરણવાળી કૌસલ્યાને ધર્મપૂર્વક મહા પ્રયત્ને સમજાવી સત્યવતીએ બ્રાહ્મણો, દેવર્ષિઓ અને અતિથિઓને ભોજન કરાવી મંગલ કર્યું.[૫૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે સત્યવતી-ઉપદેશ
નામનો અધ્યાય ૧૦૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૬ મો–ધૃતરાષ્ટ્ર, પાંડુ તથા વિદુરની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

ततः सत्यवती काले वधूं स्नातामृतौ तदा ॥
संवेशयंती शयने शनैर्वचनमब्रवीत् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી ઋતુસ્નાન કરીને શુદ્ધ થયેલી વહુને શયનસ્થાનમાં પ્રવેશ કરાવતી સત્યવતી ધીરેથી વચન બોલી કેઃ–[૧] "હે કૌસલ્યે ! તને ક્રીડા આપનાર છે તે તારા ગર્ભમાં પુત્રરૂપથી પ્રવેશ કરશે. તે મધ્યરાત્રિએ આવશે, માટે તું સાવધ થઇને તેની રાહ જોજે."[૨] આવાં સાસુનાં વચન સાંભળીને શુભ શય્યામાં સૂતેલી કૌસલ્યાએ ભીષ્મ અને બીજા કુરુકુલના શ્રેષ્ઠ વીરોનું સ્મરણ કર્યું. (કેમકે સ્ત્રી ગર્ભધારણના સમયમાં જે પુરુષનું ચિંતન કરે છે તેવા ગુણોવાળો પુત્ર થાય છે.) પછી સત્ય વચનવાળા ઋષિનો અંબિકાની સાથે પ્રથમ નિયોગ કરેલો હતો, તેથી તેમણે દીવાઓ ઝળહળતા હતા તે શયનગૃહમાં પ્રવેશ કર્યો.[૩,૪] કૃષ્ણ વર્ણના તે મુનિની કપિલવર્ણી જટા,પ્રદીપ્ત નેત્રો અને પીળા રંગની દાઢીમૂછો જોઇને રાણી કૌસલ્યાએ નેત્રો મીંચી દીધાં;[૫] પરંતુ માતાનું પ્રિય કરવાની ઇચ્છાથી વ્યાસે તેની સાથે સમાગમ કર્યો તે વખતે પણ કાશિરાજની પુત્રી ભયથી વ્યાસને જોવા સમર્થ થઈ નહિ.[૬] પછી બહાર નીકળેલા પુત્રની પાસે આવીને માતાએ પૂછ્યું કેઃ–"હે પુત્ર ! આ અંબિકાથી ગુણવાન રાજપુત્ર ઉત્પન્ન થશે કે?"[૭] માતાનાં વચન સાંભળીને સત્યવતીના પુત્ર વ્યાસે કહ્યું કેઃ–" દશ હજાર હાથીના જેવા બલવાળો, વિદ્વાન, રાજર્ષિમાં શ્રેષ્ઠ, મહાભાગ્યશાળી, મહાન વીર્યવાળો તથા મહાબુદ્ધિવાળો એ પુત્ર થશે. વળી તે મહાત્માને પણ સો પુત્રો થશે; પરંતુ માતાના દોષથી એ પુત્ર આંધળોજ અવતરશે."

વ્યાસનાં વચન સાંભળીને માતાએ પુત્રને કહ્યું કેઃ–[૮–૧૦] "હે તપરૂપી ધનવાળા ! કુરુવંશને માટે આંધળો રાજા યોગ્ય ગણાય નહિ. તમે જ્ઞાતિ અને વંશનું રક્ષણ કરનારો તથા પિતૃવંશને વધારનારો એવો કુરુવંશને માટે બીજો રાજા આપવા યોગ્ય છો."ત્યારે 'સારૂં, તેમ થશે' કહીને મહાયશસ્વી વ્યાસ ત્યાંથી ચાલ્યા ગયા.[૧૧,૧૨] પછી કૌસલ્યાએ સમય થતાં એક અંધ પુત્રને જન્મ આપ્યો. હે શત્રુને દમનારા ! ફરીથી સત્યવતીએ પુત્રવધૂને સમજાવી અને પૂર્વની પેઠે વ્યાસ મુનિને બોલાવ્યા. મહર્ષિ પહેલાંની પેઠેજ ત્યાં આવ્યા અને અંબાલિકાના સ્થાનમાં ગયા. હે ભારત! અંબાલિકા પણ ઋષિને જોતાંજ વિવર્ણ થઈ ફીકી પડી ગઈ. ભય પામેલી, ખિન્ન થયેલી તથા ધોળી પુણી જેવી થઈ ગયેલી અંબાલિકાને જોઇને સત્યવતીના પુત્ર વ્યાસ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૧૩–૧૬] "મને વિરૂપ જોઇને તું પાંડુવર્ણી થઇ ગઈ,માટે આ તારો પુત્ર

પાંડુ વર્ણનો થશે [17] અને હે શુભ મુખવાળી ! એનું નામ પણ પાંડુજ કહેવાશે." આ પ્રમાણે કહીને ઋષિશ્રેષ્ઠ ભગવાન વ્યાસ ત્યાંથી બહાર નીકળ્યા.[18] તેમને નીકળેલા જોઇને સત્યવતીએ પુત્રને એ ગર્ભના સંબંધમાં પૂછ્યું. ત્યારે વ્યાસે ફરીથી માતા આગળ એ બાલક પાંડુ વર્ણનો થશે, એમ જણાવ્યું.[19] પુનઃ માતાએ વ્યાસ પાસે એક પુત્રની યાચના કરી, ત્યારે મહર્ષિએ માતાને 'તથાસ્તુ' કહ્યું. પછી અંબાલિકાએ ગર્ભ-કાલ પૂરો થતાં લક્ષણસંપન્ન અને શોભાથી દેદી-પ્યમાન એવા પાંડુ વર્ણના કુમારને જન્મ આ-પ્યો.[20,21] એ પાંડુના પુત્રો મહા ધનુર્ધારીઓ એવા પાંચ પાંડવો થયા હતા. હવે સત્યવતીએ ઋતુકાલમાં ફરી મોટી વહુનો વ્યાસ જોડે નિયોગ કર્યો;[22] પણ દેવકન્યા જેવી અંબિકાને મહર્ષિનો તે ગંધ તથા પૂર્વનું રૂપ યાદ આવ્યું અને ભય લાગવાથી તેણે સત્યવતીનું વચન માન્ય કર્યું નહિ; પરંતુ તે કાશિરાજની પુત્રીએ અપ્સરાના જેવી પોતાની દાસીને પોતાના અલંકારો સજાવી વ્યાસ પાસે મોકલી આપી.[23,24] તે દાસી-એ આવેલા ઋષિની સામે જઇને તેમને પ્રણામ કર્યા અને સત્કારપૂર્વક પ્રીતિભર્યા ઉપચારોથી તેમની સેવા કરી તથા ઋષિની આજ્ઞા થતાં તેણે શયન કર્યું. એકાંતમાં તે સ્ત્રીના કામવૈભવોથી ઋષિ સંતુષ્ટ થયા; અને હે સજ્જન્ ! ઉત્તમ વ્રતવાળા મહર્ષિ તે દાસીની સાથે સમા-ગમમાં આવ્યા.[25,26] પછી ઉઠતી વખતે તેને કહેવા લાગ્યા કેઃ—"તું હવે દાસીભાવથી મુક્ત થઇ છે. હે શુભે ! આ તારા ઉદરમાં શ્રેષ્ઠ ગર્ભ રહ્યો છે. એ લોકમાં સર્વ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ તથા ધર્માત્મા થશે."[27]

તે કૃષ્ણ દ્વૈપાયનનો પુત્ર અને ધૃતરાષ્ટ્ર તથા મહાત્મા પાંડુનો ભાઇ વિદુર નામનો થયો.[28] એ મહાત્મા માંડવ્ય ઋષિના શાપથી ધર્મ પોતેજ અર્થતત્ત્વને જાણનારા તથા કામક્રોધથી રહિત એવા વિદુરરૂપે થયા હતા.[29] પોતાને અંબિકા-એ દાસી મોકલીને ઠગ્યો તથા દાસીને પુત્ર-જન્મ થશે, આ વાત કૃષ્ણદ્વૈપાયને સત્યવતીને પણ જણાવી.[30] આ પ્રમાણે વ્યાસે ધર્મઋણથી છૂટીને ફરી માતાને મળી ગર્ભનું વૃત્તાંત તેને કહી સંભળાવ્યું અને તે ત્યાંજ અંતર્ધાન થઈ ગયા.[31] દેવગર્ભના જેવા અને કુરુવંશની વૃદ્ધિ કરનારા તે પુત્રો દ્વૈપાયનથી વિચિત્રવીર્યના ક્ષેત્રમાં ઉત્પન્ન થયા હતા.[32]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે વિચિત્રવીર્યસુતોત્પત્તિ નામનો અધ્યાય ૧૦૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૭ મો–માંડવ્ય ઋષિનું ઉપાખ્યાન

॥ जनमेजय उवाच ॥

किं कृतं कर्म धर्मेण येन शापमुपेयिवान् ॥

कस्य शापाच्च ब्रह्मर्षेः शूद्रयोनावजायत ॥१॥

જનમેજય પૂછે છેઃ—ધર્મ રાજાએ એવું શું કામ કર્યું હતું, કે જેથી તેમને શાપ પ્રાપ્ત થયો હતો ? અને કોના શાપથી ધર્મરાજાને બ્રહ્મર્ષિ વ્યાસથી શૂદ્રયોનિમાં જન્મ લેવો પડયો હતો ?[1]

વૈશંપાયન કહે છેઃ—કોઇ માંડવ્ય નામના પ્રસિદ્ધ બ્રાહ્મણ હતા. જે ધૈર્યવાળા, સર્વ ધર્મને જાણનારા, સત્યનિષ્ઠ તથા તપસ્વી હતા.[2] તે મહાતપસ્વી તથા મહાયોગનિષ્ઠ ઋષિ પોતાના આશ્રમપદના દ્વાર આગળના ઝાડના મૂળ પાસે મૌનવ્રત ધારણ કરીને ઉંચા હાથ રાખી તપ કરતા હતા.[3] તેમને તપ કરતાં ઘણો કાલ વીત્યા પછી એક વખતે ચોરીનું ધન લઇને ચોર લોકો તે આશ્રમમાં આવી પહોંચ્યા.[4] હે ભરતર્ષભ ! તેઓની પાછળ રાજાનાં અનેક રક્ષક મનુષ્યો શોધ કરવા નીકળ્યાં હતાં. તેનાથી ત્રાસ પામીને

ચોરોએ ઋષિના આશ્રમમાં ચોરીનું ધન મૂકી દીધું; અને હે કુરુકુલમાં શ્રેષ્ઠ ! તે રક્ષક સૈન્યના આવતાં પહેલાં ચોરો તેજ આશ્રમમાં છુપાઇ બેઠા. તેઓના છુપાયા પછી તુરત તે રક્ષકોનું સૈન્ય આવી પહોંચ્યું અને ત્યાં તે ચોર પાછળ નીકળેલાઓએ તે માંડવ્ય ઋષિને જોયા. પછી હે રાજન્ ! તપ કરતા તે તપરૂપી ધનવાળા ઋષિને તેઓએ પૂછ્યું કેઃ–"હે દ્વિજશ્રેષ્ઠ ! ચોરો કયે રસ્તે થઇને ગયા છે તે કહો; હે બ્રહ્મન્ ! જે જાણવાથી અમે તે રસ્તે થઇને તત્કાલ જઇ પહોંચીએ."[૫-૮] હે રાજન્ ! રક્ષકોએ એ પ્રમાણે પૂછ્યું, પણ તે તપરૂપી ધનવાળા માંડવ્યે સારૂં અથવા નઠારૂં કંઇજ વચન કહ્યું નહિ.[૯] પછી તે રાજપુરુષોએ તે આશ્રમ ખોળવા માંડયો તો ત્યાંજ લપાયલા તે ચોરોને તથા તે દ્રવ્યને જોયું.[૧૦] તેથી રાજાનાં મનુષ્યોને તે મુનિપ્રત્યે શંકા ઉત્પન્ન થઇ અને ઋષિને બાંધીને ચોરોસાથે રાજા આગળ લઇ ગયા.[૧૧] રાજાએ તે ચોરોની સાથે ઋષિનો પણ વધ કરવા હુકમ કર્યો, એટલે તે રક્ષકોએ તે મહા તપસ્વીને ન ઓળખતાં શૂળ ઉપર પરોવ્યા.[૧૨] આમ તે મુનિને શૂળ ઉપર ચઢાવીને તે રક્ષકો પેલું ધન લઇને પાછા રાજા પાસે ચાલ્યા ગયા.[૧૩] પછી શૂળ ઉપર રહેલા તે ધર્માત્મા વિપ્રર્ષિ ઘણા કાળસુધી નિરાહાર રહ્યા તોપણ મરણ પામ્યા નાહ.[૧૪] આ રીતે પ્રાણ ધારણ કરીને શૂળીની અણી ઉપર પણ તપ તપતા તે મહાત્માએ ઋષિ-ઓને ત્યાં બોલાવ્યા.[૧૫] હે ભારત ! તેઓ રાત્રિ-ની વખતે પક્ષીનાં રૂપ ધારણ કરીને ત્યાં આવ્યા અને માંડવ્યના કષ્ટને જોઇને તે તપસ્વી મુનિ-ઓને ઘણો સંતાપ થયો. પછી તેઓ યથાશક્તિ પોતાનાં રૂપને પ્રકાશિત કરી દ્વિજશ્રેષ્ઠ માંડવ્યને પૂછવા લાગ્યા કેઃ–[૧૬] "હે બ્રહ્મન્ ! તમે શું પાપ કર્યું છે, જેથી આ શૂળી ઉપર તમને મહાન દુઃખનું ભય આવી પડ્યું ? અમે તે સાંભળવાની ઇચ્છા કરીએ છીએ." [૧૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે અણીમાંડવ્યોપાખ્યાનમાં અધ્યાય ૧૦૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૮ મો–માંડવ્ય ઋષિનું ઉપાખ્યાન [ચાલુ]

॥ वैशंपायन उवाच ॥

ततः स मुनिशार्दूलस्तानुवाच तपोधनान् ॥
दोषतः कं गमिष्यामि न हि मेन्योऽपराध्यति॥

વૈશંપાયન કહે છેઃ–પછી તે મુનિશાર્દૂલ માંડવ્યે તે તપોધનોપ્રત્યે કહ્યું કેઃ–"હું કોને દોષ આપુ ? મને બીજો કોઇ દુઃખ આપી શકે-જ નહિ; અર્થાત્ મારાં કરેલાં કર્મનેજ હું ભોગવું છું."[૧] હે નરાધિપ ! પછી ઘણા દિવસ થતાં તેમને જીવતા રહેલા જોઇને રક્ષકોએ રાજા આગળ જઈને થયેલું વૃત્તાંત જણાવ્યું. તેઓનાં વચન સાંભળીને રાજા મંત્રીઓની સાથે સલાહ કરીને ત્યાં ગયો અને શૂળ ઉપર ચઢાવેલા તે ઋષિશ્રેષ્ઠને પ્રસન્ન કરવા લાગ્યો.[૨-૩]

રાજા બોલ્યોઃ–"હે ઋષિશ્રેષ્ઠ ! મેં અજ્ઞાન-થી મૂઢ થઈને તમારો જે અપરાધ કર્યો છે તે માટે હું તમારી ક્ષમા ઇચ્છું છું. મારાપ્રત્યે તમારે ક્રોધ કરવો ઉચિત નથી."[૪] આ પ્રમાણે રાજાએ કહ્યું, ત્યારે મુનિએ તેના ઉપર કૃપા કરી. પછી પ્રસન્ન થયેલા મુનિને રાજાએ શૂળી ઉપર-થી ઉતાર્યા.[૫] શૂળીના અગ્ર ઉપરથી ઉતારી રાજાએ તે શૂળનું ફળું ખેંચી કાઢવા માંડ્યું, પરંતુ તે નીકળી શક્યું નહિ, એટલે તેણે તેને મૂળમાંથી કાપી નાખ્યું.[૬] આ પ્રમાણે અણીનો ભાગ મુનિના શરીરમાંજ રહ્યો એટલે તેની સાથે-જ મુનિ તપ કરવા લાગ્યા અને તે ઉગ્ર તપથી તેમણે બીજાઓને દુર્લભ એવા લોકોનો વિજય કર્યો. આ રીતે અણીસાથે તપ કરવાથી લોકોમાં તે અણીમાંડવ્ય કહેવાયા.

· એક વખતે પરમાત્મતત્ત્વને જાણનારા તે વિપ્ર ધર્મરાજાના સ્થાનમાં ગયા અને આસન ઉપર બેઠેલા ધર્મને જોઈને તે સમર્થ મુનિ ઠપકો આપીને કહેવા લાગ્યા કેઃ–" મેં અજાણપણામાં એવું શું પાપકર્મ કર્યું હતું કે જે પાપનું ફલ મારે એ પ્રકારથી ભોગવવું પડયું ? મને તે યથાર્થ રીતે સત્વર કહો અને પછી તમે મારાં તપનું બલ જુઓ." ૭–૧૦

ધર્મ કહે છેઃ–" હે તપોધન ! તમે પતંગિયાના પુછડામાં સળી ખોશી હતી, તે કર્મનું તમને એવું ફલ પ્રાપ્ત થયું છે.[૧૧] જેમ થોડું આપેલું દાન વૃદ્ધિ પામીને ઘણું થઈ જાય છે, તેમજ હે વિપ્રર્ષે ! થોડો અધર્મ પણ બહુ દુઃખફલને આપનારો થાય છે. "[૧૨]

અણીમાંડવ્ય બોલ્યાઃ– " મેં તે પાપ કયી વખતે કર્યું હતું, તે મને સત્યથી કહો. "

ધર્મરાજાએ કહ્યું કેઃ–તમે બાલભાવમાં તે પાપ કર્યું હતું." [૧૩]

અણીમાંડવ્યે કહ્યુંઃ–" જન્મથી આરંભી બાર વર્ષસુધીનું બાલક જે કંઈ કરે તે અધર્મ ગણાય નહિ; કારણ કે તેને ધર્મશાસ્ત્રોનું જ્ઞાન હોતું નથી.[૧૪] મારા અલ્પ અપરાધમાં પણ તમે મને મહાન દંડ કર્યો છે; કારણ કે સર્વ પ્રાણીના વધ કરતાં પણ બ્રાહ્મણને પીડા આપવી તે વધારે ગણાય છે;[૧૫] માટે ઓ ધર્મ ! તું મનુષ્ય થઈને શૂદ્રયોનિમાં અવતરીશ. વળી આજે હું ધર્મફલના ઉદયને માટે લોકમાં મર્યાદા બાંધું છું કે,[૧૬] બાલક ચૌદ વર્ષનું થાય ત્યાંસુધી તેને પાપ લાગશે નહિ; પણ પછીથી પાપ કરનારને દોષ પ્રાપ્ત થશે."[૧૭]*

વૈશંપાયન કહે છેઃ–આ અપરાધવડે તે મહાત્માનો શાપ થવાથી ધર્મરાજા વિદુરના રૂપથી શૂદ્ર યોનિમાં ઉત્પન્ન થયા હતા.[૧૮] તે વિદુર ધર્મ તથા અર્થમાં કુશલ, લોભ અને ક્રોધથી રહિત, દીર્ઘ દૃષ્ટિવાળા, શાંતિપરાયણ અને કુરુઓના હિતમાં તત્પર હતા.[૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે અણીમાંડવ્યોપાખ્યાન નામનો અધ્યાય ૧૦૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૦૯–પાંડુનો રાજ્યાભિષેક

॥ वैशंपायन उवाच ॥

तेषु त्रिषु कुमारेषु जातेषु कुरुजांगलम् ॥
कुरवोऽथ कुरुक्षेत्रं त्रयमेतदवर्धत ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ– તે ત્રણ કુમારોના જન્મથી, કુરુજાંગલ દેશ, કુરુઓ અને કુરુક્ષેત્ર, એ ત્રણેની ચઢતી થવા લાગી.[૧] એ ભૂમિમાં ઘણું ધાન્ય પાકવા લાગ્યું, ધાન્ય રસકસવાળું થવા લાગ્યું, મેઘ પોતાની ઋતુમાં જોઇએ તેટલો વર્ષવા લાગ્યો, ઝાડોને પુષ્કળ ફળ તથા પુષ્પો આવવા લાગ્યાં,[૨] અશ્વાદિ વાહનો હૃષ્ટપુષ્ટ થવા લાગ્યાં, પશુપક્ષીઓ પણ આનંદ પામવા લાગ્યાં,[૩] શિલ્પિઓ તથા વેપારીઓથી નગરો ભરાવા લાગ્યાં, શૂરાઓ તથા વિદ્વાનો અને સજ્જનો સુખી થવા લાગ્યા,[૪] તે વખતે ચોરો અને અધર્મમાં રુચિવાળાં કોઈ પણ મનુષ્યો ન હતાં; એટલુંજ નહિ પણ રાજ્યના અન્ય દેશોમાં પણ તે વખતે સત્ય યુગ પ્રવર્તવા લાગ્યો હતો.[૫] ધર્મક્રિયાવાળી, યજ્ઞશીલ, સત્ય વ્રતમાં તત્પર તથા પરસ્પરમાં પ્રીતિવાળી એવી પ્રજા તે વખતે

* " ચૌદ વર્ષ પછી પાપકર્મનો દોષ લાગશે" એ પુરાતન મત છે. ખરી રીતે તો પાપનું જ્ઞાન ન હોય ત્યાંસુધી પાપ લાગે નહિ, એમ પૂર્વોક્ત પાપજ્ઞાનાભાવ એ હેતુથી સમજાય છે; એટલે પાંચ વર્ષની અંદરજ દોષ લાગે એવો નહિ, વિદ્વાનોનો અભિપ્રાય છે; નહિ તો કલિના છેવટના કાલમા અલ્પ આયુષ્ય હોવાથી પાપના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. પં૦ ની૦

વૃદ્ધિ પામવા લાગી હતી. ૬ માન, ક્રોધ તથા લોભવિનાના નરો તે વખતે અન્યોન્યને આનંદ આપતા હતા તથા ધર્મને મુખ્ય રાખીને અર્થ અને કામને સેવતા હતા. ૭ વળી તે વખતે મહાન સમુદ્રની પેઠે વસ્તીથી પૂર્ણ ભરાયલું નગર પણ અભ્રસમૂહના જેવા દરવાજા તથા કમાડોના સમુદાયથી અને સેંકડો મહાલયોની ભીડથી મહેંદ્રપુરના જેવું શોભતું હતું. તે વખતે નદીઓમાં, વનવિભાગોમાં, વાવોમાં, અલ્પ જલાશયોમાં, પર્વતનાં શિખરો ઉપર તથા રમ્ય વનોમાં લોકો આનંદયુક્ત થઈને વિહાર કરતા હતા. ઉત્તરવિભાગના કુરુઓની સાથે દક્ષિણ કુરુના લોકો સ્પર્ધા કરતા હતા તથા તેઓ દેવર્ષિઓ અને ચારણો સાથે પણ સ્પર્ધા કરતા વિચરતા હતા. ૮-૧૦ કુરુઓએ પુષ્ટ બનાવેલા તે સુંદર દેશમાં કોઈ પુરુષ કૃપણ ન હતો, તેમજ સ્ત્રીઓ વિધવા થતી ન હતી. ૧૧ તે રાજ્યમાં કૂવા વાવો, બગિચાઓ, સભાઓ અને બ્રાહ્મણોનાં ઘરો –સર્વ સમૃદ્ધિથી યુક્ત તથા સદા ઉત્સવવાળાં થયાં હતાં. ૧૨ હે રાજન્! ભીષ્મે સર્વ પ્રકારથી રક્ષણ કરાયલો તે દેશ રમણીય અને સેંકડો યજ્ઞસ્તંભોથી ચિહ્નિત થયો હતો. ૧૩ વળી બીજાં રાજ્યોના લોકો સુખની ઈચ્છા કરતા ત્યાં આવી વસવાથી તે દેશ ઘણો વૃદ્ધિ પામ્યો હતો તથા રાજ્યમાં ભીષ્મે પ્રવર્તાવેલું ધર્મચક્ર પ્રવર્તવા લાગ્યું હતું. ૧૪

જ્યારે મહાત્મા કુમારોને જાતકર્માદિ સંસ્કારો ક્રમે ક્રમે કરવા માંડ્યા, ત્યારે નગરના અને દેશના સઘળા લોકો પરમ ઉત્સાહમાં આવી ગયા હતા; ૧૫ અને હે નરાધિપ ! કુરુમાં મુખ્યોનાં અને પુરવાસીઓનાં ઘરોમાં 'દાન આપો, ભોગ ભોગવો' એવી વાણીઓ ચોતરફથી સંભળાતી હતી. ૧૬ ધૃતરાષ્ટ્ર, પાંડુ અને મહાબુદ્ધિમાન વિદુરને જન્મથીજ ભીષ્મે પોતાના પુત્રની પેઠે પાળ્યા હતા; ૧૭ પછી વિધયુક્ત સંસ્કારોથી સંસ્કાર પામેલા તેઓ બ્રહ્મચર્યપૂર્વક વેદાધ્યયન કરતા તથા શાસ્ત્રનું અધ્યયન અને બાહુયુદ્ધાદિ યુદ્ધોનો અભ્યાસ કરતા ક્રમે ક્રમે યૌવનમાં આવ્યા. ૧૮ ધનુર્વેદમાં, વેદમાં, ગદાયુદ્ધમાં, ઢાલતરવારના યુદ્ધમાં, હસ્તિશિક્ષામાં અને નીતિશાસ્ત્રમાં તેઓ પારંગત થયા હતા. ૧૯ વળી ઇતિહાસ, પુરાણો અને નાનાવિધ શિક્ષણોમાં સુશિક્ષિત કરેલા તથા વેદ અને વેદાંગોના તત્ત્વને જાણનારા એવા તેઓ સર્વ વિદ્યામાં નિશ્ચય પામ્યા હતા. ૨૦ તે કુમારોમાં પરાક્રમી પાંડુ, ધનુર્વિદ્યામાં સર્વ નરો કરતાં અધિક થયો હતો. રાજા ધૃતરાષ્ટ્ર બીજા બધાથી બલવાન હતો ૨૧ અને ત્રણ લોકમાં વિદુરના જેવો તો કોઈ હતોજ નહિ; કારણ કે તે નિત્ય ધર્મપરાયણ તથા પરમ ધર્મરૂપ આત્મદર્શનને પામેલા હતા. ૨૨ આ પ્રમાણે શાંતનુનો નષ્ટ થયેલો વંશ પુનઃ ઉદ્ધાર પામેલો જોઈને સર્વ રાજ્યોમાં અને લોકોમાં તેની પ્રશંસા થવા લાગી કે, ૨૩ "વીર પુત્રોને ઉત્પન્ન કરવામાં કાશિરાજની પુત્રીઓ, દેશોમાં કુરુજાંગલદેશ, સર્વ ધર્મવેત્તાઓમાં ભીષ્મ અને નગરોમાં હસ્તિનાપુરજ શ્રેષ્ઠ છે." ૨૪

હવે ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી તેને રાજ્ય મળ્યું નહિ; વિદુર પારસવ (શૂદ્રીમાં બ્રાહ્મણથી થયેલા) હોવાથી તેને પણ રાજ્ય મળ્યું નહિ, એટલે પાંડુને રાજ્યાભિષેક થયો. ૨૫ પછી એક વખતે સર્વ નીતિમાનમાં શ્રેષ્ઠ એવા ભીષ્મ ધર્મતત્ત્વને જાણનારા વિદુરને યથોચિત વાક્ય કહેવા લાગ્યા. ૨૬

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પાંડુરાજ્યાભિષેક નામનો અધ્યાય ૧૦૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૧૦ મો—ધૃતરાષ્ટ્રનાં ગાંધારી સાથે લગ્ન

॥ भीष्म उवाच ॥

गुणैः समुदितं सम्यगिदं नः प्रथितं कुलम् ॥ अत्यन्यान्पृथिवीपालान् पृथिव्यामधिराज्य-भाक् ॥ १ ॥

ભીષ્મ બોલ્યાઃ—"હે વિદુર ! આપણું આ પ્રખ્યાતિ પામેલું કુળ ગુણોવડે સારીપેઠે પ્રકાશી નીકળ્યું છે તથા અન્ય રાજાઓના કરતાં પૃથ્વીમાં અધિરાજ્ય ભોગવતું થયું છે.[૧] પૂર્વે ધર્મવેત્તા મહાત્મા રાજાઓથી રક્ષણ કરાયલું આપણું કુળ કોઇ વખત પૃથ્વીમાં ઉચ્છેદ પામ્યું નથી;[૨] અને હમણાં મેં, સત્યવતીએ તથા મહાત્મા વ્યાસે કુલને વિસ્તાર કરનારા એવા તમોને ઉત્પન્ન કરીને ફરીથી તેનું સ્થાપન કર્યું છે;[૩] માટે એ કુળ સમુદ્રની પેઠે જે રીતે પુષ્કળ વૃદ્ધિ પામે તે રીતે મારે અને તમારે કરવાનું છે, એમાં સંશય નથી.[૪] આપણા કુળને માટે યોગ્ય એવી એક યદુકન્યા, બીજી સુબલ રાજાની પુત્રી અને ત્રીજી મદ્રરાજની પુત્રી મેં સાંભળી છે.[૫] હે પુત્ર ! તે કન્યાઓ કુલીન તથા રૂપવતીઓ છે અને તે ક્ષત્રિયશ્રેષ્ઠો પણ આપણા સંબંધને માટે સર્વ રીતે યોગ્ય છે.[૬] હે બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ ! આપણા કુલના વિસ્તારને માટે તે કન્યાઓનાં માગાં કરવાં, એમ હું માનું છું. હે વિદુર! તમે એમાં શું ધારો છો?"[૭]

વિદુર બોલ્યાઃ—"અમારા પિતા, માતા અને પરમ ગુરુ તમેજ છો; માટે તમેજ પોતે વિચાર કરીને આ કુલને માટે જે હિત હોય તે કરો."[૮]

વૈશંપાયન કહે છેઃ—તે પછી કુરુપિતામહ ભીષ્મે બ્રાહ્મણોના મુખથી સાંભળ્યું કે, સુબલ રાજાની પુત્રી ગાંધારીએ ભગનાં નેત્રને હરણ કરનારા એવા વરદાન આપનારા દેવ શંકરનું આરાધન કરીને સો પુત્ર થવાનું વરદાન મેળવ્યું છે.[૯,૧૦] હે ભારત! તે ઉપરથી ભીષ્મે ગાંધાર દેશના સુબલ રાજાની પાસે માગુ કરવા દૂતને મોકલ્યો; પરંતુ ધૃતરાષ્ટ્ર અંધ છે, એ કારણથી સુબલ રાજા વિચારમાં પડી ગયો.[૧૧] પછી ધૃતરાષ્ટ્રનું કુલ, ખ્યાતિ અને વર્તનનો બુદ્ધિથી વિચાર કરીને સુબલ રાજાએ ધર્મચારિણી ગાંધારી ધૃતરાષ્ટ્રને આપવાનો નિશ્ચય કર્યો.[૧૨] હે ભારત! જ્યારે ગાંધારીએ ધૃતરાષ્ટ્રને નેત્રવિનાના સાંભળ્યા તથા પોતાનાં માતાપિતાએ તેની સાથે પોતાનાં લગ્ન કરવા નિશ્ચય કરેલો છે એમ સાંભળ્યું, ત્યારે હે રાજન્! 'મારે પતિની ઈર્ષ્યા કરવી પડે નહિ,' એવા નિશ્ચયથી તે પતિવ્રતપરાયણા ગાંધારીએ એક વસ્ત્ર લઇને તેની જાડી ગડી કરીને પોતાની આંખે પાટો બાંધી દીધો.[૧૩,૧૪] તે પછી ગાંધારરાજનો પુત્ર શકુની યૌવન અને શોભાથી સંપન્ન એવી પોતાની બહેનને લઈને કૌરવોને ત્યાં આવ્યો; અને જેનો પરમ સત્કાર કરેલો એવી ગાંધારીને ભીષ્મની સંમતિથી ધૃતરાષ્ટ્રસાથે પરણાવી.[૧૫] વીર શકુની, બહેનને આપી તથા યોગ્ય પહેરામણી આપીને ભીષ્મથી સન્માન પામી પુનઃ પોતાના નગરપ્રત્યે ગયો.[૧૭] હે ભારત! પછી સુંદર જઘનવાળી ગાંધારીએ પણ પોતાનાં શીલ, આચાર તથા કાર્યોથી સર્વે કુરુઓને સંતોષ ઉત્પન્ન કર્યો.[૧૮] પતિપરાયણા અને સદાચારવાળી ગાંધારી પોતાના વર્તનથી સર્વ વડીલોને પ્રસન્ન કરતી હતી તથા અન્ય પુરુષોને વાણીથી પણ પ્રત્યુત્તર આપતી ન હતી.[૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ધૃતરાષ્ટ્રવિવાહ નામનો અધ્યાય ૧૧૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૧૧-કર્ણની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

शूरो नाम यदुश्रेष्ठो वसुदेवपिताऽभवत् ॥
तस्य कन्या पृथा नाम रूपेणाप्रतिमा भुवि॥१॥

વૈશંપાયન કહે છેઃ–યદુઓમાં શ્રેષ્ઠ એવા શૂરસેન નામના વસુદેવના પિતા હતા. તેની પૃથ્વીમાં અતુલ રૂપવાળી પૃથા નામની કન્યા હતી.[1] હે ભારત! શૂરસેને સંતતિવિનાના પોતાની ફોઈના છોકરા કુંતિભોજને પોતાને પ્રથમ જે પ્રજા થાય તે આપી દેવાની પ્રતિજ્ઞા કરી હતી. તે પ્રમાણે પ્રથમ ઉત્પન્ન થયેલી કન્યા પૃથા, સત્ય વચનવાળા શૂરસેને, કૃપા ઇચ્છતા પોતાના મહાત્મા મિત્ર કુંતિભોજને આપી દીધી હતી.[2,3] પિતા કુંતિભોજને ત્યાં રહેલી પૃથાને બ્રાહ્મણો તથા અતિથિઓની પૂજા કરવાનું કામ સોંપેલું હતું. એક વખતે પિતાને ત્યાં આવેલા ઉત્તમ વ્રતવાળા, ધર્મમાં ગુપ્ત નિશ્ચયવાળા, એવા ઉગ્ર બ્રાહ્મણ કે જેને દુર્વાસા નામથી લોકો ઓળખે છે, તેમની તેણે સેવા કરવા માંડી અને તે ઉગ્રપ્રકૃતિના તથા વશ્ય અંતઃકરણવાળા ઋષિને સર્વ યત્નથી પ્રસન્ન કર્યા.[4,5] તેથી સંતાનપ્રતિબંધરૂપી આગળ આવનારી આપત્તિ જોઇને દુર્વાસાએ કુંતીને આકર્ષણ તથા વશીકરણની સાથે મંત્ર આપ્યો[6] અને કહ્યું કે, આ મંત્રથી તું જે જે દેવને બોલાવીશ તે દેવના પ્રભાવથી તને પુત્ર ઉત્પન્ન થશે.[7]

આ પ્રમાણે દુર્વાસાએ કહ્યું, ત્યારે કુંતીને કુતૂહલ ઉત્પન્ન થયું; અને તે યશસ્વિનીએ પોતે કન્યા છતાં સૂર્યદેવનું મંત્રથી આવાહન કર્યું.[8] એટલે લોકનું યોગક્ષેમ કરનારા ભાસ્કર દેવને તેણે આવતા દીઠા. આ મહાન આશ્ચર્ય જોતાંજ સ્તુત્ય અંગવાળી કુંતી વિસ્મય પામી.[9] પછી સૂર્યદેવ કુંતીની આગળ આવીને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–"હે શ્યામ કટાક્ષવાળી! આ હું આવ્યો છું બોલ તારૂં શું કાર્ય કરૂં?"[10]

કુંતી કહે છેઃ–"હે શત્રુને હણનારા! મને કોઇ બ્રાહ્મણે વિદ્યા તથા વરદાન આપ્યું હતું. હે વિભો! તેનું સત્ય જોવાને માટેજ મેં તમારૂં આવાહન કર્યું છે.[11] આ અપરાધને માટે હું માથું નમાવીને તમારી ક્ષમા યાચું છું. સ્ત્રીઓ અપરાધવાળી હોય તોપણ હમેશ રક્ષણ કરવા યોગ્યજ છે."[12] સૂર્યે કહ્યુંઃ–"દુર્વાસાએ વરદાન આપ્યું છે તે હું સઘળું જાણું છું. તું ભય છોડી દે અને મારો સંગ કર.[13] હે શુભે! મારૂં દર્શન નિષ્ફલ જાય તેવું નથી; અને તારા બોલાવવાથી હું આવ્યો છું, માટે હે ભીરુ! મને નિષ્ફલ બોલાવવાથી પણ તને દોષ લાગશે એ નિઃસંશય છે."[14]

વૈશંપાયન કહે છેઃ–હે ભારત! આ પ્રમાણે સાંત્વનપૂર્વક વિવસ્વાને ઘણું ઘણું કહ્યું, પણ તે સુંદર જઘનવાળી યશસ્વિની કુંતી બંધુઓના ભયથી તથા લજ્જાથી અને 'હું કન્યા છુ" એવા વિચારથી સૂર્યના સંયોગને ઇચ્છતી ન હતી. હે ભરતકુલમાં શ્રેષ્ઠ! ત્યારે વળી સૂર્યે આ પ્રમાણે કહ્યુંઃ–[15,16] "હે રાજપુત્રિ! મારી કૃપાથી તારા કન્યાપણાને દોષ લાગશે નહિ." કુંતિરાજની પુત્રીને આ પ્રમાણે કહીને પ્રકાશકર્તા ભગવાન સૂર્યે તેની સાથે સમાગમ કર્યો અને ત્યાંજ સર્વ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવો વીર પુત્ર ઉત્પન્ન થયો; કે જે કવચધારી, શોભાસંપન્ન, દેવગર્ભના જેવો ઐશ્વર્યવાન, સહજ કવચધારી અને કુંડલવડે પ્રકાશિત મુખવાળો સર્વલોકમાં પ્રસિદ્ધ એવો કર્ણ નામથી પ્રસિદ્ધ થયો.[17-19]

પછી પરમ તેજસ્વી સૂર્યે પુનઃ કુંતીને કન્યાપણું આપ્યું અને તાપ આપનારામાં શ્રેષ્ઠ એવા સૂર્ય ત્યાંથી સ્વર્ગમાં ચાલ્યા ગયા.[20] વૃષ્ણિવંશની કન્યા કુંતી ઉત્પન્ન થયેલા કુમારને જોઇ દીન મનવાળી થઇ અને એકાગ્ર મન કરીને વિચાર કરવા લાગી કે, 'શું કરવાથી મેં સારૂં કરેલું ગણાય?'[21] પછી બંધુપક્ષના ભયથી પોતાનો અનાચાર ઢાંકવાને કુંતીએ મહા બલ-

વાળા તે કુમારને પાણીમાં મૂકી દીધો.[૨૨] જલમાં ફેંકેલા તે બાલકને મહાયશસ્વી રાધાના પતિ સૂતપુત્ર અધિરથે લઇને પોતાની સ્રીની સાથે તેને પુત્ર કરીને રાખ્યો.[૨૩] તે બન્નેએ તે બાલકનું નામ પાડયું કે, આ બાલક વસુ (કુંડલાદિ ધનની) સાથે ઉત્પન્ન થયો છે માટે એ વસુષેણ કહેવાશે.[૨૪] પછી તે બલવાન કુમાર મોટો થતાં સર્વ અસ્રમાં કુશલ થવા લાગ્યો. વળી સૂર્ય પશ્ચિમ તરફ નમી જાય ત્યાંસુધી તે વીર્યવાન કુમાર સૂર્યનું આરાધન કરતો હતો.[૨૫] જે વખતે તે બુદ્ધિમંત વીર જપ કરતો હોય તે વખતે આ પૃથ્વીમાં બ્રાહ્મણને નહિ આપવા જેવું ધન વગેરે કંઇ પણ તેને ન હતું; અર્થાત્ બ્રાહ્મણ જે માગે તે એ આપતો હતો.[૨૬]

એક વખતે અર્જુનના હિતમાં તત્પર એવા ઇંદ્ર બ્રાહ્મણનું રૂપ લઇને ભિક્ષા લેવાને તેની પાસે આવ્યા અને તેનું કવચ માગ્યું.[૨૭] તે વખતે કર્ણે પોતાના શરીર ઉપરનું પોતાની સાથેજ થયેલું કવચ ઉતરડી કાઢયું અને બ્રાહ્મણરૂપધારી ઇંદ્રને હાથ જોડીને તે આપી દીધું.[૨૮] તે કવચને લઇ વસુષેણના આ કામથી પ્રસન્ન થયેલા સુરપતિ ઇંદ્રે તેને એક શક્તિ આપી અને કહ્યું કે,[૨૯] દેવો, અસુરો, મનુષ્યો, ગંધર્વો, નાગો અને રાક્ષસોમાંથી જે એકને તું જીતવાની ઇચ્છા કરીશ તે આ શક્તિથી મરણ પામશે.[૩૦] પ્રથમ પૃથ્વીમાં તે વસુષેણ નામથી કહેવાતો હતો પણ જ્યારે તેણે સહજ કવચનું વિશેષવડે કર્ત્તન કર્યું ત્યારથી તે વૈકર્તન તથા કર્ણ એ નામથી કહેવાવા લાગ્યો.[૩૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે કર્ણસંભવ નામનો
અધ્યાય ૧૧૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૧૨–કુંતીની સાથે પાંડુનાં લગ્ન

॥ वैशंपायन उवाच ॥
सत्त्वरूपगुणोपेता धर्मारामा महाव्रता ॥
दुहिता कुंतिभोजस्य पृथा पृथुललोचना ॥१॥

વૈશંપાયન કહે છેઃ–કુંતિભોજની વિશાલ નેત્રવાળી પુત્રી પૃથા, ધર્મનિષ્ઠાવાળી, મહાન વ્રત કરનારી અને સત્ત્વ, રૂપ તથા ગુણથી સંપન્ન હતી.[૧] રૂપ તથા યૌવનથી શોભતી અને સ્રીઓના ગુણોથી અત્યંત યુક્ત એવી તે તેજસ્વિની કન્યાનું કેટલાક રાજાઓ માગુ કરતા હતા.[૨] ત્યારે હે રાજસત્તમ! તેના પિતા કુંતિભોજ રાજાએ પોતાની પુત્રીને સ્વયંવરથી આપવાનો નિશ્ચય કર્યો અને તેને માટે અનેક રાજાઓને બોલાવ્યા.[૩] પછી ઉદાર ચિત્તવાળી કુંતીએ રંગમંડપમાં સર્વે રાજાઓ બેઠા હતા તેના મધ્યમાં ભરતકુલમાં શ્રેષ્ઠ, રાજાઓમાં વ્યાઘ્ર જેવા, સિંહના સમાન દર્પવાળા, વિશાળ છાતીવાળા અને વૃષભના જેવાં નેત્રવાળા મહા બલવાન પાંડુ રાજાને, સૂર્યની પેઠે સર્વ રાજાની કાંતિ ઢાંકી દઇને રાજસભામાં બીજા ઇંદ્રની પેઠે બેઠેલા જોયા. સ્તુત્ય અંગવાળી કુંતિભોજની શુભ પુત્રી રંગમંડપમાં નરવર પાંડુને જોઇને હૃદયથી વ્યાકુળ થઇ ગઇ. પછી કામથી જેનું અંગ વ્યાપ્ત થયેલું તથા એકી વખતે જેનું ચિત્ત ચલિત થયેલું એવી કુંતીએ લજવાતાં લજવાતાં પાંડુરાજાના ખભા ઉપર વરમાલા નાખી. આ રીતે કુંતીએ પાંડુને પસંદ કરેલા જોઇને સર્વ રાજાઓ હાથીઓ, ઘોડાઓ અને રથો લઇને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ચાલ્યા ગયા. હે રાજન્! પછી કુંતીના પિતાએ તેનાં લગ્ન કર્યાં.[૪–૯] તે અતુલ સૌંદર્યવાળા કુરુનંદન પાંડુ, કુંતિભોજની કુંવરીસાથે ઇંદ્ર જેમ ઇંદ્રાણીસાથે જોડાય તેમ જોડાયા. હે રાજેંદ્ર! આ રીતે કુંતિભોજ રાજાએ કુંતી અને પાંડુનાં લગ્ન કરીને તથા નાનાવિધ પહેરામણીથી તેમનું સન્માન કરીને હે કુરુ-

સત્તમ! પાંડુરાજાને પોતાના નગરપ્રત્યે વિદાય કર્યા.[૧૦-૧૧]પછી અનેક ધ્વજાપતાકાવાળા મોટા સૈન્યની સાથે નીકળેલા અને બ્રાહ્મણો તથા મહર્ષિઓના આશીર્વાદથી સ્તુતિ કરાયલા એવા કૌરવનંદન પાંડુરાજા પોતાના નગરમાં આવ્યા અને પોતાની ભાર્યા કુંતીને પોતાના ભવનમાં નિવાસ આપ્યો.[૧૨-૧૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે કુંતીવિવાહ નામનો અધ્યાય ૧૧૨મો સમાપ્ત

અધ્યાય ૧૧૩–પાંડુનાં માદ્રી સાથે લગ્ન તથા દિગ્વિજય

॥ वैशंपायन उवाच ॥

ततः शांतनवो भीष्मो राज्ञः पांडोर्यशस्विनः ॥
विवाहस्यापरस्यार्थे चकार मतिमान्मतिम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી શાંતનુના બુદ્ધિમાન પુત્ર ભીષ્મે યશસ્વી પાંડુરાજાનું બીજું લગ્ન કરવાની ઇચ્છા કરી;[૧] અને તેથી તે વૃદ્ધ પ્રધાનો, મહર્ષિઓ, બ્રાહ્મણો અને ચતુરંગિણી સેનાને સાથે લઇને મદ્રરાજના નગરપ્રત્યે ગયા.[૨] વાહિકોમાં શ્રેષ્ઠ એવો તે રાજા પોતાને ત્યાં આવેલા ભીષ્મને સાંભળીને સામો લેવા ગયો અને ત્યાં તેમનું પૂજન કરીને નગરમાં તેડી લાવ્યો.[૩] ભીષ્મને બેસવા માટે મદ્રરાજે ધોળું આસન આપ્યું તથા પાદ્ય, અર્ઘ્ય અને મધુપર્ક આપીને આવવાનું કારણ પૂછયું.[૪] ત્યારે કુરુકુલને વહન કરનારા ભીષ્મે મદ્રરાજને આ પ્રમાણે ઉત્તર આપ્યોઃ–"હે શત્રુને દમન કરનારા! હું કન્યાને અર્થે અહીં આવ્યો છું એ તમને વિદિત થાઓ.[૫] તમારી યશસ્વિની એવી માદ્રી નામની બ્હેન સંભળાય છે તે યશસ્વિનીનું હું પાંડુને માટે માગું કરૂં છું.[૬] હે રાજન્! તમે અમારી સાથે સંબંધ બાંધવા યોગ્ય છો, તેમજ અમે પણ તમારે માટે યોગ્ય છીએ. હે મદ્રેશ! એ ધ્યાનમાં લઇને તમે અમારો સંબંધ વિધિપૂર્વક સ્વીકારો."[૭]

આ પ્રમાણે બોલતા ભીષ્મપ્રત્યે મદ્રરાજ કહેવા લાગ્યોઃ–"તમારા કુળના વરથી બીજો વર શ્રેષ્ઠ નથી એમ મારૂં માનવું છે;[૮] પણ અમારા કુળમાં પૂર્વના નૃપશ્રેષ્ઠોએ સારો અથવા ખોટો જે કંઇ આચાર પ્રવર્તાવેલો છે, તેને હું ઉલ્લંઘી શકતો નથી.[૯] એ રિવાજ નિઃસંશય તમને પણ સ્પષ્ટ રીતે વિદિત છે;પરંતુ હે સજ્જનોમાં શ્રેષ્ઠ! તમે તે આપો,એમ કહેવું તે પણ યોગ્ય નથીજ.[૧૦] હે વીર! તે અમારો કુલધર્મ છે અને તેને અમે પરમ પ્રમાણભૂત માનીએ છીએ, એટલે હે શત્રુહંતા! તમને હું ચોખ્ખી વાત કહી શકતો નથી."[૧૧]

આવું સાંભળીને મદ્રરાજપ્રત્યે જનાધિપ ભીષ્મ કહેવા લાગ્યાઃ–"હે રાજન્! કુલાચાર એ પરમ ધર્મ છે અને તે પોતે સ્વયંભૂએ કહેલો છે.[૧૨] એમાં તમારો કંઇપણ દોષ નથી; કારણ કે પૂર્વજોએ એ વિધિ કરેલો છે.હે શલ્ય! સાધુપુરુષોએ માન આપેલી એ મર્યાદાને તમે પણ જાણો છો." આ પ્રમાણે કહીને તે મહા તેજસ્વી ગંગાપુત્ર ભીષ્મે ઘડેલું સોનું,ઘડયા વિનાનું સોનું, વિવિધ જાતનાં હજારો રત્નો, હાથીઓ, ઘોડાઓ, રથો, વસ્ત્રો, અલંકારો, મણિ, મોતી, પરવાળાં વગેરે સુંદર ધન શલ્યરાજાને આપ્યું.[૧૩-૧૫] તે સર્વ ધન લઇને શલ્ય પ્રસન્ન થયો અને તેણે પોતાની બ્હેનને સારી પેઠે શણગારી કુરુશ્રેષ્ઠ ભીષ્મને સોંપી.[૧૬] તે માદ્રીને લઇ ગંગાપુત્ર બુદ્ધિમાન ભીષ્મ પોતાની નગરી તરફ આવવા નીકળ્યા અને તેમણે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.[૧૭] તે પછી સત્પુરુષોએ માન્ય કરેલો શુભ દિવસ અને શુભ મુહૂર્ત આવતાં પાંડુરાજાએ વિધિપૂર્વક માદ્રીની સાથે લગ્ન કર્યાં.[૧૮] વિવાહકૃત્ય થઇ ગયા પછી કુરુનંદન પાંડુરાજાએ ભાવવાળી માદ્રીને સારા મહેલમાં મુકામ આપ્યો.[૧૯]

પછી રાજેંદ્ર પાંડુ પોતાની કુંતી તથા માદ્રી, એ બે રાણીઓની સાથે ઇચ્છાપૂર્વક સુખ થાય તેમ વિહાર કરવા લાગ્યા.[૨૦] હે પ્રભો ! આ પ્રમાણે તે કૌરવરાજા ત્રીસ રાત્રિ વિહાર કરીને પછી પૃથ્વીનો વિજય કરવાની ઇચ્છાથી નગરબહાર નીકળ્યો.[૨૧] જતી વખતે પાંડુરાજાએ ભીષ્મ વગેરે વૃદ્ધોને, કૌરવ્ય ધૃતરાષ્ટ્રને તથા બીજા કુરુશ્રેષ્ઠોને અભિનંદન તથા પ્રણામ કરીને જવાની આજ્ઞા માગી; ત્યારે તેમણે અનુમોદન આપ્યું. પછી મંગલ આચારયુક્ત આશીર્વાદથી અભિનંદન પામીને હાથી, ઘોડા અને રથના સમૂહવાળા મોટા સૈન્યને લઇને રાજાએ ત્યાંથી પ્રયાણ કર્યું [૨૨,૨૩] આ પ્રમાણે દેવગર્ભના જેવા પાંડુરાજા વસુંધરાનો વિજય કરવા માટે હૃષ્ટપુષ્ટ સૈન્યની સાથે અનેક શત્રુઓના તરફ ચાલ્યા.[૨૪] પ્રથમ તેઓ દશાર્ણ દેશમાં ગયા અને ત્યાંના લુંટારા વગેરેને કૌરવના યશને ધારણ કરનારા પુરુષસિંહ પાંડુએ યુદ્ધમાં જીતી લીધા.[૨૫] પછી નાનાવિધ ધ્વજાવાળી તથા પુષ્કળ હાથી, ઘોડા, રથ અને પદાતિવાળી સેનાને લઇ પાંડુરાજાએ અનેક રાજાઓનો અપરાધી તથા બલથી ગર્વિત એવો મગધ દેશનો જે દીર્ઘ નામનો રાજા હતો તેને રાજગૃહ નામના નગરમાં માર્યો અને ત્યાંથી ભંડાર તથા ઘણાં વાહનો લઇને પાંડુરાજાએ મિથિલામાં જઇને ત્યાં યુદ્ધમાં વિદેહોને હરાવ્યા.[૨૬-૨૮] હે પુરુષોમાં શ્રેષ્ઠ ! એ પ્રમાણે કાશીમાં, સુહ્મ દેશમાં અને પુંડ્ દેશમાં પણ પોતાના બાહુબલના પ્રતાપથી પાંડુએ કુરુઓનો યશ ફેલાવ્યો.[૨૯] આ બાણના સમૂહરૂપી મહા જ્વાલાવાળા અને શસ્ત્રરૂપી તેજવાળા, શત્રુઓને દમન કરનારા પાંડુરૂપી અગ્નિને પ્રાપ્ત થઇને ઘણા રાજાઓ દગ્ધ થઇ ગયા.[૩૦] આ રીતે સેનાવાળા પાંડુએ મોટી સેનાવાળા ઘણા રાજાઓને નિર્બલ કરીને તથા પોતાને વશ કરીને કુરુઓના દાસ બનાવી દીધા હતા.[૩૧] પાંડુથી જીતાયલા તે સઘળા રાજાઓ પૃથ્વીમાં પાંડુરાજા એકલાનેજ દેવમાં ઇંદ્રની પેઠે શૂરવીર માનવા લાગ્યા[૩૨] અને સઘળા રાજાઓ અત્યંત નમ્ર થઇને હાથ જોડી પાંડુ આગળ ધન, વિવિધ રત્નો, મણિ, મોતી, પ્રવાલ, સુવર્ણ, પુષ્કળ રૂપું, રત્ન જેવી ગાયો, રત્ન જેવા ઘોડાઓ, રત્ન જેવા રથો, હાથીઓ, ગધેડાઓ, ઊંટો, ભેંસો તથા બકરાં વગેરે બીજાં પશુઓ; ઉત્તમ કંબલો, મૃગચર્મો, રંકુ મૃગના રૂંવાટાના ગાલીચા વગેરે ભેટમાં આપવા લાગ્યા. તે સઘળાંનો હસ્તિનાપુરના અધિપતિ પાંડુરાજાએ સ્વીકાર કર્યો.[૩૩,૩૫] તે બધું લઇને પાંડુરાજા ઉત્સાહી વાહનોની સાથે પોતાના રાજ્યની પ્રજાને હર્ષ આપવા ફરીથી હસ્તિનાપુર ગયા.[૩૬]

"રાજાઓમાં સિંહ જેવા શાંતનુની અને બુદ્ધિમંત ભરતની કીર્તિનો શબ્દ જે નાશ પામ્યો હતો તેને પાંડુએ ફરીથી મેળવ્યો;[૩૭] અને જે રાજાઓએ પહેલાં કુરુનાં રાજ્યો અને કુરુનાં ધનોનું હરણ કર્યું હતું, તે સઘળાને હસ્તિનાપુરના સિંહ પાંડુએ કર આપતા કરી દીધા."[૩૮] આ પ્રમાણે ત્યાં એકઠા થયેલા રાજાઓ અને પ્રધાનો પ્રસન્ન થઇને શુદ્ધ ચિત્તથી પ્રજાઓની આગળ કહેવા લાગ્યા;[૩૯] અને આવેલા પાંડુરાજાને લેવા માટે ભીષ્મને આગળ કરીને સઘળાઓ સામા ગયા. હસ્તિનાપુરથી થોડે દૂર ગયા એટલેજ તેમણે બહુ પ્રકારનાં ધનથી વીંટાયલા લોકોને તથા પાંડુને દીઠા. વળી અનેક વાહનોમાં ભરીને આણેલાં નાનાંમોટાં રત્નો જોયાં તથા રત્ન જેવા હાથી, ઘોડા, રથો, ગાયો, ઊંટો અને બકરાંઓને જોતાં ભીષ્મસહિત કૌરવોને તેનો પાર જડયો નહિ.[૪૦-૪૨] પછી કૌસલ્યાના આનંદને વધારનારા પાંડુએ પિતારૂપ ભીષ્મને પ્રણામ કર્યા અને બીજા નાગરિક લોકોને પણ યથાયોગ્ય માન આપ્યું.[૪૩] તે વખતે અનેક રાજ્યો અને નગરોને કચરી નાખીને કૃતાર્થ થઇ પાછા આવેલા પુત્રને આલિંગન કરતાં ભીષ્મને હર્ષથી આંસુ પડવા લાગ્યાં.[૪૪] પછી સેંકડો તુરી, શંખ અને ભેરીના મોટા શબ્દો સાથે બધા પૌરજનોને હર્ષ આપતા પાંડુરાજાએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.[૪૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પાંડુદિગ્વિજય નામનો અધ્યાય ૧૧૩મો સમાપ્ત.

અધ્યાય ૧૧૪ મો–પાંડુનો અરણ્યનિવાસ તથા વિદુરનાં લગ્ન

॥ वैशंपायन उवाच ॥

धृतराष्ट्राभ्यनुज्ञातः स्वबाहुविजितं धनम् ॥
भीष्माय सत्यवत्यै च मात्रे चोपजहार सः॥१॥

વૈશંપાયન કહે છે:–પછી ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી પાંડુએ પોતાના બાહુબલથી જીતેલું ધન ભીષ્મ અને માતા સત્યવતીને ભેટ કર્યું.[૧] વળી ધર્માત્મા પાંડુએ તેમાંથી વિદુરને ધન મોકલી આપ્યું અને સુહૃદ્વર્ગોને પણ ધનથી સંતુષ્ટ કર્યા.[૨] હે ભારત! પછી સત્યવતીએ પણ ભીષ્મને અને યશસ્વિની કૌસલ્યાને પાંડુના જીતેલા શુભ ધનથી સંતોષ આપ્યો.[૩] જેમ ઇંદ્રાણી પોતાના પુત્ર જયંતને ભેટીને આનંદ પામે, તેમ માતા કૌસલ્યા અતુલ તેજવાળા પુરુષશ્રેષ્ઠ પાંડુને ભેટીને આનંદ પામી.[૪] વળી તે વીરપાંડુના પરાક્રમથી મેળવેલા ધનવડે ધૃતરાષ્ટ્રે હજારો સેંકડો દક્ષિણાવાળા અશ્વમેધ જેવા* યજ્ઞથી યજન કર્યું.[૫]

હે ભરતકુલમાં શ્રેષ્ઠ! પછી કુંતી અને માદ્રીની પ્રેરણાથી પાંડુરાજા આલસ્યરહિત થઇને વનમાં ફરવા લાગ્યા.[૬] ઉત્તમ મહેલો અને સુંદર શય્યાઓનો ત્યાગ કરીને તે નિત્ય અરણ્યમાં મૃગયાપરાયણ થઈ ગયા હતા.[૭] આ પ્રમાણે હિમાલય પર્વતના દક્ષિણ ભાગમાં ફરતા પાંડુએ મહાન શાલવનવાળા પર્વતના પૃષ્ઠ ઉપર નિવાસ કર્યો હતો.[૮] કુંતી તથા માદ્રીસાથે વનમાં ફરતા પાંડુરાજા જેમ બે હસ્તિનીની વચ્ચે રહેલો શ્રીમાન ઇંદ્રનો હાથી શોભે તેમ શોભતા હતા.[૯] તે વખતે તરવાર, બાણ અને ધનુષને લઇને બે રાણીઓની સાથે ફરતા વિચિત્ર કવચવાળા તથા પરમાસ્ત્રવેત્તા એવા ભરતવંશી વીર પાંડુરાજાને વનવાસીઓ 'આ દેવ છે' એમ માનતા હતા.[૧૦] પાંડુરાજાના ઇચ્છિત વૈભવના પદાર્થો ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી આલસ્યરહિત પુરુષો નિરંતર વનમાં પણ લાવી આપતા હતા.[૧૧]

એક વખતે ગંગાપુત્ર ભીષ્મે દેવક રાજાને ત્યાં સ્વરૂપ અને યૌવનવાળી પારસવી (બ્રાહ્મણથી શૂદ્રીમાં ઉત્પન્ન થયેલી)કન્યા છે એમ સાંભળ્યું.[૧૨] ત્યારે તેનું માગું કરીને તેને લાવી ભરતર્ષભ ભીષ્મે મહામતિવાળા વિદુરસાથે તે કન્યાનાં લગ્ન કરાવ્યાં.[૧૩] કુરુનંદન વિદુરે તે સ્ત્રીમાં વિનયસંપન્ન અને પોતાના જેવા ગુણવાળા પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૧૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે વિદુરપરિણય નામનો અધ્યાય ૧૧૪ મો સમાપ્ત.

* ગર્ભાધતાને લીધે શ્રૌત યજ્ઞોનો અધિકાર ન હોવાથી.

અધ્યાય ૧૧૫–ધૃતરાષ્ટ્રને ત્યાં પ્રજોત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

ततः पुत्रशतं जज्ञे गांधार्यां जनमेजय ॥
धृतराष्ट्रस्य वैश्यायामेकश्चापि शतात्परः ॥१॥

વૈશંપાયન કહે છે:–હે જનમેજય! ધૃતરાષ્ટ્રને ગાંધારીમાં સો પુત્રો ઉત્પન્ન થયા અને વૈશ્ય સ્ત્રીમાં સો ઉપરનો એક પુત્ર થયો હતો.[૧] પાંડુરાજાને પણ કુંતી અને માદ્રી નામની બે સ્ત્રીમાં કુલના વિસ્તારને માટે દેવોથી પાંચ મહારથી પુત્રો થયા હતા.[૨]

જનમેજય પૂછે છે:– હે દ્વિજસત્તમ! ગાંધારીમાં સો પુત્રો કેવી રીતે ઉત્પન્ન થયા? કેટલેકાળે તેઓ ઉત્પન્ન થઇ રહ્યા? તથા તેઓનું કેટલું આયુષ્ય હતું?[૩] વળી વૈશ્યામાં ધૃતરાષ્ટ્રને એક પુત્ર કેમ થયો? તેમજ ધર્મચારિણી, અનુ-

કૂળ વર્તનારી અને પોતાને માટે યોગ્ય એવી ભાર્યા ગાંધારીને છોડી ધૃતરાષ્ટ્ર વૈશ્યામાં શા કારણથી પ્રવૃત્ત થયા ? વળી મહાત્મા બ્રાહ્મણે શાપ આપેલા એવા પાંડુને દેવતાઓથી પાંચ મહારથ પુત્રો કેવી રીતે ઉત્પન્ન થયા હતા ? હે વિદ્વન્ ! હે તપોધન ! એ સઘળું યથાન્યાય મારી આગળ તમે કહો;[૪-૬] કારણ કે મારા બંધુઓની કથા સાંભળતાં મને તૃપ્તિ થતી નથી.

વૈશંપાયન બોલ્યાઃ–કોઇ સમયે ભૂખ તથા શ્રમથી ગ્લાનિ પામેલા દ્વૈપાયન વ્યાસ ધૃતરાષ્ટ્રને ત્યાં આવ્યા હતા.[૭] તે વખતે ગાંધારીએ તેમને સંતુષ્ટ કર્યા. તેથી વ્યાસે તેને વરદાન માગવા કહ્યું; ત્યારે ગાંધારીએ પોતાના પતિના જેવા પોતાને સો પુત્રો થાય એમ માગ્યું. (અને વ્યાસે તથાસ્તુ કહ્યું.)

પછી કેટલેક વખતે ગાંધારીએ ધૃતરાષ્ટ્રથી ગર્ભ ધારણ કર્યો. અપ્રજ ગાંધારીએ તે આધાન કરેલા ગર્ભને બે વર્ષસુધી ધારણ કર્યો. પછી કુંતીને બાલસૂર્યના જેવો તેજસ્વી પુત્ર થયો છે, એમ સાંભળીને તથા પોતાનો ગર્ભ સ્થિર રહેલો જોઇને, ગાંધારીને દુઃખ થવા લાગ્યું અને તે વિચારમાં પડી. પછી દુઃખથી ઘેલી થયેલી ગાંધારીએ ધૃતરાષ્ટ્ર ન જાણે તેમ મોટા યત્નથી પોતાના પેટમાં પ્રહાર કર્યો એટલે તેમાંથી લોઢાના ગોળા જેવી કઠિન માંસની ગાંઠ નીકળી.[૮-૧૨] બે વર્ષ સુધી પેટમાં ધારણ કરેલી તે માંસપેશીને નકામી જાણીને ગાંધારીએ નાખી દેવા માટે તૈયાર કરી; ત્યારે એ વાત જાણીને દ્વૈપાયન વ્યાસ ઉતાવળા ત્યાં આવી પહોંચ્યા[૧૩] અને જપ કરનારામાં શ્રેષ્ઠ એવા તે મુનિએ તે માંસની ગાંઠ જોઇ. પછી ગાંધારીપ્રત્યે બોલ્યા કે, આ તેં શું કરવા ધાર્યું છે ?[૧૪] ત્યારે તેણે પોતાનો અભિપ્રાય પરમ ઋષિ વ્યાસને સત્યથી કહ્યો.

ગાંધારી કહે છેઃ–" કુંતીને સૂર્યના જેવો તેજસ્વી મોટો પુત્ર થયો છે, એ સાંભળીને મને ઘણું દુઃખ ઉત્પન્ન થયું અને તેથી મેં પેટ કૂટયું. તમે મને આગળ સો પુત્રો થવાનું વરદાન આપ્યું હતું પણ તે સો પુત્રની જગ્યાએ મને તો આ માંસની પેશી ઉત્પન્ન થઇ છે !"

વ્યાસ બોલ્યાઃ–" હે સુબલપુત્રિ ! તે તેમજ થશે, મારૂં બોલેલું કદાપિ મિથ્યા થાય નહિ.[૧૫-૧૭] હું રમતમાં પણ પૂર્વે જૂઠું બોલ્યો નથી તો બીજી વખતે તો બોલુંજ કેમ ? તું ઘીથી ભરેલાં સો કુંડાંઓ તુરત તૈયાર કરાવ તથા સુરક્ષિત સ્થાનમાં રાખી તેનું રક્ષણ કરાવ અને શીતલ જલથી આ માંસનીગાંઠને સિંચન કરાવ."[૧૮-૧૯]

વૈશંપાયન કહે છેઃ–પછી વ્યાસના કહેવાથી તે માંસની ગાંઠ ઉપર ઠંડું પાણી સિંચવા માંડયું એટલે અંગુઠાના ટેરવા જેવડા તેના છૂટા છૂટા સો ગર્ભભાગો થઇ ગયા.[૨૦] હે રાજન્ ! એવી રીતે માંસપેશીના વિભાગ થયા, તેની ગણત્રી કરતાં પૂરા એકસો ને એક ભાગ કાલગતિથી થયા.[૨૧] પછી તે ગર્ભભાગોને તે વખતે કુંડાંઓમાં મૂકયા અને તેનું સુરક્ષિત સ્થાનમાં રક્ષણ કર્યું.[૨૨] તે પછી ભગવાન વ્યાસે ગાંધારીને કહ્યું કે, ફરી એટલોજ સમય જાય ત્યારે આ કુંડાંઓને ઉઘાડવાં.[૨૩] આ પ્રમાણે વ્યવસ્થા કરીને તથા કહીને બુદ્ધિમંત ભગવાન વ્યાસ હિમાલય પર્વત ઉપર તપ કરવા માટે ચાલ્યા ગયા.[૨૪]

પછી એ ક્રમ પ્રમાણે તે પુત્રોમાં પ્રથમ રાજા દુર્યોધન ઉત્પન્ન થયો. ગર્ભકાલ પ્રમાણે ગણતાં તે મોટો હતો, પણ જન્મ પ્રમાણે જોતાં તો યુધિષ્ઠિર રાજાજ મોટા હતા;[૨૫] અને તે વાત ભીષ્મ તથા બુદ્ધિમંત વિદુર જાણતા હતા. જે દિવસે દુર્ધર્ષ એવો દુર્યોધન ઉત્પન્ન થયો, તેજ દિવસે પરાક્રમી મહાબાહુ ભીમસેન પણ ઉત્પન્ન થયો હતો. હે નૃપ ! ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન જે વખતે જન્મ્યો, તેજ વખતે તે ગધેડાના જેવા શબ્દથી ભુંકવા તથા રડવા લાગ્યો અને તેના શબ્દની સામે ગધેડા, ગીધ, શિયાળો તથા કાગડાઓ બોલવા લાગ્યા.[૨૬-૨૮] વાયુના ઝપાટાઓ પણ આવવા લાગ્યા અને દિશાઓ બળવા લાગી; તેથી ભય પામ્યો હોય તેમ ધૃતરાષ્ટ્ર રાજા ઘણાએક બ્રાહ્મણો, ભીષ્મ, વિદુર, બીજા સ્નેહીઓ અને સઘળા કુરુઓને બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–[૨૯-૩૦] " આપણાં કુલની વૃદ્ધિ કરનાર

રાજપુત્ર યુધિષ્ઠિર મોટો છે અને તે પોતાના ગુણુથી રાજ્યહક્કને પામ્યો છે, તેમાં આપણે કંઇ બોલવા જેવું નથી.[31] પણ તેના પછી આ પુત્ર રાજા થશે કે ? એમાં જે થવાનું હોય તે તમે સત્યથી મને કહો."[32] હે ભારત! આ ધૃતરાષ્ટ્રનાં વચનની સમાપ્તિ થતાંજ માંસાહારી ઘોર પ્રાણીઓએ અને અશુભ સૂચવનારાં શિયાળવાંઓએ સર્વ દિશાઓમાં શબ્દો કર્યા.[33] તે સઘળાં ઘોર નિમિત્તોને લક્ષમાં લઇને હે રાજન્ ! તે બ્રાહ્મણો અને મહામતિ વિદુર કહેવા લાગ્યા કેઃ–[34]

" હે મનુષ્યોના અધિપતિ ! હે પુરુષશ્રેષ્ઠ ! તમારા મોટા પુત્રનો જન્મ થતાં જે આ ઘોર નિમિત્તો ઉત્પન્ન થયાં છે તેથી સ્પષ્ટ જણાય છે કે, આ તમારો પુત્ર કુલનો ક્ષય કરનારો થશે; માટે તેનો ત્યાગ કરવાથી એ દોષ શાંત થશે અને રક્ષણ કરશો તો ભારી અન્યાય થશે.[35,36] હે મહીપતિ ! તમારા સો પુત્રોમાંથી ભલે એક ઓછો થાઓ. હે ભારત ! જો કુલની શાંતિ ઇચ્છતા હો તો એ એકનો ત્યાગ કરો.[37] માત્ર એ એકના ત્યાગથી તમે કુલ અને જગતનું કલ્યાણ કરો. કુલના રક્ષણને માટે એકનો ત્યાગ કરવો, ગામના રક્ષણને માટે કુલનો ત્યાગ કરવો, દેશના રક્ષણને માટે ગામનો ત્યાગ કરવો અને પોતાના અર્થે પૃથ્વીનો પણ ત્યાગ કરવો."

આ પ્રમાણે વિદુરે અને તે બધા ઉત્તમ બ્રાહ્મણોએ ધૃતરાષ્ટ્રને કહ્યું, પણ પુત્રસ્નેહથી યુક્ત એવો તે રાજા તેમ કરી શકયો નહિ. હે રાજા ! પછી ધૃતરાષ્ટ્રને અનુક્રમે પૂરા સો પુત્રો થયા હતા;[38-40] અને એક મહિને સો પુત્રો ઉપરાંત એક કન્યા થઇ હતી.જ્યારે ગર્ભથી ઉદર વૃદ્ધિ પામતાં ગાંધારી કલેશ પામતી હતી, ત્યારે એક વૈશ્યપુત્રી મહારાજા ધૃતરાષ્ટ્રની સેવા કરતી હતી. હે રાજન્ ! તે વર્ષમાં એ વૈશ્યામાં ધૃતરાષ્ટ્રથી મહાયશસ્વી અને બુદ્ધિમાન એવો યુયુત્સુ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. હે નૃપ ! તે (ક્ષત્રિયથી વૈશ્યામાં થયેલો હોવાથી) કરણ કહેવાતો હતો. આ રીતે ધીમંત ધૃતરાષ્ટ્રને વીર અને મહારથ એવા સો પુત્રો ઉત્પન્ન થયા હતા તથા સો ઉપરાંત એક કન્યા અને મહા તેજસ્વી, પ્રતાપવાન વૈશ્યાપુત્ર યુયુત્સુ થયો હતો.[41-44]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ગાંધારીપુત્રોત્પત્તિ નામનો અધ્યાય ૧૧૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૧૬ મો–દુઃશલાના જન્મની કથા

॥ जनमेजय उवाच ॥

धृतराष्ट्रस्य पुत्राणामादितः कथितं त्वया ॥
ऋषेः प्रसादात्तुशतं न च कन्या प्रकीर्तिता ।१।

જનમેજય પૂછે છેઃ–તમે ધૃતરાષ્ટ્રને ઋષિની કૃપાથી સો પુત્રો થયા, એમ આગળ કહેતા હતા;પણ કન્યાને માટે કંઇ કહ્યું ન હતું.[1] હમણાં તમે વૈશ્યાથી યુયુત્સુ અને સો પુત્રો ઉપરાંત એક કન્યા કહી. હે નિષ્પાપ ! ગાંધારરાજની પુત્રીને શતપુત્રવતી થવામાટે અમિત તેજવાળા મહર્ષિ વ્યાસે કહ્યું હતું તો હે ભગવન્ ! હવે કન્યા થવાનું કેમ કહો છો ? જ્યારે મહર્ષિ વ્યાસે માંસની પેશીના સો ભાગજ કર્યા અને ગાંધારીને ફરીથી કોઇ રીતે પ્રજા થાય નહિ તો દુઃશલાની ઉત્પત્તિ કેવી રીતે થાય ? હે વિપ્રર્ષિ ! એ સંબંધમાં મને જે યથાર્થ હોય તે કહો; કેમકે એ સાંભળવા મને ઘણું કુતૂહલ છે.[2-5]

વૈશંપાયન કહે છેઃ–હે પાંડુવંશોત્પન્ન ! તમે આ પ્રશ્ન સારો કર્યો છે, તેનો હું તમને ઉત્તર આપું છું. મહા તપસ્વી ભગવાન વ્યાસે પોતેજ તે માંસની ગાંઠ ઉપર શીતલ જલ છાંટીને તેના પ્રત્યેક ભાગ કર્યા હતા. જેમ જેમ તેના ભાગ થતા ગયા તેમ તેમ તેને લઇને દાસીએ તે વખતે

એક એકને ઘીથી ભરેલાં કુંડાંમાં નાખવા માંડયા. એ વેળા સુદૃઢ વ્રતવાળી, સુંદરી અને સાધ્વીગાંધારી દેવી, પુત્રીસ્નેહના યોગને વિચારી મનથી ચિંતન કરવા લાગી કે:–"આ સો પુત્રો તો મને થશે, એમાં કંઈ સંદેહ નથી; કારણ કે મુનિનું બોલેલું મિથ્યા થશે નહિ, પરંતુ મને જો એક પુત્રી થાય તો ઘણો સંતોષ થાય.[૬–૧૦] આ સો પુત્રો ઉપરાંત જો એક નાની બાલકી થાય તો આ મારા પતિને દૌહિત્રજન્ય લોકથી વિમુખ થવું પડે નહિ.[૧૧] વળી સ્ત્રીઓને જમાઈની પણ ઘણી હોંસ હોય છે, તેથી મને પણ આ સો પુત્રો ઉપરાંત જો એક કન્યા થાય તો પુત્ર અને દૌહિત્રથી વીંટાઈને હું કૃતાર્થ થાઉં. જો મેં સાચું તપ કર્યું હોય, દાન કર્યું હોય અથવા હોમ કર્યો હોય વા ગુરુઓને પણ સંતુષ્ટ કર્યા હોય, તો મને એક પુત્રી થાઓ." ગાંધારી આવો વિચાર કરતી હતી તે વખતેજ ઋષિશ્રેષ્ઠ ભગવાન કૃષ્ણ દ્વૈપાયન પોતે પેશીના વિભાગ કરતા હતા. પછી તે ભાગોને પૂરા સો ગણી ગાંધારીને કહેવા લાગ્યા.[૧૨–૧૫]

વ્યાસ કહે છે:–"આ પૂરા સો પુત્રો છે, એ મેં સત્ય કહ્યું છે અને દૌહિત્ર થવાને માટે સો ઉપરાંત આ એક ભાગ બાકી રહ્યો છે.[૧૬] એ તારી ઇચ્છા પ્રમાણે એક સુભાગ્યવાળી કન્યા થશે." પછી તે મહા તપસ્વીએ એક ઘીનો ઘડો મંગાવ્યો અને તે કન્યાભાગને પણ તપરૂપી ધનવાળા વ્યાસે તેમાં નાખ્યો.[૧૭] હે ભરતકુલોત્પન્ન રાજન્! આ પ્રમાણે દુ:શલાનો જન્મવૃત્તાંત મેં તમને કહ્યો. હે નિષ્પાપ રાજેંદ્ર! બોલો, હવે ફરી હું તમને શું કહું?[૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે દુ:શલોત્પત્તિ નામનો અધ્યાય ૧૧૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૧૭ મો–ધૃતરાષ્ટ્રના પુત્રોનાં નામો તથા તેઓનાં લગ્ન

॥ जनमेजय उवाच ॥

ज्येष्ठानुज्येष्ठतां तेषां नामानि च पृथक् पृथक्।
धृतराष्ट्रस्य पुत्राणामानुपूर्व्यात् प्रकीर्तय ॥१॥

જનમેજય પૂછે છે:–ધૃતરાષ્ટ્રના પુત્રોમાં મોટાનાનાનો ક્રમ તથા તેમનાં અનુક્રમથી જૂદાં જૂદાં નામો કહો.[૧]

વૈશંપાયન કહે છે:–હે રાજન! દુર્યોધન, યુયુત્સુ, દુ:શાસન, દુ:સહ, દુ:શલ, જલસંધ, સમ, સહ,[૨] વિંદ, અનુવિંદ, દુર્ધર્ષ, સુબાહુ, દુષ્પ્રધર્ષણ, દુર્મર્ષણ, દુર્મુખ, દુષ્કર્ણ, કર્ણ,[૩] વિવિંશતિ, વિકર્ણ, શલ, સત્ત્વ, સુલોચન, ચિત્ર, ઉપચિત્ર, ચિત્રાક્ષ, ચારુચિત્ર, શરાસન,[૪] દુર્મદ, દુર્વિગાહ, વિવિત્સુ, વિકટાનન, ઊર્ણનાભ, સુનાભ, નંદ, ઉપનંદ,[૫] ચિત્રબાણ, ચિત્રવર્મા, સુવર્મા, દુર્વિમોચન, અયોબાહુ, મહાબાહુ, ચિત્રાંગ, ચિત્રકુંડલ,[૬] ભીમવેગ, ભીમબલ, બલાકી, બલવર્ધન, ઉગ્રાયુધ, સુષેણ, કુંડધાર, મહોદર,[૭] ચિત્રાયુધ, નિષંગી, પાશી, વૃંદારક, દૃઢવર્મા, દૃઢક્ષત્ર, સોમકીર્તિ, અનુદર,[૮] દૃઢસંધ, જરાસંધ, સત્યસંધ સદસ, સુવાક, ઉગ્રશ્રવા, ઉગ્રસેન, સેનાની, દુષ્પરાજય,[૯] અપરાજિત, કુંડશાયી, વિશાલાક્ષ, દુરાધર, દૃઢહસ્ત, સુહસ્ત, વાતવેગ, સુવર્ચસ,[૧૦] આદિત્યકેતુ, બહ્વાશી, નાગદત્ત, અગ્રયાયી, કવચી, ક્રથન, કુંડી, કુંડધાર, ધનુર્ધર,[૧૧] વીર એવા ઉગ્ર અને ભીમરથ, વીરબાહુ, અલોલુપ, અભય, રૌદ્રકર્મા, દૃઢરથાશ્રય,[૧૨] અનાધૃષ્ય, કુંડભેદી, વીરાવી, ચિત્રકુંડલ, પ્રમથ, પ્રમાથી, વીર્યવાન, દીર્ઘરોમા,[૧૩] દીર્ઘબાહુ, વ્યૂઢોરસ્ક, કનકધ્વજ, કુંડાશી અને વિરજસ્. હે રાજન્! એ એકસો એક પુત્રો તથા તે ઉપરાંત દુ:શલા નામની કન્યા હતી. હે નૃપ! એમનાં નામના ક્રમ પ્રમાણેજ જન્મક્રમ જાણો.[૧૪,૧૫] એ બધા અતિરથ, શૂરા, યુદ્ધમાં કુશલ, વેદવેત્તા અને સર્વશાસ્ત્રમાં કુશલ હતા.[૧૬] હે મહીપતિ! ધુતરાષ્ટ્રે એ બધાઓને પરીક્ષા કરીને યોગ્ય કન્યાઓની તેમની સાથે યોગ્ય વખતે વિધિવત્ પરણાવ્યા હતા.[૧૭] વળી હે ભરતર્ષભ! દુ:શલાને પણ સમય થતાં રાજા ધૃતરાષ્ટ્રે જયદ્રથને વિધિથી આપી હતી.[૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ધૃતરાષ્ટ્રપુત્રનામકથન નામનો અધ્યાય ૧૧૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૧૮મો-પાંડુરાજાને શાપ

॥ जनमेजय उवाच ॥

कथितो धार्तराष्ट्राणामार्षः संभव उत्तमः ॥

अमनुष्यो मनुष्याणां भवता ब्रह्मवादिना ॥१॥

જનમેજય કહે છેઃ-આપ બ્રહ્મવાદીએ ઋષિની કૃપાથી થયેલી અને મનુષ્યોમાં ન જોયેલી એવી મનુષ્યોની-ધૃતરાષ્ટ્રના પુત્રોની ઉત્તમ ઉત્પત્તિ મને કહી[૧] તથા તેમનાં જૂદાં જૂદાં નામો તમે કહ્યાં તે પણ મેં તમારાથી સાંભળ્યાં. હવે હે બ્રહ્મન્! પાંડવોની ઉત્પત્તિ તથા તેમનાં નામો મને કહો; કારણ કે તમેજ અંશાવતરણ પર્વમાં તે સર્વ મહાત્માઓ અને દેવરાજના જેવા પરાક્રમીઓને દેવના અંશોથી થયેલા વર્ણવ્યા છે.[૨,૩] મનુષ્યોથી ન થાય એવાં કર્મવાળા તેઓના જન્મોને હું સાંભળવા ઇચ્છા કરૂં છું, માટે હે વૈશંપાયન! તે સઘળું મને કહો.[૪]

વૈશંપાયન કહે છેઃ-એક વખતે મૃગ અને સર્પોથી સેવન કરાતા કોઇ મહા અરણ્યમાં ફરતાં ફરતાં પાંડુ રાજાએ એક મૃગરાજને મૈથુનધર્મ સેવતો જોયો.[૫] તેજ વખતે સુવર્ણનાં સુંદર પિચ્છવાળાં અને શીઘ્ર ગતિવાળાં પાંચ તીક્ષ્ણ બાણોથી પાંડુએ તે હરિણ તથા હરિણીને વિંધી નાખ્યાં.[૬] હે રાજન્! તે મૃગ તપરૂપી ધનવાળો અને મહાતેજસ્વી એવો કોઇ એક ઋષિપુત્ર હતો, જે તેજસ્વી મૃગરૂપ ધારણ કરીને પોતાની ભાર્યાસાથે વિહાર કરતો હતો.[૭] મૃગીમાં આસક્ત થયેલો તે મૃગ બાણ લાગવાથી એક ક્ષણમાં જમીન ઉપર પડ્યો અને વ્યાકુલ ઇંદ્રિયવાળો થઇને મનુષ્યની વાણી બોલતો વિલાપ કરવા લાગ્યો.[૮]

મૃગ બોલ્યોઃ-"જે પુરુષો કામક્રોધથી ભરેલા, બુદ્ધિવિનાના તથા પાપકર્મમાં પ્રીતિવાળા હોય છે તેઓ પણ આવાં નિંદિત કાર્યો કરતા નથી.[૯] શાસ્ત્રસંસ્કારવાળી બુદ્ધિ દૈવનું ઉલ્લંઘન કરી શકતી નથી; પરંતુ દૈવ શાસ્ત્રસંસ્કારવાળી બુદ્ધિને પણ ઓળંગી જાય છે. એમ છે તોપણ બુદ્ધિમાન મનુષ્ય દૈવથી પ્રાપ્ત થયેલા અર્થને જાણતા નથી પણ પોતાની બુદ્ધિના બલવડેજ મેં અમુક કાર્ય કર્યું છે એમ માને છે.[૧૦] હે ભરતવંશી રાજા! નિત્ય ધર્મપરાયણ રહેનારા રાજાઓના મુખ્ય કુળમાં તું ઉત્પન્ન થયો છે, છતાં તારી બુદ્ધિ કામ અને લોભથી પરાભવ પામીને કેમ ચલિત થઇ ગઇ?"[૧૧]

પાંડુ કહે છેઃ-"હે મૃગ! રાજાઓને શત્રુઓનો વધ કરવામાં જેવી વૃત્તિ હોય છે તેવીજ વૃત્તિ મૃગોને મારવામાં પણ હોય છે; માટે મોહથી મારી નિંદા કરવી એ તને ઘટિત નથી.[૧૨] વળી ગુપ્ત રહીને અથવા પ્રત્યક્ષ થઇને મૃગોનો વધ ઇચ્છવા યોગ્ય ગણાય છે અને તે રાજાઓનો ધર્મ છે; તો તે ધર્મને તું શામાટે નિંદે છે?[૧૩] પૂર્વે અગસ્ત્ય ઋષિ સત્ર કરતા હતા ત્યારે તેમણે સર્વ દેવોને માટે યોગ્ય એવા આરણ્ય મૃગોની મોટા વનમાં મૃગયા કરીને તેમનું પ્રોક્ષણ કર્યું હતું;[૧૪] ત્યારે વેદમાં જણાવેલા ધર્મપ્રમાણે વર્તતા એવા અમોને તું શામાટે નિંદે છે? અગસ્ત્યે કરેલા અભિચારપ્રયોગવડે પણ તમારી વપા (કેળની અંદરનાં પાંદડાં જેવા માંસના પુડા)નો હોમ કર્યો હતો."[૧૫]

મૃગ બોલ્યોઃ-"શત્રુઓ શસ્ત્રવિનાના હોય અથવા વ્યસનથી પીડાતા હોય તેવે વખતે પુરુષો તેમના ઉપર શરો છોડતા નથી, પણ યુદ્ધમાં સન્મુખ હોય ત્યારેજ તેઓના વધને માટે યોગ્ય કાલ સમજે છે; અર્થાત્ અન્ય સમયનો વધ નિંદ્ય ગણે છે."[૧૬]

પાંડુ કહે છેઃ-"મૃગ પ્રમાદમાં હોય અથવા સાવધાન હોય પણ તેને પુરુષો વિવિધ આગ્નેયાદિ તીક્ષ્ણ શસ્ત્રોથી તથા અન્ય ઉપાયોથી સ્પષ્ટ રીતે હણે છે, છતાં હે મૃગ! તું શામાટે મને નિંદે છે?"[૧૭]

મૃગ કહે છેઃ-"હે રાજન્! મૃગોને હણતા એવા તને હું પોતાને માટે નિંદતો નથી, પણ દયાળુપણાથી આજે અહીં મારા મૈથુન જેટલા વખતને માટે તો તારે રોકાવુંજ જોઇતું હતું.[૧૮] જે

મૈથુનનો કાલ સર્વ પ્રાણીઓને હિતકરતથા ઇચ્છિત છે તેવે વખતે વનમાં મૈથુન કરતા મૃગને કયો વિદ્વાન પુરુષ હણે ?[૧૯] હે રાજેંદ્ર ! આ મૃગીમાં પુરુષાર્થના ફલરૂપ ઉત્તમ પુત્રને ઉત્પન્ન કરવા માટે હું હર્ષથી મૈથુન કરતો હતો, તે મારી ઇચ્છાને તેં નિષ્ફળ કરી છે ![૨૦] હે કૌરવ્ય મહારાજ ! શુભ કર્મ કરનારા પૌરવોના વંશમાં ઉત્પન્ન થયેલા એવા તને આ કર્મ કરવું ઉચિત નથી.[૨૧] હે ભારત ! આ કર્મ મહાન્ ક્રૂર, સર્વ લોકમાં નિંદવા યોગ્ય, સ્વર્ગની હાનિ કરનારૂં, અપયશ આપનારૂં અને અધર્મથી ભરેલું છે.[૨૨] હે દેવતુલ્ય ! સ્ત્રીભોગના સુખને જાણનારા તથા શાસ્ત્રનાં ધર્માર્થ તત્ત્વને જાણનારા એવા તને આવું નરક આપનારૂં કર્મ કરવું ઘટે નહિ.[૨૩] હે પાર્થિવશ્રેષ્ઠ! તારે તો ક્રૂર કર્મ કરનારા, પાપાચરણીઓ અને ધર્મ, અર્થ તથા કામથી રહિત એવા મનુષ્યોને વશ કરવા જોઇએ.[૨૪] તેની જગ્યાએ હે નરશ્રેષ્ઠ ! હે નૃપ! ફલમૂલનો આહાર કરીને જીવનારા, મૃગવેષધારી અને અપરાધવિનાના એવા મને મુનિને મારીને તેં આ શું કર્યું ?[૨૫] હું અરણ્યમાં રહેનારો અને નિત્ય શાંતિપરાયણ છું, છતાં તેં મને માર્યો માટે હું તને શાપ આપું છું કે,[૨૬] અમો બન્નેનું અનિષ્ટ કરનારા પરવશ અને કામથી મોહિત થયેલા એવા તને પણ આ રીતેજ જીવિત નાશ કરનારૂં મૃત્યુ પ્રાપ્ત થશે.[૨૭] હું તપના સંસ્કારવાળો કિંદમ નામનો મુનિ છું. મનુષ્યોની લજ્જાથી આ મૃગરૂપ લઇને મૃગીસાથે મૈથુન કરતો હતો[૨૮] અને ગાઢ વનમાં મૃગોની સાથે ફરતો હતો. આ પ્રમાણે કામમોહિત થઇને મૃગરૂપ ધારણ કરી મૈથુન કરતા એવા મને ઋષિ ન જાણતાં મૃગ જાણીને તેં હણ્યો છે, એટલે તને બ્રહ્મહત્યા તો લાગશે નહિ; છતાં હે મૂઢ ! આ કર્મનું ફલ તો તને અવશ્ય આવુંજ મળશે.[૨૯-૩૦] જ્યારે તું કામમોહિત થઇને પ્રિયાની સાથે સમાગમ પામીશ, ત્યારે મારા જેવીજ અવસ્થામાં તું પણ મૃત્યુ પામીશ.[૩૧] હે બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ ! અંત વખતે તું જે કાન્તાનો સંગ કરીશ તેજ સ્ત્રી સર્વ પ્રાણીને દુરત્યય એવા યમલોકમાં પણ તારી પાછળ ભક્તિથી આવશે.[૩૨] હું સુખમાં હતો તે વખતે તેં જેમ મને દુઃખ આપ્યું તેમ તને પણ સુખમાં હોઇશ ત્યારેજ દુઃખ પ્રાપ્ત થશે."[૩૩]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે રાજાને કહીને અત્યંત દુઃખથી આતુર થયેલા તે મૃગનો જીવ જતો રહ્યો અને પાંડુરાજા પણ તેજ ક્ષણે દુઃખથી દીન થઇ ગયો.[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પાંડુમૃગશાપ નામનો અધ્યાય ૧૧૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૧૯ મો–પાંડુરાજાએ કરેલો નિત્યને માટે વનનિવાસ.

॥ वैशंपायन उवाच ॥
तं व्यतीतमतिक्रम्य राजा स्वामिव बांधवम् ॥
सभार्यः शोकदुःखार्तः पर्यदेवयदातुरः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી મારેલા તે મૃગને ત્યજી દઈને શોક તથા દુઃખથી દીન બનેલા પાંડુરાજા પોતાની સ્ત્રીઓની સાથે આતુર થઈને તે ઋષિનો પોતાના બાંધવની પેઠે શોક કરવાલાગ્યા.[૧]

પાંડુ કહે છેઃ–" જેઓ સજ્જનોના કુળમાં ઉત્પન્ન થયેલા હોય તોપણ અશુદ્ધ ચિત્તવાળા અને કામની જાળથી મોહિત થયેલા હોય છે, તે પુરુષો પોતાનાં કર્મવડે દુર્ગતિને પામે છે.[૨] મારા પિતા, નિત્ય ધર્મ પાળનારા પિતાથી ઉત્પન્ન થયેલા હતા, છતાં બાલવયમાં કામપરાયણ થવાથી મરણ પામ્યા હતા, એવું મેં સાંભળ્યું છે.[૩] તે કામાત્મા વિચિત્રવીર્ય રાજાની સ્ત્રીમાં સાક્ષાત્ વાણીને વશ રાખનારા ભગવાન કૃષ્ણદ્વૈપાયન ઋષિએ મને ઉત્પન્ન કર્યો હતો. આવા પવિત્ર ઋષિથી ઉત્પન્ન થવા છતાં અપુત્રવાન હોવાથી દેવોએ જેને ત્યજી દીધેલા અને અન્યાયથી મૃગયામાં દોડતા એવા મને

વ્યસનમાં આવી અધમ બુદ્ધિ ઉત્પન્ન થઈ,[૪,૫] માટે હવે તો હું મોક્ષનોજ નિશ્ચય રાખીશ. પુત્રની ઇચ્છા વગેરે બંધન દુઃખકારક છે, તેથી મારા પિતા વ્યાસે ધારણ કરેલી અવિનાશી બ્રહ્મચર્યવૃત્તિનેજ હું અનુસરીશ[૬] તથા અત્યંત તપવડે ચિત્તને નિઃસંશય પરમાત્મામાં યોજીશ. તે ચિત્તપ્રણિધાનને માટે હું એકલોજ રહીશ અને શિષ્યાદિકની સહાયવિના એક એક વૃક્ષની પાસે એકલોજ ભિક્ષા મેળવતો હું મુંડિત મુનિ થઈને આ આશ્રમોમાં ફરીશ. ધૂળથી ઢંકાયલા શરીરવડે શૂન્ય સ્થાનમાં નિવાસ કરીશ,[૭,૮] અથવા ઝાડનાં મૂલનો આશ્રય કરીને રહીશ, સર્વ પ્રિય તથા અપ્રિયનો ત્યાગ કરીશ, શોક તથા હર્ષને ત્યજીશ, પોતાની નિંદા અને સ્તુતિને પણ સમાન ગણીશ,[૯] કોઇના આશીર્વાદ વા નમસ્કારને પણ ઈચ્છીશ નહિ, સુખદુઃખથી રહિત થઇને કંથા તથા પાદુકાનો પણ પરિગ્રહ કરીશ નહિ. કોઇનો પરિહાસ કરીશ નહિ તથા કોઇ વાર ભ્રૂકુટી પણ ચઢાવીશ નહિ. [૧૦] નિત્ય પ્રસન્ન વદન રાખીને સર્વ પ્રાણીના હિતમાં તત્પર રહીશ. સ્વેદજ, અડંજ, ઉદ્‌ભિજ્જ તથા જરાયુજરૂપી સ્થાવરજંગમ પ્રાણીની હિંસા કરીશ નહિ. [૧૧] પોતાની પ્રજાની પેઠે સર્વ પ્રાણધારીઓપ્રત્યે સદા સમાનવૃત્તિથી વર્તીશ. વૃક્ષોથી ભિક્ષા નહિ મળે તો એક વખત પાંચ દશ ઘેરથી ભિક્ષા લાવીશ. તે પણ નહિ મળે તો ઉપવાસો કરીશ અથવા થોડું થોડું ખાઇને રહીશ. [૧૨,૧૩] કોઇ વખતે લોભથી દશ કરતાં વધારે ઘરો ફરતાં તેટલાથી પૂરતું નહિ થાય તો પછી સાત ઘરોની ભિક્ષાથીજ સંતોષ માનીશ. મળો અથવા ન મળો તોપણ હું સમાન દૃષ્ટિ રાખીને તપ કરીશ. [૧૪] કોઈ મારા એક હાથને વાંસલાથી કાપશે અથવા બીજા હાથને કોઇ ચંદનની અર્ચા કરશે તે બેમાંથી હું એકેનું કલ્યાણ અથવા અકલ્યાણ ઈચ્છીશ નહિ.[૧૫] જીવવાની ઇચ્છા રાખનારાની પેઠે અથવા મરવાની ઇચ્છા રાખનારાની પેઠે હું વર્તીશ નહિ; પણ જીવિત અને મરણ એ બેમાંનાં એકેને હું અભિનંદન આપીશ નહિ, તેમ દ્વેષ પણ કરીશ નહિ.[૧૬] જીવતા નરો જે સ્વર્ગાદિ અભ્યુદયને માટે ક્રિયાઓ (દર્શપૂર્ણમાસાદિ) કરે છે, તે સઘળી નિમેષાદિ નિયમિત કાળમાં થતી ક્રિયાઓનો હું વિધિપૂર્વક ત્યાગ કરીશ; [૧૭] કારણ કે તે ક્રિયાઓ અનિત્ય ફલવાળી છે, માટે હું સર્વ ઇંદ્રિયની ક્રિયાઓને ત્યજીને, ધર્મથી પ્રાપ્ત થતા બ્રહ્મલોકપર્યંતના અર્થને છોડીને, શુદ્ધ ધર્મવડે ચિત્તના રાગદ્વેષને ધોઇ નાખીશ તથા સર્વ પાપથી મુક્ત થઈ, સર્વ કામ્યકર્મોની જાળોમાંથી નીકળી, વાયુના જેવો નિર્લેપ થઈ, કોઈને પણ વશ થઇશ નહિ. [૧૮,૧૯] આ પ્રકારના સતત ધૈર્યવડે વર્તતો હું નિર્ભય માર્ગનું અવલંબન કરીને દેહને ક્ષીણ કરીશ. [૨૦] *પ્રજાની ઉત્પત્તિરૂપી ગૃહસ્થ ધર્મથી રહિત થયેલો અને પ્રજાની ઉત્પત્તિનાં સામર્થ્યવિનાનો થયેલો હું,× આત્મબલને વિષયસંગવડે ક્ષીણ કરનાર હોવાથી શોચવા યોગ્ય અને બાહ્ય સાધનને અધીન એવા + કૃપણ કર્મમાર્ગમાં રહીશ નહિ. [૨૧] વળી ‡સન્માનિત અથવા અસન્માનિત એવો કોઈ પણ પુરુષ અન્યની પાસે પુત્રની કામનાવડે 'મને પ્રજા આપો ' એવી

---

* **न्यायागतधनस्तत्त्वज्ञाननिष्ठोऽतिथिप्रियः श्राद्धकृत्सत्यवादी च गृहस्थोऽपि विमुच्यते ॥** ન્યાયવડે ધન મેળવનારો, તત્ત્વજ્ઞાનપરાયણ, અતિથિપ્રિય, શ્રાદ્ધ કરનારો અને સત્યવાદી એવો ગૃહસ્થાશ્રમી પણ મુક્ત થાય છે. તો સન્યાસથી શું ? આ શંકાનો ઉત્તર આપે છે.

\+ **सर्वस्यवशी सर्वस्येशान सर्वस्याधिपतिः** ઈત્યાદિ શ્રુતિપ્રસિદ્ધ આત્મબલ.

× **यो वाह तदक्षरं गार्ग्यविदित्वाऽस्मिन् लोके यजति ददाति तपस्तप्यतेऽपिबहूनि वर्षसहस्राण्यंतवदेवास्य तद्भवति यो वा एतदक्षरं गार्ग्यविदित्वाऽस्माल्लोकात्प्रैति स कृपणः।** શ્રુ૦ હે ગાર્ગિ ! તે અક્ષયતત્ત્વને જાણ્યા વિના આ લોકમાં યજન કરે, દાન કરે અથવા બહુ વર્ષ તપ કરે પણ તે સઘળું તેનું અંતવાળુંજ થાય છે. હે ગાર્ગિ ! એ અક્ષર બ્રહ્મને જાણ્યા વિના આ લોકથી જાય છે તે કૃપણ છે—દીન છે.

‡ બ્રાહ્મણદ્વારા પ્રજોત્પત્તિ થઈ શકે છે તો સંન્યાસ શા માટે ગ્રહણ કરવો ? આનો ઉત્તર આપે છે.

યાચના કરતો દીન દૃષ્ટિ કરીને જાય છે તેને શ્વાનના જેવો સમજવો. [૨૨] ”

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે બોલીને અતિદુઃખથી દીન થયેલા અને નિઃશ્વાસ મૂકતા પાંડુરાજા કુંતી તથા માદ્રીના તરફ જોઇને કહેવા લાગ્યાઃ–[૨૩] “ કૌસલ્યા, વિદુર, બંધુઓની સાથે રાજા, આર્યા સત્યવતી, ભીષ્મ, રાજપુરોહિતો, સોમપાન કરનારા ઉત્તમ વ્રતવાળા મહાત્મા બ્રાહ્મણો અને આપણા આશ્રયમાં રહેનારા શ્રેષ્ઠ નાગરિક જનો–એ સર્વને પ્રસન્ન કરીને તમારે કહેવું કે, પાંડુ હમેશને માટે વનમાં ગયો છે. [૨૪, ૨૫]

જ્યારે વનનિવાસને માટે મનમાં નિશ્ચય કરતા પતિનાં આવાં વચન સાંભળ્યાં, ત્યારે કુંતી તથા માદ્રી તે વચનને ઉચિત એવાં વચનો કહેવા લાગીઃ–[૨૬] “હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! સંન્યાસસિવાય બીજા પણ એવા આશ્રમો છે કે જેમાં અમો બન્ને ધર્મપત્નીઓની સાથે રહીને તમે મહાન તપ કરી શકશો; [૨૭] અને તપવડે શરીર છૂટતાં સ્વર્ગરૂપી મહાન ફલ પામીને નિઃસંશય સ્વર્ગમાં પણ તમેજ અમારા સ્વામી થશો. [૨૮] અમે પણ હવે ઇંદ્રિયસમૂહને વશ કરીને પતિના લોકની પ્રાપ્તિને માટે કામસુખને ત્યજી દઈશું અને પ્રૌઢ તપ તપીશું. [૨૯] હે મહાબુદ્ધિમંત રાજા ! જો તમે અમારો ત્યાગ કરશો તો આજેજ અમે જીવિતને છોડી દઈશું, એમાં કંઈ સંશય નથી.”[૩૦]

પાંડુ કહે છેઃ–“જો તમો બન્નેએ આવો ધાર્મિક નિશ્ચય કર્યો હોય તો હું પણ મારા પિતા વેદવ્યાસની અક્ષય વૃત્તિને અનુસરીશ.[૩૧] વિષયસુખનાં સેવનને ત્યજીને, વલ્કલ પહેરી, ફલમૂલનું ભક્ષણ કરતો અને મહા તપ તપતો હું ગાઢ જંગલમાં ફરીશ. [૩૨] ઉભયકાલમાં સ્નાન કરીને સાયંપ્રાતર્ બન્ને કાલ અગ્નિમાં હોમ કરીશ, પરિમિત આહારથી શરીરને કૃશ કરી વલ્કલ, મૃગચર્મ તથા જટાને ધારણ કરીશ. [૩૩] ટાઢ, પવન તથા તાપને સહન કરીશ, ભૂખ તરસની દરકાર રાખીશ નહિ અને દુશ્ચર તપવડે આ શરીરને શોષણ કરીશ. [૩૪] વળી એકાંતમાં રહીને હિંસાદિ દોષ ન થવા માટે હું કંદ તથા ફલથી નિર્વાહ કરીશ અને પિતૃઓ તથા દેવતાઓને વનનાં ફલ, મૂલ, વાણી તથા જલથી તૃપ્ત કરીશ. [૩૫] હું વાનપ્રસ્થજનોનાં તથા કુલબંધુ–ભાઈ વગેરેનાં દર્શન કરીશ નહિ તથા તેઓનું અપ્રિય કરીશ નહિ. પછી ગામમાં રહેનારાઓને માટે તો કહેવુંજ શું ? [૩૬] આ પ્રમાણે વાનપ્રસ્થાશ્રમીના શાસ્ત્રોના ઉગ્રમાં ઉગ્ર વિધિની આકાંક્ષા કરતો હું આ દેહ પડે ત્યાંસુધી તે પ્રમાણે વર્તીશ. ” [૩૭]

વૈશંપાયન કહે છેઃ–કૌરવનંદન પાંડુરાજા આ પ્રમાણે તે બન્ને સ્ત્રીઓને કહી, પછી મુકુટ, હાર, બાજુબંધ, કુંડલો, કિંમતી વસ્ત્રો, સ્ત્રીઓના અલંકારો વગેરે સઘળું બ્રાહ્મણોને આપી દઈ ફરી સેવકોને કહેવા લાગ્યોઃ–[૩૮, ૩૯]

“ તમારે હસ્તિનાપુર જઈને કહેવું કે, કુરુનંદન પાંડુ વાનપ્રસ્થ થયો છે અને તે ધન, કામ, સુખ તથા પુત્રપ્રાપક સ્ત્રીસંગ વગેરે સર્વ છોડી દઈને ભાર્યાઓની સાથે વનમાં ચાલ્યો ગયો છે. ”

આવી પાંડુરાજાની વિવિધ દીન વાણી સાંભળીને તે ભરતસિંહની સાથે આવનારાઓ અને સેવકો ભયંકર આર્તનાદ કરીને હાહાકાર કરવા લાગ્યા. [૪૦–૪૨] ઉનાં આંસુ પાડતા તે મહીપતિ પાંડુને છોડીને તથા તેમનું સઘળું ધન લઈને તુરત હસ્તિનાપુર ચાલ્યા ગયા. [૪૩] તેઓએ હસ્તિનાપુરમાં જઈને મહાત્મા રાજાનું સર્વ વૃત્તાંત કહ્યું તથા તે વિવિધ ધન આપ્યું.[૪૪] મહાવનમાં જે વૃત્તાંત થયેલું તે સઘળું તેઓનાથી સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજા પાંડુનોજ શોક કરવા લાગ્યા [૪૫] અને તેજ વાતને વિચારતા તથા ભાઇના શોકથી વ્યાપ્ત થયેલા ધૃતરાષ્ટ્ર શય્યા, આસન તથા ભોગોમાં કોઇ રીતે પ્રીતિ પામતા ન હતા. [૪૬] હે કૌરવ્ય ! પછી રાજપુત્ર પાંડુ પણ ફલમૂલનો આહાર કરતા બે પત્નીઓને સાથે લઇને ત્યાંથી નાગશત પર્વત ઉપર ગયા.[૪૭] ત્યાંથી ચૈત્રરથ જઇ કાલકૂટ અને હિમાલય પર્વતને ઓળંગી ગંધમાદન પર્વત ઉપર ગયા. [૪૮]

મહારાજ ! સિદ્ધો, શ્રેષ્ઠ ઋષિઓ અને મહાભૂતો-એ રક્ષણ કરાતા તે સમવિષમ સ્થાનોમાં નિવાસ કરવા લાગ્યા. ૪૯ પછી ઇંદ્રદ્યુમ્ન સરોવર આગળ જઈ ત્યાંથી હંસકૂટ પર્વત ઓળંગીને શતશૃંગ પર્વત ઉપર ગયા અને હે મહારાજ ! ત્યાં તે તપસ્વી થઈને તપ કરવા લાગ્યા. ૫૦

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પાંડુચરિત્ર નામનો અધ્યાય ૧૧૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૦–પુત્રોત્પત્તિની આવશ્યકતા તથા કુંતીને પાંડુની પ્રેરણા.

॥ वैशंपायन उवाच ॥
तत्रापि तपसि श्रेष्ठे वर्तमानः स वीर्यवान् ॥
सिद्धचारणसंघानां बभूव प्रियदर्शनः ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ– ત્યાં પણ શ્રેષ્ઠ તપ કરતા તે વીર્યવાન પાંડુરાજાનાં દર્શન સિદ્ધ તથા ચારણસમૂહને પ્રિય થઇ પડયાં હતાં.[૧] હે ભારત ! ત્યાં ઋષિઓની સેવા કરતા, અહંકારભરેલા શબ્દોને ન ઉચ્ચારતા, વશ મનવાળા અને જિતેંદ્રિય એવા પાંડુ પોતાના તપોબલવડે સ્વર્ગમાં જવા માટે પરાક્રમ કરવા લાગ્યા. [૨] ત્યાં વનમાં પણ તે કેટલાએકના ભાઈ તથા કેટલાકના મિત્ર થઇ પડયા અને કેટલાએક ઋષિઓ તો તેનું પુત્રની પેઠે પાલન કરવા લાગ્યા.[૩] હે ભરતર્ષભ ! આમ શુદ્ધ તપ કરવાથી ઘણે કાળે તે પાંડુ બ્રહ્મર્ષિ જેવા થઈ ગયા.

એક વખતે અમાવાસ્યાને દિવસે ઉત્તમ વ્રતવાળા તે મહર્ષિઓ એકઠા મળીને બ્રહ્માનાં દર્શનને માટે જવા નીકળ્યા. ૪,૫ તે જતા ઋષિ-ઓને જોઈને પાંડુએ તેઓને કહ્યું કેઃ–" આપ બધા કયાં જાઓ છો? હે વક્તાઓમાં શ્રેષ્ઠ! તે મને કહો. " ૬

ઋષિઓ બોલ્યાઃ–આજે બ્રહ્મલોકમાં મહાત્મા દેવો, ઋષિઓ તથા મહાત્મા પિતૃઓનો મોટો મેળાવડો છે, ત્યાં અમે બ્રહ્માનાં દર્શનની ઇચ્છાથી જઇએ છીએ. ૭

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને મહર્ષિ-ઓની સાથે જવાની કામનાવાળા પાંડુ સ્વર્ગની પાર જવાની ઇચ્છાથી એકદમ ઉઠયા અને પત્ની-ઓની સાથે શતશૃંગથી ઉત્તર તરફ જવા લાગ્યા. તે વખતે તેમને પર્વતરાજની ઉપર ઉત્તર તરફ જતા તપસ્વીઓ કહેવા લાગ્યાઃ–કે ૮,૯ "આ સુંદર પર્વતમાં અમોએ ઘણા વિકટ પ્રદેશો જોયા છે, વળી સેંકડો વિમાનોથી ભરપૂર અને ગાયનના સ્વરથી નાદવાળી ગંધર્વ, અપ્સરાઓ તથા દેવોની ક્રીડાભૂમિ જોઈ છે. આગળ જતાં કુબેરનાં સમવિષમ ઉદ્યાનો આવે છે. ૧૦,૧૧ મહાન નદીના નિતંબો, પર્વતની ગહન ગુહાઓ અને ઝાડ, પશુ તથા પક્ષિવિનાના નિત્ય હિમ-વાળા પ્રદેશો આવે છે. કોઈક જગ્યાએ મોટી ગુહાઓ અને કેટલીક ન ચઢાય તેવી મોટી ભેખડો આવે છે કે જેને પક્ષીઓ પણ ઓળંગી શકતાં નથી તો બીજાં પશુઓની વાતજ શી? ૧૨,૧૩ જ્યાં માત્ર વાયુ, સિદ્ધો તથા પરમર્ષિઓજ જઈ શકે છે તેવા આ પર્વતરાજ ઉપર આ રાજ-પુત્રીઓ શી રીતે જઈ શકશે? ૧૪ હે ભરતર્ષભ! દુઃખને માટે અયોગ્ય એવી આ રાણીઓને પીડા ન થવા માટે તમે પોતે આવશો નહિ. "

પાંડુ કહે છેઃ–" હે મહા ભાગ્યશાલીઓ ! અપ્રજને માટે સર્વથા સ્વર્ગદ્વાર બંધ છે, એવું જાણીને સંતપ્ત થયેલો અપ્રજ એવો હું તમને કહું છું કે, હે તપોધનો ! હું પિતૃઋણથી છૂટયો નથી તેથી સંતાપ પામું છું.૧૫,૧૬ મારો દેહ પડતાં અવશ્ય મારૂં પતનજ થવાનું; કારણ કે પિતૃઓનો એવો નિશ્ચય છે. (તે નિશ્ચય આ પ્રમાણે છે કે,'અપ્રજની સ્વર્ગગતિ રોકી દઇ તેનાં યજ્ઞાદિ કર્મો નિષ્ફલ કરવાં' ત્યારે તેવો સ્વર્ગમાં

જવાંને નાલાયક થયેલો ભૂમિમાં રહેલો પણ ન રહ્યા જેવોજ છે તો દેહનાશ પછી તેનું કહેવું-જ શું ? એ અભિપ્રાય છે.) પૃથ્વીમાં પિતૃ, દેવ, ઋષિ અને મનુષ્યનાં ચાર ઋણથી યુક્ત થઇને મનુષ્યો ઉત્પન્ન થાય છે;[૧૭] માટે ધર્મપૂર્વક તેમનાં ઋણ આપવાં જોઇએ. યથાકાલે તે ઋણને સમજીને જે મનુષ્ય વાળતો નથી,[૧૮] તેને શુભ લોકની પ્રાપ્તિ થતી નથી, એવો ધર્મવેત્તાઓએ નિર્ણય કરેલો છે. યજ્ઞો કરવાથી દેવોને પ્રસન્ન કરી તેમના ઋણથી છટાય છે,સ્વાધ્યાય અને તપથી મુનિઓના ઋણથી મુક્ત થવાય છે,[૧૯]પુત્રોત્પત્તિ અને શ્રાદ્ધોવડે પિતૃઓના ઋણથી મુક્ત થવાય છે અને દયા રાખવાથી મનુષ્યોના ઋણમાંથી મુક્ત થવાય છે. હું ધર્મપૂર્વક ઋષિ, દેવ અને મનુષ્યો, એ ત્રણનાં ઋણથી મુક્ત થયો છું; પણ હે તપસ્વીઓ ! ચોથા પિતૃઓના ઋણથી હજી મુક્ત થયો નથી; એટલે મારા નાશથી તેઓનો પણ નાશ થવાનોજ.[૨૦,૨૧] એટલા માટે પ્રજા ઉત્પન્ન કરવાને આ લોકમાં ઉત્તમ નરો યત્ન કરે છે. જેમ મારા પિતાના ક્ષેત્રમાં મહર્ષિ વ્યાસથી હું ઉત્પન્ન થયો છું તેમજ આ મારા ક્ષેત્રમાં પ્રજા કેવી રીતે ઉત્પન્ન થાય ?"

ઋષિઓ કહે છેઃ–"હે ધર્માત્મા રાજા! તમને દેવના જેવી સારી અને શુદ્ધ સંતતિ થવાની છે, તે અમે દિવ્ય દૃષ્ટિથી જાણીએ છીએ. હે પુરુષ-વ્યાઘ્ર ! તમે અદૃષ્ટથી પ્રાપ્ત થતી તે સંતતિને દૃષ્ટ કર્મથી સંપાદિત કરો.[૨૨-૨૪] જે બુદ્ધિમાન નર છે તે સ્વસ્થતાથી ક્લેશવિનાનું ફલ મેળવે છે, માટે હે રાજન્ ! તે ફલ પ્રત્યક્ષ થવા તમારે પ્રયત્ન કરવો ઘટે છે.[૨૫] તેમ કરવાથી તમે ગુણ-સંપન્ન અને પ્રીતિકારક સંતતિને મેળવશો."

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે તાપસોનાં વચન સાંભળી પાંડુરાજા ચિંતા કરવા લાગ્યા;[૨૬] કારણ કે મૃગના શાપવડે પોતાની પુત્રોત્પત્તિની ક્રિયા હણાયલી છે, તે તેઓ જાણતા હતા. એક દિવસે એકાંતમાં યશવાળી ધર્મપત્ની કુંતીને પાંડુ રાજાએ કહ્યું કેઃ–"તું આ આપત્તિમાં પ્રજા ઉત્પન્ન કરવા માટે યત્ન કર.[૨૭] હે કુંતિ ! સર્વ લોકોમાં સંતતિ એ ધર્મમયી પ્રતિષ્ઠા છે, એમ ધર્મના વક્તા ધીર પુરુષો હંમેશ જાણે છે.[૨૮] યજ્ઞયાગ, દાન, કરેલું તપ અને પાળેલો નિયમ, એ સર્વ પ્રજાવિનાનાને પાવન કરતાં નથી, એમ કહેવાય છે.[૨૯] હે શુદ્ધ સ્મિતવાળી! આ પ્રમાણે જાણવાથી અપત્યવિના હું શુભ લોકોને પામીશ નહિ, એમ વિચારકરીને પુત્ર ઉત્પન્ન કરવો એમ હું નિશ્ચયથી જોઉં છું.[૩૦] હે ભીરુ ! અપુણ્યવાન તથા નિંદિત કર્મ કરનારો જે હું તે મારું રતિ-કર્મ મૃગરૂપધારી મુનિના શાપથી નષ્ટ થયું છે.[૩૧] હે પૃથા ! ધર્મશાસ્ત્રમાં છ પુત્રોને વારસ ગણ્યા છે અને છ પુત્રોને અવારસ ઠરાવ્યા છે, તેને તું સાંભળ.[૩૨] પોતાની પરણેલી સ્ત્રીમાં પોતાથી ઉત્પન્ન થયેલો સ્વયંજાત પુત્ર,તેજ સ્ત્રીમાં મહાત્માના અનુગ્રહથી થયેલો પ્રણીત પુત્ર, પોતાની સ્ત્રીમાં વીર્યનું મૂલ્ય આપીને લીધેલો પરિક્રીત પુત્ર, પહેલાં બીજાની સાથે પરણેલી સ્ત્રીને પરણી તેનાથી થયેલો પૌનર્ભવ પુત્ર, વિવાહ પહેલાં 'આનાથી જે પુત્ર થાય તે મારો ગણાય' આવી શરતથી આપેલી કન્યાથી થયેલો કાનીન પુત્ર, લગ્ન કરેલી સ્વૈરિણી સ્ત્રીમાં થયેલો કુંડ નામનો પુત્ર, માતાપિતાએ આપેલો દત્તપુત્ર, ધનાદિક આપીને લીધેલો ક્રીત પુત્ર, પોતાની મેળે આવેલો કૃત્રિમ પુત્ર, ગર્ભવતી સ્ત્રીનાં લગ્ન કરી તેનાથી થયેલો સહોઢ પુત્ર, પિત્રાઇ વગેરેના જ્ઞાતિરેતા પુત્ર અને હીન યોનિમાં ઉત્પન્ન કરેલો પુત્ર, આ બાર પુત્રો કહેવાય છે. તેમાં પ્રથમ વર્ગનો પુત્ર ન હોય તો તેથી ક્રમે ક્રમે ઉતરતા વર્ગનો પુત્ર મેળવવા યત્ન કરવો. સ્વયંજાત પુત્ર ન હોય અને પ્રણીત પુત્ર મેળવવો હોય તો એ વિપત્તિમાં ક્રીડા કરનાર ઉત્તમ પુરુષથી પુત્રની આકાંક્ષા કરવી.[૩૩-૩૫] હે પૃથા ! પોતાના શુક્રથી પ્રજા ન થાય તો પોતાનાથી જે શ્રેષ્ઠ હોય તેના વીર્યથી પુત્ર લેવો. ધર્મફલ આપનારા તે પુત્ર શ્રેષ્ઠ છે, એમ સ્વાયંભુવ મનુએ કહેલું છે;[૩૬] માટે હે યશસ્વિનિ! હું પોતે પુત્ર ઉત્પન્ન કરવાને અયોગ્ય

હોવાથી તને આજ પ્રેરણા કરૂં છું કે આપણા સમાન અથવા આપણાથી શ્રેષ્ઠ હોય તેવાથી તું પુત્ર પ્રાપ્ત કર.[37] હે કુંતિ ! આ સંબંધમાં શારદંડાયનની સ્ત્રીની કથા તું સાંભળ. તે વીર પત્નીને તેના પતિએ પુત્રજન્મને માટે આજ્ઞા કરી હતી. હે કુંતિ ! ત્યારે તે સ્ત્રી ઋતુવ્રત પાળી, સ્નાન કરીને રાતે ચકલામાં ગઇ અને ત્યાંથી એક સિદ્ધ બ્રાહ્મણને બોલાવી લાવી. પછી અગ્નિમાં પુત્રપ્રાપ્તિને માટે હોમ કરીને તે કર્મ થયા પછી તે બ્રાહ્મણની સાથે રહી અને ત્યાં તેણે દુર્જય વગેરે ત્રણ મહારથી પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[38-40] હે કલ્યાણિ ! તેમ તું પણ મારી આજ્ઞાથી તપવડે શ્રેષ્ઠ એવા બ્રાહ્મણથી પુત્રોત્પત્તિને સારૂ તત્કાલ યત્ન કર."[41]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પાંડુપૃથાસંવદ નામનો અધ્યાય ૧૨૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૧ મો-કુંતીએ કહેલું વ્યુષિતાશ્વ રાજાનું ઉપાખ્યાન.

॥ वैशंपायन उवाच ॥

एवमुक्ता महाराज कुंती पाण्डुमभाषत ॥
कुरूणामृषभं वीरं तदा भूमिपतिं पातम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ-હે મહારાજ ! આ પ્રમાણે કુંતીને કહ્યુ ત્યારે કુંતિ કુરુમાં શ્રેષ્ઠ તથા વીર એવા પોતાના પતિ પાંડુરાજાને કહેવા લાગીઃ-[1] "હે ધર્મજ્ઞ! કમલના સરખાં નેત્રવાળા એવા આપનેવિષે હું પ્રીતિવાળી છું. મને ધર્મપત્નીને આવું કહેવું તમને કોઇ રીતે ઘટે નહિ.[2] હે ભારતવીર ! હે મહાબાહો ! તમેજ મારેવિષે ધર્મથી પરાક્રમી પુત્રોને ઉત્પન્ન કરશો. હે કુરુકુલને આનંદ આપનારા ! હે મનુષ્યવ્યાઘ્ર ! તમારી સાથે હું સ્વર્ગમાં આવીશ; માટે પુત્રને સારૂ તમેજ મારો સંગ કરો.[3,4] હું તમારાસિવાય મનથી પણ બીજા પુરુષનું ગમન કરીશ નહિ. વળી તમારાથી શ્રેષ્ઠ પુરુષ પૃથ્વીમાં બીજો છેજ કોણ ? હે ધર્માત્મન્ ! આ પુરાતની કથા મેં સાંભળેલી છે જે હું તમને કહું છું, હે વિશાલનયન ! તે તમે સાંભળો.[5,6] પૂર્વે પૂરુના વંશની વૃદ્ધિ કરનારો પરમ ધર્મિષ્ઠ વ્યુષિતાશ્વ નામનો પ્રસિદ્ધ રાજા હતો.[7] તે મહાન ભુજાવાળો ધર્માત્મા રાજા યજ્ઞ કરતો હતો ત્યારે ઇંદ્ર અને દેવર્ષિઓની સાથે સઘળા દેવો ત્યાં આવતા હતા.[8] વળી મહાત્મા રાજર્ષિ વ્યુષિતાશ્વના યજ્ઞમાં સોમપાન કરવાથી ઇંદ્ર તથા દક્ષિણાથી બ્રાહ્મણો ઘેલા થઇ જતા હતા.[9] તે યજ્ઞોમાં દેવો અને બ્રહ્મર્ષિઓ પોતેજ કર્મ કરતા હતા તેથી રાજા વ્યુષિતાશ્વ, શિશિર ઋતુ ગયા પછી સર્વ પ્રાણીપ્રત્યે જેમ સૂર્ય અધિક તેજસ્વી જણાય, તેમ સર્વ મનુષ્યોથી અધિક દીપતા હતા. તે શ્રેષ્ઠ તથા પ્રતાપી વ્યુષિતાશ્વ રાજાએ અશ્વમેધ નામના મહાયજ્ઞમાં પૂર્વના, ઉત્તરના, પશ્ચિમના તથા દક્ષિણના અનેક રાજાઓને જીતીને તથા પકડીને વશ કર્યા હતા.[10-12] તે રાજેંદ્ર દશ હાથીના જેવો બલવાન હતો. હે કુરુશ્રેષ્ઠ ! યશવડે શ્રેષ્ઠ એવા વ્યુષિતાશ્વ રાજાના સંબંધમાં પુરાતન કથાઓને જાણનારા આ પ્રમાણે ગાથા ગાય છેઃ-'વ્યુષિતાશ્વ રાજા સમુદ્રાંત આ પૃથ્વીને જીતી, પિતા જેમ ઔરસ પુત્રોનું પાલન કરે તેમ સર્વ વર્ણની પ્રજાનું પાલન કરતો હતો. વળી તે જ્યારે મહાયજ્ઞો કરતો, ત્યારે બ્રાહ્મણોને ધન આપતો હતો[13-15] તથા અનંત રત્નો મેળવીને મહાન યજ્ઞો કરતો હતો. તેણે ઘણા સોમયાગ તથા સોમસંસ્થાઓ કરી હતી.[16] હે મનુષ્યેંદ્ર ! તે રાજાની બહુ માનીતી અને પૃથ્વીમાં અતુલ રૂપવાળી કક્ષીવાન રાજાની પુત્રી ભદ્રા નામની ભાર્યા હતી.[17] તે દંપતી પરસ્પર ઘણાં પ્રીતિવાળાં હતાં એમ સાંભળ્યું છે. તે સ્ત્રીમાં કામાસક્ત થવાથી રાજાને ક્ષયરોગ લાગુ થયો[18] અને તેથી થોડાજ કાલમાં સૂર્યની પેઠે તે અસ્ત પામ્યો. તે રાજા મરણ પામવાથી તેની રાણી બહુ દુઃખિત થઇ[19].

અને હે પુરુષવ્યાઘ્ર ! અમે સાંભળ્યું છે કે, ભદ્રા અપુત્રવતી હોવાથી પરમ દુઃખથી આર્ત થઇને વિલાપ કરવા લાગી. હે રાજન્ ! તે વિલાપ તમે સાંભળો."[૨૦]

ભદ્રા બોલીઃ-" ઓ પરમ ધર્મજ્ઞ ! પતિ મરણ પામતાં પતિવિના જે જીવે છે તે દુખિચારી સર્વ નારીઓ, ન જીવ્યા જેવીજ છે.[૨૧] હે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ ! સ્ત્રીઓને પતિવિના જીવવા કરતાં મરવું સારૂં છે. હું તમારી ગતિને પામવા ઇચ્છા કરૂં છું; માટે પ્રસન્ન થાઓ અને મને તમારીસાથે લઇ જાઓ.[૨૨] હે રાજન્ ! તમારાવિના એક ક્ષણ પણ હું જીવવા સમર્થ નથી; માટે મારા ઉપર કૃપા કરો અને તુરત મને અહીંથી લઈ જાઓ.[૨૩] હે નરશાર્દૂલ ! મરણ પામીને જતા એવા તમારી પાછળ સમવિષમ સ્થિતિમાં પણ હું આવીશ.[૨૪] હે રાજન્ ! છાયાની પેઠે સાથે રહી, હું હમેશ વશવર્તિની થઈશ. હે નરવ્યાઘ્ર ! નિરંતર તમારૂં પ્રિય તથા હિત કરવામાં તત્પર રહીશ.[૨૫] હે કમલનયન રાજન્ ! તમારાવિના આજથી આરંભી હૃદયને શોષણ કરનારી તથા કષ્ટ આપનારી આધિઓ મને પીડશે.[૨૬] મેં અભાગિનીએ પૂર્વે જરૂર કોઈ જોડાંઓ વિખૂટાં પાડ્યાં હશે તેથીજ આ તમારી સાથે મને વિયોગ પ્રાપ્ત થયો છે.[૨૭] હે પાર્થિવ ! પતિથી વિખૂટી પડીને જે સ્ત્રી બે ઘડી પણ જીવે છે, તે પાપિણી નરકમાં રહેલી હોય તેમ દુઃખમય જીવિત ગાળે છે.[૨૮] હે રાજન્ ! મેં પૂર્વ દેહમાં દંપતીને વિખૂટાં કરેલાં, તેજ મારાં પાપકર્મવડે આ પૂર્વદેહનું સંચય કરેલું તમારા વિયોગનું દુઃખ મને આવી પડ્યું છે. હે રાજન્ ! આજથી આરંભી હું દર્ભની પથારીમાં શયન કરી તમારૂં દર્શન કરતી દુઃખી જીવન ગાળીશ.[૨૯,૩૦] હે નરવ્યાઘ્ર ! મને દર્શન આપો. હે નરેશ્વર ! કરુણામય વિલાપ કરતી ગરીબ એવી મને દુખિયારીને આજ્ઞા કરો."[૩૧]

કુંતી કહે છેઃ-આમ તે શબનું આલિંગન કરીને અનેક પ્રકારથી વારંવાર વિલાપ કરતી રાણીને અદૃશ્ય વાણીએ કહ્યું કેઃ-[૩૨] 'હે ભદ્રે ! તું ઉઠ, હું તને વરદાન આપું છું. હે સુંદર હાસ્યવાળી ! તારેવિષે હું પુત્રો ઉત્પન્ન કરીશ.[૩૩] હે વરારોહે ! તું ઋતુસ્નાન કરીને આઠમી વા ચૌદમી રાત્રીએ તારી શય્યામાં મારા શબ જોડે શયન કરજે.'[૩૪] આ પ્રમાણે અદૃશ્ય વાણીના કહેવાથી પુત્રની અપેક્ષાવાળી પતિવ્રતા તે ભદ્રાએ આકાશવાણીએ જેમ કહેલું તેમ કર્યું.[૩૫] પછી હે ભરતર્ષભ ! તે શબથી ભદ્રાએ ત્રણ શાલ્વ અને ચાર મદ્ર પુત્રોને ઉત્પન્ન કર્યા.[૩૬] હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! તેમજ તપ અને યોગબલવાળા તમે પણ મારેવિષે મનવડે પુત્રો ઉત્પન્ન કરવા સમર્થ છો.[૩૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે વ્યુષિતાશ્વોપાખ્યાન નામનો અધ્યાય ૧૨૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૨ મો-કુંતીને પુત્રોત્પત્તિમાટે આજ્ઞા

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तस्तया राजा तां देवीं पुनरब्रवीत् ॥
धर्मविद्धर्मसंयुक्तमिदं वचनमुत्तमम् ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ--કુંતીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તે દેવીપ્રત્યે ધર્મવેત્તા રાજા ધર્મયુક્ત ઉત્તમ વચન કહેવા લાગ્યા.[૧]

પાંડુ બોલ્યાઃ--"હે કુંતિ ! હે કલ્યાણિ ! તેં જે કહ્યું તે પ્રમાણેજ આગળ વ્યુષિતાશ્વે કર્યું હતું; કારણ કે તે રાજા તો દેવ જેવો હતો.[૨] હવે હું તને ધર્મવેત્તા મહાત્મા ઋષિઓએ જોયેલું પુરાતન ધર્મતત્ત્વ કહું છું તે તું મારાથી સાંભળ.[૩] હે સુંદરમુખિ ! પૂર્વે સ્ત્રીઓને કોઈ જાતનું બંધન ન હતું, એટલે સર્વે તેને જોઈ શકતા હતા તથા હે સુંદર હાસ્યવાળી ! તેઓ સ્વતંત્ર અને ઇચ્છામાં આવે તેમ

રતિસુખને માટે વિહાર કરતી હતી.[૪] હે સુભગે! તે સ્ત્રીઓ કૌમાર વયથીજ પતિને ત્યજી વ્યભિચાર કરતી તોપણ હે વરારોહે! તે અધર્મ કહેવાતો નહિ; કારણ કે પહેલાં તે ધર્મ ગણાતો હતો.[૫] તે જૂના ધર્મને હજી પણ કામક્રોધથી રહિત પશુપક્ષિની જાતિઓ અનુસરે છે.[૬] હે રંભોરુ! આ પ્રમાણે દૃષ્ટ ધર્મ છે. મહર્ષિઓ પણ તેને માને છે અને ઉત્તર કુરુ દેશમાં હજી પણ તે ધર્મ માનથી પ્રવર્તે છે.[૭] સ્ત્રીઓના ઉપર અનુગ્રહ કરનારો તે પુરાતન ધર્મ છે. હે શુદ્ધસ્મિતવાળી! પછી આ લોકમાં થોડા સમયથી મર્યાદા બંધાઇ છે. તે કોણે બાંધી? અને શા કારણથી બાંધી? તે તું મારાથી વિસ્તરપૂર્વક સાંભળ. મેં સાંભળ્યું છે કે, આગળ ઉદ્દાલક નામના મહર્ષિ થયા હતા.[૮-૯] તેનો મુનિ શ્વેતકેતુ નામનો પુત્ર હતો. હે કમલપત્રાક્ષિ! તે શ્વેતકેતુએ આ ધર્મમર્યાદા જે કારણથી કુપિત થઇને બાંધી છે તે મારા મુખથી સાંભળ. આગળ શ્વેતકેતુની માનો તેના પિતા સમક્ષ કોઇ બ્રાહ્મણે હાથ પકડ્યો અને તેને 'ચાલ આપણે જઇએ' એમ કહ્યું. પોતાની માતાને કોઇ બલથી લઈ જતો હોય તેમ લઇ જવાતી જોઇને અસહનતાથી ઋષિપુત્રને કોપ થયો. શ્વેતકેતુને ક્રોધ થયેલો જોઇને ઉદ્દાલક ઋષિ તેને કહેવા લાગ્યાઃ–[૧૦-૧૩] 'હે વત્સ! તું કોપ કરીશ નહિ; કેમકે આ સનાતન ધર્મ છે. ભૂમિમાં સર્વ વર્ણની સ્ત્રીઓ બંધનરહિત છે.[૧૪] હે તાત! જેમ સંગને માટે ગાય વગેરે પશુઓ સ્વતંત્ર છે, તેમ પોતપોતાના વર્ણમાં પ્રજા સ્વતંત્ર છે.

ઋષિએ આ પ્રમાણે કહ્યું પરંતુ ઋષિપુત્ર શ્વેતકેતુ તે ધર્મને સહન કરી શકચો નહિ;[૧૫] અને હે મહાભાગે! તેણે પૃથ્વીમાં સ્ત્રીપુરુષોને માટે આ પ્રમાણે મર્યાદા કરી તથા તે પણ મનુષ્યોને માટેજ, બીજાં પ્રાણીઓને માટે નહિ.[૧૬] એમ સાંભળ્યું છે કે, ત્યારથી આરંભી આ મર્યાદા પ્રવર્તી છે. 'આજથી પતિનો ત્યાગ કરી વ્યભિચાર કરનારી સ્ત્રીને ભ્રૂણ (ગર્ભ, બાલક અથવા બ્રાહ્મણ) હત્યાના જેવું ઘોર દુઃખદ પાતક લાગશે.* તેમજ કુમારવયથી બ્રહ્મચારિણી–પવિત્ર રહેલી પતિવ્રતા ભાર્યાને ત્યજીને જે પુરુષ વ્યભિચાર કરશે તેને પણ ભૂમિમાં એજ પાતક લાગશે. વળી પુત્રોત્પત્તિને માટે પતિએ નિયોજેલી સ્ત્રી પતિની આજ્ઞાપ્રમાણે વર્તશે નહિ તો તેને પણ તેજ પાપ થશે.'

હે ભીરુ! આ પ્રમાણે ઉદ્દાલકના પુત્ર શ્વેતકેતુએ પોતાના બલથી પૂર્વે ધર્મમર્યાદા સ્થાપી છે. હે રંભોરુ! સૌદાસ રાજાએ પુત્રજન્મને માટે પ્રેરેલી મદયંતી પણ વસિષ્ઠની પાસે ગઈ હતી, એમ અમારા સાંભળવામાં આવ્યું છે. વસિષ્ઠથી તે ભાવવાળી મદયંતીને અશ્મક નામનો પુત્ર થયો હતો.[૧૭-૨૨] આ પ્રમાણે તેણે પણ પતિનું પ્રિય કરવામાટે તેના કહેવા પ્રમાણે કર્યું હતું. વળી હે કમલનયનિ! હે ભીરુ! અમારા જન્મો પણ કુરુના વંશની વૃદ્ધિને માટે કૃષ્ણદ્વૈપાયનથી થયા હતા તે તું જાણેજ છે; માટે આ સઘળાં કારણો જોઇને હે અનિંદિતે! મારાં આ ધર્મયુક્ત વચન પ્રમાણે તારે કરવું જોઇએ. હે પતિવ્રતા રાજપુત્રિ! પ્રત્યેક ઋતુમાં સ્ત્રીએ પતિનું ઉલ્લંઘન કરવું નહિ, એ ધર્મને ધર્મવેત્તાઓ જાણે છે અને ઋતુકાલવિનાના કાલમાં સ્ત્રી સ્વતંત્રતાને પાત્ર છે; એ ધર્મને સત્પુરુષો પુરાતન (યુગાંતરનો) કહે છે. વળી ભર્તા ભાર્યાને ધર્મયુક્ત અથવા અધર્મયુક્ત જે કંઈ કહે તે પ્રમાણે ભાર્યાએ કરવું જોઇએ, એમ વેદવેત્તાઓ જાણે છે. તેમાં પણ જે પતિ પુત્રની કામનાવાળો અને પ્રજોત્પત્તિને માટે અયોગ્ય થયેલો હોય તેનું વચન અવશ્ય

---

* **यथास्तेनो भ्रूणहैवमेष भवतियोऽयोनौ रेतः सिंचति ।** શ્રુ૦ જે અયોનિ (પોતાની ભાર્યાથી બીજી સ્ત્રી) માં વીર્યનું સિંચન કરે તે ચોરની પેઠે ભ્રૂણહત્યારો થાય છે. વળી **अमीषां निष्कृतं जारिणीव ।** મં૦ એઓનું પ્રાયશ્ચિત્ત જારિણીના જેવું. આ બે શ્રુતિવચનોથી પુરુષ તથા સ્ત્રીને વ્યભિચારજન્ય પાપ તથા પીડા જણાય છે; એટલે આ નવી મર્યાદા નથી પરંતુ એ શ્રુત્યર્થનીજ બીજી રીતે વ્યવસ્થા કરેલી છે એમ સમજવું.

માન્ય કરવું. [૨૩-૨૮] હે નિર્દોષાંગિ! હું પુત્ર-દર્શનની લાલસાવડે રક્ત આંગળીથી શોભતો તથા કમલપત્રના જેવો કરસંપુટ તને પ્રસન્ન કરવા માટે મસ્તક ઉપર રાખી તને વિનવું છું. હે કેશના સુંદર છેડાવાળી! તું મારી આજ્ઞાથી અધિક તપવાળા દ્વિજાતિથી ગુણયુક્ત પુત્રોને ઉત્પન્ન કરવા યોગ્ય છે. હે પૃથુનિતંબિનિ! તારા એ કાર્યથી હું પુત્રવાળાની ગતિને પ્રાપ્ત થઈશ. [૨૯-૩૧]

વૈશંપાયન કહે છેઃ-" સુંદર જઘનવાળી તથા પતિનાં પ્રિય અને હિતમાં તત્પર એવી કુંતીને આ પ્રમાણે કહ્યું, ત્યારે તે કુંતી શત્રુના નગરને જીતનારા એવા પાંડુને કહેવા લાગી કેઃ-[૩૨] " જ્યારે પિતાને ત્યાં હું નાની હતી, ત્યારે મને અતિથિનો સત્કાર કરવામાં યોજેલી હતી. ત્યાં મેં ઉત્તમ વ્રતધારી તથા ઉગ્ર પ્રકૃતિના બ્રાહ્મણની સેવા કરી હતી, [૩૩] કે જે ઋષિને લોકો ધર્મમાં ગૂઢ નિશ્ચયવાળા દુર્વાસા કહેતા હતા. તે જિતચિત્ત ઋષિને મેં સર્વ યત્નથી સંતુષ્ટ કર્યા હતા.[૩૪] તે ઐશ્વર્યસંપન્ન ઋષિએ મને દેવતાનું આકર્ષણ કરે એવી શક્તિવાળો શ્રેષ્ઠ મંત્ર આપ્યો હતો અને આ પ્રમાણે કહ્યું હતું કેઃ-[૩૫] " હે રાજ્ઞિ! આ મંત્રવડે તું જે જે દેવને બોલાવીશ તે દેવ નિષ્કામ વા સકામ હશે તોપણ તને વશ થશે [૩૬] તથા તે તે દેવની કૃપાથી તને પુત્ર ઉત્પન્ન થશે. " હે ભારત! આ પ્રમાણે તે ઋષિએ મને મારા બાપને ત્યાં કહ્યું હતું.[૩૭] તે બ્રાહ્મણનું વચન સત્ય છે. તેનોજ આ સમય આવ્યો છે. હે નૃપ! તમારી આજ્ઞા હોય તો હું તે મંત્રવડે દેવને બોલાવું. હે રાજર્ષિ! તેથી આપણને હિતકારક પ્રજા થશે. હે સત્યવાદીમાં શ્રેષ્ઠ! બોલો, હું કયા દેવનું આવાહન કરૂં? આ કાર્યમાં હું તમારી આજ્ઞાની વાટ જોતી બેઠી છું, એમ તમે જાણજો. " [૩૮,૩૯]

પાંડુ કહે છેઃ-" હે સુંદર આરોહવાળી કલ્યાણિ! આજેજ તું દેવને બોલાવવા વિધિપૂર્વક યત્ન કર. તું ધર્મરાજને બોલાવ; કારણ કે તેજ લોકોમાં પુણ્યશાળી છે. આપણો ક્ષત્રિયોનો પાલનધર્મ, અધર્મવડે સચવાતો નથી. લોકો જેને ધર્મ માને છે તેજ આપણો ધર્મ છે. [૪૦,૪૧] ધર્મે આપેલો તે પુત્ર નિઃસંશય કુરુવંશમાં ધાર્મિક થશે અને તેનું મન અધર્મમાં રમણ કરશે નહિ. [૪૨] હે શુચિસ્મિતે! માટે તું ધર્મને મુખ્ય ગણીને નિયમમાં રહી આદર તથા આકર્ષણી વિદ્યાવડે ધર્મરાજનું આવાહન કર."[૪૩]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે પતિએ કહ્યું તે સાંભળીને સુંદરી કુંતીએ ' સારૂં તેમ કરૂં છું" કહીને પ્રણામ કરી આજ્ઞાપ્રમાણે વર્તન કર્યું.[૪૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે કુંતીપુત્રોત્પત્ત્યનુજ્ઞા નામનો અધ્યાય ૧૨૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૩ મો-યુધિષ્ઠિર, ભીમસેન તથા અર્જુનની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

संवत्सरधृते गर्भे गांधार्या जनमेजय ॥
आह्वयामास वै कुंती गर्भार्थे धर्ममच्युतम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ—હે જનમેજય! ગાંધારીને ગર્ભ ધારણ કર્યે એક વર્ષ વીત્યું ત્યારે કુંતીએ ગર્ભને માટે સાક્ષાત્ ધર્મનું આવાહન કર્યું. [૧] તે દેવીએ ત્વરાથી ધર્મને બલિદાન આપ્યું અને પૂર્વે દુર્વાસાએ જે મંત્ર આપેલો હતો, તેનો વિધિપૂર્વક જપ કરવા માંડ્યો. [૨] તે મંત્રના-બળથી ધર્મદેવ સૂર્યના જેવા તેજસ્વી વિમાનમાં બેસીને જ્યાં કુંતી જપ કરતી હતી, ત્યાં આવ્યા [૩] અને હાસ્ય કરીને બોલ્યા કેઃ-" હે કુંતિ! હું તને શું આપું?" ધર્મ પરિહાસ કરતા હતા છતાં કુંતિએ ધર્મને કહ્યું કેઃ-" મને પુત્ર આપો. " [૪] તે પછી યોગમયી મૂર્તિને ધારણ કરનારા ધર્મની સાથે કુંતી સંયોગ પામી અને તેનાથી તે શ્રેષ્ઠ આરોહવાળી કુંતી સર્વ પ્રાણધારીઓના હિતકારી એવા પુત્રને પ્રાપ્ત થઈ;

જે વખતે ચંદ્ર જ્યેષ્ઠા નક્ષત્રમાં હતો. આઠમું અભિજિત મુહૂર્ત્ત હતું. શુકલ પક્ષ હતો, તુલાનો સૂર્ય હતો અને પૂર્ણાતિથ પંચમી હતી તે વખતે અર્થાત્ આશ્વિન શુકલ પંચમીને દિવસે કુંતીએ મહાયશસ્વી મોટા પુત્રને જન્મ આપ્યો. જ્યારે તે પુત્ર ઉત્પન્ન થયો, તેજ વખતે આકાશમાં દૈવી વાણી થઈ કેઃ—“આ પુરુષોમાં ઉત્તમ, ધર્મધારીમાં શ્રેષ્ઠ, પરાક્રમી અને સત્યવાદી એવો પુત્ર પૃથ્વીમાં રાજા થશે. [૬–૮] એ પાંડુનો પ્રથમ થયેલો પુત્ર યુધિષ્ઠિર નામથી ઓળખાશે અને યશ, તેજ તથા સદ્વર્તનથી યુક્ત એવો એ ત્રણ લોકમાં વિખ્યાત કીર્તિવાળો થશે.” આ પ્રમાણે તે ધાર્મિક પુત્રને મેળવીને ફરીથી પાંડુરાજા કુંતીને કહેવા લાગ્યાઃ—[૯,૧૦] “હે કુંતિ! ક્ષત્રિયો બલથીજ મોટા કહેવાય છે, માટે તું મહા બલવાન પુત્રની માગણી કર.” આ પ્રમાણે ભર્તાએ કહ્યું ત્યારે કુંતીએ વાયુનું આવાહન કર્યું; તેજ વખતે મૃગ ઉપર બેસીને મહા બલવાન વાયુ ત્યાં આવ્યો અને બોલ્યો કેઃ—“હે કુંતિ! આજ હું તને શું આપું? તારા મનમાં જે હોય તે તું માગ.” [૧૧,૧૨] આ સાંભળીને લજ્જા પામતી કુંતીએ હસીને કહ્યું કેઃ— “હે સુરશ્રેષ્ઠ! મને બલવાન, મોટા દેહવાળો અને સર્વના ગર્વને મોડનારો પુત્ર આપો.” [૧૩] પછી વાયુથી કુંતીને, ભયંકર પરાક્રવાળો, મહાબાહુ ભીમ ઉત્પન્ન થયો. અત્યંત બલવાળો ભીમ થયો તે વખતે પણ આકાશમાં વાણી થઇ કેઃ—“હે ભારત! આ ઉત્પન્ન થયેલો પુત્ર સર્વ બલવાનોમાં શ્રેષ્ઠ છે.” વળી ભીમસેન જ્યારે ઉત્પન્ન થયો, તેજ વખતે આ એક બીજું મોટું આશ્ચર્ય થયું હતું કે, [૧૪,૧૫] માતાના ખોળામાંથી પડતાં ભીમે શરીરના પ્રઘાતથી શિલાને ચૂર્ણ કરી હતી. (એક વખતે કુંતીના ખોળામાં ભીમ સૂતેલો હતો તે વખતે તેણે વાઘ જોયો,) વાઘને જોઇને ભયવડે ઉદ્વેગ પામેલી કુંતી એકાએક ઉભી થઇ ગઇ, પણ પોતાના ખોળામાં સૂતેલા ભીમને ભૂલી ગઇ. તેથી કુંતી ઉભી થતાંજ વજ્રના સમૂહ જેવો તે કુમાર પર્વત ઉપર પડયો અને તેણે પોતાના પડતા શરીરવડે શિલાના સેંકડો ચૂરા કરી નાખ્યા. (આવો આઘાત થતાં પણ ભીમ જાગ્યો નહિ; કારણ કે વજ્ર શરીરનો હોવાથી એને કંઇજ વેદના થઇ ન હતી.) આ પ્રમાણે તે શિલાને ચૂર્ણ કરેલી જોઇને પાંડુરાજા આશ્ચર્ય પામ્યા. [૧૬–૧૮] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! જે દિવસે ભીમસેન અહીં ઉત્પન્ન થયો હતો, તેજ દિવસે હસ્તિનાપુરમાં દુર્યોધન પણ ઉત્પન્ન થયો હતો. [૧૯] વૃકોદરની ઉત્પત્તિ પછી પાંડુરાજા ફરીથી આ પ્રમાણે વિચારવા લાગ્યા કેઃ—“મને લોકોમાં શ્રેષ્ઠ એવો ઉત્તમ પુત્ર શી રીતે પ્રાપ્ત થાય? [૨૦] આ લોકો કાર્યની સિદ્ધિને માટે દૈવ તથા પુરુષાર્થ બન્નેના ઉપર આધાર રાખે છે. તેમાં પણ યોગ્ય સમયે પ્રયત્ન કર્યાથી દૈવ ફલીભૂત થાય છે. [૨૧] મેં સાંભળ્યું છે કે, દેવના રાજા ઇંદ્ર અમાપ બલવાળા, ઉત્સાહી વીર્યવાન તથા અતુલ કાંતિવાળા છે. [૨૨] હું તેમને તપથી સંતોષ પમાડીને મહાબલવાન પુત્રને મેળવીશ. તે મને જે પુત્ર આપશે તે ઘણો શ્રેષ્ઠ નિવડશે. [૨૩] જે પુત્ર દેવ અને મનુષ્ય સર્વને સંગ્રામમાં હણવા સમર્થ થશે; માટે ઇંદ્રને પ્રસન્ન કરવા હું કર્મ, મન અને વાણીવડે મહાન તપ કરૂં.” [૨૪]

તે પછી કૌરવ્ય મહારાજા પાંડુએ મહર્ષિઓની સાથે વિચાર કરીને કુંતીને શુભ એવું સંવત્સર વ્રત કરવાની આજ્ઞા આપી, [૨૫] અને હે ભારત! મહાન બાહુવાળા પાંડુ પોતે પણ એક પગથી ઉભા રહીને અનન્ય વૃત્તિવાળા ધ્યાનથી દેવોના ઈશ્વર ઇંદ્રને પ્રસન્ન કરવા માટે સૂર્યોદયથી સૂર્યાસ્તપર્યંત ઉગ્ર તપ તપવા લાગ્યા. [૨૬–૨૭] આમ ઘણો કાલ ગયા પછી ઇંદ્ર ત્યાં આગળ આવ્યા અને કહેવા લાગ્યા. ઇંદ્ર કહે છેઃ— “હે રાજન્! ત્રણ લોકમાં પ્રસિદ્ધ થાય તેવો બ્રાહ્મણો, ગાયો તથા સ્નેહીઓનાં કાર્યને સાધનારો, શત્રુઓને શોક આપનારો, સર્વ બંધુઓને આનંદ આપનારો અને સર્વ શત્રુઓને મારનારો એવો ઉત્તમ પુત્ર હું તમને આપીશ.”

આ પ્રમાણે મહાત્મા ઇંદ્રે કહ્યું, ત્યારે ધર્માત્મા પાંડુરાજા ઇંદ્રનાં વચનને યાદ કરીને કુંતીપ્રત્યે.

બોલ્યા કેઃ–"હે કલ્યાણિ ! તારો ભાગ્યોદય થયો છે. તાંર ઉપર દેવગણના સ્વામી ઇંદ્ર પ્રસન્ન થયા છે;[૨૮–૩૧] અને તેં જેવો સંકલ્પ કરેલો તેવો દૈવી કર્મવાળો, યશસ્વી, શત્રુને દમનારો, નીતિમાન, મહાત્મા, આદિત્યના જેવો તેજસ્વી, કોઇથી પણ પરાભવ ન પામનારો ક્રિયાવાળો અને અદ્ભુત આકૃતિવાળો પુત્ર તે તને આપવા ઇચ્છે છે.[૩૨,૩૩] દેવેંદ્રની કૃપા થઇ છે, માટે હે શુચિસ્મિતે ! તું તેમનું આવાહન કર અને હે સુશ્રોણિ! તેમના સમાગમથી ક્ષત્રિયતેજના ધામરૂપ પુત્રને ઉત્પન્ન કર."[૩૪]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે પાંડુએ કહ્યું તે સાંભળીને યશસ્વિની કુંતીએ ઇંદ્રને મંત્રથી બોલાવ્યા. તેજ વખતે દેવેંદ્ર ત્યાં આવ્યા અને તેમણે અર્જુનને ઉત્પન્ન કર્યો.[૩૫] તે કુમાર ઉત્પન્ન થતાંજ, આશ્રમવાસી અને બીજાં પ્રાણીઓના સાંભળતાં શુદ્ધ સ્મિતવાળી કુંતીને હાંક મારી મહાગંભીર શબ્દવાળી આકાશને ગજાવતી પણ સ્પષ્ટ સમજાતી દૈવી વાણી થઇ. તેણે કહ્યું કેઃ–[૩૬,૩૭]"હે કુંતિ ! તારો આ પુત્ર કાર્તવીર્યના જેવો અને શિવના જેવો પરાક્રમી થશે તથા ઇંદ્રના જેવો અજિત થશે અને તારા વંશનો વિસ્તાર કરશે.[૩૮] જેમ પૂર્વે વિષ્ણુએ અદિતિની પ્રીતિ વધારી હતી, તેમ વિષ્ણુના જેવો અર્જુન તારી પ્રીતિમાં વધારો કરશે.[૩૯] એ પુત્ર મદ્રદેશ, સોમકે સહિત કુરુદેશ, ચેદીદેશ, કાશીદેશ અને કરુષ દેશને વશ કરીને કુરુની લક્ષ્મીનું પાલન કરશે.[૪૦] વળી એના બાહુબલવડે અગ્નિ, ખાંડવવનમાં સર્વ પ્રાણીની મેદાથી ઉત્તમ તૃપ્તિ પામશે.[૪૧] એ મહાન બલવાન વીર ગ્રામાધીશો અને રાજાઓને જીતીને ભાઇઓની સાથે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરશે.[૪૨] હે કુંતિ ! એ વીર્યવાનમાં શ્રેષ્ઠ તથા મહાયશસ્વી પુત્ર પરશુરામના જેવો અને વિષ્ણુના જેવો પરાક્રમવાળો થશે.[૪૩] વળી એ યુદ્ધમાં કલ્યાણકારી મહાદેવને પ્રસન્ન કરશે અને સંતોષ પામેલા તે શંકરથી પાશુપત નામનું અસ્ત્ર મેળવશે.[૪૪] મહાબાહુવાળો તારો આ પુત્ર દેવના દ્વેષી નિવાતકવચ નામના દૈત્યોને ઇંદ્રની આજ્ઞાથી હણશે;[૪૫] તથા સમગ્ર દિવ્ય અસ્ત્રોને પ્રાપ્ત કરશે. વળી એ પુરુષશ્રેષ્ઠ ગયેલી લક્ષ્મીને પાછી લાવશે."[૪૬]

આ પ્રમાણે અદ્ભુત દૈવી વાણીને કુંતીએ પુત્રજન્મ વખતે સાંભળી. તે મોટા શબ્દથી થયેલી વાણી સાંભળીને શતશૃંગનિવાસી તપસ્વીઓને પરમ હર્ષ થયો તથા ઇંદ્રસહિત સ્વર્ગવાસી સર્વે દેવસમૂહોને પણ પરમ હર્ષ થયો અને આકાશમાં દુંદુભિનો મહાન ગડગડાટ થયો તથા પુષ્પવૃષ્ટિની સાથે મોટો હર્ષનાદ ઉત્પન્ન થયો.[૪૭–૪૯] પછી દેવોના ગણોએ આવીને પાર્થનું સન્માન કર્યું. વળી કદ્રૂના પુત્રો, વિનતાના પુત્રો, ગંધર્વો, અપ્સરાઓ, સર્વ પ્રજાપતિઓ, સપ્તર્ષિઓ કે જે ભરદ્વાજ, કશ્યપ, ગૌતમ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વસિષ્ઠ અને જ્યારે સૂર્ય નષ્ટ થયા હતા ત્યારે ઉદય પામેલા એવા ભગવાન અત્રિ, એ સઘળાઓ ત્યાં આવ્યા.[૫૦,૫૧] વળી મરીચિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, દક્ષ પ્રજાપતિ અને ગંધર્વો તથા અપ્સરાઓ દિવ્ય પુષ્પની માલાઓ અને દિવ્ય વસ્ત્રાલંકારથી વિભૂષિત થઇને ત્યાં આવ્યાં. અપ્સરાનાં ટોળાંઓ અર્જુનનું ગાન કરીને નૃત્ય કરવા લાગ્યાં.[૫૨,૫૩] તેમજ મહર્ષિઓ ચોતરફ જપ કરવા લાગ્યા. વળી હે રાજા ! ભીમસેન, ઉગ્રસેન, ઉર્ણાયુ, અનઘ, ગોપતિ, ધૃતરાષ્ટ્ર, સૂર્યવર્ચા, આઠમો યુગપ, તૃણપ, કાર્ષ્ણિ, નંદિ, ચિત્રરથ, તેરમો શાલિશિરા, ચૌદમો પર્જન્ય, પંદરમો કલિ, સોળમો નારદ, તથા ઋત્વા, બૃહત્વા, બૃહક, મહા મનવાળો કરાલ બ્રહ્મચારી બહુગુણ જે સુવર્ણ નામથી પ્રસિદ્ધ છે તે તથા વિશ્વાવસુ, ભુમન્યુ, સુચંદ્ર, શરુ અને ગાયન તથા માધુર્યથી સંપન્ન એવા વિખ્યાત હાહા હૂહૂ, એ દેવગંધર્વો ત્યાં આવ્યા હતા. તે ગંધર્વોની સાથે શ્રીમાન તુંબરુ ગાન કરવા લાગ્યો[૫૪–૫૯] તેમજ સર્વ અલંકારથી શણગારાયલાં, વિશાલ નેત્રવાળી તથા મહાભાગ્યવતી એવી અપ્સરાઓ પ્રસન્ન થઇને ગાવા લાગી તથા નાચવા લાગી.[૬૦] વળી અનુચાના, અનવદ્યા, ગુણમુખ્યા, ગુણાવરા, અદ્રિકા, સોમા, મિશ્રકેશી, અલંબુષા, મરીચિ, શુચિકા, વિદ્યુત્પર્ણા, તિલોત્તમા, અંબિકા, લક્ષણા, ક્ષેમા, દેવી, રંભા, મનો-

રમા, અસિતા, સુબાહુ, સુપ્રિયા, વપુ, પુંડરીકા, સુગંધા, સુરસા, પ્રમાથિની, કામ્યા અને શારદ્વતી, એઓ ભેગી મળીને નૃત્ય કરવા લાગી. વળી મેનકા, સહજન્યા, કર્ણિકા, પુંજિકસ્થલા, ઋતુસ્થલા, ઘૃતાચી, વિશ્વાચી, પૂર્વચિત્તિ, ઉમ્લોચા અને વિખ્યાત પ્રમ્લોચા, એ દશ તથા અગિયારમી ઉર્વશી એ વિશાલ નેત્રવાળી અપ્સરાઓ ગાન કરવા લાગી. ધાતા, અર્યમા, મિત્ર વરુણ, અંશ, ભગ, ઇંદ્ર, વિવસ્વાન, પૂષા, ત્વષ્ટા, સવિતા, પર્જન્ય તથા વિષ્ણુ, આ બાર સૂર્યો કહેવાય છે, તેઓ પાંડુપુત્ર અર્જુનના મહિમાને વધારતા આકાશમાં સ્થિર રહ્યા હતા.[૬૧-૬૭] વળી મૃગવ્યાધ, સર્પ, નિઋતિ, અજ, એકપાદ, અહિર્બુધ્ન્ય, પરંતપ પિનાકી, દહન, ઈશ્વર, કપાલી, સ્થાણુ અને હે રાજન્! ભગવાન ભગ, એ સઘળા રુદ્રો ત્યાં આવ્યા હતા.[૬૮,૬૯] અશ્વિનીકુમાર, આઠ વસુઓ, મહા બલવાન વાયુઓ, વિશ્વેદેવા તથા સાધ્યગણો ત્યાં આજુબાજુએ ઉભા હતા.[૭૦] વળી કર્કોટક સર્પ, વાસુકિનાગ, કચ્છપ, કુંડ, મહાસર્પ તક્ષક, એઓ અને બીજા ઘણા નાગો જેઓ તપથી યુક્ત, મહા ક્રોધવાળા તથા મહાન બલવાળા હતા, તેઓ ત્યાં આવ્યા હતા.[૭૧,૭૨] તેમજ તાર્ક્ષ્ય, અરિષ્ટનેમિ, ગરુડ, અસિતધ્વજ, અરુણ અને આરુણિ, એ વિનતાના પુત્રો પણ ત્યાં આવ્યા હતા.[૭૩] તે બધા વિમાન અને પર્વતના શિખર ઉપર રહેલા દેવગણોને, તપવડે સિદ્ધ થયેલા મહર્ષિઓ જોઈ શકયા હતા; ઇતર જનો જોઇ શકયા નહિ.[૭૪] આ મહાન આશ્ચર્ય જોઇને મુનિશ્રેષ્ઠો વિસ્મય પામ્યા અને ત્યારથી પાંડવો પ્રત્યે અધિક પ્રીતિ કરવા લાગ્યા.[૭૫] પછી મહાયશસ્વી પાંડુરાજાએ પુત્રના લોભથી ફરી ધર્મપત્ની કુંતીને કહેવાની ઇચ્છા કરી ત્યારે કુંતીએ તેમને કહ્યું કે:–[૭૬] "આપત્તિકાલમાં પણ આવી ચોથી પ્રજા ઉત્પન્ન કરવા કહ્યું નથી. જો તેમ કરે તો ચોથી વાર સ્વૈરિણી ગણાય અને પાંચમી વખતે વેશ્યા ગણાય;[૭૭] માટે હે વિદ્વન! આ ધર્મને જાણતાં છતાં પણ તમે પ્રમાદથી બોલતા હો તેમ આગળ વધીને મને પ્રજાને માટે કેમ કહો છો?" ૭૮

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે પાંડવોત્પત્તિ નામનો
અધ્યાય ૧૨૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૪ મો–નકુલ તથા સહેદવની ઉત્પત્તિ

॥ वैशंपायन उवाच ॥

कुंतीपुत्रेषु जातेषु धृतराष्ट्रात्मजेषु च ॥
मद्रराजसुता पांडुं रहो वचनमब्रवीत् ॥ १ ॥

વૈશંપાયન કહે છે:–કુંતીના પુત્રો ઉત્પન્ન થયા તથા ધૃતરાષ્ટ્રના પુત્રો ઉત્પન્ન થયા તે પછી મદ્રરાજની પુત્રી માદ્રી, પાંડુને એકાંતમાં કહેવા લાગી કે:–[૧] "હે શત્રુને તાપ આપનારા! તમે પ્રજોત્પત્તિને માટે અયોગ્ય થયા છો તોપણ તમારે માટે મને સંતાપ થતો નથી; તથા હે નિષ્પાપ! શ્રેષ્ઠતાને માટે યોગ્ય એવી કુંતીથી હું નિત્ય બીજી પંક્તિમાં રહું છું તેથી પણ મને સંતાપ થતો નથી.[૨] વળી હે કુરુનંદન રાજા! ગાંધારીને સો પુત્રો ઉત્પન્ન થયા તે સાંભળીને પણ મને તેવું દુઃખ થયું નથી;[૩] પરંતુ હું અને કુંતી બન્ને સમાન છીએ તેમ છતાં મને પુત્ર નહિ એ દુઃખ મને બહુ સાલે છે. બાકી મારા પતિને હમણાં કુંતીમાં સંતતિ થઇ એ પણ બહુ સારૂં થયું, એમ હું માનું છું.[૪] જો કુંતિરાજની પુત્રી મારાથી પુત્ર ઉત્પન્ન થાય તેમ કરે તો મારા ઉપર કૃપા કરી ગણાય અને તમારૂં પણ હિત થાય.[૫] હું કુંતિરાજની પુત્રીની સપત્ની હોવાથી અભિમાનવડે તેને જાતે કહી શકતી નથી, પણ જો મારા ઉપર તમે પ્રસન્ન હો તો પોતેજ તેને પ્રેરણા કરો."[૬]

પાંડુ કહે છેઃ-"હે માદ્રિ! મારા હૃદયમાં પણ એજ વિષય નિત્ય ઘોળાયા કરે છે; પરંતુ તું અનુકૂળ કહેશે કે પ્રતિકૂળ કહેશે, એ સંદેહથી હું તને કહી શકયો નથી;[7] પણ હવે તારો અભિપ્રાય જાણ્યો એટલે હું એ સંબંધમાં પ્રયત્ન કરીશ અને હું માનું છું કે મારાં કહેલાં વચનને તે જરૂર અંગીકાર કરશે."[8]

વૈશંપાયન કહે છેઃ-પછી પાંડુરાજા એકાંતમાં કુંતીને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-'હે કુંતિ! તું મારા કુલની વૃદ્ધિ કર અને લોકોનું પ્રિય કર.[9] હે કલ્યાણિ! તું મારા તથા મારા પૂર્વજોના પિંડનો નાશ ન થવા માટે તથા મારા પ્રિયને માટે ઉત્તમ કલ્યાણ કાર્ય કર.[10] વળી એ કાર્યથી તને યશ મળશે, માટે તું યશને અર્થે પણ એ દુષ્કર કર્મ કર. ઇંદ્રને ઇંદ્રપદ મળ્યું હતું તોપણ તેણે યશને સારૂ યજ્ઞ કર્યા હતા; તેમજ હે ભાવિનિ! મંત્રવેત્તા બ્રાહ્મણો દુષ્કર તપ કરીને પણ યશને માટે ગુરુની પાસે જઇને તેમની સેવા કરે છે.[12] વળી સઘળા રાજર્ષિઓ અને તપરૂપી ધનવાળા બ્રાહ્મણો પણ યશને માટે નાનાંમોટાં દુષ્કર કામો કરે છે;[13] માટે હે અનિંદિતા! તું આ માદ્રીને પણ પુત્રરૂપી નાવવડે, તાર અને એને પુત્રરૂપી ભાગ આપીને પરમ કીર્તિને પ્રાપ્ત થા."[14]

વૈશંપાયન કહે છેઃ-પછી પાંડુને 'સારૂ' કહીને કુંતીએ માદ્રીને કહ્યું કેઃ-"તું એકવાર દેવનું ચિંતન કર. જે દેવનું તું સ્મરણ કરશે તેનાથી નિઃસંશય તને યોગ્ય પુત્ર થશે."[15]

તે પછી માદ્રીએ વિચાર કરીને મનવડે અશ્વિનીકુમારનું સ્મરણ કર્યું; એટલે તે બન્ને દેવો ત્યાં આવ્યા અને તેમણે માદ્રીથી પૃથ્વીમાં અતુલ રૂપવાળા નકુલ તથા સહદેવ નામના જોડીઆ બે પુત્રો ઉત્પન્ન કર્યા. તેઓનો જન્મ થતાં પણ દૈવી વાણી થઇ કેઃ-[16-17] "આ બન્ને પુત્રો હૃદયબલ, રૂપ તથા ગુણવડે અશ્વિનીકુમારથી પણ અધિક થશે અને સ્વરૂપસંપત્તિ તથા તેજવડે અત્યંત પ્રકાશી નીકળશે." હે રાજન્! પછી તે કુમારોનાં ભકિત, કર્મ તથા આશિષની સાથે શતશૃંગવાસી ઋષિઓએ નામ પાડયાં.[18-19] મોટાનું નામ યુધિષ્ઠિર, મધ્યમનું નામ ભીમસેન તથા ત્રીજાનું નામ અર્જુન, આવાં કુંતીના ત્રણે પુત્રોનાં નામ પાડયાં.[20] વળી તે પ્રસન્ન થયેલા વિપ્રોએ માદ્રીના પુત્રોમાં પ્રથમ થયેલો તેનું નામ નકુલ અને બીજાનું નામ સહદેવ પાડયું. કુરુકુલમાં ઉત્તમ એવા, એ પાંડુના પુત્રો વર્ષ વર્ષને અંતરે થયા હતા તોપણ તેઓ પાંચ પાંચ વર્ષના હોય તેવા દેખાવા લાગ્યા.[22] મહાન સત્ત્વવાળા, મહા વીર્યવાળા, મહાન બલ તથા પરાક્રમવાળા, દેવના જેવા રૂપવાળા અને મહાન કાંતિવાળા તે પુત્રોને જોઇને પાંડુરાજા બહુ હર્ષ પામ્યા તથા રાજી રાજી થઈ ગયા. વળી શતશૃંગનિવાસી સર્વ ઋષિઓ અને ઋષિપત્નીઓને પણ તે કુમારો પ્રિય થઇ પડયા હતા. પાંડુએ ફરીથી જ્યારે માદ્રીને માટે પુત્ર આપવા કુંતીને એકાંતમાં કહ્યું, ત્યારે હે રાજન્! સતી કુંતીએ રાજાને કહ્યું કેઃ-"મેં એને એક વખત કહ્યું એટલામાં એણે બે દેવોને યાદ કરી બે પુત્રો મેળવ્યા અને મને ઠગી![23-26] માટે એનાથી પરાભવ પામવાના ભયથી હું બીકું છું. કપટી સ્ત્રીઓની વર્તણુંક એવી હોય છે. હું મૂઢા જાણતી ન હતી કે જોડ દેવોનાં આવાહનથી બે પુત્રો થાય છે![27] માટે હવે તમારે મને એ કાર્ય સારૂ આજ્ઞા કરવી નહિ, એ હું તમારી પાસે માગી લઉં છું."

આ પ્રમાણે પાંડુને દેવોએ આપેલા પાંચ મહા બલવાન, કીર્તિમંત અને કુરુવંશની વૃદ્ધિ કરનારા પુત્રો થયા હતા. તેઓ શુભ લક્ષણોથી સંપન્ન, ચંદ્રના જેવા પ્રિયદર્શન, સિંહના જેવા દર્પવાળા, મોટાં ધનુષવાળા, સિંહના જેવી પરાક્રમી ચાલવાળા અને સિંહના જેવી ગ્રીવાવાળા હતા. પછી દેવના જેવા પરાક્રમી તે મનુષ્યેંદ્રો ત્યાં મોટા થવા લાગ્યા.[28-30] આમ પવિત્ર હિમાલય પર્વતમાં વૃદ્ધિ પામતા તે કુમારો ત્યાં આવનારા મહર્ષિઓને વિસ્મય ઉત્પન્ન કરતા હતા.[31] તે પાંચ અને સો ધૃતરાષ્ટ્રના પુત્રો, એ

બધા કુરુવંશની વૃદ્ધિ કરનારાઓ પાણીમાં કમલની પેઠે થોડાજ કાલમાં મોટા થઇ ગયા હતા.[૩૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે નકુલસહદેવવોત્પત્તિ નામનો અધ્યાય ૧૨૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૫ મો—પાંડુરાજાનું મૃત્યુ અને માદ્રીનું સતી થવું.

॥ वैशंपायन उवाच ॥

दर्शनीयांस्ततः पुत्रान् पाण्डुः पञ्च महावने ॥
तान् पश्यन् पर्वते रम्ये स्वबाहुबलमाश्रितः॥१॥

વૈશંપાયન બોલ્યાઃ—દર્શન કરવા જેવા પાંચ પુત્રોને જોતા પાંડુરાજા પોતાના બાહુબલનો આશ્રય કરીને રમ્ય પર્વતના મહાવનમાં રહેતા હતા. એક વખતે પ્રાણીઓને મોહિત કરનારા તથા વનોને પુષ્પિત કરનારા એવા ચૈત્ર અને વૈશાખ માસના સંધિકાલમાં એટલે વસંતકાલમાં પાંડુરાજા રાણીને લઇને વનમાં ફરવા નીકળ્યા હતા.[૨] તે વખતે પલાશો, તિલકો, આંબાઓ, ચંપાનાં ઝાડો, લીમડાનાં ઝાડો અને બીજાં ફલ ફૂલથી સમૃદ્ધ થયેલાં વૃક્ષો તથા વિવિધ જલાશયો અને પદ્મિનીઓથી તે વન શોભી રહ્યું હતું. તે વનને જોઇને પાંડુના હૃદયમાં કામવિકાર ઉત્પન્ન થયો.[૩,૪] ત્યાં પ્રફુલ્લ મનથી દેવની પેઠે ફરતા તે રાજાની પાછળ માદ્રી સુંદર વસ્ત્ર પહેરીને એકલી ગઈ હતી.[૫] રાજાએ યુવાન તથા ઝીણા વસ્ત્રમાંથી જેનાં કંઇક કંઇક અંગ જણાતાં એવી માદ્રીને જોઇ અને જોતાંની સાથેજ વનમાં જેમ મહાન અગ્નિ પ્રસરે તેમ તેના ચિત્તમાં કામે પ્રવૃત્તિ કરી.[૬] એકાંતમાં તે કમલનયનીને એકલી જોઇને કામને આધીન થયેલા રાજા કામનો નિગ્રહ કરી શકયા નહિ.[૭] પછી રાજાએ એકાંતમાં આવેલી માદ્રીને બલથી પકડી લીધી, તે વખતે રાણીએ પોતાની શકિત પ્રમાણે ભુજબંધમાંથી નીકળવા પ્રયત્ન કરતાં રાજાને રોકવા માંડયા; પણ કામવડે વ્યાપ્ત ચિત્તવાળા રાજાને ઋષિનો શાપ યાદ આવ્યો નહિ અને તે બલાત્કારથી માદ્રીની સાથે મૈથુનધર્મવડે યોજાયા ![૮,૯] હે કૌરવ્ય ! વિધિએ પ્રેરેલા રાજા, શાપનો ભય છોડી દઇને આ પ્રમાણે જીવિતના અંતને માટે કામને વશ થઇ ગયા.[૧૦] કામાત્મા તે રાજાની બુદ્ધિ સાક્ષાત્ કામવડે મોહિત થઇ ગઇ અને તે ઇંદ્રિયસમૂહને વ્યાકુલ કરીને છેવટે વિચારે સહિત નષ્ટ થઇ. આથી તે પરમ ધર્માત્મા કુરુનંદન પાંડુરાજા, ભાર્યાની સાથે સંભોગ કરતાંજ તત્કાલ મૃત્યુ પામ્યા.[૧૧,૧૨] તે વખતે માદ્રી મરણ પામેલા રાજાને આલિંગન કરીને વારંવાર દુઃખજન્ય શબ્દથી અત્યંત પોકાર કરવા લાગી.[૧૩] તે સાંભળીને પોતાના તથા માદ્રીના પુત્રોને લઇને કુંતી જ્યાં રાજાનું મૃત્યુ થયું હતું ત્યાં આવી પહોંચ્યાં.[૧૪] એટલે હે રાજન્ ! દુઃખિત થયેલી માદ્રીએ કુંતીને કહ્યું કેઃ—"તમે એકલાંજ અહીં આવો, છોકરાઓને ત્યાંજ રહેવા દો."[૧૫] આવાં માદ્રીનાં વચન સાંભળીને કુંતી છોકરાઓને ત્યાંજ મૂકી 'હાય હું હણાઇ ગઇ' એમ બૂમ મારતાં તુરત ત્યાં આવ્યાં[૧૬] અને ધરણીપર સૂતેલાં માદ્રી તથા પાંડુને જોઇને શોકથી છવાઇ ગયેલાં કુંતી બહુ દુઃખિત થઇને વિલાપ કરતાં કહેવા લાગ્યાંઃ—[૧૭] "જિતચિત્ત વીર રાજાનું હું નિત્ય રક્ષણ કરતી હતી, તો વનવાસી ઋષિના શાપને જાણતા એવા રાજાએ તારૂં શા કારણથી બલવડે અતિક્રમણ કર્યું ?[૧૮] ઓ માદ્રિ ! તારે રાજાને રોકવા હતા, તેની જગ્યાએ નિર્જન પ્રદેશમાં તેં રાજાને શામાટે લોભાવ્યા ?[૧૯] તે શાપને યાદ કરીને સતત દીન રહેતા રાજાને, તને એકાંતમાં જોઇને શી રીતે કામ ઉત્પન્ન થયો ?[૨૦] હે બાહ્લીકિ ! તું ધન્ય છે, મારા કરતાં પણ તું ભાગ્યશાલી છે, જેથી તું કામથી પ્રહર્ષ પામેલું રાજાનું મુખ જોઇ શકી."[૨૧]

માદ્રી બોલી:-"હે દેવિ! મેં તો વિલાપ કરીને એમને વારંવાર રોકયા હતા, પણ એ પોતેજ શાપજન્ય દુષ્પ્રારબ્ધને સત્ય કરવા ઇચ્છતા હોય તેમ મનને રોકી શકયા નહિ."[૨૨]

કુંતી બોલ્યાં:-"હે માદ્રિ! હું મોટી ધર્મપત્ની છું, માટે મુખ્ય ધર્મફલ મને મળવું જોઇએ; એટલે અવશ્ય ભાવિ વસ્તુથી મને વારીશ નહિ.[૨૩] હવે તો યમરાજાને વશ થયેલા પતિને હું ખોળવા જઇશ અર્થાત્ સતી થઇશ. તું એમને છોડીને ઉઠ અને આ બાલકોનું પાલન કર." [૨૪]

માદ્રી બોલી:-"યુદ્ધમાં પાછી પાની ન કરનારા પતિની પાછળ હુંજ સતી થઇશ; કારણ કે મને કામથી તૃપ્તિ થઇ નથી, માટે હે જયેષ્ઠા! મને રજા આપો.[૨૫] વળી આ ભરતસત્તમ રાજા કામવડે મારૂં ગમન કરતાં મરણ પામ્યા છે, માટે હું એમના કામને યમલોકમાં જઇને કેમ શાંત કરૂં નહિ?[૨૬] હે આર્યા! વળી તમારા પુત્રોમાં અને મારા પુત્રોમાં સમાન વર્તનથી હું નહિ વર્તું તોપણ મને પાપનો સંબંધ થાય.[૨૭] માટે હે કુંતિ! મારા બે પુત્રોપ્રત્યે તમે પોતાના પુત્રોની પેઠેજ વર્તજો અને આ રાજા મારીજ કામના કરતા મરણ પામ્યા છે,[૨૮] માટે રાજાના શરીરની સાથેજ મારૂં પણ આ શરીર ઢાંકીને બાળી મૂકજો. હે આર્યે! આટલું તમે મારૂં પ્રિય કરો.[૨૯] બાલકોનું સાવધ થઇને રક્ષણ કરજો અને મારૂં હિત કરજો. હવે હું આ વિના બીજું કંઇ કહેવાનું જોતી નથી."[૩૦]

વૈશંપાયન કહે છે:-આ પ્રમાણે કુંતીને કહીને યશસ્વિની એવી મદ્રરાજની પુત્રી અને પાંડુરાજાની ધર્મપત્ની માદ્રીએ ચિતાના અગ્નિમાં ગોઠવેલા રાજાની સાથે તુરત ચિતામાં આરોહણ કર્યું.[૩૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પાંડૂપરમ નામનો અધ્યાય ૧૨૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૬ મો-પાંડવો હસ્તિનાપુર આવ્યા.

॥ वैशंपायन उवाच ॥

पांडोरुपरमं दृष्ट्वा देवकल्पा महर्षयः ॥

ततो मंत्रविदः सर्वे मंत्रयाञ्चक्रिरे मिथः ॥१॥

વૈશંપાયન કહે છે:-પાંડુરાજાનું મૃત્યુ થયેલું જોઇને, દેવતુલ્ય મંત્રજ્ઞ મહર્ષિઓ ત્યાં એકઠા મળીને પરસ્પરમાં વિચાર કરવા લાગ્યા[૧] તપસ્વીઓ બોલ્યા:-"મહાયશસ્વી મહાત્મા પાંડુરાજા રાજ્ય તથા દેશને છોડીને તથા આ સ્થાનમાં તપ કરીને તપસ્વીઓને શરણે રહ્યા હતા.[૨] તે પાંડુરાજા પોતાના બાલક પુત્રો તથા સ્ત્રીને થાપણરૂપે આપણે સ્વાધીન મૂકીને અહીંથી સ્વર્ગમાં ગયા છે;[૩] માટે તે મહાત્માના પુત્રો, ભાર્યા તથા દેહાવશેષ અસ્થિને લઇને તેના રાજ્યમાં પહોંચાડવાં, એ આપણો ધર્મ છે."[૪]

વૈશંપાયન કહે છે:-આ પ્રમાણે તે ઉદાર મનવાળા દેવતુલ્ય સિદ્ધ મહર્ષિઓ પરસ્પર ઠરાવ કરીને પાંડુના પુત્રોને આગળ કરી ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રને પાંડવોની સોંપણી કરવા હસ્તિનાપુર નગરપ્રત્યે જવા માટે તત્પર થયા;[૫-૬] અને તેજ વખતે પાંડુની સ્ત્રી, પાંડુના પુત્રો તથા પાંડુ અને માદ્રીનાં શરીરનાં અસ્થિ, એ બધાંને લઇને તે તપસ્વીઓ ત્યાંથી ચાલી નીકળ્યા.[૭] નિરંતર પુત્રોના ઉપર વાત્સલ્યભાવવાળાં કુંતી પહેલાં ઘણાં સુખી હતાં તેને હમણાં ઘણું દૂર ચાલવાનું આવ્યું; પણ ઋષિના યોગપ્રભાવથી તે પાસેજ માનવા લાગ્યાં.[૮] યશસ્વિની કુંતી થોડાજ સમયમાં કુરુજાંગલ દેશમાં આવ્યાં અને ત્યાંથી હસ્તિનાપુરના વર્ધમાનપુર નામના મુખ્ય દરવાજા આગળ આવી પહોંચ્યાં.[૯] ત્યાં આવી તપસ્વીઓએ દ્વાર-

પાલને કહ્યું કેઃ–“ રાજાની આગળ જઈને પાંડુપુત્રો, કુંતી તથા અમે આવ્યા છીએ તેની ખબર આપ.” દ્વારપાલોએ ક્ષણમાંજ જઇને સભામાં એ ખબર જણાવી.[૧૦] હજારો ચારણો તથા મુનિઓની સાથે પાંડવો આવ્યા છે, આ સાંભળીને હસ્તિનાપુરમાં મનુષ્યોને વિસ્મય ઉત્પન્ન થયો. પછી સૂર્યોદયને બે ઘડી થઈ તે વખતે સઘળા નગરવાસીઓ બાલકો અને સ્ત્રીઓને લઇને તપસ્વીઓનાં દર્શન કરવા માટે બહાર નીકળ્યા.[૧૨] સ્ત્રીનાં ટોળાંઓ તથા ક્ષત્રિયોનાં ટોળાંઓ વાહનોમાં બેસીનેજવા નીકળ્યાં તથા બ્રાહ્મણોની સાથે બ્રાહ્મણની સ્ત્રીઓ પણ જવા નીકળી.[૧૩] તેમજ વૈશ્ય અને શૂદ્રોનાં ટોળાંઓની પણ મોટી ભીડ થઇ ગઇ.[૧૪] ત્યાં કોઇ પણ ઈર્ષ્યા કરતું ન હતું પણ બધાં ધર્મબુદ્ધિવાળાં થયાં હતાં.[૧૫] વળી શાંતનુના પુત્ર ભીષ્મ સોમદત્ત, બાહ્લીક,રાજર્ષિ ધૃતરાષ્ટ્ર,ક્ષત્તા વિદુર, માતા સત્યવતી, યશસ્વિની રાણી કૌસલ્યા અને ગાંધારી પણ રાણીઓને લઇને ત્યાં જવા નીકળ્યાં.[૧૬] તથા ધૃતરાષ્ટ્રના દુર્યોધન વગેરે સૌ પુત્રો પણ વિચિત્ર અલંકારો પહેરીને ત્યાં જવા નીકળ્યા.[૧૭] પછી બધાએ તે મહર્ષિ ગણોને જોઈને મસ્તકથી પ્રણામ કર્યા અને પુરોહિતે સહિત સર્વ કૌરવ્યો ઋષિઓના સમીપમાં બેઠા.[૧૮] તેમજ નગરના અને દેશના સઘળા લોકો પણ મસ્તકવડે પૃથ્વીમાં અભિવંદન કરીને તથા પ્રણામ કરીને પાસે પાસે બેઠા.[૧૯] હે પ્રભો ! પછી તે સઘળા જનોને નિઃશબ્દ શાંત થયેલા જાણીને ભીષ્મે મહર્ષિઓનું યથાન્યાય અર્ઘ્યપાદ્યવડે પૂજન કર્યું અને રાજ્ય તથા દેશ તેમને નિવેદન કર્યા. તે પછી સર્વ ઋષિઓના મતને જાણીને તેમાંના એક જટા અને મૃગચર્મને ધારણ કરનારા મહાન વૃદ્ધ મહર્ષિ ઉઠયા અને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૨૦।૨૧] “જે કૌરવના વંશજ પાંડુ નામના રાજા હતા તે કામભોગને ત્યજીને અહીંથી શતશૃંગ પર્વત ઉપર આવ્યા હતા.[૨૨] તે બ્રહ્મચર્ય વ્રતમાં રહેનારા રાજાને ત્યાં દિવ્ય મંત્રના બલવડે સાક્ષાત્ ધર્મરાજથી આ યુધિષ્ઠિર નામનો પુત્ર થયો છે.[૨૩] વળી તે મહાત્મા રાજાને બલવાનમાં શ્રેષ્ઠ એવો આ ભીમ નામનો મહાબલિષ્ઠ પુત્ર વાયુએ આપ્યો છે;[૨૪] તથા આ ધનંજય નામનો પુત્ર ઇંદ્રથી કુંતીમાંજ ઉત્પન્ન થયો છે કે જેની કીર્તિ સર્વે ધનુર્ધારીની કીર્તિને ઝાંખી પાડશે.[૨૫] હવે માદ્રીએ અશ્વિનીકુમારથી મહા ધનુર્ધારી અને પુરુષોમાં શ્રેષ્ઠ એવા બે પુત્રો ઉત્પન્ન કર્યા છે તે આ બન્ને પુરુષવ્યાઘ્રો છે, તેમને પણ તમે જુઓ.[૨૬] નિત્ય ધર્મપરાયણ અને વનમાં વાસ કરનારા યશસ્વી પાંડુએ પોતાના પિતામહનો નાશ પામતો વંશ પુનઃ ઉદ્ધાર્યો છે.[૨૭] આ પાંડુના પુત્રોના જન્મ, વૃદ્ધિ અને વૈદિક અધ્યયનો, એ સઘળું જોઇને તમને પરમ પ્રીતિ ઉત્પન્ન થશે.[૨૮] સત્પુરુષની પેઠે વર્તતા પાંડુરાજા પુત્રના લાભને મેળવીને આજથી સત્તરમે દિવસે પિતૃલોકવાસી થયા છે.[૨૯] વળી ચિતાના અગ્નિમાં મૂકેલા તેમને જોઇને માદ્રીએ પણ પોતાની જીવિતસ્પૃહા ત્યજીને અગ્નિમાં પ્રવેશ કર્યો છે,[૩૦] એટલે તે પતિવ્રતા પણ પાંડુરાજાની સાથેજ પતિલોકમાં ગઈ છે; માટે પાંડુરાજા તથા માદ્રીને માટે જે ઉત્તરક્રિયા કરવાની હોય તે હવે તમે કરો.[૩૧] આ તે બન્નેનાં અસ્થિઓ અને આ તેમના ઉત્તમ પુત્રો છે. તમે શત્રુને તાપ આપનારા આ પુત્રોનો તેમની માતાની સાથે સત્કારપૂર્વક સ્વીકાર કરો.[૩૨] વળી પ્રેતક્રિયા (સપિંડીકરણાંત ક્રિયા) થઇ ગયા પછી કુરુકુલને વહન કરનારા મહાયશસ્વી અને સર્વધર્મજ્ઞ એવા પાંડુને માટે પિતૃમેધ કરજો.”[૩૩]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે સર્વ કુરુઓને કહીને કુરુઓના જોતાંજ સર્વે તપસ્વીઓ ગુહ્યકોની સાથે, ત્યાંથી ક્ષણમાં અંતર્ધાન થઇ ગયા.[૩૪] ગંધર્વ નગરની પેઠે સર્વ ઋષિ અને સિદ્ધગણોને આવેલા જોયા અને ફરી અંતર્હિત થયેલા જોયા તેથી તે સઘળાઓ બહુ આશ્ચર્ય પામ્યા.[૩૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ઋષિસંવાદ નામનો અધ્યાય ૧૨૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૭ મો–પાંડુ તથા માદ્રીના ઉત્તરસંસ્કાર

॥ धृतराष्ट्र उवाच ॥
पांडोर्विदुर सर्वाणि प्रेतकार्याणि कारय ॥
राजवद्राजसिंहस्य माद्र्याश्चैव विशेषतः ।१।

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–"હે વિદુર! રાજસિંહ પાંડુની સર્વ ઉત્તરક્રિયા રાજાની પેઠે કરાવો તથા માદ્રીની પણ વિશેષવડે ક્રિયા કરાવો;[૧] અને પશુઓ, વસ્ત્રો, રત્નો ને નાનાવિધ ધન, પાંડુ તથા માદ્રીના નિમિત્તમાં જેમને જેટલું જોઇએ તેટલું આપો.[૨] વળી જે રીતે કુંતી, માદ્રીનો સત્કાર કરવા કહે તે રીતે સર્વ વ્યવસ્થા કરો અને સૂર્ય તથા વાયુ પણ જોઇ શકે નહિ તેમ સારી રીતે માદ્રીના દેહાવશેષને આચ્છાદિત કરાવો.[૩] નિષ્પાપ એવા પાંડુ શોક કરવા યોગ્ય નથી, પરંતુ તે રાજા પ્રશંસા કરવા યોગ્ય છે, કારણ કે જેને દેવપુત્રોના જેવા પાંચ વીર પુત્રો ઉત્પન્ન થયા છે."[૪]

વૈશંપાયન કહે છેઃ–હે ભારત ! 'સારૂં તેમ કરીશું' કહીને વિદુરે ભીષ્મને સાથે રાખી પરમ પવિત્ર સ્થાનમાં પાંડુનો સંસ્કાર કરવા માંડયો.[૫] હે રાજન્! પછી પાંડુરાજાના ઘીની આહુતિથી સુગંધવાળા, અગ્નિહોત્રના પ્રદીપ્ત અગ્નિઓને પુરોહિતો નગરમાંથી તત્કાલ લઇ ગયા.[૬] તે પછી ઋતુમાં થયેલાં પુષ્પો તથા વિવિધ સુંદર સુગંધોથી એક પાલખીને શણગારી તેને વસ્ત્રવડે ચોમેરથી આચ્છાદિત કરી.[૭] આ પ્રમાણે પુષ્પો અને અમૂલ્ય વસ્ત્રોથી સુશોભિત કરેલી તે પાલખીની પાસે પ્રધાનો અને સગાંસંબંધીઓ આવીને ઉભાં રહ્યાં.[૮] પછી પુરુષસિંહ પાંડુ તથા માદ્રીના દેહાવશેષને સારી રીતે ઢાંકી પરમ અલંકૃત શિબિકામાં મૂકી તેને ઉંચકીને તેઓ ત્યાંથી ચાલ્યા.[૯] વળી તે વખતે શ્વેત છત્ર, ચામર, વિંજણા અને સર્વ વાદિત્રના નાદથી ત્યાં સારી પેઠે શોભા કરી હતી.[૧૦] પાંડુની ઉત્તરક્રિયામાં ઘણાં રત્નો લઇને સેંકડો પુરુષો યાચક લોકોને આપતા હતા.[૧૧] વળી ધોળાં છત્રો, મોટાં ચામરો અને સુંદર વસ્ત્રો પાંડુને માટે ત્યાં લાવવામાં આવ્યાં હતાં.[૧૨] શ્વેત વસ્ત્રધારી યાજ્ઞિકોએ જેમાં આહુતિઓ આપેલી એવા પાંડુના જાજ્વલિત અને અલંકૃત અગ્નિઓને પાંડુની આગળ રાખવામાં આવ્યા હતા.[૧૩] હજારો બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો રોદન કરતા શોકસંતપ્ત થઈને રાજાની પાછળ ચાલતા હતા.[૧૪] તેઓ કહેતા હતા કે "આ રાજા આપણને હમેશના દુઃખમાં નાખી અનાથ કરીને આપણને છોડી કયાં જાય છે?"[૧૫,૧૬] વળી સઘળા પાંડવો, ભીષ્મ તથા વિદુર પણ આક્રોશ કરતા સાથે ચાલતા હતા. પછી ગંગાના તીર ઉપર રમણીય સપાટ તથા શુભ એવા વનમાં આવીને સત્યવાદી તથા ઉત્તમ કર્મ કરનારા એવા પુરુષસિંહ પાંડુની પાલખી માદ્રી સાથે મૂકી.[૧૭] તે પછી સર્વ સુગંધથી સુગંધિત કરેલું અને જેના ઉપર કૃષ્ણાગરુ તથા દિવ્ય ચંદનનો અંગરાગ કરેલો એવા પાંડુના શરીરને સોનાના કલશોમાં જલ લાવીને નવડાવ્યું અને કાલાગરૂ તથા તુંગરસ નાખેલાં ધોળાં ચંદનનો સર્વત્ર લેપ કર્યો. પછી તેના ઉપર દેશમાં થયેલાં ધોળાં વસ્ત્રો ઓઢાડયાં.[૧૮–૨૦] ત વખતે અમૂલ્ય શય્યામાં સુવાને યોગ્ય એવા તે પુરુષવ્યાઘ્ર પાંડુરાજા વસ્ત્રોથી ઢંકાયલા પોતે જીવતા હોય તેવા શોભવા લાગ્યા.[૨૧] જ્યારે યાજ્ઞિકોએ વેદોક્ત પ્રેતકર્મ કરીને દાહને માટે આજ્ઞા આપી ત્યારે માદ્રીની સાથે અલંકારયુક્ત પાંડુરાજાને ઘી ચોપડીને તુંગપદ્મકમિશ્ર સુગંધવાળાં ચંદનકાષ્ઠો અને બીજા વિવિધ સુગંધોની સાથે વિધિથી અગ્નિદાહ કર્યો.[૨૨,૨૩] તે બન્નેનાં દગ્ધ થતાં શરીરને જોઇને મોહવશ થયેલી કૌસલ્યા 'હા પુત્ર' કહી એકાએક પૃથ્વી ઉપર પડી.[૨૪] દુખિયારી કૌસલ્યાને પડેલી જોઇને નગરના અને દેશના લોકો રાજભક્તિવડે કૃપાયુક્ત તથા દુઃખસંતપ્ત થઈને રડવા લાગ્યા.[૨૫] વળી કુંતીના આર્ત વિલાપવડે સર્વ મનુષ્યોની સાથે પશુપક્ષીઓ પણ રડવા લાગ્યાં.[૨૬] તેમજ શાંતનુના પુત્ર ભીષ્મ, મહામતિ વિદુર અને સઘળા કૌરવો પણ અત્યંત દુઃખી થઇને રડવા લાગ્યા.[૨૭]

તે પછી ભીષ્મ, વિદુર, પાંડવોની સાથે રાજા ધૃતરાષ્ટ્ર અને કુરુકુલની સઘળી સ્ત્રીઓએ પાંડુને દાહાંજલિ આપી.[૨૮] પાંડવો, શાંતનવ ભીષ્મ, વિદુર તથા સર્વ ન્યાતવાળાં રડયાં અને તેમણે ઉદકક્રિયા કરી.[૨૯] પછી દાહાંજલિ આપી શોકવડે સુકાયલા પાંડવોને સઘળા પ્રધાનોએ હાથ પકડીને છાના રાખ્યા.[૩૦] તે દિવસે આશૌચને લીધે બંધુઓની સાથે પાંડવોએ જમીન ઉપર શયન કર્યું એટલે નગરના બ્રાહ્મણાદિ જનોએ પણ ભૂમિ ઉપરજ શયન કર્યું;[૩૧] અને બાર રાત્રિ સુધી પાંડવોની સાથે આબાલવૃદ્ધ સઘળું નગર આનંદવિનાનું અસ્વસ્થ અને અપ્રસન્ન જેવું જણાયું.[૩૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે પાંડુદાહ નામનો અધ્યાય ૧૨૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૮ મો–દુર્યોધને ભીમસેનને વિષ ખવરાવ્યું અને ભીમે નાગલોકમાં જઇને દિવ્ય રસ પીધો.

॥ वैशंपायन उवाच ॥

ततः कुंती च राजा च भीष्मश्च सहबन्धुभिः॥
ददुःश्राद्धं तदा पांडोः स्वधामृतमयंतदा ॥१॥

વૈશંપાયન કહે છેઃ--પછી કુંતી, ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મે બંધુજનોએ સહિત તેજ વખતે પાંડુરાજાનું સ્વધારૂપી અમૃતમય શ્રાદ્ધ કર્યું[૧] અને કુરુઓ તથા બીજા હજારો શ્રેષ્ઠ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું, તેમજ મુખ્ય બ્રાહ્મણોને રત્નના ઢગો તથા સારાં ગામો આપ્યાં.[૨] પછી આશૌચ જવાથી શુદ્ધ થયેલા ભરતકુલમાં શ્રેષ્ઠ એવા પાંડવોને લઇને સઘળાએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો તે વખતે બધા પુરવાસિઓ તથા દેશના જનો પોતાનો બંધુ મરણ પામ્યો હોય તેમ તે ભરતર્ષભ પાંડુનોજ શોક કરતા નગરમાં ગયા.[૩-૪] પછી શ્રાદ્ધોની સમાપ્તિ થતાં તે સઘળાં દુઃખિત મનુષ્યોને જોઇને તથા દુઃખને શોકવડે દીન તથા મૂઢ જેવી થયેલી પોતાની માતાને જોઇને વ્યાસ સત્યવતીને કહેવા લાગ્યા.[૫]

"માતુશ્રી! સુખના દિવસો જતા રહ્યા છે અને હવે તો દારુણ દિવસો આવ્યા છે. આજના કરતાં કાલનો અને કાલના કરતાં પરમનો દિવસ પાપિષ્ઠ થતો જશે તથા પૃથ્વી પણ યૌવનવિનાની અર્થાત્ રસકસ વિનાની થશે.[૬] વળી અનેક કપટથી, ભરેલો અનેક દોષોથી વ્યાકુલ તથા ધર્મક્રિયા અને આચાર જેમાં લોપ પામેલાં એવો ઘોર સમય આવશે.[૭] તેમજ કૌરવોના અન્યાયથી પૃથ્વીમાં સંહાર વળશે, માટે તમે ચિત્તવૃત્તિનો નિરોધ કરીને સ્વસ્થ થઇ તપોવનમાં જાઓ અને ત્યાં નિવાસ કરો. આ પોતાના કુલનો ભયંકર નાશ જોવા પડી રહો નહિ."

તે સાંભળીને "હા હું તેમ કરૂં છું" કહીને સત્યવતી અંતઃપુરમાં જઈ વહુને કહેવા લાગ્યાં.[૮-૯] "હે અંબિકા! તારા પૌત્રના અન્યાયથી ભરતકુલના વીરો તથા સર્વજનો પરિવારસાથે નાશ પામશે એવું મેં સાંભળ્યું છે.[૧૦] માટે પુત્રશોકથી પીડાયલી દુઃખી કૌસલ્યાને લઇને જો તું માનતી હોય તો હું વનમાં જાઉં. તારૂં કલ્યાણ થાઓ."[૧૧]

આ સાંભળીને અંબિકાએ તેમ કરવાની હા કહી, એટલે સત્યવતીએ ભીષ્મની આજ્ઞા લીધી અને બન્ને વહુઓને લઇને તે શુભ વ્રતવાળી વનમાં ગઇ.[૧૨] હે ભારત કુલમાં શ્રેષ્ઠ! તે દેવીઓએ વનમાં જઇને ઘોર તપ કરી દેહ છોડ્યા અને હે મહારાજ! તે સર્વે ઇષ્ટ ગતિને પ્રાપ્ત થઇ.[૧૩]

વૈશંપાયન કહે છેઃ–હવે વેદોક્ત સંસ્કારો જેમને કરેલા એવા પાંડવો તે વખતે અનેક ભોગોને ભોગવતા પિતાના ઘરમાં મોટા થવા લાગ્યા.[૧૪] વળી ધૃતરાષ્ટ્રના પુત્રોની સાથે આનંદયુક્ત થઇને સુખપૂર્વક ક્રીડા કરતા પાંડવો, સર્વે બાલક્રીડા-

માં પોતાના તેજવડે તેઓથી શ્રેષ્ઠ ગણાવા લાગ્યા.[૧૫] દોડવામાં, લક્ષ્યવસ્તુ લેવાની શરતમાં, ખાવાના પદાર્થોમાં અને ધૂળની રમતોમાં ભીમસેન ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રોને સતાવવા લાગ્યો.[૧૬] હે રાજન્ ! ધૃતરાષ્ટ્રના પુત્રો જ્યારે હર્ષથી રમતા હોય ત્યારે તેમને પકડીને ભીમ સંતાઇ જતો અથવા તેઓનાં માથાં પકડીને પાંડવોની સાથે ટક્કર લડાવતો હતો.[૧૭] મહા તેજસ્વી એવા તે એકસો એક કુમારોને એકલોજ ભીમસેન સહજમાં પકડીને કબજે કરી દેતો હતો.[૧૮] વળી બલવાન ભીમ તે કુમારોના કેશ પકડીને બલવડે જમીન ઉપર પટકી દેતો અને ઘુંટણ, માથું તથા ખભા છોલાવાથી બૂમ પાડતા એવા તેઓને ધરણી ઉપર ઘસડતો હતો.[૧૯] કોઈવાર ભીમ જલક્રીડામાં દશેક બાલકને પોતાની બાથમાં ઘાલીને પાણીમાં ડુબકી મારી ત્યાં બેસી રહેતો અને જ્યારે તેઓ મરવા જેવા થઇ જતા ત્યારે તેમને મૂકી દેતો હતો. જ્યારે તેઓ ઝાડ ઉપર ચઢીને ફલ વીણતા હોય ત્યારે ભીમસેન તે ઝાડોને લાત મારીને કંપાવી દેતો;[૨૧]ભીમના પાદપ્રહારના વેગથી હણાયલાં તે ઝાડો હેલારે ચઢતાં એટલે તેના ઉપર ચઢેલા કુમારો ત્રાસ પામીને ફલોની સાથેજ ઝટ નીચે ગબડી પડતા હતા.[૨૨] આમ યુદ્ધમાં, દોડવામાં તથા શિક્ષણમાં દુર્યોધનાદિ કુમારો ભીમની ઘણી સ્પર્ધા કરતા હતા, પણ કોઈ રીતે તેને પહોંચી વળતા નહિ.[૨૩] આ પ્રમાણે ભીમસેન પણ ધૃતરાષ્ટ્રના પુત્રોની સ્પર્ધા કરતો હતો અને તેમને ખૂબ રંજાડતો હતો, પણ તે બાલબુદ્ધિથીજ, દ્વેષથી નહિ. પછી પ્રતાપી દુર્યોધન ભીમસેનનું અધિક વિખ્યાતિ પામેલું બલ જાણીને દુષ્ટભાવ દર્શાવવા લાગ્યો. અધર્મી તથા પાપદૃષ્ટિવાળા દુર્યાધનને મોહ તથા ઐશ્વર્યના લોભથી પાપબુદ્ધિ ઉત્પન્ન થઈ.[૨૬] તે વિચારવા લાગ્યો કે, આ કુંતીપુત્ર વૃકોદર, બલવાનમાં શ્રેષ્ઠ છે માટે એ મધ્યમ પાંડુપુત્રને છલ કરીને કબજે કરવો.[૨૭] કારણકે બલવાન, પરાક્રમી અને મહાન શૌર્યવાળો એ એકલો વૃકોદર અમારી બધાની સ્પર્ધા કરે છે.[૨૮] માટે તે નગરના બગીચામાં સૂતો હોય ત્યારે તેને અમે ગંગામાં ફેંકી દઈશું અને તેના નાના ભાઇ અર્જુનને તથા મોટા યુધિષ્ઠિરને બલાત્કારથી બાંધી કેદમાં પુરી દઇને પછી હું એકલો પૃથ્વીનું રાજ્ય ચલાવીશ.

આ પ્રમાણે નિશ્ચય કરીને પાપી દુર્યોધન હમેશાં મહાત્મા ભીમસેનનો લાગ જોતો રહ્યો હતો.[૨૯,૩૦] પછી હે ભારત ! તેણે જલવિહારને માટે કપડાના તથા બનાતોના મોટા વિચિત્ર તંબુઓ ઉભા કરાવ્યા[૩૧] તથા સર્વ ભોગોથી ભરેલાં અને ઉંચી પતાકાઓવાળાં બીજાં અનેક ગૃહો તૈયાર કરાવ્યાં.[૩૨] હે ભારત ! વળી ગંગાના તીર ઉપર આવેલાં પ્રમાણ કોટી નામના સ્થાનમાં અર્ધું જલમાં અને અર્ધું સ્થલમાં એવું ઉદકક્રીડન નામનું એક ક્રીડાગૃહ કરાવ્યું.[૩૩] ત્યાં કુશલ રસોઇયાઓએ ભક્ષ્ય, ભોજ્ય, પીવાના, ચૂસવાના અને ચાટવાના એવા અનેક પદાર્થો તૈયાર કર્યા.[૩૪] આ સઘળું તૈયાર થયું છે એ દુર્યોધનને તેના માણસોએ કહ્યું, એટલે દુર્બુદ્ધિવાળો દુર્યોધન પાંડવોને કહેવા લાગ્યો કે,[૩૫] "આપણે બધા ભાઇઓ ઉદ્યાન તથા વનથી શોભતી એવી ગંગા ઉપર જઇએ અને ત્યાં જલક્રીડા કરીએ."

તે વખતે યુધિષ્ઠિરે ભલે તેમ કરીએ, એમ દુર્યોધનને કહ્યું. પછી નગરના જેવા આકારના મોટા રથોમાં બેસીને તથા દેશમાં ઉત્પન્ન થયેલા હાથીઓ ઉપર બેસીને શૂરા કૌરવો પાંડવોની સાથે નગરથી બહાર નીકળ્યા અને ઉદ્યાનવન આગળ આવીને તેઓએ મહાજનને વિદાય કર્યા,[૩૭,૩૮] પછી સિંહો જેમ ગિરિગુહામાં પ્રવેશ કરે તેમ તે વીરોએ ઉપવનમાં પ્રવેશ કર્યો. ત્યાં તે સઘળા બંધુઓ ઉદ્યાનને જોવા લાગ્યા.[૩૯] તે ઉદ્યાન કાર્યાર્થીઓ તથા શુરાઓ જ્યાં રાજાને મળી શકે તેવાં 'સ્વાગત' ગૃહોથી, બે તરફ નમતી પડાળવાળી ધોળી સ્તંભશાળાઓથી, બારીઓથી, જાળીઓથી, સેંકડો ઉછળતી ધારાવાળા ફુવારાથી તથા સંચારમાર્ગોથી શોભી રહ્યું હતું તથા ઋતુ ઋતુનાં પુષ્પોથી પૃથ્વી ઢંકાઈ ગઈ હતી.[૪૦,૪૨] ત્યાં સઘળા પાંડવો કૌરવોની

સાથે બેઠા અને પ્રાપ્ત થયેલા ઇચ્છિત ભોગો ભોગવવા લાગ્યા.[૪૩] આ પ્રમાણે તે શ્રેષ્ઠ ઉદ્યાનમાં રમત ગમત કરતા તેઓ એકમેકના મોઢામાં ખાવાના પદાર્થો ત્યાંથી લઇને મૂકવા લાગ્યા.[૪૪] પછી પાપી દુર્યોધને ભીમસેનને મારવા માટે તે ખાવાના પદાર્થમાં કાલકૂટ ઝેર નખાવ્યું;[૪૫] અને હૃદયમાં છરા જેવો તથા વાણીમાં અમૃતના જેવો પાપકર્મા દુર્યોધન પોતે ઉઠીને સ્વામી અથવા સુહૃત્‌ની પેઠે ભીમસેનને તે ઝેરી પદાર્થો બહુ આગ્રહથી ખવડાવવા લાગ્યો અને તેમાં રહેલા દોષને ન જાણતા ભીમસેને પ્રીતિથી તે ખાધા.[૪૬,૪૭] એટલે અધમ પુરુષ દુર્યોધન હૃદયમાં મલકાઇને પોતાને કૃતકાર્ય માનવા લાગ્યો.[૪૮] પછી ભોજન થઈ ગયું એટલે તે બધા પાંડવો તથા ધાર્તરાષ્ટ્રો મનમાં મુદિત થઇને જલક્રીડા કરવા લાગ્યા.[૪૯] જલક્રીડા થઇ ગયા પછી તે બધાઓએ શુદ્ધ વસ્ત્રો તથા અલંકારો ધારણ કર્યા અને સાંજે વિહારથી થાકી ગયેલા તે કુરુકુલને વહન કરનારા વીરોએ વિહાર સ્થાનમાંજ રહેવાની ઇચ્છા કરી. ત્યારે અધિક શ્રમ કરવાથી ખિન્ન થયેલા બલવાન ભીમે તો જલક્રીડા કરવા આવેલા તે કુમારોને બહાર કાઢીને નિવાસમાટે પ્રમાણ કોટીના સ્થલભાગમાં આવીને ત્યાંજ શયન કર્યું.[૫૦,૫૨] તે વખતે તેને થાક લાગ્યો હતો, મદથી તે ભાન વિનાનો થયો હતો તથા તેને અંગોઅંગ ઝેર વ્યાપ્યું હતું એટલે ત્યાંનો ઠંડો પવન લાગવાથી પાંડુનંદન ભીમસેન જડ જેવો થઈ ગયો.[૫૩] તે પછી જાતે દુર્યોધને ભીમને વેલાઓના પાશથી બાંધ્યો અને શબ જેવા થઇ ગયેલા તે વીરને સ્થલ ઉપરથી જલમાં ગબડાવી પાડ્યો.[૫૪] તે વખતે બેભાન થયેલો ભીમ ઠેઠ જલને તળીએ પહોંચ્યો અને ત્યાં રહેલાં નાગભવનમાં તેણે નાગકુમારોને શરીરના ભાર નીચે દાબી દીધા.[૫૫] એટલે ત્યાંના મહાન્ ઝેરી અનેક નાગોએ એકઠા મળીને પોતાની ભયંકર મોટી ઝેરી દાઢોવડે ભીમને ખૂબ દંશ કર્યા.[૫૬] આ પ્રમાણે દંશ થવાથી ભીમનું સ્થાવર કાલકૂટ વિષ સર્પનાં જંગમ વિષવડેજ ઉતરી ગયું.[૫૭] તે નાગોએ દાઢોવડે ભીમના મર્મમાં પણ દંશો કર્યા હતા; પરંતુ તે વિશાલ છાતીવાળા ભીમની ત્વચા ઘણી મજબૂત હોવાથી તે પણ ભેદાઇ ન હતી.[૫૮] તે પછી ઝેર ઉતરવાથી ભીમ જાગ્યો અને તેણે સર્વ બંધનો તોડી નાખ્યાં તથા તે સર્વ નાગોને પકડી પકડીને પટકવા માંડ્યા. તેમાંના કેટલાક નાગો તો ભયભીત થઇને ત્યાંથી નાશી છૂટયા.[૫૯] મરતાં બાકી રહેલા તે સઘળા નાગો વાસુકિ પાસે ગયા અને ઇંદ્રના જેવા સર્પરાજ વાસુકિને કહેવા લાગ્યા કેઃ–[૬૦]"હે નાગેંદ્ર! કોઇ પુરુષને બાંધીને જલમાં નાખી દીધો છે. હે વીર! અમે ધારીએ છીએ કે તેણે વિષપાન કર્યું હશે.[૬૧] તે અમારા સ્થાનમાં આવ્યો ત્યારે નિશ્ચેષ્ટ હતો, પણ અમે જ્યારે દંશ કર્યા ત્યારે તે જાગ્યો અને ભાનવાળો થયો. પછી તેણે પોતાનાં બંધનો ઝટ તોડી નાખ્યાં અને અમને મારવા માંડયા. માટે તમે ત્યાં આવીને જુઓ કે તે મહાબાહુ કોણ છે ?"

તે પછી વાસુકિ નાગોની સાથે ત્યાં ગયો,[૬૨,૬૩]અને ભયંકર પરાક્રમી એવા મહાબાહુ ભીમને જોવા લાગ્યો.વળી તે વખતે કુંતીના માતામહ આર્યક નામના નાગરાજે ભીમને જોયો,[૬૪] અને જોતાંની સાથેજ પોતાના દૌહિત્રના દૌહિત્રને ગાઢ આલિંગન કર્યું. એટલે મહા યશસ્વી વાસુકિ પણ તેના ઉપર ઘણો પ્રસન્ન થયો;[૬૫] અને તે નાગેંદ્ર આર્યકને કહેવા લાગ્યો કેઃ–" આનું શું પ્રિય કરવું છે? ધનનો ઢગ, રત્નોનો સમૂહ અથવા બીજું જે ધન એને આપવું હોય તે તમે આપો !"[૬૬] આ પ્રમાણે વાસુકિએ કહ્યું ત્યારે આર્યકે તેને કહ્યું કે, " હે નાગેંદ્ર! જ્યારે તમે જ પ્રસન્ન થયા છો તો એને ધનના સમૂહનું શું કામ છે?[૬૭] તમારી પ્રસન્નતાના ફલમાં એ મહા બલવાન કુમારને રસપાન કરાવો, કે જે કુંડનો રસ પીતાં હજાર હાથીનું સામર્થ્ય આવે છે; તે રસ એ બાલક જેટલો પીએ તેટલો એને પીવા આપો." ત્યારે આર્યકને વાસુકિએ કહ્યું કે, 'ભલે તેમ કરો !'[૬૮,૬૯]

તે પછી નાગોએ ભીમનું સ્વસ્તિકર્મ કર્યું

અને પવિત્ર થયેલો ભીમસેન પૂર્વ તરફ મુખ કરીને બેઠો તથા રસ પીવા લાગ્યો.૭૦ તે મહા-બલવાન ભીમ એક એક શ્વાસે આખા એક એક કુંડને પી જતો હતો. આમ તે પાંડુપુત્ર આઠ કુંડોનો રસ પી ગયો.૭૧ પછી શત્રુઓને દમનારા, મહાબાહુ ભીમસેને ઝરુખામાં જઇને દિવ્ય શય્યામાં સુખેથી શયન કર્યું.૭૨

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ભીમસેનરસપાન નામનો અધ્યાય ૧૨૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૨૯ મો-ભીમસેન નાગલોકમાંથી પાછો આવ્યો. દુર્યોધને ફરી તેને ઝેર ખવરાવ્યું અને કુમારોનો કૃપાચાર્યની પાસે અભ્યાસ.

॥ वैशंपायन उवाच ॥

ततस्ते कौरवाः सर्वे विनाभीमं च पांडवाः ॥
वृत्तक्रीडा विहारास्तु प्रतस्थुर्गजसाह्वयम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ-પછી તે સઘળા કૌરવો તથા ભીમ વિનાના પાંડવો રમતગમતથી પરવારીને, રથો, હાથીઓ, ઘોડાઓ અને બીજાં વાહનોમાં બેસીને હસ્તિનાપુર જવા માટે નીકળ્યા અને કહેવા લાગ્યા કેઃ-'ભીમસેન તો આપણાથી આગળજ ગયો છે.'૧-૨ આ વખતે પાપી દુર્યોધન ત્યાં ભીમસેનને ન જોવાથી બહુ ખુશી થયો અને ભાઈઓની સાથે નગરમાં પેઠો.૩ ધર્માત્મા યુધિષ્ઠિર તો પોતાનામાં પાપ ન મળે એટલે તે પોતાના અનુમાનથી બીજાઓને પણ સાધુવૃત્તિનાજ જોતા હતા.૪ પછી ભાઈઓ ઉપર વાત્સલ્યવાળા યુધિષ્ઠિર પોતાની માતાની પાસે ગયા અને પ્રણામ કરીને કુંતીને કહેવા લાગ્યા કેઃ-"માજી! ભીમ અહીં આવ્યો છે કે?૫ ઓ કલ્યાણરૂપ માતા! તે ક્યાં ગયો હશે? તેને હું અહીં પણ જોતો નથી! તેને માટે અમે ઉદ્યાન તથા વનમાં પણ ચોમેર તપાસ કરી હતી, પણ તે વીર વૃકોદરને અમે જોયો નહિ. પછી અમે માન્યું કે તે અમારી પહેલાંજ ગયો હશે;૬-૭ એટલે હે મહાભાગ્યવાળાં! વ્યાકુલ હૃદયથી અમે અહીં આવ્યા છીએ. ભીમ અહીં આવીને ક્યાં ગયો છે? શું તમે તેને કયાંય મોકલ્યો છે?૮ હે યશસ્વિનિ! મહાબાહુ ભીમસેનની વાત કરો. હે શોભને! તે વીરને માટે હવે મારા મનમાં કંઇ કંઇ શંકા આવે છે;૯ કારણ કે ભીમને હું હવે સૂતેલો માનતો નથી પણ તે મરાયો છે."૧૦

આ પ્રમાણે ધીમાન્ ધર્મરાજે કુંતીને કહ્યું તે વખતે કુંતી ગભરાઇને હાહાકાર શબ્દ કરતી યુધિષ્ઠિરને કહેવા લાગીઃ-"હે પુત્ર! મેં ભીમને જોયો નથી અને તે મારી પાસે આવ્યો પણ નથી.૧૧ માટે તેની ખોળ કરવા ભાઇઓની સાથે તમે તુરત યત્ન કરો." આ પ્રમાણે કુંતીએ પીડાતા હૃદયવડે વડીલ પુત્રને કહ્યું૧૨ અને તે વખતે વિદુરને બોલાવી કુંતી કહેવા લાગીઃ-"હે ભગવન્! હે વિદુર! ભીમસેન જણાતો નથી તે ક્યાં ગયો હશે?૧૩ ઉદ્યાનમાંથી સઘળા ભાઇઓ ભાઇઓની સાથે નિકળી આવ્યા છે; તેમાં એક મહાબાહુ ભીમ મારી પાસે આવ્યો નથી.૧૪ ભીમસેન દુર્યોધનની આંખોને હમેશાં દીઠો ગમતો નથી અને દુર્યોધન ક્રૂર, દુર્બુદ્ધિવાળો, ક્ષુદ્ર હૃદયનો, રાજ્યલોભી તથા નિર્લજ્જ છે.૧૫ એટલે ક્રોધ થવાથી દુર્યોધન તે વીરને મારી પણ નાખે? આ શંકાથી મારૂં ચિત્ત વ્યાકુલ થયું છે અને હૃદય બળે છે."૧૬

વિદુર બોલ્યાઃ-"હે કલ્યાણિ! આવું વિપરીત માનશો નહિ અને બાકીનાનું રક્ષણ કરો; કારણ કે તે દુષ્ટાત્માને તમે ઠપકો આપશો તો તમારા બાકીના પુત્રોને પણ તે મારી નાખશે.૧૭ તમારા પુત્રો દીર્ઘ આયુષ્યવાળા છે, એમ મહામુનિએ પણ કહ્યું હતું. માટે તમારો પુત્ર ભીમ આવશે અને તમને આનંદ આપશે."૧૮

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને વિદ્વાન વિદુર પોતાને ઘેરે ગયા અને કુંતી ચિંતાપરાયણ થઈને પુત્રોની સાથે ઘરમાં બેઠી.[19] પછી રસ જ્યારે પચી ગયો ત્યારે આઠમે દિવસે અમાપ બલવાળો સમર્થ ભીમસેન જાગ્યો.[20] જ્યારે તેને જાગેલો જોયો ત્યારે નાગોએ તેને સાંત્વન આપ્યું અને અવ્યગ્રતાથી નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ–[21] "હે મહાબાહુ! તેં આ ઓજસ્વી રસ પીધો છે તેથી તારૂં દશ હજાર હાથીના જેવું સામર્થ્ય થશે અને યુદ્ધમાં તારો પરાભવ થશે નહિ.[22] હે કુરુશ્રેષ્ઠ! આ દિવ્ય જલથી સ્નાન કરીને તું તારે ઘેરે જા, કારણ કે તારાવિના તારા ભાઇઓ સંતાપ કરે છે."[23]

પછી મહાબાહુ ભીમસેન સ્નાન કરીને શુદ્ધ થયો અને તેણે ધોળાં વસ્રો તથા ધોળી પુષ્પમાલા ધારણ કરી. તે પછી મહાબલવાન ભીમે નાગભવનમાં કૌતુકથી મંગલ કૃત્ય કર્યું તથા વિષ હણનારી અને વિશેષ સુગંધીવાળી ઔષધિઓ સાથે નાગોએ આપેલાં ઉત્તમ અન્નનું ભોજન કર્યુ.[24,25] હે વીર! પછી નાગોએ જેને માન આપેલું, આશીર્વાદથી અભિનંદિત કરાયલો અને દિવ્ય અલંકારોથી અલંકૃત થયેલો એવો ભીમસેન નાગોની આજ્ઞા લઇને પ્રસન્ન મનવડે નાગલોકમાંથી જવા માટે ઉઠયો. તે વખતે તે કમલનયન ભીમસેનને નાગોએ જલમાર્ગથી લઈ જઈને જ્યાંથી તેને નાખ્યો હતો તેજ પ્રમાણે કોટી તીર્થમાં લાવી મૂકયો અને પાંડુપુત્ર ભીમના જોતાં મૂકવા આવેલા નાગો ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.[26–28] પછી મહાબલવાન્ અને મહાબાહુ કુંતીપુત્ર ભીમસેન ત્યાંથી ઉઠયો અને માતાની પાસે વિના યત્નથી આવી પહોંચ્યો.[29] ત્યાં આવીને શત્રુને મર્દન કરનારા ભીમે માતાને તથા જ્યેષ્ઠ ભ્રાતાને પ્રણામ કર્યા અને નાના ભાઇઓનાં પ્રેમથી મસ્તક સુંધ્યાં[30] તે પુરુષશ્રેષ્ઠોએ પણ માતાએ સહિત તેને આલિંગન કર્યું અને એકમેકમાં પ્રીતિવડે 'સારૂં થયું,' એમ કહેવા લાગ્યાં.[31] પછી મહાન પરાક્રમવાળા ભીમસેને ભાઇઓની આગળ દુર્યોધને જે જે કરેલું તે સઘળું કહ્યું.[32] વળી પાંડુપુત્રે નાગલોકમાં સારૂં નબળું જે કંઈ થયું હતું તે બધું પણ કહી સંભળાવ્યું.[33] તે સાંભળીને રાજા યુધિષ્ઠિરે ભીમને અર્થયુક્ત વચન કહ્યું કે, "તું છાનો રહેજે, આ વાત કોઇને કહીશ નહિ."[34] આ પ્રમાણે મહાબાહુ ધર્મરાજા યુધિષ્ઠિર ભીમને કહીને પછી ભાઇઓની સાથે સાવચેત રહેવા લાગ્યા.[35]

વળી એક વખતે દુર્યોધને યુધિષ્ઠિરના વહાલા સારથિને તમાચો મારીને મારી નાખ્યો; પણ ધર્માત્મા વિદુર પાંડવોને યોગ્ય સલાહ આપતા હતા એટલે તેઓ કંઈ બોલતા નહિ.[36] ફરીથી દુર્યોધને ભીમસેનના ભોજનમાં નવું, તીક્ષ્ણ, રોમાંચિત કરે તેવું મહાબલવાન કાલકૂટ ઝેર નખાવ્યું.[37] તે વખતે પાંડવોના હિતને માટે વાણિયાણીના પુત્ર યુયુત્સુએ એ વાત પાંડવોને જણાવી દીધી.એ ઝેરને પણ વૃકોદરે ખાધું અને નિર્વિકારપણે જીરવી દીધું.[38] તે ઝેર ઘણું તીક્ષ્ણ હતું તો પણ દઢ બાંધાવાળા અને વૃક નામનો અગ્નિ જેના જઠરમાં રહેલો એવા ભીમને વિકાર કરી શકયું નહિ, પણ શરીરમાંજ જીર્ણ થઇ ગયું.[39]

આ પ્રમાણે દુર્યોધન, કર્ણ તથા સુબલનો પુત્ર શકુનિ અનેક ઉપાયોથી પાંડવોને મારવા યત્ન કરવા લાગ્યા.[40] પાંડવો તે બધું જાણતા હતા અને તેમને ક્રોધ ચઢતો હતો તોપણ તેઓ વિદુરની સલાહ માનીને તે વાત બહાર જણાવતા નહિ.[41] બહુજ દુર્મદવાળા અને રમતિયાળ થઇ ગયેલા તે કુમારોને જોઇને રાજા ધૃતરાષ્ટ્રે તેમને ભણાવવા ગૌતમ ગોત્રના કૃપાચાર્યને મેળવીને છોકરાઓ તેમને સોંપ્યા;[42] કે જે કૃપાચાર્ય શરસમૂહમાં ઉત્પન્ન થયેલા અને અનેક વેદશાસ્ત્રનાં રહસ્યનો પાર પામેલા હતા. તેમની પાસે કૌરવોએ યજુર્વેદનો અભ્યાસ કર્યો.[43]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ભીમપ્રત્યાગમ નામનો અધ્યાય ૧૨૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૦ મો–કૃપાચાર્યજન્મ, દ્રોણજન્મ તથા દ્રોણને પરશુરામ પાસેથી અસ્ત્રપ્રાપ્તિ.

॥ जनमेजय उवाच ॥

कृपस्यापि मम ब्रह्मन्संभवं वक्तुमर्हसि ॥
शरस्तंबात्कथं जज्ञे कथं वास्त्राण्यवाप्तवान् ॥१॥

જનમેજય પૂછે છેઃ–હે બ્રહ્મન્! તમે કૃપાચાર્યની ઉત્પત્તિ મને કહેવા યોગ્ય છો.તે શરસમૂહથી કેવી રીતે ઉત્પન્ન થયા તથા તેમને અસ્ત્રો શી રીતે મળ્યાં ?[1]

વૈશંપાયન કહે છેઃ–હે સમર્થ મહારાજા! મહર્ષિ ગૌતમને શરદ્વાન નામના પુત્ર હતા જે શરોની સાથે ઉત્પન્ન થયા હતા.[2] હે પરંતપ! તે શરદ્વાનની બુદ્ધિ જેવી ધનુર્વેદમાં પહોંચતી હતી તેવી વેદાધ્યનમાં પહોંચતી ન હતી.[3] જેમ બ્રહ્મચારીઓ તપ કરીને વેદ ભણે છે તેમ તેણે તપ કરીને સર્વ અસ્ત્રો પ્રાપ્ત કર્યાં હતાં.[4] શરદ્વાન ધનુર્વેદમાં મંડેલા હોવાથી તથા વિપુલ તપ કરતા હોવાથી દેવના રાજા ઇંદ્રને બહુ સંતાપ થવા લાગ્યો;[5] એટલે હે કૌરવ! ઇંદ્રે જાનપદી નામની દેવકન્યાને 'તું તેના તપમાં વિધ્ન કર' એમ કહીને ઇંદ્રલોકમાંથી મોકલી.[6] જાનપદી શરદ્વાનના રમણીય આશ્રમમાં આવી અને તે બાલાએ ધનુષબાણધારી શરદ્વાનને લોભાવવા માંડયા.[7] શરદ્વાને વનમાં એક વસ્ત્રવાળી અને લોકમાં અતુલ અવયવવાળી એવી તે અપ્સરાને દીઠી, તેથી તેનાં નેત્રો કામવિકારથી પ્રફુલ્લિત થયાં,[8] તથા શરીરમાં કંપ ઉત્પન્ન થયો. વળી તેને જોઇને હાથમાંથી ધનુષબાણ પડી ગયાં.[9] છતાં તે ઘણા જ્ઞાની, ડાહ્યા અને તપનાં સામર્થ્યવાળા હતા, તેથી પરમ ધૈર્ય રાખીને સ્થિર થઇ ગયા;[10] પરંતુ તેમને અકસ્માત્ વિકાર થયો તેથી તેમનું વીર્ય સ્ખલિત થઇ ગયું હતું તેને તે જાણતા ન હતા.[11] હે નૃપ! પછી તે ઋષિ બાણેસહિત ધનુષ, કૃષ્ણ મૃગચર્મ, તે આશ્રમ અને તે અપ્સરાનો ત્યાગ કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. તેમનું વીર્ય શરના સમૂહમાં પડયું અને ત્યાં પડતાં તે વીર્યના બે વિભાગ થઈ ગયા.[12,13] શરદ્વાન ગૌતમના તે વીર્યવિભાગથી એક પુત્ર અને એક કન્યા ઉત્પન્ન થઈ. તે વખતે મૃગયા કરવા નિકળેલા શાંતનુ રાજાનો એક સેવક ત્યાં આવી પહોંચ્યો. તેણે અરણ્યમાં તે બે બાલકોને તથા કૃષ્ણ મૃગચર્મ અને ધનુષબાણ જોયાં.[14-15] તેથી તેણે જાણ્યું કે આ કોઈ ધનુર્વેદનો પાર પામેલા બ્રાહ્મણનાં બાલકો છે. પછી તેણે રાજાને તે બાલકો તથા શરોની સાથે ધનુષ દેખાડયું.[16] રાજાએ તે બન્ને બાલકોને કૃપાવડે લીધાં અને 'આ તો મારાં છોકરાં છે' એમ બોલતા તે તેઓને લઈને પોતાને ઘેર આવ્યા.[17] પછી પ્રતીપ રાજાના પુત્ર શાંતનુએ તે ગૌતમ શરદ્વાનનાં બન્ને બાલકોને ઉછેર્યાં અને તેમને વૈદિક સંસ્કારો પણ કરાવ્યા.[18] પછી શરદ્વાન પણ પોતાના આશ્રમમાં જઇને ધનુર્વેદનો અભ્યાસ કરવા લાગ્યા. હવે શાંતનુ રાજાએ તે બન્નેનાં નામ પાડ્યાં કે, આ બે બાલકો મેં કૃપાવડે ઉછેર્યાં છે માટે એ બન્નેનાં નામ કૃપ અને કૃપી કહેવાં. પોતાનાં બે બાલકો થયાં છે અને તેને શાંતનુએ ઉછેર્યાં છે આ વાત શરદ્વાને તપના પ્રભાવથી જાણી લીધી.[19,20] એટલે ત્યાં આવીને તેમણે કૃપને પોતાનાં ગોત્ર પ્રવર વગેરે કહ્યાં અને ચાર પ્રકારનો ધનુર્વેદ તથા વિવિધ શાસ્ત્રો ગુહ્ય ભાગ સાથે સંપૂર્ણ ભણાવ્યાં. આ પ્રમાણે અધ્યયન કરવાથી થોડાજ સમયમાં કૃપ, પરમાચાર્યની પદવી પામ્યા.[21,22] તે કૃપાચાર્યની પાસે મહારથ એવા ધૃતરાષ્ટ્રના પુત્રો, પાંડવો, યાદવો, વૃષ્ણિઓ તથા અનેક દેશથી આવેલા બીજા રાજાઓ ધનુર્વેદ ભણ્યા હતા.*

---

* કાશીનાથ વામન શાસ્ત્રી લેલે ગાંઇકરના મૂળ સંસ્કૃત સાથેના મરાઠી ભાષાંતરમાં તથા બીજાં બે હિંદી ભાષાંતરોમાં આ ૧૩૦ મો અધ્યાય ૨૩ મા શ્લોક આગળ પૂરો કરી એક અધ્યાયના બે

વૈશંપાયન કહે છેઃ—કુમારોને આટલું શિક્ષણ મળ્યા છતાં એનાથી વિશેષ શિક્ષાની ઇચ્છા રાખતા ભીષ્મ, શસ્ત્ર અસ્ત્રને જાણનારા અને વીર્યવાન એવા આચાર્યોની ખોળ કરતા હતા. ભરતકુલમાં ઉત્તમ એવા ગંગાપુત્ર ભીષ્મ નિત્ય એવો વિચાર કરતા હતા કે, અલ્પ બુદ્ધિવાળો, ઓછા ભાગ્યવાળો, અસ્ત્રમાં અકુશલ અને દૈવી સત્તાવિનાનો ગુરુ મહાન બલવાળા કુરુઓને ભણાવી શકશે નહિ.[૨૩-૨૬] હે નરશ્રેષ્ઠ! જ્યારે એમને દ્રોણ ગુરુ મળ્યા ત્યારે તેમણે તે વેદવેત્તા અને બુદ્ધિમંત એવા ભરદ્વાજના પુત્ર દ્રોણને પાંડવો તથા કૌરવો શિષ્યતરિકે સોંપ્યા.[૨૭] મહાત્મા ભીષ્મે શાસ્ત્રોક્ત વિધિથી સારી રીતે તેમનું પૂજન કર્યું તેથી તે મહાભાગ્યશાલી અને અસ્ત્રવેત્તામાં શ્રેષ્ઠ એવા દ્રોણ ગુરુ પ્રસન્ન થયા.[૨૮] મહાયશસ્વી દ્રોણે તે સઘળા કુમારોને પોતાના શિષ્યતરિકે સ્વીકાર્યા, તથા અશેષ ધનુર્વેદ તેમને શિખવવા માંડયો.[૨૯] પછી થોડાજ સમયમાં અમિત તેજવાળા કૌરવો અને પાંડવો સર્વ શસ્ત્રવિદ્યામાં કુશલ થઇ ગયા.[૩૦]

જનમેજય પૂછે છેઃ—હે બ્રહ્મન્! દ્રોણ કેવી રીતે ઉત્પન્ન થયા! તે વીર્યવાન્ કોના પુત્ર હતા? તેમને અસ્ત્રો કેવી રીતે મળ્યાં હતાં? તથા તે કુરુદેશમાં કેમ આવ્યા હતા?[૩૧] વળી અસ્ત્રવેત્તામાં શ્રેષ્ઠ એવા અશ્વત્થામા તેમનાથી કેવી રીતે ઉત્પન્ન થયા? એ સઘળું સાંભળવાની હું ઇચ્છા કરૂં છું, માટે તમે મને વિસ્તારથી કહો.[૩૨]

વૈશંપાયન કહે છેઃ—ગંગાદ્વાર ઉપર ઉત્તમ વ્રતવાળા અને ઐશ્વર્યવાળા ભરદ્વાજ નામના એક મહર્ષિ હતા.[૩૩] અગ્નિહોત્રી તે ભરદ્વાજ એક વખતે મહર્ષિઓની સાથે ગંગા ઉપર નહાવા આવ્યા હતા, તે વખતે તેમણે રૂપ અને યૌવનથી ભરેલી મદગર્વિત અને મદથી મંદ બનેલી એવી સાક્ષાત્ ઘૃતાચી નામની અપ્સરાને જોઇ. તે ગંગામાં પ્રથમ સ્નાન કરીને નદીના તીર ઉપર ઉભી હતી એટલામાં તેનું વસ્ત્ર પવનથી ઉડયું. તેને વસ્ત્રવિનાની જોતાં ઋષિએ તેની ઇચ્છા કરી.[૩૪,૩૬] ઘૃતાચીમાં આસક્ત મનવાળા બુદ્ધિમંત ભરદ્વાજનું વીર્ય સ્ખલિત થઇ ગયું. તે વીર્યને લઇને ઋષિએ દ્રોણ કલશ નામના યજ્ઞપાત્રમાં મૂક્યું.[૩૭] તે કલશમાંથી ધીમાન ભરદ્વાજને દ્રોણ નામનો પુત્ર થયો અને તે સઘળા વેદ તથા વેદાંગને ભણ્યો.[૩૮] અસ્ત્રવત્તામાં શ્રેષ્ઠ તથા પ્રતાપી ભરદ્વાજે અગ્નિના પુત્ર અગ્નિવેશ મુનિને આગ્નેયાસ્ત્ર આપ્યું હતું.[૩૯] હે ભરતસત્તમ! તે મહાન્ આગ્નેયાસ્ત્ર અગ્નિવેશ મુનિએ પોતાના ગુરુપુત્ર દ્રોણને શિખવ્યું.[૪૦] પૃષતનામનો રાજા, ભરદ્વાજનો સખા હતો તેને પણ આ સમયે દ્રુપદ નામનો પુત્ર થયો હતો.[૪૧] તે ક્ષત્રિયશ્રેષ્ઠ દ્રુપદ ભરદ્વાજના આશ્રમમાં જઇને નિરંતર દ્રોણની સાથે ક્રીડા કરતો હતો તથા અભ્યાસ કરતો હતો.[૪૨] પછી જ્યારે પૃષત રાજા મરણ પામ્યો ત્યારે તે મહાબાહુ દ્રુપદ પંચાલમાં તથા ઉત્તરમાં રાજા થયો.[૪૩] તેવામાં ભગવાન ભરદ્વાજ પણ સ્વર્ગમાં ગયા અને મહાતપસ્વી દ્રોણ તેજ આશ્રમમાં રહીને તપ તપવા લાગ્યા.[૪૪] વેદ અને વેદાંગમાં વિદ્વાન્, તપવડે જેનાં પાપો દગ્ધ થયેલાં તથા પુત્રોત્પત્તિમાટે પિતૃઓએ જેના મનમાં સૂચના કરેલી એવા મહાયશસ્વી દ્રોણ, પુત્રલોભથી શરદ્વાનની પુત્રી કૃપીસાથે પરણ્યા. જે કૃપી અગ્નિહોત્રમાં, ધર્મમાં તથા ઇંદ્રિયનિગ્રહમાં સદા તત્પર હતી.[૪૫,૪૬] તે ગૌતમી કૃપીને અશ્વત્થામા નામનો પુત્ર થયો હતો. તેણે ઉત્પન્ન થતાંજ ઉચ્ચૈઃશ્રવા ઘોડાની પેઠે ગર્જના કરી,[૪૭] તે સાંભળીને અંતરિક્ષમાં અંતર્હિત રહેલાં ભૂતે કહ્યું કેઃ—'ગર્જના કરતા આ બાલકનો સ્થામ (શબ્દ) દિશાઓમાં પહોંચ્યો,[૪૮] માટે એ બાલકનું નામ અશ્વત્થામાજ કહેવાશે." પછી આ પુત્રવડે ભારદ્વાજ દ્રોણ બહુ પ્રસન્ન થયા,[૪૯] અને ત્યાંજ રહીને તે

અધ્યાયો કર્યા છે; પરંતુ અમે જે મુંબાઇની સંસ્કૃત પ્રત ઉપરથી ભાષાંતર કર્યું છે તેમાં તેમ ન હોવાથી એ અધ્યાય એકજ રાખેલો છે. આપ્પા શાસ્ત્રી રાશીવડેકરના ભાષાંતરમાં પણ એ અધ્યાય છુટો પાડેલો નથી. ભા૦ કા૦

બુદ્ધિમાને ધનુર્વેદનો અભ્યાસ કરવા માંડયો, પછી તેમણે શત્રુને તાપ આપનારા મહાત્મા પરશુરામના સંબંધમાં સાંભળ્યું કે, તે સર્વ જ્ઞાનના વેત્તા તથા સર્વ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા વિપ્ર, તે વખતે બ્રાહ્મણોને સર્વ ધન આપી દે છે.[૫૦,૫૧] પરશુરામના ધનુર્વેદને તથા તેમનાં દિવ્ય અસ્ત્રોને સાંભળીને તે મેળવવા માટે તથા નીતિશાસ્ત્ર મેળવવા માટે દ્રોણને મન થયું.[૫૨] પછી મહા તપવાળા મહાબાહુ દ્રોણ તપ અને વ્રતવાળા શિષ્યોને લઇને પર્વતોમાં ઉત્તમ એવા મહેંદ્ર પર્વત ઉપર ગયા.[૫૩] ત્યાં જઇને મહાતપસ્વી દ્રોણે, ક્ષમાવાળા, ઇંદ્રિયનિગ્રહવાળા અને શત્રુઓને હણનારા એવા ભૃગુનંદન પરશુરામને જોયા.[૫૪] પછી શિષ્યોથી વિંટાયલા દ્રોણ પરશુરામ પાસે ગયા અને પોતાનું નામ તથા આંગિરસ કુલમાં થયેલું જન્મ કહ્યું.[૫૫] નામગોત્ર નિવેદન કર્યા પછી તેમણે મસ્તક નમાવી ચરણમાં અભિનંદન કર્યું. પછી સર્વ ત્યાગ કરીને વનમાં જવા તૈયાર થયેલા મહાત્મા પરશુરામને ભારદ્વાજ દ્રોણે આ પ્રમાણે કહ્યું કે, "હું ભરદ્વાજથી ઉત્પન્ન થયેલો અયોનિજન્મા દ્રોણ નામનો દ્વિજશ્રેષ્ઠ છું. હું તમારી પાસે ધનની કામનાથી આવ્યો છું, એમ તમે જાણો." આ સાંભળીને સર્વ ક્ષત્રિયોનો નાશ કરનારા મહાત્મા પરશુરામે તેમને કહ્યું કે, [૫૬,૫૮] "હે દ્વિજશ્રેષ્ઠ ! તમે ભલે આવ્યા, તમારી જે ઇચ્છા હોય તે મને કહો." આ પ્રમાણે રામે કહ્યું ત્યારે ભારદ્વાજ દ્રોણ કહેવા લાગ્યા કે, "હે પ્રૌઢ વ્રતવાળા ! પ્રહાર કરનારામાં શ્રેષ્ઠ અને વિવિધ ધન આપતા એવા રામની પાસે હું અનંત ધનની યાચના કરૂં છું."[૫૯,૬૦]

રામ કહે છેઃ–"હે તપરૂપી ધનવાળા ! મારૂં સુવર્ણ વગેરે જે કંઇ ધન અહીં હતું તે સઘળું મેં બ્રાહ્મણોને આપી દીધું છે;[૬૧] તેમજ સમુદ્ર જેના છેડામાં આવેલા એવી શહેર અને નગરોથી શોભતી આ સમગ્ર પૃથ્વી દેવી મેં કશ્યપને આપી દીધી છે.[૬૨] હવે તો માત્ર મારૂં શરીરજ બાકી રહેલું છે અને અમૂલ્ય અસ્ત્રો તથા વિવિધ શસ્ત્રો બાકી રહ્યાં છે;[૬૩] માટે આપવા તૈયાર કરેલા આ શરીરને અથવા અસ્ત્રોને તમે માગો. હે દ્રોણ! માગો, હું તમને શું આપું ? તે મને તત્કાલ કહો."[૬૪]

દ્રોણ કહે છેઃ–"હે ભૃગુકુલોત્પન્ન ! તમે મને સંહાર, પ્રયોગ અને રહસ્યોની સાથે સમગ્ર અસ્ત્રો આપવા યોગ્ય છો."[૬૫]

પછી પરશુરામે 'તેમ થાઓ' કહીને રહસ્ય અને વ્રતસાથે નિઃશેષ ધનુર્વેદ તથા સઘળાં અસ્ત્રો દ્રોણને આપ્યાં.[૬૬] તે સઘળું ગ્રહણ કરીને અસ્ત્રવિદ્યામાં કુશલ થયેલા દ્વિજશ્રેષ્ઠ દ્રોણ પ્રસન્ન થઇને પોતાના પ્રિય મિત્ર દ્રુપદને ત્યાં જવા નીકળ્યા.[૬૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે દ્રોણને ભાર્ગવથી અસ્ત્રપ્રાપ્તિ નામનો અધ્યાય ૧૩૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૧ મો-દ્રોણાચાર્ય અને ભીષ્મનો સમાગમ

॥ वैशंपायन उवाच ॥

ततो द्रुपदमासाद्य भारद्वाजः प्रतापवान् ॥
अब्रवीत् पार्थिवं राजन् सखायं विद्धिमामिह॥

વૈશંપાયન કહે છેઃ–પછી ભરદ્વાજના પ્રતાપી પુત્ર દ્રોણ દ્રુપદની પાસે આવ્યા અને રાજાને કહેવા લાગ્યા કેઃ–"હે રાજન્ ! હું તમારો મિત્ર અહીં આવ્યો છું એમ તમે જાણો."[૧] આ પ્રમાણે સખા દ્રોણાચાર્યે પ્રીતિપૂર્વક રાજાને કહ્યું પણ તે વચનને દ્રુપદરાજા સાંખી શકયો નહિ.[૨] ઐશ્વર્યના મદથી મત્ત થયેલો તે રાજા અસહનતા તથા ક્રોધવડે કુટિલ ભ્રૂકુટી ચઢાવીને તથા રક્ત નેત્રો કરીને આ પ્રમાણે કહેવા લાગ્યો.[૩]

દ્રુપદ કહે છેઃ–" હે બ્રાહ્મણ ! આ તમારી બુદ્ધિ સંસ્કાર વિનાની અને બહુ સારી નથી, કારણ કે હે દ્વિજ ! તમે મને બલાત્કારથી " હું તમારો મિત્ર છું " એમ કહો છો. ઓ મંદ બુદ્ધિના ! સર્વ રીતે વૃદ્ધિ પામેલા રાજાઓને ઐશ્વર્ય વિનાના અને ધનથી ભ્રષ્ટ થયેલા એવા પુરુષોની સાથે કોઈ દિવસ સખ્ય હોતું નથી,[૪,૫] અને હોય તોપણ જીર્ણ થતા મનુષ્યનો તે સ્નેહ કાલે કરીને જીર્ણ થઇ જાય છે. પહેલાં મારો તમારી સાથે સ્નેહ હતો તે સામર્થ્યને લઇને હતો ! આ લોકમાં કોઇના પણ હૃદયમાં મિત્રતા અજરામર રહેતી નથી, કારણ કે કાલ મિત્રોને જૂદા પાડે છે અને ક્રોધ તેને મૈત્રીથી ભ્રષ્ટ કરે છે.[૬,૭] માટે આવી જુની મૈત્રીને તમે આગળ લાવો નહિ; કિંતુ તેને ભૂલી જાઓ. હે દ્વિજશ્રેષ્ઠ! તમારી સાથેનું મારૂં સખ્ય તો સ્વાર્થને લઇનેજ હતું.[૮] વળી દરિદ્રી શ્રીમાનનો, મૂર્ખ વિદ્વાનનો અને ષંઢ શૂરાનો મિત્ર હોતો નથી, જીર્ણ થયેલી મિત્રતા તે શું મિત્રતા છે ? નહિજ.[૯] મૈત્રી અને વિવાહ તો જે બેનીપાસે સરખુંવિત્તહોય અને જે બેની સરખી વિદ્વત્તા હોય તેઓમાંજ થાય, નિર્ધન અને ધનવાનમાં તથા વિદ્વાન અને મૂર્ખમાં વિવાહ અને મૈત્રી થાય નહિ.[૧૦] વળી જે શ્રોત્રિય નથી તે શ્રોત્રિયનો, રથવિનાનો હોય તે રથવાળાનો અને રાજવિનાનો હોય તે રાજાનો મિત્ર હોતો નથી, તો તમે પૂર્વની મિત્રતાની શામાટે ઇચ્છા રાખો છો ? "[૧૧]

વૈશંપાયન કહે છેઃ–આવાં દ્રુપદરાજાનાં વચન સાંભળીને પ્રતાપવાન્ દ્રોણને ઘણો ક્રોધ ચઢયો; પણ તેમણે ગમ ખાઇને દ્રુપદનો ગર્વ શી રીતે ઉતારવો ? તે સંબંધમાં બે ઘડી વિચાર કરી તેના પરાભવનો ઉપાય મનમાં નિશ્ચિત કર્યો. પછી દ્રુપદપ્રત્યે શત્રુબુદ્ધિ ધારણ કરીને તે ત્યાંથી કૌરવોના હસ્તિનાપુર નામના નગરપ્રત્યે ચાલ્યા ગયા.[૧૨,૧૩]* આ રીતે હસ્તિનાપુરમાં આવીને દ્વિજશ્રેષ્ઠ દ્રોણ, કૃપાચાર્યના ઘરમાં ગુપ્તપણાથી રહ્યા.[૧૪] ત્યાં એમના પુત્ર અશ્વત્થામાએ કૃપાચાર્યના પછી પાંડવોને અસ્ત્રવિદ્યા શિખવવા માંડી;પણ લોકોતેને આ દ્રોણપુત્ર છે એમ ઓળખી શકયા નહિ.[૧૫] આ પ્રમાણે કેટલાક સમય સુધી દ્રોણાચાર્ય ત્યાં ગુપ્તપણાથી રહ્યા. એક વખતે સઘળા કુમારો હસ્તિનાપુરથી બહાર નિકળીને હર્ષવડે મોઇદંડા (ગિલ્લી દંડા) રમવા લાગ્યા. એટલામાં રમતાં રમતાં તેઓની મોઇ કુવામાં પડી.[૧૬,૧૭] તે મોઇ કાઢવા માટે તેમણે આદરથી યત્ન કરવા માંડયો. પણ તેને કાઢવાનો કંઇ ઉપાય જડયો નહિ.[૧૮] એટલે તેઓ લાજથી માથું નીચું કરીને એકમેકની સામે જોવા લાગ્યા અને તેનો ઉપાય ન સુઝવાથી બહુ ઉત્કંઠિત થયા.[૧૯] એવામાં તેમણે શ્યામ, વિપત્તિગ્રસ્ત, પળિયાંવાળા, શુષ્ક થયેલા, કંઇક ગરજવાળા અને સમિધ વગેરે અગ્નિહોત્રનાં સાહિત્યની સાથે આવતા એક બ્રાહ્મણને નજીકમાં જોયા.[૨૦] તે મહાત્માને જોઇને કુમારો તેની પાસે ગયા અને ઉત્સાહ, કર્મ તથા મન જેમનાં ભગ્ન થયેલાં એવા તેઓ બ્રાહ્મણને વિંટાઇ વળ્યા.[૨૧] પછી વીર્યવાન દ્રોણ, કુમારોને ગરજવાળા જોઇને મંદહાસ્ય કરી ચતુરાઈથી કહેવા લાગ્યા[૨૨]:– " અહો, ધિક્કાર છે તમારાં ક્ષત્રિયબલને તથા અસ્ત્રશિક્ષાને ! તમે ભરતના વંશમાં ઉત્પન્ન થઇને આટલી મોઇને બહાર કાઢી શકતા નથી?[૨૩] આ મારી ફેંકેલી વીંટી તથા તમારી મોઈ એ બન્નેને હું ઇષીકાની શળીઓવડે બહાર કાઢી આપું છું; મને તમે ભોજન આપજો."[૨૪]

આ પ્રમાણે કુમારોને કહીને શત્રુને દમનારા દ્રોણે પોતાની વીંટી પાણી વિનાના તે કુવામાં નાખી દીધી.[૨૫] તે વખતે કુંતીપુત્ર યુધિષ્ઠિરે દ્રોણને કહ્યું. યુધિષ્ઠિર બોલ્યાઃ–" હે બ્રહ્મન્ ! કૃપાચાર્યની સંમતિથી તમે નિત્યની ભિક્ષા પ્રાપ્ત થશે." આવું યુધિષ્ઠિરે કહ્યું ત્યારે હસીને દ્રોણે ભરતકુમારોને કહ્યું:–

દ્રોણ બોલ્યાઃ–" આ મુઠીભર ઇષીકા (ઘાસ). ને મેં ઇષીકાસ્ત્રથી અભિમંત્રિ કરી છે.[૨૬,૨૭]

* આ જગ્યાએ લેલે શાસ્ત્રીના મૂલભારતમાં તથા ભાષાંતરમાં અને બન્ને હિંદી ભાષાંતરોમાં અધ્યાય છૂટો પાડયો છે. આપ્પા શાસ્ત્રીવાળા મરાઠીમાં ભેગોજ છે. ભા૦ કા૦



ગલીદંડા રમતાં ધૃતરાષ્ટ્ર અને પાંડુના કુમારોની મોઇ કૂવામાં જઇ પડી.તેઓ મુંઝાવા લાગ્યા.એવામાં એક અજાણ્યા બ્રાહ્મણ(દ્રોણ)ને આવતા જોઈ સર્વ કુમારો તેમની આસપાસ વીંટાઇ વળ્યા.દ્રોણે હકીકત જાણતાં કહ્યું કે-ધિક્કાર છે તમારા ક્ષત્રિયપણાને અને વિદ્યાભ્યાસને કે તમે ભરતવંશમાં જન્મવા છતાં મોઇ જેવી તુચ્છ વસ્તુ પણ કાઢી શકતા નથી? લો હું દર્ભનીજ શળીઓવડે કાઢી આપું; તમે મને ભોજન આપજો.પછી દ્રોણે તે તરતજ કાઢી આપી.કુમારોએ રાજીરાજી થઇ જઇ અને તેમનું નામ તથા બીજી શું શું સેવા કરીએ? તે પૂછ્યું. દ્રોણે કહ્યું કે સર્વ વાત ભીષ્મને કહેજો.તે તરતજ મને ઓળખશે. પછી કુમારોએ જઈ પિતામહને કહેતાં તેમણે દ્રોણને તેડાવ્યા.પંડે સત્કાર કરી ઉપકાર માન્યો.અને કુમારશાળામાટે આચાર્ય નીમ્યા.

એનો પ્રભાવ જુઓ કે જે પ્રભાવ બીજામાં નથી. આ એક શળીથી મોઇને વિંધીશ, તે શળીને બીજી શળીથી અને તેને ત્રીજીથી વિંધતાં મોઈ મારા હાથમાં આવશે.”

વૈશંપાયન કહે છેઃ–આમ કહ્યા પછી દ્રોણે પોતાના કહેવા પ્રમાણે બધું પ્રયત્નથી કરી દેખાડયું.[૨૮,૨૯] તે જોઇને તે કુમારો વિસ્મયથી પ્રફુલ્લ નેત્રવાળા થઇને આ મોટું આશ્ચર્ય છે, એમ માનીને કહેવા લાગ્યા. કુમારો બોલ્યાઃ– “હે વિપ્રર્ષિ ! આ વીંટીને પણ શીઘ્ર બહાર કાઢો.”

વૈશંપાયન કહે છેઃ–પછી મહાયશસ્વી દ્રોણે ધનુષ તથા એક બાણ લીધું અને તે બાણ-વડે વીંટીને વીંધી, પછી સમર્થ દ્રોણે વીંટી સાથે તે શરનું ઉપર આવાહન કર્યું, એટલે વીંટી સાથે શર કૂવામાંથી ઉપર આવ્યું. તે શરને લઇને વિસ્મય-રહિત દ્રોણે વિસ્મય પામેલા કુમારોને તે આપ્યું. આ પ્રમાણે વીંટીને કાઢેલી જોઈને કુમારો દ્રોણને કહેવા લાગ્યા.[૩૦,૩૩]

કુમારો બોલ્યાઃ–“હે બ્રહ્મન્! તમને અમે પ્રણામ કરીએ છીએ. આ પ્રભાવ બીજા-નામાં જણાતો નથી, માટે તમે કોણ છો? અને કોના પુત્ર છો? તે અમે જાણવા માગીએ છીએ. વળી અમે તમારૂં શું કામ કરીએ?”[૩૪]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કુમારોએ કહ્યું, ત્યારે દ્રોણ તેમને કહેવા લાગ્યા.

દ્રોણ બોલ્યાઃ–“તમે આ વાત ભીષ્મની આગળ જઇને કહો એટલે તે મહાતેજસ્વી પોતેજ રૂપ તથા ગુણથી મને સારી રીતે તુરત ઓળખી શકશે.”

વૈશંપાયન કહે છેઃ–‘સારૂ એમ કરીશું’ કહીને તે કુમારો ભીષ્મ પાસે ગયા અને બ્રાહ્મણ-નું સત્ય વચન તથા તે તે પ્રકારનું સઘળું પરા-ક્રમ ભીષ્મને કહી સંભળાવ્યું. કુમારોની વાત સાંભળીને ભીષ્મ પિતામહે જાણ્યું કે, તે દ્રોણ છે. કુમારોના ગુરુ થવામાટે તે યોગ્ય છે, એમ વિચારી ભીષ્મે તેમને બોલાવ્યા અને પોતેજ તેમનો સત્કાર કર્યો.[૩૫,૩૮] પછી શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા ભીષ્મે નિપુણતાથી આવવાનું કારણ પૂછયું ત્યારે દ્રોણે તેમને સર્વ વૃત્તાંત જણાવ્યું.

દ્રોણ બોલ્યાઃ–“હે શુદ્ધ! હું ધનુર્વેદ તથા અસ્ત્રપ્રાપ્તિને માટે પૂર્વે અગ્નિવેશ મુનિની પાસે ગયો હતો.[૪૦] ત્યાં હું બ્રહ્મચર્ય પાળીને, મન વશ રાખીને, જટા ધારણ કરીને તથા ગુરુસેવામાં તત્પર થઈને ઘણા સમયસુધી રહ્યો હતો.[૪૧] તે વખતે પાંચાલ રાજાનો મહાબલવાન પુત્ર યજ્ઞસેન પણ શસ્ત્ર તથા અસ્ત્રવિદ્યા શીખવા માટે ત્યાં તેજ ગુરુની પાસે આવ્યો હતો.[૪૨] તે ત્યાં મારો મિત્ર થયો હતો અને ઉપકાર કરતો હોવાથી મને પ્રિય થઈ પડયો હતો. હે રાજન્! તેની સાથે મેં ત્યાં લાંબા વખતસુધી નિવાસ કર્યો હતો.[૪૩] હે કૌરવ્ય! બાલ્યવયથી આરંભી અમે બન્ને સાથે ભણતા હતા. મારો તે મિત્ર હમેશ પ્રિય બોલનારો તથા મારૂં પ્રિય કર-નારો હતો.[૪૪] હે ભીષ્મ! એક વખતે તેણે મારી પ્રીતિ વધારનારૂં વચન કહ્યું કેઃ–“હે દ્રોણ! હું મારા મહાત્મા પિતાનો ઘણો વહાલો પુત્ર છું, માટે જ્યારે મારા પિતા મારો રાજ્ય ઉપર અભિષેક કરશે, ત્યારે હે વહાલા મિત્ર! હું સત્ય પ્રતિજ્ઞા લઇને કહું છું કે, તે રાજ્ય તને ભોગવવા મળશે[૪૫,૪૬] અને મારા વૈભવો, ધન તથા સુખ સર્વે તારે અધીન રહેશે.”

આ પ્રમાણે કહીને અસ્ત્રવિદ્યા મેળવીને મારાથી સન્માન પામી યજ્ઞસેન પોતાના નગરમાં ગયો.[૪૭] તેનાં પૂર્વોક્ત વચનોનું હું નિત્ય મનમાં સ્મરણ કરતો હતો. પછી મેં પિતૃઓની આજ્ઞા-વડે પુત્રપ્રાપ્તિના લોભથી યશસ્વિની, અલ્પ કેશ-વાળી, મહાબુદ્ધિવાળી, મોટાં વ્રત પાળનારી અને અગ્નિહોત્ર, સત્ર તથા ઇંદ્રિયનિગ્રહમાં નિત્ય તત્પર રહેનારી એવી કૃપીની સાથે લગ્ન કર્યાં.[૪૮,૪૯] તે ગૌતમી કૃપીને ભયંકર પરાક્રમી, ભયંકર કર્મવાળો અને સૂર્યના જેવો તેજસ્વી અશ્વત્થામા નામનો ઔરસ પુત્ર થયો.[૫૦] મારા-થી જેમ મારા પિતા ભરદ્વાજ પ્રસન્ન થયા હતા, તેમ અશ્વત્થામાથી હું પ્રસન્ન થયો હતો. એક વખતે ધનવાનના પુત્રોને ગાયનું દૂધ પીતા જોઇને તે બાલક અશ્વત્થામા મારી આગળ આવીને

રડ્યો, તેથી હું દિંગ્મૂઢ જેવો થઈ ગયો. [૫૧] મેં ગાય લાવવા યત્ન કર્યો, પણ થોડી ગાયવાળા સ્નાતક બ્રાહ્મણની પાસેથી ગાય માગી લઉં તો તેના ધર્મકાર્યનો લોપ થવાથી તે પીડાય, આમ વિચારીને ઘણી ગાયવાળાને ખોળવા હું તે દેશમાં ઘણે ઠેકાણે ભમ્યો. [૫૨] હે ગંગાપુત્ર! ધર્મયુક્ત શુદ્ધ દાન લેવાને ઇચ્છતો હું એક છેડાથી બીજા છેડાસુધી ફર્યો, પણ મને દૂધવાળી ગાય મળી નહિ. [૫૩] હે કૌરવ્ય! પછી ધનવાનના છોકરાઓ લોટમાં પાણી રેડીને ‘ આ દૂધ છે ’એમ કહી તેને લોભાવવા લાગ્યા અને બાલપણાને લીધે મોહ પામેલો તે બાલક લોટનું પાણી પીને ‘મેં પણ દૂધ પીધું ’ એમ કહી ખુશી થઈ, ઉઠીને નાચવા લાગતો. આમ બાલકોની વચ્ચે લોટના પાણીથી ખુશી થઈને નાચતા અને પરિહાસ પામતા પુત્રને જોઇને મને કષ્ટ થતું હતું. વળી લોકો કહેતા કેઃ–“ નિર્ધન દ્રોણને ધિક્કાર હો, કે જે ધન મેળવી શકતો નથી[૫૪,૫૬] અને જેનો પુત્ર દૂધની તૃષ્ણાથી લોટનું પાણી પીને ‘ મેં પણ દૂધ પીધું ’ એમ કહેતો ખુશી થઈને નાચે છે ! ” [૫૭] આવું કહેનારા લોકોની વાણી સાંભળીને મારી બુદ્ધિ ધર્મ ઉપરથી ખસી ગઈ અને મારે માટે મારાજ મનમાં ગર્હા ઉત્પન્ન થઈ. મેં મનવડે વિચાર કર્યો કેઃ–[૫૮] “મને દરિદ્રી માનીને બ્રાહ્મણો મારો ત્યાગ કરે અથવા નિંદા કરે તો હું ઉપવાસ કરીને રહીશ; પરંતુ ધનને માટે પાપિષ્ઠ એવી પારકાની સેવા કરીશ નહિ.” આવો મેં પ્રથમ વિચાર કર્યો હતો, પણ હે ભીષ્મ! પછી પુત્ર ઉપર પ્રીતિ હોવાથી તે વિચાર માંડી વાળી તે પ્રિય પુત્ર તથા સ્ત્રીને લઇને પૂર્વના સ્નેહાનુબંધથી હું દ્રુપદને ત્યાં જવા નીકળ્યો. [૫૯,૬૯] એવામાં દ્રુપદને રાજ્યાભિષેક થયો છે એ સાંભળીને હું પોતાને કૃતાર્થ થયેલો માનવા લાગ્યો અને દ્રુપદની સાથેની મારી મૈત્રી તથા તેનાં વચનને યાદ કરતો હું રાજ્ય ઉપર બેઠેલા પ્રિય મિત્ર દ્રુપદની પાસે પ્રસન્ન થઈને ગયો. પછી હે પ્રભો! ત્યાં દ્રુપદને મિત્રની પેઠે મળીને મેં કહ્યું કેઃ–“ હે પુરુષવ્યાઘ્ર ! મને તમારો મિત્ર જાણો, ” આમ મિત્રભાવથી હું દ્રુપદને મળ્યો અને મેં કહ્યું, [૬૧,૬૩] ત્યારે તે કોઈ ઓળખાણવિનાના મનુષ્યની પેઠે મને હસી કાઢીને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–“ હે બ્રાહ્મણ! તારી બુદ્ધિ સંસ્કારવિનાની અને બહુ સારી નથી; [૬૪] કેમકે તું મને હઠ કરીને કહે છે કે, હું તારો મિત્ર છું; પણ હે દ્વિજ! જીર્ણ થતા પુરુષની મૈત્રી પણ કાલ જતાં જીર્ણ થાય છે. [૬૫] પૂર્વે તારી સાથે જે મારો સ્નેહ હતો તે સામર્થ્યને લઈને હતો; પણ અશ્રોત્રિયનો શ્રોત્રિય અને રથ વિનાનાનો રથી મિત્ર હોતો નથી. [૬૬] સખ્ય તો સમાનતામાંજ હોય છે, વિષમ સ્થિતિમાં હોતું નથી. વળી લોકમાં કોઇનું પણ સખ્ય અજર રહેતું નથી; [૬૭] કારણ કે કાલ મિત્રોને છૂટા પાડે છે અને ક્રોધ મિત્રતા તોડાવે છે, માટે આવી જૂની મૈત્રીને તું યાદ કર નહિ, પણ તેને ભૂલી જા. [૬૮] હે દ્વિજશ્રેષ્ઠ! તારી જોડેનું સખ્ય મારા સ્વાર્થને માટે હતું. વળી દરિદ્રી શ્રીમંતનો મિત્ર હોતો નથી, મૂર્ખ વિદ્વાનનો મિત્ર હોતો નથી [૬૯] અને શૂરાનો મિત્ર ષંઢ હોતો નથી. તો હવે પૂર્વના સખ્યને શું યાદ કરો છો? હે મંદબુદ્ધિવાળા! મોટા રાજાઓને શ્રીવિહીન તથા ધનરહિત એવા નરોની સાથે મૈત્રી હોય શું? નહિજ. વળી વેદવેત્તાને વેદ ન જાણનારો, રથવાળાને રથવિનાનો અને રાજાને રાજ્યવિનાનો મિત્ર હોયજ નહિ. માટે પૂર્વના સખ્યની શી ઇચ્છા રાખો છો? મેં તમને પૂર્વે રાજ્યના સંબંધમાં વાત કરી હોય એમ હું જાણતો નથી; [૭૦,૭૨] પણ હે બ્રાહ્મણ! તમારી જો ઇચ્છા હોય તો હું તમને એક રાત્રિનું યથેષ્ટ ભોજન આપીશ.”

આ પ્રમાણે તેણે મને કહ્યું, ત્યારે જે પ્રતિજ્ઞા હું થોડા કાલમાં પૂર્ણ કરવાનો છું તે પ્રતિજ્ઞા લઇને હું સ્ત્રીની સાથે ત્યાંથી ચાલી નીકળ્યો. હે ભીષ્મ! આમ દ્રુપદનાં વચનથી ક્રોધવ્યાપ્ત થઇને ગુણવાન શિષ્યો મેળવવામાટે હું કુરુદેશમાં આવ્યો અને ત્યાંથી તમારી ઇચ્છા તૃપ્ત કરવા આ રમ્ય હસ્તિનાપુરમાં આવ્યો છું; માટે તમારૂં શું પ્રિય કરૂં? તે મને કહો.”

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે જ્યારે ભીષ્મને કહ્યું, ત્યારે તે દ્રોણને કહેવા લાગ્યા.[૭૩,૭૬] ભીષ્મ બોલ્યાઃ-"હે બ્રહ્મન્! તમે ધનુષની પણછ ઉતારો અને કુમારોને સારી રીતે અસ્ત્ર-વિદ્યા શીખવો તથા કુરુના ઘરમાં રહીને માન-પૂર્વક પ્રસન્નતાથી પુષ્કળ ભોગો ભોગવો. [૭૭] કુરુનું જે ધન છે તથા દેશોએસહિત જે આ રાજ્ય છે, તેના મુખ્ય રાજા તમેજ છો અને સઘળા કુરુઓ તમારાજ છે. [૭૮] હે બ્રહ્મન્! જે તમારૂં ઇચ્છિત હોય તે થયું છે એમજ માનજો. હે વિપ્રર્ષિ! તમે અહીં આવ્યા તે ઘણું સારૂં થયું. તમે મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે." [૭૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ભીષ્મદ્રોણસમાગમ નામનો અધ્યાય ૧૩૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૨ મો-દ્રોણાચાર્યે કુમારોને શિક્ષણ આપ્યું તથા પ્રાથમિક પરીક્ષા લીધી.

॥ वैशंपायन उवाच ॥

ततः संपूजितो द्रोणो भीष्मेण द्विपदां वरः ॥
विशश्राम महातेजाः पूजितः कुरुवेश्मनि ॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી ભીષ્મે પૂજન કરેલા, મહા તેજસ્વી અને મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય સન્માનપૂર્વક કૌરવોના ઘરમાં વિશ્રાંતિ લેવા લાગ્યા. [૧] પછી જ્યારે દ્રોણગુરુ શ્રમરહિત થયા, ત્યારે પોતાના પૌત્ર કૌરવોને લઇને ભીષ્મે તેમને શિષ્યતરીકે સોંપ્યા અને વિવિધ પ્રકારનું ધન પણ આપ્યું. [૨] વળી ભીષ્મે પ્રસન્ન થઇને સારૂં ધોળેલું અને ધનધાન્યથી ભરેલું ઘર દ્રોણ ગુરુને રહેવા માટે જૂદું કાઢી આપ્યું. [૩] પછી મહાન ધનુર્ધારી દ્રોણાચાર્યે કુરુકુલમાં ઉત્પન્ન થયેલા પાંડવો અને ધૃતરાષ્ટ્રના પુત્રોને પ્રસન્ન મનથી પોતાના શિષ્યતરીકે સ્વીકાર્યા. [૩] ચરણ-માં અભિનંદન કરતા તે સઘળા કુમારોને સ્વી-કારી પ્રસન્ન થયેલા દ્રોણે એકાંતમાં તેઓને કહ્યું.[૫]

દ્રોણ બોલ્યાઃ-"હે શુદ્ધ કુમારો! મેં મારા મનમાં કંઇક કાર્ય કરવા ધાર્યું છે, તે તમે અસ્ત્રવિદ્યા મેળવ્યા પછી કરી આપવા માટે મને વચન આપો."

વૈશંપાયન કહે છેઃ-હે રાજન્! દ્રોણગુરુનાં આવાં વચન સાંભળીને કૌરવો તો ગુપચુપ બેસી રહ્યા; પરંતુ હે શત્રુને તાપ આપનારા! અર્જુને તે કાર્ય સંપૂર્ણ કરી આપવા માટે પ્રતિજ્ઞા કરી.[૬,૭] તે વખતે દ્રોણગુરુ અર્જુનનું મસ્તક વારંવાર સુંઘીને પ્રીતિપૂર્વક તેને ભેટ્યા અને હર્ષવડે આંસુ પાડવા લાગ્યા.[૮] પછી વીર્યવાન દ્રોણ, પાંડવોને દિવ્ય તથા માનુષ એવાં વિવિધ અસ્ત્રો શીખવવા લાગ્યા.[૯] હે ભરતર્ષભ! તે વખતે બીજા પણ રાજપુત્રો ભેગા થઇને દ્વિજશ્રેષ્ઠ દ્રોણની પાસે અસ્ત્રવિદ્યા શીખવા આવ્યા.[૧૦] વળી વૃષ્ણિઓ, અંધકો અને બીજા દેશના રાજાઓ તથા સૂત-પુત્ર કર્ણ પણ દ્રોણગુરુ પાસે ભણવા આવ્યો.[૧૧] તેઓમાં અર્જુનની સ્પર્ધા કરતો અસહન પ્રકૃતિ-વાળો કર્ણ, દુર્યોધનનો આશ્રય કરીને પાંડવોનું અપમાન કરવા લાગ્યો.[૧૨] તે સર્વ શિષ્યોમાં, ધનુર્વેદની જિજ્ઞાસા હોવાથી તથા અસ્ત્રવિદ્યામાં બહુ પ્રીતિ હોવાથી પાંડુપુત્ર અર્જુન શિક્ષણ, બાહુ-બલ તથા ઉદ્યોગવડે દ્રોણની બરોબરી કરતો થયો અને સર્વ શિષ્યોમાં શ્રેષ્ઠ થઇ ગયો. યોગ્ય અસ્ત્રોના પ્રયોગોમાં, શીઘ્રતામાં અને સરલતામાં સઘળા શિષ્યો કરતાં અર્જુન અધિક થયો હતો, એટલે દ્રોણગુરુ પોતે પણ ઇંદ્રપુત્ર અર્જુનને ઉપ-દેશ ગ્રહણ કરવામાં અતુલ માનવા લાગ્યા.[૧૩-૧૫]

આ પ્રમાણે દ્રોણગુરુ સર્વે કુમારોને ધનુ-વિદ્યા શીખવતા હતા. વળી જે વખતે કુમારો પાણી ભરવા જતા, તે વખતે દ્રોણગુરુ બધાને નાનું મોઢું હોવાથી વિલંબે પાણી ભરાય એવા

કમંડલુ આપતા અને પોતાનો પુત્ર વહેલો આવે માટે તેને ઘડો આપતા હતા.બીજાઓને કમંડલુ ભરતાં વાર થતી એટલામાં અશ્વત્થામા ઘડો ભરીને પહેલો આવી રહેતો અને તે વખતે દ્રોણગુરુ પોતાના પુત્ર અશ્વત્થામાને અસ્ત્રવિદ્યાની ઉત્તમ ક્રિયા શીખવતા હતા. આ યુક્તિ અર્જુનના જાણવામાં આવી ગઇ, એટલે તે વારુણાસ્ત્રનો પ્રયોગ કરીને પોતાનું કમંડલુ ભરી આચાર્યપુત્રની સાથે સાથેજ આવવા લાગ્યો અને અશ્વત્થામાને જે વિશેષ વિદ્યા આપવામાં આવતી હતી તેમાં પણ સાથેજ રહેવા લાગ્યો.[૧૬ ૧૮] એમ થવાથી અસ્ત્રવેત્તામાં શ્રેષ્ઠ તથા બુદ્ધિમંત એવો અર્જુન અશ્વત્થામાથી જરાએ ઉતરતા ન હતા. વળી અર્જુન ગુરુસેવામાં બહુ તત્પર રહેતા હતા તથા અસ્ત્રવિદ્યામા પણ પરમ એકાગ્રતા રાખતા હતા, તેથી તે દ્રોણગુરુને પ્રિય થઇ પડ્યા હતા. આમ અસ્ત્રવિદ્યામાં નિત્ય ઉદ્યોગ કરતા અર્જુનને જોઇને એક વખતે દ્રોણે રસોઇઆને બોલાવીને એકાંતમાં કહ્યું કેઃ—"તારે અર્જુનને અંધારામાં કોઇવાર અન્ન આપવું નહિ તથા આ મેં કહ્યું છે, એમ, પણ તારે કહેવું નહિ." [૨૧,૨૨] પછી એક દિવસે અર્જુન ભોજન કરતો હતો તે વખતે પવનનો ઝપાટો આવ્યો અને તેથી ત્યાં બળતો દીવો હોલવાઇ ગયો;[૨૩] તોપણ અર્જુને ખાવાનું ચાલુજ રાખ્યું અને તે તેજસ્વીનો હાથ અભ્યાસને લીધે પ્રકાશવિના પણ મોંમાંજ જવા લાગ્યો.[૨૪] આથી અર્જુને જાણ્યું કે, આ અભ્યાસનુંજ ફલ છે, એટલે ત્યારથી રાત્રિએ પણ મહાબાહુ અર્જુને ધનુષ લઇને અભ્યાસ કરવા માંડ્યો. એક વખતે તેના ધનુષની પ્રત્યંચાનો શબ્દ દ્રોણે રાત્રિએ સાંભળ્યો એટલે તે ઉઠ્યા અને અર્જુનની પાસે આવ્યા તથા તેને ભેટીને કહેવા લાગ્યા.[૨૬]

દ્રોણ બોલ્યાઃ—"હે અર્જુન! તને હું એવો ધનુર્ધારી કરવા યત્ન કરીશ કે જેથી તારા જેવો બીજો કોઇ પણ ધનુર્ધારી થશે નહિ. આ હું તને સત્ય કહું છું."[૨૭]

વૈશંપાયન કહે છેઃ—પછી દ્રોણગુરુએ અર્જુનને ઘોડા ઉપર બેસીને, હાથી ઉપર બેસીને, રથમાં બેસીને તથા જમીન ઉપર ઉભા રહીને કેવી રીતે યુદ્ધ કરવું તે સઘળું રણશિક્ષણ આપ્યું.[૨૮] વળી દ્રોણે ગદાયુદ્ધ,તરવારનાં મંડલો, તોમર, પ્રાસ, શક્તિ અને એકીવેળાએ અનેક શસ્ત્રોનાં ભેગાં યુદ્ધનું શિક્ષણ કૌરવોને આપ્યું.[૨૯] દ્રોણની આવી કુશળતા સાંભળીને ધનુર્વેદ ભણવાની ઇચ્છાવાળા હજારો રાજાઓ અને રાજપુત્રો ત્યાં આવ્યા.[૩૦] હે મહારાજ ! પછી ભિલ્લના રાજા હિરણ્યધનુષનો એકલવ્ય નામનો પુત્ર દ્રોણ પાસે ધનુર્વિદ્યા શીખવા આવ્યો;[૩૧] પણ એ ભિલ્લ છે માટે આ કુમારો કરતાં વધી જવો ન જોઇએ એમ ધારીને ધર્મજ્ઞ દ્રોણાચાર્યે તેને ધનુર્વિદ્યાના શિક્ષણમાં શિષ્યતરીકે સ્વીકાર્યો નહિ.[૩૨] તે વખતે શત્રુને તાપ આપનારો એકલવ્ય દ્રોણના ચરણમાં મસ્તકવડે પ્રણામ કરીને અરણ્યમાં ગયો અને ત્યાં દ્રોણાચાર્યની એક માટીની મૂર્તિ કરી તેને પોતાનાપરમ આચાર્ય માની, ઉત્તમ નિયમ ધારણ કરીને તથા એકાગ્ર થઇને અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરવા લાગ્યો.[૩૩,૩૪] આ પ્રમાણે પરમ શ્રદ્ધા અને પરમ એકાગ્રતાથી અભ્યાસ કરતો એકલવ્ય બાણ છોડવામાં, બાણ લેવામાં અને સંધાન કરવામાં બહુ ચાલાક થઇ ગયો.[૩૫] હે અરિમર્દન રાજા! એક વખતે દ્રોણની આજ્ઞા થવાથી કૌરવ અને પાંડવો રથમાં બેસીને વનમાં મૃગયા કરવામાટે નીકળ્યા હતા.[૩૬] તે વખતે એક પુરુષ હથિયાર, શિકારનાં સાહિત્ય તથા એક કૂતરાને સાથે લઇને દૈવેચ્છાથી પાંડવોની પાછળ આવ્યો.[૩૭] જૂદાં જૂદાં કાર્યો કરવાને માટે કુમારો વનમાં ફરતા હતા, તેટલામાં ભૂલો પડેલો પેલો કૂતરો એકલવ્ય ભિલ્લની પાસે જઇ પહોંચ્યો[૩૮] અને તેને કાળા મેલા શરીરવાળો, કૃષ્ણ મૃગચર્મ તથા જટાવાળો જોઇને તે કૂતરો ભસતો ભસતો તેની આગળ ઉભો રહ્યો.[૩૯] તે વખતે ભસતા તે કૂતરાના મોઢામાં પોતાની અસ્ત્રવિદ્યાની ચાલાકી દેખાડતા એકલવ્યે એકી વખતે સાત શરો મૂક્યાં અને તેનું મોં પૂરી દીધું.[૪૦] પછી બાણથી ભરાયલા મોઢાવાળો તે કૂતરો પાંડવોની આગળ આવ્યો. તેને જોઇને વીર પાંડવો

બહુ આશ્ચર્ય પામ્યા.[૪૧] તે બાણ મૂકનારાની શીઘ્રતા તથા ઉત્તમ શબ્દવેધીપણાને જોઇને સઘળા કુમારો લજ્જા પામ્યા અને તેનાં વખાણ કરવા લાગ્યા.[૪૨] પછી વનમાં રહેનારા તે એકલવ્યને તેઓ વનમાં ખોળવા લાગ્યા. હે રાજન્ ! ખોળ કરતાં ભિલ્લરાજના કુમારને પાંડવોએ અહોનિશ શર છોડતો જોયો;પરંતુ તેનું રૂપ બદલાઇ ગયેલું હોવાથી તેને તેઓ ઓળખી શકયા નહિ, એટલે પાંડવોએ તેને પૂછયું કેઃ-"તું કોણ છે? અને કોનો પુત્ર છે?"[૪૩,૪૪]

એકલવ્ય બોલ્યોઃ-"હે વીરો ! હું નિષાદના રાજા હિરણ્યધનુષનો પુત્ર છું અને દ્રોણ ગુરુનો શિષ્ય છું તથા ધનુર્વેદનો અભ્યાસ કરૂં છું; એ તમને વિદિત થાઓ."[૪૫]

વૈશંપાયન કહે છેઃ-પાંડવો યથાર્થ રીતે એકલવ્યને ઓળખીને પોતાના સ્થાનમાં આવ્યા અને તેમણે વનમાં બનેલું સર્વ અદ્‌ભુત વૃત્તાંત દ્રોણને કહી સંભળાવ્યું.[૪૬] વળી હે રાજન્ ! કુંતીપુત્ર અર્જુન એકલવ્યને યાદ કરીને એકાંતમાં દ્રોણ પાસે આવી પ્રણયથી આ પ્રમાણે કહેવા લાગ્યો.[૪૭]

અર્જુન બોલ્યોઃ-"ગુરુજી ! આપે આગળ મને એકલાને આલિંગન કરીને પ્રેમથી આ પ્રમાણે કહ્યું હતું કે, 'મારા શિષ્યોમાં તારાથી શ્રેષ્ઠ કોઇ થશે નહિ,'[૪૮] ત્યારે તમારો બીજો શિષ્ય નિષાદરાજનો પુત્ર મારા કરતાં શ્રેષ્ઠ તથા લોકોથી બળવાન કેમ થયો?"[૪૯]

વૈશંપાયન કહે છેઃ-આવાં અર્જુનનાં વચન સાંભળીને દ્રોણ ગુરુ થોડો કાલ વિચારમાં પડયા. પછી નિશ્ચય ઉપર આવીને અર્જુનને સાથે લઇ એકલવ્ય પાસે ગયા.[૫૦] ત્યાં તેમણે જટિલ,વલ્કલધારી અને મેલા શરીરવાળા એકલવ્યને હાથમાં ધનુષ લઇને સતત શર છોડતો જોયો.[૫૧] જ્યારે એકલવ્યે પોતાની પાસે આવેલા દ્રોણગુરુને જોયા ત્યારે તેણે તેમની સામે જઇને ચરણમાં મસ્તક મૂકી પૃથ્વી ઉપર પડી પ્રણામ કર્યા.[૫૨] પછી એકલવ્યે વિધિથી દ્રોણની પૂજા કરી અને પોતે શિષ્ય છે,એમ જણાવી હાથ જોડીને આગળ ઉભો રહ્યો.[૫૩] તે વખતે હે રાજન્! એકલવ્યને દ્રોણ ગુરુ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-"હે વીર ! જો તું મારો શિષ્ય છે તો મને તું ગુરુદક્ષિણા આપ."[૫૪]

દ્રોણનાં વચન સાંભળી પ્રસન્ન થઇને એકલવ્ય નીચે પ્રમાણે કહેવા લાગ્યો. એકલવ્ય બોલ્યોઃ-"હે ભગવન્! હું ગુરુદક્ષિણામાં આપને શું આપું? આપ મને આજ્ઞા કરો. હે બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ ! ગુરુને નહિ આપવા જેવું મારી પાસે કંઇજ નથી, અર્થાત્ હું સર્વ આપવા તૈયાર છું."

વૈશંપાયન કહે છેઃ-આ સાંભળીને દ્રોણે કહ્યું કેઃ-"તું મને જમણા હાથનો અંગુઠો કાપી આપ."[૫૫,૫૬] આવું દ્રોણનું દારુણ વચન સાંભળીને પણ નિત્ય સત્યપરાયણ રહેનારા એકલવ્યે પોતાની પ્રતિજ્ઞાનુ પાલન કરવા માટે તેવુંજ પ્રસન્ન મુખ રાખીને તથા તેવાજ ઉદાર મનવડે વિચાર કરવા પણ ન રોકાતાં પોતાનો જમણો અંગુઠો દ્રોણ ગુરુને કાપી આપ્યો.[૫૭,૫૮] હે રાજન્! પછી એકલવ્ય આંગળાંઓથી પ્રત્યંચા ખેંચી બાણ મૂકવા લાગ્યો, પણ પ્રથમની પેઠે તે શીઘ્ર પ્રયોગ કરી શકયો નહિ.[૫૯] આથી અર્જુન પ્રસન્ન થયો અને તેની ચિંતા ટળી ગઈ; તેમજ 'અર્જુનનો પરાભવ બીજો કોઇ કરી શકશે નહિ' આ દ્રોણની વાણી સત્ય થઇ.[૬૦]

દ્રોણગુરુના ભીમસેન અને દુર્યોધન, એ બે સદા ગર્વિષ્ઠ મનવાળા શિષ્યો ગદાયુદ્ધમાં યોગ્ય નિવડ્યા.[૬૧] વળી સર્વ કુમારોમાં અશ્વત્થામા વિદ્યાના ગુપ્ત જ્ઞાનમાં અધિક થયો હતો તથા સહદેવ અને નકુલ સર્વ પુરુષો કરતાં ખડ્ગવિદ્યામાં નિપુણ થયા હતા.[૬૨] યુધિષ્ઠિર રથયુદ્ધમાં શ્રેષ્ઠ થયા હતા અને ધનંજય-અર્જુન તો સર્વ યુદ્ધમાં કુશલ થયો હતો. તે સમુદ્રાંત પૃથ્વીમાં મહારથીઓના સમૂહનું પણ રક્ષણ કરી શકે એવી અતિરથીપણાની પ્રસિદ્ધને પામ્યો હતો.[૬૩] વળી બુદ્ધિ, ઉપાય, બલ અને ઉત્સાહવડે તે સર્વ અસ્ત્રવિદ્યામાં પારંગત હતો, તેથી અસ્ત્ર અને ગુરુપ્રીતિમાં અર્જુન સર્વ કુમારોથી શ્રેષ્ઠ હતો. જો કે સર્વને અસ્ત્રવિદ્યાનો ઉપદેશ સમાન

કરવામાં આવતો હતો, પણ સર્વ કુમારોમાં એક વીર્યવાન અર્જુનજ પોતાની ચાલાકીથી અતિરથી થયો હતો.[૬૫] આથી અધિક બલવાળા ભીમસેનની તથા વિદ્યામાં કુશલ થયેલા અર્જુનની ધૃતરાષ્ટ્રના દુરાત્મા પુત્રો અદેખાઇ કરતા હતા.[૬૬] એક વખતે સર્વ વિદ્યા તથા અસ્ત્રનું શિક્ષણ પામેલા આ બધા કુમારોને, પુરુષશ્રેષ્ઠ દ્રોણ તેમની વેધશક્તિ જાણવાને સારૂ એકઠા કર્યા [૬૭] અને શિલ્પીઓ પાસે એક કૃત્રિમ ભાસ નામનું પક્ષી કરાવીને કુમારો ન જાણે તેમ તેને ઝાડની ટોચ ઉપર મૂકાવ્યું તથા તે વિંધવાનું લક્ષ્ય છે એમ જણાવ્યું.[૬૮] પછી દ્રોણ બોલ્યાઃ–"હે કુમારો ! તમે બધા શીઘ્ર ધનુષ લઇ તે ઉપર બાણ ચઢાવી આ ભાસ પક્ષીને તાકીને ઉભા રહો[૬૯] અને હુ કહું તેજ વખતે એનું માથું નીચે પાડો. હે પુત્રો ! તમારામાંથી એક એકને હું આજ્ઞા કરૂં તે પ્રમાણે તમારે કરવું."[૭૦]

વૈશંપાયન કહે છેઃ–પછી આંગિરસ ગોત્રમાં શ્રેષ્ઠ એવા દ્રોણે પ્રથમ યુધિષ્ઠિરને કહ્યું કેઃ–"હે દુર્ધર્ષ ! તમે બાણનું સંધાન કરો અને મારાં વાકયની સમાપ્તિ થતાં તે બાણને છોડો."[૭૧] ગુરુનું આવું વચન સાંભળીને પ્રથમ શત્રુને તાપ આપનારા યુધિષ્ઠિરે ધનુષ લીધું અને ભાસ પક્ષીને લક્ષ્ય કરીને ઉભા રહ્યા.[૭૨] હે ભરતર્ષભ ! પછી દ્રોણગુરુએ ધનુષ ખેંચીને ઉભા રહેલા યુધિષ્ઠિરને જોઇને બે ઘડી પછી આ પ્રમાણે કહ્યુંઃ–[૭૩]"હે રાજપુત્ર ! આ ઝાડની ઉપર રહેલા ભાસ પક્ષીને તમે જુઓ." આ સાંભળી યુધિષ્ઠિરે આચાર્યને કહ્યું કેઃ–'હું જોઉં છું.'[૭૪] વળી થોડા વખત પછી ફરીથી દ્રોણે યુધિષ્ઠિરને પૂછયું કેઃ–"હે યુધિષ્ઠિર ! હવે આ ઝાડને, મને અથવા તમારા ભાઇઓને તમે જુઓ છો ?"[૭૫] ત્યારે યુધિષ્ઠિરે વારંવાર કહ્યું કેઃ–"હા, હું એ ઝાડને, તમને, ભાઈઓને તથા પક્ષીને જોઉં છું."[૭૬] આ સાંભળીને અપ્રસન્ન થયા હોય તેમ દ્રોણે યુધિષ્ઠિરને 'એ લક્ષ્ય તમારાથી વિંધાશે નહિ' એમ ગર્હા કરીને દૂર થવા કહ્યું.[૭૭] પછી મહા યશસ્વી દ્રોણે દુર્યોધન વગેરે ધૃતરાષ્ટ્રના પુત્રોને તેજ પ્રકારથી જિજ્ઞાસાવડે પૂછયું.[૭૮] વળી બીજા ભીમ વગેરે શિષ્યોને અને અન્ય દેશના રાજાઓને પણ ક્રમથી પૂછયું, ત્યારે તે બધાએ પણ અમે બધું જોઇએ છીએ એમ કહ્યું, એટલે દ્રોણે તેમનો પણ અનાદર કર્યો.[૭૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે દ્રોણશિષ્યપરીક્ષા નામનો અધ્યાય ૧૩૨ મો સમાપ્ત

*અધ્યાય ૧૩૩ મો–અર્જુને નિશાન પાડયું તથા દ્રોણને મગરથી છોડાવ્યા અને દ્રોણે અર્જુનને બ્રહ્માસ્ત્ર આપ્યું.

॥ वैशंपायन उवाच ॥

ततो धनंजयं द्रोणः स्मयमानोऽभ्यभाषत ॥
त्वयेदानीं प्रहर्तव्यमेतल्लक्ष्यं विलोक्यताम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી દ્રોણગુરુએ હાસ્ય કરીને અર્જુનને કહ્યું કેઃ–"આ નિશાનને તું જો; કારણ કે હવે તારે એને પાડવાનું છે.[૧] મારા વચનની સાથેજ તારે એ લક્ષ્ય ઉપર બાણ છોડવાનું છે, માટે હે પુત્ર ! તું ધનુષ ઉપર બાણ ચઢાવીને એ નિશાન તાકીને બે ઘડી ઉભો રહે."[૨]

આ પ્રમાણે દ્રોણગુરુની આજ્ઞા થતાંજ

* બન્ને હિંદી ભાષાંતરોમાં એકસોતેત્રીશમા અધ્યાયને એકસોબત્રીશમા અધ્યાય સાથે જોડી દીધા છે. બન્ને મરાઠીમાં જૂદા છે. ભા. ક.

સવ્યસાચી અર્જુન, ધનુષને મંડલાકાર ખેંચીને તથા ભાસ પક્ષીનું નિશાન તાકીને ઉભો રહ્યો.[૩] પછી થોડો સમય જતાં દ્રોણાચાર્યે તે પ્રમાણેજ પૂછયું કેઃ-"હે અર્જુન! એ ભાસ પક્ષીને, ઝાડને અને મને તું જુએ છે? "[૪] હે ભારત! ત્યારે અર્જુને દ્રોણગુરુને કહ્યું કેઃ-"હું એકલા ભાસનેજ જોઉં છું;તમને અથવા ઝાડને જોઈ શકતો નથી."[૫] આ સાંભળીને દ્રોણગુરુ પ્રસન્ન થયા અને ફરી થોડા વખત પછી પાંડવોમાં મહારથ એવા અર્જુનને તે દુર્ધર્ષ કહેવા લાગ્યાઃ-[૬] "અર્જુન! તું એ ભાસને જુએ છે, તો કહે જોઇએ કે તે કેવું છે?" અર્જુને કહ્યું કેઃ-"હું ભાસનું માત્ર માથુંજ જોઉં છું, શરીર જોઈ શકતો નથી."[૭] આવાં અર્જુનનાં વચન સાંભળીને હર્ષથી રોમાંચિત થયેલા દ્રોણગુરુએ અર્જુનને " બાણ છોડ " એમ કહ્યું. તેજ વખતે વિચાર કરવા ન રોકાતાં પાંડુપુત્ર અર્જુને બાણ છોડયું;[૮] અને ઝાડ ઉપર ગોઠવેલા તે પક્ષીનું મસ્તક તીવ્ર બાણવડે કાપીને ઝટ નીચે પાડયું.[૯] આ રીતે તે કાર્ય સિદ્ધ થયા પછી દ્રોણગુરુ અર્જુનને ભેટયા અને યુદ્ધમાં પરિવાર સાથે દ્રુપદને હારેલો માનવા લાગ્યા.[૧૦] હે ભરતકુલમાં શ્રેષ્ઠ! તે પછી એક વખતે આંગિરસગોત્રમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય શિષ્યોને લઇને ગંગા ઉપર સ્નાન કરવા ગયા.[૧૧] જે વખતે દ્રોણ ગંગાજલમાં પેઠા તે વખતે કાલવડે પ્રેરાયલા એક જલચારી બલવાન મગરે આવીને દ્રોણને જંઘામાંથી પકડયા.[૧૨] તે મગરથી છૂટવામાટે દ્રોણ પોતે સમર્થ હતા તોપણ ગભરાતા હોય તેમ સર્વ શિષ્યોને કહેવા લાગ્યા કેઃ-"હે શિષ્યો! આ ગ્રાહને મારીને મને છોડાવો. "[૧૩] ગુરુનું એ વચન નીકળતાંજ અર્જુને પાણીમાં ડૂબેલા મગરને રોકી ન શકાય તેવાં તીક્ષ્ણ પાંચ બાણો માર્યાં.[૧૪] એ વખતે બીજા શિષ્યો તો ગભરાઇને દોડાદોડ કરતા હતા. બાણો વાગવાથી તે મગર મહાત્મા દ્રોણની જંઘા મૂકી દઇને પાર્થનાં બાણવડે છિન્નભિન્ન થઇ મરણ પામ્યો. અર્જુનને આ પ્રમાણે સફલ ક્રિયાવાળો જોઇને દ્રોણ સર્વ શિષ્યોમાં અર્જુનને શ્રેષ્ઠ માનવા લાગ્યા અને પ્રસન્ન થયા. પછી મહાત્મા તથા મહારથ એવા અર્જુનને દ્રોણાચાર્ય કહેવા લાગ્યા કેઃ-[૧૫-૧૭]"હે મહાબાહુ અર્જુન! કોઈથી ધારણ થઈ શકે નહિ તેવું આ શ્રેષ્ઠ બ્રહ્મશિર નામનું અસ્ત્ર હું તને પ્રયોગ તથા નિવર્તન ક્રિયાની સાથે આપું છું તેને તું ગ્રહણ કર;[૧૮] પરંતુ એ બ્રહ્માસ્ત્રનો તારે કોઇ વખત મનુષ્યોમાં પ્રયોગ કરવો નહિ, કારણ કે અલ્પ તેજવાળા ઉપર એનો પ્રયોગ કરતાં એ અસ્ત્ર જગતને બાળીને ભસ્મ કરી દેશે.[૧૯] હે વત્સ! એ અસ્ત્ર લોકોમાં અસાધારણ ગણાય છે, માટે તું એને યત્નથી ધારણ કર અને મારાં આ વચનને સાંભળ.[૨૦] હે વીર! જ્યારે તને કોઈ દેવી શત્રુ પીડા આપે ત્યારે યુદ્ધમાં તેનો વધ કરવા માટે તારે એ અસ્ત્ર વાપરવું.[૨૧] અર્જુને "બહુ સારૂં, હું તેમ કરીશ" એમ કહી હાથ જોડીને તે પરમ અસ્ત્રને ગ્રહણ કર્યું.પછી ફરીથી દ્રોણગુરુએ તેને કહ્યું કેઃ-" હે અર્જુન! આ લોકમાં તારા જેવો બીજો કોઇ ધનુર્ધારી થશે નહિ."[૨૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે દ્રોણગ્રાહમોક્ષણ નામનો અધ્યાય ૧૩૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૪ મો-કુમારોની મહાન પરીક્ષા

॥ वैशंपायन उवाच ॥

कृतास्त्रान् धार्तराष्ट्रांश्च पांडुपुत्रांश्चभारत ॥
दृष्ट्वा द्रोणोऽब्रवीद्राजन् धृतराष्ट्रं जनेश्वरम्॥१॥


વૈશંપાયન કહે છેઃ-હે ભરતકુલોત્પન્ન રાજા! જ્યારે ધૃતરાષ્ટ્રના પુત્રોને તથા પાંડવોને અસ્ત્રવિદ્યા શીખી રહેલા જોયા, ત્યારે એક વખતે દ્રોણ

ગુરુએ, કૃપાચાર્ય, સોમદત્ત, બુદ્ધિમંત બાહ્લીક, ગાંગેય ભીષ્મ, વ્યાસ અને વિદુરની સમીપમાં ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યું કેઃ-[१,२]"હે કુરુશ્રેષ્ઠ રાજા ! તમારા કુમારો વિદ્યા શીખી રહ્યા છે, માટે તમારી આજ્ઞા થાય તો તેઓ પોતાનું શીખેલું તમને પ્રત્યક્ષ કરી દેખાડે."[३]

દ્રોણગુરુનાં વચન સાંભળીને અંતરમાં પ્રસન્ન થયેલા મહારાજા ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ-"હે દ્વિજશ્રેષ્ઠ ભારદ્વાજ ! તમે બહુ ભારે કામ કર્યું છે.[४] એ કુમારોની પરીક્ષામાટે તમે પોતેજ સમય ઠરાવો અને જે સ્થાનમાં રંગભૂમિને માટે જે તૈયારી કરવી હોય તેને માટે મને આજ્ઞા આપો.[५] હું અંધ હોવાથી તે જોઈ શકીશ નહિ તેથી દુઃખી છું અને ચક્ષુવાળા પુરુષોના સુખની સ્પૃહા કરૂં છું, કે જેઓ અસ્ત્રવિદ્યામાં પરાક્રમ કરતા મારા પુત્રોને જોઇ. શકશે.[६] હે ધર્મવત્સલ વિદુર ! જે પ્રમાણે આચાર્ય દ્રોણગુરુ કહે તે પ્રમાણે તમે કરો; કારણકે આના જેવો બીજો પ્રિય પ્રસંગ આવશે એમ હું માનતો નથી."[७]

તે પછી રાજાની આજ્ઞા લઇને વિદુરજી દ્રોણગુરુની સાથે ભૂમિ શોધવા નગર બહાર નીકળ્યા. ત્યાં મહાબુદ્ધિમાન દ્રોણગુરુએ સપાટ, ઝાડવિનાની, ઘાસ તથા મૂળિયાંવિનાની અને ઉત્તર તરફ નીચી જમીન શોધીને તેનું માપ કરાવ્યું અને ઉત્તમ નક્ષત્રવાળી શુભ તિથિને દિવસે વીર પુરુષોને ઢંઢેરાથી ત્યાં બોલાવી તે ભૂમિ ઉપર બલિદાન આપ્યું. પછી શાસ્ત્રોક્ત વિધિથી રંગભૂમિમાં પ્રેક્ષકોને માટે વિશાલ અને સર્વ હથિયારોથી યુક્ત મંડપ કરાવ્યો, જે રાજાના શિલ્પિઓએ તૈયાર કર્યો. હે રાજન્ ! સ્ત્રીઓને માટે જૂદી બેઠક કરાવી. વળી બીજા લોકોને માટે રંગમંડપમાં ઉંચાં અને વિશાલ આસનો કરાવ્યાં તથા રાજપુરુષોને માટે કિંમતી ખુરશીઓ મૂકાવી. [८-१२]

પછી ઠરાવેલો દિવસ આવ્યો ત્યારે ભીષ્મ અને આચાર્યમાં શ્રેષ્ઠ કૃપને આગળ કરીને ધૃતરાષ્ટ્ર રાજા પ્રધાનોની સાથે મોતીની જાળીઓવાળા અને વૈદુર્ય તથા મણિઓથી સુશોભિત એવા સુવર્ણમય દિવ્ય પ્રક્ષામંડપમાં આવ્યા.[१३,१४] હે વિજયીમાં શ્રેષ્ઠ ! મહા ભાગ્યવાળી ગાંધારી તથા કુંતિ અને અન્ય રાજાની સ્ત્રીઓ પણ પોતાનાં દાસદાસીઓની સાથે નાનાવિધ વસ્ત્રાલંકારો ધારણ કરીને ત્યાં આવી;[१५] અને દેવની સ્ત્રીઓ જેમ મેરુના શિખર ઉપર ચઢે તેમ ઉંચા મંચો ઉપર હર્ષથી ચઢીને બેઠી. વળી બ્રાહ્મણ, ક્ષત્રિય અને બીજા વર્ણના લોકો કુમારોની વિદ્યા જોવાને માટે નગરમાંથી ઉતાવળા બહાર આવ્યા અને એક ક્ષણમાં તો જોનારાઓનો ત્યાં મેળો થઈગયો[१६,१७] આ વખતે વગાડેલાં વાદિત્રોથી તથા મનુષ્યોના કુતૂહલભરેલા શબ્દોથી તે સમાજ ક્ષોભ પામેલા સમુદ્રની પેઠે ગાજવા લાગ્યો.[१८] તે પછી શ્વેત વસ્ત્ર તથા શ્વેત યજ્ઞોપવીતને ધારણ કરતા ધોળા કેશ અને ધોળી દાઢીવાળા દ્રોણાચાર્ય ધોળું ચંદન અને ધોળાં પુષ્પની માળા ધારણ કરીને પોતાના પુત્ર અશ્વત્થામાની સાથે મેઘવિનાના આકાશમાં મંગલ ગ્રહેસહિત ચંદ્ર જેમ પ્રવેશ કરે,તેમ રંગમંડપમાં પેઠા.[१९,२०] પછી બલવાનમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્યે યથાસમય બલિદાન આપ્યું અને સારા મંત્રવેત્તા બ્રાહ્મણો પાસે મંગલ કરાવ્યું.[२१] સુખકારક પુન્યાહવાચન તથા પુણ્યકૃત્ય થયા પછી વિવિધ પ્રકારનાં આયુધો લઈને વીર પુરુષોએ ત્યાં પ્રવેશ કર્યો.[२२] તે પછી આંગળીઓનાઃ રક્ષણને માટે ચામડાંની ખોળીઓ પહેરીને, વસ્ત્રાદિકથી ખભા, પીઠ અને પેટને સારી પેઠે આચ્છાદન કરીને, ભાથાઓ બાંધી લઈને તથા ધનુષ ધારણ કરીને ભરતકુલમાં શ્રેષ્ઠ એવા મહારથ કુમારોએ રંગમંડપમાં પ્રવેશ કર્યો;[२३] અને તે યુધિષ્ઠિર વગેરે મહાવીર્યવાન કુમારો વયના ક્રમ પ્રમાણે પરમ અદ્ભુત અસ્ત્રવિદ્યા દેખાડવા લાગ્યા.[२४] તે વખતે શર વાગવાની બીકથી કેટલાંક મનુષ્યો પોતાનાં માથાં નમાવવા લાગ્યાં ત્યારે કેટલાંક તો ધૃષ્ટ રહીને તથા અત્યંત વિસ્મય પામીને અસ્ત્રપ્રયોગ જોવા લાગ્યાં.[२५] પછી કુમારો ઘોડાઓ ઉપર બેસીને પોતાનાં નામ અને ચિહ્નોથી શોભતાં એવાં શીઘ્રતાથી છોડેલાં વિવિધ બાણોવડે નિશાનો ભેદવા લાગ્યા.[२६] ધનુ-



ભીષ્મ, ધૃતરાષ્ટ્ર અને સભાસદો વગેરે સમક્ષ દ્રોણાચાર્ય વિદ્યાર્થીઓની ધનુર્વિદ્યા તપાસી રહ્યા છે. ઘણાખરાઓને પૂછપરછમાંજ એકાગ્રતા-રહિત જોઇને નાપાસ કર્યા. અને અર્જુન એકાગ્રતાવાળો જણાતાં તેનેજ બાણ છોડવા આજ્ઞા કરી. તે લક્ષ વીંધવામાં સફળ પણ થયો. જે એકનિષ્ઠ થવાને બદલે અનેક બાબતો પાછળ મનોબળ વેરી નાખી "સબ બંદરકા વેપારી" બનવા જાય; તે માનવ કોઇપણ કામમાં પૂરો ફતેહમંદ થઇ શકતો નથી. કહેવત છે કે " લાખ બુદ્ધિ લડબડી; ને ક્રોડ બુદ્ધિ કરબડી; (પણ) એક બુદ્ધિ બાપડી કે સામે મોઢે તાપડી!"

બાણુને ધારણ કરતા તે કુમારોના ગંધર્વ નગરના જેવા અદ્દભુત સૈન્યને જોઇને તે લોકો વિસ્મય પામવા લાગ્યા;[૨૭] અને હે ભારત! બીજા હજારો ને સેંકડો પુરુષો વિસ્મયથી પ્રફુલ્લિત નેત્રવાળા થઇને 'ધન્ય છે! ધન્ય છે!' એમ એકદમ બૂમો મારવા લાગ્યા.[૨૮] પ્રથમ તે મહાબલવાન કુમારો-એ આડાં, ઉભાં અને હાલતાં નિશાનોને પાડી ધનુષ બાણુ ઉપર પોતાનો કાબુ દેખાડ્યો. પછી રથચર્યામાં જલદી જવું, પાછું આવવું, જમણાં-ડાબાં મંડલો ફરવાં વગેરેમાં વારંવાર કુશળતા દેખાડી. તે પછી હાથમાં ઢાલતરવાર લઇને તરવારને આડીઅવળી ઉંચીનીચી ફેરવી એકમેકના ઉપર પ્રહાર કરવા લાગ્યા અને તે યુદ્ધ પણ રથ, હાથી અને ઘોડા ઉપર બેસીને તથા જમીનપર ઉભા રહીને કરી દેખાડયું.[૨૯,૩૦] એ ખડ્ગ-યુદ્ધમાં કુમારોની શીઘ્રતા, એકજ તરવારથી અનેક આયુધોનાં રોકાણરૂપી ચતુરાઈ, એક તરવારને ફેરવતાં તેની કાંતિનું ચક્ર દેખાડવારૂપી શોભા, નિર્ભયતા, તરવાર પકડનારનો હાથજ ફરે પણ આંગળીઓ ન હાલે એવું દઢ મુષ્ટિપણું વગેરે ઢાલ-તરવારના અનેક પ્રયોગો સર્વ લોકોએ જોયા.[૩૧] તે પછી નિત્ય એકમેકને જીતવાની ઈચ્છા રાખતા દુર્યોધન અને ભીમસેન હાથમાં ગદા લઇને એક-મેક શિખરવાળા બે પર્વતોની પેઠે શોભતા રંગ-ભૂમિ ઉપર આવ્યા.[૩૨] મહાન બાહુવાળા અને કચ્છ ભીડીને પુરુષાર્થ દેખાડવા સ્થિર ઉભેલા તે બન્ને જેમ હાથિણીને માટે મદમત્ત બે હાથીઓ શબ્દ કરે, તેમ ગર્જના કરવા લાગ્યા[૩૩] અને મહાબલવાળા તે બન્ને ભમાવેલી ગદાના મંડલમાં રહીને મદમત્ત હાથીની પેઠે રંગભૂમિમાં ડાબાજમણી મંડલો ફરવા લાગ્યા.[૩૪] કુમારોની આ સર્વ ક્રીડા વિદુર ધૃતરાષ્ટ્રને તથા કુંતી ગાંધારીને કહી સંભળાવતાં હતાં.[૩૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે અસ્ત્રદર્શન નામનો અધ્યાય ૧૩૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૫ મો–અર્જુનની પરીક્ષા

॥ वैशंपायन उवाच ॥

कुरुराजे हि रंगस्थे भीमे च बलिनां वरे ॥
पक्षपातकृतस्नेहः स द्विधेवाभवज्जनः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કુરુરાજ દુર્યોધન તથા બલવાનમાં શ્રેષ્ઠ એવો ભીમસેન એ બન્ને જણા રંગભૂમિ ઉપર ગદાયુદ્ધ કરતા હતા, ત્યારે પક્ષપાતી સ્નેહથી પ્રેક્ષકજનોમાં બે ભાગ પડ્યા હોય તેમ જણાતું હતું.[૧] તેમાં આશ્ચર્ય-થી કેટલાક કુરુરાજને વીર કહેવા લાગ્યા, ત્યારે કેટલાક વિસ્મય પામીને ભીમસેનને વીર કહેવા લાગ્યા. આ પ્રમાણે વખાણ કરતા પુરુષોની એક-દમ ત્યાં મોટી ગર્જનાઓ થવા લાગી. તે વખતે લોકોની ગર્જનાથી ક્ષુભિત થયેલા સમુદ્રની પેઠે રંગમંડપને ગાજી ઉઠેલો જોઈને બુદ્ધિમાન દ્રોણાચાર્ય પોતાના પ્રિય પુત્ર અશ્વત્થામાને કહેવા લાગ્યા.[૩]

દ્રોણાચાર્ય બોલ્યાઃ–"હે પુત્ર! આ મહાન વીર્યવાળા અને સારૂં શિક્ષણ પામેલા બન્નેને તું રોકી દે અને ભીમ તથા દુર્યોધનને જોવાથી થયેલો આ રંગમંડપનો ખળભળાટ શાંત થાય તેમ કર."[૪]

વૈશંપાયન કહે છેઃ–દ્રોણનાં વચન સાંભળીને પ્રલયકાળના પવનથી ક્ષોભ પામેલા મહાન મર્યાદા-વાળા બે સમુદ્રની પેઠે ગદા ઉગામીને લડતા ભીમસેન અને દુર્યોધનને ગુરુપુત્ર અશ્વત્થામાએ રોકી દીધા.[૫] તે પછી મોટા મેઘના જેવા શબ્દ કરતા વાદિત્રસમૂહને બંધ કરાવી રંગમંડપના અગ્રમાં આવી દ્રોણાચાર્ય કહેવા લાગ્યાઃ–[૬]"જે મારા પુત્ર કરતાં પણ મને અધિક પ્રિય છે તથા જે સર્વ શસ્ત્રવિદ્યામાં કુશળ છે, તે ઈંદ્રનો પુત્ર અને ઇંદ્રના અનુજ ઉપેંદ્રના જેવો પૃથાપુત્ર અર્જુન હવે પોતાની વિદ્યા દેખાડવા અહીં આવો.[૭] આચાર્યની આજ્ઞા થતાં, સ્વસ્તિવાચન કરાવી

આંગળીઓના રક્ષણને માટે ચામડાંની ખોળીઓ ચઢાવી, પૂર્ણ ભાથો બાંધી, સોનાનું બખ્તર ધારણ કરી અને ધનુષ લઇને સૂર્ય, ઇંદ્રધનુષ અને વિજળીની સાથે સંધ્યાકાલનો મેઘ જેવો જણાય તેવો જણાતો યુવાન અર્જુન રંગભૂમિમાં આવીને ઉભો રહ્યો.[૮,૯] તે વખતે સર્વ રંગમંડપમાં આનંદ છવાઇ રહ્યો અને અનેક વાદિત્રો તથા ચોમેર શંખના નાદો થવા લાગ્યા.[૧૦] વળી તે વખતે જોનારાઓની તુમુલ વાણીઓ સંભળાવા લાગી કેઃ–"આ તો કુંતીનો પુત્ર છે. એ શ્રીમાન તો પાંડવોમાં વચેટ છે, એ તો મહેંદ્રનો પુત્ર છે, એ વીર તો કુરુઓનું રક્ષણ કરનારો છે, એ અસ્ત્રવેત્તામાં શ્રેષ્ઠ છે, એ ધર્મધારીમાં અગ્રણી છે, એ શીલવાળાઓમાં શીલનો ભંડાર છે." આવી આવી પ્રેક્ષકોની વાણી સાંભળીને કુંતીને પાનો ચઢી આવ્યો અને પ્રેમનાં આંસુથી તેની છાતી ભીંજાઈ ગઈ.[૧૧-૧૩] વળી તે મોટા શબ્દથી રાજા ધૃતરાષ્ટ્રના કાન ભરાઈ ગયા અને તે પ્રસન્ન મનવાળો થઇને વિદુરને કહેવા લાગ્યો કેઃ–[૧૪]"હે વિદુર! આ રંગમંડપમાં આકાશને ભેદી નાખે તેવો અને ક્ષુભિત થયેલા સમુદ્રના જેવો અકસ્માત્ મોટો ઘોંઘાટ શાથી થાય છે?"[૧૫]

વિદુર કહે છેઃ–"હે મહારાજ! એ તો પાંડુનંદન પૃથાનો પુત્ર અર્જુન કવચ પહેરીને રંગમંડપમાં ઉતર્યો છે, તેને જોઈને વખાણ કરતા લોકો આ કોલાહલ કરે છે."[૧૬]

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–"હે મહામતિવાળા વિદુર! પૃથારૂપી અરણિપાત્રમાંથી ઉત્પન્ન થયેલા ત્રણ અગ્નિના જેવા પાંડુકુમારોવડે હું ધન્ય, અનુગ્રહિત અને સુરક્ષિત છું."[૧૭]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે આનંદથી ઉભરાઇ ગયેલો તે રંગમંડપ ક્રમે ક્રમે થોડો શાંત પડ્યો, ત્યારે અર્જુને પોતાની અસ્ત્રચાતુરી આચાર્યને દેખાડવા માંડી.[૧૮] તેણે આગ્નેયાસ્ત્ર મૂકીને અગ્નિ પ્રકટ કર્યો, વારુણાસ્ત્રથી જલ ઉત્પન્ન કર્યું વાયવ્યાસ્ત્રથી વાયુ પ્રકટ કર્યો અને પર્જન્યાસ્ત્રથી મેઘને ઉત્પન્ન કર્યો.[૧૯] વળી ભૌમાસ્ત્રનો પ્રયોગ કરીને ભૂમિમાં પ્રવેશ કર્યો, પર્વતાસ્ત્રથી પર્વતો ઉત્પન્ન કર્યા તથા અંતર્ધાનાસ્ત્રથી પાછો અંતર્ધાન થઈ ગયો.[૨૦] વળી તે વખતે અર્જુન ક્ષણમાં ઉંચો, ક્ષણમાં નીચો, ક્ષણમાં રથની ધુરી ઉપર અને ક્ષણમાં રથના મધ્યમાં તથા ક્ષણમાં પૃથ્વી ઉપર ઉતરેલો દેખાયો.[૨૧] વળી ગુરુને પ્રિય એવા અર્જુને સુકુમાર (ભરેલો ઘડો, મરઘીનાં ઇંડા વગેરે), સૂક્ષ્મ (ચણોઠી વગેરે) અને ઘન અવયવવાળાં (પાષાણાદિ) નિશાનોને જરા પણ ડગાવ્યા સિવાય વિવિધ શરોવડે ચતુરાઈથી વિંધી દેખાડયાં.[૨૨] વળી ચક્કર ફરતા લોખંડના વરાહના મુખની સામે એકી વખતે એક બાણની પેઠે છૂટાં પાંચ બાણ મૂકી દેખાડયાં.[૨૩] તેમજ ચક્કર ફરતી દોરીએ બાંધેલાં બળદનાં શીંગડાંના કાણામાં મહાવીર્યવાન અર્જુને એકવીસ બાણ દાખલ કરી દીધાં.[૨૪] હે શુદ્ધ! આ અને એવા બીજા ધનુષના પ્રયોગો તથા તરવાર અને ગદાનાં મંડલો શસ્ત્રકુશળ અર્જુને કરી દેખાડયાં.[૨૫,૨૬] હે ભારત! પછી એ કર્મ ઘણુંખરૂં સમાપ્ત થતાં તથા વાદિત્રના નાદ અને સમાજના શબ્દો મંદ થતાં માહાત્મ્ય તથા બલ સૂચવનારો અને વજ્રના અથડાવાથી જેવો શબ્દ થાય તેવો બાહુ ઠોકવાનો શબ્દ દરવાજા ઉપર સંભળાયો.[૨૭] હે પૃથ્વીપતિ! તે શબ્દ સાંભળીને 'આ શું પર્વત ફાટે છે? કે ભૂમિ વિદારાય છે? કે જલની ધારાવડે ભરાયલા મેઘોથી આકાશ પૂર્ણ થાય છે?' આવા આવા વિચારો રંગમંડપમાં બેઠેલાઓને એક ક્ષણમાં થઇ આવ્યા અને બધા દરવાજા તરફ જોવા લાગ્યા.[૨૮,૨૯] તે વખતે પાંચ પાંડવોથી વિંટાયલા દ્રોણ હસ્તનક્ષત્રના પાંચ તારાઓની સાથે રહેલા ચંદ્રના જેવા શોભવા લાગ્યા;[૩૦] અને અશ્વત્થામાની સાથે દુર્યોધનના તેજસ્વી સો ભાઇઓ શત્રુને નાશ કરનારા ઉભા થયેલા દુર્યોધનને વિંટાઇ વળ્યા.[૩૧] ઉગામેલાં હથિયારવાળા તે ભાઇઓથી વિંટાયલો અને ગદાનું અગ્ર જેના હાથમાં રહેલું એવો દુર્યોધન પૂર્વે દાનવોના ક્ષય વખતે દેવોથી વિંટાયલા ઇંદ્રની પેઠે શોભવા લાગ્યો.[૩૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે અસ્ત્રદર્શન નામનો અધ્યાય ૧૩૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૬ મો-કર્ણ તથા અર્જુનના દ્વંદ્વયુદ્ધની તૈયારી અને કર્ણને રાજ્યાભિષેક

॥ वैशंपायन उवाच ॥

दत्तेऽवकाशे पुरुषैर्विस्मयोत्फुल्ललोचनः ॥
विवेश रंगं विस्तीर्णं कर्णः परपुरंजयः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-પછી લોકોએ ખસીને માર્ગ આપ્યો એટલે શત્રુનાં પુરને જીતનારો, વિસ્મયથી પ્રફુલ્લ નેત્રવાળો કર્ણ વિશાલ રંગમંડપમાં આવ્યો.[૧] તે કર્ણના શરીર ઉપર સહજ (જન્મની સાથે થયેલું) કવચ હતું, તેનું મુખ સહજ કુંડલવડે પ્રકાશતું હતું, તેણે ધનુષ ધારણ કર્યું હતું તથા તરવાર બાંધી હતી. એવો તે કર્ણ પગે ચાલતા પર્વત જેવો જણાતો હતો. શત્રુગણને હણનારો તે કર્ણ વિશાલ નેત્ર તથા વિશાલ યશવાળો હતો અને પૃથાની કુમારાવસ્થામાં તીવ્ર કિરણવાળા સૂર્યના અંશથી પ્રકટેલો હતો.[૨,૩] તે સિંહ, વૃષભ અને ગજેંદ્રના જેવો બલ, વીર્ય અને પરાક્રમવાળો હતો. વળી તે સૂર્યના જેવો પ્રકાશવાળો, ચંદ્રના જેવો કાંતિવાળો અને વહ્નિના જેવો તેજસ્વી હતો.[૪] ભાસ્કરાંશથી જન્મેલો કર્ણ સુવર્ણના તાડ જેવો ઉંચો, સિંહના જેવો દૃઢ અંગવાળો, યુવાન, શોભાસંપન્ન અને અસંખ્ય ગુણવાળો હતો.[૫] તે મહાબાહુ કર્ણે રંગમંડપમાં ચોમેર દૃષ્ટિ કરી અને દ્રોણગુરુ તથા કૃપાચાર્યને સાધારણ આદરથી પ્રણામ કર્યા.[૬] સભાજનો કર્ણને સ્થિર થઇને નિશ્ચલ નેત્રથી જોવા લાગ્યા અને આ કોણ છે? તે જાણવાને તેમને કુતૂહલ થયું તથા તેને જોઈને તેઓ ક્ષોભ પામ્યા.[૭] તે પછી બોલનારામાં શ્રેષ્ઠ એવો સૂર્યપુત્ર કર્ણ પોતાના અજ્ઞાત ભાઈ ઈંદ્રપુત્ર અર્જુનને મેઘના જેવા ગંભીરસ્વરવડે કહેવા લાગ્યોઃ-[૮] "હે પાર્થ! તેં જે કર્મ કર્યું છે તેનાથી પણ વિશેષ કર્મ લોકોના દેખતાં હું કરીશ, માટે તું પોતે ફુલાઇ જઈશ નહિ." હે વક્તાઓમાં શ્રેષ્ઠ! આવાં કર્ણનાં વચન પૂરાં થયાં નહિ, એટલામાં તો લોકો જાણે યંત્રથી ઉંચા થયા હોય તેમ ચોમેરથી ઉભા થઈ ગયા.[૯,૧૦] હે મનુષ્યવ્યાઘ્ર! દુર્યોધન મનમાં બહુ પ્રસન્ન થયો તથા તેજ ક્ષણમાં અર્જુનને લજ્જા તથા ક્રોધ ઉત્પન્ન થયો.[૧૧] તે પછી દ્રોણાચાર્યની આજ્ઞા થવાથી રણપ્રિય તથા બલવાન એવા કર્ણે, જે જે ક્રિયાઓ અર્જુને કરી હતી તે તે ક્રિયાઓ કરી દેખાડી.[૧૨] હે ભારત! તે વખતે ભાઈઓની સાથે દુર્યોધને ત્યાં કર્ણને હર્ષથી આલિંગન આપ્યું અને કહેવા લાગ્યોઃ-[૧૩]

દુર્યોધન બોલ્યોઃ-"હે માન આપનારા! હે મહાબાહુ! તું ભલે આવ્યો. મારા મોટા ભાગ્યથી તું અહીં આવ્યો છે. હું અને આ કુરુરાજ્ય તારૂં છે; તેનો તું યથેષ્ટ ઉપભોગ કર.'[૧૪]

કર્ણ બોલ્યોઃ-"હે રાજન્! તેં મને જે કહ્યું છે તે સઘળું હું કરેલુંજ માનું છું. હું તારી મિત્રતાની માગણી કરૂં છું અને અર્જુનની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા ઈચ્છું છું."[૧૫]

દુર્યોધન બોલ્યોઃ-"હે અરિંદમ! તું મારી સાથે રહીને ભોગ ભોગવ, બંધુઓનું પ્રિય કર અને સર્વ શત્રુઓનાં માથાં ઉપર પગ મૂક."[૧૬]

વૈશંપાયન કહે છેઃ-પછી પોતાનો આક્ષેપ કર્યો હોય એમ માનીને અર્જુન, દુર્યોધનના ભાઈના ટોળામાં પર્વતની પેઠે ઉભેલા કર્ણને કહેવા લાગ્યો.[૧૭] અર્જુન કહે છેઃ-"હે કર્ણ! વગરબોલાવ્યે આવનારા અને વગર બોલાવ્યે બોલનારા જે લોકો છે તે લોકોને તું મારાથી હણાઇને પ્રાપ્ત થઈશ.[૧૮]"

કર્ણ બોલ્યોઃ-"હે અર્જુન! આ રંગમંડપ સર્વને માટે સામાન્ય છે, એમાં તારૂં એકલાનું શું લાગેવળગે? વળી રાજાઓમાં જે વીર્યવાન છે તે શ્રેષ્ઠ ગણાય છે અને ક્ષાત્રધર્મ બલનેજ અનુસરે છે.[૧૯] હે ભારત! દુર્બલના પ્રયત્નરૂપી આક્ષેપથી શું? જેટલામાં હું ગુરુની સમક્ષ બાણવડે તારૂં મસ્તક હરણ કરૂં તેટલામાં તું એ સઘળું બાણવડે કરી દેખાડ."[૨૦]

વૈશંપાયન કહે છેઃ-પછી દ્રોણની આજ્ઞા લઈને શત્રુનાં પુરને જીતનારો અર્જુન ત્વરાથી ભાઈઓને ભેટીને કર્ણની સામે યુદ્ધ કરવા ગયો.[૨૧]

ત્યારે ભાઈઓની સાથે દુર્યોધને પણ યુદ્ધ કરવા ઉદ્યત થયેલા કર્ણને આલિંગન આપ્યું અને કર્ણ ધનુષબાણ લઈને લડવા ઉભો રહ્યો.[૨૨] તે વખતે બગલાંની પંક્તિવડે હાસ્ય કરતા હોયતેવા વિજળી, ગર્જના અને ઇંદ્રિધનુષવાળા મેઘોથી આકાશ છવાઇ ગયું.[૨૩] પછી વાત્સલ્યસ્નેહવડે ઇંદ્ર પોતે યુદ્ધરંગ જોતા ઉભા હતા. તે જોઇને ભાસ્કરે પણ પાસે આવેલા મેઘને દૂર કરી દીધા.[૨૪] એટલે અર્જુન મેઘછાયાથી ઢંકાયલો જણાયો અને કર્ણ સૂર્યના તાપમાં ઉભેલો જણાયો.[૨૫] વળી જ્યાં કર્ણ હતો તે તરફ ધૃતરાષ્ટ્રના પુત્રો ઉભા રહ્યા અને દ્રોણગુરુ, કૃપાચાર્ય અને ભીષ્મ જે બાજુ અર્જુન હતો ત્યાં ઉભા રહ્યા.[૨૬] આ પ્રમાણે રંગમંડપમાં બેઠેલાં સ્ત્રીપુરુષોમાં બે પક્ષ પડ્યા અને કર્ણ તથા અર્જુનનું યુદ્ધ થાય છે, એ જાણીને કુંતિ-ભોજનાં પુત્રી કુંતીને મૂર્છા આવી ગઈ.[૨૭] તેવી રીતે મૂર્છિત થયેલાં તે કુંતીને સર્વ ધર્મવેત્તા વિદુરે દાસીઓદ્વારા ચંદનનું જલ છંટાવી આશ્વાસન કરાવ્યું,[૨૮] તેથી કુંતી શુદ્ધિમાં આવ્યાં; પણ પોતાના બન્ને પુત્રોને બખ્તર પહેરીને લઢવા ઉભા રહેલા જોઈને તે ગભરાયાં અને તેમને કંઇ સૂઝ પડી નહિ.[૨૯] પછી મહાન ધનુષ ચઢાવીને ઉભેલા તે બન્નેને જોઇને, દ્વંદ્વયુદ્ધની રીતિમાં કુશલ અને સર્વ ધર્મને જાણનારા એવા શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય કર્ણને કહેવા લાગ્યા કેઃ–[૩૦]"આ પાંડુને આનંદ આપનારો કુંતીનો નાનો પુત્ર અને કુરુકુલમાં ઉત્પન્ન થયેલો અર્જુન તારી સાથે દ્વંદ્વયુદ્ધ કરશે.[૩૧] હે મહાબાહો! તું પણ જે રાજાના કુલને શોભાવતો હોય તે કુલ તથા તારાં માતા-પિતા કહી સંભળાવ;[૩૨] એટલે તારાં નામકુલ વગેરે જાણીને પછી પાર્થ તારી સાથે યોગ્યતા વિચારીને યુદ્ધ કરશે અથવા ન પણ કરે; કારણકે રાજપુત્રો હલકા આચાર તથા કુલવાળાની સાથે દ્વંદ્વયુદ્ધ કરતા નથી"[૩૩]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને વરસાદનાં જલથી ધોવાઇનેકમલ જેમ ઝાંખું થઇ નમી જાય, તેમ કર્ણનું મુખ લજ્જાથી નમી ગયું.[૩૪] તે વખતે દુર્યોધન બોલ્યોઃ–"હે આચાર્ય! શાસ્ત્રના નિશ્ચયથી જોતાં રાજાઓ ત્રણ પ્રકારના કહેલા છે; એક સારા કુલમાં જન્મેલો, બીજો શૂરવીર અને ત્રીજો સેનાનો નેતા; (એટલે એક રીતે જોતાં કર્ણ યોગ્ય છે) છતાં આ અર્જુન દ્વંદ્વયુદ્ધમાં રાજા ન હોય તેવાની સાથે યુદ્ધ કરવા નહિ ઇચ્છતો હોય તો હું કર્ણનો અંગદેશના રાજ્ય ઉપર અભિષેક કરૂં છું."[૩૫,૩૬]

વૈશંપાયન કહે છેઃ–આમ કહીને તેજ ક્ષણે શોભાસંપન્ન તથા મહાબલવાન એવા મહારથ કર્ણને સોનાના બાજઠ ઉપર બેસાડીને ડાંગરની ધાણી અને પુષ્પે સહિત સજલ સુવર્ણકલશોવડે મંત્રવેત્તા બ્રાહ્મણોએ અંગદેશના રાજાતરિકે અભિષેક કર્યો. તે વખતે તેના ઉપર છત્ર ધરાયું તથા ચામરો ઉડવા લાગ્યાં અને જય જય શબ્દો થવા લાગ્યા.[૩૭,૩૮] હે રાજન્! પછી તે કર્ણ દુર્યોધનને કહેવા લાગ્યો કેઃ–"મને આ રાજ્યદાન કર્યું તેના સમાન બદલામાં તને હું શું આપું?[૩૯] હે નૃપ! તે તું મને કહે. હે રાજશાર્દૂલ! તું જે કહીશ તે હું કરીશ." ત્યારે દુર્યોધને તેને કહ્યું કેઃ–'હું તારી સાથે અત્યંત મિત્રતાની ઇચ્છા રાખું છું.'[૪૦] આ પ્રમાણે દુર્યોધને કહ્યું ત્યારે કર્ણે 'તેમ વર્તીશ' એમ કહ્યું અને બન્ને હર્ષથી ભેટી પરમ આનંદ પામ્યા.[૪૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે કર્ણાભિષેક નામનો અધ્યાય ૧૩૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૭ મો–કર્ણપ્રત્યે આક્ષેપ, તેનો બચાવ અને રંગવિસર્જન

॥ वैशंपायन उवाच ॥
ततः स्रस्तोत्तरपटः सप्रस्वेदः सवेपथुः ॥
विवेशाधिरथो रंगं यष्टि प्राणोह्वयन्निव ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી અંગવસ્ત્ર જેનું ખસી ગયેલું, પ્રસ્વેદ જેને આવેલો, ધ્રૂજતો અને લાકડીને ટેકે ચાલતો એવો અધિરથ કર્ણને બોલાવતો હોય તેમ રંગમંડપમાં આવ્યો.[1] આવેલા અધિરથને જોઇને રાજ્યાભિષેકવડે ભીના માથાવાળા કર્ણે પિતૃગૌરવથી ખેંચાઇને ધનુષ છોડી દીધું અને મસ્તકવડે તેને વંદન કર્યું.[2] પછી રથનો સારથિ અધિરથ ગભરાટથી વસ્ત્રના છેડાવડે બે પગ ઢાંકી દઇને હે પુત્ર! એવું પૂર્ણ અર્થવાળું વચન બોલ્યો;[3] અને કર્ણને ભેટીને સ્નેહથી ઘેલો થયેલો તે અંગરાજ્યના અભિષેકથી ભીના થયેલા કર્ણના માથાને પુનઃ પુનઃ આંસુવડે સિંચન કરવા લાગ્યો.[4] તે વખતે આધરથને જોઇને આ કર્ણ તો સૂતપુત્ર છે, એમ વિચારી પાંડુપુત્ર ભીમસેન હાસ્ય કરતો હોય તેમ કર્ણને કહેવા લાગ્યોઃ–[5] “ હે સૂતપુત્ર! તું યુદ્ધમાં અર્જુનના હાથથી મરવાને લાયક નથી; માટે તારા કુલને યોગ્ય ચાબુક તું પકડ.[6] વળી હે નરાધમ! યજ્ઞમાં અગ્નિની સમીપમાં રહેલા પુરોડાશને માટે જેમ કૂતરો અયોગ્ય છે તેમ અંગદેશનું રાજ્ય ભોગવવાને તું અયોગ્ય છે.”[7]

ભીમસેનનાં આવાં વચન સાંભળીને ક્રોધથી કર્ણનો નીચલો હોઠ કંઇક કંપવા લાગ્યો અને નિઃશ્વાસ મૂકીને તેણે ગગનમાં રહેલા દિવાકરના તરફ દૃષ્ટિ કરી.[8] એટલે પદ્મવનમાંથી મદોત્કટ હાથી જેમ ઉઠે, તેમ ભાઇઓના મધ્યમાંથી મહાબલવાન દુર્યોધન કોપ કરીને ઉભો થયો;[9] અને તેણે સામે ઉભેલા ભયંકર કર્મ કરનારા ભીમસેનને કહ્યું કેઃ–“ હે વૃકોદર! તારે આવું વચન કહેવું યોગ્ય નથી;[10] કારણકે ક્ષત્રિયોમાં તો બલજ મુખ્ય છે, માટે ક્ષત્રિયમાં અધમ હોય તેની સાથે પણ યુદ્ધ કરી શકાય. વળી શૂરાઓ અને નદીઓનાં ઉત્પત્તિસ્થાન એકદમ જણાતાં નથી.[11] સ્થાવરજંગમ જેનાવડે વ્યાપ્ત છે એવો વહ્નિ જલથી ઉત્પન્ન થયો છે. વળી દધીચ ઋષિનાં અસ્થિથી દાનવોનો સંહાર કરનારૂં વજ્ર નિર્મ્યું છે.[12] તેમજ સર્વ ગુહ્યતાથી ભગવાન કાર્તિકસ્વામી અગ્નિના પુત્ર, કૃત્તિકાના પુત્ર, રુદ્રના પુત્ર, ગંગાના પુત્ર, એમ અનેકના પુત્ર સંભળાય છે.[13] વળી ક્ષત્રિયથી ઉત્પન્ન થયેલા જે વિશ્વામિત્ર વગેરે બ્રાહ્મણો થયા સંભળાય છે અને અવિનાશી બ્રહ્મત્વને પામ્યા છે,[14] તેમજ શસ્ત્રધારીમાં શ્રેષ્ઠ એવા આચાર્ય દ્રોણ કલશથી ઉત્પન્ન થયા છે; અને ગૌતમ ઋષિના વંશમાં શરના સમૂહમાંથી કૃપાચાર્ય થયા છે.[15] વળી તમારા જન્મ કેવી રીતે થયેલા તે પણ હું જાણું છું. જેમ હરણી વાઘને જણી શકે નહિ, તેમ કુંડલ તથા કવચ સાથે જન્મેલા અને સર્વ લક્ષણવડે યુક્ત એવા સૂર્ય જેવા કર્ણને, એક સૂતભાર્યા શી રીતે ઉત્પન્ન કરી શકે?[16] એ રાજા કર્ણ તો પોતાના બાહુબલથી તથા આજ્ઞાનુસારી મારી સાથે અંગરાજ્યનેજ નહિ પણ સર્વ પૃથ્વીના રાજ્યને માટે પણ લાયક છે;[17] માટે જે મનુષ્યથી આ મારૂં કરેલું કાર્ય સહન ન થતું હોય તે રથમાં બેસીને બે પગવડે ધનુષ નમાવો, અર્થાત્ ધનુષનો પગથી સ્પર્શ કરીને અમારાથી વધ અથવા અમારા વધને માટે ક્ષત્રિયોમાં પ્રસિદ્ધ એવી પ્રતિજ્ઞા કરો.”[18]

આ વચનો સાંભળીને આખા રંગમંડપમાં ‘સત્ય છે સત્ય છે’ એ વચનની સાથે મહાન હાહાકાર થઈ રહ્યો અને સૂર્ય પણ અસ્ત પામ્યો.[19] તે પછી રાજા દુર્યોધન કર્ણનો હાથ પકડી મસાલને અજવાળે રંગમંડપમાંથી બહાર નીકળ્યો.[20] સર્વે પાંડવો પણ દ્રોણ, કૃપાચાર્ય અને ભીષ્મસહિત પોતપોતાના સ્થાનમાં ગયા.[21] પોતાને ઘેર જતા લોકોમાં કોઈ અર્જુનને વખાણતા હતા, કોઈ કર્ણનાં વખાણ કરતા હતા અને કોઇ દુર્યોધનને વખાણતા હતા.[22] કુંતીએ પોતાનો દિવ્ય લક્ષણવાળો પુત્ર ઓળખ્યો અને તેને અંગ દેશનું

રાજ્ય મળેલું જાણી તે સ્નેહવડે ગુપ્ત રીતે પ્રસન્ન થયાં.[૨૩] હે રાજન્ ! વળી દુર્યોધનને પણ કર્ણ મળવાથી અર્જુનની જે બીક હતી, તે તુરતજ જતી રહી;[૨૪] તથા શસ્ત્રવિદ્યામાં અત્યંત શ્રમ કરનારો વીર કર્ણ પણ દુર્યોધનનું સામથી સાંત્વન કરવા લાગ્યો. વળી યુધિષ્ઠિર પણ તે વખતથી માનવા લાગ્યા કેઃ–પૃથ્વીમાં કર્ણના જેવો બીજો કોઇ ધનુર્ધારી નથી.[૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સંભવપર્વવિષે અસ્ત્રદર્શન નામનો
અધ્યાય ૧૩૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૩૮ મો–દ્રુપદનો પરાજય અથવા અર્જુને આપેલી ગુરુદક્ષિણા

॥ वैशंपायन उवाच ॥

पांडवान् धार्त्तराष्ट्रांश्च कृतास्त्रान्प्रसमीक्ष्यसः ॥
गुर्वर्थं दक्षिणाकाले प्राप्तेऽमन्यत वै गुरुः॥१॥

વૈશંપાયન કહે છેઃ–ધૃતરાષ્ટ્રના પુત્રોને તથા પાંડવોને અસ્ત્રવિદ્યામાં નિપુણ થયેલા જોઇને ગુરુદક્ષિણાનો સમય પ્રાપ્ત થતાં દ્રોણગુરુએ દક્ષિણા લેવાનો વિચાર કર્યો.[૧] તે પછી હે રાજન્ ! દ્રોણાચાર્યે સર્વ શિષ્યોને એકઠા કર્યા અને તેમને દક્ષિણાને માટે કહ્યું કેઃ–"હે કુમારો ! તમારૂં કલ્યાણ થાઓ. યુદ્ધના મોખરામાં પંચાલરાજ દ્રુપદને પકડીને તમે મારી પાસે લાવો;એજ તમારી પાસેથી હું ઉત્તમ ગુરુદક્ષિણા ઈચ્છું છું."[૨,૩] આ સાંભળીને "બહુ સારૂં તેમ કરીશું" એમ કહીને તે સઘળા યોદ્ધાઓ તત્કાલ રથમાં બેસી આચાર્યની માગેલી દક્ષિણા આપવા માટે દ્રોણગુરુને સાથે લઇને નીકળ્યા. પછી તે પુરુષશ્રેષ્ઠો પંચાલદેશના લોકોને રંજાડતા મહાતેજસ્વી દ્રુપદ રાજાના નગર આગળ આવ્યા અને તે નગરને પીડવા લાગ્યા.[૪,૫] દુર્યોધન, કર્ણ, મહાબલવાન યુયુત્સુ, દુઃશાસન, વિકર્ણ, જલસંધ, સુલોચન અને અન્ય બહુ પરાક્રમી કુમારો 'હું પહેલો, હું પહેલો' એમ સ્પર્ધા કરતા ઉત્તમ રથોમાં બેસીને ઘોડેસ્વારોની સાથે નગરમાં પ્રવેશ કરી રાજમાર્ગ ઉપર પહોંચ્યા.[૬–૮] હે રાજન્ ! તે વખતે પાંચાલરાજ દ્રુપદે આ વાત સાંભળી અને મોટા સૈન્યને આવેલું જોઈ, તે ભાઇઓને લઇ તત્કાલ ઘરમાંથી બહાર નીકળ્યો.[૯] માર્ગમાંજ બખ્તર પહેરતા નીકળેલા યજ્ઞસેન રાજાને જોઇને તે સઘળા કુમારો બાણોનો વર્ષાદ વર્ષાવતા ગર્જના કરવા લાગ્યા;[૧૦] એટલે ધોળા રથમાં બેસીને કૌરવોની આગળ આવી દુર્જય એવા યજ્ઞસેને ઘોર શરોની વૃષ્ટિ કરવા માંડી.[૧૧]

વૈશંપાયન કહે છેઃ–અર્જુને તો કુમારોનો અધિક ગર્વ જોઇને પ્રથમથીજ વિચાર કરી દ્વિજશ્રેષ્ઠ દ્રોણાચાર્યને કહ્યું કેઃ–[૧૨] "એઓ પોતાનું પરાક્રમ કરી રહેશે, ત્યાર પછી અમે રણસાહસ ઉઠાવીશું; કારણ કે રણના મોખરામાં એમનાથી દ્રુપદને પકડી શકાશે નહિ."[૧૩] આ પ્રમાણે દ્રોણને કહીને ભાઇઓની સાથે નિષ્પાપ અર્જુન નગરથી બહાર અર્ધા કોશ ઉપરજ રહ્યો.[૧૪] પછી કૌરવોને જોઇને કૌરવી સેનાને મોહિત કરવા દ્રુપદે મહાન શરજાલવડે ચોતરફથી હલ્લો કર્યો.[૧૫] રથમાં બેસીને યુદ્ધમાં એકલા પરાક્રમ કરતા શીઘ્રકારી દ્રુપદને જોઈ ત્રાસ પામેલા કૌરવો અનેક દ્રુપદ લડે છે એમ માનવા લાગ્યા.[૧૬] તે વખતે દ્રુપદ રાજાનાં ઘોર શરો સર્વ દિશામાં ઘૂમવા લાગ્યાં અને પાંચાલોના નિવાસોમાં હજારો શંખ, ભેરી અને મૃદંગો વાગવા લાગ્યાં તથા મહાત્મા પાંચાલોનો સિંહનાદ સંભળાવા લાગ્યો.[૧૭,૧૮] વળી ધનુષની પ્રત્યંચાનો તથા હસ્તતલનો શબ્દ ગગનમાં જઇને વિશાલ થવા લાગ્યો. પછી દુર્યોધન, વિકર્ણ, સુબાહુ, દીર્ઘલોચન અને દુઃશાસન,એઓ ક્રોધયુક્ત થઈને બાણોનો વરસાદ વરસાવવા લાગ્યાં;તેથી અત્યંત વિંધાયલા, યુદ્ધમાં દુર્જય અને મહાધનુર્ધારી એવા દ્રુપદે તેજ ક્ષણમાં તે સૈન્યનો નાશ કરવા માંડ્યો અને દુર્યોધન, વિકર્ણ તથા મહાબલવાન કર્ણને અને બીજા અનેક વીર રાજકુંવરો-

ને તથા વિવિધ સૈન્યોને બળતાં ઉંબાડીઆંના ચક્રની પેઠે ઘૂમીને બાણવડે ઢાંકી દીધા. [૧૯–૨૨] પછી તો નગરના સઘળા લોકો પણ વર્ષતા મેઘની પેઠે મુસલો અને લાકડીઓનો વરસાદ કૌરવોપર વરસાવવા લાગ્યા;[૨૩] એટલુંજ નહિ પણ બાલકથી આરંભી વૃદ્ધપર્યંતના સઘળા લોકો કૌરવો ઉપર તૂટી પડયા. હે ભારત! આવા તુમુલ યુદ્ધને સાંભળી કૌરવો બૂમો પાડતા નાસવા લાગ્યા અને પાંડવોને હાંક મારતા તેમનાતરફ આવવા લાગ્યા. પાંડવોએ દીન થયેલા કૌરવોની રોમાંચિત કરે એવી બૂમો સાંભળી.[૨૪,૨૫] તે વખતે દ્રોણને પ્રણામ કરીને તથા પાંડુપુત્ર યુધિષ્ઠિરને 'તમે લડશો નહિ' એમ કહી રોકી દઇને તેઓ રથોમાં બેઠા.[૨૬] તે વખતે અર્જુન માદ્રીપુત્રોને પોતાના ચક્રરક્ષક કર્યા અને ભીમસેન ગદા લઇને સેનાના અગ્રભાગમાં રહ્યો.[૨૭] તે પછી શત્રુઓના શબ્દને સાંભળીને નિષ્પાપ એવો અર્જુન રથવડે દિશાઓને ગજાવતો વેગથી ભાઇઓનીસાથે ત્યાં આવ્યો.[૨૮] ઉછળતા સમુદ્રના જેવા શબ્દવાળી પંચાલોની સેનામાં દંડધારી કાલની પેઠે મહાબાહુ ભીમસેન, જેમ મગર સમુદ્રમાં પ્રવેશ કરે, તેમ તે મહાસેનામાં પેઠો. ભીમ પોતે ગદા લઇને હાથીની સેના તરફ દોડયો[૨૯] અને યુદ્ધ કરવામાં કુશલ તથા અતુલ બાહુબલવાળો તે કાલરૂપ ધારણ કરીને ગદાવડે હસ્તિસેનાને હણવા લાગ્યો. પર્વત જેવા તે ગજો પુષ્કળ રુધિર છોડતા ભીમસેનની ગદાવડે માથાંના ગોળાઓ ભાંગવાથી વજ્રના પ્રહારથી જેમ પર્વતો પડે તેમ ભૂમિ ઉપર પડવા લાગ્યા. તેમજ હાથી, ઘોડા અને રથોને પણ પાંડુપુત્ર ભીમસેન પાડવા લાગ્યો.[૩૦–૩૩] વળી પદાતિને અને રથને અર્જુનનો મોટો ભાઈ ભીમસેન, જેમ વનમાં ગોવાળીઓ લાકડીથી પશુઓને પ્રહાર કરે, તેમ ગદાથી પ્રહાર કરવા લાગ્યો. આ પ્રમાણે રથ અને હાથીઓને મારતો, નસાડતો વૃકોદર ઘૂમતો હતો.

વૈશંપાયન કહે છેઃ–પછી દ્રોણગુરુનું પ્રિય કરવા માટે તૈયાર થએલો અર્જુન બાણનાં જાલને વિસ્તારતો દ્રુપદના તરફ દોડયો. વળી હે રાજન્! યુગાંતકાલના અગ્નિની પેઠે ઝળહળતો અર્જુન યુદ્ધમાં ઘોડા, હાથી અને રથના સમૂહને ચોમેરથી પાડવા લાગ્યો. પછી હણાતા એવા પંચાલ અને સૃંજય યોદ્ધાઓએ અનેક પ્રકારનાં શરોવડે તુરત પાર્થને આખો ઢાંકી દીધો અને મુખથી સિંહનાદ કરતા તેઓ અર્જુન જોડે લડવા લાગ્યા.[૩૪–૩૮] તે વખતનું યુદ્ધ મહાન અદ્ભુત દેખાવવાળું તથા ઘોર નિવડયું હતું. તે યોદ્ધાઓના સિંહનાદને સાંભળીને ઇંદ્રનો પુત્ર અર્જુન સહન કરી શકયો નહિ.[૩૯] પછી કિરીટધારી અર્જુન યુદ્ધમાં એકાએક પંચાલોના તરફ ધસી ગયો અને મોહ પમાડતો હોય તેમ તેણે મોટાં બાણની જાલવડે તેઓને ઢાંકી દીધા.[૪૦] વળી યશસ્વી અર્જુન એવી શીઘ્રતાથી બાણનું સંધાન કરીને તેને શત્રુઓપર ફેંકતો હતો કે તેમાં જરા પણ ગાળો પડતો ન હતો.[૪૧] તે વખતે 'ધન્ય' શબ્દથી મિશ્ર થયેલો સિંહનાદ થવા લાગ્યો. પછી સત્યજિતની સાથે પાંચાલરાજ દ્રુપદ, ત્વરા કરતો શંબરાસુર મહેંદ્રના તરફ જેમ દોડે તેમ અર્જુનના તરફ દોડયો; પણ મોટી બાણની વૃષ્ટિ કરીને અર્જુને તેને ઘેરી લીધો.[૪૨,૪૩] તે વખતે પાંચાલરાજની સેનામાં હલહલાટ શબ્દ થઈ રહ્યો અને ગજેંદ્રને પકડવા માટે મહાસિંહ જેમ દોડે તેમ અર્જુનને આગળ વધતો જોઈને સત્ય પરાક્રમી સત્યજિત દ્રુપદનો બચાવ કરવા ધનંજયની સામે દોડયો.[૪૪,૪૫] તે પછી ઇંદ્ર તથા બલિની પેઠે યુદ્ધ કરતા એવા અર્જુન અને પાંચાલરાજ સેનાને ક્ષુભિત કરવા લાગ્યા.[૪૬] તે વખતે અર્જુને મર્મભેદી દશ બાણોવડે સત્યજિતને જોરથી વિંધી નાખ્યો અને તે જોઇને સર્વને આશ્ચર્ય જેવું લાગ્યું.[૪૭] પછી પાંચાલે પણ અર્જુનને સો બાણોવડે તત્કાલ પીડા કરી, એટલે શરવૃષ્ટિથી ઢંકાતો અને મહાવેગવાળો મહારથ પાર્થ પણ ધનુષની પ્રત્યંચાને શુદ્ધ કરીને પોતાનો વેગ વધારવા લાગ્યો તથા સત્યજિતના ધનુષને કાપી નાખીને દ્રુપદરાજાના તરફ દોડયો.[૪૮,૪૯] એટલામાં વેગવાળું બીજું ધનુષ લઇને સત્યજિતે ઘોડા, રથ અને સારથિની સાથે પાર્થને તત્કાલ વિંધી નાખ્યો.[૫૦] પાંચા-

લથી યુદ્ધમાં પીડાયલો પાર્થ તે સહન કરી શક્યો નહિ; એટલે તેના વિનાશને માટે તેણે તત્કાલ શરો છોડવા માંડ્યાં. ૫૧ તે બાણોવડે સત્યજિતના ઘોડા, ધ્વજ, ધનુષવાળી મુષ્ટિ અને બન્ને પાર્શ્વરક્ષકોને વિંધી નાખ્યા. આ પ્રમાણે વારંવાર ધનુષ કપાવા લાગ્યાં તથા જોડેલા ઘોડાઓ મરવા લાગ્યા, ત્યારે તે યુદ્ધથી પરાઙ્મુખ થયો. જ્યારે દ્રુપદરાજાએ સત્યજિતને તે પ્રમાણે યુદ્ધમાંથી ચાલ્યો જતો જોયો, ત્યારે તેણે મહાન વેગ કરીને પાંડવ ઉપર બાણનો વરસાદ વરસાવવા માંડ્યો. તે વખતે વિજયીઓમાં શ્રેષ્ઠ એવા અર્જુને પણ મહાન યુદ્ધ કર્યું. ૫૨-૫૪ પછી પાર્થે દ્રુપદનું ધનુષ કાપી નાખ્યું અને ધ્વજને પૃથ્વી ઉપર પાડી નાખ્યો તથા પાંચ બાણવડે તેના ઘોડા તથા સારથિને વિંધી નાખ્યા. તે કપાયલા ધનુષને ફેંકી દઈને જેટલામાં દ્રુપદ બીજું ધનુષ અને ભાથો લે છે, તેટલામાં અર્જુને તલવાર બહાર કાઢીને સિંહનાદ કર્યો અને તે ત્યાંથી એકદમ ફૂદકો મારીને દ્રુપદના રથની ધુરી ઉપર જઈ પડ્યો. પછી ત્રાસરહિત અર્જુને દ્રુપદના રથમાં જઇને ગરુડ જેમ સમુદ્રને ડહોળી નાખી નાગને પકડે, તેમ દ્રુપદને પકડી લીધો. તે વખતે સર્વ પંચાલો દશે દિશામાં નાસવા લાગ્યા. ૫૫-૮ આ પ્રમાણે ધનંજય સર્વ સૈનિકોને પોતાનું બાહુબલ દર્શાવીને તથા સિંહનાદ કરીને પછી ત્યાંથી દ્રુપદને લઇને નીકળ્યો. ૫૯ આવતા અર્જુનને જોઈને બધા કુમારો એકઠા થઇ મહાત્મા દ્રુપદના નગરને પીડવા લાગ્યા. ૬૦

તે વખતે અર્જુને કહ્યું:-" હે ભીમસેન! રાજાઓમાં શ્રેષ્ઠ એવા દ્રુપદ, કુરુવીરોના સંબંધી છે, માટે તમે તેના સૈન્યને મારશો નહિ. ચાલો, હવે ગુરુદક્ષિણા આપો." ૬૧

વૈશંપાયન કહે છે:-હે રાજન્! અર્જુને રોકેલો મહા બલવાન ભીમસેન તે વખતે યુદ્ધધર્મથી તૃપ્ત થયો ન હતો તોપણ નિવૃત્ત થયો. ૬૨ હે ભરતકુલમાં શ્રેષ્ઠ! પછી તેઓ યુદ્ધના મોખરામાંથી પ્રધાનોએસહિત દ્રુપદને પકડીને દ્રોણની આગળ આવ્યા. ૬૩ ત્યારે ભગ્નગર્વ, ધનરહિત તથા પોતાને વશ થયેલા દ્રુપદને જોઇને. પોતાના પૂર્વ વૈરને યાદ કરતા દ્રોણાચાર્ય તેને આ પ્રમાણે કહેવા લાગ્યા:-૬૪" હે દ્રુપદ! મેં તારા રાજ્યને બલવડે પાયમાલ કરીને તારા નગરને પણ પીડિત કર્યું છે; અને હાલ તારૂં જીવિત શત્રુને અધીન છે. બોલ, હવે તું પૂર્વની મિત્રતા રાખવા ઇચ્છે છે.?" ૬૫ આ પ્રમાણે કહીને કંઇક હાસ્ય કરી દ્રોણાચાર્ય ફરીથી બોલ્યા:-" હે વીર! તું જીવિતને માટે ભય રાખીશ નહિ; કારણકે અમે ક્ષમાશીલ બ્રાહ્મણો છીએ. ૬૬ વળી હે ક્ષત્રિશ્રેષ્ઠ! તેં બાલવયમાં મારી સાથે આશ્રમમાં રમતો કરેલી તેથી તારી સાથે મારો સ્નેહ તથા પ્રીતિ વૃદ્ધિ પામ્યાં છે, ૬૭ માટે હે રાજન! તારી સાથે ફરીથી સખ્યની હું પ્રાર્થના કરૂં છું અને તને વર આપું છું કે, તું અર્ધું રાજ્ય પ્રાપ્ત થા. ૬૮ હે યજ્ઞસેન! તેં મને કહ્યું હતું કે, 'રાજ્યવિનાનો તું રાજાનો મિત્ર થઈ શકે નહિ' એટલા માટેજ મેં તારૂં રાજ્ય લેવા યત્ન કર્યો હતો. ૬૯ હવે તું ગંગાના દક્ષિણ પ્રદેશનો રાજા થયો અને હું ગંગાના ઉત્તર પ્રદેશનો રાજા છું. હે પાંચાલ! હવે જો તારી ઇચ્છા હોય તો મને તારો મિત્ર સમજજે." ૭૦

દ્રુપદ કહે છે:-" હે બ્રહ્મન્! પરાક્રમી મહાત્માઓમાં આવું સામર્થ્ય હોય એમાં કંઇ આશ્ચર્ય નથી; હું તમારાથી પ્રસન્ન થાઉં છું અને તમારી નિત્ય પ્રીતિની ઇચ્છા રાખું છું." ૭૧

વૈશંપાયન કહે છે:-હે ભારત! આ પ્રમાણે જ્યારે દ્રુપદે કહ્યું, ત્યારે દ્રોણાચાર્યે રાજી થઈને તેને મુક્ત કર્યો અને તેનો સત્કાર કરીને અર્ધું રાજ્ય આપ્યું. ૭૨ પછી ગંગાના તીરપર આવેલા માકંદી પ્રાંતના કાંપિલ્ય નામના ઉત્તમ નગરમાં દ્રુપદ રાજા દીન મનનો થઇને રહેવા લાગ્યો. ૭૩ આ પ્રમાણે દ્રોણાચાર્યે પરાભવ કરીને ફરી રક્ષણ કરેલો દ્રુપદ રાજા ચર્મણ્વતી નદી સુધીના દક્ષિણ પાંચાલ દેશનું રાજ્ય કરવા લાગ્યો. ૭૪ તેણે નિશ્ચય માન્યું કે, મારામાં બ્રાહ્મબલ નથી એટલે માત્ર ક્ષત્રિયબલથી હું દ્રોણનો પરાજય કરી શકીશ નહિ. ૭૫ તેથી તે દ્રોણને વશ કરે એવો પુત્ર મેળવવા માટે આખી પૃથ્વીમાં ફરવા લાગ્યો;

અને દ્રોણાચાર્યે અહિછત્ર દેશ પોતાને તાબે કર્યો.૭૬ આ પ્રમાણે હે રાજન્! અર્જુને દેશોએ સહિત અહિછત્ર પુરીને યુદ્ધમાં જીતીને દ્રોણાચાર્યને આપી.૭૭

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે દ્રુપદશાસન નામનો અધ્યાય ૧૩૮ મો સમાપ્ત

અધ્યાય ૧૩૯ મો-પાંડવોના પરાક્રમથી ધૃતરાષ્ટ્રને ચિંતા

॥ वैशंपायन उवाच ॥
ततः संवत्सरस्यान्ते यौवराज्याय पार्थिव ॥
स्थापितो धृतराष्ट्रेण पांडुपुत्रो युधिष्ठिरः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-હે પાર્થિવ! આ વાતને એક વર્ષ વીત્યા પછી ધૃતરાષ્ટ્રે પાંડુપુત્ર યુધિષ્ઠિરનાં ધૈર્ય, સ્થિરતા, સહનશક્તિ, અનિષ્ઠુરતા, સરલતા અને સર્વના ઉપર દઢ સ્નેહ વગેરે સદ્ગુણો જોઇને પ્રજાના ઉપર દયા લાવી તેમને યુવરાજપદે સ્થાપ્યા.૧,૨ પછી થોડાજ સમયમાં કુંતીપુત્ર યુધિષ્ઠિરે શીલ, સદાચાર અને પ્રજાનાં સમાધાનથી પિતાની કીર્તિને પણ ઢાંકી દીધી.૩ વળી પાંડુપુત્ર ભીમસેન પણ તે વખતે બલરામની પાસે ખડ્ગયુદ્ધ, ગદાયુદ્ધ તથા રથયુદ્ધનું શિક્ષણ સતત મેળવવા લાગ્યોઅને તે શિક્ષણ સમાપ્ત થતાં પરાક્રમસંપન્ન ભીમસેન બલમાં દ્યુમત્સેનન જેવો થયો તથા ભાઈઓને વશ રહેવા લાગ્યો.૫અર્જુન અત્યંત દઢ મુષ્ટિવાળો,ચાલાક, લક્ષ્યવેધ વગેરેમાં કુશલ તથા *ક્ષુર,નારાચ, ભલ્લ અને વિપાઠનાં યુદ્ધરહસ્યને જાણનારો થયો અને સીધાં, વાંકાં તથા ગમે તેવાં મોટાં હથિયારોને વાપરવામાં પણ કુશલ થયો. આથી દ્રોણાચાર્યને નિશ્ચય થયો કે,શીઘ્રતા તથા સફાઈથી યુદ્ધ કરવામાં અર્જુનના જેવો આ લોકમાં બીજો કોઈ નથી.

પછી એક વખતે કૌરવોની સભામાં દ્રોણ ગુરુ અર્જુનને કહેવા લાગ્યા કેઃ-૬-૮ "હે ભરતકુલોત્પન્ન અર્જુન! પૂર્વે અગ્નિવેશ નામના મારા ગુરુ ધનુર્વેદ ભણવામાં અગસ્ત્યના શિષ્ય હતા. તે અગ્નિવેશ મુનિનો હું શિષ્ય છું અને તેમનાથી તપ કરીને મેં બ્રહ્મશિર નામનું અસ્ત્ર મેળવ્યું છે,જે સફલ પ્રયોગવાળું, વિજળીના જેવું તેજસ્વી અને પૃથ્વીને પણ બાળી મૂકે એવું છે. તે અસ્ત્રને સત્પાત્રથી સત્પાત્રમાં પહોંચાડવા માટે આ મારો યત્ન છે. એ અસ્ત્ર આપતી વખતે મને ગુરુએ કહ્યું હતું કેઃ-' હે સમર્થ ભારદ્વાજ! આ અસ્ત્ર મનુષ્યોપર તથા અલ્પવીર્યવાળાઓપર મૂકવું નહિ.' હે વીર! જેને માટે બીજો કોઇ લાયક નથી તેદિવ્ય અસ્ત્ર તને પ્રાપ્ત થયું છે.૯-૧૨ હે પ્રજાપાલ! હવે મુનિઓએ નિર્માણ કરેલી મર્યાદા (વિદ્યાલાભ થયા પછી ગુરુને દક્ષિણા આપવા રૂપી) તારે પાળવી જોઈએ; માટે તારા જ્ઞાતિસમૂહના જોતાં તું મને આચાર્યદક્ષિણા આપ."૧૩પછી અર્જુને 'આપું છું'એમ કહ્યું,ત્યારે ગુરુએ કહ્યું કેઃ-"હે નિષ્પાપ! યુદ્ધમાં જ્યારે હું તારી સાથે લડતો હોઉં, ત્યારે તારે મારીસાથે યુદ્ધ કરવું." ૧૪ તેમ કરવાની કુરુશ્રેષ્ઠ અર્જુને હા કહી અને દ્રોણના ચરણમાં પ્રણામ કરી ગુરુ પાસેથી ઉપદેશપૂર્વક બ્રહ્મશિર અસ્ત્ર મેળવ્યું.૧૫ ત્યારથી સ્વાભાવિક રીતેજ સમુદ્રાંત પૃથ્વીમાં એવું કહેવાવા લાગ્યું કે, આ લોકમાં અર્જુનના જેવો બીજો કોઇ ધનુર્ધારી નથી.૧૬ આ પ્રમાણે અર્જુન ગદાયુદ્ધ, ખડ્ગયુદ્ધ, રથયુદ્ધ અને ધનુર્યુદ્ધનો પારંગત થયો હતો.૧૭વળી નીતિમાન સહદેવ પણ દ્રોણાચાર્ય પાસેથી સર્વ નીતિ ભણીને

* ક્ષુર તથા નારાચ, એ બન્ને પાસામાં ધારવાળાં, તીણાં અણિયાંવાળાં અને સીધાં હોય છે. ભલ્લ, ગળના જેવું વાંકું હોય છે જેથી કાઢતી વખતે આંતરડાંને પણ ખેંચતું આવે છે અને વિપાઠ પહોળું શસ્ત્ર છે.

ભાઇઓને વશ રહેતો હતો.[૧૮] તેમજ દ્રોણ ગુરુએ જેને શિક્ષણ આપેલું એવો નકુલ પણ ભાઇઓને પ્રિય હતો તથા તે ચિત્રયુદ્ધ કરનારો અને અતિરથી ગણાતો હતો.[૧૯]

પછી અર્જુન વગેરે પાંડવોએ ગંધર્વોના ઉપદ્રવમાં પણ ત્રણ વર્ષ યજ્ઞ કરનારા એવા સમર્થ સૌવીર રાજાને યુદ્ધમાં હણ્યો. જે યવનના રાજાને વશ કરવા માટે પાંડુ પણ સમર્થ થયા ન હતા તે રાજાને અર્જુને વશ કર્યો હતો.[૨૧] વળી અત્યંત બલવાળો, કુરુઓના પ્રતિ હમેશ અભિમાનથી વર્તનારો સુવીરદેશનો વિપુલ નામનો રાજા હતો. તેને બુદ્ધિમંત અર્જુને મારી નાખ્યો; તેમજ યુદ્ધ કરવાના નિશ્ચયવાળો અને દત્તામિત્ર નામથી ખ્યતિ પામેલો સુમિત્ર નામનો સુવીર દેશનો રાજા હતો તેને અર્જુને બાણવડે હરાવી દીધો.[૨૨,૨૩] વળી ભીમસેનને સહાયમાં રાખીને પૂર્વ દિશાના સર્વ રાજાઓને દશહજાર રથોસાથે અર્જુને એકલાએ જીત્યા.[૨૪] તેમજ દક્ષિણ દિશામાં એક રથસાથે જઇને અર્જુને તે દિશામાં જય મેળવ્યો અને પુષ્કળ ધન કુરુરાજ્યમાં મોકલ્યું. આ પ્રમાણે મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા મહાત્મા પાંડવોએ પરરાજ્યો જીતીને પોતાના રાજ્યની પ્રથમ વૃદ્ધિ કરી.[૨૫,૨૬] તે વખતથી દૃઢ ધનુષવાળા પાંડવોનું અત્યંત પ્રસિદ્ધ થયેલું બલ જાણીને ધૃતરાષ્ટ્રનો ભાવ એકદમ પાંડવોના પ્રતિ દુષ્ટ થઈ ગયો, અને ચિંતાપરાયણ થયેલા ધૃતરાષ્ટ્રને રાતે ઉંઘ પણ આવતી બંધ થઇ ગઈ.[૨૭]

ઈતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે ધૃતરાષ્ટ્રચિંતા નામનો અધ્યાય ૧૩૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૦ મો–કણિકની રાજનીતિ અથવા કાપટ્યાશિક્ષણ

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा पांडुसुतान् वीरान् बलोद्रिक्तान् महौजसः
धृतराष्ट्रो महीपालश्चिंतामगमदातुरः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–વીર એવા પાંડુપુત્રોને મહાતેજસ્વી તથા ઘણા બલવાન થયેલા સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજા આતુર થઈ ચિંતા કરવા લાગ્યો.[૧] પછી તેણે મંત્ર (મસલત) જાણનારા તથા દંડનીતિશાસ્ત્રમાં કુશલ એવા મંત્રીઓમાં શ્રેષ્ઠ કણિક નામના મંત્રીને બોલાવ્યો અને તે તેને આ પ્રમાણે કહેવા લાગ્યો.[૨] ધૃતરાષ્ટ્ર બોલ્યોઃ– "હે દ્વિજોત્તમ! પાંડવો પોતાના ઉત્કર્ષવડે સર્વત્ર વ્યાપ્ત થતા જાય છે. તેમને જોઇને મને અદેખાઇ આવે છે, માટે હે કણિક! મારે પાંડવોની સાથે સંધિ રાખવી કે વિગ્રહ કરવો? અને તેમ કરવાનાં કારણો શાં? તે મને સમજાવો. પછી હું તમારા કહેવા પ્રમાણે કરીશ."[૩]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે ધૃતરાષ્ટ્રના પૂછવાથી મનમાં પ્રસન્ન થયેલો દ્વિજોત્તમ કણિક રાજશાસ્ત્રનાં રહસ્યને દર્શાવનારાં તીક્ષ્ણ વચન કહેવા લાગ્યો.[૪] "હે કુરુશ્રેષ્ઠ રાજા! તે સંબંધમાં હું જે કહું તે તમે સાંભળો અને તે સાંભળીને મારાપર દોષનો આરોપ કરશો નહિ.[૫] (કણિક, ભીમસેન અને દુર્યોધન તથા અર્જુન અને કર્ણનાં વૈરનો બીજો કંઇ ઉપાય નથી, એમ જાણીને સંધિપક્ષ છોડી વિગ્રહ પક્ષનેજ કહે છે.) હે રાજન્! રાજાએ નિરંતર પોતાનાથી નીચા હોય તેના તરફ દંડ ઉગામેલો રાખવો અને સમાન હોય તેના તરફ પોતાનું પરાક્રમ દેખાડવું તથા શત્રુ પોતાનાથી બલવાન હોય તો પોતાની ભંડાર, સૈન્ય વગેરેની ન્યૂનતા તે ન જાણે તેમ રહીને શત્રુનાં છિદ્રો–જેવાં કે. પ્રતિકૂલ દેશમાં નિવાસ, દુષ્ટ પ્રધાન વગેરેને જાણીને તેજ છિદ્રને અનુસરી શત્રુને હણવો.[૬] નિત્ય દંડ ધારણ કરીને સજ્જ રહેનાર રાજાથી બીજાઓ અત્યંત ભય પામે છે; માટે રાજાએ સર્વ કાર્ય

દંડશક્તિવડેજ કરવાં.[૭] રાજાએ એવી રીતે વર્તવું કે જેથી તેનાં છિદ્ર કોઇ જાણે નહિ અને તેણે બીજાનાં છિદ્રો જોઇને તે દ્વારા તેને પ્રહાર કરવો. પોતાનાં સાધન, સહાય, ઉપાય વગેરે અંગોને કાચબાની પેઠે ગુપ્ત રાખવાં અને પોતાનું છિદ્ર બીજાને જાણવા દેવું નહિ;[૮] તેમજ શત્રુવિજય વગેરે કંઇ પણ કાર્ય કરવા માંડયું હોય તો તેને કદાપિ અધુરૂં રહેવા દેવું નહિ; કારણ કે અડધો કપાયલો કાંટો પણ વાગવાથી લાંબા દિવસ દુઃખ આપે તેવું છિદ્ર પાડે છે,[૯] માટે અપકાર કરનારા શત્રુઓનો વધ કરવો એનેજ ડાહ્યા માણસો વખાણે છે. વળી પરાક્રમી શત્ર હોય તોપણ તેને આપત્તિમાં પડેલો જોઇને તેનો નાશ કરવો. તેમ તે જો મહા યોદ્ધો હોય તો તેને આપત્તિનો વખત આવેલો જોઇને ત્યાંથી નસાડવો. એમ સમય જોઇ જોઇને પ્રહાર કરવો-જ, તે વખતે વિચાર કરવા રહેવું નહિ. હે તાત! શત્રુ દુર્બલ હોય તોપણ તેની કોઇ રીતે ઉપેક્ષા કરવી નહિ;[૧૦,૧૧] કારણ કે ઉપેક્ષા કરેલો અગ્નિ અલ્પ હોય તોપણ તેમાં લાકડાં આવી મળે તો તે આખા વનને બાળી મૂકે છે. વળી જ્યારે પોતાનું સામર્થ્ય હીન થઇ જાય, ત્યારે અંધની પેઠે હાથયાર મૂકીને શત્રને શરણે જવું અને તેવે વખતે શત્રુ ધિક્કારે તોપણ તે બહેરાની પેઠે સાંભળી લેવું.[૧૨] આવે વખતે ધનુષને તૃણ જેવું અકિંચિત્કર કરી દેવું, અર્થાત્ ક્ષાત્રતેજ છોડી દઇ શત્રુને ત્યાં ભિક્ષાથી પણ નિર્વાહ કરવો; પણ મૃગને મારનારો પારધી જેમ મૃગને વિશ્વાસ બેસાડવા ઉંઘતો હોય તેમ જણાય, પછી તે પાસે આવે એટલે તેને પ્રહાર કરે તેમ શત્રુને મારવાને માટેજ પોતાના હેતુને ગુપ્ત રાખવો અને કપટવડે વશ થયેલા શત્રુનો પોતે પણ સાંત્વન વગેરેથી વિશ્વાસ ઉત્પન્ન કરી લાગ આવતાં નાશ કરવો.[૧૩] શત્રુ શરણે આવ્યો હોય તોપણ 'એ મારે શરણે આવ્યો છે' એમ વિચારીને તેનાપર દયા કરવી નહિ; કારણ કે શત્રુને મારવાથી નિરાંત વળે છે અને મુવા પછી તેનો ભય રહેતો નથી.[૧૪] પોતાના સહજ શત્ર-(ભાગીદાર)ને તેના સેવકોને વશ કરી તે દ્વારા વિષ વગેરે ઉપાયોથી હણવો તથા પ્રથમ અનિષ્ટ કરનારો હોય અને પછીથી પોતાનો દાસ થયો હોય તેને પણ મારી નાખવો. વળી શત્રુપક્ષના કિલ્લાપર ચઢાઈ કરીને તેનાં ઐશ્વર્યનો નાશ કરવો, દૂતો મોકલીને તેના છુપા વિચારો જાણી લેવા અને આપ્તજનોને મોકલી તેનાથી પોતાનાં વખાણ કરાવી તેના તેજને હલકું પાડી ઉત્સાહ તોડી પાડવો. આ રીતે શત્રુના ત્રણ આશ્રયોનો નાશ કરવો. વળી શત્રુના અમાત્ય, રાજ્ય, કિલ્લા, ભંડાર અને સૈન્ય, એ પાંચ પ્રકૃતિનો સામ, દામ, ભેદ, દંડ, બંધન, વિષ અને અગ્નિ, આ સાત ઉપાયોથી નાશ કરવો. હમેશ શત્રુપક્ષનું પ્રથમ મૂળ કાપી નાખવું. તે પછી તેના સહાયકોને અને તેના બધા પક્ષવાળાઓને મારવા.[૧૫,૧૬] શત્રુનું મૂળ કપાઇ જતાં તેના અનુજીવીઓ સર્વે હણાઇ જાય છે. ઝાડનું મૂળ કાપી નાખતાં તેના ઉપરની ડાળીઓ શીરીતે રહી શકે? નહિજ રહે.[૧૭] નિરંતર શત્રુના તરફ એકસરખું ધ્યાન આપવું, પોતાનાં રાજ્યાંગો ગુપ્ત રાખવાં, નિત્ય પરછિદ્ર જોતા રહેવું અને હે રાજન્! હમેશ શત્રુઓપર વિશ્વાસ રાખી નિશ્ચિંત રહેવું નહિ.[૧૮] વળી અગ્નિહોત્ર લઇને યજ્ઞના મિષથી, ભગવાં પહેરીને અથવા જટા અને મૃગચર્મ ધારણ કરીને શત્રુઓમાં વિશ્વાસ બેસાડવો અને પછી વરૂની પેઠે તેઓના પર તૂટી પડીને તેઓને વશ કરવા.[૧૯] અગ્નિહોત્રધારણ વગેરે પવિત્રતાનો ડોળ પરચિત્તને ખેંચવાને માટે અંકુશ–આંકડીરૂપ થાય છે. જેમ ઝાડની ફ્લવાળી ડાળીને આંકડીથી નમાવી પાકાં પાકાં ફ્લ પાડી લેવાય છે, તેમ શત્રુવધરૂપી ફ્લને માટે પણ ડાહ્યા પુરુષો એવોજ ઉપક્રમ કરે છે. વળી પોતાનો સમય વિપરીત હોય ત્યાં-સુધી શત્રુને પણ ખભે બેસાડીને ફેરવવો અને જ્યાં અનુકૂળ સમય આવે એટલે પથ્થરપર પછાડીને ઘડાને જેમ ફોડી નખાય તેમ શત્રુને પછાડી મારવો. શત્રુ ગમે તેટલી આજીજી કરતો હોય તોપણ તેને જતો કરવો નહિ.[૨૦-૨૨] અપ-કાર કરનારા ઉપર કૃપા કરવી નહિ પણ તેને

મારીજ નાખવો. શત્રુને તો સામથી, દામથી, ભેદથી અથવા દંડથી કોઈ પણ ઉપાયવડે હણવો-જ જોઇએ. ”

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–“ હે કણિક ! સામ, દામ, ભેદ અને દંડવડે શત્રુને શી રીતે હણી શકાય ? તે મને યથાર્થ રીતે કહી સંભળાવો. ”

કણિક કહે છેઃ–“ હે રાજન્ ! પૂર્વે નીતિ-શાસ્ત્રમાં નિપુણ એવો એક શિયાળ વનમાં વસતો હતો. તેના સંબંધમાં જે થયું હતું તે તમે સાંભળો. એક સ્વાર્થપંડિત અને ડાહ્યો શિયાળ વાઘ, ઉંદર, વરૂ અને નોળિયાની સાથે મૈત્રી કરીને તેની સાથે રહેતો હતો. એક વખતે વનમાં તે બધાએ એક મોટા બલવાન હરિણને જોયો.[૨૩-૨૭] તેને પકડીને મારવા તેઓ અશક્ત હતા તેથી તે બધાઓ વિચાર કરવા લાગ્યા. તેમાં શિયાળ બોલ્યો:–“હે વ્યાઘ્ર ! તેં એને મારવા માટે વનમાં વારંવાર યત્ન કર્યા પણ બુદ્ધિશાળી, જુવાન તથા વેગવાળા એ હરિણ-રાજને તું મારી શકયો નહિ; માટે હવે એ સૂઇ રહ્યો હોય ત્યારે એના પગ આ ઉંદરે કરડી ખાવા.[૨૮,૨૯] પછી પગ ખવાઈ જવાથી ઓછા વેગવાળા એ હરિણને વાઘે પકડવો. તે પછી આપણે બધા પ્રસન્નમનથી તેને ખાઈ જઈશું.”[૩૦] આવાં શિયાળનાં વચન સાંભળીને બધા સાવધાન થઇને તે પ્રમાણે કરવા લાગ્યા. પ્રથમ ઉંદરે હરિણના થોડા થોડા પગ કરડયા,એટલે દોડવાને અશક્ત થયેલા તે મૃગને વાઘે મારી નાખ્યો.[૩૧] પછી મૃગના શરીરને પૃથ્વી ઉપર નિશ્ચેષ્ટ પડેલું જોઇને શિયાળે કહ્યું કે:–“ તમે બધા નાહી આવો ત્યાંસુધી હું એને સાચવીશ. તમારૂં કલ્યાણ થાઓ ! ”[૩૨] શિયાળનાં વચનથી તે બધા નદી ઉપર ગયા અને શિયાળ ત્યાં ઉભો રહીને, હવે શું કરવું ? તેનો વિચાર કરવા લાગ્યો.[૩૩] એટલામાં મહાબલવાન વાઘ કંઈક શંકિત થઇને પહેલો આવ્યો અને તેણે શિયાળ-ને ચિંતાથી વ્યાકુલ મનવાળો જોયો.[૩૪] ત્યારે વાઘ બોલ્યો:–“ હે મહાપ્રાજ્ઞ ! આપણે બધા બુદ્ધિમાન છીએ, પણ તેમાં તું શ્રેષ્ઠ છે; છતાં કેમ વિચારમાં પડયો છે ? આજે તો આપણે માંસ ખાઈને રમતગમત કરીશું. ”[૩૫]

શિયાળ બોલ્યો:–“ હે મહાબાહુ ! ઉંદરે જે વચન કહ્યાં છે તે મારાથી તું સાંભળ. ઉંદર કહેતો હતો કે:–“ વાઘના બલને ધિક્કાર છે ! આજે આ મૃગને મેં મારી નાખ્યો.[૩૬] મારા બાહુબલના આશ્રયથી તે આજ તૃપ્તિ પામશે. ” ઉંદરે આવાં ગર્વભર્યાં વચન કહ્યાં, માટે આ માંસ હું ખાવા ઇચ્છતો નથી. ”[૩૭]

વાઘ બોલ્યો:–“જો ઉંદર એમ કહેતો હોય તો મને આ વખતે એણે જાગૃત કર્યો છે; માટે હવે હું પોતાના બાહુબલથી મારેલાં પશુઓનું-જ માંસ ખાઇશ.” આવું કહીને વાઘ વનમાં ચાલ્યો ગયો. તે ગયો એટલામાંજ ત્યાં ઉંદર પણ નાહીને આવ્યો.[૩૯] તેને આવેલો જોઇને શિયાળે કહ્યુ:-“હે મૂષિક! તારૂં કલ્યાણ થાઓ ! મને નોળિયાએ જે કહ્યું છે તે તું સાંભળ.[૪૦] તેણે કહ્યું કે, આ મૃગનું માંસ હું ખાંઇશ નહિ; કેમકે એ તો ઝેર છે અને મને તે ભાવતું પણ નથી; માટે તું મને જો રજા આપતો હોય તો હું ઉંદરનુંજ ભક્ષણ કરીશ.”[૪૧] આ વચન સાંભળીને ત્રાસ પામેલો ઉંદર પોતાના દરમાં ભરાઇ ગયો. પછી હે રાજન! વરૂ નાહીને ત્યાં આગળ આવ્યો.[૪૨] આવેલા તે વરૂને જોઇ શિયાળ કહેવા લાગ્યો:–“તારાપર વાઘ ક્રોધે ભરાયો છે, માટે તારૂં સારૂં થશે નાહ.[૪૩] તે પોતાની સ્ત્રી સાથે અહીં આવે છે, માટે તને યોગ્ય લાગે તેમ તું કર.” આ પ્રમાણે શિયાળના કહેવાથી માંસાહારી વરૂ ત્યાંથી છુપાતો છુપાતો નાસી ગયો. એટલામાંજ ત્યાં નોળિયો પણ આવી પહોંચ્યો.[૪૪,૪૫] હે મહારાજ! વનમાં તે નકુલને જંબુક કહેવા લાગ્યો કે:–“મેં પોતાના બાહુબલ-થી તે બધાને હરાવ્યા છે અને તેઓ અહીંથી નાસી ગયા છે;[૪૬] માટે પહેલાં તું મારી સાથે યુદ્ધ કર અને મને જીત્યા પછી આ માંસને યથેષ્ટ ભક્ષણ કર.”

નોળિયો બોલ્યો:–“જ્યારે વાઘ, વરૂ અને બુદ્ધિમાન ઉંદર, એ બધા વીરોને તેં હરાવ્યા છે, ત્યારે મોટો બલવાન તો તુંજ છે, તેથી તારી

સાથે લડવાને હું સમર્થ નથી!" આમ કહીને નોળિયો પણ ત્યાંથી ચાલ્યો ગયો.[૪૭,૪૮]

કણિક કહે છેઃ–આ રીતે તે બધા જતા રહ્યા, ત્યારે પોતાની ભેદયુક્તિમાં ફાવેલો શિયાળ મનમાં બહુ ખુશી થયો અને નિરાંતે એકલો તે મૃગનું માંસ ખાવા લાગ્યો.[૪૯] હે રાજન્! આ પ્રમાણે વર્તનારો રાજા નિરંતર સુખી થાય છે. બીકણને ભય બતાવીને, શૂરાની આગળ હાથ જોડીને, લોભીને ધન આપીને અને સમાન અથવા નીચો હોય તેને પરાક્રમ દેખાડીને વશ કરવા. હે રાજન્! આ સઘળું મેં તમને કહ્યું. હવે બીજું જે કહું તેને પણ તમે સાંભળો.[૫૦,૫૧] પોતાના પુત્ર, મિત્ર, ભાઇ, પિતા અથવા ગુરુ હોય અને તે શત્રુ થઇને વર્તતા હોય તો તેને ઐશ્વર્યની કામનાવાળાએ અવશ્ય હણવા.[૫૨] શત્રુને તો સોગન ખાઇને, ધન આપીને, ઝેર આપીને અથવા કપટ કરીને અવશ્ય મારવો. તેને કોઇ રીતે જતો કરવો નહિ. બે જણા સમાન બલવાળા હોય અને તેથી જયનો સંશય રહેતો હોય, તો તેમાં મારા કહેવા પ્રમાણે જે શ્રદ્ધાથી વર્તનારો છે, તે અવશ્ય વિજય મેળવે છે.[૫૩] વળી પોતાનો ગુરુ (વડીલ) હોય અને તે ગર્વિષ્ઠ હોય, કાર્યાકાર્યને જાણતો ન હોય અને ઉલટે રસ્તે જતો હોય તો તેને પણ શિક્ષા કરવી, એ ન્યાય ગણાય છે.[૫૪] પોતાને ક્રોધ ચઢયો હોય તોપણ ક્રોધ થયોજ નથી, એવી આકૃતિ દેખાડવી અને મધુર હાસ્યપૂર્વક બોલવું પણ કોઈ વખત ક્રોધને વશ થઇને બીજાનો તિરસ્કાર કરવો નહિ.[૫૫] હે ભરતવંશોત્પન્ન! જેનાપર પ્રહાર કરવો હોય તેની સાથે પ્રિય બોલવું, પ્રહાર કરતાં પણ પ્રિય બોલવું અને પ્રહાર કર્યા પછી કૃપા બતાવવી, શોક કરવો તથા પ્રસંગે આંસુ પણ પાડવાં.[૫૬] વળી શત્રુને સાંત્વનથી, ધર્મોપદેશથી, ધન આપીને અથવા અનુકૂળ વર્તનથી આશ્વાસન આપવું અને જ્યારે તે માર્ગથી ડગે ત્યારે તેનાપર પ્રહાર કરવો.[૫૭] મનુષ્ય ઘોર અપરાધ કરતો હોય છતાં ધર્મનો ઢોંગ લઇને બેઠો હોય તો તેના તે દોષ કાળા મેઘની નીચે જેમ પર્વત ઢંકાઇ જાય તેમ ઢંકાઈ જાય છે.[૫૮] વળી પોતાના ધર્મમાં પક્ષપાત છે, એમ દેખાડવા જે ચોર વગેરેનો વધ કરવો હોય તેનું ઘર પણ બાળી મૂકવું તથા પોતાના રાજ્યમાં, નિર્ધન હોઇને પરલોકની શ્રદ્ધાવિનાના નાસ્તિકોને અને ચોરોને રહેવા દેવા નહિ.[૫૯] વળી સામા ઉઠીને, આસન આપીને તથા અમુક ભેટો આપીને શત્રુનો પોતાના તરફ અત્યંત વિશ્વાસ ખેંચવો. તે પછી તેને હણી નાખવો અને તે એવો હણવો કે ફરીથી ઉભો થઇ શકે નહિ.[૬૦] જે આપણાથી ભયની શંકાવિનાનો હોય તેનાથી પણ આપણે ચેતતા રહેવું અને આપણાથી શંકિત રહેનારાથી તો અવશ્ય ચેતતા રહેવુંજ જોઇએ; કારણકે શંકા ન થાય એવાથી ઉત્પન્ન થયેલું ભય તો મૂળિયાં પણ કાપી નાખે છે.[૬૧] આપણા તરફ અવિશ્વાસ રાખનારાનો વિશ્વાસ કરવો નહિ અને વિશ્વાસ રાખનારાનો પણ અતિ વિશ્વાસ રાખવો નહિ; કારણકે વિશ્વાસથી ઉત્પન્ન થયેલો ભય મૂળને પણ કાપી નાખે છે.[૬૨] પોતાના રાજ્યમાં અથવા પરરાજ્યમાં જે દૂત મોકલવાનો હોય તેની બરોબર પરીક્ષા કરવી અને પાખંડીઓ તથા મિથ્યા તપસ્વીઓને પરરાજ્યમાં મોકલવા.[૬૩] તે છુપા જાસુસોને ઉદ્યાનોમાં, વિહારસ્થાનોમાં, દેવમંદિરોમાં, મદ્યપાનનાં સ્થાનોમાં, શેરીઓમાં, સર્વ *તીર્થોમાં, ચકલાંઓમાં, કૂવાઓ ઉપર, પર્વતપર, વનોમાં અને નદીઓ ઉપર જ્યાં જ્યાં જનસમૂહ એકઠો થતો હોય ત્યાં ત્યાં ફરતા રાખવા.[૬૪,૬૫] વાણી બહુ નમ્ર રાખવી અને હૃદય છરાના જેવું રાખવું તથા ગમે તેવું ભયંકર કામ કરતાં પણ મધુર હાસ્ય સાથે બોલવું.[૬૬] વળી ઐશ્વર્યની કામનાવાળાએ તો હાથ જોડવા, સોગન ખાવા, સાંત્વન કરવું, માથું પગમાં નમાવી દેવું અને

* નીતિશાસ્ત્રમાં અઢાર તીર્થો કહેલાં છે; જે નીચે પ્રમાણેઃ–મંત્રી, પુરોહિત, યુવરાજ, સેનાપતિ, દ્વારપાલ, અંતઃપુરરક્ષક, કારાગૃહનો અધિકારી, દ્રવ્ય સંચય કરનારો, કાર્યાકાર્યમાં અર્થનો નિયોગ કરનારો માર્ગદર્શક, નગરનો અધ્યક્ષ, કાર્યનિર્માતા, ધર્માધ્યક્ષ, સભાધ્યક્ષ, દંડપાલ, કિલ્લાનો રક્ષક, રાજ્યની હદનો રક્ષક, જંગલનો રક્ષક.

મોટી મોટી આશાઓ આપીને શત્રુને લોભાવવો.[૬૭] રાજ્યનીતિ જાણનારે ફૂલના જેવી આશાઓ દેખાડવી; પણ ફલ દેખાડવાં નહિ. જો ફલ દેખાડવાં તો તે હાથમાં ન આવે તેમ ઉંચાં રાખવાં; પ્રસંગ આવ્યે પરિપક્વ જેવા જણાવું પણ અપક્વજ રહેવું; પરંતુ કોઇ રીતે ધન ખર્ચીને શત્રુને પોષી પોતે ક્ષીણ થવું નહિ.[૬૮] વળી ધર્મ, અર્થ અને કામ પરસ્પરને બાધ લાગે તેમ સેવવાથી ત્રિવિધ પીડા થાય છે અને એકમેકને વિરોધ ન આવે એ રીતે ત્રિવર્ગને સેવવાથી શુભ ફલ આવે છે;માટે તેઓમાં એકમેકને બાધ ન આવે એ રીતે વર્તવું.[૬૯] જે પુરુષ અત્યંત ધર્મનું સેવન કરે છે તેનું ચિત્ત અર્થ અને કામવિના વિકલ થાય છે તથા તે પીડા ધર્મનો રોધ કરે છે,તેમજ લોભવડે અર્થપરાયણ રહેનાર પુરુષના કામ તથા ધર્મને બાધ લાગે છે અને તેથી અર્થને પીડા થાય છે; તેમજ અત્યંત કામને સેવન કરનારા પુરુષના ધર્મ તથા અર્થને પીડા થાય છે અને તે પીડા કામને બાધ કરે છે, માટે પરસ્પર પીડા ન થાય તેમ ત્રિવર્ગનું સેવન કરવું.[૭૦] વળી મનને ગર્વરહિત રાખીને, નિયમમાં રહીને,શાંતિ રાખીને,ઈર્ષ્યાનો ત્યાગ કરીને તથા કાર્યદૃષ્ટિ રાખીને શુદ્ધ મનથી બ્રાહ્મણોની સાથે કાર્યવિચાર કરવા.[૭૧] જ્યારે આપત્તિ આવી હોય ત્યારે મૃદુ અથવા દારુણ કોઈપણ કર્મ કરીને પોતાના આત્માનો દીનતાથી ઉદ્ધાર કરવો અને સારી સ્થિતિ આવતાં ધર્મનું આચરણ કરવું. (અર્થાત્ પૂર્વે જણાવેલી સર્વ કુટિલતા આપત્તિમાંજ કરવી સારી, સ્થિતિમાં નહિ.) [૭૨] કોઇ પુરુષ પ્રાણકષ્ટ જેવી દશા અનુભવ્યાવિના ચઢતી જોતો નથી અને તેવી દશા ભોગવતાં જો જીવે છે,તો તે પોતાની ચઢતી દશા જોઈ શકે છે.[૭૩] જો કોઈ સામાન્ય પુરુષની બુદ્ધિ વિપત્તિથી પરાભવ પામે તો તેને નલ,રામ વગેરેનાં દૃષ્ટાંત આપી બોધ કરવો. મૂર્ખ હોય તેને 'આગળ તારૂં ભલું થવાનું છે' એમ આશા દેખાડીને અને પંડિત હોય તેને બાકી રહેલાં ધન વગેરેથી શાંત થવા સમજાવવો[૭૪]. જે મનુષ્ય શત્રુની સાથે સંધિ કરીને 'હું હવે કૃતકૃત્ય થયો છું"એમ માનીને નિરાંતે સૂવે છે તે ઝાડપર સૂતેલો જેમ પડીને જાગે છે,તેમ શત્રુ તરફથી દુઃખ આવતાંજ જાગે છે.[૭૫] રાજાએ હમેશાં પરરાજ્યના જાસુસોથી પોતાના વિચારો ગુપ્ત રાખવા યત્ન કરવો અને ઈર્ષ્યારહિત થઇને પોતાના ક્રોધ વગેરે આવેશોને ગુપ્ત રાખવા તથા પોતે ગુપ્ત દૂતોદ્વારા બીજાના વિચારો જાણી લેવા યત્ન કરવો.[૭૬] વળી પારકાના મર્મ ભેદ્યાવિના તથા દારુણ કર્મ કર્યાવિના અને મત્સ્યઘાતકની પેઠે બીજાને હણ્યાવિના મોટી લક્ષ્મી પ્રાપ્ત થતી નથી.[૭૭] જ્યારે શત્રુનું સૈન્ય દુર્બલ થયું હોય, વ્યાધિગ્રસ્ત હોય, ખિન્ન થઈ ગયું હોય, પાણી અને ખોરાક ખૂટી ગયાં હોય,વિશ્વાસમાં રહ્યું હોય તથા મંદતા પામ્યું હોયત્યારે તેનાપર હલ્લોકરવો.[૭૮]જેની પાસે અર્થ હોય તે અર્થવાળા પાસે આવતો નથી તથા જેનું જે કાર્ય હોય તે પૂરૂં થાય એટલે પછી તે મૈત્રી રાખતો નથી; માટે સર્વ કાર્ય અવશિષ્ટ રાખવાં,જેથી ગરજુ માણસ પાછો પૂછતો આવે. સમૃદ્ધિની ઈચ્છા રાખનારા રાજાએ ઈર્ષ્યારહિત થઇને સહાયાદિનો સંગ્રહ કરવામાં તથા શત્રુ-જોડે યુદ્ધ કરવામાં યત્ન કરવો તથા ઉત્સાહ રાખવો.[૭૯,૮૦] વળી એનાં કરવા ધારેલાં કાર્યોને મિત્ર અથવા શત્રુઓ જાણી ન શકે પણ તેનો આરંભ થયા પછી અથવા પરિણામ આવ્યા પછીજ જાણે એમ વર્તવું[૮૧]. જ્યાંસુધી ભય આવ્યું ન હોય ત્યાંસુધી ભય લાગતું હોય તેમ તેના પ્રતીકારને માટે યત્ન કરવો અને જ્યાં ભય આવ્યું જણાય કે નિર્ભયની પેઠે સામો પ્રહાર કરવો. જે પુરુષ દંડથી વશ કરેલા શત્રુપર દયા કરે છે તે ખચ્ચર જાતિની સ્ત્રી જેમ ગર્ભ ધારણ કરતાં મરે છે તેમ મૃત્યુને વહોરી લે છે.[૮૩] જે કાર્ય આવ્યું નથી તથા જે કાર્ય આગળ આવીને ઉભું છે તેને યથાર્થ સમજીને તેનો યોગ્ય ઉપાય કરવો. બુદ્ધિની જડતાથી કોઈ કાર્યનો વિનાશ થવો જોઇએ નહિ.[૮૪] વિભૂતિની કામનાવાળા પુરુષે દેશ,કાલ,દૈવ, ધર્મ, અર્થ અને કામ, એ બધાના વિભાગપૂર્વક યત્નવડે કાર્યમાં ઉત્સાહ

રાખવો અને તેમાં પણ દેશ અને કાલ, એ બે અનુકૂળ હોય તો તે અવશ્ય સુખના હેતુભૂત થાય છે,એમ સમજવું.[૮૫] વળી નાના શત્રુની પણ ઉપેક્ષા કરી હોય તો તે તાડનાં જેવાં લાંબાં મૂળ નાખે છે તથા જંગલમાં નાખેલો થોડો અગ્નિ પણ અલ્પ સમયમાં મોટો થઇ જાય છે તેમ તે વધી જાય છે.[૮૬] થોડો અગ્નિ સાધનથી જેમ વધે છે અને મોટાં વનને પણ બાળી મૂકે છે,તેમ પોતાને જે સહાય વગેરે-થી વધારે છે તે મોટા મોટા શત્રુઓને પણ ગળી જાય છે.[૮૭] શત્રુને આશા આપી હોય તો તેમાં લાંબા કાલની અવધિ નાખવી, પછી તે અવધિમાં વિઘ્ન જણાવવાં, વિઘ્નને નિમિત્તથી સમજાવવાં અને તેમાં પણ હેતુઓ સમજાવવા.જેમ સરાણપર ચઢાવેલો, ગજવેલનો બનાવેલો, ચામડાની કોથળીમાં ઢંકાયલો એવો હજામનો અસ્ત્રો વાળને કાપી નાખે છે તેમ નિર્દય,છિદ્રના સમયને જોનારો, ગુપ્ત આશયવાળો અને અનુકૂળ સંગ્રહ-વાળો પુરુષ શત્રુઓને કાપનારો તથા પ્રાણહારક થાય છે, માટે તેવા થવું.[૮૯]

હે કુરુકુલને વહન કરનારા! પાંડવો અને બીજાઓની સાથે જે રીતે વર્તતાં તમે વિપત્તિમાં ડૂબો નહિ તે પ્રમાણે કાર્ય કરો.[૯૦] હે રાજન્! તમે ધન, પુત્ર તથા રાજ્યાદિકથી સંપન્ન છો; તેમજ કુલ, શીલ અને બલ વગેરેથી પણ શ્રેષ્ઠ છો એ નિશ્ચય વાત છે; માટે પાંડવોથી પોતાનું રક્ષણ કરો;[૯૧] કારણ કે હે નરાધિપ! તમારા ભત્રિજા પાંડવો બલવાન છે, માટે જે રીતે પાછળ-થી પસ્તાવું પડે નહિ તેવી નીતિથી કામ કરો."[૯૨]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે ધૃતરાષ્ટ્ર રાજાને કહીને કણિક પોતાને ઘેર ગયો અને કૌર-વ્ય ધૃતરાષ્ટ્ર રાજા શોકથી દીન થઇ ગયો.[૯૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સંભવપર્વવિષે કણિકવાક્ય નામનો અધ્યાય ૧૪૦ મો સમાપ્ત.
સંભવપર્વ સમાપ્ત.

जतुगृहपर्व

અધ્યાય ૧૪૧ મો–પાંડવોના ઉપર દુર્યોધનની ઈર્ષ્યા

॥ वैशंपायन उवाच ॥
ततः सुबलपुत्रस्तु राजा दुर्योधनश्चह ॥
दुःशासनश्च कर्णश्च दुष्टं मंत्रम मंत्रयन् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી સુબલ રાજાનો પુત્ર શકુનિ, રાજા દુર્યોધન, દુઃશાસન અને કર્ણ,એ બધા મળીને દુષ્ટ વિચાર કરવા લાગ્યા;[૧] અને તેઓએ કુરુવંશી રાજા ધૃતરાષ્ટ્રની આજ્ઞા મેળવીને કુંતીને પુત્રોની સાથે બાળી મૂકવાનો નિશ્ચય કર્યો;[૨] પરંતુ ચેષ્ટાથી ચિત્તના અભિપ્રાય-ને જાણનારા તત્ત્વદર્શી વિદુરે તેમના નેત્રાદિ-ના વિકારોથી તે દુષ્ટ ચિત્તવાળાઓનો ભાવ જાણી લીધો.[૩] પછી જાણવાનું જેના ચિત્તે જાણી લીધેલું એવા તથા પાંડવના હિતમાં તત્પર અને નિષ્પાપ વિદુરે કુંતીને પુત્રોની સાથે નસાડી દેવાનો વિચાર કર્યો.[૪] તે પછી પવનનાં તોફાનને તથા પાણીનાં મોજાંને સહન કરી શકે એવી યંત્ર-વાળી અને સઢવાળી મજબૂત નાવ કરાવીને વિદુર કુંતીને કહેવા લાગ્યા કેઃ–[૫] "હે કુંતિ! આ વિપરીત બુદ્ધિવાળો ધૃતરાષ્ટ્ર આ કુલની કીર્તિ અને વંશનો નાશ કરનાર નિવડ્યો છે અને એ શાશ્વત ધર્મનો પણ ત્યાગ કરવા બેઠો છે;[૬] માટે હે કલ્યાણિ! આ તરંગ અને પવનને સહન કરી શકે એવી એક નાવ ગંગા-માં મેં તૈયાર રાખી છે. તે વડે તું પુત્રોની સાથે મૃત્યુના પાશથી મુક્ત થઇશ."[૭]

હે ભરતશ્રેષ્ઠ ! આ સાંભળીને વ્યથા પામેલી યશસ્વિની કુંતી, પુત્રોને સાથે લઇને નાવમાં બેસી ગંગાને ઓળંગી ગઈ.[૮] તે પછી વિદુરના કહેવાપ્રમાણે પાંડવો નાવ મૂકી દઇને તથા વિદુરાદિએ આપેલા ધનને લઇને વિઘ્ન ન થાય એવા વનમાં ચાલ્યા ગયા. પાંડવોને બાળવા માટે કરાવેલા લાક્ષાગૃહમાં કોઈએક કારણથી આવેલી પાંચ પુત્રવાળી એક ભીલડી વિનાઅપરાધે પુત્રોની સાથે બળી મૂઈ,[૯,૧૦] વળી મ્લેચ્છોથી અધમ એવો પેલો પાપી પુરોચન પણ તેમાં બળી ગયો અને દુરાત્મા ધૃતરાષ્ટ્રના પુત્રો પોતાના સલાહકારોની સાથે ઠગાયા.[૧૧] આ રીતે વિદુરની સલાહથી મહાત્મા પાંડવો, લોકો ન જાણે તેમ માતાની સાથે અક્ષત રહીને લાક્ષાગૃહમાંથી છૂટી શકયા હતા;[૧૨] પછી લાક્ષાગૃહને બળેલું જોઇને વારણાવત નગરના લોકો દુઃખી થઇ પાંડવોનો શોક કરવા લાગ્યા;[૧૩] અને તે વૃત્તાંત રાજાને જણાવવા માટે તેઓએ દૂત મોકલ્યો તથા કહેવરાવ્યું કેઃ–" હે રાજન્ ! હવે તમારો મહાન્ મનોરથ પૂર્ણ થયો છે! આખરે તમે પાંડવોને બાળીજ મૂકયા ?[૧૪] હે કૌરવ્ય ! હવે કામનાઓ પૂર્ણ કરો અને પુત્રોની સાથે રાજ્ય ભોગવો."

આ સાંભળીને ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોની સાથે શોક કરવા લાગ્યો ![૧૫] અને કુરુશ્રેષ્ઠ ભીષ્મ તથા વિદુર વગેરે બંધુઓને સાથે રાખી તેણે પાંડવોની ઉત્તરક્રિયા કરી.[૧૬]

જનમેજય પૂછે છેઃ–હે દ્વિજશ્રેષ્ઠ ! લાક્ષાગૃહનો દાહ અને પાંડવોનો તેનાથી છૂટકારો, ફરીથી વિસ્તારપૂર્વક સાંભળવાની હું ઇચ્છા કરું છું.[૧૭] ક્રૂર કણિકે ઉપદેશેલું તેમનું આ અત્યંત નિંદિત કર્મ જે પ્રમાણે થયું હોય તે મારી આગળ કહો. એ સાંભળવા મને ઘણું કૌતૂહલ થાય છે.[૧૮]

વૈશંપાયન કહે છેઃ–હે શત્રુને તાપ આપનારા રાજા! લાક્ષાગૃહનો દાહ અને પાંડવોનો ત્યાંથી છૂટકો કેવી રીતે થયો તે હું તમને વિસ્તારથી કહું છું તે સાંભળો.[૧૯] ભીમસેનને અત્યંત સામર્થ્યવાળો થયેલો જોઇને તથા અર્જુનને સર્વ વિદ્યામાં કુશલ થયેલો જોઈને દુષ્ટ મનવાળો દુર્યોધન ઘણો સંતાપ કરવા લાગ્યો.[૨૦] પછી વૈકર્તન કર્ણ અને સુબલપુત્ર શકુનિની સાથે તેઓ અનેક ઉપાયોવડે પાંડવોને મારવા યત્ન કરવા લાગ્યા.[૨૧] ત્યારે પાંડવો પણ જેવા જેવા તેમના તરફથી મારવાના ઉપાયો થતા તેવા તેવા સામા ઉપાયો કરીને બચી જતા હતા; પરંતુ વિદુરના કહેવાથી તે વાત બહાર પાડતા નહિ.[૨૨] હે ભારત ! પછી પુરના લોકો પાંડવોને સર્વગુણસંપન્ન જોઇને સભાઓમાં તેમના ગુણોનાં વખાણ કર્યા કરતા હતા.[૨૪] વળી પાંડુના મોટા પુત્ર યુધિષ્ઠિરને રાજ્ય કરવાની યોગ્યતા આવી છે, એવી વાતો ચકલામાં અને સભાઓમાં તેઓ એકઠાં મળીને કહેતા હતા.[૨૪] વળી તેઓ કહેતા હતા કે, પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર રાજા અંધ હોવાથી પહેલાં પણ તેને રાજ્ય મળ્યું નથી તો હવે પુત્રદ્વારા તે શી રીતે રાજા થઈ શકે ? તેમજ શાંતનુના પુત્ર ભીષ્મ તો સત્ય પ્રતિજ્ઞાવાળા અને જીવિતસુધી વ્રતવાળા છે એટલે પહેલેથીજ તેમણે રાજ્યની ના કહેલી તે હવે કદાપિ રાજ્ય લેશે નહિ;[૨૫,૨૬] માટે હવે આપણે જુવાન છતાં વૃદ્ધના જેવા સ્વભાવવાળા, સત્યવાન, કૃપાળુ અને વેદવેત્તા એવા પાંડવોમાં મોટા યુધિષ્ઠિરનો રાજ્ય ઉપર અભિષેક કરીએ.[૨૭] વળી ધર્મવેત્તા યુધિષ્ઠિર શાંતનવ ભીષ્મને તથા પુત્રોસહિત ધૃતરાષ્ટ્રને માનસાથે વિવિધ ભોગો પણ આપશે."[૨૮]

આવું બોલતા, યુધિષ્ઠિર ઉપર પ્રીતિ રાખનારા લોકોનાં વાકયો સાંભળીને દુર્બુદ્ધિવાળો દુર્યોધન બહુ સંતાપ કરવા લાગ્યો;[૨૯] અને ધખી ઉઠેલો તે દુષ્ટાત્મા તેઓનાં વચન સાંખી શકયો નહિ તથા ઈર્ષ્યાથી બળતો ધૃતરાષ્ટની પાસે ગયો.[૩૦] લોકોની યુધિષ્ઠિર ઉપરની પ્રીતિવડે બહુ સંતાપ પામેલો દુર્યોધન ત્યાં પોતાના પિતાને એકલા જોઈને તેમને માન આપી આ પ્રમાણે કહેવા લાગ્યો.[૩૧]

દુર્યોધન બોલ્યોઃ–"હે તાત ! પરસ્પર વાતો કરતા નગરવાસી લોકોની અકલ્યાણભરી વાણી મેં સાંભળી છે. તેઓ તો તમારો અને ભીષ્મનો

અનાદર કરીને યુધિષ્ઠિરને રાજા કરવા ધારે છે.[૩૨] વળી ભીષ્મનું પણ એજ મંતવ્ય છે; કારણ કે તેમને રાજ્ય જોઈતું નથી. આ ઉપરથી નગરના લોકો આપણનેજ પરમ પીડા આપવા ધારે છે, એમ જણાય છે.[૩૩] પૂર્વે પાંડુ પોતાના ગુણોવડે પિતા પછી રાજ્ય પામ્યા હતા. જો કે મોટા હોવાથી રાજ્યનો અધિકાર તમારો હતો તોપણ અંધ હોવાથી તમે રાજ્ય મેળવી શક્યા નહિ.[૩૪] હવે પાંડુનું રાજ્ય જો યુધિષ્ઠિરને મળે તો પછી તેના પુત્રને, પૌત્રને, પ્રપૌત્રને એમ તેના વંશજોને અવશ્ય રાજ્યગાદી મળવાની.[૩૫] એટલે હે પૃથ્વીપતિ! રાજવંશથી ભ્રષ્ટ થયેલા અમે પુત્રોની સાથે સર્વ લોકમાં હલકાજ ગણાઈશું;[૩૬] માટે હે રાજન્! અમને પારકાના આશ્રયમાં રહીને આજીવિકા ચલાવવા જેવું નિત્યનું દુઃખ આવી પડે નહિ તેવી નીતિનો તમે આશ્રય કરો.[૩૭] હે રાજન્! જો તમે પ્રથમથીજ આ રાજ્ય મેળવ્યું હોત તો લોકોની મરજી ન હોત તોપણ અમને અવશ્ય રાજ્ય મળત."[૩૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વમાં દુર્યોધનની ઈર્ષ્યા નામનો અધ્યાય ૧૪૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૨ મો-પાંડવોને હસ્તિનાપુરમાંથી કાઢવાની યોજના

॥ वैशंपायन उवाच ॥

एवं श्रुत्वा तु पुत्रस्य प्रज्ञाचक्षुर्नराधिपः ॥
कणिकस्य च वाक्यानि तानि श्रुत्वा स सर्वशः॥

વૈશંપાયન કહે છેઃ-પોતાના પુત્ર દુર્યોધનનાં આવાં વચન સાંભળીને તથા કણિકનાં પૂર્વોક્ત સર્વ વાક્યોને સંભારીને પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર રાજાનું ચિત્ત દ્વિધા થયું અને તે શોકવડે દીન થઈ ગયો. બીજી તરફ દુર્યોધન, કર્ણ, સુબલપુત્ર શકુનિ અને દુઃશાસન, એ ચારે એકઠા મળીને વિચાર કરવા લાગ્યા. તેમાં નિશ્ચય કરીને રાજા દુર્યોધન ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યો કેઃ-[૧-૩] "ઓ પિતાજી ! પાંડવોથી અમને ભય થવાનું, માટે કોઈ સારી યુક્તિ કરીને તેઓને તમે વારણાવત નગરમાં મોકલી આપો."[૪] પુત્રે કહેલું વચન સાંભળીને ધૃતરાષ્ટ્રે એ ઘડી વિચાર કર્યો. પછી તે દુર્યોધનને કહેવા લાગ્યો.[૫] ધૃતરાષ્ટ્ર કહે છેઃ-"હે દુર્યોધન ! પાંડુરાજા ધર્મનિષ્ઠ હતો તથા નિત્ય ધર્મપરાયણ રહેતો હતો. વળી સર્વ સંબંધીઓની સાથે તેમાં પણ મારી સાથે તો વિશેષવડે તે ધર્મથી વર્તતો હતો.[૬] તે પોતે ભોજનાદિ વૈભવની સ્પૃહા ન કરતાં તેમ તેમાં ચિત્ત ન રાખતાં મને રાજ્ય તથા વૈભવો નિવેદન કરતો હતો અને પોતે નિયમમાં રહેતો હતો. જેવો પાંડુ તેવોજ તેનો પુત્ર યુધિષ્ઠિર પણ ધર્મપરાયણ, ગુણવાન, લોકમાં વિખ્યાત અને પૂરુના વંશમાં માન પામેલો છે.[૭,૮] એવા યુધિષ્ઠિરને તેના બાપદાદાના રાજ્યપરથી બલાત્કારે આપણે શી રીતે દૂર કરી શકીએ ? વિશેષમાં તે સહાયવાળો પણ છે. વળી પ્રધાનો, સૈન્ય અને તેઓના પુત્રપૌત્રાદિક સર્વનું પાંડુએ હંમેશ સારી રીતે ભરણપોષણ કર્યું છે;[૯,૧૦] તો હે પુત્ર ! પાંડુએ જેમનો પહેલાં સત્કાર કરેલો એવા નગરના લોકો યુધિષ્ઠિરનો પક્ષ લઇને આપણને સગાંઓની સાથે કેમ મારી ન નાખે ?"[૧૧]

દુર્યોધન બોલ્યોઃ-"હે તાત ! તમે જે દોષ કહો છો તે ખરો છે અને મેં પણ મારે માટે રાજ્યપ્રાપ્તિમાં એ દોષ આવશે એમ જાણીને રાજ્યના સર્વ પ્રકૃતિવર્ગનો ધન તથા માન આપીને સત્કાર કર્યો છે;[૧૨] તેથી તેમાંનો મુખ્ય વર્ગ જરૂર આપણને સહાય કરશે અને હે મહીપતિ ! અમાત્યોની સાથે ભંડાર તો હાલ મારે સ્વાધીનજ છે;[૧૩] માટે તમે કોમળ ઉપાયવડે પાંડવોને ત્વરાથી વારણાવત નગરમાં મોકલવાને યત્ન કરો.[૧૪] હે રાજન્ ! જ્યારે રાજ્ય મારી સત્તામાં બરોબર આવી જાય ત્યાર પછી હે ભારત ! પુત્રોની

સાથે કુંતી પાછી આવશે."૧૫

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ–"હે દુર્યોધન! મારા મનમાં પણ એજ વિચાર આવે છે, પરંતુ એ અભિપ્રાય પાપભરેલો હોવાથી એને હું ખુલ્લો કરી શકતો નથી.૧૬ વળી ભીષ્મ, દ્રોણ, વિદુર તથા કૃપાચાર્ય પણ પાંડવોને દૂર કરવામાં સંમત થશે નહિ.૧૭ હે પુત્ર! કુરુકુલના સંબંધીઓને મન આપણે અને તેઓ સરખા છીએ; માટે ધર્મિષ્ઠ અને ઉદાર ચરિત્રવાળા તેઓ વિષમ સ્થિતિ જોવા ઇચ્છશે નહિ.૧૮ હે વત્સ! આવું હોવાથી જો આપણે પાંડવોને દૂર કરીશું તો તે મહાત્મા કૌરવોથી અનેજગતથી આપણો વધ કેમ ન થાય? અર્થાત્ થશેજ."૧૯

દુર્યોધન બોલ્યોઃ–ભીષ્મ નિરંતર મધ્યસ્થ રહે છે તથા દ્રોણપુત્ર અશ્વત્થામા મારા પક્ષમાં છે અને જ્યાં પોતાનો પુત્ર ત્યાં દ્રોણ રહેવાના, એમાં સંશય નથી;૨૦તથા જે પક્ષમાં દ્રોણ અને અશ્વત્થામા હશે તે પક્ષમાં શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય પણ રહેવાના; કારણ કે બનેવી અને ભાણેજને તે કોઈ વખત છોડશે નહિ.૨૧વિદુર જો કે ગુપ્ત રીતે પાંડવોનો પક્ષકાર છે તોપણ તેની આજીવિકા આપણી પાસે છે. તેમ છતાં જો તે પાંડવોનો પક્ષ કરશે તોપણ તે એકલો આપણને પીડવા સમર્થ થશે નહિ;૨૨માટે હે રાજન્! કંઇ પણ ભય રાખ્યા વિના તમે માતાએ સહિત પાંડુપુત્રોને વિદાય કરો અને એવી કંઈ ગોઠવણ કરો કે જે રીતે આજને આજ તેઓ અહીંથી જાય.૨૩ હે તાત! યુધિષ્ઠિરને રાજ્ય મળવાની વાત સાંભળી ત્યારથી મારા હૃદયમાં ઘોર શલ્ય પેસી ગયો હોય તેવો અને ઉંઘ ઉડાવી દેનારો શોકાગ્નિ ઉત્પન્ન થયો છે; તેને આ કાર્ય કરીને તમે શાંત પાડો."૨૪

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વવિષે દુર્યોધનપરામર્શ નામનો અધ્યાય ૧૪૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૩ મો–પાંડવોનું વારણાવત નગરપ્રત્યે પ્રયાણ

॥ वैशंपायन उवाच ॥
ततो दुर्योधनो राजा सर्वाः प्रकृतयः शनैः ॥
अर्थमानप्रदानाभ्यां संजहार सहानुजः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી દુર્યોધન રાજા પોતાના ભાઇઓની સાથે સર્વ પ્રજાવર્ગને ધન તથા માન આપીને ધીરે ધીરે પોતાને સ્વાધીન કરવા લાગ્યો.૧ તે પછી ધૃતરાષ્ટ્રના કહેવાથી કેટલાક હોશિયાર મંત્રીઓ વારણાવત નગર ઘણું સુંદર છે, એવી વાતો કરવા લાગ્યા;૨ તથા કહેવા લાગ્યા કે, વારણાવત નગરમાં પશુપતિ શંકરનો મોટો મેળો ભરાવાનો છે જે આ પૃથ્વીમાં ઘણો રમણીય થાય છે.૩ વળી તે દેશ સર્વ રત્નથી ભરેલો અને મનુષ્યોનાં ચિત્તને રમ્ય લાગે એવો છે. આ પ્રમાણે ધૃતરાષ્ટ્રના શીખવવાથી તેઓ વાતો કરવા લાગ્યા.૪ આ રીતે વારણાવતની વાતો ચાલતી સાંભળીને હે નૃપ! પાંડવોને તે રમ્ય નગરમાં જવાની બુદ્ધિ થઈ.૫ જ્યારે ધૃતરાષ્ટ્રે જાણ્યું કે, પાંડવોને વારણાવત જોવાનો ઉત્સાહ થયો છે ત્યારે ત્યાં આવી અંબિકાનો પુત્ર ધૃતરાષ્ટ્ર પાંડવોને કહેવા લાગ્યો કેઃ–૬"આ પુરુષો મને વારંવાર કહે છે કે વારણાવતનગર આ લોકમાં ઘણું સુંદર છે;૭માટે હે વત્સો! તમારે વારણાવતના મેળામાં જવાની ઈચ્છા હોય તો પરિવાર અને કુંતીને લઇને ત્યાં જાઓ અને દેવની પેઠે ત્યાં વિહાર કરો.૮ બ્રાહ્મણોને તથા ગવૈયા વગેરેને મરજીમાં આવે તેમ ઉત્તમ વસ્તુઓ આપો અને તેજસ્વી દેવોની પેઠે કેટલોક સમય વિહાર કરીને તથા પરમાનંદ ભોગવીને પાછા સુખી થઈ આ હસ્તિનાપુરમાં આવજો." ૯,૧૦

વૈશંપાયન કહે છેઃ–ધૃતરાષ્ટ્રની આવી ઈચ્છા જાણીને તથા પોતાની સહાયસંપત્તિનો વિચાર કરીને યુધિષ્ઠિરે કહ્યું કે,'સારૂં અમે ત્યાં જઇશું.'૧૧

તે પછી શાંતનુના પુત્ર ભીષ્મ, મહાબુદ્ધિમાન વિદુર, દ્રોણગુરુ, બાહ્‌લીક, કુરુવંશી સોમદત્ત, કૃપાચાર્ય, અશ્વત્થામા, ભૂરિશ્રવા, બીજા માન્ય અમાત્યો, તપરૂપી ધનવાળા બ્રાહ્મણો, પુરોહિતો, પૂરુવંશીઓ, યશસ્વીની ગાંધારી વગેરેને યુધિષ્ઠિર દીન થઇને ધીરેથી આ પ્રમાણે કહેવા લાગ્યા-[૧૨-૧૪]"અમે ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી મનુષ્યોના સમૂહવાળા રમણીય વારણાવત નગરમાં પરિવાર તથા સ્નેહીઓની સાથે જઇએ છીએ;[૧૫] માટે તમો સર્વે પ્રસન્ન મનથી અમને આશીર્વાદ આપો. તમારા આશીર્વાદથી વૃદ્ધિ પામેલા એવા અમને પાપ અડકી શકશે નહિ."[૧૬] આ પ્રમાણે પાંડુપુત્ર યુધિષ્ઠિરે કહ્યું, ત્યારે તે સર્વે કૌરવો પ્રસન્નમુખ થઈને પાંડવોને આશીર્વચન કહેવા લાગ્યાઃ-[૧૭] "હે પાંડવો! માર્ગમાં સર્વ ભૂતોથી તમારૂં કલ્યાણ થાઓ અને તમારૂં કોઇનાથી કંઈ પણ અશુભ થાઓ નહિ."[૧૮]

તે પછી સ્વસ્તિવાચન કરાવી તથા બીજાં પ્રયાણનાં સર્વ કાર્યો કરીને પાંડવો પોતાનો રાજ્યાંશ મેળવવા વારણાવતપ્રત્યે જવા નીકળ્યા.[૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વમાં વારણાવતયાત્રા નામનો અધ્યાય ૧૪૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૪-મો દુર્યોધને પુરોચનને લાક્ષાગૃહ બાંધવા મોકલ્યો.

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तेषु राज्ञा तु पांडुपुत्रेषु भारत ॥
दुर्योधनः परं हर्षमगच्छत्स दुरात्मवान् ॥१॥

વૈશંપાયન કહે છેઃ-હે ભારત! જ્યારે ધૃતરાષ્ટ્રે પાંડુપુત્રોને એ પ્રમાણે કહ્યું, ત્યારે તે દુરાત્મા દુર્યોધન બહુ આનંદ પામ્યો.[૧] હે ભરતર્ષભ! પછી દુર્યોધન પોતાના પુરોચન નામના સચિવનો જમણો હાથ પકડીને તેને એકાંતમાં લઈ જઇ નીચે પ્રમાણે કહેવા લાગ્યોઃ-[૨] "હે પુરોચન! ધનથી ભરેલી આ પૃથ્વી હવે મારી થઇ છે અને એ જેવી મારી છે તેવી તારી પણ છે; માટે એનું રક્ષણ કરવું તને ઘટે છે.[૩] તારા જેવો અત્યંત વિશ્વાસ મૂકવા જેવો બીજો મારે સહાયક નથી કે જેની સાથે હું તારી પેઠે ગુપ્ત વાત કરી શકું;[૪] માટે હે તાત! તું આપણી ગુપ્ત વાતને ગુપ્ત રાખીને મારા શત્રુઓને ઉત્તમ ઉપાયવડે ઉખેડી નાખ અને તને હું જે કહું તેમ કર.[૫] પાંડવોને ધૃતરાષ્ટ્રે વારણાવત મોકલ્યા છે. તેઓ ધૃતરાષ્ટ્રના કહેવાથી ત્યાં ઉત્સવમાં આનંદથી ફરશે;[૬] માટે તું જલદી જાય એવા ખચ્ચર જોડેલા રથમાં બેસીને આજ ને આજ વારણાવત પહોંચી જવાય તેમ કર.[૭] વળી ત્યાં જઇને તું નગરની પાસે ચાર શાલાવાળું અને ઘણું બંધિયાર એવું, એક ઘર ઘણાં ખર્ચથી બંધાવજે અને તે ઘર બંધાવવામાં શણ, રાળ વગેરે જેટલા સળગી ઉઠે એવા પદાર્થો હોય તે વાપરજે. વળી ઘી, તેલ, ચરબી અને ખૂબ લાખને માટીમાં ભેળવીને તેનો ભીંતોપર લેપ કરાવજે.[૮-૧૦] અને શણ, તેલ, ઘી, લાખ અને લાકડાંઓ તે ઘરની આસપાસ નખાવજે તથા તે એવી રીતે ભરાવજે કે તપાસ કરતાં પણ પાંડવો અથવા બીજા મનુષ્યો તેને જોઈ શકે નહિ અને આ ઘર સળગી ઉઠે એવું છે એમ પણ જાણી શકે નહિ.[૧૧,૧૨] આ પ્રમાણે ઘર તૈયાર કરાવ્યા પછી ત્યાં આવેલા પાંડવો, કુંતી તથા તેમના સ્નેહીવર્ગોનો આદરસત્કાર કરીને તે ઘરમાં મુકામ કરાવજે.[૧૩] વળી પાંડવોને માટે દિવ્ય આસનો, વાહનો, શય્યાઓ વગેરેની વ્યવસ્થા કરાવજે કે જેમ કરવાથી પિતા ધૃતરાષ્ટ્ર સંતોષ પામે.[૧૪] આ આપણું કાર્ય સિદ્ધ થાય નહિ ત્યાંસુધી વારણાવત નગરના લોકોને કોઇ રીતે ખબર પડે નહિ એવી રીતે તું સઘળું તૈયાર કરાવજે. પછી જ્યારે પાંડવ

વગેરે વિશ્વાસથી નિર્ભય થઇને સૂતેલા છે એમ તું જાણે, ત્યારે ઘરના દરવાજાથી આરંભી અગ્નિ મૂકજે;[૧૫,૧૬] તેથી લોકો જાણશે કે પોતાનું ઘર બળવાથી પાંડવો બળી ગયા છે; એટલે તેઓ પાંડવોને માટે કોઇ પણ રીતે આપણી નિંદા કરશે નહિ.”

આ સાંભળીને પુરોચન દુર્યોધનની આગળ તે પ્રમાણે કરવાનું કબૂલ કરીને ખચ્ચરો જોડેલા શીઘ્ર ગતિવાળા રથમાં બેસી ત્યાંથી ચાલતો થયો.[૧૭,૧૮] હે રાજન! પછી દુર્યોધનના મત પ્રમાણે વર્તનારા પુરોચને ઉતાવળથી ત્યાં જઈને રાજપુત્રે જેમ કરવા કહેલું તેમ સઘળું તૈયાર કર્યું.[૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વવિષે પુરોચનને ઉપદેશ નામનો અધ્યાય ૧૪૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૫ મો–યુધિષ્ઠિરને વિદુરની સૂચના અને પાંડવોનું વારણાવત પહોંચવું.

॥ वैशंपायन उवाच ॥

पांडवास्तु रथान् युंक्त्वा सदश्वैरनिलोपमैः ॥
आरोहमाणा भीष्मस्य पादौ जगृहुरार्त्तवत्॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી પાંડવો, પવનના જેવા વેગવાળા ઉત્તમ ઘોડાઓ રથોને જોડી તેમાં બેસતી વખતે દીનની પેઠે ભીષ્મ, રાજા ધૃતરાષ્ટ્ર, મહાત્મા દ્રોણ, કૃપાચાર્ય, વિદુર અને બીજા વૃદ્ધોને પગે લાગ્યા.[૧,૨] આ પ્રમાણે નિયત વ્રતવાળા પાંડવો સર્વ કુરુકુલના વૃદ્ધોને પ્રણામ કરીને, સમાન પુરુષોને ભેટીને, નાનાઓનાં અભિવંદન સ્વીકારીને સર્વ માતાઓની આજ્ઞા લઇને તથા તેમની પ્રદક્ષિણા કરીને અને સર્વ પ્રકૃતિવર્ગને માન આપીને વારણાવતપ્રત્યે જવા નીકળ્યા.[૩,૪] તે વખતે મહા બુદ્ધિમાન વિદુર, બીજા કુરુકુલના ઉત્તમ પુરુષો અને નગરના લોકો શોકથી ઉદાસ થઇને પુરુષવ્યાઘ્ર પાંડવોને વળાવવા ગયા.[૫] તેમાં કેટલાક નિર્ભય બ્રાહ્મણો પાંડુપુત્રોને દુઃખી થયેલા જોઇને પોતે અત્યંત દુઃખિત થઇ કહેવા લાગ્યા કેઃ–“અત્યંત મંદ બુદ્ધિનો ધૃતરાષ્ટ્ર રાજા પાંડવો અને પોતાના પુત્રોમાં સર્વથા ભેદથી જુએ છે. એ કુરુકુલોત્પન્ન રાજા પોતાના ધર્મને પણ વિચારતો નથી.[૬] નિષ્પાપ યુધિષ્ઠિર, બલવાનમાં શ્રેષ્ઠ ભીમ અને કુંતીપુત્ર ધનંજય પાપ કરવા ઇચ્છશે નહિ;[૮] ત્યારે મહાત્મા એવા માદ્રીના પુત્રો તો પાપ કરશેજ ક્યાંથી? તેઓને પોતાના પિતાથી રાજ્ય ઉતરેલું છે તે ધૃતરાષ્ટ્રથી સહન થતું નથી! વળી પાંડવોને તે અયોગ્ય રીતે વારણાવતમાં કાઢી મૂકાવે છે. આ અત્યંત અધર્મની વાતને ભીષ્મ પણ કેમ માન્ય કરે છે?[૯,૧૦] આગળ શાંતનુના પુત્ર વિચિત્રવીર્ય રાજા તથા કુરુને આનંદ આપનારા રાજર્ષિ પાંડુ તો આપણા પિતા જેવા હતા.[૧૧] તે પુરુષોમાં વ્યાઘ્ર જેવા પાંડુ રાજા દેવલોક પામ્યા એટલે આ બાલકરાજપુત્રોને ધૃતરાષ્ટ્ર સાંખી શકતો નથી.[૧૨] આ વાત આપણને ગમતી નથી, માટે આપણે બધા ઘરબાર છોડીને જ્યાં યુધિષ્ઠિર જાય ત્યાં જઇએ.”

આ પ્રમાણે દુઃખી થઇને બોલતા નગરજનોના પ્રત્યે દુઃખથી પીડિત થયેલા ધર્મ રાજા યુધિષ્ઠિર મનથી વિચાર કરીને બોલ્યા કેઃ–[૧૪] “ધૃતરાષ્ટ્ર રાજા અમારા પિતા છે, માન આપવા યોગ્ય ગુરુ છે અને શ્રેષ્ઠ છે, એટલે તે જે કંઈ કહે તે અમારે શંકારહિત થઇને કરવું, એવો અમારો નિયમ છે.[૧૫] તમે બધા અમારા હિતેચ્છુ છો, માટે અમારી જમણી તરફ આવી શુકન કરાવીને તથા આશીર્વાદથી અભિનંદન આપીને પોતપોતાને ઘેર જાઓ[૧૬] અને જ્યારે અમારે તમારી સાથે કામ પડે ત્યારે તમે અમારું પ્રિય

તથા હિત કરજો."[17]

આ પ્રમાણે જ્યારે યુધિષ્ઠિરે નગરના લોકોને કહ્યું, ત્યારે તેઓ પ્રદક્ષિણા કરીને તથા આશીર્વાદ-થી તેમને અભિનંદન આપીને નગરપ્રત્યે ચાલ્યા ગયા.[18] પુરના બધા લોકોના જવા પછી સર્વ ધર્મને જાણનારા વિદુર, પાંડવોમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરને દુર્યોધનનું કરેલું કપટ જણાવવા માટે આ પ્રમાણે કહેવા લાગ્યા;[19] અને તે પણ બુદ્ધિમાન અને *મ્લેચ્છ ભાષાને શબ્દ તથા અર્થથી જાણનારા વિદુરે, દુર્યોધનના કપટને બિલકુલ ન જાણનારા તથા મ્લેચ્છ ભાષાને શબ્દ તથા અર્થથી જાણનારા એવા યુધિષ્ઠિરને બીજાને જેનો અર્થ ન સમજાય તેવી મ્લેચ્છ ભાષામાં કહેવા માંડયું:–[20] " જે પુરુષ ! શત્રુની કણિક-નીતિને અનુસરનારી બુદ્ધિને જાણી શકે છે તેણે તે જાણીને એવો ઉપાય કરવો કે જે રીતે શત્રુએ નિર્મેલી આપત્તિને તરી શકાય.[21] લોઢાવિનાનું તીવ્ર શસ્ત્ર પોતાનું હિંસક સ્વરૂપ ઢાંકીને હિંસા કરે છે તેને જે જાણે છે અને તેનો જે ઉપાય જાણે છે, તેને શત્રુઓ હણી શકતા નથી.[22]×

---

* આ સ્થાનમાં મૂળ શ્લોક–**प्राज्ञः प्राज्ञप्रलापज्ञः प्रलापज्ञमिदं वचः । प्राज्ञं प्राज्ञः प्रलापज्ञः प्रलापज्ञं वचोऽब्रवीत् ॥** એવો છે તેમાં **प्राज्ञप्रलापज्ञः** એવું પદ છે તેનો અર્થ–**प्र–अज्ञ.** અત્યંત અજ્ઞાની પશુના જેવા વેદવિરોધી મ્લેચ્છોનાં પ્રકૃતિ, પ્રત્યય વગેરેની યથાર્થ ઘટના-વિનાનાં, અર્થ ન સમજી શકાય એવાં એક દેશ-ભાષારૂપે વપરાતાં વચન તે **प्राज्ञप्रलाप** કે જેમાં કોઇ પદમાં વર્ણ લુપ્ત થતો હોય, કોઈમાં અધિક પણ આવતો હોય અને કોઇ પદમાં વર્ણનો વિકાર થતો હોય એવાં પદોવાળી ભાષાના **ज्ञ** જાણવાવાળા હતા. તેમાં વર્ણલોપવાળાં પદનું દૃષ્ટાંત–કાણ્વશતપથમાં ઇંદ્રે અસુરોપ્રતિ પૂછયું છે કે, "તમારા અગ્નિમાં આ મારી ચિત્રા નામની ઇષ્ટકા મૂકું ?" ત્યારે અસુરોએ કહ્યું કે, "**उपहि**" મૂક, વળી ઇંદ્રે "હું તે લઇ લઉં છું" કહ્યું ત્યારે અસુરોએ "**आहि** લઇ લે કહ્યું. એ સ્થાનોમાં '**उपधेहि तथा आदहि**" કહે-વાને બદલે વર્ણલોપથી પ્રયોગ કર્યો છે. અધિક વર્ણવાળાં પદના દૃષ્ટાંતમાં જ્યાં '**गौ**" શબ્દનો પ્રયોગ કરવો જોઇએ ત્યાં **गावि, गोणी, गोता, गोपोतलिका,** એવો પ્રયોગ કરે છે. વિકૃત વર્ણનું દૃષ્ટાંત '**तेऽसुरा हे्ऽयो हेलय इति वदंतः पराबभूवुः**' તે અસુરો **हेलयः हेलयः** એમ બોલતા પરાભવ પામ્યા. એમાં **हेऽरयः** બોલવાની જગ્યાએ **र**ના સ્થાનમાં **ल**નો પ્રયોગ વેદમાં પણ અસુરભાષાના અનુવાદમાં કર્યો છે. આવી મ્લેચ્છ ભાષા–અપશબ્દિત ભાષામાં બોલ-વાનું કારણ એ હતું કે, આ વાત યુધિષ્ઠિરવિના બીજાને જાણવા દેવી ન હતી. (લોકમાં પણ કેટલાએક, પ્રત્યેક અક્ષરની સાથે બીજો એક અક્ષર વધારીને અથવા અક્ષરોને આગળ પાછળ કરીને અથવા માત્રા અને અક્ષર બન્નેનો વિનિ-મય કરીને બોલે છે તે મ્લેચ્છ ભાષાજ સમ-જવી; કારણ કે તેથી ભાષાનું સિદ્ધ સ્વરૂપ બગડી-ને તેમાં વર્ણસંકરતા આવે છે.)

× આ શ્લોક તથા પાસેના બીજા શ્લોકનો અર્થ મૂલ સંસ્કૃત શબ્દોથી ઉપસ્થિત થતો આવ્યો છે; પણ પંડિત નીલકંઠે એમાંનાં કેટ-લાંક પદોને મ્લેચ્છ ભાષામા ગોઠવીને અર્થ આપ્યો છે. તે નીચે પ્રમાણે છે:–શત્રુએ વારણાવતમાં કરાવેલું ઘર કે જે ઘર સળગી ઉઠે એવા લાખ, રાળ વગેરેના સમૂહથી યુક્ત છે અને તે પદાર્થો ગુપ્ત રીતે ભીંત વગેરેમાં ગોઠવેલા છે; અર્થાત્ બહાર જણાય તેમ નથી. આવા રાત્રિની વખતે હિંસા કરનાર મહેલને જાણીને તેના પ્રતીકારને જે જાણે છે તેને શત્રુઓ હણી શકતા નથી. (કોણ એવું સાહસ કરનારો અમને તે ઘરમાં રહેતાં બાળી મૂકવા યત્ન કરશે ? આવી શંકાનું સમાધાન કરે છે) આ તમારી જોડે આવનારો (પુ-રોચન)જ તમને અગ્નિથી બાળવા આવે છે. (જ્યારે એમ છે તો એનેજ મારી નાખવો અથવા વારણાવત જવું પણ તે ઘરમાં ન રહેવું અથવા વારણાવતમાં ન જતાં પાછું હસ્તિનાપુર-માંજ આવવું થાય તો કેમ ? આ શંકાનું સમા-ધાન કરે છે) શત્રુ હોય ત્યાં એ ત્રણે કરી શકાય એમ નથી અર્થાત્ જેનું કપટ ઉઘાડું પડી ગયેલું એવો બલવાન શત્રુ પછીથી પ્રત્યક્ષ પ્રહાર કરે છે. (ત્યારે શો ઉપાય કરવો ?) સુરંગમાં પેસતાં તમને પુરોચન બાળી શકશે નહિ અર્થાત્ તે ઘરમાંજ સુરંગ તૈયાર કરવી. આ રીતે જે પોતાનું રક્ષણ કરે છે તે જીવે છે; માટે તમારે

વળી મોટાં બીડમાં પણ દર કરીને રહેનારને ઘાસ તથા વેલા બાળનારો અગ્નિ અને ઝાકળ ઉડાવનારો સૂર્ય બાળી શકતો નથી; એમ જાણીને જે પોતાનું રક્ષણ કરે છે તે જીવી શકે છે.[૨૩] વિવેકચક્ષુવિનાના પુરુષને રસ્તો જડતો નથી તથા દિશાઓનું પણ જ્ઞાન થતું નથી અને ધૈર્ય-વિના ચઢતી થતી નથી; માટે મારૂં કહેલું લક્ષમાં રાખીને વિવેક તથા ધૈર્યનો આશ્રય કર.[૨૪] વળી શત્રુએ આપેલાં લોઢાવિનાનાં શસ્ત્રને (સળગી ઉઠે એવા પદાર્થોવાળા ઘરને) જો પુરુષ સ્વીકારે તો તેને શાહુડીના બે મુખવાળા દર જેવું કરવા વડે અગ્નિથી નાસી છૂટવું; અર્થાત્ જમીનમાં ખોદેલી સુરંગમાં પેસી બીજે રસ્તે તેમાંથી બહાર નીકળતાં તમારૂં અંદરના અગ્નિથી મરણ થશે નહિ.[૨૫] વળી જે ફરે છે તે રસ્તાઓ જાણી શકે છે અને ભૂલા પડતાં નક્ષત્રોથી દિશાઓ જણાય છે. જે મનુષ્ય પોતાની પાંચ ઇંદ્રિયોને વશ રાખે છે અર્થાત્ પડતાં કષ્ટોને સહન કરે છે તેને પશ્ચાત્તાપ થતો નથી."[૨૬]

વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા વિદુરે આ પ્રમાણે કહ્યું, ત્યારે પાંડુપુત્ર ધર્મરાજ યુધિષ્ઠિરે તેમને કહ્યું કે, 'હું સમજ્યો છું."[૨૭] આ રીતે શિખામણ આપ્યા પછી થોડેક સુધી પાંડવોની પાછળ જઇને તેમને પ્રદક્ષિણા કરીને તથા આજ્ઞા આપીને વિદુરજી પોતાને ઘેર ગયા.[૨૮] જ્યારે ભીષ્મ, નગરના જનો અને વિદુર પણ ગયા, ત્યારે યુધિષ્ઠિરની પાસે આવી કુંતી આ પ્રમાણે કહેવા લાગ્યાં:-[૨૯] "હે યુધિષ્ઠિર ! બીજા લોકોને ન સમજાય એવાં વિદુરે જે વાક્યો કહ્યાં અને તેં તેમને 'હું સમજ્યો', એમ કહ્યું તેમાં અમે કંઇ સમજ્યાં નથી;[૩૦] માટે જો તે અમને જાણવા જેવું હોય અને તેમાં કંઇ અડચણ ન હોય તો તારી અને તેમની વચ્ચે થયેલી સઘળી વાત હું સાંભળવા ઇચ્છું છું."[૩૧]

યુધિષ્ઠિર બોલ્યાઃ- "હે માતા ! મને ધર્મબુદ્ધિવાળા વિદુરે કહ્યું કે:-'જે ઘરમાં તમારે રહેવાનું છે તે ઘર સળગી ઉઠે તેવું છે. વળી તમને કોઇ માર્ગ પણ અજ્ઞાત રહેશે નહિ અને ઇંદ્રિયોને વશ રાખવાથી તું પાછો પૃથ્વીપતિ થઇશ.' મને આ પ્રમાણે વિદુરે કહ્યું, એટલે મેં તેમને હું સઘળું સમજ્યો છું, એમ પ્રત્યુત્તર આપ્યો હતો."[૩૩]

વૈશંપાયન કહે છે:-આ રીતે ફાગણ માસની આઠમને દિવસે રોહિણી નક્ષત્રમાં પાંડવો નીકળ્યા અને તેમણે વારણાવત નગરમાં જઇને ત્યાંના લોકોને જોયા.[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વમાં વારણાવતગમન નામનો અધ્યાય ૧૪૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૬ મો-લાક્ષાગૃહમાં પાંડવોનો નિવાસ અને તે સંબંધમાં યુધિષ્ઠિર તથા ભીમનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥
ततः सर्वाः प्रकृतयो नगराद्वारणावतात् ॥
सर्वमंगलसंयुक्ता यथाशास्त्रमतंद्रिताः ॥१॥

પણ આ સઘળું જાણીને ઉપાયવડે આત્મરક્ષણ કરવું. (સુરંગમાં પેઠેલા એવા અમો સુરંગના મોં ઉપર રહેલા અગ્નિના તાપથી નાશ નહિ પામીએ? આ શંકાનું સમાધાન હવેના બે શ્લોકથી કરે છે.)

વૈશંપાયન કહે છે:-તે પછી વારણાવતના હજારો લોકો પાંડુપુત્રો આવ્યા છે એમ સાંભળી, શાસ્ત્રોક્ત સર્વ પ્રકારના મંગલ પદાર્થો લઇને, અનેક વાહનોમાં બેસી પરમ હર્ષથી પુરુષોમાં શ્રેષ્ઠ એવા પાંડવોની સામા આવ્યા.[૧,૨] પછી તે વારણાવતના જનો કુંતીના પુત્રોને મળીને તથા જય શબ્દપૂર્વક આશિષ આપીને પાંડવોની આસપાસ ઉભા રહ્યા.[૩] તે વખતે તે લોકોથી વીંટાયલા

પુરુષવ્યાઘ્ર ધર્મરાજા, જેમ દેવોથી વીંટાયલા ઇંદ્ર શોભે તેમ શોભવા લાગ્યા.[૪] હે શુદ્ધ! પછી નગરના લોકોએ જેમનો સત્કાર કરેલો એવા પાંડવો તેમનો સામો સત્કાર કરીને શણગારેલા તથા મનુષ્યોની ભીડવાળા વારણાવત નગરમાં પેઠા.[૫] હે મહીપાલ! નગરીમાં પેઠા પછી તે વીરો પોતાનાં ષટ્કર્મમાં પ્રીતિવાળા એવા બ્રાહ્મણોને ઘેર પ્રથમ ગયા.[૬] તે નરશ્રેષ્ઠો નગરના અધિકારીઓને ઘેર, રથીઓને ત્યાં તથા વૈશ્ય અને શૂદ્રોને ત્યાં પણ ગયા.[૭] હે ભરતશ્રેષ્ઠ! ત્યાં નગરના લોકોએ પાંડવોનો આદરસત્કાર કર્યો. પછી પુરોચનને આગળ કરીને પાંડવો નિવાસસ્થાનમાં ગયા.[૮] ત્યાં પુરોચને પાંડવોને ખાવાપીવાના પદાર્થો, સુંદર શય્યાઓ અને ઉત્તમ આસનો આપ્યાં.[૯] આ પ્રમાણે પુરોચનથી સત્કાર પામીને કિંમતી સાહિત્યો ભોગવતા એવા પાંડવો નગરનિવાસી પુરુષોથી સેવન કરાતા ત્યાં રહ્યા.[૧૦] પાંડવો ત્યાં દશ રાત્રિ રહ્યા એટલે પુરોચને તેમને કહ્યું કેઃ–"તમારે માટે આ 'શિવ' નામનું ઘર તૈયાર કર્યું છે." ખરૂં જોતાં તે અશિવ–અકલ્યાણકર લાક્ષાગૃહ હતું.[૧૧] પુરુષમાં વ્યાઘ્ર જેવા પાંડવો પુરોચનના કહેવાથી, ગુહ્યકો જેમ કૈલાસમાં પ્રવેશ કરે તેમ, તે ઘરમાં પોતાનાં સાહિત્ય સાથે પેઠા.[૧૨] પછી સર્વ ધર્મધારીમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરે તે ઘર જોઇને ભીમસેનને કહ્યું કેઃ–'આ ઘર સળગી ઉઠે એવું છે'[૧૩] યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે શત્રુને તાપ આપનારા! આ ઘરને સુંઘવાથી ઘી તથા લાખવડે મિશ્ર ચરબીનો ગંધ આવે છે. એ ઉપરથી જણાય છે કે, આ ઘર જરૂર અગ્નિ ઉત્પન્ન થાય તેવું બનાવેલું છે.[૧૪] શણ, રાળ, મુંજ, બલ્વજ ઘાસ અને વાંસ વગેરે પદાર્થોને ઘર બાંધવા માટે લાવી તેને ઘીમાં બોળીને વિશ્વાસુ અને ઘર બાંધવામાં કુશલ એવા કારીગરો પાસે આ ઘર ખુબીથી બંધાવ્યું છે. એમાં દુર્યોધનની શિખવણી પ્રમાણે વર્તનારો આ પાપી પુરોચન મને વિશ્વાસમાં રાખીને બાળવાની ઇચ્છા રાખે છે અને એ મૂર્ખ તેવો પ્રયત્ન પણ કરી રહ્યો છે. આ આપત્તિને મહાબુદ્ધિમાન વિદુરે જાણી લીધી હતી અને હે પાર્થ! તેથી તેમણે મને પ્રથમથી આ સંબંધમાં ચેતાવ્યો હતો. દુર્યોધનને વશ રહેનારા દુષ્ટ તથા ગુપ્ત સેવકોએ આ સળગી ઉઠે એવું ઘર કર્યું છે; એ વાત બુદ્ધિમંત એવા આપણને, આપણું નિત્ય હિત ઇચ્છનારા આપણા નાના કાકા વિદુરે સ્નેહવડે સમજાવી છે."[૧૫–૧૯]

ભીમસેન કહે છેઃ–"જો આ ઘર સળગી ઉઠે એવું કરેલું છે એમ તમે માનતા હો તો આપણે જ્યાં પ્રથમ રહેતા હતા ત્યાંજ પાછા સુખથી જઈ રહીએ."[૨૦]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"આપણે અહીંઆંજ આપણો અભિપ્રાય ગુપ્ત રાખીને તથા સાવધાન થઇને રહેવું જોઇએ, એમ હું માનું છું. વળી અહીંથી નાસી જવા માટે ઉપદ્રવવિનાનો નિશ્ચિત માર્ગ પ્રમાદરહિત થઇને ખોળી કાઢવા યત્ન કરવો;[૨૧] કારણકે જો આપણે એની યુક્તિ જાણી ગયા છીએ એમ આપણી હિલચાલ ઉપરથી પુરોચનના જાણવામાં આવે તો તે ઉતાવળ કરીને બલાત્કારથી પણ આપણને બાળી મૂકે.[૨૨] એ પુરોચનને લોકની નિંદા અથવા અધર્મનો ભય નથી, એટલે દુર્યોધનને વશ રહીને તે જેમ કહે છે તેમ એ મૂર્ખ વર્તે છે.[૨૩] વળી આપણને અહીં બાળી મૂકે તે પછી પિતામહ ભીષ્મ શામાટે કોપ કરે અને કૌરવોને પણ શામાટે કુપિત કરે?[૨૪] અથવા આપણને અહીં બાળી મૂકયા પછી આપણા પિતામહ ભીષ્મ તથા બીજા કુરુકુલના મુખ્ય પુરુષો પોતાનો ધર્મ સમજીને ક્રોધ કરે તોપણ તેથી શો લાભ?[૨૫] વળી આપણે અહીં બળવાની બીકથી નાસી જઇએ તો રાજ્યનો લોભી દુર્યોધન ગુપ્ત જાસુસોથી આપણને સર્વને મારી નખાવશે.[૨૬] રાજ્યસ્થાનવિનાના, પક્ષવિનાના અને ભંડારવિનાના આપણને, રાજ્યના અધિકારપર રહેલો, પક્ષવાળો અને મહાન ભંડારવાળો દુર્યોધન ગમે તે ઉપાયોવડે અવશ્ય મારી નખાવે, એ નિઃસંશય વાત છે;[૨૭] માટે આપણે તો આ પાપી પુરોચન અને તે પાપી દુર્યોધનને છેતરવા માટે જૂદાં જૂદાં સ્થાનોમાં ગુપ્ત થઇને રહેવું જોઇશે.[૨૮] હાલ તો

આપણે શિકારના બહાનાથી આ પૃથ્વીમાં ફરીશું અને તેમ કરવાથી આપણને નાસવાને સારૂ અનેક માર્ગો જડી આવશે.૨૯ વળી આપણે કોઈ જાણે નહિ તેમ ગુપ્ત સ્થાનમાં આજેજ સુરંગ ખોદીએ અને એ આપણું કાર્ય કોઇને ખબર પડવા નહિ દઇએ તો તે દ્વારા નાસવાથી આપણને અગ્નિ બાળી શકશે નહિ.૩૦ તેમજ અહીં આપણે એવી રીતે સાવધાન થઈને રહેવું કે, પુરોચન અથવા નગરના લોકો આપણું કર્તવ્ય સમજી શકે નહિ."૩૧

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વવિષે યુધિષ્ઠિરભીમસેનસંવાદ નામનો અધ્યાય ૧૪૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૭ મો–લાક્ષાગૃહમાં સુરંગ ખોદાવી.

॥ वैशंपायन उवाच ॥

विदुरस्य सुहृत् कश्चित् खनकः कुशलो नरः॥
विविक्ते पांडवान्राजन्निदं वचनमब्रवीत् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્! તે પછી ખોદવાના કામમાં કુશલ એવો, વિદુરનો કોઇ એક સ્નેહી એકાંતમાં પાંડવોને મળીને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–૧ "મને વિદુરે 'તારે પાંડવોનું પ્રિય કરવું' એમ કહીને અહીં મોકલ્યો છે. હું ખોદવાના કામમાં કુશલ છું; માટે કહો, હું તમારૂં શું કામ કરૂં?૨ વિદુરે મારાપર વિશ્વાસ લાવીને મને એકાંતમાં કહ્યું છે કે, 'તારે પાંડવોનું ભલું કરવું' તો હું તમારૂં શું કાર્ય કરૂં તે મને કહો.૩ પુરોચન આ કૃષ્ણપક્ષની ચતુર્દશીએ રાત્રિના તમારા ભવનના દરવાજાપર અગ્નિ મૂકશે;૪ કારણ કે દુર્બુદ્ધિવાળા દુર્યોધને, પુરુષશ્રેષ્ઠ પાંડવોને માતાની સાથે બાળી મૂકવા એવો નિશ્ચય કર્યો છે.૫ હે પાંડવ! તમને મારાપર વિશ્વાસ આવવા માટે હું કહું છું કે વિદુરે તમને મ્લેચ્છ ભાષામાં કંઇ કહ્યું હતું અને તમે હું સમજ્યો છું એવો પ્રત્યુત્તર આપ્યો હતો."૬

આ સાંભળીને સત્ય ધૈર્યવાળા કુંતીપુત્ર યુધિષ્ઠિરે કહ્યું કેઃ–" હે સૌમ્ય! તમે વિદુરના પરમ આપ્ત અને નિત્ય દૃઢ ભક્તિવાળા પ્રિય સ્નેહી છો, એમ હું તમને ઓળખું છું. વળી સર્વજ્ઞ એવા વિદુરથી કંઈ પ્રયોજન છાનું રહેતું નથી. ૭,૮ જેવા તમે વિદુરના આપ્ત છો તેવાજ અમારા પણ છો. અમે બધા તમારામાં અને વિદુરમાં અંતર રાખતા નથી; માટે તેમણે અમારૂં જેમ પાલન કરવાનું છે તેમજ તમે પણ અમારૂં પાલન કરો.૯ આ સળગી ઉઠે એવું ઘર દુર્યોધનની આજ્ઞાથી પુરોચને મારે માટે તૈયાર કર્યું છે,એમ મારૂં માનવું છે.૧૦ પાપી અને દુષ્ટબુદ્ધિવાળો દુર્યોધન ધનવાન તથા સહાયવાળો છે અને તે પાપાત્મા અમને નિત્યદા દુઃખ આપે છે. ૧૧ અમને અહીંઆં બાળી મૂકવાથી દુર્યોધનની બધી ધારણાઓ સફલ થશે; માટે તમે પ્રયત્ન કરીને આ અગ્નિથી અમને બચાવો. ૧૨ તે દુરાત્માએ અમારા વિનાશને માટે બહાર નીકળી શકાય નહિ એવા બીજા દ્વારવિનાના મોટા કિલ્લાનો આશ્રય કરીને આ મોટી આયુધશાલા નિર્મી છે.૧૩ આ તેનું કરવા ધારેલું કાર્ય ખરેખર અશુભ છે. તેને પ્રથમથીજ વિદુર જાણી શકયા હતા અને તેથીજ તેમણે અમને ચેતાવ્યા હતા. ૧૪ જે આપત્તિ પ્રથમથી વિદુરે જોઈ હતી તેજ આપત્તિ અમને પ્રાપ્ત થઇ છે; માટે પુરોચનને ખબર પડે નહિ તેમ અમને તમે અહીંથી મુક્ત કરો." ૧૫

'પછી હું તેમ કરૂં છું,' એમ કહીને તે સુરંગ ખોદનારાએ યત્નપૂર્વક મોટી સુરંગ ખોદવા માંડી અને 'કિલ્લા બહારની ખાઇ ખોદીને 'હું ઠીક કરૂં છું' એમ બીજાને જણાવી ખોદતાં નીકળતી માટીને તે બહાર કાઢી નાખતો હતો. ૧૬ આ મોટી સુરંગનું મોં એ ઘરના મધ્યભાગમાં

કોઇના જાણવામાં આવે નહિ તેમ ભૂમિથી બરાબર રાખ્યું હતું અને હે ભારત! તેનાપર ઢાંકણું કરી રાખ્યું હતું. તે દ્વાર પુરોચનના ભયથી બંધ કરવામાં આવ્યું હતું; કારણકે અશુભ બુદ્ધિવાળો પુરોચન નિરંતર તે લાક્ષાભવનના દરવાજા આગળજ રહેતો હતો. હે નૃપ! પાંડવો પણ દિવસે વનોમાં મૃગયા કરવા ફરતા હતા અને રાતે હથિયારબંધ થઈને તે ભવનમાં રહેતા હતા. હે રાજન્! આ પ્રમાણે પુરોચનને છેતરવા મનમાં અવિશ્વાસ રાખીને બહારથી વિશ્વાસુની પેઠે જણાતા તથા મનમાં અસંતુષ્ટ પણ બહારથી સંતુષ્ટ હોય તેમ દેખાતા પાંડવો પરમ વિસ્મયયુક્ત થઇને ત્યાં રહેતા હતા. ૧૮,૧૯ પાંડવોની આ યુક્તિને માત્ર સુરંગ ખોદવામાં કુશલ એવા વિદુરના તે અમાત્યસિવાય બીજા નગરવાસી લોકો સમજી શકયા ન હતા.[૨૦]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
જતુગૃહપર્વવિષે જતુગૃહવાસ નામનો
અધ્યાય ૧૪૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૮ મો–લાક્ષાગૃહનો દાહ અને પાંડવોનું ત્યાંથી નાસી છૂટવું.

॥ वैशंपायन उवाच ॥

तांस्तु दृष्ट्वा सुमनसः परिसंवत्सरोषितान् ॥
विश्वस्तानिव संलक्ष्य हर्षं चक्रे पुरोचनः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે પ્રસન્ન મનવાળા પાંડવોને વર્ષ ઉપરાંત ત્યાં રહેલા જોઈને તથા વિશ્વાસ પામેલા હોય તેવા જાણીને પુરોચનને હર્ષ ઉત્પન્ન થયો.[૧] આમ પુરોચનને હર્ષિત થયેલો જોઈને કુંતીપુત્ર ધર્મવેત્તા યુધિષ્ઠિર ભીમસેનને, અર્જુનને તથા બન્ને માદ્રીપુત્રોને કહેવા લાગ્યા કેઃ–[૨] "આ પાપી પુરોચન એમ જાણે છે કે, આપણે એનાપર વિશ્વાસ રાખીએ છીએ; પરંતુ ખરેજ એ પાપાત્મા ઠગાયો છે; માટે હવે આપણે અહીંથી નાસી છૂટવાનો સમય આવ્યો છે એમ હું ધારૂં છું;[૩] તેથી આ આયુધશાલાને સળગાવીને તેમાં પુરોચનને બાળી દઇ તથા બીજા છ મનુષ્યોને મહીં મૂકી કોઇને ખબર પડે નહિ તેમ આપણે અહીંથી નાસી જવું.[૪] પછી એક રાતે કુંતીએ દાન આપવાને નિમિત્તે બ્રાહ્મણભોજન કરાવ્યું, જેમાં કેટલીક સ્ત્રીઓ પણ આવી હતી.[૫] હે ભારત! તે સઘળી સ્ત્રીઓ યથેષ્ટ ભોજન તથા પાન કરીને અને ઇચ્છા પ્રમાણે વિહાર કરીને કુંતીની રજા લઇ રાતેજ પોતાને ઘેર ચાલી ગઇ. દૈવેચ્છાથી તે ભોજન વખતે એક ભિલડી પાંચ પુત્રોની સાથે ભોજનની ઇચ્છાથી કાલવડે પ્રેરાયલી ત્યાં આવી પહોંચી.[૬,૭] હે રાજન્! તે સ્ત્રી પુત્રોની સાથે મદિરાપાન કરીને મદઘેલી થઇ ગઇ અને ભાન જતું રહેવાથી મડદા જેવી થઇને છોકરાઓની સાથે તેજ ભવનમાં સૂઇ રહી. પછી પુષ્કળ પવન વાવા લાગ્યો અને મનુષ્યો સૂઇ ગયાં, તે વખતે રાતે ભીમસેને જ્યાં પુરોચન સૂતો હતો ત્યાં આગળથી લાક્ષાભવનને સળગાવ્યું, તે પછી ભવનનો દરવાજો સળગાવ્યો[૮–૧૦] અને પછીથી તે ભવનને ફરતો અગ્નિ મૂકી દીધો. જ્યારે તે ઘર સારી પેઠે સળગ્યું છે એમ જાણ્યું, ત્યારે અરિને દમન કરનારા પાંડવો પોતાની માતાને લઇને તરત તે સુરંગમાં ઉતરી ગયા.

તે પછી અગ્નિના મોટા ભડકા તથા કડાકા ભડાકા થવા લાગ્યા, એટલે તેનાથી સૂતેલાં મનુષ્યો જાગી ઉઠયાં અને ઘરને સળગી ઉઠેલું જોઇ, નગરના સર્વ લોકોનાં મોં ઉતરી ગયાં તથા તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧૧,૧૩] નગરના લોકો બોલ્યાઃ– "દુર્યોધનની પ્રેરણાથી દુષ્ટબુદ્ધિવાળા પાપી પુરોચને પોતાના વિનાશને માટે આ ઘર કરાવ્યું અને તેને બાળી મૂકયું.[૧૪] અહો! ધિક્કાર છે ધૃતરાષ્ટ્રની બુદ્ધિને કે જે પાંડવોમાં અને પોતાના

પુત્રોમાં વિષમ ભાવ રાખે છે.તેણેજ પવિત્ર પાંડવો-ને શત્રુની પેઠે બાળી મૂકાવ્યા. [૧૫] વળી જેણે અપરાધવિનાના અને સંપૂર્ણ વિશ્વાસથી રહેલા નરશ્રેષ્ઠ પાંડવોને બાળી મૂક્યા, તે દુર્બુદ્ધિ અને પાપહૃદયવાળો પુરોચન પણ આ અગ્નિમાં બળી ગયો, એ બહુ સારૂં થયું છે." [૧૬]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે તે વારણા-વતના લોકો સઘળા રડવા લાગ્યા અને તે ઘરને ચોમેરથી વીંટીને રાત્રિભર ત્યાંજ ઉભા રહ્યા. [૧૭] પછી દુઃખી થયેલા પાંડવો પણ માતાને સાથે લઇને તે સુરંગવાટે નીકળી કોઇને ખબર પડે નહિ તેમ જલદી આગળ જવા લાગ્યા; [૧૮] પણ ઉજાગરો અને ભય, આ બે કારણથી શત્રુને તાપ આપનારા પાંડવો માતાસાથે ઉતાવળા ચાલી શક્યા નહિ. [૧૯] તે વખતે હે રાજેંદ્ર! ભયંકર વેગ તથા પરાક્રમવાળો ભીમસેન તે સઘળા ભાઇઓને તથા માતાને ઉપાડીને ચાલતો થયો. [૨૦] મહાબલવાન તથા પ્રતાપી ભીમસેને પોતાની માને ખભે બેસાડી સહદેવ તથા નકુલને કેડે લીધા અને યુધિષ્ઠિર તથા અર્જુનને બે હાથપર બેસાડી લીધા. [૨૧] પછી છાતીવડે ઝાડોને ભાગી નાખતો તથા પગના પ્રહારથી પૃથ્વીને વિદારતો તે વાયુના જેવા વેગવાળો તેજસ્વી ભીમસેન ઉતાવળથી આગળ ચાલવા લાગ્યો. [૨૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વવિષે જતુગૃહદાહ નામનો અધ્યાય ૧૪૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૪૯ મો—પાંડવો ગંગા ઉતરી આગળ ચાલ્યા.

॥ वैशंपायन उवाच ॥

एतस्मिन्नेव काले तु यथा संप्रत्ययं कविः॥
विदुरः प्रेषयामास तद्वनं पुरुषं शुचिम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ—એ વખતેજ સંકેત-પ્રમાણે વિદ્વાન વિદુરે શુદ્ધ મનવાળા નાવ ચલાવ-નારા પુરુષને તે વનમાં મોકલ્યો. [૧] હે કૌરવ્ય! તે પુરુષ કહેલે ઠેકાણે આવ્યો ત્યારે તેણે વનમાં નદીનાં પાણીનું માપ કાઢતા પાંડવોને તેમની માતા સાથે દીઠા. [૨] પાપ ચિત્તવાળો પુરો-ચન શું કરે છે, તેની ખબર ગુપ્ત દૂતથી મહા બુદ્ધિવાળા મહાત્મા વિદુરને જણાઈ હતી[૩] અને તેથીજ વિદ્વાન વિદુરે ત્યાં આ પુરુષને મોકલ્યો હતો. તેણે આવીને મન અને વાયુના જેવા વેગથી ચાલનારા યંત્ર અને સઢવાળી તથા સર્વ પ્રકારના પવનને સહન કરે એવી હોડી પાંડવોને દેખાડી.તે હોડી વિશ્વાસુ મનુ-ષ્યોએ ભાગીરથીના તીરપર તૈયાર કરી હતી. [૪,૫] તે નાવ દેખાડીને ફરી તે પુરુષ પાંડવોને વિશ્વાસ થવા માટે પ્રથમ વિદુરે કહેલાં વચન નિશાનીમાં કહેવા લાગ્યો. "હે યુધિષ્ઠિર! તમને વિશ્વાસ આવવા માટે વિદુરનાં આ વચન હું કહું છું તેને તમે સાંભળો. [૬] 'ઘાસને તથા વેલાને બાળનારો અને ઝાકળને ઉડાવનારો, મોટાં બીડમાં દર કરીને રહેનારાને બાળી શકતો નથી, એમ જાણીને જે પોતાનું રક્ષણ કરે છે તે જીવી શકે છે.' આ સંકેતથી હું વિદુરનો વિશ્વાસપાત્ર છું, એમ તમે જાણી શકશો. તે વિદુરેજ મને અહીં મોકલ્યો છે. વળી સર્વ અર્થને જાણનારા વિદુરે ફરી મારી સાથે કહેવરાવ્યું છે કે, [૭,૮] હે કુંતીપુત્ર! તમે દુર્યોધનને, તેના ભાઇઓને, કર્ણ-ને તથા શકુનિને યુદ્ધમાં જીતશો એમાં સંશય નથી. [૯] આ પાણીમાં સુખથી જનારી જલમાર્ગમાં મૂકેલી હોડી તમને સર્વને નિઃસંશય આ દેશ-માંથી અન્ય દેશમાં લઇ જશે." [૧૦]

આટલું કહીને પછી માતાએ સહિત પાંડવો-ને વ્યથા પામતા જોઇને તે પુરુષે ગંગામાં જે નાવ હતી તેમાં તેમને બેસાડ્યા અને નાવ ચલા-વતાં પાંડવોને ફરીથી તે કહેવા લાગ્યો કેઃ—[૧૧] "વિદુરે તમારાં મસ્તક સુંઘીને તથા ભેટીને

વારંવાર કહેવરાવ્યું છે કે, તમે સાવધ થઈને વિકટ માર્ગ પસાર કરજો."[૧૨] હે રાજેંદ્ર! વિદુરનો મોકલેલો તે પુરુષ આ પ્રમાણે કહીને પુરુષોમાં શ્રેષ્ઠ એવા તે વીર પાંડવોને નાવવડે ગંગાપાર લઈ જવા લાગ્યો.[૧૩] પછી ગંગા ઉતારીને તે પુરુષ સામે પાર પહોંચેલા સઘળા પાંડવોને જયસૂચક આશીર્વાદ આપી જ્યાંથી આવ્યો હતો ત્યાં ચાલ્યો ગયો.[૧૪] મહાત્મા પાંડવો પણ તેની સાથે વિદુરને સંદેશો કહાવી ગંગામાંથી બહાર નીકળ્યા અને કોઇને ખબર પડે નહિ તેમ ગુપ્ત રીતે તત્કાળ આગળ ચાલવા લાગ્યા.[૧૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વવિષે ગંગોત્તરણ નામનો અધ્યાય ૧૪૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૦ મો-પાંડવોનો વનમાં પ્રવેશ

॥ वैशंपायन उवाच ॥

अथ रात्र्यां व्यतीतायामशेषो नागरो जनः।
तत्राजगाम त्वरितो दिदृक्षुः पांडुनंदनान्॥१॥

વૈશંપાયને કહ્યું:-રાત્રિ ગયા પછી નગરના સમસ્ત લોકો પાંડવોને જોવામાટે ઉતાવળથી ત્યાં આવ્યા;[૧] અને તે લોકોએ અગ્નિ હોલવતાં તે લાક્ષાગૃહ બળી ગયેલું જોયું તથા તેમાં દુર્યોધનના અમાત્ય પુરોચનને પણ બળેલો જોયો.[૨] એટલે તેઓ શોકથી કહેવા લાગ્યા કે:-"જરૂર પાપકર્મ કરનારા દુર્યોધને આ લાખનું ઘર પાંડવોને બાળવામાટેજ કરાવ્યું હતું.[૩] આ વાત જરૂર ધૃતરાષ્ટ્ર જાણતો હોવો જોઇએ; તેમ છતાં દુર્યોધને પાંડવોને બાળ્યા તોપણ તેણે તેને અટકાવ્યો નહિ.[૪] વળી ભીષ્મ, દ્રોણ, વિદુર, કૃપાચાર્ય અને બીજા કૌરવો પણ આ સંબંધમાં ધર્મ પ્રમાણે વર્તતા નથી, એમ નિશ્ચય થાય છે.[૫] આપણે હવે દુરાત્મા ધૃતરાષ્ટ્રની પાસે દૂત મોકલીને કહાવીએ કે, પાંડવોને તેં બાળી મૂકયા એટલે હવે તારો મહાન મનોરથ પૂર્ણ થયો છે!"

પછી તે લોકોએ પાંડવોને શોધવા અગ્નિને હોલવતાં પાંચ પુત્ર સાથે ભિલડીને વિનાઅપરાધે બળી ગયેલી જોઈ. (એટલે કુંતીસાથે પાંડવો બળી ગયા છે એવી તેમને ખાત્રી થઈ.) તે વખતે વિદુરના મોકલેલા પેલા સુરંગ ખોદનારા પુરુષે બીજાની સાથે શોધના નિમિત્તથી સુરંગનું દ્વાર ધૂળથી બંધ કરી દીધું; એટલે તે દ્વાર બીજા પુરુષોને જણાયું નહિ. પછી તે નગરના લોકોએ ધૃતરાષ્ટ્રને, અમાત્ય પુરોચન તથા પાંડવો અગ્નિથી બળી ગયા છે, એવી ખબર કહાવી. તે વખતે ધૃતરાષ્ટ્ર રાજા પાંડવોના વિનાશની મહાન અપ્રિય વાત સાંભળીને દુ:ખી થઇ રડવા લાગ્યો અને બોલ્યો:-[૭-૧૦]"વીર પાંડવો પોતાની માતા સાથે બળી જતાં ખરી રીતે આજેજ મારો મહાયશસ્વી ભાઇ પાંડુરાજા મરણ પામ્યો હોય, એમ મને લાગે છે.[૧૧] હે પુરુષો! તમે તુરત વારણાવત નગરમાં જાઓ અને તે વીર પાંડવો તથા કુંતિરાજની પુત્રીનાં અસ્થિને સંસ્કાર કરાવો;[૧૨] તથા જ્યાં અસ્થિસંસ્કાર કરો ત્યાં મોટા અને સુંદર દેરાંવાળા ચોતરા કરાવો. વળી બીજા જે ત્યાં બળીને મરણ પામ્યા હોય તેઓનાં સગાંસંબંધીઓ પણ તેમના સંસ્કાર કરવા ત્યાં જાઓ. [૧૩]આવી સ્થિતિ પ્રાપ્ત થતાં પાંડવો અને કુંતીનું મારાથી જે કંઇ હિત કરાય એમ હોય તે સઘળું જોઇએ તેટલું ધન ખર્ચીને કરો."[૧૪]

આ પ્રમાણે કહીને પછી અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રે પોતાના કુટુંબીઓની સાથે પાંડવોની જલક્રિયા કરી[૧૫] અને બધા એકઠા મળીને અત્યંત શોકપરાયણ થઇ રડવા લાગ્યા. તેમાં કોઇ હા કૌરવ્ય યુધિષ્ઠિર! હા ભીમ! એમ કહીને, તો કોઇ હા ફાલ્ગુન! કહીને રડતા હતા. વળી કેટલાએક હા નકુળ! હા સહદેવ! કહીને તથા

કુંતીનું નામ લઇને રડતા હતા. આ રીતે દુઃખી થઈ તે લોકોએ જલાંજલિ આપી.[૧૬,૧૭] આ પ્રમાણે નગરના બીજા લોકો પણ પાંડવોનો શોક કરવા લાગ્યા. તેમાં વિદુર ખરું તત્ત્વ જાણતા હોવાથી ઘણું ઓછું રડતા હતા.[૧૮]

હવે મહાબળવાન પાંચ પાંડવો અને છઠ્ઠાં તેમનાં માતા કુંતી પણ વારણાવત નગરથી નીકળી ગંગા નદીપર આવી પહોંચ્યાં[૧૯] અને ગંગાનદીના પ્રવાહના વેગથી તથા ખલાસીઓના હાથની ઝડપથી તેમજ અનુકૂળ પવનથી તેઓ નાવવડે ઝટ બીજે પાર જઇ શક્યાં.[૨૦] પછી તે નાવને ત્યાંજ છોડી દઇને, રાત્રે નક્ષત્રોથી રસ્તો ખોળતા તેઓ દક્ષિણદિશામાં જવા લાગ્યા.[૨૧] હે રાજન્ ! આ પ્રમાણે યત્ન કરતા તેઓ ગાઢા જંગલમાં આવી પહોંચ્યા. આ વખતે પાંડવો થાકી ગયા હતા, તરસથી પીડાતા હતા તથા ઉંઘથી આંધળા જેવા થઇ ગયા હતા;[૨૨] એટલે મહાવીર્યવાળા ભીમસેનને તેઓ ફરીથી આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–"હે ભીમ ! આથી બીજું શું અધિક કષ્ટ કહેવાય ? આ ગહન વનમાં આપણે દિશા જાણતા નથી તથા આગળ જઈ શકતા નથી.[૨૩] વળી તે પાપી પુરોચન બળી ગયો કે કેમ ? તે પણ આપણે જાણતા નથી. હવે કોઇ જાણે નહિ તેમ આપણે શી રીતે આ ભયથી છુટી શકીએ ?[૨૪] હે ભારત! ફરીથી તું અમને ઉપાડી-ને પૂર્વની પેઠેજ ચાલ; કારણ કે અમારામાં તુંજ એકલો વાયુના જેવો બળવાન છે."[૨૫]

આ પ્રમાણે જ્યારે ધર્મરાજે કહ્યું, ત્યારે મહા-બળવાન ભીમસેન કુંતીને તથા ભાઇઓને ઉપાડી લઇને ઝપાટાથી આગળ ચાલવા લાગ્યો.[૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વવિષે પાંડવવનપ્રદેશ નામનો અધ્યાય ૧૫૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૧ મો–હિડિંબ વનમાં ભીમસેન પાણી લઇ આવ્યો.

॥ वैशंपायन उवाच ॥

तेन विक्रममाणेन उरूवेगसमीरितम् ॥

वनं सवृक्षविटपं व्याघूर्णितमिवाभवत् ॥१॥

વૈશંપાયને કહ્યુંઃ–પછી માતા તથા ભાઇ-ઓને લઇને ઝડપથી ચાલતા ભીમસેનની જંઘાના વેગથી પ્રેરાયલું તે વન, વૃક્ષો અને ડાળીઓની સાથે ધૂણી નીકળ્યું હોય એમ જણવા લાગ્યું.[૧] વળી એની જંઘાના વેગથી જ્યેષ્ઠ–આષાઢનો વાયુ વાતો હોય તેવો વાયુ વાવા લાગ્યો અને તેનાથી એ મહાબળવાન ઝાડ તથા વેલાઓને સુવાડી દેતો પોતાનો માર્ગ કરવા લાગ્યો.[૨] વળી રસ્તાની સમીપમાં ઉગેલાં પુષ્પ અને ફળવાળાં ઝાડો તથા ઘુંગાંનેકચરી નાખતો ભીમસેન આગળ ચાલવા લાગ્યો. ગંડસ્થાન, કાનનાં મૂળ અને ગુહ્ય સ્થાનમાંથી જેને મદ ઝરતો એવો તેજસ્વી સાઠ વર્ષનો પૂર્ણ યુવાન હાથી હોય તેના જેવો ભીમસેન ક્રોધ પામેલો હોય તેમ વનમાં મહાન વૃક્ષોને ભાગી નાખતો ચાલતો હતો.[૩,૪] તે વખતે ગરુડ અને વાયુના જેવા ભીમના ચાલવાના વેગથી પાંડવો તો મૂર્છિત જેવા થઈ ગયા હતા.[૫] આ પ્રમાણે ચાલતાં પાંડવો રસ્તામાં આવતી મોટી નદીઓને ભુજાઓથી વારંવાર તરતા તથા દુર્યોધનના ભયથી માર્ગમાં પણ છુપાઇને બેસતા હતા. વળી જ્યારે ઉંચા ચઢાવ અથવા ખાડાટેકરા આવતા, ત્યારે ભીમસેન પોતાની યશસ્વિની સુકુમાર માતાને કષ્ટ ન થવા માટે પીઠ ઉપર બેસાડી લેતો હતો.[૬,૭] હે ભરતશ્રેષ્ઠ ! આ રીતે ચાલતાં ચાલતાં પાંડવો ક્રૂર, પશુપક્ષીથી ભયંકર અને મૂળ, ફળ તથા જળની તંગાશવાળા એક વનમાં સંધ્યા-કાળે જઇ પહોંચ્યા.[૮] આ વખતે ઘોર સંધ્યાસમય થયો હતો, પશુપક્ષીના દારુણ શબ્દો સંભળાતા

હતા, સઘળી દિશાઓ પ્રકાશવિનાની થઈ ગઈ હતી અને ઉત્પાતસૂચક વાયુ વાતો હતો.[૯] તે વાયુના વેગથી ધુંગાંઓ તથા નાનાંમોટાં વૃક્ષો ઘણાંખરાં ભાગી જતાં હતાં અને કેટલાંક નમી જતાં હતાં તથા ફલ અને પાંદડાંઓ ખરી પડતાં હતાં.[૧૦] પાંડવો આ વખતે થાક તથા તરસથી પીડાતા હતા અને ઉંઘનો ભાર વધી જવાથી આગળ ચાલવા માટે અશક્ત થઈ ગયા હતા;[૧૧] તેથી તેઓ ખાવાપીવા ન મળી શકે એવા તે મહાવનમાં બેઠા. તે વખતે તૃષાથી પીડાયલાં કુંતી પોતાના પુત્રોને કહેવા લાગ્યાંઃ-[૧૨] "હે પુત્રો! હું પાંડવોની માતા છું અને તે પાંચની વચ્ચે બેઠી છું; છતાં મારે તૃષાથી પીડાવું પડે છે." આ પ્રમાણે તે વારંવાર કહેવા લાગ્યાં.[૧૩] માતાએ સ્નેહવડે કહેલાં આવાં વચન સાંભળીને ભીમસેનનું મન દયાથી સંતપ્ત થયું અને ત્યાંથી તે બધાને લઈને આગળ ચાલ્યો.[૧૪] ચાલતાં ચાલતાં ભીમસેન નિર્જન અને ભયંકર મોટા વનમાં પેઠો. ત્યાં તેણે એક વિશાલ છાયાવાળું રમણીય વડનું ઝાડ જોયું;[૧૫] એટલે હે રાજન્! ત્યાં તે બધાંને ઉતારીને ભરતશ્રેષ્ઠ ભીમે કહ્યું કેઃ-"તમે બધાં અહીં વિશ્રાંતિ લ્યો અને હું પાણીની ખોળ કરૂં છું.[૧૬] આ જલમાં ફરનારાં સારસ પક્ષીઓ મધુર શબ્દો કરે છે; એ ઉપરથી આટલામાં જરૂર મોટું જલાશય હશે,એમ મને લાગે છે."[૧૭]

આ સાંભળીને મોટાભાઈ યુધિષ્ઠિરે 'ભલે જા' એમ આજ્ઞા આપવાથી હે ભારત! જ્યાં જલચારી સારસો હતાં, ત્યાં ભીમસેન પહોંચ્યો.[૧૮] હે ભરતશ્રેષ્ઠ! ત્યાં જઈને તેણે સ્નાન કર્યું, પાણી પીધું તથા ભાઈ ઉપર પ્રીતિવાળા ભીમે ભાઈઓને માટે પોતાના ઉત્તરીય વસ્ત્રમાં પાણી લીધું અને ત્યાંથી પાછો વળ્યો.[૧૯]-ઘણોજ ઉતાવળો ચાલતો, શોક અને દુઃખથી પીડાતો ભીમ બે ગાઉથી પોતાની માતા પાસે આવ્યો અને સાપની પેઠે ફુંફાડા મારવા લાગ્યો.[૨૦] આ વખતે તેણે પોતાની માતા તથા ભાઈઓને જમીનપર સૂતેલાં જોયાં એટલે અત્યંત શોકથી વ્યાકુલ થયેલો ભીમસેન વિલાપ કરવા લાગ્યો.[૨૧] "અરેરે, મંદ ભાગ્યવાળો હું આજે ભાઈઓને જમીનપર સૂતેલા જોઉં છું; આનાથી બીજું કયું અધિક કષ્ટ જોવાનું હોય?[૨૨] જેઓને આગળ વારણાવતમાં ઉત્તમ પલંગોપર ઉંઘ આવતી ન હતી તેઓ આજે પૃથ્વીપર પડીને ઉંઘે છે![૨૩] વળી જે વસુદેવની બહેન, શત્રુસમૂહને મર્દન કરનારા કુંતિરાજની પુત્રી, સર્વ શુભ લક્ષણથી માન પામેલી, વિચિત્રવીર્યની વધૂ અને મહાત્મા પાંડુની પત્ની તેમજ અમારી માતા જે કમલગર્ભના જેવી અત્યંત સુકુમાર તથા મોંઘા મૂલની શય્યામાં પોઢવા યોગ્ય છે, તે કુંતીને આજે અઘટિત એવી ભૂમિપર સૂતેલી જુઓ![૨૪-૨૬] જેણે ધર્મ, ઈંદ્ર અને વાયુથી આ પુત્રોને જન્મ આપ્યા છે, તે મહાલયમાં સૂનારી આજે થાકીને લોથ થઈ જઈ ભૂમિ ઉપર સૂતી છે. વળી આજે આ પુરુષવ્યાઘ્રોને ભૂતલપર સૂતેલા જોઉં છું; આથી બીજું વિશેષ દુઃખ મારે શું જોવાનું હોઈ શકે?[૨૭,૨૮] જે નિત્ય ધર્મપરાયણ એવા યુધિષ્ઠિર રાજા ત્રણ લોકનું રાજ્ય કરવા માટે યોગ્ય છે, તે આજે થાકીને પ્રાકૃત મનુષ્યની પેઠે ભોંયપર સૂતા છે, એ કેમ ઘટી શકે?[૨૯] વળી આ શ્યામ મેઘના જેવો શ્યામ અને પુરુષોમાં અતુલ એવો અર્જુન પ્રાકૃતની પેઠે ભૂમિપર સૂતો છે! એનાથી બીજું વિશેષ દુઃખ શું હોય?[૩૦] વળી દેવોમાં અશ્વિનીકુમાર જેવા સ્વરૂપસંપત્તિવાળા છે, તેવા સ્વરૂપસંપત્તિવાળા આ નકુલ તથા સહદેવ પણ સામાન્ય મનુષ્યની પેઠે ધરણીતલપર સૂતા છે![૩૧] ખરેખર, જેને અદેખા અને કુલને કલંક લગાડનારા જ્ઞાતિવાળા ન હોય તે ગામમાં એકલા ઉગેલા ઝાડની પેઠે આ લોકમાં સુખથી જીવી શકે છે.[૩૨] જે ગામમાં પાંદડાં અને ફૂલવાળું એકજ વૃક્ષ હોય અને તેની જાતનાં બીજાં ન હોય તો તે વૃક્ષ ગામમાં વિશ્રામસ્થાન ગણાય છે અને તે પૂજનીય વૃક્ષની પૂજા થાય છે.[૩૩] વળી જેના ઘણા જ્ઞાતિલા હોય પણ તે શૂરા અને ધર્મપરાયણ હોય તો તે પણ આ લોકમાં સુખથી

જીવે છે અને નિરુપદ્રવ રહી શકે છે.[૩૪] અમને તો દુરાત્મા ધૃતરાષ્ટ્રે તથા તેના પુત્રે કાઢી મૂકયા છે અને અમારાં ભાગ્યથીજ કોઇ રીતે અમે બળતાં બચી ગયા છીએ.[૩૫,૩૬] તે અગ્નિદાહથી મુક્ત થયેલા અમોએ આ ઝાડ નીચે આશ્રય લીધોછે. હવે અત્યંત દુઃખી થયેલા અમે કયી દિશામાં જઇશું તે પણ સમજાતું નથી.[૩૭] ઓ દુર્બુદ્ધિવાળા દુર્યોધન ! ઓ અલ્પ દૃષ્ટિવાળા ! તું હવે પૂર્ણ કામનાવાળો થા. અવશ્ય તારા ઉપર દેવો પ્રસન્ન થયા છે, તેથીજ યુધિષ્ઠિર તને મારી નાખવાની મને આજ્ઞા આપતા નથી અને તે કારણથીજ ઓ દુર્મતિ! તું જીવે છે. જો મને યુધિષ્ઠિર આજ્ઞા આપે તો ક્રોધે ભરાયલો હું આજેજ ત્યાં આવીને પુત્ર, પ્રધાન, કર્ણ, શકુનિ અને તારા ભાઇઓની સાથે તને યમલોકમાં પહોંચાડી દઉં; પરંતુ ઓ પાપાચરણિ! હું શું કરૂં? કારણકે પાંડવોમાં શ્રેષ્ઠ એવા ધર્માત્મા યુધિષ્ઠિર રાજા તારા ઉપર કોપ કરતા નથી !"

આ પ્રમાણે કહીને ક્રોધથી જેનું મન ભભુકી ઉઠેલું એવો મહાબાહુવાળો ભીમસેન હાથથી હાથ ઘસતો દીન મનથી નિઃશ્વાસ મૂકવા લાગ્યો. ફરી તે વૃકોદર શાન્ત જ્વાલાવાળા અગ્નિની પેઠે શાંત થઈને મનમાં દીનતા લાવી ઈતર મનુષ્યોની પેઠે નિઃશ્વાસથી સૂતેલા પોતાના ભાઇઓને જોવા લાગ્યો. તેને વિચાર આવ્યો કે,આ વનથી નજીકમાં નગર હોય એમ મને લાગે છે. અહીં જાગવું જોઇએ, ત્યાં આ બધા ઉંઘે છે. ભલે હું પોતે જાગતો રહીશ;[૩૮-૪૪] તથા એ બધાનો જ્યારે થાક ઉતરી જશે અને જાગશે ત્યારે એઓ પાણી પીશે." આવો નિશ્ચય કરીને ભીમ પોતે તે વખતે જાગતો બેસી રહ્યો.[૪૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત જતુગૃહપર્વમાં ભીમજલાહરણ નામનો અધ્યાય ૧૫૧ મો સમાપ્ત.

*જતુગૃહપર્વ સમાપ્ત.

हिडिंबवधपर्व

અધ્યાય ૧૫૨ મો–ભીમસેન તથા હિડિંબાનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

तत्र तेषु शयानेषु हिडिंबो नाम राक्षसः ॥
अविदूरे वनात्तस्माच्छालवृक्षं समाश्रितः॥१॥

વૈશંપાયન કહે છેઃ–પાંડવો ત્યાં સૂતા હતા તે વખતે તે વનથી થોડે છેટે હિડિંબ નામનો રાક્ષસ એક સાગના વૃક્ષપર ચઢયો હતો.[૧] તે ક્રૂર, મનુષ્યનું માંસ ભક્ષણ કરનારો, મહાન બલ અને પરાક્રમવાળો, વર્ષાઋતુના મેઘના જેવો કાળો, પિંગટ ડોળાવાળો, દારુણ આકૃતિવાળો, રાક્ષસી દાઢવડે ભયંકર મુખવાળો તથા ભૂખની પીડાથી માંસની આકાંક્ષાવાળો હતો. તેની જંઘાનાં મૂલ તથા પેટ લાંબું હતું. દાઢી, મૂછ તથા માથાના વાળ લાલ રંગના હતા.[૨,૩] મોટા ઝાડના જેવી તેની ડોક તથા ખભા હતા. તે શંકુના જેવા કાનવાળો તથા ભયંકર હતો; રૂપે કદ્રૂપો, પિંગટ નેત્રવાળો, ભયંકર અને ઘોર જણાતો હતો. વળી તે ભૂખથી પીડાયેલો હોવાથી માંસની ઇચ્છા કરતો હતો. એવામાં દૈવેચ્છાથી તેણે મહારથ

*विषवार्यग्निभिर्लुब्धा घातयंति स्म बांधवान् ॥ ईश्वरस्तानवत्येवेत्युक्तं जातुषपर्वणि ॥ લોભીઓ પોતાના બંધુઓને ઝેર, જલ તથા અગ્નિવડે મારવા યત્ન કરે છે; પરંતુ ઈશ્વર તેઓનું રક્ષણ કરે છેજ, આ જતુગૃહ પર્વમાં કહ્યું છે.

गणेश

પાંડુપુત્રોને જોયા.[૪,૫] તેઓને વારંવાર જોઈને પોતાના માથાના કઠોર વાળને ધૂણાવતો તથા ઉંચી આંગળીઓ કરીને તેને ખંજોળતો તે મોટા મોઢાવાળો રાક્ષસ બગાસાં ખાવા લાગ્યો[૬] તથા મનુષ્યનું માંસ મળશે, એમ ધારીને ખુશી થતો તે મહાન કાયા તથા મહાન બળવાળો રાક્ષસ મનુષ્યનો ગંધ સુંઘીને પોતાની બહેનને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ-[૭]

"ઓ બહેન! ઘણે લાંબે સમયે મને અત્યંત વહાલો એવો આ આહાર મળ્યો છે; જેથી મારી જીભ સળવળે છે અને તેમાં પાણી આવી જાય છે.[૮] મારી તીક્ષ્ણ અગ્રવાળી આઠ દાઢો કે જે લાગતાંની સાથે ઘણીજ દુઃસહ થઇ પડે છે, તે હું આજે કોમલ માંસવાળાં શરીરમાં ખોશી દઇશ.[૯] વળી આજે હું મનુષ્યના કંઠનું આક્રમણ કરીને તથા તેની નસો તોડી નાખીને તેમાંથી નીકળતું ઉનું ઉનું તાજું તથા ફીણવાળું લોહી પુષ્કળ પીશ;[૧૦]માટે તું જા અને જો કે વનમાં એ કોણ સૂતેલા છે? આ મનુષ્યોનો મહાન ગંધ મારી ઘ્રાણેંદ્રિયને તૃપ્ત કરી દેતો હોય તેમ આવે છે.[૧૧] એ સર્વ મનુષ્યોને મારી નાખીને તું મારી પાસે લઇ આવ. એઓ આપણી હદમાં સૂતેલા છે એટલે એમનાથી બીવાનું કંઇ કારણ નથી.[૧૨] તું એમને લઇ આવ એટલે એમનું માંસ કાઢીને આપણે બન્ને સાથે મળીને તે યથેષ્ટ ભક્ષણ કરીશું. મારા આ વચનને તું પૂર્ણ કર.[૧૩] વળી મનુષ્યના માંસનું ઇચ્છાપૂર્વક ભક્ષણ કરીને આપણે બન્ને સાથે તાળીઓ પાડતાં અનેક ભાતનું નૃત્ય કરીશું."[૧૪]

આ પ્રમાણે વનમાં હિડિંબ રાક્ષસે હિડિંબાને કહ્યું, ત્યારે પોતાના ભાઈનાં વચન સાંભળીને રાક્ષસી ઉતાવળી થઈ અને જ્યાં પાંડવો હતા ત્યાં ગઈ. હે ભરતશ્રેષ્ઠ! તેણે ત્યાં જઈને કુંતી તથા પાંડવોને સૂતેલાં જોયાં અને અપરાજિત ભીમસેનને જાગતો જોયો.[૧૫,૧૬] શાલવૃક્ષના છોડ જેવા અને ભૂમિમાં અતુલ રૂપવાળા ભીમસેનને જોતાંજ રાક્ષસીને કામ ઉત્પન્ન થયો.[૧૭] તેને વિચાર આવ્યો કે, "આ જુવાન, મહાબાહુ, સિંહના જેવા ખભાવાળો અને મહાન કાંતિવાળો છે. એને શંખના જેવી ગ્રીવા તથા કમલના જેવાં નેત્રો છે. ખરેખર, એ મારે માટે સ્વામી થવાને લાયક છે;[૧૮,૧૯] માટે હું ભાઈનાં હિંસાકારક વચન પ્રમાણે કદાપિ વર્તીશ નહિ,કારણ કે જેવો પતિપ્રત્યેનો સ્નેહ બલવાન છે, તેવો ભાઈપ્રત્યેનો સ્નેહ બલવાન ગણાય નહિ. વળી આ બધાને મારી નાખવાથી મને અને મારા ભાઈને થોડા સમયને માટે તૃપ્તિ થશે, પણ એને ન મારવાથી હું લાંબો કાલ એની સાથે આનંદ ભોગવીશ."[૨૦] આવો વિચાર કરીને તે ઇચ્છામાં આવે તેવાં રૂપને લેનારી રાક્ષસી ઉત્તમ મનુષ્યના રૂપને ધારણ કરીને મહાબાહુ ભીમસેનની પાસે ધીરે ધીરે આવી[૨૧] અને દિવ્ય અલંકારથી શણગારાયલી તે લલના લાજ પામતી હોય તેમ મધુર હાસ્ય કરીને ભીમસેનને આ પ્રમાણે કહેવા લાગીઃ-[૨૨] "હે પુરુષશ્રેષ્ઠ! તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો? અને દેવના જેવા રૂપવાળા આ પુરુષો અહીં કોણ સૂતા છે?[૨૩] હે નિષ્પાપ! વળી આ પ્રૌઢ વયની અને સુકુમાર શ્યામા સ્ત્રી કે જે આ ઘોર વનમાં પણ પોતાને ઘેર સૂતી હોય તેમ વિશ્વાસથી ઉંઘે છે, તે તમારી શું સગી છે? શું એ રાક્ષસે સેવેલા આ ગાઢા વનને જાણતી નથી? આ વનમાં તો પાપાત્મા હિડિંબ નામનો રાક્ષસ રહે છે.[૨૪,૨૫] તે દુષ્ટ ભાવવાળો રાક્ષસ મારો ભાઈ થાય છે અને હે દેવતુલ્ય! તમારૂં માંસ ભક્ષણ કરવાની ઇચ્છાથી તેણે મને અહીં મોકલી છે;[૨૬] પરંતુ તમને દેવગર્ભના જેવા કાંતિવાળા જોઈને હું મોહિત થઈ છું; માટે હવે તમારાવિના બીજા પતિને હું ઇચ્છતી નથી. આ હું તમને સત્ય કહું છું.[૨૭] હે ધર્મજ્ઞ! તમે આ બધું સમજીને મારેમાટે જે યોગ્ય લાગે તેમ કરો. મારાં અંગ અને મન કામવડે હણાય છે; માટે તમે પ્રીતિવાળીને પ્રીતિદાન આપો.[૨૮] વળી હું પુરુષોનું ભક્ષણ કરનારા રાક્ષસથી તમને બચાવીશ અને આપણે બન્ને પર્વતના કિલ્લાઓમાં જઇ રહીશું, માટે હે શુદ્ધ!તમે મારા પતિ થાઓ.[૨૯]

રાક્ષસ હિડિંબે સાંભળી;[૧૨] તથા પોતાની બહેનને મનુષ્ય-સ્ત્રીના સ્વરૂપમાં જોઈ. જેણે પુષ્પની માલાઓ માથામાં ગુંથેલી હતી; પૂર્ણ ચંદ્રના જેવું જેનું મુખ હતું, ભ્રૂકુટી, નેત્ર તથા કેશના છેડાઓ જેના સુંદર હતા; તથા નખ અને ત્વચા ઘણાં કોમળ હતાં; વળી જેણે સર્વ અલંકાર ધારણ કર્યા હતા તથા ઝીણી સાડી પહેરી હતી; [૧૩,૧૪] આ પ્રમાણે મનોહર માનુષી રૂપને ધારણ કરતી હિડિંબાને જોઈને તથા 'આ પુરુષની કામના કરે છે' એવી શંકા લાવીને મનુષ્ય-ભક્ષક રાક્ષસ ક્રોધે ભરાયો.[૧૫] હે કુરુશ્રેષ્ઠ! પછી પોતાની બહેનની ઉપર ક્રોધે ભરાયલો રાક્ષસ મોટાં નેત્રો પહોળાં કરીને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–[૧૬]"અહો, કોણ દુર્મતિ મારી ભોજનની કામનામાં વિઘ્ન કરે છે ? ઓ હિડિંબા! તું અત્યંત મોહિત થઇને મારા કોપથી પણ બીતી નથી કે ? [૧૭] ઓ મારૂં વિપ્રિય કરનારી, પુરુષની કામનાવાળી તથા પૂર્વના સર્વ રાક્ષસેંદ્રોને અપયશ આપનારી દુષ્ટા ! તને ધિક્કાર છે! [૧૮]જે આ પુરુષોના કારણથી તું મારૂં મહાન અપ્રિય કરે છે, તે બધાને આજે તારી સાથેજ હું મારી નાખું છું."[૧૯]

આ પ્રમાણે હિડિંબાને કહીને લાલ નેત્રવાળો હિડિંબ રાક્ષસ દાંત કચકચાવતો હિડિંબાના વધને માટે તેના તરફ દોડ્યો.[૨૦] દોડતા હિડિંબને જોઇને પ્રહાર કરનારામાં શ્રેષ્ઠ એવો તેજસ્વી ભીમસેન તેનો તિરસ્કાર કરીને 'ઉભો રહે, ઉભો રહે' એમ કહેવા લાગ્યો.[૨૧]

વૈશંપાયન કહે છેઃ–પછી બહેનના ઉપર ક્રોધે ભરાયલા તે રાક્ષસને જોઈને ભીમસેન હસતો હોય તેમ તેને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ– [૨૨] "ઓ દુર્બુદ્ધિવાળા પુરુષભક્ષક હિડિંબ ! આ સુખથી સૂતેલાંને જગાડીને તારે શું કામ છે, તું સત્વર મારી પાસેજ લડવા આવ[૨૩]અને મારા ઉપરજ પ્રહાર કર. આ સ્ત્રીને મારવી તને ઘટિત નથી; કારણ કે બીજાના અપરાધમાં અપરાધ ન કરનારને શિક્ષા કરવી યોગ્ય ગણાય નહિ.[૨૪] એ બાલા અહીં પોતાને વશ રહીને આજે મારી કામના કરતી નથી; પણ એ એના શરીરમાં રહેલા કામની પ્રેરણાથી મારી કામના કરે છે.[૨૫] ઓ રાક્ષસોના યશને હણનારા દુરાચારી! તારી બહેન તારી આજ્ઞાથીંજ અહીં આવી છે અને મારૂં રૂપ જોઈને એ ભીરુ મારી કામના કરે છે; એમાં એ તારો અપરાધ કરતી નથી. એટલે જ્યાં કામદેવનો દોષ છે, તેમાં એને લઢવા તું યોગ્ય નથીજ. [૨૬,૨૭] ઓ દુષ્ટાત્મા ! હું અહીં ઉભો છું ત્યાંસુધી તું એ સ્ત્રીને મારી શકીશ નહિ; માટે ઓ પુરુષભક્ષક ! મારી એકલાની સાથેજ તું એકલો લડવા આવ.[૨૮] હું એકલોજ તને આજે યમલોકમાં પહોંચાડી દઈશ. હે રાક્ષસ ! બલવાન હાથીના પગનીચે કચરાયું હોય તેમ તારૂં માથું મારા બલથી આજેજ કચરાઈને ભાગી જાઓ. [૨૯]વળી યુદ્ધમાં મારાથી હણાયલા તારા શરીરને આજે કાગડા, ગીધ, શિયાળવાં વગેરે ખુશી થઈને જમીનપર ઘસડો.[૩૦] નિરંતર મનુષ્યોનું ભક્ષણ કરતાં તેં આ વનને પહેલાં જે દૂષિત કર્યું છે, તેને એક ક્ષણમાંજ આજે હું રાક્ષસવિનાનું કરી નાખીશ.[૩૧] વળી હે રાક્ષસ ! જેમ સિંહ મોટા હાથીને ઘસડે તેમ પર્વતના જેવા તારા શરીરને આજે હું વારંવાર ઘસડીશ અને તે તારી બહેન જોશે.[૩૨] હે રાક્ષસકલંક ! તને હું મારી નાખીશ એટલે વનમાં ફરનારા પુરુષો આ વનમાં નિર્બાધ ફરી શકશે."[૩૩]

હિડિંબ બોલ્યોઃ–" ઓ મનુષ્ય ! તારી મિથ્યા ગર્જના અને લવરીથી શું ? એ બધું તું કર્મવડે કરી દેખાડીને બડાશ માર. એમાં વિલંબ કરીશ નહિ.[૩૪] તું પોતાને પરાક્રમી તથા બલવાન માને છે, પણ મારી સાથે યુદ્ધ કરીને તું પોતાનું કેટલું અધિક બલ છે, તે જાણી શકીશ. [૩૫] ભલે ત્યારે આ સૂતેલાંને હમણાં હું મારીશ નહિ. એઓ સુખથી સૂઇ રહો; પરંતુ ઓ દુર્બુદ્ધિવાળા ! અપ્રિય બોલનારા એવા તને તો હમણાંજ હું મારી નાખીશ.[૩૬] પ્રથમ તારા શરીરનું લોહી પીશ અને આ સૂતેલાંને હણીશ તથા છેવટે મારૂં અપ્રિય કરનારી આ હિડિંબાને પણ મારી નાખીશ."[૩૭]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને ક્રોધ પામેલો તે પુરુષભક્ષક રાક્ષસ પોતાના બાહુ ઉગામીને શત્રુઓને દમનારા ભીમસેન તરફ દોડયો.[૩૮] ભયંકર પરાક્રમી ભીમસેને પોતાના તરફ દોડતા તે રાક્ષસનો વેગવડે પ્રસારેલો બાહુ પોતે હાસ્ય કરતો હોય તેમ ઝટ પકડી લીધો.[૩૯] પછી યત્ન કરતા તે રાક્ષસને ભીમસેને બલથી પકડીને જેમ સિંહ તુચ્છ હરણાંને ખેંચી નાખે, તેમ તે સ્થાનમાંથી બત્રીસ હાથ વેગળો ખેંચી નાખ્યો.[૪૦] આ રીતે ભીમના બળથી પીડાયલો તે રાક્ષસ ક્રોધે ભરાયો અને ભીમસેનને બાથમાં ઘાલીને ભયંકર નાદ કરવા લાગ્યો.[૪૧] તે વખતે 'સુખે સૂતેલા મારા ભાઇઓને તથા માતાને આનો શબ્દ સંભળાવો જોઇએ નહિ' એમ વિચારીને મહાબલવાન ભીમસેન ફરીથી તેને બળ કરીને દૂર ઘસડી ગયો.[૪૨] આ રીતે ભીમસેન અને હિડિંબ એકમેકને બાઝીને બલવડે પરસ્પરને ખેંચવા લાગ્યા તથા મહાન પરાક્રમ કરવા લાગ્યા.[૪૩] જેમ સાઠ સાઠ વર્ષના મદમત્ત તથા ક્રોધે ભરાયલા બે હાથીઓ લડે, તેમ લડતા ભીમ અને હિડિંબ ઝાડોને ભાગવા લાગ્યા તથા વેલાઓને ખેંચી નાખવા લાગ્યા.[૪૪] તે બન્નેના મોટા શબ્દથી પુરુષોમાં શ્રેષ્ઠ એવા પાંડવો તથા કુંતી માતા જાગી ઉઠયાં અને તેમણે પોતાની આગળ ઉભી રહેલી હિડિંબાને જોઈ.

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
હિડિંબવધપર્વવિષે હિડિંબયુદ્ધ
નામનો અધ્યાય ૧૫૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૪ મો–હિડિંબવધ

॥ वैशंपायन उवाच ॥

प्रबुद्धास्ते हिडिम्बाया रूपं दृष्ट्वातिमानुषम् ॥
विस्मिताः पुरुषव्याघ्रा बभूवुः पृथया सह॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી કુંતીની સાથે જાગેલા એવા પુરુષોમાં વ્યાઘ્ર જેવા પાંડવો હિંડિબાનું દૈવીરૂપ જોઈને આશ્ચર્ય પામ્યા;[૧] તથા તેને જોઇને સ્વરૂપસંપત્તિથી વિસ્મય પામેલાં કુંતી સાંત્વન કરતાં ધીરેથી મધુર વચન બોલ્યાંઃ-[૨] "હે દેવગર્ભના જેવી સુંદર વર્ણવાળી ! તું કોણ છે ? કોની પુત્રી છે ? અહીં શામાટે આવી છે ? અને કયાંથી આવી છે ?[૩] શું તું આ વનની દેવતા છે ? અથવા અપ્સરા છે ? તું અહીં શામાટે ઉભી છે ? તે સઘળું મારી આગળ કહે."[૪]

હિડિંબા બોલીઃ–"જે આ શ્યામ મેઘના જેવું મોટું વન તમે જુઓ છો તેમાં હું તથા હિડિંબ રાક્ષસ બન્ને રહીએ છીએ.[૫] હે ભાવિનિ ! તે રાક્ષસેંદ્રની હું બહેન થાઉં છું. હે આર્યે ! મને મારા ભાઇએ તમને પુત્રોની સાથે મારી નાખવા અહીં મોકલી હતી.[૬] તે ક્રૂર બુદ્ધિવાળા ભાઈનાં વચનથી હું અહીં આવી હતી. એવામાં મેં નૂતન સુવર્ણના જેવા કાંતિમાન તથા મહાબલવાન એવા તમારા પુત્રને જોયા.[૭] હે કલ્યાણિ ! તેને જોતાંજ સર્વ પ્રાણીના ચિત્તમાં રહેનારા કામદેવની પ્રેરણાથી હું તમારા પુત્રને આધીન થઈ ગઈ છું.[૮] તે વખતેજ મેં તમારા બલવાન પુત્રને સ્વામી ગણ્યા છે. પછી એમને અહીંથી લઈ જવા મેં ઘણો યત્ન કર્યો, પણ તેમાં હું ફાવી શકી નહિ. તે પછી મને વિલંબ થયેલો જાણીને તે મનુષ્યભક્ષક રાક્ષસ પોતેજ અહીં તમારા સર્વે પુત્રોને મારવા માટે આવી પહોંચ્યો;[૯,૧૦] પણ તેજ વખતે તમારો બુદ્ધિમાન પુત્ર અને મારો જે પતિ થાય છે તે મહાત્માએ પોતાના બલથી તેને ઘસડીને અહીંથી દૂર કર્યો.[૧૧] તે મહાન વેગવાળા, એકમેકને ખેંચતા, ગર્જના કરતા તથા યુદ્ધમાં પરાક્રમ કરતા બન્ને નર તથા રાક્ષસને તમે જુઓ."[૧૨]

વૈશંપાયન કહે છેઃ–આવાં હિડિંબાનાં વચન સાંભળતાંજ યુધિષ્ઠિર, અર્જુન, નકુલ અને બલ-

વાન સહદેવ તુરત ઉભા થઈ ગયા;[૧૩] અને તેઓએ પરસ્પર બાઝતા, એકમેકને ખેંચતા અને બલોન્મત્ત સિંહોની પેઠે જયની આકાંક્ષા કરતા તે બન્નેને જોયા.[૧૪] અન્યોન્યને બાઝીને વારંવાર એકમેકને ઘસડતા તેઓ દાવાગ્નિના ધૂમાડાની પેઠે પૃથ્વીની ધૂળ ઉરાડતા હતા.[૧૫] આ વખતે પૃથ્વીની ધૂળથી વીંટાયલા પર્વતના જેવા ભીમ અને હિડિંબ રાક્ષસ ધૂમસથી વીંટાયલા બે પર્વતો હોય તેના જેવા શોભતા હતા.[૧૬] જ્યારે રાક્ષસવડે ભીમને પીડાતો જોયો, ત્યારે અર્જુન હાસ્ય કરતો હોય તેમ ધીરેથી આ પ્રમાણે કહેવા લાગ્યોઃ-[૧૭]"હે ભીમ ! તમે બીશો નહિ, અમને થાક લાગવાથી અમે ઉંઘી ગયા હતા અને તેથી તમને ભયંકર રાક્ષસની સાથે યુદ્ધ કરતા અમે જાણી શકયા નહિ.[૧૮] હે પૃથાપુત્ર ! હવે હું તમારી સહાયને માટે સજ્જ છું અને હમણાંજ રાક્ષસને પાડું છું. આ નકુલ અને સહદેવ આપણી માતાનું રક્ષણ કરશે."[૧૯]

ભીમ બોલ્યોઃ-" હે અર્જુન ! તમે ત્યાં ઉભા રહીને જોયા કરો, જરાએ ગભરાશો નહિ. મારા બાહુના પાશમાં આવેલો આ રાક્ષસ કદાપિ ફરીથી જીવતો જશે નહિ."[૨૦]

અર્જુન કહે છેઃ-" હે અરિને દમનારા ભીમ ! આ પાપી રાક્ષસને વધારે વખત જીવતો રાખવાનું શું પ્રયોજન છે ? આપણે અહીંથી જવું છે, હવે આ સ્થાનમાં વધારે વખત રહેવાય તેમ નથી; કારણ કે આ પૂર્વ દિશા રક્ત થાય છે, પ્રાતઃકાલની સંધ્યાનો સમય પ્રવર્તે છે અને આવા રૌદ્ર સંધિકાલમાં રાક્ષસો ઘણા બલવાન થાય છે;[૨૧,૨૨] માટે હે ભીમ ! તમે રમત કરશો નહિ; આ મહાભયંકર રાક્ષસને ઉતાવળથી મારી નાખો; કારણ કે એ રૌદ્ર મુહૂર્તમાં માયા કરશે, માટે એને તમારૂં ભુજબલ દેખાડી દ્યો."[૨૩]

વૈશંપાયન કહે છેઃ-" અર્જુને જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે ક્રોધવડે બળતો હોય તેમ ભીમસેન પ્રલયકાલના વાયુનું બલ ધારણ કરવા લાગ્યો.[૨૪] પછી ભીમે રોષ કરીને મેઘના જેવા તે રાક્ષસના દેહને ઉંચે ઉછાળીને તત્કાલ સેંકડો ચક્કરો ખવાડવા માંડયાં.[૨૫] પછી ભીમ બોલ્યોઃ-" ઓ રાક્ષસ ! તું હરામનું માંસ ખાઇ ખાઇને વધ્યો છે તથા ફોકટનો જાડો થયો છે, તેમ તારી બુદ્ધિ પણ મિથ્યા થઈ ગઈ છે; માટે તું તેવાંજ (સ્વર્ગાદિ ન આપનારાં) મિથ્યા મરણને યોગ્ય છે, એટલે આજેજ તું નકામો-હતો ન હતો થઇ જઈશ.[૨૬] હે રાક્ષસ ! તને મારીને આજેજ હું આ વનને નિષ્કંટક તથા સુખરૂપ કરૂં છું. હવે ફરીથી તું મનુષ્યોને મારીને ભક્ષણ કરી શકીશ નાહ."[૨૭]

અર્જુન કહે છેઃ-" હે વૃકોદર ! યુદ્ધમાં તમને આ રાક્ષસ જો ભારે લાગતો હોય તો હું તમને સહાય કરવા આવું; નહિ તો તમે જલદી એનો નાશ કરો [૨૮] અથવા હુંજ એને મારી નાખું છું અને તમે મહેનત કરવાથી થાકી ગયા છો, માટે હમણાં સુખથી વિસામો લ્યો."[૨૯]

વૈશંપાયન કહે છેઃ-આવાં અર્જુનનાં વચન સાંભળીને અત્યંત ક્રોધી ભીમસેને બલ કરીને રાક્ષસને પૃથ્વીપર પછાડી રોળી નાખ્યો અને ઢોરની પેઠે માર મારવા માંડયો.[૩૦] ભીમનો માર પડતાં તે રાક્ષસ ભીના નગારાની પેઠે તે વનને ભરી દે એવો મહાન શબ્દ કરવા લાગ્યો.[૩૧] પછી મહાબાહુ બલવાન પાંડુપુત્રે, બે હાથવતી હિડિંબને છાતીમાંથી મજબૂત પકડીને બેવડ વાળી વચ્ચેથી ભાંગી નાખ્યો તથા પાંડવોને હર્ષિત કર્યા.[૩૨]આ રીતે હિડિંબને મારેલો જોઈને વેગવાળા પાંડવો બહુ હર્ષ પામ્યા અને અરિને દમનારા એવા નરવ્યાઘ્ર ભીમને માન આપવા લાગ્યા.[૩૩] પછી અર્જુન, ભયંકર પરાક્રમી એવા મહાત્મા ભીમનો સત્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ-[૩૪]"હે વિભો! તમારૂં કલ્યાણ થાઓ. આ વનથી નજીકમાંજ નગર હોય એમ હું ધારૂં છું, માટે દુર્યોધન જાણી શકે નહિ તેમ આપણે અહીંથી ઝટ ચાલી નીકળીએ.[૩૫] પછી ' ભલે તેમ કરીએ ' એમ કહીને પુરુષોમાં વ્યાઘ્ર જેવા સઘળા મહારથ

પાંડવો પોતાની માતાની સાથે ત્યાંથી ચાલી નીકળ્યા તથા રાક્ષસી હિડિંબા પણ સાથે જવા લાગી.[૩૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાન્તર્ગત હિડિંબવધપર્વવિષે હિડિંબવધ નામનો અધ્યાય ૧૫૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૫ મો-ઘટોત્કચની ઉત્પત્તિ,

॥ भीमसेन उवाच ॥
स्मरंति वैरं रक्षांसि मायामाश्रित्य मोहिनीम्॥
हिडिम्बे व्रज पन्थानं त्वामिमं भ्रातृसेवितम्॥१॥

ભીમસેન બોલ્યોઃ-"઼ઓ હિડિંબા ! મનુષ્યોને મોહ કરનારી માયાનો આશ્રય કરીને રાક્ષસો પોતાનાં વૈરને યાદ રાખે છે; માટે તું પણ તારો ભાઇ જે માર્ગે ગયો તેજ માર્ગે જા."[૧]

યુધિષ્ઠિર કહે છેઃ-"હે નરવ્યાઘ્ર ભીમસેન! તને ક્રોધ થયો હોય તોપણ તું સ્ત્રીને મારીશ નહિ. હે પાંડુપુત્ર! તું શરીરનું રક્ષણ કરવા કરતાં પણ ધર્મનું અધિક રક્ષણ કર.[૨] વળી મારવાના અભિપ્રાયથી આવેલા મહાબળવાન રાક્ષસને તો તેં માર્યો છે તો તેની બ્હેન ક્રોધ કરીને પણ આપણને શું કરી શકવાની છે?"

વૈશંપાયન કહે છેઃ-તે પછી હિડિંબા કુંતીને તથા કુંતીપુત્ર યુધિષ્ઠિરને પ્રણામ કરી હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગીઃ-[૪]"હે આર્યે ! સ્ત્રીઓને કામદેવથી કેવું દુઃખ થાય છે, તે તમે જાણો છો. હે શુભે! તે દુઃખ મને ભીમસેનને જોવાથી પ્રાપ્ત થયું છે.[૫] એ પરમ દુઃખ મેં અત્યારસુધી યોગ્ય સમય ન મળવાથી સહન કર્યું છે. હવે આ સમય મારા તે સુખનો ઉદય કરનારો નિવડો.[૬] હે કલ્યાણિ! મેં મારાં સગાં, સંબંધી તથા સ્વધર્મનો ત્યાગ કરીને આ તમારા પુત્ર નરવ્યાઘ્ર ભીમસેનને સ્વામી ગણ્યા છે;[૭] માટે હે યશસ્વિનિ!હવે આ વીર અથવા તમે જો મને ના પાડશો તો હું જીવીશ નહિ,એ તમને સત્ય કહું છું.[૮] હે સુંદર વર્ણવાળાં! મને કામમૂઢ સમજીને, કે ભકત સમજીને, કે અનુસરનારી દાસી સમજીને પણ મારા ઉપર તમે કૃપા કરવા માટે યોગ્ય છો.[૯] હે મહાભાગ્યવાળાં! આ તમારો પુત્ર જે મારો સ્વામી છે,તેની સાથે મારો સંબંધ કરાવો. હે શુભે ! પછી હું એ દેવના જેવા રૂપવાળા પતિને લઇને મારી ઇચ્છામાં આવે ત્યાં જઈશ અને ફરીથી એને વખતસર તમારી પાસે લઇ આવીશ. આ વાતનો તમે મારાપર વિશ્વાસ રાખજો.[૧૦] વળી જ્યારે તમે મારૂં મનમાં સ્મરણ કરશો, ત્યારે તમને જ્યાં જવું હશે ત્યાં હું લઇ જઇશ તથા કષ્ટમય વિષમ સ્થાનોમાં તમને દુઃખથી બચાવીશ.[૧૧] વળી જ્યારે તમારે કોઈ સ્થળે જલદી જવું હશે, ત્યારે હું તમને બધાંને મારી પીઠ ઉપર બેસાડીને ઉંચકી જઈશ. હવે ભીમસેન મારો સ્વીકાર કરે એવી તમે કૃપા કરો.[૧૨] જ્યારે આપત્તિ તરવી હોય ત્યારે કોઈ પણ પ્રકારે પોતાના પ્રાણ ધારણ કરવા. આપદ્ધર્મને અનુસરનારા મનુષ્યે સર્વ વાતનો અંગીકાર કરીને પોતાનું રક્ષણ કરવું.[૧૩] વિપત્તિમાં પણ જે ધર્મવેત્તા મનુષ્ય ધર્મને ધારણ કરે છે,તેજ ઉત્તમ મનુષ્ય છે. વળી ધર્મશીલ મનુષ્યોને ધર્મનાં બાધક કારણોજ આપત્તિરૂપ ગણાય છે.[૧૪] પુણ્ય પ્રાણોને ધારણ કરે છે તથા પુણ્ય પ્રાણ આપનારૂં કહેવાય છે; માટે જે જે કારણથી ધર્મનું આચરણ થતું હોય તે કારણ નિંદિત ગણાતું નથી."[૧૫]

યુધિષ્ઠિર બોલ્યાઃ-"હે હિડિંબા ! તું જેમ કહે છે તે તેમજ છે, એમાં સંશય નથી; પરંતુ હે સુંદર મધ્યવાળી! હું જેમ કહું છું તેમ તારે સત્યથી વર્તવું જોઈએ.[૧૬] હે કલ્યાણિ! ભીમસેન સ્નાન કરીને આહ્નિક પરવારે તથા આનંદ પ્રસંગનું મંગલકૃત્ય કરે, તે પછી તું સૂર્યાસ્ત થવાના આગલા વખતમાં એનું સેવન કરજે.[૧૭] મનના જેવા વેગવાળી તું દિવસે એની

જોડે યથેષ્ટ વિહાર કરજે અને એ ભીમસેનને રોજ રાત્રિએ તારે અમારી પાસે લાવવો જોઈશે. ” ૧૮

વૈશંપાયન કહે છેઃ-ભીમસેને પણ એ વાતની હા કહી અને રાક્ષસીને કહ્યું કેઃ-“ હે રાક્ષસિ! તને હું સત્યથી એક પ્રતિજ્ઞા કહું છું તે તું સાંભળ. ૧૯ હે શુભે! હે સુંદર મધ્યવાળી! જેટલા સમયમાં તને મારાથી એક પુત્ર ઉત્પન્ન થાય તેટલા સમય સુધી હું તારી સાથે આવીશ. ” ૨૦

વૈશંપાયન કહે છેઃ-પછી ભીમસેનના કહેવા પ્રમાણે કબૂલ કરીને તે રાક્ષસી હિડિંબા તેજ વખતે ભીમને લઇને ત્યાંથી આકાશમાર્ગમાં ચાલતી થઈ. ૨૧ તે પશુપક્ષીઓના શબ્દવાળાં તથા સર્વ સમયમાં રમણીય એવાં પર્વતનાં સુંદર શિખરો ઉપર તથા દેવનાં ક્રીડામંદિરોમાં જઈ, ઉત્તમ રૂપ ધારણ કરીને તથા સર્વ આભૂષણો પહેરીને મધુર મધુર બોલતી ભીમસેનને રમણ કરાવવા લાગી. ૨૨,૨૩ તેમજ પુષ્પવાળાં વૃક્ષો તથા વેલીવાળાં ઘાડાં વનોમાં, પદ્મ તથા કમલયુક્ત રમણીય સરોવરો ઉપર, વૈદૂર્યમણિના જેવી રેતીવાળા નદીના બેટોમાં, સારા આરાવાળી અને સ્વચ્છ જલવાળી વનમાં આવેલી નદીઓ ઉપર તથા પર્વતની નદીઓ ઉપર પુષ્પિત વૃક્ષ તથા વલ્લિવાળાં વિચિત્ર વનોમાં, હિમાલય પર્વતની કુંજોમાં, વિવિધ ગુહાઓમાં, પ્રફુલ્લિત શતપત્ર કમલવાળાં નિર્મલ જલનાં સરોવરોપર, મણિ તથા સુવર્ણથી યુક્ત એવા સાગરપ્રદેશોમાં, રમ્ય ઝરણોમાં, મહાન શાલવનોમાં, દેવનાં પવિત્ર અરણ્યોમાં તથા પર્વતનાં શિખરો ઉપર, ગુહ્યકોનાં નિવાસસ્થાનમાં તથા તાપસોના આવાસમાં અને સર્વ ઋતુનાં ફલોથી રમ્ય એવાં માનસસરોવર ઉપર સુંદર રૂપ ધારણ કરીને તે પાંડુપુત્ર ભીમસેનને રમણ કરાવવા લાગી. મનના જેવા વેગવાળી હિડિંબા આ પ્રમાણે ઠેકઠેકાણે ભીમસેનને વિહાર કરાવતી હતી; ૨૪-૩૦ તે વખતે તે રાક્ષસીને ભીમસેનથી એક મહા બલવાન પુત્ર ઉત્પન્ન થયો. તે વિરૂપ નેત્રવાળો, મોટા મોઢાવાળો, શંકુના જેવા કાનવાળો, અત્યંત ભયંકર, ભયંકર નાદવાળો, લાલ ઓઠવાળો, તીવ્ર દાઢવાળો, મહાન બલવાળો, મોટાં ધનુષને ધારણ કરે એવો મહાનવીર્યવાળો, મોટાં હૃદયબલવાળો, મોટા ભુજવાળો, મહાન વેગવાળો, પ્રચંડ દેહવાળો, મોટો માયાવી, શત્રુને દમનારો, લાંબા નાકવાળો, મોટી છાતીવાળો તથા ઉંચી મજબૂત પગની પિંડીઓવાળો હતો. ૩૧,૩૩ તે ભયંકર વેગવાળો તથા મહાબલવાન હતો તથા મનુષ્યથી ઉત્પન્ન થવા છતાં અમાનુષ ગુણવાળો હતો. વળી તે પિશાચ અને અન્ય રાક્ષસોથી બલ વગેરેમાં ચઢિયાતો હતો. ૩૪ હે રાજન્! તે બાલક હતો તોપણ મનુષ્યોમાં યૌવનવાળાના જેવો દેખાતો હતો. વળી તે બલવાન વીર સર્વ અસ્ત્રમાં ઘણો કુશળ નિવડયો હતો. ૩૫ રાક્ષસીઓ તત્કાલ ગર્ભ ધારણ કરે છે અને તુરતજ તેનો પ્રસવ કરે છે. વળી તેઓ ઇચ્છામાં આવે તેવાં રૂપને ધારણ કરનારી તથા બહુ રૂપોવાળી હોય છે. ૩૬ વાળવિનાના બોડીઆ માથાવાળા તે ધનુર્ધારી પુત્રે ઉત્પન્ન થતાંજ માતાપિતાના પગમાં પ્રણામ કર્યા. તે વખતે તે બન્નેએ તેનું નામ પાડયું. ‘આ પુત્રનું ઘટ માથું ઉત્કચ વાળવિનાનું છે’ એમ માતાએ તેના સંબંધમાં કહ્યું તેથી તેનું નામ ઘટોત્કચ પડયું. ૩૭,૩૮ આ ઘટોત્કચ પાંડવોના ઉપર પ્રીતિવાળો તથા તેમને વશ રહેતો હતો અને પાંડવોને પણ તે નિત્ય વહાલો લાગતો હતો. ૩૯ પછી પોતાનો ભીમની સાથેનો સહવાસકાલ પૂરો થયો છે, એમ પાંડવોને જણાવીને તથા તેમની સાથે અમુક ઠરાવ કરીને હિડિંબા પોતાના સ્થાનમાં ચાલી ગઈ. ૪૦ તે વખતે મહાન દેહવાળા ઘટોત્કચે પણ કુંતી તથા પાંડવોને યથાન્યાય પ્રણામ કર્યા અને તેમને કહેવા લાગ્યો કેઃ- ૧૪ “હે શુદ્ધો! હું આપનું શું કાર્ય કરૂં? તે મને નિઃશંક થઈને કહો.” આ પ્રમાણે બોલતા ભીમસેનના પુત્ર ઘટોત્કચપ્રત્યે કુંતી કહેવા લાગ્યાંઃ- ૪૨ “ હે પુત્ર! તું કુરુના કુલમાં ઉત્પન્ન થયો છે અને સાક્ષાત્ ભીમના જેવો છે તથા પાંચ

પાંડવોનો તું મોટો પુત્ર છે, માટે તું એમને સહાય કરજે." ૪૩

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે જ્યારે પૃથાએ કહ્યું,ત્યારે ઘટોત્કચ પ્રણામ કરીને કહેવા લાગ્યો કેઃ-"હે માતા ! હું આ લોકમાં જેવા રાવણ અને ઇંદ્રજિત મહાબલવાન કહેવાયા છે, તેના જેવા શરીરવાળો અને સામર્થ્યવાળો તથા મનુષ્યોથી વિશેષ થયો છું. ૪૪ જ્યારે મારા બાપ અને કાકાઓને કામ હશે, ત્યારે હું એમની પાસે આવીને ઉભો રહીશ." આ પ્રમાણે કહીને તથા આજ્ઞા લઇને રાક્ષસોમાં શ્રેષ્ઠ એવો ઘટોત્કચ ઉત્તર દિશામાં ચાલ્યો ગયો. ૪૫ આ મહારથ ઘટોત્કચને અતુલ બલવાળા કર્ણની સાથે લડવા તથા તેની શક્તિને નિષ્ફલ કરવા માટે મહાત્મા ઇંદ્રે ઉત્પન્ન કર્યો હતો. ૪૬

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત હિડિંબવધપર્વવિષે ઘટોત્કચોત્પત્તિ નામનો અધ્યાય ૧૫૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૬ મો-વ્યાસનાં દર્શન તથા એકચક્રામાં નિવાસ

॥ वैशंपायन उवाच ॥

ते वनेन वनं गत्वा घ्नन्तो मृगगणान् बहून् ॥
अपक्रम्य ययूराजंस्त्वरमाणा महारथाः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી મહારથ પાંડવો એક વનથી બીજા વનમાં જતા તથા અનેક મૃગસમૂહોનો શિકાર કરતા ઉતાવળથી આગળ ચાલવા લાગ્યા.૧ તેઓ રમણીય વનવિભાગોને તથા સરોવરોને જોતા, મત્સ્ય, ત્રિગર્ત, પંચાલ તથા કીચક દેશમાં થઇને આગળ જવા લાગ્યા.૨ તે બધા મહાત્માઓએ માથે જટા રાખી હતી; વલ્કલ તથા મૃગચર્મ પહેર્યાં હતાં અને કુંતી તથા તેઓએ તપસ્વીનો વેશ ધારણ કર્યો હતો.૩ કોઇ વાર તે મહારથોને ઉતાવળથી જવું હોય ત્યારે તે માતાને ઉંચકી લેતા હતા. વળી કોઈવાર ઇચ્છાનુસાર ચાલતા હતા તો ફરી ત્વરાથી પણ આગળ વધતા હતા.૪ માર્ગમાં તે સર્વ જ્ઞાનવાળા પાંડવો ઉપનિષદ્ તથા વેદનાં અંગો અને નીતિશાસ્ત્રને ભણતા હતા. એમ જતાં જતાં એક વખતે તેમણે પોતાના પિતામહ કૃષ્ણ-દ્વૈપાયન વ્યાસને વનમાં જોયા; એટલે શત્રુને તાપ આપનારા પાંડવો પોતાની માતા સાથે તે મહાત્માને પ્રણામ કરીને હાથ જોડી તેમની આગળ ઉભા રહ્યા. ૫,૬ ત્યારે વ્યાસ બોલ્યાઃ-"હે ભરતશ્રેષ્ઠો! જે રીતે ધૃતરાષ્ટ્રના પુત્રોએ તમને અધર્મથી કાઢી મૂક્યા, એ તમારાં દુઃખને પ્રથમથી હું જાણતો હતો; ૭ અને તે જાણીને જ હું તમારૂં પરમ હિત કરવાની ઇચ્છાથી અહીં આવ્યો છું. આ પ્રવાસના સંબંધમાં તમે ખેદ કરશો નહિ; કારણ કે એ બધું તમને પરિણામે સુખ આપનારૂં થશે. ૮ જો કે મારે તમે અને તેઓ સમાન છો, એમાં સંશય નથી; પણ દીન તથા બાલકો ઉપર મનુષ્યો ખાસ સ્નેહ રાખે છે અને તેથીજ હમણાં તમારાપ્રત્યે મને અધિક સ્નેહ આવે છે. ૮,૯ તે સ્નેહને લીધે તમારા હિતને માટે હું જે કરવા ઈચ્છું છું તે તમે સાંભળો. અહીંની નજીકમાં રમણીય તથા ઉપદ્રવ વિનાનું નગર છે. ત્યાં જઈને તમે મારા આવવાની વાટ જોતા ગુપ્ત થઈને નિવાસ કરો."

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે સત્યવતીના પુત્ર વ્યાસે પાંડવોનું આશ્વાસન કર્યું તથા તેમની સાથે એકચક્રા નગરીમાં ગયા અને ત્યાં તે સમર્થ મુનિ કુંતીને દીલાસો આપવા લાગ્યા. ૧૧

વ્યાસ બોલ્યાઃ-"હે જીવિત પુત્રવાળી! આ તારો ધર્મપરાયણ તથા પુરુષોમાં શ્રેષ્ઠ એવો મહાત્મા પુત્ર ધર્મરાજા યુધિષ્ઠિર, ધર્મવડે સર્વ પૃથ્વી જીતીને પૃથ્વીના સર્વ રાજાઓનું શાસન કરશે. ૧૨ વળી સમુદ્રની મેખલાવાળી સર્વ પૃથ્વીને ભીમસેન તથા અર્જુનના બલથી જીતીને એ તેનું રાજ્ય ભોગવશે,એમાં તું સંશય રાખીશ

નહિ. [૧૩] વળી તારા પુત્રો અને માદ્રીના પુત્રો કે જે સર્વે મહારથીઓ છે, તેઓ પોતાના રાજ્યમાં પ્રસન્ન થઈને નિરંતર વિહાર કરશે. [૧૪] એ નરવ્યાઘ્રો આ પૃથ્વી જીતીને રાજસૂય, અશ્વમેધ આદિ મહા દક્ષિણાવાળા યજ્ઞો કરશે.[૧૫] વળી આ તારા પુત્રો અનુગ્રહવડે સગાંસંબંધીઓને ભોગ, ઐશ્વર્ય તથા સુખ આપીને પોતાના બાપદાદાનું રાજ્ય ભોગવશે. "[૧૬]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે કહીને તે બધાંને એક બ્રાહ્મણને ત્યાં મુકામ કરાવી દ્વૈપાયન ઋષિ તે વખતે પાંડવોમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરને કહેવા લાગ્યા કેઃ—[૧૭] "અહીં તમે એક માસ મારી વાટ જોજો. હું ફરી અહીં આવીશ અને તમે દેશકાલ જોઈને વર્તજો; તેમ કરવાથી તમે પરમ આનંદ પામશો." [૧૮] હે રાજન્! પછી તે બધાંએ હાથ જોડીને 'તેમ કરીશું' એમ કહ્યું, એટલે સમર્થ ઋષિ વ્યાસ ભગવાન પોતે જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા. [૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત હિડિંબવધ પર્વવિષે એકચક્રાપ્રવેશ તથા વ્યાસદર્શન નામનો અધ્યાય ૧૫૬ મો સમાપ્ત. હિડિંબવધપર્વ સમાપ્ત.*

વકવધ પર્વ

અધ્યાય ૧૫૭ મો–બ્રાહ્મણની ચિંતા

॥ जनमेजय उवाच ॥

एकचक्रां गतास्ते तु कुंतीपुत्रा महारथाः ॥
अत ऊर्ध्वं द्विजश्रेष्ठ किमकुर्वत पांडवाः ॥१॥

જનમેજય પૂછે છેઃ—હે દ્વિજશ્રેષ્ઠ! એકચક્રામાં ગયેલા તે મહારથી એવા કુંતીના પુત્ર પાંડવોએ તે પછી ત્યાં શું કર્યું, તે મને કહો.[૧]

વૈશંપાયન કહે છેઃ—એકચક્રામાં ગયેલા તે મહારથી કુંતીપુત્રો એક બ્રાહ્મણને ત્યાં બહુ થોડો સમય રહ્યા હતા.[૨] તે સઘળાઓ ત્યાં રહીને રમણીય વિવિધ વનોને, ભૂમિના ભિન્ન ભિન્ન પ્રદેશોને, નદીઓને તથા સરોવરોને જોતા હતા તથા ભિક્ષા માગતા હતા. વળી હે રાજન્! તે બધાઓ ત્યાં પોતાના ગુણોવડે નગરના લોકોને ઘણા પ્રિય થઈ પડયા હતા.[૩,૪] તેઓ રોજ ભિક્ષા માગી લાવીને રાતે કુંતીને આપતા હતા અને તે જૂદા જૂદા ભાગ કરી આપતાં હતાં, તે લઇને તેઓ ખાતા હતા.[૫] જે ભિક્ષા આવતી હતી, તેના અર્ધા ભાગમાંથી કુંતી તથા ચાર ભાઈઓ ખાતા હતા અને બાકીનો અર્ધો ભાગ મહાબળવાન ભીમ ખાતો હતો.[૬] હે ભરતર્ષભ! આ પ્રમાણે તે રાજ્યમાં રહેતા મહાત્મા પાંડવોને ઘણો સમય જતો રહ્યો.[૭] એક વખતે પુરુષશ્રેષ્ઠ પાંડવો ભિક્ષા લેવા ગયા હતા અને સહવાસને માટે ભીમસેન કુંતીની પાસે રહ્યો હતો.[૮] હે ભારત! તે વખતે તે બ્રાહ્મણના ઘરમાં દુઃખજન્ય મહાન ઘોર શબ્દ ઉત્પન્ન થયો અને તે કુંતીએ સાંભળ્યો.[૯] હે રાજન્! વિલાપ કરીને રડતાં તે બ્રાહ્મણનાં ઘરનાંને જોઈને, કરુણા તથા સજ્જનતાવડે કુંતી તે સહન કરી શકયાં નહિ.[૧૦] તે વખતે દુઃખવડે જેનું હૃદય વલોવાઈ જતું હતું એવાં કલ્યાણવતી કુંતી, ભીમસેનપ્રત્યે આ પ્રમાણે કૃપાયુક્ત વચન કહેવા લાગ્યાંઃ—[૧૧] "હે પુત્ર! આપણે આ બ્રાહ્મણને ત્યાં દુર્યોધન ન જાણે તેમ નિશ્ચિંત થઇને સુખરૂપ સત્કારપૂર્વક રહીએ છીએ;[૧૨] માટે હે પુત્ર! ઘરમાં સુખથી રહેલાઓ જેવું પ્રિય કરે છે તેવું આ બ્રાહ્મણનું હું શું પ્રિય કરૂં? એમ હું હમેશ વિચાર્યાં કરૂં છું.[૧૩] હે વત્સ! જેને કરેલો ઉપકાર વ્યર્થ જતો નથી; પરંતુ બીજા જેટલો ઉપકાર કરે તેનાથી એ તેને અધિક

* **अविश्वास्याः स्त्रियः कामाद्घातंयत्यपि बांधवान् ॥ इति दर्शितवान्व्यासो हिडिंबपर्वणि ॥** સ્ત્રીઓ કામનાથી પોતાના બંધુઓને પણ મરાવે છે, તેથી સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહિ, આ હિડિંબવધપર્વમાં વ્યાસે દર્શાવ્યું છે. **गणेश**

ઉપકાર કરે ત્યારેજ તે ખરો પુરુષ ગણાય છે.[૧૪] હું ધારૂં છું કે, આ બ્રાહ્મણને અવશ્ય દુઃખ આવી પડયું છે. તેમાં જો આપણે એને સહાય કરીએ તો ઉપકાર કરેલો ગણાય."[૧૫]

ભીમસેન કહે છેઃ–"હે માતા! એને શું દુઃખ થયું છે? અને તે શા કારણથી થયું છે? તેને તમે જાણી લ્યો. તે જાણ્યા પછી જો તે કઠિન કામ હશે તોપણ તે કરવાનો હું નિશ્ચય કરીશ."[૧૬]

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્! આ પ્રમાણે તે બન્ને વાતો કરતાં હતાં તે વખતે તેમણે તે બ્રાહ્મણ તથા તેની સ્ત્રીનો ફરીથી દુઃખજન્ય રડવાનો શબ્દ સાંભળ્યો.[૧૭] તે સાંભળતાંજ બાંધેલાં વાછરડાંની પાસે જેમ ગાય જાય, તેમ કુંતી ઉતાવળથી તે મહાત્મા બ્રાહ્મણના અંતઃપુરમાં ગયાં[૧૮] અને ત્યાં તેમણે સ્ત્રી, પુત્ર તથા પુત્રીની સાથે નીચું મુખ કરીને બ્રાહ્મણને બેઠેલો જોયો.[૧૯] બ્રાહ્મણ બોલ્યોઃ–"આ લોકમાં જે જીવિત દુઃખના કારણરૂપ, પરાધીન તથા અત્યંત અપ્રિય ભોગવનારૂં છે, તેવા નિઃસાર તથા નિરર્થક આ જીવિતને ધિક્કાર છે! જીવવામાં પરમ દુઃખ છે, જીવવામાં પરમ સંતાપ છે, જે જીવે છે તેને અવશ્ય દુઃખો આવી પડે છે.[૨૦,૨૧] જીવ એકલો ધર્મ, અર્થ અને કામનું સેવન કરે છે. જો તેનો વિયોગ થાય છે તોપણ પારવિનાનું મહાન દુઃખ ઉત્પન્ન થાય છે.[૨૨] કેટલાએક મોક્ષને એ ત્રણથી શ્રેષ્ઠ કહે છે; પણ તે દુર્લભ છે અને અર્થની પ્રાપ્તિમાં તો સમગ્ર નરકની સ્થિતિજ પ્રાપ્ત થાયછે.[૨૩] ખરે, અર્થની ઇચ્છા કરવી તે પરમ દુઃખ છે, અર્થ મળ્યા પછી તેનાથી અધિક દુઃખ થાય છે અને અર્થમાં સ્નેહ થયા પછી–મમતા થયા પછી તેનો વિયોગ થતાં મહત્તર દુઃખ થાય છે.[૨૪] હું એવો કંઇ ઉપાય જોતો નથી કે જેનાવડે આ આપત્તિથી છૂટી શકું? અથવા પુત્ર તથા સ્ત્રીની સાથે અહીંથી ક્ષેમકુશલ નાસી શકું?[૨૫] હે બ્રાહ્મણિ! પૂર્વે ઉપદ્રવ ન થાય તેવા સ્થાનમાં જવા માટે મેં યત્ન કર્યો હતો, તે તું જાણે છે; પણ ત્યારે તેં મારૂં કહેલું સાંભળ્યું નહિ[૨૬] અને ઓ મૂર્ખી! હું વારંવાર બીજે જઈ રહેવા માટે કહેતો ત્યારે તું કહેતી કે, 'હું આ ગામમાં ઉત્પન્ન થઈ છું તથા મોટી થઇ છું. વળી મારા પિતા પણ અહીં રહે છે; માટે હું નહિ આવુ."[૨૭] તે તારો વૃદ્ધ પિતા પણ સ્વર્ગમાં ગયો છે, તારી મા પણ ઘણા કાલથી મરણ પામી છે અને સગાંઓ પણ મરી પરવાર્યાં છે, તેવા સ્થાનમાં રહેવાની તને કયાં પ્રીતિ થઇ![૨૮] તું મારા વચનને ન સાંભળી બંધુઓની કામનાથી અહીં પડી રહી તેથીજ મને અત્યંત દુઃખ કરનારો મારા બંધુઓના નાશનો આ સમય આવી લાગ્યો છે,[૨૯] અથવા મારો પોતાનોજ નાશ આવ્યો છે; કારણકે ક્રૂરની પેઠે હું જીવતો રહું અને મારાં કોઇપણ સગાંને છોડી દઉં એમ હું કરી શકતો નથી.[૩૦] તું ધર્મમાં સહાય કરનારી, ઇંદ્રિયોને વશ રાખનારી, માતાની પેઠે મારૂં રક્ષણ કરનારી, દેવોએ મારે માટે મિત્રરૂપ બનાવેલી તથા નિત્ય પરમ ગતિરૂપ છે;[૩૧] વળી તને માતાપિતાએ સદા ગૃહસ્થાશ્રમમાં ભાગ લેનારી કરેલી છે; તું કુલીન, શીલસંપન્ન સંતતિને ઉત્પન્ન કરનારી, અપકારવિનાની અને નિત્ય અનુસરનારી પવિત્ર પત્ની છે. તે તને યથાન્યાય વરીને તથા મંત્રવિધિથી પરણીને હું મારા પોતાના જીવિતને માટે ત્યાગ કરવા સમર્થ થતો નથી; તો પછી જેની યોગ્ય ઉંમર ન થયેલી તથા જેને દાઢીમૂછ પણ ન ફુટેલાં એવા આ પુત્રનો ત્યાગ તો હું પોતે કરીજ કેમ શકું? વળી મહાત્મા વિધાતાએ તેના પતિને માટે મારે ત્યાં થાપણરૂપે મૂકેલી એવી અને જેનાવડે દૌહિત્રથી મળતા લોકોને પિતૃઓની સાથે હું ભોગવવા ઇચ્છું છું તે આ બાલક પુત્રીને પોતે ઉત્પન્ન કરીને હવે હું શી રીતે તેનો ત્યાગ કરી શકું?[૩૨-૩૬] કેટલાક પુરુષો પિતાનો પુત્ર ઉપર અધિક સ્નેહ હોય છે એમ માને છે; ત્યારે બીજા કન્યામાં અધિક સ્નેહ માને છે, પણ મને તો તે બન્ને સમાન છે.[૩૭] ઉત્તમ લોકો, સંતતિ અને નિત્યસુખનો જેનાપર આધાર

છે તેવી નિષ્પાપ બાળાનો ત્યાગ હું શી રીતે કરી શકું ?[૩૮] વળી હું પોતાના શરીરનો ત્યાગ કરૂં છું તોપણ મને પરલોકમાં સંતાપ થાય કે, 'મેં એ બધાંને છોડયાં છે, તેઓ જરૂર જીવી શકશે નહિ.' આમાંથી કોઈનો ત્યાગ કરવો તે ડાહ્યા મનુષ્યોએ નિંદિત ગણ્યો છે અને હું પોતે જાઉં તો મારાવિના એ બધાં મરે છે.[૩૯,૪૦] હું આ મોટી કષ્ટદાયક વિપત્તિમાં પડયો છું, એને તરવા મારૂં સામર્થ્ય ચાલતું નથી. અરે ધિક્કાર છે મને ! મારાં બંધુઓની સાથે હું હવે કયે રસ્તે જઇશ ? અથવા બધાંની સાથે મારે મરવું એ શ્રેયસ્કર છે; પણ મારેમાટે જીવવું યોગ્ય નથી."[૧]

ઈતિ શ્રીમહા૦ આદિ૦ બકવધપર્વમાં
" બ્રાહ્મણચિંતા " એ વિષયનો
અધ્યાય ૧૫૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૮ મો–બ્રાહ્મણીનાં વચન

॥ ब्राह्मण्युवाच ॥

न संतापस्त्वया कार्यः प्राकृतेनेव कर्हिचित् ॥
नहि संतापकालोऽयं वैद्यस्य तव विद्यते ॥१॥

બ્રાહ્મણી બોલી:–"હે નાથ ! તમારે પ્રાકૃત જનની પેઠે કોઈ રીતે સંતાપ કરવો નહિ, કારણ કે તમને વિદ્વાનને આ કાલ સંતાપ કરવાનો નથી.[૧] આ લોકમાં મનુષ્યોએ અવશ્ય મૃત્યુને તાબે થવાનું જ છે તો તે અવશ્ય થનારા વિષયમાં સંતાપ કરવો જોઇએ નહિ.[૨] વળી સ્ત્રી, પુત્ર, પુત્રી વગેરે સર્વ પોતાના પ્રિયને માટે છે; તેથી તમે સદ્બુદ્ધિના યોગવડે વ્યથા છોડી દો અને હું પોતે ત્યાં જઇશ;[૩] કારણ કે સ્ત્રીઓનું આ લોકમાં સનાતન પરમ કર્તવ્ય એજ છે કે, પ્રાણનો ત્યાગ કરીને પણ પોતાના પતિનું હિત કરવું;[૪] માટે એમ કરવાથી તમને સુખ થશે, પરલોકમાં મને અક્ષય ફળ મળશે અને આ લોકમાં યશ મળશે.[૫] આ હું તમને જે કહું છું તે મુખ્ય ધર્મ છે, માટે એમ કરવાથી તમને અર્થસિદ્ધિ અને મહાન ધર્મ થશે.[૬] વળી જેટલા માટે સ્ત્રી પરણવામાં આવે છે, તે અર્થરૂપી એક પુત્ર અને એક કન્યા તમને મારાથી પ્રાપ્ત થયાં છે, એટલે તમે મને ઋણમુક્ત કરી છે.[૭] વળી તમે પુત્રપુત્રીનાં પોષણ અને રક્ષણને માટે જેવા સમર્થ છો, તેવું એ બન્નેનું પોષણ–રક્ષણ કરવા મારૂં સામર્થ્ય નથી. હે અમારા સર્વના પ્રાણ તથા ધનના ઈશ્વર ! તમારાવિનાની થયેલી હું અને આ બાળકો કેવી રીતે રહી શકીએ અને હું એમનું ભરણપોષણ શી રીતે કરી શકું ? અરેરે ! અનાથ, વિધવા, બાળક પ્રજાવાળી અને સન્માર્ગમાં રહેનારી હું તમારાવિના આ બે પ્રજાને કેવી રીતે જીવાડી શકીશ ? વળી અહંકારી તથા કલંકિત પુરુષો આ કન્યાનું માગું કરશે, તેવા તમારી સાથે સંબંધ કરવાને નાલાયક પુરુષોથી એનું હું શી રીતે રક્ષણ કરી શકીશ ?[૧૧] વળી જેમ પૃથ્વીપર નાખેલા માંસને બધાં પક્ષીઓ લેવા ઈચ્છે છે, તેમ પતિવિનાની સ્ત્રીની સઘળા પુરુષો માગણી કરે છે.[૧૨] હે દ્વિજોત્તમ ! આ પ્રમાણે દુરાત્માઓએ પ્રાર્થના કરીને ડગાવેલી હું સજ્જનોએ ઈચ્છેલા સન્માર્ગમાં રહેવા સમર્થ થઇશ નહિ.[૧૩] વળી તમારા કુળમાં એકની એક આ બાળાને પિતૃપિતામહથી ચાલતા આવેલા સારા કુળના સંબંધમાં દોષ નઆવે તેમ હું શી રીતે પરણાવી શકીશ ?[૧૪] અનાથ અને સર્વ રીતે લૂંટાયલા આ બાળકને ધર્મદૃષ્ટિવાળા તમે જે રીતે વિદ્યાદિ ગુણો આપી શકો, તેમ હું શી રીતે આપી શકીશ ?[૧૫] વળી મને અનાથને ન ગણકારી આ તમારી બાળાને મેળવવા, જેમ શૂદ્રો વેદની શ્રુતિની પ્રાર્થના કરે, તેમ અયોગ્ય મનુષ્યો પ્રાર્થના કરશે;[૧૬] અને તમારા જેવા ગુણવાળી એ કન્યા જો હું તેમને નહિ આપું તો જેમ યજ્ઞમાંથી કાગડાઓ હવિ ઉપાડી જાય, તેમ

તેઓ બળાત્કારથી એને ઉપાડી જશે.[૧૭] વળી તમારા પુત્રને તમારા જેવો થયેલો ન જોવાથી તથા આ તમારી પુત્રીને અયોગ્યના કબજામાં પડેલી જોઇને અને ગર્વિષ્ઠ પુરુષોથી અપમાન પામીને હે બ્રહ્મન્! તેવા અપમાનને માટે પોતાને અયોગ્ય માનતી હું મરણ પામીશ. એમાં સંશય નથી.[૧૮,૧૯] પછી મારા તથા તમારાવિનાનાં થયેલાં આ બાળકો જેમ જળનો ક્ષય થવાથી માછલાં વિનાશ પામે, તેમ નિઃસંદેહ વિનાશ પામશે.[૨૦] આ રીતે તમારાવિના બે બાળકો અને ત્રીજી હું, એમ ત્રણે સર્વથા નાશ પામીશું,માટે તેમ ન થવા સારૂ તમારે મારો ત્યાગ કરવો જોઇએ. વળી હે બ્રહ્મન્! ધર્મવેત્તાઓ જાણે છે કે, પુત્રવાળી સ્ત્રી પતિના પહેલાં મરણ પામે તે તેનું મોટું ભાગ્ય છે;[૨૨] માટે આ પુત્ર, આ પુત્રી, બાંધવો અને મારા જીવિતનો તમારેમાટે મેં ત્યાગ કર્યો છે, એમ તમે જાણો;[૨૩] કારણકે યજ્ઞ, તપ, નિયમ અને વિવિધ દાનો કરતાં પણ સ્ત્રીને પોતાના પતિનું નિત્ય પ્રિય તથા હિત કરવું, એ શ્રેષ્ઠ ગણાય છે;[૨૪] માટે પરમ માન્ય એવો જે ધર્મ કરવા હું ઇચ્છું છું, તે તમારે પોતાને સારૂ તથા તમારા કુળને સારૂ ઇચ્છવાયોગ્ય અને હિતકારક છે.[૨૫] વળી વહાલાં છોકરાંઓ, દ્રવ્ય, પ્રિય સ્નેહીઓ તથા ભાર્યા-એ બધાં આપદ્ધર્મથી મુક્ત થવાને માટેજ છે, એવો સજ્જનોનો મત છે.[૨૬] આપત્તિને માટે ધનનું રક્ષણ કરવું, ધનવડે સ્ત્રીનું રક્ષણ કરવું અને સ્ત્રી તથા ધન બન્નેથી પોતાનું સદાય રક્ષણકરવું.[૨૭] વિદ્વાનોએ નિશ્ચય કર્યો છે કે, પોતાનાં દૃષ્ટ તથા અદૃષ્ટ ફળને માટે ભાર્યા, પુત્ર, ધન અને ઘર, એ સઘળું સંપાદન કરવું.[૨૮] એક તરફ આખું કુળ અને બીજી તરફ કુળની વૃદ્ધિ કરનાર પોતાનું શરીર, એ બેની તુલના કરતાં બીજું બધું પોતાની બરોબર ગણાય નહિ, એવો ડાહ્યા માણસોનો નિશ્ચય છે; માટે હે આર્ય! મારાથી કાર્ય કરી લ્યો, મને આજ્ઞા આપો તથા તમે તમારૂં શરીર બચાવો અને આ મારાં બે બાળકોનું પરિપાલન કરો.[૨૯,૩૦] વળી ધર્મના નિશ્ચયમાં ધર્મવેત્તાઓ સ્ત્રીને અવધ્ય કહે છે અને રાક્ષસો ધર્મને જાણનારા હોય છે, એમ પણ કહે છે; માટે તે કદાચિત્ મને નહિ પણ મારે.[૩૧] એટલે પુરુષનો વધ નિઃસંશય છે અને સ્ત્રીનો વધ સંશયગ્રસ્ત છે; માટે હે ધર્મજ્ઞ! તમારે મનેજ ત્યાં મોકલવી ઘટે છે.[૩૨] મેં ભોગ ભોગવ્યા છે, પ્રિય વસ્તુઓ પ્રાપ્ત કરી છે, મહાન ધર્મનું પણ પાલન કર્યું છે અને તમારાથી મને પ્રિય બાળકો પણ પ્રાપ્ત થયાં છે, એટલે હવે મને મરવું સંતાપકારક લાગતું નથી.[૩૩] મને પુત્ર થયો છે, હું વૃદ્ધ થઇ છું અને તમારૂં પ્રિય કરવામાટે નિરંતર ઇચ્છા રાખું છું. આ બધું વિચારીને મેં એ કાર્ય કરવા નિશ્ચય કર્યો છે.[૩૪] વળી હે આર્ય! મારો ત્યાગ કરીને પણ તમને બીજી સ્ત્રી મળશે, એટલે ફરીથી તમારો ગૃહસ્થધર્મ બરોબર સચવાશે. હે કલ્યાણરૂપ! ઘણી સ્ત્રી પરણનાર પુરુષને અધર્મ થતો નથી, પણ સ્ત્રી જો પોતાના મૃત પતિનું ઉલ્લંઘન કરીને બીજો પતિ કરે તો તેને મહાન અધર્મ થાય છે.[૩૬] આ બધાંનો તથા આત્મત્યાગ નિંદિત છે તેનો વિચાર કરીને, તમે પોતાનો, કુળનો તથા આ બે બાળકોનો શીઘ્ર બચાવ કરો."[૩૭]

વૈશંપાયને કહ્યું:-હે ભારત! આ પ્રમાણે તે બ્રાહ્મણીએ કહ્યું, ત્યારે તેનો ભર્તા તે સ્ત્રીને આલિંગન કરીને સ્ત્રીની સાથે અત્યંત દુઃખી થઇ ધીરે ધીરે આંસુ પાડવો લાગ્યો.[૩૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત બકવધપર્વવિષે બ્રાહ્મણીવાક્ય નામનો અધ્યાય ૧૫૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૫૯ મો–બ્રાહ્મણની કન્યા તથા પુત્રનાં વચન

॥ वैशंपायन उवाच ॥

तयोर्दुःखितयोर्वाक्यमतिमात्रं निशम्य तु ॥
ततो दुःखपरितांगी कन्या तावभ्यभाषत ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી દુઃખી થયેલાં તે માતાપિતાનાં અતિ દીન વાકયો સાંભળીને દુઃખથી વ્યાપ્ત અંગવાળી કન્યા તે બન્નેને કહેવા લાગીઃ–[૧] "હે માતાપિતા! આમ અનાથની પેઠે દુઃખથી દીન બનીને શામાટે રોદન કરો છો? તમે મારાં વાકયને પણ સાંભળો અને યોગ્ય લાગે તેમ કરો.[૨] ધર્મથી જોતાં તમારે મારો ત્યાગ કરવાનોજ છે, એમાં સંશય નથી. ત્યારે ત્યાગ કરવા યોગ્ય એવી મને એકલીને ત્યજીને તમે સઘળાંનું રક્ષણ કરો.[૩] 'મને પોતાને તારશે' એવા હેતુથીજ સર્વ મનુષ્યો પ્રજાની ઇચ્છા રાખે છે, તો તે તરવાનો સમય આવ્યો છે માટે તમે મને નૌકારૂપ કરીને આ દુઃખનદીને તરી જાઓ.[૪] પુત્ર આ લોકમાં સંકટથી અથવા પરલોકમાં (પુન્નામના નરકથી) તારે છે; માટે સર્વ રીતે પુત્ર તારનારો હોવાથી ડાહ્યા માણસોએ તેને પુત્ર કહેલો છે.[૫] વળી પિતામહો મારાથી નિત્ય દૌહિત્રોની આકાંક્ષા રાખે તો હું પોતેજ પિતાના જીવનનું રક્ષણ કરીને તે પિતામહોનું પરિત્રાણ કરીશ.[૬] આ મારો ભાઈ જે બાલક છે તે તમે પરલોકમાં જાઓ એટલે થોડા સમયમાંજ વિનાશ પામશે એમાં સંશય નથી.[૭] આ રીતે પિતા સ્વર્ગમાં જાય અને મારો નાનો ભાઇ પણ મરણ પામે એટલે પિતૃઓનું પિંડદાન બંધ થાય અને તે તેમનું ઘણું અપ્રિય થયેલું ગણાય.[૮] વળી પિતા, માતા તથા ભાઈ વિનાની થયેલી હું દુઃખ ખમવાને અયોગ્ય છતાં અનેક દુઃખોને પામી મરણ પામીશ, એમાં સંશય નથી;[૯] અને તમે જો નિરુપદ્રવ બચી જશો તો મારી માતા તથા બાલક ભાઇ પણ જીવશે તથા સંતતિ અને પિંડદાન પણ નિઃસંશય સ્થિતિ પામશે.[૧૦] પુત્ર પોતાનો આત્મા ગણાય છે, ભાર્યા મિત્ર ગણાય છે અને પુત્રી તો દુઃખ ગણાય છે; માટે તમે દુઃખથી મુક્ત થાઓ અને મને મારો ધર્મ બજાવવાની આજ્ઞા કરો.[૧૧] હે તાત! તમારાવિના સદા ગરીબ થયેલી બાલા હું અનાથ અને દીન થઇશ તથા મારે જ્યાં ત્યાં ભટકવું પડશે.[૧૨] તેના કરતાં હું આ કુળને દુઃખમાંથી છોડાવનારી થાઉં અને દુષ્કર કર્મ કરીને મારૂં મરણ સફળ કરૂં. હે દ્વિજશ્રેષ્ઠ! મને છોડીને તમે રાક્ષસ પાસે જશો પણ તેમ કરવાથી હું અત્યંત પીડા પામીશ; માટે મારા તરફ પણ નજર કરો.[૧૩,૧૪] હે સત્પુરુષોમાં શ્રેષ્ઠ! અમારે માટે, ધર્મને માટે તથા વંશને માટે તમારૂં પોતાનું રક્ષણ કરો અને ત્યાગ કરવા યોગ્ય જે હું, તે મારોજ ત્યાગ કરો.[૧૫] જે અવશ્ય કરવાનું કાર્ય છે તેમાં તમે વખત ગાળશો નહિ. તમારા સ્વર્ગગમન પછી અમે પારકાની પાસે અન્નની યાચના કરતાં કૂતરાંની પેઠે ભટકીએ, એનાથી બીજું અધિક દુઃખ શું હોય? જો તમે આ કલેશમાંથી બંધુઓ સાથે કુશલ બચી જશો તો આ લોકમાં મારૂં યશઃશરીર રહેવાથી હું જાણે મૃત્યુ ન પામી હોઉં તેમ સુખી થઇશ.[૧૬,૧૭] આ રીતે રાક્ષસને કન્યા આપવાથી જો કે દેવો અને પિતૃઓ હિતકારક થતા નથી એમ સાંભળ્યું છે, તોપણ તમારી આપેલી જલાંજલિથી તેઓ હિતકારક થશે એમાં સંશય નથી."[૧૮]*

---

* આ સ્થાનમાં મૂલ શ્લોક આ પ્રમાણે છેઃ– **इतः प्रदाने देवाश्च पितरश्चेति न श्रुतम् । त्वया दत्तेन तोयेन भविष्यंति हिताय वै ॥१८॥** આ શ્લોક ઉપરની **नीलकंठी टीका:**–"**इतः प्रदाने अस्मिन् राक्षसाहाराय कन्यादाने दुर्दानत्वात् पितुः, दुर्मरणाच्च कन्याया देवाश्च पितरश्च हिताय नेति श्रुतं यद्यपि तथापि त्वया दत्तेन तोयेन तव मम च हिताय ते भविष्यंतीत्यर्थः**" અર્થઃ–રાક્ષસના આહારને માટે આ કન્યાદાન થવાથી દુર્દાનને લીધે પિતાને અને દુર્મરણને લીધે

વૈશંપાયન કહે છેઃ–આવાં પુત્રીનાં ઘણાં વિલાપવચનો સાંભળીને પિતા, માતા તથા તે કન્યા ત્રણે જણ રડવા લાગ્યાં.[૧૯] પછી બધાંને રડતાં સાંભળીને પ્રફુલ્લ નેત્રવાળો બાલક પુત્ર કાલા મધુર શબ્દથી બોલવા લાગ્યોઃ–[૨૦] "ઓ બાપા ! તમે રડશો નહિ ! ઓ માતા ! ઓ બહેન ! તમે પણ રડશો નહિ." આમ બોલતો અને હસતો હોય તેમ તે બાલક તે એકેએકની પાસે ફરી વળ્યો.[૨૧] વળી તે પોતાના હાથમાં એક ઘાસનું તણખલું લઈ ખુશી થઇને બોલ્યો કે, આનાથી તે માણસને ખાઈ જનાર રાક્ષસને હું મારી નાખીશ."[૨૨] જો કે તે બધાં દુઃખથી વ્યાકુલ થયાં હતાં, તોપણ તેમને બાલકનાં કાલાં વચન સાંભળીને મહાન હર્ષ ઉત્પન્ન થયો [૨૩] આ સમય અંદર જવા જેવો છે એમ ધારીને કુંતી તેઓની પાસે ગયાં અને પ્રાણ વિનાનાંને જેમ અમૃતથી જીવાડતાં હોય તેમ આ પ્રમાણે કહેવા લાગ્યાં.[૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત બકવધપર્વવિષે બ્રાહ્મણકન્યાપુત્રવાક્ય નામનો અધ્યાય ૧૫૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૦ મો–કુંતીનો પ્રશ્ન અને બ્રાહ્મણનો ઉત્તર

॥ कुंत्युवाच ॥

कुतोमूलमिदं दुःखं ज्ञातुमिच्छामितत्त्वतः॥
विदित्वाऽप्यपकर्षेयं शक्यं चेदपकार्षितुम्॥१॥

કુંતી પૂછે છેઃ–"હે બ્રાહ્મણ ! તમને આ દુઃખ શા કારણથી ઉત્પન્ન થયું છે ? તે હું યથાર્થ રીતે જાણવા ઇચ્છું છું અને જાણીને જો તે મટાડવા જેવું હશે તો હું મટાડીશ."[૧]

બ્રાહ્મણ કહે છેઃ–"હે તપરૂપી ધનવાળા ! તમે જે બોલો છો તેવું બોલવું સજ્જનોને માટે યોગ્યજ છે; પરંતુ આ મારૂં દુઃખ મનુષ્યથી ટળી શકે તેવું નથી.[૨] આ નગરના નજીકમાં એક બક નામનો રાક્ષસ રહે છે, જે મહા બલવાળો આ નગરનો અને દેશનો ધણી છે.[૩] તે દુર્બુદ્ધિવાળો રાક્ષસ મનુષ્યનું માંસ ખાઇ ખાઇને પુષ્ટ થયો છે અને તે બલવાન અસુરોનો રાજા આ દેશનું નિરંતર રક્ષણ કરે છે.[૪] રાક્ષસી બલવાળો તે રાક્ષસ નગર અને દેશનું રક્ષણ કરે છે, તેથી અમને પારકાં રાજ્યોનું તથા અન્ય પ્રાણીઓનું ભય થતું નથી.[૫] એ

કન્યાને, દેવો તથા પિતૃઓ હિતકર થતા નથી, એવું જો કે શ્રુત છે; તથાપિ તમારા આપેલા (તર્પણ) જલથી તેઓ તમારા અને મારા હિતકારક થશે. આ ટીકાનો આશ્રય કરીનેજ મેં મૂલમાં અર્થ આપ્યો છે; પરંતુ એ રીતે અર્થ કરતાં દુર્દાન, દુર્મરણ, રાક્ષસ, કન્યાદાન, પિતા ઇત્યાદિ શબ્દો મૂળ શ્લોકમાં ન છતાં તે શબ્દોનો અધ્યહાર કરી ગૌરવ કરવું પડે છે. તે ન કરવું પડે એવો અર્થ લેલે શાસ્ત્રીએ પોતાના ભાષાંતરમાં આપ્યો છે અને તે સુલલિત હોવાથી તેમજ યોગ્ય હોવાથી નીચે આપ્યો છે. તેવો અર્થ કરતાં '**इतःप्रदान**' એ એક પદ કરવું જોઇએ અને '**न स्रुतस्** ત્યાં '**नः स्रुतस्**' એવો પાઠ લેવો જોઇએ, કે જે પાઠ બીજી પ્રતોના મૂળમાં ઉપલબ્ધ થાય છે. તેનો અર્થ–દેવો અને પિતૃઓ (ઉપજીવિકાને માટે) **इतःप्रदान** (અર્પણ કરેલું હવિ, જલ વગેરે)નું અવલંબન કરીને રહે છે એવું સાંભળ્યું છે; માટે તેઓ તમારા આપેલા જલવડે અવશ્ય આપણા હિતાવહ થશે. આ પ્રમાણે અર્થ કરવામાં પ્રમાણ '**इतःप्रदानं देवा उपजीवन्ति...अमुतः प्रदानं मनुष्या उपजीवन्ति**' આ તૈત્તિરીય શ્રુતિનો વિચાર કરવાથી સમજાય છે કે **इतःप्रदान** અને **अमुतःप्रदान** એ અનુક્રમે દેવાદિકનું તથા મનુષ્યાદિકનું ઉપજીવિકાસાધન સિદ્ધ થાય છે. વળી '**देवान्भावयतानेन ते देवा भावयन्तु वः**' ભ૦ ગી૦ તથા **अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपातिष्ठते आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नंततः प्रजाः॥** એ વચનનો વિચાર કરવાથી–દેવાદિકના ઉદ્દેશથી બ્રાહ્મણાદિકે આપેલાં હવિ, જલ વગેરે–આવો **इतःप्रदान** શબ્દનો અર્થ કરવાથી ઉપર જણાવેલો અર્થ સુશ્લિષ્ટ થાય છે. વિદ્યાવાચસ્પતિ આપ્પા શાસ્ત્રીએ પણ આવોજ અર્થ કરેલો છે.

રક્ષણના બદલામાં તેને એક વાહ (વીસ *ખારી) ચોખા, બે પાડા અને એક પુરુષ એટલું ખાવા માટે આપવું પડે છે, જે બધું તે પુરુષ ત્યાં લઈને જાય છે.[૬] આ પ્રમાણે તે રાક્ષસનું ભોજન રોજ એક એક પુરુષ આપે છે; એટલે એ વારો ઘણે વર્ષે આવે છે, તોપણ તે મનુષ્યોને ઘણો આકરો પડે છે.[૭] જો તે વારામાંથી છૂટવા માટે જે પુરુષો કોઈ વાર પણ યત્ન કરે છે, તો તેમને સ્ત્રી તથા છોકરાંઓની સાથે મારી નાખીને તે રાક્ષસ ખાઈ જાય છે.[૮] વળી અહીંથી થોડે છેટે વેત્રકીય ગૃહ નામના સ્થાનમાં આ નગરીનો ખરો રાજા રહે છે; પણ તે આ નગરનું ન્યાયથી રક્ષણ કરતો નથી. તે જાતે રાક્ષસને મારવા અશક્ત છે; પરંતુ કોઇ બીજો ઉપાય પણ તે મંદ બુદ્ધિવાળો કરતો નથી કે જેથી આ લોકોની હમેશની હાડમારી મટી જાય.[૯] આ દુર્બલ રાજાના દેશમાં અમે સદા વાસ કરીને રહીએ છીએ તથા એ કુત્સિત રાજાના આશ્રયમાં પડયાં છીએ, એટલે અમે આવું દુઃખ ભોગવવાને યોગ્યજ છીએ.[૧૦] ઇચ્છામાં આવે ત્યાં જઇ શકતા બ્રાહ્મણોને કોઇ કંઇ કારણથી પણ જવામાં રોકાણ કરી શકે નહિ. તે તો પક્ષીઓની પેઠે ઇચ્છામાં આવે ત્યાં સારા દેશમાં અને સારા રાજાના રાજ્યમાં જઇને રહી શકે છે.[૧૧] મનુષ્યોએ પ્રથમ સારો રાજા મેળવવો જોઇએ, પછી ભાર્યા મેળવવી અને પછી ધન મેળવવું જોઇએ. આ ત્રણનો સંગ્રહ કરીને પછી પુત્ર, સગાં વગેરેને સુખી કરવાં જોઇએ.[૧૨] મેં તો એ ત્રણે ઉલટાં મેળવ્યાં છે; અર્થાત્ કુરાજ્યમાં સ્ત્રી પરણ્યો અને પછી પણ ધન મેળવ્યું નહિ; માટેજ આ આપત્તિ પામીને અમે બધાં અત્યંત સંતાપમાં પડયાં છીએ.[૧૩] તે કુલને નાશ કરનારો વારો હાલ અમારો આવ્યો છે, માટે મારે તે રાક્ષસના પેટ માટે ભોજન તથા એક પુરુષ મોકલવાનો છે.[૧૪] મારી પાસે એટલું ધન નથી કે જેનાથી હું કોઇ પુરુષને વેચાતો લઇને ત્યાં મોકલી શકું! વળી મારાં સગાંઓને તો કદાપિ હું આપી શકું નહિ.[૧૫] તેમ તે રાક્ષસથી છૂટવાનો મને એકે માર્ગ પણ સૂઝતો નથી. આ રીતે હું મોટા, તરાય નહિ તેવા દુઃખના સમુદ્રમાં અત્યંત ડૂબ્યો છું;[૧૬] માટે છેવટે હું આ બધાં સગાંને લઇનેજ તે રાક્ષસની પાસે આજે જઇશ, એટલે તે ક્ષુદ્ર અમને બધાંને એકી વખતે ખાઈ જશે.[૧૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત બકવધપર્વવિષે કુંતીપ્રશ્ન નામનો અધ્યાય ૧૬૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૧ મો–બ્રાહ્મણનું આશ્વાસન અને ભીમસેને કરેલો બકવધનો અંગીકાર

॥ कुंत्युवाच ॥

न विषादस्त्वया कार्यो भयादस्मात्कथंचन ॥
उपायः परिदृष्टोऽत्र तस्मान् मोक्षायरक्षसः॥१॥

કુંતી બોલ્યાં:–"હે બ્રાહ્મણ! આ આવી પડેલા ભયથી તમારે કોઈ રીતે ખેદ કરવો નહિ; કારણ કે તે રાક્ષસથી મુક્ત થવાનો ઉપાય મેં ખોળી કાઢ્યો છે.[૧] તમારે એક બાલક પુત્ર તથા એક બિચારી પુત્રી છે; માટે તે બેમાંથી એક અથવા તમારી સ્ત્રી કે તમે જાતે રાક્ષસ પાસે જાઓ એ મને સારૂં લાગતું નથી.[૨] હે બ્રહ્મન્! મારે પાંચ પુત્રો છે તેમાંથી એક પુત્ર તમારે બદલે તે પાપી રાક્ષસમાટે બલિદાન લઇને જશે."[૩]

બ્રાહ્મણે કહ્યું:–"મારા પોતાના જીવતને સારૂ બ્રાહ્મણ અને તે પણ અતિથિના પ્રાણને વિયુકત કરીને હું સ્વાર્થને માટે એવું કામ કોઈ

* ચાલીશાં તોલ પ્રમાણે સોળ મણની એક ખારી.

રીતે પણ કરીશ નહિ.[૪] તમે બ્રાહ્મણને માટે પોતાના શરીરનો અને પુત્રનો ત્યાગ કરવા તૈયાર થયાં છો એવું કાર્ય જે અકુલીન તથા અધર્મિષ્ઠ સ્ત્રીઓ હોય તેમાં સંભવેજ નહિ;[૫] પરંતુ મારે મારૂં કલ્યાણ પણ સમજવું જોઇએ. બ્રહ્મવધ અથવા આત્મવધ થતો હોય તેમાં મને આત્મવધ કલ્યાણકારક લાગે છે;[૬] કારણ કે બ્રહ્મવધ એ મહાન પાપ છે. એ પાપમાંથી છૂટવાનો ઉપાય નથી. અજાણતાં બ્રહ્મવધ કરવો તેના કરતાં પણ આત્મવધ કરવો સારો, એમ મને સમજાય છે.[૭] હે શુભે! વળી હું પોતે પોતાનો વધ કરવા ઇચ્છતો નથી, પણ પારકાથી મારો વધ થાય છે એટલે એમાં મને જરાપણ પાપ લાગશે નહિ;[૮] પણ મારે માટે જાણી જોઇને બ્રાહ્મણનો વધ થાય તો તે મનુષ્યોમાં નિંદવા યોગ્ય અને ક્ષુદ્રજ ગણાય. મને તેનાથી છૂટવાનો માર્ગ જણાતો નથી.[૯] વળી પોતાને ઘેર આવેલાનો અથવા શરણે આવેલાનો ત્યાગ કરવો અને પોતાને બદલે મૃત્યુની યાચના કરનારાનો વધ કરવો એ ક્રૂર છે તથા વિદ્વાનોએ તે નિંદિત ગણેલો છે.[૧૦] પૂર્વના આપદ્ધર્મને જાણનારા મહાત્માઓ આ પ્રમાણે કહે છે કે, નિંદિત તથા ક્રૂર કર્મ કોઇ રીતે કરવું નહિ;[૧૧] માટે મારો આજે સ્ત્રી સાથે નાશ થાય તેને હું કલ્યાણકારક માનું છું; પણ બ્રાહ્મણના વધને માટે તો હું કદાપિ સંમતિ આપીશ નહિ."[૧૨]

કુંતી બોલ્યાં:—"હે બ્રહ્મન્! મારે જો સો પુત્રો હોય તોપણ તેમાંનો મને એકે અળખામણો તો નજ હોય; તથાપિ બ્રાહ્મણોનું રક્ષણ કરવું એવી મારી દૃઢ બુદ્ધિ છે, તેથીજ હું તમને કહું છું.[૧૩] એ રાક્ષસ મારા પુત્રનો નાશ કરવા સમર્થ નથી; કારણ કે મારો પુત્ર વીર્યવાન, મંત્રથી સિદ્ધ થયેલો તથા તેજસ્વી છે;[૧૪] માટે તે રાક્ષસને બધું ભોજન પહોંચાડશે અને પોતે પણ તેનાથી છૂટી શકશે, એવી મારી પાકી ખાત્રી છે.[૧૫] એ વીર પુત્રને ઘણા રાક્ષસોનો ભેટો થયો છે તથા ઘણા બલવાન અને પ્રચંડ દેહવાળા રાક્ષસો એણે પહેલાં જોયા છે તથા અનેકને મારી નાખ્યા છે;[૧૬] પરંતુ હે બ્રહ્મન્! આ વાત તમે કોઈની આગળ કોઇ રીતે પણ કહેશો નહિ; કારણ કે વિદ્યાર્થીઓ મારા પુત્રને એ વિદ્યા જાણવા માટે પજવણી કરશે.[૧૭] વળી ગુરુની આજ્ઞાવિના મારો પુત્ર જો એ વિદ્યા ભણાવે તો તે વિદ્યાવડે પછી તે તેવું કામ કરી શકે નહિ, એવું સજ્જનોનું માનવું છે."[૧૮]

કુંતીએ આવાં વચન કહ્યાં ત્યારે તે બ્રાહ્મણ પોતાની સ્ત્રી સાથે બહુ પ્રસન્ન થયો અને કુંતીનાં અમૃત જેવાં વચનને વખાણવા લાગ્યો.[૧૯] પછી કુંતી તથા તે બ્રાહ્મણે સાથે મળીને વાયુપુત્ર ભીમસેનને કહ્યું કે, 'આ કાર્ય તું કર' ત્યારે ભીમે તે કાર્ય કરવા બન્નેને હા પડી.[૨૦]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત બકવધપર્વવિષે ભીમબકવધાંગીકાર નામનો અધ્યાય ૧૬૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૨ મો—યુધિષ્ઠિર તથા કુંતીનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥
करिष्य इति भीमेन प्रतिज्ञातेऽथ भारत ॥
आजग्मुस्ते ततः सर्वे भैक्षमादाय पांडवाः॥१॥

વૈશંપાયન કહે છેઃ—હે ભારત! ભીમસેને તે કાર્ય હું કરીશ; એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી એટલામાંજ ત્યાં સર્વે પાંડવો ભિક્ષા લઇને આવી પહોંચ્યા.[૧] પછી પાંડુપુત્ર યુધિષ્ઠિર ભીમના આકાર ઉપરથીજ તે વાત જાણીને એકાંતમાં એકલા બેસીને પોતાની માતાને પૂછવા લાગ્યા.[૨]

યુધિષ્ઠિર બોલ્યાઃ—"હે માતા! આ ભયંકર પરાક્રમી ભીમસેન શું કામ કરવા ધારે છે? એમાં તમારી સંમતિ છે કે એ પોતાની મેળેજ કંઈ કરવા ઇચ્છે છે?"[૩]

કુંતી બોલ્યાં:–"એ શત્રુને તાપ આપનારો ભીમ મારા વચનથીજ આ બ્રાહ્મણને અર્થે તથા નગરનું દુઃખ મટાડવા માટે મોટું કૃત્ય કરશે."[૪]

યુધિષ્ઠિર બોલ્યા:–"ઓ માતા! આ દુષ્કર અને તીવ્ર સાહસ તમે શામાટે ઉપાડયું? સાધુ પુરુષો પણ પુત્રના ત્યાગને વખાણતા નથી.[૫] પારકા પુત્રને માટે તમે પોતાના પુત્રનો ત્યાગ કરવા કેમ ઇચ્છો છો? આ પુત્રનો ત્યાગ કરવાથી તમે લોકાચાર અને વેદ બન્નેથી વિરુદ્ધ કાર્ય કર્યું છે.[૬] જે ભીમના બાહુબલનો આશ્રય કરીને આપણે બધાં સુખે સૂઇએ છીએ; વળી જે અપાર બલવાળા ભીમના બલને યાદ કરીને દુઃખી થતો દુર્યોધન શકુનિની સાથે અનેક રાતો ઉજાગરા કરે છે;[૮] જે વીરના બલવડે આપણે લાક્ષાગૃહથી મુક્ત થયાં છીએ, બીજા પાપીઓથી છૂટયાં છીએ અને પુરોચનને પણ હણી શકયાં છીએ;[૯] જેનાં વીર્યનો આશ્રય કરીને આપણે ધૃતરાષ્ટ્રના પુત્રોને મારી ધનથી ભરેલી આ પૃથ્વી પ્રાપ્ત થયેલી ગણીએ છીએ;[૧૦] તે ભીમસેનનો ત્યાગ કરવા તમે કેવી બુદ્ધિથી તૈયાર થયાં? શું તમારી બુદ્ધિ દુઃખથી ડૂબી ગઇ છે? કે તમે ભાનવિનાનાં થઇ ગયાં છો?"[૧૧]

કુંતી બોલ્યાં:–"હે યુધિષ્ઠિર! તારે ભીમસેનને માટે સંતાપ કરવો નહિ. આ કાર્ય કરવાનો નિશ્ચય મારી બુદ્ધિ દુર્બલ થવાથી મેં કર્યો નથી;[૧૨] પણ હે પુત્ર! આપણે આ બ્રાહ્મણને ત્યાં ધૃતરાષ્ટ્રના પુત્રો ન જાણે તેમ સત્કારપૂર્વક સુખશાંતિથી રહ્યાં છીએ;[૧૩] હે પાર્થ! તેના પ્રત્યુપકારને માટે મેં આ કાર્ય કરવા ધાર્યું છે, કારણ કે જેને કરેલો ઉપકાર નકામો જતો નથી તથા બીજાના તરફથી થતા ઉપકારને જે બહુગણો વાળી આપે છે, તેજ પુરુષ કહેવાય છે. વળી તે દિવસે લાક્ષાગૃહમાં ભીમે જે મોટું પરાક્રમ કરેલું તે તથા હિડિંબાસુરનો વધ કર્યો હતો તે જોઇને મને વૃકોદર ઉપર વિશ્વાસ બેઠો છે.[૧૪,૧૫] ભીમસેનના બાહુનું બલ દશ હજાર હાથીના જેવું છે, કે જે બલવડે તેણે તમને હાથી જેવાઓને વારણાવતમાંથી ઉચકીને બહાર કાઢયા હતા.[૧૬] ભીમસેનના જેવો બલવાન બીજો કોઇ નથી. તે યુદ્ધ કરવામાં શ્રેષ્ઠ એવા ચક્રધારી વિષ્ણુને પણ પોતે હરાવે એવો છે.[૧૭] પૂર્વે જ્યારે એ જન્મ્યો, તે વખતેજ મારા ખોળામાંથી એ પર્વતપર પડયો હતો અને એના શરીરના ભારથી શિલાના ચૂરા થઇ ગયા હતા;[૧૮] માટે હે પાંડવ! આ બધા ઉપરથી ભીમના બલની ખાત્રી કરીને મેં આ બ્રાહ્મણના શત્રુ પાસે ભીમને મોકલવાનો વિચાર કર્યો છે.[૧૯] આ કાર્ય મેં લોભથી, અજ્ઞાનથી કે મોહથી માથે લીધું નથી; પણ બુદ્ધિપૂર્વક ધર્મના નિશ્ચયથી માથે લીધું છે.[૨૦] હે યુધિષ્ઠિર! એ કાર્ય કરવાથી બે અર્થની સિદ્ધિ થશે. એક તો અહીં રહેવાનો બદલો વળશે અને બીજો મહાન ધર્મ કર્યો ગણાશે.[૨૧] જે ક્ષત્રિય, બ્રાહ્મણને કોઇ પણ પ્રસંગે સહાય કરે છે તે શુભ લોકને પ્રાપ્ત થાય છે, એવું મારૂં માનવું છે.[૨૨] વળી જો ક્ષત્રિય, ક્ષત્રિયનો વધ થતો અટકાવે છે તો તે પણ આ લોક અને પરલોકમાં વિસ્તીર્ણ કીર્તિને પ્રાપ્ત થાય છે.[૨૩] પૃથ્વીમાં જે ક્ષત્રિય, વૈશ્યને માટે સહાય કરે છે તે નિઃસંશય સર્વ લોકમાં પ્રજાને રંજન કરે છે;[૨૪] અને જે રાજા શરણે આવેલા શૂદ્રનું રક્ષણ કરે છે, તે દ્રવ્યવાળા અને રાજમાન્ય કુલમાં જન્મ પામે છે.[૨૫] હે પૌરવનંદન! આ પ્રમાણે મને મહાબુદ્ધિવાળા ભગવાન વ્યાસે પહેલાં કહ્યું હતું અને હે પ્રૌઢ બુદ્ધિવાળા! તેથીજ મેં આ કામ કરવા ધાર્યું છે."[૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત બકવધપર્વવિષે કુંતીયુધિષ્ઠિરસંવાદ નામનો અધ્યાય ૧૬૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૩ મો-ભીમસેન અને બકાસુરનું યુદ્ધ

॥ युधिष्ठिर उवाच ॥
उपपन्नमिदं मातस्त्वया यद्बुद्धिपूर्वकम् ॥
आर्त्तस्य ब्राह्मणस्यैतदनुक्रोशादिदं कृतम्॥१॥

યુધિષ્ઠિર બોલ્યાઃ-"હે માતુશ્રી! તમે દુઃખી થયેલા બ્રાહ્મણ ઉપર દયા લાવીને બુદ્ધિપૂર્વક જે આ કામ કર્યું છે તે યોગ્યજ છે! તમે બ્રાહ્મણ-માટે સર્વથા દયાળુ છો એટલે આ ભીમસેન અવશ્ય મનુષ્યને ખાઈ જનારા રાક્ષસને મારીને પાછો આવશેજ;[૧,૨] પરંતુ આ વાત જે રીતે નગરમાં રહેનારા લોકોની જાણમાં ન આવે તેમ આ બ્રાહ્મણને કહી રાખવું અને એના ઉપર યત્નથી અનુગ્રહ કરવો." [૩]

વૈશંપાયન કહે છેઃ-તે પછી રાત્રિ પૂરી થઈ, ત્યારે પાંડુપુત્ર ભીમસેન તે રાક્ષસનું ખાવાનું લઈને, જ્યાં તે પુરુષભક્ષક હતો ત્યાં ગયો;[૪] અને બલવાન ભીમ રાક્ષસના વનમાં જઈ ને તે અન્નનું ભક્ષણ કરતો કરતો પેલા રાક્ષસને બોલાવવા લાગ્યો.[૫] તે વખતે ભીમસેનનાં વચનથી ક્રોધ પામેલો તે રાક્ષસ જ્યાં ભીમ હતો,ત્યાં કોપકરીને આવ્યો;[૬] જે મોટા દેહવાળો, પૃથ્વીને ફાડી નાખતો હોય એવા મહાન વેગવાળો; લાલ આંખવાળો, વિકરાળ, લાલ દાઢીમૂછવાળો અને લાલ કેશવાળો હતો.[૭] તેના મોંની ફાડ કાન સુધી લંબાયલી હતી. તેના કાન શંકુના જેવા હતા તથા તે ઘણો ભયંકર હતો. તે રાક્ષસ ભીમસેનને અન્ન ખાતો જોઈને, ભ્રૂકુટીને ત્રિરેખ કરી, દાંતવતી હોઠ પીસતો ડોળા કાઢીને ક્રોધથી આ પ્રમાણે કહેવા લાગ્યોઃ-[૮,૯] "અરે, યમલોક-માં જવાની ઇચ્છા કરતો આ કોણ દુર્બુદ્ધિવાળો મારે માટે આણેલું અન્ન મારા દેખતાં ખાઈ જાય છે?"[૧૦] હે ભારત! રાક્ષસનાં આ વચન સાંભળીને ભીમસેન હસતો હોય તેમ તે રાક્ષસ-નો અનાદર કરીને તથા આડું જોઇને તે અન્નને ખાયાજ કર્યું.[૧૧] તે વખતે તે રાક્ષસ ભયંકર શબ્દ કરીને તથા બે હાથ ઉગામીને ભીમસેનને મારવા દોડયો,[૧૨] તોપણ તેની દરકાર ન રાખતાં રાક્ષસના તરફ જોઈને શત્રુવીરને હણનારો પાંડુ-પુત્ર વૃકોદર અન્ન ખાયેજ ગયો;[૧૩] એટલે બહુ ક્રોધે ભરાયલા રાક્ષસે કુંતીપુત્ર ભીમની પાછળ આવીને વાંસામાં બે હાથથી પ્રહાર કર્યો.[૧૪] આ પ્રમાણે બલવાન રાક્ષસે હાથવડે ઘણો પ્રહાર કર્યો તોપણ ભીમસેને રાક્ષસના તરફ ન જોયું અને ખાયાજ કર્યું;[૧૫] એટલે રાક્ષસને બહુ ક્રોધ ચઢયો અને ભીમને મારવા માટે તે બલવાન ફરી એક ઝાડ લઈને દોડયો,[૧૬] એટલામાં મહા-બલવાન પુરુષશ્રેષ્ઠ ભીમસેન ધીરે ધીરે પેલું અન્ન ખાઇને તથા જલપાન કરીને ખુશી થતો યુદ્ધ કરવા માટે ઉભો થયો.[૧૭] હે ભારત! પછી ક્રોધી રાક્ષસે ફેંકેલા તે ઝાડને વીર્યવાન ભીમે હસતો હોય તેમ ડાબા હાથથી પકડી લીધું.[૧૮] તે વખતે બલવાન રાક્ષસે બીજાં ઘણાં વૃક્ષો ઉપાડી ઉપાડીને ભીમસેનના ઉપર માર્યાં તેમજ ભીમ પણ તેને વૃક્ષોથી મારવા લાગ્યો.[૧૯] હે મહારાજ! આ રીતે ઝાડનો ક્ષય કરનાર તે રાક્ષસરાજ અને નરરાજનું મહાન ભયંકર યુદ્ધ થવા લાગ્યું.[૨૦] પછી પોતાના નામની ગર્જના કરતો બકાસુર પાંડવના તરફ દોડયો અને તેણે મહાબલવાન ભીમસેનને બે હાથ-વડે પકડી લીધો.[૨૧] તે વખતે મહાબાહુ બલ-વાન ભીમસેને પણ તે રાક્ષસને બાથમાં લીધો અને નીકળવાને તરફડતા તે મહાબાહુ રાક્ષસને બલવડે ખેંચવા માંડયો.[૨૨] આ પ્રમાણે ભીમથી ખેંચાતો તથા ભીમને ખેંચતો તે રાક્ષસ બહુજ થાકી ગયો.[૨૩] તે બન્નેના મહાન વેગથી તે વખતે પૃથ્વી કંપવા લાગી તથા તેઓએ મોટાં મોટાં ઝાડોને ચૂરી નાખ્યાં.[૨૪] પછી તે રાક્ષસને થાકથી હીનબલવાળો થતો જોઇને ભીમસેને તેને જમીન-પર પછાડી નાખ્યો અને ઢીંચણથી માર મારવા માંડયો.[૨૫] તે પછી ભીમસેને તેની પીઠપર જોરથી ઢીંચણ દીધો અને જમણા હાથથી તેની

ડોકી પકડીને તથા ડાબા હાથથી તેની કેડ ઉપરનું વસ્ત્ર પકડીને ભયંકર નાદ કરતા તે રાક્ષસને પીઠમાંથી બેવડો વાળી નાખ્યો.[૨૬,૨૭] હે રાજન! આમ ભીમે બેવડ વાળવાથી ભાંગી જતા તે ઘોર રાક્ષસના મોંમાંથી લોહી નીકળવા માંડ્યું.[૨૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત બકવધપર્વવિષે બકભીમસેનયુદ્ધ નામનો અધ્યાય ૧૬૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૪ મો–બકાસુરનો વધ તથા લોકોનો આનંદ

॥ वैशंपायन उवाच ॥

ततः स भग्नपार्श्वांगो नदित्वा भैरवं रवम् ॥
शैलराजप्रतीकाशो गतासुरभवद्बकः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી પર્વતના જેવો જણાતો તથા પાંસળાં અને અંગો જેનાં ભાંગી ગયેલાં એવો બકાસુર ભયંકર ચીસો પાડતો મરણ પામ્યો.[૧] હે રાજન્! બકાસુરના તે શબ્દથી ત્રાસ પામેલા તેના સંબંધીઓ પોતાના સેવકોની સાથે પોતાના સ્થાનમાંથી નીકળીને ઝટ ત્યાં આવ્યા.[૨] ભય પામેલા અને મૂઢ થઇ ગયેલા તેઓને જોઈને પ્રહાર કરનારામાં શ્રેષ્ઠ એવા બલવાન ભીમસેને તેઓનું સાંત્વન કર્યું અને તેમની સાથે ઠરાવ કર્યો કે, "આજ પછી કોઈ વખતે તમારે મનુષ્યોને મારવાં નહિ અને જો મારશો તો આ બકની પેઠે તમારો પણ તત્કાલ વધ થશે."[૩,૪] આવાં ભીમસેનનાં વચન સાંભળીને તે રાક્ષસોએ તે ઠરાવ કબૂલ રાખ્યો અને "અમે મનુષ્યોને મારીશું નહિ" એમ કહ્યું. હે ભારત! ત્યારથી માંડી ત્યાંના રાક્ષસો નગરમાં નગરવાસી નરોને શાંત જણાવા લાગ્યા.[૬] તે પછી પ્રાણવિનાના તે રાક્ષસને લઇને ભીમસેને નગરના દરવાજામાં નાખ્યો અને બીજાને ખબર પડે નહિ તેમ તે ત્યાંથી ચાલી નીકળ્યો.[૭] પછી ભીમસેનના બલવડે બકાસુરને નાશ પામેલો જોઇને તેના ન્યાતવાળાઓ ભયથી ઉદ્વિગ્ન થઇને દિશાઓમાં નાસી ગયા.[૮] આ પ્રમાણે તે રાક્ષસને મારીને ભીમસેન બ્રાહ્મણને ત્યાં મુકામપર ગયો અને તેણે વનમાં જે પ્રકારે યુદ્ધાદિ થયેલું તે સઘળું રાજા યુધિષ્ઠિરની આગળ નિઃશેષ કહી સંભળાવ્યું.[૯] પછી સવારમાં ઉઠેલા લોકો નગરથી બહાર નીકળ્યા, ત્યારે તેમણે લોહીથી ખરડાયેલા રાક્ષસને જમીનપર પડેલો મરેલો દીઠો.[૧૦] તે પર્વતના શિખર જેવા ભયાનક રાક્ષસને મરેલો જોઈને નગરના લોકો રોમાંચિત થઇ ગયા[૧૧] અને તેઓ એકચક્રાનગરીમાં જઇને એ ખબર લોકોને કહેવા લાગ્યા. તે વખતે ત્યાંથી હજારો નગરવાસી લોકો સ્ત્રી, વૃદ્ધ તથા બાલકોની સાથે બકાસુરને જોવા દરવાજા આગળ આવ્યા અને હે રાજન્! આવું અમાનુષ કર્મ જોઇને તે બધા વિસ્મય પામ્યા તથા સર્વ દેવતાઓનું અર્ચન કરવા લાગ્યા.[૧૨,૧૩] તે પછી તેમણે આજે ભોજન આપવાનો વારો કોનો હતો તેની ગણત્રી કરવા માંડી અને બ્રાહ્મણનો વારો જાણ્યો, એટલે તેને ત્યાં આવીને સઘળા બ્રાહ્મણને પૂછવા લાગ્યા.[૧૪] જ્યારે લોકોએ બહુ બહુ પૂછવા માંડ્યું, ત્યારે તે ઉત્તમ બ્રાહ્મણ પાંડવોની વાત ગુપ્ત રાખતો નગરવાસીને કહેવા લાગ્યો કેઃ–[૧૫]"જ્યારે મને રાજસેવકોએ રાક્ષસને ભોજન આપવામાટે આજ્ઞા કરી, ત્યારે હું બંધુઓની સાથે રોદન કરતો બેઠો હતો. તે વખતે કોઈ એક ઉદાર ચિત્તવાળા મંત્રસિદ્ધ બ્રાહ્મણે મને જોયો;[૧૬] અને તે બ્રાહ્મણશ્રેષ્ઠે પ્રથમ મને પૂછ્યું, એટલે મારા કહેવાથી આખા નગરને થતું દુઃખ જાણીને મને વિશ્વાસ આપી હસતો હોય તેમ તે કહેવા લાગ્યો કે, [૧૭] "તે દુરાત્માને આજે હું અન્ન આપવા જઈશ." વળી તેણે કહ્યું કે, "મારે માટે તમારે જરાપણ બીક રાખવી નહિ."[૧૮] પછી રાક્ષસનું ખાવાનું લઇને તે બક રાક્ષસના વનમાં ગયો. ખરેખર તેણેજ લોકહિતને માટે આ કર્મ કર્યું

હશે.[૧૯] આ સાંભળીને તે સઘળા બ્રાહ્મણો તથા ક્ષત્રિયો વિસ્મય પામ્યા અને વૈશ્યો તથા શૂદ્રોને પણ આનંદ થયો. પછી તે બધાએ બ્રહ્મોત્સવ કર્યો,અર્થાત્ બ્રાહ્મણે રાક્ષસને માર્યો માટે બ્રાહ્મણના સુખને સારૂ બ્રાહ્મણપૂજનાદિક મહોત્સવ કર્યો.[૨૦] પછી સઘળા લોકો મહાન આશ્ચર્ય જોઈને નગરમાં આવ્યા અને પાંડવો બ્રાહ્મણને ત્યાંજ રહ્યા.[૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત બકવધપર્વવિષે બકવધ નામનો અધ્યાય ૧૬૪ મો સમાપ્ત.

×બકવધ પર્વ સમાપ્ત.

चैत्ररथ पर्व

અધ્યાય ૧૬૫ મો–દ્રુપદનાં સંતાનોની ઉત્પત્તિનો પ્રશ્ન

॥ जनमेज उवाच ॥

ते तथा पुरुषव्याघ्रा निहत्य बकराक्षसम् ॥
अत ऊर्ध्वं ततोब्रह्मन्किमकुर्वत पांडवाः ॥१॥

જનમેજય પૂછે છેઃ–હે બ્રહ્મન્! તે પ્રમાણે બકરાક્ષસને મારીને પછી પુરુષવ્યાઘ્ર પાંડવોએ શું કર્યું હતું ?[૧]

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્! બકરાક્ષસને મારીને પાંડવો ઉપનિષદોનું સારી પેઠે અધ્યયન કરતા તે બ્રાહ્મણને ત્યાંજ રહ્યા હતા.[૨] પછી કેટલેક દિવસે એક વખાણવા લાયક વ્રતવાળો બ્રાહ્મણ તે બ્રાહ્મણને ઘેર રહેવા માટે આવ્યો.[૩]ત્યારે સર્વ અતિથિને માન આપવાનાં વ્રતવાળા તે શ્રેષ્ઠ બ્રાહ્મણે તે વિપ્રની સારી રીતે પૂજા કરી અને રહેવાનો મુકામ આપ્યો.[૪] તે બ્રાહ્મણ સારી સારી કથાઓ કહેતો હતો, એટલે પુરુષોમાં શ્રેષ્ઠ એવા સર્વે પાંડવો કુંતીએ સહિત તે બ્રાહ્મણની સેવા કરવા લાગ્યા.[૫]પછી તે બ્રાહ્મણ અનેક સામાન્ય દેશો, નદીઓ, તીર્થો, રાજાઓના વિવિધ આશ્ચર્યવાળા દેશો અને નગરોની વાતો કહેવા લાગ્યો.[૬] હે જનમેજય! વાત કહી રહ્યા પછી ત્યાં તે બ્રાહ્મણે પંચાલદેશમાં યજ્ઞસેન રાજાની પુત્રીના અદ્ભુત સ્વયંવરની વાત કહી.[૭] વળી ધૃષ્ટદ્યુમ્નની ઉત્પત્તિ, શિખંડીની ઉત્પત્તિ તથા દ્રુપદના મહાન યજ્ઞમાં દ્રૌપદીનો અયોનિજન્મ, એ બધું કહ્યું.[૮] આ લોકમાં એ અત્યંત આશ્ચર્યની વાત તે મહાત્મા બ્રાહ્મણથી સાંભળીને પુરુષોમાં શ્રેષ્ઠ એવા પાંડવોએ વાત પૂરી થતાં ફરીથી વિસ્તારપૂર્વક તે કહેવા માટે બ્રાહ્મણને પૂછયું.[૯]

પાંડવોએ પૂછયું :–"દ્રુપદરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નનો અગ્નિથી શી રીતે જન્મ થયો? તથા યજ્ઞની વેદીમાંથી કૃષ્ણા(દ્રૌપદી)નો અદ્ભુત જન્મ કેવી રીતે થયો ? વળી હે વિપ્ર! પરમ ધનુર્ધારી દ્રોણુનાથી તે દ્રુપદપુત્ર કેવી રીતે સર્વ અસ્ત્રો શીખ્યો તથા દ્રોણ અને દ્રુપદ બન્ને મિત્ર શી રીતે થયા અને તે બન્નેને વૈર શાથી થયું ?"[૧૦,૧૧]

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્! આ પ્રમાણે તે પુરુષશ્રેષ્ઠ પાંડવોએ બ્રાહ્મણને પૂછયું, ત્યારે તે બ્રાહ્મણ સર્વ વૃત્તાંત તથા દ્રૌપદીની ઉત્પત્તિ કહેવા લાગ્યો.[૧૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે દ્રાપદીસંભવ નામનો અધ્યાય ૧૬૫ મો સમાપ્ત.

× **यस्मिन गेहे पुरे वापि वसेत्पुण्यतमो जनः॥ उपकुर्यात्तमित्येवमुक्तं बकवधेऽपि च ॥**

પુણ્યાત્મા મનુષ્ય જે ઘરમાં અથવા નગરમાં વાસ કરે છે, ત્યાં તે તેઓના ઉપર ઉપકાર કરે છે, એ બકવધપર્વમાં કહ્યું છે. **गणेश**

અધ્યાય ૧૬૬ મો–દ્રૌપદીસંભવકથા અથવા દ્રુપદમદમર્દન

॥ ब्राह्मण उवाच ॥
गंगाद्वारं प्रति महान् बभूवर्षिर्महातपाः ॥
भरद्वाजो महाप्राज्ञः सततं संशितव्रतः ॥१॥

બ્રાહ્મણ કહે છેઃ–ગંગાદ્વાર ઉપર એક મહા તપસ્વી, મહા બુદ્ધિમાન અને સતત ઉત્તમ વ્રતને ધારણ કરનારા ભરદ્વાજ નામના મહર્ષિ રહેતા હતા.[૧] તે મહર્ષિ એકવાર ગંગામાં નહાવા ગયા હતા, ત્યારે તેમણે ત્યાં પ્રથમથી આવેલી તથા નાહીને ઉભી રહેલી ઘૃતાચી નામની એક અપ્સરાને જોઈ.[૨] તે વખતે નદીના તીર ઉપર ઉભેલી તે અપ્સરાનું વસ્ત્ર વાયુએ ઉડાવ્યું; એટલે વસ્ત્રવિનાની થયેલી તેને જોઇને ઋષિએ તેની કામના કરી.[૩] આ પ્રમાણે તે અપ્સરામાં આસક્ત મનવાળા તે કુમાર બ્રહ્મચારી ભરદ્વાજનું ચિરકાલથી ધારણ કરેલું વીર્ય સ્ખલિત થઇ ગયું. પછી તે વીર્યને લઇને ઋષિએ દ્રોણુપાત્રમાં મૂકયું.[૪] તેમાંથી તે બુદ્ધિમાનને દ્રોણુ નામનો કુમાર ઉત્પન્ન થયો અને તે સર્વ વેદવેદાંગોને ભણ્યો.[૫] તે ભરદ્વાજને એક પૃષત નામનો રાજા મિત્ર હતો. તેને પણ તે વખતે એક દ્રુપદ નામનો પુત્ર થયો હતો.[૬] તે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ એવો દ્રુપદ રોજ ભરદ્વાજના આશ્રમમાં જઈને દ્રોણુની સાથે રમતો તથા ભણતો હતો.[૭] પછી જ્યારે પૃષત રાજા મરણ પામ્યો, ત્યારે તે દ્રુપદ રાજ્યગાદીપર બેઠો. હવે દ્રોણે સાંભળ્યું કે, પરશુરામ બ્રાહ્મણોને સર્વ ધન આપી દે છે, ત્યારે તે પરશુરામ પાસે ગયા. તે વખતે પરશુરામ વનમાં જવા નીકળ્યા હતા. તેને મળીને ભરદ્વાજના પુત્ર દ્રોણે કહ્યું કેઃ–“ હે દ્વિજશ્રેષ્ઠ ! હું દ્રોણુ તમારી પાસે ધનને માટે આવ્યો છું. ”[૮,૯]

પરશુરામ બોલ્યાઃ–“ હે બ્રહ્મન્ ! હવે તો મેં મારી પાસે શરીરમાત્ર બાકી રાખ્યું છે, માટે મારૂં શરીર અથવા મારી અસ્ત્રવિદ્યા એ એમાંથી એકને તમે માગો. ”[૧૦]

દ્રોણુ બોલ્યાઃ–“ સર્વ અસ્ત્રો, તેના ઉપસંહારની વિદ્યા અને સર્વ અસ્ત્રના પ્રયોગો તમે મને આપવા માટે યોગ્ય છો. ”[૧૧]

બ્રાહ્મણુ કહે છેઃ–પછી ‘તેમ કરૂં છું ’ કહીને ભૃગુનંદન પરશુરામે તેને સર્વ અસ્ત્રવિદ્યા આપી અને દ્રોણુ તે વખતે તે લઇને કૃતકૃત્ય થયા.[૧૨] વળી પરશુરામ પાસેથી પરમ માન્ય એવું બ્રહ્માસ્ત્ર મેળવીને પ્રફુલ્લ મનવાળા દ્રોણુ સર્વ અસ્ત્રવેત્તા પુરુષોમાં શ્રેષ્ઠ થયા.[૧૩] તે પછી ભરદ્વાજના પ્રતાપી પુત્ર દ્રોણુ દ્રુપદ રાજા આગળ આવ્યા અને ત્યાં તે પુરુષવ્યાઘ્ર દ્રોણે “ મને તારા મિત્રને તું ઓળખ ” એમ દ્રુપદને કહ્યું.[૧૪] ત્યારે દ્રુપદે કહ્યુંઃ–“ શ્રોત્રિયનો અશ્રોત્રિય, રથીનો અરથી અને રાજાનો ગરીબ મિત્ર હોતો નથી; માટે આપણું પૂર્વનું સખ્ય શામાટે સંભારો છો ? ”

બ્રાહ્મણુ કહે છેઃ–આવાં દ્રુપદનાં વચન સાંભળીને બુદ્ધિમાન દ્રોણે દ્રુપદ રાજાનો ગર્વ તોડવાનો મનમાં નિશ્ચય કર્યો અને ત્યાંથી નીકળી કુરુરાજોના હસ્તિનાપુર નગરમાં ગયા.[૧૬] તે વખતે ત્યાં આવેલા બુદ્ધિમંત દ્રોણુને ભીષ્મે પોતાના પૌત્રો શિષ્ય કરીને સોંપ્યા તથા તેમને ઘણું ધન આપ્યું.[૧૭] તે પછી દ્રુપદનું માન ખંડન કરવાની કામનાથી દ્રોણે પાંડવોને તથા બીજા શિષ્યોને બોલાવીને કહ્યું કેઃ–[૧૮] “ હે નિષ્પાપ શિષ્યો ! મારા મનમાં જે છે તે તમારે અસ્ત્રવિદ્યા શીખ્યા પછી આચાર્યદક્ષિણામાં મને આપવાનું છે, માટે તે આપવા તમે સત્યથી કહો.” તે વખતે અર્જુન વગેરે શિષ્યોએ ‘ભલે અમે આપીશું’ એમ ગુરુને કહ્યુંઃ–[૧૯] તે પછી જ્યારે સઘળા પાંડવો અસ્ત્રવિદ્યા શીખી રહ્યા અને તે વિદ્યામાં નિશ્ચયવાળા થયા, ત્યારે ફરીથી દ્રોણે ગુરુદક્ષિણાને માટે આ પ્રમાણે કહ્યુંઃ–[૨૦] “ હે કુમારો ! છત્રવતી નગરીમાં પૃષત રાજાનો પુત્ર દ્રુપદ રાજા રાજ્ય કરે છે, તેની પાસેથી તે રાજ્ય ખુંચવી લઈને તમે મને તત્કાલ આપો.[૨૧] આ સાંભળીને પાંડુના પાંચ પુત્રોએ જઈ યુદ્ધમાં દ્રુપદ રાજાને જીત્યો અને પ્રધાન સાથે તેને બાંધીને દ્રોણગુરુને દેખાડયો.[૨૧] ત્યારે દ્રોણુ

બોલ્યાઃ–"હે નરાધિપ! ફરીથી હું તારી સાથે મૈત્રીની માગણી કરૂં છું. રાજાનો રંક મિત્ર હોઇ શકે નહિ, માટે હે યજ્ઞસેન! રાજ્ય મેળવવાને સારૂ તારી સાથે આ યત્ન કરવો પડ્યો છે. હવે તું ગંગાના દક્ષિણ તીરનો રાજા છે અને હું ગંગાના ઉત્તર તીરનો રાજા છું." [૨૩,૨૪]

બ્રાહ્મણ કહે છેઃ–આ પ્રમાણે જ્યારે બુદ્ધિમાન દ્રોણાચાર્યે કહ્યું, ત્યારે અસ્ત્રવેત્તામાં શ્રેષ્ઠ એવા દ્રુપદે બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણને કહ્યું કેઃ–[૨૫] "હે મહામતિવાળા ભારદ્વાજ! તમારૂં કલ્યાણ થાઓ. તમે જેમ કહો છો, તેમ હું રહીશ અને તમે, જે મારી નિત્ય મૈત્રી ઇચ્છો છો તે આપણી હમેશ ચાલુ રહો."[૨૬] આ પ્રમાણે પરસ્પર કહીને તથા ઉત્તમ મિત્રતા બાંધીને શત્રુને દમનારા તે બન્ને દ્રોણ અને દ્રુપદ પોતપોતાનાં સ્થાનમાં ગયા.[૨૭] આ રીતે ઉપરથી મિત્રતા થઈ પણ દ્રોણાચાર્યે કરેલું પોતાનું મહાન અપમાન દ્રુપદ રાજાના હૃદયમાંથી ઘડી પણ દૂર થતું ન હતું અને તેથી તે મનમાં ઉદ્વિગ્ન રહેતો હતો તથા સૂકાતો હતો.[૨૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંર્ગત
દ્રૌપદીસંભવમાં ચૈત્રરથપર્વવિષે
અધ્યાય ૧૬૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૭ મો–ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદીની ઉત્પત્તિ

॥ ब्राह्मण उवाच ॥

अमर्षी द्रुपदो राजा कर्मसिद्धान् द्विजर्षभान् ॥
अन्विच्छन्परिचक्राम ब्राह्मणावसथान् बहून् ॥

બ્રાહ્મણ કહે છેઃ–તે પછી અસહનતાવાળો દ્રુપદ રાજા કર્મવડે સિદ્ધ થયેલા એવા શ્રેષ્ઠ બ્રાહ્મણોની ખોળ કરવા માટે બ્રાહ્મણોના ઘણા આશ્રમોમાં ફરી વળ્યો.[૧] વળી તે શોકથી વ્યાકુલ મનવડે પુત્રના જન્મની ઇચ્છા કરતો 'મને શ્રેષ્ઠ પુત્ર નથી' એમ નિત્ય ચિંતા કરતો હતો.[૨] તેને પુત્રો થયેલા હતા તેમને તથા બંધુઓને તે કંટાળીને 'ધિક્કાર છે' એમ કહેતો હતો તથા દ્રોણનું વેર લેવા માટે નિત્ય નિસાસા નાખતો હતો.[૩] હે ભારત! નૃપોમાં શ્રેષ્ઠ એવો તે રાજા ક્ષત્રિયબલવડે દ્રોણનો પ્રતીકાર કરવા નિત્ય વિચાર કરતો હતો; પણ દ્રોણના પ્રભાવને, વિનયને, શિક્ષાને અને ચરિત્રોને સંભારીને તેનો પરાજય કરવાનો ઉપાય યત્નથી પણ તેને જડતો નહિ. પછી તે રાજા યમુના અને ગંગાના તીર ઉપર બધે ફરતાં ફરતાં એક પવિત્ર એવા બ્રાહ્મણના આશ્રમમાં જઇ પહોંચ્યો. તે આશ્રમમાં કોઇ વેદવિનાનો અથવા વ્રતવિનાનો ન હતો.[૪–૬] ત્યાં તે મહાભાગ્યશાળી રાજાએ ઉત્તમ વ્રતવાળા, શાંત તથા વેદપરાયણ એવા યાજ અને ઉપયાજ નામના બે બ્રહ્મર્ષિને જોયા,[૭] જેઓ સંહિતાનું પારાયણ કરનારા, કાશ્યપ ગોત્રના, સૂર્યના ભક્ત, સમાન રૂપવાળા, બ્રહ્મને જાણનારા અને મંત્રદ્રષ્ટાઓમાં શ્રેષ્ઠ હતા.[૮] તે બન્નેનું, આલસ્યરહિત થઇને દ્રુપદરાજાએ સર્વ ઇચ્છિત વસ્તુઓ આપી, આમંત્રણ કર્યું. પછી તે બન્નેના સામર્થ્યને જાણીને તેમાંના નાના ભાઈ વ્રતધારી ઉપયાજને એકાંતમાં મળી દ્રુપદરાજા તેના ઇચ્છિત પદાર્થો આપીને તેને શરણે ગયો. દ્રુપદરાજા તેની પાદસેવા કરતો, મીઠું બોલતો તથા સર્વ મનોરથો પૂર્ણ કરતો હતો. એક વખતે તે ઉપયાજનું યથાવિધિ પૂજન કરીને તેને કહેવા લાગ્યોઃ–"હે બ્રહ્મન્! કોઇ પણ કર્મ કરવાથી દ્રોણને મારે એવો મને પુત્ર થાય તેમ તમો કરો.[૯–૧૧] હે ઉપયાજ! એ કામ કરવાથી હું તમને એક અર્બુદ ગાયો આપીશ. વળી તમારા મનને જે પ્રિય હશે તે પણ સઘળું હું તમને આપીશ. એમાં મારે માટે તમે સંશય રાખશો નહિ."[૧૨] આવાં દ્રુપદનાં વચન

સાંભળીને તે ઋષિએ 'હું તેવો નથી' એમ દ્રુપદને કહ્યું, ત્યારે તે ઋષિને પ્રસન્ન કરવા માટે દ્રુપદરાજા ફરીથી તેની સેવા કરવા લાગ્યો.[૧૩] હે રાજન્! આમ સેવા કરતાં એક વર્ષ વીત્યું, ત્યારે તે દ્વિજશ્રેષ્ઠ ઉપયાજ મધુર વાણીથી દ્રુપદને કહેવા લાગ્યો કેઃ–[૧૪] "હે રાજન્! મારા મોટા ભાઈએ એક વખતે ગહન વનમાં ફરતાં જે ભૂમિની પવિત્રતાની ખબર ન હતી તે ભૂમિમાં પડેલું એક ફલ ઉપાડી લીધું હતું.[૧૫] હું તેમની પાછળ ચાલતો હતો, એટલે ભાઇનું તે અયોગ્ય કાર્ય મેં જોયું; તેથી મેં જાણ્યું કે, આ ભાઇ દોષયુક્ત વસ્તુ લેવામાં કોઈવાર વિચાર કરે તેવા નથી.[૧૬] એમણે ફલ જોયું પણ તેમાં પાપથી થતા દોષો જોયા નહિ. જે મનુષ્ય આવી વસ્તુમાં પવિત્રતા કે અપવિત્રતા જોતો નથી, તે બીજાં કાર્યમાં પણ શું જુએ?[૧૭] વળી જ્યારે એ સંહિતા ભણવા ગુરુકુલમાં રહેતા હતા, ત્યારે પણ બીજાની ઉચ્છિષ્ટ ભિક્ષા જ્યારે ત્યારે ખાતા હતા[૧૮] તથા લજ્જાહીન થઇને અન્નના સ્વાદનાં વારંવાર વખાણ કરતા હતા. આ બધાં કૃત્યો ઉપરથી તર્ક કરતાં એ મારો ભાઇ તમારા લાભથી લોભાશે, એમ હું માનું છું;[૧૯] માટે હે રાજન્! તમે તેની પાસે જાઓ. તે તમને યજ્ઞ કરાવશે." આ ઉપયાજનાં વચન સાંભળીને દ્રુપદરાજા મનથી યાજના આચરણને નિંદતો તથા પોતાના કાર્યનું ચિંતન કરતો યાજના આશ્રમમાં ગયો; અને પૂજન કરવા યોગ્ય એવા યાજની પૂજા કરીને તે કહેવા લાગ્યોઃ–[૨૦,૨૧] "હે સમર્થ મુનિ! તમે મારી પાસે યજ્ઞ કરાવો. હું હમણાં તમને એંશીહજાર ગાયો આપું છું. હું દ્રોણના વૈરવડે ચોમેરથી સંતપ્ત થયેલો છું; માટે તમે મને અત્યંત રાજી કરવાને યોગ્ય છો.[૨૨] તે દ્રોણ બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ છે. વળી તે બ્રહ્માસ્ત્ર જાણવામાં પણ અત્યુત્તમ છે, તેથી તેણે મિત્રતાની લડાઈમાં મને હરાવ્યો છે. તે કૌરવના મુખ્ય આચાર્ય એવા બુદ્ધિમાન દ્રોણથી ચઢે તેવો આ પૃથ્વીમાં કોઈ શ્રેષ્ઠ ક્ષત્રિય નથી.[૨૩,૨૪] તે દ્રોણની બાણજાલ પ્રાણીના દેહનો નાશ કરે તેવી છે, તેમ તેનું છ હાથ લાંબું ધનુષ પણ પ્રચંડ જણાય છે.[૨૫] મહા મનવાળો અને મહા ધનુર્ધારી ભરદ્વાજનો પુત્ર દ્રોણ, બ્રાહ્મણના વેશમાં રહીને ક્ષત્રિયોના વેગને નિઃસંશય હણે છે.[૨૬] ક્ષત્રિયોના નાશને માટે નિર્માણ કરાયલો તે બીજો પરશુરામ હોય તેમ યત્ન કરે છે. તેનું ઘોર અસ્ત્રબલ પૃથ્વીમાં મનુષ્યોથી રોકી શકાય તેવું નથી.[૨૭] વળી તે આહુતિ આપેલા અગ્નિના જેવા બ્રાહ્મતેજને ધારણ કરે છે અને યુદ્ધમાં ક્ષાત્રધર્મને આગળ કરીને તે સામે આવનારાને દગ્ધ કરે છે.[૨૮] દ્રોણમાં બ્રાહ્મતેજ અને ક્ષાત્રતેજ બન્ને શ્રેષ્ઠ છે; તથાપિ તમારામાં એકલું રહેલું બ્રાહ્મતેજ ચઢિયાતું છે અને હું માત્ર ક્ષત્રિયબલવાળો હોવાથી બ્રાહ્મતેજથી હીન રહેલો છું, એટલે તમારાં બ્રાહ્મતેજને શરણે આવ્યો છું.[૨૯] દ્રોણના કરતાં શ્રેષ્ઠ અને વેદવેત્તામાં ઉત્તમ એવા જે તમો તે તમારૂં શરણ લઇને દ્રોણનો નાશ કરે એવો અને યુદ્ધમાં કોઇથી જીતાય નહિ એવો પુત્ર હું મેળવું, એવું કર્મ તમે કરો. હે યાજ! હું તમને અર્બુદ ગાયો આપીશ."

આ સાંભળીને યાજે 'તથાસ્તુ' કહીને દ્રુપદનું અભીષ્ટ સધાય એવો યાગ કરવા તેના પ્રયોગનું મનમાં સ્મરણ કર્યું.[૩૦,૩૧] આ કામ ઘણું ભારે છે એમ ધારી યાજ મુનિએ કંઈ પણ અર્થની ઇચ્છાવિનાના ઉપયાજને પણ એ કામમાં સહાયક કર્યો. તે પછી યાજે દ્રોણના વિનાશને માટે પ્રતિજ્ઞા કરી[૩૨] અને તે વખતે મહાતપસ્વી ઉપયાજે દ્રુપદ રાજાને પુત્રફલને સારૂ શ્રૌતાગ્નિસાધ્ય કર્મ કરવાનું કહ્યું;[૩૩] તથા હે રાજન્! 'તે કર્મથી થનારો પુત્ર તમે જેવો ઇચ્છો છો તેવો મહા વીર્યવાળો, મહાતેજસ્વી અને મહા બલવાન થશે' એમ પણ જણાવ્યું.[૩૪] પછી દ્રુપદ રાજા દ્રોણને મારે એવા પુત્રની પ્રાપ્તિનો સંકલ્પ કરીને તે કર્મફલની સિદ્ધિને માટે યાજના કહેવા પ્રમાણે સર્વ કરવા લાગ્યો.[૩૫] જ્યારે હવન પૂરો થયો, ત્યારે યાજ મુનિએ દ્રુપદની રાણીને આજ્ઞા કરી કેઃ–" હે પૃષત્ રાજાની પુત્રવધૂ! હે રાજ્ઞિ!

તું જલદી અહીં આવ! તારે માટે એક પુત્ર અને એક પુત્રી પ્રાપ્ત થયાં છે."[૩૬] રાણી બોલી:–"હે બ્રહ્મન્! મારૂં મુખ અશુદ્ધ છે, અર્થાત્ દંતધાવન કર્યું નથી, તથા મારે શરીરે દિવ્ય અંગરાગનો ગંધ રહેલો છે અર્થાત્ સ્નાન કર્યું નથી, તેથી હું સ્પર્શ કરવાને યોગ્ય નથી. હે યાજ! મને પ્રિય એવા પુત્રરૂપ પ્રયોજનને માટે તમે થોભો, અર્થાત્ મારી શુદ્ધિની રાહ જુઓ."*[૩૭]

યાજ કહે છે:–"આ હવિ મેં–યાજે પકવ કર્યું છે અને ઉપયાજે તેને અભિમંત્રિત કરેલું છે, એટલે તે ઇચ્છિત ફલ કેમ ન આપે? આપશેજ. માટે તું દૂર જા અથવા ઉભી રહે, અર્થાત્ ક્ષેત્ર અને વીર્ય સેચન કરનારાના વિના પણ અમારા સામર્થ્યથી પુત્ર તથા પુત્રી ઉત્પન્ન થશેજ; માટે તું દૂર થા. પ્રયોગનો વિધિ, કાલવિલંબને સહન કરશે નહિ."[૩૮]

બ્રાહ્મણ કહે છે:–આ પ્રમાણે કહીને યાજે સંસ્કાર કરેલા હવિનો હોમ કર્યો કે તે અગ્નિમાંથી દેવના જેવો કુમાર ઉત્પન્ન થયો.[૩૯] તે કુમાર અગ્નિની જ્વાલાના જેવા વર્ણવાળો તથા ભયંકર રૂપવાળો હતો. તેણે મુકુટ તથા ઉત્તમ કવચ ધારણ કરેલાં હતાં; ખડ્ગ, શર તથા ધનુષ તેની સાથે હતાં તથા તે વારંવાર ગર્જના કરતો હતો.[૪૦] તે ઉત્પન્ન થતાંજ શ્રેષ્ઠ રથમાં બેસીને તેનાથી પ્રયાણ કરવા લાગ્યો, તેથી ખુશી થયેલા પંચાલો વાહ, વાહ બોલવા લાગ્યા.[૪૧] તે વખતે હર્ષઘેલા થયેલા પંચાલોના ભારને આ પૃથ્વી સહન કરી શકી નહિ. વળી તે વખતે એક આકાશચારી અને અદૃશ્ય એવા મહાભૂતની વાણી થઈ કે:–"આ રાજપુત્ર ભયને નિવૃત્ત કરનારો તથા પંચાલોને યશ આપનારો થશે. એ કુમાર રાજાના શોકને હણવા તથા દ્રોણના વધને માટે ઉત્પન્ન થયો છે."[૪૨,૪૩] પછી તે યજ્ઞવેદીમાંથી કુમારિકા પાંચાલી પ્રકટ થઈ. જે સારા ભાગ્યવાળી, દેખાવડા અંગવાળી, સુંદર, શ્યામ અને લાંબાં નેત્રવાળી, શ્યામવર્ણી, પદ્મપત્રના જેવાં લોચનવાળી, કાળા વાંકડીઆ કેશવાળી, ઉંચા લાલ નખવાળી, સુંદર ભમરવાળી અને રમણીય પુષ્ટ સ્તનવાળી હતી.[૪૪,૪૫] તે મનુષ્યના દેહમાં સાક્ષાત્ દેવકુમારીના જેવી દેખાતી હતી. તેના શરીરમાંથી શ્યામ કમલના જેવો સુગંધ એક કોશસુધી પ્રસરતો હતો.[૪૬] તે એવી રૂપાળી હતી કે પૃથ્વીમાં તેની ઉપમા જડતી ન હતી. વળી દેવ, દાનવ અને યક્ષો પણ ઇચ્છા કરે એવી તે દેવના જેવા રૂપવાળી હતી.[૪૭] તે સુંદર નિતંબવાળી કન્યા ઉત્પન્ન થઇ, ત્યારે પણ આકાશવાણી થઇ કે:–"આ સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી કૃષ્ણા ક્ષત્રિયોનો ક્ષય કરવા ઉત્પન્ન થઇ છે.[૪૮] એ સુંદર માયાવાળી સમય આવતાં દેવોનું કાર્ય કરશે તથા એને લીધે કૌરવોને મોટું ભય ઉત્પન્ન થશે."[૪૯]

આ સાંભળીને સર્વ પંચાલો સિંહના ટોળાની પેઠે ગાજી ઉઠયા અને તે વખતે હર્ષપૂર્ણ પંચાલોના ભારને આ પૃથ્વી સહન કરી શકી નહિ.[૫૦] પછી પુત્ર તથા પુત્રીને ઉત્પન્ન થયેલાં જોઇને પુત્રની ઇચ્છાવાળી દ્રુપદની સ્ત્રી યાજને શરણે આવી અને બોલી કે:–"આ બન્ને બાલકો મારાવિના બીજી સ્ત્રીને પોતાની માતા જાણો નહિ."[૫૧] ત્યારે દ્રુપદ રાજાનું પ્રિય કરવા માટે યાજે "તથાસ્તુ" એમ રાણીને કહ્યું. પછી પ્રસન્ન મનવાળા બ્રાહ્મણોએ તે બન્નેનાં નામ પાડયાં[૫૨] અને બોલ્યા કે:–

"આ દ્રુપદરાજાનો કુમાર ધૃષ્ટ છે–શત્રુની મોટાઇને સહી શકે નહિ એવો છે તથા દ્યુમ્ન (ધન) એટલે જે બલ અથવા કવચ કુંડલાદિની સાથે મોટા ઉત્કર્ષવડે ઉત્પન્ન થયેલો છે, માટે એનું નામ ધૃષ્ટદ્યુમ્ન કહેવું."[૫૩] અને કુંવરી કૃષ્ણાનું તેઓએ કૃષ્ણાજ નામ પાડયું; કારણ કે તે કૃષ્ણ વર્ણનીજ હતી. આ પ્રમાણે દ્રુપદ રાજાના મહાન યજ્ઞમાં તે પુત્ર તથા પુત્રી ઉત્પન્ન થયાં હતાં.[૫૪] તે પછી પાંચાલ રાજાના આ પુત્ર ધૃષ્ટદ્યુમ્નને પોતાને ઘેર લાવીને પ્રતાપી દ્રોણાચાર્યે, તેને અસ્ત્રવિદ્યા શીખવીને ઉપકાર

* આ ઉપરથી એ રજસ્વલા હોય એમ સમજાય છે; કારણકે દંતધાવન, સ્નાન અને સ્પર્શનો ઋતુમતીને માટે નિષેધ છે.

કર્યો.[૫૫] મહા બુદ્ધિવાળા દ્રોણાચાર્યે દૈવથી થનારૂં રોકી શકાય તેમ નથી,એમ જાણીને પોતાની કીર્તિનું રક્ષણ કરવા તે પ્રમાણે શત્રુને પણ વિદ્યા આપી હતી.[૫૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે દ્રૌપદીસંભવ નામનો અધ્યાય ૧૬૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૮ મો–દ્રુપદના નગરમાં જવાનો પાંડવોનો નિશ્ચય

॥ वैशंपायन उवाच ॥

एतच्छ्रुत्वातु कौन्तेयाः शल्यविद्धा इवाभवन्॥
सर्वे चास्वस्थमनसो बभूवुस्ते महाबलाः॥१॥

વૈશંપાયન કહે છેઃ–બ્રાહ્મણના મુખથી આ વૃત્તાંત સાંભળીને કુંતીના પુત્રો શલ્યથી વિંધાયા હોય તેવા થઇ ગયા અને તે મહા બલવાન સર્વ પાંડવોનાં મન અસ્વસ્થ થયાં.[૧]પછી સઘળાંનાં ચિત્ત પંચાલ દેશમાં થનારા સ્વયંવર તરફ વળેલાં જોઇને સત્યવાદિની કુંતી માતા યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યાં.[૨]

કુંતી બોલ્યાંઃ–“ આ મહાત્મા બ્રાહ્મણને ત્યાં નગરમાં ભિક્ષા મેળવીને આનંદ કરતાં આપણે ઘણી રાત્રિઓ નિવાસ કર્યો છે.[૩] વળી હે શત્રુઓને દમનારા! અહીં જે જે રમણીય એવાં વનો અને ઉપવનો છે,તે પણ બધાં આપણે વારંવાર જોયાં છે.[૪] હે કુરુનંદન! હવે ફરી ફરીને તે જોવાં આપણને સારાં લાગતાં નથી. વળી હે વીર! પહેલાંની પેઠે હવે ભિક્ષાન્ન પણ બરોબર મળતું નથી;[૫] માટે જો તમારી ઇચ્છા હોય તો આપણે બધાં સુખેથી પંચાલ દેશમાં જઇએ. હે વીર! તે દેશ પ્રથમ જોવાથી આપણને રમણીય લાગશે.[૬] વળી હે શત્રુકર્શન! પંચાલ દેશમાં સુકાલ છે એમ પણ સંભળાય છે તથા ત્યાંનો રાજા યજ્ઞસેન પણ બ્રાહ્મણનો ભક્ત છે, એમ આપણે સાંભળ્યું છે.[૭]અહીં એક જગ્યાએ લાંબો કાળ પડી રહેલું તે મને સારૂં લાગતું નથી, માટે હે પુત્ર! જો તમારી મરજી હોય તો આપણે સુખથી ત્યાં ચાલ્યાં જઇએ.”[૮] યુધિષ્ઠિર બોલ્યાઃ–“ હે માતા! તમે જે કાર્ય કરવા ધારો તેમાં અમારૂં પરમ હિતજ હોય છે; પરંતુ આ નાના ભાઇઓ ત્યાં આવશે કે નહિ, તે હું જાણતો નથી.”[૯]

વૈશંપાયન કહે છેઃ–પછી કુંતીએ ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવને જવાને માટે કહ્યું, ત્યારે તે બધાએ પણ ‘ ભલે તેમ કરીએ ’ એમ કહ્યું.[૧૦] હે રાજન્! પછી કુંતી તે બ્રાહ્મણની રજા લઇને પોતાના પુત્રોની સાથે મહાત્મા દ્રુપદની સુંદર નગરી તરફ જવા માટે તૈયાર થયાં.[૧૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે પાંચાલદેશયાત્રા નામનો અધ્યાય ૧૬૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૬૯ મો–દ્રૌપદીના પૂર્વજન્મથી કથા

॥ वैशंपायन उवाच ॥

वसत्सु तेषु प्रच्छन्नं पांडवेषु महात्मसु ॥
आजगामाथतान्द्रष्टुं व्यासःसत्यवतीसुतः॥१॥

વૈશંપાયન કહે છેઃ–મહાત્મા પાંડવો ગુપ્ત રીતે બ્રાહ્મણને ત્યાં રહેતા હતા,ત્યાં તેમને મળવા માટે સત્યવતીના પુત્ર વ્યાસજી આવ્યા.[૧] તેમને આવતા જોઇને શત્રુને તાપ આપનારા પાંડવો સામા ગયા અને તેમને પ્રણામપૂર્વક અભિવંદન કરીને સર્વે હાથ જોડીને ઉભા રહ્યા. પછી પાર્થોએ જેમનું પૂજન કરેલું એવા વ્યાસે તે

બધાને બેસવાની આજ્ઞા કરી, એટલે તેઓ નીચે બેઠા. તે પછી વ્યાસ મુનિ તેમને શુભ રીતે પ્રીતિપૂર્વક આ પ્રમાણે પૂછવા લાગ્યાઃ-[૨,૩] "હે પરંતપો ! તમે ધર્મપ્રમાણે તથા શાસ્ત્રપ્રમાણે વર્તો છો? વળી તમે પૂજન કરવા યોગ્ય એવા બ્રાહ્મણોની પૂજા કરો છો ? તે નષ્ટ તો થતી નથી ?"[૪] આ પ્રમાણે પૂછયા પછી ભગવાન વ્યાસ મુનિએ કેટલાંક ધર્મ તથા અર્થયુક્ત વાકયો કહ્યાં તથા જૂદી જૂદી વિચિત્ર વાતો કહીને ફરીથી તે નીચે પ્રમાણે કહેવા લાગ્યા.[૫]

વ્યાસ બોલ્યાઃ-" પૂર્વે તપોવનમાં કોઈ એક મહાત્મા ઋષિની એક કન્યા હતી. તે સૂક્ષ્મ મધ્યવાળી,સુંદર નિતંબવાળી,સારી ભ્રૂકુટીવાળી અને સર્વ ગુણથી સંપન્ન હતી;[૬] પરંતુ તે પોતાનાં પૂર્વ કર્મવડે દુર્ભાગ્યવાળી નિવડી હતી, તેથી તે રૂપાળી હતી તોપણ તેને કોઈ પતિ મળ્યો નહિ.[૭] એટલે દુઃખી થયેલી તે કન્યાએ પતિ મેળવવા માટે તપ કરવા માંડયું અને તેણે ઉગ્ર તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા.[૮] તેના ઉપર પ્રસન્ન થયેલા ભગવાન શંકર તે યશસ્વિની કન્યાને કહેવા લાગ્યા કેઃ-" તારૂં કલ્યાણ થાઓ. હું તને વરદાન આપવા આવ્યો છું માટે તું વર માગ."[૯] આવાં શંકરનાં વચન સાંભળીને તે કન્યા પોતાના હિતને માટે બોલી કેઃ-" હું સર્વગુણસંપન્ન એવો પતિ ઇચ્છું છું." આમ તેણે વારંવાર કહ્યું. હે ભારતો ! ત્યારે બોલનારામાં શ્રેષ્ઠ એવા ઇશ્વરે તે કન્યાને કહ્યું કેઃ-" હે કલ્યાણિ ! તને પાંચ પતિ થશે. "[૧૦,૧૧] આવું કહ્યું, ત્યારે તે કન્યા વરદાન આપનારા શંકરને કહેવા લાગી કેઃ-" હે દેવ ! હે પ્રભો ! તમારી કૃપાથી હું એકજ પતિની ઇચ્છા કરૂં છું. "[૧૨] ત્યારે મહાદેવ ફરીથી આ પ્રમાણે ઉત્તમ વચન કહેવા લાગ્યા કેઃ-" તેં મારી આગળ 'પતિ આપો' એ વચન ફરીફરીને પાંચવાર કહ્યું, માટે તને પાંચ પતિ થશે; પરંતુ મેં જે કહ્યું છે તે તારા બીજા જન્મમાં થશે." પછી શંકરના વરદાનથી તે દેવના જેવાં રૂપવાળી કન્યા દ્રુપદને ત્યાં ઉત્પન્ન થઇ. "[૧૩,૧૪] તે દ્રુપદની સ્તુત્ય પુત્રી કૃષ્ણા તમારી પત્ની થવાને નિર્માયેલી છે; માટે તમે પાંચાલ નગરમાં જઇને નિવાસ કરો. હે મહાબલવાળા ! તે કન્યાને મેળવીને તમે સુખી થશો એમાં સંશય નથી. "[૧૫]

આ પ્રમાણે પાંડવોને કહીને મહા ભાગ્યશાળી અને મહા તપસ્વી એવા પિતામહ વ્યાસ પાંડવોની અને કુંતીની રજા લઇને ત્યાંથી ચાલતા થયા.[૧૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે દ્રૌપદીજન્માંતરકથન નામનો અધ્યાય ૧૬૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૦ મો-ચિત્રરથ ગંધર્વનો પરાજય

॥ वैशंपायन उवाच ॥

गते भगवति व्यासे पांडवा हृष्टमानसाः ॥
ते प्रतस्थुः पुरस्कृत्य मातरं पुरुषर्षभाः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-ભગવાન વ્યાસ ગયા તે પછી પુરુષોમાં શ્રેષ્ઠ એવા પાંડવો પ્રસન્ન થઇને માતાને આગળ કરી પાંચાલ દેશ તરફ જવા નીકળ્યા.[૧] નીકળતા પહેલાં શત્રુને તાપ આપનારા પાંડવોએ બ્રાહ્મણની આજ્ઞા લીધી તથા તેમને અભિવંદન કરી માન આપ્યું. પછી તેઓ ધારેલે સ્થાને જવા માટે ઉત્તર તરફ સીધે માર્ગે ચાલવા માંડયા. આમ એક દિવસ અને રાત્રી ચાલતાં તે પુરુષવ્યાઘ્ર પાંડવો ગંગાપર આવેલા સોમાશ્રયણ નામના તીર્થમાં આવી પહોંચ્યા.[૨,૩] તે વખતે તેઓ અંધારામાં ચાલતા હોવાથી એક બળતું લાકડું હાથમાં લઇને તેઓને પ્રકાશ આપવા તથા તેમનું રક્ષણ કરવા મહારથી અર્જુન આગળ ચાલતો હતો.[૪] આ રીતે જ્યારે તેઓ ગંગાપર આવ્યા, ત્યારે એક ઈર્ષ્યાળુ ગંધર્વરાજ રમ્ય ગંગાજલમાં એકાંત ક્રીડા કરવા

સારૂ સ્ત્રીઓને લઈને આવ્યો હતો. [૫] તેણે નદી તરફ આવતા પાંડવોનો શબ્દ સાંભળ્યો. એ શબ્દ સાંભળીને બલવાન ગંધર્વરાજ આવેશમાં આવી જઈને અત્યંત ક્રોધે ભરાયો. [૬] પછી માતા સાથે આવતા પરંતપ પાંડવોને જોઈને તે ઘોર ધનુષનો ટંકાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યોઃ-[૭] "રાત્રિ પડતાં પહેલાં સૂર્યનો અર્ધ અસ્ત થતાં જ્યારે પશ્ચિમ દિશા લાલ રંગની થઇને ઉગ્ર જણાય છે, તે વખતનો ચાળીસ નિમેષ જેટલો કાલ બાદ કરીને તે પહેલાંનો કાલ પ્રયાણનો કહેવાય છે; કારણ કે તે સંધ્યાકાલનું મુહૂર્ત યથેષ્ટ ગમન કરનારા યક્ષ, ગંધર્વ અને રાક્ષસોને માટે નિર્મેલું છે અને બાકીનાં મુહૂર્તો મનુષ્યોનાં કર્મને માટે સંચારને સારૂ નિર્મેલાં છે;અર્થાત્ સંધ્યાકાલના ચાળીસ નિમેષ જેટલા કાલથી આરંભીને પછીનો રાત્રિનો કાલ યક્ષાદિના સંચારને માટે છે અને બાકીનો દિવસ-કાલ મનુષ્યોને માટે છે. [૮,૯] તેમ છતાં જે મનુષ્યો લોભથી તે કાલમાં પ્રયાણ કરે છે, તે મૂર્ખોને અમારી પાસે આવતાં અમે અને રાક્ષસો કેદ કરીએ છીએ; [૧૦] માટેજ રાત્રિના સમયમાં બીજાં સર્વ મનુષ્યો અથવા સૈન્ય સાથે ફરતા રાજાઓ પાણીમાં ઉતરે છે તો તેમને વેદવેત્તા જનો નિંદે છે. [૧૧] હે મનુષ્યો! તમે દૂર ઉભા રહો. મારી પાસે આવશો નહિ. હું આ ભાગીરથીના જલમાં વિહાર કરવા આવ્યો છું, તે તમે કેમ જાણુતા નથી? [૧૨] હું પોતાના બલનોજ આશ્રય લેનારો અંગારપર્ણ નામનો ગંધર્વ છું તે તમે જાણો. વળી હું ઘણો માની તથા ઇર્ષ્યાળુ છું અને કુબેરનો પ્રિયમિત્ર થાઉં છું. [૧૩] આ વન પણ મારા નામથી અંગારપર્ણ વન કહેવાય છે. આ વનમાં હું ગંગાના તીરપર નાનાવિધ ક્રીડાઓ કરૂં છું. [૧૪] આ વનમાં રાક્ષસો,કાપાલિકો,દેવો અને મનુષ્યો પણ આવતાં નથી ત્યાં તમે શામાટે આવ્યા છો ?" [૧૫]

અર્જુન કહે છે :- "હે દુર્મતિવાળા! સમુદ્રમાં, હિમાલયના પાર્શ્વમાં અને આ ગંગા નદીમાં, રાતે, દિવસે કે સંધ્યાકાલે કોનું કુટુંબ ગુપ્ત રહી શકે ? [૧૬] હે આકાશચારિ! આ નદીઓમાં શ્રેષ્ઠ એવી ગંગામાં પ્રવેશ કરવા માટે ભોજન કર્યા પહેલાં કે પછી, રાત્રિના કે દિવસે, એવો કોઈ કાલનિયમ નથી અર્થાત્ જ્યારે ગંગા પ્રાપ્ત થાય ત્યારે તેમાં સ્નાનાદિ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે. [૧૭] વળી અમે તો શક્તિસંપન્ન છીએ એટલે વગરવખતે પણ તને સતાવીએ છીએ. હે ક્રૂર! યુદ્ધ કરવામાં જે મનુષ્યો અશક્ત હોય તેજ તમારા જેવાની પૂજા કરે છે. [૧૮] આ ગંગા પૂર્વે હિમાલયનાં હેમશિખરથી નીકળી (વસ્વોકસારા, નલિની, પાવની, સીતા, ચક્ષુ, સિંધુ અને અલકનંદા) એ સાત રૂપથી સમુદ્રમાં મળે છે. [૧૯] ગંગા, યમુના, પ્લક્ષવૃક્ષમાંથી નીકળેલાં સરસ્વતી, રથસ્થા, સરયૂ, ગોમતી અને ગંડકી, આ સાત નદીનાં જલને જેઓ પીએ છે, તેમનાં પાપ નિઃશેષ થાય છે. આ ગંગા એક આકાશરૂપી તટનો આશ્રય કરીને પવિત્રપણાથી આકાશમાં ગમન કરે છે. હે ગંધર્વ! તે દેવોમાં અલકનંદા કહેવાય છે. તેજ ગંગા પિતૃલોકમાં જઈને પાપકર્મવાળાઓથી તરી ન શકાય એવી વૈતરણી કહેવાય છે, એમ કૃષ્ણદ્વૈપાયન કહે છે. [૨૦-૨૨] આ કોઇ પણ પ્રકારના પ્રતિરોધવિનાની પવિત્ર દેવનદી ગંગા, જે સ્વર્ગને આપનારી છે તેને તું કેમ રોકી લેવા ઇચ્છે છે? આ રીતે વર્તવું એ સનાતન ધર્મ કહેવાય નહિ. [૨૩] અમે આ રોકાણવિનાના, નિર્બાધ તથા પવિત્ર એવા ભાગીરથીના જલનો તારા કહેવાથીજ ઇચ્છાપૂર્વક ઉપયોગ કેમ કરીએ નહિ ?" [૨૪]

વૈશંપાયન કહે છેઃ-આ સાંભળીને અંગારપર્ણને ક્રોધ ચઢયો અને તે ધનુષ ખેંચીને ઝેરી દાઢવાળા સર્પના જેવાં તીવ્ર બાણો મૂકવા લાગ્યો. [૨૫] તે વખતે પાંડુપુત્ર અર્જુને પોતાના હાથમાં રહેલું ઉંબાડીઉં ઝટ ભમાવીને તથા ઢાલ ધરીને તેનાં સર્વ શરોને દૂર કર્યાં. [૨૬] અર્જુન બોલ્યોઃ-"હે ગંધર્વ! અસ્ત્રવેત્તાઓની આગળ બીક દેખાડવી કામ લાગતી નથી; કારણ કે અસ્ત્ર જાણનારાની આગળ દેખાડેલી બીક પાણીના ફીણની પેઠે લય પામે છે. [૨૭] હે ગંધર્વ! મનુષ્યોના કરતાં સર્વે ગંધર્વો શ્રેષ્ઠ છે એમ હું જાણું

છું, માટે તારી સાથે માયાથી યુદ્ધ ન કરતાં હું દિવ્ય અસ્ત્રથીજ યુદ્ધ કરીશ. [૨૮] હે ગંધર્વ ! પૂર્વે આ આગ્નેયાસ્ત્ર ઇંદ્રના માનવંતા ગુરુ બૃહસ્પતિએ ભરદ્વાજને આપ્યું હતું. [૨૯] ભરદ્વાજે અગ્નિવેશ્યને અને અગ્નિવેશ્યથી મારા ગુરુને મળ્યું હતું. તે અસ્ત્ર બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા દ્રોણ ગુરુએ મને સારી રીતે આપ્યું છે. ”[૩૦]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે કહીને ક્રોધ પામેલા અર્જુને તે પ્રદીપ્ત આગ્નેયાસ્ત્ર ગંધર્વના ઉપર મૂક્યું અને તે અસ્ત્રે ગંધર્વનો રથ બાળી મૂક્યો. [૩૧] આમ રથવિનાનો થયેલો રથમાંથી નીકળી પડેલો અને અસ્ત્રના તેજથી મૂઢ થયેલો ગંધર્વ નીચે માથે પડતો હતો. તેવામાં મહા બલવાન અર્જુને પુષ્પવાળા તેના કેશ પકડીને અસ્ત્રપાતથી અચેતન થયેલા તે ગંધર્વને ખેંચી ભાઇઓની પાસે આણ્યો. [૩૨,૩૩] તે વખતે તે ગંધર્વની કુંભીનસી નામની સ્ત્રી પોતાના પતિના બચાવની ઇચ્છા કરતી યુધિષ્ઠિર આગળ શરણ મેળવવા આવી અને કહેવા લાગી. [૩૪]

ગંધર્વી બોલીઃ—“ હે મહાભાગ્યવાળા ! આ મારા પતિને મુક્ત કરો. હે પ્રભો ! હું કુંભીનસી નામની ગંધર્વી તમારે શરણે આવી છું, માટે મારૂં રક્ષણ કરો. ” [૩૫]

યુધિષ્ઠિર બોલ્યાઃ—“ હે રિપુસૂદન અર્જુન ! તું એ ગંધર્વને છોડી દે; કારણકે યુદ્ધમાં જીતી લીધેલા, યશરહિત થયેલા, ભાર્યાથી રક્ષણ કરાયેલા અને પરાક્રમરહિત થયેલા, એવા શત્રુને કોણ મારે ? ” [૩૬]

અર્જુન કહે છેઃ—“ હે ગંધર્વ ! જા, તું હવે જીવિતને પ્રાપ્ત થા અને શોક કરીશ નહિ; કારણ કે આ કુરુરાજ યુધિષ્ઠિર આજે તને અભય આપે છે. ” [૩૭]

ગંધર્વ બોલ્યોઃ—“ હે અર્જુન ! તમે મને જીત્યો છે, માટે મારૂં પૂર્વનું અંગારપર્ણ (અંગારાના જેવું પર્ણ વાહન રથ જેનો) એવું નામ છે તેને હું છોડી દઉં છું અને હવેથી હું સભામાં મારા બલનાં તથા નામનાં વખાણ કરીશ નહિ. [૩૮] વળી આજે હું દિવ્ય અસ્ત્ર ધારણ કરનારા અર્જુનને ગાંધર્વી માયા શીખવવા ઇચ્છું છું અને આવો લાભ મને મળ્યો તેથી હું પોતાને ભાગ્યશાળી ગણું છું. [૩૯] મારો વિચિત્ર રથ હોવાથી હું પહેલાં ચિત્રરથ કહેવાતો હતો; પરંતુ હવે મારો તે રથ અસ્ત્રાગ્નિથી દગ્ધ થયો છે, માટે હું દગ્ધરથ થયો છું. [૪૦] વળી જે વિદ્યા મેં પૂર્વે તપ કરીને સંપાદન કરી છે, તે વિદ્યા આજે મારા પ્રાણદાતા મહાત્માને હું નિવેદન કરૂં છું. [૪૧] જે પોતાના બલવડે શત્રુને આગળ વધતો અટકાવીને જીતી લે છે, છતાં જો તે શત્રુ શરણે આવે તો તેને ન મારતાં જીવિતદાન આપે છે, તે વીર કયાં કલ્યાણને માટે યોગ્ય નથી ? [૪૨] હું તમને જે વિદ્યા આપવા ધારૂં છું તે ચાક્ષુષી નામની વિદ્યા છે; જે વિદ્યા મનુએ સોમને આપી હતી, સોમે વિશ્વાવસુને આપી હતી અને વિશ્વાવસુએ મને આપી છે. [૪૩] આ વિદ્યા જો ગુરુએ કુત્સિત પુરુષને આપી હોય તો તે નિષ્ફળ જાય છે. આ રીતે એ વિદ્યાની પ્રાપ્તિ મેં તમને કહી. હવે એનો પ્રભાવ તમે મારાથી સાંભળો. [૪૪] ત્રણ લોકમાં ચક્ષુવડે જે કંઈ જોવાની ઇચ્છા કરાય તે એ વિદ્યાથી જોઇ શકાય છે અને જે વસ્તુ સામાન્ય રૂપથી અથવા વિશેષ રૂપથી એ જોવા ઇચ્છે તેવા રૂપથી પોતાના સંકલ્પાનુસાર તે જોઇ શકે છે. [૪૫] આ વિદ્યા છ માસ સુધી એક પગે ઉભા રહીને તપ કરનારને પ્રાપ્ત થાય છે, માટે તમે તે વ્રત કરશો એટલે તમને પોતે હું તે વિદ્યા આપીશ. [૪૬] હે રાજન્ ! આ વિદ્યાના પ્રભાવવડે અમે મનુષ્યોથી શ્રેષ્ઠ ગણાઇએ છીએ અને દેવોના તુલ્ય ગણાઇએ છીએ. [૪૭] હે પુરુષશ્રેષ્ઠ ! વળી હું તમને તથા તમારા પ્રત્યેક ભાઇઓને ગંધર્વ લોકમાં ઉત્પન્ન થયેલા સો સો ઘોડાઓ આપીશ. [૪૮] એ ઘોડાઓ દેવોને અને ગંધર્વોને વહન કરે છે. સુંદર વર્ણવાળા તથા મનના જેવા વેગવાળા હોય છે, કોઇ વખત તેઓ વૃદ્ધ કે તરુણ થતા નથી, પણ સ્થિર વયવાળાજ રહે છે તથા મજલ કાપતાં પણ તેમનો વેગ ઓછો થતો નથી. પૂર્વે વૃત્રાસુરને મારવા માટે મહેંદ્રને સારૂ વજ્ર તૈયાર કર્યું હતું; તે વજ્રના વૃત્રાસુરના માથાપર સેંકડો

ટુકડા થઇ ગયા હતા.[૫૦] ભાગેલા તે વજ્રના વિભાગોની દેવતાઓ તે તે સ્થાનમાં પૂજા કરે છે, લોકમાં જે જે કંઇ ઉત્તમ અને સ્પૃહા કરવા યોગ્ય જણાય છે તે તે આ વજ્રનાંજ સ્વરૂપ ગણાય છે.[૫૧] બ્રાહ્મણના હાથથી હવિ અપાય છે, માટે તે હાથ વજ્ર છે. ક્ષત્રિયોનો રથ, દેવના તથા બ્રાહ્મણોના શત્રુના નાશને માટે કારણરૂપ છે; માટે તે દેવોને ઉપાસવા યોગ્ય વજ્ર છે. વૈશ્યો જે દાન કરે છે તે વજ્ર છે અને શૂદ્રો જે સેવાકર્મ કરે છે, તે વજ્ર ગણાય છે.[૫૨] એટલે ક્ષત્રિયોના રથરૂપી વજ્રનો ભાગ અશ્વો છે, માટેજ તે વેગવાળા ઘોડાઓ અવધ્ય ગણાય છે. જે એવા ઘોડાઓમાં તેજવાળા ગણાય છે અને રથના અંગભૂત છે તેને ઘોડી ઉત્પન્ન કરે છે;[૫૩] પરંતુ મારા જે ઘોડાઓ છે તે ઐચ્છિક વર્ણવાળા છે, ઐચ્છિક વેગવાળા છે અને ઇચ્છાથીજ પ્રાપ્ત થયેલા છે. આમ હોવાથી તે ગંધર્વ લોકમાં થયેલા ઘોડાઓ તમારી ઇચ્છા પૂર્ણ કરશે."[૫૪]

અર્જુન કહે છેઃ–"હે ગંધર્વ! જો તમે, પ્રીતિથી અથવા જીવિતના સંશયમાં મેં તમને જીવિતદાન આપ્યું તેથી એ વિદ્યા, ધન અથવા શાસ્ત્ર મને આપતા હો તો તે હું સ્વીકારવાને રાજી નથી; અર્થાત્ પ્રીતિથી આપેલું પણ સામું આપ્યા વિના લઉં તો ઋણદાર થાઉં અને જીવિતદાનના બદલામાં લઉં તો મારો યશ નષ્ટ થાય.[૫૫]"

ગંધર્વ બોલ્યોઃ–"મહત્પુરુષોનો સંયોગજ પ્રીતિ કરનારો ગણાય છે. મને જીવિતદાન આપવાથી પ્રસન્ન થઇને હું તમને વિદ્યા આપું છું[૫૬] અને હે ભરતકુલમાં શ્રેષ્ઠ અર્જુન! તમારી પાસેથી પણ હું તેના જેવુંજ ઉત્તમ આગ્નેયાસ્ત્ર ચિરકાલને માટે ગ્રહણ કરીશ"[૫૭]

અર્જુન કહે છેઃ–"હે ગંધર્વ! ત્યારે તો તે અસ્ત્ર આપીને તમારી પાસેથી તે ઘોડા લેવાની હું ઇચ્છા રાખું છું. વળી આપણી બન્નેની મૈત્રી નિત્યને માટે થાય એવું પણ હું ઇચ્છું છું. હે મિત્ર! હવે તમારાથી મનુષ્યોને શું ભય થાય છે તે મને કહો.[૫૮]હે ગંધર્વ! અમે બધા વેદ ભણ્યા છીએ તથા શત્રુને દમન કરીએ એવા છીએ છતાં રાત્રિએ પ્રયાણ કરતા એવા અમને તમે શામાટે સતાવ્યા, તેનું કારણ કહો."[૫૯]

ગંધર્વ કહે છેઃ–"હે પાંડુપુત્રો! તમે બ્રહ્મચર્યાશ્રમમાંથી નીકળ્યા છો છતાં લગ્ન કર્યાં નથી એટલે એકે આશ્રમમાં રહેલા નથી, તેથી તમે નિરગ્નિક અને આહુતિવિનાના છો; વળી તમારી સાથે કોઈ બ્રાહ્મણ નથી, એ કારણથી મેં તમારૂં રોકાણ કર્યું હતું.[૬૦] બુદ્ધિમાન એવા યક્ષો, રાક્ષસો, ગંધર્વો, પિશાચો, સર્પો અને દાનવો કુરુવંશનો ઇતિહાસ વર્ણવે છે.[૬૧] હે વીર! તમારા બુદ્ધિમાન પૂર્વજોના ગુણો નારદ વગેરે દેવર્ષિઓથી ગવાતા મેં સાંભળ્યા છે.[૬૨] વળી સાગરરૂપી વસ્ત્રથી વીંટાયલી આ સમગ્ર પૃથ્વી ઉપર ફરતાં મેં પોતે પણ તમારા કુલનો પ્રભાવ જોયો છે.[૬૩] હે અર્જુન! વેદમાં અને ધનુર્વિદ્યામાં આચાર્ય તથા ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવા તમારા ગુરુ યશસ્વી દ્રોણાચાર્યને હું સારી રીતે ઓળખું છું.[૬૪] વળી હે કુરુવ્યાઘ્ર! યમ, વાયુ, ઇંદ્ર, અશ્વિનીકુમાર તથા પાંડુ, આ છ દેવો અને મનુષ્યોમાં શ્રેષ્ઠ તથા કુરુકુલની વૃદ્ધિ કરનારા એવા તમારા પિતૃઓને પણ હું જાણું છું.[૬૫] વળી તમે બધા ભાઇઓ પણ દિવ્ય દેહવાળા, મહાત્માઓ, સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, સારાં ચરિત્ર તથા વ્રતવાળા અને શૂરવીર છો.[૬૬] હે પાર્થ! તમે શુદ્ધ ચિત્તવાળા છો. તમારાં મન તથા બુદ્ધિને ઉત્તમ જાણતાં છતાં મેં તમારી જાણી જોઇને સતાવણી કરી હતી;[૬૭] કારણ કે હે કૌરવ્ય! પોતાના બાહુબલના આશ્રયવાળો પુરુષ સ્ત્રીની સમક્ષ પોતાનું અપમાન થતું જોઇને તે સહન કરી શકતો નથી.[૬૮] વળી હે કુંતીપુત્ર! અમારૂં બલ રાત્રિએ ઘણું વધી જાય છે તેથી અને આ સ્ત્રી મારી સાથે હતી તેથી મને ક્રોધ ચઢી આવ્યો હતો.[૬૯] હે તાપત્યવર્ધન! તમે મને અહીં જે કારણથી જીતી શક્યા તે કારણ હું તમને કહું છું, તે મારાથી તમે સાંભળો.[૭૦] બ્રહ્મચર્ય એ ઉત્કૃષ્ટ ધર્મ છે અને તે બ્રહ્મચર્ય તમારામાં

નિત્ય રહેલું છે, માટેજ હે પાર્થ ! તમે મને યુદ્ધમાં જીતી શક્યા છો.[૭૧] તમારી જગ્યાએ હે પરંતપ ! જો કોઇ પરણેલો ક્ષત્રિય હોત અને તે જો રાત્રિએ યુદ્ધ કરત તો તે કોઈ રીતે મને જીતી શકત નહિ.[૭૨] વળી હે પાર્થ ! ક્ષત્રિય પરણેલો હોય તોપણ જો તેની સાથે બ્રાહ્મણ હોય તો તે પુરોહિતના આશ્રયમાં રહેલો ક્ષત્રિય બધા નિશાચરોને જીતી શકે છે;[૭૩] માટે હે તાપત્ય ! આ લોકમાં મનુષ્યોને કંઇ પણ શ્રેયની ઇચ્છા હોય તો તે કાર્યમાં જિતેંદ્રિય પુરોહિતને યોજવો જોઇએ.[૭૪] વળી રાજાના પુરોહિતો છ અંગો સાથે ચારે વેદમાં તત્પર, પવિત્ર, સત્યવાદી, ધર્માત્મા અને કૃતાર્થ અંતઃકરણવાળા હોવા જોઇએ.[૭૫] જે રાજાને ધર્મવેત્તા, વાક્ચાતુર્યવાળો, શીલવાળો અને પવિત્ર પુરોહિત હોય છે, તે રાજાનો અવશ્ય જય થાય છે અને છેવટે તેને સ્વર્ગ મળે છે;[૭૬] માટે ન મળેલો લાભ મેળવવા તથા મળેલાનું રક્ષણ કરવાને રાજાએ ગુણસંપન્ન પુરોહિત કરવો જોઇએ.[૭૭] જે પોતાની ચઢતી થવા ઇચ્છતો હોય તથા સાગરરૂપી વસ્ત્રવાળી ધનગર્ભા સર્વ પૃથ્વી સર્વ રીતે મેળવવા ઇચ્છતો હોય, તેણે પુરોહિતની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ.[૭૮] હે તાપત્ય ! કોઇ પણ પૃથ્વીપતિ રાજા બ્રાહ્મણના આશ્રયવિના કેવલ શૌર્ય અથવા પરિવારવડે પૃથ્વીને જીતી શકતો નથી;[૭૯] માટે હે કુરુવંશવર્ધન ! તમે એમ નક્કી જાણજો કે બ્રાહ્મણને આગળ રાખવાથીજ ચિરકાલ રાજ્યનું પાલન થઈ શકે છે.[૮૦]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે ગંધર્વપરાભવ નામનો અધ્યાય ૧૭૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૧ મો–તપત્યુપાખ્યાન

॥ अर्जुन उवाच ॥

तापत्य इति यद्वाक्यमुक्तवानसिमामिह ॥
तदहंज्ञातुमिच्छामि तापत्यार्थं विनिश्चितम्॥१॥

અર્જુન પૂછે છેઃ–" હે ગંધર્વરાજ ! અહીં તમે મારૂં તાપત્ય એવું નામ ઉચ્ચાર્યું છે, તે તાપત્ય પદનો નિશ્ચિત અર્થ જાણવાની હું ઇચ્છા કરૂં છું.[૧] હે સાધો ! એ તપતી નામની કોણ હતી કે જેને લીધે અમે તાપત્ય કહેવાઇએ ? ખરૂં જોતાં તો અમે કૌંતેય છીએ; માટે એ તાપત્ય કહેવાનું ખરૂં તાત્પર્ય હું જાણવા ઇચ્છું છું. "[૨]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે અર્જુને ગંધર્વને પૂછ્યું, ત્યારે ત્રણ લોકમાં વિખ્યાત એવા કુંતીપુત્ર ધનંજયપ્રત્યે ગંધર્વ આ કથા કહેવા લાગ્યો.[૩] ગંધર્વ બોલ્યોઃ–" હે સર્વ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ ! હે પાર્થ ! હું એ સંબંધમાં મનને રમણીય લાગે એવી સઘળી કથા તમને હર્ષપૂર્વક યથાર્થ રીતે કહી સંભળાવું છું.[૪] મેં તમને 'તાપત્ય' એવું સંબોધન જે કારણથી આપ્યું હતું તે કારણ હું તમને કહું છું, તેને તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.[૫] જે આ સૂર્યનારાયણ દ્યુલોકમાં રહેલા પોતાના મંડલના તેજથી આકાશને વ્યાપ્ત કરે છે, એમની તપતી નામની એમના જેવી તેજસ્વી એક પુત્રી હતી.[૬] હે વિભો ! તે વિવસ્વાન દેવની પુત્રી અને સાવિત્રીની નાની બહેન તપતી તપવડે ત્રણ લોકમાં વિખ્યાત થઇ હતી.[૭] તેના જેવી રૂપવાળી કોઇ દેવી, આસુરી, યક્ષી, રાક્ષસી, અપ્સરા કે ગંધર્વી ન હતી.[૮] તે યોગ્ય અને નિર્દુષ્ટ અંગવાળી, શ્યામ કીકીઓવાળાં વિશાલ નેત્રવાળી, પોતાના આચારમાં રહેનારી, સાધ્વી અને સુંદર વેષવાળી સ્ત્રી હતી.[૯] હે ભારત ! સૂર્યે તે કન્યાને માટે તેને લાયક રૂપ, શીલ, ગુણ તથા વિદ્યામાં સમાન એવો વર ત્રણ લોકમાં નથી એમ માન્યું હતું.[૧૦] પછી બીજાને અવશ્ય આપવા યોગ્ય

તે કન્યાને યૌવન આવેલું જોઇને તેના લગ્નની ચિંતામાં સૂર્યને શાંતિ વળી નહિ.[૧૧] હે કૌંતેય! તે વખતે કુરુકુલમાં શ્રેષ્ઠ એવો ઋક્ષનો પુત્ર બલવાન સંવરણ રાજા સૂર્યનું આરાધન કરતો હતો.[૧૨] હે પૌરવનંદન! તે ઉદય પામતા સૂર્યની નિરંતર ભક્તિથી અર્ઘ્ય, પુષ્પ, ઉપહાર, ગંધ, નિયમ, ઉપવાસ તથા વિવિધ તપવડે આરાધના કરતો હતો; તથા સેવાપરાયણ, અભિમાનવિનાનો અને પવિત્ર રહેતો હતો.[૧૩,૧૪] તે પછી કરેલા ઉપકારને જાણનારા, ધર્મજ્ઞ અને પૃથ્વીમાં અતુલ રૂપવાળા સંવરણને જોઈ તપતીને માટે આ યોગ્ય પતિ છે, એમ સૂર્ય માનવા લાગ્યા.[૧૫] હે કૌરવ્ય! પછી તે પ્રસિદ્ધ કુટુંબવાળા શ્રેષ્ઠ રાજા સંવરણને પોતાની કન્યા તપતી આપવાની સૂર્યે ઇચ્છા કરી;[૧૬] કારણ કે જેમ સૂર્ય પોતાનાં તેજવડે આકાશમાં પ્રકાશે છે, તેમ પૃથ્વીમાં સંવરણ રાજા પોતાની કાંતિથી પ્રકાશતો હતો.[૧૭] વળી જેમ ઉદય પામતા આદિત્યનું બ્રહ્મવાદીઓ અર્ચન કરે છે તેમ હે પાર્થ! ક્ષત્રિયો વગેરે પ્રજા સંવરણનું અર્ચન કરતી હતી.[૧૮] તે શ્રીમાન રાજા અત્યંત સુંદર આકૃતિવાળો હોવાથી મિત્રોને ચંદ્ર કરતાં પણ વધારે આહ્લાદજનક લાગતો હતો તથા અત્યંત તેજવાળો હોવાથી શત્રુઓને સૂર્યના કરતાં પણ વધારે તાપજનક લાગતો હતો.[૧૯] હે કૌરવ! આવા ગુણ તથા વર્તનવાળા તે રાજાને સૂર્યે પોતાની તપતી નામની કન્યા આપવાનો મનસુબો કર્યો.[૨૦] હે પાર્થ! તે પછી એક વખતે તે અમાપ પરાક્રમવાળો શ્રીમાન સંવરણ રાજા પર્વતનાં ઉપવનમાં મૃગયા કરવા ગયો.[૨૧] હે કૌંતેય! ત્યાં શિકાર ફરતાં ફરતાં તે રાજાનો અનુપમ ઘોડો ભૂખતરસથી પીડાઇને પર્વતમાં મરણ પામ્યો.[૨૨] હે પાર્થ! પછી તે રાજા ઘોડો મરણ પામવાથી પગવડેજ ચાલતો પર્વત ઉપર ફરવા લાગ્યો. ત્યાં તેણે વિશાલ નેત્રવાળી અને લોકમાં અતુલ એવી એક કન્યાને દીઠી.[૨૩] પોતે એકલો હતો અને કન્યાને પણ એકલી જોઇ, એટલે શત્રુસેનાને પીડનારો તથા રાજાઓમાં વ્યાઘ્ર જેવો તે રાજા અચલ દૃષ્ટિથી તેને જોતો ઉભો રહ્યો.[૨૪] પછી તે રાજાએ તેનું રૂપ જોઇને, એ લક્ષ્મી છે એવો તર્ક કર્યો. વળી તેણે તર્ક કર્યો કે, એ સૂર્યની ભ્રષ્ટ થયેલી કાંતિ હશે;[૨૫] કારણ કે તે કન્યા શરીરના વર્ણથી તથા તેજથી અગ્નિની જ્વાલા જેવી જણાતી હતી અને પ્રસન્નતા તથા કાંતિવડે નિર્મલ ચંદ્રરેખાના જેવી જણાતી હતી.[૨૬] તે શ્યામ લોચનવાળી કન્યા જે ગિરિપૃષ્ઠ ઉપર ઉભી હતી, ત્યાં તે ઝળકતી સુવર્ણપ્રતિમા જેવી શોભતી હતી.[૨૭] વળી તેના રૂપથી અને વિશેષવડે તેના વેષથી વૃક્ષો, ગુલ્મો અને લતાઓની સાથે તે પર્વત સુવર્ણમય થઈ ગયો હોય તેવો શોભતો હતો.[૨૮] આવી તે કન્યાને જોઇને રાજા સર્વ લોકમાંની સ્ત્રીઓની અવગણના કરવા લાગ્યો તથા તેને જોવાથી પોતાનાં નેત્રોને સફલ થયેલાં માનવા લાગ્યો.[૨૯] વળી જન્મથી આરંભીને રાજાએ જે જે રૂપો જોયેલાં તેમાં તેના જેવું રૂપ જોવામાં આવેલું નહિ, એવો પણ તેને વિચાર આવ્યો.[૩૦] તે વખતે તે કન્યાએ ગુણમય પાશથી જેનાં ચક્ષુ અને મન બાંધી લીધેલાં એવો રાજા તે સ્થાનમાંથી જરા પણ ડગ્યો નહિ તથા તેને કંઇ પણ સૂઝ પડી નહિ.[૩૧] વળી સંવરણ રાજા સ્વરૂપધનની સંપત્તિવડે આ લોકમાં અતુલ એવી તે કન્યાને જોઇને તર્ક કરવા લાગ્યો કે, ખરેખર! વિધાતાએ દેવ, અસુર તથા મનુષ્યના લોકને વલોવીને તે સર્વનાં રૂપથીજ આ વિશાલનયનીનું રૂપ પ્રકટ કરેલું છે![૩૨,૩૩] આ રીતે શુભ કુલવાળો સંવરણ રાજા તે કલ્યાણરૂપિણી કન્યાને જોતાંજ કામબાણથી પીડાઇ મનવડે ચિંતાતુર થયો હતો,[૩૪] તેથી તીવ્ર કામાગ્નિથી બળતો એવો તે પ્રૌઢ રાજા પેલી મનોહર અને મુગ્ધા કન્યાને કહેવા લાગ્યો કેઃ-[૩૫] "હે રંભોરુ! તું કોણ છે? કોની પુત્રી છે? તથા અહીં શામાટે ઉભી છે? હે શુદ્ધ સ્મિતવાળી! વળી આ નિર્જન અરણ્યમાં તું એકલી શા કારણથી ફરે છે?[૩૬] તું સર્વાંગમાં • ખોડખાંપણવિનાની છે, વળી તું સર્વ આભરણોથી વિભૂષિત થઇ છે, ખરૂં જોતાં એ

આભરણોને માટે યોગ્ય આભરણરૂપ તો તુંજ હોય એમ જણાય છે.[૩૭] હું તને દેવી, આસુરી, યક્ષી, રાક્ષસી, નાગકન્યા, ગંધર્વી અથવા મનુષ્યકન્યા માનતો નથી.[૩૮] હે મત્તકાશિનિ! મેં જે જે સુંદર સ્ત્રીઓ જોઇ છે અથવા સાંભળી છે, તેઓના જેવી હું તને માનતો નથી; અર્થાત્ શ્રેષ્ઠ માનું છું.[૩૯] હે સુંદરમુખિ! તારૂં કમલપત્રનાં જેવાં નેત્રવાળું તથા ચંદ્રથી પણ વધારે રમણીય એવું મુખ જ્યારથી મેં જોયું છે, ત્યારથી મને મન્મથ મથન કરતો હોય તેમ થાય છે."[૪૦]

આ પ્રમાણે તે રાજા પેલી કન્યાને કહેવા લાગ્યો; પરંતુ નિર્જન અરણ્યમાં કામાર્ત્ત થયેલા તે રાજાને તેણે કંઈ પણ ઉત્તર આપ્યો નહિ.[૪૧] પછી રાજા વિનવતો હતો તેજ વખતે તે વિશાલ નેત્રવાળી કન્યા આભલામાં વિજળીની પેઠે ત્યાંજ અંતર્ધાન થઈ ગઈ.[૪૨] એટલે વનકમલનાં પત્ર જેવાં લોચનવાળી તે કન્યાને ખોળવા માટે તે રાજા ઉન્મત્તની પેઠે ભમતો વનમાં ચોતરફ ફરવા લાગ્યો;[૪૩] પરંતુ તે કન્યા જડી નહિ! ત્યારે રાજા વનમાં તે કન્યાને માટે ઘણો વિલાપ કરી સ્થિર થઇને બે ઘડી ઉભો રહ્યો.[૪૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે તપત્યુપાખ્યાન નામનો અધ્યાય ૧૭૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૨ મો–સંવરણ અને તપતીનો સંલાપ

॥ गंधर्व उवाच ॥

अथ तस्यामदृश्यायांनृपातिः काममोहितः॥
पातनः शत्रुसंघानां पपात धरणीतले ॥१॥

ગંધર્વ કહે છેઃ--આ પ્રમાણે તે કન્યા અદૃશ્ય થઈ જતાં શત્રુસમૂહને પાડનારો તે રાજા કામમોહિત થઇને ધરણીતલપર પડયો.[૧] તે રાજા ધરણીપર પડતાંજ સુંદર હાસ્યવાળી અને પુષ્ટ વિશાલ કટિવાળી તે કન્યાએ ફરીથી રાજાને દર્શન આપ્યું;[૨] અને એ કલ્યાણી કુરુના કુલને પ્રવર્તાવનારા તથા કામથી હણાયલા ચિત્તવાળા તે રાજાને મધુર વાણીથી કહેવા લાગી કેઃ–[૩] "હે શત્રુને દમનારા રાજા! તમે ઉઠો, તમારૂં કલ્યાણ થાઓ. હે રાજશાર્દૂલ! પૃથ્વીમાં પ્રખ્યાત થયેલા એવા તમને આવો મોહ થવો ઉચિત નથી." આ પ્રમાણે હાસ્ય કરતી હોય તેમ તપતીએ મધુર વચનો કહ્યાં, ત્યારે મીઠી વાણી સાંભળીને રાજાએ નેત્ર ઉઘાડયાં અને બૃહન્નિતંબવાળી તેજ કન્યાને સામી ઉભી રહેલી દીઠી. પછી તે શ્યામ કટાક્ષવાળી કન્યાને કામાગ્નિથી વ્યાપ્ત મનવાળો રાજા ભાગ્યાત્ટ્યા અક્ષરવાળી વાણીથી કહેવા લાગ્યોઃ–"હે શ્યામ કટાક્ષવાળી! હે મદમત્તના જેવી જણાતી સુંદરિ! હું કામાર્ત્ત છું અને તને ચાહું છું, માટે તું સારી રીતે મારા ઉપર પ્રીતિ દર્શાવ. આ મારા પ્રાણ મને ત્યજી જાય છે. હે વિશાલનયનિ! હે કમલગર્ભના જેવી કાંતિવાળી! તારે માટે આ કામદેવ મને તીવ્ર શરોથી વિંધી નાખે છે અને તે શાંત થતો નથી. હે ભદ્રે! આ પ્રમાણે કોઈ પણ રક્ષણ કરે નહિ એવા વખતમાં મને કામરૂપી મહાન સર્પે ડસ્યો છે, માટે હે વિશાલનિતંબવાળી! હે સુંદરમુખિ! તું મને પ્રાપ્ત થા. હે કિન્નરના ગાન જેવું બોલનારી! મારા પ્રાણ તારે આધીન છે.[૪–૧૦] હે સુંદર અને સ્તુત્ય અવયવવાળી! હે પદ્મ તથા ચંદ્રના જેવા મુખવાળી! હે ભીરુ! હું તારા વિના જીવવા સમર્થ થઇશ નહિ.[૧૧] હે કમલપત્રાક્ષિ! મને આ કામ વિંધી નાખે છે, માટે હે વિશાલનયની અંગના! મારાપર તું દયા કર.[૧૨] હે શ્યામ કટાક્ષવાળી! હું તારો ભક્ત છું, માટે તું મારો ત્યાગ કરવા યોગ્ય નથી. હે ભાવિનિ! તું તો પ્રીતિના યોગથી મારૂં રક્ષણ કરવાને યોગ્ય છે.[૧૩] હે કલ્યાણિ! તારાં દર્શનની સાથેજ મારૂં મન સ્નેહયુક્ત થઇને અત્યંત ચલિત

થયું છે. હવે તને જોયા પછી બીજી સ્રીને જોવા મને રુચિ થતી નથી.[૧૪] ઓ ભાવિનિ ! તું પ્રસન્ન થા. હું તને અધીન થઇ ગયો છું. તારા ભક્ત એવા મને તું સ્વીકાર. હે સુંદર જઘનવાળી, હે વિશાલાક્ષિ ! તને જોતાંની સાથેજ મન્મથ પોતાનાં બાણવડે મારૂં અંતર અત્યંત વિંધી નાખે છે, માટે હે કમલના જેવાં લોચનવાળી ! એ કામાગ્નિથી ઉત્પન્ન થયેલા દાહને પ્રીતિસંયોગયુક્ત જલવડે શાંત કરી તું મને આનંદ આપ. હે કલ્યાણિ! તારાં દર્શનથી ઉત્પન્ન થયેલો પ્રચંડ અને અસહ્ય ધનુષબાણવાળો પુષ્પાયુધ કામદેવ મને દુઃસહ શરોથી વિંધે છે. હે ભાવિનિ ! તેને તું આત્મદાન કરીને શાંત કર.[૧૫-૧૮]હે સુંદરિ! તું મને ગાંધર્વવિવાહવડેજ પ્રાપ્ત થા; કારણ કે હે રંભોરુ ! સર્વ વિવાહોમાં ગાંધર્વવિવાહ શ્રેષ્ઠ ગણાય છે."[૧૯]

તપતી બોલીઃ-"હે રાજન્! હું કન્યા છું અને મારે માથે મારા પિતા છે, એટલે હું પોતાને માટે સ્વતંત્ર નથી, તેથી મારા ઉપર જો તમને પ્રીતિ હોય તો મારા પિતાની પાસે મારે સારૂ માગણી કરો.[૨૦] હે નરેશ્વર ! જેમ મેં તમારા પ્રાણ વશ કર્યા છે, તેમ દર્શન આપીને તમે પણ મારા પ્રાણોને અત્યંત હરી લીધા છે;[૨૧] પણ હે નૃપતિશ્રેષ્ઠ! હું પોતાના શરીરને માટે સ્વતંત્ર નથી અને તેથીજ હું તમારી પાસે આવતી નથી;[૨૨] કારણકે સ્રીઓ સ્વતંત્ર હોતી નથી. કયી એવી કન્યા છે કે જે સર્વ લોકમાં પ્રસિદ્ધ એવા કુલમાં ઉત્પન્ન થયેલા અને ભક્તવત્સલ એવા રાજાને ભર્તા કરવા અભિલાષા રાખે નહિ?[૨૩]પણ હું પરતંત્ર છું,માટે તમે મારા પિતા સૂર્યને પ્રણામ કરીને, તપ કરીને અને નિયમ રાખીને યાચના કરો.[૨૪] હે અરિસૂદન રાજા ! જો તે મારા પિતા તમને આપવા ઇચ્છા કરે તો હું આજેજ તમને નિરંતરને માટે વશ થઇને રહીશ.[૨૫] હે ક્ષત્રિયશ્રેષ્ઠ ! હું આ લોકને પ્રકાશ કરનારા સૂર્યની સાવિત્રીથી નાની તપતી નામની કન્યા છું."[૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે તપત્યુપાખ્યાન નામનો અધ્યાય ૧૭૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૩ મો-સંવરણનાં તપતી સાથે લગ્ન

॥ गंधर्व उवाच ॥

एवमुक्त्वा ततस्तूर्णं जगामोर्ध्वमनिंदिता ॥
सं तु राजा पुनर्भूमौ तत्रैव निपपात ह ॥१॥

ગંધર્વ કહે છેઃ-આ પ્રમાણે કહીને તત્કાલ તે સ્તુત્ય કન્યા આકાશમાં ચાલી ગઈ અને તે રાજા ફરીથી ત્યાંજ મૂર્છા ખાઇને પૃથ્વીપર પડયો.[૧] પછી રાજાઓમાં શ્રેષ્ઠ એવા તે સંવરણ રાજાને ખોળવા નીકળેલો પ્રધાન, સેના તથા પરિવારમંડળસાથે ત્યાં આવી પહોંચ્યો; અને તેણે રાજાને, ઉભા કરેલા ઇંદ્રધ્વજને કાલવડે પડેલો જુએ તેમ, મહાવનમાં પૃથ્વીપર પડેલો દીઠો. મહા ધનુષવાળા તે રાજાને એકલો પૃથ્વીપર પડેલો જોઇને તે પ્રધાન અગ્નિથી સળગી ગયો હોય તેવો સંતપ્ત થઇ ગયો તથા સ્નેહથી ભયની શંકા કરતો તે તુરત તેની પાસે ગયો અને કામથી મોહિત થયેલા તે રાજેંદ્રને પિતા પોતાના પુત્રને જેમ ઉઠાડે તેમ પૃથ્વીપરથી ઉઠાડવા લાગ્યો.[૨-૫] પછી બુદ્ધિ, વય,કીર્તિ અને નીતિવડે શ્રેષ્ઠ એવો તે પ્રધાન રાજાને ઉઠાડીને જરા શાંત થયો[૬] અને ઉઠેલા રાજાને કલ્યાણવાળી મધુર વાણીથી કહેવા લાગ્યો કેઃ-" હે મનુષ્યવ્યાઘ્ર ! તમે ભય પામશો નહિ. હે નિષ્પાપ રાજા ! તમારૂં કલ્યાણ થાઓ."[૭] આમ કહીને યુદ્ધમાં શત્રુઓને પૃથ્વીપર પાડનારો તે રાજા ભૂખ, તરસ અને શ્રમથી પૃથ્વીપર પડયો હશે એવો પ્રધાને તર્ક કર્યો અને તેથી તેણે રાજાના માથાપર શીતલ જલ છાંટવા માંડયું તથા કમલ

અને વીરણવાળાનો કરેલો મુકુટ રાજાના માથા-પર શાંતિને માટે મૂકયો; પણ માથામાં થયેલા અત્યંત તાપથી તે મુકુટ તરત સૂકાઈ ગયો.[૮-૯] પછી કેટલીક વારે ભાન આવ્યું ત્યારે તે બલવાન રાજાએ એક પ્રધાનવિના બીજા સર્વ સૈન્યને ત્યાંથી મોકલી દીધું.[૧૦] એટલે રાજાની આજ્ઞા થતાં તે મોટું સૈન્ય ત્યાંથી ચાલી નીકળ્યું. પછી રાજા તે પર્વતના શિખર ઉપર ફરીથી આવી બેઠો.[૧૧] તે પછી શુદ્ધ થઇને, હાથ જોડીને તથા ઉંચું મુખ રાખીને સૂર્યનું આરાધન કરવા માટે તે રાજા, શ્રેષ્ઠ પર્વતપર ઉભો રહ્યો.[૧૨] વળી સંવરણ રાજાએ શત્રુને હણનારા એવા પોતાના પુરોહિત ઋષિશ્રેષ્ઠ વસિષ્ઠનું મનમાં ધ્યાન કર્યું.[૧૩] આ પ્રમાણે રાત્રિદિવસ એક જગ્યાએ ઉભા રહીને રાજાએ તપ કર્યું. ત્યારે બારમે દિવસે વિપ્રર્ષિ વસિષ્ઠ ત્યાં આવ્યા.[૧૪] સંસ્કારસિદ્ધ મનવાળા મહાઋષિ વસિષ્ઠે પોતાના યોગબલવડે. પહેલેથીજ જાણ્યું હતું કે રાજાનું મન તપતીને વશ થયું છે,[૧૫] તેથી નિયમથી તપ કરતા તે રાજાને મુનિશ્રેષ્ઠ એવા ધર્માત્મા વસિષ્ઠે તેનુંજ કાર્ય કરવાની ઈચ્છાથી કંઈક કહ્યું[૧૬] અને તે રાજેંદ્રના જોતાંજ ભાસ્કરના જેવી કાંતિવાળા ભગવાન વસિષ્ઠ ઋષિ ભાસ્કરને મળવા માટે આકાશમાં ઉડયા.[૧૭] તે પછી સહસ્ર કિરણવાળા સૂર્યની પાસે તે વિપ્ર હાથ જોડીને ગયા અને પ્રીતિથી 'હું વસિષ્ઠ છુ" એમ પોતાની ઓળખ આપી.[૧૮] ત્યારે મહા તેજસ્વી સૂર્યે મુનિશ્રેષ્ઠને કહ્યું કેઃ— "હે મહર્ષે! તમે ભલે આવ્યા. તમારી જે ઇચ્છા હોય તે મને જણાવો.[૧૯] હે મહાભાગ ! હે વક્તાઓમાં શ્રેષ્ઠ! મારાથી તમે જે ઇચ્છતા હશો તે વસ્તુ દુષ્કર હશે તોપણ હું તમને આપીશ."[૨૦]

આ પ્રમાણે જ્યારે સૂર્યે વસિષ્ઠને કહ્યું, ત્યારે તે મહાતપસ્વી ઋષિ પ્રકાશયુક્ત વિવસ્વાનને પ્રણામ કરીને કહેવા લાગ્યા.[૨૧] વસિષ્ઠ બોલ્યાઃ—"હે વિભાવસુ! જે આ તમારી સાવિત્રીથી નાની તપતી નામની પુત્રી છે, તેની હું સંવરણ રાજાને માટે તમારી પાસે માગણી કરૂં છું.[૨૨] હે આકાશચારિન્! તે રાજા મહાન કીર્તિવાળો, ધર્મ તથા અર્થને જાણનારો અને ઉદાર બુદ્ધિવાળો છે; એટલે તમારી પુત્રીને માટે પતિ થવાને માટે સંવરણ રાજા સર્વથા યોગ્યજ છે."[૨૩] આવું વસિષ્ઠે કહ્યું ત્યારે મારે કન્યા આપવી છે, એવો નિશ્ચય કરીને ઋષિને અભિનંદન આપતા સૂર્ય આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-"હે મુનિ! સંવરણ રાજા રાજાઓમાં શ્રેષ્ઠ છે, તમે ઋષિઓમાં શ્રેષ્ઠ છો અને સર્વ સ્ત્રીઓમાં તપતી શ્રેષ્ઠ છે; એટલે હવે એના દાનસિવાય બીજું શું ઉત્તમ ગણાય ?"[૨૪,૨૫] આ પ્રમાણે કહીને સર્વાંગે નિર્દોષ એવી પોતાની પુત્રી તપતીને સૂર્યે સંવરણને સારૂ મહાત્મા વસિષ્ઠને આપી.[૨૬] તે વખતે મહર્ષિ વસિષ્ઠે તે તપતી કન્યાને લીધી તથા સૂર્યે વિદાય કર્યા પછી જ્યાં વિખ્યાત કીર્તિવાળો કુરુકુલનો શ્રેષ્ઠ રાજા હતો, ત્યાં તે પાછા આવ્યા. કામાતુર થયેલો તથા તપતીમાં જેનું ચિત્ત રહેલું એવો રાજા તે સુંદર હાસ્યવાળી દેવકન્યા તપતીને વસિષ્ઠની સાથે આવતી જોઇને બહુ પ્રસન્ન થયો અને અધિક શોભવા લાગ્યો.[૨૭,૨૮] તે સુંદર ભ્રકુટિવાળી તપતી પણ આભલામાંથી નીકળેલી વિજળીની પેઠે આકાશમાંથી ઉતરતાં પોતાની કાંતિવડે દિશાઓને પ્રકાશિત કરતી અત્યંત શોભવા લાગી.[૩૦] જે વખતે સંવરણ રાજાનું બાર રાત્રિનું તપ કષ્ટથી સમાપ્ત થયું, તે વખતે વિશુદ્ધ મનવાળા ભગવાન વસિષ્ઠ ઋષિ ત્યાં આવી પહોંચ્યા.[૩૧] આ રીતે તપવડે વરદાન આપનારા દેવ સૂર્યનારાયણનું આરાધન કરીને સંવરણ રાજા વસિષ્ઠના તેજવડે ઈચ્છિત પત્ની મેળવી શકયો.[૩૨] પછી તે દેવ તથા ગંધર્વોએ સેવન કરાયલા શ્રેષ્ઠ પર્વતપર સંવરણ રાજાએ વિધિપૂર્વક તપતી સાથે લગ્ન કર્યું[૩૩] અને વસિષ્ઠની આજ્ઞા મેળવીને તેજ પર્વત ઉપર તે રાજર્ષિએ ભાર્યાસાથે વિહારની ઇચ્છા કરી. રાજાએ પોતાનાં નગર, રાજ્ય, વન અને ઉપવનોમાં રક્ષણ કરવા માટે તેજ પ્રધાનને આજ્ઞા આપી.[૩૪,૩૫] તે પછી વસિષ્ઠ મુનિ પણ રાજાને આજ્ઞા આપી ત્યાંથી પોતાના આશ્રમ તરફ પ્રયાણ કરી ગયા અને રાજા તે પર્વતપર દેવની પેઠે

વિહાર કરવા લાગ્યો.[૩૬] આ પ્રમાણે પોતાની ભાર્યા સાથે તે પર્વતનાં વન તથા જંગલોમાં રાજાએ બાર વર્ષસુધી એકસરખો વિહાર કર્યો.[૩૭] હે ભારત! રાજા વિહાર કરતો હતો તે સમયમાં તેના નગરમાં તથા રાજ્યમાં બાર વર્ષસુધી (રાજા કામાસક્ત થવાથી વાર્ષિક જ્યોતિષ્ટોમ વગેરે ક્રિયાનો લોપ થયો તે કારણથી) ઇંદ્રે વૃષ્ટિ કરી નહિ.[૩૮] હે અરિને દમનારા! આ પ્રમાણે અનાવૃષ્ટિ થવાથી સ્થાવરજંગમ સર્વ પ્રજા ક્ષય પામવા લાગી[૩૯] અને એવો ભયંકર દુષ્કાળ પ્રવર્ત્યો કે પૃથ્વીમાં ઝાકળ સરખું પડયું નહિ; તો પછી વરસાદની તો આશાજ શી? ધાન્ય પાકયું નહિ[૪૦] અને લોકોનાં મન ગભરાઇ ગયાં તથા ભૂખના ભયથી પીડાયલા લોકો પોતાનાં ઘરો છોડીને દિશા વિદિશામાં ભમવા લાગ્યા.[૪૧] વળી તે નગરમાં અને રાજ્યમાં સ્ત્રી વગેરે કુટુંબનો ત્યાગ કરીને તથા મર્યાદા મૂકી દઇને ભૂખથી પીડાએલા લોકો પરસ્પરને મારવા લાગ્યા.[૪૨] આ પ્રમાણે ભૂખથી પીડાતા અને આહાર ન મળવાથી મડદાં જેવા થઈ ગયેલા લોકોથી તે નગર પ્રેતોથી ભરેલું યમરાજના નગર જેવું જણાવા લાગ્યું.[૪૩] તે પછી રાજ્યને આવી સ્થિતિમાં આવેલું જોઈને તેજ ધર્માત્મા ભગવાન વસિષ્ઠ મુનિએ ત્યાં વરસાદ વરસાવ્યો[૪૪] અને લાંબા કાળથી બહાર રહેલા તે રાજશાર્દૂલ સંવરણને તપતીની સાથે નગરમાં લાવ્યા. રાજા આવતાંજ ઇંદ્રે પૂર્વના જેવી ત્યાં વૃષ્ટિ કરી.[૪૫] આ રીતે તે નૃપતિશાર્દૂલ ફરીથી નગરમાં આવતાં સહસ્રાક્ષ ઇંદ્રે વૃષ્ટિ કરી અને તે પ્રભુએ ધાન્ય ઉત્પન્ન કર્યું.[૪૬] સંભાવિત મનવાળા તે રાજેંદ્રની સંભાવનાથી તે નગર અને રાજ્ય ફરી પરમાનંદથી હર્ષિત જણાવા લાગ્યાં.[૪૭] તે પછી ઇંદ્રાણી સાથે જેમ ઇંદ્ર યજ્ઞ કરે તેમ સંવરણ રાજાએ તપતી સાથે બાર વર્ષસુધી પુનઃ યજ્ઞો કર્યા.[૪૮]

ગંધર્વ કહે છેઃ–હે પાર્થ! આ પ્રમાણે પૂર્વે મહાભાગ્યશાલિની સૂર્યની પુત્રી તપતી તમારા પૂર્વજની પત્ની હતી, તેથી તમે તાપત્ય કહેવાઓ છો.[૪૯] હે અર્જુન! તે તપતીમાં સંવરણ રાજાએ કુરુ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો, માટે હે તપ કરનારામા શ્રેષ્ઠ! તમે તાપત્ય કહેવાઓ છો.[૫૦]*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે તપત્યુપાખ્યાન નામનો અધ્યાય ૧૭૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૪ મો–વસિષ્ઠચરિત્ર–પુરોહિત કરવાની પાંડવોને ગંધર્વની સૂચના

॥ वैशंपायन उवाच ॥

स गंधर्ववचः श्रुत्वा तत्तदाभरतर्षभ ॥

अर्जुनः परया भक्त्या पूर्णचंद्र इवाबभौ ॥१॥

વૈશંપાયન કહે છેઃ–ગંધર્વનાં આવાં વચન સાંભળીને હે ભરતર્ષભ! તે વખતે અર્જુન પરમ ભક્તિથી પૂર્ણ ચંદ્રના જેવો શોભવા લાગ્યો[૧] અને વસિષ્ઠનાં તપોબલથી અત્યંત આશ્ચર્યયુક્ત થઈને મહા ધનુષધારી એવો કુરુશ્રેષ્ઠ અર્જુન ગંધર્વને કહેવા લાગ્યોઃ–[૨] "હે ગંધર્વ! તમેં તે ઋષિનું નામ વસિષ્ઠ એવું કહ્યું તેનું કારણ હું સાંભળવા ઇચ્છું છું, માટે યથાર્થ રીતે તે મને કહો.[૩] હે ગંધર્વપતિ! જે અમારા પૂર્વજોના પુરોહિત હતા તે એ મહર્ષિ ભગવાન કોણ હતા, તે મને તમે કહો."[૪]

ગંધર્વ કહે છેઃ–એ વસિષ્ઠ બ્રહ્માના માનસિક પુત્ર હતા અને અરુંધતીના પતિ થતા

* ब्राह्मणानुग्रहादेव क्षत्रंजयति नान्यथा । ...सूर्यस्य कन्यां तपता नष्टं राज्यं च लब्धवान् । वसिष्टस्यप्रसादेन राज्ञा संवरणा यथा ॥ બ્રાહ્મણની કૃપાવડેજ ક્ષત્રિયનો વિજય થાય છે, બીજી રીતે થતો નથી; જેમ કે સંવરણ રાજા વસિષ્ઠની કૃપાવડે સૂર્યની કન્યા તપતી અને ગયેલું રાજ્ય મેળવી શકયો હતો. गणेश

હતા. દેવોથી પણ જીતાય નહિ એવા કામ તથા ક્રોધ, એ બન્નેને તેમણે તપવડે જીત્યા હતા; એટલે તે બન્ને એ મુનિના ચરણ તલાંસતા હતા. તેમણે ઇંદ્રિયોને વશ કરી હતી તેથી તે વસિષ્ઠ કહેવાતા હતા. ૫,૬ જે ઉદાર બુદ્ધિવાળા ઋષિએ વિશ્વામિત્રનો અપરાધ થતાં ઉત્પન્ન થયેલા મહાન ક્રોધને વશ રાખી કુશિકોનો ઉચ્છેદ કર્યો ન હતો, વળી જેમણે પોતાના પુત્રોનો વિશ્વામિત્રે નાશ કર્યો ત્યારે પોતે શક્તિમાન હોવા છતાં અશક્તની પેઠે વિશ્વામિત્રના વિનાશને માટે દારુણ કર્મ કર્યું ન હતું, ૭,૮ વળી જેઓ મરણ પામેલા પુત્રોને યમલોકમાંથી પાછા લાવવા સમર્થ હતા તોપણ જેમણે સમુદ્ર જેમ મર્યાદાનું ઉલ્લંઘન ન કરે તેમ કાલની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું ન હતું, ૯ જે વશ્ય અંતઃકરણવાળા મહાત્માને પ્રાપ્ત થઇને ઇક્ષ્વાકુ વંશના રાજાઓએ મહાન યજ્ઞો કર્યા હતા, ૧૦,૧૧ હે પાંડવશ્રેષ્ઠ! તે સર્વ રાજેંદ્રોને બ્રહ્મર્ષિ વસિષ્ઠે બૃહસ્પતિ જેમ દેવોને યજ્ઞ કરાવે, તેમ યજ્ઞ કરાવ્યા હતા; ૧૨ માટે તમે પણ ધર્મપરાયણ મનવાળા, વેદધર્મને જાણનારા અને ગુણવાન એવા કોઇ યોગ્ય બ્રાહ્મણને પુરોહિત કરવા ખોળી કાઢો. ૧૩ હે પાર્થ! પૃથ્વી જીતવાની ઇચ્છા કરતા કુલીન ક્ષત્રિયે પ્રથમ પોતાના રાજ્યની વૃદ્ધિને માટે પુરોહિત કરવાની જરૂર છે. ૧૪ જે રાજાએ ભૂમંડલનો જય કરવો હોય, તેણે બ્રાહ્મણને આગળ રાખવા જોઇએ; માટે તમારે પણ ગુણવાન, જિતેંદ્રિય, ધર્મ, કામ અને અર્થનાં રહસ્યને જાણનારા વિદ્વાન બ્રાહ્મણને પુરોહિત કરવો જોઇએ. ૧૫

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે પુરોહિતકરણકથન નામનો અધ્યાય ૧૭૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૫ મો—ક્ષત્રિયબલથી બ્રહ્મબલની શ્રેષ્ઠતા જોઇ વિશ્વામિત્ર બ્રાહ્મણ થયા.

॥ अर्जुन उवाच ॥
किंनिमित्तमभूद्वैरं विश्वामित्रवसिष्ठयोः ॥
वसतोराश्रमे दिव्ये शंस नः सर्वमेवतत् ॥१॥

અર્જુન પૂછે છેઃ– "પોતપોતાના દિવ્ય આશ્રમમાં રહેતા એવા વિશ્વામિત્ર અને વસિષ્ઠને શા કારણથી વૈર થયું હતું ? તે સઘળું તમે મને કહો." ૧

ગંધર્વ કહે છેઃ–હે પાર્થ! સર્વ લોકમાં આ વસિષ્ઠનું આખ્યાન પુરાતન કહેવાય છે, તે આખ્યાન મારાથી તમે યથાર્થ રીતે સાંભળો. ૨ હે ભરતર્ષભ! કાન્યકુબ્જ દેશમાં લોકમાં પ્રખ્યાત એવો કુશિકનો પુત્ર ગાધી નામનો મહાન રાજા હતો. ૩ તે ધર્માત્મા રાજાને વિશ્વામિત્ર નામનો શત્રુઓનું મર્દન કરનારો પુત્ર હતો. તેની પાસે પુષ્કળ સૈન્ય અને વાહનો હતાં. ૪ એક વખતે તે વિશ્વામિત્ર પોતાના પ્રધાનની સાથે ગાઢાં જંગલમાં આવેલા રમ્ય મરુ દેશમાં મૃગ અને વરાહોને વિંધતા મૃગયા કરતા ફરતા હતા. ૫ હે નરશ્રેષ્ઠ! પછી એક મૃગને મેળવવા તેની પાછળ દોડતાં થાકથી ગ્લાનિ પામેલા તથા તરસથી પીડાતા તે વસિષ્ઠ ઋષિના આશ્રમમાં આવી પહોંચ્યા. ૬ પોતાના આશ્રમમાં આવેલા વિશ્વામિત્રને જોઇને પૂજ્ય નરોનું પૂજન કરનારા વસિષ્ઠ ઋષિએ નરશ્રેષ્ઠ વિશ્વામિત્રને પાદ્ય (પગ ધોવાનું જલ), અર્ઘ્ય–આચમનનું જલ વગેરેથી તથા સ્વાગતથી પૂજન કરીને સન્માન આપ્યું. ૭,૮ વળી તે મહાત્મા વસિષ્ઠની એક કામદુઘા ધેનુ હતી, તેને જ્યારે જ્યારે મુનિ ઇચ્છિત પદાર્થો આપવા કહેતા, ત્યારે ત્યારે નિરંતર તે મનોરથો પૂર્ણ કરતી હતી. ૯ તે કામદુઘાએ તે વખતે વસિષ્ઠની ઇચ્છાથી ગ્રામ્ય અને આરણ્ય ઓષધિઓ (ડાંગર, નિવાર વગેરે), દૂધ, અમૃતના જેવા મધુર વગેરે ષડ્રસો, અનુત્તમ રસાયન, ભોજન કરવાના પદાર્થો, પીવાના પદાર્થો, જાત જાતના

ચાવીને ખાવાના–ભક્ષ્ય પદાર્થો, અમૃતના જેવા દૂધપાક વગેરે લેહ્ય પદાર્થો તથા હે અર્જુન! શેરડી વગેરે ચૂસવાના પદાર્થો આપ્યા. [૧૦,૧૧] વળી કામદુઘાએ મહામૂલ્યવાન રત્નો અને વિવિધ વસ્રો પણ આપ્યાં. તે સઘળા પ્રિય પદાર્થોવડે સર્વ સેનાસાથે રાજા વિશ્વામિત્રનો વસિષ્ઠે સત્કાર કર્યો; [૧૨] એટલે પ્રધાન તથા સૈન્યની સાથે વિશ્વામિત્રને બહુ સંતોષ થયો. પછી છ સ્થાનમાં લાંબી,*સારાં પાર્શ્વ અને જંઘાવાળી,× પાંચ અંગમાં વિશાલ, દેડકાના જેવાં ઉપડતાં નેત્રવાળી, સારા આકારવાળી, પુષ્ટ અવાડાંવાળી, અનિંદિત લક્ષણોવાળી, સુશોભિત પુચ્છવાળી, શંકુના જેવા અણીદાર કાનવાળી, સુંદર શીંગડાંવાળી, પુષ્ટ તથા લાંબાં મસ્તક અને ડોકવાળી તથા મનને રમ્ય લાગે એવી તે કામધેનુને જોઈને વિશ્વામિત્ર વિસ્મય પામ્યા. પછી ગાધીનાં પુત્ર વિશ્વામિત્રે તે નંદિની ગાયનાં વખાણ કર્યાં[૧૩–૧૫] અને બહુજ સંતોષ પામીને તે રાજા વસિષ્ઠ ઋષિને કહેવા લાગ્યાઃ–"હે બ્રહ્મન્! કાં તો એક અર્બુદ ગાયો લઈને કે મારૂં રાજ્ય લઇને પણ મને નંદિની ગાય આપો અને હે મહામુનિ! મારૂં રાજ્ય તમે ભોગવો."

વસિષ્ઠ બોલ્યાઃ–"હે નિષ્પાપ રાજા! આ મારી ઉત્તમ દૂધવાળી નંદિની ગાય દેવતા, અતિથિ,પિતૃ અને યજ્ઞકાર્યને સારૂ ઉપયોગી છે, માટે રાજ્યને બદલે પણ એ આપી શકાશે નહિ."

વિશ્વામિત્રે કહ્યુંઃ–"હું ક્ષત્રિય છું અને તમે તપ તથા સ્વાધ્યાયરૂપી સાધનવાળા વિપ્ર છો! [૧૬–૧૮] ચિત્તનિગ્રહવાળા અને પ્રશાંત બ્રાહ્મણોમાં બલ ક્યાંથી હોઈ શકે? જ્યારે તમે મારી ઈચ્છિત વસ્તુને અર્બુદ ગાયોને બદલે પણ આપતા નથી, ત્યારે હું મારા ક્ષત્રિયધર્મને છોડીશ નહિ અને બલથી પણ એ ગાયને લઇ જઈશ."

વસિષ્ઠ બોલ્યાઃ–"હે વિશ્વામિત્ર! તારી પાસે સૈન્ય છે, તું રાજા છે અને જાતે બાહુવીર્યવાળો ક્ષત્રિય છે; [૧૯,૨૦] માટે તું તારી ઈચ્છામાં આવે તેમ તત્કાલ કર. વિચાર કરવા રોકાઇશ નહિ."

ગંધર્વ કહે છેઃ–હે પાર્થ! આ પ્રમાણે વસિષ્ઠે કહ્યું, ત્યારે વિશ્વામિત્રે ચંદ્ર અને હંસના જેવી ધવલ જણાતી તે નંદિની ગાયને બલાત્કારથી લઇ જવા છોડી અને ચાબૂકના મારથી ખિન્ન કરી તેને ચોમેરથી રોકવા માંડી. [૨૧,૨૨] હે પાર્થ! ત્યારે તે વસિષ્ઠની કલ્યાણકારિણી નંદિની 'હંભા, હંભા' શબ્દ કરતી ભગવાન વસિષ્ઠની આગળ આવી ઉચું મુખ કરીને ઉભી રહી. [૨૩] તેને લઇ જવા માટે રાજાના માણસોએ બહુ માર માર્યો તોપણ તે આશ્રમમાંથી નીકળી નહિ; ત્યારે વસિષ્ઠ બોલ્યા :–"હે કલ્યાણિ! તું વારંવાર બરાડે છે, એ તારો શબ્દ હું સાંભળું છું. [૨૪] હે ભદ્રે! હે નંદિનિ! તને બલાત્કારથી વિશ્વામિત્ર લઈ જાય છે તેમાં હું ક્ષમાશીલ બ્રાહ્મણ શું કરી શકું?" [૨૫]

ગંધર્વ કહે છેઃ–હે ભરતકુલમાં શ્રેષ્ઠ! વિશ્વામિત્ર તથા તેના સૈન્યના ભયથી ગભરાયલી નંદિની વસિષ્ઠની પાસે આવી અને કહેવા લાગી[૨૬] ગાય બોલીઃ–"હે ભગવન્! વિશ્વામિત્રના ઘોર કર્મવાળાં સૈન્યની ચાબુકોના દંડા તથા સોટાથી હણાઈને અનાથની પેટે હું બરાડા મારૂં છું તોપણ તમે કેમ કંઈ દરકાર કરતા નથી?" [૨૭]

ગંધર્વ કહે છેઃ–આ પ્રમાણે વિશ્વામિત્રનાં માણસોથી પીડા પામતી નંદિની આક્રંદ કરતી હતી, છતાં મહામુનિ વસિષ્ઠ ક્ષોભ પામ્યા નહિ તથા વ્રતને ધારણ કરનારા તે મુનિ ધૈર્યથી પણ ડગ્યા નહિ. [૨૮] વસિષ્ઠ બોલ્યાઃ–"ક્ષત્રિયોનું બલ તેજ છે અને બ્રાહ્મણોનું બલ ક્ષમા છે. તે ક્ષમા

---

* **शिरो ग्रीवा सक्थिनी च सास्ना पुच्छमथस्तनाः । शुभान्येतानि धेनूनामायतानि प्रचक्षते ॥** શિર, ડોકી, સાથળ, ગોદડી, પુચ્છ અને સ્તન, એ ગાયોનાં છ અંગો લાંબાં શુભ ગણાય છે.

× **ललाटं श्रवणौ चैव नयनद्वितयं तथा। पृथून्येतानि शस्यंते धेनूनां पंच सूरिभिः ॥** ગાયોનાં લલાટ, બે કાન અને બે નેત્રો, આ પાંચ અંગો પુષ્ટ હોય તેને વિદ્વાનો વખાણે છે.

મારામાં રહેલી છે, માટે જો તને રુચતું હોય તો ભલે તું એની સાથે જા." [૨૯]

નંદિની બોલી:-" હે ભગવન્ ! તમે આવું બોલો છો, એટલે શું તમે મારો ત્યાગ કર્યો છે? હે બ્રહ્મન્ ! જ્યાંસુધી તમે મારો ત્યાગ કરો નહિ ત્યાંસુધી કોઇપણ મને બલથી લઇ જવા સમર્થ નથી."[૩૦]

વસિષ્ઠ બોલ્યા:-" હે કલ્યાણિ ! હું તારો ત્યાગ કરતો નથી. તારામાં જો શક્તિ હોય તો તું ભલે રહે. આ તારા વાછરડાને મજબૂત દોરડાંથી બાંધીને બલાત્કારથી લઈ જાય છે."[૩૧]

ગંધર્વ કહે છે:- જ્યારે 'તારી શક્તિ હોય તો રહે ' આવાં વસિષ્ટનાં વચન સાંભળ્યાં, ત્યારે દુધાળી નંદિની માથું અને ડોકું ઉંચું કરીને ભયંકર જણાવા લાગી[૩૨] તથા ક્રોધવડે લાલ આંખોવાળી અને ' હંભા ' શબ્દથી મોટી બરાડ પાડતી નંદિની વિશ્વામિત્રનાં સૈન્યને સર્વ દિશામાં નસાડવા લાગી.[૩૩] તે વખતે તેઓએ ચાબુકના દંડા અને સાટથી તેને મારવા માંડી અને ચોમેરથી ઘેરવા માંડી; એટલે નંદિની ક્રોધથી લાલચોળ આંખો કરીને અત્યંત ક્રોધ કરવા લાગી.[૩૪] આ વખતે ક્રોધથી પ્રદીપ્ત થયેલું તેનું શરીર મધ્યાહ્નના સૂર્ય જેવું જણાવા લાગ્યું. પછી તેણે પોતાના પૂછડાના ગુચ્છામાંથી વારંવાર અંગારાનો વરસાદ વરસાવવા માંડયો[૩૫] તથા પુછડામાંથી પહ્લવ જાતના મ્લેચ્છોને ઉત્પન્ન કર્યા; અવાડામાંથી દ્રાવિડ અને શકોને ઉત્પન્ન કર્યા; યોનિદેશથી યવનોને ઉત્પન્ન કર્યા; છાણ, મૂત્ર તથા પડખાંઓથી ઘણા શબર યોદ્ધાઓને ઉત્પન્ન કર્યા અને પોતાનાં ફીણથી પૌંડ્ર, કિરાત, યવન, સિંહલ, બર્બર, ખસ, ચિબુક, પુલિંદ, ચીન, હૂણ, કેરલ અને બહુ જાતના મ્લેચ્છ યોદ્ધાઓને ઉત્પન્ન કર્યા. [૩૬–૩૮] આ પ્રમાણે નંદિનીએ ઉત્પન્ન કરેલા, જાત જાતના બખ્તરથી ઢંકાયલા તથા જૂદાં જૂદાં હથિયારધારી એવા તે ભિન્ન ભિન્ન મ્લેચ્છગણોનાં ક્રોધી સૈન્યોએ વિશ્વામિત્રના જોતાંજ લશ્કરને ઘેરી લીધું. તે વખતે વિશ્વામિત્રનો એક એક યોદ્ધો પાંચ પાંચ. સાત સાત મ્લેચ્છોથી ઘેરાઇ ગયો હતો[૩૯,૪૦] પછી મોટા અસ્ત્રના વરસાદથી હણાતું તે સૈન્ય વિશ્વામિત્રના જોતાં ત્રાસ પામીને ચોતરફ નાસવા લાગ્યું.[૪૧] હે ભરતર્ષભ! વસિષ્ઠના કોપેલા સૈન્યથી વિશ્વામિત્રના કોઈપણ સૈનિકનો પ્રાણ ગયો નહિ;[૪૨] પરંતુ નંદિનીએ તે સઘળા સૈન્યને દૂર નસાડી દીધું. આ પ્રમાણે બૂમ મારતું અને ભયથી ગભરાયલું વિશ્વામિત્રનું બાર ગાઉ દૂર નસાડી દીધેલું તે સૈન્ય પોતાના કોઇ રક્ષકને મેળવી શકયું નહિ. આવું બ્રહ્મતેજ-થી થયેલું મોટું આશ્ચર્ય જોઇને તે વખતે ક્ષાત્રભાવથી કંટાળેલા વિશ્વામિત્ર કહેવા લાગ્યા કે:-" ક્ષત્રિયબલ ધિક્કારવા જેવું બલ છે, બલિષ્ઠ બલ તો બ્રહ્મબલજ છે."[૪૩–૪૫] આમ વિશ્વામિત્રે બલાબલનો નિશ્ચય કરીને તપનેજ પરમ બલ માન્યું. પછી સમૃદ્ધિયુક્ત રાજ્યનો તથા ઝળહળતી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને અને વૈભવોનો તિરસ્કાર કરીને તેઓ તપ કરવા-માંજ મન જોડવા લાગ્યા. પછી તપવડે સિદ્ધિ મેળવી પોતાના તેજથી સર્વ લોકને વ્યાપ્ત કરી પ્રદીપ્ત તેજવાળા વિશ્વામિત્ર સર્વને તાપ આપવા લાગ્યા અને છેવટે બ્રાહ્મણપણાને પ્રાપ્ત થયા તથા એ કૌશિક વિશ્વામિત્ર ઇંદ્રની સાથે સોમ-રસનું પાન કરવા લાગ્યા.[૪૬–૪૮]*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્ર-રથપર્વવિષે વસિષ્ઠાખ્યાનમાં વિશ્વામિત્ર-પરાભવ નામનો અધ્યાય ૧૭૫ મો સમાપ્ત.

***कौशिके क्रौर्यतपसी राधेये शौर्यभीरुते ।**
खलेच वाचि माधुर्यं बीजसंस्कारसंकरात् ॥
બીજ અને સંસ્કારનો સેળભેળ થવાથી વિશ્વા-મિત્રમાં ક્રૂરતા તથા તપ બન્ને હતાં. કર્ણમાં શૌર્ય અને ભીરુપણું હતું; તથા તે કારણથીજ ખલ મનુ-ષ્યની વાણીમાં મીઠાશ હોય છે. **गणेश**

અધ્યાય ૧૭૬ મો-વસિષ્ઠચરિત્ર-કલ્માષપાદ રાજાની કથા

॥ गंधर्व उवाच ॥
कल्माषपाद इत्येवं लोके राजा बभूव ह ॥
इक्ष्वाकुवंशजः पार्थ तेजशाऽसदृशो भुवि॥१॥

ગંધર્વ કહે છેઃ-હે પાર્થ ! પૃથ્વીમાં અતુલ તેજવાળો એવો ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલો કલ્માષપાદ નામનો એક રાજા આ લોકમાં હતો.[1] તે રાજા એક વાર નગરમાંથી નીકળીને વનમાં મૃગયા કરવા ગયો હતો. ત્યાં તે શત્રુને મર્દન કરનારો રાજા, મૃગ અને વરાહોને વિંધતો ફરવા લાગ્યો.[2] વળી તે મહા ઘોર વનમાં તેણે ઘણા ગેંડાઓનો શિકાર કર્યો. પછી લાંબો કાલ શિકાર કરવાથી અત્યંત શ્રમિત થયેલો તે રાજા વનમાંથી પાછો ફર્યો.[3] પ્રતાપી વિશ્વામિત્ર આ રાજાની પાસે યજ્ઞ કરાવવા ધારતા હતા. વનમાંથી પાછાં આવતાં યુદ્ધમાં અજિત એવા તથા ક્ષુધા અને તૃષાથી પીડાતા રાજાએ એકજ મનુષ્ય જઇ શકે એવા માર્ગમાં ઋષિશ્રેષ્ઠ મહાત્મા વસિષ્ઠપુત્રને સામે આવતા જોયા;[4,5] જે વસિષ્ઠના કુલની વૃદ્ધિ કરનારા અને મહાત્મા વસિષ્ઠના સો પુત્રોમાં મોટા પુત્ર મહાભાગ્યશાલી શક્તિ નામના મુનિ હતા.[6] તેમને જોઇને 'અમારા માર્ગમાંથી દૂર થા' એમ રાજાએ કહ્યું; ત્યારે ઋષિએ મધુર વાણીથી સાંત્વન કરતાં રાજાને કહ્યું કેઃ-"હે મહારાજા ! મને તમારે માર્ગ આપવો એજ સનાતન ધર્મ છે; કારણ કે રાજાએ કોઇપણ વખતે બ્રાહ્મણને માર્ગ આપવો જોઇએ."[7,8]

આ પ્રમાણે તે બન્ને પરસ્પર રસ્તાને માટે બોલવા લાગ્યા અને 'ખસી જા, ખસી જા' એમ કહીને વિવાદ કરવા લાગ્યા;[9] પરંતુ ધર્મશાસ્ત્રની મર્યાદામાં રહેલા ઋષિ રસ્તામાંથી ખસ્યા નહિ તેમજ રાજાએ પણ માન અને ક્રોધથી ઋષિને માર્ગ આપ્યો નહિ.[10] પછી રસ્તો ન છોડતા તે ઋષિને રાજેંદ્રે રાક્ષસની પેઠે મોહમાં આવી જઇને ચાબુકનો પ્રહાર કર્યો. આમ ચાબુકના પ્રહારથી હણાયલા મુનિશ્રેષ્ઠ વસિષ્ઠપુત્રે ક્રોધમૂર્છિત થઇને તે નૃપશ્રેષ્ઠને શાપ આપ્યો કેઃ-[11,12] "હે નીચ રાજા ! તુ રાક્ષસની પેઠે તપસ્વીને મારે છે, માટે તું આજથી આરંભી રાક્ષસ થઇ જઈશ[13] અને મનુષ્યના માંસમાં આસક્ત થઇને આ પૃથ્વીમાં ભટકીશ. ઓ અધમ રાજા ! હવે તું અહીંથી જા." આ પ્રમાણે વીર્યરૂપી શક્તિવાળા શક્તિમુનિએ રાજાને શાપ આપ્યો.[14] (આ વૈર વિશ્વામિત્રે પોતાના વિદ્યાબલથી શક્તિમુનિ અને રાજામાં ઉત્પન્ન કર્યું હતું.) પ્રથમ કલ્માષપાદ રાજા પાસે યજ્ઞ કરાવવાના સંબંધમાં વિશ્વામિત્ર અને વસિષ્ઠને વૈર થયું હતું, એટલે વિશ્વામિત્ર રાજા પાસે આવ્યા હતા.[15] હે પાર્થ ! જે વખતે રાજા અને શક્તિમુનિ પરસ્પર વિવાદ કરતા હતા, તે વખતે ઉગ્ર તપવાળા પ્રતાપી વિશ્વામિત્ર ઋષિ તે બન્નેની સમીપમાં ગયા.[16] શાપ દીધા પછી રાજાઓમાં શ્રેષ્ઠ એવા કલ્માષપાદે વસિષ્ઠના જેવા તેજસ્વી વસિષ્ઠપુત્ર શક્તિઋષિને ઓળખ્યા.[17] હે ભારત ! આ વખતે વિશ્વામિત્ર પણ પોતાનું પ્રિય કરવાને ઇચ્છતા પોતાના શરીરને અંતર્હિત રાખી તે બન્નેની બુદ્ધિને મોહ પમાડતા હતા.[18] જ્યારે શક્તિ મુનિએ રાજાને શાપ આપ્યો, ત્યારે રાજા શક્તિમુનિને પ્રસન્ન કરવા તેનું પૂજન કરતો શરણ લેવા તૈયાર થયો.[19] હે કુરુશ્રેષ્ઠ ! રાજાનો આવો અભિપ્રાય જાણીને વિશ્વામિત્રે એક રાક્ષસને રાજાના દેહમાં પ્રવેશ કરવા આજ્ઞા આપી;[20] એટલે શક્તિઋષિના શાપથી અને વિશ્વામિત્રની આજ્ઞાથી કિંકર નામના રાક્ષસે રાજાના શરીરમાં પ્રવેશ કર્યો.[21] હે અરિંદમ રાજા ! પછી રાક્ષસે રાજાને કબજે કર્યો છે એમ જાણીને મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્ર પણ તે સ્થાનમાંથી ચાલ્યા ગયા.[22] હે પાર્થ ! તે પછી પોતાના શરીરમાં પ્રવેશ કરીને રહેલા રાક્ષસથી અત્યંત પીડાયલો રાજા કંઈપણ જાણી શકયો નહિ.[23]

પછી વનમાં ફરતા તે રાજાને કોઈ એક બ્રાહ્મણે જોયો અને ભૂખથી પીડાયલા તે બ્રાહ્મણે રાજા પાસે માંસયુક્ત ભોજન માગ્યું.[૨૪] ત્યારે કલ્માષપાદ રાજર્ષિએ તે બ્રાહ્મણને કહ્યું કેઃ-"હે બ્રહ્મન્! તમે અહીંજ બે ઘડી રાહ જોતા બેસો.[૨૫] હું જઇ આવીને તમને યથેષ્ટ ભોજન આપીશ." આ પ્રમાણે કહીને રાજા ત્યાંથી નીકળ્યો અને બ્રાહ્મણ ત્યાંજ રાહ જોતો બેઠો.[૨૬] હે પાર્થ! પછી ઉદાર મનવાળો રાજા પોતાની ઈચ્છામાં આવે તેમ સુખરૂપ ફરીને પાછો આવી અંતઃપુરમાં પેઠો. જ્યારે મધ્યરાત્રિ થઇ, ત્યારે બ્રાહ્મણને ભોજન આપવાનું કહેલું તે રાજાને યાદ આવ્યું; એટલે રાજાએ તુરત રસોઇઆને બોલાવીને કહ્યું કેઃ-[૨૭,૨૮] "પેલા વનપ્રદેશમાં અન્નની આકાંક્ષા કરતો એક બ્રાહ્મણ મારી વાટ જુએ છે; માટે તું ત્યાં જઇને માંસયુક્ત અન્નથી તેને ભોજન કરાવ."

ગંધર્વ કહે છેઃ-આ પ્રમાણે રાજાના કહેવાથી રસોઇઆએ માંસની ખોળ કરી, પણ તેને કયાંય માંસ મળ્યું નહિ; એટલે તેણે ચિંતાતુર થઇને રાજાને તે વાત જણાવી.[૩૦] આ સાંભળીને રાક્ષસના આવેશવાળા રાજાએ નિશ્ચિંતપણાથી રસોઈઆને વારંવાર કહ્યું કેઃ-'એને નરમાંસનું ભોજન કરાવ.'[૩૧] 'બહુ સારૂં' કહીને રસોઇઓ ત્યાંથી વધ કરવા યોગ્ય ને હણનારાના સ્થાનમાં ગયો અને તુરત નિર્ભયપણાથી નરમાંસ લઇ આવ્યો.[૩૨] પછી તેણે તેનો અન્નસાથે વિધિપૂર્વક સંસ્કાર કરીને તે પેલા ભૂખ્યા તપસ્વી બ્રાહ્મણને આપ્યું.[૬૩] તે દ્વિજશ્રેષ્ઠે સિદ્ધ દૃષ્ટિથી તે અન્ન જોયું અને ક્રોધથી વ્યાકુલ નેત્ર કરીને તેણે 'આ તો અભોજ્ય છે' એમ કહ્યું.[૩૪] બ્રાહ્મણ બોલ્યોઃ-"તે અધમ રાજા જેથી મને અભોજ્ય અન્ન આપે છે તેથી તે મૂર્ખનીજ આવા નરમાંસભક્ષણમાં આસક્તિ થાઓ[૩૫] અને જે પ્રમાણે તેને શક્તિમુનિએ કહ્યું છે તે પ્રમાણેજ તે મનુષ્યમાંસમાં આસક્ત થઇને સર્વ પ્રાણિમાત્રને ઉદ્વેગ આપતો આ પૃથ્વીમાં ભટકો."[૩૬]

આ રીતે બીજી વાર બ્રાહ્મણનો શાપ થવાથી રાજાનો તે પૂર્વ શાપ બલવાન થયો અને રાક્ષસના બલથી યુક્ત થયલો રાજા બુદ્ધિહીન થઇ ગયો.[૩૭] હે ભારત! પછી તે નૃપતિશ્રેષ્ઠ રાક્ષસથી મૂઢ ઇંદ્રિયવાળો થઇને થોડા વખતમાંજ શક્તિમુનિને જોઈ કહેવા લાગ્યો કેઃ-[૩૮] તેં મને આવો અયોગ્ય શાપ આપ્યો છે, માટે હું પુરુષભક્ષણનું કાર્ય તારાથીજ શરૂ કરીશ.[૩૯] આ પ્રમાણે કહીને પછી તે શક્તિ ઋષિને તુરત મારી નાખી વાઘ જેમ ઇચ્છિત પશુને ખાઈ જાય, તેમ તેને ખાઈ ગયો.[૪૦] શક્તિને મરેલો જોઇને તે રાક્ષસને વિશ્વામિત્ર વારંવાર વસિષ્ઠના પુત્રોના ભક્ષણને માટેજ પ્રેરવા લાગ્યો,[૪૧] તેથી તે રાક્ષસ મહાત્મા વસિષ્ઠના શક્તિથી બીજા નાના પુત્રોને, ક્રોધ પામેલો સિંહ જેમ તુચ્છ હરણાંને ખાઈ જાય તેમ, ખાઇ ગયો.[૪૨] જ્યારે વસિષ્ઠ ઋષિએ સાંભળ્યું કે, તે પુત્રોને વિશ્વામિત્રે મારી નખાવ્યા છે, ત્યારે મહાન પર્વતો જેમ પૃથ્વીને ધારણ કરે છે, તેમ તે ઉત્પન્ન થયેલા શોકને વશ રાખવા લાગ્યા.[૪૩] પછી મુનિશ્રેષ્ઠ વસિષ્ઠે પુત્રશોકથી પોતાનું શરીર પાડવાનો વિચાર કર્યો, પણ તે બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ મુનિએ વિશ્વામિત્રનો વિનાશ કરવા ધાર્યું નહિ.[૪૪] પછી ભગવાન વસિષ્ઠઋષિએ દેહત્યાગ કરવા માટે મેરુના શિખર ઉપરથી પડતું મૂક્યું, પણ તે પર્વતની શિલાપર તૂલના ઢગલામાં પડ્યા હોય તેમ પડ્યા.[૪૫] હે પાંડવ! આમ પડવાથી જ્યારે તે મૃત્યુ પામ્યા નહિ, ત્યારે તે ભગવાન વસિષ્ઠે મહાવનના બળતા અગ્નિમાં પ્રવેશ કર્યો.[૪૬] હે શત્રુને હણનારા અર્જુન! તે વખતે તે અગ્નિ ઘણો પ્રદીપ્ત થયેલો હતો તોપણ તેણે વસિષ્ઠને બાળ્યા નહિ અને તે ઝળહળતો અગ્નિ પણ ઠંડો થઈ ગયો.[૪૭] પછી શોકના આવેશવાળા મહામુનિએ સમુદ્રને જોઇને ગળામાં મોટી શીલા બાંધી સમુદ્રમાં પડતું મૂક્યું.[૪૮] ત્યારે સમુદ્રે પણ પોતાના તરંગના વેગથી મહામુનિને સ્થલપર લાવી મૂક્યા. આ પ્રમાણે જ્યારે કોઈપણ ઉપાયથી ઉત્તમ વ્રતવાળા તે

વિપ્ર મરણ પામ્યા નહિ, ત્યારે ખેદ પામીને તે પુનઃ પોતાના આશ્રમમાં આવ્યા.'*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે વાસિષ્ઠમાં વસિષ્ઠશોક નામનો અધ્યાય ૧૭૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૭ મો-સૌદાસિને વસિષ્ઠે પુત્ર આપ્યો.

॥ गंधर्व उवाच ॥

ततो दृष्ट्वाश्रमपदं रहितं तैःसुतैर्मुनिः ॥
निर्जगाम सुदुःखार्तः पुनरप्याश्रमाततः ॥१॥

ગંધર્વ કહે છેઃ-પાછા આવેલા વસિષ્ઠમુનિએ તે આશ્રમપદને પુત્રોવિનાનું શૂન્ય જોયું, એટલે અત્યંત દુઃખથી દીન બનીને ફરીથી તે આશ્રમમાંથી ચાલી નીકળ્યા.[1] હે પાર્થ! તેમણે વર્ષાકાલમાં નવા જલથી ભરેલી અને તીરપર ઉગેલાં ઘણાં વૃક્ષોને ખેંચી જતી એક નદીને જોઇ.[2] હે કૌરવનંદન! નદીને જોઈને મુનિને ફરીથી વિચાર આવ્યો કે, દુઃખી થયેલો હું આ નદીના પાણીમાં ડૂબી મરૂં ?[3] પછી અત્યંત દુઃખિત થયેલા મહા મુનિએ પાશોથી પોતાના શરીરને મજબૂત બાંધી લીધું અને તે મહાનદીના જલમાં પડતું મૂકયું.[4] હે અરિસેનાને હણનારા! તે વખતે નદીએ તેમના પાશોને તોડી નાખ્યા અને તે ઋષિને પાશવિનાના કરીને તીરપર મૂકી દીધા.[5] બંધનવિનાના થયેલા મહાઋષિ ત્યાંથી બહાર આવ્યા અને એ નદીમાં પોતે વિપાશથયા,માટે મહાઋષિએ એનું નામવિપાશા પાડયું.[6] પછી શોકગ્રસ્ત બુદ્ધિવાળા તે ઋષિ એક જગ્યાએ રહ્યા નહિ, પણ પર્વત, નદીઓ અને સરોવરો ઉપર ફરવા લાગ્યા.[7] વળી ઋષિએ પ્રચંડ મગરવાળી એવી ભયંકર હૈમવતી નદીને જોઈ અને તેના પ્રવાહમાં પડતું મૂકયું;[8] પરંતુ તે શ્રેષ્ઠ નદી તે ઋષિને અગ્નિ જેવા વિચારીને સેંકડો પ્રવાહોથી વહેવા લાગી અને તેથી તે 'શતદ્રુ' કહેવાઇ.[9] ત્યાં પણ પોતાને સ્થલપર રહેલા જોઈને 'અરે, હું મરી શકતો નથી' એમ કહી વસિષ્ઠ પુનઃ પોતાના આશ્રમમાં આવવા લાગ્યા. તે વિવિધ પર્વતો અને બહુ વિવિધ દેશોમાં ફરતા ફરતા આવતા હતા, તે વખતે તેમની પાછળ તેમની અદૃશ્યંતીનામની પુત્રવધૂ પણ આશ્રમમાં આવતી હતી.[10,11] એ અદૃશ્યંતી પાસે આવી એટલે ઋષિએ છ અંગથી અલંકૃત અને પરિપૂર્ણ અર્થવાળો વેદાધ્યયનનો શબ્દ પોતાની પાછળથી આવતો સાંભળ્યો.[12] તે વખતે ઋષિએ કહ્યું કેઃ-'આ મારી પાછળ પાછળ કોણ આવે છે?' ત્યારે પુત્રવધૂ અદૃશ્યંતીએ ઋષિને કહ્યું કેઃ-"હે મહાભાગ! તપ કરતી તપસ્વિની એવી હું શકિતમુનિની સ્ત્રી છું."[13]

વસિષ્ઠ બોલ્યાઃ-"હે પુત્રિ! આ સાંગ વેદ ભણવાનો શબ્દ કોનો છે? જેવો શબ્દ પૂર્વે સાંગ વેદ ભણતા શક્તિનો મેં સાંભળ્યો હતો તેવો આ છે."[14]

અદૃશ્યંતી બોલીઃ-"હે મુને! આ તમારા

---

* **कौशिकः कृत्रिमो विप्रो जघ्नेल्पार्थे शतं मुनीन् ॥ जातिविप्रो वसिष्ठस्तु खेदितोऽपि क्षमापरः ॥ नी०** બનાવટી વિશ્વામિત્રે અલ્પ કારણને માટે સો મુનિનો વધ કર્યો અને જન્મથી વિપ્ર એવા વસિષ્ઠ તો ખેદ પમાડાતાં પણ ક્ષમાપરાયણજ રહ્યા. (ગુણકર્મથી જાતિ માનનારાએ આ ઉપરથી ધડો લેવો જોઇએ.) ૧

૨ **वसिष्ठस्यशतंपुत्रान्नाशयामासकौशिकः। नैनंबबाधिरे ब्रह्महत्यास्तास्तपसो वलात् ॥** વિશ્વામિત્રે વસિષ્ઠના સો પુત્રોને મારી નાખ્યા તોપણ તેને તેના તપના બલને લીધે બ્રહ્મહત્યા પીડી શકી નહિ.

૩ **प्राज्ञः खलार्दितो देहं संत्यक्षति न तु क्षमां । न शशाप वसिष्ठो हि पुत्रघ्नमपि कौशिकम् ॥** ખલ મનુષ્યથી પીડાયલો વિવેકી પુરુષ પોતાનો દેહ છોડી દે છે, પણ ક્ષમાને ત્યજતો નથી. દૃષ્ટાંત-વસિષ્ઠે પોતાના પુત્રોને હણનાર વિશ્વામિત્રને પણ શાપ આપ્યો નહિ.

પુત્ર શક્તિનો ગર્ભ મારા ઉદરમાં ઉત્પન્ન થયો છે. એ અહીં બાર વર્ષથી વેદોનું અધ્યયન કરે છે."[૧૫]

ગંધર્વ કહે છેઃ–આવાં અદૃશ્યંતીનાં વચન સાંભળીને પૂજ્યની પૂજા કરનારા એવા ઋષિ વસિષ્ઠ પ્રસન્ન થયા અને 'મારે હજી સંતાન છે' એમ કહીને હે પાર્થ! તેમણે મૃત્યુનો વિચાર માંડી વાળ્યો.[૧૬] પછી હે શુદ્ધ! તે વહુને લઈને વસિષ્ઠ આશ્રમ તરફ આવવા લાગ્યા; એટલામાં નિર્જન અરણ્યમાં બેઠેલા કલ્માષપાદને તેમણે જોયો.[૧૭] હે ભારત! વસિષ્ઠ મુનિને જોતાંજ તે રાજા ક્રોધ કરીને ઉઠ્યો અને ઉગ્ર રાક્ષસથી આવિષ્ટ હોવાથી તે વખતે તે મુનિને ખાઈ જવાની ઈચ્છા કરવા લાગ્યો.[૧૮] જ્યારે અદૃશ્યંતીએ ક્રૂર કર્મવાળા તે રાક્ષસને આગળ આવતો જોયો, ત્યારે તે ભયચકિત વાણીથી વસિષ્ઠને આ પ્રમાણે કહેવા લાગીઃ–"હે ભગવન્! આ ઉગ્ર દંડ લઈને મૃત્યુ આવતો હોય તેવો હાથમાં દંડો લઈને દારુણ રાક્ષસ આપણા તરફ આવે છે.[૧૯,૨૦] હે સર્વવેદવેત્તામાં શ્રેષ્ઠ મહાભાગ! તેને રોકવામાટે આ પૃથ્વીમાં તમારાવિના બીજો કોઈ આજે સમર્થ નથી.[૨૧] હે ભગવન્! ભયંકર દેખાતા એ પાપી રાક્ષસથી મારૂં રક્ષણ કરો. ખરેખર, એ રાક્ષસ આપણ બન્નેને ખાઈ જવા ઈચ્છે છે."[૨૨]

વસિષ્ઠ બોલ્યાઃ–"હે પુત્રિ! તું ડર મા, એ રાક્ષસથી જરા પણ બીવાનું નથી. જેનાથી તું ભય આવેલું જુએ છે તે રાક્ષસ નથી,[૨૩] પરંતુ પૃથ્વીમાં પ્રસિદ્ધિ પામેલો એ વીર્યવાન કલ્માષપાદ નામનો રાજા છે અને અત્યંત ભયંકર જણાતો એ આ વનપ્રદેશમાં નિવાસ કરે છે."[૨૪]

ગંધર્વ કહે છેઃ–હે ભારત! પછી પોતાના તરફ ધસી આવતા તે રાક્ષસને જોઇને તેજસ્વી ભગવાન વસિષ્ઠ ઋષિએ 'હુંકાર' નાદ કરીનેજ તેને રોકી દીધો[૨૫] અને ફરી મંત્રથી પવિત્ર જલનું તેનાપર પ્રોક્ષણ કરીને યોગના સામર્થ્ય-વડે તેમણે કલ્માષપાદને શાપથી મુક્ત કર્યો;[૨૬] કારણ કે તે પર્વકાલમાં જેમ રાહુથી સૂર્ય ગ્રસાય છે તેમ વસિષ્ઠના તેજરૂપી શક્તિમુનિના શાપથી બાર વર્ષ ગ્રસ્ત થયેલો હતો.[૨૭] જે વખતે તે રાજા રાક્ષસથી છૂટો થયો, તે વખતે સંધ્યાકાલનાં આભલાંને સૂર્ય જેમ રંજન કરે, તેમ તે પોતાના તેજથી વનને શોભાવવા લાગ્યો.[૨૮] પછી ભાન આવતાં રાજાએ ઋષિને પ્રણામ કર્યા અને હાથ જોડીને ઋષિશ્રેષ્ઠ વસિષ્ઠને તે કહેવા લાગ્યો.[૨૯] "હે મહાભાગ! હે મુનિશ્રેષ્ઠ! હું તમારો યજમાન સૌદાસ છું. આ વખતે તમારૂં જે પ્રિય હોય તે મને કહો. હું તમારૂં શું કામ કરૂં?"

વસિષ્ઠ બોલ્યોઃ–"અમારૂં જે તારે ઈષ્ટ કરવાનું હતું તે સમય પ્રમાણે થઇ ગયું છે!* હવે તું જા અને તારા રાજ્યનું પાલન કર. હે રાજન્! હવેથી તું કોઈ વખત બ્રાહ્મણનું અપમાન કરીશ નહિ."[૩૦,૩૧]

રાજા બોલ્યોઃ–"હે મહાભાગ! કોઇ વખત હવે હું શ્રેષ્ઠ બ્રાહ્મણોનું અપમાન કરીશ નહિ અને તમારી આજ્ઞામાં રહીને સારી રીતે બ્રાહ્મણોની પૂજા કરીશ.[૩૨] વળી હે દ્વિજોત્તમ! હે વેદવેત્તામાં શ્રેષ્ઠ! હું ઇક્ષ્વાકુવંશના ઋણમાંથી મુક્ત થાઉં તેવો પુત્ર તમારાથી મેળવવાની ઈચ્છા રાખું છું.[૩૩] હે સજ્જનોમાં શ્રેષ્ઠ! શીલ, રૂપ અને ગુણથી યુક્ત એવો ઇચ્છિત પુત્ર ઇક્ષ્વાકુ કુળની વૃદ્ધિને માટે તમે મને આપવા માટે યોગ્ય છો."[૩૪]

ગંધર્વ કહે છેઃ–આ સાંભળીને સત્ય પ્રતિજ્ઞાવાળા દ્વિજશ્રેષ્ઠ વસિષ્ઠ મુનિએ પરમ ધનુર્ધારી રાજાને 'હું પુત્ર આપીશ' એ પ્રમાણે કહ્યું.[૩૫] પછી હે મનુજેશ્વર! સમય પ્રમાણે વસિષ્ઠ મુનિ તે રાજાની સાથે આ લોકમાં પ્રસિદ્ધ એવી અયોધ્યા પુરીમાં ગયા.[૬] તે વખતે પાપવિનાના થયેલા મહાત્મા રાજાની સામે આનંદ પામતી સઘળી પ્રજા ઇંદ્રની સામે દેવતાઓ જાય તેમ તેને લેવા માટે ગઈ.[૩૭] ઘણે લાંબે કાલે એ રાજાએ પુણ્ય લક્ષણ-

* વિરુદ્ધ લક્ષણાથી આ ઉક્તિ છે. અર્થાત્ તેંજ રાક્ષસી આવેશમાં મારા સો પુત્રોને ભક્ષણ કર્યાં છે તો હવે તું શું ઇષ્ટ કરવાનો છે? એ ભાવ છે.

વાળી અયોધ્યા નગરીમાં મહર્ષિ વસિષ્ઠની સાથે પ્રવેશ કર્યો.[૩૮] તે વખતે અયોધ્યાવાસી જનોએ તે રાજાને પુરોહિતે સહિત ઉદય પામતા સૂર્યના જેવો જોયો.[૩૯] શરત્કાલમાં ઉદય પામેલો ચંદ્ર જેમ આકાશને શોભાથી પૂર્ણ કરે તેમ કાંતિમાનમાં શ્રેષ્ઠ એવા રાજાએ પોતાની શોભાથી અયોધ્યાને પૂર્ણ કરી.[૪૦] આ વેળા નગરના રસ્તાઓ વાળીને ત્યાં છંટકાવ કર્યો હતો તથા નગરને ધ્વજાપતાકાઓથી સુશોભિત કર્યું હતું, એટલે તે ઉત્તમ નગર રાજાના મનને ઘણો આહ્લાદ આપતું હતું.[૪૧] હે કુરુનંદન! હૃષ્ટપુષ્ટ જનોથી યુક્ત એવી તે નગરી જેમ ઇંદ્રથી અમરાવતી શોભે, તેમ તે રાજાથી શોભવા લાગી.[૪૨] રાજર્ષિએ તે ઉત્તમ નગરમાં પ્રવેશ કર્યો તે પછી રાજાની આજ્ઞાથી તેની સ્ત્રી વસિષ્ઠ મુનિની સેવા કરવા લાગી.[૪૩] પછી મહર્ષિ વસિષ્ઠે તેની સાથે એકમત થઈને નિર્લોભપણાથી રાણીની સાથે ગમન કર્યું અને રાણીને ગર્ભ રહ્યો, એટલે રાજાએ અભિવંદન કરેલા તે મુનિશ્રેષ્ઠ પોતાના આશ્રમમાં ગયા.[૪૪,૪૫] પછી ઘણો લાંબો કાલ ગયો તોપણ જ્યારે તે ગર્ભનો પ્રસવ થયો નહિ, ત્યારે તે યશસ્વિની રાણીએ અશ્મ (પથ્થર) થી પેટ ફૂટયું.[૪૬] ત્યાર પછી પણ બાર વર્ષે તે પુરુષશ્રેષ્ઠ ઉત્પન્ન થયો, જે રાજર્ષિનું નામ અશ્મક પડયું. જેણે પૌદન્ય નામનું નગર વસાવ્યું હતું.[૪૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચાસિષ્ઠમાં સૌદાસપુત્રાત્પત્તિ નામનો અધ્યાય ૧૭૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૮ મો-વસિષ્ઠે કહેલું ઔર્વનું ઉપાખ્યાન.

॥ गंधर्व उवाच ॥

आश्रमस्था ततः पुत्रमदृश्यंती व्यजायत ॥
शक्तेः कुलकरं राजन्द्वितीयमिवशक्तिनम्॥१॥

ગંધર્વ કહે છેઃ-હે રાજન્! તે પછી આશ્રમમાં રહેલી અદૃશ્યંતીએ પણ શક્તિના કુળને પ્રવર્તાવનારા બીજા શક્તિમુનિના જેવા પુત્રને જન્મ આપ્યો.[૧] હે ભરતશ્રેષ્ઠ! તે પૌત્રની જાતકર્માદિક સઘળી ક્રિયા મુનિશ્રેષ્ઠ ભગવાન વસિષ્ઠે પોતે કરી.[૨] પગાસુ-પ્રાણરહિત થતા વસિષ્ઠને તેનાથી આશાસન-આશ્વાસન મળ્યું, માટે તે પુત્ર પરાશર કહેવાયો.[૩] તે ધર્માત્મા મુનિ પરાશર, વસિષ્ઠનેજ પિતા માનવા લાગ્યા અને જન્મથી આરંભીને તેમની સાથે પિતાની પેઠે વર્તવા લાગ્યા.[૪] હે પરંતપ! હે કૌંતેય! વળી તે પોતાની માતા અદૃશ્યંતીની સમક્ષમાં વસિષ્ઠને પિતા કહીને બોલાવવા લાગ્યા.[૫] 'પિતા' એવા પરિપૂર્ણ અર્થવાળું તેનું મધુર વચન સાંભળીને અદૃશ્યંતીની આંખમાં આંસુ આવી ગયાં અને તે પરાશરને કહેવા લાગીઃ-[૬] "હે વત્સ! એ તો તારા બાપના બાપ છે. એમને તું 'બાપા, બાપા' કહીને બોલાવીશ નહિ. તારા પિતાને તો વનમાં રાક્ષસ ખાઈ ગયો છે.[૭] જેમને તું તારા બાપ માને છે તે તારા બાપ નથી, પણ એ આર્ય તો તારા યશસ્વી પિતાના બાપ છે."[૮] આવાં પોતાની માતાનાં વચન સાંભળીને મહા મનવાળા અને સત્ય વચનવાળા ઋષિશ્રેષ્ઠ પરાશર દુઃખથી દીન થઈને સર્વ લોકના વિનાશને માટે તત્પર થયા.[૯] તેમના મનનો આવો નિશ્ચય જાણીને મહાન તપવાળા મિત્રાવરુણના પુત્ર, સિદ્ધાન્તમાં નિપુણ બુદ્ધિવાળા અને બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ એવા મહાત્મા ઋષિ વસિષ્ઠે તેમને એ કાર્યથી વારી રાખ્યા. હે પાર્થ! વસિષ્ઠે જે હેતુથી તેમને વાર્યા તે તમે સાંભળો.

વસિષ્ઠ બોલ્યાઃ-પૂર્વે કૃતવીર્ય નામનો એક પ્રસિદ્ધ પૃથ્વીપતિ રાજા હતો.[૧૦,૧૧] તે રાજેંદ્ર વેદવેત્તા એવા ભૃગુઓનો યજમાન હતો. હે વત્સ! તે અગ્રભોક્તા એવા બ્રાહ્મણોને રાજાએ સોમયજ્ઞના અંતમાં પુષ્કળ ધનધાન્યથી તૃપ્ત કર્યા હતા. પછી તે નૃપશાર્દૂલ જ્યારે સ્વર્ગમાં

ગયો, ત્યાર પછી તેના વંશજોને દ્રવ્યની જરૂર પડી, એટલે ભૃગુઓની પાસે ધન છે, એમ જાણીને તે બધા રાજાઓ ભૃગુવંશના શ્રેષ્ઠ ઋષિઓની પાસે ધનની યાચના કરવા ગયા. તે વખતે ક્ષત્રિયોના ભયને જાણીને કેટલાક ભાર્ગવોએ અખૂટ ધન ભોંયમાં દાટી દીધું, કેટલાકે બ્રાહ્મણોને આપી દીધું અને કેટલાએક ભાર્ગવોએ તે ક્ષત્રિયોને યથેષ્ટ ધન આપ્યું.[12-16] હે તાત! તે વખતે એક ક્ષાત્રયને કંઇક કારણ જોવાથી વહેમ આવ્યો અને તેણે દૈવેચ્છાથી જમીન ખોદવા માંડી; એટલે તેને એક ભૃગુના ઘરમાંથી ધન જડયું. પછી બધા ક્ષત્રિયો એકઠા થઇને ધન જોવા લાગ્યા.[17,18] ત્યારે સઘળા ભૃગુઓ ભયથી ક્ષત્રિયોને શરણે ગયા; પરંતુ ક્રોધમાં આવેલા ક્ષત્રિયોએ તેમની અવગણના કરી અને તે પરમ ધનુર્ધારીઓએ તે સર્વ બ્રાહ્મણોને તીવ્ર બાણોથી મારવા માંડયા;[19] એટલુંજ નહિ પણ સર્વ પૃથ્વીમાં ફરીને ગર્ભમાં રહેલા ભૃગુવંશજોને પણ તેઓ કાપી નાખવા લાગ્યા. આ પ્રમાણે જ્યારે ભૃગુઓનો ઉચ્છેદ થવા લાગ્યો, ત્યારે ભય પામેલી ભૃગુપત્નીઓ વિકટ પર્વત હિમાલયમાં નાસી ગઈ. તે બ્રાહ્મણીઓમાંની એક સુંદર જંઘાવાળી બ્રાહ્મણી પોતાના પતિના કુલની વૃદ્ધિને માટે ક્ષત્રિયોના ભયથી મહાન તેજસ્વી ગર્ભને એક જંઘામાં ધારણ કરવા લાગી. તે ગર્ભને જાણીને ક્ષત્રિયોના ભયથી ગભરાયલી એક બ્રાહ્મણી ક્ષત્રિયોની પાસે ગઈ અને તે એકલીએ એ વાત તેમને જણાવી દીધી. તે વખતે સઘળા ક્ષત્રિયો તે ગર્ભને મારવા તત્પર થઇને બ્રાહ્મણીની આગળ આવ્યા;[20,23] અને પોતાના તેજથી પ્રકાશતી પેલી બ્રાહ્મણીને દીઠી; એટલામાં તે ગર્ભ બ્રાહ્મણીની જંઘા ફાડીને બહાર નીકળ્યો;[24] અને તેણે મધ્યાહ્નના સૂર્યની પેઠે ક્ષત્રિયોની દૃષ્ટિઓને હરી લીધી. પછી ચક્ષુવિનાના થયેલા તે બધાઓ પર્વતના દુર્ગોમાં ભટકવા લાગ્યા.[25] તે પછી મોહ પામેલા અને અંધધુંધ બની ગયેલા રાજાઓ પોતાની દૃષ્ટિ પાછી મેળવવાને માટે તે અનિંદિત ચરિત્રવાળી બ્રાહ્મણીને શરણે ગયા;[26] અને તેજથી રહિત, દુઃખથી દીન તથા ભાનવિનાના થયેલા એવા શાંત જ્વાલાવાળા અગ્નિના જેવા તે ક્ષત્રિયો મહાભાગ્યવાળી બ્રાહ્મણીને કહેવા લાગ્યા કેઃ-[27] "આપ ભગવતીની કૃપાથી ક્ષત્રિયો ચક્ષુ મેળવીને અહીંથી જશે. અમે બધા પાપકર્મવાળા છીએ; પરંતુ હવે તે પાપથી નિવૃત્ત થઇને અમે બધા ચાલ્યા જઇશું,[28] માટે હે શોભને! તમે પુત્ર સાથે અમારાપર દયા કરવાને યોગ્ય છો. આ રાજાઓનું પુનઃ દૃષ્ટિ આપીને તમારે રક્ષણ કરવું જોઇએ."[29]*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે ઔર્વોપાખ્યાન નામનો અધ્યાય ૧૭૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૭૯ ઔર્વોપાખ્યાન (ચાલુ)—ઔર્વના ક્રોધનું વારણ

॥ ब्राह्मण्युवाच ॥

नाहं गृह्णामि वस्ताता दृष्टीर्नास्मि रुषान्विता॥
अयं तु भार्गवो नूनमूरुजः कुपितोऽद्य वः॥१॥

બ્રાહ્મણી બોલીઃ-"હે પુત્રો! મેં તમારી દૃષ્ટિ ગ્રહણ કરી નથી, તેમજ મને તમારાપર ક્રોધ પણ ચઢયો નથી; પરંતુ આ મારી જંઘામાંથી ઉત્પન્ન થયેલો ભૃગુવંશનો પુત્ર આજે તમારાપર ક્રોધે ભરાયો છે.[1] હે પુત્રો! પોતાના બંધુઓના નાશને યાદ કરીને એ મહાત્માએ ક્રોધથી તમારાં ચક્ષુઓ હરણ કર્યાં છે, એમાં

* ब्राह्मणो गर्भसंस्थोऽपि माननीयो मनीषिणाम् । और्वो हि मातुरूरुस्थः क्षत्रमंधमचीकरत् ॥ બ્રાહ્મણ ગર્ભમાં રહ્યો હોય તોપણ તે બુદ્ધિમાનોએ માન આપવા યોગ્ય છે; કારણ કે માતાની સાથળમાં રહેલા ઔર્વે પણ ક્ષત્રિયોને અંધ કરી દીધા હતા.

गणेश

સંશય નથી.[૨] હે પુત્રો! જ્યારે તમે ભૃગુઓ-ના ગર્ભોને પણ હણવા લાગ્યા, ત્યારે મેં આ ગર્ભને જંઘામાં સો વર્ષ ધારણ કર્યો હતો.[૩] એ બાલક ગર્ભમાં હતો, ત્યારેજ ભૃગુવંશનું ફરીથી પ્રિય કરવા માટે ષડંગ સાથે સમગ્ર વેદ એને પ્રાપ્ત થયા હતા.[૪] એના પિતૃઓનો તમે નાશ કર્યો છે, માટે એ ક્રોધથી તમને અવશ્ય મારી નાખવા ઇચ્છે છે. એના દિવ્ય તેજથીજ તમારાં ચક્ષુઓનો નાશ થયો છે,[૫] માટે હે પુત્રો! એ મારી ઉરૂથી ઉત્પન્ન થયેલા ઉત્તમ પુત્ર ઔર્વની તમે યાચના કરો. તમારા પ્રણામથી પ્રસન્ન થઇને એ તમારી દષ્ટિ પાછી આપશે."[૬]

વસિષ્ઠ બોલ્યાઃ–આ પ્રમાણે કહેવાથી તે સઘળા રાજાઓ ઔર્વને કહેવા લાગ્યા કેઃ– "અમારાપર પ્રસન્ન થાઓ." ત્યારે ઔર્વે તેઓના પર કૃપા કરી.[૭] સજ્જનોમાં શ્રેષ્ઠ એવા એ વિપ્રર્ષિ ઉરુને ભેદીને ઉત્પન્ન થયા, માટે લોકોમાં એ ઔર્વ નામથીજ પ્રસિદ્ધ થયા હતા.[૮] પછી રાજાઓ ઔર્વથી પોતાની દષ્ટિઓ પાછી મેળવીને પોતપોતાના સ્થાનમાં ગયા અને ભૃગુ-વંશોત્પન્ન ઔર્વે સર્વ લોકનો પરાભવ કરવા નિશ્ચય કર્યો.[૯] હે પુત્ર! તે મહા મનવાળા ઋષિ-એ સર્વ લોકનો સંપૂર્ણ નાશ કરવા પોતાનું મન તત્પર કર્યું.[૧૦] પછી એ મોટા તપથી વૃદ્ધિ પામેલા ભૃગુનંદને ભૃગુઓના વિનાશનો બદલો વાળવા તથા પિતૃઓને આનંદ આપવા ઉગ્ર મહાન તપવડે સર્વ લોકનો નાશ કરવા માટે દેવ, અસુર તથા મનુષ્યોએ સહિત સર્વ લોકને સંતાપ ઉત્પન્ન કરવા માંડયો.[૧૧,૧૨] હે પુત્ર! પછી બધા પિતૃઓ પોતાના કુલને આનંદ આપે એવા પ્રભાવવાળા એ પુત્રને જાણીને પિતૃ-લોકમાંથી ત્યાં આવ્યા અને તેને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧૩] પિતૃઓ બોલ્યાઃ–"હે ઔર્વ! હે પુત્ર! તારા ઉગ્ર તપનો પ્રભાવ અમે જોયો. હવે તું તારો ક્રોધ શાંત કર અને લોકોના પર કૃપા કર.[૧૪] હે પુત્ર! સંસ્કારયુક્ત મનવાળા સર્વ ભૃગુઓએ કંઈ અશક્ત હોવાથી તે વખતે વધ કરતા ક્ષત્રિયોથી થતા વધની ઉપેક્ષા કરી નથી;[૧૫] પરંતુ લાંબા આયુષ્યથી જ્યારે અમને કંટાળો આવ્યો, ત્યારે અમે પોતેજ ક્ષત્રિયોથી પોતાનો વધ માગી લીધો હતો.[૧૬] વળી કોઇએ ભૃગુના ઘરમાં જે ધન દાટયું હતું તે પણ ક્ષત્રિયો-ને ક્રોધ ઉત્પન્ન કરવા તથા વૈર સળગાવવાજ દાટયું હતું.[૧૭] હે દ્વિજોત્તમ! સ્વર્ગની આકાંક્ષા-વાળા એવા અમને અહીંનાં ધનની જોડે શું કામ હતું? કારણકે અમારે માટે ધનાધ્યક્ષ કુબેર, પુષ્કળ ધન આપે છે;[૧૮] પરંતુ હે વત્સ! જ્યારે અમને લેવાને મૃત્યુ કોઇ રીતે સમર્થ થયો નહિ, ત્યારે અમે આ એક સારો ઉપાય ખોળી કાઢયો હતો. વળી આત્મહત્યા કરનારો મનુષ્ય શુભ લોકને પામતો નથી, માટે અમે વિચાર કરીનેજ આત્મઘાત કર્યો નહિ.[૧૯-૨૦] હે પુત્ર! તું જે કરવા ધારે છે તે અમને પ્રિય નથી, માટે સર્વ લોકના પરાભવરૂપી પાપથી આ મનને રોકી રાખ.[૨૧] હે તાત! ક્ષત્રિયોને તથા સાત લોકને તું હણીશ નહિ અને હે પુત્ર! તપ તથા તેજને દૂષણ આપનારા એવા ઉત્પન્ન થયેલા ક્રોધને તું નાશ પમાડ."[૨૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
ચૈત્રરથપર્વવિષે ઔર્વવારણ નામનો
અધ્યાય ૧૭૯ મો સમાપ્ત

અધ્યાય ૧૮૦ મો–ઔર્વના ક્રોધની શાંતિ અને વડવામુખ અગ્નિની ઉત્પત્તિ

॥ और्व उवाच ॥
उक्तवानस्मि यां क्रोधात् प्रतिज्ञां पितरस्तदा॥
सर्वलोकविनाशाय न सा मे वितथा भवेत् ॥१॥

ઔર્વ કહે છેઃ–"હે પિતૃઓ! મેં ક્રોધથી જે સર્વ લોકના વિનાશને માટે પ્રતિજ્ઞા કરી છે, તે મારી પ્રતિજ્ઞા નિષ્ફલ થશે નહિ.[૧] હું મિથ્યા

રોષ અને મિથ્યા પ્રતિજ્ઞાવાળો થવા ઇચ્છતો નથી; કારણકે કાર્યને પાર કર્યા વિના મારો ક્રોધાગ્નિ અરણિને જેમ અગ્નિ બાળે, તેમ મને બાળશે.[૨] જે મનુષ્ય કારણથી ઉત્પન્ન થયેલા ક્રોધને શમાવે છે, તે મનુષ્ય ધર્મ, અર્થ અને કામનું રક્ષણ કરવા માટે સમર્થ નથી.[૩]અસભ્યોને નિયમમાં લાવવા અને સભ્યોનું પાલન કરવા માટે જે ક્રોધ કરવામાં આવે છે, તે યોગ્યજ ગણાય છે. સર્વને જીતવાની ઇચ્છાવાળા રાજાઓ તેવો યોગ્યજ ક્રોધ કરે છે.[૪] હું જ્યારે જંઘામાં ગર્ભશય્યામાં હતો, ત્યારે મેં ક્ષત્રિયોથી થતા ભૃગુઓના વધ વખતે માતાઓના રડવાના શબ્દ સાંભળ્યા હતા.[૫] જ્યારે તે અધમ ક્ષત્રિયોથી આ લોકમાં ભૃગુઓના ગર્ભોનો પણ સંહાર થવા લાગ્યો, ત્યારે મને ક્રોધ ઉત્પન્ન થયો.[૬] સંપૂર્ણ ગર્ભવાળી મારી માતા અને બીજી માતૃતુલ્ય ભૃગુપત્નીઓ તથા પિતૃઓ ભયથી સર્વ લોકમાં ભમ્યા, પણ તેમને કોઈએ આશ્રય આપ્યો નહિ.[૭] જ્યારે ભૃગુપત્નીઓને કોઇએ બચાવી નહિ, ત્યારે મારી શુભ માતાએ મને એક જંઘામાં ધારણ કર્યો હતો.[૮] જ્યારે લોકમાં પાપનો નિષેધ કરનાર કોઇ હોય છે, ત્યારે સર્વ લોકમાં કોઈ પાપ કરનાર રહેતો નથી;[૯] પરંતુ જ્યારે પાપથી કોઇ નિષેધ કરનારને જોતા નથી ત્યારે ઘણા લોકો પાપકર્મ કરે છે.[૧૦] વળી જે શક્તિમાન સમર્થ થઇને પાપને જાણતાં છતાં રોકતો નથી તો તે પણ પાપના સંબંધવાળો થાય છે.[૧૧] મારા પિતૃઓને સમર્થ પુરુષો અને રાજાઓએ શક્તિ છતાં પોતાના જીવિતને વહાલું ગણી બચાવ્યા નહિ, માટે હું તેઓના પર કોપ્યો છું. હું લોકોનો ઇશ્વર છું, માટે આ સંબંધમાં તમારાં વચન પ્રમાણે વર્તી શકતો નથી.[૧૨,૧૩] હું પાપીઓને શિક્ષા કરવા સમર્થ છું, છતાં જો હું ઉપેક્ષા કરૂં તો તે શિક્ષા ન કરવાથી લોકોને ભય આવી પડશે.[૧૪] વળી જે આ મારો ક્રોધજન્ય અગ્નિ લોકોને ખાઇ જવા ધારે છે એનો જો હું નિગ્રહ કરીશ, તો પોતાના તેજથી એ અગ્નિ મનેજ બાળી મૂકશે.[૧૫] તેમ તમારી સર્વ લોકપ્રત્યેની હિતેચ્છાને પણ હું જાણું છું, માટે હે સમર્થો ! લોકોનું અને મારૂં જે રીતે કલ્યાણ થાય તે રીતે તમે કરો."[૧૬]

પિતૃઓ બોલ્યાઃ–"જે આ તારો ક્રોધજન્ય અગ્નિ લોકોનો સંહાર કરવા ઇચ્છે છે, તેને તું જલમાં મૂક; કારણ કે જલમાં સર્વ લોકો રહેલા છે. તારૂં કલ્યાણ થાઓ.[૧૭] હે દ્વિજોત્તમ ! આ સર્વ રસો જલમય છે અને સઘળું જગત પણ જલમય છે; માટે તારા આ ક્રોધાગ્નિને તું જલમાં નાખ.[૧૮] હે વિપ્ર ! જો તારી ઇચ્છા હોય તો એ તારો ક્રોધાગ્નિ જલનો દાહ કરતો મહાસમુદ્રમાં રહો; કારણ કે લોકો જલમય કહેવાય છે અર્થાત્ કારણભૂત જલનો દાહ થતાં લોકો દગ્ધ થયેલા ગણાશે.[૧૯] હે શુદ્ધ ! એમ કરવાથી તારી પ્રતિજ્ઞા સત્ય થયેલી ગણાશે અને દેવોએ સહિત લોકોનો પરાભવ પણ થશે નહિ."[૨૦]

વસિષ્ઠ બોલ્યાઃ–"હે વત્સ ! પછી તે ક્રોધજન્ય અગ્નિને ઔર્વ મુનિએ સમુદ્રમાં ફેંક્યો અને તે અગ્નિ અદ્યાપિ સમુદ્રના જલનું શોષણ કરે છે.[૨૧] એ અગ્નિ ઘોડાના મોટા માથા જેવો થઇને મોંમાંથી અગ્નિને પ્રકટ કરતો મહાસમુદ્રના જલનું પાન કરે છે અને તેને વેદવેત્તાઓ વડવામુખ અગ્નિ કહે છે.[૨૨] હે પરાશર ! હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ! તારૂં કલ્યાણ થાઓ. તું પણ આત્મલોકને જાણનારો છે, માટે લોકોનો વિનાશ કરવાને તું યોગ્ય નથી."[૨૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે ઔર્વોપાખ્યાન નામનો અધ્યાય ૧૮૦ મો સમાપ્ત

અધ્યાય ૧૮૧ મો–પરાશરનો રાક્ષસયજ્ઞ

॥ गंधर्व उवाच ॥

एव मुक्तः स विप्रर्षिर्वसिष्ठेन महात्मना ॥
न्ययच्छदात्मनः क्रोधं सर्वलोकपराभवात् ॥१॥

ગંધર્વ કહે છેઃ–આ પ્રમાણે મહાત્મા વસિષ્ઠે કહ્યું, ત્યારે વિપ્રર્ષિ પરાશરે સર્વ લોકના પરાભવને માટે પ્રકટ કરેલો પોતાનો ક્રોધ વશ કર્યો.[૧] પછી સર્વ વેદવેત્તામાં શ્રેષ્ઠ એવા મહા તેજસ્વી શક્તિના પુત્ર પરાશર ઋષિએ રાક્ષસયજ્ઞનો આરંભ કર્યો[૨]અને તમાં શક્તિ ઋષિના વધનું સ્મરણ કરીને એ મહામુનિએ નાનામોટા સર્વ રાક્ષસોને તે વિસ્તીર્ણ યજ્ઞમાં બાળવા માંડયા.[૩] તે વખતે 'એની બીજી પ્રતિજ્ઞાનો મારે ભંગ કરવો નહિ' એવો નિશ્ચય કરીને વસિષ્ઠ મુનિએ રાક્ષસોના વધથી પરાશરને વાર્યા નહિ.[૪] ત્રણ પ્રદીપ્ત અગ્નિ જેમાં રહેલા એવા તે યજ્ઞમાં મહામુનિ પરાશર ચોથા અગ્નિના જેવા દીપતા હતા.[૫] જેમ મેઘના ગયા પછી સૂર્યથી આકાશ પ્રકાશિત થાય છે, તેમ નિર્મલ હવ્ય હોમવાથી શુભ્ર યજ્ઞવડે શક્તિમુનિના પુત્રે આકાશને પ્રકાશિત કરી દીધું.[૬]વળી વસિષ્ઠ વગેરે સર્વે મુનિઓ ત્યાં તેજથી પ્રકાશતા પરાશરને બીજા સૂર્ય જેવા માનવા લાગ્યા.[૭] પછી બીજાઓથી ન થઇ શકે એવા આ યજ્ઞની સમાપ્તિ કરાવવા માટે ઉદાર બુદ્ધિવાળા અત્રિ ઋષિ ત્યાં આવ્યા.[૮] હે શત્રુઓને હણનારા અર્જુન ! વળી ત્યાં રાક્ષસોને બચાવવાની ઈચ્છાથી પુલસ્ત્ય, પુલહ અને મહાક્રતુવાળા ક્રતુ ઋષિ પણ આવી પહોંચ્યા.[૯] હે ભરતશ્રેષ્ઠ પાર્થ ! રાક્ષસોનો વધ થતો જોઇને પુલસ્ત્ય મુનિ શત્રુનિબર્હણ પરાશરને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૧૦] "હે વત્સ ! તારા કાર્યમાં કંઇ વિઘ્ન તો આવ્યું નથી ને ? હે પુત્ર ! તારા પિતાના મૃત્યુસંબંધમાં કંઈ પણ ન જાણનારા એવા નિર્દોષ સર્વ રાક્ષસોના વધમાં તને આનંદ આવે છેશું ?[૧૧] હે તાત! આ રીતે મારી પ્રજાનો ઉચ્છેદ કરવો તને યોગ્ય નથી.તપસ્વી બ્રાહ્મણોનો એ ધર્મ કહેવાય નહિ.[૧૨] હે પરાશર! બ્રાહ્મણોનો ઉત્તમ ધર્મ તો શાંતિ છે, માટે તેને તું સેવન કર. હે પરાશર ! તું શ્રેષ્ઠ થઇને આ અધર્મિષ્ઠ કામ કરે છે.[૧૩] વળી તારા ધર્મવેત્તા પિતા શક્તિમુનિનું ઉલ્લંઘન કરવું પણ તને ઘટતું નથી અને મારી પ્રજાનો આમ ઉચ્છેદ કરવામાટે પણ તું યોગ્ય નથી.[૧૪] હે વસિષ્ઠવંશોત્પન્ન ! શક્તિમુનિનો નાશ તેમણે પોતે આપેલા શાપથીજ થયો છે. પોતાના દોષથીજ શક્તિમુનિ અહીંથી સ્વર્ગમાં ગયા છે.[૧૫] હે મુને ! શક્તિમુનિનું ભક્ષણ કરવા માટે કોઇ રાક્ષસ સમર્થ ન હતો, પણ તેમણે પોતેજ પોતાનું મૃત્યુ માગી લીધું હતું અને તે પ્રાપ્ત થયું હતું.[૧૬] હે પરાશર ! એ મૃત્યુમાં વિશ્વામિત્ર અને કલ્માષપાદ રાજા નિમિત્તભૂત થયા હતા અને શક્તિમુનિ તો સ્વર્ગમાં જઇને આનંદ કરે છે.[૧૭] વળી મહામુનિ વસિષ્ઠના શક્તિથી નાના જે પુત્રો હતા તે પણ સઘળા આનંદયુક્ત થઇ દેવોની જોડે સુખ ભોગવે છે.[૧૮] હે મહામુનિ ! એ બધું વસિષ્ઠ મુનિને વિદિત છે. હે તાત! આ બિચારા રાક્ષસોનો જે ઉચ્છેદ થયો છે, તે યજ્ઞમાં હે વાસિષ્ઠપુત્ર ! તું નિમિત્તભૂત થયો છે,માટે આ યજ્ઞ બંધ કર. તારૂં કલ્યાણ થાઓ અને આ તારૂં કાર્ય પણ સમાપ્ત થાઓ."[૧૯,૨૦]

ગંધર્વ કહે છેઃ–આ પ્રમાણે પુલસ્ત્ય ઋષિએ કહ્યું અને બુદ્ધિમંત વસિષ્ઠે પણ કહ્યું, ત્યારે શક્તિપુત્ર મહામુનિ પરાશરે તે રાક્ષસયજ્ઞની સમાપ્તિ કરી[૨૧] અને સર્વ રાક્ષસોને બાળવામાટે એકઠા કરેલા તે અગ્નિને હિમાલયના ઉત્તર પાર્શ્વપર આવેલા મહાવનમાં મૂકી દીધો.[૨૨] તે અગ્નિ, હજી પણ ત્યાં રાક્ષસોને, વૃક્ષોને અને પાષાણોને નિરંતર પર્વે પર્વે બાળતો જણાય છે.[૨૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે ઔર્વોપાખ્યાન નામનો અધ્યાય ૧૮૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૨ મો–કલ્માષપાદરાજાની સ્ત્રીમાં વસિષ્ઠને પુત્ર ઉત્પન્ન કરવાનું કારણ

॥ अर्जुन उवाच ॥

राज्ञा कल्माषपादेन गुरौ ब्रह्मविदांवरे ॥
कारणं किं पुरस्कृत्य भार्या वै सन्नियोजिता॥१॥

અર્જુન પૂછે છેઃ–કલ્માષપાદ રાજાએ શા કારણથી બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ એવા પોતાના ગુરુની સાથે પોતાની ભાર્યાનો નિયોગ કર્યો હતો? વળી પરમ ધર્મને જાણનારા મહાત્મા વસિષ્ઠ મહર્ષિએ શામાટે અગમ્યા (પુત્રવધૂ જેવી)સ્ત્રીની સાથે ગમન કર્યું?[૧,૨] હે મિત્ર! પૂર્વે વસિષ્ઠ મુનિએ એ અધર્મિષ્ઠ કાર્ય કર્યું, એ સંબંધમાં મને સંશય રહે છે, માટે હું પૂછું છું તેથી મારો સંશય નિવૃત્ત કરવા તમે યોગ્ય છો."[૩]

ગંધર્વ કહે છેઃ–હે ધનંજય! તમે મને જે પૂછો છો, તે વસિષ્ઠ તથા કલ્માષપાદ રાજાના સંબંધમાં હું તમને કહું છું તેને હે દુર્ધર્ષ! તમે સાંભળો.[૪] હે ભરતશ્રેષ્ઠ! વસિષ્ઠના પુત્ર મહાત્મા શક્તિમુનિએ જે રીતે એ રાજાને શાપ આપ્યો હતો, તે સઘળું મેં તમને કહ્યું છે.[૫] શાપને વશ થયેલો શત્રુને તાપ આપનારો તે રાજા ક્રોધથી વ્યાકુલ નેત્રવાળો થઈને પોતાની સ્ત્રીની સાથે નગરમાંથી બહાર નીકળ્યો[૬] અને અનેક પશુસમૂહથી તથા અનેક પ્રાણીઓથી ભરેલા એવા નિર્જન અરણ્યમાં તે સ્ત્રીની સાથે ફરવા લાગ્યો.[૭] શાપથી ગ્રસ્ત થયેલો તે રાજા અનેક ઝુંગાંઓ અને લતાથી છવાયલાં તથા નાનાવિધ વૃક્ષોથી વિંટાયલા અને ઘોર શબ્દવાળા અરણ્યમાં ભટકતો હતો.[૮] એક વખતે તેને ભૂખ લાગી અને તે પોતાને માટે ભક્ષ્ય ખોળવા નીકળ્યો; એટલામાં અત્યંત ભૂખથી પીડાયલા રાજાએ કોઈ એક નિર્જન વનમાં મૈથુનપરાયણ એવાં બ્રાહ્મણ તથા બ્રાહ્મણીને જોયાં. તે બન્ને પણ આને જોઇને અત્યંત ત્રાસ પામી મનોરથ પૂર્ણ ન કરતાં ત્યાંથી નાઠાં.[૯,૧૦] તે બન્ને નાસતાં હતાં તેમાંથી રાજાએ બ્રાહ્મણને બલથી પકડી લીધો. તે વખતે પોતાના પતિને પકડેલો જોઇને બ્રાહ્મણી કહેવા લાગી કેઃ–[૧૧] "હે રાજન્! હું તને જે કહું છું તે તું મારાં વચનને સાંભળ. હે સારાં વ્રતવાળા! તું આદિત્ય વંશમાં ઉત્પન્ન થયેલો છે અને સર્વ લોકમાં વિખ્યાત છે.[૧૨] વળી હે દુર્ધર્ષ! તું ધર્મમાં પ્રમાદવિના સ્થિત છે તથા ગુરુસેવામાં તત્પર છે, માટે ઓ શાપથી હણાયલા રાજા! તું પાપ કરવાને યોગ્ય નથી.[૧૩] મને ઋતુકાલ પ્રાપ્ત થતાં હું પતિસંગની ઇચ્છાથી તથા પુત્રની કામનાથી પતિની પાસે આવી હતી, પરંતુ હજી મારો સ્વાર્થ સિદ્ધ થયો નથી;[૧૪] માટે હે નૃપતિશ્રેષ્ઠ! મારાપર કૃપા કર અને આ મારા પતિને છોડી દે."

આ રીતે બ્રાહ્મણી રડતી રહી અને તેના પતિને જેમ વાઘ ઇચ્છિત મૃગનું ભક્ષણ કરે, તેમ તે રાજા ક્રૂરની પેઠે ખાઈ ગયો. તે વખતે ક્રોધથી પરાભવ પામેલી બ્રાહ્મણીની આંખમાંથી જે આંસુ પૃથ્વીપર પડયાં[૧૫,૧૬] તે પ્રદીપ્ત અગ્નિરૂપ થઈને તે દેશને બાળવા લાગ્યાં. પછી શોકથી સંતપ્ત થયેલી અને પતિના નાશથી દુઃખી થયેલી બ્રાહ્મણીએ ક્રોધ કરીને કલ્માષપાદ રાજાને શાપ આપ્યોઃ–" ઓ ક્ષુદ્ર! મારા અપૂર્ણ અર્થવાળીના મહાયશસ્વી પ્રિય પતિનું મારા દેખતાં તેં આજે ભક્ષણ કર્યું, માટે ઓ દુર્બુદ્ધિવાળા! તું પણ મારા શાપથી પરાભવ પામીને પત્ની પાસે ઋતુકાલમાં જતાં તત્કાલ મૃત્યુ પામીશ અને જે વસિષ્ઠઋષિના પુત્રોનો તેં નાશ કર્યો છે, તે વસિષ્ઠની સાથે સંગ કરવાથી તારી સ્ત્રીને પુત્ર ઉત્પન્ન થશે અને હે અધમ રાજા! તે પુત્ર તારા વંશને ચલાવનારો થશે."[૧૭–૨૧]

આ પ્રમાણે રાજાને શાપ આપીને તે શુભ એવી આંગિરસ ગોત્રની બ્રાહ્મણીએ રાજાના સમીપમાંજ પ્રદીપ્ત અગ્નિમાં પ્રવેશ કર્યો.[૨૨] હે પરંતપ! આ સર્વ વૃત્તાંત મહાભાગ્યશાળી વસિષ્ઠ મુનિએ મોટા જ્ઞાનયોગ અને તપના

પ્રભાવથી જોયું હતું.[૨૩] પછી જ્યારે લાંબે કાળે રાજર્ષિને શાપ નિવૃત્ત થયો, ત્યારે ઋતુકાલમાં તે મદયંતીની પાસે ગયો, પણ તે વખતે મદયંતીએ તેને રોકી રાખ્યો.[૨૪] કામથી મોહિત થયેલા તે રાજાને પૂર્વે થયેલા શાપનું સ્મરણ ન હતું; પણ તેણે જ્યારે મદયંતીનાં વચન સાંભળ્યાં, ત્યારે તે ગભરાટમાં પડ્યો;[૨૫] અને તે શાપને યાદ કરીને તે વખતે અત્યંત સંતાપ કરવા લાગ્યો. હે નરશ્રેષ્ઠ ! આ કારણથી શાપના દોષથી યુક્ત એવા રાજાએ પોતાની સ્ત્રીની સાથે વસિષ્ઠની યોજના કરી હતી.[૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે વસિષ્ઠોપાખ્યાન નામનો અધ્યાય ૧૮૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૩ મો-પાંડવોએ ધૌમ્ય ઋષિને પુરોહિત કર્યા.

॥ अर्जुन उवाच ॥
अस्माकमनुरूपो वै यः स्याद्गंधर्व वेदवित् ॥
पुरोहितस्तमाचक्ष्व सर्वं हि विदितं तव ॥१॥

અર્જુન પૂછે છેઃ-હે ગંધર્વ ! હવે અમારે માટે યોગ્ય એવો વેદવેત્તા જે પુરોહિત હોય તે તમે કહો, કારણ કે તમને સર્વ વિદિત છે.[૧]

ગંધર્વ કહે છેઃ-દેવલ મુનિના નાના ભાઇ ધૌમ્ય આ ઉત્કોચક નામના તીર્થમાં તપ કરે છે, માટે જો ઇચ્છા હોય તો તેને તમે પુરોહિત કરો.[૨]

વૈશંપાયન કહે છેઃ-પછી અર્જુને પ્રસન્ન થઇને ગંધર્વને વિધિપૂર્વક આગ્નેયાસ્ત્ર આપ્યું અને આ પ્રમાણે વચન કહ્યુંઃ-[૩] "હે ગંધર્વશ્રેષ્ઠ! ઘોડાઓ હાલ તમારી પાસેજ રહેવા દો; અમને જ્યારે કામ પડશે ત્યારે અમે તે લઇશું. તમારૂં કલ્યાણ થાઓ." આ પ્રમાણે કહી ગંધર્વ અને પાંડવો પરસ્પર સન્માન આપીને રમ્ય એવા ભાગીરથીના તીરપરથી પોતપોતાનાં ઇચ્છિત સ્થાનોમાં જવા નીકળ્યા.[૪,૫] હે ભારત! પછી પાંડવો ઉત્કોચક તીર્થમાં ધૌમ્ય મુનિના આશ્રમમાં ગયા અને ત્યાં ધૌમ્ય મુનિને પોતાના પુરોહિત થવાની માગણી કરી.[૬] સર્વ વેદવેત્તામાં શ્રેષ્ઠ એવા ધૌમ્ય મુનિએ પાંડવોને યજમાન તરીકે સ્વીકાર્યા તથા વનનં ફલમૂલથી તેમનો સત્કાર કર્યો.[૭] પાંડવોએ તે બ્રાહ્મણને પુરોહિત કરવાથી પોતાને લક્ષ્મી, રાજ્ય તથા સ્વયંવરમાં દ્રૌપદી, એ સર્વ મળી ચૂકયાં છે એમ માન્યું.[૮] ભરતકુલમાં શ્રેષ્ઠ એવા પાંડવો ધૌમ્ય મુનિને પોતાના પુરોહિત તથા ગુરુતરીકે મેળવીને પોતાને સનાથ માનવા લાગ્યા;[૯] તથા ધર્મવેત્તા વેદાર્થ-તત્ત્વને જાણનારા અને ઉદાર બુદ્ધિવાળા ધૌમ્ય મુનિ ધર્મવેત્તા પાંડવોને યજમાન-તરીકે ગણવા લાગ્યા.[૧૦] વળી ધૌમ્ય મુનિ બુદ્ધિ, વીર્ય, બલ અને ઉત્સાહથી યુક્ત એવા તથા દેવના જેવા તે વીરોને જોઇને સ્વધર્મથી તેમને રાજ્ય મળી ચૂકયું છે, એમ માનવા લાગ્યા.[૧૧] તે પછી ધૌમ્ય મુનિએ સ્વસ્તિવાચન કરેલા એવા પાંડવોએ પાંચાલીના સ્વયંવરમાં ધૌમ્યસાથે જવાને સારૂ મનમાં નિશ્ચય કર્યો.[૧૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ચૈત્રરથપર્વવિષે ધૌમ્યપુરોહિતકરણ નામનો અધ્યાય ૧૮૩ મો સમાપ્ત.

ચૈત્રરથપર્વ સમાપ્ત.

स्वयंवर पर्व

અધ્યાય ૧૮૪ મો-પંચાલ દેશમાં જતાં બ્રાહ્મણોની સાથે વાર્તા

॥ वैशंपायन उवाच ॥
ततस्ते नरशार्दूला भ्रातरः पंच पांडवाः ॥
प्रययुर्द्रौपदीं द्रष्टुं तं च देशं महोत्सवम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ-પછી તે પુરુષોમાં વ્યાઘ્ર જેવા પાંચ પાંડવ ભાઈઓ દ્રૌપદીને, તે દેશને અને સ્વયંવરના મહોત્સવને જોવા માટે નીકળ્યા.[૧] માતાની સાથે નીકળેલા તે શત્રુને તાપ આપનારા નરવ્યાઘ્ર પાંડવોએ એકઠા થઈને પંચાલ દેશમાં જતા ઘણાએક બ્રાહ્મણોને જોયા.[૨] તે બ્રાહ્મણોએ બ્રહ્મચારી એવા પાંડવોને પૂછ્યું કેઃ-"તમે ક્યાં જાઓ છો ? અને ક્યાંથી આવો છો ?"[૩] યુધિષ્ઠિર બોલ્યાઃ-"હે દ્વિજશ્રેષ્ઠો ! અમે સહોદર ભાઈઓ છીએ અને સાથેજ ફરીએ છીએ. વળી હમણાં અમે અમારી માતા સાથે એકચક્રા નગરીથી આવીએ છીએ તે આપને વિદિત થાઓ."[૪]

બ્રાહ્મણો બોલ્યાઃ-"તમે આજેજ પંચાલ દેશમાં દ્રુપદ રાજાને ત્યાં જાઓ. ત્યાં મોટો સ્વયંવર થવાનો છે અને તેમાં ઘણું દ્રવ્ય વપરાવાનું છે.[૫] અમે બધા ત્યાં જઈએ છીએ એટલે આપણે બધા સાથે સાથેજ જઈશું. ત્યાં આશ્ચર્યકારક મહોત્સવ થવાનો છે.[૬] મહાત્મા યજ્ઞસેન દ્રુપદ રાજાને વેદીમાંથી ઉત્પન્ન થયેલી કમલપત્રના જેવાં નેત્રવાળી પુત્રી છે;[૭] જે જોવા યોગ્ય સુંદર અંગવાળી, સુકુમાર અને ડાહી છે. વળી જે પ્રતાપી એવા દ્રોણના શત્રુ ધૃષ્ટદ્યુમ્નની બહેન થાય છે;[૮] તે મહાબાહુવાળો અગ્નિના જેવો તેજસ્વી ધૃષ્ટદ્યુમ્ન કવચ, ખડ્ગ, બાણ તથા ધનુષની સાથેજ પ્રદીપ્ત અગ્નિમાંથી ઉત્પન્ન થયેલો છે.[૯] તે ધૃષ્ટદ્યુમ્નની સુંદર અંગવાળી અને સૂક્ષ્મ મધ્યવાળી દ્રૌપદી નામની બહેન છે. તેના શરીરમાંથી નીકળતો નીલ કમલના જેવો સુગંધ એક કોશ સુધી પ્રસરે છે.[૧૦] તે યજ્ઞસેનની સ્વયંવરમાં વર વરવા માટે તત્પર થયેલી પુત્રી દ્રૌપદીને તથા તે દિવ્ય મહોત્સવને જોવા અમે સઘળા જઈએ છીએ.[૧૧] વળી ત્યાં યજ્ઞયાગ કરનારા, મહા દક્ષિણા આપનારા, વેદાધ્યયનસંપન્ન, પવિત્ર, નિયત વ્રતવાળા, યુવાન,સુંદર અંગવાળા,મહારથીઓ અને અસ્ત્રવિદ્યામાં કુશળ એવા ઘણા ઘણા મહાત્મા રાજાઓ અને રાજપુત્રો અનેક દેશથી આવશે.[૧૨,૧૩] તે રાજાઓ પોતાનો વિજય થવાને સારૂ ધન, ગાયો, ભક્ષ્ય, ભોજ્ય વગેરે અનેક દાનો આપશે.[૧૪] તે સઘળું લઈને તથા સ્વયંવર જોઈને અને ઉત્સવ ભોગવીને પછી આપણે ત્યાંથી યથેષ્ટ ચાલી નીકળીશું.[૧૫] વળી ત્યાં નટ લોકો, મંગલ પાઠ કરનારા વૈતાલિકો, નૃત્ય કરનારાઓ, ભાટ લોકો, ચારણો અને મહાબલવાન મલ્લ લોકો પણ અનેક દેશથી આવશે.[૧૬] આ પ્રકારનાં કુતૂહલને જોઈને તથા અનેક દાનો લઈને હે મહાત્માઓ ! તમે અમારી સાથે પાછા વળજો.[૧૭] તમે દેવના જેવા રૂપવાળા અને દેખાવડા છો, એટલે દૈવયોગથી તમને જોઈને તમારામાંથી એકને દ્રૌપદી વરે પણ ખરી.[૧૮] આ તમારો ભાઈ જે કાંતિવાળો, દેખાવડો અને વિશાલ બાહુવાળો છે એને જો તમે વિજયને માટે આજ્ઞા કરશો તો દૈવયોગથી એ ઘણું દ્રવ્ય મેળવશે અને તમારી પ્રીતિમાં વધારો કરશે."[૧૯]

યુધિષ્ઠિર બોલ્યાઃ-"હે બ્રાહ્મણો ! તે કન્યાના સ્વયંવર તથા તે મહોત્સવ જોવાને સારૂ અમે સઘળા તમારી સાથે અવશ્ય આવીશું."[૨૦]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત
સ્વયંવરપર્વવિષે પાંડવાગમન નામનો
અધ્યાય ૧૮૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૫ મો–રંગમંડપનું વર્ણન અને ધૃષ્ટદ્યુમ્ને સંભળાવેલી પ્રતિજ્ઞા

॥ वैशंपायन उवाच ॥

एवमुक्ताः प्रयातास्ते पांडवा जनमेजय ॥
राज्ञा दक्षिणपंचालान् द्रुपदेनाभिरक्षितान्॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે જનમેજય ! આ પ્રમાણે કહ્યા પછી પાંડવો દ્રુપદરાજાના રક્ષણ કરેલા દક્ષિણ પંચાલ દેશમાં ગયા.[૧] ત્યાં માર્ગમાં જતાં શુદ્ધ અંતઃકરણવાળા અને નિષ્પાપ એવા મહાત્મા દ્વૈપાયન મુનિને વીર એવા પાંડવોએ જોયા.[૨] તેમનો પાંડવોએ યથાયોગ્ય સત્કાર કર્યો અને તેમણે પણ સામો પાંડવોનો સત્કાર કર્યો. પછી વાતચીત કરીને વ્યાસની આજ્ઞા મેળવી પાંડવો દ્રુપદના સ્થાનમાં જવા નીકળ્યા.[૩] તે મહારથો રમણીય એવાં વનો અને સરોવરોને જોતા અને ઠેકઠેકાણે વાસ કરતા ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યા.[૪] પછી સ્વાધ્યાયસંપન્ન પવિત્ર, મધુર આકૃતિવાળા અને પ્રિય બોલનારા એવા પાંડવો અનુક્રમે પંચાલ દેશમાં આવી પહોંચ્યા.[૫] તેમણે તે નગર જોયું અને રાજ્યગૃહનો કિલ્લો જોયો. તે પછી તેમણે એક કુંભારની શાલામાં આવીને નિવાસ કર્યો.[૬] ત્યાં પણ તેઓ બ્રાહ્મી વૃત્તિનો આશ્રય કરીને ભિક્ષાથી પોતાનો નિર્વાહ કરતા હતા, તેથી ત્યાં આવી રહેલા તે વીર પાંડવોને કોઈપણ ઓળખી શક્યું નહિ.[૭] યજ્ઞસેનના મનમાં તો નિરંતર એવી ઇચ્છા હતી કે 'મારી પુત્રી કૃષ્ણાને પાંડુપુત્ર અર્જુનની સાથે પરણાવું;' પરંતુ એ વિચાર તે કોઈને જણાવતા નહિ.[૮] હે ભરતકુલોત્પન્ન જનમેજય ! દ્રુપદ રાજાએ અર્જુનને ખોળી કાઢવા માટે એક મજબૂત અને નમાવી ન શકાય એવું ધનુષ કરાવ્યું હતું.[૯] વળી આકાશમાં એક કૃત્રિમ યંત્ર કરાવી તે ભમતા યંત્રના મધ્ય છિદ્રમાંથી જણાય એવું એક નિશાન અંતરિક્ષમાં ગોઠવાવ્યું હતું.[૧૦]* તે પછી દ્રુપદ રાજાએ કહ્યુંઃ–"આ ધનુષને સજ્જ કરી આ તૈયાર કરેલાં બાણોવડે યંત્રની પાર રહેલા નિશાનને જે વિંધશે તે મારી પુત્રીને પરણશે."[૧૧]

વૈશંપાયન કહે છેઃ–હે ભારત ! આ પ્રમાણે દ્રુપદ રાજાએ સ્વયંવરની પ્રતિજ્ઞા જણાવી, એટલે તે સાંભળીને સર્વે રાજાઓ ત્યાં આવ્યા.[૧૨] હે નૃપ ! સ્વયંવર જોવાની ઇચ્છાવાળા મહાત્મા ઋષિઓ, દુર્યોધનને આગળ કરીને કર્ણસાથે સઘળા કૌરવો તથા દેશેદેશના મહા ભાગ્યશાળી બ્રાહ્મણો ત્યાં આવ્યા હતા. તે સઘળા રાજસમૂહનો મહાત્મા દ્રુપદે આદરસત્કાર કર્યો.[૧૩,૧૪] પછી ઉછળતા સમુદ્રના જેવો કોલાહલ કરતા પૌરજનો સ્વયંવર જોવાને સારૂ નજીકમાં ગોઠવેલા મંચો ઉપર આવીને બેઠા[૧૫] તથા સઘળા રાજાઓ ઇશાન દિશામાં આવીને આસનોપર બેસવા લાગ્યા. એ રંગમંડપ નગરથી ઇશાન કોણમાં સપાટ અને સુશોભિત જગ્યાપર બાંધ્યો હતો અને તેની આસપાસ આવેલાં ભવનોથી તે અતિશય શોભતો હતો.[૧૬] આ રંગમંડપની ફરતો કોટ અને તેને ફરતી ખાઇ ખોદાવી હતી. વળી તે દરવાજા અને તોરણોથી શણગારવામાં આવ્યો હતો તથા વિચિત્ર રંગના ચંદરવાઓથી તેને ચોમેર અલંકૃત કર્યો હતો. તેમાં હજારો તુરીઓ વાગતી હતી, અમૂલ્ય અગરુ ચંદનના ધૂપો થતા હતા, જમીનપર ચંદનનું જલ છાંટયું હતું અને પુષ્પની માલાઓથી તે સુશોભિત કર્યો હતો.[૧૭,૧૮] વળી તે રંગમંડપ કૈલાસનાં શિખર જેવાં ધવલ તથા આકાશમાં ચિત્ર કરતાં હોય તેવાં ઘણાં ઉંચાં સુંદર શ્વેત મકાનોથી ચોમેર વીંટાયલો હતો.[૧૯]

* અસ્ત્રશિક્ષણની પરીક્ષામાં એકલા અર્જુને જ ભમતું નિશાન પાડયું હતું, માટે તેજ આ ચલિત યંત્રમાંથી નિશાન ભેદશે. આ અભિપ્રાયથી અર્જુનને ખોળવા દ્રુપે આ પ્રયત્ન કર્યો હતો. જો કે કર્ણને પણ આ કામ સુલભ હતું તોપણ તે હીન કુલનો હોવાથી દૂર કરી શકાશે, એ ભાવ પણ છે.

એ મકાનોમાં સોનાની જાળીઓ આવી રહી હતી, ભીંતોમાં મણિઓ જડેલા હતા, સુખથી ચઢી શકાય એવાં દાદરનાં પગથીઆંઓ કરેલાં હતાં તથા મોટાં આસનો અને સારાં સાહિત્યો ગોઠવેલાં હતાં.[૨૦] વળી તેમાં પુષ્પની માલાઓ લટકાવી હતી, તે અગરુથી ઉત્તમ રીતે સુવાસિત કરેલાં હતાં અને હંસના જેવાં ધવલ વર્ણનાં રંગેલાં હતાં તથા તેમાંનો સુગંધ ચાર ગાઉ સુધી પ્રસરતો હતો.[૨૧] તેમાં ભીડ ન થાય તેવા સેંકડો દરવાજાઓ મૂકેલા હતા અને શય્યા તથા આસનોથી સુશોભિત કર્યાં હતાં. વળી તે ઘરોની ભીંતો ઉપર અનેક ધાતુઓનો ઢાળ ચઢાવેલો હતો, જેથી તે હિમાલયનાં ધાતુવાળાં શિખર જેવાં શોભતાં હતાં.[૨૨] આવાં સાત સાત માળનાં નાના પ્રકારનાં મકાનોમાં એકમેકની સ્પર્ધા કરતા સુંદર અલંકારધારી સર્વ રાજાઓ આવીને વસવા લાગ્યા.[૨૩] ત્યાં બેઠેલા મહા સત્ત્વવાળા, મહાન પરાક્રમી મહા ભાગ્યવાળા, કૃષ્ણાગરુની અર્ચાવાળા, મોટી કૃપાવાળા, બ્રાહ્મણભક્ત, પોતાના રાજ્યનું રક્ષણ કરનારા અને પોતાનાં કરેલાં શુભ કર્મથી સર્વ લોકને પ્રિય એવા રાજસિંહોને સઘળાઓ જોવા લાગ્યા.[૨૪,૨૫] વળી દ્રૌપદીને જોઇ શકાય માટે નગરના અને દેશના લોકો કિંમતી માંચડાઓ ઉપર ચોમેર બેસી ગયા હતા.[૨૬] પાંડવો પણ પેલા બ્રાહ્મણોની સાથે આવીને પંચાલરાજની તે અનુત્તમ સમૃદ્ધિને જોતા તે બ્રાહ્મણોની સાથે બેઠા હતા.[૨૭] હે રાજન્ ! તે સમાજ બહુ દિવસ સુધી વધવા લાગ્યો. તેમાં અનેક રત્નોનાં દાનો થતાં હતાં તથા નટ અને નર્તકોથી શોભામાં વૃદ્ધિ થતી હતી.[૨૮] હે ભરતર્ષભ ! આવી રીતે સમાજ ભરાતો હતો તે પછી રમણીય એવો સોળમો દિવસ આવ્યો, તે દિવસે દ્રૌપદી મંગલ સ્નાન કરીને, સારાં વસ્ત્રો તથા સર્વ અલંકારોથી અલંકૃત થઇને અને હાથમાં શણગારેલી સુવર્ણમાલા લઇને રંગમંડપમાં આવી.[૨૯,૩૦] પછી સોમકોના મંત્રવેત્તા એવા પવિત્ર પુરોહિત બ્રાહ્મણે દર્ભ પાથરીને અગ્નિમાં વિધિપૂર્વક ઘીથી હોમ કર્યો.[૩૧] આ રીતે અગ્નિને તૃપ્ત કરીને તથા બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન ભણાવીને પછી ચોતરફ વાગતાં વાદિત્રો બંધ કરાવ્યાં.[૩૨] તે પછી હે રાજન્ ! સઘળો રંગમંડપ શાંત થયો, ત્યારે મેઘ અને દુંદુભિના જેવા શબ્દવાળો ધૃષ્ટદ્યુમ્ન પોતાની બહેન કૃષ્ણાને લઇને વિધિવત્ રંગમંડપના મધ્યમાં આવી મેઘના જેવી ગંભીર વાણીથી આ પ્રમાણે સુંદર તથા અર્થયુક્ત ઉત્તમ વચન મોટે સાદે કહેવા લાગ્યો.[૩૩,૩૪]

"હે એકઠા મળેલા રાજાઓ ! મારાં વચનને સાંભળો. આ ધનુષ, આ નિશાન અને આ બાણો છે. આ ફરતા યંત્રના છિદ્રમાંથી એકી વખતે આકાશચારી એવાં તીવ્ર પાંચ બાણો મૂકીને આ નિશાન વિંધો.[૩૫] આ મહાન કર્મ કરનારો જે કુલ, રૂપ અને બલથી સંપન્ન હશે, તેની સાથે આ મારી બહેન કૃષ્ણા પરણશે, એ હું સત્ય કહું છું."[૩૬] આ પ્રમાણે તે રાજાઓને કહીને પછી દ્રુપદનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન ત્યાં આવેલા રાજાઓનાં નામ, ગોત્ર તથા કર્મ વગેરે પોતાની બહેનને કહી સંભળાવવા લાગ્યો.[૩૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સ્વયંવરપર્વવિષે ધૃષ્ટદ્યુમ્નવાક્ય નામનો અધ્યાય ૧૮૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૬ મો—ધૃષ્ટદ્યુમ્ને દ્રૌપદીને રાજાઓ ઓળખાવ્યા.

॥ धृष्टद्युम्न उवाच ॥

दुर्योधनो दुर्विषहो दुर्मुखो दुष्प्रधर्षणः ॥
विविंशतिर्विकर्णश्च सहो दुःशासनस्तथा १॥

ધૃષ્ટદ્યુમ્ન કહે છેઃ—"હે દ્રૌપદિ ! આ દુર્યોધન, દુર્વિષહ, દુર્મુખ, દુષ્પ્રધર્ષણ, વિવિંશતિ, વિકર્ણ, સહ, દુઃશાસન, યુયુત્સુ, વાયુવેગ, ભીમવેગ, રવ, ઉગ્રાયુધ, બલાકી, કરકાયુ, વિરોચન, કુંડક, ચિત્રસેન, સુવર્ચા, કનકધ્વજ, નંદક, બાહુ-

શાલી, તુડુંડ, વિકટ એ અને બીજા મહા બલવાન એવા ધૃતરાષ્ટ્રના ઘણા વીર પુત્રો કર્ણની સાથે તારે માટે આવ્યા છે.[૧-૪] વળી ક્ષત્રિયમાં શ્રેષ્ઠ એવા અસંખ્ય મહાત્મા રાજાઓ પણ આવેલા છે; જેમાં સુબલના પુત્ર શકુનિ, વૃષક, બૃહદ્દબલ,એ બધા ગાંધારરાજના પુત્રો આવેલા છે. વળી અશ્વત્થામા અને ભોજ જેઓ સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ છે, તે બન્ને મહાત્માઓ પણ તારે માટે અલંકાર પહેરીને અહીં આવ્યા છે. વળી બૃહંત, મણિમાન, રાજા દંડધાર, સહદેવ, જયત્સેન, રાજા મેઘસંધિ, શંખ અને ઉત્તર એ બે પુત્રોની સાથે વિરાટરાજા, વાર્ધક્ષેમિ સુશર્મા, સેનાબિંદુ રાજા, સુનામા અને સુવર્ચા નામના પુત્રોની સાથે સુકેતુ,[૫-૯] સુચિત્ર, સુકુમાર, વૃક, સત્યવતિ, સૂર્યધ્વજ, રોચમાન, નીલ, ચિત્રાયુધ[૧૦] અંશુમાન,ચેકિતાન, મહા બલવાન શ્રેણિમાન, સમુદ્રસેનનો પ્રતાપી પુત્ર ચંદ્રસેન,[૧૧] જલસંધ અને તેના બે પુત્રો વિદંડ અને દંડ, પૌંડ્રક વાસુદેવ, વીર્યવાન ભગદત્ત,[૧૨] કલિંગ, તામ્રલિપ્ત પત્તનાધિપતિ, પુત્રની સાથે મહારથી મદ્રરાજ શલ્ય,[૧૩] વીર રુક્માંગદ, રુગમરથ, કૌરવ્ય સોમદત્ત અને એનો મહારથી પુત્ર,[૧૪] વળી ભૂરિ, ભૂરિશ્રવા અને શલ, એ ત્રણ શૂરાઓ પણ આવેલા છે. કાંબોજ દેશનો સુદક્ષિણ,પૌરવ દૃઢધન્વા,[૧૫] બૃહદ્દબલ, સુષેણ, ઉશીનર દેશનો શિબિરાજા, પટચ્ચર નિહંતા, કારુષનો અધિપતિ,[૧૬] સંકર્ષણ, વાસુદેવ, વીર્યવાન પ્રદ્યુમ્ન, સાંબ, ચારુદેષ્ણ, અનિરુદ્ધ, ગદ,[૧૭] અક્રૂર, સાત્યકિ, મહાબુદ્ધિમાન ઉદ્ધવ, હાર્દિક્ય, કૃતવર્મા, પૃથુ, વિપૃથુ,[૧૮] વિદુરથ, કંક, શંકુ, ગવેષણ, આશાવહ, અનિરુદ્ધ, શમિક, સારીમેજય,[૧૯] વીર વાતપતિ, ઝિલ્લી, પિંડારક, પરાક્રમી ઉશીનર, આ બધા યાદવો આવ્યા છે, તે તને કહ્યા.[૨૦] ભગીરથ, બૃહત્ક્ષત્ર, સૈંધવ, જયદ્રથ, બૃહદ્રથ, બાહ્લીક, મહારથી શ્રુતાયુ,[૨૧] ઉલૂક, કૈતવરાજા, ચિત્રાંગદ, શુભાંગદ, મતિમાન વત્સરાજ, કોસલાધિપતિ,[૨૨] પરાક્રમી શિશુપાલ, જરાસંધ, એ અને બીજા ઘણા દેશના રાજાઓ હે કલ્યાણિ! તારે માટે આવ્યા છે. જેઓ પૃથ્વીમાં ખ્યાતિ પામેલા છે,એ પરાક્રમીઓ તને મેળવવા માટે નિશાન ભેદશે. હે શુભે ! જે કોઇ એમાંથી આ નિશાનને ભેદે તેને તું વરજે."[૨૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સ્વયંવરપર્વવિષે રાજનામકીર્તન નામનો અધ્યાય ૧૮૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૭ મો–રાજાઓ નિશાન પાડવામાં નિષ્ફલ નિવડ્યા.

॥ वैशंपायन उवाच ॥

तेऽलंकृताः कुंडलिनो युवानः परस्परं स्पर्धमाना नरेन्द्राः । अस्त्रं बलं चात्मनि मन्यमानाः सर्वे समुत्पेतुरुदायुधास्ते ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ–અલંકારવાળા અને કુંડલધારી તે સઘળા યુવાન રાજાઓ પરસ્પર સ્પર્ધા કરતા તથા અસ્ત્રવિદ્યા અને બલ મારામાંજ છે, એમ માનતા આયુધો ઉંચાં કરીને ઉઠવા લાગ્યા.[૧] રૂપ, વીર્ય, કુલ, શીલ, વિત્ત અને, યૌવનવડે વૃદ્ધિ પામેલા દર્પવાળા તે રાજાઓ મદના વેગથી ઝરતા મદમત્ત એવા હિમાલયના ગજેંદ્રોના જેવા શોભતા હતા.[૨] એકમેકની સામે સ્પર્ધાથી જોતા અને કામથી વ્યાપ્ત અંગવાળા તે રાજાઓ 'દ્રૌપદી મારે માટેજ છે' એમ બોલતા, એકાએક આસનો ઉપરથી ઉભા થઈ ગયા.[૩] દ્રુપદ રાજાની પુત્રને જીતવાની ઇચ્છાથી રંગભૂમિમાં એકઠા થયેલા તે ક્ષત્રિયો પર્વતરાજ હિમાલયની કન્યા પાર્વતીને માટે એકઠા મળેલા દેવગણોના જેવા શોભવા લાગ્યા.[૪] દ્રૌપદીમાં ચિત્ત જવાથી કામનાં બાણથી પીડિત અંગવાળા તે રાજાઓ રંગમંડપમાં ઉતરીને દ્રૌપદીને માટે પોતાના સ્નેહીઓનો પણ પરસ્પર દ્વેષ કરવા લાગ્યા.[૫] વળી

ત્યાં વિમાનમાં બેસીને દેવગણો, રુદ્રો, આદિત્યો, વસુઓ, અશ્વિનીકુમાર, સાધ્યગણ તથા સઘળા વાયુઓ, યમરાજ અને કુબેરને આગળ કરીને આવ્યા હતા. ૬ વળી દૈત્યો, સુપર્ણો, મોટા નાગો, દેવર્ષિઓ, ગુહ્યકો, ચારણો, વિશ્વાવસુ, નારદ, પર્વત અને અપ્સરાઓની સાથે મુખ્ય ગંધર્વો પણ ત્યાં આવ્યા હતા. ૭ વળી હલાયુધ બલરામ, જનાર્દન શ્રીકૃષ્ણ તથા મુખ્યમુખ્ય વૃષ્ણિકુળના અને અંધક કુળના યદુશ્રેષ્ઠો ત્યાં આવ્યા હતા અને તે બધા મહાત્માઓ શ્રીકૃષ્ણના મતને અનુસરીને ત્યાં રંગભૂમિમાં બેસીને જોયા કરતા હતા. ૮ પછી મદમત્ત ગજેંદ્રના જેવા રૂપવાળા અને સર્વાંગમાં સુંદર એવા હસ્તિરાજના જેવા તથા ભસ્મથી ઢંકાયલા અગ્નિના જેવા પાંચ પાંડવોને જોઇને યદુવીરોમાં મુખ્ય એવા શ્રીકૃષ્ણ મનમાં વિચાર કરવા લાગ્યા. ૯ તેમણે બળરામને યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન તથા વીર એવા નકુલ અને સહદેવને દેખાડયા. બલરામે પણ તેઓને ધીમે ધીમે જોઇ લીધા અને પ્રસન્ન મનથી જનાર્દનના તરફ જોવા લાગ્યા. ૧૦ હે નૃપ! તે વખતે બીજા રાજાઓના પુત્રો તથા પૌત્રો તો દ્રૌપદીમાંજ નેત્ર, મન અને પોતાનો ભાવ હોવાથી હોઠ દબાવી રક્ત નેત્રોને પહોળાં કરી દ્રૌપદીનેજ જોતા હોવાથી પાંડવોને જોઇ શકયા નહિ. ૧૧ તેમજ વિશાલ બાહુવાળા પૃથાના પુત્રો તથા મહાનુભાવ એવા વીર નકુલ અને સહદેવ એ બધા પણ તે દ્રૌપદીને જોઇને કામનાં બાણથી પરાભવ પામ્યા હતા. ૧૨ વળી અંતરિક્ષ પણ દેવ, ઋષિ, ગંધર્વ, સુપર્ણનાગ, અસુર અને સિદ્ધોથી ભરાઇ ગયું હતું. તેમાં દિવ્ય સુગંધ પ્રસરતો હતો અને દિવ્ય પુષ્પોથી તે છવાઇ ગયું હતું, ત્યાં વિમાનની પુષ્કળ ભીડ થઇ હતી તથા તે મહાન શબ્દ કરતાં દુંદુભિ, વીણા, વેણુ અને પ્રણવના નાદથી ગાજી રહ્યું હતું. ૧૪ તે પછી રાજાઓ દ્રૌપદીને મેળવવા માટે અનુક્રમથી પરાક્રમ કરવા લાગ્યા. તેમાં કર્ણ, દુર્યોધન, શાલ્વ, શલ્ય, અશ્વત્થામા, ક્રાથ, સુનીથ, વક્ર, ૧૫ કલિંગ, વંગાધિપ, પાંડય, પૌંડ્ર, વિદેહરાજ, યવનાધિપ અને બીજા અનેક કમલપત્રના જેવાં નેત્રવાળા રાજ્યાધીશો તથા રાજાના પુત્રપૌત્રો જેઓ કિરીટ, હાર, બાજુબંધ, બેરખા વગેરેથી વિભૂષિત અંગવાળા, વિશાલ બાહુવાળા અને સત્ત્વ તથા પરાક્રમથી સંપન્ન હતા, તેઓ વીર્ય-બલથી ગર્જના કરતા યત્ન કરવા લાગ્યા; પરંતુ અત્યંત કઠિન એવા તે ધનુષને મનથી પણ સજ્જ કરવા સમર્થ થયા નહિ. વળી કેટલાક રાજાઓ પોતાનાં બલ, શિક્ષણ, ગુણ અને ક્રમ પ્રમાણે ધનુષને ચઢાવવા પરાક્રમ કરવા લાગ્યા; પણ ધનુષને નમાવવાનું સામર્થ્ય ન હોવાથી હાથમાંથી છટકતાં ધનુષનાં અણિયાંવડે હણાઇને પૃથ્વીપર પડી તરફડવા લાગ્યા, એટલે પડવાથી નિસ્તેજ થયેલા, મુકુટ તથા હારો જેમના વિખાઈ ગયેલા અને શ્વાસોચ્છવાસ મૂકતા એવા તે રાજાઓ શાંત થઇ ગયા. ૧૯ આ પ્રમાણે તે મજબૂત ધનુષથી હાર, બાજુબંધ, કડાં વગેરે જેમનાં નીકળી ગયેલાં એવા રાજમંડલમાં હાહાકાર થઈ રહ્યો અને દ્રૌપદીને વરવાનો મનોરથ નિષ્ફળ જવાથી તે રાજાઓનું મંડલ દુઃખી થઈ ગયું. ૨૦ પછી સર્વ રાજાઓને આ સ્થિતિમાં જોઇને ધનુર્ધારીમાં મુખ્ય એવો કર્ણ રંગભૂમિમાં આવ્યો અને તેણે નીચે પડેલા ધનુષને તુરત ઉપાડી તેના ઉપર પ્રત્યંચા ચઢાવીને ઝટ બાણોનું સંધાન કર્યું. ૨૧ જ્યારે અગ્નિ, સોમ અને સૂર્ય કરતાં પણ અતિ તેજસ્વી એવા સૂર્યપુત્ર કર્ણને રાગપૂર્વક પ્રતિજ્ઞા કરીને ઉભો થયેલો જોયો, ત્યારે ધનુર્ધારી પાંડુપુત્રોએ માન્યું કે નક્કી આ સૂતપુત્ર નિશાન ભેદીને નીચે પાડશે; ૨૨ પરંતુ કર્ણને જોઈનેજ દ્રૌપદીએ મોટે સાદે કહ્યું કેઃ–“હું સૂતને વરીશ નહિ.” આ સાંભળીને ક્રોધ તથા હાસ્યપૂર્વક કર્ણે સૂર્યની સામું જોયું અને તે સજ્જ કરેલું ધનુષ મૂકી દીધું. ૨૩ આ પ્રમાણે ચોમેરથી ક્ષત્રિય રાજાઓ નિવૃત્ત થયા, ત્યારે યમના જેવો ચેદી દેશનો રાજા, દમઘોષનો પુત્ર મહાબુદ્ધિવાળો ધીર શિશુપાલ ઉઠયો અને ધનુષની પરીક્ષા કરવા ગયો ત્યાં તો તે ગોઠણીઆભેર પૃથ્વીપર ઢળી પડયો. ૨૫ તે પછી મહા

વીર્યવાળો અને મહા બલવાન એવો જરાસંધ રાજા ધનુષની આગળ આવીને પર્વતની પેઠે અડગ ઉભો રહ્યો. [૨૬] તે પણ ધનુષ ઉપાડતાં તેનાથી દબાઇને ગોઠણભેર જમીનપર પડયો; એટલે ત્યાંથી ઉઠીને તે રાજા પોતાના રાજ્યમાં ચાલ્યો ગયો. [૨૭] પછી મહા બલવાન તથા મહાવીર એવો મદ્રરાજ શૈલ્ય પણ ધનુષની પ્રત્યંચા ચઢાવતાં ગોઠણભેર પૃથ્વીપર ઢળી પડયો. [૨૮] આ પ્રમાણે જ્યારે સર્વ સમાજના જનો ખળભળી ઉઠયા અને રાજાઓ પણ બડાઇ મારતા બંધ થયા, ત્યારે મહાન વીર એવો કુંતીપુત્ર અર્જુન તે ધનુષપર બાણ ચઢાવવા તત્પર થયો. [૨૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગતસ્વયંવરપર્વવિષે સર્વ રાજપરાઙ્મુખીભવન નામનો અધ્યાય ૧૮૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૮ મો–અર્જુને નિશાન પાડી દ્રૌપદી મેળવી.

॥ वैशंपायन उवाच ॥
यदा निवृत्ता राजानो धनुषः सज्यकर्मणः ॥
अथोदतिष्ठाद्विप्राणां मध्याज्जिष्णुरुदारधीः॥१॥

વૈશંપાયન કહે છેઃ–જ્યારે ધનુષને સજ્જ કરવાના કાર્યથી રાજાઓ નિવૃત્ત થયા, ત્યારે બ્રાહ્મણોના મધ્યમાંથી ઉદાર બુદ્ધિવાળો જયશીલ અર્જુન ઉભો થયો. [૧] ઇંદ્રધ્વજના જેવા જણાતા અર્જુનને લક્ષ્ય વિંધવા જતો જોઇને તે વખતે મુખ્ય બ્રાહ્મણો પોતાનાં મૃગચર્મોને હલાવતા ખુશીના પોકારો કરવા લાગ્યા. [૨] ત્યાં કેટલાએક દુર્મન થઇ ગયા અને કેટલાએક હર્ષિત થયા. વળી કેટલાએક બુદ્ધિમંત અને નિપુણ હતા, તેઓ પરસ્પર કહેવા લાગ્યા કેઃ–[૩] "હે દ્વિજો! જે ધનુષને લોકમાં પ્રસિદ્ધ, બલવાન અને ધનુર્વેદને પાર પામેલા એવા કર્ણ તથા શલ્ય વગેરે ક્ષત્રિયોથી નમાવી શકાયું નહિ, [૪] તે ધનુષને અસ્ત્રવિદ્યાના અભ્યાસવિનાનો અને શરીરે દુર્બલ એવો આ બટુ શી રીતે સજ્જ કરી શકશે? [૫] પરીક્ષા કર્યા વિના માત્ર ચપલતાથી કરવા ધારેલું આ કાર્ય સિદ્ધ થશે નહિ તો સર્વ રાજાઓમાં બ્રાહ્મણો હાંસીપાત્ર થશે; [૬] માટે આ બ્રહ્મચારી ગર્વથી, ઉત્કંઠાથી કે બ્રાહ્મણોને સ્વાભાવિક એવી અનવસ્થિતિથી ધનુષ નમાવવા જાય છે, પણ એ જાય નહિ તેમ એને રોકી રાખો."[૭]

બ્રાહ્મણો બોલ્યાઃ–"અમો હાંસીપાત્ર થઇશું નહિ, તેમ હલકા પણ પડીશું નહિ તથા લોકોમાં રાજાઓના દ્વેષપાત્ર પણ થઈશું નહિ." [૮] ત્યારે કેટલાએક બોલ્યા કેઃ–"આ યુવાન, કાંતિમાન ગજેંદ્રની સુંઢના જેવા શરીરવાળો, પુષ્ટ ખભા, જંઘા તથા બાહુવાળો અને ધૈર્યમાં હિમાલયના જેવો છે; [૯] વળી એની ચાલ ખેલતા સિંહના જેવી છે તથા એનું મદમત્ત ગજરાજના જેવું પરાક્રમ છે, માટે એ શ્રીમાનના ઉત્સાહથી અટકળાય છે કે, આ કર્મ એ કરી શકશે. [૧૦] એની શકિતજ મહા ઉત્સાહવાળી છે. જો એ અશક્ત હોય તો પોતે ત્યાં જાયજ નહિ. સર્વ લોકમાં દેવ, અસુર વગેરેના આકારથી ફરતા પુરુષોમાં એવું કંઇ કર્મ નથી કે જે બ્રાહ્મણોને અસાધ્ય હોય. જલ ભક્ષણ કરીને રહેનારા, વાયુ ભક્ષણ કરનારા, ફલાહાર કરનારા અથવા દુર્બલ એવા, પણ દૃઢ વ્રતવાળા બ્રાહ્મણો પોતાના તેજવડેજ બલવાન હોય છે. બ્રાહ્મણ સારૂં અથવા ખોટું કરતો હોય તોપણ તેનું અપમાન કરવું નહિ. [૧૩] સુખ આપનારૂં, દુઃખ આપનારૂં, મોટું અથવા નાનું જે કર્મ આવ્યું હોય તે બ્રાહ્મણ કરી શકે છે. જમદગ્નિના પુત્ર પરશુરામે યુદ્ધમાં ક્ષત્રિયોને હરાવ્યા હતા. [૧૪] વળી અગસ્ત્ય પોતાના બ્રહ્મતેજવડે અગાધ સમુદ્રને પી ગયા હતા; માટે બધા બોલો કેઃ–"આ બટુ મહાન ધનુષની પ્રત્યંચા તુરત ચઢાવો!" આ સાંભળીને શ્રેષ્ઠ બ્રાહ્મણોએ "તથાસ્તુ" એમ કહ્યું. આ રીતે તે બ્રાહ્મણો વિવિધ વાતો કરતા હતા, તે વખતે અર્જુન ધનુષની પાસે જઇને પર્વતની

પેઠે સ્થિર થઈને ઉભો રહ્યો. પછી તેણે ધનુષની જમણી પરિક્રમા કરી[૧૭] અને વરદાન આપનારા એવા પ્રભુ શંકરને મસ્તકથી પ્રણામ કર્યા. તે પછી અર્જુને શ્રીકૃષ્ણનું મનમાં ધ્યાન કરીને હાથમાં ધનુષ લીધું.[૧૮] રુકમ, સુનીથ, વક્ર, કર્ણ, દુર્યોધન, શલ્ય અને શાલ્વ વગેરે ધનુર્વેદ-પરાયણ એવા પુરુષસિંહ રાજાઓએ મોટા યત્નથી પણ જે ધનુષને સજ્જ કર્યું નહિ, તે ધનુષને વીર્યવાનમાં દર્પયુક્ત એવા ઉપેંદ્રના જેવા પ્રભાવવાળા ઇંદ્રપુત્ર અર્જુને એક નિમિષમાં સજ્જ કર્યું અને પાંચ બાણ ચઢાવ્યાં.[૨૦] પછી યંત્રના છિદ્રમાં બાણો મૂકીને લક્ષ્યને વિંધ્યું એટલે તે નિશાન વિંધાઇને એકાએક ભૂમિ ઉપર પડયું. તે વખતે અંતરિક્ષમાં નાદ થયો અને સમાજમાં પણ મહાન શબ્દ થઈ રહ્યા. [૨૧] શત્રુને હણનારા અર્જુનના મસ્તક ઉપર દેવોએ દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરી. [૨૨] હજારો બ્રાહ્મણો વિજયધ્વજની પેઠે પોતાનાં વસ્ત્રોને ઉંચે ઉડાવવા લાગ્યા અને વિષમ દૃષ્ટિવાળા શત્રુઓ ચોમેર હાહાકાર કરવા લાગ્યા. એ વખતે આકાશમાંથી ચોતરફ પુષ્પની વૃષ્ટિઓ પડવા લાગી [૨૪] અને વાદિત્ર વગાડનારાઓ સેંકડો વાદિત્રો વગાડવા લાગ્યા. ભાંટ તથા ચારણના સમૂહો મધુર સ્વરથી સ્તુતિ કરવા લાગ્યા.[૨૪] શત્રુઓને હણનારા દ્રુપદરાજા અર્જુનને જોઇને ઘણા પ્રસન્ન થયા અને સૈન્ય સાથે તેને સહાય કરવાને ઇચ્છવા લાગ્યા. [૨૫] આ પ્રમાણે તે સભામાં ઘોંઘાટ ઘણો વધી ગયો, ત્યારે ધર્મધારીમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર, પુરુષશ્રેષ્ઠ નકુલ તથા સહદેવને સાથે લઈને શીઘ્ર પોતાના મુકામપર ચાલ્યા ગયા. પછી ઇંદ્રના જેવા અર્જુનને જોઈને તથા તેણે વિંધેલા નિશાનને જોઇને દ્રૌપદી શ્વેત વસ્ત્ર ધારણ કરીને તથા પુષ્પની માલા લઇને ઉત્તમ પતિના લાભથી અત્યંત ગર્વ કરતી કુંતીપુત્ર અર્જુનની પાસે ગઇ. [૨૭] બ્રાહ્મણોથી સન્માન પામતો અચિંત્ય કર્મવાળો અર્જુન પણ રંગભૂમિમાં વિજય મેળવીને તથા દ્રૌપદીને સાથે લઇને રંગમંડપથી બહાર નીકળ્યો. તેની પાછળ દ્રૌપદી પણ બહાર આવી. [૨૮]

ઈતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સ્વયંવરપર્વવિષે લક્ષ્યચ્છેદન નામનો અધ્યાય ૧૮૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૮૯ મો–રાજાઓનો દ્રુપદના પર ક્રોધ

॥ वैशंपायन उवाच ॥

तस्मै दित्सति कन्यां तु ब्राह्मणाय तदा नृपे ॥ कोप आसीन्महीपानामालोक्यान्योन्यमंतिकात् ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ–જ્યારે દ્રુપદ રાજા તે બ્રાહ્મણને કન્યા આપવા તૈયાર થયો, ત્યારે રાજાઓને ક્રોધ ઉત્પન્ન થયો તથા તેઓ એક-બીજાની સામે જોવા લાગ્યા[૧] અને બોલ્યા કેઃ– "આ દ્રુપદ આપણે અહીં આવેલા છીએ તે બધાને તણખલા જેવા ગણીને સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી દ્રૌપદીને બ્રાહ્મણની સાથે પરણાવવા ઇચ્છે છે. [૨] આ રાજા વૃક્ષ રોપીને પછી ફલ આવવાની વખતે તેને પાડી નાખે છે, માટે એ દુરાત્માને આપણે મારી નાખીએ; કારણ કે આપણને તે ગણકારતો નથી. [૩] વળી એ સન્માનને લાયક નથી, તેમજ ગુણથી પણ વૃદ્ધ ગણવા યોગ્ય નથી; માટે એ દુરાચરણી અને રાજાઓના દ્વેષીને આપણે પુત્ર સાથે મારી નાખીએ. [૪] એણે સઘળા રાજાઓને બોલાવ્યા, તેમને સન્માન આપ્યું, સારાં મિષ્ટાન્ન જમાડયાં અને હવે પાછળથી એ આપણને માન આપતો નથી. [૫] દેવોના સમાજ જેવો આ રાજસમાજ ભરાયો છે, તેમાં શું એણે કોઇ પણ રાજાને કન્યા આપવા યોગ્ય જોયોજ નહિ? [૬] વળી સ્વયંવરા કન્યા વરવાનો બ્રાહ્મણને અધિકાર નથી, કિંતુ સ્વયંવર તો ક્ષત્રિ-

ચોને માટે જ છે; એવાં શ્રુતિવચનો પ્રસિદ્ધ છે.[૭] અથવા હે રાજાઓ ! એ કન્યા જો કોઇને વરવા ઇચ્છતી ન હોય તો એને અગ્નિમાં નાખી દઇને આપણે આપણાં રાજ્યમાં ચાલ્યા જઇએ.[૮] બ્રાહ્મણે તો ચાપલ્યથી અથવા લોભથી આ પ્રમાણે રાજેંદ્રોનું અપ્રિય કર્યું, પણ એ બ્રાહ્મણ હોવાથી એને આપણે કોઇ રીતે હણવો નહિ;[૯] કારણ કે આપણું રાજ્ય, જીવિત, ધન, પુત્ર, પૌત્ર અને બીજું જે કંઈ ઐશ્વર્ય આપણી પાસે છે તે બધું બ્રાહ્મણને માટેજ છે;[૧૦] પરંતુ અપમાનના ભયથી તથા સ્વધર્મના રક્ષણને માટે બીજા સ્વયંવરોમાં આવી ગતિ થાય નહિ એટલા માટે આપણે પરાક્રમ કરવું જોઇએ."[૧૧]

આ પ્રમાણે કહીને પરિઘના જેવા બાહુવાળા તે ખીલેલા રાજશાર્દૂલો હથિયાર લઇને દ્રુપદને મારવા માટે દોડ્યા.[૧૨] તે વખતે ક્રોધ કરીને હાથમાં ધનુષ લઇને દોડતા તે ઘણા રાજાઓને જોઇને દ્રુપદરાજા ત્રાસ પામી બ્રાહ્મણોને શરણે ગયો.[૧૩] ત્યારે મદ ઝરતા હાથીઓની પેઠે વેગવડે દોડતા તે રાજાઓને જોઇને મહા ધનુર્ધારી અને શત્રુઓને દમનારા એવા ભીમસેન અને અર્જુન સામે આવ્યા,[૧૪] એટલે જેમણે આંગળીઓનાં રક્ષણને માટે ઘોનાં ચામડાં બાંધેલાં એવા રાજાઓ હથિયારો ઉગામી અર્જુન તથા ભીમસેનપર ઈર્ષ્યા લાવીને તે કુરુરાજના પુત્રોને મારવાની ઇચ્છાથી તેઓના પર તૂટી પડ્યા.[૧૫] પછી અદ્ભુત ભયંકર કર્મ કરનારા અને વજ્રના જેવા સારવાળા તથા વીરોમાં મુખ્ય એવા મહાબલવાન ભીમસેને બે હાથવતી એક ઝાડ ઉપાડીને તેને ગજેંદ્રની પેઠે નિષ્પત્ર કરી નાખ્યું;[૧૬] અને દંડધારી યમરાજ જેમ ઉગ્ર દંડ ધારણ કરે, તેમ તે ઝાડ ઉપાડીને શત્રુનું મથન કરનારો તથા પુષ્ટ લાંબા હાથવાળો ભીમસેન પુરુષશ્રેષ્ઠ અર્જુનની સમીપમાં આવીને ઉભો રહ્યો.[૧૭] દૈવી બુદ્ધિવાળો, અચિંત્ય ચરિત્રવાળો અને મહેંદ્રના જેવાં કર્મવાળો અર્જુન પોતાના ભાઈનું તે કર્મ જોઈને વિસ્મય પામ્યો અને ભયરહિત થઇને ધનુષ લઈ લડવા ઉભો રહ્યો.[૧૮] ભાઈએ સહિત અર્જુનના આવા કર્મને જોઇને અમાનુષ બુદ્ધિવાળા તથા અચિંત્ય કર્મવાળા દામોદર પોતાના ઉગ્ર વીર્યવાળા હલધારી ભાઈ બલરામને આ પ્રમાણે કહેવા લાગ્યા:–[૧૯] "હે સંકર્ષણ ! જે આ સિંહ અને વૃષભના જેવી ચાલવાળો તાડપુર ધનુષને ખેંચે છે, એ પોતે અર્જુન છે. જો હું પોતે વાસુદેવ હોઉં તો એ વાતમાં જરાએ સંશય નથી.[૨૦] વળી જે આ વૃક્ષને બલવડે ભાગીને રાજાઓના પરાભવમાં એકાએક પ્રવૃત્ત થયેલો છે, તે વૃકોદર ભીમ છે; કારણ કે તેનાવિના આ પૃથ્વીમાં બીજો કોઇ યુદ્ધમાં આવું કામ કરવા સમર્થ નથી.[૨૧] વળી કમલના જેવાં લાંબાં નેત્રવાળા, પાતળા, મહાન સિંહના જેવી ચાલવાળા, વિનમ્ર ગૌરવર્ણના અને લાંબી તથા ઉજ્જ્વલ સુંદર નાસિકાવાળા જે સભામાંથી પ્રથમ ચાલ્યા ગયા હતા, તે હે અચ્યુત ! ધર્મપુત્ર યુધિષ્ઠિર હતા[૨૨] અને કાર્તિકસ્વામીના જેવા જે બે કુમારો હતા, તે નકુલ અને સહદેવ હતા, એમ હું તર્ક કરૂં છું. મારા સાંભળવામાં આવ્યું છે, કે પાંડવો અને પૃથા લાક્ષાગૃહના દાહથી બચી ગયાં છે."[૨૩]

આ સાંભળીને નિર્જલ આભલાંના જેવા વર્ણવાળા હલાયુધ બલરામને ખાત્રી થઇ અને પોતાના ભાઈ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા કે:–"ફોઇ કુંતીને પાંડવોની સાથે લાક્ષાગૃહથી મુક્ત થયેલાં જાણીને હું ઘણો પ્રસન્ન થયો છું."[૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સ્વયંવરપર્વવિષે કૃષ્ણવાક્ય નામનો અધ્યાય ૧૮૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૦ મો–અર્જુન તથા ભીમસેનનું પરાક્રમ અને વિજય

॥ वैशंपायन उवाच ॥

अजिनानि विधुन्वन्तः करकांश्च द्विजर्षभाः ॥
ऊचुस्ते भीर्न कर्तव्यावयं योत्स्यामहे परान् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પછી બ્રાહ્મણશ્રેષ્ઠો પોતાનાં મૃગચર્મો અને કમંડલુઓને વિંઝતા કહેવા લાગ્યા કેઃ–"તમે બીશો નહિ, અમે શત્રુઓની સાથે યુદ્ધ કરીશું."[૧] આ પ્રમાણે બોલતા બ્રાહ્મણોને અર્જુન જરા હસીને કહેવા લાગ્યો કેઃ–"તમે બધા પ્રેક્ષક થઇને એક બાજુ ઉપર ઉભા રહો;[૨] હું એમને સીધાં ફલકવાળાં સેંકડો બાણો છોડીને ક્રોધ પામેલા સર્પોને મંત્રવડે જેમ રોકી દે તેમ રોકી દઇશ."[૩] આવું કહી સ્વયંવરની પ્રતિજ્ઞામાં મળેલું ધનુષ નમાવીને મહાબલવાન અર્જુન પોતાના ભાઈ ભીમસેનની જોડે અડગ પર્વતની પેઠે ઉભો રહ્યો.[૪] તે પછી કર્ણ વગેરે યુદ્ધકલામાં દુર્મદવાળા ક્ષત્રિયોને જોઇને ભયરહિત એવા અર્જુન અને ભીમ હાથીઓની સામે બે હાથીઓ દોડે તેમ તેમની સામે પહોંચ્યા,[૫] એટલે યુદ્ધ કરવાની ઇચ્છાવાળા તે રાજાઓ કઠોર વાણી બોલવા લાગ્યા કેઃ–"યુદ્ધમાં લડવા ઇચ્છતા બ્રાહ્મણોનો પણ વધ કરવો એમ શાસ્ત્રમાં કહેલું છે."[૬] આ પ્રમાણે કહીને તે રાજાઓ એકદમ બ્રાહ્મણોના તરફ દોડ્યા. પછી મહા તેજસ્વી કર્ણ ઋતુવાળી હાથિણીને માટે જેમ એક હાથી સામા હાથીના તરફ જાય, તેમ યુદ્ધ કરવા માટે સંગ્રામમાં અર્જુનની સામે ગયો. મદ્ર દેશનો બલવાન રાજા શલ્ય ભીમસેનની સામે લડવા આવ્યો અને દુર્યોધન વગેરે સઘળા રાજાઓ બ્રાહ્મણોની સામે યુદ્ધમાં અલ્પ યત્નથી કોમલતાપૂર્વક યુદ્ધ કરવા લાગ્યા.[૯] તે પછી ધસી આવતા વૈકર્તન કર્ણને શ્રીમાન અર્જુને પોતાનું બલવાન ધનુષ ખેંચીને તીવ્ર બાણોથી વિંધી નાખ્યો.[૧૦] તીવ્ર તેજવાળાં અને તીક્ષ્ણ એવાં તે બાણોના વેગથી મોહ પામતો કર્ણ પ્રયત્નથી અર્જુનની સામે દોડ્યો.[૧૧] આમ વિજયીમાં શ્રેષ્ઠ અને અન્યોન્યને જીતવાની ઇચ્છા કરતા તથા શીઘ્રતાને લીધે આ અમુક છે, એમ ન જણાતા એવા તે બન્ને ક્રોધ કરીને યુદ્ધ કરવા લાગ્યા;[૧૨] તથા "તારાં બાણોની સામે હું કેવાં બાણો છોડું છું, મારા બાહુબલને તું જો." આવાં શૂરાતનભરેલાં વચનો પરસ્પર બોલવા લાગ્યા.[૧૩] પછી અર્જુનના બાહુબલને પૃથ્વીમાં અતુલ જાણીને વૈકર્તન કર્ણ સાવધ થઇને લડવા લાગ્યો [૧૪] અને તેણે, અર્જુને છોડેલાં વેગવાળાં બાણોને કાપી નાખી મોટેથી ગર્જના કરી.તે જોઇને સૈનિકોએ તેને ધન્યવાદ આપ્યો.[૧૫] પછી કર્ણ બોલ્યોઃ–"હે વિપ્રમુખ્ય! યુદ્ધમાં તારા બાહુબલથી, અવિશ્રાંત ઉદ્યોગથી તથા શસ્ત્રાસ્ત્રના ઉપર તારા વિજયથી હું ઘણો સંતોષ પામ્યો છું.[૧૬] હે બ્રાહ્મણશ્રેષ્ઠ! શું તું સાક્ષાત્ ધનુર્વેદ છે? કે તું પરશુરામ છે? હું તો ધારૂં છું કે તું સાક્ષાત્ ઇંદ્ર અથવા વિષ્ણુ પોતાના સ્વરૂપને ગુપ્ત રાખવા બાહુબલનો આશ્રય કરીને બ્રાહ્મણરૂપથી મારી સાથે યુદ્ધ કરે છે;[૧૮] કારણ કે યુદ્ધમાં કોપેલા એવા મારી સાથે સાક્ષાત શચીપતિ ઇંદ્ર અથવા પાંડુપુત્ર કિરીટીસિવાય બીજો પુરુષ યુદ્ધ કરવા સમર્થ થાય નહિ."[૧૯] આ પ્રમાણે બોલતા કર્ણપ્રત્યે અર્જુને કહ્યુંઃ– "હે કર્ણ! હું ધનુર્વેદ નથી તેમ પ્રતાપવાન પરશુરામ પણ નથી;[૨૦] હું તો સર્વ શસ્ત્રધારીમાં અને યુદ્ધ કરનારામાં શ્રેષ્ઠ એવો બ્રાહ્મણ છું તથા ગુરુના ઉપદેશથી બ્રહ્માસ્ત્ર અને ઐંદ્રાસ્ત્રમાં નિપુણ છું.[૨૧] હે વીર! યુદ્ધમાં તને જીતવાને હું ઉભો છું, માટે તું પણ સ્થિર થઇને યુદ્ધ કર."

વૈંશપાયન કહે છેઃ–આ પ્રમાણે જ્યારે અર્જુને કહ્યું, ત્યારે બ્રહ્મતેજને અજિત માનતો મહારથ રાધાપુત્ર કર્ણ યુદ્ધથી નિવૃત્ત થયો. બીજી બાજુના રણપ્રદેશમાં વિદ્યા અને બલથી યુદ્ધ કરવામાં યોગ્ય એવા બલવાન વીર ભીમ-

સેન તથા શલ્ય મદમત્ત મોટા હાથીઓની પેઠે એકમેકને હાંક મારતા અને મુક્કી તથા લાતથી પરસ્પરને હણુતા હતા. વળી તેઓ એકમેકને દૂર ફેંકતા, પાસે ખેંચતા, સન્મુખ પછાડતા તથા આડા પાડતા ઘસડવા લાગ્યા અને મુક્કીઓનો માર મારવા લાગ્યા. તે બન્નેના પ્રહારથી ત્યાં ઘોર એવો ચડચડાટ શબ્દ થવા લાગ્યો.[૨૨-૨૬] આ રીતે બે ઘડી સુધી તેઓ પથ્થર પડતા હોય તેવા પ્રહારથી એકમેકને હણુતા હતા તથા ચોમેર ખેંચતા હતા.[૨૭] પછી યુદ્ધમાં કુરુશ્રેષ્ઠ ભીમે બે હાથવડે શલ્યને ઉપાડી જમીનપર પટક્યો. તે વખતે બધા બ્રાહ્મણો હસવા લાગ્યા.[૨૮] ત્યાં પુરુષોમાં શ્રેષ્ઠ એવા ભીમસેને એક આશ્ચર્ય કર્યું કે, બલવાન શલ્યને જમીનપર પછાડતાં પણ તેને એ બલવાને મારી નાખ્યો નહિ.[૨૯] આ રીતે ભીમસેને શલ્યને પછાડ્યો અને કર્ણ પણ શંકિત થઇને યુદ્ધથી હઠી ગયો. તે વખતે સર્વ રાજાઓને શંકા થઈ અને તે બધા ભીમસેનની આજુબાજુ વીંટાઇ વળ્યા[૩૦] તથા સાથે મળીને કહેવા લાગ્યા કે:–"આ બે શ્રેષ્ઠ બ્રાહ્મણો ઉત્તમ યોદ્ધા છે, માટે આપણે પૂછો કે એઓ ક્યાં જન્મ્યા છે? અને ક્યાં રહે છે![૩૧] કારણ કે રાધાપુત્ર કર્ણની સાથે પરશુરામ, દ્રોણ, પાંડુપુત્ર કિરીટી, દેવકીપુત્ર કૃષ્ણ અથવા શરદ્વાનના પુત્ર કૃપાચાર્યવિના બીજો કોણ રણમાં યુદ્ધ કરવા સમર્થ થાય? વળી દુર્યોધનની સામે રણમાં કોણ લડવા સમર્થ થઈ શકે?[૩૩] તેમજ બલવાનોમાં શ્રેષ્ઠ એવા મદ્રાધિપતિ શલ્યને વીર બલદેવ અથવા પાંડુપુત્ર વૃકોદર કે વીર દુર્યોધનવિના બીજો યુદ્ધમાં કોણ પાડી શકે! માટે આ બ્રાહ્મણોથી ભરપૂર એવું યુદ્ધ બંધ કરો;[૩૫] કારણકે બ્રાહ્મણો અપરાધવાળા હોય તોપણ તેઓ સદા રક્ષણ કરવા યોગ્ય ગણાય છે. વળી જ્યારે કોઇવાર પ્રસંગ આવશે, ત્યારે આપણે ખુશીથી પાછા એમની સાથે લડીશું."[૩૬]

આ પ્રમાણે સર્વ રાજાઓને તથા અન્ય પુરુષોંને બોલતા જોઈને, યુદ્ધમાં પરાક્રમ કરી ભીમસેન તથા અર્જુન શાંત થયા.[૩૭]

વૈંશપાયન કહે છેઃ–ભીમસેનના તે પરાક્રમને જોઈને તે બન્ને કુંતીના પુત્રો છે, એવી શંકાવાળા શ્રીકૃષ્ણે 'એ બ્રાહ્મણે ધર્મથી દ્રૌપદીને મેળવી છે' એમ સર્વ રાજાઓને સમજાવીને યુદ્ધથી નિવૃત્ત કર્યા.[૩૮] આ રીતે યુદ્ધથી નિવૃત્ત થયેલા તે યુદ્ધકુશલ એવા સર્વે શ્રેષ્ઠ રાજાઓ વિસ્મય પામીને પોતપોતાના સ્થાનમાં ચાલતા થયા.[૩૯] વળી ત્યાં જે બીજાઓ આવ્યા હતા, તે પણ "રંગભૂમિમાં બ્રાહ્મણજાતિની શ્રેષ્ઠતા સિદ્ધ થઈ અને દ્રૌપદીને બ્રાહ્મણે ગ્રહણ કરી" એમ બોલતા પોતપોતાના સ્થાનમાં ગયા.[૪૦] પછી રુરુ મૃગના ચર્મને ધારણ કરનારા બ્રાહ્મણોથી ઢંકાઇ ગયેલા ભીમસેન અને અર્જુન પણ ભીડમાંથી કષ્ટવડે માર્ગ મેળવીને ઉતારે જવા નીકળ્યા.[૪૧] જનસમૂહથી છૂટા પડેલા અને શત્રુથી જેમનાં શરીરમાં ક્ષત પડેલાં એવા તે પુરુષોમાં વીર એવા ભીમસેન અને અર્જુન પાછળ આવતી દ્રૌપદીની સાથે પૂર્ણિમાને દિવસે મેઘથી મુક્ત એવા ઉદય પામેલા સૂર્યચંદ્રની પેઠે શોભવા લાગ્યા. જ્યારે ભિક્ષાનો સમય થવા છતાં પોતાના પુત્રો ઘેર આવ્યા નહિ, ત્યારે પાંડવોની માતા અનેક પ્રકારના વિનાશની સંભાવના કરવા લાગ્યાં કે:–"એઓને કુરુઓમાં શ્રેષ્ઠ એવા પાંડવો છે એમ જાણીને ધૃતરાષ્ટ્રના પુત્રોએ મારી નાખ્યા તો નહિ હોય?[૪૪] અથવા દૃઢ વૈરવાળા અતિશય ક્રૂર અને માયાવી એવા રાક્ષસોએ તો તેમને માર્યા નહિ હોય? અરેરે, મહાત્મા વ્યાસનું કહેવું પણ વિપરીત થયું કે શું?"[૪૫]

આ પ્રમાણે પુત્રસ્નેહથી યુક્ત એવાં કુંતી ચિંતા કરતાં હતાં, તે વખતે પાછલો પહોર થયેલો હતો. લોકો ઘણુા ખરા સૂતેલા હતા, ત્યારે મેઘથી ઢંકાયલા દિવસમાં ઘનોથી વીંટાયલા સૂર્યની પેઠે બ્રાહ્મણોની સાથે અર્જુને તે કુંભારના સ્થાનમાં પ્રવેશ કર્યો.[૪૬-૪૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સ્વયંવરપર્વવિષે પાંડવપ્રત્યાગમન નામનો અધ્યાય ૧૯૦મો સમાપ્ત.

અધ્યાય ૧૯૧ મો–પાંડવોના મુકામમાં રામકૃષ્ણ

॥ वैशंपायन उवाच ॥

गत्वा तु तां भार्गव कर्मशालां पार्थौपृथां प्राप्य महानुभावौ ॥ तां याज्ञसेनीं परमप्रतीतौ भिक्षेत्यथा वेदयतां नराग्र्यौ ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ–પછી મહાન મહિમાવાળા એવા પુરુષશ્રેષ્ઠ અર્જુન અને ભીમસેન તે કુંભારની કર્મશાલામાં ગયા અને ત્યાં કુંતીની પાસે જઈ પરમ પ્રસન્ન થઇને " મા, અમે ભિક્ષા લાવ્યા " એમ સાથે આણેલી દ્રૌપદીના સંબંધમાં બોલ્યા.[૧] તેવખતે કુંતી માતા ઓરડીમાં હતાં એટલે તેમણે પુત્રોને જોયા વિનાજ કહ્યું કેઃ–"બધા મળીને એનો ઉપભોગ કરો." પછી બહાર આવીને કુંતીએ દ્રૌપદીને જોઈ એટલે તે બોલ્યાં કેઃ–" મેં કષ્ટકારક વચન કહ્યું છે!"[૨] પછી અધર્મથી ભય પામતાં કુંતી વિચાર કરીને પરમ પ્રસન્ન એવાં તે યાજ્ઞસેનીનો હાથ પકડીને યુધિષ્ઠિરની પાસે ગયાં અને આ પ્રમાણે બોલ્યાં.[૩]

કુંતી કહે છેઃ–" હે પુત્ર! આ દ્રુપદ રાજાની પુત્રીને લઇને તમારા બે નાના ભાઈઓ આવ્યા અને તેમણે 'ભિક્ષા લાવ્યા' એમ કહ્યું; એટલે મેં પણ દ્રૌપદીને ન જાણતાં ભિક્ષા છે એમ જાણીને 'બધા મળીને ઉપભોગ કરો' એમ કહ્યું.[૪] હે કુરુકુલમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર! હવે મારૂં વચન આજે કેવી રીતે મિથ્યા ન થાય અને પંચાલરાજની પુત્રીને શું કરવાથી (અધિક પતિ થવા રૂપી) અધર્મ ન થાય તથા તે અધર્મથી એ કેવી રીતે સંસારભ્રમણમાં ન પડે ? તે તમે કહો."[૫]

વૈશંપાયન કહે છેઃ–આવાં કુંતી માતાનાં વચન સાંભળીને મનુષ્યોમાં વીર એવા તે બુદ્ધિમાન રાજાએ બે ઘડી વિચાર કર્યો; પછી માતાનું આશ્વાસન કરીને તે કુરુવીરે ધનંજયને આ પ્રમાણે વચન કહ્યુંઃ–[૬] " હે ફાલ્ગુન! તેં આ યાજ્ઞસેનીને જીતી છે અને તારી જોડેજ એ રાજપુત્રી શોભશે, માટે હે શત્રુને સહન કરનારા! તું અગ્નિ પ્રદીપ્ત કર અને આ દ્રૌપદીનો હાથ વિધિથી ગ્રહણ કર."[૭]

અર્જુન કહે છેઃ–" હે નરેંદ્ર! મને તમે અધર્મનો ભોક્તા કરશો નહિ; તમે મને જે ધર્મ કહ્યો તે શાસ્ત્રમાં જણાતો નથી. પ્રથમ તમારાં લગ્ન થવાં જોઇએ, પછી અચિંત્ય કર્મવાળા મહાબાહુ ભીમસેનનાં, પછી મારાં અને મારા પછી નકુલનાં અને તે પછી વેગવાળા સહદેવનાં લગ્ન થવાં જોઇએ. હે રાજન્! વૃકોદર, હું, નકુલ, સહદેવ અને આ કન્યા, એ બધાં તમારી આજ્ઞાને આધીન છીએ;[૯] માટે તમે આ સ્થિતિમાં જે ધર્મયુક્ત અને યશસ્વી કર્તવ્ય હોય તેનો વિચાર કરીને તે પ્રમાણે કરો. વળી જેમાં પંચાલરાજનું હિત સમાયલું હોય તેનો વિચાર કરીને અમને આજ્ઞા કરો. અમે બધાં તમારે આધીન છીએ."[૧૦]

વૈશંપાયન કહે છેઃ–અર્જુનનાં આવાં ભક્તિયુક્ત અને સ્નેહયુકત વચન સાંભળીને, પાંડવો દ્રૌપદીની સામે જોવા લાગ્યા.[૧૧] પોતાના તરફ જોતી યશસ્વિની દ્રૌપદીને જોઈને પરસ્પરને જોતા બેઠેલા તે પાંડવો હૃદયથી દ્રૌપદીનું ધ્યાન કરવા લાગ્યા.[૧૨] અતુલ તેજવાળા તે બધાઓને, દ્રૌપદીને જોવાથી ઇંદ્રિયસમૂહને મથન કરીને કામ ઉત્પન્ન થયો;[૧૩] કારણ કે વિધાતાએ પોતેજ દ્રૌપદીનું ઇચ્છવા યોગ્ય રૂપ નિર્મ્યું હતું, કે જે સર્વ સ્ત્રીઓના કરતાં અધિક અને સર્વ પ્રાણીનાં મનને હરણ કરે તેવું હતું.[૧૪] તે બધાના આકાર ઉપરથી તેમનો અભિપ્રાય જાણીને કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિર દ્વૈપાયન વ્યાસનાં સમગ્ર વચનને યાદ કરવા લાગ્યા.[૧૫] પછી પરસ્પરમાં ભેદ ઉત્પન્ન થવાના ભયથી રાજા યુધિષ્ઠિરે ભાઇઓને કહ્યું કેઃ–" આ શુભ એવી દ્રૌપદી આપણ સર્વેની ભાર્યા થશે. "[૧૬]

વૈશંપાયન કહે છેઃ–પોતાના મોટા ભાઈનાં આવાં વચન સાંભળીને તે વખતે સર્વે પ્રૌઢ મન-

વાળા પાંડુપુત્રો મનમાં તેજ અર્થનો વિચાર કરતા શાંત બેઠા.[૧૭] એટલામાં વૃષ્ણિઓમાં મુખ્ય એવા શ્રીકૃષ્ણ તેઓ કુરુવીર પાંડવો છે એમ માનતા બલરામને સાથે લઇને તે પુરુષવીર પાંડવોએ મુકામ કર્યો હતો ત્યાં કુંભારની કર્મશાળામાં આવ્યા.[૧૮]ત્યાં બલરામે સહિત શ્રીકૃષ્ણે વિશાલ અને લાંબા બાહુવાળા અજાતશત્રુ યુધિષ્ઠિરને અગ્નિના જેવા પ્રકાશવાળા પોતાના ભાઇઓની સાથે બેઠેલા જોયા;[૧૯]એટલે વાસુદેવે ધર્મધારીમાં શ્રેષ્ઠ એવા અજમીઢવંશોદ્ભવ કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાની પાસે જઇને તેમના ચરણમાં વંદન કરી "હું કૃષ્ણ છું" એ પ્રમાણે કહ્યું.[૨૦] તેમજ તેમના પછી બલરામે પણ વંદન કર્યું અને તે બન્નેને પ્રસન્ન થયેલા પાંડવોએ અભિનંદન આપ્યું.પછી હે ભારતમુખ્ય! યદુવીર એવા શ્રીકૃષ્ણ તથા બલરામે પોતાની ફોઇના ચરણમાં પણ વંદન કર્યું.[૨૧] તે પછી કુરુપ્રવીર અજાતશત્રુ યુધિષ્ઠિરે કૃષ્ણને ક્ષેમકુશલ જોઇને પૂછ્યું કે:-"હે વાસુદેવ! અમે બધા અહીં ગુપ્ત રીતે રહીએ છીએ તેમ છતાં તમે અમને શી રીતે ઓળખી શક્યા?"[૨૨] ત્યારે હાસ્ય કરીને વાસુદેવે કહ્યું કે:-"હે રાજન્! અગ્નિ ગુપ્ત હોય તોપણ તે ઓળખાય છેજ. પાંડવોવિના એવું પરાક્રમ મનુષ્યોમાં બીજો કોણ કરી શકે એમ છે?[૨૩] શત્રુને યુદ્ધમાં સહન કરનારા એવા તમે પાંડુપુત્રો ઘોર અગ્નિથી મુક્ત થયા એ બહુ સારૂં થયું અને ધૃતરાષ્ટ્રનો પાપી પુત્ર પ્રધાને સહિત નિષ્ફલ મનોરથવાળો થયો એ પણ સારૂં થયું.[૨૪] હે પાંડુપુત્રો! તમારી બુદ્ધિગુહામાં જે કલ્યાણ રહેલું છે તે તમને પ્રાપ્ત થાઓ અને વૃદ્ધિ પામતા અગ્નિની પેઠે તમે વૃદ્ધિ પામો.હવે તમને કોઇપણ રાજાઓ જાણી જાય નહિ, એટલામાટે અમે અમારા નિવાસસ્થાનમાં જઇશું." પછી પાંડવે આજ્ઞા આપી એટલે અવિનાશી લક્ષ્મીવાળા શ્રીકૃષ્ણ બલદેવની સાથે ત્યાંથી પોતાના સ્થાનમાં ગયા.[૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સ્વયંવરપર્વવિષે રામકૃષ્ણાગમન નામનો અધ્યાય ૧૯૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૨ મો-ધૃષ્ટદ્યુમ્ન પાંડવોની તપાસ કરીને પાછો ગયો.

॥ वैशंपायन उवाच ॥

धृष्टद्युम्नस्तु पांचाल्यः पृष्ठतः कुरुनन्दनौ ॥
अन्वगच्छत्तदायांतौ भार्गवस्य निवेशने ॥१॥

વૈશંપાયન કહે છેઃ-જ્યારે ભીમ તથા અર્જુન કુંભારને ત્યાં જવા નીકળ્યા,ત્યારે પંચાલરાજનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તેમની પાછળ પાછળ ગયો[૧] અને પાંડવો તથા બીજા કોઇને ખબર પડે નહિ તેમ તે કુંભારના ઘરમાં પાંડવોની નજીકમાંજ છુપાઈ રહ્યો;તથા તેણે ચોમેર પોતાનાં માણસોને સાવધાન રીતે ચોકી કરવા મૂકી દીધાં.[૨] પછી શત્રુનું મથન કરનારા ભીમસેન, અર્જુન તથા મહાનુભાવ એવા નકુલ અને સહદેવ ભિક્ષા લઇને આવ્યા અને તે ભિક્ષા ઉદાર મનવાળા તે બધાએ યુધિષ્ઠિરને નિવેદન કરી.[૩] તે પછી ઉદાર ચિત્તવાળાં કુંતીએ દ્રુપદ રાજાની પુત્રીને સમયોચિત વચન કહ્યું કે:-"હે ભદ્રે! આ અન્નમાંથી પ્રથમ ભાગ લઇને તું બલિકર્મ કર અને બ્રાહ્મણોને ભિક્ષા આપ[૪] તથા આપણા આશ્રયમાં ચોમેર રહેલાં મનુષ્યોમાંથી જેઓ અન્નની ઇચ્છા રાખતાં હોય તેમને અન્ન આપ. તે પછી બાકી રહેલા અન્નમાંથી ઝટ બે ભાગ કરીને એક ભાગમાંથી ચાર ભાઇઓના ચાર, એક મારો અને એક તારો, એમ છ ભાગ કર તથા અર્ધો રહેલો ભાગ જે આ હસ્તિરાજના તુલ્ય રૂપવાળો, ગૌર, યુવાન અને દૃઢ અંગવાળો ભીમ છે તેને આપ; કારણ કે એ વીરને હમેશ ઘણું ખાવા જોઈએ છે."[૫,૬]

આવાં કુંતીનાં વચન સાંભળીને પોતાનાં

કલ્યાણુનો તર્ક કરતી તથા પ્રસન્ન જણાતી એવી સાધ્વી રાજપુત્રીએ તેમના કહેવા પ્રમાણે સઘળું કર્યું અને સઘળા પાંડવોએ તે અન્નનું ભોજન કર્યું.[૭] પછી માદ્રીના વેગવાળા પુત્ર સહદેવે પૃથ્વીપર દર્ભ પાથરીને સર્વની પથારી કરી એટલે બધા વીરો તે પૃથ્વીપર પોતપોતાનાં મૃગચર્મો પાથરીને તેપર સૂતા.[૮] તે કુરુશ્રેષ્ઠ પાંડવો દક્ષિણ તરફ માથાં કરીને સૂતા હતા તથા કુંતી તેમનાં માથાં તરફ સૂતાં હતાં, એટલે દ્રૌપદી તેઓના પગ તરફ સૂતી.[૯] આ રીતે દ્રૌપદી પાંડુપુત્રોની સાથે જમીનપર દર્ભની પથારીમાં તેમના પગનાં ઓશિકાંની પેઠે સૂતી તોપણ તેના મનમાં જરાએ દુઃખ થયું નહિ તેમ તેણે પાંડવોનું અપમાન પણ કર્યું નહિ.[૧૦] સૂતા પછી તે શૂરાઓએ સેનાપતિને યોગ્ય એવી વિચિત્ર વાતો કરવા માંડી તથા દિવ્ય અસ્રો, રથો, હાથીઓ, ખડ્ગો, ગદાઓ અને પરશુઓના સંબંધી વાતો કરવા માંડી. તેમની ચાલતી વાતોને પંચાલરાજના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને તે વખતે સાંભળી તથા દ્રૌપદીને ત્યાં સૂતેલી જોઇ અને તેના બીજા માણસોએ પણ દ્રૌપદીને સૂતેલી જોઇ.[૧૧,૧૨] પછી રાજપુત્ર ધૃષ્ટદ્યુમ્ન તેઓની રાતે ચાલેલી વાતો તથા તેમના સર્વ વૃત્તાંતને દ્રુપદ રાજા આગળ જણાવવા માટે ત્યાંથી ઉતાવળો ચાલ્યો ગયો.[૧૩] તે વખતે મહાત્મા પંચાલરાજ દ્રુપદ પાંડવોને ન ઓળખવાથી ખિન્નરૂપ થઇને ધૃષ્ટદ્યુમ્નને પૂછવા લાગ્યો કેઃ–"કૃષ્ણા ક્યાં ગઈ? તેને કોણ લઇ ગયું ?[૧૪] કોઇ શૂદ્ર અથવા હીન વર્ણનો અથવા કર આપનારો કોઈ વૈશ્ય તો તેને નથી લઈ ગયો ને ? કાદવથી ખરડેલો પગ માથે તો મૂકાયો નથી ને? પુષ્પની માલા શ્મશાનમાં તો પડી નથી ને?[૧૫] હે પુત્ર ! દ્રૌપદીને લઇ જનારો કોઈ આપણી જાતનો ક્ષત્રિયશ્રેષ્ઠ હતો કે ઉત્તમ વર્ણનો કોઈ બ્રાહ્મણ હતો ? દ્રૌપદીને ગ્રહણ કરીને કોઇ હીન વર્ણનાએ મારે માથે પોતાનો ડાબો પગ તો નથી મૂકયો ને?[૧૬] હે મહાનુભાવ પુત્ર! શું, પુરુષોમાં શ્રેષ્ઠ એવા અર્જુનનો સંબંધ થવાથી તું અત્યંત પ્રસન્ન થયો છે? અને તેથી તને સંતાપ થતો નથી ? મારી પુત્રીને જીતનાર કોણ છે? તે તું સત્યથી મને કહી દે.[૧૭] શું, વિચિત્રવીર્યના પુત્ર જે કુરુપ્રવીર પાંડુ તેના પુત્રો જીવે છે ? શું, પૃથાના નાના પુત્ર અર્જુને આજે ધનુષ ઉપાડયું હતું અને નિશાન પાડયું હતું ?"[૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સ્વયંવરપર્વવિષે ધૃષ્ટદ્યુમ્ન પ્રત્યાગમન નામનો અધ્યાય ૧૯૨ મો સમાપ્ત.

સ્વયંવરપર્વ સમાપ્ત.

वैवाहिक पर्व

અધ્યાય ૧૯૩ મો–દ્રુપદ રાજાએ પાંડવોની પાસે પુરોહિત મોકલ્યો.

॥ वैशंपायन उवाच ॥

ततस्तथोक्तः परिहृष्टरूपः पित्रे शशंसाथ स राजपुत्रः॥ धृष्टद्युम्नः सोमकानां प्रबर्हो वृत्तं यथा येन हृता च कृष्णा ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે દ્રુપદ રાજાએ પૂછયું, ત્યારે સોમકોમાં શ્રેષ્ઠ એવો રાજપુત્ર ધૃષ્ટદ્યુમ્ન પ્રસન્ન થઈને પોતાના પિતાને, જે થયું હતું તથા જેણે દ્રૌપદીને ગ્રહણ કરી હતી તે સઘળું કહેવા લાગ્યો.[૧]

ધૃષ્ટદ્યુમ્ન બોલ્યોઃ–"લાંબાં રક્ત નેત્રવાળા અને દેવના જેવા રૂપવાળા, જે કૃષ્ણ મૃગચર્મને ધારણ કરનારા યુવાને ધનુષની પ્રત્યંચા ચઢાવી અને જેણે નિશાનને પૃથ્વીપર પાડયું,[૨] તે વેગવાળો યુવાન, શ્રેષ્ઠ બ્રાહ્મણોથી સન્માન પામતો અને કોઈથી પણ ન રોકાતો, દૈત્યોનાં ટોળાંમાંથી દેવો અને ઋષિઓથી સેવન કરાતો ઇંદ્ર જેમ નીકળે તેમ રાજસમૂહમાંથી બ્રાહ્મણોની સાથે નીકળી ચાલતો થયો,[૩] તે ત્યારે દ્રૌપદી તેનું મૃગચર્મ પકડીને હાથીની પાછળ જેમ હાથણી જાય તેમ પ્રસન્ન થતી તેની પાછળ જવા લાગી. તે વખતે અસહનતાથી ક્રોધ પામેલા

રાજાઓ તેને મારવા દોડતા હતા;[૪] એટલે બીજાએ મોટું ઝાડ ઉપાડીને રાજાઓના સમૂહમાં પ્રવેશ કર્યો અને ક્રોધ પામેલો યમરાજ જેમ દેહધારીઓને નસાડે તેમ રાજસમૂહને તે નસાડવા લાગ્યો.[૫] હે નરેંદ્ર! તે પછી રાજાઓના જોતાં સૂર્યચંદ્રની પેઠે પ્રકાશતા તે નરશ્રેષ્ઠો દ્રૌપદીને લઇને નગરની બહાર આવેલી કુંભારની કામ કરવાની શાલામાં ગયા.[૬] ત્યાં અગ્નિની જ્વાલા જેવી એક સ્ત્રી તે પુરુષોના જેવાજ ત્રણ અગ્નિતુલ્ય નરવીરોની સાથે બેઠેલી હતી, જે તેમની માતા હશે એવો મારો સબલ તર્ક છે.[૭] પછી તે બન્ને પુરુષો તેને પગે લાગ્યા અને દ્રૌપદીને પણ તેમણે પ્રણામ કરવા કહ્યું. પછી ત્યાં બેઠેલી દ્રૌપદી પોતાની માતાને સોંપીને તે શ્રેષ્ઠ પુરુષો ભિક્ષા લેવા માટે ગયા.[૮] જ્યારે ભિક્ષા લઇને તેઓ આવ્યા, ત્યારે તેમની ભિક્ષાના અન્નને લઇને દ્રૌપદીએ બલિકર્મ કર્યું તથા બ્રાહ્મણોને આપ્યું. પછી તે વૃદ્ધ માતાને તથા પાંચ પુરુષ વીરોને પીરસ્યું અને પોતે પણ ભોજન કર્યું.[૯] હે રાજન્! પછી તે બધાએ શયન કર્યું અને દ્રૌપદી પણ તેમના પગનાં ઓશિકાંની જગાએ સૂતી. તેઓની પથારી પૃથ્વીપર દર્ભ અને ઉત્તમ મૃગચર્મથી કરેલી હતી.[૧૦] સૂતાં સૂતાં તેઓ કાલમેઘના જેવી ગર્જના કરતા વિચિત્ર વાતો કરવા લાગ્યા. તે વીરો જે વાતો કરતા હતા તે બ્રાહ્મણો, વૈશ્યો અથવા શૂદ્રોને ઉપયોગની ન હતી.[૧૧] આ ઉપરથી તેઓ ક્ષત્રિયશ્રેષ્ઠો છે, એમાં મને સંશય રહેતો નથી; અને હે રાજન્! એ તેમનું યુદ્ધજ કહી આપતું હતું, એટલે આપણી આશા જરૂર સફલ થઈ છે. વળી આપણે સાંભળ્યું પણ છે કે, પાંડવો અગ્નિદાહથી બચી ગયા છે.[૧૨] જે રીતે તેણે બલથી ધનુષ ચઢાવ્યું અને નિશાન પાડ્યું તથા જે રીતે તેઓ પરસ્પર વાતો કરે છે તે ઉપરથી મને નિશ્ચય થાય છે કે, તે ગુપ્ત વેશથી ફરતા પાંડવોજ છે."[૧૩]

આ સાંભળીને દ્રુપદ રાજા બહુ પ્રસન્ન થયો અને તેણે પોતાના પુરોહિતને બોલાવી પાંડવોની પાસે મોકલ્યો તથા તેની સાથે પૂછાવ્યું કેઃ–'તમે મહાત્મા એવા પાંડુના પુત્રો છો કે કેમ? તે તમને અમે જાણવા ઇચ્છીએ છીએ.'[૧૪] રાજાનો સંદેશો લઇને પુરોહિત પાંડવોને મુકામે ગયો અને તેમની પ્રશંસા કરીને દ્રુપદ રાજાનાં સમગ્ર વાક્યો અનુક્રમથી યથાર્થ રીતે કહેવા લાગ્યોઃ–[૧૫] "હે વરદાનને માટે યોગ્ય પુરુષો! વરદાન આપનારા પૃથ્વીપતિ પંચાલ રાજા તમે કોણ છો, તે જાણવા ઇચ્છે છે; કારણ કે આ લક્ષ્ય વિંધનારને જોઇને તેના હર્ષનો પાર રહ્યો નથી;[૧૬] માટે તમે તમારાં જ્ઞાતિ, કુલ વગેરે મને કહો અને શત્રુઓનાં માથાંપર પગ મૂકો તથા મારા હૃદયને અને સગાંઓ સાથે પંચાલરાજને અત્યંત આનંદિત કરો.[૧૭] પાંડુરાજા, દ્રુપદ રાજાના આત્મા જેવા પ્રિય મિત્ર હતા, એટલે દ્રુપદ રાજાની એવી ઇચ્છા હતી કે આ મારી પુત્રીને હું પાંડુરાજાના પુત્ર સાથે આપીશ.[૧૮] હે અનિંદિત અંગવાળા! દ્રુપદ રાજાના મનમાં નિત્ય એજ મનોરથ રહેલો હતો કે, વિશાલ અને લાંબા બાહુવાળો અર્જુન આ મારી પુત્રીને ધર્મપૂર્વક ગ્રહણ કરે.[૧૯] જો એમ કરાય તો તે સારૂં કરેલું ગણાય અને તે મારો યશ વધારનારૂં, પુણ્યરૂપ અને હિતકારક કહેવાય."

આ પ્રમાણે વાક્યો કહીને વિનીત થઈ ઉભા રહેલા પુરોહિતને જોઇ રાજા યુધિષ્ઠિરે પોતાની પાસે રહેલા ભીમને આ પ્રમાણે કહ્યું કેઃ–"આમને પાદ્ય, અર્ઘ્ય વગેરે આપો; કારણ કે એ દ્રુપદ રાજાના પૂજ્ય પુરોહિત છે, માટે આપણે એમની અધિક પૂજા કરવી જોઇએ."[૨૦,૨૧] હે નરેંદ્ર! પછી ભીમે તે પ્રમાણે પૂજા કરી અને તે પૂજાને હર્ષથી સ્વીકારીને પુરોહિત સુખરૂપ બેઠા, ત્યારે યુધિષ્ઠિર તે બ્રાહ્મણને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૨૨] "દ્રુપદરાજાએ પોતાના ક્ષત્રિયધર્મને યોગ્ય સ્વયંવર કરીને પોતાની પુત્રી આપી છે, કંઈ ઇચ્છાથી આને આપી નથી; એટલે દ્રુપદ રાજાએ નિશાન પાડવાના પણરૂપી મૂલ્યથી આપવા ધારેલી કન્યાને આ વીરે તે પ્રમાણે કાર્ય કરીને મેળવી છે.[૨૩] તે સ્વયંવરમાં વર્ણ, શીલ, કુલ અથવા ગોત્રની

શરત કરી ન હતી; પરંતુ જે ધનુષ સજ્ય કરે અને લક્ષ્ય વિંધે તેનેજ તે કન્યા આપવા કહ્યું હતું;[૨૪] અને તે પ્રમાણે આ મહાત્માએ રાજાઓના સમૂહમાં દ્રૌપદીને વિજયથી પ્રાપ્ત કરી છે. આ રીતે કાર્ય થવાથી હવે દ્રુપદ રાજાએ દુઃખ આપનારો સંતાપ કરવો, એ યોગ્ય નથી.[૨૫] વળી દ્રુપદરાજાની જે કામના છે તે પણ પૂર્ણ થશે;અને હે બ્રાહ્મણ! આ અમારે માટે યોગ્ય સ્વરૂપવાળી રાજકન્યા છે એમ હું સારીરીતે માનું છું.[૨૬] વળી તેવા ધનુષની પ્રત્યંચા અલ્પ બલવાળાથી ચઢાવી શકાયજ નહિ, તેમ તેવા નિશાનને અસ્ત્રવિદ્યાના અભ્યાસવિનાનો અથવા હીન જાતિમાં ઉત્પન્ન થયેલો પાડી પણ શકે નહિ;[૨૭] માટે પોતાની પુત્રીને નિમિત્તે પંચાલરાજ હવે સંતાપ કરવા યોગ્ય નથી, કારણ કે પૃથ્વીમાં કોઇ મનુષ્યથી હવે તે પાડેલું નિશાન ન પાડેલું કહેવાશે નહિ."[૨૮] યુધિષ્ઠિર આ પ્રમાણે કહેતા હતા, તે વખતે પંચાલરાજાની પાસેથી એક બીજો પુરુષ ત્યાં ભોજનની તૈયારી થઈ છે, એમ જણાવવા માટે દોડતો આવી પહોંચ્યો.[૨૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વૈવાહિકપર્વવિષે પુરોહિતયુધિષ્ઠિરસંવાદ નામનો અધ્યાય ૧૯૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૪ મો–પાંડવોની પરીક્ષા

॥ दूत उवाच ॥

जन्यार्थमन्नं द्रुपदेन राज्ञा विवाहहेतोरुपसंस्कृतं च ॥ तदाप्नुवध्वं कृतसर्वकार्याः कृष्णां च तत्रैव चिरं न कार्यम् ॥१॥

દૂત બોલ્યોઃ–" દ્રુપદરાજાએ વિવાહના નિમિત્તમાં જાનને માટે ભોજન તૈયાર કરાવ્યું છે, માટે તમે જલદી ત્યાં ચાલો અને સર્વ કાર્ય ત્યાંજ કરી લઈને વિધિપૂર્વક દ્રૌપદીનું પાણિગ્રહણ કરો, વિલંબ કરશો નહિ.[૧] આ સુવર્ણનાં કમલોવડે શોભતા અને રાજાઓને યોગ્ય એવા રથો સારા ઘોડા જોડીને અહીં આણેલા છે, તેમાં બેસીને તમે બધા પંચાલરાજને ત્યાં પધારો."[૨]

વૈશંપાયન કહે છેઃ–આવાં દૂતનાં વચન સાંભળીને કુરુકુલમાં શ્રેષ્ઠ એવા પાંડવોએ પુરોહિતને વિદાય કર્યો. પછી તેઓ મોટા રથોમાં બેસીને તથા કુંતી અને દ્રૌપદીને એક રથમાં બેસાડીને દ્રુપદરાજાને ત્યાં ગયા.[૩] હે ભારત! પુરોહિતને ધર્મરાજાએ જે વાક્યો કહેલાં, તે વચનો પુરોહિતના મુખથી સાંભળીને દ્રુપદ રાજાએ પાંડવોની પરીક્ષા કરવામાટે અનેક પદાર્થો ત્યાં એકઠા કરાવ્યા.[૪] હે રાજન્! અનેક જાતનાં ફલ–ફૂલ, તેજદાર બખ્તરો, ઢાલો, આસનો, બળદો, દોરડાં, બીજ અને બીજાં ખેતીનાં સાધનો એક જગ્યાએ તૈયાર રખાવ્યાં.[૫] બીજી જગાએ દ્રુપદરાજાએ શિલ્પકળાને ઉપયોગી વાંસલા વગેરે સર્વ ઓજારો તથા રમતનાં સર્વ સાધનો મૂકાવ્યાં.[૬] વળી પ્રકાશવાળાં કવચો, ઢાલો, મોટી તરવારો, વિવિધ જાતના ઘોડા તથા રથો, ઉત્તમ ધનુષો, વિચિત્ર બાણો, સુવર્ણથી શોભતી શક્તિઓ, ઋષ્ટિ, પ્રાશો, ભુશુંડીઓ, પરશુઓ અને બીજાં સંગ્રામમાં કામ આવે એવાં સર્વે હથિયારો મૂકાવ્યાં. તેમજ ઉત્તમ વસ્તુઓથી શણગારેલી શય્યાઓ, આસનો અને વિવિધ પ્રકારનાં વસ્ત્રો પણ ત્યાં મૂકાવ્યાં.[૭,૮] તે પછી સાધ્વી એવાં કુંતી તો દ્રૌપદીને લઇને દ્રુપદરાજાના અંતઃપુરમાંજ ગયાં.ત્યાં તે કૌરવરાજ પાંડુનાં પત્નીને ઉદાર મનવાળી સ્ત્રીઓએ આદરપૂર્વક સન્માન આપ્યું.[૯] પછી હે રાજન્! સિંહના જેવી પરાક્રમી ચાલવાળા, મોટા આખલાના જેવાં નેત્રવાળા, હાંસડીનાં હાડકાં જેમનાં માંસમાં ઢંકાઈ ગયેલાં,સર્પરાજના શરીર જેવા લાંબા બાહુવાળા અને મૃગચર્મ જેમણે ઓઢેલ

એવા પુરુષવીર પાંડવોને જોઇને દ્રુપદરાજા, દ્રુપદરાજાના પુત્રો, પ્રધાનો, સગાંસંબંધીઓ અને સઘળા સેવકો અત્યંત હર્ષ પામ્યા.[૧૦,૧૧] ત્યાં જઇને વીર એવા પાંડવો જરાપણ શંકા રાખ્યા વિના તથા આશ્ચર્ય પામ્યા વિના પગ મૂકવાના આસનોવાળાં કિંમતી ઉત્તમ આસનો ઉપર અનુક્રમે બેસી ગયા.[૧૨] પછી સોનારૂપાની થાળીઓમાં રાજાઓને ભોજન કરવાને યોગ્ય એવા નાનાવિધ પદાર્થો સ્વચ્છ વેષવાળાં દાસદાસીઓ અને રસોઈઆઓએ પિરસ્યા.[૧૩] પુરુષવીર પાંડવોએ ઇચ્છાપૂર્વક તે ભોજન કર્યું. પછી બહુ પ્રસન્ન થઈ ત્યાંથી ઉઠીને સર્વ કિંમતી વસ્તુઓ જોવાને ન રોકાતાં તે પુરુષવીરો યુદ્ધમાં ઉપયોગી એવાં હાથયારો જ્યાં ગોઠવ્યાં હતાં ત્યાં ગયા.[૧૪] તે જોઇને ધૃષ્ટદ્યુમ્ન અને દ્રુપદરાજા પોતાના મુખ્ય મંત્રીઓની સાથે પ્રસન્ન થયા તથા કુંતીના પુત્રોને કોઈ રાજેંદ્રના પુત્રો છે, એમ માનવા લાગ્યા.[૧૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વૈવાહિકપર્વવિષે યુધિષ્ઠિરાદિ પરીક્ષણ નામનો અધ્યાય ૧૯૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૫ મો–પાંચ પતિ સાથે દ્રૌપદીના લગ્નના વિચારમાં વ્યાસનું આગમન

॥ वैशंपायन उवाच ॥

तत आहूय पांचाल्यो राजपुत्रं युधिष्ठिरम् ॥
परिगृहेण ब्राह्मेण परिगृह्य महाद्युतिः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી મહા તેજસ્વી દ્રુપદરાજાએ રાજપુત્ર યુધિષ્ઠિરને બોલાવ્યા અને ઉઠીને તેમનું બ્રાહ્મણને યોગ્ય સન્માન કર્યું તથા ઉદાર મનવાળા રાજાએ તેજસ્વી એવા યુધિષ્ઠિરને પૂછ્યું કેઃ–"આપ સઘળા બ્રાહ્મણો છો? ક્ષત્રિયો છો? ગુણસંપન્ન એવા વૈશ્યો છો કે શૂદ્ર યોનિમાં ઉત્પન્ન થયેલા છો, તે અમે શી રીતે જાણી શકીએ? અથવા માયાવડે બ્રાહ્મણનાં રૂપ લઇને દ્રૌપદીને જોવા તથા મેળવવા તમે કોઇ દેવો આવ્યા છો? એ વાતમાં જે સત્ય હોય તે અમને કહો; કારણ કે અમને એમાં મોટો સંદેહ રહે છે.[૧–૪] હે પરંતપ! શું આ સંદેહની નિવૃત્તિ થતાં અમારૂં મન સંતોષ પામશે? શું, અમારા શુભ ભાગ્યોનો ઉદય થશે?[૫] તમે પોતેજ પોતાની ઇચ્છાથી જે સત્ય હોય તે અમને કહો; કારણકે રાજાઓમાં સત્યજ શોભે છે. માટે તમારાં ઇષ્ટ (અગ્નિસાધ્ય યજ્ઞાદિ) અને પૂર્ત (વાવ, કૂવા, સરોવર વગેરે) કર્મોનો નાશ ન થવા સારૂ તમે અસત્ય બોલશો નહિ.[૬] હે અરિંદમ! હે અમરતુલ્ય! તમારૂં વચન સાંભળ્યા પછી જરૂર હું વિધિપૂર્વક લગ્નકાર્યનો આરંભ કરીશ."[૭]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે પંચાલરાજ! તમે પ્રસન્ન થાઓ. ચિંતા કરશો નહિ. તમારો ધારેલો મનોરથ અવશ્ય પરિપૂર્ણ થયો છે એમાં સંશય નથી.[૮] હે રાજન્! અમો સર્વે ક્ષત્રિયો છીએ અને મહાત્મા પાંડુરાજાના પુત્રો છીએ. મને તમે કુંતિનો મોટો પુત્ર યુધિષ્ઠિર જાણો અને આ બે ભીમસેન તથા અર્જુન છે.[૯] હે રાજન્! એ બન્નેએ રાજસભામાં જય કરીને તમારી પુત્રીને મેળવી છે. આ બે નકુલ અને સહદેવ છે અને ત્યાં દ્રૌપદીની સાથે જે છે તે કુંતિ માતા છે.[૧૦] હે નરશ્રેષ્ઠ! અમે ક્ષત્રિયો છીએ, એટલે તમારા મનનું દુઃખ હવે નિવૃત્ત થાઓ. જેમ કમલિની એક હ્રદમાંથી બીજા હ્રદમાં જાય, તેમ તમારી પુત્રી તમારા કુલમાંથી અમારા કુલમાં આવી છે.[૧૧] હે મહારાજ! આ જે હું કહું છું તે સઘળું સત્યજ છે. હવે તો તમેજ અમારા વડીલ અને પરમ આશ્રયરૂપ છો."[૧૨]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને હર્ષથી વ્યાકુલ નેત્રવાળા દ્રુપદરાજા આનંદથી ઘેલા જેવા થઈ ગયા અને યુધિષ્ઠિરને ઉત્તર પણ આપી શક્યા નહિ.[૧૩] પછી મહાયત્નથી તે હર્ષને કાબુમાં લાવીને શત્રુને તાપ આપનારા દ્રુપદ રાજાએ યુધિષ્ઠિરને યોગ્ય વચન કહ્યાં.[૧૪] પછી

ધર્માત્મા દ્રુપદ રાજાએ યુધિષ્ઠિરને પૂછ્યું કેઃ–'તમે શી રીતે નગરથી નાસી છૂટ્યા હતા?' ત્યારે યુધિષ્ઠિરે અનુક્રમથી તે સઘળું વૃત્તાંત તેમને કહી સંભળાવ્યું.[૧૫] કુંતીપુત્રનાં તે વચન સાંભળીને દ્રુપદરાજા ધૃતરાષ્ટ્ર રાજાને ધિક્કારવા લાગ્યા;[૧૬] અને કુંતીના પુત્ર યુધિષ્ઠિરનું આશ્વાસન કરીને બોલનારામાં શ્રેષ્ઠ એવા દ્રુપદરાજાએ તેમને રાજ્ય પાછું અપાવવાની આજ્ઞા કરી.[૧૭] તે પછી કુંતી, દ્રૌપદી, ભીમસેન, અર્જુન, નકુલ, સહદેવ તથા યુધિષ્ઠિર, દ્રુપદરાજાએ જણાવેલા મોટા મહેલમાં ગયાં [૧૮] અને ત્યાં તેમણે યજ્ઞસેન રાજાથી સન્માન પામીને નિવાસ કર્યો. પછી જોઇએ તેવો વિશ્વાસ પામીને દ્રુપદ રાજા પોતાના પુત્રોસાથે યુધિષ્ઠિરને કહેવા લાગ્યા કેઃ–[૧૯] "આ કુરુનંદન અર્જુન આજે લગ્નનો શુભ દિવસ છે, માટે વિધિપૂર્વક દ્રૌપદીનું પાણિગ્રહણ કરો અને તે પહેલાં એ મહાબાહુ લગ્નથી પ્રથમ કરવામાં આવતો દેવપૂજન વગેરે કુલધર્મ પણ કરો."[૨૦]

વૈશંપાયન કહે છેઃ–આવાં દ્રુપદરાજાનાં વચન સાંભળીને ધર્માત્મા યુધિષ્ઠિર રાજાએ દ્રુપદને કહ્યું કેઃ–"હે રાજન્! તમે મારાં લગ્ન પણ દ્રૌપદીની સાથે કરો."[૨૧]

દ્રુપદ કહે છેઃ–"હે વીર! એમ હોય તો ભલે તમે મારી પુત્રીનું વિધિપૂર્વક પાણિગ્રહણ કરો અથવા તમારા ભાઈઓમાંથી જેનાં લગ્ન કરવા ધારતા હો તેની સાથે દ્રાપદીનાં લગ્ન કરવા કહો."[૨૨]

યુધિષ્ઠિર બોલ્યા કેઃ–"હે રાજન્! દ્રૌપદી અમારી સર્વની ભાર્યા થશે એવું અમારી માતાએ પ્રથમ કહેલું છે, માટે તે પ્રમાણે થશે.[૨૩] હું તથા પાંડુપુત્ર ભીમસેન પણ હજી કુંવારા છીએ અને આ તમારી રત્ન જેવી પુત્રીને અર્જુને તો વિજય કરીને મેળવેલીજ છે.[૨૪] વળી હે રાજન્! અમારો એવો ઠરાવ છે કે રત્નરૂપ વસ્તુનો સાથે ઉપભોગ કરવો, માટે હે શ્રેષ્ઠ રાજા! તે અમારો ઠરાવ અમે તોડવા ઇચ્છતા નથી;[૨૫] એટલે કૃષ્ણા અમારી સર્વની ધર્મથી પટરાણી થશે, માટે દ્રૌપદી વચના ક્રમ પ્રમાણે અગ્નિ સમક્ષ અમારા સર્વના હાથને સ્વીકારો."[૨૬]

દ્રુપદ બોલ્યાઃ–"હે કુરુનંદન! એક પુરુષને ઘણી સ્ત્રીઓ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે, પણ એક સ્ત્રીને ઘણા પતિ કરવાનું તો ક્યાંય સંભળાતું નથી.[૨૭] હે કૌંતેય! તમે ધર્મવેત્તા તથા પવિત્ર થઈને લોક અને વેદથી વિરુદ્ધ એવું આ કામ કરવાને યોગ્ય નથી. તમારી બુદ્ધિ આવી કેમ થઇ છે?"[૨૮]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે મહારાજ! ધર્મના વિચાર સૂક્ષ્મ છે, અમે એની ગતિ જાણતા નથી; પરંતુ પૂર્વના (પ્રચેતા વગેરે) જે માર્ગે ગયેલા છે, તે માર્ગને અમે પણ અનુક્રમથી અનુસરીએ છીએ.[૨૯] મારી વાણી અસત્ય બોલતી નથી, તેમ મારી બુદ્ધિ અધર્મપરાયણ થતી નથી. વળી અમારી માતા પણ એમ કરવા કહે છે અને મારા મનમાં પણ એ યોગ્ય લાગે છે.[૩૦] હે રાજન! એ નિશ્ચલ ધર્મ છે, માટે વિચાર કર્યા વિના તમે એનું આચરણ કરો. હે પાર્થિવ! એમાં કોઇપણ પ્રકારની શંકા લાવશો નહિ."[૩૧]

દ્રુપદ બોલ્યાઃ–"હે કૌંતેય! તમે, કુંતી અને મારો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, એ સર્વ મળીને જે કરવાનું હોય તે કહેજો એટલે આપણે કાલે તે પ્રમાણે કરીશું."[૩૨]

વૈશંપાયન કહે છેઃ–"હે ભારત! તે બધાં એકઠાં થઇને પરસ્પર વાટાઘાટ કરતાં હતાં, એટલામાં ત્યાં દૈવેચ્છાથી વ્યાસ મુનિ આવી પહોંચ્યા."[૩૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વૈવાહિકપર્વવિષે દ્વૈપાયનાગમન નામનો અધ્યાય ૧૯૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૬ મો-વ્યાસમુનિએ સર્વેનો અભિપ્રાય લીધો.

॥ वैशंपायन उवाच ॥

**ततस्ते पांडवाः सर्वे पांचाल्यश्च महायशाः ॥
प्रत्युत्थायमहात्मानं कृष्णंसर्वेऽभ्यवादयन्॥१॥**

વૈશંપાયન કહે છેઃ-પછી સર્વે પાંડવો અને મહાયશસ્વી દ્રુપદ રાજા ઉભા થઇને મહાત્મા વ્યાસ મુનિને પગે લાગ્યા.[૧] તેમની પૂજાનો સ્વીકાર કરીને તથા તેમનું સર્વત્ર કુશલ પૂછીને ઉદાર ચિત્તવાળા વ્યાસ મુનિ શુદ્ધ સુવર્ણના આસનપર બેઠા.[૨] પછી અમાપ તેજવાળા વ્યાસ મુનિએ આજ્ઞા કરી, એટલે તે સઘળા મનુષ્યશ્રેષ્ઠો પણ કિંમતી આસનોપર બેઠા.[૩] પછી હે રાજન્! થોડીવારે દ્રુપદરાજા, મહાત્મા વ્યાસને દ્રૌપદીના સંબંધમાં મધુર વાણીથી પૂછવા લાગ્યા કેઃ-[૪] "એકજ સ્ત્રી ઘણાની ધર્મપત્ની શી રીતે થઇ શકે ? અને તેમ કરતાં સંકરપણાનો દોષ આવે કે નહિ ? આ સઘળું આપ મને યથાર્થ રીતે કહી સંભળાવો."[૫]

વ્યાસ બોલ્યાઃ-"આ ધર્મ લોકાચાર તથા વેદથી વિરુદ્ધ છે અને તે શાસ્ત્રમાં દૂષિત ગણાયલો છે; માટે એ સંબંધમાં તમારામાંથી જેનો જેનો જે જે મત હોય તે તે મતને પ્રથમ હું સાંભળવા ઇચ્છું છું."[૬]

દ્રુપદ બોલ્યાઃ-" હે દ્વિજશ્રેષ્ઠ! લોક અને વેદથી વિરુદ્ધ એવો એ અધર્મ છે, એમ મારૂં માનવું છે; કારણ કે એકજ સ્ત્રી ઘણાની પત્ની લોકોમાં જણાતી નથી.[૭] વળી પૂર્વના મહાત્માઓ પણ એ ધર્મ પ્રમાણે વર્ત્યા નથી, માટે વિદ્વાનોએ કોઇપણ રીતે અધર્મનું આચરણ કરવું નહિ[૮] અને તેથીજ હું આ કાર્ય કરવાના નિશ્ચયપર આવતો નથી, કારણ કે આ ધર્મ મને સદા સંદેહવાળોજ જણાય છે."[૯]

ધૃષ્ટદ્યુમ્ન બોલ્યોઃ-" હે દ્વિજોમાં શ્રેષ્ઠ! હે બ્રહ્મન્! હે તપોધન! નાના ભાઈની સ્ત્રી પાસે સદ્વર્તનવાળો મોટો ભાઇ શી રીતે જઈ શકે?[૧૦] ધર્મ ઘણો સૂક્ષ્મ છે, એટલે ધર્મની ગતિને અમે કોઇ પણ રીતે જાણી શકતા નથી. હે બ્રહ્મન્! આ ધર્મ છે કે અધર્મ છે, એનો અમારા જેવાથી નિશ્ચય થઇ શકે તેમ નથી; માટેજ કૃષ્ણા પાંચ પતિની પત્ની થાય એવા નિશ્ચયપર અમે કોઈ રીતે આવી શકતા નથી."[૧૧,૧૨]

યુધિષ્ઠિર બોલ્યાઃ-" મારી વાણી કોઇ વખત અસત્ય બોલતી નથી, તેમ મારી બુદ્ધિ પણ અધર્મમાં પ્રવૃત્ત થતી નથી. આ સંબંધમાં મારૂં મન તો એમ કહે છે કે, એ કોઇ પણ રીતે અધર્મ નથી.[૧૩] પુરાણમાં પણ સંભળાય છે કે, ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલી અને ધર્મ ધારણ કરનારામાં શ્રેષ્ઠ એવી જટિલા નામની બ્રાહ્મણી સાત ઋષિઓને પરણી હતી.[૧૪] તેમજ મુનિથી ઉત્પન્ન થયેલી અને વૃક્ષોના રક્ષણમાં રહેલી એવી વાર્ક્ષી નામની કન્યા તપવડે પવિત્ર અંતઃકરણવાળા અને એકજ 'પ્રચેતા' એવા નામને ધારણ કરનારા દશ ભાઇઓની સાથે પરણી હતી.[૧૫] હે ધર્મજ્ઞમાં શ્રેષ્ઠ! વળી ગુરુનું વચન પણ ધર્મરૂપ કહેવાય છે અને સર્વ ગુરુઓમાં માતા એ મુખ્ય ગુરુ છે;[૧૬] તે માતાએ પણ એવું વચન કહ્યું છે કે, 'તમે બધા ભાઈઓ ભિક્ષાની પેઠે એનો ઉપભોગ કરો.' માટે હે દ્વિજોત્તમ! એ વચનને પણ હું પરમ ધર્મરૂપ માનું છું."[૧૭]

કુંતી બોલ્યાંઃ-" ધર્મ પ્રમાણે વર્તનારા યુધિષ્ઠિર જે પ્રમાણે કહે છે તે પ્રમાણેજ મારૂં પણ માનવું છે. મારૂં બોલેલું અસત્ય થાય તેનો મને તીવ્ર ભય રહે છે; માટે હું અસત્યથી શી રીતે મુક્ત થાઉં તે તમે કહો."[૧૮]

વ્યાસ બોલ્યાઃ-" હે કલ્યાણિ! તમે અસત્યથી મુક્ત થશો; કારણ કે તમે કહો છો તે સનાતન ધર્મ છે. હે પંચાલરાજ! યુધિષ્ઠિરે જે કંઇ કહ્યું છે, તે ધર્મજ છે, એમાં સંશય નથી. જે રીતે એ ધર્મ, શાસ્ત્રવિહિત છે તથા જે કારણથી એ સનાતન ધર્મ કહેવાય છે, તે હું સર્વની સમક્ષ કહીશ નહિ, માટે તમેજ પોતે તે કારણ મારાથી સાંભળો."[૧૯,૨૦]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને સમર્થ એવા ભગવાન દ્વૈપાયન વ્યાસ ઉઠયા અને દ્રુપદરાજાનો હાથ પકડીને તે ને લઈ રાજગૃહમાં ગયા;[૨૧] અને પાંડવો, કુંતી તથા પાર્ષત ધૃષ્ટદ્યુમ્ન એ તો જ્યાં બેઠાં હતાં ત્યાંજ તે બન્નેના આવવાની વાટ જોતાં બેસી રહ્યાં.[૨૨] પછી તે મહાત્મા દ્રુપદરાજાને ઘણાની એક પત્ની થાય અને તે જે રીતે ધર્મ ગણાય તે દ્વૈપાયનમુનિ કહેવા લાગ્યા.[૨૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વૈવાહિકપર્વવિષે વ્યાસવાક્ય નામનો અધ્યાય ૧૯૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૭ મો–પાંચ ઇંદ્રનું ઉપાખ્યાન અથવા પાંડવો તથા દ્રૌપદીની પૂર્વકથા

॥ व्यास उवाच ॥

पुरा वै नैमिषारण्ये देवाः सत्रमुपासते ॥
तत्र वैवस्वतो राजन् शामित्रमकरोत्ततः ॥१॥

વ્યાસ બોલ્યાઃ–“હે રાજન્! પૂર્વે નૈમિષારણ્યમાં દેવો સત્ર કરતા હતા. તે સત્રમાં હોમમાં ઉપયોગી પશુઓનો વધ કરવાનું કામ યમરાજા કરતા હતા.[૧] હે રાજન્! આ પ્રમાણે દીક્ષા ધારણ કરવાથી યમરાજા કોઇપણ પ્રજાનો નાશ કરતા ન હતા; એટલે મરણનો સમય વીતી જતાં પણ મરણ ન થવાથી પ્રજા પુષ્કળ વધી પડી હતી.[૨] પછી સોમ, ઇંદ્ર, વરુણ, કુબેર, સાધ્યદેવો, રુદ્રો, વસુઓ, અશ્વિનીકુમાર અને બીજા દેવો જ્યાં સર્વ લોકના નિર્માતા બ્રહ્મા હતા ત્યાં ગયા;[૩] અને મનુષ્યોની વૃદ્ધિ થવાથી તીવ્ર ભય પામેલા તે બધાઓ એકઠા મળીને લોકગુરુ બ્રહ્માને કહેવા લાગ્યા કેઃ–“હે બ્રહ્મદેવ! અમે બધા આ મનુષ્યની વૃદ્ધિથી ઉદ્વેગ પામીને સુખની ઇચ્છા કરતા તમારે શરણે આવ્યા છીએ.”[૪]

પિતામહ બોલ્યાઃ–“તમે બધા અમર છો તો પછી તમને મનુષ્યનું શું ભય લાગે છે? તમને મરણધર્મવાળા મનુષ્યોનું ભય થવું યોગ્ય નથી.”[૫]

દેવો બોલ્યાઃ-‘મરણધર્મવાળા હમણાં અમર થયા છે, એટલે અમારામાં અને તેમનામાં કંઇ ભેદ રહ્યો નથી; માટે મનુષ્યો સાથેના સરખાપણાથી કંટાળીને અમારામાં કંઇક વિશેષ રહે એટલા સારૂ અમે અહીં આવ્યા છીએ.”[૬]

ભગવાન બ્રહ્મા બોલ્યાઃ–“હાલ વિવસ્વાન સૂર્યના પુત્ર યમરાજ સત્રના કાર્યમાં પ્રવૃત્ત થયેલા છે, તેથી આ મનુષ્યો મરતાં નથી. તે સર્વ કાર્ય કરી રહીને એકાગ્ર થશે, એટલે મનુષ્યોનો વિનાશ થશેજ.[૭] તમારા તેજથી તથા યોગબલથી યમરાજનુંજ શરીર પ્રાઢ અને વિભક્ત થઇને તે મનુષ્યોનો અંતસમયે નાશ કરશે અને તેથી મનુષ્યો તમારી સમાનતા ગ્રહણ કરશે નહિ.”[૮]

વ્યાસ કહે છેઃ–“આવાં અગ્ર જન્મવાળા બ્રહ્માનાં વચન સાંભળીને બધા દેવો જ્યાં દેવતાઓનો યજ્ઞ થતો હતો ત્યાં ગયા. તે મહા બલવાળા દેવો એકઠા થઈને ગંગાપર બેઠા હતા; એટલામાં તેમણે ગંગામાં એક સુવર્ણનું કમલ દીઠું.[૯] તે કમલ જોઇને દેવો વિસ્મય પામ્યા અને શૂરવીર ઇંદ્ર તેની પાસે ગયો. પછી જ્યાં ગંગાદેવી હમેશાં વહે છે, ત્યાં તેણે એક અગ્નિના જેવી કાંતિવાળી સ્ત્રીને જોઇ.[૧૦] તે સ્ત્રી રડતી રડતી ત્યાં જલ લેવાને માટે ગંગામાં ઉતરીને ઉભી રહી; તે વખતે તેના આંસુનું ટીપું જલમાં પડયું અને તે સુવર્ણનું કમલ થઈ ગયું.[૧૧] આ આશ્ચર્ય જોઇને વજ્રધારી ઇંદ્રે તે સ્ત્રીની પાસે જઇને પૂછ્યું કેઃ–‘હે ભદ્રે! તું કોણ છે? શામાટે રડે છે? તે હું જાણવા ઇચ્છું છું, માટે તું મને સત્યથી કહે.”[૧૨]

સ્ત્રી બોલીઃ–“હે ઇંદ્ર! હું કોણ છું તે તથા મંદ ભાગ્યવાળી હું શામાટે રડું છું, તે તમે જાણી શકશો. હે રાજન્! તમે મારી સાથે ચાલો,

હું તમારી આગળ ચાલું છું; જ્યાં જવાથી હું શામાટે રડું છું તે તમે જોશો. ”[૧૩]

વ્યાસ કહે છેઃ–“પછી તે સ્ત્રી આગળ ચાલી અને તેની પાછળ પાછળ ઇંદ્ર પણ જવા લાગ્યો. થોડે દૂર જતાં તેણે સુંદર અંગવાળા, સિદ્ધાસનથી બેઠેલા અને યુવાન સ્ત્રીની સાથે પાસાથી રમતા એવા એક યુવાન પુરુષને પર્વતરાજના શિખરપર જોયો.[૧૪] તેને પાસાની રમતમાં અતિશય લીન થઈ ગયેલો જોઇને ક્રોધ કરી દેવના રાજા ઇંદ્રે કહ્યું કેઃ–‘ હે વિદ્વન્ ! આ સર્વ ભુવન મારે આધીન છે અને હું સર્વનો ઈશ છું, એમ તારે જાણવું જોઇએ. ”[૧૫]

ક્રોધ પામેલા ઇંદ્રિને જોઇને તે દેવ, કે જે મહાદેવ હતા તે હસ્યા અને તેમણે ધીરેથી ઇંદ્રના તરફ જોયું. તે દેવની દૃષ્ટિ થતાંજ ઇંદ્ર સ્તંભિત થઈ ગયો અને થાંભલાની પેઠે જડ જેવો ત્યાંજ ઉભો રહ્યો.[૧૬] પછી જ્યારે રમત પૂરી થઇ, ત્યારે શંકર પેલી રડતી સ્ત્રીને કહેવા લાગ્યા કેઃ–“ એને તું મારી પાસે લાવ જેથી એને ફરીથી આવો ગર્વ થાય નહિ. ”[૧૭] પછી તે સ્ત્રીએ સ્પર્શ કરતાંજ ઇંદ્રનાં અંગ શિથિલ થઇ ગયાં અને તે પૃથ્વી ઉપર ઢળી પડ્યો. તે વખતે ઉગ્ર તેજવાળા ભગવાન શંકરે તેને કહ્યું કેઃ–“ હે શુક્ર! ફરીથી તું આવું કોઇ વખત કરીશ નહિ.[૧૮] તારૂં બલ અને વીર્ય અમાપ છે, એટલે આ ગુહાના ઢાંકણનો જે પર્વતરાજ છે તે તું દૂર કર અને ગુહાના વચલા છિદ્રમાં પ્રવેશ કર. ત્યાં સૂર્યના જેવા તેજવાળા તારાસરખા પુરુષો છે. ”[૧૯] પછી ઇંદ્રે તે મહાન ગિરિની ગુહાનું દ્વાર ઉઘાડ્યું અને ત્યાં તેણે સમાન કાંતિવાળા બીજા ચાર પુરુષોને જોયા. તેમને જોઇને ઇંદ્રને દુઃખ થયું અને તેને વિચાર આવ્યો કે, આમના જેવો તો હું નહિ થઈ જાઉં ?[૨૦] જ્યારે ઇંદ્રે ગુહામાં ઝટ પ્રવેશ કર્યો નહિ ત્યારે ક્રોધ પામેલા મહાદેવે આંખો કાઢીને વજ્રધારી ઇંદ્રને કહ્યું કેઃ–“ હે શતક્રતુ ! તેં અજ્ઞાનથી પ્રથમ મારૂં અપમાન કર્યું છે, માટે તું આ ગુહામાં પ્રવેશ કર. ”[૨૧]

આ પ્રમાણે શંકરે કહ્યું, ત્યારે દેવરાજ ઇંદ્રે પોતાને થયેલા શાપથી અત્યંત દુઃખી થઇ મોટા પર્વતના શિખરપર રહેલા વાયુથી હાલતાં પિપળાનાં પાંદડાંની પેઠે શિથિલ થયેલાં અંગથી ધ્રૂજવા માંડ્યું.[૨૨] વૃષવાહન શંકરે અકસ્માત્ આ પ્રમાણે કહ્યું, ત્યારે ઇંદ્ર હાથ જોડીને બહુરૂપધારી મહાદેવને કહેવા લાગ્યો કેઃ–“ હે ભવ ! આજ તમે સમસ્ત ભુવનના સ્વામી છો. ”[૨૩] આવાં ઇંદ્રનાં વચન સાંભળીને ઉગ્ર તેજવાળા શંકર હસીને બોલ્યા કેઃ–“ તારા જેવા શીલવાળા પુરુષો કૃપાને પાત્ર થતા નથી. આ ગુહામાં જે રહેલા છે તે પુરુષો પણ આગળ એવાજ થવાના છે, માટે તું પણ એ ગુહામાં પ્રવેશ કરીને શયન કર.[૨૪] ત્યાં તમે બધા હું કહું છું તે સ્થિતિને પામશો એમાં સંશય નથી. તમે બધા મનુષ્યયોનિમાં પ્રવેશ કરો અને તે મનુષ્યશરીર ધારણ કરીને તેમાં અસહ્ય કાર્યો કરીને તથા બીજા ઘણાને મૃત્યુ પમાડીને તમારાં પૂર્વનાં પુણ્યથી સંપાદન કરેલા ઉત્તમ ઇંદ્રલોકમાં પાછા આવશો. આ મેં કહ્યું તે સઘળું તથા બીજું વિવિધ પ્રયોજનવાળું કાર્ય તમારે ત્યાં કરવાનું છે. ”[૨૫,૨૬]

પૂર્વના ઇંદ્રો બોલ્યાઃ–“ અમે બધા દેવલોકમાંથી જ્યાં મોક્ષ મેળવવો કઠિન છે એવા મનુષ્યલોકમાં જઈશું; પરંતુ ત્યાં અમારી માતામાં ધર્મ, વાયુ, ઇંદ્ર અને અશ્વિનિકુમાર દેવો અમારા ગર્ભોનું આધાન કરો. એ રીતે ઉત્પન્ન થઇને ત્યાં અમે દિવ્ય અસ્ત્રોથી મનુષ્યોની સાથે યુદ્ધ કરીશું અને તેમનો સંહાર કરીને પુનઃ ઇંદ્રલોકમાં આવીશું. ”[૨૭]

વ્યાસ બોલ્યાઃ–“ આવાં પૂર્વના ઇંદ્રોનાં વચન સાંભળીને વજ્રધારી ઇંદ્ર દેવોમાં શ્રેષ્ઠ એવા મહાદેવને ફરીથી કહેવા લાગ્યો કેઃ–“ હે શંકર! હું પોતે મનુષ્ય લોકમાં ન જતાં ત્યાંનું કાર્ય કરવા માટે મારા વીર્યથી ઉત્પન્ન થયેલો એક પુરુષ આ ચારની જોડે પાંચમા તરીકે મોકલી આપીશ.[૨૮] એ પાંચ ઇંદ્રોમાં વિશ્વભુક્, ભૂતધામા, પ્રતાપવાન શિબિ, ચોથો શાંતિ અને પાંચમો

તેજસ્વી નામનો હતો.[29] પોતાના ભોળા સ્વભાવને લીધે ઉગ્રધન્વા શંકરે તે પાંચેની ઇચ્છા પ્રમાણે તેમણે જે ઇષ્ટ માગ્યું તે આપ્યું અને સર્વ લોકમાં સુંદર એવી પેલી સ્ત્રી કે જે સ્વર્ગની લક્ષ્મી હતી તેને મનુષ્યલોકમાં તે પાંચેની સ્ત્રી-તરિકે નિર્માણ કરી.[30] પછી તે વિશ્વભુક્ વગેરે ઇંદ્રોને લઈને મહાદેવ અપ્રમેય, અનંત, અવ્યક્ત, અજન્મા, પુરાતન, સનાતન, વ્યાપક અને અનંતરૂપ એવા નારાયણની પાસે ગયા.[31] તેમણે પણ મહાદેવના કહેવા પ્રમાણે કરવા માટે આજ્ઞા આપી. તે પછી પાંચે ઇંદ્રો પૃથ્વીમાં ઉત્પન્ન થયા. વળી વિષ્ણુએ પણ પોતાના અવ-તારના કારણતરિકે બે * કેશો કાઢયા; જેમાંનો એક શ્વેત અને બીજો કૃષ્ણ હતો.[32] તે બન્ને કેશોએ પણ યદુકુલની દેવકી તથા રોહિણી નામની સ્ત્રીઓમાં પ્રવેશ કર્યો. તે બે કેશમાંથી જે વિષ્ણુનો ધોળો કેશ હતો તે પોતે બલદેવ થયા; અને બીજો જે વિષ્ણુનો કાળો કેશ હતો તે પોતે કૃષ્ણ થયા.[33] પેલા ઉત્તર પર્વતની ગુહામાં મહાદેવે જે ઇંદ્રોને પૂર્વે પૂર્યા હતા, તેઓ અહીં વીર્યવાન પાંડવોના રૂપથી જન્મ્યા છે તથા સવ્ય-સાચી અર્જુન ઇંદ્રનો અંશ છે.[34] હે રાજન્! આ રીતે પહેલાં જે ઇંદ્રો હતા તેજ પાંડવો થયા છે અને આ દિવ્ય રૂપવાળી જે દ્રૌપદી છે તે એ પાંચેને માટે પ્રથમથી પત્નિતરીકે નિર્માણ કરાયલી લક્ષ્મી છે.[35] હે રાજન્! દૈવયોગવિના તારાં કર્મમાત્રવડે ભૂમિતલમાંથી એવી સ્ત્રી કયાંથી ઉત્પન્ન થાય? કે જે સ્રીનું ચંદ્ર–સૂર્યના જેવું રૂપ છે અને જેના શરીરનો સુગંધ ગાઉ ગાઉ સુધી પ્રસરે છે.[36] વળી હે નરેંદ્ર! તારા ઉપર પ્રીતિથી હું તને એક બીજું અદ્ભુત દિવ્ય ચક્ષુ-રૂપી વરદાન આપું છું. તેનાથી તું તારાં દિવ્ય પુણ્યવડે પૂર્વ દેહવાળા એવા કુંતીપુત્રોને જો."[37]

વૈશંપાયન કહે છેઃ–પછી પરમ ઉદાર ચરિત્ર-વાળા પવિત્ર ઋષિ વ્યાસે પોતાના તપવડે તે રાજાને દિવ્ય દૃષ્ટિ આપી; એટલે દ્રુપદ રાજાએ પાંડવોને યથાર્થ રીતે પૂર્વ દેહમાં જોયા.[38] તે દિવ્યદેહવાળા, સુવર્ણના કિરીટથી શોભતા, ઇંદ્રના જેવા, અગ્નિ તથા સૂર્યના જેવા વર્ણવાળા, અલંકારોથી અલંકૃત સુંદર રૂપવાળા, વિશાલ વક્ષઃસ્થલવાળા અને તાડ તાડ જેવા ઉંચા યુવાનો હતા.[39] તેઓ નિર્મલ દિવ્ય વસ્રો અને સુગંધવાળાં ઉત્તમ પુષ્પોથી અતિશય શોભતા હતા. વળી સાક્ષાત્ શંકર વસુઓ, રુદ્રો અથવા આદિત્યોના સરખા સર્વ ગુણથી સંપન્ન હતા.[40] આ રીતે પાંડવોને યોગ્ય સ્વરૂપવાળા પૂર્વના ઇંદ્રોના રૂપમાં તથા ઇંદ્રપુત્ર અર્જુનને (ચાલુ) ઇંદ્રના રૂપમાં જોઇને દ્રુપદરાજા પ્રસન્ન થયા અને તે દિવ્ય અમાપ માયાને જોઈને વિસ્મય પામ્યા.[41] વળી સાક્ષાત્ ચંદ્ર તથા વહ્નિના જેવા પ્રકાશવાળી તથા અત્યંત રૂપવાળી પેલી દિવ્ય ઉત્તમ સ્રીના રૂપમાં

---

* અહીં કેશનેજ વીર્યરૂપે સમજવા અને એ કારણથીજ વ્યાસ ભગવાને દેવકી અને રોહિણીમાં સાક્ષાત્ કેશનોજ પ્રવેશ કહ્યો છે, વસુદેવમાં પ્રવેશ કહ્યો નથી. જો તેમ હોત તો દેવોનું રેતસ્ વૃષ્ટિ-રૂપે પરિણમે. વૃષ્ટિથી ઔષધિ, તેનાથી અન્ન. અન્નથી રેતસ્ ઇત્યાદિ શ્રુત્યુક્ત ક્રમથી આપણી પેઠે રામ, કૃષ્ણના જન્મ પણ વ્યવધાનવડે દેવોથી થયેલા ગણાય અને તેમ થતાં 'એ અનેક અવતારો-નું નિવાસસ્થાન અને અવિનાશી બીજ છે.' આ ભગવાન સાક્ષાત્ મત્સ્યાદિ અવતારોનું જે બીજત્વ કહેલું છે તેમાં વિરોધ આવે. જો કે કેશ અને વીર્ય એ બન્નેની દેહથી થતી ઉત્પત્તિ સમાન છે, તથાપિ વીર્યથી ઉત્પત્તિ થતાં તે અર્વાક્સ્રોતસ્ (અધઃપ્રવાહી) સૃષ્ટિમાં ગણાઈ તેમાં મનુષ્યત્વ અને પુત્રત્વ પ્રાપ્ત થાય; માટે પૂર્વોક્ત રીતેજ **कृष्णस्तु भगवान् स्त्रयम्।** એ ભાગવતોક્તિ ઘટી શકે છે. અહીં કેશનું ઉદ્ધરણ કરીને તે દ્વારાથી ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણમાં અંશપણું પ્રતીત થય છે; પરિપૂર્ણતા આવતી નથી? એવી શંકા કરવી યોગ્ય નથી; કારણ કે કેશ કંઈ દેહનો અવયવ ગણાતો નથી; માટે નમુચિનો વધ કરવામાં જેમ જલના ફીણમાં વજ્રનો પ્રવેશ થયો હતો, તેમજ અહીં પણ દેવકી અને રોહિણીના ઉદરમાં પ્રવેશ કરવો હતો માટે બે કેશરૂપી દ્વારવડે ભગવાનનો સંપૂર્ણ આવિર્ભાવજ થયો હતો; અંશરૂપે નહિ, એમ માનવું યોગ્ય લાગે છે. **नील०**

દ્રૌપદીને જોઇને રૂપ,તેજ અને યશવડે તે પાંચેની પત્ની થવાને યોગ્ય છે એમ દ્રુપદ રાજાએ માન્યું ૪૨ આ પ્રમાણે તે મહાન આશ્ચર્ય જોઇને દ્રુપદ રાજા સત્યવતીના પુત્ર વ્યાસને પગે લાગ્યા અને પ્રસન્ન ચિત્તથી તેમને કહેવા લાગ્યા કેઃ–"હે પરમર્ષિ ! તમારામાં આવું અદ્દભુત સામર્થ્ય હોય એમાં આશ્ચર્ય નથી." ૪૩

વ્યાસ બોલ્યાઃ–"તપોવનમાં એક મહાત્મા ઋષિની કન્યા હતી. તે કન્યા રૂપવતી હતી તો-પણ તેને પતિ મળ્યો નહોતો. ૪૪ પછી તેણે ઉગ્ર તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા. પ્રસન્ન થયેલા શંકરે પોતે તે કન્યાને કહ્યું કેઃ–'તું વર-દાન માગ.' ૪૫ આવું મહાદેવે કહ્યું, ત્યારે તે કન્યાએ વરદાન આપનારા ઈશ્વરને વારંવાર કહ્યું કેઃ–'સર્વગુણસંપન્ન એવા પતિની હું ઇચ્છા કરૂં છું' ૪૬ પ્રસન્ન મનવાળા મહાદેવે તે વર આપતાં કહ્યું કેઃ–'હે ભદ્રે ! તને પાંચ પતિ થશે.' આ સાંભળીને તે કન્યા દેવને પ્રસન્ન કરતી ફરી કહેવા લાગી કેઃ–'હે શંકર ! તમારાથી મને ગુણ-સંપન્ન એક પતિ મળવો જોઇએ.' ૪૭,૪૮ ત્યારે દેવના દેવ શંકરે પ્રસન્ન થઇને પુનઃ શુભ વચન કહ્યું કેઃ–તેં 'પતિ આપો' એવું પાંચવાર મને કહ્યું, ૪૯ માટે હે ભદ્રે ! તેં માગ્યું તેમજ થશે; પરંતુ એ પાંચ પતિ આ દેહમાં નહિ પણ બીજા દેહમાં થશે. તારૂં કલ્યાણ થાઓ. ૫૦

હે દ્રુપદ ! તેજ આ દેવના જેવાં રૂપવાળી તારી પુત્રીરૂપે અવતરી છે અને એ અનિંદિતા દ્રૌપદી પાંચેને માટે પત્ની થવા નિર્માયલી છે. ૫૧ એ સ્વર્ગલક્ષ્મી ઘોર તપ કરીને પાંડવોને માટે મહાયજ્ઞમાં ઉત્પન્ન થઇ તારી પુત્રી થઈ છે. ૫૨ હે દ્રુપદ ! તેં આ દેવોએ સેવન કરાયલી સુંદરી પોતાનાં કર્મવડે દેવરૂપ પાંચ પાંડવોની એક પત્ની થવાને માટે વિધાતાએ પોતેજ નિર્માણ કરેલી છે. આ સાંભળીને હે રાજન્ ! તારી ઇચ્છામાં આવે તેમ કર." ૫૩

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિવાહપર્વવિષે પંચેદ્રોપાખ્યાન નામનો અધ્યાય ૧૯૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૮ મો–દ્રૌપદીનાં પાંડવોની સાથે લગ્ન

॥ द्रुपद उवाच ॥

अश्रुत्वैवं वचनं ते महर्षे मयापूर्वं यतितं संविधातुम् ॥ न वै शक्यं विहितस्यापयानं तदेवेदमुपपन्नं विधानम् ॥ १ ॥

દ્રુપદ બોલ્યાઃ–"હે મહર્ષે ! તમારાં આવાં વચનો સાંભળતાં પહેલાં મેં મારી ઈચ્છાપૂર્વક લગ્ન કરવા યત્ન કર્યો હતો; પરંતુ દૈવે નિર્માણ કરેલી વસ્તુને કોઈ રોકી શકતું નથી, માટે હવે પૂર્વે નિર્માણ થયેલી આ વાતને અનુસરવું એજ યોગ્ય છે. ૧ દૈવની રચના નિવારણ થઈ શકતી નથી. એ સંબંધમાં આપણા અર્વાચીન પ્રયત્નથી કંઇ સિદ્ધ થતું નથી. કન્યાએ પ્રથમ એક વર મેળવવાને માટે તપ કર્યું હતું; પણ તેનાથી તેને પાંચ વર પ્રાપ્ત થયા અને તેજ પ્રમાણે આ બન્યું. ૨ પૂર્વે કૃષ્ણાએ ભગવાન શંકરની પાસે અનેક વાર પતિની માગણી કરી હતી અને શંકરે પણ તેને 'બહુ સારૂં, તેમ થશે' એમ કહ્યું; માટે એ વાતમાં શ્રેષ્ઠ રહસ્ય શું છે તે શંકરજ જાણે ! ૩ એ ધર્મ હોય કે અધર્મ હોય, પરંતુ જ્યારે શંકરેજ એમ થવા કહેલું છે, ત્યારે એમાં મારો અપરાધ નથી; માટે બધા પાંડવો સુખેથી વિધિ-પૂર્વક દ્રૌપદીનું પાણિગ્રહણ કરો; કારણ કે કૃષ્ણા એમને માટેજ નિર્માણ થયેલી છે." ૪

વૈશંપાયન કહે છેઃ–તે પછી ભગવાન વ્યાસ ધર્મરાજને કહેવા લાગ્યા કેઃ–"આજે ચંદ્રમા પૌષ્ય યોગને પ્રાપ્ત થાય છે, માટે હે યુધિષ્ઠિર ! તમે દ્રૌપદીનું પ્રથમ પાણિગ્રહણ કરો. હે પાંડુ-પુત્રો ! આજનો દિવસ તમારેમાટે પુણ્ય દિવસ છે."

પછી યજ્ઞસેન રાજા તથા તેના પુત્રે લગ્નને માટે ઉત્તમ ઉત્તમ વસ્તુઓ લાવવા પોતાના માણસોને આજ્ઞા કરી અને તે સર્વ

સામગ્રી એકઠી કરાવી; તથા પોતાની પુત્રી કૃષ્ણાને મંગલસ્નાન કરાવીને તથા અનેક રત્નાલંકારોથી શણગારીને વિવાહમંડપમાં આણી. [૬] તે પછી રાજાનાં સર્વે સગાંસંબંધીઓ તથા મંત્રીઓ ત્યાં આવ્યા અને નગરના લોકો તથા બ્રાહ્મણાદિકો પણ પરમ પ્રસન્ન થઈને દ્રૌપદીનો વિવાહ જોવા માટે આવ્યા અને યોગ્યતા પ્રમાણે બેઠા. [૭] તે વખતે સારાં સારાં મનુષ્યો આવવાથી શોભાયમાન જણાતું તથા :વિશાલ આંગણામાં કમલ, કુંપળી વગેરેથી શણગારાયલું, તેમજ બે બાજુ ઉભા રહેલા સૈનિકો તથા રત્નભૂત વસ્તુઓથી વિચિત્ર જણાતું એવું દ્રુપદ રાજાનું રાજભવન,જેવું નિર્મલ તારાવાળું આકાશ શોભે તેવું શોભવા લાગ્યું. [૮] તે પછી હે રાજન્! કુંડલ વગેરે અલંકાર ધારણ કરીને પાંડવોએ મંગલસ્નાન તથા મંગલ ક્રિયાઓ કરી અને કિંમતી શાલ, દુશાલા તથા ચંદનના અંગરાગ ધારણ કરી તે પાંડુરાજાના સઘળા આનંદદાયી યુવાન પુત્રો, અગ્નિના સમાન તેજવાળા પોતાના પુરોહિત ધૌમ્યને સાથે રાખી, જેમ મોટા આખલાઓ ગૌશાળામાં પ્રવેશ કરે, તેમ વિધિપૂર્વક અનુક્રમે સભામંડપમાં પેઠા.[૯,૧૦] તે પછી વેદના પારને પામેલા ધૌમ્ય પુરોહિતે વેદીમાં અગ્નિ સ્થાપન કરીને પ્રજ્વલિત અગ્નિમાં મંત્રોવડે હોમ કર્યો અને મંત્રવેત્તા એવા એ પુરોહિતે યુધિષ્ઠિરને બોલાવીને કૃષ્ણા સાથે તેમનાં લગ્ન કરવા માંડયાં.[૧૧] પછી તે વેદપારંગત પુરોહિતે વરકન્યાનો હસ્તમેળાપ કરાવ્યો તથા મંગલ ફેરા ફેરવીને તે બન્નેનાં લગ્ન કરાવ્યાં. તે પછી યુદ્ધમાં શોભનારા એવા યુધિષ્ઠિરની અનુજ્ઞા લઇને પુરોહિત રાજગૃહમાંથી બહાર નીકળ્યા.[૧૨] આ રીતે અનુક્રમથી એક એક દિવસે કૌરવવંશની વૃદ્ધિ કરનારા અને ઉત્તમ રૂપને ધારણ કરનારા મહારથ પાંડવોએ ઉત્તમ સ્ત્રી દ્રૌપદીની સાથે લગ્ન કર્યાં.[૧૩] એ લગ્નોમાં થયેલાં દેવી ઉત્તમ આશ્ચર્યને દેવર્ષિ કહેતા હતા કે, મહાન માહમાવાળી અને સુંદર મધ્યવાળી દ્રૌપદી રોજ રોજ લગ્નવખતે કન્યાજ થઇ જતી હતી. [૧૪] લગ્ન થઈ ગયા પછી મહારથી પાંડવોને દ્રુપદ રાજાએ અનેક પ્રકારનું ઉત્તમ ધન પહેરામણીમાં આપ્યું. ઉત્તમ સુવર્ણની માલાવાળા અને સોનાની લગામથી શોભતા ચાર ચાર ઘોડાઓ જોડેલા એવા સો રથો આપ્યા. [૧૫] વળી સોનાનાં શિખરોવાળા પર્વતના જેવા જણાતા સોનાની અંબાડીવાળા ઉત્તમ જાતના સો હસ્તિઓ આપ્યા. કિંમતી વેષ, અલંકાર, સાડીઓ અને પુષ્પમાલાથી શોભતી એવી યૌવનવાળી સો દાસીઓ આપી; [૧૬] તેમજ મહાનુભાવ દ્રુપદરાજાએ વિવાહાગ્નિની સમક્ષમાં દિવ્ય રૂપવાળા એક એક પાંડવને ધન, મહામૂલ્યવાન વસ્ત્રો અને અલંકારો આપ્યા.[૧૭] વિવાહ થઈ ગયા પછી પુષ્કળ રત્નભૂત વસ્તુઓવાળી તે લક્ષ્મી મેળવીને ઇંદ્ર જેવા મહા બલવાન પાંડવો તે પાંચાલરાજના નગરમાં રહીનેજ વિહાર કરવા લાગ્યા.[૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વૈવાહિકપર્વવિષે દ્રૌપદિવિવાહ નામનો અધ્યાય ૧૯૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૯૯ મો–દ્રૌપદીને કુંતી માતાનો આશીર્વાદ તથા શ્રીકૃષ્ણનું મોસાળું

॥ वैशंपायन उवाच ॥

पांडवैः सह संयोगं गतस्य द्रुपदस्य ह ॥
न बभूव भयं किंचिद्देवेभ्योपि कथंचन ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે પાંડવોની સાથે સંબંધ થવાથી દ્રુપદરાજાને દેવોનું પણ કોઇ રીતે ભય રહ્યું નહિ.[૧] પછી મહાત્મા દ્રુપદની રાણીઓ કુંતી આગળ આવી પોતાનાં નામો બોલતી કુંતીના પગમાં પોતાનાં મસ્તક નમાવી વંદન કરવા લાગી.[૨] દ્રૌપદી પણ રેશમી

પાનેતર, મંગલસૂત્ર તથા લગ્નોત્સવના મંગલ અલંકારો ધારણ કરીને ત્યાં આવી સાસુને પ્રણામ કરી હાથ જોડીને વિનયથી ઉભી રહી.[૩] તે વખતે સ્વરૂપ તથા લક્ષણથી સંપન્ન અને શીલ તથા આચારથી યુક્ત એવી પોતાની વહુ દ્રૌપદીને કુંતી માતા પ્રેમથી આશીર્વાદ દેતાં બોલ્યાં:–" હે દ્રૌપદિ ! જેમ ઇંદ્રાણી ઇંદ્રની સાથે, સ્વાહા અગ્નિની સાથે, રોહણી ચંદ્રની સાથે, દમયંતી નલની સાથે, ભદ્રા કુબેરની સાથે, અરુંધતી વસિષ્ઠની સાથે અને લક્ષ્મી નારાયણની સાથે પ્રીતિથી રહે છે, તેમ તું પણ તારા પતિઓની સાથે પ્રીતિથી રહેજે.[૪–૬] હે કલ્યાણિ ! તું લાંબા આયુષ્યવાળા વીર પુત્રોની માતા થજે અને બહુ સુખવાળી, ભોગસંપન્ન પતિઓને યજ્ઞમાં સહાય કરનારી તથા પતિવ્રતા થજે.[૭] વળી આવેલા અતિથિઓ, સાધુઓ, વૃદ્ધો, બાલકો અને ગુરુજનોનું ન્યાયપૂર્વક પૂજન કરતાં તારો સદાસર્વદા સમય જજો.[૮] વળી કુરુજાંગલ દેશ જેમાં મુખ્ય છે એવાં રાજ્યનાં નગરોમાં રાજાની સાથે ધર્મવત્સલા એવી તું રાજ્યાભિષેકને પ્રાપ્ત થજે;[૯] તથા મહાબલવાળા તારા પતિઓએ પરાક્રમ કરીને જીતેલી સર્વ પૃથ્વીને તું મહાયજ્ઞ અશ્વમેધમાં બ્રાહ્મણોને અર્પણ કરજે.[૧૦] હે ગુણવતિ ! પૃથ્વીમાં જે જે ગુણવાન રત્નો છે તેને ભોગવતી તું સો વર્ષ સુધી સુખથી રહેજે.[૧૧] હે વધૂ ! આજે પાનેતર પહેરીને આવેલી એવી તને હું જેમ આશીર્વાદ આપું છું, તેમ ફરીથી ગુણયુક્ત એવી તને પુત્રવાળી જોઈને હું આશીર્વાદ આપીશ."[૧૨]

વૈશંપાયન કહે છેઃ– તે પછી પરણેલા પાંડવોને માટે શ્રીકૃષ્ણે (મોસાળમાં) વૈડૂર્ય અને મણિથી જડેલાં સોનાનાં આભરણો મોકલ્યાં.[૧૩] વળી શ્રીકૃષ્ણે અનેક દેશમાં બનેલાં કિંમતી વસ્ત્રો, શાલો, મૃગચર્મો, રત્નો, સારાં સુંવાળાં આસ્તરણવાળી શય્યાઓ, આસનો, વિવિધ જાતનાં મોટાં વાહનો તથા વૈડૂર્ય અને વજ્ર મણિનાં ચિત્રોવાળાં સેંકડો વાસણો મોકલ્યાં. વળી શ્રીકૃષ્ણે યૌવન અને ચાતુર્યવાળી જૂદા જૂદા દેશની અલંકારવાળી દાસીઓ આપી;[૧૪–૧૬] ભદ્ર જાતિના કેળવેલા હાથીઓ, અલંકારવાળા સારા ઘોડાઓ, સોનાની ચળકતી પટ્ટીઓથી શોભતા હાથીદાંતના બનાવેલા રથો,[૧૭] કરોડો મહોરો તથા કાચા સોનાના ઢગલાઓ, આ સઘળું અપ્રમેય મનવાળા શ્રીકૃષ્ણે મોકલી આપ્યું;[૧૮] અને તે સઘળું ધન ગોવિંદને સારૂં લગાડવા માટે ધર્મરાજ યુધિષ્ઠિરે પરમ હર્ષથી ગ્રહણ કર્યું.[૧૯]*

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વૈવાહિકપર્વવિષે અધ્યાય ૧૯૯ મો સમાપ્ત.
વૈવાહિક પર્વ સમાપ્ત.

विदुरागमन राज्यलंभपर्व

અધ્યાય ૨૦૦ મો–વિદુરે ધૃતરાષ્ટ્રને પાંડવોની ખબર જણાવી.

॥ वैशंपायन उवाच ॥
ततो राज्ञां चरैराप्तैः प्रवृत्तिरुपनीयत॥
पांडवैरूपसंपन्ना द्रौपदी पतिभिः शुभा ॥१॥

વૈશંપાયન કહે છેઃ–પાંડવોનાં લગ્ન થયા પછી રાજાઓનાં ખાનગી દૂતોએ ખબર પહોંચાડી કેઃ–"શુભ એવી દ્રૌપદીએ પાંડવોની સાથે લગ્ન કર્યાં છે.[૧] જે મહાત્માએ તે ધનુષ ઉઠા-

* लोकवेदविरोधेऽपि मातुर्वाक्यं न लंघयेत्। इत्येकस्यां रेमिरेऽमी पंचेत्युक्तं स्वयंवरे॥ લોક તથા વેદનો વિરોધ હોય તોપણ માતાનાં વાક્યને ઉલ્લંઘન કરવું નહિ, એમ માનીને પાંચે પાંડવો એક દ્રૌપદીમાં રમમાણ થયા હતા, એ સ્વયંવરપર્વમાં કહ્યું છે. ननु वेद विरुद्धयमेकस्या

વીને નિશાન વિંધ્યું હતું, તે મહાન ધનુષબાણને ધારણ કરનારો વિજયીમાં શ્રેષ્ઠ એવો અર્જુન હતો.[2] વળી જે બલવાને મદ્રરાજ શલ્યને ઉછાળીને જમીનપર પટક્યો હતો તથા યુદ્ધમાં જેણે ક્રોધ કરીને પુરુષોને વૃક્ષવડે ત્રાસ આપ્યો હતો,[3] તેમ જે મહાત્માને યુદ્ધમાં કોઇ રીતે ગભરાટ થતો ન હતો તે શત્રુસેનાનાં હસ્તિ વગેરે અંગને નાશ પમાડનારો ભીમસેન હતો, કે જેનો સ્પર્શ પણ ભયંકર થઇ પડતો હતો."[4]

આ રીતે જે કુંતીના પુત્ર પાંડવો મૃત્યુ પામેલા મનાતા હતા, તેમને બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ફરતા સાંભળી રાજાઓને આશ્ચર્ય ઉત્પન્ન થયું;

बहुभर्तृता । नैकस्यै बह्वो नैका द्वौ पती इति च श्रुति ॥ એમાં શંકા કરે છે કે એક સ્રીને ઘણા પતિ થવા એ વેદવિરુદ્ધ છે. શ્રુતિ કહે છે કે, એક સ્રીને બે અથવા ઘણા પતિ ન થાય. તે શ્રુતિ આ પ્રમાણે છેઃ-**नैकस्यै बह्वः सहपतय इति तस्मान्नैका द्वौ पती विंदते ॥ श्रु० ॥** આવો નિષેધ છે, ત્યારે એક દ્રૌપદીએ પાંચ પતિ કેમ કર્યા? આ શંકાનો ઉત્તર- **आग्नीन्पंच क्रमात्प्राप्य ह्व्यमेति मनुष्यताम् । अग्नयस्त्वग्निरर्कः क्ष्मा पुरुषो योषिदित्यपि ॥ अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते । आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥** હવિષ્ અનુક્રમે પાંચ અગ્નિને પ્રાપ્ત થઇને મનુષ્યપણાને પામે છે; તે પાંચ અગ્નિઓ ૧ અગ્નિ, ૨ સૂર્ય, ૩ પૃથ્વી, ૪ પુરુષ અને ૫ સ્રી છે. વળી કહેલું છે કે, અગ્નિમાં આપેલી આહુતિ આદિત્યને પ્રાપ્ત થાય છે, આદિત્યથી વૃષ્ટિ થાય છે, વૃષ્ટિથી પૃથ્વીમાં અન્ન થાય છે, તે અન્નથી પુરુષ તથા સ્રીમાં શુક્ર તથા શોણિત થઈ તેનાથી પ્રજા થાય છે. (આ પ્રમાણે પાંચ અગ્નિની અપેક્ષાથી ઉત્પન્ન થયેલી માનુષી પ્રજા છે, તેઓને શાસ્રનાં સંપૂર્ણ બંધનો લાગુ પડે છે અને જેઓ ઓછા અગ્નિઓથી ઉત્પન્ન થયા હોય છે, તેઓ દેવ ગણાય છે એટલે તેઓને શાસ્રબંધન લાગુ પડતાં નથી, એ કહે છે.) **द्रोणो वह्निचतुष्कोत्थो योषिदग्नेरभावतः । अग्नित्रयोत्थिता सीता भूत्था पित्रोरभावतः । आग्नित्रयोत्थिता देवा न स्पृशंति क्षितिं हि ते ॥ देवजाः पार्थमाद्रेया भूपुमग्निविवार्जिताः ॥ क्षिप्तमात्रं हविर्वह्नौ मिथुनत्वमुपागतम्। एकाग्निजावतः पुत्रौ द्रुपदस्य सुराधिकौ ॥** સ્રીરૂપી અગ્નિની અપેક્ષાવિના ઉત્પન્ન થયેલા દ્રોણ, ચાર અગ્નિથી ઉત્પન્ન થયા છે; માતા તથા પિતારૂપી બે અગ્નિની અપેક્ષાવિના પૃથ્વીથી ઉત્પન્ન થયેલાં સીતા ત્રણ અગ્નિથી ઉત્પન્ન થયાં છે;દેવો અગ્નિ તથા આદિત્ય,એ બે અગ્નિથીજ ઉત્પન્ન થયા છે અને તેથી તેઓ પૃથ્વીનો સ્પર્શ કરતા નથી.કુંતીના પુત્રો તથા માદ્રીના પુત્રો દેવોથી ઉત્પન્ન થયા છે એટલે તેઓ પૃથ્વી અને પુરુષરૂપી બે અગ્નિની અપેક્ષાવિના ત્રણ અગ્નિથી ઉત્પન્ન થયેલા ગણાય છે અને દ્રુપદનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદી તો અગ્નિમાં હવિષ નાખતાંજ ઉત્પન્ન થયાં છે, તેથી તેઓ એક અગ્નિથી ઉત્પન્ન થયેલાં ગણાય, અને તે હેતુથી તે બન્ને દેવો કરતાં પણ અધિક યોગ્યતાવાળાં છે. **सर्वे सर्वात्मका देवा विरजोवयवा यतः । सर्वे एव समाः सर्वेऽनंता इति हि वेदगीः ॥ न तेषां व्यभिचारोस्ति न चेत्सूर्ययमौ कथं । पितापुत्रौ सतीं कुंतीमुपेयातां सुरोत्तमौ ॥** સર્વે દેવો શુદ્ધ અવયવવાળા છે, માટે તેઓ સર્વરૂપ છે, સર્વે સમાન છે અને સર્વે અનંત છે, આ પ્રમાણે વેદવાણી કહે છે. આ કારણથી તેઓને વ્યભિચારદોષ લાગુ પડતો નથી; કારણ કે જો દોષ પ્રાપ્ત થતો હોય તો દેવોમાં ઉત્તમ એવા સૂર્ય અને યમ કે જે એક પિતા તથા બીજા પુત્ર થાય છે, તે બન્ને સતી કુંતીમાં ગમન કેવી રીતે કરી શકે? આ ઉપરથી જણાવે છે કે, **द्रौपदीं देवजां पार्था देवजा यदि भुंजते । न तेषामत्र दोषोऽस्ति देवा एव हि ते स्वयम् श्रूयते न हि वै देवान् पापं गच्छति सर्वथा । तस्माद्यज्ञैर्देवभावं प्रार्थयीत निरेनसम् ॥** અગ્નિદેવથી ઉત્પન્ન થયેલાં દ્રૌપદીને દેવોથી ઉત્પન્ન થયેલા પાંડવો જો ભોગવે, તો એ સંબંધમાં તેઓને દોષ લાગતો નથી; કારણ કે તેઓ પોતે દેવોજ છે. વળી દેવોને પાપ લાગતુંજ નથી એવું શ્રુતિમાં સંભળાય છે; માટેજ યજ્ઞો કરીને નિષ્પાપ દેવભાવની ઇચ્છા કરવી. **एतद्वैवाहिके व्यासो नानाख्यानोपबृंहणैः । दर्शयामास लोकानां संशयस्यापनुत्तये ॥** વ્યાસ મુનિએ આ સઘળું લોકોના સંશયની નિવૃત્તિને માટે જૂદાં જૂદાં આખ્યાનોની પુષ્ટિ સાથે વિવાહપર્વમાં દર્શાવ્યું છે.

गाणेशी

કારણ કે તેમણે પહેલાં સાંભળ્યું હતું કે, પુત્રોની સાથે કુંતી લાક્ષાગૃહમાં બળી ગયાં છે. એટલે ઉપલી વાત જાણીને રાજાઓ પાંડવોને નવે જન્મે આવેલા માનવા લાગ્યા[૫,૬] અને પુરોચને કરેલા અત્યંત નીચ કર્મને માટે કુરુવંશીય ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મને ધિક્કારવા લાગ્યા.[૭] આ રીતે પાંડવો પરણ્યા, એ વાત જાણીને સ્વયંવર પૂરો થતાંજ સઘળા રાજાઓ જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા.[૮] દ્રૌપદી અર્જુનને વરી, તે જોઇને દુર્મન થયેલો દુર્યોધન રાજા પોતાના ભાઇઓ, અશ્વત્થામા, મામો શકુનિ, કર્ણ તથા કૃપાચાર્યને લઇને પાછો હસ્તિનાપુર ગયો; તે વખતે લાજવિનાનો દુઃશાસન દુર્યોધનને મંદ મંદ શબ્દથી કહેવા લાગ્યો કેઃ–[૯,૧૦] "જો એ બ્રાહ્મણના વેષમાં ન હોત તો એને દ્રૌપદી મળત નહિ. હે રાજન્! પરંતુ અર્જુનને કોઈ બરોબર ઓળખીજ શકયું નહિ.[૧૧] અહો! દૈવજ બલવાન છે, પુરુષાર્થ નિરર્થક છે. હે તાત! તેવાં નિરર્થક પૌરુષને ધિક્કાર છે, જેથી હજી પણ પાંડવો જીવે છે!"[૧૨]

આ પ્રમાણે બોલતા અને પુરોચનને નિંદતા તેઓ દીન તથા બેભાન જેવા થઇને હસ્તિનાપુરમાં પેઠા.[૧૩] આ રીતે મહાન તેજવાળા પાંડવોને લાક્ષાગૃહના અગ્નિથી મુક્ત થઇને દ્રુપદના સંબંધમાં આવેલા તે તથા ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ અને દ્રુપદના બીજા સર્વે પુત્રો યુદ્ધમાં કુશલ છે તે સંબંધી વિચાર કરીને કૌરવોના સંકલ્પો પડી ભાંગ્યા તથા તેઓ ત્રાસ પામી ગયા.[૧૪,૧૫] પાંડવો દ્રૌપદીને પરણ્યા તથા ધૃતરાષ્ટ્રના પુત્રો ભગ્નગર્વ થઇને શરમાતા પાછા આવ્યા; એ વાત વિદુરે જ્યારે સાંભળી ત્યારે તે પ્રસન્ન થયા અને હે રાજન્! ધૃતરાષ્ટ્રની પાસે જઇને વિસ્મયથી કહેવા લાગ્યા કેઃ–"કૌરવોની ઉન્નતિ થાય છે એ અહોભાગ્ય છે,"[૧૬,૧૭] હે ભારત! વિદુરનું વચન સાંભળીને પરમ પ્રસન્ન થયેલો વિચિત્રવીર્યનો પુત્ર ધૃતરાષ્ટ્ર રાજા, "બહુ સારૂં થયું, બહુ સારૂં થયું" એમ કહેવા લાગ્યો;[૧૮] કારણ કે તે અંધ ધૃતરાષ્ટ્ર રાજા અજાણપણાથી પોતાના મોટા પુત્ર દુર્યોધનને દ્રુપદ રાજાની કન્યા પરણી છે એમ માનતો હતો;[૧૯] અને એમ માનવાથી તે પોતાના પુત્ર દુર્યોધનને આજ્ઞા કરવા લાગ્યો કેઃ–"દ્રૌપદીને પુષ્કળ અલંકારો આપો તથા તેને મારી આગળ લાવો."[૨૦] આ સાંભળ્યા પછી વિદુરે કહ્યું કેઃ–"દ્રૌપદીને તો પાંડવો પરણ્યા છે તથા તે સઘળા વીરો ક્ષેમકુશલ છે અને દ્રુપદ રાજાએ તેમનો સારો સત્કાર કર્યો છે.[૨૧] વળી પાંડવોના ઘણા સંબંધીઓ પણ પોતાના સૈન્ય સાથે તે સ્વયંવરમાંજ પાંડવોને આવી મળ્યા છે."[૨૨]

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–"જેવા તે પાંડુના પુત્રો છે, તેનાથી પણ તેમને હું મારા અધિક ગણું છું. તેઓના પ્રત્યે મારી જે કારણથી અધિક બુદ્ધિ છે, તે હું કહું છું, એ તમે સાંભળો.[૨૩] વીર એવા પાંડવો ઘણા કુશલ છે, મિત્રવાળા છે અને તેમના બીજા સંબંધીઓ પણ ઘણા છે તથા તે મહાબલવાન છે.[૨૪] હે વિદુર! બંધુઓની સાથે દ્રુપદને મિત્રતરીકે મેળવીને કયો સમૃદ્ધિહીન થયેલો રાજા પણ પોતાને ઐશ્વર્યવાન થવાની ઈચ્છા કરે નહિ?"[૨૫]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે બોલતા ધૃતરાષ્ટ્ર રાજાને વિદુરે કહ્યું કેઃ– "હે રાજન્! તમારી આ બુદ્ધિ સેંકડો વર્ષ સુધી કાયમ રહો." હે રાજા! આ પ્રમાણે કહીને વિદુરજી પોતાને ઘેર ગયા.[૨૬] તે પછી હે પ્રજેશ! દુર્યોધન તથા કર્ણ ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા અને આ પ્રમાણે વચન કહેવા લાગ્યાઃ–[૨૭] "હે પિતા! વિદુરની સમક્ષમાં અમે તમારો દોષ કહી શકતા નથી; પરંતુ અત્યારે એકાંત છે માટે અમે તમને કહીએ છીએ કે, તમે આ શું કરવા ધાર્યું છે?[૨૮] હે શ્રેષ્ઠ પિતા! શત્રુની વૃદ્ધિને તમે પોતાની વૃદ્ધિ માનો છો અને વિદુરની આગળ તમે શત્રુઓનાં વખાણ પણ કરો છો.[૨૯] હે નૃપ! હે નિષ્પાપ! કરવાનું બીજુંજ છે અને તમે કરો છો બીજુંજ. હે તાત! તેમના બલનો તો આપણે નિત્ય નાશજ કરવો જોઇએ.[૩૦] માટે આ પ્રાપ્ત થયેલા પ્રસંગને સારૂ આપણે

એવો ઉપાય વિચારી કાઢીએ, કે જે કરવાથી પાંડવો આપણને પુત્ર, સૈન્ય તથા બંધુઓની સાથે હણી શકે નહિ."[૩૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે દુર્યોધન-વાક્યમાં અધ્યાય ૨૦૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૧ મો–પાંડવોના વિનાશને માટે દુર્યોધનના વિચારો

॥ धृतराष्ट्र उवाच ॥

अहमप्येवमेवैतच्चिकीर्षामि यथा युवाम् ॥
विवेक्तुं नाहमिच्छामि त्वाकारं विदुरंप्रति॥१॥

ધૃતરાષ્ટ્ર બોલ્યોઃ–"જેવું તમે કરવા ધારો છો તેવુંજ કરવા હું પણ ઇચ્છા રાખું છું; પરંતુ વિદુરની આગળ મારૂં હૃદય ખોલવાની હું ઇચ્છા રાખતો નથી.[૧] મારી બાહ્ય ચેષ્ટાઓથી મારા અભિપ્રાયને વિદુર જાણી જાય નહિ, એટલા માટે હું વિશેષવડે તેની આગળ પાંડવોના ગુણોનુંજ વર્ણન કરૂં છું.[૨] હે દુર્યોધન! આ સમયમાટે જે કર્તવ્ય તું ધારતો હોય તે મને કહે. હે કર્ણ! આ કાલને સારૂ યોગ્ય એવું તારૂં માનવું પણ જે હોય તે મને શીઘ્ર કહે."[૩]

દુર્યોધન બોલ્યોઃ–"હે રાજન! આપણને ઠગે નહિ તેવા ચતુર અને આપણા ખાનગી હોય તેવા બ્રાહ્મણોને આજે આપણે મોકલાવીને કુંતીના પુત્રો અને માદ્રીના પુત્રોવચ્ચે ભેદ પડાવીએ;[૪] અથવા પુષ્કળ દ્રવ્યસમૂહથી દ્રુપદ રાજાને, તેના પુત્રોને તથા પ્રધાનોને સર્વ રીતે લોભ પમાડીએ;[૫] જેમ કરવાથી દ્રુપદ રાજા કુંતીપુત્ર યુધિષ્ઠિરનો ત્યાગ કરશે અથવા તેમને ત્યાંજ રાખવાનો વિચાર કરશે.[૬] વળી અહીં હસ્તિનાપુરમાં રહેવું દોષભરેલું છે, એમ તેમની આગળ જૂદા જૂદા મનુષ્યો વર્ણવે અને એવો ભેદ કરવાથી પાંડવો ત્યાંજ રહેવાનો વિચાર કરે[૭]; અથવા ઉપાય જાણનારા કેટલાએક કુશલ પુરુષોને મોકલો, કે જેઓ પાંડવોમાં અણરાગ ઉત્પન્ન કરાવીને તેમને પરસ્પરમાં ભેદ પડાવે;[૮] અથવા દ્રૌપદી પોતાના પતિઓનો ત્યાગ કરે એમ કરીએ, કારણકે તેને ઘણા પતિઓ છે એટલે એ કામ સુલભ થઈ પડશે; અથવા દ્રૌપદીનો પોતાના પતિઓમાં વિષમ ભાવ છે એમ જણાવીને પાંડવોનેજ તેનાથી વિરક્ત કરીએ, એટલે તેને આપણે મેળવી શકીશું;[૯] અથવા હે રાજન્! ઉપાયકુશલ એવા છુપા મારાઓ મોકલીને આપણે ભીમસેનને મારી નખાવીએ; કારણકે પાંડવોમાં તે ઘણો બલવાન છે.[૧૦] તે ભીમસેનના આશ્રયથીજ યુધિષ્ઠિર પહેલાં આપણને ગણતો ન હતો. ભીમ તીખા સ્વભાવનો, શૂરો અને તેઓનો આધારભૂત છે.[૧૧] હે રાજન્! તે ભીમનું મૃત્યુ થવાથી પાંડવોનો ઉત્સાહ અને તેજ ક્ષીણ થઇ જશે, એટલે તેઓ રાજ્યને માટે યત્ન કરશે નહિ. ખરેખર, ભીમજ તેમનો આધાર છે.[૧૨] જ્યારે ભીમસેન પીઠરક્ષક હોય છે, ત્યારેજ અર્જુનને યુદ્ધમાં કોઇ જીતી શકતું નથી; પરંતુ તેનાવિના એકલો પડેલો અર્જુન યુદ્ધમાં કર્ણનો ચતુર્થાંશ પણ ગણાય નહિ.[૧૩] એટલે ભીમસેનવિના પોતાને અતિશય દુર્બલ થઈ ગયેલા જાણીને તથા આપણને બલવાન જાણીને દુર્બલ પડેલા પાંડવો રાજ્યને માટે યત્ન કરશે નહિ;[૧૪] અથવા આપણી આજ્ઞા પ્રમાણે વર્તનારા પાંડવો અહીં આવશે તો હે રાજન! આપણે નીતિશાસ્ત્ર પ્રમાણે તેઓના નાશને માટે ઉપાય કરીશું;[૧૫] અથવા રૂપાળી સ્ત્રીઓ મોકલીને આપણે તેમને એકએકને લોભાવીએ, એટલે દ્રૌપદી તેઓથી વિરક્ત થશે અથવા તેઓને બોલાવવાને માટે કર્ણને મોકલો; અને અહીં આવ્યા પછી કોઈપણ પ્રકારથી તેમને મેળવી લઇને પછી આપણા આપ્તમનુષ્યોથી તેઓનો નાશ કરાવીએ.[૧૬,૧૭] હે રાજન! આ બધા ઉપાયોમાંથી તમને જે ઉપાય નિર્દોષ જણાય તે ઉપાય કરો. હવે આ ખરો સમય વીતી જાય છે.[૧૮] જ્યાંસુધી રાજાઓમાં શ્રેષ્ઠ

એવા દ્રુપદમાં પાંડવોને વિશ્વાસ બેઠો નથી, તેટલા કાલમાંજ આપણે તેઓને મારવા ધારીશું તો મારી શકીશું; પણ પછી તેમ થવું અશક્ય છે.[૧૯] હે તાત ! પાંડવોના નિગ્રહને માટે મને તો આવી બુદ્ધિ સૂઝે છે. પછી તે સારી હોય કે નઠારી હોય, હે કર્ણ ! એમાં તારૂં શું માનવું છે ?[૨૦]

ઈતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભ પર્વવિષે દુર્યોધન-વાક્ય નામનો અધ્યાય ૨૦૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૨મો-કર્ણનો યુદ્ધ કરવા ઉપદેશ

॥ कर्ण उवाच ॥

दुर्योधन तव प्रज्ञा न सम्यगिति मे मतिः ॥
न ह्युपायेन ते शक्याः पांडवाः कुरुवर्धन ॥१॥

કર્ણ બોલ્યોઃ–"હે દુર્યોધન ! આ સંબંધમાં તારી બુદ્ધિ બરોબર નથી, એમ મારૂં માનવું છે. હે કુરુવર્ધન ! ઉપાયોથી પાંડવો વશ થાય તેવા નથી.[૧] હે વીર ! તેં પ્રથમથીજ અનેક સૂક્ષ્મ ઉપાયોવડે તેઓને વશ કરવા માટે યત્નો કર્યા હતા, પરંતુ તેઓ તારા કબજામાં આવ્યા નહિ. હે પાર્થિવ ! જ્યારે તેઓ અહીં તારી સમીપમાંજ રહેતા હતા તથા પક્ષવિનાના બાલકો હતા, ત્યારે પણ તું તેઓને બાધ કરી શકયો નહિ,[૨,૩] તો હવે સહાયવાળા પ્રદેશમાં રહેલા અને સર્વ પ્રકારે વૃદ્ધિ પામેલા એવા તે કુંતીના પુત્રો ઉપાયોથી વશ થશે નહિ; હે અચ્યુત ! એમ મારી બુદ્ધિ કહે છે.[૪] દૈવથીજ શક્તિમંત થયેલા અને બાપદાદાના રાજ્યાસનની ઇચ્છા કરતા એવા પાંડવોને આપણે ઉપાયોથી દુઃખી કરી શકીશું નહિ.[૫] વળી તેમનામાં પરસ્પર ભેદ ઉપજાવવો એ પણ અશક્ય છે; કારણકે જેઓ એક પત્નીમાં પ્રીતિવાળા છે તેઓ પરસ્પરમાં ભેદ પામે નહિ.[૬] તેમજ દ્રૌપદીને પાંડવોથી વિરક્ત કરવી, એ પણ અશક્ય વાત છે; કારણ કે પાંડવો ગરીબ હતા ત્યારે તેમને જે પરણી હતી તે હવે સારી સ્થિતિમાં આવેલા પાંડવોને શી રીતે છોડી શકે ?[૭] વળી એક સ્રીને ઘણા પતિ હોય, તે સ્રીઓને માટે ઇચ્છિત વિષય ગણાય છે, તે લાભ દ્રૌપદીને પ્રાપ્ત થયેલો છે, એટલે હવે તેને પાંડવોથી છૂટી પાડી શકાશે નહિ.[૮] વળી પંચાલરાજ દ્રુપદ પણ આર્યવ્રતવાળો છે. તે ધનનો લોભી નથી; માટે આખું રાજ્ય આપવાથી પણ તે પાંડવોને ત્યજશે નહિ, એમ નિશ્ચય માનજો.[૯] વળી દ્રુપદ રાજાનો પુત્ર ઘણો ગુણવાન છે અને પાંડવોના ઉપર પ્રીતિવાળો છે, એટલે કોઇ પણ ઉપાય કરવાથી તે વશ થશે નહિ એમ મારૂં ધારવું છે;[૧૦] પરંતુ હે પુરુષોમાં શ્રેષ્ઠ રાજા ! હાલ આપણે એટલું કરી શકીએ કે, જેટલામાં પાંડવોનાં મૂલ દૃઢ થયાં નથી તેટલામાં આપણે તેમનાપર પ્રહાર કરીએ. હે તાત ! આ વાત તમને રુચિકર થાઓ. જ્યાંસુધી આપણો પક્ષ બલવાન છે અને દ્રુપદનો પક્ષ અલ્પ બલવાળો છે, તેટલામાંજ તેમનાપર હુમલો લઇ જઇને પ્રહાર કરો, એમાં વિચાર કરશો નહિ.[૧૧,૧૨] હે ગાંધારીના પુત્ર ! હે પાર્થિવ ! જ્યાંસુધી પાંડવોની પાસે પુષ્કળ વાહનો, મિત્રો અને કુલનાં માણસો નથી, ત્યાંસુધીમાં તેમના ઉપર તમારૂં પરાક્રમ ચલાવો.[૧૩] હે રાજન્ ! મહાવીર્યવાળા પોતાના પુત્રોની સાથે જ્યાં સુધી દ્રુપદરાજા પાંડવોને રાજ્ય અપાવવાના ઉદ્યોગમાં મન જોડે નહિ, ત્યાંસુધીમાં તમે ચઢાઈ કરો.[૧૪] વળી યાદવોની સેના લઇને શ્રીકૃષ્ણ, પાંડવોને રાજ્ય અપાવવા માટે જેટલામાં દ્રુપદને ત્યાં આવ્યા નથી, તેટલામાં તમારૂં પરાક્રમ કરી દેખાડો;[૧૫] કારણ કે પાંડવોને માટે શ્રીકૃષ્ણ પોતાનું પુષ્કળ દ્રવ્ય, વિવિધ ભોગો અને બધું રાજ્ય જાય તોપણ તેની કોઈ રીતે સ્પૃહા કરે તેમ નથી.[૧૬] પૂર્વે મહાત્મા ભરતે પરાક્રમ કરીનેજ સર્વ પૃ-

થ્વી પ્રાપ્ત કરી હતી, તેમ ઇંદ્રે પણ પરાક્રમથીજ ત્રણ લોકને જીત્યા હતા.[૧૭] હે રાજન્! ક્ષત્રિયને માટે પરાક્રમ એજ વખાણવાયોગ્ય ગુણ ગણાય છે. હે રાજાઓમાં શ્રેષ્ઠ ! શૂરાઓએ પરાક્રમ કરવું એજ તેમનો સ્વધર્મ છે;[૧૮] માટે હે રાજન્! આપણે મોટી ચતુરંગિણી સેના લઈ જઈને દ્રુપદરાજાને ઝટ હરાવીએ અને પાંડવોને ત્યાંથી અહીં લાવીએ.[૧૯] પાંડવો સામથી, દામથી અને ભેદથી વશ કરી શકાય તેવા નથી માટે પરાક્રમ કરીનેજ તું તેઓને હણી નાખ.[૨૦] હે રાજન્! પાંડવોને પરાક્રમથી જીતી લીધા પછી આ આખી પૃથ્વીનો તું ભોગ કર. એ વિના આ કાર્યને માટે હું બીજો ઉપાય જોતો નથી."[૨૧]

વૈશંપાયન કહે છેઃ—આવાં રાધાપુત્ર કર્ણનાં વચન સાંભળીને પ્રતાપી ધૃતરાષ્ટ્ર તેને માન આપીને આ પ્રમાણે કહેવા લાગ્યો કેઃ-[૨૨] " હે સૂતનંદન! તું મહાબુદ્ધિમાન અને અસ્ત્ર વિદ્યામાં નિપુણ છે, માટે તારેવિષે આવાં પરાક્રમ-સંપન્ન વચન યોગ્યજ છે; [૨૩] પરંતુ ભીષ્મ, દ્રોણ તથા વિદુરની સાથે તમે બન્ને ફરીથી વિચાર કરો કે જે વિચાર આપણને પરિણામે સુખ આપનારો નિવડે." હે મહારાજ ! પછી તે સઘળા મંત્રીઓને મહાયશસ્વી ધૃતરાષ્ટ્રે ત્યાં તેડાવ્યા અને તેઓની સાથે વિચાર કરવા માંડયો.[૨૪,૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે ધૃતરાષ્ટ્રમંત્રણ નામનો અધ્યાય ૨૦૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૩મો-ભીષ્મનો ઉપદેશ

॥ भीष्म उवाच ॥

न रोचते विग्रहो मे पांडुपुत्रैः कथंचन ॥
यथैव धृतराष्ट्रो मे तथा पांडुरसंशयम् ॥१॥

ભીષ્મ બોલ્યાઃ-" પાંડવોની સાથે લડાઈ કરવાનો વિચાર મને કોઈ પણ રીતે રુચતો નથી; કારણ કે મને જેટલે ધૃતરાષ્ટ્ર છે તેટલેજ પાંડુ પણ છે, એમાં સંશય નથી.[૧] વળી ગાંધારીના પુત્રો મને જેવા વહાલા છે, તેવાજ કુંતીના પુત્રો પણ વહાલા છે. હે ધૃતરાષ્ટ્ર ! મારે જેવું પાંડવોનું રક્ષણ કરવું જોઇએ, તેવું તમારે પણ તેમનું રક્ષણ કરવું ઘટે છે;[૨] અને હે પાર્થિવ! જેવા તેઓ મારા છે તેવાજ તમારા, દુર્યોધનના અને બીજા સર્વ કૌરવોના પણ સંબંધી છે.[૩] આ કારણોને લીધે પાંડવોની જોડે વિરોધ કરવો મને ગમતો નથી; માટે તે વીરોની જોડે સલાહ કરીને તમે તેમને અર્ધું રાજ્ય આપો; કારણ કે તે કુરુશ્રેષ્ઠ પાંડવોના પણ બાપદાદાનું આ રાજ્ય છે.[૪] હે દુર્યોધન! હે તાત! તું જેમ આ રાજ્ય તારા બાપનું છે એમ માને છે, તેમ પાંડવો પણ પોતાના બાપનું રાજ્ય માને છે.[૫] જ્યારે યશસ્વી પાંડવોને આ રાજ્ય નહિ મળે, ત્યારે તને અને બીજા ભરતવંશીઓને પણ આ રાજ્ય કયાંથી મળશે ? હે ભરતર્ષભ! આ રાજ્ય તેં અધર્મથી પ્રાપ્ત કર્યું છે અને પાંડવો તો પ્રથમથીજ આ રાજ્યને પ્રાપ્ત કરી ચૂકયા છે, એમ મારૂં માનવું છે.[૬,૭] માટે મીઠાશથીજ તેમને અર્ધું રાજ્ય આપો. હે પુરુષવ્યાઘ્ર! એમાંજ સર્વ લોકનું હિત સમાયલું છે.[૮] એથી જો કંઈ ઉલટું કરવામાં આવશે તો તેમાં આપણું હિત થશે નહિ અને તમારી પણ મોટી અપકીર્તિ થશે એમાં સંશય નથી;[૯] માટે કીર્તિનું રક્ષણ કરો, કીર્તિ એજ મોટું બલ છે. જે મનુષ્યની કીર્તિ નાશ પામી છે, તેનું જીવિત નિષ્ફલ ગણાય છે.[૧૦] હે કૌરવ ! મનુષ્યની કીર્તિ જ્યાંસુધી નાશ પામી નથી, ત્યાંસુધીજ તે જીવતો છે, અને હે ગાંધારીપુત્ર! જેની કીર્તિ નાશ પામી છે, તેને જીવતાં છતાં નાશ પામેલોજ જાણવો.[૧૧] હે મહાન બાહુવાળા ! કુરુકુલને યોગ્ય એવા આ ધર્મનું તું સેવન કર અને પૂર્વજોનું તથા પોતાનું સારૂં દેખાય એમ ચાલ.[૧૨] પાંડવો

અને પૃથા જીવે છે, એ મોટા ભાગ્યની વાત છે તથા પાપી પુરોચન પોતાના પાપકૃત્યમાં ફાવ્યો નહિ અને જાતે નાશ પામ્યો, એ પણ બહુ સારૂં થયું.[૧૩] હે ગાંધારીપુત્ર! જ્યારથી મેં કુંતીપુત્રોને લાક્ષાગૃહમાં બળેલા સાંભળ્યા, ત્યારથી હું કોઇના તરફ જોઈ શકતો નથી.[૧૪] હે પુરુષવ્યાઘ્ર! લોકમાં કોઈપણ મનુષ્ય કુંતી તથા તેના પુત્રોને બળેલા સાંભળીને પુરોચનપર જેટલો દોષ નથી મૂકતા, તેટલો દોષ તારાપર મૂકે છે;[૧૫] માટે તેઓ જીવ્યા અને બહાર દેખાયા એથી તો તારૂં કલંક નાશ પામ્યું છે, એમ તારે માનવું જોઇએ.[૧૬] હે કુરુનંદન! વળી વીર પાંડવો જ્યાંસુધી જીવતા હોય, ત્યાંસુધી તેમનો બાપીકો ભાગ સાક્ષાત્ ઇંદ્ર પણ લઇ શકે તેમ નથી;[૧૭] કારણ કે તે બધા ધર્મપરાયણ છે તથા બધા એક ચિત્તના છે. તેઓ રાજ્યના સમાન હક્કવાળા છતાં તમે તેમને અધર્મથી દૂર કર્યા છે;[૧૮] માટે જો તમારે ધર્મથી ચાલવું હોય, મારૂં પ્રિય કરવું હોય અને તમારૂં કલ્યાણ કરવું હોય તો તેઓને અર્ધું રાજ્ય આપો."[૧૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે ભીષ્મવાક્ય નામનો અધ્યાય ૨૦૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૪ મો—દ્રોણે પાંડવોને બોલાવવા આપેલો અભિપ્રાય અને તેમાં કર્ણનો વિરોધ

॥ द्रोण उवाच ॥

मंत्राय समुपानीतैर्धृतराष्ट्र हितैर्नृप ॥
धर्म्यमर्थ्यं यशस्यं च वाच्यमित्यनुशुश्रुम॥१॥

દ્રોણ બોલ્યાઃ—"હે ધૃતરાષ્ટ્ર રાજા! વિચારને માટે બોલાવેલા હિતેચ્છુ પુરુષોએ ધર્મ, અર્થ અને યશ આપનારૂં જે હોય તેજ કહેવું, એમ અમે શાસ્ત્રમાં સાંભળ્યું છે.[૧] હે તાત! મહાત્મા ભીષ્મનો જે અભિપ્રાય, છે તેજ મારો પણ અભિપ્રાય છે. કુંતીપુત્રોને ભાગ આપવો એજ સનાતન ધર્મ છે;[૨] માટે કોઈ પ્રિય બોલનારા પુરુષને પાંડવોને માટે ઘણું રત્નાદિ ધન લઈને દ્રુપદના તરફ શીઘ્ર મોકલો.[૩] વળી વરપક્ષનાએ વહુને માટે વસ્ત્ર, અલંકાર વગેરે જે કંઇ આપવું જોઇએ તે, તે પુરુષની સાથે દ્રુપદને ત્યાં મોકલો; અને તેની સાથે ત્યાં કહાવો કે, 'તમારો સંબંધ થવાથી અમારી ઘણી ચઢતી થઈ છે, તથા હું (ધૃતરાષ્ટ્ર) અને દુર્યોધન બહુ પ્રસન્ન થયા છીએ.' હે ભારત! આ પ્રમાણે દ્રુપદ રાજા તથા ધૃષ્ટદ્યુમ્નને તેણે અનેક રીતે કહેવું.[૪૫] વળી ને પુરુષે એ સગાઈની યોગ્યતા તથા એનાથી થયેલા હર્ષનું પણ વર્ણન કરવું. તેણે કુંતીના પુત્રો તથા માદ્રીના પુત્રોનું વારંવાર સાંત્વન કરવું.[૬] વળી હે રાજેંદ્ર! શુદ્ધ સુવર્ણના ઘણા અલંકારો તમારી આજ્ઞાથી તમારા અમાત્ય વગેરે દ્રૌપદીને માટે આપે એવી યોજના કરો;[૭] તેમજ હે ભરતર્ષભ! દ્રુપદના પુત્રો, સઘળા પાંડવો તથા કુંતીને માટે પણ જે જે યોગ્ય હોય તે તે પદાર્થો મોકલો.[૮] આ પ્રમાણે પાંડવો તથા દ્રુપદનું સાંત્વન કરીને તથા તેવાં વચનો કહીને પછીથી તે પુરુષે પાંડવોને હસ્તિનાપુર આવવાને માટે કહેવું;[૯] અને દ્રુપદ રાજા જ્યારે વીર એવા પાંડવોને આવવાની રજા આપે, ત્યારે સુંદર સૈન્ય લઈને દુઃશાસન તથા વિકર્ણને તેઓને લેવા માટે મોકલવા.[૧૦] અહીં આવ્યા પછી તમારા તરફથી નિત્ય આદરસત્કાર પામતા એવા તે શ્રેષ્ઠ પાંડવો પ્રજાવર્ગ તથા મંત્રી વગેરેની સંમતિથી પોતાના પિતૃઓની ગાદી ઉપર બેસશે.[૧૧] હે ભરતવંશી મહારાજ! આ પ્રમાણે વર્તવું એ તમારા પુત્રો અને પાંડવોને માટે ઉપયોગી છે; એવું ભીષ્મનું તથા મારૂં માનવું છે."[૧૨]

કર્ણ બોલ્યોઃ—"જે ભીષ્મ તથા દ્રોણને ધન તથા માન આપીને તમે જીતી લીધા

છે તથા જેઓ તમારાં સર્વ કાર્યમાં ખાનગી ગણાય છે, તે બન્ને જ્યારે તમારૂં ભલું ચાહતા નથી, ત્યારે એનાથી બીજું વધારે શું આશ્ચર્ય કહેવાય?[૧૩] પોતાના મનના અભિપ્રાય છુપા રાખીને જે મનુષ્યો દુષ્ટ મનથી વાત કરે છે, તે મનુષ્યો, સજ્જનોએ માન આપવા જેવું, પોતાના સ્વામીનું કલ્યાણ ક્યાંથી કરી શકે?[૧૪] વળી સંકટના સમયમાં સારા અથવા નબળા મિત્રો કલ્યાણ અથવા નાશ કરવા સમર્થ થતા નથી; પરંતુ સર્વને સુખદુઃખ પોતાનાં પુણ્ય-પાપને અનુસરીનેજ મળે છે;[૧૫] માટે મનુષ્ય બુદ્ધિમાન હોય કે મૂર્ખ હોય, બાલક હોય કે વૃદ્ધ હોય, સહાયવાળો હોય કે સહાયવિનાનો હોય; પણ તેને સર્વ સ્થાનમાં અને સર્વ કાલમાં સઘળું દૈવથીજ આવી મળે છે.[૧૬] સાંભળ્યું છે કે, પહેલાં મગધદેશના રાજાઓમાં અંબુવીચ નામનો એક મોટો રાજા રાજગૃહ નગરમાં રાજ્ય કરતો હતો.[૧૭] તે રાજા નેત્રાદિ સર્વ ઇંદ્રિયોથી રહિત હતો, માત્ર શ્વાસોચ્છ્વાસ લીધા કરતો હતો; તેથી તે સર્વ કાર્યમાં પોતાના મહાકર્ણિ નામના પ્રધાનને આધીન હતો. આ પ્રમાણે રાજા અપંગ હોવાથી તે પ્રધાન રાજ્યનો સ્વામી થઈ પડયો અને તે પોતાને બલવાન સત્તાવાળો માનતો હોવાથી રાજાનું પણ અપમાન કરવા લાગ્યો;[૧૮,૧૯] તથા રાજાને ભોગવવા યોગ્ય સ્ત્રીઓ, રત્નો, ધન તથા ઐશ્વર્યને તે મૂર્ખ પોતેજ ભોગવવા લાગ્યો.[૨૦] તે બધું લેતાં પણ તે લોભનો લોભી વધતોજ ગયો અને સર્વ લઈને ઇંદ્રિયરહિત તથા શ્વાસપરાયણ તે રાજાનું રાજ્ય પણ લઇ લેવા યત્ન કરવા લાગ્યો; પરંતુ યત્ન કરતાંએ તે પ્રધાન રાજ્ય મેળવી શકયો નહિ, એવું અમે સાંભળ્યું છે.[૨૧,૨૨] આ પ્રમાણે તે અંબુવીચ રાજાનું રાજાપણું દૈવથીજ રહ્યું હતું, યત્ન કરવાથી નહિ; માટે હે રાજન ! જો તમારા ભાગ્યમાં રાજ્ય નિર્મેલું હશે, તો સર્વ લોકોના જોતાં તે રાજ્ય અવશ્ય તમારી પાસેજ રહેશે અને તમારા ભાગ્યમાં રાજ્ય નહિ હોય તો યત્ન કરતાં પણ તમે તે મેળવી શકશો નહિ.[૨૩,૨૪] હે વિદ્વન્! આ સઘળું વિચારીને તમારા સલાહકારોની સાધુતા કે દુષ્ટતા છે, તેને તમે જાણી લ્યો તથા નિખાલસ મનવાળાનું બોલેલું અને દુષ્ટોનું બોલેલું પણ તમે સમજી લ્યો."[૨૫]

દ્રોણ બોલ્યાઃ–" ઓ દુષ્ટ ! તારા ચિત્તમાં દ્વેષ રહેલો છે, માટેજ તું આવું બોલે છે અને તે અમે સમજીએ છીએ. પાંડવોને દુઃખી કરવા એ તારો હેતુ છે અને તેથીજ તું અમારા દોષ વર્ણવે છે.[૨૬] હે કર્ણ ! હું તો કુલની વૃદ્ધિ કરે એવું પરમહિતકારક વચન કહું છું; છતાં તું તેને દોષવાળું માનતો હોય તો એમનું જેમાં ઉત્તમ હિત હોય તેવું તુંજ કહે.[૨૭] બાકી હું પરમહિત થાય તેવું જે કહું છું તેનાથી જો કંઈ ઉલટું કરશો તો કૌરવો થોડા સમયમાં નાશ પામશે, એવું મારૂં માનવું છે."[૨૮]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે દ્રોણવાકય નામનો અધ્યાય ૨૦૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૫મો–વિદુરનો ઉપદેશ

॥ विदुर उवाच ॥

राजन्निःसंशयं श्रेयो वाच्यस्त्वमासि बांधवैः॥
नत्वशुश्रूषमाणे वै वाक्यं संप्रतितिष्ठति ॥१॥

વિદુર બોલ્યાઃ–" હે રાજન્ ! તમારા બંધુઓએ કલ્યાણ થાય તેવું તમને કહેવું જોઇએ, એમાં સંશય નથી; પરંતુ તે વચનો તમને સાંભળવાં ગમતાં નથી, એટલે તેઓનું કહેવું તમારા ચિત્તમાં ઉતરતું નથી.[૧] હે રાજન્ ! કુરુકુલમાં શ્રેષ્ઠ એવા શાંતનુના પુત્ર ભીષ્મે જે વચનો કહ્યાં છે, તે પ્રિય તથા હિતકારક છે, તોપણ તમે તેનો સ્વીકાર કરતા નથી.[૨]

તેમજ દ્રોણ ગુરુએ પણ તમારૂં અનેક રીતે ઉત્તમ હિત થાય તેવું કહ્યું છે, પણ તે તમારૂં હિત આ રાધાપુત્ર કર્ણના ચિત્તમાં ઉતરતું નથી.[૩] હે રાજન ! આ પુરુષોમાં સિંહ જેવા ભીષ્મ અને દ્રોણાચાર્ય કરતાં વધારે બુદ્ધિવાળો તથા તમારો પરમ શુભેચ્છક બીજો કોઇ હોય તેવાને વિચાર કરતાં પણ હું તો જોતો નથી;[૪] કારણકે આ બન્ને વય, બુદ્ધિ અને શાસ્ત્રથી વૃદ્ધ છે તથા હે રાજેંદ્ર ! તમારામાં તથા પાંડવોમાં સમાન વૃત્તિવાળા છે.[૫] હે ભરતવંશી રાજા ! વળી જે બન્ને દશરથનંદન રામ તથા ગય રાજાના કરતાં સત્ય તથા ધર્મમાં ઉતરે તેવા નથી, એ નિશ્ચિત વાત છે.[૬] વળી એમણે પહેલાં પણ કોઇ વાર તમારૂં અકલ્યાણ થાય તેવું કંઈ પણ કહ્યું નથી; તેમજ એમણે તમારા પ્રત્યે કંઈ પણ અપકાર કર્યો હોય તેમ પણ જણાતું નથી;[૭] તો સત્ય પરાક્રમવાળા એ બન્ને પુરુષવ્યાઘ્રો અપરાધવિનાના નૃપતિ જે તમે, તે તમારા કલ્યાણનો વિચાર કેમ ન કરે ? કરેજ.[૮] હે નરાધિપ! આ લોકમાં એ બન્ને પુરુષોમાં શ્રેષ્ઠ અને બુદ્ધિમાન છે, તેથી તમારા નિમિત્તમાં એઓ જરાપણ કપટભરેલું બોલેજ નહિ.[૯] હે કુરુનંદન ! એ બન્ને ધર્મવેત્તા પુરુષો હોવાથી ધનને માટે પક્ષપાતભરેલું બોલશે નહિ, એવી મારી પાકી ખાત્રી છે.[૧૦] હે ભારત ! એ બન્નેએ જે કહ્યું છે, તેજ તમારૂં પરમ કલ્યાણ છે એમ હું માનું છું. હે રાજન્ ! જેવા તમારા દુર્યોધન વગેરે પુત્રો છે, તેવાજ તમારે પાંડુના પુત્રોને પણ ગણવા જોઇએ, એમાં સંદેહ નથી. પાંડવોનું કંઈ પણ અહિત કરવાની જે અજ્ઞાનીઓ તમને સલાહ આપે છે તે સલાહકારો વિશેષ કરીને તમારૂં કલ્યાણ પણ જોતા નથી. હે રાજન્ ! તમારા હૃદયમાં પોતાના પુત્રોને માટે વિશેષતા છે, એ તમારા મનના ભાવને બહાર દેખાડનારી સલાહ આપનારા સલાહકારો તમારૂં અવશ્ય અહિત કરે છે.[૧૧,૧૩] હે રાજન્! એટલા માટે મહાન કાંતિવાળા આ મહાત્માઓ તમારૂં કંઈ ઉઘાડું પડે નહિ તેવું બોલ્યા છે; પરંતુ એ તમારો નિશ્ચય નથી, અર્થાત્ તમારૂં મંતવ્ય કંઈ જુદુંજ છે.[૧૪] વળી પુરુષોમાં શ્રેષ્ઠ એવા ભીષ્મ અને દ્રોણાચાર્યે કહ્યું કે પાંડવો તમારાથી જીતાશે નહિ, તે ખરૂંજ કહ્યું છે; માટે હે પુરુષવ્યાઘ્ર ! પાંડવોથી તમારૂં કલ્યાણ થાઓ.[૧૫] હે રાજન્ ! બન્ને હાથથી બાણો મૂકનારો પાંડુપુત્ર શ્રીમાન અર્જુન, યુદ્ધમાં સાક્ષાત્ ઇંદ્રથી પણ જીતી શકાય તેવો છે શું ? વળી દશ હજાર હાથીના જેવા બલવાળા અને મહાન બાહુવાળા મહાન ભીમસેનને યુદ્ધમાં દેવો પણ શી રીતે જીતી શકે ?[૧૬,૧૭] તેમજ યુદ્ધમાં ચાલાક એવા યમપુત્રોના જેવા નકુલ અને સહદેવને પણ યુદ્ધમાં જીતવાની ઇચ્છા રાખનારો પુરુષ કેવી રીતે જીતી શકે ? વળી જેનામાં ધૈર્ય, દયા, ક્ષમા, સત્ય અને પરાક્રમ હમેશ રહેલાં છે, એવા પાંડવોમાં મોટા યુધિષ્ઠિરને પણ યુદ્ધમાં શી રીતે જીતી શકાય ?[૧૮,૧૯] જેઓનો પક્ષ લેનારા બલદેવ છે, જેઓના મંત્રી શ્રીકૃષ્ણ છે અને જેમને પક્ષે સાત્યકિ છે એવા પાંડવો યુદ્ધમાં શું જીતી ન શકે ? વળી દ્રુપદ જેમનો સસરો છે અને પૃષતના વંશમાં જન્મેલા એવા દ્રુપદના પુત્રો—ધૃષ્ટદ્યુમ્ન વગેરે વીર ભાઇઓ જેમના સાળા છે, એવા પાંડવો જીતાય તેવા નથી, એમ જાણીને તેમની સાથે સારી રીતે ધર્મથી વર્તો. હે ભારત ! વળી તેમના પિતાના સમયથીજ તેમનો આ રાજ્યપર હક્ક છે.[૨૦-૨૨] હે રાજન્ ! પુરોચનને લીધે જે તમારૂં મોટું અપયશ ગવાય છે, તેને તમે પાંડવોપર અનુગ્રહ કરીને ધોઇ નાખો.[૨૩] પાંડવોના ઉપર કરેલો અનુગ્રહ આપણાં સઘળાં કુલને જીવાડનારો તથા પરમ કલ્યાણરૂપ થશે, તેમજ ક્ષત્રિયોની પણ વૃદ્ધિ કરનારો થશે.[૨૪] વળી સમર્થ દ્રુપદ રાજાને પણ આપણી સાથે પહેલાંનું વૈર બંધાયલું છે; માટે હે રાજન્ ! આ વખતે જો તેને મેળવી લેશો તો તેથી આપણો પક્ષ બલવાન થશે.[૨૫] હે નરેશ ! વળી યાદવો ઘણા છે તથા બલવાન છે અને તે બધા જે પક્ષમાં કૃષ્ણ રહેશે તે પક્ષમાં રહેવાના, એટલે જ્યાં કૃષ્ણ ત્યાં જય થશે.[૨૬]

હે નૃપ ! જે કાર્ય સામથી કરી શકાય તે કાર્યને કયો હતભાગ્ય પુરુષ લડાઈથી કરવા ધારે ? કોઇજ નહિ.[૨૭]વળી પાંડવો જીવે છે,એ સાંભળીને નગરના તેમજ દેશના લોકો તેમનાં દર્શનને માટે અતિશય ઉત્સુક થયેલા છે; માટે હે રાજન્ ! પાંડવોને અહીં બોલાવીને તે લોકોનું પણ પ્રિય કરો.[૨૮] દુર્યોધન, કર્ણ અને સુબલનો પુત્ર શકુનિ એ બધા અધર્મી, દુર્બુદ્ધિવાળા અને અપક્વ બુદ્ધિવાળા છે; માટે તમે એઓના કહેવા પ્રમાણે કરશો નહિ.[૨૯] હે રાજન્ ! ગુણસંપન્ન એવા તમને મેં પ્રથમથીજ કહેલું છે કે દુર્યોધનના અપરાધથી આ પ્રજાનો વિનાશ થશે."[૩૦]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે વિદુરવાક્ય નામનો અધ્યાય ૨૦૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૬મો-વિદુરજીને ધૃતરાષ્ટ્રે પાંડવોને લેવા મોકલ્યા.

॥ धृतराष्ट्र उवाच ॥

भीष्मः शांतनवो विद्वान् द्रोणश्चभगवानृषिः ॥ हितं च परमं वाक्यं त्वं च सत्यं ब्रवीषि माम्॥१॥

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–" શાંતનુના પુત્ર ભીષ્મ વિદ્વાન છે, ભગવાન દ્રોણ પણ ઋષિ છે અને એમણે કહેલાં વચનો ઉત્તમ તથા હિતકારક છે તથા તમે પણ મને સત્ય વચન કહો છો.[૧] મહારથ અને વીર એવા કૌંતેયો જેવા પાંડુના પુત્રો છે, તેવા ધર્મથી તે બધા મારા પણ પુત્રોજ છે; એમાં સંશય નથી.[૨] જેમ મારા પુત્રોને આ રાજ્ય પ્રાપ્ત થાય,તેમજ પાંડુના પુત્રોનો પણ આ રાજ્યપર હક્ક છે, એ નિઃસંશય છે,[૩] તો હે ભરતવંશોત્પન્ન વિદુર ! તમે જાઓ અને દેવના જેવાં રૂપવાળી દ્રૌપદી તથા પાંડવોની માતા સાથે પાંડવોને સત્કારપૂર્વક અહીં તેડી લાવો.[૪] પાંડવો અને કુંતી જીવે છે,એ આનંદની વાત છે; તથા તે મહારથો દ્રુપદની કન્યાને પરણ્યા એ પણ મહાભાગ્યજ કહેવાય.[૫] વળી આપણી સર્વની ચઢતી થાય છે, તે આપણું મોટું ભાગ્ય છે તથા પુરોચન નાશ પામ્યો અને હે મહાકાંતિવાન વિદુર ! મારૂં મહાન દુઃખ નિવૃત્ત થયું, એ પણ આનંદની વાત છે."[૬]

વૈશંપાયન કહે છેઃ–હે ભારત ! પછી ધૃતરાષ્ટ્રની આજ્ઞા થવાથી વિદુરજી યજ્ઞસેન રાજાની તથા પાંડવોની પાસે જવા નીકળ્યા.[૭] તે વખતે તેમણે દ્રૌપદી, પાંડવો અને યજ્ઞસેન રાજાને ભેટ આપવા માટે રત્નો તથા વિવિધ મૂલ્યવાન વસ્તુઓ સાથે લીધી હતી.[૮] પછી હે રાજન્ ! પંચાલ દેશમાં દ્રુપદને ત્યાં જઇને ધર્મવેત્તા અને સર્વ શાસ્ત્રમાં કુશલ એવા વિદુરજી દ્રુપદ રાજાને યથાન્યાય મળ્યા અને તેમની આગળ ઉભા રહ્યા.[૯] દ્રુપદ રાજાએ પણ ધર્મપૂર્વક વિદુરનું સન્માન કર્યું. પછી તે બન્નેએ યોગ્ય રીતે પરસ્પરને કુશળપ્રશ્ન પૂછયા.[૧૦] હે ભારત ! તે પછી વિદુરજીએ દ્રુપદરાજાને ત્યાં પાંડવોને તથા વાસુદેવને જોઇને તેઓએ સ્નેહથી આલિંગન કર્યું અને તેમનું આરોગ્ય પૂછયું,[૧૧]પાંડવોએ તથા શ્રીકૃષ્ણે પણ ક્રમપ્રમાણે અમિત બુદ્ધિવાળા વિદુરજીનું પૂજન કર્યું,તે પછી હે રાજન્!વિદુરે ધૃતરાષ્ટ્રના કહેવાથી પાંડવોનું વારંવાર સ્નેહપૂર્વક ક્ષેમકુશલ પૂછયું અને હે પ્રજાધીશ ! કૌરવોએ, પાંડવોને માટે, કુંતીને માટે, દ્રૌપદીને માટે અને દ્રુપદ રાજાના પુત્રોને માટે રત્નો અને વિવિધ વસ્તુઓની જે ભેટ મોકલાવી હતી, તે સઘળી ભેટો તે બધાંને યથાયોગ્ય આપી.[૧૨-૧૪] તે પછી અમાપ બુદ્ધિવાળા તથા વિનયસંપન્ન એવા વિદુરજી પાંડવો તથા શ્રીકૃષ્ણની સમીપમાં દ્રુપદ રાજાને વિનયપૂર્વક કહેવા લાગ્યા.[૧૫]

વિદુર બોલ્યાઃ–" હે રાજન્ ! તમે પુત્રો તથા પ્રધાનોની સાથે હું જે કહું છું તે સાંભળો. ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રો, અમાત્યો તથા સંબંધીઓની સાથે પ્રસન્ન થઇને વારંવાર તમારૂં ક્ષેમકુશલ પૂછયું છે;અને હે નરાધિપ ! તમારી સાથે

થયેલા સંબંધથી તે બહુજ પ્રસન્ન થયા છે.[૧૬,૧૭] વળી મહા બુદ્ધિમાન શાંતનુના પુત્ર ભીષ્મે પણ સર્વ કૌરવોની સાથે તમારૂં સર્વ પ્રકારે કુશળ પૂછ્યું છે;[૧૮] તેમજ ભરદ્વાજના મહાજ્ઞાની પુત્ર દ્રોણ, કે જે તમારા પ્રિય મિત્ર થાય છે, તેમણે તમારૂં આલિંગનપૂર્વક કુશલ પૂછ્યું છે.[૧૯] હે પંચાલરાજ! ધૃતરાષ્ટ્ર તથા સર્વે કૌરવો તમારી સાથે સંબંધ થયો તેથી પોતાને કૃતાર્થ થયેલા માને છે.[૨૦] હે યજ્ઞસેન! તેઓ રાજ્ય મળવાથી જેવા પ્રસન્ન ન થાય તેવા તમારી સાથે થયેલા સંબંધથી પ્રસન્ન થયા છે.[૨૧] આ બધું જાણીને તમે પાંડવોને હસ્તિનાપુર મોકલો; કારણ કે કૌરવો પાંડુપુત્રને જોવા માટે બહુ ઉતાવળા થયા છે. પછી પુરુષોમાં શ્રેષ્ઠ એવા એ પાંડવો તથા પૃથા પણ લાંબા સમયથી બહાર ફરે છે, એટલે એઓ પોતાનું નગર જોવા માટે ઉત્કંઠિત થયાં હશે.[૨૩] વળી સઘળી કૌરવોની સ્ત્રીઓ પણ પાંચાલી–દ્રૌપદીને જોવા માટે એની રાહ જુએ છે; તેમજ અમારા નગરના અને દેશના લોકો પણ એમને જોવાને ઉત્સુક થઇ રહ્યા છે;[૨૪] માટે તમે પાંડવોને દ્રૌપદીની સાથે ત્યાં આવવાની આજ્ઞા આપો, વિલંબ કરશો નહિ. આ વાતમાં મારી પણ સંમતિ છે.[૨૫] હે રાજન્! મહાત્મા પાંડવોને તમે જવાની આજ્ઞા આપશો એટલે ધૃતરાષ્ટ્રને હું શીઘ્ર ગતિવાળા દૂતો મોકલીને ખબર આપીશ કે, કુંતી તથા દ્રૌપદીની સાથે પાંડવો આવે છે."[૨૬]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે વિદુર–દ્રુપદસંવાદ નામનો અધ્યાય ૨૦૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૭મો–પાંડવો હસ્તિનાપુરમાં આવ્યા અને ત્યાંથી ઇંદ્રપ્રસ્થમાં રહેવા ગયા.

॥ द्रूपद उवाच ॥

एवमेतन्महाप्राज्ञ यथात्थ विदुराद्यमाम् ॥
ममापि परमो हर्षः संबंधेऽस्मिन् कृते प्रभो ॥१॥

દ્રુપદ બોલ્યાઃ–" હે મહાપ્રાજ્ઞ વિદુર! હે પ્રભો! જેમ તમે કહો છો તેમ આ સંબંધ કરવાથી મને પણ પરમ હર્ષ થયો છે.[૧] આ મહાત્મા પાંડવોને પોતાના નગરમાં જવું એ પણ ઘણું યોગ્ય છે; તથાપિ મારે પોતાની વાણીથી એમને જવાનું કહેવું એ અયોગ્યજ ગણાય.[૨] એટલે વીર એવા કુંતીપુત્ર યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, પુરુષોમાં શ્રેષ્ઠ એવા નકુલ તથા સહદેવ અને ધર્મજ્ઞ એવા બલરામ તથા શ્રીકૃષ્ણ એ બધાની જ્યારે ઇચ્છા થાય ત્યારે ભલે પાંડવો હસ્તિનાપુર જાય. આ બંને પુરુષોમાં વ્યાઘ્ર જેવા બલરામ તથા કૃષ્ણ પાંડવોનાં નિત્ય પ્રિય તથા હિતમાંજ તત્પર રહે છે."[૩,૪]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે રાજન્! અમે બધા ભાઇઓ સેવકોની સાથે તમારે આધીન છીએ; માટે તમે પ્રીતિથી અમને જે કરવા કહેશો તે પ્રમાણે અમે કરીશું."[૫]

વૈશંપાયન કહે છેઃ–તે પછી શ્રીકૃષ્ણે કહ્યું કેઃ–"પાંડવોએ હસ્તિનાપુર જવું એ મને ઠીક લાગે છે. પછી તો સર્વ ધર્મવેત્તા દ્રુપદ રાજાને જે ઠીક લાગે તે ખરૂં."[૬]

દ્રુપદ બોલ્યાઃ–"દશાર્હકુલોત્પન્ન, મહાબાહુ વીર શ્રીકૃષ્ણ પુરુષોત્તમનું જે સમયોચિત માનવું છે તેજ મારી બુદ્ધિનો પણ નિશ્ચય છે.[૭] હમણાં મહાભાગ્યવાળા પાંડવો જેવા મારા છે તેવાજ વાસુદેવ શ્રીકૃષ્ણના પણ છે, એમાં સંશય નથી.[૮] વળી પાંડુપુત્ર યુધિષ્ઠિર પોતાના કલ્યાણની જેટલી કાળજી કરતા નથી તેટલી પુરુષવ્યાઘ્ર શ્રીકૃષ્ણ એમનાં કલ્યાણની કાળજી રાખે છે."[૯]

વૈશંપાયન કહે છેઃ–હે મહીપતિ! તે પછી મહાત્મા દ્રુપદ રાજાએ જવાની આજ્ઞા આપી

એટલે પાંડવો, શ્રીકૃષ્ણ તથા વિદુરજી યશસ્વિની કુંતી તથા દ્રૌપદીને સાથે લઈને વિહાર કરતા કરતા સુખેથી હસ્તિનાપુર ગયા. વીર પાંડવોને આવેલા સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજાએ પાંડવોને લેવા માટે કૌરવોને સામે મોકલ્યા.[૧૦–૧૨] હે ભારત ! પછી સામા લેવા ગયેલા મહા ધનુર્ધારી વિકર્ણ, ચિત્રસેન, મહાધન્વી દ્રોણાચાર્ય તથા ગૌતમ, કૃપાચાર્ય વગેરેથી વીંટાયલા અને અત્યંત શોભતા મહાબલવાળા તે વીરો ધીરે ધીરે હસ્તિનાપુરમાં પેઠા.[૧૩,૧૪] તે વખતે સર્વ લોકોના પાંડવોને જોવા માટે ઉત્પન્ન થયેલાં કુતૂહલથી તે નગર અત્યંત દીપી નીકળ્યું હોય તેવું જણાવા લાગ્યું અને તે પુરુષવ્યાઘ્રોને જોઈને સર્વનાં દુઃખ તથા શોક નાશ પામ્યાં.[૧૫] તે પછી પાંડવોનું પ્રિય કરવા ઇચ્છતા લોકોએ ઉચ્ચારેલી હૃદયને પ્રિય લાગે તેવી નાનીમોટી વાતો પાંડવો સાંભળવા લાગ્યા. લોકો બોલવા લાગ્યા કેઃ–“ જે પોતાની સંતતિની પેઠે આપણું ધર્મથી રક્ષણ કરે છે, તે આ પુરુષવ્યાઘ્ર, ધર્મવેત્તા યુધિષ્ઠિર પાછા આવે છે. [૧૬,૧૭] આજે લોકોને પ્રિય એવા મહારાજા પાંડુ, આપણું પ્રિય કરવાની ઇચ્છાવડે વનમાંથી પાછા આવ્યા હોય તેવું આપણને પ્રિય લાગે છે, એમાં સંશય નથી.[૧૮] બાપુ ! કુંતીનાવીર પુત્રો પાછા નગરમાં આવ્યા એથી એમણે આપણું શું પ્રિય કર્યું નથી ? સર્વ પ્રિય કર્યુંજ છે;[૧૯] માટે જો આપણે કંઇ દાન કર્યું હોય, જો હોમ કર્યો હોય તથા જો આપણું કંઇ તપનું ફલ હોય તો તે પુણ્યથી પાંડવો આ નગરમાં સો વર્ષ સુધી નિવાસ કરો.”[૨૦] તે પછી પાંડવોએ ધૃતરાષ્ટ્ર, મહાત્મા ભીષ્મ તથા બીજા તેવા યોગ્ય પુરુષોના ચરણમાં વંદન કર્યું.[૨૧] પછી સઘળા નગરવાસીજનોએ કુશલ પ્રશ્ન પૂછ્યા, એટલે પાંડવો પણ તેમને કુશલપ્રશ્નો પૂછીને ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી મહેલોમાં રહેવા માટે ગયા.[૨૨] મહાબલવાળા તે મહાત્માઓએ કેટલોક સમય વિશ્રાંતિ લીધી. તે પછી તેમને ભીષ્મપિતામહ તથા ધૃતરાષ્ટ્ર રાજાએ પોતાની પાસે બોલાવ્યા;[૨૩] અને ધૃતરાષ્ટ્ર રાજા તેમને કહેવા લાગ્યાઃ–“ હે યુધિષ્ઠિર ! હું તમને જે કહું છું તે તમે તમારા ભાઈઓની સાથે સાંભળો. આપણે હવે ફરીથી અણબનાવ ન થવાને માટે તમે ખાંડવપ્રસ્થમાં જઇને નિવાસ કરો.[૨૪] ત્યાં નિવાસ કરતાં તમને કોઇપણ કંઈ હરકત કરી શકશે નહિ. જેમ દેવોનું ઇંદ્ર રક્ષણ કરે છે, તેમ તમારૂં ત્યાં અર્જુન રક્ષણ કરશે;[૨૫] માટે તમારા ભાગનું અર્ધું રાજ્ય લઈને તમે ખાંડવપ્રસ્થમાં જાઓ.”

વૈશંપાયન કહે છેઃ–આવાં ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળીને તે પ્રમાણે કરવા સર્વે કબૂલ થયા. તે પછી સઘળાએ રાજાને પ્રણામ કર્યા અને અર્ધું રાજ્ય લઇને તે મનુષ્યશ્રેષ્ઠ પાંડવો ઘોર વનમાં જવા માટે નીકળ્યા તથા ખાંડવપ્રસ્થમાં પહોંચ્યા.[૨૬,૨૭] તે પછી શ્રીકૃષ્ણ સાથે શુદ્ધ એવા પાંડવોએ ખાંડવપ્રસ્થમાં જઇને તે ઘોર વનને સ્વર્ગના જેવું સુશોભિત બનાવ્યું.[૨૮] તે મહારથોએ પવિત્ર કલ્યાણકારી ભૂમિમાં શાંતિકરીને વ્યાસ મુનિને આગળ રાખી નગર વસાવવા માટે જમીનની માપણી કરી અને ત્યાં નગર વસાવ્યું.[૨૯] આ નગર, ફરતે આવેલો, ધોળાં આભલાંના જેવો તથા ચંદ્રના જેવો જણાતો, સ્વર્ગમાં પહોંચે તેવો કોટ તથા તેની ફરતી આવેલી સમુદ્રના જેવી ખાઈથી સુશોભિત જણાતું હતું ;અને તેથી તે શ્રેષ્ઠ નગર નાગોવડે ભોગવતી નગરીના જેવું શોભતું હતું.[૩૦,૩૧] વળી તે નગર બે પાંખવાળા ગરુડના જેવાં દ્વારોવડે તથા મહાલયોવડે શોભતું હતું અને અભ્રસમૂહના જેવા તથા મંદર પર્વતના જેવા શત્રુઓથી ભેદી શકાય નહિ તેવા શસ્ત્રયુક્ત વિધિ પ્રકારના મજબૂત દરવાજાઓથી સુરક્ષિત કરાયલું હતું. વળી બે જીભવાળા સર્પના જેવી લોખંડની શક્તિઓ (બેનાળી બંદુકો)વડે તે કિલ્લાને ભરપૂર કર્યો હતો.[૩૨,૩૩] વળી કોટની અટારીઓમાં ચોમેર કેળવાયલા યોદ્ધાઓનું રક્ષણ મૂકી દીધું હતું તેમજ કિલ્લાની ઉપર મોટી મોટી તોપો ગોઠવી દીધી હતી અને તીક્ષ્ણ અંકુશો તથા બીજાં નાનાવિધ યંત્રો

પણ ગોઠવ્યાં હતાં; તેથી તથા લોખંડી મોટાં ચક્રોથી તે ઉત્તમ નગર સુશોભિત જણાતું હતું. વળી તે નગરમાં વિશાલ રાજમાર્ગો યથાયોગ્ય માપથી કરવામાં આવ્યા હતા તથા ગ્રામદેવતાના બાધવિનાનું તે નિર્મ્યું હતું.[૩૪,૩૫] તે ઇંદ્રપ્રસ્થ નગર વિવિધ પ્રકારનાં ઉત્તમ ધવલ ભવનોથી દીપી નીકળેલું સ્વર્ગના જેવું શોભતું હતું.[૩૬] તે નગરના રમણીય અને પવિત્ર ભાગમાં જેવું આકાશમાં વિજળીથી વીંટાયલું મેઘમંડળ હોય તેવું જણાતું પાંડવોનું ભવન બંધાવ્યું હતું.[૩૭] તે કુબેરના ઉપવનવાળા ભવનના જેવું શોભતું હતું. હે રાજન ! પછી તે નગરમાં સર્વ વેદવેત્તામાં શ્રેષ્ઠ એવા બ્રાહ્મણો આવીને વસવા લાગ્યા;[૩૮]તેમજ સર્વ ભાષાને જાણનારાઓ પણ ત્યાં પ્રીતિથી નિવાસ કરવા લાગ્યા.વળી ધન મેળવવાની ઈચ્છાથી વેપારીઓ પણ અનેક દિશાઓમાંથી આવીને ત્યાં વસવા લાગ્યા,[૩૯]તથા સર્વ શિલ્પકલાને જાણનારાઓ પણ ત્યાં વસવાને માટે આવ્યા. એ નગરની આસપાસ રમણીય બગીચાઓ કરવામાં આવ્યા હતા;[૪૦] જેમાં આંબા, આમ્રાતક, કદંબ, અશોક, ચંપક, નાગકેસર, નાગપુષ્પ, લકુચ, પનસ, શાલ, તાલ, તમાલ, બકુલ, કેતકી વગેરે વૃક્ષો મનોહર, સારાં પુષ્પવાળાં અને ફલના ભારથી નમી ગયેલાં હતાં.[૪૧,૪૨] વળી જૂનાં આમલીનાં ઝાડો, લોધરનાં ઝાડો,પુષ્પથી ખીલેલાં અંકોલનાં ઝાડો, જાંબુનાં ઝાડો, પાટલ, કુબ્જક, અતિમુક્તક, કરેણ, પારિજાતક અને બીજાં વિવિધ પ્રકારનાં નિત્ય પુષ્પ અને ફલવાળાં તથા અનેક પક્ષિસમૂહથી ભરપૂર એવાં વૃક્ષો એ ઉદ્યાનોમાં ઉછર્યાં હતાં.[૪૩,૪૪] મદમત્ત મયૂરો અને શબ્દ કરતી સદા મદવાળી કોકિલાઓથી એ ઉપવનો ગાજી રહેલાં હતાં. વળી દર્પણના જેવાં સ્વચ્છ વિહારગૃહો, વિવિધ લતાગૃહો તથા મનોહર ચિત્રગૃહો તેમાં નિર્મેલાં હતાં. કૃત્રિમ પર્વતો, નિર્મલ જલથી ભરેલી વિવિધ વાપિકાઓ અને પદ્મ તથા ઉત્પલના સુગંધવાળાં અને હંસ, કારંડવ તથા ચક્રવાકથી શોભતાં રમ્ય સરોવરો ત્યાં આવી રહ્યાં હતાં. વળી તે નગરની આસપાસ વનથી વીંટાયલી અને વિવિધ દેખાવવાળી પુષ્કરિણીઓ તથા મોટાં મોટાં પુષ્કળ સુંદર તળાવો આવેલાં હતાં.[૪૫-૪૮] હે મહારાજ! આવાં પવિત્ર જનવાળા મોટા રાજ્યમાં આવીને વસવાથી પાંડવોનો આનંદ દિન પર દિન વધવા લાગ્યો.[૪૯] આ રીતે ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને અહીં મોકલવાથી પાંડવો ખાંડવપ્રસ્થમાં નિવાસ કરતા થયા.[૫૦] ઇંદ્રના જેવા તે મહાધનુર્ધારી પાંચ ભાઈઓથી તે શ્રેષ્ઠ નગર જેવી નાગોથી ભોગવતી શોભે તેવું શોભવા લાગ્યું.[૫૧] હે રાજન્ ! આ રીતે પાંડવોને ત્યાં વસાવ્યા પછી વીર એવા શ્રીકૃષ્ણ તથા બલરામ પાંડવોની સંમતિ લઈને દ્વારકામાં ગયા.[૫૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે પુરનિર્માણ નામનો અધ્યાય ૨૦૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૮મો–દ્રૌપદીના સંબંધમાં વ્યવસ્થા કરવા માટે નારદમુનિનો ઉપદેશ

॥ जनमेजय उवाच ॥

एवं संप्राप्य राज्यं तदिन्द्रप्रस्थं तपोधन ॥
अत ऊर्ध्वं महात्मानः किमकुर्वत पांडवाः॥१॥

જનમેજય પૂછે છેઃ–હે તપોધન! આ પ્રમાણે ઇંદ્રપ્રસ્થનું રાજ્ય મેળવ્યા પછી મહાત્મા પાંડવોએ શું કર્યું ?[૧] મારા તે પૂર્વ પિતામહો મહાન સત્ત્વવાળા હતા, તેઓની સાથે તેમનાં ધર્મપત્ની દ્રૌપદી કેવી રીતે વર્તતાં હતાં?[૨] વળી તે મહાભાગ્યવાળા પાંચ પાંડવો એકજ દ્રૌપદીની સાથે સંબંધ રાખતા હતા છતાં તેઓ પરસ્પરમાં કેમ ભેદ પામ્યા નહિ?[૩] હે તપોધન ! દ્રૌપદીની સાથે જોડાયલા એવા પાંડવો પરસ્પર કેવી રીતે વર્તતા હતા, તે સઘળું હું વિસ્તાર-

પૂર્વક સાંભળવાની ઈચ્છા કરૂં છું.[૪]

વૈશંપાયન કહે છેઃ–ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી જેમને રાજ્ય મળેલું એવા શત્રુને તાપ આપનારા પાંડવો દ્રૌપદીની સાથે આનંદથી ઇંદ્રપ્રસ્થમાં રહેવા લાગ્યા;[૫] અને મહાતેજસ્વી તથા સત્ય પ્રતિજ્ઞાવાળા યુધિષ્ઠિર રાજ્ય મેળવીને પોતાના ભાઇઓની સાથે ધર્મવડે પૃથ્વીનું પાલન કરવા લાગ્યા.[૬] મહાબુદ્ધિવાળા, સત્ય ધર્મમાં તત્પર અને શત્રુને જેઓએ જીતી લીધેલા એવા પાંડુપુત્રો પરમ આનંદ પામીને ત્યાં ઇંદ્રપ્રસ્થમાં રહેતા હતા;[૭] અને રાજ્યસંબંધી જૂદા જૂદા અધિકાર પદમાં રહીને પુરુષશ્રેષ્ઠ પાંડવો પ્રજાનાં ન્યાય વગેરે સર્વ રાજકાર્યો કરતા હતા.[૮]

એક વખતે તે સર્વ મહાત્માઓ આસનો ઉપર બેઠેલા હતા તે વખતે દૈવેચ્છાથી દેવર્ષિ નારદમુનિ ત્યાં આવી પહોંચ્યા;[૯] એટલે યુધિષ્ઠિરે ઉઠીને તેમને પોતાનું સુંદર આસન બેસવા માટે આપ્યું. દેવર્ષિ નારદના બેઠા પછી બુદ્ધિમાન યુધિષ્ઠિરે પોતે તેમની અર્ઘપૂજા કરી તથા તેમને પોતાનું રાજ્ય નિવેદન કર્યું. તે પૂજનનો સ્વીકાર કરીને પ્રસન્ન થયેલા ઋષિએ તેમને આશીર્વાદથી વૃદ્ધિ પમાડીને "તમે બેસો" એમ તેમને કહ્યું. મુનિની આજ્ઞા થવાથી યુધિષ્ઠિર રાજા આસન ઉપર બેઠા.[૧૦-૧૨] તે પછી નારદમુનિ પધાર્યા છે, એવી ખબર દ્રૌપદીને પહોંચાડી. તે સાંભળીને દ્રૌપદી પણ શુદ્ધ થઇને સ્વસ્થ મનથી જ્યાં પાંડવો સાથે નારદ મુનિ બેઠા હતા, ત્યાં આવી અને તે ધર્મચારિણીએ દેવર્ષિ નારદના ચરણમાં અભિવંદન કર્યું.[૧૩,૧૪] પછી સારી રીતે વસ્ત્રથી શરીરનું આચ્છાદન કરીને તથા હાથ જોડીને દ્રૌપદી એક તરફ ઉભી રહી; તે વખતે સત્ય વાણીવાળા ધર્માત્મા ઋષિશ્રેષ્ઠ નારદે તે રાજપુત્રીને પણ વિવિધ આશીર્વાદો આપ્યા અને સ્તુત્ય ચરિત્રવાળાં દ્રૌપદીને કહ્યું કેઃ–" હવે તમે અંતઃપુરમાં જાઓ."[૧૫,૧૬] તે પછી દ્રૌપદી ગયાં એટલે એકાંતમાં યુધિષ્ઠિર વગેરે સર્વ પાંડવોને ભગવાન નારદ ઋષિ કહેવા લાગ્યા.[૧૭]

નારદ બોલ્યાઃ–"પાંચાલરાજની યશસ્વિની પુત્રી દ્રૌપદી તમારી પાંચેની એક ધર્મપત્ની છે; માટે એ સંબંધમાં તમારે માંહોમાંહે ભેદ ન થાય તેવી તમે વ્યવસ્થા કરો;[૧૮] કારણકે પૂર્વે સુંદ અને ઉપસુંદ નામના બે ભાઇઓ હતા. તેઓ સંપીને સાથે રહેતા હતા. તે બન્ને બીજાથી હણી ન શકાય એવા અને ત્રણ લોકમાં પ્રસિદ્ધ હતા.[૧૯] તે બન્ને એક રાજ્ય સાથે ભોગવતા, એક સ્થાનમાં રહેતા, એક શય્યામાં શયન કરતા, એક આસને બેસતા અને એક ભાણે જમતા હતા; તેમ છતાં એક તિલોત્તમા અપ્સરાના કારણથી તે બન્નેએ એકમેકનો નાશ કર્યો હતો;[૨૦] માટે હે યુધિષ્ઠિર ! તમે બધા અન્યોન્યમાં પ્રીતિની વૃદ્ધિ થાય તેવો સુહૃદ્ભાવ રાખો અને તે પ્રીતિમાં ભેદ ન પડે તેવી યોજના કરો."[૨૧]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે મહામુનિ! સુંદ અને ઉપસુંદ એ બન્ને અસુરો કોના પુત્રો હતા? તે બન્નેમાં શી રીતે ભેદ પડ્યો? અને કેવી રીતે તેઓએ અન્યોન્યનો નાશ કર્યો?[૨૨] વળી તિલોત્તમા અપ્સરા કયા દેવની પુત્રી હતી કે જેની કામનાથી મત્ત થયેલા તે બન્નેએ પરસ્પરનો વધ કર્યો હતો?[૨૩] હે તપોધન! એ સઘળું વૃત્તાંત અમે વિસ્તારથી સાંભળવાની ઇચ્છા કરીએ છીએ. હે બ્રહ્મન્! એ સાંભળવાની મને ઘણી ઉત્કંઠા છે."[૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભ પર્વવિષે યુધિષ્ઠિર-નારદસંવાદ નામનો અધ્યાય ૨૦૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૦૯મો–સુંદ અને ઉપસુંદનું આખ્યાન–તેમને બ્રહ્માનું વરદાન

॥ नारद उवाच ॥

शृणु मे विस्तरेणेममितिहासं पुरातनम् ॥
भ्रातृभिः सहितः पार्थ यथावृत्तं युधिष्ठिर॥१॥

નારદ બોલ્યાઃ–"હે પૃથાપુત્ર યુધિષ્ઠિર! એ પુરાતન ઇતિહાસ જે રીતે થયો હતો તે હું તમને કહું છું, તેને તમે ભાઇઓની સાથે શ્રવણ કરો.[૧] પૂર્વે મહાન અસુર હિરણ્યકશિપુના વંશમાં તેજસ્વી અને બલવાન એવો એક નિકુંભ નામનો દૈત્યેંદ્ર થયો હતો.[૨] તે નિકુંભના સુંદ અને ઉપસુંદ નામના બે પુત્રો હતા. તે બન્ને દૈત્યેંદ્રો મહાન વીર્યવાળા, ભયંકર પરાક્રમવાળા દારુણ પ્રકૃતિના અને ક્રૂર મનવાળા હતા.[૩] તે બન્ને દૈત્યો એકસરખા નિશ્ચયવાળા, એકસરખાં કાર્ય તથા પ્રયોજનવાળા તથા એકમેકનાં સુખદુઃખમાં ભાગ લેનારા હતા.[૪] વળી તે બન્ને એકમેકના વિના ભોજન કરતા ન હતા તથા એકમેકના વિના બોલતા પણ ન હતા. તે બન્ને ભાઈઓ પરસ્પરનું પ્રિય કરનારા તથા એકબીજાની સાથે મીઠું બોલતા હતા.[૫] ખરેખર એકસરખાં શીલ અને આચારવાળા તે બન્ને એક જીવનાં બે ખોળીઆં જૂદાં કર્યાં હોય તેવા હતા. મહા વીર્યવાળા તેઓ મોટા થયા તોપણ જે કાર્ય કરવું હોય તેમાં બન્ને એકસરખો નિશ્ચય રાખતા હતા.[૬] તે પછી તે બન્ને અસુરોએ ત્રણે લોકનો વિજય કરવાનો નિશ્ચય કરીને દીક્ષા ધારણ કરી અને તેઓ વિંધ્ય પર્વત ઉપર જઇને ત્યાં ઉગ્ર તપ કરવા લાગ્યા.[૭] તપસ્વી એવા તે બન્ને લાંબો કાળ ભૂખતરસ વેઠવાથી શ્રમિત થયેલા હતા, તેમણે જટા તથા વલ્કલ ધારણ કરેલાં હતાં, તેઓ માત્ર વાયુનો આહાર કરતા હતા તથા તેમને સર્વાંગમાં મેલ ચઢી ગયેલો હતો. તે બન્ને પોતાનું માંસ કાઢીને તેનો હોમ કરતા હતા તથા પગના અંગુઠાનાં ટેરવાંથી ઉભા રહીને, ઉંચા હાથ રાખીને, નેત્રના પલકારા બંધ કરીને તથા વ્રતધારી થઇને લાંબા કાળ સુધી તપ કરતા હતા.[૮,૯] તે બન્નેના તપના પ્રભાવથી લાંબા સમયસુધી તપી ઉઠેલા વિંધ્ય પર્વતમાંથી ધૂમાડો નીકળવા લાગ્યો અને તે આશ્ચર્ય જેવું થઈ પડયું.[૧૦] પછી બન્નેનું ઉગ્ર તપ જોઇને દેવોને ભય લાગ્યો અને તેઓના તપનો ધ્વંસ કરવા માટે તેમણે અનેક વિઘ્નો પ્રકટ કરવા માંડયાં.[૧૧] તે બન્નેને રત્નો તથા સ્ત્રીઓ મોકલીને વારંવાર લોભાવવા માંડયા; પરંતુ મહાન વ્રતવાળા તે અસુરોએ પોતાના વ્રતનો ભંગ કર્યો નહિ.[૧૨] તે પછી દેવોએ તે મહાત્માઓની આગળ ફરીથી માયા કરવા માંડી. તેમાં માયાથી તેમની બહેનો, માતાઓ, ભાર્યાઓ અને સગાંસંબંધીઓને ઉત્પન્ન કર્યાં અને તે બધાં હાથમાં ત્રિશુલ લઇને પાછળ પડેલા રાક્ષસથી ત્રાસ પામીને પડતાં, દોડતાં અસુરોની આગળ આવ્યાં. તેઓના કેશ, કેશના અલંકારો, વસ્ત્રો તથા શરીરનાં આભૂષણો વિંખાઇ ગયાં હતાં. તેઓ ત્યાં આવીને સુંદ તથા ઉપસુંદનાં નામોનો પોકાર કરતાં 'અમોને બચાવો'એવી બૂમો મારવા લાગ્યાં; પરંતુ મહાવ્રતવાળા તે બન્ને અસુરોએ પોતાનું તપ છોડયું નહિ.[૧૩-૧૫] જ્યારે આવી માયાથી તે બન્નેમાંથી એક પણ ક્ષોભ અથવા દુઃખ પામ્યો નહિ, ત્યારે તે સ્ત્રીઓ અને ભૂતો અંતર્ધાન થઈ ગયાં.[૧૬] તે પછી સાક્ષાત્ બ્રહ્મા ત્યાં આવ્યા અને સર્વ લોકનું હિત કરનારા તે પ્રભુએ આ મહાન અસુરોને વર માગવા કહ્યું.[૧૭] તે વખતે દૃઢ પરાક્રમવાળા તે સુંદ–ઉપસુંદ બન્ને ભાઈઓ બ્રહ્મદેવને જોઇને હાથ જોડી ઉભા રહ્યા[૧૮] અને બન્ને બ્રહ્માને સાથે કહેવા લાગ્યા કેઃ–"હે બ્રહ્મદેવ! અમારાં બન્નેનાં આ તપથી જો આપ સમર્થ પિતામહ પોતે પ્રસન્ન થયા હો તો, અમે બન્ને માયાને જાણનારા, અસ્ત્રને જાણનારા, બલવાન અને ઇચ્છામાં આવે તેવાં રૂપને ધારણ કરનારા થઈએ. વળી અમારા ઉપર આપ પ્રભુ પ્રસન્ન થયા હો તો અમે બન્ને અમર થઇએ."[૧૯,૨૦]

બ્રહ્મા બોલ્યાઃ–" તમને તમારૂં કહેલું બીજું બધું મળશે,પરંતુ તમે અમર થશો નહિ; તેથી તમે અમર જેવા થવા માટે બીજું કંઇ મૃત્યુનું નિમિત્ત માગી લ્યો;[૨૧] કારણ કે આ મહાન તપ તમે પ્રભુતા મેળવવા માટે કર્યું છે, એટલે બીજી ઇચ્છાથી કરેલા તપથી તમને અમર કરી શકાશે નહિ.[૨૨] હે દૈત્યેંદ્રો ! ત્રણ લોકના વિજયને માટે તમે આ તપ કર્યું હતું. એ કારણથી તમારો અમર થવાનો મનોરથ હું પૂર્ણ કરી શકતો નથી."[૨૩]

સુંદ ઉપસુંદ બોલ્યાઃ–"ત્રણ લોકમાં જે સ્થાવરજંગમ ભૂતો છે, તે સર્વથી અમને મૃત્યુનું ભય થાય નહિ; પરંતુ અમારૂં બન્નેનું મૃત્યુ અમે એકમેકને હણીએ ત્યારેજ થાય."[૨૪]

પિતામહ બોલ્યાઃ–" તમોએ જે કહ્યું તથા જે વરદાન માગ્યું છે,તે તમારૂં ઇચ્છિત હું આપુ છું અને તમારા કહેવા પ્રમાણેજ તમારૂં મૃત્યુ પણ થશે."[૨૫]

નારદ બોલ્યાઃ–" આ પ્રમાણે તે બન્ને અસુરોને વરપ્રદાન કરીને તથા તેઓને તપથી નિવૃત્ત કરીને પિતામહ બ્રહ્મા બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા.[૨૬] પછી તે બન્ને દૈત્યેંદ્ર ભાઇઓ વરદાન મેળવીને તથા સર્વ લોકથી અવધ્ય થઈને પોતાના ભવનમાં ગયા.[૨૭] પૂર્ણકામનાવાળા તથા વરદાન મેળવીને આવેલા તે બન્ને મનસ્વી ભાઈઓને જોઇને તેમના સર્વ સ્નેહીઓ બહુ આનંદ પામ્યા.[૨૮] પછી તે બન્ને ભાઇઓએ જટા કઢાવી નખાવીને કિરીટ ધારણ કર્યાં, ઘણા કિંમતી અલંકારો ધારણ કર્યા તથા સ્વચ્છ વસ્ત્રો પહેર્યાં.[૨૯] તેઓએ પોતાના નગરમાં નિરંતર કૃષ્ણ પક્ષની રાત્રિઓમાં પણ ચાંદનીનો પ્રકાશ કરાવ્યો અને તેથી તેમનાં સગાંસંબંધીઓ નિરંતર આનંદ પામવા લાગ્યાં.[૩૦] તેઓનાં ઘરોમાં " ખાઓ, પીઓ, ભોગ ભોગવો, દાન કરો, ગાનતાન કરો" એવા શબ્દો નિરંતર બોલાતા હતા;[૩૧] અને ઠેકઠેકાણે મહા ગર્જનાઓની સાથે થતા ઉત્કૃષ્ટ તાળીઓના નાદથી તે દૈત્યોનું આખું નગર પ્રફુલ્લિત તથા આનંદમય થઈ રહ્યું હતું.[૩૨] ઇચ્છામાં આવે તેવાં રૂપોને ધારણ કરનારા તે દૈત્યોને આવા આવા અનેક વિહારો કરતાં રમતગમતમાં ઘણાં વર્ષો વીતી ગયાં; પણ તે તેઓને એક દિવસ જેવાં થઈ પડયાં."[૩૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે સુંદોપસુંદોપાખ્યાન નામનો અધ્યાય ૨૦૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૦મો–સુંદ અને ઉપસુંદનું આખ્યાન–દિગ્વિજય

॥ नारद उवाच ॥

उत्सवे वृत्तमात्रे तु त्रैलोक्याकांक्षिणावुभौ ॥
मंत्रयित्वाततः सेनां तावाज्ञापयातां तदा ॥१॥

નારદ બોલ્યાઃ–" જ્યારે આવા ઉત્સવો પૂરા થવા આવ્યા, ત્યારે ત્રણ લોકના વિજયને માટે ઇચ્છા કરતા સુંદ તથા ઉપસુંદે વિચાર કરીને તે વખતેજ પોતાની સેનાને આજ્ઞા કરી.[૧] પછી સુહૃદ્વર્ગો, વૃદ્ધ દૈત્યો અને મંત્રીઓની સંમતિ લઇને તથા પ્રયાણનાં મંગલ કૃત્યો કરીને તેઓ મઘા નક્ષત્રમાં રાત્રિએ વિજયને માટે નીકળ્યા.[૨] ગદા, પટ્ટિશ, શૂલ તથા મુદ્ગર જેમણે હાથમાં લીધેલાં એવા તથા બખ્તરોવાળા દૈત્યોની મોટી સેના લઇને તે બન્ને ભાઇઓ વિજયને માટે ચાલ્યા.[૩] તે વખતે વિજયવર્ણન કરનારા ચારણો મંગલસ્તુતિઓ ગાઇને તેમની સ્તુતિ કરવા લાગ્યા અને તેઓ પરમ હર્ષથી આગળ વધવા લાગ્યા.[૪] પછી ઇચ્છામાં આવે ત્યાં ગતિ કરનારા તે બન્ને આકાશમાં ઉડ્યા અને યુદ્ધ કરવામાં દુર્મદવાળા તેઓ પ્રથમ દેવનાં ભવનોમાં ગયા.[૫] તેઓને આવેલા જાણીને તથા તેમને મળેલાં બ્રહ્માનાં વરદાનને જાણીને સઘળા દેવો સ્વર્ગલોક છોડીને બ્રહ્મલોકમાં ગયા.[૬] પછી તીવ્ર પરાક્રમ-

વાળા તે અસુરોએ પ્રથમ ઇંદ્રલોકને જીતી લીધો અને યક્ષ રાક્ષસોના ગણોને તથા આકાશચારી બીજાં ભૂતોને મારવા માંડયાં.[૭] ત્યાંથી નીકળીને તે મહારથોએ પાતાલમાં રહેનારા નાગોને જીતી લીધા અને સમુદ્રમાં રહેનારી સર્વે મ્લેચ્છ જાતિને જીતી લીધી.[૮] તે પછી ઉગ્ર શિક્ષા કરનારા તે અસુરોએ સર્વ પૃથ્વી જીતવાનો આરંભ કર્યો અને તેઓ પોતાના સૈનિકોને બોલાવીને તેમને અતિ તીક્ષ્ણ વચન કહેવા લાગ્યા કેઃ–[૯] "હે અસુરો! રાજર્ષિઓ મોટા મોટા યજ્ઞો કરીને તથા બ્રાહ્મણો હવ્ય, કવ્ય આપીને દેવોનાં તેજ, બલ અને ઐશ્વર્યની વૃદ્ધિ કરે છે;[૧૦] માટે એ રીતે વર્તતા તે અસુરના સર્વે દ્વેષીઓનો આપણે બધાએ એકઠા મળીને સર્વ રીતે નાશ કરવો.[૧૧]

આ પ્રમાણે સમુદ્રના પૂર્વતીર ઉપર સર્વે અસુરોને આજ્ઞા કરીને તે સુંદ ઉપસુંદ ક્રૂર બુદ્ધિ ધારણ કરતા સર્વે દિશાઓમાં જવા લાગ્યા.[૧૨] તે વખતે જેઓ યજ્ઞ કરતા હતા અને જે બ્રાહ્મણો યજ્ઞ કરાવતા હતા, તે બધાને હઠપૂર્વક મારી નાખતા તે બલવાનો આગળ ચાલ્યા.[૧૩] વળી તેમના સૈનિકો પણ સંસ્કારયુક્ત મનવાળા મુનિઓના આશ્રમમાં રહેલાં અગ્નિહોત્રનાં ઉપસ્કરોને લઇને નિર્ભયતાથી પાણીમાં નાખવા લાગ્યા.[૧૪] તે વખતે તપરૂપી ધનવાળા મહાત્માઓએ ક્રોધ કરીને તેઓને શાપો આપ્યા; પરંતુ વરદાનના પ્રભાવથી નિવૃત્ત થયેલા તે શાપો તે બન્ને અસુરોને લાગતા ન હતા.[૧૫]

જેમ શિલા ઉપર મારેલાં બાણો નિષ્ફલ જાય, તેમ તે અસુરોપર મુનિઓના શાપો જ્યારે નિષ્ફલ ગયા ત્યારે બ્રાહ્મણો પોતાના નિયમો છોડી દઇને નાસવા લાગ્યા.[૧૬] પૃથ્વીમાં જેઓ તપથી સિદ્ધ થયેલા, ઇંદ્રિયનિગ્રહવાળા અને શાંતિપરાયણ બ્રાહ્મણો હતા, તેઓ પણ જેમ ગરુડના ભયથી સર્પો નાસી જાય, તેમ તેઓના ભયથી નાસવા લાગ્યા.[૧૭] અસુરોએ ભાંગી નાખેલા આશ્રમોથી તથા છિન્નભિન્ન કરી નાખેલા કલશ અને સ્રુવોથી તે વખતે સર્વ જગત કાલવડે હણાઈ ગયેલું હોય તેમ શૂન્ય જણાવા લાગ્યું.[૧૮] તે પછી ઋષિઓ પોતાના ભયથી અદૃશ્ય થઈ ગયા છે એમ જાણીને તેઓનો વધ કરવા માટે ઇચ્છા કરતા તે બન્ને મહાન અસુરોએ નિશ્ચય કરીને સિંહ, વાઘ વગેરે રૂપો ધારણ કરવા માંડયાં.[૧૯] તેઓ મદ ઝરતા પ્રમત્ત હાથીનાં રૂપ ધારણ કરીને વનમાં તથા પર્વતમાં સંતાઇ બેઠેલા મુનિઓને પણ મારી નાખવા લાગ્યા.[૨૦] તે ક્રૂર અસુરો ક્ષણમાં સિંહ થઇને તો ક્ષણમાં પાછા વાઘ થઇને અને ક્ષણમાં અંતર્હિત થઇને ઋષિઓને જોતાંજ અનેક અનેક ઉપાયોથી તેમને મારી નાખતા હતા.[૨૧] આ પ્રમાણે તે અસુરોના જુલમથી પૃથ્વીમાં યજ્ઞો અને વેદનાં અધ્યયનો બંધ થઈ ગયાં, બ્રાહ્મણો અને રાજાઓ નાશ પામી ગયા અને ઉત્સવો તથા યજ્ઞો ઉચ્છિન્ન થઇ ગયા.[૨૨] જ્યાં ત્યાં હાહાકર થઈ રહ્યો, સર્વ પ્રજા ભયથી દીન થઈ ગઈ, વેપારરોજગાર બંધ થઈ ગયા, દેવકાર્યો અને પુણ્યવિવાહો અટકી પડયા,[૨૩] ખેતી તથા ગાયોનું રક્ષણ નિવૃત્ત થયું, નગર અને આશ્રમોનો નાશ થઈ ગયો અને ઠામ ઠામ પડેલાં હાડકાં તથા હાડપિંજરોથી પૃથ્વી ભયંકર જણાવા લાગી.[૨૪] તે વખતે પિતૃકૃત્યો બંધ થઈ જવાથી તથા વષટ્કાર અને મંગલ શબ્દો સંભળાતા બંધ પડવાથી, જગત ભય ઉત્પન્ન કરે તેવું બીહામણું જણાવા લાગ્યું.[૨૫] આવાં સુંદ અને ઉપસુંદનાં કર્મો જોઇને ચંદ્ર, સૂર્ય, ગ્રહો, તારાઓ, નક્ષત્રો અને દેવો બહુ ખેદ પામવા લાગ્યા.[૨૬] આ રીતે ક્રૂર કર્મવડે સર્વ દિશાઓ જીતીને શત્રુવિનાના થયેલા તે બન્ને દૈત્યો કુરુક્ષેત્રમાં વસવા લાગ્યા."[૨૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે સુંદોપસુંદોપાખ્યાન નામનો અધ્યાય ૨૧૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૧ મો-સુંદ અને ઉપસુંદનું ઉપાખ્યાન-બ્રહ્માએ તિલોત્તમાને મોકલી.

॥ नारद उवाच ॥
ततो देवर्षयः सर्वे सिद्धाश्च परमर्षयः ॥
जग्मुस्तदा परामार्तिं दृष्ट्वा तत्कदनं महत् ॥१॥

નારદ બોલ્યાઃ-"આ રીતે દૈત્યોથી થતા ભારે સંહારને જોઇને સઘળા દેવર્ષિઓ, સિદ્ધો અને મહર્ષિઓ પરમ કષ્ટ પામવા લાગ્યા.[૧] તે વખતે મનોનિગ્રહવાળા, જિતક્રોધ અને જિતેંદ્રિય એવા તેઓ જગત ઉપર કૃપા લાવીને પિતામહ બ્રહ્માના ભવનમાં ગયા. ત્યાં જઇને તેમણે દેવો, સિદ્ધો અને બ્રહ્મર્ષિઓથી ચોમેર વીંટાયલા પિતામહ બ્રહ્માને જોયા.[૨,૩] ત્યાં મહાદેવ, અગ્નિ, વાયુ, ચંદ્ર, આદિત્ય, ઇંદ્ર, બ્રહ્માના પુત્રો, વૈખાનસ ઋષિઓ, વાલખિલ્યો, વાનપ્રસ્થો, સૂર્યકિરણનું પાન કરીને રહેનારા ઋષિઓ, તેજોગર્ભ ઋષિઓ, અજ ઋષિઓ, અવિમૂઢ ઋષિઓ વગેરે સઘળા તપસ્વી ઋષિઓ બ્રહ્માની પાસે ગયા અને દીન થયેલા તે સર્વ મહર્ષિઓએ સુંદ તથા ઉપસુંદનાં કરેલાં સર્વ કર્મો બ્રહ્માને કહી સંભળાવ્યાં. જે રીતે તેઓએ ઐશ્વર્યો હરણ કર્યાં અને જે જે કંઈ કર્યું, તે સઘળું ક્રમવાર પિતામહને નિવેદન કર્યું. એ બધા દેવોએ તથા પરમર્ષિઓએ એજ વિષયને આગળ કરીને તેમાં બ્રહ્માને સહાય કરવા પ્રાર્થના કરી.[૪,૯] પછી સર્વેનાં તે વચન સાંભળીને બ્રહ્માએ, એમાં શું કરવું યોગ્ય છે? તેના નિશ્ચયનો બે ઘડી વિચાર કર્યો. તે પછી અસુરોનો વિનાશ કરવા માટે તેમણે વિશ્વકર્માને બોલાવ્યા;[૧૦] અને વિશ્વકર્માને આવેલા જોઇને મહાતપસ્વી બ્રહ્માએ આજ્ઞા કરી કેઃ-"તમે સર્વ કોઈ ઇચ્છા કરે તેવી એક સુંદરીને ઉત્પન્ન કરો."[૧૧] પછી બ્રહ્માના આ વચનને અભિનંદન આપીને તથા તેમને નમસ્કાર કરીને વિશ્વકર્માએ વારંવાર વિચાર કર્યો અને એક દિવ્ય સ્ત્રીને નિર્માણ કરવા માંડી.[૧૨] વિશ્વવેત્તા વિશ્વકર્માએ ત્રણ લોકમાં જે કોઈ જોવા જેવાં સ્થાવરજંગમ પ્રાણીઓ હતાં તે સઘળાંને એકઠાં કર્યાં,[૧૩] અને તે રત્નભૂત કરોડો પ્રાણીઓનાં સૌંદર્યરત્નોને લઇને તે સ્ત્રીના શરીરમાં યોજી દીધાં. આ પ્રમાણે સૌંદર્યરત્નના સમૂહભૂત તે દેવરૂપિણી સ્ત્રીને ઉત્પન્ન કરી;[૧૪] અને વિશ્વકર્માએ મોટા પ્રયત્નથી નિર્માણ કરેલી તે સ્ત્રી ત્રણ લોકની સ્ત્રીઓમાં અતુલ રૂપવાળી નિવડી.[૧૫] તે સ્ત્રીના દેહમાં એવું કેઈપણ અંગ ન હતું કે જેની રૂપસંપત્તિવડે જોવાને પ્રેરેલી જોનારની દૃષ્ટિ તેમાં આસક્ત ન થઇ જાય![૧૬] તે યથેષ્ટ રૂપ ધારણ કરનારી દેહધારિણી સાક્ષાત્ લક્ષ્મી હોય તેમ સર્વ પ્રાણીનાં ચક્ષુ અને મનને પોતાના તરફ આકર્ષવા લાગી. રત્નભૂત વસ્તુઓના તિલતિલ જેટલા ભાગો લઈને તે ઉત્તમ કન્યાને નિર્માણ કરી હતી, માટે બ્રહ્માએ તેનું તિલોત્તમા એવું નામ પાડયું.[૧૭,૧૮] પછી તે સ્ત્રી બ્રહ્માને નમસ્કાર કરી હાથ જોડીને કહેવા લાગી કેઃ-"હે ભૂતેશ! મારૂં શું કામ પડયું છે, કે જે કામને માટે મને આજે ઉત્પન્ન કરી છે?"[૧૯]

બ્રહ્મા બોલ્યાઃ-"હે તિલોત્તમા! તું સુંદ અને ઉપસુંદની પાસે જા અને પ્રાર્થના કરવા જેવા તારા રૂપવડે હે ભદ્રે! તું તે અસુરોને લોભ પમાડ.[૨૦] તારાં સ્વરૂપને જોતાંજ તારે માટે તે બન્નેમાં પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય તેમ તું કર."[૨૧]

નારદ કહે છેઃ-"પછી 'હું તેમ કરીશ' એવું કહીને તિલોત્તમાએ બ્રહ્માને નમસ્કાર કર્યા અને દેવમંડલની પ્રદક્ષિણા કરી.[૨૨] આ વખતે ભગવાન બ્રહ્મા પૂર્વ તરફ મુખ કરીને બેઠા હતા, મહાદેવનું મુખ દક્ષિણ તરફ હતું, દેવોનાં મુખ ઉત્તર તરફ હતાં અને ઋષિઓ ચારે તરફ મુખ કરીને બેઠેલા હતા.[૨૩] તિલોત્તમાએ જ્યારે તે દેવમંડલીની પ્રદક્ષિણા કરવા માંડી, ત્યારે ઇંદ્ર અને ભગવાન શંકર ધૈર્યવડે પોતાનાં મુખ જે

તરફ હતાં તે તરફજ રાખીને બેસી રહ્યા;[૨૪] પરંતુ તિલોત્તમાને જોવાની તીવ્ર ઇચ્છા થવાથી જે વખતે તિલોત્તમા પ્રદક્ષિણા ફરતી દક્ષિણ બાજુએ ગઇ તે વખતે શંકરનું વિકસિત કમલના જેવા નેત્રવાળું દક્ષિણ તરફ બીજું નવું મુખ નીકળ્યું. તિલોત્તમા પાછળ ગઇ ત્યારે શંકરનું પશ્ચિમ તરફ મુખ નીકળ્યું અને તે ફરતી ફરતી ઉત્તર તરફ આવી ત્યારે શંકરનું ઉત્તર તરફ મુખ નીકળ્યું; તેમજ ઇંદ્રને પણ તિલોત્તમાને જોવાની તીવ્ર ઇચ્છા થવાથી શરીરની આગળ પાછળ અને બન્ને બાજુએ રક્ત છેડાવાળાં વિશાલ હજાર નેત્રો પ્રકટ થઇ ગયાં.[૨૬-૨૯] આ પ્રમાણે તે સર્વે મહાત્માઓની દૃષ્ટિ તિલોત્તમાનાં અંગને ધારી ધારીને જોવા પડી હતી, તે વખતે માત્ર એકલા પિતામહ તેના તરફ જોતા ન હતા.[૩૦] જ્યારે તિલોત્તમા જવા નીકળી, ત્યારે સઘળા દેવો અને મહર્ષિઓ તિલોત્તમાની સ્વરૂપસંપત્તિવડે પોતાનું તે કાર્ય થઇ ચુક્યું છે, એમ માનવા લાગ્યા.[૩૧] પછી તિલોત્તમા ગઇ. એટલે સર્વ લોકનું કલ્યાણ કરનારા બ્રહ્માએ સઘળા દેવો તથા ઋષિગણોને પણ વિદાય કર્યા."[૩૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે સુંદોપસુંદોપાખ્યાનમા તિલોત્તમા પ્રસ્થાપન નામનો અધ્યાય ૨૧૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૨ મો-સુંદ અને ઉપસુંદનું આખ્યાન-બન્નેનું મૃત્યુ પાંડવોનો ઠરાવ.

॥ नारद उवाच ॥

जित्वा तु पृथिवीं दैत्यौ निःसपत्नौ गतव्यथौ॥
कृत्वा त्रैलोक्यमव्यग्रं कृतकृत्यौ बभूवतुः ॥१॥

નારદ કહે છેઃ-" બધી પૃથ્વી જીતીને શત્રુ વિનાના થયેલા તથા ચિંતારહિત થયેલા તે દૈત્યો ત્રણ લોકને એકસરખી રીતે સ્વાધીન કરીને પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા.[૧] તેઓ દેવો, ગંધર્વો, યક્ષો, નાગો, રાજાઓ અને રાક્ષસોની જે જે રત્નભૂત વસ્તુઓ હતી, તે સઘળીને પોતાને ત્યાં લાવીને પરમ સંતોષ પામ્યા. જ્યારે તે બન્નેને રોકનારા આ લોકમાં કોઇ પણ રહ્યા નહિ, ત્યારે તે અસુરો નિરુદ્યોગ થઇને દેવોની પેઠે વિહાર કરવા લાગ્યા.[૨,૩] અનેક સ્ત્રીઓ, પુષ્પો, સુગંધો, પુષ્કલ ભક્ષ્યભોજ્યાદિ પદાર્થો અને હૃદયને હિત કરનારાં અનેકવિધ પીણાંથી તેઓ પરમ પ્રસન્ન થવા લાગ્યા.[૪] વળી તે બે ભાઇઓ અંતઃપુરમાં, વનોમાં, ઉદ્યાનોમાં, પર્વતોમાં, પર્વત ઉપરનાં વનોમાં અને બીજા ઇચ્છિત પ્રદેશોમાં દેવોની પેઠે ક્રીડા કરવા લાગ્યા.[૫]

એક વખતે તેઓ સમાન શિલાતલવાળાં અને પુષ્પિત અગ્રવાળાં વૃક્ષો જેના ઉપર આવેલાં એવા વિંધ્ય પર્વતના શિખર ઉપર વિહાર કરવા માટે ગયા.[૬] ત્યાં વૈભવનાં સર્વ દિવ્ય સાધનો આવી ગયા પછી તે બન્ને દૈત્યો અત્યંત આનંદમાં આવી જઇને સ્ત્રીઓની સાથે ઉત્તમ આસનોપર બેઠા.[૭] પછી તેઓની આગળ સ્ત્રીઓએ વાદિત્ર વગાડીને નૃત્ય કરવા માંડયું અને પ્રેમથી સ્તુતિયુક્ત ગાયનો ગાવા માંડયાં.[૮] આ વખતે સર્વ અવયવો જણાય તેવું સૂક્ષ્મ એક રક્ત વસ્ત્ર ધારણ કરીને તથા જોનારના મનનું ખેંચાણ કરે તેવા શૃંગાર ધારણ કરીને વનમાં પુષ્પોને ખોળતી તિલોત્તમા તે વનમાં આવી અને નદીના તીરપર થયેલાં કાણકારનાં પુષ્પોને ચુંટતી જ્યાં તે મહાન અસુરો બેઠા હતા ત્યાં આગળ ધીરે ધીરે પહોંચી.[૯,૧૦] આ વખતે તે અસુરોએ ઉત્તમ જાતનું મદ્ય પીધું હતું; એટલે તેનો મદ ચઢવાથી તેમનાં નેત્રના છેડાઓ રક્ત થયેલા હતા. જ્યારે તેમણે ઉત્તમ જઘનવાળી તિલોત્તમાને જોઈ, ત્યારે તે બન્ને કામથી પીડાવા લાગ્યા.[૧૧] પછી પોતાનાં આસનને છોડી ઉભા થઇને જ્યાં તે તિલોત્તમા ઉભી હતી ત્યાં આવ્યા અને કામથી ઘેલા થઇને

તે બન્ને તેને વિનવવા લાગ્યા.[૧૨] સુંદે તે સુંદર ભ્રૂકુટીવાળી તિલોત્તમાનો જમણો હાથ પકડયો અને ઉપસુંદે પણ તેનો ડાબો હાથ પકડયો.[૧૩] પછી વરદાનના મદથી, શરીરસામર્થ્યના મદથી, ધન અને રત્નોના મદથી તથા મદ્યપાનના મદથી એમ સર્વ મદથી મત્ત થયેલા તથા કામવડે વ્યાકુલ થયેલા તે બન્ને ભાઇઓ એકમેકના સામી ભ્રૂકુટી ચઢાવીને પરસ્પર બોલવા લાગ્યા.[૧૪,૧૫] સુંદ બોલ્યો કેઃ–'આ મારી ભાર્યા છે એટલે તારી વડીલ ભાભી કહેવાય!' ત્યારે ઉપસુંદ બોલ્યો કે; 'એ મારી ભાર્યા છે એટલે તારી પુત્રવધૂ ગણાય!'[૧૬] આ પ્રમાણે એ તારી નહિ એ તો મારી છે,એમ બોલતાં બોલતાં તે બન્નેને ક્રોધ ચઢયો અને તિલોત્તમાનું રૂપ જોઇને મદોન્મત્ત થયેલા તે બન્ને સ્નેહ તથા સૌહૃદ ભૂલી ગયા.[૧૭] પછી તે સ્ત્રીના કારણથી બન્ને ભાઈઓએ ભયંકર ગદાઓ ઉઠાવી અને તિલોત્તમામાં કામવડે મોહિત થયેલા તેઓ ભયંકર ગદાઓ ઉગામીને 'હું પ્રથમ એને વર્યો છું, હું એને વર્યો છું' એમ વિવાદ કરતાકરતા એકમેકના ઉપર પ્રહાર કરવા લાગ્યા.આ રીતે ગદાના પ્રહારથી જેમનાં શરીર લોહીલુહાણ થયેલાં એવા તે બન્ને ભયંકર અસુરો આકાશમાંથી બે સૂર્ય પડતા હોય તેમ ધરણીપર પડયા–મૃત્યુ પામ્યા. તે જોઇને પેલી અસુરની સ્ત્રીઓ નાસી ગઈ અને સઘળા દૈત્યો પણ ખેદ તથા ભયથી કંપિત થઇને પાતાલમાં જતા રહ્યા. તે પછી વિશુદ્ધ મનવાળા બ્રહ્મા દેવો તથા મહર્ષિઓની સાથે, તિલોત્તમાનો સત્કાર કરવામાટે ત્યાં આવ્યા અને ભગવાન પિતામહ તેને વરપ્રદાન કરીને પ્રસન્ન કરવા લાગ્યા.[૧૮–૨૨] પ્રસન્ન થયેલા બ્રહ્મા તેને વર આપવાની ઈચ્છાથી કહેવા લાગ્યા કેઃ–"હે ભાવિનિ ! જે લોકોમાં આદિત્ય ભ્રમણ કરે છે, ત્યાં તું પણ સૂર્યની સાથે ગતિ કરીશ; અને તારૂં એવું તેજ થશે કે જેને લીધે તારી સામું વધારે વાર કોઈ જોઈ શકશે નહિ." આ પ્રમાણે તિલોત્તમાને વર આપીને સર્વ લોકના પિતામહ બ્રહ્મા ઇંદ્રને ત્રણ લોકનું રાજ્ય સોંપી પોતાના બ્રહ્મલોકમાં ગયા."

નારદ કહે છેઃ–" આ રીતે નિત્ય સાથે રહેનારા અને સર્વ કાર્ય કરવામાં એકસરખા નિશ્ચયવાળા સુંદ અને ઉપસુંદે તિલોત્તમાને અર્થે ક્રોધ કરીને પરસ્પરનો વિનાશ કર્યો હતો; માટે હે ભરતકુલમાં શ્રેષ્ઠ પાંડવો ! તમને બધાને હું સ્નેહથી કહું છું કે, તમે મને પ્રસન્નકરવા ઈચ્છતા હો તો દ્રૌપદીને માટે તમારે પરસ્પરમાં ભેદ ન પડે તેમ કરો. તમારૂં કલ્યાણ થાઓ."[૨૩–૨૭]

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્ ! આ પ્રમાણે મહર્ષિ નારદે કહ્યું, ત્યારે મહાત્મા પાંડવોએ અમાપ તેજવાળા દેવર્ષિ નારદની સમક્ષમાંજ એકબીજાની સંમતિથી ઠરાવ કર્યો કેઃ–"આપણામાંથી દ્રૌપદી સાથે બેઠેલા ભાઇને જે બીજો ભાઈ જુએ તે બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળીને વનમાં નિવાસ કરે." [૨૮,૨૯]

આ રીતે ધર્માચારવાળા પાંડવોએ ઠરાવ કર્યો, તેથી પ્રસન્ન થઈને મહા મુનિ નારદ પોતાના ઇચ્છિત સ્થાનપ્રત્યે ચાલ્યા ગયા.[૩૦] હે ભારત! નારદની પ્રેરણાથી પાંડવોએ પ્રથમ આવો નિયમ બાંધ્યો હતો અને તેથીજ તેમને પરસ્પરમાં ભેદ પડયો ન હતો.[૩૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત વિદુરાગમન રાજ્યલંભપર્વવિષે સુંદોપસુંદોપાખ્યાન નામનો અધ્યાય ૨૧૨ મો સમાપ્ત.

× વિદુરાગમન રાજ્યલંભપર્વ સમાપ્ત.

× **प्रणमंति जिघांसंतोऽप्यनुकूले विधातरि। पांडुपुत्रान्धार्तराष्ट्रा इत्युक्तं विदुरागमे॥** વિધાતા અનુકૂલ હોય તો મારવાની ઇચ્છાવાળાઓ પણ ધૃતરાષ્ટ્રના પુત્રો જેમ પાંડવોને નમ્યા તેમ પ્રણામ કરે છે, એ વિદુરાગમન પર્વમાં કહ્યું છે.

यान्खला दग्धुमिच्छंति तान्वर्धयति केशव। निरस्ताः पांडवा दारान राज्यं कीर्तिं च लेभिरे॥ ખલ મનુષ્યો જે સજ્જનોને બાળવા ઇચ્છે છે તેઓને શ્રીકૃષ્ણ વૃદ્ધિ પમાડે છે; જેમ કાઢી મૂકેલા પાંડવો સ્ત્રી, રાજ્ય અને કીર્તિને પ્રાપ્ત થયા તેમ.

एकात्मानोऽपि भिद्यंते स्त्रीभिः सुंदोपसुंदवत् तस्मात्सख्युरपि स्त्रीभिर्न संभाषेत बुद्धिमान् સુંદ તથા ઉપસુંદની પેઠે એકચિત્તવાળાઓ પણ સ્ત્રીઓથી ભેદ પામે છે, માટે બુદ્ધિમાન પુરુષે મિત્રની સ્ત્રીઓ સાથે પણ ભાષણ કરવું નહિ. **गणेश**

अर्जुनवनवास पर्व

અધ્યાય ૨૧૩મો-અર્જુનને વનવાસ

॥ वैशंपायन उवाच ॥
एवं ते समयं कृत्वा न्यवसंस्तत्र पांडवाः ॥
वशे शस्त्रप्रतापेन कुर्वंतोऽन्यान्महीक्षितः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-ઉપર પ્રમાણેનો ઠરાવ કરીને પાંડવો ત્યાં વસવા લાગ્યા અને શસ્ત્રના પ્રતાપથી બીજા રાજાઓને વશ કરવા લાગ્યા.[૧] મનુષ્યોમાં સિંહ જેવા અને અમિત તેજવાળા તે પાંચે પાંડવોની સાથે દ્રૌપદી પણ આધીન થઇને વર્તવા લાગી.[૨] જેમ બહુ સરોવરોવાળી વનભૂમિ હાથીઓથી પ્રસન્ન થાય અને જેમ હાથીઓ તે વનભૂમિથી પ્રસન્ન થાય અર્થાત્ વનમાં હાથીઓ હોય એટલે તેના ભયથી તે વનને કોઈ કાપી શકે નહિ અને જંગલ ઘાડું હોવાથી હાથીઓને તેમાં સંતાઇ રહેવાનું મળે તેથી તે પોતાને નિર્ભય માને; તેમ દ્રાપદીથી પાંડવો અને વીર પાંડવોથી દ્રૌપદી એમ પરસ્પર પરમ પ્રસન્ન થવા લાગ્યાં.[૩] મહાત્મા પાંડવો આ પ્રમાણે ધર્મથી વર્તતા હતા, તેથી દોષરહિત થયેલા તથા સુખી થયેલા સઘળા કુરુઓની વૃદ્ધિ થવા લાગી.[૪] હે નૃપશ્રેષ્ઠ! આ રીતે ઘણો સમય ગયા પછી એક વખતે કોઇ બ્રાહ્મણની ગાયોને કેટલાક ચોરો હરી ગયા.[૫] પોતાની ગાયોનું હરણ થવાથી ક્રોધમૂર્છિત થયેલો બ્રાહ્મણ ખાંડવપ્રસ્થમાં આવ્યો અને પાંડવોને બૂમ મારીને કહેવા લાગ્યો કેઃ-[૬] "હે પાંડવો! આ નીચ, ક્રૂર તથા પાપી એવા તસ્કરો અમારાં સ્થાનમાંથી બલાત્કાર કરીને અમારૂં ગાયરૂપી ધન લઇ જાય છે, માટે તમે દોડો.[૭] અરે, આ શાંત બ્રાહ્મણનું હવિષ કાગડાઓ લૂંટી જાય છે! વાઘની શૂન્ય ગુફાનું આ નીચ શિયાળો મર્દન કરે છે![૮] જે રાજા પ્રજાનું રક્ષણ ન કરતાં ઉપજનો ષષ્ઠાંશ લે છે, તે રાજા સર્વ લોકનાં પાપનો ભોક્તા ગણાય છે.[૯] હે પાંડવો! આ બ્રાહ્મણનું ધન ચોરો હરી જાય છે, ધર્મ કરવાનું ધન લૂંટાય છે અને હું રડું છું; માટે મારી બાંય પકડો-મને અભય આપો."[૧૦]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે નજીકમાં અત્યંત રોદન કરતા બ્રાહ્મણનાં તે વાકયો કુંતીપુત્ર અર્જુને સાંભળ્યાં;[૧૧] અને તે સાંભળતાંજ મહાબાહુ અર્જુને બ્રાહ્મણને કહ્યું કેઃ-"હે વિપ્ર! તમે બીશો નહિ." આ વખતે મહાત્મા પાંડવોનાં હથિયારો જે સ્થાનમાં મૂકેલાં હતાં તેજ સ્થાનમાં દ્રૌપદીની સાથે ધર્મરાજ બેઠેલા હતા એટલે ત્યાં અર્જુન હથિયાર લેવા પ્રવેશ પણ કરી શકયો નહિ, તેમ આયુધવિના બ્રાહ્મણ સાથે જઇ પણ શકયો નહિ.[૧૨,૧૩] પછી પેલા દુઃખી થયેલા બ્રાહ્મણનાં વાકયથી વારંવાર રક્ષણને માટે પ્રેરણા કરાયલો અર્જુન તેના કકળાટથી દુઃખી થઈને વિચારવા લાગ્યો કેઃ-[૧૪] "આ તપસ્વી બ્રાહ્મણનું ધન ચોરો હરી જાય છે તો આ વખતે મારે એનાં આંસુ લુછવાં જોઇએ, એ નિશ્ચિત વાત છે.[૧૫] જો દ્વાર આગળ રડતા આ બ્રાહ્મણનું આજે હું રક્ષણ નહિ કરૂં તો પૃથ્વીપતિ યુધિષ્ઠિરને અવશ્ય તેની ઉપેક્ષા કરવાથી મહાન અધર્મ લાગશે.[૧૬] વળી અમે બધા રક્ષણ કરવામાં આસ્તાવિનાના છીએ, એમ આ લોકોમાં મત બંધાશે અને લોકો એ દાખલા પ્રમાણે વર્તશે તો તેથી પણ અમને અધર્મ પ્રાપ્ત થશે.[૧૭] જો હું આયુધશાલામાં બેઠેલા રાજાનો અનાદર કરીને તેમાં પ્રવેશ કરૂં છું તો અજાતશત્રુ યુધિષ્ઠિરરાજાપ્રત્યે મારૂં અસત્ય વર્તન ગણાશે એમાં પણ સંશય નથી;[૧૮] અને રાજા છે ત્યાં જવાથી મારે અવશ્ય વનવાસ ભોગવવો પડશે અથવા એ વનવાસ વગેરેને પણ હું તુચ્છ ગણું; પરંતુ રાજાનો અનાદર કરીને ત્યાં પ્રવેશ કરવાથી તો મને મહાન અધર્મજ થશે અને તેથી વનમાં

પણ મને મરણ જેવું કષ્ટ થશે; અથવા ભલે જે થવાનું હોય તે થાય, પરંતુ હું ધર્મને છોડી શકતો નથી; કારણ કે શરીરનો વિનાશ થતાં પણ ધર્મ જ બાકી રહે છે." [૧૯,૨૦] હે રાજન્! છેવટે આવો નિશ્ચય કરીને કુંતીપુત્ર અર્જુન જ્યાં રાજા હતા ત્યાં ગયો અને તેમની આજ્ઞા મેળવીને તથા ધનુષ લઈને ખુશી થતો બ્રાહ્મણને કહેવા લાગ્યો કેઃ–"હે બ્રાહ્મણ! તમે મારી સાથે ઝટ ચાલો કે જેટલા સમયમાં પરધનની ઈચ્છા રાખનારા તે ક્ષુદ્ર ચોરો દૂર નીકળી જાય નહિ તેવામાં આપણે સાથે જઇ પહોંચીએ; જેમ કરવાથી ચોરોના હાથમાં ગએલું તમારૂં ધન હું પાછું લાવી આપું." [૨૧-૨૩] પછી બખ્તર પહેરીને, હાથમાં ધનુષ લઇને તથા ધ્વજવાળા રથમાં બેસીને મહાબાહુ અર્જુન ચોરોની પાછળ દોડયો અને તેણે બાણો છોડીને તે ચોરોનો વિનાશ કરી તે ગોધન પાછું મેળવ્યું. [૨૪] પછી તે ગોધન પેલા બ્રાહ્મણને આપીને તેને પ્રસન્ન કર્યો. આ રીતે સવ્યસાચી અર્જુન યશ સંપાદન કરીને પોતાના નગરમાં આવ્યો અને ત્યાં તેણે સર્વ ગુરુજનોને અભિનંદન કર્યું તથા તે બધાએ પણ તેને અભિનંદન આપ્યું. [૨૫,૨૬] તે પછી અર્જુને ધર્મરાજાને કહ્યું કેઃ–"હે પ્રભો! દ્રૌપદી સાથે બેઠેલા આપને જોવાથી મેં આપણા નિયમનું ઉલ્લંઘન કર્યું છે, માટે મને વ્રત પાળવાની આજ્ઞા આપો. [૨૭] હું હવે વનવાસને માટે જઇશ; કારણ કે આપણે તેવો ઠરાવ કરેલો છે." અર્જુને અકસ્માત્ આવાં અપ્રિય વચન કહ્યાં, એટલે શોકથી દીન થયેલા ધર્મરાજાએ ગદ્‌ગદિત વાણીથી કહ્યું કેઃ–"તું એમ શામાટે કરે છે?" વળી જ્યેષ્ઠ ભ્રાતા યુધિષ્ઠિર રાજા, જિતનિદ્ર તથા અભ્રષ્ટ એવા પોતાના ભાઈ ધનંજયને દીન થઇને કહેવા લાગ્યા કેઃ–"હે નિષ્પાપ! તું મને જો પ્રમાણભૂત માનતો હોય તો મારાં વચનને સાંભળ. હે વીર! હું બેઠો હતો ત્યાં આવવાથી તેં જે મારૂં અપ્રિય કર્યું છે, તે બધું બ્રાહ્મણને માટે હોવાથી હું ગુણરૂપ માનું છું અને તેથી મને તે અપ્રિય લાગ્યું નથી. [૨૮-૩૧] વળી જ્યાં મોટો ભાઈ સ્ત્રીની સાથે બેઠો હોય ત્યાં નાના ભાઇએ જવું તે અનિષ્ટ ગણાતું નથી; પરંતુ જ્યાં નાનો ભાઈ બેઠો હોય ત્યાં મોટાએ જવું તે ધર્મનાશક ગણાય છે; [૩૨] માટે હે મહાન બાહુવાળા! મારાં વચનને માન આપીને તું એ વિચારથી નિવૃત્ત થા; કારણ કે એથી તારો ધર્મ લોપાયો નથી તેમ તેં મારૂં કંઇ અપમાન પણ કર્યું નથી." [૩૩]

અર્જુન બોલ્યોઃ–"મેં આપથી સાંભળ્યું છે કે, 'ધર્મમાં કપટ કરવું નહિ,' એટલે હું સત્યથી ડગીશ નહિ. આ વાત મારાં આયુધનો સ્પર્શ કરીને હું સત્યથી કહું છું." [૩૪]

વૈશંપાયન કહે છેઃ– આ પ્રમાણે કહીને અર્જુને રાજાની આજ્ઞા લઇ વનચર્યાને માટે દીક્ષા ધારણ કરી અને વનમાં બાર વર્ષ રહેવાને માટે ત્યાંથી ચાલી નીકળ્યો. [૩૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અર્જુન-વનવાસપર્વવિષે અર્જુનતીર્થયાત્રા નામનો અધ્યાય ૨૧૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૪ મો–અર્જુન અને ઉલુપીનો સમાગમ

॥ वैशंपायन उवाच ॥

तं प्रयांतं महाबाहुं कौरवाणां यशस्करम् ॥
अनुजग्मुर्महात्मानो ब्राह्मणा वेदपारगाः॥१॥

વૈશંપાયન કહે છેઃ–કૌરવોના યશની વૃદ્ધિ કરનારો મહાબાહુ અર્જુન જ્યારે જવા નીકળ્યો ત્યારે તેની સાથે વેદના પારને પામેલા એવા મહાત્મા બ્રાહ્મણો પણ જવા નીકળ્યા. [૧] હે રાજન્! વેદ અને વેદાંગને જાણનારા, અધ્યાત્મવિચાર કરનારા, ભિક્ષાથી જીવનારા, બ્રહ્મચારી તથા સંન્યાસીઓ, ભગવદ્‌ભક્તો, સૂતો, પૌરાણિકો, વાર્તા કહેનારા, જન્મસુધી બ્રહ્મચર્ય પાળનારા યતિ

તથા બ્રહ્મચારીઓ, વનવાસીઓ અને મધુરતાથી દિવ્ય આખ્યાન કહેનારા બ્રાહ્મણો, એ બધા તથા બીજા ઘણાએક સહાયકો અને સુંદર વક્તાઓ-થી વીંટાયલો પાંડુપુત્ર અર્જુન વાયુઓની સાથે જેમ ઈંદ્ર જાય, તેમ ત્યાંથી જવા લાગ્યો.[૨,૪] હે ભારત ! માર્ગમાં જતાં ભરતકુલમાં શ્રેષ્ઠ એવા અર્જુને રમણીય વિચિત્ર વનો, સરોવરો, નદીઓ, સમુદ્રો, દેશો અને પવિત્ર તીર્થોને જોયાં. પછી તે સમર્થ અર્જુન ગંગાદ્વાર આગળ આવ્યો અને ત્યાં તેણે નિવાસ કર્યો.[૫,૬] હે જનમેજય ! ત્યાં પાંડવોમાં મુખ્ય એવા વિશુદ્ધ અંતઃકરણ-વાળા અર્જુને જે અદ્ભુત કર્મ કર્યું તેને તમે સાંભળો. હે ભારત ! અર્જુન અને તેની સાથે આવેલા બ્રાહ્મણોએ ત્યાં મુકામ કર્યો અને બ્રાહ્મણોએ ત્યાં અનેક અગ્નિહોત્રો ચાલુ કરી દીધા.[૭,૮] કેટલેક ઠેકાણે અગ્નિઓ પ્રદીપ્ત કરાતા હતા, કેટલાકમાંથી જ્વાલાઓ નીકળતી હતી, કેટલાકમાં હોમ અપાતો હતો અને કેટલાક અગ્નિઓ સામે તીરે જણાતા હતા. પુષ્પથી પૂજન કરાયલા તે અગ્નિહોત્રના અગ્નિઓથી તથા સ્નાન કરીને આવતા નિયમવાળા, સન્માર્ગમાં રહેલા વિદ્વાન મહાત્માઓથી હે રાજન્ ! તે ગંગાદ્વાર અત્યંત શોભી નીકળ્યું હતું.[૯,૧૦] આ પ્રમાણે મુકામમાં અનેક પ્રવૃત્તિઓ ચાલી રહી હતી, તે વખતે પાંડવોમાં શ્રેષ્ઠ એવો અર્જુન સ્નાન કરવા માટે ગંગામાં ઉતર્યો.[૧૧] હે રાજન્! ત્યાં સ્નાન તથા પિતૃઓનું તર્પણ કરીને અર્જુન અગ્નિમાં હોમ આપવાની ઈચ્છાવડે જલમાંથી બહાર નીકળતો હતો;[૧૨] તેવામાં હે મહારાજ ! અર્જુનની કામના કરતી નાગરાજની કન્યા ઉલૂપીએ તે મહાબાહુને જલના તળિયામાં ખેંચી લીધો.[૧૩] ત્યાં કૌરવ્ય નાગના માનવંતા ભવનમાં સ્વસ્થ થયેલા અર્જુને અગ્નિને જોયા,[૧૪] એટલે કુંતીપુત્ર અર્જુને નિઃશંક થઇને તેમાં અગ્નિકાર્ય કર્યું–હોમ આપ્યો અને તેથી અગ્નિ-દેવ પ્રસન્ન થયા.[૧૫] આ રીતે અગ્નિકાર્ય કર્યા પછી અર્જુન હાસ્ય કરતો હોય તેમ નાગરાજની કન્યાને આ પ્રમાણે કહેવા લાગ્યો:–[૧૬] “ હે ભાવવાળી ભીરુ ! આ સાહસ તેં શામાટે કર્યું ? હે સુભગે ! આ કયો દેશ છે ? તું કોણ છે ? અને કોની પુત્રી છે ? ”[૧૭]

ઉલૂપી બોલી:–“ હે રાજન્ ! ઐરાવત નાગના કુલમાં ઉત્પન્ન થયેલો કૌરવ્ય નામનો નાગ છે, તેની હું ઉલૂપી નામની પુત્રી છું. હું પોતે નાગકન્યા છું.[૧૮] હે પુરુષવ્યાઘ્ર ! મેં તમને ગંગામાં સ્નાન કરવા ઉતરેલા જોયા તેજ વખત-થી હું કામવડે મૂઢ જેવી થઇ ગઇ છું.[૧૯] હે કુરુનંદન ! તમને જોઈને કામથી પીડિત થયેલી તથા અન્યની સાથે લગ્નસંબંધથી નહિ જોડાયલી એવી મને હે શુદ્ધ ! તમે આત્મદાન કરીને આનંદિત કરો. ”[૨૦]

અર્જુન બોલ્યો:–“ હે કલ્યાણિ ! ધર્મ-રાજાની આજ્ઞાથી હું હાલ બાર વર્ષનું બ્રહ્મચર્ય પાળું છું, એટલે હું સ્વતંત્ર નથી.[૨૧] તેમ છતાં હે જલચારિણિ ! તારૂં પણ પ્રિય કર-વાની હું ઈચ્છા રાખું છું. મેં પૂર્વે કોઈ વખત જરા પણ અસત્ય ભાષણ કર્યું નથી;[૨૨] માટે હે ભુજંગકન્યા ! મને અસત્યનો દોષ ન લાગે, મારા બ્રહ્મચર્યને હાનિ ન પહોંચે અને તારૂં પ્રિય થાય તેમ તું કર. ”[૨૩]

ઉલૂપી બોલી:–“ હે પાંડુનંદન ! તમે જે કારણથી પૃથ્વીમાં ફરો છો તથા તમારા મોટા ભાઇએ જે આ બ્રહ્મચર્યની તમને આજ્ઞા કરી છે, તે સર્વ હું જાણું છું.[૨૪] તમે બધા ભાઇઓ એક દ્રૌપદીની સાથે પરણ્યા છો એટલે બધાએ મળીને એવો ઠરાવ કર્યો છે કે, “ આપણામાંથી દ્રૌપદીને સાથે એક ભાઇ બેઠો હોય ત્યાં મોહથી જે બીજો ભાઈ પ્રવેશ કરે તે બાર વર્ષ વનમાં રહીને બ્રહ્મચર્ય ભોગવે. ” આ તમારા ઠરાવથી દ્રૌપદીને માટે એકમેકને વનવાસ તથા બ્રહ્મચર્ય ભોગવવાનું છે; અને હે વિશાલ નેત્રવાળા ! તમે તે પ્રમાણે ધર્મને માટે કર્યું છે; પરંતુ અહીં મને ગ્રહણ કરવામાં તમને ધર્મનો બાધ લાગશે નહિ. વળી દીનનું રક્ષણ કરવું, એ તમારો ધર્મ છે. મારૂં રક્ષણ કરવાથી તમારો ધર્મ નાશ પામશે નહિ, છતાં હે અર્જુન ! આમ વર્તવાથી તમારા

ધર્મને કદાચિત્ સૂક્ષ્મ હાનિ પહોંચશે તો મને પ્રાણદાન કરવાથી તે અધર્મ પણ તમને ધર્મ-રૂપજ થશે. હે પાર્થ ! હે પ્રભો ! હું તમારી ભક્ત છું, એટલે મારો તમે સ્વીકાર કરો. આમ કરવું એ સત્પુરુષોને સંમત છે. હે મહાબાહો ! જો તમે એમ કરશો નહિ તો મને મરણ પામેલીજ ધારજો; માટે મને પ્રાણદાન કરીને તમે ઉત્તમ ધર્મ પ્રાપ્ત કરો.[૨૫-૩૦] હે પુરુષોત્તમ ! હું આજે તમારે શરણે આવી છું અને હે કૌંતેય ! તમે દીન અને અનાથનું નિત્ય રક્ષણ કરનારા છો,[૩૧] એટલે હું તમારે શરણે પડી છું; દુઃખી થઈને રડું છું અને કામવ્યાપ્ત થઇને તમારી યાચના કરૂં છું, માટે તમે મારૂં પ્રિય કરો. હે અર્જુન ! તમે આત્મદાન કરીને મારો મનોરથ પૂર્ણ કરવાને યોગ્ય છો."[૩૨]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે નાગરાજ-ની કન્યાએ અર્જુનને કહ્યું, ત્યારે ધર્મને કારણ-ભૂત ગણીને અર્જુને તે પ્રમાણે સર્વ કર્યું.[૩૩] પછી પ્રતાપી અર્જુન તે રાત્રિ નાગના ભવનમાં રહ્યો અને સૂર્યનો ઉદય થતાં કૌરવ્ય નાગને ત્યાંથી નીકળીને ઉલૂપીની સાથે પાછો ગંગાદ્વાર-માં આવ્યો. અર્જુનને ત્યાં મૂકીને જતી વખતે સાધ્વી ઉલૂપીએ તેને વરદાન આપ્યું કેઃ–"તમારો જલમાં પરાભવ થશે નહિ તથા સર્વે જલચર પ્રાણીઓ તમને વશ થશે એમાં સંશય નથી." એમ કહીને તે પાછી પોતાના ભવનમાં ગઈ.[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અર્જુનવનવાસપર્વમાં ઉલૂપીસંગ નામનો અધ્યાય ૨૧૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૫ મો–અર્જુનનાં ચિત્રાંગદા સાથે લગ્ન

॥ वैशंपायन उवाच ॥

कथयित्वा च तत्सर्वं ब्राह्मणेभ्यः स भारत ॥
प्रययौ हिमवत्पार्श्वं ततो वज्रधरात्मजः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે ભારત ! વજ્રધારી ઇંદ્રના પુત્ર અર્જુને તે સર્વ વાત બ્રાહ્મણોને કહી સંભળાવી. પછી તે હિમાલયના પાર્શ્વ-ભાગોમાં જવા નીકળ્યો.[૧] ત્યાં અગસ્ત્યવટ તથા વસિષ્ઠ પર્વત આગળ તે ગયો અને ત્યાંથી તે ભગુતુંગ (તુંગનાથ) આગળ પહોંચ્યો. ત્યાં હે કુરુશ્રેષ્ઠ ! અર્જુને સ્નાન કરીને બ્રાહ્મણોને હજારો ગાયો તથા ઘરોનાં દાન કર્યાં. ત્યાંથી તે પુરુષશ્રેષ્ઠ હિરણ્યબિંદુના તીર્થમાં આવ્યો અને ત્યાં તેણે સ્નાન કર્યું તથા અનેક પુણ્યસ્થાનોનાં દર્શન કર્યાં. હે ભારત ! તે પછી પુરુષોમાં તથા ભરતકુલમાં શ્રેષ્ઠ એવો અર્જુન બ્રાહ્મણોની સાથે હિમાલય ઉપરથી ઉતરીને પૂર્વ દિશાનાં તીર્થો જોવાની ઇચ્છાથી તે તરફ જવા લાગ્યો.[૨-૫] ત્યાં તે કુરુશ્રેષ્ઠે અનુક્રમથી અનેક તીર્થો જોયાં. વળી નૈમિષ્યારણ્ય તરફ આવેલી રમ્ય ઉત્પલિની નદી જોઇ.[૬] આગળ ચાલતાં હે ભારત ! તેણે નંદા, અપરનંદા, યશસ્વિની કૌશિક, મહાનદી, ગયા અને ગંગાનાં દર્શન કર્યાં.[૭] આ પ્રમાણે સર્વ તીર્થો અને આશ્રમો જોઈને તથા ત્યાં સ્નાના-દિક કરીને બ્રાહ્મણોને ગોદાન આપ્યાં.[૮] પછી અંગ વંગ અને કલિંગ દેશમાં જે જે તીર્થો આવેલાં હતાં તે સર્વે તીર્થો અને પુણ્યક્ષેત્રોમાં અર્જુન ગયો.[૯] તે તીર્થ તથા ક્ષેત્રોનાં વિધિપૂર્વક દર્શન કરીને તેણે ઘણું ધન આપ્યું. પછી હે ભારત ! કલિંગ રાજ્યની હદ આગળ આવતાં અર્જુનની સાથે નીકળેલા બ્રાહ્મણો અર્જુનને રજા આપીને (કલિંગ દેશનાં તીર્થો વખાણવા જેવાં ન હોવાથી) પાછા વળ્યાં.[૧૦] તે બ્રાહ્મણોની આજ્ઞા મેળવીને કુંતીનો શૂરો પુત્ર અર્જુન સહાયમાં થોડાં માણસો રાખીને જ્યાં સમુદ્ર હતો તે તરફ જવા નીકળ્યો.[૧૧] તે સમર્થ અર્જુન કલિંગ દેશમાંથી નીકળીને બીજા દેશો, ક્ષેત્રો અને રમણીય મહા-લયોને જોતો જોતો આગળ ચાલ્યો.[૧૨] પછી તપસ્વીઓથી શોભતા મહેંદ્ર પર્વતને જોઈને સમુદ્રને કિનારે કિનારે ધીરેથી ચાલતાં તે મણિપુર

આવી પહોંચ્યો;[૧૩] અને ત્યાંનાં સર્વ તીર્થ તથા પુણ્યસ્થાનો જોઇને મહાબાહુ અર્જુન મણિપૂરના સ્વામી ધર્મજ્ઞ ચિત્રવાહન રાજાની આગળ ગયો. હે રાજન્ ! તે રાજાની સુંદર રૂપવાળી ચિત્રાંગદા નામની પુત્રી હતી.[૧૪,૧૫] દૈવેચ્છાથી નગરમાં ફરવા નીકળેલી તે કન્યાને અર્જુને દીઠી અને સુંદર જઘનવાળી ચિત્રવાહનની તે કન્યાને જોઇને અર્જુને તેની કામના કરી.[૧૬] પછી તેણે રાજા પાસે જઈને પોતાનું પ્રયોજન જણાવ્યું કે:–"હે રાજન્ ! મને ક્ષત્રિય મહાત્માને આ તમારી કન્યા આપો." તે સાંભળીને રાજાએ કહ્યું કે:–"તમે કોના પુત્ર છો ? અને તમારૂં શું નામ છે?"

અર્જુને કહ્યું કે:–"હું પાંડુ તથા કુંતીનો પુત્ર છું અને મારૂં નામ ધનંજય છે."[૧૭,૧૮]

આ સાંભળીને રાજા સાંત્વન કરતો અર્જુનને કહેવા લાગ્યો કે:–"મારા કુળમાં પૂર્વે પ્રભંજન નામના એક રાજા થયા હતા.[૧૯] તેમને પુત્ર ન હતો એટલે પુત્રની ઈચ્છાથી તેમણે ઉત્તમ તપ કર્યું હતું. ઉગ્ર તપ કરીને તેમણે દેવના દેવ પિનાક ધનુષધારી શંકરને પ્રસન્ન કર્યા હતા. હે પાર્થ ! દેવના દેવ ઉમાપતિ ભગવાને પ્રસન્ન થઇને તેમને વરદાન આપ્યું કે:–"તારા કુલમાં એક એક સંતતિ થશે."[૨૦,૨૧] આવા શંકરના વરદાનથી અમારા આ કુલમાં પ્રત્યેકને સદા એક એકજ સંતાન થાય છે. મારી પહેલાંના સર્વે રાજાઓને પુત્ર થયા હતા;[૨૨] અને હે પુરુષશ્રેષ્ઠ ! મારા કુલને પ્રવર્તાવનારી મને આ એક કન્યાજ ઉત્પન્ન થઈ છે; છતાં હું એને મારો પુત્ર છે એમ જાણું છું.[૨૩] હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! પુત્રની કામનાથી થયેલી એ પુત્રીને મેં પુત્રિકાધર્મની વિધિથી આપવા ધારી છે; માટે હે ભારત! તમારાથી એ મારી પુત્રીમાં જે એક પુત્ર થાય તે પુત્ર તમે આ કન્યાના મૂલ્યમાં મને આપજો; જે પુત્ર આ અમારા કુલને આગળ પ્રવર્તાવનારો થશે. હે પાંડવ ! જો આ ઠરાવ તમને કબૂલ હોય તો તમે સુખેથી મારી કન્યાનો સ્વીકાર કરો.[૨૪,૨૫] "ભલે તેમ થશે" એમ કહીને અર્જુને એ વાત કબૂલ રાખી અને તે રાજ્યકન્યાની સાથે લગ્ન કર્યાં. પછી કુંતીપુત્ર અર્જુન તે નગરમાં ત્રણ વર્ષ સુધી રહ્યો.[૨૬] જ્યારે ચિત્રાંગદાથી એક પુત્ર ઉત્પન્ન થયો; ત્યારે તે સુંદર સ્ત્રીને ભેટીને તથા રાજાની આજ્ઞા લઇને અર્જુન પાછો પૃથ્વીમાં ફરવા માટે ચાલી નીકળ્યો.[૨૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતગત અર્જુનવનવાસપર્વવિષે ચિત્રાંગદાસંગમ નામનો અધ્યાય ૨૧૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૬ મો–અર્જુને વર્ગા અપ્સરાને શાપથી મુક્ત કરી.

॥ वैशंपायन उवाच ॥
ततः समुद्रे तीर्थानि दाक्षिणे भरतर्षभः ॥
अभ्यगच्छत्सुपुण्यानिशोभितानितपीस्विभिः ॥१॥

વૈશંપાયન કહે છે:–મણિપુરથી નીકળેલો ભરતશ્રેષ્ઠ અર્જુન દક્ષિણ સમુદ્ર ઉપર આવેલાં પવિત્ર અને તપસ્વીઓથી શોભતાં એવાં તીર્થો પ્રત્યે ગયો.[૧] ત્યાં પાંચ તીર્થો છે, જ્યાં કોઇ તપસ્વીઓ જતા નથી. પૂર્વથીજ તપસ્વીઓએ તે તીર્થોનો ત્યાગ કરેલો હતો.[૨] અગસ્ત્યતીર્થ, સૌભદ્રતીર્થ, પવિત્ર એવું પૌલોમતીર્થ, અશ્વમેધનાં ફલને આપનારૂં નિર્મળ જળવાળું કારંધમ તીર્થ અને પાપને નાશ પમાડનારૂં મહાન ભારદ્વાજ તીર્થ, એ પાંચ તીર્થોનાં કુરુશ્રેષ્ઠ અર્જુને દર્શન કર્યાં. પછી એ તીર્થોને મનુષ્યવિનાનાં જોઇને તથા ધર્મબુદ્ધિવાળા મુનિઓએ એ તીર્થોનો ત્યાગ કરેલો છે એમ જાણીને કુરુનંદન અર્જુને હાથ જોડી તપસ્વીઓને પૂછ્યું કે:–"આ તીર્થોનો વેદવાદી મુનિઓ શામાટે ત્યાગ કરે છે ?"[૩–૬]

તાપસો બોલ્યા:–"હે કુરુનંદન! એ તીર્થોમાં પાંચ મગરો રહે છે અને તેઓ તપસ્વીઓને

ખેંચી જાય છે; માટે તપસ્વીઓ એ તીર્થોમાં જતા નથી."[૭]

વૈશંપાયન કહે છેઃ–તપસ્વીઓનાં વચન સાંભળીને અર્જુન ત્યાં જવા તૈયાર થયો. તે વખતે તપસ્વીજનોએ તેને રોકવા માંડયો; પણ તે રોકાણને ન ગણકારી પુરુષોમાં શ્રેષ્ઠ એવો મહાબાહુ અર્જુન તે તીર્થોને જોવા ગયો.[૮] પછી મહાપના સૌભદ્ર નામના ઉત્તમ તીર્થમાં જઇને શત્રુને તાપ આપનારા શૂરવીર અર્જુને એકદમ તેમાં પ્રવેશ કરીને સ્નાન કરવા માંડયું. તે વખતે તે પુરુષવ્યાઘ્ર કુંતીના પુત્ર ધનંજયને પગે, ઉંડા જલમાં રહેનારો એક મોટો મગર આવીને વળગ્યો; તેની સાથેજ બલવાનમાં શ્રેષ્ઠ એવો મહાબાહુ કુંતીપુત્ર ધનંજય યત્ન કરતા તે મગરને લઈને બલવડે બહાર નીકળી આવ્યો.[૧૧] જે વખતે યશસ્વી અર્જુને એ મગરને ઉપર કાઢયો, તે વખતેજ તે મગરનું રૂપ છોડીને એક સર્વ આભરણથી અલંકૃત એવી સુંદર સ્ત્રી થઇ ગઈ.[૧૨] હે રાજન્! તે સ્ત્રી દિવ્ય રૂપવાળી, મનોરમ અને કાંતિથી દેદીપ્યમાન જણાતી હતી. આ મોટું આશ્ચર્ય જોઇને કુંતીનો પુત્ર ધનંજય પરમ પ્રસન્ન થયો અને તે સ્ત્રીને આ પ્રમાણે પૂછવા લાગ્યોઃ– " હે કલ્યાણિ ! તું કોણ છે? શા કારણથી આ જલમાં રહેતી હતી અને પૂર્વે આવું મોટું પાપ તેં શામાટે કર્યું હતું ?"

વર્ગા બોલીઃ–" હે મહાબાહો ! હું દેવોનાં અરણ્યોમાં વિહાર કરનારી અપ્સરા છું.[૧૩–૧૫] હે મહાબલવાન્! ધનપતિ કુબેરને હું બહુ વહાલી છું; અને મારૂં નામ વર્ગા છે. વળી ઇચ્છામાં આવે ત્યાં જઈ શકે એવી મારી બીજી ચાર ઉત્તમ સખીઓ છે.[૧૬] એક વખતે તે સખીઓની સાથે હું દિક્પાલ કુબેરને ત્યાં જતી હતી; એટલામાં અમે બધીએ એક ઉત્તમ વ્રતવાળા બ્રાહ્મણને જોયો.[૧૭] તે બ્રાહ્મણ ઘણો રૂપાળો હતો, તે એકલો એકાંતમાં રહીને વેદાધ્યયન કરતો હતો હે રાજન ! તે બ્રાહ્મણનાં તપથી તે વન તેજથી વીંટાઇ રહેલું હતું.[૧૮] જેમ સૂર્ય પોતાના તેજથી બધે પ્રકાશ કરે છે, તેમ તે પોતાના તેજવડે આખા વનને પ્રકાશિત કરતો હતો. તે બ્રાહ્મણનું તેવું તપ જોઈ ને તથા અદ્‌ભુત ઉત્તમ રૂપ જોઇને તેના તપમાં વિઘ્ન કરવા માટે અમે બધી તે સ્થાનમાં ઉતરી. હું, સૌરભેયી, સમીચી, બુદ્‌બુદા અને લતા, એ અમે બધી એકી વખતે તે વિપ્રની આગળ જઈ પહોંચી અને હે ભારત ! ગાયન, હાસ્ય વગેરે કરીને તે બ્રાહ્મણને લોભાવવા લાગી;[૧૯,૨૧] પરંતુ હે વીર ! તેણે અમારા તરફ કોઈ રીતે મન લગાડયું નહિ. તે નિર્મલ તપમાં બેઠેલો મહા તેજસ્વી અમારા પ્રયત્નથી ડગ્યો નહિ.[૨૨] હે ક્ષત્રિયશ્રેષ્ઠ ! પછી તે બ્રાહ્મણે ક્રોધ કરીને અમને શાપ આપ્યો કેઃ–"તમે બધી સો વર્ષ સુધી જલમાં મગર થઇને ફરશો."[૨૩]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અર્જુન વનવાસપર્વવિષે તીર્થગ્રાહવિમોચન નામનો અધ્યાય ૨૧૬મો સમાપ્ત.

અધ્યાય ૨૧૭ મો–બીજી અપ્સરાઓનો ઉદ્ધાર

॥ वर्गोवाच ॥

ततो वयं प्रव्यथिताः सर्वा भारतसत्तम ॥
अयाम शरणं विप्रं तं तपोधनमच्युतम् ॥१॥

વર્ગા બોલીઃ–"હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! એ સાંભળીને અમે બધી બહુ વ્યથા પામી અને તપરૂપી ધનવાળા તે શુદ્ધ બ્રાહ્મણને શરણે ગઇ તથા તેને કહેવા લાગી કે, હે દ્વિજ ! અમે રૂપ, વય તથા કંદર્પના દર્પથી અયોગ્ય કાર્ય કર્યું છે, માટે અમારા અપરાધને તમે ક્ષમા કરવા યોગ્ય છો.[૧,૨] હે તપરૂપી ધનવાળા! જિતમનસ્ક એવા તમને લોભાવવા માટે અમે અહીં આવ્યાં એજ અમારો વધ થયો હોય એમ અમને લાગે છે.[૩] વળી ધર્માચરણી પુરુષો સ્ત્રીઓનો વધ ન કરાય એમ માને છે; કારણ કે બ્રહ્માએ

સ્રીઓને અવધ્ય ઉત્પન્ન કરી છે, માટે તમે ધર્મનું પાલન કરીને વૃદ્ધિ પામો.તમારે અમારો વિનાશ કરવો યોગ્ય નથી. [૪] હે ધર્મજ્ઞ! સર્વે પ્રાણીઓમાં બ્રાહ્મણ એ સર્વનો મિત્ર ગણાય છે, માટે હે કલ્યાણમૂર્તિ ! બુદ્ધિમાન પુરુષોનું એ કહેવું તમે સત્ય કરો.[૫] શિષ્ટ પુરુષો શરણે આવેલાનું પાલન કરે છે અને અમે તમારે શરણે આવ્યાં છીએ,માટે અમારો અપરાધ તમારે ક્ષમા કરવો ઘટે છે." [૬]

વૈશંપાયન કહે છેઃ– હે વીર ! આ પ્રમાણે અપ્સરાઓની પ્રાર્થનાથી શુભ કર્મ કરનારા તથા સૂર્યચંદ્રના જેવી કાંતિવાળા તે ધર્માત્મા બ્રાહ્મણે અપ્સરાઓ ઉપર કૃપા કરી. [૭] બ્રાહ્મણ બોલ્યોઃ–" સો લાખ વગેરે શબ્દો અનંતના અર્થમાંપણ વપરાય છે; પરંતુ તમારે માટે બોલાયલો આ સોવાચક શબ્દ અનંત અર્થવાચક ન થતાં પૂરાં સો વર્ષના પરિમાણવાળોજ થશે. [૮] જ્યારે તમે ગ્રાહરૂપે થઈને જે પુરુષોને જલમાં ખેંચી જશો, તેમાંનો એક પુરુષશ્રેષ્ઠ તમને તે પાણીમાંથી બહાર જમીનપર ખેંચી કાઢશે, [૯] ત્યારે તમે પાછાં પોતાનાં સ્વરૂપને પ્રાપ્ત થશો. આ વાત સત્ય છે; કારણ કે મેં પૂર્વે હાસ્ય કરતાં પણ કોઈ વાર અસત્ય ભાષણ કર્યું નથી. તમારો ઉદ્ધાર થયા પછી તે બધાં તીર્થો આ લોકમાં નારીતીર્થના નામથી સર્વત્ર પ્રસિદ્ધ થશે અને બુદ્ધિમાન મનુષ્યોને પાવન કરનારાં તથા પવિત્ર થશે. " [૧૦,૧૧]

વર્ગા બોલીઃ–" પછી અમે તે બ્રાહ્મણની પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યા અને દુઃખી થયેલી અમે બધી તે સ્થાનમાંથી દૂર જઈને વિચાર કરવા લાગી કે, [૧૨] ' આ પ્રમાણે બધી થોડા સમયમાં તે પુરુષને ક્યાં મેળવી શકીશું કે જે પુરુષ આપણું પૂર્વનું રૂપ પાછું આપે ? ' અમે આવો વિચાર કરતી હતી, એટલામાં થોડેજ વખતે અમને મહાભાગ્યશાળી દેવર્ષિ નારદનાં દર્શન થયાં. [૧૩,૧૪] અમિત કાંતિવાળા તે દેવર્ષિને જોઈને અમે બહુ રાજી થઈ ગઇ અને હે પાર્થ!તેમને પ્રણામ કરીને લજ્જિત મુખથી અમે બધી ઉભી રહી. [૧૫] પછી તેમણે અમને અમારાં દુઃખનું કારણ પૂછ્યું,એટલે અમે અમારી સઘળી વાત તેમને કહી સંભળાવી.ત્યાં જે થયેલું તે વૃત્તાંત સાંભળ્યા પછી અમને નારદ મુનિએ આ પ્રમાણે વચન કહ્યાંઃ–"દક્ષિણ સમુદ્રની નજીકના પ્રદેશમાં પાંચ તીર્થો છે. જે તીર્થો પવિત્ર અને રમણીય છે, ત્યાં તમે જલદી જાઓ. તે તીર્થોમાં તમને શુદ્ધ મનવાળો પુરુષવ્યાઘ્ર પાંડુનો પુત્ર ધનંજય આ દુઃખમાંથી મુકત કરશે, એમાં સંશય રાખશો નહિ. "[૧૭,૧૮] હે નિષ્પાપ વીર ! અમે બધી નારદનાં વચન સાંભળીને પછી અહીં આવી અને તમે મને આજે શાપથી મુક્ત કરી, એટલે નારદનું વચન ખરૂં પડયું છે.[૧૯] હે વીર! હવે તમે મારી બીજી ચાર સખીઓ જલમાં રહેલી છે, તે બધાંને મુક્ત કરવાનું શુભ કર્મ કરો."[૨૦]

વૈશંપાયન કહે છેઃ–હે પ્રજાપતિ ! પછી ઉદાર મનવાળા વીર્યવાન અર્જુને તે બધી અપ્સરાઓને પેલા શાપથી મુક્ત કરી.[૨૧] હે રાજન! જલમાંથી નીકળ્યા પછી પોતાનાં પૂર્વશરીરને પામેલી તે અપ્સરાઓ પ્રથમના જેવી જણાવા લાગી.[૨૨] આ પ્રમાણે તીર્થોને શુદ્ધ કરીને તથા પેલી અપ્સરાઓને જવાની આજ્ઞા આપીને સમર્થ અર્જુન બીજી વાર ચિત્રાંગદાને મળવા માટે પાછો મણિપુર ગયો.[૨૩]

હે રાજન ! ત્યાં તેણે બભ્રુવાહન રાજાને ઉત્પન્ન કર્યો હતો તેને જોઇને અર્જુને ચિત્રવાહનને કહ્યું કેઃ–[૨૪] " હે નરાધિપ! ચિત્રાંગદાના મૂલ્યને પેટે આ બભ્રુવાહનને તમે લ્યો. એ પુત્ર આપવાથી હવે હું ઋણમુક્ત થયેલો ગણાઈશ. " [૨૫] વળી પાંડુપુત્રે ચિત્રાંગદાને કહ્યું કેઃ–" તારૂં કલ્યાણ થાઓ. તું હમણાં અહીંજ નિવાસ કરીને બભ્રુવાહનને મોટો કર. [૨૬] પછી મારી નિવાસભૂમિ ઇંદ્રપ્રસ્થમાં આવીને તું વિહાર કરજે. ત્યાં આવીને તું કુંતિ, યુધિષ્ઠિર, ભીમસેન અને બીજા બે મારા નાના ભાઈઓ તથા સંબંધીઓને જોજે અને હે અનિંદિતા ! તું સઘળાં સગાંઓની સાથે રહે-

વાનો આનંદ ભોગવજે.[૨૭,૨૮] ધર્મપરાયણ, સત્યને ધારણ કરનારા કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજા સર્વ પૃથ્વી જીતીને જ્યારે રાજસૂય યજ્ઞ કરશે,[૨૯] તે યજ્ઞ વખતે પૃથ્વીમાં જે જે રાજા કહેવાતા હશે તે બધા ત્યાં આવશે; તેમાં તારા પિતા પણ પુષ્કળ રત્નો લઈને આવશે.[૩૦] તેમની સંગાથે તું પણ ચિત્રવાહન રાજાની સેવાનિમિત્તે ત્યાં આવજે; એટલે રાજસૂય યજ્ઞમાં હું તને મળીશ, માટે તું હમણાં શોક ન કરતાં આ પુત્રનું પાલન કર;[૩૧] કારણ કે આ બભ્રુવાહન નામનો પૃથ્વીમાં ફરતો મારો પ્રાણ છે, માટે વંશની વૃદ્ધિ કરનારા એ પુત્રનું તું ભરણપોષણ કર.[૩૨] ધર્મથી એ પુરુવંશનો પુત્ર છતાં હાલ એ ચિત્રવાહન રાજાનો પુત્ર થયેલો છે. વળી પાંડવોને પણ એ પ્રિય છે, માટે તું એનું નિત્ય પાલન કરજે;[૩૩] અને હે અનિંદિતા ! મારા વિયોગમાં તું સંતાપ કરીશ નહિ. ”

ચિત્રાંગદાને આ પ્રમાણે કહીને અર્જુન ગોકર્ણતીર્થ તરફ ગયો.[૩૪] તે ગોકર્ણક્ષેત્ર પશુપતિ શંકરનું આદ્યસ્થાન છે અને દર્શનથીજ મુક્તિ આપનારૂં છે, કે જ્યાં પાપી મનુષ્ય પણ અભય આપનારા પદને પ્રાપ્ત થાય છે.[૩૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતગત અર્જુન નવાસપર્વવિષે અર્જુન તીર્થયાત્રા નામનો અધ્યાય ૨૧૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૧૮ મો–અર્જુન દ્વારકામાં

॥ वैशंपायन उवाच ॥

सोऽपरांतेषु तीर्थानि पुण्यान्यायतनानि च ॥
सर्वाण्येवानुपूर्व्येण जगामामितविक्रमः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–ત્યાંથી અમિત પરાક્રમી અર્જુન પશ્ચિમ સમુદ્રના તીરપર આવેલાં સઘળાં પવિત્ર તીર્થો અને મંદિરોમાં અનુક્રમે ગયો.[૧] આ રીતે પશ્ચિમ સમુદ્રના કાંઠા ઉપર આવેલાં જે જે તીર્થો અને પવિત્ર સ્થાનો હતાં, તે સઘળાંની યાત્રા કર્યા પછી અર્જુન પ્રભાસતીર્થમાં આવ્યો.[૨] જ્યારે મધુસૂદને અપરાજિત અર્જુનને અત્યંત પવિત્ર અને રમણીય એવા પ્રભાસક્ષેત્રમાં આવેલો સાંભળ્યો,[૩] ત્યારે પોતાના સખા અર્જુનને મળવા માટે શ્રીકૃષ્ણ પ્રભાસમાં આવ્યા. ત્યાં કૃષ્ણ તથા અર્જુન એકમેકને જોઈને ભેટયા તથા પરસ્પરનું ક્ષેમકુશલ પૂછીને નરનારાયણ ઋષિના અવતારરૂપ તે બન્ને પ્રિય સખાઓ વનમાં બેઠા.[૪,૫] તે પછી વાસુદેવે અર્જુનને પ્રવાસનું કારણ પૂછયું કેઃ–“હે પાંડવ ! તું શામાટે આ તીર્થોમાં ફરે છે?”[૬] તે વખતે અર્જુને જે પ્રસંગ બનેલો તે સઘળો શ્રીકૃષ્ણને કહી સંભળાવ્યો. તે સાંભળીને શ્રીકૃષ્ણ પ્રભુએ કહ્યું કેઃ–“તેં જે કર્યું તે યોગ્યજ કર્યું છે.” પછી શ્રીકૃષ્ણ અને અર્જુન ઈચ્છાપૂર્વક પ્રભાસમાં વિહાર કરીને ત્યાંથી નીકળી રૈવતક પર્વત ઉપર નિવાસને માટે ગયા.[૭,૮] શ્રીકૃષ્ણની આજ્ઞાથી તે પર્વતને પ્રથમથીજ સેવકોએ સુશોભિત કરેલો હતો અને ત્યાં ભોજનની તૈયારી કરી રાખી હતી.[૯] અર્જુને તે સર્વનો સ્વીકાર કરીને ભોજન કર્યું. તે પછી વાસુદેવની સાથે અર્જુને નટ તથા નર્તકોની રમુજ જોઈ[૧૦] અને તેમને સત્કાર કરીને જવાની રજા આપી. પછી મહાબુદ્ધિમાન અર્જુન સારી રીતે તૈયાર કરેલા દિવ્ય શયનસ્થાનમાં ગયો.[૧૧] ત્યાં તે મહાબાહુ ઉત્તમ શય્યામાં શયન કરીને તીર્થો, જલાશયો, પર્વતો, નદીઓ અને વનો જે જે પોતે જોયાં હતાં, તે સઘળાંનું શ્રીકૃષ્ણની આગળ કથન કરવા લાગ્યો.[૧૨] હે જનમેજય ! આ રીતે વાતો કરતાં કરતાંજ સ્વર્ગના જેવું સુખ આપનારી શય્યામાં સૂતેલા અર્જુનને નિદ્રા આવી ગઈ.[૧૩] પછી મધુર ગાયન, વીણાના શબ્દ, સ્તુતિઓ તથા મંગલપાઠોથી જગાડાતાં તે સવારેજ જાગ્યો.[૧૪] તેણે આવશ્યક કાર્યો કર્યાં, તે પછી શ્રીકૃષ્ણે 'જેને અભિનંદન આપેલું એવો અર્જુન શ્રીકૃષ્ણની સાથે

સુવર્ણની ધ્વજાવાળા રથમાં બેસીનેદ્વારકા ગયો.[૧૫] હે જનમેજય! આ વખતે અર્જુનને માન આપવા માટે દ્વારકાના બગીચાઓમાં પણ શોભા કરવામાં આવી હતી તો રાજમાર્ગમાં શોભા હોય તેમાં તો નવાઇજ શી?[૧૬] કુંતીપુત્ર અર્જુનને જોવા માટે દ્વારકાવાસી હજારો જનો તત્કાલ રાજમાર્ગ ઉપર આવી લાગ્યા.[૧૭] વળી સેંકડો હજારો સ્ત્રીઓ અને ભોજ, વૃષ્ણિ તથા અંધક કુળના પુરુષોનો ત્યાં મોટો મેળાવડો થયો હતો. આ રીતે સર્વ ભોજ, વૃષ્ણિ તથા અંધક કુળના પુરુષોએ જેનો સત્કાર કરેલો એવા અર્જુને વંદન કરવા યોગ્ય પુરુષોનેવંદનકર્યું અને તે સઘળાએ તેને આશિષથી આનંદિત કર્યો.[૧૮,૧૯] વળી સઘળા યદુકુમારોએ વીર અર્જુનનો સત્કાર કર્યો અને અર્જુન પોતાના સમાન વયના હતા તેમને વારંવાર ભેટયો.[૨૦] તે પછી અનેક રત્નભૂત વસ્તુઓ તથા ભોજ્ય સામગ્રીથી ભરેલાં એવા શ્રીકૃષ્ણના રમ્ય મહેલમાં અર્જુન શ્રીકૃષ્ણની સાથે ઘણી રાત્રિઓ રહ્યો.[૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત અર્જુન વનવાસપર્વવિષે અર્જુનદ્વારકાગમન નામનો અધ્યાય ૨૧૮ મો સમાપ્ત.

અર્જુનવનવાસપર્વ સમાપ્ત.

सुभद्राहरण पर्व

અધ્યાય ૨૧૯ મો—અર્જુન સુભદ્રાને જોઇ મોહિત થયો.

॥ वैशंपायन उवाच ॥

ततः कतिपयाहस्य तस्मिन् रैवतके गिरौ ॥
वृष्ण्यंधकानामभवदुत्सवो नृपसत्तम ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ—હે નૃપશ્રેષ્ઠ! તે પછી કેટલેક દિવસે રૈવતક પર્વત ઉપર વૃષ્ણિ, અંધક વગેરે યાદવોનો મોટો ઉત્સવ થયો.[૧] એ પર્વતના ઉત્સવમાં ભોજ, વૃષ્ણિ અને અંધક કુલના વીરોએ બ્રાહ્મણોને હજારો દાનો આપ્યાં.[૨] હે રાજન! આ પર્વતની ચારે તરફ રત્નચિત્રિત મોટા મહેલો બાંધેલા હતા, તેનાથીતથા સર્વત્ર ઉગેલાં કલ્પવૃક્ષોથી તે પર્વત સુશોભિત જણાતો હતો;[૩] ત્યાં વાદિત્ર વગાડનારા વાદિત્રો વગાડતા હતા, નર્ત્તકો નૃત્ય કરતા હતા અને ગવૈયાઓ ગાન કરતા હતા.[૪] મહાતેજસ્વી યાદવોના કુમારો અલંકાર ધારણ કરીને સુવર્ણચિત્રિત વાહનોમાં બેસી દેદીપ્યમાન જણાતા આમતેમ ફરતા હતા.[૫] તેમજ નગરના લોકો પણ પોતાની સ્ત્રીઓ તથા પરિવારની સાથે નાનાંમોટાં વાહનોમાં બેસીને તથા પગે ચાલતા ત્યાં આવતા હતા. હે ભારત! વળી મદિરાપાનથી મત્ત થયેલા હલધારી બલરામ પણ રેવતીની સાથે ત્યાં આવ્યા હતા અને તેમની પાછળ ગંધર્વો ફરતા હતા.[૬,૭] તેમજ વૃષ્ણિઓના પ્રતાપવાન રાજા ઉગ્રસેન પણ હજારો સ્ત્રીઓની સાથે ત્યાં આવ્યા હતા અને ગંધર્વો તેમની આગળ ગાન કરતા હતા.[૮] વળી ત્યાં યુદ્ધ કરવામાં દુર્મદવાળા પ્રદ્યુમ્ન તથા સાંબ પણ મદિરાથી મત્ત થઇને દિવ્ય વસ્ત્ર તથા સુંદર માલાઓ ધારણ કરીને દેવની પેઠે વિહાર કરતા હતા.[૯] અક્રૂર, સારણ, ગદ, બભ્રુ, વિદૂરથ, નિશઠ, ચારુદેષ્ણ, પૃથુ, વિપૃથુ, સત્યક, સાત્યકિ, ભંગકાર, મહારવ, હાર્દિક્ય, ઉદ્ધવ અને બીજા નહિ ગણાવેલા કેટલાએક યાદવો પણ સ્ત્રીઓ અને જૂદા જૂદા ગંધર્વોની સાથે ત્યાં આવીને રૈવતક પર્વતના ઉત્સવને શોભાવવા લાગ્યા.[૧૦-૧૨] આ પ્રમાણે મહાન આશ્ચર્યકારક તે મહોત્સવ પ્રવર્તતો હતો; તે વખતે વસુદેવનંદન શ્રીકૃષ્ણ તથા અર્જુન બન્ને ત્યાં સાથે આવી લાગ્યા[૧૩] અને એ મેળામાં ફરતાં તે બન્ને જણાએ તે વખતે વસુદેવની અલંકારવાળી શુભ પુત્રી સુભદ્રાને

સખીઓના મધ્યમાં દીઠી.[૧૪] તેને જોતાંજ અર્જુનને કામ ઉત્પન્ન થયો અને સુભદ્રામાં એકાગ્ર મનવાળા અર્જુનનો ભાવ શ્રીકૃષ્ણ કળી ગયા,[૧૫] એટલે હે ભારત ! પુરુષવ્યાઘ્ર શ્રીકૃષ્ણ હાસ્ય કરતા અર્જુનને કહેવા લાગ્યા કેઃ-“ હે અર્જુન ! વનમાં ફરનારાનું મન પણ કામથી વ્યાકુલ થાય છે એ શું કહેવાય ?[૧૬] હે પાર્થ ! એ મારી બહેન સારણની સહોદર ભગિની થાય છે. એનું નામ સુભદ્રા છે અને મારા પિતાને એ પુત્રી ઘણી વહાલી છે. જો તને એની અભિલાષા થતી હોય તો હું પોતે એને માટે મારા પિતાને કહીશ.”

અર્જુન બોલ્યોઃ–“ હે કૃષ્ણ ! એ વસુદેવની પુત્રી છે, વાસુદેવની બહેન છે અને વળી સ્વરૂપસંપન્ન છે, એટલે એ સુભદ્રા કોને મોહિત કરે નહિ ?[૧૮] હે સખા ! જો એ તમારી બહેન મારી પટ્ટરાણી થાય તો મારૂં સર્વ પ્રકારનું કલ્યાણ તમેજ કર્યું એમ હું નિશ્ચય માનીશ.[૧૯] હે જનાર્દન ! એને મેળવવા માટે શો ઉપાય કરવો તે મને કહો. જો તે ઉપાય પુરુષથી થાય તેવો હશે તો તે સર્વ હું કરીશ.”[૨૦]

વાસુદેવ બોલ્યાઃ–“ હે પુરુષશ્રેષ્ઠ ! ક્ષત્રિયોને માટે સ્વયંવરવિવાહ શ્રેષ્ઠ ગણાય છે; પણ સ્ત્રીઓના સ્વભાવનું ઠેકાણું ન હોવાથી તે વિવાહ શકભરેલો છે; અર્થાત્ અમુક પુરુષનેજ તે કન્યા વરે એવો તેમાં નિશ્ચય રહેતો નથી.[૨૧] માટે શૂરવીર ક્ષત્રિઓને સારૂ તો બલાત્કારે કન્યાનું હરણ કરવું એ માર્ગજ પ્રશંસનીય ગણાય છે અને એ વાત ધર્મવેત્તાઓ જાણે છે.[૨૨] હે અર્જુન ! એટલામાટે તું મારી કલ્યાણી ભગિનીને બલથી હરણ કર; કારણ કે સ્વયંવર કરવામાં એ કન્યા કોને વરશે તે કોણ જાણી શકે ?”[૨૩]

તે પછી અર્જુન તથા શ્રીકૃષ્ણે એ કાર્ય કયી રીતે કરવું, તેનો નિશ્ચય કર્યો અને ઝડપથી જનારા દૂતોને મોકલી ઇંદ્રપ્રસ્થમાં રહેલા ધર્મરાજને તે ખબર કહાવી. તે સાંભળીને મહાબાહુ યુધિષ્ઠિરે તેમ કરવા આજ્ઞા આપી.[૨૪,૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સુભદ્રાહરણપર્વવિષે યુધિષ્ઠિરાનુજ્ઞા નામનો અધ્યાય ૨૧૯ મો સમાપ્ત.

અધ્યાયે ૨૨૦ મો–સુભદ્રાહરણ અને યાદવોનો તથા બલદેવનો ક્રોધ

॥ वैशंपायन उवाच ॥

ततः संवादिते तस्मिन्ननुज्ञातो धनंजयः ॥
गतां रैवतके कन्यां विदित्वा जनमेजय ॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે જનમેજય ! વિવાહસંબંધમાં સંદેશો મોકલ્યો અને યુધિષ્ઠિરની આજ્ઞા મળી; એ પછી અર્જુને રૈવતક પર્વત ઉપર સુભદ્રા ગઇ છે, એમ જાણીને પોતે કરવા ધારેલા કાર્યની વિગત શ્રીકૃષ્ણને કહી અને તેમનો મત લીધો. પછી વાસુદેવની આજ્ઞા લઇને,સુવર્ણનિર્મિત ધ્વજાદિ અંગોવાળા, યથાશાસ્ત્ર તૈયાર કરેલા, શૈબ્ય અને સુગ્રીવ નામના ઘોડા જોડેલા, ઘુઘરીની જાળથી શોભતા, સર્વ શસ્ત્રો જેમાં ગોઠવી દીધેલાં, મેઘના શબ્દના જેવો નાદ કરતા, જાજ્વલિત અગ્નિના જેવા પ્રકાશતા અને શત્રુના હર્ષને નાશ કરે તેવા રથમાં બેસી, કવચ પહેરી, આંગળીઓના રક્ષણને માટે ઘોના ચામડાની ખોળીઓ બાંધી, તરવાર લઇ, સજ્જ થઇને મૃગયા કરવા જવાનું મિષ બતાવી પુરુષશ્રેષ્ઠ અર્જુન ત્યાંથી ચાલી નીકળ્યો.[૧–૫] આ વખતે સુભદ્રાએ પણ રૈવતક પર્વતનું પૂજન કરીને સર્વ દેવતાઓનું પૂજન કર્યું. પછી બ્રાહ્મણોની પાસે સ્વસ્તિવાચન ભણાવ્યું અને પર્વતની પ્રદક્ષિણા કરીને તે ત્યાંથી દ્વારકાં આવવા નીકળી. તેને આવતી જોઇને કામનાં બાણથી પીડાયેલો અર્જુન સર્વાંગસુંદરી સુભદ્રા તરફ દોડ્યો અને તેણે બલાત્કારે સુભદ્રાને ઉપાડી પોતાના રથમાં બેસાડી દીધી.[૬,૭] પછી શુદ્ધ સ્મિતવાળી સુભદ્રાને લઇને તે પુરુષવ્યાઘ્ર અર્જુન સુવર્ણાંગ રથવડે પોતાના નગર તરફ ચાલતો થયો.[૮] સુભ-

દ્રાનું હરણ થયેલું જોઇને સૈનિક જનો બૂમ મારતા મારતા દ્વારકાપુરી તરફ દોડયા[૮] અને સુધર્મા સભામાં જઇને તે બધાએ સભારક્ષકને અર્જુનનું તે સર્વ પરાક્રમ કહીસંભળાવ્યું.[૧૦] તેઓનાં વચન સાંભળીને તેજ વખતે સભાપાલે, સૈન્યને સજ્જ થવા સૂચવનારી મોટા શબ્દવાળી અને સુવર્ણથી મઢેલી દુંદુભિનો નાદ કર્યો.[૧૧] તે શબ્દ સાંભળતાંજ ભોજ, વૃષ્ણિ તથા અંધક કુળના મહારથો ખળભળી ઉઠયા અને અન્નપાન ત્યજી દઇને ચોતરફથી ત્યાં એકઠા થઇ ગયા.[૧૨] ત્યાં આવ્યા પછી પુરુષોમાં વ્યાઘ્ર જેવા વૃષ્ણિ, અંધક વગેરે કુલના સેંકડો મહારથો સુવર્ણનિર્મિત ઉત્તમ બિછાનાંવાળાં, મણિ તથા વિદ્રુમના ચિત્રવાળાં અને જાજ્વલિત અગ્નિના જેવાં કાંતિવાળાં સિંહાસનો ઉપર બેઠા અને તેઓ વેદીમાં રહેલા અગ્નિના જેવા શોભવા લાગ્યા.[૧૩,૧૪] પછી દેવોના જેવા શોભતા યાદવોના તે સમુદાય આગળ સભાપાલે અને તેના અનુચરોએ અર્જુને જે કર્યું હતું તે બધું કહી સંભળાવ્યું.[૧૫] તે સાંભળીને મદથી રક્ત થયેલાં નેત્રવાળા અહંકારી યાદવો અર્જુનના તે કર્મને સહન ન કરતા તત્કાલ ઉછળવા લાગ્યા;[૧૬] અને ઝટ રથો તૈયાર કરો, પ્રાસો લાવો, મહાન કિંમતી ધનુષો લાવો, મોટાં બખ્તરો લાવો, એમ સારથિને બૂમ મારીને કહેવા લાગ્યા. કેટલાક રથો જોડાવવા આજ્ઞા કરવા લાગ્યા, ત્યારે કેટલાએક સુવર્ણના અલંકારવાળા ઘોડાઓને પોતેજ જોડવા લાગ્યા.[૧૭,૧૮] આ પ્રમાણે રથો, કવચો, ધ્વજાઓ વગેરે લાવવા માંડવાથી તથા વીર પુરુષોના શબ્દોથી ત્યાં ઘોંઘાટ થઇ રહ્યો[૧૯]. તે વખતે કૈલાસશિખરના જેવા ઉંચા તથા શ્વેત વર્ણવાળા, મદિરાપાનથી મત્ત થયેલા, નીલ વસ્ત્ર તથા વનમાલાને ધારણ કરનારા બલરામ મદગર્વિત થઇને આ પ્રમાણે વચન કહેવા લાગ્યાઃ–[૨૦] "હે અબુદ્ધિમાન યાદવો! તમે આ શું કરો છો? આ જનાર્દન તો શાંત બેસી રહ્યા છે, એમનો અભિપ્રાય જાણ્યાવિના તમે શા-માટે ક્રોધ કરીને મિથ્યા ગર્જના કરો છો?[૨૧] પ્રથમ એ મહાબુદ્ધિમાન કૃષ્ણ પોતાનો અભિપ્રાય જણાવે તે પછી એમને જે કરવું સારૂં લાગે તે પ્રમાણે તમે બધા આલસ્યરહિત થઇને કરો."[૨૨] આવાં હલધારી બલરામનાં ગ્રહણ કરવા જેવાં વચન સાંભળીને સઘળા યાદવો શાંત પડયા અને 'બહુ સારૂં, બહુ સારૂં,' એમ કહેવા લાગ્યા. બુદ્ધિમાન બલદેવનાં નિષ્પક્ષ વચન સાંભળતાંજ તે બધાએ પાછા સભામાં શાંત થઇને બેસી ગયા.[૨૪] તે પછી શત્રુને તાપ આપનારા બલરામ વાસુદેવને કહેવા લાગ્યા કેઃ–"હે જનાર્દન! તમે આ બધું જોતા છતાં કેમ કંઇ પણ બોલ્યા વિના મુગા બેસી રહ્યા છો?[૨૫] હે અચ્યુત! અમે બધાએ તમારે લીધે અર્જુનનો સત્કાર કર્યો હતો. બાકી દુર્બુદ્ધિવાળો અને કુલને કલંક લગાડનારો તે તેવા સન્માનને પાત્ર ન હતો.[૨૬] પોતાને કુલીન માનનારો કયો પુરુષ જેનું ખાય તેનુંજ ભાણું ભાંગી શકે?[૨૭] જે પોતાનો સંબંધ ચાલુ રાખવા ઇચ્છતો હોય તથા પૂર્વના ઉપકારને માનતો હોય અને જેને ઐશ્વર્યની આકાંક્ષા હોય તેવો કયો પુરુષ આવું સાહસ કરી શકે?[૨૮] તે અર્જુને અમારો બધાનો તથા તમારો અનાદર કરીને બલાત્કારે સુભદ્રાનું હરણ કર્યું છે અને તે તેણે પોતાનું મૃત્યુજ સ્વીકારી લીધું છે.[૨૯] હે ગોવિંદ! તેણે મારા માથાપર આજે પગ મૂકયો છે. જેમ સર્પ બીજાના પગના સ્પર્શને સહન કરે નહિ, તેમ તેને હું શી રીતે સહન કરીશ?[૩૦] આજે હું એકલોજ નિષ્કૌરવી પૃથ્વી કરી નાખીશ. અર્જુનના એ અપરાધને હું સાંખનાર નથી."[૩૧] આ પ્રમાણે મેઘ તથા દુંદુભિના જેવા શબ્દવાળા ગર્જના કરતા બલરામને ભોજ, વૃષ્ણિ અને અંધકો પણ તે વખતે ટેકો આપવા લાગ્યા.

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત સુભદ્રાહરણપર્વવિષે બલદેવક્રોધ નામનો અધ્યાય ૨૨૦ મો સમાપ્ત.

સુભદ્રાહરણપર્વ સમાપ્ત*

---

* न ज्ञातीनां वचः प्रेक्ष्यं वरे श्रेयस्युपागते। इतीव कृष्णो विजयं स्वस्वसारमहारयत्॥ 'શ્રેષ્ઠ વર પ્રાપ્ત થતાં સગાંઓનાં વચન તરફ પણ દૃષ્ટિ આપવી નહિ' એ સૂચવતા હોય તેમ શ્રીકૃષ્ણે અર્જુનની પાસે પોતાની બહેનનું હરણ કરાવ્યું. **ગણેશ**

हरणाहरण पर्व

અધ્યાય ૨૨૧ મો–સુભદ્રાથી અભિમન્યુ તથા દ્રૌપદીથી પાંચ પુત્રો ઉત્પન્ન થયા.

॥ वैशंपायन उवाच ॥
उक्तवंतो यथावीर्यमसकृत्सर्ववृष्णयः ॥
ततोऽब्रवीद्वासुदेवो वाक्यं धर्मार्थसंयुतम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે વખતે સર્વે વૃષ્ણિઓ પોતપોતાનાં બલ પ્રમાણે વારંવાર બોલ્યા, તે પછી વાસુદેવ ધર્મ તથા અર્થયુક્ત વાકય કહેવા લાગ્યા કેઃ–[૧] "હે યાદવો ! અર્જુને આ કુલનું અપમાન કર્યું નથી; પરંતુ તેણે એ પ્રમાણે કરીને ઉલટું આપણા કુળનું માન વધાર્યું છે, એમાં સંશય નથી.[૨] આપણે યાદવો ધનના લોભી નથી એમ અર્જુન હમેશાં સારી રીતે જાણે છે. વળી સ્વયંવરમાં કન્યા પોતાનેજ મળે એવો નિયમ ન હોવાથી તે સ્વયંવરને પસંદ કરતો નથી;[૩] તેમજ કન્યાનું પશુની પેઠે દાન લેવું તે પણ કોણ પસંદ કરે? વળી પૃથ્વીમાં કયો પુરુષ પોતાની પુત્રીનું વેચાણ કરે?[૪] મારૂં માનવું તો એવું છે કે, આ બધા દોષોનો વિચાર કરીનેજ અર્જુને પોતાના ધર્મ પ્રમાણે બલાત્કારથી કન્યાનું હરણ કર્યું છે.[૫] યશસ્વીની સુભદ્રાનું તેને માટે યોગ્ય એવા અર્જુને બલાત્કારથી હરણ કર્યું અને તેથી જે સંબંધ થયો છે તે સર્વ રીતે યોગ્યજ છે.[૬] ભરતના તેમજ યશસ્વી શાંતનુના વંશમાં ઉત્પન્ન થયેલા અને કુંતિભોજ રાજાની પુત્રીના પુત્ર અર્જુનને મેળવવા કોણ ઈચ્છા કરે નહિ?[૭] વળી હું તો ભગનેત્રને હરણ કરનારા ત્રિનેત્રધારી શંકરવિના બીજા કોઇ પુરુષને એવો જોતો નથી કે જે પોતાના બલથી યુદ્ધમાં અર્જુનને જીતી શકે?[૮] વળી હે આર્ય! તેની પાસે મારો ઉત્તમ રથ છે, તેણે મારા પ્રસિદ્ધ ઘોડાઓ જોડેલા છે અને શીઘ્ર અસ્ત્રનો પ્રયોગ કરનાર અર્જુન જેવો યોદ્ધો છે તો તેવા સાધનસંપન્ન અર્જુનની સાથે ઇંદ્રલોક, રુદ્રલોક અને બીજા સર્વ લોકમાં કયો એવો પુરુષ છે કે જે બરોબરી કરી શકે? માટે મારૂં માનવું તો એવું છે કે,તમે બધા શાંત તથા પ્રસન્ન થઈને અર્જુનની પાછળ જાઓ અને તેને સારી રીતે સમજાવીને પાછો લાવો. જો તમે લડવા જશો અને તમને બધાને બલથી હરાવીને અર્જુન પોતાના નગરમાં જતો રહેશે તો તમારો યશ તત્કાલ નાશ પામશે; પરંતુ સલાહસંપથી કાર્ય કરવામાં તમારો પરાજય થવાનો નથી."

વસુદેવનંદન શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને હે જનાધિપ ! તેઓએ તે પ્રમાણે કર્યું[૯-૧૨] સમર્થ અર્જુન દ્વારકામાં પાછો આવ્યો અને ત્યાં તેણે સુભદ્રાની સાથે લગ્ન કર્યાં. લગ્ન થયા પછી અર્જુન વર્ષ ઉપરાંત કેટલીક રાત્રિઓ સુધી ત્યાં રહ્યો.[૧૩] પછી યાદવોથી સન્માન પામીને તથા ઈચ્છાપૂર્વક વિહાર કરીને ત્યાંથી તે નીકળ્યો અને તેણે પોતાના વનવાસનો બાકીનો કાલ પુષ્કરતીર્થમાં ગાળ્યો[૧૪] જ્યારે બાર વર્ષ પૂરાં થયાં, ત્યારે અર્જુન ઇંદ્રપ્રસ્થમાં આવ્યો અને નિયમપૂર્વક સાવધાન થઈને રાજા યુધિષ્ઠિર પાસે ગયો.[૧૫] પછી બ્રાહ્મણોની પૂજા કરીને તે દ્રૌપદીની પાસે ગયો. તે વખતે દ્રૌપદી કુરુનંદન અર્જુનને પ્રણયથી કહેવા લાગી કેઃ–[૧૬] હે કૌંતેય! હવે અહીં શામાટે આવ્યા છો? તમારી તે યાદવી સ્ત્રી હોય ત્યાંજ જાઓને! ભારાનો એક મજબૂત બંધ હોય પણ તેના ઉપર બીજો બંધ બાંધવાથી પહેલો બંધ શિથિલ થઈ જાય છે."[૧૭] આ પ્રમાણે અનેક રીતે વિલાપ કરતી દ્રૌપદીને જોઈને અર્જુને તેનું વારંવાર સાંત્વન કર્યું તથા અનેકવાર તેની ક્ષમા માગી.[૧૮]

પછી અર્જુન ત્વરાથી સુભદ્રા પાસે ગયો અને તેને લાલ રંગનું રેશમી વસ્ત્ર પહેરાવી *ગોવાલિનીના જેવો વેષ કરાવી અંતઃપુરમાં મોકલી દીધી.[૧૯] એવા વેષમાં પણ વીરપત્ની તથા સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી યશસ્વિની સુભદ્રા અતિશય શોભવા લાગી. પછી વિશાલ રક્ત નેત્રવાળી યશસ્વિની સુભદ્રા ઉત્તમ મહેલમાં આવી અને કુંતીને પગે લાગી. તે વખતે સર્વાંગ સુંદરી સુભદ્રાનું કુંતીએ પરમ પ્રેમથી મસ્તક સુંઘ્યું અને તે અતુલ સ્ત્રીને આશીર્વાદ આપ્યા. તે પછી પૂર્ણચંદ્રના જેવા મુખવાળી સુભદ્રા ત્વરાથી દ્રૌપદીની પાસે ગઈ અને તેણે દ્રૌપદીને પ્રણામ કરીને "હું તમારી દાસી છું" એમ કહ્યું.[૨૦–૨૩] તે વખતે દ્રૌપદી ઉભી થઈ અને શ્રીકૃષ્ણની બહેનને ભેટીને પ્રેમથી કહેવા લાગી કેઃ–"તારો પતિ નિઃસપત્ન થાઓ." તેમજ હર્ષ પામેલી સુભદ્રાએ પણ દ્રૌપદીને કહ્યું કેઃ–" ભલે એમ થાઓ."[૨૪] હે જનમેજય! તે વખતે મહારથ પાંડવોનાં મન પ્રસન્ન થયાં તથા કુંતી પણ અતિશય પ્રસન્ન થયાં.

જ્યારે કમલનયન શ્રીકૃષ્ણે સાંભળ્યું કે, પાંડવશ્રેષ્ઠ અર્જુન પોતાના ઉત્તમ નગર ઇંદ્રપ્રસ્થમાં જઇ પહોંચ્યો છે,[૨૬] ત્યારે શુદ્ધ અંતઃકરણવાળા અને શત્રુને તાપ આપનારા શૂરસેનના પૌત્ર શ્રીકૃષ્ણ, બલરામને સાથે લઈને તથા અંધક કુળના શ્રેષ્ઠ એવા મહારથ વીરો, ભાઇઓ, કુમારો અને ઘણા યોદ્ધાઓથી વીંટાઈને મોટા સૈન્યના રક્ષણ સાથે ત્યાં આવ્યા.[૨૭,૨૮] તે વખતે તેમની સાથે મહાયશસ્વી, અરિને દમનારા અને દાનપતિ એવા વૃષ્ણિવીરોના બુદ્ધિમાન સેનાપતિ અક્રૂર પણ સાથે આવ્યા હતા.[૨૯] વળી મહા તેજસ્વી અનાધષ્ટિ તથા મહા બુદ્ધિવાળા અને ઉદાર ચિત્તવાળા સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય મહા યશસ્વી ઉદ્ધવ પણ સાથે હતા.[૩૦] વળી સત્યક, સાત્યકિ, યાદવ કૃતવર્મા, પ્રદ્યુમ્ન, સાંબ, નિશઠ, શંકુ,[૩૧] પરાક્રમી ચારુદેષ્ણ, ઝિલ્લી, વિપૃથુ, મહાબાહુ સારણ, વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવો ગદ,[૩૨] એ બધા અને બીજા વૃષ્ણિ, ભોજ તથા અંધક કુળના ઘણા પુરુષો લગ્નની અનેક ભેટો લઈને ખાંડવપ્રસ્થમાં આવ્યા હતા.[૩૩] જ્યારે યુધિષ્ઠિર રાજાએ સાંભળ્યું કે, શ્રીકૃષ્ણ આવ્યા છે, ત્યારે તેમણે સન્માનપૂર્વક તેડી લાવવા માટે તેમણે નકુલ તથા સહદેવને સામા મોકલ્યા.[૩૪] તેમણે જઇને મહાન ઐશ્વર્યવાળા વૃષ્ણિમંડલનું સારૂં સન્માન કર્યું. તે પછી વૃષ્ણિ, અંધક તથા ભોજોને સાથે લઇને મહાન બાહુવાળા પુરુષોત્તમ શ્રીકૃષ્ણે બલરામની સાથે ખાંડવપ્રસ્થમાં પ્રવેશ કર્યો. આ વખતે એ નગરને ધ્વજપતાકાઓથી શણગાર્યું હતું, વાળેલા રસ્તાઓમાં પવિત્ર સુગંધવાળાં શીતલ ચંદનનાં જલનો છંટકાવ કર્યો હતો, ઠેકઠેકાણે પુષ્પસમૂહ પાથરીને નગરને સુશોભિત કર્યું હતું, ઠામ ઠામ બળતા અગરુનો સુગંધ પ્રસરી રહ્યો હતો. હૃષ્ટપુષ્ટ મનુષ્યોથી આખું નગર ભરાઇ ગયું હતું તથા વેપારીઓથી નગર શોભી નીકળ્યું હતું.[૩૫–૩૮] એવા સુશોભિત નગરના માર્ગમાં થઇને હજારો બ્રાહ્મણો તથા નગરનાલોકોથી પૂજન કરાતા શ્રીકૃષ્ણ ઇંદ્રભવનના જેવા યુધિષ્ઠિર રાજાના ભવનમાં આવ્યા.[૩૯] તે વખતે યુધિષ્ઠિર વિધિપૂર્વક પ્રથમ બલરામને ભેટ્યા અને પછી શ્રીકૃષ્ણનું મસ્તક સુંઘીને તેમને બાહુથી આલિંગન કર્યું.[૪૦] પ્રસન્ન થયેલા ગોવિંદે પણ વિનયથી તેમને માન આપ્યું અને પુરુષવ્યાઘ્ર ભીમનું પણ વિધિથી સન્માન કર્યું.[૪૧] તે પછી વૃષ્ણિ અને અંધકોમાં શ્રેષ્ઠ એવા જે પુરુષો આવ્યા હતા, તેમનો યુધિષ્ઠિરે યોગ્યતા પ્રમાણે યથાવિધિ આદરસત્કાર કર્યો.[૪૨] કેટલાએક યાદવોનું ગુરુની પેઠે પૂજન કર્યું, કેટલાએકને મિત્રની પેઠે મળ્યા, કેટલાએકની સાથે પ્રેમથી સંભાષણ કર્યું અને કેટલાએક યાદવોએ યુધિષ્ઠિરને અભિવંદન કર્યું.[૪૩] તે પછી મહા યશસ્વી હૃષીકેશ–કૃષ્ણે વરપક્ષના સંબંધીઓને ઉત્તમ ધન આપ્યું તથા સગાંઓએ સુભદ્રાને માટે જે ધન મોકલેલું તે બધું સુભદ્રાને આપ્યું.[૪૪]

*ગોપાલ કૃષ્ણના સંબંધથી તથા પટ્ટરાણીના વેષમાં જોવાથી દ્રૌપદીને ક્રોધ થશે તે ન થવા માટે.

પછી શ્રીકૃષ્ણે સુવર્ણના ધ્વજાદિ અંગવાળા, ઘુઘરીઓની જાલથી શોભતા અને ચાર ચાર ઘોડાઓ જોડેલા એવા એક હજાર રથો કેળવાયલા ચતુર સારથિઓની સાથે પાંડવોને આપ્યા. વળી શ્રીમાન માથુર દેશમાં ઉત્પન્ન થયેલી, પુષ્કળ દૂધવાળી અને પવિત્ર દેખાવવાળી દશ હજાર ગાયો આપી.[૪૫,૪૬] વળી જનાર્દને ચંદ્રના કિરણ જેવી ધવલ કાંતિવાળી, શુદ્ધ અશ્વવંશમાં ઉત્પન્ન થયેલી અને સુવર્ણના અલંકારથી શણગારેલી એવી એક હજાર ઘોડીઓ પ્રીતિથી પાંડવોને આપી.[૪૭] વળી કેળવેલાં, વાયુના જેવા વેગવાળાં અને મેંશના જેવા રંગવાળાં તથા કેટલાંએક ધોળા રંગનાં એવાં એક હજાર ખચ્ચરો આપ્યાં.[૪૮] વળી સ્નાન, પાન તથા બીજા અનેક ઉત્સવોમાં કેળવાયલી, યોગ્ય વયવાળી, ઋતુધર્મને પ્રાપ્ત ન થયેલી, સારા વેષવાળી, સુંદર કાંતિવાળી, સુવર્ણની સો સો મહોરની કાંઠલીઓ જેઓના કંઠમાં રહેલી એવી, રુંવાટાંવિનાનાં અંગવાળી, સર્વ અલંકારોથી અલંકૃત અને સેવા કરવામાં કુશળ એવી એક હજાર દાસીઓ કમલનયન શ્રીકૃષ્ણે આપી.[૪૯,૫૦] વળી બાહ્લીક દેશમાં ઉત્પન્ન થયેલા, પીઠપર ભાર વહન કરનારા એક લાખ ઘોડાઓ શ્રીકૃષ્ણે ઉત્તમ કન્યાધન તરિકે આપ્યા.[૫૧] દશાર્હકુલમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણે અગ્નિના જેવા તેજવાળું કાચું અને શોધેલું મનુષ્યના દશભાર (૫૦ મણ) જેટલું સોનું આપ્યું.[૫૨] વળી સાહસપ્રિય હલધારી બલરામે પ્રસન્ન થઇને સંબંધને માન આપતાં પહેરામણીમાં અર્જુનને એક હજાર મદમત્ત હાથીઓ આપ્યા. આ હાથીઓને ત્રણ સ્થાન(ગંડસ્થાન, ગુહ્ય તથા કાનનાં મૂલ)માંથી મદ ઝરતો હતો, તેઓ પર્વતના શિખર જેવા દેખાતા હતા, યુદ્ધમાંથી પાછા હઠે નહિ તેવા હતા, તેઓને સારા શબ્દવાળી ઘંટાઓ બાંધેલી હતી, તેઓ સોનાની સાંકળોથી શોભતા હતા અને તેમના ઉપર માવતો બેઠેલા હતા.[૫૩–૫૫] આ રીતે શ્રીકૃષ્ણાદિએ આપેલાં મહાન ધનરત્નના સમૂહવાળો, વસ્ત્ર અને કંબલરૂપી ફીણવાળો, મોટા હાથીરૂપી મોટા મગરોવાળો અને પતાકારૂપી શેવાલવાળો તે કિંમતી ધનનો સમુદ્ર પાંડુસાગરની સાથે મળી ભળી ગયો અને તેથી તેમની પૂર્ણતાને અધિક પૂર્ણ કરતો શત્રુઓને શોક ઉત્પન્ન કરનારો થઈ પડ્યો.[૫૬,૫૭] ધર્મરાજા યુધિષ્ઠિરે તે સઘળું ધન સ્વીકાર્યું અને વૃષ્ણિ, અંધક વગેરે વંશના મહારથોનું પૂજન કર્યું.[૫૮] પછી ઇંદ્રપ્રસ્થમાં એકઠા થયેલા કુરુ, વૃષ્ણિ અને અંધક કુલના ઉત્તમ મહાત્માઓ જેમ પુણ્યાત્માઓ સ્વર્ગમાં વિહાર કરે, તેમ વિહાર કરવા લાગ્યા.[૫૯] ઠેકઠેકાણે ગાઇને તથા વીણા, મૃદંગ વગેરેના નાદ કરીને ઇચ્છામાં આવે તેમ કૌરવો અને યાદવો વિહાર કરતા હતા.[૬૦] આ પ્રમાણે ઉત્તમ વીર્યવાળા યાદવો ઘણા દિવસ વિહાર કરીને કૌરવોથી સન્માન પામી પછી પાછા દ્વારકામાં ગયા.[૬૧] જતી વખતે કુરુશ્રેષ્ઠોએ તેમને ઉત્તમ રત્નભૂત વસ્તુઓ આપી, તેને લઇને તથા બલરામને આગળ કરીને વૃષ્ણિ, અંધક વગેરે મહારથો દ્વારકામાં ગયા;[૬૨] અને હે ભારત ! શ્રીકૃષ્ણ તો મહાત્મા અર્જુનની સાથે રમ્ય એવા ઇંદ્રપ્રસ્થ નગરમાંજ રહ્યા.[૬૩] ત્યાં રહીને મહાયશસ્વી કૃષ્ણ યમુનાના તીર ઉપર મૃગયા કરવા જતા અને ત્યાં મૃગ, વરાહ વગેરેને વિંધતા અર્જુનની સાથે આનંદથી ક્રીડા કરતા હતા.[૬૪] તે પછી કેશવનાં પ્રિય ભગિની સુભદ્રાએ ઇંદ્રાણી જેમ જયંતને જન્મ આપે તેમ ખ્યાતિવાળા એક પુત્રને જન્મ આપ્યો.[૬૫] જે પુરુષશ્રેષ્ઠ અભિમન્યુને સુભદ્રાએ ઉત્પન્ન કર્યો તે દીર્ઘ બાહુવાળો, વિશાલ છાતીવાળો, વૃષભના જેવાં નેત્રવાળો, શત્રુઓને દમન કરનારો અને પરાક્રમી હતો.[૬૬] નરોમાં શ્રેષ્ઠ એવો તે અર્જુનનો પુત્ર અભી એટલે નિર્ભય તથા મન્યુમાન–ક્રોધવાન–અતિશય શૂરો હોવાથી તે શત્રુમર્દનનું નામ અભિમન્યુ પાડ્યું.[૬૭] જેમ યજ્ઞમાં શમીનું મંથન કરવાથી તેમાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ અર્જુનથી સુભદ્રામાં એ અતિરથ પુત્ર ઉત્પન્ન થયો હતો.[૬૮] હે ભારત ! આ પુત્રનો જન્મ થયો તે વખતે મહાતેજસ્વી કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાએ બ્રાહ્મ-

ણોને દશ હજાર ગાયો તથા ઘણી સોનામહોરો આપી હતી.[૬૯] જેવી રીતે ચંદ્રમા સર્વ પ્રજાને પ્રિય લાગે છે, તેવી રીતે અભિમન્યુ બાપ તથા કાકાઓને અને વાસુદેવને બાલપણથીજ વહાલો થઇ પડયો હતો.[૭૦] વળી જન્મથી આરંભીને એ પુત્રની (લાલન, પાલન, અલંકરણ વગેરે) સર્વ શુભ ક્રિયાઓ શ્રીકૃષ્ણ પોતે કરતા હતા અને એ બાલક પણ શુકલ પક્ષના ચંદ્રની પેઠે પ્રતિદિવસે વૃદ્ધિ પામતો હતો.[૭૧] શત્રુઓને દમન કરનારો આ અભિમન્યુ વેદવિદ્યા ભણ્યો અને અર્જુનની પાસેથી+ચતુષ્પાદ તથા *દશ અંગવાળા, દિવ્ય× અને ‡માનુષ સમગ્ર ધનુર્વેદને શીખ્યો.[૭૨] મહાબલવાન અર્જુને પોતાના પુત્રને અસ્ત્રોના વિજ્ઞાનમાં, સફાઇથી અસ્ત્રોના પ્રયોગ કરવામાં અને સર્વે ક્રિયાઓમાં જે જે આધિક્ય હતું, તે તે સર્વ શીખવ્યું.[૭૩] આ રીતે શાસ્ત્ર તથા પ્રયોગમાં અર્જુને અભિમન્યુને પોતાના જેવો કર્યો. સુભદ્રાથી ઉત્પન્ન થયેલા પોતાના તે પુત્રને જોઇને અર્જુનને ઘણો સંતોષ થયો હતો.[૭૪] શત્રુઓનો પરાભવ કરે એવા સર્વ ગુણવાળા, સર્વલક્ષણસંપન્ન, કોઇથી પરાભવ ન પામે એવા, વૃષભના જેવા ખભાવાળા, પહોળી કરેલી ફણાવાળા નાગના જેવા, સિંહના જેવા દર્પવાળા, મહાન ધનુર્ધારી, મદમત્ત હાથીના જેવા વિક્રમવાળા, મેઘ તથા દુંદુભિના જેવા શબ્દવાળા, પૂર્ણ ચંદ્રના જેવા મુખવાળા તથા શ્રીકૃષ્ણના જેવાં શૌર્ય, વીર્ય, રૂપ અને આકૃતિવાળા પોતાના પુત્રને જોઇને, પોતાને જોઇને ઇંદ્ર જેમ સંતોષ પામે તેમ, અર્જુન સંતોષ પામતો હતો.[૭૫-૭૭]શુભ લક્ષણવાળાં દ્રૌપદી પણ પોતાના પાંચ પતિઓથી પાંચ પર્વતના જેવા પાંચ વીર પુત્રોને પ્રાપ્ત થયાં.[૭૮] તેમાં યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય થયો; ભીમસેનથી સુતસોમ થયો, અર્જુનથી શ્રુતકર્મા થયો, નકુલથી શતાનીક થયો અને સહદેવથી શ્રુતસેન થયો. આ રીતે પાંચ મહારથ વીર પુત્રોને જેમ અદિતિ આદિત્યોને જન્મ આપે,તેમ પાંચાલીએ જન્મ આપ્યો હતો.[૭૯,૮૦] નામ પાડતી વખતે શાસ્ત્રદષ્ટિથી જોઇને બ્રાહ્મણોએ યુધિષ્ઠિરને કહ્યું કે, આ કુમારને શત્રુના કરેલા પ્રહારની વેદનાનું વિંધ્ય પર્વતની પેઠે ભાન થશે નહિ, માટે એ પ્રતિવિંધ્ય કહેવાશે.[૮૧] આ ભીમસેનથી દ્રૌપદીમાં ઉત્પન્ન થયેલો સોમ તથા સૂર્યના જેવા તેજવાળો અને સહસ્ર સોમ થયા પછી ઉત્પન્ન થયેલો મહાધનુર્ધર પુત્ર સુતસોમ કહેવાશે.[૮૨] શ્રુત (વિખ્યાત) એવાં મહાન કર્મો કરીને આવેલા અર્જુનથી આ પુત્ર ઉત્પન્ન થયો છે, માટે એ શ્રુતકર્મા કહેવાશે.[૮૩] કુરુવંશમાં ઉત્પન્ન થયેલા મહાત્મા શતાનીક રાજર્ષિના જેવા પોતાના કીર્તિવર્ધક પુત્રનું નકુલે તેના નામથી શતાનીક નામ પાડયું હતું.[૮૪]છેવટે દ્રૌપદીએ વન્હિદૈવત્ય (કૃત્તિકા) નક્ષત્રમાં સહદેવથી પુત્ર ઉત્પન્ન કર્યો, તે શ્રુતસેન કહેવાયો.[૮૫]

હે રાજેંદ્ર! એ દ્રૌપદીના પરસ્પર હિતૈષી

+ ૧**मंत्रमुक्त**-જેનો પ્રયોગ હોય પણ ઉપસંહાર ન હોય તે, ૨ **पाणिमुक्त**-બાણ વગેરે, ૩ **मुक्तामुक्त**-જેનો પ્રયોગ અને ઉપસંહાર બન્ને હોય તે, ૪**अमुक्त**-મંત્રથી સાધી લીધેલી ખડ્ગ વગેરે કે જેને જોતાંજ શત્રુઓ નાસી જાય તે; આ ચાર ધનુર્વેદના પાદ છે.

* ૧ **आदान**-ભાથામાંથી બાણ લેવું તે. ૨ **संधान**—ધનુષ ઉપર ચઢાવવું. ×**मोक्षण**-નિશાનપર છોડવું. ૪ **विनिवर्तन**--હીન શકિતવાળાં લક્ષ્ય ઉપર છોડેલાં અસ્ત્રને પાછું વાળવું. ૫ **स्थान**-ધનુષ તથા પ્રત્યંચાને જૂદાં જૂદાં જુદા સ્થાનમાં પકડી તે તે સ્થાનમાં શરનું સંધાન કરવું. ૬ **मुष्टि**-ત્રણ આંગળીથી અથવા ચાર આંગળીથી હસ્તબંધ. ૭ **प्रयोग**-તર્જની અને મધ્યમા આંગળીની વચ્ચેથી અથવા મધ્યમા આંગળી અને અંગુઠાના મધ્યવડે બાણનું ધનુષ સાથે જોડાણ કરવું તે. ૮ **प्रायश्चित्त**-પોતાના અથવા પારકાના પ્રાપ્ત થતે પ્રત્યંચાના તથા શર વગેરેના આઘાતને રોકવા હસ્થની ઓળીઓ અથવા સામી અસ્ત્રક્રિયાની વિધિઓ. ૯ **मंडल**-ચક્રની પેઠે ગોળ ભમતા રથવડે ભ્રમણ થતા લક્ષ્યનો વેધ કરવો તે. ૧૦ **रहस्य**-શબ્દવેધ, એકીવખતે અનેક લક્ષ્યોપર શરોનો પ્રહાર ઇત્યાદિ; આ ધનુર્વેદનાં દશ અંગ કહેવાય છે.

× બ્રહ્માસ્ત્ર વગેરે. ‡ તરવાર વગેરે,

અને યશસ્વી પુત્રો એક એક વર્ષને અંતરે ઉત્પન્ન થયા હતા.[૮૬] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! એ પુત્રોના જાતકર્મ, ચૌલ તથા ઉપનયન-સંસ્કાર તેમના પુરોહિત ધૌમ્ય મુનિએ વિધિપૂર્વક કર્યા હતા.[૮૭] તે કુમારોએ બ્રહ્મચર્ય વ્રત પાલન કરીને વેદાધ્યયન કર્યું તથા અર્જુન પાસેથી તેમણે સર્વ દિવ્ય અને માનુષ અસ્ત્રવિદ્યાનું શિક્ષણ મેળવ્યું.[૮૮] હે રાજશાર્દૂલ! આ દેવગર્ભના જેવા વિશાલ છાતીવાળા મહારથી પુત્રોને પ્રાપ્ત થઈને પાંડવો હર્ષ પામવા લાગ્યા.[૮૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત હરણાહરણપર્વવિષે ૨૨૧ મો અધ્યાય સમાપ્ત.

હરણાહરણ પર્વ સમાપ્ત.×

खांडवदाह पर्व

અધ્યાય ૨૨૨ મો–યમુનાતીરે શ્રી કૃષ્ણ તથા અર્જુનની આગળ બ્રાહ્મણના રૂપમાં અગ્નિ

॥ वैशंपायन उवाच ॥

इंद्रप्रस्थे वसंतस्ते जघ्नुरन्यान्नराधिपान्॥
शासनाद् धृतराष्ट्रस्य राज्ञः शांतनवस्य च॥१॥

વૈશંપાયન કહે છેઃ–ઇંદ્રપ્રસ્થમાં નિવાસ કરતા પાંડવોએ ધૃતરાષ્ટ્ર રાજાની તથા શાંતનુપુત્ર ભીષ્મની આજ્ઞાથી બીજા કેટલાએક રાજાઓને માર્યા હતા.[૧] જેમ પુણ્યનાં સૂચક (ઊર્ધ્વરેખાદિ, ગાંભીર્યાદિ) લક્ષણોવાળા તથા શુભ કર્મવાળા દેહને પ્રાપ્ત થઈને જીવ સુખથી રહે છે, તેમ ધર્મરાજા યુધિષ્ઠિરના આશ્રયને પામીને સર્વ લોકો સુખથી રહેતા હતા.[૨] હે ભરતશ્રેષ્ઠ! જેમ નીતિમાન મનુષ્ય પોતાના આત્માના જેવા ત્રણ બંધુઓને માન આપીને તેમનું સમાન ભાવથી સેવન કરે છે, તેમ યુધિષ્ઠિર રાજા ધર્મ, અર્થ અને કામને સમાનભાવથી સેવન કરતા હતા.[૩] સમાન રીતે વિભક્ત થયેલા તે ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થો પૃથ્વીમાં સાક્ષાત્ દેહ ધારણ કરીને રહેતા હોય તેવા લાગતા હતા; અને યુધિષ્ઠિર રાજા તેમાં ત્રણેના આશ્રયભૂત ચોથા મોક્ષના જેવા શોભતા હતા.[૪] યુધિષ્ઠિર રાજા બ્રહ્મપરાયણ, વેદોનો મહાન યજ્ઞોમાં ઉપયોગ કરનારા અને શુભ લોકોનું રક્ષણ કરનારા હતા; અર્થાત્ ત્યાંની પ્રજા બ્રહ્મ, કર્મ અને નીતિ, એ ત્રણેમાં નિષ્ણાત રાજાને પ્રાપ્ત થઇ હતી.[૫] યુધિષ્ઠિર રાજાના રાજ્યકાલમાં રાજાઓની લક્ષ્મી સ્થિર થઇને રહેવા લાગી, બુદ્ધિ પરમેશ્વરપરાયણ થઇ અને સમગ્ર ધર્મ વૃદ્ધિ પામવા લાગ્યો.[૬] જેમ ચારે વેદના પ્રયોગથી થતા જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ શોભે, તેમ ચારે ભાઇઓની સાથે યુધિષ્ઠિર રાજા અત્યંત શોભતા હતા.[૭] જેમ દેવો પ્રજાપતિ બ્રહ્માની પાસે રહીને તેમની સેવા કરે, તેમ બૃહસ્પતિ સરખા ધૌમ્ય વગેરે મુખ્ય વિપ્રો યુધિષ્ઠિર રાજાની આસપાસ રહીને તેમનું સેવન કરતા હતા.[૮] પૂર્ણ ચંદ્રને જોઇને જેમ સર્વનાં નેત્રો તથા હૃદય પ્રસન્ન થાય છે, તેમ ધર્મરાજમાં અત્યંત પ્રીતિવડે સર્વ પ્રજાનાં નેત્રો અને હૃદય એકીવખતે પ્રસન્ન થઇને રમી રહેતાં હતાં.[૯] યુધિષ્ઠિર રાજા પાલન કરતા હતા, એટલાથીજ પ્રજા તેમનાપ્રત્યે ભાવ રાખતી નહિ; પરંતુ તે પ્રજાનાં મન જે રીતે રંજન પામે તેવાં કાર્યો કરતા હતા, તેથી લોકો તેમનાપ્રત્યે ભક્તિભાવ

× मानघ्नस्यापि जामातुर्मानं संवर्द्धयेदबुधः॥
स्वसुर्हर्त्रेऽर्जुनायापि ददुर्वित्तानि वृष्णयः॥

વૃષ્ણિઓએ બહેનને હરણ કરનારા અર્જુનને પણ ધન આપ્યું હતું. એ ઉપરથી ડાહ્યાં મનુષ્યે માન હણનારા જમાઈનું પણ માન વધારવું એ આ પર્વમાં સૂચવ્યું છે.

રાખતા હતા.[૧૦] બુદ્ધિમાન અને સુંદર બોલનારા યુધિષ્ઠિર રાજા કોઈ વાર અયોગ્ય, અસત્ય, દુઃખ આપનારૂં અથવા અપ્રિય વચન બોલતા ન હતા.[૧૧] હે ભરતસત્તમ ! તે મહા તેજસ્વી રાજા સર્વે લોકોનું તથા પોતાનું હિત થાય એવી રીતેજ કાર્ય કરતા સુખથી રમણ કરતા હતા;[૧૨] તેમજ બધા પાંડવો પણ પોતાના તેજથી રાજાઓને તાપ આપતા સંતાપરહિત થઇને આનંદથી નિવાસ કરતા હતા.[૧૩]

આ પ્રમાણે કેટલાએક દિવસો વીત્યા પછી અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કેઃ–" હે કૃષ્ણ ! હાલ ગરમીના દિવસ હોવાથી તાપ ઘણો પડે છે; માટે આપણે યમુના ઉપર જઇએ.[૧૪] હે મધુસૂદન ! આપણે સુહૃદ્વર્ગોને લઇને ત્યાં વિહાર કરીશું અને સાંજે પાછા આવતા રહીશું. હે જનાર્દન ! આ વાત તમને પણ પસંદ પડશે."[૧૫]

વાસુદેવ બોલ્યાઃ–" હે કુંતીપુત્ર ! આપણે સુહૃજ્જનોથી વીંટાઇને સુખેથી જલમાં વિહાર કરીએ. હે પાર્થ ! એ વાત મને પણ ગમે છે"[૧૬]

વૈશંપાયન કહે છેઃ–પછી હે ભારત ! અર્જુન અને ગોવિંદ બન્નેએ ધર્મરાજાને એ વાત કહી અને તેમની આજ્ઞા મેળવીને ત્યાંથી તેઓ મિત્રમંડળને લઇને યમુનાપ્રત્યે ગયા;[૧૭] અને ત્યાં તેઓ અતિ શ્રેષ્ઠ વિહારસ્થાનમાં આવી પહોંચ્યા. આ સ્થાનમાં અનેક જાતનાં વૃક્ષો ઉગી નીકળેલાં હતાં તથા ત્યાં નાનાંમોટાં ગૃહો આવી રહેલાં હતાં, જેનાથી તે સ્થાન ઇંદ્રનગરના જેવું જણાતું હતું.[૧૮] ત્યાં શ્રીકૃષ્ણ તથા અર્જુનને માટે ભક્ષ્ય ભોજ્યના ઉમદા રસિક પદાર્થો, પીવાના રસો, પુષ્પો અને વિવિધ સુગંધો તૈયાર કરેલા હતા અને નાનાવિધ શુભ રત્નોની શોભા કરેલી હતી, તે અંતઃપુરમાં તેમણે તત્કાલ પ્રવેશ કર્યો; અને હે ભારત ! ત્યાં જઇને સર્વે લોકો પણ પોતપોતાની ઇચ્છાપૂર્વક ક્રીડા કરવા લાગ્યા.[૧૯,૨૦] વળી વિશાલ નિતંબવાળી, સુંદર પુષ્ટ પયોધરવાળી, રમ્ય નેત્રોવાળી અને મદથી ઠમકતી ચાલવાળી સ્ત્રીઓ પણ ત્યાં ઇચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગી.[૨૧] કેટલીક અંગનાઓ વનમાં ખેલતી હતી, ત્યારે કેટલીએક જલમાં ક્રીડા કરતી હતી અને કેટલીએક મહાલયોમાં રમણ કરતી હતી. આ પ્રમાણે ઇચ્છામાં આવે તેમ જૂદાં જૂદાં સ્થાનોમાં અર્જુન અને કૃષ્ણની સમીપમાં તે સ્ત્રીઓ અનેક રમતો કરતી હતી.[૨૨] હે મહારાજ ! તે વખતે મદથી મત્ત થયેલી દ્રૌપદી તથા સુભદ્રા તે સ્ત્રીઓને પ્રસન્ન થઇને વસ્ત્રો તથા આભૂષણો આપતી હતી.[૨૩] ત્યાં કેટલીક સ્ત્રીઓ પ્રસન્ન થઇને નૃત્ય કરતી હતી, કેટલીક વિચિત્ર શબ્દો કરતી હતી, કેટલીક હાસ્ય કરતી હતી ત્યારે બીજી કેટલીએક ઉત્તમ જાતનું મદ્ય પીતી હતી.[૨૪] વળી ત્યાં કેટલીક સ્ત્રીઓ બીજી સ્ત્રીઓને રૂંધતી હતી, ત્યારે કેટલીએક પરસ્પર ગમ્મતમાં પ્રહાર કરતી હતી અને કેટલીક સ્ત્રીઓ તો એકમેકની છુપી વાતો કરવા મંડી પડી હતી.[૨૫] તે સ્થાનમાં વાગતાં વેણુ, વીણા અને મૃદંગોના મનોહર નાદથી તે ઐશ્વર્યયુક્ત મહાલય તથા વન સર્વ ગાજી રહ્યાં હતાં.[૨૬] હે રાજન્ ! આ પ્રમાણે બધાં ગમ્મતમાં પડયાં હતાં ત્યારે અર્જુન અને શ્રીકૃષ્ણ ત્યાંથી સમીપમાં આવેલા એક મનોહર સ્થાનમાં ગયા[૨૭] અને ત્યાં જઇને શત્રુનાં નગરોને જીતનારા મહાત્મા કૃષ્ણ તથા અર્જુન કિંમતી આસનો ઉપર બેઠા.[૨૮] પછી પૂર્વે કરેલાં પરાક્રમની તથા બીજી ઘણી ઘણી વાતો કરીને ત્યાં પાર્થ અને માધવ આનંદ કરવા લાગ્યા.[૨૯] જેમ સ્વર્ગમાં અશ્વિનીકુમાર બેઠા હોય, તેમ આનંદથી કૃષ્ણ અને અર્જુન બેઠા હતા; એટલામાં ત્યાં એક બ્રાહ્મણ તેમની પાસે આવી પહોંચ્યો.[૩૦] આ બ્રાહ્મણ મોટા સાગના વૃક્ષ જેવો ઉંચો હતો, તપાવેલા સોનાના જેવી તેની કાંતિ હતી, તેનાં અંગો પીળાં તથા લીલા રંગનાં જણાતાં હતાં, તેની દાઢીમૂછ અગ્નિની જ્વાલા જેવી જણાતી હતી અને ઉંચાઇના પ્રમાણમાં તેનું શરીર પણ જાડું હતું.[૩૧] તે તરુણ સૂર્યના જેવો, વલ્કલ અને જટાને ધારણ કરનારો, કમલના પાન જેવા ગોળ મુખવાળો અને તેજવડે દેદીપ્યમાન પીળા રંગનો

જણાતો હતો.[૩૨] આ તેજસ્વી બ્રાહ્મણ પોતાની પાસે આવતો હતો તેને જોઇને અર્જુન અને વાસુદેવ પોતાનાં આસન ઉપરથી ઉઠીને ઉભા થયા.

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ખાંડવદાહપર્વવિષે બ્રાહ્મણરૂપ્યનલાગમન નામનો અધ્યાય ૨૨૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૩ મો–અગ્નિનો પરાભવ

॥ वैशंपायन उवाच ॥
सोऽब्रवीदर्जुनं चैव वासुदेवं च सात्वतम् ॥
लोकप्रवीरौ तिष्ठंतौ खांडवस्य समीपतः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–ખાંડવ વનની સમીપમાં બેઠેલા, લોકોમાં મુખ્ય વીર એવા સાત્વતકુલોત્પન્ન વાસુદેવ અને અર્જુનની આગળ આવીને તે બ્રાહ્મણ કહેવા લાગ્યો કેઃ–[૧]"હે વૃષ્ણિનંદન ! અને હે પાર્થ ! હું બહુ આહાર કરનારો બ્રાહ્મણ છું તથા નિત્ય અપરિમિત ભોજન કરૂં છું. આજે હું તમારી બન્નેની પાસે ભિક્ષા માગું છું, માટે મને તમે એક વાર તૃપ્તિ થાય તેટલી ભિક્ષા આપો."[૨]

આ પ્રમાણે જ્યારે બ્રાહ્મણે કહ્યું, ત્યારે શ્રીકૃષ્ણ અને અર્જુન તે બ્રાહ્મણને કહેવા લાગ્યા કેઃ–"હે વિપ્ર ! તમે કેવાં અન્નથી તૃપ્ત થશો તે અમને કહો, એટલે અમે તે અન્ન તમને આપવાને પ્રયત્ન કરીએ."[૩] આ પ્રમાણે 'તમારે માટે અમે કયું અન્ન તૈયાર કરીએ' એમ તે બન્ને વીરોએ કહ્યું, ત્યારે ઐશ્વર્યવાન બ્રાહ્મણ તેઓને કહેવા લાગ્યો.[૪]

બ્રાહ્મણ બોલ્યોઃ–" હું અન્નનો આહાર કરવા ઇચ્છતો નથી. તમને વિદિત થાઓ કે, હું પોતે અગ્નિ છું; માટે મારા આહારને સારૂ જે યોગ્ય હોય તે તમે બન્ને મને આપો.[૫] ઇંદ્ર આ ખાંડવ વનનું નિરંતર રક્ષણ કરે છે, એટલે તે મહાત્માથી રક્ષણ કરાયલા આ વનને હું બાળી શકતો નથી.[૬] આ વનમાં ઇંદ્રનો મિત્ર તક્ષક નાગ પોતાના પરિવાર સાથે નિત્ય વાસ કરે છે અને તે કારણથી વજ્રધારી ઇંદ્ર આ વનનું રક્ષણ કરે છે.[૭] એ તક્ષક નાગને લીધે આ વનમાં અનેક પ્રાણીઓ પણ બચી જાય છે. મને એ વન બાળવાની ઘણી ઇચ્છા છે; પરંતુ ઇંદ્રના તેજથી એને હું બાળી શકતો નથી.[૮] આ વનમાં મને પ્રજ્વલિત થયેલો જોતાંજ ઇંદ્ર, મેઘના જલની વૃષ્ટિ કરે છે, તેથી મારા ઇચ્છિત એવા એ વનને બાળવાની મને ઇચ્છા છે છતાં હું એને બાળી શકતો નથી;[૯] માટે હું તમારી પાસે આવ્યો છું અને તમો બન્ને અસ્ત્રવેત્તાની સહાયથી ખાંડવ વનને હું બાળી શકીશ. તમારી પાસે મેં એ ભોજન માગ્યું છે.[૧૦] તમે બન્ને ઉત્તમ અસ્ત્રવેત્તા છો, એટલે મેઘની ધારાઓને અને નાસી છૂટતાં પ્રાણીઓને ચોમેરથી સારી રીતે રોકી શકશો."[૧૧]

જનમેજય પૂછે છેઃ–મહેંદ્રે રક્ષણ કરેલા અને અનેક પ્રાણીઓથી ભરેલા એવા ખાંડવ વનને ભગવાન અગ્નિ શા કારણથી બાળવા ઇચ્છા કરતા હતા ?[૧૨] હે બ્રહ્મન્ ! અગ્નિએ ક્રોધ કરીને ખાંડવ વન બાળ્યું એમાં સાધારણ કારણ હોય એમ મને લાગતું નથી;[૧૩] માટે હે મુનિ ! પૂર્વે જે કારણથી ખાંડવ વનનો દાહ થયો હતો, તે વૃત્તાંત વિસ્તારથી યથાર્થ રીતે હું સાંભળવા ઇચ્છા કરૂં છું.[૧૪]

વૈશંપાયન કહે છેઃ–હે પૃથ્વીપતિ રાજા ! જેટલા માટે અગ્નિએ ખાંડવ વનને બાળી મૂક્યું, તે સઘળું હું તમને યથાર્થ રીતે કહું છું, તેને તમે સાંભળો. હે નરશ્રેષ્ઠ ! આ ખાંડવ વનના વિનાશની ઋષિઓએ વર્ણવેલી પૌરાણિક કથા હું તમને કહી સંભળાવું છું.[૧૫,૧૬] હે રાજન્ ! પુરાણમાં સંભળાય છે કે, પૂર્વે ઇંદ્રના જેવો બલ અને પરાક્રમવાળો શ્વેતકિ નામનો એક વિખ્યાત રાજા હતો.[૧૭] તે રાજાના જેવો યજ્ઞ કરનારો, દાન આપનારો અને બુદ્ધિમાન્ બીજો કોઇ હતો નહિ. તેણે સંપૂર્ણ દક્ષિણાવાળા મોટા

મોટા યજ્ઞો અને ક્રતુઓ કર્યા હતા.[૧૮] હે નૃપ ! પ્રતિદિવસે યજ્ઞક્રિયા અને વિવિધ દાનોસિવાય તે રાજાની બુદ્ધિ બીજા કશામાંએ જતી ન હતી.[૧૯] આ પ્રમાણે ઋત્વિજોને સાથે રાખીને તે બુદ્ધિમાન રાજા નિરંતર યજ્ઞો કર્યા કરતો હતો. પછી લાંબો કાલ થવાથી તેના ઋત્વિજો કંટાળી ગયા હતા અને ધૂમાડાથી નેત્રો વ્યાકુલ થઇ જવાને લીધે તેઓ રાજાને ત્યજી ગયા હતા. તે પછી રાજાએ યજ્ઞ કરવા માટે તે ઋત્વિજોને ફરીથી કહ્યું;[૨૦,૨૧] પરંતુ આંખો બગડી જવાથી તેઓ યજ્ઞમાં આવ્યા નહિ. પછી તે બ્રાહ્મણોની સંમતિથી તેમના તરફના બીજા બ્રાહ્મણોને ઋત્વિજો કરીને રાજાએ યજ્ઞની સમાપ્તિ કરી. આ પ્રમાણે વર્તતા મહાત્મા રાજાએ કેટલેક કાલ ગયા પછી એક વખતે સો વર્ષનો યજ્ઞ કરવાની ઇચ્છા થઈ; પરંતુ તે યજ્ઞ કરાવવા માટે ઋત્વિજો તૈયાર થયા નહિ.[૨૨–૨૪] મહા યશસ્વી રાજાએ આલસ્યરહિત થઇને પોતાના સુહૃજ્જનોની સાથે ઋત્વિજોને પ્રણામ કરીને, વિનવીને, દાન આપીને મહાન યત્નથી મનાવવા માંડયા; પરંતુ અતુલ તેજવાળા તે ઋત્વિજો રાજાના અભિપ્રાયને અનુસર્યા નહિ.[૨૫,૨૬] તે વખતે ક્રોધયુક્ત થયેલો રાજર્ષિ તે આશ્રમવાસી ઋષિઓને કહેવા લાગ્યો કેઃ–"હે વિપ્રો ! જો હું પતિત હોઉં અથવા તમારી સેવામાં ન રહ્યો હોઉં અથવા નિંદિત હોઉં તો મારો તમારે તથા બીજા બ્રાહ્મણોએ ઝટ ત્યાગ કરવો ઘટે છે; પરંતુ તેમ નથી એટલે હાલ મારી ઉત્પન્ન થયેલી યજ્ઞશ્રદ્ધાને હણવા તમે યોગ્ય નથી;[૨૭,૨૮]તેમ હે દ્વિજશ્રેષ્ઠો ! વગરકારણે મારો ત્યાગ કરવો, એ પણ તમને ઘટતું નથી. હે વિપ્રો ! હું તમારે શરણે આવ્યો છું, માટે મારાપર કૃપા કરવા તમે યોગ્ય છો.[૨૯] હે દ્વિજોત્તમો ! મારાં પોતાનાં કાર્યને લીધે હું તમને સામથી, દાનથી અને સત્યથી પ્રસન્ન કરીને મારું જે કાર્ય છે તે કહું છું;[૩૦]છતાં દ્વેષથી તમારે મારો ત્યાગ કરવો હોય તો હે દ્વિજશ્રેષ્ઠો! હું યજ્ઞ કરાવવા બીજા બ્રાહ્મણોની પાસે જઈશ."

આટલાં વચન કહીને રાજા વિરામ પામ્યો; પરંતુ હે પરંતપ ! જ્યારે તે યાજક બ્રાહ્મણો રાજાને યજ્ઞ કરાવી શકયા નહિ. ત્યારે ક્રોધ કરીને તે શ્રેષ્ઠ રાજાને કહેવા લાગ્યા કેઃ–" હે પાર્થિવોત્તમ ! તારાં તો યજ્ઞકર્મો હમેશ ચાલ્યા કરે છે, એટલે અમે તે કર્મો કરાવી કરાવીને થાકી ગયા છીએ; માટે એ યજ્ઞકર્મના થાકથી શ્રમિત થયેલા એવા અમને તું ત્યજી દેવાને યોગ્ય નથી.[૩૨–૩૪] હે શુદ્ધ ! તારી બુદ્ધિ મોહિત થઈ છે અને તેથીજ તું અમારા શ્રમને જાણ્યા વિના યજ્ઞોને માટે ત્વરા કરે છે. જો એમજ હોય તો તું રુદ્રની પાસે જા. તે તારી પાસે યજ્ઞ કરાવશે."[૩૫]

આવાં બ્રાહ્મણોનાં આક્ષેપવાળાં વાકયો સાંભળીને શ્વેતકિ રાજાને ક્રોધ ચઢયો અને તે કૈલાસ પર્વત ઉપર જઇને ઉગ્ર તપ કરવા લાગ્યો.[૩૬] મહાદેવનું આરાધન કરવા માટે નિયમમાં રહીને, ઉત્તમ વ્રત ધારણ કરીને તથા ઉપવાસો કરીને તે લાંબા કાલસુધી તપશ્ચર્યાપરાયણ રહ્યો.[૩૭] તે રાજા કોઇવાર ભોજનની બારમી ટંકે તો કોઇ વાર સોળમી ટંકે ફલ તથા મૂલનો આહાર કરતો હતો. તે શ્વેતકિ રાજાએ એકાગ્ર થઈને છ માસપર્યંત ઉંચા હાથ રાખીને તથા સ્થિર દૃષ્ટિ રાખીને થાંભલાની પેઠે અચલ ઉભા રહી તપ કર્યું. હે ભારત ! આ રીતે તે રાજશાર્દૂલને મહાન તપ કરતો જોઇને પરમ પ્રસન્ન થયેલા શંકરે તેને દર્શન આપ્યું;[૩૮–૪૦] અને ભગવાન શંકર પ્રેમાળ, ગંભીર વાણીથી તેને કહેવા લાગ્યા કેઃ–" હે શત્રુને તાપ આપનારા નરવ્યાઘ્ર! તારાં તપથી હું પ્રસન્ન થયો છું.[૪૧] હે રાજા ! તારી ઇચ્છામાં આવે તે વર તું મારી પાસે માગ. તારૂં કલ્યાણ થાઓ."

અમાપ તેજવાળા રુદ્રનું આવું વચન સાંભળીને રાજર્ષિએ મહાત્મા શંકરને પ્રણામ કરીને કહ્યું કેઃ–"હે દેવદેવેશ ! સર્વે લોકોએ નમસ્કાર કરેલા એવા તમે ભગવાન પોતે મારાપર પ્રસન્ન થયા છો તો હે સુરેશ્વર ! તમે પોતે મને યજ્ઞ કરાવો." આવું શ્વેતકિ રાજાનું બોલેલું વચન સાંભળીને પ્રસન્ન થયેલા ભગવાન શંકર મધુર હાસ્ય કરીને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–"હે

રાજન્ ! યજ્ઞ કરાવવાનો અમને દેવોને અધિકાર નથી; પરંતુ તેં વર મેળવવાની ઇચ્છાથી તપ કર્યું છે, માટે હે શત્રુને તાપ આપનારા રાજા ! તને હું એક શરતથી યજ્ઞ કરાવીશ.[૪૨–૪૬]

રુદ્ર કહે છેઃ–"હે રાજેંદ્ર ! બાર વર્ષસુધી ઇંદ્રિયોને વશ રાખી બ્રહ્મચર્ય પાળીને સતત ઘીની ધારાથી જો તું અગ્નિને તૃપ્ત કરીશ,[૪૭] તો હે નૃપ ! તું જે કામના કરે છે તે મારાથી તને પ્રાપ્ત થશે."

આ રીતે જ્યારે શંકરે કહ્યું, ત્યારે શ્વેતકિ રાજાએ મહાદેવના કહેવા પ્રમાણે સઘળું કર્યું. જ્યારે બાર વર્ષ પૂરાં થયાં, ત્યારે ફરીથી મહાદેવ ત્યાં આવ્યા;[૪૮,૪૯] અને લોકોનું રક્ષણ કરનારા શંકર, રાજાઓમાં શ્રેષ્ઠ એવા શ્વેતકિને કહેવા લાગ્યા કેઃ–[૫૦] "હે નૃપશ્રેષ્ઠ ! તેં આ અનાદિ વેદબોધિત કર્મ કરીને મને સંતોષ આપ્યો છે; પરંતુ હે પરંતપ ! યજ્ઞો કરાવવા તે બ્રાહ્મણોનું કામ છે, એમ યજ્ઞવિધિમાં કહેલું છે;[૫૧] માટે હે શત્રુને તાપ આપનારા ! હમણાં હું પોતે તને યજ્ઞ કરાવીશ નહિ; પરંતુ પૃથ્વીમાં મારા અંશથી ઉત્પન્ન થયેલા મહાભાગ્યશાળી દુર્વાસા નામથી પ્રસિદ્ધ થયેલા દ્વિજશ્રેષ્ઠ છે, તે મહાતેજસ્વી તને મારી આજ્ઞાથી યજ્ઞ કરાવશે; માટે તું તારા યજ્ઞનાં સાહિત્યો એકઠાં કર.'[૫૨,૫૩]

આવાં રુદ્રનાં કહેલાં વચન સાંભળીને શ્વેતકિ રાજા પાછો પોતાના નગરમાં આવ્યો અને તેણે યજ્ઞની ફરી તૈયારી કરવા માંડી[૫૪] પછી બધું સાહિત્ય એકઠું કરીને પાછો તે રુદ્રની પાસે ગયો અને કહેવા લાગ્યો કેઃ–"હે મહાદેવ! મારાં સર્વે સાહિત્યો તથા બીજી બધી ઉપયોગી વસ્તુઓ તૈયાર છે, માટે તમારી કૃપાથી મને કાલે યજ્ઞની દીક્ષા મળવી જોઈએ."

મહાત્મા રાજાનાં આવાં વચન સાંભળીને મહાદેવે દુર્વાસાને બોલાવ્યા અને તેમને કહ્યું કેઃ–"હે દ્વિજશ્રેષ્ઠ ! આ શ્વેતકિ રાજા મહાભાગ્યશાળી છે,[૫૫–૫૭] હે વિપ્રેન્દ્ર ! એ રાજાને મારી આજ્ઞાથી તમે યજ્ઞ કરાવો." તે વખતે દુર્વાસા ઋષિએ મહાદેવને કહ્યું કેઃ–'ભલે હું એને યજ્ઞ કરાવીશ.' પછી યોગ્ય સમયે તે મહાત્મા રાજાનો સત્ર આરંભાયો; જેમાં શાસ્ત્રોક્ત વિધિથી સર્વ કર્મ થતું હતું તથા બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ અપાતી હતી.[૫૮,૫૯] તે પછી આ મહાત્મા રાજાનો યજ્ઞ જ્યારે સમાપ્ત થયો ત્યારે યાજકો, દીક્ષિતો અને મહાન ઓજસ્વી જે સભાસદો ત્યાં આવ્યા હતા, તે બધા દુર્વાસાની આજ્ઞાથી પોતપોતાનાં સ્થાનોમાં ગયા અને તે મહાભાગ્યશાળી રાજા પણ પોતાના નગરમાં ગયો.[૬૦,૬૧] ત્યાં મહાભાગ્યવાળા, વેદના પારને પામેલા બ્રાહ્મણોએ તેનું સન્માન કર્યું, ભાટચારણોએ તેની સ્તુતિ કરી અને નગરના લોકોએ તેને અભિનંદન આપ્યું.[૬૨] આવાં ચરિત્રવાળો નૃપતિમાં શ્રેષ્ઠ એવો તે શ્વેતકિ રાજર્ષિ ઘણો કાલ વીત્યા પછી સર્વ ઋત્વિજો તથા સભાસદોની સાથે સ્તુતિ કરાતો સ્વર્ગમાં ગયો હતો. તે શ્વેતકિ રાજાના યજ્ઞમાં અગ્નિએ બાર વર્ષ ઘૃતપાન કર્યું હતું. એક સરખી રીતે ચાલેલા તે કર્મમાં સતત પડેલી ઘીની ધારા તથા હવિષથી અગ્નિ પરમ તૃપ્ત થઈ ગયો હતો[૬૩–૬૫] અને તેથી તે બીજા કોઇનું હવિષ લેવાની ફરી ઇચ્છા રાખતો ન હતો. લાંબો કાલ હવિર્ભક્ષણ કરવાથી તે પાંડુ વર્ણનો તથા તેજોહીન થઈ ગયો હતો અને તે પહેલાંની પેઠે પ્રકાશિત જણાતો ન હતો.[૬૬] તે પછી ભગવાન અગ્નિને વિકાર થયો, તેનું તેજ નાશ પામ્યું અને તેને ગ્લાનિ થવા લાગી.[૬૭] જ્યારે અગ્નિએ પોતાનું તેજ ક્ષીણ થયું છે એમ જાણ્યું, ત્યારે તે સર્વ લોકોએ પૂજન કરેલા એવા પવિત્ર બ્રહ્મસદનમાં ગયો[૬૮] અને ત્યાં બેઠેલા બ્રહ્માને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–"હે ભગવન્ ! મને શ્વેતકેતુ રાજાએ બહુ તૃપ્ત કર્યો છે,[૬૯] એટલે હવે મને હવિ ઉપર તીવ્ર અરુચિ ઉત્પન્ન થઇ છે; જેને હું કોઇ રીતે મટાડી શકતો નથી. હે જગત્પતિ! મારાં તેજ તથા બલ ક્ષીણ થઇ ગયાં છે;[૭૦] માટે આપની કૃપાથી ફરી મારી પૂર્વપ્રકૃતિ સ્થિર થાય, એવી હું ઇચ્છા રાખું છું."

અગ્નિનાં આવાં વચનો સાંભળીને સર્વ

લોકના કર્ત્તા ભગવાન બ્રહ્મા મંદમંદ હાસ્ય કરતા અગ્નિને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—"હે મહાભાગ! તેં બાર વર્ષસુધી વસોર્ધારા પાત્ર-વડે હોમેલી ઘીની ધારાનો ઉપયોગ કર્યો છે, તેથી હે હવ્યને વહન કરનારા! તારૂં તેજ ક્ષીણ થવાથી તને અકસ્માત્ ગ્લાનિ આવી ગઈ છે; પરંતુ હે વહ્નિ! તું ગ્લાનિ પામીશ નહિ, તું તારી મૂલ પ્રકૃતિને પ્રાપ્ત થઈશ. હું સમય આવતાં તારી અરુચિને મટાડી દઇશ." પૂર્વે જે ઘોર એવું ખાંડવ વન દેવોના શત્રુઓનું નિવાસ-સ્થાન હતું, તેને તેં દેવોની આજ્ઞાથી બાળીને ભસ્મ કરી નાખ્યું હતું. હે વિભાવસુ! હમણાં ફરી ત્યાં સર્વ પ્રાણીઓ નિવાસ કરે છે, તેમની ચરબીના ભક્ષણથી જ્યારે તું તૃપ્ત થઇશ, ત્યારે તારી પૂર્વ પ્રકૃતિ ઠેકાણે આવશે;૭૧-૭૬ માટે તું તે વનને બાળવા માટે ઝટ જા, તે વનને બાળવાથી તારી ગ્લાનિ મટી જશે."

બ્રહ્માના મુખથી નીકળેલાં આ વચનો સાંભળીને અગ્નિ મોટા વેગથી ખાંડવ વન તરફ દોડવા લાગ્યો. પછી ખાંડવ વનમાં આવીને પવનના ઝપાટાથી પ્રેરાયલો અગ્નિ ઉગ્ર રૂપ ધારણ કરીને એકદમ ક્રોધ કરી પ્રદીપ્ત થયો.૭૭,૭૮ ખાંડવ વનને બળતું જોઇને જે જે પ્રાણીઓ ત્યાં રહેતાં હતાં, તે બધાં અગ્નિને શાંત કરવા પરમ યત્ન કરવા લાગ્યાં.૭૯ તે વનમાં રહેનારા અગ્નિ ઉપર ક્રોધે ભરાયલા સેંકડો હજારો હાથીઓ તત્કાલ સુંઢમાં જલ ભરી લાવીને અગ્નિના ઉપર ત્વરાથી છાંટવા લાગ્યા.૮૦ વળી ત્યાં રહેનારા અનેક માથાવાળા નાગો ક્રોધમૂર્ચ્છિત થઈને અગ્નિની પાસે આવી ત્વરાથી પોતાની ફણામાંથી જલધારાઓ છોડવા લાગ્યા.૮૧ હે ભરતકુલમાં શ્રેષ્ઠ! તેમજ બીજાં પ્રાણીઓ પણ અગ્નિ હોલવવાના જૂદા જૂદા ઉપાયો કરવા લાગ્યાં અને એમ કરતાં ખાંડવ વનના અગ્નિને તેમણે ઝટ હોલવી નાખ્યો. આ પ્રમાણે ખાંડવ વનમાં ફરી ફરીને સાતવાર અગ્નિ સળગ્યો અને તેને ત્યાંનાં પ્રાણીઓએ પ્રયત્નો કરીને વારંવાર હોલવી નાખ્યો.

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ખાંડવદાહપર્વવિષે અગ્નિપરાભવ નામનો અધ્યાય ૨૨૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૪ મો—અર્જુન અને અગ્નિનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

स तु नैराश्यमापन्नः सदाग्लानिसमन्वितः ॥

पितामहमुपागच्छत् संक्रुद्धो हव्यवाहनः ॥१॥

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે થવાથી નિરાશ થયેલો અને સદા ગ્લાનિ પામેલો અગ્નિ ક્રોધ કરીને પિતામહ બ્રહ્માની પાસે ગયો;૧ અને ત્યાં તેણે જેવું થયું હતું તેવું સર્વ વૃત્તાંત બ્રહ્માને કહી સંભળાવ્યું. તે વખતે એ ઘડી વિચાર કરીને ભગવાન બ્રહ્મા અગ્નિને કહેવા લાગ્યા કેઃ—૨"હે નિષ્પાપ અગ્નિ! તું જેવી રીતે ખાંડવ વનને બાળી શકે, તેવો ઉપાય મને સૂઝયો છે; પરંતુ તું તેને માટે થોડો સમય શાંત રહે, તે પછી હું તને કહીશ.૩ હે હવ્યને વહન કરનારા! જ્યારે તને નરનારાયણ સહાય કરશે, ત્યારે તું તેમને સાથે રાખીને તે વનને બાળી શકીશ."૪

'ભલે, તેમ થાઓ' એમ અગ્નિએ બ્રહ્માને કહ્યું. હે રાજા! પછી લાંબે કાળે જ્યારે નરનારાયણ ઋષિ પૃથ્વીમાં અવતર્યા છે એમ અગ્નિએ જાણ્યું, ત્યારે તે બ્રહ્માનાં વચનને યાદ કરીને ફરીથી બ્રહ્માની પાસે ગયો.૫,૬ તે વખતે બ્રહ્માએ કહ્યું કેઃ—"હે અગ્નિ! શચીના પતિ ઇંદ્રના દેખતાં આજેજ ખાંડવ વનને તું જે રીતે બાળી શકે તે હું તને કહું છું.૭ હે વિભાવસુ! જે દેવો નરનારાયણનાં નામથી પૂર્વે પ્રખ્યાત થયેલા છે, તે બન્ને દેવો હમણાં દેવોનાં કાર્યને માટે મનુષ્યલોકમાં અવતર્યા છે.૮ જે બન્નેને લોકો અર્જુન અને વાસુદેવનાં નામથી ઓળખે છે, તે બન્ને

હમણાં ખાંડવ વનની સમીપમાં બેઠેલા છે. ખાંડવ વનના દાહમાટે તે બન્નેની પાસે જઇને તું તેમની સહાય માગ.તે બન્ને તને સહાય કરશેએટલે દેવોએ રક્ષણ કરેલા ખાંડવ વનને પણ તું બાળી શકીશ[૧૦] તે બન્ને સાથે રહીને પોતાના પ્રયત્નથી, નાસી જતાં સર્વે પ્રાણીઓ અને દેવરાજ ઇંદ્રને રોકી શકશે એમાં મને જરાએ સંશય નથી."[૧૧]

આવાં બ્રહ્માનાં વચન સાંભળીને અગ્નિ ઉતાવળથી શ્રીકૃષ્ણ તથા અર્જુનની આગળ આવ્યો અને હે નૃપશ્રેષ્ઠ! તેણે આવીને જે કહ્યું હતું, તે મેં તમને પ્રથમથીજ કહ્યું છે. હે નૃપ-વ્યાઘ્ર! અગ્નિનાં તે વચન સાંભળીને ઇંદ્રની ઇચ્છાવિરુદ્ધ ખાંડવ વનને બાળવા ધારતા અગ્નિને અર્જુન તે સમયને યોગ્ય વચન કહેવા લાગ્યો.[૧૨-૧૪]

અર્જુન કહે છેઃ-" મારી પાસે દિવ્ય અને ઉત્તમ એવાં ઘણાં અસ્ત્રો છે; જેનાથી હું ઘણા ઇંદ્રોની સાથે પણ યુદ્ધ કરવા સમર્થ છું;[૧૫] પરંતુ હે ભગવન્! મારા બાહુબલના પ્રમાણમાં મારી પાસે એવું ધનુષ નથી કે જે યુદ્ધમાં હું યત્ન કરૂં ત્યારે મારા વેગને સહન કરી શકે.[૧૬] વળી હું અતિ શીઘ્રતાથી બાણો મૂકું છું, એટલે મારી પાસે ખૂટે નહિ તેટલાં બાણો પણ હોવાં જોઇએ. વળી મારે જોઇએ તેટલા શરોના ભારને ઉપાડવા માટે મારો રથ પણ સમર્થ નથી.[૧૭] વળી વાયુના જેવા વેગવાળા ધોળા રંગના દિવ્ય ઘોડાઓની પણ હું ઇચ્છા રાખું છું, તેમ સૂર્યના જેવો તેજસ્વી અને મેઘના જેવી ગર્જનાવાળો રથ પણ મારે જોઇએ છે.[૧૮] વળી શ્રીકૃષ્ણની પાસે પણ એમના બલને યોગ્ય આયુધ નથી કે જેનાથી શ્રીકૃષ્ણ યુદ્ધમાં નાગો, પિશાચો વગેરેને હણી શકે.[૧૯] હે ભગવન્! આ કાર્યની સિદ્ધિ થાય એવો ઉપાય તમે મને બતાવો; જે ઉપાયથી તે સર્વ સાધનો મેળવીને મહા વનમાં વર્ષતા ઇંદ્રને હું રોકી શકું.[૨૦] હે પાવક! પુરુષાર્થથી જે કરવાનું છે તે અમે કરીશું; પરંતુ હે ભગવન્! ધનુષ આદિ સમર્થ સાધનો તમારે આપવાં જોઈએ."[૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ખાંડવદાહપર્વવિષે અર્જુનાગ્નિસંવાદ નામનો અધ્યાય ૨૨૪ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૫ મો-અર્જુનને તથા શ્રીકૃષ્ણને યુદ્ધસાહિત્યની પ્રાપ્તિ

॥ वैशंपायन उवाच ॥

एवमुक्तः स भगवान् धूमकेतुर्हुताशनः ॥
चिंतयामास वरुणं लोकपालं दिदृक्षया ॥१॥

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે અર્જુને કહ્યું, ત્યારે હોમેલા પદાર્થોનું ભક્ષણ કરનાર અને ધૂમ છે કેતુ (ધ્વજા) જેને એવા ભગવાન અગ્નિએ જલમાં નિવાસ કરનારા, અદિતિના પુત્ર, જલાધિરાજ અને દિક્પાલ એવા વરુણદેવનાં દર્શનને માટે તેમનું સ્મરણ કર્યું. પોતાનું સ્મરણ કરે છે, એમ જાણીને વરુણે અગ્નિને દર્શન આપ્યાં.[૧,૨] ચોથા લોકપાલ, સનાતન અને દેવના દેવ એવા જલેશ્વરને જોઇને અગ્નિએ પૂજા વગેરેથી તેમનો સત્કાર કર્યો.પછી તેમને કહ્યું કેઃ- "હે વરુણદેવ! સોમરાજે તમને જે ધનુષ તથા ભાથા આપ્યા છે, તે બન્ને તમે આપો અને કપિધ્વજ રથ પણ શીઘ્ર આપો;[૩,૪] કારણ કે ગાંડીવ ધનુષ મેળવીને આ અર્જુન મોટું કાર્ય કરશે અને ચક્રવડે શ્રીકૃષ્ણ પણ મહાન કાર્ય કરશે, માટે તમે તે બધું મને આજે આપો."[૫]

'ભલે, તે હું આપું છું' એમ વરુણે અગ્નિને કહ્યું અને અદ્ભુત, મહાન વીર્યવાળું, યશ અને કીર્તિને વધારનારૂં, બીજાં શસ્ત્રોથી પરાભવ ન પામે એવું,સર્વે શસ્ત્રોનો નાશ કરનારૂં, સર્વે આયુધોમાં શ્રેષ્ઠ ગણાતું, શત્રુસૈન્યનો વિનાશ કરનારૂં,જે એકલુંજ લાખ ધનુષની બરોબરી કરે એવું, રાજ્યની વૃદ્ધિ કરનારૂં, ચિત્રવિચિત્ર

જણાતું, જાત જાતના રંગોથી સુશોભિત કરેલું, સુંવાળું તથા છિદ્રવિનાનું અને દેવ, દાનવ તથા ગંધર્વોએ લાંબા કાલથી જેનું પૂજન કરેલું એવું, ધનુષોમાં રત્નરૂપ જે ગાંડીવ ધનુષ તે અર્જુનને આપ્યું તથા બે મોટા અક્ષય ભાથાઓ આપ્યા.[૯] વળી રૂપેરી રંગના, ગંધર્વ દેશમાં ઉત્પન્ન થયેલા, સોનાની માલાવાળા, ધોળાં આભલાંઓના જેવા અને મન તથા વાયુના જેવા વેગવાળા દિવ્ય ઘોડાઓ જેને જોડેલા એવો કપિધ્વજ રથ પણ આપ્યો. આ રથમાં સર્વ પ્રકારનાં યુદ્ધસાહિત્યો ભરેલાં હતાં. એ રથ દેવ તથા દાનવોથી પણ અજય્ય, ઘણા પ્રકાશવાળો, મોટા શબ્દવાળો અને સર્વ પ્રકારનાં રત્નો જડેલાં હોવાથી મનોહર જણાતો હતો. જે રથને ભુવન તથા પ્રજાના પતિ વિશ્વકર્માએ મોટું તપ કરીને નિર્માણ કર્યો હતો. જેમ સૂર્યના રૂપનું નિરૂપણ થાય નહિ તેમ એ રથ પણ અતિશય તેજથી અનિર્દેશ્ય હતો. તે રથમાં બેસીને પૂર્વે સોમરાજે દાનવોને જીત્યા હતા.[૧૦-૧૩] આ નૂતન મેઘના જેવા જણાતા તથા શોભાથી ઝળહળી રહેલા મહારથમાં ઇંદ્રાયુધના જેવા શોભતા શ્રીકૃષ્ણ તથા અર્જુન બેઠા.[૧૪] આ રથને સુવર્ણનો મનોહર કાંતિવાળો ધ્વજદંડ ચઢાવેલો હતો અને તેના ઉપર સિંહ તથા વાઘના જેવા ભયંકર શરીરવાળો દિવ્ય વાનર બેઠેલો હતો.[૧૫] આ ધ્વજદંડના ઉપર બેઠેલો વાનર પોતાની ઉગ્રતાથી જાણે બધું બાળી નાખતો હોય તેવો શોભતો હતો. વળી એ ધ્વજામાં બીજાં પણ મોટાં મોટાં વિવિધ જાતનાં પ્રાણીઓ રહેતાં હતાં.[૧૬] તે પ્રાણીઓના નાદથી શત્રુઓની સેનાનું ભાન જતું રહેતું હતું. આવા અનેક પતાકાઓથી શોભતા ઉત્તમ રથની પ્રદક્ષિણા કરીને તથા દેવોને પ્રણામ કરીને અર્જુને સાવધ થઇ બખ્તર પહેર્યું, તરવાર લીધી, આંગળીઓપર ચામડાંની ખોળીઓ બાંધી[૧૭,૧૮] અને પુણ્યાત્મા પુરુષ જેમ વિમાનમાં બેસે તેમ તે રથમાં બેઠો. તે પછી પૂર્વે બ્રહ્માએ નિર્માણ કરેલું, ધનુષોમાં શ્રેષ્ઠ એવું તે દિવ્ય ગાંડીવ ધનુષં લઈને અર્જુન ઘણો પ્રસન્ન થયો. પછી અગ્નિને આગળ કરીને વીર્યવાન અર્જુને ધનુષ હાથમાં લીધું અને બલ કરીને તેની પ્રત્યંચા ચઢાવી. જે વખતે બલવાન અર્જુને પ્રત્યંચા ચઢાવવા માંડી તે વખતે એ ધનુષમાંથી થતા શબ્દને જેણે જેણે સાંભળ્યો તે બધાંનાં મન વ્યથિત થઈ ગયાં. આવું ધનુષ, દિવ્ય રથ અને અક્ષય મોટા ભાથાઓને મેળવી કુંતીપુત્ર અર્જુન અગ્નિને સહાય કરવા માટે જેવો જોઇએ તેવો સમર્થ થયો અને તેથી તે બહુ ખુશી થયો. વળી અગ્નિએ શ્રીકૃષ્ણને એક ચક્ર આપ્યું. એની વચ્ચે એક દોરી હતી; અર્થાત્ એ દોરીથી બાંધેલા પક્ષીની પેઠે તે પ્રયોગ કરનારાના હાથમાં પાછું આવતું હતું. તે ચક્ર તથા પોતાનું પ્રિય એવું આગ્નેયાસ્ત્ર આપ્યું. જે મળતાં શ્રીકૃષ્ણ પણ રક્ષણને માટે સંપૂર્ણ સમર્થ થયા. પછી અગ્નિએ શ્રીકૃષ્ણને કહ્યું કેઃ–" હે મધુસૂદન! આ ચક્રવડે તમે દેવ જેવાઓને પણ નિઃસંશય યુદ્ધમાં હણી શકશો. વળી એ ચક્રવડે તમે મનુષ્યો, દેવો, રાક્ષસો, પિશાચો, દૈત્યો અને નાગોથી પણ યુદ્ધમાં અધિક થશો તથા નાશ કરવામાં તમે ચઢિયાતા થશો, એમાં સંશય નથી.[૧૯-૨૬] હે માધવ! તમે રણમાં શત્રુઓના ઉપર એ ચક્રને જ્યારે જ્યારે ફેંકશો, ત્યારે ત્યારે એ શત્રુઓને મારીને યુદ્ધમાં અપ્રતિહતપણાથી પાછું તમારા હાથમાં આવશે.[૨૭] તે પછી સમર્થ એવા વરુણદેવે વજ્રના જેવા શબ્દવાળી, દૈત્યોનો સંહાર કરનારી અને ઘોર એવી કૌમોદકી નામની ગદા શ્રીકૃષ્ણને આપી.[૨૮] તે લઇને અસ્ત્રવિદ્યામાં નિપુણ, શસ્ત્રસંપન્ન, રથવાળા અને પોતાની ધ્વજાવાળા એવા શ્રીકૃષ્ણ તથા અર્જુન પ્રસન્ન થઈને અગ્નિને કહેવા લાગ્યાઃ–[૨૯] "હે ભગવન્! હવે અમે સર્વ દેવ તથા દૈત્યોની સાથે યુદ્ધ કરવાને સમર્થ થયા છીએ; તો પછી નાગને માટે યુદ્ધ કરવા ઇચ્છતા એક ઇંદ્રની સાથે યુદ્ધ કરવા સમર્થ હોઈએ એમાં તો આશ્ચર્યજ શું?"

અર્જુને કહ્યું:–" વીર્યવાન એવા હૃષીકેશ શ્રીકૃષ્ણ હાથમાં ચક્ર લઇને યુદ્ધમાં ઘુમશે, ત્યારે એ પોતાના ફેંકેલા ચક્રવડે સર્વને ભસ્મ કરી નાખશે. ત્રણ લોકમાં એવું કંઈ કાર્ય નથી કે જે

કાર્યને જનાર્દન પોતે કરી શકે નહિ.[૩૦,૩૧] વળી હે પાવક! હું પણ ગાંડીવ ધનુષ અને અક્ષય મોટા ભાથાઓ લઇને યુદ્ધમાં સર્વ લોકોને જીતવાનો ઉત્સાહ રાખું છું.[૩૨] હે મહા સમર્થ! આજેજ આ વનને ચોમેરથી વીંટી લઈને તમે ઈચ્છાપૂર્વક પ્રજ્વલિત થાઓ, અમે તમને સહાય કરવા સમર્થ છીએ."[૩૩]

વૈશંપાયન કહે છેઃ–આવું શ્રીકૃષ્ણ તથા અર્જુને કહ્યું, ત્યારે ભગવાન અગ્નિએ પોતાનું તેજોમય રૂપ ધારણ કરીને વનને બાળવા માંડયું.[૩૪] કાલી, કરાલી વગેરે સાત અર્ચિરૂપી જીહ્વવાવાળો અગ્નિ, ખાંડવ વનની ચોમેર ફરી વળ્યો અને પ્રલયકાલનો અગ્નિ હોય તેવો જણાતો તે વનને બાળવા લાગ્યો.[૩૫] હે ભરતકુલમાં શ્રેષ્ઠ! અગ્નિએ એ વન પોતાને કબજે લીધું અને તેમાં પ્રવેશ કરીને મેઘના જેવી ગર્જના કરતો તે સર્વ પ્રાણીઓને કંપાવવા લાગ્યો.[૩૬] હે ભારત! તે વખતે સૂર્યનાં કિરણો પથરાવાથી, સુવર્ણનો મેરુ પર્વત જેવો જણાય તેવું અગ્નિથી બળતું ખાંડવ વન જણાવા લાગ્યું.[૩૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ખાંડવદાહપર્વવિષે ગાંડીવાદિદાન નામનો અધ્યાય ૨૨૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૬ મો–ખાંડવ વનનો દાહ અને ઇંદ્રનો કોપ

॥ वैशंपायन उवाच ॥

तौ रथाभ्यां रथिश्रेष्ठौ दावस्योभयतः स्थितौ।
दिक्षु सर्वासु भूतानां चक्राते कदनं महत् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી રથીઓમાં શ્રેષ્ઠ એવા અર્જુન અને કૃષ્ણ રથોમાં બેસીને વનની બન્ને બાજુએ ઉભા રહ્યા અને સર્વ દિશાઓમાંથી નાસતાં પ્રાણીઓનો ભારી સંહાર કરવા લાગ્યા.[૧] ખાંડવ વનમાં રહેનારાં પ્રાણીઓ જ્યાં જ્યાં નાસતાં જણાતાં હતાં, ત્યાં ત્યાં તે મહાવીરો દોડતા હતા.[૨] તે બન્નેના રથો એવા દોડતા હતા કે, જેથી તેમાં વચ્ચે અવકાશ જણાતો ન હતો અને તે બે રથો તથા બે રથીઓ જાણે એકમેકજ થઈ ગયા હોય તેમ દોડવાના ઝપાટાથી જણાતા હતા.[૩] જ્યારે ખાંડવ વન બળવા લાગ્યું ત્યારે તેમાં રહેનારાં સેંકડો અને હજારો પ્રાણીઓ ભયંકર ચીસો પાડતાં ચોમેરથી નાસવા લાગ્યાં.[૪] ઘણાંક પ્રાણીઓનો એક એક ભાગ બળી ગયો, કેટલાંએક અતિશય તપી ગયાં, કેટલાંએકની આંખો ફૂટી ગઇ, કેટલાંક ચીભડાંની પેઠે ફાટી ગયાં અને કેટલાંએક ત્યાંથી ભયવડે નાસી છટયાં.[૫] વળી કેટલાંએક પ્રાણીઓ પોતાના પુત્રોને ભેટીને તો કેટલાંએક પોતાના પિતા, ભાઇ વગેરેને બાઝીને સ્નેહવડે તેમને ત્યજી ન શકવાથી ત્યાંજ બળી મરતાં હતાં.[૫] વળી કેટલાંએક દાંત કચકચાવીને બહાર નીકળવાને દોડતાં, પરંતુ અગ્નિની ઝાળથી ઘૂમી જઇને પુનઃ અગ્નિમાં આવી પડતાં હતાં.[૬,૭] કેટલાંક પ્રાણીઓ આંખ, પાંખ, પગ વગેરે બળી જવાથી ઠામ ઠામ પૃથ્વી ઉપર તરફડતાં અને મરતાં જણાતાં હતાં.[૮] વળી તે વનમાં આવેલાં જલાશયોમાં અગ્નિની જ્વાલાથી પાણી તપી જઇને ઉકાળે ચઢયાં હતાં એટલે તેમાં રહેલા કાચબા, માછલાં વગેરે ચોમેર મરણ પામેલાં જણાતાં હતાં.[૯] એ વનમાં અગ્નિથી પ્રાણીઓનો સંહાર વળતો હતો, તે વખતે કેટલાંએક બળતાં પ્રાણીઓ લાલ થઇ ગયેલાં શરીરોથી જાણે તે તે દેહધારી અગ્નિઓજ બળતા હોય તેવાં જણાતાં હતાં.[૧૦] કેટલાંએક પક્ષીઓ ઉડીને બહાર નીકળી જતાં હતાં. તેઓને અર્જુન પોતાનાં શરોથી ટુકડે ટુકડા કરી નાખીને પ્રદીપ્ત અગ્નિમાં પાડતો હતો. બાણોવડે સર્વ અંગ જેમનાં વિંધાયલાં એવાં પક્ષીઓ મોટી મોટી ચીસો પાડતાં ઉંચે ઉડીને પાછાં ખાંડવ વનમાંજ પડતાં હતાં.[૧૧,૧૨] બાણોવડે વિંધાતાં વનમાં રહેનારાં પ્રાણીનાં ટોળાંઓનો મંથન કરાતા સમુદ્રના જેવો ઘોર શબ્દ સંભળાતો હતો.[૧૩] પ્રદીપ્ત થયેલા તે અગ્નિના મોટા મોટા ભડકાઓ આકાશમાં પહોંચીને

દેવોને પણ ભારી ઉદ્વેગ પમાડતા હતા.[૧૪] તે જ્વાલાઓથી તપી ગયેલા મહાત્મા સ્વર્ગવાસી સઘળા દેવો, ઋષિઓને આગળ કરીને અસુરોનો સંહાર કરનારા, સહસ્ર નેત્રવાળા અને સો યજ્ઞ કરનારા દેવેશ ઇંદ્રની પાસે ગયા;[૧૫] અને દેવો કહેવા લાગ્યા કેઃ–“ હે અમરેશ્વર ! ચિત્રવિચિત્ર પ્રકાશવાળો આ અગ્નિ સર્વે મનુષ્યોને શામાટે બાળી નાખે છે ? શું લોકોનો પ્રલયકાળ તો નથી આવ્યો ? ”[૧૬]

વૈશંપાયન કહે છેઃ–દેવોનાં આવાં વચન સાંભળીને તથા પોતે તે પ્રમાણે અગ્નિને પ્રદીપ્ત થયેલો જોઈને વૃત્રાસુરને હણનારા ઇંદ્ર પોતે ખાંડવ વનને અગ્નિથી બચાવવા માટે તૈયાર થઇને નીકળ્યા;[૧૭] અને વિચિત્ર રૂપવાળા મોટા રથોનાં ટોળાંઓથી આકાશને ઢાંકી નાખી દેવાધીશ ઇંદ્રે મહાન વૃષ્ટિ કરવા માંડી.[૧૮] ઇંદ્રની આજ્ઞાથી મેઘોએ ખાંડવ વનમાં ગાડાંના આંકના જેવી હજારો જલની ધારાઓ છોડવા માંડી;[૧૯] પરંતુ અગ્નિના તાપથી તે ધારાઓ પૃથ્વીપર આવતાં પહેલાં આકાશમાંજ સૂકાઇ જવા લાગી, એટલે એકે જલધારા અગ્નિમાં પડી શકી નહિ.[૨૦] આથી ઇંદ્રને અગ્નિના ઉપર અતિશય ક્રોધ ચઢ્યો અને પાછું તેણે મોટા મેઘોવડે પુષ્કળ પાણી વરસાવવા માંડયું.[૨૧] તે વખતે અગ્નિની જ્વાલા તથા મેઘની ધારાઓ એક થઇ જવાથી વનમાંથી નીકળતા ધુમાડાના ગોટાઓથી, વિજળીના ઝબકારાથી અને આકાશમાં છવાયલા મેઘોથી તે વન ઘણું ભયંકર થઈ પડયું.[૨૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ખાંડવદાહપર્વવિષે ઇંદ્રક્રોધ નામનો અધ્યાય ૨૨૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૭ મો–ઈંદ્રાદિ દેવોની સાથે શ્રીકૃષ્ણ તથા અર્જુનનું યુદ્ધ

॥ वैशंपायन उवाच ॥
तस्याथ वर्षतो वारि पांडवः प्रत्यवारयत् ॥
शरवर्षेण बीभत्सुरुत्तमास्त्राणि दर्शयन् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ રીતે ઇંદ્રે કરેલી જલની વૃષ્ટિને ઉત્તમ અસ્ત્રવિદ્યા દેખાડતો અર્જુન બાણના વરસાદથી રોકી દેતો હતો.[૧] વળી અમેયાત્મા અર્જુને, અનેક શરો છોડીને ચંદ્રમા જેમ ધૂમસ વરસાવીને વનને ઢાંકી દે તેમ, આખા ખાંડવ વનને ઢાંકી દીધું. એ રીતે સવ્યસાચી અર્જુનનાં ફેંકેલાં બાણોવડે આકાશ ઢંકાઇ ગયું હતું, એટલે કોઇ પણ પ્રાણી ખાંડવ વનમાંથી બહાર નીકળી શકતું ન હતું.[૨,૩] જે વખતે અગ્નિએ એ વનને બાળવા માંડયું, તે વખતે મહા બલવાન નાગરાજ તક્ષક કુરુક્ષેત્રમાં ગયો હતો, એટલે એ વનમાં તે હતો નહિ;[૪] પરંતુ તક્ષકનો અશ્વસેન નામનો બલવાન્ પુત્ર ત્યાં રહ્યો હતો. તેણે અગ્નિથી છૂટવાને માટે ઘણો પ્રયત્ન કર્યો;[૫] પરંતુ અર્જુનનાં બાણોવડે રૂંધાયલો તે નીકળી શકયો નહિ. તે વખતે તેની સર્પિણી માતાએ તેને ગળી જઇને ત્યાંથી મુક્ત કરવાનો નિશ્ચય કર્યો[૬] અને પ્રથમ તેને મોઢેથી ગળવા માંડયો. પછી પૂછડું ગળતાં ગળતાં તે નાગપત્નિ અગ્નિ અને અર્જુનથી બચવા માટે આકાશમાં કૂદી;[૭] એટલામાં તો અર્જુને વિશાલ ધારવાળું તીવ્ર બાણ મૂકીને જતી નાગણનું માથું કાપી નાખ્યું. આ રીતે પુત્રને બચાવતાં હણાયલી નાગણને ઇંદ્રે જોઈ[૮]. તે વખતે પોતાના મિત્રના પુત્રને છોડવવાની ઇચ્છાથી વજ્રધારી ઇંદ્રે પ્રબલ વાયુ અને વરસાદથી અર્જુનને મુંઝવી દીધો; એટલે તેજ વખતે પેલો અશ્વસેન ત્યાંથી નાસી છૂટયો.[૯] આવી ઘોર માયા જોઈને તથા પોતાને નાગે છેતર્યો એમ જાણીને, અર્જુને તે વખતે આકાશમાં જતાં પ્રાણીઓના બબ્બે ત્રણ ત્રણ ટુકડા કરવા માંડયા[૧૦] અને તે સર્પ કપટથી નાસી ગયો, તેથી ક્રોધ પામેલા અર્જુને, અગ્નિએ અને વાસુદેવે તેને શાપ આપ્યો કેઃ–“હે સર્પ ! તારી વંશવૃદ્ધિ

થશે નહિ."[૧૧] તે પછી ઇંદ્રે કરેલી ઠગાઇનું સ્મરણ કરીને ક્રોધે ભરાયલો અર્જુન શીઘ્રગતિવાળાં શરોવડે આકાશને છાઇ દઇ ઇંદ્રની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ઇંદ્રે પણ યુદ્ધમાં અર્જુનને કોપેલો જોઇને સમગ્ર આકાશને છાઈ નાખી પોતાનું તીવ્ર અસ્ત્ર પ્રકટ કર્યું.[૧૨,૧૩] તે વખતે સર્વે સમુદ્રોને ઉછાળતો પ્રચંડ શબ્દવાળો વાયુ વાવા લાગ્યો અને આકાશમાં રહેલા તે વાયુએ વિજળીઓના ઝબકારા, કડાકાઓ અને વજ્રપાત કરતા, જલાધારાથી વ્યાકુલ એવા મેઘોને પ્રકટ કર્યા. ત્યારે અસ્ત્રોને રોકવામાં કુશળ એવા અર્જુને તે અસ્ત્રના વિઘાતને માટે અભિમંત્રણ કરીને ઉત્તમ વાયવ્યાસ્ત્ર પ્રકટ કર્યું એટલે તે અસ્ત્રથી ઇંદ્રના મેઘો અને વજ્રપાતોનું વીર્ય-બલ નાશ પામ્યું,[૧૪-૧૬] જલની ધારાઓ સૂકાઇ ગઇ, વિજળીઓ બંધ થઇ ગઇ અને આકાશમાં રહેલું અંધારૂં તથા જલકણો શાંત પડી ગયાં.[૧૭] સુખકારક શીતલ વાયુ વાવા લાગ્યો અને સૂર્યમંડલ પૂર્વના જેવું જણાવા લાગ્યું. આ રીતે આવી પડતાં વિઘ્નો નિવૃત્ત થવાથી અગ્નિને ઘણો હર્ષ થયો અને તે વિવિધ આકારોને ધારણ કરીને પ્રાણીઓના દેહમાંથી નીકળતી ચરબીઓના સમૂહથી સિંચાતો, પોતાના શબ્દોથી જગતને પૂર્ણ કરી દેતો, મોટી જ્વાલાઓ કાઢીને બળવા લાગ્યો.[૧૮,૧૯] પછી હે મહારાજ! અર્જુન અને શ્રીકૃષ્ણ આ વનનું રક્ષણ કરે છે, એવું જોઈને ગરુડાદિ પક્ષીઓ અહંકાર કરીને આકાશમાં ઉડયાં;[૨૦] અને ગરુડ તો પોતાની વજ્રના જેવી પાંખો, ચંચુ અને નખોવડે કૃષ્ણ તથા અર્જુનને પ્રહાર કરવા માટે આકાશમાંથી નીચે પડવા લાગ્યો.[૨૧] તેમજ જાજ્વલિત મુખવાળા નાગના સમૂહો ભયંકર વિષ ફેંકતા અર્જુનની આગળ આવી પહોંચ્યા.[૨૨] તે બધાઓને પોતાના ક્રોધાગ્નિથી તપ્ત થયેલાં બાણોવડે અર્જુને કાપી નાખ્યા અને તેઓ પ્રદીપ્ત અગ્નિમાં પડીને નાશ પામ્યા.[૨૩] તે પછી અસુરો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો અને નાગો તુમુલ ગર્જનાઓ કરતા યુદ્ધ કરવાને માટે ત્યાં દોડી આવ્યા.[૨૪] ક્રોધવડે જેમનાં તેજની વૃદ્ધિ થયેલી એવા તેઓ બંદૂકો, ભ્રમણના બલથી મોટા મોટા પથ્થરોને ફેંકતાં લાકડાંનાં યંત્રો, ગોફણો વગેરે હાથમાં ઉગામીને કૃષ્ણ તથા અર્જુનને મારવા લાગ્યા;[૨૫] પરંતુ અતિશય બકવાદ કરતા અને શસ્ત્રની વૃષ્ટિ વરસાવતા તે અસુરાદિકોનાં મસ્તકોને અર્જુને તીક્ષ્ણ બાણોવડે કાપી નાખ્યાં.[૨૬] વળી શત્રુઓનો નાશ કરનારા મહા તેજસ્વી શ્રીકૃષ્ણે પણ પોતાના ચક્રવડે દૈત્ય-દાનવોનાં ટોળાંઓનો ભારી સંહાર વાળ્યો.[૨૭] અર્જુનનાં બાણોથી વિંધાયલા અને શ્રીકૃષ્ણના ચક્રના વેગથી ઘસડાતા બીજા અસુરાદિકો, જલના પ્રવાહ તથા વમળથી પ્રેરાયલાં તૃણો જેમ તીરપર આવીને ઠરી જાય તેમ, ઠરી ગયા હતા.[૨૮] તે પછી દેવોનો મહારાજા ઇંદ્ર બહુ ક્રોધે ભરાયો અને ધોળા રંગના ઐરાવત હાથીપર બેસીને કૃષ્ણ તથા અર્જુનના તરફ દોડયો.[૨૯] તેણે પોતાના હાથમાં વજ્ર લઇને તે વજ્રાસ્ત્રને વેગવડે કૃષ્ણ તથા અર્જુનના ઉપર મૂકયું તથા અસુરોના નાશ કરનારા ઇંદ્રે દેવોને કહ્યું કે:-'આ બન્ને હમણાં હણાશે.'[૩૦] ઇંદ્રે પોતાના હાથમાં મહાન વજ્ર ધારણ કર્યું, તે જોઇને બીજા દેવોએ પણ પોતપોતાનાં સર્વે શસ્ત્રો હાથમાં લીધાં.[૩૧] હે રાજન્! યમરાજાએ કાલદંડ લીધો, કુબેરે પોતાની ગદા હાથમાં લીધી, વરુણે વિચિત્ર પાશો તથા વજ્ર લીધું,[૩૨] સ્વામી કાર્તિક હાથમાં શક્તિ લઇને મેરુ પર્વતની પેઠે દઢ ઉભા રહ્યા અને અશ્વિનીકુમારોએ દેદીપ્યમાન ઔષધિઓ હાથમાં રાખી.[૩૩] ધાતાએ ધનુષ ધારણ કર્યું, જયે હાથમાં મુસલ લીધું, મહાબલવાન ત્વષ્ટાએ ક્રોધ પામીને પર્વત ઉપાડયો,[૩૪] અંશે શક્તિ ઉપાડી અને મૃત્યુદેવે પરશુ લીધું, અર્યમાએ પણ ઘોર પરિઘ લઇને ઘુમવા માંડયું,[૩૫] મિત્ર છરાના જેવી ધારવાળું ચક્ર લઇને ઉભો રહ્યો; અને હે રાજન્! પૂષા, ભગ તથા સવિતા ધનુષ અને ખડ્ગ લઇને કૃષ્ણ તથા અર્જુનના તરફ દોડયા. વળી રુદ્રો, વસુઓ, મહાબલવાળા વાયુઓ, વિશ્વેદેવા અને પોતાનાં

તેજથી દેદીપ્યમાન થતા સાધ્યો, એ બધા દેવો તથા બીજા ઘણા દેવો પુરુષોમાં ઉત્તમ એવા શ્રીકૃષ્ણ અને અર્જુનને મારવાને માટે વિવિધ આયુધો હાથમાં લઈને દોડયા. તે મહાસંગ્રામમાં પ્રલયકાળના જેવાં પ્રાણીઓને મોહ પમાડનારાં અનેક અદ્‌ભુત નિમિત્તો દેખાવા લાગ્યાં. આ પ્રમાણે દેવોની સાથે ઇંદ્રને કોપાયમાન થયેલો જોઇને, યુદ્ધમાં કોઇથી ગાંજ્યા ન જાય એવા કૃષ્ણ અને અર્જુન ભયરહિત થઇ, પોતપોતાનાં ધનુષ સજ્ય કરીને ઉભા રહ્યા અને યુદ્ધકુશલ એવા તે બન્ને જણાઓ આવેલા દેવોને વજ્રના જેવાં શરોથી પ્રહાર કરવા લાગ્યા; તથા તે વખતે તેમણે યુદ્ધમાં અનેક દેવોને વારંવાર નિરાશ કરી દીધા.[૩૧–૪૨] એટલે તે દેવો ભયભીત થઇને યુદ્ધ કરવું છોડી દઇ ઇંદ્રના આશ્રયમાં જઇ રહ્યા. માધવ અને અર્જુને દેવોને આ રીતે હઠાવી દીધેલા જોઇને આકાશમાં રહેલા મુનિઓ ઘણું આશ્ચર્ય પામ્યા. ઇંદ્ર પણ સંગ્રામમાં તે બન્ને જણાનાં અનેક પરાક્રમો જોઇને ઘણો પ્રસન્ન થયો અને ફરીથી તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેણે પુનઃ અર્જુનનું પરાક્રમ જાણવાની ઇચ્છાથી મોટી પાષાણની વૃષ્ટિ વરસાવવા માંડી. તે પથ્થરના વરસાદને અતિશય કુપિત થયેલા અર્જુને પોતાનાં શરોથી રોકી દીધી.[૪૩–૪૬] શતક્રતુ ઇંદ્રે પોતાના પાષાણના વરસાદને નિષ્ફલ કરાતો જોઇને ફરીથી તે વરસાદને અતિશય વધારવા માંડયો.[૪૭] તે વખતે ઇંદ્રના પુત્ર અર્જુને મહાવેગવાળાં બાણો છોડીને તે પથ્થરના વરસાદનો નાશ કરી દીધો અને પોતાના પિતાને હર્ષિત કર્યા.[૪૮] તે પછી પોતાના બે હાથવડે મંદર પર્વતના શિખરને, વૃક્ષો સાથે ઉપાડીને ઇંદ્રે, પાંડુનંદન અર્જુનને મારવાની ઇચ્છાથી તેના ઉપર ફેંકયું.[૪૯] તે વખતે અર્જુને મહાન વેગવાળાં, જાજ્વલિત અગ્રવાળાં અને અકુટિલ ગતિવાળાં બાણો છોડીને તે પર્વતના શિખરના હજારો ટુકડા કરી નાખ્યા.[૫૦] આ શિખરના પડતા કકડાઓનું રૂપ આકાશમાંથી સૂર્ય તથા ચંદ્રની સાથે ખરતા તારાઓના જેવું જણાવા લાગ્યું.[૫૧] વનમાં પડતા તે મહાન શિખરથી ખાંડવ વનમાં રહેનારાં ઘણાં પ્રાણીઓ છુંદાઈ મુવાં.

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત ખાંડવદાહપર્વવિષે દેવકૃષ્ણાર્જુનયુદ્ધ નામનો અધ્યાય ૨૨૭ મો સમાપ્ત.

ખાંડવદાહપર્વ સમાપ્ત.

मयदर्शन पर्व

અધ્યાય ૨૨૮ મો–દેવોનો પરાભવ, ખાંડવદાહ અને મયદાનવનું રક્ષણ

॥ वैशंपायन उवाच ॥

तथा शैलनिपातेन भीषिताः खांडवालयाः ॥
दानवा राक्षसा नागास्तरक्ष्वृक्षवनौकसः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે રીતે પર્વતનું શિખર પડવાથી બીનેલા ખાંડવ વનમાં રહેનારા દાનવો, રાક્ષસો, નાગો, દીપડાંઓ, રીંછો, બીજાં વનવાસીઓ, મદ ઝરતા હાથીઓ, વ્યાઘ્રો, કેશવાળા સિંહો, મૃગો, પાડાઓ, સેંકડો પક્ષીઓ અને બીજાં અનેક પ્રાણીઓ ઉદ્વેગ પામીને ત્યાંથી નાસવા લાગ્યાં અને તેઓ બળતા વનના તરફ તથા હથિયાર ઉગામીને ઉભેલા કૃષ્ણ તથા અર્જુનના તરફ જોવા લાગ્યાં;[૧–૩] અને ઉત્પાતના ઘોર શબ્દો સાંભળીને ત્રાસી ગયાં હોય તેમ ઉભાં રહ્યાં. અનેક રીતે બળતા વનને જોઈને તથા અસ્ત્ર ઉગામીને ઉભેલા શ્રીકૃષ્ણને જોઇને તે પ્રાણીઓ ભયંકર ચીસો પાડવા લાગ્યાં. પ્રાણીઓના તે ભયંકર નાદવડે તથા અગ્નિના શબ્દોવડે આખું ગગન ઉત્પાતના મેઘોની ગર્જનાઓથી ગાજે તેમ ગાજી રહ્યું. પછી તે સર્વે પ્રાણીઓના નાશને માટે

મહાબાહુ કૃષ્ણે પોતાના તેજથી ઝળહળતું અત્યુગ્ર ચક્ર ફેંક્યું. તે ચક્રથી ગરીબ જાતનાં સેંકડો ક્ષુદ્ર પ્રાણીઓ દાનવો અને નિશાચરોની સાથે કપાઇ ગયાં અને તે બધાં ક્ષણમાં અગ્નિમાં જઇ પડ્યાં. કૃષ્ણના ચક્રથી કપાયલા અને ચરબી તથા લોહીથી ખરડાયલા તે દૈત્યો સંધ્યાકાલના મેઘ જેવા જણાવા લાગ્યા. હે ભારત ! ત્યાં પિશાચો, પક્ષીઓ, નાગો અને હજારો પશુઓને હણતા શ્રીકૃષ્ણ કાલની પેઠે ઘૂમતા હતા. શત્રુઓનો વિનાશ કરનારા કૃષ્ણ પોતાના હાથમાંથી જેમ જેમ ચક્રને ફેંકતા હતા, તેમ તેમ તે ચક્ર અનેક પ્રાણીઓને કાપી કાપીને પુનઃ શ્રીકૃષ્ણના હાથમાં આવતું હતું. સર્વ ભૂતના આત્મા શ્રીકૃષ્ણ તે પ્રમાણે પિશાચો, સર્પો અને રાક્ષસોને હણતા હતા; તે વખતે તેમનું રૂપ અતિશય ઉગ્ર થઈ ગયું હતું. ત્યાં એકઠા મળેલા સર્વ દાનવોમાંથી શ્રીકૃષ્ણ તથા અર્જુનને લડાઇમાં જીતનારો કોઇ નીકળ્યો નહિ. જ્યારે દેવો પણ તે બન્નેની સામે બલ કરીને તે વનનું રક્ષણ કરવા તથા તેને શાંત કરવા સમર્થ થયા નહિ, ત્યારે તે બધાઓ ત્યાંથી પરાઙ્મુખ થઇને ચાલતા થયા. દેવોને વિમુખ થઇને ગયેલા જોઈને ઈંદ્રિ ઘણો હર્ષ પામ્યો અને અર્જુન તથા શ્રીકૃષ્ણનાં વખાણ કરવા લાગ્યો. જ્યારે સઘળા દેવો પાછા ગયા, ત્યારે ઇંદ્રને સંબોધન કરતી મહાન ગંભીર શબ્દ-વાળી આકાશવાણી થઇ કેઃ–“ હે શતક્રતુ ! સર્પોમાં શ્રેષ્ઠ એવો તારો મિત્ર તક્ષક સર્પ અહીં નથી. તે ખાંડવ વનના દાહસમયેજ કુરુક્ષેત્રમાં ગયો છે. વળી હે ઇંદ્ર! આ વાસુદેવ અને અર્જુન યુદ્ધમાં કોઇ પણ રીતે જીતાય એવા નથી. મારાં વચનથી તું નક્કી જાણ કે, સ્વર્ગમાં પ્રસિદ્ધ એવા પહેલાં જે નરનારાયણ દેવો હતા, તેજ આ કૃષ્ણ અને અર્જુન છે.[૪–૧૮] એમનાં વીર્ય અને પરાક્રમ કેવાં છે તેને તું પણ જાણેજ છે. વળી દુરાધર્ષ એવા એ બન્ને અજિત છે, એટલે એમને કોઈ યુદ્ધમાં જીતી શકશે નહિ;[૧૯] એટલુંજ નહિ પણ એ સર્વ લોકમાં પુરાતન ઋષિશ્રેષ્ઠો છે એટલે એઓ સર્વે સુર, અસુર, યક્ષ, રાક્ષસ, ગંધર્વ, નર, કિન્નર અને પન્નગોએ પણ પૂજવાયોગ્ય છે; માટે હે ઇંદ્ર! સર્વે દેવોને સાથે લઇને તમારે અહીંથી ચાલ્યા જવું એજ યોગ્ય છે.[૨૦,૨૧] વળી ખાંડવ વનનો આ પ્રમાણે વિનાશ થવા માટે દૈવે નિર્માણજ કરેલું હતું, તેના તરફ પણ તમે દૃષ્ટિ કરો.”

આવી આકાશવાણી સાંભળીને અને તે સત્ય છે એમ જાણીને, દેવોનો રાજા ઇંદ્ર ક્રોધ તથા અસહનતાનો ત્યાગ કરીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. હે રાજન્ ! મહાત્મા ઇંદ્રને જતો જોઇને પછી બધા દેવો પણ પોતપોતાની સેના લઇને ઇંદ્રની પાછળ ચાલ્યા ગયા. જ્યારે દેવોની સાથે દેવરાજ ઇંદ્રને જતો જોયો, ત્યારે વીર એવા વાસુદેવ અને અર્જુન સિંહનાદ કરવા લાગ્યા. હે રાજન્! દેવરાજના જવા પછી બહુ આનંદ પામેલા પરાક્રમી એવા કેશવ અને અર્જુન નિઃશંક થઈને ખાંડવ વનને બળાવવા લાગ્યા. જેમ વાયુ આભલાંને નસાડી દે, તેમ અર્જુને દેવોને નસાડી દીધા. પછી તે શરોના સમૂહવડે ખાંડવ વનમાં રહેનારાં પ્રાણીઓને મારવા લાગ્યો. સવ્યસાચી–અર્જુન બાણોવડે સર્વ પ્રાણીઓને છેદી નાખતો હતો, તે વખતે કોઈ પણ પ્રાણી એ વનમાંથી બહાર નીકળવા સમર્થ થતું ન હતું. વળી મોટાં મોટાં પ્રાણીઓ પણ રણમાં સફલ અસ્ત્રવાળા અર્જુનની સામે જોવા સમર્થ થતાં ન હતાં તો યુદ્ધમાં લડવા તો સમર્થ થાયજ ક્યાંથી? અર્જુન કોઈ વાર એક બાણ મૂકીને સો પક્ષીઓને વિંધતો હતો તો કોઇ વાર સો બાણથી એકજ પક્ષીને વિંધતો હતો.[૨૨–૨૯] તે પક્ષીઓ જાણે સાક્ષાત્ કાલથીજ હણાતાં હોય તેમ હણાઇને પ્રાણવિનાનાં થઇ અગ્નિમાં પડતાં હતાં; તેઓને નદીના તીરોમાં અને પર્વતની કઢણોમાં પણ સુખ થતું ન હતું.[૩૦] વળી તે સમયે પિતૃલોક અને દેવલોકમાં પણ ભારે સંતાપ ફેલાઈ રહ્યો હતો. દીન થયેલાં અનેક પ્રાણીનાં ટોળાંઓ મોટી મોટી ચીસો પાડતાં હતાં.[૩૧] હાથીઓ, મૃગો અને ચિત્તાઓ પણ શોકથી વ્યાકુલ થઇ ચીસો પાડતા હતા; અને તે શબ્દો એટલા મોટા થતા હતા કે

દૂર આવેલા સમુદ્રમાં તથા ગંગામાં રહેલા મત્સ્યો પણ ત્રાસી જતા હતા.[૩૨] હે મહાબાહો! વિદ્યાધરોના ગણો અને બીજાં એ વનમાં રહેનારાંઓ જનાર્દન કૃષ્ણ અથવા અર્જુનની સામે જોઇ શકતાં ન હતાં તો પછી તેમની સાથે યુદ્ધ કરવા તો ક્યાંથીજ સમર્થ થાય? વળી રાક્ષસો, દાનવો અને નાગો વગેરે જેઓ એકઠા થઇને સામે આવતા હતા, તેઓને શ્રીકૃષ્ણ ચક્રવડે કાપી નાખતા હતા. ચક્રના વેગથી ધડ તથા માથાં જેમનાં છેદાઇ ગયેલાં એવાં બીજાં મહાન કાયાવાળાં પ્રાણીઓ પ્રાણવિનાનાં થઇને પ્રદીપ્ત અગ્નિમાં પડતાં હતાં. આ બધાં પ્રાણીઓનાં માંસ, રુધિર અને ચરબીના જથાથી અગ્નિ તૃપ્ત થયો;[૩૩–૩૬] અને ઉપર આકાશમાં જઇને ધુમાડાવિનાનો જણાવા લાગ્યો; અર્થાત્ તેની ધુમાડાવિનાની શુદ્ધ જ્વાલાઓ નીકળવા લાગી. પ્રદીપ્ત નેત્રવાળો, જાજ્વલિત જીહ્વાવાળો, બળતાં મુખવાળો, પ્રકાશયુક્ત ઉંચા કેશવાળો અને પીળાં ચક્ષુવાળો અગ્નિ શ્રીકૃષ્ણ તથા અર્જુને આપેલાં પ્રાણીઓનાં રુધિરાદિ અમૃતનું પાન કરીને તૃપ્ત થયો અને આનંદ પામીને પરમ સંતુષ્ટ થયો. એટલામાં મય નામનો અસુર તક્ષકના સ્થાનમાંથી નીકળીને એકાએક નાસતો હતો, તેને મધુસૂદને જોયો; અને તે અસુરને બાળવા માટે વાયુ જેનો સારથિ એવો અગ્નિ જટાધારી રૂપથી મેઘના જેવી ગર્જના કરતો તેની પાછળ દોડયો. વાસુદેવ પણ દાનવેંદ્રોના શિલ્પિઓમાં શ્રેષ્ઠ એવા મયદાનવને ઓળખીને તેને મારવા માટે ચક્ર ઉગામીને તત્પર થયા. એક તરફ ઉગામેલા ચક્રને તથા બીજી તરફ બળતા અગ્નિને જોઇને મયદાનવે બૂમ મારી કેઃ–"ઓ અર્જુન! મારી વહારે ચઢો! મારૂં રક્ષણ કરો!" આવા તેના ભયભીત શબ્દો સાંભળીને અર્જુને કહ્યું કેઃ–'તું બીશ નહિ.' હે ભારત! પછી મયદાનવને જીવાડતો હોય તેમ દયાળુ અર્જુન તેને કહેવા લાગ્યો કેઃ–"તારે ભય રાખવો નહિ."[૩૭–૪૪] આ પ્રમાણે જ્યાં અર્જુને અભય આપ્યું, એટલે શ્રીકૃષ્ણે તે નમુચિના ભાઇ મયદાનવને મારવાનો વિચાર માંડી વાળ્યો અને અગ્નિએ પણ તેને બાળ્યો નહિ.[૪૫]

વૈશંપાયન કહે છેઃ–આ રીતે શ્રીકૃષ્ણ અને અર્જુને ઇંદ્રથી જેનું રક્ષણ કરેલું એવા બુદ્ધિમાન અગ્નિએ તે વનને પંદર દિવસ સુધી બાળ્યું.[૪૬] તે વન બાળ્યું તેમાં અગ્નિએ અશ્વસેન, મય અને ચાર શાર્ઙ્ગક પક્ષીઓ એમ છ પ્રાણીઓને બાળ્યાં ન હતાં.[૪૭]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત મયદર્શન પર્વવિષે મયદાનવત્રાણ નામનો અધ્યાય ૨૨૮ મો સમાપ્ત.

અધ્યાય ૨૨૯ મો–શાર્ઙ્ગકોનું ઉપાખ્યાન–મંદપાલે કરેલી અગ્નિની સ્તુતિ

॥ जनमेजय उवाच ॥

किमर्थं शार्ङ्गकानग्निर्न ददाह तथागते ॥
तस्मिन्वने दह्यमाने ब्रह्मन्नेतत् प्रचक्ष्व मे ॥१॥

જનમેજય પૂછે છેઃ–હે બ્રહ્મન્! જ્યારે તે પ્રમાણે આખા ખાંડવ વનને અગ્નિએ બાળી મૂકયું છતાં શાર્ઙ્ગક પક્ષીઓને શા કારણથી બાળ્યાં નહિ? એ મારી આગળ કહો.[૧] હે બ્રહ્મન્! અશ્વસેન નાગ અને મયદાનવ બચ્યા તેનું કારણ તમે મને કહ્યું; પરંતુ શાર્ઙ્ગકો શા કારણથી બચી ગયાં, તે તમે મને કહ્યું નથી;[૨] માટે હે બ્રહ્મન્! અગ્નિના એવા વિનાશમાંથી શાર્ઙ્ગકો ક્ષેમકુશલ બચી ગયાં એ મને મોટું આશ્ચર્ય લાગે છે તેથી કહો કે અગ્નિએ તેઓને શાથી બાળ્યાં નહિ?[૩]

વૈશંપાયન કહે છેઃ–હે અરિંદમ! તેવા સંહારમાં પણ અગ્નિએ શાર્ઙ્ગકોને જે કારણથી બાળ્યાં નહિ તેનું યથાભૂત સર્વ કારણ હું તમને કહું છું.[૪] પૂર્વે ધર્મવેત્તામાં મુખ્ય એવા, તપ-

સ્વી અને તીવ્ર વ્રતવાળા વિદ્વાન મંદપાલ નામના પ્રસિદ્ધ મહર્ષિ હતા. હે રાજન્! વેદાધ્યયનવાળા, ધર્મપરાયણ, તપસ્વી અને વિજિત ઈંદ્રિયોવાળા તે ઋષિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓના માર્ગને સેવન કરતા હતા.[6] હે ભારત! તે ઋષિ તપનો પાર પામી દેહ છોડીને પિતૃલોકમાં ગયા; પરંતુ ત્યાં તેમને તપનું ઇચ્છિત ફલ મળ્યું નહિ.[7] જ્યારે તેમણે પોતાના તપથી મેળવેલા લોકોને પણ ફળ આપતા જોયા નહિ, ત્યારે તે ધર્મરાજાની સમીપમાં બેઠેલા દેવોને પૂછવા લાગ્યા.[8]

મંદપાલ પૂછે છેઃ–"હે દેવો! મારા તપથી સંપાદન કરેલા લોકો પણ મને કેમ વૈભવો આપતા નથી? મનુષ્યલોકમાં જે કર્મ કરવાથી આ લોકના વૈભવો મળે છે, તે કર્મ મેં કર્યું નથી શું?[9] જે કર્મ ન કરવાથી આ લોકના વૈભવો મને પ્રત્યક્ષ થતા નથી તે કર્મ હું ત્યાં જઇને કરીશ; માટે હે દેવો! જે તપના ફલથી આ લોકના વૈભવો પ્રાપ્ત થતા હોય તે મને કહો."[10]

દેવો બોલ્યાઃ–"હે બ્રહ્મન્! મનુષ્યો ઉત્પન્ન થાય છે ત્યારથી તેમને માથે ઋણ હોય છે. તે ઋણો જે છે તેને તમે સાંભળો. એક ક્રિયા કરવાનું, બીજું બ્રહ્મચર્યનું અને ત્રીજું પ્રજા ઉત્પન્ન કરવાનું, એમાં સંશય નથી.[11] તે ત્રણ ઋણો યજ્ઞ કરવાથી, તપ તથા વેદાધ્યયન કરવાથી અને પ્રજા ઉત્પન્ન કરવાથી નિવૃત્ત થાય છે. તમે તપ તથા યજ્ઞો કરેલા છે, તથાપિ તમને પ્રજા નથી;[12] એટલે પ્રજા ન હોવાના કારણથી આ લોકો તમને ભોગ આપતા નથી. હે વિપ્ર! તમે પ્રજા ઉત્પન્ન કરો, તે પછી આ લોકમાં વિસ્તીર્ણ વૈભવો ભોગવી શકશો.[13] પુત્ર પુન્નામના નરકથી પિતાનું રક્ષણ કરે છે, એવું શ્રુતિમાં કહેલું છે; માટે હે બ્રાહ્મણશ્રેષ્ઠ! તમે પુત્રોત્પત્તિને સારૂ યત્ન કરો."[14]

વૈશંપાયન કહે છેઃ–દેવોનાં આવાં વચન સાંભળીને મંદપાલ ઋષિ વિચાર કરવા લાગ્યા કે, કયી યોનિમાં જલદી ઘણી પ્રજા ઉત્પન્ન થઈ શકે?[15] વિચાર કરતાં તે ઋષિને જણાયું કે, પક્ષીઓ થોડા કાલમાં ઘણાં સંતાનો ઉત્પન્ન કરે છે. એટલે તે ઋષિએ શાર્ઙ્ગક પક્ષીનું રૂપ લઇને એજ જાતની શાર્ઙ્ગિકા–જરિતાની સાથે સંગ કર્યો;[16] અને એ જરિતામાં તેમણે ચાર બ્રહ્મવાદી પુત્રોને ઉત્પન્ન કર્યા. તે બાલકો ઈંડામાં હતા, તે વખતે મુનિએ વનમાં તેમની માતાની સાથે તેમનો ત્યાગ કર્યો અને તેજ વનમાં રહેતી બીજી લપિતા નામની સ્ત્રી પાસે ગયા. હે ભારત! મહા ભાગ્યશાળી તે મુનિ લપિતા પાસે ગયા,[17,18] ત્યારે પ્રજાના ઉપર સ્નેહવાળી જરિતા બહુ વિચારમાં પડી. જો કે ત્યાગ ન કરવા જેવા તે ઈંડામાં રહેલા ઋષિઓનો વનમાં મુનિએ ત્યાગ કર્યો હતો, પરંતુ પુત્રત્યાગથી થતા શોકવડે દીન થતી જરિતાએ ખાંડવ વનમાં પુત્રોનો ત્યાગ કર્યો નહિ તથા તેઓ જન્મ્યા ત્યારે સ્નેહથી વ્યાકુલ થયેલી જરિતાએ પોતાની આજીવિકા પ્રમાણે તેમનું ભરણપોષણ કર્યું.[19,20] તે પછી ખાંડવ વનમાં લપિતાની સાથે મંદપાલ ઋષિ ફરતા હતા, તે વખતે તેમણે ખાંડવ વનને બાળવા આવતા અગ્નિને જોયો.[21] અગ્નિના તેવા સંકલ્પને જાણીને તથા પોતાના પુત્રો બાલક છે એમ વિચારીને, ભય પામેલા તે વિપ્રર્ષિએ પોતાના પુત્રોને માટે મહા તેજસ્વી એવા દિક્પાલ અગ્નિની સ્તુતિ કરવા માંડી.

મંદપાલ કહે છેઃ–" હે અગ્નિદેવ! તમે સર્વ લોકનું મુખ છો. તમે હવ્યને વહન કરનારા છો.[22,23] હે પાવક! તમે સર્વ પ્રાણિમાત્રમાં નિવાસ કરો છો. વિદ્વાનો તમને એકજ છો એમ કહે છે, વળી કેટલાએક તમને (દિવ્ય, ભૌમ અને ઉદરવાસી એવા) ત્રણ પ્રકારના કહે છે.[24] વળી ઋષિઓ આઠ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને યજમાન) રૂપથી તમને યજ્ઞનો નિર્વાહ કરનારા કલ્પે છે. પરમર્ષિઓ આ વિશ્વ તમેજ ઉત્પન્ન કર્યું છે, એમ કહે છે.[25] હે હુતાશન! તમારા વિના આ સઘળું જગત નાશ પામી જાય. બ્રાહ્મણો તમને નમસ્કાર કરીને પોતાનાં કર્મથી જીતેલી અક્ષય

ગતિને પોતાનાં સ્ત્રીપુત્રોની સાથે પ્રાપ્ત થાય છે. હે અગ્નિ! આકાશમાં રહેનારા વિજળીવાળા મેઘો તમે છો, એમ વિદ્વાનો કહે છે.[૨૬,૨૭] તમારાથી નીકળેલી જ્વાલાઓ સર્વ પ્રાણિમાત્રને બાળી મૂકે છે. હે મહાન દ્યુતિવાળા! હે કર્મફલને આપનારા! આ વિશ્વને તમેજ ઉત્પન્ન કર્યું છે.[૨૮] વળી ચરાચર સર્વ પ્રાણીની ઉત્પત્તિ તમે કરી છે તથા કર્મનું વિધાન કરનારા દેવો પણ તમારાંજ વાક્યો છે. પૂર્વે તમેજ જલ ઉત્પન્ન કર્યું હતું અને આ સઘળું જગત પણ તમારે આધારેજ રહેલું છે.[૨૯] દેવોનાં અન્નને અને પિતૃઓનાં અન્નને પહોંચાડનારા અને તેનાં ફલને આપનારા તમેજ છો. હે દેવ! તમેજ સર્વને બાળીને ભસ્મ કરનારા છો, તમેજ સર્વને ઉત્પન્ન કરનારા છો અને તમે બૃહસ્પતિ છો.[૩૦] યુગ્મરૂપ અશ્વિનીકુમાર, સૂર્ય, સોમ અને વાયુ પણ તમેજ છો."

વૈશંપાયન કહે છેઃ–જ્યારે મંદપાલે આ પ્રમાણે અગ્નિની સ્તુતિ કરી,[૩૧] ત્યારે હે રાજન્ અમિત તેજવાળા તે ઋષિની પ્રત્યે અગ્નિદેવ પ્રસન્ન થયા અને પ્રીતિથી કહેવા લાગ્યા કેઃ– "હું તમારૂં શું પ્રિય કરૂં?" ત્યારે હાથ જોડીને મંદપાલે અગ્નિને કહ્યું કે; "તમે ખાંડવ વનને બાળો ત્યારે મારા પુત્રોને બચાવી લેજો."[૩૨,૩૩] 'બહુ સારૂં, હું તેમ કરીશ," એમ ઋષિને કહીને ભગવાન અગ્નિ તેજ વખતે ખાંડવ વનને બાળવાની ઈચ્છાથી પ્રજ્વલિત થયા.[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત મયદર્શનપર્વવિષે શાર્ઙ્ગકોપાખ્યાન નામનોઅધ્યાય ૨૨૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૦ મો–જરિતાનો વિલાપ

॥ वैशंपायन उवाच ॥

ततः प्रज्वलिते वह्नौ शार्ङ्गकास्ते सुदुःखिताः
व्यथिताः परमोद्विग्ना नाधिजग्मुः परायणम् ।१।

વૈશંપાયન કહે છેઃ–જ્યારે અગ્નિ પ્રજ્વલિત થયો, ત્યારે પેલાં શાર્ઙ્ગકો બહુ દુઃખી થયાં અને જ્યારે તેમને કોઇ રક્ષણ કરનાર મળ્યું નહિ ત્યારે તેઓ વ્યથિત થઇને પરમ ઉદ્વેગ પામવા લાગ્યાં.[૧] વળી પોતાના પુત્રો બાલક છે, એમ જાણીને તેઓની ગરીબ બિચારી માતા જરિતા પણ શોક તથા અતિશય દુઃખથી પીડિત થઇને વિલાપ કરવા લાગી.[૨] જરિતા બોલી; "અરેરે! જગતને પ્રકાશિત કરતો આ ભયંકર અગ્નિ વનને બાળતો અહીં આવે છે. એ ઉગ્ર અગ્નિ મારા દુઃખમાં વધારો કરે છે.[૩] અમારા પૂર્વજોને ઉદ્ધારનારાં, આ પાંખ તથા પગ આવ્યા વિનાનાં અને કાચી સમજવાળાં બચ્ચાંઓનો મને બહુ સંતાપ થાય છે. આ અગ્નિ તો વૃક્ષોને બાળતો અને ત્રાસ પમાડતો ઝપાટાબંધ અહીં આવે છે; અને મારાં બચ્ચાંઓને તો પાંખો પણ આવી નથી એટલે તેઓ ક્યાંય જઇ શકે તેમ નથી. વળી એ પુત્રોને લઇને ઉડવાનું મારામાં સામર્થ્ય નથી અને એમનો હું ત્યાગ પણ કરી શકતી નથી; એટલે મારૂં હૃદય અત્યંત દગ્ધ થાય છે.[૪–૬] આ પુત્રોમાંથી હું કોને સાથે લઈ જાઉં? અને કોને ત્યજી જાઉં? હું શું કરૂં કે જે કરેલું યોગ્ય ગણાય? પુત્રો! આમાં તમે શું માનો છો? આ અગ્નિથી તમને બચાવવા માટે મેં ઘણા વિચારો કર્યા, પણ મને એકે ઉપાય જડતો નથી; માટે મારી પાંખોથી તમને ઢાંકી લઇને તમારી સાથે મારે પણ મરવું, એ મેં છેવટનો વિચાર કર્યો છે.[૭,૮] આ "જરિતારિ નામનો મોટો પુત્ર છે તેના ઉપર કુલનો આધાર છે, આ સારિસૃક્ક નામનો બીજો પુત્ર છે તે પિતૃઓના કુલની વૃદ્ધિને માટે પ્રજા ઉત્પન્ન કરશે,[૯] આ ત્રીજો સ્તંબમિત્ર નામનો પુત્ર છે તે તપ કરશે અને આ ચોથો પુત્ર દ્રોણ બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ થશે." હે પુત્રો! પૂર્વે આ

પ્રમાણે કહીને તમારો નિર્દય પિતા ચાલ્યો ગયો હતો,[૧૦] તો તમારામાંથી કોને લઇને હું જઇ શકું? અરેરે, મોટી કષ્ટ આપનારી આ આપત્તિ આવી પડી છે! આમાં શું કરવાથી કંઈક કાર્ય કરેલું ગણાય?" આવો વિચાર કરતાં જરિતા વિહ્વલ થઇ ગઇ અને અગ્નિથી પોતાનાં બચ્ચાંઓનો કેવી રીતે બચાવ કરવો, તે ઉપાય તેની બુદ્ધિમાં સૂઝ્યો નહિ.[૧૧]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે બોલતી પોતાની માતાને તે શાર્ઙ્ગક બચ્ચાંઓ કહેવા લાગ્યાં કેઃ–"ઓ માતા! તું અમારો સ્નેહ છોડીને જ્યાં અગ્નિ ન હોય ત્યાં ચાલી જા; કારણ કે અમે નાશ પામીશું તો તને બીજા પુત્રો થશે અને હે માતા! તું મરીશ તો પછી પ્રજાનો સંભવ ન હોવાથી આપણું કુલ ઉચ્છેદ પામશે.[૧૨,૧૩] આ બન્ને પક્ષનો વિચાર કરીને હે માતા! આપણા કુલનું જે રીતે કલ્યાણ થાય તે કરવાનો તારે આ અણીનો વખત છે.[૧૪] તું સર્વના વિનાશને માટે પુત્રોના ઉપર સ્નેહ રાખીશ નહિ; કારણ કે પિતૃ-લોકની કામનાવાળા અમારા પિતાનું આ પ્રજો-ત્પત્તિરૂપી કર્મ નિષ્ફલ જવું જોઇએ નહિ."[૧૫]

જરિતા બોલીઃ–"આ વૃક્ષની પાસેની જમીનમાં ઉંદરનું દર છે, તેમાં તમે બધા ઉતાવળથી પેસી જાઓ. એ દરમાં તમને અગ્નિનો ભય નડશે નહિ.[૧૬] હે પુત્રો! તમારા પેઠા પછી એ દરનું છિદ્ર હું ધૂળથી ઢાંકી દઇશ. બળતા અગ્નિથી બચવાનો આ એક ઉપાય છે, એમ મારૂં માનવું છે.[૧૭] હે પુત્રો! પછી અગ્નિ હોલવાઇ જશે ત્યારે હું તે ધૂળનો ઢગ કાઢવા માટે આવી પહોંચીશ. અગ્નિથી બચવાને માટે મારાં આ વચન તમને પસંદ પડો."[૧૮]

શાર્ઙ્ગકો બોલ્યાઃ–"હે માતા! અમે પાંખ-વિનાના કેવલ માંસના લોચા જેવા છીએ, તેથી માંસનું ભક્ષણ કરનારો ઉંદર અમને દરમાં મારી નાખશે. આ ભય ઉઘાડું જોઇએ છીએ, એટલે એ દરમાં અમે પેસી શકતા નથી.[૧૯] અગ્નિ અમને શું કરવાથી બાળે નહિ? ઉંદર અમારો કેવી રીતે નાશ કરે નહિ? અમારા પિતાની ઇચ્છા કેવી રીતે નિષ્ફલ જાય નહિ? અને અમારી માતા કેવી રીતે ઉગરે?[૨૦] જો દરમાં પેસીશું તો ઉંદર ખાઇ જશે અને આકાશમાં રહેતાં અગ્નિ બાળી મૂકશે; આ બન્ને વાતનો વિચાર કરતાં ઉંદરનું ભક્ષ્ય થવા કરતાં અગ્નિથી બળવું વધારે સારૂં છે; કારણકે દરમાં ઉંદર ખાઇ જશે, તો અમારૂં મરણ નિંદિત થયેલું ગણાશે અને અગ્નિથી શરીરનો દાહ કરવો એની તો શિષ્ટ પુરુષોએ પણ આજ્ઞા કરેલી છે."[૨૧,૨૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત મયદર્શનપર્વવિષે જરિતાવિલાપ નામનો અધ્યાય ૨૩૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૧ મો–શાર્ઙ્ગકોનું ડહાપણ

॥ जरितोवाच ॥

अस्माद्बिलान्निष्पतितमाखुं श्येनो जहार तम्॥
क्षुद्रं पद्भ्यां गृहित्वाच यातो नात्र भयं हि वः॥

જરિતા બોલીઃ–"હે પુત્રો! આ દરમાંથી બહાર નીકળેલા તે ક્ષુદ્ર ઉંદરને તો બાજ પક્ષી પગથી પકડીને લઈ ગયો છે; એટલે એ દરમાં હવે તમને ભય નથી."[૧]

શાર્ઙ્ગકો બોલ્યાઃ–"તે ઉંદરને બાજ પક્ષી ઉપાડી ગયો, એ અમે કોઇ રીતે જાણતા નથી. વળી એ દરમાં બીજા ઉંદરો પણ હશે તેમનાથી પણ અમને ભય રહે છેજ.[૨] અગ્નિ અહીં આવશે કે કેમ? એ વાતમાં સંશય છે; કારણકે તેને પવન બીજી તરફ ખેંચી જાય એવું પણ જોયું છે; અને દરમાં નિવાસ કરતાં તો અમારૂં મૃત્યુજ થાય એમાં સંશય નથી.[૩] ઓ મા! જ્યાં નિઃસંશય મૃત્યુ થતું હોય તે સ્થાનના કરતાં જ્યાં સંશયવાળું મૃત્યુ છે તે સ્થાનમાં રહેવું વધારે સારૂં છે. એટલે તું તારી મેળે

(સર્વનાશમાંથી અર્ધરક્ષણ ન્યાયથી) આકાશમાં જતી રહે. તું જીવીશ તો તને બીજા સારા પુત્રો થશે."[4]

જરિતા બોલી:–"હે પુત્રો! પક્ષીઓમાં શ્રેષ્ઠ એવા મહાબલવાન બાજને આ દરમાંથી ઉંદરને લઈને ઝડપથી જતો મેં જોયો છે[5] અને દરમાંથી ઉંદરને લઈને જ્યારે તે વેગથી જતો હતો, ત્યારે તેને આશીર્વાદ આપતી હું પણ તેની પાછળ ત્વરાથી ગઈ હતી.[6] મેં તેને આશીર્વાદ આપ્યો હતો કે:–'હે શ્યેનરાજ! અમારા દ્વેષી ઉંદરને તું લઇ જાય છે, માટે તારો સ્વર્ગમાં વાસ થજો, તારા શત્રુઓનો નાશ થજો અને તારી કાયા સુવર્ણની થજો.'[7] પછી જ્યારે તે બાજપક્ષી ઉંદરને ખાઇ ગયો, ત્યારે તેની રજા લઇને હું પાછી ઘેર આવી;[8] માટે હે પુત્રો! તમે વિશ્વાસ રાખીને એ દરમાં પેસી જાઓ, તમને હવે ભય નથી. મારા દેખતાંજ મહાત્મા બાજ ઉંદરને ઉપાડી ગયો છે."[9]

શાર્ઙ્ગકો બોલ્યા:–"હે માતા! બાજ ઉંદરને લઇ ગયો હોય એવી અમને કોઈ રીતે ખાત્રી થતી નથી અને તે ખાત્રી થયા વિના અમે એ દરમાં પેસી શકતાં નથી."[10]

જરિતા બોલી:–"ઉંદરને બાજ પકડી ગયો હતો તે હું સારી રીતે જાણું છું; માટે હે પુત્રો! મારાં વચન પ્રમાણે તમે કરો, એમાં પેસતાં તમને ભય નથી."[11]

શાર્ઙ્ગકો બોલ્યા:–"ઓ મા! આવો મિથ્યા દિલાસો દેવાથી તું અમને એ ભયમાંથી મુક્ત કરી શકીશ નહિ; કારણ કે જે કાર્યમાં સંશય રહે તે કાર્યમાં મૂર્ખોનીજ પ્રવૃત્તિ થાય છે.[12] વળી હે મા! અમે તમને ઉપકાર કર્યો નથી, તેમ અમે કોણ છીએ તે તું જાણતી નથી; તો આ રીતે પીડાઇને શામાટે અમારૂં પોષણ કરે છે? ખરી રીતે તો અમે તારા નથી અને તું અમારી નથી; અર્થાત્ માતા અને પુત્રનો સંબંધ એ તો માત્ર ભ્રાંતિથીજ કલ્પેલો છે.[13] તું યુવાન અને દેખાવડી છે, એટલે સ્વામી મેળવવાને યોગ્ય છે; માટે હે માતા! તું પતિની પાસે ચાલી જા. ત્યાં તું બીજા સુંદર પુત્રો પ્રાપ્ત કરશે.[14] અમે અગ્નિમાં બળીશું તો સારા લોકોને પ્રાપ્ત થઈશું અને અગ્નિ જો અમને ન બાળે તો તું અમારી પાસે પાછી આવજે."[15]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે શાર્ઙ્ગકોએ કહ્યું ત્યારે તે શાર્ઙ્ગી પોતાના પુત્રોને ખાંડવ વનમાં મૂકીને જ્યાં અગ્નિ આવી શકે નહિ તેવા ઉપદ્રવવિનાના નિર્ભય સ્થાનમાં ત્વરાથી ચાલી ગઈ.[16] તે પછી તીવ્ર જ્વાલાવાળો અગ્નિ જ્યાં મંદપાલના શાર્ઙ્ગક પુત્રો હતા ત્યાં ત્વરાથી આવી પહોંચ્યો.[17] જ્યારે શાર્ઙ્ગકોએ જાજ્વલિત થયેલા તે અગ્નિને જોયો, ત્યારે તેઓમાંથી જરિતારિ પોતાનાં વાક્યો અગ્નિને સંભળાવા લાગ્યો.[18]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત મયદર્શનપર્વવિષે શાર્ઙ્ગકોપાખ્યાન નામનો અધ્યાય ૨૩૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૨ મો–શાર્ઙ્ગકોએ કરેલી અગ્નિની સ્તુતિ અને તેઓનો બચાવ

॥ जरितारिरुवाच ॥

पुरतः कृच्छ्रकालस्य धीमान् जागर्ति पूरुषः ॥
स कृच्छ्रकालं संप्राप्य व्यथां नैवैति कर्हिचित् ॥

જરિતારિ બોલ્યો:–"જે બુદ્ધિમાન પુરુષ કષ્ટકાલ આવતાં પહેલાંજ સાવધ થાય છે, તે કષ્ટકાલ આવતાં કોઈ રીતે વ્યથા પામતો નથી;[1] પરંતુ જે ભાનવિનાનો પુરુષ આવતાં કષ્ટને સમજી શકતો નથી, તે કષ્ટના સમયમાં વ્યાકુલ થઈ જાય છે અને પોતાના મહાન કલ્યાણને પ્રાપ્ત થતો નથી."[2]

સારિસ્રક્ક બોલ્યો:–"તમે ધીર અને બુદ્ધિમાન છો. આ આપણને પ્રાણકષ્ટ આવી પડેલું છે. ઘણા હોય તેમાંથી ડાહ્યો અને શૂરો એકાદજ હોય છે, એમાં સંશય નથી."[3]

સ્તંબમિત્ર બોલ્યોઃ-"જે જ્યેષ્ઠ ભ્રાતા છે, તે પિતા ગણાય છે અને જે જ્યેષ્ઠ છે તે નાનાઓ-ને કષ્ટથી બચાવે છે. મોટો જો કષ્ટમાંથી બચાવી શકે નહિ તો નાનો શું કરી શકે ?"[૪]

દ્રોણ બોલ્યોઃ-"જેના મુખમાં સાત જિહ્વાઓ છે અને સુવર્ણ જેવું વીર્ય છે, એવો આ ક્રૂર અગ્નિ ખાઈ જતો હોય તેમ જાજ્વલિત થઈને આપણા સ્થાનમાં ત્વરાથી આવે છે."[૫]

વૈશંપાયન કહે છેઃ-મંદપાલના પુત્રો આ પ્રમાણે પરસ્પર કહીને પછી સાવધાન થઈ અગ્નિ-ની સ્તુતિ કરવા લાગ્યા. હે રાજા ! તેઓએ એ સ્તુતિ જે રીતે કરી તે તમે સાંભળો.[૬]

જરિતારિ બોલ્યોઃ-"હે જ્વલન ! તમે વાયુના આત્મા છો, તમે ઔષધિઓનું શરીર છો, પૃથ્વી અને પૃથ્વીની નીચેનું જલ તમારાથી ઉત્પન્ન થયું છે અને સ્વર્ગ ઉપરનું જલ પણ તમારાથી ઉત્પન્ન થયું છે.[૭] હે મહાવીર્ય ! સૂર્યનાં કિરણોની પેઠે તમારી જ્વાલાઓ ઉપર, હેઠળ, પાછળ અને બાજુઓ ઉપર પ્રસરે છે."[૮]

સારિસ્રક્ક બોલ્યોઃ-"હે ધૂમકેતો ! અમારી માતા નાસી ગઈ છે, પિતાને અમે ઓળખતા નથી તેમ અમને પાંખો પણ આવી નથી. હે અગ્નિ ! તમારાવિના અમારો ત્રાતા બીજો કોઇ નથી; માટે અમારૂં-બાલકોનું તમે રક્ષણ કરો.[૯] હે અગ્નિ ! અમે દુઃખી છીએ અને તમારે શરણે આવ્યા છીએ; માટે તમે તમારા લોકહિત-કારક શાંત સ્વરૂપથી તથા તમારી સપ્ત જ્વાલા-ઓથી અમારૂં રક્ષણ કરો.[૧૦] હે કર્મફલના દાતા ! તમેજ એકલા પ્રકાશિત થાઓ છો, સૂર્યનાં કિરણોમાં પણ ઉષ્ણતા મૂકનાર તમારાવિના બીજો કોઇ નથી. હે હવ્યને વહન કરનારા દેવ ! અમે ઋષિઓ છીએ અને હજી બાલકો છીએ, માટે અમારૂં રક્ષણ કરો અને અમારાથી દૂર જાઓ."[૧૧]

સ્તંબમિત્ર બોલ્યોઃ-"હે અગ્નિ ! આ સર્વ જણાય છે તે તમેજ છો, આ સઘળું જગત તમા-રામાં રહેલું છે, સર્વ ભૂતોને તમે ધારણ કરો છો અને ઉત્તમ હવીરૂપ પણ તમેજ છો. કેટલાક બુદ્ધિમાનો તમને એકરૂપ (કારણરૂપ) કહે છે અને કેટલાક તમને અનેકરૂપ (કાર્યરૂપ) પણ માને છે.[૧૨,૧૩] હે હવ્યવાહ ! આ ત્રણ લોકને તમેજ ઉત્પન્ન કરો છો અને કાલપ્રાપ્ત થતાં વૃદ્ધિ પામીને તમેજ પાછા તેનો સંહાર કરો છો. હે અગ્નિ ! સર્વ ભુવનની ઉત્પત્તિ તમારાથીજ થાય છે અને પાછો લય પણ તમારામાંજ થાય છે."

દ્રોણ બોલ્યોઃ-"હે જગત્પતિ ! તમે સર્વ પ્રાણીઓનાં શરીરમાં રહીને તથા નિત્ય વૃદ્ધિ પામીને તેમનાં ખાધેલાં અન્નને પચાવો છો. આ સર્વ જગત તમારામાંજ રહેલું છે.[૧૫] હે શુદ્ધ ! વેદો જેમની વાણીથી થયેલા એવા તમે સૂર્યના રૂપને ધારણ કરીને પોતાનાં કિરણોથી પૃથ્વી ઉપરનું જલ તથા ભૂમિમાં થયેલા સર્વ રસોને ગ્રહણ કરો છો અને ફરી જ્યારે સૃષ્ટિકાલ આવે છે ત્યારે તમેજ તેમને વૃષ્ટિરૂપથી વરસા-વીને ઉત્પન્ન કરો છો.[૧૬] હે શુક્ર ! ફરી તમા-રાથી આ લીલાં પાંદડાંવાળી વનસ્પતિઓ, સરો-વરો અને સુંદર સમુદ્ર પણ ઉત્પન્ન થાય છે.[૧૭] હે તીવ્ર જ્વાલાવાળા વહ્નિ ! આ અમારો દેહ વરુણને આધારે છે, અર્થાત્ રસના ઇંદ્રિયના અધિષ્ઠાતાને આધારે છે, એટલે પક્ષિદેહમાં સર્વ રસોનો સ્વાદ મળે છે; માટે તમે કલ્યાણરૂપ થઇને અમારા રક્ષક થાઓ. આજે અમારો નાશ કરશો નહિ.[૧૮] હે પિંગટ નેત્રવાળા ! હે રક્ત ગ્રીવાવાળા ! હે કૃષ્ણ ધૂમવાળા ! હે હુતાશન ! અમને નદીના પ્રવાહોની પેઠે છોડી દઇને તમે બીજી તરફ જાઓ."[૧૯]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે બ્રહ્મવાદી દ્રોણે કહ્યું, ત્યારે પ્રસન્ન થયેલો અગ્નિ, મંદપાલ-ની આગળ કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે દ્રોણને કહેવા લાગ્યો.[૨૦]

અગ્નિ કહે છેઃ-"હે દ્રોણ ! તું ખરેખર ઋષિ છે. તેં બ્રહ્મનું વર્ણન કર્યું છે, હું તારી ઇચ્છા પ્રમાણે કરીશ. હવે તને ભય નથી,[૨૧] પૂર્વે મંદપાલેજ મને તમારી ભલામણ કરી હતી કેઃ-'તું ખાંડવ વનને બાળે ત્યારે મારા પુત્રોને ઉગારી લેજે.'[૨૨] હે દ્રોણ ! તેનું તે વચન અને તેં અત્યારે કહ્યું તે બન્ને મારે વજન

આપવા જેવાં છે; માટે તું કહે, હું તારૂં શું કાર્ય કરૂં ? હે બ્રહ્મન્! હે સત્તમ! તારા સ્તોત્રથી હું ઘણો પ્રસન્ન થયો છું. તારૂં કલ્યાણ થાઓ."[૨૩]

દ્રોણ બોલ્યોઃ–"હે શુક! આ વનના બિલાડાઓ અમને નિત્ય ત્રાસ આપે છે, માટે હે હુતાશન! એ બધાને એમના બંધુઓની સાથે તમે બાળી મૂકો."[૨૪]

વૈશંપાયન કહે છેઃ–હે જનમેજય! તે પછી શાર્ઙ્ગકોને આજ્ઞા આપીને અગ્નિએ તે પ્રમાણે કર્યું અને પ્રદીપ્ત થઇને ખાંડવ વનને બાળી નાખ્યું.[૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત મયદર્શનપર્વવિષે શાર્ઙ્ગકોપાખ્યાન નામનો અધ્યાય ૨૩૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૩ મો–શાર્ઙ્ગકોપાખ્યાન–સર્વેનો સમાગમ

॥ वैशंपायन उवाच ॥

मंदपालोऽपि कौरव्य चिंतयामास पुत्रकान् ॥
उक्त्वापि च स तिग्मांशुं नैव शर्माधिगच्छति।१।

વૈશંપાયન કહે છેઃ–હે કૌરવ્ય! મંદપાલે પોતાના પુત્રોના રક્ષણને માટે અગ્નિને કહ્યું હતું તોપણ તેને શાંતિ વળી નહિ અને તે પુત્રોની ચિંતા કરવા લાગ્યા.[૧] પુત્રોને માટે સંતાપ કરતા તે પોતાની બીજી સ્ત્રી લપિતાને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–"ઓ લપિતા! મારા પુત્રો શી રીતે ઘરમાં રહેવા સમર્થ થશે ?[૨] જ્યારે અગ્નિ વધવા માંડશે અને વાયુ ઝપાટાથી વાવા માંડશે, તે વખતે મારા પુત્રો પોતાના રક્ષણને માટે અસમર્થ થઇ પડશે;[૩] તેમ ગરીબ બિચારી તેઓની માતા પણ અશક્ત હોવાથી શી રીતે તેમને બચાવી શકશે ? તે તો પુત્રોના રક્ષણનો ઉપાય ન જોતાં શોકથી પીડિતજ થશે.[૪] ઉડવાને અથવા ચાલવાને અશક્ત એવા મારા પુત્રોને જોઇને સંતાપ કરતી તે અનેક પ્રકારથી રોદન કરશે અને બચાવને માટે દોડાદોડ કરી મૂકશે. અરેરે, મારા જરિતારિપુત્રની, સારિસૃક્કની, સ્તંબમિત્રની, દ્રોણની અને તે તપસ્વિનીની શી દશા હશે ?"[૫,૬]

હે ભારત! આ પ્રમાણે મંદપાલ ઋષિ વનમાં રોદન કરતા હતા, તે વખતે તેમના પ્રત્યે ઈર્ષ્યા કરતી હોય તેમ લપિતા આ પ્રમાણે કહેવા લાગીઃ–[૭] "તમને પુત્રોની કાળજી થતી નથી; કારણ તમે મને કહેતા હતા કે 'તે તો તેજસ્વી અને વીર્યવાન ઋષિઓ છે.' તો પછી તેઓને અગ્નિનું ભય ન થીજ.[૮] વળી મારી સમક્ષમાં તમે અગ્નિને તેમની સોંપણી કરી છે અને મહાત્મા અગ્નિએ "હું તમારા પુત્રોને બાળીશ નહિ" એવું વચન પણ આપ્યું છે;[૯] એટલે લોકપાલ અગ્નિ તેવું વચન બોલીને તે મિથ્યા કરશે નહિ, તેથી હે સ્વસ્થ! તમારૂં મન પુત્રોના બચાવને માટે દોડતું નથી;[૧૦] પરંતુ મારી શોક્યના વિચારો આવવાથીજ તમને સંતાપ થાય છે. પૂર્વે તમારો જેવો તેનાપ્રત્યે સ્નેહ હતો તેવો સ્નેહ મારાપ્રત્યે નથીજ, એ હું ખાત્રીથી કહું છું.[૧૧] જે પુરુષ સહાયવાળો હોય, સગાંઓના ઉપર અત્યંત સ્નેહવાળો હોય અને સમર્થ હોય, તેવાએ પોતાનાં સ્ત્રી તથા પુત્રો પીડાતાં હોય ત્યારે તેમની ઉપેક્ષા કરવી એ કોઇ રીતે ન્યાયભરેલું ગણાય નહિ;[૧૨] માટે જે જરિતાને સારૂ તમને સંતાપ થાય છે, તેની પાસેજ તમે જાઓ અને નિર્બલ પુરુષની સ્ત્રીની પેઠે હું મારે એકલીજ અહીં ભટકીશ."[૧૩]

મંદપાલ બોલ્યાઃ–"તું જેમ ધારે છે તેમ હું વિષયવાસનાથી ભટકતો નથી; પરંતુ હું પ્રજોત્પત્તિને માટે ફરૂં છું અને તે મારા પુત્રો તો હમણાં કષ્ટમાં સપડાયલા છે.[૧૪] પોતાને જે પ્રાપ્ત થયેલું છે તેને છોડીને ભવિષ્યમાં પ્રાપ્ત થનારા અર્થની આશામાં જે બેસી રહે છે તે મંદ બુદ્ધિવાળો ગણાય છે તથા લોકો પણ તેની અવજ્ઞા

કરે છે; માટે હું પુત્રોની પાસે જઈશ અને તું તારી ઈચ્છામાં આવે તેમ કર.[૧૫] આ વૃક્ષોને બાળી નાખતો અને વધારે વધારે પ્રદીપ્ત થતો અગ્નિ ઉદ્વેગ પામેલા મારા હૃદયમાં અશુભ સંતાપ ઉત્પન્ન કરે છે."[૧૬]

વૈશંપાયન કહે છેઃ-જ્યારે શાર્ઙ્ગકોનાં રહેઠાણુથી અગ્નિ દૂર ગયો, ત્યારે પુત્રોની લાલસાથી વ્યાકુલ થયેલી જરિતા પુત્રોની પાસે પાછી આવી;[૧૭] અને તેણે અગ્નિથી મુક્ત થયેલા તથા વનમાં રોદન કરતા પુત્રોને ક્ષેમકુશલ જોયા.[૧૮] તેઓને જોઈને જરિતા વારંવાર આંસુ પાડવા લાગી અને પ્રત્યેક બાલકોને બોલાવી બોલાવીને તેમને ભેટી.[૧૯] હે ભારત ! એટલામાં ત્યાં મંદપાલ ઋષિ પણ સહસા આવી પહોંચ્યા. તે વખતે કોઇ પણ પુત્રે તેમને અભિનંદન આપ્યું નહિ[૨૦] મંદપાલે એકે એક પુત્રને તથા જરિતાને વારંવાર કરગરીને બોલાવ્યાં; પણ તે ઋષિને તેમાંથી કોઇએ સારૂં અથવા ખોટું કંઈપણ કહ્યું નહિ.[૨૧]

મંદપાલ બોલ્યાઃ-"જરિતા ! આમાં તારો મોટો પુત્ર કયો ? તેનાથી નાનો કયો ? મધ્યમ પુત્ર કયો ? અને સૌથી નાનો પુત્ર કયો ?[૨૨] દુઃખથી દીન બનીને હું તને વારંવાર પૂછું છું તોપણ તું મને કેમ ઉત્તર આપતી નથી ? હું તારો ત્યાગ કરીને અહીંથી ગયો હતો પણ મને ત્યાં શાંતિ વળી નથી."[૨૩]

જરિતા બોલીઃ-"મોટો કયો ? તેના પછીનો કયો ? મધ્યમ કયો અને કનિષ્ઠ કયો ? એ પૂછવાનું તમારે શું કામ છે?[૨૪] પહેલાં સર્વ પ્રકારે દીનહીન એવી મને ત્યજીને તમે જેની પાસે ગયા હતા, તેજ તમારી જોબનવાળી અને સુંદર હાસ્યવાળી લપિતાની પાસે જાઓ."[૨૫]

મંદપાલ બોલ્યોઃ-"અન્ય પુરુષનું સેવન સ્ત્રીઓના પરલોકના અર્થનો નાશ કરે છે અને શોકય આ લોકના અર્થનો નાશ કરે છે. એ વિના સ્ત્રીઓના અર્થને નાશ કરનારૂં બીજું કંઇ નથી.[૨૬] એ બન્ને (અનુક્રમે પુરુષના તથા સ્ત્રીના મનમાં) વૈરના અગ્નિને સળગાવે છે તથા અત્યંત ઉદ્વેગ કરાવે છે. શુભ વ્રતવાળી અને સર્વ લોકમાં પ્રસિદ્ધિ પામેલી એવી કલ્યાણી અરુંધતી પણ મહાત્મા વસિષ્ઠના તરફ શંકાથી જોતી હતી. તે મુનિ અત્યંત શુદ્ધ ભાવવાળા અને નિરંતર અરુંધતીનાં પ્રિય તથા હિતમાં તત્પર રહેતા હતા;[૨૭,૨૮] તોપણ સપ્તર્ષિની મધ્યમાં રહેલા તે વીર મુનિની તેણીએ અવગણના કરી હતી અને એ અવજ્ઞા કરવાથી અરુંધતી ધૂમ અને અરુણના જેવી પ્રભાવાળા, છુપાઈ રહીને જાણે પતિની ચેષ્ટા જોતી હોય તેવા ગુપ્ત રૂપવાળા અને વખતે દેખાતા તથા ન દેખાતા એવા તારાના રૂપથી સપ્તર્ષિમંડલમાં જણાય છે. હું તારો આપ્ત છું અને પુત્રોને માટે અહીં આવ્યો છું; છતાં તું અરુંધતીની પેઠે મારા તરફ શંકા કરે છે. તારી પેઠેજ પુત્રોને માટે હું વ્યાકુલ થતો હતો, ત્યારે તે લપિતા પણ શંકા કરતી હતી;[૨૯,૩૦] માટે પુરુષે, આ મારી ભાર્યા છે એમ ધારીને ભાર્યાનો વિશ્વાસ કરવો નહિ; કારણ કે જ્યારે સ્ત્રીને પુત્ર થાય છે ત્યાર પછી તે પતિસેવાની સ્પૃહા રાખતી નથી."[૩૧]

વૈશંપાયન કહે છેઃ-એ સાંભળ્યા પછી તે બધા પુત્રો ઋષિનો સારી રીતે સત્કાર કરવા લાગ્યા અને મંદપાલ ઋષિ પણ તે પુત્રોનું આશ્વાસન કરવા તત્પર થયા.[૩૨]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત મયદર્શનપર્વવિષે શાર્ઙ્ગકોપાખ્યાન નામનો અધ્યાય ૨૩૩ મો સમાપ્ત.

અધ્યાય ૨૩૪ મો-ઈંદ્રનું વરપ્રદાન

॥ मंदपाल उवाच ॥
युष्माकमपवर्गार्थं विज्ञप्तो ज्वलनो मया ॥
अग्निना च तथेत्येवं प्रतिज्ञातं महात्मना॥१॥

મંદપાલ બોલ્યાઃ-" હે પુત્રો ! તમારા બચાવને માટે મેં અગ્નિની પ્રાર્થના કરી હતી અને મહાત્મા અગ્નિએ 'હું તમારા પુત્રોને બચાવીશ' એવું વચન આપ્યું હતું.[૧] તે અગ્નિના વચનને, તમારી માતાના ધર્મજ્ઞપણાને અને તમારા પરમ પ્રભાવને જાણીનેજ હું પ્રથમ અહીં આવ્યો ન હતો;[૨] તેથી હે પુત્રો ! મારા સંબંધમાં તમારા હૃદયમાં સંતાપ કરશો નહિ. વળી અગ્નિ, તમે બધા ઋષિઓ છો તે જાણે છે અને તમે પણ વેદાંતપ્રસિદ્ધ બ્રહ્મને જાણો છો."[૩]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે જેઓનું આશ્વાસન કરેલું એવા પુત્રોને તથા પોતાની ભાર્યાને લઇને મંદપાલ ઋષિ તે દેશમાંથી અન્ય દેશમાં જઇ રહ્યા.[૩,૪] તીવ્ર જ્વાલાવાળા ભગવાન અગ્નિએ પણ શ્રીકૃષ્ણ તથા અર્જુનની સહાયથી જગતના હિતને અર્થે પ્રદીપ્ત થઇને ખાંડવ વનને બાળી નાખ્યું.[૫] પ્રાણીઓની ચરબી, રુધિર ઈત્યાદિ વહન કરનારી નદીઓનું પાન કરીને અગ્નિ પરમ તૃપ્ત થયો અને તેણે અર્જુનને સાક્ષાત્ દર્શન આપ્યાં.[૬] તે પછી ભગવાન ઇંદ્ર પણ મરુદ્ગણોની સાથે અંતરિક્ષમાંથી નીચે આવ્યા અને શ્રીકૃષ્ણ તથા અર્જુનને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-[૭] "તમે બન્નેએ દેવોથી પણ ન થાય તેવું આ દુષ્કર કાર્ય કર્યું છે અને તેથી હું પ્રસન્ન થયો છું; માટે તમે અહીં પુરુષોને દુર્લભ હોય એવો વર માગો."[૮] તે વખતે અર્જુને ઇંદ્રની પાસેથી તમામ અસ્ત્રો માગ્યાં; ત્યારે મહા તેજસ્વી ઇંદ્રે તે અસ્ત્રો આપવાને માટે અર્જુનને કાલ જણાવતાં કહ્યું કેઃ-"જ્યારે ભગવાન મહાદેવ તારા ઉપર પ્રસન્ન થશે, ત્યારે હે પાંડવ ! હું તને સર્વ અસ્ત્રો આપીશ.[૯,૧૦] હે કુરુનંદન ! એ કાલ કયારે આવશે તે હું પોતેજ જાણીશ અને તારા મોટા તપને લીધે હું તને તે આપીશ.[૧૧] હે ધનંજય ! સર્વે આગ્નેયાસ્ત્રો, સર્વ પ્રકારનાં વાયવ્યાસ્ત્રો અને મારાં સર્વ અસ્ત્રોને તું ત્યારે ગ્રહણ કરીશ."[૧૨]

તે પછી વાસુદેવે પણ અર્જુનની સાથે અવિચ્છિન્ન પ્રીતિ રહે એવો વર માગ્યો અને બુદ્ધિમાન કૃષ્ણને સુરપતિ ઇંદ્રે તે આપ્યો.[૧૩] આ પ્રમાણે શ્રીકૃષ્ણ તથા અર્જુનને વરદાન આપીને તથા અગ્નિને રજા આપીને દેવોની સાથે સમર્થ ઇંદ્ર સ્વર્ગમાં ગયા.[૧૪] અગ્નિ પણ પશુ-પક્ષીઓની સાથે ખાંડવ વનને બાળીને સારી પેઠે તૃપ્ત થઈ પંદર દિવસે શાંત થયો.[૧૫] માંસોનું ભક્ષણ કરીને તથા ચરબી અને રુધિર પીને પરમ પ્રસન્ન થયેલો અગ્નિ શ્રીકૃષ્ણને તથા અર્જુનને કહેવા લાગ્યોઃ-[૧૬] "હે વીરો ! પુરુષોમાં અગ્રણી એવા તમોએ મને સુખરૂપ તૃપ્ત કર્યો છે. હવે હું તમને રજા આપું છું. તમે તમારી ઈચ્છામાં આવે ત્યાં જાઓ."[૧૭]

મહાત્મા અગ્નિએ આ પ્રમાણે જવાની રજા આપી ત્યારે અર્જુન, વાસુદેવ તથા મયદાનવ એ ત્રણેએ અગ્નિની પરિક્રમા કરી; પછી હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! બધા રમણીય એવા નદીના તીર ઉપર જઇને સાથે બેઠા.[૧૮,૧૯]

ઈતિ શ્રીમહાભારતમાં વ્યાસકૃત શતસહસ્ર સંહિતાંતર્ગત આદિપર્વવિષે મયદર્શન પર્વમાં વરપ્રદાન નામનો ૨૩૪ મોઅધ્યાય સમાપ્ત.

મયદર્શન પર્વ સમાપ્ત.

* अग्निमप्यग्निमांद्यार्त्तं नरनारायणावृषी । खांडवौषधिदानेन निरोगं चक्रतुर्यथा ॥ देवोऽपि दैह्यदुःखार्तो मानुषादेस्तु का कथा । शरणीकरणीयोऽतः सर्वदुःखोपहा हरिः ॥

અગ્નિમાંદ્યથી પીડાતા અગ્નિને પણ નર તથા નારાયણ ઋષિએ ખાંડવ વનરૂપી ઓષધિ આપીને જે રીતે નિરોગ કર્યો હતો એ ખાંડવદાહ પર્વમાં કહ્યું છે. આ ઉપરથી દેવ પણ દેહદુઃખથી પીડાય છે તો મનુષ્યાદિક પીડાય તેમાં નવાઇજ શી ? માટે સર્વ જનોએ દુઃખનિવૃત્તિને માટે સર્વ દુઃખને હણનારા શ્રીહરિનું શરણ લેવું એ તાત્પર્ય છે.　　गणेश

आदिपर्व

समाप्त

श्रीमहाभारत

२-सभापर्व

महर्षि कृष्णद्वैपायनविरचित

श्रीमहाभारत

२–सभापर्व



सभाक्रियापर्व

અધ્યાય ૧ લો–શ્રીકૃષ્ણે મયદાનવને સભા કરી આપવા આજ્ઞા કરી તથા સભાસ્થાનનો નિર્ણય.

श्रीवेदव्यासाय नमः

मंगलश्लोकः–नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥ १ ॥

શ્રીનારાયણને, નરોમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરીને જયરૂપ ગ્રંથનો ઉચ્ચાર કરવો.[1]

વૈશંપાયન કહે છેઃ*–તે પછી શ્રીકૃષ્ણની સમીપમાં મયનામા દાનવ અર્જુનને વારંવાર માન આપીને તથા બે હાથ જોડીને મધુર વાણીથી કહેવા લાગ્યો.[2]

---

* આદિપર્વના અંતમાં શાર્ઙ્ગકો જ્ઞાનબલવડેજ અગ્નિથી મુક્ત થયાં હતાં એ વર્ણવ્યું છે. હવે તે જ્ઞાન ભગવદ્‌ભક્તિના બલવડેજ પ્રાપ્ત થાય છે એ પ્રતિપાદન કરવા માટે આ સભાપર્વનો આરંભ કરે છે. તે ભક્તિમાં પણ રુચિ ઉત્પન્ન થવા માટે, ભક્તિનાં બલવડેજ પાંડવોને દિવ્ય સભાનો લાભ વગેરે ઐશ્વર્ય વર્ણવેલું છે; દ્વેષવડે કરેલું ભગવદ્‌ધ્યાન પણ ભગવાનની સયુજ્ય મુક્તિ આપનારૂં થાય છે, એ શિશુપાલની ભગવત્પ્રાપ્તિવડે ધ્યાનનું માહાત્મ્ય

મય બોલ્યોઃ-“ હે કુંતીપુત્ર ! આ અત્યંત ક્રોધ પામેલા શ્રીકૃષ્ણથી તથા બાળી મૂકવાની ઇચ્છાવાળા અગ્નિથી તમે મારૂં રક્ષણ કર્યું છે, માટે કહો હું તમારૂં કયું કાર્ય કરૂં ? ” ૩

અર્જુન કહે છેઃ-“ હે મહાસુર ! તેં અમારૂં સર્વ કર્યુંજ છે. તું ક્ષેમકુશલ તારા સ્થાનમાં જા અને અમારા તરફ નિરંતર પ્રીતિ રાખજે તથા અમે પણ તારા તરફ પ્રીતિ રાખીશું. ” ૪

મય કહે છેઃ-“ હે પુરુષશ્રેષ્ઠ ! તમે જે કહો છો તે તમારે માટે યોગ્યજ છે; પરંતુ હે વિભો ! હે ભારત ! હું પ્રેમથી તમારૂં કંઇક કાર્ય કરી આપવાની ઇચ્છા રાખું છું. ૫ હે પાંડવ ! હું દાનવોનો વિશ્વકર્મા છું અને શિલ્પકલામાં પંડિત છું; માટે હું તમારે સારૂં કંઇ કરવાની ઈચ્છા રાખું છું. ” ૬

અર્જુન કહે છેઃ-“હે દાનવ ! તું મારાવડે પોતાને પ્રાણકષ્ટથી મુક્ત થયેલો માને છે અને તેનો પ્રત્યુપકાર કરવા ધારે છે તો એ સ્થિતિમાં હું તારી પાસે કંઈ પણ કરાવી શકતો નથી, ૭ તેમજ હે દાનવ ! હું તારા સંકલ્પને મિથ્યા કરવા પણ ઈચ્છતો નથી, માટે તું શ્રીકૃષ્ણનું કંઈ પણ કાર્ય કર; એટલે હું મને પોતાને પ્રત્યુપકાર થયેલો માનીશ. ”

તે પછી હે ભરતશ્રેષ્ઠ ! મયદાનવે શ્રીકૃષ્ણને આજ્ઞા કરવા પ્રાર્થના કરી, ત્યારે ‘ આને કયું કામ સોંપવું ’ એ સંબંધમાં શ્રીકૃષ્ણે અલ્પકાલ વિચાર કર્યો. ૮,૯ પછી મનસાથે નિશ્ચય કરીને સર્વ લોકના નાથ અને સર્વ પ્રજાના અધિપતિ એવા શ્રીકૃષ્ણે મયદાનવને કહ્યું કેઃ-“હે શિલ્પશાસ્ત્રીઓમાં મુખ્ય દાનવ ! જો તું અમારૂં પ્રિય કરવા ઇચ્છતો હોય તો ધર્મરાજાને માટે તારી ઈચ્છામાં આવે તેવી સભા કરી આપ. ૧૦,૧૧ જે સભાને જોઇને ચકિત થયેલાં મનુષ્યો આ મનુષ્ય લોકમાં બીજી તેવી કોઇ સભા કરી શકે નહિ એવી સભા તું તૈયાર કર. ૧૨ વળી હે મય ! જે સભામાં તેં નિર્માણ કરેલાં દેવોનાં, અસુરોનાં તથા મનુષ્યાદિકોનાં ચિત્રોમાં અમે તેઓના મનોભાવોને જોઈ શકીએ તેવી સભા તું તૈયાર કર. ૧૩

વૈશંપાયન કહે છેઃ-આવાં શ્રીકૃષ્ણનાં વાકયને સ્વીકારીને અત્યંત પ્રસન્ન થયેલા મયદાનવે પાંડવોને માટે વિમાનના જેવી સુંદર સભા નિર્માણ કરવા નિશ્ચય કર્યો. ૧૪ તે પછી શ્રીકૃષ્ણ અને અર્જુને ધર્મરાજા યુધિષ્ઠિરની આગળ આવીને આ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું તથા મયનામા દાનવને પણ દેખાડયો. ૧૫ તે વખતે યુધિષ્ઠિર રાજાએ મયદાનવનો યોગ્ય સત્કાર કર્યો અને હે ભારત ! મયદાનવે પણ આદરથી તે સત્કાર ગ્રહણ કર્યો, ૧૬ હે ભરતકુલોત્પન્ન રાજા ! તે વખતે મયદાનવે, ત્યાં પાંડવોની આગળ પૂર્વે થયેલા વૃષપર્વારાજાનું ચરિત્ર વર્ણવ્યું. ૧૭ પછી કેટલોક સમય વિશ્રાંતિ લઇને તથા કેવી સભા કરવી તેનો વિચાર કરીને મયદાનવે મહાત્મા પાંડવોને માટે સભા કરવાની તૈયારી કરવા માંડી. ૧૮ તે પછી મહાત્મા શ્રીકૃષ્ણના તથા પૃથાના પુત્રોના અભિપ્રાય પ્રમાણે પવિત્ર દિવસે મહાતેજસ્વી મયદાનવે ઉત્સવનિમિત્તે મંગલ કાર્યો કર્યાં, ૧૯ હજારો શ્રેષ્ઠ બ્રાહ્મણોને દૂધપાકના ભોજનથી તૃપ્ત કર્યા તથા તેમને અનેક પ્રકારનું ધન આપ્યું. તે પછી વીર્યવાન મયદાનવે સર્વ ઋતુઋતુના ગુણોથી સંપન્ન, દિવ્ય દેખાવવાળી તથા મનને આનંદ આપે તેવી સભા કરવા માટે ચોતરફથી દશદશ હજાર હાથ ભૂમિની માપણી કરી. ૨૦,૨૧

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત સભાક્રિયાપવ વિષે સભાસ્થાનનિર્ણય નામનો અધ્યાય ૧ લો સમાપ્ત.

કહ્યું છે; નિરપરાધી પાંડવો પ્રત્યે અભક્ત એવા દુર્યોધનાદિને દ્વેષ ઉત્પન્ન થયો, એથી અભક્તોના દોષો સૂચવ્યા છે; દ્યૂતમાં દ્રૌપદીના રક્ષણવડે ભગવાનનો ભક્તપ્રત્યે પક્ષપાત જણાવ્યો છે; તથા સમર્થ એવા પાંડવોને અપરાધી એવા દુર્યોધનાદિ પ્રત્યે પણ કોપ ન થયો, એવી ભક્તોની સહનશક્તિ વર્ણવી છે. તેમાં પ્રથમ ઉપકાર કરનારને અવશ્ય પ્રત્યુપકાર કરવો, એ દર્શાવવા અગ્નિથી મુક્ત કરેલા મયદાનવે પાંડવોને અદ્‌ભુત સભા કરી આપી એ વર્ણવે છે.

અધ્યાય ૨ જો-શ્રીકૃષ્ણ દ્વારકા ગયા.

॥ वैशंपायन उवाच ॥
उषित्वा खांडवप्रस्थे सुखवासं जनार्दनः ॥
पार्थैः प्रीतिसमायुक्तैः पूजनार्होऽभिपूजितः॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી પૂજન કરવા ચોગ્ય એવા જનાર્દન શ્રીકૃષ્ણે પ્રીતિયુક્ત એવા પાંડવોથી પૂજા સન્માન પામીને તથા ઇંદ્રપ્રસ્થમાં સુખપૂર્વક નિવાસ કરીને, પિતાનાં દર્શનની લાલસાથી ત્યાંથી દ્વારકાં જવાની ઈચ્છા કરી. એટલે તે વિશાલ નેત્રવાળા શ્રીકૃષ્ણે ધર્મરાજાની આજ્ઞા લીધી તથા જગતે વંદન કરવા ચોગ્ય એવા કૃષ્ણે પોતાની ફોઈ પૃથાના ચરણમાં મસ્તકવડે પ્રણામ કર્યા તે વખતે કુંતીએ કેશવને આલિંગન કર્યું અને પ્રેમથી તેમનું મસ્તક સુંઘ્યું.[૧-૩] તે પછી મહાયશસ્વી એવા શ્રીકૃષ્ણ પોતાની બ્હેન સુભદ્રાની પાસે ગયા અને તેની પાસે જતાં ઇંદ્રિયોને વશ રાખનારા એવા કૃષ્ણને પણ પ્રીતિવડે આંસુ આવી ગયાં. તે પછી ભગવાને કલ્યાણભાષિણી કલ્યાણી સુભદ્રાપ્રત્યે હિત વચનો કહ્યાં; જે વચનો અર્થયુક્ત, સત્ય, અલ્પ, યુક્તિયુક્ત અને ઉત્તર ન અપાય તેવાં હતાં.[૪,૫] સુભદ્રાએ પણ પોતાની માતાવગેરે સગાંઓને કુશલસમાચાર કહાવ્યા તથા શ્રીકૃષ્ણને મસ્તકવડે અભિવંદન કરીને વારંવાર તેમનું સારી પેઠે સન્માન કર્યું.[૬] તે પછી તેજસ્વિની એવી સુભદ્રાની રજા લઇને તથા તેને ખુશી કરીને ત્યાંથી વૃષ્ણિનંદન શ્રીકૃષ્ણ દ્રૌપદીને તથા ધૌમ્યને મળ્યા અને પુરુષોત્તમ શ્રીકૃષ્ણે ધૌમ્યગુરુને યથાયોગ્ય વંદન કર્યું તથા દ્રૌપદીનું સાંત્વન કરીને તેની રજા લીધી. તે પછી બલવાન એવા શ્રીકૃષ્ણ અર્જુનને સાથે લઇને પોતાના ફોઇઆત ભાઇઓની પાસે ગયા એટલે તે પાંચ ભાઈઓ વિદ્વાન એવા શ્રીકૃષ્ણને, જેમ દેવો ઇંદ્રને વીંટાઈ વળે તેમ વીંટાઈ વળ્યા.[૭-૯] તે પછી ગરુડધ્વજ ભગવાને પ્રયાણસમયને યોગ્ય એવાં કર્મો કરવામાટે સ્નાન કરીને શુદ્ધ થઇ અલંકારો ધારણ કર્યાઃ-[૧૦] અને તે યદુશ્રેષ્ઠે પુષ્પોથી, જપથી, નમસ્કારથી અને જાત જાતના સુગંધોથી બ્રાહ્મણો અને દેવોનું પૂજન કર્યું[૧૧] આ રીતે યાદવોમાં શ્રેષ્ઠ એવા સનાતન પ્રભુ સર્વ કાર્યો કરીને પછી ત્યાંથી નીકળ્યા અને મહેલથી બહાર દરવાજા આગળ આવ્યા. પછી ત્યાંથી નીકળીને તેમણે પૂજ્ય બ્રાહ્મણોને દહીં, પૂર્ણપાત્ર, ફલો તથા અક્ષતો આપીને સ્વસ્તિવાચન કરાવ્યું તથા દક્ષિણા આપીને તેઓની પ્રદક્ષિણા કરી.[૧૨,૧૩] તે પછી કમલનયન પ્રભુએ ગરુડચિન્હિત ધ્વજાવાળા, શીઘ્ર ગતિવાળા, ગદા, ચક્ર, ખડ્ગ, શાર્ઙ્ગ ધનુષ વગેરે આયુધોથી ભરપૂર અને શૈબ્ય તથા સુગ્રીવ નામના ઘોડા જેને જોડેલા એવા શુભ રથમાં બેસીને ઉત્તમ તિથિ, શુભ નક્ષત્ર અને સારા મુહૂર્તમાં પ્રયાણ કર્યું[૧૪,૧૫] તે વખતે કુરુપતિ યુધિષ્ઠિર રાજા પણ શ્રીકૃષ્ણના બેઠા પછી એ રથ ઉપર ચઢ્યા અને પ્રેમવડે શ્રીકૃષ્ણના ઉત્તમ સારથી દારુકને દૂર કરી, પોતે ઘોડાના દોર હાથમાં લીધા; મહાબાહુ અર્જુન પણ રથ ઉપર ચઢીને સુવર્ણના દાંડાવાળું શ્વેત ચામર શ્રીકૃષ્ણની જમણી તરફ ઉડાડવા લાગ્યો; તેમજ બલવાન ભીમસેન પણ નકુલ, સહદેવ, ઋત્વિજો તથા નગરના લોકોની સાથે કૃષ્ણની પાછળ પાછળ જવા લાગ્યો. આ પ્રમાણે સર્વ ભાઇઓ જેમની જોડે પ્રયાણ કરતા હતા એવા શત્રુવીરને હણનારા શ્રીકૃષ્ણ, જેમ પ્રિય શિષ્યોની સાથે ગુરુ શોભે તેમ શોભવા લાગ્યા. આ રીતે બે ગાઉ ગયા પછી ગોવિંદે અર્જુનને ગાઢ આલિંગન કરીને તેની પાસે જવાની રજા લીધી તથા યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ તથા સહદેવનું સન્માન કર્યું. યુધિષ્ઠિર તથા ભીમસેન પણ શ્રીકૃષ્ણને સારી પેઠે ભેટ્યા અને નકુલ તથા સહદેવે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યો. તે પછી શત્રુનાં નગરને જીતનારા એવા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરની રજા લીધી અને હે

ભારત ! "તમે હવે પાછા જાઓ" એમ કહ્યું. પછી ધર્મવેત્તા ગોવિંદે પ્રણામ કરીને યુધિષ્ઠિરના ચરણનો સ્પર્શ કર્યો એટલે ધર્મરાજે કેશવને ઉઠાડીને તેમનું મસ્તક સુઘ્યું.[૧૯–૨૩] પછી પાંડુપુત્ર ધર્મરાજા યુધિષ્ઠિરે, યાદવોમાં શ્રેષ્ઠ એવા કમલનયન શ્રીકૃષ્ણને 'હવે તમે જાઓ' એમ કહીને આજ્ઞા આપી.[૨૪] તે પછી મધુસૂદને 'હું ફરી આવીશ' એવું કહીને, અનુચરોની સાથે પાંડવોને મહા મહેનતે પાછા વાળ્યા;[૨૫] અને જેમ ઇંદ્ર અમરાવતીપ્રત્યે જાય તેમ પ્રસન્ન થઇને પોતાની નગરી તરફ ચાલ્યા. તે વખતે પાંડવો જ્યાં સુધી દૃષ્ટિ પહોંચી ત્યાં સુધી શ્રીકૃષ્ણને નેત્રોવડે જોઇ રહ્યા. પછી જ્યારે તે દેખાતા બંધ થયા ત્યારે અતિશય પ્રીતિવડે તેઓ મનવડે તેમનું ધ્યાન કરવા લાગ્યા. આ રીતે કેશવનાં દર્શનથી તેઓનાં મન તૃપ્ત થયાં ન હતાં એટલામાંજ ચક્ષુને પ્રિયદર્શન એવા શ્રીકૃષ્ણ તત્કાલ અંતર્ધાન થઇ ગયા. પછી શ્રીકૃષ્ણનાં દર્શનનો મનોરથ જેઓનો પૂર્ણ ન થયેલો એવા પાંડવો ગોવિંદમાં મન જોડીને પાછા વળ્યા અને તે પુરુષશ્રેષ્ઠો તત્કાલ પોતાના નગરમાં આવ્યા. શ્રીકૃષ્ણ પણ પોતાની પાછળ આવતા વીર સાત્વતની સાથે દારુક સારથિએ હંકારેલા રથવડે ઉતાવળથી દ્વારકા તરફ ચાલવા લાગ્યા અને તે દેવકીપુત્ર વિષ્ણુ ભગવાન વેગવાળા ગરુડની પેઠે દ્વારકા પહોંચ્યા.[૨૬–૩૦]

વૈશંપાયન કહે છેઃ–ધર્મથી કોઈવાર ભ્રષ્ટ ન થયેલા એવા ધર્મરાજાએ પણ પોતાના ભાઇઓ તથા સંબંધીઓની સાથે પાછા વળીને પોતાના ઉત્તમ નગરમાં પ્રવેશ કર્યો.[૩૧] હે નૃપ! તે પછી પુરુષોમાં વ્યાઘ્ર જેવા ધર્મરાજા, સઘળા સંબંધીઓ, ભાઇઓ તથા પુત્રોને પોતપોતાનાં સ્થાનમાં જવાની રજા આપીને પોતે દ્રૌપદીની સાથે આનંદ કરવા લાગ્યા.[૩૨] શ્રીકૃષ્ણ પણ ઉગ્રસેન વગેરે શ્રેષ્ઠ યાદવોથી સન્માન પામીને, હર્ષયુક્ત થઈ ઉત્તમ નગર દ્વારકામાં પેઠા.[૩૩] ત્યાં ઉગ્રસેન, વૃદ્ધ પિતા, યશસ્વિની માતા તથા બલરામને પ્રણામ કરીને કમલનયન શ્રીકૃષ્ણ ઉભા રહ્યા.[૩૪] તે પછી જનાર્દને પ્રદ્યુમ્ન, સાંબ, નિશઠ, ચારૂદેષ્ણ, ગદ, અનિરુદ્ધ તથા ભાનુને આલિંગન કર્યું.[૩૫] પછી વડીલોની આજ્ઞા પામીને તે રૂક્મિણીના ભવનમાં ગયા. આ તરફ મહાભાગ્યશાલી મયદાનવે પણ ધર્મપુત્ર યુધિષ્ઠિરને માટે સર્વ રત્નોવડે સુશોભિત એવી સભાને વિધિપૂર્વક નિર્માણ કરવા માંડી.[૩૬]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત સભા ક્રિયાપર્વવિષે ભગવાનનું પ્રયાણ નામનો અધ્યાય ૨ જો સમાપ્ત.

અધ્યાય ૩ જો–મયદાનવે સભા તૈયાર કરી.

॥ वैशंपायन उवाच ॥

अथाब्रवीन्मयः पार्थमर्जुनं जयतां वरम् ॥
आपृच्छे त्वां गमिष्यामि पुनरेष्यामि चाप्यहम्॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી મયદાનવે વિજયીઓમાં શ્રેષ્ઠ એવા અર્જુનને કહ્યું કેઃ–" હું તમારી રજા લઇને હમણાં જાઉ છું અને પછી પાછો આવીશ"[૧] કૈલાસ પર્વતની ઉત્તરમાં મૈનાકપર્વત આવેલો છે; ત્યાં પૂર્વે દાનવો યજ્ઞ કરવાના હતા, ત્યારે મેં બિંદુ સરોવર ઉપર ચિત્રવિચિત્ર મણિથી બનાવેલા રંગોનું એક રમણીય સંગ્રહપાત્ર કર્યું હતું અને તે સત્ય પ્રતિજ્ઞાવાળા વૃષપર્વાની સભામાં ત્યારે હતું. હે ભારત ! જો તે પાત્ર ત્યાં રહ્યું હશે તો તે લઇને હું પાછો આવું છું, અને તે પછી હું પાંડવને માટે યશને વધારનારી, મનને આનંદ આપનારી અને સર્વ રત્નોથી સુશોભિત એવી એક વિચિત્ર સભા તૈયાર કરીશ. વળી હે કુરુનંદન! વૃષપર્વારાજાએ યુદ્ધમાં શત્રુઓને હણીને બિંદુસરોવર ઉપર એક ઉગ્ર ગદા મૂકેલી હતી અને તે ત્યાં હશે એમ હું માનું છું. તે ગદા સુવર્ણનાં બિંદુઓથી વિચિત્ર દેખાવવાળી ઘણા ભારવાળી, બીજી ગદાના પ્રહારને સહન કરે તેવી મજબૂત,[૨–૬]

એક લાખ ગદાની બરોબરી કરે તેવી અને શત્રુને સંહારનારી છે. જેમ તમારે માટે ગાંડીવ ધનુષ છે, તેમ તે ગદા ભીમસેનને માટે યોગ્ય છે.[૭] વળી ત્યાં એક પ્રચંડ શબ્દવાળો વરુણનો દેવદત્ત નામનો મોટો શંખ પણ છે, એ બધું લાવીને હું તમને આપીશ એમાં સંશય રાખશો નહિ"[૮]

આ પ્રમાણે અર્જુનને કહીને મયનામા-દાનવ ઈશાનદિશા તરફ ગયો. ત્યાં કૈલાસપર્વતની ઉત્તરમાં આવેલા મૈનાકપર્વતમાં રહેલો હિરણ્ય-શૃંગ નામનો મહામણિમય મહાન પર્વત છે. ત્યાં રમણીય બિંદુસરોવર આવેલું છે. તે સરોવરના તીર ઉપર ભાગીરથી ગંગાનાં દર્શનને માટે ભગીરથરાજા ઘણાં વર્ષ સુધી રહ્યા હતા. વળી હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! ત્યાં સર્વ ભૂતના અધિપતી એવા મહાત્મા પ્રજાપતિએ સો મોટા યજ્ઞો કર્યા હતા. જેમાં મણિમય સ્તંભો અને સુવર્ણમય ચૈત્યો શોભાને માટે નહિ પણ શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવ્યા હતા. તે સ્થાનમાં શચીના પતિ સહસ્રનયન ઈંદ્ર પણ યજ્ઞો કરીને સિદ્ધિ પામ્યા હતા,[૯–૧૩] વળી ત્યાં ભૂતોના પતિ મહાદેવ પણ સર્વ લોકોને ઉત્પન્ન કરીને રહેલા છે, અને તે તીવ્ર તેજવાળા સનાતનદેવની હજારો ભૂતો ઉપાસના કરે છે.[૧૪] વળી જ્યારે હજાર યુગો જાય છે ત્યારે તે સ્થાનમાં નર, નારાયણ, બ્રહ્મા, યમ અને પાંચમા રુદ્ર, એ બધાઓ યજ્ઞ કરે છે,[૧૫] ત્યાં વાસુદેવે ધર્મના રક્ષણને માટે અનેક વર્ષો પર્યંત સતત શ્રદ્ધાથી યજ્ઞો કર્યા હતા;[૧૬] અને તેમાં કેશવે સુવર્ણથી સુશોભિત એવા હજારો અને લાખોબંધી સ્તંભો અને અતિ તેજસ્વી ચૈત્યો બ્રાહ્મણોને આપ્યા હતા.[૧૭] હે ભારત મયનામા દાનવ ત્યાં ગયો અને તેણે ત્યાંથી ગદા તથા શંખ લીધાં અને વૃષપર્વારાજાની સભા કરવા અનેક રત્નોથી જે નાનાવિધ રંગો તૈયાર કરેલા હતા અને જે કિંમતી રંગોનું કિંકર નામના રાક્ષસોની સાથે મયદાનવે રક્ષણ કરેલું હતું તે બધા રંગોને મહાસુર મયે ત્યાં જઇને લીધા,[૧૮,૧૯] તે લઈને આવ્યા પછી તે અસુરે ત્રણે લોકમાં પ્રખ્યાત, દિવ્ય, મણિમયી તથા શુભ એવી અતુલ સભા તૈયાર કરી;[૨૦] અને તે વખતે તેણે સર્વોત્તમ એવી ગદા ભીમસેનને આપી, તેમજ શંખોમાં અત્યુત્તમ એવો દેવદત્ત નામનો શંખ અર્જુનને આપ્યો.[૨૧] કે જે શંખના નાદવડે ભૂતો કંપી ઉઠતાં હતાં. હે મહારાજ ! તેણે જે સભા તૈયાર કરી તે સુવર્ણનાં વૃક્ષોથી યુક્ત હતી તથા ચોમેરથી દશ દશ હજાર હાથ લાંબી પહોળી હતી. વળી અગ્નિની, સૂર્યની અને ચંદ્રની સભાઓ જેવી પ્રકાશમાન છે તેવી તે અત્યંત પ્રકાશમાન સભા ઉત્તમ સૌંદર્યની ધારણ કરતી હતી તથા પોતાની કાંતિવડે સૂર્યની તેજસ્વી કાંતિને પણ ઝાંખી પાડતી હોય તેવી જણાતી હતી.[૨૨–૨૪] તે દિવ્ય સભા પોતાની દિવ્ય કાંતિવડે બળતી હોય તેવી ઝળહળિત જણાતી હતી તથા નૂતન મેઘની પેઠે આકાશને છાઇ રહી હતી. વળી તે લાંબી, પહોળી, રમણીય, પાપવિનાની, શ્રમને નિવારણ કરનારી, ઉત્તમ પદાર્થોથી સંપન્ન, રત્નોના કોટ તથા દરવાજાવાળી, બહુ ચિત્રોવાળી અને બહુ કિંમતી હતી. એ સભાને દૈત્યોના વિશ્વકર્મા મયદાનવે કૌશલ્યથી તૈયાર કરી હતી,[૨૫,૨૬] બુદ્ધિમાન મયદાનવે જેવી એ સભા તૈયાર કરી તેવી શ્રીકૃષ્ણની સુધર્મા સભા ન હતી, તેમજ બ્રહ્માની સભા પણ તેવી સ્વરૂપસંપન્ન ન હતી.[૨૭] તે સભાને મયદાનવની આજ્ઞાથી આઠ હજાર કિંકર નામના રાક્ષસો ઉચકતા હતા તથા તેનું રક્ષણ કરતા હતા.[૨૮] તે રાક્ષસો આકાશમાં ગતિ કરનારા, ભયંકર, મહાન્ કાયાવાળા, મોટાં બલવાળા, લાલ આંખોવાળા, કેટલાક પીળી આંખોવાળા, છીપના જેવા કાનવાળા અને પ્રહાર કરનારાઓ હતા.[૨૯] વળી તે સભામાં મયદાનવે એક અતુલ સરોવરી કરી હતી તેમાં ઈંદ્રનીલમણિનિર્મિત કમલનાં પાંદડાંઓ છવાઇ રહ્યાં હતાં તથા મણિના દાંડાવાળાં સુવર્ણકમલો ખીલી રહ્યાં હતાં.[૩૦] વળી તે પદ્મરાગ મણિનાં સૌગંધિક કમલોથી ભરેલી હતી; અનેક જાતના પક્ષિગણોથી સંયુક્ત હતી, વિકસિત પંકજોથી વિચિત્ર જણાતી હતી, સોનેરી માછલાં તથા કાચબાઓથી શોભી રહી હતી અને ચિત્ર વિચિત્ર

સ્ફટિકનાં પગથીઆંઓ તથા કાદવવિનાનાં સ્વચ્છ જલથી સુંદર જણાતી હતી,[31] મંદ મંદ વાતા પવનવડે ઉછળતાં બિંદુઓ સર્વત્ર છવાયલાં કમલનાં પાંદડાંઓ ઉપર પડીને મોતી જેવાં જણાતાં હતાં તેનાથી તે સરોવરી શોભી રહી હતી અને મહામણિની ચોરસ શિલાઓથી તેના ઉપર ચોમેર બેઠકો બાંધેલી હતી.[32] આંવી મણિ અને રત્નથી નિર્મેલી તે સરસી આગળ આવીને કેટલાએક રાજાઓ તેને જોઇને પણ તેમાં પાણી છે એમ જાણતા ન હતા અને અજાણપણાથી તેમાં પડતા હતા.[33] વળી તે સભાની ચોતરફ નિત્ય પુષ્પવાળાં, શીતલ છાયાવાળાં અને મનને રમણીય લાગે તેવાં નાના પ્રકારનાં લીલાંછમ જેવાં મોટાં વૃક્ષો શોભી રહેલાં હતાં.[34] તથા સુગંધવાળાં વનો અને હંસ, કારંડવ તથા ચક્રવાકોથી સુશોભિત એવી કમલવાળી સરોવરીઓ આવી રહેલી હતી.[35] ત્યાં વાયુ જલમાં થયેલાં તથા સ્થલમાં થયેલાં કમલોના સુગંધને ચોમેરથી ગ્રહણ કરીને પાંડવોની સેવા કરતો હતો.[36] હે રાજન્ આ પ્રકારની તે સભા મયદાનવે ચૌદ માસ કરતાં કંઇક અધિક કાલવડે નિર્માણ કરીને, તે તૈયાર થતાં ધર્મરાજાને નિવેદન કરી.[37]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત સભાક્રિયાપર્વવિષે સભાનિર્માણ નામનો અધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો–સભામાં પ્રવેશ અને ધર્મરાજાની પ્રભુતા

॥ वैशंपायन उवाच ॥

ततः प्रवेशनं तस्यां चक्रे राजा युधिष्ठिरः ॥
अयुतं भोजायित्वा तु ब्राह्मणानां नराधिपः।१।

વૈશંપાયન કહે છેઃ–તે પછી યુધિષ્ઠિર રાજાએ દશ હજાર બ્રાહ્મણોને ભોજન કરાવીને તે સભામાં પ્રવેશ કર્યો. હે નૃપ! રાજાએ તે વખતે અનેક દિશાઓમાંથી આવેલા શ્રેષ્ઠ બ્રાહ્મણોને, મધ તથા ઘીવડે મિશ્રિત એવા દૂધપાક, ચાવીને ખાવાના પદાર્થો, કંદફલ, વરાહ અને હરિણનાં માંસો, તલવાળો ખીચડો, બિરંજ, અનેક પ્રકારનાં હવિષ્યાન્નો, વિવિધ પ્રકારથી તૈયાર કરેલાં માંસો, અનેક ખાદ્ય પદાર્થો, ચૂસીને ખાવાના વિવિધ પદાર્થો અને બહુ પ્રકારના પીવાના પદાર્થો જમાડીને તથા નવાં વસ્ત્રો અને જાત જાતનાં પુષ્પો વગેરેથી પૂજન કરીને તૃપ્ત કર્યા.[1-4] પછી તેમને પ્રત્યેકને એક એક હજાર ગાયો આપી. તે વખતે હે ભારત! ત્યાં ગગનમંડલમાં પહોંચે તેવો સ્વસ્તિ-પુણ્યાહવાચનનો ભારી ઘોષ થઈ રહ્યો.[5] પછી વિવિધ પ્રકારનાં વાદિત્રો વાગવા લાગ્યાં. તે વખતે જાતજાતના સુગંધી પદાર્થોથી કુરુશ્રેષ્ઠ યુધિષ્ઠિરે દેવતાઓનું પૂજન કર્યું તથા તે તે દેવોને તેના તેના દ્વારાદિક સ્થાનમાં સ્થાપન કર્યા.[6] તે વખતે ત્યાં મલ્લો, નટો, ઝલ્લો (લાકડીથી યુદ્ધ કરનારાઓ), સૂતો અને વૈતાલિકો મહાત્મા એવા ધર્મપુત્ર યુધિષ્ઠિરનું આરાધન કરવા લાગ્યા.[7] પછી તે પ્રમાણે પૂજા કરીને પાંડુપુત્ર યુધિષ્ઠિર પોતાના ભાઈઓની સાથે તે રમ્ય સભામાં સ્વર્ગમાં ઇંદ્ર જેમ રમણ કરે તેમ રમણ કરવા લાગ્યા.[8] તે સભામાં પાંડવોની સાથે ઋષિઓ બેસતા હતા તથા અનેક દેશથી આવેલા રાજાઓ બેસતા હતા.[9] અસિત, દેવલ, સત્ય, સર્પિર્માલી, મહાશિરા, અર્વાવસુ, સુમિત્ર, મૈત્રેય, સુનક, બલી,[10] બક, દાલ્ભ્ય, સ્થુલશિરા, કૃષ્ણદ્વૈપાયન, શુક, સુમંતુ, જૈમિનિ, પૈલ, વ્યાસના શિષ્યો તેમજ અમે[11] તિત્તિરી, યાજ્ઞવલ્ક્ય, પુત્રની સાથે લોમહર્ષણ, અપ્સુહોમ્ય, ધૌમ્ય, અણીમાંડવ્ય, કૌશિક,[12] દામોષ્ણીષ, ત્રૈબલિ, પર્ણાદ, ઘટજાનુક, મૌંજાયન વાયુભક્ષ, પારાશર્ય, સારિક,[13] બલિવાક, સિની-

વાક, સસપાલ, કૃતશ્રમ, જાતુકર્ણ, શિખાવાન, આલંબ, પારિજાતક,[૧૪] મહાભાગ્યશાલી પર્વત, મહામુનિ માર્કંડેય, પવિત્રપાણિ, સાવર્ણ, ભાલુકિ, ગાલવ,[૧૫] જંઘાબંધુ, રૈભ્ય, કોપવેગ, ભૃગુ, હરિબભ્રુ, કૌંડિન્ય, બભ્રુમાલી, સનાતન,[૧૬] કાક્ષીવાન, ઔશિજ, નાચિકેત, ગૌતમ, પૈંગ્ય, વરાહ, સુનક, મહાતપસ્વી શાંડિલ્ય,[૧૭] કુકકુર, વેણુજંઘ, કાલાપ, કઠ એ ઋષિઓ અને બીજા ધર્મને જાણનારા, વશ્યાંતઃકરણવાળા, જિતેંદ્રિય અને વેદ તથા વેદનાં અંગોના પારને પામેલા એવા ઘણા શ્રેષ્ઠ ઋષિઓ સભામાં મહાત્મા યુધિષ્ઠિરની ઉપાસના કરતા હતા;[૧૮,૧૯] અને તે ધર્મવેત્તાઓ પુણ્યરૂપ, પવિત્ર તથા નિર્મલ એવી કથાઓ કહેતા હતા; તેમજ શ્રેષ્ઠ ક્ષત્રિયો પણ ધર્મરાજની સેવામાં હાજર રહેતા હતા.[૨૦] તે ક્ષત્રિયોમાં શ્રીમાન મહાત્મા તથા ધર્માત્મા એવો મુંજકેતુ, વિવર્ધન, સંગ્રામજિત દુર્મુખ, વીર્યવાન ઉગ્રસેન,[૨૧] પૃથ્વીપતિ કક્ષસેન, અપરાજીત ક્ષેમક, કંબોજરાજ કમઠ, મહાબલવાન કંપન કે જેણે એકલાએજ બલ તથા પુરુષાર્થથી સંપન્ન, અસ્ત્રવિદ્યામાં નિપુણ અને અતુલ તેજસ્વી એવા યવનોને, જેમ વજ્રધારી ઇંદ્ર કાલકેય અસુરોને કંપાવે તેમ કંપાવ્યા હતા.[૨૨,૨૩] મદ્રકનો રાજા જટાસુર, કુંતિ, કિરાટરાજ પુલિંદ, અંગરાજ, બંગરાજ, પુંડ્રક, પાંડય, ઉંડ્રરાજ, અંધ્રરાજ,[૨૪] અંગ, વંગ, સુમિત્ર શત્રુને પીડનારો શૈબ્ય, કિરાતરાજ, સુમના, યવનાધિપતિ,[૨૫] ચાણૂર, દેવરાત, ભોજ, ભીમરથ, કાલિંગ, શ્રુતાયુધ, માગધ જયસેન,[૨૬] સુકર્મા, ચેકિતાન, શત્રુને શુષ્ક કરનારો પુરુ, કેતુમાન, વસુદાન, વૈદેહ, કૃતક્ષણ,[૨૭] સુધર્મા, અનિરુદ્ધ, મહાબલવાન શ્રુતાયુ, અનૂપરાજ, દુર્ધર્ષ, ક્રમજીત, સુદર્શન,[૨૮] પુત્રની સાથે શિશુપાલ, કરુષ દેશનો અધિપતિ, વૃષ્ણિઓના દેવના જેવા રૂપવાળા તથા કોઇથી પરાભવ પામે નહિ તેવા કુમારો આહુક, વિપૃથુ, ગદ, સારણ, અક્રૂર, કૃતવર્મા, શિનિનો પુત્ર સત્યક,[૨૯,૩૦] ભીષ્મક, આકૃતિ, વીર્યવાન દ્યુમત્સેન, મહાન ધનુષવાળા કેકયો, સોમકનો પુત્ર યજ્ઞસેન,[૩૧] કેતુમાન અને અસ્ત્રવિદ્યામાં કુશલ તથા મહાબલવાન વસુમાન, આ અને બીજા ઘણા માનવંતા ક્ષત્રિયો સભામાં કુંતીના પુત્ર યુધિષ્ઠિરની સેવા કરતા હતા. વળી મહાન બલવાળા કેટલાક રાજપુત્રો રુરુમૃગનાં ચર્મને ધારણ કરીને બ્રહ્મચર્ય પાળતા અર્જુનની પાસે ધનુર્વેદ શિખતા હતા. હે રાજન્ ! વૃષ્ણિકુલને આનંદ આપનારા કુમારો પણ ત્યાંજ ધનુર્વેદ ભણ્યા હતા.[૩૨–૩૪] તે કુમારોમાં રુકિમણીનો પુત્ર પ્રદ્યુમ્ન, સાંબ, યુયુધાન, સાત્યકિ, સુધર્મા, અનિરુદ્ધ, નરોમાં મુખ્ય એવો શૈબ્ય. હે પૃથ્વીપતિ ! આ અને બીજા ઘણા રાજાઓ હતા; વળી અર્જુનનો સખા તુંબુરૂ ગંધર્વ નિરંતર અહીં રહેતો હતો.[૩૫,૩૬] સત્તાવીશ ગંધર્વના ગણની સાથે ચિત્રસેન ગંધર્વ, પોતાના અમાત્ય ગંધર્વો તથા અપ્સરાઓની સાથે સભામાં બેઠેલા મહાત્મા યુધિષ્ઠિરની ઉપાસના કરતો હતો.[૩૭] વળી ગાયન તથા વાદિત્રમાં કુશલ તાલ તથા સમને જાણવામાં નિપુણ, ગાયન, વાદિત્ર તથા તાલના એકધ્વનિના પ્રમાણમાં, દ્રૂત, મધ્ય અને વિલંબિત નામના લયમાં અને હૃદય, શીર્ષ તથા કંઠાદિસ્થાનથી નીકળતા સ્વરોના સંબંધમાં જેઓએ અતિશય અભ્યાસ કરેલો એવા મનસ્વી કિન્નરો ત્યાં તુંબુરુની આજ્ઞાથી ગંધર્વોની સાથે દિવ્ય તાનો મારીને યથાશાસ્ત્ર ગાન કરતા હતા,[૩૮,૩૯] અને પાંડુના પુત્રોને તથા ઋષિઓને આનંદ આપતા તેઓની સેવા કરતા હતા. જેમ સ્વર્ગમાં દેવો બ્રહ્માની ઉપાસના કરે તેમ તે સભામાં બેઠેલા સારાં વ્રતવાળા અને સત્ય પ્રતિજ્ઞાવાળા રાજાઓ તથા ઋષિઓ યુધિષ્ઠિરની સેવા કરતા હતા.[૪૦,૪૧]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત સભાક્રિયાપર્વવિષે સભાપ્રવેશ નામનો અધ્યાય ૪ થો સમાપ્ત.

સભાક્રિયાપર્વ સમાપ્ત.

लोकपाल सभाख्यान पर्व

અધ્યાય ૫ મો—નારદમુનિ આવ્યા અને તેમણે યુધિષ્ઠિરને પ્રશ્નોદ્વારા રાજધર્મનો ઉપદેશ કર્યો.

॥ वैशंपायन उवाच ॥

अथ तत्रोपविष्टेषु पांडवेषु महात्मसु ॥
महत्सु चोपविष्टेषु गंधर्वेषु च भारत ॥१॥

વૈશંપાયન કહે છેઃ—હે ભારત ! એક વખતે તે સભામાં મહાત્મા પાંડવો, મહા પુરુષો અને ગંધર્વો બેઠેલા હતા[1] તે વખતે* વેદો તથા+ ઉપનિષદોને જાણનારા અને તે પ્રમાણે આચરણ કરવાથી વેદમાં જણાવેલાં સમગ્ર ફલના ભોક્તા, દેવગણોથી પૂજન કરાતા, ઇતિહાસ તથા પુરાણો ના જ્ઞાનવાળા, ×પુરાકલ્પ અને વિશેષોને યોગ- દૃષ્ટિથી જાણનારા,[2] ન્યાયવેત્તા, ધર્મતત્ત્વના જ્ઞાતા, વેદનાં છ અંગોને જાણવાવાળાઓમાં અત્યુત્તમ, +ઐક્ય, સંયોગનાનાત્વ અને સમવા- યને જાણવામાં કુશલ,[3] ઉત્તમ પ્રકારના વક્તા, સંબંધ પ્રમાણે ભાષણ કરનારા, ઉહાપોહ કર- વામાં કુશલ, સ્મરણ શક્તિવાળા, દાય ભાગ વગેરે વ્યવહારને જાણનારા, ભવિષ્યદર્શી, જ્ઞાનકાંડ તથા કર્મકાંડનો શિષ્યોને અધિકાર પ્રમાણે ઉપદેશ કરવાના જ્ઞાનવાળા,[4] ※ પ્રત્યક્ષ, અનુમાન, આગમ આદિ પ્રમાણોવડે યથાર્થ નિશ્ચયને પ્રાપ્ત થયેલા,

---

* ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

+ ઉપનિષદો—ચાર પ્રકારની રહસ્યવિદ્યા—૧ કર્મનાં અંગભૂત અશ્વ વગેરેમાં વિરાટ્દૃષ્ટિની ભાવના, તે કર્માંગાવબદ્ધોપાસના. ૨ આદિત્યાદિ મૂર્તિમાં બ્રહ્મદૃષ્ટિની ભાવના, તે પ્રતીકોપાસના. ૩ પોતાનું અને દેવતાઓનું અભેદપણાથી ચિંતન, તે અહં- ગ્રહોપાસના; તથા ૪ બ્રહ્માત્માનો અનુભવ તે જ્ઞાન. અર્થાત્ નારદમુનિ કર્મનું પ્રતિપાદન કર- નારા વેદો અને તેમાં રહેલાં ઉપનિષદોને પાઠથી તથા અર્થથી જાણતા હતા.

× ઘણાઓનું જેમાં ઉપાખ્યાન હોય તે વેદમાં પુરાકલ્પ કહેવાય છે અને એક વ્યક્તિનું ઉપાખ્યાન જેમાં હોય તેને પરિકૃત્ય અથવા વિશેષ કહે છે.

+ પૃથ્વી, જલ, તેજ વગેરેમાં દ્રવ્ય રૂપથી ઐક્ય છે, કેમકે એ બધાં દ્રવ્ય કહેવાય છે; પરંતુ તેમાં પૃથ્વીત્વ, જલત્વ વગેરે પોતપોતાના બીજામાં ન હોય તેવા ધર્મના સંબંધથી ભેદ પડે છે તે સંયોગનાનાત્વ કહેવાય છે. આ રીતે પૃથ્વીત્વ, જલત્વાદિ રૂપથી ભેદ છે તોપણ તે પાંચે ભૂતો શરીરમાં એકઠાં રહે છે તેથી તે સમ- વાય કહેવાય છે. આ ઐક્ય, સંયોગનાનાત્વ અને સમવાય સર્વ શાસ્ત્રોમાં સમાન છે. તેમાં સાધર્મ્યથી—સમાન ધર્મથી ઐક્યને, વૈધર્મ્યથી— વિરુદ્ધ ધર્મથી સંયોગનાનાત્વને અને સંકરથી- સેળભેળ થવાથી સમવાયને જાણવામાં નારદમુનિ કુશલ હતા.

※ પ્રમાણો બે પ્રકારનાં છે, એક લૌકિક અને બીજાં અલૌકિક—દિવ્ય. તેમાં ઘટ વહ્નિ વગેરે સંબંધવાળાં લૌકિક પ્રમાણો કહેવાય છે અને નિર્વિશેષ આત્માનાં વસ્તુતત્ત્વ સંબંધી અલૌકિક ગણાય છે,

પ્રત્યક્ષ પ્રમાણથી આપણને ચંદ્ર એક પ્રદેશ (અંગુષ્ઠ અને તર્જનીનું મધ્ય) જેટલો જણાય છે, પરંતુ અનુમાનથી તે મોટો છે એમ સમ- જાય છે, તેથી પ્રત્યક્ષ પ્રમાણ શિથિલ થઈ જાય છે. વળી યજ્ઞમાં **यजमानः प्रस्तरः** દર્ભની પૂળી યજમાન છે; એમાં વેદ—આગમ પ્રમાણ છે, પરંતુ અનુમાન કરતાં જડ દર્ભ યજમાન થઈ શકે નહિ એટલે અહીં આગમ પ્રમાણ અનુમા- નવડે શિથિલ થાય છે. તેવી રીતે અનુમાન પ્રમાણ પણ અસિદ્ધ છે; જેમકે મનુષ્યના માથાની ખોપરી પવિત્ર છે, એમાં હેતુ, તે પ્રાણીનું અંગ છે માટે દૃષ્ટાંત જેમ પ્રાણીનું અંગ શંખ પવિત્ર છે તેમ, પરંતુ આ અનુમાન આગમ પ્રમાણથી

પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન, આ પાંચ અવયવવાળાં વાકયના ગુણ તથા દોષને જાણનારા, બૃહસ્પતિને પણ વાદમાં એક પછી એક ઉત્તર આપવા શક્તિમાન,[૫] ધર્મ, કામ, અર્થ અને મોક્ષરૂપી પુરુષાર્થોનો જેમણે યથાર્થ નિશ્ચય કરેલો એવા, આ સર્વ ભુવનકોશના યથાર્થ જ્ઞાતા, આત્મવેત્તા,[૬] સર્વ લોકને ઉપર, હેઠળ અને આજુબાજુથી પ્રત્યક્ષ જોનારા; સાંખ્ય (વેદાંત વિચાર) અને યોગ (ચિત્તવૃત્તિનો નિરોધ) એના ઉપયોગને જાણનારા, દેવો અને દૈત્યોની બુદ્ધિને ભમાવીને તેઓમાં કલહ ઉત્પન્ન કરનારા, સંધિ તથા વિગ્રહતત્ત્વને જાણનારા, પોતાનાં અને પરનાં બલાબલનો અનુમાનથી નિશ્ચય કરીને પરના અમાત્યાદિને ધનદાન કરવા વગેરેને જાણનારા,* સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રયની વિધિના જ્ઞાતા, યુદ્ધમાં પ્રીતિવાળા, સંગીતપ્રિય, સર્વ વિદ્યામાં તથા સર્વ કર્મમાં નિપુણ, આ અને બીજા અનેક ગુણગણોથી સંપન્ન એવા મહાતેજસ્વી નારદમુનિ સર્વ લોકમાં ફરતા ફરતા ઋષિઓની સાથે હે નૃપ! તે સભામાં આવી પહોંચ્યા.[૭,૧૦]

હે રાજેંદ્ર! તે વખતે અમિત કાંતિવાળા દેવર્ષિ નારદની સાથે પારિજાત, બુદ્ધિમાન પર્વત ઋષિ અને સૌમ્ય એવા સુમુખ ઋષિ હતા.[૧૧] મનના જેવા વેગવાળા નારદઋષિ સભામાં બેઠેલા પાંડવોને જોવા માટે હર્ષથી ત્યાં આવ્યા અને વિજયસૂચક આશીર્વાદો આપીને તેમણે ધર્મરાજાનું સન્માન કર્યું.[૧૨] આવેલા નારદઋષિને જોઇને તે વખતે સર્વ ધર્મને જાણનારા એવા પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા પોતાના નાનાભાઇઓની સાથે એકાએક ઉઠીને ઉભા થયા.[૧૩] પછી તેમણે વિનયથી નમીને પ્રીતિપૂર્વક અભિવંદન કર્યું અને તેમને માટે યોગ્ય એવું આસન તેમને બેસવા આપ્યું. પછી ધર્મવેત્તા યુધિષ્ઠિરે યથાવિધિ ગાય, મધુપર્ક અને અર્ઘ્ય આપીને રત્નો તથા સર્વ કામિત વસ્તુઓથી તેમની પૂજા કરી.[૧૪,૧૫] આ રીતે યુધિષ્ઠિરથી યથાયોગ્ય પૂજા પામીને નારદઋષિ પણ સંતુષ્ટ થયા. પછી સર્વ પાંડવોથી પૂજન કરાયલા તથા વેદના પારને પામેલા એવા ઋષિ, યુધિષ્ઠિરને ધર્મ, કામ તથા અર્થયુક્ત આ પ્રમાણે પૂછવા લાગ્યા.[૧૬]

નારદ પૂછે છેઃ-હે યુધિષ્ઠિર! તમારૂં ધન યજ્ઞ, દાન તથા કુટુંબના ભરણપોષણમાં ખરચાય છે? તમારૂં મન ધર્મપરાયણ રહે છે? તમે સુખોનો અનુભવ કરો છો? અને તમારૂં અંતરાત્મામાં જોડાતું મન ઈતર વૃત્તિઓથી હણાતું તો નથી?[૧૭] હે નરદેવ! તમારા પૂર્વ

અસિદ્ધ થાય છે. કહ્યું છે કે, **नारं स्पृष्ट्वाऽस्थि सस्नेहं सवासा जलमाविशेत् ।** મનુષ્યના લીલા હાડકાને અડકવાથી વસ્ત્રોસહિત જલમાં પેશીને સ્નાન કરવું.' આ રીતે સર્વે પ્રમાણો દોષવાળાં છે ત્યારે તે પ્રમાણોથી નિશ્ચય શી રીતે થઇ શકે? આવી શંકાના સમાધાનમાં કહે છે કે, નારદ પાંચ અવયવવાળા વાકયના ગુણ દોષ જાણનારા હતા. તેમાં બીજાને બોધ કરવા ઇચ્છતા પુરુષને અનુમાનના વાકયમાં પ્રતિજ્ઞા વગેરે પાંચ અવયવોનો આશ્રય કરવો પડે છે તે પાંચ અવયવો આ પ્રમાણે છે. પર્વત વહ્નિવાળો છે, આમ કહેવું તે પ્રતિજ્ઞા કહેવાય છે. 'ધુમાડો છે માટે' એ હેતુ છે. 'જેમ રસોડામાં ધુમાડો હોય છે ત્યારે તેમાં અગ્નિ હોય છે' આવું દૃષ્ટાંત આપવું તે ઉદાહરણ. 'તેમ આ પર્વત ધુમવાળો છે' એ ઉપનય છે, 'માટે વહ્નિવાળો છે' એ નિગમન કહેવાય છે. આવાં અનુમાનો કરતી વખતે અનુકૂલ તર્કો કરવા તે ગુણરૂપ થાય છે અને વિપરીત તર્કો દોષરૂપ થાય છે.

* સંધિ-સમાધાન. વિગ્રહ-લડાઇ. યાન-ચઢાઈ. આસન-ઘેરો ઘાલીને પડી રહી શત્રુના અન્નાદિક બહારથી આવતાં અટકાવવાં તે. દ્વૈધીભાવ-બલવાન શત્રુની સાથે લડાઇ જાગી હોય ત્યારે તેનાથી બલવાન્ તેના શત્રુની સાથે સંધિ કરવી અને બન્નેની આગળ હું દાસ છું એમ કહી વાણીથી આત્માર્પણ કરવું પરંતુ કર્મથી નહિ તે. સમાશ્રય-શત્રુથી પીડાતાં સમર્થ કિલ્લાનો અથવા રાજાનો આશ્રય કરવો તે.

પિતામહોએ જેવું આચરણ રાખ્યું હતું, તેવું આચરણ તમે રાખો છો ? તેમજ ઉત્તમ, મધ્યમ અને અધમ જનોની સાથે ધર્મ તથા અર્થયુક્ત પ્રૌઢ વૃત્તિથી વર્તો છો ?[૧૮] અર્થના લોભથી ધર્મને તો બાધ નથી કરતા ? અથવા ધર્મના લોભથી અર્થને તો બાધ નથી પમાડતા ? અથવા તાત્કાલિક સુખનો આભાસ જોઈને કામવડે ધર્મ તથા અર્થને તો બાધ નથી પમાડતા ?[૧૯] હે વિજયીઓમાં શ્રેષ્ઠ રાજા ! હે વરદાન આપનારા ! શું ધર્મ અર્થ તથા કામને, કાલવેત્તા એવા તમે તેઓમાં પરસ્પર બાધ ન આવે તેવી કાલવ્યવસ્થાથી* સદા સેવન કરો છો ?[૨૦] હે નિર્દોષ રાજા! શું તમે ÷ છ રાજગુણોવડે સાત ઉપાયો, બલાબલ તથા ચૌદની પરીક્ષા કરો છો ?[૨૧] હે વિજયીઓમાં શ્રેષ્ઠ ભારતરાજ! તમે પોતાને પ્રબલ જોઈને તથા શત્રુઓને દુર્બલ જોઈને રાજ્ય કરો છો કે ?તેમજ વિપરીત સમયમાં જયને માટે હેતુભૂત એવા ભંડારની વૃદ્ધિને માટે શત્રુઓની સાથે સંધિ કરીને* આઠ કર્મો સેવો છો ?[૨૨] હે ભરતર્ષભ! તમારી સાત પ્રકૃતિઓ (કિલ્લાઓ અધ્યક્ષ, સેનાને આહારાદિ આપીને પોષણ કરનારો સેનાધ્યક્ષ, ધર્માધ્યક્ષ, યુદ્ધમાં સેનાને દોરનારો સેનાપતિ, પુરોહિત, વૈદ્ય અને જોશી) શત્રુઓથી મોહિત થઈને ફરી બેઠી નથી ને ? અથવા તે અત્યંત ધનાઢ્ય થઈને વ્યસની બની ગઈ નથી ને ? શું તે તમારા કાર્યમાં સર્વ રીતે પ્રીતિથી વર્તે છે ? [૨૩] જેઓમાં તમને દુષ્ટતાની શંકા નથી છતાં જે બે તરફના પૈસા ખાનારા એવા કૃત્રિમ દૂતો અથવા મંત્રીઓ છે તે, તમારાથી અથવા તમારા મંત્રીઓથી ગુપ્ત વાર્તા સાંભળીને તેને ઉઘાડી તો નથી પાડતા ને ?[૨૪] તમે મિત્રો, ઉદાસીન અને શત્રુઓ શું કરવા ધારે છે તે જાણો છો ? મિત્રની સારી રીતે પરીક્ષા કરીને તેની સાથે વિચાર કરી બલવાન શત્રુની સાથે સંધિથી દુર્બલની સાથે વિગ્રહથી અને મધ્યમ બે તરફના પૈસા ખાનારા ઉદાસીન રાજાની સાથે સમવૃત્તિથી વર્તો છો ? હે વીર ! તમે પોતાના સમાન, વૃદ્ધ, શુદ્ધ આચારવાળા, સમજાવવાની શક્તિવાળા, કુલની અને તમારાપ્રત્યે પ્રીતિવાળા એવા મંત્રીઓ કર્યા છે કે ? હે ભારત રાજાઓનો વિજય મંત્રથી થાય છે.[૨૫-૨૭] હે તાત ! રાજ્યસંબંધી વિચારોને ગુપ્ત રાખનારા અને શાસ્ત્રમાં કુશલ એવા તમારા મંત્રીઓથી સારી રીતે રક્ષણ કરા-

---

* દક્ષે કાલવ્યવસ્થા કહી છે કે, ‘ **पूर्वाह्णे चाचरेद्धर्मं मध्याह्नेऽर्थमुपार्जयेत् । सायाह्ने चाचरेत्काममित्येषा वैदिकी श्रुतिः ॥**’ સવારે ધર્મકૃત્ય કરવું, મધ્યાહ્ને અર્થની ઉપાર્જના કરવી અને સાંજે કામ સેવન કરવું એ પ્રમાણે વૈદિકી શ્રુતિ છે.

÷ ૧ વક્તૃત્વ-દૂત, મંત્રી વગેરેને યથાયોગ્ય કાર્ય કહેવાની કુશલતા, ૨ પ્રાગલ્ભ્ય-શત્રુદમન વગેરેમાં ઉત્કર્ષ દેખાડવો તે, ૩ મેધાવીપણું-તર્ક કરવામાં કુશલતા, ૪ સ્મરણશક્તિ, ૫ કવિત્વ,-ભૂત, ભવિષ્યનો વિચાર કરવો તે, અને ૬ નયવેત્તાપણું-નીતિશાસ્ત્રને જાણવાપણું, આ ૭ રાજગુણો છે. સામ, દાન, ભેદ, દંડ, મંત્ર, ઔષધ અને ઈંદ્રજાલ આ સાત ઉપાયો છે પોતાની અને શત્રુપક્ષની સમાનતા, શત્રુની હીનતા અથવા પોતાની હીનતા, આ ત્રણ પ્રકારનું બલાબલ છે. રાજાએ બુદ્ધિ વગેરેથી સામ આદિની પરીક્ષા કરવી કે, આ શત્રુની સાથે સામ કરવું કે નહિ ? કરવા માંડ્યું હોય તો તે સિદ્ધ થશે કે નહિ ? સિદ્ધ થાય તો તે છેવટે લાભ આપનાર થશે કે નહિ ? આ દૂતપ્રેષણ આદિથી બલાબલ વગેરેની પરીક્ષા કરવી. વળી દેશ વગેરે ચૌદની પણ પરીક્ષા કરવી. તે ચૌદ નીતિ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યા છે. દેશ, કિલ્લો, રથ, હાથી, ઘોડા, યોદ્ધા, અધિકારીઓ, અંતઃપુર, અન્ન, ધન અશ્વ આદિની ગણત્રી, શાસ્ત્ર, આવક જાવકના હિસાબી ચોપડા, ધન, મદિરાની પેઠે અપકાર કરનારા શત્રુઓ.

* ખેતી, વ્યાપાર, કિલ્લા, રસ્તા, હાથીઓને ખર્ચ ઘટાડવા માટે જૂદાં જૂદાં ગામોમાં ગ્રામાધીશના ધનથી પોષણ કરવા બાંધવા, રત્નની અને સોનાની ખાણો ખોદાવવી, કર લેવો અને પડતર ભૂમિમાં ગામો વસાવવાં આ આઠ સંધાન કર્મો કહેલાં છે.

ચલું તમારૂં રાજ્ય શત્રુઓથી લૂંટાતું તો નથી ને? હે અર્થવેત્તા! તમે નિદ્રાને અધીન ન થઇ રહેતાં બ્રાહ્મ મુહુર્તમાં જાગ્રત થાઓ છો કે? તથા પાછલી રાત્રિમાં ઉઠીને પ્રથમ કરેલા વિચારોનું આલોચન કરો છો કે?[૨૯] તમે એકલા બેસીને તો રાજ્યની વાતોનો વિચાર નથી કરતા ને?તેમજ ઘણાઓને સાથે રાખીને પણ વિચાર નથી કરતા ને? તમારો નિશ્ચિત કરેલો ગુપ્ત વિચાર આખા રાજ્યમાં તો ફેલાઇ જતો નથી ને?[૩૦] તમે અર્થ પ્રાપ્તિના થોડા ખર્ચવાળા અને મહાન ઉદય કરનારા ઉપાયો કરવાનો તત્કાલ આરંભ કરો છો કે? અને તેવા ખેતી વગેરે ઉદ્યોગ કરનારા વૈશ્યાદિકોને વિઘ્ન તો નથી કરતા?[૩૧] તમારા ખેડુત વગેરે તમને અજાણ્યા તો નથી? તેમ તેઓ અવિશ્વાસ રાખવા જેવા તો નથી? અથવા તેઓને તમે વારંવાર કાઢી મૂકીને પાછા તો સંઘર્યા નથી? કારણ કે ઉદય થવામાં સ્નેહજ કારણ મનાય છે.[૩૨] તમે વિશ્વાસપાત્ર લોભવિનાના અને કુલપરંપરાથી સંબંધવાળા એવા મનુષ્યોથી ખેતી વગેરે કરાવો છો કે? હે વીર રાજા! તમારાં કાર્યો કરેલાંજ અથવા બહુધા તૈયાર જેવાં થયેલાંનેજ લોકો જાણે છે કે? તે કાર્યોનો આરંભ થતાં પહેલાં તો કોઈ જાણતા નથી ને? ધર્મમાં અને સર્વ શાસ્ત્રમાં નિપુણ એવા, શિષ્યોને ભણાવનારા ગુરુઓ સર્વ રીતે કુમારોને શિક્ષણ આપીને ઉત્તમ યોદ્ધાઓ બનાવે છે કે?[૩૩,૩૪] તમે હજાર મૂર્ખાઓના બદલામાં એક પંડિતને સ્વીકારો છો કે? કારણ કે પંડિત અર્થકષ્ટમાં મોટું કલ્યાણ કરે છે.[૩૫] તમારા સઘળા કિલ્લાઓ ધન, ધાન્ય, આયુધો, જલ, યંત્રો શિલ્પિઓ તથા ધનુર્ધારીઓથી પરિપૂર્ણ છે કે?[૩૬] બુદ્ધિમાન્ શૂરવીર, ઇંદ્રિયનિગ્રહવાળો અને વિચક્ષણ એવો એકજ મંત્રી હોય તોપણ તે રાજાને અથવા રાજપુત્રને મોટી લક્ષ્મી અપાવે છે.[૩૭] વળી મંત્રી, પુરોહિત, યુવરાજ, સેનાપતી, દ્વારપાલ, અંતઃપુરરક્ષક, કારાગૃહનો અધિકારી, કોશાધ્યક્ષ, કાર્યાકાર્યની આજ્ઞા કરનારો, માર્ગદર્શક નગરાધ્યક્ષ, કાર્યનિર્માતા, ધર્માધ્યક્ષ, સભાધ્યક્ષ, દંડકરનારો, દુર્ગપાલ, રાજ્યની હદનો પાલક તથા જંગલોની હદનો રક્ષક આ અઢાર શત્રુઓના અધિકારીઓ અને પોતાના મંત્રી, પુરોહિત તથા યુવરાજ એ ત્રણને છોડીને પંદર અધિકારીઓની પાછળ બીજાઓને તથા પરસ્પરને પણ દૂતતરિકે જાણે નહિ તેવા છુપા ત્રણ ત્રણ દૂતો રાખીને તેઓદ્વારા પૂર્વોક્ત અધિકારીઓની વાતો જાણ્યા કરો છો? અને તે જાણીને પોતાની પ્રજાને રંજન કરવાથી તથા પરની દુઃખીત પ્રજાને અભયદાન વગેરે આકર્ષણથી પોતાના રાજ્યની વૃદ્ધિ કરો છો?[૩૮] હે રિપુસૂદન! તમે સાવધાન થઇને તથા નિત્ય ઉદ્યોગપરાયણ થઇને શત્રુના કિંકરો ન જાણે તેમ સઘળા શત્રુઓની ચેષ્ટાઓને જોયા કરો છો કે?[૩૯] વિનયસંપન્ન કુલીન, બહુશ્રુત, ઇર્ષ્યારહિત અને શાસ્ત્રચર્ચામાં કુશલ એવા પુરોહિતનો તમે સત્કાર કર્યો છે કે?[૪૦] તમે અગ્નિહોત્રનાં કાર્ય ઉપર યોજેલો બ્રાહ્મણ વિધિને જાણનારો, બુદ્ધિમાન તથા સરલ પ્રકૃતિનો છે કે? અને તે યથાકાલ કરેલો હોમ તથા આરંભેલો હોમ તમને નિત્ય નિવેદન કરે છે કે?[૪૧] વળી તમારો જ્યોતિષી જ્યોતિઃશાસ્ત્રમાં કુશલ છે? સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે અંગપરીક્ષામાં નિષ્ણાત છે? અને ધૂમકેતુ, ભૂકંપ, વામનેત્રસ્ફુરણ વગેરે આગામી અશુભ સૂચવનારા દિવ્ય ભૌમ અને શારીરિક ઉત્પાતો જાણવામાં કુશલ છે?[૪૨] વળી તમે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ કાર્યમાં તેવા ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ મનુષ્યોની યોજના કરી છે કે? વળી છલવિનાના નિર્મળ તથા બાપદાદાથી ચાલતા આવેલા શ્રેષ્ઠ મંત્રીઓની તમે શ્રેષ્ઠ કાર્ય ઉપર નિમણુક કરો છો કે? તમે ઉગ્ર દંડ કરીને પ્રજાને અત્યંત ઉદ્વેગ તો નથી પમાડતા? તેમજ હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! તમારા મંત્રીઓ તમારા રાજ્યનું યથાર્થ પાલન કરે છે?[૪૩,૪૪] જેમ યાજકો પતિતની અવજ્ઞા કરે છે, જેમ સ્ત્રીઓ યથેષ્ટ ભટકનારા જાર પતિની અવજ્ઞા કરે છે તથા જેમ ઉગ્રતાથી પ્રજાનું ધન લેનારા પ્રજાપીડક રાજાની પ્રજા અવજ્ઞા કરે છે તેમ મંત્રીઓ તમારી અવજ્ઞા તો નથી કરતા?[૪૫]

પ્રસન્ન, શૂરો, બુદ્ધિમાન, ધૈર્યવાળો શુદ્ધ હૃદયનો કુલીન, પ્રીતિવાળો તથા ચતુર એવો સેનાપતિ તમારે છે ?[૪૬] વળી તમારી સેનાના મુખ્ય યોદ્ધાઓ સર્વ યુદ્ધમાં કુશલ, પ્રૌઢ, નિષ્કપટ, અને પરાક્રમી છે ? અને તમે તેઓને સત્કાર કરીને માન આપો છો કે ?[૪૭] તમે સેનાને પ્રતિદિવસ આપવાનું ભાતું તથા યોગ્યતા પ્રમાણે મહિને મહિને આપવાનો પગાર યથાસમય આપો છો કે ? તેમાં ઢીલતો નથી કરતા ?[૪૮] કારણ કે, ભાતું તથા પગાર આપીને રાખેલા એ સૈનિકોને તે આપવામાં વધારે વિલંબ કરવામાં આવે છે તો તેઓ દરિદ્ર થઈ જાય છે અને સ્વામીનું કાર્ય કરતા નથી; એ રાજાને માટે મોટો અનર્થ ગણાય છે.[૪૯] મંત્રીથી આરંભીને તમારા કુલના કુમારો તમારા ઉપર ભક્તિવાળા છે કે ? અને તેઓ તમારેમાટે યુદ્ધમાં પોતાના પ્રાણ ત્યજવા નિત્ય તૈયાર રહે છે કે ?[૫૦] સંગ્રામમાં હિતકારક એવા હાથી, ઘોડા અને રથવડે યુદ્ધ કરનારા શુરાઓ તથા પદાતિઓને તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને યથેષ્ટ વર્તનારો એવો એક પુરુષ પોતાની ઈચ્છા પ્રમાણે તો નથી દોરવતો ? કારણકે તેમ થવાથી તે એકના ભેદથી એક. વખતે આખું સૈન્ય ફરી બેસવાનો પ્રસંગ આવે.[૫૧] તમારો કોઇ પુરુષ પોતે પુરુષાર્થ કરીને કોઇ ઉત્તમ કાર્ય કરે તો તે અધિક માન, ભાતું તથા માસિક પગાર મેળવે છે કે ?[૫૨] તમે વિદ્યાથી વિનીત અને જ્ઞાનકુશલ એવા પુરુષોનો તેમના ગુણની યોગ્યતા પ્રમાણે દાન આપીને સત્કાર કરો છો કે ?[૫૩] હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! તમારે માટે મરણ પામેલા પુરુષોની સ્ત્રીઓનું અને તમારે માટે દુઃખી હાલતમાં આવી પડેલાઓનું તમે પોષણ કરો છો કે ?[૫૪] હે પાર્થ ! ભયથી શરણે આવેલા ક્ષીણ થયેલા અથવા યુદ્ધમાં જીતી લીધેલા શત્રુઓનું તમે પુત્રની પેઠે રક્ષણ કરો છો કે ?[૫૫] હે પૃથ્વીપતિ ! જેમ મનુષ્યો પોતાનાં માતાપિતાને સમભાવવાળાં તથા વિશ્વાસપાત્ર ગણે છે તેમ પૃથ્વીની સર્વ પ્રજા તમને સમભાવવાળા અને વિશ્વાસપાત્ર ગણે છે કે ?[૫૬] હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! શત્રુને સ્ત્રી, દ્યુત, મૃગયા, મદ્ય, નાચ, ગાન, મિથ્યાપર્યટન, વાદિત્ર, નિંદા અને દિવસે નિદ્રા આ દશ વ્યસનોમાં સપડાયેલો જોઇને અને પોતાનું મંત્રબલ, ભંડાર તથા સેવક બલ તપાસીને તમે વેગથી શત્રુના ઉપર ચઢાઇ કરો છો કે ?[૫૭] હે અરિને દમન કરનારા ! તમે શત્રુના પાર્ષ્ણિગ્રાહક આદિ બાર મંડલની તપાસ કરીને કૃત્યનો નિશ્ચય કરીને તથા પરાજયનો હેતુભૂત વ્યસનોનો* પોતાના પક્ષમાં અભાવ અને શત્રુના પક્ષમાં સદ્દભાવ જાણીને વિશેષવડે જ્યોતિષીદ્વારા જાણીને ચઢાઇની તૈયારી કરો છો કે ?[૫૮] હે મહારાજ ! તમે ચઢાઈ કરતાં પહેલાં સૈનિકોને પગાર આપો છો કે ? અને શત્રુના રાજ્યમાં તેના મુખ્ય મુખ્ય સેનાના નેતાઓને શત્રુઓને ખબર પડે નહિ તેમ યોગ્યતા પ્રમાણે ઉત્તમ રત્નભૂત વસ્તુઓ આપો છો કે ?[૫૯] હે પાર્થ ! તમે પ્રથમ પોતાના મનનો વિજય કરીને પછી જિતેંદ્રિય થઇને પ્રમાદમાં પડેલા અને અજિત ઇંદ્રિયવાળા શત્રુઓને જીતો છો કે ?[૬૦] જ્યારે તમે શત્રુઓના ઉપર ચઢાઈ કરો છો ત્યારે સામ, દાન, ભેદ અને દંડનો પ્રથમ પ્રયોગ કરો છો કે ? તે સામ વગેરેનો પ્રયોગ સારા પુરુષદ્વારા જો વિધિપૂર્વક કરવામાં આવે છે તો હિતકારક થાય છે, નહિ તો વિપરીત ફળ આવે છે.[૬૧] હે પ્રજાપતિ ! તમે પોતાના રાજ્યનું દૃઢ રક્ષણ કરીને શત્રુઓ ઉપર ચઢાઇ કરો છો કે ? તેઓને જીતવા માટે પરાક્રમ કરો છો કે ? તથા જીતેલાનું સર્વ રીતે રક્ષણ કરો છો કે ?[૬૨] તમારી રથો, હાથી, ઘોડા, યોદ્ધાઓ, પ્યાદલ, કામ કરનારા દૂતો, અને મુખ્ય ભોમીઆઓ, આ આઠ અંગવાળી અને વૃદ્ધ મંત્રી, મીત્ર, સેવક અને જંગલનો ભોમીઓ આ ચાર બલવાળી

* વ્યસન–કષ્ટ બે પ્રકારનાં, દૈવી અને માનુષી– તેમાં દૈવી–અગ્નિ, જલ, વ્યાધિ દુષ્કાલ અને મરકી એ પાંચ પ્રકારનાં છે અને અયોગ્ય મનુષ્યો, ચોરો શત્રુઓ રાજાના માનીતાઓ અને રાજલોભ. આ પાંચ પ્રકારનાં માનુષી કષ્ટો છે.

સેના સેનાપતિઓથી કેળવાયલી તથા શત્રુઓની સામે પડીને તેમને છેદન કરે એવી છે કે ?[૬૩] વળી હે શત્રુઓને તાપ આપનારા રાજા ! તમે શત્રુના રાજ્યમાં અન્નની કાપણી વખતે અથવા દુકાલની વખતે ચઢાઈ કરીને શત્રુઓને યુદ્ધમાં હણો છો કે ? કારણ કે એ વખતમાં શત્રુઓ સુખેથી જીતી શકાય છે.[૬૪] વળી તમે પોતાના અને પારકા રાજ્યમાં ઘણા અધિકારીઓ મૂકેલા છે કે ? અને તેઓ પ્રજાનું વશીકરણ તથા કરગ્રહણ વગેરે અર્થોનું સેવન કરે છે તથા પરસ્પર મળીને શત્રુઓથી રાજ્યનું અને પોતાઓનું રક્ષણ કરે છે કે?[૬૫] વળી તમારા વિશ્વાસપાત્ર સેવકો દેશાંતરમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ ખાવાના પદાર્થો, વસ્ત્રો અને સુંઘવાના ઉત્તમ ધૂપ, ચંદન, અગુરુ વગેરે પદાર્થો તમારે માટે રાખી મૂકે છે કે તેઓ તેનો પોતેજ ઉપભોગ કરે છે ?[૬૬] વળી તમારા ઉપર ભક્તિવાળા તથા કલ્યાણ કરનારા સેવકો તમારા ભંડાર, કોઠાર, વાહનો, દરવાજા અને આયુધશાલાનું સારી રીતે રક્ષણ કરે છે ? અને તમારી આવકની ગોઠવણ કરે છે કે કેમ ?[૬૭] હે રાજન્! તમારા રસોઇઆઓ વગેરે આભ્યંતર પુરુષોથી તથા સેનાપતિ વગેરે બાહ્ય પુરુષોથી પ્રથમ તમે તમારૂં રક્ષણ કરો છો કે ? અને તે બન્ને સ્થાનના મનુષ્યોનું પોતાના પુત્રો તથા મંત્રીઓથી રક્ષણ કરો છો કે ? તથા પુત્રોને અમાત્યોથી અને અમાત્યોને પુત્રોથી બચાવો છો કે ?[૬૮] તમારો મદ્યપાન, દ્યૂત, ક્રીડા અને સ્ત્રીપ્રસંગનાં વ્યસનનાં ખર્ચનો હિસાબ તમને સવારે ધર્મકૃત્ય કરવાની વખતે તો તમારો સેવક નથી બતાવતો ને ? કારણ કે તેમ કરવાથી તે વખતે આવેલા પુરોહિત વગેરે શિષ્ટ પુરુષો તમને મદ્યાદિ દુર્વ્યસનમાં પડેલા જાણીને તમારો ત્યાગ કરી જશે.[૬૯] તમારી આવકમાંથી સુકાલમાં એક ભાગવડે સમાન કાલમાં બે ભાગવડે અને દુષ્કાલમાં ત્રણભાગ ધનવડે તમારો ખર્ચ પૂરો થાય છે કે ? અર્થાત્ સર્વ સમયમાં ભંડારમાં વૃદ્ધિ કરતા રહો છો કે ?[૭૦] વળી તમારાં જ્ઞાતિવાળાં ગુરુઓ, વૃદ્ધો, વ્યાપારીઓ, શિલ્પિઓ અને આશ્રિતો દરિદ્રી થઇ જાય ત્યારે તેમને ધન તથા ધાન્ય આપીને તમે તેઓના ઉપર અનુગ્રહ કરો છો કે ?[૭૧] વળી તમે આવક, જાવકના હિસાબ કરવા તથા નામું લખવા રાખેલા પુરુષો તમને આવક તથા જાવકનો હિસાબ રોજ સવારે જણાવે છે કે ?[૭૨] વળી કાર્ય કરવામાં પ્રૌઢ તમારાં હિતની કામનાવાળા અને તેથી પ્રિય થઈ પડેલા એવા અધિકારીઓને તેમનો દોષ જોયા પહેલાં તેમને અધિકાર ઉપરથી કાઢી મૂકતા તો નથી ?[૭૩] હે ભારત ! તમે ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ પુરુષોને ઓળખ્યા પછી તેઓને યોગ્ય કાર્યો ઉપર યોજો છો કે કેમ ?[૭૪] હે રાજન્ ! લોભી, ચોર, વેરવાળા અથવા વ્યવહારશૂન્ય એવા માણસોને તો તમે રાજકાર્યમાં નથી રાખ્યા ને ?[૭૫] તમારા રાજ્યની પ્રજા ચોરોથી, લોભીઆઓથી, રાજકુંવરોથી, રાણીઓનાં બલથી અથવા તમારાથી પીડાતી તો નથી ? તમારા ખેડુતો સંતુષ્ટ છે કે ?[૭૬] તમારા રાજ્યમાં જૂદા જૂદા ભાગોમાં ખોદાવેલાં મોટાં અને જલથી ભરેલાં તળાવો છે કે ? તમારા રાજ્યની ખેતી ફકત વરસાદ ઉપર જ આધાર નથી રાખતીને ?[૭૭] તમારા ખેડુતો અન્નને માટે તથા વાવેતરનાં બીજને માટે તો નથી પીડાતા ? ખેડુતોને સેંકડે દરમહિને એક ટકો વ્યાજથી રૂપિયા ધીરીને તેમના ઉપર અનુગ્રહ કરો છો કે ?[૭૮] હે તાત ! તમારા રાજ્યમાં ખેતી, વ્યાપાર પશુપાલન અને વ્યાજનો ધંધો સદ્‌બુદ્ધિવાળા મનુષ્યો સારી રીતે કરે છે કે ? કારણ એ ધંધાનો આશ્રય કરવાથી આ લોક સુખી થાય છે ?[૭૯] હે રાજન્ ! તમારા રાજ્યનાં પ્રત્યેક ગામમાં શૂરા અને પોતપોતાનું કામ સારી રીતે કરે તેવા શાસન કરનાર, ઉઘરાતદાર, પ્રજા અને કર ઉઘરાવનારની વચ્ચે સમાધાન કરનાર, લખનારો અને સાક્ષી, આ પાંચ એકઠા મળીને તમારી પ્રજાનું કલ્યાણ કરે છે કે ?[૮૦] તમે નગરના રક્ષણને માટે ગામો નગરને અધીન તથા સીમાડા ઉપર આવેલાં જંગલીઓનાં ગામડાંઓ ગામોને અધીન રાખ્યાં છે કે ? અને તે ગામ-

ડાંઓ, ગામો તથા નગરો તમારે અધીન છે કે ? અર્થાત્ ગામડાંઓના અધિકારીઓ ઉપર ગામોના અધિકારીઓની સત્તા તેમના ઉપર નગરના અધિકારીઓની અને તેઓના ઉપર તમારી સત્તા ચાલે છે કે ?[૮૧] વળી તમારા રાજ્યમાં કોટ વિનાનાં અને કોટવાળાં નગરો ઉપર લૂંટ કરનારા ચોરો લૂંટફાટ કરીને નાસે તેમની પાછળ સૈનિકોને લઇને નગરાધ્યક્ષ દોડે છે કે ?[૮૨] તમે સ્ત્રીઓનું સાંત્વન કરો છો કે ? તેઓનું સારી પેઠે રક્ષણ કરો છો કે ? તેઓનાં વચન ઉપર શ્રદ્ધા તો નથી રાખતાને ? અને તેઓની આગળ ગુપ્ત વાર્તા પણ નથી કરતા ને ?[૮૩] હે નૃપ ! તમે અકલ્યાણકારક વાત સાંભળ્યા પછી તે સંબંધી માત્ર વિચાર કરીને અંતઃપુરમાં વિલાસસુખ ભોગવતા સૂઈ તો નથી રહેતા ?[૮૪] તમે રાત્રિના બીજા તથા ત્રીજા પ્રહરમાં નિદ્રા લઇને પછી ચોથા પ્રહરમાં ઉઠીને ધર્મ તથા અર્થનું ચિંતન કરો છો કે ?[૮૫] હે પાંડવ ! તમે યથાસમય પ્રભાતમાં ઉઠીને, અલંકારાદિક ધારણ કરીને, સમયવેત્તા મંત્રીઓની સાથે નિરંતર પ્રજાને માટે વિચાર કરો છો કે ?[૮૬] હે અરિને દમન કરનાર ! લાલ વસ્ત્રને ધારણ કરનારા, અલંકારવાળા શરીરરક્ષકો હાથમાં તરવાર લઇને તમારા રક્ષણને માટે તમારી ચોતરફ રહી સેવા કરે છે કે ?[૮૭] હે રાજા ! તમે પરીક્ષા કરીને દંડ કરવા યોગ્ય અપ્રિય મનુષ્યો પ્રત્યે યમની પેઠે-ક્રૂરતાથી અને પૂજ્ય તથા પ્રિય મનુષ્યોપ્રત્યે ધર્મરાજાની પેઠે વિનયથી વર્તો છો કે ?[૮૮] હે પાર્થ ! તમે શારીરિક પીડાની ઔષધસેવનથી તથા પથ્ય-ભોજનથી અને માનસિક પીડાની વૃદ્ધ પુરુષોનાં સેવનથી નિરંતર નિવૃત્તિ કરો છો કે ?[૮૯] વળી નિદાન, પૂર્વરૂપ, રૂપ, ઉપષય અને સંપ્રાપ્તિ, આ પાંચ રોગજ્ઞાનનાં લક્ષણો તથા ઔષધિ, રોગી અને પરિચારક આ અષ્ટાંગ ચિકિત્સામાં કુશલ, શુભેચ્છુઓ અને તમારા ઉપર પ્રીતિ-વાળા એવા વૈદ્યો નિત્ય તમારા શરીરના હિતની કાળજી રાખે છે કે ?[૯૦] હે પ્રજાપતિ ! તમે લોભવડે, મોહવડે અથવા અભિમાનવડેતમારી પાસે આવેલા યાચકોને તથા પરંપરાથી ચાલતી આવેલી આજીવિકા તૂટી જવાથી ક્ષોભ પામેલા પુરુષોને દાદ નથી દેતા એમ તો નથી ને ?[૯૧] વળી તમે લોભથી, મોહથી, કોઇના ઉપર વિશ્વાસથી અથવા કોઈના પ્રણયથી તમારા આશ્રિત મનુષ્યોની વૃત્તિ તો બંધ નથી કરતા ?[૯૨] તમારા રાજ્યમાં રહેલા લોકો શત્રુઓએ ધન આપીને વશ કરવાથી એકઠા થઇને તમારી સામે કોઈ પણ રીતે વિરોધ તો નથી કરતા ને ?[૯૩] તમે જેને પ્રથમ બલથી પીડેલો એવો તમારો દુર્બલ શત્રુ પાછળથી મંત્રણાના બલ-વડે અથવા મંત્રણા અને બલથી કોઈ પણ રીતે બલવાન્ તો નથી થઇ પડ્યો ?[૯૪] વળી મુખ્ય મુખ્ય સર્વે રાજાઓ તમારા પ્રત્યે ભક્તિભાવ-વાળા છે કે ? અને દાન તથા માનથી વશ કરેલા એવા તેઓ તમારે માટે પ્રાણનો ત્યાગ કરે તેવા છે કે ?[૯૫] વળી તમે બ્રાહ્મણોમાં અને સાધુ પુરુષોમાં સર્વ વિદ્યા તથા ગુણો જોઈને તેઓની પરમ કલ્યાણ કરનારી પૂજા કરો છો કે ? અને સ્વર્ગ તથા મોક્ષની સાધન-ભૂત એવી દક્ષિણા તેઓને નિત્ય આપો છો કે ?[૯૬] વળી તમે વેદત્રયીપ્રતિપાદિત પૂર્વ મનુષ્યોએ આચરણ કરેલા એવા ધર્મને તેઓની પેઠે આચરણ કરવા માટે, યત્નપૂર્વક તેવાં ધાર્મિક કર્મો કરો છો કે ?[૯૭] વળી તમારે ઘેરે તમારી દેખરેખ નીચે ગુણવાન તથા સ્વાદિષ્ટ અન્નનું ગુણસંપન્ન બ્રાહ્મણો ભોજન કરે છે કે ? અને તેઓને દક્ષિણા મળે છે કે ?[૯૮] તમો જિતેન્દ્રિય થઇને એક ચિત્તથી વાજપેય અને પુંડરીક આદિ યજ્ઞો સંપૂર્ણ રીતે કરવા માટે યત્ન કરો છો કે ?[૯૯] વળી જ્ઞાતિનાને, ગુરુઓને, વૃદ્ધોને, દેવતાઓને, તપસ્વીઓને, ચૈત્યો-(ચોતરાવાળાં ગામને સૂચવનારાં વૃક્ષો)ને કલ્યાણ-દાયી વૃક્ષોને અને બ્રાહ્મણોને નમસ્કાર કરો છો કે ?[૧૦૦] હે નિષ્પાપ ! તમે કોઈને શોક અથવા ક્રોધ તો નથી ઉત્પન્ન કરતા ? તમારી પાસે મંગલ કરનારા મંત્રવેત્તા પુરોહિત વગેરે

રહે છે કે ?[૨] હે શુદ્ધ! આયુષ્ય આપનારી, યશ આપનારી અને ધર્મ કામ તથા અર્થનું યથાર્થ નિરીક્ષણ કરનારી એવી હમણા જેવી તમારી બુદ્ધિ અને વૃત્તિ છે તેવીજ નિરંતર રહે છે કે ? આવી બુદ્ધિથી વર્તનાર રાજાઓનું રાજ્ય કોઈ દિવસ પીડાતું નથી અને આવી બુદ્ધિવાળો રાજા પૃથ્વીનો વિજય કરીને અત્યંત સુખ ભોગવે છે.[૩] કોઈ શુદ્ધ મનવાળો આર્ય પુરુષ ચોરી વગેરે કોઈ નિંદિત કર્મનાં નિમિત્તથી મિથ્યા પકડાય અને તેનાં ધન ધાન્ય આદિ લઇ લીધાં હોય તોપણ તેવા પવિત્ર માણસને પંડિતોની સંગાતમાં ન આવેલા એવા મૂર્ખ મંત્રિઓ અધિક ધનના લોભથી હણતા તો નથી?[૪] વળી હે નરશ્રેષ્ઠ! કોઇ સ્વાભાવિક રીતેજ દુષ્ટ અને તેવાં દુષ્ટ કર્મ કરનારો હોય તેને કોટવાલ વગેરે એ મુદ્દામાલ સાથે પકડ્યો હોય છતાં તેવા ચોરને ધનના લોભથી છોડી દેવામાં તો આવતો નથીને ?[૫] હે ભરતવંશી રાજા! કોઇ ધનવાનની પાસે અથવા દરિદ્રીની પાસે થોડાજ કાલમાં મહાન ધનસંપત્તિ વધી ગઇ હોય તેવાનાં ધનને ચાડી ખાનારા પુરુષોથી વિવેકવિનાના થઇને તમારા અમાત્યો તે ચોરી વગેરે અન્યાયથી એકઠું કરેલું છે એવી દૃષ્ટિથી તો નથી જોતા ?[૬] વળી હે રાજન્! નાસ્તિકતા, અસત્ય, ક્રોધ, પ્રમાદ, કાર્ય લંબાવવાની ટેવ, જ્ઞાનવાળાઓનું અદર્શન, આલસ્ય, પાંચ ઇંદ્રિયોના વિષયમાં તત્પરતા, કાર્યોનો એકલાં વિચાર કરવો, કાર્યસ્વરૂપને ન જાણનારાની સાથે વિચાર, નિશ્ચય કરવા ધારેલાં કાર્યનો આરંભ ન કરવો, ગુપ્ત વિચારોને ઉઘાડા પાડવા, મંગલ કાર્યો ન કરવાં અને ચોતરફ સાથે ચઢાઈ કરવી આ ચૌદ પ્રકારના રાજાઓના દોષને તમે ત્યજો છો કે ? કારણ કે દૃઢ મૂલવાળા રાજાઓ પણ ઉપલા દોષોનાં સેવનથી વિનાશ પામે છે[૭,૯]. વળી હે રાજા! તમારા વેદો સફલ છે? તમારૂં ધન સફલ છે? તમારી સ્ત્રીઓ સફલ છે? અને તમારૂં શાસ્ત્રશ્રવણ સફલ છે કે ?[૧૧૦]

યુધિષ્ઠિર પૂછે છેઃ–"વેદો શી રીતે સફલ ગણાય ? ધન કેવી રીતે સફલ થાય ? સ્ત્રીઓ કેવી રીતે સફલ ગણાય ? અને શાસ્ત્રશ્રવણ કેવી રીતે સફલ થાય?"[૧૧૧]

નારદ કહે છેઃ–અગ્નિહોત્ર કરવાથી વેદ સફલ થાય છે, દાન કરવાથી તથા ભોગ ભોગવવાથી ધન સફલ થાય છે, રતિસુખથી તથા પુત્રોત્પતિથી સ્ત્રીઓ સફલ ગણાય છે અને શીલ તથા સદાચારથી શાસ્ત્રશ્રવણ સફલ થાય છે.[૧૧૨]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને તે મહાતપસ્વી નારદમુનિ ધર્માત્મા યુધિષ્ઠિરરાજાને ફરી આ પ્રમાણે પૂછવા લાગ્યા.[૧૧૩]

નારદ પૂછે છેઃ–લાભ મેળવવા માટે દૂર દેશથી આવેલા વ્યાપારીઓની પાસેથી તમારા કર ઉઘરાવનારાઓ નિયમ પ્રમાણે કર લેછે કે?[૧૪] હે રાજન્! તે વ્યાપારીઓ તમારા નગરમાં અને રાજ્યમાં માન પામીને છલથી છેતરાયા વિના વેચવાની વસ્તુઓ લાવે છે કે?[૧૫] હે તાત! તમે નિત્ય યથાશાસ્ત્ર ધર્મ તથા અર્થને દર્શાવનારા તથા વ્યવહારને જાણનારા વૃદ્ધ પુરુષોની ધર્મ તથા અર્થયુક્ત વાણીને સાંભળો છો કે ?[૧૬] વળી તમે ખેતીથી ઉત્પન્ન થતાં લીલાં તથા સૂકાં ધાન્યોને અને ગાયથી થતાં દૂધ તથા ઘીને ધર્મને માટે બ્રાહ્મણોને આપો છો કે ?[૧૭] તમે સર્વ કારીગરોને સર્વ સમયમાં પગાર તથા તેને જોઇતાં રંગાદિ સાહિત્યો ચાર માસથી અધિક ન ચાલે તેટલાં સારી રીતે નિયમથી આપો છો કે ?[૧૮] વળી તમે તેઓનાં કાર્યચાતુર્યને સમજી શકો છો કે ? કુશલ કારીગરનાં વખાણ કરો છો કે ? તથા હે મહારાજ! સજ્જનોના મધ્યમાં તેઓનો માનપૂર્વક સત્કાર કરો છો કે ?[૧૯] હે ભરતર્ષભ! તમે જૂદા જૂદા આચાર્યોની પાસેથી હસ્તી, અશ્વ, રથ વગેરેનાં લક્ષણો, પરીક્ષા, ચિકિત્સા, ઔષધ, ઉદ્દીપન, માદન આદિ પ્રકારના પ્રતિપાદક ગ્રંથોનાં સૂત્રો–સંક્ષેપરૂપ સિદ્ધાંતોને ગ્રહણ કરો છો કે ?[૧૨૦] હે ભરતશ્રેષ્ઠ! તમારે ત્યાં ધનુર્વેદનાં શાસ્ત્રો તથા નગરનું હિત કરનારા યંત્રશાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ ચાલે છે કે ?[૨૧] વળી મંત્રથી છોડાતાં શસ્ત્રો; બ્રહ્મદંડ

(અભિચાર વિદ્યા) તથા શત્રુનો નાશ કરનારા સઘળા વિષપ્રયોગોનું હે નિષ્પાપ રાજા! તમને જ્ઞાન છે કે?૧૨૨ વળી અગ્નિના ભયથી, સર્પના ભયથી, રોગના ભયથી અને રાક્ષસોના ભયથી તમારા રાજ્યનું તમે રક્ષણ કરો છો કે?૧૨૩ વળી હે ધર્મને જાણનારા! તમે આંધળાં, મૂગાં, પાંગળાં, અંગવિનાનાં, અનાથ અને જ્ઞાતિથી દૂર કરેલાં, અન્નમાત્રની અપેક્ષાવાળાં ગરીબોનું પિતાની પેઠે પાલન કરો છો કે?૧૨૪ હે મહારાજ! તમે નિદ્રા, આલસ્ય, ભય, ક્રોધ, સુકુમારપણું અને દીર્ઘસૂત્રીપણું, આ છ અનર્થોને દૂર કર્યા છે કે?૧૨૫

વૈશંપાયન કહે છે:-આ પ્રમાણે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા નારદમુનિનાં વચન સાંભળ્યા પછી પ્રસન્ન થયેલા, કુરુકુલમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર રાજા, દેવરૂપ નારદના ચરણમાં પ્રણામ કરીને કહેવા લાગ્યા.૧૨૬

યુધિષ્ઠિર બોલ્યા:-"આપે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે હું કરીશ. આપના ઉપદેશથી મારી બુદ્ધિ ઘણી વૃદ્ધિ પામે છે." આ પ્રમાણે કહીને રાજા તેવી રીતે વર્તવા લાગ્યા અને સમુદ્રરૂપી મેખલાવાળી પૃથ્વીને પ્રાપ્ત થયા.૧૨૭

નારદ બોલ્યા:-જે રાજા ચારે વર્ણોના રક્ષણને માટે આ પ્રમાણે વર્તે છે તે આ લોકમાં સુખપૂર્વક વિહાર કરીને ઇંદ્રના લોકને પ્રાપ્ત થાય છે.૧૨૮

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલસભાખ્યાન પર્વવિષે નારદપ્રશ્ન મુખથી ધર્માનુશાસન નામનો અધ્યાય ૫ મો સમાપ્ત.

અધ્યાય ૬ ઠ્ઠો-યુધિષ્ઠિરને દૈવી સભાઓ જાણવાની ઇચ્છા

॥ वैशंपायन उवाच ॥

संपूज्याथाभ्यनुज्ञातो महर्षेर्वचनात् परम् ॥
प्रत्युवाचानुपूर्व्येण धर्मराजो युधिष्ठिरः ॥१॥

વૈશંપાયન કહે છે:-નારદમુનિનાં એવાં વચન સાંભળ્યા પછી તેમનું સન્માન કરીને તેમની આજ્ઞાથી ધર્મરાજા યુધિષ્ઠિર અનુક્રમથી કહેવા લાગ્યા.૧

યુધિષ્ઠિર બોલ્યા:-"હે ભગવન! આપે ધર્મનો નિશ્ચય ન્યાયપ્રમાણે કહ્યો છે; આપના જણાવવા પ્રમાણે યથાશક્તિ ન્યાયપૂર્વક એ વિધિ પ્રમાણે હું વર્તું છું.૨ પૂર્વના રાજાઓએ જે પ્રમાણે ન્યાયવાળાં, અર્થવાળાં હેતુયુક્ત અને પ્રત્યક્ષ ફલવાળાં કાર્યો કર્યાં છે; તે પ્રમાણે હમણાંના રાજાજીઓએ પણ કરવાં જોઇએ, એમાં સંદેહ નથી.૩ હે પ્રભો! અમે પણ તેઓના સન્માર્ગમાં ચાલવાની ઇચ્છા રાખીએ છીએ; પરંતુ તે જિતચિત્ત રાજાઓ જે પ્રમાણે આચરણ કરતા હતા તે પ્રમાણે અમે ચાલી શકતા નથી."૪

વૈશંપાયન કહે છે:-આ પ્રમાણે કહીને યુધિષ્ઠિરે નારદમુનિનાં વખાણ કર્યાં; તે પછી સર્વ લોકમાં ફરનારા નારદમુનિને જોઇને તેમની સેવા કરતા મહાતેજસ્વી પાંડુનંદન યુધિષ્ઠિર રાજા, રાજાઓના મધ્યમાં સ્વસ્થતાથી બેઠેલા નારદમુનિને બે ઘડી પછી તે સમયને યોગ્ય પ્રશ્ન પૂછવા લાગ્યા.૫,૬

યુધિષ્ઠિર પૂછે છે:-"મનના જેવા વેગવાળા આપ બ્રહ્માએ મનુષ્યસૃષ્ટિથી પ્રથમ નિર્માણ કરેલા અનેક પ્રકારના ઘણા લોકોને જોતા જોતા ફરતા ફરો છો.૭ હે બ્રહ્મન્! તેમાં આવી અથવા આનાથી સારી કોઇ સભા છે? અને તે આપે કોઇ ઠેકાણે જોઇ છે? હું આપને એ પ્રશ્ન કરૂં છું માટે મને કહો."૮

વૈશંપાયન કહે છે:-આવાં ધર્મરાજાનાં વચન સાંભળીને મંદ હાસ્ય કરતા નારદમુનિ મધુરવાણીથી પાંડવને કહેવા લાગ્યા.૯

નારદ બોલ્યા:-હે ભરતકુલોત્પન્ન રાજા! હે તાત! જેવી મણિથી જડેલી આ તમારી સભા છે તેવી સભા મનુષ્ય લોકમાં તો મેં પૂર્વે જોઇ નથી તેમ સાંભળી પણ નથી.૧૦ પરંતુ હું પિતૃરાજ-

ની, બુદ્ધિમાન વરુણ દેવની, ઇંદ્રની, કૈલાસમાં રહેનારા કુબેરની અને બ્રહ્માની દિવ્ય સભાનું વર્ણન કરૂં છું, બ્રહ્માની સભા સર્વ ક્લેશથી રહિત, દિવ્ય તથા અદિવ્ય વિષયોથી યુક્ત, સંકલ્પ પ્રમાણે અનેક રૂપો ધારણ કરનારી, નિયમિત મનવાળા દેવો, પિતૃગણો, સાધ્યો અને યજ્ઞ કરનારા શાંત મુનિગણોથી સેવન કરાયલી તથા વેદો અને દક્ષિણા સાથે મૂર્તિમાન યજ્ઞોથી સુશોભિત છે. હે ભરતશ્રેષ્ઠ ! જો તમારે સાંભળવાની ઇચ્છા હોય તો હું તે સભાઓનું વર્ણન કરૂં.૧૧-૧૩ જ્યારે નારદમુનિએ આ પ્રમાણે પૂછયું ત્યારે ઉદાર ચિત્તવાળા ધર્મરાજા યુધિષ્ઠિર, પોતાના ભાઇઓ તથા સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણોની સાથે હાથ જોડીને નારદજીને આ પ્રમાણે કહેવા લાગ્યા કેઃ-“ આપ તે સર્વ સભાઓનું વર્ણન કરો, અમે બધા તે સાંભળવાની ઇચ્છા કરીએછીએ.૧૪,૧૫ હે બ્રહ્મન્! તે સભાઓ કેવા પદાર્થોથી કરેલી છે? તેઓ વિસ્તાર અને લંબાણમાં કેટલી છે ? બ્રહ્માની સભામાં કોણ કોણ તેમની સેવા કરે છે ?૧૬ તથા દેવના રાજા ઇંદ્રની, વિવસ્વાનના પુત્ર યમરાજાની, વરુણની અને કુબેરની સભાઓમાં તેઓની કોણ કોણ સેવા કરે છે ?૧૭ હે બ્રહ્મર્ષિ ! આ સઘળું અમે બધા યથાર્થ રીતે તમારા મુખથી સાંભળવાની ઇચ્છા કરીએ છીએ; અમને એ સાંભળવાનું બહુ કુતુહલ છે.”૧૮ આ પ્રમાણે પાંડુપુત્રે નારદને કહ્યું ત્યારે નારદે કહ્યું કેઃ- “હે રાજન્! તે દિવ્ય સભાઓનું વર્ણન તમે ક્રમવાર મારાથી સાંભળો.”૧૯

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલ સભાખ્યાનપર્વવિષે યુધિષ્ઠિરસભાજિજ્ઞાસો નામનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત.

અધ્યાય ૭ મો-ઇંદ્રની સભાનું લર્ણન

॥ नारद उवाच ॥

शक्रस्य तु सभा दिव्या भास्वरा कर्मनिर्मिता॥
स्वयं शक्रेण कौरव्य निर्जितार्कसमप्रभा ॥१॥

નારદ કહે છેઃ-હે કુરુકુલોત્પન્ન રાજા ! દિવ્ય અને પ્રકાશયુક્ત એવી ઇંદ્રની સભા તો વિશ્વકર્માએ નિર્માણ કરેલી છે અને તે સૂર્યના જેવી કાંતિવાળી સભાને ઇંદ્રે પોતે વિજયથી મેળવેલી છે.૧ તે સભા સો યોજન પહોળી, દોઢસો યોજન લાંબી, આકાશમાં રહેનારી, ઇચ્છાપૂર્વક ગમન કરનારી, પાંચ યોજન ઉંચી, જરા, શોક તથા ક્લેશથી રહિત, ઉપદ્રવ વિનાની, શાંત જનોથી યુક્ત, કલ્યાણ આપનારી, સુંદર ભવનો અને બેઠકોવાળી, રમણીય અને દિવ્ય વૃક્ષોથી સુશોભિત છે.૨,૩ હે પાર્થ ! હે ભારત ! તે સભામાં વર્ણવી ન શકાય તેવા દેહવાળો, કિરીટધારી, લાલમણિના બાજુબંધવાળો, નિર્મળ વસ્ત્રો અને વિચિત્ર માલાને ધારણ કરનારો, લજ્જા, કીર્તિ તથા કાંતિવાળો દેવોનો રાજા ઇંદ્ર, સાક્ષાત્ લક્ષ્મીના જેવી શોભાવાળી શચી નામની મહેંદ્રાણીની સાથે ઉત્તમ આસન ઉપર વિરાજે છે૪,૫

હે રાજન્! તે સભામાં પ્રકાશવાળા, સુવર્ણની માલાવાળા, દિવ્યરૂપવાળા અને સારી રીતે શણગરાયલા એવા ગૃહસ્થાશ્રમી સઘળા વાયુઓ, સિદ્ધો, દેવર્ષિઓ, સાધ્યો તથા બધા મરુત્‌ગણો પોતપોતાના અનુચરોની સાથે સો યજ્ઞ કરનારા તથા શત્રુને દમન કરનારા મહાત્મા દેવરાજ ઇંદ્રની સર્વ રીતે સેવા કરે છે.૬-૮ વળી હે પાર્થ ! નિર્મલ મનવાળા, પાપવિનાના, અગ્નિની પેઠે ઝળહળતા, તેજસ્વી, સોમયાગ કરનારા, શોકરહિત તથા સંતાપવિનાના એવા સઘળા દેવર્ષિઓ ઇંદ્રની ઉપાસના કરે છે. પરાશર, પર્વત, સાવર્ણિ, ગાલવ, શંખ, લિખિત, ગૌરશિરા મુનિ, દુર્વાસા, ક્રોધન, શ્યેન, દીર્ઘતમા મુનિ, પવિત્રપાણિ, સાવર્ણિ, યાજ્ઞવલ્કય, ભાલુકિ, ઉદ્દાલક, શ્વેતકેતુ, તાંડય, ભાંડાયનિ, હવિષ્માન્, ગરિષ્ઠ, હરિશ્ચંદ્ર-

રાજા, હ્રદ, ઉદરશાંડિલ્ય, પારાશર્ય, કૃષીબલ, વાતસ્કંધ, વિશાખ, વિધાતા, કાલ, કરાલદંત, ત્વષ્ટા, વિશ્વકર્મા, તુંબુરૂ તથા કેટલાએક અયોનિજન્મા, કેટલાક યોનિજન્મા, કેટલાક વાયુભક્ષીઓ અને કેટલાક હોમેલાં હવિષ્યના આહારવાળાઓ સર્વ લોકના પ્રભુ એવા વજ્રધારી ઇંદ્રની ઉપાસના કરે છે.[૯,૧૫] વળી સહદેવ, સુનીથ, મહાતપસ્વી વાલ્મીકિ, શમીક, સત્યવાક્ સત્ય પ્રતિજ્ઞાવાળા પ્રચેતાઓ, મેધાતિથિ, વામદેવ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, મરુત્ત, મરીચિ, મહાતપસ્વી સ્થાણુ, કક્ષીવાન, ગૌતમ, તાર્ક્ષ્ય, વૈશ્વાનરમુનિ, કાલકવૃક્ષીયમુનિ, આશ્રાવ્ય, હિર, ણ્મય સંવર્ત્ત, દેવહવ્ય, વીર્યવાન વિષ્વક્સેન, દિવ્ય તીર્થજલો, ઔષધિઓ, શ્રદ્ધા, મેધા, સરસ્વતી, હે પાંડવ! અર્થ, ધર્મ, કામ, વિજળીઓ, જલને વહન કરનારા મેઘો, વાયુઓ, ગર્જનાઓ, પૂર્વદિશા, યજ્ઞનાં હવિને વહન કરનારા સત્તાવીશ* અગ્નિઓ, અગ્નિ, સોમ, ઇંદ્રાગ્નિ, મિત્ર, સવિતા, અર્યમા, ભગ, વિશ્વેદેવા, સાધ્યો, ગુરુ, શુક્ર, વિશ્વાવસુ, ચિત્રસેન, સુમન, તરુણ, યજ્ઞો; દક્ષિણા, ગ્રહો, સામગાન, તથા યજ્ઞના ઉપયોગી મંત્રો, હે ભારત! એ બધા ત્યાં રહે છે.[૧૬-૨૩] વળી હે રાજન્! અપ્સરાઓ તથા મનોહર ગંધર્વો નૃત્ય, વાદિત્ર, ગાન તથા વિવિધ પ્રકારનાં હાસ્યથી દેવરાજ ઇંદ્રને ખુશી કરે છે તથા બલ અને વૃત્રાસુરને હણનારા એવા મહાત્મા ઇંદ્રને સ્તુતિઓ કરીને, પરાક્રમ તથા કર્મનાં વર્ણનો કરીને અને અનેક મંગલો કરીને પ્રસન્ન કરે છે. પુષ્પમાલા અને શણગારવાળા એવા બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ અને સઘળા દેવર્ષિઓ વિવિધ પ્રકારનાં વિમાનોમાં બેસીને અગ્નિના જેવા દેદીપ્યમાન જણાતા ત્યાં આવે છે અને કેટલાએક પાછા જાય છે;[૨૪-૨૭] પરંતુ બૃહસ્પતિ અને શુક્ર તો નિરંતર ત્યાંજ નિવાસ કરે છે. હે રાજન્! એ બધા અને બીજા ઘણાએક મહાત્માઓ નિયમિત વ્રતવાળાઓ, સોમના જેવા પ્રિય દર્શન અને બ્રહ્માના જેવી યોગ્યતાવાળા ભૃગુ તથા સપ્તર્ષિ વગેરે ચંદ્રના જેવાં વિમાનમાં બેસીને એ સભામાં જાવઆવ કરે છે[૨૮,૨૯] હે રાજન્! હે મહાબાહુ! આ પુષ્કરમાલિની નામની ઇંદ્રની સભા મેં જોઈ છે. હવે યમની સભાને પણ તમે સાંભળો.[૩૦]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલ સભાખ્યાનપર્વવિષે ઇંદ્રસભાવર્ણન નામનો અધ્યાય ૭ મો સમાપ્ત.

અધ્યાય ૮ મો–યમરાજાની સભાનું વર્ણન

॥ नारद उवाच ॥

कथयिष्ये सभां याम्यां युधिष्ठिर निबोध ताम्॥
वैवस्वतस्य यां पार्थ विश्वकर्मा चकार ह ॥१॥

નારદ કહે છેઃ–હે યુધિષ્ઠિર! હવે હું વિવસ્વાનના પુત્ર યમરાજાની સભા વર્ણવું છું કે જેને હે પાર્થ! વિશ્વકર્માએ કરેલી છે, તેને તમે સાંભળો.[૧] હે રાજા! તે સભા સુવર્ણની બનાવેલી છે, સો યોજન લાંબી પહોળી છે અને હે પાંડવ! તે ઇંદ્રની સભા કરતાં મોટી છે. તે સૂર્યના જેવી પ્રકાશવાળી, ઝળહળી રહેલી તથા સંકલ્પ થતાંજ સર્વરૂપ ધારણ કરનારી છે. તે સભા અતિ શીતલ નથી તેમ અતિ ઉષ્ણ પણ નથી અને તેથી તે મનને અત્યંત હર્ષ આપનારી છે.[૨,૩] તે સભામાં શોક, વૃદ્ધાવસ્થા, ભૂખ, તરસ, અપ્રિય, દીનતા, ગ્લાનિ અને પ્રતિકૂલ

*અંગિરા, દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય, આહવનીય નિર્મથ્ય, વંધુત, શુર, સંવર્ત, લૌકિક, જાઠર, વિષગ, ક્રવ્યાત્, ક્ષેમવાન, વૈષ્ણવ, દસ્યુમાન, બલદ, શાંત, પુષ્ટ, વિભાવસુ, જ્યોતિમાન્, ભરત, ભદ્ર, સ્વિષ્ટકૃત, વસુમાન્, ક્રતુ, સોમ અને પિતૃમાન આ સત્તાવીશ અગ્નિઓ છે.

જેવું કંઇજ નથી.[૪] વળી તે સભામાં દિવ્ય અને માનુષ સર્વે વિષયો રહેલા છે. હે અરિને દમનારા રાજા ! + ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય અને પેય આદિ સારવાળા, સ્વાદિષ્ટ, હૃદયને હિત કરનારા તથા મનોહર એવા પુષ્કળ પદાર્થો ત્યાં મળે છે અને તે પદાર્થોને નિત્ય ઇચ્છા પ્રમાણે આપનારાં પવિત્ર ગંધવાળાં વૃક્ષો ત્યાં આવેલાં છે. વળી ત્યાં શીતલ ને ઉષ્ણ એવાં સરસ જલ મળે છે. આવી તે સભામાં હે તાત! પુણ્યાત્મા રાજર્ષિઓ અને નિર્મલ બ્રહ્મર્ષિઓ વિવસ્વાન સૂર્યના પુત્ર યમરાજાની હર્ષથી ઉપાસના કરે છે. યયાતિ, નહુષ, પૂરુ, માંધાતા, સોમક, નૃગ,[૫–૮] ત્રસદસ્યુ, રાજર્ષિ કૃતવીર્ય, શ્રુતશ્રવા, અરિષ્ટનેમિ, સિદ્ધ, કૃતવેગ, કૃતિ, નિમિ,[૯] પ્રતર્દન, શિબિ, મત્સ્ય, પૃથુલાક્ષ, બૃહદ્રથ, વાર્ત, મરુત્ત, કુષિક, સાંકાશ્ય, સાંકૃતિ, ધ્રુવ,[૧૦] ચતુરશ્વ, સદસ્યોર્મિ, રાજા કાર્તવીર્ય, ભારત, સુરથ, સુનીથનિશઠ, અનલ,[૧૧] દિવોદાસ, સુમના, અંબરીષ, ભગીરથ, વ્યશ્વ, સદશ્વ, અવધ્ર્યશ્વ, પૃથુવેગ, પૃથુશ્રવા,[૧૨] પૃષદશ્વ, વસુમના, મહાબલવાન ક્ષુપ, રુષદ્રુ, વૃષસેન, ધ્વજયુક્ત રથવાળો પુરુકુત્સ,[૧૩] આર્ષ્ટિષેણ, દિલીપ, મહાત્મા ઉશીનર, ઉશીનરનો પુત્ર પુંડરીક, શર્યાતિ, શરભ, શુચિ,[૧૪] અંગ, અરિષ્ટ, વેન, દુષ્યંત, સૃંજય, જય, ભાંગાસુરિ, સુનીથ, નિષધ, વહીનર,[૧૫] કરંધમ, બાહ્લીક, સુદ્યુમ્ન, બલવાન મધુ, ઐલ, બલવાન પૃથ્વીપતિ મરુત્ત,[૧૬] કપોતરોમા, તૃણક, સહદેવ, અર્જુન, વ્યશ્વ, સાશ્વ, કૃશાશ્વ, રાજા શશબિંદુ,[૧૭] દશરથપુત્ર રામ* લક્ષ્મણ, પ્રતર્દન, અલર્ક, કક્ષસેન, ગય, ગોરાશ્વ,[૧૮] જમદગ્નિના પુત્ર પરશુરામ, નાભાગ, સગર, ભૂરિદ્યુમ્ન, મહાશ્વ, પૃથાશ્વ, જનક, વેનના પુત્ર પૃથુરાજ, વારિસેન, પુરુજિત્, જનમેજય, બ્રહ્મદત્ત, ત્રિગર્તદેશનો રાજા ઉપરિચર,[૧૯,૨૦] ઇંદ્રદ્યુમ્ન, ભીમ, જાનુ, ગૌરપૃષ્ઠ, અનઘ, લય, પદ્મ, મુચુકુંદ, ભૂરિદ્યુમ્ન, પ્રસેનજિત,[૨૧] અરિષ્ટનેમિ, સુદ્યુમ્ન, પૃથુલાશ્વ, અષ્ટક, સો મત્સ્ય રાજાઓ, સો નીપ રાજાઓ, સો હયરાજાઓ, એક સો ધૃતરાષ્ટ્રો,× એંશી જનમેજયો, સો બ્રહ્મદત્તો, વીરિ અને ઇરિઓ સો સો,[૨૨,૨૩] બસેં ભીષ્મો, એક સો ભીમ, એક સો પ્રતિવિંધ્યો, સો હસ્તિઓ, સો અશ્વો, સો પલાશ વૃક્ષના અભિમાની દેવો, સો કાશ તથા દર્ભના અભિમાની દેવો, શાંતનુરાજા અને હે રાજેંદ્ર ! તમારા પિતા પાંડુરાજા,[૨૪,૨૫] ઉશંગવ, શતરથ દેવરાજ, જયદ્રથ, પોતાના મંત્રીઓની સાથે બુદ્ધિમાન રાજર્ષિ વૃષદર્ભ,[૨૬] અને બીજા મહાન દક્ષિણાવાળા મોટા ઘણા અશ્વમેધ યજ્ઞો કરીને હજારો શશબિંદુ રાજાઓ તે સભામાં ગયા છે.[૨૭] હે રાજેંદ્ર ! આ પુણ્યાત્મા કીર્તિમંત અને બહુશ્રુત રાજર્ષિઓ તે સભામાં સૂર્યના પુત્ર યમરાજાની ઉપાસના કરે છે.[૨૮]

વળી યજ્ઞ કરનારા, સિદ્ધો, યોગમૂર્તિને ધારણ કરનારા, અગત્સ્ય, મતંગ, કાલ, મૃત્યુ, અગ્નિષ્વાત્તા પિતૃઓ, ફેનપ, ઉષ્મપ, સુધાવંત, બર્હિષદ અને મૂર્તિમંત પિતૃઓ, વળી કાલચક્ર (સંવત્સરાદિ અભિમાની દેવતાઓ), સાક્ષાત્ ભગવાન અગ્નિદેવ, દુષ્કર્મ કરનારા મનુષ્યો, દક્ષિણાયનમાં મરણ પામેલાઓ, કાલ-

---

+ ભક્ષ્ય–કરડીને ખાવાના પદાર્થો ભોજ્ય–કોળીઆથી ખાવાના પદાર્થો, લેહ્ય–ચાટીને ખાવાના પદાર્થો ચોષ્ય–ચૂસીને ખાવાના પદાર્થો અને પેય–પીવાના પદાર્થો.

*શ્રી રામચંદ્ર તથા લક્ષ્મણની વિષ્ણુ તથા શેષરૂપથી નિજ ધામમાંજ સ્થિતિ છે; તથાપિ પ્રતિમા રૂપવડે ઉપાસકોના ઉપર અનુગ્રહ કરવા માટે યમસભામાં સ્થિતિ સમજવી.

× પુરાણોમાં ઘણું ખરૂં અધિકારીઓનુંજ વર્ણન હોય છે અને તેઓનાં પ્રત્યેક કલ્પમાં નામ, રૂપ તથા કર્મ સમાન હોય છે; એટલે ધર્મરાજાની સભામાં રહેનારાઓ સો સોની ગણત્રીથી જે કહ્યાં છે તે યોગ્યજ છે; કારણકે અનેક કલ્પો થઇ જવાથી એ નામના અધિકારીઓ તેટલા થવા સંભવિત છે. જેમ સેનાપતિના અધિકાર ઉપર જેટલા આવે તે બધા સેનાપતિ કહેવાય તેમ ધૃતરાષ્ટ્રાદિ શબ્દોને માટે પણ સમજવું.

ધર્મને પમાડનારા ચમદ્દતો, શિંશપ, પલાશ, કાશ તથા કુશના અભિમાની દેવો, એ સર્વે મૂર્તિમાન થઈને ધર્મરાજાની ઉપાસના કરે છે. હે પ્રજાપાલ! એ અને બીજા ઘણાએક પિતૃરાજની સભામાં સભાસદો છે, તેઓ નામવડે તથા કર્મવડે ગણી શકાય તેમ નથી.૨૯-૩૩ હે પૃથાપુત્ર! ભીડવિનાની, રમણીય અને યથેષ્ટ ગતિ કરનારી તે સભાને દીર્ઘકાલ તપ કરીને વિશ્વકર્માએ નિર્માણ કરી છે.૩૪ હે ભારત! તે સભા પોતાના તેજવડે ઝળઝળિત પ્રકાશવાળી છે. તે સભામાં ઉગ્ર તપ કરનારા, સારાં વ્રતવાળા, સત્ય વકતાઓ, શાંત સંન્યાસીઓ, શુદ્ધ હૃદયવાળાઓ અને પુણ્યકર્મવડે પવિત્ર થયેલાઓ જાય છે. તે બધા તેજસ્વી દેહવાળા, નિર્મલ વસ્ત્રવાળા, વિચિત્ર બાજુબંધ તથા વિચિત્ર માલાઓવાળા, જાજ્વલિત કુંડલોને ધારણ કરનારા અને પારિબર્હોથી વિભૂષિત થઈને પોતાનાં સારી રીતે કરેલાં પુણ્યકર્મોવડે તે સભામાં રહે છે.૩૫-૩૭ વળી તે સભામાં મહાત્મા ગંધર્વો તથા અપ્સરાગણોનાં ટોળાંઓ વાદિત્ર, નૃત્ય, ગાન હાસ્ય તથા નાટય કર્યા કરે છે.૩૮ હે પાર્થ! તે સભામાં નિરંતર પવિત્ર સુગંધો, ઉત્તમ શબ્દો અને દિવ્ય પુષ્પો ચોમેરથી આવ્યા કરે છે.૩૯ તે પ્રજાના સ્વામી મહાત્મા યમરાજાની સુંદર રૂપવાળા તથા ઉદાર ચરિત્રવાળા સેંકડો અને લાખો ધર્માત્માઓ ઉપાસના કરે છે.૪૦ હે રાજન્! મહાત્મા પિતૃરાજની સભા આ પ્રકારની છે. હવે હું મૂર્તિમંત તીર્થવિશેષોથી શોભનારી વરુણદેવની સભાનું પણ વર્ણન કરૂં છું.૪૧

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલ સભાખ્યાનપર્વવિષે યમસભાવર્ણન નામનો અધ્યાય ૮ મો સમાપ્ત.

અધ્યાય ૯ મો—વરુણની સભાનું વર્ણન

॥ नारद उवाच ॥

युधिष्ठिर सभा दिव्या वरुणस्यामितप्रभा ॥
प्रमाणेन यथा याम्या शुभप्राकारतोरणा ॥१॥

નારદજી કહે છેઃ—હે યુધિષ્ઠિર! યમની સભાના જેટલાજ પ્રમાણવાળી, સુંદર કોટ તથા દરવાજાવાળી અને અમાપ કાંતિવાળી વરુણની દિવ્ય સભા છે.૧ તે સભાને જલમાં રહીને વિશ્વકર્માએ નિર્મેલી છે. દિવ્ય રત્નમય ફલ તથા પુષ્પોને આપનારાં વૃક્ષોથી તથા લીલી, પીળી, ધોળી, કાળી અને લાલ રંગની મંજરીઓના સમૂહને ધારણ કરનારી ચંદરવાની પેઠે આવી રહેલી લતાઓના ગુચ્છોથી તે સભા છવાઇ રહેલી છે.૨,૩ વળી તે સભામાં ચિત્રવિચિત્ર રંગનાં અને વર્ણવી ન શકાય તેવા દેહવાળાં સેંકડો અને હજારો પક્ષીઓ મધુર સ્વર કરી રહેલાં છે. તે સભા ટાઢ તથા તાપથી રહિત છે, એટલે ત્યાંની હવા સુખકરજ લાગે છે. વળી તેમાં ગૃહો અને આસનો નિર્મેલાં છે, તે વરુણે રક્ષણ કરેલી સભા શ્વેત વર્ણની અને રમ્ય લાગે છે.૪,૫ તે સભામાં દિવ્ય રત્નો અને દિવ્ય વસ્ત્રોને ધારણ કરીને તથા દિવ્ય અલંકારોથી વિભૂષિત થઇને વરુણદેવ પોતાની પત્ની વારુણીની સાથે વિરાજે છે.૬ ત્યાં માલાધારી, દિવ્ય અંગરાગવાળા અને દિવ્ય સુગંધવાળા આદિત્યો જલાધિપતિ વરુણની ઉપાસના કરે છે.૭ વળી વાસુકિ, તક્ષક, ઐરાવતનાગ, કૃષ્ણ, લોહિત, પદ્મ, વીર્યવાન ચિત્ર,૮ કંબલનાગ, અશ્વતરનાગ, ધૃતરાષ્ટ્ર, બલાહક, મણિમાન્, કુંડધાર, કર્કોટક, ધનંજય,૯ પાણિમાન, બલવાન કુંડધાર, પ્રહ્લાદ, મુષિકાદ, જનમેજય તથા પતાકાવાળા, મોટી કાયાવાળા અને ફણાવાળા બીજા ઘણાએક સર્પો હે યુધિષ્ઠિર રાજા! તે સભામાં ગ્લાનિરહિત થઈને મહાત્મા વરુણની સેવા કરે છે.૧૦,૧૧ વળી વિરોચનનો પુત્ર બલિરાજા, પૃથ્વીને જીતનારો નરકાસુર, સંહ્લાદ, વિપ્રચિત્તિ, કાલખંજ દાનવો,૧૨ સુહનુ, દુર્મુખ, શંખ, સુમના, સુમતિ, ઘટોદર, મહાપાર્શ્વ, ક્રથન, પિઠર,૧૩ વિશ્વ-

રૂપ, સ્વરૂપ, વિરૂપ, મહાશિરા, દશગ્રીવ, વાલી, મેઘવાસા, દશાવર,[૧૪] ટિટિભ, વિટભૂત, ઇંદ્રતાપન, સંહ્રાદ,એ અને બીજા દૈત્ય તથા દાનવોના સમૂહો જે બધાઓ સુંદર કુંડલો, માલાઓ, મુકુટો તથા દિવ્ય વસ્ત્રોને ધારણ કરનારા, વરદાન મેળવી ચૂકેલા, શૂરા, મૃત્યુભયવિનાના અને સારી રીતે વ્રત કરનારા છે, તેઓ ધર્મપાશને ધારણ કરનારા મહાત્મા વરુણદેવની સેવા કરે છે.[૧૫-૧૭] વળી ચાર સમુદ્રો, ભાગીરથી નદી, કાલિંદી, વિદિશા, વેણા, વેગવડે વહન થનારાં નર્મદા,[૧૮] વિપાશા, શતદ્રુ, ચંદ્રભાગા, સરસ્વતી, ઈરાવતી, વિતસ્તા, સિંધુ, દેવનદી,[૧૯] ગોદાવરી, કૃષ્ણવેણા, નદીઓમાં શ્રેષ્ઠ એવી કાવેરી, કિંપુના, વિશલ્યા, વૈતરણી નદી,[૨૦] તૃતીયા, જ્યેષ્ઠિલા, મહાનદ શોણ, ચર્મણ્વતી, પર્ણાશા, મહાનદી,[૨૧] સરયૂ, વારવતી, શ્રેષ્ઠ નદી લાંગલી, કરતોયા, આત્રેયી, મહાનદ લૌહિત્ય,[૨૨] લંઘતી, ગોમતી, સંધ્યા, ત્રિસ્રોતસી, આ અને બીજી હે રાજેંદ્ર! સુતીર્થરૂપા અને લોકપ્રસિદ્ધ એવી નદીઓ, તીર્થો, સરોવરો, કૂવાઓ, ઝરણાંઓ, અલ્પ જલાશયો, તળાવો, દિશાઓ, પૃથ્વી, પર્વતો અને સર્વે જલચરો દેહધારી થઇને મહાત્મા વરુણની ઉપાસના કરે છે. ગાન કરતા તથા વાદિત્રો વગાડતા સર્વે ગંધર્વ તથા અપ્સરાના ગણો: વરુણદેવની સ્તુતિ કરતા તે સભામાં રહે છે. વળી રત્નવાળા પર્વતો અને સર્વે રસો, સુંદર મધુર કથાઓ કરતા ત્યાં રહે છે. તેમજ વરુણનો મંત્રી સુનાભ પોતાના પુત્રો,પૌત્રો,ગોનામા તથા પુષ્કરની સાથે વરુણની સેવા કરે છે. આ બધા મૂર્તિમંત થઇને વરુણદેવની ઉપાસના કરે છે.[૨૩-૨૯] હે ભરતશ્રેષ્ઠ! મેં સર્વત્ર ગતિ કરતાં આ વરુણની રમ્ય સભા પૂર્વે જોઇ હતી. હવે તમે કુબેરની સભાને શ્રવણ કરો.[૩૦]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલ સભાખ્યાન પર્વમાં વરુણસભાવર્ણન નામનો અધ્યાય ૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૦ મો–કુબેરની સભાનું વર્ણન

॥ नारद उवाच ॥
सभा वैश्रवणी राजन् शतयोजनमायता ॥
विस्तीर्णा सप्ततिश्चैव योजनातिसितप्रभा ॥१॥

નારદ કહે છેઃ–હે રાજન્! વિશ્રવાના પુત્ર કુબેરની સભા સો યોજન લાંબી,સિત્તેર યોજન પહોળી અને શ્વેત કાંતિવાળી છે.[૧] હે રાજા! કુબેરે પોતે તપ કરીને તે મેળવેલી છે. તે ચંદ્રની કાંતિ કરતાં પણ અતિશય ધવલ છે અને કૈલાસ પર્વતના શિખર જેવી જણાય છે.[૨] ગુહ્યકોથી વહન કરાતી તે સભા આકાશમાં રહેલી હોય તેવી શોભે છે. દિવ્ય એવી તે સભા સુવર્ણમય ઉંચા મહાલયોથી શોભી રહેલી છે,[૩] તેમાં મોટાં રત્નો જડેલાં છે, તે વિચિત્ર દેખાવવાળી છે, દિવ્ય ગંધવાળી છે અને મનોરમ છે. શ્વેત આભલાંના શિખર જેવી તે સભા આકાશમાં તરતી હોય તેવી દેખાય છે.[૪] સુવર્ણમય રંગોથી રંગેલી તે દિવ્ય સભા વિજળીઓથી ચિતરી હોય તેવી જણાય છે. આવી તે સભામાં સૂર્યના જેવી કાંતિવાળાં, દિવ્ય આસ્તરણ પાથરેલાં તથા પગ મૂકવાનાં દિવ્ય આસનવાળાં પવિત્ર ઉત્તમાસન ઉપર વિચિત્ર આભરણો, વસ્ત્રો તથા જાજ્વલિત કુંડલો ધારણ કરીને શ્રીમાન કુબેર હજારો સ્ત્રીઓથી વીંટાઇને બેસે છે.[૫,૬] જ્યારે કુબેર સિંહાસન ઉપર બેસે છે,ત્યારે ઉત્કૃષ્ટ એવાં મંદાર વૃક્ષોનાં વનોને ચોતરફથી કંપાવતો તથા સૌગંધિક નામનાં કમલોના ગંધને વહન કરતો એવો અલકા નામના તળાવ અને નંદનવનનો શીતલ તથા હૃદયાહ્લાદક વાયુ તેમની સેવા કરે છે.[૭,૮] હે મહારાજ! ત્યાં ગંધર્વો અને અપ્સરાઓના ગણોની સાથે સભામાં આવીને દેવો, ઓગણપચાશ જાતનાં દિવ્ય તાનો મારીને ગાન કરે છે.[૯] ત્યાં મિશ્રકેશી, રંભા, શુદ્ધસ્મિતવાળી ચિત્રસેના, સુંદર નેત્રવાળી ઘૃતાચી, મેનકા, પુંજિકસ્થલા,[૧૦] વિશ્વાચી સહ-

જન્યા, પ્રમ્લોચા, ઉર્વશી, ઇરા,[૧૧] વર્ગા, સૌરભેયી, સમીચી, બુદ્‌બુદા, લતા, આ અને બીજા હજારો નૃત્ય તથા ગાનમાં કુશલ એવા ગંધર્વ તથા અપ્સરાના ગણો કુબેરની સેવા કરે છે. તે સભા અહોનિશ થતા દિવ્ય વાદિત્રોના નાદોથી, નૃત્યોથી, ગાનથી તથા ગંધર્વ અને અપ્સરાઓના સમૂહોથી અશૂન્ય અને સુંદર લાગે છે. વળી કિન્નર નામના ગંધર્વો તથા નર નામના ગંધર્વો,[૧૨,૧૪] મણિભદ્ર, ધનદ, શ્વેતભદ્ર, ગુહ્યક, કશેરક, ગંડકંડૂ, મહાબલવાન પ્રદ્યોત,[૧૫] કુસ્તુંબરુ, પિશાચ, ગજકર્ણ, વિશાલક, વરાહકર્ણ, તામ્રૌષ્ઠ, ફલકક્ષ, ફલોદક,[૧૬] હંસચૂડ, શિખાવર્ત, હેમનેત્ર, વિભીષણ, પુષ્પાનન, પિંગલક, શોણિતોદ, પ્રવાલક,[૧૭] વૃક્ષવાસી, અનિકેત, ચીરવાસા, હે ભારત ! આ અને બીજા સેંકડો, હજારો યક્ષો કુબેરની સેવા કરે છે.[૧૮] વળી ત્યાં ભગવતી લક્ષ્મી દેવી રહે છે, ત્યાંજ નલકુબર રહે છે, હું પણ ઘણી વાર ત્યાં જાઉં છું અને મારા જેવા બીજા તથા બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, રાક્ષસો અને મહાબલવાન ગંધર્વો મહાત્મા કુબેરની ઉપાસના કરે છે. વળી હે રાજસિંહ ! ઠીંગણા, ભયંકર દેહવાળા, કુબડા, રુધિરના જેવી આંખવાળા, મોટા શબ્દવાળા, મેદા તથા માંસનો આહાર કરનારા, ઉગ્ર, ભયંકર નાનાવિધ હથિયારોવાળા અને મહાન વેગવડે વાયુના જેવી ગતિવાળા હજારો ભૂતસમૂહોથી વીંટાઇને પાર્વતીના પતિ, જીવોના નિયંતા ત્રિશૂલધારી, ભગનાં નેત્રને હણનારા તથા ત્રિનેત્રધારી એવા ભગવાન શંકર તથા દેવી પાર્વતી પોતાના સખા કુબેરની પાસે નિરંતર નિવાસ કરે છે.[૧૯–૨૪] વળી ગંધર્વોના અધિપતિઓ, વિશ્વાવસુ, હાહા, હૂહૂ, તુંબરુ, પર્વત, શૈલુષ, ગાનજ્ઞ ચિત્રસેન તથા ચિત્રરથ અને બીજા સેંકડો ગંધર્વો પોતપોતાનાં સાહિત્યોની સાથે ત્યાં રહે છે અને તેઓ પ્રસન્ન થઇને ધનેશ્વર કુબેરની ઉપાસના કરે છે. વળી વિદ્યાધરનો અધિપતિ ચક્રધર્મા પોતાના નાના ભાઇઓની સાથે ધનેશ્વર પ્રભુ કુબેરની સેવા કરે છે; તેમજ સેંકડો કિન્નરો પણ સમર્થ એવા ધનના ઇશ્વર કુબેરની સેવા કરે છે.[૨૫–૨૮] વળી તે સભામાં ભગદત્ત વગેરે રાજાઓ બેસે છે તથા કિંપુરુષનો રાજા દ્રુમ પણ કુબેરની સેવા કરે છે.[૨૯] રાક્ષસોના અધિપતિ ધર્મિષ્ઠ એવા વિભીષણ પણ મહેંદ્ર, ગંધમાદન તથા યક્ષો, ગંધર્વો અને નિશાચરોની સાથે પોતાના સમર્થ ભાઇની ઉપાસના કરે છે. વળી હિમાલય, પારિયાત્ર, વિંધ્યાચલ, કૈલાસ, મંદરાચલ, મલય, દર્દુર, મહેંદ્ર, ગંધમાદન તથા બે દિવ્ય પર્વત ઇંદ્રકીલ અને સુનાભ, આ અને બીજા ઘણાએક પર્વતો મેરુને અગ્રણી કરીને મહાત્મા ધનેશ્વર પ્રભુની ઉપાસના કરે છે.[૩૦–૩૩] વળી ભગવાન નંદીશ્વર, મહાકાલ અને શંકુકર્ણ વગેરે સર્વે દિવ્ય પાર્ષદો તથા કાષ્ઠ, કુટીમુખ, દંતી અને તપોધિક વિજય ત્યાં કુબેરની સેવામાં રહે છે. વળી મહાબલવાન શ્વેતવર્ણો વૃષભ ત્યાં ગર્જના કર્યા કરે છે.[૩૪,૩૫] વળી બીજા પિશાચો અને રાક્ષસો કુબેરની સેવા કરે છે. વળી જ્યારે જ્યારે દેવના દેવેશ, ત્રણ લોકને પાલન કરનારા, બહુરૂપધારી અને પાર્વતીના પતિ એવા કલ્યાણમૂર્તિ મહેશ્વર પાર્ષદોની સાથે ત્યાં આવે છે, ત્યારે ત્યારે પુલસ્ત્ય વંશમાં ઉત્પન્ન થયેલા ધનેશ્વર કુબેર તેમને મસ્તકવડે પ્રણામ કરે છે; અને પછી મહાદેવની આજ્ઞા મેળવીને બેસે છે. કુબેરના મિત્ર ભગવાન શંકર પણ કોઇ કોઈ વખત ત્યાં રહે છે.[૩૬–૩૮] વળી ત્યાં નિધિઓમાં મુખ્ય એવા ધનના અધિપતિ શંખ અને પદ્મ પણ સર્વ નિધિઓને ગ્રહણ કરીને ધનેશ્વરની સેવા કરે છે.[૩૯] હે રાજન્ ! અંતરિક્ષમાં ગતિ કરનારી તે સભા મેં જેવી જોઈ હતી તેવી વર્ણવી છે. હવે હું પિતામહ બ્રહ્માની સભા કહું છું, તેને તમે સાંભળો.[૪૦]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલ સભાખ્યાનપર્વવિષે ધનદસભાવર્ણન નામનો અધ્યાય ૧૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૧ મો–બ્રહ્માની સભાનું વર્ણન

॥ नारद उवाच ॥
पितामहसभां तात कथ्यमानां निबोध मे ॥
शक्यते या न निर्देष्टुमेवंरूपेति भारत ॥१॥

નારદ કહે છેઃ–હે તાત! હે ભારત! હવે હું તમને પિતામહ બ્રહ્માની સભા કહું છું તેને તમે સાંભળો. તે સભા આવા રૂપની છે, એવું નિરૂપણ કરાય તેવી નથી.[૧] હે રાજન્! પૂર્વે દેવયુગમાં શ્રમરહિત ભગવાન આદિત્ય, સ્વર્ગમાંથી મનુષ્યલોક જોવા માટે અહીં આવ્યા હતા. તેઓ બ્રહ્માની સભા જોઇને આવ્યા હતા અને આ લોકમાં મનુષ્યનું રૂપ ધારણ કરીને ફરતા હતા. હે ભરતશ્રેષ્ઠ! હે પાંડવ! તેમણે મને જોઇને પ્રભાવવડે વર્ણન ન કરાય તેવી, સર્વ પ્રાણિમાત્રને મનોરમ, અપ્રમેય અને મનથી નિર્માણ કરાયલી એવી તે સભાનું મારી આગળ યથાર્થ રીતે વર્ણન કર્યું.[૨-૪] હે પાંડવશ્રેષ્ઠ! મેં તે સભાના ગુણો સાંભળીને તેને જોવાની ઇચ્છાથી આદિત્યને આ પ્રમાણે કહ્યું:–[૫]"હે ભગવન્! હું પિતામહની તે સુંદર સભાને જોવાની ઇચ્છા રાખું છું. હે કિરણનાયક! માટે જે તપ કરવાથી, કર્મ કરવાથી અથવા તેવી યોગ્ય ઔષધિના સેવનથી તે પાપને નાશ કરનારી ઉત્તમ સભાને હું જોઈ શકું તેવો ઉપાય તમે મને કહો."[૬,૭] હે ભરતશ્રેષ્ઠ! તે સહસ્રકિરણવાળા દિવાકર સૂર્યે મારૂં વચન સાંભળીને એક હજાર વર્ષના વ્રતનો મને ઉપદેશ કર્યો.[૮] તેમણે કહ્યું કેઃ–"તું અંતઃકરણને વશ રાખીને એક હજાર વર્ષસુધી બ્રહ્મવ્રતની ઉપાસના કર." તે પછી મેં હિમાલય ઉપર મહાવ્રતનો આરંભ કર્યો અને તે પૂર્ણ કર્યું.[૯] તે પછી પાપરહિત, પ્રસન્ન મનવાળા તથા પ્રતાપી એવા ભગવાન સૂર્ય મને લઈને તે બ્રહ્માની સભામાં ગયા.[૧૦] હે નરાધિપ! તે સભા આવા રૂપવાળી છે, એમ કહી શકાતું નથી; કારણ કે તે ક્ષણ ક્ષણમાં જૂદાં જૂદાં, નિરૂપણ ન કરાય તેવાં રૂપોને ધારણ કરે છે.[૧૧] વળી હે ભારત! તે સભાનું પરિમાણ તથા સ્થિતિ જાણી શકાતી નથી. મેં તેવા રૂપવાળી સભા પૂર્વે કોઈવાર જોઈ નથી.[૧૨] હે રાજન્! તે સભા ટાઢ તથા તાપથી રહિત હોવાથી હમેશ સુખરૂપજ લાગે છે. તે સભામાં જનારાઓને ભૂખ, તરસ અને ગ્લાનિ થતી નથી.[૧૩] તે મહા તેજસ્વી, અનેક રૂપવાળા મણિઓથી નિર્માણ કરેલી છે. તે સભાને થાંભલાઓથી ઉભી રાખી નથી, પરંતુ તે અદ્ધર રહેલી છે; કારણ કે તે ક્ષયરહિત અને નિત્ય છે.[૧૪] વળી તે દિવ્ય એવા અમાપ કાંતિવાળા, પ્રકાશયુક્ત નાનાવિધ પદાર્થોથી ભરેલી છે;[૧૫] અને તેથી તે સ્વયંપ્રભા સભા ચંદ્ર, સૂર્ય તથા અગ્નિથી પણ અતિશય તેજસ્વિની જણાતી, સૂર્યનો પણ તિરસ્કાર કરતી હોય તેવી પ્રકાશે છે.[૧૬] હે રાજન્! તે સભામાં સર્વ લોકના પિતામહ તથા ષડ્‌વિધ અશ્વર્યસંપન્ન એવા બ્રહ્મા પોતે એકલા પોતાની માયાવડે નિરંતર જગતને નિર્માણ કરતા બેસે છે.[૧૭] તે વખતે એ પ્રભુની સેવામાં પ્રજાપતિઓ હાજર થાય છે. દક્ષ, પ્રચેતા, પુલહ, મરીચિ, સમર્થ કશ્યપ,[૧૮] ભૃગુ, અત્રિ, વસિષ્ઠ, ગૌતમ, અંગિરા, પુલસ્ત્ય, ક્રતુ, પ્રહ્લાદ, કર્દમ,[૧૯] અથર્વાંગીરસ, સૂર્યનાં કિરણોનું પાન કરનારા વાલખિલ્યો, મન, અંતરિક્ષ, વિદ્યા, વાયુ, તેજ, જલ, પૃથ્વી,[૨૦] શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પ્રકૃતિ, વિકૃતિ અને બીજાં જે ભૂમિનાં કાલ, અદૃષ્ટ વગેરે કારણો તે,[૨૧] મહા તેજસ્વી અગસ્ત્ય, વીર્યવાન માર્કંડેય, જમદગ્નિ, ભરદ્વાજ; સંવર્ત, ચ્યવન,[૨૨] મહાભાગ્યશાળી દુર્વાસા, ધાર્મિક ઋષ્યશૃંગ, યોગના આચાર્ય અને મહાતપસ્વી એવા ભગવાન સનત્કુમાર,[૨૩] અસિત, દેવલ, તત્ત્વવેત્તા જૈગીષવ્ય, ઋષભ, જિતશત્રુ, મહાવીર્યવાળો મણિ, રૂપધારી અષ્ટાંગ આયુર્વેદ, નક્ષત્રોની સાથે ચંદ્રમા, કિરણવાળા આદિત્ય,[૨૪,૨૫] વાયુઓ, યજ્ઞો, સંકલ્પ તથા પ્રાણ, આ બધા મૂર્તિધારી તથા મહાન વ્રતમાં તત્પર રહેનારા મહાત્માઓ અને બીજા ઘણાએક દેવો બ્રહ્માની

પાસે હાજર રહે છે.વળી તે સભામાં અર્થ,ધર્મ, કામ, હર્ષ, દ્વેષ, તપ, ઇંદ્રિયનિગ્રહરૂપી દમ તથા વીસ અપ્સરાઓ અને સાત મુખ્ય ગંધર્વો એકઠા થઈને આવે છે. વળી બીજા સર્વે લોકપાલો, શુક્ર, બૃહસ્પતિ, બુધ, મંગલ, શનિશ્વર, રાહુ અને બીજા ગ્રહમંડલમાં રહેલાઓ ત્યાં આવે છે. મંત્ર, રથંતર સામ, હરિમાન, વસુમાન (કર્મ વિશેષમાં ઇંદ્રનાં નામ) ઇંદ્રની સાથે આદિત્યો કે જેઓનો 'અગ્નિષોમ, ઇંદ્રાગ્નિ' એવાં જોડ નામોથી ઉચ્ચાર થાય છે તેઓ,[૨૬–૩૦] વાયુઓ, વિશ્વકર્મા, વસુઓ, સર્વે પિતૃગણો, સર્વે હવિષ્યો,[૩૧] ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, સર્વે શાસ્ત્રો, ઇતિહાસો, ઉપવેદો (આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, અર્થશાસ્ત્ર) શિક્ષા, કલ્પ વગેરે વેદનાં અંગો, ગ્રહો, યજ્ઞો, સોમ, બીજા દેવતાઓ, સાવિત્રી, અકાર, ઉકાર, મકાર, અર્ધમાત્રા, નાદ, બિંદુ અને શક્તિ, આ સાત પ્રકારની બ્રહ્મપ્રાપિકા પ્રણવરૂપી વાણી,* મેધા, ધૃતિ, શ્રુતિ, પ્રજ્ઞા, બુદ્ધિ, યશ, ક્ષમા,[૩૨–૩૪] સામના સ્તુતિ તથા શસ્ત્રભાગો, વિવિધ પ્રકારની ગાથાઓ, દેહધારી તર્કયુક્ત ભાષ્યો,[૩૫] નાટકો, વિવિધ કાવ્યો, કથાઓ, આખ્યાયિકાઓ, કારિકાઓ તથા ગુરુનું પૂજન કરનારા અને બીજા પુણ્યમૂર્તિઓ ત્યાં નિવાસ કરે છે.[૩૬] હે ભરતવંશી રાજા ! વળી ત્યાં ક્ષણ, લવ, મુહૂર્ત, દિવસ, રાત્રિ, અર્ધમાસ, માસ, છ ઋતુઓ,[૩૭] પ્રભવાદિ સાઠ સંવત્સરો, તે પાંચ પાંચનો એકેકો યુગ, ચાર× પ્રકારનાં અહોરાત્ર, દિવ્ય, નિત્ય, અક્ષર અને અવિનાશી એવું બાર રાશિરૂપી કાલચક્ર[૩૮] તથા ધર્મચક્ર એ બધાં હે યુધિષ્ઠિર ! ત્યાં દેહધારી થઇને નિત્ય નિવાસ કરે છે. વળી અદિતિ, દિતિ, દનુ, સુરસા, વિનતા, ઇરા,[૩૯] કાલિકા, સુરભિદેવી, સરમા, ગૌતમી,[૪૦] પ્રભાદેવી, કદ્રૂદેવી, દેવોની માતાઓ, રુદ્રાણી, શ્રી, લક્ષ્મી, ભદ્રા, ષષ્ઠી, અપરા,[૪૧] પૃથ્વી ઉપર રહેલી પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવી, હ્રી, સ્વાહા, કીર્તિ, સુરાદેવી, શચી, પુષ્ટી, અરુંધતી,[૪૨] સંવૃત્તિ, આશા, નિયતિ, સૃષ્ટિદેવી, રતિદેવી, આ અને બીજી દેવીઓ પ્રજાપતિ બ્રહ્માની ઉપાસના કરે છે.[૪૩] વળી આદિત્યો, વસુઓ, રુદ્રો, ઓગણપચાસ વાયુઓ, અશ્વિનીકુમાર દેવો, વિશ્વેદેવા, સાધ્યગણ તથા મનના જેવા વેગવાળા પિતૃઓ બ્રહ્માની સભામાં રહે છે.[૪૪] હે પુરુષશ્રેષ્ઠ ! હે ભારત ! પિતૃઓના સાત ગણો છે, તેમાં ચાર મૂર્તિમાન છે અને ત્રણ અમૂર્ત્ત છે, એમ તમે જાણો. તે ગણો મહાભાગ્યવાળા વૈરાજો, અગ્નિષ્વાત્તાઓ, ગાર્હપત્યો, સોમપો, એકશૃંગો, ચતુર્વેદો અને કલાદિકો છે.એ પિતૃઓ સ્વર્ગાદિમાં ગતિવાળા અને સર્વે લોકમાં પ્રસિદ્ધ છે. હે નૃપ ! એઓની ચારે વર્ણમાં પૂજા થાય છે.[૪૫–૪૭] આ સર્વે પિતૃગણો પ્રથમ તૃપ્ત થયા પછી ચંદ્રમાને તૃપ્ત કરે છે. આ સર્વે પિતૃઓ પ્રજાપતિ બ્રહ્માની સેવા કરે છે.[૪૮] વળી રાક્ષસો, પિશાચો, દાનવો તથા ગુહ્યકો અમાપ બ્રહ્મવાળા બ્રહ્માની પ્રસન્નતાથી સેવા કરે છે. વળી નાગો, પક્ષીઓ, પશુઓ, સ્થાવરજંગમો તથા મહાભૂતો અને બીજાઓ પણ પિતામહની સેવા કરે છે.[૪૯,૫૦] વળી પુરંદર ઇંદ્ર, વરુણ, કુબેર, યમ તથા સ્વામી કાર્તિક સદા પિતામહની ઉપાસના કરે છે અને પાર્વતીની સાથે મહાદેવ પણ નિરંતર એ સભામાં આવે છે. વળી હે રાજન્ ! તે સભામાં દેવ નારાયણ, દેવર્ષિઓ, ઋષિ વાલખિલ્યો, યોનિજન્માઓ તથા અયોનિજન્માઓ અને બીજું જે કંઇ ત્રણ લોકમાં સ્થાવરજંગમ વગેરે જણાય છે તે બધું મેં ત્યાં જોયું હતું, હે રાજન્ ! એમ તમે જાણો.[૫૧–૫૩] વળી હે પાંડવ ! બ્રહ્માની સભામાં મેં અઠયાસી હજાર નૈષ્ઠિક બ્રહ્મચારી ઋષિઓ અને પચાસ હજાર ગૃહસ્થાશ્રમી ઋષિઓને જોયા હતા. તે સઘળા સ્વર્ગવાસીઓ ઇચ્છાપૂર્વક બ્રહ્માનાં દર્શન કરીને તથા મસ્તકવડે પ્રણામ કરીને પછી ઇચ્છામાં આવે ત્યાં પાછા

* અહીં કેટલાએક ટીકાકારો નીચે પ્રમાણે સાત પ્રકારની વાણી ગણાવે છે. સંસ્કૃત, પ્રાકૃત, પૈશાચી, અપભ્રંશ, લલિત, માગધ અને ગદ્યરૂપા.

× દિવસરાત્રિની ગણના ચાર પ્રકારની છે. સાઠ ઘડીની દિવસરાત્રિ મનુષ્યની, પિતૃની એક માસની, દેવની આપણા એક વર્ષની અને બ્રહ્માની એક કલ્પની.

જાય છે.[૫૪,૫૫] સર્વ પ્રાણિમાત્રમાં દયાવાળા, વિશ્વના આત્મા, સ્વયંભૂ, અમિત કાંતિવાળા તથા અમાપ બુદ્ધિવાળા એવા લોકોના પિતામહ બ્રહ્મા, ત્યાં અતિથિરૂપે આવનારા, મહાભાગ્યશાળી દેવોને, દૈત્યોને, નાગોને, દ્વિજોને, યક્ષોને, સુપર્ણોને, કાલેયગણોને, ગંધર્વોને તથા અપ્સરાઓને યથોચિત સન્માન આપે છે, સત્કાર કરે છે, સાંત્વના કરે છે, માન આપે છે અને હે રાજન્! અનેક પદાર્થોના વૈભવો ભોગવાવે છે.[૫૬–૫૮] હે ભારત! હે તાત! આ પ્રમાણે તેઓ આવે છે, ત્યારે કેટલાએક ત્યાંથી પાછા ફરે છે એટલે તે સુખદાયિની સભા પણ ગડબડાટવાળી થઇ જાય છે.[૫૯] તે દિવ્ય સભા સર્વ પ્રકારનાં તેજથી યુક્ત છે, તેનું બ્રહ્મર્ષિઓના સમૂહોથી સેવન કરાયલું છે, તે બ્રાહ્મી શોભાથી દેદીપ્યમાન છે અને તેથીજ તે ગ્લાનિરહિત થઇને અતિશય શોભે છે.[૬૦] હે રાજશાર્દૂલ! આ મનુષ્યલોકમાં જેવી તમારી સભા શ્રેષ્ઠ છે, તેવી સર્વ લોકમાં દુર્લભ એવી તે બ્રહ્માની સભા મેં જોઇ હતી.[૬૧] હે ભરતવંશી રાજા! ઉપર વર્ણવ્યા પ્રમાણેની સભાઓ મેં દેવલોકોમાં જોઇ હતી; પરંતુ મનુષ્યલોકમાં તો આ તમારી સભાજ સર્વે સભાઓથી અતિશય શ્રેષ્ઠ છે.[૬૨]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલ સભાખ્યાનપર્વવિષે બ્રહ્મસભાવર્ણન નામનો અધ્યાય ૧૧ મો સમાપ્ત.

અધ્યાય ૧૨ મો–નારદજીએ પાંડુરાજાનો સંદેશો કહ્યો.

॥ युधिष्ठिर उवाच ॥

प्रायशो राजलोकस्ते कथितो वदतां वर॥
वैवस्वतसभायां तु यथा वदसि मे प्रभो॥१॥

યુધિષ્ઠિર પૂછે છેઃ–હે વક્તાઓમાં શ્રેષ્ઠ! હે પ્રભુ! તમે યમરાજાની સભામાં ઘણાખરા રાજાઓ બેસે છે એ પ્રમાણે મારી આગળ કહ્યું;[૧] હે વિભુ! તેમજ વરુણની સભામાં નાગો, ઘણા દૈત્યેંદ્રો, નદીઓ અને સમુદ્રોનું વર્ણન કર્યું;[૨] તેમજ ધનપતિ કુબેરની સભામાં યક્ષો, ગુહ્યકો, રાક્ષસો, ગંધર્વો, અપ્સરાઓ તથા ભગવાન શંકરનું વર્ણન કર્યું;[૩] વળી તમે પિતામહ બ્રહ્માની સભામાં મહર્ષિઓ, સર્વે દેવસમૂહો તથા સર્વે શાસ્ત્રોનું વર્ણન કર્યું;[૪] અને હે મુનિ! તમે ઇંદ્રની સભામાં દેવો, મુખ્ય ગંધર્વો તથા વિવિધ મહર્ષિઓ વર્ણવ્યા;[૫] પરંતુ હે મહામુનિ! તમે મહાત્મા દેવેંદ્રની સભામાં એકલા રાજર્ષિ હરિશ્ચંદ્રનુંજ વર્ણન કર્યું છે.[૬] હે નિયત વ્રતવાળા! તેમણે એવું કયું તપ અથવા કર્મ કર્યું હતું કે જેથી તે મહાયશસ્વી રાજા ઇંદ્રની સાથે બરોબરી કરે છે?[૭] વળી હે વિપ્ર! તમે પિતૃલોકમાં રહેલા મારા મહા ભાગ્યશાળી પિતા પાંડુને જોયા એમ કહ્યું; તેમની સાથે તમારો મેળાપ કેવી રીતે થયો હતો? તથા હે ભગવન્! તેમણે તમને શું કહ્યું હતું? તે મારી આગળ કહો; હે શુભ વ્રતવાળા! એ બધું તમારાથી સાંભળવાની મને ઘણી ઉત્કંઠા છે.[૮,૯]

નારદ બોલ્યાઃ–હે રાજેંદ્ર! તમે હરિશ્ચંદ્રના સંબંધમાં મને પ્રશ્ન કરો છો, માટે તે બુદ્ધિમાનનું માહાત્મ્ય હું તમારી આગળ કહું છું.[૧૦] બલવાન એવા તે રાજાઓમાં ચક્રવર્તી હતા, એટલે સર્વે રાજાઓ તેની આજ્ઞાને તાબે રહેતા હતા.[૧૧] હે જનેશ્વર! તેણે સુવર્ણભૂષિત વિજયી રથમાં બેસીને પોતાના શસ્ત્રના પ્રતાપથી સાત દ્વીપો જીત્યા હતા.[૧૨] પર્વત, વન તથા જંગલોની સાથે પૃથ્વીને જીત્યા પછી હે મહારાજ! તેમણે રાજસૂય નામનો મોટો યજ્ઞ કર્યો હતો.[૧૩] તે યજ્ઞમાં હરિશ્ચંદ્રની આજ્ઞાથી સર્વે રાજાઓ નાનાવિધ ધન લાવ્યા હતા અને તેઓ બ્રાહ્મણોને પીરસવા રહેતા હતા.[૧૪] તે યજ્ઞમાં હરિશ્ચંદ્રરાજા, પોતાની પાસે યાચકો જેટલું ધન માગતા, તેનાથી પાંચગણું અધિક ધન તેઓને પ્રીતિથી આપતા

હતા.[૧૫] વળી જ્યારે અગ્નિવિસર્જનનો સમય આવ્યો, તે વખતે અનેક દિશાઓમાંથી આવેલા બ્રાહ્મણોને તેમણે વિવિધ ધન આપીને તૃપ્ત કર્યા હતા.[૧૬] વિવિધ જાતના ઇચ્છામાં આવે તેવા ભક્ષણ કરવાના તથા ભોજન કરવાના પદાર્થોથી અને રત્નના સમૂહોનાં દાનથી તૃપ્ત કરેલા એવા સંતુષ્ટ થયેલા તે બ્રાહ્મણોએ રાજાને આશીર્વાદો આપ્યા હતા અને તેથી તે રાજા તેજસ્વી, યશસ્વી તથા સર્વ રાજાઓથી શ્રેષ્ઠ થયા હતા.[૧૭] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! આ કારણથી હજારો રાજાઓના કરતાં પણ હરિશ્ચંદ્રરાજા અધિક દીપી નીકળ્યા છે, એમ તમે જાણો.[૧૮] હે નરાધિપ! પ્રતાપી એવા હરિશ્ચંદ્રે તે મહાયજ્ઞની સમાપ્તિ કરીને અવભૃથ સ્નાન કર્યું હતું અને તેથી તે સામ્રાજ્યની લક્ષ્મીથી શોભી નીકળ્યા હતા.[૧૯] હે ભરતશ્રેષ્ઠ! જે બીજા રાજાઓ પણ રાજસૂય નામના મોટા યજ્ઞથી યજન કરે છે, તે ઇંદ્રની સાથે આનંદ ભોગવે છે.[૨૦] વળી હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! જે સંગ્રામમાં પાછી પાની ન કરનારા વીરો યુદ્ધમાં મૃત્યુ પામે છે, તે પણ ઇંદ્રલોકમાં જઇને ત્યાં આનંદ ભોગવે છે.[૨૧] વળી જેઓ આ લોકમાં તીવ્ર તપ કરીને પોતાનો દેહ છોડે છે, તેઓ પણ તે સ્થાનમાં જઇને નિરંતર સ્વર્ગલક્ષ્મીથી દીપી નીકળે છે.[૨૨] હે કુંતીના પુત્ર! હે કુરુવંશને આનંદ આપનારા! હરિશ્ચંદ્રરાજાની લક્ષ્મી જોઇને વિસ્મય પામેલા તમારા પિતા પાંડુએ તમને સંદેશો કહાવ્યો છે; હે નરાધિપ! તેમણે મને મનુષ્યલોકમાં આવતો જાણીને મને પ્રણામ કરીને કહ્યું કે, "તમે યુધિષ્ઠિરને આ સંદેશો કહેજો કેઃ-"હે ભારત! તું પૃથ્વીનો વિજય કરવા સમર્થ છે તથા તારા ભાઇઓ તને વશ છે, માટે તું યજ્ઞોમાં શ્રેષ્ઠ એવો રાજસૂય યજ્ઞ કર.[૨૩-૨૫] તું મારો પુત્ર છે, એટલે તારા યજ્ઞથી હું હરિશ્ચંદ્રની પેઠે શીઘ્ર ઇંદ્રની સભામાં જઈશ અને ત્યાં અનેક વર્ષો સુધી આનંદ ભોગવીશ."[૨૬] આ સાંભળીને મેં પાંડુરાજાને કહ્યું કેઃ-"ભલે, હું પૃથ્વીલોકમાં જ્યારે જઇશ, ત્યારે તમારા પુત્ર રાજા યુધિષ્ઠિરને કહીશ."[૨૭] હે પુરુષવ્યાઘ્ર! હે પાંડુપુત્ર! માટે તમે તમારા પિતાનો સંકલ્પ સિદ્ધ કરો; જે કરવાથી તમે તમારા પૂર્વજોની સાથે મહેંદ્રના લોકને પ્રાપ્ત થશો.[૨૮] પરંતુ હે નૃપતિ! એ મહાન યજ્ઞમાં વિઘ્નો ઘણાં આવે છે; કારણ કે યજ્ઞને હણનારા બ્રહ્મરાક્ષસો એમાં છિદ્રો ખોળ્યાજ કરે છે.[૨૯] વળી એ યજ્ઞમાં પૃથ્વીને ક્ષય કરનારૂં અને ક્ષત્રિયોને નાશ પમાડનારૂં યુદ્ધ કરવું પડે છે. એમાં કિંચિત નિમિત્ત પણ ક્ષય કરનારૂં થઈ પડે છે.[૩૦] હે રાજેંદ્ર! તમે આ બધો વિચાર કરીને જે કલ્યાણકારક લાગે તે કરો, નિત્ય સાવધાન થઇને ચાર વર્ણની પ્રજાનું રક્ષણ કરો,[૩૧] વૃદ્ધિ પામો, આનંદ કરો અને ધનવડે બ્રાહ્મણોને તૃપ્ત કરો. હે રાજન્! તમે મને જે પૂછ્યું, તે મેં તમારી આગળ વિસ્તારથી કહ્યું છે. હવે હું તમારી રજા લઇને શ્રીકૃષ્ણની નગરી દ્વારકાપ્રત્યે જાઉં છું.[૩૨]

વૈશંપાયન કહે છેઃ-હે જનમેજય! આ પ્રમાણે પાંડવોપ્રત્યે કહીને નારદમુનિ જે ઋષિઓની સાથે આવ્યા હતા, તેઓને સાથે લઇને ત્યાંથી ચાલ્યા ગયા.[૩૩] નારદમુનિના ગયા પછી કુરુકુલોત્પન્ન રાજા યુધિષ્ઠિર, પોતાના ભાઇઓની સાથે તે શ્રેષ્ઠ એવા રાજસૂય યજ્ઞનો વિચાર કરવા લાગ્યા.[૩૪]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત લોકપાલ સભાખ્યાન પર્વવિષે પાંડુસંદેશકથન નામનો અધ્યાય ૧૨ મો સમાપ્ત.

લોકપાલ સભાખ્યાન પર્વ સમાપ્ત.*

---

*दानवेंद्रेण तुष्टेन सभा दत्ताऽद्भुता भुवि ।
दिवि दैवा सभा यज्ञप्राप्या तस्याः शताधिका ॥
ततः शतगुणा ब्राह्मी लभ्या विष्णोः समर्चनात् ।
इत्युक्त्वा नारदः पार्थं यज्ञेशार्चामचीकरत् ॥

સંતુષ્ટ થયેલા દાનવોના રાજા મયે યુધિષ્ઠિરને પૃથ્વીમાં અદ્ભુત સભા આપી. તે સભાથી સોગણી શ્રેષ્ઠ સ્વર્ગમાં રહેલી દેવસભા યજ્ઞથી મળે છે; તેનાથી સોગણી શ્રેષ્ઠ બ્રહ્માની સભા વિષ્ણુના પૂજનથી મળે છે એમ કહીને નારદે યુધિષ્ઠિરની રાજસૂયદ્વારા યજ્ઞેશ્વર ભગવાનની પૂજામાં પ્રવૃત્તિ કરાવી, એ તાત્પર્ય છે. ગણેશ

राजसूयारंभ पर्व

અધ્યાય ૧૩ મો-શ્રીકૃષ્ણનું આગમન

॥ वैशंपायन उवाच ॥

ऋषेस्तद्वचनं श्रुत्वा निशश्वास युधिष्ठिरः ॥
चिंतयन् राजसूयेष्टिं न लेभे शर्म भारत ॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે ભરતકુલોત્પન્ન રાજા! નારદ ઋષિનાં તે વચન સાંભળીને યુધિષ્ઠિર રાજા નિશ્વાસ મૂકવા લાગ્યા અને રાજસૂય યજ્ઞનો વિચાર કરવાં તેમને શાંતિ વળી નહિ.[૧] તેમણે યજ્ઞો કરનારા મહાત્મા રાજર્ષિઓનો મહિમા સાંભળ્યો તથા પુણ્યકર્મો કરવાથી ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે તે, તથા યજ્ઞ કરનારા રાજર્ષિ હરિશ્ચંદ્ર,સર્વના કરતાં અધિક પ્રકાશમાન થયેલા છે તે, વિચારીને રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા કરી.[૨,૩] તે પછી યુધિષ્ઠિરે સર્વ સભાસદોનું અર્ચન કર્યું એટલે તે બધાએ પણ તેમનો સામો સત્કાર કર્યો. પછી રાજાએ યજ્ઞનોજ વિચાર કરવા માંડયો.[૪] હે રાજેંદ્ર! કુરુકુલમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવા માટે વારંવાર વિચાર કરીને પછી તે સંબંધમાં નિશ્ચય કર્યો[૫] વળી અદ્ભુત પરાક્રમ તથા બલવાળા ધર્મરાજા ધર્મનુંજ ચિંતન કરતા સર્વે લોકોને માટે શું હિતકારક થશે? તેનો વિચાર કરવા લાગ્યા.[૬] પછી સર્વ ધર્મધારીઓમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર સર્વ પ્રજાના ઉપર અનુગ્રહ કરવા માટે અવિશેષપણાથી સર્વનું હિત કરવા લાગ્યા.[૭] યુધિષ્ઠિર રાજા કોપ અને મદને દૂર કરીને કહેતા કે, સર્વને આપવા જેવું હોય તે આપો. આવા ધર્મરાજાના વર્તનથી સર્વત્ર 'ધર્મ શ્રેષ્ઠ છે!' 'ધર્મ શ્રેષ્ઠ છે!' આવાં વચનવિના બીજું કંઈ સંભળાતું ન હતું.[૮] આ પ્રમાણે વર્તવાથી તેમનામાં પ્રજાનો પિતાની પેઠે વિશ્વાસ બેઠો હતો અને તેમનો દ્વેષ કરનાર કોઈ ન હતો તેથી તે યુધિષ્ઠિર 'અજાતશત્રુ' કહેવાતા હતા.[૯] યુધિષ્ઠિર રાજાએ પોતાના તરિકે સ્વીકારવાથી, ભીમસેનના પરિપાલનથી, સવ્યસાચી અર્જુનવડે શત્રુઓનો નાશ થવાથી, નકુલના સ્વાભાવિક એવા સર્વ રીતના વિનયભાવથી અને બુદ્ધિમાન સહદેવના ધર્મોપદેશથી, યુધિષ્ઠિરરાજાના દેશની પ્રજામાં કલહ થતો ન હતો, સર્વ લોકો ભયરહિત હતા તથા સર્વદા સ્વકર્મમાં તત્પર રહેતા હતા.[૧૦,૧૧] દેશમાં પણ માગ્યા મેહ વરસતા હતા તથા તે સમૃદ્ધિયુક્ત થયો હતો. વળી વ્યાજવટંતરનો ધંધો, તત્કાલ બહુ ફલદાયી યજ્ઞનાં સામર્થ્યો, ગોરક્ષણ, ખેતી અને વ્યાપાર, એ સઘળું રાજાને યોગ્ય રાજકર્મ ધમધોકાર ચાલતું હતું. વળી નિત્ય ધર્મપરાયણ એવા યુધિષ્ઠિરના રાજ્યમાં ખેડુતો પ્રતિવર્ષનો રાજકર ન ભરી શકે તેવા દરિદ્રી થઈ ગયા ન હતા, પરંતુ તેઓ વર્ષો વર્ષ કર આપ્યા કરતા હતા. કર ઉઘરાવવા માટે પ્રજાને પીડવામાં આવતી ન હતી, પ્રજામાં રોગોનો ઉપદ્રવ તથા અગ્નિનો પ્રકોપ વગેરે પીડાઓ ન હતી. વળી ચોરોથી, ઠગારાઓથી તથા રાજવલ્લભ પુરુષોથી રાજાની પ્રત્યે અથવા પરસ્પરમાં મિથ્યા આચરણ કરેલું સંભળાતું ન હતું. નિત્ય ધર્મપરાયણ એવા યુધિષ્ઠિર રાજાના રાજ્યકાલમાં બીજા ખંડિયા રાજાઓ, સંધિવિગ્રહ વગેરેના સમયમાં, મહારાજાનું પ્રિય કરવા માટે અને સેવા કરવા માટે ભિન્ન ભિન્ન વ્યાપાર કરનારા વૈશ્યોની સાથે પોતાના ઉદ્યોગનાં ફલોને ભેટતરિકે અર્પણ કરતા હતા અને તેથી યુધિષ્ઠિરનો દેશ આબાદ થયો હતો.[૧૨-૧૬] જો કે લોકો રાજસી તૃષ્ણાદિક વૃત્તિઓથી તથા લોભજન્ય મોહાદિકથી ઇચ્છામાં આવે તેમ અન્નવસ્ત્રાદિકનો ઉપભોગ કરતા હતા,તથાપિ તેવા જનોથી પણ દેશની વૃદ્ધિજ થતી હતી; કારણ કે તે દેશમાં સર્વકાર્યકુશલ, સર્વગુણસંપન્ન, સર્વ ભાવોને સહન કરનારા પ્રભાશાલી તથા મહાયશસ્વી એવા યુધિષ્ઠિરરાજા અધિપતિ હતા. હે રાજન્! સર્વના અધિપતિ યુધિષ્ઠિરપ્રત્યે દેશની દશે દિશામાં રહેલી બ્રાહ્મણથી આરંભીને ગો-

વાળપર્યંતની સર્વ પ્રજા પોતાનાં માતાપિતા કરતાં પણ અધિક પ્રીતિ રાખતી હતી.[૧૭,૧૮]

વૈશંપાયન કહે છેઃ-તે વક્તાઓમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર, પછી પોતાના મંત્રીઓને તથા ભાઇઓને બોલાવીને તેઓને રાજસૂય યજ્ઞના સંબંધમાં વારંવાર પૂછવા લાગ્યા.[૧૯] જેઓને પ્રશ્ન કરેલો એવા તે મંત્રીઓ એકઠા મળી વિચાર કરીને, યજ્ઞ કરવાની ઇચ્છાવાળા તથા મહાબુદ્ધિમાન એવા યુધિષ્ઠિરપ્રત્યે આ પ્રમાણે અર્થયુકત વચન કહેવા લાગ્યાઃ-[૨૦] "જે રાજસૂય યજ્ઞનો અભિષેક થતાં રાજા વરુણના ગુણ-(જલના વિજય)ને પ્રાપ્ત થાય છે અને તેટલા માટેજ તે ચક્રવર્તીપણાના સંપૂર્ણ ગુણની ઇચ્છા રાખે છે;[૨૧] હે કુરુનંદન! આપ ચક્રવર્તી થવાને યોગ્ય છો એટલે તમારા સંબંધીઓ તમારે માટે આ રાજસૂય યજ્ઞ કરવાનો સમય છે એમ માને છે.[૨૨] ક્ષત્રિયપણાની બાહુબલ આદિ સંપત્તિથી તે યજ્ઞનો સમય સ્વાધીન ગણાય છે, અર્થાત્ જેનામાં બલ હોય તે ઇચ્છામાં આવે ત્યારે તે યજ્ઞ કરી શકે છે. વળી તે યજ્ઞમાં ઉત્તમ વ્રતવાળા મુનિઓથી સામવેદમાં જણાવેલા મંત્રોવડે અગ્નિસ્થાપનને માટે છ સ્થંડિલોની રચના કરવામાં આવે છે.[૨૩] વળી અગ્નિહોત્રથી આરંભીને ઇષ્ટિ, સોમ વગેરે સઘળાં કર્મોનો એ યજ્ઞમાં સમાવેશ કરવામાં આવે છે અને છેવટે અભિષેક કરવામાં આવે છે કે જે થવાથી તે રાજા સર્વજિત કહેવાય છે.[૨૪] હે મહાન બાહુવાળા! તમે પોતે સમર્થ છો અને અમે બધા તમારે આધીન છીએ, એટલે હે મહારાજ! તમે થોડાજ કાલમાં રાજસૂય યજ્ઞ કરી શકશો.[૨૫] હે મહારાજ! એ સંબંધમાં વિચાર ન કર્યા કરતાં રાજસૂય કરવાનોજ નિશ્ચય રાખો."

આ પ્રમાણે બધા સંબંધીઓ જૂદા જૂદા અને સાથે કહેવા લાગ્યા;[૨૬] તે વખતે હે રાજન્! ધર્મયુકત એવાં તેઓનાં વચન સાંભળીને શત્રુને હણનારા પાંડુપુત્ર યુધિષ્ઠિરે તે પ્રૌઢ, અતિશ્રેષ્ઠ તથા વિશ્વાસ મૂકવા જેવા વચનને મનમાં ગ્રહણ કર્યું.[૨૭] સ્નેહીઓનું તે વચન સાંભળીને તથા પોતે તે કરી શકે તેમ છે એમ જાણીને, હે ભારત! યુધિષ્ઠિર રાજા વારંવાર રાજસૂય યજ્ઞમાટે સંકલ્પ કરવા લાગ્યા.[૨૮] વળી તે બુદ્ધિમાન તથા વિચારકુશલ એવા ધર્મરાજા યુધિષ્ઠિર ફરીથી પોતાના ભાઇઓ, ઋત્વિજો, મંત્રીઓ અને ધૌમ્ય તથા વ્યાસની સાથે એ સંબંધી વિચાર કરવા લાગ્યા.[૨૯]

યુધિષ્ઠિર બોલ્યાઃ-" ચક્રવર્તી રાજાથી થઇ શકે એવો ઉત્તમ રાજસૂય યજ્ઞ કરવાની મને સ્પૃહા ઉત્પન્ન થઈ છે; માટે તમે બધા તે કરવાની શ્રદ્ધાવાળા એવા મને કહો કે, હું શી રીતે તે પૂર્ણ કરી શકું ? "[૩૦]

વૈશંપાયન કહે છેઃ-હે કમલનયન! આ પ્રમાણે તે રાજાએ પૂછ્યું, ત્યારે તેઓ ધર્મરાજા યુધિષ્ઠિરને નીચે પ્રમાણે સમયોચિત વચન કહેવા લાગ્યાઃ-[૩૧] "હે ધર્મજ્ઞ! તમે રાજસૂય નામનો મહાયજ્ઞ કરવા માટે યોગ્ય છો." આ પ્રમાણે ઋત્વિજોએ અને ઋષિઓએ રાજાને કહ્યું, ત્યારે રાજાના ભાઇઓ તથા મંત્રીઓ તે વચનને અભિનંદન આપવા લાગ્યા. તે પછી પણ મહાબુદ્ધિમાન તથા જિતચિત્ત એવા પૃથાના પુત્ર યુધિષ્ઠિર રાજા પોતાની મેળે લોકોનાં હિતની ઇચ્છાથી, વિચારવા લાગ્યા કે, "પોતાનું સામર્થ્ય જોઇનેતથા દેશ, કાલ, આવક અને ખર્ચનો રૂડી રીતે બુદ્ધિથી વિચાર કરીને જે ડાહ્યો માણસ કામ કરે છે, તે કષ્ટ પામતો નથી. યજ્ઞનો સમારંભ કેવલ પોતાનાજ નિશ્ચયથી થઈ શકતો નથી, એમ જાણીને યત્નથી કાર્ય કરવું જોઇએ." આવો વિચાર કરીને યુધિષ્ઠિરે એ કાર્યનો નિશ્ચય કરવા માટે જનાર્દન એવા શ્રીકૃષ્ણનેજ સર્વ લોકથી ઉત્કૃષ્ટ માની, મનમાં હરિનું સ્મરણ કર્યું; કે જે શ્રીકૃષ્ણે પોતે અપ્રમેય, મહાબાહુ તથા અજન્મા છતાં ઇચ્છાથી મનુષ્યોમાં જન્મ ગ્રહણ કરેલો છે. દેવોએ પણ માન આપવા જેવાં શ્રીકૃષ્ણનાં કર્મો જાણીને પાંડુપુત્ર યુધિષ્ઠિર તર્ક કરવા લાગ્યા કે, શ્રીકૃષ્ણને કંઈ અજાણ્યું નથી, તેમ એમનાથી અમુક કાર્ય ન થાય તેવું કંઈ નથી અને તે સૌને પૂરા પડે તેવા છે. આ પ્રમાણે તે કૃષ્ણના સંબંધમાં માનવા લાગ્યા.

પછી પૃથાપુત્ર યુધિષ્ઠિરે બુદ્ધિનો દઢ નિશ્ચય કરીને જેમ ગુરુને માનથી બોલાવવા મોકલે, તેમ પ્રાણિમાત્રના ગુરુ એવા શ્રીકૃષ્ણને બોલાવવા માટે તત્કાલ દૂતને મોકલ્યો. તે દૂત શીઘ્ર ગતિવાળા રથવડે યાદવોની પાસે ગયો અને દ્વારકામાં નિવાસ કરીને રહેલા એવા શ્રીકૃષ્ણને દ્વારકામાં મળ્યો. દૂતના મુખથી ખબર જાણીને દર્શનની આકાંક્ષાવાળા યુધિષ્ઠિરનાં દર્શનની ઈચ્છા કરતા શ્રીકૃષ્ણ, ઈંદ્રસેનની સાથે તેજ વખતે ઈંદ્રપ્રસ્થપ્રત્યે જવા નીકળ્યા. તે વખતે જવાની ઉતાવળ હોવાથી શીઘ્ર ગતિવાળા વાહનમાં બેસીને અનેક દેશોને ઓળંગતા જનાર્દન શ્રીકૃષ્ણ ઈંદ્રપ્રસ્થમાં રહેલા યુધિષ્ઠિરને જઈ મળ્યા. તે પછી પોતાના ગૃહમાં લઈ જઈને ભાઈ યુધિષ્ઠિરે પિતાની પેઠે શ્રીકૃષ્ણને માન આપ્યું તથા ભીમસેને પણ તેમનો સત્કાર કર્યો. તે પછી પોતાનાં ફોઈને પ્રીતિથી મળીને પ્રસન્ન થએલા શ્રીકૃષ્ણ પ્રીતિયુક્ત એવા સંબંધીઓની સાથે આનંદ કરવા લાગ્યા.[૩૨-૪૪] તે વખતે અર્જુને તથા નકુલ અને સહદેવે તેમની ગુરુની પેઠે સેવા કરી. પછી ઉત્તમ મહેલમાં વિશ્રાંતિ લઈને જ્યારે શ્રીકૃષ્ણ સાવકાશ થયા, ત્યારે તે સમર્થ પ્રભુની પાસે આવીને ધર્મરાજા પોતાનું પ્રયોજન કહેવા લાગ્યા.[૪૫]

યુધિષ્ઠિર બોલ્યાઃ-"હે કૃષ્ણ ! હું રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા રાખું છું, પરંતુ તે કેવલ ઈચ્છા કરવાથી થતો નથી; જે રીતે તે થઇ શકે છે તે તમે સારી રીતે જાણોજ છો.[૪૬] જેની પાસે સર્વ સાધનો હોય, જે સર્વત્ર પૂજાતો હોય અને જે સર્વ રાજાનો અધિપતિ રાજા હોય તે રાજસૂય યજ્ઞ કરી શકે છે. તેવો રાજસૂય યજ્ઞ કરવા માટે બધા સંબંધીઓ એકઠા મળીને મને કહે છે; પરંતુ તે સંબંધમાં હે કૃષ્ણ ! તમારા વચનથીજ દઢ નિશ્ચય થઈ શકશે;[૪૮] કારણ કે કેટલાએક સ્નેહને લઇને દોષ કહેતા નથી, ત્યારે કેટલાએક સ્વાર્થને માટે પ્રિય લાગે તેવુંજ બોલે છે;[૪૯] અને કેટલાએક પોતાને માટે જે હિતકારક હોય તેનેજ પ્રિય માની લે છે. આ પ્રમાણે કાર્યના સંબંધમાં મનુષ્યોનું જૂદું જૂદું બોલવાનું થાય છે; માટે તમે તો ઉપર જણાવેલા હેતુઓને લક્ષમાં ન રાખતાં તથા કામ અને ક્રોધને ત્યજીને આ લોકમાં જે સારી રીતે કરી શકાય તેવું હોય તે યથાર્થ રીતે કહેવાને યોગ્ય છો."

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયારંભ પર્વવિષે વાસુદેવાગમન નામનો અધ્યાય ૧૩ મો સમાપ્ત.

અધ્યાય ૧૪ મો-શ્રીકૃષ્ણનાં વચન

॥ कृष्ण उवाच ॥
सर्वैर्गुणैर्महाराज राजसूयं त्वमर्हसि ॥
जानतस्त्वेव ते सर्वं किंचिद्वक्ष्यामि भारत॥१॥

શ્રીકૃષ્ણ બોલ્યાઃ- હે ભરતવંશી મહારાજા ! તમે સર્વ ગુણથી રાજસૂય યજ્ઞ કરવામાટે યોગ્ય છો અને તમે બધું જાણો છો, તેમ છતાં હું તમને કંઇક કહું છું.[૧] જમદગ્નિના પુત્ર પરશુરામે જે ક્ષત્રિયોનો સંહાર કર્યો હતો, તેમાંના બાકી રહેલા બીજા ક્ષત્રિયોથી હમણાં જે ક્ષત્રિય નામધારીઓ આ લોકમાં છે, તેઓ ઉત્પન્ન થયેલા છે.[૨] હે પૃથ્વીપતિ ! હે ભરતશ્રેષ્ઠ ! તે સમગ્ર ક્ષત્રિયોએ એકઠા મળીને સંકેત કર્યો છે કે, 'જે કોઇ સર્વ ક્ષત્રિયોને જીતશે તે આપણામાં સમ્રાટ્-ચક્રવર્તી ગણાશે.' આ ઠરાવ પરંપરાદ્વારા તમે પણ જાણો છો.[૩] ઈલાનો પુત્ર પુરુરવા રાજા અને ઇક્ષ્વાકુ રાજા, એ બે ચંદ્રવંશ અને સૂર્યવંશના મુખ્ય રાજાઓથી પૃથ્વીમાં શ્રેણિબંધ રાજાઓ તથા ક્ષત્રિયો ઉત્પન્ન થયા હતા અને તેઓને બન્નેને તાબે રહેતા હતા, એમ વિદ્વાનો કહે છે.[૪] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા ! જે પુરુવંશના રાજાઓ અને ઈક્ષ્વાકુ

વંશના રાજાઓ થયા તેઓનાં સો કુલ થયાં છે.[૫] હે મહારાજ ! તેમાં યયાતિના વંશમાં થયેલા ભોજવંશના રાજાઓનો ગુણવડે મહાન વિસ્તાર થયો હતો અને હમણાં પણ તેઓનો ફેલાવો ચારે દિશામાં છે.[૬] તેઓની તે પ્રકારની રાજ્યલક્ષ્મી હોવાથી સર્વ ક્ષત્રિયો તેમની ઉપાસના કરતા હતા. હે રાજન્ ! તે પછી હમણાંજ તે કુલોની રાજ્યલક્ષ્મીનો પરાભવ કરીને રાજાઓએ જરાસંધ રાજાનો સમ્રાટ્પદપર અભિષેક કર્યો છે, એટલે તે પોતાના બલવડે સર્વનું આક્રમણ કરીને રાજેંદ્રોને માથે થઈ બેઠો છે. [૭,૮] તે રાજા મથુરા વગેરે મધ્યભૂમિનો ઉપભોગ કરતો અમારી સાથે વૈર બાંધી બેઠો છે અને તે આપણો શત્રુ રાજા સમર્થ છે; કેમકે તે એકલાને આ પૃથ્વી વશ થયેલી છે.[૯] હે મહારાજ ! તે જરાસંધ યોગાનુયોગથી ચક્રવર્તી પદને પ્રાપ્ત થયો છે. વળી તે જરાસંધનો સર્વ રીતે આશ્રય કરીને હમણાં પ્રતાપી શિશુપાલ રાજા તેનો સેનાપતિ થયો છે; અને હે મહારાજ! શિષ્યની પેઠે તેનીજ સેવા કરે છે.[૧૦,૧૧] વળી માયાથી યુદ્ધ કરનારો અને મહાન બલવાળો એવો કરુષ દેશનો અધિપતિ વક્ર તથા બીજા બે મહાન પરાક્રમવાળા અને મહાત્મા એવા હંસ અને ડિંભક નામના યોદ્ધાઓ પણ મહા વીર્યવાળા જરાસંધનો આશ્રય કરીને રહેલા છે. તેમજ વક્રદંત, કરુષ, કરભ અને મેઘવાહન પણ તેને તાબે છે. વળી હે મહારાજા ! જેને લોકો અદ્ભુત મણિ જાણે છે, તેવા દિવ્ય મણિને મસ્તક ઉપર ધારણ કરનારા, મુર અને નરકાસુર ઉપર સત્તા ચલાવનારા, યવનોના અધિપતિ, અપરિમિત બલવાળા અને જેની પશ્ચિમ દિશામાં વરુણના જેવી સત્તા રહેલી એવા, તમારા પિતા પાંડુના મિત્ર ભગદત્ત નામના વૃદ્ધ રાજા પણ વાણી અને વિશેષવડે કર્મથી નમતા રહે છે.[૧૨-૧૫] તેમ છતાં તે મનવડે તમારી સાથે સ્નેહયુક્ત છે અને તમારા ઉપર પિતાની પેઠે ભક્તિ રાખે છે. વળી જે પૃથ્વીના પશ્ચિમ અને દક્ષિણ પ્રાંતોનો રાજા, શત્રુઓને નાશ પમાડનારો, કુંતિવંશને વધારનારો અને શૂરવીર છે, તે આપનો મામો પુરુજિત્ એકલોજ સ્નેહથી તમારા તરફ નમતો રહેલો છે.[૧૬,૧૭] વળી દુર્બુદ્ધિવાળો ચેદિદેશનો રાજા કે જે લોકોમાં પુરુષોત્તમતરિકે ઓળખાય છે, તે પણ જરાસંધના પક્ષમાં ભળેલો છે. જેને મેં પહેલાં મારી નાખ્યો ન હતો તેજ એ પૌંડ્રક છે.[૧૮] તે આ લોકમાં પોતાને પુરુષોત્તમ મનાવે છે અને મૂર્ખતાથી નિરંતર મારાં શંખાદિ ચિહ્નોને ધારણ કરે છે.[૧૯] તે વંગ, પુંડ્ર તથા કિરાત દેશોમાં બલસંપન્ન રાજા છે અને તે લોકમાં પૌંડ્રક વાસુદેવ એવા નામથી વિખ્યાત થયેલો છે.[૨૦] વળી હે મહારાજ ! આ પૃથ્વીના ચોથા ભાગ ઉપર જેનું રાજ્ય છે, ઇંદ્ર જેના સખા છે, જે બલસંપન્ન છે, વિદ્યાબલથી જેણે પાંડય, ક્રથ તથા કૌશિકને જીતી લીધા છે અને જેનો અકૃતિ નામનો ભાઇ પરશુરામના જેવો શૂરો હતો, તે શત્રુવીરને હણનારો ભોજવંશોત્પન્ન ભીષ્મકરાજા પણ જરાસંધનો ભક્ત છે.[૨૧,૨૨] અમે તેનું પ્રિય કરીએ છીએ, તેની સાથે વિનયથી વર્તીએ છીએ, તેને ભજીએ છીએ તથા તેના સંબંધી છીએ તોપણ તે અમારા તરફ ભાવ રાખતો નથી અને અમારૂં અપ્રિય કર્યા કરે છે.[૨૩] તે પોતાના બલને તથા કુલને જાણી શકયો નહિ, તેથી હે રાજન્ ! તે ફક્ત જરાસંધનો ઝળહળતો યશ જોઈને તેના પક્ષમાં ભળી ગયો છે.[૨૪] વળી હે પ્રભુ ! ઉત્તરમાં રહેનારા ભોજવંશનાં અઢાર કુલો પણ જરાસંધના ભયથીજ પાશ્ચમ દિશામાં આવીને રહેલાં છે.[૨૫] વળી શૂરસેનો, ભદ્રકારો, બોધો, શાલ્વો, પટચ્ચરો, સુસ્થલો, સુકુટ્ટો, કુંતિઓ, કુલિંદો, શાલ્વાયન રાજાઓ, તેના ભાઇઓ અને અનુચરો, દક્ષિણ પાંચાલો, પૂર્વના રાજાઓ, કુંતિદેશમાં રહેનારા કોશલો, મત્સ્યો અને સંન્યસ્તપાદ નામના રાજાઓ, એ સર્વે ઉત્તર દિશાને ત્યજીને ભયથી પીડાતા દક્ષિણ દિશામાં જઈ રહ્યા છે.[૨૬-૨૮] તેમજ સર્વ પાંચાલ રાજાઓ પણ જરાસંધના ભયથી પીડાઇને પોતપોતાનાં

રાજ્યો ત્યજી દઇ સર્વ દિશામાં નાસી ગયા છે.[૨૯] તેનાથી કેટલોક કાલ પહેલાં મિથ્યા બુદ્ધિવાળો કંસ, યાદવોને સતાવીને બૃહદ્રથના પુત્ર જરાસંધની બે પુત્રીઓની સાથે પરણ્યો હતો.[૩૦] તે સહદેવની નાની બહેનોનું નામ અસ્તિ અને પ્રાપ્તિ હતાં. એ શ્વશુર પક્ષના બલથી મૂર્ખ કંસ પોતાના જ્ઞાતિલાઓનો પરાભવ કરીને શ્રેષ્ઠ થઈ બેઠો હતો; પરંતુ તે તેનો મોટો અન્યાય હતો. જ્યારે દુરાત્મા કંસથી ભોજ-વંશના વૃદ્ધ રાજાઓ પીડાવા માંડયા, ત્યારે તેમણે જ્ઞાતિના રક્ષણને માટે આહુકની પુત્રી સુતનુ, અક્રૂરને પરણાવીને અમારી સંભાવના કરી.[૩૧–૩૩] તે પછી બલરામને સાથે રાખીને મેં જ્ઞાતિજનોનું કાર્ય કર્યું; મેં અને બલરામે કંસ અને સુનામાને માર્યા.[૩૪] આ રીતે એ ભય દૂર થયો, પરંતુ તે વખતે જરાસંધ જમાઈનું વેર લેવા માટે અમારા ઉપર ચઢી આવ્યો; એટલે હે રાજન્! અમે અઢાર ઉપરાંત કુલના રાજાઓની સાથે નીચે પ્રમાણે વિચાર કર્યો કે, આપણે અવિશ્રાંત રીતે શત્રુઓને હણનારાં મહાન અસ્ત્રોથી શત્રુઓને મારીશું, તથાપિ ત્રણસેં વર્ષ જતાં પણ આપણે તેના સૈન્યને હણી શકીશું નહિ.[૩૫,૩૬] વળી જરાસંધની પાસે દેવના જેવા બે બલવાન હંસ અને ડિંભક નામના યોદ્ધા છે; જેઓ શસ્ત્રથી નાશ ન પામે તેવા અને બલવાનમાં મુખ્ય છે.[૩૭] એટલે તે બન્ને અને વીર્યવાન જરાસંધ, આ ત્રણે ત્રણ લોકને માટે પૂરતા છે, એમ હું માનું છું.[૩૮] હે બુદ્ધિમંતોમાં શ્રેષ્ઠ! અને તેવું અમારૂંજ માનવું ન હતું, પરંતુ બીજા જેટલા રાજાઓ છે તે બધાનું પણ તેવુંજ માનવું હતું.[૩૯]

પછી અમારૂં યુદ્ધ શરૂ થયું, તેમાં જે હંસ નામનો મોટો રાજા હતો તેને સત્તરમા સંગ્રામ-માં બલરામે મરણતુલ્ય મૂર્છિત કર્યો.[૪૦] હે ભારત! એવામાં કોઇએ બૂમ મારી કે, 'હંસ મરાયો!' તે સાંભળીને 'હંસવિના હું આ લોકમાં જીવી શકીશ નહિ' આવો નિશ્ચય કરીને ડિંભક યમુનાના જલમાં ડૂબીને મરણ પામ્યો.[૪૧,૪૨] પછી ડિંભકને મરણ પામેલો સાંભળીને શત્રુના નગરને જીતનારો એવો હંસ પણ યમુનામાં પડયો અને ડૂબી મુઓ.[૪૩] હે ભરતશ્રેષ્ઠ! પછી તે બન્નેને મરણ પામેલા સાંભળીને જરાસંધ-રાજા પણ શૂન્ય મનથી પોતાના નગરપ્રત્યે પાછો ગયો.[૪૪] હે શત્રુઘ્ન! તે રાજા પાછો ગયો, ત્યારપછી અમે બધા આનંદથી મથુરામાં રહેવા લાગ્યા;[૪૫] પણ જ્યારે કમલના જેવાં નેત્રવા-ળી જરાસંધની પુત્રીઓ, પતિના મરણથી દુઃખિત થઈને પોતાના પિતાની પાસે ગઇ અને તે કંસની ભાર્યાઓ જરાસંધને વારંવાર કહેવા લાગી કેઃ– "અમારા પતિને હણનારાને તમે હણો;" હે અરિંદમ મહારાજા! ત્યારે અમે પણ પ્રથમથી કરી રાખેલા વિચારને સંભારતા દુર્મન થઇને ત્યાંથી નીકળી જવા તૈયારી કરી. હે નરાધિપ! અમે અમારી ભારે સમૃદ્ધિને જૂદા જૂદા ભાગોમાં વહેંચી નાખી; અને હે મહારાજ! તે ભયથી છૂટવા માટે ત્યાંથી પુત્રો, જ્ઞાતિલાઓ અને બાંધવોની સાથે પલાયન કરી જવું આવો વિચાર કરીને, અમે બધા પશ્ચિમ દિશામાં આવેલી તથા રૈવતપર્વતથી શોભી રહેલી એવી રમણીય કુશસ્થલી–દ્વારકાપુરીપ્રત્યે ગયા અને હે નૃપ! અમે બધાએ ત્યાં નિવાસ કર્યો.[૪૬–૫૦] તેમજ દેવો પણ જેમાં પ્રવેશ કરી શકે નહિ એવો અમે કિલ્લો તૈયાર કરાવ્યો, કે જેમાં રહીને સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે તો મહારથ એવા વૃષ્ણિઓ યુદ્ધ કરે તેમાં આશ્ચર્યજ શું![૫૧] હે અમિત્રને હણનારા! તે પુરીમાં અમે નિર્ભય થઇને રહેવા લાગ્યા. હે કુરુશાર્દૂલ! મધુવંશી યાદવો તે મુખ્ય પર્વતના રક્ષણને જોઇને હવે જરાસંધનો ભય નથી, એમ માનતા પરમ હર્ષ પામવા લાગ્યા. આ પ્રમાણે અમે જરાસંધના ચોતરફથી અપરાધ કરનારા હોવાથી, સામર્થ્ય-વાન છતાં ગોમંત પર્વતના સંબંધવાળા નગરનો આશ્રય લીધો છે. એ પર્વત ઉપર ત્રણ યોજન લાંબો એક કિલ્લો છે, તેમાં એક એક યોજનનાં એવાં ત્રણ, સૈનિકોનાં નિવાસસ્થાન છે; અને અક્કેક યોજનને છેડે સો સો દ્વારો મૂકેલાં છે

તથા વીર પુરુષોનાં પરાક્રમને સારૂ બાહ્ય દરવાજે મૂકેલો છે. વળી યુદ્ધ કરવામાં દુર્મદવાળા એવા અઢાર કુલના ક્ષત્રિયોથી તેનું રક્ષણ કરેલું છે.[૫૨-૫૫] અમારા કુલમાં અઢાર હજાર ભાઇઓ છે. આહુકને સો પુત્રો છે, જેમાંનો અક્કેકો દેવોના કરતાં ચઢિયાતો છે.[૫૬] વળી ભાઇની સાથે ચારુદેષ્ણ, ચક્રદેવ, સાત્યકિ, હું, બલરામ, સાંબ અને પ્રદ્યુમ્ન, એ સાત રથીઓ છીએ. હે રાજન્! વળી બીજાનાં નામો મારાથી સાંભળો. કૃતવર્મા, અનાધૃષ્ટિ, સમીક, સમિતિંજય, કંક, શંકુ અને કુંતિ, આ સાત મહારથીઓ છે. વળી અંધક ભોજના બે પુત્રો અને દશમા વૃદ્ધ રાજા ઉગ્રસેન, એ બધા વજ્રના જેવા મજબૂત અંગવાળા, વીર અને વીર્યવાન એવા મહારથીઓ છે. તેઓ પોતાના ગયેલા મધ્ય પ્રદેશને વૃષ્ણિઓની વચ્ચે સંભારતા દ્વારકામાં રહે છે.[૫૭-૬૦]

હે ભરતવંશમાં શ્રેષ્ઠ રાજા! તમે ચક્રવર્તીના ગુણોથી હંમેશ યુક્ત છો, માટે હે ભારત! તમે ક્ષત્રિયોમાં ચક્રવર્તીના પદને ધારણ કરવા યોગ્ય છો;[૬૧] પરંતુ મહાબલવાન જરાસંધ જ્યાંસુધી જીવે છે ત્યાંસુધી તમે રાજસૂય યજ્ઞ કરી શકશો નહિ. હે રાજન્! આવો મારો નિશ્ચય છે.[૬૨] જેમ મોટા પર્વતની ગુહામાં સિંહ, મહાન હાથીઓને પૂરી દે છે, તેમ તેણે સર્વ રાજાઓને જીતીને ગિરિવ્રજ નામના કિલ્લામાં તેમને પૂરી રાખેલા છે.[૬૩] હે અરિને દમન કરનારા! તે જરાસંધ રાજા મહાત્મા ઉમાપતિ મહાદેવનું રાજાઓથી યજન કરવા ધારે છે.[૬૪] તેણે ઉગ્ર તપવડે મહાદેવને પ્રસન્ન કરીને રાજાઓને જીતી લીધા છે અને હે રાજસત્તમ! એમ કરીને તેણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે.[૬૫] તેણે યુદ્ધમાં આવેલા રાજાઓને જીતી જીતીને નગરમાં લાવી તેઓને બાંધી એક મોટો પુરુષોનો સમૂહ બનાવ્યો છે.[૬૬] હે મહારાજ! અમે પણ ત્યારે જરાસંધની બીકથી મથુરાને છોડી દઇને દ્વારકા પુરીમાં ચાલ્યા ગયા હતા;[૬૭] માટે હે મહારાજ! તમારે જો તે યજ્ઞ કરવાની ઇચ્છા હોય તો તે રાજાઓને છોડાવવા માટે તથા જરાસંધના વધને માટે યત્ન કરો.[૬૮] હે કુરુનંદન! હે મતિમાનોમાં શ્રેષ્ઠ! તેવિના એ રાજસૂય યજ્ઞનો સમારંભ તમે પૂર્ણ કરી શકશો નહિ.[૬૯] હે નિષ્પાપ રાજા! મારો એવો અભિપ્રાય છે, પછી તમે જે માનો તે ખરૂં. આ સ્થિતિ છે, એ સંબંધમાં તમે પોતે હેતુપૂર્વક નિશ્ચય કરીને મને કહો.[૭૦]

ઈતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયારંભપર્વવિષે કૃષ્ણવાક્ય નામનો અધ્યાય ૧૪ મો સમાપ્ત.

અધ્યાય ૧૫ મો–યુધિષ્ઠિરાદિનાં વચનો

॥ युधिष्ठिर उवाच ॥

उक्तं त्वया बुद्धिमता यन्नान्योवक्तुमर्हति ॥
संशयानां हि निर्मोक्ता त्वन्नान्यो विद्यते भुवि॥

યુધિષ્ઠિર કહે છેઃ–આપ બુદ્ધિમાને જેવું કહ્યું, તેવું કહેવાને બીજો યોગ્ય નથી; કારણ કે આ પૃથ્વીમાં તમારાવિના સંશયને દૂર કરનારો બીજો કોઇ નથી.[૧] ઠામ ઠામ રાજાઓ છે અને તે પોતપોતાનું પ્રિય કરનારા છે; તથાપિ તેઓ ચક્રવર્તીનું પદ પામ્યા નથી. ખરેખર! ચક્રવર્તીનું પદ કષ્ટનું સ્થાન છે, અર્થાત્ ચક્રવર્તીપદ સુલભ હોય તો તે બધા મેળવીજ શકે.[૨] જે પારકાના પ્રભાવને જાણનારો હોય તે પોતાનાં વખાણ કરી શકતો નથી, પરંતુ જે બીજાના પ્રસંગમાં આવતાં વખણાય છે, તેજ માન આપવા જેવો છે. હે વૃષ્ણિકુલના નેતા! ભૂમિ બહોળી, વિશાળ તથા અનેક રત્નોથી ભરેલી છે, તેમાં જે દૂર જનારો છે, તે કલ્યાણને પ્રાપ્ત થાય છે.[૩,૪] હું શાંતિનેજ શ્રેષ્ઠ માનું છું અને મારૂં કલ્યાણ શાંતિથીજ થશે. માત્ર રાજસૂયનો આરંભ કરવાથીજ ચક્રવર્તીપણું

મળી શકે તેવું નથી, એમ મારૂં માનવું છે.[૫] હે જનાર્દન ! આ અમારા શુભ કુલમાં ઉત્પન્નથયેલા મનસ્વી સભાસદો, જાણે છે કે, વખતે આ પાંડવોમાંથી કોઇ સર્વને જીતવા સમર્થ થઇ શકશે. હે મહાન્ ભાગ્યવાળા ! હે શુદ્ધ ! પરંતુ અમે તો જરાસંધ દુરાત્મા છે, એટલે તેના ભયથી શંકિત રહીએ છીએ.[૭] હે દુર્ધર્ષ પ્રભો ! હું તો તમારા બાહુબલના આશ્રયમાં રહેલો છું. જ્યારે તમે તેનાથી શંકિત રહો છો, ત્યારે હું પોતાને તમારા કરતાં બલવાન માનતો નથી;[૮] પરંતુ હે માધવ ! એવું જાણીને પણ તમારાથી, બલરામથી, ભીમસેનથી અથવા અર્જુનથી તે હણી શકાશે કે નહિ ? હે મહાન બાહુવાળા વૃષ્ણિનંદન ! એ સંબંધમાં હું વારંવાર વિચાર કર્યા કરૂં છું.[૯] હે કેશવ ! મારાં સર્વ કાર્યમાં હું તમનેજ પ્રમાણરૂપ માનું છું. આ સાંભળીને વાક્ય બોલવામાં કુશલ એવો ભીમસેન કહેવા લાગ્યો.[૧૦]

ભીમ કહે છેઃ–"જે રાજા આળસુ થઇને કંઈ કાર્યનો આરંભ કરતો નથી તે, અને જે પોતે દુર્બલ છતાં અયોગ્ય રીતે બલવાન ઉપર ચઢાઈ કરે છે તે, રાફડાની પેઠે નષ્ટ થાય છે;[૧૧] પરંતુ આલસ્યરહિત થઇને સારો ઉપાય કરવાથી દુર્બલ પણ બલવાન શત્રુને ઘણુંખરૂં જીતી શકે છે અને નીતિથી પ્રાપ્ત થતા પોતાના હિતકારક અર્થોને મેળવી શકે છે.[૧૨] શ્રીકૃષ્ણમાં નેતાપણું છે, મારામાં બલ છે અને પૃથાના પુત્ર ધનંજયમાં વિજય રહેલો છે, એટલે અમે ત્રણે મળીને જેમ ત્રણ અગ્નિઓથી ઇષ્ટિ સધાય છે, તેમ જરાસંધને સાધી શકીશું."[૧૩]

શ્રીકૃષ્ણ બોલ્યાઃ–અલ્પ બુદ્ધિવાળો મનુષ્ય કાર્યનો આરંભ કરે છે, પણ તેનાં પરિણામનો વિચાર કરતો નથી; અને તેથીજ સ્વાર્થપરાયણ થયેલા અપરિણામ દૃષ્ટિવાળાનો શત્રુના સંબંધમાં વિચાર લેવામાં આવતો નથી.[૧૪] યુવનાશ્વના પુત્ર માંધાતા જીતવા જેવાઓનો વિજય કરવાથી, ભગીરથરાજા પાલન કરવાથી, સહસ્રાર્જુન તપના પ્રભાવથી, સમર્થ ભરત બલથી અને મરુત્તરાજા સમૃદ્ધિથી, એ રીતે એ પાંચે રાજાઓ એકેકા ગુણથી ચક્રવર્તી થયા હતા; અને તમે તો વિજય, પાલન, ધર્મ, અર્થ તથા નીતિબલ, આ પાંચે ગુણોથી ચક્રવર્તી થવાની ઇચ્છા રાખો છો.[૧૫-૧૭] હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! પરંતુ બૃહદ્રથનો પુત્ર જરાસંધ તમારો પ્રતિસ્પર્ધી છે, એમ તમે જાણો. તેને એક સો ને એક કુલના રાજાઓ વશ રહેતા નથી, પણ બીજા રત્ન વસ્તુઓનો ઉપભોગ કરનારા રાજાઓ તેની સેવામાં હાજર રહે છે અને તેથીજ તે જરાસંધ અહીં બલવડે ચક્રવર્તીપણું ભોગવે છે; તથાપિ તે તેટલાથી સંતોષ પામતો નથી, પણ મૂર્ખતાથી અન્યાય કર્યા કરે છે;[૧૮,૧૯] અને તે મુખ્ય પુરુષ જરાસંધ પોતાના બલથી રાજ્યાભિષિક્ત થયેલા રાજાઓને વશ કરે છે. અમે એકે રાજા એવો દીઠો નથી કે જેને જરાસંધે પોતાને તાબે કર્યો ન હોય.[૨૦] આ પ્રમાણે જરાસંધે સોમાં કંઇક ઓછા રાજાઓને પોતાને કબજે કરેલા છે. હે પાર્થ ! તેની સામે અત્યંત દુર્બલ રાજા શી રીતે ચઢાઈ કરી શકે ? હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા ! યજ્ઞને માટે પ્રોક્ષણ કરેલાં અને આ અમુક દેવતાને માટે છે એમ પ્રત્યેકને સ્પર્શ કરેલાં એવાં પશુઓની પેઠે જે કેદ કરેલા રાજાઓને પશુપતિ શંકરના સ્થાનમાં પ્રોક્ષણ કરીને 'આ રુદ્રના હોમને માટે છે' એવી પ્રત્યેકને સારૂ ભાવના કરાયલી છે, તેઓને જીવિતમાં પ્રીતિ ક્યાંથી હોય ?[૨૨] ક્ષત્રિય જો યુદ્ધમાં શસ્ત્રથી મરણ પામે, તોજ તે સન્માનને પાત્ર ગણાય છે; પણ આ તો રાજાઓને પશુઓની પેઠે મારવા ધારે છે, એટલેજ આપણે જરાસંધને યુદ્ધમાં મારવાની ઇચ્છા રાખીએ છીએ.[૨૩] હે રાજન્ ! જરાસંધે રુદ્રહોમને માટે છયાશી રાજાઓને એકઠા કર્યા છે અને હવે ચૌદ રાજાઓ બાકી છે; તે પૂરા થતાં તે રાજવધરૂપી ક્રૂર કર્મ પ્રવર્તાવશે.[૨૩] તે ક્રૂર કૃત્યમાં વિઘ્ન નાખીને જે અટકાવશે તે મહાન ઉજ્જ્વલ યશનો ભોક્તા થશે તથા જરાસંધને જે જીતશે તે અવશ્ય ચક્રવર્તી થશે.

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયારંભપર્વવિષે કૃષ્ણવાક્ય નામનો અધ્યાય ૧૫ મો સમાપ્ત.

અધ્યાય ૧૬ મો–જરાસંધના વધનો વિચાર

॥ युधिष्ठिर उवाच ॥

सम्राड्गुणमभीप्सन्वै युष्मान् स्वार्थपरायणः॥
कथं प्रहिणुयां कृष्ण सोहं केवलसाहसात् ॥१॥

યુધિષ્ઠિર કહે છેઃ–"હે કૃષ્ણ! હું ચક્રવર્તીપણાના ગુણની ઈચ્છા કરતો, સ્વાર્થપરાયણ થઈને, કેવલ સાહસથી તમને જરાસંધના તરફ કેવી રીતે મોકલી શકું ?[૧] ભીમ અને અર્જુન, એ બે મારાં નેત્રો છે એમ હું સમજું છું અને જનાર્દનને મારૂં મન સમજું છું. તે મન અને ચક્ષુવિનાનો થયેલો હું શી રીતે જીવી શકું ?[૨] પાર ન પમાય તેવા અને ભયંકર પરાક્રમવાળા જરાસંધના બલ આગળ યુદ્ધમાં યમરાજા પણ વિજય મેળવી શકે નહિ ત્યાં તમે શું કરી શકો ?[૩] આવા અનિષ્ટ ફલવાળા કાર્યમાં જોડાયેલા પુરુષને અનર્થ પ્રાપ્ત થાય છે, માટે મારે રાજસૂય યજ્ઞ કરવાની બુદ્ધિ ન રાખવી, એમ મને લાગે છે.[૪] હે જનાર્દન! આ સંબંધમાં હું પોતે જે વિચાર કરૂં છું, તેને તમે પ્રથમ સાંભળી લ્યો. હું તો આ સર્વ કાર્યનો ત્યાગ કરવાની ઈચ્છા રાખું છું; કારણ કે થઈ ન શકે તેવો આ રાજસૂય યજ્ઞ આજે મારા મનને હતાશ કરી નાખે છે."

વૈશંપાયન કહે છેઃ–તે પછી ઉપર પ્રમાણે બોલતા યુધિષ્ઠિર રાજાને, શ્રેષ્ઠ ધનુષ, અક્ષય એવા બે મોટા ભાથાઓ, રથ, ધ્વજ તથા સભા, એ સર્વને પ્રાપ્ત થયેલ અર્જુન આ પ્રમાણે કહેવા લાગ્યો.[૬]

અર્જુન કહે છેઃ–"હે રાજન્! ધનુષ, શસ્ત્ર, બાણો, ઉત્સાહ, વાસુદેવનો પક્ષ, ભૂમિ, યશ અને શારીરિક તેમજ સૈનિક બલ, એ સઘળું ઈચ્છવા પ્રમાણે મને પ્રાપ્ત થયું છે કે જે મળવું દુર્લભ હતું.[૭] સારી પ્રતિષ્ઠા પામેલા વિદ્વાનો ઉત્તમ કુલમાં જન્મ થવાને વખાણે છે, પરંતુ સામર્થ્યના જેવું બીજું કંઇ નથી; માટે મને તો પરાક્રમ કરવુંજ રુચે છે.[૮] પુરુષ, પરાક્રમી કુલમાં ઉત્પન્ન થયો હોય તોપણ પોતે જો નિર્વીર્ય હોય તો તે શું કરી શકે? કંઇજ નહિ; પરંતુ નિષ્પરાક્રમી કુલમાં ઉત્પન્ન થયેલો પુરુષ પણ જો જાતે પરાક્રમી હોય તો તે શ્રેષ્ઠ થઇ શકે છે.[૯] હે રાજન્! જેને સર્વ પ્રકારથી શત્રુઓને જીતવાની વૃત્તિ છે, તેજ ક્ષત્રિય છે. સર્વ ગુણોથી રહિત છતાં પણ જે જાતે વીર્યવાન છે, તેજ શત્રુઓને હરાવી શકે છે;[૧૦] પણ સર્વ ગુણોથી સંપન્ન છતાં જે પોતે નિર્વીર્ય છે તે શું કરી શકશે? કંઇજ નહિ. ખરેખર! સર્વે ગુણો પરાક્રમમાંજ ગુણરૂપ થઇને રહે છે.[૧૧] કાર્યમાં તત્પરતા એજ જયને માટે હેતુ છે અને તે યોગ્ય ક્રિયા તથા ભાગ્યનો આધાર રાખે છે. કોઇ પુરુષનામાં સામર્થ્ય રહેલું હોય છતાં જો તે તેનો પ્રમાદથી ઉપયોગ ન કરે તો તે કંઇ કાર્ય કરી શકતો નથી;[૧૨] અને તેવા પ્રમાદથીજ બલવાન પુરુષ પણ નિર્બલ શત્રુઓથી ક્ષય પામે છે.[૧૩] બલસંપન્ન પુરુષમાં રહેલી દીનતા અને નિર્બલ પુરુષને પોતાની સ્થિતિ ઉપરાંત કાર્યમાં થયેલો મોહ, એ બન્ને નાશના હેતુઓ છે; માટે વિજયની ઇચ્છાવાળા રાજાએ તે બન્ને હેતુઓનો ત્યાગ કરવો જોઇએ.[૧૪] જો આપણે યજ્ઞ કરવામાટે જરાસંધનો વિનાશ અને રાજાઓનું સર્વ રીતે રક્ષણ કરીએ તો એનાથી બીજું કયું શ્રેષ્ઠ કાર્ય હોઈ શકે?[૧૫] જ્યાંસુધી આપણે કાર્યનો આરંભ કરીશું નહિ, ત્યાંસુધી આપણે નિર્બલ છીએ એમજ નિશ્ચય મનાશે. હે રાજન્! આપણામાં વિજયના હેતુભૂત ગુણો નિઃસંશય રહેલા છે, છતાં તમે પોતાને નિર્બલ કેમ માનો છો?[૧૬] અને ઉદ્યોગ કર્યા પછી આપણે અશક્ત છીએ એમ જ્યારે લાગશે ત્યારે શાંતિને ઈચ્છતા એવા મુનિઓને માટે યોગ્ય એવું ભગવું વસ્ત્ર તો

સુલભજ છે; પરંતુ આપણે તો ચક્રવર્તી થવાને યોગ્ય છીએ એટલે શત્રુઓની સાથે યુદ્ધજ કરીશું." [17]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયારંભપર્વવિષે જરાસંધવધમંત્રણા નામનો અધ્યાય ૧૬ મો સમાપ્ત.

અધ્યાય ૧૭ મો-જરાસંધની ઉત્પત્તિનું વર્ણન

॥ वासुदेव उवाच ॥

जातस्य भारते वंशे तथा कुंत्याः सुतस्य च ॥
या वै युक्ता मतिः सेयमर्जुनेन प्रदर्शिता ॥ १ ॥

વાસુદેવ કહે છેઃ-"હે રાજન્! ભરતના વંશમાં ઉત્પન્ન થયેલા અને કુંતીથી જન્મેલા પુત્રમાં જેવી બુદ્ધિ ઘટી શકે તેવી બુદ્ધિ અર્જુને હમણાં દર્શાવી છે.[1] અમે તો રાતે અથવા દિવસે ક્યાંય મૃત્યુને જોતા નથી; તેમજ યુદ્ધ ન કરનારા એવા કોઇને પણ અમર થયેલો સાંભળ્યો નથી;[2] માટે પુરુષોએ હૃદયના સંતોષને સારૂ એટલુંજ કરવું જોઇએ કે, શાસ્ત્રમાં જણાવેલી નીતિપ્રમાણે શત્રુના ઉપર આક્રમણ કરવું.[3] દૈવ વગેરેની અનુકૂળતા અને ઉત્તમ નીતિ એ બેના સંયોગથી કરવા ધારેલું કાર્ય સિદ્ધ થાય છે; અને સામસામા મળેલા બે શત્રુઓમાં એકનો વિજય થાય છે; કારણ કે બન્ને સરખા હોતા નથી.[4] જે કોઇ નીતિવિના અને યોગ્ય ઉપાયવિના યુદ્ધ કરે છે, તેનો યુદ્ધમાં પરમ વિનાશ થાય છે. કદાચિત્ જો બન્ને શત્રુઓ સમાન ઉપાય તથા નીતિથી લઢતા હોય તો તેમાં જયનો સંશયજ રહે છે, અર્થાત્ એકનો જય અથવા પરાજય થતો નથી;[5] માટે આપણે તો રાજનીતિનો આશ્રય કરીને શત્રુની આગળ જઇશું, પોતાનાં છિદ્રોને ઢાંકીશું તથા શત્રુનાં છિદ્રો જોઇને પરાક્રમ કરીશું તો નદીનો વેગ તીર ઉપર ઉગેલાં વૃક્ષોનો જેમ ક્ષય કરે છે,તેમ શત્રુનો નાશ કેમ નહિ કરીએ ?[6] બુદ્ધિમાનોની એવી નીતિ છે કે, વ્યૂહરચનાથી ગોઠવાયલા અને ભારે સૈન્યવાળા શત્રુઓની સાથે યુદ્ધ કરવું નહિ. એ નીતિ મને પણ રુચે છે;[7] માટે આપણે બીજા કોઇને ખબર પડે નહિ તેવી રીતે નિર્દોષપણાથી તે શત્રુના સ્થાનમાં પ્રવેશ કરવો અને પછી શત્રુના દેહનું આક્રમણ કરીને આપણો ધારેલો મનોરથ સિદ્ધ કરવો.[8] સામસામા બે શત્રુઓમાંથી એકજ પુરુષશ્રેષ્ઠ, પ્રાણીઓમાં રહેલા અંતરાત્માની પેઠે ચક્રવર્તીનાં ઐશ્વર્યને ધારણ કરી શકે છે અને તેથીજ હું આપણો ક્ષય થશે નહિ, એમ માનું છું.[9] યુદ્ધમાં આપણે જરાસંધને મારીશું તે પછી તેના પક્ષના બાકીના રાજાઓ આપણો વિનાશ કરશે, તોપણ આપણે જ્ઞાતિબંધુઓના રક્ષણને માટે યુદ્ધ કરતા હોવાથી સ્વર્ગમાં જઈશું." [10]

યુધિષ્ઠિર પૂછે છેઃ-"હે શ્રીકૃષ્ણ! એ જરાસંધ કોણ છે? તેનામાં કેવું બલ છે? તથા કેવું પરાક્રમ છે? કે જે, તમે અગ્નિના જેવા છો,તેની સાથે યુદ્ધ કરતાં પણ પતંગિયાંની પેઠે બળી ગયો નહિ ?" [11]

શ્રીકૃષ્ણ કહે છેઃ-"હે રાજન્! જરાસંધનું કેવું બલ તથા પરાક્રમ છે તે સાંભળો; અને તેણે અમારૂં ઘણી વાર અપ્રિય કર્યું તેમ છતાં અમે તેને જવા દીધો તેનું કારણ પણ તમે સાંભળો.[12] ત્રણ અક્ષૌહિણી સેનાનો પાલક યુદ્ધ કરવામાં ગર્વિષ્ઠ તથા બલવાન એવો મગધદેશનો અધિપતિ બૃહદ્રથ નામનો રાજા હતો.[13] તે રૂપવાન હતો, વીર્યસંપન્ન હતો, શ્રીમાન હતો, અતુલ પરાક્રમી હતો, નિરંતર યજ્ઞદીક્ષાનાં ચિહ્નોથી ચિહ્નિત દેહવાળો હતો તથા બીજા ઇંદ્રના જેવો જણાતો હતો.[14] તે તેજવડે સૂર્યના જેવો, ક્ષમાવડે પૃથ્વીના જેવો, ક્રોધવડે કાલ તથા યમના જેવો અને લક્ષ્મીવડે કુબેરના જેવો હતો.[15] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! જેમ

સૂર્યનાં કિરણોવડે આ સર્વ પૃથ્વી વ્યાપ્ત થાય છે, તેમ તે રાજાના પોતાના થઈ પડેલા એવા ઉત્તમ ગુણોથી આ સર્વ પૃથ્વી વ્યાપ્ત થઈ રહી હતી.[૧૬] હે ભરતશ્રેષ્ઠ ! તે મહાપરાક્રમી રાજા કાશિરાજની સ્વરૂપસંપત્તિથી યુક્ત એવી બે જોડિયા કન્યાઓની સાથે પરણ્યો હતો અને તે બન્ને પત્નીઓની આગળ પરસ્પરમાં પુરુષશ્રેષ્ઠ બૃહદ્રથરાજાએ એવો ઠરાવ કર્યો હતો કે 'હું તમો બન્નેમાં ન્યૂનાધિકભાવ રાખીશ નહિ.' પછી જેમ બે હાથિણીઓની વચ્ચે હાથી શોભે તેમ તે પ્રિય અને પોતાને યોગ્ય એવી બે રાણીઓની વચ્ચે રહેલો રાજા શોભવા લાગ્યો. વળી જેમ ગંગા અને યમુનાની વચ્ચે રહેલો મૂર્તિમાન સમુદ્ર શોભે, તેમ તે રાજા તે બન્ને પત્નીઓની વચ્ચે શોભતો હતો. તે બન્નેની સાથે વિષયો ભોગવતાં ભોગવતાં તે રાજાનું યૌવન જતું રહ્યું; તથાપિ તેને વંશ ચલાવનારો એકે પુત્ર થયો નહિ. તેણે ઘણાં ઘણાં મંગલ કૃત્યો કર્યાં, હોમ કર્યા, પુત્રકામનાથી ઇષ્ટિઓ કરી તોપણ તે શ્રેષ્ઠ રાજાને કુલની વૃદ્ધિ કરનારો એક પણ પુત્ર થયો નહિ.[૧૭-૨૧] તે પછી બૃહદ્રથરાજાએ સાંભળ્યું કે, ગૌતમવંશોત્પન્ન કાક્ષીવાનના પુત્ર, તપશ્ચર્યામાં તત્પર અને ઉદારતાવાળા એવા ચંડકૌશિક ઋષિ દૈવેચ્છાથી અહીં આવી ચઢ્યા છે અને તે એક વૃક્ષની નીચે બેઠા છે. આ સાંભળીને રાજા પોતાની બન્ને સ્ત્રીઓની સાથે ત્યાં જઇને તેમની સેવા કરવા લાગ્યો અને તેમને સર્વ રત્નભૂત વસ્તુઓથી તેણે સંતોષ ઉત્પન્ન કર્યો.[૨૨,૨૩] તે પછી સત્યને ધારણ કરનારા તથા સત્ય વાણીવાળા એવા તે શ્રેષ્ઠ ઋષિએ રાજાને કહ્યું કેઃ-"હે રાજેંદ્ર ! હું સંતુષ્ટ થયો છું, માટે હે શુભ વ્રતવાળા ! તું મારી પાસે વર માગી લે."[૨૪]

આ સાંભળીને બૃહદ્રથરાજા પોતાની રાણીઓની સાથે ઋષિને પ્રણામ કરીને પુત્રના દર્શનની નિરાશાથી આવેલાં અશ્રુવડે ગદ્ગદિત વાણીથી કહેવા લાગ્યો.[૨૫]

રાજા બોલ્યોઃ-"હે ભગવન્ ! હું આ રાજ્ય ત્યજીને તપોવનમાં જવા માટે નીકળ્યો છું. હું અલ્પભાગ્યવાળો અપ્રજ છું, એટલે હવે મને વર તથા રાજ્યનું શું પ્રયોજન છે ?"[૨૬]

શ્રીકૃષ્ણ કહે છેઃ-આ સાંભળીને મુનિની ઇંદ્રિયો ક્ષોભ પામી; અને તે તેજ આંબાના ઝાડની છાયામાં બેસીને ધ્યાનપરાયણ થયા;[૨૭] એટલામાં બેઠેલા એવા તે મુનિના ખોળામાં રસથી ભરેલું તથા પોપટે જેને ચાંચ ન મારેલી એવું એક આમ્રફળ પડ્યું.[૨૮] મહામુનિએ તે ફલ લીધું અને તેને હૃદયવડે અભિમંત્રણ કર્યું. તે પછી પુત્રપ્રાપ્તિનું કારણરૂપ તે અતુલ ફલ રાજાને આપ્યું[૨૯] તથા મહાબુદ્ધિમાન મહામુનિએ રાજાને કહ્યું કેઃ-"હે મનુષ્યાધીશ રાજા ! હવે તું પાછો જા, તું કૃતાર્થ થયો છે."[૩૦] આવાં ઋષિનાં વચન સાંભળીને મહાબુદ્ધિમાન રાજાએ તે મુનિના ચરણમાં મસ્તકવડે પ્રણામ કર્યા અને પછી તે પોતાને ઘેર ગયો.[૩૧] હે ભરતશ્રેષ્ઠ ! તે પછી તે ઉત્તમ રાજાએ પોતાના કરેલા ઠરાવ પ્રમાણે બન્ને પત્નીઓ વચ્ચે તે એક ફલ આપ્યું;[૩૨] એટલે તે બન્ને શુભ રાણીઓએ તે કેરીના બે ભાગ કરીને તેનું ભક્ષણ કર્યું. ભાવિ કાર્યના નિર્માણથી તથા મુનિની સત્ય વાણીથી તે બન્ને રાણીઓને ફલ ભક્ષણ કરવાથી ગર્ભ રહ્યો. તે બન્નેને ગર્ભવતી જોઇને રાજાને ઘણો હર્ષ ઉત્પન્ન થયો.[૩૩,૩૪] હે મહાબુદ્ધિમાન રાજા ! પછી પ્રસવસમય થયો ત્યારે તે બન્ને રાણીઓએ શરીરની એક એક ફાડને જન્મ આપ્યો.[૩૫] તે બન્ને વિભાગોને એક એક આંખ, એક એક હાથ, એક એક પગ અને પેટ, મુખ તથા કેડના નીચેના ભાગો અર્ધા અર્ધા હતા. તેવા તે શરીરભાગોને જોઈને તે બન્ને બહેનો બહુજ કંપવા લાગી અને ઉદ્વેગ પામીને તે અબલાઓએ પરસ્પર વિચાર કરી સજીવ એવા તે બન્ને વિભાગોને દુઃખથી ત્યજી દીધા.[૩૬,૩૭] તે વખતે તે બન્નેની દાસીઓ ગર્ભથી પડેલા તે બન્ને વિભાગોને સારી પેઠે વસ્ત્રથી ઢાંકી લઇને અંતઃપુરના દ્વારમાંથી બહાર નીકળી ચકલામાં તે વિભાગોને ફેંકી દઇ પાછી

રાણીઓની પાસે આવતી રહી.[૩૮]

હે મનુષ્યોમાં વ્યાઘ્ર જેવા રાજા ! તે વખતે માંસ અને રુધિરનું ભોજન કરનારી એક જરા નામની રાક્ષસીએ તે ચકલામાં ફેંકી દીધેલા બાલકનાં બન્ને ફાડચાંઓને ઉપાડી લીધાં[૩૯] અને તેને સુખથી ઉપાડી શકાય એટલા માટે તે રાક્ષસીએ ભાવિબલથી પ્રેરાઇને તે બન્ને વિભાગોને એકઠા કર્યા.[૪૦] હે પુરુષશ્રેષ્ઠ ! તે ભાગો એકઠા કરતાંજ તેનાથી એક મૂર્તિ ધારણ કરતો એક વીર કુમાર થઇ ગયો.[૪૧] તે પછી હે રાજન્ ! આશ્ચર્યથી પ્રફુલ્લ નેત્રવાળી તે રાક્ષસી, વજ્રના સારવડે બનાવેલા હોય તેવા તે મજબૂત બાલકને ઉંચકવા સમર્થ થઈ નહિ.[૪૨] તેવખતે લાલ હથેળીવાળા હાથની મુઠ્ઠી વાળીને પોતાના મોંમાં મૂકી તે બાલક, અત્યંત બલ કરીને સજલ મેઘની પેઠે ગર્જના કરતો રડવા લાગ્યો.[૪૩] તે શબ્દ સાંભળીને અંતઃપુરમાં રહેનારાં મનુષ્યો ગભરાઇ ઉઠયાં; અને હે શત્રુને તાપ આપનારા નરવ્યાઘ્ર ! તેઓ એકદમ રાજાની સાથે બહાર નીકળ્યાં.[૪૪] તેમજ ગ્લાનિ પામેલી, દૂધથી પૂર્ણ સ્તનવાળી અને પુત્રના લાભમાં નિરાશ થયેલી એવી તે બન્ને રાણીઓ પણ એકાએક બહાર નીકળી આવી.[૪૫] તે બન્ને રાણીઓને તેવી સ્થિતિમાં જોઇને અને રાજાને સંતતિને માટે ઉત્કંઠિત જોઇને તથા તે બાલકને મહાબલવાન્ જોઇને રાક્ષસી વિચારવા લાગી કે,[૪૬] 'ધાર્મિક તથા મહાત્મા એવા આ રાજાના દેશમાં હું નિવાસ કરૂં છું એટલે પુત્રની આકાંક્ષાવાળા એ રાજાના આ બાલક પુત્રને મારે મારવો ન જોઇએ.'[૪૭] આવો વિચાર કરીને તે રાક્ષસીએ મનુષ્યનું રૂપ લીધું તથા જેમ મેઘપંક્તિ ભાસ્કરને ઉપાડે તેમ તે બાલકને લઇને રાક્ષસી રાજાને કહેવા લાગી.[૪૮]

રાક્ષસી બોલીઃ–"હે બૃહદ્રથરાજા ! ઉત્તમ બ્રાહ્મણના વરદાનથી તમારી બે પત્નીઓમાં ઉત્પન્ન થયેલા આ તમારા પુત્રને દાસીઓએ બહાર ફેંકી દીધો હતો, તેનું મેં રક્ષણ કર્યું છે. એ પુત્ર હું તમને આપું છું, તેને તમે ગ્રહણ કરો."[૪૯]

શ્રીકૃષ્ણ કહે છેઃ–હે ભરતશ્રેષ્ઠ ! તે પછી કાશિરાજની તે બન્ને શુભ પુત્રીઓ, તે બાલકને તત્કાલ લઇને તેને સ્તનનાં દૂધથી નવડાવવા લાગી[૫૦] અને રાજા તે સર્વ વૃત્તાંત જાણીને બહુ પ્રસન્ન થયો તથા તે સુવર્ણવર્ણી માનુષીના વેષમાં રહેલી રાક્ષસીને પૂછવા લાગ્યો.[૫૧]

રાજા પૂછે છેઃ–"હે કમલગર્ભના જેવી કાંતિવાળી કલ્યાણિ ! મને પુત્ર આપનારી તું કોણ છે ? તું ઇચ્છાપૂર્વક વિહાર કરનારી કોઇ દેવતા હોય તેવી મને લાગે છે ?"[૫૨]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયારંભપર્વવિષે જરાસંધોત્પત્તિ નામનો અધ્યાય ૧૭ મો સમાપ્ત.

અધ્યાય ૧૮ મો–જરા રાક્ષસીનું આત્મકથન તથા જરાસંધનું નામકરણ

॥ राक्षस्युवाच ॥

जरानामास्मि भद्रं ते राक्षसी कामरूपिणी ॥
तव वेश्मनि राजेंद्र पूजिता न्यवसं सुखम् ॥१॥

રાક્ષસી બોલીઃ–"હે રાજેંદ્ર! તમારૂં કલ્યાણ થાઓ. હું યથેષ્ટ રૂપ ધારણ કરનારી જરા નામની રાક્ષસી છું અને તમારા ઘરમાં પૂજન પામીને સુખથી રહું છું.[૧] રાક્ષસી એવી હું પ્રત્યેક મનુષ્યોના ઘરોમ ગૃહદેવી એવા નામથી નિવાસ કરૂં છું. મને પૂર્વે બ્રહ્માએ ઉત્પન્ન કરી છે અને દાનવોના વિનાશને માટે દિવ્ય રૂપવાળી જે હું તે મારૂં પ્રત્યેક ગૃહમાં સ્થાપન કર્યું છે; માટે જે મનુષ્ય પુત્રવાળી તથા યૌવનસંપન્ન એવી મારી મૂર્તિને ભક્તિથી ભીંત ઉપર આલેખે છે,[૨,૩] તેના ઘરમાં વૃદ્ધિ થાય છે, નહિ તો તેનો ક્ષય થાય છે. હે રાજા ! તમારા ઘરમાં હું સન્માન પામીને સદા નિવાસ કરૂં છું, મારી બહુ પુત્રોથી વીંટાયલી મૂર્તિને

તમારા ઘરની ભીંતો ઉપર આલેખેલી છે અને ગંધ, પુષ્પ, ધૂપ તથા ભક્ષ્યભોજ્ય પદાર્થોથી સારી પેઠે તેનું પૂજન થાય છે.૪,૫ આ તમારા ઉપકારનો બદલો વાળવા માટે હું નિરંતર વિચાર કર્યા કરતી હતી, એવામાં હે ધાર્મિક! આ તમારા પુત્રનાં બે ફાડચાં પડેલાં મેં જોયાં૬ અને તે બન્નેને મેં એકઠાં કર્યાં, એટલે તો દૈવથી તે કુમાર થઈ ગયો. હે મહારાજ! એ તમારા ભાગ્યથીજ થયું છે, હું તો માત્ર એમાં કારણરૂપજ છું. હું મેરુ પર્વતને ખાઈ જવા પણ સમર્થ છું તો પછી તમારા બાલકને ખાઈ જઉં એમાં નવાઈજ શી? પરંતુ તમારા ઘરમાં મારી પૂજા થાય છે તેથી સંતોષ પામીને એ બાલક મેં તમને પાછો આપ્યો છે."૭,૮

શ્રીકૃષ્ણ કહે છેઃ-હે રાજન્! આ પ્રમાણે કહીને તે રાક્ષસી ત્યાંજ અંતર્ધાન થઈ ગઈ અને રાજા તે કુમારને લઈને પોતાના ઘરમાં ગયો;૯ તથા તે બાલકના જાતકર્મસંસ્કાર વગેરે કર્મો કર્યા પછી રાજાએ જરા રાક્ષસીનો મગધ દેશમાં મહોત્સવ કરવાની આજ્ઞા કરી૧૦ અને બ્રહ્માના જેવા પિતા બૃહદ્રથે તે બાલકનું નામ પાડ્યું કે 'આને જરાએ સાંધ્યો, માટે એને જરાસંધ કહેવો. ૧૧ પછી મગધ દેશના રાજા બૃહદ્રથનો મહાતેજસ્વી, આકૃતિ તથા બલવડે સંપન્ન,આહુતિ આપેલા અગ્નિના જેવી કાંતિવાળો અને માતાપિતાને આનંદ આપનારો તે પુત્ર જરાસંધ, જેમ શુકલપક્ષનો ચંદ્ર વૃદ્ધિ પામે તેમ વૃદ્ધિ પામવા લાગ્યો.૧૨

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયારંભપર્વવિષે જરાસંધોત્પત્તિ નામનો અધ્યાય ૧૮ મો સમાપ્ત.

અધ્યાય ૧૯ મો-જરાસંધની પ્રશંસા

॥ श्रीकृष्ण उवाच ॥

कस्यचित्त्वथ कालस्य पुनरेव महातपाः ॥
मगधेषूपचक्राम भगवांश्चंडकौशिकः ॥१॥

શ્રીકૃષ્ણ કહે છેઃ-કેટલેક કાલ વીત્યા પછી મહાતપસ્વી ભગવાન ચંડકૌશિકમુનિ ફરતા ફરતા ફરીથી મગધ દેશમાં આવી પહોંચ્યા.૧ તેમને આવેલા સાંભળીને પ્રસન્ન થયેલો બૃહદ્રથ રાજા પોતાના મંત્રીઓ, સેવકો, ભાર્યાઓ તથા પુત્રોને સાથે લઈને તેમનું સ્વાગત કરવા બહાર નીકળ્યો;૨ અને હે ભારત! તેમની પાદ્ય અર્ઘ્ય તથા આચમનનું જલ વગેરેથી પૂજા કરી તથા તે રાજાએ રાજ્યસહિત પોતાનો પુત્ર ઋષિને નિવેદન કર્યો.૩ હે રાજન્! ઐશ્વર્યસંપન્ન એવા ઋષિએ રાજાની તે પૂજાનો સ્વીકાર કર્યો અને તે પ્રસન્ન અંતઃકરણથી મગધરાજાના પ્રત્યે કહેવા લાગ્યા કેઃ-૪ "હે રાજન્! મેં દિવ્ય દૃષ્ટિથી તારા પુત્રસંબંધી સર્વ હકીકત જાણી છે; હવે હે રાજેંદ્ર! એ તારો પુત્ર કેવો નિવડશે? એનું રૂપ, હૃદયબલ, શરીરસામર્થ્ય તથા ઓજસ્વિતા કેવાં થશે? તે હું કહું છું તે તું શ્રવણ કર. આ તારો પુત્ર ઐશ્વર્યશાળી થશે એમાં સંશય નથી.૫,૬ એ પરાક્રમ કરીને સઘળું પ્રાપ્ત કરશે. જેમ ઉડતા ગરુડની ગતિને બીજાં પક્ષીઓ પહોંચી શકે નહિ, તેમ બીજા રાજાઓ એ વીર્યવાનના વીર્યને પહોંચી શકશે નહિં. વળી જેઓ એના શત્રુઓ થશે, તેઓ વિનાશ પામશે.૭,૮ હે મહીપતિ! જેમ નદીના વેગો પર્વતને પીડા કરી શકે નહિ, તેમ દેવોનાં છોડેલાં શસ્ત્રો પણ એને પીડા કરી શકશે નહિ.૯ એ સર્વ રાજાઓને માથે રહીને પ્રકાશિત થશે. જેમ સૂર્ય બીજાં તેજોને ઝાંખાં પાડી દે છે, તેમ તારો આ પુત્ર પણ સર્વનાં તેજોને હરી લેશે.૧૦ જેમ પતંગીઆં અગ્નિમાં પડીને વિનાશ પામે છે, તેમ આની આગળ આવીને મોટી મોટી સેના તથા વાહનોવાળા રાજાઓ વિનાશ પામશે.૧૧ નદો અને નદીઓનો પતિ સમુદ્ર જેમ ચોમા-

સામાં ઉછળતા જલવાળી નદીઓને પોતાને વિષે ગ્રહણ કરે છે, તેમ આ સર્વ રાજાઓની વૃદ્ધિ પામેલી લક્ષ્મીને પોતે ગ્રહણ કરશે.[૧૨] જેમ સર્વ ધાન્યને ધારણ કરનારી પ્રૌઢ પૃથ્વી સારાં-નરસાં સર્વને ધારણ કરે છે, તેમ આ મહાબલવાન કુમાર ચારે વર્ણોને સારી રીતે ધારણ કરશે.[૧૩] જેમ સર્વ દેહધારીઓ સર્વ પ્રાણીઓના આત્મભૂત એવા વાયુને અધીન રહે છે, તેમ સર્વ રાજાઓ આ કુમારની આજ્ઞાને અધીન રહેશે.[૧૪] આ મગધરાજ, સર્વ લોકોમાં અતિ બલવાન થશે અને એ ત્રિપુરવિનાશક, દુઃખ તથા પાપને હરણ કરનારા મહાદેવનાં સાક્ષાત્ દર્શન કરશે."[૧૫] હે અરિહંતા રાજા! આટલું બોલતાં બોલતાંજ મુનિએ જાણે પોતાનું કંઇ કાર્ય સાંભરી આવ્યું હોય તેમ વિચાર કરતાં બૃહદ્રથરાજાને ગામમાં જવાની આજ્ઞા આપી.[૧૬] તે વખતે મગધરાજ બૃહદ્રથે પોતાનાં જ્ઞાતિલાંઓ તથા સંબંધીઓની સાથે પોતાની નગરીમાં પ્રવેશ કર્યો અને ત્યાં જરાસંધને રાજ્યાભિષેક કરીને બૃહદ્રથરાજા પરમ સંતોષ પામ્યો. જરાસંધને અભિષેક કર્યા પછી બૃહદ્રથરાજા, બે પત્નીઓને સાથે લઇને તપોવનમાં તપ કરવા ગયો.[૧૭,૧૮] પોતાની બન્ને માતાઓ તથા પિતા વનનિવાસી થયાં તે પછી હે રાજન્! જરાસંધ પોતાનાં પરાક્રમથી રાજાઓને વશ કરવા લાગ્યો.[૧૯]

વૈશંપાયન કહે છેઃ–પછી ઘણો કાલ ગયો, ત્યારે તપોવનમાં રહેલા બૃહદ્રથરાજા તપ કરીને પોતાની ભાર્યાઓની સાથે સ્વર્ગમાં ગયા.[૨૦] રાજા જરાસંધ પણ જેમ ચંડકૌશિક મુનિએ કહ્યું હતું તેમ સમગ્ર વરદાન મેળવીને રાજ્યનું પાલન કરવા લાગ્યો.[૨૧] જ્યારે વસુદેવનંદન શ્રીકૃષ્ણે કંસરાજાને મારી નાખ્યો, ત્યારે શ્રીકૃષ્ણની સાથે જરાસંધને વેર બંધાયું હતું.[૨૨] હે ભારત! તે વખતે મગધ દેશના બલવાન જરાસંધ રાજાએ પોતાના ગિરિવ્રજ નગરમાંથી એક ગદાને નવ્વાણુ આંટા ફેરવીને જ્યાં અદ્ભુત ચરિત્રવાળા શ્રીકૃષ્ણ નિવાસ કરતા હતા તે મથુરા તરફ ફેંકી અને તે મહાન ગદા નવ્વાણું યોજન દૂર આવીને પડી![૨૩,૨૪] નગરવાસી જનોએ તે ગદાને તે વખતે પડેલી જોઈને શ્રીકૃષ્ણની આગળ તેનું યથાર્થ વર્ણન કર્યું. જ્યાં મથુરાની સમીપમાં તે ગદા પડી હતી, તે સ્થાન ત્યારથી 'ગદાવસાન' નામથી પ્રસિદ્ધ થયું છે.[૨૫] વળી જરાસંધને શસ્ત્રથી નહિ મરે તેવા, વિચાર કરનારા, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અને નીતિશાસ્ત્રમાં કુશલ એવા હંસ અને ડિંભક નામના બે મંત્રીઓ હતા;[૨૬] જે બન્ને મહાબલવાનોનું મેં તમારી આગળ પ્રથમથીજ વર્ણન કરેલું છે. તે બે અને ત્રીજો જરાસંધ, આ ત્રણે ત્રણ લોકને પહોંચી વળે તેવા હતા એમ હું માનું છું.[૨૭] હે વીર મહારાજા! બલવાન એવા કુકુર, અંધક તથા વૃષ્ણિઓએ તે વખતે 'બલવાનની સાથે સ્પર્ધા ન કરવી' એ નીતિનું અવલંબન કરીનેજ જરાસંધની ઉપેક્ષા કરી હતી.[૨૮]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયારંભ પર્વવિષે જરાસંધપ્રશંસા નામનો અધ્યાય ૧૯ મો સમાપ્ત.

રાજસૂયારંભપર્વ સમાપ્ત.

जरासंधवध पर्व

અધ્યાય ૨૦ મો-જરાસંધના વધને માટે નિશ્ચય કરીને શ્રીકૃષ્ણ, અર્જુન તથા ભીમસેન મગધદેશમાં જવા નીકળ્યા.

॥ वासुदेव उवाच ॥

पातती हंसडिंभकौ कंसश्च सगणो हतः ॥
जरासंधस्य निधने कालोऽयं समुपागतः॥१॥

વાસુદેવ બોલ્યાઃ—હંસ અને ડિંભક પડ્યા, કંસ પણ પોતાના ગણોની સાથે હણાયો અને હવે જરાસંધના વધને માટે આ સમય પ્રાપ્ત થયો છે.[1] સર્વે દેવો તથા દૈત્યો પણ એને યુદ્ધમાં જીતી શકે તેમ નથી; માટે એને દેહબલવડે દ્વંદ્વ યુદ્ધમાં જીતવો એમ અમને લાગે છે.[2] મારામાં નીતિ રહેલી છે, ભીમસેનમાં બલ રહેલું છે અને અમારા બન્નેનો રક્ષણકર્તા અર્જુન છે; એટલે ત્રણ અગ્નિઓથી જેમ ઇષ્ટિ થાય છે, તેમ અમે ત્રણે મળીને જરાસંધને વશ કરીશું.[3] તે રાજાને અમે ત્રણે એકાંતમાં મળીશું, એટલે અમારામાંથી એકની સાથે પણ યુદ્ધ કરવા તે અવશ્ય તૈયાર થશે.[4] અપમાન, લોભ અને બાહુબલનાં કારણથી તે ગર્વિષ્ઠ જરાસંધ જરૂર ભીમસેનની સાથેજ યુદ્ધ કરવા આવશે[5] અને વૃદ્ધિ પામેલા લોકોના વિનાશને માટે જેમ કાલ સમર્થ છે, તેમ તેના વિનાશને માટે મહાન બાહુવાળો તથા મહાબલવાન એવો ભીમસેન પૂરતો છે;[6] માટે હે રાજા! મારા હૃદયને તમે જો સમજતા હો તથા મારા ઉપર તમને વિશ્વાસ હોય તો, તમે મને, ભીમસેન તથા અર્જુનને તત્કાલ થાપણતરિકે સોંપો.[7]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે ભગવાને કહ્યું, ત્યારે યુધિષ્ઠિર રાજા પ્રસન્ન મુખવાળા ભીમ તથા અર્જુનને જોઈને શ્રીકૃષ્ણને પ્રત્યુત્તર આપવા લાગ્યા.[8] યુધિષ્ઠિર બોલ્યાઃ—"હે અચ્યુત! હે અચ્યુત! હે શત્રુનિબર્હણ! તમે એવું બોલશો નહિ. તમે તો પાંડવોના નાથ છો અને અમે તમારા આશ્રયમાં છીએ.[9] હે ગોવિંદ! તમે જે કહો છો તે બધું યોગ્યજ છે. જેઓનાથી લક્ષ્મી પરાઙ્મુખ થવાની હોય તેઓની આગળ તમે રહેતા નથી.[10] તમારી આજ્ઞામાં રહેતાં મેં જરાસંધને હણ્યો, રાજાઓને કારાગૃહથી છોડાવ્યા અને રાજસૂય યજ્ઞ કર્યો, એમ હું માનું છું.[11] હે જગન્નાથ! હે નરોત્તમ! એ કાર્ય જેવી રીતે જલદી સિદ્ધ થાય તેવી રીતે તમે સાવધાન થઈને કરો.[12] જેમ દુઃખી અને રોગથી પીડાતો મનુષ્ય ધર્મ, કામ તથા અર્થથી રહિત થઈને જીવી શકે નહિ, તેમ તમારા ત્રણના વિના હું જીવી શકીશ નહિ.[13] અર્જુન શ્રીકૃષ્ણના વિના અને શ્રીકૃષ્ણ અર્જુનના વિના રહી શકે નહિ; તથા શ્રીકૃષ્ણ અને અર્જુન એ બે એકઠા મળ્યા એટલે તેમને આ લોકમાં કોઈ ન જીતાય તેવો નથી એમ મારૂં માનવું છે.[14] વળી આ બલવાનમાં શ્રેષ્ઠ, શ્રીમાન, મહાયશસ્વી તથા વીર એવો વૃકોદર પણ તમારી બેની સાથે રહીને શું ન કરી શકે?[15] સૈન્યના સમૂહને યોગ્ય રીતે દોર્યો હોય તો તે ઉત્તમ કાર્ય કરી શકે છે; નહિ તો સૈન્ય આંધળું અને જડ જેવું કહેવાય છે, માટે વિચક્ષણ પુરુષોએ નેતા થઈને તેને દોરવું જોઇએ.[16] જેમ નદીનાં જલથી જીવનારા પુરુષો જે તરફ નીચાણ અને છિદ્ર હોય તે તરફથી ક્યારડા વગેરેમાં પાણી લઈ જાય છે, તેમ બુદ્ધિમાન નેતાઓ અલ્પ યત્નથી ચઢાઇ થઇ શકે તેવા, નિરુપદ્રવ સ્થાનમાંથી સેનાને લઇ જાય છે; પણ તેને મહાવીરોની આગળ મૃત્યુના મુખમાં નાખતા નથી;[17] માટે આપણે પણ નીતિવિધાનને જાણનારા તથા લોકોમાં પ્રખ્યાત એવા

ગોવિંદ ભગવાનનો આશ્રય કરીને કાર્યની સિદ્ધિને માટે યત્ન કરીશું.[૧૮] આ પ્રમાણે બુદ્ધિ તથા નીતિના બલવાળા અને ક્રિયા તથા ઉપાયથી સંપન્ન એવા શ્રીકૃષ્ણને કાર્યની અર્થસિદ્ધિને સારૂ આપણે આગળ કરવા.[૧૯] હે યદુશ્રેષ્ઠ ! એ રીતેજ બધાં કાર્યોની અર્થસિદ્ધિને માટે અર્જુને શ્રીકૃષ્ણને અનુસરવું અને ભીમે અર્જુનને અનુસરવું, એમ કહીને પરાક્રમ કરવાથી નીતિ, જય અને બલસિદ્ધિ પામશો."[૨૦]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે યુધિષ્ઠિરે વિપુલ બલવાળા તે સર્વે ભાઇઓને કહ્યું, એટલે વૃષ્ણિનંદન શ્રીકૃષ્ણ તથા પાંડુપુત્રો અર્જુન અને ભીમસેન માગધદેશપ્રત્યે જવા નીકળ્યા.[૨૧] તે વખતે તેમણે તેજસ્વી સ્નાતક બ્રાહ્મણોનો વેષ ધારણ કર્યો, સુહૃદ્‌વર્ગોએ મનોહર વાકયોથી તેઓને અભિનંદન આપ્યું[૨૨] અને જ્ઞાતિજનોનું કાર્ય કરવા માટે, જરાસંધ ઉપર થયેલા ક્રોધથી તે મહાતેજસ્વીઓનાં શરીર સંતપ્ત થઈ ગયાં તથા સૂર્ય, ચંદ્ર અને અગ્નિના જેવા દેહવાળા તેઓ ઝળહળીત દેખાવા લાગ્યા.[૨૩] ભીમસેનને આગળ કરીને યુદ્ધમાં અપરાજિત એવા શ્રીકૃષ્ણ તથા અર્જુનને, એક કાર્ય કરવા ઉદ્યુક્ત થયેલા જોયા ત્યારે યુધિષ્ઠિર પોતે, જરાસંધને મરેલોજ માનવા લાગ્યા;[૨૪] કારણ કે તે બન્ને નરનારાયણરૂપ, મહાત્મા, સર્વ કાર્યને પ્રવર્તાવનારા, ધર્મ, કામ, અર્થ, લોક અને કાર્યના નિયંતા હતા.[૨૫] કુરુદેશથી નીકળેલા તે ત્રણે વીરો કુરુજાંગલદેશના મધ્યમાં થઇને રમ્ય એવા પદ્મ સરોવર ઉપર ગયા, ત્યાંથી કાલકૂટ પર્વત ઓળંગીને ગંડકી, મહાશોણ, સદાનીરા તથા એક પર્વતની નદીઓને ક્રમથી ઓળંગીને આગળ ચાલ્યા.[૨૬,૨૭] પછી રમણીય એવી સરયૂને ઉતરીને પૂર્વ કોશલદેશને જોયો, તેને છોડીને મિથલા ગયા, ત્યાંથી માલા, ચર્મણ્વતીનદી, ગંગા અને શોણને ઓળંગીને તે ત્રણે શુદ્ધ વીરો દર્ભ તથા વલ્કલ ધારણ કરીને પૂર્વ તરફ પ્રયાણ કરતા મગધરાજના દેશ તરફ ચાલ્યા;[૨૮,૨૯] અને તેઓએ નિરંતર ગોધનથી ભરપૂર, જલ તથા શુભ વૃક્ષોથી યુક્ત એવા ગોરથ પર્વત આગળ આવીને માગધપુરને જોયું.[૩૦]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત જરાસંધવધપર્વવિષે કૃષ્ણપાંડવમાગધપ્રયાણ નામનો અધ્યાય ૨૦ મો સમાપ્ત.

અધ્યાય ૨૧ મો–શ્રીકૃષ્ણ તથા જરાસંધનો સંવાદ

॥ वासुदेव उवाच ॥

एष पार्थ महान् भाति पशुमान्नित्यमंबुमान्॥
निरामयः सुवेश्माढ्यो निवेशो मागधः शुभः॥

વાસુદેવ બોલ્યાઃ–"હે અર્જુન ! આ સામે પશુઓવાળો, નિત્ય જલવાળો, ઉપદ્રવવિનાનો અને સુંદર ઘરોથી ભરપૂર એવો મહાન સુંદર મગધદેશનો પ્રાંતભાગ જણાય છે.[૧] હે તાત ! મોટી શિલાવાળો વૈહાર, વરાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક, આ પાંચ મોટાં શિખરોવાળા તથા શીતલ વૃક્ષોવાળા શુભ પર્વતો એકમેકની જોડે જોડાઇ જઇને ગિરિવ્રજ નગરનું રક્ષણ કરતા હોય તેમ ઉભેલા જણાય છે.[૨,૩] એ પર્વતો, પુષ્પથી વીંટાયલાં, ડાળીઓના અગ્રવાળાં, કામી જનોને પ્રિય તથા સુગંધવાળાં એવાં લોધરનાં મનોહર ઝાડોથી ઢંકાઇ ગયા હોય તેવા જણાય છે.[૪] વળી અહીં મહાત્મા તથા ઉત્તમ વ્રતવાળા એવા ગૌતમમુનિએ ઔશીનરી નામની શૂદ્રીમાં કાક્ષીવાન આદિ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા.[૫] શૂદ્રીથી ઉત્પન્ન થવા છતાં તે કાક્ષીવાન્ આદિના વંશજો ગૌતમના ઐશ્વર્યથી આ સ્થાનમાં માગધવંશના રાજાઓ ગણાય છે, તે એ રાજાઓના ઉપર ગૌતમ મુનિનો અનુગ્રહજ સમજવો.[૬] હે અર્જુન ! વળી આ ગૌતમના આશ્રમમાં અંગ, વંગ વગેરે મહાબલવાન રાજાઓ પૂર્વે આવીને

વિહાર કરતા હતા.[૭] હે પૃથાપુત્ર! આ પિપળાઓની તથા લોધ્ર વૃક્ષોની મનોહર તથા સુંદર વનપંક્તિઓ ગૌતમમુનિના આશ્રમની આજુબાજુ ઉગી નીકળી છે તેને તું જો.[૮] વળી શત્રુઓને તાપ આપનારા એવા અર્બુદ તથા શક્રવાપી નામના બે સર્પો અહીં રહે છે અને સ્વસ્તિક તથા મણિ નાગનાં ઉત્તમ સ્થાનો પણ અહીં આવેલાં છે.[૯] મનુ ભગવાને મગધદેશને વૃષ્ટિવિના ન રહે તેવો કર્યો છે. વળી એ દેશ ઉપર કૌશિક તથા મણિમાને પણ અનુગ્રહ કરેલો છે.[૧૦] ચોમેરથી શત્રુઓ જેનાપર હલ્લો ન કરી શકે તેવા સુરક્ષિત અને રમણીય એવા આ નગરને મેળવીને જરાસંધ પોતાને અનુપમ અર્થસિદ્ધિ મળી હોય તેમ માને છે;[૧૧] પરંતુ આજે આપણે જઇને તેના ગર્વને હરણ કરીશું."

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે વાતો કરતા કરતા પ્રાૈઢ બલવાળા તે સર્વે ભાઇઓ–શ્રીકૃષ્ણ તથા પાંડુપુત્ર મગધરાજના નગર તરફ જવા લાગ્યા; અને હૃષ્ટપુષ્ટ જનોવાળા, ચારે વર્ણની પ્રજાથી ભરેલા, મોટા મોટા ઉત્સવોવાળા અને બીજાથી હુમલો ન થાય તેવા ગિરિવ્રજ નગર આગળ આવી પહોંચ્યા. તે પછી તેઓ નગરના દરવાજા તરફ ન જતાં, નગરના કિલ્લાની જોડે ઉભા કરેલા એક પર્વતના જેવા મોટા બુરજ તરફ ગયા,[૧૨–૧૪] કે જે બુરજની નગરવાસી જનો તથા બૃહદ્રથના વંશજો પૂજા કરતા હતા, તે મગધવાસીઓને પ્રિય હતો તથા નગરને સૂચવનાર ચિહ્નરૂપ હતો.[૧૫] તે સ્થાનમાં માંસનું ભક્ષણ કરનારા એક આખલાના રૂપને ધારણ કરનારા દૈત્યને બૃહદ્રથ રાજાએ માર્યો હતો અને તેને મારીને તેના ચામડાથી ત્રણ મોટાં નગારાંઓ મઢાવીને તેને પોતાના નગરમાં એ બુરજ ઉપર રાખ્યાં હતાં. એ નગારાં એવાં મોટાં હતાં કે જેના ઉપર એક દાંડીઓ ઠોકતાં તેમાંથી એક મહિના સુધી ધ્વનિ નીકળ્યા કરતો હતો. દિવ્ય પુષ્પોથી શણગારેલાં તે નગારાં એ બુરજ ઉપર વગાડવામાં આવતાં હતાં.[૧૬,૧૭] તે ત્રણે નગારાં ભાગી નાખીને તે ત્રણે વીરો અનેક હથિયારો ધારણ કરી દરવાજાની સન્મુખ બુરજની પાસેના મિનારા આગળ ગયા;[૧૮] અને મગધદેશની શોભારૂપ, સ્થિર, વિસ્તીર્ણ, શિખરનાં જેવા ઉંચા, પુરાતન, ગંધપુષ્પોથી પૂજાતા અને હમેશ એકસરખી રીતે દઢતાથી ઉભેલા એવા તે મિનારાને, જરાસંધને મારવાની ઇચ્છાથી જાણે તેના માથામાંજ પ્રહાર કરતા હોય તેમ તે વીરોએ પોતાના વિશાલ બાહુઓના પ્રહાર કરીને પાડી નાખ્યો. તે પછી તેઓએ પ્રસન્ન થઇને મગધરાજના નગરમાં પ્રવેશ કર્યો.[૧૯–૨૧] એજ સમયે વેદોના પારને પામેલા બ્રાહ્મણો અનેક અપશુકનો જોઇને તે જરાસંધને દેખાડવા લાગ્યા;[૨૨] તથા તેની શાંતિને માટે રાજાને હાથી ઉપર બેસાડીને પુરોહિતોએ યજ્ઞપશુની પેઠે તેની ફરતે બળતાં કાષ્ઠનું ભ્રમણ કરાવ્યું તથા પ્રતાપી જરાસંધરાજાએ ઉત્પાતની શાંતિને માટે નિયમમાં રહી, દીક્ષા ગ્રહણ કરીને ઉપવાસ કર્યો.[૨૩]

હે ભરતવંશી! પછી સ્નાતક બ્રાહ્મણના વ્રતને ગ્રહણ કરનારા, હથિયારોવિનાના અને માત્ર બાહુરૂપી શસ્ત્રોવાળા એવા શ્રીકૃષ્ણ તથા પાંડુપુત્રો જરાસંધની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી નગરમાં પેઠા.[૨૪] તે પુરુષોત્તમોએ રાજમાર્ગમાંથી જતાં બજારમાં, ભક્ષ્ય પદાર્થોની તથા પુષ્પોની દુકાનોની ઉત્કૃષ્ટ, સર્વગુણસંપન્ન તથા સર્વ મનોરથ પૂર્ણ કરનારી ઉત્તમ શોભા જોઇ; અને તે સમૃદ્ધિ જોઇને મહાબલવાળા શ્રીકૃષ્ણ, ભીમ તથા અર્જુને બલાત્કારથી માળીની પાસેથી પુષ્પમાલાઓ લીધી. પછી વિવિધ રંગી વસ્ત્રો, માલાઓ તથા સ્વચ્છ કુંડલો ધારણ કરીને તે સર્વે, જેમ હિમાલયના સિંહો આખલાઓની ખોળને માટે તેનાં રહેઠાણ તરફ જાય તેમ, બુદ્ધિમાન જરાસંધની શોધને માટે તેના રાજમહાલય તરફ ગયા. હે મહારાજ! તે યુદ્ધમાં શોભનારા વીરોના ચંદન અને અગરુથી ચર્ચિત એવા બાહુઓ સાગના થાંભલાના જેવા શોભતા

હતા. હાથીના જેવા પુષ્ટ, સાગના વૃક્ષ જેવા ઉંચા અને વિશાલ છાતીવાળા એવા તે વીરોને જોઇને મગધવાસી મનુષ્યોને વિસ્મય ઉત્પન્ન થયું.[૨૫-૨૯] તે પુરુષશ્રેષ્ઠો મનુષ્યોથી ભરપૂર એવા ત્રણ દરવાજાઓ ઓળંગીને અહંકારપૂર્વક નિડરતાથી રાજાની પાસે ગયા.[૩૦] પાદ્ય, અર્ઘ્ય તથા ગોયુક્ત મધુપર્કને યોગ્ય અને સત્કારને પ્રાપ્ત થયેલા એવા તેઓને જરાસંધે ઉઠીને યથાવિધિ સન્માન આપ્યું;[૩૧] તથા સમર્થ રાજાએ 'તમે ભલે આવ્યા' એમ તેઓને કહ્યું. હે જનમેજય! તે વખતે અર્જુન અને ભીમસેને મૌન ધારણ કર્યું હતું,[૩૨] એટલે તેઓમાંથી મહા બુદ્ધિવાળા શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કેઃ–" હે રાજેંદ્ર! આ બન્ને નિયમમાં છે એટલે મધ્ય રાત્રિ પહેલાં તેઓ બોલશે નહિ, પણ તે પછી તમારી સાથે વાતચીત કરશે. " આ સાંભળીને તેઓને યજ્ઞશાલામાં બેસાડીને રાજા પોતાના રાજમંદિરમાં ગયો.[૩૩,૩૪]

તે પછી મધ્યરાત્રિ થઇ ત્યારે તે, જ્યાં બ્રાહ્મણો રહ્યા હતા ત્યાં આવ્યો. હે રાજન્! હે ભારત! યુદ્ધમાં વિજય મેળવનારા જરાસંધ રાજાનો એવો જગવિખ્યાત નિયમ હતો કે સ્નાતક બ્રાહ્મણોને આવેલા સાંભળીને તે મધ્યરાત્રિએ પણ તેઓની સામે જતો હતો.[૩૫,૩૬] નૃપતિશ્રેષ્ઠ જરાસંધ તે વીરોની આગળ આવ્યો, પણ તેઓને અપૂર્વ વેષવાળા જોઇને તેને તે વખતે વિસ્મય ઉત્પન્ન થયું.[૩૭] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! શત્રુઓને નાશ પમાડનારા તે નરશ્રેષ્ઠો પણ જરાસંધ રાજાને જોતાંજ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–"હે રાજન્! તમારૂં નિર્વિઘ્ન કલ્યાણ થાઓ" હે નૃપશાર્દૂલ! આ રીતે તે રાજાને કહીને એકમેકની સામે જોતા તેઓ ઉભા રહ્યા.[૩૮,૩૯] તે વખતે હે રાજેંદ્ર! બ્રાહ્મણના કપટવેષથી ઢંકાયલા એવા તે પાંડુપુત્રને તથા યદુવંશોત્પન્ન શ્રીકૃષ્ણને જરાસંધે કહ્યું કેઃ–" તમે બેસી જાઓ. "[૪૦] આ સાંભળીને તે ત્રણે પુરુષશ્રેષ્ઠો, મહાયજ્ઞમાં ઝળહળતા ત્રણ અગ્નિઓ શોભે તેવા શોભતા ત્યાં બેઠા.[૪૧] તે પછી હે કૌરવ્ય! સત્ય પ્રતિજ્ઞાવાળો જરાસંધ રાજા, વેષ લેવાથી બ્રાહ્મણ બનેલા એવા તેઓની નિંદા કરતો કહેવા લાગ્યો કેઃ–" જગતમાં સ્નાતક વ્રતવાળા બ્રાહ્મણો, નિષ્કારણ પુષ્પમાલા તથા અંગરાગને ધારણ કરનારા હોતા નથી, એમ હું સારી રીતે જાણું છું. ત્યારે પુષ્પ ધારણ કરનારા અને પ્રત્યંચાના ચિહ્નવાળા બાહુઓથી ક્ષાત્રતેજને ધારણ કરનારા તથા પોતાને બ્રાહ્મણ તરીકે ઓળખાવનારા એવા તમે કોણ છો? આવાં વિચિત્ર રંગવાળાં વસ્ત્રો, પુષ્પો અને ચંદનની અર્ચાને શરીરપર ધારણ કરનારા તમે કોણ છો? તે સાચેસાચું કહો; કારણ કે રાજાઓની આગળ સત્યજ શોભે છે.[૪૨-૪૪] વળી તમે ચૈત્યક પર્વતના શિખરરૂપ મિનારાને તોડી પાડીને, રાજાના અપરાધનો ભય ન રાખતાં આડે રસ્તેથી કપટવડે નગરમાં પેઠા છો;[૪૫] માટે બોલો, બ્રાહ્મણોનું તો વિશેષ કરીને વાણીમાં બલ હોય છે. તમારો તો વેષ જૂદો છે અને કર્મ જૂદું છે. એનાથી આજે તમે શું કરવા ધારો છો?[૪૬] તમે આ રીતે મારી પાસે આવ્યા છો, છતાં હું તમારી વિધિપૂર્વક પૂજા કરૂં છું તેને તમે કેમ સ્વીકારતા નથી? મારી પાસે આવવાનું તમને શું પ્રયોજન છે?"[૪૭] આ પ્રમાણે જરાસંધે કહ્યું, ત્યારે ઉદાર ચિત્તવાળા અને વાક્ય બોલવામાં ચતુર એવા શ્રીકૃષ્ણ ગંભીર તથા મધુર વાણીવડે કહેવા લાગ્યા.[૪૮]

શ્રીકૃષ્ણ બોલ્યાઃ–" હે મનુષ્યાધીશ રાજા! અમને તું સ્નાતક વ્રતવાળા બ્રાહ્મણો જાણ. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો, ત્રણે સ્નાતક વ્રત ધારણ કરી શકે છે,[૪૯] પરંતુ તેઓના સામાન્ય તથા વિશેષ નિયમો હોય છે; તેમાં વિશેષ નિયમ પાળનારો ક્ષત્રિય ઐશ્વર્યને પ્રાપ્ત થાય છે,[૫૦] પુષ્પ ધારણ કરનારાને અવશ્ય લક્ષ્મી પ્રાપ્ત થાય છે અને તેથીજ અમે પુષ્પો ધારણ કર્યાં છે. ક્ષત્રિયોના બાહુમાં જેવું બલ હોય છે, તેવું વાક્યમાં બલ હોતું નથી; અને તેથીજ હે બૃહદ્રથના પુત્ર! તેઓનાં બોલેલાં વચન અપ્રૌઢ

ગણાય છે. બ્રહ્માએ ક્ષત્રિયોના પોતાના બલને તેઓના બાહુમાં મૂકેલું છે. હે રાજન્ ! તે બલ જો તમારે જોવું હશે તો નિઃસંશય આજેજ તમે તેને જોઈ શકશો.[૫૧-૫૨] ધીરપુરુષો દ્વાર ન હોય તે સ્થાનથી શત્રુના ઘરમાં પ્રવેશ કરે છે અને મિત્રોના ઘરમાં દરવાજેથી પ્રવેશ કરે છે, આવો ધર્માનુસાર દ્વારનો નિર્ણય કરેલો છે.[૫૩] અમે કોઇક કાર્યને લીધે શત્રુને ઘેર આવેલા છીએ, એટલે શત્રુના હાથની પૂજાને ગ્રહણ કરી શકતા નથી. આ અમારૂં નિત્યનું વ્રત છે, એમ જાણો.[૫૪]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત જરાસંધવધપર્વવિષે કૃષ્ણજરાસંધસંવાદ નામનો અધ્યાય ૨૧ મો સમાપ્ત.

અધ્યાય ૨૨ મો-જરાસંધની યુદ્ધને માટે તૈયારી

॥ जरासंघ उवाच ॥
न स्मरामि कदा वैरं कृतं युष्माभिरित्युत ॥
चिंतयंश्च न पश्यामि भवतां प्रति वैकृतम् ॥१॥

જરાસંધ બોલ્યોઃ-"તમે મારી સાથે ક્યારે વૈર કર્યું ? તેનું મને સ્મરણ નથી; તેમજ વિચાર કરતાં પણ મને સાંભરતું નથી કે, મેં કંઇ પણ તમારૂં ભુંડું કર્યું હોય ![૧] હે વિપ્રો ! જ્યારે મેં કંઇ પણ અપકાર કર્યો નથી, ત્યારે મને નિરપરાધીને તમે શામાટે શત્રુ માનો છો ? તે કહો; કારણ સાચું બોલવું એવી સજ્જનોની મર્યાદા છે.[૨]

જે ક્ષત્રિય થઈને વિનાઅપરાધે અપરાધનો આરોપ મૂકે છે, એ ધર્મના વિઘાતથી મારૂં મન તપી જાય છે; અને તેવો ઉલટું વર્તનારો ક્ષત્રિય ધર્મવેત્તા તથા મહારથ હોય તોપણ તે આ લોકમાં કષ્ટ દશાને પ્રાપ્ત થાય છે તથા પોતાને કલ્યાણથી ભ્રષ્ટ કરે છે.[૩,૪] સદાચારી પુરુષોને માટે ત્રણ લોકમાં ક્ષત્રિયધર્મ શ્રેષ્ઠ છે; અને જેઓ ધર્મવેત્તા મનુષ્યો છે તેઓ એનાથી બીજા ધર્મનાં વખાણ કરતા નથી.[૫] હું પણ નિયમથી સ્વધર્મમાં રહેલો છું તથા પ્રજાનો કંઇ પણ અપરાધ કરતો નથી;તેવા મને, આજ તમે પ્રમાદથી વિરુદ્ધ વચનો કહો છો."[૬]

શ્રીકૃષ્ણ બોલ્યાઃ-"હે મહાબાહુ ! કુલને વહન કરનારો કોઇ એક પુરુષ કુલનું-જ્ઞાતિનું કાર્ય કરવા પ્રવૃત્ત થયેલ છે, તેની આજ્ઞાથી અમે તારા ઉપર ચઢી આવ્યા છીએ.[૭] હે રાજન્ ! તેં આ લોકમાં રહેનારા ક્ષત્રિયોને બલાત્કારથી પકડી આણ્યા છે. તે ક્રૂર અપરાધ કરીને તું પોતાને નિરપરાધી શામાટે માને છે ?[૮] હે મહારાજા ! કોઈ પણ રાજા સાધુ વૃત્તિવાળા રાજાઓને શામાટે હણે ? નજ હણે; પરંતુ તું તો રાજાઓને કેદ કરીને રુદ્રને બલિદાન આપવા ધારે છે ![૯] હે બૃહદ્રથના પુત્ર ! તે તારૂં કરેલું પાપ અમને પણ પ્રાપ્ત થાય; કારણ કે અમે ધર્માચરણી છીએ તથા ધર્મનું રક્ષણ કરવા માટે સમર્થ છીએ; અર્થાત્ પોતે સમર્થ છતાં જે અધર્મ થતો ન અટકાવે તે પણ અધર્મનો ભાગી થાય છે.[૧૦] યજ્ઞમાં પશુઓની પેઠે મનુષ્યોનો વધ અમે કોઈવાર દીઠો નથી. ત્યારે તું મનુષ્યોનો વધ કરીને દેવ-શંકરનું યજન કરવા કેમ ઇચ્છા કરે છે ?[૧૧] હે જરાસંધ ! તું મિથ્યા બુદ્ધિવાળો છે; અને તેથીજ તું પોતે ક્ષત્રિયરાજ થઇને ક્ષત્રિય રાજાઓને પશુનું નામ આપવા તૈયાર થયો છે. આ તારા જેવી દુષ્ટતા બીજો કોણ કરી શકે ?[૧૨] જે મનુષ્ય જે જે અવસ્થામાં પોતે જેવું જેવું કર્મ કરે છે, તે તે અવસ્થામાં તેને તેવું તેવું ફલ ભોગવવું પડે છે![૧૩] તું જ્ઞાતિનો ક્ષય કરનારો છે અને અમે દુઃખીનું રક્ષણ કરનારા છીએ, માટે અમે જ્ઞાતિની વૃદ્ધિને નિમિત્તે તને મારવા માટે અહીં આવ્યા છીએ.[૧૪] હે રાજન્ ! તું માને છે કે, મારા

જેવો આ લોકમાં બીજો ક્ષત્રિય પુરુષ કોઇ નથી; પરંતુ તે તારી બુદ્ધિનો મહાન ભ્રમ છે.[૧૫] હે નૃપ! પોતાનાં સ્વરૂપને જાણનારો અને પોતાની જાતિવાળાઓનું મારે પાલન કરવું જોઇએ એવું માનનારો, કયો ક્ષત્રિય યુદ્ધ કર્યા પછી અવિનાશી અને અતુલ એવા સ્વર્ગને પ્રાપ્ત થતો નથી?[૧૬] એટલે તે સ્વર્ગગમનનો નિશ્ચય કરીનેજ ક્ષત્રિયો રણયજ્ઞની દીક્ષા લઇને લોકોનો વિજય કરે છે, એમ હે રાજન્! તમારે જાણવું જોઈએ.[૧૭] મહાન વેદાધ્યયનથી સ્વર્ગ મળે છે, મહાન યશથી સ્વર્ગ મળે છે, તપ કરવાથી સ્વર્ગ મળે છે; પણ યુદ્ધમાં મરવાથી તો નિઃસંદેહ સ્વર્ગ મળે છે.[૧૮] યુદ્ધમાં મરનારો ક્ષત્રિય, સર્વગુણસંપન્ન થઇને ઇંદ્રના વૈજયંત નામના મહેલમાં જાય છે અને એજ ગુણોથી પૂર્ણ થઇને ઇંદ્ર પણ અસુરોનો પરાજય કરીને જગતનું રક્ષણ કરે છે.[૧૯] સ્વર્ગના માર્ગને માટે યોગ્ય જેવો તારો વિગ્રહ છે, તેવો વિગ્રહ બીજો કોણ કરી શકે? હે રાજા! તું મગધદેશની વિશાલ સેનાના મહાન બલથી ગર્વિષ્ઠ થઈને બીજાઓનું અપમાન કરીશ નહિ; કારણ કે હે નરેશ્વર! પ્રત્યેક પુરુષોમાં પરાક્રમ હોતું નથી, પરંતુ તારી બરોબર કે તારાથી વિશેષ બલ જ્યાંસુધી તારા જાણવામાં આવ્યું નથી ત્યાંસુધીજ તને ગર્વ રહેશે. તારા એ બલને અમે સહન કરીએ તેમ છીએ; માટેજ હે રાજન્! હું કહું છું કે, તું સમાન પુરુષોની આગળ તારાં માન અને ગર્વ છોડી દે; અને હે માગધ! પુત્ર,પ્રધાન તથા સૈન્યની સાથે યમલોકમાં ન જા.[૨૦–૨૩] દંભોદ્ભવરાજા, સહસ્રાર્જુન, ઉત્તર અને બૃહદ્રથ-રાજા, એ રાજાઓ પોતાનાથી શ્રેષ્ઠ પુરુષોનું અપમાન કરીને પોતાનાં સૈન્યોની સાથે વિનાશ પામ્યા છે.[૨૪] અમે બ્રાહ્મણો નથી, પણ તારી સાથે યુદ્ધ કરવા માટે આવેલા ક્ષત્રિયો છીએ, એમાં સંદેહ નથી. હું પોતે સૂરસેનના વંશમાં ઉત્પન્ન થયેલો કૃષ્ણ છું અને આ બન્ને પુરુષવીરો પાંડુપુત્રો છે. એ બન્નેના મામાનો પુત્ર અને તારો શત્રુ હું કૃષ્ણ છું એમ તું જાણ.[૨૫] હે મગધરાજ! તને હું યુદ્ધનું આહ્વાન કરૂં છું, તું સ્થિર થઈને યુદ્ધ કર અથવા તો સર્વ રાજાઓને છોડી દે, કે યમલોકમાં જા."[૨૬]

જરાસંધ બોલ્યોઃ–"હું કોઈ પણ રાજાને જીત્યા વિના કેદ કરતો નથી. મેં જેને જીત્યો નથી એવો કયો અજિત શત્રુ મારી કેદમાં છે?[૨૭] હે કૃષ્ણ! ક્ષત્રિયોને માટે એજ ધર્માનુરૂપ આજીવિકા છે. પરાક્રમથી શત્રુઓને વશ કરીને તેનું પોતાની ઇચ્છા પ્રમાણે કરવું એમ વિદ્વાનો કહે છે.[૨૮] હે કૃષ્ણ! દેવતાને બલિ આપવા માટે રાજાઓને એકઠા કરીને, ક્ષત્રિયોનાં વ્રતને સ્મરણ કરતો હું, આજે ભયથી તેઓને કેવી રીતે છોડી શકું?[૨૯] માટે હું વ્યૂહવાળાં સૈન્યની સાથે સૈન્ય લઇને, એકલાની સાથે એકલો અથવા બેની સાથે કે ત્રણેની સાથે એકી વખતે અથવા પૃથક્ પૃથક્ લઢવા તૈયાર છું."[૩૦]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને ભયંકર કર્મવાળા વીરોની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાવાળા જરાસંધ રાજાએ તે વખતે પોતાના પુત્ર સહદેવને રાજ્યાભિષેક કરવાની આજ્ઞા કરી;[૩૧] અને આ યુદ્ધનો સમય પ્રાપ્ત થતાં હે ભરતશ્રેષ્ઠ! જરાસંધ રાજાએ પોતાના સેનાપતિ કૌશિક તથા ચિત્રસેનને યાદ કર્યા,[૩૨] કે જેમનાં મનુષ્યલોકમાં લોકોએ વખાણેલાં એવાં હંસ તથા ડિંભક એવાં નામ હતાં; જે હે રાજન્! મેં પૂર્વે તમને કહ્યાં હતાં.[૩૩] હે રાજન્! પછી સમર્થ પુરુષોમાં વ્યાઘ્ર જેવા,સત્ય પ્રતિજ્ઞાવાળા, સૂરવંશોત્પન્ન, જિતાત્માઓમાં મુખ્ય તથા હલધારીના કનિષ્ઠ બંધુ એવા મધુસૂદન શ્રીકૃષ્ણે, વ્યાઘ્રના જેવા પરાક્રમી, ભૂમિમાં ભયંકર વિક્રમવાળા તથા બલવાનમાં મુખ્ય એવા જરાસંધ રાજાને જાણીને તથા બીજાને હાથે મરવા નિર્માયલા પણ યુદ્ધમાં યાદવોથી ન મરે તેવા વરદાનવાળા જરાસંધને બ્રહ્માની આજ્ઞાને માન આપીને પોતે મારવાની ઇચ્છા કરી નહિ.[૩૪–૩૬]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત જરાસંધવધપર્વવિષે જરાસંધયુદ્ધોદ્યોગ નામનો અધ્યાય ૨૨ મો સમાપ્ત.

અધ્યાય ૨૩ મો–ભીમસેનની સાથે જરાસંધનું યુદ્ધ તથા જરાસંધને થયેલો શ્રમ

॥ वैशंपायन उवाच ॥

ततस्तं निश्चितात्मानं युद्धाय यदुनंदनः ॥
उवाच वाग्मी राजानं जरासंधमधोक्षजः॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી યુદ્ધને માટે
નિશ્ચયવાળા જરાસંધરાજાને, બોલવામાં ચતુર
એવા યદુનંદન શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા.[૧]

શ્રીકૃષ્ણ બોલ્યાઃ–" હે રાજન્ ! અમારા
ત્રણમાંથી કોની એકની સાથે યુદ્ધ કરવા માટે
તમારૂં મન ઉત્સાહ રાખે છે ? અમારામાંથી યુદ્ધ
કરવા કોણ તૈયાર થાય ? તે કહો."[૨] આ પ્રમા-
ણે પૂછ્યું, ત્યારે મહાન કાંતિવાળા મગધરાજ
જરાસંધે ભીમસેનની સાથે યુદ્ધ કરવાની માગણી
કરી.[૩] પછી યુદ્ધ કરવાની ઇચ્છાવાળા જરાસંધની
આગળ, ગોરોચન, પુષ્પો બીજા મંગલ
પદાર્થો, મુખ્ય ઔષધો અને દુઃખ તથા મૂર્ચ્છાના
સમયમાં સુખ તથા ભાન લાવનારાં સાધનો લઇને
પુરોહિત આવી પહોંચ્યો.[૪] તે યશસ્વી બ્રાહ્મણે
રાજાને સ્વસ્તિવાચન કર્યું. તે પછી ક્ષત્રિધર્મને
સ્મરણ કરતો જરાસંધ યુદ્ધને માટે સાવધ થયો.[૫]
તેણે કિરીટ ઉતારી મૂકયો, કેશોને બરોબર
બાંધ્યા અને મર્યાદા ઉલ્લંઘન કરતા સમુદ્રની
પેઠે તે ઉભો થયો.[૬] પછી બુદ્ધિમાન તથા ભયં-
કર પરાક્રમી જરાસંધ રાજાએ ભીમને કહ્યું કેઃ–
" હે ભીમ ! હું તારી સાથે યુદ્ધ કરીશ; કારણ કે
શ્રેષ્ઠને હાથે હારવું તે પણ સારૂં છે. "[૭] આ
પ્રમાણે કહીને શત્રુને દમન કરનારો મહાતેજસ્વી
જરાસંધ, જેમ ઇંદ્રની સાથે યુદ્ધ કરવા બલદા-
નવ જાય તેમ ભીમસેનની સામે ગયો.[૮] તે
પછી સ્વસ્તિવાચન જેને કરેલું એવો બલવાન
ભીમસેન પણ શ્રીકૃષ્ણની રજા લઇને યુદ્ધની
ઇચ્છાથી જરાસંધની સામે ગયો;[૯] એટલે તે
બન્ને નરવ્યાઘ્ર વીરો, એકમેકને જીતવાની
ઇચ્છાથી પરમ પ્રસન્ન થઇને બાહુરૂપી શસ્ત્રોથી
યુદ્ધ કરવા સામસામા થઇ ગયા.[૧૦] તેઓએ
પ્રથમ એકમેકના હાથનો સ્પર્શ કરીને પરસ્પર
પાદાભિવંદન કર્યું. પછી બાહુ ઠોકવાથી બાજુ-
બંધના પડછીઆને હલાવતાં તેઓએ બાજુનો
મહાન શબ્દ કર્યો.[૧૧] પછી હે વિભો ! તેમણે
એકમેકના ખભાને હાથોવડે પકડીને તેનાપર
વારંવાર પ્રહાર કર્યા તથા અંગને અંગની સાથે
મેળવીને વારંવાર તેને અફાળ્યાં.[૧૨] પછી અત્યંત
વેગવડે હાથને સંકોચી લેવો, લાંબો કરવો,
ઉપરહેઠળ ફેરવવો, મુઠી વાળવી, પગની આં-
ટીઓ નાખવી વગેરે ચિત્રહસ્તાદિ ક્રિયાઓ ક-
રીને તેઓ પરસ્પરની બગલમાં હાથ નાખીને
એકમેકને બંધન કરવા લાગ્યા તથા પાષાણ
જેવાં ગળાંમાં કઠોર કપોલના પ્રહારથી નીકળતા
તણખાઓવડે જાણે વજ્રો પછડાતાં હોય તેવા
જણાવા લાગ્યા.[૧૩] પછી તે બન્ને બાહુપાશ,
ચરણપાશ વગેરે કરીને તથા પગના પ્રહારથી
એકમેકની શિરાઓ સુધી વેદના ઉત્પન્ન કરીને,
વળી છાતીમાં થપ્પડોના પ્રહાર કરીને તથા બે
હાથની આંગળીઓ એકમેકમાં ગુંથી દઈ,
તે બે હાથની વચ્ચે માથું ઘાલી તેને દબાવવાથી
થતી પૂર્ણ કુંભમુદ્રા કરીને પરસ્પરને પીડવા
લાગ્યા.[૧૪] વળી એકમેકને બાથમાં ઘાલીને
હાથીની પેઠે ગર્જના કરતા તેઓ બાહુરૂપી
હથિયારો ચલાવતા ચલાવતા મેઘની પેઠે નાદ
કરવા લાગ્યા.[૧૫] હાથનાં તળીઆંવડે પરસ્પર
પ્રહાર કરતા તથા એકમેકના તરફ જોતા તેઓ
ક્રોધ પામેલા સિંહોની પેઠે અન્યોન્યને ખેંચી
ખેંચીને યુદ્ધ કરતા હતા.[૧૬] વળી તેઓ હાથ-
વડે પોતાનાં અંગની સાથે સામાના અંગને ખૂબ
દબાવી દેતા હતા તથા બાહુવડે પેટમાંથી પક-
ડીને દૂર ફેંકતા હતા.[૧૭] વળી દેહને સંકુચિત
કરીને યુદ્ધશિક્ષણ પામેલા તે બન્ને, એકમેકને
કેડમાં તથા પાસાંઓમાં હસ્તબંધ નાખી

પોતાના કંઠ તથા છાતી પાસે લાવીને અફા-ળતા હતા.[૧૮] વળી તેઓ સર્વ મર્યાદાનું અતિ-ક્રમણ કરીને એકમેકની પીઠને જમીનપર પછા-ડતા પરસ્પરનો પરાભવ કરતા હતા તથા બાહુ-ઓવડે ઉદર વગેરે દબાવીને સંપૂર્ણ મૂર્છા તથા પૂર્ણકુંભ ક્રિયાઓ કરતા હતા.[૧૯] વળી તેઓ ઇચ્છામાં આવે તેમ, દોરડી વણવાને માટે જેમ ઘાસને આમળવામાં આવે છે તેમ, એકમે-કનાં અંગોને આમળી નાખતા હતા તથા મુક્કી એક અંગ ઉપર ઉગામીને તેનો બીજાજ અંગ ઉપર પ્રહાર કરતા હતા.[૨૦] આવાં આવાં વિવિધ યુદ્ધો તે બન્ને પરસ્પરમાં કરતા હતા. હે નરશા-ર્દૂલ ! તે વખતે તે બન્નેનું યુદ્ધ જોવા માટે ત્યાં નગરવાસી બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ તથા વૃદ્ધો હજારોની સંખ્યામાં એકઠાં થયાં હતાં અને તે પ્રેક્ષક જનોના સમૂહથી તે સ્થાન ચિકાર ભરાઇ ગયું હતું.[૨૧,૨૨] તેઓ ભુજાનો પ્રહાર કરીને એકમેકની ડોકી ખેંચી શત્રુને ઉંધો પાડતા હતા તથા ચત્તો કરવા પગ પકડીને ખેંચતા હતા. તે વખતે જેમ પર્વત ઉપર વજ્ર પડતું હોય તેવો એકબીજા ઉપર ભયંકર પ્રહાર થતો હતો.[૨૩] બલવાનોમાં શ્રેષ્ઠ એવા તે બન્ને બલવડે પરમ હર્ષમાં આવીને એકમેકનો લાગ ખોળતા તથા પરસ્પરને જીત-વાની ઇચ્છા કરતા હતા.[૨૪] હે રાજન્ ! યુદ્ધભૂ-મિમાં ત બન્ને બલવાનોનું ઇંદ્ર અને વૃત્રાસુરના જેવું ભયંકર યુદ્ધ ચાલતું હતું અને ત્યાં તેઓ જ્યારે બાહુબંધ નાખીને એકમેકને પાછા હઠાવતા હતા, ત્યારે લોકોનાં ટોળાંઓ દૂર દૂર નાસતાં હતાં.[૨૫] તે બન્ને પ્રકર્ષણ, આકર્ષણ, અનુકર્ષણ અને વિકર્ષણવડે એકબીજાને ખેંચી તેના દેહને છોલી નાખતા હતા તથા ઘુંટણવડે પ્રહાર કરતા હતા.[૨૬] વળી મહાન શબ્દોવડે એકમેકનો તિરસ્કાર કરતા તથા પાષાણસમૂહના જેવા પ્રહારથી એકબીજાને હણતા હતા.[૨૭] વિશાલછાતીવાળા, લાંબી ભુજાવાળા તથા યુદ્ધમાં કુશળ એવા તે બન્ને વીરો લોખંડી પરિઘોથી લઢતા હોય તેમ બાહુઓથી યુદ્ધ કરતા હતા.[૨૮] આ રીતે તે મહાત્માઓનું કાર્તિક માસના પડવાથી આરંભીને તેરશ સુધી આહાર તથા વિશ્રાંતિવિના અહોનિશ યુદ્ધ ચાલ્યું અને ચૌદશની રાત થતાં થાકી જવાથી જરાસંધ યુદ્ધ કરતો બંધ પડયો.[૨૯,૩૦] હે રાજન્ ! તે રાજાને તેવી રીતે શ્રમિત થયેલો જોઇને જનાર્દન ભગ-વાન, ભયંકર કર્મવાળા ભીમસેનને શિષ્ટાચાર દેખાડવાના બહાનાથી, શત્રુના વધનો સમય સૂચવતા હોય તેમ કહેવા લાગ્યા કેઃ-[૩૧] “ હે કુંતીના પુત્ર ! શ્રમિત થયેલો શત્રુ યુદ્ધમાં પીડા કરવા મળતો નથી; કારણકે તેવાને અત્યંત પીડા કરવાથી તે પોતાનું જીવિત ત્યજી દે છે,[૩૨] માટે હે કૌંતેય ! તારે રાજાને પીડા કરવી નહિ, પણ હે ભરતશ્રેષ્ઠ ! એની સાથે તું બાહુવડે સમાન યુદ્ધજ કર. ”[૩૩]

આ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યું, ત્યારે શત્રુવીરને હણનારા એવા ભીમસેને જરાસંધને શ્રમિત થયેલો જાણીને તેને મારવાનો વિચાર કર્યો.[૩૪] તે પછી અજિત એવા જરાસંધને જીતવા માટે બલવાનમાં શ્રેષ્ઠ એવા કુરુનંદન ભીમસેને ભારે કોપ ધારણ કર્યો.[૩૫]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત જરાસંધવધપર્વવિષે જરાસંધક્લાંતિ નામનો અધ્યાય ૨૩ મો સમાપ્ત.


અધ્યાય ૨૪ મો–જરાસંધનો વધ

॥ वैशंपायन उवाच ॥
भीमसेनस्ततः कृष्णमुवाच यदुनंदनम् ॥
बुद्धिमास्थाय विपुलां जरासंधवधेप्सया ॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી ભીમસેન, જરાસંધના વધની ઇચ્છાથી પ્રૌઢ બુદ્ધિ ધારણ કરીને યદુનંદન એવા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે,[૧]

" હે યદુશાર્દૂલ ! હે કૃષ્ણ ! હું કમર કસીને મારા સમગ્ર બલથી પણ આ પાપીને વશ કરી શકીશ નહિ."[૨] આ પ્રમાણે ભીમે કહ્યું, ત્યારે પુરુષોમાં વ્યાઘ્ર જેવા શ્રીકૃષ્ણ, જરાસંધના વધની ઈચ્છાથી ત્વરા કરતા, ભીમસેનને પ્રત્યુત્તર આપવા લાગ્યા કે:–[૩] " હે ભીમ ! તારામાં જે દૈવી પરમ બલ છે તથા તારામાં જે વાયુનું બલ છે, તે બધું બલ આજે તું જરાસંધ ઉપર તત્કાલ દેખાડ."[૪]

આ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યું, ત્યારે શત્રુને દમન કરનારા મહાબલવાન ભીમસેને બલવાન જરાસંધને ઉછાળીને ભમાવવા માંડયો.[૬] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા ! આમ જરાસંધને સો ચક્કર ફેરવીને પછી ભીમે તેને જમીનપર ઉંધો નાખી દીધો અને તેની કેડ ઉપર બે ઘુંટણ મૂકીને બે તરફથી ઉંચો કરી કમાનની પેઠે વાંકો વાળી વચમાંથી ભાગી નાખ્યો તથા તેને ચુરી નાખીને ભીમે મોટી ગર્જના કરી.[૭] પછી હાથવડે તેનો પગ પકડીને મહાબલવાન ભીમે જરાસંધના બે ચીરા કર્યા. તે વખતે ભીમની ગર્જનાથી તથા ચીરાતા જરાસંધના શબ્દથી, સર્વ પ્રાણીને ભય ઉત્પન્ન કરે તેવો ભારે કોલાહલ થઈ રહ્યો.[૭,૮] તે ભીમસેનના તથા જરાસંધના નાદવડે મગધવાસી લોકો ત્રાસ પામી ગયા અને સ્ત્રીઓના ગર્ભો ગળી ગયા.[૯] ભીમસેનના શબ્દોથી તો મગધ દેશના લોકો એમ જાણવા લાગ્યા કે, આ તે શું હિમાલય ફાટી પડયો કે પૃથ્વી ફાટતી હશે ?'[૧૦] તે પછી રાજમહેલના દરવાજા આગળ તે રાજાને સૂતેલો હોય તેમ મૂકી દઈને, શત્રુને દમન કરનારા તે ત્રણે વીરો રાત્રે ત્યાંથી ચાલી નીકળ્યા.[૧૧] પછી શ્રીકૃષ્ણે પતાકાવાળો જરાસંધનો રથ જોડાવ્યો અને તેમાં બન્ને ભાઇઓને બેસાડીને તે બંદીખાના આગળ ગયા તથા ત્યાં કેદ કરેલા રાજાઓને છોડાવ્યા.[૧૨] એટલે મોટા ભયથી મુક્ત કરેલા અને રત્નવસ્તુઓનો ઉપભોગ કરનારા તે રાજાઓએ શ્રીકૃષ્ણને જોઈને તેમને રત્નની ભેટો ધરી.[૧૩] તે પછી શસ્ત્રના ક્ષતથી રહિત, શસ્ત્રથી સંપન્ન તથા શત્રુઓને જીતનારા એવા શ્રીકૃષ્ણ તે દિવ્ય રથમાં બેસીને રાજાઓની સાથે ગિરિવ્રજમાંથી બહાર નીકળ્યા.[૧૪] તે રથમાં બે હાથથી બાણો મૂકનાર, ધારાબંધ શસ્ત્રોનો પ્રહાર કરનાર, સર્વ રાજાઓથી દુર્જય, કૃષ્ણ જેના સારથિ તથા રમણીય અંગવાળો એવો અર્જુન, ભીમસેનની સાથે બેઠેલો હતો.[૧૫] આ રીતે ભીમ તથા અર્જુન, એ બે યોદ્ધાઓ જેમાં બેઠેલા તથા શ્રીકૃષ્ણ જેના સારથિ થયેલા એવો તે સર્વ ધનુર્ધારીઓથી જીતી ન શકાય તેવો શ્રેષ્ઠ રથ અતિશય શોભવા લાગ્યો.[૧૬] પૂર્વે બૃહસ્પતિની સ્ત્રી તારાને માટે થયેલા સંગ્રામમાં જે રથમાં બેસીને ઇંદ્ર તથા વિષ્ણુ ફરતા હતા, તેજ રથમાં બેસીને તેનાવડે શ્રીકૃષ્ણ તે વખતે નીકળ્યા.[૧૭] તપાવેલા સુવર્ણના જેવી કાંતિવાળા, કિંકિણીના સમૂહવડે શોભતા, મેઘની ગર્જના જેવા નાદવાળા, જયશીલ તથા શત્રુનો વિનાશ કરનારા એવા તે રથને મેળવીને પુરુષશ્રેષ્ઠ પાંડવો તથા શ્રીકૃષ્ણ બહુ પ્રસન્ન થયા; કે જે રથમાં બેસીને ઇંદ્રે નવ્વાણુ દાનવોનો સંહાર કર્યો હતો.[૧૮,૧૯] તે પછી મહાબાહુ શ્રીકૃષ્ણને બન્ને ભાઇઓની સાથે રથમાં બેઠેલા જોઇને મગધદેશના લોકો વિસ્મય પામ્યા.[૨૦] હે ભારત ! વાયુના જેવા વેગવાળો તે રથ, દિવ્ય ઘોડાઓ જોડવાથી તથા શ્રીકૃષ્ણના બેસવાથી અત્યંત શોભી નીકળ્યો હતો.[૨૧] વળી તે શ્રેષ્ઠ રથના ઉપર રથથી અદ્ધર રહેલો દેવનિર્મિત ધ્વજ હતો, જે ઇંદ્રધનુષના જેવી કાંતિવાળો શ્રીમાન ધ્વજ એક યોજનથી જણાતો હતો.[૨૨] તે પછી શ્રીકૃષ્ણે ગરુડનું સ્મરણ કર્યું અને તત્કાલ તે આવીને ધ્વજના ઉપર બેઠો એટલે તો તેનાથી તે ઉંચા ચૈત્ય-(ગામનું ચિહ્નભૂત વૃક્ષ) ના જેવો જણાવા લાગ્યો.[૨૩] મોટી ગર્જના કરતાં અને પહોળાં મોઢાંવાળાં, ધ્વજા ઉપર બેસનારાં ભૂતોની સાથે સર્પભક્ષક ગરુડ તે શ્રેષ્ઠ રથ ઉપર બેઠો;[૨૪] એટલે તેનાથી તો તે ધ્વજ, સહસ્ર કિરણોથી વીંટાયલા મધ્યાહ્નના સૂર્યની પેઠે પ્રાણીઓથી જોઈ ન શકાય તેવો અધિક તેજસ્વી શોભવા લાગ્યો.[૨૫]



सरल साहित्य म० का०]   जरासंध औ भीम का, मल्ल-समर अवलोक। चिन्तित क्यों श्रीकृष्ण हैं? क्या है उनको शोक?   [बेल्वेडियर प्रेस, प्रयाग।

હે રાજન્! તે દિવ્ય એવો શ્રેષ્ઠ ધ્વજ, ઝાડોમાં ભરાતો ન હતો, શસ્ત્રોથી છેદાતો ન હતો તથા દૂરથી મનુષ્યો તેને જોઈ શકતાં હતાં! તેવા ધ્વજવાળા અને મેઘના જેવા નાદવાળા તે દિવ્ય રથમાં બેસીને પુરુષોમાં વ્યાઘ્ર જેવા શ્રીકૃષ્ણ બન્ને પાંડુપુત્રોની સાથે ત્યાંથી નીકળ્યા.[૨૬,૨૭] હે રાજા! તે રથ ઇંદ્રથી વસુરાજાને, તેનાથી બૃહદ્રથને અને બૃહદ્રથથી અનુક્રમે જરાસંધને મળેલો હતો.[૨૮] મહાન બાહુવાળા, કમલના જેવાં નેત્રવાળા તથા મહાયશવાળા એવા શ્રીકૃષ્ણ તે ગિરિવ્રજમાંથી નીકળીને બહાર સપાટ પ્રદેશમાં આવીને ઉભા રહ્યા.[૨૯] હે રાજન્! તે વખતે ત્યાં બ્રાહ્મણ વગેરે સઘળા નગરના લોકો આવ્યા અને તેઓએ શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે ક્રિયાપૂર્વક શ્રીકૃષ્ણ આદિનો સત્કાર કર્યો.[૩૦] વળી બંધનથી છૂટેલા રાજાઓએ આવીને મધુસૂદન ભગવાનની પૂજા કરી તથા તેઓ સ્તુતિપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા:—"હે મહાબાહુ શ્રીકૃષ્ણ! ભીમસેન અને અર્જુનનાં બલથી યુક્ત એવા તમે દેવકીનંદન, જે ધર્મનું પ્રતિપાલન કરો છો, એ તમારે માટે આશ્ચર્ય ગણાય નહિ.[૩૨] તમે આજે દુઃખરૂપી કાદવથી ભરેલા જરાસંધરૂપી ઘોર ધરામાં ડૂબતા રાજાઓનો ઉદ્ધાર કર્યો છે.[૩૩] હે વિષ્ણો! હે યદુનંદન! અતિ દારુણ એવા આ પર્વતના કિલ્લામાં અત્યંત દુઃખી થતા એવા રાજાઓનો છુટકો કરીને આજે તમે પ્રકાશિત યશને પ્રાપ્ત થયા, એ બહુ સારૂં થયું છે.[૩૪] હે પુરુષવ્યાઘ્ર! અમે આપનું શું કાર્ય કરીએ, તે પ્રણામ કરતા એવા અમને કહો. જો કે તે કાર્ય દુષ્કર હશે તોપણ રાજાઓએ તે કરેલુંજ આપ જાણજો."[૩૫]

તે પછી મોટા મનવાળા શ્રીકૃષ્ણ તેઓને સારી રીતે આશ્વાસન આપીને કહેવા લાગ્યા કે:-"યુધિષ્ઠિર રાજા રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા રાખે છે;[૩૬] તે ધર્મકાર્યમાં પ્રવૃત્ત થયેલા છે તથા સમ્રાટ્પદની ઇચ્છા કરે છે, એમ જાણીને તમે બધા તેમને સહાય કરો."[૩૭] હે મહારાજા! આ સાંભળીને બહુ પ્રસન્ન થયેલા સર્વે રાજાઓ શ્રીકૃષ્ણનાં તે વચનને સ્વીકારીને 'ભલે તેમ કરીશું' એમ કહેવા લાગ્યા;[૩૮] તથા તે રાજાઓ શ્રીકૃષ્ણને રત્નોની ભેટ ધરવા લાગ્યા. તે લેવાની ઇચ્છા ન છતાં તેઓના ઉપર કૃપા કરીને ગોવિંદે કષ્ટથી તે ભેટો સ્વીકારી.[૩૯] તે પછી ઉદાર મનવાળો જરાસંધનો પુત્ર સહદેવ, પોતાના સેવકો તથા પ્રધાનની સાથે પુરોહિતને આગળ કરીને ગામબહાર શ્રીકૃષ્ણની આગળ આવ્યો[૪૦] અને નીચો નમીને પ્રણામ કરતો તે સહદેવ ઘણાં રત્નોની ભેટ ધરીને મનુષ્યોના દેવ એવા વાસુદેવની આગળ ઉભો રહ્યો.[૪૧] તેવખતે ભયથી દીન બનેલા સહદેવને શ્રીકૃષ્ણે અભય આપ્યું અને તે પુરુષોત્તમે તેનાં અમૂલ્ય રત્નોને ગ્રહણ કર્યાં.[૪૨] તે પછી શ્રીકૃષ્ણે ત્યાંજ જરાસંધના પુત્રને હર્ષથી રાજ્યાભિષેક કર્યો. મહાત્માઓએ જેને અભિષેક કરેલો એવો જરાસંધનો તેજસ્વી તથા મહાન બાહુવાળો પુત્ર સહદેવ રાજા, શ્રીકૃષ્ણની સાથે ઐક્ય કરીને તથા પાંડુપુત્રોથી સત્કાર પામીને પછી જરાસંધના નગરમાં પેઠો.[૪૩,૪૪] તે પછી પરમ શોભાસંપન્ન એવા પુરુષશ્રેષ્ઠ કૃષ્ણ પણ ઘણાં રત્નો લઇને પાંડુપુત્રોની સાથે ત્યાંથી પ્રયાણ કરી ગયા;[૪૫] અને પાંડવોની સાથે ઇંદ્રપ્રસ્થમાં આવીને ધર્મરાજાને મળ્યા તથા પ્રસન્ન થઇને કહેવા લાગ્યા કે:—"હે મહારાજા! ભીમસેને બલવાન જરાસંધને માર્યો અને રાજાઓને બંધનથી મુક્ત કર્યા તે બહુ સારૂં થયું છે.[૪૬,૪૭] વળી હે ભારત! આ ભીમસેન તથા અર્જુન અક્ષત તથા ક્ષેમકુશલ પોતાના નગરમાં આવ્યા તે પણ ઘણું સારૂં થયું છે."[૪૮] આ સાંભળીને યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની યથાયોગ્ય પૂજા કરી અને પ્રસન્ન થઇને ભીમસેન તથા અર્જુનને આલિંગન કર્યું.[૪૯] આ રીતે જરાસંધનો નાશ થયા પછી ભાઇઓએ કરેલા વિજયને પ્રાપ્ત થઇને, અજાતશત્રુ યુધિષ્ઠિર રાજા ભાઇઓની સાથે આનંદ પામ્યા.[૫૦] તે પછી ભાઇઓની સાથે યુધિષ્ઠિરરાજાએ ત્યાં આવેલા રાજાઓને વય પ્રમાણે મળીને તથા પૂજનસત્કાર કરીને ઘેર જવાની રજા આપી.[૫૧] પ્રસન્ન મનવાળા તે રાજાઓ પણ યુધિષ્ઠિરની આજ્ઞા લઇને નાનાંમોટાં વાહનોમાં બેસી ત્વરાથી પોતપોતાના

દેશોમાં ચાલ્યા ગયા.[૫૨]

આ પ્રમાણે પુરુષોમાં વ્યાઘ્ર જેવા, મહાબુદ્ધિવાળા જનાર્દને તે વખતે શત્રુ જરાસંધને પાંડવોદ્વારા મરાવ્યો હતો.[૫૩] હે ભારત! શત્રુને દમન કરનારા શ્રીકૃષ્ણ, જરાસંધને બુદ્ધિપૂર્વક મરાવીને, પછી ધર્મરાજની આજ્ઞા લઇને તથા પૃથા, દ્રૌપદી, સુભદ્રા, ભીમસેન, અર્જુન, નકુલ, સહદેવ તથા ધૌમ્યને કહીને, મનના જેવી ગતિવાળા ધર્મરાજે અર્પણ કરેલા તેજ શ્રેષ્ઠ દિવ્ય રથવડે દિશાઓને ગજાવતા પોતાની દ્વારકાપુરીપ્રત્યે ગયા.[૫૪-૫૬] તે વખતે હે ભરતશ્રેષ્ઠ! યુધિષ્ઠિર આદિ પાંડવોએ અકિલષ્ટ કર્મ કરનારા એવા શ્રીકૃષ્ણની પ્રદક્ષિણા કરી[૫૭] અને દેવકીનંદન ભગવાન શ્રીકૃષ્ણ વિસ્તીર્ણ જય મેળવીને તથા રાજાઓને અભય આપીને પધાર્યા. હે ભરતવંશી રાજા! તે પછી આ કર્મવડે પાંડવોનો યશ પણ ઘણો વૃદ્ધિ પામ્યો અને તેથી તેઓએ દ્રૌપદીના પ્રેમમાં પણ ઘણી વૃદ્ધિ કરી.[૫૮,૫૯] વળી તે વખતે ધર્મ, કામ તથા અર્થયુક્ત પ્રજાપાલન તથા કીર્તિને યોગ્ય જે કાર્યો કરવાનાં હતાં તે પણ યુધિષ્ઠિર રાજાએ ધર્મથી કર્યાં.[૬૦]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત જરાસંધવધ પર્વવિષે જરાસંધવધ નામનો અધ્યાય ૨૪ મો સમાપ્ત.

જરાસંધવધ પર્વ સમાપ્ત.*

दिग्विजय पर्व

અધ્યાય ૨૫ મો–દિગ્વિજયનું સંક્ષેપથી વર્ણન

॥ वैशंपायन उवाच ॥

पार्थः प्राप्य धनुः श्रेष्ठमक्षय्यौ च महेषुधी ॥
रथं ध्वजं सभां चैव युधिष्ठिरमभाषत ॥१॥

વૈશંપાયન કહે છેઃ–ઉત્તમ ધનુષ, બે મોટા અક્ષય ભાથા, રથ, ધ્વજ અને સભા પ્રાપ્ત કર્યા પછી પૃથાનો પુત્ર અર્જુન યુધિષ્ઠિરરાજાને કહેવા લાગ્યો.[૧]

અર્જુન કહે છેઃ–"હે રાજન્! ધનુષ, અસ્ત્ર, શરો, વીર્ય, શ્રીકૃષ્ણનો પક્ષ, ભૂમિ, યશ અને બલ,એ સઘળું ન મળે તેવું જે હું ઈચ્છતો હતો તે બધું મેં મેળવ્યું છે.[૨] હે મહારાજા! હવે ભંડારની વૃદ્ધિ કરવી જોઇએ એમ હું માનું છું; અને તેથી સર્વ રાજાઓની પાસેથી હું કર ઉઘરાવું એવી મારી ઇચ્છા છે.[૩] હું પોતે સારી તિથિ, સારૂં મુહૂર્ત તથા સારૂં નક્ષત્ર હોય ત્યારે કુબેરની પાલન કરેલી ઉત્તર દિશામાં વિજય કરવા માટે પ્રયાણ કરીશ."[૪]

વૈશંપાયન કહે છેઃ–આવાં ધનંજયનાં વચન સાંભળીને ધર્મરાજા યુધિષ્ઠરે પ્રેમાળ તથા ગંભીર નાદવાળી વાણીવડે અર્જુનને પ્રત્યુત્તર આપ્યો કેઃ–[૫] "હે ભરતશ્રેષ્ઠ! તું પૂજ્ય બ્રાહ્મણોની પાસે સ્વસ્તિવાચન કરાવીને શત્રુઓના ખેદને તથા સ્નેહીઓના આનંદને માટે પ્રયાણ કર.[૬] તારો અવશ્ય વિજય થશે અને હે પાર્થ! તારી પ્રિય કામના પૂર્ણ થશે." આ પ્રમાણે યુધિષ્ઠિરે કહ્યું ત્યારે અર્જુને, અગ્નિએ આપેલા અદ્દભુત કર્મવાળા દિવ્ય રથમાં બેસીને તથા મોટાં સૈન્યથી વીંટાઇને ત્યાંથી પ્રયાણ કર્યું. તેમજ ધર્મરાજે જેઓને સન્માન આપેલું એવા ભીમસેન તથા પુરુષોમાં શ્રેષ્ઠ એવા નકુલ તથા સહદેવ પણ, સૈન્યો લઇને દિગ્વિજયને માટે નીકળ્યા. તેમાં

*बहूनां यो वधं यत्तस्तं छलेनापि निर्दहेत् । जरासंधवधेनैतत्दर्शितं मुनिना मुने॥ જે પુરુષ ઘણાનો વધ કરવા તૈયાર થયો હોય તેને છલ કરીને પણ મારી નાખવો એ હે મુને! વ્યાસમુનિએ જરાસંધના વધવડે દર્શાવ્યું છે. **गणेश**

ઇંદ્રના પુત્ર અર્જુને કુબેરની ઇષ્ટ દિશા ઉત્તરનો જય કર્યો. ભીમસેને પૂર્વ દિશાનો, સહદેવે દક્ષિણ દિશાનો અને હે જનમેજય ! અશ્વવેત્તા નકુલે પશ્ચિમ દિશાનો વિજય કર્યો;[૭-૧૦] તથા ધર્મરાજા યુધિષ્ઠિર, સુહૃદ્વર્ગોથી વીંટાઇને ઉત્તમ રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરતા ઇંદ્રપ્રસ્થમાં રહ્યા હતા.[૧૧]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિગ્વિજય પર્વવિષે દિગ્વજયસંક્ષેપકથન નામનો અધ્યાય ૨૫ મો સમાપ્ત.

અધ્યાય ૨૬ મો-અર્જુનના દિગ્વિજયમાં ભગદત્તનો પરાજય

॥ जनमेजय उवाच ॥

दिशामभिजयं ब्रह्मन् विस्तरेणानुकीर्त्तय ॥
न हि तृप्यामि पूर्वेषां शृण्वानश्चरितं महत्॥१॥

જનમેજય પૂછે છેઃ-હે બ્રહ્મન્! મારા પૂર્વજોનાં મહાન ચરિત્રને શ્રવણ કરતાં મને તૃપ્તિ થતી નથી, માટે તમે એ દિગ્વિજયનું વિસ્તારથી વર્ણન કરો.[૧]

વૈશંપાયન કહે છેઃ-પાંડવોએ એકી વખતે આ પૃથ્વીનો વિજય કર્યો હતો, તેમાં પ્રથમ હું તમને અર્જુનનો વિજય કહું છું.[૨] મહાબાહુ અર્જુને પ્રથમ અલ્પ પરિશ્રમથીજ કુલિંદ દેશના રાજાઓને વશ કર્યા હતા.[૩] પછી તેણે આનર્ત્ત, કાલકૂટ અને કુલિંદોનો વિજય કર્યો તથા સૈન્યની સાથે સુમંડલ દેશને જીત્યો હતો.[૪] હે રાજન્! પછી તે સેનાને સાથે લઇને શત્રુને તાપ આપનારા સવ્યસાચી અર્જુને શાકલ દ્વીપ જીત્યો તથા પ્રતિવિંધ્ય નામના રાજાને જીત્યો.[૫] વળી શાકલદ્વીપમાં રહેનારા તથા સપ્ત દ્વીપમાં રહેનારા જે રાજાઓ હતા, તેઓનું અર્જુનના સૈન્યની સાથે તુમુલ યુદ્ધ થયું હતું;[૬] અને હે ભરતશ્રેષ્ઠ! તે મહાન ધનુર્ધારીઓને પણ અર્જુને જીત્યા હતા. પછી તે બધાંઓને લઇને તેણે પ્રાગ્જ્યોતિષ નગર ઉપર ચઢાઇ કરી.[૭] હે રાજા ! ત્યાં ભગદત્ત નામનો મોટો રાજા હતો, તેની સાથે મહાત્મા પાંડવનું મોટું યુદ્ધ થયું હતું.[૮] ભગદત્ત રાજાની સાથે કિરાતો, ચીનાઓ તથા બીજા સમુદ્રના પ્રાંત ભાગમાં રહેનારા ઘણા યોદ્ધાઓ હતા.[૯] અર્જુનની સાથે ભગદત્ત રાજાએ આઠ દિવસ યુદ્ધ કર્યું; પછી સંગ્રામમાં શ્રમરહિત એવા અર્જુનને તે રાજાએ હસતાં હસતાં કહ્યું કેઃ-[૧૦] "હે મહાબાહુ કૌરવનંદન ! ઇંદ્રનો પુત્ર અને યુદ્ધમાં શોભનારો એવો જે તું તે તારામાં આવું પરાક્રમ યોગ્યજ છે.[૧૧] હું મહેંદ્રનો મિત્ર છું અને યુદ્ધમાં તેનાથી ઉતરૂં તેવો નથી; પરંતુ હે તાત! હું યુદ્ધમાં તારી આગળ ઉભો રહી શકતો નથી.[૧૨] હે પાંડુપુત્ર ! તું કહે. હું તારૂં શું ઈચ્છિત કાર્ય કરૂં ? હે મહાન બાહુવાળા પુત્ર ! તું જે કહીશ તે હું કરીશ."[૧૩]

અર્જુન બોલ્યોઃ-"ધર્મને જાણનારા, સત્ય પ્રતિજ્ઞાવાળા, યજ્ઞ કરનારા, મોટી દક્ષિણા આપનારા અને કુરુકુલમાં શ્રેષ્ઠ એવા ધર્મના પુત્ર યુધિષ્ઠિર રાજા છે.[૧૪] તેમને ચક્રવર્તી પદ પ્રાપ્ત થાય, એમ હું ઈચ્છું છું; માટે તમે તેમને કર આપો. તમે મારા પિતાના મિત્ર છો તથા મારાથી પ્રસન્ન થયા છો, એટલે હું તમને આજ્ઞા કરતો નથી; માટે તમે પ્રેમપૂર્વક તે મને આપો."

ભગદત્ત કહે છેઃ-"હે કુંતીના પુત્ર! તું મને જેટલે છે, તેટલેજ રાજા યુધિષ્ઠિર પણ છે; માટે તારૂં કહેલું એ સઘળું હું કરીશ. વળી બોલ, બીજું તારૂં હું શું કાર્ય કરૂં ?"[૧૬]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિગ્વિજય પર્વવિષે અર્જુનદિગ્વિજયમાં ભગદત્તજય નામનો અધ્યાય ૨૬ મો સમાપ્ત.

અધ્યાય ૨૭ મો–અર્જુને કરેલો અનેક દેશનો વિજય

॥ वैशंपायन उवाच ॥
एवमुक्तः प्रत्युवाच भगदत्तं धनंजयः ॥
अनेनैव कृतं सर्वं भविष्यत्यनुजानता ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહ્યું ત્યારે ભગદત્તને અર્જુને પ્રત્યુત્તર આપ્યો કેઃ–“આ કર આપવાની અનુજ્ઞા કરવાથીજ આપે મારૂં સર્વ કાર્ય કરેલું ગણાશે.”[1] આ રીતે કુંતીના પુત્ર મહાબાહુ ધનંજયે ભગદત્તનો વિજય કર્યો. પછી તે ત્યાંથી કુબેરની પાલન કરેલી ઉત્તર દિશા તરફ ચાલ્યો;[2] અને ત્યાં પુરુષોમાં શ્રેષ્ઠ એવા કુંતીના પુત્રે, અંતર્ગિરિ, બહિર્ગિરિ તથા ઉપગિરિનો વિજય કર્યો.[3] તે સઘળા પર્વતો જીતીને ત્યાંના રાજાઓને પોતાના તાબેદાર કર્યા; હે રાજન્ ! તથા તેઓની પાસેથી અનેકવિધ ધન લઈને અને તે રાજાઓને પ્રસન્ન કરીને, હે રાજન! અર્જુને તે બધાઓની સાથે ઉલૂક દેશમાં રહેનારા બૃહંતરાજાના ઉપર ચઢાઇ કરી.[4,5] તે વખતે મૃદંગના ઉત્તમ નાદવડે, રથની નેમિના શબ્દવડે તથા હસ્તિની ગર્જનાવડે આ પૃથ્વી કંપી ઉઠી હતી.[6] પછી બૃહંતરાજા પણ ચતુરંગિણી સેના લઈને તુરત નગરમાંથી બહાર નીકળ્યો અને અર્જુનની સાથે યુદ્ધ કરવા લાગ્યો.[7] આ વખતે ધનંજય અને બૃહંતની વચ્ચે ભારે યુદ્ધ થયું અને તેમાં પાંડવનાં પરાક્રમને બૃહંત સહન કરી શક્યો નહિ.[7] પછી પર્વતનો રાજા બૃહંત કુંતીના પુત્રને અસહ્ય માનતો સર્વ પ્રકારનાં રત્નો લઇને તેને શરણે આવ્યો.[9] ત્યારે અર્જુને તેને તેના રાજ્ય ઉપર કાયમ રાખ્યો અને તે ઉલૂકરાજની સાથે નીકળી હે રાજન્ ! સેનાબિંદુરાજાના ઉપર ચઢાઇ કરીને તેને ઝટ રાજ્યભ્રષ્ટ કર્યો.[10] પછી તેણે મોદાપુર, વામદેવ, સુદામા, સુસંકુલ અને ઉત્તર ઉલૂકના તે તે રાજાઓને વશ કર્યા;[11] અને હે રાજા ! ત્યાં રહીનેજ કિરીટધારી અર્જુને દૂતો મોકલી–ધર્મરાજાની આજ્ઞાથી પંચગણ દેશોને જીતી લીધા.[12] પછી તે સેનાબિંદુરાજાના દેવપ્રસ્થ નગરમાં આવ્યો અને ત્યાં તે સમર્થ વીરે ચતુરંગિણી સેનાની સાથે નિવાસ કર્યો.[13] હે પુરુષશ્રેષ્ઠ! પછી તે બધાઓને સાથે લઇને મહાતેજસ્વી અર્જુન, પુરુવંશોત્પન્ન વિષ્વગશ્વરાજાને ત્યાં ગયો;[14] અને હે રાજન ! ત્યાં તેણે યુદ્ધમાં પર્વત પ્રદેશમાં રહેનારા મહારથી શૂરવીરોને તથા પૌરવરાજે રક્ષણ કરેલા નગરને સેનાવડે જીતી લીધું.[15] આ રીતે અર્જુને યુદ્ધમાં પૌરવ રાજાને હરાવીને પર્વતવાસી દસ્યુ(લૂંટારા)ઓને જીત્યા હતા તથા ઉત્સવસંકેત (પશુઓની પેઠે સ્ત્રીપુરુષની પરસ્પર પ્રીતિજ જે લોકોને રતિકર્મને માટે સંકેતરૂપે રહેલી, જ્યાં દંપતીજેવી વ્યવસ્થા ન મળે તેવા) લોકોના સાત સમુદાયને જીતી લીધા.[16] તે પછી ક્ષત્રિયશ્રેષ્ઠ અર્જુને કાશ્મીરના વીર ક્ષત્રિયોને જીત્યા અને દશ નાનાં રાજ્યોની સાથે લોહિત નગર લીધું.[17] હે રાજા ! તે પછી ત્રિગર્તો, દાર્વો અને કોકનદના ઘણા ક્ષત્રિયો કુંતીપુત્ર અર્જુનના તરફ આવ્યા, તેઓને તાબે કરીને કુરુનંદન અર્જુને રમણીય એવી અભિસારી નગરીને જીતી લીધી તથા ઉરગાવાસી રોચમાન રાજાને યુદ્ધમાં હરાવ્યો.[18,19] તે પછી ચિત્રાયુધે સારી રીતે રક્ષણ કરેલા રમણીય સિંહપુરને અર્જુને સેનાની સાથે યુદ્ધ કરીને નાશ પમાડયું.[20] તે પછી પાંડવોમાં શ્રેષ્ઠ એવા કુરુનંદન કિરીટીએ સુહ્મો અને ચોલોને સર્વ સૈન્યની સાથે રહીને મથી નાખ્યા હતા.[21] તે પછી પરમ પરાક્રમી ઇંદ્રપુત્રે મોટું યુદ્ધ કરીને દુઃખવડે વશ કરાય તેવા બાહ્લીકોને વશ કર્યા હતા.[22] વળી પાંડુનંદન, ઇંદ્રના પુત્ર અર્જુને મુખ્ય સૈન્યને સાથે રાખીને કામ્બોજોની સાથે દરદોને જીત્યા હતા.[23] વળી ઇશાનખુણામાં તથા વનમાં રહેનારા સઘળા લૂંટારાઓને સમર્થ અર્જુને જીત્યા હતા.[24] હે મહારાજ ! તે પછી લોહોને, પરમ કાંબોજોને તથા ઉત્તર ઋષિકોને

ઇંદ્રના પુત્ર અર્જુને સાથેજ જીત્યા હતા.[૨૫] ઋષિક દેશમાં પણ ઋષિક અને અર્જુનની વચ્ચે તારકામય સંગ્રામના જેવો અતિ ભયંકર સંગ્રામ થયો હતો.[૨૬] હે રાજન્ ! તેમાં રણને મોખરે અર્જુને ઋષિકોને હરાવ્યા અને ત્યાંથી પોપટના પેટ જેવા રંગના લીલા આઠ ઘોડાઓ લીધા.[૨૭] વળી વેગવાળા, શીઘ્ર ચાલવાળા અને મયૂરના જેવા રંગવાળા બીજા ઉત્તરના ઘોડાઓ પણ અર્જુને કરને પેટે લીધા હતા.[૨૮] આ રીતે પુરુષશ્રેષ્ઠ અર્જુને, સંગ્રામમાં નિષ્કુટ પર્વતની સાથે હિમાલયના પ્રદેશો જીત્યા અને પછી તેણે શ્વેતપર્વત આગળ આવીને પોતાનો મુકામ કર્યો.

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિગ્વિજયપર્વવિષે ફાલ્ગુન દિગ્વિજયમાં નાનાદેશજય નામનો અધ્યાય ૨૭ મો સમાપ્ત.

અધ્યાય ૨૮ મો–અર્જુનદિગ્વિજયની સમાપ્તિ

॥ वैशंपायन उवाच ॥

स श्वेतपर्वतं वीरः समतिक्रम्य वर्यिवान् ॥
देशं किंपुरुषावासं द्रुमपुत्रेण रक्षितम् ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી વીર્યવાન એવો વીર અર્જુન, શ્વેતપર્વતને ઓળંગીને દ્રુમના પુત્રે રક્ષણ કરેલા કિંપુરુષોના નિવાસપ્રદેશમાં ગયો અને ક્ષત્રિયોનો સંહાર વાળે તેવો મોટો હલ્લો કરીને પાંડવશ્રેષ્ઠ અર્જુને તેને જીત્યો તથા તેને કર આપતો કર્યો.[૨] તે પછી વ્યગ્રતારહિત એવો અર્જુન, ગુહ્યકોએ રક્ષણ કરેલા હાટક નામના દેશમાં સૈન્યની સાથે ગયો;[૩] અને તેઓને સાંત્વનપૂર્વકજ વશ કરીને ઉત્તમ એવા માનસ સરોવરને તથા ઋષિની સઘળી નદીઓને કુરુનંદન અર્જુને જોઈ.[૪] સમર્થ એવા પાંડવે માનસસરોવર આગળ જઇને હાટકદેશની પાસે આવેલા ગંધર્વોએ રક્ષેલા દેશને જીતી લીધો;[૫] અને તે ગંધર્વ નગરમાંથી તિત્તિરિના જેવા કાબરચિત્રા, મંડૂક જાતના ઉત્તમ ઘોડાઓનો મહાન કર અર્જુને લીધો.[૬] તે પછી ઇંદ્રના પુત્ર અર્જુને ઉત્તર હરિવર્ષખંડ આગળ જઇને તે દેશને જીતવાની ઇચ્છા કરી;[૭] એટલામાં એ મહાવીર્યવાળા અર્જુનની આગળ મોટી કાયાવાળા તથા મોટા બલવાળા દ્વારપાલો આવીને પ્રસન્ન થઈ કહેવા લાગ્યા કેઃ–[૮] "હે કલ્યાણમૂર્તિ પાર્થ ! આ નગરને તું કોઇ રીતે જીતી શકીશ નહિ, માટે હે અચ્યુત! તું હવે પાછો વળ; તારો દિગ્વિજય પૂરો થયો છે.[૯] હે વીર ! આ નગરમાં જે પ્રવેશ કરે છે તે પુરુષ અવશ્ય નાશ પામે છે; તારાથી અમે પ્રસન્ન થયા છીએ. હવે તારો વિજય સંપૂર્ણ થયો છે.[૧૦] વળી હે અર્જુન ! અહીં કંઇ જીતવા જેવું જણાતું નથી; આ તો ઉત્તરકુરુદેશ છે, માટે અહીં યુદ્ધ થતું નથી.[૧૧] હે કૌંતેય ! તું અહીં પ્રવેશ કરીશ તોપણ અહીં કંઈ જોઈ શકીશ નહિ. આ સ્થાનમાં મનુષ્યદેહથી કંઇ જોઇ શકાતું નથી.[૧૨] હે ભારત ! તેમ છતાં જો તું કંઇ બીજું કરવા ઇચ્છતો હોય તો હે પુરુષવ્યાઘ્ર ! તે તું કહે, અમે તારાં વચનથી તે કરીશું."[૧૩]

આ સાંભળીને હે રાજન્ ! તેઓના પ્રત્યે અર્જુને હસતો હોય તેવું મુખ રાખીને કહ્યું કે, હું બુદ્ધિમાન ધર્મરાજાને ચક્રવર્તી કરવાની ઇચ્છા રાખું છું.[૧૪] જો તમારા દેશમાં મનુષ્યનું આગમન વિરુદ્ધ હોય તો ભલે, હું તમારા દેશમાં પેસીશ નહિ; પરંતુ તમે યુધિષ્ઠિરને કંઈક કરતરિકે આપો."[૧૫]

આ સાંભળીને તે દ્વારપાલોએ દિવ્ય વસ્ત્રો દિવ્ય અલંકારો, દિવ્ય રેશમી વસ્ત્રો તથા દિવ્ય મૃગચર્મો અર્જુનને કરતરિકે આપ્યાં.[૧૬] આ પ્રમાણે પુરુષોમાં વ્યાઘ્ર જેવા અર્જુને ક્ષત્રિયોની સાથે તથા દસ્યુલોકોની સાથે ઘણા સંગ્રામો કરીને ઉત્તર દિશાનો વિજય કર્યો.[૧૭] અર્જુને તે રાજાઓને જીતીને, તેઓને કર આપતા કર્યા

તથા તે બધાઓની પાસેથી ધન, વિવિધ રત્નો, તિત્તિરિના જેવા કાબરા ઘોડાઓ, પોપટની પાંખના જેવા લીલા ઘોડાઓ અને મયૂરના જેવા રંગવાળા ઘોડાઓ, કે જે બધા વાયુના જેવા વેગવાળા હતા, તે સઘળું લઇને હે રાજન્! ચતુરંગિણી મોટી સેનાથી વીંટાઇ, વીર અર્જુન, નગરોમાં શ્રેષ્ઠ એવા ઇંદ્રપ્રસ્થ નગરમાં પાછો આવ્યો, અને પૃથાપુત્રે તે સઘળું ધન વાહનોની સાથે ધર્મરાજાને નિવેદન કર્યું, તથા યુધિષ્ઠિરરાજાએ આજ્ઞા કરી એટલે તે પોતાના ગૃહમાં ગયો.[21]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિદિગ્વજયપર્વવિષે અર્જુનનો ઉત્તર દિગ્વિજય નામનો અધ્યાય ૨૮મો સમાપ્ત

અધ્યાય ૨૯ મો-ભીમસેનનો દિગ્વિજય

॥ वैशंपायन उवाच ॥

एतस्मिन्नेव काले तु भीमसेनोऽपि वीर्यवान् ॥
धर्मराजमनुज्ञाप्य ययौ प्राचीं दिशं प्रति॥१॥

વૈશંપાયન કહે છેઃ-એ સમયમાંજ વીર્યવાન ભીમસેન પણ ધર્મરાજાની આજ્ઞા લઇને પૂર્વદિશા તરફ વિજયને માટે નીકળ્યો.[1] તે પ્રતાપી ભરતશાર્દૂલ, શત્રુરાજ્યને મર્દન કરનારા હાથી, ઘોડા તથા રથથી ભરપૂર અને બખ્તરવાળા મોટા સેનાસમૂહથી વીંટાઈને નીકળ્યો હતો. શત્રુના શોકને વૃદ્ધિ પમાડનારો તે નરશાર્દૂલ પાંડુપુત્ર પ્રથમ પંચાલોના મહાન નગરપ્રત્યે ગયો અને ત્યાં જઇને તેણે વિવિધ ઉપાયથી પંચાલોને સાંત્વન પમાડયા. તે પછી શૂરવીર તથા સમર્થ ભરતશ્રેષ્ઠ ભીમે ગંડકોને તથા વિદેહોને અલ્પ સમયમાં જીતીને દશાર્ણોને જીત્યા. ત્યાં દશાર્ણ દેશના રાજા સુધર્માએ ભીમસેનની સાથે રોમાંચિત કરે તેવું આયુધવિનાનું મહાન યુદ્ધ કર્યું.[5] ભીમસેને તે મહાત્માનું તેવું પરાક્રમ જોઇને મહાબલવાન સુધર્માને પોતાનો મુખ્ય સેનાપતિ કર્યો.[6] તે પછી હે રાજન્! ભયંકર પરાક્રમી ભીમસેન મોટા સૈન્યથી પૃથ્વીને કંપાવી નાખતો હોય તેમ પૂર્વ દિશા તરફ ચાલ્યો.[7] હે રાજા! ત્યાં બલવાનમાં મુખ્ય એવા વીર ભીમસેને યુદ્ધમાં અશ્વમેધેશ્વરને તથા સેનાની સાથે રોચમાનને જીતી લીધા.[8] આ રીતે મહાવીર્યવાન કુંતીના પુત્ર કુરુનંદને સામાન્ય પરાક્રમથીજ પૂર્વ દેશને જીતી લીધો.[9] તે પછી તે દક્ષિણમાં આવ્યો અને તેણે મોટા પુલિંદનગરને તથા સુકુમાર અને સુમિત્ર રાજાને વશ કર્યો.[10] હે જનમેજય! તે પછી ભરતશ્રેષ્ઠ ભીમ, ધર્મરાજાની આજ્ઞાથી મહા વીર્યવાન શિશુપાલના તરફ ગયો.[11] હે પરંતપ! પાંડુપુત્રની કર્તવ્યેચ્છા સાંભળીને ચેદિદેશનો રાજા શિશુપાલ પણ નગરમાંથી બહાર નીકળીને તેની સામે સન્માનને માટે ગયો.[12] હે મહારાજ! પછી કુરુશ્રેષ્ઠ અને ચેદિશ્રેષ્ઠ એવા ભીમ તથા શિશુપાલે પરસ્પર મળીને એકબીજાના કુલના કુશલ સમાચાર પૂછ્યા.[13] હે રાજન્! તે પછી ચેદિરાજે પોતાનું રાજ્ય નિવેદન કરીને હાસ્ય કરતાં ભીમસેનને પૂછ્યું કે, હે નિષ્પાપ! આ તમે શું કરો છો?[14] તે વખતે ભીમે તેને ધર્મરાજની કર્તવ્યેચ્છા જણાવી અને તે શિશુપાલે સ્વીકારીને ભીમના કહેવા પ્રમાણે કર આપ્યો.[15] હે રાજન્! ભીમસેન ત્યાં તેર રાત્રિ રહ્યો. તે પછી શિશુપાલથી સત્કાર પામીને તે પોતાનાં સૈન્ય તથા વાહનની સાથે ત્યાંથી આગળ ચાલ્યો.[16]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિગ્વિજય પર્વવિષે ભીમદિગ્વિજય નામનો અધ્યાય ૨૯ મો સમાપ્ત.

અધ્યાય ૩૦ મો-ભીમના દિગ્વિજયની સમાપ્તિ

॥ वैशंपायन उवाच ॥
ततः कुमारविषये श्रेणिमंतमथाजयत् ॥
कोसलाधिपतिं चैव बृहद्बलमरिंदमः ॥ १ ॥

વૈશંપાયન કહે છે:-તે પછી શત્રુને દમન કરનારા ભીમસેને કુમારનામના દેશમાં શ્રેણિમાન રાજાને જીત્યો તથા કોસલ દેશના અધિપતિ બૃહદ્બલને જીતી લીધો;[1] તેમજ અયોધ્યામાં ધર્મજ્ઞ એવા મહાબલવાન દીર્ઘયજ્ઞ રાજાને મધ્યમ પરાક્રમથીજ પાંડવશ્રેષ્ઠ ભીમે જીત્યો હતો.[2] તે પછી સમર્થ ભીમે ગોપાલકક્ષને, ઉત્તર કોસલને તથા મલ્લાધિપરાજાને જીત્યા હતા.[3] ત્યાંથી બલવાન ભીમસેન જલોદ્ભવ નામના હિમાલયના પાર્શ્વ ભાગ ઉપર આવી પહોંચ્યો અને ત્યાંના સર્વ દેશને અલ્પ કાલમાંજ તેણે વશ કરી લીધા.[4] આ રીતે ભરતશ્રેષ્ઠ ભીમે ઘણા પ્રકારના દેશો જીત્યા તથા ચોમેરથી ભલ્લાટ દેશને અને શક્તિમાન પર્વતને જીતી લીધો.[5] તે પછી મહાન વીર્યવાળા, બલવાનમાં શ્રેષ્ઠ, મહાબાહુ અને ભયંકર પરાક્રમ કરનારા એવા ભીમસેને, યુદ્ધમાં પીઠ ન દેખાડનારા એવા કાશીના રાજા સુબાહુને યુદ્ધમાં બલવડે વશ કર્યો. તે પછી પાંડવશ્રેષ્ઠ ભીમે રણમાં સંગ્રામ કરતા સુપાર્શ્વને તથા રાજપતિ ક્રથને બલવડે સર્વ રીતે જીતી લીધા હતા. તે પછી મહાતેજસ્વી અને મહાબાહુ ભીમસેને મત્સ્યો, મહાબલવાળા મલદો, અનઘો, અભયો તથા સર્વ પશુભૂમિને જીત્યાં હતાં. ત્યાંથી પાછા ફરીને તેણે મદધાર, મહીધર અને સોમધેયને જીતી ઉત્તર તરફ પ્રયાણ કર્યું. પછી તે બલવાન કુંતીપુત્રે બલ કરીને, વત્સભૂમિ ઉપર વિજય મેળવ્યો;[6-10] તથા ભર્ગોના અધિપતિને, નિષાદના અધિપતિને તથા મણિમાન વગેરે ઘણા રાજાઓને જીતી લીધા.[11] તે પછી ભીમે દક્ષિણ મલ્લોને તથા ભોગવાન પર્વતને મૃદુકર્મવડેજ તત્કાલ જીતી લીધા.[12] વળી પુરુષવ્યાઘ્ર ભીમે અતિ તીવ્ર કર્મ ન કરતાં સાંત્વનપૂર્વકજ શર્મકોને, વર્મકોને તથા વિદેહરાજ પૃથ્વીપતિ જનકને પણ વશ કર્યા હતા; અને શકોને તથા બર્બરોને કપટથી જીતી લીધા હતા.[13,14] તે પછી પાંડુ તથા કુંતીના પુત્રે, વિદેહ નગરમાંજ મુકામ રાખીને ઇંદ્ર પર્વતની પાસે રહેનારા કિરાતના સાત અધિપતિઓને જીતી લીધા.[15] તે પછી અતિ વીર્યવાળા, બલવાન કૌંતેયે, પક્ષવાળા સુહ્મોને તથા પ્રસુહ્મોને યુદ્ધમાં જીત્યા અને ત્યાંથી માગધોના તરફ ગયો.[16] ત્યાં દંડરાજાને તથા દંડધાર રાજાને જીતીને તે બધાની સાથેજ ગિરિવ્રજ ઉપર ચઢી ગયો.[17] ત્યાં જરાસંધના પુત્ર સહદેવનું સાંત્વન કરીને તથા તેને કર આપતો કરીને તે બધાને સાથે લઈને બલવાન ભીમે કર્ણના ઉપર ચઢાઇ કરી અને પાંડવોમાં શ્રેષ્ઠ એવા ભીમસેને ચતુરંગિણી સેનાવડે પૃથ્વીને કંપાવતો હોય તેમ શત્રુઘાતી કર્ણની સાથે યુદ્ધ કર્યું.[18,19] હે ભારત ! યુદ્ધમાં કર્ણને હરાવીને તથા વશ કરીને બલવાન ભીમે પર્વતવાસી રાજાઓને જીતી લીધા.[20] પછી મોદાગિરિમાં પાંડુપુત્ર ભીમે બલવત્તર રાજાને મહા યુદ્ધ કરીને બાહુબલથી મારી નાખ્યો.[21] તે પછી પુંડ્રદેશનો અધિપતિ જે મહાન બલવાળો વીર વાસુદેવ અને કૌશિકીના તીર ઉપર રહેનારો મહૌજસ રાજા કે જે બન્ને બલધારી, શૂરાઓ અને તીવ્ર પરાક્રમવાળા હતા, તેઓને યુદ્ધમાં હરાવીને ભીમે બંગરાજ ઉપર ચઢાઇ કરી.[22,23] ભરતકુલમાં શ્રેષ્ઠ એવા ભીમસેને ત્યાં સમુદ્રસેન રાજાને, ચંદ્રસેન રાજાને, કર્વટના અધિપતિ તામ્રલિપ્ત રાજાને, સુહ્મદેશના અધિપતિને, સાગરવાસીઓને તથા સર્વે મ્લેચ્છગણોને જીતી લીધા.[24,25] આ રીતે પવનના પુત્ર બલવાન ભીમે, અનેકવિધ દેશો જીતીને તથા તેઓની પાસેથી ધન લઈને લાહિત્ય તરફ પ્રયાણ કર્યું.[26] ત્યાં તેણે સાગરના નિકટ પ્રદેશમાં રહેનારા સર્વે મ્લેચ્છ રાજાઓને હરાવીને

તેઓની પાસેથી વિવિધ રત્નો, ચંદનકાષ્ઠો, અગરુ, વસ્ત્રો, મણિઓ, મોતીઓ, કંબલો, કાંચન, રૂપું અને કિંમતી વિદ્રુમો કરતરીકે લીધાં.[27,28] તે ઉપરાંત પણ તેઓએ પાંડુ તથા કુંતીના મહાત્મા પુત્ર ભીમના તરફ સેંકડો તથા કરોડો ધનનો મોટો વરસાદ વરસાવ્યો હતો.[29] તે પછી ભયંકર પરાક્રમી ભીમસેન ઇંદ્રપ્રસ્થમાં આવ્યો અને ત્યાં તેણે તે ધન ધર્મરાજાની આગળ નિવેદન કર્યું.[30]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિગ્વજય પર્વવિષે ભીમપ્રાચીદિગ્વિજય નામનો અધ્યાય ૩૦ મો સમાપ્ત.

અધ્યાય ૩૧ મો–સહદેવનો દિગ્વિજય

॥ वैशंपायन उवाच ॥

तथैव सहदेवोऽपि धर्मराजेन पूजितः ।
महत्या सेनया राजन् प्रययौ दक्षिणां दिशम् ॥

વૈશંપાયન કહે છેઃ-હે રાજન્! તે પ્રમાણેજ ધર્મરાજે જેને માન આપેલું એવો સહદેવ પણ મોટી સેના લઇને દક્ષિણ દિશા તરફ વિજયને માટે નીકળ્યો.[1] કુરુકુલોત્પન્ન, બલશાલી સમર્થ સહદેવે પ્રથમજ આખા શૂરસેન દેશને જીતી લીધો તથા બલથી મત્સ્ય રાજાને વશ કર્યો. તે પછી તેણે મુખ્ય રાજાઓના અધિપતિ એવા મહાબલવાન દંતવક્ત્રને જીતી તેને કર આપતો કરીને પાછો તેને તેના રાજ્ય ઉપર બેસાડયો.[3] તે પછી તેણે સુકુમાર તથા સુમિત્ર રાજાને વશ કર્યા, તેમજ પટચ્ચરોની સાથે અપર મત્સ્યોને પણ જીતી લીધા.[4] વળી બુદ્ધિમાન સહદેવે નિષાદભૂમિને, પર્વતોમાં મુખ્ય ગોશૃંગ પર્વતને તથા શ્રેણિમાન રાજાને બલવડે જીતી લીધા.[5] પછી નરરાષ્ટ્ર જીતીને તેણે કુંતીભોજના તરફ ચઢાઈ કરી. ત્યાં કુંતીભોજે પ્રેમપૂર્વક તેની આજ્ઞાનો સ્વીકાર કર્યો.[6] તે પછી તેણે ચર્મણ્વતી નદીના તીર ઉપર વસતા જંભકના પુત્રને જોયો, કે જે રાજાને પૂર્વના વૈરી વાસુદેવે મારતાં બાકી રાખેલો હતો,[7] હે ભારત! તે હેતુથી તેણે સહદેવની સાથે સંગ્રામ કર્યો અને સહદેવે તેને યુદ્ધમાં હરાવ્યો. તે પછી સહદેવ દક્ષિણ દિશા તરફ આગળ વધ્યો.[8] ત્યાં મહાબલવાન સહદેવે સેકોને અને અપર સેકોને હરાવ્યા તથા તેઓની પાસેથી કર તથા વિવિધ રત્નો લીધાં.[9] પછી તેઓને સાથે લઇને તે નર્મદા તરફ ગયો. ત્યાં મોટાં સૈન્યથી વીંટાયલા ઉજ્જયિનીના વીર રાજા વિંદ અને અનુવિંદને અશ્વિનીકુમારના પ્રતાપી પુત્ર સહદેવે યુદ્ધમાં હરાવ્યા.[10] ત્યાંથી રત્નો ગ્રહણ કરીને સહદેવ ભોજકટપુરપ્રત્યે ગયો. હે રાજન્! હે શુદ્ધ! ત્યાં બે દિવસ યુદ્ધ ચાલ્યું,[11] તેમાં માદ્રીના પુત્ર સહદેવે દુરાધર્ષ એવા ભીષ્મકને હરાવ્યો. ત્યાંથી તેણે કોસલના અધિપતિને, વેણાતીરના રાજાને, કાંતારક રાજાઓને, પ્રાકકોશલના રાજાઓને, નાટકેયોને તથા હેરંબકોને યુદ્ધમાં જીત્યા હતા.[12,13] તે પછી મહાબલવાન સહદેવે બલ કરીને મારુધને, રમ્યગ્રામને તથા નાચિન અને અર્બુકના રાજાઓને જીત્યા.[14] વળી મહાબલવાન પાંડુનંદને તે તે અરણ્યના સર્વે રાજાઓને જીતી લીધા તથા વાતાધિપ રાજાને વશ કર્યો.[15] ત્યાંથી પુલિંદોને રણમાં જીતીને ત્યાંથી તે આગળ દક્ષિણમાં વધ્યો. તે પછી નકુલનો નાનો ભાઇ, પાંડયરાજની સાથે એક દિવસ લડયો અને તેને જીતીને તે મહાબાહુ દક્ષિણ માર્ગ તરફ વિદાય થયો. ત્યાં તેને લોકમાં પ્રસિદ્ધ એવી કિષ્કિંધા નામની ગુહા પ્રાપ્ત થઈ. ત્યાં તેણે વાનરોના રાજા મૈંદ તથા દ્વિવિદની સાથે સાતદિવસ સુધી યુદ્ધ કર્યું; પરંતુ તેઓ હાર્યા નહિ.[16–18] પછી મહાત્મા એવા તે બન્ને વાનરો પ્રસન્ન થયા અને તેઓએ સહદેવને નીચે પ્રમાણે પ્રેમપૂર્વક કહ્યું કેઃ–[19] “હે

પાંડવશાર્દૂલ ! તું સર્વ રત્નો લઈને અહીંથી પ્રયાણ કર; અને બુદ્ધિમાન ધર્મરાજાના કાર્યમાં નિર્વિંઘ્નતા હો."[20] ત્યાંથી રત્નો લઇને તે પુરુષશ્રેષ્ઠ માહિષ્મતીપુરીપ્રત્યે ગયો અને ત્યાં શત્રુવીરને હણનારા એવા પાંડુના પ્રતાપી પુત્ર સહદેવે નીલરાજાની સાથે યુદ્ધ કર્યું. તે મહાન યુદ્ધ, ભીરુઓને ભય કરનારૂં, સૈન્યનો સંહાર વાળનારૂં તથા પ્રાણોના સંશયને ઉત્પન્ન કરનારૂં નિવડયું; કારણ કે તે યુદ્ધમાં ભગવાન અગ્નિએ નીલરાજાને સહાયતા કરી હતી,[21-23] તેથી સહદેવનાં સૈન્યમાં રથો, હાથીઓ, ઘોડાઓ, પુરુષો અને બખ્તરો બળતાં દેખાતાં હતાં.[24] હે જનમેજય ! તે વખતે કુરુનંદન સહદેવ ગભરાટમાં પડી ગયો અને ઉત્તર આપવાને પણ સમર્થ થયો નહિ.[25]

જનમેજય પૂછે છેઃ–હે દ્વિજ ! ભગવાન અગ્નિદેવ યજ્ઞને માટે યત્ન કરતા સહદેવના યુદ્ધમાં શા કારણથી શત્રુ થયા હતા ?[26]

વૈશંપાયન કહે છેઃ–ત્યાં માહિષ્મતીમાં નિવાસ કરતા ભગવાન હવ્યને વહન કરનારા અગ્નિદેવ પૂર્વે વિવશ થઇને પરસ્ત્રીમાં આસક્ત હતા એમ સંભળાય છે.[27] તે નગરીના રાજા નીલની પુત્રી ઘણી રૂપવતી હતી. તે અગ્નિને પ્રદીપ્ત કરવા માટે નિત્ય પિતાની અગ્નિહોત્રશાલામાં આવતી હતી. તે કન્યા અગ્નિને પ્રદીપ્ત કરવા વીંજણાથી પવન નાખતી, પરંતુ જ્યાંસુધી તે પોતાના સુંદર ઓષ્ઠસંપુટથી ફુંક મારતી નહિ ત્યાં સુધી અગ્નિ પ્રજ્વલિત થતો ન હતો.[28,29] આ રીતે તે કન્યા તરફ આસક્ત થયેલા અગ્નિએ બ્રાહ્મણનું રૂપ લઇને નીલરાજાને ખબર ન પડે તેવી રીતે તે સુંદર રૂપવાળી કન્યાની માગણી કરી અને તે તેણે સ્વીકારી, તેમજ બધાનાં ઘરોમાં પણ તે સ્ત્રીઓની કામના કરવા લાગ્યો.[30] તે પછી બ્રાહ્મણના રૂપવડે તે સુંદર જઘનવાળી કમલનયની કન્યાની સાથે અગ્નિ યથેચ્છ રમણ કરતો તેને સેવવા લાગ્યો. આ વાતની રાજાને ખબર પડતાં તે ધાર્મિકરાજાએ તે વખતે યથાશાસ્ત્ર અગ્નિને શિક્ષા કરવા માંડી;[31] એટલે તો ભગવાન અગ્નિ ક્રોધથી પ્રજ્વલિત થઈ ઉઠયા. તે જોઈને વિસ્મય પામેલા રાજાએ પૃથ્વી ઉપર મસ્તક મૂકીને અગ્નિનું શરણ માગ્યું.[32] તે પછીના કાલમાં રાજાએ બ્રાહ્મણરૂપધારી અગ્નિને મસ્તકથી નમન કરીને તે સ્થિતિમાંજ કન્યાદાન કર્યું.[33] ભગવાન અગ્નિએ પણ નીલરાજાની સુંદર ભ્રૂકુટીવાળી તે પુત્રીનો સ્વીકાર કરીને તે રાજા ઉપર કૃપા કરી;[34] તથા અતિશય પ્રિય કરનારા અગ્નિએ તે રાજાને વર માગવા કહીને પ્રસન્ન કર્યો. ત્યારે રાજાએ પણ પોતાનાં સૈન્યને માટે અભયદાન માગ્યું.[35] હે જનમેજય રાજા ! ત્યારથી આરંભીને જે કોઈ રાજાઓ અજાણપણાથી તે નગરને બલવડે જીતવાનો યત્ન કરે છે તે અગ્નિથી બળી જાય છે.[36] હે કુરુકુલને પ્રવર્તાવનારા રાજા ! વળી તે વખતથી તે માહિષ્મતી નગરીમાં સ્ત્રીઓને ઇચ્છાપૂર્વક સુલભતાથી કોઇ વશ રાખી શકતું ન હતું; કારણકે સર્વે સ્ત્રીઓને અગ્નિએ પોતે સ્વીકારી હતી;[37] અને અગ્નિએ સ્ત્રીઓને વર આપ્યો હતો કે, તમને તમારી ઇચ્છાથી વિરુદ્ધ કોઇ રોકવા સમર્થ થશે નહિ, તેથીજ ત્યાંની સ્ત્રીઓ અમારા પતિના અથવા અન્ય પુરુષના શરીરમાં પ્રવેશ કરીને અગ્નિજ અમારો ઉપભોગ કરે છે એવું નિશ્ચયથી માનતી ઇચ્છામાં આવે તેમ ફરે છે.[38] હે ભરતર્ષભ મહારાજા ! ત્યારથી માંડીને અગ્નિના ભયથી રાજાઓ તે નગરનો સર્વદા ત્યાગ કરે છે;[39] પરંતુ હે રાજન્ ! ધર્માત્મા સહદેવ તો પોતાના સૈન્યને અગ્નિથી વીંટાયલું તથા ભયથી પીડાયલું જોઇને પર્વતની પેઠે જરા પણ કંપ્યો નહિ અને જલનું આચમન કરી પવિત્ર થઇને તે અગ્નિને કહેવા લાગ્યો.[40]

સહદેવ કહે છેઃ–"હે કૃષ્ણવર્ત્મન્ ! આ સંમારંભ તમારે માટેજ થાય છે, તમને હું નમસ્કાર કરૂં છું. હે પાવક ! તમે દેવોનું મુખ છો, તમે યજ્ઞ છો,[41] તમે પાવન કરનારા હોવાથી પાવક કહેવાઓ છો, હવિષને વહન કરનારા હોવાથી હવ્યવાહન કહેવાઓ છો, વેદો તમારે માટે થયા છે, માટે તમે જાતવેદસ્ કહેવાઓ છો.[42]

હે વિભાવસુ ! તમે ચિત્રભાનુ, સુરેશ તથા અનલ છો. તમે સ્વર્ગનાં દ્વારને સ્પર્શ કરનારા, હોમેલાંને ભક્ષણ કરનારા, જ્વલન તથા જ્વાલાવાળા છો.[૪૩] તમે વૈશ્વાનર, પિંગેશ, પ્લવંગ, ભૂરિતેજા, કુમારને ઉત્પન્ન કરનારા, ભગવાન રુદ્રગર્ભ તથા હિરણ્યના ઉત્પાદક છો.[૪૪] અગ્નિ મને તેજ આપો, વાયુ મને પ્રાણ આપો, પૃથ્વી મારામાં બલ મૂકો અને જલ મારૂં કલ્યાણ કરો.[૪૫] હે જલગર્ભ ! હે મહાસત્ત્વ ! હે જાતવેદસ્ ! હે સુરેશ્વર! હે અગ્નિ! તમે દેવોનાં મુખ છો, મને સત્યવડે પવિત્ર કરો.[૪૬] નિરંતર ઋષિઓ, બ્રાહ્મણો, દેવતાઓ અને અસુરો યજ્ઞોમાં તમારે વિષે સારી રીતે હોમ કરે છે, તમે મને સત્યવડે પવિત્ર કરો.[૪૭] તમે ધૂમરૂપી ધ્વજાવાળા છો, શિખાવાળા છો, પાપને હણનારા છો, વાયુથી ઉત્પન્ન થયેલા છો અને સર્વ પ્રાણીઓમાં નિત્ય રહેલા છો. તમે મને સત્યથી પવિત્ર કરો.[૪૮] હે ભગવન્! મેં પવિત્ર થઇને પ્રીતિથી આ પ્રમાણે તમારી સ્તુતિ કરે છે, માટે હે અગ્નિ ! તમે મને તુષ્ટિ, પુષ્ટિ, શાસ્ત્રજ્ઞાન તથા સુખ આપો."[૪૯]

વૈશંપાયન કહે છેઃ–આ અગ્નિના શ્લોકરૂપ આઠ મંત્રોને ભણતો જે મનુષ્ય અગ્નિમાં દૂધપાક વગેરેથી હોમ કરે છે, તે નિત્ય સમૃદ્ધિમાન તથા જિતેંદ્રિય થાય છે અને સર્વ પાપોથી મુક્ત થાય છે.[૫૦] વળી સહદેવે કહ્યું, "હે હવ્યવાહન ! તમારે યજ્ઞમાં આવું વિઘ્ન કરવું જોઇએ નહિ." આ પ્રમાણે કહીને પુરુષોમાં વ્યાઘ્ર જેવો માદ્રીનો પુત્ર સહદેવ, પૃથ્વી ઉપર દર્ભ પાથરીને ભય તથા ઉદ્વેગ પામેલા તે સૈન્યના મોખરામાં વિધિપૂર્વક અગ્નિની સન્મુખ બેઠો.[૫૧,૫૨] તે વખતે મહાસમુદ્ર જેમ મર્યાદાને ઓળંગે નહિ, તેમ અગ્નિ સહદેવને ઓળંગી શકયો નહિ. પછી સહદેવની પાસે ધીરેથી આવીને અગ્નિએ તે કુરુનંદન નરદેવને સાંત્વન કરતાં આ પ્રમાણે વચન કહ્યું:-"હે કુરુકુલોત્પન્ન ! તું ઉઠ, ઉભો થા, આ તો મેં તારો અભિપ્રાય જાણવાની ઇચ્છા કરી હતી, તારો તથા ધર્મપુત્ર યુધિષ્ઠિરનો સર્વ અભિપ્રાય હું જાણું છું;[૫૩,૫૪] પણ હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! મારે જ્યાંસુધી નીલરાજાના કુલના વંશ ચલાવનારાઓ હોય ત્યાંસુધી આ પુરીનું રક્ષણ કરવાનું છે;[૫૫] તેમ છતાં હે પાંડુપુત્ર ! તારા મનનું ઇચ્છિત હું કરીશ. "[૫૬] આ સાંભળીને પ્રસન્ન થયેલો માદ્રીનો પુત્ર સહદેવ ઉઠયો અને હે ભરતર્ષભ! તેણે હાથ જોડી મસ્તક નમાવીને અગ્નિની પૂજા કરી.[૫૭] આ રીતે અગ્નિદેવ શાંત થયા પછી અગ્નિનીજ આજ્ઞાથી નીલરાજા સહદેવની આગળ આવ્યો અને તે રાજાએ યોદ્ધાઓના સ્વામી નરવ્યાઘ્ર સહદેવની સત્કારપૂર્વક પૂજા કરી. માદ્રીપુત્રે પણ તે પૂજા સ્વીકારીને તેને કર આપતો કર્યો. તે પછી વિજય પામેલો સહદેવ દક્ષિણ દિશા તરફ ચાલ્યો. ત્યાં તેણે અમાપ બલવાળા ત્રૈપુરરાજને વશ કર્યો.[૬૦] તે પછી મહાબાહુ સહદેવે પૌરવેશ્વરને બલવડે જીતી લીધો તથા કૌશિકાચાર્ય આકૃતિને મહાયત્નવડે વશ કર્યો.[૬૧] ત્યાંથી નીકળી મહાબાહુ સહદેવે સુરાષ્ટ્રના અધિપતિને વશ કર્યો અને સુરાષ્ટ્રદેશમાંજ રહીને તે ધર્માત્માએ, ભોજકટમાં રહેલા બુદ્ધિમાન તથા મહા સંપત્તિવાળા રુકિમને તથા સાક્ષાત્ ઇંદ્રના સખા ભીષ્મકને દૂત મોકલીને કર આપવા જણાવ્યું.[૬૨,૬૩] હે મહારાજ ! તે વખતે ભીષ્મકે વાસુદેવના તરફ દૃષ્ટિ રાખીને પ્રેમપૂર્વક પોતાના પુત્રની સાથે તે આજ્ઞા ઉઠાવી.[૬૪] ત્યાંથી રત્નો ગ્રહણ કરીને યોદ્ધાઓનો પતિ સહદેવ ફરી આગળ ચાલ્યો. પછી મહા તેજસ્વી તથા મહાબલવાન સહદેવે શૂર્પારકક્ષેત્ર, તાલકટ અને દંડકોને વશ કર્યા. તે પછી સાગરના દ્વીપમાં રહેનારા મ્લેચ્છ જાતિના રાજાઓને, નિષાદોને, પુરુષાદોને, કર્ણપ્રાવરણોને તથા નર અને રાક્ષસથી ઉત્પન્ન થયેલા કાલમુખોને જીતી લીધા.[૬૫-૬૭] વળી મહાબુદ્ધિવાળા સહદેવે આખો કોલ્લગિરિ, સુરભીપટ્ટન, તામ્રદ્વીપ, રામકપર્વત અને રાજાની સાથે તિમિંગિલ પ્રદેશને જીતી લીધો હતો. તેમજ એકપાદ પુરુષોને, વનવાસી કેરલોને, સંજયંતી નગરીને તથા પાખંડી કરહાટકને દૂતો મોકલીનેજ વશ કરી તેઓની પાસેથી ખંડણી લીધી હતી.[૬૮-૭૦]

વળી પાંડયો, દ્રવિડો, ઉડ્ર, કેરલ, અંધ્રો, તાલવનો, કલિંગો, ઉષ્ટ્રકર્ણિકો, રમ્ય આટવીપુરી, યવનપુર આ બધાને તેણે દૂતો મોકલીનેજ વશ કર્યા તથા તેઓની પાસેથી કર લીધા.[૭૧] તે પછી બુદ્ધિમાન સહદેવ સમુદ્ર નજીકના પ્રદેશમાં ગયો અને હે રાજેંદ્ર! ત્યાંથી તે શત્રુને દમનારા, ધર્માત્મા માદ્રીપુત્ર સહદેવે, પુલસ્ત્યના પુત્ર મહાત્મા વિભીષણને પ્રીતિપૂર્વક દૂતો મોકલીને કરને માટે કહાવ્યું;[૭૨-૭૩] અને વિભીષણે પ્રેમપૂર્વક તે શાસન ઉઠાવ્યું, તેમજ સમર્થ તથા ધીમાન વિભીષણે તે કાલબલે કરેલું માન્યું.[૭૪] તે પછી તેણે વિવિધ જાતનાં રત્નો, ચંદન તથા અગરુનાં કાષ્ઠો, દિવ્ય આભરણો,[૭૫] મહાયોગ્ય વસ્ત્રો અને મહા મૂલ્યવાળા મણિઓ સહદેવને મોકલી આપ્યા. તે પછી બુદ્ધિમાન, પ્રતાપી સહદેવ ત્યાંથી પાછો ફર્યો.[૭૬] આ પ્રમાણે અરિને દમનારો સહદેવ સામથી તથા વિજયથી રાજાઓને વેગવડે જીતી લઈ તથા તેઓને ખંડણી આપતા કરીને પાછો ઇંદ્રપ્રસ્થમાં આવ્યો;[૭૭] અને હે ભરતશ્રેષ્ઠ! તેણે તે સઘળું ધર્મરાજાને નિવેદન કર્યું તથા હે જનમેજય રાજા! પોતાનું કાર્ય પૂર્ણ કરીને તે ત્યાં સુખથી રહેવા લાગ્યો.[૭૮]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિગ્વિજય પર્વવિષે સહદેવદક્ષિણદિગ્વિજય નામનો અધ્યાય ૩૧ મો સમાપ્ત.

અધ્યાય ૩૨ મો-નકુલનો દિગ્વિજય

॥ वैशंपायन उवाच ॥

नकुलस्य तु वक्ष्यामि कर्माणि विजयं तथा ॥
वासुदेवजितामाशां यथाऽसावजयत् प्रभुः॥१॥

વૈશંપાયન કહે છેઃ-હવે નકુલનાં કર્મો તથા વિજયને કહું છું. એ સમર્થે વાસુદેવે જીતેલી એવી પશ્ચિમ દિશાનો જે રીતે જય કર્યો હતો તે તમે સાંભળો.[૧] બુદ્ધિમાન નકુલ મોટી સેનાની સાથે વિજયની ધારણાથી ઇંદ્રપ્રસ્થમાંથી નીકળી મોટા સિંહનાદવડે, યોદ્ધાઓની ગર્જનાવડે તથા રથનાં પૈડાંના નાદવડે આ પૃથ્વીને કંપાવતો પશ્ચિમ દિશા તરફ ચાલ્યો.[૨-૩] પ્રથમ તેણે બહુ ધનવાન, રમ્ય, ગાયોથી સમૃદ્ધ, ધન, ધાન્યવાળા અને સ્વામી કાર્તિકને પ્રિય એવા રોહિતક ગિરિ ઉપર ચઢાઇ કરી. ત્યાં તેને શૂરા એવા મત્તમયૂર નામના ક્ષત્રિયોની સાથે મોટું યુદ્ધ થયું. પછી મહા કાંતિવાળા નકુલે આખી મરુભૂમિને, બહુધાન્યક પ્રદેશને, શૈરીષકને અને મહેત્થને વશ કર્યા; તથા આક્રોશ રાજર્ષિની સાથે તેણે મોટું યુદ્ધ કરીને તેને વશ કર્યો.[૪-૬] પાંડુપુત્ર નકુલ તે દશાર્ણોને જીતીને ત્યાંથી આગળ ચાલ્યો. પછી તેણે શિબિદેશના, ત્રિગર્તદેશના, અંબષ્ઠના, માલવના અને પંચકર્પટના રાજાઓને તથા મધ્યમકેય અને વાટધાનના દ્વિજોને વશ કર્યા. ત્યાંથી પાછા વળીને તેણે પુષ્કરારણ્યવાસી ઉત્સવસંકેતગણોને જીતી લીધા તથા મહા કાંતિવાળા પુરુષશ્રેષ્ઠ નકુલે સિંધુના તીર ઉપર રહેનારા મહાબલવાળા ગ્રામ્ય લોકોને, શૂદ્રોને તથા આહીરોને, સરસ્વતીના તીર ઉપર રહેનારા અને મત્સ્યથી આજીવિકા ચલાવનારા માછીઓને, પર્વતવાસીઓને, આખા પંજાબદેશને, અમર પર્વતને, ઉત્તર જ્યોતિષને તથા દિવ્ય કટપુરને અને દ્વારપાલને ઝપાટાથી વશ કરી લીધા. તે પછી પાંડુપુત્ર નકુલે રામઠોને, હારહૂણોને અને પશ્ચિમના બીજા સર્વે રાજાઓને આજ્ઞાથીજ વશ કરી લીધા; અને હે ભારત! ત્યાં રહીનેજ તેણે વાસુદેવને દૂત મોકલ્યો.[૭-૧૩] હે રાજન! ભયરહિત એવા શ્રીકૃષ્ણે પણ તેની આજ્ઞાને સ્વીકારી લીધી. ત્યાંથી તે મદ્રોની રાજધાની શાકલપ્રત્યે ગયો[૧૪] અને તે બલવાને પોતાના મામા શલ્યને પ્રીતિપૂર્વક વશ કર્યો. હે રાજન! સેનાપતિ તથા સત્કાર કરવા યોગ્ય એવો નકુલ

તે રાજાના સત્કારને તથા પુષ્કળ રત્નોને ગ્રહણ કરીને ત્યાંથી વિદાય થયો; તે પછી સાગરના બેટોમાં રહેનારા પરમ દારુણ મ્લેચ્છોને, પહ્લવોને, બર્બરોને, કિરાતોને, યવનોને, શકોને તથા બીજા રાજાઓને વશ કરીને તથા ત્યાંથી રત્નો લઈને, યુદ્ધના ચિત્રમાર્ગોને જાણનારો, કુરુશ્રેષ્ઠ નકુલ ત્યાંથી પાછો વળ્યો.[૧૫-૧૭] હે મહારાજ ! તે મહાત્મા પાસે એટલું બધું ધન એકઠું થયું હતું કે તે મહા ધનના ભંડારને દશ હજાર ઊંટો મહામુશ્કેલીથી ઉચકી શકતાં હતાં[૧૮] હે ભરતશ્રેષ્ઠ ! આ પ્રમાણે વરુણે પાલન કરેલી અને વાસુદેવે જીતેલી એવી પશ્ચિમ દિશાનો વિજય કરીને પછી શ્રીમાન માદ્રીપુત્ર નકુલ ઇંદ્રપ્રસ્થમાં રહેલા વીર યુધિષ્ઠિરની પાસે આવ્યો અને તેમને તેણે તે ધન નિવેદન કર્યું.[૧૯,૨૦]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દિગ્વિજયપર્વવિષે નકુલપશ્ચિમજય નામનો અધ્યાય ૩૨ મો સમાપ્ત.

દિગ્વિજયપર્વ સમાપ્ત.

राजसूयपर्व*

અધ્યાય ૩૩ મો-રાજસૂયની દીક્ષા

॥ वैशंपायन उवाच ॥

रक्षणाद्धर्मराजस्य सत्यस्य परिपालनात् ॥
शत्रूणां क्षपणाच्चैव स्वकर्मनिरताः प्रजाः॥१॥

વૈશંપાયન કહે છેઃ-ધર્મરાજાના રક્ષણથી, સત્યના પરિપાલનથી અને શત્રુઓના ક્ષયથી પ્રજાઓ સ્વકર્મમાં તત્પર રહેતી હતી.[૧] યથાર્થ કર લેવાથી તથા ધર્મપૂર્વક શાસન કરવાથી મેઘ યથેષ્ટ વૃષ્ટિ કરતો હતો અને દેશ સમૃદ્ધિવાળો થયો હતો. સર્વે કાર્યોના આરંભો પોતાને તથા બીજાને હિત આપનારા થતા હતા; તથા ગોરક્ષા, ખેતી અને વ્યાપાર, એ સઘળું રાજાનાં પુણ્યવડે વિશેષતાથી પ્રવર્તતું હતું.[૨,૩] હે રાજન્ ! ચોરોથી, ઠગોથી તથા રાજાનાં પ્રિય મનુષ્યોથી અસત્ય વાણી સાંભળવામાં આવતી ન હતી, તેમજ તેઓ પણ પરસ્પરને ઠગતા ન હતા.[૪] નિત્ય ધર્મપરાયણ રહેનારા યુધિષ્ઠિરના રાજ્યસમયમાં અવૃષ્ટિ, અતિવૃષ્ટિ, વ્યાધિ તથા અગ્નિદાહ, આમાંનું કંઈ પણ થતું ન હતું.[૫] વળી તે વખતે રાજાઓ પ્રિય કરવા, સેવા કરવા તથા હમેશનો કર આપવા યુધિષ્ઠિરની પાસે આવતા હતા; પણ જીતવા વગેરે કાર્યોને માટે આવતા ન હતા.[૬] વળી ધર્મથી આવેલાં ધનવડે યુધિષ્ઠિરનો ભંડાર બહુ વધી ગયો હતો.તે ભંડાર સેંકડો વર્ષે પણ ખુટાડેલો ખૂટાડી શકાય તેવો ન હતો.[૭] કુંતીના પુત્ર યુધિષ્ઠિર રાજાએ પોતાના ભંડાર તથા કોઠારનું પરિમાણ જાણ્યા પછી પોતે યજ્ઞ કરવા માટે ઇચ્છા કરી.[૮] તે વખતે જે સ્નેહીઓ હતા તે સર્વે,સાથે તથા જૂદા જૂદા કહેવા લાગ્યા કેઃ-" હે વિભો ! આ તમારે યજ્ઞ કરવાનો સમય છે, માટે તમે તેની તૈયારી કરો."[૯] આ પ્રમાણે તેઓ કહેતા હતા,એટલામાં તો ત્યાં ઋષિ, પુરાતન, વેદાત્મા, વિદ્વાનોને પણ અંતર્યામી હોવાથી અદૃશ્ય, સ્થાવર જંગમથી શ્રેષ્ઠ, ઉત્પત્તિસ્થાન તથા લયસ્થાનરૂપ, ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વામી, કેશવ, કેશી દૈત્યને મારનારા,[૧૦,૧૧] સર્વ યાદવોના કિલ્લારૂપ, આપત્તિમાં અભય આપનારા

* **वित्तार्जनं मखायेव महतामिति दर्शयन्। ऊचे दिग्विजयादूर्ध्वं राजसूयक्रतुक्रियां॥** **गणेश**
મહત્પુરુષોનું ધનોપાર્જન યજ્ઞને માટેજ હોય છે, એમ દર્શાવતા વ્યાસમુનિ દિગ્વિજય પછી રાજસૂયયજ્ઞની ક્રિયાને વર્ણવે છે.

તથા શત્રુને હણનારા એવા શ્રીહરિ આવી પહોંચ્યા. તે પુરુષોમાં વ્યાઘ્ર જેવા માધવ, દ્વારકાની સેનાના અધિકાર ઉપર વસુદેવની સારી રીતે ગોઠવણ કરીને, ધર્મરાજાને માટે જાત જાતનો ધનસમૂહ લઈને તથા મોટાં સૈન્યથી વીંટાઈને, તે અક્ષય રત્નસાગરને તથા અપાર ધનસમૂહને રથના ઘોષથી ગજાવતા ઉત્તમ ઇંદ્રપ્રસ્થ નગરમાં પેઠા;[૧૩,૧૪] અને પાંડવોના પૂર્ણ નગરને અધિક પૂર્ણ કરતા શત્રુઓને શોક આપનારા થયા. જેમ સૂર્યવિનાનું સ્થાન સૂર્યવડે, જેમ વાયુવિનાનું સ્થાન વાયુવડે, તેમ શ્રીકૃષ્ણના આવવાથી એ ભરતવંશીઓનું પુર પણ આનંદિત થયું.[૧૫] યુધિષ્ઠિર રાજા હર્ષથી તેમની સામે ગયા તથા તેમણે યથાવિધિ તેમનો સત્કાર કર્યો. હે પુરુષશ્રેષ્ઠ! પછી કુશલ પૂછીને, સુખપૂર્વક બેઠેલા શ્રીકૃષ્ણને, ધૌમ્ય, દ્વૈપાયન આદિ ઋત્વિજો તથા ભીમ, અર્જુન, નકુલ અને સહદેવની સાથે યુધિષ્ઠિર કહેવા લાગ્યા.[૧૬,૧૭]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે કૃષ્ણ! તમારે લીધે હમણાં સઘળી પૃથ્વી મારા તાબામાં છે અને હે વૃષ્ણિવંશજ! તમારી કૃપાથી મેં ઘણું ધન સંપાદન કર્યું છે.[૧૮] હે દેવકીપુત્ર માધવ! હું તે સઘળા ધનનો, ઉત્તમ બ્રાહ્મણો તથા અગ્નિને માટે વિધિપૂર્વક ઉપયોગ કરવા ઇચ્છું છું.[૧૯] હે મહાબાહુ દાશાર્હ! તેથી તમારી સાથે તથા ભાઈઓની સાથે હું યજ્ઞ કરવાની ઇચ્છા કરૂં છું, માટે તમારે મને આજ્ઞા આપવી જોઈએ;[૨૦] અથવા હે મહાભુજાવાળા દાશાર્હ! તમે પોતેજ દીક્ષા ગ્રહણ કરો. હે ગોવિંદ! તમે યજ્ઞ કરશો એટલે હું પાપરહિત થઈશ[૨૧] અથવા હે વિભો! આ નાના ભાઈઓની સાથે મને આજ્ઞા આપો. હે કૃષ્ણ! તમારી આજ્ઞા થવાથી હું ઉત્તમ યજ્ઞ કરી શકીશ."[૨૨]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળી, યુધિષ્ઠિરના ગુણોનાં બહુ વખાણ કરીને શ્રીકૃષ્ણે આ પ્રમાણે પ્રત્યુત્તર આપ્યોઃ–"હે રાજશાર્દૂલ! તમેજ ચક્રવર્તી થવાને યોગ્ય છો, એટલે તમેજ મહાયજ્ઞ કરો. તમે યજ્ઞ કરશો એટલે અમે કૃતકૃત્ય થઈશું.[૨૩] તમારા શ્રેયને માટે હું તત્પર છું એટલે તમે ઇચ્છિત યજ્ઞ કરો; અને તમે મને કાર્ય કરવા આજ્ઞા કરો. તમારાં સર્વ વચન પ્રમાણે હું કરીશ."[૨૪]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે કૃષ્ણ! મારો સંકલ્પ સફળ થયો છે તથા મને અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થઈ છે; કારણ કે હે હૃષીકેશ! તમે આજે મારી ઇચ્છા પ્રમાણે અહીં આવી પહોંચ્યા છો."[૨૫]

વૈશંપાયન કહે છેઃ–પછી શ્રીકૃષ્ણે જેને આજ્ઞા આપેલી એવા પાંડુપુત્ર યુધિષ્ઠિર પોતાના ભાઈઓની સાથે રાજસૂય યજ્ઞથી યજન કરવા માટે સાધનો તૈયાર કરવા લાગ્યા.[૨૬] તે પછી શત્રુનિબર્હણ પાંડવે, યોદ્ધાઓમાં શ્રેષ્ઠ એવા સહદેવને તથા સઘળા મંત્રીઓને આજ્ઞા કરી કેઃ-[૨૭] "આ યજ્ઞમાં બ્રાહ્મણોએ જે પ્રમાણે યજ્ઞોનાં અંગો કહ્યાં હોય તેને યોગ્ય સઘળાં સાહિત્યો તથા સર્વ મંગલ પદાર્થો અને ધૌમ્યના કહેવા પ્રમાણે ઘી, પશુ વગેરે યજ્ઞસંભારો આપણા પુરુષોદ્વારા યથોચિત રીતે, અનુક્રમવાર મંગાવી રાખો.[૨૮,૨૯] વળી ઇંદ્રસેન, વિશોક તથા અર્જુનનો સારથિ પૂરુ, મારૂં પ્રિય કરવાની ઇચ્છાથી અન્ન વગેરે લાવવાનું કામ કરો.[૩૦] હે કુરુશ્રેષ્ઠ! વળી બ્રાહ્મણોના મનોરથ પ્રમાણે પ્રીતિ ઉત્પન્ન કરે તેવાં, રસ અને સુગંધવાળાં સર્વે જાતનાં પકવાન્નો તૈયાર કરાવો."[૩૧] આ વચન કહેતાંજ યોદ્ધાઓમાં શ્રેષ્ઠ એવા સહદેવે, ધર્મરાજ યુધિષ્ઠિરને 'સઘળું તૈયાર છે' એમ નિવેદન કર્યું.[૩૨] તે પછી હે રાજન્! દ્વૈપાયન વ્યાસે, સાક્ષાત્ મૂર્તિમંત વેદોના જેવા મહાભાગ્યશાલી બ્રાહ્મણોને ઋત્વિજ થવા બોલાવ્યા.[૩૩] યુધિષ્ઠિર રાજાના યજ્ઞમાં સત્યવતીના પુત્રે પોતે બ્રહ્માનું પદ સ્વીકાર્યું, ધનંજય ગોત્રમાં શ્રેષ્ઠ એવા સુસામા નામના આંગિરસ સામગાન કરનારા (ઉદ્ગાતા) થયા,[૩૪] બ્રહ્મિષ્ઠ એવા યાજ્ઞવલ્કય મુખ્ય અધ્વર્યુ થયા, વસુના પુત્ર પૈલમુનિ, ધૌમ્યની સાથે હોતા થયા;[૩૫] અને હે ભરતર્ષભ! એ ઋષિઓના વેદ તથા વેદાંગના પારને પામેલા એવા પુત્રવર્ગો તથા શિષ્યવર્ગો હોત્રગો થયા.[૩૬] તે ઋષિ-

ઓએ સ્વસ્તિ પુણ્યાહવાચન કર્યું તથા તે યજ્ઞનો સંકલ્પ કરાવ્યો. તે પછી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તે મહાન યજ્ઞસ્થાનની પૂજા કરાવી. પછી ત્યાં આજ્ઞા કરેલા શિલ્પિઓએ દેવોનાં મંદિરોના જેવાં, સુગંધવાળાં તથા વિશાલ અગ્નિશાલા, પત્નીશાલા વગેરે ગૃહો તૈયાર કર્યાં.[૩૭,૩૮] તે પછી રાજાઓમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર રાજાએ પોતાના મંત્રી સહદેવને તે વખતે તુરત આજ્ઞા કરી કેઃ-[૩૯] "તું આમંત્રણ કરવાને સારૂ શીઘ્ર ગતિવાળા દૂતોને તત્કાલ મોકલ." રાજાનું વચન સાંભળીને તે વખતે સહદેવે દૂતોને મોકલ્યા અને તેઓને કહ્યું કેઃ "પ્રત્યેક રાજ્યોમાં બ્રાહ્મણોને, રાજાઓને, વૈશ્યોને અને માન આપવા જેવા શૂદ્રોને તમે આમંત્રણ કરો અને તે સઘળાને લઇ આવો."[૪૦,૪૧]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે આજ્ઞા કર્યા પછી શીઘ્ર ગતિવાળા દૂતો, પાંડુપુત્રની આજ્ઞાથી તુરત પોતાનાઓને તથા બીજાઓને પણ આમંત્રણ કરી વળ્યા અને કેટલાએકને સાથેજ લઇ આવ્યા.[૪૨] હે ભરતકુલોત્પન્ન! તે પછી પૂર્વે જણાવેલા બ્રાહ્મણોએ યથાસમય કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાને રાજસૂય યજ્ઞની દીક્ષા આપી.[૪૩] ધર્માત્મા એવા ધર્મરાજ યુધિષ્ઠિર દીક્ષા ધારણ કર્યા પછી હજારો બ્રાહ્મણોથી વીંટાઇને યજ્ઞસ્થાનમાં ગયા.[૪૪] તે વખતે તેમની સાથે તેમના ભાઇઓ, જ્ઞાતિવાળાઓ, સુહૃદો, મંત્રીઓ, ક્ષત્રિયો, અનેક દેશથી આવેલા રાજાઓ તથા પ્રધાનો હતા. તેઓની સાથે યુધિષ્ઠિર રાજા મૂર્તિમંત ધર્મના જેવા જણાતા હતા. વળી તે વખતે સર્વ વિદ્યામાં નિષ્ણાત તથા વેદવેદાંગના પારને પામેલા એવા જૂદા જૂદા દેશના બ્રાહ્મણો આવ્યા હતા. પરિવારોની સાથે તે બ્રાહ્મણોને માટે ધર્મરાજાની આજ્ઞાથી હજારો શિલ્પિઓએ પુષ્કળ અન્ન તથા વસ્ત્રોથી ભરેલાં અને સર્વ ઋતુના ગુણોથી સંપન્ન એવાં જૂદાં જૂદાં નિવાસસ્થાનો તૈયાર કર્યાં.[૪૫-૪૮] હે રાજન્! તે સ્થાનોમાં બહુ સત્કાર કરેલા બ્રાહ્મણોએ નિવાસ કર્યો. ત્યાં તેઓ અનેક કથાઓ કરતા તથા નટો અને નર્તકોને જોતા હતા.[૪૯] ત્યાં આગળ ભોજન કરતા તથા વાતો કરતા હર્ષ પામેલા મહાત્મા બ્રાહ્મણોનો મહાન શબ્દ અહોનિશ સંભળાતો હતો.[૫૦] વળી એ સ્થાનમાં એઓના 'આપો, આપો' અને 'ભોજન કરો, ભોજન કરો' આવા પ્રકારના શબ્દો નિત્ય સંભળાતા હતા.[૫૧] હે ભરતવંશી! ધર્મરાજાએ બ્રાહ્મણોને લાખો ગાયો, લાખો સુવર્ણના પલંગો તથા લાખો સ્ત્રીઓ પૃથક્ પૃથક્ આપી હતી. આ રીતે પૃથ્વીમાં એક વીર એવા મહાત્મા પાંડવનો યજ્ઞ, સ્વર્ગમાં ઇંદ્રના યજ્ઞ જેવો પ્રવર્તવા લાગ્યો.[૫૩] તે પછી પુરુષોમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર રાજાએ ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, વિદુર, કૃપાચાર્ય, સઘળા ભાઇઓ તથા તેમના ઉપર પ્રીતિ રાખનારાઓને બોલાવવા માટે પાંડુપુત્ર નકુલને હસ્તિનાપુર મોકલ્યો.[૫૪,૫૫]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજ- રાજસૂય પર્વવિષે રાજનિમંત્રણ નામનો અધ્યાય ૩૩ મો સમાપ્ત.

અધ્યાય ૩૪ મો-રાજસૂય યજ્ઞમાં રાજાઓનું આગમન

॥ वैशंपायन उवाच ॥

स गत्वा हस्तिनापुरं नकुलः समितिंजयः ॥
भीष्ममामंत्रयांचक्रे धृतराष्ट्रं च पांडवः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-યુદ્ધમાં વિજય મેળવનારા પાંડુપુત્ર નકુલે હસ્તિનાપુરમાં જઇને ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રનું આમંત્રણ કર્યું.[૧] તેણે આચાર્ય વગેરેને સત્કાર કરીને યજ્ઞમાં આવવા આમંત્રણ કર્યું એટલે તેઓ બ્રાહ્મણોને આગળ કરીને પ્રસન્ન મનથી યજ્ઞમાં જવા માટે નીકળ્યા.[૨]

હે ભરતશ્રેષ્ઠ ભારતરાજ! વળી યજ્ઞવેત્તા ક્ષત્રિયો તથા બીજા સેંકડો પુરુષો, ધર્મરાજાના યજ્ઞને સાંભળીને સભા તથા પાંડુપુત્ર ધર્મરાજાને જોવાની ઈચ્છાથી પ્રસન્ન મનવડે અનેક દિશાઓમાંથી તે વખતે વિવિધ પ્રકારનાં મહા રત્નો લઈને ત્યાં આવી પહોંચ્યા. વળી ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, મહામતિ વિદુર, [૩,૫] દુર્યોધનાદિ સર્વે ભાઈઓ, ગાંધારરાજ, સુબલ, મહાબલવાન શકુનિ, [૬] અચલ, વૃષક, રથીઓમાં શ્રેષ્ઠ કર્ણ, બલવાન શલ્ય, મહાબલવાન બાહ્લીક,[૭] કુરુકુલોત્પન્ન સોમદત્ત, ભૂરિ, ભૂરિશ્રવા તથા શલ, અશ્વત્થામા, કૃપાચાર્ય, દ્રોણગુરુ, સિંધુદેશનો જયદ્રથ,[૮] પુત્રોની સાથે દ્રુપદ, પૃથ્વીપતિ શાલ્વ, પ્રાગ્જ્યોતિષ નગરનો મહારથ રાજા ભગદત્ત, [૯] કે જે સાગરની ભેજવાળી જમીનમાં રહેનારા સર્વે મ્લેચ્છોની સાથે આવ્યો હતો; વળી પર્વત પ્રદેશના રાજાઓ, બૃહદ્બલ રાજા, [૧૦] પૌંડ્રક વાસુદેવ, વંગ, કાલિંગક, આકર્ષ, કુંતલ, માલવો, આંધ્રકો,[૧૧] દ્રાવિડો, સિંહલો, કાશ્મીરરાજ, મહાતેજસ્વી કુંતીભોજ, ગૌરવાહનરાજા, [૧૨] બાહ્લીકો, બીજા સઘળા શૂરા રાજાઓ, બે પુત્રની સાથે વિરાટ, મહાબલવાન માવેલ્લ,[૧૩] અનેક દેશના રાજાઓ તથા રાજપુત્રો અને હે ભારત! મહાવીર્યવાન તથા યુદ્ધમાં દુર્મદવાળો શિશુપાલ પોતાના પુત્રની સાથે પાંડુપુત્રના યજ્ઞમાં આવ્યો હતો. વળી બલરામ, અનિરુદ્ધ, સારણની સાથે કંક,[૧૪,૧૫] ગદ, પ્રદ્યુમ્ન, સાંબ, વીર્યવાન ચારુદેષ્ણ, ઉલ્મુક, નિશઠ, વીર, અંગાવહ [૧૬] તથા બીજા સમગ્ર મહારથી વૃષ્ણિઓ આવ્યા હતા. આ અને બીજા મધ્ય દેશના ઘણા રાજાઓ પાંડુપુત્રના રાજસૂય મહાયજ્ઞમાં આવ્યા હતા. તે બધાઓને ધર્મરાજાની આજ્ઞાથી હે રાજન્! બહુ ભક્ષ્ય પદાર્થોથી ભરેલા તથા વાવ અને વૃક્ષોથી સુશોભિત એવા નિવાસો આપવામાં આવ્યા. તેમજ ધર્મપુત્ર યુધિષ્ઠિરે તે મહાત્માઓની પૂજા કરી. [૧૭–૧૯] પછી સત્કાર કરેલા તે રાજાઓ દેખાડવા પ્રમાણે નિવાસગૃહોમાં ગયા. એ ઘરો કૈલાસનાં શિખરના જેવાં જણાતાં, સુંદર પદાર્થોથી સુશોભિત કરેલાં, સારી રીતે રચેલા ધોળા તથા ઉંચા કિલ્લાઓથી ચોમેર વીંટાયલાં, સુવર્ણની જાળીઓથી ઢંકાયલાં, મણિની ભૂમિથી શોભાયમાન કરેલાં, સુખથી ચઢી શકાય તેવાં પગથિયાંવાળાં, મોટી બેઠકો તથા આસનોવાળાં, પુષ્પની માલાઓથી ઢંકાયલાં, ઉત્તમ અગરુના સુગંધવાળાં, હંસ તથા ચંદ્રના જેવાં ધોળાં, ચાર ગાઉસુધી સારી રીતે જોઈ શકાય તેવાં, ભીડવિનાનાં, સરખાં દ્વારવાળાં, નાના મોટા સર્વ ગુણોથી સંપન્ન અને હિમાલયના શિખરોની પેઠે અનેક ધાતુઓથી બાંધેલાં હતાં. આવાં ઘરોમાં વિશ્રાંતિ લીધા પછી તે રાજાઓ, પુષ્કલ દક્ષિણા આપનારા તથા અનેક સભાસદોથી વીંટાયલા એવા ધર્મરાજા યુધિષ્ઠિરને મળ્યા. હે રાજન્! તે વખતે રાજાઓ, બ્રાહ્મણો તથા મહર્ષિઓથી ભરાયલી તે સભા, દેવોથી સ્વર્ગ શોભે તેવી શોભવા લાગી. [૨૦,૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયપર્વવિષે નિમંત્રિત રાજાગમન નામનો અધ્યાય ૩૪ મો સમાપ્ત.

અધ્યાય ૩૫ મો–યજ્ઞક્રિયા તથા કાર્યવ્યવસ્થા

॥ वैशंपायन उवाच ॥
पितामहं गुरुं चैव प्रत्युद्गम्य युधिष्ठिरः ॥
अभिवाद्य ततोराजन्निदं वचनमब्रवीत् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્! તે પછી યુધિષ્ઠિરે ભીષ્મ પિતામહ તથા દ્રોણ ગુરુની સામે જઈને પ્રણામ કર્યા. પછી ભીષ્મને, દ્રોણને, કૃપાચાર્યને, અશ્વત્થામાને, દુર્યોધનને તથા વિવિંશતિને આ પ્રમાણે વચન કહ્યું કેઃ– “ આપ સઘળા આ યજ્ઞમાં મારા ઉપર સર્વ રીતે અનુગ્રહ કરો. [૧,૨] આ મહાન ધન છે, અહીં જે

કંઈ મારૂં ધન છે તેનો પ્રાર્થના કરેલા એવા તમે યથેષ્ટ ઉપયોગ કરીને મને કલ્યાણ પ્રાપ્ત કરો."[3] આ પ્રમાણે તે સઘળાને કહ્યા પછી, દીક્ષાધારી યુધિષ્ઠિરે તેઓની યોગ્યતા પ્રમાણે અધિકારોના ઉપર નિમણુક કરી. [4] ભક્ષ્યભોજ્યના અધિકાર ઉપર દુઃશાસનની યોજના કરી, બ્રાહ્મણોનું સ્વાગત કરવા અશ્વત્થામાને કહ્યું,[5] રાજાઓના સામા સત્કારને માટે સંજયની યોજના કરી, મહાબુદ્ધિવાળા ભીષ્મ તથા દ્રોણની કરેલાં તથા ન કરેલાં કાર્યો જાણવા ઉપર યોજના કરી [6] અને સુંદર વર્ણવાળાં હિરણ્યની તથા રત્નોની પરીક્ષા કરવા અને દક્ષિણા આપવા ઉપર રાજાએ કૃપાચાર્યની નિમણુક કરી. [7] તેમજ બીજા પુરુષવ્યાઘ્રોની પણ જૂદાં જૂદાં કાર્યોપર યોજના કરી. વળી ત્યાં નકુલે સન્માનથી બોલાવી આણેલા એવા બાહ્લીક, ધૃતરાષ્ટ્ર, સોમદત્ત અને જયદ્રથ ધણીરણીની પેઠે રમણ કરતા હતા.[8] સર્વ ધર્મવેત્તા વિદુરજી ખર્ચખાતાના અધિકારી હતા, દુર્યોધન તમામ ભેટો લેવા ઉપર હતો [9] અને ભેટ આપનારા સર્વે લોકોથી વીંટાયલા શ્રીકૃષ્ણ પોતે ઉત્તમ ફલ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી બ્રાહ્મણોના પગ ધોવાના કામ ઉપર રહ્યા હતા. [10] ત્યાં સભાને અને ધર્મરાજ યુધિષ્ઠિરને જોવાની ઇચ્છાથી આવેલો કોઈ પણ હજારથી ઓછી ભેટ ધરતો ન હતો; [11] તેમજ રાજાઓ પુષ્કળ રત્નોથી ધર્મરાજાના ભંડારની વૃદ્ધિ કરતા હતા અને તેઓ 'મારાં આપેલાં રત્નોવડે યુધિષ્ઠિર કેવી રીતે યજ્ઞ પૂર્ણ કરે' એવી ઇચ્છાથી અન્યોન્યની સ્પર્ધા કરતા ધન આપતા હતા. વળી યજ્ઞ જોવા આવેલા દેવોનાં વિમાનો જેના ઉપર શોભેલાં હતાં એવાં સમૃદ્ધિયુક્ત તથા સૈન્યોથી વીંટાયલાં ભવનોવડે, ઇંદ્રાદિ લોકપાલોના વિમાનોવડે, બ્રાહ્મણોના નિવાસોવડે, વિમાનનાં જેવાં કરેલાં, દિવ્ય, વિચિત્ર રત્નોથી જડાવ તથા પરમ સમૃદ્ધિથી યુક્ત એવાં નિવાસમંદિરોવડે અને અત્યંત શોભા તથા સમૃદ્ધિયુક્ત એવા આવેલા રાજાઓવડે હે રાજન્! મહાત્મા કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાનું સભાસ્થાન દીપી નીકળ્યું હતું.[12-15] તે પછી સમૃદ્ધિવડે વરુણદેવની સ્પર્ધા કરતા યુધિષ્ઠિર રાજા છ અગ્નિ(આરંભણીય, ક્ષત્ર, ધૃતિ, વ્યુષ્ટિ, દ્વિરાત્ર તથા દશપેય)વાળા તેમજ પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞવડે યજન કરવા લાગ્યા.[16] તે યજ્ઞમાં સર્વે જનોને મોંઘા મનોરથોથી પણ તૃપ્ત કરવામાં આવતા હતા. એ મેળાવડો અન્નવાળો, બહુ ભક્ષ્ય પદાર્થોવાળો, ભોજન કરેલાં જનોથી ભરેલો અને રત્નોની ભેટોથી સંપન્ન થયો હતો. [17] મંત્રો તથા હસ્તની ક્રિયાઓ(વેદીરચનાદિ)માં કુશલ એવા મહર્ષિઓએ યજ્ઞ કરવા માંડયો ત્યારે તેમાં ઈડાકર્મ તથા ઘીની આહુતિઓવડે દેવો તૃપ્ત થવા લાગ્યા.[18] તે યજ્ઞમાં જેમ દેવો તૃપ્ત થયા હતા, તેમ દક્ષિણા, અન્ન તથા મહાન ધનવડે હર્ષયુક્ત થયેલા બ્રાહ્મણો તથા સર્વે વર્ણો પણ તૃપ્ત થયા હતા.

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત રાજસૂયપર્વવિષે યજ્ઞકરણ નામનો અધ્યાય ૩૫ મો સમાપ્ત.

રાજસૂયપર્વ સમાપ્ત.

अर्घाभिहरण पर्व

અધ્યાય ૩૬ મો–શ્રીકૃષ્ણનું અર્ઘ્યપૂજન

॥ वैशंपायन उवाच ॥

ततोऽभिषेचनीयेऽह्नि ब्राह्मणा राजभिः सह॥
अंतर्वेदीं प्रविविशुः सत्कारार्हा महर्षयः॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી અભિષેચન (રાજસૂયના અંગભૂત સોમયાગ)ને દિવસે, સત્કાર કરવા યોગ્ય મહર્ષિઓએ તથા બ્રાહ્મણોએ રાજાઓની સાથે અંતર્વેદી નામના સ્થાનમાં પ્રવેશ કર્યો. [1] મહાત્મા યુધિષ્ઠિરની અંતર્વેદીમાં

રાજર્ષિઓની સાથે બેઠેલા નારદ વગેરે ઋષિઓ બ્રહ્મભવનમાં એકઠા થયેલા દેવો અને દેવર્ષિઓ હોય તેના જેવા શોભતા હતા. મહાન પ્રતિભાવાળા તેઓ કર્મના મધ્યમાં જ્યારે વિરામ મળતો ત્યારે અનેક કથાઓ કરતા હતા. કેટલાએક 'આ આમજ છે' એમ કહીને સ્વપક્ષનું સ્થાપન કરતા હતા, ત્યારે કેટલાએક 'એ એ પ્રમાણે નથી' એમ કહીને પરપક્ષને દૂષણ આપતા હતા. 'આ આમજ હોય પણ તેથી બીજી રીતે હોય નહિ' એમ ઘણાએક વાદો કરતા હતા, ત્યારે કેટલાક બ્રાહ્મણો વિતંડાવાદ (જેમાં પોતાના તથા સામાના પક્ષનું સ્થાપન ન હોય તેવા વાદ) કરતા હતા.[૨,૪] કેટલાએક યુક્તિરહિત હોવાથી દુર્બલ થયેલા વિષયોને નાનાવિધ તર્કોથી પુષ્ટ કરતા હતા અને કેટલાએક યુક્તિના પ્રાબલ્યથી પુષ્ટ થએલા વિષયોને શાસ્ત્રનિશ્ચયથી દુર્બલ કરી નાખતા હતા. વળી તેમાં કેટલાએક બુદ્ધિમાનો, અનુમાનથી ભરેલા વિષયને, જેમ આકાશમાં રહેલાં માંસને શકરો બાજ તોડી પાડે તેમ, વાદ કરીને તોડી પાડતા હતા.[૨–૬] ત્યારે ત્યાં કેટલાએક ધર્માર્થમાં કુશલ મહાવ્રતવાળા તથા સર્વ ભાષ્યવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા બ્રાહ્મણો અનેક કથાઓ કરતા આનંદ કરતા હતા.[૭] જેમ વિશાલ આકાશ નક્ષત્રોથી શોભે, તેમ તે અંતર્વેદી વેદસંપન્ન એવા દેવો, દ્વિજો તથા મહર્ષિઓથી ભરપૂર થઈને શોભતી હતી.[૮] હે રાજન્! યુધિષ્ઠિરના સ્થાનમાં આવેલી તે અંતર્વેદીમાં અથવા તેની સમીપમાં તે વખતે કોઈ શૂદ્ર અથવા વ્રતવિનાનો નહોતો.[૯] બુદ્ધિમાન તથા લક્ષ્મીવાન એવા યુધિષ્ઠિરની તે લક્ષ્મીને તથા યજ્ઞક્રિયાને જોઈને નારદમુનિ સંતુષ્ટ થઈ ગયા;[૧૦] પરંતુ સર્વ ક્ષત્રિયોનો સમાગમ જોઈને હે રાજન્! નારદ મુનિ ચિંતા કરવા લાગ્યા[૧૧] તથા હે પુરુષશ્રેષ્ઠ! અંશાવતરણ વખતે બ્રહ્માની સભામાં જે પૂર્વે થયેલી કથા, તેને સ્મરણ કરવા લાગ્યા.[૧૨] વળી હે કુરુનંદન! તે દેવોનો સમાગમ છે, એમ જાણીને નારદમુનિ મનવડે કમલનયન હરિનું સ્મરણ કરવા લાગ્યા કે,[૧૩] દેવોના શત્રુઓને હણનારા તથા શત્રુપુરનો વિજય કરનારા એવા આ સાક્ષાત્ નારાયણ વિભુ પોતાની પ્રતિજ્ઞા પાળવાને માટે અહીં ક્ષત્રિયોમાં ઉત્પન્ન થયેલા છે, જે ભૂતકર્તાએ પોતે દેવોને કહ્યું હતું કે 'તમે અન્યોન્યનો નાશ કરીને પાછા પોતાના લોકોને પ્રાપ્ત થશો'[૧૪,૧૫] આ પ્રમાણે સર્વે દેવોને આજ્ઞા આપીને પછી કલ્યાણકારી, જગત્પાલક, ભગવાન નારાયણ યદુને ઘેર ઉત્પન્ન થયા છે.[૧૬] તે પૃથ્વીમાં વંશધારીમાં મુખ્ય એવા અંધક તથા વૃષ્ણિના વંશમાં, નક્ષત્રોમાં જેમ ચંદ્ર શોભે તેમ પરમ ઐશ્વર્યવડે શોભી રહ્યા છે.[૧૭] જેમના બાહુબલનો સર્વે ઇંદ્રાદિક દેવો આશ્રય લે છે, તે શત્રુમર્દન હરિ આજે મનુષ્યની પેઠે વર્તે છે; પરંતુ સ્વયંભૂ એવા શ્રીહરિ પોતે આ અતિશય વૃદ્ધિ પામેલા આવા બલસંપન્ન ક્ષત્રિયોનો પુનઃસંહાર કરશે, એ ખેદની વાત છે.[૧૯] આ પ્રમાણે ધર્મરાજાના યજ્ઞવડે યજન કરાતા શ્રીકૃષ્ણને, નારાયણ શ્રીહરિ છે એમ જાણીને, ધર્મવેત્તા નારદમુનિ મનમાં સચિંત ચિંતન કરતા હતા;[૨૦] તથા ધર્મવેત્તામાં શ્રેષ્ઠ એવા મહાબુદ્ધિવાળા નારદજી, ધીમાન ધર્મરાજાના તે મહાયજ્ઞમાં બહુ માનથી બેઠા હતા.[૨૧] હે ભારતરાજ! તે પછી ધર્મરાજા યુધિષ્ઠિરની પ્રત્યે ભીષ્મ પિતામહે કહ્યું કેઃ–" આ રાજાઓની યથાયોગ્ય પૂજા કરો.[૨૨] હે યુધિષ્ઠિર! શાસ્ત્રમાં આચાર્યને, ઋત્વિજને, સંબંધીને, સ્નાતકને, મિત્રને તથા રાજાને, આ છને અર્ઘ પૂજા કરવા યોગ્ય કહેલા છે.[૨૩] એ અર્ઘ પૂજા માટે યોગ્ય પુરુષો, એકવર્ષ પછી પાછા આવે તો તેઓની પુનઃ પૂજા કરવી એમ શાસ્ત્રમાં કહેલું છે; ત્યારે આ બધા તો ઘણે લાંબે સમયે આપણે ત્યાં આવેલા છે,[૨૪] માટે એમાંના એકે એકને અર્ઘ આપો. તેમાં પણ જે શ્રેષ્ઠ તથા સમર્થ હોય તેને પ્રથમ અર્ઘ આપો."[૨૫]

યુધિષ્ઠિર પૂછે છેઃ–" હે કુરુનંદન! હે પિતામહ! આપ, કોને એકને પ્રથમ અર્ઘ આપવો યોગ્ય ગણો છો? તે મને કહો."[૨૬]

વૈશંપાયન કહે છેઃ–આવું પૂછ્યા પછી વીર્યવાન એવા શાંતનુપુત્ર ભીષ્મ બુદ્ધિવડે નિ-

શ્ચય કરીને આ પૃથ્વીમાં વૃષ્ણિનંદન શ્રીકૃષ્ણને પૂજ્યોમાં મુખ્ય માનતા કહેવા લાગ્યા:-[૨૭] “ આ શ્રીકૃષ્ણ આ બધાઓની વચ્ચે પોતાનાં તેજ, બલ તથા પરાક્રમવડે તેજસ્વીઓમાં સૂર્યની પેઠે ઝળહળિત થઇને પ્રકાશે છે.[૨૮] જેમ સૂર્યવિનાનું સ્થાન સૂર્યવડે પ્રકાશિત થાય છે તથા જેમ વાયુવિનાનું સ્થાન વાયુવડે આહ્લાદિત થાય છે, તેમ શ્રીકૃષ્ણે આપણું આ સભાસ્થાન પ્રકાશિત તથા આહ્લાદિત કરેલું છે.”[૨૯]

તે પછી ભીષ્મની આજ્ઞાવડે પ્રતાપી સહદેવે વૃષ્ણિનંદન શ્રીકૃષ્ણને વિધિપૂર્વક ઉત્તમ અર્ઘ આપ્યો;[૩૦] અને શ્રીકૃષ્ણે શાસ્ત્રમાં જણાવેલા વિધિપ્રમાણે તે અર્ઘને ગ્રહણ કર્યો; પરંતુ તે વખતે શિશુપાલ, વાસુદેવની તે પૂજાને સહન કરી શકયો નહિ[૩૧] અને તે મહાબલવાન ચેદિરાજ, સભામાં ભીષ્મને તથા ધર્મરાજને ઠપકો આપીને શ્રીકૃષ્ણનો આક્ષેપ કરવા લાગ્યો.[૩૨]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અર્ઘાભિહરણપર્વવિષે કૃષ્ણાર્ઘદાન નામનો અધ્યાય ૩૬ મો સમાપ્ત.

અધ્યાય ૩૭ મો-શિશુપાલનો ક્રોધ

॥ शिशुपाल उवाच ॥

नायमर्हति वार्ष्णेयस्तिष्ठत्स्विह महात्मसु ॥
महीपतिषु कौरव्य राजवत्पार्थिवार्हणम् ॥१॥

શિશુપાલ બોલ્યો:-“ હે કુરુવંશોત્પન્ન રાજા ! આ સભામાં મહાત્મા રાજાઓ બેઠેલા છે ત્યાં આ વૃષ્ણિપુત્ર, રાજાની પેઠે રાજપૂજનને માટે યોગ્ય નથી.[૧] હે પાંડવ ! જે તેં પોતાની ઇચ્છાથી કૃષ્ણની પૂજા કરી એ આચરણ મહાત્મા પાંડવોમાં યોગ્ય ગણાય નહિ.[૨] હે પાંડવો ! ધર્મ સૂક્ષ્મ છે, તેને તમે બાલકો જાણી શકો નહિ; અને આ અલ્પ દૃષ્ટિવાળા ભીષ્મની પણ હવે સ્મરણશક્તિ જતી રહી છે.[૩] તારા જેવો અધર્મયુક્ત કૃષ્ણને સારૂં લગાડવા કાર્ય કરે પણ તેથી લોકોને વિષે સજ્જનોમાં ભીષ્મ અધિક અપમાનપાત્ર થાય છે.[૪] તમોએ જેવી રીતે કૃષ્ણની પૂજા કરી છે, તેવી પૂજાને માટે રાજાઓની વચ્ચે રાજા નહિ એવો દશાર્હવંશોત્પન્ન કૃષ્ણ શી રીતે યોગ્ય ગણાય ?[૫] અથવા હે કુરુશ્રેષ્ઠ ! તમે કૃષ્ણને વૃદ્ધ માનતા હો તો તેના પિતા વસુદેવ પોતે તેનાથી વૃદ્ધ છે તેના બેઠાં તેનો પુત્ર શી રીતે પૂજાને યોગ્ય ગણાય ?[૬] અથવા વાસુદેવ-કૃષ્ણ, પ્રિય કરવાની ઇચ્છાવાળો તથા અનુસરનારો છે, એમ તમે માનતા હો તો તેવા દ્રુપદના બેઠા છતાં એ માધવ કેવી રીતે પૂજનમાટે યોગ્ય ગણાય ?[૭] અથવા હે કુરુનંદન ! કૃષ્ણને તમે આચાર્ય માનતા હો તો દ્રોણાચાર્ય બેઠા છતાં શામાટે તમે કૃષ્ણની પૂજા કરી ?[૮] અથવા હે કુરુનંદન ! તમે કૃષ્ણને ઋત્વિજ માનીને પૂજ્યા હોય તો વૃદ્ધ દ્વૈપાયન વ્યાસ બેઠા છતાં શા માટે તમે કૃષ્ણની પૂજા કરી ?[૯] વળી હે રાજન ! સ્વચ્છંદ મૃત્યુવાળા, પુરુષોમાં શ્રેષ્ઠ એવા શાંતનુના પુત્ર ભીષ્મ બેઠા છે તે છતાં તમે શામાટે કૃષ્ણની પૂજા કરી ? વળી હે કુરુનંદનરાજા ! સર્વ શાસ્ત્રમાં કુશલ એવા વીર અશ્વત્થામા બેઠા છે છતાં તમે શામાટે કૃષ્ણની પૂજા કરી ?[૧૦,૧૧] વળી પુરુષોમાં અતિશ્રેષ્ઠ એવો રાજેંદ્ર દુર્યોધન બેઠો છે તથા ભરતવંશીઓના આચાર્ય કૃપ બેઠા છતાં તમે કેમ કૃષ્ણની પૂજા કરી ?[૧૨] વળી કિંપુરુષોનો આચાર્ય દ્રુમ તથા પાંડુના જેવા વિજયલક્ષણવાળા, બીજાથી પરાભવ ન પામે તેવા ભીષ્મક, એ બન્નેનું અતિક્રમણ કરીને તમે કૃષ્ણની પૂજા કેમ કરી ?[૧૩] વળી રુકિમણીનો મોટો ભાઇ રુકિમ, એકલવ્ય તથા મદ્રાધિપ શલ્યને ત્યજીને તમે કેમ કૃષ્ણની પૂજા કરી ?[૧૪] વળી હે ભારત ! આ સર્વ રાજાઓમાં બલવડે વખણાયલો, મહાબલવાળો, વિપ્ર પરશુરામનો વહાલો

શિષ્ય, કે જેણે પોતાના બલના આશ્રયથી યુદ્ધમાં રાજાઓને જીત્યા હતા તે કર્ણનું અતિક્રમણ કરીને તમે કૃષ્ણની શામાટે પૂજા કરી?[૧૫,૧૬] હે કુરુશ્રેષ્ઠ! મધુસૂદન-કૃષ્ણ ઋત્વિજ નથી, આચાર્ય નથી અને રાજા પણ નથી; તો પછી તેવાની પૂજા કરી તે સારૂં લગાડવા માટે નહિ તો બીજું શું કહેવાય?[૧૭] હે ભરતવંશી રાજા! જ્યારે તમારે આ મધુસૂદનનીજ સર્વ રીતે પૂજા કરવાની હતી, ત્યારે તમે અહીં રાજાઓને શામાટે અપમાન કરવા બોલાવ્યા?[૧૮] અમે બધા કંઈ આ મહાત્મા યુધિષ્ઠિરની બીકથી, લોભથી અથવા સાંત્વનથી કર આપતા નથી;[૧૯] પરંતુ એ ધર્મમાં પ્રવર્તેલા છે અન ચક્રવર્તીપણું પ્રાપ્ત કરવા ઇચ્છે છે, એમ જાણીને અમે એને કરો આપીએ છીએ. તેમ છતાં તે અમને માન આપતા નથી?[૨૦] જેને છત્રચામરાદિક રાજચિહ્નો મળ્યાં નથી એવા આ કૃષ્ણનું રાજાઓની સભામાં તમે અર્ઘવડે પૂજન કર્યું, એ અપમાન નહિ તો બીજું શું કહેવાય?[૨૧] ધર્મના પુત્ર 'યુધિષ્ઠિર ધર્માત્મા છે,' એવો યશ તો અકસ્માતજ ફેલાઈ ગયો છે! નહિ તો કયો ધર્માત્મા, આવા ધર્મથી ભ્રષ્ટ થયેલાની અર્ઘપૂજા કરે?[૨૨] આ વૃષ્ણિકુલમાં ઉત્પન્ન થયેલા દુરાત્માએ પૂર્વે કંસરાજાને તથા મહાત્મા જરાસંધને અન્યાયથી હણ્યા હતા.[૨૩] આજે યુધિષ્ઠિરનું ધર્માત્માપણું દૂર થયું છે અને કૃષ્ણને અર્ઘનિવેદન કરવાથી તેણે પોતાનું દીનપણું દર્શાવ્યું છે,[૨૪] કદાચિત્ દીન તથા તપસ્વી એવા કુંતીના પુત્રો બ્હી ગયા હોય અને તેથી તેમણે તારી પૂજા કરી હોય, પણ ઓ માધવ! તારે તો જાણવું હતું કે, આ પૂજાને માટે હું પાત્ર છું કે નહિ?[૨૫] અથવા ઓ જનાર્દન! એ કંગાલોએ કરવા માંડેલી પૂજાને માટે અયોગ્ય એવા તેં શામાટે તે પૂજાને સંમત થઇને સ્વીકારી?[૨૬] જેમ નિર્જન સ્થાનમાં હવિષ વિભાગને પ્રાપ્ત થઇને તેને ખાતો કૂતરો પોતાને ભાગ્યશાલી માને છે, તેમ તું પણ પોતાને માટે અયોગ્ય એવી પૂજાને પ્રાપ્ત થઇને તેને પાછો બહુ માન આપે છે.[૨૭] ઓ જનાર્દન! આ કંઈ કૌરવોએ, રાજેંદ્રોનું અપમાન કર્યું નથી, પણ ખરી રીતે એઓ તારૂંજ અપમાન કરે છે. જેમ નપુંસકને પરણાવવો અને આંધળાને રૂપ દેખાડવું અયોગ્ય છે, તેમ ઓ મધુસૂદન! તું રાજા નહિ છતાં તારી રાજાની પેઠે પૂજા કરી તે તેવીજ છે.[૨૮,૨૯] થયું, યુધિષ્ઠિર રાજા કેવા છે તે જોઇ લીધું, ભીષ્મ પણ કેવા છે તે જોયા અને આ વસુદેવના પુત્ર કૃષ્ણને પણ જોઈ લીધો. એ સર્વ મંડલ ઠીક ઠીકજ છે."[૩૦]

આ પ્રમાણે તે બધાને કહીને શિશુપાલ ઉંચા આસન ઉપરથી ઉઠયો અને તે વખતે રાજાઓની સાથે તે સભામાંથી ચાલી નીકળ્યો.[૩૧]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અર્ઘાભિહરણપર્વ વિષે શિશુપાલક્રોધ નામનો અધ્યાય ૩૭ મો સમાપ્ત.

અધ્યાય ૩૮ મો-ભીષ્મનાં વાક્યો

॥ वैशंपायन उवाच ॥

ततो युधिष्ठिरो राजा शिशुपालमुपाद्रवत् ॥
उवाच चैनं मधुरं सांत्वपूर्वमिदं वचः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-શિશુપાલને જતો જોઇને યુધિષ્ઠિર રાજા તેના તરફ દોડયા અને સાંત્વન કરતા તેને આ પ્રમાણે મધુર વચન કહેવા લાગ્યાઃ-[૧] "હે મહીપાલ! તેં જેવાં વચનો કહ્યાં તેવાં વચન યોગ્ય ગણાય નહિ. હે રાજન્! એથી તો ઉલટો મહાન અધર્મ થયો છે અને નિરર્થક કઠોરતા પ્રકટ થઈ છે.[૨] શાંતનુના પુત્ર ભીષ્મરાજા, પરમ ધર્મને જાણતા નથી એમ ઘટેજ નહિ; માટે તું ઉલટું માનીને એમનું અપમાન કરીશ નહિ.[૩] જો, આ તારાથી ઘણા વૃદ્ધ રાજાઓ પણ

બધા શ્રીકૃષ્ણની પૂજાને યોગ્ય ગણે છે, માટે તારે પણ તેઓની પેઠે તે પૂજાને યોગ્યજ ગણવી જોઇએ.[૪] હે ચેદિપતિ! ભીષ્મ શ્રીકૃષ્ણને સારી પેઠે તત્ત્વથી જાણે છે. એ કૃષ્ણને કુરુકુલોત્પન્ન ભીષ્મ જેવી રીતે જાણે છે, તેવી રીતે તું એને જાણતો નથી.”[૫]

ભીષ્મ બોલ્યાઃ–“ એને સમજાવવાની કંઇ જરૂર નથી, એ સાંત્વનને લાયક નથી; કારણ કે એ, લોકમાં પરમ વૃદ્ધ (શ્રેષ્ઠ) એવા શ્રીકૃષ્ણની પૂજાને યોગ્ય ગણતો નથી.[૬] યુદ્ધ કરવામાં શ્રેષ્ઠ એવો ક્ષત્રિય યુદ્ધમાં જે ક્ષત્રિયને જીતીને તેને તાબે કરીને પછી છોડી મૂકે છે, તેવા ક્ષત્રિયનો છોડનારો ગુરુ ગણાય છે.[૭] હું તો આ રાજાઓની સભામાં દેવકીપુત્રના તેજવડે યુદ્ધમાં ન જીતાયલા એવા એક પણ રાજાને જોતો નથી.[૮] આ અચ્યુત, કેવલ અમારેજ પૂજ્યતમ છે એમ નથી, પણ એ મહાભુજવાળા કૃષ્ણ તો ત્રણ લોકે પણ પૂજવા યોગ્ય છે.[૯] શ્રીકૃષ્ણે યુદ્ધમાં ઘણા ઘણા ક્ષત્રિયોને હરાવ્યા છે તથા સઘળું જગત એ વૃષ્ણિનંદનને વિષે સંપૂર્ણતાથી રહેલું છે;[૧૦] અને તેથીજ અમે બીજા વૃદ્ધો છે તેમ છતાં શ્રીકૃષ્ણનીજ પૂજા કરીએ છીએ, બીજાની નહિ. તારે એ પ્રમાણે બોલવું ન જોઇએ અને તારી બુદ્ધિ એવી ન થાઓ.[૧૧] હે રાજન્ ! મેં ઘણા જ્ઞાનવૃદ્ધોની સેવા કરી છે. એકઠા થઈને કથન કરતા તે જ્ઞાનીઓથી, ગુણવાન એવા શ્રીકૃષ્ણના સજ્જનોએ બહુ માન આપવા જેવા ઘણા ગુણો મેં સાંભળ્યા છે; તેમજ આ બુદ્ધિમાન કૃષ્ણનાં જન્મથી આરંભીને કરેલાં જે અનેક કર્મો તે પણ મનુષ્યોથી કથન કરાતાં મેં વારંવાર સાંભળ્યાં છે. ઓ ચેદિરાજ! અમે માત્ર અમારી ઇચ્છાથીજ અથવા સંબંધ ગણીને કે એમના કરેલા ઉપકાર જાણીને જનાર્દનની પૂજા કરતા નથી; પરંતુ સજ્જનોએ પૂજન કરેલા અને ભૂમિમાં પ્રાણીઓને સુખ આપનારા એવા એ કૃષ્ણનો યશ, શૌર્ય તથા વિજયને જાણીને અમે એમની પૂજા કરીએ છીએ. આ સભામાં અમે જેની પરીક્ષા ન કરી હોય તેવો કોઇ નાનો બાલક પણ નથી;[૧૨–૧૬] પરંતુ અમે પોતાના ગુણોવડે વૃદ્ધોને અતિક્રમણ કરીને રહેલા એવા એ હરિનેજ પૂજ્યતમ માન્યા છે. બ્રાહ્મણોમાં જ્ઞાનવૃદ્ધ પૂજ્ય ગણાય છે, ક્ષત્રિયોમાં અધિક બલવાળો પૂજ્ય ગણાય છે, વૈશ્યોમાં ધનધાન્યવાળો પૂજ્ય ગણાય છે અને જન્મથી મોટો તો શૂદ્રોમાંજ પૂજ્ય ગણાય છે. વળી ગોવિંદને પૂજ્ય ગણવામાં બે કારણ છે.[૧૭,૧૮] એક વેદ તથા વેદાંગોનું જ્ઞાન અને બીજું સર્વથી અધિક બલ. આથી મનુષ્યોમાં શ્રીકૃષ્ણવિના બીજો કયો પુરુષ શ્રેષ્ઠ છે ?[૧૯] દાન, દક્ષતા, શાસ્ત્ર, શૌર્ય, લજ્જા, કીર્તિ, ઉત્તમ બુદ્ધિ, નમ્રતા, લક્ષ્મી, ધૈર્ય, સંતોષ અને પુષ્ટિ, આ સર્વ શ્રીકૃષ્ણમાં નિત્ય રહેલાં છે;[૨૦] માટે આ જ્ઞાનસંપન્ન, આચાર્ય, પિતા, ગુરુ, અર્ઘને પાત્ર અને અર્ચન કરવા યોગ્ય એવા શ્રીકૃષ્ણનું અમે અર્ચન કર્યું છે, તેને માટે સર્વેએ ક્ષમા રાખવી યોગ્ય છે.[૨૧] વળી ઇંદ્રિયોના આધપતિ એવા શ્રીકૃષ્ણ ઋત્વિજ, ગુરુ, વિવાહ કરવા યોગ્ય વર, સ્નાતક, નૃપતિ તથા પ્રિય, આ સર્વરૂપ છે; માટે અમે અચ્યુતની પૂજા કરી છે.[૨૨] અવિનાશી એવા કૃષ્ણજ સર્વ લોકની ઉત્પત્તિના કારણ છે; અને આ ઉત્પન્ન થયેલું સચરાચર વિશ્વ શ્રીકૃષ્ણને માટેજ છે.[૨૩] એ શ્રીકૃષ્ણ અવ્યક્ત પ્રકૃતિરૂપ છે, એજ સનાતન કર્તા છે તથા સર્વ ભૂતોથી પર છે, માટેજ એ અચ્યુત મુખ્ય પૂજ્ય ગણાય છે. વળી બુદ્ધિ, મન, મહત્તત્ત્વ, વાયુ, તેજ, જલ, આકાશ, પૃથ્વી તથા સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ, આ ચતુર્વિધ પ્રાણીઓ, એ સર્વ શ્રીકૃષ્ણમાં રહેલું છે.[૨૪,૨૫] વળી આદિત્ય, ચંદ્રમા, નક્ષત્રો, ગ્રહો, દિશાઓ અને વિદિશાઓ, આ સર્વ શ્રીકૃષ્ણમાં રહેલું છે.[૨૬] જેમ વેદોમાં મુખ્ય અગ્નિહોત્ર, છંદોમાં મુખ્ય ગાયત્રી, મનુષ્યોમાં મુખ્ય રાજા, નદીઓમાં મુખ્ય સમુદ્ર, નક્ષત્રોમાં મુખ્ય ચંદ્રમા, તેજોમાં મુખ્ય આદિત્ય, પર્વતોમાં મુખ્ય મેરુ અને પક્ષીઓમાં મુખ્ય ગરુડ છે; તેમ ઉપર, હેઠળ, આડી, અવળી જગતની જેટલી ગતિઓ નિર્મેલી છે, તે દેવાદિ

લોકોમાં ભગવાન કેશવજ મુખ્ય છે.[૨૭–૨૯] આ શિશુપાલ તો મૂઢ છે, એટલે એ શ્રીકૃષ્ણનાં સ્વરૂપને જાણતો નથી અને તેથીજ સર્વ સ્થાનમાં તથા સર્વ સમયમાં આવું બોલ્યા કરે છે.[૩૦] જે બુદ્ધિમાન મનુષ્ય ઉત્કૃષ્ટ ધર્મની ખોળ કરે છે, તે જેવું ધર્મનું યથાર્થ સ્વરૂપ જોઇ શકે છે તેવું ધર્મસ્વરૂપ આ ચેદિરાજ જાણી શકતો નથી?[૩૧] વૃદ્ધ તથા બાલકોની સાથે મહાત્મા રાજાઓમાં શ્રીકૃષ્ણને કોણ પૂજ્ય માનતો નથી? અને કોણ એની પૂજા કરતો નથી.[૩૨] છતાં જો શિશુપાલ આ પૂજાને અયોગ્ય કરેલી માનતો હોય તો તે અયોગ્ય પૂજાના બદલામાં એને જેમ યોગ્ય લાગે તેમ ભલે કરે."[૩૩]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અર્ઘાભિહરણપર્વમાં ભીષ્મવાક્ય નામનો અધ્યાય ૩૮ મો સમાપ્ત.

અધ્યાય ૩૯ મો–અર્ઘાભિહરણની સમાપ્તિ

॥ वैशंपायन उवाच ॥

एवमुक्त्वा ततो भीष्मो विरराम महाबलः ॥
व्याजहारोत्तरं तत्र सहदेवोऽर्थवद्वचः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને પછી મહાબલવાન ભીષ્મ વિરામ પામ્યા. તે પછી ત્યાં સહદેવ અર્થયુક્ત વચન કહેવા લાગ્યોઃ–[૧] "હે નૃપો! કેશિદૈત્યને હણનારા કેશવ, અમાપ પરાક્રમવાળા એવા શ્રીકૃષ્ણની મેં પૂજા કરી, તેને તમારામાંથી જે સહન કરી શકતો ન હોય, તેવા સર્વ બલવાનોના માથા ઉપર મેં આ મારો પગ મૂક્યો છે, અર્થાત્ તેઓની સાથે હું યુદ્ધ કરવા તૈયાર છું; મેં આ પ્રમાણે કહ્યું છે તેનો જે ઉત્તર આપે,[૨,૩] તે મારે અવશ્ય વધ કરવા યોગ્ય ગણાશે એમાં સંશય નથી. અહીં જે કોઇ બુદ્ધિમાન રાજાઓ, આચાર્ય, પિતા, ગુરુ તથા અર્ઘ આપવા યોગ્ય એવા શ્રીકૃષ્ણ અર્ચન કરવા યોગ્ય છે અને તેમનું અર્ચન યોગ્ય છે, એમ માનતા હોય તેઓ આમાં સંમત થશે." આ પ્રમાણે સહદેવે કહ્યું; પરંતુ એ બુદ્ધિમાન તથા સજ્જન એવા રાજાઓમાંથી કોઇ પણ બોલ્યો નહિ.[૪,૫] જ્યારે બલવાન તથા માની રાજાઓના મધ્યમાં સહદેવે પોતનો પગ દેખાડયો, તે વખતે સહદેવના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ પડી[૬] તથા 'યોગ્ય છે' 'યોગ્ય છે' એવી આકાશવાણી થઈ. તે પછી કૃષ્ણ મૃગચર્મને ધારણ કરનારા, ભૂતભવિષ્યને કહેનારા, સર્વ સંશયને નિવૃત્ત કરનારા તથા સર્વ લોકને જાણનારા એવા નારદજી, સર્વ પ્રાણીઓની વચ્ચે અત્યંત સ્પષ્ટ વાણીથી કહેવા લાગ્યા કે, "કમલપત્રના જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણની, જે મનુષ્યો પૂજા કરશે નહિ, તેઓને જીવતા મુવેલાજ જાણવા તથા તેઓની સાથે કદાપિ ભાષણ પણ કરવું નહિ."[૭–૯]

વૈશંપાયન કહે છેઃ–તે પછી મનુષ્યોમાં દેવ જેવા તથા બ્રાહ્મણો અને ક્ષત્રિયોની વિશેષતા જાણનારા એવા સહદેવે, પૂજા કરવા યોગ્ય જેઓ હતા તેઓની પૂજા કરીને પછી તે કર્મની સમાપ્તિ કરી.[૧૦] આ રીતે શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા કરવાથી, શત્રુને નાશ પમાડનારો શિશુપાલ લાલચોળ આંખો કરીને કોપવડે રાજાઓને કહેવા લાગ્યો કેઃ–[૧૧] "હું સેનાપતિ તરિકે ઉભો છું, હવે હમણાં તમે શું કરવા ધારો છો? ચાલો આપણે બધા સજ્જ થઇને એકઠા મળેલા યાદવો તથા પાંડવોની સામે યુદ્ધ કરવા ઉભા રહીએ."[૧૨] આ પ્રમાણે સર્વ રાજાઓને ઉશ્કેરીને તે ચેદિરાજ શિશુપાલ, યજ્ઞના વિનાશને માટે રાજાઓની સાથે વિચાર કરવા લાગ્યો.[૧૩] ત્યાં બોલાવેલા સર્વે શિશુપાલને મુખ્ય માનનારા રાજાઓ ગયા અને તેઓ ક્રોધયુક્ત તથા વિવર્ણ મુખના જણાવા લાગ્યા.[૧૪] તે વખતે તે સર્વે, યુધિષ્ઠિરનો અભિષેક અને શ્રીકૃષ્ણની પૂજા જે રીતે ન થાય તે રીતે આપણે કરવું, એમ બોલવા લાગ્યા.[૧૫] તે ક્રોધમૂર્ચ્છિત સર્વે રાજાઓ, છેવટે નિશ્ચિત

ઠરાવથી, પોતાનાં અપમાનથી દેહાદિક ઉપર આવેલા વૈરાગ્યને લીધે તથા પોતે બલવાન છે એવા નિશ્ચયને લીધે ઉપર પ્રમાણે બોલ્યા હતા. આ વખતે સંબંધીઓએ વારવા માંડેલા તે રાજાઓનાં શરીર માંસથી દૂર કરાતા ગર્જના કરતા સિંહના જેવાં શોભવા લાગ્યાં;[૧૬,૧૭] અને તે વખતે શ્રીકૃષ્ણે જાણી લીધું કે, તે છેડાવિનાનો, અખૂટ સેનાસમૂહવાળો રાજારૂપી સાગર, યુદ્ધને માટે સંકેત કરે છે.[૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અર્ઘાભિહરણ પર્વવિષે અર્ઘાભિહરણસમાપ્તિ નામનો અધ્યાય ૩૯ મો સમાપ્ત.

અર્ઘાભિહરણપર્વ સમાપ્ત.*

શિશુપાલવધ પર્વ

અધ્યાય ૪૦ મો-ભીષ્મે યુધિષ્ઠિર રાજાનું આશ્વાસન કર્યું.

॥ वैशंपायन उवाच ॥

ततः सागरसंकाशं दृष्ट्वा नृपतिमंडलम् ॥
संवर्तवाताभिहतं भीमं क्षुब्धमिवार्णवम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી પ્રલયકાલના વાયુવડે હણાયલો ભયંકર સાગર જેમ ખળભળી ઉઠે તેમ સમુદ્રના જેવા ક્રોધવડે ખળભળી ઉઠેલા સર્વ રાજમંડલને જોઇને, જેમ શત્રુને હણનારા, મહાન તેજવાળા ઇંદ્ર બૃહસ્પતિને પૂછે, તેમ યુધિષ્ઠિર રાજા, બુદ્ધિમાનોમાં મુખ્ય વૃદ્ધ તથા કુરુઓના પિતામહ એવા ભીષ્મને આ પ્રમાણે પૂછવા લાગ્યાઃ-"હે પિતામહ! આ રાજાઓનો મહાન સાગર ક્રોધવડે ખળભળી ઉઠયો છે, હવે અહીં જે કરવા જેવું હોય તે મને કહો.[૧-૩] હે પિતામહ! જે રીતે યજ્ઞમાં વિઘ્ન ન થાય અને જે રીતે સર્વત્ર પ્રજાનું હિત થાય તે સઘળું મને આજે તમે કહો."[૪]

આ પ્રમાણે ધર્મવેત્તા એવા ધર્મરાજા યુધિષ્ઠિરે પૂછયું, ત્યારે કુરુપિતામહ ભીષ્મે નીચે પ્રમાણે કહ્યુંઃ-[૫]"હે કુરુશાર્દૂલ! તું ભય પામીશ નહિ; શું કૂતરો સિંહને મારી શકે છે? આને માટે તો મેં પ્રથમથીજ સુનીતિપૂર્વક કલ્યાણમાર્ગ (શ્રીકૃષ્ણનો આશ્રય) સ્વીકાર્યો છે.[૬] જેમ સિંહ સૂતો હોય તે વખતે બધા કૂતરાઓ ત્યાં એકઠા થઇને ભસે છે, તેમ હે તાત આ સર્વે રાજારૂપી કૂતરાઓ, વૃષ્ણિઓમાં સિંહ જેવા શ્રીકૃષ્ણરૂપી સિંહ સૂતેલા-શાંત રહેલા છે, તેમની આગળ ઉભા રહીને ક્રોધ કરી ભસે છે.[૭,૮] જ્યાંસુધી સૂતેલા સિંહની પેઠે શ્રીકૃષ્ણ જાગૃત થશે નહિ ત્યાંસુધી આ રાજાઓને નરોમાં સિંહ જેવો શિશુપાલ સિંહ જેવા બનાવે છે.[૯] હે તાત! રાજાઓમાં મુખ્ય એવો ભાનવિનાનો શિશુપાલ, આ બધા રાજાઓને સર્વથા યમલોકમાં લઇ જવાની ઇચ્છાથી તેમ કરે છે.[૧૦] હે ભારતરાજ! ખરેખર, જે આ શિશુપાલમાં તેજ રહેલું છે તેને પાછું ખેંચી લેવા શ્રીકૃષ્ણ ઇચ્છા કરે છે.[૧૧] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ! તમારૂં કલ્યાણ થાઓ. હે કુંતીપુત્ર! આ ચેદિરાજની તથા સર્વે રાજાઓની બુદ્ધિ ડૂબી ગઇ છે.[૧૨] આ પુરુષોમાં વ્યાઘ્ર જેવા શ્રીકૃષ્ણ જ્યારે જેને જેને ખેંચી લેવા ઇચ્છે છે, ત્યારે તેની તેની બુદ્ધિ આ શિશુપાલની પેઠે નાશ પામે છે.[૧૩] હે યુધિષ્ઠિર! ત્રણ લોકમાં રહેલાં સ્વેદજ વગેરે ચાર પ્રકારનાં સર્વે પ્રાણીઓની ઉત્પત્તિ તથા

* तत्रैवार्घाभिहरणे त्रिणुर्देवनरर्षिषु । आदौ पूज्योऽथतद्वेष्टा सद्यो नश्येदितीरितम् ॥ દેવતાઓ, ઋષિઓ અને મનુષ્યોમાં શ્રી વિષ્ણુની પ્રથમ પૂજા કરવી, એ તથા તેમનો દ્વેષ કરનારો તત્કાલ નાશ પામે છે, એ વ્યાસમુનિએ અર્ઘાભિહરણ પર્વમાં કહ્યું છે.

વિનાશના કારણરૂપ આ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણજ છે.”

વૈશંપાયન કહે છેઃ-હે ભરતકુલોત્પન્ન રાજા આવાં તેમનાં વચન સાંભળીને ચેદીદેશનો રાજા શિશુપાલ, ભીષ્મને કઠોર અક્ષરવાળી વાણી સંભળાવવા લાગ્યો.[૧૫]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત શિશુપાલવધપર્વવિષે યુધિષ્ઠિરનું આશ્વાસન નામનો અધ્યાય ૪૦ મો સમાપ્ત.

અધ્યાય ૪૧ મો-શિશુપાલનાં વાકયો

॥ शिशुपाल उवाच ॥

विभीषिकाभिबह्वीभिर्भीषयन्सर्वपार्थिवान् ॥
न व्यपत्रपसे कस्माद्वृद्धःसन् कुलपांसनः ॥१॥

શિશુપાલ બોલ્યોઃ-“ઓ ભીષ્મ! કુલને કલંક લગાડનારો તું વૃદ્ધ થઈને સર્વે રાજાઓને અનેક ડરામણાંથી ડરાવે છે તેથી તને કેમ લાજ આવતી નથી?* તું સઘળા કુરુવંશોમાં મુખ્ય છે અને નપુંસકપણાથી વર્તે છે, એટલે આવાં ધર્મથી રહિત અર્થવાળાં વચન બોલવાં, એ તારે માટે યોગ્યજ છે.[૨] હે ભીષ્મ! જેવી રીતે એક નાવને બાંધેલી બીજી નાવ તથા એક આંધળાની સાથે જોડાયલો બીજો આંધળો તેની પાછળ પાછળ જાય છે, તેવી રીતે જેઓનો તું અગ્રણી છે એવા કૌરવ્યો પણ તને અનુસરે છે.[૩] આ કૃષ્ણનાં પૂતનાવધ વગેરે કર્મોને વિશેષવડે કીર્તન કરતાં તો તેં અમારા મનમાં બહુ વ્યથા ઉત્પન્ન કરી છે.[૩] ઓ ભીષ્મ! ગર્વિષ્ઠ તથા મૂર્ખ કેશવની સ્તુતિ કરવા ઇચ્છતો એવો જે તું, તે તારી જીહ્વાના સેંકડો ચીરા કેમ થઇ જતા નથી?[૫] ઓ ભીષ્મ! જેની અત્યંત મૂર્ખ લોકોએ પણ નિંદા કરવી યોગ્ય છે, તેવા આ ગોવાળીઆની તું જ્ઞાનવૃદ્ધ થઈને શામાટે સ્તુતિ કરવા ઇચ્છે છે?[૬] ઓ ભીષ્મ! આ કૃષ્ણે બાલ્યવયમાં પૂતનાને મારી તેમાં શું આશ્ચર્ય છે? તથા પેલા ઘોડાને અને આખલાને મારી નાખ્યા તેમાં પણ આશ્ચર્ય જેવું શું છે? કારણ કે તે બન્ને યુદ્ધથી અજાણ હતા.[૭]

* આ શિશુપાલનાં પ્રત્યેક નિંદક વાકયોને. અર્થ સ્તુતિરૂપે પણ થાય છે અને તેવો ભગવન્નિંદાવાકયોનો સ્તુતિરૂપ અર્થ શ્રીમદ્ ભાગવતમાં જેમ શ્રીધરસ્વામીએ ટીકામાં આપેલો છે, તેમજ ભારતમાં પણ વિદ્વદ્વર પં૦ નીલકંઠે ભગવાન્ અથવા ભગવદ્ભકતોપ્રત્યેનાં નિંદક વચનોનો સ્તુતિરૂપે અર્થ આપેલો છે અને તે ઉચિત છે; કારણ કે જો તેવો અર્થ તે વાકયોમાંથી ન નીકળતો હોય તો ભગવાનની નિંદા કરનારા વેનને બ્રાહ્મણોએ નરકમાં નાખ્યો હતો તેમજ શિશુપાલને પણ નરકમાં નાખવો જોઇએ; પરંતુ તેમ ન કરતાં શિશુપાલને તો ભગવાને પોતાનું સાયુજ્ય આપ્યું છે. આ ઉપરથી એ વાકયોના સ્તુતિવાચક અર્થો પણ યોગ્ય સમજાય છે. તેવા સ્તુતિવાચક અર્થો અહીં ટીકામાં પ્રત્યેક નિંદક વાકેયોના આપેલા છે; પરંતુ તે બધા અર્થો આપતાં ગ્રંથનો અતિ વિસ્તાર થઈ જાય એ ભયથી અહીં માત્ર નમુનારૂપે એકજ શ્લોકનો તેવો અર્થ આપ્યો છે. તેવાજ અર્થો બીજા નિંદક શ્લોકોના પણ થાય છે, એમ સમજવું.

अन्वय-हेनव्यप ! सः (त्वं) कुलपां (मध्ये) वृद्धः सन् नः सर्वपार्थिवान् बह्वीभिः विभीषिकाभिः भीषयन् कस्मात् त्रेपसे ? (मोतुं स्तोतुं योग्यं नव्यं (परेमश्वरं) पाति गोपायतीति हेनव्यप) પૂર્વોક્ત વચનોથી ભીષ્મે જેને બોધ કરેલો એવો શિશુપાલ, પોતાને થયેલા બોધને પ્રકટ કરવાની ઇચ્છાથી ભીષ્મને વખાણે છે.

હે પરમેશ્વર તત્ત્વને ગુપ્ત રાખવા યત્ન કરનારા! તમે કુલતારકો-બ્રહ્મવેત્તાઓમાં વૃદ્ધ છો, છતાં અમને સર્વ દેહાભિમાનીઓને નાનાવિધ ભેદવાળી સાંસારિક ભીતિઓથી બીવડાવવામાં શા માટે લજ્જા રાખો છો? અર્થાત્ તમે તત્ત્વવેત્તાઓમાં મુખ્ય છો એટલે તમારે અમને સંસારનું ભય અવશ્ય દેખાડવુંજ જોઇએ. તેમાં અમે અનધિકારી છીએ એવી શંકાથી તમારે તત્ત્વને ગુપ્ત રાખવું જોઇએ નહિ. ૧

વળી હે ભીષ્મ! જો એણે ચેતનવિનાનું લાકડાનું ગાડું પગવડે ઉથલાવી પાડ્યું હોય, તો તેમાં પણ શું નવાઇ કરી કહેવાય ?[૮] વળી હે ભીષ્મ ! જો આ કૃષ્ણે એક રાફડા જેવડા ગોવર્ધન પર્વતને સાત દિવસ તે વખતે ઉપાડયો હોય, તોપણ એમાં મને આશ્ચર્ય લાગતું નથી.[૯] હે ભીષ્મ ! પર્વત ઉપર ક્રીડા કરતાં આ કૃષ્ણે ઘણું અન્ન ખાધું હતું, એવું તારાથી સાંભળનારા બીજા આશ્ચર્ય પામ્યા હશે, પણ મને તેમાં આશ્ચર્ય લાગતું નથી.[૧૦] હે ધર્મજ્ઞ ! વળી આ કૃષ્ણે જે બલવાનનું અન્ન ખાધું હતું, તે કંસને એણે મારી નાખ્યો, એ શું મોટું આશ્ચર્ય કહેવાય નહિ?[૧૧] ઓ કુરુકુલમાં નીચ ભીષ્મ ! તને અધર્મજ્ઞને જે હું કહું છું તે તેં કથન કરતા સજ્જનોથી જરૂર સાંભળ્યું નહિજ હશે ?[૧૨] સ્ત્રીઓ, ગાયો તથા બ્રાહ્મણોના ઉપર શસ્ત્રોનો પ્રહાર કરવો નહિ; તેમજ જેનું અન્ન ખાધું હોય તેના ઉપર તથા જેના આશ્રયમાં રહ્યા હોઇએ તેના ઉપર પણ શસ્ત્રોનો પ્રહાર કરવો નહિ;[૧૩] આ પ્રમાણે ધાર્મિક સાધુપુરુષો, સજ્જનોને સદા બોધ કરે છે; પરંતુ ઓ ભીષ્મ ! તે બધું આ લોકમાં તારે વિષે મિથ્યા થયેલું દેખાય છે.[૧૪] ઓ કુરુકુલમાં અધમ ! હું જાણે કૃષ્ણને ઓળખતો ન હોઉં તેમ મારી આગળ તું કૃષ્ણનાં વખાણ કરી કરીને કૃષ્ણ જ્ઞાનવૃદ્ધ છે, કૃષ્ણ શ્રેષ્ઠ છે, કૃષ્ણ મોટા છે, એમ વારંવાર વર્ણવે છે;[૧૫] પરંતુ ઓ ભીષ્મ ! ગોહત્યા કરનારો અને સ્ત્રીહત્યા કરનારો શું તારાં વચનથીજ પૂજ્ય ગણાશે કે? હે ભીષ્મ! એવો જે હોય તે સ્તુતિ કરવા લાયક પણ કેમ ગણાય ?[૧૬] વળી 'આ કૃષ્ણ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે, એ જગતનો પ્રભુ છે,' એવું તું કહે છે અને તેવાં તારાં વચનથી આ જનાર્દન પણ પોતાનામાં તેવા સર્વે ગુણો છે એમ માને છે, પણ તે તારૂં કહેવું અને એનું માનવું એ બધું અવશ્ય મિથ્યાજ છે.[૧૭] ગાથા ગાનારો પુરુષ ઘણી ગાથાઓ ગાય છે, પણ તે ગાથાઓ ગાથા ગાનારને ઉપદેશ આપી શકતી નથી; કારણ કે પ્રાણીઓ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. જેમ ભૂલિંગ નામનું એક જમીનમાં સૂનારૂં પક્ષી હમેશ બોલ્યા કરે છે કે, 'સાહસ કરો નહિ' પણ તેજ પક્ષી સિંહની ડાઢમાં રહેલા માંસને ગ્રહણ કરીને અતિશય સાહસ કરે છે; તેમ હિંસાદિક કરવાં નહિ, એમ કહેનારો પોતેજ હિંસાદિક કરે છે.[૧૮] ખરેખર, આ તારી પ્રકૃતિ નીચી છે, એમાં સંશય નથી; અને તેથીજ પાંડવોની પ્રકૃતિ પણ પાપિષ્ઠ થવી સંભવિત છે;[૧૯] કારણ કે જે પાંડવો કૃષ્ણને અત્યંત પૂજ્ય ગણે છે અને તું જેઓનો માર્ગદર્શક છે, હે અધર્મજ્ઞ! તું ધર્મવાન કહેવાય છે છતાં સત્પુરુષોના માર્ગથી ભ્રષ્ટ થયેલો છે.[૨૦] હે ભીષ્મ! પોતાને ધર્મવાન જાણનારો કયો જ્ઞાનવેત્તામાં શ્રેષ્ઠ પુરુષ ધર્મને જોનારા એવા તેં જેવું કર્યું છે તેવું કરી શકે ?[૨૧] તું જો ધર્મને જાણતો હોય અને તારી બુદ્ધિ જો પ્રકૃષ્ટ જ્ઞાનવાળી હોય તો પોતાનેડાહ્યો માનનારા એવા તેં, અન્યની ઇચ્છા કરતી અને ધર્મજ્ઞ એવી અંબા નામની કન્યાને શામાટે હરણ કરી હતી ? તારૂં ભલું થાઓ.[૨૨] હે ભીષ્મ ! પરંતુ તેં હરી આણેલી તે કન્યાને તારા ભાઇ વિચિત્રવીર્યે ગ્રહણ કરવાની ઇચ્છા કરી નહિ; કારણકે તે સજ્જનોના માર્ગને અનુસરનારો હતો.[૨૩] વળી સજ્જનોએ આચરણ કરેલા માર્ગમાં પોતાને ડાહ્યો માનનારો જે તું તે તારા દેખતાં, તારા ભાઇ વિચિત્રવીર્યની બે સ્ત્રીમાં પારકાથી પુત્રો ઉત્પન્ન થયા હતા;[૨૪] તો હે ભીષ્મ ! તારામાં એવો કયો ધર્મ છે? આ બ્રહ્મચર્ય તો મિથ્યા મોહથી અથવા નપુંસકપણાથીજ તું ધારણ કરે છે, એમાં સંશય નથી.[૨૫] હે ધર્મજ્ઞ ! હું તારી કોઇ પણ કાર્યમાં વૃદ્ધિ દેખતો નથી અને તું જે આવો ધર્મ કહે છે, એથી તો જણાય છે કે, તેં વૃદ્ધ પુરુષોને પણ સેવ્યાં નથી."[૨૬]

આ જગતમાં અગ્નિસાધ્ય કર્મો, દાન, અધ્યયન તથા પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞો, એ સર્વે પુત્રની બરોબરી કરવામાં સોળમી કલાને માટે પણ યોગ્ય નથી.[૨૭] હે ભીષ્મ ! ઘણાં ઘણાં છે વ્રતો તથા ઉપવાસોથી જે પુણ્ય સંપાદન કર્યું હોય છે તે સઘળું પ્રજાવિનાનું નિષ્ફલ થાય છે, એ નિશ્ચય વાત છે.[૨૮] તું પણ પ્રજાવિનાનો, વૃદ્ધ અને મિથ્યા

ધર્મને અનુસરનારો છે; માટે હવે તને પણ હંસની પેઠે જ્ઞાતિલાઓ મારી નાખશે.[૨૯] હે ભીષ્મ! પૂર્વે કેટલાએક જ્ઞાની પુરુષો આવી વાત કહેતા હતા, તે હું તારા સાંભળતાં સારી રીતે કહું છું.[૩૦] પૂર્વે સમુદ્રના કિનારા ઉપર એક વૃદ્ધ હંસ રહેતો હતો. તે મોઢેથી ધાર્મિક વાતો કરતો હતો, પણ કર્મ અધર્મભરેલાં કરતો હતો અને પક્ષીઓને ઉપદેશ આપતો હતો કે;[૩૧] 'તમે ધર્મ પ્રમાણે વર્તો; અધર્મ કરશો નહિ.' હે ભીષ્મ! આવાં તેનાં વચનને સત્યવાદી પક્ષીઓ હમેશ સાંભળતાં હતાં;[૩૨] અને હે ભીષ્મ! અમે સાંભળ્યું છે કે, સમુદ્રના જલમાં ફરનારાં બીજાં પક્ષીઓ પોતાને ધર્મ થવા માટે તે હંસને સારૂં ખાવાનું પણ લાવી આપતાં હતાં.[૩૩] હે ભીષ્મ! વળી તે પક્ષીઓ પોતાનાં બધાં ઈંડાંઓ તે વૃદ્ધ હંસની પાસે મૂકીને પછી સમુદ્રના જલમાં ડૂબકી મારતાં ચારાને માટે ફર્યા કરતાં હતાં.[૩૪] આ રીતે પ્રમાદમાં રહેલાં તે સર્વે પક્ષીઓનાં ઈંડાંને, પોતાના કર્મમાં સાવધ રહેલો પેલો પાપી હંસ ખાઈ જતો હતો,[૩૫] એટલે તે ઈંડાંઓ ઓછાં થવા માંડતાં તે પક્ષીઓમાંના એક મહાબુદ્ધિમાન પક્ષીને શંકા ઉત્પન્ન થઈ અને તેણે એક વખતે હંસને ઈંડાં ખાતો જોયો.[૩૬] આ રીતે હંસનું પાપ જોવાથી તે પક્ષીએ પરમ દુઃખથી દીન થઈને પેલાં સર્વ પક્ષીઓની આગળ તે વાત કહી.[૩૭] હે કુરુકુલને વહન કરનારા! તે પછી તે બધાં પક્ષીઓએ પણ પાસે રહીને તે હંસને ઈંડાં ખાતો પ્રત્યક્ષ જોયો અને તે વખતે જ તે મિથ્યા આચરણવાળા હંસને તેઓએ મારી નાખ્યો.[૩૮]

ઓ ભીષ્મ! તે હંસના જેવાં આચરણવાળા એવા તને પણ આ ક્રોધ પામેલા રાજાઓ, પક્ષીઓએ હંસને માર્યો હતો તેમ મારી નાખશે.[૩૯] હે ભરતકુલોત્પન્ન ભીષ્મ! આ હંસના સંબંધમાં પુરાણવેત્તા મનુષ્યો જે એક ગાથા ગાય છે તે હું તારી આગળ સારી રીતે કહું છું.[૪૦] "ઓ હંસ પક્ષિ! તારૂં અંતઃકરણ કામાદિકથી હણાયલું છે અને તું મોઢેથી ધર્મનો ઉપદેશ કરે છે; પરંતુ આ તારૂં ઈંડાંઓનું ભક્ષણરૂપી અપવિત્ર કર્મ તારી વાણીથી વિરુદ્ધ જાય છે."[૪૧]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત શિશુપાલવધ પર્વવિષે શિશુપાલવાક્ય નામનો અધ્યાય ૪૧ મો સમાપ્ત.

અધ્યાય ૪૨ મો–ભીમસેનનો ક્રોધ

॥ शिशुपाल उवाच ॥

स मे बहुमतो राजा जरासंधो महाबलः ॥
योऽनेन युद्धंनेयेष दासोऽयमिति संयुगे ॥१॥

શિશુપાલ કહે છેઃ–"હું તો મહાબલવાન જરાસંધ રાજાને બહુ માન આપું છું; કારણ કે તેણે આ કૃષ્ણને દાસ ગણીને એની સાથે રણમાં યુદ્ધ કરવાની પણ ઈચ્છા કરી ન હતી! જરાસંધનો વધ કરતી વખતે કૃષ્ણે, ભીમસેને અને અર્જુને જે કર્મ કર્યું હતું તે કર્મને સારૂં કર્યું એમ કોણ માને છે?[૧,૨] કપટવડે બ્રહ્મવાદીનો વેશ લેનારા અને વગર દરવાજે પ્રવેશ કરનારા એવા આ કૃષ્ણે જરાસંધ રાજાનો પ્રભાવ તે વખતે જોયો હતો.[૩] જ્યારે જરાસંધે આ દુરાત્મા કૃષ્ણને પ્રથમ પાદ્યપૂજન આપવા માંડ્યું, ત્યારે એ ધર્માત્માએ પોતાનું બ્રાહ્મણપણું ન સ્વીકારતાં તે પૂજન લેવાની અનિચ્છા દર્શાવી હતી.[૪] વળી હે કુરુનંદન! જ્યારે જરાસંધે કૃષ્ણ, ભીમ તથા અર્જુનને ભોજન કરો એવું કહ્યું, ત્યારે પણ આ કૃષ્ણે ભોજન કરવાની ના પાડી હતી.[૫] ઓ મૂર્ખ! તું જેમ માને છે તેમ જો એ જગતનો કર્તા હોય તો એ પોતાને યથાર્થ રીતે બ્રાહ્મણ છું એમ કેમ માનતો નથી?[૬] મને તો એ આશ્ચર્ય લાગે છે કે, આ પાંડવોને તેં સજ્જનોના માર્ગથી દૂર કર્યા છે, તેમ છતાં તેઓ તેને સારૂં કર્યું માને છે![૭]

અથવા એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી; કારણ કે હે ભારત! તે પાંડવોનો શ્રીના જેવા ધર્મવાળો અને વૃદ્ધ એવો તું સર્વ અર્થોને દેખાડનારો છે."૮

વૈશંપાયન કહે છેઃ-શિશુપાલનાં આવાં કઠોર શબ્દવાળાં તથા કઠોર અર્થવાળાં ઘણાં વચનને સાંભળીને બલવાનમાં શ્રેષ્ઠ એવો પ્રતાપી ભીમસેન કોપી ઉઠયો.૯ તેનાં કમલના જેવાં અને સ્વાભાવિક રીતેજ લાંબાં તથા વિસ્તીર્ણ નેત્રો, ફરી ક્રોધવડે ચોતરફથી રાતાં ચોળ થઈ ગયાં.૧૦ તેના લલાટમાં ત્રિશિખ થયેલી ભ્રૂકુટીને સર્વે રાજાઓએ તે વખતે ત્રિકૂટ પર્વત ઉપર ત્રિમાર્ગથી ગમન કરતી ગંગાના જેવી જોઇ અને કોપવડે દાંત કચકચાવતા એવા ભીમના મુખને, સર્વ પ્રાણીઓને પ્રલય વખતે ખાઈ જવાની ઈચ્છા કરતા કાલના જેવું જોયું.૧૨ જે વખતે ભીમે ત્યાંથી વેગવડે કૂદકો માર્યો, તે વખતે તે મનસ્વીને, મહાદેવ જેમ કાર્તિકસ્વામીને પકડે તેમ, મહાબાહુ ભીષ્મેજ પકડી લીધો. હે ભરતકુલોત્પન્ન! પછી ગૌરવસંપન્ન ભીષ્મે વિવિધ વાક્યો કહીને તેને વારી રાખ્યો એટલે ભીમસેનનો ક્રોધ શાંત પડયો;૧૪ અને જેમ મેઘની નિવૃત્તિ પછી ઉછળતો મહાસમુદ્ર મર્યાદાને ઓળંગતો નથી, તેમ તે શત્રુને દમન કરનારો ભીમ ભીષ્મનાં વચનને ઓળંગી શકયો નહિ.૧૫ હે રાજન્! જે વખતે ભીમસેન પુષ્કળ ક્રોધે ભરાયો તે વખતે પણ વીર એવો શિશુપાલ ડગ્યો નહિ, પણ તે પોતાના પુરુષાર્થથી સ્થિરજ ઉભો રહ્યો;૧૬ અને ભીમ વારંવાર વેગ કરીને ઉછળતો હતો; પરંતુ જેમ ક્રોધ પામેલો સિંહ હરણાંને ગણકારે નહિ, તેમ તે શત્રુદમન શિશુપાલ, ભીમને ગણકારતો ન હતો.૧૭ એટલુંજ નહિ પણ ભયંકર પરાક્રમવાળા ભીમસેનને બહુ ક્રોધ પામેલો જોઇને પ્રતાપી શિશુપાલે હસતાં હસતાં કહ્યું કે:-૧૮ "હે ભીષ્મ! તું એને મૂકી દે એટલે જેમ પતંગીઉં અગ્નિમાં પડીને બળી જાય છે, તેમ એને મારા પ્રભાવાગ્નિમાં બળતો આ રાજાઓ જોઇ શકે."૧૯ આવું ચેદિપતિ શિશુપાલનું વાકય સાંભળીને કુરુકુલના સજ્જનોમાં શ્રેષ્ઠ તથા બુદ્ધિમાનોમાં મુખ્ય એવા ભીષ્મ ભીમસેનને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.૨૦

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત શિશુપાલવધ પર્વવિષે ભીમક્રોધ નામનો અધ્યાય ૪૨ મો સમાપ્ત.

અધ્યાય ૪૩ મો-શિશુપાલની જન્મકથા

॥ भीष्म उवाच ॥

चेदिराजकुलेजातस्त्र्यक्ष एष चतुर्भुजः ॥
रासभारावसदृशं ररास च ननाद च ॥ १ ॥

ભીષ્મ બોલ્યાઃ-આ શિશુપાલ ચેદિરાજના કુલમાં ઉત્પન્ન થયો તે વખતે એને ત્રણ આંખો અને ચાર હાથ હતા; તથા એ જન્મતાંજ ગધેડાના શબ્દના જેવા શબ્દથી ભુંકયો હતો તથા ગાજ્યો હતો.૧ તે શબ્દથી એનાં માતા તથા પિતા બંધુઓની સાથે ત્રાસ પામ્યાં; અને એનાં વિશેષ અંગો જોઇને તે બન્નેએ એને ત્યજી દેવાની ઇચ્છા કરી.૨ પછી સ્ત્રી, પ્રધાન તથા પુરોહિતની સાથે ચિંતાવડે જેનું હૃદય મૂઢ થયેલું એવા રાજાને આકાશવાણીએ કહ્યું કે.-૩ "હે રાજન્! આ તારો પુત્ર શ્રીમાન અને સર્વના કરતાં અધિક બલવાળો થયો છે, માટે તું એનાથી ભય પામીશ નહિ, વ્યગ્રતા છોડીને એ બાલકનું રક્ષણ કર.૪ એનું હમણાં મૃત્યુ થશે નહિ, તેમ એને માટે હમણાં કાલ આવ્યો નથી; પરંતુ હે નરાધિપ! એને શસ્ત્રથી હણનારો જે કાલ છે તે ઉત્પન્ન થઇ ચૂકેલો છે."૫ આ વાકય સાંભળીને પુત્રના ઉપર સ્નેહવડે અત્યંત સંતાપ કરતી એની માતા એ વાકય કહેનારા અંતર્હિત રહેલા પ્રાણીને કહેવા લાગી કે:-૬ "મારા પુત્રને માટે જેણે આ વચનો ઉચ્ચાર્યાં છે તેને હું હાથ જોડીને નમસ્કાર કરૂં

છું. તે દેવ હો, કે કોઇ બીજો હો, પરંતુ તે ભગવાન ફરીથી મને યથાર્થ વચન કહો કે, 'આ પુત્રનું મૃત્યુ કોનાથી થશે?' તે હું સાંભળવાની ઇચ્છા રાખું છું.[૭,૮] તે સાંભળીને અંતર્હિત રહેલા ભૂતે ફરીથી આ પ્રમાણે વચન કહ્યું કેઃ– "જેના ખોળામાં બેસાડતાં આ બાલકના વધારાના બે હાથ પાંચ ફણાવાળા નાગોની પેઠે પૃથ્વી ઉપર ખરી પડશે તથા આ બાલકનું લલાટમાંજ રહેલું ત્રીજું નેત્ર જેને જોઇને લલાટમાંજ સમાઈ જશે, તે પુરુષ આને મારશે."

"તે પછી ત્રણ નેત્રવાળા, ચાર હાથવાળા અને ગધેડાના ભૂંકવાના શબ્દ જેવા શબ્દવાળા તે બાળકને સાંભળીને પૃથ્વીના સર્વે રાજાઓ તેને જોવા માટે ત્યાં આવવા લાગ્યા. તે વખતે ચેદી દેશના રાજાએ તે આવેલા રાજાઓનો યથાયોગ્ય સત્કાર કરીને એકેએક રાજાના ખોળામાં પોતાના પુત્રને બેસાડયો. આ પ્રમાણે ક્રમવાર જૂદા જૂદા હજારો રાજાઓના ખોળામાં તે બાલક બેઠો, પણ આકાશવાણીએ કહેલો દાખલો મળ્યો નહિ. પછી એજ વાત દ્વારકામાં સાંભળીને યદુવંશોત્પન્ન, મહાબલશાલી બલરામ તથા શ્રીકૃષ્ણ, યદુવંશમાં ઉત્પન્ન થયેલી પોતાની ફોઇને મળવા માટે તે વખતે ચેદિપુરમાં આવ્યા.[૯–૧૫] ત્યાં આવીને તેમણે શ્રેષ્ઠતાના ક્રમ પ્રમાણે રાજાને તથા ફોઇને યથાન્યાય અભિવંદન કર્યું. પછી કુશલતા તથા આરોગ્ય પૂછીને રામકૃષ્ણ ત્યાં બેઠા,[૧૬] એટલે તે વીરોની ફોઇએ તેઓની પ્રેમથી અધિક પૂજા કરી. તે પછી તે દેવીએ પોતે, દામોદરના ખોળામાં પોતાના પુત્રને બેસાડયો.[૧૭] તેના ખોળામાં બેસાડતાંની સાથેજ શિશુપાલના વધારાના બે હાથો ખરી પડયા તથા ત્રીજું નેત્ર લલાટમાં પેસી ગયું.[૧૮] તે જોઇને વ્યથા પામેલી તથા ત્રાસી ગયેલી ફોઇએ શ્રીકૃષ્ણની પાસે વર માગ્યો કેઃ-'હે મહાભુજવાળા કૃષ્ણ! તમે દુઃખીઓને આશ્વાસન આપનારા તથા ભય પામેલાઓને અભય આપનારા છો, માટે મને ભયપીડિતને તમે વર આપો.' આ પ્રમાણે ફોઇએ કહ્યું ત્યારે યદુનંદન શ્રીકૃષ્ણે કહ્યું કેઃ–[૧૯,૨૦] 'હે ધર્મવેત્તા દેવિ! તમે બીશો નહિ, મારાથી તમને ભય નથી, ઓ ફોઈ! બોલો, હું તમને કયો વર આપું? અને તમારૂં શું કામ કરૂં?[૨૧] જો કે, તે થાય તેવું અથવા ન થાય તેવું હશે તોપણ તમારાં વચન પ્રમાણે હું કરીશ.' આ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યું ત્યારે યદુનંદન શ્રીકૃષ્ણની પ્રત્યે તેમની ફોઇએ કહ્યું કેઃ–[૨૨]'હે મહાબલવાન યદુશાર્દૂલ! તમારે શિશુપાલના અપરાધોને મારે માટે સહન કરવા. હે પ્રભુ! એજ મારો વર છે એમ તમે જાણો.'[૨૩]

શ્રીકૃષ્ણ બોલ્યાઃ–'ફોઈ! વધ કરવાયોગ્ય એવા આ તમારા પુત્રના હું સો અપરાધો સહન કરીશ, માટે તમારે મનમાં શોક કરવો નહિ.'[૨૪]

ભીષ્મ કહે છેઃ–હે વીર! આ પ્રમાણે આ મંદ બુદ્ધિવાળો પાપી શિશુપાલરાજા ગોવિંદના વરદાનથી ગર્વિષ્ઠ થયેલો છે અને તેથીજ એ તને લડવા માટે બોલાવે છે.[૨૫]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત શિશુપાલવધપર્વવિષે શિશુપાલવૃત્તાંતકથન નામનો અધ્યાય ૪૩ મો સમાપ્ત.

અધ્યાય ૪૪ મો–ભીષ્મનાં તથા શિશુપાલનાં વાકયો

॥ भीष्म उवाच ॥
नैषा चेदिपतेर्बुद्धिर्यया त्वाह्वयतेऽच्युतम् ॥
नूनमेष जगद्भर्तुः कृष्णस्यैव विनिश्चयः ॥ १ ॥

ભીષ્મ કહે છેઃ–"આ શિશુપાલ, જે બુદ્ધિવડે શ્રીકૃષ્ણને યુદ્ધને માટે બોલાવે છે, એ શિશુપાલની બુદ્ધિ નથી; પરંતુ એ તો જગતના સ્વામી શ્રીકૃષ્ણનોજ ખરેખરો નિશ્ચય છે.[૧] હે ભીમ! કુલને કલંક લગાડનારો અને કાલવડે ઘેરાઇ ગયેલો આ શિશુપાલ જે રીતે મારો તિરસ્કાર કરે છે,

તે રીતે આ પૃથ્વી ઉપર બીજો કયો રાજા મારો તિરસ્કાર કરી શકે ?[૨] ખરેખર, આ મહાબાહુ શિશુપાલ શ્રીહરિના તેજનો અંશ છે અને તેને પાછો ખેંચી લેવા સમર્થ પ્રભુ પોતે ઇચ્છા કરે છે,[૩] તે કારણથીજ હે કુરુશાર્દૂલ ! આ દુર્બુદ્ધિવાળો શિશુપાલ આપણને સર્વને ન ગણકારીને આજે વાઘની પેઠે અત્યંત ગર્જના કરે છે."[૪]

વૈશંપાયન કહે છે:–આવાં ભીષ્મનાં વચનને શિશુપાલ સાંખી શકયો નહિ અને તે વખતે તે ક્રોધ કરીને ફરીથી ભીષ્મને ઉત્તર આપવા લાગ્યો.[૫]

શિશુપાલ બોલ્યો:–"ભીષ્મ ! તું ભાટની પેઠે વારંવાર ઉભો થઈને જે કૃષ્ણના ગુણોનાં વખાણ કરે છે, તે કૃષ્ણનો પ્રભાવ, તેનો દ્વેષ કરનારા એવા અમને પ્રાપ્ત થાઓ.[૬] ઓ ભીષ્મ ! તારૂં મન બીજાઓની સ્તુતિ કરવાથી જો પ્રસન્ન રહેતું હોય, તો તું આ કૃષ્ણને છોડીને બીજા રાજાઓની સ્તુતિ કર.[૭] આ રાજાઓમાં શ્રેષ્ઠ એવા બાહ્લીક દેશના દરદ રાજાની સ્તુતિ કર; કારણ કે જ્યારે એ ઉત્પન્ન થયો ત્યારે એણે પૃથ્વી ઉપર પડતાં પૃથ્વીને વિદારણ કરી હતી.[૮] હે ભીષ્મ ! અથવા આ વંગ તથા અંગ દેશના રાજા, બલમાં ઇંદ્રના જેવા અને મોટાં ધનુષને ખેંચનારા એવા કર્ણની સ્તુતિ ગા.[૯] હે મહાબાહો ! કારણ કે જેનાં આ દેવે નિર્માણ કરેલાં અને જન્મની સાથે થયેલાં એવાં દિવ્ય કુંડલો છે તથા બાલસૂર્યના જેવી કાંતિવાળું જેના શરીર ઉપર કવચ છે.[૧૦] વળી જેણે ઇંદ્રના જેવા અતિ દુર્જય જરાસંધને, બાહુયુદ્ધમાં જીત્યો હતો તથા જેના દેહના વિભાગ કર્યા હતા[૧૧] અથવા તો ઓ ભીષ્મ ! તું બ્રાહ્મણોમાં અતિ શ્રેષ્ઠ, સ્તુતિ કરવા યોગ્ય અને મહારથી એવા આ બે પિતા તથા પુત્ર દ્રોણ અને અશ્વત્થામાની સારી પેઠે નિરંતર સ્તુતિ કર;[૧૨] કારણ કે હે ભીષ્મ ! એ બેમાંથી એક પણ ક્રોધ પામ્યો હોય તો આ પૃથ્વીને સ્થાવરજંગમ પ્રાણીઓની સાથે સંહારી નાખે એમ હું માનું છું.[૧૩] હે ભીષ્મ ! યુદ્ધમાં દ્રોણની તથા અશ્વત્થામાની બરોબરી કરે તેવા કોઇ પણ રાજાને હું જોતો નથી, પરંતુ તે બન્નેની સ્તુતિ કરવાની તને ઇચ્છા થતી નથી ?[૧૪] વળી સમુદ્રાંત પૃથ્વી ઉપર જેની બરોબરી કોઇ કરે તેવો નથી, તેવા મહાભુજવાળા રાજેંદ્ર દુર્યોધનને છોડીને, અસ્ત્રમાં કુશળ તથા દૃઢ પરાક્રમવાળા જયદ્રથ રાજાને છોડીને તથા લોકમાં પ્રસિદ્ધ પરાક્રમવાળા અને મહાન વીર્યવાળા એવા કિંપુરુષોના આચાર્ય દ્રુમને છોડીને, તું કેશવની પ્રશંસા કેમ કરે છે ?[૧૫,૧૬] વળી મહાવીર્યવાળા, ભરતકુલના આચાર્ય અને વૃદ્ધ એવા શરદ્વાનના પુત્ર કૃપાચાર્યને ઓળંગીને તું શામાટે કેશવનાં વખાણ કરે છે ?[૧૭] તેમજ ધનુર્ધારીમાં મુખ્ય એવા મહાવીર્યવાન પુરુષશ્રેષ્ઠ રુક્મિને છોડીને તું શામાટે કેશવનાં વખાણ કરે છે ?[૧૮] વળી મહાવીર્યવાળા ભીષ્મકને, દંતવક્ત્ર રાજાને, ભગદત્તને, યૂપકેતુને, મગધદેશના જયત્સેનને, વિરાટ તથા દ્રુપદને અને શકુનિને, બૃહદ્બલને, ઉજ્જનના વિંદ તથા અનુવિંદને, પાંડયને, શ્વેતને, ઉત્તમને, મહાભાગ્યશાળી શંખને, માની વૃષસેનને, પરાક્રમી એકલવ્યને તથા મહાવીર્યવાળા મહારથ કલિંગરાજને છોડીને તું કૃષ્ણનાં શામાટે વખાણ ગાય છે ?[૧૯–૨૧] ઓ ભીષ્મ ! જ્યારે તારી બુદ્ધિ સર્વદા સ્તુતિ કરવામાં તત્પર રહેતી હોય તો તું શલ્ય વગેરે રાજાઓની શામાટે સ્તુતિ કરતો નથી ?[૨૨] હે નૃપ ! તેં પૂર્વે કથન કરતા ધર્મવાદી વૃદ્ધોનાં વચન જરૂર સાંભળ્યાં નથી એટલે હવે હું શું કરી શકું ?[૨૩] હે ભીષ્મ ! પોતાની નિંદા કે પોતાની સ્તુતિ અથવા પરની નિંદા કે પરની સ્તુતિ આર્ય પુરુષો કરતા નથી, એવું તારાથીજ અમે સાંભળ્યું છે.[૨૪] હે ભીષ્મ! તું સ્તુતિને માટે અયોગ્ય એવા આ કૃષ્ણની વારંવાર મોહથી તથા ભક્તિથી સ્તુતિ કરે છે, પરંતુ તે સ્તુતિને કોઇ પણ સંમત થતું નથી.[૨૫] અહો, તું ભોજવંશી રાજાના ગોવળીઆ એવા દુરાત્મા કૃષ્ણમાં કેવલ પોતાનીજ ઇચ્છાથી જગતનો કેમ સમાવેશ કરે છે ?[૨૬] હે ભરતવંશી ભીષ્મ ! હજી પણ તારી બુદ્ધિ ઠેકાણે આવતી

નથી. એ સંબંધમાં મેંજ તને પ્રથમ પૃથ્વીના દરમાં શયન કરનારા ભૂલિંગ પક્ષીનું દૃષ્ટાંત આપ્યું હતું.[૨૭] હે ભીષ્મ! પૂર્વે હિમાલયના બીજા પાસામાં ભૂલિંગ નામની એક પક્ષિણી રહેતી હતી. તે નિરંતર વર્તનવિરુદ્ધ વાણી બોલ્યા કરતી હતી.[૨૮] તે પક્ષિણી 'સાહસ કરવું નહિ' એવું વચન નિરંતર બોલ્યા કરતી હતી અને પોતે અત્યંત સાહસ કરતી હતી; પણ તેનું તેને ભાન હતું નહિ.[૨૯] હે ભીષ્મ! તે અલ્પ-ભાનવાળી પક્ષિણી, સિંહ ખાતો હોય ત્યારે તેની ડાઢમાં લાગેલા માંસના બહાર નીકળેલા ભાગને સિંહના મોંમાંથી લઈને ખાતી હતી.[૩૦] હે ભીષ્મ! આ પ્રમાણે કરવાથી નિઃસંશય તે સિંહની ઇચ્છાથીજ જીવતી હતી; તેમજ હે અધર્મિષ્ઠ ભીષ્મ! તું પણ તેવીજ વાણી હમેશ બોલ્યા કરે છે, તેમ છતાં તું રાજાઓની ઇચ્છાથીજ જીવે છે એમાં સંશય નથી. ખરે, તારા જેવો લોકોએ ધિક્કારેલાં કર્મ કરનારો બીજો કોઈ નથી.[૩૧,૩૨]

વૈશંપાયન કહે છેઃ-તે પછી હે રાજન્! ભીષ્મ શિશુપાલનાં કડવાં વચન સાંભળીને ચેદિરાજના સાંભળતાં આ પ્રમાણે વચન બોલ્યા કેઃ-[૩૩] "જો હું રાજાઓની ઇચ્છાથીજ જીવતો હોઉં એમ હોય તો હું એ રાજાઓને તણખલાંની બરાબર પણ ગણતો નથી."[૩૪]

આ પ્રમાણે ભીષ્મે કહ્યું એટલે તો રાજાઓ ત્યાં બૂમાબૂમ પાડવા લાગ્યા; તેમાં કેટલાએક રાજાઓ પ્રસન્ન થયા, કેટલાએક ભીષ્મની નિંદા કરવા લાગ્યા,[૩૫] કેટલાએક મહા ધનુર્ધારી રાજાઓ ભીષ્મનાં તે વચનને સાંભળીને કહેવા લાગ્યા કેઃ-"આ ઘરડો ભીષ્મ પાપી તથા ગર્વિષ્ઠ છે, માટે એ ક્ષમાને પાત્ર નથી.[૩૬] હે રાજાઓ! આ દુર્બુદ્ધિવાળા ભીષ્મને પશુની પેઠે બહુ પ્રહાર કરીને મારી નાખો અથવા ક્રોધ પામેલા બધા એકઠા થઈને એને ઘાસના અગ્નિવડે બાળી મૂકો."[૩૭] આવાં તેઓનાં વચન સાંભળીને પછી કુરુઓના પિતામહ બુદ્ધિમાન ભીષ્મે, તે રાજાઓની પ્રત્યે કહ્યું કે;[૩૮] "આ રીતે ઉત્તર-પ્રત્યુત્તરનો હું છેડો જોતો નથી, માટે હે રાજાઓ! હું જે કહું છું તે બધું તમે સાંભળો.[૩૯] તમે બધા મને પશુની પેઠે મારી નાખો અથવા ઘાસના અગ્નિવડે બાળી મૂકો; અર્થાત્ તમારામાં સામર્થ્ય હોય તે પ્રમાણે કરો. આ મેં તમારા બધાના માથાપર મારો સમગ્ર પગ મૂક્યો છે.[૪૦] વળી અમે જેની પૂજા કરી છે તે આ અખંડ ઐશ્વર્યવાળા ગોવિંદ પણ ઉભા છે; માટે તમારામાંથી જેની બુદ્ધિ મરવાને માટે ઉતાવળ કરતી હોય, તે આજે આ ચક્ર તથા ગદાને ધારણ કરનારા એવા લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણને યુદ્ધ કરવા માટે બોલાવો અને એમનાથી મરણ પામીને એ દેવનાજ દેહમાં પ્રવેશ કરો."

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
શિશુપાલવધ પર્વમાં ભીષ્મવાક્ય
નામનો અધ્યાય ૪૪ મો સમાપ્ત.

અધ્યાય ૪૫ મો-શિશુપાલનો વધ

॥ वैशंपायन उवाच ॥
ततः श्रुत्वैवभीष्मस्य चेदिराडुरुविक्रमः ॥
युयुत्सुर्वासुदेवेन वासुदेवमुवाच ह ॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી ભીષ્મનાં વચન સાંભળતાંજ મહાન પરાક્રમવાળા શિશુપાલે વાસુદેવની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી વાસુદેવને કહ્યું કેઃ-[૧] "હે જનાર્દન! હું તારું યુદ્ધને માટે આહ્વાન કરું છું, માટે તું મારી સાથે યુદ્ધ કર, એટલે આજે હું તને સર્વે પાંડવોની સાથે નાશ પમાડું.[૨] સર્વે રાજાઓનું ઉલ્લંઘન કરીને જે પાંડવોએ રાજા નહિ એવા તને પૂજ્યો છે, માટે હે કૃષ્ણ! મારે તારી સાથેજ પાંડવોને પણ મારવાના છે;[૩] કારણ કે જે પાંડવો દાસ, રાજત્વરહિત, દુર્બુદ્ધિમાન અને અપૂજ્ય એવા તને પોતાની મૂર્ખતાથી પૂજ્યની પેઠે પૂજે છે; તેથી ઓ કૃષ્ણ! તેઓ પણ વધ કરવા યોગ્ય છે એમ

મારૂં માનવું છે."[૪] આ પ્રમાણે કહીને રાજાઓમાં વ્યાઘ્રજેવો તથા અદેખાઈથી ભરેલો શિશુપાલ ગર્જના કરતો ઉભો રહ્યો. પછી શિશુપાલનું કહેવું સાંભળીને વીર્યવાન એવા શ્રીકૃષ્ણ, સર્વે રાજાઓની સમક્ષ કોમલતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૫] "હે રાજાઓ ! આ યાદવીનો પુત્ર શિશુપાલ અમારો અત્યંત શત્રુ છે, જે ક્રૂર અંતઃકરણવાળો, અપરાધવિનાના યાદવોનું પણ અહિત કરે છે.[૬] હે રાજાઓ ! જ્યારે એણે અમને પ્રાગ્જ્યોતિષ નગરપ્રત્યે ગયેલા સાંભળ્યા, ત્યારે આ નિંદિત કર્મ કરનારો, કે જે અમારો ભાણેજ થાય છે, તેમ છતાં એણે દ્વારકા નગરીને બાળી મૂકી હતી;[૭] વળી જ્યારે રૈવતક પર્વત ઉપર પહેલાં ભોજોના રાજા ઉગ્રસેન ક્રીડા કરતા હતા, ત્યારે આ શિશુપાલ તે સર્વેને મારીને તથા બાંધીને પોતાના નગરમાં ચાલ્યો ગયો હતો.[૮] વળી આ પાપનિશ્ચયવાળાએ મારા પિતાના યજ્ઞમાં વિઘ્ન કરવા માટે, જે અશ્વમેધના પવિત્ર અશ્વને રક્ષકોથી વીંટાઇને ફરવા મોકલ્યો હતો, તેને હરી લીધો હતો.[૯] વળી એણે તપસ્વી એવા બભ્રુની ભાર્યા કે જે હસ્તિનાપુરથી સૌવીર દેશમાં જતી હતી તેને તેની ઈચ્છાવિના મોહથી હરી લીધી હતી.[૧૦] વળી મામાનું ભુંડું કરનારો આ શિશુપાલ, વિશાલાપુરીના રાજાની તપસ્વિની ભદ્રા નામની કન્યાને કપટવડે કરુષરાજનો વેષ લઇને હરી લાવ્યો હતો, કે જે કન્યાને કરુષદેશના રાજાને આપવાની હતી.[૧૧] હું મારી ફોઇને લીધે આવાં મોટાં દુઃખોને સહન કર્યા કરૂં છું; પરંતુ આજે સમસ્ત રાજાઓની સન્નિધિમાં એ ઉભેલો છે એ ઠીક થયું છે.[૧૨] આજે તમે બધા મારા તરફના એના મહાન અપરાધોને જુઓજ છો; અને તમારી નજરબહાર એણે જે અપરાધો કર્યા હતા, તે હું પ્રથમ વર્ણવી ગયો છું તેને તમે જાણી લો.[૧૩] સમગ્ર રાજમંડલની વચ્ચે ગર્વથી વધ કરવા યોગ્ય થયેલા એવા આ શિશુપાલના આજના આ અપરાધોને હું હવે ક્ષમા કરી શકતો નથી. વળી આ મરવાની તૈયારીમાં આવેલા મૂર્ખ શિશુપાલે રુક્મિણીને માટે પ્રાર્થના કરી હતી; પરંતુ જેમ શૂદ્ર વેદની શ્રુતિને પ્રાપ્ત કરી શકે નહિ, તેમ એ મૂર્ખ રુક્મિણીને મેળવી શકયો ન હતો."[૧૪,૧૫]

વૈશંપાયન કહે છેઃ–આવાં આવાં વાસુદેવનાં વચન સાંભળીને પછી એકઠા થયેલા સર્વે રાજાઓ ચેદિરાજ શિશુપાલની નિંદા કરવા લાગ્યા;[૧૬] અને પ્રતાપી શિશુપાલ તો શ્રીકૃષ્ણનાં વચનને સાંભળીને ખડખડાટ હસવા લાગ્યો તથા નીચે પ્રમાણે કહેવા લાગ્યોઃ–[૧૭] "અરે કૃષ્ણ ! જે રુક્મિણીનાં લગ્ન તેના પિતા વગેરે મારી સાથે કરવાના હતા તે રુક્મિણીની, સભામાં અને તે પણ વિશેષવડે રાજાઓમાં વાતો કરતાં તને લજ્જા કેમ આવતી નથી ?[૧૮] હે મધુસૂદન ! પ્રથમ બીજાની સાથે વરાવેલી સ્ત્રીને સ્વીકારનારો તારાવિના બીજો કયો પુરુષ સજ્જનોની આગળ આ રીતે કોઈ વખત પણ વાત કરી શકે ?[૧૯] હે કૃષ્ણ ! જો તને તારી ફોઈનાં વચન ઉપર શ્રદ્ધા હોય તો તું ક્ષમા કર અથવા તો મારાપર ક્ષમા લાવીશજ નહિ; કારણ કે તું ક્રોધ પામ્યો હોઇશ અથવા પ્રસન્ન થયો હોઇશ તોપણ તારાથી મને શું થવાનું હતું ?"[૨૦]

આ પ્રમાણે શિશુપાલ બોલતો હતો તે વખતેજ ભગવાન મધુસૂદને, દૈત્યવર્ગને સંહારનાર પોતાના ચક્રને મનવડે યાદ કર્યું;[૨૧] અને તેજ વખતે શ્રીકૃષ્ણના હાથમાં તે ચક્ર આવ્યું, એટલે બોલવામાં કુશળ એવા ભગવાન શ્રીકૃષ્ણ ઉંચે સ્વરે બોલ્યા કેઃ–[૨૨] "રાજાઓ! મેં જે કારણથી આ શિશુપાલના અપરાધો સહન કર્યા હતા તે કારણને તમે સાંભળો. આની માતાએ માગણી કરી હતી કે, તારે આના સો અપરાધો સહન કરવા[૨૩] અને એ માગણીનો મેં સ્વીકાર કર્યો હતો. હે રાજાઓ ! તે મારૂં વરદાન આજે પૂરૂં થાય છે, એટલે હમણાંજ તમારા–સર્વ રાજાઓના જોતાં હું એનો વધ કરૂં છું."[૨૪] આ પ્રમાણે કહીને શત્રુઓને સંહારનારા એવા યદુશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે, ક્રોધ કરીને તેજ વખતે ચક્રવડે શિશુપાલનું માથું કાપી નાખ્યું;[૨૫] અને તે મ-

હાબાહુ શિશુપાલ વજ્રથી હણાયલા પર્વતની પેઠે જમીન ઉપર પડ્યો. તે પછી હે મહારાજ! શિશુપાલના દેહમાંથી, ગગનમાંથી સૂર્ય નીકળે તેમ નીકળેલું અને ઊર્ધ્વ ગતિ કરતું ઉત્તમ તેજ રાજાઓએ જોયું. હે રાજન્ ! તે પછી તે તેજ સર્વ લોકે નમસ્કાર કરેલા એવા કમલપત્રના જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણને નમ્યું અને તેમનામાં પ્રવેશ કરી ગયું.[૨૬,૨૭] મહાબાહુ પુરુષોત્તમમાં તે તેજનો જે પ્રવેશ થયો તેને જોઇને સઘળા રાજાઓ તે મોટું આશ્ચર્ય માનવા લાગ્યા.[૨૮] વળી જે વખતે શ્રીકૃષ્ણે શિશુપાલને માર્યો, તે વખતે આભલાંવિનાના આકાશમાંથી વૃષ્ટિ થવા લાગી, બળતાં વજ્ર પડવા લાગ્યાં અને પૃથ્વી ચલિત થઇ ગઈ.[૨૯] આ રીતે જેમાં બોલવાનો અવકાશ ન રહેલો એવા સમયમાં માત્ર જનાર્દનના તરફ જોઈ રહેલા કેટલાએક રાજાઓ ત્યાં કંઈ પણ બોલ્યા નહિ;[૩૦] ત્યારે બીજા કેટલાએક ક્રોધ કરીને હાથવડે હાથનાં અગ્રને ચોળી નાખવા લાગ્યા; કેટલાએક ક્રોધમૂર્ચ્છિત થઇને દાંતવડે હોઠ કરડવા લાગ્યા; કેટલાએક રાજાઓ ખાનગીમાં વૃષ્ણિનંદન શ્રીકૃષ્ણનાં વખાણ કરવા લાગ્યા; કેટલાએક ક્રોધાક્રાંત થયા ત્યારે બીજા કેટલાએક મધ્યસ્થજ રહ્યા.[૩૧,૩૨] આ વખતે બહુ પ્રસન્ન થયેલા મહર્ષિઓ, મહાત્મા બ્રાહ્મણો અને મહાબલવાળા રાજાઓ સ્તુતિ કરતા કેશવને શરણે ગયા[૩૩] અને શ્રીકૃષ્ણનાં પરાક્રમને જોઇને સંતુષ્ટ થયેલા તે બધાઓ વખાણ કરવા લાગ્યા. તે વખતે પાંડુપુત્ર યુધિષ્ઠિરે તો પોતાના ભાઇઓને કહ્યું કેઃ-"આ દમઘોષના પુત્ર વીર એવા શિશુપાલરાજાને તત્કાલ સત્કારપૂર્વક અગ્નિસંસ્કાર કરાવો." આ સાંભળીને પોતાના મોટાભાઇની આજ્ઞા પ્રમાણે પાંડવોએ શિશુપાલને અગ્નિસંસ્કાર કરાવ્યો;[૩૪,૩૫] અને તે વખતેજ યુધિષ્ઠિરે એ રાજાના પુત્રનો તે એકઠા થયેલા રાજાઓની સાથે મળીને ચેદીદેશના આધિપત્ય ઉપર અભિષેક કર્યો.[૩૬]

હે રાજન ! તે પછી વિસ્તીર્ણ બલવાળા કુરુરાજ યુધિષ્ઠિરનો સર્વ સમૃદ્ધિથી ભરપૂર એવો તે યજ્ઞ યુવાનોને પ્રીતિ ઉત્પન્ન કરે તેવો શોભવા લાગ્યો.[૩૭] તે યજ્ઞનાં વિઘ્નો શાંત થઈ ગયાં હતાં, તેનો આરંભ સુખરૂપ થયો હતો, તેમાં ધન તથા ધાન્યનો પુષ્કળ વ્યય કરવામાં આવ્યો હતો, તે અન્નોથી તથા ઘણા ભક્ષ્ય પદાર્થોથી ભરપૂર હતો અને શ્રીકૃષ્ણે તેનું સારી રીતે રક્ષણ કરેલું હતું.[૩૮] આવા તે રાજસૂય મહાયજ્ઞની છેવટે સમાપ્તિ કરવામાં આવી હતી. એ યજ્ઞની આરંભથી તે ઠેઠ સમાપ્તિ સુધી શૂરસેનના પૌત્ર શાર્ઙ્ગ, ચક્ર તથા ગદાને ધારણ કરનારા અને મહાન બાહુવાળા એવા ભગવાન શ્રી જનાર્દને રક્ષા કરી હતી.[૩૯] તે પછી જેણે યજ્ઞાંત અવભૃથસ્નાન કરેલું એવા ધર્માત્મા યુધિષ્ઠિરરાજાની આગળ આવીને સમસ્ત ક્ષત્રિય રાજાઓ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-[૪૦] "હે ધર્મજ્ઞ રાજા! તમે ક્રમે ક્રમે વૃદ્ધિ પામો છો, એ મહદ્ ભાગ્ય છે; તમે ચક્રવર્તીપદને પ્રાપ્ત થયા છો. હે અજમીઢવંશોત્પન્ન! તમે અજમીઢવંશના રાજાઓના યશને વધારી દીધો છે.[૪૧] વળી હે રાજેંદ્ર! તમે આ યજ્ઞકર્મ કરવાથી મહાન ધર્મ સંપાદન કર્યો છે. હે નરવ્યાઘ્ર! હવે અમે રજા લઇશું. અમારી તમે સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરીને સારી પેઠે પૂજા કરી છે.[૪૨] હવે અમે પોતપોતાનાં રાજ્યોમાં જઇશું, માટે અમને તમોએ રજા આપવી જોઇએ."આવાં રાજાઓનાં વચન સાંભળીને ધર્મરાજા યુધિષ્ઠિરે રાજાઓની યથાયોગ્ય પૂજા કરી અને પોતાના સર્વે ભાઇઓને કહ્યું કેઃ-"આ સર્વે રાજાઓ પ્રેમથી આપણે ત્યાં આવ્યા છે.[૪૩,૪૪] હવે એ શત્રુને તપાવનારા રાજાઓ મારી રજા લઇને પોતપોતાનાં રાજ્યપ્રત્યે જાય છે, તેથી તમે એ શ્રેષ્ઠ રાજાઓને વળાવવા માટે આપણા દેશના સીમાડા સુધી તેમની પાછળ જાઓ. તમારૂં કલ્યાણ થાઓ."[૪૫] આવું ભાઈનું વચન સ્વીકારીને ધર્મચારી એવા પાંડવો, સર્વે રાજાઓની યોગ્યતા પ્રમાણે એક એકને વળાવવા ગયા.[૪૬] પ્રતાપી ધૃષ્ટદ્યુમ્ન તુરત વિરાટરાજાને વળાવવા ગયો, મહાત્મા અને મહારથી એવા દ્રુપદને વળાવવા અર્જુન ગયો,[૪૭] ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રને વળાવવા

માટે મહાબલવાન ભીમસેન ગયો, પુત્રની સાથે વીર એવા દ્રોણુને વળાવવા માટે યોદ્ધાઓનો પતિ સહદેવ ગયો,[૪૮] હે રાજન્! પુત્રની સાથે સુબલ રાજાને વળાવવા માટે નકુલ ગયો તથા દ્રૌપદીના પુત્રો સુભદ્રાના પુત્રની સાથે પર્વત પ્રદેશના મહારથી રાજાઓને વળાવવા ગયા;[૪૯] અને તે રીતેજ બીજા ક્ષત્રિય રાજાઓને વળાવવા માટે કેટલાએક શ્રેષ્ઠ ક્ષત્રિયો ગયા. એજ પ્રમાણે હજારો બ્રાહ્મણો પણ સારાં પૂજનને પ્રાપ્ત થઇને પોતપોતાને ઠેકાણે ગયા.[૫૦] આ રીતે સર્વ મહારાજાઓ અને બ્રાહ્મણોના જવા પછી પ્રતાપી વાસુદેવ યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવાલાગ્યા:–[૫૧] "હે કુરુનંદન! હવે તમારી રજા લઇને હું દ્વારકા જાઉં છું. તમે યજ્ઞોમાં શ્રેષ્ઠ એવા રાજસૂયયજ્ઞને પૂર્ણ કરી શકયા એ સારૂં થયું."[૫૨] આ પ્રમાણે જનાર્દને કહ્યું, ત્યારે તેમને ધર્મરાજા યુધિષ્ઠિરે કહ્યું કે:–"હે ગોવિંદ! તમારી કૃપાથી હું મહાન યજ્ઞ કરી શકયો છું અને તમારી કરુણાથી સમગ્ર ક્ષત્રિયો પણ મને વશ થયા છે, કે જે ક્ષત્રિયો મુખ્ય મુખ્ય ભેટસામગ્રીઓ લઇને મારી પાસે પ્રાપ્ત થયા હતા.[૫૨–૫૪] હે નિષ્પાપ વીર! તમને જવાને માટે હું મારી વાણીથી શી રીતે રજા આપી શકું? તમારાવિના મને કોઈ વખત પણ સુખ થતું નથી;[૫૫] પરંતુ તમારે દ્વારકાપુરીમાં અવશ્ય જવું જોઇએ."

આ પ્રમાણે યુધિષ્ઠિરે કહ્યું, ત્યારે ધર્માત્મા એવા શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને સાથે લઇને કુંતી ફોઈની પાસે ગયા અને વિશાલ યશવાળા હરિ પ્રસન્ન થઈને ફોઇને કહેવા લાગ્યા કે:–"ઓ ફોઇ! આજે તમારા દીકરાઓ ચક્રવર્તી થયા છે;[૫૬–૫૭] તથા સિદ્ધ અર્થવાળા અને ધનાઢ્ય થયા છે, માટે હવે તમે પ્રસન્ન થાઓ! હું તમારી આજ્ઞા લઈને હવે દ્વારકા જવાની ઇચ્છા કરૂં છું."[૫૮] તે પછી શ્રીકૃષ્ણે સુભદ્રા તથા દ્રૌપદીનું સન્માન કર્યું અને યુધિષ્ઠિરની સાથે તે અંતઃપુરમાંથી બહાર નીકળ્યા.[૫૯] તે પછી તેમણે સ્નાન કર્યું, જપ કર્યા, બ્રાહ્મણોની પાસે સ્વસ્તિવાચન કરાવ્યું. એટલામાં મેઘમંડલના જેવા જણાતા સજ્જ કરેલા રથને જોડીને મહાબાહુ દારુક ત્યાં આવી લાગ્યો. તે ગરુડધ્વજ રથને આવેલો જોઈને ઉદાર મનવાળા કમલનયન શ્રીકૃષ્ણ પ્રદક્ષિણા કરીને તેમાં બેઠા અને દ્વારકા જવા નીકળ્યા.[૬૦–૬૨] તે વખતે મહાબલવાળા વાસુદેવને વળાવવા માટે શ્રીમાન ધર્મરાજા યુધિષ્ઠિર પોતે ભાઈઓની સાથે પગે ચાલીને પાછળ ગયા.[૬૩] પછી કમલના જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણ થોડીવાર પોતાના ઉત્તમ રથને ઉભો રાખીને કુંતીના પુત્ર યુધિષ્ઠિરને કહેવા લાગ્યા:–[૬૪] "હે રાજન્! તમે સાવધાન રહીને નિરંતર પ્રજાનું રક્ષણ કરો; અને જેમ પ્રાણીઓ મેઘના આશ્રયથી જીવે છે, જેમ પક્ષીઓ મહાન વૃક્ષના આશ્રયથી જીવે છે અને દેવો જેમ ઇંદ્રના આશ્રયથી જીવે છે, તેમ તમારા આશ્રયથી તમારા બંધુઓ જીવો." આ પ્રમાણે શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિર પરસ્પર વાતચીત કરીને તથા એકમેકની રજા લઇને પોતપોતાને ઘેર ગયા. હે નૃપ! યદુઓમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ દ્વારકા ગયા;[૬૫–૬૭] તે પછી એક દુર્યોધનરાજા અને બીજો સુબલનો પુત્ર શકુનિ આ બે નરશ્રેષ્ઠો યુધિષ્ઠિરરાજાની તે દિવ્ય સભામાં રહ્યા હતા.[૬૮]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત શિશુપાલવધ પર્વવિષે શિશુપાલવધ નામનો અધ્યાય ૪૫ મો સમાપ્ત.

શિશુપાલવધ પર્વ સમાપ્ત.*

---

*गोप्यः कामाद्भयात्कंसो द्वेषाच्चैद्यादयोनृपाः ॥ तीव्र ध्यानाद्धरेः साम्यं लेभिरे कीटभृंगवत्॥ ગોપીઓ કામથી, કંસ ભયથી અને શિશુપાલ પ્રભૃતિ રાજાઓ દ્વેષથી હરિનું તીવ્ર ધ્યાન કરીને કીટ, ભ્રમરિકાની પેઠે હરિની સામ્યતાને પ્રાપ્ત થયા છે. गणेश

द्यूत पर्व

અધ્યાય ૪૬ મો*-વ્યાસનું સૂચન અને ધર્મરાજાની પ્રતિજ્ઞા

॥ वैशंपायन उवाच ॥

समाप्ते राजसूये तु क्रतुश्रेष्ठे सुदुर्लभे ॥
शिष्यैः परिवृतो व्यासः पुरस्तात्समपद्यत ॥१॥

વૈશંપાયન કહે છેઃ-અત્યંત દુર્લભ એવો રાજસૂય મહાયજ્ઞ સમાપ્ત થયો, ત્યાર પછી શિષ્યોથી વીંટાયલા વ્યાસમુનિ યુધિષ્ઠિર રાજાની આગળ આવ્યા.[1] તેમને આવતા જોઈને યુધિષ્ઠિર રાજા તુરત આસન ઉપરથી ઉઠીને ભાઇઓની સાથે વ્યાસને સામા લેવા ગયા; અને લાવ્યા પછી તેમણે પોતાના પિતામહ વ્યાસને આસન આપ્યું તથા પગ ધોવાનું જલ આપીને તેમની પૂજા કરી.[2] પછી ભગવાન વ્યાસ સુવર્ણના ઉત્તમ આસન ઉપર બેઠા અને તેમણે ધર્મરાજ યુધિષ્ઠિરને 'તમે બેસો' એમ કહ્યું.[3] તે પછી ભાઈઓથી વીંટાઇને બેઠેલા એવા યુધિષ્ઠિર રાજાને તે તે વાકયો બોલવામાં કુશલ એવા ભગવાન વ્યાસ કહેવા લાગ્યા કેઃ-[4]"હે કુંતીપુત્ર! દુર્લભ એવા ચક્રવર્તીના પદને પ્રાપ્ત થઈને તમે વૃદ્ધિ પામો છો, એ ઘણું સારૂં થયું. હે કુરુકુલને વહન કરનારા! તમે સર્વે કુરુવંશીઓની ચઢતી કરી છે.[5] હે રાજા! તમે મારી પણ પૂજા કરી છે. હવે હું તમારી રજા લઈને-અહીંથી જઈશ." આ પ્રમાણે વ્યાસજીએ કહ્યું, ત્યારે ધર્મરાજા યુધિષ્ઠિર પિતામહ વ્યાસને પ્રણામ કરીને તથા ચરણસ્પર્શ કરીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

યુધિષ્ઠિર બોલ્યાઃ-"હે મનુષ્યોમાં શ્રેષ્ઠ! મને અતિદુર્લભ એવો એક સંશય ઉત્પન્ન થયો છે.[6,7] હે દ્વિજશ્રેષ્ઠ! તે સંશયને નિવૃત્ત કરનાર તમારાવિના બીજો કોઇ નથી. હે પિતામહ! ભગવાન નારદઋષિએ દિવ્ય,(વજ્રપાત વગેરે) આંતરિક્ષ (ધૂમકેતુ વગેરે) અને પાર્થિવ (ભૂકંપ વગેરે), એવા ત્રણ પ્રકારના ઉત્પાતો કહ્યા છે. તેમાં આ શિશુપાલનું મરણ એ મહાન ગુપ્ત ઉત્પાત થયેલો ગણાય."[8,9]

વૈશંપાયન કહે છેઃ-આવાં રાજાનાં વચન સાંભળીને પરાશરના સમર્થ પુત્ર કૃષ્ણદ્વૈપાયન વ્યાસ આ પ્રમાણે વચન બોલ્યાઃ-[10] "હે રાજન્! ઉત્પાતોનું મહાન ફલ તેર વર્ષ સુધી સર્વ ક્ષત્રિયોના વિનાશને માટે થશે.[11] હે ભરતકુલમાં શ્રેષ્ઠ! અને તમને એકને કારણરૂપ કરીને દુર્યોધનના અપરાધથી ભીમ અને અર્જુનના બલથી કાલવડે પૃથ્વીમાં એકઠા થયેલા સર્વે ક્ષત્રિયો ક્ષય પામશે.[12] હે રાજેન્દ્ર! તમને રાત્રિના અંતમાં એક સ્વપ્ન આવશે તેમાં તમે વૃષભધ્વજ, નીલકંઠ, ભવ, સ્થાણુ, કપાલી, ત્રિપુરસંહારક, ઉગ્ર, રુદ્ર, પશુપતિ, મહાદેવ, ઉમાપતિ, હર, શર્વ, વૃષ, શૂલ, પિનાકધારી, ગજચર્મધારી અને કૈલાસના શિખરના જેવા જણાતા એવા શિવને નંદિકેશ્વર ઉપર બેઠેલા તથા એક સરખી રીતે દક્ષિણ દિશા તરફ જોતા જોશો.[13-15] હે રાજન્! તમે આ પ્રકારનું સ્વપ્ન જોશો, પરંતુ તે સંબંધમાં ચિંતા કરશો નહિ; કારણ કે કાલને કોઈ કષ્ટથી પણ ઓળંગી શકતું નથી.[16] તમારૂં કલ્યાણ થાઓ. હું હવે કૈલાસપર્વત પ્રત્યે જઇશ; અને તમે સાવધાન રહીને તથા ઇંદ્રિયોને વશ

* આ ૪૬ મો અધ્યાય કલકત્તામાં પ્રસિદ્ધ થયેલાં બે હિંદી ભાષાંતરોમાં નથી. એની જગ્યાએ ૪૭ મા અધ્યાયનેજ ૪૬ મા તરિકે ગણેલો છે; પરંતુ એ અધ્યાય ઉપર પં૦ નીલકંઠની ટીકા છે. એ ઉપરથી એમ સમજાય છે કે, પં૦ નીલકંઠની ટીકા થતાં પહેલાંની જે પ્રતમાં એ અધ્યાય નહિ હોય તેવી પ્રત ઉપરથી છપાયેલાં મહાભારતનાં એ ભાષાંતરો થયેલાં હોવાં જોઇએ. આપ્પા શાસ્ત્રીવાળું મરાઠી ભાષાંતર આ પ્રતને મળતુંજ છે. ભા૦ ક૦

રાખીને પૃથ્વીનું સર્વ રીતે પાલન કરો."[૧૭]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસ, શાસ્ત્રને અનુસરનારા એવા પોતાના શિષ્યોની સાથે કૈલાસપર્વત ઉપર ગયા.[૧૮] પિતામહ વ્યાસના જવા પછી ચિંતા અને શોકથી યુક્ત થયેલા યુધિષ્ઠિરરાજા વારંવાર ઉના નિઃશ્વાસ નાખતા તેજ વાતનો વિચાર કરવા લાગ્યા.[૧૯] 'પુરુષાર્થવડે દૈવને શી રીતે રોકી શકાય ? પરમર્ષિએ જે કંઇ કહ્યું છે, તે અવશ્યજ થશે.'[૨૦] તે પછી મહા તેજસ્વી યુધિષ્ઠિર પોતાના સઘળા ભાઇઓને કહેવા લાગ્યા કેઃ–"હે પુરુષવ્યાઘ્રો ! મને જે દ્વૈપાયનમુનિએ કહ્યું તે તમે સાંભળ્યુંજ છે.[૨૧] તેમનું તે વચન સાંભળીને મેં તે વખતેજ મરવાનો નિશ્ચય કર્યો છે, હે તાત ! સર્વ ક્ષત્રિયોના મરણને માટે કાલે મનેજ ઇષ્ટ કારણરૂપ નિર્મ્યો હોય તો પછી મારે જીવવાનું શું પ્રયોજન છે ?" આ પ્રમાણે બોલતા યુધિષ્ઠિરરાજાને અર્જુને પ્રત્યુત્તર આપ્યોઃ–[૨૨,૨૩] "હે રાજન્ ! તમે બુદ્ધિને નાશ કરનારા ઘોર ખેદમાં ઉતરો નહિ; પરંતુ હે મહારાજ! વિચાર કરીને જે યોગ્ય ઉપાય હોય તે કરો."[૨૪] તે પછી દ્વૈપાયનનાં વચનને યાદ કરતા સત્ય ધૈર્યવાળા યુધિષ્ઠિર ત્યાંજ સર્વે ભાઇઓને કહેવા લાગ્યા કેઃ–[૨૫]" તમારૂં કલ્યાણ થાઓ. આજથી આરંભીને તમે મારી પ્રતિજ્ઞાને સાંભળો. હે તાત ! તેર વર્ષ સુધી મારે હવે જીવવાનું શું પ્રયોજન છે?[૨૬] હું હવે ભાઇઓને તેમજ બીજા રાજાઓને, કોઇને કઠોર વચન કહીશ નહિ અને જ્ઞાતિવાળાઓની આજ્ઞામાં રહીને તેમને અનુસરી કાર્ય કરીશ.[૨૭] આ પ્રમાણે પોતાના પુત્રો તથા બીજાઓની સાથે હું વર્તીશ, એટલે આ લોકમાં ભેદ પડશે નહિ; કારણ કે ભેદના કારણથીજ લડાઈ ઉત્પન્ન થાય છે.[૨૮] હે મનુષ્યશ્રેષ્ઠો ! હું લડાઇને દૂર રાખીને સર્વનાં પ્રિય કાર્યોજ કરીશ, એટલે લોકોમાં મારી નિંદા થશે નહિ."[૨૯] આવું મોટાભાઇનું વચન સાંભળીને પાંડવો ધર્મરાજાના હિતમાં તત્પર થઇ તેમનેજ અનુસરવા લાગ્યા.[૩૦] આ પ્રમાણે સભામાં ભાઇઓની સાથે ધર્મરાજાએ ઠરાવ કર્યો, તે પછી યથાશાસ્ત્ર પિતૃઓ તથા દેવોને તૃપ્ત કરીને તથા મંગલકારક કલ્યાણ કૃત્યો કરીને હે ભરતશ્રેષ્ઠ ! સર્વ ક્ષત્રિયોના જવા પછી યુધિષ્ઠિરરાજાએ પોતાના ભાઇઓથી વીંટાઇને તથા પ્રધાનોની સાથે પોતાના ઉત્તમ નગરમાં પ્રવેશ કર્યો; અને હે નરાધિપ ! હે મહારાજ ! દુર્યોધન તથા સુબલનો પુત્ર શકુનિ, એ બન્ને તે રમણીય સભામાંજ રહ્યા.[૩૧–૩૩]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત ધૂતપર્વવિષે યુધિષ્ઠિરસમય નામનો અધ્યાય ૪૬ મો સમાપ્ત.

અધ્યાય ૪૭ મો–દુર્યોધનને ઉત્પન્ન થયેલો સંતાપ

॥ वैशंपायन उवाच ॥

वसन् दुर्योधनस्तस्यां सभायां पुरुषर्षभ ॥
शनैर्ददर्श तां सर्वां सभां शकुनिनासह ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ–હે પુરુષશ્રેષ્ઠ ! પછી તે સભામાં રહેલા દુર્યોધને શકુનિની સાથે તે આખી સભાને ધીરે ધીરે જોવા માંડી.[૧] તે કુરુનંદને પહેલાં હસ્તિનાપુરમાં ન જોયેલા એવા દિવ્ય અભિપ્રાયો આ સભામાં જોયા.[૨] એક વખતે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનરાજાએ સભામાં સ્ફાટિકની ભૂમિ જોઇ અને તેને જલ છે એમ માનીને તેણે બુદ્ધિમોહથી પોતાનું વસ્ત્ર ઉંચું લીધું; પણ પછી પોતે ભૂલ્યો છે એવું જાણતાં તે મનમાં ગ્લાનિ પામ્યો અને ત્યાંથી વિમુખ થઇને ફરી સભામાં ફરવા લાગ્યો.[૩,૪] તે પછી દુર્યોધન રાજા સ્થલ ઉપર ગબડી પડ્યો અને તેથી તે ખિન્ન થઇને શરમાઇ ગયો. વળી તે નિસાસા નાખતો તથા આડુંઅવળું જોતો તે સભામાં ફરવા લાગ્યો.[૫] આગળ સ્ફાટિકના જેવાં જલવાળી તથા સ્ફાટિકવર્ણાં કમલોવડે શોભી રહેલી એક વાપિકા આવી; તેને

સ્થલ છે એમ માનીને તે વસ્ત્ર સાથે જલમાં પડ્યો. તેને જલમાં પડેલો જોતાંજ મહાબલવાન ભીમસેન હસ્યો તથા બીજા સેવકો પણ દુર્યોધનને હસવા લાગ્યા[7] અને રાજાની આજ્ઞાથી તેને બદલવા માટે બીજાં સારાં વસ્ત્રો આપ્યાં.દુર્યોધનને આ સ્થિતિમાં જોઈને મોટા સામર્થ્યવાળો ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવ, એ બધા તે વખતે હસવા લાગ્યા. અસહનતાવાળા દુર્યોધનથી તેઓનું હસવું સહન થયું નહિ;[8,9] પરંતુ પોતાના અભિપ્રાયને બહાર ન જણાવવા માટે તેણે તેઓના સામું જોયું નહિ. ફરી તે વસ્ત્રો ઉંચાં લઇને પાણીમાં થઈને પાર જવાનો હોય તેમ સ્થલને જલ માની ચાલવા ગયો એટલે પાછા સર્વે લોકો હસવા લાગ્યા. તે પછી આગળ જતાં દુર્યોધનરાજા એક સ્ફાટિકનાં બંધદ્વારને ઉઘાડું માનીને તેમાં પેસવા ગયો, એટલે તેનું માથું દ્વારમાં અફળાયું અને તે તમ્મર આવી ગયાં હોય તેમ ઉભો રહ્યો[11] તેવુંજ એક સ્ફાટિકનાં મોટાં કમાડવાળું બીજું દ્વાર આવ્યું તેને તે બે હાથથી હડસેલવા ગયો એટલે બારણાં ઉઘડી જતાં આચકો લાગવાથી તે બહાર નીકળીને પડી ગયો.[12] ફરી તે વિસ્તીર્ણ આકારવાળા દરવાજા આગળ ગયો;પરંતુ તે બંધ છે એમ માનીને દરવાજા આગળજ ઉભો રહ્યો.[13] હે રાજન્ ! આ રીતે ત્યાં વિવિધ વંચનાને પ્રાપ્ત થયેલો દુર્યોધનરાજા પછી પાંડવોની રજા મેળવી રાજસૂય મહાયજ્ઞમાં તેવી અદ્ભુત સમૃદ્ધિ જોઇને મનમાં અપ્રસન્ન થતો થતો હસ્તિનાપુર ગયો.[14,15] પાંડવોની લક્ષ્મી જોઇને તપી ઉઠેલા દુર્યોધનરાજાને જતાં જતાં વિચાર થવા લાગ્યાઅને તેને પાપબુદ્ધિ ઉત્પન્ન થઇ.[16]હે કુરુકુલને ધારણ કરનારા રાજા! પાંડવોને પ્રસન્ન થયેલા જોઇને, સર્વે રાજાઓને તેમને આધીન થયેલા જોઇને, આબાલ સર્વે લોકોને પાંડવોનું હિત કરતા જોઈને તથા મહાત્મા પાંડવોના પરમ મહિમાને જોઈને ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન નિસ્તેજ થઈ ગયો.[17,18] વિક્ષિપ્ત ચિત્તવાળો દુર્યોધન જતાં જતાં એકલોજ બુદ્ધિમાન ધર્મરાજાની તે અનુપમ લક્ષ્મીને તથા સભાનેજ વિચારવા લાગ્યો;[19] અને ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન તે વખતે વિચારમાં એવો પ્રમત્ત થઇ ગયો કે તેને શકુનિ વારંવાર બોલાવતો હતો તોપણ તેની સાથે તે બોલતો ન હતો.[20] આ રીતે તેને એકાગ્રતારહિત થયેલો જોઈને શકુનિ તેને પૂછવા લાગ્યો કે:–"ઓ દુર્યોધન! તું શા કારણથી નિઃશ્વાસ નાખતો હોય તેમ જાય છે ?"[21]

દુર્યોધન બોલ્યો:–"ઓ મામા ! મહાત્મા અર્જુનના અસ્ત્રપ્રતાપવડે જીતાયલી આ આખી પૃથ્વી યુધિષ્ઠિરને વશ થયેલી છે તે જોઇને, તથા જેવો દેવોમાં ઇંદ્રનો યજ્ઞ થયો હતો તેવો મહાકાંતિવાળા યુધિષ્ઠિરનો તે મહાયજ્ઞ જોઇને હું ઈર્ષ્યાથી પૂર્ણ થઈ ગયો છું, અને જેમ જયેષ્ઠઆષાઢમાં–ગ્રીષ્મઋતુમાં અલ્પ જલ સૂકાઇ જાય છે, તેમ હું રાતદિવસ બળવાથી સૂકાઇ જાઉં છું.[22–24] તમે જુઓ કે, એક યદુઓમાં મુખ્ય એવા કૃષ્ણે શિશુપાલને મારી નાંખ્યો પણ કોઇ પુરુષ ત્યાં શિશુપાલને મદદ કરવા નીકળ્યો નહિ ![25] ખરેખર, પાંડવોના પ્રતાપાગ્નિથી દગ્ધ થતા રાજાઓએ તે અપરાધ સાંખી લીધો; નહિ તો તેવા અપરાધને કોણ સાંખી શકે ?[26] વાસુદેવે તે જે મહાન અયોગ્ય કર્મ કર્યું તે મહાત્મા પાંડવોના પ્રતાપથીજ પાર ઉતરી ગયું.[27] યજ્ઞમાં બીજા રાજાઓ પણ વિવિધ પ્રકારનાં રત્નો લઇને કર ભરનારા વૈશ્યોની પેઠે કુંતીપુત્ર યુધિષ્ઠિરની સેવામાં હાજર થયા હતા.[28] પાંડવોની તે પ્રમાણે આવેલી ઝળહળતી લક્ષ્મીને જોઈને તેવી લક્ષ્મી ન મેળવી શકું એવો હું ક્રોધને અધીન થઈને બળ્યા કરૂં છું."[29]

પછી નીચે પ્રમાણેનો મનમાં નિશ્ચય કરીને અગ્નિથી બળતો હોય તેમ દુર્યોધન રાજા ફરીથી ગાંધારરાજ શકુનિને કહેવા લાગ્યો:–[30]"હું તો અગ્નિમાંજ પ્રવેશ કરીશ અથવા ઝેર ખાઇશ, અથવા તો પાણીમાં ડૂબી મરીશ; પરંતુ હવે હું જીવી શકીશ નહિ;[31] કારણ કે જગતમાં કયો સામર્થ્યવાન પુરુષ પોતાના શત્રુઓને વૃદ્ધિ પામતા જોઈને અને પોતાને હીન રહેલો જોઇને તે સાંખી શકે ?[32] પાંડવોની પાસે આવેલી તેવી

લક્ષ્મીને હું હમણાં સહન કર્યા કરૂં છું, તે હું સ્ત્રી નથી, (કારણ કે તે તો પરતંત્ર હોવાથી શોકયનાં ઐશ્વર્યને સહન કરે છે. હું તે સહન કરી શકતો નથી માટે પુરુષ છું. ત્યારે યુદ્ધ કરીને પાંડવોને જીતવાની ઈચ્છા કર! એનો ઉત્તર કહે છે) હું અસ્ત્રી નથી, (અર્થાત્ અર્જુનાદિના જેવો અસ્ત્રબલવાળો નથી, ત્યારે તે પણ સંપાદન કર ! એનો ઉત્તર આપે છે.) હું પુરુષ નથી, (અર્થાત્ શત્રુઓના જેવું ઉત્કૃષ્ટ અસ્ત્રબલ મેળવવા માટે અસમર્થ છું. ત્યારે તું પંઢ છે? એનો ઉત્તર કહે છે.) કે હું પંઢ પણ નથી. (અર્થાત્ હું એવો અત્યંત અસમર્થ નથી કે જેથી શત્રુની લક્ષ્મીને સહન કરી શકું ! તાત્પર્ય કે વગર યુદ્ધે લક્ષ્મી ખેંચી લેવાય એવો કોઈ કપટભર્યો ઉપાય ખોળી કાઢવો જોઈએ.)[૩૩] ઓ મામા ! પૃથ્વીનું પ્રભુત્વ, તેવી શ્રીમંતાઈ અને તેવો યજ્ઞ જોઈને મારા જેવો કોણ બળે નહિ?[૩૪] હું એકલો તો તે રાજ્યલક્ષ્મીને ખેંચી લેવા અસમર્થ છું અને બીજા સહાય કરનારાને જોતો નથી, એટલે હું મોતનો વિચાર રાખું છું.[૩૫] કુંતીના પુત્ર યુધિષ્ઠિરની પાસે તે તેજસ્વિની લક્ષ્મી જોઈને હું પુરુષાર્થને નિરર્થક માનું છું અને દૈવનેજ બલવાન ગણું છું.[૩૬] હે સુબલપુત્ર ! તેના વિનાશને માટે મેં પૂર્વે ઉદ્યોગ કર્યો હતો; પરંતુ તે સર્વને ઉલ્લંઘન કરીને તે તો પાણીમાં કમલ વધે તેમ વધ્યોજ ગયો છે![૩૭] તેથી પણ હું દૈવને શ્રેષ્ઠ માનું છું અને પુરુષાર્થને નિરર્થક સમજું છું. અરેરે, ધૃતરાષ્ટ્રના પુત્રો હીન થતા જાય છે અને પાંડવો નિરંતર વધ્યાજ જાય છે.[૩૮] પાંડવોની તે રાજલક્ષ્મીને, અદ્ભુત ભાવવાળી તે સભાને તથા રક્ષકોએ કરેલા મારા પરિહાસને જોઈને, હું અગ્નિથી ધિકતો હોઉં તેમ ધિકું છું;[૩૯] માટે ઓ મામા! ક્રોધથી ભરેલા અને અતિશય દુઃખી થયેલા એવા મને તમે મરવાની રજા આપો અને એ વાત ધૃતરાષ્ટ્રને જણાવો."*[૪૦]

ઈતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે દુર્યોધનસંતાપ નામનો અધ્યાય ૪૭ મો સમાપ્ત.

અધ્યાય ૪૮ મો–શકુનિએ દુર્યોધનનું કરેલું આશ્વાસન

॥ शकुनिरुवाच ॥

दुर्योधन न तेऽमर्षः कार्यः प्रति युधिष्ठिरम् ॥
भागधेयानि हि स्वानि पांडवा भुंजते सदा ॥

શકુનિ કહે છેઃ–"ઓ દુર્યોધન! તારે યુધિષ્ઠિરની અદેખાઈ કરવી નહિ;[૧] કારણ કે પાંડવો સર્વદા પોતાનાં ભાગ્યનોજ ઉપભોગ કરે છે. પૂર્વે તેં તેઓના વિનાશને માટે વિધિપૂર્વક વિવિધ પ્રકારની ક્રિયાઓ કરી હતી; પરંતુ અનેક ઉપાયોથી પણ તું તેઓને મારી શકયો ન હતો;[૨] અને હે અરિને દમનારા મહારાજા! તેઓને વારંવાર મૃત્યુના પાશમાં સપડાવતાં પણ તે નરવ્યાઘ્રો પોતાનાં ભાગ્યબલને આગળ રાખીને છૂટી ગયા હતા;[૩] એટલુંજ નહિ પણ તેઓએ દ્રૌપદીને ભાર્યાતરીકે મેળવી અને પૃથ્વીના લાભમાં સહાય કરે તેવા, પુત્રોની સાથે દ્રુપદને તથા વીર્યવાન વાસુદેવને મેળવ્યા હતા.[૪] વળી હે પૃથ્વીપતિ ! જેઓનો અર્થ પરાભવ ન પામેલો એવા પાંડવોએ પોતાના પિતાનો રાજ્યભાગ મેળવ્યો છે અને તેઓનાં તેજથી તે ભાગ વધ્યો છે તેમાં આપણે શામાટે શોક કરવો જોઈએ ?[૫] અર્જુને અગ્નિને પ્રસન્ન કરીને ગાંડીવ ધનુષ, અક્ષય એવા મોટા બે ભાથા તથા દિવ્ય અસ્ત્રો મેળવ્યાં હતાં;[૬] અને તે મુખ્ય ધનુષવડે તથા પોતાના બાહુવીર્યવડે તેણે રાજાઓને વશ કર્યા તેમાં શોક શામાટે કરવો ?[૭] વળી અગ્નિદાહથી મયદાનવને છો-

* न तथा शूलयक्ष्माद्याः पीडयन्ति गदा नरान् । यथा परेषामुत्कर्षः पापिनं धार्तराष्ट्रवत् ॥ દુર્યોધનની પેઠે પાપી મનુષ્યને પારકાનો ઉત્કર્ષ જેવી પીડા આપે છે, તેવી પીડા શૂલ, ક્ષય વગેરે રોગો પણ કરી શકતા નથી. गणेश

ડાવીને શત્રુને તપાવનારા સવ્યસાચી અર્જુનને તેની પાસે તે સભા કરાવી, કે જે સભાને મયદાનવની આજ્ઞાથી કિંકર નામના ભયંકર રાક્ષસો ઉપાડીને ફરે છે, તેમાં શોક શામાટે કરવો જોઇએ?[૮,૯] હે ભારતરાજ! અને તેં જે પોતાને અસહાય કહ્યો તે વાત મિથ્યા છે; કારણ કે આ તારા ભાઇઓ બધા તને અધીન છે.[૧૦] વળી વીર્યવાન તથા મહા ધનુર્ધારી એવા પુત્રની સાથે દ્રોણગુરુ, સૂતપુત્ર કર્ણ, મહારથી કૃપાચાર્ય, ભાઇઓની સાથે હું, સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા રાજા, આ બધા તારા સહાયક છે; માટે એ બધાની સાથે તું સમગ્ર પૃથ્વીનો જય કર."[૧૧,૧૨]

દુર્યોધન બોલ્યોઃ–" હે રાજા ! જો તમારી સંમતિ હોય તો હું તમારી સાથે તથા એ બધા મહારથીની સાથે રહીને પાંડવોનોજ પરાજય કરૂં;[૧૩] કારણ કે એઓને જીતવાથી આજે પૃથ્વી મારા હાથમાં આવશે અને સર્વે રાજાઓ તથા તે મહામૂલ્યવાળી સભા મને સ્વાધીન થશે."

શકુનિ બોલ્યોઃ–"અર્જુન, વાસુદેવ, ભીમસેન, યુધિષ્ઠિર, નકુલ, સહદેવ તથા પુત્રોની સાથે દ્રુપદરાજા, [૧૫]આ બધાઓ યુદ્ધમાં દેવગણોથી પણ જીતાય તેવા નથી; કારણ કે તેઓ મહારથો, મહાધનુર્ધારીઓ, અસ્રોમાં કુશલ તથા યુદ્ધ કરવામાં દુર્મદવાળા છે;[૧૬] તથાપિ હે રાજન્! યુધિષ્ઠિરને પોતાને જે રીતે જીતી શકાય તે હું સારી રીતે જાણું છું, માટે તે જાણીને તું તે પ્રમાણે પ્રીતિથી કર."[૧૭]

દુર્યોધન કહે છેઃ–"ઓ મામા! સગાંઓનો તથા બીજા મહાત્માઓનો પ્રમાદવડે નાશ ન થાય એવી રીતે જો પાંડવો જીતી શકાય એમ હોય તો તે મને કહો."[૧૮]

શકુનિ બોલ્યોઃ–"કુંતીના પુત્ર યુધિષ્ઠિરને દ્યૂત રમવું પ્રિય છે, જો કે તેને રમતાં આવડતું નથી તથાપિ તેને રમવા બોલાવીશું તો તે પાછો ફરી શકશે નહિ.[૧૯] હે કૌરવ્ય! હું દ્યૂત રમવામાં કુશલ છું, મારા જેવો રમનારો પૃથ્વીમાં અથવા ત્રણ લોકમાં બીજો નથી; માટે તેને તું દ્યૂત રમવા બોલાવ.[૨૦] હે પુરુષશ્રેષ્ઠ! પાસા નાખવામાં કુશલ એવો હું તે યુધિષ્ઠિરના રાજ્યને તથા તે ઝળહળતી લક્ષ્મીને તારેમાટે અવશ્ય ખેંચી લઇશ, હે રાજન્ ! એમાં સંશય નથી;[૨૧] પરંતુ હે દુર્યોધન ! આ બધું ધૃતરાષ્ટ્ર રાજાને જણાવ અને તારા પિતા મને આજ્ઞા કરશે એટલે હું તેઓને જીતીશ એમાં સંશય રાખીશ નહિ."

દુર્યોધન બોલ્યોઃ–" ઓ સુબલના પુત્ર ! તમેજ કુરુકુલમાં મુખ્ય એવા ધૃતરાષ્ટ્રને યથાયોગ્ય આ વાત નિવેદન કરો હું તે નિવેદન કરી શકીશ નહિ."[૨૩]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે દુર્યોધનસંતાપ નામનો અધ્યાય ૪૮ મો સમાપ્ત.

અધ્યાય ૪૯ મો–દુર્યોધને ધૃતરાષ્ટ્રને પોતાનો અભિપ્રાય જણાવ્યો.

॥ वैशंपायन उवाच ॥
अनुभूय तु राज्ञस्तं राजसूयं महाक्रतुम् ॥
युधिष्ठिरस्य नृपतेर्गांधारीपुत्रसंयुतः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–યુધિષ્ઠિર રાજાના તે રાજસૂય મહાયજ્ઞનો ગાંધારીના પુત્ર દુર્યોધનની સાથે અનુભવ લઇને, સુબલ રાજાનો પુત્ર શકુનિ, કે જે દુર્યોધનનું પ્રિય કરનારો હતો, તેણે પ્રથમ દુર્યોધનનો અભિપ્રાય જાણી લીધો. તે પછી તે દુર્યોધનનાં વચન સાંભળીને જ્યાં પ્રજ્ઞાચક્ષુ–અંધ ધૃતરાષ્ટ્ર રાજા બેઠો હતો ત્યાં જઇને તે મહાબુદ્ધિમાનને કહેવા લાગ્યો.[૧,૩] શકુનિ બોલ્યોઃ–" હે મહારાજ ! હે મનુષ્યાધીશ ! તમારો પુત્ર દુર્યોધન નિસ્તેજ થઇ ગયો છે, ફિક્કો પડી ગયો છે, શરીરે સૂકાઇ ગયો છે, સ્વભાવે રાંક થઇ ગયો છે તથા નિરંતર ચિંતા કર્યા કરે છે, માટે તમે તેની તપાસ લ્યો.[૪] તમે તમારા મોટા પુત્રના હૃદયમાં શત્રુથી ઉત્પન્ન

થયેલા અસહ્ય શોકને શામાટે જાણવા યત્ન કરતા નથી ? અને તેની યથાર્થ પરીક્ષા કરતા નથી ?”[૫]

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–“ હે પુત્ર દુર્યોધન ! તું શા કારણથી અત્યંત દુઃખી થઈ ગયો છે ? હે કુરુનંદન ! જો તે વાત મારે સાંભળવા જેવી હોય તો તું મને કહે.[૬] આ શકુનિ કહે છે કે, તું વિવર્ણ થઇ ગયો છે. ફિક્કો પડી ગયો છે તથા સૂકાઈ ગયો છે, મને તો વિચાર કરતાં પણ તારા શોકનું કારણ જડતું નથી. હે પુત્ર ! આ મહાન ઐશ્વર્ય સઘળું તારે સ્વાધીન છે; ભાઇઓ કે સ્નેહીઓ કોઇ તારૂં અપ્રિય કરતા નથી.[૭,૮] તું કિંમતી વસ્ત્રો પહેરે છે, માંસવાળા અન્નને જમે છે અને ઉત્તમ જાતના ઘોડાઓ તને બેસવા મળે છે; તેમ છતાં તું શા કારણથી ફિક્કો પડે છે તથા સૂકાય છે ?[૯] વળી કિંમતી શય્યાઓ, મનોહર સ્ત્રીઓ, સુખસગવડવાળાં ઘરો અને ઇચ્છામાં આવે તેવા વિહારો, આ બધા વૈભવો દેવોની પેઠે તારી વાણીમાં બંધાઈ રહેલા છે, તો પછી હે દુર્ધર્ષ પુત્ર ! તું દીનની પેઠે શામાટે શોક કરે છે ? ”[૧૦,૧૧]

દુર્યોધન બોલ્યો:–“ જેમ એક નિર્માલ્ય પુરુષ ખાય છે તથા ઓઢે પહેરે છે, તેમજ હું પણ ખાઉં છું તથા ઓઢું પહેરૂં છું, અને સમયના ફેરફારને વ્યતીત કરવાને માટે ભયંકર અસહનતાને ધારણ કરૂં છું.[૧૨] જે શત્રુની ઉન્નતિને સહન ન કરનારો પુરુષ પોતાની પ્રજાને શત્રુઓના તરફથી થતાં કષ્ટોથી મુક્ત કરવાની ઇચ્છાથી શત્રુઓનો પરાભવ કરીને ઉભો રહે છે, તેજ પુરુષ કહેવાય છે.[૧૩] હે ભારતરાજ ! સંતોષ લક્ષ્મીનો તથા ગર્વનો નાશ કરે છે, તેમજ દયા અને ભય પણ લક્ષ્મીનો તથા અભિમાનનો નાશ કરે છે; માટે સંતોષ, દયા અને ભયથી વીંટાયલો પુરુષ મહાન પદવી મેળવી શકતો નથી.[૧૪] મને નિસ્તેજ કરી નાખે તેવી કુંતીપુત્ર યુધિષ્ઠિરની અતિશય ઝળહળતી લક્ષ્મી જોઈને મારા ભોગવેલા ભોગો મને આનંદ આપતા નથી.[૧૫] મારા શત્રુઓને વૃદ્ધિ પામતા તથા મને પોતાને ક્ષીણ થતો જાણીને, અને કુંતીપુત્ર યુધિષ્ઠિરની અદૃશ્ય લક્ષ્મીને પણ મારી આંખ આગળ ઉદય પામતી હોય તેમ જોઇને હું નિસ્તેજ, દીન, ફિક્કો તથા કૃશ થઇ ગયો છું. એક એકની સેવાને માટે ત્રીસ ત્રીસ દાસીઓ રહેલી એવા અઠ્યાશી હજાર સ્નાતક ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણોનું યુધિષ્ઠિર પોષણ કરે છે. વળી યુધિષ્ઠિર રાજાને ઘેર બીજા દશ હજાર બ્રાહ્મણો સોનાની થાળીમાં નિત્ય ઉત્તમ અન્નનું ભોજન કરે છે.[૧૬–૧૮] યુધિષ્ઠિરને યજ્ઞપ્રસંગે કાંબોજરાજે કદલી જાતના મૃગનાં કૃષ્ણ, શ્યામ અને અરુણ રંગનાં મૃગચર્મો તથા કિંમતી કંબલો ભેટ મોકલ્યા હતા; વળી સેંકડો ને હજારો હાથિણીઓ, ગાયો, ઘોડાઓ, ત્રણસો ઉંટો અને સેંકડો ખચ્ચરો મોકલ્યાં હતાં, કે જેઓ ત્યાં આસપાસ ફરતાં હતાં. વળી યુધિષ્ઠિર રાજાને ત્યાં રાજાઓ ભેટસામગ્રીઓ લઇને એકઠા થયા હતા.[૧૯,૨૦] હે પૃથ્વીપતિ ! એ મુખ્ય યજ્ઞમાં રાજાઓએ જાત જાતનાં પુષ્કળ રત્નો કુંતીપુત્ર યુધિષ્ઠિરને ભેટ ધર્યાં હતાં.[૨૧] બુદ્ધિમાન પાંડુપુત્રના યજ્ઞમાં જેવી ધનની પ્રાપ્તિ થઇ છે તેવી ધનની પ્રાપ્તિ મેં બીજે કયાંય પૂર્વે જોઇ નથી તેમ સાંભળી પણ નથી.[૨૨] ઓ રાજા ! શત્રુના તે અપાર ધનના સમૂહને જોઈને તેનુંજ ચિંતન કરતો હું શાંતિ પામતો નથી.[૨૩] ધાન્યસંપત્તિવાળાં ખેતરોથી આજીવિકા ચલાવનાર એવા વાટધાન બ્રાહ્મણો તથા ગાય વગેરે પશુઓથી જીવિકા ચલાવનાર ગોમંત બ્રાહ્મણો, ત્રણ ખર્વ જેટલું ધન ભેટને માટે લઈને આવ્યા હતા અને અંદર જતા રોકવાથી તેઓ સેંકડોનું ટોળું થઈને દરવાજા આગળ ઉભા હતા.[૨૪] તેઓ સુવર્ણનાં સુંદર કમંડલો ઘીથી ભરીને લાવ્યા હતા, છતાં એ ધન લાવતાં પણ તેઓનો પ્રવેશ થયો ન હતો.[૨૫] જેમ સોમની પત્ની ઔષધિઓ, ઇંદ્રને દિવ્ય મધુ (સોમરસ) અર્પણ કરે છે, તેમજ યુધિષ્ઠિરને પણ ઔષધિઓએ સોમરસ કાંસાનાં પાત્રમાં મૂકીને અર્પણ કર્યો હતો; તથા વરુણે મોકલેલું દહીં સમુદ્રે લાવીને અર્પણ કર્યું

હતું.[૨૬] વળી કાવડોમાં મૂકીને હજારો રત્નજડિત સુવર્ણના કલશોમાં આણેલાં તીર્થજલોને પોતાના ઉત્તમ શંખમાં ભરી ભરીને શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર ઉપર અભિષેક કર્યો હતો.[૨૭] તે બધું જોઇને મને તે તાવરૂપ થઈપડ્યું હતું. હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા ! તે અભિષેકનું જલ પૂર્વ, દક્ષિણ તથા પશ્ચિમના સમુદ્રોમાંથી પુરુષો લઇ આવ્યા હતા; પરંતુ હે તાત ! ઉત્તરસમુદ્રનું જલ તો આકાશચારીઓ લાવ્યા હતા; કારણ કે ત્યાં આકાશચારીવિના બીજા જઇ શકતા નથી.[૨૮,૨૯] વળી ત્યાં જઈને અર્જુન કરતરિકે અમાપ ધન લાવ્યો હતો. હવે આ યજ્ઞમાં એક આશ્ચર્ય હતું તે હું કહું છું, તે તમે સાંભળો.[૩૦] જ્યારે ભોજનશાલામાં પૂરા એક લાખ બ્રાહ્મણોને પીરસાઈ રહેતું, ત્યારે ત્યાંના રાખેલા સંકેત પ્રમાણે હમેશ શંખનાદ કરવામાં આવતો હતો.[૩૧] હે ભરતવંશી ! આ પ્રમાણે લાખ લાખ બ્રાહ્મણને પીરસાતાં વગાડવામાં આવતો શંખ વારંવાર વગાડવામાં આવતો હતો અને તે શબ્દને વારંવાર સાંભળીને આશ્ચર્યથી મારાં રુવાંટાં ઉભાં થઇ જતાં હતાં.[૩૨] હે મહારાજ ! વળી યજ્ઞદર્શનને માટે આવેલા અનેક રાજાઓથી ભરેલી યુધિષ્ઠિરની સભા જેમ નક્ષત્રોથી નિર્મલ આકાશ શોભે તેવી શોભતી હતી.[૩૩] વળી હે જનેશ્વર ! હે મહારાજ ! તે બુદ્ધિમાન પાંડુપુત્રના યજ્ઞમાં રાજાઓ સર્વ રત્નો લઇને આવ્યા હતા[૩૪] અને હે મહીપાલ ! તેઓ વૈશ્યોની પેઠે બ્રાહ્મણોને પીરસવા રહ્યા હતા. ઓ રાજા ! યુધિષ્ઠિર રાજાની પાસે જેવી લક્ષ્મી છે, તેવી લક્ષ્મી દેવરાજ ઇંદ્રની પાસે, યમની પાસે, વરુણની પાસે અને કુબેરની પાસે પણ નથી;[૩૫] એટલે તે પાંડુપુત્રની મહાલક્ષ્મીને જોઇને, હું દાહ પામતા ચિત્તવડે શાંતિ પામતો નથી."[૩૬]

શકુનિ બોલ્યોઃ—" હે સત્યપરાક્રમી ! તેં યુધિષ્ઠિરની પાસે જે આ અતુલ લક્ષ્મી જોઈ છે, તે લક્ષ્મી મેળવવાને માટે ઉપાય છે, તેને તું સાંભળ.[૩૭] હે ભારત ! આખી પૃથ્વીમાં હું પાસા નાખવામાં કુશળ છું, નાખવાનો પાસો જય આપશે કે પરાજય તે હું જાણું છું, તેને અનુસરીને દ્રવ્યનો ઉપયોગ કરી જાણું છું અને દિશા તથા કાલની અનુકૂળતા જાણી શકું છું.[૩૮] જો કે કુંતીના પુત્ર યુધિષ્ઠિરને રમતાં આવડતું નથી તોપણ તેને દ્યૂત રમવું વહાલું લાગે છે; માટે દ્યૂત રમવા અથવા યુદ્ધ કરવા બોલાવતાં તે અવશ્ય આવશે;[૩૯] અને હે વિભો ! હું કપટ* કરીને અવશ્ય તેને હરાવીશ તથા તે દિવ્ય સમૃદ્ધિને હરી લઈશ; માટે તું તેને દ્યૂત રમવા બોલાવ."[૪૦]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે શકુનિએ કહ્યું એટલે તે વખતેજ દુર્યોધનરાજાએ ધૃતરાષ્ટ્રને નીચે પ્રમાણે વાકય કહ્યું;[૪૧] "ઓ રાજા ! આ દ્યૂતવેત્તા શકુનિ દ્યૂત રમીને પાંડુપુત્ર યુધિષ્ઠિરની લક્ષ્મી ખેંચી લેવાનો ઉત્સાહ રાખે છે, માટે તમારે આજ્ઞા આપવી જોઇએ."[૪૨]

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ—"હું મહાબુદ્ધિમાન એવા મંત્રી વિદુરની સલાહ પ્રમાણે ચાલું છું, માટે તેની સાથે મળીને આ કાર્યનો નિશ્ચય કરીશ.[૪૩] તે દીર્ઘ દૃષ્ટિવાળો છે, માટે તે ધર્મને આગળ રાખીને બન્ને પક્ષને માટે યોગ્ય તથા પરમ હિતરૂપ અર્થનો નિશ્ચય કરીને કહેશે."[૪૪]

દુર્યોધન બોલ્યોઃ—"હે રાજેંદ્ર ! જો વિદુર આવશે તો તમને તે દ્યૂતથી ખાળશે અને તમે ખળ્યા એટલે હું મરીશ એમાં સંશય નથી.[૪૫] એટલે મારા મુવા પછી વિદુરથી તમે સુખી થજો; તથા હે રાજા! આખી પૃથ્વીનો ભોગ કરજો. મારે તમારે શું કામ છે?"[૪૬]

*દ્યૂત રમનારાઓ છ પાસાંવાળા બાર ધારવાળા અને બધી તરફથી ચોખંડા એવા પાસાથી રમે છે. જેમાં ત્રણ ત્રણ પાસાં ઉપર બન્ને રમનારાનાં નામ લખ્યાં હોય છે. તેમાં એવું કપટ કરે છે કે, સામા રમનારાનાં નામો જે જે ભાગમાં આવ્યાં હોય છે તે ભાગમાં અંદર છિદ્ર કરીને સીસું ભરે છે એટલે તે ભાગ ભારે થવાથી ગબડીને નીચે જાય છે અને પોતાનાં નામવાળો હલકો ભાગ ઉપર આવે છે. તેથી ઉપર આવેલાં નામવાળો જીતેલો ગણાય છે અને બીજો નીચે ગયેલાં નામવાળો હારે છે. પં૦ નીલકંઠ

વૈશંપાયન કહે છેઃ—દુર્યોધનનાં આવાં પ્રણયથી ઉચ્ચારેલાં દીન વચન સાંભળીને ધૃતરાષ્ટ્રે દુર્યોધનના મતને મળતા થઈને પોતાના સેવકોને કહ્યું કે,[૪૭] હજારો થાંભલાવાળી, સો દ્વારવાળી મનોરમ અને દેખાવડી એવી એક મોટી સભા મારા શિલ્પિઓ પાસે ઝટ તૈયાર કરાવો; તથા સર્વ દેશના સુતારો બોલાવીને તે સભામાં બધે રત્નો જડાવો અને સારી રીતે પ્રવેશ કરાય તેવી ઉત્તમ રીતે તૈયાર કરીને તે મને નિવેદન કરો.[૪૯] હે મહારાજ! દુર્યોધનની શાંતિને માટે ધૃતરાષ્ટ્ર રાજાએ આ પ્રમાણે નિશ્ચય કરીને પછી વિદુરને બોલાવવા મોકલ્યા;[૫૦] કારણકે ધૃતરાષ્ટ્ર પોતે વિદુરને પૂછ્યા વિના કોઈ પણ નિશ્ચય કરતા નહિ; તેમ તે દ્યૂતના દોષને જાણતા હતા તોપણ પુત્રના સ્નેહથીજ તેના તરફ ખેંચાયા હતા.[૫૧] બુદ્ધિમાન વિદુર પણ તે પ્રાપ્ત થયેલાં કલિનાં દ્વારને સાંભળીને તથા વિનાશના મુખને ઉત્પન્ન થયેલું જાણીને ધૃતરાષ્ટ્રની પાસે દોડતા આવ્યા.[૫૨] વિદુરજીએ પોતાના મોટાભાઈ મહાત્મા ધતરાષ્ટ્રની પાસે આવીને તેમના ચરણમાં મસ્તકવડે પ્રણામ કરીને નીચે પ્રમાણે વચન કહ્યું.[૫૩]

વિદુર બોલ્યાઃ—"હે રાજન્! તમારા આ નિશ્ચયને હું અભિનંદન આપતો નથી. હે પ્રભો! તમે દ્યૂતના કારણથી જે રીતે પુત્રોમાં ભેદ પડે નહિ તેમ કરો."[૫૪]

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ—"હે વિદુર! જો આપણા ઉપર દેવો કૃપા કરશે તો તે પુત્રોની સાથે મારા પુત્રોને નિઃસંશય કલહ થશે નહિ.[૫૫] અશુભ હોય કે શુભ હોય, હિતકારી હોય કે અહિતકારી હોય,પરંતુ સગાંઓ ભલે દ્યૂત રમે. દૈવજ એવું છે એમાં સંશય નથી.[૫૬] હે ભારત! હું, દ્રોણ, ભીષ્મ અને તમે સન્નિધાનમાં હોઈશું એટલે દૈવે વિધાન કરેલો અન્યાય કોઇપણ રીતે થશે નહિ; માટે તમે વાયુના જેવા વેગવાંળા ઘોડાઓ જોડેલા રથમાં બેસીને આજેજ ઇંદ્રપ્રસ્થમાં જાઓ અને યુધિષ્ઠિરને અહીં બોલાવી લાવો.[૫૮] હે વિદુર! હું તમને કહું છું કે,મારો આ નિશ્ચય નિંદવા જેવો નથી, હું તો દૈવનેજ મુખ્ય માનું છું, કે જેનાથી આ સઘળું થાય છે."[૫૯] આ પ્રમાણે કહ્યું ત્યારે બુદ્ધિમાન વિદુર 'હવે આ કુલનો નાશ થવા બેઠો છે' એવી ચિંતા કરતા અતિશય દુઃખિત થઈને મહાબુદ્ધિમાન ભીષ્મની પાસે ગયા.

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
દ્યૂતપર્વવિષે દુર્યોધનસંતાપ નામનો
અધ્યાય ૪૯ મો સમાપ્ત.

અધ્યાય ૫૦ મો—દ્યૂતને માટે ધૃતરાષ્ટ્રનો નિષેધ અને દુર્યોધનનો બળાપો

॥ जनमेजय उवाच ॥
कथं समभवद्द्यूतं भ्रातृणां तन्महात्ययम् ॥
यत्र तद्व्यसनं प्राप्तं पांडवैर्मे पितामहैः॥१॥

જનમેજય પ્રશ્ન કરે છેઃ—મહાન વિનાશ કરનારૂં ભાઈઓનું તે દ્યૂત કેવી રીતે રમાયું હતું કે જેમાં મારા પિતામહ પાંડવોને વનવાસરૂપી કષ્ટ ભોગવવું પડયું હતું?[૧] હે બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ! તે સભામાં કયા રાજાઓ સભાસદ થયા હતા? કોણે એને અનુમોદન આપ્યું હતું? અને કોણે એ દ્યૂતનો નિષેધ કર્યો હતો?[૨] હે દ્વિજ! તમારાથી કથન કરાતું આ વૃત્તાંત હું વિસ્તારથી સાંભળવાની ઇચ્છા રાખું છું; કારણકે હે દ્વિજશ્રેષ્ઠ! પૃથ્વીના વિનાશનું એ મૂળ હતું.[૩]

સૌતિ કહે છેઃ—આ પ્રમાણે રાજાએ પૂછ્યું, ત્યારે વ્યાસના પ્રતાપી શિષ્ય તથા વેદતત્ત્વને જાણનારા વૈશંપાયને તે વૃત્તાંત જેવી રીતે થયું હતું તે સઘળું કહેવા માંડયું.[૪]

વૈશંપાયન કહે છેઃ—હે ભરતસત્તમ! હે મહારાજ! તમને જો સાંભળવાની ઇચ્છા થઇ હોય તો ફરીથી એ કથાને વિસ્તારવડે મારાથી સાંભળો.[૫] વિદુરનો વિચાર જાણ્યા પછી અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્રે ફરી દુર્યોધનને એકાંતમાં નીચે

પ્રમાણે કહ્યું:–[૬] "ઓ ગાંધારીપુત્ર! તું દ્યૂત રમીશ નહિ, કારણ કે વિદુર તેને વખાણતા નથી. મહા બુદ્ધિવાળા વિદુર કદાપિ આપણું અહિત થાય તેવું કહેશે નહિ.[૭] વિદુર જે કહે છે તે પરમ હિતકારક છે એમ હું માનું છું, માટે હે પુત્ર! તું તે પ્રમાણે બધું કર,તારે માટે તે હિતરૂપ છે, એમ હું માનું છું.[૮] ઇંદ્રના ગુરુ, ઉદાર બુદ્ધિવાળા, દેવર્ષિ ભગવાન બૃહસ્પતિએ બુદ્ધિમાન ઇંદ્રને જે શાસ્ત્ર કહ્યું હતું તે સઘળાને રહસ્યની સાથે મહાવિદ્વાન વિદુર જાણે છે.[૯] માટે હે પુત્ર! હું પણ સદા તેનાં વચન પ્રમાણે ચાલું છું. હે નૃપ! કુરુઓમાં વિદુર બુદ્ધિમાનમાં મુખ્ય ગણાય છે અને યાદવોમાં મહાબુદ્ધિવાળા ઉદ્ધવની પૂજા થાય છે, માટે હે પુત્ર! તેના કહેવા પ્રમાણે તું દ્યૂત રમવું માંડી વાળ, દ્યૂતમાં વૈર થતું જણાય છે[૧૦,૧૧] અને વૈર રાજ્યનો વિનાશ કરે છે; માટે હે પુત્ર! તે રમવું તું છોડી દે. માતાપિતાએ પુત્રનું જે કાર્ય મુખ્યતાથી કરવું જોઈએ તે અમે કર્યું છે.[૧૨] તું બાપદાદાની રાજગાદીને પ્રાપ્ત કરી ચૂકયો છે, ભણ્યો છે, શાસ્ત્રમાં કુશળ છે, હમેશ ઘરમાં લાડથી ઉછર્યો છે, ભાઇઓમાં મોટો છે અને રાજ્ય ઉપર બેઠો છે; તો પછી કયું બીજું સુખ તને મળતું નથી? હે મહાન બાહુવાળા પુત્ર! બીજા મનુષ્યોને જેવું ખાવાનું તથા ઓઢવાપહેરવાનું મળતું નથી તેવું તને મળે છે, તોપણ તું શા-માટે શોક કરે છે? હે મહાબાહુ! તું બાપદાદાનું મોટું સમૃદ્ધિયુક્ત રાજ્ય ભોગવે છે અને સ્વર્ગમાં દેવના રાજા ઇંદ્રની પેઠે નિત્ય બીજાને આજ્ઞા કરતો જણાય છે; તેમ છતાં હે બુદ્ધિમાન! આ દુઃખને ઉત્પન્ન કરનારૂં શોકનું કારણ તને શી રીતે પ્રાપ્ત થયું? તે તારે મને કહેવું જોઇએ."

દુર્યોધન બોલ્યો:–"જે પાપ–પુરુષ હું ખાઉં છું, ઓઢું છું, પહેરૂં છું, એવો વિચાર કરીને શત્રુની ઈર્ષ્યા કરતો નથી તે પુરુષ અધમ ગણાય છે.[૧૩–૧૭] હે રાજેંદ્ર! મને સાધારણ લક્ષ્મી પ્રસન્ન કરતી નથી, એટલે હે વિભો! હું કુંતીપુત્ર યુધિષ્ઠિરની જાજ્વલિત લક્ષ્મી જોઇને વિશેષ વ્યથા પામું છું.[૧૮] આખી પૃથ્વી યુધિષ્ઠિરને તાબે છે તે જોઈને હું પાષણ છું કે હજી પણ જીવ્યા કરૂં છું, આ હું તમને દુઃખથી કહું છું.[૧૯] જે યુધિષ્ઠિરને ત્યાં નીપ, ચિત્રક, કૌકુર, કારસ્કાર અને લોહજંઘ વંશના રાજાઓ તો દાસની પેઠે વશ થયેલા જણાય છે,[૨૦] વળી હિમાલય પ્રદેશના, સમુદ્ર પ્રદેશના, તીર ઉપર રહેનારા, રત્નની ખાણોવાળા, દેશના અને સીમાડા ઉપર રહેનારા,એ સર્વે રાજાઓ તો યુધિષ્ઠિરને ત્યાં પ્રવેશ ન પામતાં દૂરજ રહ્યા હતા.[૨૧] હે રાજન! યુધિષ્ઠિરે મને જ્યેષ્ઠ તથા શ્રેષ્ઠ માનીને રત્નાદિક ભેટ લેવા ઉપર સત્કારપૂર્વક નિમ્યો હતો.[૨૨] હે ભારત! તે વખતે ત્યાં બહુ મૂલ્યવાળી તથા પ્રત્યેક વસ્તુઓમાં રત્નરૂપ એવી જે શ્રેષ્ઠ વસ્તુઓ આવી હતી, તેનો પૂર્વાપર પાર જણાતો ન હતો.[૨૩] તે સઘળું ધન ગ્રહણ કરવા મારો હાથ સમર્થ થતો ન હતો અને હું જ્યારે થાકી જતો ત્યારે દૂરથી આણેલાં તે ધનને લઇને લોકોનાં ટોળે ટોળાં ઉભાં રહેતાં હતાં.[૨૪] વળી હે ભારત! મેં યુધિષ્ઠિરની સભામાં બિંદુ સરોવરથી આણેલાં રત્નોવડે મયદાનવે નિર્માણ કરેલી સ્ફાટિક મણિનાં પગથીઆંવાળી જલથી ભરેલી હોય તેવી એક સરોવરી જોઈ.[૨૫] તેને પાણીથી ભરેલી જાણીને મેં વસ્ત્ર ઉંચું લીધું એટલે શત્રુની સમૃદ્ધિમાં આધિક્યથી મુંઝાઇ ગયેલા અને તેવાં રત્નોવિનાના એવા મને ભીમસેને હસી કાઢયો.[૨૬] જો હું તે વખતે સમર્થ હોઉં તો ભીમસેનને મારી નાખું; પરંતુ ઓ રાજા! જો હું ભીમને મારવા માટે તે વખતે ઉપક્રમ કરૂં તો અમારી શિશુપાલના જેવી ગતિ થાય એમાં સંશય નહિ. હે ભારત! આ રીતે શત્રુએ મારૂં હાસ્ય કર્યું તે મને બાળી મૂકે છે.[૨૭,૨૮] ફરીથી મેં કમલવડે શોભતી તેવીજ પાણીવાળી વાપિકા જોઇ અને હે નરાધિપ! તે શિલાની તલાવડીના જેવી છે એમ માનીને હું ચાલવા ગયો, એટલે તો તેના પાણીમાં પડી ગયો.[૨૯] તે વખતે મને અર્જુનની સાથે કૃષ્ણ ખડખડાટ હસ્યા તથા મારા મનને વ્યથા ઉત્પન્ન કરતી દ્રૌપદી પણ સ્ત્રીઓની સાથે હસી.[૩૦] પાણીમાં મારાં વસ્ત્ર

પલળી ગયાં હતાં એટલે રાજાની આજ્ઞાથી સેવકોએ મને બીજાં વસ્ત્રો બદલવા આપ્યાં અને તેથી મને મોટું દુઃખ લાગ્યું.[31] વળી હે નરાધિપ ! ત્યાં હું બીજી જગ્યાએ છેતરાયો હતો તે કહું છું, તે તમે સાંભળો. એક દરવાજાવિનાના સ્થાનમાંથી હું નીકળવા જતો હતો એટલામાં મારૂં કપાળ શિલા સાથે પછડાયું અને તે ફુટી ગયું.[32] તે વખતે ત્યાં નકુલે અને સહદેવે મને દૂરથી ઘવાયેલો જોયો અને તે બન્નેએ સાથે આવીને શોક કરતાં કરતાં મને બાહુવડે પકડી લીધો.[33] તેમાં સહદેવ તો મગરૂર થતો હોય તેમ મને વારંવાર કહેવા લાગ્યો કેઃ–"ઓ રાજા ! આ બારણું છે, અહીંથી તમે જાઓ."[34] હે નરાધિપ ! વળી તે વખતે ભીમસેને તો મને 'ઓ ધૃતરાષ્ટ્રના પુત્ર !' અર્થાત્ આંધળાના પુત્ર ! એમ સંબોધીને તથા ખડખડાટ હસીને કહ્યું કે, 'દ્વાર તો આ તરફ છે.'[35] વળી જે રત્નોનાં મેં પહેલાં નામ પણ સાંભળેલાં નહિ તે રત્નો મેં તે સભામાં પ્રત્યક્ષ જોયાં અને તે મારા મનને તપાવે છે."[36]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે દુર્યોધનસંતાપ નામનો અધ્યાય ૫૦ મો સમાપ્ત.

અધ્યાય ૫૧ મો–ધૃતરાષ્ટ્રની આગળ દુર્યોધને કરેલું યજ્ઞની ભેટોનું વર્ણન

॥ दुर्योधन उवाच ॥

यन्मया पांडवेयानां दृष्टं तच्छृणु भारत ॥
आहृतं भूमिपालैर्हि वसुमुख्यं ततस्ततः ॥१॥

દુર્યોધન બોલ્યોઃ–" હે ભરતવંશી રાજા ! પાંડવોને માટે અનેક દેશના રાજાઓએ જે મુખ્ય ધન આણ્યું હતું અને જે મેં જોયું હતું તે તમે સાંભળો.[1] હે ભારત ! હું શત્રુનાં તે ધનને જોઇને મૂઢ થઇ ગયો હતો અને મને પોતાનું પણ ભાન ન હતું, એટલે હું અમુક સંખ્યામાં તથા અમુક દેશમાંથી આવેલાં ધનને પણ જાણતો નથી; તથાપિ હું મુખ્યત્વે કરીને ધનની સંખ્યા કહું તે તમે સાંભળો.[2] કાંબોજ દેશના રાજાએ બકરાંનાં ઉનની, દરમાં રહેનારા ઉંદર વગેરેનાં રુવાંટાંની તથા બિલાડાનાં રુવાંટાંની સોનેરી કસબથી ભરેલી પુષ્કળ શાલો તથા ઉત્તમ મૃગચર્મો યુધિષ્ઠિરને ભેટ કર્યાં હતાં. વળી તિત્તિરી પક્ષીના જેવા કાબરચિત્રા રંગવાળા તથા પોપટના જેવાં નાકવાળા ત્રણસો ઘોડાઓ તથા પીલુડી, શમી અને ઇંગોરાં ખાઈને પુષ્ટ થયેલા ત્રણસો ઊંટ તથા ત્રણસો ખચ્ચરો ભેટ કર્યાં હતાં.[3,4] હે મહારાજ ! વળી બળદો રાખી ખેતી કરનારા બ્રાહ્મણો તથા દાસ્ય કર્મ કરનારા બ્રાહ્મણો મહાત્મા ધર્મરાજાની પ્રીતિને માટે ત્રણ ખર્વ જેટલું ધન ભેટને માટે લઇને અંદર પ્રવેશ કરતાં અટકાવવાથી દરવાજા ઉપર ઉભા રહ્યા હતા. વળી ખેતીવાડીથી જીવિકા ચલાવનારા અને ગાય વગેરે પશુઓ રાખીને જીવિકા ચલાવનારા બ્રાહ્મણો સેંકડોનાં ટોળાંમાં સ્વચ્છ સુવર્ણનાં કમંડલોમાં ઘી ભરીને લાવ્યા હતા; છતાં આવી ભેટ લાવતાં પણ તેઓ અંદર પ્રવેશ કરી શક્યા ન હતા. વળી ભરુકચ્છ દેશમાં રહેનારા શૂદ્રો કાર્પાશિક દેશની શ્યામ અંગવાળી, નાજુક, લાંબા કેશવાળી અને સુવર્ણના અલંકાર વાળી એક લાખ દાસીઓ અને ઉત્તમ બ્રાહ્મણોને યોગ્ય એવાં રંકુમૃગનાં ચર્મો અને હે મહારાજા ! ગાંધાર દેશમાં ઉત્પન્ન થયેલા ઘોડાઓ, આ સઘળી ભેટો લઈને આવ્યા હતા; અને તે ત્યાં નિવેદન કરી હતી.[5–10] વળી વરસાદનાં પાણીથી ધાન્ય ઉપજાવીને જીવિકા ચલાવનારા તથા નદીનાં જલથી ધાન્ય ઉપજાવીને જીવિકા ચલાવનારા, સમુદ્રની પાસેના નિવાસોમાં ઉત્પન્ન થયેલા તેમજ સિંધુને સામે પાર વસનારા મનુષ્યો હતા તે, વૈરામ, પારદ, કિતવો, અને આહીરો વિવિધ પ્રકારનાં રત્નોની સાથે બકરાં, મેઢાં, ગાયો, સુવર્ણ, ગધેડાં, ઉંટો, ફૂલથી ઉત્પન્ન થયેલું મધ, અનેક જાતની કામળો તથા બીજી અનેક પ્રકારની ભેટો લઇને આવ્યા હતા, તેઓ પણ અટકાવવાથી દરવાજા

આગળ ઉભા રહ્યા હતા.[૧૧,૧૩] વળી શૂરવીર તથા બલવાન એવો મ્લેચ્છોનો અધિપતિ પ્રાગ્જ્યોતિષનગરનો રાજા મહારથી ભગદત્ત પણ યવનોની સાથે વાયુના જેવા વેગવાળા, ઉતાવળી ચાલના, ઉત્તમ જાતના ઘોડાઓ તથા બીજી સંપૂર્ણ ભેટ લઇને આવ્યો હતો. તે પણ મંડપમાં આવતાં અટકાવવાથી દરવાજા આગળ ઉભો હતો.[૧૪,૧૫] તે વખતે પ્રાગ્જ્યોતિષના રાજા ભગદત્તે હીરા, પદ્મરાગ વગેરે મણિના અલંકારો તથા શુદ્ધ હાથીદાંતની મુઠવાળી તરવારો ભેટ કરીને ત્યાંથી પ્રયાણ કર્યું હતું.[૧૬] વળી ત્યાં અનેક દિશામાંથી આવેલા દ્વયક્ષ, ત્ર્યક્ષ, લલાટાક્ષ, ઔષ્ણિક, અનંતવાસ, રોમક, પુરુષાદક અને એકપાદ વગેરેને યજ્ઞમંડપના દ્વાર-આગળ રોકી રાખેલા મેં જોયા હતા. વળી કર લઇને આવેલા કેટલાક રાજાઓ જૂદા જૂદા રંગના, કાળી ડોકવાળા, મોટા દેહવાળા, દૂર સુધી ચાલનારા, કેળવેલા, બધે વખણાતા, પુષ્ટ, ઉંચા, સુંદર રંગવાળા તથા વંક્ષુનદીનાં તીર ઉપર ઉત્પન્ન થયેલા એવા દશહજાર ગધેડાઓ તથા પુષ્કલ સોનું રૂપું ભેટ તરીકે આપીને યુધિષ્ઠિરના નિવાસમાં પ્રવેશ કરી શકયા હતા. વળી ઇંદ્રગોપના જેવા લાલ વર્ણના, પોપટના જેવા રંગના, મનના જેવા વેગવાળા, ઇંદ્રધનુષના જેવા વિચિત્ર રંગના, સંધ્યાસમયના આભલાંના જેવા રંગના, અનેક વર્ણના અને મોટા વેગવાળા જંગલી ઘોડાઓ તથા કિંમતી સુવર્ણ એકપાદરાજાઓએ ભેટમાં આપ્યું હતું. વળી ચીનાઓ, શકો, ઓડ્રો, બર્બરો, વનવાસીઓ, વાર્ષ્ણેયો, હારહુણો, કૃષ્ણવર્ણા હિમાલય વાસીઓ, નીપો તથા જલસમીપ પ્રદેશમાં વસનારાઓ ત્યાં આવ્યા હતા અને તે વિવિધ રાજાઓને દરવાજા ઉપર રોકવામાં આવ્યા હતા. [૧૭–૨૪] યુધિષ્ઠિરને ભેટ કરવા માટે તેઓ અનેક રંગના, કાળી ડોકવાળા, મોટા દેહવાળા, સો ગાઉ ચાલનારા, કેળવેલા અને બધે વખણાયેલા એવા દશહજાર ગધેડાઓ,તથા માપથી વણેલાં રંગદાર સુકોમલ સ્પર્શવાળાં, બાહ્લીક અને ચીનમાં તૈયાર કરેલાં, ઉનનાં, રંકુમૃગનાં રૂવાંટાંનાં, કીડાથી નીકળેલા રેશમનાં, શણનાં, કપાસવિનાનાં, વિચિત્ર ગુચ્છાવાળાં તથા કમલના જેવાં સુંદર અને સુંવાળાં એવાં હજારો વસ્ત્રો, વળી મેઢાંનાં ઉનનાં વસ્ત્રો, કોમલ મૃગચર્મો ધારદાર લાંબી તરવારો, ઋષ્ટિ, શક્તિ તથા પરશુઓ, પશ્ચિમ દેશમાં, બનેલી ધારવાળી ફરસીઓ, વિવિધ જાતના રસો તથા મૃગમદ વગેરે સુગંધો અને વિવિધ જાતનાં હજારો રત્નો આ બધું લઇને આવ્યા હતા; પણ મંડપમાં જતાં રોકવાથી તેઓ દ્વાર ઉપર ઉભા રહ્યા હતા.[૨૫–૨૯] વળી શક જાતના, તુષાર જાતના, કંકજાતના, રોમશ જાતના અને શૃંગિ જાતના પુરુષો દૂર સુધી ચાલનારા મોટા હાથીઓ અને બરાબર ગણેલા અર્બુદ ઘોડાઓ તથા સેંકડો પદ્મ જેટલું પુષ્કળ સુવર્ણ અને વિવિધ ભેટો લઇને વારવાથી દરવાજામાં ઉભા રહ્યા હતા.[૩૦,૩૧] વળી પૂર્વદેશના અધિપતિ રાજાઓ કિંમતી આસનો, વાહનો તથા શય્યાઓ કે જેઓ મણિ તથા સુવર્ણથી ચિત્ર વિચિત્ર કરેલાં અને હાથીદાંતથી નિર્મેલાં હતાં તે તથા વિચિત્ર કવચો, વિવિધ જાતનાં શસ્ત્રો અને સુવર્ણથી શણગારેલા વિવિધ આકારના, કેળવેલા ઘોડાઓ જેને જોડેલા તથા વ્યાઘ્રચર્મના માફાવાળા એવા રથો, વિચિત્ર રંગના હાથીના ઓઢાઓ, વિવિધ જાતનાં રત્નો, નારાચો, અર્ધનારાચો અને વિવિધ જાતનાં શસ્ત્રો, આ બધું મહાન દ્રવ્ય આપીને મહાત્મા પાંડવના યજ્ઞમંડપમાં પ્રવેશ કરી શક્યા હતા."[૩૨–૩૫]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે દુર્યોધનસંતાપ નામનો અધ્યાય ૫૨ મો સમાપ્ત.

અધ્યાય ૫૨ મો–યજ્ઞની ભેટોનું વર્ણન (ચાલુ)

॥ दुर्योधन उवाच ॥

दायं तु विविधं तस्मै शृणु मे गदतोऽनघ ॥
यज्ञार्थं राजभिर्दत्तं महान्तं धनसंचयम् ॥१॥

દુર્યોધન બોલ્યો:–" હે નિષ્પાપ ! રાજાઓએ યુધિષ્ઠિરને યજ્ઞને માટે કરતરિકે જે વિવિધ પ્રકારનો મહાન ધનસમૂહ આપ્યો હતો તે હું વર્ણવું છું, તમે સાંભળો.[1] મેરુ અને મંદર પર્વતની વચ્ચે શૈલોદા નદીના આસપાસ સછિદ્ર વાંસો અને નકકુર વાંસોની રમણીય છાયામાં વિશ્રાંતિ લેનારા એવા ખસ, એકાસન, અર્હ, પ્રદર, દીર્ઘવેણુ, પારદ, કુલિંદ, તંગણ અને પરતંગણ જાતના રાજાઓ, કીડીઓએ જમીન ઉપર આણેલાં પિપીલિક નામનાં સોનાના ઢગોને દ્રોણ પરિમિત પાત્રોમાં ભરીને લાવ્યા હતા.[૨–૪] મહાબલવાન પહાડી રાજાઓ, સુંદર કાળાં ચામરો તથા બીજાં ચંદ્રવર્ણા ધોળાં ચામરો, હિમાલયનાં પુષ્પોનું બનેલું સ્વાદિષ્ટ પુષ્કલ મદ્ય, ઉત્તર કુરુ દેશની જલ છાંટેલી પુષ્પમાલાઓ, ઉત્તર કૈલાસની ઔષધિઓ તથા બીજી ભેટો લઇને અજાતશત્રુ યુધિષ્ઠિરરાજાના દરવાજા ઉપર રોકાણ થવાથી પ્રણામ કરીને ઉભા રહ્યા હતા.[૫–૭] વળી જે રાજાઓ હિમાલયના પાછલા ભાગમાં રહે છે, જેઓ સૂર્યોદયપર્વત ઉપર રહે છે તેઓ તથા કારૂષ દેશમાં રહેનારાઓ, સમુદ્રના કિનારા ઉપર રહેનારાઓ, લૌહિત્ય પર્વતની ચોતરફ વસનારાઓ તથા ફલમૂલ ખાઈને રહેનારા, ચામડાં પહેરનારા, ક્રૂર શસ્ત્રવાળા અને ક્રૂર કર્મ કરનારા એવા ભિલ્લ લોકોને હે પ્રભો! મેં ત્યાં જોયા હતા.[૮,૯] હે પ્રજાપતિ! તેઓ ચંદનનાં તથા કાલાગુરુનાં કાષ્ઠના મોટા ભારાઓ ઢગલાબંધ ચામડાંઓ, રત્નો, સુવર્ણ તથા સુગંધ પદાર્થો, કિરાત જાતની દશહજાર દાસીઓ, રમણીય પદાર્થો, દૂર ઉત્પન્ન થયેલાં મૃગો તથા પક્ષીઓ, પર્વત ઉપર એકઠું કરેલું મહાકાંતિવાળું સુવર્ણ અને સંપૂર્ણ કર લઇને અંદર નજવા દેવાથી દરવાજા ઉપર ઉભા હતા.[૧૦–૧૨]

હે મહારાજા ! વળી કૈરાતો, દરદો, દર્વો, શૂરા યમકો, ઔદુંબરો, દુર્વિભાગો, બાહ્‌લીકોની સાથે પારદો, કાશ્મીરો, કુમારો, ઘોરકો, હંસકાયનો, શિબિ, ત્રિગર્ત્ત, યૌધેયો, ભદ્રકેકય રાજાઓ, અંબષ્ઠો, કૌકુરો, તાર્ક્ષ્યો, પલ્હવોની સાથે વસ્ત્રપો, વશાતલો, ક્ષુદ્રક માલવોની સાથે મૌલેયો, પૌંડ્રિકો, કુકકુરો, શકો, અંગદેશીઓ, વંગદેશના પુંડ્રો, શાણવત્યો અને ગય રાજાઓ ત્યાં આવ્યા હતા. આ બધા સારી જાતના, જથાવાળા, સદ્‌ગુણવાળા અને શસ્ત્રધારી રાજાઓ યુધિષ્ઠિર રાજાને આપવા માટે સેંકડો ધનમુદ્રાઓ લાવ્યા હતા.[૧૩–૧૭] હે ભારતરાજ ! વળી વંગવાસીઓ, કલિંગો, માગધો, તામ્રલિપ્તો, સુપુંડ્રકો, દૌવાલિકો, સાગરકો, પત્રોર્ણો, શૈશવો, કર્ણપ્રાવરણો અને બીજા ઘણા રાજાઓ ત્યાં આવ્યા હતા અને દરવાજા આગળ ઉભેલા તેઓને રાજાની આજ્ઞાથી દ્વારપાલો કહેતા હતા કે, 'તમે કેટલોક સમય અહીં રોકાશો અને સારી ભેટ ધરશો તો તમને અંદર જવાનો પ્રસંગ મળશે.'[૧૮,૧૯] તે પછી ક્ષમાશીલ અને કુલીન એવા તે પ્રત્યેક રાજાઓ હલના દાંડા જેવા દાંતવાળા, સોનાની સાંકળવાળા, પદ્મ કમલના જેવા રંગવાળા, જરીઅન ઓઢાઓથી ઢંકાયલા, પર્વતના જેવા, નિત્ય મસ્ત રહેનારા, કામ્યક સરોવર ઉપર વસનારા અને કવચોથી વીંટાયલા એવા એક એક હજાર હાથીઓ આપીને દરવાજામાંથી અંદર મંડપમાં પેઠા હતા.[૨૦,૨૧] ઉપર જણાવેલા અને બીજા પ્રત્યેક દિશામાંથી આવેલા ટોળાંબંધ મહાત્મા રાજાઓએ યુધિષ્ઠિરના યજ્ઞમાં રત્નોની ભેટ ધરી હતી.[૨૨] વળી ઇંદ્રના સેવક ચિત્રરથ નામના ગંધર્વરાજે વાયુના જેવા વેગવાળા ચારસો ઘોડાઓ આપ્યા હતા.[૨૩] પ્રસન્ન થયેલા તુંબુરુ ગંધર્વે આંબાનાં પાંદડાંના જેવા લીલા રંગના અને સુવર્ણની માલાવાળા સો ઘોડાઓ યુધિષ્ઠિરને આપ્યા હતા.[૨૪] હે રાજા ! શૂકર નામના દેશના

કુરુવંશોત્પન્ન કૃતિ રાજાએ ઉત્તમ જાતના સેંક-
ડો હાથીઓ આપ્યા હતા. ૨૫ મત્સ્ય દેશના
વિરાટ્ રાજાએ મદમત્ત તથા સુવર્ણની માલા-
વાળા બે હજાર હાથીઓ ભેટ કરવા માટે આણ્યા
હતા. હે રાજન્ ! પાંશુ રાજ્યમાંથી વાસુદાનરાજા
છવ્વીશ હાથીઓ અને સુવર્ણની માલાવાળા, વેગ
અને બલવડે સંપન્ન તથા સ્થિર વયવાળા બે
હજાર ઘોડાઓ તથા સંપૂર્ણ કર લઇને આવ્યો
હતો; તેણે તે બધું પાંડવોને નિવેદન કર્યું હતું.
૨૬–૨૮ વળી હે પ્રજાપતિ ! દ્રુપદ રાજાએ ચૌદ
હજાર દાસીઓ, દશ હજાર સ્ત્રીવાળા દાસો, હાથી
જોડેલા છવ્વીસ રથો અને પોતાનું આખું રાજ્ય
યજ્ઞને માટે પાંડવોને નિવેદન કર્યું હતું. વૃષ્ણિ-
નંદન વાસુદેવ–શ્રીકૃષ્ણે પણ અર્જુનનાં માનને
માટે ઉત્તમ જાતના ચૌદ હજાર હાથીઓ આપ્યા
હતા; કારણ કે અર્જુનનો આત્મા કૃષ્ણ છે અને
કૃષ્ણનો આત્મા અર્જુન છે; ૨૯–૩૧ તેથી અર્જુન
કૃષ્ણને જે કંઈ કરવા કહે તે બધું કૃષ્ણ કરે એમાં
કંઈ સંશય નથી. અર્જુનને માટે કૃષ્ણ પોતે
સ્વર્ગલોકનો પણ ત્યાગ કરી દે; ૩૨ તેમજ
અર્જુન કૃષ્ણને માટે પોતાના પ્રાણને પણ
ત્યજી દે. ચોલરાજ તથા પાંડયરાજ સુગંધ-
વાળા ચંદનના રસો સુવર્ણના કલશોમાં ભરીને
લાવ્યા હતા તથા મલયપર્વતનાં અને દર્દુર પ-
ર્વતનાં ચંદનકાષ્ઠો તથા અગુરુ કાષ્ઠોના સમૂહો,
તેજદાર મણિ તથા રત્નો અને જરીઅન ઝીણાં
વસ્ત્રો લાવ્યા હતા તોપણ તેઓ મંડપમાં જવાનો
અવકાશ ન મળવાથી દરવાજા ઉપર ઉભા રહ્યા
હતા. વળી શરીરે શ્યામરંગના અને લાલ છેડા-
વાળી આંખોવાળા સિંહલ દેશના પુરુષો, મણિ-
જડેલાં વસ્ત્રો પહેરીને આવ્યા હતા; તેઓ સમુ-
દ્રમાં ઉત્પન્ન થયેલાં પ્રવાલો તથા પુષ્કળ મો-
તીઓ અને હાથીના ઉપર નાખવાના સેંકડો
ગાલીચાઓ લાવ્યા હતા; પરંતુ તેઓ પણ રોકી
દેવાથી દરવાજા ઉપર ઉભા હતા. વળી બ્રાહ્મણો
યુધિષ્ઠિરના ઉપર પ્રીતિથી આવ્યા હતા. તેઓ
તથા હારેલા ક્ષત્રિયો, વૈશ્યો અને સેવા કરવાની
ઇચ્છાવાળા શૂદ્રો અનેક ભેટો લાવ્યા હતા અને
તેઓએ પ્રીતિથી તથા બહુ માનથી યુધિષ્ઠિર આ-
ગળ જઇને તે ભેટો નિવેદન કરી હતી. ૩૩–૩૮
સઘળા મ્લેચ્છો તથા ઉત્તમ, મધ્યમ અને કનિ-
ષ્ઠ જાતિના સર્વે વર્ણો ત્યાં આવ્યા હતા, તે અ-
નેક દેશમાં ઉત્પન્ન થયેલા અનેક જાતિના લો-
કોથી યુધિષ્ઠિરને ત્યાં જાણે આ ભૂલોક સ્વર્ગલોક
થઈ ગયો હોય તેવો જણાતો હતો. ઉપર પ્ર-
માણે શત્રુઓને રાજાઓએ અર્પણ કરેલી જાત-
જાતની પુષ્કલ ભેટો જોઇને મને દુઃખ લાગવાથી
મરવાની ઈચ્છા થઇ હતી. હવે હે રાજા ! પાંડ-
વોના જે સેવકો છે તે હું તમને વર્ણવું છું, ૩૯–
૪૧ કે જેઓને રાંધેલું તથા કાચું અન્ન યુધિ-
ષ્ઠિર પૂરૂં પાડે છે. તેમને ત્યાં ત્રણ પદ્મ અને
દશહજાર હાથીના માવતો તથા ઘોડેસ્વારો છે;
૪૨ અર્બુદ રથો છે અને અગણિત પાયદલો છે.
તેઓને માટે કોઇક જગાએ અન્ન મપાય છે,
કોઇક જગાએ રંધાય છે, તથા બીજે ઠેકાણે
ભોજન આપવામાં આવે છે. વળી યુધિષ્ઠિરને
ત્યાં પુણ્યાહવાચનનો ધ્વનિ થયા કરે છે. ત્યાં કોઇ
પણ વર્ણનો મનુષ્ય ભૂખ્યો તરસ્યો, અલંકાર
વિનાનો અથવા સત્કાર વિનાનો મેં જોયો નથી.
વળી એક એકની પાસે સેવાને માટે ત્રીસ ત્રીસ
દાસીઓ રહેલી એવા અઠયાસીહજાર ગૃહસ્થા-
શ્રમી સ્નાતક બ્રાહ્મણોનું યુધિષ્ઠિર રાજા પોષણ
કરે છે; અને તેઓ પ્રસન્ન થતા સંતુષ્ટ થઇને
'તમારા શત્રુઓનો ક્ષય થાઓ' એવો આશી-
ર્વાદ આપે છે. ૪૩–૪૬ વળી યુધિષ્ઠિરને ઘેર
બીજા દશ હજાર નૈષ્ઠિક બ્રહ્મચારી યતિઓ સો-
નાની થાળીઓમાં ભોજન કરે છે. ૪૭ વળી હે
રાજન્ ! ત્યાં સઘળા કુબડા તથા ઠીંગણાપર્યંતના
મનુષ્યો જમ્યાં છે કે ભૂખ્યાં છે ? તેની તપાસ
દ્રૌપદી પોતે ભૂખ્યાં રહીને રાખે છે, અર્થાત્
બધાના જમ્યા પછી તે જમે છે. ૪૮ હે ભરત-
વંશી ! તે યજ્ઞમાં સંબંધને લીધે પાંચાલોએ અને
મિત્રતાને લીધે અંધક વૃષ્ણિ વગેરે યાદવોએ, આ
બન્નેએ માત્ર યુધિષ્ઠિરને કર આપ્યો ન હતો."

**ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂત-
પર્વવિષે દુર્યોધનસંતાપ નામનો
અધ્યાય પર મો સમાપ્ત.**

અધ્યાય ૫૩ મો–યજ્ઞના ઐશ્વર્યનું વર્ણન

॥ दुर्योधन उवाच ॥

आर्यास्तु ये वै राजान : सत्यसंधा महाव्रताः।
पर्याप्तविद्यावक्तारो वेदांतावभृथप्लुताः ॥१॥

દુર્યોધન બોલ્યોઃ–"તે યજ્ઞસમયે સત્યપ્રતિજ્ઞાવાળા, મહાન વ્રતવાળા, સંપૂર્ણ વિદ્યાવાળા, વક્તા, વેદાંતજ્ઞ, અવભૃથ સ્નાન કરનારા, ધૈર્યવાળા, લજ્જાળુ, ધર્માત્મા તથા યશસ્વી એવા મૂર્ધાભિષિક્ત આર્યરાજાઓ યુધિષ્ઠિર રાજાની સેવામાં હાજર રહેલા હતા.[૧,૨] વળી ત્યાં દક્ષિણામાં આપવા માટે રાજાઓએ કાંસાના દોહનપાત્રોની સાથે આણેલી અરણ્યની હજારો ગાયો ઠામઠામ મેં જોઈ હતી.[૩] હે ભરતવંશી રાજા! વળી ત્યાં યુધિષ્ઠિરને અભિષેક કરવા માટે રાજાઓ પોતે વ્યગ્રતારહિત થઇને સત્કારપૂર્વક નાનાં મોટાં જલપાત્રો ઉપાડી લાવતા હતા.[૪] બાહ્લીકરાજા સુવર્ણાલંકૃત રથ લાવ્યા હતા, સુદક્ષિણરાજાએ તે રથને કાંબોજદેશના ધોળા ઘોડા જોડયા હતા;[૫] મહાબલવાન સુનીથરાજાએ પ્રેમથી રથને સરખો રાખવા નીચે કાષ્ઠનો ટેકો મૂકયો હતો, ચેદિપતિએ ધ્વજ ઉઠાવી લાવીને પોતે રથ ઉપર ચઢાવ્યો,[૬] દાક્ષિણાત્ય રાજાએ યુધિષ્ઠિરને બખ્તર પહેરાવ્યું, મગધરાજે પુષ્પમાલા તથા પાઘડી પહેરાવી, મહા ધનુર્ધારી વસુદાનરાજાએ સાઠ વર્ષનો યુવાન હાથી આપ્યો,[૭] મત્સ્યરાજે સુવર્ણથી ભરેલાં ગાડાંઓ આપ્યાં, એકલવ્યરાજાએ બન્ને પગની મોજડીઓ આપી, આવંત્યરાજે અભિષેકને માટે બહુ પ્રકારનાં જલ મંગાવી આપ્યાં,[૮] ચેકિતાનરાજાએ ભાથો બાંધ્યો, કાશીના રાજાએ ધનુષ આણી આપ્યું, શલ્યરાજાએ સારી મુઠવાળી તરવાર અને સુવર્ણભૂષિત શીંકામાં મૂકીને અભિષેકપાત્ર આપ્યું.[૯] તે પછી નારદ, દેવલ તથા અસિત મુનિને આગળ રાખીને મહાતપસ્વી વ્યાસે તથા ધૌમ્યમુનિએ યુધિષ્ઠિર રાજાને અભિષેક કર્યો હતો.[૧૦] આ વખતે જમદગ્નિના પુત્ર પરશુરામની સાથે મહર્ષિઓ તથા વેદના પારને પામેલા બીજા બ્રાહ્મણો પણ પ્રીતિયુક્ત થઇને યુધિષ્ઠિરના અભિષેકમાં જોડાયા હતા,[૧૧] જેમ સ્વર્ગમાં સપ્તર્ષિઓ દેવના રાજા ઇંદ્રની આગળ એકઠા થાય તેમ મહાન દક્ષિણા આપનારા યુધિષ્ઠિરની આગળ મહાત્મા ઋષિઓ મંત્ર ભણતા એકઠા થયા હતા.[૧૨] આ અભિષેકપ્રસંગે યુધિષ્ઠિરના ઉપર સત્ય પરાક્રમી સાત્યકિએ છત્ર ધારણ કર્યું હતું, અર્જુન તથા પાંડુપુત્ર ભીમસેને વીંઝણા લીધા હતા,[૧૩] નકુલ તથા સહદેવે બે શુદ્ધ ચામર ધારણ કર્યાં હતાં અને પૂર્વકલ્પમાં પ્રજાપતિએ જે શંખ ઇંદ્રને માટે ગ્રહણ કર્યો હતો તથા વિશ્વકર્માએ જેને હજારો સુવર્ણની ટપકીથી જડી લીધેલો હતો, તે વરૂણના શંખને શીંકામાં મૂકીને સમુદ્રે યુધિષ્ઠિરને આપ્યો હતો;[૧૪,૧૫] તે શંખવડે શ્રીકૃષ્ણે જે વખતે યુધિષ્ઠિરને અભિષેક કર્યો તે વખતે મને મૂર્છા આવી ગઈ હતી. ઓ પિતા! લોકો પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર ઉપર તથા દક્ષિણ સમુદ્ર ઉપર જઇ શકે છે; પરંતુ આકાશચારી સિવાય ઉત્તર સમુદ્ર ઉપર બીજું કોઈ જઇ શકતું નથી; ત્યાં પણ પાંડવોએ પોતાની સત્તા પ્રવર્તાવી છે. વળી ત્યાં મંગળકારક સેંકડો શંખો વગાડવામાં આવ્યા હતા.[૧૬,૧૭] સંપૂર્ણ બલથી વગાડવામાં આવેલા તે શંખોના મહાન નાદથી મારાં રૂવાંટાં ઉભાં થઇ ગયાં હતાં તથા જે હીન તેજવાળા રાજાઓ હતા તેઓ તો પૃથ્વી ઉપર ઢળી પડયા હતા.[૧૮] તે વખતે ધૃષ્ટદ્યુમ્ન, પાંચ પાંડવો, સાત્યકિ તથા આઠમા શ્રીકૃષ્ણ એટલા સ્થિર હૃદયના, વીર્યસંપન્ન તથા એકમેકને પ્રીતિથી જોતા હતા.[૧૯] તેઓ બેભાન થયેલા રાજાઓને તથા મને મૂઢ થએલો જોઇને હસી પડયા હતા. તે પછી હે ભારત! અત્યંત પ્રસન્ન થયેલા અર્જુને સોનાનાં શિંગડાંવાળા પાંચસો આખલાઓ ઉત્તમ બ્રાહ્મણોને દાનમાં આપ્યા હતા. પ્રભાવશાલી યુધિષ્ઠિરરાજા હરિશ્ચંદ્રરાજાની પેઠે રાજસૂય યજ્ઞ કરીને જેવી રીતે પરમ લક્ષ્મીવડે અ-

ત્યંત દીપતા હતા, તેવી રીતે રંતિદેવરાજા નાભાગરાજા, માંધાતારાજા, મનુ, વેનનાપુત્ર પૃથુરાજા, ભગીરથ રાજા, યયાતિરાજા અને નહુષરાજા પણ દીપતા ન હતા.[૨૦–૨૩] હે વિભો! હે ભારત! હરિશ્ચંદ્રના:જેવી પૃથાપુત્ર યુધિષ્ઠિરની પાસે આવી લક્ષ્મી જોઇને હવે મારૂં જીવિત તમે શી રીતે શ્રેયસ્કર જુઓ છો?[૨૪] હે નરાધિપ! જેમ આંધળાએ જોડેલા બળદ ઉલટપાલટ થઇ જાય તેમ આંધળા એવા વિધાતાએ આ દ્વાપરયુગને વિપરીત પ્રવર્તાવ્યો છે; જેથી નાનાઓ વધે છે અને મોટાઓ હીન થતા જાય છે.[૨૫] ઓ કુરુપ્રવીર! આ બધું જોઇને વિચાર કરતાં પણ મને શાંતિ વળતી નથી, અને તેથીજ હું આવો શુષ્ક,નિસ્તેજ તથા શોકગ્રસ્ત થયો છું."

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત ઘતપર્વવિષે દુર્યોધનસંતાપ નામનો અધ્યાય ૫૩ મો સમાપ્ત.

અધ્યાય ૫૪ મો–ધૃતરાષ્ટ્રનો દુર્યોધનને ઉપદેશ

॥ धृतराष्ट्र उवाच ॥

त्वं वै ज्येष्ठो ज्यैष्ठिनेयः पुत्र मा पांडवान् द्विषः॥
द्वेष्टा ह्यसुखमादत्ते यथैव निधनं तथा ॥१॥

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–"હે પુત્ર! તું બધાથી મોટો છે, પટ્ટરાણીનો પુત્ર છે, તારે પાંડવોનો દ્વેષ કરવો નહિ; કારણ કે દ્વેષ કરનારો મૃત્યુના દુઃખ જેવું દુઃખ ભોગવે છે.[૧] હે ભરતશ્રેષ્ઠ! પારકાના કપટને ન જાણનારા, તુલ્ય ધનવાળા, તારા મિત્રનો દ્રોહ ન કરનારા અને તારો પણ દ્વેષ ન કરનારા એવા યુધિષ્ઠિરનો તારા જેવો કેમ દ્વેષ કરે?[૨] ઓ બેટા! તું યુધિષ્ઠિરના સમાન કુટુંબવાળો તથા પરાક્રમવાળો છે, છતાં હે નૃપ! તું મોહથી શા માટે ભાઈની લક્ષ્મીની ઇચ્છા કરે છે? એમ ન કર, શાંત થા અને શોક છોડી દે.[૩] હે ભરતશ્રેષ્ઠ! જો તું તેવી યજ્ઞવિભૂતિની આકાંક્ષા કરતો હોય, તો ભલે તારા ઋત્વિજો પણ સપ્તતંતુ નામનો મહાયજ્ઞ કરે[૪] અને તે યજ્ઞમાં તારે માટે પણ રાજાઓ પ્રીતિથી તથા બહુ માનથી પુષ્કલ ધન, રત્નો તથા આભૂષણો ભેટમાં લાવશે.[૫] ઓ બાપુ! પારકાના ધનની સ્પૃહા કરવી એ અત્યંત અનાર્ય પુરુષોનું આચરણ ગણાય છે. જે મનુષ્ય પોતાનાં ધનથી સંતુષ્ટ તથા સ્વધર્મપરાયણ રહે છે, તે સુખી થાય છે.[૬] પારકાનાં ધનને લેવા ઉદ્યોગ ન કરવો, પોતાના કામમાં હમેશ મચ્યા રહેવું અને મેળવેલાં ધનનું રક્ષણ કરવું એ વૈભવનું રક્ષણ છે.[૭] વિપત્તિ પડતાં વ્યથા વિનાનો, કુશલ, નિત્ય ઉદ્યોગશીલ, પ્રમાદરહિત અને વિનીત અંતઃકરણવાળો પુરુષ હમેશાં કલ્યાણોને જુએ છે.[૮] પાંડુના પુત્રો તારા બાહુરૂપ છે, માટે પોતાને હાથેજ પોતાના બાહુને કાપે તેમ તેઓને તું કાપીશ નહિ, અને ભાઇઓનાં તે ધનમાટે તું મિત્રોનો દ્રોહ કરીશ નહિ.[૯] ઓ રાજા! તું અહીં પાંડુના પુત્રોનો દ્વેષ કરીશ નહિ, તારા ભાઇઓનું જેટલું ધન છે તેટલું ધન તારૂં પણ છે. બેટા! મિત્રદ્રોહ કરવાથી મોટો અધર્મ થાય છે. તું જો કે તારા જે પિતામહો થાય છે તેજ તેઓના પણ પિતામહો છે;[૧૦] માટે હે ભરતકુલમાં શ્રેષ્ઠ! તું યજ્ઞવેદીમાં ધનનું દાન કર. પ્રિય કામનાઓનો ઉપભોગ કર અને સ્ત્રીઓ સાથે આરોગ્ય રહીને ક્રીડા કર તથા શાંત થા."

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત ઘૂતપર્વવિષે દુર્યોધનસંતાપ નામનો અધ્યાય ૫૪ મો સમાપ્ત.

અધ્યાય ૫૫ મો–દુર્યોધનનો પ્રલાપ

॥ दुर्योधन उवाच ॥

यस्य नास्ति निजा प्रज्ञा केवलं तु बहुश्रुतः॥
न स जानाति शास्त्रार्थं दर्वी सूपरसानिव॥१॥

દુર્યોધન બોલ્યોઃ–જેને પોતાની બુદ્ધિ નથી અને જે માત્ર બહુશ્રુતજ છે તે કડછી જેમ દાળના સ્વાદને સમજતી નથી તેમ શાસ્ત્રનાં રહસ્યને સમજી શકતો નથી.[1] તમે તો જાણતાં છતાં એક નાવ જેમ પાછળ બાંધેલી બીજી નાવને ખેંચી જાય છે તેમ મને પણ ખેંચીને મોહમાં નાખો છો. શું તમે સ્વાર્થમાં ચિત્ત નથી આપતા? કે મારો દ્વેષ કરો છો?[2] જેઓના ઉપદેશક તમે છો એવા આ ધૃતરાષ્ટ્રના પુત્રો હવે ઝાઝું જીવશે નહિ; કારણ કે તમે હમણાંજ દ્યૂતકાર્યથી શત્રુની લક્ષ્મીના હરણરૂપી પ્રયોજનને ભવિષ્ય ઉપર નાખો છો અર્થાત્ યજ્ઞ કરવાથી ધન મળશે એમ કહો છો.[3] જેનો અગ્રેસર પારકાનો દોરેલો દોરવાય છે, તે રસ્તાઓમાં ભૂલો પડે છે, પછી તેની પાછળ ચાલનારાઓ તો ખરે રસ્તે જાયજ ક્યાંથી?[4] હે રાજન્! તમે પક્વ બુદ્ધિવાળા, વૃદ્ધ પુરુષોને સેવનારા તથા જીતેંદ્રિય છો તેમ છતાં પોતાનું કાર્ય કરવા તૈયાર થયેલા એવા અમને તમે બહુ મુંઝવણમાં નાખો છો.[5] બૃહસ્પતિ લોક વ્યવહારથી રાજ્ય વ્યવહાર જૂદો છે એમ કહે છે; તેથી રાજાએ સાવધાન રહીને નિરંતર સ્વાર્થનું ચિંતન કરવું જોઇએ.[6] હે મહારાજ! ક્ષત્રિયોની આજીવિકા વિજય ઉપરજ આધાર રાખે છે. પછી તે ધર્મ હો કે અધર્મ હો. જે પોતાની આજીવિકાજ રહી તેમાં વળી વિચાર શો કરવો?[7] હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા! જેણે સામા શત્રુની ઝળહળતી લક્ષ્મીને મેળવવી હોય તેણે સારથિ જેમ ચાબુક મારીને ઘોડાને દોડાવે છે તેમ શત્રુઓને સર્વ દિશાઓમાં ભગાડવા જોઈએ.[8] ગુપ્ત અથવા પ્રકાશિત એવો જે ઉપાય શત્રુને પીડનારો થાયછે તે શસ્ત્રવેત્તાઓનું શસ્ત્ર ગણાય છે; કાપનારૂં હોય તેજ શસ્ત્ર ગણાતું નથી.[9] હે નૃપ! મનુષ્ય લખાણુથી અથવા પ્રમાણુથી શત્રુ કે મિત્ર ગણાતો નથી, પણ જે મનુષ્ય જેને સંતાપે છે તેજ તેનો શત્રુ કહેવાય છે.[10] હે રાજન્! અસંતોષ એ લક્ષ્મીનું મૂલ ગણાય છે અને તેથીજ હું અસંતોષને ઇચ્છું છું. જે મનુષ્ય પોતાની ચઢતીને માટે પ્રયત્ન કરે છે તેનેજ પરમ ન્યાય ગણવામાં આવે છે.[11] રાજાએ પોતાની પાસે હોય તેટલાં ઐશ્વર્યમાં અથવા ધનમાં મમતા કરીને બેસી રહેવું નહિ; કારણ કે પૂર્વે સંપાદન કરેલાં ધનને બીજા રાજાઓ હરી જાય છે અને તેપણ રાજધર્મ ગણાય છે.[12] ઇંદ્રે 'આપણે પરસ્પરનો દ્રોહ કરવો નહિ' આવો ઠરાવ કર્યા પછી વિશ્વાસઘાત કરીને નમુચિનું માથું કાપી નાખ્યું હતું, અને તેની તેવી શત્રુ પ્રત્યેની વૃત્તિ સનાતન કાલથી માન્ય ગણાય છે.[13] જેમ દરમાં સૂઇ રહેનારાં પ્રાણીને સર્પ ગળી જાય છે તેમ ચઢાઈ ન કરનારા રાજાને અને પ્રવાસ ન કરનારા સંન્યાસીને ભૂમિ ગળી જાય છે અર્થાત્ તેઓ પડ્યા પડ્યા ખવાઈ જાય છે.[14] હે પ્રજાપતિ! પુરુષનો કોઈ જન્મથી શત્રુ નથી પણ તેની સાથે જેની સમાન આજીવિકા છે તેજ તેનો શત્રુ છે બીજો મનુષ્ય શત્રુ નથી.[15] જે મનુષ્ય પોતાની મૂર્ખતાથી વૃદ્ધિ પામતાં શત્રુ પક્ષના તરફ બેદરકાર રહે છે તેને તે શત્રુપક્ષ વૃદ્ધિ પામેલા વ્યાધિની પેઠે સમૂલ નાશ પમાડે છે.[16] જેમ વૃક્ષનાં મૂળ આગળ થયેલો રાફડો પાસે રહીને વૃક્ષનો નાશ કરે છે, તેમ અલ્પ શત્રુ પણ પરાક્રમથી અત્યંત વૃદ્ધિ પામીને પાસેના શત્રુનો નાશ કરે છે.[17] હે અજમીઢવંશોત્પન્ન! હે ભારતરાજ! તમે શત્રુની લક્ષ્મી જોઈ ને રાજી ન થાઓ–પણ તેને હરી લેવાની વૃત્તિ રાખો, આ નીતિભારને બુદ્ધિમાનોએ માથે ચઢાવ્યો છે.[18] જેમ જન્મ થયા પછી જીવતાં શરીરની પ્રતિક્ષણે સ્વાભાવિક વૃદ્ધિ થયા કરે છે, તેમ જે પુરુષ પ્રતિક્ષણે ધનની વૃદ્ધિની આકાંક્ષાપૂર્વક યત્ન કરે છે તે પુરુષ પોતાની જ્ઞાતિમાં વૃદ્ધિ પામે છે; કારણ કે ધનની

વૃદ્ધિ પરાક્રમવડે તત્કાલજ થાય છે.[૧૯] 'કાંતો હું પાંડવોની તે લક્ષ્મીને મેળવીશ, કે કાં તો યુદ્ધમાં હણાઇને યુદ્ધભૂમિમાં શયન કરીશ' આવો વિતર્ક જો પાંડવોનું ઐશ્વર્ય ન જોયું હોત તો મને થાત નહિ.[૨૦] ઓ રાજા! પાંડવો હમેશાં વૃદ્ધિ પામે છે અને અમારી વૃદ્ધિ અટકી પડી છે, ત્યારે આવી સ્થિતિમાં હવે મારે જીવવાનું શું પ્રયોજન છે?"

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂત-પર્વવિષે દુર્યોધનસંતાપ નામનો અધ્યાય ૫૫ મો સમાપ્ત.

અધ્યાય ૫૬ મો–દ્યૂત રમવાની ધૃતરાષ્ટ્ર પાસે હા પડાવી.

॥ शकुनिरुवाच ॥
यां त्वमेतां श्रियं दृष्ट्वा पांडुपुत्रे युधिष्ठिरे ॥
तप्यसे तां हरिष्यामि द्यूतेन जयतांवर ॥ १ ॥

શકુનિ બોલ્યોઃ–હે જય કરનારામાં શ્રેષ્ઠ દુર્યોધન! પાંડુના પુત્ર યુધિષ્ઠિરની પાસે જે લક્ષ્મી જોઇને તું સંતાપ કરે છે તે લક્ષ્મીને હું દ્યૂતવડે હરણ કરી શકીશ.[૧] માટે હે રાજન્! માત્ર કુંતી-પુત્ર યુધિષ્ઠિરને તું અહીં બોલાવ, એટલે કોઇ પણ પ્રકારના સંશયમાં ન ઉતરતાં તથા યુદ્ધના મોખરામાં યુદ્ધ ન કરતાં અક્ષત રહીને અક્ષવિ-દ્યામાં વિદ્વાન એવો હું અક્ષવિદ્યાને ન જાણનારા પાંડવોને પાસા નાખીને જીતી લઇશ. હે ભરત-વંશી રાજા! એ દ્યૂતયુદ્ધમાં; દાવમાં મૂકેલાં ધન-ને મારાં ધનુષ જાણ, પાસાને બાણો જાણ, પાસા-ના દાણાઓને મારી પ્રત્યંચા જાણ અને પાસાને મૂકવાનાં તથા નાખવાનાં સ્થાનને તું મારો રથ જાણ."[૨–૪]

દુર્યોધન બોલ્યોઃ–"ઓ રાજા! આ દ્યૂતને જાણનારા મારા મામા દ્યૂતવડે પાંડવોની લક્ષ્મી-ને હરી લેવા માટે ઉત્સાહ રાખે છે, માટે તમારે આજ્ઞા આપવી જોઇએ."[૫]

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–"હું તો મારા ભાઇ મહા-ત્મા વિદુરના કહ્યામાં છું એટલે તેની જોડે મળી-ને આ કાર્યનો નિશ્ચય જાણીશ."[૬]

દુર્યોધન બોલ્યોઃ–"હે કૌરવરાજ! સંશ-યરહિત વિદુર તમારી બુદ્ધિને ફેરવી નાખશે; કારણ કે તે જેવા પાંડવોના હિતમાં તત્પર છે તેવા મારા હિતમાં તત્પર નથી.[૭] હે કુરુનંદન! પુરુષે પોતાનાં કાર્યનો બીજાના સામર્થ્યથી આ-રંભ કરવો નહિ; કારણ કે કાર્યો કરવામાં બેનો વિચાર એકસરખો મળતો થતો નથી.[૮] જે મંદ બુદ્ધિનો મનુષ્ય ભયની શંકાવાળાં કાર્યોને દૂર કરીને પોતાનો બચાવ કર્યા કરે છે, તે ચોમા-સામાં પાણીથી ભીંજાયલી સાદડીની પેઠે બેઠો બેઠો નાશ પામે છે.[૯] વ્યાધિઓ અને યમરાજા, મનુષ્યને સુખ મળ્યા પછી આપણે તેને વશ કરી-શું એવી રાહ જોતા નથી, માટે જ્યાં સુધી મનુ-ષ્ય સામર્થ્યવાળો હોય ત્યાંસુધીમાં તેણે પોતાનું કલ્યાણ કરી લેવું જોઇએ."[૧૦]

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–"હે પુત્ર! બલવાનની સાથે વિરોધ કરવો મને કોઈ પણ રીતે રુચતો નથી. વૈર, પૂર્વસ્થિતિથી ભ્રષ્ટ કરે છે એટલે તેજ લોઢાં વિનાનું શસ્ત્ર છે એમ સમજવું[૧૧] હે રાજપુત્ર! તું અનર્થનાં કારણરૂપ દ્યૂતને અર્થરૂપ માને છે, પરંતુ તે દ્યૂત કલહને અત્યંત ગુંથનારૂં થઈ પડે છે. જો કોઇ પણ રીતે દ્યૂત રમવામાં આવશે તો તે તીવ્ર બાણો અને તરવારોને ઉત્પન્ન કરશે."[૧૨]

દુર્યોધન બોલ્યોઃ–"પ્રાચીન કાળના રાજા-ઓ પણ દ્યૂત રમતા હતા અને તેમાં તેઓનો નાશ થયો નથી તેમ યુદ્ધ પણ થયું નથી; માટે આજે તમને શકુનિનાં વચન રુચિકર થાઓ અને તમે સભા કરવાની તત્કાલ આજ્ઞા આપો.[૧૩] દ્યૂત-ક્રીડા કરતા એવા આપણે માટે દ્યૂત એ (શત્રુ પરાભવ અને ધનલાભરૂપી) શ્રેષ્ઠ સ્વર્ગદ્વાર–સુખ-દ્વાર છે, અને બીજા દ્યૂત રમનારાઓને પણ તેવી રીતેજ સુખ મળ્યું છે, માટે તેમ કરવાથી આપ-ણે પાંડવોના સમાન થઈશું, તેથી તમે પાંડવોની સાથે દ્યૂત રમવાની ગોઠવણ કરો."[૧૪]

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ-“હે નરેંદ્ર ! તેં જે કહ્યું તે વચન મને રુચતું નથી. ભલે તને પ્રિય લાગે તે તું કર; પરંતુ પાછળથી મારાં વચનો યાદ કરીને તને પસ્તાવો થશે. તારૂં કહેલું વચન ધર્મયુક્ત નથી તેમ ભવિષ્યમાં કલ્યાણ કરનારૂં પણ નથી.[૧૫] ઉહાપોહ કરવામાં કુશલ તથા શાસ્ત્રના અધ્યયનવાળા એવા વિદ્વાન વિદુરે આ બધું પહેલેથીજ જોયું હતું, અને તેજ આ ક્ષત્રિય જીવોને હણનારૂં મહાન ભય, મોહ વશ થયેલા એવા આપણને પ્રાપ્ત થાય છે.”[૧૬]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે કહીને બુદ્ધિમાન છતાં દૈવવડે જેનું ચિત્ત મૂઢ થયેલું એવા ધૃતરાષ્ટ્ર રાજાએ ભાગ્યનેજ ઉત્કૃષ્ટ તથા દુસ્તર માનીને પુત્રનાં વચનને સ્વીકારી મોટે સ્વરે સેવકોને આજ્ઞા કરી કે,[૧૭] “તમે હજાર થાંભલાવાળી સુવર્ણ તથા વૈદુર્ય મણિનાં ચિત્રવાળી, સો દ્વારવાળી સ્ફાટિકનાં ચોકઠાંવાળી એક ગાઉ લાંબી તથા એક ગાઉ પહોળી એવી ઉત્તમ સભા સાવધાન થઈને મારે માટે ઝટ તૈયાર કરો.”[૧૮]

આવી ધૃતરાષ્ટ્રની આજ્ઞા સાંભળીને બુદ્ધિમાન, કુશલ તથા યોગ્ય એવા હજારો શિલ્પિઓએ શંકારહિત થઇને ઉતાવળથી તે સભા ઝટ તૈયાર કરી અને તે સભામાં સર્વ પદાર્થો લાવીને ગોઠવી દીધા.[૧૯] આ પ્રમાણે થોડાજ સમયમાં બહુ રત્નવાળી, વિચિત્ર પ્રકારની તથા ચિત્રવાળાં સુવર્ણાસનોથી યુકત એવી તે સભા સંપૂર્ણ તૈયાર થઈ છે એમ ધૃતરાષ્ટ્ર રાજાને તેના વિશ્વાસુ સેવકોએ ખબર કહી.[૨૦] તે પછી વિદ્વાન એવા ધૃતરાષ્ટ્ર રાજાએ મંત્રીઓમાં મુખ્ય એવા વિદુરને નીચે પ્રમાણે કહ્યું કેઃ-“તમે રાજપુત્ર યુધિષ્ઠિરની પાસે જઇને મારાં વચનથી તેને અહીં ઝટ બોલાવી લાવો.[૨૧] તેઓને તમે કહેજો કે, ધૃતરાષ્ટ્ર રાજાની સભા બહુ રત્નવાળી, વિચિત્ર અને કિંમતી શય્યા તથા આસનોથી ભરપૂર છે માટે તમે તમારા ભાઇઓની સાથે આવીને તે સભા જુઓ, તથા ત્યાં સંબંધીઓની સાથે દ્યૂત ખેલો.

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે યુધિષ્ઠિરાનયનમાં અધ્યાય ૫૬ મો સમાપ્ત.

*અધ્યાય ૫૭ મો-યુધિષ્ઠિરને તેડી લાવવા માટે વિદુરને આજ્ઞા

॥ वैशंपायन उवाच ॥

मतमाज्ञाय पुत्रस्य धृतराष्ट्रो नराधिपः ॥
मत्वा च दुस्तरं दैवमेतद्राजंश्चकार ह ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ-હે રાજન્! ધૃતરાષ્ટ્ર રાજાએ પુત્રના મતને જાણીને તથા દૈવને દુસ્તર માનીને ઉપર પ્રમાણે કર્યું હતું;[૧] પરંતુ અન્યાયથી તે પ્રમાણે કહેલાં ભાઈનાં વચનને અભિનંદન ન આપતાં વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા વિદુર નીચે પ્રમાણે વચન કહેવા લાગ્યા.[૨]

વિદુર બોલ્યાઃ-“હે નૃપતિ ! આ તમારી આજ્ઞાને હું માન આપતો નથી. તમે એવું કરશો નહિ. હું કુલના સંહારથી ડરૂં છું. હે નરેંદ્ર ! દ્યૂત રમવાથી પુત્રોમાં ભેદ પડીને તમને અવશ્ય કલહ થશે એવી મને શંકા રહે છે.”[૩]

ધૃતરાષ્ટ્ર કહે છેઃ-“હે વિદુર ! જો દૈવ પ્રતિકુલ નહિ હશે તો એ દ્યૂતના સંબંધમાં મને કલહ સંતાપ આપશે નહિ. આ સર્વ જગત દૈવને આધીન થઇને પ્રયોજક અંતર્યામીની પ્રેરણાથીજ ચેષ્ટા કરે છે, એ સ્વતંત્ર નથી;[૪] માટે હે વિદુર ! તમે મારી આજ્ઞાથી આજેજ યુધિષ્ઠિર રાજાની પાસે જાઓ અને દુર્ધર્ષ એવા કુંતીપુત્ર યુધિષ્ઠિરને ઝટ અહીં તેડી લાવો.”[૫]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે યુધિષ્ઠિરાનયન નામનો અધ્યાય ૫૭ મો સમાપ્ત.

* બન્ને હિંદી ભાષાંતરોમાં આ અધ્યાયને છપ્પનમા અધ્યાય જોડે મેળવી દીધો છે.

અધ્યાય ૫૮ મો–યુધિષ્ઠિર રાજા સભામાં આવ્યા.

॥ वैशंपायन उवाच ॥

तत : प्रायाद्विदुरोऽश्वैरुदारैर्महाजवैर्बलिभिः साधुदान्तैः ॥ बलान्नियुक्तो धृतराष्ट्रेणराज्ञा मनीषिणां पांडवानां सकाशे ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી ધૃતરાષ્ટ્ર રાજાએ બલાત્કારથી જેને જવાની આજ્ઞા કરેલી એવા વિદુરજી ઉંચી જાતના, મોટા વેગવાળા, બલવાન તથા સારા કેળવાયલા ઘોડાઓ જોડેલા રથમાં બેસીને બુદ્ધિમાન પાંડવોની પાસે જવા નીકળ્યા.[૧] ઉતાવળથી માર્ગ વટાવીને મહાબુદ્ધિવાળા વિદુરજીએ ત્રણે વર્ણના લોકોનાં પૂજનને સ્વીકારતાં યુધિષ્ઠિર રાજાના નગરમાં પ્રવેશ કર્યો.[૨] પછી તે ધર્માત્મા કુબેરના ભવન જેવા રાજમહાલયમાં પ્રવેશ કરીને ધર્મપુત્ર યુધિષ્ઠિરની પાસે આવ્યા.[૩] તે વખતે અજમીઢવંશોત્પન્ન સત્યધારી મહાત્મા અજાતશત્રુએ વિદુરજીનો યથાવિધિ પૂજાપૂર્વક સત્કાર કર્યો. તે પછી તેમને પુત્રો સાથે ધૃતરાષ્ટ્રની ખબર પૂછવા લાગ્યા.[૪]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે વિદુરજી ! તમારૂં મન ઉદાસ જાણીને હું પૂછું છું કે તમે કુશલતાથી તો આવ્યા છો ને? વૃદ્ધરાજાના પુત્રો તેને અનુકૂલ તો છે ને? તથા સઘળી પ્રજા પણ આધીન છે કે?"[૫]

વિદુર બોલ્યાઃ–"હે રાજન્ ! મહાત્મા ધૃતરાષ્ટ્રરાજા પુત્રની સાથે કુશલ છે, અને પોતાના ઉત્કર્ષમાં પ્રીતિવાળા તે મહાત્મા પુત્રોના ગુણોથી પ્રસન્ન, શોકરહિત તથા વિનમ્ર થઇને સંબંધીઓથી વીંટાઇને ઇંદ્રની પેઠે રહે છે.[૬] કુરુરાજ ધૃતરાષ્ટ્રે પ્રથમ તમારૂં કુશલ તથા ઐશ્વર્યાદિની વૃદ્ધિ પૂછીને આ પ્રમાણે તમને કહાવ્યું છે કે, આ તમારા ભાઇઓની સભા તમારી સભા જેવી છે માટે હે પુત્ર! તમે અહીં આવીને તે જુઓ;[૭] અને હે પાર્થ ! તે સભામાં ભાઇઓની સાથે મળીને તમે સંબંધીઓ સાથે દ્યૂત રમો તથા આનંદ કરો, તમારા મેળાપથી અમે પ્રસન્ન થઈશું. અહીં બધા કુરુવંશીઓ પણ આવી ચૂકયા છે.[૮] વળી મહાત્મા ધૃતરાષ્ટ્ર રાજાએ જે જુગારીઓને ત્યાં રાખેલા છે તે ધૂર્તોને પણ ત્યાં બેઠેલા તમે જોશો. હે નૃપતિ ! એટલા માટે હું તમને બોલાવવા આવ્યો છું તેથી તમે એ વાત સ્વીકારો."[૯]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે વિદુરજી! દ્યૂત રમવાથી અમારામાં કલહ ઉત્પન્ન થશે. દ્યૂતના દોષને જાણનારો કયો મનુષ્ય દ્યૂત રમવાનું પસંદ કરે ? અથવા એમાં તમે શું યોગ્ય માનો છો ? અમે તો બધા તમારાં વચનનેજ આધીન છીએ"

વિદુર બોલ્યાઃ–"હે વિદ્વન્ ! દ્યૂત અનર્થનું મૂલ છે તે હું જાણું છું, મેં તેને રોકવામાટે પ્રયત્ન પણ કર્યો હતો; પરંતુ ધૃતરાષ્ટ્ર રાજાએ તમારી પાસે મને બલથી મોકલ્યો છે. માટે એ સાંભળીને તમે જે કલ્યાણકારક લાગે તે કરો અર્થાત્ દ્યૂત રમવાથી આ લોકની હાનિ છે અને ગુરુનું વચન ઉલ્લંઘન કરવાથી પરલોકની હાનિ છે માટે ગુરુની આજ્ઞાના પાલનરૂપી પરલોકનું હિત સાધવું એ મુખ્ય છે."[૧૧]

યુધિષ્ઠિર પૂછે છેઃ–"હે વિદુર તે સભામાં ધૃતરાષ્ટ્ર રાજાના પુત્રો વિના બીજા કયા જુગારીઓ એકઠા થયેલા છે, તે હું તમને પૂછું છું માટે તેઓનાં નામો મને કહો; જેથી તેમની સાથે અમે સેંકડો ધનના દાવો મૂકીનેરમી શકીએ."

વિદુર બોલ્યાઃ–"હે રાજન્! દ્યૂતની મર્યાદા મૂકીને રમનારો, ઇચ્છા પ્રમાણે પાસા નાખવામાં કુશલ અને પાસાનાં રહસ્યને સમજનારો એવો ગાંધાર દેશનો રાજા શકુનિ તે સભામાં છે. વળી વિવિંશતિ, ચિત્રસેનરાજા, સત્યવ્રત, પુરુમિત્ર અને જય પણ ત્યાં આવેલા છે."[૧૩]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"ખરેખર, એ સભામાં કપટ કરનારા, મહા ભયંકર અને ધૂર્ત જુગારીઓ એકઠા થયેલા છે; તથાપિ આ સર્વ જગત સ્વતંત્ર નથી પણ અંતર્યામીને આધીન એવા દૈવને વશ રહેલું છે.[૧૪] હે કવિ ! હું ધૃતરાષ્ટ્રની

આજ્ઞાથી દ્યૂતમાં આવવાની ઇચ્છા નહિ રાખું એમ નથી; કારણ કે પુત્રને પિતા સદૈવ પૂજ્ય છે, માટે હે વિદુર! તમે મને જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે હું કરીશ.[૧૫] દ્યૂત રમવાની મને ઇચ્છા નથી, એટલે દ્યૂતમાં જય મેળવનારો શકુનિ જો મને સભામાં રમવા નહિ બોલાવે તો તેની સાથે હું રમવાનો નથી અને બોલાવશે તો કદાપિ હું પાછો પડવાનો નથી; કારણકે મારો એવો હમેશનો નિયમ છે."[૧૬]*

વૈંશપાયન કહે છેઃ–આ પ્રમાણે વિદુરને ધર્મરાજાએ પ્રયાણને માટે રથાદિ સઘળું તૈયાર કરવાની આજ્ઞા આપી અને બીજેજ દિવસે ભાઇઓ, સેવકો તથા સ્ત્રીઓની સાથે દ્રૌપદીને આગળ કરીને તેઓ ત્યાંથી જવા તૈયાર થયા.[૧૭] "જેમ સામુ આવતું તેજ આંખને આંજી નાખે છે તેમજ દૈવ, મનુષ્યની બુદ્ધિને હરી લે છે અને તેથી પાશવડે બંધાયલા પુરુષની પેઠે તે વિધાતાને વશ થાય છે."[૧૮] આ પ્રમાણે કહીને ધૃતરાષ્ટ્રના આહ્વાનને સહન ન કરતા શત્રુને દમનારા યુધિષ્ઠિરરાજા વિદુરને સાથે લઇને નીકળ્યા.[૧૯] તે વખતે બાહ્‌લીકદેશના ઘોડાઓથી જોડેલા રથમાં બેસીને શત્રુવીરને હણનારા, પૃથાપુત્ર પાંડવે ભાઇઓથી વીંટાઇને પ્રયાણ કર્યું હતું.[૨૦] અમુક દિવસે તમારે આવવું, આ પ્રમાણે ધૃતરાષ્ટ્રનું આમંત્રણ હતું એટલે તેજ દિવસે રાજલક્ષ્મીથી દીપતા યુધિષ્ઠિર રાજા બ્રાહ્મણોને આગળ રાખીને હસ્તિનાપુર ગયા.[૨૧] ધર્માત્મા યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં જઇને ધૃતરાષ્ટ્રને ઘેર ગયા અને ત્યાં ધૃતરાષ્ટ્રને મળ્યા;[૨૨] તેમજ સમર્થ યુધિષ્ઠિર ભીષ્મને, દ્રોણને, કર્ણને, કૃપાચાર્યને તથા અશ્વત્થામાને પણ યથાન્યાય મળ્યા.[૨૩] તે પછી વીર્યવાન એવા મહાબાહુ યુધિષ્ઠિર સોમદત્તને, દુર્યોધનને, શલ્યને, શકુનિને, બીજા પ્રથમથી આવેલા જે રાજાઓ હતા તેઓને, વીર દુઃશાસનને, બીજા ભાઈઓને, જયદ્રથને તથા સઘળા કુરુઓને પણ મળ્યા. તે પછી મહાબાહુ ધર્મરાજા પોતાના સઘળા ભાઇઓથી વીંટાઇને બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર રાજાના ઘરમાં પેઠા અને ત્યાં તારાઓથી વીંટાયલી રોહિણીની પેઠે વહુઓથી હમેશ વીંટાયલાં અને પતિને અનુસરનારાં મહારાણી ગાંધારીને જોયાં. યુધિષ્ઠિરે ગાંધારીને પ્રણામ કર્યા, એટલે તેણે અભિનંદનઆપ્યું[૨૪–૨૮] તે પછી પાંડવો પાછા અંધ તથા વૃદ્ધ એવા કાકા ધૃતરાષ્ટ્ર રાજા પાસે આવ્યા.[૨૯] હે રાજન્! કુરુકુલને આનંદ આપનારા ભીમસેન વગેરે પાંચ પાંડવોનાં તે વખતે રાજાએ મસ્તકો સુંઘ્યાં.[૩૦] ત્યાર પછી હે રાજા! સુંદર આકૃતિવાળા એવા પુરુષવ્યાઘ્ર પાંડવોને જોઇને કુરુવંશીઓને બહુ હર્ષ ઉત્પન્ન થયો.[૩૧] પછી ધૃતરાષ્ટ્રરાજાની આજ્ઞાથી પાંડવો રત્નજડિત ઘરોમાં રહેવા ગયા, તે વખતે ધૃતરાષ્ટ્રના પુત્રની વહુઓ દ્રૌપદી વગેરે સ્ત્રીઓને જોવા લાગી અને દ્રૌપદીની ઝળહળતી પરમ સમૃદ્ધિને જોતાં તેઓ મનમાં ખિન્ન થઈ ગઈ.[૩૨,૩૩] તે પછી તે પુરુષવ્યાઘ્રોએ સ્ત્રીઓની સાથે વાતચિત કરીને કસરત વગેરે કૃત્યો કર્યાં તથા કેશસંસ્કારાદિ કૃત્યો પણ કર્યાં.[૩૪] તે પછી સર્વે કલ્યાણ મનવાળા પાંડવોએ આહ્નિક કર્યું, દિવ્ય ચંદનની અર્ચા કરી, બ્રાહ્મણોની પાસે સ્વસ્તિવાચન કરાવ્યું અને મનને પ્રિય લાગે તેવું ભોજન કરીને તેઓ શયનસ્થાનમાં ગયા. પરપુરનો જય કરનારા પાંડવો તે સ્થાનમાં જઇને બહુ પ્રસન્ન થયા. ત્યાં સ્ત્રીઓ તેમના યશો ગાવા લાગી અને કુરુઓમાં શ્રેષ્ઠ એવા તેઓ નિદ્રાને આધીન થઈગયા.[૩૫,૩૬] આ રીતે રતિવિહાર કરનારા પાંડવોની તે રાત્રિ સુખથી વ્યતીત થઈ. પછી સવાર થતાં બંદીજનોથી સ્તુતિ કરાયલા પાંડવો શ્રમરહિત થઇને જાગ્રત થયા.[૩૭] આ રીતે રાત્રે સુખથી રહેલા સઘળા પાંડવોએ સવારમાં આહ્નિક કૃત્ય કર્યું, તે પછી તેઓ જુગારીઓથી અભિનંદન પામીને તે રમણીય એવી દ્યૂતસભામાં દાખલ થયા.[૩૮]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે યુધિષ્ઠિર સભાગમન નામનો અધ્યાય ૫૮ મો સમાપ્ત.

*નટવર ચક્રવર્તીવાળા હિંદી ભાષાંતરમાં આ શ્લોકથી આ અધ્યાયને જૂદો કર્યો છે અને બીજા હિંદીમાં સાથેજ રાખેલો છે.

અધ્યાય ૫૯ મો યુધિષ્ઠિર અને શકુનિનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

प्रविश्य तां सभां पार्था युधिष्ठिरपुरोगमाः ॥
समेत्य पार्थिवान्सर्वान्पूजार्हानभिपूज्य च॥१॥

વૈશંપાયન કહે છેઃ-યુધિષ્ઠિરને આગળ કરીને પૃથાના પુત્ર પાંડવો તે સભામાં દાખલ થયા અને સર્વ રાજાઓને મળીને તથા પૂજન કરવા યોગ્ય રાજાઓની પૂજા કરીને વય પ્રમાણે આશીર્વાદ, નમસ્કારાદિ કરતા સ્પૃહા કરવા યોગ્ય બિછાનાંવાળાં વિચિત્ર આસનો ઉપર યોગ્યતા પ્રમાણે બેઠા. [૧,૨] તેઓના ત્યાં બેઠ પછી તથા સર્વે રાજાઓના બેઠા પછી સુબલનો પુત્ર શકુનિ યુધિષ્ઠિરને કહેવા લાગ્યો. [૩]

શકુનિ બોલ્યોઃ-" હે રાજન્! સભામાં પાસા નાખવાનું વસ્ત્ર પાથરેલું છે અને સર્વે રાજાઓ તમારી વાટ જોતા બેઠા છે, એટલે હે યુધિષ્ઠિર! પાસા નાખીને હવે દ્યૂત રમવા માટે કંઈ ઠરાવ કરો." [૪]

યુધિષ્ઠિર બોલ્યાઃ-" દ્યૂત એ ઠગાઈ છે, પાપનો હેતુ છે, એમાં ક્ષત્રિયોને યોગ્ય પરાક્રમ નથી; તેમજ નિશ્ચલ નીતિ પણ નથી; ત્યારે હે રાજન્! તમે દ્યૂતનાં શામાટે વખાણ કરો છો? [૫] જુગારી ધૂર્ત ઠગાઇ કરે છે, તેમાં તેની કીર્તિનાં વખાણ થતાં નથી. હે શકુનિ! તું ક્રૂરની પેઠે આ પ્રમાણે શઠાઇ કરીને અન્યાયથી અમને જીતવાની ઈચ્છા ન રાખ."[૬]

શકુનિ બોલ્યોઃ-" જે જુગારી પુરુષ જયપરાજયના હેતુઓના વિવેકને જાણે છે, જે સામો કપટ કરવા માંડે ત્યારે શું કરવું? તેને જાણે છે, જે દ્યૂતક્રિયાઓમાં કંટાળતો નથી તથા જે મહાબુદ્ધિવાળો છે, તે દ્યૂત રમી જાણે છે અને તે દ્યૂતક્રિયામાં સઘળું કરવા સમર્થ થાય છે. [૭] હે પાર્થ! દ્યૂતમાં જયપરાજયરૂપી વ્યવહાર પાસાને આધીન છે. તે જો પ્રતિકૂલ થાય તો રમનારા એવા આપણ બેમાંથી એકનો પરાજય કરે, અને તેથીજ પરાજયરૂપી દોષ ઉત્પન્ન થાય છે, અર્થાત્ એમાં ઇચ્છાથી કપટ કરી શકાતું નથી; કારણ કે પાસો દૈવને અધીન પડે છે, માટે હે રાજન્! તમે શંકા રાખો નહિ. ચાલો, આપણે રમત શરૂ કરીએ. તમે દાવમાં મૂકવાનું દ્રવ્ય મૂકો અથવા મોઢેથી કહો, વિલંબ કરશો નહિ."

યુધિષ્ઠિર કહે છેઃ-" સ્વર્ગ તથા મોક્ષને પ્રાપ્ત કરનારાં એવાં કર્મ તથા જ્ઞાનનું નિત્ય પરિશીલન કરનારા આ મુનિશ્રેષ્ઠ અસિતદેવલ આ પ્રમાણે કહે છેઃ 'જુગારીઓની સાથે કપટથી દ્યૂત રમવું એ પાપરૂપ છે; ધર્મથી યુદ્ધમાં વિજય મેળવવો તે શ્રેષ્ઠ છે,દ્યૂતનો વિજય શ્રેષ્ઠ નથી.[૯,૧૦] યુદ્ધમાં આર્ય પુરુષો અપશબ્દો બોલતા નથી તેમજ કપટ પણ કરતા નથી; એટલે યુદ્ધ કુટિલતા તથા કુટિલ પુરુષથી રહિત છે, તેથી સત્પુરુષો યુદ્ધનો સ્વીકાર કરે છે.' [૧૧] અમે જે ધનથી બ્રાહ્મણોને ઉપકાર કરવા તથા તેઓથી વિદ્યા ગ્રહણ કરવા શક્તિપૂર્વક યત્ન કરીએ છીએ, તે અમારાં ધનને હરી લેવા માટે તું મર્યાદા મૂકીને દ્યૂત રમીશ નહિ. હે શકુનિ! તું બીજાને મિથ્યા જીતીશ નહિ. [૧૨] હું તો એવું નીચ કર્મ કરીને સુખ અથવા ધનની ઈચ્છા કરતો નથી. એ તો ધૂર્તોનું કામ છે; સત્પુરુષો એવાં કામને વખાણતા નથી. "[૧૩]

શકુનિ બોલ્યોઃ-" હે યુધિષ્ઠિર! વેદવેત્તા બ્રાહ્મણ, વેદવેત્તાઓની સાથે જીતવાની ઇચ્છારૂપી નીચ કર્મથીજ વાદ કરે છે તથા વિદ્વાન અવિદ્વાનની સાથે તેવી ઇચ્છાથીજ વાદ કરે છે, તોપણ તેને લોકો નીચ કર્મ કહેતા નથી. [૧૪] હે યુધિષ્ઠિર! દ્યૂત રમી જાણનારો સામાની સાથે કપટવડેજ પાસાથી રમે છે અને વિદ્વાન અવિદ્વાનની સામે કપટથી વ્યવહાર કરે છે, તોપણ તેને લોકો કપટ કહેતા નથી. [૧૫] વળી હે યુધિષ્ઠિર! અસ્ત્રવિદ્યામાં કુશલ પુરુષ અસ્ત્રવિદ્યામાં અકુશલની સાથે, મહાબલવાન નિર્બલની સાથે અને વિદ્વાન મૂર્ખની સાથે કપટથી વ્યવહાર કરે છે. આ પ્રમાણે સર્વે કર્મોમાં કપટજ

ચાલે છે; તોપણ તેને લોકો કપટ કહેતા નથી.[૧૬] તમે અહીં મારી આગળ આવીને આ રમતને જો કપટ માનતા હો તથા તમને બીક લાગતી હોય, તો તમે દ્યૂત રમવાથી દૂર થાઓ."[૧૭]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"એવી મારી પ્રતિજ્ઞા છે કે, મને બોલાવ્યો હોય એટલે હું પાછો ફરૂં નહિ. હે રાજન્! વિધિ બલવાન છે અને હું દૈવને વશ રહેલો છું;[૧૮] માટે બોલો, આ સભામાં મારે કોની સાથે દ્યૂત રમવાનું છે? અને મારી સામે કોણ બીજો હોડ બકનારો છે? તે જણાવ્યા પછી દ્યૂત શરૂ કરો."[૧૯]

દુર્યોધન બોલ્યોઃ–"હે રાજન્! રત્નો તથા ધનોને આપનારો હું છું અને મારા તરફથી રમનારા આ મારા મામા શકુનિ છે."[૨૦]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"એક પુરુષ બીજા પુરુષને બદલે દ્યૂત રમે, એ મને વિષમ જણાય છે. હે વિદ્વન્! એ વાતનો તમો સ્ત્રીકાર કરો. પછી તમારી ઇચ્છા હોય તો ભલે આ રીતે ચલાવો."[૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે યુધિષ્ઠિરશકુનિસંવાદ નામનો અધ્યાય ૫૯ મો સમાપ્ત.

*અધ્યાય ૬૦ મો–દ્યૂતનો આરંભ

॥ वैशंपायन उवाच ॥

उपोह्यमाने द्यूते तु राजानः सर्व एव ते ॥
धृतराष्ट्रं पुरस्कृत्य विविशुस्तां सभां ततः ॥१॥

વૈશંપાયન કહે છેઃ–દ્યૂતનો આરંભ થયો, એટલે તે સર્વે રાજાઓ ધૃતરાષ્ટ્રને આગળ કરીને તે સભામાં દાખલ થયા.[૧] હે ભારત! તેમાં ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય તથા મહાબુદ્ધિવાળા વિદુરજી, એટલા અપ્રસન્ન મનથી ધૃતરાષ્ટ્રની પાછળ આવ્યા.[૨] સિંહના જેવી ડોકીવાળા અને મહાન બલવાળા તે રાજાઓ ચિત્રવિચિત્ર એવાં પુષ્કળ સિંહાસનો ઉપર બબ્બેની જોડીથી તથા કેટલાંક ઉપર એક એક બેસી ગયા.[૩] હે રાજન્! તે સભા, આવેલા રાજાઓથી, જેમ એકઠા થયેલા મહાભાગ્યશાલી દેવોથી સ્વર્ગ શોભે તેમ, શોભવા લાગી.[૪] હે મહારાજ! તે બધાઓ વેદવેત્તા, શૂરા તથા તેજસ્વી દેહવાળા હતા. તેઓના બેઠા પછી ત્યાં સંબંધીઓનું દ્યૂત આરંભાયું.[૫]

યુધિષ્ઠિર બોલ્યાઃ–હે રાજન્! આ બહુ મૂલ્યવાળો, સમુદ્રના આવર્ત્તનમાં ઉત્પન્ન થયેલો, શોભાસંપન્ન, ઉત્તમ સુવર્ણથી મઢેલો અને હાર સાથે રહેલો એવો મણિ હું મારા દાવમાં મૂકુ છું. હે રાજા! સામા દાવમાં તમે શું મૂકો છો, કે જે ધનથી તમે મારી સાથે જુગાર રમશો?"[૬,૭]

દુર્યોધન બોલ્યોઃ–"મારી પાસે ઘણા મણિઓ અને પુષ્કળ ધન છે તે હું મૂકું છું. મને ધનના સંબંધમાં ઓછીવત્તી કિંમતને માટે ઈર્ષ્યા નથી, તમે આ દાવને જીતી લ્યો."[૮]

વૈશંપાયન કહે છેઃ–તે પછી પાસાના રહસ્યને જાણનારા શકુનિએ હાથમાં પાસાઓ લઈને તેને બાજી ઉપર નાખ્યા અને યુધિષ્ઠિરને કહ્યું કેઃ–"અમે જીત્યા છીએ."[૯]

ઇતિ શ્રીમહાભારતમાં આદિપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે દ્યૂતારંભ નામનો અધ્યાય ૬૦ મો સમાપ્ત.

*બન્ને હિંદીમાં આ અધ્યાયને ઉપલા અધ્યાય સાથે જોડી દીધો છે.

અધ્યાય ૬૧ મો–કૌરવ અને પાંડવોનું દ્યૂત

॥ युधिष्ठिर उवाच ॥
मत्त कैतवकेनैव यज्जितोऽस्मि दुरोदरे ॥
शकुने हंत दीव्यामो ग्लहमानाः परस्परम् ॥१॥

યુધિષ્ઠિર બોલ્યાઃ–"ઓ દ્યૂતમત્ત શકુનિ! તેં મને આ દાવમાં કપટ કરીને જીત્યો છે; તોપણ ચાલ, આપણે ફરી દાવ માંડીને રમીએ.[૧] મારી પાસે હજારો સુવર્ણમુદ્રાથી ભરેલી સુંદર પેટીઓ છે, અખૂટ ધનનો ભંડાર છે તથા પુષ્કળ સોનુંરૂપું છે. હે રાજન્! એ મારાં ધનથી હું તારી સાથે દાવ માંડીને રમું છું."[૨]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે શકુનિને કહ્યું, એટલે શકુનિએ ફરી પાસા નાખીને કૌરવોના કુલને પ્રવર્તાવનારા, ધાર્મિક તથા મોટા ભાઇ એવા પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજાને કહ્યું કે 'હું જીત્યો છું.'[૩]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"આ હજાર રથના જેવો વ્યાઘ્રચર્મથી મઢેલો, ઘણો મજબૂત, સુંદર ચક્રો તથા સાહિત્યોવાળો, શોભાસંપન્ન, ઘુઘરીઓની ઝુલોથી અલંકૃત, પુણ્યરૂપ મેઘ તથા સમુદ્રના જેવા શબ્દવાળો તથા યુદ્ધમાં વિજય અપાવનારો એવો સંહ્લાદન નામનો રાજરથ છે કે જેમાં બેસીને અમે અહીં આવ્યા હતા અને જેને કુરરપક્ષીના જેવા રંગવાળા, રાજ્યમાં માનીતા તથા સુંદર એવા આઠ ઘોડાઓ ખેંચે છે, કે જેઓની વેગવાળી દોડથી અત્યંત દૂર રહેલો ભૂચર પ્રાણી પણ એઓના પગની નજીક થઈ જાય છે, હે રાજન્! એ રથ મારૂં ધન છે અને તેને દાવમાં મૂકીને હું તારી સાથે રમું છું."[૪–૬]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને કપટના આશ્રયવાળા શકુનિએ પાસા નાખીને યુધિષ્ઠિરને કહ્યું કેઃ–"આ તમારૂં ધન જીતી લીધું છે."[૭]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"મારી એક લાખ દાસીઓ છે, કે જેઓ યુવાન વયવાળી, સોનાનાં મંગલસૂત્ર પહેરનારી, શંખની ચુડીઓ તથા બાજુબંધવાળી, કંઠમાં કાંઠલીવાળી, સારી રીતે શણગરાયલી, મહાન કિંમતી પુષ્પમાલા તથા આભરણવાળી, સુંદર વસ્ત્ર પહેરનારી, ચંદનચર્ચિત અંગવાળી, મણિઓ અને સુવર્ણને ધારણ કરનારી તથા ચોસઠ કલામાં કુશલ છે. આ નૃત્ય તથા સામગાનમાં કુશલ એવી દાસીઓ મારી આજ્ઞાથી સ્નાતક બ્રાહ્મણો, પ્રધાનો તથા રાજાઓની પાદપ્રક્ષાલન વગેરે સેવાઓ કરે છે. હે રાજન્! આ મારૂં ધન છે, તેને દાવમાં મૂકીને હું તારી સાથે દ્યૂત રમું છું."[૮–૧૦]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને કપટના આશ્રયવાળો શકુનિ યુધિષ્ઠિરપ્રત્યે બોલ્યો કેઃ–"એ ધન મેં જીતી લીધું છે."[૧૧]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"મારી પાસે એક લાખ દાસો છે. જેઓ અતિશય ચતુર, અનુકૂળ રહેનારા, સદા રેશમી વસ્ત્રો પહેરનારા, ડાહ્યા, સંસ્કારી બુદ્ધિવાળા, જિતેંદ્રિય, યુવાન તથા સ્વચ્છ કુંડલોને ધારણ કરનારા છે, તેઓ હાથમાં થાળીઓ લઇને અહોનિશ અતિથિઓને ભોજન કરાવ્યા કરે છે, હે રાજન્! એ મારૂં ધન છે, તેનાથી હું તારી જોડે દાવ માંડીને રમું છું."[૧૨,૧૩]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને પાસા નાખીને કપટના આશ્રયવાળા શકુનિએ 'એ પણ જીત્યું છે' એમ યુધિષ્ઠિર રાજાને કહ્યું.[૧૪]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે સુબલના પુત્ર શકુનિ! મારી પાસે મદમત્ત એવા એક હજાર હાથીઓ છે, કે જેઓ સોનાની સાંકળવાળા, આભૂષણોથી શણગારેલા, ગળામાં તથા ગંડસ્થલમાં પદ્મનાં ચિહ્નવાળા, સુવર્ણની માલાવાળા, સારી રીતે કેળવાયલા, રાજાઓને વહન કરનારા, યુદ્ધમાં થતા સર્વ જાતના શબ્દોને સહન કરનારા, હલના દાંડા જેવા દાંતવાળા, મોટી કાયાવાળા, આઠ આઠ હાથિણીઓની સાથે રહેનારા, સઘળાઓ શત્રુપુરના દરવાજા ભેદનારા અને નૂતન મેઘના જેવા શ્યામ છે, હે રાજન્! આ મારૂં ધન

કારણરૂપ થઈ પડચો છે.[૩] તમે દુર્યોધનના રૂપથી પોતાના ઘરમાં વસતા શિયાળને મોહવડે ઓળખતા નથી; પરંતુ હું તમને શુક્રાચાર્યનાં નીતિવચન કહું છું તે સાંભળો.[૪] મધ વેચનારો મધને જોઈને, તે લેવા જતાં હું ઉપરથી ખીણમાં પડીશ, એમ જાણતો નથી અને પર્વત ઉપર ચઢી મધમાં આસક્ત થાય છે, એટલે ત્યાંથી પડે છે;[૫] તેમજ આ દુર્યોધન પાસાના દ્યૂતરૂપી મધુથી મદમત્ત થયો છે, એટલે મધ પાડનારાની પેઠે વિચાર કરતો નથી; તેમજ મહારથીઓની સાથે વૈર કરીને પોતાના પતનને પણ સમજતો નથી.[૬] હે મહાબુદ્ધિમાન્! મારા જાણવામાં છે કે, પૂર્વે ભોજવંશમાં એક અમંગલકારક પુત્ર ઉત્પન્ન થયો હતો, તેને રાજાએ નગરવાસી જનોના હિતની ઈચ્છાથી ત્યજી દીધો હતો.[૭] વળી અંધકો, યાદવો અને ભોજોએ એકઠા મળીને કંસને ત્યજી દીધો હતો અને દૈવયોગથી શત્રુને હણનારા શ્રીકૃષ્ણે તેનો નાશ કર્યો હતો.[૮] આ પ્રમાણે તેનો નાશ થવાથી તે જ્ઞાતિવાળા સેંકડો વર્ષને માટે આનંદ ભોગવે છે; માટે તમે પણ અર્જુનને આજ્ઞા આપો, એટલે તે દુર્યોધનનો વિગ્રહ કરે[૯] અને એ પાપીના નિગ્રહથી કુરુવંશીઓ સુખથી આનંદ ભોગવે. ઓ રાજા! આ કાગડાના બદલામાં તમે મયૂરરૂપી પાંડવોને ખરીદી લ્યો. આ શિયાળને બદલે વ્યાઘ્રરૂપી પાંડવોને ખરીદો અને શોકસાગરમાં ડૂબો નહિ.[૧૦] આખા કુલના ભલાને માટે વિનાશક થતા એક પુરુષને ત્યજી દેવો, ગામને માટે આખા કુલનો ત્યાગ કરવો, દેશને માટે ગામને ત્યજી દેવું અને પોતાના રક્ષણને માટે પૃથ્વીનો પણ ત્યાગ કરવો.[૧૧] જ્યારે જંભને ત્યજવાનો પ્રસંગ આવ્યો, ત્યારે મહાન અસુરોપ્રત્યે સર્વજ્ઞ, સર્વ પ્રાણીઓના અભિપ્રાયને જાણનારા અને સર્વ શત્રુઓને ભય ઉત્પન્ન કરનારા એવા શુક્રાચાર્યે ઉપર પ્રમાણે કહ્યું હતું.[૧૨] હે શત્રુને તપાવનારા રાજા! પૂર્વે કેટલાંક સુવર્ણ ઓકરનારાં વનચર પક્ષીઓ એક રાજાને ઘેર રહેતાં હતાં. તે પક્ષીઓને ઉપભોગના લોભથી અંધ થયેલા તથા સુવર્ણની ગરજવાળા રાજાએ, મારવાથી બહુ સોનું નીકળશે, એમ ધારીને મારી નાખ્યાં હતાં. આ રીતે તત્કાલનો લાભ તથા પરિણામનો લાભ એ બન્નેનો તેણે તુરત નાશ કર્યો હતો; તેમજ હે રાજા! તમે પણ ધનના લોભથી પાંડવોનો દ્રોહ કરશો નહિ.[૧૩,૧૪] અત્યારે તમારા મનમાં લક્ષ્મીનો મોહ ભરાયો છે; પરંતુ પાછળથી તમે હિરણ્ય ઓકરનારાં પક્ષીઓને મારનારા રાજાની પેઠે પશ્ચાત્તાપ પામશો; માટે હે ભરતવંશી રાજા! જેમ બગીચાનાં વૃક્ષોઉપરથી માળી વારંવાર સ્નેહ કરીને થયેલાં પુષ્પોને લઈ લે છે, તેમ તમે પણ પાંડવોના ઉપર વારંવાર સ્નેહ દાખવીને તેમના તરફથી ઉત્પન્ન થતા લાભરૂપી પુષ્પોનેજ ગ્રહણ કરો; પરંતુ ઝાડની ડાળીઓનું ઘર્ષણ કરીને તેમાંથી અગ્નિ ઝરવી તે વૃક્ષોનો નાશ કરનાર વાયુની પેઠે એ પાંડવોનો સમૂલ નાશ કરો નહિ; તથા પુત્રો, પ્રધાનો અને સૈન્યની સાથે યમલોકમાં જાઓ નહિ.[૧૫,૧૬] ઓ ભારતરાજ! એકઠા મળેલા પાંડવોની સામે કયો પુરુષ યુદ્ધ કરે તેમ છે? સાક્ષાત્ મરુદ્ગણોસહિત દેવાધીશ ઇંદ્ર પણ એઓની સાથે યુદ્ધ કરે તેમ નથી."[૧૭]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે વિદુરહિતવાક્ય નામનો અધ્યાય ૬૨ મો સમાપ્ત.

અધ્યાય ૬૩ મો-વિદુરનાં હિતવચન (ચાલુ)

॥ विदुर उवाच ॥

द्यूतं मूलं कलहस्याभ्युपैति मिथोभेदं महते दारुणाय ॥ तदा स्थितोऽयं धृतराष्ट्रस्य पुत्रो दुर्योधनः सृजते वैरमुग्रम् ॥ १ ॥

વિદુર કહે છેઃ–"દ્યૂત એ કલહનું મૂલ છે અને પરસ્પરમાં ભેદ પડાવનારૂં છે. તેને આ ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન મોટા દારુણ ભયને માટે લઈ બેઠો છે અને ભયંકર વેર ઉત્પન્ન કરે છે.[૧] અરેરે, પ્રતીપ વંશના, શાંતનુના વંશના અને ભયંકર સેનાની સાથે બાહ્લીક વંશના રાજાઓ એક દુર્યોધનના અપરાધથી સર્વ રીતે કષ્ટને પ્રાપ્ત થશે.[૨] જેમ બળદ મદમાં ભરાઈને પોતાનાં શીંગડાંને પોતેજ ભેખડમાં પછાડી નાશ પમાડે છે, તેમ આ દુર્યોધન પણ મદમત્ત થઈને સુખશાંતિભરેલા રાજ્યને નાશ પમાડે છે તથા પોતેજ પોતાનો વિનાશ કરવા ઉભો થયો છે.[૩] હે રાજન્ ! જે પોતે વીર છે તથા ભાવિને જોઈ શકે એવી બુદ્ધિવાળો છે, તે જો પોતાની બુદ્ધિનો અનાદર કરીને પારકાની બુદ્ધિ પ્રમાણે ચાલે છે તો તે, જેમ સમુદ્રમાં મૂર્ખ સુકાનીવાળી નાવમાં બેસનારો ઘોર વિપત્તિમાં ડૂબે છે, તેમ ઘોર કષ્ટમાં ડૂબી જાય છે.[૪] હે રાજા ! દુર્યોધન પાંડવોની સામે દાવ માંડે છે અને તમે તે જીતે છે, એમ જાણીને પ્રસન્ન થાઓ છો; પરંતુ અતિશય વિનોદ એજ છેવટે યુદ્ધરૂપ થઈ પડે છે અને તેને પરિણામે પુરુષોનો વિનાશ થાય છે.[૫] આ હાનિ, મૃત્યુ તથા નરકરૂપી નીચાં ફલવાળું દ્યૂત, શકુનિએ તમને ઠીક પ્રાપ્ત કરાવ્યું છે ! જેથી આ દ્યૂતનો ઠરાવ વિચારપૂર્વક તમારા હૃદયમાં ઠસી બેઠો છે; પરંતુ એજ દ્યૂત અણધારેલી રીતે પોતાના બંધુ યુધિષ્ઠિરની સાથે તમારે કલહરૂપ થઇ પડશે.[૬] હે પ્રતીપવંશી રાજાઓ ! હે શાંતનુવંશી રાજાઓ ! આ કૌરવોની સભામાં મારી દીર્ઘદૃષ્ટિવાળી વાણીને તમે સાંભળો. આ મૂર્ખ દુર્યોધનની પાછળ ચાલીને તમે પણ આ અતિ ભયંકર પ્રજ્વલિત અગ્નિમાં પડશો નહિ; કારણ કે જ્યારે દ્યતના મદથી પરાભવ પામેલા પાંડુપુત્ર અજાતશત્રુ પોતાના ક્રોધને રોકી શકશે નહિ તથા ભીમસેન, સવ્યસાચી અર્જુન અને નકુલસહદેવ ક્રોધ પ્રકટ કરશે, તે વખતે યુદ્ધમાં તમને બચાવનારો કોણ નીકળશે ?[૭,૮] ઓ મહારાજા ! દ્યૂત રમતાં પહેલાં પણ તમે મનથી જેટલું ધન ઇચ્છો તેટલું ધન તમારી પાસે છે, તો બહુ ધનવાળા પાંડવોને તમે જીત્યા તેથી અધિક શો લાભ ? માટે તમે પાંડવોનેજ ધનરૂપ જાણીને તેમનોજ સ્વીકાર કરો.[૯] આપણે બધા શકુનિની રમતને જાણીએ છીએ કે, એ પર્વત પ્રદેશનો રાજા દ્યૂતમાં કપટકલાને જાણે છે; માટે એ શકુનિ જ્યાંથી આવ્યો હોય ત્યાં ભલે જાય અને હે ભરતવંશી ! તમે પાંડવોને યુદ્ધનું કારણ આપો નહિ."[૧૦]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે વિદુરવાક્ય નામનો અધ્યાય ૬૩ મો સમાપ્ત.

*અધ્યાય ૬૪ મો–દુર્યોધનનાં દુર્વાક્યો અને વિદુરનો હિતોપદેશ

॥ दुर्योधन उवाच ॥

परेपामेव यशसा श्लाघसे त्वं सदा क्षतः कुत्सन् धार्तराष्ट्रान् ॥ जानीमहे विदुर यत्प्रियस्त्वं बालानिवास्मानवमन्यसे नित्यमेव ॥ १ ॥

દુર્યોધન બોલ્યોઃ–" ઓ વિદુર ! તમે હમેશાં ધૃતરાષ્ટ્રના પુત્રોની નિંદા કરો છો અને શત્રુઓનાજ યશો ગાઈને તેમનાં વખાણ કરો છો. હે વિદુર ! તમને કોણ વહાલા છે, તે અમે જાણીએ છીએ. અમે જાણે મૂર્ખ હોઇએ તેમ તમે અમારૂં નિરંતર અપમાન કરો છો.[1] જે પુરુષ વહાલાનાં વખાણ અને અપ્રિયની નિંદા કરે છે, તે પુરુષને પ્રિયનો વિજયેચ્છુ તથા અપ્રિયનો પરાજયેચ્છુ સમજવો. તમારા હૃદયમાં રહેલો અમારાપ્રત્યેનો દ્વેષ તમારી જીહ્વા શામાટે બહાર દેખાડે છે ? અંતરમાં રહેલા મનના દ્વેષ કરતાં વાણીથી દેખાડેલો દ્વેષ ઘણો મોટો લાગે છે; માટે તમારે તે વાણીથી બહાર પાડવો ન જોઇએ.[2] અમે તમને ખોળામાં સર્પને ધારણ કરે તેમ ધારણ કર્યા છે અને તમે બિલાડાની પેઠે પોષણ કરનારાનેજ હણો છો ! પોતાના પાલકને હણનારા એવા તમને બીજાઓ મહાપાપી કહેતા નથી, પરંતુ હે વિદુર ! તમે તે પાપથી કેમ ડરતા નથી ?[3] અમે તો શત્રુઓને જીતીને મહાન ફલ પ્રાપ્ત કર્યું છે. હે વિદુર ! અમને તમે કઠોર વચનો કહેશો નહિ. તમે અમારી સાથે સખ્ય કરીને શત્રુઓના સખ્યને અભિનંદન આપો છો, તેથી વારંવાર દ્વેષપાત્ર થાઓ છો.[4] જે મનુષ્ય સહન ન થાય તેવું બોલે છે તે શત્રુ થઇ પડે છે અને તેથીજ શત્રુનાં વખાણ કરતી વખતે મનુષ્ય ગુહ્ય વાતોને ઢાંકી દે છે; પરંતુ તમે તો તે ઉઘાડી પાડો છો. ઓ નિર્લજ્જ ! તમે ધૃતરાષ્ટ્રના આશ્રયમાં રહીને અમને શામાટે પીડો છો? તમે અહીં જેમ ઇચ્છામાં આવે તેવું બોલો છો.[5] હે વિદુર! તમે અમારૂં અપમાન કરો નહિ, અમે તમારા મનના આ અભિપ્રાયને જાણીએ છીએ. તમે જરા વૃદ્ધોની પાસે જઇને વિવેકબુદ્ધિ શીખી લ્યો; અને સંપાદન કરેલા યશનું રક્ષણ કરો; તમે પારકાનાં કામમાં પ્રવૃત્તિ કરો નહિ.[6] ઓ વિદુર! આ દ્યૂત ઉભું કરનારો હું છું, એવું તમે માનશો નહિ અને નિરંતર અમને કઠોર વચન કહેશો નહિ. હે વિદુર ! મારા હિતને માટે હું તમને પૂછતો નથી. હે ક્ષત્તા ! તમારૂં ભલું સાચવો, પણ ક્ષમાવાળા એવા અમને વાગ્બાણથી ક્ષીણ કરો નહિ.[7] ઉપદેશ કરનારો અંતર્યામી એક છે બીજો કોઇ ઉપદેશ કરનારો નથી. જે શાસનકર્તા ગર્ભશય્યામાં રહેલા જીવને પણ શાસન આપે છે, તેની પ્રેરણાથી નીચી જમીનમાં જતાં પાણીની પેઠે હું જે કાર્યમાં યોજાયો છું તે કાર્ય કરૂં છું.[8] કોઇ પુરુષ પર્વતમાં માથું પછાડે છે, ત્યારે કોઈ સર્પને પોષીને ઉછેરે છે; તેમ કરવામાં બુદ્ધિજ તે પુરુષને તેવાં કાર્ય કરવા ઉપદેશ આપે છે; છતાં જે મનુષ્ય બલાત્કારથી બીજાને ઉપદેશ આપવા જાય છે તો તેથી તે પોતાનો શત્રુ ઉભો કરે છે.[9] પંડિત મનુષ્યે પોતાની સાથે મિત્રતાથી વર્તતો હોય તેને ઉપદેશ આપવો નહિ, પણ તેની ઉપેક્ષાજ કરવી. જે મનુષ્ય કર્પૂરને સળગાવી તેને બળી રહેતાં પહેલાં હોલવવા માટે જતો નથી, તો હે ભરતવંશી ! તેને તેની અવશિષ્ટ ભસ્મ પણ ક્યાંય મળતી નથી. તેમજ હું પણ પાંડવોને આ રીતે ક્રોધ પમાડી તેનો સમૂલ નાશ કરીશ નહિ તો એઓ મને નિર્મૂલ કરીને ઉપાડી નાખશે.[10] હે વિદુર ! પોતાનો દ્વેષ કરનારા અને શત્રુવર્ગમાં ઉત્પન્ન થયેલા એવા અહિત મનુષ્યને

*બન્ને હિંદી ભાષાંતરોમાં આ ચોસઠમા અધ્યાયને ત્રેસઠમા અધ્યાયની સાથે મેળવી દીધો છે. આ રીતે અધ્યાયોને એકમેકમાં મેળવવાથી એ બન્ને ભાષાંતરોનાં આ પર્વમાં એકના અ૦ ૭૭ અને બીજાના અધ્યાય ૭૮ થાય છે; જ્યારે અમારી પ્રતમાં ૮૧ અધ્યાય છે.

વિશેષે કરીને પોતાને ત્યાં રાખવો નહિ; માટે હે વિદુર ! તમારી ઇચ્છામાં આવે ત્યાં તમે જાઓ. જારિણી સ્ત્રીને બહુ સમજાવી હોય તોપણ તે પોતાના પતિને ત્યજીજ જાય."૧૧

વિદુર બોલ્યાઃ-" હે રાજા ! જેઓ આટલો નીતિનો ઉપદેશ કરવાથીજ પુરુષનો ત્યાગ કરવા ઉભા થયા છે, તેઓની મિત્રતા નાશવંત છે કે નહિ તે તમે કહો. રાજાઓનાં ચિત્ત તો દ્વેષથી ભરેલાં હોય છે, તથાપિ તેઓ સામાને સાંત્વન આપીનેજ પછી મુસલોથી મરાવે છે અને પોતાનો ક્રોધ ગુપ્તજ રાખે છે.૧૨ આ દુર્યોધન તો ક્રોધને પ્રકટ કરે છે; એટલે એ રાજનીતિજ્ઞ નથી. ઓ મંદ બુદ્ધિવાળા રાજપુત્ર ! તું પોતાને પંડિત માને છે અને મને મૂર્ખ માને છે, પરંતુ તેમ નથી. જે પુરુષ બીજા પુરુષને પોતાનો દૃઢ મિત્ર કરીને પછી તેને દૂષણ આપે છે તેજ મૂર્ખ છે.૧૩ શ્રોત્રિય બ્રાહ્મણોને ઘેર જેમ દુષ્ટ સ્ત્રી કલ્યાણ કરી શકતી નથી, તેમ મંદ બુદ્ધિવાળા પુરુષનું કલ્યાણ કરી શકાતું નથી. ખરેખર, જેમ કુમારિકાને સાઠ વર્ષનો પતિ પસંદ પડે નહિ, તેમ ભરતશ્રેષ્ઠ દુર્યોધનને સ્થિર રાજ્યાદિક નજ પસંદ પડે;૧૪ હે રાજન્ ! માટે જો તમે ભલું કરવા ચાહતા હો તો હિતકારક અથવા અહિતકારક સઘળાં કાર્યોના સંબંધમાં સ્ત્રીઓ, જડ, પાંગળાંઓ તથા તેવા બધાને પણ તમે પૂછો.૧૫ આ લોકમાં પ્રિય વાણી બોલનારો પાપી પુરુષ મળી શકશે; પરંતુ અપ્રિય છતાં હિતકારક એવાં વચન બોલનારો તથા તેને સાંભળનારો દુર્લભજ છે.૧૬ જે મનુષ્ય પોતાના સ્વામીનાં પ્રિય-અપ્રિયની દરકાર ન કરતાં માત્ર ધર્મપરાયણ રહીને કામ કરે છે તથા અપ્રિય છતાં હિતકારક વચન કહે છે, તેવા મનુષ્યથીજ રાજા સહાયવાન ગણાય છે.૧૭ હે મહારાજ ! વ્યાધિથી ન થયેલા પરંતુ દૂષણથી થયેલા મર્મને છેદનારા, તાપ ઉત્પન્ન કરનારા, કીર્તિને હણનારા, કઠોર, દુષ્ટ જેવા જણાતા, સજ્જનોએ પીજ જવા જેવા અને દુર્જનો જેને પી ન શકે તેવા આ ક્રોધને તમે પી જાઓ અને શાંતિને પ્રાપ્ત થાઓ.૧૮ હું તો વિચિત્રવીર્યના પુત્ર ધૃતરાષ્ટ્રને તથા તેના પુત્રોને નિરંતર યશરૂપી ધન મળે એવી ઇચ્છા રાખું છું. એ જેવી ઇચ્છા છે તેવું તમને મળો. હું હવે તમને નમસ્કાર કરૂં છું. મારૂં પણ બ્રાહ્મણો કલ્યાણ કરો.૧૯ ડાહ્યા મનુષ્યે ઝેરી દાઢવાળાં પ્રાણીઓને તથા ઝેરી આંખવાળાંઓને ક્રોધ પમાડવાં નહિ. હે કુરુનંદન ! આ હું તમને સાવધાનીથી કહું છું."૨૦

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે વિદુરહિતવાક્ય નામનો અધ્યાય ૬૪ મો સમાપ્ત.

અધ્યાય ૬૫ મો-દ્રૌપદીપર્યંત હારી જવું.

॥ शकुनिरुवाच ॥
बहु वित्तं पराजैषीः पांडवानां युधिष्ठिर ॥
आचक्ष्व वित्तं कौन्तेय यदि तेऽस्त्यपराजितम्॥

શકુનિ બોલ્યોઃ-"હે યુધિષ્ઠિર ! તમે પાંડવોનું બહુ દ્રવ્ય હારી ગયા છો. હે કુંતીપુત્ર ! હવે તમારી પાસે જો કંઈ ન હારેલું દ્રવ્ય હોય તો તે મને કહો."૧

યુધિષ્ઠિર બોલ્યાઃ-" હે સુબલપુત્ર ! મારી પાસે અસંખ્ય દ્રવ્ય છે, જેને હું જાણું છું. હે શકુનિ ! પણ તું મને ધનના સંબંધમાં શામાટે પૂછે છે ?૨ દશ હજાર, દશ લાખ, શંકુ, પદ્મ, અર્બુદ, ખર્વ, શંખ, નિખર્વ, મહાપદ્મ, કોટિઓ, મધ્ય, પરાર્ધ અને તેથી પણ અધિક ધનનો તું અહીં દાવ માંડ. હે રાજન્ ! ઉપર જણાવ્યા પ્રમાણે મારૂં ધન છે, તેને દાવમાં મૂકીને હું તારી જોડે જુગાર ખેલું છું."૨-૪

વૈશંપાયન કહે છેઃ-આ સાંભળીને કપટના આશ્રયવાળા શકુનિએ પાસાઓ નાખીને યુધિષ્ઠિરને કહ્યું કે, 'એ ધન પણ અમે જીત્યા છીએ.'

યુધિષ્ઠિર બોલ્યાઃ–પર્ણાશા નદીના પશ્ચિમ ભાગમાં અને સિંધુ નદીના પૂર્વ ભાગમાં બળદો, ઘોડાઓ, ગાયો અને અસંખ્ય મેઢાં તથા બકરાંઓ વગેરે જે કંઇ છે તે બધું મારૂં ધન છે. હે સુબલપુત્ર! તે ધન દાવમાં મૂકીને હું તારી સાથે દ્યૂત રમું છું."[૬]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને કપટી શકુનિએ પાસા નાખી યુધિષ્ઠિરને કહ્યું કે, એ ધન પણ અમે જીતી લીધું છે.[૭]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે રાજા! બ્રાહ્મણોની માલિકીવિનાનાં નગર, દેશો, ભૂમિ, ધન અને બ્રાહ્મણવિનાના બીજા પુરુષો એ મારૂં બાકી રહેલું ધન છે. ઓ રાજા! એ મારૂં ધન દાવમાં મૂકીને હું તારી સાથે દ્યૂત રમું છું."[૮]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને ધૂર્ત શકુનિએ પાસા નાખીને યુધિષ્ઠિરને કહ્યું કે, એ પણ જીતી લીધું છે.[૯]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"ઓ રાજા! આ રાજકુમારો જે અલંકારોથી શોભી રહેલા છે તે કુંડલો, કંઠાભરણો તથા સર્વ રાજભૂષણો, એ મારૂં ધન છે; હે રાજન્! તે મૂકીને હું તારી સાથે રમું છું."[૧૦]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને કપટી શકુનિએ પાસા નાખ્યા અને યુધિષ્ઠિરને કહ્યું કે, એ પણ જીત્યું છે.[૧૧]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"આ શ્યામ, યુવાન, રક્ત નેત્રવાળો, સિંહના જેવા ખભાવાળો અને મહાન ભુજવાળો એવો એક નકુલ મારૂં ધન છે અને તેને હું દાવમાં મૂકું છું, એમ તું જાણ."[૧૨]

શકુનિ બોલ્યોઃ–"હે રાજન્! હે યુધિષ્ઠિર! આ રાજપુત્ર નકુલ, કે જે તમને વહાલો છે; તે અમારે તાબે થઇ ગયો છે. હવે ફરી શું મૂકીને તમે રમશો?"[૧૩]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને શકુનિએ તે પાસા નાખ્યા અને તેણે 'યુધિષ્ઠિરને અમે જીત્યા' એમ કહ્યું.[૧૪]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"આ સહદેવ ધર્મનો ઉપદેશ આપે છે અને આ લોકમાં જે પંડિતપણાની પ્રસિદ્ધિને પામ્યો છે, તે રાજપુત્ર દાવમાં મૂકવા માટે અયોગ્ય છે તેમ છતાં તે વહાલાને અળખામણાની પેઠે દાવમાં મૂકીને હું તારી સાથે દ્યૂત રમું છું."[૧૫]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને શકુનિએ છલપૂર્વક પાસા નાખ્યા અને યુધિષ્ઠિરને કહ્યું કે, એ હું જીત્યો છું.[૧૬]

શકુનિ બોલ્યોઃ–"હે રાજન્! તમારા પ્રિય એવા આ માદ્રીના પુત્રોને મેં જીત્યા છે. હું માનું છું કે, ભીમસેન અને અર્જુન તમને વધારે માનીતા હશે."[૧૭]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"ઓ મૂર્ખ! તું ખરેખર અધર્મ કરે છે; કારણ કે તું ન્યાયને જોતો નથી જેથી તું પરસ્પર સ્નેહવાળા એવા અમોમાં ભેદ પડાવવા ઇચ્છે છે."[૧૮]

શકુનિ બોલ્યોઃ–"હે રાજન્! પ્રમત્ત થયેલો પુરુષ ખાડામાં–નરકમાં પડે છે, પ્રમત્ત થયેલો પુરુષ જડભાવને–વૃક્ષભાવને પ્રાપ્ત થાય છે. હે ભરતશ્રેષ્ઠ રાજન્! તમે મોટા છો તથા શ્રેષ્ઠ ગુણવાળા છો, હું તમને નમસ્કાર કરૂં છું.[૧૯] હે યુધિષ્ઠિર! જુગારીઓ જુગટું રમતાં ઉન્મત્તોની પેઠે જેવો પ્રલાપ કરે છે, તેવો પ્રલાપ સ્વસ્થ મનુષ્યોના સ્વપ્નમાં અથવા જાગ્રતમાં પણ જોવા સાંભળવામાં આવતો નથી, અર્થાત્ મારાં પ્રમત્તનાં વચનને માટે તમારે ક્ષમા આપવી જોઇએ."[૨૦]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"જે મહાન વેગવાળો અને શત્રુઓને જીતનારો રાજપુત્ર, યુદ્ધસાગરમાં નાવની પેઠે અમને પાર પહોંચાડે છે, તે દાવમાં ન મૂકવા જેવા, લોકમાં વીર એવા અર્જુનને દાવમાં મૂકીને હે શકુનિ! હું તારી જોડે દ્યૂત રમું છું."[૨૧]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને કપટી શકુનિએ પાસા નાખીને યુધિષ્ઠિરને કહ્યું કે, અમે જીત્યા છીએ.[૨૨]

શકુનિ બોલ્યોઃ–"આ મેં પાંડવોમાં ધનુર્ધારી તથા બે હાથેવડે બાણો છોડનારા એવા પાંડુપુત્ર અર્જુનને જીતી લીધો છે, હવે હે રાજન્! હે પાંડુપુત્ર! તમારે દાવમાં મૂકવા માટે બાકી

રહેલા તમારા વહાલા ભીમને મૂકીને તમે રમો."

યુધિષ્ઠિર બોલ્યાઃ–"જે અમારો નેતા છે, જે અમને યુદ્ધમાં ઉત્કર્ષ અપાવનારો છે, જે વજ્રધારી ઇંદ્રના જેવો,જે એકલોજ દાનવોનો દુશ્મન છે, વળી જે આડી દૃષ્ટિથી જોનારો, નમેલી ભ્રૂકુટીવાળો, સિંહના જેવા ખભાવાળો, ઉદાર મનવાળો અને હમેશાં અસહનતાવાળો છે,[૨૪] વળી જેના સમાન બલમાં બીજો પુરુષ જણાતો નથી, જે ગદાધારીઓમાં મુખ્ય છે તથા જે શત્રુઓનું મર્દન કરનારો છે, તે દાવમાં મૂકવાને અયોગ્ય એવા રાજપુત્ર ભીમસેનને દાવમાં મૂકીને હે રાજન્! હું તારી સાથે દ્યૂત રમું છું."[૨૫]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને કપટના આશ્રયવાળા શકુનિએ પાસા નાખીને યુધિષ્ઠિરને કહ્યું કે, અમે જીત્યા છીએ.[૨૬]

શકુનિ બોલ્યોઃ–"હે કુંતીપુત્ર! તમે ઘણું ધન હારી ગયા; ઘોડા અને હાથીઓની સાથે ભાઇઓને પણ હારી બેઠા! હવે જો તમારી પાસે હાર્યા વિનાનું ધન હોય તો તે કહો!"[૨૭]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હું સર્વે ભાઈઓમાં મોટો છું અને ભાઈઓને પ્રિય છું. મારો પોતાનો પરાજય થશે, એટલે હું પણ હારેલાની પેઠે તમારૂં કામ કરીશ."[૨૮]

વૈશંપાયન કહે છેઃ–આ સાંભળીને છલપૂર્વક પાસા ફેંકીને શકુનિએ યુધિષ્ઠિરને કહ્યું કે, આ હું જીત્યો છું.[૨૯]

શકુનિ બોલ્યોઃ–"હે રાજન્! આ તમે પોતાનો પરાજય કરાવ્યો, એ ઘણું પાપકર્મ કર્યું છે. હે રાજન્! જ્યાંસુધી પોતાની પાસે ધન બાકી હોય ત્યાંસુધી પોતાનો પરાજય કરાવવો એ પાપનો હેતુ છે."[૩૦]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને મરજીમાં આવે તેવા પાસા પાડનારા શકુનિએ સભામાં બેઠેલા સર્વે રાજાઓને 'મેં એકે એક પાંડવોને જીતી લીધા છે' એ પ્રમાણે કહ્યું; અને પછી તે યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યો.

શકુનિ બોલ્યોઃ–"હે રાજન્! હજી તમારે પણમાં મૂકવા માટે તમારી પ્રિયા એકલી અપરાજિત રહેલી છે, માટે પંચાલરાજની પુત્રી કૃષ્ણાને દાવમાં મૂકો અને તેના દ્વારા તમે ફરી પોતાનો વિજય કરો."[૩૧,૩૨]

યુધિષ્ઠિર બોલ્યાઃ–"ઓ શકુનિ! જે નીચી નથી તેમ ઉંચી પણ નથી, જે સુકલી નથી તેમ અતિ રાતા રંગની પણ નથી, તેવી શ્યામ વાંકડીઆ કેશવાળી દ્રૌપદીને દાવમાં મૂકીને હું તારી સાથે રમું છું,[૩૩] કે જે દ્રૌપદી શરદ્ ઋતુનાં કમલનાં પત્ર જેવી આંખવાળી, શરદ્ ઋતુનાં કમલના જેવી સુગંધીવાળી અને શરદ્ ઋતુના કમલને સેવન કરનારી લક્ષ્મીના જેવી રૂપવાળી છે;[૩૪] વળી જે દ્રૌપદી લક્ષ્મીના જેવી દયાળુ, તેવીજ સ્વરૂપસંપત્તિવાળી અને તેવીજ શીલસંપત્તિવાળી છે કે જેવી સ્ત્રીની પુરુષ ઈચ્છા રાખે છે;[૩૫] વળી: જે સર્વ ગુણોથી સંપન્ન, અનુકૂલ, પ્રિય બોલનારી તથા ધર્મ, કામ અને અર્થની સિદ્ધિ આપનારી છે કે જેવી સ્ત્રીની પુરુષ ઇચ્છા રાખે છે;[૩૬] વળી જે સૌથી છેલ્લી સૂનારી અને સૌથી પ્રથમ ઉઠનારી છે; જે ગોવાળિયાથી આરંભીને મોટા અધિકારીઓ સુધીના સર્વે મનુષ્યોનાં કરેલાં તથા ન કરેલાં સર્વે કાર્યોને જાણનારી છે; વળી જેનું પ્રસ્વેદબિંદુવાળું મુખ કમલના જેવું શોભે છે તથા મલ્લિકાના જેવું સુગંધવાળું છે,જેનો મધ્યભાગ વેદીના જેવો કૃશ છે, જેના કેશ લાંબા છે, જેનું મુખ તામ્ર જણાય છે અને જેના શરીર ઉપર બહુ રુવાંટાં નથી,[૩૭,૩૮] હે રાજન્! તેવી સુંદરાંગી અને સુંદર કટિવાળી પંચાલરાજની પુત્રી દ્રૌપદીને દાવમાં મૂકીને હે સુબલપુત્ર! હું ખેદપૂર્વક તારી સાથે દ્યૂત રમું છું."[૩૯]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે બુદ્ધિમાન ધર્મરાજાએ કહ્યું એટલેજ ત્યાં જે વૃદ્ધ સભાસદો બેઠેલા હતા તેઓના મુખમાંથી ધિક્કાર છે, ધિક્કાર છે, આવી વાણી નીકળવા લાગી.[૪૦] હે રાજન્! તે સભા ખળભળી ઉઠી, રાજાઓને શોક ઉત્પન્ન થયો અને ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્ય આદિના દેહમાં પરસેવો આવી ગયો;[૪૧] અને વિદુર તો બે હાથમાં માથું મૂકીને પ્રાણવિનાના હોય તેવા થઇ ગયા તથા નીચું મુખ રાખીને નાગની પેઠે નિઃ-

શ્વાસ મૂકતા વિચારગ્રસ્ત થઇને બેસી રહ્યા; પરંતુ ધૃતરાષ્ટ્ર તો ખુશી થઇને વિદુરને, શું જીત્યા, શું જીત્યા ? એમ વારંવાર પૂછવા લાગ્યો, તે પોતાની ખુશાલી દબાવી શક્યો નહિ.૪૩ દુઃશાસન વગેરેની સાથે કર્ણ રાજી થઇને હસવા લાગ્યો; અને બીજા સભ્યોનાં નેત્રોમાંથી આંસુઓ પડવા લાગ્યાં.૪૪ તે વખતે જયવડે પ્રકાશિત થયેલા તથા મદવડે ઉન્મત્ત થયેલા શકુનિએ તો પૂર્વોક્ત વચનો કહીને ફરીથી છલપૂર્વક પાસા નાખી યુધિષ્ઠિરને કહ્યું કે; અમે જીત્યા છીએ.૪૫

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે દ્રૌપદીપરાજય નામનો અધ્યાય ૬૫ મો સમાપ્ત.

અધ્યાય ૬૬ મો–વિદુરનાં હિતવાક્યો

॥ दुर्योधन उवाच ॥

एहि क्षत्तर्द्रौपदीमानयस्व प्रियां भार्यां संमतां पांडवानाम् ॥ संमार्जतां वेश्म परैतु शीघ्रं तत्रास्तु दासीभिरपुण्यशीला ॥ १ ॥

દુર્યોધન બોલ્યોઃ–"હે વિદુર ! આવો અને પાંડવોની માનીતી પ્રિય ભાર્યા દ્રૌપદીને તેડી લાવો, અને તે ધિક્કારપૂર્વક આવેલી દ્રૌપદી અમારા ઘરમાં ઝટ ઝાડુ કાઢો તથા તે પાપશીલા, દાસીઓ જ્યાં રહે છે ત્યાં નિવાસ કરો."૧

વિદુરજી બોલ્યાઃ–"ઓ મૂર્ખ ! તું અજ્ઞાની હોવાથી ઘણું દુષ્ટ ભાષણ કરે છે. તું પાશથી બંધાઈ ગયો છે તેનું તને ભાન નથી. તું ઉંડા ખાડામાં લટકે છે પણ તેની તને ખબર નથી અને તેથી તું મૃગલો વ્યાઘ્રરૂપી પાંડવોને વારંવાર કુપિત કરે છે.૨ ઓ મંદાત્મા ! મહાઝેરી અને સંપૂર્ણ ક્રોધે ભરાયલા સર્પો તારા માથા પર બેઠેલા છે. તું પાંડવોને ન કોપાવ અને યમલોકમાં ન જા.૩ દ્રૌપદી દાસીપણાને પ્રાપ્ત થવા યોગ્ય નથી; કારણ કે યુધિષ્ઠિરે પોતાનું સ્વામીપણું ખોઇ દીધા પછી તેને દાવમાં મૂકી હતી એમ મારૂં માનવું છે.૪ આ ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન રાજા આત્મવિનાશને માટે વેનરાજની પેઠે રાજ્યલક્ષ્મીરૂપી ફલને ધારણ કરે છે. દ્યૂત મોટું વૈર ઉત્પન્ન કરનારૂં તથા મહા ભયકારક છે; પરંતુ આ મદમત્ત થયેલો દુર્યોધન અંતકાલને જાણતો નથી.૫ મનુષ્યે કોઇનું પણ મર્મ ભેદવું નહિ, ક્રૂર વચન બોલવાં નહિ, દ્યૂત જેવા નીચ ઉપાયથી શત્રુને વશ કરવા નહિ, અને જે વાણીવડે પારકાને ઉદ્વેગ થાય તેવી દાહ કરનારી અને નરકમાં પહોંચાડનારી વાણીનો ઉચ્ચાર કરવો નહિ.૬ મનુષ્ય પોતાના મોઢામાંથી વધારે પડતું બોલી જાય છે, કે જેનાથી હણાયલો સામો મનુષ્ય રાત દિવસ શોક કર્યા કરે છે. કારણ કે તેવી કુવાણી બરાબર સામાના મર્મમાંજ પહોંચી જાય છે. માટે ડાહ્યા મનુષ્યે તેવી વાણી પારકાને સંભળાવવી નહિ.૭ પૂર્વે એક બકરો શસ્ત્ર ગળવા મંડયો હતો; પણ તે શસ્ત્ર ન ગળાવાથી જમીન ઉપર મોં રાખીને તે બે પગવતી હથિયાર ઉંચું કરીને ખાવા ગયો, એટલામાં હથિયાર ઉંચું થયું અને તેનાથી માથું તથા કંઠ કપાઈ જવાને લીધે તે મરણ પામ્યો; તેમ તું પણ પાંડવોની સાથે વૈર કરીને તે વૈરરૂપી શસ્ત્રવડે પોતાનો વિનાશ કર નહિ.૮ પાંડવો તો તારા જેવું કંઇ બોલતા નથી. જેમ કુતરો વનમાં ફરનારાને અથવા ગૃહસ્થાશ્રમીને, તપસ્વીને અથવા પરિપૂર્ણ વિદ્યાવાળાને, બધાને ભસે છે તેમ કૂતરા જેવા મનુષ્યો સદૈવ તેવા યોગ્ય પુરુષોને દુર્વાક્ય કહ્યાં કરે છે.૯ કપટ એ ઘોર નર્કનું દ્વાર છે; પરંતુ તેને ધૃતરાષ્ટ્રનો પુત્ર સમજતો નથી અને તેવા કપટદ્યૂતથી થયેલા ઉદયને દુઃશાસન વગેરે ઘણા કૌરવો અનુસરે છે.૧૦ જેમ તુંબડાં ડૂબે અને પથરાઓ તરે તથા હમેશને માટે નૌકાઓ જલમાં ગોથાં ખાય, તેમ મારી હિતરૂપ વાણી

પણ આ દુષ્ટોને અહિતરૂપ લાગે છે ! શું કરૂં, આ ધૃતરાષ્ટ્રનો મૂર્ખ પુત્ર રાજા દુર્યોધન મારી હિતકારક વાણીને પણ સાંભળતો નથી.[११] આ ઉપરથી નિશ્ચય જણાય છે કે, આ દુર્યોધન કુરુવંશીઓનો નાશ કરનારો થશે. જ્યાં સંબંધીઓની શાસ્ત્રસંમત હિતરૂપ વાણી પણ સાંભળવામાં આવતી નથી અને લોભજ વધ્યા કરે છે, ત્યાં અત્યંત ભયંકર તથા સર્વને સંહારનારો વિનાશજ થાય છે. "[१२]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે વિદુરવાક્ય નામનો અધ્યાય ૬૬ મો સમાપ્ત.

અધ્યાય ૬૭ મો–દ્રૌપદીને સભામાં ખેંચી આણી તથા દ્રૌપદીનો પ્રશ્ન

॥ वैशंपायन उवाच ॥

धिगस्तु क्षत्तारमिति ब्रुवाणो दर्पेण मत्तो धृतराष्ट्रस्य पुत्रः ॥ अवैक्षत प्रातिकामीं सभाया- मुवाच चैनं परमार्यमध्ये ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ-પછી ગર્વવડે મદમત્ત થયેલા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને વિદુરને ધિક્કાર હો, એ પ્રમાણે બોલતાં સભામાં પ્રાતિકામી નામના સારથિના તરફ જોયું અને તેને આર્ય પુરુષોના મધ્યમાં નીચે પ્રમાણે કહ્યું.[१]

દુર્યોધન બોલ્યોઃ-"ઓ પ્રાતિકામિ ! જા, તું દ્રૌપદીને બોલાવી લાવ; તને પાંડવોથી ભય નથી. આ વિદુર તો તેઓથી બીએ છે, એટલે વિપરીત વચનો બોલે છે અને એ હમેશાં આપણી વૃદ્ધિને પણ ઇચ્છતા નથી."[२]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે દુર્યોધને કહ્યું, એટલે રાજાનાં વચન સાંભળીને તે પ્રાતિકામી સારથી ત્યાંથી ઝટ ગયો અને કૂતરો જેમ સિંહની બોડમાં પેસે, તેમ પાંડવોના નિવાસસ્થાનમાં પેસીને પાંડવોની પટ્ટરાણી દ્રૌપદીની પાસે ગયો તથા તેને કહેવા લાગ્યો.[३]

પ્રાતિકામી બોલ્યોઃ-"હે દ્રૌપદિ ! યુધિષ્ઠિર દ્યૂતના મદથી ગાંડા જેવા થઇ ગયા છે અને દુર્યોધને તમને જીતી લીધાં છે; માટે હે યાજ્ઞસેનિ ! તમે ધૃતરાષ્ટ્રને ઘેર ચાલો, હું તમને ત્યાં કામ કરવા માટે લઇ જાઉં છું."[४]

દ્રૌપદિ બોલ્યાંઃ-"હે પ્રાતિકામિ ! તું એમ કેમ બોલે છે ? કયો રાજપુત્ર સ્ત્રીને દાવમાં મૂકીને દ્યૂત રમે ? શું રાજા દ્યૂતમદથી મત્ત થઇને મૂઢ થઈ ગયા છે ? શું એમની પાસે દાવમાં મૂકવાનું બીજું કંઇ હતુંજ નહિ ?"[५]

પ્રાતિકામી બોલ્યોઃ-"પાંડુપુત્ર અજાતશત્રુની પાસે દાવમાં મૂકવાનું બીજું કંઈ પણ હતું નહિ, ત્યારે તેમણે તમને મૂકયાં છે. પહેલાં તે રાજાએ પોતાના ભાઇઓને મૂકયા હતા, પછી પોતે મૂકાયા હતા અને હે રાજપુત્રિ ! પછી તમને મૂકયાં હતાં."[६]

દ્રૌપદી બોલ્યાંઃ-"ઓ સૂતપુત્ર ! તું સભામાં જા અને ત્યાં જુગટું રમનારા યુધિષ્ઠિરને પૂછ કે, તમે પ્રથમ પોતાના શરીરને હાર્યા છો કે દ્રૌપદીને હાર્યા છો ?[७] હે સૂતપુત્ર ! આ જાણીને આવ, ને પછી મને લઇ જા. હું રાજાની કર્તવ્યેચ્છા જાણ્યા પછી દુઃખિત દશામાં ત્યાં આવીશ."[८]

વૈશંપાયન કહે છેઃ-તે પછી પ્રાતિકામીએ સભામાં જઇને રાજાઓના મધ્યમાં બેઠેલા એવા યુધિષ્ઠિરને દ્રૌપદીનું તે વચન નીચે પ્રમાણે કહેવા માંડયુંઃ-"દ્રૌપદીએ તમને પૂછાવ્યું છે કે, તમે કોના ઉપર પ્રભુસત્તા ધરાવીને અમને દ્યૂતમાં હારી બેઠા છો ? શું તમે પહેલાં પોતાના શરીરને હાર્યા હતા કે મને હાર્યા હતા ?"[९,१०]

આવાં વચન સાંભળીને યુધિષ્ઠિર તો નિર્જીવની પેઠે બેભાન જેવા થઇ ગયા અને તેમણે તે સારથિને સારૂં અથવા નરસું કંઈજ પ્રતિવચન આપ્યું નહિ;[११] ત્યારે દુર્યોધન બોલ્યોઃ- "હે સૂત ! પાંચાલી પોતે અહીં આવીનેજ એ પ્રશ્ન પૂછી લે, એટલે તે દ્રૌપદીનાં તથા યુધિષ્ઠિરનાં વચનને અહીંઆં સઘળા શ્રવણ કરે. "[१२]

વૈશંપાયન કહે છેઃ-પછી દુર્યોધનનો તાબેદાર પ્રાતિકામી સૂત, રાજભવનમાં ગયો અને ત્યાં વ્યથા પામતો હોય તેમ દ્રૌપદીને કહેવા લાગ્યો. [૧૩]

પ્રાતિકામી બોલ્યોઃ-"હે રાજપુત્રિ! એ સઘળા સભાસદો તમને ત્યાં બોલાવે છે. હું ધારૂં છું કે, કૌરવને સંશય પ્રાપ્ત થયો છે. હે રાજકુમારિ! હવે અત્યંત નીચ એવો દુર્યોધન પ્રાપ્ત થયેલી સમૃદ્ધિને સાચવી શકતો નથી; જેથી તમને તે સભામાં લઇ જવા ઇચ્છે છે."[૧૪]

દ્રૌપદી બોલ્યાં:-"ઇશ્વરે સૃષ્ટિમાં એવી રચના કરી છે કે, પંડિતને અને મૂર્ખને બન્નેને સુખ તથા દુઃખ અવશ્ય પ્રાપ્ત થાય છે; પરંતુ લોકમાં એક ધર્મનેજ મુખ્ય કહેલો છે; માટે રક્ષણ કરેલો તે ધર્મ અમારૂં રક્ષણ કરશે. [૧૫] તેવો એ ધર્મ કૌરવોને ત્યજી ન જાઓ, એમ હું ઇચ્છું છું. હે પ્રાતિકામિ! તું સભાસદોની પાસે જઈને મારૂં ધર્મયુક્ત વચન પૂછ. પછી તે ધર્માત્માઓ, નીતિમંતો તથા શ્રેષ્ઠ એવા સભાસદો મને જે કહેશે, તે પ્રમાણે હું નિશ્ચય કરીશ."[૧૬] આવાં દ્રૌપદીનાં વચન સાંભળીને સૂત પ્રાતિકામી સભામાં ગયો અને ત્યાં જઇને તેણે સભાસદોને તે વચન કહ્યું; પરંતુ દુર્યોધનનો તેવો આગ્રહ જાણીને તે વખતે તેઓ નીચું મુખ ઘાલી કંઇ પણ બોલ્યા નહિ.[૧૭]

વૈશંપાયન કહે છેઃ-હે ભરતશ્રેષ્ઠ! તે પછી દુર્યોધનની કર્તવ્યેચ્છા જાણીને યુધિષ્ઠિરે દ્રૌપદીના સંમાનિત દૂતને દ્રૌપદીની પાસે મોકલીને કહાવ્યું કેઃ-"હે પાંચાલિ! તું રજસ્વલા છે, માટે કેડ ઉપર ગાંઠ વાળીને પહેરેલા એક વસ્ત્રની સાથે રુદન કરતી કરતી સભામાં આવીને સસરાની આગળ ઉભી રહે;[૧૯] એટલે તને રાજપુત્રીને સભામાં આવેલી જોઈને તે વખતે સર્વ સભાસદો પોતાના મનથી ધૃતરાષ્ટ્રના પુત્રને ધિક્કારશે."[૨૦] હે નૃપ! તે પછી સંદેશો લઇને તે બુદ્ધિમાન દૂત ઉતાવળથી દ્રૌપદીના ભવનમાં ગયો અને તેણે ધર્મરાજાનો નિશ્ચિત મત દ્રૌપદીને નિવેદન કર્યો.[૨૧] સભામાં બેઠેલા મહાત્મા પાંડવો તો તે વખતે દીન અને દુઃખી થઈ ગયા હતા તથા સત્યપાશથી બંધાયલા હતા, એટલે તેઓ કોઇના તરફ પણ ઉંચું મોં કરીને જોતા ન હતા.[૨૨] તે પછી દુર્યોધનરાજાએ પાંડવોનાં તેવાં મુખ જોઈને પ્રસન્ન થઈને સૂતને કહ્યું કેઃ-"હે પ્રાતિકામિ! તું દ્રૌપદીને અહીંજ બોલાવી લાવ, એટલે આ કૌરવો તેના સમક્ષમાંજ ઉત્તર આપશે."[૨૩] તે સાંભળીને પ્રાતિકામી સૂત જો કે દુર્યોધનનો અધીન સેવક હતો, તોપણ તેણે દ્રુપદપુત્રીના કોપની બીકથી દુર્યોધનના માનને એક કોરે રાખીને પાછું સભાસદોને પૂછ્યું કે, દ્રૌપદીને શું કહું તે તમે કહો.[૨૪]

દુર્યોધન બોલ્યો:-"ઓ દુઃશાસન! આ મારો મૂર્ખ સૂતપુત્ર, ભીમસેનથી ડરે છે; માટે તું પોતે દ્રૌપદીને પકડીને અહીં લાવ. પરાધીન થયેલા શત્રુઓ હવે તને શું કરી શકશે?"[૨૫] આવી ભાઈની આજ્ઞા સાંભળીને, રાજપુત્ર દુઃશાસન લાલ દષ્ટિ કરીને સભામાંથી ઉઠયો અને મહારથ એવા પાંડવોના મહેલમાં પ્રવેશ કરીને રાજપુત્રી દ્રૌપદીને આ પ્રમાણે કહેવા લાગ્યો.[૨૬] "ઓ પાંચાલિ! તું આવ, મારી સાથે આવ! અમે તને જીતી લીધી છે. હે કૃષ્ણા! તું લજ્જારહિત થઇને દુર્યોધનને જો! હે લાંબા પત્રના જેવાં નેત્રવાળી! તું કુરુઓની સેવા કર. અમે તને ધર્મથી મેળવેલી છે, માટે તું માન મૂકીને સભામાં આવ." આવાં દુઃશાસનનાં વચન સાંભળતાંજ દુર્મન થઈ ગયેલાં દ્રૌપદી ત્યાંથી ઉઠયાં અને મ્લાન થયેલા પોતાના મુખને હાથવડે લુછીને જ્યાં કુરુશ્રેષ્ઠ એવા વૃદ્ધ ધૃતરાષ્ટ્રરાજાની સ્ત્રીઓ હતી, ત્યાં દુઃખિત થઇને દોડી ગયાં;[૨૮] એટલે તો રોષવડે ગર્જના કરતો દુઃશાસન પણ તેની પાછળ વેગ કરીને દોડયો અને તેણે રાજપત્ની દ્રૌપદીને તેના લાંબા, શ્યામ તથા તરંગના જેવા નીચાઉંચા રહેલા કેશમાંથી પકડી પાડી;[૨૯] અને જે કેશો મહાયજ્ઞ રાજસૂયના અવભૃથ વખતે મંત્રથી પવિત્ર થયેલા જલવડે સિંચાયા હતા, તે કેશોને આજે પાંડવોના વીર્યનો પરાભવ કરીને ધૃતરાષ્ટ્રના પુત્ર દુઃશાસને બલાત્કારથી


ખેંચી કાઢયા.[૩૦] પછી અતિશય લાંબા કેશવાળી દ્રૌપદીને ઘસડતો દુઃશાસન તેને લઇને સભાની સમીપમાં આવ્યો અને શિથિલ થયેલી કેળને, વાયુ જેમ આડી અવળી કરી નાખે, તેમ કરતો નાથવતી દ્રૌપદીને ત્યાં પણ અનાથની પેઠે ઘસડવા લાગ્યો.[૩૧] તે વખતે દુઃશાસનથી ખેંચાયલાં અને જેમના શરીરની કાઠી નમી ગયેલી એવાં દ્રૌપદી ધીમેથી બોલ્યાં કેઃ–"ઓ મંદ બુદ્ધિવાળા! હું રજસ્વલા છું અને મેં એકજ વસ્ત્ર પહેરેલું છે, તેથી ઓ અનાર્ય! મને તારે સભામાં લઇ જવી યોગ્ય નથી."[૩૨] આટલું કહીને પછી યાજ્ઞસેની પોતાના રક્ષણને માટે નારાયણ તથા નરરૂપ એવા શ્રીકૃષ્ણ તથા જયશીલ અર્જુનને બૂમ મારવા લાગ્યાં. તે વખતે કૃષ્ણાને કાળા કેશમાંથી બલપૂર્વક પકડીને દુઃશાસન આ પ્રમાણે કહેવા લાગ્યો.[૩૩]

દુઃશાસન બોલ્યોઃ–"ઓ યાજ્ઞસેનિ! તું રજસ્વલા હોય, એક વસ્ત્રવાળી હોય કે વિવસ્ત્રા હોય તેથી શું? તને અમે દ્યૂતમાં જીતેલી છે અને દાસી બનાવેલી છે, એટલે દાસીઓને માટે વસ્ત્ર તો યથારુચિ હોઇ શકે છે."[૩૪]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કહીને દુઃશાસને દ્રૌપદીને હચમચાવી નાખ્યાં. તે વખતે જેના કેશ વિંખાઈ ગયેલા અને જેના વસ્ત્રનો ઉપલો છેડો સરી પડેલો એવાં લજ્જાળુ પ્રકૃતિનાં કૃષ્ણા–દ્રૌપદી ક્રોધવડે દગ્ધ થતાં ધીરેથી નીચે પ્રમાણે વચન બોલવા લાગ્યાં.[૩૫]

દ્રૌપદી બોલ્યાંઃ–"આ સભામાં બેઠેલા સઘળા સભાસદો શાસ્ત્રનું અધ્યયન કરાવનારા, કર્મનિષ્ઠ ઇંદ્રના જેવા અને મારા પિતા વગેરે વડીલોના જેવા ગુરુઓ છે; માટે તેઓની આગળ હું આવી સ્થિતિમાં ઉભી રહેવાને સમર્થ નથી.[૩૬] ઓ નીચ કર્મ કરનારા! ઓ અનાર્ય આચરણવાળા! તું મને નવસ્ત્રી કર નહિ તથા મને ખેંચ નહિ; કદાચિત્ તને ઇંદ્રની સાથે બધા દેવો સહાય કરવા આવશે, તોપણ રાજપુત્ર પાંડવો તારા અપરાધને સહન કરશે નહિ.[૩૭] મહાત્મા એવા ધર્મપુત્ર યુધિષ્ઠિર ધર્મમાં રહેલા છે અને ધર્મ એવો સૂક્ષ્મ છે કે, જેને સૂક્ષ્મ બુદ્ધિવાળાજ જાણી શકે છે; માટે હું પતિના ગુણોને ભૂલી જઇને એમના એક પરમાણુ જેટલા દોષને પણ વાણીથી કહેવા ઇચ્છતી નથી.[૩૮] તું કુરુવીરોના મધ્યમાં મને રજસ્વલાને ચોમેર ખેંચે છે, એ તારૂં નીચ કાર્ય છે;અને તેવાં કાર્ય કરનારા એવા તને અહીં કોઇપણ ધિક્કારતું નથી, એ ઉપરથી મને લાગે છે કે, એ બધાઓ જરૂર તારા મતને મળતા થયા છે.[૩૯] તમને ધિક્કાર હો, આજે ભરતવંશીઓનો ધર્મ નાશ પામ્યો છે અને ક્ષત્રિયધર્મને જાણનારાઓનો આચાર પણ લોપ પામ્યો છે, જેથી સભામાં કુરુકુલના ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન થાય છે અને તેને સર્વે કુરુઓ જોયા કરે છે![૪૦] આવા ઉગ્ર અધર્મને પણ કુરુકુલના વૃદ્ધોમાં મુખ્ય પુરુષો લક્ષ્યમાં લેતા નથી! આ ઉપરથી મને લાગે છે કે, દ્રોણનું, ભીષ્મનું તથા આ મહાત્મા એવા વિદુરનું અને ધૃતરાષ્ટ્ર રાજાનું બલ પણ હવે રહ્યું નથી."[૪૧]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે કરુણાભરેલું બોલતાં એવાં સુંદર મધ્યવાળાં દ્રૌપદી ક્રોધ પામેલા પોતાના પતિઓને કટાક્ષથી જોવા લાગ્યાં અને તે કટાક્ષપાતથી તે સર્વાંગમાં કોપપૂર્ણ થયેલા પાંડવોને અધિક બાળવા લાગ્યાં.[૪૨] આ વખતે પાંડવોને, લજ્જા તથા કોપવડે પ્રદીપ્ત થયેલાં દ્રૌપદીના કટાક્ષથી જેવું દુઃખ ઉત્પન્ન થયું તેવું દુઃખ રાજ્ય, ધન તથા મુખ્ય રત્નભૂત વસ્તુઓ પોતાની પાસેથી હરવી લેવાઇ, ત્યારે પણ થયું ન હતું.[૪૩] દુઃશાસને પણ તે વખતે પોતાના ગરીબ થઈ ગયેલા પતિઓ તરફ જોતાં અને બેભાન જેવાં થઇ ગયેલાં દ્રૌપદીને જોઇને તેમને વેગવડે હલાવીને ખડખડાટ હસતાં 'ઓ દાસિ!' એમ કહીને સંબોધ્યાં.[૪૪] આ સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા કર્ણે ખડખડાટ હાસ્ય કરીને તે વચનનાં વખાણ કર્યાં તથા સુબલના પુત્ર ગાંધારરાજ શકુનિએ પણ તેમજ હાસ્ય કરીને દુઃશાસનને અભિનંદન આપ્યું;[૪૫] પરંતુ સભામાં કર્ણ, શકુનિ



[illegible]



દુષ્ટ દુઃશાસન ભરીસભામાં દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચી રહ્યા છેઃ-પાંડવો તો જાણે સર્વસ્વ હારી બેઠા, તેથી સહાય નથી કરી શકતા; પરંતુ સભામાં ગુરુ, આચાર્ય, પિતામહ ઈ૰ વૃદ્ધો અને અનેક રાજાઓ હતા તેઓ પણ અર્થદાસજ નીકળ્યા ! જો એમ ન હોત તો દ્રૌપદીનું પથ્થરને પીગળાવે એવું રુદન અને કષ્ટ સગી નજરે જોવા છતાં તેઓ ચાલવાજ કેમ દે ! છેવટે મહાસતી દ્રૌપદીએ બે હાથ જોડીને દયાસિંધુ શ્રીહરિનુંજ શરણ લઇ સહાય માગી કેઃ-“ દુઃખ હરો દ્વારિકાનાથ શરણ મેં તેરી...” અનાથોનો નાથ શ્રીહરિ આ કળિકાળમાં પણ શ્રદ્ધાભક્તિસંપન્ન ભક્તજનની ઉંડા હૃદયની પ્રાર્થના વૃથા જવા દે નહિ, તો પછી આતો પરમભક્ત દ્રૌપદીનો પોકાર ! નિરાધારનો આધાર તરતજ વ્હારે ધાયો, અને દુઃશાસન જેવો મહાબળવાન પણ ખેંચી ખેંચીને થાકી ગયો ત્યાંસુધી ઉપરાઉપરી વસ્ત્ર પૂર્યાં કર્યાં ! પાશ્ચાત્યોના સ્વાર્થશિક્ષણમાં ડુબીને ઋષિમુનિઓનું શિક્ષણ વિસરી જનારાઓ તો આવી બાબતોને બસ ગપસપજ ગણી કાઢવાનાં. હા, મેસ્મેરીઝમની માનસવિદ્યા કદાચ તેમને સાચી લાગે; પરંતુ યોગેશ્વર શ્રીકૃષ્ણ અને મહાસતી દ્રૌપદીનાં યોગસામર્થ્ય જાણવા-સમજવાનું તો તે બિચારાઓનાં કિસ્મતમાં હોયજ ક્યાંથી ! આ પછીના પૃષ્ટપર છપાયલી પ્રાર્થના તો ઋષિમુનિઓમાં શ્રદ્ધાળુ હોય અથવા આર્યોના સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થશાસ્ત્રના જ્ઞાતા હોય તેમનેજ માટે છે ભાઈ !

द्रौपदीकी प्रभुप्रार्थना

बिनकाज आज महाराज लाज गई मेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ॥
दुःशासन वंशकुठार महादुःखदाई। कर पकरत मेरा चीर लाज नहीं आई ॥
अब भयो धर्मको नाश पाप रह्यो छाई। लखी अधम सभाकी ओर नारी बिलखाई ॥
शकुनि दुर्योधन करन खडे खल घेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी १
तुम दीननकी सुधि लेत देवकीनंदन। महिमा अनंत भगवंत भक्त-दुःख-भंजन ॥
तुम किया सिया दुःख दूर शंभुधनुखंडन। हे तारण मदनगोपाल मुनिनमनरंजन॥
करुणानिधान भगवान करी क्यों देरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी२
बैठा जहां राजसमाज नीति सब खोई। नहि कहत धर्मकी बात सभामें कोई ॥
पांचौ पति बैठे मौन कोन गति होई। लै नंदनंदन को नाम द्रौपदी रोई ॥
करि करि विलाप संताप सभामें टेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी३
तुम सुनि गजेंद्रकी टेर विश्वअघनाशी। ग्रह मारी छुडायो बंध काटी पगफांसी ॥
मैं धरौं तुम्हारो ध्यान द्वारिकावासी। अब काहे राजसमाज करावत हांसी ॥
अब कृपा करौ यदुनाथ जानि चित चेरि। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी४
तुम पति राखी प्रल्हाद दीनदुख टारो। भये खंभ फारी नरसिंह असुर संहारो ॥
ब्रज खेलत केशी आदि बकासुर मारो। मथुरा मुष्टिक चाणूरकंसमद गारो ॥
तुम मातपिताकी जाय छुडाई बेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ५
ले भक्तनहित अवतार कन्हाई तुमने। यमलार्जुनकी जड योनि छुडाइ तुमने ॥
जल बरसत प्रभुता अगम दिखाई तुमने। नखपर गिरि धरि ब्रज लीयो उगारी तुमने॥
प्रभु अब विलंब क्यों करी हमारी बेरी। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ६
सुनि दीनबंधु भगवान भक्तहितकारी। भये चीररूपमें प्रगट हरो दुख भारि ॥
खैंचत हारो मतिमंद वीर बलकारी। रख लई दीनकी लाज आप बनवारी ॥
बरसत हरसत सुर सुमन बजावत भेरि। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ७
कथा करी द्वारिकानाथ मनोहर माया। अंबरका लगा पहाड पार नहीं पाया ॥
तिहूं लोक चहुंदिशि भुवन चीर दरशाया। वंदत गणेशपरसाद कृष्णगुण गाया ॥
दीननकी दीनानाथ विपति निरवेरि। दुःख हरौ द्वारिकानाथ शरन मैं तेरी ८

તથા દુર્યોધનસિવાય જે બીજા સભાસદો બેઠેલા હતા, તેઓને તો સભામાં ઘસડાતાં દ્રૌપદીને જોઇને અત્યંત દુઃખ ઉત્પન્ન થયું.[૪૬] એટલે ભીષ્મ બોલ્યાઃ–“ હે સુભાગ્યવાળાં દ્રૌપદિ! ધર્મનું સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી હું તમારા આ પ્રશ્નનું યથાર્થ રીતે વિવેચન કરી શકતો નથી; કારણ કે જે મનુષ્ય પરાધીન છે,તે પારકા ધનને આંટમાં મૂકી શકતો નથી; તેમજ બીજી રીતે સ્ત્રી પોતાના પતિને આધીનજ છે, અર્થાત્ પતિની હારથી પત્નીની પણ હારજ ગણાય છે. આ જોઇને હું કંઇ કહી શકતો નથી. યુધિષ્ઠિર પોતે સમૃદ્ધિભરેલી આખી પૃથ્વીને ત્યજી દે, પરંતુ ધર્મનો ત્યાગ કરે તેવા નથી. તે પાંડુપુત્રે પોતે કહ્યું છે કે હું હાર્યો છું અર્થાત્ સ્ત્રીને હાર્યો નથી. આમ હોવાથી એ સંબંધમાં હું વિવેચન કરી શકતો નથી.[૪૭,૪૮] (હવે રાજાની હારથી તું હારેલી ગણાય નહિ; કારણ કે દ્યૂતની મર્યાદાને જાણનારા શકુનિએજ તને પૃથક્ પણમાં મૂકવા કહ્યું હતું એ ભાવથી કહે છે.) મનુષ્યોમાં શકુનિ દ્યૂત રમવામાં એક્કો છે અને તેની પ્રેરણાથીજ કુંતીપુત્ર યુધિષ્ઠિરે તને પણમાં મૂકી હતી; અર્થાત્ શકુનિની બુદ્ધિથીજ જણાય છે કે, યુધિષ્ઠિર હાર્યા ત્યારે તું હારી ન હતી. યુધિષ્ઠિર તેને છલ માનતા નથી, અર્થાત્ પોતાની હારથી તને હારેલી ગણતા નથી, એટલે તેણે તને દાવમાં મૂકી હતી; પરંતુ પારકાના દાસની તારા ઉપર સત્તા ન હોવાથી તે તને મૂકીજ શકે નહિ; એ જોતાં પણ તું અજિત જણાય છે. આવા વિચારોથી હું તારા આ પ્રશ્નનો ઉત્તર આપીશ નહિ.”[૪૯]

દ્રૌપદી બોલ્યાં–“ દ્યૂત રમવામાં કુશલ, નીચ, દુષ્ટ અંતઃકરણવાળા, કપટ કરનારા તથા દ્યૂતપ્રિય એવા જુગારીઓની સાથે દ્યૂતના અભ્યાસવિનાના એવા ધર્મરાજાએ જુગાર રમીને પોતે પોતાને પણ હારી જવા પછી મને શામાટે સભામાં બોલાવીને શત્રુઓને સકામ કર્યા?[૫૦] વળી દુષ્ટ ભાવવાળા અને કપટ કરવામાં તત્પર થયેલા એવા આ બધા જુગારીઓએ એકઠા મળીને, જુગાર ન રમી જાણનારા, કુરુ તથા પાંડવોમાં મુખ્ય એવા આ ધર્મરાજાને જ્યારે જીતી લીધા, ત્યારે પાછળથી એમણે શામાટે જુગારમાં ધન મૂકવાનું સ્વીકાર્યું? અર્થાત્ પોતાનું શરીર હારતાં સુધીજ દ્યૂત રમી શકાય તો તે પછી પણ એમણે શામાટે–શી સત્તાથી દ્યૂત રમવું ચાલુ રાખ્યું?[૫૧] માટે આ સભામાં પુત્રો તથા વહુઓના પ્રભુ એવા આ કૌરવો બેઠેલા છે, તે બધાઓ મારાં વાક્યનો વિચાર કરીને મારા પ્રશ્નનો યથાર્થ રીતે ઉત્તર આપો.[૫૨]

વૈશંપાયન બોલ્યાઃ–ઉપર પ્રમાણે બોલતી, દયા ઉપજે તેમ રડતી અને ગરીબ થઇ પડેલા પોતાના પતિઓના તરફ જોતી એવી દ્રૌપદીને તે વખતે દુઃશાસન, અપ્રિય લાગે તેવાં, કડવાં અને કઠોર વચનો કહેવા લાગ્યો.[૫૩] આ રીતે જમીન ઉપર ઘસડાતી, રજસ્વલા, ઉપલો છેડો જેનો સરી પડેલો તથા તે પ્રમાણે દુઃખને માટે અયોગ્ય એવી દ્રૌપદીને જોઇને તથા યુધિષ્ઠિરને જોઇને પીડિત થયેલા ભીમસેનને મહાન ક્રોધ ઉત્પન્ન થયો.[૫૪]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
દ્યૂતપર્વવિષે દ્રૌપદીપ્રશ્ન નામનો
અધ્યાય ૬૭ મો સમાપ્ત.

અધ્યાય ૬૮ મો–દ્રૌપદીવસ્ત્રાહરણ

॥ भीम उवाच ॥
भवंति गेहे बंधक्यः कितवानां युधिष्ठिर ॥
न ताभिरुत दीव्यन्ति दया चैवास्ति तास्वपि॥

ભીમ કહે છેઃ–“ ઓ યુધિષ્ઠિર! જુગારીઓને ત્યાં દાસીઓ હોય છે, પરંતુ તેઓ તેમને દાવમાં મૂકીને જુગાર રમતા નથી; કારણ કે તેઓને

દાસીઓના ઉપર પણ દયા હોય છે.૧ આપણને કાશી રાજાએ જે ધન તથા બીજા ઉત્તમ પદાર્થો આપ્યા હતા, તેમજ બીજા રાજાઓએ પણ જે રત્નભૂત વસ્તુઓ ભેટમાં આપી હતી, તે સર્વ વસ્તુઓને, વાહનોને, બીજાં ધનને, કવચોને, હથિયારોને, રાજ્યને, અમને તથા તમને શત્રુઓએ કપટદ્યૂતથી હરી લીધા;૨,૩ તોપણ તેમાં મને ક્રોધ ચઢયો ન હતો; કારણ કે અમારા સર્વના તમે પ્રભુ છો, પરંતુ આ દ્રૌપદીને જે દાવમાં મૂકી એ તમારો હું અન્યાય ગણું છું.૪ આ દુઃખને માટે અયોગ્ય એવી બાલા, પાંડવોની પત્ની થઇને તમારે લીધે નીચ, ક્રૂર તથા હલકા મનવાળા કૌરવોથી કલેશ પામે છે.૫ એ દ્રૌપદીને માટે ઓ રાજા ! આ મારો ક્રોધ હું તમારા ઉપર પાડું છું ! હું તમારા બન્ને હાથો બાળી મૂકું છું! ઓ સહદેવ ! તું અગ્નિ લાવ !"૬

અર્જુન બોલ્યોઃ—" ઓ ભીમસેન ! પૂર્વે તમે આવી વાણી કોઈ વખત બોલ્યા ન હતા. ખરેખર, ક્રૂર કર્મ કરનારા શત્રુઓએ આજે તમારા ધર્મગૌરવને નાશ પમાડયું છે.૭ તમે આવા વર્તનથી શત્રુઓને રાજી કરો નહિ; પરંતુ ઉત્કૃષ્ટ એવા સ્વધર્મ પ્રમાણેજ વર્તન રાખો. કયો ભાઈ પોતાના ધર્મનિષ્ઠ મોટા ભાઇનું ઉલ્લંઘન કરવા યોગ્ય ગણાય ?૮ વળી યુધિષ્ઠિર રાજા તો બીજાઓના બોલાવવાથીજ પોતાના ક્ષત્રિયધર્મને સંભારીને પારકાની ઇચ્છાથી રમે છે અને તે આપણે માટે મહાન કીર્તિકારક છે. "૯

ભીમસેન બોલ્યોઃ—" હે ધનંજય ! આ ચાલુ વિષયમાં તારા કહેવા પ્રમાણે જો હું ધર્મપાલનને ન જાણતો હોત, તો કયારનોએ બલાત્કારથી એમના બન્ને બાહુઓને પ્રદીપ્ત અગ્નિમાં બાળી મૂકત."૧૦

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે પાંડવોને દુઃખી થયેલા જોઇને તથા દ્રૌપદીને ઘસડાતી જોઇને ધૃતરાષ્ટ્રનો પુત્ર વિકર્ણ નીચે પ્રમાણે કહેવા લાગ્યો.૧૧ " હે રાજાઓ ! યજ્ઞસેનની પુત્રી દ્રૌપદીએ જે પ્રશ્ન કર્યો છે, તેનો તમે સ્પષ્ટ ઉત્તર આપો. વાકયનો યથાર્થ રીતે ઉત્તર ન આપવાથી આપણને તત્કાલ નરક પ્રાપ્ત થશે.૧૨ ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર, એ બન્ને કુરુકુલના મહાન વૃદ્ધ પુરુષો છે. તેઓએ તથા મહાબુદ્ધિવાળા વિદુરે એકઠા મળીને કંઈ પણ ઉત્તર આપ્યો નથી.૧૩ વળી દ્રોણગુરુ તથા સર્વેના આચાર્ય કૃપાચાર્ય, એ બન્ને દ્વિજશ્રેષ્ઠો પણ આ પ્રશ્નનો ઉત્તર શામાટે આપતા નથી ?૧૪ અહીં ચારે દિશામાંથી આવીને જે બીજા રાજાઓ એકઠા મળેલા છે, તેઓ કામ તથા ક્રોધનો ત્યાગ કરીને પોતાની બુદ્ધિ પ્રમાણે આ પ્રશ્નનો ઉત્તર આપો.૧૫ હે રાજાઓ ! આ શુભરૂપિણી દ્રૌપદીએ જે પ્રશ્ન તમને વારંવાર કર્યો છે, તેનો વિચાર કરીને જેનું જે પ્રમાણે માનવું હોય તે પ્રમાણે ઉત્તર આપો. "૧૬

આ પ્રમાણે વિકર્ણે તે સર્વે સભાસદોને વારંવાર કહ્યું; પરંતુ તે રાજાઓએ તેને સારૂં અથવા નરસું કંઈ પણ કહ્યું નહિ.૧૭ એટલે વિકર્ણે ફરી એક વાર તે પ્રમાણે સર્વે રાજાઓને પૂછયું અને પછી તે હાથથી હાથ ઘસીને નિઃશ્વાસ નાખતો આ પ્રમાણે બોલ્યોઃ—૧૮ " હે પૃથ્વીપાલો ! તમે કોઇ પણ રીતે ઉત્તર આપો અથવા ન આપો; પરંતુ હે કૌરવો ! મને એમાં જે ન્યાયભરેલું લાગે છે, તે હું ખાત્રીપૂર્વક કહું છું.૧૯ હે નરશ્રેષ્ઠો ! રાજાઓનાં ચાર વ્યસનો કહેવાય છે. મૃગયા, મદ્યપાન, દ્યૂત અને અત્યંત વિષયાસક્તિ.૨૦ આ વ્યસનોમાં આસક્ત થયેલો પુરુષ ધર્મનું ઉલ્લંઘન કરીને વર્તે છે અને તેવા ધર્મભ્રષ્ટ થયેલાની ક્રિયાને જે પ્રમાણે લોકો કરેલી માનતા નથી,૨૧ તે પ્રમાણે આ પાંડુપુત્ર યુધિષ્ઠિર દ્યૂતના મહાવ્યસનમાં પડેલા હતા અને એમણે જુગારીઓની પ્રેરણાથી દ્રૌપદીને પણમાં મૂકી છે.૨૨ વળી આ અનિંદિતા દ્રૌપદી સર્વે પાંડવોની સમાન ભાર્યા છે, તેમજ પ્રથમ પોતાને હારી ગયેલા યુધિષ્ઠિરે એને દાવમાં મૂકી છે૨૩ અને દાવ મેળવવાની ઇચ્છાવાળા શકુનિએ એને પછીથી દાવમાં મૂકવા માગણી કરી હતી. આ રીતે યુધિષ્ઠિર રાજાનું વ્યસનીપણું, હારવાથી

પરાધીનપણું, પારકાએ કરાવેલી પ્રવૃત્તિ તથા દ્રૌપદી એકનાં નહિ પણ સર્વેનાં સમાન પત્ની છે, એ ચાર હેતુઓનો વિચાર કરીને હું માનું છું કે, દ્રૌપદીને કૌરવોએ જીતી નથી. ”[24]

આવાં વિકર્ણનાં વચન સાંભળીને વિકર્ણનાં વખાણ કરતા તથા શકુનિની નિંદા કરતા સભાસદોનો મોટો કોલાહલ શબ્દ થઇ રહ્યો.[25] તે કોલાહલ શાંત પડયા પછી ક્રોધમૂર્ચ્છિત થયેલો કર્ણ, વિકર્ણના સુંદર હાથને પકડીને આ પ્રમાણે વચન કહેવા લાગ્યો.[26]

કર્ણ બોલ્યોઃ-“ ઓ વિકર્ણ ! આ જગતમાં ખરેખર બહુ બહુ વિપરીત જોવામાં આવે છે. જેમ અરણિકાષ્ઠમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ તેજ કાષ્ઠનો નાશ કરે છે, તેમ જેનાથી જે ઉત્પન્ન થયો હોય છે તેનોજ તે વિનાશ કરનારો થાય છે.[27] આ રાજાઓને દ્રૌપદીએ પ્રશ્ન કર્યો હતો, પણ એઓ આ દ્રુપદપુત્રીને ધર્મવડે જીતેલી માને છે, એટલે કંઇ પણ ઉત્તર આપતા નથી;[28] પરંતુ ઓ ધૃતરાષ્ટ્રના પુત્ર ! તું તો કેવલ મૂર્ખતાથીજ ભેદ પામે છે, જેથી તું સભાના મધ્યમાં બાલક છતાં વૃદ્ધોના જેવું ભાષણ કરે છે;[29] તથાપિ ઓ દુર્યોધનના નાના ભાઇ ! તું ધર્મનાં યથાર્થ તત્ત્વને જાણતો નથી અને તેથીજ અતિશય મંદબુદ્ધિવાળો તું જીતાયલી દ્રૌપદીને ન જીતાયલી એમ કહે છે.[30] ઓ ધૃતરાષ્ટ્રના પુત્ર ! તું દ્રૌપદીને કેવી રીતે ન જીતાયલી માને છે ? જ્યારે પાંડવોમાં મોટા યુધિષ્ઠિરે સભામાં પોતાનું સર્વસ્વ મૂકી દીધું,[31] ત્યારે સર્વસ્વમાંજ દ્રૌપદી પણ આવી ગઇ ગણાય. હે ભરતશ્રેષ્ઠ ! આ પ્રમાણે ધર્મથી જીતેલી દ્રૌપદીને તું ન જીતેલી કેમ માને છે ?[32] વળી દ્રૌપદીને પણમાં મૂકું છું, એમ યુધિષ્ઠિરે વાણીથી કહ્યું હતું તથા પાંડવોએ તેને સંમતિ આપી છે, તો પછી એને તું ન જીતાયલી શા હેતુથી માને છે ?[33] હવે આ દ્રૌપદીને સભામાં એક વસ્ત્ર સાથે લાવવામાં આવી છે, તે અધર્મથી લવાઈ છે, એમ તું માનતો હોય તો તે સંબંધમાં પણ મારાં ઉત્તમ વાકયને સાંભળ.[34] હે કુરુનંદન ! દેવોએ સ્રીને માટે એકજ ભર્તાનું વિધાન કરેલું છે; પરંતુ આ તો અનેક પતિને વશ હોવાથી ખરેખર વારાંગનાજ ગણાય ![35] એટલે આવી સ્રીને સભામાં લાવવી, એક વસ્ત્ર ધારણ કરવું અથવા વિવસ્ત્ર રહેવું, એમાં કંઇ આશ્ચર્ય નથી, એમ મારૂં માનવું છે.[36] આ પાંડવોનું જે કંઇ ધન છે તે, આ દ્રૌપદી અને આ પાંડવો, તે સર્વ ધન અહીં શકુનિએ ધર્મથી જીતેલું છે;[37] માટે ઓ દુઃશાસન ! આ પોતાને ડાહ્યો માનનારો વિકર્ણ મહા મૂર્ખ છે, તેથી હવે તું પાંડવોનાં તથા દ્રૌપદીનાં વસ્ત્રોને ઉતારી લે.”

હે ભરતવંશી રાજા ! તે સાંભળીને સઘળા પાંડવોએ પોતાનાં કેડે પહેરેલાં વસ્ત્રવિનાનાં બીજાં ઉત્તરીય વસ્ત્રોને કાઢી કાઢીને સભામાં ચોમેર ફેંકયાં અને તેઓ પાછા બેઠા.[39] તે પછી હે રાજન્ ! દુઃશાસન, સભાના મધ્યમાં દ્રૌપદીનાં વસ્ત્રને બલથી પકડીને ખેંચવા મંડયો.[40]

વૈશંપાયન કહે છેઃ-જે સમયે દુઃશાસને વસ્ત્ર ખેંચવા માંડયું તે સમયે દ્રૌપદીએ શ્રીહરિનું* ચિંતન કર્યું; ‘ ઓ ગોવિંદ ! ’× હે

---

* **हरि**-દુઃખને હરનારા અથવા ખલ મનુષ્યોને સંહારનારા.

× **गोविंद**-ઇંદ્રિયોના પ્રાપક-ચાલક અર્થાત્ આપ સર્વે ઇંદ્રિયોના પ્રવર્તક હોવાથી સમીપમાં રહેલા છો, છતાં મારાં કષ્ટને કેમ જાણતા નથી? એ તાત્પર્ય છે. સમીપમાં હોય પણ જાતે અશક્ત હોય તે શું કરી શકે ? આ શંકાના ઉત્તરમાં કહે છે કે, **हे द्वारकावासिन्** ! અર્થાત્ પોતાનાં જનોને વિપત્તિથી ઉદ્ધારવા માટે એક રાત્રિમાંજ સમુદ્રની વચ્ચે દ્વારકાપુરીનું નિર્માણ કરીને તે પુરીમાં આખા નગરને લઇ જનારા એવા તમને મારૂં રક્ષણ કરવું, એ બહુજ સુલભ છે. સમીપમાં હોય અને સમર્થ હોય તોપણ દુષ્ટોના ઉપર શામાટે અનુગ્રહ કરે? આ શંકાના ઉત્તરમાં કહે છે કે, હે **कृष्ण** ! સ્મરણ કરતાંની સાથેજ સર્વ દોષને ખેંચી લેનારા તમે છો તો મારા દોષને ખેંચી લઇને પછી મારૂં રક્ષણ કરો; તથાપિ અસત્ય, સાહસ, માયા, કપટ, મૂર્ખતા, અતિલોભ, અપવિત્રતા અને નિર્દયપણું, આ સ્રીઓના સ્વાભાવિક દોષો છે, એટલે સ્વાભાવિક દોષો દૂર કરી શકાય નહિ, સાપની દાઢને

દ્વારકાવાસિન્ ! હે કૃષ્ણ ! હે ગોપીજનપ્રિય ! હે કેશવ ! કૌરવોથી પરાભવ પામતી એવી મને તમે કેમ જાણતા નથી ? હે નાથ ! હે રમાનાથ ! હે વ્રજનાથ ! હે આર્તિનાશન્ ! હે જનાર્દન ! કૌરવરૂપી સમુદ્રમાં હું ડૂબી છું, મારો તમે ઉદ્ધાર કરો.[૪૧,૪૨] હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાયોગિન્ ! હે વિશ્વાત્મન્ ! હે વિશ્વભાવન્ ! હે ગોવિંદ ! કૌરવોની વચ્ચે પીડાતી હું તમારે શરણે આવી છું, માટે મારૂં રક્ષણ કરો.”[૪૩]

હે રાજન્ ! આ પ્રમાણે ત્રિભુવનેશ્વર, દુઃખહારક શ્રીકૃષ્ણનું સ્મરણ કરીને દુઃખિત થયેલાં પણ પ્રભુપ્રાપ્તિના નિશ્ચયથી પ્રકાશયુક્ત જણાતાં દ્રૌપદી મોં ઢાંકીને રડવા લાગ્યાં.[૪૪] આ પ્રમાણે દ્રૌપદીનાં વચન સાંભળીને શ્રીકૃષ્ણ ગદ્દગદિત થઇ ગયા અને શય્યા તથા આસનનો ત્યાગ કરીને વાહનવિનાજ કૃપાળુ પ્રભુ કૃપા કરીને ત્યાં પગવડે ચાલતા દોડી આવ્યા.[૪૫] જે વખતે યજ્ઞસેન રાજાની પુત્રી દ્રૌપદી પોતાના રક્ષણને માટે વ્યાપક, દુઃખહારક તથા નરમૂર્તિ એવા શ્રીકૃષ્ણને સંભારતાં હતાં, તેજ વખતે મહાત્મા શ્રીકૃષ્ણે ધર્મરૂપી આભ્યંતર વસ્ત્રભાવને પ્રાપ્ત થઇ વિવિધ પ્રકારનાં સુંદર વસ્ત્રોથી દ્રૌપદીને વીંટી લીધાં.[૪૬] એટલે હે રાજન્ ! દુઃશાસન જેમ જેમ દ્રૌપદીનાં વસ્ત્રને ખેંચતો ગયો, તેમ તેમ તેવાંજ રૂપનાં બીજાં અનેક વસ્ત્રો દ્રૌપદીનાં શરીર ઉપર પ્રકટ થવા લાગ્યાં.[૪૭] હે પ્રભો ! ધર્મનું પરિપાલન કરવાથી દ્રૌપદીનાં અંગ ઉપર અનેક રંગવાળાં વસ્ત્રો તથા શ્વેત વસ્ત્રો સેંકડોબંધ પ્રકટ થયાંજ ગયાં.×[૪૮] તે વખતે ત્યાં સભામાં ભયંકર લાગે તેવો ઘોર હલહલાટ શબ્દ થવા લાગ્યો અને તેવું આ લોકમાં અત્યંત આશ્ચર્ય જોઇને સઘળા રાજાઓ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનની નિંદા કરતા દ્રૌપદીનાં વખાણ કરવા લાગ્યા.[૪૯] તે વખતે રાજાઓના મધ્યમાં ક્રોધવડે કંપાયમાન ઓષ્ઠવાળા ભીમસેને તો હાથવતી હાથ ઘસીને મોટા ઘાંટાથી પ્રતિજ્ઞા કરતાં આ પ્રમાણે કહ્યું.[૫૦]

ભીમ બોલ્યોઃ–“ઓ ભૂલોકવાસી ક્ષત્રિયો!

અમૃત ઝરતી કરી શકાય નહિ. આ શંકાના ઉત્તરમાં દ્રૌપદી સંબોધે છે કે, **हे गोपीजनप्रिय** ! અર્થાત્ પુરુષોમાં ગોપલોકો અત્યંત નીચા છે અને તેઓથી પણ તેઓની સ્ત્રી ગોપીઓ તો અતિશય નીચી છે તે ગોપીઓના ઉપર પણ તમારી કૃપા જણાય છે; ત્યારે તમારૂંજ જેને શરણ અને તમેજ જેની ઉપર રાજસૂયનો અભિષેક કરીને અનુગ્રહ કરેલો છે એવી મારા ઉપર કૃપા કરો તેમાં શું આશ્ચર્ય છે? (પરંતુ બલવાન કૌરવોને શું કરી શકાય? એના ઉત્તરમાં કહે છે) **हे केशव! क**–બ્રહ્મા, **अ**–વિષ્ણુ અને **ईश**–શંકર તેઓની સાથે **वातीति वः** ગમન કરનારા અર્થાત્ બ્રહ્માદિકના પણ આપ પ્રવર્તક છો –તદાત્મક છો, તો કૌરવોના પ્રવર્તક હો એમાં શું નવાઇ ? માટે એઓનો નિગ્રહ કરીને સર્વથા મારા ઉપર કૃપા કરો, એ તાત્પર્ય છે. (તારા નાથો–પતિઓ તારૂં રક્ષણ કરશે ? આ શંકાના ઉત્તરમાં કહે છે કે,) **हे नाथ** ! આપજ નાથ છો અર્થાત્ આ નાથો તો અત્યારે અકિંચિત્કર થઈ ગયા છે, માટે ખરા નાથ તો તમેજ છો. (કુલીન સ્ત્રીએ બીજાને **नाथ** કહેવો યોગ્ય નથી ? આ શંકાના ઉત્તરમાં કહે છે કે,) **हे रमानाथ!** લક્ષ્મીના પતિ અર્થાત્ આપ લક્ષ્મીના પતિ છો એટલે તદંશભૂતા સર્વ સ્ત્રીઓના નાથ તમે છો–તમે અન્ય નથી. ગોવર્ધનધારણ, દાવાગ્નિપાન વગેરેથી વ્રજવાસીઓનાં આર્તિ–દુઃખોને જેમ તમેજ નાશ પમાડયાં છે, તેમ મારાં કષ્ટને પણ નાશ પમાડો એ અભિપ્રાયથી દ્રૌપદીએ **हे व्रजनाथ अने हे आर्तिनाशन** ! આવાં બે નામથી પ્રભુને સંબોધ્યા છે. **हे विश्वात्मन्** ! અર્થાત્ વિશ્વના અંતર્યામી **हे विश्वभावन** ! વિશ્વના કર્તા. આ બે સંબોધનોથી આપ અંતર્યામી હોવાથી શત્રુને આ સંબંધમાં ઉદાસીન કરી દો અથવા વિશ્વકર્તા છો, એટલે મારા દેહ ઉપર અનેક વસ્ત્રો અર્પણ કરો એ તાત્પર્ય નીકળે છે.

× **नास्त्यकार्यं कदर्याणां नास्त्यक्षाम्यं महात्मनाम् । नास्त्युपेक्ष्यो हरेर्भक्त इतिद्युते प्रदर्शितम्** ॥ કદર્ય મનુષ્યોને અકાર્ય જેવું કંઇજ નથી, અર્થાત્ તે સઘળી જાતનાં નીચ કર્મો કરી શકે છે, મહાત્મા–ઉદારચિત્ત પુરુષોને ન સહન કરવા જેવું કંઇજ નથી અને હરિ પોતે ભક્તની ઉપેક્ષા–બેદરકારી કરતા નથી, એ દ્યૂતપર્વમાં દર્શાવ્યું છે. **पं० नीलकंठ**

મારાં આ વચનને સાંભળો. હું જેવું કહું છું, તેવું પૂર્વે બીજા કોઇ પુરુષે કહ્યું નથી તેમ હવે પછી બીજો કોઇ કહેશે નહિ.[૫૧] હે પૃથ્વીશ્વરો! હું તમારી આગળ જે કહું છું, તે પ્રમાણે જો હું નહિ કરૂં તો મને મારા પૂર્વ પિતામહોની ગતિ મળો નહિ.[૫૨] હું કહું છું કે, આ દુર્બુદ્ધિવાળા અને ભરતકુલમાં નીચ એવા પાપી દુઃશાસનની છાતીને બલાત્કારથી યુદ્ધમાં ચીરીને જો હું એના રુધિરનું પાન ન કરૂં તો મને મારા પૂર્વજોની ગતિ મળે નહિ." [૫૩]

વૈશંપાયન કહે છેઃ-રાજાઓ ભીમનું આવું ભયંકર તથા રુવાંટાં ઉભાં કરે તેવું વચન સાંભળીને, તેને બહુ માન આપવા લાગ્યા અને ધૃતરાષ્ટ્રના પુત્રની નિંદા કરવા લાગ્યા. હવે જ્યારે દ્રૌપદીનાં ખેંચેલાં વસ્ત્રોનો સભામાં મોટો ઢગ થઈ ગયો, ત્યારે દુઃશાસન થાકી ગયો ને લાજ પામીને બેસી ગયો.[૫૫] તે વખતે ત્યાં કુંતીપુત્રોની તેવી દશા જોઇને સભાસદ રાજાઓનો રોમાંચિત કરી દે તેવો કૌરવોના તરફ ધિક્કારનો શબ્દ પ્રકટી નીકળ્યો;[૫૪-૫૬] અનેક સજ્જનો ધૃતરાષ્ટ્રની નિંદા કરતા ઘાંટો પાડીને બોલવા લાગ્યા કેઃ- "આ કૌરવોએ દ્રૌપદીના પ્રશ્નનો હજી ઉત્તર આપ્યો નથી!"[૫૭] આવો કોલાહલ થયા પછી પોતાના બંને હાથ ઉંચા કરીને તથા સભાસદોને બોલતા અટકાવીને સર્વ ધર્મના જ્ઞાતા એવા વિદુરજી નીચે પ્રમાણે વચન કહેવા લાગ્યા.[૫૮]

વિદુર બોલ્યાઃ-" હે સભાસદો! દ્રૌપદી તમને પ્રશ્ન પૂછીને આ પ્રમાણે અનાથની પેઠે રડે છે, તોપણ તમે તેના પ્રશ્નનો ઉત્તર આપતા નથી; તેથી આ સભામાં ધર્મ પીડાય છે.[૫૯] દુઃખી થયેલો મનુષ્ય બળતા અગ્નિની પેઠે અંતરમાં બળતો સભાને શરણે આવે છે અને તેને સત્ય ધર્મવડે સભાસદો અવશ્ય શાંત કરે છે.[૬૦] તે પછી આર્ય મનુષ્ય સત્યથીજ ધર્મપ્રશ્ન કરે છે અને કામ તથા ક્રોધનાં બલને ઓળંગી જનારા સભ્યો તે પ્રશ્નનો ઉત્તર આપે છે.[૬૧]હે નરેંદ્રો! વિકર્ણે પોતાની બુદ્ધિ પ્રમાણે પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. હવે તમે પણ તે પ્રશ્નનો યથામતિ સ્પષ્ટ ઉત્તર આપો.[૬૨] જે ધર્મદૃષ્ટિવાળો સભાસદ સભામાં આવીને પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપતો નથી, તો તે જૂઠાણાંથી જે ફલ મળે છે, તેના અર્ધા ફલનો ભોક્તા થાય છે;[૬૩] અને સભામાં આવેલો જે ધર્મદૃષ્ટિવાળો સભાસદ મિથ્યા ઉત્તર આપે છે, તેને તો વળી જૂઠાણાંનું સંપૂર્ણ ફલજ પ્રાપ્ત થાય, એવો નિશ્ચય છે.[૬૪] આ સંબંધમાં હું પ્રહ્લાદ અને આંગિરસ ગોત્રના સુધન્વા મુનિના સંવાદરૂપી એક પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપું છું.[૬૫] પ્રહ્લાદ નામના જે દૈત્યેંદ્ર હતા, તેમના પુત્ર વિરોચને એક કન્યા પરણવા આંગિરસ સુધન્વાની સાથે વિવાદ કર્યો હતો.[૬૬] તે વખતે કેશિની કન્યાએ વિરોચનને અને સુધન્વાને પૂછ્યું કે, તમારા બન્નેમાં કુલ, શીલ આદિથી કોણ શ્રેષ્ઠ છે, તે કહો. ત્યારે તે બન્ને પોતપોતાને હું શ્રેષ્ઠ છું, હું શ્રેષ્ઠ છું એમ કન્યા મેળવવાની ઈચ્છાથી કહેવા લાગ્યા. છેવટે તે બન્નેએ આ પ્રમાણે શરત કરી કે, 'આપણ બન્નેમાંથી જે ઉતરતો ઠરે, તેણે શ્રેષ્ઠની જન્મસુધી દાસ થઇને સેવા કરવી.' આવું આપણે સાંભળ્યું છે.[૬૭] તે બન્નેને પ્રશ્ન પૂછવાવિષે વિવાદ થયો અને છેવટે તે બન્નેએ પ્રહ્લાદને પ્રશ્ન કર્યો કેઃ- 'અમારા બેમાંથી કયો એક શ્રેષ્ઠ છે? આ અમારા પ્રશ્નનો સત્ય ઉત્તર આપો. મિથ્યા કહેશો નહિ.[૬૮] આ સાંભળીને પ્રહ્લાદ મિથ્યાવાદથી ડરીને સુધન્વાના તરફ જોવા લાગ્યા. તે વખતે સુધન્વાએ બ્રહ્મદંડની પેઠે જાજ્વલિત થતાં ક્રોધ કરીને પ્રહ્લાદને કહ્યું કેઃ-[૬૯]"ઓ પ્રહ્લાદ! જો તમે મિથ્યા બોલશો અથવા ઉત્તર નહિ આપો તો ઇંદ્ર વજ્ર મારીને તમારા માથાના સેંકડો કટકા કરી નાખશે."[૭૦] સુધન્વાએ આ પ્રમાણે કહ્યું, એટલે તો પિપળાનાં પાંદડાંની પેઠે કંપતા પ્રહ્લાદ, એ પ્રશ્નનો ઉત્તર પૂછવા માટે મહા તેજસ્વી કશ્યપ ઋષિની પાસે ગયા.[૭૧] અને પ્રહ્લાદ બોલ્યાઃ-"હે મહાભાગ્યશાલી! તમે દેવના, અસુરના અને બ્રાહ્મણના ધર્મના વિજ્ઞાતા છો, એમાં સંશય નથી. આ એક ધર્મસંકટ આવ્યું છે, તેને તમે સાંભળો.[૭૨] હું પૂછું છું કે, જે મનુષ્ય પ્રશ્નનો ઉત્તર ન

આપે અથવા મિથ્યા ઉત્તર આપે તો તેને મરણુ
પછી કયા લોકમાં જવું પડે છે, તે મને કહો.”૭૩
કશ્યપ બોલ્યાઃ–“જે મનુષ્ય જાણુવા છતાં
કામને લીધે, ક્રોધને લીધે અથવા ભયને લીધે
પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપતો નથી, તે મનુષ્ય એક
હજાર વરુણુપાશોથી પોતાને બાંધી લે છે.૭૪
વળી જે સાક્ષી થયો હોય અને સાક્ષી આપતાં
સ્પષ્ટ બોલે નહિ પણુ ગાયના કાનની પેઠે શિથિલ
ઉત્તર આપે, તે પણુ પોતે હજાર વરુણુપાશથી
બંધાય છે;૭૫ અને તેનો પૂરે એક એક વર્ષે
એક એક પાશ છૂટે છે, માટે યથાર્થ રીતે સત્ય
જાણુનારાએ સત્યજ કહેવું જોઇએ.૭૬ જે સભા-
માં અધર્મવડે ધર્મ વિંધાતો હોય અર્થાત્ વાદી-
પ્રતિવાદી બેમાંથી એક મિથ્યા બોલનારો હોય છતાં
તે બીજાને મિથ્યાવાદી કહેતો હોય, તે અધર્મવડે
ધર્મનો વેધ થયેલો કહેવાય; તેવે પ્રસંગે ન બો-
લવાથી, મિથ્યા બોલવાથી અથવા સંશયગ્રસ્ત
વચન કહેવાથી ધર્મનાં શલ્યને–શંકુને કાપી
નાખતા નથી, તો તેઓજ તે અધર્મવડે વિંધાય
છે.૭૭ જે સભાસદો, નિંદવા યોગ્ય હોય તેની
નિંદા કરતા નથી, તો તે અધર્મનો અર્ધો ભાગ
સભાપતિને પ્રાપ્ત થાય છે, એક ચતુર્થાંશ અધ-
ર્મકર્તાને પ્રાપ્ત થાય છે અને બાકીનો ચતુર્થાંશ
સભાસદોને પ્રાપ્ત થાય છે.૭૮ જે સભામાં નિંદ-
વા યોગ્યની નિંદા કરવામાં આવે છે, ત્યાં સભા-
પતિ પાપરહિત થાય છે, સભાસદો પણુ પાપથી
મુક્ત થાય છે અને પાપ તેના કર્તાનેજ પ્રાપ્ત
થાય છે.૭૯ હે પ્રહ્લાદ ! પ્રશ્ન કરનારાને જેઓ
અધર્મથી મિથ્યા ઉત્તર આપે છે, તેઓ પોતાનાં
યજ્ઞયાગાદિકને તથા વાવકૂવા વગેરે પૂર્તકર્મોને
અને સાત સાત આગળ પાછળના વંશપુરુષોને
હણી દે છે.૮૦ જેનું દ્રવ્ય હરી લીધું હોય તેને
જે દુઃખ થાય છે, જેનો પુત્ર મરણુ પામ્યો હોય
તેને જે દુઃખ થાય છે, દેવાદારને જે દુઃખ થાય
છે, સ્વાર્થમાં નિષ્ફળ નિવડેલાને જે દુઃખ થાય
છે,૮૧ પતિવિનાની સ્ત્રીને જે દુઃખ થાય છે,
રાજાએ કેદ કરેલાને જે દુઃખ થાય છે, અપુત્ર-
વતી સ્ત્રીને જે દુઃખ થાય છે,વાઘથી સપડાયલાને
જે દુઃખ થાય છે, ૮૨ જેના ઉપર શોક્ય
આવી હોય તેને જે દુઃખ થાય છે અને જેને સા-
ક્ષીઓએ મિથ્યા સાક્ષી પૂરીને હરાવ્યો હોય
તેને જે દુઃખ થાય છે, તે બધાં દુઃખો એકસર-
ખાં છે, એમ સ્વર્ગાધીશ દેવો કહે છે;૮૩ અને તે
સર્વ દુઃખો અસત્ય બોલનારાને પ્રાપ્ત થાય છે.
સમક્ષ જોવાથી અથવા વિશ્વાસપાત્ર મનુષ્યથી
સાંભળવાવડે અથવા જાણેલી વાતને સંભારી રાખ-
વાથી મનુષ્ય સાક્ષી કહેવાય છે;૮૪ માટે સાક્ષી
સાચું બોલે તોજ તે ધર્મ તથા અર્થથી રહિત
થતો નથી.”

આવાં કશ્યપનાં વચન સાંભળીને પ્રહ્લાદ
પોતાના પુત્રને કહેવા લાગ્યા કેઃ–૮૫ “હે વિ-
રોચન! તારા કરતાં સુધન્વા શ્રેષ્ઠ છે, મારા
કરતાં અંગિરા શ્રેષ્ઠ છે અને તારી માતાના કરતાં
સુધન્વાની માતા પણુ શ્રેષ્ઠ છે; માટે આ સુધન્વા
તારા પ્રાણુનો પ્રભુ છે.”૮૬

સુધન્વા કહે છેઃ–“ હે પ્રહ્લાદ! તમે પુત્ર
ઉપરના સ્નેહને ત્યજી દઇને ધર્મનિષ્ઠ રહ્યા છો;
માટે હું તમારા પુત્રને શરતથી છૂટો કરૂં છું. એ
તમારો પુત્ર સ્વતંત્રતાથી સો વર્ષ જીવો.”૮૭

વિદુર બોલ્યાઃ–“આ પ્રમાણેના પરમ ધર્મને
સાંભળીને તમે સર્વે સભાસદો એ દ્રૌપદીના પ્ર-
શ્નને અનુરૂપ હવે પછી શું ધારો છો તે ઉત્તર
કહેવો જોઈએ.”૮૮

વૈશંપાયન કહે છેઃ–આવાં વિદુરનાં વચન-
ને સાંભળીને પણુ રાજાઓએ કંઇજ ઉત્તર આ-
પ્યો નહિ; તે વખતે કર્ણે દુઃશાસનને કહ્યું કેઃ–
‘આ દાસી દ્રૌપદીને આપણે ઘેર લઇ જા.’૮૯ એ
સાંભળીને ધ્રૂજતાં, લજ્જિત થયેલાં તથા પાંડ-
વોનાં નામ લઇને વિલાપ કરતાં એવાં તપસ્વિની
દ્રૌપદીને દુઃશાસન સભા વચ્ચે ખેંચવા લાગ્યો.૯૦

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
દ્યૂતપર્વવિષે દ્રૌપદ્યાકર્ષણ નામનો
અધ્યાય ૬૮ મો સમાપ્ત.

અધ્યાય ૬૯ મો ભીષ્મનાં વાકયો

॥ द्रौपद्युवाच ॥
पुरस्तात् करणीयं मे न कृतं कार्यमुत्तमम् ॥
विह्वलास्मि कृताऽनेन कर्षता बालिना बलात् ॥

દ્રૌપદી બોલ્યાં:–"આ બલવાન દુઃશાસને બલપૂર્વક ખેંચી ખેંચીને મને વિહ્વલ કરી મૂકી છે, એટલે મારે પ્રથમ કરવા યોગ્ય જે ઉત્તમ કાર્ય હતું તે હું હજીસુધી કરી શકી નથી.[૧] હવે આ કૌરવોની સભામાં બેઠેલા સર્વે કુરુઓને હું અભિવાદન કરૂં છું. મેં જે પ્રથમ અભિવાદન કર્યું નહિ, એ મારો અપરાધ ગણાય નહિ."

વૈશંપાયન કહે છે:–તેવાં દુઃખને માટે અયોગ્ય એવાં તપસ્વિની દ્રૌપદી, દુઃશાસનના ખેંચવાથી તથા દુઃખથી સભામાં જમીનપર તૂટી પડયાં અને નીચે પ્રમાણે વિલાપ કરવા લાગ્યાં.[૩]

દ્રૌપદી બોલ્યાં:–"જે મને રંગમંડપમાં એકઠા મળેલા રાજાઓએ પૂર્વે સ્વયંવરમાં જોઇ હતી, તે વિના બીજે કયાંય જોઇ નથી, તે હું આજે આ સભાવચ્ચે આવી પડી છું.[૪] જે મને ઘરમાં પૂર્વે વાયુ તથા સૂર્ય પણ જોઇ શકયા નથી, તે હું આજે એક સામાન્ય મનુષ્યની સ્ત્રીની પેઠે સભામાં મનુષ્યોના સમાજમાં દેખા દઉં છું.![૫] જે મને પૂર્વે ઘરમાં વાયુ સ્પર્શ કરતો, તો તેને પણ પાંડવો સહન કરી શકતા નહિ, તે મને આજે આ દુરાત્માનો સ્પર્શ થાય છે તોપણ પાંડવો સાંખી રહે છે![૬] વળી પુત્રની વહુ અને પુત્રી જેવી હું કલેશને માટે અયોગ્ય છું, છતાં કલેશ ભોગવું છું અને તે આ કુરુઓ સહન કરે છે; આ ઉપરથી હું માનું છું કે, હવે કાલ ફરી ગયો છે.[૭] આજે હું પતિવ્રતા તથા શુભ ગુણવાળી સ્ત્રી સભાની વચ્ચે આવી છું, એનાથી બીજું નીચ કર્મ શું હોય? રાજાઓનો ધર્મ કયાં જતો રહ્યો?[૮] અમે સાંભળ્યું છે કે, પૂર્વે ધર્મપરાયણ સ્ત્રીને સભામાં લઈ જવામાં આવતી ન હતી; પરંતુ તે પ્રાચીન સનાતન ધર્મ આજે કૌરવોમાંથી નાશ પામ્યો છે;[૯] નહિ તો પાંડવોની પત્ની, ધૃષ્ટદ્યુમ્નની બહેન અને શ્રીકૃષ્ણની સખી એવી હું રાજાઓની સભામાં કેમ આવી શકું?[૧૦] હે કૌરવો! તમે આ સમાન વર્ણમાં ઉત્પન્ન થયેલી એવી ધર્મરાજાની ભાર્યાને કહો કે, હું દાસી છું કે દાસી નથી? તમે કહેશો તેમ હું વર્તીશ.[૧૧] હે કૌરવો! આ કૌરવોના યશને હરણ કરનારો ક્ષુદ્ર દુઃશાસન મને બહુ પીડા કરે છે. હવે લાંબો સમય એ પીડા હું સહન કરી શકીશ નહિ.[૧૨] ઓ રાજાઓ! તમે મને હારેલી અથવા ન હારેલી જે પ્રમાણે માનતા હો તે પ્રમાણે કહો. હું તમારા ઉત્તરની ઇચ્છા રાખું છું અને હે કૌરવો! પછી તમે જેમ કહેશો તેમ હું કરીશ."[૧૩]

ભીષ્મ બોલ્યા:–"હે કલ્યાણિ! ધર્મની ગતિ પરમ સૂક્ષ્મ છે, એમ મેં પહેલેથીજ કહ્યું છે. જગતમાં વિશેષ જ્ઞાનવાળા મહાત્માઓ પણ તે ધર્મની સૂક્ષ્મતાને જાણી શકતા નથી.[૧૪] આ લોકમાં અધર્મના સમયમાં બલવાન પુરુષ જે પ્રમાણે ધર્મ કહે, તેજ ધર્મ છે અને દુર્બલનો કહેલો ખરો ધર્મ પણ ધર્મ ગણાતો નથી;[૧૫] માટે તમારા એ પ્રશ્નનું હું નિશ્ચયપૂર્વક*વિવેચન કરી શકતો નથી; કારણકે આ કાર્ય સૂક્ષ્મ છે, ગંભીર છે અને ઘણું ભારે છે.[૧૬] ખરેખર,

* જો હું દ્રૌપદીને 'તું જીતાયલી નથી' એમ કહું તો વગરઅપરાધે પીડાયલી એ તત્કાલ ક્રોધ કરીને કૌરવોને નાશ પમાડે અને તેમ હોવાથી દ્રૌપદીનાં અપમાનનો દોષ મોટો કે કુરુઓના નાશનો દોષ મોટો, એવા સંશયમાં ધર્મનું તત્ત્વ સૂક્ષ્મ છે, માટે તેનું વિવેચન થઇ શકે તેવું નથી. વળી દેવોનું કાર્ય કરવા માટે જેટલાઓનો વધ કરવાનો છે તે બધા અહીં ન હોવાથી માત્ર કૌરવોનો નાશ કરવાથીજ દેવકાર્ય થઇ શકશે નહિ. આ ગૂઢ આશય છે. તેમજ પાંડવો હમણાં શસ્ત્રવિનાના છે અને પારકાના દાસ છે, માટે પાંડવોના અત્યારના સ્વામી કૌરવોને મારવા એ દ્રૌપદીને પણ દોષકારક થાય, કારણ કે પોતાના સ્વામીના સ્વામીને મારવા એ ઘણું અકાર્ય ગણાય. વિવેચન કરીને કહેવામાં આ ત્રણ કારણ હોઈ શકે.

આ કુલનો થોડાજ સમયમાં અંત આવી જશે; કારણકે તેમ થવાને યોગ્યજ હોય તેમ આ સઘળા કૌરવો લોભ અને મોહને વશ થઇ ગયા છે.[૧૭] હે કલ્યાણિ! જેઓની તું વહુ છે, તે અમારા કુલમાં ઉત્પન્ન થયેલા પાંડવો અનેક દુઃખથી અત્યંત દુઃખી થતાં પણ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થતા નથી.[૧૮] હે પાંચાલિ! જે તું આવું કષ્ટ પામતાં પણ ધર્મ તરફ દૃષ્ટિ રાખે છે, એ તારૂં વર્તન તારે માટે યોગ્યજ છે.[૧૯] જો, આ ધર્મવેત્તા એવા દ્રોણ વગેરે વૃદ્ધ પુરુષો તો પ્રાણવિનાના હોય તેમ ચોતરફથી નમી જઇને શૂન્ય શરીરથી બેઠેલા છે;[૨૦] માટે આ પ્રશ્નના સંબંધમાં યુધિષ્ઠિરને પ્રમાણરૂપ ગણવા, એમ હું માનું છું; તેથી તમે જીતાયાં છો કે નથી જીતાયાં, તે યુધિષ્ઠિર પોતેજ કહેવાને યોગ્ય છે."[૨૧]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
દ્યૂતપર્વવિષે ભીષ્મવાક્ય નામનો
અધ્યાય ૬૯ મો સમાપ્ત.

અધ્યાય ૭૦ મો–ભીમસેનનાં વચન

॥ वैशंपायन उवाच ॥

तथा तु दृष्ट्वा बहु तत्र देवीं रोरूयमाणां कुररीमिवार्ताम् ॥ नोचुर्वचः साध्वथवाप्यसाधु महीक्षिता धार्तराष्ट्रस्य भीताः ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ–તે પ્રમાણે દુઃખિત થઇને કુરરી પક્ષિણીની પેઠે સભામાં દેવી દ્રૌપદીને પુષ્કળ રુદન કરતાં જોઇને પણ દુર્યોધનથી ભય પામેલા રાજાઓ સારૂં અથવા નરસું કંઈ પણ વચન બોલ્યા નહિ.[૧] આ પ્રમાણે રાજાઓના પુત્રો તથા પૌત્રોને મૌન રહેલા જોઇને ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન મંદ હાસ્ય કરતો હોય તેમ પાંચાલરાજની પુત્રી દ્રૌપદીને તે વખતે નીચે પ્રમાણે વચન કહેવા લાગ્યો.[૨]

દુર્યોધન બોલ્યોઃ–"હે યજ્ઞસેન રાજાની પુત્રિ! આ તારો પ્રશ્ન ઉદાર બલવાળા ભીમ, અર્જુન, સહદેવ તથા તારા પતિ નકુલના ઉપરજ રહો. એઓ તારાં વચનનો ઉત્તર આપશે.[૩] આ આર્ય પુરુષોની વચ્ચે હે પાંચાલિ! એઓ યુધિષ્ઠિરની દ્રૌપદીને દાવમાં મૂકવાની સત્તા નહિ હતી એવું તારે માટે કહે તથા એ બધા ધર્મરાજાને મિથ્યાવાદી ઠરાવે, એટલે હે પંચાલરાજની પુત્રિ! તું દાસીપણાથી મુક્ત થઈશ;[૪] અથવા તો ધર્મપરાયણ અને ઇંદ્રના જેવા, મહાત્મા આ ધર્મના પુત્ર યુધિષ્ઠિર પોતે એ સંબંધમાં કહે કે, એ પોતે તને મૂકવા માટે સત્તાવાળા હતા કે નહિ? એના વચન પ્રમાણે પછી તું દાસીપણું અથવા અદાસીપણું, એ બેમાંથી એક વાત સ્વીકારી લે;[૫] કારણ કે સભામાં બેઠેલા આ સર્વે કૌરવો તારાજ દુઃખમાં ડૂબી ગયેલા છે અને તારા અલ્પ ભાગ્યવાળા પતિઓને જોઈને એ આર્દ્ર હૃદયવાળા રાજાઓ યથાર્થ રીતે કંઇ પણ બોલતા નથી."[૬]

વૈશંપાયન કહે છેઃ–કુરુરાજ દુર્યોધનનાં આવાં વચન સાંભળીને સર્વે સભાસદો ઉંચા સ્વરથી તેની પ્રશંસા કરવા લાગ્યા; અને હર્ષનાદ કરીને પોતાના હાથમાં રહેલાં વસ્ત્રોને ઉડાડવા લાગ્યા. ત્યારે કૌરવપક્ષપાતીઓ કેટલાક હાય હાયના આર્ત્તનાદ પણ કરવા લાગ્યા.[૭] દુર્યોધનનાં તેવાં મનોહર વાક્યને સાંભળીને સભામાં બેઠેલા કૌરવોને હર્ષ ઉત્પન્ન થયો અને સર્વે રાજાઓ ધાર્મિક એવા કુરુશ્રેષ્ઠનાં વખાણ કરતા પ્રસન્ન થયા;[૮] તથા ધર્મવેત્તા એવા યુધિષ્ઠિર હવે શું કહેશે, તે જાણવા માટે તે રાજાઓ પોતાનું મુખ યુધિષ્ઠિરના તરફ રાખીને તેમને જોઈ રહ્યા.[૯] વળી તેઓ યુદ્ધમાં અજિત એવા પાંડુપુત્ર અર્જુન, ભીમસેન, નકુલ તથા સહદેવ શું કહેશે, તે જાણવા માટે બહુ ઉત્કંઠિત થઇ ગયા.[૧૦] પછી સભામાં થયેલો કોલાહલ શાંત પડયો, ત્યારે પોતાના ચંદનચર્ચિત સુંદર દિવ્ય હાથને ઉંચો કરીને ભીમસેન આ પ્રમાણે કહેવા લાગ્યો.[૧૧]

ભીમસેન બોલ્યોઃ–"જો આ ઉદાર મનવાળા અમારા વડીલ બંધુ ધર્મરાજા, અમારા કુલના સ્વામી ન હોત તો અમે આ અપરાધો સહન કરત નહિ;[12] પરંતુ એ ધર્મરાજા અમારા પુણ્યના, તપના તથા પ્રાણુના પણ સ્વામી છે. એમણે પોતાને અજિત માનીને જો દ્રૌપદીને દાવમાં મૂકી હોય તો તે દ્રૌપદીને જીતાયલી મનાય અને તેવી દ્રૌપદીને અમે ન જીતાયલી કહીએ, એટલે એકવાર જીતાયલા અમે ફરીથી જૂઠું બોલવાથી વધારે જીતાયલા ગણાઇએ, અર્થાત્ યુધિષ્ઠિર પોતે પોતાને હારેલા માનતા હતા અને તે પછી તેમણે દ્રૌપદીને પણમાં મૂકી હતી, એટલે દ્રૌપદી દાસી ગણાય નહિ. [13] પગવડે ભૂમિનો સ્પર્શ કરનારો મરણધર્મવાળો મનુષ્ય આ પાંચાલીના કેશનો સ્પર્શ કરીને મારા હાથથી જીવતો જઇ શકે નહિ. [14] આ મારા બન્ને બાહુ કેવા પરિઘના જેવા લાંબા તથા ગોળ છે, તેને તમે જુઓ. એ બાહુઓની વચ્ચે આવેલો સાક્ષાત્ ઇંદ્ર પણ છૂટી શકે નહિ; [15] પરંતુ શું કરૂં! હું ધર્મપાશથી આ રીતે બંધાયલો છું, વડીલભાવના ગૌરવથી રૂંધાયલો છું તથા અર્જુનથી રોકાયલો છું, એટલે ભયંકર કર્મ કરી શકતો નથી; [16] પરંતુ જો મને ધર્મરાજા રજા આપે તો જેમ સિંહ, ક્ષુદ્ર મૃગોને મારી નાખે તેમ હું આ ધૃતરાષ્ટ્રના પાપી પુત્રોને તમાચારૂપી તરવારથી કાપી નાખું." [17]

વૈશંપાયન કહે છેઃ–આ રીતે બોલતા ભીમસેનને તે વખતે ભીષ્મ, દ્રોણ તથા વિદુર કહેવા લાગ્યા કેઃ– "તું ક્ષમા રાખ. તું કહે છે તે તેમજ છે, તારામાં બધું ઘટી શકે છે." [18]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
દ્યૂતપર્વવિષે ભીષ્મવાકય નામનો
અધ્યાય ૭૦ મો સમાપ્ત.

અધ્યાય ૭૧ મો-દ્રૌપદીને વરદાન

॥ कर्ण उवाच ॥

त्रयः किलेमे ह्यधना भवन्ति दासःपुत्रश्चास्वतंत्रा च नारी ॥ दासस्य पत्नी त्वधनस्य भद्रे हीनेश्वरा दासधनं च सर्वम् ॥ १ ॥

કર્ણ બોલ્યોઃ–"દાસ, પુત્ર અને પરતંત્ર સ્ત્રી, આ ત્રણે નિર્ધન ગણાય છે; માટે નિર્ધન દાસની સ્ત્રી પતિસત્તાવિનાની છે; અને દાસનું સર્વ ધન પણ સ્વામિસત્તાવિનાનું છે; માટે તે બન્નેને દાસનો જે કલ્યાણ ફલનો ભોક્તા સ્વામી હોય તેને સ્વાધીન કરવાં. [1] હે રાજપુત્રિ! તેથી તું રાજાના અંતઃપુરમાં જઈને તેની રાણીઓની સેવા કર, અહીં તે શ્રેષ્ઠ કામ તને સોંપવામાં આવે છે. હવેથી ધૃતરાષ્ટ્રના પુત્રો તારા સ્વામી ગણાશે, પણ પાંડવો સ્વામી ગણાશે નહિ; અથવા તું પતિના પરાજયથી પોતાનો પરાજય ન માનતી હો તો હે ભાવિનિ! જે પતિની દ્યૂતક્રીડાથી તને દાસીપણું પ્રાપ્ત થાય નહિ, તેવો બીજો પતિ તું શીઘ્ર કરી લે; અથવા સ્ત્રીને દાસીપણામાં પતિના સંબંધમાં ઇચ્છામાં આવે તેમ વર્તવું એ હમેશને માટે પ્રસિદ્ધ છે, માટે તેમ કર.[2,3] હે યજ્ઞસેનની પુત્રિ! યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવ, એ બધા હારીને અમારા દાસ થયા છે અને તું પણ હારીને અમારી દાસી થઇ છે; એટલે પરાજય પામેલા પાંડવો હવે તારા પતિઓ નથી. [4] પાંચાલરાજ દ્રુપદની આ પુત્રી દ્રૌપદીને સભાની વચ્ચે દાવમાં મૂકીને રમનાર પૃથાનો પુત્ર યુધિષ્ઠિર આવાં કામથી પોતાના જન્મનું સાફલ્ય, પરાક્રમ તથા પુરુષાર્થ કેમ ન માને ? માનેજ."[5]

વૈશંપાયન કહે છેઃ–કર્ણનાં આવાં વચન સાંભળીને મહાક્રોધથી ભીમસેન દીન જેવો જણાઈ અત્યંત નિસાસા મૂકવા લાગ્યો; અને રાજાની આજ્ઞાને અનુસરતો તથા ધર્મપાશથી બંધાયલો એવો તે કર્ણને બાળી મૂકતો હોય તેમ ક્રોધથી લાલચોળ આંખો કરીને યુધિષ્ઠિર-

પ્રત્યે બોલ્યો. [૬]

ભીમ કહે છે:–“ હે રાજન્! હું સૂતપુત્ર કર્ણના ઉપર ક્રોધ કરતો નથી; કારણ કે પોતાના પાલનપોષણ કરનારા ધણીની વડાઇ ગાવી એ દાસોનો ધર્મજ ગણાય છે; પરંતુ હે નરેંદ્ર! જો તમે આ દ્રૌપદીને દાવમાં મૂકીને ન રમ્યા હોત તો શત્રુઓ અને આવાં વચનો શું કહી શકત?” [૭]

વૈશંપાયન કહે છે:–ભીમસેનનાં વચન સાંભળીને તે વખતે દુર્યોધન રાજા મૌન ધારણ કરીને અચેતનની પેઠે બેસી રહેલા યુધિષ્ઠિરને નીચે પ્રમાણે કહેવા લાગ્યો:–[૮] “હે નૃપ ! ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ, એ બધા તમારી આજ્ઞામાં રહેલા છે, માટે તમે જો દ્રૌપદીને અજિત માનતા હો તો દ્રૌપદીના પ્રશ્નનો ઉત્તર આપો.” [૯] આ પ્રમાણે યુધિષ્ઠિરને કહીને ઐશ્વર્યના મદથી મોહિત થયેલા દુર્યોધને દ્રૌપદીનો પરિહાસ કરતો હોય તેમ તેના તરફ જોઈ તથા કર્ણને ઉશ્કેરીને ભીમનો પરાભવ કરતો હોય તેમ તેણે કેળના થાંભલા જેવી, સર્વ લક્ષયયુક્ત, હાથીની સુંઢના જેવી જણાતી અને વજ્રના જેવી દૃઢ પોતાની ડાબી જંઘા, દ્રૌપદીના જોતાં પોતાનું વસ્ત્ર ઉંચું કરીને તેને દેખાડી. [૧૦,૧૨] તે જોઇને ભીમસેન પોતાની લાલ થયેલી આંખો ફાડીને આખી સભાને સંભળાવતો હોય તેમ ઘાંટો કાઢીને રાજાઓની વચ્ચે દુર્યોધનને કહેવા લાગ્યો કે:–[૧૩] “ઓ દુર્યોધન! મહાયુદ્ધમાં એ તારી જંઘાને ગદાથી જો ન ભાગી નાખું તો હું ભીમસેન પોતાના પિતૃઓની સાથે પિતૃલોકને પ્રાપ્ત થઈશ નહિ.” [૧૪] આ વખતે ક્રોધાક્રાંત થયેલા ભીમસેનનાં સર્વ રુવાંટાંનાં છિદ્રોમાંથી, બળતા વૃક્ષની બખોલોમાંથી જેમ અગ્નિ નીકળે તેમ, અગ્નિની જ્વાલાઓ નીકળવા લાગી હતી. [૧૫]

વિદુર બોલ્યાં:–“ ઓ પ્રતીપ વંશના રાજાઓ! તમે ભીમસેનથી મહાન ભય આવી લાગશે એમ જુઓ; અને જાણો કે, જરૂર દૈવથીજ પ્રેરાયલો આ આપણી આગળ ભરતવંશીઓમાં મોટો અન્યાય ઉત્પન્ન થયેલો છે. [૧૬] ઓ ધૃતરાષ્ટ્રના પુત્રો ! આ તમે દ્યૂતની મર્યાદા ઓળંગીને દ્યૂત રમ્યા છો; જેથી સભામાં સ્રીને દાવમાં મૂકીને, તેને માટે વિવાદ કરો છો. તમારાં યોગક્ષેમ સંપૂર્ણ રીતે નાશ પામે છે. ખરે, કૌરવો પાપી વિચારોમાં પ્રવૃત્ત થયેલા છે; [૧૭] માટે હે કુરુવંશીઓ ! તમે આ ધર્મને તત્કાલ ઓળખો; કારણ કે ધર્મનો નાશ થવાથી આખી સભાને દોષ લાગે છે. જો યુધિષ્ઠિરે પોતાના હારતાં પહેલાં દ્રૌપદીને પણમાં મૂકી હોત તો તે વખતે તે દ્રૌપદીને મૂકવાને સત્તાધારી ગણાત; [૧૮] પરંતુ આ તો સ્વપ્નમાં જીતેલું ધન જેમ નિરર્થક ગણાય, તેમ જેની સત્તા નથી તેવાએ પણમાં મૂકેલું ધન પણ નિરર્થકજ ગણાય, એમ હું માનું છું; માટે હે કૌરવો ! તમે ગાંધારરાજ શકુનિનું વચન સાંભળીને આ શુદ્ધ ધર્મથી દૂર ન થાઓ.” [૧૯]

દુર્યોધન બોલ્યો:–“ હું, ભીમસેન, અર્જુન, નકુલ તથા સહદેવનાં વચન ઉપર આધાર રાખું છું; માટે તેઓ યુધિષ્ઠિરની દ્રૌપદીને મૂકવાની સત્તા ન હતી એમ કહે એટલે હે યાજ્ઞસેનિ! તું દાસીપણાથી છૂટી થઈશ.” [૨૦]

અર્જુન કહે છે:–“ કુંતીના પુત્ર મહાત્મા ધર્મરાજા દ્યૂતમાં અમને મૂકવા માટે પ્રથમ તો સ્વામી હતા; પરંતુ એ પોતાનું શરીર હારી ગયા પછી કોના સ્વામી ગણાય ? આ વાત સઘળા કુરુઓ લક્ષમાં લ્યો.” [૨૧]

વૈશંપાયન કહે છે:–હે જનમેજય રાજા ! આ વખતે ધૃતરાષ્ટ્ર રાજાના ઘરમાં આવેલી અગ્નિહોત્રશાલાની પાસે ઉચ્ચ સ્વરથી શિયાળ બોલવા લાગ્યું; તેની સામે ગધેડાંઓએ ભૂંકવા માંડયું તથા ચોમેર ભયંકર પક્ષીઓ પણ બોલવા લાગ્યાં. [૨૨] તે ભયંકર શબ્દને તત્ત્વવેત્તા વિદુરે, સુબલનાં પુત્રી ગાંધારીએ, ભીષ્મે, દ્રોણે તથા વિદ્વાન કૃપાચાર્યે સાંભળ્યો અને તેઓ ‘ કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ ’ એમ મોઢેથી કહેવા લાગ્યા. [૨૩] તે પછી વિદ્વાન વિદુરે તથા ગાંધારીએ તેવા ભયંકર ઉત્પાતને જોઇને દુઃખીની પેઠે ધૃતરાષ્ટ્ર રાજાને તે વાત નિવેદન કરી, એટલે રાજા નીચે પ્રમાણે વાકય કહેવા લાગ્યા. [૨૪]

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ–" ઓ મંદ બુદ્ધિવાળા દુર્યોધન! તારૂં મોત આવ્યું છે! જેથી હે અવિનયવાળા! તું કુરુકુલના મુખ્ય પુરુષોની સભામાં સ્ત્રીની સાથે અને તેમાં પણ પાંડવોની ધર્મપત્ની દ્રૌપદીની સાથે વિવાદ કરે છે. "[૨૫] આ પ્રમાણે દુર્યોધનને કહીને પછી બુદ્ધિમાન્ તથા સગાંસંબંધીઓને વિનાશમાંથી બચાવીને તેઓનું હિત કરવાની ઇચ્છાવાળા તત્ત્વવેત્તા ધૃતરાષ્ટ્ર રાજા, પોતાની બુદ્ધિથી એ સંબંધમાં વિચાર કરીને દ્રૌપદીને શાંત પાડી તેને કહેવા લાગ્યા.[૨૬]

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ–" હે પાંચાલિ! તમે ઇચ્છામાં આવે તેવો વર મારી પાસે માગો; કારણ કે ધર્મપરાયણા તથા પતિવ્રતા એવાં તમે મારી પુત્રવધૂઓમાં શ્રેષ્ઠ છો. "[૨૭]

દ્રૌપદી બોલ્યાંઃ–" હે ભરતશ્રેષ્ઠ! જો તમે મને વર આપતા હો તો હું માગું છું કે, સર્વ ધર્મોને અનુસરનારા એવા શ્રીમાન યુધિષ્ઠિર દાસપણાથી મુક્ત થાઓ.[૨૮] વળી મારા મનસ્વી પુત્ર પ્રતિવિંધ્યને 'આ દાસપુત્ર છે' એવું કોઈ કુમારોએ અજાણપણામાં પણ કહેવું નહિ; કારણ કે તે પ્રથમથી રાજપુત્ર હોઇને બીજો કોઈ પુરુષ ન ભોગવે તેવા વૈભવની સાથે રાજાઓથી લાડ પામીને ઉછરેલો છે તેથી તેને દાસપુત્રપણું ઘટે નહિ. "[૨૯-૩૦]

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ–" હે કલ્યાણિ! તમે જેમ કહો છો તેમ તે થાઓ. હે ભદ્રે! હું તને વળી બીજો વર આપું છું, માટે તે તું માગી લે; કારણ કે તું એકજ વરદાનને યોગ્ય નથી એમ મારૂં મન કહે છે. "[૩૧]

દ્રૌપદી બોલ્યાંઃ–" હે રાજન્! ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવ, રથ, ધનુષ તથા બાણોની સાથે દાસત્વથી રહિત તથા સ્વતંત્ર થાઓ, એ હું માગું છું." [૩૨]

ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ–"હે મહાભાગ્યશાલિનિ! તું ઇચ્છે છે તેમ તેઓ અદાસ અને સ્વતંત્ર થાઓ. હે આનંદિનિ! તારો બે વરદાનથી સારો સત્કાર થયો નથી, માટે તું ત્રીજો વર અમારી પાસે માગ; કારણ કે ધર્મચારિણી એવી તું અમારી સર્વે વહુઓમાં શ્રેષ્ઠ છે. " [૩૩]

દ્રૌપદી બોલ્યાંઃ–" હે ભગવન્! લોભ એ ધર્મનો નાશ કરનારો છે; માટે તેવો લોભ કરવા હું ઇચ્છતી નથી. હે રાજેંદ્ર! હવે ત્રીજો વર મેળવવા માટે હું અયોગ્ય છું;[૩૪] કારણ કે વૈશ્યને એક વર માગવાનો, ક્ષત્રિય સ્ત્રીને બે વર માગવાનો, રાજાને ત્રણ વર માગવાનો અને હે રાજેંદ્ર! બ્રાહ્મણને સો વર માગવાનો અધિકાર છે. [૩૫] હે રાજન્! દાસભાવને પામેલા આ મારા પતિઓ હવે દાસપણાથી મુક્ત થયા છે, એટલે એઓ પોતાનાં પુણ્યકર્મથી કલ્યાણોને પ્રાપ્ત કરશે.[૩૬]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
દ્યૂતપર્વવિષે દ્રૌપદીવરલાભ નામનો
અધ્યાય ૭૧ મો સમાપ્ત.

અધ્યાય ૭૨ મો–ભીમસેનનો ક્રોધ

॥ कर्ण उवाच ॥

या नः श्रुता मनुष्येषु स्त्रियो रूपेण संमताः ॥
तासामेतादृशं कर्म न कस्याश्चन शुश्रुम ॥१॥

કર્ણ બોલ્યોઃ–" મનુષ્યોમાં જે સ્વરૂપસંપન્ન સ્ત્રીઓ આપણે સાંભળી છે, તેઓમાંની કોઈ પણ સ્ત્રીનું કામ આ દ્રૌપદીના જેવું આપણે સાંભળ્યું નથી.[૧] જ્યારે પાંડવો અને ધૃતરાષ્ટ્રના પુત્રો અત્યંત ક્રોધે ભરાયા હતા, તે વખતે દ્રુપદ રાજાની પુત્રી કૃષ્ણા અહીં પાંડુપુત્રોને શાંતિ આપનારી થઈ પડી.[૨] નૌકારૂપી તરવાના સાધનવિનાના અને અગાધ એવા વિપત્તિસમુદ્રમાં ગોથાં ખાતા અને ડૂબતા એવા પાંડવોને નૌકાની પેઠે પાર પહોંચાડનારી આ પાંચાલી થઈ પડી છે! "[૩]

વૈશંપાયન કહે છેઃ–પાંડુના પુત્રોને સ્ત્રીએ બચાવ્યા, આવાં કર્ણનાં વચન સાંભળીને મહાક્રોધી ભીમસેન કુરુઓની વચ્ચે અત્યંત દુર્મન થઇને અર્જુનનાપ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યો.[૪]

ભીમ બોલ્યોઃ–"દેવલ મુનિ કહે છે કે, પુરુષમાં પુત્ર, કર્મ અને વિદ્યા, આ ત્રણ જ્યોતિ રહેલાં છે, જે ત્રણથી આ પ્રજા સુજાયલી છે. જ્યારે અપવિત્ર, પ્રાણવિનાના દેહને જ્ઞાતિવાળા શૂન્ય સ્થાનમાં ત્યજી દે છે, ત્યારે પુરુષને ઉપર કહેલાં ત્રણ જ્યોતિઓજ ઉપયોગી થાય છે.[૫,૬] તે પરલોકમાં હિતકારક એવું પુત્રાદિ તેજ તો આપણી સ્ત્રીના સ્પર્શથી કૌરવોનું સર્વ રીતે જતું રહ્યું, એ આપણે જાણી શકયા છીએ; ત્યારે હે ધનંજય! પારકાઓના સંબંધમાં આવેલી સ્ત્રીથી ઉત્પન્ન થયેલો પુત્ર તો કેવોકજ નીકળે? નીચ કર્મવાળોજ થાય. (અર્થાત્ સૂતનાં બીજથી વીર પુત્રની ઉત્પત્તિ અસંભવિત છે, માટે કર્ણ પણ કંસની પેઠે અસુરના બીજથી ઉત્પન્ન થયેલો છે અને તેથીજ તે ક્રૂર કર્મ કરનારો નિવડયો છે, એ ભાવ છે.)"[૭]

અર્જુન બોલ્યોઃ–"હે ભરતકુલોત્પન્ન! નીચ મનુષ્યો કઠોર વાણી બોલે કે ન બોલે, તોપણ ઉત્તમ પુરુષો સદા તેને પ્રત્યુત્તર આપતા નથી.[૮] વળી પોતે કરેલાં કાર્યોનો બદલો વાળી જાણતા હોય તોપણ જે પ્રતિષ્ઠિત સત્પુરુષો છે, તે સામાનાં સુકૃત્યોનેજ સંભારે છે; પરંતુ તેઓનાં કરેલાં વૈરોને સ્મરણમાં લાવતા નથી."[૯]

ભીમ કહે છેઃ–"હે ભરતવંશી રાજેંદ્ર! હું એકઠા મળેલા આ સર્વે શત્રુઓને ઝડપથી અહીંજ મારી નાખું? કે આ સભામાંથી નીકળ્યા પછી એઓનો ભંડાર, દેશ તથા કિલ્લાઓની સાથે નાશ કરૂં?[૧૦] હે ભારત! અથવા આપણે વિવાદ કરવાનું અને બોલવાનું શું પ્રયોજન છે? હું આજેજ એઓને અહીં મારી નાખું છું, પછી તમે આ પૃથ્વીનું રાજ્ય કરો."[૧૧] આ પ્રમાણે બોલીને પોતાના નાના ભાઇઓની સાથે ભીમસેન હરણાંમાં બેઠેલા સિંહની પેઠે કૌરવોના તરફ વારંવાર જોવા લાગ્યો.[૧૨] આ વખતે શુદ્ધ કર્મવાળા અર્જુને તેના તરફ જોઇને તેનું સાંત્વન કરવા માંડયું; પરંતુ મહાબાહુ વીર્યવાન ભીમસેન અંતર્દાહથી અધિક અધિક ખિન્નજ થતો ગયો.[૧૩] હે નરાધિપ! આ વખતે ક્રોધ પામેલા ભીમસેનનાં કાન, આંખ વગેરે છિદ્રોમાંથી ધૂમ, તણખા અને જ્વાલાવાળો અગ્નિ નીકળવા લાગ્યો.[૧૪] વળી પ્રલયકાલ આવતાં મૂર્તિમાન કાલનું મુખ જેમ દુષ્પ્રેક્ષ્ય થઇ પડે, તેમજ ચઢેલી ભ્રૂકુટીવાળું ભીમસેનનું મુખ પણ સામું ન જોવાય તેવું થઇ પડયું હતું.[૧૫] હે ભરતવંશી રાજા! તે વખતે બાહુબલવડે શોભનારા એવા ભીમને યુધિષ્ઠિરે બાહુવડે અટકાવ્યો અને કહ્યું કેઃ–"એમ કરીશ નહિ. તું શાંત થઇને બેસ."[૧૬] આ રીતે ક્રોધવડે લાલચોળ આંખવાળા મહાન બાહુવાળા ભીમસેનને બાળ્યા પછી યુધિષ્ઠિર હાથ જોડીને પોતાના કાકા ધૃતરાષ્ટ્રની પાસે જઇને ઉભા રહ્યા.[૧૭]

ઇતિ શ્રી મહાભારતમાં સભાપર્વાંતર્ગત દ્યૂતપર્વવિષે ભીમક્રોધ નામનો અધ્યાય ૭૨ મો સમાપ્ત.

અધ્યાય ૭૩ મો–પાંડવોનું ઈંદ્રપ્રસ્થ તરફ પ્રયાણ

॥ युधिष्ठिर उवाच ॥

राजन् किं करवामस्ते प्रशाध्यस्मांस्त्वमीश्वरः॥
नित्यं हि स्थातुमिच्छामस्तव भारत शासने॥१॥

યુધિષ્ઠિર બોલ્યાઃ–"હે ભારતરાજ! તમે અમારા પ્રભુ છો. અમને આજ્ઞા કરો. અમે તમારૂં શું કામ કરીએ? અમે હમેશાં તમારી આજ્ઞામાં રહેવા ઈચ્છીએ છીએ."[૧]

ધૃતરાષ્ટ્ર કહે છેઃ–"હે અજાતશત્રો! તમારૂં કલ્યાણ થાઓ, તમે બધા મારી આજ્ઞાથી ધનની સાથે નિર્વિંઘ્નતાથી ક્ષેમકુશલ ઈંદ્રપ્રસ્થ જાઓ

અને પોતાના રાજ્યનું પાલન કરો.[૨] મારી વૃદ્ધની શિખામણ તમારે ધ્યાનમાં રાખવી. હું જે કહું તે સઘળું પથ્ય અને પરમ કલ્યાણ કરનારૂં છે.[૩] હે તાત ! હે યુધિષ્ઠિર! ધર્મોની સૂક્ષ્મ ગતિને તમે જાણો છો. હે મહાબુદ્ધિશાળી ! તમે વિનયી છો અને વૃદ્ધોની સેવા કરનારા છો.[૪] હે ભારત ! જ્યાં બુદ્ધિ હોય છે ત્યાં શાંતિ હોય છે; માટે તમે શાંત થઇ જાઓ. કાષ્ઠ કોમલ છે, માટે તેના ઉપર કુહાડી પડે છે; પણ કાષ્ઠવિનાના બીજા પાષાણાદિ કઠિન પદાર્થોપર તે વાપરવામાં આવતી નથી.[૫] જેઓ વૈરને યાદ કરતા નથી, ગુણોને જુએ છે પણ અવગુણોને જોતા નથી અને કોઇની સાથે વિરોધ કરતા નથી, તેઓ ઉત્તમ પુરુષો છે એમ જાણવું.[૬] સત્પુરુષો સુકૃત્યોનેજ સંભારે છે; પણ સામાનાં કરેલાં વૈરોને યાદ રાખતા નથી અને પરોપકાર કરે છે; પરંતુ તેના પ્રત્યુપકારની આશા રાખતા નથી.[૭] હે યુધિષ્ઠિર ! કોઈ વિવાદ થતાં અધમ મનુષ્યો કડવાં વચન બોલે છે, મધ્યમ મનુષ્યો તેવાં કઠોર વચનોનો કઠોર ઉત્તર ન આપતાં સીધો ઉત્તર આપે છે અને ઉત્તમ પુરુષો કોઇ કઠોર તથા અહિતકારક વાણી કહે અથવા ન કહે તોપણ તે ધીર પુરુષો પ્રત્યુત્તર આપતા નથી.[૮,૯] સજ્જનો સામા મનુષ્યે વૈરો કર્યાં હોય તેને યાદ કરતા નથી, પણ તેનાં સારાં કામોને યાદ કરે છે અને પોતાના અનુભવથી પારકાનાં દુઃખને સમજીને કોઇને દુઃખ આપતા નથી.[૧૦] બીજાને જેનું દર્શન પ્રિય લાગે એવા સાધુ પુરુષો અર્થમર્યાદાને ભેદતા નથી. આર્ય એવા તમે પણ આ સત્સમાગમમાં તે પ્રમાણેજ વર્ત્યા છો. હે તાત! તમે ગુણગ્રહણની આકાંક્ષાથી, તમારી માતા ગાંધારીના તરફ જોઇને તથા તમારી આગળ રહેલા આ તમારા વૃદ્ધ કાકા ધૃતરાષ્ટ્રના તરફ જોઈને દુર્યોધનની કઠોરતાને મનમાં લાવશો નહિ. હે ભારત ! મેં આ દ્યૂતમાં જાણી જોઈને બેદરકારી રાખી હતી;[૧૧-૧૪] કારણ કે મને પુત્રોના મિત્રોને તથા પુત્રોનાં બલાબલને જાણવાની ઈચ્છા હતી. હે રાજન્ ! હવે હું માનું છું કે, કુરુવંશીઓ શોક કરવા જેવા નથી; કારણ કે જેઓને ઉપદેશ આપનારા તમે છો અને સર્વ શાસ્ત્રમાં કુશલ એવા બુદ્ધિમાન વિદુર જેઓના મંત્રી છે. તમારામાં ધર્મ રહેલો છે, અર્જુનમાં ધૈર્ય રહેલું છે, ભીમસેનમાં પરાક્રમ છે અને પુરુષોમાં મુખ્ય એવા નકુલ તથા સહદેવમાં શુદ્ધ ગુરુભક્તિ રહેલી છે. હે અજાતશત્રુ ! તમારૂં કલ્યાણ થાઓ. ભાઇઓની સાથે તમને સારો ભ્રાતૃભાવ રહો અને તમારૂં મન ધર્મમાં તત્પર રહો. હવે તમે ઇંદ્રપ્રસ્થ તરફ પ્રયાણ કરો."

વૈશંપાયન કહે છેઃ-હે ભરતશ્રેષ્ઠ ! ધૃતરાષ્ટ્રે આ પ્રમાણે કહ્યું, એટલે ધર્મરાજ યુધિષ્ઠિર 'આપના કહેવા પ્રમાણે વર્તીશું' એમ ધૃતરાષ્ટ્રને જણાવી પોતાના ભાઇઓની સાથે ત્યાંથી નીકળ્યા. પછી દ્રૌપદીની સાથે મેઘના જેવા રથોમાં બેસીને પાંડવો પ્રફુલ્લ મનથી નગરોમાં શ્રેષ્ઠએવા ઇંદ્રપ્રસ્થ તરફ પ્રયાણ કરી ગયા.[૧૫-૧૮]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
દ્યૂતપર્વવિષે ધૃતરાષ્ટ્રવરપ્રદાનપૂર્વક
ઇંદ્રપ્રસ્થપ્રતિ યુધિષ્ઠિરગમન નામનો
અધ્યાય ૭૩ મો સમાપ્ત.

દ્યૂતપર્વ સમાપ્ત.×

× नबाह्योनांतरः शत्रुर्बाधते भगवज्जनम्। क्रोधदुःशासनौ कृष्णामापद्यपि न तेरतुः ॥ ભગવજ્જનને બાહ્ય અથવા આંતરશત્રુ બાધ કરી શકતો નથી; જેમ દ્રૌપદીને આપત્તિમાં પણ આંતરશત્રુ ક્રોધ અથવા બાહ્યશત્રુ દુઃશાસન સ્વસ્થિતિથી ડગાવી શક્યા નહિ તેમ. गणेश

अनुद्यूत पर्व

અધ્યાય ૭૪ મો–યુધિષ્ઠિરને દ્યૂત રમવા પાછા બોલાવ્યા.

॥ जनमेजय उवाच ॥

अनुज्ञातांस्तान् विदित्वा सरत्नधनसंचयान् ॥
पांडवान् धार्तराष्ट्राणां कथमासीन्मनस्तदा ॥१॥

જનમેજય પૂછે છેઃ–પાંડવોને રત્ન તથા ધનના સમૂહોની સાથે જવા માટે ધૃતરાષ્ટ્રે આજ્ઞા આપી તે જાણીને ધૃતરાષ્ટ્રના પુત્રોના મનની તે વખતે કેવી સ્થિતિ થઈ ?[૧]

વૈશંપાયન કહે છેઃ–હે રાજન્ ! જ્યારે બુદ્ધિમાન ધૃતરાષ્ટ્રે પાંડવોને જવાની આજ્ઞા આપી છે, એમ દુઃશાસને જાણ્યું તે વખતે તે તત્કાલ પોતાના ભાઈની પાસે ગયો;[૨] અને હે ભરતકુલમાં શ્રેષ્ઠ રાજા ! તેણે મંત્રીઓની સાથે બેઠેલા દુર્યોધનની પાસે જઈને દુઃખાતુર થઈ આ પ્રમાણે કહ્યું.[૩]

દુઃશાસન બોલ્યોઃ–" હે મહારથો ! આપણે દુઃખ વેઠીને મેળવેલાં ધનને આ ડોસો નાશ પમાડે છે. એણે તે ધન પાછું શત્રુને સ્વાધીન કર્યું છે; એ તમને વિદિત થાઓ.[૪] આ સાંભળીને અભિમાની એવા દુર્યોધન, કર્ણ તથા સુબલનો પુત્ર શકુનિ, એ ત્રણે એકઠા મળીને પાંડવોનો પ્રતીકાર કરવા માટે વિચિત્રવીર્યના પુત્ર બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર રાજાની પાસે ઉતાવળથી ગયા અને દુર્યોધન આ પ્રમાણે નમ્ર વચન કહેવા લાગ્યો.[૫,૬]

દુર્યોધન બોલ્યોઃ–" હે રાજન્ ! ઈંદ્રની આગળ નીતિ કહેતાં વિદ્વાન એવા દેવના પુરોહિત બૃહસ્પતિએ જે કહ્યું છે તે તમે સાંભળ્યું નથી ?[૭] હે શત્રુને સંહારનારા રાજા ! બલવડે અથવા યુદ્ધવડે જે શત્રુઓ તમારૂં અહિત કરનારા છે, તેઓને યુદ્ધ પહેલાંજ સર્વ ઉપાયો કરીને મારી નાખવા જોઇએ. જો અમે પાંડવોનાં ધનવડે સર્વે રાજાઓનો સત્કાર કરીને તેઓને પાંડવોની સાથે લઢાવીશું તો તેમાં અમારૂં શું નાશ પામવાનું છે ?[૮,૯] પોતાનો નાશ કરવા માટે આવેલા ઝેરી ડાઢવાળા અને ક્રોધે ભરાયલા સર્પોને ગળામાં અથવા પીઠ ઉપર ચઢાવીને પછી તેઓનો કોણ ત્યાગ કરી શકે ?[૧૦] હે તાત ! ક્રોધ પામેલા પાંડવો રથમાં બેસીને તથા શસ્ત્રો ધારણ કરીને ક્રોધ પામેલા સર્પોની પેઠે તમારો સમૂલ સંહાર કરી નાખશે.[૧૧] અમે સાંભળ્યું છે કે, અર્જુન બે મોટા ભાથાઓ બાંધી સાવધાન થઇને જાય છે અને તે વારંવાર હાથમાં ગાંડીવ ધનુષ લે છે અને નિઃશ્વાસ નાખી તેના તરફ જુએ છે.[૧૨] વળી ભીમસેન મોટી ભારે ગદા ઉગામીને ઉતાવળથી પોતાનો રથ જોડી તેમાં બેસીને ઝડપથી નીકળી ગયો છે, એમ અમે સાંભળ્યું છે.[૧૩] નકુલ પોતાનું ખડ્ગ તથા અર્ધચંદ્રના જેવી ઢાલ લઇને નીકળી ગયો છે અને સહદેવ તથા રાજા પોતે પોતાની ચેષ્ટાથી સ્પષ્ટ અભિપ્રાય જણાવતા ગયા છે.[૧૪] તે પાંડવો પુષ્કળ શસ્ત્રો તથા બીજાં સાહિત્યોથી ભરેલા રથોમાં બેસીને રથના ઘોડાઓને મારતા સેના એકઠી કરવા માટે અહીંથી નીકળી ગયા છે.[૧૫] આપણે અનેક રીતે તેઓને ખીજવ્યા છે, એટલે તેઓ કદાપિ આપણને ક્ષમા આપશે નહિ; તેમ તેઓમાં દ્રૌપદીના મહાન કલેશને કોણ સાંખી રહે તેવો છે ?[૧૬] માટે હે પુરુષશ્રેષ્ઠ ! અમે પાંડવોની સાથે વનવાસની શરતથી પાછા દ્યૂત રમીએ અને આ રીતે અમે તેઓને વશ કરી શકીશું. તમારૂં કલ્યાણ થાઓ.[૧૭] દ્યૂત રમતાં હારવાથી કાં તો તેઓ મૃગચર્મ ધારણ કરીને બાર વર્ષ મહાન વનમાં જશે કે અમે હારીશું તો અમે તે રીતે વનમાં જઇશું;[૧૮] અને તેરમું વર્ષ પોતાના સમાન મનુષ્યો ઓળખે નહિ તેવી રીતે ગુપ્ત વાસ કરવો. તેમ કરતાં જો

ઉઘાડા પડી જવાય તો ફરી બાર વર્ષ વનમાં તેઓએ કે અમારે નિવાસ કરવો. આવા ઠરાવથી દ્યૂત રમાય અને પાંડવો પાસા નાખીને અમારી સાથે આ શરતથી ફરી દ્યૂત રમે.[૧૯,૨૦] હે ભરતશ્રેષ્ઠ રાજા ! અમારૂં આ અવશ્ય કર્તવ્ય કર્મ છે. આ શકુનિ પાસાને વશ કરવાની વિદ્યાની સાથે પાસા નાખવાની ચતુરાઈ જાણે છે, અર્થાત્ અમારોજ જય થશે.[૨૧] એટલે પાંડવોને વનમાં ગયા પછી તેર વર્ષમાં તો અમે મિત્રોનો સંગ્રહ કરીને તથા બલવાન વિશાળ સૈન્ય એકઠું કરીને અને તે પરાભવ ન પામે તેવા સૈન્યનો સત્કાર કરીને રાજ્યમાં અમારૂં મૂળ મજબૂત કરી દઇશું.[૨૨] જો તેઓ તેરમા વર્ષના વ્રતનો પાર પામીને અહીં પાછા આવશે તો અમે તેઓને જીતી શકીશું; માટે હે પરંતપ રાજા ! આ વાત તમને પસંદ પડો."[૨૩]

ધૃતરાષ્ટ્ર કહે છેઃ-" જો કે પાંડવો ઘણા દૂર નીકળી ગયા હોય તોપણ તેઓને અહીંજ તુરત પાછા બોલાવી લાવો અને પાંડવો આવીને ફરી એ પ્રકારનું દ્યૂત રમો. "[૨૪]

વૈશંપાયન કહે છેઃ-આ સાંભળીને દ્રોણગુરુ, સોમદત્ત, બાહ્‌લીક, કૃપાચાર્ય, વિદુર, અશ્વત્થામા, વીર્યવાન, યુયુત્સુ, ભૂરિશ્રવા, ભીષ્મ અને મહારથી વિકર્ણ, આ સર્વે બોલી ઉઠયા કેઃ-" હવે દ્યૂત રમશો નહિ અને સર્વત્ર શાંતિ થાઓ."[૨૫,૨૬] આ પ્રમાણે અર્થદૃષ્ટિવાળા સર્વે સંબંધીઓની ઈચ્છા ન હતી, છતાં તેઓથી વિરુદ્ધ જઈને પુત્રપ્રિય ધૃતરાષ્ટ્રે પાંડવોને દ્યૂત રમવા ફરી બોલાવ્યા.[૨૭]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અનુદ્યૂતપર્વવિષે યુધિષ્ઠિરપ્રત્યાનયન નામનો અધ્યાય ૭૪ મો સમાપ્ત.

અધ્યાય ૭૫ મો-ગાંધારીનાં વચનો

॥ वैशंपायन उवाच ॥
अथाब्रवीन्महाराज धृतराष्ट्रं जनेश्वरम् ॥
पुत्रहार्दाद्धर्मयुक्ता गांधारी शोककर्शिता ॥१॥

વૈશંપાયન કહે છેઃ-હે મહારાજ ! તે પછી પુત્રના મનનો અભિપ્રાય જાણીને શોકપીડિત થયેલાં ધર્મપરાયણા ગાંધારી, ધૃતરાષ્ટ્ર રાજાને કહેવા લાગ્યાં કેઃ-" જે વખતે દુર્યોધન જન્મ્યો હતો, તે વખતે મહામતિ વિદુરે કહ્યું હતું કે, 'આ કુલને કલંક લગાડનારો થશે, માટે એને પરલોકમાં પહોંચાડી દો તો ઠીક.'[૨] હે ભારત ! એણે ઉત્પન્ન થતાંજ શિયાળની પેઠે શબ્દ કરીને રોદન કર્યું છે, માટે હે કુરુ ! તમે જાણો કે આ છોકરો આ કુલનો ખરેખર અંત લાવનારો થશે. "[૩] હે ભારતરાજ ! તમે પોતાના દોષવડે વિપત્તિરૂપી મહાસાગરમાં ન ડૂબો અને સભ્યતાવિનાના મૂર્ખ પુત્રોની બુદ્ધિને ટેકો આપો નહિ.[૪] તમે કુલના ભયંકર ક્ષયમાં કારણભૂત થાઓ નહિ. અરે, બાંધેલી પાળને કોણ તોડી પાડે ? શાંત પડેલા અગ્નિને કોણ ધમીને પ્રજ્વલિત કરે ?[૫] હે ભરતશ્રેષ્ઠ ! તેમ શાંતિમાં રહેલા પાંડવોને કોણ કોપાવે ? હે અજમીઢવંશોત્પન્ન ! આપ આ સઘળું જાણો છો, તેમ છતાં હું આપને પુનઃ સ્મરણ કરાવું છું.[૬] દુર્બુદ્ધિવાળા મનુષ્યને શાસ્ત્ર કલ્યાણ અથવા અકલ્યાણનો બોધ કરી શકતું નથી; અને હે રાજન્ ! વૃદ્ધ પુરુષ પોતાના પ્રૌઢ વિચાર છોડીને કોઈ રીતે બાલબુદ્ધિનો થતો નથી;[૭] માટે હે રાજન્ ! તમારા પુત્રો તમારા દોરવેલા દોરવાવા જોઇએ. એઓ તમારી મર્યાદા ત્યજીને જીવિતત્યાગવડે તમને ત્યજી જાઓ નહિ. એટલા માટે મારાં વચનથી આ કુલને કલંક લગાડનારાનો તમે ત્યાગ કરો.[૮] હે મહારાજા ! તે વખતે વિદુરના કહેવા પ્રમાણે તમે પુત્ર ઉપરના સ્નેહથી કર્યું નહિ; તેનું જે ફલ પ્રાપ્ત થાય તે ફલ તમે કુલના અંતને માટે પ્રાપ્ત થયેલું જાણજો.[૯] તમારી બુદ્ધિ જે શાંતિ,

ધર્મ અને નીતિપરાયણા છો, તે તેવીજ રહો. તમે અસાવધ થશો નહિ. ક્રૂર મનુષ્યની પાસે આવેલી લક્ષ્મી નાશ પામે છે અને કોમલ પ્રકૃતિવાળા મનુષ્યની પાસે રહેલી લક્ષ્મી વૃદ્ધિ પામીને પુત્રપૌત્રાદિ પરંપરાસુધી પહોંચે છે. ”૧૦

આ સાંભળીને મહારાજા ધૃતરાષ્ટ્ર, ધર્મદૃષ્ટિવાળાં ગાંધારીપ્રત્યે બોલ્યા કેઃ-“ ભલે આ કુલનો અંત થાય, પરંતુ હું પુત્રને રોકી શકતો નથી,૧૧ માટે એઓ જેમ ઇચ્છે છે તેમજ તે થાઓ. પાંડવો ભલે પાછા આવે અને મારા પુત્રો પાંડવોની સાથે ફરીથી દ્યૂત રમે. ”૧૨

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અનુદ્યૂતપર્વવિષે ગાંધારીવાક્ય નામનો અધ્યાય ૭૫ મો સમાપ્ત.

અધ્યાય ૭૬ મો-યુધિષ્ઠિરનો ફરી પરાજય

॥ वैशंपायन उवाच ॥
ततो व्यध्वगतं पार्थं प्रातिकामी युधिष्ठिरम् ॥
उवाच वचनाद्राज्ञो धृतराष्ट्रस्य धीमतः ॥१॥

વૈશંપાયન કહે છેઃ-તે પછી રાજાની આજ્ઞાથી પ્રાતિકામી નામનો દૂત ઘણે દૂર નીકળી ગયેલા પૃથાના પુત્ર યુધિષ્ઠિરની પાસે જઇ પહોંચ્યો અને તેમને ધીમાન ધૃતરાષ્ટ્ર રાજાનાં વચન કહેવા લાગ્યોઃ-૧“ હે ભરતવંશી રાજા! હે યુધિષ્ઠિર! તમારા પિતાએ તમને કહેવરાવ્યું છે કે, સભામાં પાસા નાખવાની બાજી પાથરી છે, માટે હે પાંડુપુત્ર! તમે આવો અને પાસા નાખીને ફરી રમત કરો.”૨

યુધિષ્ઠિર બોલ્યાઃ-“જ્યારે ફરીથી દ્યૂત રમવાનું પ્રાપ્ત થાય છે, ત્યારે એ સમજાય છે કે, મનુષ્યને વિધાતાની પ્રેરણાથી શુભ અથવા અશુભ પ્રાપ્ત થાય છે; શુભાશુભને કોઇ ખાળી શકતું નથી.૩ વૃદ્ધ કાકાની આજ્ઞાથી થતું પાસાના દ્યૂતનું આમંત્રણ ક્ષય કરનારૂં છે એમ હું જાણું છું; તોપણ વડીલની આજ્ઞાને હું ઉલ્લંઘન કરી શકતો નથી.”૪

વૈશંપાયન કહે છેઃ-પશુપક્ષી કોઇ સોનાનાં ન હોઇ શકે એમ જાણતાં છતાં શ્રીરામચંદ્રજી મૃગના તરફ લોભથી દોડ્યા હતા. આ ઉપરથી સમજાય છે કે, જે મનુષ્યનો પરાભવ નજીક આવી લાગે છે તેની બુદ્ધિ ઘણુંખરૂં અતિશય વિપરીત થઈ જાય છે.”૫ આ પ્રમાણે કહેતા કહેતા યુધિષ્ઠિર પોતાના ભાઇઓની સાથે પાછા વળ્યા અને શકુનિની માયાને જાણતાં છતાં તેઓ ફરી દ્યૂત રમવા ગયા. ૬ તે મહારથીઓ ફરીથી તેજ સભામાં દાખલ થયા અને સર્વ લોકના વિનાશને માટે દૈવથી સમીપમાં જેમને પીડા પ્રાપ્ત થયેલી એવા તે ભરતશ્રેષ્ઠો પુનઃ દ્યૂત રમવામાટે મોજથી તે સભામાં બેઠા. આ જોઇને સંબંધીઓના ચિત્તમાં બહુ વ્યથા ઉત્પન્ન થઇ.૭,૮

શકુનિ બોલ્યોઃ-“હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! તમારા વૃદ્ધ કાકાએ તમારૂં ધન જે તમને પાછું આપ્યું તે સારૂં કર્યું છે, હવે હું મહાન કિંમતી એક દાવ કહું છું તેને તમે સાંભળો. ૯ અમે જો દ્યૂતમાં તમારાથી હારીએ તો રુરુ મૃગનાં ચર્મો ઓઢીને અમે બધા બાર વર્ષસુધી મહાન અરણ્યમાં નિવાસ કરીએ અને તેરમું વર્ષ સજન પ્રદેશમાં કોઈ ઓળખે નહિ તેવી રીતે રહીએ; અને જો ત્યાં ઉઘાડા પડી જઈએ તો ફરી બીજાં બાર વર્ષ વનમાં ગાળીએ. ૧૦,૧૧ એવી રીતેજ અમારાથી તમે હારો તો તમારે પણ કૃષ્ણ મૃગચર્મો ધારણ કરીને દ્રૌપદીની સાથે વનમાં બાર વર્ષ નિવાસ કરવો અને તેરમું વર્ષ સજન સ્થાનમાં કોઇને ઓળખાણ ન પડે તેવી રીતે ગાળવું તથા ઓળખાઈજવાયતો ફરી બારવર્ષ વનમાં નિવાસ કરવો. ૧૨,૧૩ આ રીતે તેર વર્ષ થઇ ગયા પછી તમારે અથવા અમારે યોગ્યતા પ્રમાણે ફરીથી પોતાનું રાજ્ય પ્રાપ્ત કરવું.૧૪ હે ભરતવંશી યુધિષ્ઠિર! આવા ઠરાવથી તમે અમારી સાથે ફરી દ્યૂત રમવા આવો અને પાસા નાખીને જુગાર

બેલો."[૧૫] આ સાંભળીને ઉદ્વેગ પામેલાં મનવાળા સર્વે સભાસદો તે વખતે પોતાના હાથ વેગવડે ઉંચા કરીને બોલવા લાગ્યા.[૧૬]

સભ્યો બોલ્યાઃ–" હે ભરતવંશમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર રાજા! આ દુર્યોધન પોતાની બુદ્ધિથી જાણતો હોય કે ન જાણતો હોય; પરંતુ એના બંધુઓને ધિક્કાર છે કે જેઓ એને આવી પડનારાં મહાભયને સમજાવતા નથી!"[૧૭]

વૈશંપાયન કહે છેઃ–આવા આવા મનુષ્યોના અનેક પ્રવાદો સાંભળતાં પણ યુધિષ્ઠિર રાજા ધર્મસંયોગ અને લજ્જા, આ બે કારણથી ફરી દ્યૂત રમવા આવ્યા હતા; [૧૮] અને કૌરવોનો વિનાશ નજીકમાં આવ્યો હશે એમ વિચારતા તે મહાબુદ્ધિવાળા જાણતા છતાં પણ ફરી દ્યૂત રમવા બેઠા.[૧૯] યુધિષ્ઠિર બોલ્યાઃ–"મારા જેવો સ્વધર્મને પાલન કરનારો રાજા બોલાવ્યા પછી પાછો કેમ ફરી શકે? માટે હે શકુનિ! હું તારી સાથે રમવા તૈયાર છું."[૨૦]

શકુનિ બોલ્યોઃ–"હે પાંડવો! ગાયો, ઘોડા, પુષ્કળ બળદો, પારવિનાનાં બકરાં તથા મેઢાંઓ, હાથીઓ, ભંડાર, સુવર્ણ, દાસી અને સઘળા દાસો, આ આપણો વનવાસને માટે એકજ દાવ સમજવો; એટલે કે તમારે કે અમારે જે હારીએ તેણે બધું છોડીને વનમાં જઇને બાર વર્ષ રહેવું અને તેરમું વર્ષ વસ્તીવાળા સ્થાનમાં કોઇ ઓળખે નહિ તે રીતે પસાર કરવું. હે પુરુષશ્રેષ્ઠો! આ ઠરાવથી આપણે પરસ્પર દ્યૂત રમીએ."[૨૧–૨૩] હે ભારતરાજ! આ પ્રમાણે વનવાસના ઠરાવને શકુનિએ એક વારજ કહ્યો એટલે યુધિષ્ઠિરે તે ઠરાવને સ્વીકાર્યો અને શકુનિએ પાસા નાખીને 'હું જીત્યો' એમ યુધિષ્ઠિરને કહ્યું. [૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અનુદ્યૂત પર્વવિષે પુનર્યુધિષ્ઠિરપરાભવ નામનો અધ્યાય ૭૬ મો સમાપ્ત.

અધ્યાય ૭૭ મો–પાંડવોની પ્રતિજ્ઞા

॥ वैशंपायन उवाच ॥

ततः पराजिताः पार्था वनवासाय दीक्षिताः ॥
अजिनान्युत्तरीयाणि जगृहुश्च यथाक्रमम् ॥१॥

વૈશંપાયન કહે છેઃ–તે પછી પરાજય પામેલા પાંડવોએ વનવાસને માટે દીક્ષા ધારણ કરી અને તેઓએ અનુક્રમથી કાળાં મૃગચર્મો શરીર ઉપર ઓઢી લીધાં.[૧] આ રીતે રાજ્ય જેઓનું હરી લેવાયલું એવા અરિને દમનારા પાંડવોને મૃગચર્મોથી ઢંકાયલા તથા વનવાસને માટે જવા તૈયાર થયેલા જોઇને દુઃશાસન બોલ્યો કેઃ–[૨] "હવે મહાત્મા દુર્યોધન રાજાનું સર્વત્ર રાજ્ય થયું છે અને પાંડવો પરાજય પામીને પરમ વિપત્તિમાં પડ્યા છે. [૩] આજે દેવો પણ જનસંકીર્ણ એવા સર્વે માર્ગોથી આપણા તરફ આવ્યા છે, અર્થાત્ આજે સર્વે દેવો અનુકૂલ થયા છે; જેથી ગુણવડે જ્યેષ્ઠ તથા વયવડે શ્રેષ્ઠ એવા અમે આજે શત્રુઓથી ચઢિયાતા થયા છીએ. [૪] હવે પાંડવોને લાંબા અનંતકાલને માટે અમે નરકમાં નાખ્યા છે. સુખથી અને રાજ્યથી રહિત થયેલા એઓ ઘણાં વર્ષને માટે વિનાશ પામ્યા છે. [૫] જેઓ પહેલાં ધનવડે મદમત્ત થઇને ધૃતરાષ્ટ્રના પુત્રોને હસ્યા હતા, તે પાંડવો હારીને તથા ધનરહિત થઇને આજે હવે જંગલમાં જાય છે. [૬] આ પાંડવોની વિચિત્ર પાઘડીઓ, કવચો તથા કટિબંધો ઉતારી નાખો તેમજ એઓનાં તેજસ્વી દિવ્ય વસ્ત્રો પણ ઉતારી નાખો અને શકુનિના ઠરાવને એઓ કબૂલ થયા છે તે પ્રમાણે એમને મૃગચર્મો પહેરાવો. પાંડવો હમેશાં એમ માનતા હતા કે, અમારા જેવા પુરુષો ત્રણે લોકમાં ક્યાંય નથી. તેઓ આજે વિપરીત દશા આવતાં પોતાને ફલવિનાના ષંઢ તલના જેવા નિષ્ફલ સમજશે. [૭,૮] જે મૃગચર્મોને મનસ્વી પુરુષો યજ્ઞદીક્ષામાં ધારણ

કરે છે, તેવાં મૃગચર્મોને દીક્ષાવિનાના ભિલ્લો જેમ ધારણ કરે, તેમ આ દીક્ષાવિનાના બલવાન પાંડવોએ ધારણ કરેલાં છે તે તો જુઓ.[૯] સોમકના મહાબુદ્ધિશાળી પુત્ર દ્રુપદે પાંડવોને પોતાની પુત્રી પાંચાલી આપીને જરા પણ સારૂં કર્યું નથી; કારણ કે દ્રૌપદીના પતિ પાંડવો નપુંસકો છે.[૧૦] ઓ યાજ્ઞસેનિ ! આવાં હલકાં વસ્ત્રો પહેરનારા, મૃગચર્મો ઓઢનારા, નિર્ધન અને રાજ્યવિનાના પતિઓને અરણ્યમાં જોઇને તને શો પ્રેમ ઉપજશે? માટે તું જે બીજા પુરુષને ઇચ્છતી હોય તેને તારો પતિ કરી લે.[૧૧] આ બધા કૌરવો અહીં એકઠા મળેલા છે, જેઓ ક્ષમાશીલ, જિતેંદ્રિય તથા સારા ધનાઢ્ય છે; એ બધામાંથી એકને તું પતિતરિકે સ્વીકારી લે, જેથી તને આ ક્લેશનો સમય પીડા કરે નહિ.[૧૨] આ પાંડવો તો હવે ષંઢ તલના જેવા, ચામડાના બનાવેલા મૃગો જેવા અને તાંદળાવિનાનાં તૃણધાન્યના જેવા સઘળા નિષ્ફલ થઇ ગયા છે.[૧૩] જેમ ષંઢ તલોને ઉછેરવા માટે કરેલો શ્રમ મિથ્યા જાય છે, તેમજ સર્વ રીતે પડતીમાં આવેલા પાંડવોને સેવવાથી તને શું ફલ મળવાનું છે?" આવાં કઠોર વચનો ધૃતરાષ્ટ્રના ક્રૂર પુત્ર દુઃશાસને પાંડવોને સંભળાવ્યાં.[૧૪] તે સાંભળીને મહા ક્રોધી ભીમસેને ઘાંટો કાઢીને તેને તુચ્છકારી કાઢયો; અને હિમાલયનો સિંહ જેમ શિયાળ પાસે જાય, તેમ એકદમ તેની પાસે ગયો તથા તેને પકડીને રોષવડે કહેવા લાગ્યો.[૧૫]

ભીમસેન બોલ્યોઃ—" ઓ ક્રૂર ! તું પાપી મનુષ્યના જેવું ઘણુંજ હલકું ભાષણ કરે છે અને શકુનિની કપટવિદ્યાના આશ્રયથી વિજય મેળવીને નકામોજ તું રાજાઓમાં બકબકાટ કરે છે.[૧૬] તું અહીં પોતાનાં વચનબાણોથી અમારાં મર્મસ્થાનોને જેમ અતિશય વિંધી નાખે છે, તેજ રીતે યુદ્ધમાં તારાં મર્મસ્થાનોને જ્યારે હું કાપીશ, તે વખતે તને એ વચનોનું સ્મરણ કરાવીશ;[૧૭] એટલુંજ નહિ પણ જે પુરુષો ક્રોધ અને લોભને વશ થઇને તને અનુસરે છે તથા તારૂં રક્ષણ કરે છે, તેઓને પણ પુત્રો તથા બંધુઓની સાથે હું યમલોકમાં પહોંચાડી દઇશ !"[૧૮]

વૈશંપાયન કહે છેઃ—આ પ્રમાણે બોલતા, મૃગચર્મથી ઢંકાયલા તથા ધર્મને લીધે જેનો શત્રુવધનો માર્ગ રૂંધાઇ ગયેલો એવા ભીમસેનને દુઃશાસન કૌરવોની વચ્ચે લજ્જારહિત થઇને 'ઓ ગાય ! ઓ ગાય !' * એમ કહીને બોલાવવા લાગ્યો તથા નાચવાકૂદવા લાગ્યો.[૧૯] એટલે ભીમસેન બોલ્યોઃ—" અરે ક્રૂર ! ઓ દુઃશાસન ! તું કઠોર વચન કેમ બોલી શકે ? કપટથી ધન મેળવીને કયો મનુષ્ય વડાઇ હાંકવા યોગ્ય ગણાય ?[૨૦] સંગ્રામમાં તારી છાતી ચીરીને જો હું તારૂં રુધિર પીઉં નહિ તો આ પૃથાપુત્ર વૃકોદર પુણ્યાત્માના લોકોને પ્રાપ્ત થશે નહિ.[૨૧] આ હું તને સત્ય કહું છું કે, સર્વ ધનુર્ધારીઓના દેખતાં યુદ્ધમાં ધૃતરાષ્ટ્રના પુત્રોને મારી નાખીને હું થોડા સમયમાં શાંતિ પામીશ. "

વૈશંપાયન કહે છેઃ—તે પછી પાંડવો સભામાંથી નીકળવા લાગ્યા, તે વખતે સિંહના જેવી ચાલવાળા ભીમસેનની ચાલની મૂર્ખ દુર્યોધન ગમ્મતમાટે હર્ષવડે પોતાની ચાલથી નકલ કરવા લાગ્યો.[૨૨,૨૩] એટલે તો ભીમસેને પોતાનું અર્ધું શરીર પાછું વાળીને તેને નકલ કરતો જોયો અને દુર્યોધનને કહ્યું કેઃ—" ઓ મૂર્ખ ! આટલાથીજ આ કાર્ય પૂરૂં થયું છે, એમ તું સમજીશ નહિ; પરંતુ થોડા સમયમાંજ સગાંસંબંધીઓની સાથે હું તને હણીશ તે વખતે આ

* મધુપર્કમાં ત્રણવાર '**गौ गौं गौः**' એમ કહીને નિવેદન કરેલી ગાયનો વધ અથવા ત્યાગ કરવામાં આવે છે, તેની પેઠે અહીં પણ મૃત્યુરૂપી અતિથિને નિવેદન કરેલી પાંડવરૂપી ગાયોને મૃત્યુ જતી કરે છે અને તેથી છોડતાંની સાથેજ ફરી અમને આ મારો નહિ એવા વિચારથી વેગવડે તે પલાયન કરી જાય છે. તેઓને મશ્કરીથી વ્યાકુલ કરવા માટે ફરી ગૌઃ ગૌઃ કહીને આહ્વાન કરાય છે; અર્થાત્ મૃત્યુના ભયથી પાંડવો પશુની પેઠે નાસે છે અને તેઓને ત્રાસ આપવા ફરી બોલાવવામાં આવે છે. આવા અભિપ્રાયથી પાંડવોની દીનતા સૂચવનારો આ પરિહાસ છે. એનો ઉત્તર દ્રોણપર્વમાં ભીમસેન દુઃશાસનના વધ વખતે આપે છે.

બધું સ્મરણ કરાવીને તારા ઉપહાસનો પ્રત્યુત્તર વાળીશ."[૨૪] આ પ્રમાણે પોતાના અપમાનનો ચિત્તમાં વિચાર કરીને તથા ક્રોધને દબાવીને બલવાન તથા માની એવા ભીમસેને રાજાની પાછળ નીકળતાં કૌરવોની સભામાં નીચે પ્રમાણે કહ્યું.[૨૫]

ભીમસેન બોલ્યો:–" હું દુર્યોધનને હણીશ, અર્જુન કર્ણને હણશે અને દ્યૂતમાં કપટ કરનારા શકુનિને સહદેવ મારશે.[૨૬] જો અમારે કૌરવોની સાથે યુદ્ધ થશે તો આ હું તમને સભાની વચ્ચે ફરીથી મહાન વચન કહું છું અને તેને દેવો ખરૂં પાડશે કે,[૨૭] સંગ્રામમાં આ પાપી દુર્યોધનને હું ગદાથી મારીશ અને જમીન ઉપર પડેલા એના માથા ઉપર હું પગ મૂકીને ઉભો રહીશ; તેમજ માત્ર વચન બોલવામાં શૂર, ક્રૂર અને દુરાત્મા એવા આ દુઃશાસનનું હું સિંહની પેઠે લોહી પીશ."[૨૮,૨૯]

અર્જુન કહે છે:–" હે ભીમસેન! સત્પુરુષોની કર્તવ્યેચ્છા આમ માત્ર વાણીથી જણાતી નથી; પરંતુ આજથી ચૌદમે વર્ષે જે થશે તે એ બધા પ્રત્યક્ષજ જોશે."[૩૦]

ભીમસેન બોલ્યો:–" દુર્યોધન,કર્ણ, દુરાત્મા શકુનિ અને દુઃશાસન આ ચારેના રુધિરને પૃથ્વી પાન કરશે."[૩૧]

અર્જુન કહે છે:–" હે ભીમસેન! અદેખાઇ કરનારા, બીજાને ચઢાવનારા, ખોટી સલાહ આપનારા અને બડાઈહાંકનારા એવા કર્ણને તમારી આજ્ઞાથી હું યુદ્ધમાં મારીશ.[૩૨] આ અર્જુન ભીમસેનનું પ્રિય કરવા માટે પ્રતિજ્ઞા કરે છે કે, કર્ણ અને કર્ણને અનુસરનારાઓને હું બાણોવડે હણીશ;[૩૩] એટલુંજ નહિ પરંતુ બીજા રાજાઓ પણ જેઓ મૂર્ખ બુદ્ધિને લીધે મારી સાથે લડવા આવશે તે બધાઓને પણ હું બાણોવડે યમલોકમાં પહોંચાડીશ.[૩૪] જો મારૂં સત્ય વચન મિથ્યા થાય તો હિમાચલ પોતાના સ્થાનથી ચલિત થાય, સૂર્ય નિસ્તેજ થઇ જાય અને ચંદ્રમામાંથી શીતલતા નાશ પામે એમ જાણવું.[૩૫] આજથી ચૌદમે વર્ષે દુર્યોધન જો સર્વ રીતે સત્કાર કરીને આપણું રાજ્ય પાછું આપશે નહિ તો આ બોલેલું બધું સત્ય થશે."[૩૬]

વૈશંપાયન કહે છે:–આ પ્રમાણે અર્જુને કહ્યું, એટલે માદ્રીના પ્રતાપી પુત્ર શ્રીમાન સહદેવે પોતાનો વિશાલ બાહુ ઉંચો કરીને તથા ક્રોધથી લાલચોળ નેત્રો કરીને, સર્પની પેઠે નિઃશ્વાસ નાખતાં શકુનિના વધની ઇચ્છાથી નીચે પ્રમાણે વચન કહ્યું.[૩૭,૩૮]

સહદેવ બોલ્યો:–" ઓ ગાંધાર રાજાના યશને હરણ કરનારા મૂર્ખ શકુનિ! તું જેને પાસાઓ માને છે,તે પાસાઓ નથી પરંતુ એ તો તેં સંગ્રામને માટે વહોરી લીધેલાં બાણો છે;[૩૯] માટે તને ઉદ્દેશીને આ ભીમસેને જે કહ્યું છે તે પ્રમાણે હું તારો બંધુઓની સાથે નાશ કરીશ, માટે હવે તું સર્વે કાર્યો પરવારી લે.[૪૦] ઓ સુબલપુત્ર! તું જો ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે યુદ્ધમાં ઉભો રહેશે તો હું તારો બંધુઓની સાથે ઝપાટાબંધ સંગ્રામમાં સંહાર કરીશ."[૪૧] આવાં સહદેવનાં વચન સાંભળીને હે રાજન્! મનુષ્યોમાં અતિશય દેખાવડા એવા નકુલે પણ નીચે પ્રમાણે વચન કહ્યું.[૪૨]

નકુલ બોલ્યો:–"આ યજ્ઞસેન રાજાની પુત્રીને આ દ્યૂતમાં દુર્યોધનનું પ્રિય કરનારા એવા જે ધૃતરાષ્ટ્રના પુત્રોએ કઠોર વાણી સંભળાવી છે, તે દુરાચરણી, મરવાને તૈયાર થયેલા અને કાલવડે પ્રેરાયલા એવા ધૃતરાષ્ટ્રના ઘણા પુત્રોને હું યમલોકમાં પહોંચાડીશ.[૪૩,૪૪] ધર્મ રાજાની આજ્ઞાવડે દ્રૌપદીને અનુસરનારો હું થોડાજ સમયમાં આ પૃથ્વીને ધૃતરાષ્ટ્રના પુત્રોવિનાની કરી નાખીશ."[૪૫]

વૈશંપાયન કહે છે:–આ પ્રમાણે લાંબા બાહુવાળા તથા પુરુષોમાં વ્યાઘ્ર જેવા પાંડવો ઘણી ઘણી પ્રતિજ્ઞા કરીને પછી ધૃતરાષ્ટ્રની પાસે ગયા.

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત
અનુદ્યૂતપર્વવિષે પાંડવપ્રતિજ્ઞાકરણ
નામનો અધ્યાય ૭૭ મો સમાપ્ત.

અધ્યાય ૭૮ મો–પાંડવોનું વનગમન

॥ युधिष्ठिर उवाच ॥
आमंत्रयामि भरतांस्तथा वृद्धं पितामहम् ॥
राजानं सोमदत्तं च महाराजं च बाल्हिकम् ॥

યુધિષ્ઠિર બોલ્યાઃ–" હું ભરતવંશીઓની, વૃદ્ધ પિતામહ ભીષ્મની, સોમદત્તરાજાની, મહારાજા બાલ્હિકની, દ્રોણાચાર્યની, કૃપાચાર્યની, બીજા રાજાઓની, અશ્વત્થામાની, વિદુરની, ધૃતરાષ્ટ્રની, ધૃતરાષ્ટ્રના સઘળા પુત્રોની, યુયુત્સુની, સંજયની અને બીજા સભાસદોની, એમ સર્વેની આજ્ઞા લઈને વનવાસને માટે જાઉં છુ અને ત્યાંથી પાછો આવીને હું આપનાં દર્શન કરીશ."[૧,૩]

વૈશંપાયન કહે છેઃ–આ પ્રમાણે યુધિષ્ઠિરે કહ્યું; પરંતુ લજ્જાવડે નમ્ર થયેલા તેઓએ યુધિષ્ઠિરને કંઇ પણ ઉત્તર આપ્યો નહિ; માત્ર મનવડેજ તેઓ બુદ્ધિમાન યુધિષ્ઠિરના કલ્યાણનું ચિંતન કરવા લાગ્યા.[૪] તે વખતે વિદુરજી બોલ્યાઃ–"હે પૃથાના પુત્રો ! આ આર્યા રાજપુત્રી પૃથા, સુકુમાર શરીરવાળાં છે, વયે વૃદ્ધ છે અને હમેશ સુખ ભોગવવાને યોગ્ય છે; માટે એમને અરણ્યમાં જવું યોગ્ય નથી.[૫] તેથી એ કલ્યાણી સત્કારપૂર્વક અહીં મારે ઘેર નિવાસ કરશે, એમ તમે જાણો; અને તમારૂં સર્વત્ર આરોગ્ય રહો."[૬]

પાંડવો બોલ્યાઃ–"હે નિષ્પાપ ! તમે અમને જે કહો છો તે ભલે તેમ થાઓ. તમે અમારા કાકા છો, તથાપિ પિતાના સમાન છો અને અમે તમારે શરણે છીએ.[૭] હે વિદ્વન્ ! તમે અમારા પરમ ગુરુ છો, માટે તમે જેમ આજ્ઞા કરશો તેમ અમે કરીશું. હે મહામતિ! બીજું પણ જે કરવાનું હોય તે તમે અમને કહો."[૮]

વિદુર બોલ્યાઃ–"હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર! તમે આ મારો મત સારી રીતે સમજો. જે મનુષ્ય અધર્મથી જીતાયો છે, તે પોતાના પરાજયને માટે વ્યથા પામતો નથી.[૯] તમે ધર્મને જાણો છો, અર્જુન યુદ્ધમાં વિજય કરનારો છે, ભીમસેન શત્રુઓને સંહારનારો છે, નકુલ ધનનો સંગ્રહ કરનારો છે,[૧૦] સહદેવ શત્રુઓને નિયમમાં રાખનારો છે, ધૌમ્ય બ્રહ્મવેત્તામાં ઉત્તમ છે અને ધર્મચારિણી દ્રૌપદી ધર્મ તથા અર્થમાં કુશલ છે.[૧૧] વળી તમે સર્વે ભાઇઓ અન્યોન્યને પ્રિય છો તથા પરસ્પરને જોઇને પ્રસન્ન થાઓ છો; શત્રુઓથી ભેદ પામો તેવા નથી અને યથાલાભ સંતોષ માનનારા છો, એટલે આ લોકમાં તમારીસ્પૃહા કોણ ન રાખે ? સૌ કોઇ રાખેજ.[૧૨] હે ભરતકુલોત્પન્ન યુધિષ્ઠિર ! આ સર્વ પ્રકારના કલ્યાણને આપનારો તમારો મનને સ્વસ્થ રાખવાનો જે નિયમ છે, એને ઈંદ્રના જેવો શત્રુ પણ સહન કરે તેમ નથી.[૧૩] પૂર્વે હિમાલય પર્વત ઉપર મેરુસાવર્ણિએ, વારણાવત નગરમાં કૃષ્ણદ્વૈપાયન મુનિએ, ભૃગુતુંગ પર્વત ઉપર પરશુરામે અને દૃષદ્વતી નદીના તીર ઉપર શંકરે તમને ઉપદેશ કરેલો છે. વળી અંજન પર્વત ઉપર અસિત મહર્ષિનો ઉપદેશ તમે સાંભળ્યો છે,[૧૪,૧૫] તેમજ કલ્માષી નદીના તીર ઉપર વસતા ભૃગુના તમે શિષ્ય થયા છો. વળી નારદમુનિ તમારી સદા સંભાળ રાખે છે અને આ ધૌમ્યમુનિ તમારા પુરોહિત છે,[૧૬] માટે તમે ઋષિઓએ માન આપેલી એવી પરલોકવિષયિણી બુદ્ધિનો ત્યાગ કરશો નહિ; અર્થાત્ આ લોકના વૈભવને માટે અધર્મ કરીને પરલોક બગાડશો નહિ. હે પાંડવ ! તમે પોતાની બુદ્ધિવડે ઇલાના પુત્ર પુરુરવાને પણ જીતો છો.[૧૭] શક્તિવડે સર્વ રાજાઓને અને ધર્મસેવનવડે ઋષિઓને પણ જીતો છો. તમારૂં મન ઈંદ્રના જેવા વિજયમાં, યમના જેવા કોપધારણમાં, કુબેરની પેઠે દાન કરવામાં અને વરુણની પેઠે આત્મસંયમમાં જોડાયલું રહો. તમને જલથી આત્માર્પણ, સૌમ્યતા અને સર્વને જીવિત આપવાના ગુણો પ્રાપ્ત થાઓ; પૃથ્વીથી ક્ષમા, સૂર્યમંડલથી સમગ્ર તેજ અને વાયુથી બલ, આ રીતે મહાભૂતોથી તમને આત્મસંપત્તિ

પ્રાપ્ત થાઓ.[૧૮-૨૦] તમે આરોગ્ય રહો. તમારૂં કલ્યાણ થાઓ. જ્યારે તમે પાછા આવશો, ત્યારે હું તમને ફરી જોઇશ. હે યુધિષ્ઠિર! તમે આપત્તિ વખતે તથા ધર્મ અને ધનના કષ્ટવખતે અથવા તો સર્વ કાર્ય કરતી વખતે યથાર્થ વિચાર કરીને પ્રત્યેક સમયે કાર્ય કરજો. હે કુંતીપુત્ર! હું હવે તમને જવાની રજા આપું છું. હે ભરતવંશી રાજા! તમને કલ્યાણ પ્રાપ્ત થાઓ.[૨૧,૨૨] તમને કૃતકાર્ય થઇને ક્ષેમકુશલ પાછા આવેલા અમે જોઇશું, કારણ કે તમે પૂર્વે કંઇ પણ પાપ કર્યું હોય એમ કોઇ પણ જાણતું નથી."[૨૩]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે વિદુરે કહ્યું, એટલે સત્ય પરાક્રમવાળા પાંડુપુત્ર યુધિષ્ઠિરે 'આપના કહેવા પ્રમાણે થાઓ' એમ કહીને ભીષ્મ પિતામહ તથા દ્રોણ ગુરુને નમસ્કાર કર્યા અને તે ત્યાંથી જવા માટે નીકળ્યા.[૨૪]

ઇતિ શ્રીમહાભારતમાં સભાપર્વાંતર્ગત અનુદ્યૂત પર્વવિષે યુધિષ્ઠિરવનપ્રસ્થાન નામનો અધ્યાય ૭૮ મો સમાપ્ત.

અધ્યાય ૭૯ મો-કુંતિનો વિલાપ

॥ वैशंपायन उवाच ॥

तस्मिन् संप्रस्थिते कृष्णा पृथां प्राप्य यशस्विनीम् ॥ अपृच्छद्भृशदुःखार्ता याश्चान्यास्तत्र योषितः ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ-યુધિષ્ઠિરના નીકળ્યા પછી દ્રૌપદી, યશસ્વિની એવાં પૃથાની પાસે ગયાં અને અત્યંત દુઃખથી દીન થયેલાં દ્રૌપદીએ સાસુજીની તથા ત્યાં જે બીજી સ્ત્રીઓ હતી તેમની પાસે વનમાં જવાની આજ્ઞા માગી તથા યોગ્યતા પ્રમાણે કોઇને વંદન, તો કોઈને આલિંગન વગેરે કરીને ત્યાંથી નીકળવાની ઈચ્છા કરી. તે વખતે પાંડવોનાં અંતઃપુરમાં મહાન શોકજન્ય કોલાહલ થઇ રહ્યો.[૧,૨] દ્રૌપદીને વનવાસને માટે જતી જોઇને કુંતી તો બહુ સંતાપ કરવા લાગ્યાં અને તેઓ શોકથી વિહ્વલ થયેલી વાણીવડે મહાકષ્ટથી કહેવા લાગ્યાંઃ-[૩] "ઓ વત્સા! આ મહાન કષ્ટ આવી પડતાં પણ તું શોક કરીશ નહિ. તું તો સ્ત્રીઓના ધર્મોને જાણે છે તથા શીલ અને સદાચારસંપન્ન છે.[૪] હે સુસ્મિતવાળી! હું તારા પતિઓના સંબંધમાં તને ઉપદેશ કરવા યોગ્ય ધારતી નથી; કારણ કે તું સાધ્વી અને ગુણસંપન્ન છે. તેં તો તારા પતિઓનાં અને પિતાનાં એમ બન્નેનાં કુલને શોભાવ્યાં છે.[૫] હે નિષ્પાપ વહુ! તેં કૌરવોને બાળી ન મૂકયા એટલા તેઓ ભાગ્યશાલી છે, તું સ્ત્રીના પાતિવ્રત્ય ગુણથી યુક્ત છે તથાપિ મારો માતાનો વાત્સલ્ય ગુણ પણ ધારણ કરીને નિર્વિઘ્નતાથી વનમાર્ગમાં જા.[૬] ભાવિ અર્થોમાં સતી સ્ત્રીઓને ગભરાટ થતો નથી. તું તો તારા મુખ્ય ધર્મથી રક્ષણ કરાયલી છે, એટલે ફરી થોડા સમયમાંજ સુખને પ્રાપ્ત થઇશ.[૭] વનમાં નિવાસ કરતા મારા પુત્ર સહદેવની તું નિરંતર સંભાળ રાખજે, જેથી એ મહાબુદ્ધિવાળો આ દુઃખ પામીને હરભડી જાય નહિ."[૮] આ સાંભળીને "સારૂં હું તેમ કરીશ" એમ કહીને ધારાબંધ નીકળતાં અશ્રુથી ભીંજાયલાં, રુધિરચિહ્નિત એક વસ્ત્રવાળાં અને કેશ જેના છૂટા થઇ વિખરાયલા એવાં મહારાણી દ્રૌપદી તે સ્થાનમાંથી બહાર નીકળ્યાં.[૯] રડતાં રડતાં જતાં દ્રૌપદીની પાછળ કુંતીમાતા પણ દુઃખવડે જવા લાગ્યાં; એટલામાં એમણે વસ્ત્રાભૂષણ જેમનાં લઇ લીધેલાં એવા પોતાના બધા પુત્રોને જોયા. તેઓએ રુરુમૃગનાં ચર્મો શરીર ઉપર વીંટેલાં હતાં, લજ્જાથી પોતાનાં મુખને કંઇક નીચાં કર્યાં હતાં, પ્રસન્ન થયેલા શત્રુઓથી તેઓ વીંટાયલા હતા અને સંબંધીઓ તેઓને માટે શોક કરતા હતા.[૧૦,૧૧] આવી અવસ્થામાં પોતાના પાંચે પુત્રોને જોઇને અત્યંત વાત્સલ્યવાળાં માતા તેઓની પાસે ગયાં અને તે-

ઓને ભેટતાં ભેટતાં અનેક પ્રકારનો વિલાપ કરતાં શોકથી બોલ્યાં.[૧૨]

કુંતી બોલ્યાંઃ-“અરેરે! સદ્ધર્મયુક્ત ચારિત્રવાળા, સદાચારયુક્ત સ્થિતિથી વિભૂષિત, ઉદાત્ત વિચારવાળા, ઈશ્વરના દૃઢભક્ત અને દેવોના યજનમાં સદા તત્પર રહેનારા એવા તમને આ કષ્ટ શી રીતે આવી પડયું? આ કેવો ભાગ્યવિપર્યાસ કહેવાય? આ તે કોના અપરાધજન્ય ક્રોધથી તમને દુઃખ પડયું હશે? બુદ્ધિથી વિચાર કરતાં પણ તે હું સમજી શકતી નથી. આ ઉપરથી મારા પોતાનાજ ભાગ્યનો આ દોષ હશે, એમ હું માનું છું; અને તેવા દુર્ભાગ્યવાળી હું તમારી જનેતા થઇ તેથીજ તમે ઉત્તમ ગુણોથી યુક્ત છો છતાં અત્યંત દુઃખ અને પરિશ્રમ ભોગવો છો.[૧૩-૧૫] તમે વીર્ય, સત્ત્વ, બલ, ઉત્સાહ અને તેજવડે સંપન્ન છતાં હમણાં સંપત્તિવિના દુર્બલની પેઠે ગહન જંગલમાં શી રીતે નિવાસ કરશો?[૧૬] જો મેં પહેલેથી એમ જાણ્યું હોત કે, તમારે માટે વનવાસ અવશ્ય નિર્માયલો છે, તો હું પાંડુરાજાના મરણ પછી શતશૃંગ પર્વત ઉપરથી હસ્તિનાપુરમાં આવતજ નહિ.[૧૭] હું તમારા પિતાને ભાગ્યશાળી, તપસ્વી અને બુદ્ધિશાળી માનું છું; કારણ કે જેમણે પુત્રસંબંધી સંતાપને ન ભોગવતાં સ્વર્ગની ઈચ્છાનેજ પ્રિય કરી છે.[૧૮] તેમજ પતિની સાથે પરમ ગતિને પ્રાપ્ત થયેલી અતીન્દ્રિય જ્ઞાનવાળી માદ્રીને પણ હું ધર્મજ્ઞા, કલ્યાણી અને સર્વથા ભાગ્યશાલિની માનું છું,[૧૯] કે જે માદ્રીએ રતિ, ગતિ અને મતિમાં મારી સરસાઈ કરી છે. મહાક[illegible]ગવનારી એવી મને અને મારી જીવિતમાં રહેલી પ્રીતિને ધિક્કાર હો.[૨૦] હે પુત્રો! કષ્ટથી મળેલા, સદ્ગુણી અને વહાલા એવા તમને હું ત્યજીશ નહિ. હું પણ તમારી સાથેજ વનમાં આવીશ. હાય દ્રૌપદિ! શું તું મને છોડી જાય છે?[૨૧] પ્રાણીઓનું જીવિત અંતવાળું છે, એમાં વિધાતાએ પ્રમાદથી મારો અંત કેમ નિર્મ્યો નહિ, કે જેથી મને આયુષ્ય છોડતું નથી?[૨૨] હા કૃષ્ણ! હે દ્વારકાવાસિન્! તમે કયાં છો? હે સંકર્ષણના કનિષ્ઠ બંધુ! આ દુઃખમાંથી મારૂં તથા આ પુરુષશ્રેષ્ઠ પાંડવોનું કેમ રક્ષણ કરતા નથી?[૨૩] આદિ અને અંતવિનાના એવા આપનું જે પુરુષો ધ્યાન કરે છે, તે ધ્યાન કરનારાઓનું આપ રક્ષણ કરો છો; આવી વાર્તા અત્યારે કેમ વ્યર્થ પડી ગઇ?[૨૪] આ પાંડવો સદ્ધર્માનુસારી, માહાત્મ્યવાળા, યશસ્વી અને વીર્યસંપન્ન છે, એઓ આવું કષ્ટ ભોગવવા યોગ્ય નથી; માટે આપ એઓના ઉપર દયા કરો.[૨૫] અરેરે, નીતિ તથા વ્યવહારમાં નિષ્ણાત એવા ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્ય વગેરે કુરુકુલના અધિપતિઓ બેઠા છે છતાં આ વિપત્તિ કેવી રીતે તમને પ્રાપ્ત થઇ હશે?[૨૬] હા પાંડો! હા મહારાજ! તમે કયાં છો? આ શત્રુઓએ દ્યૂતમાં જીતી લીધેલા તમારા સાધુ પુત્રો વનમાં જાય છે, તેઓની તમે કેમ ઉપેક્ષા કરો છો?[૨૭] ઓ સહદેવ! તું પાછો વળ. ઓ માદ્રીપુત્ર! તું મને મારા શરીર કરતાં પણ વહાલો છે. તું મને કુપુત્રની પેઠે ત્યજી જઈશ નહિ.[૨૮] તારા આ ભાઈઓને જો સત્યપાલન કરવાનો આગ્રહ હોય તો ભલે એઓ જાય; પરંતુ તું તો અહીંજ રહીને મારા પાલનજન્ય ધર્મને પ્રાપ્ત કર.”[૨૯]

વૈશંપાયન કહે છેઃ-આ પ્રમાણે વિલાપ કરતાં કુંતીમાતાને હાથ જોડી પ્રણામ કરીને, આનંદ જેમનો ઉડી ગયેલો એવા પાંડવો વનમાં જવા માટે ચાલી નીકળ્યા.[૩૦] તે પછી દુખિયારાં થઇ [illegible]લાં કુંતીને પોતે પણ અત્યંત દુઃખી થયેલા [illegible] વિદુરે દૈવની પ્રબલતાને જણાવ[illegible] કહીને ટાઢાં પાડયાં અને ત્યાંથી ધીરે ધીરે પોતાને ઘેર લઇ ગયા.[૩૧] ધૃતરાષ્ટ્ર રાજાના અંતઃપુરની સ્ત્રીઓએ પણ જ્યારે પાંડવોનું વનગમન તથા દ્યૂતસભામાં દ્રૌપદીને દુઃશાસન ઘસડી ગયો હતો, એ વૃત્તાંત સંપૂર્ણ સાંભળ્યું, ત્યારે તેઓ કૌરવોની સારી પેઠે નિંદા કરતી મોટે સાદે રડવા લાગી અને હાથ ઉપર પોતાનાં મુખકમલો ટેકવીને લાંબા સમય સુધી વિચારમાં પડી ગઇ;[૩૨,૩૩] તેમજ તે વખતે ધૃતરાષ્ટ્રરાજા પણ પોતાના પુત્રોનો અન્યાય વિચારતાં મનમાં

બહુ ઉદ્વેગ પામ્યા તેથી તેમને શાંતિ વળી નહિ.
પછી શોકવડે વ્યાકુળ ચિત્તવાળા અને અનેકા-
નેક વિચારો કરતા એવા ધૃતરાષ્ટ્રે વિદુરની
પાસે દૂત મોકલીને કહાવ્યું કે, 'તમે જલદીથી
મારી પાસે આવો.'[૩૫] દૂતના કહેવાથી વિદુર-
જી ધૃતરાષ્ટ્ર રાજાના મહાલયમાં ગયા એટલે
ઉદાસ થઇ ગયેલા ધૃતરાષ્ટ્રરાજાએ વિદુરને
પૂછવા માંડયું.[૩૬]

ઇતિ શ્રી મહા૦ સભા૦ અનુદ્યૂતપર્વવિષે
'દ્રૌપદીકુંતીસંવાદ' નામનો અધ્યાય
૭૯ મો સમાપ્ત

અધ્યાય ૮૦ મો—વિદુર, ધૃતરાષ્ટ્ર અને દ્રોણનાં વાક્યો

॥ वैशंपायन उवाच ॥
तमागतमथोराजा विदुरं दीर्घदर्शनम् ॥
साशंक इव पप्रच्छ धृतराष्ट्रोऽम्बिकासुतः ॥१॥

વૈશંપાયને કહ્યું:-દીર્ઘ દૃષ્ટિવાળા વિદુરને
આવેલા જાણ્યા પછી અંબિકાના પુત્ર ધૃતરા-
ષ્ટ્રરાજા તેમને શંકાશીલની પેઠે પૂછવા લાગ્યા.[૧]

ધૃતરાષ્ટ્રે પૂછયું:-"હે વિદુર! ધર્મ તથા
કુંતીના પુત્ર યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન,
પાંડુ અને માદ્રીના પુત્રો નકુલ તથા સહદેવ,
ધૌમ્યઋષિ અને યશસ્વિની દ્રૌપદી, આ બધાં
વનમાં શું ચેષ્ટા કરતાં જાય છે? તે સઘળું હું
સાંભળવાની ઇચ્છા કરૂં છું; માટે મને તેઓનું
ચેષ્ટિત કહો."[૨,૩]

વિદુરજીએ કહ્યું:-"કુંતીના પુત્ર યુધિ-
ષ્ઠિર પોતાનું મુખ વસ્ત્રથી ઢાંકીને જાય છે.
પાંડુપુત્ર ભીમસેન પોતાના વિશાળ બાહુઓને
જોતો જોતો જાય છે.[૪] અર્જુન રેતી ઉછાળતો
ઉછાળતો રાજાની પાછળ જાય છે. માદ્રીનો પુત્ર
સહદેવ પોતાના મુખ ઉપર ધૂળ ભૂંસીને જાય
છે.[૫] લોકોમાં અત્યંત દેખાવડો એવો નકુલ
વિહ્વળ ચિત્તનો થઇને આખા શરીરે ધૂળ ચોપડી
રાજાની પાછળ જાય છે.[૬] લાંબાં નેત્રવાળી
અને દર્શન કરવા યોગ્ય રૂપવાળી દ્રૌપદી તો
પોતાના કેશવડે મોં ઢાંકી લઇને રડતી રડતી
રાજાની પાછળ જાય છે;[૭] અને હે રાજન્!
ધૌમ્ય મુનિ તો હાથમાં દર્ભો લઇને યમદૈવત્ય
ભયંકર સામમંત્રોનું ગાન કરતા માર્ગમાં
ચાલ્યા જાય છે."[૮]

ધૃતરાષ્ટ્રે પૂછયું:-"હે વિદુર! પાંડવો
આ રીતે વિવિધ રૂપો ધારણ કરીને જાય છે,
તો આવાં રૂપો લઇને તેઓ શામાટે જાય છે?
તે મને કહો."[૯]

વિદુરે કહ્યું:-"તમારા પુત્રોએ યુધિષ્ઠિરને
જો કે કપટ કરીને છેતર્યા તથા તેમનાં રાજ્ય
અને ધન હરી લીધાં તોપણ બુદ્ધિમાન ધર્મ-
રાજાની બુદ્ધિ ધર્મથી ડગતી નથી.[૧૦] હે ભરત-
વંશી રાજા! એ ધર્મરાજા તમારા પુત્રોના
ઉપર નિરંતર દયા રાખે છે, માટે એમને કપટ
કરીને રાજ્યથી ભ્રષ્ટ કર્યા તોપણ એ ક્રોધ
કરીને પોતાનાં નેત્રો ઉઘાડતા નથી;[૧૧] કારણ
કે 'હું મારી ઘોર દૃષ્ટિવડે જોઇને મનુષ્યોને
બાળી મૂકું નહિ' આવા વિચારથી પાંડુપુત્ર
યુધિષ્ઠિરરાજા પોતાનું મુખ ઢાંકીને જાય છે.[૧૨]
હવે હે ભરતશ્રેષ્ઠ! ભીમ જે રીતે જાય છે તે
હું કહું છું, તે તમે સાંભળો. 'બાહુબળવડે
મારાસમાન બીજો કોઈ નથી' એવું માનતો,
બાહુરૂપી દ્રવ્યથી ગર્વિષ્ઠ થયેલો ભીમસેન, બાહુ-
સંપત્તિને અનુરૂપ શત્રુઓની સામે કર્મ કરવાની
ઇચ્છાથી પોતાના બાહુઓ પહોળા કરીને તેને
દેખાડતો દેખાડતો જાય છે. વળી કુંતીપુત્ર
અર્જુન, તે વખતે યુદ્ધમાં બાણની વૃષ્ટિ
આવી રીતે થશે તેની સૂચના કરતો રેતી ઉ-
ડાડતો રાજાની પાછળ જાય છે. હે ભારતરાજ!
જેમ તેની ઉડાડેલી રેતી હમણાં એકમેકની
સાથે વળગતી નથી, તેમ તે યુદ્ધ વખતે શત્રુઓ-
ના ઉપર એક પછી એક અવિચ્છિન્ન બાણોની વૃષ્ટિ
વર્ષાવશે. હે ભારત! 'આજે આ સ્થિતિમાં મારૂં
મુખ કોઈ જોઈ જાય નહિ તો ઠીક' આ અભિ-
પ્રાયથી સહદેવ પોતાના મુખ ઉપર ધૂળ ચોપ-

નેડી રાજાની પાછળ જાય છે.[૧૩-૧૭] હે રાજા! ‘હું માર્ગમાં સ્રીઓના મનને વશ કરૂં નહિ તો ઠીક’ આવા વિચારથી નકુલ સર્વ શરીર ઉપર ધૂળ ચોપડીને રાજાની પાછળ જાય છે.[૧૮] વળી એક વસ્રવાળી, રોદન કરતી, છૂટા કેશવાળી, રજસ્વલા અને રુધિરચિહ્નિત વસ્રવાળી દ્રૌપદીએ વચન કહ્યું હતું કે, “જેઓને લીધે મને આ દુઃખ પડયું છે તેઓની સ્રીઓ આજથી ચૌદમે વર્ષે રંડાશે. તેઓના પુત્રો, બંધુઓ, માણસો અને પ્રિય જનો મરણ પામશે અને પુષ્કળ લોહીથી ખરડાયેલાં અંગોવાળી, છૂટા કેશવાળી અને રજસ્વલા થયેલી એવી કૌરવોની ભાર્યાઓ પોતાના મરણ પામેલા પતિ વગેરેને દાહાંજલિ આપીને મારી પેઠે રડતી રડતી હસ્તિનાપુરમાં પ્રવેશ કરશે.”[૧૯-૨૧] વળી ધૈર્યસંપન્ન એવા ધૌમ્ય પુરોહિત તો નૈઋત્ય કોણ તરફ દર્ભ રાખીને યમદૈવત્ય સામમંત્રોનું ગાન કરતા કરતા હે ભારત! બધાની આગળ ચાલે છે.[૨૨] ‘જ્યારે યુદ્ધમાં કૌરવો મરણ પામશે ત્યારે તેઓના ગુરુઓ આ પ્રમાણે સામમંત્રો ગાશે’ એમ ધૌમ્ય પણ બોલતા જાય છે.[૨૩] વળી દુઃખવડે અતિશય દીન થઇ ગયેલાં નગરજનો વારંવાર આક્રોશ કરીને કહે છે કે, “હાય! હાય! જુઓ, આ કેવું આશ્ચર્ય કહેવાય, કે આપણા અધિપતિઓ આવી દશાથી જાય છે! અહો ધિક્કાર છે, કુરુકુલના વૃદ્ધોનાં આ બાલકોના જેવાં ચેષ્ટિતને, કે જે કૌરવો, પાંડુના વારસોને આજે લોભને લીધે રાજ્યમાંથી કાઢી મૂકે છે. અરેરે, પાંડુના પુત્રોવિના તો આપણે બધાં અનાથ થઇ પડયાં છીએ. હવે અન્યાયી અને લોભી એવા કૌરવોમાં આપણને શી રીતે પ્રેમ રહે?”[૨૪-૨૬] આવી રીતે પોતાના આકાર તથા ચિહ્નોવડે પોતાના મનના નિશ્ચયને કથન કરતા મનસ્વી પાંડવો વનમાં ગયા છે.[૨૭] આ પ્રમાણે તે પુરુષશ્રેષ્ઠો જે વખતે હસ્તિનાપુરમાંથી નીકળતા હતા તે વખતેજ વાદળાંવિનાના આકાશમાં વિજળીઓ ચમકવા લાગી, પૃથ્વી કંપવા લાગી, અમાવાસ્યાવિના પણ રાહુ સૂર્યને ગળી ગયો; અને હે રાજા! નગરની ડાબી પ્રદક્ષિણા કરીને ઉલ્કાઓ વિંખાઈ પડવા લાગી.[૨૮,૨૯] વળી દેવમંદિરોમાં, ચૈત્યોમાં, કિલ્લાઓ ઉપર તથા અટારીઓ ઉપર માંસાહારી ગીધો, શિયાળવાંઓ અને કાગડાઓ હાડકાં તથા માંસ વગેરે લાવીને નાખવા લાગ્યાં.[૩૦] હે રાજન્! આ પ્રમાણે તમારી દુષ્ટ સલાહથી ભરતવંશીઓના વિનાશને માટે દુઃખથી પણ ખળે નહિ તેવા મોટા ઉત્પાતો પ્રકટ થયા છે.”[૩૧]

વૈશંપાયને કહ્યું:-હે રાજન્! આ પ્રમાણે ધૃતષ્ટ્રરાજા અને બુદ્ધિમાન વિદુર બન્ને વાતો કરતા હતા તે વખતે ત્યાં સભામાં કૌરવોની આગળ મહર્ષિઓથી વિંટાયેલા નારદમુનિ આવીને ઉભા રહ્યા અને ભયંકર વચન કહેવા લાગ્યા[૩૨,૩૩] કે, “આજથી ચૌદમે વર્ષે દુર્યોધનના અપરાધને લીધે ભીમસેન અને અર્જુનનાં બળવડે અહીં કૌરવોનો વિનાશ થશે.”[૩૪] આ પ્રમાણે કહીને વિશાળ બ્રહ્મતેજને ધારણ કરનારા દેવર્ષિઓમાં મુખ્ય એવા નારદમુનિ આકાશમાં જતા રહ્યા અને ત્યાં તુરત અંતર્ધાન થઈ ગયા.[૩૫] તે પછી દુર્યોધન, કર્ણ અને સુબલનો પુત્ર શકુનિ દ્રોણગુરુને પોતાના આધારરૂપ માનવા લાગ્યા અને એ બધાએ એમને રાજ્ય નિવેદન કર્યું.[૩૬] તે વખતે અદેખા દુર્યોધનને, દુઃશાસનને, કર્ણને અને સર્વે ભરતવંશીઓને દ્રોણાચાર્યે કહ્યું કે,[૩૭] “બ્રાહ્મણો, દેવોના પુત્ર પાંડવોને અવધ્ય કહે છે, તથાપિ મારે શરણે આવેલા ધૃતરાષ્ટ્રના પુત્રોને રાજસમૂહની સાથે હું મારા સામર્થ્ય પ્રમાણે સર્વાત્મભાવથી ભક્તિપૂર્વક સહાય કરીશ. હું શરણાગતનો ત્યાગ કરવા ઇચ્છતો નથી. ખરેખર, દૈવજ સર્વથી બળવાન છે![૩૮,૩૯] દ્યૂતમાં હારેલા પાંડુપુત્રો ધર્મથી વનમાં જાય છે. તે પાંડવો વનમાં બાર વર્ષસુધી નિવાસ કરશે,[૪૦] ત્યાં બ્રહ્મચર્ય વ્રત પાળશે અને ક્રોધ તથા અસહનતાને વશ થઈને જ્યારે પાછા આવશે ત્યારે તેઓ મહાન દુઃખકારક વૈરનો બદલો વાળશે.[૪૧]

વળી હે રાજન્! મેં મિત્રતાની લડાઇમાં દ્રુપદને રાજ્યભ્રષ્ટ કર્યો હતો, તેથી હે ભારત!

તે રાજાએ મારો વધ કરે એવા પુત્રને માટે યજ્ઞ કર્યો હતો;[૪૨] અને તેને યાજ તથા ઉપાયાજના તપવડે અગ્નિથી ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર અને વેદીમાંથી સુંદર મધ્યવાળી દ્રૌપદી પ્રાપ્ત થઇ છે.[૪૩] એ ધૃષ્ટદ્યુમ્ન સંબંધને લીધે પાંડવોનો સાળો થાય છે તથા પાંડવોનું પ્રિય કરવામાં તત્પર છે, એટલે તેનાથી મને ભય રહે છે.[૪૪] એ ધૃષ્ટદ્યુમ્ન અગ્નિની જ્વાલાના જેવા તેજસ્વી વર્ણવાળો, દેવે અર્પણ કરેલો અને ધનુષ, કવચ તથા શરોની સાથે ઉત્પન્ન થયેલો છે; અને હું મરણધર્મવાળો છું, માટે મને આજે તેનાથી મહાન ભય થાય છે.[૪૫] એ શત્રુવીરને હણનારો ધૃષ્ટદ્યુમ્ન પાંડવોના પક્ષમાં ભળેલો છે અને રથી તથા અતિરથીની ગણત્રીમાં યુવાન અર્જુન મુખ્ય ગણાય છે.[૪૬] જો મારે ધૃષ્ટદ્યુમ્નની સાથે સંગ્રામ થશે તો તે અવશ્ય પ્રાણાંત સંગ્રામ થશે. હે કૌરવો! આ પૃથ્વી ઉપર આનાથી બીજું અધિક દુઃખ શું હોઇ શકે?[૪૭] વળી લોકોમાં પણ 'ધૃષ્ટદ્યુમ્ન દ્રોણનું મૃત્યુ છે' આવું વાક્ય વિશેષવડે ખ્યાતિ પામ્યું છે. મારા વધને માટે સંભળાયેલો એ ધૃષ્ટદ્યુમ્ન લોકમાં પણ બહુ પ્રસિદ્ધિ પામેલો છે.[૪૮] આવો મહાન સંહારક કાળ અવશ્ય તારે લીધેજ પ્રાપ્ત થયો છે. તમે પાંડવોને વનમાં કાઢ્યા એટલાથીજ તમારૂં કલ્યાણ થતું નથી, એમ માનીને ત્વરાથી કલ્યાણને માટે યત્ન કરો.[૪૯] આ સુખ તો હેમંતઋતુની તાડની છાયા જેવું માત્ર બે ઘડીનું છે; માટે તમે મોટા યજ્ઞોથી યજન કરો, વૈભવો ભોગવો અને દાનો કરો.[૫૦] કારણકે આજથી ચૌદમે વર્ષે મહાનસંહારથશે."

દ્રોણગુરુનાં આવાં વચન સાંભળીને ધૃતરાષ્ટ્રરાજા નીચે પ્રમાણે બોલ્યાઃ–[૫૧] હે વિદુર! ગુરુજી ઠીક કહે છે. તમે પાંડવોને પાછા વાળી લાવો અને જો તેઓ પાછા ન આવે તો શસ્રો, રથો તથા પદાતિઓની સાથે વૈભવ ભોગવતા ભોગવતા તે પુત્રો સત્કારપૂર્વક વનમાં જાય તેવી ગોઠવણ કરો.[૫૨]

ઇતિ શ્રી મહાભારતમાં સભાપર્વાંતર્ગત અનુદ્યૂત પર્વવિષે 'વિદુરધૃતરાષ્ટ્ર-દ્રોણવાક્ય' એ નામનો અધ્યાય ૮૦ મો સમાપ્ત

અધ્યાય ૮૧ મો—ધૃતરાષ્ટ્ર અને સંજયનો સંવાદ

॥ वैशंपायन उवाच ॥

वनं गतेषु पार्थेषु निर्जितेषु दुरोदरे।
धृतराष्ट्रं महाराज तदाचिन्ता समाविशत्॥१॥

વૈશંપાયને કહ્યું:–હે મહારાજ! કપટદ્યૂતમાં હરાવેલા પાંડવો વનમાં ગયા તે વખતથી ધૃતરાષ્ટ્રમાં ચિંતાએ પ્રવેશ કર્યો.[૧] પછી એકલા બેસીને ચિંતા કરતા, નિસાસા મૂકતા અને વ્યગ્ર થયેલા એવા તે ધૃતરાષ્ટ્રરાજાને સંજય આ પ્રમાણે કહેવા લાગ્યો.[૨]

સંજયે કહ્યું:–"હે પૃથ્વીપતિ! તમે ધનથી ભરેલી પૃથ્વી પ્રાપ્ત કરીને તથા પાંડવોને રાજ્ય ઉપરથી ભ્રષ્ટ કરી વનમાં કાઢી મૂકીને પણ હજી શામાટે શોક કરો છો?"[૩]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–"જેઓને યુદ્ધમાં શૂરા, બળવાન અને મહારથી એવા પાંડવોની સાથે વૈર થયું હોય તેઓને શોકરહિત રહેવાનું ક્યાંથી હોય?"[૪]

સંજયે કહ્યું:–"આ મહાન વૈર ઉપસ્થિત થયું છે, કે જે વૈરથી સંબંધીઓની સાથે લોકોનો વિનાશ થશે. હે રાજન્! એ તમારૂં સુકૃત છે?[૫] નિર્લજ્જ અને મહામૂર્ખ એવા તમારા પુત્ર દુર્યોધનને, ભીષ્મે, દ્રોણગુરુએ અને વિદુરે વાર્યો હતો તેમ છતાં તેણે સૂતના પુત્ર પ્રાતિકામીને 'પાંડવોની ધર્માચરણવાળી પ્રિય ભાર્યા દ્રૌપદીને અહીં લઇ આવ' એમ કહીને મોકલ્યો હતો.[૬,૭] એ તો નિયમ છે કે, જે પુરુષનો દેવો પરાભવ કરવાના હોય છે તે પુરુષની બુદ્ધિને તે ખેંચી લે છે; એટલે તે પુરુષ પ્રત્યેક કાર્યોને વિપરીત જોતો થાય છે.[૮] જ્યારે બુદ્ધિ મલિન થઇ જાય છે તથા જ્યારે વિનાશ

નજીકમાં આવી પહોંચે છે, ત્યારે અન્યાય પણ
ન્યાય જેવો લાગે છે અને તે હૃદયમાંથી ખસતો
નથી.[૯] જેનો વિનાશ થવાનો હોય છે, તેને અ-
નર્થો અર્થરૂપ જણાય છે અને અર્થો અનર્થરૂપ
જણાય છે અને તેજ તેને રુચે છે.[૧૦] દંડ ઉગા-
મીને કાળ કોઇનું પણ માથું ભાંગી પાડતો નથી,
પરંતુ કાળનું બળ એજ છે કે તેવા પુરુષને પ્ર-
ત્યેક અર્થો વિપરીત દેખાડે છે.[૧૧] સભાની વચ્ચે
તપસ્વિની એવી પાંચાલરાજની પુત્રી દ્રૌપદીને
ઘસડનારાઓએ આ રોમાંચિત કરે તેવો ઘોર
ગડબડાટ પોતે ઉપસ્થિત કર્યો છે.[૧૨] અયોનિ-
જન્મા, રૂપવતી, અગ્નિના કુળમાં ઉત્પન્ન થયેલી
અને સર્વ ધર્મને જાણનારી એવી યશસ્વિની દ્રૌ-
પદીનું અપમાન કરીને, દુષ્ટ દ્યૂત રમનારા દુ-
ર્યોધનવિના બીજો કયો પુરુષ તેને સભાની
વચ્ચે ખેંચી મંગાવે? સુંદર જઘનવાળી, સ્ત્રી-
ધર્મને પ્રાપ્ત થયેલી, રુધિરથી ભીંજાયેલી અને
એક વસ્ત્રવાળી એવી દ્રૌપદીએ તે વખતે પાંડવોના
તરફ દૃષ્ટિ કરી તો તેઓને ધનવિનાના, રાજ્ય-
વિનાના, વસ્ત્રવિનાના, શોભાવિનાના, સર્વ
કામનાઓથી રહિત, દાસભાવને પ્રાપ્ત થયેલા,
ધર્મપાશથી બંધાયેલા અને પરાક્રમને માટે
અશક્ત જેવા કરી મૂકેલા જોયા.[૧૩–૧૬] તે વ-
ખતે ક્રોધ પામેલાં, દુઃખને માટે અયોગ્ય છતાં
દુઃખી થયેલાં દ્રૌપદીને કુરુઓની સભામાં દુર્યો-
ધને તથા કર્ણે કડવાં વચનો કહ્યાં.[૧૭] હે રા-
જન્! આ બધું મને વિગ્રહને માટે પરિપૂર્ણ
લાગે છે."

ધૃતરાષ્ટ્રે કહ્યું:–"ઓ સંજય! દ્રૌપદીની
દીન દૃષ્ટિવડે તો પૃથ્વી પણ દગ્ધ થઇ જાય,
ત્યારે મારા પુત્રોમાંથી આજે થોડાનું અથવા
એકાદ પુત્રનું પણ જીવિત રહેશે કે? ધર્મિષ્ટા,
રૂપવતી અને યૌવનશાલિની એવી પાંડવોની
ધર્મપત્ની દ્રૌપદીને જ્યારે સભામાં ખેંચી આ-
ણેલી જોઇ, ત્યારે ભરતવંશની સઘળી સ્ત્રીઓ
ગાંધારીની સાથે એકઠી મળીને ભયંકર આ-
ક્રંદ કરવા લાગી હતી.[૧૮–૨૦] વળી જે વખતે
દ્રૌપદીને ઘસડી આણી તે વખતે બધા બ્રાહ્મણો
કોપી ઉઠયા હતા, તે બધાએ સંધ્યાકાળે અગ્નિ-
હોત્રમાં હોમ આપ્યો નહિ અને તેઓ પ્રજા-
ઓની સાથે એકઠા મળીને નિરંતર શોક કર્યા
કરે છે. વળી તે વખતે પ્રલયસૂચક પ્રચંડ વાયુ
વાતો હતો, વજ્રના કડાકા ભડાકા થતા હતા,
આકાશમાંથી ઉલ્કાઓ પડતી હતી અને અમા-
વાસ્યાવિના પણ રાહુએ સૂર્યનો ગ્રાસ કરવાથી
પ્રજાઓને ભય ઉત્પન્ન કરતું મહાઘોર ગ્રહણ
થયુંહતું;[૨૧-૨૩] તેમજ રથશાળામાં અગ્નિ પ્રકટ
થયો હતો, ભરતવંશીઓના અકલ્યાણને માટે
ધ્વજાઓ તૂટી પડી હતી.[૨૪] દુર્યોધનના અગ્નિ-
હોત્રની પાસે શિયાળવીઓ ભયંકર ચીસો પા-
ડતી હતી. તે વખતે સર્વ દિશામાં ગધેડાઓ
ભૂંકીને શિયાળવીઓને પ્રત્યુત્તર આપતા હતા.
ઓ સંજય! આવા ઉત્પાતો જોઇને દ્રોણની
સાથે ભીષ્મ, કૃપાચાર્ય, સોમદત્ત અને ઉદાર
મનવાળા બાહ્લિક ત્યાંથી ઉઠીને ચાલ્યા ગયા
હતા.[૨૫,૨૬] તે પછી વિદુરની પ્રેરણાથી મેં ત્યાં
આગળ કહ્યું કે, દ્રૌપદી જે કંઇ ઇચ્છા કરતી
હોય તે તે વર હું તેને આપું છું.[૨૭] તે વખતે
ત્યાં પાંચાલીએ 'પાંડવો દાસપણાથી મુક્ત થાય'
એવો વર માગ્યો; અને મેં રથો તથા ધનુ-
ષ્યોની સાથે તેઓને જવાની આજ્ઞા આપી.[૨૮]
તે પછી સર્વ ધર્મને જાણનારા તથા મહાબુદ્ધિ-
સંપન્ન એવા વિદુરે કહ્યું કેઃ–'જે તમારી સભા-
માં દ્રૌપદીને ખેંચી લાવવામાં આવી એજ
ભરતવંશીઓનો અંત આવ્યો એમ સમજો.[૨૯]
આ પાંચાલરાજની જે પુત્રી છે તે દેવે ઉત્પન્ન
કરેલી અનુત્તમા લક્ષ્મી છે અને તે પાંડવોની
સમીપમાંજ ગતિ કરે છે.[૩૦] તે દ્રૌપદીના મહા-
કલેશને અસહનતવાળા પાંડવો, મહાધનુર્ધારી
વૃષ્ણીઓ અને મહારથ પાંચાલો સહન કરશે
નહિ.[૩૧] વળી તે બધાઓ સત્ય પ્રતિજ્ઞાવાળા
શ્રીકૃષ્ણથી રક્ષણ કરાયલા છે, એટલે તેઓ પાં-
ચાલ યોદ્ધાઓથી વિંટાઇને તમારી ઉપર ચઢી
આવશે.[૩૨] તેઓની વચ્ચે મહાધનુર્ધારી અને
મહાબળવાન એવો ભીમસેન, યમ જેમ દંડ
ફેરવતો આવે, તેમ પોતાની ગદાને ઘુમાવતો
ચઢી આવશે.[૩૩] તે વખતે ધીમાન અર્જુનના
ગાંડીવ ધનુષ્યનો ટંકાર સાંભળીને તથા ભી-

મસેનની ગદાના વેગને જોઇને રાજાઓ તેને સહન કરવા સમર્થ થશે નહિ.[૩૪] આ ઉપરથી મને તો પાંડવોની સાથે નિરંતર સમાધાન રાખવું રુચે છે, પણ વિગ્રહ કરવો રુચતો નથી; કારણ કે હું નિત્ય કૌરવોના કરતાં પાંડવોને વિશેષ બળવાળા માનું છું.[૩૫] મહાકાંતિમાન જરાસંધરાજા તેવો મોટો બળવાન હતો, તોપણ તેને બાહુરૂપી હથિયારવડેજ ભીમસેને યુદ્ધમાં મારી નાખ્યો હતો.[૩૬] આથી હે ભરતકુળમાં શ્રેષ્ઠ રાજા! તમારો પાંડવોની સાથે સલાહસંપજ રહો અને તમે બન્ને પક્ષનું જે યોગ્ય હિત હોય તે નિઃશંકપણાથી કરો.[૩૭] હે મહારાજ! આ પ્રમાણે કરવાથી તમે પરમ કલ્યાણને પ્રાપ્ત થશો.' હે સંજય! આ રીતે વિદુરે મને ધર્મ તથા અર્થયુક્ત વચન કહ્યું, પરંતુ પુત્રનું હિત કરવાની ઇચ્છાવાળા એવા મેં તે વચનને સ્વીકાર્યું નહિ."[૩૮,૩૯]

ઇતિશ્રી લક્ષશ્લોકાત્મક વેદવ્યાસ વિરચિત મહાભારત સંહિતામાં સભાપર્વાંતર્ગત અનુદ્યૂત પર્વવિષે 'ધૃતરાષ્ટ્ર-સંજયસંવાદ'નામનો અધ્યાય ૮૧ મો સમાપ્ત.

અનુદ્યૂતપર્વ સમાપ્ત*

सभापर्व समाप्त

*ज्ञात्वापि परमाहात्म्यं न खलः खलतां त्यजेत्। दृष्ट्वापि कृष्णमाहात्म्यं नैवाशाम्यत्सुयोधनः ॥

ખલ પુરુષ પારકાના માહાત્મ્યને જાણીને પણ પોતાની ખલતા છોડતો નથી, જેમ શ્રીકૃષ્ણના માહાત્મ્યને જોતાં પણ દુર્યોધન શાંત થયો નહિ.

सत्यं सतां महान्पाशो येन बद्धाः पदात्पदं। वंचिता अपिनो चेलुः समर्था अपि पांडवाः ॥

સત્ય એ સત્પુરુષોને મહાન બંધન-પાશ છે. જે પાશથી બંધાયલા પાંડવો સમર્થ હતા તથા ઠગાયા હતા, તોપણ પોતાની સત્ય સ્થિતિથી એક પગલું પણ ચળ્યા નહિ.

आदि अने सभापर्व
समाप्त

आ संस्थाना उत्तम अने सस्ता ग्रंथो

खास महत्त्वना धार्मिक ग्रंथो

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
ી વાલ્મીકિ રામાયણ–શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૧૩૩૬	૬ાાા×૧૦	૬)	૧ા
ુલસીકૃત રામાયણ–ગુજરાતી ટીકા સાથે	૧૪૨૪	,,	૬)	૧ા
હાભારતનું શાંતિપર્વ–બીજી આવૃત્તિ	૯૨૮	,,	૫)	૧)
ીયોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં	૨૦૦૦	,,	૧૦)	૨)
સંપૂર્ણ મહાભારત–સાત ભાગમાં	૫૦૦૦	,,	૩૬)	૬)
છોટમની વાણી–સર્વથી મોટો સંગ્રહ	૨૬૪	૫×૯	૧)	૦)≡
પ્રીતમદાસની વાણી–સર્વથી મોટો સંગ્રહ	૪૨૦	,,	૧ા	૦ા−
અખાની વાણી–નવી આવૃત્તિ–પુષ્કળ વધારા સાથે	૫૦૦	૫×૮	૧ા	૦ા=
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–નવી આવૃત્તિ	૭૦૦	૫ાાા×૯	૨ાા	૦ાા
શ્રીમદ્ભાગવત–ઉત્તમ ભાષાંતર	૭૦૦	૮×૧૧	૫)	૧)
શ્રી રામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૬૫૦	૫ાા×૮	૨ા	૦ા=
ી દાસબોધ–નવી આવૃત્તિ	૬૨૦	,,	૨ા	૦ા=
સ્વામી રામતીર્થ–ગ્રંથ ૧ થી ૪–ભાગ ૧ થી ૧૩	૨૪૦૦	,,	૮ા	૧ા
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ ૧ લો–ભાગ ૧–૨–૩	૫૭૫	,,	૨ા	૦ા=
,, ગ્રંથ ૨ જો–ભાગ ૪–૫	૬૦૦	,,	૨ા	૦ા=
,, ભાગ ૬–૭–૮–૯–૧૦–નોખા નોખા છે.	૨૦૦૦	૫×૬ાા	૭)	૦ાા≡
ોરધરકૃત શુદ્ધ રામાયણ–ખાસ શુદ્ધ આવૃત્તિ	૭૮૪	૫ાાા×૯	૨ા	૦ાા−
ર્મતત્ત્વ–સાહિત્યસમ્રાટ્ બંકિમકૃત ઉત્તમ ધર્મગ્રંથ	૨૪૮	૫ાા×૮	૦ાા	૦)≡
ાગતત્ત્વ–રામચરકના ગ્રંથો ઉપરથી	૩૮૪	,,	૧ા	૦ા−
ીભજનસાગર–બહોળા વધારાસાથે નવી આવૃત્તિ	૨૨૮	૫×૬ાા	૦ાા−	૦)≡
ર્ગનું વિમાન – આ પુસ્તકો સ્વ૦અ.સું. પઢિયારકૃત	૩૮૪	૫×૯	૧ા=	૦ા−
ાર્ગની કુંચી – હોઈ એમાં અનેક દાખલાદષ્ટાંતપૂર્વક	૩૭૮	,,	૧ા=	૦ા−
ર્ગનો ખજાનો – ભક્તિમાર્ગનો ઉત્તમ અને અસર-	૩૨૪	,,	૧ા=	૦ા−
સ્વર્ગનો પ્રકાશ – કારક સદ્બોધ સંગ્રહાયેલો છે.	૩૩૬	,,	૧ા=	૦ા−
શ્રીમદ્ ભગવદ્ગીતા–હિંદી,મરાઠી કે ગુજરાતીટીકાસાથે	૨૬૦	૩ાા×૫ાા	૦ા=	૦)=
ભગવદ્ગીતા–મૂળ મૂળ			મધ્યમ અક્ષર ૦ા મોટા અક્ષર ૦ાા	
પંચરત્ન ગીતા–મૂળ મૂળ			નાના અક્ષર ૦ા, મધ્યમાક્ષર ૦ા=, મોટા અક્ષર૦ાા	
છબીઓ–રામાયણ, મહાભારતની તથા અનેક પ્રકારની છુટી પણ મળશે. દરેકનો			૦)૦ાા	

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
આદર્શ દષ્ટાંતમાળા–ભાગ ૧ લો	૩૩૬	૫ાા×૮	૧)=	૦ા
બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વસાથે નવી આવૃત્તિ	૫૯૦	,,	૧ાા	૦ા=
ભાગ્યના સૃષ્ટાઓ (સાદું પૂઠું)	૭૨૦	૫×૬ાા	૧ા	૦ા
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ	૫૫૨	,,	૧ા	૦)≡
પ્રભુમય જીવન–અંગ્રેજીમાં લાખો પ્રત નીકળેલી છે.	૨૧૬	,,	૦ાા	૦)≡

આગળ ધસો–(નવી આવૃત્તિ)	૪૬૮....	૫×૯....	૧॥....	૦।=
શુભસંગ્રહ–ભાગ ૧ લો (ત્રીજી આવૃત્તિ)....	૧૯૨....	૫×૬॥	૦।....	૦(=
શુભસંગ્રહ–ભાગ ૨ જો	૭૦૦....	૬॥×૧૦	૨)....	૦॥

उत्तम अने बोधदायक जीवनचरित्रो

ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં	૨૧૦૦....	૫॥×૮।	૬)	૧।—
સ્વામી રામતીર્થની જીવનકથા–(ચોથા ગ્રંથરૂપે)	૬૪૦....	,, ...	૨)	૦।—
સ્વામી વિવેકાનંદ–સંપૂર્ણ ચરિત્ર (ભાગ ૯ મા રૂપે)	૭૪૦....	૫×૬॥....	૨॥	૦।—
શ્રી શિવાજી છત્રપતિ	૫૨૮....	૫॥×૯....	૨।	૦।—
મહાન સમ્રાટ્ અકબર	૩૫૨....	૫॥×૮।....	૧।	૦।—
મહાત્મા ટૉલ્સ્ટૉય	૬૨૦....	,, ...	૨॥....	૦।
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૮૪૦....	,, ...	૩)....	૦॥
વીર દુર્ગાદાસ	૨૪૦....	૫॥×૭॥	૦॥	૦)≡
શ્રી ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત	૪૦૮....	૫×૯	૧॥....	૦।
દાનવીર કાર્નેગી	૩૮૪....	૫॥×૮....	૧॥....	૦।—
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)....	૩૫૦....	,, ...	૦॥	૦)≡

इतिहास अने वैदकसंबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં	૧૫૩૦....	૬॥×૧૦	૧૦)....	૧॥=
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૭૦૦....	,, ...	૪)....	૦॥
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત....	૧૪૦....	૫×૬॥	૦।—	૦)—

स्त्रीओ तथा पुरुषोमाटे बोधप्रद वार्ताओ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા	૬૦૦....	૫×૯....	૨)....	૦।≡
ટુંકીવાર્તાઓ–ભાગ ૫મો–૨૮ સાંસારિક વાતો	૩૦૪....	૫×૬॥	૦॥—	૦)≡
ટુંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો–બોધપ્રદ ૨૭ વાતો	૩૬૦....	,, ...	૧)....	૦)≡
ટુંકીવાર્તાઓ–ભાગ ૭ મો–શેખ સાદી ઇ૦ની અનેક વાતો	૩૫૦....	,, ...	૧॥....	૦)—
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી	૧૨૮....	,, ...	૦।...	૦

बाळकोमाटे खास उपयोगी पुस्तको

સદ્‌ગુણી બાળકો–નવી આવૃત્તિ	૧૨૮....	૫×૬॥	૦।....	૦)—
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ....	૧૨૮....	,, ...	૦।....	૦)—
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ	૯૬....	,, ...	૦।....	૦)—
દુ:ખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો....	૯૦....	૫॥×૮....	૦।....	૦)—
સુબોધક નીતિકથા	૧૮૪....	૫॥×૭॥....	૦।=	૦)=

સંતવાણીના બીજા ભાગો–મુસલમાન મહાત્માઓ, ભારતના સંત અને વીર પુરુષો, તેમજ બીજા અનેક ગ્રંથો બનતી સગવડે બહાર પડશે. સર્વ પુસ્તકોમાટે પોસ્ટેજ ઉપરાંત વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦) સુધી રૂ. ૦। જૂદું ચઢે છે. મહાભારત સાથે રૂ. ૧૦૦)નાં, અથવા મહાભારત-સિવાયનાં રૂ. ૨૫)નાં પુસ્તકો લેનારને અમદાવાદમાં ટકા ૧૨॥ કમીશન મળશે અને મહાભારતસાથે ૩૦૦નાં અથવા તે સિવાયનાં ૧૦૦)નાં લેવાથી ૧૫ ટકા મળશે. રેલરસ્તે મંગાવનારે મૂલ્ય પ્રથમજ મોકલવું.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { મુંબઈમાં–કાલબાદેવીના મંદિર સામે
અમદાવાદમાં–નદીને રસ્તે, સેશનકોર્ટ પાસે